SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. BL
1222
D3
Acc. 12115

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી હીરક મહોત્સવ ગ્રંથમાળા નં. ૧૬

SMT. HANSA MEHTA LIBRARY
सत्यं शिवं सुन्दरम्
THE M.S. UNIVERSITY OF BARODA

પૌરાણિક કથાઓ

કર્તા,

ડાહ્યાભાઇ પીતામ્બરદાસ દેરાસરી.

બેરિસ્ટર-ઍટ-લૉ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી

હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, બી. એ.,

આસિ. સેક્રેટરી, અમદાવાદ.

કિંમત. સાડાપાંચ રૂપિયા.

PURCHASED
Date 22-10-59.
Initial
G12115
Rs. 5=50
12115
R. 5=50
7BL
1222
D3

આવૃત્તિ ૧ લી પ્રત ૨૦૦૦

સન ૧૯૩૨ સંવત્ ૧૯૮૮

ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ મૂલચંદભાઈ ત્રીકમલાલે છાપ્યો.
ઠે. પાનકોરનાકા-અમદાવાદ.

પ્રસ્તાવના.

પૌરાણિક કથાકોષના છૂટક ખંડો એક સમગ્ર પુસ્તકરૂપે પ્રજાના સમક્ષ રજુ કરતાં અમને બહુ આનંદ થાય છે.

લેખકે તે કાર્ય પાછળ પુષ્કળ શ્રમ લીધો છે; અને લાંબા સમય સુધી અમે માનીએ છીએ કે અભ્યાસી માટે આ એક સ્થાયી રેફરન્સનું પુસ્તક થઈ પડશે.

વાચકબંધુને જાણીને આનંદ થશે કે એઓશ્રીને જ સોસાઇટીએ પૌરાણિક ભૌગોલિક કોષ મી. નંદલાલ ડે અને મી. આલ્તેકરના પ્રસ્તુત વિષય પરના ગ્રંથો તેમ અન્ય સાધનો પરથી લખી આપવાનું સોંપ્યું છે અને એ પ્રકાશન પણ પૌરાણિક કથાકોષ જેટલું મહત્વનું નિવડશે એમ કહેવાની ભાગ્યેજ જરૂર હોય.

પૂર્વે પૌરાણિક કથાકોષના છૂટક ખંડોમાં જણાવ્યા પ્રમાણે લેખકે પ્રારંભમાં નિવેદન રજુ કર્યું છે તે, અને શ્રીયુત નર્મદાશંકરભાઇનું પુરોવચન જે પ્રસ્તુત ગ્રંથ માટે તેઓએ ખાસ લાગણીપૂર્વક લખી આપ્યું છે તે, બંને કિંમતી માલુમ પડશે.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી,
અમદાવાદ.
તા. ૮-૨-૧૯૩૨

હીરાલાલ ત્રિ. પારેખ,
આસિ. સેટકેરી.



પૌરાણિક કથા કોષમાં આપેલા સંક્ષેપ શબ્દોની સૂચી.

અગ્નિ૦	અગ્નિપુરાણ.
અધ્યાય૦	અધ્યાય.
અધ્યા૦ રા૦	અધ્યાત્મ રામાયણ.
ઇમ્પિ૦ ગે૦	ઇમ્પિરિયલ ગેઝેટ ઓફ ઇણ્ડિયા. પુ. ૨૩.
ઇશ૦	ઇશાવાસ્યોપનિષત.
કૂર્મ૦	કૂર્મ પુરાણ.
ગરુ૦	ગરુડ પુરાણ.
ગી૦ ગો૦	ગીત ગોવિંદ (કે. હ. ધ્રુવ.)
જૈમિનિ૦	જૈમિનિ અશ્વમેધ.
ડાઉસન૦	કલેસિકલ ડિક્સ્નેરી–પોપ્યુલર આવૃત્તિ, ડાઉસન.
દેવી૦ ભાગ૦	દેવી ભાગવત.
દેવી૦ માન૦	દેવી માનસપુજા.
નર્મ૦ ક૦ કો૦	નર્મકથાકોષ.
પદ્મ૦	પદ્મપુરાણ.
પુરા૦ સુવાર્ત્તા.	બાઇબલ–પુરાતન સુવાર્ત્તા.
બ્રહ્મ૦	બ્રહ્મ પુરાણ.
બ્રહ્માંડ૦	બ્રહ્માંડ પુરાણ.
બ્રહ્મોત્તર૦	બ્રહ્મોત્તર પુરાણ.
ભગ૦ ભગ–ગી૦	ભગવદ્ગીતા.
ભવિષ્ય૦	ભવિષ્ય પુરાણ.
ભાગ૦	ભાગવતપુરાણ.
,, પ્રથમ૦	,, પ્રથમ સ્કંદ.
,, દ્વિ૦	,, દ્વિતિય સ્કંદ.
,, તૃ૦	,, તૃતીય સ્કંદ.
,, ચતુ૦	,, ચતુર્થ સ્કંદ.
,, પંચમ૦	,, પંચમ સ્કંદ.
,, ષષ્ઠ૦	,, ષષ્ઠમ સ્કંદ.
,, સપ્ત૦	,, સપ્તમ સ્કંદ.
,, અષ્ટ૦	,, અષ્ટમ સ્કંદ.
,, નવમ૦	,, નવમ સ્કંદ.
,, દશમ૦	,, દશમ સ્કંદ.
,, એકા૦	,, એકાદશ સ્કંદ.
,, દ્વાદશ૦	,, દ્વાદશ સ્કંદ.
ભાર૦	મહાભારત, કુમ્ભકોમન આવૃત્તિ.
ભાર૦ આદિ૦	,, આદિ પર્વ.
ભાર૦ સ૦	,, સભા પર્વ.
ભાર૦ વન૦	,, વન પર્વ.

ભાર૦ વિરા૦	,, વિરાટ પર્વ.
ભાર૦ ઉદ્યો૦	,, ઉદ્યોગ પર્વ.
ભાર૦ ભી૦	,, ભીષ્મ પર્વ.
ભાર૦ દ્રો૦	,, દ્રોણ પર્વ.
ભાર૦ ક૦	,, કર્ણ પર્વ.
ભાર૦ શ૦	,, શલ્ય પર્વ.
ભા૦ સા૦	,, સાપ્તિક પર્વ.
ભા૦ સ્ત્રી૦	,, સ્ત્રી પર્વ.
ભાર૦ શાં૦	,, શાન્તિ પર્વ.
ભાર૦ અનુ૦	,, અનુશાસન પર્વ.
ભાર૦ આશ્વ૦	,, આશ્વમેધિ પર્વ.
ભાર૦ આશ્રમ૦	ભારત આશ્રમવાસિક પર્વ.
ભાર૦ મૌ૦	ભારત મૌસલ પર્વ.
ભાર૦ મહા પ્ર૦	ભારત મહાપ્રસ્થાનિક પર્વ.
ભાર૦ સ્વ૦	ભારત સ્વર્ગારોહણ પર્વ.
મત્સ્ય૦	મત્સ્ય પુરાણ.
મનુ૦ સ્મૃ૦	મનુસ્મૃતિ.
માન૦ મં૦	માનમંજરી કવિ નંદદાસની.
રામા૦ ગી૦	ગીરધર કવિનુ રામાયણ.
રામા૦ તુ૦	તુલસીદાસજીનું. રામચરિત માનસ.
લિંગ૦	લિંગ પુરાણ.
વરાહ૦	વરાહ પુરાણ.
વામન૦	વામન પુરાણ.
વા૦ રા૦	વાલ્મિકિ રામાયણ.
વા૦ રા૦ બા૦	,, બાલકાંડ.
વા૦ રા૦ અ૦	,, અયોધ્યા કાંડ.
વા૦ રા૦ કિષ્કિ૦	,, કિષ્કિંડા કાંડ.
વા૦ રા૦ સું૦	,, સુંદર કાંડ.
વા૦ રા૦ લં૦	,, લંકા કાંડ.
વા૦ રા૦ યુદ્ધ૦	,, યુદ્ધ કાંડ.
વા૦ રા૦ ઉત્તર૦	,, ઉત્તર કાંડ.
વા–રા–અદ્ભૂ૦	,, અદ્ભૂતોત્તર.
પ્રક્ષિ૦	પ્રક્ષિપ્ત.
વાયુ૦	વાયુ પુરાણ.
વિષ્ણુ૦	વિષ્ણુ પુરાણ.
વિષ્ણુ૦ સ૦ ના૦	વિષ્ણુ સહસ્ત્ર નામ.
શક્તિ૦	શક્તિ પુજા. (ડા૦ પી૦ દે૦)
શ્લો૦	શ્લોક.
શિવ૦ પુ૦	શિવ પુરાણ.
સ્કં૦	સ્કંદ પુરાણ.
સૂર્ય૦ સિ૦	સૂર્ય સિદ્ધાન્ત.
હરિવં૦	હરિવંશ.

પુરોવચન

આપણા પ્રાચીન ધાર્મિક અને સામાજિક વ્યવસ્થાને લગતા સાહિત્યના ઘણા અંશો ઇતિહાસ અને પુરાણની કથા–વાર્તા–આખ્યાયિકાઓ ઉપર બંધાએલા હોય છે. ઇતિહાસ અને પુરાણો વેદાર્થનું ઉપબૃંહણ કરનાર સાહિત્ય છે, અને તે વડે ત્રૈવર્ણિક પ્રજા ઉપરાંત ઇતર પ્રજામાં વેદના મૂલ તાત્પર્યનો પ્રચાર કરવાનો બ્રાહ્મણોનો આદર્શ થોડે ઘણે અંશે જળવાયો છે. વેદ સાહિત્ય મોટે ભાગે ધર્મને લગતું હોવાથી તેમાં ઐતિહાસિક વસ્તુ પ્રમાણમાં ઓછી હોય એ સ્વાભાવિક છે. પરંતુ અશ્વમેધ જેવા મોટા યજ્ઞના સમારંભના પ્રસંગે પારિપ્લવ આખ્યાનો દસ દિવસ પર્યંત કહેવામાં આવતાં, અને તે આખ્યાનોમાં મૂલ વેદ ઉપરાંત બીજી ઘણી શાખાને લગતી વિદ્યાઓનો પ્રચાર આખ્યાયિકાના રૂપમાં કરવામાં આવતો હતો; અને તે કથાવાર્તાના પ્રસંગોમાં શ્રોતાવક્તા પણ ભિન્ન ભિન્ન જાતિના અને અધિકારવાળા હતા. શતપથ બ્રાહ્મણ અને આશ્વલાયન શ્રૌત્ર સૂત્રથી સમજાય છે કે આ યજ્ઞ સમારંભમાં અનેક રીતે લૌકિક વિદ્યાઓનું પણ પ્રસારણ થતું હતું. પહેલે દિવસે મનુના રાજ્યનો દિવસ માની ગૃહમેધી મનુષ્યોને ઋગ્વેદનું શ્રવણ કરાવવામાં આવતું; બીજે દિવસે યમના રાજ્યનો દિવસ માની પિતૃઓના પ્રતિનિધિરૂપે વૃદ્ધજનોને યજુર્વેદનું શ્રવણ કરાવવામાં આવતું; અને ત્રીજે દિવસે વરુણના રાજ્યનો દિવસ માની ગંધર્વજાતિના પ્રતિનિધિરૂપે સુંદર યુવકોને આથર્વણવેદ સંભળાવવામાં આવતો; ચોથે દિવસે સોમ રાજાનો દિવસ માની અપ્સરાઓના પ્રતિનિધિ તરીકે સુંદર યુવતિઓને આંગિરસ વેદ સંભળાવવામાં આવતો; પાંચમે દિવસે અર્બુદ ઋદ્રવેયનો રાજ્યદિવસ માની સર્પ જાતિના પ્રતિનિધિ તરીકે નાગલોકને અથવા સર્પવિદ્યા જાણનારને વિષવિદ્યાનો વેદ સંભળાવવામાં આવતો; છઠ્ઠે દિવસે કુબેર વૈશ્રવસનો રાજ્ય દિવસ સમજી યક્ષ રાક્ષસના પ્રતિનિધિ તરીકે માંસાહારી (સલેગા જાતિના મનુષ્યો) મનુષ્યોને પિશાચ વિદ્યાની વાતો સંભળાવવામાં આવતી; સાતમે દિવસે અસિત-ધાન્વના રાજ્યનો દિવસ માની અસુરોના પ્રતિનિધિ તરીકે વ્યાજ્વવું કરનારાને અસુરવિદ્યા –જેને માયાવેદ કહેવામાં આવતો–તેની વાતો કહેવામાં આવતી; આઠમા દિવસે મત્સ્ય સાંમદ રાજાનો દિવસ સમજી માછી જાતિના પ્રતિનિધિ તરીકે માછીમાર પ્રજાને ઇતિહાસની કથાઓ સંભળાવવામાં આવતી; નવમા દિવસે તાર્ક્ષ્ય વૈપશ્ચિત (ગરુડ) નો રાજ્ય દિવસ માની પંખીઓના પ્રતિનિધિ તરીકે બ્રહ્મચારી બટુઓને પુરાણોની વિનોદવાર્તાઓ કહેવામાં આવતી; અને દસમા દિવસે ઇન્દ્રનો રાજ્ય દિવસ સમજી દેવોના પ્રતિનિધિ તરીકે યુવાન્ શ્રોત્રિયોને સામવેદનાં ગાન સંભળાવવામાં આવતાં. આ પારિપ્લવની વ્યવસ્થા ઉપરથી સહજ સમજાશે કે સમગ્ર પ્રજાને વિનોદ સાથે ધાર્મિક શિક્ષણ મળે તેવા હેતુથી મૂલ ચાર વેદ ઉપરાંત અનેક શાખાઓમાં વેદનો વિસ્તાર કરવામાં આવ્યો છે, અને ઇતિહાસ અને પુરાણનું સાહિત્ય અમુક અંશમાં શ્રૌત સમયમાં જ ઘડાયું હતું. પરંતુ જ્યારે યજ્ઞકાલનો લય થયો, અને બૌધ અને જૈન ધર્મના પ્રસારણથી હિંદુ સમાજ નવા રૂપમાં પલટાવા લાગ્યો, ત્યારે ઇતિહાસ અને પુરાણોમાં ઘણા ફેરફાર થયા, તેમાં ઘણાં આખ્યાનો અને ઉપાખ્યાનો પેઠાં; ઘણાં તીર્થોનાં સ્થાન માહાત્મ્ય દાખલ થયાં. અને આ રૂપાંતરનો વેગ લગભગ મુસલમાનોના અત્ર આવવાના સમય સુધી ચાલ્યો, અને હિંદુધર્મે બ્રાહ્મણધર્મને બદલે પૌરાણિક ધર્મનું રૂપ પકડયું. બૌદ્ધોનાં જાતકો અને જૈનોનાં પ્રાકૃતભાષાનાં આખ્યાનો સામે હિંદુઓએ આ પુરાણોનો અદ્ભુત રીતે વિસ્તાર કર્યો.

આ પૌરાણિકધર્મમાં મૂલ વૈદિક ધર્મતત્ત્વ ઉપરાંત ઇતિહાસના પ્રસંગો પણ પેઠા. પરંતુ ધર્મતત્ત્વને રૂપકો અને ગાથાઓ વડે ગુંથવામાં આવ્યું એટલે ઇતિહાસનો સત્યાંશ તેમાં રહ્યો નહિ. તેમ છતાં સૂત સાહિત્ય જે રાજવંશીઓને લગતું પરંપરાથી જય—ભારત—મહાભારત—રામાયણ વિગેરેમાં પ્રવેશ પામેલું તેનાં રૂપાંતરો પુરાણોમાં અને ઉપપુરાણોમાં દાખલ થયાં. આ રીતે પૌરાણિક કથા–આખ્યાયિકામાં અસત્ય અને સત્યનું વિચિત્ર લગ્ન થયું! આ વિચિત્ર યોગવડે અનેક સામાજિક બાબતો સારા નઠારા રૂપમાં પુરાણોમાં પેઠી, અને દેવોને પણ મનુષ્ય સમાન ગુણ દોષવાળા ચિતરી ધર્મને ઉંચા શિખર ઉપરથી પાતાળમાં કીચડમાં લાવી મૂકવાના પ્રસંગો પણ આવ્યા. આ પૌરાણિક મિશ્ર સાહિત્યના કેટલાક સારા પ્રસંગોને વસ્તુરૂપે લઈ કાવ્ય નાટકાદિ થયાં, અને પ્રાકૃત વાઙ્મય આવી પૌરાણિક કથા વસ્તુઓ ઉપર પ્રકારાંતરે ઘડાયું. આ સર્વ સાહિત્યનો મર્મ સમજવા સારૂ તે તે પ્રસંગોનાં પાત્રો બાબત ઇતિહાસ પુરાણમાં શું જણાવવામાં આવ્યું છે તેનું જ્ઞાન ન હોય તો તે સાહિત્ય સમજાય નહિ. ઇંગ્રેજી રાજ્યના આરંભ સમયે અને ત્યાર પછી ઘણાં વર્ષો સુધી આપણી ભૂમિમાં ઇતિહાસ અને પુરાણો કહેનારા ઘણા હતા, અને સાંભળનારાની સંખ્યા પણ ઘણી હતી. તેથી સંસ્કૃત પ્રાકૃત સાહિત્યમાં અમુક પ્રસંગનો ઉલ્લેખ આવે તો સમજવામાં કંઈ અડચણ પડતી ન હતી. વૃદ્ધ સ્ત્રીઓને તો આ ઇતિહાસ પુરાણોની વાતો કંઠાગ્રે અને સ્મૃતિપટમાં નિત્ય તરવરતી હતી, એટલે ઉછરતી પ્રજા થોડા સમયમાં તે પ્રસંગોની માહિતી સત્વર મેળવી શકતી. પણ વસ્તુસ્થિતિ હાલ બદલાઈ ગઈ છે. ઇતિહાસ પુરાણોને જાણનાર વૃદ્ધ વર્ગ હવે રહ્યો નથી; માણભટ્ટીઆઓની કથાઓ હવે થતી નથી. જૂના કવિઓનાં કાવ્યો અલંકાર અને સાહિત્ય શાસ્ત્રની દૃષ્ટિથી યુનીવર્સિટીમાં અભ્યાસક્રમમાં દાખલ થયાં છે. આ અભ્યાસકોને ઇતિહાસ પુરાણના પ્રસંગોનો ખુલાસો સત્વર મળે તેવી યોજનાની ખાસ જરૂર જણાઇ છે. અને આ ગુજરાતી અભ્યાસક પ્રજાની જરૂરીઆત શ્રી ડાહ્યાભાઇ દેરાસરીએ પોતાના આ "પૌરાણિક કથા કોષ"થી પૂરી પાડી છે,

આ કથા કોષનો મુખ્ય આધાર જો કે **भारतवर्षीय प्राचीन एतिहासिक कोष** એ નામનો કૈલાસવાસી રઘુનાથ ભાસ્કર ગોડબોલેનો મરાઠી ગ્રંથ છે, તોપણ ગુજરાતી આ કોશમાં બીજા ઘણા ઉમેરા કરવામાં આવ્યા છે, મૂળ મરાઠી ગ્રંથ ઘણે ભાગે ઇતિહાસને અનુસરે છે, જ્યારે આ ગ્રંથ ઇતિહાસ ઉપરાંત પુરાણોને પણ અનુસરે છે. ગુજરાતી ગ્રંથમાં તુલસીદાસના **रामचरित मानस** તથા "ડાઉસન" વિગેરે ઘણા ગ્રંથોની મદદ લેવામાં આવી છે, અને તેમાં "પુરવણી" ઉમેરી અનેક દેવ, તીર્થ, ઋષિ, મુનિ વિગેરેની માહિતી આપવામાં આવી છે.

ટુંકામાં ગુજરાતીમાં કોશવર્ગના સાહિત્યમાં શ્રી ડાહ્યાભાઇના આ ગ્રંથે અપૂર્વ સ્થાન મેળવ્યું છે. તેમની વૃદ્ધાવસ્થા છતાં તેમની સાહિત્યસેવામાં યુવક જેવી ઉત્સાહવાળી વૃત્તિ વડેજ આ અસાધારણ શ્રમવાળું કાર્ય પુરૂં થવા પામ્યું છે તે જાણી વિદ્યા રસિક યુવક વર્ગે તેમને અભિનંદન આપવું ઘટે છે.

શિવસદન, શાહીબાગ,
અમદાવાદ.
તા. ૨૪–૮–૩૧.

નર્મદાશંકર દેવશંકર મહેતા.

ઉપોદ્ઘાત.

—:o:—

સંસ્કૃત વાઙ્મયમાં ઐતિહાસિક ગ્રન્થોનો તદ્દન અભાવ છે. આખા વાઙ્મયમાં વર્ષાનુક્રમ બિલ્કુલ લભ્ય નથી. ઋગ્વેદમાં જુની આખ્યાયિકાઓ છે એ ખરું, પણ તેમના ઉપરથી ઇતિહાસ અને વર્ષાનુક્રમ ઉપજાવી કઢાતો નથી.

પૂર્વે જ્યારે આર્ય લોકો આ દેશમાં આવ્યા ત્યારે તેઓ લાંબા અને કટ્ટા વિગ્રહ સિવાય અહીં વસવાટ કરી શક્યા નહિ હોય. એમને અહીંની મૂળ જાતિયોને જીતીને તાબે કરવી પડી હશે. આ બધી મૂળ જાતિયો કાંઇ લેખામાં લેવા જેવી ન હોય એમ તો બને નહિ. તેઓમાંની કેટલીક તો બળવાન અને સુધારાની ઉંચી કક્ષાએ પહોંચેલી હતી. પરન્તુ આ બધીઓને આર્ય લોકોએ જેર કરી હતી. આ કામમાં કેટલાક વીરપુરુષોનો શ્રમ વિશેષ હોવો જોઇએ. તે સમયે જે જે વીરપુરુષો થઇ ગયા અને જેમણે આ ક્ષાત્રકર્મમાં મોટાં પરાક્રમો કર્યાં તેમનાં ગુણવાન બધી પ્રજા કરે એ સ્વાભાવિક છે.

આ પ્રમાણે આર્યોમાંથી જેમણે પરાક્રમ કર્યાં, વિજય સંપાદન કર્યા અને રાજ્યો સ્થાપ્યાં એવા ક્ષાત્રકર્મ કરનારા વીરપુરુષોની–રાજાઓની–વંશાવળિયો, તેમનાં પરાક્રમો અને તેમના વિજયોને વર્ણવતી આખ્યાયિકાઓ અસ્તિત્વમાં આવી હશે. અસામાન્ય બનાવને સંબંધે અદ્યાપિ ગીતો, રાસડાઓ અને નાનાં કાવ્યો ઉદ્ભવે છે એ આપણે જાણીએ છીએ. તે કાળે પ્રજામાં આ ક્ષાત્રકર્મ કરનારાની પેઠે જ બીજો પણ એક મોટો વર્ગ હતો. એ વર્ગ તે ઋષિયો અને મુનિયોનો. એમાં પણ વિશેષ બ્રહ્મબળ અને તપોબળવાળી વ્યક્તિયો હતી. એમનાં સંભારણાં સારૂ પણ આખ્યાયિકાઓ ઉદ્ભવી છે.

પરન્તુ ક્ષાત્રકર્મચારી–રાજાઓ અને ઋષિ મુનિયોના જીવન ક્રમ, અભિલાષ, સાનુકૂળતા અને ધ્યેયમાં અસામ્ય હોવાને કારણે આ બન્ને પ્રકારની આખ્યાયિકાઓ બે જુદાં જુદાં, મોટાં, સાથે સાથે વહેતાં વહેણોની પેઠે જુદા જ પ્રકારની નિવડી. બન્ને પ્રકારની આખ્યાયિકાઓ અદ્યાપિ–વધારા, ઘટાડા અને ફેરફાર સાથે–જળવાઈ રહી છે. ઋષિ, મુનિ સંબંધી આખ્યાયિકાઓમાં વિશેષે ધર્મભાવના અને ધર્મવિષય ચર્ચાયલાં છે. બ્રાહ્મણોએ આ આખ્યાયિકાઓ સાચવી રાખી છે. ક્ષત્રિયોની આખ્યાયિકાઓમાં વિશેષે તેમની વંશાવળિયો, તેમનાં પરાક્રમો, તેમના વિજયો, તેમણે કરેલા યજ્ઞ યાગાદિ અને જનસમાજની હકીકત વગેરેનાં વર્ણનો ભર્યાં પડ્યાં છે. આવી આખ્યાયિકાઓનો અભ્યાસ કરનાર અને એમનાં પ્રવચન કરનાર એક "સૂત" નામે વર્ગ જ ઉભો થયો. એમના વડે આ જાતની આખ્યાયિકાઓ જળવાઈ રહી છે. "સૂત" આવી આખ્યાયિકાઓનો અભ્યાસ કરતા અને તેમાં ઉમેરણ પણ કરતા.

ક્ષત્રાણીને પેટે બ્રાહ્મણો વડે અને બ્રાહ્મણીને પેટે ક્ષત્રિ વડે ઉત્પન્ન થએલી પ્રજાને પણ 'સૂત' કહેતા. પણ એ 'સૂત' અને આ આખ્યાયિકાઓનાં પ્રવચન કરનાર સૂત એક નહિ. સૂતજાતિ રાજાઓના રથ હાંકતા, હાથી અને ઘોડા સંભાળતા અને વૈદું પણ કરતા;

પણ આખ્યાયિકા સંભાળનારા 'સૂત' એમ વગળવંશી નહોતા. શાસ્ત્રોમાં એમના ધર્મ નિર્માણ કરેલા જણાય છે. વાયુ પુરાણ કહે છે કેઃ—

स्वधर्म एष सूतस्य सद्भिर्दृष्टः पुरातनैः ॥
देवतानामृषीणाञ्च राज्ञाचामित तेजसाम् ॥ २६ ॥
वंशानां धारणं कार्य्यं श्रुतानाञ्च महात्मनाम् ॥
इतिहास पुराणेषु दिष्टा ये ब्रह्मवादिभिः ॥ २७ ॥

સહજ પાઠાફેર સાથે પદ્મપુરાણ પણ 'સૂત'ના ધર્મ ગણાવે છે કેઃ—

एष धर्मः तु सूतस्य सद्भिर्दृष्टः सनातनः ॥
देवतानां ऋषिनां च राज्ञां अमित तेजसाम् ॥ १ ॥
तद्वंश-कारण कार्यं स्तुतीनां च महात्मनाम् ॥
इतिहास पुराणेषु दृष्टा ये ब्रह्मवादिनः ॥ २ ॥

આ "સૂતો" ક્ષાત્રયોના દરબારમાં રહેતા અને આખ્યાયિકાઓનાં પ્રવચનો કરતા, યજ્ઞ અગર એવા સંમારંભો અને સત્રોમાં તેમના પ્રવચનના દિવસો મુકરર થતા અને તે દિવસે એમનાં જ પ્રવચનો થતાં. તેઓ રાજાઓની જોડે યુદ્ધે પણ ચઢતા કે વીરપુરૂષોનાં પરાક્રમો જાતે જોઇને તેમનાં વર્ણનો કરાય. આવા સૂતો વડે સચવાઇને ટકી રહેલી આખ્યાયિકાઓ ઈતિહાસને અંગે બહુ ઉપયોગી છે. ઇતિહાસના ખાસ ગ્રન્થોને અભાવે આવી આખ્યાયિકાઓ ઉપર જ ઐતિહાસિક બીના સંબંધે આપણને વિશ્વાસ રાખવો પડે છે. એ વિશ્વાસ અસ્થાને નથી. આવી આવી આખ્યાયિકાઓએ અગાડી જતાં મૂળપુરાણોનું રૂપ લીધું હતું. દિલગીરી એટલી છે, કે એ મૂળપુરાણો આપણને ઉપલબ્ધ નથી. હાલ મળતાં પુરાણો ઘણાં ઉમેરણ, ફેરફાર અને ઘોંટાળા ભરેલાં છે.

કાળે કરીને આ "સૂત"ના વર્ગનો લોપ થયો, ત્યારે પુરાણો બ્રાહ્મણોને ભાગે આવ્યાં. કમભાગ્યે આ ધંધામાં પડતા બ્રાહ્મણો વિદ્વાન નહિ, પણ દેવળના પૂજારા, તીર્થગોર અને લેભાગુ જ્ઞાનવાળા હોવાથી તેમણે પુરાણોમાં ઘણી બાબતો અને ધર્મભાવનાનું વિશેષ ઉમેરણ કર્યું એમના ઉમેરણની ભાષા, વ્યાકરણદોષ, શૈલી, કપોલકલ્પિત બાબતો અને ઘણી અતિશયોક્તિયો ઉપરથી એ બ્રાહ્મણોની કિંમત આપણે આંકી શકીએ છીએ. આવા બ્રાહ્મણો વડે કાળે કરીને નવાં પુરાણો, ઉપપુરાણો, સ્તોત્રો, મહાત્મ્યો વગેરેનું ઉમેરણ થયું. અમુક દેવ, તીર્થ, વ્રત વગેરેના મહિમા, બ્રાહ્મણભક્તિ અને તેમને દાન આપવાના મહિમા વગેરેથી પુરાણો ભરાઇ ગયાં. આવી વસ્તુસ્થિતિને લીધે જ આપણાં પુરાણો ગપોના ભંડાર ગણાય છે. અતિશયોક્તિના એક બે દાખલા બસ થશે—વેદમાં ઉર્વશી પુરુરવાની સાથે ચાર વર્ષ રહી હતી એમ કહ્યું છે, ત્યારે વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે તે એકસઠ હજાર વર્ષ રહી હતી! જુનાં પુરાણોમાં નર્કની સંખ્યા સાતની આપી છે, ત્યારે ભાગવતમાં એ સંખ્યા "સેંકડો અને હજારો"ની બની ગઇ છે! ગારૂડમાં તો હજારોથી વધીને ચોર્યાસી લાખની બની ગઈ છે!!

આવાં, ઉમેરણવાળાં પણ બધાં પુરાણોની પ્રતો ઉપલબ્ધ થતી નથી. મહાભારત, રામાયણ, અને કેટલાક પુરાણોની દેશ પરત્વે પાઠાફેર પ્રતો જ માત્ર મળી આવે છે.

આમ છતાં ઐતિહાસિક બીનાને અંગે પુરાણોનો જ આધાર લેવો ઇષ્ટ છે. છાસની ગોળીમાં પાણીનું ઉમેરણ કરવાથી કાંઇ એની અંદરનું નવનીત જતું રહેતું નથી. ઘૂમડવું વધારે પડે એટલું જ. વધારે ચોકસાઈ અને પ્રયત્ન વડે પુરાણોમાંનું સત્ય દૃષ્ટિગોચર થાય છે.

પુરાણોમાં આપેલી રાજાઓની વંશાવળિયો વિશ્વસનીય છે, એ સંબંધે 'મોહનજોદેરો'માં કરેલા છેલ્લા ખોદાણથી ઘણું જાણવામાં આવે છે.

મોહનજોદેરોમાં કરેલા ઉત્ખાદનમાંથી મળેલી વસ્તુઓ પૌરાણિક બાબતોની મહત્તાનો ખ્યાલ આપે છે. ત્યાંથી મળી આવેલા અવશેષો સંબંધી અહેવાલ સર—જોર્જ માર્શલે બહાર પાડ્યો છે. ત્યાંથી સગર વગેરે ઇક્ષ્વાકુવંશના રાજાઓના સિક્કા પણ જડી આવ્યા છે. આ સિક્કાઓ અને પકવેલી ઇંટો ઉપરનાં લખાણોની લિપિ બેસાડીને તેના અર્થ કરવાનું કામ પ્રો૦ વડેલ એમણે મોટા પરિશ્રમે બહાર પાડ્યું છે. મોહનજોદેરો અને હરપ્પાનાં ઉત્ખાદનો ઉપરથી થએલી શોધ વિષે લખતાં તેઓ શ્રી જણાવે છે કે, આ શોધોથી હિંદુઓનાં અંતઃકરણો આનંદથી ઉભરાઈ જશે, એટલું જ નહિ, પરન્તુ તેમની ધાર્મિકભાવનાઓ જાગૃત થાય એવું એ શોધોનું મહત્ત્વ છે; કારણ કે હિંદુઓના વેદ અને પુરાણો બહુલ પ્રત્યક્ષ અને વળી પ્રથમ ઐતિહાસિક પુરાવો આ શોધથી પ્રાપ્ત થાય છે. પ્રો૦ વડેલ સાહેબે ખાલ્ડિયન શિલાલેખોમાં આવેલી ત્યાંના રાજાઓની વંશાવળિયો સરખાવી જોઇ; તથા મોહનજોદેરોની અને મેસેપોટેમિયન લેખોની લિપિયો સરખાવી જોઈ; મિસરની નાઇલ નદીતટ પર આવેલાં પ્રાચીન શહેરોમાંથી મળી આવેલા લેખોની લિપિ સાથે તેઓ કેટલું સામ્ય ધરાવે છે તે બારીકાઈથી તપાસી જોવા તેઓ ઇજીપ્ત ગયા. ત્યાંના કેટલાક અણઉકેલેલા લેખો તેમણે તપાસ્યા. લિપિની સરખામણી ઉપરથી તેઓ જણાવે છે કે મિસરની લિપિ, સુમેરી લિપિ ઉપરથી નિકળેલી છે. ઇજીપ્તના ન ઉકેલાયલા લેખો તેમણે સુમેરી લિપિને આધારે બેસાડી તેના અર્થ પર પ્રકાશ નાંખ્યો. આશ્ચર્યજનક તો તેમાંથી એ જણાયું, કે ઇજીપ્તમાં થઇ ગએલા પ્રાચીન રાજાઓની વંશાવળિ, ખાલ્ડિયા અને મેસેપોટેમિયામાં થઈ ગએલા પ્રાચીન રાજાઓની વંશાવળિયો અને હિંદનાં સંસ્કૃત પુરાણોમાં આપેલી પ્રાચીન વંશાવળિયો, એ બધી **એક બીજાને મળતી** છે, એટલું જ નહિ, પરંતુ તે બધા રાજાઓ એક જ સામ્રાજ્યના રાજાઓ હતા. આર્ય સંસ્કૃતિનું સામ્રાજ્ય છેક પંજાબ—સિંધથી માંડીને ખાલ્ડિયા અને ઇજીપ્ત (મિસર) સુધી પ્રસરેલું હતું. ત્રણે દેશની વંશાવળિયોમાં મળતા આવતા રાજાઓ ઇક્ષ્વાકુવંશના—**સગર, અસમંજસ, અંશુમાન, દિલિપ** અને **ભગીરથ** વગેરે હતા! પ્રો૦ વડેલે અમણાં જ પ્રસિદ્ધ કરેલા "ઇજીપ્શન સંસ્કૃતિ, તેનું સુમેરી મૂળ અને તેની ખરી સાલવારી" નામના પુસ્તકમાં આ બાબતને લગતી ઘણી માહિતી આપી છે. તેઓશ્રી જણાવે છે કેઃ—

આ નવા પૂરાવાને પગલે જવાનું કારણ એમ છે કે, ભારતીય પુરાણો અને વેદમાં પ્રાચીન આર્યો વિષે આપેલી ઘણીખરી માહિતી જે અત્યાર લગી અસંભાવ્ય અને કલ્પિતકથાપૂર્ણ મનાતી હતી તેમાં ઐતિહાસિક સત્ય રહેલું છે, એવી આ શોધ હાથ લાગી છે. પુરાણોમાંની પ્રાચીન આર્ય રાજાઓની વંશાવળિ, સુમેરી શિલાલેખો પર કોતરેલી રાજવંશાવળિ અને હકીકત સાથે સરખાવી જોતાં એમ માલમ પડી આવ્યું છે, કે છેક પહેલા રાજવંશથી માંડીને યૂરોપમાં ગ્રીક સંસ્કૃતિનો ઉદય થયો ત્યાં લગી—બે હજાર વર્ષ પર્યન્તની આર્ય અને સુમેરી વંશાવળિયો એકમેકને તદ્દન મળતી આવે છે; અને આ ઐક્ય માત્ર

રાજાઓનાં પરાક્રમનાં વર્ણનો પૂરતી જ નહિ, પરન્તુ તે રાજાઓની રાણીઓ, કુંવરો, તેમનાથી શાસિત પ્રજાની સંસ્કૃતિ, ભાષા, લેખ, ધર્મ, પ્રતિકો, કળા અને ઉદ્યોગ, ધંધાની બારીક બારીક તપસીલ વગેરેમાં પણ અરાબર મળતી આવે છે. પ્રો૦ વડેલના ઉપર જણાવેલા વિધાન ઉપરથી આ શોધોનું મહત્ત્વ જણાઈ આવે છે અને પુરાણોની જે વાતો આજ લગી ખોટી ગપ્પો જેવી ગણાતી હતી તેમાં ઐતિહાસિક સત્ય છે એમ પરદેશી વિદ્વાનોને પણ કબૂલ રાખવું પડયું છે; આથી આર્ય સંસ્કૃતિ માટે અભિમાન રાખનારાઓનાં અન્તઃકરણ આનંદથી ઉભરાઈ ગયા વગર રહેશે નહિ.

ઐતિહાસિક બાબતોમાં પુરાણોનું મહત્ત્વ જાણ્યા પછી ખુદ પુરાણો પોતાને માટે શું કહે છે તે તપાસીએ.

પુરાણોનું સામર્થ્ય, મહાત્મ્ય અને મહત્ત્વ ઘણું છે. પુરાણો એ પાંચમો વેદ છે એમ કહ્યું છે. વેદ જાણતો હોય, બીજી વિદ્યા અને શાસ્ત્રો વિશારદ હોય, છતાં પુરાણો ન જાણતો હોય તેની કશી કિંમત ગણી નથી. વાયુ પુરાણ, પદ્મપુરાણ, શિવપુરાણ અને ભાગવતમાં–સહજ સહજ પાઠાફેર–નીચેના શ્લોકો આપ્યા છેઃ–

यो विद्या चतुरो वेदान्साङ्गोपनिषदो द्विजः ।
न चेत्पुराणं संविद्या न्नैव स स्याद्विचक्षणः ॥
इतिहासपुराणाभ्यां वेदं समुपबृंह्येत् ।
बिभेत्यल्प श्रुताद्वेदो मामयं प्रहरिष्यति ॥

પોતે (પુરાણો) પાંચમો વેદ છે એ દાવાથી પણ આગળ વધી કેટલાંક પુરાણો તો વેદ કરતાં પણ પોતાનું પ્રાચીનપણું અને ગૌરવ વધારે છે એમ પ્રતિપાદન કરે છે. બ્રહ્મદેવના જુદા જુદા મુખારવિંદમાંથી જુદા જુદા વેદ નિકળ્યા તેની પણ પૂર્વે તેમને જુદાં જુદાં પુરાણોનું સ્મરણ થયું હતું; મતલબ કે વેદના કરતાં યે તેઓ પ્રથમ અસ્તિત્વમાં આવ્યાં છે.

શ્રીમદ્ ભાગવતમાં પુરાણોનાં લક્ષણો કહ્યાં છે. એમાં લખ્યા મુજબ પુરાણોના પાંચ લક્ષણો છે. બીજાં પાંચ પણ ગણાવ્યાં છે. એ દશ લક્ષણો યુક્ત હોય તે પુરાણ એમ મનાય છે.

सर्गोऽस्याथ विसर्गश्च वृत्ति रक्षान्तराणि च ॥
वंशोवंशानुचरितं संस्था हेतुरपाश्रयः ॥ ९ ॥
दशभि र्लक्षणै र्युक्तं पुराणं तद्विदो विदुः ॥
केचित्पञ्च विधं ब्रह्मन्महदल्प व्यवस्थया ॥ १० ॥

भाग, १२. ७

अत्र सर्गो विसर्गोश्च स्थानं पोषण मूतयः ।
मन्वंतरे शानुकथा निरोधो मुक्तिराश्रयः ॥ १ ॥
दशमस्य विशुध्यर्थं नवानामिह लक्षणम् ॥
वर्णयन्ति महात्मानः श्रुतेनार्थेन चाञ्जसा ॥ २ ॥

भाग. २. १०

સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વંતર અને વંશાનુચરિત એ પાંચ અને સામાન્યસૃષ્ટિ, વિશેષસૃષ્ટિ, સંરક્ષણ, સૃષ્ટિપોષણ, કર્મની વાસના, મન્વંતરોના આચારધર્મો, પરમેશ્વરી લીલા, સૃષ્ટિસંહાર, મોક્ષ અને ધ્રુવસ્વરૂપ એ દશ લક્ષણો યુક્ત હોય તે પુરાણ કહેવાય છે.

પુરાણોની સંખ્યા અઢારની છે. એ બધાં મહાપુરાણ કહેવાય છે. પછીથી થએલાં બીજાં અઢાર ઉપપુરાણ કહેવાય છે. પુરાણોની સંખ્યા આમ વધતી ગઈ છે અને તેઓ સો ઉપરાંત છે! મહાપુરાણોના કેટલાક તેમાંના વિષય પરત્વે **રાજસ, સાત્વિક** અને **તામસ** એવા ત્રણ વર્ગ પાડે છે. ત્રિમૂર્ત્તિમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એમને લગતા વિષયો ઉપરથી આ ભેદ ગણ્યા છે. બ્રહ્મન્ સંબંધી પુરાણો તે રાજસ, કેમકે બ્રહ્માનો ગુણ રજસ છે. વિષ્ણુના સત્વગુણ ઉપરથી વૈષ્ણવ પુરાણો તે **સાત્વિક** અને શિવનો ગુણ તમસ હોવાથી એમને અંગે નિપજેલાં પુરાણો તે **તામસ**.

અઢાર પુરાણો તે–વિષ્ણુ, પદ્મ, વાયુ, ભાગવત, બૃહન્નારદીય, માર્કંડેય, અગ્નિ, ભવિષ્ય, બ્રહ્મવૈવર્ત, લિંગ, વારાહ, સ્કંદ, વામન, કૂર્મ, મત્સ્ય, ગારૂડ અને બ્રહ્માંડ એ છે–

બ્રહ્મ, બ્રહ્માંડ, બ્રહ્મવૈવર્ત, માર્કંડેય, ભવિષ્ય અને વામન એ **રાજસ**. વિષ્ણુ, ભાગવત, નારદીય, પદ્મ, વારાહ એ **સાત્વિક**, અને શિવ, લિંગ, સ્કંદ, અગ્નિ, મત્સ્ય અને કૂર્મ એ **તામસ** પુરાણો કહેવાય છે. પુરાણોની મહત્તા સમજ્યા પછી આપણી જુની સંસ્કૃતિ, જુની કર્મભાવના, જુનો ઇતિહાસ તેમ જ આપણી પૂર્વે આપણી પ્રજામાં થઈ ગએલા મહાનુભાવોનાં ચરિત્ર જાણવા સારૂ એનો અભ્યાસ આવશ્યક જણાશે. એટલું જ નહિ, પણ આપણા અર્વાચીન વાઙ્મયમાં પણ પુરાણોનાં દૃષ્ટાન્તો તરવરી રહ્યાં છે એમને યથોચિત સમજવા સારૂ પણ એ અભ્યાસ ઇષ્ટ છે, કે તેથી આપણી જુની વાતો, માન્યતા અને રહેણી કરણી એ બધાંનો ખ્યાલ ઠીક ઠીક આવે.

આધુનિક સમયમાં પુરાણોનો અભ્યાસ ગૌણ થઈ ગયો છે. સામાન્ય બીજા તો શું, પણ પુરાણો ઉપર જ નિર્વાહ કરનારા–કથાકારો અને પારાયણ કરનારા પૌરાણિકો–પુરાણીઓ વ્યાસોમાં પણ સોએ ચાર પાંચ જ ભાગવત જેવો સહેલો ગ્રન્થ પણ વાંચી સમજતા હશે. અખો ભક્ત કહે છે તેમ

" સો અંધામાં કાણો રાવ, અંધાને કાણા પર ભાવ,
સૌનાં નેત્રો ફૂટી ગયાં, ગુરુ આચાર્ય જ કાણા થયા. "

વ્યાસો પણ બ્રાહ્મણને આ આપવું અને આ આપવું એ બાબતો સિવાય બીજી હકીકતોમાં નમાલાં ભાષાન્તરો અગર એવાં જ નમાલાં ' સાર રૂપ ' પુસ્તકો વાંચી અણસમજુ શ્રોતાજનોની આગળ પોતાનું ગાડું ગબડાવ્યે જાય છે!

અમારા નાનપણમાં વસ્તુસ્થિતિ છેક આવી નહોતી. માબાપની સાથે કથામાં જવાના યોગે, માતા પારાયણ સાંભળવા બેસે તો એટલા દિવસની છૂટ્ટી લઈને ત્યાં બેસી સાંભળવાના યોગે, માણભટ્ટોની અને બીજી કથા દ્વારા પૌરાણિક બાબતો અમારા જાણવામાં આવતી તેનો શતાંશ પણ હાલના તરૂણોને ખબર નહિ હોય એમ કહીએ તો ખોટું નથી. હાલના તરૂણોની ઉણપ બતાવવાને લઈને અમારૂં આ કથન નથી. અનેક કારણોને લીધે આવી વસ્તુસ્થિતિ ઉત્પન્ન થઈ છે. એક કારણની જ વાત કરીએ. અમારી બાલ્યાવસ્થામાં સુભાગ્યે અમને નિશાળની દુગ્ધા ઓછી જ હતી. વર્ત્તમાનકાળમાં

તરુણોને આ બોજો એમ નથી. હાલના અભ્યાસક્રમની જ વાત લક્ષમાં લઈએ–નાનાં છોકરાંથી માંડીને કૉલેજના તરુણો ધરાધરી એના બોજાથી એવા લદાઈ ગયા હોય છે કે આંખ યે ઊંચી કરાય નહિ. પછી તો બીજી પ્રવૃત્તિની વાત જ શી! આવી દયાજનક સ્થિતિમાં બિચારા પૌરાણિક બાબતોનો ખ્યાલ ધરાધરી કરવાનો સમય મેળવી શકતા નથી. એમાં એમનો વાંક નથી. છતાં જ્યારે પુરાણોનો અભ્યાસ આમ ઉપયોગી છે, મનોરંજક છે, બોધપ્રદ છે અને આવશ્યક છે, તો તેને સુલભ અને સુગમ કરવાને જેને જેટલે અનુકૂળતા હોય તેણે પોતાના દેશીબંધુઓ સારૂ એ દેશમાં સેવા ઉઠાવવી એ એક કર્તવ્ય જ છે.

મારી તરુણાવસ્થામાં સ્વ. કવિ નર્મદનો નર્મકથાકોષ મારા જોવામાં આવ્યો હતો. એનું વાચન રસિક અને આલ્હાદજનક લાગ્યું હતું, પણ એ ગ્રંથ બહુ જ નાનો અને એમાં હકીકત બહુ જ કમતર છે. ઘણી બાબતોવાળો અને રસપ્રદ થઈ પડે એવો મોટો કોષ લખવાનો અભિલાષ ઘણા વર્ષથી થયો હતો. છેક ઈ. સ. ૧૮૯૨ માં રાજકોટની લેંગ જનરલ લાયબ્રેરીનો હું ઓનરરી સેક્રેટરી હતો, તે વખત લાયબ્રેરી તપાસતાં જે પુસ્તકનું બોકું લઈને આ કોષ તૈયાર કર્યો છે તે સહસા મારા હાથમાં આવ્યું. તરત જ મેં કોષ લખવો શરૂ યે કર્યો. લેંગ લાયબ્રેરીની પેઠે હું રાજકોટના વોટશન મ્યુઝિયમનો પણ ઓનરરી સેક્રેટરી હતો. મેં ચાર્જ લીધો ત્યારે આખા મ્યુઝિયમમાં માત્ર બેંશી પદાર્થો–એક્ષિબિટો–હતા અને તે એક પેટીમાં પડયા રહેતા. એ જ અરસામાં રાજકોટનું ભવ્ય જ્યુબિલિ મકાન તૈયાર થયું અને એની બન્ને તરફની ઇમારતો લાયબ્રેરી અને મ્યુઝિયમ સારૂ મને સોંપાઇ. એવા મોટા ભવ્ય અને વિશાળ મકાનમાં દેવ વગરના દેવસ્થાન જેવી સ્થિતિ થઈ પડી. ગમે તેમ કરી મ્યુઝિયમ ભરવું એવી ઉત્કટ ઇચ્છા થઈ. કેવી રીતે તે કાળના પૉલીટિકલ એજંટ **સર ચાર્લ્સ ઓલિવંટને** મેં પ્રદર્શન ભરી, આવેલી ચીજોમાંથી સંગ્રહસ્થાન સારૂ પસંદ કરી એકઠી કરવાનો મારો વિચાર જણાવ્યો; એમને મારો વિચાર કેવો પસંદ પડયો; એઓશ્રીએ કેવી રીતે મદદ કરી; તથા મારે માથે કામનો સઘળો બોજો કેવી રીતે આવી પડયો, એ કહેવાનો આ પ્રસંગ નથી. માત્ર એટલું જ જણાવવું જોઈએ કે દસ બગી-આર મહિનાના અવિરત શ્રમ વડે પ્રદર્શન તો સારૂં ભરાયું, પણ મારો કોષ કોષને ઠેકાણે રહ્યો.

આમ અનેક અનિવાર્ય અંતરાયોને અઢી વર્ષોનાં વર્ષોથી વિસારે પડેલો કોષ આખરે યાદ આવ્યો. લખવાનો નિશ્ચય થતાં જ ગુજરાત વર્નાકયૂલર સોસાઇટીના સેક્રેટરી સ્વ. સર રમણભાઈ અને એસિસ્ટંટ સેક્રેટરી રા. હીરાલાલ પારેખને સૂચના કરતાં જ તેમણે એ વાત ઉપાડી લીધી. વ્યવસ્થાસ્થાપકમંડળની સહાનુભૂતિ અને અનુમતિથી આ કોષ પ્રસિદ્ધિમાં આવ્યો. મારી મહેનતનું ફળ આજે ચાર ચાર વર્ષથી વાચકવૃંદને પ્રતિ વર્ષે મળ્યે ગયું છે. આજે તે સમાપ્ત થાય છે.

આ કોષ કેવળ ભાષાન્તર નથી; તેમાં ઠેકાણે ઠેકાણે પુષ્ટિ ફેરફાર અને ઉમેરણ કરવામાં આવ્યું છે. ભાષા ગુજરાતી વાચકવૃંદને સુરુચિકર થાય એમ રસભર કરવા તરફ ખાસ લક્ષ રાખ્યું છે. બોડાના કોષમાં ન આપેલાં એવાં, અગત્યનાં અને આનંદજનક એવાં પુષ્કળ અવતરણો મૂળ ગ્રંથોમાંથી આ કોષમાં દાખલ કર્યા છે. એ બધાની સાથે કોષના વસ્તુને વિસ્તૃત કર્યું છે. બોડા તરીકે લીધેલા કોષમાં માત્ર **૬૧૨૬** વ્યક્તિઓની હકીકત આપેલી છે. તેની જગાએ આ કોષમાં ૧૦૭૬૬ વ્યક્તિઓની હકીકત આપી છે, એટલે વસ્તુપરત્વે ગ્રન્થ

લગભગ બમણો બન્યો છે; એટલું જ નહિ પણ ઘણી અગ્રગણ્ય વ્યક્તિઓની હકીકતમાં ઓર વધારો કર્યો છે. ગ્રન્થ છપાઈ ગયા પછી પણ ભાગવત વગેરે અન્ય સ્થળેથી વધારે વ્યક્તિયોનો ઈતિહાસ આપવાની લાલસા થઈ આવતાં વધારાના શબ્દો નવ ફરમાની પૂરવણીમાં સંગ્રહ્યા છે. ટુંકામાં ગ્રન્થને પરિપૂર્ણ કરવા તરફ બનતું કર્યું છે. આવા ગ્રન્થો કાંઈ કાવ્ય કે નવલકથાની પેઠે વાચન તરીકે સાદ્યન્ત વંચાતા નથી. ઉપયોગી અને જરૂરની હકીકત સારૂ બપનું હોય તેટલું જ વંચાય; છતાં ફુરસદની વખતે વાચન તરીકે વાંચી શકાય એવી રીતે ઘણાં ચરિત્રો તૈયાર કરવા તરફ ખાસ લક્ષ આપ્યું છે. આશા છે કે એમ છૂટક છૂટક વાંચીને પણ વાચકવૃંદ આનંદ મેળવશે.

તૈયાર થએલા કામને સારૂંમોઠું કહેવું એ બહુ સહેલું છે. મને સાંભરે છે કે આ કોષના પ્રથમ ભાગમાં બુક કમિટિના કોઇ સભ્યે માત્ર એક જ તથાપિ જબરી ભૂલ કાઢી હતી! "ઉર્વશી" શબ્દ અમે આપ્યો છે, તેમ જ "ઊર્વશી" શબ્દ પણ આપ્યો છે. આ મારી જબરી ક્ષતિ થઈ! કોષમાં ભૂલ છે એમ કહીને એ સભ્યે પોતાના જ્ઞાનની જ ભૂલ ઉઘાડી પાડી હતી! આવા ગ્રન્થો તૈયાર કરતાં પડતી વિટંબણા અને શ્રમનો ખ્યાલ લખનારને જ આવે; પણ વાંચનારને રસ પડે, આવાં વાચન પ્રતિ તેમને અભિરુચિ ઉત્પન્ન થાય, એનું વાચન વધે અને પરિણામે પ્રજામાં દિવસાનુદિવસ ગૌણ થતું પૌરાણિક જ્ઞાન સતેજ થાય એ જ લાલસાથી પ્રેરાઈ અંતરાય, મહેનત અને કશી બાબતને ન લેખવતાં ગ્રન્થને મારી પોતાની અલ્પ શક્તિ અનુસાર મનોમત બનાવ્યો છે. છેવટે ગ્રન્થને સુજ્ઞ વાચકવૃંદના કરકમળમાં મૂકતાં મને આનંદ થવો સ્વાભાવિક છે.

મારા આનંદની વાત કરતાં તેમાં પડેલા વિક્ષેપ અને ઉણપને હું વિસરી શકતો નથી. મારા પુત્ર સ્વ. જ્વલમભાઈને આ કોષ બહુ ગમી ગયો હતો અને એની ગોઠવણમાં ઘણો રસ લેતા. ગોઠવણને અંગે એમની ઘણી સૂચનાઓને હું અનુસર્યો પણ છઉં. એ મારો પુત્ર, મિત્ર, સહાયક અને ઉત્સાહબળ રૂપ જ હતો. મને કશી વાતે ક્ષોભ ન થાય એવી એમની સતત લાગણી હતી એ મને કદી યે વિસરે નહિ. મારા મનને ક્ષોભ થશે ધારી પોતાના મંદવાડમાં થતી અસહ્ય પીડા પણ થતી નથી એમ જ જણાવે. જીવલેણ અને પીડાકારી મંદવાડ છતાં એમણે કોષને માટે ઘણો શ્રમ ઉઠાવ્યો છે. એક બે અક્ષરોની હકીકત તો એમના શ્રમનું ફળ છે. બેસાય નહિ એટલે પોરો લઈ લઈને કલાકો પર્યન્ત કામ કરે. છેવટે જ્યારે શરીરે કહ્યું ન જ કર્યું ત્યારે એમણે કલમ મૂકી દઈ કોષ મને પાછો આપ્યો. આવી મહેનતને અન્તે થએલા શુભ પરિણામની છાપવાની પુર્ણાહુતિ કાળે એમને ઈશ્વરાજ્ઞા થઇ અને એ જોવા ન રહ્યા. મારા મનની સ્થિતિ જે પોતે પિતા હશે તે જ કલ્પી શકશે. નિષ્ઠુર હૃદય પ્રાણસમા પુત્રના વિયોગ છતાં પણ ચાલું રહ્યું છે: છતાં તે માત્ર ચાલુ જ રહ્યું છે–જીવે છે એટલું જ, તદ્દન નીરસ જીવન વ્યતિત કરે છે.

ગ્રન્થ રજુ કરતાં માત્ર એટલી જ વાંછના છે કે મારી કૃતિવડે આ વિષયના જ્ઞાનની વૃદ્ધિ થાઓ, વાચકવૃંદની આ બાબતોના અભ્યાસમાં સરળતા થાઓ અને તેમને આનંદ પ્રાપ્ત થાઓ. જો એમ બને તો મારો આ વ્યવસાયમાં ગાળેલો કાળ સત્કાર્યે વ્યતિત થયો એમ માની, હું મારી જાતને કૃતકૃત્ય લેખીશ. મારા પરિશ્રમે ગુજરાતી સાહિત્ય સમૃદ્ધિમાં એક ઉપ-

યોગી ગ્રન્થનું ઉમેરણ કરવાનો આનંદ અનેરો છે. છેવટે વાંચનારના સંતોષે મને સંતોષ. એમના આનંદે મને પણ આનંદ.

લાંબો ગ્રન્થ, ઘણી મહેનત, અપ્રાપ્ય તેમ જ દુર્લભ સામગ્રી, એ બધાંને લઈને હું ઘણીવાર કંટાળતો. એવે સમયે મને આગ્રહવડે પ્રોત્સાહન આપવા બદલ ભાઈ હીરાલાલ ત્રિ. પારેખનો અને પોતાના અનેકદેશી વ્યવશાય અને અભ્યાસમાંથી પણ સમય કાઢી મારા કોષને સારૂ પુરોવચન લખવા બદલ મારા આપ્તજન દિ૦ બ૦ નર્મદાશંકર દેવશંકર મહેતાનો ઋણી છઉં. આ કાર્યમાં સૂચના કરીને, પુસ્તકો મોકલીને, હકીકત શોધી આપીને અને એવી જ બીજી ઘણી પરોક્ષ અને અપરોક્ષ મદદ કરનાર મારાં કુટુંબી અને બીજા ઘણા ગૃહસ્થોનું ઋણ પણ કાંઈ નાનું સુતું નથી. હું બધું સાભાર સ્વીકારી વિરમું છઉં. ૐ **शिवम्.**

ઘોબીની પોળ.
ખાડીઆ
અમદાવાદ.
૧૨-૯-૩૧.

ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી.

પૌરાણિક કથા કોષ.

અ.

અકર્દમ. પૂર્વે તમસા નદીને તીરે વાલ્મીકિ ઋષિના આશ્રમ પાસેનું પ્રસિદ્ધ તીર્થ. (**વા૦ રા૦ બા૦ સ૦ ૪**)

અકંપન. એ નામનો રાજર્ષિ. એ ક્યાંનો, કીઆ કુળમાં ઉત્પન્ન થયેલો અને ક્યારે થએલો એ જાણવામાં નથી. એને હરિયા નામે એક મહા પરાક્રમી પુત્ર હતો, તે દુર્દૈવે કોઈ યુદ્ધમાં મરણ પામવાથી રાજા ઘણું દુઃખ પામી શોક કરતો હતો, ત્યાં નારદજી પ્રગટ થયા; તેમણે મૃત્યુ અનિવાર્ય છે એ વિષય ઉપર બોધ કરીને એના મનનું સમાધાન કર્યું હતું. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૫૨-૫૪**).

અકંપન (૨). એ નામનો રાવણનો દૂત, એક રાક્ષસ. જનસ્થાનમાં શ્રી રામચન્દ્રે ખરાદિ રાક્ષસોને માર્યાની હકીકત રાવણને એણે કહી હતી. ત્યાર પછી શૂર્પનખાએ કહી હતી. એ રામ રાવણના સંગ્રામમાં હતો અને પછી હનુમાનને હાથે મરણ પામ્યો હતો. (**વા૦ રા૦ યુ૦ સ૦ ૫૬**).

અકવિ. ગયા ચોથા તામસ નામના મન્વન્તરમાં જે સપ્તઋષિ થઈ ગયા છે તેમાંનો એક. (**મત્સ્ય૦ અ૦ ૯**)

અકલ્મષ. તામસ મનુના દિકરાઓમાંનો એક. (**મત્સ્ય૦ અ૦ ૯**).

અકૂપાર. ઇન્દ્રદ્યુમ્ન સરોવરમાંનો એક ઘણો પ્રસિદ્ધ દરિયો.

અકૃતવ્રણ. જમદગ્ન્ય પરશુરામનો સાથી, એક બ્રહ્મર્ષિ; યુધિષ્ઠિરે કરેલા રાજસૂય યજ્ઞમાં ઉપદ્રષ્ટા નામનો ઋત્વિજ બન્યો હતો તે. (**ભા૨૦ વન૦ અ૦ ૧૧૫**).

અકોપ. દશરથ રાજાના અષ્ટ પ્રધાનમાંનો એક. એનું અશોક એવું બીજું નામ હતું એમ જણાય છે. (**વા૦ રા૦ બા૦ સ૦ ૭**).

અક્રિય. સોમવંશી આયુ રાજાના પાંચમાંથી ચોથા પુત્ર રંભ નામના રાજાના કુળમાં જન્મેલા ગભીર રાજાનો પુત્ર. તપવડે કરીને એની સંતતિ બ્રાહ્મણ થઇ હતી.

અક્રૂર. વિષ્ણુ ભગવાનનો એક પાર્ષદ.

અક્રૂર (૨). સોમવંશી આયુપુત્ર નહુષ રાજાના યદુ નામના પૌત્રના કુળના સાત્વત વંશમાં જન્મેલા શ્વફલ્ક રાજાના તેર પુત્રમાંનો એક. બહુધા એને શ્વફલ્કિ નામે કહ્યો છે. એને રત્ના, ઉગ્રસેના, અશ્વિની ઈ. સ્ત્રીઓ અને દેવવાન, ઉપદેવ વગેરે પુત્ર હતા. શ્રીકૃષ્ણ અને બળદેવને ગોકુળમાંથી મથુરા લાવવા કંસે એને જ મોકલ્યો હતો. અને એ નંદરાજાને સમજાવી તેમને લઇ આવ્યો હતો. એની વિશેષ હકીકત સ્યમંતક મણિના પ્રસંગમાં મળેછે. (જૂઓ **સ્યમંતક મણિ**).

અંગ. ઉત્તાનપાદ વંશના ઉલ્મુક રાજાને પુષ્કરિણી નામની સ્ત્રીથી થએલા છમાંનો મોટો પુત્ર. એની સ્ત્રીનું નામ સુનીથા. એને વેન નામનો પુત્ર થયો હતો.

અંગ (૨). સોમવંશી આયુના કુળમાં, યયાતિના પુત્ર અનુના વંશના બલિના ક્ષેત્રમાં (બલિની સ્ત્રીને પેટે) દીર્ઘતમા નામના ઋષિથી ઉત્પન્ન થએલા બલિના છ છોકરામાં એ મોટો હતો.

અંગ (૩). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક મ્લેચ્છ રાજા. એ કર્ણનો માંડલિક હતો અને ભીમસેનને હાથે મરણ પામ્યો હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૬**).

અંગ (૪). સરયૂ અને ભાગીરથી આ બે નદીઓની વચ્ચેનો પ્રદેશ. આ જગાએ રુદ્રના ત્રિજા નેત્રમાંથી નીકળેલા અગ્નિથી કામદેવ બળીને અનંગ થયો હતો. પુનઃ અંગ ધારણ કરવાનું વરદાન પણ અહિં જ મળ્યું હતું. (**વા૦ રા૦ સ૦ ૨૩**). આ દેશનું બીજું નામ કામાશ્રમ હતું, અને કર્ણ ત્યાંનો રાજા હતો. ઇન્દ્રપ્રસ્થની પૂર્વે ઘણે દૂર આવેલા મગધની આણીમેર આ દેશ આવ્યાનું ભારતમાં લખ્યું છે. (**ભાર૦ સભા૦ અ૦ ૩૦**). એની રાજધાની ચંપાનગરી.

અંગદ. વાલીને તેની સ્ત્રી તારાની કુખે થએલો પુત્ર. એ બૃહસ્પતીનો અંશાવતાર હોઈ, રામચન્દ્રની સહાયતા સારૂ જન્મ્યો હતો. ભાષણ કરવામાં બહુ કુશળ હતો. વાલીના મરણ કાળે એની ઉમ્મર નાની હોવાથી એનું રક્ષણ કરવાનું સુગ્રીવને સોંપી એને યુવરાજનો અધિકાર અપાવ્યો હતો. (૨ વાલી શબ્દ જુઓ) સીતાની શોધ કરવાને મોકલાયલા મારુતિ વગેરે વાનરોનો પ્રમુખ એને સ્થાપ્યો હતો. વાયદા કરતાં એક મહિનો વધારે વીતી જતાં પણ સીતાની શોધ લાગી નહિ, તેથી એણે પ્રાણ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. એટલામાં એને સંપાતિ નામના પક્ષિરાજનો ભેટો થયો. એનાથી ભાળ મળી કે સીતા લંકામાં છે. મરવાનો વિચાર માંડી વાળી એણે મારુતિને લંકા મોકલ્યો. મારુતિએ ખબર આણ્યા પછી એઓ રામચન્દ્ર પાસે કિષ્કિંધા પાછા ગયા.

પછી જ્યારે બધા વાનરો સહિત રામચન્દ્રજી લંકાપર ચઢયા ત્યારે એ પણ જોડે હતો. લંકામાં રામચન્દ્ર તરફથી રાવણને વિષ્ટિ કરવા અંગદને મોકલ્યો હતો. રાવણે એનો અનાદર કરવાથી એ ત્યાંથી પાછો આવ્યો અને ઉભય પક્ષે યુદ્ધનો આરંભ કર્યો. યુદ્ધમાં એણે કંપન, પ્રજંઘ, વિકટ ઇત્યાદિ અનેક મહાન મહાન રાક્ષસોને માર્યા હતા.

રાવણનો વધ કરી રામચન્દ્રજી અયોધ્યા ગયા પછી અગીઆર હજાર વર્ષ રાજ્ય કરી જ્યારે સ્વધામ પધાર્યા ત્યારે સુગ્રીવ તેમની સાથે ગયો અને અંગદને કિષ્કિંધાનો રાજા બનાવ્યો હતો.

અંગદ (૨). દશરથ રાજાના પુત્ર લક્ષ્મણને ઉર્મિલાથી થએલા બેમાનો મોટો પુત્ર. એના નામથી સ્થાપેલી અંગદીયા નામની નગરીમાં એ રાજ કરતો હતો. એ નગરીને અશ્વનગર પણ કહેતા. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૦૨**).

અંગદ (૩). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. એ યુદ્ધમાં મરણ પામ્યો હતો. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૨૫**).

અંગના. ભારતવર્ષીય મહાનદી (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**)

અંગલેખા. ભારતવર્ષીય પશ્ચિમ દિશામાં આવેલી એક નગરી.

અગસ્તિ. અગસ્ત્ય કુળમાં ઉત્પન્ન થએલ એક ઋષિ–તેમ જ તેમનું કુળ.

અગસ્ત્ય. સ્વાયંભૂ મન્વન્તરમાં બ્રહ્મમાનસપુત્ર પુલસ્ત્ય ઋષિને કર્દમ પ્રજાપતિની હવિર્ભૂવા નામની કન્યાને પેટે થએલા બેમાનો મોટો પુત્ર. એના નાનાભાઇનું નામ વિશ્રવા ઋષિ હતું.

અગસ્ત્ય (૨). પૂર્વે કેટલાક અસુરો સમુદ્રમાં સંતાઈ રહીને ઇન્દ્રાદિક દેવોને, ઋષિયોને અને બીજી પ્રજાને ઘણી પીડા કરતા હતા. સમુદ્રને શોષવાથી આ પીડા ટળશે ધારી ઈન્દ્રે અગ્નિ અને વાયુને આજ્ઞા કરી. આ આજ્ઞાનો તેમણે અનાદર કરવાથી ઇન્દ્રે ક્રોધ કરી બન્નેને શ્રાપ આપ્યો હતો કે તમે મનુષ્ય યોનિમાં જન્મશો. ચાલુ વૈવસ્વત મન્વન્તરમાં અગ્નિ અને વાયુ બન્નેને મિત્રાવરુણ દ્વારા એક જ દેહમાં જન્મ મળ્યો. એ જ અગસ્ત્ય. અહિં એમના નાનાભાઈનું નામ વસિષ્ઠ ઋષિ હતું. મિત્રાવરુણે પોતાનું તેજ ઘડામાં મુક્યું હતું, તેમાંથી અગસ્ત્ય અને વસિષ્ઠ જન્મ્યા હતા. આથી એમને મૈત્રાવરુણિ, કુંભયોનિ એવાં નામ પ્રાપ્ત થયાં હતાં.

वसिष्ठजीवं भगवान् ब्रह्मा वचनमब्रवीत् ॥ २१ ॥
मित्रावरुणयोः पुत्रो वसिष्ठत्वं भविष्यति।

वसिष्ठेति च ते नाम तत्रापि च भविष्यति ॥ २२ ॥
जन्मद्वय मतीतं च तत्रापि त्वं स्मरिष्यसि ।
एतस्मिन्नेव काले तु मित्रश्चवरुणस्तथा ॥ २३ ॥
बदर्याश्रममासाद्य तपस्तेपतुरुच्चयम् ।
तपस्यतोस्तयोरेवं कदाचिन्माधवेऋतौ ॥ २४ ॥
पुष्पितद्रुम संस्थाने शुभेदयितमारुते ।
उर्वशी तु वरारोहा कुर्वती कुसुमोच्चयम् ॥ २५ ॥
सुसूक्ष्मरक्तवसना तयोर्दृष्टिपथंगता ।
तांदृष्ट्वेन्दुमुखींसुभ्रूं नीलनीरजलोचनाम् ॥ २६ ॥
उभौचुक्षुभतुर्देवौ–तद्रूपपरिमोहितौ ।
तपस्यतोस्तयोर्वीर्यमस्खलच्च मृगासने ॥ २७ ॥
स्कन्नं रेतस्ततोदृष्ट्वा शापभीता वराप्सरा ।
चकार कलशे शुक्रं तोयपूर्णे मनोरमे ॥ २८ ॥
तस्मादृषिवरौजातौ तेजसाऽप्रतिमौ भुवि ।
वसिष्ठश्चाप्यगस्त्यश्च मित्रावरुणयोः सुतौ २९ ॥
वसिष्ठस्तूपयेमेऽथ भगिनीं नारदस्यतु ।
अरुन्धतीं वरारोहांतस्यां शक्तिमजीजनत् ॥३०॥
शक्तेः पराशरः पुत्रस्तस्य वंशं निबोधमे ।
यस्यद्वैपायनः पुत्रः स्वयं विष्णुरजायत ॥ ३१ ॥
प्रकाशो जनितो येन लोके भारतचन्द्रमाः ।
येनाज्ञानतमोन्धस्य लोकस्योन्मीलनं कृतम् ॥३२॥
(मत्स्य० अ० २०१. श्लो० २१-३२)

આ અગસ્ત્ય મહા તપસ્વી અને વિરક્ત હોવાથી લગ્ન કરવાની ઇચ્છા ધરાવતા નહતા. પણ પિતૃની આજ્ઞા થવાથી નિરુપાય થઇ તેમણે વિદર્ભ રાજાની કન્યા લોપામુદ્રાની સાથે લગ્ન કર્યું હતું. પુત્રોત્પત્તીની ઇચ્છા થતાં લોપામુદ્રાએ પ્રથમ ઐશ્વર્યવાન થઇ પછી પુત્રોત્પત્તિ કરવાનો હેતુ જણાવતાં એઓ શ્રુતર્વા નામના રાજા પાસેથી દ્રવ્ય સંપાદન કરવા ગયા; રાજાને પોતાની ઇચ્છા જણાવી પણ કાંઇ ફળ ન થયું. પછી એ રાજા સાથે બંધ્નશ્વ નામના રાજા પાસે જતાં ત્યાં પણ કાંઇ મળ્યું નહિ. બન્ને રાજાઓને જોડે લઇને ત્રસદૃસ્યૂ રાજા પાસે ગયા, ત્યાંથી પણ કાંઈ મળ્યું નહિ. પછીબધા મળી વિચાર કરતાં ત્રસદૃસ્યૂ રાજાએ વિનતિ કરી કે ઇલ્વલ નામના અસુર પાસે ઘણી જ સંપત્તિ છે. એને જીતીને એનું બધું દ્રવ્ય આપણે લઇએ. આતાપી, વાતાપી અને ઇલ્વલ આ ત્રણ અસુરો રસ્તામાં બેસતા. એમનામાંનો એક ફળ બની જતો, બીજો જળરૂપે બની જતો અને એક બહાર રહેતો. તે વટેમાર્ગુને ભોળવીને ફળ ખાવા આપતો અને પાણી પાતો. પેલા અસુરો પેટમાં જઇને પોતાનું મૂળ રૂપ ધારણ કરતા અને વટેમાર્ગુને આમ મારી એનું સર્વસ્વ લૂંટી લેતા. અગસ્ત્ય ત્યાં જઇ ચઢયા તેમને ફળ જળ આપ્યાં, ઋષિને જ્ઞાનદૃષ્ટિથી ખબર પડી કે આ અસુરોનું કપટ છે. એમણે પોતાના પેટપર હાથ ફેરવતાં પેલા બન્ને જણા ભસ્મ થઈ ગયા. બહાર રહેલો ત્રીજો ઇલ્વલ નાઠો અને સમુદ્રમાં સંતાયો. આથી એમણે સમુદ્રનું આચમન કર્યું. ત્રણે જણાએ જઇને અસુરને જીત્યો અને ઋષિ પોતાને જોઇએ એટલું દ્રવ્ય પોતે લઈ બાકીનું પેલા રાજાઓને આપી વિદાય કરી પોતાને આશ્રમે આવ્યા. આણેલું દ્રવ્ય લોપામુદ્રાને આપી તેને સંતોષ પમાડયો.

ત્યાર પછી અગસ્ત્યને લોપામુદ્રાની કુખે, દૃઢસ્યૂ અને દૃઢાસ્ય એમ બે પુત્ર થયા. દૃઢસ્યુ એ ઈધ્મવાહ નામથી બહુ પ્રસિદ્ધ હતો.

અગસ્ત્ય પોતાનો આશ્રમધર્મ પાળતા હતા. તેવામાં એક કાળકેય નામનો અસુર લોકોને ઘણી પીડા કરતો હતો. ઋષિયોની પ્રાર્થના પરથી અગસ્ત્યે સમુદ્રને શોષી લઈ કાળકેયનો નાશ કર્યો.

એમના કુળમાં એઓ પોતે અને તેમના બે પુત્ર એમ ત્રણ મંત્રદૃષ્ટા હતા. ઇંદ્રબાહુ, મયોભુવ, અને મહેન્દ્ર, એ વળી બીજા ત્રણ મંત્રદૃષ્ટા હતા. વંશવૃદ્ધિ કરનારા અગસ્તિ, પૂર્ણમાસ, સાંભવાહ, સોમવાહ, યજ્ઞવાહ, દર્ભવાહ, સારવાહ, હિમોદક, પાણિક, અને ઇધ્મવાહ એ દસ હતા. તેમાં પહેલા અગસ્તિના વંશજ કરંભ, કૌશલ્ય, કરઠ, સુમેધસ; બીજો મયોભુવ, ગાંધારકાયણ, પૌલસ્ત્ય, પૌલહ, અને ક્રતુઋષિના વંશજ ઇત્યાદિ બધા **આગસ્ત્ય, માહેંદ્ર** અને **માયોભુવ** એ ત્રણ પ્રવ-

રોવાળા હતા. બીજા પૂર્ણમાસના વંશજો **આગસ્ત્ય, પૌર્ણમાસ,** અને **પારણ** એ ત્રણ પ્રવરવાળા હતા. એ જ પ્રમાણે આકી રહેલાઓના વંશજ ક્રમે કરીને **આગસ્ત્ય, દાર્ઢ્યચ્યુત, સાંભવાહ; આગસ્ત્ય, દાર્ઢ્યચ્યુત, સોમવાહ; આગસ્ત્ય, દાર્ઢ્યચ્યુત, યજ્ઞવાહ; આગસ્ત્ય, દાર્ઢ્યચ્યુત, દર્ભવાહ; આગસ્ત્ય, દાર્ઢ્યચ્યુત સારવાહ; આગસ્ત્ય, હૈમવર્ચિ, હૈમોદક; આગસ્ત્ય, પૈનાયક, પાણિક;** અને **આગસ્ત્ય, દાર્ઢ્યચ્યુત, ઇધ્મવાહ** એવા ત્રણ ત્રણ પ્રવરવાળા હતા. ક્વચિત ઇધ્મવાહ વંશજો **આગસ્ત્ય** એવા એક પ્રવરવાળા પણ હતા.

ઉપર અગસ્ત્રિત કુળના ઋષિ વર્ણવતાં પૌલસ્ત્ય, પૌલહ અને ક્રતુ ઋષિના વંશજોને આગસ્ત્ય ગોત્રી કહ્યા, પણ તેઓ આગસ્ત્ય ગોત્રના સમજવા નહિ. તેઓમાંનો ક્રતુઋષિ અનપત્ય હતો, અને પુલહની સંતતિ દુષ્ટ હતી, તેથી તેણે તેમનો ત્યાગ કરીને અગસ્ત્યના પુત્ર દૃઢસ્યુને પુત્ર તરીકે માન્યો હતો, તેથી તે પોતાને અગસ્ત્ય ગોત્રના કહેતા.

વિન્ધ્યાચળ પર્વત ઘણો જ ઉંચો વધ્યો હતો તેથી લોકોને અંધકાર વ્યાપી ઘણી હેરાનગતિ થતી હતી. અગસ્ત્ય ત્યાં ગયા. પર્વતે એમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. જેવો એ આડો પડ્યો કે ઋષિએ કહ્યું કે હું પાછો આવું ત્યાં સુધી આ સ્થિતિમાં જ રહેજે; પછી ત્યાં ગયા જ નહિ. આથી પર્વત લાંબોને લાંબો રહ્યો. લોકોના હિતને સારૂ પોતે કાશીવાસ તજી દક્ષિણમાં આશ્રમ કરી રહ્યા હતા. રામચંદ્રજી વનવાસ ગયા હતા, ત્યારે પોતાના આશ્રમમાં એમણે એમનું આતિથ્ય કર્યું હતું. અગસ્ત્ય અને લોપામુદ્રા, બન્નેએ રામચન્દ્ર અને સીતાને આશીર્વાદ આપ્યા હતા. (રામ શબ્દ જુઓ).

અગસ્ત્ય ઉત્તમ તત્વવેત્તા હતા. ધનુર્વિદ્યામાં ઘણાજ કુશળ હોઈ હમેશ ધનુષ્યની સાથે જ ફરતા. એમને અંગે પરોપકાર બુદ્ધિ ઘણી હતી.

અગસ્ત્યતીર્થ. દક્ષિણ સમુદ્રપરનું એક પ્રસિદ્ધ તીર્થ.

અગસ્ત્યવટ. હિમાલય ઉપરનું એક પવિત્ર સ્થળ.

અંગાર. માન્ધાતાની સાથે યુદ્ધ કરનાર એક રાજા (**ભાર૦ શાંન્તિ૦ અ૦ ૨૯**).

અંગારક મંગળ નામના ગ્રહનું બીજું નામ. મંગળ પૂર્વે શિવનો પાર્ષદ વીરભદ્ર રૂપે હતો. (**મત્સ્ય૦અ૦ ૭૨**)

અંગારક. (૨). સૌવીર દેશનો એક સામાન્ય રાજપુત્ર. (જુઓ ૩ જયદ્રથ).

અંગારકા. એ નામની એક રાક્ષસી હતી.

અંગારપર્ણ. એ નામનો એક ગાંધર્વ. એ એક દિવસ રાત્રે પોતાની સ્ત્રીઓ સહિત પોતાના ક્રીડાવનમાં ક્રીડા કરતો હતો તેવામાં ત્યાં થઇને પોતાની મા સહિત પાંડવોને જતાં જોયા. પાંડવો લાક્ષાગૃહમાંથી નીકળીને કેટલેક કાળ એકચક્રા નામની નગરીમાં રહી કૌરવોને પોતાના અસ્તિત્વની જાણ ન થાય એ હેતુથી છાનામાના નીકળી વેશ પલટી પાંચાળપુર તરફ દ્રૌપદીના સ્વયંવર સભાએ જતા હતા. અંગારપર્ણે તેમને ધમકાવીને પુછ્યું કે તમે મનુષ્ય લોક થઇ આ મુસાફરી કરવાનો સમય નથી છતાં અત્યારે ક્યાં જાઓ છો? જવાબ આપો નિકર મારી સાથે યુદ્ધ કરો. હું તમને જવા નહિ દઉં. આ ઉપરથી અર્જુને આગળ આવીને કહ્યું કે હું યુદ્ધ કરવા તૈયાર છું. એમની વચમાં ઓલચાલ અને થોડું યુદ્ધ થતાં અંગારપર્ણને લાગ્યું કે આ મોટો યોદ્ધો છે. તેથી એણે પોતાની સૂક્ષ્મપદાર્થદર્શક આંખની વિદ્યા અર્જુનને શિખવી અને એની પાસેથી અગ્નિશિરાસ્ત્રવિદ્યા પોતે શિખ્યો, અને સ્નેહી થઈ રહ્યો. પોતાના પુરોહિત વગર આમ કદી પણ મુસાફરીએ ન જવું, એવી શીખામણ આપીને કેટલેક સુધી વળાવી પોતાના ક્રીડાસ્થાનમાં પાછો આવ્યો. (**ભાર૦ આદિ૦ અ૦ ૧૭૦**)

અંગારપર્ણ (૨). અંગારપર્ણના વનનું નામ.

અંગારવાહિકા. ભારતવર્ષની એક નદી. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

અંગિરા. સ્વાયંભુવ મન્વન્તરમાં પ્રજા ઉત્પન્ન કરવા સારૂ બ્રહ્મદેવે પેદા કરેલા દસ માનસપુત્રોમાંનો એક. એ બ્રહ્મદેવના મુખમાંથી ઉત્પન્ન થયો હતો. (**ભાગ૦ ૩ સ્કં. અ૦ ૧૨. શ્લો.૨૨–૨૪**). એ કર્દમ પ્રજાપતિની શ્રદ્ધા નામની પુત્રી જોડે પરણ્યો હતો.

એનાથી એને બૃહસ્પતિ, ઉતથ્ય, અને સંવર્ત એ ત્રણ દિકરા અને સિનીવાલી, કુહૂ, રાકા અને અનુમતિ એમ ચાર દિકરીઓ થઇ હતી. છેક સ્વાયંભુવ મન્વન્તર પુરો થતાં સુધી હયાત હતો. એ મન્વન્તરના અંતની લગભગ બધા માનસપુત્રો કાંઈ કારણસર મહાદેવના શ્રાપથી મરી ગયા તેમાં એ પણ મરણ પામ્યો.

અંગિરા (૨). ઉત્તાનપાદ વંશના ઉલ્મુક રાજાને પુષ્કરિણી સ્ત્રીથી થએલા છ પુત્રોમાંનો પાંચમો.

અંગિરા (૩). મહાદેવના શ્રાપથી પૂર્વના બ્રહ્મમાનસપુત્રો મરણ પામેલા હોવાથી ચાલુ મન્વન્તરના પ્રારંભમાં બ્રહ્મદેવે પ્રજોત્પાદન અર્થે પુનઃ ઉત્પન્ન કરેલા માનસપુત્રોમાંનો એક. વરુણના યજ્ઞમાં જે ત્રણ ઋષિઓ નિમાયા હતા તેમાં આ પણ એક હોવાથી એમને વારુણિ અંગિરા એ નામ પણ હતું. યજ્ઞમાંથી અગ્નિએ એમને પુત્ર તરીકે સ્વીકાર્યા હતા. (**મત્સ્ય૦ અ૦ ૧૯૪**). મુખ્ય અગ્નિ કાંઈ કાળ પર્યન્ત પૃથિવપરથી ગુપ્ત થતાં એમણે પોતે એનો અધિકાર ચલાવ્યો હતો. (**ભાર૦ વન૦ અ૦ ૨૧૭**)

આ મન્વન્તરમાં મરિચી ઋષિની કન્યા સુરુપા એમની સ્ત્રી હતી. એની કુખે એમને, બૃહસ્પતિ, ઉતથ્ય, પયસ્ય, શાન્તિ, ઘોર, વિરુપ, સંવર્ત અને સુધન્વા નામે આઠ પુત્રો થયા હતા. (**ભાર૦ અનુ૦ અ૦ ૮૫**). પ્રસ્તુત મન્વન્તરમાં આ દર શ્રાવણ માસમાં હોનારા આદિત્યની જોડે સંચાર કરે છે. (નભ શબ્દ જુઓ).

આ અંગિરા ઋષિને સુરુપા નામની સ્ત્રીથી પ્રથમ આત્મા, આયુ, દમ, દક્ષ, સદ, પ્રાણ, હવિષ્માન્, ગવિષ્ટ, ઋત, અને સત્ય એમ દસ દેવ ઉત્પન્ન થયા હતા. (**મત્સ્ય૦ અ૦ ૧૯૫**).

એમના કુળમાં એમના સુદ્ધાંત તેત્રીસ મન્ત્રદ્રષ્ટા થયા હતા. મુખ્ય એઓ પોતે, તૃત, ભરદ્વાજ, લક્ષ્મણ, કૃતવાચ, ગર્ગ, રમ્મતિ, સંકૃતિ, ગુરુગીત, માંધાતા, અંબરીષ, યુવનાશ્વ, પુરુકુત્સ, સ્વશ્રવ, સદસ્યવાન્, અજમીઢ, અસ્વહાર્ય, ઉત્કલ, કવિ, પૃષદશ્વ, વિરુપ, કાવ્ય, મુદ્ગલ, ઉતથ્ય, શરદ્વાન, વાજિશ્રવા, અપસ્યૌષ, સુચિત્તિ, વામ દેવ, ઋષિજ અથવા ઉશિજ, વૃહચ્છુક્ર, દીર્ઘતમા અને કક્ષિવાન્ (**મત્સ્ય૦ અ૦ ૧૪૪**)

એમના કુળની કે **વલાંગિરસ, ગૌતમાંગિરસ,** અને **ભરદ્વાજાંગિરસ** એવી ત્રણ વંશમાલિકા છે. તેમાં પહેલીમાં **હારીત, કુત્સ, કણ્વ, રથીતર, વિષ્ણુવૃદ્ધ,** અને **મુદ્ગલ** એવા છ ભેદ છે. એ દરેકનાં પ્રવરો આ પ્રમાણે છે:–**હારીત** કુળોત્પન્ન, **આંગિરસ, આંબરીષ,** અને **યૌવનાશ્વ** એ ત્રણ પ્રવર છે. કુત્સનાં **આંગિરસ, માંધાત્ર** અને **કૌત્સ;** કણ્વે કુળોત્પન્નનાં, **આંગિરસ, આજમીઢ** અને **કાણ્વ** રથીતર કુળનાં **આંગિરસ, વૈરૂપ** અને **રથીતર;** એ કુળનાં બીજાંપણ ત્રણ પ્રવરો છે; **આંગિરસ, વૈરૂપ** અને **પાર્ષદશ્વ;** વિષ્ણુવૃદ્ધ કુળોત્પન્નનાં **આંગિરસ, પૌરુકુત્સ** અને **ત્રાસદસ્યુ** અને મુદ્ગલ કુળોત્પન્નને **આંગિરસ, ભાર્મ્યશ્વ** અને **મૌદ્ગલ્ય** તેમજ **આંગિરસ, તાવિ** અને **મૌદ્ગલ્ય** એમ ઉભય ભેદનાં પ્રવરો છે.

બીજી ગૌતમાંગિરસ વંશમાલિકાના દસ ભેદ છે. **આયાસ્ય, શારદ્વત, કૌમંડ, દીર્ઘતમસ, કરેણુપાલિ, વામદેવ, ઔશનસ, રાહૂગણ, સોમરાજક** અને **બૃહદુક્થ,** એમનાં પ્રવરો:–

૧ **આયાસ્યનાં:**—**આંગિરસ, આયાસ્ય,** અને **ગૌતમ.**

૨ **શારદ્વતનાં:**—**આંગિરસ, ગૌતમ** અને **શારદ્વત.**

૩ કૌમંડનાં:—આંગિરસ, ઔતથ્ય, કાક્ષિવત; ગૌતમ અને કૌમંડ.

(૨) આંગિરસ, ઔતથ્ય, ગૌતમ, ઔશિજ અને કાક્ષિવત.

(૩) આંગિરસ, આયાસ્ય, ઔશિજ, ગૌતમ, અને કાક્ષિવત, એમ ત્રણ ભેદ છે. અને દરેકમાં પાંચ પ્રવર છે, અથવા બે ભેદે આંગિરસ, ઔતથ્ય, અને કાક્ષિવત, અને ઔતથ્ય, ગૌતમ અને કૌમંડ એમ ત્રણ પ્રવરો છે.

૪ દીર્ઘતમસ કુળોત્પન્નનાં પાંચ પ્રવરવાળા અને ત્રણ પ્રવરવાળા એવા ભેદ છે; પાંચવાળાનાં આંગિરસ, ઔતથ્ય, કાક્ષિવત, ગૌતમ, દૈર્ઘતમસ અને ત્રણ પ્રવરવાળાનાં આંગિરસ, ઔતથ્ય અને દૈર્ઘતમસ એવાં પ્રવર છે.

૫. કરેણુપાલિકા કુળનાં: આંગિરસ, ગૌતમ,અને કરેણુપાલ.

૬. વામદેવ કુળોત્પન્નનાં:—આંગિરસ, વામદેવ્ય, અને ગૌતમ, અને આંગિરસ, વામદેવ્ય, અને બાર્હદુક્થ એમ બે ભેદે છે.

૭. ઔશનસનાં:—આંગિરસ, ગૌતમ અને ઔશનસ.

૮ રાહૂગણ કુળોત્પન્નનાં:—આંગિરસ, રાહૂગણ અને ગૌતમ.

૯ સોમરાજકનાં:—આંગિરસ, સોમરાજક અને ગૌતમ અને

૧૦ બૃહદુક્થ કુલોત્પન્નનાં:—આંગિરસ, બાર્હદુક્થ અને ગૌતમ, એવાં ત્રણ પ્રવરો છે.

ત્રીજા ભરદ્વાજાંગિરસ વંશમાલિકાના ચાર ભેદ છે:—ભારદ્વાજ, ગર્ગ, ઋક્ષ અને કપિ; એમનાં પ્રવરોની વ્યવસ્થા આ પ્રમાણે છે:—

૧ ભારદ્વાજ કુળોત્પન્ન ઋષિ અને તેમનાં પ્રવરો:- ઉતથ્ય (બીજો), ગૌતમ (બીજો), તૈલેય, અભિજિત, સાર્ધનેમિ, લોગાક્ષિ, ક્ષીર, કૌષ્ટિકી,રાહુકર્ણિ, સૌપુરિ, કૈરાતિ, સામલોમકિ, પૌષજ્જતિ, ભાર્ગવત, ઐરીડવ, કારોટક, સજ્જવી, ઉપબિંદુ, સુરૈષિ, વાહિનીપતિ, વૈશાલિ, કોષ્ટા, આરણ્યાયનિ, સોમોત્રાયનિ, કાસોરુ કૌશલ્ય, પાર્થિવ, રોહિણ્યાયનિ, રેવાગ્નિ, મૂલપ, પાંડુ, ક્ષપાવિચ્છકર, અરિ, અને પારિકારિ આ બધા આંગિરસ ઔતથ્ય અને સૈશિજ એ ત્રણ પ્રવરવાળા છે.

૨ ગર્ગકુળોત્પન્ન, આંગિરસ, બાર્હસ્પત્ય, ભારદ્વાજ, શૈન્ય, ગાર્ગ્ય એ પાંચ અને કિવા આંગિરસ, શૈન્ય અને ગાર્ગ્ય એવાં ત્રણ પ્રવરના છે. આમાં વળી આંગિરસ, તૈત્તિરી, કાપિભુવ એવો એક ભેદ પણ છે.

૩ ઋક્ષકુળોત્પન્નને આંગિરસ, બાર્હસ્પત્ય, ભારદ્વાજ, વાંદન, માતવચસ એવાં પાંચ અથવા આંગિરસ, વાંદનં, માતવચસ એવાં ત્રણ એમ બે ભેદે પ્રવરો છે.

૪ કપિ કુળોત્પન્નને આંગિરસ, આમહુય્ય અને ઔરુક્ષય્ય એ ત્રણ પ્રવરો છે.

આજ કુળોમાં નીચે પ્રમાણે ઋષિયોનાં નામ મળી આવે છે. જેવા કે:—આત્રેયાયનિ, સૌવેશ્ચય, અગ્નિવેશ્ચ શિલાસ્થલિ, બાલિશાયનિ, ઐકેપિ, વારાહી, આષ્કલિ, સૌટિ, ત્રિકર્ણિ, પ્રાવલિ, આશ્વલાયનિ, બીજ વારાહી, બર્હિસાદિ, શિખાગ્રીવિ, કારાકિ, મહાકાપિ, ઉડુપતિ, કૌચકિ, ચૂમિત,પુષ્પાન્વોપ, બ્રહ્મતન્વિ, સોમતન્વિ, સાલકિ, બાલકિ, દેવરારિ, દેવસ્થાનિ, હારિકર્ણિ, સરદ્વભવિ, પ્રાવેપિ, સાદ્યસુગ્રીવિ, ગોમેદગંધિક, મત્સ્યાચ્છાદ્ય, મૂલહર, ફલાહાર, ગંગોદધિ, કૌરુપતિ, કૌરુક્ષેત્રિ, નાયકિ, જૈત્ય દ્રોણિ, જૈહ્લાયનિ, આપસ્તંબિ, મૌંજવૃષ્ટિ,માર્કંપિંગલિ,પૈલ, શાલંકાયનિ, દ્વયામ્બ્યેયવ, અને મારુત. આ બધા ઋષિઓ આંગિરસ, બાર્હસ્પત્ય, અને ભારદ્વાજ, એ ત્રણ પ્રવરોના છે.

કપીતર, સ્વસ્તિતર, દ્રાક્ષિ, શકિત, પતંજલિ, ભૂયસિ, જલસંધિ, બિંદુ, માદિ,

કુસિદકિ, ઊર્વ, રાજકેશી, વૈયઘ્રિ, રાસપિ, શાલિ, કલશીકંઠ, કારીરય, કાપ્ય, વાન્યાયનિ, ભાવાસ્યાયનિ, ભારદ્વાજિ, સૌમુદ્ધિ, લક્ષ્મિ, દેવમતિ, બીજા અંગિરા, દમ, બાહ્ય, ઉત્સક્ષય, પરસ્પરાયણિ, અપર્ણિ, લૌક્ષિ, વાર્ક્ષ, હરિ, ગાલવિ, પ્રતિમાષ, અને તંડિ આ બધા આંગિરસ, સાંકૃત્ય, અને ગૈારવીતિ એ ત્રણ પ્રવરવાળા છે.

વિષ્ણુવૃદ્ધિ, શિવમતિ, જતૃણ, કતૃણ, પુત્રવ, અને વૈરપરાયણ એ આંગિરસ, માત્સ્યદગ્ધ્ય, અને મૌદ્ગલ્ય એ ત્રણ પ્રવરના: હંસજિવ્હ, અગ્નિજિવ્હ, દેવજિવ્હ, વિરાડપ, અપાગ્નેય, અર્ચયુ, પરહ્વય, સ્તાવિ, બીજા મૌદ્ગલ્ય, એ આંગિરસ, તાંડિ અને મૌદ્ગલ્ય, એ ત્રણ પ્રવરના અપાંડુ, ગુરુ, શાકટાયન, પ્રાગાથ, માનારિ, માર્કંડ, અમરણ, શિવ, કદ્રુ, મર્કટપ, નાડાયન, શ્યામાયન એ આંગિરસ, આજમીઢ અને કાટયએ ત્રણ પ્રવરના.

આંગિરસ, ભારદ્વાજ, બાર્હસ્પત્ય, મૈત્રાવરુ, માનવ અને આંગિરસ, બાર્હસ્પત્ય, ભારદ્વાજ, મૌદ્ગલ્ય, શૈશિર, એવાં પાંચ પ્રવરના બે ભેદ માત્ર આંગિરાકુળમાં જ છે. પરન્તુ ગાર્ગ્ય, ઋક્ષ, ભરદ્વાજ, હુત, આક્ષીલ અને શૌંગ એ ઋષિયો પરગોત્રમાંથી આંગિરસ ગોત્રમાં આવેલા હોવાથી તેઓ દ્વ્યામુષ્યાયણ એટલે દ્વિગોત્રી સમજવા,

અંગિરા (૪). એ નામના એક બ્રહ્મર્ષિ જેઓ જનમેજયના સર્પસત્રમાં બ્રહ્મા નામના ઋત્વિજ થયા હતા. (જન્મેજય શબ્દ જુઓ.)

અંગોરિષ્ટ. એક રાજર્ષિ જેમનું કુળ કયું તે જણાતું નથી.

અગ્નિ. બ્રહ્મદેવે ઉત્પન્ન કરેલાં પંચમહાભૂતમાંના તેજ નામના ત્રીજા મહાભૂતના મૂર્તિમાન દેવ. સ્વાયંભુવ મન્વન્તરમાંના બ્રહ્મમાનસ પુત્ર. દક્ષ પ્રજાપતિની સોળ કન્યાઓમાંથી સ્વાહા નામની કન્યા એમની પત્ની. સ્વાહાની કુખે એમને સ્વારોચિષ નામે પુત્ર અને સુચ્છાયા નામે કન્યા થઈ હતી. ઉત્તાનપાદના દિકરા ધ્રુવના દિકરા શિષ્ટને એ કન્યા પરણાવી હતી. દિકરો બીજો મનુ થયો હતો: આ શિવાય પાવક, પવમાન, અને શુચિ એ નામના ત્રણ પુત્રો હતા. એઓથી પ્રસિદ્ધ પિસ્તાલીસ અગ્નિ દેવ—જુદા જુદા કાર્ય સમ્બન્ધે થયા. (ભાગ૦ અષ્ટ૦ સ્કં૦ અ૦ ૧).

ચાલુ વૈવસ્વત મન્વન્તરમાં આપ નામના મહાભૂતના મૂર્તિમાન દેવતા વરુણે બ્રહ્મદેવને ઋત્વિજ નિમી યજ્ઞ કર્યો હતો; તેમાં ત્રણ ઋષિ નિર્માણ થયા હતા તેમાં ભૃગુ ઋષિને વરુણે, અને કવિ ઋષિને બ્રહ્મદેવે પુત્ર કરી લીધા હતા. એજ પ્રમાણે અંગિરા ઋષિને અગ્નિએ પુત્ર કરી લીધો હતો. અગ્નિને કલ્પના આરંભમાં બ્રહ્મદેવે પૂર્વ અને દક્ષિણ એ બે દિશાની વચલી દિશાનું અધિપતિપણું આપ્યું હતું. એથી એ દિશાનું આગ્નેયી દિશા એવું પડેલું નામ અદ્યાપિ ચાલે છે.

પૂર્વે શ્વેતકી રાજાએ ચોતીસ વર્ષ સુધી અહોરાત્ર ઘણા યજ્ઞો કર્યા, તેમાં ઘણું હવિભક્ષણ કરવાથી અગ્નિને બહુ અજીર્ણ થયું અને બહુ જાડો થઈ ગયો. એનો ઉપાય પુછવાને અગ્નિ બ્રહ્મદેવ પાસે ગયો. તે વખત ભૂમિપર દ્વાપર યુગ પૂરો થવા આવ્યો હતો. બ્રહ્મદેવે કહ્યું કે પૃથ્વીપર શ્રીકૃષ્ણ અને અર્જુન અવતર્યા છે તેમની પાસે જા, અને ખાંડવ નામના વનને ખાવા માગ. એ વન ખાવાથી તારો રોગ જશે. અગ્નિ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને શ્રીકૃષ્ણ અને અર્જુન પાસે ગયો, અને ખાંડવ વન ખાવાની રજા માગી. બન્ને જણાએ તથાસ્તુ કહીને રજા આપી. શ્રીકૃષ્ણ અને અર્જુને અગ્નિને કહ્યું કે અમારી પાસે રથ અને યુદ્ધનાં સાહિત્યોની ન્યુનતા હોવાથી અમને એ પૂરાં પાડવાની કૃપા કરો. અગ્નિએ વરુણ પાસેથી કપિની ધ્વજાવાળો દિવ્ય રથ અને ગાંડીવ નામે ધનુષ્ય માગી

આણીને અર્જુનને આપ્યાં, અને વજ્રનાભ નામનું ચક્ર અને કૌમોદકિ નામની ગદા શ્રીકૃષ્ણને આપીને બન્નેને સંતોષ્યા. ત્યાર પછી ખાંડવ વનમાં જઇને યથેચ્છ ખાવા માંડયું. આ વાતની ઇન્દ્રને ખબર પડતાં અગ્નિનું નિવારણ કરવાને મેઘને આજ્ઞા આપી. મેઘ આવતાં શ્રીકૃષ્ણ અને અર્જુને તેમનો પરાભવ કરી પંદર દિવસ સુધી અગ્નિને વન બાળવા દીધું. તરેહ તરેહની ઔષધિયો વગેરે ખાવાથી અગ્નિની માંદગી ગઈ અને સ્વાસ્થ્ય થયું (**ભા૨૦ આદિ૦ અ૦ ૨૨૪-૨૨૫**),

એક સમયે ઇંદ્રના કહેવાથી અગ્નિ શિવને યાચવા ગયા. શિવ તે કાળે અંબા સાથે વિહાર કરતા હતા. તેમણે ક્રોધ કરીને અગ્નિને પોતાનું વીર્ય આપ્યું. અગ્નિ એ વીર્ય પી ગયા પણ સહન ન થવાથી ગંગામાં પાછું કાઢયું. એ વીર્યથી કાર્તિકેય થયા.

અગ્નિયે કેટલીક ઋષિ પત્નીઓ ઉપર કુદૃષ્ટિ કરી પણ રબેને ઋષિયો શાપ દે એ ભયે એની સ્ત્રી સ્વાહાએ જુદી જુદી ઋષિ પત્નીનાં રૂપ ધારણ કરીને એને સંતોષ્યો હતો. રાવણે બધા દેવ વગેરેને પકડીને પોતાને ત્યાં રાખ્યા હતા ત્યારે અગ્નિ ત્યાં રસોઈ કરવાના કામ પર હતો.

દેવોને યજ્ઞભાગ પહોંચાડવાનું એને માથે છે. એની સ્ત્રી સ્વાહા યજ્ઞભાગ લે અને અગ્નિ પહોંચાડે. દરેક આહુતિ વખતે સ્વાહાને સંબોધાય છે.

અગ્નિ (૨). થઇ ગયેલા તામસ નામના ચોથા મન્વન્તરમાં જે સપ્તઋષિયો હતા તેમાં એ નામનો એક ઋષિ (**મત્સ્ય૦ અ૦ ૯**)

અગ્નિ (૩). ચૌદમા ઇન્દ્રસાવર્ણિ નામના હવે પછી થનાર મન્વન્તરમાં થનાર સપ્તઋષિયોમાં એ નામનો થનાર ઋષિ(ઇન્દ્રસાવર્ણિ શબ્દ જુઓ).

અગ્નિકેતુ. રાવણના પક્ષના બે રાક્ષસો. એ બન્નેને યુદ્ધમાં રામે માર્યા હતા. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૯ અને ૪૩**)

અગ્નિજિહ્વ. એ નામના એક બ્રહ્મર્ષિ (૩અંગિરા શબ્દ જુઓ.)

અગ્નિતીર્થ. યમુનાના દક્ષિણ ભાગમાંનું એક તીર્થ.

અગ્નિધારા. ગૌતમ વનની પાસે આવેલું એક તીર્થ.

અગ્નિભૂ. ષડાનન. (કાર્તિકેય શબ્દ જુઓ)

અગ્નિવર્ણ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના ધ્રુવસંધિ રાજાના પુત્ર સુદર્શનનો પુત્ર. એને શિઘ્ર નામનો પુત્ર હતો.

અગ્નિવેશ્ય. એક બ્રહ્મર્ષિ. (જુઓ "અંગિરા.")

અગ્નિવેશ્ય (૨). સૂર્યવંશી નરિષ્યંત કુળના દેવદત્ત રાજાનો પુત્ર. ગ્રન્થોમાં એને જાતૂકર્ણ્ય અથવા કાનીન એવે બીજે નામે પણ વર્ણવ્યો છે. એ પોતાના તપોબળથી બ્રાહ્મણ થયો હતો; માટે એની સંતતીને અગ્નિવેશ્યાયન કહેતા.

અગ્નિવેશ્ય (૩). અગસ્ત્ય ઋષિનો એક શિષ્ય. દ્રોણાચાર્ય આની પાસેથી ધનુર્વિદ્યા શિખ્યા હતા. બ્રહ્મશિર નામનું અસ્ત્ર પણ એમને આની પાસેથી જ મળ્યું હતું. પાંડવો જ્યારે દ્વૈતવનમાં રહેતા હતા ત્યારે અગ્નિવેશ્ય કાંઇ કાળ સુધી તેમની સાથે હતો.

અગ્નિવેશ્ય (૪). મહાભારતના યુદ્ધમાં પાંડવપક્ષે આ સંજ્ઞાના જે રાજા હતા તે પ્રત્યેક.

અગ્નિશર્માયણ. એક બ્રહ્મર્ષિ અને એના વંશજ. (૨. કશ્યપ શબ્દ જુઓ.)

અગ્નિશિર. કામ્યકવનની ઉત્તરમાં આવેલું એક તીર્થ. સૃંજયપુત્ર સંજય નામના રાજાએ અહીં શમ્યાક્ષેપ નામનો યજ્ઞ કર્યો હતો. તેમ જ ભરત રાજાએ એકસો અડતાળીસ યજ્ઞ કર્યા હતા (**ભા૨૦ વન૦ અ૦ ૯૦**).

અગ્નિશિર (૨). એક તરેહની અસ્ત્રવિદ્યાનું નામ.

અગ્નિષ્ટુત (અગ્નિષ્ટોમ શબ્દ જુઓ.)

અગ્નિષ્ટોમ. ચક્ષુર્મનુને નડવલાથી થએલા અગ્નીઆરમાંનો સાતમો પુત્ર. એને અગ્નિષ્ટુત પણ કહે છે. (સ્વાયંભૂમનુ શબ્દ જુઓ).

અગ્નિષ્ટોમ (૨). એક તરેહના યજ્ઞનું નામ.

અગ્નિષ્વાત્ત. પિતૃગણના એક ભેદનો પિતર. એ કશ્યપ ઋષિનો પુત્ર હોઇને મુખ્યત્વે કરીને દેવોને પૂજ્ય છે. (**મત્સ્ય૦ અ૦ ૧૪-૧૫**)

અઘ-અઘાસુર. કંસનો એક અનુચર રાક્ષસ. એ બકાસુર અને પૂતના રાક્ષસીનો ભાઈ હતો. એને કંસે ગોકુળમાં કૃષ્ણ અને બળરામનો નાશ કરવા મોકલ્યો ત્યારે એણે ત્યાં જઇને ચાર યોજન લાંબા સર્પનું રૂપ ધારણ કર્યું. કૃષ્ણ અને બીજા ગોપ ગાયો ચરાવતા હતા તે રસ્તામાં પડયો. એણે પોતાનું મ્હોં એવું પહોળું કર્યું હતું કે ગોપોને લાગ્યું કે આ કોઇ ગુફા હોઇ ગાયો ચારવાનું સારું સ્થળ છે. આથી પોતાની ગાયો સહિત બધા ગોપ એમાં પેઠા. શ્રીકૃષ્ણે આઘેથી જોતાં પોતે ઘાઇને ત્યાં આવી મ્હોંમાં પેઠા. અંદર જઇને પોતાનું શરીર મોટું કર્યું જેથી રાક્ષસનું મ્હોં ફાટી જઇ તે મરણ પામ્યો. (**ભાગ૦ દ૨૦ અ૦ ૧૨**).

અઘમર્ષણ. એ નામના ઋષિ અને એમનું કુળ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

અઘમર્ષણ (૨). એ નામના એક ઋષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

અઘમર્ષણ (૩). વિંધ્યાચળ પાસેનું એક તીર્થ. અહીં પ્રાચેતસ દક્ષે લાંબાકાળ સુધી તપ કર્યું હતું. (**ભાગ૦ ષષ્ઠ૦ સ્કં૦ અ૦ ૪**).

અચલ. દુર્યોધનના મામા શકુનિનો ભાઇ. એ પોતાના વૃષક વગેરે પચ્ચાસ બંધુઓ સહિત મહાભારતના યુદ્ધમાં અર્જુનને હાથે મરાયો હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૩૦**)

અચલા. મહેન્દ્ર પર્વતમાંથી નિકળતી એક નદી. (**મત્સ્ય૦ અ૦ ૧૧૩**).

અચ્યુત. જેને ચ્યુતિ એટલે પતન નહિ તે. પરમાત્મા.

અચ્યુતાયુ. ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. એના પુત્રનું નામ દીર્ઘાયુ હતું. એ અર્જુનને હાથે મરણ પામ્યો હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૯૩**).

અચ્છોદ. હિમાલય ઉપરનું એક સરોવર. બાણભટ્ટની કાદંબરીમાં એનું વર્ણન છે.

અચ્છોદકા. ભારતવર્ષીય એક નદી (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**)

અચ્છોદા. પિતરોની માનસકન્યા (આમાવસુ શબ્દ જુઓ).

અચ્છોદા (૨). ભારતવર્ષીય એક નદી (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**)

અજ. જેને જન્મ નહિ તે-પરમાત્મા.

અજ (૨). પ્રિયવ્રત વંશના ઋષભદેવ કુળમાં જન્મેલા પરિહર્ત્તા રાજાને સ્તુતિ નામની ભાર્યાથી થએલા બે પુત્રમાંનો જ્યેષ્ઠ (સ્વાયંભૂ મ૦ વંશ જુઓ).

અજ (૩). એક ઋષિ અને એમનું કુળ (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ.)

અજ (૪). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના રઘુરાજાનો પુત્ર. દશરથ રાજાનો પિતા.

અજ (૫). વિદેહવંશના ઊર્ધ્વકેતુ નામના જનકનો પુત્ર અને પુરુજિત નામના જનકનો પિતા.

અજ (૬). સોમવંશી વિજયકુળના જન્હુ રાજાના પુત્ર પૂરુરાજાનું બીજું નામ.

અજ (૭). ભારત યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૭૧**)

અજક. દનુ પુત્ર એક દાનવ.

અજક (૨). ચન્દ્રવંશના વિજયકુળના બલાકાશ્વ રાજાનો પુત્ર અને કુશિકરાજાનો પિતા.

અંજક. દનુપુત્ર એક દાનવ.

અજગવ. મુખ્યત્વે કરીને મહાદેવના ધનુષ્યનું નામ. એ શિવાય માંધાતા રાજા, પૃથુરાજા એમના ધનુષ્યનું પણ એ જ નામ હતું. મહાદેવના ધનુષ્યને પિનાક એવું ખાસ નામ પણ છે.

અજજ. તેર સૈહિકેયમાંના એક અસુરનું નામ. (૨ સૈહિકેય શબ્દ જુઓ).

અંજન. આઠ દિગ્ગજમાંનો પશ્ચિમ દિશા તરફનો દિગ્ગજ. ભારતવર્ષીય એક પર્વત એના ઉપર અસિત ઋષિનો આશ્રમ હતો.

અંજનપર્વા. ભીમસેન પાંડવનો પૌત્ર અને ઘટોત્કચનો પુત્ર. જયદ્રથના વધ પછી રાત્રે યુદ્ધ થયું તેમાં અશ્વત્થામાને હાથે મરણ પામ્યો હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૫૬**)

અંજના. કુંજર નામના વાનરની કન્યા અને કેસરી નામના વાનરની સ્ત્રી. એ પૂર્વે પુંજિકસ્થલિ નામની અપ્સરા હતી, અને શ્રાપને લીધે પૃથિવીપર અવતરી હતી. એ એકદા પર્વતના શિખર પર બેઠી હતી તેવામાં પવન વડે એનું વસ્ત્ર સહેજ ઉડતાં એના શરીરના અવયવ વાયુદેવતાની દૃષ્ટિએ પડ્યા. આથી વાયુદેવને કામાવિર્ભાવ થયો, અને એને આલિંગન કરવાને મુર્તિમાન થઇને એની સામે આવીને ઉભા. એણે કહ્યું કે મારું પાતિવ્રત્ય ભંગ કરશો નહિ. એનું આ ભાષણ સાંભળી એઓ બોલ્યા કે તું ભય રાખીશ નહિ; સ્વસ્થ થા. હું તારું પાતિવ્રત્ય ભંગ કરતો નથી. મારા સંકલ્પ માત્રથી તને મારા જેવો પરમ પરાક્રમી પુત્ર ઉત્પન્ન થશે. આમ કહીને વાયુ અન્તર્ધાન થયા. પછી કાળે કરીને એ પોતાના પતીવડે ગર્ભિણી થઈ અને પુત્ર પ્રસવ્યો. મારુત એટલે વાયુના પ્રસાદવડે ઉત્પન્ન થયેલા આ પુત્રનું નામ મારુતિ એવું પડ્યું. (**વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૬૬**)

અજનાભ પર્વત. જંબુદ્વીપનો એક પર્વત.

અજનાભવર્ષ. પ્રિયવ્રતના પુત્ર આગ્નિધ્ર રાજાના મોટા દિકરા નાભિનો દેશ. એ જ દેશનું નામ પછવાડેથી ભારતવર્ષ પડ્યું જે અદ્યાપિ ચાલે છે (ભારતવર્ષ શબ્દ જુઓ.)

અજપાતિ. એક બ્રહ્મર્ષિ અને તેનો વંશ (કૃષ્ણ પરાશર શબ્દ જુઓ.)

અજમીઢ. એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

અજમીઢ (૨). ચન્દ્રવંશી વિજ્ય કુળના જન્હુરાજાના પુત્ર પૂરુનું બીજું નામ.

અજમીઢ (૩.) ચન્દ્રવંશી નહુષરાજાના પુત્ર યયાતિ રાજાના પૂરુ નામના પુત્રના વંશમાં જન્મેલા હસ્તિરાજાના ત્રણ પુત્રમાંનો મોટો. એને નીલિની ભૂમિની, ધૂમિની અને કેશિની એ નામની, ચાર સ્ત્રીઓ હતી. એ ચારેથી થએલી સંતતીને સામાન્ય રીતે આજમીઢ કહેતા. પ્રિયમેધ, ઋક્ષ, બૃહદ્વિષુ અને નીળ એ નામના ચાર પુત્રોવડે એની વંશવૃદ્ધિ થઈ હતી. તેમાં પહેલાની સંતતી તપને યોગે બ્રાહ્મણ થઈ હતી. બીજાના વંશમાં જરાસંધાદિ રાજા અને પાંડવ કૌરવ થયા. ત્રીજાના વંશને બાર્હદ્વિપવ રાજાઓ કહેતા હતા; અને ચોથાના વંશમાં દ્રુપદાદિક પાંચાળ રાજાઓ અને મુદ્ગલ સંજ્ઞાવાળા બ્રાહ્મણો થયા હતા.

અજસ્ય. એક ઋષિ.

અજાતશત્ર. જેને કોઇ પણ શત્રુ નહિ તે. ભારતમાં આ સંજ્ઞા યુધિષ્ઠિરને બહુ લગાડાયલી છે.

અજામિલ. પૂર્વે કાન્યકુબ્જ દેશમાં રહેનાર એક બ્રાહ્મણ હતો. પોતાના માતાપિતા અને વિવાહિત સ્ત્રીનો ત્યાગ કરીને એક શુદ્ર સ્ત્રીની સાથે પ્રેમ બાંધી એની સાથે વિષયમાં પોતાનું આયુષ્ય ગુમાવ્યું. આ સ્ત્રીની સંતતીમાં નાના પુત્રનું નામ નારાયણ પાડ્યું હતું. એક વેળા સાધારણ રીતે નારાયણને હાક મારતો હતો તે સંધીમાં એણે વિષ્ણુકૃત અને યમકૃતનો સંવાદ સાંભળ્યો. એ સંવાદ એના પોતાના સંબંધનો હોઈ એને ઘણો અનુતાપ થયો. પછી આ શુદ્ર સ્ત્રી અને એની સંતતીનો તત્કાળ ત્યાગ કરીને પોતાનું બાકી રહેલું આયુષ્ય ગંગાદ્વારે જઈને ભગવદ્ ભજનમાં ગાળ્યું. એથી કરીને એને મરણ પછી ઉત્તમ લોકની પ્રાપ્તિ થઈ હતી. (**ભાગ૦ ૫૪૦ સ્કં૦ અ૦ ૧-૨**)

અજામુખી. લંકામાં અશોકવનમાં સીતાના સંરક્ષણ સારૂ રાખેલી રાક્ષસીઓમાંની એ નામની એક રાક્ષસી (**વા૦ રા૦ સું૦ સ-૨૪**)

અજિત-અજિત. પરમાત્મા.

અજિત-અજિત (૨). ચાક્ષુષ મન્વન્તરમાં થયેલો વિષ્ણુનો અવતાર (ચક્ષુર્મનુ શબ્દ જુઓ).

અજિતિહુકા. લંકાના અશોકવનની એક રાક્ષસી (**ભા૨૦ વન૦ અ૦ ૨૮૦**).

અજિગર્ત. ભૃગુકુળમાં જન્મેલો એક બ્રાહ્મણ. એને શુનઃપુચ્છ, શુનઃશેપ અને શુનોલાંગૂલ એ નામના ત્રણ દિકરા હતા. એમાનાં

વચલા શુનઃશેપને વરુણને ભોગ આપવા સારૂ એણે હરિશ્ચન્દ્ર રાજાને વેચાતો આપ્યો હતો. (હરિશ્ચન્દ્ર, શબ્દ જુઓ)

અજૈકપાદ. એ નામનો રુદ્ર (એકાદશ, રુદ્ર શબ્દ જુઓ.)

અટવીપુરી. પાંડવોના સમયમાં કલિંગ દેશની દક્ષિણે આવેલી એક નગરી.

અતૃહાસ. ભારતવર્ષનું એક તીર્થ.

અદ્રિદ. ભારતવર્ષનો એક દેશ(**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**)

અણિમા. અષ્ટ મહાસિદ્ધિમાંની એક સિદ્ધિ.

અણિમાંડવ્ય. માંડવ્ય ઋષિનું બીજું નામ (માંડવ્ય શબ્દ જુઓ).

અણુહ. સોમવંશી નહુષ કુળમાં યયાતિ રાજાના પુત્ર પૂરુરાજાના વંશના વિભ્રાજ અથવા પારાજાનો પુત્ર. એનું બીજું નામ નીપ. એ પૃથુસેનાના નાનો ભાઈ થાય. શુક્રાચાર્યની કન્યા કૃત્વી અથવા કીર્તિમતીને પરણ્યો હતો. (નીપ શબ્દ જુઓ.)

અંતક. જગસંહારક પરમેશ્વરની મૂર્તિ યમ-ધર્મને પણ આ નામ લગાડાય છે.

અંતર્ગિરિ. અનેક પર્વતો જેમાં છે, એવો દેશ વિશેષ એને અંતર્ગિરિ અને

બહિર્ગિરિ. જેની ચોતરફ અનેક પર્વતો આવેલા છે એવા દેશ વિશેષને બહિર્ગિરિ કહેતા. આ બે દેશ પાસે પાસે હોવાનું ભારતમાં લખ્યું છે. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૭**)

અંતચાર. ભારતવર્ષીય એક દેશ વિશેષ (**ભા૨૦ ભીષ્મ અ૦ ૯**)

અંતર્ધાન. ઉત્તાનપાદ વંશના વેનપુત્ર પૃથુરાજાના પાંચપુત્ર પૈકી વિજિતાશ્વનું બીજું નામ. એનામાં ગુપ્ત થવાની શક્તિ હોવાથી આ નામ પડ્યું હતું. સ્વાયંભૂમનુનો વંશજ.

અંતરિક્ષ સ્વાયંભૂ મનુના વંશમાં જન્મેલા ઋષભદેવના સોમાંથી જે નવપુત્રો બ્રહ્મવેત્તા હતા તેમાંનો એક (ઋષભદેવ શબ્દ જુઓ.)

અંતરિક્ષ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન પુષ્કર અથવા કિન્નરાશ્વ રાજાનો પુત્ર. એને સુતપા, સુમિત્ર અને સુષેણ એમ ત્રણ પુત્ર હતા.

અંતરિક્ષ (૩) મુર નામના અસુરના સાત પુત્રોમાંનો બીજો. એ કૃષ્ણને હાથે મરણ પામ્યો હતો. (નરકાસુર શબ્દ જુઓ).

અંતરિજ્ઞ. ચાલુ વૈવસ્વત મન્વન્તરની તેરમી ચોકડીમાં થઇ ગએલા વ્યાસ.(વ્યાસ શબ્દ જુઓ.)

અતિકાય. ધાન્યમાલિની નામની સ્ત્રીથી રાવણને થયેલો પુત્ર. એનું શરીર બહુ જ સ્થૂલ હોવાથી એનું આ નામ પડ્યું હતું. એણે બ્રહ્મદેવનું આરાધન કર્યું હતું અને એ પ્રસન્ન થયા એટલે અસ્ત્ર, કવચ, દિવ્યરથ અને સુરાસુરને હાથે મોત ન થાય એવો વર સંપાદન કર્યો હતો. એણે વરુણને હરાવી એનો પાશ લઈ લીધો હતો. રાવણને એની મોટી સાહ્ય હતી. કુંભકર્ણ મરણ પામ્યો એટલે એ રામ સામે યુદ્ધ કરવા આવ્યો હતો. લક્ષ્મણે એની સાથે ઘોર યુદ્ધ કરી એને માર્યો હતો. (**વા૦ રા૦ યુદ્ધ૦ અ૦ ૭૧**)

અતિથિ અત્રિકુળનો એક ઋષિ અને એનું કુળ (૨ અત્રિ શબ્દ જુઓ).

અતિથિ (૨) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન દશરથ રાજાના પુત્ર રામચન્દ્રનો પૌત્ર. કુશનો પુત્ર. એને નિષધ નામે પુત્ર હતો.

અતિનામા. ચાક્ષુષ મન્વન્તરમાંના સપ્તર્ષિમાનો એક.

અંતિનાર. અંતિભાર રાજાનું બીજું નામ.

અતિબાહુ. પ્રાધાથી ઉત્પન્ન થએલા ગાંધર્વોમાંનો એક.

અતિભાનુ. સત્યભામા અને કૃષ્ણનો પુત્ર.

અંતિભાર. સોમવંશી નહુષ કુળમાં ઉત્પન્ન થએલા યયાતિ રાજાના પુત્ર પૂરુના વંશમાં જન્મેલા રૌદ્રાશ્વ રાજાનો પૌત્ર. એના પિતાનું નામ ઋતેયુ. અંતિનાર, મતિનાર એવાં એનાં બીજાં નામો હતાં એવું ગ્રન્થોમાં મળી આવે છે. એની સ્ત્રીનું નામ મનસ્વિની. એ

સ્ત્રીને પેટે એને સુમતિ, ધ્રુવ, અને અપ્રતિરથ એવા ત્રણ પુત્ર હતા.

અતિરાત્ર. ચક્ષુર્મનુને નદ્વલાની કુખે થએલા અગિયાર પુત્રોમાંનો આઠમો (સ્વાયંભૂ શબ્દ જુઓ.)

અતિરાત્ર (૨) એક જાતના યજ્ઞનું નામ.

અતીતાધ્યાત્મ–યજુર્વેદનું એક ઉપનિષદ.

અત્યગ્નિષ્ટોમ–એક જાતનો યજ્ઞ.

અત્રિ. સ્વાયંભુવ મન્વન્તરમાં પ્રજા ઉત્પન્ન કરવા સારૂ બ્રહ્મદેવે ઉત્પન્ન કરેલા દસ પુત્રોમાંનો એક. એ બ્રહ્મદેવના નેત્રમાંથી થયો હતો. કર્દમ પ્રજાપતિની કન્યાઓમાંથી અનસૂયા નામની કન્યાને પરણ્યો હતો. એ સ્ત્રીથી એને દત્ત, દુર્વાસા અને સોમ નામે ત્રણ પુત્ર થયા હતા. એજ મન્વન્તરમાં મહાદેવના શ્રાપવડે સઘળા માનસપુત્રો મરણ પામ્યા તેમાં એ પણ મરણ પામ્યો હતો. (મહર્ષિ શબ્દ જુઓ)

અત્રિ (૨) પૂર્વે પેદા કરેલા સર્વે માનસ પુત્રો મરણ પામેલા હોવાથી ચાલુ વૈવસ્વત મન્વન્તરમાં ફરી ઉત્પન્ન કરેલામાંના એક. બ્રહ્મદેવે કરેલા યજ્ઞના અગ્નિની શિખામાંથી એ ઉત્પન્ન થયા હતા. આ અવતારે પણ એમને અનસૂયા જ પત્ની હતી. દત્ત, દુર્વાસા, સોમ અને અર્યમા એવા ચાર પુત્રો અને અમળા નામની બ્રહ્મનિષ્ઠ પુત્રી હતી. હાલ પ્રતિ જેઠ માસમાં આવતા આદિત્યની સાથે સંચાર કરે છે (શુક્ર શબ્દ જુઓ).

દાસરથી રામ જ્યારે દંડકારણ્યને વિષે ગયા હતા ત્યારે એમને–અત્રિને–આશ્રમે ગયા હતા. એમણે રામનું ઘણા આદર પૂર્વક આતિથ્ય કર્યું હતું. એ જ પ્રમાણે અનસૂયાએ સીતાનું આતિથ્ય કરી તેમને પાતિવ્રત વિષયક નીતિ સમજાવી હતી. રામચન્દ્ર ત્યાંથી નિકળ્યા ત્યારે સીતા પણ એમને સમાગમે જતાં અનસૂયાએ એમને અંગરાગાદિક ઉત્તમ ઉત્તમ વસ્તુઓ આપી હતી જેથી સીતાને માર્ગમાં શ્રમ ન લાગે અને રાક્ષસોથી બ્હીક ન લાગે. અત્રિ અને અનસૂયા રામ સીતાને દંડકારણ્યનો રસ્તો બતાવવા વળાવવા ગયાં હતાં. **(વા૦ રા૦ અયો૦ સ૦ ૧૧૭–૧૧૯)** એમના કુળમાં એમના સહિત કુલ છ મન્ત્રદ્રષ્ટા હતા. મુખ્ય **અત્રિ** પોતે, **અર્દ્રસ્વન, શ્યાવાશ્વ, ગવિષ્ઠિર, કર્ણુક,** અને **પૂર્વાતિથિ. (મત્સ્ય૦ અ૦ ૧૪૪)**

એમના વંશની વૃદ્ધિ નવ ઋષિયો વડે થઈ હતી. **અત્રિ, ગવિષ્ઠિર, બાહુતક, મુદ્ગલ, અતિથિ, વામરથ્ય, સુમંગલ, બીજવાપ,** અને **ધનંજય.**

અત્રિવંશના ઋષિ અને પ્રવર વ્યવસ્થા આ પ્રમાણે છે. ઉદ્દાલકિ, શૌણુ, કર્ણિરથ, શૌકતુગાર ગ્રીવ, ગૌરગ્રિન, ચૈત્રાયણ, અર્ધપણ્ય, વામરથ્ય, ગોપન, તદ્વિદિંદુ, કર્ણુજિહ્વ, હરપ્રીતિ, નૈદ્રાણિ, શાકલાયનિ, તૈલપ, વૈલેય, બીજ અત્રિ, ગોણિપતિ, જલદ, ભગપાદ, સૌપુષ્પિ, અને છંદોગય; આ બધા **આત્રેય, શ્યાવાશ્વ** અને **આર્ચનાનસ** એ ત્રણ પ્રવરના હતા.

ગવિષ્ઠિર કુળના દાક્ષિ, બલિ, પર્ણવિ, ઊર્ણનાભિ, શિલાદનિ, બીજવાપિ, શિરીષ, મૈંજકેશ, બીજ ગવિષ્ઠિર અને ભલંદન; એ સર્વ **આત્રેય, ગાવિષ્ઠિર** અને **પૌર્વાતિથ,** અથવા **આત્રેય, ગાવિષ્ઠિર,** અને **આર્ચનાનસ** એમ બે ભેદે ત્રિપ્રવરવાળા હતા.

બાહુતક કુળના **આત્રેય, આર્ચનાનસ** અને **બાદ્ભુતક** એ ત્રણ પ્રવરના; અને અતિથિ, વામરથ્ય, સુમંગલ, બીજવાપ આ ચારે કુળના **આત્રેય, આર્ચનાનસ, ગાવિષ્ઠિર** અથવા **અત્રેય, આર્ચનાનસ** અને **આતિથ** એમ બે ભેદે ત્રણ પ્રવર વાળા હતા. માત્ર સુમંત્ર સકુળમાં **આત્રેય, સુમંગલ** અને **શ્યાવાશ્વ** એવાં વિશેષ પ્રવરો હતાં.

કાલેય, બાલેય, વામરથ્ય, ધાત્રેય, મૈત્રેય, કૈદ્રેય, શૌત્રેય ઇત્યાદિ ઋષિયો અત્રિની દિકરીના વંશમાં હતા. તેમને આત્રેય, વામરથ્ય અને પૌત્રી એવાં ત્રણ પ્રવર હતાં. આ કન્યાના

કુળના ઋષિઓનાં વિશ્વામિત્ર, અને વસિષ્ઠ કુળમાં લગ્ન થતાં નહિ. (**મત્સ્ય૦ અ૦ ૧૯૬**).

અત્રિ (૩). ચાલુ વૈવસ્વત મન્વન્તરની ઓગણીસમી ચોકડીમાં થયેલા વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ). આ વ્યાસ થએલા અત્રિ અમુક ક્રિયા ઋષિ એ નિર્ણય થતો નથી તેથી અનુમાન થાય છે કે વસિષ્ટ અને અંગિરા આ બે કુળમાં બે અત્રિ થએલા જણાય છે તેમાંનો એક હોવો જોઇએ.

અત્રિ (૪). ચાલુ મન્વન્તરમાં જે સપ્તર્ષિ છે તેમાંનો એક. ઉપર કહેલા બે અત્રિમાંથી એક આ હશે.

અત્રિ (૫). ગૌતમ ઋષિના મિત્ર. આ એના આંક વાળા શુક્રના ચાર પુત્રોમાંનો બીજો જે અત્રિ છે તેજ હોવો જોઇએ એમ જણાય છે. આ અત્રિ ઋષિ એક વખત વેન કુલોત્પન્ન એક રાજાના યજ્ઞમાં દ્રવ્ય માગવા ગયો હતો. ત્યાં એણે રાજાની પ્રાર્થના કરતાં તું કેવળ ઇશ્વર જ છે એમ સ્તુતિ કરી હતી. ગૌતમ ઋષિએ આથી એનો તિરસ્કાર કરીને કહ્યું હતું કે રાજાને ઇશ્વર સાથે સરખાવી સ્તુતિ કરવી કેવળ અયોગ્ય છે. આ ઉપરથી એ બન્નેમાં કોનું કહેવું ખરૂં છે એ વિષયે સભામાં તકરાર ઉઠી અને એનો નિર્ણય કરાવવા બધા સભાસદો સનત્કુમાર પાસે ગયા. ઋષિઓની તકરાર સાંભળીને સનત્કુમારે કહ્યું કે અત્રિનું કહેવું ખરૂં છે. અત્રિએ પાછાં આવીને આ વાત રાજાને જણાવવાથી રાજાને ઘણો સંતોષ થયો અને અત્રિને એની ધારણા કરતાં પણ ઘણું દ્રવ્ય આપ્યું હતું. (**ભા૨૦ ૫૦ અ૦ ૧૮૫**).

અથર્વણ. ચાર વેદમાંનો ચોથો. તેમ જ એ વેદનો મૂર્તિમાન દેવતા. વેદના સ્થાપત્ય એટલે શિલ્પશાસ્ત્ર સહિત એ બ્રહ્માના ઉત્તર મુખમાંથી નિકળ્યો છે. (વેદ શબ્દ જુઓ).

અથર્વણ (૨). સ્વાયંભુવ મન્વન્તરમાં થએલો એ નામનો એક ઋષિ. એ બ્રહ્મ માનસ પુત્ર હતો. કર્દમ પ્રજાપતિની શાન્તિ નામની કન્યા એની સ્ત્રી હતી. તેની કુખે એને ધૃતવ્રત, દધ્યંચ અને અથર્વશિરા એ ત્રણ પુત્રો હતા. આ ત્રણે ને અથર્વણ એવું સામાન્ય નામ હતું. પરંતુ બીજા પુત્ર દધ્યંચને દધ્યઙાથર્વણ કહેવાની વિશેષ રૂઢિ હતી એમ ગ્રંથોથી જણાય છે. આ અથર્વણ ઋષિ બ્રહ્મવિદ્યા સંબંધે તે કાળના યજ્ઞ નામના ઇન્દ્રના સહાધ્યાયી હતા. એઓ અને આ ઇન્દ્ર બન્નેના ગુરુ ખૂદ બ્રહ્મદેવ જ હતા.

અથર્વશિખા. અથર્વણ વેદનું એક ઉપનિષદ.

અથર્વશિર. અથર્વણ વેદનું એક ઉપનિષદ.

અથર્વશિરા. અથર્વણ ઋષિના ત્રણમાંના કનિષ્ટ પુત્ર.

અથર્વા. અથર્વણ ઋષિનું જ બીજું નામ.

અથર્વાંગિરસ અથર્વણ વેદ; મુખ્યત્વે કરીને આ વેદના ઉપનિષદ ભાગને આ નામ લગાડાય છે.

અથર્વાંગિરસ (૨). એ નામના એક બ્રહ્મર્ષિ. નહુષરાજા ઇન્દ્રાસન પરથી ભ્રષ્ટ થયો અને ઇન્દ્ર જ્યારે ફરીથી પોતાના પદપર આરૂઢ થયો ત્યારે આ ઋષિએ એનો યશ ઉત્તમ પ્રકારે ગાયાથી ઇન્દ્રે સંતુષ્ટ થઇને એને અથર્વવેદનું આચાર્યપણું આપી યજ્ઞમાં એનો ભાગ પણ નિર્માણ કર્યો હતો **(ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૮**) એનું મૂળ નામ શું હતું તે જણાતું નથી.

અથૌજા. વૈશાખ મહિનામાં જે સૂર્ય હોય છે તેની સાથે રહેનાર યક્ષ. (માધવ શબ્દ જુઓ).

અદિતિ. કશ્યપ ઋષિની તેર પત્નીઓમાં જેષ્ટ. પ્રાચેતસ દક્ષની એ કન્યા હતી અને એને આદિત્ય સંજ્ઞાવાળા બાર પુત્ર હતા. એનાથી દેવતા ઉત્પન્ન થયા હતા.

અદૃશ્યંતિ. મૈત્રાવરુણિ વસિષ્ટના શક્તિ નામના પુત્રની સ્ત્રી અને પરાશર ઋષિની માતા.

અદ્ભુત. નવમા દક્ષસાવર્ણિ મન્વન્તરમાં થનારો ઇન્દ્ર.

અદ્રિકા. સ્વર્ગની એ નામની એક અપ્સરા. શ્રાપને યોગે એ જળમાં માછલી થઇ હતી. એના ગર્ભમાંથી મત્સ્યરાજ નામનો પુત્ર અને મત્સ્યગંધિની નામની કન્યા એવું જોડકું પેદા

થયું હતું. (ઉપરિચર વસુ શબ્દ જુઓ).

અંધ. ભારતવર્ષીય એક નદ.

અંધક. અંધકાસુર. એ નામનો એક અસુર. એક સમય મહાદેવ પાર્વતી સહિત ક્રીડા કરતા હતા તે વખતે એણે પાર્વતીનું હરણ કરવાનો પ્રયત્ન કરવાથી અવંતીમાં આવેલા મહાકાળ નામના વનમાં એનું અને મહાદેવનું ઘોર યુદ્ધ થયું. એના ભોંય પડતા લોહીમાંથી અનેક અંધક ઉત્પન્ન થવા લાગ્યા. આ ઉપરથી એનું લોહી ભોંય ન પડતાં અધ્વર્યમાં જ એનો નાશ કરવાને મહાદેવે માતૃગણ ઉપજાવ્યા. પરન્તુ એનો તદ્દન નાશ ન થવાથી વિષ્ણુએ શુક્રરેવતી નામે દેવતા ઉત્પન્ન કરી તેમની મારફત લોહીનો સદંતર નાશ કરાવ્યો. આથી બીજા અંધકો નષ્ટ થવાથી માત્ર મૂળ અંધકજ રહ્યો. એનો વધ થતો હતો એટલામાં એણે બહુજ કરુણ સ્વરે મહાદેવનું સ્તવન કર્યું. આથી પ્રસન્ન થઈ મહાદેવે એને જીવતો રાખ્યો, એટલુંજ નહિ પણ પોતાનો ગણ બનાવ્યો. **(મત્સ્ય૦ અ૦ ૧૭૮).** એના પુત્રનું નામ આડી એવું હતું.

અંધક–અંધકાસુર (૨) મહિષાસુરની સેનાનો એ નામનો એક પ્રમુખ અસુર (મહિષાસુર શબ્દ જુઓ.).

અંધક–અંધકાસુર (૩) સોમવંશી નહુષના યયાતિના ક્રોષ્ટા નામના યદુપુત્રના વંશમાં જન્મેલા સાત્વત રાજાના સાતમાંનો છઠ્ઠો પુત્ર. એને કુકુર, ભજમાન, શુચિ અને કંબળબર્હિસ એ નામના ચાર પુત્ર હતા. યદુવંશમાં આ અંધકકુળ બહુ પ્રસિદ્ધ છે.

અંધક—અંધકાસુર (૪) ઉપર કહેલા અંધક કુળમાં જન્મેલા અનુ રાજાનો પુત્ર એને દુંદુભિ નામનો પુત્ર હતો.

અંધકૂપ. એ નામનું એક નરક. પશુ પક્ષિ જેવાં અજ્ઞાન પ્રાણિયોને પીડા કરનાર અને હિંસા કરનાર આ નરકમાં પડી ત્યાં પોતે દીધું હોય એવું જ દુઃખ ભોગવે છે.

અંધ ઋષિ. કશ્યપ કુળમાં જન્મેલો એ નામનો એક ઋષિ.

અંધતામિસ્ર. એ નામનું એક નરક. જે માણસ પરસ્ત્રી અગર પરપુરૂષની નિંદા કરી સ્ત્રીનો અગર પુરૂષનો ઉપભોગ કરે છે તે આ નરકમાં જઈ અનેક કલેશ ભોગવે છે.

અંધર્મ. બ્રહ્મદેવના પૃષ્ટભાગમાંથી ધર્મનો વિરોધી ઉત્પન્ન થએલો પુરૂષ. એની સ્ત્રી તે મૃષા. એમનાથી પેદા થએલું જોડકું તે દંભ અને માયા. નિઋતિ નામના રાક્ષસાધિપતિએ પોતાને પ્રજા ન હોવાથી આ જોડકાને પોતે લીધું. આ જોડકાથી લોભ અને નિકૃતિ નામનું બીજું જોડકું જન્મ્યું. તેમાંથી વળી ક્રમશઃ ક્રોધ અને હિંસા, કલિ અને દુરુક્તિ, મૃત્યુ અને ભીતિ, અને નિરય અને યાતના એમ જોડકાં ઉત્પન્ન થયાં હતાં. (**ભાગ૦ ચતુર્થ૦ અ૦ ૮**)

અંધર્મ (૨). જ્યેષ્ટાની કુખે વરુણને થએલો પુત્ર. એની સ્ત્રીનું નામ નિઋતિ.

અધિપુરુષ. સ્વાયંભૂ મનુનું બીજું નામ. (**મત્સ્ય૦ અ૦ ૩**).

અધિરથ. સોમવંશી યયાતિના પુત્ર અનુરાજાના કુળમાં જન્મેલા સત્કર્મા અથવા સત્યકર્માને વિવાહ વિધિથી પરણેલી બ્રાહ્મણીને પેટે થએલો પુત્ર. એ સૂતનો ધંધો કરતો અને એને રાધા નામની સ્ત્રી હતી. આ સ્ત્રીને નદીમાંથી કર્ણ નામનો છોકરો મળ્યો હતો. સત્કર્મા નામ ઉપરથી એણે બ્રાહ્મણીથી વિવાહ કર્યો હશે એ અમારી કલ્પના છે. મૂળમાં નથી.

અધિરાજ્ય દેશ. ભારતવર્ષનો એક દેશ. આ દેશ દક્ષિણ મત્સ્ય દેશની દક્ષિણે આવેલો હોઇ પાંડવોના વખતમાં તે વખતે ત્યાં દંતવક્ત્ર નામનો રાજા રાજ કરતો હતો. (**ભાર૦ સભા૦ અ૦ ૩૧**).

અધિવંગ. ગૌતમ વનની પાસેનું ભારતવર્ષીય એક તીર્થ.

અવૃષ્ટ્યા. ભારતવર્ષીય એક નદી **(ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

અંધ્ર સોમવંશી યયાતિના અનુરાજાના કુળમાં જન્મેલા બલિ નામના રાજાના છમાંનો કનિષ્ટ પુત્ર.

અંધ્ર (૨) આંધ્ર શબ્દ જુઓ.

અનંગ મહાદેવે બાળીને ભસ્મ કરવા ઉપરથી પડેલું મદન–કામદેવનું એક નામ.

અનંગ (૨) દાશરથી રામની સેનાનો એ નામનો એક વાનર.

અનંગા ભારતવર્ષીય એક નદી (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

અનઘ એક ગંધર્વ.

અનઘ (૨) એક રાજર્ષિ. કુળ જણાતું હતું.

અનઘા. શાકદ્વીપમાંની એક મહા નદી.

અનંત. દેશ, કાળ અને વસ્તુ પરિચ્છેદે જેને અંત નથી એવો વ્યાપક, નિત્ય અને સર્વાત્મરૂપ પરમાત્મા તે.

અનંત (૨) કશ્યપ અને કદ્રૂ એમના વડે જન્મેલા નાગોમાંનો એક.

અનંત (૩) કેટલીક જગાએ શેષ નાગને આ નામ લગાડાય છે.

અનંગભાગી. એક બ્રહ્મર્ષિ.(૩ ભૃગુ શબ્દ જુઓ).

અનંતવિજય. યુદ્ધમાં વગાડવાનો યુધિષ્ટિરનો શંખ.

અનંતી. શતરૂપાનું બીજું નામ.

અનમિત્ર. ઇક્ષ્વાકુ કુળના ઋતુપર્ણ રાજાના અનરણ્ય નામના પુત્રનો પૌત્ર. એના પિતાનું નામ નિષ્ન.

અનમિત્ર (૨). સોમવંશી યદુકુળમાં જન્મેલા સાત્વત રાજાના વૃષ્ણિ નામના પુત્રના બેમાંનો કનિષ્ટ પુત્ર. એને નિમ્ન, શિનિ અને વૃષ્ણ નામ ત્રણ પુત્ર હતા.

અનરણ્ય. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં જન્મેલા પુરુકુત્સ રાજાના બેમાંના નાના પુત્ર ત્રસદસ્યુ નામના રાજાનો બીજો પુત્ર. એને હર્યશ્વ અને વૃહદશ્વ એ નામે બે પુત્રો હતા. આ રાજા જ્યારે અયોધ્યામાં રાજ્ય કરતો હતો ત્યારે રાવણ પૃથિવી જિતતો ત્યાં આવ્યો. એના રાવણ સાથેના થએલા ઘોર યુદ્ધમાં રાવણનું વિશેષ બળ હોવાથી એની સેના નષ્ટ થઈ એ પોતે રણાંગણમાં પડ્યો. પ્રાણ છોડતાં એણે રાવણને શ્રાપ આપ્યો કે જે મારૂં તપ, દાન અને સત્ય યથાર્થ હશે તો મારો વંશજ તારો સકુળ નાશ કરશે. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૬૯**).

અનરણ્ય (૨) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના ઋતુપર્ણનો પૌત્ર અને સર્વકર્મા અથવા સર્વકામ નામના રાજાના બે પુત્રોમાંના મોટાનો પુત્ર. એનું નામ નિષ્ન પણ હતું.

અનર્વા. વૃત્રાસુરના અનુયાયી અસુરો. (**ભાગ૦ ષષ્ઠ૦ અ૦ ૧૦**).

અનલ. એ નામનો એક વસુ. (અષ્ટ વસુ શબ્દ જુઓ). કુમાર, શાખ, વિશાખ અને નૈગમેય નામના એના ચાર પુત્રો હતા. આ ચાલુ મન્વન્તરમાં આગ્નેયી દિશાનો સ્વામી છે. (અષ્ટદિક્પાળ શબ્દ જુઓ).

અનલ (૨) વિભીષણના ચાર રાક્ષસ અમાત્યમાંનો એક. (માલેય શબ્દ જુઓ).

અનલા બીજી અંક સંજ્ઞા વાળી રોહિણીની બે કન્યામાંની નાની. એની દિકરીનું નામ શુક્રા.

અનલા. (૨) માલ્યવાન રાક્ષસને સુંદરી નામની ભાર્યાથી થએલી કન્યા. એ વિશ્વાવસુ રાક્ષસને પરણી હતી, અને એને કુંભીનસી નામે કન્યા હતી. **(વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૬૧)**

અનવદ્યા. કશ્યપ અને પ્રાધાવડે ઉત્પન્ન થએલી અપ્સરાઓમાંની એક.

અનસૂય. એ નામના એક બ્રહ્મર્ષિ (કશ્યપ શબ્દ જુઓ.)

અનસૂયા કર્દમ ઋષિને દેવહૂતીની કુખે થએલી નવ કન્યાઓમાંની એક. સ્વાયંભૂ મન્વન્તરમાં થએલા બ્રહ્મમાનસપુત્રોમાંના એક અત્રિ ઋષિની સ્ત્રી (અત્રિ શબ્દ જુઓ.)

અનસૂયા (૨). ચાલુ વૈવસ્વત મન્વન્તરમાંના માનસ પુત્રોમાંના અત્રિ ઋષિની સ્ત્રી. ગ્રંથોમાં એ કોની કન્યા એ જણાતું નથી. અધ્યાત્મ રામાયણમાં રામ પ્રત્યે અત્રિએ કહ્યું છે કેઃ...

भार्या मेऽतीव संवृद्धा ह्यनुसूयेति विश्रुता ।
तपश्चरति सुचिरं धर्मज्ञा धर्मवत्सला ॥८४॥
अंतस्तिष्ठति तां सीता पश्यत्वारि निसूदन ॥८६॥

(અધ્યા૦ રા૦ અયો૦ સ૦ ૬)

અનસૂયા પરમ પતિવ્રતા અને મહા તપસ્વિની હતી. એક વખત દસ વર્ષ પર્યન્ત અનાવૃષ્ટિ થવાને લીધે એણે પોતાના તપોબળવડે ફળ, મૂળ અને પાણી ઉત્પન્ન કરીને ઘણાં પ્રાણિયોને ઉગાર્યાં હતાં. બીજી એક વાત એવી છે કે માંડવ્ય ઋષિને શૂળીપર ચઢાવ્યા હતા તે વખત રાત્રિના અંધકારને લીધે એક ઋષિપત્નીના શરીરનો ધક્કો શૂળીને લાગ્યો. આથી પીડિત થઇ ઋષિએ એને શ્રાપ આપ્યો કે તું સૂર્યોદય થતાંજ વિધવા થઇશ. અનસૂયાએ આ સાંભળી સૂર્યોદય જ થવા દીધો નહિ. અંધકારવડે પ્રાણી માત્રનો વ્યવહાર અટકી પડ્યો. હવે શું કરવું એનો વિચાર કરતાં એ શ્રાપિત ઋષિ પત્ની અનસૂયાની સખી છે એમ જણાયું. પછી દેવોને આગળ કરીને બધા ઋષિયો અનસૂયાને શરણ આવ્યા અને એને સઘળી હકીકત નિવેદન કરી. બધાની વિનતિ માન્ય કરીને એણે પોતાના તપોબળવડે પોતાની સખીને વૈધવ્ય આવતું રોકી સૂર્યોદય થવા દઈ જગતને સુખી કર્યું હતું. (**વા૦ રા૦ અયો૦ સ૦ ૧૧૭**)

અનાવૃષ્ય. ધતરાષ્ટ્ર રાજાના સોમાંનો એક પુત્ર.

અનિદેશ્ય. યજ્ઞ સંબંધી એક અગ્નિનું નામ.

અનિરુદ્ધ. જેનો નિરોધ થતો નથી એવો પરમાત્મા.

અનિરુદ્ધ (૨). સોમવંશી યદુકુળોત્પન્ન વાસુદેવ કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નનો પુત્ર. એને ગ્રંથોમાં પ્રાદ્યુમ્નિ એવું બિરદ કહ્યું છે તે પરથી જણાય છે કે એ નાગાયુત બલી અને મહારથી હતો. રુક્મિ રાજાની પૌત્રી રોચના એની સ્ત્રી હતી. આ લગ્નને અંગે જબરો કલહ થયો હતો. (રોચના શબ્દ જુઓ.) રોચનાને પેટે એને વજ્ર નામે પુત્ર થયો હતો. (**ભાગ૦ દશ૦ અ૦ ૯૦**). બાણાસુરની કન્યા ઉષા—ઓખા એની બીજી સ્ત્રી હતી. એના વિવાહમાં યાદવોને બાણાસુર સાથે મોટી લડાઈ થઈ હતી. (ઉષા શબ્દ જુઓ).

અનિયા એ નામનો ગોવાળ—રાધાનો વર.

અનીલ. એ નામનો એક વસુ (અષ્ટવસુ શબ્દ જુઓ). એ પ્રસ્તુત મન્વન્તરમાં વાયવી દિશાનો સ્વામી છે. (અષ્ટ દિગ્પાળ શબ્દ જુઓ).

અનીલ. (૨) મિત્રવિંદાને કૃષ્ણથી થએલા પુત્રોમાંનો એક.

અનીહ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળોત્પન્ન દાશરથિ રામના વંશમાં જન્મેલા દેવાનીક રાજાના પુત્ર. એનું બીજું નામ અહીનર હતું, અને એને પરિયાત્ર અને સહસ્ત્રાશ્વ નામના બે પુત્ર હતા.

અનુ. સોમવંશી નહુષના પુત્ર યયાતિ રાજાને શર્મિષ્ટાથી થએલા ત્રણમાંનો મોટો પુત્ર. યદૂની પેઠે એણે પણ પિતાની જરાવસ્થા લીધી નહિ એથી મુખ્ય રાજ્યાધિકાર નહોતાં એ ઉત્તરમાં મ્લેચ્છોનો અધિપતિ થયો હતો. (**મત્સ્ય૦ અ૦ ૩૪**) એને સભાનર, ચક્ષુ અને પરોક્ષ એવા ત્રણ પુત્ર હતા.

અનુ. (૨) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના મધકુળમાં થએલા, કુથકુળના ક્રૂરવંશ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ પુરુહોત્ર.

અનુ. (૩). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના મધકુળના, કુથ વંશમાં જન્મેલા સાત્વતના પુત્ર અંધક કુળના કપોતરોમા નામના રાજાનો પુત્ર. એને અંધક નામનો પુત્ર હતો.

અનુપાવૃત્ત. ભારતવર્ષીય એક દેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

અનુમતિ. કર્દમ કન્યા શ્રદ્ધાને અંગિરા ઋષિથી થએલી ચારમાં નાની કન્યા (**અંગિરા** શબ્દ જુઓ).

અનુમતિ (૨). બાર આદિત્યમાંના ધાતા નામના આદિત્યની સ્ત્રી.

અનુમતિ (૩). શાલ્મલીદ્વીપની એક મહા નદી.

અનુમતિ (૪) એ નામના એક પ્રજાપતિ. (૩ ભ્રગુ શબ્દ જુઓ.)

અનુમ્લોચા. એ નામની એક અપ્સરા. (નભસ્ય શબ્દ જુઓ.)

અનુયાયી. ધૃતરાષ્ટ્ર રાજાના સોમાંનો એક પુત્ર.

અનુરાધા. સોમ—ચન્દ્રની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક.

અનુહ્લાદ. ક્યાધૂને પેટે હિરણ્યકશિપુને થએલા ચાર પુત્રોમાંનો એક. એની સ્ત્રીનું નામ સુર્મિ અને એને પેટે થએલા વાષ્કલ અને મહિષ નામના બે પુત્ર હતા.

અનુવિંદ વસુદેવની બહેન રાજાધિદેવીને તેના પતિ અવંતિરાજ જયસેનથી થએલા બે માંનો કનિષ્ટ પુત્ર. આ વિંદનો ભાઈ હતો. ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષમાં હતો અને અર્જુનને હાથે મરાયો હતો (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૯૯.**)

અનુવિંદ (૨) કેકય રાજાના બેમાંનો કનિષ્ટ પુત્ર. એ વિંદનો ભાઇ હતો. ભારતના યુદ્ધમાં એ પાંડવ પક્ષમાં હતો.

અનુવિંદ (૩) ધૃતરાષ્ટ્ર રાજાના સોમાંનો એક પુત્ર.

અનુશાલ્વ. સૌભપતિ શાલ્વ રાજાનો ભાઇ. પોતાના શાલ્વ નામના ભાઇને કૃષ્ણે માર્યો હતો એ દ્વેષને લીધે એ કૃષ્ણને મારવાનો લાગ જોતો હતો. પાંડવોએ અશ્વમેધ કર્યો ત્યારે કૃષ્ણ સ્ત્રીઓ અને પુત્ર સહવર્ત્તમાન હસ્તિનાપુરમાં આવ્યા હતા તે વખતે અનુશાલ્વ પોતાના સુતાર નામના સેનાપતિ પાસે લશ્કર તૈયાર રખાવી, પોતે સેના સહિત ગુપ્તરુપે હસ્તિનાપુર પાસે આવી રહ્યો હતો. બાતમીદારોથી એને ખબર પડી કે કૃષ્ણ અને પાંડવો પોતપોતાના પરિવાર સહ વર્ત્તમાન અશ્વમેધ સારૂ આણેલા શ્યામકર્ણ ઘોડાને જોતા આનંદમાં બેઠા છે. પછી કોઇએ દીઠો ન દીઠો એટલામાં ત્વરાથી આવીને ઘોડાનું હરણ કરી ગયો. ભીમસેન સેના લઇને એની પૂઠે પડ્યો. એને પકડી લાવવાનું બીડું પ્રદ્યુમ્ન અને વૃષકેતુ એમણે ઝડપ્યું. પાંડવ વીરો અને અનુશાલ્વ વચ્ચે મોટું યુદ્ધ થયું, તેમાં પ્રદ્યુમ્ન હાર્યો પણ વૃષકેતુએ ઘોર યુદ્ધ કરી તેને પકડીને કૃષ્ણની પાસે આણ્યો. એણે જાણ્યું કે હવે મરણ વગર છૂટકો નથી એટલે કૃષ્ણની જોડે મેળ કરીને ઘોડો પાછો આપ્યો અને અશ્વમેધમાં સહાયભૂત થવા વચન આપી પોતાને નગર પાછો ગયો. (**જૈમિની અશ્વ૦ અ૦ ૧૨—૧૪**)

અનુષ્ણા. ભારતવર્ષીય એક નદી. (**ભાર૦ ભી૦ અ૦ ૯**)

અનુસૂયા. અનસૂયા શબ્દ જુઓ.

અનૂચાના. કશ્યપ અને પ્રાધાથી ઉત્પન્ન થયેલી અપ્સરાઓમાંની એક.

અનૂદ્વય. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

અનૂપદેશ. ભારતવર્ષીય દેશ. એની રાજધાની માહિષ્મતી નગરીમાં પૂર્વે સહસ્ત્રાર્જુન રાજ કરતો હતો. (**ભાર૦ ભી૦ અ૦ ૯**). પાંડવોના કાળમાં ત્યાં નીલ નામે રાજા રાજ્ય કરતો હતો, અને પાંડવોના પક્ષમાં હતો.

અનૂપકદેશ. ભારતવર્ષીય દેશ એની સીમાનું વર્ણન ઉપલબ્ધ નથી પરંતુ ત્યાંનો રાજા યુદ્ધમાં પાંડવોના પક્ષમાં હતો. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

અનેના. સૂર્યવંશી ઇક્ષ્વાકુ રાજાના પ્રપૌત્ર વિકુક્ષિ અથવા શશાદ રાજાનો પૌત્ર અને ક્રકુત્સ્થ રાજાનો પુત્ર. એનાં સુયોધન અને કાકુત્સ્થ એવાં બીજાં નામ અને એના પુત્રનું નામપ્રથુ હતું.

અનેના (૨) સોમવંશી પુરુરવા રાજાનો પૌત્ર અને આયુરાજાના પાંચ પુત્રોમાંનો કનિષ્ટ. એના પુત્રનું નામ શુદ્ધ હતું.

અન્ધકૂપ—એકવીસ મોટાં નર્કમાંનું એક.

અન્ધતામિસ્ર. ,,

અનૌપમ્યા. બાણાસુરની સ્ત્રી.

અન્નપૂર્ણા. કાશીક્ષેત્રમાંની એક દેવી.

અન્હ. એક વસુ (અષ્ટ વસુ શબ્દ જુઓ). આપ, સાવિત્ર એવાં એનાં બીજાં નામો ગ્રંથોમાં મળી આવે છે.

અપર્ણા. મહાદેવની પત્ની સતી. દક્ષના યજ્ઞમાં મરણ પામ્યા પછી એ હિમાલયને ત્યાં જન્મી

હતી. પોતાના પૂર્વ જન્મનો પતિ જ પ્રાપ્ત થાય એ ઉદ્દેશે એણે ઉગ્રતપ કર્યું હતું. વૃક્ષનાં પાંદડાં જ ભક્ષ કરીને રહેતી. આથી પોતાને વર પ્રાપ્તિ ન થતાં એણે એ આહાર પણ તજી દીધો અને તપ ચાલુ રાખ્યું. આથી એનું આ નામ પડયું છે. અંતે એને વર પ્રાપ્તિ થઇ હતી.

અપર્ણિ. એ નામના એક બ્રહ્મર્ષિ (૩. અંગિરા શબ્દ જુઓ).

અપરઉત્તર ઉલૂક. મોચપુરની ઉત્તરે ભારતવર્ષીય દેશ. ઉત્તરે એ ઉલૂક દેશ હોવાથી એક મુકીને બીજા દેશને આ નામ આપ્યું છે. ઇન્દ્રપ્રસ્થને મધ્યમાંનીને આ ગ્રંથમાં દિશાનો ક્રમ રાખ્યો છે. એટલે કે ઇન્દ્રપ્રસ્થથી ઉત્તરે. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૭**).

અપર ઉત્તર કુલિંદ. ઉત્તરમાં આવેલા બે કુલદ દેશમાંથી એક મુકીને બીજાનું આ નામ છે. આ દેશ કાળકૂટ અને સુમંડળની વચ્ચે આવેલો છે. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૬**).

અપરતંગણ. એક જ દિશામાં આવેલા બે તંગણ દેશમાંનો બીજો (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

અપરતાલ. એમાંનો બીજો તાલ દેશ. કેકય દેશમાંથી અયોદ્ધા જતાં માર્ગમાં પહેલો આવે છે. (**વા૦ રા૦ અયો૦ સ૦ ૬૬**)

અપરદક્ષિણ કુંતિરાષ્ટ્ર. ઇન્દ્રપ્રસ્થની દક્ષિણે આવેલો બીજો કુંતિરાષ્ટ્ર દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

અપરદક્ષિણનિષાદ. પાંડવોના વખતમાં દક્ષિણ તરફ જે મ્લેચ્છ રાજ હતાં તેની દક્ષિણે અને પુરુષાદ લોકોના દેશની ઉત્તરે આવેલો દેશ. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૧**).

અપરદક્ષિણ પાંડય. ઇન્દ્રપ્રસ્થની દક્ષિણે આવેલા પાંડયની દક્ષિણે આવેલો બીજો પાંડય દેશ. ભારતમાં પાંડવોના સમયમાં આ દેશ દ્રવિડ દેશની દક્ષિણે હોવાનું જણાવ્યું છે. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૧**).

અપરદક્ષિણ મત્સ્ય. ઇન્દ્રપ્રસ્થની દક્ષિણમાં બીજો મત્સ્ય દેશ. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૧**).

અપરદક્ષિણ સેક. ઇન્દ્રપ્રસ્થની દક્ષિણે આવેલા બે સેક દેશમાંનો બીજો. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૧**).

અપરનંદા. હિમાલય ઉપરનું ભારતવર્ષીય તીર્થ.

અપરપૂર્વ વિદેહ. ઇન્દ્રપ્રસ્થની પૂર્વ તરફનો બીજો વિદેહ દેશ. એની રાજધાની મિથિલા નામની નગરીમાં હતી. પાંડવોના સમયમાં ત્યાં જનક વંશનો બહૂલાશ્વ નામનો જનક રાજ્ય કરતો હતો. વિદેહવંશીઓનો આ જ દેશ હશે. આ નિશ્ચય કરવાનાં બે સબળ પ્રમાણ છે. પોતાના યજ્ઞના સંરક્ષણ સારૂ વિશ્વામિત્ર ઋષિ દશરથ રાજા પાસેથી રામ અને લક્ષ્મણને લઇને પોતાને આશ્રમે જતા હતા તે વખત મલદ અને કરુપક નામના બે દેશ એમના રસ્તામાં આવ્યા હતા. ત્યાં જ રામે તાટકાનો વધ કર્યો હતો. પછી એઓ પોતાને આશ્રમે પહોંચ્યા હતા. યજ્ઞ નીર્વિઘ્ને પૂરો થયા પછી રામ અને લક્ષ્મણને પોતાની સાથે લઇને ઋષિ સીતાના સ્વયંવર સંબંધે મિથિલા નગરીમાં ગયા હતા એવું વર્ણન આવે છે. વળી યુધિષ્ઠિર રાજાએ રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે પૂર્વ દિશા તરફ જિત કરવા ભીમસેન ગયો. તેણે પ્રથમ મલદ ૪૦ દેશ જિત્યા પછી વિદેહ દેશમાં ગયો હતો. આમ મલદ, કરુપક અને પછી વિદેહ હોય એમ જણાય છે (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**).

અપરપૂર્વસુહ્મ. ઇન્દ્રપ્રસ્થની પૂર્વમાં આવેલો બીજો સુહ્મ દેશ (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**).

અપરબલ્લવ. એક જ દિશામાં આવેલા બે બલ્લવ દેશમાંનો છેલ્લો–બીજો. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

અપરાજિત. અગીઆર રુદ્રોમાંનો એક.

અપરાજિત (૨) કૃષ્ણ અને લક્ષ્મણાનો પુત્ર.

અપરાજિત (૩) ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

અપરાજિતા. શાકદ્વીપમાંની એક નદી.

અપરાંત દેશ. ભારતવર્ષીય એક દેશ. (**ભા૨૦ ભીષ્મ અ૦ ૯**).

અપસ્તૈાપ. એ નામનો એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

અપાંડુ. એ નામનો એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

અપાંતરતમ એ નામનો એક બ્રહ્મર્ષિ (૧ સારસ્વત શબ્દ જુઓ)

અપાંહદ. ભારતવર્ષનું એક તીર્થ.

અપૈાહય. એ નામનો એક બ્રહ્મર્ષિ (નીલ પરાશર શબ્દ જુઓ).

અપ્રતિરથ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન કુવલાશ્વ રાજાનું બીજું નામ. (**ભા૨૦ વન૦ અ૦ ૨૦૪**).

અપ્રતિરથ (૨) સોમવંશી યયાતિ પુત્ર પુરુરાજાના રૌદ્રાશ્વ પુત્ર ઋતેયૂના વંશમાં જન્મેલા અંતિભાર રાજાના ત્રણ પુત્રમાંનો કનિષ્ટ. એના પુત્રનું નામ કણ્વ હતું.

અપ્સરા. સ્વર્ગમાં ગાયન અને નૃત્ય કરનારી રૂપ, મોહિની અને ચાતુર્ય સંપન્ન સ્ત્રીઓ. એમની સંખ્યા સાઠકોટી છે, તેમાં રંભા, તિલોત્તમા, મેનકા એ મુખ્ય છે. તાપસોને છળવા ઇન્દ્ર એમને મોકલે છે. સમુદ્ર મથન કાળે દાસી સહવર્ત્તમાન એ નીકળી હતી.

અપ્સરો યુગ. ભારતવર્ષીય તીર્થ.

અંબર. વૃત્રાસુરનો અનુયાયી એ નામનો એક અસુર (**ભા૨૦ ષષ્ઠ૦ અ૦ ૧૦**).

અંબરીષ એ નામનો એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

અંબરીષ (૨) સૂર્યવંશી વૈવસ્વત મનૂના નવમા પુત્ર નભાગનો પૌત્ર અને નાભાગનો પુત્ર. એ પરમ દાનશૂર તેમ જ ભગવદ્ ભક્ત હતો. એ તો એટલો પરાક્રમી હતો કે એણે સાત દિવસમાં જ ભૂમી જિતી લઇને આધિપત્ય મેળવ્યું હતું(**ભા૨૦ શાન્તિ૦ અ૦ ૧૨૪**). એને વિરુપ; કેતુમાનૂ અને શંભુ એ નામના ત્રણ પુત્રો હતા. કોઇ કોઈ ઠેકાણે એને ક્વચિત્ નાભાગ એવું નામ પણ કહ્યું છે. (**ભા૨૦ દ્રૌ૦ અ૦ ૬૪**).

એક વખત એના નિયમ પ્રમાણે કાર્તિક માસમાં એણે ત્રિદિનાત્મક નામનું વ્રત કર્યું હતું. બારસને દિવસે એને ઘેર દુર્વાસા ઋષિ અતિથિ તરીકે આવી ચડયા. એણે એમની પૂજા કરીને જમવા સારૂ રોક્યા. દુર્વાસા પણ તથાસ્તુ કહી ત્યાં રહ્યા. ઋષિ વિશેષ આન્હિક કરવા નદી તીરે ગયા. તે દિવસે બારશ થોડો કાળ હતી. એ ઋષિને ખબર નહોતી અને અંબરીષે કહ્યું પણ નહોતું સબબ ઋષિ પોતાનું આન્હિક નિરાંતે ધીરે ધીરે પૂરું કરીને આવતાં તેમને ખબર પડી કે બારશ થઈ જશે ધારી અંબરીષે દેવને નૈવેદ્ય ધરાવ્યું હતું. અને પોતે વ્રતભંગ ન થાય માટે દેવનું ચરણામૃત પ્રાશન કરી વ્રતનું પારણું કર્યું હતું. જો કે ઋષિને મુકીને પોતે ભોજન કર્યું નહતું, આમ હોવા છતાં ઋષિ જેઓ રીસના જાળા જેવા જાણીતા છે, એમણે ક્રોધ કરીને પોતાની જટામાંથી એક લટ કાપી કૃત્યા ઉપજાવી કાઢી અને રાજાને મારી. રાજાના શરીરને કૃત્યા સ્પર્શ કરે તે પહેલાં વિષ્ણુના સુદર્શન ચક્ર આવીને કૃત્યાનો નાશ કર્યો. અને ચક્ર ઋષિના અંગપર ધાયું, પરંતુ તેમના તપના પ્રભાવને લઇને તેમના શરીરને સ્પર્શ કરી શક્યું નહિ. ઋષિ ત્યાંથી નિકળ્યા એટલે ચક્ર પણ એમની કેડે પડયું. એ જોઇને ઋષિ વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ કહ્યું કે આપ અંબરીષ પાસે જાઓ. તેણે તમારા વગર ભોજન કર્યું નથી. આ બધો બનાવ બનતાં એક વર્ષ વીતી ગયું હતું છતાં અંબરીષે ભોજન કર્યું નહોતું. વિષ્ણુના કહેવાથી દુર્વાસા અંબરીષને ત્યાં જતાં એ એમને જોઇને આનંદ પામ્યો અને સુદર્શન ચક્રની બહુ પ્રકારે સ્તુતિ કરી જેથી એણે સંતુષ્ટ થઈ ઋષિનો પીછો છોડયો. પછી દુર્વાસાને ઉત્તમ પ્રકારે જમાડયા બાદ પોતે જમ્યો અને ઋષિને સંતોષીને સ્વસ્થાને વળાવ્યા. (**ભા૨૦ નવમ૦ અ૦ ૪–૬.**)

અંબરીષ. (૩) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન માંધાતા રાજાનો બિંદુમતી ભાર્યાને પેટે જન્મેલા ત્રણ-

માંનો બીજો પુત્ર. એનું બીજું નામ ધર્મસેન હતું, અને એને યૌવનાશ્વ નામે પુત્ર હતો.

અંબરીષ. (૪) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં થએલા ત્રિશંકુ રાજાના બે પુત્રમાંનો બીજો. એને શ્રીમતી નામની કન્યા હતી. આ કન્યા નારદ અને પર્વત ઋષિની તકરારમાં વિષ્ણુને પરણી હતી. આ વિષ્ણુ તે બાર આદિત્યમાંનો એ નામનો આદિત્ય હોવાનું લાગે છે. (**વા૦ રા૦ અદ્‌ભુત્તોત્તર૦ સ૦ ૩-૪**).

અંબરીષ. (૫) સૂર્યવંશના ઇક્ષ્વાકુકુળના ભગીરથ રાજાના પુત્ર નાભાગ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સિંધુદ્વીપ હતું.

અંબષ્ઠ. ઇન્દ્રપ્રસ્થને અનુલક્ષીને પશ્ચિમ તરફ શિબિદેશની પશ્ચિમે પાંડવોના સમયમાં આવેલો એક દેશ. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૨**). વૈશ્ય જાતિની સ્ત્રીને બ્રાહ્મણથી જે પ્રજા થાય તેને અંબષ્ઠ કહેતા. આ દેશનું આ નામ ત્યાં આવા લોકો વસતા હશે તે ઉપરથી પડ્યું હશે.

અંબષ્ઠ. (૨) ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા. એ યુદ્ધમાં અર્જુનને હાથે મરાયા હતો. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૯૩**).

અંબા. પાર્વતીનું એક નામ.

અંબા. (૨) આદિ શક્તિ. જગત્‌ની જનેતા.

અંબા. (૩) ચોસઠ જોગણીમાંની એક.

અંબા. (૪) સત્ય લોકમાંની એક શ્રેષ્ઠ અપ્સરા.

અંબા. (૫) કાશીરાજની ત્રણ કન્યાઓમાંની વડી. બીજી બે અંબિકા અને અંબાલિકાની બહેન. એ અને બીજી બન્ને બહેનો એ ત્રણેને માટે સ્વયંવર રચ્યો હતો. અનેક દેશના રાજાઓ કાશીમાં એકઠા થયા હતા. એઓમાં ભીષ્મ પણ હતા. ત્યાં બીજી કાંઇ આસ ગોઠવણ નહોતાં એવું ઠરાવ્યું હતું કે જે આ કન્યાઓને હરણ કરી જાય તે પરણે. આથી શાલ્વાદિ બધા રાજાઓનો પરાભવ કરીને ભીષ્મ ત્રણે કન્યાનું હરણ કરી ગયા. હસ્તિનાપુર આણીને કન્યાઓને સત્યવતીને સોંપી. ત્રણેને વિચિત્રવીર્યની સાથે પરણાવવાનો બેત હતો પણ દરમ્યાન અંબાએ ભીષ્મ અનેસત્યવતીને કહ્યું કે મેં મારા મનમાં શાલ્વરાજાને વરમાળ આરોપી હતી. અને હું એને મનથી પરણી ચૂકી છું, માટે મને ત્યાં મોકલી દો તે જ ઉત્તમ. સત્યવતીની સલાહથી ભીષ્મે એને શાલ્વરાજાની પાસે પહોંચતી કરી. પરન્તુ તેણે એનો અંગિકાર કર્યો નહિ. આથી તે હસ્તિનાપુર પાછી આવી, તો અહીં એની બન્ને બહેનોનાં લગ્ન વિચિત્રવીર્યની સાથે થઇ ગયાં હતાં.

શાલ્વને ત્યાંથી પાછા આવ્યા પછી અંબા ભીષ્મને કહેવા લાગી કે તમે મને જિતીને લાવ્યા છો માટે પરણો. ભીષ્મે કહ્યું મેં યાવજ્જીવ લગ્ન ન કરવાની પ્રતિજ્ઞા લીધેલી હોવાથી હું પરણી શકતો નથી. એમ મારા પિતાને આપેલું વચન મારાથી તોડાય નહિ. તું તારી ઇચ્છામાં આવે તે કર. આવાં ભીષ્મનાં વચન સાંભળ્યા પછી અંબા ખિન્ન થઇને ત્યાંથી નિકળી ચાલી. ભીષ્મે અંબાને વિચિત્રવીર્યને એની બીજી બહેનોની પેઠે કેમ પરણાવી નહિ હોય એ વિચારવા જેવું છે. વખતે હું મનથી શાલ્વને વરી ચૂકી છું એમ એણે કહ્યું હતું એટલી એ ભ્રષ્ટ થઇ ગણીને એ લગ્ન નહિ કર્યું હોય એમ લાગે છે. અંબા ત્યાંથી નિકળી ચાલી પણ એણે જવું ક્યાં? માર્ગમાં એણે નિશ્ચય કર્યો કે પોતાના પિતાને ત્યાં પાછું ન જતાં પોતાનું આયુષ્ય તપ કરીને ગાળવું. આમ એ જતી હતી ત્યારે રસ્તામાં શૈખાવત્ય ઋષિનો આશ્રમ આવ્યો. અંબાએ આશ્રમમાં જઇને ઋષિને પોતાની સઘળી હકીકત નિવેદન કરી. ઋષિએ એને અભય આપવાથી ત્યાં રહીને તપ કરવાનો આરંભ કર્યો.

એક દિવસ એમ બન્યું કે અંબાનો આજોમાતામહ—હોત્રવાહન રાજા શિકાર કરવા નિકળેલો તે થાકી જવાથી આ જ આશ્રમમાં આવ્યો. હોત્રવાહને અંબાને જોતાં જ ઓળખી અને અહીં શી રીતે આવી એવો પ્રશ્ન કર્યો. તને તો ભીષ્મ જીતીને હરી ગયા હતા. અને

તું અહીં ક્યાંથી? આ ઉપરથી અંબાએ તેમને પોતાની સવિસ્તર હકીકત જણાવી. એ સાંભળીને રાજા અંબાને લઇને તેવો જ જમદગ્નિ પરશુરામ પાસે ગયો અને અંબાની સઘળી વાત તેમને જણાવી તેમને વિનવ્યા કે ભીષ્મ આ કન્યાને પરણે એમ કરવા આપ સમર્થ છો. પરશુરામને પણ એની દયા આવી અને હોત્રવાહનને વચન આપ્યું કે તારી ઇચ્છા પ્રમાણે હું કરીશ. હોત્રવાહન પરશુરામના મિત્ર હતા.

પરશુરામ હોત્રવાહનને વદાય કરીને અંબાને પોતાની સાથે લઇ હસ્તિનાપુર ગયા. શહેર બહાર રહીને પોતાના આવ્યાના સમાચાર ભીષ્મને કહેવરાવ્યા. ભીષ્મ ભેટ લઇને પરશુરામને મળવા આવ્યા. ભેટ સમર્પણ કરીને વિનયપૂર્વક આવવાનું કારણ પુછ્યું. પરશુરામે આજ્ઞા કરી કે તારે અંબાને પરણવું જ જોઇએ. ત્યારે ભીષ્મે પોતાની ઘોર પ્રતિજ્ઞાની વાત કરી અને વિનતિ કરી કે મારી પ્રતિજ્ઞા તૂટે નહિ એમ કરવા આપ સમર્થ છો.

ભીષ્મની પ્રતિજ્ઞાની વાત જાણી પરશુરામને પણ ધર્મ સંકટ જેવું થયું. પરન્તુ હોત્રવાહનને વચન આપ્યું હતું એટલે ભીષ્મને કહ્યું કે તું જો અંબા જોડે લગ્ન ન કરે તો મારી જોડે યુદ્ધ કર. ભીષ્મ પણ વિચારમાં પડ્યા કે હવે શું કરવું. છેવટ નિશ્ચય કર્યો કે થવાનું હોય તે થાઓ પણ પ્રતિજ્ઞા ભંગ ન જ થવી જોઇએ. આમ નિશ્ચય કરીને એમણે પરશુરામની સાથે યુદ્ધ કર્યું. બન્નેની વચ્ચે જબરું યુદ્ધ થયું. કોનો વિજય થશે એ જણાય નહિ. દરમ્યાન આ વાતની ભીષ્મની મા ગંગા અને પરશુરામના પિતા જમદગ્નિને ખબર પડતાં એ બન્ને ત્યાં આવ્યાં. તેમણે પોત પોતાના પુત્રને સમજાવીને યુદ્ધ બંધ કરાવ્યું. પોતાની માતા ગંગાને અને ગુરુ રામને વંદન કરીને ભીષ્મ પોતાના નગરમાં ગયા. આ તરફ પરશુરામ પણ તારે માટે મેં મારાથી બને તેટલો પ્રયત્ન કર્યો પણ તારા દુર્દૈવને લઇને સિદ્ધિ થઇ નહિ એમ અંબાને કહી, પોતાના પિતાને વંદન કરી પોતાને આશ્રમે પધાર્યા.

આ પ્રમાણે નિરાશાજનક પરિણામને લીધે બિચારી અંબાને ઘણું જ દુઃખ થયું, અને ભીષ્મને મારવાની પ્રતિજ્ઞા કરી એણે રુદ્રની કષ્ટ ભરેલી આરાધના આરંભી. ગંગાને આ ખબર પડવાથી તે અંબાની પાસે ગયાં અને બન્નેની વચ્ચે બહુ બોલા ચાલી થતાં ગંગા એને શ્રાપ આપીને ત્યાંથી વિદાય થયાં. આમ થતાં પણ અંબાએ પોતાનું તપ છોડ્યું નહિ.

કેટલેક કાળે એનું તપ સમાપ્ત થતાં રુદ્ર પોતે ત્યાં પ્રગટ થયા, અને એને કાંઇ વર માગવાનું કહેતાં એણે ભીષ્મને મારવાનું વરદાન માગ્યું. રુદ્રે કહ્યું કે એ કૃત્ય તને આ જન્મે તો અશક્ય છે. પરંતુ આવતે જન્મે દ્રુપદ રાજાને ત્યાં શિખંડિની નામે કન્યા રૂપે અવતરીશ. અમુક પ્રસંગે તને પુરુષત્વ પ્રાપ્ત થશે અને એ જન્મે તું ભીષ્મને હણીશ. તેમ જ તને આ જન્મનું સ્મરણ રહેશે. આમ વર પ્રદાન કરીને રુદ્ર અંતર્ધ્યાન થયા. એનું પ્રારબ્ધ ક્ષિણ થવાથી અંબાનો દેહ પડ્યો અને રુદ્રના વરદાન પ્રમાણે તેણે દ્રુપદ રાજાને ત્યાં શિખંડિની નામની કન્યારૂપે અવતાર લીધો. પુરુષત્વ પ્રાપ્ત થતાં એનું નામ શિખંડી એવું પડ્યું. મહાભારતના યુદ્ધમાં એના બાણવડે જ ભીષ્મનું મરણ થયું. (**મહાભા૦ ઉદ્યો૦ અ૦ ૧૭૩-૧૮૭**).

અંબાજન્મ. ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

અંબાયવીયા. સલ્લોકમાંની એક અપ્સરા.

અંબાલિકા. કાશીરાજની ત્રણમાંની કનિષ્ટ કન્યા. અંબાની બહેન વિચિત્રવીર્ય રાજાની કનિષ્ઠ સ્ત્રી. વિચિત્રવીર્યના મરણ કાળે એને સંતાન નહોતું. તેથી એની સાસુ અને ભીષ્મની ઓરમાન માતા સત્યવતીએ ભીષ્મને એની સાથે નિયોગ વડે પુત્ર ઉત્પન્ન કરવાનું કહેતાં તેમણે પોતે પોતાના પિતાને આપેલું

વચન ભંગ થાય સબબ ના કહી. આ ઉપરથી સત્યવતીએ કૌમાર દશામાં પોતાને પેટે જન્મેલા પુત્ર કૃષ્ણદ્વૈપાયનનું સ્મરણ કર્યું. એ ત્યાં પ્રગટ થયા એટલે સત્યવતીએ તેને વિચિત્રવીર્યના મરણના અને અંબાલિકા સંતતી વગરની હોવાના સમાચાર કહી એની સાથે નિયોગ વડે પુત્ર ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી. કૃષ્ણદ્વૈપાયનનું તેજ ન સહન થવાથી ગર્ભાધાન સમયે અંબાલિકા કંપથી ધોળી ફગ થઈ ગઇ હતી. આથી એને ધોળો ફગ જેવો પુત્ર ઉત્પન્ન થયો જે પાંડુ નામે પાંડવોનો પિતા હતો. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૦૫–૧૦૬**).

અંબિકા. કાશીરાજની ત્રણ કન્યાઓમાં વચલી. એ અંબાથી નાની અને અંબાલિકાથી મોટી હતી. વિચિત્રવીર્યને એ મોટી–પ્રથમ પરણેલી સ્ત્રી હતી. પોતાની બહેન અંબાલિકાની પેઠે એ પણ વિચિત્રવીર્યના મરણ સમયે સંતતી રહિત હોવાથી કૃષ્ણદ્વૈપાયને નિયોગવડે એનામાં પણ પુત્ર ઉત્પન્ન કર્યો હતો. ઉગ્ર દેખાવના વ્યાસને જોઇને ગર્ભાધાન સમયે એણે પોતાનાં નેત્ર મીંચી દીધાં હતાં તેથી એને જન્મથી અંધ ધૃતરાષ્ટ્ર નામે પુત્ર ઉત્પન્ન થયો હતો. દુર્યોધન વગેરે કૌરવોનો પિતા હતો તે ધૃતરાષ્ટ્ર. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૦૫–૧૦૬.**)

અંબુધારા. નવમા દક્ષસાવર્ણિ મન્વન્તરમાં ઋષભ નામે વિષ્ણુનો જે અવતાર થશે તેની માતા.

અંબુમતિ. ભારત વર્ષનું એક તીર્થ.

અંબુવાહિની. ભારતવર્ષની એ નામની એક નદી. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯.**)

અભય. સ્વાયંભૂ મન્વન્તરમાંના ધર્મ નામના ઋષિનો પુત્ર, એની માતાનું નામ દયા.

અભય (૨) પ્રિયવ્રતના પુત્ર ઇધ્મજિહ્વના સાત પુત્રોમાંનો કનિષ્ટ. એ પ્લક્ષદ્વીપમાં સાતમા વર્ષનો–દેશનો–અધિપતિ હતો. એ ઉપરથી એ વર્ષનું પણ એ જ નામ પડ્યું હતું.

અભય (૩) પ્લક્ષદ્વીપ માંહેલો સાતમો વર્ષ–દેશ.

અભય (૪) એ નામના એક બ્રહ્મર્ષિ (૨. કશ્યપ શબ્દ જુઓ.)

અભય (૫) એ નામના એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ.)

અભય. (૬) ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર.

અભયા. ક્રૌંચ દ્વીપની એ નામની નદી.

અંભિણી. એ નામની એક દેવ કન્યા જે સૂર્ય પાસે બ્રહ્મવિદ્યા ભણી હતી.

અભિભૂ. કાશી રાજનો પુત્ર. ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષમાં હતો (**ભા૨૦ દ્રો૦ અ૦ ૨૩**).

અભિમતિ. આઠ વસુમાંના એક વસુની સ્ત્રી.

અભિમન્યુ. ચક્ષુર્મનુના પુત્રોમાંનો એક.

અભિમન્યુ (૨). સોમવંશી પૂરૂ કુળમાં ઉત્પન્ન થએલા અજમીઢ રાજાના વંશમાં જન્મેલા કુરૂના પુત્ર જન્હુ રાજાના કુળના પહુના પુત્ર અર્જુનનો પુત્ર. એ આઠ વસુમાંના સોમ નામના વસુના પુત્ર વર્ચાનો અંશાવતાર હતો. અર્જુનથી કૃષ્ણની બ્હેન સુભદ્રાની કુખે જન્મ્યો હતો. (**ભા૨૦ આદિ૦ અ૦ ૬૭**) જન્મથી જ એ દીર્ઘબાહુ, વીર અને મહા ક્રોધી જણાયો હતો; અને એ કારણે જ એનું નામ અભિમન્યુ પડ્યું હતું.

એ અર્જુન પાસેથી દસ પ્રકારની વિદ્યા અને દિવ્ય અસ્ત્રવિદ્યા શિખ્યો હતો. એ વિદ્યાઓમાં એ એટલો કુશળ થયો હતો કે બળરામે એનું હસ્તલાઘવ અને અસ્ત્રયોજના પરિજ્ઞાનથી સંતુષ્ટ થઇને એને રૌદ્ર નામનું ધનુષ્ય આપ્યું હતું. એનો એસવાનો રથ ઘણો ભવ્ય હોઇને એને કાળા અને પીળા રંગના માંજરા ઘોડા જોડતો. એના રથની ધ્વજ ઉપર શાર્ઙનું ચિત્ર રહેતું અને સુમિત્ર નામનો એનો સારથી રથ હાંકવામાં ઘણો જ કુશળ હતો (**ભા૨૦ દ્રો૦ અ૦ ૨૩**).

અભિમન્યુ એના પિતા અર્જુનના જેવો જ પરાક્રમી હતો. ચક્રવ્યૂહ ભેદીને પાછાં આવવાની કળા સંપૂર્ણ ન આવડતી હોવા છતાં પણ એણે એ મોટું કામ કરવાનું માથે વહોર્યું

હતું એ જ એની સાહસિકતા જણાવે છે. કૌરવ પાંડવના યુદ્ધમાં ભીષ્મ પડ્યા અને બાણશય્યાપર સુતા. એટલે દ્રોણાચાર્યે યુદ્ધનુ સેનાપતિપણું લીધું. એક દિવસના યુદ્ધને અંતે જ આચાર્યને જણાયું કે પોતે વૃદ્ધ હોવાથી પાંડવ પક્ષના અર્જુન સામે પોતાથી ટક્કર લેઇને ટકાશે નહિ. આચાર્ય આમ વિચારતા હતા તેવામાં દુર્યોધન એમના તંબુમાં આવ્યો. એણે કહ્યું કે આવતી કાલે અર્જુનને સંશપ્તક પાસે લશ્કરની બહાર યુદ્ધમાં રોકવાની મેં યોજના કરી છે; માટે આપ ગમે તેમ કરીને સંપૂર્ણ બળવડે યુદ્ધ કરીને યુધિષ્ઠિરને પકડીને મારા હાથમાં સોંપો. અર્જુનની ગેરહાજરી આચાર્યને ઇષ્ટ જ હતી સબબ દુર્યોધનને પોતાની સંમતિ આપી આચાર્ય સુઇ ગયા.

બીજે દિવસે દુર્યોધને આગલી રાત્રે કહ્યું હતું તેવી જ ગોઠવણ કરી છે એવું જોઇને દ્રોણાચાર્યે (અર્જુન શિવાય) બીજા પાંડવ વીરોથી દુર્ભેદ્ય એવા ચક્રવ્યૂહ–ચક્રરાવાની રચના કરી. આ જોઇને અને કૃષ્ણ અને અર્જુન સંશપ્તક ગયા છે જાણી યુધિષ્ઠિરે ભીમસેનને પુછ્યું કે આપણે શું કરવું ? આ જાતના વ્યૂહને ભેદવાની કળા માત્ર કૃષ્ણ, અર્જુન અને પ્રદ્યુમ્નને જ આવડે છે. તેમાંના બે સંશપ્તક ગયા છે અને પ્રદ્યુમ્ન તો દ્વારકામાં છે આમ કહીને યુધિષ્ઠિર શાંત રહ્યા. ભીમસેન પણ એમનાં વચન સાંભળીને ચિંતામાં પડ્યો.

આ પ્રમાણે બન્ને જણ ચિંતામાં મગ્ન હતા તેવામાં અભિમન્યુ ત્યાં આવ્યો. એમની ચિંતાનું કારણ પુછતાં એમણે સવિસ્તર હકીકત જણાવી. આપણી સેનામાં ચક્રવ્યૂહનો ભેદ કરનાર કોઈ પણ નથી એ શબ્દ સાંભળી તે બોલ્યો ચક્રવ્યૂહ ભેદીને તેમાં શી રીતે પ્રવેશ કરવો એ તો મેં સાંભળ્યું છે; પરંતુ બહાર શી તરેહથી નીકળવું એ સંબંધે કશું સાંભળેલું ન હોવાથી મને બબર નથી. છતાં આપ વડીલો મારી પછવાડી રહેશો તો હું એ વ્યૂહને ભેદીશ. ભીમસેનને આથી ધીરજ આવવાથી બોલ્યો કે એમ છે તો આપણા કેટલાક વીરોને લઇને તું જઇશ તે જ રસ્તે હું તારી પછવાડી પછવાડી આવીશ. આથી પાછાં ફરવાનું જ્ઞાન ન હોવા છતાં અમે પાસે જ કુમકે હોઇશું એટલે તને કશી અડચણ પડશે નહિ.

ભીમસેનનાં આવાં વચન સાંભળીને અભિમન્યુએ ચક્રવ્યૂહ ભેદીને અંદર જવાનું સ્વીકાર્યું. એણે પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું કે જો હું અર્જુન અને સુભદ્રાનો પુત્ર હોઇશ તો જરૂર ચક્રવ્યૂહનો ભેદ કરીશ અને દુષ્મનો મારૂં પરાક્રમ જોશે. યુધિષ્ઠિર પ્રસન્ન થઇને એને ભેટ્યા અને આશિર્વાદ દીધો કે વિજયી થઇને વહેલો પાછો વળજે. તેમણે ભીમ વગેરેને એની સંભાળ રાખવાનું સચવીને એને વ્યૂહ પ્રવેશની આજ્ઞા કરી.

અભિમન્યુએ યુધિષ્ઠિરને અને ભીમસેનને અનુક્રમે વન્દન કર્યું. પછી પોતાના રથમાં બેસીને સારથીને આજ્ઞા કરી કે વ્યૂહના દ્વાર ઉપર દ્રોણાચાર્ય ઉભા છે ત્યાં મારો રથ લઇ જા. અભિમન્યુ સાથે કેટલીક વાત કરતાં એની બહાદૂરી જોઇને સંતોષ પામી સારથીએ એવી ચતુરાઇ અને ત્વરાથી રથ હાંક્યો કે દ્વારે ઉભેલા આચાર્યને એને રોકવાની તક મળી નહિ. અભિમન્યુ નિર્વિઘ્ને ચક્રવ્યૂહમાં દાખલ થઈ ગયો. અભિમન્યુના પેસતાં તરત જ પાછળ પાછળ ભીમસેન વગેરે પણ પેઠા. કૌરવ સેનાએ આ જોઈ તેમના ઉપર મોટા આવેશવડે ધસારો કર્યો. બન્ને પક્ષ વચ્ચે તુમુલ યુદ્ધ થયું. યુદ્ધમાં અભિમન્યુએ કેટલાકના હાથ, કેટલાકનાં શિર ઉડાડી દેઈ ભોંય પાડ્યા. કેટલાનાંયે ધનુષ્ય તોડી નાંખ્યાં. કૌરવોની સેના એટલી કપાઈ ગઇ કે મોટા મોટા યોદ્ધાઓ પણ ધવાઈ હવે રણપરથી નાશી જઇએ એવો વિચાર કરવા લાગ્યા.

અભિમન્યુનું આવું અદ્‌ભુત યુદ્ધ દૂરથી

જોઇને દ્રોણાચાર્ય પડે એ હતો ત્યાં આવ્યા. એમણે બધા વીરોને આજ્ઞા કરી કે તમે દુર્યોધનને સંભાળો, આની જોડે હું યુદ્ધ કરું છું. કેટલાક યોદ્ધા લઇને આચાર્ય અભિમન્યુ સાથે યુદ્ધમાં જોડાઈ ગયા. અભિમન્યુ બધાની જોડે સારી રીતે યુદ્ધ કરતો હતો. એણે અષ્મક નામના રાજાને ઠાર માર્યો. શલ્યને મૂર્છા પમાડી. શલ્યનો ભાઈ આથી એના ઉપર ધસી આવ્યો એને સેનાસહિત હતપ્રાણ કર્યો. આ જોઇને ઘણો ક્રોધ કરીને કર્ણ અભિમન્યુ ઉપર ધાયો. એની જોડે પણ અભિમન્યુએ એવું યુદ્ધ કર્યું કે કર્ણને પણ લાગ્યું કે આની જોડે યુદ્ધ પ્રસંગ ન પડે તે જ ઠીક. આ પ્રમાણે યુદ્ધમાં ઘુમતો થકો અભિમન્યુ ભીમ વગેરે કુમકે પછવાડી આવેલા વીરોથી ઘણો દૂર ગયો. છતાંયે બધા નજર પહોંચે એટલે છેટે હોવાથી ધૈર્ય ન છોડતાં પોતે યુદ્ધ ચલાવે જ ગયો. એણે અસંખ્ય વીરોનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો. એનું વીરત્વ અને યુદ્ધ કૌશલ્ય જોઇ દ્રોણાચાર્ય કૃપાચાર્યને કહેવા લાગ્યા કે મને આ છોકરો અર્જુનના જેવો જ લાગે છે; અને એમ મોહ થાય છે કે એનાં સામાં હથીયાર વાવરૂં નહિ. દુર્યોધનને આચાર્યનાં આ વચન સાંભળી ચિંતા થઈ કે રખેને આચાર્યની વાણી સત્ય થાય. દુર્યોધનની ચિંતા જોઇને દુશાસન ઘણી ત્વરાથી અભિમન્યુ ઉપર ધાયો. અભિમન્યુએ એની જોડે કાંઈ સંભાષણ કરી એને એવો મૂર્છિત કર્યો કે એના સારથીને લાગ્યું કે એ મરણ પામ્યો. સારથી એનો રથ પછવાડેથી બાજુપર લઇને જતો રહ્યો.

દુઃશાસનની આવી દુર્દશા જોઇને પાછો કર્ણ એના ઉપર ધસ્યો. અભિમન્યુએ એને હેરાન કરી નાંખ્યો. એણે એના દેખતાં જ એના ભાઇ રાધેયને એકાએકી ઠાર કર્યો. કર્ણ બહુ ખિન્ન અને શોકાકુલ થઇ ગયો. અહીં અભિમન્યુ સહસ્ત્રાવધી યોદ્ધા મારતો થકો વ્યૂહમાં એટલો દૂર ગયો કે ભીમસેન વગેરે એને અને એ એમને દેખતા બંધ થયા. પરંતુ અભિમન્યુએ રસ્તામાંના એટલા યોદ્ધા મારી નાખ્યા હતા કે ભીમસેન વગેરેને એની પાછળ આવવું સુગમ પડે. એણે જાણ્યું કે એ વીરો સત્વર આવી મળશે. અને ખરેખર ભીમસેન વગેરે વીરો એને તરત જ આવી મળ્યા હોત, પરંતુ એટલામાં જયદ્રથે વચે આવી એ લોકોનો પરાભવ કર્યો અને આગળ વધવા દીધા નહિ. જયદ્રથને રુદ્રનું વરદાન હોવાથી એ આ પરાક્રમ કરી શક્યો. (૩ જયદ્રથ શબ્દ જુઓ.)

અહીં અભિમન્યુ ભીમસેન વગેરેની વાટ જુએ છે એટલામાં કર્ણ–પુત્ર વૃષસેન એના ઉપર ધસી આવ્યો. અભિમન્યુએ એનો પરાભવ કર્યો. વૃષસેનનું રક્ષણ કરનારા સાતી, સત્યશ્રવા, શલ્યપુત્ર રુક્મરથ, અને એના સો ભાઇઓ, દુર્યોધનનો પુત્ર લક્ષ્મણ અને ક્રથરાજા જેવા મોટા મોટા યોદ્ધા વૃષસેનની પુંઠ પૂરતા હતા છતાં તેમના દેખતાં અભિમન્યુએ એને ઠાર માર્યો. આ ઉપરથી દ્રોણ, કર્ણ, કૃપ, અશ્વત્થામા, બૃહદ્બળ રાજા અને કૃતવર્મા યાદવ એ છ મહારથી ત્યાં આવ્યા. બધાએ મળી સામટી બાણની વૃષ્ટિ કરી. અભિમન્યુ એનું નિવારણ કરતો હતો અને બધાને હેરાન કરતો હતો. દસ હજાર રથો સહિત બૃહદ્બળ રાજાને એણે મારીને ભોંય પાડ્યો.

અભિમન્યુનું આ વિલક્ષણ શૌર્યયુક્ત કર્મ જોઇ કર્ણ દ્રોણાચાર્યને કહેવા લાગ્યો કે આજે આપણે એને હાથે ઉગરીએ એમ લાગતું નથી. આ સાંભળીને દ્રોણાચાર્યે દરેક મહારથીને અટકેકું કરવાનું કહ્યું. કહ્યું કે એમ કર્યા વગર એ મરનાર નથી. કોણે શું શું કરવું એનો સંકેત કરી પોતે એના કવચને તોડી ભોંય પાડ્યું. રથના ઘોડા મારી નાંખ્યા. એટલામાં કર્ણે એનું ધનુષ્ય તોડ્યું. કૃતવર્માએ એના સારથી અને ચક્રરક્ષકને માર્યો.

રથ નકામો થવાથી અભિમન્યુ હાથમાં ખડ્ગ અને ઢાલ લઇને ધાયો અને પગભર

યુદ્ધ કરવા માંડ્યું. આ જોઇને દ્રોણે એના ખડ્ગનો અને કર્ણે ઢાલનો નાશ કર્યો. અભિમન્યુએ પોતાના રથનું ચક્ર હાથમાં લીધું. દ્રોણે તરત જ એનો નાશ કરવાથી એણે ક્રોધ કરીને ગદા હાથમાં લીધી. આવેશમાં આવી જઈ એણે અશ્વત્થમાના રથના ઘોડા, સારથી અને ઘણાએક ગાંધારો અને બીજા સૈનિકોના પ્રાણ લીધા.

આમ યુદ્ધ ચાલી રહ્યું છે એવામાં દુઃશાસનનો પુત્ર એના ઉપર ધસી આવ્યો. એ બન્નેની વચમાં પ્રબળ યુદ્ધ થયું. ઘણું યુદ્ધ કરવાથી અભિમન્યુ થાકી ગયેલો હોવાથી દુઃશાસનના પુત્રની ગદા એના શરીર પર પડતાં એને મુર્છા આવી. સાવધ થઇને એ પાછો ઉઠતો હતો એટલામાં એના મસ્તક પર ગદાનો ઘા વાગવાથી એ ભોંય પર પડી મરણ પામ્યો.

અભિમન્યુ પોતાના મામા કૃષ્ણના જેવો જ કાંતિવાન હતો. શૌર્ય અને વીર્યમાં પણ એવો જ હતો. કૃષ્ણને એના પર ઘણી જ પ્રીતિ હતી. કૃષ્ણના કરતાંએ બળરામને એ વધારે પ્રિય હતો. બળરામની કન્યા વત્સલા એને વરી હતી. વિરાટ રાજાની કન્યા ઉત્તરા એની બીજી સ્ત્રી હતી. એના મરણ કાળે ઉત્તરા ગર્ભવતી હતી. એને અભિમન્યુના મરણ પછી જન્મેલો પુત્ર તે પરીક્ષિત રાજા. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૩૫–૪૮**). અભિમન્યુ પકડ્યા પછી અર્જુન એની પાસે આવ્યો ત્યારે એણે કહ્યું કે હું પડ્યો તેનું મને કાંઈ નથી, પણ મને પકડ્યા પછી જયદ્રથે લાત મારી ને મારું અપમાન કર્યું તે સાલે છે. અર્જુને એના સાંભળતાં પ્રતિજ્ઞા કરી કે હું જયદ્રથને કાલે મારીશ જ. પછી કૃષ્ણના સામું જોઈ અભિમન્યુએ પ્રાણ ત્યાગ કર્યો.

અભિમાન. સ્વાયંભૂ મન્વન્તરમાં થએલા ધર્મ ઋષિનો ઉન્નતિને પેટે જન્મેલો પુત્ર.

અભિસાર. ભારતવર્ષનો એ નામનો એક દેશ. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૭.**)

અભિસારીપુરી. ચિત્રસેન વખતે પાંડવોમાંના સાર દેશની રાજધાની (ચિત્રસેન જુ તંત્રિપાળ

અભૂતરજસ. રૈવત મન્વન્તરમાંનો એક દેવ વિશ્વા

અમોરુહ. વિશ્વામિત્રના પુત્રોમાંનો એક (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

અમર. દેવ. દેવતા. સુર.

અમરાવતી. ઇંદ્રપુરી.

અમરકંઠક. ભારતવર્ષમાંનો એક સામાન્ય પર્વત. કલિંગ દેશમાં એ એક ઓરસ ચોરસ જોજન વિસ્તારમાં આવેલો છે, અને નર્મદા નદી એમાંથી નિકળે છે. (**મત્સ્ય૦ અ૦ ૧૧૩**).

અમરણ. એ નામનો એક બ્રહ્મર્ષિ (૨ અત્રિ શબ્દ જુઓ).

અમરહ્રદ. ભારતવર્ષનું એક તીર્થ.

અમરાવતી. ઇન્દ્રની સ્વર્ગની નગરી.

અમર્ક. બીજા અંકસંજ્ઞાવાળા ઉશના નામના ઋષિના બેમાંનો કનિષ્ટ પુત્ર. (શંડામર્ક શબ્દ જુઓ).

અમર્ષણ. સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળોત્પન્ન રામચન્દ્રના પુત્ર કુશના પુત્ર નભના વંશમાં જન્મેલા સંધિ રાજાનો પુત્ર. મહસ્વાન્ નામનો રાજા એનો પુત્ર થાય.

અમલ. ધૃતબુદ્ધિ નામના પ્રધાનનો નાનો પુત્ર. (ચન્દ્રહાસ શબ્દ જુઓ).

અમલા. વૈવસ્વત મન્વન્તરમાં થએલા અત્રિ ઋષિની કન્યા. એ મહાન બ્રહ્મનિષ્ટ હતી.

અમાર્ગપથ. એ નામના એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

અમિતૌજા. કેતુમાન નામના અસુરનો અંશાવતાર અને ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા.(**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૭૧**).

અમિત્રજિત. સૂર્યવંશી ઇક્ષ્વાકુળના સુતપા રાજાનો પુત્ર અને અંતરિક્ષ રાજાનો પૌત્ર.

અમૂર્તરજા. સોમવંશી વિજય નામના રાજાના ચારમાંનો બીજો પુત્ર. કોઈ ઠેકાણે એનું મૂર્તય એવું નામ પણ આપ્યું છે.

અમૂર્તરજા. (૨). એક રાજર્ષિ એનું મુખ્ય નામ ગય. (ગય શબ્દ જુઓ).

અમૂર્તરયા. સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળના ગય રાજાનો વંશજ.

અમૃત. પ્રિયવ્રતનો પુત્ર ઇધ્મજિહ્વના સાતમાંનો છઠ્ઠો પુત્ર. એના દેશનું પણ એ જ નામ છે.

અમૃત. (૨) પ્લક્ષદ્વીપમાંનો છઠ્ઠો દેશ.

અમૃત (૩) ચૌદ રત્નમાંનો અમરકારક રસ વિશેષ. સમુદ્રમાંથી નિકળેલાં ચૌદમાંનું એક રત્ન.

અમૃતનાદ. યજુર્વેદનું મુખ્ય ઉપનિષદ. એને નાદ ઉપનિષદ પણ કહે છે.

અમૃતપ્રભ. આઠમા સાવર્ણિ મન્વન્તરમાં થનારા દેવમાંના એક પ્રકારના દેવ.

અમૃતબિંદુ. યજુર્વેદનું મુખ્ય ઉપનિષદ. એને બિંદુ ઉપનિષદ પણ કહે છે.

અમૃતોધ્વા. ક્રૌંચ દ્વીપમાંહ્યલી નદી.

અમોઘ. બૃહસ્પતિથી તારાને પેટે થએલી સ્વાહા નામની કન્યાના ત્રણ પુત્રોમાંનો કનિષ્ટ.

અયુ. બીજા સ્વારોચિષ મન્વન્તરમાંનો પ્રજાપતિ અને વસિષ્ઠનો પુત્ર. (૧ વસિષ્ઠ શબ્દ જુઓ).

અયતિ. નહુષ રાજાના છમાંનો ચોથો પુત્ર.

અયન. દેવ વિશેષ (સાધ્ય દેવ શબ્દ જુઓ).

અયઃપાન. એ નામનું એક નરક. ત્રણે વર્ણના લોકમાંથી જે પુરુષ અગર સ્ત્રી સુરાપાન કરે છે અથવા વિધી વગર સોમપાન કરે છે તેને લોહરસ પાય છે અને આ નરકમાં નાંખે છે.

અયવાહ. ભારતવર્ષનો એ નામનો એક દેશ. **(ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯).**

અયઃશિરા. દનૂ અને કશ્યપથી જન્મેલા દાનવોમાંનો એક.

અયાસ્ય. અંગિરસ ગોત્રમાં ઉત્પન્ન થએલો એક ઋષિ. એના વંશજોને આયાસ્ય કહ્યા છે. હરિશ્ચન્દ્ર રાજાના યજ્ઞમાં ઉદ્‌ગાતા થયો હતો. **(ભા૨૦ સભા૦ અ૦ ૧૨).**

અયુત. સોમવંશ ગુરુકુળના અજમીઢ વંશના જન્હુકુળમાં જન્મેલા રાધિક રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ક્રોધન રાજા.

અયુતાજિત. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશમાં જન્મેલા સાત્વત રાજાના પુત્ર ભજમાન્ રાજાને તેની બીજી સ્ત્રીથી થએલા ત્રણ પુત્રોમાંનો નાનો પુત્ર.

અયુતાયુ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના સિંધુદ્વીપ રાજાનો પુત્ર. એનો પુત્ર તે ઋતુપર્ણ રાજા.

અયુતાયુ. (૨). સોમવંશી નહુષકુલોત્પન્ન પુરુ રાજાના ઉપરિચર વસુરાજાના કુળમાં અવતરેલા શ્રુતશ્રવા રાજાનો પુત્ર. એના પુત્રનું નામ નિરમિત્ર હતું.

અયોધ્યા. વૈવસ્વત મનુએ પોતાને રહેવાને માટે સ્થાપેલી નગરી. ગ્રંથોમાં એને બાબેભારે કોશળ દેશની રાજધાની કહી છે. ઇંદ્રપ્રસ્થની પૂર્વે જુદી જુદી તરફ આવેલા બે કોશળ દેશમાં જે આગ્નેય દિશામાં આવેલો છે તેની રાજધાની. દશરથ રાજાના સમયમાં એ બાર યોજન લાંબા અને ત્રણ યોજન પહોળાઈના વિસ્તારમાં હતી. **(વા૦ રા૦ બા૦ સ૦ ૫).** દશરથના મરણ બાદ આ નગરીમાં દાશરથી રામચન્દ્રે અગીઆર હજાર વર્ષ રાજ્ય કર્યું. પછી જ્યારે એઓ સ્વધામ ગયા ત્યારે બધી વસ્તીને અને પ્રાણિ માત્રને પોતાની સાથે લઇ ગયા હતા, તેથી ઘણા કાળ પર્યન્ત એ એ નગરી ઉજડ પડી રહી હતી. આગળ જતાં સૂર્યવંશી ઋષભ નામના રાજાએ ફરી વસાવી. **(વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૧૧૧).**

અયોધ્યાહુ. ધૃતરાષ્ટ્ર રાજાના સો પુત્રમાંનો એક.

અયોમુખ. દનુના પુત્ર દાનવોમાંનો એક.

અયોમુખ. (૨) ભરતવર્ષમાં દક્ષિણ તરફ એક સામાન્ય પર્વત (વા૦ રા૦ કિષ્કિંધા૦).

અયોમુખી. એ નામની એક રાક્ષસી. પંચવટીમાંથી સીતાનું હરણ થયા પછી તેનો શોધ કરવાને રામ અને લક્ષ્મણ ક્રૌંચ અરણ્યમાં જતાં જતાં માતંગાશ્રમ પાસે ગયા હતા. ત્યાં આ રાક્ષસી લક્ષ્મણ પાસે આવી અને શૂર્પનખાની પેઠે એણે પણ લક્ષ્મણને પરણવાની ઇચ્છા પ્રદર્શિત કરતાં તેણે શૂર્પનખાના જેવી જ એની વલે કરવાથી એ ત્યાંથી નાશી ગઈ હતી. **(વા૦ રા૦ અર૦ અ૦ ૬૯).**

અરજા. ભૃગુવંશની ભાર્ગવ કન્યા. દંડક નામના રાજાએ એનું કૌમાર્ય નષ્ટ કર્યું હતું. (દંડક શબ્દ જુઓ).

અરટ્ટ. ભારતવર્ષીય (વાહીક શબ્દ જુઓ). ઉત્તમ જાતના ઘોડાને માટે પ્રખ્યાત એક દેશ.

અરંતુક. એ નામનો એક ઉંડો ઝરો. (૨. કુરુક્ષેત્ર શબ્દ જુઓ).

અરાલિ. એક વિશ્વામિત્રપુત્ર.

અરિ. એક બ્રહ્મર્ષિ (૩. અંગિરા શબ્દ જુઓ).

અરિઘ્ન. રાવણના પક્ષનો એક રાક્ષસ.

અરિજિત. ભદ્રાને પેટે જન્મેલો કૃષ્ણનો પુત્ર.

અરિદ્યોત. નહુષ કુળોત્પન્ન યદુના પુત્ર ક્રોષ્ટાના સાત્મતકુળમાંના અંધક વંશમાં જન્મેલા દુંદુભિ રાજાનો પુત્ર. પુનર્વસુ નામના રાજાનો પિતા.

અરિમર્દન. સોમવંશી સાત્મતકુળોત્પન્ન વૃષ્ણિ પુત્ર શ્વફલ્ક રાજાના તેર પુત્રોમાંનો એક.

અરિમેજય. એ નામનો એક યાદવ.

અરિષ્ટ. બલી દૈત્યના સો પુત્રમાંનો એક.

અરિષ્ટ. (૨) દનુપુત્ર એક દાનવ.

અરિષ્ટ. (૩) કંસની આજ્ઞાવડે વૃષભનું રુપ ધારણ કરીને કૃષ્ણનો નાશ કરવા ગયો હતો તે રાક્ષસ. કૃષ્ણને હાથે એ મરણ પામ્યો હતો. **(ભા૦ દશ૦ અ૦ ૩૬).**

અરિષ્ટ. (૪) લંકાનો એ નામનો યોજન વિસ્તાર અને ત્રીસ યોજન ઉંચાઈ વાળો એક પર્વત. સીતાની શોધ કરીને મારુતિ કિષ્કિંધા આવવાને આ પર્વત ઉપર ઉભો રહીને કૂદ્યો હતો. એના કૂદવાના બળ વડે પર્વત ભોંયમાં પેશી ગયો તે ગયો જ. **(વા૦ રા૦ સુંદ૦ અ૦ ૫૬).**

અરિષ્ટનેમિ. કશ્યપ ઋષિનું બીજું નામ **(ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૦૮ શ્લો૦ ૮).**

અરિષ્ટનેમિ. (૨) કશ્યપ વડે વિનતાને પેટે થયેલો પુત્ર. એનું બીજું નામ તાર્ક્ષ્ય. મુખ્યત્વે કરીને ગરુડનું આ નામ છે.

અરિષ્ટનેમિ. (૩) પોષ મહિનામાં વારાવાળો ગંધર્વ (સહસ્ય શબ્દ જુઓ)

અરિષ્ટનેમિ. (૪) પ્રાચેતસ દક્ષની ચાર કન્યાઓનો પતિ.

અરિષ્ટનેમિ. (૫) વિદેહવંશના પુરુજિત્ જનકનો પુત્ર. એનો પુત્ર તે શ્રુતાયુજનક.

અરિષ્ટનેમિ. (૬) ગુપ્તવાસ વખતે પાંડવોમાંના સહદેવે ધારણ કરેલું નામ. નકુલે તંતિપાળ નામ રાખ્યું હતું. **(ભા૨૦ વિરા૦ અ૦ ૧૦)**

અરિષ્ટસેન. મહાભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા (ભા૨૦ શલ્ય૦ અ૦ ૬)

અરિષ્ટા. કોઇ ગ્રંથમાં મળી આવતું કશ્યપ ઋષિની સ્ત્રીનું નામ. ભારતમાં જે તેર સ્ત્રીઓનાં નામ આપ્યાં છે તેમાં કોઇનું એ નિશ્ચય પૂર્વક કહેવાતું નથી.

અરુજ. રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ.

અરુણ. પાંચમા રૈવત મનુના દશ પુત્રોમાંનો એક.

અરુણ. (૨) કશ્યપ ઋષિથી વિનતાને પેટે અવતરેલો પુત્ર. ગરુડનો મોટો ભાઇ. વિનતાએ એનું ઇંડું પરિપક્વ થવાના સમય પહેલાં ઉતાવળ કરીને ફોડવાથી એ પાંગળો જન્મ્યો હતો. અનૂરુ અને વિપાદ એવાં એનાં બીજાં નામો છે. એણે પોતાની માને શાપ દીધો હતો કે ત મને અપૂર્ણ-સર્વાંગ ઉત્પન્ન થાય તે પૂર્વે-જન્મ આપ્યો માટે તારે સોક્યનું દાસીપણું કરવું પડશે. માની પ્રાર્થના ઉપરથી એણે ઉશાપ આપ્યો હતો કે તારે બીજો પુત્ર થશે તે તારું દાસત્વ ફેડશે. પ્રસ્તુત કાળમાં એ સૂર્યનો રથ હાંકે છે-સૂર્યનો સારથી છે. **(ભા૨૦ આદિ૦ અ૦ ૨૪)** એની સ્ત્રીનું નામ શ્યેની; અને સંપાતિ એને જટાયુ નામના બે પુત્ર હતા.

અરુણ. (૩) ગૌતમ ગોત્રોત્પન્ન એક ઋષિ. કોઇ કોઇ ગ્રંથમાં એને અરુણિ પણ કહ્યો છે. એનો આરુણિ નામનો પુત્ર તે જ ઉદ્દાલક ઋષિને નામે પ્રસિદ્ધ છે.

અરુણ. (૪) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના પહેલા અનરણ્ય નામના રાજાના હર્યશ્વ નામના પુત્રથી દૃષદ્વતી નામની સ્ત્રીને પેટે જન્મેલો પુત્ર. એનું નિબંધન અગર ત્રિબંધન નામનો પુત્ર હતો.

અરુણ. (૫) વિપ્રચિત્ત નામના દાનવવંશમાં જન્મેલો એક દાનવ. એણે ત્રીસ વર્ષ સુધી ગાયત્રી

પુરશ્ચરણ કરીને ઉગ્ર તપ કરીને બ્રહ્મદેવને આરાધ્યા હતા. બ્રહ્મદેવે પ્રત્યક્ષ થઇને વર માગવાનું કહેતાં એણે હું અમર થાઉં એવું માગ્યું હતું. પરંતુ બ્રહ્મદેવે એમ થવું અપ્રાપ્ત છે કહેતાં એણે ફરી માગ્યું કે સ્ત્રી, પુરુષ, દ્વિપદ, ચતુષ્પદ, એમાંથી કોઇ તરફથી મને મૃત્યુ પ્રાપ્ત ન થાઓ. જા એમ થશે. એવો વર પ્રદાન કરી બ્રહ્મદેવ અંતર્ધ્યાન થયા. પછી એણે પોતાની અસુર મંડળી જમાવી ત્રૈલોકને પીડા કરવા માંડી. દિગ્પાળોને જિતી તેમનો અધિકાર પોતે લઈ લીધો. આમ થવાથી સરવેને ત્રાસ થતાં દેવ ઋષિયો વગેરે [illegible] સમાં હવે શું કરવું એવો [illegible] વિચાર કરવા લાગ્યા. તેટલામાં [illegible] અકાએક આકાશવાણી થઈ કે આ દાનવ ગાયત્રીનો ત્યાગ કર્યા વગર મરણ પામશે નહિ. એ સાંભળી બધાએ એ યોજના બર લાવવાને બૃહસ્પતિને નિમ્યા. ભલે, એમ કહીને બૃહસ્પતિ દાનવ પાસે ગયા. એમને જોઇને દાનવે કહ્યું કે હું આપના પક્ષનો ન છતાં આપ અહીં પધાર્યા એ આશ્ચર્ય ભરેલું છે. તે ઉપરથી બહસ્પતિએ કહ્યું કે હે અરુણ તું એમ કેમ કહે છે? તું પણ અમારા જ પક્ષનો છે. જે ગાયત્રી દેવીની અમે ઉપાસના કરીએ છીએ તેનો તું પણ ઉપાસક છે. માટે ખરેખાત તું પણ અમારા પક્ષનો જ છે. મોહવડે કરીને બૃહસ્પતિનું કહેવું એને વિપરીત ભાસ્યું. હું દેવનો વિરોધી છતાં દેવોની ઉપાસ્ય ગાયત્રીની મારે ઉપાસના કરવી એ અયાગ્ય છે, એવી કુબુદ્ધિ એનામાં ઉત્પન્ન થઈ. એણે ગાયત્રીની ઉપાસના તજી દીધી. આથી ગાયત્રીનો એના ઉપર કોપ થયો અને આ દાનવ તત્કાળ મરણ પામ્યો. (**દેવી ભા૦ દશમ૦ અ૦ ૧૩**)

અરુણ. (૬) કૃષ્ણે મારેલો એ નામનો એક અસુર (નરકાસુર શબ્દ જુઓ.)

અરુણ. (૭) એ નામનો કૃષ્ણનો પ્રપૌત્ર. એ મહારથી હતો.

અરુણ. (૮) કૈલાસ શિખરની પશ્ચિમે આવેલું હિમાલયનું એક શિખર.

અરુણ. (૯) અગીઆરમા ધર્મ સાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્તઋષિયોમાંનો એક.

અરુણા. કૌરવ પાંડવની યુદ્ધભૂમિ–કુરુક્ષેત્રમાં હિમપ્રસ્થ નામના સ્થળની પાસે વહેતી નદી. સરસ્વતીના સપ્તપ્રવાહ પૈકીનો ઓઘવતી નામનો પ્રવાહ આ નદીની આગળ જ વહે છે. (**ભાર૦ શૈલ્ય૦ અ૦ ૫**)

અરુણા. (૨) લક્ષદ્વીપમાંની એ નામની એક નદી.

અરુણા. (૩) પ્રધાને પેટે થએલી અપ્સરાઓમાંની એક.

અરુણાયનિ. [illegible] એક બ્રહ્મર્ષિ (૩ઓંગરો શબ્દ જુઓ.)

અરુણિ. બ્રહ્મમાનસ પુત્ર (**ભાગ૦ચતુ૦અ૦૮.**)

અરુણિ. (૨) ત્રીજા અંકની સંજ્ઞાવાળા અરુણ ઋષિનું બીજું નામ.

અરુંધતી. સ્વાયંભૂ મન્વંતરમાં થયેલા વસિષ્ટ ઋષિની પત્ની. એ કર્દમ પ્રજાપતિ અને દેવહૂતીની નવ કન્યાઓમાંની એક હતી. (૧ કર્દમ શબ્દ જુઓ.)

અરુંધતી. (૨) ચાલુ વૈવસ્વત મન્વંતરમાંના મૈત્રાવરુણિ વસિષ્ઠ ઋષિની સ્ત્રી. એનાં માતપિતાનાં નામ મળતાં નથી, પણ એ નારદની બ્હેન હતી એટલુંજ જણાય છે. (૨ નારદ શબ્દ જુઓ.) વસિષ્ટથી એને શક્તિઋષિ નામે પુત્ર થયો હતો (**મત્સ્ય૦ અ૦ ૨૦૦**)

અરુંધતી. (૩) પ્રતેચા દક્ષની કન્યા અને ધર્મઋષિની દશ સ્ત્રીઓમાંની એક. એનાં બીજાં નામ કકુબ અગર કકુભ એવાં છે. એના પુત્રનું નામ સંકટ અને પૌત્રનું નામ કીકટ હતું. (**ભાગ૦ ષષ્ટ. સ્કં૦ અ૦ ૬**)

અરુંધતીવટ. એ નામનું ભારતવર્ષનું એક તીર્થ.

અરૂપા. કશ્યપ વડે પ્રધાને પેટે જન્મેલી અપ્સરાઓમાંની એક.

અર્ક. સૂર્યનું એક નામ.

અર્ક. (૨) સોમવંશી નહુષ કુલોત્પન્ન યયાતિના પુત્ર પૂરૂ રાજાના અજમીઢ કુલમાંના નીલ રાજાના વંશજ પુરુરાજાનો પુત્ર. એને ભર્મ્યાશ્વ અગર ભદ્રાશ્વ નામનો પુત્ર હતો.

અર્ક (૩) રામની સેવામાં એ નામનો એક વાનર. (**વા૦ રામા૦ યુદ્ધ૦ સ૦ ૪**)

અર્કપર્ણ. કશ્યપને મુની નામની ભાર્યાથી થએલા દેવગંધર્વમાંનો એક. એનું બીજું નામ ત્રણપ હતું

અર્ચિ. વેનરાજાના મરણ પછી એના દેહનું મથન કરવાથી નિકળેલા જાડકામાંની કન્યા. એ જ જોડકામાંના પુરુષ--પૃથુરાજાને જ પરણાવી હતી. (પૃથુ શબ્દ જુઓ.)

અર્ચિ. (૨) કૃશાશ્વ ઋષિની બેમાંની પહેલી સ્ત્રી. એના પુત્રનું નામ ધૂમ્રઋષિ.

અર્ચિમાલી, સીતાની શોધ સારૂ પશ્ચિમમાં ગએલા વાનરમાંનો એક(**વા૦રા૦ કિષ્કિં૦સ૦૪૨**)

અર્ચિષ્મતી. બૃહસ્પતિની બીજી સ્ત્રી.શુભાની સાત કન્યાઓમાં ચોથી.

અર્ચિષ્માન. રામની સેનામાંનો એ નામનો એક વાનર.

અર્જુન. પાંચમા રૈવત મનૂના દિકરાઓમાંનો એક.

અર્જુન. (૨) સોમવંશી યદુપુત્ર સહસ્ત્રાજિતના હૈહયકુળમાં જન્મેલા ધનક રાજાનો પૌત્ર, અને કૃતવીર્ય રાજાનો પુત્ર. એનાં બીજાં નામ કાર્તવીર્ય અને સહસ્ત્રાર્જુન (કાર્તવીર્ય શબ્દ જુઓ.)

અર્જુન. (૩) સોમવંશી નહુષ કુળોત્પન્ન યયાતિના પૂરૂના અજમીઢ વંશથાં જન્મેલા જન્હુરાજકુળમાંના શંતનૂના પંડુ નામના પૌત્રને પૃથા અગર કુંતીને પેટે થએલા ત્રણ પુત્રોમાંનો નાનો. એ દુર્વાસા ઋષિના મંત્ર પ્રભાવે કરીને ઇન્દ્રના અંશથી કુંતીના ગર્ભમાં પેદા થયો હતો. (**ભાર૦ આદિ૦ અ૦ ૧૧૮–૧૨૪**

યુધિષ્ટિરાદિ પોતાના ચારે ભાઇઓ અને દુર્યોધનાદિ સોએ ભાઇઓની સાથે જ અર્જુને દ્રોણાચાર્ય પાસે શસ્ત્રાસ્ત્રનો અભ્યાસ કરી એ વિદ્યા સંપાદન કરી હતી. આ વિદ્યામાં એ પરમ નિપુણ હતો. સબબ સઘળા શિષ્યો કરતાં દ્રોણાચાર્યનો એના ઉપર વિશેષ પ્રેમ હતો. એક વખત સઘળા શિષ્યોની પરીક્ષા લીધી તે વખત એ સર્વેથી ઉત્તમ ઠર્યો હતો. બધા રાજકુંવરોનો અભ્યાસ પૂરો થતાં દ્રોણાચાર્યે ગુરુદક્ષિણામાં માગ્યું હતું કે દ્રુપદ રાજાને બાંધીને મારી પાસે આણો." સઘળા દ્રુપદ રાજાને પકડવા પાંચાળ દેશમાં ગયા હતા તેમાં અર્જુન પણ હતો. ત્યાં મોટો યુદ્ધ પ્રસંગ થયો પરંતુ દ્રુપદ રાજા મહાપરાક્રમી હોવાથી કોઇથી બંધાયો નહતો. છેવટે અર્જુને મોખરે થઇને યુદ્ધ કરી એને જીતી પોતાના રથ સાથે બાંધીને દ્રોણાચાર્ય પાસે આણ્યો હતો. (દ્રોણાચાર્ય શબ્દ જુઓ.)

દિવસે દિવસે બધા રાજકુંવરો મોટા થયા એટલે કૌરવ પાંડવોમાં વારંવાર કલહ થવા માંડયો. આ જોઇને ધૃતરાષ્ટ્રે પાંડવોને વારણાવત નગરીમાં જુદા રાખવાનો નિશ્ચય કર્યો. ધૃતરાષ્ટ્રની જાણ બહાર વારણાવતમાં લાક્ષાગૃહ કરાવી તેમાં પાંડવોને રાખી તેમને બાળી મૂકવાની યોજના દુર્યોધને કરી. આ વિચારની ખબર વિદુરને પડતાં એણે યુધિષ્ઠિરને બર્બર ભાષામાં બોલીને ચેતાવ્યા હતા. વિદુરે લાક્ષાગૃહને આગ લગાડે ત્યારે પાંડવોથી સુરક્ષિત રીતે તેમાંથી નિકળી જવાય એવી સુરંગ તૈયાર કરાવી હતી. એ સુરંગનું મોં નદી કિનારે પાડયું હતું, એટલુંજ નહિ પણ એમાંથી નિકળીને તરત નાશી જવાય માટે નદીમાં હોડી પણ તૈયાર રખાવી હતી. પાંડવો વારણાવત જઇ લાક્ષાગૃહમાં રહ્યા એટલે દુર્યોધને ગોઠવણ પ્રમાણે લાક્ષાગૃહ સળગાવી મૂકતાં પાંડવો કુંતી સહવર્ત્તમાન કુશળ ક્ષેમ સુરંગ વાટે નિકળી નાશી છુટયા હતા. આ પ્રમાણે સુરંગમાંથી નિકળી બ્રાહ્મણનો વેષ લઇને પાંડવો દ્રૌપદીનો સ્વયંવર હતો ત્યાં જતા હતા. તે વખતે અંગારપર્ણ નામનો એક ગંધર્વ મળ્યો. તમે મનુષ્ય હોઇ અત્યારે રાત્રિયે ક્યાં જાઓ છો વગેરે કહીને એણે પાંડવોને દમ ભરાવવા માંડયો. મને જવાબ દ્યો નિકર મારી સાથે યુદ્ધ કરો એમ કહેતાં એનું અને અર્જુનનું જબરું યુદ્ધ થયું. અર્જુને એનો પરાભવ કરવાથી એણે અર્જુન જોડે સખ્ય કર્યું. અર્જુને એને અગ્ન્યાસ્ત્ર વિદ્યા શિખવી અને પોતે એની પાસેથી ચક્ષુષી ગંધર્વાસ્ત્ર વિદ્યા શિખ્યો (૧ અંગારપર્ણ શબ્દ જુઓ).

ત્યાંથી અર્જુન પોતાના બંધુ સહવર્ત્તમાન પાંચાલપુરમાં ગયો. દ્રૌપદીના સ્વયંવરમાં બ્રાહ્મણવેશે ગયેલા એણે મત્સ્યયંત્રનો વેધ કર્યો. દ્રૌપદીએ એને વરમાળ પહેરાવી. રાજાઓ છતાં એક બ્રાહ્મણ આવું પરાક્રમ કરી કન્યા લેઈ જાય ધારી બીજા રાજાઓ ક્રોધે ભરાઇ સામા થયા. અર્જુને બાણથી અને ભીમે વૃક્ષ વડે સહુને હંફાવ્યા. પાંડવો લાક્ષાગૃહમાંથી જીવતા નિકળી નાશી છૂટયા છે એ વાતની કૌરવોને ખબર નહોતી. દ્રૌપદી સ્વયંવરમાં કરેલા પરાક્રમથી એઓ છતા થઇ ગયા અને ધૃતરાષ્ટ્રને એ જાણ થતાં એણે સન્માન પૂર્વક એમને હસ્તિનાપુરમાં પાછા બોલાવ્યા. કૌરવોની સાથે વારેવારે કલહ થતો હતો જાણી ધૃતરાષ્ટ્રે પાંડવોને અરધું રાજ્ય આપી ઇંદ્રપ્રસ્થમાં વસાવ્યા. ત્યાં રહેતા હતા તેવામાં એક સમયે એક બ્રાહ્મણે કલ્પાંત કરતાં આવીને જાહેર કર્યું કે એની સવાસો ગાયો ચોરાઇ છે. અર્જુન તેને મદદ કરવા તત્પર થયો અને પોતાનું ધનુષ્ય ચિત્રશાળામાં મૂકયું હતું ત્યાં લેવા ગયો. ત્યાં યુધિષ્ઠિર અને દ્રૌપદી એકાંતમાં હતાં તે એની નજરે પડવાથી પાંચે ભાઇઓએ પોતપોતામાં કરેલી પ્રતિજ્ઞાનું એને ભાન થયું. જે ભાઇનો વારો હોય તેના શિવાય બીજા કોઈએ દ્રૌપદીના અંતઃપુરમાં જવું નહિ. જો જાય અને દ્રૌપદીને કોઇપણ ભાઇના સમાગમમાં જુએ તો તેણે બાર વર્ષ વનવાસ અંગિકાર કરવો, એવા માંહોમાંહી પ્રતિજ્ઞા કરી હતી. અર્જુન તે વખતે તો ધનુષ્ય લઇને ગયો અને બ્રાહ્મણની ગાયો પાછી આણી આપી, પણ પોતે વનવાસ જવા તત્પર થયો. યુધિષ્ઠિરે ઘણીએ ના કહી પણ અર્જુન કહે હું મારી પ્રતિજ્ઞા નહિ તોડું.

વનવાસ નિકળતાં પ્રથમ ગંગાદ્વારમાં ગયો. ત્યાંથી વળતાં ઉલૂપી નામની નાગકન્યાનો એને સમાગમ થયો. (ઉલૂપી શબ્દ જુઓ). ઉલૂપીને એનાથી ઇરાવાન પુત્ર થયો હતો. પછી અર્જુન બદ્રિકેદાર ગયો; હિરણ્યબંધુ નામનું તીર્થ કર્યું. પશ્ચિમમાં નૈમિષારણ્ય તપોવનનું વંદન કરી તેણે અંગ, વંગ આદિ દેશ જોયા, દક્ષિણમાં મહેન્દ્ર પર્વત જોયો. સમુદ્ર તીરે મણિપુર નગરમાં ક્રોધ ચિત્રવાન નામે રાજા રાજ કરતો હતો. તેની ચિત્રાંગદા નામની કન્યાએ અર્જુનને સમુદ્રમાં સ્નાન કરતો જોયો અને એના પર મોહિત થઇ ગઇ. પિતાએ ચિત્રાંગદાને અર્જુન સાથે પરણાવી અને અર્જુન ત્યાં ત્રણ વર્ષ સુધી રહ્યો. ચિત્રાંગદાને અર્જુનથી થયેલો પુત્ર બભ્રુવાહન. ચિત્રસેને બભ્રુવાહનને રાજ સોંપ્યું. અને અર્જુન ત્યાંથી વિદાય લઇને નિકળ્યો. મણિપુરમાં રહેતો હતો તેવામાં ત્યાંથી દક્ષિણ સમુદ્રને કિનારે એક દિવસ ફરતો હતો ત્યાં એણે નારીતીર્થ નામે પાંચ તીર્થનો સમુહ જોયો. એ પાંચ તીર્થ એક બીજાની પાસે પાસે હોઇ તેને એક જ નામ હતુ. ત્યાં આગળ તદ્દન નિર્જન જોઈ અર્જુને તપાસ કરતાં ત્યાં આગળ એક ઋષિએ એને એ તીર્થમાં નહાવાનો પ્રતિબંધ કર્યો કેમકે એ તળાવોમાં એક મગરી રહેતી હતી. મના છતાં અર્જુન તેમાં નહાયો અને એણે પાંચ અપ્સરાનો ઉદ્ધાર કર્યો. (નારીતીર્થ શબ્દ જુઓ), તીર્થ ભયરહિત થયાં તેથી આનંદ પામતો મણિપુર ગયો. મણિપુરનો નિકળ્યો એ કામ્યકવનમાં આવ્યો. એ શિવનું અનુષ્ઠાન સ્થળ હોવાથી ત્યાં અર્જુન ધ્યાનસ્થ થઇને બેઠો હતો. શંકર ભગવાન ત્યાં પ્રકાશ થયા. અર્જુને શિવ સાથે યુદ્ધ કર્યું તેમાં એનું પરાક્રમ દેખી ભગવાન્ પ્રસન્ન થયા અને એને કવચ અને કુંડળ આપ્યાં. અર્જુને રામેશ્વરનાં દર્શન કરી હનુમાનને મોંએથી રામચરિત્ર સાંભળ્યું. અર્જુને હસીને હનુમાનને પુછ્યું કે રામચન્દ્રનું સામર્થ્ય હતું તો એમણે બાણ વડે સેતુ કેમ ન બાંધ્યો ? હનુમાન કહે બાણ તો ભાગી જાય. અર્જુન કહે જો હું હોત તો બાણનો સેતુ બાંધત. હનુમાન કહે બાંધો

જોઇએ. અર્જુને એક યોજન વિસ્તારનો સેતુ બાંધ્યો અને પ્રતિજ્ઞા કરી કે જો સેતુ ભાગે તો હું કાષ્ટ ભક્ષણ કરું. હનુમાન કહે જો હું ન ભાગી શકું તો તારી ધ્વજા ઉપર રહીને તને રોજ આધીન રહું. પછી હનુમાને કુદકો મારી સેતુ ભાગી નાખ્યો. તેથી પ્રતિજ્ઞા પ્રમાણે લાકડાં એકઠાં કરીને અર્જુન બળી મરવાની તૈયારી કરતો હતો એટલામાં બ્રાહ્મણનો વેષ ધારણ કરીને કૃષ્ણ ત્યાં આવ્યા. બધી વાત સાંભળી હનુમાનને કૃષ્ણ કહે કે સાક્ષી કોણ છે ? ફરીથી સેતુ રચાય અને ફરીથી તું ભાગે તો ખરી વાત. અર્જુને ફરીથી સેતુ બાંધ્યો પણ એની નીચે કૃષ્ણે છાનું પોતાનું ચક્ર મૂકેલું એટલે હનુમાનથી તે સેતુ ભગાયો નહિ. બ્રાહ્મણે હનુમાનને કહ્યું કે પોણ પ્રમાણે તું એમની ધ્વજા ઉપર રહી એને સહાય કરજે.

શિવકાંચી અને વિષ્ણુકાંચીની યાત્રા કરીને પછી અર્જુન દ્વારકા ગયો. બળરામની ઇચ્છા પોતાની બ્હેન સુભદ્રા દુર્યોધનને આપવાની હતી; એ વાત કૃષ્ણને અરુચિકર હોવાથી તેમ જ અર્જુન પોતાનો પ્રીતિપાત્ર હોવાથી કૃષ્ણની સલવાદીથી એણે સુભદ્રાનું હરણ કર્યું. સુભદ્રાની જોડે એનું લગ્ન થવા કાળે એનો વનવાસનો સમય પણ પૂરો થયો એટલે સુભદ્રા સહવર્ત્તમાન અર્જુન ઇંદ્રપ્રસ્થ ગયો. સુભદ્રાને દ્રૌપદીએ બ્હેન કરી માની. થોડે કાળે એને સુભદ્રાથી અભિમન્યુ અને પછી ત્રણ ચાર વર્ષે દ્રૌપદીથી શ્રુતકર્મા નામે પુત્ર થયો.

ઇંદ્રપ્રસ્થ આવ્યા પછી એક સમય ગ્રીષ્મઋતુમાં અર્જુન, કૃષ્ણ, સુભદ્રા, દ્રૌપદી અને બીજા સાથે તંબુમાં રહ્યાં હતાં ત્યાં એક બ્રાહ્મણનો વેષ લઇને ખાંડવવન બાળી ખાવાની આજ્ઞા લેવા અગ્નિ પોતે એની પાસે આવ્યો. આ પ્રસંગ વડે અર્જુનને ગાંડીવ ધનુષ્ય અને દિવ્ય રથની પ્રાપ્તિ થઈ હતી. (અગ્નિ શબ્દ જુઓ). આ વખતે એણે કૃષ્ણની સાહ્યતાથી મયાસુરનું રક્ષણ કર્યું હતું. ઇંદ્રાદિ દેવો યુદ્ધ કરવા આવેલા તેમનો પરાભવ કર્યો હતો. પરંતુ ઇંદ્ર વગેરે એના પરાક્રમથી સંતોષ પામી એને વર પ્રદાન કરીને સ્વલોકમાં પધાર્યા (**ભા૨૦ આદિ૦ અ૦ ૨૨૪-૨૩૪**).

અર્જુને કરેલો ઉપકાર સ્મરીને કૃષ્ણની સૂચનાથી મયાસુરે પાંડવો સારુ એક સભા મંડપ બાંધ્યો. યુધિષ્ઠિરની ઇચ્છા રાજસૂય યજ્ઞ કરવાની થઇ પરંતુ તેમાં દ્રવ્ય જોઇએ માટે એમણે પોતાના ચારે ભાઇઓને ચારે દિશાએ જઇ જીત કરી દ્રવ્ય લાવવાની આજ્ઞા કરી.

અર્જુન ઉત્તર દિશા તરફ વિજય યાત્રા કરવા ગયો હતો. એ ઇંદ્રપ્રસ્થથી નિકળી પ્રથમ કુરુદેશને સીમાડે આવેલા કુલિંદ નામના દેશપર ગયો, અને ત્યાંથી ક્રમે ક્રમે ઉત્તરઆનર્ત, કાલકૂટ, અપરઉત્તરકુલિંદ અને સુમંડળ દેશ એણે જીત્યા. ત્યાંથી અગાડી શાકલદ્વીપના પ્રતિવિંધ્ય નામના રાજા સાથે એને જબરું યુદ્ધ થયું. એ રાજાને જીતી એને વિજયયાત્રામાં જોડે લીધો. પ્રાગ્જ્યોતિષપુરીના ભગદત્ત રાજા પાસે અર્જુન ગયો. આ પુરી તે પ્રાગ્જ્યોતિષ દેશની રાજધાની હોવી જોઇએ. આ દેશ મૂળે જ્યોતિષ નામથી પ્રસિદ્ધ હતો. એ કુરુદેશની ઉત્તરે તો ખરો પણ સહજ પૂર્વ તરફ હોવાથી એનું નામ પ્રાગ્જ્યોતિષ એવું પડયું હતું. આ દેશ જો કે ચીનદેશ, અને કિરાત દેશથી જુદો છે છતાં તેમના આશ્રયે કરીને બહુ બળાઢય હતો. ભગદત્તે અર્જુન સામે કશું ચાલતું નથી એ જોઇને અર્જુનને કાંઇ નમ્રતાથી પોતે ઇંદ્રનો મિત્ર છે એમ જણાવ્યું. અર્જુને પણ એમ હોય તો હું તને આજ્ઞા કરતો નથી, પણ તું પ્રીતિપૂર્વક યુધિષ્ઠિરના યજ્ઞ સારુ કાંઇ કરભાગ આપ એમ કહ્યું. આમ વિનયપૂર્વક ભગદત્તની પાસેથી કર લીધો. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૬**)

આવી રીતે ભગદત્ત રાજાને જીતીને અને એણે પ્રીતિપૂર્વક યજ્ઞસારુ કર આપ્યો તે સાભાર લેઇ અર્જુન પાછો ઉત્તર તરફ આવ્યો.

વાટમાં એણે અંતર્ગિરિ, બહિર્ગિરિ અને ઉપગિરિ દેશો જીત્યા. ત્યાંના રાજાઓ પાસેથી કરભાગ લઈ તેમને પણ પ્રીતિપૂર્વક પોતાની જોડે લેઇ, ઉલૂક દેશના બૃહંત નામના રાજા ઉપર ચઢ્યો. અર્જુન આવ્યો જાણતાં જ એ પર્વતવાસી રાજા યુદ્ધ કરવા આવ્યો. પણ પોતાનું યુદ્ધમાં ચાલતું નથી જોઈ એણે કરભાગ આપ્યો. તેને જોડે લઇને અર્જુને સેનાબિંદુ નામના રાજાને જીત્યો. એણે વળી મોદાપુરના વામદેવ અને સુદામાને પણ જીત્યા. અગાડી જતાં અપરઉત્તરકલૂક, પંચગણદેશ, અને દેવપ્રસ્થના સેનાબિંદુ રાજાને જીત્યો. આ સેનાબિંદુ તે પ્રથમ જણાવેલા એ નામના રાજાથી જુદો. એને પણ પોતાની સાથે લઇને અર્જુને પૌરવેશ્વર વિશ્વગશ્વ, પર્વતવાસી દરદ રાજા અને ઉત્સવ સંકેતવાળા સમગણને જીતી તેમની પાસેથી કરભાગ લીધો. કાશ્મીર, દશ માંડલિકો સહિત લોહિતદેશ, ત્રિગર્તદેશ, દાર્વ, કોકનદ દેશ, એ બધાના રાજાઓ પાસેથી કરભાગ લીધો. ત્યાંથી વધી અભિસાર દેશની રાજધાની અભિસારીપુરીના ચિત્રસેન રાજાને જીત્યો. ઉરગાપુરીના રોચમાન રાજાને પણ જીતી તેની પાસેથી કરભાગ લીધો. ત્યાંથી અગાડી જતાં એણે સિંહપુરના ચિત્રાયુધ રાજાને તેમ જ ઉત્તરસુહ્મ અને ઉત્તરચોલ એ દેશ જીત્યા. તેની આગળ મહાશર બાલિહક રાજાને વશ કરી, કાંબોજ દેશ સહિત દરદ દેશના રહેવાસીઓને જીત્યા. એણે ઇશાનકોણમાં આવેલ દસ્યુ રાજાઓને પણ જીત્યા. તે પછી લોહદેશવાસી, પરમકાંબોજ જીતીને અર્જુન ઉત્તરમાં ઋષિક રાજ તરફ ગયો. ઋષિદેશ હાલ રશિયા નામે પ્રસિદ્ધ છે એ જ. અહીં અર્જુન અને ઋષિક રાજા વચ્ચે ઘણું ભયંકર યુદ્ધ થયું, પરંતુ તેને હરાવીને તેની પાસેથી પોપટના પેટના રંગના અને મયૂર જેવા આઠ ઘોડા કર તરીકે લીધા. આ અશ્વો ઘણી જ ત્વરિત ગતિવાળા હતા. અહીંથી હિમવાન્ પર્વત અને એના ઉપરના દેશ જીતી શ્વેતપર્વત નામના તેના શિખરપર ચઢ્યો. આ ઉપરથી જણાય છે કે મુખ્ય હિમાલય પર્વત ઋષિક (રશિયા) દેશની ઉત્તરે દૂર છે અને તે કાળમાં ત્યાં જવાને જળમાર્ગ નહોતો (**ભા૨૦ સભા૦ અ૦ ૨૭**).

શ્વેતપર્વતનું અતિક્રમણ કરીને અર્જુન કિંપુરુષ વર્ષના દેશોમાં ગયો. આ દેશનું રક્ષણ દ્રુમપુત્રો કરતા હતા. એમને જીતીને તે હાટક દેશમાં ગયો. એ દેશનું રક્ષણ ગુહ્યકો કરતા હતા. અર્જુને તેમની પાસેથી સામ ઉપાયો કરીને કરભાગ લીધો. એણે માનસરોવર અને ઋષિકુલ્યા નદીનાં દર્શન કર્યાં. એ પ્રદેશમાં ગંધર્વોથી રક્ષાયલા દેશો જીતીને તેમની પાસેથી તેતરપક્ષિ જેવા વિચિત્ર રંગના મંડુક કહેવાતા ઘોડા કરભાગ તરીકે લીધા. પછી ઉત્તરે આવેલા હરિવર્ષ દેશમાં તે આવી પહોંચ્યો. એ દેશપર હૂમલો કરી જીતવાની તૈયારી કરતો હતો તેવામાં મોટા શરીરવાળા અને ઘણા બળવાન એવા દ્વારપાળો દીઠા. અર્જુનને જોઇને દ્વારપાલોએ આનંદમાં આવીને અર્જુનને કહ્યું:—

પાર્થ નેદં ત્વયા શક્યં પુરં જેતું કથંચન ।
ઉપાવર્તસ્વ કલ્યાણ પર્યાપ્તમિદમુચ્યતે ॥ ૯ ॥
ઇદં પુરં યઃ પ્રવિશેત્પ્રુવં ન સ ભવેન્નરઃ ।
પ્રિયામહે ત્વયા વીર પર્યાપ્તો વિજયસ્તવ॥૧૦॥
પ્રવિષ્ટોપિ હિ કૌંતેય નેહ દ્રક્ષસિ કિંચન ।
નહિ માનુષદેહેન શક્યમત્રાભિવીક્ષિતુમ્ ॥ ૧૨ ॥
તતસ્તાનબ્રવીદ્રાજન્નર્જુનઃ પ્રહસન્નિવ ।
પાર્થિવત્વં ચિકીર્ષામિ ધર્મરાજસ્ય ધીમતઃ ॥૧૪॥
ન પ્રવેક્ષ્યામિ વો દેશં વિરુદ્ધં યદિ માનુષૈઃ ।
યુધિષ્ઠિરાય યત્કિંચિત્કરપણ્યં પ્રદીયતામ્ ॥૧૬॥
તતો દિવ્યાનિ વસ્ત્રાણિ દિવ્યાન્યાભરણાનિ ચ ।
ક્ષૌમાજિનાનિ દિવ્યાનિ તસ્ય તે પ્રદદુઃ કરમ્ ॥૧૬॥
એવં સ પુરુષવ્યાઘ્રો વિજિત્ય દિશમુત્તરામ્ ।
સંગ્રામાન્સુબહૂન્ કૃત્વા ક્ષત્રિયૈર્દસ્યુભિસ્તથા ॥૧૭॥

વૃતઃ સુમહતા રાજન્ બલેન ચતુરંગિણા
આજગામ પુનર્વીરઃ શક્રપ્રસ્થં પુરોત્તમમ્ ॥૨૦॥

આ પ્રમાણે પરસ્પર સંવાદ થયા પછી એ લોકોએ કર આપ્યો હતો. તે લીધા બાદ અર્જુન ઇંદ્રપ્રસ્થ પાછો આવ્યો. આણેલો કરભાગ, દ્રવ્ય, ધાતુઓ વગેરે બધું યુધિષ્ઠિરને અર્પણ કરી પોતે પોતાને મંદિર ગયો. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૮**)

રાજસૂયયજ્ઞ નિર્વિઘ્ને સમાપ્ત થયાથી દુર્યોધન અદેખાઈથી બળી ગયા. પાંડવોનું ઐશ્વર્ય એનાથી સહન થઈ શક્યું નહિ. કોઇ પણ રીતે એમનું દ્રવ્ય હરણ કરવાનો નિશ્ચય કરી જૂગટું રમીને તેમાં પ્રપંચ કરીને પાંડવોની સઘળી સંપત્તિ તેણે હરી લીધી. છેવટે જે હારે તે તેર વર્ષ વનવાસ જાય એવું પોણ પરણ્યું. પાંડવો એમાં પણ હારવાથી તેમને વનવાસ જવું પડ્યું. (**ભા૨૦ વન૦ અ૦ ૨**) પાંડવો દ્વૈતવનના કામ્યક વનમાં ગયા. પોતાને દિવ્યાસ્ત્ર મળે એ હેતુથી અર્જુન હિમાલય ઉપર તપ કરવા ગયો. મહાદેવના ઉગ્ર તપને અંતે શંકર એના બળની પરીક્ષા કરવાને અને એને વર આપવાને એની આગળ કિરાત—ભિલ્લના રુપે પ્રત્યક્ષ થયા. શિવે મૂક નામના દૈત્યને એનુ તપ ભંગ કરવા મોકલ્યો હતો તેને અર્જુને ગાંડીવ ધનુષ્યવડે મારીને ઉડાવ્યો. શિવે આવીને તકરાર મચાવી કે મારા વનના ભુંડને તેં કેમ માર્યો? પછી બંનેની વચ્ચે યુદ્ધ થયું. અર્જુને ઘણાં બાણ માર્યાં પણ કાંઇ વળ્યું નહિ, એટલે શિવને ગાંડીવના દંડથી મારવા માંડ્યા. શંકર મોં ઉઘાડી ગાંડીવને ગળી ગયા! પછી મલ્લયુદ્ધ થયું તેમાં અર્જુન મૂર્છિત થઇને પડ્યો. શિવે એને સાવધ કરી સાક્ષાત્ દર્શન આપ્યું. અર્જુને એમનું સ્તવન કર્યું. શિવે પ્રસન્ન થઇને એને પાશુપત બ્રહ્મશિરઃ એ નામનું અસ્ત્ર આપ્યું અને વિજય થાઓ એવો આશિર્વાદ આપ્યો. એ જ વખતે યમ, વરુણ, કુબેરાદિએ પણ પોતપોતાનાં અસ્ત્રશસ્ત્ર આપ્યાં. ઇંદ્ર પણ ત્યાં આવ્યો હતો. એણે પ્રસન્ન થઇને કહ્યું કે હું રથ મોકલું તેમાં બેસીને અમરાવતી આવજો. અર્જુન ત્યાં ગયો ત્યારે ઇંદ્રે એનો ઘણો સત્કાર કર્યો. પોતાના આસન જોડે બેસાડ્યો અને પાંચ વર્ષ સુધી પરોણો રાખ્યો. એ દરમ્યાન એણે સ્વર્ગની રચના જોઈ; અને એ બીજી અસ્ત્રશસ્ત્રની વિદ્યા, ગાયન, વાદન અને નૃત્યકળા શિખ્યો. એક વેળા અર્જુનનું રુપ જોઈ ઉર્વશીનું હૃદય પ્રેમથી વિંધાયુ જોઈ ઇન્દ્રે એને આજ્ઞા કરી કે તું જઇને અર્જુનને આનંદ પમાડ. પણ જ્યારે ઉર્વશી અર્જુનને ઉતારે એવી ભાવનાથી ગઈ, ત્યારે એને જોઇને અર્જુને, આવો માતા, એ બોલથી એને સંબોધી. આ ઉપરથી ઉર્વશીએ એને શાપ દીધો કે તું નપુંશક થઇશ, અને સ્ત્રીઓમાં વાસ કરીશ. ઇંદ્ર અર્જુનની સત્યનિષ્ઠાથી ખુશી થયો. જ્યારે એણે જાણ્યું કે અર્જુનને શાપ થયો છે, ત્યારે એણે શાપની અવધી ઓછી કરીને એક વર્ષની કરી; અને કહ્યું કે ફીકર ન કરશો. એ શાપ તમને તમારે એક વર્ષ અજ્ઞાતવાસ કરતી વેળા ઉપયોગી થઈ પડશે. (ઇંદ્રકીલ શબ્દ જુઓ).

પછી ઇંદ્રે એને ગંધમાદન પર્વતની પાસે પહોંચ્યેતો કર્યો, કારણ તીર્થયાત્રા કરતા કરતા પાંડવો તે સમયે ત્યાં આવ્યા હતા. (**ભા૨૦ વ૦ અ૦ ૧૬૪**). પછી અર્જુને નિવાતકવચ, કાલકેય અને હિરણ્યપુરવાસી એ ત્રણ અસુરો જેઓ ઇંદ્રના શત્રુઓ હતા તેમને માર્યા. (નિવાતકવચ, અને ૨ કાલકેય શબ્દો જુઓ).

વનવાસ પૂરો થતાં અજ્ઞાતવાસનું વર્ષ આવી પહોંચ્યું. પાંડવો વિરાટને ત્યાં છૂપા રહેવાને ગયા. ત્યાં અર્જુને પોતાનું નામ બૃહન્નટા એવું ધારણ કર્યું હતું. (**ભા૨૦ વિરા૦ અ૦ ૧૧**). એ નટ રુપે વિરાટ રાજપુત્રી ઉત્તરાને નૃત્ય, ગાયન શિખવવા રહ્યો હતો. એ વાસ દરમ્યાન એક સમય વિરાટ રાજા સુશર્મ્ય તરફ ગોગ્રહણ માટે સ્વારીએ ગયો

હતો. તે વખત લાગ જોઇ દુર્યોધને વિરાટ નગર આવી ત્યાંની ગાયો હરી લીધી. અર્જુન વિરાટપુત્ર ઉત્તરને તૈયાર કરી તેનો સારથી થઇ, ગાયો પાછી વાળવા ચઢયો. વિરાટ નગર બહાર શમીવૃક્ષ ઉપર પાંડવોએ પોતાનાં શસ્ત્રાસ્ત્ર મૂક્યાં હતાં, ત્યાંથી ગાંડીવ લઇને પોતે યુદ્ધ કરીને દુર્યોધનને હરાવ્યો અને ગાયો પછી વાળી. (બૃહન્નટા શબ્દ જુઓ).

અજ્ઞાતવાસની અવધ પૂરી થતાં પાંડવો છતા થયા. પાંડવો જેવી મહાન વ્યક્તિયો મારે ત્યાં દાસત્વ કરીને રહી જાણી વિરાટને બહુ ખેદ થયો. એણે અર્જુનને પોતાની કન્યા ઉત્તરા લગ્નમાં ગ્રહણ કરવા વિનતિ કરી. પણ અર્જુને કહ્યું કે મેં એને પુત્રી લેખી નૃત્ય ગાયન શીખવ્યું છે, માટે મારાથી વરાય નહિ. પછી એ વિરાટકન્યા ઉત્તરાને અર્જુનના પુત્ર અભિમન્યુને વરાવી. (**ભાર૦ વિરા૦ અ૦ ૭૧-૭૨**).

પછી યુધિષ્ઠિરે કૃષ્ણને દુર્યોધન પાસે સામ કરવા મોકલ્યા. તે વેળા કૃષ્ણે બધા ભાઈઓના વિચાર પુછી જોતાં અર્જુને કહ્યું હતું કે યુધિષ્ઠિર કહે તેમ કરજો પણ બને ત્યાં સુધી યુદ્ધ પ્રસંગ આણવો એ મારો મત છે. (**ભાર૦ ઉદ્યો૦ અ૦ ૭૮**)

સામ પ્રકારથી કાંઇ ફળ પ્રાપ્તિ ન થતાં યુદ્ધનો પ્રસંગ આવ્યો. યુદ્ધના આરંભમાં જ સ્વજનોને મારવા એ મોટો અધર્મ છે અને ક્ષત્રિયટ તજી હું તો ભિક્ષાવૃત્તી જે બ્રાહ્મણોનો ધર્મ છે તે અંગિકાર કરૂં, એવો અર્જુનને મોહ ઉત્પન્ન થયો. એણે પોતાનું ગાંડીવ ભોંય મૂકી દીધું અને ગળગળો થઇ ગયો. એ કાળે કૃષ્ણે એને ગીતાનો ઉપદેશ કરી, મોહ તજાવી, ક્ષાત્ર ધર્મને અવલંબી યુદ્ધ કરવા પ્રેર્યો હતો (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૨૫-૪૨**). ભીષ્મની સાથે લઢતાં એણે શિખંડીને નિમિત્ત માત્ર ઉભો કરીને ભીષ્મને રણભૂમીપર પાડયા. ભીષ્મની પછી દ્રોણાચાર્ય યુદ્ધ સારુ આવતાં એણે એમને પણ પાડયા હોત પણ એટલામાં દુર્યોધને અર્જુનને સંશપ્તક તરફ યુદ્ધમાં રોકયો. દ્રોણાચાર્યે રચેલા ચક્રવ્યૂહનો ભેદ કરવા એનો પરમ પરાક્રમી પુત્ર અભિમન્યુ ગએલો. ભીમ વગેરે એની સાહ્યને સારૂ ગએલા એને મળી ન શકે તેટલા માટે જયદ્રથે પોતાની સેના ભીમ વગેરેના માર્ગમાં આડી આણવાથી અને મોટા મોટા મહારથીઓ તૂટી પડવાથી અભિમન્યુ મરાયો. આ વાત જાણતાં અર્જુને પ્રતિજ્ઞા કરી કે હું આવતી કાલે જયદ્રથને મારીશ. ન મારું તો અગ્નિભક્ષણ કરીશ. અર્જુન પોતાને જરૂર મારશે એવા ભયથી જયદ્રથ આખો દિવસ સંતાઇ રહ્યો. થોડોક દિવસ રહ્યો એટલે કૃષ્ણે સાંજ પડી હોય એમ જણાય એવી માયા કરી. પ્રતિજ્ઞાનો અવધિ પૂરો થયો માટે હવે અર્જુન મને મારશે નહિ માની જયદ્રથ બહાર નિકળ્યો. અહીં અર્જુને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવા બળી મરવાની તૈયારી કરી હતી તે જોવા બીજાઓ સાથે જયદ્રથ પણ આવ્યો હતો. અર્જુને બાણવૃષ્ટિ કરી સહુને ગભરાવી મૂકીને જયદ્રથને એક બાણ માર્યું કે તરત જ સૂર્ય પાછો દેખાયો. કેટલાક ગ્રંથમાં એમ છે કે જયદ્રથ બહાર નિકળે માટે કૃષ્ણે પોતાના સુદર્શનવડે સૂર્યને ઢાંકી દીધો. સંધ્યા થઇ એમ જણાયાથી અર્જુને પોતાનાં શસ્ત્ર મૂકી દઇ અગ્નિકુંડની તૈયારી કરી, સ્નાન કરી કૃષ્ણને પ્રણામ કર્યા. કૃષ્ણે સલાહ આપી કે ધનુષ્ય બાણ લઇને અગ્નિકુંડની પ્રદક્ષિણા કરો. અર્જુન એમ કરતો હતો તે વખત પોતાનું સુદર્શન ખસેડી કૃષ્ણે અર્જુનને કહ્યું કે જો આ સૂર્ય અને જે પેલો જયદ્રથ. અર્જુને લક્ષીને બાણ મારી જયદ્રથનું શિર ઉડાવ્યું. (૩ જયદ્રથ શબ્દ જુઓ).

ધૃષ્ટદ્યુમ્નને હાથે દ્રોણાચાર્ય મરણ પામ્યા

એટલે કર્ણનો યુદ્ધનો વારો આવ્યો. અર્જુને એની સાથે ઘોર સંગ્રામ કરીને એને માર્યો. (કર્ણ શબ્દ જુઓ). રાત્રે તંબુમાં સુતેલાં બાળકો અને વીરોને માર્યા બદલ અર્જુને અશ્વત્થામાનો મસ્તકમણિ કાપી લેઇ એને બ્રાહ્મણ અને ગુરુપુત્ર જાણીને જીવતો મૂક્યો હતો. (અશ્વત્થામા શબ્દ જુઓ).

સઘળા કૌરવોનો નાશ થયો. તેમનાં શ્રાદ્ધાદિ ક્રિયા પૂરી થયા પછી યુધિષ્ઠિરને રાજ્ય પ્રાપ્ત થયું. પરંતુ ગોત્રહત્યાનું મને લાગેલું પાપ કેમ છૂટશે ધારી યુધિષ્ઠિરને ઘણો જ શોક થયો. કૃષ્ણે એમને ઘણું સમજાવ્યા પરંતુ તેમના મનની શાંતિ ન થતી જોઇને એઓ તેમને બંધુ સહવર્ત્તમાન ભીષ્મ પાસે લેઇ ગયા. ભીષ્મ ઇચ્છામરણી હોવાથી ઉત્તરાયન થયા બાદ મરવું ધારીને બાણશય્યાપર સુતા હતા. ભીષ્મે તેમને ઘણે પ્રકારે નીતિ સમજાવી અને અશ્વમેધ યજ્ઞ કરવાની આજ્ઞા કરીને યુધિષ્ઠિરના મનનું સમાધાન કર્યું હતું. એક વખત ભીષ્મના મુખેથી નીતિનું શ્રવણ કરીને યુધિષ્ઠિર બંધુ સહિત હસ્તિનાપુર આવતાં રસ્તામાં સૂર્યાસ્ત કાળ પાસે આવતો જાણી પાસે જ દ્રૃષદ્વતીનો રમ્ય કિનારો જોઇ કૃષ્ણ અને અર્જુન સહિત ત્યાં જ સંધ્યાવંદન સારૂ બેઠા અને નિત્ય પૂરું થયા બાદ હસ્તિનાપુરમાં પેઠા હતા.

॥ દ્રૃષદ્વતીં चाप्यवगाह्य सुव्रताः
कृतोदकार्थाः कृतजप्यमंगलाः ॥
उपास्य संध्यां विधिवत् परंतपा
स्ततःपुरं ते विविशुर्गजाह्वयम् ॥ ३० ॥
(**ભાર૦ શાંતિ૦ અ૦ ૫૮**)

આ ઉપરથી જણાય છે કે અર્જુન, તેના બંધુઓ અને કૃષ્ણ સમયે સમયે સંધ્યોપાસના કરવામાં કેવા તત્પર હતા. અર્જુન પણ નિત્ય કર્મ કરતો અને ગમે તેવો પ્રસંગ હોય તોપણ પરમેશ્વરોપાસના પણ કરતો. કર્ણનું અને એનું યુદ્ધ થતું હતું ત્યારે એક દિવસ સૂર્ય આથમવાની વેળા આવી પહોંચી જણાતાં તેમણે સેનાને લઢતી રોકી પોત પોતાના તંબુ ઉપર ગયા. ત્યાં એણે અને કૃષ્ણે પોતપોતાનાં નિત્ય કર્મ કર્યા બાદ નિદ્રા લીધી. બીજે દિવસે સવારે પણ એ જ પ્રમાણે નિત્ય કરીને પછી યુધ્ધે ચઢયા:-

अथ पुरुषवरौ कृतान्हिकौ ।
भवमपि पूज्य-यथाविधि प्रभूम् ॥
अरिवध कृतनिश्चयौ द्रुतं ॥
तव बलमर्जुन केशवौ सृतौ ॥
(**ભાર૦ કર્ણ૦ અ૦ ૩૦**) સંજય ધૃતરાષ્ટ્ર સંવાદ.

કાંઇ સમય બાદ ઉત્તરાયન થતાં ભીષ્મે દેહ ત્યાગ કર્યો, ત્યાર પછી યુધિષ્ઠિરે અશ્વમેધ કરવાની ઇચ્છાથી યજ્ઞદીક્ષા લીધી. તેમણે શ્યામકર્ણ ઘોડાને પૃથ્વિપર છૂટો મૂક્યો. એ ઘોડાના રક્ષણ સારુ પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, સાત્યકિ, કૃતવર્મા, મેઘવર્ણ, વૃષકેતુ, યૌવનાશ્વ, અનુશાલ્વ ઇત્યાદિ વીરોને સાથે લઇને અર્જુન ગયો હતો.

પ્રથમ હસ્તિનાપુરની દક્ષિણે આવેલી માહિષ્મતી નગરીના નીલધ્વજ રાજાએ ઘોડાને બાંધવાથી તેની સાથે યુદ્ધમાં હાર બાઇને નીલધ્વજ રાજા અર્જુનની સાથે સામિલ થયો. (**જૈમિનિ૦ અશ્વ૦ અ૦ ૧૫**). ત્યાંથી નિકળીને માર્ગમાં ઉદ્દાલક ઋષિના આશ્રમ પાસે એક શિલાની સાથે અશ્વ બાંધી ગયો. અર્જુન ભયભીત થઇ એ વનમાં રહેનારા એક સૌભરી નામના ઋષિને શરણ ગયો. સૌભરી ઋષિયે એને ઉદ્દાલકની કથા સંભળાવી. અર્જુનના હસ્તસ્પર્શથી ઘોડો તરત છૂટો થઇ ગયો. અને શલ્યા સ્ત્રી રૂપે થઇ ગઈ. આ સ્ત્રી તે ઉદ્દાલક ઋષિની સ્ત્રી ચંડી હતી. (૨ ઉદ્દાલક શબ્દ જુઓ). ત્યાંથી નિકળીને ઘોડો હંસધ્વરાજાની ચંપકા નગરીમાં ગયો. એ રાજાને અર્જુન જોડે મૈત્રી થવાથી તે અર્જુનની જોડે ઘોડાના રક્ષણાર્થે સામિલ થયો.

(હંસધ્વજ શબ્દ જુઓ.) હંસધ્વજ રાજાના પુત્ર સુધન્વાએ અર્જુનને મૂર્છા પમાડી. અર્જુને કૃષ્ણનું સ્મરણ કરતાં એઓ ત્યાં આવ્યા અને અર્જુનના સારથી થયા. અર્જુનના રથને સુધન્વાએ આકાશમાં ઉરાડયો પણ અર્જુને સુધન્વા અને એના ભાઈ સુરથનો શિરચ્છેદ કર્યો. પછી હંસદ્વજ સાથે સલાહ થઇ. કૃષ્ણ પાછા હસ્તિનાપુર ગયા અને અર્જુન અશ્વ સાથે આગળ ગયો. જતાં જતાં અશ્વ સ્ત્રીરાજ્યમાં જઈ પહોંચ્યો. ત્યાંની રાણી પ્રમીલાએ ઘોડો બાંધ્યો. અર્જુને સ્ત્રીઓના સૈન્યપર બાણ મારવા માંડયાં પણ એટલામાં આકાશ વાણી થઈ કે યુદ્ધ ન કરતાં રાણી સાથે લગ્ન કર. એથી અર્જુન પ્રમીલા સાથે પરણ્યો અને એને હસ્તિનાપુર મોકલી દીધી. (પ્રમીલા શબ્દ જુઓ). પછી એક ભીષણ નામના અસુરને મારી એના નગરમાંથી અસંખ્ય દ્રવ્ય લીધું. ભીષણને ત્યાં જતાં એને કર્ણ પ્રાવરણ ઈ૦ લોકોનો દેશ ઓળંગવો પડયો હતો. (ભીષણ શબ્દ જુઓ). ત્યાંથી અગાડી બબ્રુવાહનના મણિપુરમાં ગયો. પોતાની માતાના કહેવાથી બબ્રુવાહન પોતાના પિતાને શરણ આવ્યો; પણ અર્જુને તેને લાત મારી ને કહ્યું કે અર્જુનનો પુત્ર હોય તો ઘોડો બાંધ્યા પછી યુદ્ધ કર્યા વગર શરણ આવે જ નહિ. આથી ક્રોધે ભરાઈ એણે યુદ્ધ કર્યું અને અર્જુન અને વૃષકેતુ બન્નેનાં માથાં ઉડાડયાં. આ વાત ચિત્રાંગદા અને ઉલૂપી જે બન્ને સાથે રહેતી હતી તેમના જાણવામાં આવવાથી તેમણે બબ્રુવાહનનો બહુ ધિક્કાર કર્યો. પછી ઉલૂપીના પિતા શેષ પાસેથી બબ્રુવાવાહન સંજીવકમણિ લઇ આવ્યો જેના સ્પર્ષથી બન્ને સજીવન થયા, અને બધું સૈન્ય પણ પાછું ઉઠયું. (બબ્રુવાહન શબ્દ જુઓ.) અર્જુને બન્ને સ્ત્રીઓને હસ્તિનાપુર મોકલી દીધી. પોતે બબ્રુવાહનને સાથે લઈ ઘોડાની પાછળ અગાડી ગયો. તે પછી મયૂરધ્વજ અને એનો પુત્ર તામ્રધ્વજ ભેટો થતાં કૃષ્ણે એના સત્યની પરીક્ષા કરી. (મયૂરધ્વજ શબ્દ જુઓ). ત્યાંથી અગાડી વીરવર્માની સારસ્વતપુરીમાં યુદ્ધ થયું. (વીરવર્મા શબ્દ જુઓ), તેમાં તે હાર્યો પણ કૃષ્ણ ત્યાં આવી પહોંચતાં તેમણે બન્નેનું સમાધાન કર્યું. ત્યાંથી અગાડી ઘોડો ચંદ્રહાસ રાજાના નગર કુંતલપુરમાં ગયો (ચંદ્રહાસ શબ્દ જુઓ). ચંદ્રહાસ કૃષ્ણનો ભક્ત હતો તેથી સૈન્ય સહિત શરણ થયો. પછી ત્યાંથી ઘોડો પાછો ફરી ઉત્તર દિશા તરફ ગયો. ત્યાં બકદાલ્ભ્ય ઋષિનાં અર્જુનને દર્શન થયાં (બકદાલ્ભ્ય શબ્દ જુઓ). ત્યાર પછી વર્ષ પૂરું થવા આવ્યું છે જાણીને અર્જુન સિંધુ દેશની રાજધાનીમાં ઘોડાને લઇને આવ્યો અને ત્યાંથી દુર્યોધનની બહેન દુઃશીલા અને તેનો પુત્ર શરણ આવ્યો તેમને જોડે લઇને હસ્તિનાપુર આવ્યો. પોતે આણેલું અસંખ્ય દ્રવ્ય અને રાજાઓ સહિત યુધિષ્ટિરને મળી અશ્વમેધ પૂરો કરાવ્યો.

અર્જુનને યુધિષ્ટરે કૃષ્ણના સમાચાર પુછવા દ્વારકા મોકલ્યો હતો. એ ત્યાં સાત મહિના રહ્યો હતો. તેવામાં પ્રભાસમાં જાદવાસ્થળી થઇ હતી, ને કૃષ્ણ સ્વધામ ગયા હતા. કૃષ્ણે સ્વધામ જતાં પોતાના સારથી દારુક સાથે અર્જુનને સંદેશો કહાવ્યો હતો કે તેણે ઉગ્રસેન, વસુદેવ તથા સર્વ વિધવાઓને તેમ જ દ્રવ્યાદિ સઘળી સમૃદ્ધિ લઇને હસ્તિનાપુર જવું. કૃષ્ણના સ્વધામ ગયાના સમાચાર સાંભળીને અર્જુનને જે શોક થયો તે વર્ણવાય નહિ એવો છે. પરંતુ એણે ઘણું જ ધૈર્ય ધારણ કરીને દ્વારકા તરફ ગમન કર્યું. અને કૃષ્ણની વિધવાઓ અને વજ્ર નામના તેમના પ્રપૌત્રને જોડે લઇને હસ્તિનાપુર તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં કાબાઓએ સહુને લૂંટી લીધાં. અર્જુને ઘણાં બાણ માર્યા પણ અસર ન થતાં એને ભાન થયું કે કૃષ્ણની સાથે મારું તેજ પણ ગયું. હસ્તિનાપુર આવતાં બધાંએ કૃષ્ણના

સમાચાર પૂછતાં તેનાથી રડી જવાયું તેથી બધાએ જાણ્યું કે કૃષ્ણ સ્વધામ પધાર્યા. પછી એણે ઇંદ્રપ્રસ્થની ગાદીએ વજ્રને અને હસ્તિનાપુરની ગાદીએ પરીક્ષિતને બેસાડયા અને પોતે યુધિષ્ટિરાદિ બંધુના સમાગમમાં નિજધામ ગયો. (**ભાર૦ સ્વર્ગા૦ અ૦ ૨**).

અર્જુનની કાંતિ શ્યામવર્ણની હોઇ એની આકૃતિ ગજરાજ જેવી દીર્ઘ હતી. એના ખભા ઉચ્ચ અને છાતી પહોળી અને નેત્ર કમળ જેવાં હતાં. (**ભાર૦ આશ્રમ૦ અ૦ ૨૫ શ્લો૦ ૭**) એને દ્રૌપદીથી શ્રુતકીર્ત્તિ, ઉલૂપીથી ઈરાવાન્, ચિત્રાંગદાથી બબ્રુવાહન, અને સુભદ્રાથી અભિમન્યુ એમ ચાર પુત્ર હતા. એના ગુણ ઉત્તમ હોઇ એનાં જુદાં જુદાં દશ નામ પડયાં હતાં. એને પૂર્વા અને ઉત્તરા ફાલ્ગુની એ બેની સંધીમાં જન્મ્યો હતો તેથી–ફાલ્ગુન, ઇંદ્રાદિક દેવગણને જિત્યા માટે જિષ્ણુ, ઈંદ્રે મુકુટ આપ્યો હતો માટે કિરિટી, યુદ્ધમાં ભયંકર દેખાતો માટે બીભત્સ, એના રથના ઘોડા ધોળા હતા માટે શ્વેતવાહન, બન્ને હાથે બાણ મારી શકતો માટે સવ્યસાચી, સર્વદા જિત મેળવતો માટે વિજય, બાળપણમાં મટોડીનાં ગાય ગોવાળ કરી રમતો માટે કૃષ્ણ, રાજાઓને જિતીને ધન મેળવ્યું હતું માટે ધનંજય અને નિદ્રા જિતી હતી માટે ગુડાકેશ એવાં એવાં નામ હતાં. એના બેસવાના રથનું નામ વિજય; એની ધ્વજા ઉપર સજિવ કપિ રહેતો; એના રથને ચાર અશ્વ જોડાતા; યુદ્ધ સમયે કૃષ્ણ સ્વતઃ એના સારથી થતા. અભિમન્યુને ધનુર્વેદની શિક્ષા એણે જ આપી હતી. એ શિવાય સાત્યકી અને પ્રદ્યુમ્ન એ બન્ને ધનુર્વેદ એનીજ પાસે ભણ્યા હતા. (**ભાર૦ મૌસ૦ અ૦ ૬ શ્લો૦ ૬–૮**)

અર્જુન (૪) કૃષ્ણ બલરામનો એક મિત્ર. ગોકુળનો ગોપ. (**ભાગ૦ દશ૦ અ૦ ૨૨ શ્લો૦ ૩૧**)

અર્જુનક. એ નામનો એક શિકારી, એ એક ગૌતમી નામની વૃદ્ધ બ્રાહ્મણીનો પુત્ર હતો. સર્પદંશને લીધે એ મરણ પામ્યો હતો. ગૌતમી આથી ઘણો જ શોક કરતી હતી તેથી લોકોએ એ સર્પને પકડીને એની પાસે આણ્યો અને ગૌતમીને પૂછ્યું કે એને કેવી રીતે મારીએ? ત્યારે એણે કહ્યું હતું કે પ્રાણિ સંપૂર્ણ કર્માધીન છે, તેથી પરતંત્ર છે. માટે એ સર્પને છોડી દ્યો. મારો પુત્ર એના પોતાના જ કર્મે મરણ પામ્યો છે. (**ભાર૦ અનુ૦ અ૦ ૧**)

અર્જુનતીર્થ. ભારત વર્ષીય એક તીર્થ.

અર્જુનપાલ. સોમવંશી વસુદેવના નાનાભાઇ શમીકને સુદામિનીને પેટે થએલા બેમાંનો એક પુત્ર.

અર્થ. સ્વાયંભૂ મન્વન્તરમાં થએલા ધર્મઋષિને તેમની બુદ્ધિ નામની ભાર્યાને પેટે થએલો પુત્ર.

અર્થ. (૨) ધર્મ–અર્થ–કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ કહેવાય છે તેમાંનો બીજો.

અર્થસાધક. રાષ્ટ્રવર્દ્ધન શબ્દ જુઓ.

અર્થસિદ્ધિ. સાધ્ય નામના દેવનો દિકરો.

અર્દ્ધકીલ. એ નામનું એક સરોવર (દર્ભિ શબ્દ જુઓ.)

અર્દ્ધપણ્ય. એક બ્રહ્મર્ષિ (૨ અત્રિ શબ્દ જુઓ.)

અર્દ્ધસ્વન. ,, ,, ,,

અર્બુદ. એ નામનો એક યાદવ અને એનું કુળ.

અર્બુદ. (૨) એ નામનું એક તીર્થ.

અર્યમા. એક આદિત્ય. (દ્વાદશ આદિત્ય શબ્દ જુઓ.) એ વૈશાખ મહિનાનો પ્રમુખ સૂર્ય છે. આ મન્વંતરમાં કદી કદી યમની ગેરહાજરીમાં તેનો અધિકાર ભોગવે છે.

અર્યમા. (૨) પિતર સમુદાયમાંનો એક પ્રમુખ. કલ્પના આરંભમાં યમની પહેલાં દક્ષિણ દિશાનો દિગ્પાળ એ હતો.

અર્યમા. (૩) બીજા અંકની સંજ્ઞાવાળા અત્રિ ઋષિનો પુત્ર. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૨૦૮**)

અર્વાવસુ. રૈભ્ય ઋષિના બે પુત્રમાંનો બીજો. એ બહુ જ ઉત્તમ ગુણવાળો હતો. (યવક્રીત શબ્દ જુઓ).

અર્ષિ. શ્રવા ઋષિના બેમાંનો મોટો પુત્ર. (વીતહવ્ય શબ્દ જુઓ.)

અષ્ટિષેણ. ભૃગુકુળમાં થએલો એ નામનો એક ઋષિ (**ભાર૦ શલ્ય અ૦ ૪૦**). એ ઋષિનો અને યુધિષ્ઠિરનો સંવાદ થયો હતો. (**ભાર૦ વન૦ અ૦ ૧૫૬**) એના વંશજને આષ્ટિષેણ કહેવાતા.

અર્હન. ઋષભદેવ રાજર્ષિ અંતનિષ્ટ થઇને નગ્ન, જડ અને ઉન્મતની પેઠે આ દેહનું ભાન પણ ભૂલી જઇને ફરતા હતા. ફરતાં ફરતાં કૂટકાચળના અરણ્યમાં એમનો દેહ દાવાગ્નિમાં ભસ્મીભૂત થયો હતો. આ વાત સાંભળીને કોંકણક અગર કોંકણેક નામના દેશના આ રાજાએ પણ અંતનિષ્ટતા સંપાદન કર્યા શિવાય માત્ર બાહ્યકર્મનો ત્યાગ કર્યો હતો, અને એવી દીક્ષા લીધીને એણે નાસ્તિક મત પ્રવર્તાવ્યો હતો. (**ભાગ૦ પંચમ૦ અ૦ ૬ ગદ્ય ૧૦**)

અલકનંદા. ગંગા વિષ્ણુના પગમાંથી નિકળવાના સબબે વિષ્ણુપાદોદકી અથવા ભગવત્પદી કહેવાય છે. એ ભગવત્પદીના ચાર પ્રવાહમાંથી આપણી તરફ વહેતો પ્રવાહ. (**ભાગ૦ પંચ૦ અ૦ ૧૭ ગદ્ય ૬**). આ પ્રવાહ હિમાલય ઉપર આવેલી કુબેર ભંડારીની અલકાપુરીની બહાર આવેલો છે. અલકનંદાનું બીજું નામ મહાનદી પણ જણાય છે. (**ભાર૦ વન૦ અ૦ ૧૪૨**)

અલર્ક. સોમવંશી દિવોદાસ રાજાનો પૌત્ર. પ્રતર્દનના પુત્રોમાંનો મોટો. એના પૂત્રનુ નામ સંતતિ હતું.

અલર્ક (૨) એ નામનો એક રાજા. એ ક્રિયાવંશનો હતો તે જણાતું નથી. મન મોટું બળવાન છે એમ ધારી આ રાજા મનનું બળ ક્ષીણ કરવાને માટે બાણ મારવા લાગ્યો તે વખત તેણે (એના પોતાના મને) મૂર્તિમાન થઇ આ રાજાને કહ્યું હતું કે

नैमे वाणास्तरिष्यंति मामलर्क कथंचन ।
तवैव मर्म भेत्स्यंति भिन्न मर्मा मरिष्यसि ॥७॥
अन्यान्बाणान्समीक्षस्व यैस्त्वं मां सूदयिष्यसि।
तच्छ्रुत्वाप्याविचिंत्याथ ततो वचन मब्रवीत् ॥८॥
(**ભાર૦ અશ્વ૦ અ૦ ૩૦**)

(આ બાણ બાણવડે મને મારતાં હે રાજા, તું જ મરીશ. માટે જેથી હું (મન) મરું તેવાં બાણ તપાસ) આ અલર્કે મદલસાનો પુત્ર હશે એમ જણાય છે. કેમકે રાજપત્ની મદલસા મોટી બ્રહ્મનિષ્ટ હતી. એણે બ્રહ્મનો ઉપદેશ કરીને પોતાના કાંઇએ પુત્રોને વિરક્ત કરી અરણ્યમાં કાઢયા હતા. પોતાના પતીની પ્રાર્થના ઉપરથી કેવળ અલર્કને જ ઉપદેશ નહોતો કર્યો. આ અલર્ક જ માતાની પછી ઉપર કહ્યા પ્રમાણે વિચારમાં મગ્ન થયો હતો.

અલર્ક. (૩) એ નામનો એક રાજર્ષિ એ ઘણો સમર્થ અને ઉદાર હતો. એણે એક અંધ બ્રાહ્મણને પોતાનાં નેત્ર આપીને દેખતો કર્યો હતો. (**વા૦ રામા૦ અયો૦ સ૦ ૧૨**)

અલકા. } હિમાલયપર આવેલી કુબેર ભંડા-
અલકાપુરી. } રીની નગરી.

અલંપુર. ભારતવર્ષનું એક ક્ષેત્ર, અને તીર્થ.

અલંબુધ. ,, ,, ,,

અલંબુષ. બકાસુરનો ભાઈ દુર્યોધન પક્ષનો એક રાક્ષસ (**ભાર૦ ઉદ્યો૦ અ૦ ૧૬૭**) ભારતના યુદ્ધમાં એ ઘટોત્કચને હાથે મરણપામ્યો હતો. (**ભાર૦ દ્રો૦ અ૦ ૧૦૬**)

અલંબુષ. (૨) જટાસુરનો પુત્ર. ભીમસેને એના પિતાને માર્યો હતો એનું વેર લેવા એ ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષમાં રહી લઢતો હતો. રાત્રિ યુદ્ધમાં ઘટોત્કચે જ એને માર્યો હતો. ઘટોત્કચે રાત્રિ યુદ્ધમાં એનું માથું કાપી, હાથમાં લઇ, બાકી હાથે રાજાને મળાય નહિ એમ કહીને દુર્યોધનની આગળ મૂકયું હતું ! અને તમને નઝર કરવા કર્ણનું માથું લાવું છું, કહીને ત્યાંથી પાછો યુદ્ધ કરવા આવ્યો હતો ! (**ભાર૦ દ્રો૦ અ૦ ૧૭૪**)

અલંબુષ. (૩) દુર્યોધન પક્ષનો એક રાજા. એને સાત્વકીએ માર્યો હતો. (**ભાર૦ દ્રો૦ અ૦ ૧૪૦**)

અલંબુષા. પ્રધાને પેટે જન્મેલી અપ્સરાઓમાંની એક.

અલક્ષ્ય. એ નામનો એક બ્રહ્મર્ષિ (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

અલય. એક રાજર્ષિ. એનું કુળ કિયું હતું તે જણાતું નથી.

અલાયુધ. એક રાક્ષસ. ભારતના યુદ્ધમાં દ્રોણના યુદ્ધના વારા વખતે એક સમય ઘટોત્કચ અને કર્ણનું રાત્રિ યુદ્ધ થતું હતું. દ્રોણ વગેરેને ભય લાગ્યો કે વખતે ઘટોત્કચને હાથે કર્ણનું મોત થશે, અને આજે એ ઉગરશે નહિ. એટલામાં આ રાક્ષસ દુર્યોધન પાસે આવીને કહેવા લાગ્યો કે જો મને આજ્ઞા આપો તો હું ઘટોત્કચ સહિત પાંચે પાંડવોનો નાશ કરીશ. એ ઉપરથી દુર્યોધને એને આજ્ઞા આપતાં એણે પ્રથમ ભીમની સાથે યુદ્ધ કરવા માંડયું. ઘટોત્કચની પેઠે જ એનો રથ પણ સો ઘોડાનો હતો. એણે ભીમને એવો જર્જરીત કર્યો કે કૃષ્ણે હાક મારીને ઘટોત્કચને એની જોડે યુદ્ધ વળગાડયો. ઘટોત્કચે કર્ણ જોડેનું યુદ્ધ પડતું મુકી આની સાથે યુદ્ધ કરવા માંડયું. છેવટ આ રાક્ષસ ઘટોત્કચને હાથે મરણ પામ્યો. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૭૬-૧૭૮**)

અલુકી. એ નામનો ઋષિ (૩ ભૃગુ શબ્દ જુઓ.)

અલોલુપ. ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર.

અવગાહ. વૃષ્ણિકુળનો એક યાદવ.

અવગાહન. વસુદેવનો વૃકદેવીને પેટે થયેલો પુત્ર.

અવટનિરોધન. એ નામનું એક નરક. જે પ્રાણી બીજા પ્રાણીને ઉંડા ઘરામાં ફેંકી દે છે તે આ નરકમાં જઇ ઘોર દુઃખ ભોગવે છે.

અવરોદા. એ નામની ભારતવર્ષની એક નદી (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**)

અવંતિ. એક દેશ, અપરસેક દેશ અને નર્મદાની દક્ષિણે આવેલો દેશ વિશેષ. પાંડવોના સમયમાં અહીં વિંદ અને અનુવિંદ નામે બે ભાઇઓ રાજ્ય કરતા હતા. તેમની રાજધાની તે અવંતિકા નગરી (**ભાર૦સભા૦ અ૦ ૩૧**)

અવંતિકા. અવંતિ દેશની રાજધાની.

અવત્સાર. વત્સર શબ્દ જુઓ.

અવધૂત. બાલક પ્રમાણે ઉન્મત્ત અને પિશાચવૃત્તિ ધારણ કરીને ભૂમીપર ફરતો હતો તે બ્રાહ્મણ. એનું નામ દત્તાત્રેય હતું એને પ્રહ્લાદની સાથે સંવાદ થયો હતો. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૧૭૬**). તેમ જ યદુરાજાની સાથે પણ થયો હતો (**ભાગ૦ એકાદ૦ અ૦ ૭-૮**)

અવધૂત. (૨). યજુર્વેદનું એ નામનું મુખ્ય ઉપનિષત.

અવરોધન. ગય રાજાને ગયંતીથી થએલા ત્રણમાંનો નાનો પુત્ર. એ સ્વાયંભૂ વંશનો હતો.

અવિકંપન. એ નામનો એક બ્રાહ્મણ. જ્યેષ્ઠ ઋષિનો શિષ્ય.

અવિંધ્ય. લંકામાં રહેતો એ નામનો એક વૃદ્ધ અને સદાચરણી રાક્ષસ. એણે રાવણને ઘણી વખત શિખામણ દીધી હતી કે સીતાને પાછી સોંપી દે પણ એણે માન્યું નહોતું, (**વા૦ રા૦ સુંદ૦ અ૦ ૩૭**) ત્રીજટાની પાસે સીતા રહેતી હતી ત્યાં એ ઘણીવાર રામના કુશળ સમાચાર જણાવતો. (**ભાર૦ વન૦ અ૦ ૨૮૦**).

અવિમુક્ત. કાશીક્ષેત્રનું બીજું નામ. એ નામ કુરુક્ષેત્રને પણ લગાડેલું મળી આવે છે. (**ભાર૦ વન૦ અ૦ ૮૩ શ્લો૦ ૨૪.**)

અવિરસ્થળ. ભારતવર્ષીય એક નગર.

અવિજ્ઞાન. પ્રિયવ્રત રાજર્ષિનો પૌત્ર. યજ્ઞબાહુના સાતમાંનો નાનો પુત્ર. એના નામથી જ એનો દેશ ઓળખાયો; એ સ્વાયંભૂ વંશનો હતો.

અવિજ્ઞાન. (૨) શાલ્મલી દ્વીપમાંનો સાતમો દેશ.

અવિચી. એ નામનું એક નરક. જે માણસ જૂઠી સાક્ષી પૂરે છે તે આ નરકમાં યાતના ભોગવે છે. એ બહુ ઉંડુ હોઇ તેમાં નીચે પાણીની લહેરો ઉઠતી હોય એમ જણાય છે પણ વસ્તુતઃ પાષાણમય ભૂમિ હોય છે.

અવીક્ષિત્. સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન કરંધમ રાજર્ષિનો પુત્ર; એને કારંધમ નામે કહ્યો છે. એના પુત્રનું નામ મરુત્ત રાજા. (**ભાર૦ અશ્વમે૦ અ૦ ૪ શ્લો૦ ૧૬.**)

અવ્યક્ત. સામવેદનું એ નામનું એક ઉપનિષત.

અવ્યય. બાર ભાર્ગવ દેવોમાંનો એક (૩ ભૃગુ શબ્દ જુઓ.)

અંશ. અંશુમાનનું બીજું નામ.

અંશનિપ્રભ. રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ. યુદ્ધમાં દ્વિવિદ નામના વાનરે એને માર્યો હતો. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩.**)

અંશુ. ગોકુળનો કૃષ્ણ બળરામનો એક મિત્ર. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૨૨**)

અંશુધાનપુર. ભાગીરથીને તીરે આવેલું એક પુર.

અંશુમતી. ભારતવર્ષીય એક નદી. આ નામ કાલિંદીનું જ બીજું નામ હોય એમ લાગે છે. (**વા૦ રા૦ અયો૦ સ૦ ૫૫ શ્લો૦ ૬**)

અંશુમાન. એક આદિત્ય (દ્વાદશ આદિત્ય શબ્દ જુઓ) એની સ્ત્રીનું નામ ક્રીયા.

અંશુમાન. (૨) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં થએલા સગર રાજાનો પૌત્ર, અને અસમંજનો પુત્ર. અસમંજ વનમાં ગયા પછી અશ્વમેધને માટે છૂટો મૂકેલો અશ્વ ખોળી લાવવાની આને આજ્ઞા કરી હતી. ઘોડાની શોધ સારૂ જતો હતો ત્યારે એણે કપિલનો આશ્રમ દીઠો. તેમ જ ત્યાં પોતાના કાકા, ભાણેજો વગેરે સગર રાજાના સાઠ હજાર પુત્રોને બળીને રાખ થએલા જોયા. (સગર શબ્દ જુઓ.) એમનો ઉદ્ધાર કરવાની વાંછનાથી એણે કપિલ સમક્ષ ઉભા રહીને એમની સ્તુતિ કરવા માંડી. પરંતુ કપિલ સમાધિસ્થ હોવાથી એની સ્તુતિ એમણે સાંભળી નહિ. એટલામાં ગરુડ ત્યાં આવ્યો અને એણે કહ્યું કે ભાગીરથીના જળના સ્પર્ષ શિવાય આમનો ઉદ્ધાર થશે નહિ. ગરુડ આ સગરપુત્રોનો મામો થતો, પણ કેવી રીતે એ વિશે કાંઇ ઉલ્લેખ મળતો નથી. ગરુડના ગયા પછી કપિલમુનિ સમાધીમાંથી જાગ્યા. પોતાની સન્મુખ સ્તુતિ કરતા અંશુમાનને દીઠો, અને પ્રસન્ન થયા. એમણે કહ્યું કે તારા પિતામહ–અજ–નો ઘોડો આ રહ્યો તે લેઇ જા અને યજ્ઞ સમાપ્ત કરાવ. તારા આ પૂર્વજોનો ઉદ્ધાર શી રીતે થશે એ પુછતો હોય તો ભાગીરથીની પ્રાર્થના કર. તેના જળના સ્પર્ષથી એમનો ઉદ્ધાર થશે. કપિલની આવી પ્રસન્નતા ભરેલી વાણી સાંભળી, ઘોડો લેઇ, તેમને નમસ્કાર કરી, જઇને પોતાના પિતામહનો યજ્ઞ સંપૂર્ણ કરાવ્યો. પછી સગરને જ રાજ્ય પર સ્થાપી પોતે અરણ્યમાં ગયો. સગરે પણ પોતાના પ્રધાનોપર રાજ્યભાર નાંખી પોતે ભાગીરથીની પ્રાપ્તિ સારુ પોતાનું અવશેષ આયુ ગાળ્યું. પરન્તુ ફળપ્રાપ્તિ પહેલાં જ એનું મૃત્યુ થયુ. એ પોતાના પિતૃની જ કન્યા યશોદાને પરણ્યો હતો. યશોદાની કુખે જન્મેલો દિલીપ નામનો પુત્ર હતો. એના પછી દિલીપ ગાદીપર બેઠો (**ભાર૦ વન૦ અ૦ ૧૦૭**) અને (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૪૧–૪૨**)

અંશુમાન. (૩) દ્રૌપદી સ્વયંવરમાં ગએલો એ નામનો એક રાજા.

અંશુમાન. (૪) પાંડવ પક્ષનો એક રાજા. ભારત યુદ્ધમાં કર્ણે એને માર્યો હતો.

અશોક. અકૂપ પ્રધાનનું જ બીજું નામ. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૨૯ શ્લો૦ ૧૧.**)

અશોક. (૨) દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા (**ભાર૦ આદિ૦ અ૦ ૬૭.**)

અશોક. (૩) ભારત વર્ષમાં કાશ્મક વનની દક્ષિણે આવેલું એ નામનું તીર્થ.

અશોકવનિકા. એ નામનું સ્વાદિષ્ટ ફળ અને સુંદર પુષ્પોવાળું અને સ્ત્રીઓ સહિત વિહાર કરવા યોગ્ય એક રમણીય સ્થળ. યયાતિ રાજા દેવયાની સાથે અહીં રહ્યો હતો. (**મત્સ્ય૦ અ૦ ૩૧.**)

અશોકવનિકા (૨) રાવણે સીતાને રાખી હતી તે સ્થળ.

અશોકવનિકા. (૩) અયોધ્યામાં સીતા સહિત વિહારાર્થે રામે કરાવેલું સ્થળ. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૪૨.**)

અશ્મ. એકની સંજ્ઞાવાળો અશ્મક શબ્દ જુઓ.

અશ્મક એક બ્રાહ્મણ. સુખદુઃખની નિવૃત્તિ શી રીતે થાય એ સંબંધે એને અને જનકરાજાને સંભાષણ થયું હતું (**ભાર૦ શાંતિ૦ અ૦ ૨૮**).

અશ્મક (૨) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના મિત્રસહ રાજાનો પુત્ર. એ રાજાને પછીથી કલ્માષપાદ એવું નામ મળ્યું હતું. એક બ્રાહ્મણીના શ્રાપને લઇને મિત્રસહ રાજાથી સ્ત્રીસંગ થાય એમ નહોતું. છતાં રાજાને તો અધિકારી જોઇએ, માટે રાજાએ પોતાના ક્ષેત્રમાં વસિષ્ટ ઋષિ પાસે ગર્ભાધાન કરાવ્યું. સાત વર્ષ થયાં પણ પ્રસવ ન થયો. મદયંતી રાણીએ છેવટે પથ્થર વડે પેટ ફાડીને પુત્રને બહાર કાઢયો તે આ અશ્મક રાજા. અશ્મ એટલે પથ્થર ઉપરથી આ નામ પડયું છે. (**ભાગ૦ નવમ૦ અ૦ ૯**) આ રાજાએ મોટા થયા પછી પૌદન્ય નામની નગરી વસાવી હતી. એની સ્ત્રીનું નામ ઉત્તરા અને એની કુખે થએલા પુત્રનું નામ મૂલક હતું. આ પુત્રનું પછવાડીથી નારીકવચ એવું નામ પડયું હતું.

અશ્મક. (૩) દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા જેને અભિમન્યુએ માર્યો હતો. (**ભાર૦ દ્રો૦ અ૦ ૩૮**).

અશ્મક. (૪) ભારતવર્ષનો એ નામનો એક દેશ વિશેષ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**)

અશ્મકેશ્વર. અશ્મક નામના દેશનો રાજા.

અશ્મનગર. કાલેકેય અસુરનું પુર. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૨૩**)

અશ્મરથ્ય. એ નામનો એક ઋષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ). એના વંશજો તે આશ્મરથ્ય.

અશ્વ. દનુપુત્ર એક દાનવ.

અશ્વકેતુ. દુર્યોધન પક્ષનો મગધ દેશનો એક રાજા.

અશ્વગ્રીવ. દનુપુત્ર એક દાનવ.

અશ્વચક્ર. કૃષ્ણ પુત્ર શાંબે મારેલો એ નામનો એક રાજા. (**ભાર૦ વન૦ અ૦ ૧૨ શ્લો૦ ૧૪**)

અશ્વનર. કદ્રુપુત્ર એક નાગ. (ઉર્જ શબ્દ જુઓ).

અશ્વતીર્થ. નૈમિષારણ્યમાંનું ભારતવર્ષનું એક તીર્થ.

અશ્વત્થામા. ભરદ્વાજ ઋષિના પુત્ર દ્રોણાચાર્યને શરદ્વાન ઋષિની કન્યા કૃપીની કુખે જન્મેલો પુત્ર. જન્મકાળે ઘોડાના જેવો અવાજ કરવાથી એનું આ નામ પડયું હતું. કોઈ કોઈ ગ્રંથોમાં એને દ્રોણી પણ કહ્યો છે. એ ઉત્તમ પ્રકારે વેદ વેદાંગ પારગ હતો. તેમ જ પોતાના પિતાની પાસે ધનુર્વેદ પણ ઉત્કૃષ્ટ રીતે શિખ્યો હતો. કૌરવપાંડવોને ધનુર્વેદ શિખવવાના સંબંધે દ્રોણ ભીષ્મનો આશ્રિત હતો, તેમ એ પણ છેવટ સુધી હતો.

કાલાંતરે મહાભારતનું યુદ્ધ થતાં દ્રોણ જેમ કૌરવ પક્ષમાં રહ્યો હતો તેમ એ પણ રહ્યો હતો. એ પક્ષમાં રહીને પાંડવના વીરો સાથે એણે યુદ્ધ કર્યું હતું. યુદ્ધમાં દ્રોણાચાર્ય યોગવિદ્યાથી પ્રાણોત્ક્રમણ કરતા હતા તે વખત ધૃષ્ટદ્યુમ્ને એમનો વધ કર્યો હતો. અશ્વત્થામાથી આ સહન ન થતાં એણે ક્રોધ કરીને પાંડવ અને એની સેના ઉપર નારાયણાસ્ત્ર મૂકયું હતું. આથી બધા જરૂર મરત પણ જે માણસ શસ્ત્ર તજીને સ્વસ્થ બેઠું હોય તેના ઉપર નારાયણાસ્ત્રનું બળ ચાલતું નથી એ મર્મ કૃષ્ણને બબર હોવાથી પાંડવો અને તેમની સેનાએ પોત પોતાનાં શસ્ત્રો ભોંયપર મૂકી દીધાં. આમ થવાથી અશ્વત્થામાનું નારાયણાસ્ત્ર નિરર્થક ગયું. આમ કેમ થયું એમ એ આશ્ચર્ય પામીને વિચારતો હતો, તેટલામાં વ્યાસ (કૃષ્ણ દ્વૈપાયન) ત્યાં પ્રકટ થયા. એમણે અશ્વત્થામાને મર્મ સમજાવીને જણાવ્યું કે કૃષ્ણ અને અર્જુન સાક્ષાત્ નરનારાયણના અવતાર હોઇ ભૂમીનો ભાર ઉતારવા જ અવતર્યા છે; માટે કોઇનાથી એમને અપાય થઈ શકશે જ નહિ. માટે તારે આશ્ચર્ય પામવાનું કશું કારણ નથી. સ્વસ્થ થા. આમ કહીને પોતે અંતર્ધાન થયા. (**ભાર૦ દ્રો૦ અ૦ ૨૦૧.**)

અશ્વત્થામાને યુદ્ધ કરતાં બરાબર આવડતું હોય નહિ એમ જણાય છે. ભીષ્મ અને દ્રોણ બન્ને પડયા એટલે એણે દુર્યોધનને કહ્યું હતું કે:–

अथाब्रवीत् द्रोणसुतस्तवात्मजं
करं करेण प्रतिपीड्य सांत्वयन् ॥
प्रसीद दुर्योधन शाम्य पांडवै
रलंविरोधेन धिगस्तु विग्रहम् ॥ २० ॥
हतो गुरुर्ब्रह्मसमो महात्मवित्तथैव
भीष्म प्रमुखा महारथाः ॥
अहं त्वध्यो मम चापि मातुलः
प्रशाधि राज्यं सह पांडवैश्चिरम् ॥ २१ ॥
(ભા૨૦ કર્ણ૦ અ૦ ૮૮૦ સંજય ધૃતરાષ્ટ્ર સંવાદ.)

પોતે મરણના ભયથી આમ કહે છે એવું દુર્યોધનને ન જણાય માટે બીજા શ્લોકના ઉત્તરાર્ધમાં હું અને મારો મામો કૃપાચાર્ય ચિરંજીવી હોવાથી અમને મરણનો ભય નથી એવી સૂચના કરી છે. પરન્તુ એનાં આ વચન દુર્યોધને કાને ધર્યાં નહિ.

સમય જતાં જ્યારે શલ્ય અને કર્ણ રણમાં પડ્યા, દુર્યોધન અને ભીમનું યુદ્ધ થયું, દુર્યોધન રણમાં પડ્યો અને એનામાં અવશેષ પ્રાણ રહ્યા હતા, ત્યારે અશ્વત્થામા એની પાસે ગયો અને તું મને હજુ પણ કહે તો હું પાંચાલોને અને પાંડવોને મારી આવું એવું કહ્યું. દુર્યોધને તથાસ્તુ કહ્યાથી ત્યાં જવા તૈયાર થયો. (ભા૨૦ શલ્ય૦ અ૦ ૬૫.)

પછી અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા સહિત રાત્રે એક વડના ઝાડની નીચે હવે શું કરવું એનો વિચાર કરવાને બેઠા હતા તે વેળા શ્રમને લીધે કૃતવર્મા અને કૃપાચાર્ય ઉઘી ગયા. માત્ર અશ્વત્થામા જ જાગતો હતો. તેવામાં એ ઝાડ ઉપર રાત્રે રહેલા કાગડાના ટોળામાં એક ઘુવડે આવીને હજારો કાગડાને મારી નાંખ્યા–અને પોતે નાશી ગયું. અશ્વત્થામાને લાગ્યું કે આપણે પણ આમ કર્યું હોય તો ઠીક. પેલા બન્નેને જગાડીને પોતાનો મનસુબો જણાવતાં તેમણે તે પસંદ ન કર્યો. એ જોઇને પોતે એકલો જ ત્યાંથી નિકળ્યો, ને પાંડવોના તંબુ પાસે પહોંચી ગયો. પરંતુ ત્યાં કોઇ દિવ્ય પુરુષને ઉભેલો જોઇને તેને વટાવીને તંબુમાં પેસવાની એની હિમ્મત ચાલી નહિ. એટલે એણે દિવ્ય પુરુષ ઉપર પોતાનું અસ્ત્ર ફેંક્યું. પણ તે પેલા માણસે પકડી લીધું. એ જોઇને એણે બીજાં કેટલાંક અસ્ત્રો ફેંક્યાં. એ પણ પેલાએ પકડી લીધાં એટલે એને લાગ્યું કે એ રુદ્ર પોતે છે. એણે એની સ્તુતિ કરવાનો આરંભ કર્યો. જેથી પેલાએ પ્રસન્ન થઇ એને એક ઉત્તમ ખડ્ગ આપી, તંબુમાં પેસવાનો રસ્તો પણ આપ્યો. એટલામાં કૃપાચાર્ય અને કૃતવર્મા ત્યાં આવી પહોંચ્યા; તેમને જોઇને એમણે દ્વારનું રક્ષણ કરવા ઉભા રહેવાનું કહી, પોતે એકલો જ અંદર પેઠો.

અંદર જઇને જૂએ છે તો એને એકપણ પાંડવ નજર પડ્યો નહિ. પણ ધૃષ્ટદ્યુમ્નાદિ વીરો અને પાંડવોના કુમાર માત્ર જણાયા. એ સઘળા ભર ઉંઘમા પડેલા હતા. ઉતાવળ કરવી ધારી એણે પ્રથમ પોતાના પિતાના વેરી ધૃષ્ટદ્યુમ્નને, એને ઉંઘતો માર્યો ન કહેવાય એટલા સારૂ જ માત્ર, સહેજ જગાડ્યો. એ અરધો જાગ્યો અને કોણ છે, થોભ, એટલું કહેતામાં તો અશ્વત્થામાએ એનું માથું ખડ્ગ વડે કાપી નાંખ્યું. એ જ પ્રમાણે ઉત્તમૌજા, યુધામન્યુ, ઇત્યાદિ વીર અને દ્રૌપદીના પાંચે પુત્રોની પણ એવી જ વલેહ કરી. તંબુમાં આથી ગરબડ મચી રહી. કેટલાક સાધારણ વીર બહાર જતાં તેમને કૃતવર્મા અને કૃપાચાર્યે રોકીને ઠાર કર્યા.

ત્યાર પછી મારેલાં વીરોનાં માથાં દુર્યોધનને બતાવવાને એણે ઉતાવળથી લઇ લીધાં. અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા સાથે દુર્યોધન પાસે જઇને બોલ્યો કે:–

दुर्योधन जीवसि त्वं वाक्यं श्रोत्रसुखं शृणु ।
सप्त पांडवतःशेषा धार्तराष्ट्रस्त्रयोतथम् ॥४८॥
ते चैव भ्रातरःपंच वासुदेवोश सात्यकिः
अहं च कृतवर्मा च कृपःशारद्वतस्तथा ॥४९॥

(ભા૨૦ સૌપ્તિ૦ અ૦ ૯.) પાંડવ સુદ્ધાં તેમના વીર સાત અને આપણા ત્રણ એ જ માત્ર જીવતા રહી બાકીના સર્વ મરણ પામ્યા. આવું અશ્વત્થામાનું ભાષણ સાંભળીને દુર્યોધનને સંતોષ થયો. છતાં દ્રૌપદીનાં ઉંઘમાં મરેલાં બાળકોનાં મસ્તક જોઇને એને સંતોષ થયો નહિ.

અહિંયાં રાત્રે બનેલા આ બનાવની પ્રાતઃકાળે અર્જુનને જાણ થતાં જ તે રથમાં બેસીને અશ્વત્થામાની પૂંઠે પડ્યો. અશ્વત્થામા પણ રથમાં બેશીને નાશી છૂટ્યો. પરંતુ એના રથના ઘોડા ઘણા થાકેલા હતા તેથી અર્જુને એને પકડી પાડ્યો અને દ્રૌપદી પાસે આણ્યો. દ્રૌપદીને અર્જુને પુછ્યું કે આને મારું કે શું કરું? દ્રૌપદીએ અભિપ્રાય આપ્યો કે એ ગુરુપુત્ર છે એટલે હણવા યોગ્ય નથી; વળી જેમ હું મારાં બાળકોના મરણને માટે શોક કરું છું, એમ એને મારશો તો એની માતા પણ શોક કરશે. માટે એને ન મારો એ જ ઉત્તમ છે. આ ઉપરથી અર્જુને અશ્વત્થામાના મસ્તક ઉપર સ્વતઃસિદ્ધ ભૂષણરુપ દિવ્યમણિ હતો તે કાપી લીધો, અને એને ઘણું અપમાન કરીને તંબુની બહાર કાઢી મૂક્યો.

આમ અપમાન પામીને ત્યાંથી નિકળ્યા પછી અશ્વત્થામાને અનિવાર ક્રોધ ઉત્પન્ન થયો. એ આવેશમાં જ એણે પાંડવોનો સમૂળો નાશ કરવાને તેમના પર બ્રહ્મશિરાસ્ત્ર છોડ્યું. (ભા૨૦ સૌપ્તિ૦ અ૦ ૧૩). એ અસ્ત્રે ઉત્તરાના ગર્ભમાં પણ પ્રવેશ કરીને તેનો નાશ કરવા લાગ્યાની કૃષ્ણને જાણ થતાં તેમણે પોતાના સામર્થ્યે કરીને એ અસ્ત્રનો પરાજય કર્યો અને ગર્ભનું રક્ષણ કર્યું. (ભા૨૦ સૌપ્તિ૦ અ૦ ૧૫.)

અશ્વત્થામાના ગુણ બહુ વર્ણવવા જેવા નથી. બળીઆમાં બળીઓ તે હું, એવી એનામાં અભિમાનની પરાકાષ્ટા હતી. એ એક વખત દ્વારકા ગયો હતો, ત્યારે કૃષ્ણે એનું પૂજન કરી એને આસન પર બેસાડ્યો હતો. પછી આગતા સ્વાગતાની વાતચીત થયા પછી એણે કૃષ્ણને કહ્યું હતું કે તમે પોતાના હાથમાં ચક્ર લઇને ફરો છો તે શોભતું નથી, માટે તે મને આપો! કેવા ભાવથી એ બોલ્યો હતો તે લક્ષમાં લઇને કૃષ્ણે એની આગળ પોતાનું ચક્ર મૂક્યું, અને કહ્યું કે આપ એને લઈ જાઓ. પછી તે લેવા જતાં એનાથી ઉપડ્યું નહિ એટલું જ નહિ, પણ એણે બહુ બળ કર્યા છતાં એને હલાવી ધરાધરી શક્યો નહિ! આથી લાજી પોતે ત્યાંથી ચાલી નિકળ્યો. (ભા૨૦ સૌપ્તિક૦ અ૦ ૧૨.)

અશ્વત્થામા ચિરંજીવી હોવાને લીધે ભૂમી પર છે. કૃષ્ણે કહ્યું હતું કે તું ઘોર રણમાં પિશાચ રુપે થઇને રહીશ. તને ગળત કોઢ નિકળશે અને કોઇ સત્પુરુષનાં દર્શન થયા વગર એકલો ભટક્યા કરીશ. ઉત્તરદેશમાં એવે રુપે એ ભટક્યા કરે છે. હાલ પણ, સાતપૂડા પર્વતમાં ભિલડાંને અને કોઈ કોઈ જાત્રાળુને, માથે બણબણતી માંખીઓ વાળો અને સવા ગજના પગલાં વાળો વૃદ્ધ ક્વચિત્ દેખા દે છે, તે અશ્વત્થામા છે, એવી લોકોની માન્યતા છે. પ્રસ્તુત કલિયુગ પૂરો થતાં કૃતયુગ અને ત્રેતાયુગ થશે ત્યાર પછીના દ્વાપર યુગમાં એ દ્રૌણી નામે વ્યાસ અને આઠમા સાવર્ણિ મન્વન્તરમાં અશ્વત્થામા એ નામથી તે વખત થનારા સપ્ત ઋષિયોમાંનો એક થશે. (વ્યાસ શબ્દ જુઓ.) (મત્સ્ય૦ અ૦ ૯)

અશ્વત્થામા (૨) અક્રૂર યાદવના પુત્રમાંનો એક.

અશ્વત્થામા (૩) માલવ દેશાધિપતિ ઇંદ્રવર્માનો નામાંકિત ગજ. એ ભારત યુદ્ધમાં મુઓ હતો. યુધિષ્ઠિરે "અશ્વત્થામા પડ્યો–નરો વા કુંજરો વા" એવું કહેતાં સાંભળીને પોતાનો પુત્ર પડ્યો એવું ઉલટું સમજી દ્રોણે પોતાનાં શસ્ત્ર ભોંય મૂકી દીધાં હતાં ને યોગધારણા કરી, તે વખત ધૃષ્ટદ્યુમ્ને એમને ઠાર કર્યા હતા.

અશ્વનગર. અંગદીયા પુરીનું બીજું નામ.

અશ્વનદી. કુંતીએ કર્ણને જે નદીમાં મુકી દીધો હતો તે નદી.

અશ્વપતિ દનુપુત્ર એક દાનવ.

અશ્વપતિ. (૨) મદ્ર દેશનો પ્રાચીન કાળનો એક રાજા. સાવિત્રીનો પિતા. (૪ સાવિત્રી શબ્દ જુઓ.)

અશ્વપતિ (૩) કેકય દેશનો રાજા એને યુધાજિત્ નામે પુત્ર અને કૈકેયી નામે કન્યા એમ બે સંતાન હતાં. આ જ કૈકેયી તે રામચંદ્રના પિતા દશરથની સ્ત્રી. **(વા૦ રા૦ અયો૦ સ૦ ૧)** આ રાજાની સ્ત્રી એટલે કૈકેયીની માતા પરમ સાહસી હતી. એને માટે કહેવાય છે કે આ રાજાને પક્ષીઓની ભાષા સમજતી. એણે એક દિવસ ભૃંભ પક્ષીની કાંઇ ચમત્કારી બોલી સાંભળીને હાસ્ય કર્યું તે વખત રાણી પાસે હતી. એણે હસવાનું કારણ પુછતાં રાજા કહે કહેવાય નહિ. કહેતાં વાંત જ મારું મૃત્યુ થાય એવું છે. રાણીએ કહ્યું ભલે ફીકર નહિ, પણ મને કહો. એનું આ ભાષણ સાંભળી રાજાએ એને ઘરમાંથી કાઢી મુકી. **(વા૦ રા૦ અયો૦ સ૦ ૩૫)**

અશ્વમેધ. ઘોડાનો યજ્ઞ. એનો વિધિ આ પ્રમાણે છે. ધોળું શરીર, કાળા કાન અને ચંદ્રના જેવા તેજસ્વી મ્હોંવાળો અશ્વ જોઇએ. તેને લીલાજવનો ચારો કરાવવો અને ગંગાજળ પાવું. એક સ્વચ્છ ઘર બાંધી તેમાં પોચી ભોંય ઉપર અશ્વને પોઢણ કરાવવું. નિત્ય એની તહેનાતમાં ચાર સેવકો બારણે ઉભા જ રાખવા વળી જ્યાં એ લાદ મૂત્ર કરે ત્યાં નિત્ય હોમ કરી છ હજાર ગૌદાન આપવાં. પછી ચૈત્ર શુદ પૂનેમને દહાડે અશ્વને શણગારી એના કપાળ ઉપર સોનાનું પત્રું બાંધી છૂટો મૂકવો. પત્રામાં લખવું કે અમુક ચક્રવર્ત્તી યજ્ઞ કરે છે, માટે જે કોઈ આ અશ્વને બાંધે તેણે યુદ્ધ આપવું અને નમે તેણે યજ્ઞમાં પધારવું. આ અશ્વ જ્યાં જ્યાં સ્વેચ્છાએ જાય તેની પાછળ પાછળ સેનાએ જવું. માર્ગમાં એ જ્યાં જ્યાં ખરી ડોક ત્યાં ત્યાં કુવા અને આળોટે ત્યાં ત્યાં વાવ બંધાવતા જવું. આ પ્રમાણે ફરતાં બધી પૃથ્વીના રાજા જીતાય તો જ આ યજ્ઞ કરાય, નિકર નહિ.

યજ્ઞ સારુ કોઈ મોટા ક્ષેત્રમાંથી માટી મંગાવી તેની ઇંટ કરીને તેનો દક્ષિણ દિશાએ કુંડ થાપવો. ને તેની આજુબાજુ ચોરી બાંધવી. તેમાં બાવરા, ખેર અને સમડીના લાકડાના સ્તંભ કરવા. પછી ચોસઠ વરવહુના છેડા ગાંઠી તેમની પાસે ગંગાજળ મંગાવી તેણે વતી અશ્વને મંત્ર સહિત સ્નાન કરાવવું. એનો ડાબો કાન દાબવાથી દુધની ધારા નિકળે તો જાણવું કે એ શુદ્ધ થયો. પછી એને કુંડ સમિપ લઇ જઇ એનું માથું તરવારથી કાપી નાંખી વેદ વિધિએ એનાં અંગોની આહુતિયો આપવી.

અશ્વમેધ કરનારને અસીધારા નામનું વ્રત કરવું પડે છે; એ વ્રત કરનારને અષ્ટભોગ તજવા પડે છે. રાત્રે ઘણી ઘણીઆણીએ દર્ભની પથારી ઉપર જોડે વચ્ચે ઉઘાડી તરવાર મુકીને સુઇ રહેવું પડે છે. આ પ્રમાણે એક વર્ષ અગાઉથી કર્યા બાદ યજ્ઞનો આરંભ થાય છે. યજ્ઞમાં વીસ હજાર બ્રાહ્મણોની વરણી કરી તેમને ખાનપાન પૂરાં પાડવાં. દક્ષણામાં અક્કેક બ્રાહ્મણને સહસ્ત્ર ગાય, એક સણગાર સહિત હાથી અને અશ્વ, સવામણ સોનું, અને એક પાયલી રત્ન આપવા. યજમાને યજ્ઞ કરતી વખત મૃગચર્મ પહેરવું જોઈએ. સો અશ્વમેધ કરનારને ઇંદ્રાસન મળે છે. (નર્મકથા કોષ પા, ૩૩)

વૈદિક કાળમાં સંતતિની કામનાવાળા રાજાઓ અશ્વમેધ કરતા. અમુક ક્રિયાઓ કરીને અશ્વને મારી નાંખતા. અને રાજાની રાણીઓને મારેલા ઘોડાની જોડે રાત્રે સુઇ રહેવું પડતું. તેમ જ બીજી ન વર્ણવાય એવી ક્રિયાઓ કરવી પડતી. પાછળથી મહાભારતના કાળમાં આ યજ્ઞની શ્રેષ્ટતા ઘણી વધી હતી. (ડાઉસન પા. ૨૮).

ડાઉસનનું કહેવું યથાર્થ નથી. અશ્વમેધના મંત્રોનો અશ્લીલતા ભર્યો ખોટો અર્થ કરવાથી આ ક્રિયાઓ હશે એવી માન્યતા થઈ છે. એ મંત્રોનો અર્થ મહર્ષિ શ્રીમદ્દયાનંદે જુદો જ આપેલો છે.

અશ્વમેધક. સોમવંશી પૂરુકુલોત્પન્ન સહસ્ત્રાનીક રાજાનો પુત્ર. એને અસીમકૃષ્ણ નામે પુત્ર હતો.

અશ્વમેધપુરી. પૂર્વ દશાર્ણ દેશની પૂર્વે આવેલી એક નગરી. કીયા દેશની રાજધાની હતી તે જણાતું નથી. પરંતુ પાંડવોના સમયમાં ત્યાં રોચમાન્ નામે રાજા હતો. **(ભા૨૦ સભા૦ અ૦ ૩૦)**

અશ્વરથા. હિમાલય ઉપરની એક નદી **(ભા૨૦ વન૦ અ૦ ૧૬૦)**

અશ્વવતી. ભારતવર્ષની એક નદી **(ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯)**

અશ્વશંકુ. દનુ પુત્ર દાનવોમાંનો એક.

અશ્વશિરા. દધ્યંચ નામના જે ઋષિને ઘોડાનું માથું ચોંટાડીને અશ્વિનીકુમારોએ જેની પાસેથી બ્રહ્મવિદ્યા મેળવી હતી તે ઋષિ.

અશ્વશિરા (૨). દનુ પુત્ર એક દાનવ.

અશ્વસેન. કદ્રૂપુત્ર તક્ષક નામના નાગનો પુત્ર. અર્જુને ખાંડવ વન અગ્નિને ખાવા આપ્યું તે કાળે જ્યારે અગ્નિ લાગેલો જોયો ત્યારે એની માતા એ નાનો હોવાથી એને મોંમાં લઇને વનની બહાર નીકળી જતી હતી. તેને અર્જુને દીઠી અને મારી નાંખી. એ પોતે શી રીતે ઉગર્યો તે કોણ જાણે. આ વેર મનમાં લાવીને કર્ણ અને અર્જુનના સંગ્રામ કાળે ગુપ્ત રુપે જઇને કર્ણના બાણપર એ બેઠો હતો. પરન્તુ કૃષ્ણને તે ખબર હોવાથી જેવું કર્ણનું બાણ આવ્યું કે કૃષ્ણે અર્જુનના ઘોડાને ઘુંટણીએ બેસાડી દીધા. બાણ તેથી અર્જુનના ગળા ઉપર સાધેલું હતું છતાં ત્યાં ન વાગતાં એના મુગટપર વાગ્યું. મુગટ બળીને ભસ્મ થઇ ગયો હતો.

અશ્વસેન (૨). કૃષ્ણથી સત્યાને પેટે જન્મેલો પુત્ર. એ મોટો મહારથી હતો.

અશ્વિની. ચન્દ્રની સત્તાવીશ સ્ત્રીઓમાંની એક.

અશ્વિની (૨). અક્રૂરની સ્ત્રીઓમાંની એક.

અશ્વિનીકુમાર. આશ્વિનેય શબ્દ જુઓ.

અશ્વિનીતીર્થ. ભારતવર્ષીય એક તીર્થ

અષ્ટદ્વીપ. ક્ષાર સમુદ્રમાં જંબુદ્વીપની આજુબાજુ આઠ ઉપદ્વીપ છે તે. તેમનાં નામઃ—સ્વર્ણપ્રસ્થ, ચન્દ્રશુક અથવા શુકલ, આવર્ત્તન, રમણક, મંદરહરિણ, પાંચજન્ય, સિંહલ અને લંકા. **(ભાગ૦ પંચ૦ અ૦ ૧૯ શ્લો૦ ૩૦) (દેવી ભાગ૦ અષ્ટમ૦ અ૦ ૧૧ શ્લો૦ ૩૦-૩૨)**

અષ્ટક. વિશ્વામિત્ર ઋષિને માધવીથી થએલો પુત્ર. (૩ ગાલવ શબ્દ જુઓ). એ ઘણો વેદ વેદાંગ પારગ હતો. એક વખત એણે પોતે યજ્ઞ કર્યો હતો. તે કાળે એના યજ્ઞમાં ઘણા ઋષિયો અને રાજા રજવાડા આવ્યા હતા. યજ્ઞ સમાપ્ત થયા પછી પોતાના ત્રણે ભાઇઓ, પ્રતર્દન, વસુમના અને શિબિની સાથે રથમાં બેસીને કાંક જતો હતો. રસ્તામાં એને નારદ મળ્યા તેમને પોતાની જોડે લઈ લીધા. એ નારદને પુછવા લાગ્યો કે અમારા ચારેમાંથી સ્વર્ગમાં ગયા પછી કોણ વહેલું પડશે ? નારદે કહ્યું કે તેં બહુ ગૌદાન આપ્યાં છે. પરંતુ મેં બહુ ગૌદાન આપ્યાં છે, એવો તારા મનમાં અહંકાર છે, સમજ્ય સહુથી પહેલો તું પડીશ.

પ્રતર્દનની પાસે એક બ્રાહ્મણે માર્ગમાં અશ્વ માગ્યો હતો. એણે કહ્યું કે આપીશ, પણ બ્રાહ્મણે તત્કાળ માગવાથી પોતાના રથમાંથી છૂટો કરીને બ્રાહ્મણને આપ્યો હતો. એને બીજા ત્રણ બ્રાહ્મણોએ એવી જ યાચના કરવાથી, તેમને પણ આપી દીધા હતા. અને પોતે હાથે રથ ખેંચીને ઘેર આવ્યો હતો. છતાં એના મનમાં તે કાળે એમ વિચાર આવ્યો હતો કે કેટલ વખતે શું માગવું એનું આ બ્રાહ્મણોને ભાન નથી. એના મનમાં

આવું આવ્યા માટે તે તારી (અષ્ટકની) પછી પડશે.

વસુમનાએ પોતાના રથનાં બ્રાહ્મણે વખાણ કર્યાં તેથી એ રથ ઉપર એનું ચિત્ત ચોંટયું એમ ખબર પડી છતાં એણે રથ આપ્યો નહિ, માટે પ્રતર્દનની પછી એનું પતન થશે. કેવળ શિબિજ સ્વર્ગમાં રહેશે, એવું નારદે કહ્યું હતું. (**ભા૨૦ વન૦ અ૦ ૧૧૮**)

આ અષ્ટક વિશ્વામિત્ર કુળમાં પ્રવર પ્રવર્તક અને મંત્રદ્રષ્ટા હતો. એ પોતાના ત્રણે ભાઇઓ સાથે વનમાં તપ કરતો હતો તેવામાં યયાતિરાજા આત્મશ્લાઘાના દોષને લીધે સ્વર્ગમાંથી નીચે પડ્યો હતો. તેને પોતાના પુણ્યનું ફળ આપી એણે સ્વર્ગમાં મોકલ્યો હતો. (યયાતિ શબ્દ જુઓ).

અષ્ટકા. એક શ્રાદ્ધ દેવતા, હાલ તે દેવતાત્વ અચ્છોદાકને છે.

અષ્ટકુલાચળ. ભારતવર્ષીય ભરતખંડમાં જે આઠ ઉપપર્વત આવેલા છે તે. તેમનાં નામઃ—ઉપગિરિ, હિમાલય, પારિયાત્ર, ઋષ્યવાન્, અથવા ઋક્ષવાન્, વિંધ્યાદ્રિ, સહ્યાદ્રિ, મલય, મહેંદ્રાચલ અને શુક્તિમાન્.

અષ્ટદિગ્પાલ. કલ્પના આરંભમાં પૂર્વદિશાથીમાંડીને ઇશાન દિશા પર્યંત ઇન્દ્ર, અગ્નિ, પિતર, નિર્ઋતિ, વરુણ, વાયુ, સોમ કિંવા વૈશ્રવણ અને ઇશાન એ દિગ્પાલો હતા. એ ઉપરથી જ આજ પર્યંત એ દિશાએ એમનાં નામ વપરાય છે. પરંતુ ચાલુ મન્વન્તરમાં છે તે દિગ્પાલોનાં નામ આ પ્રમાણે છેઃ—બાર આદિત્યો માંહેલો ઇંદ્ર અથવા શુક્ર નામનો આદિત્ય, અનલ નામનો વસુ, સૂર્યપુત્ર યમ, નિર્ઋતિનામનો રુદ્ર, વરુણ નામનો આદિત્ય, અનિલ નામનો વસુ, વૈશ્રવણ અથવા કુબેર. અને ઇશ્વર નામનો રુદ્ર, પૂર્વથી અનુક્રમે, આઠે દિશાના આ આઠ દિગ્પાલ છે.

અષ્ટદિગ્ગજ. ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ, અને સુપ્રતિક એ નામના પૂર્વથી માંડીને આઠે દિશાના—પૃથિવીના આધારભૂત આઠ હાથીઓ છે તે.

અષ્ટનાગ. અનંત, વાસુકિ, તક્ષક, કર્કોટક, શંખ, કુલિક, પદ્મ, અને મહાપદ્મ, આવી આઠે નાગની જાતિઓ છે તે.

અષ્ટભૈરવ. અસિતાંગ, રુરુ, ચંડ, ક્રોધ, ઉન્મત્ત, કુપતિ અથવા રૂપાલી, ભીષણ અને સંહાર.

અષ્ટમર્યાદાગિરિ. હિમાલય, હેમકૂટ, નિષધ, ગંધમાદન, નીલ, શ્વેત, શૃંગવાન્ અને માલ્યવાન્. આ આઠ મહાગિરિ વડે ભરતાદિ જંબુદ્વીપના નવ દેશમાં વિભાગ પડે છે.

અષ્ટમહાસિદ્ધિ. અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્યા, ઇશિત્વા, અને વશિત્વા. આ આઠે સિદ્ધિયો માત્ર ઇશ્વરમાં જ છે. ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરવા સારુ, ગુણાનુસાર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એવાં નામ ધારણ કરતાં જ તેનામાં સહજ જ આવે છે.

અષ્ટવસુ. ચાલુ મન્વન્તરના ધર્મઋષિથી પ્રાચેતસ દક્ષકન્યા વસુને થયેલા—વસુનામના આઠ દેવ. દેવના સાત પ્રકારોમાં આ દેવની ગણના પાંચમામાં થાય છે. તેમનાં ધર, ધ્રુવ, સોમ, અહ, અનિલ, અનલ, પ્રત્યૂષ અને પ્રભાસ એવાં નામ છે. (ભા૨૦ આદિ૦ અ૦ ૬૬) પુરાણોમાં આમાંના કેટલાકનાં નામ તેનાં તે અને કેટલાકનાં જુદાં મળી આવે છે. આમ જુદાં નામ પડવાનું કારણ માલમ પડતું નથી. માત્ર આઠની સંખ્યામાં કશો ગોટાળો નથી.

અષ્ટાવક્ર. કહોડ અથવા કહોલ નામના ઋષિનો પુત્ર—એ ક્યિા કુળનો હતો તેનો પત્તો લાગતો નથી. કહોડ પોતાની સુજાતા નામની સ્ત્રીની સાથે આશ્રમ ધર્મ ચલાવતો હતો. એક વખત અષ્ટાવક્રની માતા—સુજાતા—ગર્ભિણી હતી. કહોડ ઋષિ અધ્યયનની આવૃત્તિ કરતા હતા. તે સાંભળી અષ્ટાવક્રે ઉદરમાંથી પિતાને પ્રશ્ન પૂછ્યો કે તમારે હજુએ આવૃત્તિ કરવી પડે છે કે ? આ સાંભળી કહોડને ક્રોધ ચઢ્યો અને

શાપ દીધો કે તું આઠે અંગે વાંકો થઇશ. આમ આઠ અંગે વાંકો હોવાથી એનું અષ્ટાવક્ર નામ પડ્યું હતું.

વરુણ પુત્ર બંદીએ કહોડ ઋષિને વાદમાં જિતીને પાણીમાં બૂડાડ્યા તેથી સુજાતા પોતાના પિતા ઉદ્દાલક ઋષિને ત્યાં પોતાના પુત્રને લઇને રહી હતી. અષ્ટાવક્ર પોતાના મામા શ્વેતકેતુની જોડે રમતો હતો તેવામાં શ્વેતકેતુ એ પોતાના પિતાને તાત એમ કહ્યું; એટલે અષ્ટાવક્રે પણ તેમને તાત કહી સંબોધ્યા. આ સાંભળીને શ્વેતકેતુએ કહ્યું કે એતો મારા તાત છે, તારા નહિ. માટે તું મારા તાતના બોળામાં બેસીશ નહિ. મામાનું આ કહેવું એને વિપરીત ભાસ્યું, કેમકે એનામાં આ તાત, આ માતામહ એવી ભેદબુદ્ધિ હતી જ નહિ.

મામાની વાણી સાંભળી અષ્ટાવક્ર તરત જ પોતાની મા પાસે ગયો અને પૂછવા લાગ્યો કે મારો પિતા કોણ ? આ સાંભળીને સુજાતાને ઘણું જ રડવું આવ્યું. એણે કહોડ ઋષિને બંદીએ પાણીમાં બૂડાડ્યાની બધી હકીકત કહી; તેમ જ બંદી હજી પણ જનકરાજાની સભામાં છે એવું પણ કહ્યું. અષ્ટાવક્ર પોતાના મામાને સંઘાતે લઇને ઐંદ્રદ્યુમ્નિ નામના જનકરાજાના નગરમાં ગયો. જોવો દ્વારમાં પેસે છે કે દ્વારપાળે એને રોકયો. એની સાથે વાદ થયો તેમાં અષ્ટાવક્રે શાસ્ત્ર સંમત વ્યાકયોવડે દ્વારપાળનાં વચનોનું ખંડન કર્યું એટલે દ્વારપાળે મામાભાણેજ બન્નેને અંદર જવા દીધા. સભામાં જઇને અષ્ટાવક્રે બંદીની જોડે વાદ કરીને એને હરાવ્યો. હારનારને પાણીમાં બૂડાડવાની શરત હતી અને પોતે હાર્યો માટે પાણીમાં બૂડાડશે એમ લાગવાથી બંદીએ અષ્ટાવક્રને કહ્યું કે તારા પિતા મરણ પામ્યા છે એવી ધાસ્તી રાખીશ નહિ. જે હુન્નર બ્રાહ્મણોને મેં વાદને બહાને પાણીમાં બૂડાડ્યા છે, તે સર્વને મારા પિતા વરુણના યજ્ઞ સારુ મોકલ્યા છે અને બધા સુખમાં છે. હવે યજ્ઞ સમાપ્ત થયો છે. એટલે બધા બ્રાહ્મણો પાછા આવશે, તેની સાથે તારો પિતા પણ પાછો આવશે. આ સાંભળીને જનકરાજાએ અષ્ટાવક્રનો સારો સત્કાર કરી પોતાને ત્યાં રાખ્યો. એના મામાને પણ એની સાથે જ રાખ્યો. થોડા જ વખતમાં બંદીના કહેવા પ્રમાણે બધા બ્રાહ્મણો પાછા આવ્યા તેમાં કહોડ ઋષિ પણ હતો. જનકરાજાથી સન્માન પામી પોતાના પિતા અને મામા સહિત અષ્ટાવક્ર ઘેર આવવા નિકળ્યો. રસ્તામાં મધુવિલા નામની નદી આવી એટલે કહોડે અષ્ટાવક્રને એ નદીમાં સ્નાન કરવાની આજ્ઞા કરી. સ્નાન કરતાંજ એનાં અંગ જે વાંકાં હતાં તે સરલ થઈ ગયાં. તે દિવસથી એ નદીનું બીજું નામ સભંગા એવું પડ્યું. અષ્ટાવક્ર પિતા સહિત આવી પોતાની માતાને મળ્યો અને પોતાના માતામહની આજ્ઞા લઇ પોતાના પ્રથમના આશ્રમે ગયો. એ જેવો પરમ સમર્થ તેવો જ બ્રહ્મતત્વજ્ઞાન સંપન્ન પણ હતો. (**ભા૨૦ વન૦ અ૦ ૧૩૨–૧૩૪**)

અસકૃત. પુલોમાને ભૃગુ ઋષિથી થએલા પુત્રોમાંનો એક. પુલોમાના ચ્યવનાદિ સાત પુત્રોમાંથી આ ક્યિા પુત્રનું નામ તે જણાતું નથી.

અસમંજા. સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળના સગર રાજાને તેની કેશિની નામે ભાર્યાથી થયેલો પુત્ર. એ મૂળ યોગભ્રષ્ટ થએલો હોવાથી એની વૃત્તિ દુનિયામાં રહેવાની નહોતી. બુદ્ધિપૂર્વક અયોગ્ય વર્ત્તણુક કરીને ગાંડો કરે તો નગરમાંથી જતાં રહેવાની આજ્ઞા થાય એમ ધારીને એ એવી રીતે વર્ત્તતો. નગરજનોનાં છોકરાંને રમવા જવાને બહાને નદીએ લઇ જઇને બૂડાડતો. ગામમાંથી ઘણાં છોકરાંની આવી વલે થવાથી નગરજનોએ રાજાને ફરીયાદ કરી. તેથી રાજાએ એને શહેર છોડી જવાની આજ્ઞા કરી હતી. સરયૂ નદીને કાંઠે જઇ પોતાના યોગ સામર્થ્ય વડે બૂડાડેલાં છોકરાંને બહાર કાઢી

શહેરમાં મોકલી દીધાં અને પોતે અરણ્યમાં ચાલ્યો ગયો, એને અંશુમાન્ નામે પુત્ર હતો.

અસમંજ. (૨) યદુપુત્ર ક્રોષ્ટાના કુળમાં જન્મેલા સાત્વતના પુત્ર અંધકનો પૌત્ર. એના બાપનું નામ કંબલબર્હિ અને પુત્રનું નામ તમોજ્ઞ હતું.

અસિક્ની. પ્રાચેતસ દક્ષની સ્ત્રી. એ પંચજન પ્રજાપતીની કન્યા હતી. એને પાંચજની પણ કહેતા. (**ભાગ૦ ૬ષ્ઠ૦ અ૦ ૪**)

અસિક્ની. (૨) ભારત વર્ષની એક એ નામની નદી. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**) હાલની સતલજ નદી.

અસિત. મરીચિ કુળોત્પન્ન એક ઋષિ. હિમાલયની કન્યા એકપર્ણા એની સ્ત્રી હતી.

અસિત. (૨) માંધાતા રાજાને હાથે હાર ખાધેલો એક રાજા. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૨૯**)

અસિત. (૩) જનમેજયે કરેલા સર્પસત્રમાં વરેલો એક ઋષિ.

અસિત. (૪) કામ્યક વનની પશ્ચિમે આવેલો એક પર્વત. એ પર્વતપર કક્ષસેન ઋષિનો આશ્રમ હતો.

અસિતા. એ નામની એક અપ્સરા.

અસિતાંગ. આઠ ભૈરવમાંનો એક.

અસિપત્રવન. એ નામનું એક નરક. ત્યાંના ઝાડનાં પાંદડાં તરવારની ધાર જેવાં તીક્ષ્ણ કહેવાય છે. વેદમાર્ગ વિહિન પાખંડ માર્ગને અનુસરનારા આ નરકમાં યાતના ભોગવે છે.

અસિલોમા. દનુપુત્ર એ નામનો એક દાનવ.

અસી. એ નામની એક નદી જે કાશીક્ષેત્રમાં ભાગીરથી ગંગાને મળે છે.

અસીમકૃષ્ણ. સોમવંશી જનમેજયના વંશના અશ્વમેધક રાજાનો પુત્ર. એના પુત્રનું નામ નિમિચક્ર હતું.

અસુર. એક જાતનો અગ્નિ. (**ભાર૦ ઉદ્યો૦ અ૦ ૬૬**)

અસુરથ. એ નામનો એક યાદવ.

અસુરા. પ્રાધાની કન્યા એક અપ્સરા.

અસૂર્તરજસ. મૂર્તય રાજાનું બીજું નામ (મૂર્તય શબ્દ જુઓ.)

અસ્તિ. જરાસંધ રાજાની બે કન્યાઓમાંની મહોટી. એની બીજી કન્યાનું નામ પ્રાપ્તિ. આ બન્નેને મથુરાના કંસ વેરે દીધી હતી. કૃષ્ણે કંસને માર્યા પછી આ બન્ને બહેનો પોતાને પિયર –જરાસંધને ઘેર રહેતી (**ભાર૦ દશ૦ અ૦ ૫૦**)

અસ્વાહાર્ય. એ નામનો એક બ્રહ્મર્ષિ. (**૩ અંગિરા** શબ્દ જુઓ.)

અહંપતિ. સોમવંશી પૂરુ કુળોત્પન્ન સંયાતિ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ રૌદ્રાશ્વ હતું.

અહર. દનુના પુત્ર દાનવામાંનો એક.

અહલ્યા. બ્રહ્મદેવની માનસ કન્યા. ગૌતમ ઋષિની સ્ત્રી. એ પાંચ સતીઓમાંની એક છે. એ ઘણી જ સૌંદર્યવાળી હતી. એને પરણવાને દેવતાઓ માંહોમાંહે લડવા લાગ્યા. એવું જોઈ બ્રહ્માએ કહ્યું કે જે કોઈ એક દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા કરી આવે તેની સાથે પરણાવીશ. એ સાંભળી ઇંદ્ર ઐરાવત લઇને અને બીજા પોત પોતાનાં વાહનો લઇને દોડ્યા. એ વાત ગૌતમ ઋષિના જાણ્યામાં આવવાથી પોતે ત્રણ વાર ગાયની પ્રદક્ષિણા કરી–ગાય પૃથ્વીનો અવતાર છે માટે અને બ્રહ્મા પાસે આવી કહ્યું કે હું ત્રણવાર પૃથ્વી પ્રદક્ષિણા કરી આવ્યો માટે મને પરણાવો. બ્રહ્માએ એને પરણાવી. પછી ઇંદ્ર આવ્યો તે અહલ્યાને ગાતમ પરણી ગયો એ જાણી ઘણો ખિજવાયો. રામાયણમાં પાઠાન્તર છે કે એણે ઇંદ્રની સાથે સંબંધ કર્યો હતો અને એ વાતથી બહુ ગર્વ આવ્યો હતો. પણ એ હકીકત બીજે પાઠાંતર આપી છે. પોતાને એ કન્યા ન મળવાથી ઇંદ્રે એને ભોગવવાનો નિશ્ચય કર્યો. ચન્દ્ર એ કાવત્રામાં સામિલ થયો. એક દિવસ મધરાત્રે ચન્દ્ર ગૌતમના આશ્રમ પાસે જઈ કુકડો થઇને વાસ્યો. ગૌતમ જાગી ઉઠ્યો અને સવાર થયું ધારી પોતે નિત્યકર્મ કરવા ગંગાતટ પર ગયો, એટલે ઇંદ્ર એનો વેશ લઇને આવ્યો અને કહ્યું કે મને તાવ ભરાયો છે માટે બારણાં ઉઘાડ. અહલ્યાએ બારણાં ઉઘાડ્યાં અને ઇંદ્રે છળ કરીને એની સાથે સંભોગ કર્યો. એટલામાં ગૌતમ આવ્યો. ઇંદ્ર બિલાડો થઇ એક ખૂણે ભરાયો. ગૌતમે

જ્ઞાનથી આ વાત જાણીને ઇંદ્રને શાપ દીધો કે તારે શરીરે સહસ્ર ભગાકાર છિદ્ર પડશે અને તું નપુંસક થઇ હમેશ કામથી બળ્યાં કરીશ. અહલ્યાને શાપ દીધો કે તું શલ્યા થઇને પડીશ. અહલ્યાએ કાલાવાલા કરવાથી ઉશાપ આપ્યો કે દાશરથિ રામચંદ્રના ચરણનો સ્પર્શ થતાં તારો ઉદ્ધાર થશે. ઇંદ્રની તરફથી દેવતાઓએ સ્તુતી કરવાથી એને પણ ઉશાપ આપ્યો કે તારાં છિદ્રોની જગાએ સહસ્ર આંખો થશે. એમ થવાથી ઇંદ્રનું સહસ્રાક્ષ એવું નામ પડ્યું. એ જ પ્રમાણે પછી અહલ્યાનો ઉદ્ધાર થયો. એના પુત્રનું નામ શતાનંદ. શતાનંદ વિદેહવંશી જનકનો ઉપાધ્યાય હતો. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૪૮–૪૯**), (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૩૦.**) અને (**નર્મકથા કોશ.**)

અહલ્યા (૨) સોમવંશી પૂરુકુળમાં જન્મેલા વિદ્યાશ્વ નામના રાજાને મેનકા અપ્સરાથી થએલા જોડકામાંની કન્યા. એ જ જોડકામાં જન્મેલા દિવોદાસની બહેન અને કોઇ ગૌતમ નામના ઋષિની સ્ત્રી હતી. એના પુત્રનું નામ પણ શતાનંદ. એનો બીજો પુત્ર તે ચિરકારિ.

અહલ્યાહ્રદ. ભારતવર્ષમાં ગૌતમ વનમાં આવેલું એ નામનું એક તીર્થ.

અહિચ્છત્રા. દ્રુપદ રાજાની પૂર્વ નગરી.

અહિર્બુધ્ન્ય. અગીઆર રુદ્રમાંનો એક (એકાદશ રુદ્ર શબ્દ જુઓ.)

અહિર્બુધ્ન્ય. (૨) યજ્ઞમાંનો એક અગ્નિ વિશેષ.

અહિક્ષત્ર. ભારતવર્ષીય એક નગર. (**ભાર૦ વન૦ અ૦ ૨૫૪**)

અહીન. સોમવંશી આયુકુળના ક્ષત્રવૃદ્ધ રાજાના વંશમાં જન્મેલા સહદેવ નામના રાજાનો પુત્ર. એના પુત્રનું નામ જયસેન હતું.

અહીનગુ. અનીહ રાજાનું બીજું નામ.

અહીનર. " "

અહોવીર્ય. એ નામનો એક ઋષિ.

અક્ષ. મંદોદરીને પેટે રાવણને થએલો પુત્ર. હનુમાને અશોકવાડીનો ભંગ કર્યો તે કાળે એને પકડવા પાંચ સેનાપતિયોને રાવણે મોકલ્યા હતા. એઓ મરાયા પછી અક્ષને મોકલ્યો હતો. એ આઠ ઘોડાના રથમાં બેસી અશોકવાડીમાં ગયો, અને એણે હનુમાન સાથે યુદ્ધ કર્યું. છેવટે એ હનુમાનને હાથે જ મરાયો. (**વા૦ રા૦ સુંદ૦ સ૦ ૪૭**)

અક્ષમાળા. બીજા અંક સંજ્ઞાવાળા વસિષ્ટ ઋષિની સ્ત્રી.

અક્ષમાલિકા. ઋગ્વેદનું એ નામનું એક ઉપનિષત્

અક્ષયવટ. ભારતવર્ષીય એક પવિત્ર તીર્થ.

અક્ષીણ. એ નામનો એક ઋષિ (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ.)

આ.

આકૂતિ. સ્વાયંભૂ મનુની ત્રણમાંની પહેલી કન્યા. એ વરુચિ ઋષિની સ્ત્રી હતી. એને યજ્ઞ અને દક્ષિણા એ નામના પુત્ર અને કન્યાનું જોડકું અવતર્યું હતું. (**ભાગ૦ તૃતી૦ અ૦ ૧૨**)

આકૂતિ. (૨) પ્રિયવ્રત રાજાના વંશમાં જન્મેલા ઋષભ દેવના કુળના પ્રસિદ્ધ વિભુ રાજાના પુત્ર પૃથુષેણના. પુત્રની સ્ત્રી. એને નક્ત નામે પુત્ર હતો.

આકૂતિ. (૩) ઉત્તાનપાદ રાજાના વંશમાં ધ્રુષ્ટ રાજાની પુત્રવધુ. એના વરનું નામ સર્વતેજસ. એના પુત્રનું નામ ચક્ષુ. એ જ અગાડી જતાં છઠ્ઠો મનુ થયો હતો.(**ભાગ૦ ચતુર્થ૦ સ્કં.અ૦ ૧૩**)

આકૃતિ. એ નામનો એક કૌશિકાચાર્ય–ગારુડી વિદ્યાનો આચાર્ય. યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો તે સમયે સહદેવ દક્ષિણ દિશા તરફ દિગ્વિજય કરવા ગયો હતો. એણે આકૃતિને હરાવી એની

પાસેથી કર ભાગ લીધો હતો. (ભાર૦ સભા૦ અ૦ ૩૧)

આંગરિષ્ટ. એ નામનો એક રાજર્ષિ. કોઇ પણ ગ્રંથમાંથી એના કુળની બીના મળી આવતી નથી. એનો કામંદ ઋષિની સાથે સંવાદ થયો હતો એટલી હકીકત માત્ર મળે છે (કામંદ શબ્દ જુઓ.)

આંગીરસી. પ્લક્ષદ્વીપમાં જે સાત મહાનદીઓ છે તેમાંની એક.

આગ્નાપ્રાસેવ્ય. એ એક બ્રહ્મર્ષિ હતો. (૨ કશ્યપ શબ્દ જુઓ.)

આગ્નીધ્ર. પ્રિયવ્રત રાજાને બર્હિષ્મતીને પેટે થએલા દશ પુત્રોમાંનો મોહટો. ક્ષાર સમુદ્રથી વિંટાલાયલા જંબુદ્વીપનો એ અધિપતિ હતો. એણે પૂર્વચિત્તિ નામની અપ્સરા સાથે દશકોટિ વર્ષ પ્રર્યન્ત યથેચ્છ સમાગમ કર્યો હતો. એનાથી એને નાભિ, કિંપુરુષ, હરિ, ઈલાવૃત્ત, રમ્યક, હિરણ્મય, કુરુ, ભદ્રાશ્વ અને કુતુમાળ એ નામના નવ પુત્ર થયા હતા. કાંઇ કાળે એ અપ્સરા દિવ્ય લોકમાં જતી રહેવાથી એના વિરહથી એ ઘણો જ દુઃખી થયો હતો. એણે પોતાના દ્વીપના નવ ભાગ પાડી એનાં વર્ષ એવાં નામ પાડી, એકેક પુત્રને એકેક વર્ષનું અધિપતિ પણું આપ્યું હતું. પછી પોતે અરણ્યમાં તપ કરવા ચાલ્યો ગયો હતો. (ભાગ૦ પંચ૦ અ૦ ૧-૨)

આગ્નીધ્રક. હવે પછી થનારા બારમા રુદ્રસાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્ત ઋષિયોમાંનો એક.

આગ્નેયકલ્પ. બ્રહ્માના મહિનાના અઢારમા દિવસ એટલે કલ્પમાં અગ્નિનો થએલો પહેલો અવતાર. (૪ કલ્પ શબ્દ જુઓ.)

આગ્નેયકોશલ. ઇન્દ્રપ્રસ્થની આગ્નેય દિશામાં આવેલો કોશળ દેશ. એની રાજ્યધાની અયોધ્યા. એ સરયૂ નદીને કિનારે આવેલી છે. પાંડવોના સમયમાં ત્યાં બૃહદ્બલ નામનો સૂર્યવંશી રાજા હોઇ, એ રાજાનો ભાઈ દીર્ઘયજ્ઞ તે યુવરાજ હતો. (ભાર૦ સભા૦ અ૦ ૩૦), (વા૦ રા૦ અયોધ્યા૦ સ૦ ૬૮).

આગ્રેય. ભારત વર્ષનો એક દેશ. એની સીમાનું વર્ણન મળતું નથી (ભાર૦ વન૦ અ૦ ૨૫૪)

આંઘ્રિક. એ નામનો એક ઋષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ.)

આંજનેય. અંજનાનો પુત્ર, મારુતિનું બીજું નામ.

આજમીડ. સોમવંશી અજમીઢ રાજાના વંશજોને આ નામ સંબોધન પ્રસંગે વાપરેલું જણાય છે. પણ મહાભારતમાં યુધિષ્ઠિરને લગાડેલાના વિશેષ પ્રસંગ મળી આવે છે.

આજિહાયન. એક બ્રહ્મર્ષિ.(૨ કશ્યપ શબ્દ જુઓ.)

આજય. પિતૃગણોમાંના એક ભેદ વિશેષમાંના પિતર. એ બ્રહ્મ માનસપુત્ર પુલહના વંશજો છે. યજ્ઞમાં એઓ આજયનું જ પાન કરે છે, તે ઉપરથી આ નામ પડયું છે. બકરીના દુધમાંથી વલોવી કાઢેલા ઘીને આજય કહે છે. કોઈ કોઈ જગાએ એમને સુસ્વધા એવું નામ પણ કહેલું જણાય છે. બહુધા વૈશ્ય જાતિને આ પિતર પૂજ્ય હોય છે (મત્સ્ય૦ અ૦ ૧૫)

આડી. અંધકાસુરનો પુત્ર. એણે ઉગ્ર તપ કરીને બ્રહ્મદેવને પ્રસન્ન કર્યા હતા. બ્રહ્મદેવની પાસે અમરત્વ માગતાં એ દુર્લભ છે એમ કહ્યું એટલે એણે ફેરવીને વર માગ્યો કે હું રુપાંતર થયા વગર મરું નહિ. તથાસ્તુ કહીને બ્રહ્મદેવ સ્વલોકમાં પધાર્યા. પછી આડી પોતાના પિતાને મારનાર શિવનું વેર મનમાં આણીને પોતે કૈલાસ ગયો. શિવના દ્વાર ઉપર વીરક નામનો શિવગણ ચોકીપર હતો તે પોતાને અડચણ ન કરે એમ ધારીને આડી સર્પનું રુપ ધારણ કરીને ગુપ્તરુપે ઘરમાં પેઠો. પછી સર્પરુપ તજીને એણે પાર્વતીનું રુપ ધારણ કર્યું, અને શિવની પાસે જતો હતો. આ કપટ શિવે જાણતાં એ રુપાંતર થએલો હતો સબબ એણે પોતે જ મેળવેલા વરદાનને અનુસરી એમણે એને તત્કાળ મારી નાંખ્યો. (મત્સ્ય૦ અ૦ ૬૫૫).

આત્મભૂ – આત્મયોનિ. } સ્વયંભૂ–બ્રહ્મદેવનાં જ આ નામ છે.

Smt. HANSA MEHTA LIBRARY

આત્મવાન્. એ નામના એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

આત્મા. શરીરસ્થ જિવ અથવા કૂટસ્થ.

આત્મા. (૨) એક દેવ વિશેષ (૩ અંગિરા શબ્દ જુઓ).

આત્રેય. સામાન્ય રીતે અત્રિ કુળોત્પન્નને આ નામ લગાડાય છે.

આત્રેય. (૨) વામદેવ ઋષિનો એક શિષ્ય (૧ પરીક્ષિત્ શબ્દ જુઓ).

આત્રેય. (૩) જનમેજયના સર્પસત્રમાં વરેલો એક સભ્ય.

આત્રેયાયનિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

આત્રેયી. ભારતવર્ષીય એક નદી. (ભાર૦ભીષ્મ૦ અ૦ ૯).

અથર્વણ. અથર્વણ ઋષિના ધૃતવ્રતાદિક ત્રણ પુત્રમાંનો પ્રત્યેક.

આદિકવિ. બ્રહ્મદેવ અને વાલ્મીકિ બન્નેને આ નામ કહેવાય છે.

આદિત્ય. સર્વના પહેલા, એવા પરમાત્મા.

આદિત્ય. (૨) સ્વર્ગમાં અદિતિના પુત્ર, બાર દેવ છે તે પ્રત્યેક.

આદિત્યકેતુ. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

આદિદૈત્ય. હિરણ્યાક્ષનું આ નામ છે. કારણ કે તે કલ્પના આરંભમાં થયો હતો. એ વરાહને હાથે મૃત્યુ પામ્યો હતો.

આદિવરાહ. ચાલુ કલ્પના આરંભમાં હિરણ્યાક્ષને મારવા સારુ વિષ્ણુએ ધારણ કરેલો અવતાર. એને શ્વેતવરાહ પણ કહે છે.

આદ્ય. ચાક્ષુષ મન્વન્તરના પાંચ પ્રકારના દેવોમાંનો એક પ્રકાર.

આદ્ય. (૨) એ નામના એક બ્રહ્મર્ષિ. (વિશ્વામિત્ર શબ્દ જુઓ) એ એક સંજ્ઞાવાળા ઉપરિચરના સોળ ઋત્વિજમાંનો એક હતો.

આંધ્ર. ભારતવર્ષીય એક દેશ. હાલ જેને તૈલંગણ કહીએ છીએ તે. કવચિત એને અંધ્ર પણ કહ્યો છે (ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯).

આનક. સોમવંશી યદુ કુલોત્પન્ન શૂર રાજાને મારીષાથી થએલો દશ પુત્રોમાંનો ચોથો. એની સ્ત્રીનું નામ [illegible] એને પેટે એને પુરુજિત્ અને સત્યજિત એમ બે પુત્ર થયા હતા.

આનકદુંદુભિ. કૃષ્ણની પિતા વસુદેવનું એક નામ. એના જન્મકાળે દેવોએ દુંદુભિવાદન કર્યું હતું તેથી આ નામ પડયું છે.

આનંદક. ભારતવર્ષીય એક તીર્થ.

આનંદવન. કાશીપુરીનું એક નામ.

આનર્ત. વૈવસ્વત મનુનો પૌત્ર અને શર્યાતિ રાજાનો મધ્યમ પુત્ર. એના નામ ઉપરથી આનર્ત દેશનું નામ પડયું છે. રેવત રાજા તે આનો પુત્ર થાય.

આનર્ત. (૨) ભારતવર્ષીય એક દેશ. ઈંદ્રપ્રસ્થની ઉત્તર અને પશ્ચિમ બન્ને દિશાએ આવેલો હોવાથી એ દેશના બે વિભાગ કહેવાય છે.

આનીક. સિંધુદેશાધિપતિ જયદ્રથના છ ભાઇઓમાંનો એક (ભાર૦ વન૦ અ૦ ૨૬૫).

આપ. અન્હ વસૂને જ પુરાણાંતરે આ નામ આપ્યું છે. એની સંતતીની સંખ્યા સંબંધે મતભેદ છે.

આપ. (૨) સ્વારોચિષ મન્વન્તરમાંનો વસિષ્ટ પુત્ર પ્રજાપતિ તે.

આપગા. નદી. પરંતુ મુખ્યત્વે કરીને ભાગીરથીને માટે વપરાય છે.

આપવ. વસિષ્ટ ઋષિનું બીજું નામ. સહસ્રાર્જુને એના આશ્રમને બાળી નાંખ્યો હતો તેથી 'તારા હજારે હાથ કપાઇ જશે' એવો એણે શાપ આપ્યો હતો. (મત્સ્ય૦ અ૦ ૪૪).

આપસ્તંબ. ભૃગુકુલોત્પન્ન એક બ્રહ્મર્ષિ. એ તૈત્તીર્ય શાખાનો હતો. એટલું જ નહિ પણ એ શાખાનો સૂત્રકાર હતો. એના સૂત્રોના અનુગામીઓને આપસ્તંબ કહે છે. કશ્યપ ઋષિયે દિતી પાસે પુત્રકામેષ્ટિ કરાવી હતી, તેમાં આ આચાર્યપદે હતો. એ ઇષ્ટિમાંથી મરુદ્ગણ નામના દેવ ઉત્પન્ન થયા હતા. (મત્સ્ય૦ અ૦ ૭). આ ઉપરથી ચાલુ મન્વન્તરમાં એ

ઘણો જ પ્રાચીન છે એમ જણાય છે. કલ્પના આરંભે જ હતો, સભ્ય બહુ પુરાતન છે. એની ગણના સ્મૃતિકારોમાં છે.

આપસ્તંબી. આપસ્તંબ કુલોત્પન્ન ઋષિ.

આપસ્તંબી. (૨) અંગિરા કુલોત્પન્ન એક ઋષિ.

આપસ્થૂણ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

આપાગ્નેય. એ નામનો એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

આપિકાયનિ. } „ „ (૩ ભૃગુ શબ્દ જુઓ)
આપિશાલિ. } „ „ „

આપ્નેર્યામિ. એક દેવ વિશેષ.

આપ્નેર્યામિ. (૨) એક યજ્ઞ વિશેષ.

આપ્નુવાન. એ નામનો એક બ્રહ્મર્ષિ.(૩ ભૃગુ શબ્દ જુઓ).

આપ્ય. ચાક્ષુષ મન્વન્તરમાંનો દેવ વિશેષ.

આપ્યાયન. પ્રિયવ્રત રાજર્ષિનો પૌત્ર. યજ્ઞબાહૂના સાતમાંનો છઠ્ઠો પુત્ર. એનો દેશ એના નામ વડે જ પ્રસિદ્ધ છે. એ સ્વાયંભૂવંશનો હતો.

આપ્યાયન. (૨) ક્રૌંચદ્વીપમાંનો પહેલો દેશ.

આપ્યાયન. (૩) કૃષ્ણનો સત્યાને પેટે થએલો પુત્ર. એ મહારથી હતો.

અભાવસુ. પિતર વિશેષ. એ જબરો ઇંદ્રિયનિગ્રહી હતો. એ સંબંધમાં ઇતિહાસ એવો છે કે કોઈ પિતરની માનસકન્યા—અચ્છોદા એક વખત એનાપર મોહી ગઇ અને એને કામેચ્છા થઈ. આમ થતાં પણ આમાવસુ એને વશ થયો નહિ. આ વાત બીજા પિતરોને જાણ થવાથી એઓએ એનું વખાણ કર્યું અને પ્રસન્ન અંતઃકરણથી, 'જે તિથીએ એ બ્રહ્મચર્યભ્રષ્ટ ન થયો તે તિથી સઘળા પિતરોને પ્રિય થાઓ' એવો આશિર્વાદ આપ્યો; અને એ તિથીનું નામ એના જ નામ ઉપરથી આમાવાસ્યા પાડયું. અચ્છોદાને એના અનુચિત કૃત્યને લીધે શાપ આપ્યો કે તું મૃત્યુલોકમાં પડીશ. એ શાપને લીધે એ મૃત્યુલોકમાં મત્સ્યગંધા અથવા સત્યવતી એ નામે ભૂમીપર જન્મી. હાલ એ અચ્છોદા સ્વર્ગમાં અષ્ટકા નામના દેવનું સ્થાન ભોગવે છે. (**મત્સ્ય૦ અ૦**).

આમ્રાતકેશ્વર. ભારતવર્ષીય તીર્થ.

આયતાયન. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ.)

આયતી. એ મેરુની કન્યા, નિયતીની બહેન અને ધાતા નામના ઋષિની સ્ત્રી હતી.

આયાસ્ય. ગૌતમાંગિરસ વંશમાંનુ એક કુળ. (૩ અંગિરા શબ્દ જુઓ).

આયુ. સોમવંશી પુરુરવ રાજાને ઉર્વશીથી થએલા છ માંનો મહોટો પુત્ર. એને નહુષ, ક્ષત્રવૃદ્ધ, રાજી, રંભ, અને અનેના એમ પાંચ પુત્રો હતા.

આયુ. (૨) સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના પુરુહોત્ર રાજાનો પુત્ર. સાત્વત રાજા એનો પુત્ર થાય.

આયુ. (૩) વૈવસ્વત મન્વન્તરમાંના બ્રહ્મપુત્ર ક્રતુઋષિનું બીજું નામ. (સહસ્ય શબ્દ જુઓ).

આયુ. (૪) દશ આંગિરસ દેવોમાંનો એક (અંગિરા શબ્દ જુઓ).

આયુ. (૫) મંડૂકોનો એ નામનો એક પ્રસિદ્ધ રાજા. (૧ પરીક્ષિત્ શબ્દ જુઓ).

આયુ. (૬) કૃષ્ણને ભદ્રાથી થએલો પુત્ર. એ મહારથી હતો.

આયુર્દા. શાકદ્વીપ માંહેલી એક નદી.

આયુર્વેદ. ઋગ્વેદનો એક ઉપવેદ તેમ જ તેનો મૂર્ત્તિમાન દેવતા. આ ઉપવેદ, બ્રહ્મદેવના પૂર્વ મુખમાંથી નિકળ્યો છે.

આયુષ્માન. પ્રહ્લાદ દૈત્યના ચાર પુત્રોમાંનો મોટો.

આયુષ્માન્ (૨). દક્ષસાવર્ણિ નામના હવે પછી થનારા મન્વન્તરમાં વિષ્ણુનો જે અવતાર થવાનો છે તેનો પિતા.

આરબ્ધ. સોમવંશી દ્રુહ્યુકુલોત્પન્ન સેતુ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ગાંધાર રાજા.

આરણેય. અરણીની જગાએ ઉત્પન્ન થવાથી પડેલું શુક્રાચાર્યનું નામ. (**દેવી૦ ભાગ૦ અ૦ ૧૭**).

આરુણિ. અરુણિ ઋષિનો પુત્ર. એ ધૌમ્ય ઋષિનો શિષ્ય હતો. આગળ જતાં તેનુ ઉદ્દાલક નામ પડયું હતું (ઉદ્દાલક શબ્દ જુઓ).

આરુણિ. (૨) સામવેદનું એ નામનું ઉપનિષત્.

આરુષી. ચ્યવન ઋષિની બે પત્નીઓમાંની મોટી. ઉર્વશીની માતા.

આર્ચનાનસ. એક બ્રહ્મર્ષિ. (૨. અત્રિ શબ્દ જુઓ).

આર્ચીક. ઋચીક ઋષિના જમદગ્નિ પ્રભૃતિનો વંશજ તે (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૧૭**).

આર્ચીક. (૨) ઋચીક ઋષિ જે પર્વત પર રહેતા હતા તે પર્વતનું પણ એ જ નામ પડયું હતું.

આર્જવ. ગાંધારદેશાધિપતિ શકુનીના છ ભાઇઓમાંનો એક. એને ભારતના યુદ્ધમાં ઇરાવાને માર્યો હતો. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૬૦**).

આર્તભાગ. જરત્કારુ ઋષિનો પુત્ર. આ નામ આસ્તિક ઋષિનું જ હોય એમ જણાય છે. જે આર્તભાગે દૈવરાતિ જનકની સભામાં યાજ્ઞવલ્ક્યની જોડે વાદ કર્યો હતો તે બીજો હોય એમ લાગે છે.

આર્તવ. અહિર્બુધ્ન નામના પિતરનું બીજું નામ.

આર્દ્ર. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન ઇંદુ રાજાનું બીજું નામ.

આર્દ્રા. ચન્દ્રની સત્તાવીશ સ્ત્રીઓમાંની એક.

આર્યક. કદ્રુપુત્ર એક નાગ. એની કન્યાનું નામ મારીષા અથવા ભોજ્ય; ભોજ્ય યદુકુલોત્પન્ન શૂર નામના રાજાની સ્ત્રી હતી. શૂર રાજાને એનાથી પૃથા નામની કન્યા થઈ હતી. પૃથાનું જ નામ પછીથી કુંતી પડયું હતું (કુંતીભોજ શબ્દ જુઓ). પૃથા એ આર્યકની પૌત્રી થતી હતી. તેના પુત્ર ભીમસેનને દુર્યોધનાદિ સોએ કૌરવ ભાઇઓએ વિષયુક્ત ભોજન કરાવી પ્રમાણકોટી તીર્થમાં ખુડાડયો હતો ત્યારે નદીમાંના નાગોએ દંશ કરવાથી એનું વિષ ઉતરી ગયું હતું. પરંતુ નાગોએ મૂળે એને મારવા સારુ જ દંશ કર્યા હતા. ભીમે સાવધ થયા પછી નાગ એની પાસે આવ્યા ત્યારે એ મને કરડવાને આવે છે જાણી તેમને મારવા માંડયા. આ વૃત્તાંત કોઈ નાગે આર્યકને જણાવ્યાથી એ જાતે ત્યાં આવ્યો. એણે ભીમસેનને પોતાના દોહિત્ર તરીકે ઓળખ્યો. એ પછી ભીમસેનને પાતાળમાં લઇ ગયો અને ત્યાં એને યથેચ્છ અમૃતપાન કરાવ્યું. પછી તને દશ સહસ્ત્રનાગનું બળ પ્રાપ્ત થાઓ એવો આશિર્વાદ આપીને હસ્તિનાપુર પાસે પહોંચાડયો. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૨૮**).

આર્યક. (૨) ધર્મસાવર્ણિ નામે થનારા મન્વન્તરમાં જે વિષ્ણુનો અવતાર થશે તેનો પિતા.

આર્યકા. ક્રૌંચ દ્વીપની એક નદી.

આર્યા. પાર્વતીનું એક નામ.

આર્યા. (૨) સ્કંદોત્પન્ન માતૃગણમાંની એક.

આર્યાવર્ત. પૂર્વ સમુદ્રથી પશ્ચિમ સમુદ્ર સુધી—પૂર્વા પર—અને ઉપગિરિ હિમાલયથી વિંધ્યાચળ સુધી ઉત્તર દક્ષિણ જેટલો ભારતવર્ષીય દેશ છે તે. એ વિષે મનુસ્મૃતિમાં છે કે:—
आसमुद्रात्तु वै पूर्वादासमुद्रात्तु पश्चिमात्
तयो रेवांतरं गिर्योरार्यावर्त विदुर्बुधाः
(**મનુ૦ સ્મૃ૦ અ૦ ૨. શ્લો. ૨૨**) (**વા૦ રા૦ બાલ૦ ૩૬મા સર્ગમાં** એવા જ અર્થનું વાક્ય છે).

આર્ષભ. ઋષભ દેવના ભરતાદિ સો પુત્રોની સંજ્ઞા.

આર્ષશૃંગી. ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાક્ષસ. એને અર્જુનના પુત્ર ઇરાવાને માર્યો હતો.

આર્ષ્ટિષેણ. અર્ષ્ટિષેણ ઋષિના પુત્ર અગર વંશજ. એનો આશ્રમ હિમાલય ઉપર નરનારાયણના આશ્રમ પાસે હતો (**ભા૨૦ વન૦ અ૦ ૧૫૬**).

આર્ષ્ટિષેણ. (૨) એ નામનો એક રાજર્ષિ.

આલક્ષિત. કિષ્કિંધાની પશ્ચિમ તરફ આવેલું એ નામનું વન. (**વા૦ રા૦ કિષ્કિ૦**)

આવરણ. સ્વાયંભૂ મનુના વંશ જ ભરતને પંચજની સ્ત્રીથી થએલા પાંચ પુત્રોમાંનો ચોથો.

આવર્તન. આઠ ઉપદ્વીપમાંનો ત્રીજો.

આવશીર. ભારતવર્ષીય એક દેશ (**ભા૨૦ વન૦ અ૦ ૨૫૪**).

આવસથ્ય. પવમાન્ અગ્નિનો પુત્ર.

આવિર્હોત્ર. ઋષભદેવના નવ સિદ્ધપુત્રોમાંનો એક (ઋષભદેવ શબ્દ જુઓ).

આવિષ્ટાયન. એક બ્રહ્મર્ષિ.(૨ કશ્યપ શબ્દ જુઓ).

આવીક્ષિત. સૂર્યવંશી અવીક્ષિત્ પુત્ર મરુતનું બીજું નામ. એ દિષ્ટકુળનો હતો.

આવેદ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

આશાવહ. એક યાદવ.

આશ્મરથ્ય. અશ્મરથ્યનો વંશ જ. તેમ જ તે કુળ.

આશ્રાયણિ. એક બ્રહ્મર્ષિ. (૨. કશ્યપ જુઓ).

આશ્લેષા. ચન્દ્રની સત્તાવીશ સ્ત્રીઓમાંની એક.

આશ્વલ. અગર **આશ્વલાયન.** એક ઋષિ. એ શાકલ્ય શાખાનો હોઇ તે શાખાનો સૂત્રકાર હતો. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

આશ્વલાયનિ. એક બ્રહ્મર્ષિ. (૨. કશ્યપ શબ્દ જુઓ).

આશ્વલાયનિન. ,, ,, ,,

આશ્વાયનિ. બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

આશ્વિનેય. અશ્વિનીરુપ ધારી સૂર્યપત્નીને વિષે અશ્વરુપ ધારી સૂર્યે ઉત્પન્ન કરેલા બે પુત્રો. એમને આશ્વનીકુમાર કહેવાની રુઢી છે. એ બન્ને અશ્વિનીના નસકોરાંમાંથી નિકળ્યા હતા. એ ઉપરથી એમને નાસત્ય પણ કહે છે. ચાલુ મન્વન્તરમાં એઓ સમદેવમાં છઠ્ઠા દેવની પદ્વી પર છે; અને દેવોના વૈદ્ય છે. વૈદ્ય હોવાને લીધે ઘણા કાળ પર્યંત એમને યજ્ઞભાગ મળતો નહોતો, તે ચ્યવન ભાર્ગવે ચાલુ કર્યો. (ચ્યવન શબ્દ જુઓ). એ બન્ને રુપે સુંદર છે.

સાધારણ રીતે બન્નેને નાસત્યો, અશ્વિનો અને દસ્રો કહેવામાં આવે છે; પણ એમાંના મોટાનું નામ નાસત્ય અને નાનાનું નામ દસ્ર છે એમ જણાય છે. **(ભાર૦ અનુશા૦ અ૦ ૧૫૦ શ્લો૦ ૧૮).**

આષાઢ. ભારતના યુદ્ધમાંનો દુર્યોધન પક્ષનો એક રાજા.

આસંગ. શ્વફલ્ક યાદવના તેર પુત્રોમાંનો બીજો. અક્રૂરનો નાનો ભાઈ.

આસમંની. અસમંજના પુત્ર અંશુમાનનું બીજું નામ.

આસારણ. યક્ષ વિશેષ. (નભસ્ય શબ્દ જુઓ).

આસુરાયણ. એક બ્રહ્મર્ષિ (૨ કશ્યપ શબ્દ જુઓ).

આસુરિ. યુધિષ્ટિરના રાજસૂય યજ્ઞમાંનો એક ઋષિ.

આસુરી. ઋષભદેવ વંશના દેવતાજ્ઞિત્ નામના રાજાની સ્ત્રી. દેવદ્યુમ્નની માતા.

આસ્તિક. ભૃગુકુળમાં ઉત્પન્ન થએલો જરત્કારુ ઋષિ. એ કશ્યપની મનસા નામની કન્યાને પરણ્યો હતો, તેને પેટે પ્રસવેલો પુત્ર. મનસાનાં જરદ્ગૌરી અને જરત્કારુ એવાં બીજાં નામ હતાં. (જરત્કારુ શબ્દ જુઓ.) જરત્કારુ અરણ્યમાં જતો રહ્યો તે વખત એની સ્ત્રી ગર્ભિણી હતી. એ બિચારીને સંતાપ થયો કે હવે શું કરવું. પરંતુ ધૈર્ય રાખીને પોતાનો આશ્રમ તજી હિમાલયના કૈલાસ શિખર ઉપર ગઈ. ત્યાં શિવ અને પાર્વતીની સેવામાં રહી. એની સેવાથી શંકર સંતોષ પામ્યા; અને એમણે એને જ્ઞાનનો ઉપદેશ કર્યો. પૂરા દહાડા થતાં તેને કૈલાસ ઉપર પુત્ર પ્રસવ્યો. શિવે કરેલો ઉપદેશ ગર્ભમાં રહ્યે રહ્યે એણે ગ્રહણ કર્યો છે એ જાણીને એ પુત્રનું નામ આસ્તિક પાડવામાં આવ્યું. પોતાની માતા પાસે રહીને છોકરો મોટો થતો હતો. શંકરે પોતે એને ઉપવિત્ આપ્યું અને વેદ, વેદાંગમાં નિષ્ણાત બનાવ્યો. વળી એને મૃત્યુજય મંત્રનો અનુગ્રહ કર્યો. એણે આ મંત્રનું વિધિપૂર્વક ઉત્તમ પ્રકારે અનુષ્ઠાન કર્યું. આના પ્રભાવે એ ઘણો તેજસ્વી થઇ દિવસાનુ દિવસ પ્રખ્યાત થવા લાગ્યો. પછી શંકરે જરત્કારુને કહ્યું કે તું હવે તારા આ પુત્રને લઇને તારા પિતાના આશ્રમમાં જા. શંકર ભગવાનની આજ્ઞા માથે ચઢાવી એ પોતાના પિતા કશ્યપના આશ્રમમાં ગઇ અને ત્યાં સુખમાં દિવસો નિર્ગમન કરતી હતી. **(દેવી૦ ભાગ૦ નવમ૦ અ૦ ૪૭-૪૮)**

વખત જતાં જનમેજય રાજાએ સર્પસત્રનો આરંભ કર્યો; એણે હજારો નાગનાં કુટુંબોને

બાળી નાંખ્યાં. આથી મોટા મોટા નાગ વિચારવા લાગ્યા કે આસ્તિક કોઈ રીતે આપણું સંરક્ષણ કરે. આસ્તિક નાગોનો ભાણેજ થતો હતો. એટલામાં તક્ષક નાગના ઉપર જ મરણનો પ્રસંગ આવ્યો. તક્ષક સર્પસત્રથી ડરીને ઇન્દ્રને શરણે જઇ તેના સિંહાસનને વળગી છૂપાઇ બેઠો હતો. જનમેજયની આજ્ઞાનુસાર સર્પસત્રના ઋત્વિજોએ હોમવા સારુ તક્ષકનું આવાહન કર્યું, છતાં તક્ષક આવ્યો નહિ. અંતર્દૃષ્ટિથી તક્ષકના ન આવવાનું કારણ ઋષિયોએ જાણ્યું. હવે શું કરવું તેનો ઋત્વિજો વિચાર કરતા હતા એટલે જનમેજયે કહ્યું કે મારા પિતાના વેરીને લાવો. એ ગમે તે મોટા માણસને શરણ ગયો હોય તેની ચિંતા નહિ. આ ઉપરથી ઋત્વિજોએ ઇન્દ્ર સહિત તક્ષકનું આવાહન કર્યું.ઇન્દ્રે તક્ષકને તજી દીધો.એકલો તક્ષક ખિન્નવદને કુંડની ઉપર આવી ઉભો.

બીજી તરફ એમ બન્યું હતું કે બધા નાગ એકઠા થઇ કશ્યપ પાસે, તક્ષક અગ્નિકુંડ પર આવે તે પહેલાં જ સર્પસત્ર બંધ કરાવવા, પોતાની બહેન જરત્કારુના પુત્ર આસ્તિકને મોકલે, એવી વિનતિ કરવા સારુ ગયા હતા. આ ઉપરથી આસ્તિકે જનમેજયની સ્તુતિ કરી એને પ્રસન્ન કર્યો. જનમેજય ખુશી થયો અને આસ્તિકની ઇચ્છા પૂરી કર્યા બાદ બીજું જે કરવું હોય તે કરવું એવું એના મનમાં આવ્યું. આસ્તિકની વાણી ઉપર જનમેજય તેમજ ઋત્વિજો મોહ પામી ગયા હતા, એટલામાં તક્ષક આવી યજ્ઞકુંડની ઉપર આકાશમાં આવી ઉભો. તક્ષકને જોઇને શત્રુ આવ્યો જાણી જનમેજયને બહુ આનંદ થયો, અને આસ્તિકને પુછ્યું કે તમારી જે ઇચ્છા હોય તે કહો હું આપું. આસ્તિકે માગ્યું કે સર્પસત્ર આ ક્ષણથી જ બંધ રાખો, એટલું જ માગું છું. આ ઉપરથી રાજા વિમનસ્ક થઈ ગયો અને બીજું કાંઇ માગવાની વિનતિ કરી, પણ આસ્તિકે બીજું કશું માગ્યું જ નહિ. છેવટે જનમેજયે સર્પસત્ર બંધ કર્યો, તક્ષક ઉગરી ગયો અને આસ્તિક પોતાની માતા પાસે પાછો ગયો. **(ભાર૦ આદિ૦ અ૦ ૫૧-૫૩)**

આસ્તીક. આસ્તિક ઋષિ તેજ.

આહવનીય. અગ્નિહોત્રીની યજ્ઞશાળામાં પૂર્વ તરફના કુંડમાં હોય છે તે અગ્નિ.

આહુક. સોમવંશી યદુરાજાના સાત્વત નામના કુળમાં જન્મેલા પુનર્વસુ રાજાનો પુત્ર. એને અનેક પૂત્ર હતા પણ તેઓમાં દેવક અને ઉગ્રસેન એજ નામાંકિત હતા.

આહુકી. પુનર્વસુ રાજાની કન્યા, આહુકની ભગિની. એનો પતિ કોણ હતો તે જણાતું નથી.

આક્ષીળ. ભરદ્વાજાંગિરસ વંશ માલિકામાંના દ્વિગોત્રીય ઋષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

ઇ.

ઇડવિડ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના શતરથ રાજાનું બીજું નામ. એને ઇલવિલ પણ કહ્યો છે. એના પુત્રનું નામ ઐડવિડ.

ઇડવિડા. (ઇલવિલા શબ્દ જુઓ.)

ઇડસ્પતિ. તુષિત નામના બાર દેવોમાંનો એક. (તુષિત શબ્દ જુઓ.)

ઇંદિરા. લક્ષ્મી.

ઇંદુ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના વિશ્વગ રાજાનો પુત્ર. એને ચંદ્ર અને આર્દ્ર એવાં બીજાં નામ પણ હતાં. એના પુત્રનું નામ યુવનાશ્વ.

ઇંદુમતી. સિંહલદ્વીપના ચંદ્રસેન રાજાની કન્યા. (૨. મંદોદરી શબ્દ જુઓ.)

ઇંદુમૌલિ. ભૂષણ તરીકે મસ્તકપર ચંદ્ર હોવાથી શંકરનું પડેલું નામ.

ઇન્દ્ર. આ સામાન્ય નામ છે. બ્રહ્મદેવના એક દિવસમાં–એટલે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં સ્વર્ગમાં ચૌદ ઇન્દ્ર થઈ જાય છે. દરેક મન્વન્તરે એટલે ૩૦,૬૭,૨૦,૦૦૦ વર્ષે ઇંદ્ર બદલાય છે. આ દરેક ઇન્દ્રને જુદાં જુદાં નામ હોય છે; જેમકે:–૧ યજ્ઞ, ૨ રોચન, ૩ સત્યજિત્, ૪ ત્રિશિખ, ૫ વિભુ, ૬ મંત્રદ્રુમ, ૭ પુરંદર, ૮ બલી, ૯ અદ્ભુત, ૧૦ શંભુ, ૧૧ વૈધૃતિ, ૧૨ ઋતધામા, ૧૩ દિવસ્પતિ ૧૪ શુચિ. કલ્પના આરંભથી માંડીને અત્યાર સુધીમાં ૭ ઇન્દ્ર થયા છે. બલીથી માંડીને શુચિ પર્યંત સાત હવે પછી કલ્પ પૂરો થતાં સુધીમાં થશે. ઇન્દ્રની સ્ત્રીનું નામ ઇન્દ્રાણી, એ પણ સામાન્ય નામ જ છે. જયંત, ઐન્દ્રિ અને વાલી એ ત્રણ પુત્રો છે. એની કન્યાનું નામ દેવસ્યેના છે. ઇન્દ્ર દેવતાઓમાં મુખ્ય અને સ્વર્ગનો રાજા છે. એ વાયુ, આકાશ, વિદ્યુત ગર્જન–વૃષ્ટિ અને પૂર્વ દિશાનો અધિપતિ છે. એ બાર આદિત્યમાંનો અને આઠ મરુતમાંનો એક છે. યજ્ઞમાં અને કેટલાંક શ્રાદ્ધમાં એને આરાધન છે અને બલી અપાય છે. એ જબરો વૈભવવાળો છે. પોતાની નગરી અમરાપુરીમાં નંદન બાગમાંના વૈજયંત નામના મહેલમાં રહે છે; એ બાગમાં પારિજાત અને કલ્પવૃક્ષ વગેરે છે. એની પાસે ઇચ્છા હોય તે આપનારી કામદુઘા નામની ગાય છે. એના સાત સુંડવાળા હાથીનું નામ ઐરાવત છે. એના સારથીનું નામ માતલી અને આયુધનું નામ વજ્ર છે. વજ્ર પર્વતોના ચૂરેચૂરા કરવાનું સામર્થ્ય ધરાવે છે. આકાશમાં મેઘધનુષ્ય થાય છે એ એનું ધનુષ્ય છે. જ્યારે એ ધનુષ્ય ચઢાવેલું નથી હોતું, ત્યારે રોહિત કહેવાય છે. એને આઠ માથાંવાળો લીલા રંગનો ઘોડો છે. બીજા ધોળા ઘોડા પણ ઘણા છે. એની સભામાં ગાનારા ગંધર્વ અને નાચનારી અપ્સરા હોય છે. એનાં વસ્ત્રના રંગ નિરંતર બદલાયા કરે છે.

અસુર અને દાનવો સાથે એને ઘણીવાર યુદ્ધ કરવાં પડે છે. યુદ્ધમાં એ હાથીઓને કામે લગાડે છે. એ કોઈવાર હારે છે એ ખરો. અર્જુનથી એકવાર અને રાવણના પુત્રથી સત્તરવાર હાર્યો હતો. ઇંદ્રજિત–રાવણનો પુત્ર–એને હરાવી ઐરાવત લઇ ગયો હતો. આવાં યુદ્ધોમાં એને ઘણીવાર બ્રહ્મા, વિષ્ણુ અને શિવ મદદ કરે છે.

એણે દિતિની સાથે સંબંધ કરવાથી તેને ગર્ભ રહ્યો હતો; એ ગર્ભના એણે પોતાના વજ્રથી ઓગણપચાસ કટકા કર્યા હતા, તેમાંથી ઓગણપચાસ મરુત થયા છે. ગૌતમ ઋષિની સ્ત્રી અહલ્યા સાથે છેતરીને કરેલા સમાગમને લઇને એને શરીરે હજાર ભગાકાર ચિન્હ નિકળે એવો શાપ આપી નપુંશક બનાવી દીધો હતો. પછીથી ઉશાપ આપી એ ભગનાં ચિન્હની આંખો કરી દીધી હતી તેથી એ સહસ્રાક્ષ કહેવાય છે. મરુત, અગ્નિ વગેરે દેવોની પ્રાર્થના ઉપરથી એને પુરુષાતન પાછું મળ્યું હતું. એણે પુલોમની કન્યા ઉપર બલાત્કાર કરી પુલોમ શાપ દેશે એ ભયથી એને મારી નાંખ્યો હતો. પોતાના ગોર વિશ્વરુપને પણ એણે માર્યો છે.

પોતાની પદ્વી ટકાવી રાખવાને એ સતત ચોંકતો જ રહે છે. કોઇ અશ્વમેધ કરે કે અતુલ તપ આદરે કે ઇન્દ્ર એમાં ભંગાણ પાડવા ઘણી ઘણી યુક્તિ કરે છે. પોતાની અપ્સરાઓ મોકલી તેમના બ્રહ્મચર્યનો ભંગ કરાવ છે.

કૃષ્ણે ઇન્દ્રની પૂજા બંધ કરાવી ત્યારે એણે કોપ કરીને વ્રજ ઉપર દિવસોના દિવસ કૂમલો કર્યો હતો. તે વખતે કૃષ્ણે પોતાની ટચલી આંગળીએ ગોવર્ધનને ઉપાડી વ્રજ ઉપર ધરી લઇ એમનું રક્ષણ કર્યું હતું. આમ હાર આધાથી કૃષ્ણ વિષ્ણુના અવતાર છે એ સમજવાથી શરણે આવ્યો હતો. સગરરાજા અશ્વમેધ કરતો હતો ત્યારે ઇંદ્ર એનો અશ્વ ચોરી જઈ તેને પાતાળમાં કપિલ મુનિ તપ કરતા હતા તેમની પાછળ બાંધી આવ્યો હતો. સહસ્ત્રાક્ષ, શચિપતિ, વૃદ્ધશ્રવા, વૃત્રારિ, મઘવા, માતલીસુત, પાકશાસન, સુરેન્દ્ર, શુક્ર, પુરંદર વગેરે એના બીજાં નામ છે.

ઇંદ્ર. (૨). આદિત્યમાંનો પહેલો (દ્વાદશ આદિત્ય શબ્દ જુઓ). એને શક્ર એવું નામ પણ છે. ચાલુ વૈવસ્વત મન્વન્તરમાં એ પૂર્વ દિગ્પાળ છે. દરવર્ષે શ્રાવણ માસમાં સૂર્યમંડળ પર એનો અધિકાર હોય છે.(નભ શબ્દ જુઓ). પૌલોમી નામની સ્ત્રીથી એને જયંત, ઋષભ અને મીઢુષ એમ ત્રણ પુત્રો હતા.

ઇન્દ્રકીલ. હિમાલય પર્વતનું શિખર વિશેષ. અર્જુન અને યુધિષ્ઠિરને કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે પ્રતિસ્મૃતિ નામની વિદ્યા આપી હતી. તે તેમની પાસેથી ગ્રહણ કરી, ઇન્દ્રને પ્રસન્ન કરીને તેની પાસેથી કાંઇક નવાં અસ્ત્ર શસ્ત્ર મેળવીએ એવી ઇચ્છાથી તપ કરવાનો નિશ્ચય કરી, એઓ કામ્યક વનમાંથી નિકળ્યા. તેઓ હિમાલય પર્વતના ગંધમાદન આદિ શૃંગ ઓળંગીને ઇંદ્રકીલપર આવ્યા. ઇન્દ્ર અહીં વૃદ્ધ તપસ્વીનું રુપ ધારણ કરીને બેઠો હતો, તેને અર્જુને દીઠો. અર્જુને એને વંદન કરતાં એણે કહ્યું કે તારી શી ઇચ્છા છે? અર્જુન કહે મને ઇન્દ્ર પ્રસન્ન થાય અને મને શસ્ત્રાસ્ત્ર આપે એવી ઇચ્છા છે, માટે તપ કરવાને આવ્યો છું. તે વખતે ઇન્દ્રે પોતાનું રુપ પ્રકટ કર્યું અને અર્જુનને દર્શન આપ્યું (**ભા૨૦ વન૦ અ૦ ૩૭**).

પછી ઇન્દ્રે અર્જુનને કહ્યું કે અહીં શિવનું આરાધન કર. અને પ્રથમ એની કૃપા સંપાદન કર. પછી હું તને મારાં શસ્ત્રાસ્ત્ર આપીશ. આમ કહીને ઇન્દ્ર અંતર્ધ્યાન થયો. અર્જુને ત્યાં તપનો આરંભ કર્યો. ચાર મહીના પછી શિવે વિચાર્યું કે અર્જુનની પાસે જઇએ.

પછી અંતર્દૃષ્ટિથી જોતાં શિવે જાણ્યું કે એક મૂક નામનો દાનવ વરાહનું રુપ ધારણ કરીને અર્જુન પાસે જતો હતો. એનાથી અર્જુનને પીડા ન થાય તેમ જ અર્જુન પોતાને ઓળખે નહિ માટે કિરાતનો વેશ પાલટી પોતે પર્વત પર પ્રગટ થયા. એટલામાં એમણે જોયું કે પેલો કપટી દાનવ અર્જુન સુધી પહોંચી ગયો હતો. આથી કિરાતરુપ ધારી શિવે વરાહના ઉપર પોતાનું બાણ ફેંક્યું. અહીંઆં એ જ સંધીમાં અર્જુને પણ વરાહ ઉપર પોતાનું બાણ ફેંક્યું. શિવના બાણથી જ આ અસુર તો મરી ગયો હતો. અર્જુને શિવને ઓળખ્યા ન હોતા માટે કોના બાણથી વરાહ મુઓ, એ સંબંધી કિરાત જોડે ઘણી તકરાર કરી. કિરાતે પણ સામા પ્રત્યુત્તર ઠીક આપ્યા. તેથી બંને વચ્ચે યુદ્ધ થવાનો વખત આવ્યો. બંને જણે યુદ્ધ કરવા માંડયું. અર્જુને કિરાત ઉપર જે જે અસ્ત્રો ફેંક્યાં તે બધાં કિરાતે પકડી લીધાં. એણે છેવટે ગાંડીવ ધનુષ્ય માર્યું, તે પણ કિરાતે ગ્રહણ કરી લીધું. આ જોઇ અર્જુનને આશ્ચર્ય થયું, પણ ધૈર્ય ધરીને બાહુયુદ્ધ કરવાનો આરંભ કર્યો. તેમાં પણ એનો દેહ જર્જર થઇ લોહીલૂવાણ થઇ ગયો. મારો વિનાશ કાળ સમિપ આવ્યો છે એમ ધારીને એણે પોતાના આરાધ્ય દેવની માનસીક પૂજા કરી. પૂજા સમાપ્ત થતાં આંખ ઉઘાડીને જુએ છે તો પોતે માનસીક પૂજા વખતે જે જે મનોમય પુષ્પો ઇષ્ટ દેવતાને ચઢાવ્યાં હતાં, તે બધાં સાક્ષાત્ કિરાતના મસ્તકપર હતાં! ચકિત થઇને અર્જુને મનમાં ધાર્યું કે અરે આ શંકર ભગવાન પોતે છે અને મેં અજાણ્યે એમનો કેટલો અન્યાય કર્યો! આમ ધારી પોતે કિરાત વેષ ધારી શંકરને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. શિવે પણ કિરાત વેષ તજી પોતાના દિવ્યરૂપે એને દર્શન આપ્યું. પોતાનો અમૃતમયહસ્ત અર્જુનને શરીરે ફેરવ્યો અને

એને ક્ષતરહિત કરી આલિંગન આપી, પાશુપતાસ્ત્ર તેને આપ્યું. શિવે વર આપ્યો કે તું કોઇથી જિતાય નહિ એવો વીર થઇશ. આટલું કહી પોતાને દિવ્ય સ્વરૂપે અંતર્ધ્યાન થયા. (**ભા૨૦ વન૦ અ૦ ૩૮**).

અર્જુનને શિવનું દર્શન, સ્પર્શન અને વરદાન થવાથી એ આનંદમાં મગ્ન થયો હતો, તેવામાં જ ત્યાં લોકપાલો પ્રકટ થયા. તેમણે એને પોતપોતાનાં અસ્ત્ર આપ્યાં. યમે દંડ, વરુણે પાશ, કુબેરે કૌબેરાસ્ત્ર આપ્યાં અને ઇંદ્ર માતલી સારથીને આજ્ઞા કરીને મંગાવેલા રથમાં બેસાડી તેને પોતાના લોકમાં લઇ ગયો (ભા૨૦ વન૦ અ૦ ૪૨). ઇંદ્રે અર્જુનને આપણાં પાંચ વર્ષ સુધી સ્વર્ગમાં રાખ્યો. એણે એને નાનાવિધનાં શસ્ત્રાસ્ત્ર આપ્યાં અને ચિત્રસેન ગાંધર્વ મારફત ગાયન અને નૃત્ય કળામાં નિષ્ણાત બનાવ્યો. (**ભા૨૦ વન૦ અ૦ ૪૪**).

વળી અર્જુનને સ્વર્ગલોકના ભોગ ભોગવાવવા ધારી એણે ઉર્વશીને આજ્ઞા કરી કે તેણે અર્જુન પાસે જવું. પણ જ્યારે ઉર્વશી અર્જુન પાસે ગઇ, ત્યારે ઇન્દ્રની સ્વર્ગાંગના એટલે માતા બરોબર એવી અર્જુનની માન્યતા હોવાથી, એની જોડે પૂજ્ય બુદ્ધિથી જ વર્તયો. આથી ઉર્વશીને ગુસ્સો ચડયો અને એણે અર્જુનને શાપ દીધો. અર્જુને શાપ ગ્રહણ કર્યો, પણ પોતાના નિશ્ચયથી ચળ્યો નહિ. (**ભા૨૦ વન૦ અ૦ ૪૬**). એનો ઇંદ્રિયનિગ્રહ જોઈ ઇંદ્ર એનાપર પ્રસન્ન થયો અને ઉર્વશીએ આપેલા નપુંશક થવાના શાપની અવધિ ઘટાડીને માત્ર વર્ષની રાખી અને સમજણ પણ પાડી કે એ શાપ તારે ગુપ્ત રહેવાના વર્ષમાં બહુ ઉપકારક થશે.

પછી અર્જુનને વસ્ત્રાલંકાર આપી, સંતોષ પમાડી, પોતાના રથમાં બેસાડી યુધિષ્ટિરાદિ પાંડવો યાત્રા કરતા કરતા ગંધમાદન પર્વત ઉપર આવી પહોંચ્યા હતા તેમની પાસે માતલીની સાથે વિદાય કર્યો (**ભા૨૦ વન૦ અ૦ ૧૬૪**).

ઇન્દ્રકીલ. (૨) ભારતવર્ષનું એક એ નામનું તીર્થ.

ઇન્દ્રકીલ (૩). એ નામનો એક પર્વત

ઇન્દ્રકૌશિક. એક બ્રહ્મર્ષિ અને એનું કુળ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ઇંદ્રભાનુ. રામની સેનાનો એક વાનર. એ અગીઆર કોટિ વાનરોનો સ્વામી હતો.

ઇંદ્રજીત. મંદોદરીને પેટે થએલો રાવણનો પુત્ર. જન્મતાં જ એણે મેઘના જેવી ગર્જના કરી હતી, તેથી એને મેઘનાદ એ નામ મળ્યું હતું. (**અધ્યા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૨**). મેઘનાદ સ્વભાવતઃ ભયંકર હતો. મોટો થયા પછી શુક્રાચાર્યની સહાયતાથી એણે નિકુંભિલામાં અશ્વમેધ, અગ્નિષ્ટોમ, બહુસુવર્ણક, રાજસૂય, ગોમેધ, વૈષ્ણવ અને માહેશ્વર એવા સાત યજ્ઞ કર્યા હતા. શિવની કૃપાથી એને દિવ્ય રથ અને ધનુષ્યબાણ તેમ જ બીજાં શસ્ત્રો, તામસી માયા વગેરે પ્રાપ્ત થયું હતું. એના મનમાં બીજા પણ કેટલીક જાતના યજ્ઞ કરવાનું હતું; પરંતુ રાવણ દેવનો દ્વેષી હોવાથી દેવને હવિર્ભાગ આપવો પડે માટે એણે ઇંદ્રજિતને કરવા નહોતા દીધા. (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૨૫**).

જ્યારે રાવણ સ્વર્ગને જિતવા ગયો હતો, અને ઘોર સંગ્રામમાં રાવણનો આજ્ઞે સુમાલી પડયો અને રાક્ષસોનો પરાજય થશે એમ લાગવા માંડયું ત્યારે મેઘનાદ મોખરે આવ્યો. ઇંદ્રનો પુત્ર જયંત અને એનો સારથી ગોમુખ એના ઉપર ચઢી આવ્યા, પણ પરાભવ પામીને પાછા ફરતાં જ, ઇંદ્ર પોતે એના ઉપર ચઢી આવ્યો. આ વેળા પોતાની માયાના બળથી મેઘનાદ એકદમ ગુપ્ત થઇ ગયો, અને પોતાનાં શસ્ત્રાસ્ત્રથી ઇંદ્રને જર્જર કરી નાંખી બાંધી લીધો. રાવણ બહુ આનંદ પામ્યો અને જય જયકાર કરી ઇંદ્રને લંકા લઇ ગયો. અહીં ઇંદ્રના પકડાવાથી બધા દેવ ચિંતામાં બૂડીને બ્રહ્મદેવને શરણ ગયા. તે

ઉપરથી બ્રહ્મદેવે પોતે લંકામાં ઇંદ્રજિતને પ્રત્યક્ષ થઇને કહ્યું કે તું ઇંદ્રને છોડી દે. મેઘનાદે કહ્યું કે મને અમરત્વ આપો તો હું છોડું. બ્રહ્મદેવે કહ્યું કે સાકાર પદાર્થ માત્ર નાશવંત છે; માટે અમરત્વ દુર્લભ્ય છે. કાંઇ બીજું માગ. તે ઉપરથી એણે માગ્યું કે હું અગ્નિમાં હોમ કરું તેમાંથી અશ્વસહિત દિવ્ય રથ નિકળે અને એ રથપર હોઉં ત્યાં સુધી હું વિજયી અને અમર થાઉં એવો વર આપો. બ્રહ્મદેવે તથારતુ કહીને ઇંદ્રને છોડાવ્યો અને પુનઃ પદારૂઢ કર્યો. એ દિવસથી મેઘનાદનું નામ ઇંદ્રજિત્ પડયું. (**વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૩૮–૩૦**).

રાવણે સીતાને લંકામાં આણ્યા પછી અશોક વાટિકામાં રાખી હતી. સીતાની શોધ કરવાને ગએલા હનુમાને અશોકવાટિકાનો ભંગ કરીને અનેક રાક્ષસોને માર્યા હતા. રાવણનો નાનો પુત્ર અક્ષ એ વખત મરાયો હતો. એના મૃત્યુથી રાવણને ઘણું દુઃખ થયું હતું. એના શમનને અર્થે મેઘનાદે અશોકવાટિકામાં જઇ હનુમાનને બ્રહ્માસ્ત્રવડે બાંધી રાવણની સભામાં આણ્યો હતો. (**વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૪૨**).

સીતાની શોધ કરીને મારુતિ કિષ્કંધામાં ગયા પછી, વાનર સેના સહિત રામ લંકામાં આવ્યા અને યુદ્ધનો પ્રસંગ આવ્યો, ત્યારે પહેલે દિવસે મેઘનાદ લઢવા ઉભો હતો. અંગદે આગળ પડીને એની જોડે અનિવાર યુદ્ધ કર્યું હતું. બહુ જ શ્રમ લાગવાથી યુદ્ધમાંથી એકાએક અંતર્ધાન થઇ તેણે રામની સેનાપર શાસ્ત્રાસ્ત્રની વૃષ્ટિ કરી હતી અને કેટલો સમય સ્તબ્ધ રહીને રાત્રી પડતાં જ રામ અને લક્ષ્મણને નાગપાશથી બાંધી, બધા વાનરોને શરવૃષ્ટિથી મૂર્છિત કરી, પોતે પાછો લંકામાં ગયો હતો. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૫**).

લંકાના યુદ્ધમાં દેવાંતક નરાંતકાદિ રાવણના પુત્રો, તેમ જ કુંભકર્ણ, મહાપાર્શ્વ અને મહોદર વગેરે મરાયા, ત્યારે રાવણને અત્યંત દુઃખ થયું હતું. એને સાંત્વન કરવાને મેઘનાદ યુદ્ધે ચઢયો હતો. પ્રથમ એ નિકુંભિલા ગયો અને ત્યાં પોતાનાં શસ્ત્રાસ્ત્ર અભિમંત્રિત કરી પછી યુદ્ધભૂમી પર આવ્યો હતો. ત્યાં આવીને એણે રામની સેનાપર ગુપ્તરૂપે મારો ચલાવ્યો. એણે ગંધમાદન, ગજ, નલ, મૈંદ, જાંબવાન્, નીલ, સુગ્રીવ, ઋષભ, અંગદ, દ્વિવિદ, વેગદર્શી, હરિલોમા, વિદ્યુદંષ્ટ્ર, સૂર્યાનન, પાવકાક્ષ, કેસરી, જ્યોતિર્મુખ અને હનુમાનાદિ પ્રમુખ પ્રમુખ વાનરોને અતિશય પીડિત કરીને મુર્ચ્છિત કરી ભોંય સુવાડ્યા.

કોટિ વાનરોને એક જ પ્રહારમાં માર્યા હતા. પછી રામ અને લક્ષ્મણને મૂર્ચ્છિત કરી હર્ષ પામતો રાવણ પાસે લંકામાં ગયો હતો. (**વા૦ રા૦ યુદ્ધ૦ ૭૩**).

ત્યાર પછી મકરાક્ષ યુદ્ધે ચઢયો અને મરાયો; ત્યારે પણ રાવણે મેઘનાદને ફરી યુદ્ધ કરવા મોકલ્યો હતો. તે વખતે પણ પોતાની રીત પ્રમાણે નીકુંભિલામાં જઇ રથમાં બેશી રામની સેના ઉપર ચઢયો હતો. વાનર સેનાને અતિશય પીડા કરી જેથી એ બધા વ્યથિત હતા, તેવામાં એણે પોતાના રથમાં દીન શબ્દે રામ, રામ, ઉચ્ચારતી માયિક સીતા ઉપજાવી અને વાનર સેનાના દેખતાં તેનો વધ કર્યો. સુગ્રીવાદિકોને એ ખરી સીતા જ હતી, એમ લાગવાથી સઘળા શોકાકુળ થઇ ગયા જાણી આનંદે ગર્જના કરતો મેઘનાદ લંકા ગયો (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૮૧**).

અહીં વિભિષણે સુગ્રીવાદિક વાનરોને સાંત્વન કરીને સમજણ પાડી કે એ ખરી સીતાનો વધ નહોતો. એ તો માત્ર મેઘનાદની આસુરી માયાની કૃતિ જ દેખાડી હતી. આ

પ્રમાણે સમાધાન કરવાથી વાનર સેના સ્વસ્થ થતી હતી. તેટલામાં મેઘનાદ નિકુંભિલામાં ગયો અને બ્રહ્માએ આપેલા વરદાન પ્રમાણે હવન કરવાનો પ્રારંભ કર્યો. હવનમાં ભંગ ન થાય અને ત્યાં કોઈ પણ આવી ન શકે માટે ઠેર ઠેર રાક્ષસોની ચોકી મૂકી. વિભિષણને આ વાતની ખબર પડી એટલે એણે રામની આજ્ઞા લઈને મોટી વાનરસેના સહિત લક્ષ્મણને ત્યાં મોકલ્યા. પછવાડોથી પોતે પણ ત્યાં ગયો. હનુમાન વગેરે પ્રમુખ વાનરોને એણે ચેતાવ્યા કે જો આ યજ્ઞ પૂર્ણ થશે તો મેઘનાદ અજિત બનશે; માટે ઉતાવળા એનો ભંગ કરો. આ ઉપરથી એમણે આસપાસના રાક્ષસોને મારી નાંખી યજ્ઞનો ભંગ કર્યો. એનો યજ્ઞ લગભગ પૂરો થવા આવ્યો હોવાથી આટલી ખૂવારી થતાં પણ એણે એ તરફ લક્ષ્ય આપ્યું નહિ. પરંતુ વાનરોએ એના શરીર પર અનેક રીતે પ્રહાર કર્યા અને પાષાણની વૃષ્ટિ કરીને યજ્ઞના અગ્નિને ઓલવી નાંખ્યો, ત્યારે નિરુપાય થઇ મેઘનાદ, ક્રોધ કરીને ઉઠ્યો. એણે વાનરોને મારવા માંડ્યા, અને બહુ પીડા કરી. પછી પાસે જ અદૃષ્ય થવાનું વડનું ઝાડ હતું તે તરફ એણે જવા માંડ્યું. પરંતુ વિભિષણે એને ત્યાં જવા ન દેશો એવી સૂચના કર્યા પરથી મારુતિ વગેરેએ એને એ બાજુ જવા ન દીધો. આ ઉપરથી મેઘનાદે જાણ્યું કે મારું હવનસ્થળ તેમ જ વડવૃક્ષ વગેરે ગુપ્ત વાત વિભિષણે જ શત્રુઓને જણાવી દીધાં છે, એમાં શક નથી. ભલે પહેલો એને જ મારવો યોગ્ય છે ધારી એણે વિભિષણનો ધિક્કાર કરી એની નિંદા કરવા માંડી. મેઘનાદ કહે અરે વિભિષણ તું લંકામાં નાનેથી મોટો થયો, અને આ યુદ્ધ પ્રસંગમાં સ્વજનનો ત્યાગ કરીને શત્રુને શરણ ગયો! તું મારા પિતાનો ભાઇ સમજ્ય મારો કાકો થાય, એથી હું તારા પુત્ર જેવો છતાં તું મારો દ્રોહ કરે છે, તો ભૂમંડળમાં તારા જેવો પાપી બીજો કોઇ નહિ હોય! વિભિષણે કહ્યું કે તમે બધા રાક્ષસો દુષ્ટ અને અધર્મી છો. માટે જ મેં તમારો પક્ષ તજ્યો છે. આ પ્રમાણે બન્નેનું સંભાષણ થતું હતું એટલામાં લક્ષ્મણે અગાડી આવી મેઘનાદ સાથે યુદ્ધ આરંભ્યું. લક્ષ્મણે એના સારથીને મારી નાંખ્યો એટલે એણે ઘોડા પોતાના હાથમાં લઈને પણ યુદ્ધ કર્યું. પ્રમાથી, રભસ શરભ અને ગંધમાદન નામે ચાર વાનરોએ મેઘનાદના રથના ચારે અશ્વને મારી નાંખ્યા. મેઘનાદ બીજા રથમાં બેશીને આવ્યો એટલે વિભિષણે લક્ષ્મણને કહ્યું કે એની સાથે બહુ સાવધતાથી યુદ્ધ કરજો. મેઘનાદે એને લક્ષ્મણને આમ પ્રોત્સાહન આપતો સાંભળ્યો એટલે એના ઉપર ક્રોધ કરીને શક્તિ ફેંકી, પણ લક્ષ્મણે તેને અધવચમાં જ કાપી નાંખી. મેઘનાદે બીજી યમદત્ત શક્તિ ફેંકી તેનો પણ લક્ષ્મણે નાશ કર્યો. એનું અને લક્ષ્મણનું ત્રણ અહોરાત્ર યુદ્ધ થયું. આમ છતાં પણ મેઘનાદ મરતો નથી જોઇને લક્ષ્મણે પ્રતિજ્ઞા કરી કે જો રામ ધર્માત્મા અને સત્યપ્રતિજ્ઞ હોય તો મેઘનાદ આ બાણથી મરણ પામો. આમ પ્રતિજ્ઞા સાથે બાણ છોડતાં જ મુકુટ અને કુંડળ સહિત મેઘનાદનું માથું તત્કાળ છુટું થઇ જમીનપર પડ્યું. (**ભા૨૦ વન૦ અ૦ ૨૮૯–૨૮૯**).

આ જોઇને મહર્ષિયોને અને દેવોને ઘણો હર્ષ થયો અને એમણે લક્ષ્મણપર પુષ્પવૃષ્ટિ કરી. મેઘનાદ મરતાં જ વાનરોએ રાક્ષસોમાંથી કેટલાકને માર્યા. કેટલાક નાશી લંકામાં ગયા. એમોએ મેઘનાદના મૃત્યુના સમાચાર રાવણને જણાવ્યા. આ તરફ શ્રી રામને બતાવવા મેઘનાદનું મસ્તક વાનરો સુવેળાચળ લઇ ગયા. (**વા૦ ૨૦ યુદ્ધ૦ સ૦ ૮૬–૯૨**). મેઘનાદને સુલોચના નામની સ્ત્રી હતી.

ઇંદ્રજિત્. (૨) દનુ પુત્ર એક દાનવ.

ઇંદ્રજિહ્વ. રાવણ પક્ષનો એક રાક્ષસ (**વા૦ ૨૦ સુદ૦ સ૦ ૬**).

ઇંદ્રતાપન. વરુણ લોકમાંનો એક અસુર વિશેષ.

ઇંદ્રદમન. સોમવંશોત્પન્ન એક રાજર્ષિ. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૩૫**).

ઇંદ્રદેશ. વિદેહકુળના રાજાઓનો ઇંદ્ર પર્વત પાસેનો દેશ. એની મુખ્ય નગરીનું નામ સાંકાશ્યા. પૂર્વે ત્યાં સુધન્વા નામનો રાજા હતો, એને જીતીને વિદેહ રાજાએ પોતે દેશ લઇ લીધો હતો. (૩ સુધન્વા શબ્દ જુઓ).

ઇંદ્રદ્યુમ્ન. એક રાજર્ષિ. સ્વર્ગમાંથી એનું પતન થયું હતું. એ માર્કંડેય ઋષિના આશ્રમમાં ગયો અને એમને પુછવા લાગ્યો કે તમે ચિરંજીવી છો એટલે મને તો ઓળખતા હશો. એમણે કહ્યું હું તો તમને ઓળખતો નથી, પરંતુ હિમવાન પર્વત પર પ્રાવારકર્ણ નામનું ધુવડ રહે છે તે વખતે ઓળખતું હશે, માટે એને પુછો. રાજાએ અશ્વનું રુપ ધારણ કરીને માર્કંડેયને પોતાની પીઠ પર બેસાડ્યા અને પ્રાવારકર્ણ પાસે લઈ ગયો અને પ્રાવારકર્ણને એવો જ પ્રશ્ન પુછ્યો. એણે કહ્યું કે ઇંદ્રદ્યુમ્ન નામના સરોવરને કાંઠે નાડીજંઘ નામનો એક બગલો રહે છે, તે તને ઓળખતો હોય તો પુછી જો. હું તો તને ઓળખતો નથી. આ સાંભળી રાજા એને પણ જોડે લઇ નાડીજંઘ પાસે ગયો. એને એનો એ પ્રશ્ન પુછતાં એણે કહ્યું કે આ સરોવરમાં અકૂપાર નામનો મારાથી પણ વૃદ્ધ કાચબો રહે છે તેને હું બોલાવું છું. તે તને ઓળખે છે કે નહિ તે કહેવાય નહિ. એણે અકૂપારને હાક મારી એટલે એ બહાર આવ્યો. રાજાએ એને એ જ પ્રશ્ન પુછતાં, અકૂપાર બોલ્યો કે હા, હા, હું તને ઓળખું છું. પછી એણે સર્વને કહ્યું કે આ રાજાએ મોટા મોટા ઘણા યજ્ઞ કર્યા હતા. એ યજ્ઞો વખતે દક્ષિણા આપતી વખત મુકેલા પાણીનું જ આ સરોવર બન્યું છે. એવો આ રાજા પુણ્યવાન છે. આવું કહેતાં જ સ્વર્ગમાંથી વિમાન આવતું જણાયું. એ જોઇને રાજાએ માર્કંડ ઋષિ, ધુવડ, એમને પોતાને સ્થળે પહોંચાડ્યાં અને પોતે સ્વર્ગમાં ગયો. જે માણસ પોતાની સ્તુતિ કરે છે તેને નહિ, પણ બીજા જેની પ્રશંસા કરે છે તેને મોટાઇ મળે છે. જાતે સ્તુતિ કર્યાથી તો હલકાઇ આવે છે. (**ભા૦ વન૦ સ૦ ૧૯૯**)

ઇંદ્રદ્યુમ્ન. (૨) સ્વાયંભૂ મન્વંતરમાં અગસ્ત્ય ઋષિયે જેને 'તું ગજયોનિમાં જન્મીશ' એવો શાપ આપ્યો હતો તે રાજા. એ પાંડ્યદેશનો અધિપતિ હતો. ગજયોનિમાંથી એની મુક્તિ, ચોથા તામસ મન્વંતરમાં થએલા હરિ નામના વિષ્ણુના અવતારે કરી હતી. (૩ હરિ શબ્દ જુઓ)

ઇંદ્રદ્યુમ્ન. (૩) વિદેહવંશી એક જનક. ઐંદ્રદ્યુમ્નિ નામના જનકનો પિતા. વંશાવળીમાં આ રાજાનું નામ આપ્યું નથી.

ઇંદ્રદ્યુમ્ન. (૪) દ્વૈતવનમાં પાંડવોની પાસે રહેલો એક ઋષિ.

ઇંદ્રદ્યુમ્ન. (૫) એક સરોવર વિશેષ. (૧ ઇંદ્રદ્યુમ્ન શબ્દ જુઓ).

ઇંદ્રપર્વત. ઇંદ્રદેશ સંબંધી પર્વત. પાંડવોના સમયમાં એનાપર કિરાતાધિપતિ સાત રહેતો હતો. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**).

ઇંદ્રપ્રમતિ. | એક બ્રહ્મર્ષિ. (વસિષ્ઠ શબ્દ જુઓ)
ઇંદ્રપ્રમદિ. | એનાં કાપજલ્પ, ત્રિમૂર્ત્તિ એવાં બીજાં નામ હતાં. ભદ્ર નામનો ઋષિ એનો પુત્ર હતો.

ઇંદ્રપ્રસ્થ. પુર વિશેષ. દ્રૌપદીનો સ્વયંવર થયો અને પાંડવો દ્રુપદપુરમાં પ્રકટ થયા. તે જાણી ધૃતરાષ્ટ્રે તેમને હસ્તિનાપુરમાં તેડાવ્યા; અને પોતાના પુત્ર અને પાંડવો વચ્ચે કલહ વધે નહિ તે માટે તેમને અરધું રાજ્ય આપી ખાંડવપ્રસ્થ નામના વનમાં વસાવી રહેવાનું કહ્યું. તે ઉપરથી પાંડવો ત્યાં ગયા અને કૃષ્ણ-

દ્વૈપાયન વ્યાસના આપેલા મુહૂર્તે ત્યાં નગર વસાવ્યું. એ નગર ઘણું સુશોભિત થયું તેથી તેનું નામ ઇંદ્રપ્રસ્થ અથવા શુક્રપ્રસ્થ પાડ્યું. (**ભા૨૦ આદિ૦ અ૦ ૨૦૭**). મયાસુરે બાંધેલો સભા મંડપ અહીં જ હતો. યુધિષ્ઠિરે રાજસૂ યજ્ઞ પણ અહીં જ કર્યો હતો. આ નગર હસ્તિનાપુરથી કેટલું દૂર હતું તે ગ્રંથોમાં જણાતું નથી. પણ કુરુદેશની રાજધાની જેમ હસ્તિનાપુર તેમ આ નગરી પણ હતી.

ઇંદ્રબાહુ. એક બ્રહ્મર્ષિ (૨ અગસ્ત્ય શબ્દ જુઓ).

ઇંદ્રમાલી. ઉપરિચર રાજાનું બીજું નામ (૨ ઉપરિચરવસુ શબ્દ જુઓ).

ઇંદ્રવર્મા. ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. એની પાસે અશ્વત્થામા નામનો એક નામાંકિત હાથી હતો. (૩ અશ્વત્થામા શબ્દ જુઓ).

ઇંદ્રવાહ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ રાજાનો પૌત્ર અને વિકુક્ષિ રાજાનો પુત્ર. એનું બીજું નામ કકુત્સ્થ હતું. (કકુત્સ્થ શબ્દ જુઓ).

ઇંદ્રશત્રુ. આ નામ ઘણું કરીને વૃત્તાસુરને લગાડાય છે.

ઇંદ્રસાવર્ણિ. ચાલુ શ્વેતવારાહ કલ્પને અંતે થનારો ચૌદમો મનુ. વિષ્વસેન એવું એનું બીજું નામ પણ કહેવાશે. ઉરુ અને ગંભિરબુદ્ધિ એ નામના એને પુત્ર થશે. એના સત્તાકાળને ઇંદ્રસાવર્ણિ મન્વંતર એ નામ અપાશે. એ સમયમાં અગ્નિ, બાહુ, શુચિ, શુદ્ધ, માગધી, વગેરે સપ્ત ઋષિયો થશે. પવિત્ર. ચાક્ષુષ વગેરે દેવ, અને તેનો સ્વામી સ્વર્ગમાં શુચિ નામનો ઇંદ્ર થશે. તેમજ સત્રાયણ ઋષિવડે વિતાનાને પેટે બૃહદ્ભાનુ નામે વિષ્ણુનો અવતાર થશે. એ મન્વંતર પૂરો થતાં બ્રહ્મદેવની રાત પડશે અને કલ્પ પૂરો થશે. (**ભાગ૦ અષ્ઠ૦ અ૦ ૧૩**).

ઇંદ્રસેન. ધર્મઋષિને ભાનુ નામની સ્ત્રીની પેટે થએલા દેવઋષભનો પુત્ર (દેવઋષભ શબ્દ જુઓ).

ઇંદ્રસેન. (૨) સૂર્યવંશી નરિષ્યંતકુળમાં થએલા કૂર્ચ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ વિતિહોત્ર.

ઇંદ્રસેન. (૩) સોમવંશી પૂરુકુળમાં જન્મેલા અજમીઢ પુત્ર નીલવંશના મુદ્ગલ રાજાનો પૌત્ર, બ્રહ્મિષ્ટાનો પુત્ર અને વિંધ્યાશ્વ રાજાનો પિતા.

ઇંદ્રસેન. (૪) નળરાજાને દમયંતીને પેટે થએલો પુત્ર (૫ નળ શબ્દ જુઓ).

ઇંદ્રસેન. (૫) સુતલમાં એક દૈત્ય વિશેષ (**ભાગ૦ દશમ૦ અ૦ ૮૫**).

ઇંદ્રસેન. (૬) પ્લક્ષદ્વીપનો એક પર્વત,

ઇંદ્રસેન. (૭) યુધિષ્ઠિરનો સારથિ.

ઇંદ્રસેના. મુદ્ગલ ઋષિની સ્ત્રી નારાયણીનું બીજું નામ.

ઇંદ્રસેના. (૨) નળરાજાને દમયંતીથી થએલી કન્યા.

ઇંદ્રસ્પૃક. ઋષભદેવના નવખંડાધિપતિ પુત્રોમાંનો એક. એનો ખંડ એના જ નામે પ્રસિદ્ધ છે.

ઇંદ્રસ્પૃક. (૨) ભારતવર્ષ સંબંધી જે નવ ખંડ છે તેમાંનો આઠમો.

ઇંદ્રાણી. ઇંદ્રની સ્ત્રી. આ સામાન્ય નામ છે. આજ પર્યન્ત જે છ ઇંદ્ર થયા તેમનાં જુદાં જુદાં નામ મળી આવે છે, તેમ ઇંદ્રાણીનાં મળી આવતાં નથી; છતાં તેમનાં જુદાં જુદાં નામ હોવાં જોઇએ; કારણ કે હાલના ઇંદ્રની સ્ત્રી–ઇંદ્રાણીને–શચી એવું નામ છે.

ઇંદ્રાણી. (૨) સપ્ત માતૃગણમાંની છઠ્ઠી.

ઇંદ્રોતઃશૌનક. એક ઋષિ. જનમેજય નામના એક રાજાને બ્રહ્મહત્યા લાગી હતી તેની નિવૃત્તી કરવા સારુ એણે પોતાના પુરોહિતને પ્રાર્થના કરી. પણ તેમણે અમાન્ય કરી. તેથી રાજા આ ઋષિને શરણ ગયો, એણે રાજા પાસે યજ્ઞ કરાવી, પાપરહિત–પુનીત કરી સ્વર્ગે મોકલ્યો (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૧૫૨**)

ઇંદ્રિ. આર તુષિત દેવમાંનો એક (તુષિત શબ્દ જુઓ).

ઇંદ્રિજિત્. પ્રિયવ્રત રાજર્ષિના દશ પુત્રોમાંનો બીજો. એ ઇક્ષુરસોદથી વિંટાયશા પલક્ષદ્વીપમાલીક હતો. એણે પોતાના દ્વીપના સાત દેશમાં ભાગ પાડ્યા હતા. અને તેમનાં શિવ, યવયા, સુભદ્ર, શાંત ક્ષેમ, અમૃત અને અભય

એવાં નામ પાડ્યાં હતાં. અને એ જ નામના સાતે પુત્રોને એકેક એમ વહેંચી આપ્યા હતા.

ઇંદ્રિવાહ. અગસ્ત્ય પુત્ર દૃઢસ્યુનું બીજું નામ (દૃઢસ્યુ શબ્દ જુઓ.)

ઇરા. કશ્યપ ઋષિની સ્ત્રી ઇલાનું બીજું નામ.

ઇરાગર્ભશિરા. દનુનો પુત્ર એક દાનવ.

ઇરાવતી. અર્જુનના પૌત્ર પરીક્ષિતની સ્ત્રી. એ વિરાટના પુત્ર ઉત્તરની કન્યા હતી.

ઇરાવતી. (૨) ભારતવર્ષીય એક નદી. (**ભા૨૦ કર્ણ૦ અ૦ ૪૪ શ્લો૦ ૩૨**).

ઇરાવાન. અર્જુનનો ઉલૂપીને પેટે થએલો પુત્ર. ભારતના યુદ્ધમાં એ પાંડવ પક્ષમાં હતો. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૪૫**.) એને દુર્યોધન પક્ષના આર્પયૃંગી નામના રાક્ષસે માર્યો હતો, (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯૦**)

ઇલ. વૈવસ્ત મનુનો કુત્સિત પુરુષત્વ પામેલો પ્રથમ પુત્ર એ એક સમય ઘોડેસ્વાર થઇને વનમાં મૃગયા રમવા સારૂ ગયો હતો. તે ભુલથી શરવણ નામના વનમાં પેઠો. પરંતુ પાર્વતીનો એવો શાપ હતો કે એ વનમાં જે પુરુષ પેસશે તે સ્ત્રી થઈ જશે. આથી કરીને ઇલ, પોતે જેઠો હતો તે ઘોડા અને બધા સૈન્ય સહિત સ્ત્રીત્વ પામ્યો. આથી પોતાના સૈન્ય સહિત ભ્રમણ કરતો હતો. ત્યાં સોમના પુત્ર બુધે એને દીઠો. એણે વનની બહાર એક દિવ્ય આશ્રમ નિર્માણ કર્યો અને ઇલને કહેવા લાગ્યો કે હે સ્ત્રી હોમની વખત થઈ છે. અને તું આશ્રમમાં કેમ આવતી નથી. શું પતિવ્રતા સ્ત્રીઓએ સૂર્યાસ્ત કાળે આશ્રમ છોડીને કદીએ બહાર ન જવું એ સદાચાર તને ખબર નથી? આવાં બુધનાં ભાષણ સાંભળીને હું પૂર્વે કોણ એની સ્મૃતિ ન રહેતાં એને લાગ્યું કે હું સ્ત્રી છું અને આની જ ધર્મપત્ની છું. એવો મોહ ઉત્પન્ન થયો, એટલે આશ્રમમાં જતાં જ બુધ એની સાથે પરણ્યો. બુધના સંગથી અલ્પ કાળમાં એને પુરુરવા નામે પુત્ર થયો. આ પુરુરવા જ સોમવંશી રાજાઓનો મૂળ પુરુષ.

ઉપર નિંદ્ય–કુત્સિત પુરુષત્વ પામેલો પુત્ર લાધ્યો છે, તેનું કારણ કે વૈવસ્ત મનુને ઘણા કાળ સુધી પુત્ર નહોતો. એણે મિત્રાવરુણને ઉદ્દેશી પુત્ર કામેષ્ટિ કરાવી. પરંતુ એની શ્રદ્ધા નામની સ્ત્રીએ હોતાને કહ્યું હતું કે મારે કન્યા થાય એમ કરજો. આથી ઇષ્ટીમાં હોતા એ કન્યા પ્રસવકારક મંત્ર ભણીને અગ્નિમાં હોમ કર્યો. એણે કરીને રાજાને કન્યા જન્મી. રાજાએ વસિષ્ટ ઋષિને પૂછ્યું કે આમ કેમ? એમણે સમજાવ્યું કે હોતાના મંત્રોચ્ચારમાં વિપરીતપણું હોવાથી આમ કન્યા થઇ છે. હવે જો તારે છોકરો જ જોઇતો હશે તો હું એ કન્યાને પુરુષત્વ મળે એમ કરીશ. પછી એમણે આદિપુરુષની સ્તુતિ કરી અને તેથી કન્યાને પુરુષત્વ પ્રાપ્ત થયું. આ ઇલ સૌથી મોટો હતો. એ શિવાય મનુને ઇક્ષ્વાકુ પ્રભૃતિ દશ પુત્ર થયા હતા.

ઇલ રાજા શરવણમાં જવાથી સ્ત્રીપણું પામ્યો છે એ વાત ઇક્ષ્વાકુ વગેરે તેના ભાઇઓને ખબર ન હોવાથી તેમણે એની બહુ કાળ પર્યન્ત વાટ જોઇ. પરંતુ એ આવ્યો નહિ. તેથી તેઓ એની શોધ કરવા નિકળ્યા. ઘણી ઘણી જગાએ ફરતાં પણ એનો પત્તો લાગ્યો નહિ. ફરતાં ફરતાં શરવણ વનની પાસે આવ્યા. ત્યાં ઘોડી થઈ ગએલો ઇલનો ચંદ્રપ્રભા ઘોડો એકાએક એમની નજરે પડ્યો. બધા આશ્ચર્ય પામ્યા કે આમ કેમ! પછી આશું થયું એનો તપાસ કરતાં અંતે જાણ્યું કે પાર્વતીના શાપને લઇને આ બિના બની છે.

બધા ભાઇઓએ પોતાના ભાઇની સ્થિતિ પૂર્વવત્ થાય અને એ પુરુષત્વ મેળવે એવી શિવની આરાધના કરી. એમની પ્રાર્થનાથી પ્રસન્ન થઇ કહ્યું કે પાર્વતીનો શાપ તદ્દન નિર્મૂળ થઇ એ પુરુષત્વ મેળવશે એમ કહી પણ થશે નહિ. છતાં તમારા તપવડે હું પ્રસન્ન થયો છું. માટે તમારો ભાઇ એક માસ સ્ત્રી અને એક માસ પુરુષ એમ બનશે.

આમ શ્રીમુખે કહીને ઇલને પુરુષ કરી ઇક્ષ્વાકુ પ્રભુતિ એના ભાઇઓને સોંપી શિવ અંતર્ધાન પામ્યા.

ઇલ રાજાને સુદ્યુમ્ન એવું બીજું નામ પણ હતું. પુરુષ કાળમાં એને ઉત્કલ, ગય, અને વિમલ એમ ત્રણ પુત્ર થયા હતા. (**ભાગ૦ નવમ૦ અ૦ ૧**)

ઇલવિલ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના શતરથ રાજાનું બીજું નામ.

ઇલવિલા. વૈવસ્વત મન્વંતરમાં વિશ્રવા ઋષિની સ્ત્રીઓમાંની એક. ઐડવિડ અથવા ઐલવિલ નામે પ્રખ્યાત થએલા પુત્રની માતા–આપના સંબંધે ઐલવિલને વૈશ્રવણ પણ કહેલો છે.

ઇલા. વૈવસ્ત મનુની કન્યા. (ઇલ શબ્દ જુઓ)

ઇલા. (૨) ઉત્તાનપાદના પુત્ર ધ્રુવની બીજી સ્ત્રી. એ વાયૂની કન્યા હતી અને એને ઉત્કલ નામનો એક જ પુત્ર હતો.

ઇલા. (૩) ઇરા શબ્દ જુઓ.

ઇલા. (૪) વસુદેવની સ્ત્રીઓમાંની એક

ઇલાવર્ત. ઋષભદેવના સો પુત્રમાંના નવ, જેઓ ખંડાધિપતિ હતા તેમાંનો એક. એનો ખંડ એના જ નામથી પ્રસિદ્ધ છે.

ઇલાવર્ત. (૨) ભરતવર્ષમાં જે નવખંડ છે, તેમાંનો એક.

ઇલાવૃત. પ્રિયવ્રત રાજાનો પૌત્ર અને આગ્નીધ્રનો પુત્ર. મેરુની કન્યા લતા એની સ્ત્રી હતી. એનો દેશ એને નામે જ પ્રસિદ્ધ હોઇ એ ત્યાંનો અધિપતિ હતો.

ઇલાવૃત. ૨ જંબુદ્વીપના નવ દેશમાંનો એક દેશ. એ મેરુની આસપાસ ઘણો પાસે સમચતુરસ્ર આકૃતિવાળો છે. એની આજુબાજુ નીલ, નિષધ, માલ્યવાન્ અને ગંધમાદન એવા ચાર મહાપર્વત આવ્યા છે.

ઇલાસ્પદ. ભારતવર્ષીય એક તીર્થ.

ઇલ્વલ. હિરણ્યકશિપૂનો પૌત્ર. પ્રહ્લાદ અને ધમનીથી થએલા પુત્રોમાંનો એક.

ઇલ્વલ. (૨) હિરણ્યકશિપૂની ક્રોધન સિંહિકાના તેર પુત્રોમાંનો પાંચમો. એ અને એનો ભાઇ વાતાપી બન્ને મળીને વારેવાર બ્રાહ્મણોને મારતા. કારણ કે એક વખત ઇલ્વલે કોઇ ઋષિની પ્રાર્થના કરી હતી કે મને ઇંદ્રના જેવો પરાક્રમી પુત્ર આપો. ઋષિએ પ્રાર્થનાનો અંગિકાર ન કરવાથી એ બ્રાહ્મણ માત્ર ઉપર દ્વેષ કરવા લાગ્યો. આતિથ્યને બહાને બ્રાહ્મણોને મારતા. એવી રીતે કે કોઈ બ્રાહ્મણ આવ્યો કે પોતે મનુષ્યરુપે એને આદરસત્કાર કરે. બકરાનું રુપ ધારણ કરેલા વાતાપીને રાંધીને તેને જમાડે. બ્રાહ્મણ જમીને જવા માંડે કે વાતાપી એનું પેટ ફાડીને બહાર આવે અને બ્રાહ્મણ મરણ પામે. આમ એમણે સહસ્રાવધિ બ્રહ્મહત્યાઓ કરી હતી.

એક સમયે અગસ્ત્ય ઋષિને પૈસાની જરુર પડવાથી તેઓ અનુક્રમે શ્રુતવા, બ્રધ્નશ્વ, અને ત્રસદસ્યુ એ ત્રણે રાજા પાસે ગયા, પરન્તુ ત્યાંથી દ્રવ્ય ન મળવાથી અને ઇલ્વલ ઘણો ધનવાન્ છે એ જાણીને પેલા રાજાઓ સહિત ઇલ્વલ પાસે આવ્યા. એમને જોઇને પોતાની રીત પ્રમાણે એણે કપટ પૂર્વક આતિથ્ય કર્યું. એમની પૂજા કરીને જમવા સારૂ રાખી લીધા. બકરાનું રુપ લીધેલા વાતાપીને રાંધી ત્રણે રાજાઓ અને અગસ્ત્ય ઋષિને ભોજન કરાવ્યું. રાજાઓએ ઋષિના સામું જોયું એટલે ઋષિ કપટ જાણી ગયા અને બધાને માટે કરેલો પાક પોતે એકલા જ જમી ગયા. અને વાતાપીને પેટમાં જ પચાવી દીધો.

ઘડી થઈ, બે ઘડી થઇ, પણ વાતાપી બહાર નિકળતો નથી, એવું જોઇને ઇલ્વલ સમજ્યો કે આજ વાતાપી નિઃસંદેહ મરણ પામ્યો. હવે આ ઋષિ પોતાને પણ મારશે એમ ધારી, ભયભીત થઇ કહેવા લાગ્યો કે હું અપરાધી છું, મને ક્ષમા કરો. મને પ્રાણ દાન આપવાની કૃપા કરો. ઋષિએ કહ્યું કે તને અભય છે, પણ અમારે ચારેને દ્રવ્ય જોઇએ છીએ તે આપી અમને પહોંચતા

કર. એણે તથાસ્તુ કહીને ત્રિવર્ગ રાજાને અસંખ્ય ગાયો અને સુવર્ણ આપ્યું. રાજાઓને આપ્યું તેનાથી બમણું ઋષિને આપી બધાને સન્માન પૂર્વક વિદાય કર્યા. ત્યાર બાદ બ્રાહ્મણોનો દ્વેષ તજીને સુખે રહ્યો. એને બલ્વલ નામે પુત્ર હતો. (**ભાર૦ વન૦ અ૦ ૯૮**).

ઇષ. ઉત્તાનપાદ વંશના ધ્રુવપુત્ર વત્સરને સ્વર્વીથી નામની સ્ત્રીથી થએલા છ પુત્રોમાંનો ત્રીજો.

ઇષ (૨). ઉત્તમ નામના મનૂના પુત્રોમાંનો એક.

ઇષ (૩). વર્ષના બાર મહિનામાં અનુક્રમે બારમો–ચૈત્રી વર્ષારંભ ગણતાં સાતમો–મહિનો. એની પૂર્ણિમા અશ્વિની નક્ષત્ર યુક્ત હોવાથી એને આશ્વિન કહે છે. બાર આદિત્ય માંહેલો ત્વષ્ટા નામનો આદિત્ય આ મન્વંતરમાં પ્રતિવર્ષ આ મહિનામાં સૂર્યમંડળનો અધિપતિ હોય છે. અને જમદગ્નિ ઋષિ, તિલોત્તમા અપ્સરા, ધૃતરાષ્ટ્ર ગંધર્વ, કંબધ નામનો નાગ, શતજિત્ નામનો યક્ષ, અને બ્રહ્માપેત નામનો રાક્ષસ એટલાં એની સાથે હોય છે, (**ભાગ૦ દ્વાદશ અ૦ ૧૧**)

ઇષિકહસ્ત. એ નામના એક ઋષિ અને તેમનું કુલ. (શ્વેતપરાશર શબ્દ જુઓ).

ઇષુપાત. દનુના પુત્ર દાનવોમાંનો એ નામનો એક.

ઇષુમાન. સોમવંશી યદુકુલમાં થએલા સાત્વત કુળના દેવશ્રવાને કંસાવતી નામની ભાર્યાને પેટે જન્મેલા બેમાંનો બીજો પુત્ર.

ઇક્ષુ. ભારતવર્ષીય ઇક્ષુદા નામની નદીનું બીજું નામ.

ઇક્ષુ (૨). ભારતવર્ષીય એક નદી. (૨ મહેંદ્ર શબ્દ જુઓ).

ઇક્ષુદા. ભારતવર્ષીય નદી. (૨ હિમાલય શબ્દ જુઓ).

ઇક્ષુમતી. સંકાશ્યા નગરી સમીપ આવેલી ભારતવર્ષીય એક નદી. (**વા૦ રા૦**)

ઇક્ષુરસોદ. સપ્ત મહાસાગરોમાંનો બીજો. પ્લક્ષદ્વીપની ચોતરફ આવેલો છે અને એની પહોળાઈ બે લાખ યોજન છે.

ઇક્ષ્વાકુ. વૈવસ્વત મનૂના દશ પુત્રોમાંનો મોટો. (**છુત્ર**) છીંકમાંથી પેદા થવાને લીધે એનું આ નામ પડ્યું છે. (**ભાગ૦ નવમ૦ અ૦ ૬ શ્લો૦ ૪**) અને (**દેવી ભાગ૦ સ્કં૦ ૭ અ૦ ૨ શ્લો૦ ૨૦**). એને સો પુત્ર હતા. તેઓ પૈકી વિકુક્ષિ, નિમિ, દંડક અને દશાશ્વ એ ચાર ઘણા શ્રેષ્ટ હતા. પોતાના પુત્રોને ચારે દિશાએ વસાવી પોતે ઇક્ષ્વાકુ મધ્યે રહ્યો હતો. પરંતુ વિકુક્ષિ યૌવરાજ્યપદ પર હોઇ બીજા પણ બહુધા એની પાસે જ રહેતા.

ઇક્ષ્વાકુ રાજા ઘણો પ્રખ્યાત હોઈ એનું કુળ સૂર્યવંશમાં ઘણું પ્રસિદ્ધ છે. વસિષ્ટ પાસેથી બ્રહ્મવિદ્યા સંપાદન કરીને એણે પરમપદ મેળવ્યું હતું. એની પછી વિકુક્ષિ, જેનું શશાદ એવું બીજું નામ પડ્યું હતું તે મુખ્ય રાજ્યાધિકારી થયો હતો.

ઈ.

ઈજિક. ભારતવર્ષીય એક દેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

ઈડ્ય. આઠમા સાવર્ણિ મનૂના હવે પછી થનારા દશમાંનો એક પુત્ર.

ઈશ. ઈશ્વર.

ઈશ (૨). મહાદેવ.

ઈશ (૩). ઈશાવાસ્ય ઉપનિષત.

ઈશાન. મહાદેવ.

ઈશાન (૨). શાકદ્વીપમાંહ્યલો એક પર્વત.

ઈશાનકલ્પ. બ્રહ્મદેવના ચાલૂ માસનો દશમો દિવસ. એ કલ્પના આરંભે આ ઈશાનનો અવતાર થવાને લીધે આ નામ પડ્યું છે. (૪ કલ્પ શબ્દ જુઓ).

ઈશાનકોસલ. ઇંદ્રપ્રસ્થની પૂર્વે આવેલા બે કોસલ

દેશમાં જે ઈશાન કોણમાં આવ્યો છે તે દેશ–ઉત્તર કોસલ, કાશી કિંવા કાંતિકોસલ એવાં પણ એનાં બીજાં નામ છે. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**). એની રાજધાની શ્રાવસ્તી નગરી.

ઈશાવાસ્ય. યજુર્વેદનું એ નામનું ઉપનિષત્.

ઈશ્વર. જગતની ઉત્પત્તિ, સ્થિત્તિ અને લય કરનારા માયોપાધિક પરમાત્મા.

ઈશ્વર (૨). ઇસાન્ય દિશાનો દિગ્પાલ. એક રુદ્ર. (એકાદશ રુદ્ર શબ્દ જુઓ.)

ઈશ્વર (૩). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. એ ક્રોધવશ નામના અસુરના અંશથી જન્મ્યો હતો. (**ભા૨૦ આદિ૦ અ૦ ૬૭**).

ઉ

ઉકથ. ચાલુ મન્વંતરમાં બૃહસ્પતિની કન્યા સ્વાહાનો પુત્ર.

ઉકથ (૨). સામવેદનું એક નામ.

ઉકથ (૩). એ નામનો એક યજ્ઞ વિશેષ.

ઉકથ (૪). સૂર્યવંશી એક રાજા. વંશમાલિકામાં એનું નામ નથી.

ઉખ. તૈત્તિરીય શાખાનો એક ઋષિ.

ઉગ્ર. મહાદેવ.

ઉગ્ર (૨). વારુણિ કવિના આઠમાંનો નાનો પુત્ર.

ઉગ્ર (૩). ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

ઉગ્રતીર્થ. ભારતી યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. (**ભા૨૦ આદિ૦ અ૦ ૬૭**).

ઉગ્રદંષ્ટ્રી. મેરુની કન્યા અને આગ્નીધ્ર રાજાના ત્રીજા પુત્ર હરિવર્ષની સ્ત્રી. (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૨**).

ઉગ્રમન્યુ. ભારતિ યુદ્ધમાં અર્જુનને હાથે મરણ પામેલો દુર્યોધન પક્ષનો એક રાજા. (**ભા૨૦ કર્ણ૰ અ૦ ૭૦**).

ઉગ્રવીર્ય. મહિસાસુરનો અનુયાયી એક અસુર. (મહિસાસુર શબ્દ જુઓ).

ઉગ્રશ્રવા. સૂત સંજ્ઞાવાળા પુરાણિક લોમહર્ષણનો પુત્ર. એનાં સૌમિ અને લોમહર્ષણિ એવાં બીજાં નામ પણ છે.

ઉગ્રશ્રવા (૨). ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

ઉગ્રસેન. કશ્યપની મુની નામની સ્ત્રીને પેટે થએલા દેવગંધર્વોમાંનો એક. એ સૂર્યનો સહચર છે (નભસ્ય શબ્દ જુઓ).

ઉગ્રસેન (૨). સોમવંશી યદુકુળના સાત્વત રાજાના અંધક નામના પુત્રના વંશમાં જન્મેલા આહુ રાજાના બે પુત્રમાંનો બીજો. એને કંસ, સુનામા, ન્યગ્રોધ, કંક, શંક. સુહૂ, રાષ્ટ્રપાલ, સૃષ્ટિ અને તુષ્ટિમાન્ એવા નવ પુત્ર હતા. તેમજ કંસાવતી, કંકા, શરભૂ અને રાષ્ટ્રપાલિકા એવી પાંચ કન્યાઓ હતી. આ પાંચે વસુદેવના દેવભાગાદિ નવમાંના પાંચ ભાઇઓને વરાવી હતી. એનો મોટો પુત્ર કંસ ઘણો જ દુષ્ટ હોવાથી તેણે ઉગ્રસેનને બંદીવાન તરીકે રાખ્યો હતો. કૃષ્ણે કંસને મારી ઉગ્રસેનને છોડવી, પુનઃ પાટપર સ્થાપ્યો હતો.(**ભાગ૦ સ્કં ૧૦ અ૦ ૪૫**)

ઉગ્રસેન (૩). ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

ઉગ્રસેન (૪). ભારતી યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

ઉગ્રસેન (૫) પાંડવોમાંના અર્જુનના પૌત્ર પરીક્ષિત્ રાજાના ચાર પુત્રોમાંનો નાનો.

ઉગ્રસેના. અક્રૂર યાદવની સ્ત્રીઓમાંની એક.

ઉગ્રાયુધ. ચંદ્રવંશીય પૂરુકુળના હસ્તી રાજાના દેવમીઢ નામના પુત્રના વંશમાં જન્મેલા નીથ રાજાનો પુત્ર એને ક્ષેમ્ય નામનો પુત્ર હતો.

ઉગ્રાયુધ (૨). ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક,

ઉગ્રાયુધ (૩)- ભારતી યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એક રાજા.

ઉગ્રાયુધ (૪).કર્ણને હાથે મરણ પામેલો પાંડવ પક્ષનો એક રાજા. (**ભા૨૦ કર્ણ૰ અ૦ ૫૬**).

ઉગ્રાક્ષ. મહિષાસુર પક્ષનો એક અસુર. (૨ મહિષાસુર શબ્દ જુઓ.)

ઉચ્ચૈઃશ્રવા. સમુદ્ર મંથન સમયે નિકળેલાં ચૌદ રત્નોમાંનું એક–અશ્વરત્ન (**ભાગ૦અષ્ટ૦અ૦૮**)

ઉચ્ચૈઃશ્રવા (૨). સૂર્યના રથના ઘોડાનું નામ. (**મત્સ્ય૦ અ૦ ૨૪૯**)

ઉજ્જયન. વિશ્વામિત્ર કુલોત્પન્ન એક ઋષિ.

ઉજ્જયિનિ, અવંતિકા નગરીનું પ્રસ્તુત વપરાતું નામ.

ઉજ્જાનક. કાશ્મીર સમીપે આવેલું એક તીર્થ વિશેષ. આ જગાએ સ્કંદે પોતાનો ક્રોધ શાંત કર્યો હતો. (**ભા૨૦ વ૦ અ૦ ૧૩૦**)

ઉજ્જાલક. મરુધન્વ દેશ સમીપે આવેલા સમુદ્રના ભાગનું નામ. આ જગાએ ઉત્તંક ઋષિનો આશ્રમ હતો.

ઉજ્જિહાના. દક્ષિણ કોસલ દેશની એક નદી.

ઉડુપતિ. નક્ષત્રનો અધિપતિ–ચન્દ્ર.

ઉડુપતિ (૨). એ નામના એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

ઉડ્રકેરલ. દ્રવિડ દેશની દક્ષિણે આવેલો ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૧**).

ઉતથ્ય. સ્વાયંભૂ મન્વંતરમાં અંગિરા ઋષિના ત્રણ પુત્રમાંનો બીજો.

ઉતથ્ય (૨). વૈવસ્વત મન્વંતરમાંના વારુણિ અંગિરા ઋષિના આઠ પુત્રોમાંનો બીજો. એણે સૂર્યવંશી માંધાતા રાજાને રાજનીતિ સંભળાવી હતી. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૮૯–૯૧**) એની સ્ત્રી સોમકન્યા ભદ્રા હતી.

ઉત્કલ. ઉત્તાનપાદ પુત્ર ધ્રુવથી ઇલાને થએલો પુત્ર. જ્યારે ધ્રુવ અરણ્યમાં તપ કરવા ગયો હતો ત્યારે આને રાજ પ્રાપ્ત થયું હતું. પરંતુ એ અંતર્નિષ્ટ અને ઉદાસીનવૃત્તિવાળો હોવાથી એણે સ્વીકાર્યું નહોતું. (**ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૧૩**).

ઉત્કલ (૨). એ નામનો એક બ્રહ્મર્ષિ. (૩. અંગિરા શબ્દ જુઓ.)

ઉત્કલ (૩). વૃત્રાસુરનો અનુયાયી એક અસુર. સમુદ્રમંથન પછી થએલા દેવ અને દૈત્યના યુદ્ધમાં એણે માતૃગણો સાથે દ્વંદ્વયુદ્ધ કર્યું હતું. (**ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૧૦ શ્લો૦ ૩૩**)

ઉત્કલ (૪). વૈવસ્વત મનુનો પૌત્ર. ઇલ રાજાના ત્રણ પુત્રમાંનો મોટો.

ઉત્કલ (૫). ભારત વર્ષીય એક દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**)

ઉત્કલા. ઋષભદેવ વંશના સમ્રાટ રાજાની સ્ત્રી, અને મરીચિ રાજાની માતા.

ઉત્કોચલા. પાંડવોના પુરોહિત ધૌમ્ય ઋષિના તપસ્થાનની પાસે આવેલું એ નામનું એક તીર્થ.

ઉત્તંક. એક પુરાતન ઋષિ, સૂર્યવંશી કુવલાશ્વ રાજાએ એની સહાયતા વડે ધુંધુ નામના દૈત્યને માર્યો હતો. (કુવળાશ્વ શબ્દ જુઓ.)

ઉત્તંક (૨). એક પુરાતન ઋષિ, એ ગૌતમ કુળના ધૌમ્ય ઋષિનો શિષ્ય હતો. એણે પોતાની ગુરુપત્નીની માગણીથી સૂર્યવંશી સાદાસ અથવા મિત્રસહ નામના રાજાની રાણીનાં કુંડળ આણી આપ્યાં હતાં. આથી પ્રસન્ન થઇને ધૌમ્ય ઋષિએ એને પોતાની કન્યા પરણાવી હતી. (**ભા૨૦ અશ્વ૦ અ૦ ૫૩**) ધુંધુ દૈત્યને મારવાને કુવલાશ્વરાજાએ ઉત્તંકની સહાયતા લીધી હતી એવો લેખ છે પણ તે અસંભાવ્ય છે. કારણ કુવળાશ્વ રાજા ઇક્ષ્વાકુ કુળમાં અગીઆરમો રાજા હતો, અને સૌદાસ અથવા મિત્રસહ એ અડતાલીસમો હતો. અર્વાચીન રાજાની રાણીનાં કુંડળ આણીને ગુરુપત્નીને આપનાર પ્રાચીન રાજાને સાલ આપનાર શી રીતે હોય? માટે કોઇ બીજો ઉત્તંક હોવો જોઇએ.

ઉત્તંક (૩). વેદ નામના ઋષિનો શિષ્ય. એનું મૂળ નામ ઉપમન્યું હતું. એ જ્યારે ગુરુકુળમાં રહ્યો હતો ત્યારે વેદ ઋષિએ એને આજ્ઞા કરી હતી કે એણે રોજ સવારે ગાયો વનમાં લઇ જઇને ચરાવવી અને રોજ સંધ્યાકાળે ઘેર લાવવી. એ પ્રમાણે એ રોજ કરતો હતો. પોતાના નિર્વાહસારૂ અરણ્યમાંના ઋષિઓને

આશ્રમેથી મધુકરી માગતો. એક વખત ગુરુએ પુછ્યું કે તું તારો નિર્વાહ શી રીતે કરે છે? એણે કહ્યું કે હું મધુકરી માગીને ખાઉં છું. ગુરુએ કહ્યું કે શિષ્યે મધુકરી લાવી ગુરુને અર્પણ કરવી જોઈએ. તેમાંથી ગુરુ કૃપા કરીને જે આપે તે શિષ્યે ખાવી જોઇએ. આમ રીત હોવા છતાં તું આમ અવિધિ કર્મ કેમ કરે છે? એણે તથારતુ કહીને ત્યાર પછી રોજ મધુકરી ગુરુને સમર્પણ કરવા માંડી. પણ ગુરુએ એને કાંઈ આપ્યું નહિ. કેટલાક દિવસ જતાં ભૂખ નિવારણ સારુ એણે ફરીથી મધુકરી માગીને ખાવા માંડી. આ વાતને પણ ઘણા દિવસ થયા અને એને બિલકુલ નિસ્તેજ ન થએલો જોઇને ગુરુએ પાછું પુછ્યું, કે તું શી રીતે નિર્વાહ કરે છે તે બોલ. આ ઉપરથી એણે બધી હકીકત કહી. ગુરુએ કહ્યું કે ફરીથી એમ કરીશ નહિ, કેમકે અરણ્યવાશી ઋષિયોને આપણા તરફથી એમ પીડા થાય. આ ઉપરથી એણે મધુકરી માગવી મૂકી દીધી, અને અપવાસ કરવા માંડ્યા. પણ બહુ જ ભૂખ લાગવાથી ગાયોના ટોળામાંથી એક ગાયને દોહીને દુધ પીવા લાગ્યો. ગુરુને જાણ થવાથી એનો પણ પ્રતિબંધ કર્યો એટલે ધાવતાં ધાવતાં વાછરડાંને મોઢે જે દુધનું ફીણ ચોંટયું હોય તે ચાટીને નિર્વાહ કરવા માંડ્યો. જ્યારે ગુરુએ એનો પણ નિષેધ કર્યો, અને ભૂખે તો રહેવાય નહિ એમ થયું, ત્યારે એણે આકડાનું દુધ પીને રહેવા માંડ્યું. આથી કરીને એની આંખે ઝાંખ વળવા માંડી, અને એક દિવસ ગાયોને લઇને ગયો ત્યાં તો એની આંખો એકાએક ગઈ. આવી સ્થિતિમાં સંધ્યાકાળે ગાયો લઇને ઘેર આવતાં ન દેખાવાથી એ કુવામાં પડ્યો.

ગાયો તો બધીયે ઘેર આવી પણ ઉપમન્યુ આવ્યો નહિ. એ જોઇને ગુરુ એની શોધ કરવા ગયા. એને બોલાવવાને હે ઉપમન્યુ, હે ઉપમન્યુ એમ બૂમ પાડતા હતા. એ બૂમ સાંભળીને ઉપમન્યુએ કુવામાંથી બોલીને જવાબ દીધો. ગુરુએ પુછ્યું કે બેટા તું ક્યાં છે? હું કુવામાં છું ઉપમન્યુએ કહ્યું. ગુરુ કુવા સમીપ આવ્યા અને એને કહ્યું બહાર આવ. ઉપમન્યુએ કહ્યું કે હું આંધળો થયો છું, શી રીતે બહાર આવું? આ સાંભળીને ઋષિયે અશ્વિનીકુમારનું આવ્હાયન કર્યું અને એ ત્યાં તત્કાળ પ્રકટ થયા. ઉપમન્યુની દૃઢ ગુરુભક્તિ જોઈ પ્રસન્ન થઈ એની આંખો પૂર્વવત સાજી કરી એને બાહાર કાઢયો. એને ઝાંઘ આગળથી ઉચકીને બહાર કાઢયો માટે એને ઉત્તંક નામ આપ્યું. (ભાર૦ આદિ૦ અ૦ ૩)

આ પ્રમાણે ગુરુને ઘેર રહી વેદ, વેદાંગ વગેરેમાં નિષ્ણાત થવાથી ગુરુએ એને ઘેર જવાની રજા આપી. એણે પ્રાર્થના કરીકે કાંઇ ગુરુ દક્ષિણા માગો. પણ ગુરુએ કહ્યું કે મારે કાંઈ ઇચ્છા નથી. પછી એ ગુરુપત્ની પાસે ગયો અને એવી જ વિનાત કરી. ગુરુપત્નીએ કહ્યું બીજું તો કાંઇ નહિ પણ જે આપે તો સૂર્યવંશી પુષ્પ રાજાના પુત્ર પૌષ્ય–ધ્રુવસંધિની સ્ત્રીનાં કુંડળ આણી આપ. આ ઉપરથી ઉપમન્યુ રાણી પાસે ગયો અને પોતાની ગુરુપત્નીને દક્ષિણા આપવા કુંડળની યાચના કરી. રાણીએ કુંડળ આપ્યાં તે લઇને એ પાછો આવવા નિકળ્યો. રસ્તામાં આવતાં એણે આણેલાં કુંડળ તક્ષકે ચોરી લીધાં અને એક દરમાં પેશી ગયો. પછી ઇન્દ્રની કૃપાથી ઉપમન્યુ પણ દરમાં થઇને પાતાળમાં ગયો. અગ્નિ અને ઇંદ્રની સહાયતાથી કુંડળ પાછાં મેળવી પોતાની ગુરુપત્ની પાસે જઈ એણે કુંડળ આપ્યાં. પછી સ્વગૃહે ગયો. પરન્તુ ગુરુપત્નીએ કહેલી અવધિમાં કુંડળ લાવવામાં વાર થવા ગુરુપત્ની વખતે ગુસ્સે થાય એવું વિઘ્ન નાંખ્યું માટે તક્ષકના ઉપર એને બહુ દંશ રહ્યો. આગળ જતાં જ્યારે તક્ષકના દંશથી પરીક્ષિત રાજાનું મૃત્યુ થયું એમ એણે

સાંભળ્યું ત્યારે એ જનમેજય રાજા પાસે ગયો અને એને ઉશ્કેરીને એની પાસે સર્પસત્ર કરાવ્યો. (૬ જનમેજય શબ્દ જુઓ.)

ઉત્તમ. સ્વાયંભૂ વંશના પ્રિયવ્રત રાજાને બીજી સ્ત્રીથી થએલા ત્રણ પુત્રોમાંનો મોટો. પ્રસ્તુત શ્વેતવારાહકલ્પમાં જે ચૌદ મનુ પૃથિવી ઉપર થવાના તેમાં થઇ ગએલો ત્રીજો. એને ઇષ, ઊર્જ, તર્જ, શુચિ, શુક્ર, મધુ, માધવ, નભસ્ય, નભ અને સહ એવા પવન, સુંજય ઇત્યાદિ નામાન્તરે દશ પુત્ર હતા. તેમાંનો નાનો સહ ઘણો જ ઉદાર અને કીર્તિમાન હતો. એની કાલસત્તાનું ઔત્તમી મન્વંતર એવું નામ હોઇ તેમાં કૌકુરુંડિ, દાલભ્ય, શંખ, પ્રવહણ, શિવ, સિત્ત, અને સસ્મિત એ પ્રમદાદિ નામાંતરે સપ્તર્ષિ હતા. સત્ય, વેદ, શ્રુત, ભદ્ર ઇત્યાદિ ભાવન સંજ્ઞાના દેવ હોઇ તેમનો સ્વામી સત્યજિત નામનો ઇંદ્ર તે વેળાએ સ્વર્ગમાં રાજ કરતો હતો. ધર્મ નામના એક ઋષિથી એની સૂનૃતા નામની ભાર્યાને પેટે સત્યસેન નામે વિષ્ણુનો એક અવતાર થયો હતો જેણે ઇંદ્રને સહાય કરી હતી. (**ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૧**), (**મત્સ્ય૦ અ૦ ૯**)

ઉત્તમ (૨). સ્વાયંભુ મનુ વંશના ઉત્તાનપાદ રાજાની બીજી સ્ત્રી સુરુચિનો પુત્ર. ધ્રુવનો ઓરમાન ભાઇ. એ એનું લગ્ન થવાની પહેલાં અરણ્યમાં મૃગયા સારુ ગયો હતો ત્યાં યક્ષને હાથે મરણ પામ્યો હતો. (૧. ધ્રુવ શબ્દ જુઓ.)

ઉત્તમ (૩). ભારતવર્ષીય એક દેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

ઉત્તમા. ચાલુ વૈવસ્વત મન્વંતરની એકવીસમી ચોકડીમાં જે વ્યાસ થઇ ગયો તે. હર્યાત્મા એવું એનું નામાન્તર હતું. (વ્યાસ શબ્દ જુઓ)

ઉત્તમૌજા. પાંચાળ દેશનો એક રાજપુત્ર. ભારતીય યુદ્ધમાં એ પાંડવોના પક્ષમાં હતો. ભારતી યુદ્ધ સંપૂર્ણ થતાં એ પાંડવોના તંબુમાં સુતો હતો ત્યાં અશ્વત્થામાએ એને મારી નાંખ્યો હતો. (૧ અશ્વત્થામા શબ્દ જુઓ.)

ઉત્તર. કશ્યપ કુળનો એક ઋષિ.

ઉત્તર (૨). પૂર્વ મત્સ્ય દેશાધિપતિ વિરાટ રાજાના બેમાંનો નાનો પુત્ર. ભૂમિંજય એવું એનું બીજું નામ પણ હતું. (**ભાર૦ વિરા૦ અ૦ ૩૫. શ્લો૦ ૯**) એ નાનો હતો ત્યારે એક વખત વિરાટ રાજાની ગાયો કૌરવો લઈ જતા હતા. વિરાટ રાજા સૈન્ય લઈ તેની પૂંઠળ ગયો હતો. તેવામાં બૃહદ દુર્યોધન બીજી દિશામાંથી આવી ગાયો હરી જઈ વિરાટનગર પર આવતો હતો. આ વાત ગોવાળીઆઓએ નગરમાં આવીને જણાવી. ઉત્તર તે વખત સ્ત્રીઓના ટોળામાં બેઠો હતો. ગોવાળીઆઓની વાત સાંભળી ઉત્તર કહેવા લાગ્યો કે મારે સારથિ નથી, તો હું એકલો શું કરું? જો મને સારથિ મળે તો હું હાલ જ શત્રુઓને આંધી આણું. આ ઉપરથી બૃહન્નટે એનું સારથિ પણું કરવું કબુલ્યું અને એ યુદ્ધ કરવા ગયો. યુદ્ધમાં બૃહન્નટની સાહ્યતાથી વિજયી થઈ પાછો આવ્યો. (બૃહન્નટા શબ્દ જુઓ.)

ભારતી યુદ્ધમાં એ પાંડવના પક્ષમાં હતો. ઘણા યોદ્ધા સાથે યુદ્ધ કરી છેવટે શલ્ય રાજાને હાથે મરણ પામ્યો. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૪૭.**) એ મરી ગયો તે વખત એની સ્ત્રી ગર્ભવતી હતી. તેને પછી ઇરાવતી નામે કન્યા જન્મી હતી. આ કન્યા અભિમન્યુના પુત્ર પરીક્ષિત રાજાને વરાવી હતી.

ઉત્તર આનર્ત. ભારત વર્ષીય કુલદ દેશની ઉત્તરે દેશ. અર્જુનના દિગ્વિજયની વાત જુઓ.

ઉત્તર ઉત્સવસંકેત. ભારત વર્ષીય એક દેશ. (અર્જુન દિગ્વિજય જુઓ.)

ઉત્તર કાંબોજ. બાલ્હીક અને દરદની ઉત્તરે આવેલો કાંબોજ દેશ. (**ભાર૦સભા૦અ૦૨૭**)

ઉત્તર કિરાત. ભારત વર્ષીય દેશ. અર્જુન દિગ્વિજય જુઓ.

ઉત્તર કુરુ. જંબુદ્વીપના કુરુ નામના દેશનું બીજું નામ.

ઉત્તર કોશળ. ઇશાન્ય કોસલનું બીજું નામ.

ઉત્તર ત્રિગર્ત. ભારતવર્ષીય દેશ. અર્જુન દિગ્વિજય જુઓ.

ઉત્તર માનસ. હિમાલય ઉપરનું માન સરોવર.

ઉત્તર માલવ. ભારતવર્ષીય ઉત્તરે આવેલો માલવ દેશ. **(ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯)**

ઉત્તર વેદી. કુરુક્ષેત્રનું જ બીજું નામ (૨ કુરુક્ષેત્ર શબ્દ જુઓ). હાલ એને અંતર્વેદી કહે છે.

ઉત્તર શ્રવણ. ભારતવર્ષીય એક ખંડ. પરંતુ ક્યા ખંડનું આ નામ છે તેનો નિર્ણય થતો નથી. **(મત્સ્ય૦ અ૦ ૧૧૩).**

ઉત્તરસુજ્ઞ. ભારતવર્ષીય દેશ–(અર્જુનનો દિગ્વિજય જુઓ.)

ઉત્તરા. પ્રાચેતસ દક્ષે સોમને આપેલી સત્તાવીશ કન્યામાંની એક.

ઉત્તરા (૨). મત્સ્ય દેશાધિપતિ વિરાટ રાજાની કન્યા. એ નાનપણમાં બૃહન્નટા પાસે ગાન અને નૃત્યકળા શીખી હતી. પાંડવો અજ્ઞાતવાસમાં વિરાટને ત્યાં રહ્યા હતા તે જ્યારે પ્રકટ થયા, ત્યારે અર્જુને ઉત્તરાને પરણવું એવી વિરાટે ઇચ્છા પ્રદર્શિત કરી હતી. અર્જુને એ વાત કબૂલ નહોતી કરી; પરંતુ પોતાના પુત્ર અભિમન્યુ સારુ એ કન્યા માગી લીધી હતી. એથી એનું લગ્ન અભિમન્યુ સાથે થયું હતું. **(ભા૨૦ વિરાહ૦ અ૦૭૨–૭૨)**

ભારત યુદ્ધમાં અભિમન્યુ મરાયો ત્યારે એ ગર્ભિણી હતી. જ્યારે અશ્વત્થામાએ પૃથ્વીને નિષ્પાંડવી કરવા સારુ બ્રહ્માસ્ત્ર મૂકયું ત્યારે એના ગર્ભને ઘણી પીડા થઇ. આથી એણે જ્યારે કૃષ્ણ દ્વારકા જવા નિકળ્યા તે તાકડે તેમની પાસે જઇ પ્રાર્થના કરી કે મારા ગર્ભના સંરક્ષણની જોગવણ કર્યા શિવાય હું તમને દ્વારકા જવા નહિ દઉં. આથી કૃષ્ણને દયા આવી અને પોતાના ચક્રને એના ગર્ભનું સંરક્ષણ કરવા માટે રાખ્યું. ત્યારથી એની પીડા મટી અને એણે થોડે કાળે સ્વસ્થ મને પરીક્ષિત નામના પુત્રને જન્મ આપ્યો. **(ભાગ૦ સ્કં૦ ૧ અ૦ ૮)**

ઉત્તરા (૩). મેરુ પર્વત આવ્યો છે તે દિશા.

ઉત્તરાભાદ્રપદા. પ્રાચેતસ દક્ષે સોમને આપેલી સતાવીસ કન્યામાંની એક.

ઉત્તરાષાઢા. પ્રાચેતસ દક્ષે સોમને આપેલી સત્તાવીસ કન્યામાંની એક.

ઉત્તાનપાદ. સ્વાયંભૂ મનૂના બે પુત્રમાના કનિષ્ટ, પ્રિયવ્રત રાજાનો નાનો ભાઇ. **(મત્સ્ય૦ અ૦ ૪).** એને સૂનતા અથવા સુનીતી અને સુરુચિ એવી બે સ્ત્રીઓ હતી. પહેલીને ક્રીર્તિમાન્ અને ધ્રુવ નામે બે પુત્ર અને બીજીને ઉત્તમ નામે એક પુત્ર હતો. **(ભાગ૦ સ્કં૦ ૪ અ૦ ૯,)** બીજી સ્ત્રી સુરુચિ એને અત્યંત પ્રેમ હતી. (૧ ધ્રુવ શબ્દ જુઓ.)

ઉત્તાનબર્હિ. વૈવસ્વત મનૂનો પૌત્ર અને શર્યાતિ રાજાના ત્રણમાંનો મોટો પુત્ર.

ઉત્પલાવતી. ભારતવર્ષીય એક નદી. (૪ મલય શબ્દ જુઓ.)

ઉત્પલાવન. ભારતવર્ષીય પાંચાળ દેશમાંનું એક તીર્થ. એ જગાએ વિશ્વામિત્રે ઘણા યજ્ઞ કર્યા હતા.

ઉત્પલાવર્તક. ભારતવર્ષીય એક ક્ષેત્ર વિશેષ.

ઉત્પલિની. હિમાલયના પાર્શ્વ ભાગે આવેલા નૈમિષારણ્યમાંની એક નદી.

ઉત્સવસંકેત. ભારતવર્ષીય એક દેશ. ઉત્તર અને પશ્ચિમ એમ દિશાભેદે એના બે ભાગ ગણાય છે.

ઉદંક. શુલ્વ ઋષિનો પુત્ર. એને શૌલ્વાયન અથવા શૌલ્વાયાન તરીકે પણ વર્ણવ્યો છે.

ઉદક્સ્વન. સોમવંશી પૂરુકુળમાં ઉત્પન્ન થયેલા અજમીઢના પુત્ર બૃહદ્વિષુના વંશમાં જન્મેલા વિષ્વક્સેન રાજાનો પુત્ર. એને ભલ્લાદ નામ પુત્ર હતો.

ઉદગ્ર. એ નામનો એક અસુર. (૨ મહિષાસુર શબ્દ જુઓ).

ઉદગ્રજ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

ઉદપાન ભારતવર્ષીય એક તીર્થ, (૪ ત્રિત શબ્દ જુઓ).

ઉદરશાંડિલ્ય. એક બ્રહ્મર્ષિ.

ઉદરેણુ. એક બ્રહ્મર્ષિ.(૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ઉદવહિ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

ઉદાન. શરીરમાં વસનારા પંચપ્રાણ પૈકી કંઠસ્થાનમાં વસનારો પ્રાણવાયુ.

ઉદાનકલ્પ. દિવસોના ક્રમમાં બ્રહ્મદેવના ચાલુ મહિનામાં તેરમો દહાડો. (૪ કલ્પશબ્દ જુઓ).

ઉદાપેક્ષી. વિશ્વામિત્ર ઋષિના પુત્રમાંનો એક.

ઉદાવસુ. વિદેહવંશના મિથિ નામના જનકનો પુત્ર એના પુત્રનું નામ નંદિવર્દ્ધન.

ઉદાવહિ. એ નામનો એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ઉદ્‌ગાતા. સ્વાયંભૂ વંશના ઋષભદેવ કુળમાંના પ્રતીહ રાજાના ત્રણમાંનો કનિષ્ટપુત્ર. એને યજ્ઞકર્મ પ્રિય હોવાથી તેમ જ એ એમાં પરમ નિપુણ હોવાથી એનું આ નામ પાડયું હતું. **(ભાગ૦વસ્કં૦ ૫ અ૦ ૧૫).**

ઉર્ગાહ. એ નામનો એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

ઉર્જીથ. સ્વાયંભૂ મન્વંતરમાંના મારીચિ ઋષિને ઊર્ણાને પેટે થએલા છ પુત્રોમાંનો બીજો. એ અગાડી જન્માંતરમાં કૃષ્ણના બંધુવર્ગમાં જન્મ્યો હતો. (૧ ઊર્ણા શબ્દ જુઓ).

ઉર્જીથ (૨). સ્વાયંભૂવંશના ઋષભદેવ કુળમાં થએલા ભૂમારાજાને ઋષિકુલ્યા નામની સ્ત્રીથી થએલા પુત્ર.

ઉદ્‌વાસ. એક બ્રહ્મર્ષિ (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ઉદ્દાલક. ગૌતમગોત્રોત્પન્ન અરુણિ ઋષિનો પુત્ર અને ધૌમ્ય ઋષિનો શિષ્ય. એ જ્યારે ગુરુને ત્યાં રહેતો હતો, ત્યારે એક સમય ગુરુએ આજ્ઞા કરી કે ખેતરમાં જઇને પાણી જતું ન રહે માટે એક બંધ બાંધવો. આજ્ઞાનુસાર એ ગયો અને બંધ તો કર્યો પણ પાણીના વેગને લીધે માટી રહે નહિ અને પાણી વહી જાય આમ થવાથી એ પોતે ધોવાઇ ગયેલા બંધની આડે જાતે સુતો અને પાણી થંભાવ્યું. પણ એનાથી ત્યાંથી ખસાય નહિ સમય ગુરુને ત્યાં જવાયું નહિ. ઘણા દિવસ વિતતાં ધૌમ્યને આરુણિનું સ્મરણ થયું કે એ કેમ જણાતો નથી. તેથી પોતે ખેતરમાં ગયા તો એને આડો સુઇને પાણી રોકી રાખતો દીઠો. ઋષિ એનું આજ્ઞાનુકારીપણું અને ભક્તિ જોઇ પ્રસન્ન થયા અને કહ્યું કે ઉઠ, મારી પાસે આવ. એ ઉઠયો કે પાણી પાછું વહેવા માંડયું. પોતે ધૌમ્ય ઋષિએ પાણીનો બંધ ઠીક કર્યો. પરંતુ તે દિવસથી આરુણિને ઉદ્દાલક એવું નામ આપ્યું. કાંઇ કાળે પરિપૂર્ણ વેદવેદાંગ પારગ થઇ ગુરુની આજ્ઞાથી પોતાને ઘેર આવ્યો, અને વિવાહ કરી ગૃહસ્થાશ્રમ માંડયો. એને શ્વેતકેતુ અને નચિકેતા એવા બે પુત્ર અને સુજાતા નામે એક કન્યા હતી. આ સુજાતા તે કહોડઋષિની સ્ત્રી હતી. આ જ ઉદ્દાલક જેમણે યજ્ઞ કરતાં બ્રાહ્મણને આપવા કાઢેલી ગાયોમાં ઘરડી વસુકી ગએલી અને વાંઝણી ગાયો જોઇને એના પુત્ર નચિકેતાએ પિતા મારી તરફની શુભ ભાવનાને લીધે બ્રાહ્મણોને સારું દાન આપતા નથી ધારી, પોતે નિર્લોભી છે તે બતાવવા એમને પુછયું હતું કે આપ મને કોને આપો છો ? બે ત્રણવાર એમ પુછવાથી ક્રોધ કરીને ઋષિએ કહ્યું કે તને યમને આપું છું. પિતાની આજ્ઞા શિરપાવંદ્ય ઘણીને નચિકેતા યમને ત્યાં ગયો અને યમે પ્રસન્ન થઇ એને બ્રહ્મવિદ્યાનો બોધ કર્યો હતો એ કઠોપનિષત્નો વિષય છે.

ઉદ્દાલક (૨). એ નામના એક ઋષિ. એમનું કુળ કિયું હતું તે જણાતું નથી. એમને ચંડી નામની સ્ત્રી હતી. એ કદીએ કહેલું કાન ધરે જ નહિ અને કહ્યું હોય એનાથી ઉલટું જ કરે એવી હતી. આ સ્ત્રીથી એને એટલો ત્રાસ થતો હતો કે એ ન હોય તો સારુ એમ એને લાગતું. એક દિવસ પોતે કહ્યું હતું એનાથી સ્ત્રીએ વિપરીત જ કરવાથી સ્ત્રી ઉપર ગુસ્સે થઇ ખિન્ન થઇને બેઠો હતો. તેવામાં કૌંડિન્ય નામના ઋષિ એના આશ્રમમાં આવ્યા. કૌંડિ-

ન્ય ઋષિને આ હકીકત માલમ પડતાં એમણે એને એક યુક્તિ બતાવી, કે તું તારી ઇચ્છા હોય કે તારી સ્ત્રીએ અમુક કરવું તો એને એવી જ આજ્ઞા કર કે તહારે અમુક ન કરવું; અથવા નહારુ કરવું. આમ ઉલટું જ કહેવાથી તારી ઇચ્છા પ્રમાણે બધું થશે. કૌંડિન્ય ઋષિના ગયા પછી એણે ઉલટી જ આજ્ઞા કરવા માંડી કે ચંડી એનાથી ઉલટું એટલે ઋષિના મનમાં ઇચ્છા હોય એવું કરવા લાગી ! આમ ઋષિને સુખ થયું. કેટલેક કાળે પિતૃતિથિ આવી એટલે પોતાની નવી રીત પ્રમાણે ચંડીને કહ્યું કે કાલે શ્રાધ છે પણ તે કાંઇ કરવાની જરુર નથી. અગર જો કરીએ તો કાંણા, કુબડાં, અને અનાચારી બ્રાહ્મણોને જ નોતરવા. તેમ બ્રાહ્મણોને દક્ષિણા તો સમુળગી આપવી જ નહિ. આ ઉપરથી ચંડીએ બીજે દિવસે વિદ્વાન અને સદાચારી બ્રાહ્મણોને નોતર્યા, તેમને ઉત્તમ ભોજન કરાવ્યું અને પતિ પાસેથી તેમને વસ્ત્ર, આભૂષણ અને સારી દક્ષિણા અપાવી. ઉદ્દાલક આ પ્રમાણે પોતાની મરજી માફક શ્રાદ્ધ થવાથી આનંદદિત થઇ ગયા અને ભાન ન રહેતાં સ્ત્રીને કહ્યું કે આ શ્રાદ્ધના પિંડ ભાગીરથીમાં નાંખજે. ચંડીએ એમ ન કરતાં પિંડને નહારી જગાએ નાંખી દીધા. આ જોતાં જ ઋષિને ક્રોધ ચઢયો અને બોલ્યા કે દૂષ્ટા ! તું શિલા થઇને પડીશ. ચંડીએ ઘણી પ્રાર્થના કરી કે હવે એમ નહિ કરું, એટલે ઉશાપ આપ્યો કે કાલાંતરે પાંડવો અશ્વમેધ કરશે ત્યારે એ અશ્વના પગ ચાલતાં ચાલતાં તને ચોંટી જશે. તે વખત અર્જુન અશ્વને છોડાવવા યત્ન કરશે. એમ અર્જુનના હસ્તનો સ્પર્ષ થતાં તારો ઉદ્ધાર થશે. આ પ્રમાણે આગળ જતાં બનતાં એનો ઉગ્ર સ્વભાવ સુધરી ગયો અને એ પોતાના પતિને જ પ્રાપ્ત થઇ. (**જૈમિ૦ અશ્વમે૦ અ૦ ૧૬**). આ ઋષિની કન્યા તે અષ્ટાવક્રની માતા થાય.

ઉદ્દાલકિ. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

ઉદ્દાલકિ (૨). ઉદ્દાલકના પુત્રોનું સામાન્ય નામ.

ઉદ્ધવ. વિષ્ણુના પાર્ષદગણમાંનો એક.

ઉદ્ધવ (૨). સોમવંશી યદુકુલોત્પન્ન કૃષ્ણના પિતા વસુદેવના નાનાભાઇ દેવભાગનો કંસા નામની સ્ત્રીને પેટે થએલો પુત્ર. એ પરમ બુદ્ધિમાન અને નીતિમાન હતો. કાંઇપણ ગુહ્યવાર્તા કરવાની હોય તો કૃષ્ણ એને પુછ્યા વગર નહોતા કરતા. એ કૃષ્ણનો સખા અને પરમભક્ત હતો. એ સર્વકાળ કૃષ્ણના સમાગમમાં જ રહેતો તેથી એ ઉભયમાં અત્યંત પ્રેમ હતો. કૃષ્ણ ગોકુળથી મથુરામાં આવ્યા ત્યારે એમણે નંદ જસોદા એમના વિયોગને લીધે દુઃખ પામતાં હતાં તેમનું સાંત્વન કરવાને ઉદ્ધવને મોકલ્યા હતા. ગોપીઓને પણ બોધ કરીને જ્ઞાન સમજાવાનું કહ્યું હતું. ઉદ્ધવે નંદ જસોદાને બોધ કરી તેમનું સમાધાન કર્યું હતું. પણ ગોપીઓને બોધ કરવા ગયા, ત્યારે તેઓ એમની સાથે બિભસ્ત ભાષણ કરવા મંડી અને એ પોતે પણ પ્રેમભક્તિના ચેલા બની ગયા અને મથુરા પાછા આવી બધી વાત કૃષ્ણને નિવેદન કરી. (**ભાગ ૧૦ સ્કં૦ અ૦ ૪૬-૪૭**).

કોઇ કાળે હવે કૃષ્ણ નિજધામ જશે એવું સાંભળી, ઉદ્ધવે કૃષ્ણની પ્રાર્થના કરી કે મને આપની સાથે લઇ જજો. કૃષ્ણે ઉદ્ધવની અનન્ય ભક્તિ અને જ્ઞાનાધિકાર જોઇને એમને આત્મતત્ત્વનો ઉપદેશ કરી બ્રહ્મજ્ઞાન સમજાવીને શાન્તિ આપી. કૃષ્ણની આજ્ઞાનુસાર ઉદ્ધવ બદરીવન જવાને નિકળ્યા ને કૃષ્ણ નિધન પામ્યા પછી ત્યાં ચાલી ગયા. (**ભાગ૦ સ્કં૦ ૧૧**) અને (**ભાગ૦ ૩ સ્કં૦ અ૦ ૩-૪**).

ઉદ્ધલાયન. કશ્યપ કુળમાં થએલા એક ઋષિ.

ઉદ્ધહુ. ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

ઉદ્ધૃતિ. સ્વાયંભૂ મન્વંતરમાંના ધર્મઋષીની તેર સ્ત્રીઓ પૈકી એક. એના પુત્રનું નામ અભિમાન.

ઉદ્ધાદ. મિત્રવંદાની કુખે જન્મેલો કૃષ્ણનો પુત્ર. એ મહારથી હતો.

ઉન્મત્ત. આઠ ભૈરવમાંનો એક.

ઉપગહન. એક બ્રહ્મર્ષિ (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ.).

ઉપગુ. વસિષ્ટ કુલોત્પન્ન એક ઋષિ.

ઉપગુપ્ત. વિદેહવંશના સત્યરથ જનકનો પુત્ર. એના પુત્રનું નામ વસ્વનંત હતું.

ઉપચિત્ર. ધૃતરાષ્ટ્ર રાજાના સો પુત્રમાંનો એક.

ઉપદાનવી. મયાસુરની ત્રણ કન્યાઓમાંની મોટી. એ હિરણ્યાક્ષની સ્ત્રી હતી.

ઉપદેવ. સોમવંશી દેવકરાજાના ચારમાંનો બીજો પુત્ર.

ઉપદેવ (૨). અક્રૂર યાદવના પુત્રોમાંનો એક.

ઉપદેવ (૩). રુદ્રસાવર્ણિ મનૂના પુત્રોમાંનો એક.

ઉપદેવા. દેવક યાદવની કન્યા, કૃષ્ણના પિતા વસુદેવની સ્ત્રી. એને કલ્પ, વર્ષ ઇ. ૧૦ પુત્ર હતા.

ઉપનંદ. નંદના ગોકુળમાં રહેનારા તેના સખા વગેરે પ્રમુખ ગોપ વિશેષ. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૬૧**).

ઉપનંદ (૨). વસુદેવને ભદ્રિરા નામની સ્ત્રીને પેટે થએલા ચારમાંનો બીજો દિકરો.

ઉપનંદક. ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર.

ઉપપ્લવ્ય, વિરાટનગરી પાસેનું એક સ્થળ વિશેષ. અજ્ઞાતવાસમાંથી પ્રગટ થયા પછી પાંડવો આ સ્થળે રહ્યા હતા, અને કૌરવો સામવડે રાજ આપતા નથી એમ નક્કી થયા પછી અહીં રહીને જ એમણે યુદ્ધની ગોઠવણ કરી હતી. (**ભાર૦ ઉદ્યો૦ અ૦ ૮**).

ઉપબર્હણ. કૌંચદ્વીપમાંનો એક મહાપર્વત.

ઉપબિંદુ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ઉપમન્યુ. વસિષ્ઠકુળના વ્યાઘ્રપાદ નામના ઋષિના બેમાંનો મોટો પુત્ર. એ ધૌમ્ય ઋષિના મોટા ભાઇ થાય. એઓ નાના હતા ત્યારે બહુધા પોતાના ભાઇઓ સાથે ઘેર જ રમતા. એક સમય પોતાના ભાઇઓ સાથે બીજા ઋષિના આશ્રમે રમતા હતા, ત્યાં તેમણે ગાયોને દહોતાં જોઇ. ગાયો દહોઇને એ છોકરાની માએ પોતાના છોકરાને દૂધ આપ્યું. ઉપમન્યુના ભાઇને અને એને પણ આપ્યું. દૂધ પીને પછી બન્ને ભાઇ પોતાને આશ્રમે આવ્યા. એણે ઘેર આવીને માતા પાસે દુધ માગ્યું. માએ પોતે નિત્ય કરતી હતી તેમ લોટમાં પાણી નાંખી ડહોળીને એની આગળ મુકયું. એ ન ખાતાં એણે કાલે પેલા છોકરાની માએ આપ્યું હતું એવું દુધ આપો એવી હઠ કરી. માતા ખિન્ન થઇને બોલી કે એવું દુધ મેળવવા જેવાં તમારાં સુકૃત નથી, કેમકે ગત જન્મમાં તમે ઇશ્વરારાધન કર્યું જ નથી. આ ઉપરથી ઉપમન્યુએ ઇશ્વરનું આરાધન કરીને એક કલ્પનું આયુષ્ય અને ક્ષિરસાગરનું અધિપતિપણું એવા વર મેળવ્યા હતા. એ શૈવ ગણાતો હતો. કૃષ્ણે પણ એની પાસે શૈવી દિક્ષા લીધી હતી. (**ભા૦ અનુ૦ અ૦ ૧૪**) એ તંડી ઋષિનો શિષ્ય હતો.

ઉપમન્યુ (૨). વેદઋષિનો શિષ્ય.(૩ ઉત્તંક શબ્દ જુઓ).

ઉપમન્યુ (૩). વશિષ્ઠકુળના ભદ્ર ઋષિનો પુત્ર.

ઉપમન્યુ (૪). કૃષ્ણ દ્વૈપાયન વ્યાસનો પુત્ર અને શુક્રાચાર્યનો બંધુ.

ઉપયવ. એ નામના એક ઋષિ.(શ્વેતપરાશર શબ્દ જુઓ).

ઉપયાજ. કાશ્યપ કુલોત્પન્ન એક ઋષિ. (યાજ્ઞોપયાજ શબ્દ જુઓ).

ઉપરિચર. સ્વાયંભૂવંશના ઉત્તાનપાદ કુળમાં જન્મેલો એક રાજર્ષિ. એક સમયે દેવરાજ ઇન્દ્ર અને મહર્ષિની વચ્ચે એવી તકરાર પડી કે યજ્ઞમાં પશુહિંસા કરવી તે વિહિત કે અવિહિત ? વિહિત છે એમ ઇન્દ્ર કહેતા હતા અને અવિહિત છે એમ મહર્ષિ કહેતા હતા. આમ વાદ થતો હતો તેવામાં ઉપરિચર સહસા ત્યાં જઇ ચઢયો. બન્ને પક્ષોએ પોતપોતાની તકરાર એને કહી સંભળાવી અને એનો પોતાનો મત કેવો છે તે પૂછ્યું. એણે કહ્યું કે વેદમાં જે મંત્રો છે તે ઉપરથી પશુહિંસા સ્પષ્ટ જણાય જ છે, માટે ઇન્દ્રનું કહેવું સત્ય છે. આ

સાંભળીને મહર્ષિને ક્રોધ ઉત્પન્ન થયો. એમણે કહ્યું કે તેં કામ્યપક્ષ ઉપર માત્ર નજર રાખીને જવાબ આપ્યો; જો કે એ ઉત્તર યથાર્થ તો છે, પણ કામ્ય એ નિષિદ્ધ અને વિવર્જિત છે, એમ મોક્ષપક્ષનું કહેવાનું છે, તે જોતાં પશુહિંસા જરૂરની જ છે એમ નથી. તે શું છે તે ન વિચારતાં કેવળ સિદ્ધાંત પ્રમાણે જ ઉત્તર આપ્યો, માટે જા અધોલોકમાં પડીશ. આમ કહેતાં જ ઉપરિચર રસાતળમાં પતન પામ્યો. (**મત્સ્ય૦ અ૦ ૧૪૨**). એનું નામ વંશાવળીમાં નથી. પરન્તુ એને યજ્ઞપર ઘણી પ્રીતિ હોવાથી એણે અનેક યજ્ઞ કર્યા હતા. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૩૩૬**).

ઉપરિચર (૨). સોમવંશી આયુકુળના પૂરુ રાજાના અજમીઢ કુળમાંના સુધનુ વંશમાં જન્મેલા કૃતી રાજાનો પુત્ર. એનું મૂળ નામ વસુ. પછવાડીથી એનુ ઉપરિચર નામ કેમ પડયું તેનું કારણ કે:—એણે પોતાના તપવડે ઇન્દ્રને સંતુષ્ટ કર્યો હતો. ઇન્દ્રે એને પોતાના કંઠમાંથી માળા અને વિમાન આપ્યાં હતાં. આ માળા ધારણ કરતાં એ ઘણો જ તેજસ્વી દેખાતો. આ માળા ધારણ કરીને એ વિમાનમાં બેસીને સર્વત્ર ફરતો માટે એને ઉપરિચર વસુ કહેતા.

એ એક સમયે વિમાનમાં બેશીને જતો હતો ત્યારે એણે શુક્તિમતી નામની નદીને કોલાહલ નામના પર્વતે રોકેલી જોઇ. આ ઉપરથી એ પર્વતની સમીપ ગયો, એનો નિગ્રહ કર્યો અને નદીને છૂટી કરી. આ ઉપરથી એ નદી મૂર્તિમાન થઇને એની સામે આવીને ઉભી રહી અને પોતાના ઉદરમાં નિર્માણ થયેલું બાળકનું જોડવું એને અર્પણ કર્યું. એમને લઇને એ ઘેર આવ્યો. જોડકામાંના છોકરાને એણે પોતાનો સેનાપતિ બનાવ્યો અને ગિરિકા નામની જે કન્યા હતી તેને પોતે પરણ્યો.

ઘણાક સમય પછી એ એક સમય મૃગયા સારૂ અરણ્યમાં ગયો હતો. ત્યાં કામનો આવિર્ભાવ થવાથી વીર્ય પતન થયું. એ વીર્ય એક પડીઆમાં મૂકી એક બાજપક્ષીની જોડે પોતાની સ્ત્રીને મોકલ્યું. બાજ ઉડતો ઉડતો જતો હતો તેવામાં કોઇ બીજે બાજ સામો આવ્યો, અને એ કોઇ ખાવાનુ માંસ લઇ જાય છે ધારી પડીઓ લેવા ધાયો. પડીઆમાંથી વીર્ય નીચે નદીમાં પડતાં નદીમાં અદ્રિકા નામની અપ્સરા, જે શાપને લીધે મત્સ્યયોનિ પામી હતી, તેના ઉદરમાં ગયું. આથી એને ગર્ભ રહ્યો અને પુરે સમયે જોડકું તૈયાર થયું. એ સંધીમાં એ માછલી માછીની જાળમાં સપડાઇ. માછીએ એને વેચવાને માટે કાપી એટલે એમાંથી જોડકું નિકળ્યું. આ અદભૂત બનાવથી હરખાતો હરખાતો એ માછી ઉપરિચર રાજા પાસે ગયો અને એને પેલું જોડકું અર્પણ કર્યું.

રાજાને પણ માછલીના પેટમાંથી બાળકનું જોડકું નિકળ્યું સાંભળીને અને પ્રત્યક્ષ જોઇને બહુ ચમત્કારી લાગ્યું. એણે એમાંથી જે પુત્ર હતો તેને પોતે રાખી લીધો અને પુત્રી હતી તે માછીને પાછી આપી. છોકરાનું નામ એણે મત્સ્યરાજ પાડયું. માછીએ છોકરીનું નામ મત્સ્યગંધા પાડયું. આજ મત્સ્યગંધા જેને અગાડી પરાશર ઋષિના પ્રસાદથી યોજનગંધા નામ મળ્યું હતું; અને એ આગળ જતાં શંતનુ રાજાની સ્ત્રી થઇ અને સત્યવતી એવા નામથી પ્રસિદ્ધ થઇ. (૪ સત્યવતી શબ્દ જુઓ).

આ વસુ રાજાને ગિરિકાને પેટે બૃહદ્રથ અથવા મહારથ, પ્રત્યગ્ર અથવા સત્યશ્રવા, માવેલ કિંવા હરિવાહન, કુશ અથવા કુશાગ્ર તેમજ મણિવાહન, ચેદિપ અને મત્સ્યરાજ એ પુત્રો હતા. બૃહદ્રથને એણે મગધ દેશનું રાજ્ય આપ્યું હતું. (**ભા૨૦ આદિ૦ અ૦ ૬૩**).

ઉપરિમંડળ. ભૃગુકુળોત્પન્ન એક ઋષિ.

ઉપલય. વસિષ્ટ કુલોત્પન્ન એક ઋષિ.

ઉપલોમ. વસિષ્ટ કુલોત્પન્ન એક ઋષિ.

ઉપવેદ. આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ અને સ્થાપત્યવેદ, આ બધા ઋગ્વેદાદિ લક્ષને અનુક્રમે દરેક વેદના ઉપવેદ છે; અને એ એ વેદો પ્રમાણે જ બ્રહ્મવેદના પૂર્વાદિ ચાર મુખમાંથી નિકળ્યા હતા. (**ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૧૨**).

ઉપશ્રુતિ. રાત્રીના અભિમાની દેવતા (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૩**).

ઉપશ્લોક. બ્રહ્મસાવર્ણિ નામના દસમા મનૂના પિતા (બ્રહ્મસાવર્ણિ શબ્દ જુઓ).

ઉપસુંદ. એક અસુર (સુંદોપસુંદ શબ્દ જુઓ).

ઉપસ્થળ. વસિષ્ટ કુલોત્પન્ન એક ઋષિ.

ઉપાવૃત્ત. ભારતવર્ષીય દેશ (**ભા૨૦ ભીષ્મ૦ સ૦ ૯**).

ઉપાવૃદ્ધિ. વસિષ્ટ કુલોત્પન્ન એક ઋષિ.

ઉપાસંગધર. એક યાદવ.

ઉપેન્દ્ર. ઇન્દ્રને સહાય કરવાના કારણથી વિષ્ણુને મળેલું નામ.

ઉપેન્દ્ર (૨). જે પ્રમાણે મુખ્ય રાજાની પછી ગાદીએ આવનાર યુવરાજ હોય છે તે પ્રમાણે ઇન્દ્રની પછી થનાર ઇન્દ્રપદવીના અધિકારીને આ નામ કહેવાય છે. સાંપ્રત સ્વર્ગમાં પુરંદર નામનો ઇંદ્ર છે. એની પછી બલી દૈત્ય ઇન્દ્ર થનાર છે, માટે હાલ બલીને ઉપેન્દ્ર નામ લગાડાય છે.

ઉપેન્દ્રા. ભારતવર્ષીય એક નદી. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

ઉભયજાત. ભૃગુ કુલોત્પન્ન એક ઋષિ.

ઉભયસૃષ્ટિ. શાકદ્વીપમાંની એક નદી.

ઉમા. શિવ જ મારો પતિ થાય એવી ધારણાથી પાર્વતી ઘોર તપ કરતાં હતાં. એમની માતા એમને વારંવાર એમ શરીર કષ્ટ કરવાની મનાઈ કરતાં હતાં, એ ઉપરથી પડેલું પાર્વતીનું નામ. એમાં "ઉ" એ સંબોધનાર્થી શબ્દ ગણીને "મા"એ નિષેધાર્થી શબ્દ છે.

ઉમાવન. ચંપકા નગરી પાસેનું સરોવર. (**જૈમિની અશ્વ૦ અ૦ ૨૧**).

ઉમાક્ષતિ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

ઉમ્લોચા. એક અપ્સરા.

ઉરગાપુરી. રોચમાન રાજાની નગરી. અર્જુન દિગ્વિજય જુઓ.

ઉરુ. ઇંદ્રસાવર્ણિ મનૂના દિકરામાંનો એક.

ઉરુક્રમ. જગદ્વ્યાપી પરમાત્મા,

ઉરુક્રમ (૨). બાર આદિત્ય માંહેલો એક. પરંતુ ભારતમાં કહેલા આદિત્યોમાંથી આ કિયાનું નામ છે એનો નિર્ણય થઈ શકતો નથી.

ઉરુક્રિય. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન બૃહદ્બળ રાજાનો પૌત્ર, અને બૃહદ્રણનો પુત્ર. એને ઉરુક્ષય એવું બીજું નામ હતું અને વત્સવૃદ્ધ અથવા વત્સદ્રોહ નામનો પુત્ર હતો. બૃહદ્બળને ભારત યુદ્ધમાં અભિમન્યૂએ માર્યો હતો.

ઉરુવલ્ક. બલાની કુખે થએલા વસુદેવના પુત્રોમાંનો મોટો.

ઉરુશૃંગ. શાકદ્વીપમાંનો મહાપર્વત.

ઉરુશ્રવા. સોમવંશી નરિષ્યંત કુળના સત્યશ્રવાનો પુત્ર. એના પુત્રનું નામ દેવદત્ત.

ઉરુક્ષવ. એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

ઉરુક્ષવ (૨). ઉરુક્રિય રાજાનું બીજુ નામ.

ઉર્મન. દેવ વિશેષ (સાધ્યદેવ શબ્દ જુઓ).

ઉર્મિલા. એક ગંધર્વી. સોમદાની માતા.

ઉર્મિલા (૨). સીરદ્વજ જનકની આરસ કન્યા. દશરથના પુત્ર લક્ષ્મણની સ્ત્રી.

ઉર્વરા. એક અપ્સરા.

ઉર્વશી. અપ્સરા વિશેષ. નરનારાયણ ઋષિ બદ્રિકાશ્રમને વિશે તપ કરતા હતા; તેમના બ્રહ્મચર્યની પરીક્ષા કરવાને ઇન્દ્રે કામ, વસંત અને કેટલીક અપ્સરાઓને મોકલી હતી. એ ઓએ ત્યાં જઇને નૃત્ય, ગીત, હાવભાવ વગેરે ઘણે પ્રકારે પ્રયત્ન કર્યો. અપ્સરાઓને સિદ્ધિ મળી નહિ જોઇને કામાદિ સઘળાંએ તેમની સ્તુતિ કરવા માંડી. નરનારાયણે એમને મૃદુ વાણીવડે આતિથ્ય કરી પુછ્યું કે આ તરફ કેમ આવવું થયું છે? કામ વગેરે સઘળા લજ્જિત થઈ ગયા, અને સ્તબ્ધ ઉભા રહ્યા. એટલામાં એમની નજરે કેટલીક સ્ત્રીઓ પડી. આ સ્ત્રીઓ

ઇન્દ્રે મોકલેલી અપ્સરાઓ કરતાં ઘણી જ સ્વરૂપવાન હોવાથી અપ્સરાઓ એમની આગળ નિસ્તેજ જણાતી હતી. આ ઉપરથી વળી વિશેષ લાજીને બધાંએ સ્વર્ગમાં જવાનું મન કર્યું. એમના મનની આ ઇચ્છા નરનારાયણે જાણી એમને કહ્યું કે સ્વર્ગમાં જાઓ તો અમારા આશ્રમમાંથી એકાદ સ્ત્રી ઇન્દ્રને સારુ લઇ જવી હોય તો બેલાશક લઇ જજો. આ સાંભળી કામાદિકોને હર્ષ થયો, અને નારાયણના ઉરુ સમીપ બેઠેલી સ્ત્રીને લઇ જઇએ એવી ઇચ્છા દર્શાવતાં જ નરનારાયણે કહ્યું આ રહી, લઇ જાઓ. પછી બધાં એ સ્ત્રીને લઇ ઋષિને નમસ્કાર કરી સ્વર્ગે ગયાં. એમણે ઇન્દ્ર પાસે જઇને નરનારાયણના અદ્‌ભૂત સામર્થ્યનું વર્ણન કર્યું. એમણે આણેલી સ્ત્રી ઇન્દ્રને ભેટ કરી. નરનારાયણના ઉરુ સમીપ સ્થિતા હતી માટે ઇન્દ્રે એનું નામ ઉર્વશી પાડ્યું. **(ભાગ૦ ૧૧ સ્કં૦ અ૦ ૪).**

ઉર્વશી (૨). પ્રાધાની કન્યા એક અપ્સરા. (૪ સહ શબ્દ જુઓ). કેશી દૈત્ય એનું હરણ કરી નાશી જતો હતો, તેની પાસેથી પુરુરવાએ એને છોડાવી હતી.

ઉર્વશી (૩). સોમવંશી પૂરુકુલોત્પન્ન જદુવંશના પ્રતીપ રાજા અરણ્યમાં તપ કરતા હતા ત્યારે ગંગા એના પર મોહિત થઇ હતી. તે મૂર્તિમાન બની ને એમની પાસે આવી સ્વેચ્છાએ એમના જમણા ખોળામાં બેઠી. આ ઉપરથી એનું આ નામ પડ્યું છે.**(ભાર૦ શાંતિ૦ અ૦ ૨૯).**

ઉર્વશીપુલિન. ભારતવર્ષીય તીર્થ.

ઉર્વી. અધર્મને યોગે પૃથ્વી રસાતાળમાં જવા લાગી ત્યારે તેને કશ્યપ ઋષિએ પોતાની છાતી ઉપર ધારણ કરી હતી તેથી પડેલું પૃથ્વીનું નામ **(ભાર૦ શાંતિ૦ અ૦ ૪૯૦)**

ઉલૂક. બીજા હિરણ્યાક્ષ દૈત્યના ચારમાંનો મોટો પુત્ર.

ઉલૂક (૨). વિશ્વામિત્ર ઋષિના પુત્રમાંનો મોટો. **(ભાર શાંતિ૦ અ૦ ૪૭).**

ઉલૂક (૩). દ્રૌપદી સ્વયંવરમાં આવેલો એક રાજા. **(ભાર૦ આદિ૦ અ૦ ૧૮૬).**

ઉલૂક (૪). શકુનીનો પુત્ર. દુર્યોધને એને યુદ્ધના આરંભ પહેલાં પાંડવો પાસે ઉપપ્લવ્ય નગરીમાં મોકલ્યો હતો.**(ભાર૦ઉદ્યો૦અ૦૧૬૦-૧૬૩)** એ જ્યારે ત્યાંથી પાછો ફર્યો ત્યારે સહદેવે પ્રતિજ્ઞા કરી કહ્યું હતું કે હું યુદ્ધમાં તને અને તારા પિતાને મારીશ. એ જ પ્રમાણે એ સહદેવને હાથે મરાયો હતો. **(ભાર૦ સલ્ય૦ અ૦ ૨૮).** એને કૈતવ પણ કહેતા હતા.

ઉલૂક (૫). ભારતવર્ષીય દેશ. અર્જુન દિગ્વિજય જુઓ. પાંડવોના સમયમાં અહીં સેનાબિંદુ નામે રાજા હતો.

ઉલૂક (૬). ઉલૂક દેશ સમીપનો એક પર્વત. પાંડવોના કાળમાં અહીં બૃહંત નામે રાજા હતો.

ઉલૂત. ભારતવર્ષીય દેશ.**(ભાર૦ ભીષ્મ અ૦ ૯).**

ઉલૂપ. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ઉલૂપી. ઐરાવત નામના નાગકુલના કૌરવ્ય નાગની કન્યા. એ અર્જુનને પરણી હતી. જે વખતે પાંડવો ઇન્દ્રપ્રસ્થમાં રહેતા હતા તેવામાં એક બ્રાહ્મણની ગાયો ચોર લોકો રાત્રે હરી ગયા. આ બ્રાહ્મણે અર્જુન પાસે આવીને કહ્યું કે મારી ગાયો હરી ગયા છે, તે આણી આપો તો તમે ક્ષાત્ર ખરા. આ સાંભળીને અર્જુન પોતાનાં ધનુષ્ય બાણ શોધવા લાગ્યો. તે જડ્યાં નહિ. ધર્મરાજ અને દ્રૌપદી જ્યાં એકાંતમાં છે તે સ્થળે પોતાનાં ધનુષ્યબાણ છે એવું સાંભરી આવતાં, પોતે વિચારમાં પડ્યો. જો ન જાય તો બ્રાહ્મણોને મદદ ન કરાય; જો જાય તો ભાઇઓ ભાઇમાં થએલી ગોઠવણ અને નારદે કરેલા નિયમાનુસાર બાર વર્ષ તીર્થયાત્રા કરવા જવું પડે. આવા સંયોગોમાં એણે પોતે તીર્થયાત્રાનું કષ્ટ વેઠી લઇને પણ બ્રાહ્મણોને મદદ કરવી એમ નિશ્ચય કરી, પોતે એમના એકાંતમાં જઇ ધનુષ્યબાણ લઇ આવ્યો. અને ચોરોની પછવાડે પડી બ્રાહ્મણની ગાયો પાછી વાળી. બ્રાહ્મણને ગાયો મળી વાથી સંતોષ થયો અને એણે અર્જુનને આશીર્વાદ દીધો. અર્જુન ઘેર આવી સુઈ ગયો. સવાર થતાં જ એણે રાત્રે બનેલી હકીકત યુધિષ્ઠિરને નિવેદન કરી અને પોતે તીર્થયાત્રા કરવા નિકળ્યો. તીર્થ કરતાં કરતાં તે હરદ્વાર આવી પહોંચ્યો. ત્યાં ગંગામાં સ્નાન કરતો હતો તે વખતે ઉલૂપીના જોવામાં આવતાં એ અર્જુન પર મોહિત થઈ ગઇ. એણે અર્જુનને રોક્યો ને પાતાળમાં લઈ ગઈ. અર્જુને પુછયું કે તેં મને અહીં કેમ આણ્યો છે? ઉલૂપીએ કહ્યું કે હું નાગકન્યા છું અને તમે મને વરો એ હેતુથી અહીં આણ્યા છે. અર્જુન કહે કે મારે બાર વર્ષનું વ્રત છે, માટે મારાથી તમારા કહેવા પ્રમાણે કરાય નહિ. પણ ઉલૂપી ચતુર હતી. એણે અર્જુનને ફરી ફરી વિનતિ કરી અને તોડ કહાડ્યો કે જે તમારું કહેવું ખરું હોય, તોપણ તમારું વ્રત દ્રૌપદી સંબંધે હોવાથી, મને લાગુ પડે જ નહિ. આ ઉપરથી અર્જુન એને પરણ્યો. એને આ વેળા રહેલા ગર્ભમાંથી ઇરાવાન્ નામે પુત્ર જનમ્યો. **(ભાર૦ આદિ૦ અ૦ ૨૧૪).**

યુધિષ્ઠિરે અશ્વમેધ કર્યો તે વખતે શ્યામકર્ણ અશ્વની સાથે રક્ષા સારુ અર્જુન ગયો હતો. મણિપુર નગરીમાં યુદ્ધ પ્રસંગ સમયે અર્જુન મરણ પામ્યો હતો તે વખત ઉલૂપીએ જ એને પુનઃ સજીવન કર્યો હતો. અર્જુન પોતાના બંધુ સહિત જ્યારે મહાપ્રયાણ માટે –હિમાલય પર ગળવાને–ગયો ત્યારે ઉલૂપીએ ગંગામાં પડીને પોતાના દેહનો ત્યાગ કર્યો હતો. **(ભાર મહા પ્ર૦ અ૦ ૧)**

ઉલ્કામુખ. રામની સેનાનો એક વાનર. અંગદ જ્યારે સીતાની શોધ સારુ દક્ષિણ દિશામાં ગયો હતો ત્યારે એ એની જોડે ગયો હતો. **(વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૪૧).**

ઉલ્બણ. સ્વાયંભૂ મન્વંતર માંહ્યલા સપ્ત વસિષ્ઠ પુત્રોમાંનો ચોથો. (ઉર્જા શબ્દ જુઓ).

ઉલ્મુક સ્વાયંભૂ વંશના ચક્ષુર્મનૂને નડ્વલાને પેટે

થએલા અગીઆર પુત્રોમાંનો નાનો. એની સ્ત્રીનું નામ પુષ્કરિણી હતું, અને એને પેટે અંગ, સુમના, ખ્યાતિ, ક્રતુ, અંગિરા, અને ગય એમ છ પુત્રો થયા હતા.**(ભાગ૦ ૪ સ્કં૦)**

ઉલ્મુક (૨). વૃષ્ણિકુળનો એક યાદવ. ભારતી યુદ્ધમાં પાંડવ પક્ષમાં હતો.**(ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૧).**

ઉશંગવ. એક રાજર્ષિ. એના સંબંધી વિશેષ હકીકત મળતી નથી.

ઉશના. સ્વાયંભૂ મન્વંતરના ભૃગુપુત્ર કવિનો પુત્ર. એનું બીજું નામ કાવ્ય હતું. પ્રિયવત રાજાની કન્યા ઉર્જસ્વતી એની સ્ત્રી હતી. એને ભાર્ગવ કહેવાની રુઢી હતી, કાં કે એ ભૃગુનો વંશજ હતો.

ઉશના (૨). વૈવસ્વત મન્વંતરમાંના વારુણિ કવિના આઠ પુત્રોમાંનો ચોથો. એને પણ કાવ્ય એવું બીજું નામ હતું. કોઈ કોઇ જગાએ એને શુક્ર પણ કહ્યો છે. આ ચાલુ મન્વંતરની ત્રીજી ચોકડીમાં એ વ્યાસ હતો. (વ્યાસ શબ્દ જુઓ). હિરણ્યકશિપૂના સમયમાં એ દૈત્યોનો પુરોહિત હતો, અને પ્રહ્લાદને અર્થ અને કામ એ બે પુરુષાર્થને અંગે જ શિક્ષા આપવાને પ્રસંગે એ તપ કરવા ગયો હતો. તેથી એનો શંડામર્ક નામનો પુત્ર પુરોહિતપણું કરતો. એ સંબંધે લખાણ છે કે:—

શ્લોક.

પૌરોહિત્યાય ભગવાન્ વૃતઃ કાવ્યઃ કિલાસુરૈઃ॥
શંડામર્કૌ સુતૌ તસ્ય દૈત્યરાજ ગૃહાંતિકે ॥૧॥
ઇતિ તં ચિંતયા કિંચિન્મ્લાનશ્રિયમધોમુખમ્॥
શંડામર્કૌવૌશનસૌ વિવિક્ત ઇતિ હો ચતુઃ ॥૪૮॥
ઇમં તુ પાશૈર્વરુણસ્ય બધ્વા નિધેહિ ભીતો ન પલાયતે યથા ॥
બુદ્ધિશ્ચપુંસોવયસાર્યસેવયા યાવદ્બૃહસ્પીર્ગવ આગમિષ્યતિ ॥૫૦॥

(ભાગ૦ ચમે૦ સ્કં૦ અ૦ ૫)

અહીં આને ભૃગુકુળની જોડે કશો સંબંધ ન છતાં, એના પુત્ર શંડામર્કે હિરણ્યકશિપૂની જોડે વાત કરતાં એને "ભાર્ગવ" કેમ કહ્યો એ મોટી શંકા છે. આ ગ્રંથ વાંચનારાએ સુતપા રાજાના

પુત્ર બલિ સંબંધી લખાણમાં આવેલા શ્લોકોનું તાત્પર્ય વાંચવું અને ઉપર કહેલી શંકાનું સમાધાન કરી લેવું.

ઉશના (૩). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશમાં જન્મેલા ધર્મ નામના રાજાનો પુત્ર. એનો પુત્ર તે રુચક અગર રુક્મકવચ.

ઉશિક. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામઘકુળમાંના રોમપાદ અથવા લોમપાદ નામના રાજાના કૃતિ નામના પૌત્રનો પુત્ર. એને ચેદિ નામનો પુત્ર હતો.

ઉશિજ. અંગિરા કુલોત્પન્ન મંત્રદ્રષ્ટા ઋષિ. એનું બીજું નામાન્તર ઋષિજ એવું જણાય છે (૩ અંગિરા શબ્દ જુઓ). એને મમતા. નામની સ્ત્રી અને એનાથી થએલો દીર્ઘતમા નામનો પુત્ર હતો.

ઉશીનર. ભોજનગરીનો રાજા. એને યયાતિ કન્યા માધવીથી શિબિ નામનો પુત્ર થયો હતો. (૩ ગાલવ શબ્દ જુઓ).

ઉશીનર (૨). સોમવંશી અનુકુલોત્પન્ન મહામના રાજાના બેમાંનો મોટો પુત્ર. એને સુરથા નામની સ્ત્રીથી શિબિ, વન, શમિ અને દક્ષ એમ ચાર પુત્રો થયા હતા.

ઉશીનર (૩). ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

ઉષસ્ત. ચક્રાયણ ઋષિનો પુત્ર. એને ચાક્રાયણ પણ કહ્યો છે.

ઉષા. ઊષા શબ્દ જુઓ.

ઉષાન. દેવ વિશેષ. (સાધ્યદેવ શબ્દ જુઓ).

ઉષ્ણગિંગ. ભારતવર્ષીય તીર્થ (**ભા૨૦ વન૦ અ૦ ૧૩૫**).

ઉષ્મપ. પિતર વિશેષ.

ઉહાક. વસિષ્ઠ કુલોત્પન્ન એક ઋષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

ઊ.

ઊર્જ. ધ્રુવપુત્ર વત્સરને સ્વર્વીથિ નામની સ્ત્રીથી થએલા પુત્રોમાંનો એક.

ઊર્જ (૨). સ્વારોચિષ મન્વંતરમાંના સપ્ત ઋષિયોમાંનો એક ઋષિ.

ઊર્જ (૩). વર્ષમાંના બાર મહિનામાં અનુક્રમે આઠમો મહિનો. એની પૂર્ણિમા કૃતિકા નક્ષત્ર યુક્ત હોય છે, સબબ એને કાર્તકી કહે છે. એમાં વિષ્ણુ નામના આદિત્ય સૂર્યમંડળના અધિપતિ હોય છે. અને તેની સાથે સંચાર કરનાર વિશ્વામિત્ર ઋષિ, રંભા નામની અપ્સરા, મખોપેત નામે રાક્ષસ, અશ્વતર નાગ, સત્યજિત્ યક્ષ, અને સૂર્યવર્ચા ગંધર્વ હોય છે. (**ભાગ૦ ૧૨ સ્કં૦ અ૦ ૧૧**).

ઊર્જયોનિ. વિશ્વામિત્ર કુલોત્પન્ન ઋષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ઊર્જસ્વતી. પ્રિયવ્રત રાજાને બર્હિષ્મતીથી થએલી કન્યા. એ ભૃગુપુત્ર કવિના ઉશના નામના પુત્રની સ્ત્રી હતી. (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧**).

ઊર્જસ્વતી (૨). આઠ વસુઓમાંના એકની સ્ત્રી.

ઊર્જા. સ્વાયંભૂમન્વંતર માંહેલા વસિષ્ઠ ઋષિની બીજી સ્ત્રી. એને ચિત્રકેતુ, સુરોચિ, વિરજામિત્ર, ઉલ્બણ, વસુભૃત, યાન, અને દ્યુમાન્ એ નામના સાત પુત્રો હતા.

ઊર્જિત. સોમવંશના યદુપુત્ર સહસ્રાજિતના વંશમાં જન્મેલા કાર્તવીર્ય રાજાના સહસ્ર પુત્રોમાંના પ્રમુખ પાંચ પુત્રોમાંનો નાનો.

ઊર્ણ. એ નામનો એક યક્ષ. (સહસ્ય શબ્દ જુઓ).

ઊર્ણનાભ. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

ઊર્ણનાભિ. અત્રિકુલોત્પન્ન એક ઋષિ.

ઊર્ણા. સ્વાયંભૂમન્વંતરમાંના મરીચિ ઋષિની બીજી સ્ત્રી. એને સ્મર, ઉદ્ગીથ, પરિષ્વંગ, પતંગ ક્ષુદ્રભૃત્ અને ઘૃણિ એમ છ પુત્ર હતા. એ છએ પુત્રોએ એક વખત બ્રહ્મદેવની નિષ્કારણ હાંસી કરી તેથી તેમણે શાપ આપ્યો કે તેમને દુષ્ટ યોનિ પ્રાપ્ત થશે. આથી તે બધા પહેલા જન્મમાં અનુક્રમે હિરણ્યકશિપુના પુત્ર થઈ અવતર્યા, અને જન્મીને તત્કાળ મરણ પામ્યા. બીજે જન્મે કાલનેમીના પુત્રો થઈ એવી જ રીતે મરણ પામ્યા. ત્રીજે જન્મે વસુદેવ વડે દેવકીની કુખે કૃષ્ણની પહેલાં અવતરી એક પછી એક એમ કંસને હાથે મૃત્યુ પામ્યા. ત્યાર પછી ઉત્તમ લોકમાં ગયા. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૮૫**) અને (**દેવી ભા૦ ૪ સ્કં૦ અ૦ ૨૨**).

ઊર્ણા (૨). સ્વાયંભૂવંશના ઋષભદેવ કુળના ચિત્રરથ રાજાની સ્ત્રી. એના પુત્રનું નામ સમ્રાટ હતું (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧૫**).

ઊર્ણાયુ. પ્રાધાને પેટે થયેલા દેવ ગંધર્વમાંનો એક. (દેવ ગંધર્વ શબ્દ જુઓ). એની સ્ત્રીનું નામ મેનકા. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૧૭**).

ઊર્ધ્વકેતુ. વિદેહવંશના સનદ્વાજ જનક રાજાનો પુત્ર. એના પુત્રનું નામ અજનામા જનક.

ઊર્ધ્વરેત. શિવ.

ઊર્ધ્વરેત (૨). યાજ્ઞવલ્કય ઋષિના ગુરુ.

ઊર્ધ્વગ. લક્ષ્મણને પેટે કૃષ્ણથી થએલો પુત્ર. એ મહારથી હતો.

ઊર્ધ્વબાહુ. પાંચમા રૈવત મન્વંતરમાંના સપ્તર્ષિમાંનો એક.

ઊર્ધ્વરોમા. કુશદ્વીપમાંનો એક મહાપર્વત.

ઊર્મિલા. ઉર્મિલા શબ્દ જુઓ.

ઊર્વ. વારૂણિ ભૃગુના સાત પુત્રોમાંના મોટા ચ્યવન ઋષિનો પુત્ર. એનો પુત્ર તે ઔર્વ ઋષિનો પિતા.

ઊર્વ (૨). એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

ઊર્વશી. ઉર્વશી શબ્દ જુઓ.

ઊષા. બલી દૈત્યના પુત્ર બાણાસુરની કન્યા. યૌવન પ્રાપ્ત થયેલી એ (ઓખા) એક સમયે પોતાના મંદિરમાં સુતી હતી, ત્યારે સ્વપ્નમાં એક તરુણ અને અતિ સુંદર એવા પુરુષ જોડે એનો સંબંધ થયો. એ જાગી ઉઠી અને થએલા વિરહને અંગે કાંઇ બોલતી હતી તે એની સખી ચિત્રલેખાએ સાંભળ્યું. ચિત્રલેખા એને પુછવા લાગી કે તું કોના વિરહનો શોક કરતી હતી? આ ઉપરથી એણે સ્વપ્નની બધી હકીકત કહી અને કહ્યું કે જો હું એ જ પુરુષને પરણીશ તો ઠીક, નીકર મરીશ. ચિત્રલેખાએ એને ત્રિલોકના પુરુષ માત્રનાં ચિત્ર કાઢી બતાવતાં દરેકને માટે એ નહિ, એમ એ કહે એટલે વળી બીજું ચિત્ર કાઢે. એમ કરતાં એક વખત ચિત્રલેખાએ યાદવકુળ ચિતરવા માંડયું. પ્રદ્યુમ્નનું ચિત્ર જોતાં એ લાજ પામી અને એના જેવો જ પણ એ નહિ, એમ કહ્યું. પછી જ્યારે એણે અનિરુદ્ધનું ચિત્ર કાઢયું એટલે લજ્જાથી મોં નીચું કરી, હા એ જ, એમ બોલી સ્તબ્ધ થઈ ગઈ. ચિત્રલેખા સમજી ગઇ કે એ તો કૃષ્ણનો પૌત્ર અને પ્રદ્યુમ્નનો પુત્ર અનિરુદ્ધ. પછી યોગબળે ચિત્રલેખા દ્વારકા ગઇ. અને રાત્રે અનિરુદ્ધ જે પલંગપર સુતો હતો તે પલંગ સહિત એને શોણિતપુર લઇ આવી. એને ઊષા (ઓખા)ના મંદિરમાં આણી ઊષાને જગાડી અને કહ્યું કે આ તારો પ્રિય પુરુષ. ઊષાના આનંદની સીમા રહી નહિ. એ ચિત્રલેખાના સામર્થ્યથી આશ્ચર્યચકિત બની ગઈ. પછી ઊષાએ અનિરુદ્ધ સાથે ગાંધર્વવિવાહ કર્યો. આમ ચાર મહિના ગુપ્ત રીતે એની જોડે આનંદથી વ્યતિત કર્યા.

એક દિવસ એવું બન્યું કે બાણાસુરે ઊષાના મંદિરના રક્ષકો નિમ્યા હતા, તેમની સહજ દૃષ્ટિએ એ પડી. એનાં શારીરિક ચિહ્ન જોઇને એમને લાગ્યું કે જરૂર એને પુરુષનો સમાગમ થયો છે. એમને લાગ્યું કે જો આ વાત છાની રાખીશું તો આગળ જતાં આપણને ભારે પડી જશે. આથી એમણે બધી હકીકત બાણાસુરને નિવેદન કરી. એમણે કહ્યું કે અમે નિરંતર સાવધપણે ચોકી કરીએ છીએ, છતાં સ્ત્રીઓનાં ચરિત્ર વિચિત્ર છે. અમને વ્હેમ આવે છે કે નિશ્ચય કુંવરીના મહેલમાં કોઈ પુરુષ છે. આપ એની શોધ કરો. સેવકોની આ વાત સાંભ-

ળીને એ ઘણો કોપાયમાન થયો અને ઉષાને મંદિર આવ્યો. અનિરુધ્ધને જોઇને ભડકે બળી ગયો અને એના ઉપર ધાયો. અનિરુદ્ધે જોયું કે આ સ્વસ્થ બેશી રહેવાનો સમય નથી. તેથી પોતે હાથમાં પરિઘ લઇને સામો થયો. બન્નેની વચમાં સારું યુધ્ધ થયું. બાણાસુરે અનિરુધ્ધને નાગપાશથી બાંધી કેદમાં રાખ્યો. ઉષાના મહેલ પર વધારે જાપતો મૂકી, પોતે પોતાને મહેલ આવ્યો.

અહીં દ્વારકામાં, પલંગ સહિત અનિરુદ્ધ જેમ થવાથી યાદવ માત્રને ઘણો જ શોક ઉત્પન્ન થયો. એમણે એની ઘણી શોધ કરી પણ પત્તો લાગ્યો નહિ. આથી સઘળા નિરાશ થઇને બેઠા હતા તેવામાં નારદ ઋષિ ત્યાં પધાર્યા. યાદવોના પુછવાથી ઋષિયે કહ્યું કે એને શોણિતપુરમાં બાણાસુરે કેદમાં પૂર્યો છે. આ સાંભળીને પ્રદ્યુમ્ન, યુયુધાન, ગદ, સાંબ, સારણ, નંદ, ઉપનંદ, અને ભદ્ર વગેરે યાદવો કૃષ્ણ બલરામ સહિત બાર અક્ષૌહિણી દળ લઇને શોણિતપુર પર ચઢયા. એમણે આવીને શોણિતપુરને ઘેરો ઘાલ્યો. આ વાતની જાણ થતાં જ બાણાસુર પોતાના સેનાપતિ કુંભાંડ સહવર્ત્તમાન નગર બહાર યુદ્ધ કરવા આવ્યો. મહાદેવે બાણાસુરના નગરના સંરક્ષણ સારુ મૂકેલો રુદ્ર પણ એની જોડે હતો. ઉભય સેનાની વચ્ચે તુમુલ યુદ્ધ થયું. બાણાસુરનું ઘણું ખરું સૈન્ય કપાઈ ગયું અને કૃષ્ણે એના હજારમાંથી ચાર હાથ રાખી બાકીના કાપી નાંખ્યા, એ જોઇને બાણાસુરની માતા કોટરા કૃષ્ણની પાસે આવી. પોતાના પુત્રને પ્રાણદાન આપવાની એની પ્રાર્થના ઉપરથી હું એને મારીશ નહિ એમ કહીને અભય આપી પોતે બાણાસુરને મુકત કર્યો.

બાણાસુરે નગરીમાં જઇને અનિરૂદ્ધને પાશ મુકત કર્યો, અને વસ્ત્રાલંકાર વડે એનો સત્કાર કરી ઉષા સહિત રથમાં બેસાડી કૃષ્ણની પાસે આણીને સોંપ્યો. કૃષ્ણ અને બલરામ સંતુષ્ટ થઇને બાણાસુર સાથે હળીમળી વધુ-વરને લઇને દ્વારકા પાછા આવ્યા, (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૬૨–૬૩**).

ઋ.

ઋક્. ઋગ્વેદ.

ઋગ્વેદ. ચાર વેદ પૈકી પહેલો. એ બ્રહ્મદેવના પૂર્વ મુખમાથી નિકળ્યો છે અને એનો ઉપ-વેદ તે આયુર્વેદ છે. પોતાનાં ઉપવેદ સહિત આ વેદ સત્ય લોકમાં સર્વદા મૂર્તિમાન રહે છે. (વેદ શબ્દ જુઓ).

ઋચીક. ચાલુવે વસ્વત મન્વંતરમાં વારુણિ ભૃગૂના ચાર પુત્રોમાંના મોટા ચ્યવન ઋષિનો પ્રપૌત્ર ઉર્વ ઋષિનો પૌત્ર અને ઔર્વ ઋષિનો પુત્ર. પોતાની બાલ્યાવસ્થા વેદાનુષ્ઠાન અને તપમાં ગાળ્યા પછી ગૃહસ્થાશ્રમ કરવાની ઇચ્છા થવાથી વિવાહ સારૂ કન્યા માગવા એ ગાધિ રાજા પાસે ગયો. રાજાએ એનો સત્કાર કરી કેમ આવવું થયું પુછતાં એણે પોતાનો હેતુ રાજાને જણાવ્યો. રાજા એ સાંભળી વિચારમાં પડયો કે હવે શું કરવું. એને યુકિત સુજી અને કહ્યું કે જો આપ મને એક હજાર શ્યામકર્ણ ઘોડા આણી આપો તો હું મારી સત્યવતી નામની કન્યા આપને તત્કાળ આપું. રાજાના મનમાં કે હજાર શ્યામકર્ણ અશ્વ એનાથી અપાશે નહિ અને મારે કન્યા આ-પવીએ નહિ પડે. આ સાંભળીને ઋચીક તરત જ વરુણ પાસે ગયો. વરુણ એનો પૂર્વજ હોવાથી એણે એને તે જ ક્ષણે હજાર ઘોડા આપ્યા. તે લઇને એણે આવીને રાજાને અર્પણ કર્યા. આથી રાજાને આશ્ચર્ય લાગ્યું પણ સંતોષ પામીને પોતાની સત્યવતી કન્યા એને પરણાવીને બધા અશ્વ પણ પાછા આપ્યા.

ઋચીક ઋષિ પોતાની ભાર્યા સત્યવતીને લઇને ગૃહસ્થાશ્રમ ચલાવવા લાગ્યા. ઘણા દિવસો વિતતાં એના મૂળ પુરુષ ભૃગુઋષિ સ્વેચ્છાએ ફરતા ફરતા એને આશ્રમે આવી પહોંચ્યા. ઋચીક અને એની સ્ત્રીએ ઋષિને ઘણા સંતોષથી પોતાને ત્યાં કેટલાક દિવસ રાખ્યા અને એમની એવી સારી સેવા કરી કે એમણે સત્યવતીને આજ્ઞા કરી કે, મારી પાસે કાંઇ માગ. સત્યવતીએ નમ્રતાપૂર્વક વિનતિ કરી કે મારી મા અપુત્ર હોવાથી મારા પિતા ગાધિ ઘણા દુઃખી છે. આમ હોવાથી મારી માને અને મને પુત્ર થાય એવી કૃપાની યાચના છે. આ વિનતિથી સંતુષ્ટ થઇને તેમણે વિરાટ પુરુષ અભિમંત્રવડે બ્રાહ્મણ ઉત્પન્ન થવાને એક અને ક્ષત્રિય ઉત્પન્ન થવાને એક, એમ બે ચરુડા સિદ્ધ કરીને સત્યવતીને આપ્યા. સત્યવતીએ પોતાને ખાવાનો પોતે રાખી, માતાને ખાવાનો ચરુડો એને આપ્યો. પણ એટલામાં એની માતાના મનમાં આવ્યું કે સત્યવતીના ચરુડામાં કાંઇ વિશેષ હશે, તેથી પોતાનો ચરુડો સત્યવતીને આપી તેનો પોતે બદલી લીધો. આમ ચરુડા બદલી તેમણે તેની અંદરનો પદાર્થ ભક્ષ કર્યો. મા અને દિકરી બંનેને ગર્ભ રહ્યો. ચરુડા બદલ્યાની વાત જાણતાં ભૃગુએ કહ્યું કે તમે આ ઠીક ન કર્યું. પણ આથી એવું થશે કે તારી માતાને બ્રાહ્મણના લક્ષણવાળો અને તારે ક્ષત્રિયના લક્ષણવાળો પુત્ર થશે. સત્યવતીએ પ્રાર્થના કરી કે આપ સમર્થ છો માટે મારે એવા લક્ષણ-વાળો પુત્ર ન થાય એમ કરવા કૃપા કરો. ભૃગુએ કહ્યું કે જા તારો પુત્ર સારો થશે, પણ તારો પૌત્ર ક્ષત્રિ જેવો થશે. આમ કહીને ઋષિ અંતર્ધાન થયા. સત્યવતીને જમદગ્નિ પ્રભૃતિ અને સો પુત્ર થયા. એ બધા ઋષિના વરદાન પ્રમાણે શાંતિ, દાંતિ વગેરે બ્રાહ્મણોના લક્ષણવાળા હતા. પણ જમદગ્નિને રેણુકાને પેટે થએલા પરશુરામ, એ ઉગ્ર સ્વભાવના હતા. અહીં ગાધિને ત્યાં વિશ્વામિત્ર જન્મ્યા. એમણે પોતાના તપ પ્રભાવ વડે બ્રાહ્મણત્વ સંપાદન કર્યું. આ ઋચીક ઋષિના કુળમાં જે જે ઋષિઓ નિર્માણ થયા તે બધાને પ્રાયઃ આર્ચીક કહ્યા છે. (**ભાર૦અનુ૦અ૦ ૫૦–૫૧**).

ઋજુ. વસુદેવ દેવકીનો કંસે મારેલો પુત્ર.

ઋણુંજય. એક બ્રહ્મર્ષિ.

ઋત. દેવ વિશેષ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ઋત (૨). વિદેહ વંશના વિજય નામના જનકનો પુત્ર. એના પુત્રનું નામ શુનક જનક.

ઋત (૩). બારમા રુદ્રસાવર્ણિમનુનું નામાન્તર.

ઋતંજય. એક બ્રહ્મર્ષિ.

ઋતધામા. કંકને કર્ણિકાથી થએલા બેમાંનો પ્રથમ પુત્ર. કૃષ્ણનો મોળાઈ ભાઈ.

ઋતધામા (૨) ઇન્દ્ર સાવર્ણિ મન્વંતરમાં સ્વર્ગમાં થનાર ઇન્દ્ર.

ઋતધામા (૩) તેરમા દેવસાવર્ણિ મનુનું નામાન્તર.

ઋતધ્વજ. એક બ્રહ્મર્ષિ.

ઋતંભરા. પ્લક્ષદ્વીપ માંહેલી એક મહા નદી.

ઋતસેન. એક ગંધર્વ. (૪ સહ શબ્દ જુઓ).

ઋતુ. એક યક્ષ. (૧ તપસ્ય શબ્દ જુઓ).

ઋતુપર્ણ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના અયુતાયુ રાજાનો પુત્ર. એ અક્ષવિદ્યામાં ઘણો નિપુણ હતો. વીરસેનનો પુત્ર નળરાજા આનો પરમ મિત્ર હતો. (નલ શબ્દ જુઓ). એના પુત્ર સર્વ-કામ અથવા સર્વકર્માને નામાંતરે નલ કહેતા.

ઋતુસ્થળા. અપ્સરા વિશેષ.

ઋતેષુ. સોમવંશી પૂરુકુળના રૌદ્રાશ્વ રાજાને ઘૃતાચી નામની અપ્સરાથી થએલા દશમાંનો મોટો પુત્ર. પુરાણોમાં એનું આચેયુ એવું નામ મળે છે. તક્ષક કન્યા જ્વલના એની સ્ત્રી હતી. એનાથી જ્વલનાને અંતિભાર નામે પુત્ર થયો હતો.

ઋત્વા. ગંધર્વ વિશેષ.

ઋત્વિક્. સોમવંશી સહદેવના પુત્ર સોમક રાજાનો મંત્રી. (૧ સોમક શબ્દ જુઓ). આ ઋત્વિક્

વિશેષ નામ હોય એવું લાગતું નથી.

ઋદ્ધિ. કુબેરની સ્ત્રી. (૧ વૈશ્રવણ શબ્દ જુઓ).

ઋભ. ચાક્ષુષ મન્વંતરમાંના પંચવિધ દેવોમાં ત્રીજા.

ઋભુ. એક બ્રહ્મમાનસપુત્ર (**ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૮**).

ઋભુ (૨) ચાક્ષુષ મન્વંતરમાંના પંચવિધ દેવોમાંના બીજા.

ઋશ્યકેતુ. કૃષ્ણપૌત્ર અનિરુદ્ધનું બીજું નામ.

ઋશ્યશૃંગ. કશ્યપ કુળના વિભાંડક ઋષિનો પુત્ર. એકદા વિભાંડક ઋષિ ગંગા સ્નાન સારુ ગયા હતા ત્યાં તેમણે ઉર્વશી અપ્સરાને દીઠી.ઋષિને કામાવિર્ભાવ થયો અને તેમનું વીર્ય પાણીમાં પડ્યું. એટલામાં શાપને લઇને મૃગયોનિ પામેલી કોઇ દેવકન્યા પાણી પીવા આવી હતી, તેણે પાણી પીધું તેની સાથે ઋષિનું વીર્ય એના પેટમાં ગયું. તે વીર્યથી આ મૃગીને પેટે ઋશ્યશૃંગની ઉત્પત્તિ થઇ. એમની બધી આકૃત્તિ માણસ જેવી છતાં મૃગના જેવું માથે શૃંગ હતું. આ ઉપરથી એમનું નામ પડ્યું હતું. એમનો જન્મ થતાં જ મૃગીનો ઉદ્ધાર થઇ તે સ્વર્ગમાં ગઇ. પુત્રને વિભાંડકે આશ્રમે આણીને પાળી મોટો કર્યો. વિભાંડકે એને વેદ અને વેદાંગમાં પ્રવીણ બનાવ્યો હતો. માતૃયોનિની અસરથી ઋશ્યશૃંગ બ્હીકણ હતો, તેથી સોળ વર્ષનો થયો ત્યાં સુધી પોતાના પિતા શિવાય બીજા કોઈ પુરુષને જોયો ન હતો. સ્ત્રી તે શું એ તો સમજતો જ નહિ.

કેટલેક કાળે અનુકુળના અંગરાજના વંશના બૃહદ્રથ અથવા ધર્મરથ નામના અંગદેશના રાજાના પુત્ર ચિત્રરથ રાજાના દેશમાં અનાવૃષ્ટિ થઇ દુષ્કાળ પડ્યો. એ રાજાનાં રોમપાદ અથવા લોમપાદ એવાં બીજાં નામ પણ હતાં. દુષ્કાળ સંબંધે રાજાએ બ્રાહ્મણોને પુછ્યું કે શું કરીએ તો વૃષ્ટિ થાય ? બ્રાહ્મણોએ કહ્યું કે ઋશ્યશૃંગને અહીં લાવીને તેનું પૂજન કરો, તો તત્કાળ વૃષ્ટિ થાય.ઋશ્યશૃંગના પિતા વિભાંડક અતિ ક્રોધી હોઇ એને શી રીતે લાવવો એનો વિચાર રાજા કરતો હતો. તેવામાં કેટલીક વારાંગનાઓએ એને આણવાનું માથે લીધું. વિભાંડક ન હોય એવો લાગ જોઈ, એ સ્ત્રીઓ એમના આશ્રમમાં ગઈ અને યુક્તિ કરીને તેને રાજસભામાં આણ્યો. રાજાને ઘણો આનંદ થયો અને પોતાની શાન્તા નામની કન્યા વિવાહ વિધિથી ઋષિને આપી, તેમનું પૂજન કર્યું. તે કરતાં જ દેશમાં વૃષ્ટિ થઇ. અહીં વિભાંડક બહારથી આવ્યા ને જુએ છે તો પુત્ર આશ્રમમાં ન મળે. તેથી ઘણા ગુસ્સે થઇને પોતે રાજા પાસે આવ્યા. પણ રાજાએ તેમનું ઘણું સન્માન કરીને તેમના પુત્ર ઋશ્યશૃંગને અને પુત્રવધુ શાન્તાને ઋષિને પગે લગાડવા આણ્યાં. એમને જોઇને ઋષિનો કોપ શાંત થયો. એમણે પુત્રને કહ્યું કે તને એક પુત્ર થાય કે સત્વર આશ્રમમાં આવજે. એમ કહી રાજાને આશીર્વાદ દઈ, પોતે પોતાને આશ્રમ આવ્યા. કોઇ કાળે શાન્તાને પુત્ર થતાં જ ઋશ્યશૃંગ ઉતાવળે પિતાની પાસે આશ્રમમાં ગયા.(**ભા૨૦ વન૦ અ૦ ૧૧૦-૧૧૩**).

ઋશ્યશૃંગને દશરથ રાજાએ પણ પુત્ર કામેષ્ટિ કરવાને અયોધ્યા આણ્યા હતા. એમને હાથે ઈષ્ટિ થતાં જ રાજાને પુત્ર થયા હતા. (**અધ્યા૦ રા૦ બાલ૦ સ૦ ૩**). અગાડી હવે પછી થનારા આઠમા સાવર્ણિ મન્વંતરમાં આ ઋશ્યશૃંગ તે વખત થનાર સપ્તર્ષિમાંનો એક ઋષિ થશે.

ઋષભ. એક મહા તપસ્વી ઋષિ; એ હેમકૂટ પર્વતના ઋષભકૂટ નામના શિખર ઉપર રહેતા હતા, ત્યારે કેટલાંક માણસો નિરર્થક એમની પાસે જતાં હતાં. આથી પોતાને ઉદ્વેગ થવાથી એમણે પર્વત અને વાયુને આજ્ઞા કરી હતી કે જે કોઇ આવે તેના ઉપર પાષાણ વૃષ્ટિ કરી પાછાં જતાં રહે એમ કરજો.

આમ થવા માંડ્યું એટલે ત્યાં કોઇ જાય જ નહિ. આથી ઋષિને ઉદ્વેગ થતો બંધ પડ્યો. (**ભા૦ વન૦ અ૦ ૧૧૦**).

ઋષભ (૨). એ નામના એક બ્રહ્મર્ષિ. એણે સુમિત્ર રાજાને "આશા કેવી બલવાન" છે એ વિષય પર નિરુપણ કર્યું હતું. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૧૨૫-૧૨૮**).

ઋષભ (૩). વૃત્રાસુરનો અનુયાયી એક અસુર.

ઋષભ (૪). બાર આદિત્યમાંના ઇન્દ્ર નામના આદિત્યનો પુત્ર.

ઋષભ (૫). રામની સેનાનો એક વાનર. એણે મહાપાર્શ્વને માર્યો હતો. (**વા૦ રા૦ યુ૦ સ૦ ૭૦**)

ઋષભ (૬). જરાસંધના પુત્ર બૃહદ્રથ રાજાએ જેને મારી, જેના ચામડાનું દુંદુભી કરાવ્યું હતું તે અસુર.

ઋષભ (૭). રામ સઘળા અયોધ્યાવાસીઓને લઇને નિજધામ ગયા પછી કેટલોક કાળ અયોધ્યા નગરી વસ્તી વગરની ઉજડ રહી હતી. એ નગરીને ફરી વસાવનાર સૂર્યવંશી રાજા. (અયોધ્યા શબ્દ જુઓ) આ રાજાનું નામ વંશાવળીમાં મળતું નથી.

ઋષભ (૮). સોમવંશી પૂરુકુળના બૃહદ્રથ રાજાના બેમાંના નાના પુત્ર કુશાગ્ર રાજાનો પુત્ર. એને સત્યહિત નામે પુત્ર હતો.

ઋષભ (૯). મેરુકર્ણિકા પર્વતોમાંનો એક.

ઋષભ. (૧૦) હિમાલયનું ઔષધિયુક્ત એક શૃંગવિશેષ. જ્યારે રામ અને લક્ષ્મણ લંકામાં યુદ્ધ પ્રસંગે મૂર્છિત થયા હતા, ત્યારે મારુતી આ શૃંગને ત્યાં લઇ ગયો હતો; અને એના પરની ઔષધિ વડે તેમને સાવધ કર્યા હતા. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭૪**).

ઋષભ (૧૧). ભારતવર્ષીય દક્ષિણ દિશામાં આવેલો એક પર્વત. એના ઉપર શૈલૂષ, ગ્રામણી, શિક્ષ, શુક્ર, અને બભ્રુ એવા પાંચ ગંધર્વ રહીને ગોશીર્ષક ઈ૦ ચાર જાતનાં ચંદનોની રક્ષા કરે છે. (**વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૪૧**)

ઋષભ (૧૨). કૃષ્ણ બલરામનો એક સખા, ગોપ વિશેષ. (**ભા૦ ૧૦ સ્કં૦ અ૦ ૨૨**).

ઋષભ (૧૩). ભારતી યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

ઋષભ (૧૪). દક્ષસાવર્ણિ મન્વંતરમાં થનારો વિષ્ણુનો અવતાર.(દક્ષસાવર્ણિ શબ્દ જુઓ).

ઋષભકૂટ. હેમકૂટ પર્વતનું શિખર. એના ઉપર ઋષભ ઋષિનો આશ્રમ હોવાથી આ નામ પડ્યું છે. એના ઉપર કોઇ કાળ પર્યન્ત દેવોએ રહીને ઘણા યજ્ઞ કર્યા હતા.

ઋષભતીર્થ. ભારતવર્ષીય એક તીર્થ.

ઋષભદેવ. સ્વયંભૂવંશના પ્રિયવ્રત રાજાના મોટા પુત્ર અગ્નીધ્ર રાજાના નવમાંના મોટા પુત્ર નાભિ નામના રાજર્ષિને મેરુદેવી નામની તેની ભાર્યાની કુખે જન્મેલો પુત્ર. એ મહાન યોગી અને તત્વવેત્તા હતો. તે સમયના સ્વર્ગમાંના યજ્ઞ નામના ઇન્દ્રે પોતાની જયંતી નામની કન્યા આને પરણાવી હતી.એને પેટે ભરતપ્રભૃતિ સો પુત્ર થયા હતા. તેમાંના ૮૧ કર્મમાર્ગી-આચરણ કરનારા ઋષિ હતા. કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન એ નવ પરમબ્રહ્મનિષ્ઠ હતા. જનક રાજાની સાથે બ્રહ્મવિદ્યા સંબંધે એનો અત્યુત્તમ સંવાદ ઘણો પ્રસિદ્ધ છે. (**ભાગ૦ ૧૧ સ્કં૦ અ૦ ૧-૫**). બાકીના પુત્રો ભરત, કુશાવર્ત, ઇલાવર્ત, બ્રહ્માવર્ત, મલય, કેતુ, ભદ્રસેન, ઇન્દ્રસ્પૃક, વિદર્ભ, અને કીકટ એ દશ, તેમાં કુશાવર્તાદિ નવને ઋષભદેવે, પોતાના પિતાને નામે ચાલનારા જંબુદ્વીપના નવદેશમાંના અજ નામના દેશના નવ ભાગ કરી એકેકો દેશ આપી અધિપતિ સ્થાપ્યા હતા. એ પુત્રોના નામથી જ દેશનાં નામ પાડ્યાં હતાં. બાકી રહેલા સર્વથી શ્રેષ્ઠ ભરતને સાર્વભૌમપણું આપ્યું હતું. ભરતનું આ સાર્વભૌમપણું માત્ર ગૌણ જ સમજવાનું છે. કારણ સપ્તદ્વીપ પર સત્તા હોયા શિવાય પૂર્ણ સાર્વભૌમપણું હોય નહિ. થઇ ગએલા અને હવે પછી થનારા મનુને માત્ર સાર્વભૌમપણું હોય.

ઋષભદેવે પોતાના પિતા નાભિરાજાની પછી અને પોતાને પુત્ર થવા અગાઉ અજનાભ દેશ તે કર્મભૂમિ છે, માટે ત્યાં યજ્ઞાદિક અને ગુરુ ઉપસત્તિ–સેવા આદિ કરીને લોકોને કર્મકાણ્ડનો પ્રચાર બતાવ્યો હતો. સઘળી પ્રજાને ધર્મવર્તી બનાવી હતી. પ્રજાનું ઉત્તમ પ્રકારે પાલન કરી બધી પ્રજાને તેમ જ પોતાના પુત્રોને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો.

गूरुर्न सः स्यात्स्वजनोनसः स्यात्
पिता न सः स्याज्जननी न सास्यात् ॥
दैवं न तत्स्यान्न पतिश्च सः स्या
न्न मोचयेद्यः समुपेतमृत्युम् ॥१८॥
(ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૫ શ્લો૦ ૧૮).

ઇત્યાદિક પ્રકારે ભારતાદિકને ઉપદેશ કરીને બ્રહ્માવર્ત નામના પુત્રના ખંડમાં જઇને રહ્યો હતો. ત્યાં આત્માનુસંધાન વડે દેહનું ભાન છૂટી જવાથી, નગ્ન, મુક્તકેશ, જડ અને ઉન્મત્ત, પિશાચની પેઠે એણે પૃથ્વી પર રખડવા માંડયું. ફરતાં ફરતાં કોંકવેક પ્રદેશમાં થઇને દક્ષિણ કર્ણાટકમાં આવ્યો. ત્યાં કુટકાચલને લગતા વનમાંથી જતાં જતાં, એની જટા વાંસની ઝાડીમાં ગુંચાવાથી ત્યાં જ ઉભો રહ્યો હતો. કાંઇ કાળે વાંસના પરસ્પર ઘસાવાથી અગ્નિ ઉત્પન્ન થવાથી વાંસની ઝાડી બળી ગઈ તેની સાથે એ પણ બળી ગયો હતો. **(ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૩–૬).**

ઋષભયોગી. ભૂમીપર સંચાર કરનાર શિવનો અંશાવતાર, એક યોગી. **(સ્કંદ૦ બ્રહ્મોત્તર૦).**

ઋષભસ્કંધ. રામની સેનાનો એક વાનર. **(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૬).**

ઋષભા. ભારતવર્ષીય ભરતખંડની એક નદી. (વિંધ્ય શબ્દ જુઓ).

ઋષિક. ભારતવર્ષીય દુર્યોધન પક્ષનો એક રાજા.

ઋષિક (૨). ભારતવર્ષીય ભરતખંડમાં એક દેશ. પરમ કાંબોજની ઉત્તરે હોઇને એની ઉત્તરે હિમાલય મહાપર્વત આવેલ છે. (હાલ એને રશિયા કહે છે). અહીં હિમાલય કહ્યો છે તે પ્રસ્તુત હિમાલય ઉપગિરિ છે તે નહિ, પણ મુખ્ય હિમાલય સમજવો. **(ભાર૦ સભા૦ અ૦ ૨૯ શ્લો૦ ૨૫–૨૯).**

ઋષિકુલ્યા. ઋષભદેવ વંશના ભૂમા નામના રાજાની બેમાંની પહેલી સ્ત્રી. એના પુત્રનું નામ ઉદ્ગીથ.

ઋષિકુલ્યા (૨). મુખ્ય હિમાલયની ઉત્તરે આવેલી એક નદી.

ઋષિકુલ્યા (૩). ભારતવર્ષીય ભરતખંડની એક નદી (૨ મહેન્દ્ર શબ્દ જુઓ).

ઋષિગિરિ. મગધ દેશનો સીમાભૂત એક પર્વત.

ઋષિજ. ઉશિજ ઋષિનું બીજું નામ.

ઋષિવાન એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

ઋષ્ટિક. ભારતવર્ષીય ભરતખંડનો એક દેશ. **(વા૦ રા૦ કિષ્કિં૦.)**

ઋષ્ય. સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ વંશના જન્હુ રાજાના કુલના દેવતિથિ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ દિલીપ.

ઋષ્યકેતુ. ઋક્ષકેતુ શબ્દ જુઓ.

ઋષ્યમૂક. ભારતવર્ષીય ભરતખંડના પંપા સરોવર પાસેના સામાન્ય પર્વતનું શિખર. અહીં મતંગ ઋષિનો આશ્રમ હતો. શાપને લીધે ત્યાં વાલીથી જવાતું નહિ, માટે પોતાના સચિવો સહિત સુગ્રીવ અહીં રહીને કાળક્રમણ કરતો હતો. ઋષ્યમૂકની પેઠે મતંગ પર્વતને બીજું મલય નામનું શિખર હતું. **(વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૧–૨).**

ઋષ્યવાન. ભારતવર્ષીય ભરતખંડનો એક ઉપપર્વત. (અષ્ટકુલાચલ શબ્દ જુઓ). મંદાકિની, દશાર્ણા, ચિત્રકૂટા. તમસા, પિપ્પલી, શ્યેની, ચિત્રોપલા, વિમલા, ચંચલા, ધૂતવાહિની શુક્તિમતી, શુની, લજ્જાવતી, મુકુટા અને હૃદિકા ૪૦ નદીઓ અહીંથી નિકળતી કહી છે. ઋક્ષવાનનું જ આ નામાન્તર છે **(મત્સ્ય૦અ૦ ૧૧૩).**

ઋષ્યશૃંગ. ઋશ્યશૃંગ શબ્દ જુઓ.

ઋક્ષ. ભરદ્વાજાંગિરસ કુળનો એક બ્રહ્મર્ષિ. (૩ અંગારા શબ્દ જુઓ).

ઋક્ષ (૨). સોમવંશી પૂરુ કુળના અજમીઢ રાજાના ચાર પુત્રમાંનો એક. એના પુત્રનું નામ સંવરણ રાજા.

ઋક્ષગિરિ. ભારતવર્ષીય પર્વત.

ઋક્ષદેવ. સોમવંશી પૂરુકુળના અજમીઢ વંશના પાંચાલ કુળમાં જન્મેલા દ્રુપદ રાજાના પુત્ર શિખંડિના બે પુત્રમાંનો એક. ભારતના યુદ્ધમાં એ પાંડવના પક્ષમાં હતો. યુદ્ધ સમયે એ પોતાના રથને સોનેરી રંગના અશ્વ જોડાવતો. **(ભાર૦ દ્રાણ૦ અ૦ ૨૩).**

ઋક્ષરજા. એકદા સત્ય લોકને વિશે બ્રહ્મદેવ સમાધિસ્થ હતા. આત્મસ્વરુપમાં લીન થઇ ગયા હતા, તે વખતે એમને અદભૂત આનંદ થયો. એ આનંદને યોગે ઉત્થાન થતાં, એમનાં નેત્રોમાંથી આનન્દાશ્રુ નિકળ્યાં. એ આંસુ પોતે અંજલીમાં લઇ ભોંયપર નાંખ્યાં. તેમાંથી ઉત્પન્ન થનાર એક વાનર. એને બ્રહ્મદેવે કેટલાક કાળ સુધી પોતાની પાસે જ રાખ્યો હતો. બ્રહ્મદેવને સારુ ફળ, મૂળ, પુષ્પ વગેરે રોજ લાવીને તેમની ઘણી સેવા કરતો હતો. એક વખત એ ફળ પુષ્પ લેવાને મેરુ પર્વતપર ગયો હતો. ત્યાં એના જોવામાં એક સરોવર આવ્યું. સરોવરમાં જોતાં પોતાનું પ્રતિબિંબ જોઈ એને લાગ્યું કે કોઇ બીજો વાનર છે, તેથી માંહી દેખાતા વાનર પર એ એકદમ કુદી પડયો. પરન્તુ પાણીમાં પડયા પછી કોઇ બીજો વાનર ત્યાં નથી, એવી પ્રતિતી થતાં બહાર આવ્યો. બહાર આવી જુએ છે તો એની પુરુષાકૃતિ જતી રહીને એ સ્ત્રી થઈ ગયો હતો! આથી લજ્જા અને ભય બન્ને ઉત્પન્ન થયાં. ઘણો લજવાતો હવે શું કરવું એનો ત્યાં જ બેશીને વિચાર કરતો હતો. તેવામાં ઇન્દ્ર અને સૂર્ય બ્રહ્મદેવનાં મધ્યાન્હ સમયનાં દર્શન કરી પાછા વળતા હતા, તેમના જોવામાં એ સ્ત્રી આવી. એને જોઇ એ બન્નેનો કામસંકલ્પ એ સ્ત્રીના વાળ ઉપર અને એની ગ્રીવા ઉપર પડયો. એમ થતાં જ તત્કાળ વાલી અને સુગ્રીવ એવા બે વાનર ઉત્પન્ન થયા. એઓને એ બન્નેએ માલા ઇત્યાદિ આપી ત્યાંથી ગમન કર્યું. સ્ત્રી થયેલા ઋક્ષરાજાએ એ બે બાલકો સાથે એ રાત તો ત્યાં જ કાઢી. બીજે દિવસે ઋક્ષરાજા જુએ છે તો પોતે પાછો પુરુષ થઇ ગયો હતો. પછી એ પુત્રોને લઇને બ્રહ્મદેવ પાસે ગયો અને બનેલી બધી હકીકત નિવેદન કરી. એ સાંભળીને બ્રહ્મદેવે તરત એક દુતને હાક મારી, અને તે આવ્યો એટલે આજ્ઞા કરી કે તું ભૂલોકમાં જા. ત્યાં કિષ્કિંધા નામની નગરી છે તેમાં એને રાજ્યાભિષેક કર. એ પ્રમાણે દુતે એને કિષ્કિંધાના રાજ્યપર સ્થાપન કર્યો. એણે પોતાના પુત્ર વાલીને યુવરાજ કરાવ્યો, અને સુષેણ નામની વાનરની કન્યા તારાની જોડે એનું લગ્ન કર્યું. તાર નામના બીજા વાનરની કન્યા રુમા સાથે સુગ્રીવનું લગ્ન કર્યું. કાલાન્તરે ઋક્ષરાજા મરણ પામતાં વાલીને તેનું રાજ્ય મળ્યું. એણે સુગ્રીવને પોતાનો યુવરાજ નિમ્યો. **(વા૦ રા૦ ઉત્તર૦ પ્રક્ષિપ્ત સ૦ ૧).**

ઋક્ષવાન. ઋષ્યવાન શબ્દ જુઓ.

એ.

એક. સોમવંશી પૂરુરવાના છ છોકરામાંથી ચોથા પુત્ર રથનો પુત્ર.

એકચક્ર. દનુપુત્ર એક દાનવ.

એકચક્રા. ભારતવર્ષીય ભરતખંડમાં કીચકના દેશની એક નગરી. લાક્ષાગૃહમાંથી બચીને પાંડવો એ નગરીમાં વ્યાસની સલાહથી બ્રાહ્મણને વેષે રહ્યા હતા. **(ભાર૦ આદિ૦ અ૦ ૧૪૬).** પાંડવો ત્યાં રહેતા હતા તે સમયે

કોઇ બકાસુર નામના રાક્ષસે નગરીમાંથી રોજ અકકેક ઘેરથી એને અમુક અન્નાદિ આપવું એવો કર નાંખ્યો હતો. જે બ્રાહ્મણના ઘરમાં પાંડવો ઉતર્યા હતા તે બ્રાહ્મણને કર આપવાની વારી તે સમયે આવી. કુંતીએ ભીમને કહીને તેની પાસે બકરાક્ષસનો વધ કરાવી તે બ્રાહ્મણ તેમ જ આખી નગરીનું દુઃખ ટાળ્યું હતું. બ્રાહ્મણ ભીમનું તે નગરીના રાજાએ બહુ સન્માન કર્યું હતું. (૨ બકાસુર શબ્દ જુઓ).

એકજટા. સીતાના સંરક્ષણ સારુ મુકેલી રાક્ષસીમાંની એક. (**વા૦ રા૦ સુંદર૦ સ૦ ૨૩**).

એકત. બ્રહ્મદેવનો એક માનસપુત્ર. દ્વિત અને ત્રિતનો મોટો ભાઈ. એ ત્રણે ભાઇઓ ઉપરિચર વસુના યજ્ઞમાં સદસ્ય–વરાયલા–હતા. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૩૩૬**).

એકત (૨). ગૌતમ ઋષિના ત્રણમાંનો મોટો પુત્ર. એમનાં નામ પણ આવાંજ હતાં. (**ભા૨૦ શલ્ય૦ અ૦ ૩૬**).

એકદન્ત.–ગણપતિ.

એકપર્ણા. હિમવાનને મેનાથી થએલી ત્રણમાંની બીજી કન્યા. અપર્ણા અને પર્ણાની બ્હેન. એ અસિત ઋષિની સ્ત્રી હતી.

એકપાદા. સીતાના સંરક્ષણ સારુ મુકેલી રાક્ષસીમાંની એક (**ભા૨૦ વન૦ અ૦ ૨૮૦**).

એકલવ્ય. હિરણ્યધેનુક નામના નિષાદાધિપતિનો પુત્ર. ધૃતરાષ્ટ્ર અને પાણ્ડુ પુત્રોને ધનુર્વેદ શિખવવા સારુ ભીષ્મે દ્રોણાચાર્યને નિમ્યા હતા અને તેમને પોતાની જ પાસે હસ્તિનાપુરમાં રાખ્યા હતા. પાંડવો અને કૌરવો એમની આગળ પોતાનો અભ્યાસ કરતા હતા. એ વાત દેશે દેશમાં ફેલાવાથી ઘણા રાજપુત્રો દ્રોણાચાર્ય પાસે આવીને અભ્યાસ કરવા લાગ્યા. આ સાંભળીને આ એકલવ્ય પણ ત્યાં આવ્યો અને પ્રાર્થના કરી કે મને શિષ્ય તરીકે સ્વીકારી વિદ્યાદાન આપો. પણ આચાર્યે એનો અંગીકાર ક્યોં નહિ. તેથી એણે આચાર્યની પાસે તેમની પાદુકા માગી. એને છેક જ વિમુખ કાઢવો નહિ, ધારી એમણે એને પાદુકા આપી. એણે પોતાને ઘેર આવી ભક્તિપુરઃસર આચાર્યની માટીની મૂર્ત્તિ કરી. એની આગળ પોતે આણેલી પાદુકા મુકી, તેની રોજ નિયમ પૂર્વક પૂજા કરી, પોતાનાં ધનુષ્ય બાણ લઇ મૂર્ત્તિ સામે ઉભા રહી, હું આમ જ બાણ છોડું કે નહિ, એમ ગુરુને પુછતો હોય તેમ મનમાં પ્રશ્ન પુછી, પાછો પોતે ને પોતે મનમાં હા હા એમ જ છોડ, એવો ઉત્તર પણ કરતો. આમ પોતે જાતે જ અભ્યાસ કરતાં વિમોક્ષ, આદાન, સંધાન વગેરે ધનુર્વિદ્યામાં પ્રવીણ થઈ ગયા.

અહીં કૌરવો, પાંડવો તેમ જ બીજા રાજપુત્રો ધનુર્વિદ્યામાં પ્રવીણ થઇ ગયા હતા. તેઓ એક સમય મૃગયા સારુ ગયા હતા. તેઓ મૃગની પાછળ પડ્યા હતા, પણ તેમનો શિકારી કુતરો રસ્તો ભુલી પાછળ રહી ગયો હતો તે એકલવ્યની પાસે આવી ચઢયો. સુંદર પોશાકવાળા રાજપુત્રને રોજ જોનારો કુતરો વિચિત્ર વેષવાળા એકલવ્યને જોઇને ભસવા લાગ્યો. એતું ભસતાં પહોંળું મોં જોઇને એકલવ્યે નાનાં નાનાં બાણની એક જુડી ધનુષ્યપર ચઢાવી એવી આબાદ મારી કે એના પહોળા મોંમાં પેશી ગઇ ! કુતરાથી ન ભસાય કે ન મોં મિડાય એવું કરી દીધું. કુતરો ત્યાંથી નાઠો ને રાજપુત્રો હતા ત્યાં ગયો.રાજપુત્રોએ એને દીઠો અને એના મોંમાં સજ્જડ બેસાડેલી નાનાં નાનાં બાણની જુડી પણ દીઠી. એ જોઇને એમને ઘણું આશ્ચર્ય થયું કે આ કરનાર કોઇ જબરો ધનુર્ધર હોવો જોઇએ. આવા અરણ્યમાં કોણ આવો ધનુર્ધર હશે ! તેની શોધ કરતા કરતા એઓ જતા હતા. એટલામાં હાથમાં ધનુષ્યબાણ સહિત એકલવ્યને તેમણે દીઠો. આ માણસ કુતરાના મોંમાં બાણ મારનાર હશે એમ ધારી ત્યાં તેઓ ઉભા રહ્યા.

રાજકુમારોમાંથી એક આગળ પડીને એકલવ્યને પુછ્યું કે તું કોણ છે ? અને કોનો શિષ્ય છે ? એણે કહ્યું કે હું નિષાદપતિ હિરણ્ય ધેનુકનો પુત્ર, અને દ્રોણાચાર્યનો શિષ્ય છું. બધાના મનમાં આથી વિષાદ ઉત્પન્ન થયો, અને ઘેર આવ્યા. આચાર્યને કહ્યું કે આપે અમને ન જાણવા દઇને ગુપ્તપણે એક નિષાદને આટલો બધો પ્રવીણ કર્યો એ શું ? દ્રોણાચાર્યને એ કોણ હશે, એ કાંઈ ધ્યાનમાં આવ્યું નહિ. પછી એ કોણ છે એ જોવાને રાજપુત્રોને સાથે લઇને પોતે હસ્તિનાપુરથી અરણ્યમાં ગયા. દ્રોણાચાર્યને જોતાં જ એકલવ્યે એમને દંડવત પ્રણામ કર્યા; અને હાથ જોડી એમની આગળ ઉભો રહ્યો. દ્રોણાચાર્યે એની અસ્ત્રવિદ્યાની પરીક્ષા કર્યા ઉપરથી એ ઘણો જ ઉત્કૃષ્ટ રીતે પ્રવીણ છે એ જોઇને પુછ્યું, તું મારી પાસેથી શી રીતે વિદ્યા ભણ્યો ? એકલવ્યે પૂર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. એ સાંભળીને રાજપુત્રોનો સંશય દૂર થયો; અને એકલવ્યની ભાવના અને આચાર્યનો પુણ્યપ્રભાવ નિહાળીને એમને પરમ આશ્ચર્ય થયું. બધા માંહોમાંહી વાર્ત્તાલાપ કરતા હતા ત્યાં આચાર્યના મનમાં આવ્યું કે આ માણસ વખત છે ને અર્જુનને પણ ભારી થઇ પડશે. આમ વિચારીને એમણે એકલવ્યની પાસે ગુરુદક્ષણા માગી, કે તું આજથી બાણ છોડતી વખત પોતાનો અંગુઠો કદીએ બાણને અડકાડીશ નહિ. પેલાએ તથાસ્તુ કહ્યું. અને ત્યારથી બાણને અંગુઠો અડકાડવાનું મુકી દીધું. આ વૃત્ત-આપેલું વચન-અદ્યાપિ પર્યન્ત કિરાતો પાળે છે. દ્રોણાચાર્યે આ પ્રમાણે એને બંધણીમાં લીધો હતો, છતાં એ અર્જુનને ભારે પડે એવો હતો. ભારતના યુદ્ધમાં એ દુર્યોધનના પક્ષમાં કહેવા માત્ર જ હતો. યુદ્ધ સમયે સમુળગો આવ્યો જ નહોતો. (**ભા૨૦ આદિ૦**)

મી. ડાઉસન એકલવ્યને વસુદેવના ભાઈ દેવસેનનો પૌત્ર કહે છે. એ શત્રુઘ્નનો ભાઇ હતો. નાનપણમાં એને ફેંકી દેવાથી નિષાદોએ એને ઉછેરી મોટો કર્યો હતો. પછી એ નિષાદનો રાજા થયો હતો. દ્વારકા ઉપર રાત્રે હુમલો કરવામાં એણે મદદ કરી હતી. અને એને આખરે કૃષ્ણે એના ઉપર બાણ ફેંકીને મારી નાંખ્યો હતો. (**ડાઉસન,ક્લાસિકલ ડિક્ષનેરી. પૃ. ૧૦૩**)

એકલશૃંગી–શૃંગી ઋષિનું નામાન્તર.

એકલોચના. સીતાના સંરક્ષણ સારુ રાખેલી રાક્ષસીઓમાંની એક. (**ભા૨૦ વન૦ અ૦ ૩૮૦**)

એકવીર. સોમવંશી તુર્વસુકુળમાં ઉત્પન્ન થએલા હરિવર્મા નામના રાજાને વિષ્ણુના પ્રસાદથી પ્રાપ્ત થએલો પુત્ર. વાજી–અશ્વનું રુપ ધારણ કરેલા વિષ્ણુથી ઘોડીનું રુપ ધારણ કરેલાં લક્ષ્મીને પેટે ઉત્પન્ન થવાના કારણથી હૈહય એવું એનું નામ હતું. યદુકુલમાં ઉત્પન્ન થએલા હૈહય રાજાથી આ ભિન્ન છે. એને એકાવલી અને યશોવતી એવી બે સ્ત્રીઓ હતી. એકવીરા નામની દેવી એની ઉપાસ્ય હતી. (**દેવી૦ ભા૦ સ્કં૦ ૬ અ૦ ૧૭–૨૩**)

એકવીરા. એકવીર રાજાની ઉપાસ્ય દેવી.

એકશાલા. ગ્રામ વિશેષ. (**વા૦ રા૦ અયો૦ સ૦ ૭૧**).

એકાદશ રુદ્ર. ચાલૂ વૈવસ્વત મન્વંતરમાંના બ્રહ્મમાનસપુત્ર સ્થાણુના અનેક પુત્રોમાંના અગિયાર મુખ્ય. પ્રસ્તુત જે સાત જાતના દેવ મનાય છે તેમાં ત્રિજા કહેવાય છે, અને ભૂત, પિશાચ, યક્ષ, રાક્ષસ, ઇત્યાદિના અધિપતિ છે. મૃગવ્યાધ, સર્પ, નિર્ઋતિ, અજૈકપાત, અહિર્બુદન્ય, પિનાકી, દહન, ઇશ્વર, કપાલિ, મહાદ્યુતિ અને ભર્ગ એ રુદ્રોનાં નામ છે. (**ભા૨૦ આદિ૦ અ૦ ૬૫**) પુરાણોમાં જોતાં કેટલાંક નામો મળે છે. અને કેટલાંક મળતાં નથી આવતાં. આમ ફેર કેમ પડે છે એનું કારણ સમજાતું નથી. પણ એટલું તો નિર્વિવાદિત છે કે રુદ્રની સંખ્યા અગિયાર જ હતી. સંખ્યામાં કોઇપણ ગ્રંથમાં ફેરફાર પડતો નથી.

વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે બ્રહ્મદેવના કપાળમાંથી રુદ્ર ઉત્પન્ન થયો. બ્રહ્મદેવની આજ્ઞાથી તેણે પોતાની જાતને વિભાગીને તેમાંથી સ્ત્રી અને પુરુષ પેદા કરી, તેમના સંયોગથી દરેકના અગિયાર અગિયાર બનાવ્યાં. એમાંનાં કેટલાંક શુભ્ર અને નમ્ર અને કેટલાંક શ્યામ અને ક્રોધી હતાં. વળી બીજી જગાએ એમ પણ કહ્યું છે કે એકાદશરુદ્ર તે કશ્યપ અને સુરભિના પુત્ર હતા. એ જ પુરાણના બીજા અધ્યાયોમાં કહ્યું છે કે, બ્રહ્માની ઇચ્છા પુત્ર ઉત્પન્ન કરવાની થઈ અને એક તરુણ ઉત્પન્ન થયો. જન્મતાં જ એ રોયો અને મારું નામ શું એમ પુછ્યું. એ રોયો માટે એમણે એનું નામ રુદ્ર પાડ્યું. પણ એ ફરી ફરીથી રડ્યો જેથી એનાં બીજાં સાત નામ પડ્યાં. બધાં પુરાણો ભવ, સર્વ, ઇશાન, પશુપતિ, ભીમ, ઉગ્ર અને મહાદેવ એ આ સાત નામો સંબંધે તો સંમત થાય છે.પણ અગિયાર નામોમાં તેમનામાં તફાવત છે. કેટલીક વખત આ નામ ખૂદ શિવને પણ લગાડાયાં છે. અને કેટલીક વખત શિવના પુત્રો છે, એમ પણ કહ્યું છે. (**ડાઉસન પૃ. ૨૬૬**)

એકાંભક. ભારતવર્ષીય એક ક્ષેત્ર અને તીર્થ.

એકાયન. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

એકાવલી. એકવીર રાજાની સ્ત્રી. રમ્ય રાજાને રુકમરેખાથી થએલી કન્યા.

એકાક્ષ. દનુપુત્ર એક દાનવ.

એલાપત્ર. કદ્રુપુત્ર એક નાગ. (૫ નભ શબ્દ જુઓ.)

એલાપુર. ભારતવર્ષીય ક્ષેત્ર.

એકેપિ. એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ.)

ઐડવિડ. ઇડવિડ અથવા ઇલવિલનો પુત્ર–કુબેર.

ઐડવિડ (૨). શતરથ રાજા જેનું બીજું નામ ઇડવિડ હતું તેનો પુત્ર. આ રાજા સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળનો હતો. એના પુત્રનું નામ વૃદ્ધશર્મા હતું.

ઐતરેય. ઋક્શાખાનો એક ઋષિ.

ઐતરેય (૨). એ નામનું ઋગ્વેદનું ઉપનિષત.

ઐન્દ્રદ્યુમ્નિ. વિદેહ વંશનો એક જનકવંશી રાજા. ઇન્દ્રદ્યુમ્નનો પુત્ર હોવો જોઇએ. વંશમાલિકામાં એનું નામ નથી. અષ્ટાવક્રના સમયમાં હતો. (અષ્ટાવક્ર શબ્દ જુઓ).

ઐન્દ્રદ્યુમ્નિ. રૈવત મન્વંતર માહેલા સપ્તઋષિઓમાંનો એક.

ઐરંડી. નર્મદાને મળનારી એક નદી.

ઐરાવણ. ઐરાવત નામના હાથીનું જ બીજું નામ હોય એમ જણાય છે.

ઐરાવત. એક નાગ. (૧ તપસ્ય શબ્દ જુઓ). એ કદ્રુનો પુત્ર હતો. એને ઉલૂપી પરણી હતી. રાંડ્યા પછી અર્જુનને વરી હતી.

ઐરાવત (૨). પૃથ્વીની આઠે દિશામાં જે દિગ્ગજો છે, તેમાંનો પૂર્વ તરફનો દિગ્ગજ. એ સર્વ દિગ્ગજોનો સ્વામી અને ઇન્દ્રનું વાહન છે. એનો રંગ ધોળો અને એને સાત સુંઢ અને ચાર દાંત છે.

ઐરાવત (૩). સમુદ્રમથન વખતે નિકળેલાં ચૌદ રત્નમાંનો એક. એ ઇન્દ્રને ભાગ આવ્યો હતો.

ઐરાવતકુળ. કદ્રુપુત્ર એક નાગ. જનમેજયના સર્પસત્રમાં એનાં પારાવત, પારિયાત, પાંડુર, હરિણ, કૃશ, વિહંગ, શરભ, મેદ, પ્રમેદ અને સંહતાપન એ દશકુળો બળીને નાશ પામ્યાં હતાં.

ઐરાવતવર્ષ. કુરુદેશનું બીજું નામ.

ઐરાવતી. ભારતવર્ષીય ભરતખંડની એક નદી. (૨ હિમાલય શબ્દ જુઓ).

ઐરીડવ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ)

ઐલ. ઇલાના પુત્ર પુરૂરવાનું બીજું નામ.

ઐલધાન. ભારતવર્ષીય નગર વિશેષ.

ઐલવિય. ઐડવિડ શબ્દ જુઓ.

ઐક્ષ્વાકી. ઇક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થએલી કન્યાનું સાધારણ નામ.

ઓં.–ઓંકાર. મંત્રયુક્ત ઈશ્વરનું નામ,

ઓં–ઓંકાર (૨). આહ્વાનાત્મક, નિશ્ચયાત્મક,આશીર્વાદાત્મક અને સંમતીદર્શક પવિત્ર શબ્દ. એવો પવિત્ર કે કોઇથી સંભળાય નહિ એમ બોલવાનો. પ્રાર્થના અને ધાર્મિકક્રિયાને આ-

રંભે ઉચ્ચારણીય. બહુધા ગ્રંથની શરૂવાતમાં લખાય છે. એ ત્રણ અક્ષર અ, ઉ, ને મ્ નો બનેલો છે. એ ત્રણ અક્ષરો ત્રણ વેદ સૂચક છે. ઉપનિષદોમાં એ પ્રથમ વાપરેલો જણાય છે. ત્યાં એ અધ્યાત્મિકશક્તિવાન્ હોઇ મનન કરવા યોગ્ય છે, એમ કહ્યું છે. પાછલા કાળમાં એ શબ્દ હિંદુ ત્રિપુટી–એટલે ત્રણે દેવ મળીને થએલા એક પરમેશ્વર સૂચક ગણાયો છે. અ તે વિષ્ણુ, ઉ તે શિવ અને મ તે બ્રહ્મા. એને ઉદ્ગીથ કહેવામાં આવે છે. (**ડાઉસન પા. ૨૨૪–૨૨૫**)

ઓંકાર (૩). ઇંદોર રાજ્યમાં નર્મદા ઉપર આવેલું એક જ્યોતિર્લિંગ.

ઓઘરથ. સૂર્યવંશના નૃગકુળોત્પન્ન ઓઘવાન્ રાજાનો પુત્ર. એને નૃગ નામનો પુત્ર હતો.

ઓઘવતી. સૂર્યવંશી નૃગકુળોત્પન્ન ઓઘવાન્ રાજાની કન્યા. ઓઘરથની બહેન. એ સુદર્શન રાજાને પરણી હતી.

ઓઘવતી (૨). સરસ્વતી નદીના સાત પ્રવાહોમાંનો એક પ્રવાહ–નદી. આ નદીની સમીપ જ કૌરવપાંડવોનું યુદ્ધ થયું હતું. (**ભાર૦ શલ્ય૦ અ૦ ૬૨**) અને (**ભાર૦ શાંતિ૦ અ૦ ૫૦**).

ઓઘવાન. સૂર્યવંશી નૃગકુળના પ્રતીક રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ઓઘરથ અને કન્યાનું નામ ઓઘવતી. (**ભાર૦ અનુ૦ અ૦ ૨૨**)

ઓજ. લક્ષ્મણાને પેટે કૃષ્ણથી થયેલો પુત્ર. એ મહારથી હતો.

ઔગ્રસેની. ઉગ્રસેનના કંસાદિ નવ પુત્રોમાનો દરેક.

ઔદ્ગરથ. સૂર્યવંશી બીજો નૃગ રાજા. ઓદ્ગરથનો પુત્ર.

ઔચેયુ. ઋતુયુ શબ્દ જુઓ.

ઔંડ્રસ્ત્રેચ્છ. ભારતવર્ષીય દેશ. (**ભાર૦ ભી૦ અ૦ ૯**),

ઔત્તમી. ઉત્તમ મનૂનો પુત્ર અને એનો મન્વંતર.

ઔત્તાનપાદી. ઉત્તાનપાદ રાજાનો પુત્ર–ધ્રુવ.

ઔપયહ્ય. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ઔર્વ. બીજા સ્વારોચિષ મન્વંતરના સપ્તર્ષિમાંનો એક.

ઔર્વ (૨). વારુણિ ભૃગુના સાત પુત્રોમાંનો ચોથો. (૩ ભૃગુ શબ્દ જુઓ).

ઔર્વ (૩). વારુણિ ભૃગુના પુત્રમાંના મોટા ચ્યવનના પુત્ર ઉર્વઋષિનો પુત્ર. કોઇ જગાએ વર્ણવ્યું છે કે એ પોતાની માતાની ઝાંઘનો ભેદ કરીને પ્રસવ્યો, માટે એનું આ નામ પડ્યું છે. આમ બે રીતે એના નામના અર્થ કરાય છે. એ મોટો થતાં એને જાણ થયું કે હૈહયકુળના રાજાએ દ્રવ્ય લેવા સારુ એના કુટુંબનાં સ્ત્રી પુરૂષોને બહુ જ સંતાપ્યાં હતાં. માટે હૈહેયોનો નાશ કરવાને એણે મોટું ઉગ્ર તપ આરંભ્યું. એમાંથી ભયંકર અગ્નિ પેદા થયો, તે આ હૈહેય ક્ષત્રિયોને બાળવા લાગ્યો. આ ઉપરથી હૈહેયો એના પિતાને શરણે ગયા. એઓએ આવીને ઔર્વનો ક્રોધાનળ સમુદ્રમાં નખાવ્યો. (**ભાર૦ આ૦ અ૦ ૧૨૭–૧૨૮**)

ઔશનસ. ઉશના ઋષિના પુત્રો તે. (શંડામર્ક શબ્દ જુઓ.)

ઔશનસ (૨). ભારતવર્ષીય તીર્થ. અહીં ઉશના ઋષિએ તપ કરીને નીતિ વિષયક અનેક સૂત્ર બાંધ્યાં હતાં. આ તીર્થનું બીજું નામ કપાળમોચન પણ હોય એમ મળી આવે છે. (**ભાર૦ શલ્ય૦ અ૦ ૩૬**)

ઔશનસ (૩). ગૌતમાંગિરસ વંશમાલિકાનો એક ઋષિ અને તેનું કુળ. (૩. અંગિરા શબ્દ જુઓ.)

ઔશીનર. ઉશીનર રાજાથી માધવીને થએલો પુત્ર, શિબિ. (**ભાર૦ દ્રો૦ અ૦ ૫૮.**)

ઔક્ષી. ઉક્ષઋષિનો પુત્ર. (ભૃગુ શબ્દ જુઓ.)

ક.

કં પ્રાચેતસ દક્ષનું બીજું નામ (**ભાર૦ શાંતિ૦ અ૦ ૨૦૮ શ્લો૦ ૯**)

કંક. સોમવંશી યદુકુળમાં ઉત્પન્ન થએલા શૂર રાજાના મારીષા અથવા ભોજાને પેટે થએલા દસમાંનો સાતમો પુત્ર. વસુદેવનો ભાઇ. એને કર્ણિકાને પેટે ઋતધામા અને જય એવા બે પુત્ર હતા.

કંક (૨). સોમવંશી ઉગ્રસેનના નવમાંનો ચોથો પુત્ર. કંસનો નાનો ભાઇ.

કંક (૩). અજ્ઞાતવાસના સમયમાં વિરાટને ત્યાં જતાં યુધિષ્ટિરે પોતે ધારણ કરેલું નામ. (**ભાર૦ વિરા૦ અ૦ ૧–અને ૭**) યુધિષ્ટિર વિરાટના સભાસદ હોઇને તેમની સાથે પાસાથી રમતા. દક્ષીણ તરફ ગાયો વાળવાની સ્વારી વખતે વિરાટ રાજા સુશર્મ્ય સાથે યુદ્ધ કરવા ગયો, ત્યારે બંધુઓ સહિત કંકને પોતાની જોડે લઇ ગયો હતો. એ વખતે સુશર્મા વિરાટને પકડીને બાંધીને લઇ જતો હતો, ત્યારે કંકે પોતાના ભાઇઓ દ્વારા એને છોડવ્યો હતો. (૩ વિરાટ શબ્દ જુઓ.)

કંક (૪). ભારતવર્ષીય મહાદેશ. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૬૫**)

કંકા. ઉગ્રસેનની કન્યા, કંસની બહેન, વાસુદેવના ભાઇ આનકની સ્ત્રી. આનકથી એને પુરુજિત્ અને સત્યજિત્ એવા બે પુત્ર થયા હતા.

કકુત્સ્થ. સૂર્યવંશના ઇક્ષ્વાકુ રાજર્ષિના પુત્ર વિકુસીનો પુત્ર. વર્તમાન સ્વર્ગસ્થ પુરંદર ઇંદ્રને દૈત્યોની જોડે યુદ્ધ ચાલતાં તેણે કકુત્સ્થને પોતાની સહાયતા સારૂ બોલાવ્યો હતો. તે વખત એણે ઇન્દ્રને વૃષભ બનાવી, એના પર સ્વારી કરી, દૈત્યોનાં પુર જિત્યાં હતાં, તે ઉપરથી એનું આ નામ પડ્યું છે. એનાં ઇંદ્રવાહ અને પુરંજય એવાં બીજાં નામ પણ મળી આવે છે. ઇન્દ્રે ધારણ કરેલા શુભ્ર વૃષભરૂપ પર એનું આસન હતું, માટે કોઈ કોઈ ગ્રન્થમાં એને ચંદ્રવાહ પણ કહ્યો છે. (**દેવીભાગ૦ ૭ સ્કં અ૦ ૯**)

કકુદ્માન હિમાલયનું શિખર વિશેષ. આ શિખર કૈલાસ શિખરની વાયવ્ય દિશામાં આવેલું છે, અને નંદીનું ઉત્પત્તિ સ્થાન છે. (**મત્સ્ય૦ અ૦ ૧૨૦**).

કકુદ્મિ. રેવ રાજાનું બીજું નામ.

કકુબ્–ભ્. ધર્મ ઋષિની સ્ત્રી અરુંધતીનું બીજું નામ. (૩ અરુંધતી શબ્દ જુઓ).

કચ. ચાલુ મન્વન્તરમાંના અંગિરાપુત્ર બૃહસ્પતિનો પુત્ર. એની મા કોણ તે કોઇ ગ્રંથમાંથી જણાતું નથી; બૃહસ્પતિની શુભા અને તારા બન્ને સ્ત્રીઓની સંતતીના વર્ણનમાં આનું નામ છે જ નહિ. એને ઇંદ્રે એક વખત, વૃષપર્વ દાનવના પુરોહિત શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા સંપાદન કરવા મોકલ્યો હતો. ઇંદ્રની પાસેથી એ શુક્રાચાર્ય પાસે આવ્યો અને સાષ્ટાંગ નમસ્કાર કરી, બદ્ધાંજલિ થઇ, એમની સન્મુખ ઉભો રહ્યો.

એને જોઇને શુક્રાચાર્યે પુછ્યું કે તું કોણ છે અને ક્યાંથી આવ્યો છે? એણે નમ્રતાથી કહ્યું કે હું બૃહસ્પતિનો પુત્ર, આપની પાસે વિદ્યા સંપાદન કરવા આવ્યો છું. એમણે કહ્યું હું અને બ્રહસ્પતિ જૂદા નથી. તું અહી સ્વસ્થ રહે, અને વિદ્યા સંપાદન કર. આ ઉપરથી એ નિષ્કપટ બુદ્ધિથી ગુરુની સેવા કરતો થકો ત્યાં રહ્યો. રોજ સવારે આચાર્યના ઉઠ્યા પહેલાં ઉઠે, ગાયોની ચાકરી કરે, પછી ફળ, મૂળ, પુષ્પ, દર્ભ વગેર સમિધિ નવી નવી આણીને આચાર્યને આપે. પછી ગાયોને લઇ અરણ્યમાં ચરાવવા જાય અને સૂર્યાસ્તે પાછી લાવી પોતે સુવે. બીજે દિવસે પણ એમ જ કરે, પણ કોઈ દિવસ મને ભણવાનો પાઠ આપો,

એમ કહે જ નહિ. જો આચાર્ય કૃપા કરીને બોલાવીને પાઠ આપે તો લે. આ પ્રમાણે એણે ગુરુ શુક્રાચાર્યની તેમ જ તેમની પ્રિય પુત્રી દેવયાનીની, બ્રહ્મચર્યવૃત્તિ સહિત, બિલકુલ ઉણપ પડવા દીધા શિવાય, ઉત્તમ પ્રકારે જબરી સેવા ઉઠાવી. એમ હોવાથી આચાર્ય એના ઉપર ઘણા જ પ્રસન્ન થયા; એટલું જ નહિ પણ દેવયાનીને પણ એ પોતાના પ્રાણ સમાન થઇ પડ્યો.

દેવગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ આપણા આચાર્ય પાસે ભણવા આવી રહ્યો છે, તે માત્ર મૃતસંજીવની વિદ્યા સારુ જ આવ્યો હશે, એવું દૈત્યોને લાગ્યું. એને મારી નાંખવાનો નિશ્ચય કરીને કેટલાક દૈત્ય એ અરણ્યમાં ગાયો લેવા ગયો હતો તેનો પાછાં આવવાનો રસ્તો રોકીને ગુપ્તપણે તકાસીને બેસી રહ્યા. જેવો એ આવ્યો કે એને પકડી, એના શરીર ના ટુકડેટુકડા કરી, પોતપોતાને ઘેર જતા રહ્યા.

હવે અહીં સૂર્યાસ્ત થઇ ગયો તોપણ કચ ઘેર આવ્યો નહિ; એ જોઇને દેવયાનીએ પોતાના પિતાને જણાવ્યું. એમણે અંતર્દૃષ્ટિયે જોયું તો દૈત્યોએ એને મારી નાંખ્યાની ખબર પડી. શુક્રાચાર્યે મૃતસંજીવની મંત્ર ભણીને 'કચ સજીવ થાઓ' કહેતાં જ, અરણ્યમાં કચમાં જીવ આવ્યો; અને જુએ છે તો રાત્રિ પડી ગઇ છે. એથી ઉતાવળો ઉતાવળો ઘેર આવી શુક્રાચાર્ય અને દેવયાની બંનેને વંદન કરી, એમની સન્મુખ ઉભો રહ્યો. કચ આવ્યો જાણી આચાર્યે પુછ્યું કચ, આજે વાર કેમ લાગી? એણે દૈત્યોના કૃત્યનું વર્ણન આચાર્ય આગળ કર્યું. આચાર્યે બધું સાંભળીને કહ્યું, તું આજથી અરણ્યમાં બહુ જઇશ નહિ. કાર્યવશાત્ જો જવું જ પડે તો જઇને પાછો આવતો રહેજે. જેવી આજ્ઞા, કહી કચે તે પછી ઘેર રહેવા માંડ્યું. એક વખત એને અરણ્યમાં જવાનો પ્રસંગ પડ્યો. અરણ્યમાં દૈત્યોએ એને દીઠો એટલે એમની ખાત્રી થઇ કે આપણે એને માર્યો છતાં આચાર્યે એને જીવતો કર્યો. તે સંજીવની વિદ્યા આપવાને અર્થે જ. એઓએ પછી કચને મારી નાંખી એના શરીરના ટુકડા કરી શિયાળીયાં, વાઘ વગેરેને ખવરાવી દીધા. હવે એ જીવતો નહિ થાય એમ મનમાં નક્કી કરી, પોતપોતાને સ્થળે જતા રહ્યા. આ વખત દેવયાનીએ પ્રથમની પેઠે પોતાના પિતા પાસે કચને સજીવન કરાવ્યો.

આ પછી તો કચ ઘણી મુદત સુધી અરણ્યમાં ગયો જ નહિં. છતાં એક દિવસ જવાનો પ્રસંગ પડ્યો. પોતે અરણ્યમાં જઇને જે કાર્ય કરવાનું હતું તે સત્વર કરી આશ્રમમાં આવવા નિકળ્યો. એટલામાં એ દૈત્યોની દૃષ્ટિયે પડ્યો. દૈત્યો એને જોઇને ઘણા ક્રોધાવિષ્ટ થયા કે વારે વારે આચાર્ય આને સજીવન કરે છે, તો હવે કરવું શું! એમણે ધાર્યું કે આપણે એને મારી, બાળી, એની રાખ કરી મદ્યમાં ભેળવી આચાર્યને જ પાઇએ. પછી એ શી રીતે સજીવન થશે! આ યુક્તિ એમણે અમલમાં મૂકી પણ ખરી. આચાર્ય કાંઇ નિત્ય મદ્ય લેતા ન હતા. પણ એ દુષ્ટોએ યુક્તી પુરઃસર આચાર્યને કચની રાખવાળુ મદ્ય પાયું. એમ કરીને હરખાતા હરખાતા પોતાને ઘેર ગયા.

દિવસ પૂરો થયો અને રાત્રિ પડી તોપણ કચ આવ્યો નહિ. એ જોઇને દેવયાનીએ પોતાના પિતાને કહ્યું કે કચ હજુ આવ્યો નથી, માટે મને ભય લાગે છે કે દૈત્યોએ એને જરુર મારી નાંખ્યો છે. માટે એને સજીવન કરીને હાલને હાલ આશ્રમે બોલાવો. આચાર્યે કહ્યું કે કચને દૈત્યો વારે વારે મારી નાંખે છે, તો હું એને કેટલી વાર જીવતો કરું? તું એ વાતનો ખેદ મુકીને શાંત થાય તો સારું. દેવયાની કહે, એમ બને જ નહિ. જે માણસ કાયિક, વાચિક, અને માનસિક

એક નિષ્ઠા અને પાપરહિત મનથી આપણી આટલી સેવા કરે છે, એની આમ ઉપેક્ષા કરવી એ આપણને ઘટતું નથી; માટે એને જીવતો કરવો જ જોઇએ. આમ પોતાની કન્યાનો ઘણો આગ્રહ દેખી, આચાર્યે દિવ્યદૃષ્ટિથી કચ ક્યાં છે તે જોયું, તો જાણ્યું કે કચતો એમના પોતાના પેટમાં છે. પછી દેવયાનીને બધી હકીકત કહી અને કહ્યું કે આજે કચ સજીવન થવો અશકય છે. કદાચ જો હું એને સજીવન કરીશ તો મારું મૃત્યુ થશે; માટે જો તારે મારો ખપ હોય તો કચ તને નહિ મળે. અને જો કચનો ખપ હોય તો હું તને નહિ મળું. આવી વસ્તુસ્થિતિ છે.

પિતાની આવી વાત સાંભળી દેવયાની પણ વિચારમાં પડી. પરન્તુ તે મોટી બુદ્ધિશાળી હોવાથી તેણે પિતાને કહ્યું કે મારે તો તમારા બન્નેનો ખપ છે. મને એક યુક્તી સુઝી છે, જેથી તમે બન્ને જીવતા રહો. તે એ કે આપ પ્રથમ સંજીવનીમંત્ર જપી કચને ઉદરમાં જીવતો કરો. પછી એને સંજીવની વિદ્યાનો ઉપદેશ આપો. કચ પછી આપનું ઉદર ફાડીને બહાર આવે અને આપને મૃત્યુ પામેલા જોઇ એ જ વિદ્યાના બળે આપને સંજીવન કરે. આચાર્યને એ વાત પસંદ પડી, કે તેમણે તરત જ કચને સજીવન કર્યો, અને કહ્યું કચ! આજ મારી ગુહ્યવિદ્યા તારે અર્થે પ્રકાશું છું. તું બહાર આવીને મને સજીવન કરજે. આમ કહીને એમણે કચને મૃતસંજીવની વિદ્યાનો ઉપદેશ કર્યો. જે ઉદ્દેશથી પોતે ગુરુની સેવા ઉઠાવતો હતો તે બર આવ્યો જાણી કચને ઘણો આનંદ થયો. એ તરત જ આચાર્યનું પેટ ફાડી બહાર આવ્યો અને એ જ વિદ્યાના પ્રાબલ્યે આચાર્યને સજીવન કર્યા. આ પ્રમાણે દૈત્યોએ કરેલું અપકૃત્ય એને સુખદ નિવડ્યું. આમ દૈત્યોએ અપાય કરવાથી સંજીવની વિદ્યા સ્વર્ગમાં ગઇ. બુદ્ધિમાન મનુષ્યો બીજાનું અપાય કરવાની આથી જ કદી ઇચ્છા કરતા નથી.

પોતાના પિતા અને કચ બન્નેને જીવતા થએલા જોઇને દેવયાનીના હર્ષની સીમા રહી નહિ. એણે પછીથી કચને કોઈ દિવસ પણ અરણ્યમાં જવા દીધો નહિ. આચાર્યે વિચાર કર્યો કે હવે એને અહીં રહેવા દેવો એ નિર્ભય નથી. માટે એમણે કચને આજ્ઞા કરી કે હવે તું તારા પિતા પાસે જા. તે જ દિવસે એમણે પોતે મદ્યપાન સંબંધે નિર્બંધ કર્યોઃ—

सुरापानाद्व्रजनात्प्रापयित्वा
संज्ञानाशं चेतसश्चापि घोरम् ॥
दृष्ट्वा कचं चापि तथाभिरूपं
पीतं तथा सुरया मोहितेन ॥ ६० ॥
समन्युरुत्थाय महानुभाव
स्तदोशना विप्रहितं चिकीर्षुः ॥
काव्यःस्वयं वाक्यमिदं जगाद
सुरापानं प्रत्यसौ जातशङ्कः ॥ ६१ ॥

शुक्रउवाच—

यो ब्राह्मणोऽद्य प्रभृतीह काश्चिन्
मोहात्सुरां पास्यति मंदबुद्धिः ॥
अपेतधर्मा ब्रह्महा चैव स स्या
दस्मिंल्लोके गर्हितः स्यात्परे च ॥ ६२ ॥
मया चेमां विप्र धर्मोक्तसीमां
मर्यादां वै स्थापितां सर्व लोके ॥
संतो विप्राः शुश्रुवांसो गुरूणां
देवा दैत्याश्चोपशृण्वन्तु सर्वे ॥ ६३ ॥
(મત્સ્ય૦ અ૦ ૨૫)

આચાર્યે કચને ઘેર જવાની આજ્ઞા આપી કે તે તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ કરી ત્યાંથી નિકળી દેવયાની પાસે ગયો અને એની પાસે ઘેર જવાની આજ્ઞા માગી. દેવયાની કહે તું જાય છે તે ઠીક, પરન્તુ ગયા પહેલાં મારું પાણિગ્રહણ કરી, મને જોડે લઇને જાય એવી મારી ઇચ્છા છે. એ જ હેતુથી મેં તને પિતા પાસે ત્રણ વાર સજીવન કરાવ્યો,

એટલું જ નહિ પણ ઘણી જ અપ્રાપ્ય એવી મૃતસંજીવની વિદ્યા પણ મેં તને અપાવી. એ બધું તું જાણે જ છે. તેમ જ મારા બ્રહ્મચર્ય વ્રતની પણ તને ખબર જ છે. વળી તું દેવગુરુનો પુત્ર અને હું દૈત્યગુરુની પુત્રી, આમ આપણાં બેનાં કુળ, શીળ, સમાન છે. માટે મારું પાણિગ્રહણ કર્યા શિવાય હું તને જવાની રજા આપનાર નથી.

દેવયાનીનાં આવાં વચન સાંભળીને કચે ઘણી નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો કે તેં કહ્યું તે બધું સત્ય છે. તું મારે પાણિગ્રહણ કરવા યોગ્ય છે, એ પણ ખરું છે. અને હું પણ તારા જેવી સ્ત્રીનો લાભ તજીને કદી જાત નહિ. પણ જે ઉદરમાંથી તારો જન્મ થયો છે તે જ ઉદરમાંથી હવે હું પણ નિકળ્યો, તેથી તું અને હું સહોદર થયાં એટલે તારું પાણિગ્રહણ કરવું મને, અને એવી ઇચ્છા કરવી એ તને, ઘટિત નથી. માટે તું આ બાબતનો વિચાર કરી મને જવાની આજ્ઞા આપ. તું જ્ઞાનવાન છે માટે યોગ્યાયોગ્યનો વિચાર કરવાને સમર્થ છે.

આમ કચનું સયુક્તિક અને સશાસ્ત્ર કહેવું સાંભળી દેવયાની નિરુત્તર થઇ ગઈ; છતાં પોતાના ઘણા કાળના મનોરથ ભંગ થવાથી એણે કચને શાપ આપ્યો કે જે મૃતસંજીવની વિદ્યા તને પ્રાપ્ત થઇ છે તે ફળીભૂત નહિ થાય. આમ કહીને એણે કચને જવાની આજ્ઞા આપી. કચને પણ બેદ ઉત્પન્ન થયો કે તેં મને વ્યર્થ શાપ આપ્યો માટે તને પણ બ્રાહ્મણ પતિ નહિ મળે. આમ કહીને તે સ્વર્ગમાં ગયો. ઇન્દ્રે એનું ઘણું સન્માન કર્યું. (**ભા૨૦ આદિ૦ અ૦ ૭૬-૮૩**) (**મત્સ્ય૦**)

કચ (૨). એક બ્રહ્મર્ષિ. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૪૮**)

કચ્છનિલય. દક્ષિણમાં બે નામનો પાણી અને કળણ વાળો પ્રદેશ. (**ભા૨૦ સભા૦અ૦૩૧**)

કચ્છનીર. એક નાગ. (૨ માધવ શબ્દ જુઓ.)

કચ્છપ. કુબેર ભંડારીના મૂર્ત્તિમાન નવ નિધીમાંનો પાંચમો.

કચ્છપી. નારદ પોતાના હાથમાં રાખે છે તે વીણા. (**ભા૨૦ શલ્ય૦ અ૦ ૫૪ શ્લો૦ ૯**)

કજાનના. દાશરથિ રામના પુત્ર લવની સ્ત્રી.

કટાયનિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

કટુ. એક બ્રહ્મર્ષિ. એને કટય પણ કહ્યો છે. (૩ અંગિરા શબ્દ જુઓ).

કટય. કટુ.

કઠ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ.)

કઠ (૨). કઠવલ્લિ શબ્દ જુઓ.

કઠરુદ્ર. યજુર્વેદનું મુખ્ય ઉપનિષત્.

કઠવલ્લિ—યજુર્વેદનું મુખ્ય ઉપાનષદ.

કંડરીક. બ્રહ્મદત્ત રાજાના મંત્રપુત્રમાંનો પહેલો. (પિતૃવર્તી શબ્દ જુઓ.)

કંડુ. એક બ્રહ્મર્ષિ. એનો એક દસ વર્ષનો પુત્ર જે વનમાં મરી ગયો હતો તે વનને એણે વૃક્ષ અને ઉદક રહિત કર્યું હતું. (**વા૦ રા૦ કિષ્કિંધા૦ સ૦ ૪૮**).

કંડુક. એક ઋષિ; એને મારીષા નામની કન્યા હતી. (મારીષા શબ્દ જુઓ).

કણજિઙ્ઘ. એક બ્રહ્મર્ષિ. (અત્રિ શબ્દ જુઓ).

કણીક. ધૃતરાષ્ટ્રનો બ્રાહ્મણ મંત્રી, એણે પાંડવોની વિરુદ્ધ ધૃતરાષ્ટ્રને ભંભેર્યો હતો. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૪૦**).

કણ્વ. કશ્યપ કુળનો એક બ્રહ્મર્ષિ. એનો આશ્રમ માલિની નદીને તીરે હતો. એને એક કન્યા મળી આવી હતી, તે જ શકુન્તલા. (શકુન્તલા શબ્દ જુઓ.)

કણ્વ (૨). કેવલાંગિરસ વંશમાલિકામાંનો એક ઋષિ અને એનું કુળ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

કણ્વ (૩). સોમવંશી પુરુકુળોત્પન્ન રૌદ્રાશ્વ રાજાના પુત્ર ઋતેયુના વંશના અપ્રતિરથ રાજાનો પુત્ર. એને મેધાતિથિ નામનો પુત્ર હતો.

કત. એક ઋષિ અને તેનું કુળ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કતૃણ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

કથક. એક બ્રહ્મર્ષિ અને એનું કુળ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કંદર્પ. મદન. કામદેવ. (કામ શબ્દ જુઓ).

कं दर्पयामीति मदाज्जातमात्रो जगाद च
तेन कंदर्प नामानं तं चकार चतुर्मुखः

કંદર્પકલ્પ. દિવસોના અનુક્રમમાં બ્રહ્માના ચાલુ માસમાંનો આઠમો દિવસ. આ કલ્પના આરંભમાં મદન-કંદર્પનો જન્મ થયો હતો તે ઉપરથી આ નામ પડયું છે. (૪ કલ્પ શબ્દ જુઓ).

કદલી. ભરતખંડની એક નદી. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**). (**મત્સ્ય૦ અ૦ ૧૧૩**),

કદ્રૂ. કશ્યપ ઋષિની તેર સ્ત્રીઓમાંની એક. પ્રાચેતસ દક્ષની કન્યા. એ સઘળા સર્પોની માતા છે. એના સો પુત્રમાંથી મુખ્ય આ પ્રમાણે: શેષ, વાસુકિ, કર્કોટક, શંખ ઐરાવત, કંબલ, ધનંજય, મહાનીલ, પદ્મ, અશ્વતર, તક્ષક, એલાપત્ર, મહાપદ્મ, ધૃતરાષ્ટ્ર, બલાહક, શંખપાળ, મહાશંખ, પુષ્પદંત, શુભાનન, શંકુસેમા, બહુલ, વામન, પાણિન, કપિલ, દુર્મુખ, પતંજાલ, કૂર્મ, કુલિક, અનંત, આર્યક, લોહિત, પદ્મચિત્ર વગેરે, અને મનસા નામની કન્યા હતી. સૂર્યના રથના ઘોડાની પુંછડી કાળી છે કે ધોળી એ વિશે એને અને એની શોક્ય વિનતાને શરત થઈ હતી. એના પુત્રોદ્વારા એ સરતમાં જીતવાથી એની શોક્ય એની દાસી બની હતી. (૧ વિનતા શબ્દ જુઓ).

આ કદ્રૂ અને એની બહેન વિનતા બે શોક્યો થતી. કશ્યપે પ્રસન્ન થઇને કહ્યું હતું કે કદ્રૂને હજાર પુત્ર થશે અને વિનતાને બે અતિ બળવાન પુત્ર થશે. પછી બન્ને ગર્ભવતી થઇ. વિનતાએ બે અને કદ્રૂએ હજાર ઇંડાં પ્રસવ્યાં. પાંચ હજાર વર્ષે કદ્રૂનાં ઇંડાં ફૂટયાં. તેમાંથી શેષ, વાસુકી, તક્ષક, કર્કોદક, ધનંજય, ઐરાવત આદિ નાગ નિકળ્યા. વિનતાએ અદેખાઈથી પોતાનું કાચું ઈંડું ફોડયું. એમાંથી ઘૂંટણ સુધી અંગવાળો, પાંગળો, લોહી નીગળતો પુત્ર નિકળ્યો, જે અરુણના નામથી ઓળખાય છે. કાચું ઈંડું ફોડવા સારુ પુત્રે એને શાપ દીધો કે તેં જેની અદેખાઇ કરી તેને જ ઘેર દાસી થઇને સહસ્ર અયન સુધી રહેજે.

એક સમયે કદ્રૂએ કપટથી વિનતાને કહ્યું કે ચાલ આપણે સૂર્યના ઘોડા જોઇએ. પછી ઘેર આવીને પુછવું કે સૂર્યના ઘોડાનું પુંછ કાળું હતું કે ધોળું? કદ્રૂ કહે કે જો ધોળું હોય તો હું હજાર અયન સુધી તારી, અને કાળું હોય તો હજાર અયન સુધી તું મારી દાસી થઇને રહે. કાલે સવારે આપણે નિશ્ચય કરીશું. પછી એણે પોતાના પુત્રો સર્પને કહ્યું કે જાઓ વિષથી સૂર્યના ઘોડાનું પુંછ કાળું કરો. એઓ કહે અમને સૂર્ય બાળી નાંખે. ગુસ્સે થઇને કદ્રૂએ કહ્યું જાઓ, તમને જનમેજય સત્ર કરીને બાળશે. પછી ભય પામીને બધા નાગ જઇને પુંછડાને વાળની જગાએ બાઝયા. બીજે દહાડે કદ્રૂએ વિનતાને કહ્યું કે બતાવ ધોળું કયાં છે? વિનતા જંખવાઈ ગઇ. કદ્રૂએ એને દાસી કરી પોતાને ત્યાં રાખી. એક હજાર વર્ષ પછી વિનતાનું બીજું ઇંડું ફુટયું, તેમાંથી સૂર્ય સરખો તેજસ્વી ગરુડ નિકળ્યો. એ તરત જ પોતાની માનું દર્શણ કરવા કદ્રૂને ત્યાં ગયો. માની દુર્દશા જોઇ ગરુડે કાંઇ માગવાનું કહ્યું. વિનતાએ કદ્રુના સામું જોયું, એટલે એ બોલી કે, જો તું મને અને મારા પુત્રોને અમૃત આણી આપે તો હું તારી માતાને મુક્ત કરું. પછી ગરુડે યુદ્ધ કરી ઈન્દ્ર પાસેથી અમૃત કળસ લીધો.

પણ એને ઈન્દ્રે સમજાવ્યો કે દૂષ્ટ નાગો અમર થશે તો સહુને પીડા કરશે. ગરુડે

કહ્યું હું કળસ લઇ જઇ નાગોને બતાવી દર્ભના વનમાં મુકીશ. ત્યાંથી તમે કોઇ ન જાણે એમ લઇ જજો. ગરુડે કળસને દર્ભના વનમાં મૂક્યો અને નાગોને કહ્યું સ્નાન કરીને પ્રાસન કરજો. નાગ નહાવા ગયા. કદ્રૂએ વિનતાને મુક્ત કરી. નાગ નહાઇને આવ્યા ત્યારે ઈન્દ્ર કળસ ચોરી ગયો હતો, તે ત્યાં મળે નહિં. સર્પો કળસ મુકયો હતો તે જગા ચાટવા લાગ્યા. આથી એમની જીભ ચીરાઇ ગઇ, અને અણી આગળથી બે પાંખાવાળી થઇ.

(**નર્મ કથાકોષ૦ પા૦ ૫૧-૫૩**)

કધ્મોર. એક રાજર્ષિ.

કનકાંગદ. ધૃતરાષ્ટ્ર રાજાના સોમાંનો એક પુત્ર.

કનકાયુ. ધૃતરાષ્ટ્ર રાજાના સો પુત્રમાંનો એક.

કનખલ. ભરતખંડમાંનું એક તીર્થ.

કનખલ (૨). એ નામનો એક પર્વત.

કન્યક. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

કન્યકા. દેવતા વિશેષ. (**ભાગ૦૧૦સ્કં૦ અ૦ ૨**).

કન્યકાગુણ. ભારતવર્ષીય ભરતખંડનો એક દેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કન્યાતીર્થ. ભરતખંડનું એક તીર્થ.

કન્યાશ્રમ. ભરતખંડનું એક તીર્થ.

કપ. દેવ વિશેષ. એણે પૂર્વે સ્વર્ગનું હરણ કર્યું હતું. પણ બ્રાહ્મણોએ ઇન્દ્રનો પક્ષ કરીને એનો નાશ કર્યો હતો. (**ભાર૦અનુ૦અ૦ ૧૫૭**).

કપટ. દનુપુત્ર એક દાનવ.

કપટ (૨). લંકાનો એક રાક્ષસ.

કપર્દી. સર્વદા મસ્તક ઉપર જટામુકુટ રાખવાને લીધે પડેલું મહાદેવનું એક નામ.

કપર્દેય. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કંપન. લંકાનો એક રાક્ષસ. એને અંગદે યુદ્ધમાં માર્યો હતો. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭૫-૭૬**).

કંપન. (૨) ભારતવર્ષીય એક નદી. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**). (**મત્સ્ય૦ અ૦ ૧૧૪.**)

કપાલમોચન. ઔશનસ તીર્થ. હત્યા કરવાને લીધે પછવાડી થએલું કપાળ અહીં નહાવાથી નાશ પામવાને લીધે પડેલું નામ.

કપાલિ. એક રુદ્ર. (એકાદશરુદ્ર શબ્દ જુઓ).

કપાલિ (૨). અષ્ટભૈરવમાંનો એક. એનું કુપતિ એવું બીજું નામ પણ છે.

કપિ. તામસ મન્વન્તરમાંના સપ્તર્ષિમાંનો એક.

કપિ (૨). ભરદ્વાજાંગિરસ વંશમાલિકામાંનો એક ઋષિ અને એનું કુળ.

કપિ (૩). (અંગિરા શબ્દ જુઓ).

કપિંજલ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

કપિંજલા. ભારતવર્ષીય ભરતખંડની એક નદી. (**ભા૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કપિંજલ્ય. ઈંદ્રપ્રમિતિ ઋષિનું બીજું નામ.

કપિધ્વજ. રથની ધ્વજા ઉપર હનુમાન-કપિ-હોવાથી પડેલું પાંડવ અર્જુનનું નામ.

કપિભૂ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

કપિલ. દેવહૂતીને કર્દમ પ્રજાપતિથી થએલો પુત્ર. એ મહામુનિ કહેવાય છે અને એની ગણના સિદ્ધ નામના દેવોમાં થાય છે. એ સાંખ્યશાસ્ત્રનો પ્રણેતા હતો. એણે પોતાની માતા દેવહૂતીને બ્રહ્મતત્વજ્ઞાનનો બોધ કર્યો હતો. (**ભાગ૦ ૩ સ્કં૦ અ૦ ૨૫-૩૩**). સગર રાજાના સાઠ હજાર પુત્રો એના જ કોપાગ્નિથી બળીને ભસ્મીભૂત થયા હતા; (સગર શબ્દ જુઓ). ગ્રંથોમાં એનું ચક્રધનુ એવું બીજું નામ પણ મળે છે. (**ભાર૦ ઉદ્યો૦ અ૦ ૧૦૯**).

કપિલ (૨). રુદ્ર ગણમાંનો એક.

કપિલ (૩). વિશ્વામિત્રના પુત્રોમાંનો એક. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કપિલ (૪). દનુપુત્ર એક દાનવ.

કપિલ (૫). કદ્રુપુત્ર એક નાગ.

કપિલ (૬). અશ્વશાસ્ત્રના પ્રણેતા શાલિહોત્ર ઋષિનો પિતા.

કપિલ (૭). વિંધ્યપર્વતમાં રહેનાર એક વાનર.

કપિલ (૮). સુતનુ નામની ભાર્યાથી થએલો વસુદેવનો પુત્ર. બે પુત્રમાંનો કનિષ્ટ.

કપિલ (૯). મેરુકર્ણિકા પર્વતમાંનો એક પર્વત.

કપિલ (૧૦). કુશદ્વીપના સપ્ત પર્વતમાંનો એક.

કપિલા. પ્રાચેતસ દક્ષની કન્યા અને કશ્યપ ઋષિની તેર સ્ત્રીઓમાંની એક.

કપિલા (૨). એક બ્રાહ્મણી, પંચશિખ ઋષિની માતા.

કપિલા (૩). ભારતવર્ષીય ભરતખંડની એક નદી. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કપિલાહ્રદ. વારાણસી ક્ષેત્રમાંનું એક તીર્થ.

કપિલાવટ. ભારતવર્ષીય તીર્થ.

કપિલાશ્વ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન કુવલાશ્વ રાજાના ત્રણ પુત્રોમાંનો એક. એને કવચિત ધૌંધુમારી પણ કહ્યો છે.

કપિલોદક. ભારતવર્ષીય એક તીર્થ.

કપિવતી. ભારતવર્ષીય એક નદી. (**વા૦ રા૦ અયોધ્યા૦ સ૦ ૭૧**).

કપિશ. દનુપુત્ર એક દાનવ.

કપિષ્ઠલ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

કપિસુખ. એક બ્રહ્મર્ષિ. (કૃષ્ણપરાશર શબ્દ જુઓ).

કપીતર. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

કપોતરેતસ. એક બ્રહ્મર્ષિ.(૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કપોતરોમા. સોમવંશી યદુકુળના સાત્વત રાજાના પુત્ર અંધકના વંશના વિલોમ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ અનુ હતું.

કપોતરોમા (૨). એક રાજર્ષિ. ઔશીનર શિબીનો પુત્ર. (**ભાર૦ વન૦ અ૦ ૧૯૭**).

કબંધ. દંડકારણ્યમાં રહેનાર એક અસુર. સ્થૂલશિરા નામના ઋષિના શાપને લઇને વિશ્વાવસુ ગંધર્વને આ યોનિ પ્રાપ્ત થઈ હતી. ઇંદ્રના વજ્રના પ્રહારથી એનું માથું ધડમાં પેશી ગયું હતું. આથી એની આંખો દેખાતી નહોતી. પણ એનો નિર્વાહ થવાના હેતુથી ભક્ષ મેળવવા સારુ એના હાથ યોજન યોજન લાંબા કર્યા હતા. ઇંદ્રે વર આપ્યો હતો કે તારા હાથમાં જે આવશે એ તારું ભક્ષ થશે. સીતાના શોધને સારુ ફરતા હતા ત્યારે એક સમયે રામ લક્ષ્મણ એના સપાટામાં આવી ગયા. રામ એના હાથ કાપતા હતા તે વખતે બન્નેની વચ્ચે બહુ બોલાચાલી થઈ હતી. જેવા રામે એના હાથ કાપ્યા, કે એના શરીરમાંથી એક દિવ્ય પુરુષ નિકળ્યો અને એણે રામની સ્તુતિ કરીને સીતાની ભાળ બતાવી; પછી પોતે સ્વર્ગમાં ગયો. (**ભા૦ વન૦ અ૦ ૨૭૯**). (**વા૦ રા૦ અર૦ સ૦ ૬૯–૭૩**).

કબંધી. બ્રહ્મવિદ્યાને અંગે **પિપ્પલા** ઋષિનો શિષ્ય.

કંબલ. કદ્રપુત્ર એક નાગ.

કંબલબર્હિષ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામઘ કુળના સાત્વત રાજાના પુત્ર અંધક રાજાના ચાર પુત્રોમાંનો કનિષ્ટ. એના પુત્રનું નામ અસમંજ.

કંબુગ્રીવ. ઇન્દ્રદેશના સુધન્વા રાજાનો પુત્ર.

કમલા. લક્ષ્મી.

કમલાયજિ. એક બ્રહ્મર્ષિ(૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કમલાલય. ભારતવર્ષીય ક્ષેત્ર વિશેષ.

કમલાક્ષ. ત્રિપુરમાંના સુવર્ણપુરનો અધિપતિ અસુર વિશેષ. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૨૦૨**).

કયાધુ. જંભાસુરની કન્યા અને હિરણ્યકશિપૂની સ્ત્રી. પ્રહ્લાદાદિક ચાર પુત્રોની માતા. એ જ્યારે પ્રથમ ગર્ભવતી હતી અને પ્રહ્લાદ પેટમાં હતો ત્યારે હિરણ્યકશિપુ તપ કરવા ગયો હતો. એ સંધીમાં ઇન્દ્રે આવીને દૈત્યોને હરાવ્યા અને કયાધુને લઇને સ્વર્ગમાં જતો હતો તેવામાં માર્ગમાં એને નારદ મળ્યા. નારદે ઇન્દ્રને કહ્યું કે એ બાઇના ઉદરમાં જે બાળક છે, તે વિષ્ણુતેજ વાળો હોઈ તારો દ્વેષી નથી. આમ કહી ઇન્દ્રની પાસેથી એને છોડાવીને ભાગીરથીને તીરે આશ્રમ કરીને રહ્યા અને બાઇને જ્ઞાનોપદેશ કર્યો. પ્રહ્લાદે આ ઉપદેશ ગર્ભમાં રહ્યે રહ્યે સાંભળ્યો અને પરિણામે મોટો ભગવદ્ભક્ત થયો. સ્ત્રી સ્વભાવને લઇને કયાધુ મુનિનો ઉપદેશ ભુલી ગઈ. પછી થોડે સમયે હિરણ્યકશિપુ અરણ્યમાંથી પાછો આવ્યો એટલે નારદે એને સોંપી દીધી; અને પોતે ફરવા નિકળી પડ્યા. (**ભા૦ ૬ સ્કં૦ અ૦૧૮**).

કરક. ભારતવર્ષીય દેશ. (**ભાર૦ ભીષ્મ૦અ૦૯**).

કરકર્ષ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામઘ કુળના રોમપાદવંશના શિશુપાળ રાજાના ચાર પુત્રો-

માંનો એક. ચેકિતાન યાદવ જોડે એને અત્યંત સ્નેહ હતો.

કરકાક્ષ. ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

કરટ. ભારતવર્ષીય એક દેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કરતોયા. ભારતવર્ષીય ભરતખંડની એક નદી. એનું બીજું નામ સદાનીરા છે. (વિંધ્ય શબ્દ જુઓ.)

કરંધમ. સૂર્યવંશી દિષ્ટકુળના ખનિનેત્ર રાજર્ષિનો પુત્ર, અવીક્ષિત રાજાનો પિતા, અને મરુત રાજાનો પિતામહ. (**ભાર૦ અનુ૦ અ૦ ૧૩૭**). એક સમયે કેટલાક રાજાઓએ મળીને એને અતિશય ઉપદ્રવ કર્યો હતો. એ ઉપરથી એણે પોતાના હાથ કંપિત કરીને સૈન્ય ઉત્પન્ન કર્યું. અને બધાનો પરાભવ કર્યો. આ ઉપરથી એનું મૂળ નામ સુવર્ચા એવું હતું છતાં આ નામ પડ્યું હતું. (**ભાર૦ અશ્વ૦ અ૦ ૧૬**).

કરંધમ (૨). યયાતિના પુત્ર **તુર્વસુના** કુળના ત્રિભાનુ રાજાનો પુત્ર. એને **મરુત** નામે પુત્ર હતો.

કરંભ. એક બ્રહ્મર્ષિ. (અગત્સ્ય શબ્દ જુઓ).

કરંભ (૨). દનુપુત્ર એક દાનવ. (રંભ કરંભ શબ્દ જુઓ.)

કરંભ (૩). ભારતવર્ષીય કરુષક દેશનો રાજા.

કરભાજન. ઋષભદેવના નવ સિદ્ધપુત્રોમાંનો એક. (ઋષભદેવ શબ્દ જુઓ).

કરંભિ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામઘકુળના કથવંશમાં થએલા શકુની રાજાનો પુત્ર. દેવરાત રાજાનો પિતા.

કરવીર. મેરુની આજુબાજુના પર્વતોમાંનો દક્ષિણ તરફનો પર્વત.

કરવીર (૨). ભારતવર્ષીય ભરતખંડનું એક ક્ષેત્ર. હાલ જેને કોલાપુર કહે છે તે.

કરવીરાક્ષ. પરવીરાક્ષ શબ્દ જુઓ.

કરહાટ. કટક શબ્દ જુઓ.

કરાલ. એક ગંધર્વ.

કરાલ (૨). લંકાનો એ નામનો રાક્ષસ.

કરાલ (૩). વિદેહ વંશનો એક જનક. વંશાવળીમાં એનું નામ નથી. વસિષ્ટ ઋષિની સાથે એને સંવાદ થયો હતો. (**ભાર૦શાંતિ૦અ૦૩૦૨**)

કરાલદંત. એક બ્રહ્મર્ષિ.

કરીત. ભારતવર્ષીય દેશ. (**ભા૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કરીરાશિ. એક બ્રહ્મર્ષિ.(૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કરીષ. એક બ્રહ્મર્ષિ (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કરીષક. ભારતવર્ષીય દેશ.

કરીષિણી. ભારતવર્ષીય નદી.

કરૂષ. કરૂષક શબ્દ જુઓ.

કરૂષક. સોમવંશી વૈવસ્વત મનૂના દસ પુત્રોમાંનો એક. એની સંતતિ કારુષક નામથી પ્રસિદ્ધ હતી. એમનું અધિપતિપણું ઉત્તરમાં હતું.

કરુષક (૨). ભારતવર્ષીય ભરતખંડનો એક દેશ મલદ દેશને લગતો છે. (**ભા૦ રા૦ બા૦ સ૦ ૨૪**) પૂર્વે ત્યાં કરંભ નામનો રાજા હતો. પરન્તુ પાંડવોના સમયમાં જરાસંધના પ્રધાન હંસ અને ડિંભક નામના બે સહોદરો ત્યાં રાજ્ય કરતા હતા. વૃદ્ધશર્મા રાજા અને તેનો પુત્ર દંતવક્ર એના જ ખોળે લીધેલા પુત્રો હતા (મલદ શબ્દ જુઓ).

કરેણુપાલિ. ગૌતમાંગિરસ માલિકામાંનો ઋષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

કરેણુમતી પંડુપુત્ર નકુલની સ્ત્રી. શિશુપાળની કન્યા. એના પુત્રનું નામ નિરમિત્ર.

કર્કખંડ. ભારતવર્ષીય દેશ. (**ભાર૦વન૦અ૦૨૫૪**).

કર્કોટ. કર્કોટક શબ્દ જુઓ. (**ભાર૦ મૌસલ૦ અ૦ ૪**).

કર્કોટક. કદ્રુપુત્ર એક નાગ. એ નારદના શાપને લીધે દવમાં બળતો હતો તેમાંથી નળ રાજાએ બહાર કાઢી એને ઉગાર્યો હતો. એના ઉપકારમાં એણે નળને દંશ કરીને કેવળ વિરુપ બનાવી દીધો હતો. કલિથી એને પીડા ન થાય અને વનવાસમાં એને કોઇ ઓળખે નહિ એ હેતુ હતો. વનવાસ પૂરો થતાં નળનું રૂપ પૂર્વવત્ કરીને એ સ્વસ્થાને ચાલ્યો ગયો હતો. (અનલ શબ્દ જુઓ)

કર્કોટક (૨). ભારતવર્ષીય દેશ. **ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯૭**).

કર્ણ. વસુદેવની બહેન પૃથા–જેનું નામ કુંતી પણ હતું, તેની કુખે સૂર્યના મંત્રપ્રભાવથી, એ જ્યારે કૌમાર અવસ્થામાં હતી ત્યારે, થએલો પુત્ર. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૧૧**). એના જન્મ વખતે કુંતીનું લગ્ન થયું નહોતું, એથી એને ઘણી જ લજ્જા આવી અને થએલા આ પુત્રનું નાળ છેદન કર્યા વગર એક પેટીમાં મુકી અશ્વનદીમાં તરતી મુકી. (કુંતી શબ્દ જુઓ). નદીના પ્રવાહમાં તરતી તરતી પેટી જતી હતી તેવામાં, યયાતિના પુત્ર અનુરાજ્ઞના કુળના સત્કર્મો અથવા સત્યકર્મોના અધિરથ નામના પુત્રના જોવામાં આવી. એણે એ પેટી લીધી અને એમાં શું હશે તે જોવા ઉઘાડી. માંહી સુંદર બાળક દૃષ્ટિએ પડ્યું. આ અધિરથ તે વેળા સંતતિ રહિત હોવાથી આ બાળકને જોઇને એને ઘણો જ આનંદ થયો. એ બાળકને પોતાને ઘેર લઇ ગયો અને તેને પોતાની રાધા નામની સ્ત્રીને આપ્યો. રાધાને પણ પરમ હર્ષ થયો. એણે પોતાના પતિ પાસે એનો નાળ વધેરાવી તેનું જાતકર્મ કરાવ્યું અને એ પુત્રનું નામ વસુષેણ પાડ્યું. (**ભા૨૦ વન૦ અ૦ ૩૦૬**).

દિવસે દિવસે વસુષેણ મોટો થતો હતો. રાધાને પોતાને ત્યાર પછી પુત્ર થયો એનું નામ રાધેય પાડ્યું હતું. ધાર્તરાષ્ટ્રો અને પાંડવો દ્રોણાચાર્ય પાસે ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતા હતા. ત્યાં બીજા પણ દેશદેશના રાજપુત્રો અભ્યાસ કરવા જાય છે, એ અધિરથે જાણ્યું એટલે તેણે ઉમ્મરે મોટા થએલા વસુષેણ અને રાધેયને પણ દ્રોણાચાર્ય પાસે અભ્યાસ સારુ મુક્યા. પોતાના ભાઇ સાથે અભ્યાસ કરતાં કરતાં વસુષેણ અર્જુનની હારનો થઇ પડ્યો. અર્જુન જે જે અસ્ત્ર, જેવી જેવી રીતે વાપરે તે તે અસ્ત્ર એ પણ વાપરે અને સમયે સમયે અર્જુન કરતાં વિશેષતા પણ બતાવે. આમ થવાથી એ અને અર્જુન બન્ને વચ્ચે વિરોધ ઉત્પન્ન થયો. આથી દુર્યોધનને આનંદ થયો અને તેણે વસુષેણ ઉપર અત્યંત મમતા બતાવવા માંડી. વસુષેણ પણ દુર્યોધન ઉપર મમતા રાખતો એટલે દુર્યોધને એને પોતાના આશ્રયમાં લીધો.

કેટલેક કાળે યુદ્ધ પ્રસંગવશાત્ વસુષેણને જરાસંધ સાથે સ્નેહભાવ થયો. આ વાત જાણી એટલે સમય ઉપર આ આપણને વિશેષ ઉપયોગી થઇ પડશે ધારી દુર્યોધને વસુષેણને અંગદેશનું આધિપત્ય આપ્યું. (**ભા૨૦ આ૦ આદિ૦ ૧૩૬**.)

વસુષેણ જબરો સૂર્યોપાસક હતો, અને સૂર્યના મંત્ર પ્રભાવે જ જન્મ્યો હતો, તેથી સૂર્ય એના ઉપર પુત્ર પ્રમાણે ભાવ રાખતો. એક વખત બ્રાહ્મણનું રૂપ લેઇને સૂર્ય એની પાસે આવ્યો. એણે કહ્યું કે ઇન્દ્ર તારી પાસે બ્રાહ્મણનું રૂપ લઇને આવીને તારાં કવચ અને કુંડલો માગશે; પણ તું તે એને આપીશ નહિ. વસુષેણ જ્યારે જન્મ્યો ત્યારે એના શરીર પર કવચ અને કાનોમાં દેદીપ્યમાન કુંડલો સહિત જન્મ્યો હતો. આ કવચ અને આ કુંડળો ન આપવાને સૂર્ય સમજાવતો હતો. પરન્તુ એણે કહ્યું કે બ્રાહ્મણ મારી પાસે માગે અને હું ન આપું એમ કદી બનનાર નથી. પછી તે વેશધારી બ્રાહ્મણ હોય તોએ શું થયું? સૂર્યે કહ્યું કે તું જ્યારે હું કહું છું તે માન્ય કરતો નથી તો એટલું તો કરજે જ કે કવચ કુંડળો આપતી વખત એની પાસેથી એક અમોઘ શક્તિ (એક અસ્ત્રવિશેષ) માગી લેજે. એથી તારું પુષ્કળ હિત થશે. એણે ભલે એમ કરીશ કહેતાં સૂર્ય અંતર્ધાન થયો. (**ભા૨૦ વન૦ અ૦ ૩૦૦–૩૦૨**).

આ વાતને કેટલાક દિવસ વિત્યા એટલે બ્રાહ્મણ વેષે ઇન્દ્ર એની પાસે આવ્યો અને કવચ કુંડળોની યાચના કરી. વસુષેણને પેલા બ્રાહ્મણે કહેલું યાદ આવ્યું અને એણે

એની પાસે અમોઘશક્તિ માગી લીધી. અને પોતાના શરીર પરથી કવચ કુંડળો કાતરી આપ્યાં; આથી એનું નામ કર્ણ પડ્યું. (**ભા૨૦ વન૦ અ૦ ૩૧૦**).

કવચ કુંડળો ગયા પછી વસુષેણના મનમાં આવ્યું કે હું જામદગ્ન્યરામ–પરશુરામ–પાસે જઇ વિશેષ વિદ્યા સંપાદન કરું. તેથી પોતે તેમની પાસે ગયો. હું બ્રાહ્મણ છું એવું અસત્ય બોલીને એમની પાસેથી અસ્ત્રવિદ્યા શિખવા ત્યાં રહ્યો. પરશુરામ ભીષ્મ શિવાય બીજા કોઈ પણ ક્ષત્રિને વિદ્યા શિખવતા નહિ માટે એણે કહ્યું કે હું બ્રાહ્મણ છું. પરંતુ એનું આ કપટ ઘણા કાળ સુધી છાનું રહ્યું નહિ. એવું બન્યું કે એકદા પરશુરામ વસુષેણના ખોળામાં માથું મુકીને નિદ્રિત થયા હતા; ત્યારે તિક્ષ્ણ કીટયોનિ પામેલા એક દૈત્યે એની સાથળ કોરવા માંડી. તેણે કરીને એને બહુ જ વેદના થઈ, પણ ગુરુ નિદ્રા કરતા હતા તેમાં ખલેલ ન પહોંચે માટે ધૈર્ય ધારણ કરીને એ બોલ્યા ચાલ્યા વગર બેસી રહ્યો. એને નીકળતા લોહીનો પ્રવાહ ચાલ્યો અને ગુરુના મસ્તકને ઉનું લાગવાથી તે જાગી ઉઠ્યા. જુએ છે તો આની સાથળમાં મોટે મોટું કાણું પાડ્યું હતું. અને તેમાંથી લોહી વહેતું હતું. આવી ગુરુભક્તિ જોઇ પરશુરામ એના ઉપર અતિ પ્રસન્ન થવા જોઇતા હતા, તે ન થતાં, એમના મનમાં શંકા ઉત્પન્ન થઇ કે આ બ્રાહ્મણ નથી. પરશુરામે વિચાર્યું કે આટલી બધી વેદના છતાં પણ એ લગીર હાલ્યો ચાલ્યો નહિ, માટે એ કોમળ હૃદયવાળો બ્રાહ્મણ નહિ, પણ વજ્રતુલ્ય હૃદયવાળો ક્ષત્રિ જ હોવો જોઇએ. એમણે પુછ્યું કે ખરું કહે, તું કોણ છે? વસુષેણે હાથ જોડી નમ્રતાથી કહ્યું કે, હું સૂતપુત્ર છું. (બ્રાહ્મણીને પેટે ક્ષત્રિથી પુત્ર ઉત્પન્ન થાય તે સૂત, અને એનો પુત્ર તે સૂતપુત્ર) પરશુરામ કહે ત્યારે તેં હું બ્રાહ્મણ છું એમ શા ઉપરથી કહ્યું? વસુષેણ કહે, કે ગુરુ એ શિષ્યના પિતા જ છે, માટે ગુરુની જાતિ તે શિષ્યની એમ સમજી, મેં હું બ્રાહ્મણ છું એમ કહ્યું. આ સાંભળીને રામ કાંઈ વિશેષ બોલ્યા નહિ. પણ કહ્યું કે જા, જે વિદ્યા તું અહીં ભણ્યો છે તે યુદ્ધ પ્રસંગે તને સૂઝશે નહિ. તું અહીંથી સત્વર ચાલ્યો જા! આ સાંભળીને એ અંતઃકરણમાં ખિન્ન થઇ, ત્યાંથી દુર્યોધન પાસે ગયો અને કહ્યું કે હું વિદ્યા સંપાદન કરી આવ્યો. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૬૮**)

આમ જ એ એક સમયે શિકાર કરવા ગયો હતો. ત્યાં અનેક પશુઓને મારતાં મારતાં, એનું બાણ ચુકીને એક બ્રાહ્મણની હોમધેનુ ચરતી હતી તેને વાગ્યું, તેથી તે મરી ગઇ. આ ઉપરથી એને અત્યંત ખેદ થયો અને ગાયના માલીક બ્રાહ્મણ પાસે જઇને મારાથી થએલો આ અપરાધ ક્ષમા કરો અને એ ગાયને બદલે તમે માગો તેટલી બીજી ગાયો આપું તે લો એમ કહ્યું. પણ તે બ્રાહ્મણે કબુલ ન રાખતાં એને શાપ આપ્યો કે જા યુદ્ધ પ્રસંગે તારા રથનું પૈડું જમીનમાં કળી જશે. કુંકામાં અર્જુનથી ચઢીઆતો થવાને એ જે જે પ્રયત્ન કરતો હતો, તેમાં નિષ્ફળ જઇ ઉલટી એને હાની જ થતી હતી.

પાંડવો જ્યારે વનવાસમાં હતા ત્યારે આને જોડે લઇને ઘોષયાત્રાને બહાને દુર્યોધન પાંડવો હતા તે વનમાં તેમનો છળ કરવા ગયો હતો, ત્યારે પણ ગાંધર્વોએ કર્ણને હરાવ્યો હતો. (**ભા૨૦ વન૦ અ૦ ૨૪૧**).

એક વખત દુર્યોધન, દુઃશાસન, શકુનિ અને વસુષેણ એકઠા બેશીને પાંડવોની નિંદા કરતા હતા. તે સાંભળીને ભીષ્મને એટલો ક્રોધ ચઢ્યો કે તેમણે એ બધાની ધૂળ કાઢી નાંખી, અને તુચ્છકારી નાંખ્યા. આથી આને ઘણી ઇર્ષા ઉત્પન્ન થઈ અને હું પણ કાંઇ છું એ બતાવવા દિગ્વિજય કરવા ગયો અને અપરિમિત દ્રવ્ય લઇ આવ્યો. એ દ્રવ્ય દુર્યોધનને આપી

એની પાસે વિષ્ણુયાગ કરાવ્યો (૨ દુર્યોધન શબ્દ જુઓ). અજ્ઞાતવસ્થામાંથી પાંડવો પ્રગટ થયા પછી યુધિષ્ટિરે કૃષ્ણને દુર્યોધન પાસે સામ કરવા મોકલ્યા. તે ઉપરથી કૃષ્ણે ત્યાં જઇ દુર્યોધનને ઘણે પ્રકારે બોધ કર્યો કે યુદ્ધ કરવું એ ઠીક નથી; કારણ તેમાં ઘણા જણનો નાશ થશે. માટે પાંડવોનો યથાયોગ્ય જે ભાગ હોય તે આપીને સુખમાં રહો. કૃષ્ણના બોધને ભીષ્મ, દ્રોણ, વિદુર, ધૃતરાષ્ટ્ર, અને ગાંધારી એ બધાંની સંમતી હતી પણ તે દુર્યોધને કાને ધર્યો જ નહિ. છેવટ પોતાનો પ્રયત્ન સફળ ન થયો જોઇને કૃષ્ણ યુધિષ્ટિર પાસે પાછા જવા નિકળ્યા. તે વખત ભીષ્માદિક મંડળ તેમને વળાવવા નગર બહાર ઘણે દૂર સુધી આવ્યું. એમાં કર્ણ પણ આવ્યો હતો. પછી બધા ઘણે દૂર આવ્યા જોઇને કૃષ્ણે કર્ણ શિવાય બધાને પાછા વાળ્યા. અને કર્ણને પોતાના રથમાં લેઇને તેને કહેવા લાગ્યા કે:—

કર્ણ હું જે કહું છું તે સાવધાન થઇને સાંભળ! તેં દુર્યોધનનો આશ્રય કર્યો છે એ વાત ખરી; પરંતુ વાસ્તવિક રીતે તું એના પક્ષનો નથી. તારો જન્મ કુંતીને પેટે થએલો હોવાથી તું યુધિષ્ટિરનો મોટો ભાઈ છે. અમારું વૃષ્ણિકુળ એ તારી માતાનાં પિઅેરીઆં, અને સઘળા પાંડવો એ તારા ભાઇઓ છે. તું એમનો મોટો ભાઇ છે એમ જ્યારે યુધિષ્ટિરને ખબર પડશે, ત્યારે તે લાગલા જ એટલા પ્રસન્ન થશે કે બધા બંધુઓ સહિત તારા સેવક જ બની રહેશે. હાલ જેમ બીજા ભાઇઓની દ્રૌપદી સેવા કરે છે, તેમ તે તારી પણ કરશે. માટે મારું કહ્યું માનીને તું પાંડવો પાસે ચાલ. કૃષ્ણ આ પ્રમાણે કહીને થોભ્યા, એટલે કર્ણે કહ્યું કે કૃષ્ણ! તમે જે જે કહ્યું તે ખરું હોઇ મને પણ વિદિત છે. પરંતુ તેનો હવે શો ઉપયોગ? કુંતીએ મારો ત્યાગ કર્યો અને અધિરથે મને પાળ્યો. રાધાએ મને ધવરાવ્યો, અને મારાં મળમૂત્ર ધોયાં. એને નામે લોક મને રાધેય તરીકે ઓળખે છે. વળી અધિરથે મારાં લગ્ન કર્યાં છે, એટલું જ નહિ પણ મારે સંતતિ પણ થઇ છે. બીજું, તમે જુઓ છો કે દુર્યોધને મારા બળ ઉપર ઝૂઝીને પાંડવોનો દ્વેષ કર્યો છે. હું એને હવે શી રીતે તજું? એણે જે હાલ યુદ્ધની તૈયારી કરી છે તે મારા વિશ્વાસથી કરી છે. હું જો એનો વિશ્વાસઘાત કરું, તો લોક મને શું કહેશે? બીજું તો શું, તમે ધરાધરી મારું ભુંડું બોલશો. માટે પાંડવો પાસે હવે આવવું એ મને શ્રેયસ્કર નથી. મને હવે કાંઈ વધારે ન કહેતાં તમે પાંડવો પાસે જાઓ અને યુદ્ધની તૈયારી કરો. યુદ્ધ થતાં આ સર્વ ઉન્મત્ત ક્ષત્રિયો કપાઇ જશે; અને મરીને સ્વર્ગે જશે. દુર્યોધન પણ પરમદુષ્ટ છે. એ જો યુદ્ધમાં મરશે તો પૃથ્વીપર અધિક પાપ થતું અટકશે. એ જો ઉગરશે તો અધર્મની જ વૃદ્ધિ થશે. આ બધું મનમાં વિચારો. મારી અને તમારી વચ્ચે થએલી આ વાત યુધિષ્ટિરને તમે લગીરે પણ જણાવશો નહિ. જો જણાવશો તો એ બિલકુલ યુદ્ધની ઇચ્છા જ નહિ કરે. માટે આ બધી વાત ગુપ્ત રાખજો. આ યુદ્ધ કરીને પાંડવો જય પામો, એ જ મારી ઇચ્છા છે. આ પ્રમાણે કહી રહ્યા પછી કૃષ્ણ અને કર્ણ પરસ્પર આલિંગન કરી છૂટા પડ્યા. કર્ણ કૃષ્ણના રથમાંથી ઉતરી પોતાના રથે આરુઢ થઈ હસ્તિનાપુરમાં પાછો ગયો (**ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૪૨-૧૪૩**).

પાંડવ અને કૌરવ બન્ને પક્ષે સૈન્ય મેળાવો કરવા માંડ્યો. સૈન્ય એકઠાં થયાં અને હવે થોડા સમયમાં જ યુદ્ધનો આરંભ થશે જાણીને કુંતીના મનમાં તીવ્ર ઇચ્છા થઇ કે કર્ણ આ યુદ્ધમાં મરાય નહિ અને પાંડવોના પક્ષમાં આવે. એ હેતુથી પોતે ગુપ્ત રીતે કર્ણ પાસે ગઇ અને તું મારો પુત્ર છે, માટે અમારા ભેગો આવ એમ કહ્યું. કર્ણે કહ્યું તેં પોતાની લાજ જાળવવા ખાતર મારો ત્યાગ કર્યો,

તારું તો સારું જ થયું, પણ મારો જન્મ વૃથા ગયો. હું ઉત્તમ ક્ષત્રિય કુળમાં જન્મેલો છતાં મારો ત્યાગ કરવાથી મને ક્ષત્રિય કુળના ઉત્તમ સંસ્કાર પ્રાપ્ત ન થયા. હું સૂતના પુત્ર તરીકે ઉછર્યો. માટે કાંઇ વિશેષ ન કહેતાં તું પાછી જા. મેં યુદ્ધનો નિશ્ચય કર્યો તે કર્યો જ. હવે પાંડવો મને મારશે, કે હું તેમને મારીશ; આ શિવાય બીજું કાંઇ બનશે નહિ. કર્ણનો આવો નિશ્ચય જોઇને કુંતીએ કહ્યું કે ધનુર્વિદ્યામાં અર્જુન તારો બરોબરીઓ છે તેવા બીજા પાંડવો નથી. તેથી યુદ્ધમાં તું બીજા પાંડવોને હાથે મરાઇશ નહિ. મારું કહ્યું આટલું તો માન. કર્ણે કુંતીનું કહેવું માન્ય કર્યું અને એને વિદાય કરી. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૪૪-૧૪૬**).

પછી જ્યારે કૌરવ-પાંડવોનાં સૈન્ય રણભૂમી પર આવ્યાં અને ભીષ્મને સેનાધિપતિપણું મળ્યું ત્યારથી દસ દિવસ સુધી યુદ્ધ થયું તેમાં કર્ણે બીલકુલ શસ્ત્ર ધારણ જ કર્યાં નહિ; કેમકે એણે પ્રતિજ્ઞા કરી હતી કે ભીષ્મ હશે ત્યાં સુધી હું યુદ્ધ નહિ કરું. ભીષ્મના પડ્યા પછી દ્રોણાચાર્યે સેનાપતિપણું સ્વીકારી, પાંચ દિવસ યુદ્ધ ચલાવ્યું તેમાં કર્ણે ઠીક યુદ્ધ કર્યું. દ્રોણાચાર્ય પણ પડ્યા એટલે સોળમે દિવસે દુર્યોધને કર્ણને સેનાપતિ કરાવ્યો. સોળમે દિવસે તો કર્ણે મહા આવેશથી યુદ્ધ મચાવ્યું. પણ સૂર્યાસ્ત થતાં પોતાને મનપસંદ સારથિ નહોતો એ વિશે વિચાર કરતો પોતાના તંબુમાં બેઠો હતો ત્યાં દુર્યોધન આવ્યો. એણે બહુ સારી રીતે યુદ્ધ કર્યું એમ કહીને હવે આવતી કાલે પણ આવા જ ઉત્સાહથી યુદ્ધ કરી પાંડવોને મરણ પમાડ. મારો બધો આધાર તારા ઉપર છે, એવું કહ્યું. કર્ણ કહે એ તો હું કરીશ, પણ મારે જોઇએ એવા સારથિની ખોટ છે. પાંડવ સૈન્યમાં અર્જુનના સારથિ કૃષ્ણ પોતે થયા છે. એની કુશળતાની બરાબરી કરે એવો આપણા સૈન્યમાં હું માત્ર શલ્ય શિવાય બીજાને દેખતો નથી. જો શલ્યરાજા મારા સારથિ થવાનું સ્વીકારે તો નિઃસંશય હું આવતી કાલે પાંડવોને મારી તને રાજ્યાભિષેક કરીશ; એમ નહિ બને, તો હું જાતે મરીશ.

આ ઉપરથી કર્ણને સાથે લઇને દુર્યોધન લાગલો જ શલ્યના તંબુએ ગયો અને મારી કાંઈ વિનતિ છે એમ બોલ્યો. શલ્ય કહે બોલો. દુર્યોધન કહે આપ કૃપા કરીને કાલનો દિવસ કર્ણનું સારથિપણું સ્વીકારશો તો ઉત્તમ. કારણ કૃષ્ણ કરતાં પણ આપ એ કામમાં વધારે કુશળ છો. માટે મારી આ વિનતિ માન્ય કરો તો કૃપા. આ સાંભળીને શલ્યને અનિવાર ક્રોધ ઉત્પન્ન થયો અને પોતે રીસાઇને દુર્યોધન પ્રત્યે બોલ્યો કે, મને લાગે છે કે તેં મને અહીં બોલાવ્યો તે મારું આવું અપમાન કરવા! હું અભિષિક્ત રાજા હોઇને સારથિપણું અને તે પણ સૂતપુત્રનું સારથિપણું કરું? હું સ્વતંત્રપણે જ યુદ્ધ કરીને પાંડવોને મારવા સમર્થ છઉં તો મને તેમ કરવાનું કહેવાને બદલે, કર્ણનું સારથિપણું કરવાનું કહે છે! મારે તારા યુદ્ધની ગરજ નથી. હું હાલ જ મારે મદ્રદેશ જવા નિકળું છઉં, યાદ રાખજે. દુર્યોધન ભયભિત થઇ દીનતાથી કહેવા લાગ્યો કે મને ખબર જ છે કે આપ જાતે જ પાંડવોને મારવા સમર્થ છો. પણ કેવળ નિરુપાય હોવાથી જ આપની આવી વિનતિ કરવી પડી છે. તેથી આપ ક્રોધ ન કરતાં મારા રહામું જોઇ જે કરવું ઘટે તે કરો. આથી શલ્ય કાંઇ શાંત પડ્યો, અને બોલ્યો કે વારુ, હું સારથિ બનું તો, હું સારું નઠારું જે કહું તે કર્ણે સાંખવું પડશે. કર્ણે એ વાત કબૂલ રાખી અને સઘળા પોતપોતાના તંબુમાં ગયા. (**ભા૨૦ કર્ણ૦ અ૦ ૩૨**).

બીજે દિવસે વચન આપ્યા પ્રમાણે શલ્ય આવીને કર્ણના રથ ઉપર સારથિ થઇને બેઠો. આથી ઘણો જ આનંદ પામી કર્ણ રથારૂઢ થઇ યુદ્ધ કરવા લાગ્યો. એણે ઘણી સેનાને મારીને ત્રાસ પમાડ્યો. પણ અર્જુન દેખાતો નહોતો

માટે વારંવાર પુછતો હતો કે અર્જુન ક્યાં છે, અર્જુન ક્યાં છે. આ જોઇને શલ્યે એને કહ્યું કે કર્ણ ! અર્જુનને તું હવે સત્વર જોઇશ ! પણ જે વેળા એ તારી દૃષ્ટિએ પડશે, ત્યારે તારૂં ધૈર્ય આટલું રહેશે કે નહિ એ શંકા છે. અરે, અર્જુન તે અર્જુન જ. એનો બરોબરી-ઓ એ પોતે જ. એ મનમાં સમજી રાખજે. મને કહે જોઇએ, પાંડવો વનવાસમાં હતા ત્યારે ગંધર્વોએ દુર્યોધનને બાંધ્યો હતો તે વખતે તું ત્યાં હોવા છતાં એને કોણે છોડાવ્યો હતો ? તેં કે અર્જુને ? વળી વિરાટનગરીમાં ઉત્તર–ગોગ્રહણ વખતે તું ત્યાં હાજર હતો કે નહિ ? જો હતો તો ત્યાંથી કેમ નાસી આવ્યો ? અરે, મહાયોદ્ધો અર્જુન ક્યાં, અને એક તુચ્છ મગતરાં જેવો તું ક્યાં, એનો વિચાર કરીને બોલ ! વૃથા અર્જુન ક્યાં, અર્જુન ક્યાં, એમ શું બબડે છે ? એમાં શું તાત્પર્ય ?

શલ્યની આવી મર્મભેદક વાણી સાંભળી કર્ણને ક્રોધ આવ્યો. પણ જો પોતે કાંઇ અધિક બોલે છે તો શલ્ય સારથિપણું તજી દે, એ બીકે થોડીવાર સ્તબ્ધ થઇને ચૂપ રહ્યો. છતાં એનાથી બોલ્યા વગર રહેવાયું નહિ. એ શલ્ય પ્રતિ બોલ્યો કે:—શલ્ય, તેં મને જે કાંઇ કહ્યું, તેમાં તારો દોષ નથી. પરંતુ જે મદ્રદેશનો તું રાજા હોઇ ત્યાંની પ્રજા પાસેથી ષષ્ઠાંશ લઇ તે ઉપર ઉપજીવિકા કરે છે તેનો વાંક છે.

आमत्स्येभ्यः कुरुपांचालदेश्या आनैमिष्याच्चेदयोयेविशिष्टाः ॥
धर्मं पुराणमुपजीवंति संतो मद्राहते पांचनदांश्चजिह्मान् ॥१६॥
त्वं तस्यगोप्ता च जनस्य राजा षड्वांगहर्ता शुभदुष्कृतस्य ॥

(ભા૨૦ કર્ણ૦ અ૦ ૪૫).

કર્ણ કહે હિમાલય ઉપગિરિ, ગંગા, સરસ્વતી, યમુના અને કુરુક્ષેત્ર એ પાંચની બહારના પ્રદેશને, તેમ જ શતદ્રુ, વિપાશા, ઇરાવતી, ચંદ્રભાગા, વિતસ્તા, અને સિંધુ આ છ નદીઓની વચ્ચેના પ્રદેશને "વાહીક અરટ્ટ" એ નામ કહેવાય છે. એવા પ્રદેશમાં આર્ય લોકોએ બે દિવસ પણ રહેવું ન જોઇએ. પણ શલ્ય ! તું પ્રથમ વર્ગના પ્રદેશમાં રહેનારો છે. તારો દેશ બહિષ્કૃત ગણાયેલો એટલે તાજ્ય છે, એને માટે તો શું વધારે કહેવાની જરૂર. (વાહીક શબ્દ જુઓ.) વળી તારા દેશના લોકો પણ અહુધા સંસ્કાર રહિત, ગોળનો દારુ પિનારા, એમના આંગણામાં ડાબા જમણી સુરાપાત્ર અને ગોવધને સારૂ નિર્માણ કરેલી જગાઓ હોય છે એવા હોય છે. વળી તારા દેશની સ્ત્રીઓ વસ્ત્રવિહીન નૃત્ય અને ગાન કરનારી અને બહાર ખુલ્લામાં આંગણે બેશી શરીરે પુષ્પાદિ ધારણ કરનારી બેશરમ હોય છે. વળી તારા દેશની સ્ત્રીઓ ઇચ્છામાં આવે તેની સાથે મૈથુન કરનારી હોય છે.

क्षत्रियस्य मलंभैक्षं ब्राह्मणस्यावतंमलम् ॥
मलं पृथिव्या वाहीकाः स्त्रीणां मद्रास्त्रियो मलम् ॥२३॥

(ભા૨૦ કર્ણ૦ અ૦ ૪૪)

એટલું જ નહિ, પણ તારા દેશમાં ગધેડાં, ખચ્ચર, અને ઉંટ ઉપર સ્વારી કરવી; મેંઢાં, ડુક્કર, અને કુકડાનું માંસ અને શેકેલા સાથવા ખાવા, અને ગધેડી, મેંઢી અને ઉંટડીનું દૂધ પીવું, આ બધુ નિત્યની પેઠે જ ચાલુ. વળી તારા દેશના લોકોની નફટાઇ કેટલી ! એમ કહેવું કે અમે કરીએ છીએ એમ જેઓ કરતા નથી તેમના જન્મ વ્યર્થ છે ! શલ્ય ! શું વધારે કહું ? પ્રસ્થળ, ગાંધાર, અરટ્ટ, ખશ, વસાતી, સિંધુ, સૌવીર, કારસ્કર, માહિષક, કલિંગ, કેરલ, કર્કોટક, વીરક, જર્તિક એ બધા દેશની પેઠે તારો પોતાનો મદ્રદેશ પણ કુત્સિત હોવાને લીધે તું મદ્રદેશાધિપતિ એટલે તું એ કુત્સિત. અને

માટે જ તું મારી સાથે કુત્સિત ભાષણ કરે છે.

मानुषाणां मलं म्लेच्छं म्लेच्छानामौष्ट्रिका मलम् ॥
औष्ट्रिकाणां मलं षंढाः षंढानां क्षुद्रयाजकाः
क्षुद्रयाजक याज्यानां मद्रकाणां च यन्मलम्॥
तज्ञवेद्वै तव मलं यद्यस्मात्र विमुंचसि॥२५॥

(ભા૨૦ કર્ણ૦ અ૦ ૪૪)

વળી.

मद्रके संगतं नास्ति हतं वृश्चिक ते विषम्॥
आथर्वणेनमंत्रेण यथा शांतिः कृतामया॥३३॥
इति वृश्चिकदष्टस्य विषवेगहतस्यच ॥
कुर्वन्ति भेषजं प्राज्ञाः सत्यं तच्चापिदृश्यते॥

(ભા૨૦ કર્ણ૦ અ૦ ૪૦).

મદ્રદેશની સંગત કરવી એ અયોગ્ય છે માટે હે વૃશ્ચિક તારા કરડેલા મનુષ્યનું ઝેર ઉતરો, આવા અથર્વણમંત્રવડે મંત્રિકો વિષ ઉતારે છે, તે બો શલ્ય તારી વર્તણુક ઉપરથી મને સત્ય જ જણાય છે. પોતાને નિરર્થક કહેલાં હલકાં વચનોથી ગુસ્સે થઈ કર્ણથી આટલું બોલ્યા વગર રહેવાયું નહિ. આમ બોલી ને એ છાનો રહ્યો કે શલ્યે કહ્યું:—કર્ણ તારા અંગદેશની વાત કેમ ભૂલી જાય છે ? તારા લોકો માંદા માણસનો પરિત્યાગ કરે છે, અને પોતાની સ્ત્રીઓ અને બાળકોને વેચે છે. આવાં હીણ કર્મો તારા દેશમાં થતાં હોવાથી જો તું પણ એવો નઠારો હોય, તો હું મારા દેશના વ્યવહાર વડે નઠારો હોઉં. પણ એ વાસ્તવિક નથી. દેશના વ્યવહાર ઉપરથી રાજાને વગોવવો એ યથાર્થ નથી. વળી પ્રજામાં કોઇએ કાંઇ કુત્સિત કર્યું, માટે સઘળી પ્રજાને વગોવવી એ પણ વાજબી નથી. માટે મારા વિષે તેં જે જે કહ્યું છે, તે મને લાગુ પડતું નથી; તેમ મારી બધી પ્રજાને એ લાગું પડતું નથી.

आतुराणां परित्यागः स्वदारसुतविक्रयः ॥
अंगे प्रवर्तते कर्ण येषामधिपतिर्भवान् ॥४०॥
सर्वत्र ब्राह्मणाः संति संति सर्वत्र क्षत्रियाः ॥
वैश्याः शूद्रास्तथा कर्ण स्त्रियः साध्व्यश्च सुव्रताः॥ ४२ ॥
रमंते चोपहासेन पुरुषाः पुरुषैः सह ॥
अन्योन्यमवरक्षंतो देशे देशे समैथुनाः॥४२॥
सर्वत्र संति राजानः स्वं स्वं धर्ममनुव्रताः॥
दुर्मनुष्यान्निगृह्णंति संति सर्वत्र धार्मिकाः॥४५
न कर्ण देश सामान्यास्सर्वपापं निषेवते ॥

(ભા૨૦ કર્ણ૦ અ૦ ૪૪)

બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય, શૂદ્ર અને સાધ્વી સ્ત્રીઓ અને પોતાનો સ્વધર્મ પાળીને દુષ્ટ મનુષ્યોને નિગ્રહ કરનારા ધાર્મિક રાજા સર્વત્ર હોય છે. માટે કર્ણ તારૂં કહેવું એક દેશી જ છે. આમ આ બન્નેની ટપાટપી ચાલતી હતી તેવામાં દુર્યોધન ત્યાં આવી પહોંચ્યો અને બોલ્યો કે આ સમય આપ બન્નેનો વાદ કરવા યોગ્ય નથી. મારા હિત તરફ જ લક્ષ રાખો. તે ઉપરથી કર્ણે શલ્યને કહ્યું કે જ્યાં યુધિષ્ઠિર અને ભીમ હોય ત્યાં મારો રથ લઇ જાઓ. શલ્ય તેમની આગળ રથ લઈ ગયો કે કર્ણે ઘણું જ અનિવાર્ય યુદ્ધ કર્યું. એણે શતાવધિ રથીઓને મારી નાંખ્યા. યુધિષ્ઠિર, સહદેવ, નકુળ વગેરેને એણે એમના ગળામાં ધનુષ્ય ઘાલીને પોતાની આગળ ખેંચી આણ્યા પણ તે વખતે જ પોતે કુંતીને વચન આપ્યું હતું તે યાદ આવતાં છોડી દીધા. ભીમ એની આગળ આવ્યો એને કહ્યું, તું માત્ર ગદા યુદ્ધમાં જ કુશળ છે; માટે મારા સામો ન આવતો જા. એટલામાં અર્જુન કર્ણની સામે આવેલો જોઇને શલ્યે કહ્યું, કર્ણ તું ક્યારનો અર્જુન ક્યાં, અર્જુન ક્યાં એ પુછવાને નાદે ચઢ્યો હતો તે જો આ અર્જુન હવે તારા સામો જ આવ્યો છે.

પછી કર્ણ અને અર્જુન વચ્ચે ઘોર સંગ્રામ થયો. અર્જુને કર્ણનું યુદ્ધકૌશલ તે દિવસે જ

બરોબર જોયું. એમ એણે પોતે પણ એવું જ કૌશલ્ય બતાવીને એને એવો જર્જર કરી કરી નાંખ્યો કે એના મનમાં આવ્યું કે ઇંદ્રની આપેલી શક્તિ–વાસવી શક્તિ–અર્જુન ઉપર છોડું. પણ એ શક્તિ તો એણે અભિમન્યુ ઉપર છોડી દીધી હતી.આથી એણે બીજા જ અસ્ત્રની યોજના કરી. (ઘટોત્કચ શબ્દ જુઓ.) કર્ણે જે અસ્ત્ર ફેંકયું તેના ફણીઆ ઉપર કર્ણ ન જાણે એમ તક્ષકપુત્ર બેઠો હતો. પણ કૃષ્ણને આ વાતની ખબર હોવાથી જેવું અસ્ત્ર આવ્યું કે, એમણે અર્જુનના રથના ઘોડાને આગલે ગુંટણીએ બેસાડી દીધા; જેથી અસ્ત્ર જોકે અર્જુનના કંઠ ઉપર સાધ્યું હતું, પણ ત્યાં ન વાગતાં એના મુકુટપર પડયું અને મુકુટ બળી ગયો. તક્ષકપુત્ર–અશ્વસેને કર્ણને કહ્યું કે હું તારા ન જાણતાં તારા બાણ ઉપર બેઠો હતો તે મારો પ્રયત્ન વ્યર્થ ગયો. માટે મને ફરી તારા બાણપર બેસવા દે. કર્ણે કહ્યું કે મેં તારા બળ ઉપર યુદ્ધ આદર્યું નથી, માટે મારે એમ કરવાની ગરજ નથી. અહીંથી જતો રહે. આથી અશ્વસેન નિરુપાય થઇ પોતાને સ્થાને ચાલ્યો ગયો. (અશ્વસેન શબ્દ જુઓ).

કર્ણે ફરી ફરીથી યુદ્ધ કરવા માંડયું; પણ એ દિવસે કર્ણનું મોત નિર્માણ થયું હતું, સબબ એને અસ્ત્રની યોજના કરવામાં વિસ્મૃતિ થતી ગઇ. અને એવામાં એના રથનાં પૈડાં જમીનમાં કળીને ચહોંટી ગયાં. એ રથથી નીચે ઉતર્યો, અને ખુંટી બેઠેલાં પૈડાં કાઢવાનો પ્રયત્ન કરતો હતો, તે વખત અર્જુને એના ઉપર નિર્વાણ નામે બાણ સાધ્યું. એ જોઇ કર્ણે કહ્યું કે, અરે ક્ષણભર થોભ. હમણાં બાણ મારીશ તો અધર્મયુદ્ધ થશે. અર્જુને કહ્યું કે તમો મોટા મોટા છ મહારથીઓએ મળીને અભિમન્યુને માર્યો, તે વખત ધર્મ ક્યાં ગયો હતો ? માટે હું પણ હમણાં કાંઇ એની દરકાર કરતો નથી. આમ કહીને અર્જુને કર્ણના ઉપર બાણ ફેંકતાં જ એનું મસ્તક છુટું થઇ, એ ગતપ્રાણ થઈ રણભૂમિ પર પડયો. (**ભાર૦ કર્ણ૦ અ૦ ૯૦–૯૨**).

ગુણે કરીને કર્ણ બહુ સારો હતો. પણ દુર્યોધનની સોબતથી એની બુદ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ હતી. એ જબરો દાનેસરી હતો. એ ગુણ એના માં કેટલો પ્રબળ હતો તે પોતાના શરીરને ત્વચાની પેઠે લાગેલાં કવચ કુંડળ ચામડીથી કાતરીને પણ બ્રાહ્મણ રુપ ધારણ કરેલા ઇન્દ્રને આપ્યાં હતાં,તે ઉપરથી જણાય છે.કર્ણ શાપિત હતો માટે જ અર્જુનને હાથે એ મરણ પામ્યો. એને અનેક સ્ત્રીઓ હોઇ સત્યસેન, પ્રસેન, ભાનુસેન, પૃથુસેન, વૃષસેન, ચિત્રસેન, શત્રુંજય અને વૃષકેતુ ઇ૦ પુત્રો હતા. તેઓમાં માત્ર વૃષકેતુ નાનો હતો, સબબ ઉગર્યો હતો. બાકીના બધા એના જીવતાં જ ભારતના યુદ્ધમાં માર્યા ગયા હતા. કર્ણ મરી ગયો એ જોઇને દુર્યોધનને ઘણો જ પરિતાપ થયો અને રોતો રોતો પોતાના તંબુએ ગયો.

કર્ણ (૨) ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

કર્ણક. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ)

કર્ણનિર્વાક. ઋષિ વિશેષ.

કર્ણવેષ્ટ. પાંડવ પક્ષનો એક રાજા. (**ભાર૦ ઉદ્યો૦ અ૦ ૪.**)

કર્ણશ્રવા. એક ઋષિ. પાંડવો જ્યારે દ્વૈતવનમાં હતા ત્યારે એમની પાસે હતો.

કર્ણાટક. ભારતવર્ષીય ભરતખંડસ્થ દેશ. (**ભાર ભીષ્મ૦ અ૦ ૯.**)

કર્ણિકા. એક અપ્સરા.

કર્ણિકા(૨) વસુદેવના ભાઇ કંકની સ્ત્રી.એને ઋત ધામા અને જય એવા બે પુત્ર હતા.

કર્ણિકાર. જટાયૂના પુત્રોમાંનો એક.

કર્ણિરથ, એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ.)

કર્દમ. બ્રહ્માની છાયાથી સ્વાયંભૂ મન્વંતરમાં ઉત્પન્ન થયેલા બ્રહ્મમાનસપુત્ર. એ એક

પ્રજાપતિ હતા. પ્રજા નિર્માણ કરવાના હેતુથી એમણે સરસ્વતીને તીરે ઘણું દુર્ઘટ તપ આરંભ્યું હતું. તે વખત ભગવાન પ્રત્યક્ષ થઇને વરદાન રુપે બોલ્યા હતા કે, તને સ્વાયંભૂ મનુ પોતાની ત્રણ પૈકી એક કન્યા વિવાહ વિધિથી આપશે. તેનું પાણિગ્રહણ કરીને તું પ્રજા નિર્માણ કરજે. આમ કહીને પોતે અંતર્ધાન થયા. પછી થોડે જ કાળે સ્વાયંભૂ મનુએ પોતાની કન્યા એને પરણાવી.એ કન્યાનું નામ દેવહૂતી હતું. કર્દમને એ સ્ત્રીને પેટે કલા, અનસૂયા, શ્રદ્ધા, હવિર્ભુવા, ગતિ, ક્રિયા, ખ્યાતિ, અરુંધતી અને શાંતિ એમ નવ કન્યાઓ થઇ. એ નવ કન્યાઓ મહર્ષિયોને પરણાવી હતી. કલા મરીચીને, અનસૂયા અત્રીને, શ્રદ્ધા અંગિરાઋષિને, હવિર્ભુવા પુલસ્ત્યને, ગતિ પુલહાસને, ક્રિયા ઋતુને, ખ્યાતિ ભૃગુને, અરુંધતી વસિષ્ટને અને શાંતિ અથર્વણ ઋષિને એમ આપી હતી. આ કન્યાઓ પછી એક પુત્ર થયો હતો, તે કપિલ મહામુનિ એ નામે પ્રસિદ્ધ છે. (**ભા૦ ૩ સ્કં૦ અ૦ ૨૧–૨૪**)

કર્દમ (૨) પુલહ ઋષિનો પુત્ર. એની સ્ત્રીનું નામ સિનીવાલી હતું. (**મત્સ્ય૦ અ૦ ૨૩**). (૨ પુલહ શબ્દ જુઓ.)

કર્દમ (૩) એક બ્રહ્મર્ષિ (૨ કશ્યપ શબ્દ જુઓ)

કર્દમ (૪) એક રાજર્ષિ.

કર્દમાલ. ભારતવર્ષીય ભરતખંડસ્થ તીર્થ વિશેષ. અહીં ઋષિયોએ ભરત રાજાને રાજ્યાભિષેક કર્યો હતો. (**ભાર૦ વન૦ અ૦ ૧૩૫**).

કર્દમિલ. કર્દમાલ શબ્દ જુઓ.

કર્મજિત્. સોમવંશી પૂરુકુલોત્પન્ન ઉપરિચર વંશના બૃહત્સેન રાજાનો પુત્ર. એને સૃતંજય નામે પુત્ર હતો.

કર્મશ્રેષ્ઠ. સ્વાયંભૂ મન્વંતરમાના પુલહ ઋષિના ત્રણમાંનો મોટો પુત્ર.

કર્માયન. એક બ્રહ્મર્ષિ. (૩ ભ્રગુ શબ્દ જુઓ).

કર્મી. શુક્રાચાર્યના ચારમાંનો નાનો પુત્ર. (૨ શુક્ર શબ્દ જુઓ).

કર્વટ. ભારતવર્ષીય ભરતખંડ દેશ. આ દેશ પૂર્વમાં અંગદેશની અગાડી આવેલો અને તેમાં પાંડવોના સમયમાં તામ્રલિપ્ત નામે રાજા હતો. (**ભાર૦ સભા૦ અ૦ ૩૦**).

કલશીકંઠ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

કલા. કર્દમ પ્રજાપતિની નવમાંની પહેલી કન્યા. મરિચી ઋષિની સ્ત્રી. એને કશ્યપ અને પૂર્ણિમા એમ બે પુત્ર હતા.

કલા (૨). વિભીષણની મોટી દિકરી. એ વારંવાર અશોક વનમાં જઈ સીતાને રામના કુશળ વર્ત્તમાન કહેતી હતી. (**વા૦ રા૦ સુંદ૦ સ૦ ૩૭**).

કલાવતી. કાશીપતિની કન્યા. સોમવંશના યદુકુળના દશાર્હ રાજાના પુત્ર વ્યોમ અગર દાશાર્હની સ્ત્રી. એ દુર્વાસા ઋષિની શિષ્ય હોઈ ઘણી જ પવિત્ર હતી. વ્યોમરાજા એનું પાણિગ્રહણ કરીને પોતાને નગર લઇ ગયા અને રાત્રે પોતાના મંદિરમાં એને આલિંગન આપતાં એનું શરીર બહુ વ્યથિત થઇ દુઃખ પામવા લાગ્યું. એનો પતિ પુછવા લાગ્યો કે આમ કેમ ? એણે કહ્યું કે તમે અભક્ષ્ય પદાર્થ ખાધા હશે તેથી એમ થયું હશે. તે ઉપરથી તે ભર્ગમુનિને શરણ ગયો અને શરીર શુદ્ધ કરાવ્યું. પછી એને એનું શરીર ચંદન જેવું શીતળ લાગવા માંડયું. (**સુંદ૦ બ્રહ્મોત્તર૦**).

કલિ. કશ્યપ ઋષિને મુની નામની ભાર્યાથી થએલા દેવગંધર્વમાંનો એક. (૧ દેવગંધર્વ શબ્દ જુઓ).

કલિ (૨). ચાર યુગમાંનો ચોથો. તેમજ તેનો મૂર્ત્તિમાન દેવ. દેવને માપે એ યુગ ૧૨૦૦ વર્ષનો છે; અને મનુષ્યને માપે ૪૩૨૦૦૦ વર્ષનો છે. એની સંધ્યા અને સંધ્યાંશ કાળ દેવમાને બસે વર્ષનો અને આપણે માપે ૩૬૦૦૦ વર્ષનો છે. (**મત્સ્ય૦ અ૦ ૧૬૪**). જ્યારે સપ્તર્ષિ મઘા નક્ષત્રમાં આવે છે ત્યારે કલિનો આરંભ થાય છે. (**ભાગ૦ ૧૨ સ્કં૦ અ૦ ૩**). હાલ કલિયુગનાં ૫૦૨૮ સૌર વર્ષ ગયાં છે. ચાલુ મન્વંતરમાં આ યુગ ૨૮ મો છે.

કલિંગ. ભારતવર્ષીય ભરતખંડસ્થ દેશ. એ ઇન્દ્રપ્રસ્થની દક્ષિણે હોઈ એની રાજધાની રાજપુર કહેલી છે. પૂર્વે ત્યાં ચિત્રાંગદ નામે રાજા રાજ કરતો હતો (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૪**). પાંડવના સમયમાં ત્યાં ભાનુમંત નામે રાજા હતો. (ભાનુમંત શબ્દ જુઓ).

કલિંગ (૨). એક નગર અને તેના સંબંધનો દેશ. એ ઇંદ્રપ્રસ્થની કાંઇક નૈઋર્ત્ય દિશામાં આવેલ છે અને એમાં અમરકંટક નામે પર્વત આવેલો છે. (**વા૦ રા૦ અયો૦ સ૦ ૭૧**).

કલિંગ. (૩). સોમવંશી યયાતિ પુત્ર અનુરાજાના કુળમાં ઉત્પન્ન થએલા બલીના ૭ પુત્રો પૈકી ત્રીજો. સુતપા રાજાનો પૌત્ર.

કલિયુગ. બીજા અંક સંજ્ઞાવાળો કલિ શબ્દ જુઓ.

કલિસંતરણ. મુખ્ય યજુર્વેદોપનિષત્.

કલ્કિ. કલિને અંતે સંભલ નામના ગામમાં રહેનાર વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ત્યાં થનારો વિષ્ણુનો અવતાર. (**ભા૨૦ વન૦ અ૦ ૧૯૦**).

કલ્પ. ઉત્તાનપાદના પુત્ર ધ્રુવને ભ્રમી નામની ભાર્યાને પેટે થએલા બે પુત્રોમાંનો મોટો પુત્ર.

કલ્પ (૨). તેર સૈંહિકેયમાની એક. (૨ સૈંહિકેય શબ્દ જુઓ).

કલ્પ (૩). વસુદેવ વડે ઉપદેવાને થયેલો પુત્ર.

કલ્પ (૪). બ્રહ્મદેવના દિવસનું સાધારણ નામ. આપણા માણસોની ગણત્રીના મહિનામાં જેમ ત્રીસ દિવસ હોય છે, તેમ બ્રહ્મદેવના મહિનામાં ત્રીસ કલ્પ હોય છે. કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ એમ ચાર યુગની એક ચોકડી થાય છે. એવી હજાર ચોકડી થાય એટલે બ્રહ્મદેવનો સવારથી સંધ્યાકાળ પર્યંતનો કેવળ દિવસ થાય. એટલા જ સમયની એમની રાત્ર. આમ એક અહોરાત્રને કલ્પ એવું નામ આપ્યું છે. બ્રહ્મદેવના એક દિવસમાં સ્વર્ગમાં ચૌદ ઇન્દ્ર અને પૃથ્વીપર ચૌદ મનુઓ થાય છે. દરેક મનુનો આપણી માણસની ગણત્રીનાં ૪૩૨૦૦૦૦ વર્ષનો સમય મન્વંતર કહેવાય ઉપર લખેલા માપ પ્રમાણે બ્રહ્મદેવનું સો સંવત્સરનું આયુષ્ય છે. તેમાં પચાસ એટલે પ્રથમ પરાર્ધ પુરું થયું અને બીજું પરાર્ધ ચાલે છે. એમાં કેટલાં વર્ષ થયાં, અને કયા વર્ષનો કયો માસ ચાલે છે, એ કોઇ ગ્રંથોમાંથી જણાતું નથી. પરંતુ જે માસ ચાલુ છે તેમાં પચ્ચીસ કલ્પ (બ્રાહ્મ દિવસ) થઇ ગયા છે અને હાલ છવ્વીસમો દિવસ ચાલે છે. હવે ચાર દિવસ થવાના છે. આ કલ્પવ્યવસ્થા ભારતાદિ ગ્રંથમાં મૂળે જ નથી. પરંતુ મત્સ્યપુરાણમાં હોવાથી પ્રધાનપણે તેમાંથી લીધી છે. કલ્પનાં નામ ૧ શ્વેત, ૨ નીલલોહિત, ૩ વામદેવ, ૪ રથંતર, ૫ રારવ, ૬ દેવ, ૭ બૃહત્, ૮ કંદર્પ, ૯ સદ્ય, ૧૦ ઇશાન, ૧૧ તમ, ૧૨ સારસ્વત, ૧૩ ઉદાન, ૧૪ ગરુડ, ૧૫ કાર્મ, ૧૬ નારસિંહ, ૧૭ સમાન, ૧૮ આગ્નેય, ૧૯ સોમ, ૨૦ માનવ, ૨૧ તત્પુરુષ, ૨૨ વૈકુંઠ, ૨૩ લક્ષ્મી, ૨૪ સાવિત્રી, ૨૫ ઘોર, ૨૬ વારાહ (આ ચાલુ કલ્પ છે), ૨૭ વૈરાજ, ૨૮ ગૌરી, ૨૯ માહેશ્વર, અને ૩૦ પિતૃ એવાં છે. પંદરમો કૌર્મકલ્પ તે બ્રહ્મદેવની પૂનમ અને ત્રીસમો પિતૃકલ્પ તે અમાવાસ્યા સમજવી. કલ્પના આરંભમાં જે અવતાર હોય તે ઉપરથી કલ્પનાં નામ પડ્યાં જાય છે. ચાલુ કલ્પના આરંભમાં વરાહાવતાર હતો માટે એનું નામ વારાહકલ્પ છે. (**મત્સ્ય૦ અ૦ ૨૮૯**).

કલ્માષપાદ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના સુદાસ રાજાના પુત્ર મિત્રસહ, વીર્યસહ અથવા સૌદાસ રાજાનું જ બીજું નામ. એ આ નામે કરી વિશેષ પ્રસિદ્ધ હતો. આ નામ પડવા સંબંધમાં એમ છે કે એ એક સમય મૃગયાસારુ અરણ્યમાં ગયો હતો. ત્યાં એણે બે રાક્ષસો જોયા. એમાંના એકને તો એણે માર્યો પણ બીજાને મારે તે પહેલાં તે નાસી છૂટ્યો. એ પણ પેલા નાસનાર રાક્ષસની પછવાડે ન જતાં પોતાના નગરમાં પાછો આવ્યો. અહીં આ નાસી છૂટેલો રાક્ષસ, હું મારું વેર કયારે પણ લઇશ એમ ધારી, લાગ જ

શોધતો હતો. એક સમયે કોઇ યજ્ઞના કારણસર વસિષ્ઠ ઋષિ રાજાને ત્યાં આવીને ઘણાક દિવસ ત્યાં રહ્યા હતા. તેવામાં એક દિવસ વસિષ્ઠ સ્નાન સંધ્યાદિ કર્મ કરવા નદી તીરે ગયા હતા. એ જોઇને આ રાક્ષસ વસિષ્ઠનું રૂપ ધારણ કરીને આવ્યો અને રાજાને કહ્યું કે આજે માંસ સહિત ખાવાનું બનાવડાવ. રાજાએ ભલે એમ કહીને રસોઇયાને બોલાવીને આજ્ઞા કરી. રસોઇ થતી હતી તેવામાં આ રાક્ષસે ગુપ્ત રીતે કેટલુંક માંસ કાઢી લેઇ તેને બદલે તેમાં નરમાંસ ભેળવી દીધું, અને પોતે ચાલતો થયો. રસોઇયાને આ વાતની ખબર નહોવાને લીધે એણે એ વાપરી રસોઈ તૈયાર કરીને મુકી. વસિષ્ઠ સ્નાન સંધ્યાથી પરવારીને આવ્યા એટલે જમવાની તૈયારી થઇ. રાણી મદયંતીએ બીજા અન્નની સાથે પેલા માંસવાળા પદાર્થ પણ પીરસ્યા. વસિષ્ઠે તરત જ નરમાંસ ઓળખ્યું અને ગુસ્સે થઇને રાજાને શાપ આપ્યો, કે તું રાક્ષસ થઇશ ! અભક્ષ્ય એવું નરમાંસ તેં કેમ પીરસાવ્યું ? રાજાને આ નરમાંસની વાતની ખબર નહોતી, તેથી એણે પણ વસિષ્ઠને શાપ આપવા હાથેલીમાં પાણી લઇ અભિમંત્રિત કર્યું. એટલામાં મદયંતી રાણીએ રાજાને કહ્યું કે આપ કુલગુરુને શાપવા તૈયાર થયા એ શું ? સાધારણ માંસ હોત તો વસિષ્ઠ કાંઇ કહેત નહિ. પણ નરમાંસ હોવાથી જ એમણે તમને શાપ્યા. માટે તપાસ કરો. રાજાએ તપાસ કરતાં રસોઇઆનું કપટ ન જણાયું. છતાં નરમાંસ હતું એ વાત નક્કી થઇ. રાજાની ખાતરી થઇ કે આ કૃત્ય કોઇ રાક્ષસનું હોવું જોઇએ. પછી એણે ઋષિને શાપવા મંત્રિત કરેલું જળ પોતાના પગ ઉપર જ મૂકયું. આથી એનો પગ કાળો થઇ ગયો અને એનું ' કલ્માષપાદ ' એવું નામ પડયું. વસિષ્ઠે એને રાક્ષસ થવાનો આપેલો શાપ એ બાર વર્ષ રાક્ષસ થાય અને પછી પાછો રાજા થાય એવો હતો. એ પ્રમાણે એ પાછો પૂર્વવત્ રાજા થયો. પરંતુ એ જ્યારે રાક્ષસ યોનિમાં હતો ત્યારે વિશ્વામિત્રે એના શરીરમાં કિંકર નામના રાક્ષસને પ્રવેશાવી એને હાથે વસિષ્ઠના શક્તિ આદિ સો પુત્ર મરાવ્યા. તેમ જ એક બ્રાહ્મણનું જોડું અરણ્યમાં જતું હતું તેમાંના પુરુષને આણે મારી ઉપરથી એ બ્રાહ્મણની સ્ત્રીએ એને શાપ આપ્યો હતો કે તું મદયંતીનો સમાગમ કરીશ કે તત્કાળ મરણ પામીશ. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૬૫**) એને અગાડી જતાં છોકરો થયો તે અશ્મક નામે પ્રસિદ્ધ છે. (અશ્મક શબ્દ જુઓ.)

કલ્માષા. ભારતવર્ષીય નદી (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**) (**મત્સ્ય૦ અ૦ ૧૧૩**).

કલ્યાણિની. ધર નામના વસુની સ્ત્રી. એને દ્રવિણ અથવા રમણ નામનો પુત્ર હતો.

કવચી. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

કવષ. યુધિષ્ટિરે રાજસૂય યજ્ઞ કર્યો તેમાં હોતા નામનો ઋત્વિજ હતો. (**ભાગ૦ દશ૦ અ૦ ૭૪**)

કવષા. કોઇ ઋષિપત્ની. તુર નામના ઋષિની માતા (તુર શબ્દ જુઓ.)

કવિ. દેવ વિશેષ (તુષિત શબ્દ જુઓ.)

કવિ (૨). સ્વાયંભૂ મન્વંતરમાંના બ્રહ્મપુત્ર ભૃગુઋષિના ત્રણ પુત્રોમાંનો નાનો–ઉશના ઋષિનો પિતા.

કવિ (૩). પ્રિયવ્રત રાજર્ષિને બર્હિષ્મતીથી થએલા દસ પુત્રોમાંનો કનિષ્ટ. એ બાલ્યાવસ્થાથી જ વિરક્ત હતો (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦૨**)

કવિ (૪). તામસ મન્વંતરમાં થએલા સપ્તઋષિમાંનો એક. (તામસ મનુ શબ્દ જુઓ.)

કવિ (૫). રૈવત મનુના દસ પુત્રોમાંનો પાંચમો (રૈવતમનુ શબ્દ જુઓ.)

કવિ (૬). ઋષભ દેવના નવ સિદ્ધ પુત્રોમાંનો મોટો. (ઋષભદેવ શબ્દ જુઓ)

કવિ (૭). વૈવસ્વત મનુના દસ પુત્રોમાંનો કનિષ્ટ.

એ વિરક્ત હોઇ અરણ્યમાં ચાલ્યો ગયો હતો. (**ભાગ૦ નવમ૦ અ૦ ૨**)

કવિ (૮). એક બ્રહ્મર્ષિ (અંગિરા શબ્દ જુઓ.)

કવિ (૯). વૈવસ્વત મન્વંતરમાંના બ્રહ્મપુત્રને વારુણિ કવિ કહેતા. (**ભાર૦ અનુશા૦ અ૦ ૮૫**) એને કવિ, કાવ્ય, ધૃણુ, ઉશના, ભૃગુ, વિરજા, કાશિ અને ઉગ્ર એમ આઠ પુત્ર હતા.

કવિ (૧૦). બ્રહ્મપુત્ર વારુણિ કવિના આઠ પુત્રોમાંનો મોટો. (**ભાર૦ અનુશા૦ અ૦ ૯૫ શ્લો. ૧૩૨-૧૩૪**).

કવિ (૧૧). સોમવંશી પુરુ કુળના રૌદ્રાશ્વવંશના ભરત રાજાના કુળના દુરિતક્ષય રાજાના ત્રણ પુત્રોમાંનો વચલો. તપ કરીને એ બ્રાહ્મણ થયો હતો.

કવિ (૧૨). કૌશિક ઋષિના સાત પુત્રોમાંનો એક, (પિતૃવર્તી શબ્દ જુઓ.)

કવિ (૧૩). કૃષ્ણના કાર્ત્તિદીથી થએલા પુત્રોમાંનો એક.

કવિ (૧૪). કૃષ્ણનો પ્રપૌત્ર. એ મહારથી હતો.

કવિરથ. સોમવંશી પુરુકુળના પાંડવ વંશમાં થયેલા ચિત્રરથ રાજાનો પુત્ર. એને વૃષ્ટિમાન્ નામે પુત્ર હતો.

કવ્યવાલ. પિતર વિશેષ. (**દેવી ભાગ૦ ૧૧ સ્કંધ૦ અ૦ ૧૫**)

કશેરક. યક્ષ વિશેષ.

કશ્યપ. સ્વાયંભૂ મન્વંતરમાંના બ્રહ્મમાનસપુત્ર મરીચિ ઋષિને કર્દમની કન્યા કલાને પેટે થએલા બે પુત્રમાંનો જ્યેષ્ઠ. એ સ્વારોચિષ મન્વંતરમાં સપ્તઋષિ હતો.

કશ્યપ (૨). વૈવસ્વત મન્વંતરમાના બ્રહ્મપુત્ર મરિચિ ઋષિનો પુત્ર તે. એને પ્રાચેતસ દક્ષે પોતાની ૬૦ કન્યામાંથી તેર કન્યા પ્રજાવૃદ્ધિ કરવા આપી હતી. એ તેરનાં નામઃ—અદિતિ, દિતિ, દનુ, કાલા, દનાયુ, સિંહિકા, ક્રોધા, પ્રાધા, ઇલા, વિનતા, કપિલા, મુની અને કદ્રૂ. આમાં કાષ્ઠા, સુરસા, ક્રોધવશા, તામ્રા ઇ. કેટલાંક નામોમાં જુદા જુદા ગ્રંથોમાં ફેરફાર પડે છે, પણ તેરની સંખ્યામાં તફાવત પડતો નથી. આ તેરેની સંતતિ, તેમનાં નામો જુદાં જુદાં આપ્યાં છે ત્યાં આપી છે તે જોવી. ભારતમાં આ તેરમાં "વિશ્વાનું" નામ છે. તેમજ પ્રાચેતસ દક્ષે ધર્મઋષિને આપેલી દસ કન્યાની ગણત્રીમાં પણ 'વિશ્વાનું' નામ છે. એટલે ઉપર જણાવેલી તેરમાં એ ગણાઇ નહિ.

એના કુળમાં એ પોતે અને એના બે પુત્ર અવત્સાર અને અસિત મળીને ત્રણ મંત્રદૃષ્ટા થયા છે. અવત્સારને નિધ્રુવ અને રેભ એવા બે, અને અસિતને શાંડિલ નામે એક પુત્ર હતો. નિધ્રુવની સંતતિને નૈધ્રુવ, રેભની ને રૈભ્ય, અને શાંડિલની ને શાંડિલ્ય કહ્યા છે. અવત્સારની સ્ત્રીનું નામ મળતું નથી. પરંતુ અસિતની સ્ત્રીનું નામ એકપર્ણા હતું. નિત્ય ઋષિ અને દેવલ એ શાંડિલ્યના પ્રખ્યાત વંશ જ હતા. એ બન્ને મંત્રદૃષ્ટા હતા, એવું મત્સ્ય પુરાણમાંથી નિકળે છે. (**લિંગ૦ અ૦ ૬૩**)

કશ્યપની મુખ્ય નિધ્રુવ, રેભ અને શાંડિલ એમ ત્રણ વંશમાલિકા જણાય છે. તેમાંની પહેલીમાં ઋષિની પ્રવર વ્યવસ્થા આ પ્રમાણે હતી. આશ્વાયણિ, મેષ, કારિટકાયન, ઉદગ્રજ, માઢર, ભોજ, શાલાહલેય, કૌરિષ. કન્યક, આસુરાયણ, મંદાકિન્ય, વૈમૃગય, શ્રુતિ, ભોજપાયન, દ્વૈયાન, ગોમયાન, અશ્વચ્છાય, અભય, કાત્યાયન, શાકપાણ, અહિયોગ, ગદાયન, ભવનંદિ, મહાચક્રી, દાક્ષપાયન, ગોધયાન, કાર્તિવય, હસ્તિદાન, વાત્સાયન, નિકૃતજ, આશ્વલાયનિન, પ્રાગ્રાયણ, પૌલમૌલિ, આશ્વવાતાયન, કૌવેરક, શ્યાકાર, અગ્નિશર્માયણ, મેષજ, કૈકરસપ, બભ્રુ, પ્રાચેય, જ્ઞાનસંજ્ઞેય, આત્રા, પ્રાસેવ્ય, શ્યામોદર, વૈવશપ, ઉદ્વલાયન, કાણ્ડાહારિણ, મારીચ, આજિહાયન, હાસ્તિક, વૈકર્ણેય, કશ્યપેય, સાસિસ, હારિતાયન, માતંગિન, અને ભગ્રુ. આ બધા કાશ્યપ, આવત્સાર, નૈધ્રુવ, એ ત્રણ પ્રવરના હતા. રેભ કુળવાળાને કાશ્યપ, આવત્સાર અને રૈભ્ય; અને શાંડિલ કુળનાને કાશ્યપ, આવત્સાર અને શાંડિલ્ય એવાં ત્રણ પ્રવરો હોય છે. (**મત્સ૦ અ૦ ૧૪૪**)

સંયાતિ, નભ, પિપ્પલ્ય, જલંધર, ભુજ્યતપુર, પૂર્ય, કર્દમ, ગર્દભિમુખ, હિરણ્ય બાહુ, કૈરાત, કાશ્યપ, ગોભિલ, કુલહ, વૃષકંડ, મૃગકેતુ, ઉત્તર નિદ્રાધ, મસુણ, ભત્સ્ય મહાન્ત, શાંડિલ્ય, દાનવ, દેવજાતિ, પૈપલ્ય, અને દિત્સ એ બધા શાંડિલવંશમાલિકાના હોઇને તેમનાં કાશ્યપ, આવત્સાર, અસિત; કાશ્યપ, આવત્સાર દેવલ અથવા કાશ્યપ, અસિત, દેવલ, એવાં ત્રણ પ્રવરો હોય છે.

અનસૂય, નાકુરય, સ્નાતપ, રાજવર્તપ, શૈશિર, ઉદ્વહિ, સૈરંધ્રિ, રોપસેવકિ, યામુનિ, કાદ્રુ, પિંગાક્ષિ, સંજ્ઞતંયિ, દિવાવષ્ટાશ્વ, આ ઋષિયો ઋચામુષ્યાયણ છે. એમને કાશ્યપ, આવત્સાર અને વાસિષ્ઠ એવાં ત્રણ પ્રવરો હોય છે. (**મત્સ્ય૦ અ૦ ૧૯૮**).

કશ્યપ ઋષિ મરીચિ ઋષિના પુત્ર હોવાથી તેમને કોઇ કોઇ ઠેકાણે મારીચ પણ કહ્યા છે. એમનું વળી અરિષ્ટનેમિ એવું એ નામ મળી આવે છે. દર વર્ષે માગશર મહિનામાં સૂર્યના સમાગમમાં એઓ સંચાર કરે છે. (૪ સહ શબ્દ જુઓ).

કંસ. સોમવંશી યદુકુળના સાત્વતના પુત્ર અંધકના વંશમાં જન્મેલા મથુરાના ઉગ્રસેન રાજાના નવ પુત્રોમાંનો મોટો. એ કાળનેમિ નામના અસુરના અંશથી જન્મ્યો હતો. ઉગ્રસેનની સ્ત્રી પવનરેખા. એક દિવસ પોતાની સાહેલીઓ સાથે વનવિહાર કરવા ગઇ હતી. ત્યાં તેમનાથી છૂટી પડી એકલી ઝાડની ઘટામાં ચાલી ગઇ. એવામાં કોઇ દ્રુમલિક રાક્ષસે ઉગ્રસેન રુપે આવીને ભોગવવાથી એને ગર્ભ રહ્યો તે કંસ. એ સ્વભાવતઃ દુષ્ટબુદ્ધિનો હતો. નાનો હતો ત્યારથી જ એણે પ્રજાને ઉપદ્રવ કરવા માંડ્યો. છોકરાંને પકડીને વનમાં લઇ જઇ મારી નાંખતો, અને પહાડની ખોમાં પૂરી આવતો. પ્રજામાં જ્યારે બહુ ગભરાટ થયો, ત્યારે રાજાને કાને વાત આવતાં એમણે કંસને બહુ સમજાવ્યો પણ વ્યર્થ. માત્ર આઠ વર્ષની વયે એકલો મગધ ગયો અને જરાસંધની જોડે કુસ્તી કરી એને જિત્યો. જરાસંધે જોયું કે આ મારાથી જિતાય એવો નહોતાં કામનો છે. સમય એને પોતાની બે દિકરીઓ—અસ્તિ અને પ્રાપ્તિ—પરણાવી પોતાનો સંબંધી કર્યો. એ પ્રથમ કાંઇ અંશે સારો એ હતો. પોતાના કાકા દેવક રાજાની દિકરી દેવકીને એણે પાળીને મોટી કરી હતી. એનો વિવાહ વસુદેવ યાદવ સાથે મોટા સમારંભથી કર્યો.વરકન્યા વળાવતી વખત પોતે એટલું સૌજન્ય અને વહાલ બતાવ્યું કે તેમના રથનો સારથિ થઇને બેઠો. એ પ્રમાણે કન્યાને સાસરે વળાવવા જતાં માર્ગમાં દેવવાણી થઇ કે 'હે કંસ ! આ દેવકીનો આઠમો ગર્ભ તને મારશે ! તે ઉપરથી એની વૃત્તિ બદલાઇ ગઇ. તત્કાળ એણે ખડ્ગ કાઢ્યું અને દેવકીને મારી નાંખવા ધાર્યું. પણ વસુદેવ વચ્ચે પડ્યા અને કહ્યું કે આવા સમારંભમાં આમ કરવું તને ઘટતું નથી. તારી પોળેલી બહેન, સ્ત્રીજાતિ એને મારવી યોગ્ય નથી. એ કાંઇ તારી શત્રુ નથી. એનાં જે જે સંતાન થશે તે હું તને આણી આપતો જઇશ. આથી એ કાંઇ શાંત થયો, દેવકીને મારવી મુકી, અને સમારંભ પૂરો કર્યો.

થોડી જ વારે એના મનમાં આવ્યું કે વસુદેવ સત્યવચની તો છે, પણ પુત્ર લોભ મોટો કહેણ છે. મને એનાં છોકરાં આણી આપશે કે નહિ એનો ભરોસો શો ? માટે એને અને દેવકીને મારી નજર આગળ કેદમાં રાખવાં એ ઠીક છે. પછી ઉગ્રસેન આ વાત માને ન માને માટે પ્રથમતો ઉગ્રસેનને જ ગાદી ઉપરથી ઉઠાડી મૂકી નજરકેદ કર્યા. પછીવસુ-

દેવ દેવકીને પોતાની ઇચ્છા પ્રમાણે પોતાની સમીપ આણી પ્રતિબંધમાં રાખ્યાં.

આમ પ્રતિબંધમાં રહેતાં હતાં તેવામાં દેવકીનેં પ્રથમ પ્રસવમાં પુત્ર થયો. પોતે આપેલા વચન પ્રમાણે વસુદેવે એ પુત્ર કંસને આણી આપ્યો. એના મનમાં પ્રથમ તો આવ્યું કે એને મારવો નહિ, પણ વળી મન ફરી જતાં એને મારી નાંખ્યો. આ પ્રમાણે એણે દેવકીના છ પુત્રોને મારી નાંખ્યા. દેવકી સાતમી વાર ગર્ભિણી થઈ. દેવમાયાએ દેવકીના ઉદરમાંથી આ ગર્ભને લઈને વસુદેવનીસ્ત્રી રોહિણી ગોકુળમાં રહેતી હતી તેના ઉદરમાં મૂક્યો. રોહિણી ગર્ભિણી થઈ. આ સાતમો ગર્ભ ગળી ગયો જાણીને કંસે આઠમા ગર્ભને માટે અતિશય ચોકશી રાખવા માંડી. છતાં આઠમું બાળક જનમ્યું અને વસુદેવે એને સુરક્ષિત ગોકુળમાં નંદને ઘેર પહોંચડાવ્યું. અને ત્યાં થયેલી કન્યા બંદીશાળામાં આણી. કન્યાના રડવાથી કંસને ખબર થઇ કે દેવકીને બાળક પ્રસવ્યું. તેવો જ એ બંદીખાના તરફ ધાયો અને દેવકી પાસેથી કન્યાને લઈ લીધી. દેવકીની આ પુત્રી છે, એ તને શું કરી શકશે એવી દીનવાણી કાને ધર્યા વગર, તેને પત્થર સાથે પછાડી. પણ કન્યા એના હાથમાંથી છૂટી આકાશમાં અદૃશ્ય થઇ ગઇ. આ પ્રમાણે સાતમો અને આઠમો બન્ને ગર્ભ બલરામ અને કૃષ્ણ રૂપે ગોકુળમાં ઉછરવા લાગ્યા.

અગાડી જતાં જ્યારે કંસને માલમ પડયું કે દેવકીના બે પુત્ર ગોકુળમાં ઉછરે છે, ત્યારે એં અજાયબ થયો કે એ શી રીતે બન્યું ? એના મનમાં આવ્યું કે ઇશ્વરી લીલા અગાધ છે,પણ પોતે જાતે એ બાળકોને મારવા જવું એ ઠીક લાગ્યું નહિ. માટે એણે પૂતના, અઘાસુર, કેશી ઇલાદિને ક્રમે ક્રમે ગોકુળ મોકલ્યા. એ બધાનો નાશ થવાથી એની ખાતરી થઇ કે એ દેવકીના જ પુત્રો છે. પછી પોતે ધનુર્યાગ કરવાને બહાને એ છોકરાઓને મથુરામાં આણવા અક્રૂરને મોકલ્યો. અક્રૂરે એ છોકરાઓને મથુરામા આણ્યા. કંસે ચાણુર, મુષ્ટિક વગેરે મલ્લને અંદરખાનેથી મારી નાંખવાની સૂચના કરીને છોકરાઓ, જોડે તેમની કુસ્તી કરાવી. એ બન્નેને મારીને કૃષ્ણે તત્કાળ કંસને પકડયો. એનું પોતાનું જ ખડગ કાઢીને એનો શિરચ્છેદ કર્યો. તે જ વખત બલરામે એના આઠે ભાઇઓને પણ મારી નાંખ્યા. **(ભાગ૦ દશમ સ્કં૦ અ૦ ૩૬-૪૪)**

કંસવતી. ઉગ્રસેનની કન્યા, કંસની બહેન અનેવસુદેવના નાનાભાઇ દેવશ્રવાની સ્ત્રી હતી. એને સુવીર અને ઇષુમાન એમ બે પુત્ર થયા હતા.

કંસા. ઉગ્રસેનની કન્યા. વસુદેવના ભાઇ દેવભાગની સ્ત્રી.એને ચિત્રકેતુ, બૃહદ્બલ અને ઉદ્ધવ એમ ત્રણ પુત્ર થયા હતા.

કંસાવતી. કંસવતી શબ્દ જુઓ.

કહોડ. એક ઋષિ. એ ઉદ્દાલક ઋષિનો શિષ્ય હતો. ગુરુને ઘેર રહીને ગુરુની ઉત્તમ પ્રકારે સેવા કરવાથી એના ઉપર પ્રસન્ન થઈ ગુરુએ એને પોતાની કન્યાને પરણાવી હતી. પોતાની પત્નીને લઇને એણે ગૃહસ્થાશ્રમ માંડયો હતો. એક સમયે એ અધ્યયન કરતો હતો. તે વખત એ અભ્યાસમાં જ રહી પોતાની સ્ત્રીની અવગણના કરતો હતો. તેથી નારાજ થઇ એની સ્ત્રીના ગર્ભે એની ટકોર કરી હતી, કે હજુ તમારે આવૃત્તિ કરવી પડે છે કે ! તે ઉપરથી ક્રોધ કરી એણે ગર્ભને શાપ આપ્યો કે તું અષ્ટાંગે વાંકો થઇશ. કાંઈ કાળ પછી કહોડ જનક રાજા પાસે દ્રવ્યની યાચના કરવા ગયો હતો. ત્યાં વરુણપુત્ર બંદીએ અનેક ઋષિયોને વાદમાં જીતી પાણીમાં ખૂડાડયા હતા; તેમાં એને પણ ખૂડાડયો હતો. એના પુત્રે બંદીની સાથે વાદ કરી તેને જીતીને કહોડને છોડવી આણ્યો હતો. (અષ્ટાવક્ર શબ્દ જુઓ.) ગ્રંથોમાં એને કાષીતકેય પણ કહ્યો છે.

કહોલ. કહોડ ઋષિનું જ બીજું નામ.

કક્ષસેન. અસ્તિત પર્વત ઉપર રહેનાર એક રાજર્ષિ. **(ભાર૦ અનુ૦ અ૦ ૧૩૭)**

કક્ષીવાન. એક ઋષિ.

કક્ષેષુ. કક્ષેષુ શબ્દ જુઓ.

કાકી. કશ્યપવડે તામ્રાને થએલી કન્યામાંની એક.

કાકી (૨). સ્કંદના શરીરમાંથી ઉત્પન્ન થયેલો માતરોમાંનો એક દેવતા.

કાકુત્સ્થ. ક્કુત્સ્થ રાજનો પુત્ર. અનેના અગર સુયોધનનું જ બીજું નામ.

કાક્ષેયસ્થ. એક બ્રહ્મર્ષિ. (કૃષ્ણપરાશર શબ્દજુઓ.)

કાંચન. ચ્યવન ભાર્ગવનું બીજું નામ. **(વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૬૬).**

કાંચન (૨). સોમવંશી વિજય કુળોત્પન્ન ભીમરાજનો પુત્ર. એના પુત્રનું નામ હોત્રક રાજા.

કાંચનષ્ઠીવિ. સુવર્ણષ્ઠીવિ શબ્દ જુઓ.

કાંચનાક્ષી. ભારતવર્ષીય ભરતખંડસ્થ સરસ્વતી નદીના પ્રવાહમાંનો એક પ્રવાહ.

કાંચીપુરી. ભરતખંડસ્થ એક નગરી. **(દેવી૦ ભા૦ ૭ સ્કં૦ અ૦ ૩૮)**

કાટ્ય. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ)

કાંડૂષપ. એક ઋષિ (ગૌર પરાશર શબ્દ જુઓ).

કાણ્વ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ,)

કાણ્વાયન. એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દજુઓ.)

કાંતિકોશલ. ઇશાન્ય કોશળનું બીજું નામ,

કાત્યાયન. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ) આ યાજ્ઞવલ્કયની સ્ત્રી કાત્યાયનીના પિતા.

કાત્યાયન (૨). દાશરથિ રામની સભામાંના આઠ ધર્મશાસ્ત્રીઓ પૈકી એક.

કાત્યાયની. પાર્વતીનું બીજું નામ.

કાત્યાયની (૨). યાજ્ઞવલ્કય ઋષિની બીજી સ્ત્રી.

કાદ્રવેય. કદ્રૂપુત્ર જે સંપૂર્ણ નાગ, સર્પ તે.

કાદ્રુપિંગાક્ષિ. એક બ્રહ્મર્ષિ (૨ કશ્યપશબ્દજુઓ.)

કાનીન. અગ્નિવેશ્ય ઋષિનું નામ. વ્યાસ, કર્ણ ઇ૦ ને કન્યાથી ઉત્પન્ન થયાને લીધે પડેલું નામ.

કાન્યકુબ્જ. ભારતવર્ષીય ભરતખંડસ્થ દેશ. હાલ એને કનોજ કહે છે. દેશનું આ નામ કેમ પડયું તે જાણવા કુશનાભ શબ્દ જુઓ.

કાંપિલી. બ્રહ્મદત્ત રાજાની નગરી.

કાંપિલેય. પંચશિખ ઋષિનું નામ.

કાંપિલ્ય. સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢવંશના ભર્મ્યાશ્વ અથવા ભદ્રાશ્વ રાજાના પાંચમાંનો ચોથો પુત્ર.

કાંપિલ્ય (૨). દક્ષિણ પાંચાળમાં આવેલી દ્રુપદ રાજાની નગરી.

કાપી. ભરતખંડની નદી. **(ભાર૦ ભી૦મ૦અ૦૯)**

કાપ્ય. પતંજલિ ઋષિનું, તેઓ કપિવંશમાં ઉત્પન્ન થએલા હોવાથી પડેલું નામ.

કાંબોજ. ઉત્તર અને પશ્ચિમ એમ દિશાભેદથી આ દેશના બે પ્રકાર છે. પશ્ચિમે એક કાંબોજ હોઇ ઉત્તર તરફ બે કાંબોજ છે. તેમાં એકનું ઉત્તર કાંબોજ અને બીજાનું પરમ કાંબોજ એવું નામ છે. ઇંદ્રપ્રસ્થને મધ્યગણીને આ દિશાઓ કહેલી છે. **(ભાર૦ સભા અ૦ ૨૭), (ભાર૦ ભી૦મ૦ અ૦ ૯)** અહીં પાંડવોના સમયમાં સુદક્ષિણ નામે રાજા રાજ્ય કરતો હતો.

કામ–કામદેવ. પ્રેમ–પ્રીતિનો દેવ. ઋગ્વેદમાં (દસ. ૧૨૯માં) કહ્યું છે કે ઉત્કટ પ્રણિધાનવડે અસ્તિત્વમાં આવેલા બ્રહ્મમાં આન્દોલન થઇને તેમાં મનનું પૂર્વરૂપ એવી 'ઇચ્છા' સૌથી પ્રથમ ઉત્પન્ન થઇ. ઋષિ મુનિયોએ પોતાની બુદ્ધિવડે મનન કરીને એ ઇચ્છા–કામ તે સત્ અને અસત્ને જોડનાર છે એમ નિર્માણ કર્યું છે. આ ઇચ્છા–કામ–તે ઇંદ્રિયસ્વાદની ઇચ્છા નહિ, પણ સામાન્યતઃ દરેક સત્કર્મની ઇચ્છા. એ કામને માટે અથર્વણવેદમાં એક મઝાનું સુક્ત છે. એ સૂક્તમાં કામનું–સત્કર્મની ઇચ્છાનું–એષ્ટદેવ, અથવા સરજનહાર તરીકે વર્ણન છે. " પ્રથમ કામ ઉત્પન્ન થયો. દેવ, પિતૃઓ કે મનુષ્યો કોઈ એની બરાબરી કરી શકતું નથી. હે કામ ! તું એ બધાંથી શ્રેષ્ઠ છે. તું મહાન છે."

એ જ વેદના બીજા ભાગમાં પ્રથમ ઉત્પન્ન થએલી ઇચ્છાને, તેમ જ એ ઇચ્છા પૂરી પાડવાની શકિતને પણ કામ નામ આપ્યું છે. વળી એજ વેદમાં કામ એ અગ્નિ જ છે, એમ

કહ્યું છે; છતાં એમ પણ કહ્યું છે કે અગ્નિ અને કામને જો છૂટાં પાડીએ તો અગ્નિના કરતાં કામ શ્રેષ્ઠ છે.

તૈત્તરેય બ્રાહ્મણમાં કામને ન્યાયના અધિષ્ઠાતા દેવ ધર્મ અને આસ્થાની અધિષ્ઠાત્રી દેવી શ્રદ્ધાનો પુત્ર કહ્યો છે. હરિવંશમાં કામને લક્ષ્મીનો પુત્ર અને બીજા ગ્રંથોમાં એને બ્રહ્મમાનસપુત્ર કહ્યો છે. એના જન્મ સબંધી ચોથી એ વાત છે, જેમાં એનો જન્મ પાણીથી થયો છે એમ વર્ણવ્યું છે. એથી એનું નામ "દરાજ" એવું છે. એ સ્વતઃ ઉદ્‌ભવ્યો છે અને અન્યથી જન્મ્યો નથી, માટે એને "અજ" અને "અનન્યજ" એમ પણ કહ્યો છે.

દક્ષને ત્યાં યજ્ઞ વખતે દહન થયા પછી સતીએ હિમાલયને ઘેર અવતાર લીધો હતો. પાર્વતી પૂર્વજન્મના પતિ શંકરને જ પતિ ઇચ્છતી હતી. પણ શ્રીશંકર પોતે તપ કરવા જઇને સમાધિસ્થ હતા. તે સમયે તારકાસુરનો દેવો ઉપર અને પૃથ્વિ ઉપર ઘણો જુલમ હતો. જો શંકરના વીર્યથી થએલ કોઇ હોય તો જ તે એને જીતી શકે એમ હોવાથી, બધા દેવોની વિનતિ ઉપરથી કામે શંકરનું ચિત્ત સમાધિમાંથી ચળાવી પાર્વતીની જોડે લગ્ન કરવા તરફ પ્રેરવાનું મહાભારત કાર્ય માથે લીધું. આ દુર્ઘટ કામમાં પોતાના જીવની એ હાની થવાનો સંભવ છતાં, પરમાર્થ તરીકે શંકર ભગવાન પર જય મેળવવા પોતાનું બાણ સંધાન કર્યું. ભગવાનના ચિત્તમાં ક્ષોભ થયો; અને સમાધિ છૂટી ગઇ. પાર્વતી સાંભર્યો. છતાં પોતાની સમાધિ તૂટવાથી ગુસ્સે થઇને એમણે પોતાનું ત્રીજું નયન ઉઘાડી કામના સામું જોયું. ભગવાનનાં જોતાં જ નયનમાંથી નિકળેલા અગ્નિવડે કામ બળીને ભસ્મીભૂત થઈ ગયો.

કામની સ્ત્રી રતિએ એના દહનકાળે કરેલા વિલાપ અને પ્રાર્થનાથી દયા કરીને શંકર ભગવાને એને વરદાન આપ્યું કે જા, તારો પતિ અનંગ છતાં બધી સૃષ્ટિમાં ફેલાશે. અને તું સંબર અસુરને ત્યાં જઇને રહે. પ્રદ્યુમ્ન તરીકે જન્મી તારો વર તને ત્યાં પ્રાપ્ત થશે. ભસ્મીભૂત થએલા કામે કૃષ્ણવડે રૂકિમણીના પેટે પ્રદ્યુમ્ન તરીકે જન્મ લીધો. જન્મથી છઠે જ દિવસે સંબરાસુરે પ્રદ્યુમ્નનું હરણ કરી એને દરીઆમાં ફેંકી દીધો. ત્યાં એક માછલી એને ગળી ગઈ. એવું બન્યું કે, એ માછલી જાળમાં સપડાતાં માછીએ સંબરાસુરને ત્યાં જ ભેટ કરી. કામની સ્ત્રી રતિ, માયાવતી અગર માયાદેવી રુપે સંબરાસુરના ઘરની સંભાળ રાખતી હતી. રસોડામાં આવેલી આ માછલીને ચીરતાં માયાદેવીએ એક સુંદર બાળક દીઠું. એ પ્રદ્યુમ્ન જ હતો. નારદે આવીને માયાદેવીને એ પોતે અને આ સુંદર બાળક કોણ છે વગેરે વૃત્તાંત કહ્યું. એથી એણે ઘણી માવજતથી એને ઉછેર્યો. એ જ્યારે મોટો થયો ત્યારે માયાદેવી એનાપર મોહિત થઇ ગઇ. એણે પ્રદ્યુમ્નને પોતે, તેમ જ એ કોણ છે, વગેરે નારદે કહેલી બધી વાત કહી. પ્રદ્યુમ્ને સંબરાસુર સાથે યુદ્ધ કરીને એને મરણ પમાડયો અને પોતે માયાદેવીને લઇને ઉડયો તે કૃષ્ણના અંતપુરમાં જઇને પડયો. કૃષ્ણે આ કામનો અવતાર, તમારો પ્રદ્યુમ્ન અને આ એની પૂર્વજન્મની સ્ત્રી રતિનો અવતાર, અને હાલની સ્ત્રી, માયાદેવી, કહી રૂકિમણીને સોંપ્યો.

જેમ પુરુષોમાં સૌંદર્યમાં કામથી કોઇ અધિક નથી, તેમ જ સ્ત્રીમાં સૌંદર્યમાં રતિથી કોઇ ચડીઆતું નથી. કામ ઘણો જ સ્વરૂપવાન અને સોહામણો છે. અપ્સરાઓનો એ અધિષ્ઠાતા છે. સ્ત્રીઓ માત્ર એની સેના છે. એનું ધનુષ્ય શેરડીનું બનેલું હોઇ એની પણછ મધમાંખીઓની બનેલી છે. એ પાંચ બાણ રાખે છે. અને એના દરેક બાણની અણીએ અક્કેકું ફુલ હોય છે. આ પાંચ બાણવડે એ મનુષ્યોની પંચેંદ્રિય ઉપર સત્તા ચલાવે છે. એના બાણપરનાં ફુલનાં નામ આ પ્રમાણે છેઃ– ૧ કમળ, ૨ આસોપાલવનું ફુલ, ૩ સરસવનું ફુલ, ૪ કેવડો અને ૫ ભૂરું કમળ. બીજે મતે–ચંપાનુ ફુલ, આંબાનો મોર, નાગકેસર, કેવડો અને બીલીનું ફુલ છે. કામદેવનું વાહન પોપટ કે નૂરી છે. મોહીનીયેાથી વિંટાયલો પોતાના વાહનપર બેસીને એ ફરે છે ત્યારે એના સંગાથમાંની સ્ત્રીઓમાંથી એકના હાથમાં એની ધ્વજા હોય છે. એની ધ્વજ રાતા રંગની અને તેમાં ધોળા રંગનું માછલીનું ચિત્ર હોય છે. વસન્ત (ઋતુ) એનો ઘણો ઇષ્ટ મિત્ર છે. ચાંદનીમાં એ ઘણી વાર પોતાની મા અને સ્ત્રી સાથે વાતોમાં તલ્લીન થાય છે; કોઇ કોઇ વાર ઉપવનોમાં સહેલ કરવા ઉતરી પડે છે. જુદા જુદા સંયોગોને લઇને એનાં જુદાં જુદાં ઘણાં નામ પડયાં છે જેમકે–મન્મથ, મદન, દર્પક, મકરધ્વજ, મીનકેતન, સ્મર, કન્દર્પ, સંબરારિ, પંચશર, પુષ્પધન્વા, માર, રતિપતિ, મનસિજ, કુસુમાયુધ, અનંગ, વગેરે (ડાઉસન પા. ૧૪૫) અને (નર્મ કથા કોષ પા. ૫૬)

કામ (૨). ચાર તરેહના પુરુષાર્થમાં ત્રીજો.

કામ (૩.) વૈવસ્વત મન્વંતરમાંના બૃહસ્પતિનો દોહિત્ર (કન્યાનો પુત્ર).

કામકાયન. એક બ્રહ્મર્ષિ (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ.)

કામગમ. ધર્મસાવર્ણિ મન્વંતરમાંના ત્રણ વિધના દેવ સંબંધી, દેવ વિશેષ.

કામગિરિ. ભારતવર્ષીય સામાન્ય પર્વત. (**વા૦ રા૦ કિષ્કિંધા૦ સ૦ ૪૨**) એનું બીજું કામશૈલ એવું નામ પણ છે.

કામદ. એક બ્રહ્મર્ષિ. અંગરિષ્ટ રાજાએ આને પ્રશ્ન કર્યો હતો કે શુદ્ધ ધર્મ, અર્થ, અને કામ તે ક્રિયા તે મને કહો. આ ઉપરથી એણે ઉત્તર આપ્યો હતો કે જેનાથી ચિત્તશુદ્ધિ થાય તે ધર્મ, જેનાથી મોક્ષ–પુરુષાર્થ સધાય તે અર્થ અને દેહનિર્વાહ પુરતી જ ઇચ્છા તે કામ. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૧૨૩**).

કામદુઘ. સુરવધા નામના પિતર લોક.

કામધેનુ. હવિર્ધાની શબ્દ જુઓ.

કામશૈલ. કામગિરિ શબ્દ જુઓ.

કામાક્રમ. ચારની અંક સંજ્ઞાવાળો અંગ શબ્દ જુઓ.

કામ્યકવન. દુર્યોધને દ્યુત મિષે બધી રમૃદ્ધિ હરિ લીધા પછી યુધિષ્ઠિર દ્રૌપદીને લઇને બંધુસહિત પ્રથમ દ્વૈતવનમાં ગયા હતા. (**ભા૨૦ વન૦ અ૦ ૨**) એમની સાથે ત્યાં ધૌમ્ય ઋષિ પુરોહિત, અને બીજે પણ બ્રાહ્મણોનો સમુદાય હોવાને લીધે યુધિષ્ઠિરને એ બધાના નિર્વાહની મોટી ફીકર પડવા માંડી; એટલે એ વનમાંથી નિકળી બધાને લઇને આ કામ્યક વનમાં આવ્યા. અહીં હતા ત્યારે સૂર્યની પાસેથી થાળા (અક્ષયપાત્ર) ની પ્રાપ્તિ થતાં એમની સાથે અસંખ્ય બ્રાહ્મણો રહેતા અને બાર પીને આનંદ કરતા. પછી કેટલોક કાળ યાત્રા કર્યા બાદ ફરીથી આ વનમાં આવ્યા. ત્યાંથી કેટલોક કાળ દ્વૈતવનમાં રહીને વળી પાછા આ વનમાં આવ્યા હતા. (**ભા૨૦ વન૦ અ૦ ૨૫૮**) આ વન હસ્તિનાપુરની કોઈ દિશામાં હતું, એનો ઉલ્લેખ ભારતમાં મળતો નથી.

કામ્યા. એક અપ્સરા વિશેષ.

કાયનિ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

કાયવ્ય. એક નિષાદ હતો. અરણ્યમાંના બધા દસ્યુઓનો અધિપતિ હતો. બહુ શૂરો હતો તે સાથે પરમ ધાર્મિક હતો. એક વખત એની જાતના લોકોએ એને પુછ્યું કે તું ધર્મતત્વ સારી રીતે સમજે છે, માટે કહે કે અમે કેવાં આચરણ કરીએ તો અમારી ઉત્તમ ગતિ થાય. તે ઉપરથી એણે કહ્યું કે તમે બ્રાહ્મણોનો કદીએ દ્વેષ કરશો નહિ. સબળા સદ્‌ભાવથી એમની જોડે વર્તો અને નાનાં બાળક, સ્ત્રીઓ, ભયભીત થએલા, નાશીજતા, નિરાયુધ એવાને મારવા નહિ. બ્રાહ્મણના શત્રુ

હોય તેને મારવા. આમ વર્ત્તશો તો ઉત્તમ ગતિ પામશો. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૧૩૬**)

કાયશોધન. ભારતવર્ષીય તીર્થ.

કાયાધવ. કયાધૂના પ્રહ્લાદિક પુત્ર તે. મુખ્યત્વે પ્રહ્લાદને માટે વપરાય છે.

કાયાવરોહણ. ભારતવર્ષીય ક્ષેત્ર અને તીર્થ.

કારકિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

કારંધમ. સૂર્યવંશી દિષ્ટકુળમાં ઉત્પન્ન થએલા સુવર્ચા અથવા કરંધમ રાજાના પુત્ર અવીક્ષિતનું બીજું નામ.

કારંધમ (૨). દક્ષિણ સમુદ્રનું તીર્થ (**નારીતીર્થ** શબ્દ જુઓ).

કારસ્કર. ભારતવર્ષીય ભરતખંડસ્થ દેશ. (૧ કર્ણ શબ્દ જુઓ).

કારસ્કાર. કારસ્કર દેશનો રાજા. આ રાજા રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે યુધિષ્ઠિરને સામાન્ય કામોમાં બહુ ખપ લાગ્યો હતો. એ કુકુર-વંશનો હોવાથી એને કૌકુર પણ કહેતા.

કારીરય. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

કારીષિ. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કારુકાયન. એક બ્રહ્મર્ષિ.(૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કારુપથ. ભારતવર્ષીય ભરતખંડસ્થ એક દેશ. એની રાજધાની અંગદીયા. (અંગદીયા શબ્દ જુઓ).

કારુષક. કરુષક દેશનો રાજા વૃદ્ધશર્મા તે. એના પુત્રનું નામ દંતવક્ર. આ રાજા ભારતના યુદ્ધ વખતે દુર્યોધનના પક્ષમાં હતો.

કારોષક. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

કાર્તવીર્ય. સોમવંશી યદુપુત્ર સહસ્રાજિતના વંશમાં જન્મેલા કૃતવીર્ય રાજાના પુત્ર અર્જુનનું જ બીજું નામ. એણે દત્તાત્રેયની ઘણી જ ઉત્તમ સેવા કરીને હજાર હાથ પ્રાપ્ત કર્યા હતા. ત્યારથી એ સહસ્રાર્જુન કહેવાતો. અનૂપ દેશ-માંની માહિષ્મતી નગરીમાં પોતાની રાજધાની કરી, એ સંપૂર્ણ ભારતવર્ષ પર રાજ કરતો. (**ભા૨૦ વન૦ અ૦ ૧૧૫**). અને (**ભા૨૦ અનુ૦ અ૦ ૧૫૨**).એ ધર્મશાસ્ત્રને અનુસરનારો હોવાથી એના રાજ્યમાં પાપ થતું જ નહિ;આમ એણે પંચ્યાશી હજાર વર્ષ ઉત્તમ પ્રકારે રાજ્ય કર્યું. પોતાને બહુ બળવાન સમજનાર રાવણને પણ એણે બાંધ્યો હતો. (રાવણ શબ્દ જુઓ). અગ્નિના માગવાથી એણે ભક્ષણ કરવાને એક વન આપવાથી અગ્નિની પ્રીતિ સંપાદન કરી હતી. પરંતુ એ વન બળતાં વસિષ્ટ ઋષિનો આશ્રમ બળી જવાને લીધે તારા હજારે હાથ ભાગી પડશે એવો શાપ થયો હતો. આ શાપ જ અગાઉ જતાં એના મરણનું કારણ થઇ પડ્યો. (આપવ શબ્દ જુઓ). એને હજાર છોકરા હતા; પરંતુ તેમાં જયધ્વજ, શૂરસેન, વૃષભ, મધુ અને ઊર્જિત એ પાંચ; શૂર, ધૃષ્ટ, ક્રોષ્ટુ, વૈકર્તા, અવંતિ, એવે નામે પ્રસિદ્ધ અને મુખ્ય હતા.

એક વખત એ મૃગયા રમવા અરણ્યમાં ગયો હતો, ત્યાં જમદગ્નિ ઋષિનો આશ્રમ જોઇને ત્યાં ગયો. જમદગ્નિ પાસે કામધેનુ હોવાથી તેની સહાયતાથી તેમણે કાર્તવીર્યનો ઉત્તમ પ્રકારે સત્કાર કર્યો. આતિથ્યથી સંતોષ પામીને સ્વસ્થાને જવું યોગ્ય હતું તે ન કરતાં તેણે ઋષિની કામધેનુ બળાત્કારે લેઇ લીધી. જમદગ્નિના પુત્ર પરશુરામે સામોપચારથી પાછી માગી, પણ એણે આપી નહીં. આથી બન્ને વચ્ચે યુદ્ધ થયું. પરશુરામે એના હજાર હાથ કાપી નાંખ્યા અને એ મરણ પામ્યો. (**ભા૨૦ વન૦ અ૦ ૧૧૭**).

કાર્તિકેય. પ્રથમતઃ મહાદેવનું રેત શરવણ નામના વનમાં પડેલું તે આગળ જતાં ગંગાએ અને અગ્નિએ ક્રમે ક્રમે કેટલોક કાળ ધારણ કર્યું. તેમની પછી છ કૃતિકાઓએ ધારણ કર્યું. તે વખત એનો જન્મ થયો. આમ હોવાથી એનાં અનુક્રમે સ્કંદ, ગાંગેય, અગ્નિભૂ અને કાર્ત્તિકેય એવાં નામ પડ્યાં. એક મુખ અને બે હાથ સહિત છએ કૃત્તિકાને પેટે એક જ કાળે જન્મેલા હોવાથી એમને છ મોં અને બાર હાથ છે; તેમ જ એમનું નામ પણ મુખ

પડાનન એવું પડ્યું છે. અગાઉ જતાં એ દેવના સેનાપતિ થવાથી, તેમને સેનાની પણ કહેતા. ગુંહામાં વાસ કરવાને લીધે ગુહ પણ કહેવાતા. (**ભા૨૦ વન૦ અ૦ ૨૨૩-૨૨૬**). અને (**ભા૨૦ અનુ૦ અ૦ ૮૫**).

કાર્તિવય. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

કાર્દમાયનિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

કાર્પણિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

કાર્ષ્ણાયન. એક ઋષિ. કૃષ્ણ પરાશર શબ્દ જુઓ.

કાર્ષ્ણિ. કશ્યપની સ્ત્રી મુનીની કુખે થયેલા દેવ-ગંધર્વોમાંના એકનું નામ. (૧ દેવગંધર્વ શબ્દ જુઓ).

કાર્ષ્ણિ (૨). પ્રધાનપણે કરીને કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્નનું બીજું નામ. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૫૬ શ્લો૦ ૯**).

કાલ. ધ્રુવ નામના વસુના પુત્રનું નામ.

કાલ (૨). એ નામના એક ઋષિ.

કાલ (૩). એક અસુર. (૨ મહિષાસુર શબ્દ જુઓ).

કાલ (૪). એ નામનો એક યોદ્ધો. (કુશીલવ શબ્દ જુઓ).

કાલ (૫). એ નામનો એક પર્વત. (**વા૦ રા૦ કિષ્કિંધા૦ સ૦ ૪૩**).

કાલકંઠ. રુદ્રગણ વિશેષ.

કાલકવૃક્ષીયમુનિ. ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન જાણનારું એક પક્ષી, આ મુનિની પાસે હતું. એક વખત એ પોતે ફરતા ફરતા કોસળ દેશના ક્ષેમદર્શી રાજાને ત્યાં આવી ચઢ્યા. એમના પક્ષીમાં આવો ગુણ છે, એ જાણ્યું એટલે રાજાએ મુનિને પુછ્યું કે મારા મંત્રીઓ મારા વિષે કેવો ભાવ રાખે છે, એ આપના પક્ષી પાસે કહેવડાવો. પક્ષીએ એક મંત્રીની હકીકત કહી અને બીજાની બીજે દિવસે કહીશ એમ કહ્યું. પક્ષી ખરેખરી હકીકત કહે છે, એ જોઇને બાકીના મંત્રીઓએ રાત્રે પક્ષીને મારી નાંખ્યું. આ ઉપરથી રાજાએ ધાર્યું કે આ સઘળા મંત્રીઓ મારું અનિષ્ટ ઇચ્છનારા છે એમાં સંશય નથી. પછી મુનિની સાહ્યતા વડે સઘળાઓને યોગ્ય શાસન કરીને સુખી થયો. (**ભા૦ શાંતિ૦ અ૦ ૧૦૬**).

કાલકા. વૈશ્વાનર દાનવની કન્યા અને મારીચ નામના અસુરની સ્ત્રી.

કાલકામ. એક વિશ્વેદેવ.

કાલકામુક-કાર્મુક. ખર રાક્ષસના બાર અમાત્ય-માંનો એક. (ખર શબ્દ જુઓ).

કાલકાલ. મહાદેવ.

કાલકાક્ષ. ગરુડે મારેલો એક અસુર.

કાલકીર્ત્તિ. ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

કાલકૂટ. ભારતવર્ષીય ઉત્તર આનર્તની ઉત્તરે આ-વેલો દેશ. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૬**.)

કાલકૂટ (૨). મગધ દેશમાંનો એક સામાન્ય પર્વત.

કાલકૂટ (૩). સમુદ્રમથન કાળે નિકળેલું દુર્ધર વિષ.

કાલકેતુ. અસુર વિશેષ. એકવીર નામના હૈહય રાજાએ એને માર્યો હતો.

કાલકેય. કશ્યપ ઋષિની સ્ત્રી કાળાતો પુત્ર અને તેના વંશજ. એઓ વૃત્રાસુરના બળે દેવોની સાથે લડતા હતા. પછી જ્યારે ઇન્દ્રે વૃત્રા-સુરને માર્યો તે વખત આ બધા સમુદ્રમાં સંતાઇ રહ્યા. દહાડે સમુદ્રમાં સંતાઇ રહે અને રાત્રે બહાર નિકળી મુનિયોને ખાઇ જાય. ચ્યવન ઋષિના આશ્રમમાં રહેનાર સો, અને ભરદ્વાજને આશરે રહેનારા વીસ, એમ અસંખ્ય ઋષિયોને ખાધા. તેણે કરીને ઉર્વરિત ઋષિ ભય પામીને ગુહામાં સંતાઇ રહ્યા. પણ આ-મનો ઉપદ્રવ શાન્ત પડ્યો નહિ. યજ્ઞ યાગાદિ ક્રિયાઓ અટકી પડી. ઇંદ્રને મોખરે કરીને બધા ઋષિયો બ્રહ્મદેવને શરણે ગયા. તેમણે કહ્યું કે તમે બધા અગસ્ત્ય ઋષિ પાસે જાઓ. બધાએ અગસ્ત્ય ઋષિ પાસે જઇને કાલકે-યના આપેક્ષા ત્રાસનું વર્ણન કર્યું. તેમણે બધાને અભય આપીને પોતે સમુદ્ર તીરે ગયા, અને પોતાના તપોબળ વડે સમુદ્રનું આચમન કર્યું. સમુદ્રની સાથે જ બધા કાલકેયો ઋષિના ઉદ-

રમાં ગયા અને ત્યાં જ મરણ પામ્યા.(**ભા૨૦ વન૦ અ૦ ૧૦૨–૧૦૫**).

કાલકેય (૨). મારીચ નામના અસુરની સ્ત્રી કાલકાના છોકરા. એમને કાલખંજ પણ કહ્યા છે. એ સઘળા હિરણ્યપુરમાં રહેતા અને ઇંદ્રને ભારે ત્રાસ આપતા હતા. પરન્તુ ઇંદ્ર એમને કાંઇ કરી શકતો નહોતો. પછી દ્વાપરયુગના સમાપ્તિ કાળમાં પાંડુપુત્ર અર્જુન સ્વર્ગમાં ગયો હતો, તે વખતે ઇંદ્રે એને આ કાલકેયને જીતવા મોકલ્યો. અર્જુનનું અને એમનું ઘણા કાળ પર્યંત યુદ્ધ થયું. છેવટ એ બધા, તેમ જ પૌલોમ અર્જુનને હાથે મરણ પામ્યા. (**ભા૨૦ વન૦ અ૦ ૧૭૩**).

કાલકોટિ. નૈમિષારણ્યમાંનું તીર્થ વિશેષ.

કાલખંજ. એની સંજ્ઞાવાળા કાલકેયોનું બીજું નામ.

કાલગૌતમ. એક ઋષિ. (૧ બ્રહ્મદત્ત શબ્દ જુઓ.)

કાલઘટ. જનમેજય રાજાએ કરેલા સર્પસત્રમાં વરેલો એક સદસ્ય ઋષિ.

કાલંજર. મેરુકર્ણિકા પર્વતમાંનો એક પર્વત.

કાલંજર (૨). ભરતખંડસ્થ એક સામાન્ય પર્વત. (પિતૃવર્તી શબ્દ જુઓ).

કાલજિત. લક્ષ્મણનો સેનાપતિ. (કુશી લવ શબ્દ જુઓ).

કાલજિહ્વ. એક રુદ્રગણ.

કાલતોયક. ભારતવર્ષીય દેશ (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯.**)

કાલદંષ્ટ્ર. દૈત્ય વિશેષ.

કાલનર. સોમવંશી યયાતિપુત્ર અનુરાજાનો પૌત્ર અને સભાતર રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સૃંજય રાજા.

કાલનાભ. તેર સૈંહિકામાંની એક. (૨ સૈંહિકેય શબ્દ જુઓ.)

કાલનેમિ. એક અસુર વિશેષ. (૩ તારક શબ્દ જુઓ.)

કાલનેમિ (૨). લંકાનો એક રાક્ષસ. જ્યારે યુદ્ધમાં લક્ષ્મણ મૂર્છિત થયા તે વખત દ્રોણાચળ પર્વત ઉપરથી ઔષધિ લાવવાને મારુતિ જતો હતો, તેને નિરોધ કરવાને રાવણે આને મોકલ્યો હતો. એ ઋષિનો વેષ ધારણ કરીને રસ્તામાં બેઠો હતો. મારુતિ ત્યાં પાણી પીવાને થોભ્યા. પણ કાલનેમિનું કપટરુપ તરતજ કળી ગયા. તેથી બિલકુલ ઓટી ન થતાં એને મારી પોતે ઔષધિ લેવા ગયા. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭**)

કાલનેમિ (૩). સોમુખ વાળો એક દૈત્ય, એને વિષ્ણુએ માર્યો હતો. (મત્સ્ય. અ૦ ૧૭૭)

કાલભૈરવ. કાશીપુરીનો ક્ષેત્રપાળ, એક રુદ્રગણ.

કાલમહી. ભારતવર્ષીય નદી. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**) અને (**મત્સ્ય૦ અ૦ ૧૧૩**).

કાલયવન. કોઈ એક યવનાધિપતિએ યાદવોના પરાભવ સારુ પોતાની સ્ત્રીની કૂખે ગર્ગમુની પાસે ઉત્પન્ન કરાવેલો પુત્ર. એ મોટો પ્રતાપી અને યાદવોથી જિતાય નહિ એવો હતો. એક સમયે એ મોટું સૈન્ય લઈ યાદવો ઉપર ચઢી આવ્યો. ઘણો ભયંકર સંગ્રામ થયો અને કૃષ્ણને લાગ્યું કે આની જોડે યુદ્ધ કરતાં જય મળવો કઠણ છે,માટે એને કોઇ યુક્તિથી મારવો જોઇએ. પછી વિચાર કરીને યુદ્ધમાંથી પોતે ખોટો નાસવાનો ઢોંગ કરીને દોડ્યા. કાલયવને જાણ્યું કે એ મારાથી નાસે છે, એટલે એ શસ્ત્ર લઇને એમની પૂંઠળ ધાયો. એમ દોડતાં દોડતાં કૃષ્ણે પોતે પર્વતની જે ગુફામાં મુચકુંદ રાજા ઉંઘતો હતો તેમાં જઇ, પોતાનું ઉત્તરીય મુચકુંદ રાજાને ઓઢાડ્યું અને પોતે ગુફાના અંધારા ભાગમાં લપાઇને શું થાય છે તે જોતા ઉભા. કાલયવન પછવાડે દોડ્યો આવતો જ હતો. કૃષ્ણને ગુફામાં ગયેલા જોઇ પોતે પણ પેઠો; અને કૃષ્ણનું વસ્ત્ર ઓઢીને સુતેલા મુચકુંદને જોઇને ધાર્યું કે આ ઢોંગ કરીને કૃષ્ણ સુઈ ગયો છે. પછી પોતે પાસે જઇને તેને લાત મારી. મુચકુંદ જાગી ઉઠ્યા, એમણે આંખ ઉઘાડી અને કાલયવન ઉભો હતો તેના સામું કોપ ભરેલી દૃષ્ટિથી જોયું. મુચકુંદની કોપાગ્નિથી કાલયવન તત્કાળ બળીને

ભસ્મ થઇ ગયો. (**ભાગ૦ દશમસ્કં૦ અ૦ ૫૧**) પછી કૃષ્ણ અને મુચકુંદની ભેટ થઇ, પરસ્પર કાંઇ વાતચીત થયા બાદ મુચકુંદ ઉત્તરમાં ચાલ્યો ગયો અને કૃષ્ણ દ્વારકા પાછા આવ્યા.

કાલરાત્રિ. પાર્વતીની એક શક્તિ. (શુંભનિશુંભ શબ્દ જુઓ.)

કાલવક્ષ. એક બ્રહ્મર્ષિ. (વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કાલવીર્ય. એક અસુર. (૨ સૈંહિકેય શબ્દ જુઓ).

કાલશિખ. એક બ્રહ્મર્ષિ (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

કાલશૈલ. ભરતખંડસ્થ એક સામાન્ય પર્વત.

કાલસૂત્ર. એક નરક.એમાં દસ સહસ્ત્ર યોજન વિસ્તારના તાંબાના પત્રાની નીચે ધગધગતો દેવતા હોવાથી એ પત્રું નિરંતર તપેલું જ હોય છે. જે પ્રાણિ માતા, પિતા, બ્રાહ્મણ અને મુખ્યત્વે બ્રહ્મનિષ્ટ બ્રાહ્મણનો દ્રોહ કરે છે તેને યમદૂતો આ તપ્ત પત્રાપર ઉભા રાખી યાતના કરે છે.

કાલા. પાર્વતીની શક્તિ. (શુંભનિશુંભ શબ્દ જુઓ)

કાલા (૨). કશ્યપ ઋષિની સ્ત્રીઓમાંની એક. એને ચાર પુત્રો હતા. એ બધા કાલકેય કહેવાતા. (કાલકેય શબ્દ જુઓ).

કાલાગ્નિરુદ્ર. મહાદેવની એક મૂર્તિ.

કાલાગ્નિરુદ્ર (૨). મુખ્ય યજુર્વેદોપનિષત.

કાલાનલ. કાલનર રાજાનું બીજું નામ.

કાલિકા. ભારત વર્ષીય નદી. (**મત્સ્ય૦ અ૦ ૧૧૩.**)

કાલિકા (૨). કાલી શબ્દ જુઓ.

કાલિંજર. ભારતવર્ષીય વન.

કાલિંજર (૨). કાશીમાં એક સ્થળ વિશેષ.

કાલિંદી. અંશુમતી નદીનું બીજું નામ.

કાલિંદી (૨). યમુના નદીને પણ આ નામે વર્ણવી છે. (**ભા૨૦ વિરા૨૦ અ૦ ૫ શ્લો. ૧**)

કાલિંદી(૩). કૃષ્ણની સાતમી સ્ત્રી.મને કૃષ્ણ પતિ મળે એમ ઇચ્છી એ યમુનાને તીરે તપ કરતી હતી.પ્રાયઃ એ યમુનાની મૂર્તિમાન દેવતા,હોવી જોઇએ. કારણ એ કોની દિકરી વગેરે હકીકત કોઇ જગાએ મળતી નથી. એક સમય કૃષ્ણ ચોમાસામાં ઇંદ્રપ્રસ્થમાં રહ્યા હતા, ત્યારે અર્જુનને લઇને મૃગયા રમવા ગયા હતા. તે વખત આને તપ કરતાં જોઇ અને પુછપાછ કરતાં બધી હકીકત જાણી એટલે એને જોડે ઇંદ્રપ્રસ્થ લઇ ગયા; અને ચોમાસું વિત્યા બાદ દ્વારકા ગયા અને ત્યાં એનું વિધીવત્ પાણિગ્રહણ કરીને પોતાની શ્રેષ્ટ સ્ત્રીઓ–પટરાણીઓમાં દાખલ કરી. (**ભાગ૦ ૧૦ સ્કં. અ૦ ૫૮**) એને કૃષ્ણથી શ્રુત વગેરે પુત્ર થયા હતા. (૪. કૃષ્ણ શબ્દ જુઓ.)

કાલિય. કાદ્રવેય કુળમાં જન્મેલો એક નાગ. એ પૂર્વે રમણ દ્વીપમાં રહેતો હતો. એ દ્વીપમાં ગરુડ વારે વારે જઇને નાગોનું ભક્ષણ કરી જતો હતો. તેથી સઘળા નાગોએ મળીને એક વખત એવો વિચાર કર્યો કે આપણે એને કાંઇ નિયમિત ભક્ષ આપવાનું ઠેરવીએ. તે પ્રમાણે ઠરાવ કરીને તેમણે ગરુડને જણાવ્યું. એણે એ કબૂલ કર્યું. એ ગોઠવણથી ગરુડને નિરંતર નિયમાનુસાર ભક્ષ્ય મળવા લાગ્યું અને નાગોને પણ એક રીતે સુખ થયું. એક વખત એમ બન્યું કે ગરુડનું ભક્ષ્ય ગરુડને ન આપતાં કાલિય પોતે ખાઇ ગયો. તેથી એનું અને ગરુડનું જબરું યુદ્ધ થયું. ગરુડની આગળ પોતાનું કાંઇ ચાલતું નથી જોઇને એ ત્યાંથી નાઠો, તે જમના નદીના ધરામાં આવીને સંતાયો. ત્યાં ભરાયો જોઇને ગરુડ પાછો ગયો. સૌભરિ ઋષિયે આપેલા શાપને લઇને ગરુડથી ત્યાં અવાય એમ નહોતું. આ મર્મ કાલિયને ખબર હોવાથી એ જમનાના દ્રહમાં આવીને કેવળ નિર્ભયપણે રહેવા લાગ્યો. એનું વિષ એવું ઉગ્ર હતું કે જમનાના એ દ્રહના પાણીને સ્પર્શીને જતો વાયુ ઉડતાં પક્ષીને લાગે તો તેપણ મરી જાય. પરિણામે જમનાનો એ ધરો પશુપક્ષી બધાંએ વર્જ કરી દીધો હતો. એક વખત દૈવઇચ્છાથી બધા ગોવાળીઆઓ ગાયોને લઇને દ્રહ ઉપર

ગયા.તેમણે અને ગાયોએ એમાંનું પાણી પીધું અને બધાં ઝેર ચઢવાથી મરણ પામ્યાં. કૃષ્ણને આ વાતની ખબર પડતાં જ પોતે ત્યાં ગયા; અને જમના કાંઠે એક ઝાડ પાસે જ હતું તેના પર ચઢયા. અને જમનામાં ભૂસ્કો માર્યો. કાલિય હતો ત્યાં જઇને પોતાની અદ્‌ભૂત શક્તિવડે કરીને એને પકડયો; અને ખૂબ ગૂંથ્યો. કાલિયે જાણ્યું કે હું મૂઓ. એટલામાં એની સ્ત્રીઓ એ આવીને કાલાવાલા કરીને પ્રાર્થના કરી કે એને પ્રાણદાન આપવું જોઇએ. કાલિય ઘણો જ નરમ થઇ ગયો હતો. પછી એની પાસે યમુનાનું જળ શુદ્ધ કરાવી, તેમ જ ગાય ગોવાળોને પૂર્વવત્ નિરોગી કરાવી, એને પાછો રમણદ્વીપમાં રહેવા મોકલ્યો. (**ભાગ૦ દશમ અ૦ ૧૬**)

કાલિય (૨). દાશરથિ રામની સભામાંનો એક વિદુષક, હાસ્યકાર.

કાલી. સતીએ હિમાલયને ત્યાં જન્મ ધારણ કર્યો ત્યારે તેમની અંગકાંતિ શ્યામ વર્ણ હોવાથી તેમનું પડેલું નામ.

કાલી (૨). કાલિકા નામની જે શક્તિ તે જ.એણે શુંભ અને નિશુંભનો વધ કર્યો હતો. (શુંભ નિશુંભ શબ્દ જુઓ)

કાલી (૩). ઉપરિચર વસુ રાજાની માછલીના ઉદરમાં જન્મેલી કન્યા. એને મત્સ્યગંધિની અને યોજનગંધિની એવાં નામો હતાં. પછીથી એનું સત્યવતી નામ પડયું હતું. એજ શંતનુની સ્ત્રી થઈ હતી. કૌમાર અવસ્થામાં પરાશર ઋષિથી એને કૃષ્ણદ્વૈપાયન નામે પુત્ર જન્મ્યો હતો.

કાલી (૪). પાંડુપુત્ર ભીમસેનની બીજી સ્ત્રી. ભીમસેનથી એને સર્વગ નામે પુત્ર થયો હતો.

કાલી (૫). ભારતવર્ષીય નદી. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૬**), (**મત્સ્ય૦ અ૦ ૧૧૩**).

કાલેય. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

કાવષેય. કવષાનો પુત્ર હોવાથી તુર ઋષિનું પડેલું બીજું નામ.

કાવેરી. ભારતવર્ષીય ભરતખંડસ્થ નદી. (૩. પારિયાત્ર શબ્દ જુઓ).

કાવેરી (૨). ભારતવર્ષીય ભરતખંડસ્થ નદી. (સહ્યાદ્રિ શબ્દ જુઓ.)

કાવ્ય. બર્હિષદ પિતરો પૈકી એક પિતર વિશેષ.

કાવ્ય (૨). વારુણિ કવિના આઠ પુત્રોમાંનો બીજો (૯ કવિ શબ્દ જુઓ),

કાવ્ય (૩).એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

કાવ્ય (૪). દૈત્યગુરુ શુક્રાચાર્યનું તે પોતે કવિ વંશમાં ઉત્પન્ન થએલા તે સબબે પડેલું નામ.

કાશય. ભારતવર્ષીય દેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**)

કાશિ. વારુણિ કવિના આઠ પુત્રોમાંનો સાતમો. (૯ કવિ શબ્દ જુઓ).

કાશિ (૨).સોમવંશી આયુ રાજાના પુત્ર ક્ષત્રવૃદ્ધના સુહોત્ર નામના પુત્રનો પૌત્ર અને કાશ્યપરાજાનો પુત્ર. એને રાષ્ટ્ર નામનો પુત્ર હતો. કાશ્યવંશને કોઇ કોઇ ઠેકાણે ગ્રંથોમાં કાશિપતિ કહ્યા છે. પરંતુ તે કાશિપુરીના રાજા હતા એમ સમજવું નહિ.

કાશિ (૩). એક પવિત્ર નગરી.

કાશિક. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. (**ભાર૦ ઉદ્યો૦ અ૦ ૧૭૧**)

કાશિકા. ભરતખંડસ્થ નદી. (શુક્તિમાન શબ્દ જુઓ).

કાશિકા (૨). કાશિ નગરી.

કાશિકોશલ. ઇશાન્ય કોસલ જેને ઉત્તરકોસલ કહ્યો છે તે જ દેશનું બીજું નામ. આ દેશનું આ નામ કાશિ સંબંધી દેશ સમીપ હોવાને લીધે પડયું હશે એમ લાગે છે.

કાશિપાંચાલ. પૂર્વ પાંચાલનું જ આ નામ હોય એમ જણાય છે (**ભા૦ કર્ણ૦ અ૦ ૭૩**).

કાશિરાજ. અંબા, અંબિકા, અને અંબાલિકાનો પિતા. પરન્તુ આ નામ કાશિના ગમે તે રાજાને પણ લગાડાય છે.

કાશિરાજ (૨) ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. (**ભાર૦ આદિ૦ અ૦ ૬૭**).

કાશી. કાશિપુરીનું બીજું નામ.

કાશ્મીર. ભારતવર્ષીય ભરતખંડસ્થ દેશ. પાંડવોનાં સમયમાં ઉત્સવસંકેત સપ્તગણ અને લોહિત એ બે દેશની મધ્યના દેશને કાશ્મીર કહેતા. (**ભાર૦ સભા૦ અ૦ ૨૭**)

કાશ્ય. સાંદીપની ઋષિના પિતા.

કાશ્ય (૨) સોમવંશી આયુકુળોત્પન્ન સુહોત્ર રાજાના ત્રણ પુત્રોમાંનો મોટો. એના પુત્રનું નામ કાશિ.

કાશ્ય (૩) સોમવંશી પૂરુકુળોત્પન્ન અજમીઢ વંશના સેનજિત્ રાજાના ચાર પુત્રોમાંનો ત્રીજો.

કાશ્ય (૪) ભારતના યુદ્ધમાં પાંડવપક્ષનો એક રાજા. એ પોતે એક રથી હતો છતાં કોઇ વર પ્રભાવે કરીને યુદ્ધ સમયે અષ્ટરથી થતો. (**ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૪**).

કાશ્યપ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

કાશ્યપ (૨) એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ)

કાશ્યપ (૩) દાશરથિ રામની સભામાં જે આઠ ધર્મશાસ્ત્રી હતા તેમાંનો એક.

કાશ્યપ (૪) દાશરથિ રામની સભામાંનો વિદુષક.

કાશ્યપ (૫). એક ઋષિ. એને એક વખત કોઈ વેશ્યાના રથનો ધક્કો વાગવાથી મૂર્છા આવી અને ભોંયપર પડી ગયો. કિંચિત સાવધ થયા પછી એના મનમાં આવ્યું કે દેહને લીધે અનેક કલેશ ભોગવવા પડે છે. માટે દેહત્યાગ કરવો એ ઉત્તમ છે. મનુષ્ય દેહની યોગ્યતા કેવી મોટી છે તેની એને સમજણ પાડવા શિયાળનું રૂપ ધરીને ઇંદ્ર ત્યાં આવ્યો અને બોલ્યો કે—

मनुष्य योनि मिच्छंति सर्वभुतानि सर्वशः ॥
मनुष्यत्वे च विप्रत्वं सर्वमेवाभिनंदति ॥ ८ ॥
मनुष्यो ब्राह्मणश्चासिश्रोत्रियश्चासिकाश्यप ॥
सुदुर्लभमवाप्यैतन्नदोषान्मर्तु महर्सि ॥ ९ ॥
अपाणित्वाद्धृयंत्रह्मन्कंटकंनोद्धरामहे ॥
जंतूनुच्चावचानंगे दशतो निकषामवा ॥ १३ ॥
अथ येषां पुनः पाणी देवदत्तौ दशांगुली ॥
उद्धरंति कृमीनंगादशतो निकषंतिच ॥ १४ ॥
(**ભાર૦ શાંતિ૦ અ૦ ૧૮૦**).

આ પ્રમાણે જંબુકે કહેલું એણે સાંભળ્યું અને આ ઇંદ્ર છે એમ પોતાની દિવ્ય દૃષ્ટિએ કરીને ઓળખ્યો. તે ઉપરથી જંબુકનો વેષ તજી દઇ સાક્ષાત્ ઇંદ્ર પોતે એની સન્મુખ ઉભો. એને વંદનાદિથી એણે ઘણો સત્કાર કર્યો. પછી ઇંદ્ર સ્વર્ગમાં ગયા અને ઋષિ પોતાના આશ્રમમાં ગયા.

કાશ્યપ (૬) એ નામના એક ઋષિ જે પાંડવોની પાસે દ્વૈતવનમાં રહ્યા હતા.

કાશ્યપ (૭) એક મંત્રશાસ્ત્રી બ્રાહ્મણ. પરીક્ષિત રાજાને સર્પદંશ થઇને તે મરણ પામનાર છે એ સાંભળીને તેને પોતાના મંત્રબળે ઉગારીને દ્રવ્ય મળવાની ઇચ્છા ધારીને એ હસ્તિનાપુર જવાને નિકળ્યો. તક્ષક નાગને એ વાતની ખબરપડી એટલે એ મનુષ્યનું રૂપ ધારણ કરીને એના રસ્તામાં આવીને બેઠો. અને કાશ્યપ આવ્યો એટલે એને પુછ્યું કે હે બ્રાહ્મણ તમે કોણ છો અને ક્યાં જાઓ છો? બ્રાહ્મણે બધી વાત કહી, એટલે તક્ષક કહે આ પુરુષ સહિત આ ઝાડ હું બાળી નાંખું છું તે તું પૂર્વવત્ સારુ કરે તો હું તારું મંત્રબળ ખરું જાણું. કાશ્યપ કહે ઠીક. પછી તક્ષકે પેલા ઝાડને દંશ કર્યો અને પાસે અડીને બેઠેલા પુરુષ સહિત ઝાડને બાળીને ભસ્મ કરી નાંખ્યું. એ જોઇને બ્રાહ્મણે પોતાના મંત્રબળે કરીને તરત જ પૂર્વવત્ કરી નાંખ્યું. એ જોઇને તક્ષકને લાગ્યું કે આ જરુર રાજાને સજીવ કરશે. પછી તક્ષકે બ્રાહ્મણને કહ્યું કે ઋષિપુત્રે આપેલો શાપ મિથ્યા કરવાથી તને જે દ્રવ્યનો લાભ થાય, તેનાથી પણ અધિક દ્રવ્ય આ લે. અને રાજા પાસે ન જતાં પાછો ઘેર જા. હું જાતે જ તક્ષક છું. આ ઉપરથી કાશ્યપ દ્રવ્ય મળ્યું તે લઇને પોતાને સ્થળે ચાલ્યો ગયો. (**ભાર૦ આદિ૦ અ૦ ૪૩**).

કાશ્યપ (૮) સાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્તર્ષિમાંનો એક.

કાશ્યપિ. કશ્યપના વંશજ તે.

કાશ્યપિ (૨). અરુણનું બીજું નામ.

કાશ્યપી. બધી પૃથ્વી કાશ્યપની હોવાથી પૃથ્વીનું પડેલું નામ. (પરશુરામ શબ્દ જુઓ).

કાશ્યપેય. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ)

કાશ્યપેય (૨) સૂર્યનું બીજું નામ.

કાશ્યપેય (૩) કૃષ્ણનો સારથિ દારુક તે. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૪૭ શ્લો૦ ૫૫**).

કાષ્ઠાહારિણ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ.)

કાસોરુ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

કાક્ષીવાન. અનુકુલોત્પન્ન બલિરાજાએ પોતાની સુદેષ્ણા નામની સ્ત્રીને પુત્ર સંપાદન સારૂ દીર્ઘતમા ઋષિની સેવા કરવા જવાનું કહ્યું હતું. તેણે એક વખત પોતે ન જતાં એક દાસીને તેમની પાસે મોકલી. આ દાસીને દીર્ઘતમા ઋષિથી થયેલો પુત્ર તે આ કાક્ષીવાન. પોતાના તપાચરણે કરીને એ બ્રહ્મલોકમાં ગયો હતો.

કિંકર. એક રાક્ષસ. વિશ્વામિત્રની આજ્ઞાવડે એણે કલ્માષપાદ રાજાના શરીરમાં પ્રવેશ કર્યો હતો.

કિંકર (૨) લંકામાં બેશી હજાર રાક્ષસોનો સમુદાય વિશેષ. (**વા૦ રા૦ સુંદર૦ સ૦ ૪૨**). (હનુમાન્ શબ્દ જુઓ.)

કિંકિણ. સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશમાં જન્મેલા સાત્વતના પુત્ર ભજમાનના બીજી સ્ત્રીથી થયેલા ત્રણમાંનો બીજો પુત્ર.

કિન્નરાશ્વ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના સુનક્ષત્ર રાજાનો પુત્ર. જેનું મુખ્ય નામ પુષ્કર હતું તે જ.

કિંપુના. ભારતવર્ષીય નદી. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**) (**ભાગ૦ ૬૦ સ્કં૦ અ૦ ૯**)

કિંપુરુષ. આગ્નીધ્રના નવ પુત્રોમાંનો બીજો. એ મેરુની કન્યા પ્રતિરૂપાને વર્યો હતો. એનો દેશ એના જ નામવડે પ્રસિદ્ધ હતો.

કિંપુરુષવર્ષ. જંબુદ્વીપના વર્ષ સંજ્ઞાવાળા નવ ભાગમાંનો એક. એની ઉત્તરે હેમકૂટ પર્વત દક્ષિણે હિમાલય, અને પૂર્વ પશ્ચિમ ક્ષાર સમુદ્ર એવી એની સીમા હતી. એનું બીજું નામ હૈમવત વર્ષ હતું. એ દેશમાં કિન્નર નામની દેવયોનિની વિશેષે વસતી છે. આગ્નિધ્ર પુત્ર કિંપુરુષ ત્યાં અધિપતિ હતો. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**)

કિરાતદેશ. ઇંદ્રપ્રસ્થને મધ્ય ધારી આ દેશના પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર એમ ત્રણ ભેદ છે તે સંબંધે તે તે અક્ષરના ક્રમવાર શબ્દોમાં જુઓ.

કિરીટી. પાંડુપુત્ર અર્જુનનું નામાન્તર.

કિર્મીર. એક રાક્ષસ. બકાસુરનો ભાઈ. આ વશિષ્ઠકુળ (નેતરના) વનમાં રહેતો હતો. હસ્તિનાપુરથી પાંડવો કામ્યક વનમાં આવ્યા હતા ત્યારે, પોતાના ભાઇને ભીમસેને માર્યો હતો તેનું વેર લેવાની ઇચ્છાથી કિર્મીર આ વનમાં આવ્યો. એણે પાંડવોનો જવાનો રસ્તો ચોતરફથી ઘેર્યો, તેથી એની અને ભીમસેનની વચ્ચે ઘોર યુદ્ધ થયું. તેમાં એ ભીમસેનને હાથે મરણ પામ્યો. (**ભાર૦ વન૦ અ૦ ૧૧**).

કિશોર. બલિ દૈત્યના પુત્રોમાંનો એક. (**મત્સ્ય૦ અ૦ ૧૮૨**).

કિષ્કિંધ. એક સામાન્ય પર્વત.

કિષ્કિંધા. દક્ષિણમાં આવેલી એક નગરી. મૂળ ત્યાં ઋક્ષ રાજા હતો. પાંડવોના સમયમાં ત્યાં મૈંદ અને દ્વિવિદ એવા વાનર જાતિના રાજા હતા. (**ભાર૦ સભા૦ અ૦ ૩૧**)

કીકટ. ઋષભ દેવના દસ પુત્રોમાંનો નાનો. એ એ જ નામના ખંડનો અધિપતિ હતો.

કીકટ (૨). ભરતવર્ષના નવ ખંડમાંનો એક.

કીકટ (૩) ભારતવર્ષીય ભરતખંડસ્થ દેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કીચક. પૂર્વ મત્સ્યદેશના અધિપતિ વિરાટ રાજાની સુદેષ્ણા નામની સ્ત્રીનો ભાઇ, એટલે વિરાટ રાજાનો સાળો. કીચકને એના સુહૃદાંત એકસો અને પાંચ ભાઇઓ હતા. એ બધા જાતના કૈકેય હતા. બધા ભાઇઓમાં આ પોતે મોટો અને ઘણો પરાક્રમી હતો. એના

પરાક્રમને લીધે વિરાટ રાજાએ એને પોતાનો સેનાપતિ કર્યો હતો. પાંડવોનો વનવાસ પૂરો થતાં જે એક વર્ષમાં અજ્ઞાત રહેવાનું હતું તે વખત સૈરંધ્રી નામ ધારણ કરીને દ્રૌપદી વિરાટ રાજાને ત્યાં સુદેષ્ણાની અંતઃપુરની દાસી થઇને રહી હતી. એણે નોકરી રહેતી વખત બોલી કરી હતી કે હું કોઇનું ઉચ્છિષ્ટ નહિ ખાઉં, કોઇના પગ નહિ ધોઉં, અને કશું અનુચિત કામ નહિ કરું. સુદેષ્ણાએ વચન આપ્યું હતું કે તારી એ શરતો હું પાળીશ. એ શિવાય એ પણ કહ્યું હતું કે મારા સામી કુદૃષ્ટિ કરનાર પુરુષને તમારે શિક્ષા કરવી પડશે. અને જો તમે નહિ કરો તો મારા પતિયો જેઓ પાંચ ગંધર્વ છે, તે તેને શિક્ષા કરશે તેમાં તમારે બોહું ન લગાડવું. આ પણ સુદેષ્ણાએ માન્ય કર્યું હતું. સુદેષ્ણાને નજરે જોતાં જ, દ્રૌપદીની પવિત્રાઈની ખાત્રી થઇ હતી.

આમ દ્રૌપદી ઘણા દિવસથી વિરાટને ત્યાં સુદેષ્ણાના અંતઃપુરમાં સૈરંધ્રી તરીકે સુખમાં રહેતી હતી. તેવામાં એક દિવસ કીચક સહજ પોતાની બહેનને મળવાને માટે એના અંતઃપુરમાં આવ્યો. આ વખત એણે સૈરંધ્રીને એકાએક દીઠી. તે પહેલાં એણે અને કદી જોએલી નહિ. એને જોઇને જ છેક ગાંડાતુર જેવો બની ગયો, અને પોતાની બહેનને પુછવા લાગ્યો કે આ નવીન સ્ત્રી કોણ છે ? સુદેષ્ણાએ કહ્યું કે મારી પરિચારિકા છે. તે સાંભળીને એને ઘણું આશ્ચર્ય લાગ્યું. થોડીવાર તો સ્તબ્ધ થઇ ગયો. પછી પોતાની બહેનની મર્યાદા મુકીને સૈરંધ્રીને કહેવા લાગ્યો કે, અરે સૈરંધ્રી તારું સ્વરૂપ ઘણું જ સુંદર છતાં, તું દાસી શી રીતે બની ? મને એમ લાગે છે કે તું રાજપત્ની છે. અને કોઇ કારણે આ દાસીવેષ તેં ધારણ કર્યો છે. ભલે, તે ગમે તેમ હો. પણ આજ તારું ભાગ્ય ઉઘડી ગયું કે હું અહીં આવ્યો. હું મારી બેનને કહીને તને અહીંથી છોડાવું છું. પછી તું મારી સ્ત્રી થઇ મારી સાથે મારે ઘેર ચાલ. અરે કીચક જેવો પતિ મળવાનો ભાગ્યોદય થયા છતાં, એવી કોણ અભાગી સ્ત્રી હોય કે દાસીપણામાં જ રહેવાની ઇચ્છા રાખે ? મને લાગે છે કે મેં જે કહ્યું તે તને મનમાં તો ગમે છે; અને તું મારી સાથે બોલવાની ઇચ્છા પણ કરે છે. પણ મારી બહેન પાસે છે માટે કાંઇ ઉત્તર ન આપતાં સ્તબ્ધ બેશી રહી છે. આમ કહીને કીચક છાનો રહ્યો. કીચક જ્યારે આવું નાલાયક બોલતો હતો, ત્યારે સૈરંધ્રી નીચું મોં કરીને એને સાંભળી રહી હતી; અને સુદેષ્ણા હમણાં કીચકને કાંઇ કહેશે અને વારશે એની વાટ જોતી હતી. પણ જ્યારે થોડા કાળ સુધી સુદેષ્ણાએ કીચકને કશું કહ્યું નહિ, ત્યારે તે પોતે કીચક પ્રત્યે કહેવા લાગી.

સૈરંધ્રી કહે, કીચક, તેં જે જે ભાષણ કર્યું તે તારા જેવાને બિલકુલ છાજતું નથી. અરે, પરસ્ત્રીની વાંછના કરીને પૂર્વે કોનું કલ્યાણ થયું છે, કે તારું થશે ? તારા મનમાં એમ હશે કે મારે કોઇનું રક્ષણ નહિ હોય. પણ તું એમ સમજીશ નહિ. પાંચ મહા સમર્થ ગંધર્વો ગુપ્ત અને સર્વ કાળ મારું સંરક્ષણ કરે છે. મારા પ્રત્યેની તારી આ અનુચિત વર્ત્તણુકની એમને ખબર પડશે, તો તું મહા અનર્થમાં આવી પડીશ. આમ બોલીને સૈરંધ્રી ચૂપ થઈ ગઇ. (**ભાર૦ વિરા૦ અ૦ ૧૪**)

સૈરંધ્રીનાં આવાં વચન સાંભળી કીચક પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, અહો મેં સાંભળ્યું છે કે સ્ત્રીઓના મનમાં જે પુરુષને વશ વર્ત્તવાનું હોય છે, તેની સાથે પણ તેઓ બહારથી બહુ કઠણ વચનો બોલે છે; તે ખરું જ છે. સૈરંધ્રીનું બોલવું પણ એવા જ પ્રકારનું હોય ! ભલે, ગમે તેમ હોય; એક વખત એના મનમાં મને વશ વર્ત્તવાનું ન હોય, છતાં પણ હું કીચક. અરે હું બલાત્કાર કરું તોએ મને બૂહ વિરાટ ધરાધરી

વારી શકે એમ નથી. પછી બીજાની તો શી ગણના ? આમ સંકલ્પ કરીને એ ત્યાંથી ઉઠ્યો. જતાં જતાં પોતાની બહેનને કહેતો ગયો કે એ મારે વશ થાય એમ કર.

એ સાંભળીને સુદેષ્ણાએ કીચકને કહ્યું કે તું એના વિષે પાપબુદ્ધિ કરીશ નહિ. એણે મારી પાસે પ્રથમ જ વચન લીધું છે, તે મારે પાળવું જ જોઇએ. સુદેષ્ણાએ સૈરંધ્રીના દેખતાં કીચકને એમ કહ્યું, છતાં પોતાના ભાઇની તરફ એની આંતરડી બેચાય માટે એને લાગ્યું કે મારા ભાઇનું હિત કરવું ઇષ્ટ છે. પોતાના ભાઇને એકલી મળીને કહ્યું કે હું ગમે તે બહાને એને તારી પાસે મોકલીશ, પછી તારી ઇચ્છા પ્રમાણે વર્ત્તજે. આ સાંભળી કીચક ઘણો ખુશી થઇ પોતાને ઘેર ગયો. સુદેષ્ણાએ આ વાત ટાઢી પડવા દીધી, અને સૈરંધ્રી તો એ વાત ભૂલી યે ગઇ. પછી એક દિવસ એણે યુક્તિથી પોતાની બધી પરિચારિકાઓને કાંઇને કાંઇ કામમાં લગાડી દીધી; અને માત્ર સૈરંધ્રી જ એની પાસે રહે એમ કર્યું. આમ થતાં જ એણે એને કહ્યું કે, હે સૈરંધ્રી! તું આ પાત્ર લઇને કીચકને ત્યાં જઇને કહે કે, તમારી બહેન આ ભરીને મદ્ય મગાવે છે. સૈરંધ્રીએ કહ્યું કે એ કામ મારૂં નથી. તમે બીજી કોઇ ને મોકલો. અને મને જે વચન આપ્યું છે, તેનું પાલન કરો.

સુદેષ્ણા કહે એ વાત ખરી. મારું વચન હું ભુલી ગઇ નથી. હું તને ખાસ આ કામ સારુ મોકલું નહિ, પણ આજ તારા શિવાય બીજું કોઇ હાજર નથી. માટે જ તને કહું છું. તું જા અને મદ્ય લઇ આવ. તારા મનમાં કીચકનું તે દિવસનુ ભાષણ સાંભળીને ભય ઉત્પન્ન થયો હશે અને ત્યાં જવાને બીક લાગતી હશે, એ ખરું છે. પણ મારે કામે તું ત્યાં ગએલી હોવાથી તારે બીવાનું કશું કારણ નથી, એ યાદ રાખજે. તે ઉપરથી સૈરંધ્રીને મહા કષ્ટ થયું. પણ નિરુપાય સમજી સુદેષ્ણાએ આપેલું પાત્ર હાથમાં લઈ પોતે કીચકને ત્યાં જવા નીકળી. જતાં જતાં રસ્તામાં એણે સૂર્યની પ્રાર્થના કરી કે વિશ્વસાક્ષી સૂર્યદેવ ! તમે પ્રાણિમાત્રની શુભાશુભ કૃતિયો જૂવો છો. જો આપને મારૂં વર્તન સારું જણાયું હોય, તો આજે મારૂં રક્ષણ કરજો. સૂર્યની કૃપાથી એક ગુપ્ત દૂત ત્યાં તરત પ્રકટ થયો. એને દ્રાપદી જ માત્ર દેખી શકે એમ હતું. એને સૂર્યની કૃપાથી પોતાના રક્ષણ સારુ સાથે આવતો જોઇને, દ્રાપદી નિર્ભય થઇને કીચકને ત્યાં ગઇ. (**ભા૨૦ વિરા૨૦ અ૦ ૧૫**).

સૈરંધ્રી કીચકને ઘેર જતી હતી, તેને જ્યારે દૂરથી પોતાને ત્યાં આવતી દીઠી એટલે કીચકના હરખની સીમા રહી નહી. હવે કયારે એ મારા ઘરમાં આવે, એવી ઉત્સુકતાથી હર્ષ ભરેલો એના સામે જ ડોળા ફાડીને જોઇ રહ્યો, એટલામાં સૈરંધ્રી એને ઘેર પહોંચી, અને બારણા પાસે જઇ ઘરની બહાર રહી, એણે આણેલું પાત્ર ઉંબરાની અંદર મુકયું; અને સુદેષ્ણાએ આમાં મદ્ય મંગાવ્યું છે, એવો સંદેશો કહ્યો. એ સાંભળીને કીચક બારણા પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે હે શુભાંગી ! અહીં કેમ ઉભી રહી છે ? અંદર આવ. મારો થાક અને વૈભવ તો જો ? પણ સૈરંધ્રીએ માત્ર એક જ જવાબ દીધો, કે આ પાત્રમાં મદ્ય આપો. મારે સત્વર જવું છે. વિલંબ કરશો નહિ, કારણ સુદેષ્ણા મદ્ય વગર અટકીને બેઠી છે. કીચક કહે, અરે મદ્ય લઇને જવાની ફીકર તું કરીશ નહિ. હું બીજાની જોડે મોકલી દઉં છું. પરંતુ તું અંદર આવ. સૈરંધ્રીએ એને ગણકાર્યો નહિ અને બોલી કે મેં મારી સઘળી હકીકત તને તે દિવસ જણાવી છે. છતાં પણ જો તું મારા વિષે પાપબુદ્ધિ કરીશ તો મરણને પાત્ર થઇશ. આ સાંભળી કીચક ઘણા આવેશ ભર્યો એની સામે આવ્યો અને

એને બલાત્કારે અંદર ખેંચી જવાને સારૂ એનો હાથ પકડવા લાગ્યો. એના હાથને તરછોડી નાંખી સૈરંધ્રીએ કહ્યું કે મૂર્ખ ! આટલો મદાંધ કેમ થયો છે ? કામાતુર થઇ વગર વિચાર્યે ગમે તેમ કરવા તત્પર થઇશ નહિ. કોણ સ્ત્રી અને કેવી છે તેનો ખ્યાલ આણ. પછી તો કીચકને એટલો બધો ક્રોધ ચઢ્યો કે સૈરંધ્રીને ઉચકીને અંદર લઇ જવાને પ્રવૃત્ત થયો. આ જોઇને સૈરંધ્રી ત્યાંથી જીવ લઇને નાઠી, તે રાજસભામાં આવી. કીચક પણ એની પછવાડી પડયો અને તે પણ રાજસભામાં એ હતી ત્યાં આવ્યો. એણે એની વેણી પકડીને એને લાતે લાતે મારી. આ થતું જોઇને સૂર્યદૂતે, અદૃષ્ટ રહે સતે, કીચકને એવા બળથી આઘાત કર્યો કે જેમ પવનથી મૂળીઆં ઉખડીને ઝાડ પડી જાય, એમ એ બેભાન થઇને ત્યાં પડયો. કીચકે સૈરંધ્રીને લત્તાપ્રહાર કર્યો તે બધી રાજસભાએ દીઠેલો હોવાથી, એણે રાજાને કહ્યું કે તમારી સભામાં તમારા દેખતાં આવો અન્યાય થાય એ ઘટતું નથી. એ સાંભળી વિરાટે યોગ્ય ઉત્તર દીધો નહિ. તે બોલ્યો કે સ્ત્રીઓનાં કૃત્ય કેવાં હોય છે, તે કોને ખબર પડે ? આ ઉપરથી ત્યાં કંક (યુધિષ્ટિર) બેઠો હતો તેણે જોયું કે કોઇએ સભાસદ બોલતો નથી, એટલે એણે સૈરંધ્રીને કહ્યું. સૈરંધ્રી ! રાજસભામાં આવીને આટલું અમર્યાદ બોલવું તને યોગ્ય નથી. માટે તું અહીંથી સત્વર ચાલી જા. આ સાંભળી સૈરંધ્રી ત્યાંથી ચાલી નિકળી, અને સુદેષ્ણા પાસે જઇને બધી અથઇતિ તેને સંભળાવી. એ સાંભળીને તે બોલી. હશે, થયું તે થયું. તું દિલગીર થઇશ નહિ. અતઃપર હું તને એ દુષ્ટ પાસે કદી પણ મોકલીશ નહિ. (**ભા૨૦ વિરા૨૦ અ૦ ૧૬**).

સુદેષ્ણાએ સૈરંધ્રીનું સમાધાન કર્યું છતાં એને બિલકુલ ચેન પડે નહિ. રહી રહીને એને આ વાત સાંભરી આવે, અને એનો કાંઇ ઉપાય કરવો જ જોઇએ, એમ થયાં કરે. છેવટે રાત પડી એટલે એના મનમાં આવ્યું કે મને આ દુઃખમાંથી માત્ર વલ્લવ જ (ભીમસેન જ) છોડવી શકે. બીજું કોઇ કાંઇ કરી શકે એમ નથી. માટે હું એની પાસે જાઉં. પછી રાત્રે જ્યારે જળ ઝંપ્યું, ત્યારે પાકશાળામાં જ્યાં વલ્લવ સુતો હતો ત્યાં ગઈ. એણે વલ્લવને જગાડયો અને કૃત્યિભૂત બધી હકીકત એને જણાવીને રડી દીધું. વલ્લવ અને એની વચ્ચે ખૂબ વાતચીત થયા બાદ, વલ્લવે એના મનનું સમાધાન કર્યું. અને કહ્યું કે તને કાલે કીચક જરુર મળશે. અને મળે એટલે બિલકુલ ક્રોધ ન જણાય એમ એની જોડે તું બોલજે. તું એને કહેજે કે અત્રે નૃત્યાગારમાં આવજે. ત્યાં આવવાથી તારી કામના પૂર્ણ થશે. રાત્રે બધાં ઉંઘી જશે એટલે હું નૃત્યાગારમાં જઇને બેસીશ. પછી કીચક છે અને હું છઉં. ત્યાં આપણે શું થશે તે તું તારી મેળે જાણીશ. આટલું કહી બગબગું થવા આવ્યું જોઇ, વલ્લવે સૈરંધ્રીને અંતઃપુરમાં મોકલી દીધી. (**ભા૨૦ વિરા૨૦ અ૦ ૧૭–૨૧**)

રાજસભામાં એણે કરેલા અનુચિત કૃત્યની સજા દાખલ સૂર્યદૂતે કરેલા પ્રબળ આઘાતને લીધે બેભાન થઇને પડેલો કીચક કેટલીક વારે શુદ્ધિમાં આવ્યો, અને ત્યાંથી ઉઠીને મુંગો મુંગો ઘેર ચાલ્યો ગયો. તે દિવસે રાત પડે ત્યાં સુધીનો વખત, તેમ જ રાત્રી ગમે તેમ ગાળી. બીજે દિવસે પ્રાતઃકાળ થતાં જ તે સૈરંધ્રી પાસે ગયો. વલ્લવની સૂચનાને અનુસરીને સૈરંધ્રી તો એને પ્રફુલ્લવદના દેખાઇ. આથી તે હર્ષઘેલા જેવો થઇ એની પાસે ગયો અને બોલ્યો કે, સૈરંધ્રી, મારાથી કાલે જે અન્યાય થયો તે મને ક્ષમા કર. એ માગવા હું તારી પાસે આવ્યો છું. મારો જે અપરાધ થયો હોય તે મનમાંથી ક્રોધ કાઢી નાંખીને મને માફ કર. એના મનમાં આવ્યું કે એ

આજે પ્રસન્નમુખી દેખાય છે, માટે એના મનમાં બિલ્કુલ ક્રોધ આવ્યો જ નથી. અને એ મને વશ થશે જ એવું જણાય છે. કીચકનું આવું ભાષણ સાંભળીને વલ્લવના સંકેત પ્રમાણે સૈરંધ્રીએ કહ્યું કે મારા મનમાં તારાપર બિલ્કુલ ગુસ્સો આવ્યો જ નથી. હું તારી ઇચ્છા પ્રમાણે વર્ત્તવા તૈયાર છું; પણ હું કહું તેમ કર. આજે રાત્રે નૃત્યાગારમાં હું તારી વાટ જોતી બેસીશ. હું અંધારામાં જઇને બેસીશ અને તું પણ અંધારામાં જ આવજે. તારો મનોરથ હું પૂરો કરું, તે મારા ગંધર્વો ન જાણે, માટે હું અંધારાની વાત કહું છું. સૈરંધ્રીના બોલ કીચકને અમૃત જેવા લાગ્યા, અને પોતાની જાતને કૃતાર્થ માનતો થકો, આનંદ ભર્યો પોતાને સ્થાને ગયો. (**ભા૨૦ વિરા૨૦ અ૦૨૨**)

સૂર્યાસ્ત ક્યારે થાય એ જ ચટપટી કીચકને લાગી રહી. શું વધારે કહીએ, તે દહાડે એ એવો હરખઘેલો થઇ ગયો, કે કાંઇએ કામ કરતાં એ બહાર આવે, અને સૂર્ય તરફ જૂવે, કે હવે કેટલો દિવસ બાકી છે ! એમ કરતાં કરતાં સાંજ પડી. પછી કીચકે ઉત્તમ શૃંગાર ધારણ કર્યા. વળી એને સાંભરી આવ્યું કે અંધારામાં બહુ શૃંગાર પહેરીનેય શું ? ! આમ થતાં થતાં મોડી રાત થઈ; અહીં વલ્લવ પોતાનું કામ આટોપી પાકશાળામાંથી નિકળીને નૃત્યાગારમાં કીચક આવે તેની પહેલાં જઇને અંધારામાં બેઠો હતો. એટલામાં કીચક ત્યાં આવ્યો. પરંતુ અંધારું હોવાથી કશું દેખાય નહિ, તેથી ધીરે ધીરે ડગલાં ભરતાં, અને મોઢે, હે પ્રિયે ! કેઈ બાજુએ આવું ? તું ક્યાં બેઠી છે ? કહીને સૈરંધ્રીને બોળતો હતો. વલ્લવે પણ ઝીણે સાદે આ તરફ, એમ કહ્યું એટલે કીચક એમ ગયો. એ સૈરંધ્રી જ છે, એમ ધારી એને ઘાઢ આલિંગન આપ્યું ! એટલામાં તો આતો કોઇ પુરુષ છે, એ ખબર પડતાં બન્ને વચ્ચે જબરી લઢાઇ મચી. વલ્લવને હાથે કીચક મરણ શરણ થયો. બીજે દિવસે વલ્લવે એના સઘળા ભાઇઓને પણ મારી નાંખ્યા. (**ભા૨૦ વિરા૨૦ અ૦ ૨૩**). કીચકને ગ્રંથોમાં સૂત નામે સંબોધેલો જણાય છે.

કીટક. ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો રાજા.

કીરિટકાયન. એક બ્રહ્મર્ષિ. (કશ્યપ શબ્દ જુઓ).

કીર્તિધર્મા. ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષનો એક રાજા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૫૮**).

કીર્તિમતી. શુક્રાચાર્યની કન્યા કૃત્વીનું બીજું નામ. એ નીપ અથવા અણુહ રાજાની સ્ત્રી હતી; અને એને બ્રહ્મદત્ત નામે પુત્ર હતો.

કિર્તિમાન. ઉત્તાનપાદ રાજાના બે પુત્રોમાંનો કનિષ્ટ. ધ્રુવનો ભાઈ.

કિર્તિમાન્ (૨). વસુદેવથી દેવકીને થએલા અને કંસે મારી નાંખેલા પુત્રોમાંનો મોટો. કૃષ્ણનો મોટો ભાઇ.

કીર્તિરથ. વિદેહવંશના કૃતિરથ જનકનું બીજું નામ.

કીર્તિરાત. વિદેહવંશના કૃતિરાત જનકનું બીજું નામ.

કીલાયન. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

કુકર. ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ભીષ્મ૦ અ૦૯**).

કુકુર. સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના કુળમાં જન્મેલા સાત્વત રાજાના પુત્ર અંધકના ચાર પુત્રોમાંનો મોટો. એને વન્હિ નામે પુત્ર હતો.

કુકુરાંગાર. ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કુચૈલ. કૃષ્ણ અને બળરામ બન્ને સાંદીપની ઋષિને ત્યાં વિદ્યાસંપાદન કરવા ગયા ત્યારે તેમનાથી પહેલાં ઋષિની પાસે ભણતો હતો તે, એક બ્રાહ્મણ. કુચૈલ વયમાં તેમજ વિદ્યામાં બળરામ અને કૃષ્ણ બન્ને ભાઇઓ કરતાં મોટો હતો. તેથી બન્ને જણા એને મોટો ગુરુભાઇ ગણતા. એ ઉત્તમ પ્રકારનો બ્રહ્મનિષ્ટ હોઇને, અતીશય દરિદ્રી છતાં, પરમ સમાધાની હતો. (પુરાણિક ઇ૦ એને સુદામા અથવા શ્રીદામા એ નામ આપે છે પરંતુ ભાગવતમાં આ નામ નથી). કુચૈલે ગૃહસ્થાશ્રમ માંડ્યો હતો

અને કુટુંબી થઇ પડ્યો હતો. જો કે પોતે ઘણો જ દરિદ્રી હતો, છતાં પોતાના કર્મમાં તત્પર અને મોટો ભગવદ્ભક્ત હતો, એવી એની કીર્તિ ફેલાયલી હતી. એક સમય એની સ્ત્રીએ એને કહ્યું કે કૃષ્ણ આપના ગુરુભાઇ છે, એમ મેં સાંભલ્યું છે. તો આપ એકવાર દ્વારકા જઈ એમને મળતા કેમ નથી ? ત્યાં જશો તો જરુર આપનો આદરસત્કાર કરી, આપને કાંઇ ધન પણ આપશે; કારણ કે કૃષ્ણ જબરા બ્રાહ્મણભક્ત હોઇ સંપત્તિમાન છે. સ્ત્રીની વિનતિ પરથી કુચૈલની ઇચ્છા થઇ કે દ્વારકા જાઉં. માટે પોતાની સ્ત્રીને કહ્યું કે કૃષ્ણની આગળ કાંઇ લઇ જવાની ભેટ તૈયાર કર.

બાઇએ ગમે તેમ કરીને થોડા પૌંઆ આણ્યા અને બાંધવાનું એક ઘણું જ જીર્ણ લુગડું ખોળી કાઢી, જેમ તેમ કરીને બાંધી આપ્યા. આ લઇને તે દ્વારકા ગયા. એના આવ્યાની ખબર થતાં, રામ અને કૃષ્ણ એના સામા આવ્યા અને ઘણા આદર સહિત એને પોતાને ત્યાં લઈ ગયા. પછી બળરામ અને કૃષ્ણ રાતદિવસ તેની પાસે ને પાસે રહે. ગુરુગૃહની વાતો વારે વારે કાઢે. બન્ને ભાઇઓ એમના પગ દાબે. એમ એ ત્યાં રહ્યો તેટલો કાળ સુવામાં, જમવામાં, અને બેસવામાં ગાળે. ટુંકામાં એને કશી ન્યુનતા ન પડતાં આનંદ આનંદ મળે એમ કર્યું. આ પ્રમાણે ઘણા દિવસ આનંદમાં વ્યતિત કર્યા પછી, એણે ઘેર જવાની ઉત્કંઠા બતાવી. તે ઉપરથી રામકૃષ્ણે ઠીક કહી એને જવાની તૈયારી કરી. ઘણે દૂર સુધી એને વળાવવા ગયા.

કુચૈલને અહીંથી તો કાંઇ આપ્યા વગર આતિથ્ય કરીને વળાવ્યો, પણ એની મોટી યોગ્યતા પ્રમાણે પોતાના અલૌકિક સામર્થ્ય વડે તેનું ઘર જ નહિ, પણ એ જે ગામમાં રહેતો હતો તે આખા ગામને વિશ્વકર્માની મારફત નગર તુલ્ય બનાવરાવ્યું; અને બધાં ઘર કાંચનમય કરાવરાવ્યાં. કુચૈલને આ વાતની ખબર નહોતી. છતાં કૃષ્ણને ત્યાંથી હાલે હાથે પાછો આવતાં એને બિલ્કુલ ખેદ થયો નહિ. કારણ એ તો મૂળથી જ સમાધાની હતો. કુચૈલ પાછો આવ્યો પણ નગરી જોઈ સમજ્યો કે હું રસ્તો ચૂક્યો. હવે કેઇ બાજુ જવું આમ વિચારમાં પડ્યો છે, તેટલામાં એની સ્ત્રી સામેથી આવી એને હર્ષભેર પોતાના મંદિરમાં લઇ ગઇ. પોતાના ઘરની સંપત્તિ જોઇને એ ચાકત થઇ ગયો. કૃષ્ણનું આતિથ્ય અને એના સામર્થ્યનું વર્ણન કરતાં એણે સુખમાં જીવન ગાળ્યું. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૮૦-૮૧**).

કુજ. ભૂમિનો પુત્ર મંગળ નામનો ગ્રહ છે તે.

કુજ. (૨) નરકાસુરનું બીજું નામ. (**ભાગ૦ સુ૦ અ૦ ૭ શ્લો૦ ૩૪**).

કુજંભ. એક દૈત્ય. એણે મહિષાસુર પ્રભૃતિ દાનવો સહવર્તમાન તારકાસુરને રાજ્યાભિષેક કર્યો હતો. (**મત્સ્ય૦ અ૦ ૧૪૬ શ્લો૦ ૩૦**).

કુંજર. દૈત્ય વિશેષ. (૩ તારક શબ્દ જુઓ).

કુંજર. (૨) એક વાનર. અંજનાનો પિતા.

કુંજર. (૩) સાવીર દેશીય સામાન્ય રાજપુત્રી. (૩ જયદ્રથ શબ્દ જુઓ).

કુટક. ભારતવર્ષીય એક દેશ અને પર્વત. (**વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૬૬**).

કુટક. (૨) એક સામાન્ય રાજપુત્ર. (૩ જયદ્રથ શબ્દ જુઓ).

કુટિકા. ભારતવર્ષીય નદી. (**ભા૦ ભીષ્મ૦ અ૦૯**).

કુટિકાષ્ઠિકા. પ્રાગ્વટપુરની પાસે આવેલી ભારતવર્ષીય નદી. (પ્રાગ્વટપુર શબ્દ જુઓ).

કુટીચર. રુદ્રગણ વિશેષ.

કુંડજ. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

કુંડજઠર. જનમેજયના સર્પસત્રમાંનો એક સદસ્યવરેલો બ્રાહ્મણ.

કુંડધાર. કદ્રુપુત્ર એક નાગ.

કુંડધાર. (૨) એ નામનો એક મેઘ. એને એક સમયે એક બ્રાહ્મણે મૂર્ત્તિમાન દીઠો અને દ્રવ્ય મળે ધારીતે એણે એની બહુ જ સેવા

કરી. દ્રવ્યથી કેવા કેવા અનર્થ થાય છે એ મેધે પેલા બ્રાહ્મણોને સ્વપ્ન દ્વારા દર્શાવ્યું. તે ઉપરથી એ બ્રાહ્મણની દ્રવ્યલાલસા ટળી ગઈ. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૩૪૮**).

કુંડભેદી. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

કુંડલ. ભારતવર્ષીય મહાદેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કુંડલી. ભારતવર્ષીય મહાનદી. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કુંડિકા. સામવેદોપનિષત્.

કુંડિકેર. હૈહયોના પાંચ કુળોમાંનું એક કુળ.

કુંડિન. એક બ્રહ્મર્ષિ અને તેનું કુળ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ). એના પુત્રનું નામ કૌંડિન્ય.

કુંડિન (૨). વિદર્ભ રાજા ભીષ્મકનું નગર. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૫૩**).

કુંડિનપુર. બીજો કુંડિન શબ્દ જુઓ.

કુંડોદ. ભારતવર્ષીય સામાન્ય પર્વત.

કુંડોદર. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

કુંડલા. ભારતવર્ષીય એક નદી. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કુણિ. સોમવંશી સાત્યકીના ભારતના યુદ્ધમાં મરેલા દસ પુત્રોમાંનો એક.

કુણિગર્ગ. એક બ્રહ્મર્ષિ. એને એક માનસ કન્યા હતી. એ યુવાવસ્થામાં આવી એટલે એનો વિવાહ કરવાનું ધાર્યું પણ એને યોગ્ય વર મળ્યો નહિ. તેથી કુંવારી રહેતાં એણે તપ કર્યું. કાલાંતરે આ ઋષિ દેહત્યાગ કરી સ્વર્ગે ગયા, ત્યારે આ કન્યા આ જ આશ્રમમાં દેવ અને ઋષિ એમની તૃપ્તિપૂર્વક તપ કરતી થકી રહી, બહુ જ વૃદ્ધ થઇ. એક સમય એના મનમાં આવ્યું કે હવે દેહ ત્યાગ કરી ઉત્તમ લોકમાં જાઉં. એટલામાં નારદ ત્યાં આવ્યા. નારદને એણે પોતાની ઇચ્છા જણાવતાં નારદે કહ્યું કે તું તપસ્વિની છે, તેથી તને ઉત્તમ લોક સુલભ છે. પણ તું સંસ્કારહીન હોવાથી તારી ગતિ અક્ષય નહિ થાય. માટે તું સંસ્કારયુક્ત થા. પછી ઉત્તમલોકની પ્રાપ્તિ કર એ ઉત્તમ. આમ કહીને નારદના ગયા બાદ, વિવાહ કરવાની ઇચ્છાથી એક સ્થળે જ્યાં કેટલાક ઋષિપુત્રો સમુદાયમાં વેદાધ્યયન કરતા હતા ત્યાં ગઇ. જઇને કહેવા લાગી કે અરે, સાંભળો, આ સમાજમાંથી જે કોઇ મારો પતિ થશે, તેને હું ઘણું દ્રવ્ય અને મારા તપનો અર્ધ ભાગ આપીશ. પણ કોઇએ એની માગણી સ્વીકારી નહિ. માત્ર ગાલવવંશનાં પ્રાકૃશૃંગાનગ નામના એક ઋષિપુત્રે તેના પતિ થવાનું સ્વીકાર્યું. તે ઉપરથી આ વૃદ્ધ કન્યાએ એ ઋષિકુમાર સાથે યથાશાસ્ત્ર વિવાહ કર્યો; અને રાત્રે તરુણ થઇને એની સેવામાં હાજર થઇ. સવાર થતાં જ એણે પોતાના વચન પ્રમાણે પ્રાકૃશૃંગને યથેચ્છ દ્રવ્ય અને પોતાના તપનો અર્ધ ભાગ આપ્યો અને પોતે દેહ તજીને ઉત્તમ લોકપ્રતિ ગમન કર્યું. આ જ સુલભા મૈત્રેયી હશે એમ લાગે છે. (**ભાર૦ શલ્ય૦ અ૦ ૫૨**).

કુંતળ. ભારતવર્ષીય દેશ (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કુંતળ. (૨) કૌતલપુરાધિપતિ એક રાજા. (૧ ચંદ્રહાસ શબ્દ જુઓ).

કુંતિ. સોમવંશી યદુપુત્ર સહસ્રાજિતના વંશમાંના હૈહયકુળના નેત્ર નામના રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સોહંજિ.

કુંતિ. (૨). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામઘ કુળના કૃથ રાજાનો પુત્ર એના પુત્રનું નામ ધૃષ્ટિ.

કુંતિ. (૩) સોમવંશી યદુકુળોત્પન્ન કૃષ્ણનો સત્યાની કુખે થયેલો પુત્ર. એ મહારથી હતો.

કુંતિભોજ. એક રાજા. યદુકુળના શૂર રાજાનો ખાસ મિત્ર હતો. પોતાને કોઈ સંતતિ ન હોવાથી શૂર રાજાની પ્રથમ સંતતિને ખોળે લેવાનો નિશ્ચય કર્યો હતો. તે ઉપરથી શૂર રાજાને પ્રથમ થયેલી પૃથા નામની કન્યાને એણે દત્તક લીધી, અને એનું નામ કુંતી પાડ્યું. ત્યાર બાદ એને ઔરસ પુત્ર જન્મ્યો. ભારતના યુદ્ધમાં પોતાના પુત્ર સહવર્તમાન

એ પાંડવના પક્ષમાં હતો (**ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૧૭૨**) અગાડી જતાં એ યુદ્ધમાં જ એનું મરણ થયું હતું. ગ્રંથોમાં એને એકલો ભોજ પણ કહ્યો છે. એ કાંઆ કુળનો હતો એ જણાતું નથી; પણ એનો દેશ કુંતિ રાષ્ટ્ર એ તો નક્કી છે. (**ભાર૦ સભા૦ અ૦ ૩૧**).

કુંતિરાષ્ટ્ર. ભારતવર્ષીય મહાદેશ. નરરાષ્ટ્ર દેશની દક્ષિણે આવેલો હતો. અપર દક્ષિણ કુંતિરાષ્ટ્ર નામે એનો એક ભાગ હતો એમ જણાય છે. (અપર દક્ષિણ કુંતિરાષ્ટ્ર શબ્દ જુઓ).

કુંતી. યદુકુળોત્પન્ન શૂર રાજાની કન્યા પૃથા. કુંતિભોજ રાજાએ એને દત્તક લીધી હતી, અને કુંતી એ નામ એણે પાડ્યું હતું. એ જ્યારે કુમારી હતી ત્યારે કુંતિભોજને ત્યાં કોઇ ઋષિ (ઘણું કરીને દુર્વાસા ઋષિ) આવ્યા. એને પોતાને ત્યાં રાખીને કુંતીને એમની સેવા કરવાનું સોંપ્યું હતું. કુંતીએ ઉત્તમ પ્રકારે કરીને ઋષિની ચાકરી કરી હતી. જતી વખત પ્રસન્ન થઇને સૂર્ય, યમ, ધર્મ, વાયુ, ઇન્દ્ર અને અશ્વિનીકુમાર એ દેવતાઓના એને મંત્ર આપ્યા હતા. ઋષિએ કહ્યું હતું કે કારણ પરત્વે તને પુત્ર થવો જોઇએ એમ લાગે ત્યારે તું આમાંના જે દેવનો જપ કરીશ, તે પ્રકટ થઇ તને પુત્ર આપશે. વગર કારણે જપ કરવાની જરુર નથી. આ પ્રમાણે કહીને ઋષિના ગયા પછી એક દિવસ એના મનમાં મંત્રનો પ્રભાવ જોવાનો ભાવ થયો. એણે પહેલો સૂર્યના મંત્રનો જપ કર્યો અને એનું આવાહન કરતાં જ મૂર્તિમાન્ સૂર્ય લાગલા જ એની આગળ પ્રત્યક્ષ થયા, અને પૂછ્યું કે મારું આવાહન કેમ કર્યું છે? એમને જોઇને એ ભયભીત થઇ ગઇ અને બોલી કે મેં મંત્રની શક્તિ જોવા સારુ આપનું આવાહન કર્યું હતું. હવે આપ પાછા પધારો. સૂર્યે કહ્યું મારું આવ્યું અફળ જાય જ નહિ.મારે તને પુત્ર આપવો જ જોઇએ. માટે તારે મારી સાથે રત થવું જ જોઇએ. એમ કહીને સૂર્યે તરત જ એની સાથે યોગ કરીને પોતાના લોકપ્રતિ ગમન કર્યું. (**ભાર૦ વન૦ અ૦ ૩૦૩–૩૦૭**). આથી એને ગર્ભ રહ્યો. શરમની મારી એણે એકાંતમાં રહેવા માંડ્યું. નવ માસ પૂર્ણ થતાં જ એને કવચ અને કુંડળ સહિત દેદીપ્યમાન પુત્ર જન્મ્યો. એ પુત્રને એણે પોતાની વિશ્વાસુ દાસી મારફત પેટીમાં મુકાને તેને અશ્વ નદીમાં તરતો મુકાવ્યો. આ જ પુત્ર અગાડી કર્ણ નામે પ્રખ્યાત થયો. (**ભાર૦ વન૦ અ૦ ૩૦૮**)

પછી કેટલેક કાળે એનાં લગ્ન પાંડુ રાજાની જોડે થયાં. (**ભાર૦ આદિ૦ અ૦ ૧૧૨**) પરંતુ એ પોતે શાપ દગ્ધ હતો, તેથી એનાથી સ્ત્રીસંગ થાય જ નહિ એમ હોવાથી કુંતિએ એને પોતાને મળેલા મંત્રની વાત કહી. અને પછી પાંડુ રાજાની આજ્ઞા થવાથી એણે ક્રમે કરીને પુત્ર પ્રાપ્તિના મંત્રનો જપ કરી યુધિષ્ઠિરાદિ પુત્રો ઉત્પન્ન કર્યા. (પાંડુ શબ્દ જુઓ) દુર્યોધન પાંડવોનો દ્વેષ કરતો હતો તેથી કુંતીને ઘણું દુઃખ વેઠવું પડતું, છતાં એ પાંડવોની જોડે વનવાસમાં ન જતાં હસ્તિનાપુરમાં જ રહેતી. અગાડી જતાં યુદ્ધ થઇને બધા ધાર્તરાષ્ટ્રો મરણ પામી યુધિષ્ઠિરને રાજ્ય પ્રાપ્ત થયું ત્યારે એણે સુખનો દહાડો દીઠો. પછી કેટલેક કાળે વિદુર, ધૃતરાષ્ટ્ર અને ગાંધારી મહાપ્રસ્થાન સારુ–હિમાલયમાં દેહત્યાગ કરવા. નીકળ્યાં ત્યારે કુંતી પણ તેમની સાથે જ ગઇ. અને એનો દેહ ત્યાં જ પડ્યા.

કુંતી (૨) ભારતવર્ષીય દેશ. આ પ્રાયઃ કુંતિ રાષ્ટ્ર જ હશે.

કુંતી (૩) ભારતવર્ષીય ભરતખંડસ્થ નદી. (૩ પારિયાત્ર શબ્દ જુઓ.)

કુત્સ. ઉત્તાનપાદ વંશના ચક્ષુર્મનુના અગીઆર પુત્રોમાંનો બીજો.

કુત્સ. (૨) એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ). એના વંશજો તે કૌત્સ.

કુત્સ. (૩) દાશરથિ રામની સભામાંનો એક ઋષિ. (**વા૦ રા૦ ઉત્તર૦ ક્ષેપક૦ સર્ગ૦ ૨**)

કુત્સન્ય. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ)

કુંદ. ભારતવર્ષીય દેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯.**)

કુંદ. (૨) શાલ્મલી દ્વીપમાંનો એક પર્વત.

કુંદ. (૩) કુબેરના નવ નિધિમાંનો એક.

કુધાતિ. અષ્ટભૈરવોમાં જે કપાલી કરીને કહેવાય છે. તેનું જ બીજું નામ.

કુબેર. (૧–૨ વૈશ્રવણ શબ્દ જુઓ.)

કુબ્જા. કંસની દાસી. એ શરીરે ત્રણ જગાએથી કુબડી હતી. કૃષ્ણ અને બળરામને ધનુર્યાગને બહાને ગોકુળથી મથુરા તેડાવ્યા તે વખત કંસને કરવાનું ચંદન એણે કૃષ્ણને લેપન કર્યું. આથી પ્રસન્ન થઇને કૃષ્ણે એનું કુબડાપણું ટાળીને એને સરળ કરી **(ભાગ૦૧૦ સ્કં૦ અ૦ ૪૨)**

કુબ્જા. (૨) કૈકેયીની દાસી મંથરાનું બીજું નામ (૨ મંથરા શબ્દ જુઓ.)

કુબ્જામ્રક. ભારતવર્ષીય ક્ષેત્ર અને તીર્થ.

કુંભ. પ્રલ્હાદ દૈત્યના પુત્રોમાંનો એક.

કુંભ. (૨) કુંભકર્ણનો મોટો પુત્ર. (કુંભ નિકુંભ શબ્દ જુઓ.)

કુંભ. (૩) લંકાનો એક સામાન્ય રાક્ષસ.

કુંભકર્ણ. વર્ત્તમાન વૈવસ્વત મન્વંતરમાંના પુલસ્ત્ય પુત્ર વિશ્રવાઋષિને કૈકસી નામની ભાર્યાની કુખે થએલા ત્રણ પુત્રોમાંનો બીજો. રાવણનો કનિષ્ટ ભાઈ. જન્મતી વખત એ મોટા પર્વત જેવડો અને ભયંકર હતો અને જન્મતાં જ પ્રજામાંથી એક હજારને એ ખાઇ ગયો. એથી ઇંદ્ર ઐરાવત ઉપર બેસીને એના ઉપર ધાઇ આવ્યો. ઇંદ્રે કરેલો વજ્રપ્રહાર સહન કરતાં થકાં એણે ઐરાવતનો એક દાંત ઉખાડી નાંખ્યો; અને એ દાંતે દાંતે એને એટલો માર્યો કે ઇંદ્રે ત્યાંથી પલાયન કર્યું. પછી ઇંદ્ર બ્રહ્મદેવ પાસે ગયો અને કુંભકર્ણનાં અદ્‌ભૂત કર્મો વર્ણવ્યાં. તેથી બ્રહ્મદેવે એને શાપ આપ્યો કે એ સદા કાળ ઉંઘેલો જ રહેશે. આ વાત રાવણને ખબર પડવાથી એણે બ્રહ્મદેવની ઘણા પ્રકારે પ્રાર્થના કરી સ્તુતિ કરી. તે ઉપરથી એમણે અનુગ્રહ કર્યો કે છ મહિનામાં એક દિવસ જાગતો રહેશે. **(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૬૧).**

પોતા ઉપર બ્રહ્મદેવના થએલા કોપનું નિવારણ થાય અને પોતાને અપાર ઐશ્વર્ય મળે એ ઉદ્દેશથી એણે ગોકર્ણક્ષેત્રને વિષે ઉગ્ર તપ કરવા માંડયું. દશહજાર વર્ષના તપને અંતે બ્રહ્મદેવ એની આગળ પ્રત્યક્ષ થયા અને વરદાન આપવા તત્પર થયા. એટલામાં દેવોએ એમની પ્રાર્થના કરી કે એણે આજ સુધીમાં ઇંદ્રની સાત અપ્સરાઓ, દસ દેવઋત, અને અસંખ્ય ઋષિઓને મારી ખાધા છે. માટે એને વરદાન વિચારીને આપો. બ્રહ્મદેવે કુંભકર્ણની જીભ ઉપર સરસ્વતીને બેસવાની આજ્ઞા કરી અને પછી એને પુછ્યું કે તારે શો વર જોઇએ છીએ? બુદ્ધિભ્રષ્ટ થવાને લીધે એણે ઘણા કાળપર્યંત નિદ્રા કરવાનું ઇચ્છું છું એમ માગ્યું. બ્રહ્મદેવે તથાસ્તુ કહ્યું અને સ્વસ્થાને ગયા. એમના ગયા પછી એને ભાન ઠેકાણે આવતાં લાગ્યું કે મેં આ શું માગ્યું, મેં મારુ બધું તપ વૃથા ગુમાવ્યું! આમ કરીને બહુ પસ્તાવા લાગ્યો. **(વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૦).**

એ કેટલોક કાળ રાવણની જોડે શ્લેષ્માતક વનમાં રહેતો હતો. પછી જ્યારે રાવણને લંકાનગરી મળી ત્યારે ત્યાં જઇને રહ્યો. વિરોચનના પુત્ર બલીએ પોતાની દૌહિત્રી–દિકરીની દિકરી–એને પરણાવી. એનું નામ વજ્રજ્વાળા હતું. વજ્રજ્વાળાનું બીજું નામ વૃત્રજ્વાળા એવું એ હતું. લંકામાં એને નિદ્રા કરવાની અડચણ થવા લાગી એટલે રાવણે એણે માટે એક યોજન પહોળું અને બે યોજન લાંબું એવું એક મંદિર કરાવ્યું. એ મંદિરમાં એ નિરાંતે ઉંઘે એવી આજ્ઞા કરી. આ મંદિરમાં

એ છ મહિના ઉંઘતો, છ મહિને જે દિવસે જાગે તે દિવસે એને માટે રાખેલી અપરિમિત અન્નની રસોઈ, માંસ વગેરે ખાતો અને દારુ પણ પીતો. તેમજ વિષય ભોગવતો અને વખતે સભામાં પણ આવતો.

લંકા બાળીને મારુતિના કિષ્કિંધા ગયા પછી એક દિવસ રાવણની સભામાં વિચાર ચાલતો હતો કે રામ અને લક્ષ્મણ વાનર સહવર્ત્તમાન જો લંકાપર ચઢી આવે તો આપણે શું કરવું? તે દિવસે કુંભકર્ણ જાગ્યો હતો અને સભામાં યે આવ્યો હતો. એણે રાવણને કહ્યું કે સીતાને રામને આપી દઇને સુખે રહેવું. આ સાંભળીને રાવણને કોપ થયો જાણીને એણે કહ્યું કે ફીકર નહિ, હું યુધ્ધે ચઢીશ અને બધાંને ખાઈ જઇશ, પછી તું સીતાસહિત સુખે રહેજે. એ સાંભળીને રાવણનો કોપ શાન્ત થયો. **(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૬૩).**

થોડા જ સમયમાં રામ અને લક્ષ્મણ સમુદ્ર ઉપર સેતુ બાંધીને લંકામાં આવ્યા. તેમણે સુવેળાચળ પર્વત પર સૈન્યની છાવણી કરી અને લંકામાં વાનરોને મોકલીને રાક્ષસોનો નાશ કરવાનો આરંભ કર્યો. ધૂમ્રાક્ષ, વજ્રદંષ્ટ્ર, અકંપન, તેમજ રાવણનો મુખ્ય પ્રધાન પ્રહસ્ત વગેરે મરણ પામતાં, રાવણ પોતે રામથી લઢવાને આવ્યો; પણ યુદ્ધમાં પરાભવ પામીને પાછો લંકામાં ગયો. આ વખત એને કુંભકર્ણ યાદ આવ્યો. યૂપાક્ષ નામના પોતાના સચિવની સાથે રાક્ષસો આપીને એને કુંભકર્ણને જગાડવા મોકલ્યો. યૂપાક્ષે ત્યાં જઇને તરત જ કુંભકર્ણના બારણામાં મૃગ, મહિષ, વરાહ વગેરે પશુઓનાં ટોળાં ખડાં કરી દીધાં. અન્નના ઢગલા કરાવ્યા. રુધિરે ભરાવી ભરાવીને ઘડા મુકાવ્યા. અનેક પ્રકારનાં પુષ્પ, ચંદન, તેમજ સુવાસિક તેલ વગેરે રખાવ્યાં. પછી રાક્ષસોને અંદર મોકલ્યા. પણ રાક્ષસો જેવા એના બારણામાં પેશે કે એના શ્વાસના વાયુવડે ઉડીને પાછા રસ્તામાં પડે! કોઇથી અંદર જવાય જ નહિ. છેવટે મહા પ્રયત્ને એકાદો રાક્ષસ અંદર જઈ શક્યો. એણે જઇને એને ઢંઢોળ્યો, શંખ ફુંક્યા, ભેરી વગાડી. આમ નાના પ્રકારે એને જગાડવાના પ્રયત્ન કર્યા. પરંતુ આવા સામાન્ય ઉપાયથી એ જાગ્યો નહિ. ત્યારે એના શરીર ઉપર ગજાદિ પશુઓનો સમુદાય ચલાવ્યો. સો બસે ભેરીના સામટા નાદ કર્યા. એના કાનમાં પાણીના ઘડાના ઘડા ઢાલવ્યા. આવા ઉપાયે કરીને એ એકાએક જાગી ઉઠ્યો. અને મોટી ગુફાની પેઠે પોતાનું મોં પહોળું કરીને બગાસાં ખાતો બેઠો. પણ એની ઉંઘમાં અધવચ્ચ ભંગ થવાથી એનું મોં ઘણું ભયંકર દેખાતું હતું. એટલામાં મુખ્ય મુખ્ય રાક્ષસોએ એની આગળ આવીને એને વંદન કર્યું. તે ઉપરથી એણે મને કેમ જગાડયો છે એ પુછ્યું. એટલે યૂપાક્ષ આગળ આવ્યો અને લંકાના સઘળા સમાચાર નિવેદન કર્યા. યૂપાક્ષની વાત સાંભળીને કુંભકર્ણ કહે ઠીક ત્યારે હું યુદ્ધ કરવા જાઉં છઉં અને રામ–લક્ષ્મણને મારીને પછી રાવણ પાસે આવું છઉં. યૂપાક્ષ કહે ના, એમ ન કરતાં આપ રાવણ પાસે આવી, એમને મળી પછી યુદ્ધ કરવા જાઓ. ભલે કહીને કુંભકર્ણે ઉઠીને મોં વગેરે ધોયું. સ્નાનવિધિ કરીને જમ્યો. દારુના બે હજાર ઘડા પી ગયો. પછી શરીરમાં સહેજ ખુમારી આવતાં રાવણની સભામાં જવા નિકળ્યો.

એણે સભામાં જઇ રાવણને વંદન કર્યું. અને શી આજ્ઞા છે એમ પુછ્યું. એને જોઇને રાવણ સિંહાસનપરથી ઉઠ્યો અને આલિંગન કર્યું. પછી ઘણા માનસર એને પોતાની પાસે બેસાડયો. પછી આવી પડેલા સંકટની વાત કરી. પ્રથમ તો એણે નીતીનો ઉપદેશ કર્યો, પણ તે રાવણને રુચિકર નથી એમ જોતાં પોતાના સામર્થ્યનું વર્ણન કરીને કહ્યું કે તું સ્વસ્થ થા. હું જઇને શત્રુનો પરાભવ કરું છઉં. આ સાંભળીને મહોદર જે ત્યાં બેઠો

હતો તેણે રાવણને સીતાને વશ કરવાની યુક્તિ કહી કે આપણે રામ અને લક્ષ્મણને માર્યા એવી ખૂમ ઉડાડીએ અને બહુ હર્ષનાદ કરીને ઉત્સાહ બતાવીએ. આથી સીતા આપોઆપ દીન થઇ ને તમારે શરણ થશે. પણ આ યુક્તિનો કુંભકર્ણે નિષેધ કર્યો, અને યુદ્ધ કરવું એજ ઉત્તમ રસ્તો છે, એમ રાવણને જણાવ્યું. રાવણે એની સ્તુતિ કરીને એને વસ્ત્રાલંકારથી નવાજી યુધ્ધે ચઢવાની આજ્ઞા કરી. કુંભકર્ણ રાવણને વંદન કરીને યુધ્ધે જવા નિકળ્યો.

વાનરોએ જેવો કુંભકર્ણને આવતો જોયો કે કેટલાક વાનર તો ભયભીત થઇને નાસવા લાગ્યા. કારણ એ હતું કે મૂળે કુંભકર્ણ છસેં ધનુષ્ય (ચાર હાથનું એક ધનુષ્ય) જેટલો તો ઉંચો, અને સો ધનુષ્ય જેટલો પહોળો હતો. આ શિવાય રાક્ષસી માયાને લઇને સહજે દેહ વધારે તે જુદું. વાનરોને નાસતાં જોઇને અંગદે બધાને પ્રોત્સાહન પૂર્વક પાછા આણ્યા. પછી વાનરો એની જોડે યુદ્ધ કરવા લાગ્યા. એક તરફથી મારુતી એના માથા ઉપર પર્વતનાં શૃંગ ફેંકે, તે એ સહસા જ પોતાની ગદાવડે અગર હાથવડે બાજુપર ફેંકી દે. ઋષભ, શરભ, નીલ, ગવાક્ષ અને ગંધમાદન એના ઉપર ધસ્યા, તે બધાને એણે તત્કાળ મૂર્ચ્છા પમાડ્યા. એ જોઇને સહસ્ત્રાવધિ વાનરો એના શરીર પર ચઢી ગયા, અને એને મુક્કે મુક્કે મારવા મંડ્યા. સાતસે આઠસેં વાનરોને એક સાથે બાથમાં પકડીને ભોંય પર પછાડે. દસ વીસને પકડીને મોંમાં નાંખીને ચાવી ખાય. કેટલાક વાનરો તો કુંભકર્ણને લાગે કે મેં બાધા પણ મોંમાં ચવાયા વગર કાન અને નાકનાં છિદ્રોમાંથી નિકળીને નાસે. કેટલાકને એ ફરી પકડીને ચાવી ખાય અને કેટલા નાશીએ જાય. આ પ્રમાણે થઇ રહ્યું હતું, તેવામાં અંગદે આવીને એક પર્વત એના માથા ઉપર નાંખ્યો. એ પર્વતને ચૂકાવી દઇને એણે અંગદને પકડયો અને મૂર્છા પમાડ્યો. પછી એણે સુગ્રીવ ઉપર હજાર ભારનો ભાલો નાંખ્યો, પણ તે મારુતીએ અધવચમાં જ પકડીને ભાગી નાંખ્યો. પછી એ સુગ્રીવને એકાએક પકડીને લંકા જવા નીકળ્યો. પણ સુગ્રીવે એનું નાક કરડી ખાધું, તેથી એને જોરથી ભોંય અફાળ્યો અને પોતાના પગ તળે કચરી નાંખવા માંડયો પણ એ ત્યાંથી ઉડયો તે સુખરુપ રામના સૈન્યમાં જઇને પડયો.

પોતાનું નાક કરડાયાથી કુંભકર્ણ પાછો ફર્યો, અને પોતાના હાથમાં મુદ્ગર લઇને રામની સેના ઉપર ધાયો. લક્ષ્મણ એના સામા થયા પણ એનો અનાદર કરીને એ પાધરો રામની જ સામે થયો. રામે રૌદાસ્ત્ર નાંખીને એના મુદ્ગરને ભાગી નાંખ્યો. આ ઉપરથી કુંભકર્ણ એટલો ક્રોધે ભરાયો કે, પારકા પોતાના ન ઓળખતાં, વાનર હોય કે રાક્ષસ હોય એમ જે હાથમાં આવ્યું તેનો ભક્ષ કરવા મંડયો. રામે એની સાથે ઘોર સંગ્રામ કરી એના હાથ કાપી ભોંય પાડ્યા. એના પડતા હાથ નીચે દબાઇને કેટલાએ રાક્ષસો અને વાનરો દબાઇ મુઆ. એટલામાં રામે એના પગ ઉડાવી દીધા. પણ કેવળ મોં પહોળું કરીને એ રામ તરફ આવવા લાગ્યો. એ જોઇને રામે એનું મસ્તક છેદીને એને લંકા ઉપર પાડયો. એના પડવાથી લંકામાં અનેક ઘર પડી ગયાં. (**ભા૨૦ વન૦ અ૦ ૨૮૬–૨૮૭**) આ પ્રમાણે કુંભકર્ણ મરતાં જ બધા વાનરો, દેવર્ષિયો, અને મહર્ષિયોએ હરખમાં આવી જઇને રામની સ્તુતિ કરી. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૬૦–૭૦**) કુંભકર્ણને કુંભ અને નિકુંભ નામે બે મહા બળાઢય પુત્ર હતા.

કુંભનિકુંભ. કુંભકર્ણના વજ્રજ્વાળાની કુખે થએલા બે પુત્ર. એ અતિ પરાક્રમી અને બળવાન

હતા. રાવણે એમને રામની સેના ઉપર યુદ્ધ કરવા મોકલેલા, ત્યારે એમણે ઘણું ભયંકર યુદ્ધ કર્યું હતું. એ યુદ્ધમાં સુગ્રીવે કુંભને અને મારુતીએ નિકુંભને ઠાર માર્યા હતા. (**વા૦ રા૦ યુદ્ધ૦ ૭૫–૭૭**)

કુંભયોનિ. અગત્સ્ય ઋષિનું પ્રાધાન્યે કરીને નામ.

કુંભયોનિ. (૨) દ્રોણાચાર્યને પણ આ નામ હતું, એમ જણાય છે. (**ભા૨૦ દ્રોણ૦ અ૦૧૮૪**).

કુંભરેવા. બગડાની સંજ્ઞાવાળો વીર શબ્દ જુઓ.

કુંભહનુ. પ્રહસ્તનો સચિવ, એક રાક્ષસ. એને તાર વાનરે માર્યો હતો. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૫૮**)

કુંભાંડ. બાણાસુરનો મંત્રી અને ચિત્રલેખાનો પિતા. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૬૨**)

કુંભીનસી. બલી દૈત્યની કન્યા. બાણાસુરની બહેન. (**મત્સ્ય૦ અ૦ ૧૮૬ શ્લો૦ ૪૦**)

કુંભીનસી. (૨) સુમાલી રાક્ષસની કેતુમતીની કુખે થએલી ચાર કન્યામાંની કનિષ્ટ. રાવણની મા કૈકસીની બહેન.

કુંભીનસી. (૩) માલ્યવાન્ રાક્ષસની કન્યા અનલાને વિશ્વાવસુ રાક્ષસથી થએલી કન્યા. મધુ રાક્ષસ એને ચોરીથી ઉપાડી ગયો હતો. મધુ રાક્ષસે એની સાથે વિવાહ કર્યો હતો અને એનાથી એને દશ નામે પુત્ર થયો હતો. આ પુત્ર તે પ્રખ્યાત લવણાસુર.

કુંભીનસી. (૪) વિશ્રવા ઋષિથી પુષ્પોત્કટાને થએલી કન્યા. (**લિંગ પુ૦ અ૦ ૬૩**)

કુંભીનસી. (૫) અંગારપર્ણ ગંધર્વની સ્ત્રી.

કુંભીપાક. એક નરક. જે કોઇ સજિવ પ્રાણિને રાંધી ખાય છે તે આ નરકમાં યાતના ભોગવે છે.

કુમાર. સનકાદિક બ્રહ્મમાનસ પુત્ર. એમની ઉમ્મર હજુ પાંચ જ વર્ષની છે, માટે એમને કુમાર કહે છે.

કુમાર. (૨) સ્કંદે લગ્ન જ કર્યું નહિ માટે એ નામે ઓળખાય છે.

કુમાર. (૩) અનલ નામના વસૂનો પુત્ર.

કુમાર. (૪) ભારતવર્ષીય ભરતખંડસ્થ દેશ. એ ચેદી દેશની પૂર્વે આવેલો હતો અને પાંડવોના સમયમાં ત્યાં શ્રેણિમાન્ નામે રાજા હતો. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**)

કુમાર. (૫) મંગળ નામના ગ્રહનું બીજું નામ.

કુમારકોટિ. ભારતવર્ષીય તીર્થ.

કુમારધારા. ભારતવર્ષીય તીર્થ.

કુમારવન. ભારતવર્ષીય વન. આ વનમાં ઉર્વશીના વિરહે કરીને ભ્રમિષ્ટ થઇને પુરુરવા રાજા ઘણા કાળ સુધી રખડયો હતો.

કુમારી. ધનંજય ઋષિની સ્ત્રી.

કુમારી. (૨) ભારતવર્ષીય નદી. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૬**)

કુમારી. (૩) ભરતખંડનું દક્ષિણ બિંદુ–છેક દક્ષિણમાં આવેલું ભૂશિર.

योजनानां सहस्रं तु खंडोयं दक्षिणोत्तरः ॥
आयतस्तु कुमारीतो गंगायाः प्रवहावधिः ॥९॥
(**मत्स्य० अ० ११३**).

કુમુદ. વિષ્ણુના પાર્ષદગણમાંનો એક.

કુમુદ. (૨) નૈઋત્ય દિશામાંનો દિગ્ગજ.

કુમુદ. (૩) ગોમતી નદી તીરે રમ્યક પર્વતપર રહેનારો રામની સેનાનો એક વાનર. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૨૬**)

કુમુદ. (૪) મેરુને લગતો આશ્રય પર્વત. (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧૬**)

કુમુદેક્ષણ. વિષ્ણુનો એક પાર્ષદ.

કુમુદ્વતી. ભારતવર્ષીય ભરતખંડની એક નદી. (વિંધ્ય શબ્દ જુઓ.)

કુમુદ્વતી. (૨) દાશરથિ રામની પુત્ર વધુ. કુશની બીજી સ્ત્રી. એના પુત્રનું નામ અતિથિ રાજા હતું.

કુમુદ્વતી. (૩) મયૂરધ્વજ રાજાની સ્ત્રી અને તામ્રધ્વજની માતા.

કુરંગ. મેરુની બાજુના પર્વતોમાંનો એક.

કુરજ. દશ વિશ્વેદેવમાંનો એક.

કુરર. મેરુ કર્ણિકા પર્વતોમાંનો એક.

કુરુ. પ્રિયવ્રત રાજાના પુત્ર આગ્નીધ્રાને પૂર્વચિત્તિ નામની અપ્સરાથી થએલા નવ પુત્રોમાંનો સાતમો. મેરુકન્યા નામની એની સ્ત્રી

હતી. એનો દેશ એને જ નામે પ્રસિદ્ધ હતો. (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૨**)

કુરુ. (૨)કુરુ રાજાનો દેશ. (કુરુ વર્ષ શબ્દ જુઓ).

કુરુ. (૩) સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ રાજાના સંવરણ નામના પૌત્રને તપતી નામની ભાર્યાથી થએલો પુત્ર. ઘણા કાળ પર્યંત તપ કરીને એણે જે સ્થળ વસાવ્યું હતું અને ઇન્દ્રના આશિર્વાદથી પવીત્ર અને પ્રખ્યાત થયું હતું તે. એને પરીક્ષિત, સુધનુ અથવા સુધન્વા, જન્હુ, નિષધાશ્વ અને પ્રજન એમ પાંચ પુત્રો હતા. જો કે એના વંશના જે જે હતા તે બધાને કૌરવ કહેવાય, પરન્તુ દુર્યોધનાદિ સો ભાઇઓને કૌરવો કહેવાની રુઢી હોય એમ જણાય છે. (**મત્સ્ય૦ અ૦ ૫૦**) (**ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૨૨**).

કુરુ. (૪) એક ઋષિ. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૪૮**)

કુરુ. (૫) ભારતવર્ષીય ભરતખંડસ્થ દેશ. એની રાજધાની હસ્તિનાપુર. ઇન્દ્રપ્રસ્થ, વારણાવત એ નગરો આ દેશનાં જ હતાં.

કુરુજાંગલ. કુરુ દેશને પશ્ચિમ દિશાએ લગતો પ્રથમ દેશ જાંગળ તે જ. એને કુરુજંગળ ક્રમ કહેતા તે સારુ નીચેનો શબ્દ જુઓ.

કુરુપાંચાલ. કુરુદેશની પૂર્વ દિશાને લગતો પાંચાલ દેશ, તેને જ આ નામ કહેવાની રુઢી છે. બીજો પાંચાલ દેશ છે તેના અને આના નામમાં ગોટાળો ન થાય માટે ખાસ આ નામ લગાડાય છે.

કુરુવર્ણક. ભારતવર્ષીય દેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**)

કુરુવશ. સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના જ્યામઘ કુળમાં ક્રમ વંશમાં જન્મેલો મધુ રાજાનો પુત્ર. એને અનુ નામનો પુત્ર હતો.

કુરુવર્ષ આગ્નીધ્રાએ પોતાના જંબુદ્વીપના નવ ભાગ કરી પોતાના નવ પુત્રોને વહેંચી આપ્યા હતા; તેમાં કુરુ નામના પુત્રને આપેલો દેશ. એ શૃંગવાન્ પર્વત અને ક્ષાર સમુદ્ર એ એની વચમાં, આપણા ભરતવર્ષની પેઠે જ ધનુષ્યાકારનો છેઃ—

धनुर्वत्संस्थिते ज्ञेये द्वे वर्षे दक्षिणोत्तरे ॥
(**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૬ શ્લો૦ ૩૮**), (**મત્સ્ય૦ અ૦ ૧૧૨ શ્લો૦ ૩૨**), (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૨**). એને ઉત્તર કુરુ અગર ઐરાવત વર્ષ એવાં નામ પણ છે.

કુરુક્ષેત્ર ભારતવર્ષીય ભરતખંડસ્થ દેશ બ્રહ્મવર્ત દેશની પશ્ચિમે હતો એમ કહ્યું છે. તે આ પ્રમાણે કે, કૃષ્ણ આનર્ત દેશ જતા હતા તે કુરુદેશથી નિકળી માર્ગમાં કિયા કિયા દેશ ઓળંગી ત્યાં ગયા તે વિષે (**ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૦**)માં લખ્યું છે કેઃ—

कुरु जांगल पांचालान् सुरसेनान्सयामुनान् ॥
ब्रह्मावर्तं कुरुक्षेत्रं मत्स्यान् सारस्वतानथ॥३३॥
मरु धन्वमतिक्रम्य सौवीराभीरयोः परान् ॥
आनर्तान् भार्गवो पागाच्छ्रांतवाहो मनाग्विभु॥३५॥

એટલે કે આ એક સ્વતંત્ર દેશ હતો તેથી કૌરવ પાંડવોનું યુદ્ધ થયું તે આ કુરુક્ષેત્ર નહિ.

કુરુક્ષેત્ર (૨). કુરુ રાજાએ જે જગાએ તપ કર્યું, અને ઇંદ્રના આશીર્વાદથી જે પવિત્ર થયું હતું તે. આ સ્થળ કુરુદેશમાં હોઇ એની ચતુઃસીમા (**ભાર૦ શલ્ય૦ અ૦ ૫૩ માં**) એવી જણાવી છે કે તરંતુક અને અરંતુક એ એની, તેમ જ રામહ્રદ અને મચક્રુક એ એની વચ્ચે આવેલા પ્રદેશનું નામ સ્યમંત પંચકરૂપ કુરુક્ષેત્ર.

तरंतु कारतु कयोर्यदंतरं
रामह्रदानां च मचक्रुकस्य च ॥
एतत्कुरुक्षेत्रस्यमंतपंचकं
प्रजापतेरुत्तरवेदिरुच्यते ॥ २३ ॥

આમાં જો કે તરંતુકાદિક સ્થાનોની દિશા બતાવી નથી પણ એનાથી કુરુક્ષેત્રની મર્યાદા સ્પષ્ટ થાય છે. એ સ્થળે કૌરવ પાંડવોનું યુદ્ધ થયું હતું. એને ઉત્તરવેદિ, અંતર્વેદિ એવાં

સ્યમંતપંચકની પેઠે નામો છે. તેમ જ એને વિનશનક્ષેત્ર એવું નામ પણ છે.

કુલ. દાશરથિ રામની સભાનો એક હાસ્યકાર-મસ્કરો.

કુલક. સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળના રણક રાજાનું બીજું નામ.

કુલત્થ. ભારતવર્ષીય દેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કુલંપુન. ભારતવર્ષીય તીર્થ.

કુલહ. એક બ્રહ્મર્ષિ (૨ કશ્યપ શબ્દ જુઓ).

કુલિક. કદ્રુ પુત્ર એક નાગ.

કુલિંગા. ભારતવર્ષીય ભરતખંડસ્થ એક નદી. (**વા૦ ૨૩**)

કુલિંદ. કુરુદેશની ઉત્તરે ઘણો જ પાસે આવેલો પહેલો દેશ. એનો અપર ઉત્તર કુલિંદ એવો એક ભેદ છે; એની રાજધાની ચંદ્રનાવતી (ચંદ્રનાવતી શબ્દ જુઓ)

કુવળ. વીરવર્મા રાજાના પુત્રોમાંનો એક. (વીરવર્મા શબ્દ જુઓ.)

કુવલયાપીડ. કંસનો એક હરિત વિશેષ. એ હજાર ગજ જેટલો બળવાન હતો. ધનુર્યાગ નિમિત્તે કૃષ્ણને મથુરા બોલાવીને તેમને આ હાથી પાસે મારી નંખાવવાનો કંસનો હેતુ હતો. એણે મહાવત પાસે કુવલયાપીડને કૃષ્ણના શરીરપર તત્કારાવ્યો. પણ કૃષ્ણે એને મારી નાંખી એના દંતુશળ ઉખાડી લીધા. (**ભાગ ૧૦ સ્કં૦ અ૦ ૪૩**).

કુવલયાશ્વ. (૧) સોમવંશી આયુકુલોત્પન્ન કાશ્યપ વંશી દિવોદાસ રાજાના પુત્ર પ્રતર્દનનું નામાન્તર.

કુવલયાશ્વ. (૨) કુવલાશ્વ શબ્દ જુઓ.

કુવલા. હંસધ્વજ રાજાની કન્યા,સુધન્વાની ભગિની.

કુવલાશ્વ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના બૃહદશ્વ રાજાનો પુત્ર. બૃહદશ્વે આને રાજગાદીપર બેસાડ્યો અને પોતે અરણ્યમાં ગયો. ત્યાર પછી પોતાના પિતાની આજ્ઞાનુસાર ઉત્તંક ઋષિને પોતાની સાથે લઈ પોતાના એકવીશ સહસ્ત્ર પુત્રો સહવર્તમાન ધુંધુ દૈત્યની સાથે એ યુદ્ધ કરવા ગયો. એ જે વખત ત્યાં ગયો તે વખત દૈત્ય ઉજ્જાલક નામના સમુદ્રના એક ભાગ વિશેષમાં નિદ્રા લેતો હતો. તેથી તેના પુત્રોએ સમુદ્રને ક્ષોભિત કરીને એને જગાડ્યો. એ જેવો જાગ્યો કે એના મુખમાંથી ભયંકર અગ્નિ નિકળ્યો અને એવડે કુવલાશ્વના બધા પુત્રો મરણ પામ્યા. માત્ર દઢાશ્વ, કપિલાશ્વ, અને ચંદ્રાશ્વ એ ત્રણ જ ઉગર્યા. એનું અને ધુંધૂનું જબરું યુદ્ધ થયું જેમાં ધુંધૂમાર એને હાથે મરણ પામ્યો. આ ઉપરથી એનું ધુંધૂમાર એવું નામ પડ્યું. એનાં કુવલયાશ્વ અને અપ્રતિરથ એવાં બીજાં નામ પણ છે. (**ભાર૦ વન૦ અ૦ ૨૦૧–૨૦૪**.)

કુવીરા. ભારતવર્ષીય નદી.

કુશ. સોમવંશી આયુકુલોત્પન્ન સુહોત્રરાજાના ત્રણ પુત્રોમાંનો બીજો. પ્રતિ નામનો રાજા આનો પુત્ર હતો.

કુશ. (૨) સોમવંશી વિન્ધ્યકુળના અજક રાજાનો પુત્ર. એને કુશિક પણ કહ્યો છે. એને કુશાંબુ, મૂર્તય, વસુ, અને કુશનાભ એવા ચાર પુત્રો હતા. એઓને કૌશિક એવી સંજ્ઞા પણ હતી.

કુશ. (૩) સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના જ્યામઘ રાજાનો પૌત્ર. વિદર્ભ રાજાના ત્રણ પુત્રોમાંનો પહેલો.

કુશ. (૪) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના દાશરથિ રામનો સીતાની કુખે થએલા બે પુત્રમાંનો મોટો, (કુશીલવ શબ્દ જુઓ.) એને ચંપિકા અને કુમુદ્વતી એવી બે સ્ત્રીઓ હતી. એમાંની પહેલીને ચંપકમાલિની ઇ૦ નવ કન્યા, અનેબીજી ને અતિથિ ઇ૦ આઠપુત્ર હતા. રામ છતાંનો એ કુશાવતી નગરીમાં રહેતો.

કુશ. (૫) ભારતવર્ષીય દેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**.)

કુશચીરા. ભારતવર્ષીય નદી.

કુશદ્વીપ. પૃથ્વીના સાત મહાદ્વીપમાંનો ચોથો. એની પહોળાઇ આઠ લાખ યોજન છે. અને એટલી જ પહોળાઇના ઘૃતસમુદ્રથી વિંટ-

ળાયલો છે. એમાં કુદરતી–ઇશ્વરે નિર્માણ કરેલો એક કુશનો દેદીપ્યમાન્ સ્થંભ હોવાથી આ નામ પડયું છે. પ્રિયવ્રતરાજાનો પુત્ર હિરણ્યરેખા અહીં અધિપતિ હતો. એણે આ મહાદ્વીપના સાત ભાગ કર્યા અને એને વર્ષ-દેશ–સંજ્ઞા આપીને પોતાના **વસુ, વસુદાન, દૃઢરુચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત** અને **વામદેવ** એ સાતપુત્રોને આપ્યા, અને એમને નામે જ એમના દેશનાં નામ પાડયાં. આદ્રીયમાં ચક્ર, ચતુઃશૃંગ, કપિલ, ચિત્રકૂટ, દેવાનીક, ઉર્ધ્વરોમા અને દ્રવિણ. એ નામના સાત પર્વત, અને રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, શ્રુતવિંદા, દેવગર્ભા, ધૃતચ્યુતા, અને મંત્રમાલા એવી સાત નદીઓ છે. (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૨૦**); (**દેવી૦ ભા૦ ૮ સ્કં૦અ૦ ૧૨**).

કુશધારા. ભારતવર્ષીય નદી.

કુશધ્વજ. રથધ્વજ રાજાનો પુત્ર, વેદવતીનો પિતા. (વેદવતી શબ્દ જુઓ.)

કુશધ્વજ(૨). વિદેહ વંશના હ્રસ્વરોમા નામના જનકના બે પુત્રોમાંનો બીજો. સીરધ્વજ જનકનો નાનો ભાઈ. એ ઇંદ્રદેશની સાંકાશ્યા નામની નગરીમાં રાજ્ય કરતો હતો. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૭૦**) એને માંડવી અને શ્રુતકીર્તિ નામે બે કન્યાઓ હતી. એ કન્યાઓ એણે અનુક્રમે દશરથ પુત્ર ભરત અને શત્રુઘ્નને વરાવી હતી. સીરધ્વજને પુત્ર નહોતો. એથી એની પછી આ જ મિથિલાનો રાજા હતો. એને ધર્મધ્વજ જનક પુત્ર હતો.

કુશનાભ. સોમવંશી વિજયકુલોત્પન્ન કુશ અથવા કુશિક રાજાના ચાર પુત્રોમાંનો ચોથો. એણે મહોદય નામે પુરી સ્થાપી હતી. એની સો કન્યાઓ વાયૂના કોપથી કુબડી થઇ હતી, તે કાંપિલી પુરીના ચૂલિસૂનું બ્રહ્મદત્ત રાજાને પરણાવ્યાથી પાછી સરળ થઇ હતી. પરંતુ એના દેશનું નામ કાન્યકુબ્જ પડયું તે પડયું જ (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૩૨–૩૩**).

કુશપ્લવ. ભારતવર્ષીય વન વિશેષ. દિતીયે ઇંદ્રનો પરાભવ કરે એવો પુત્ર થાય માટે આ જગાએ સહસ્ર વર્ષ પર્યંત તપ કર્યું હતું. કાળાંતરે આજ સ્થળ ઉપર વિશાલા નામે નગરી સ્થપાઇ હતી. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૪૬**)

કુશપ્લવન. ભારતવર્ષીય તીર્થ.

કુશલ્ય. ભારતવર્ષીય દેશ (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કુશસ્થલી. સૂર્યવંશના શર્યાતિ રાજાના આનર્ત નામના પુત્રના પુત્ર રેવત રાજાએ સ્થાપેલી નગરી. અગાડી જતાં એનું જ નામ દ્વારકા એવું પડયું.

કુશાગ્ર. સૂર્યવંશના પૂરુકુળના અજમીઢ વંશના ઉપરિચર વસુના પુત્ર બૃહદ્રથના બે પુત્રોમાંનો બીજો. જરાસંધનો નાનો ભાઇ. ઋષભ-રાજાનો પિતા.

કુશાંબ. સોમવંશી વિજયકુલોત્પન્ન કુશ અથવા કુશિક રાજાના ચાર પુત્રમાંનો પહેલો. એને કુશાંબુ પણ કહેતા. એણે વસાવેલી નગરીનું નામ કૌશાંબી અને એના પુત્રનું નામ ગાધિ હતું.

કુશાંબ. (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન ઉપરિચર વસુના પુત્રોમાંનો એક.

કુશાંબુ. ઉપર જે વિજયકુળનો કુશાંબ કહ્યો તેનું જ બીજું નામ.

કુશાવતી. દાશરથિ રામના પુત્ર કુશની નગરી.

કુશાવર્ત. પ્રિયવ્રત વંશીય ઋષભદેવને જયંતીની કુખે થએલા સો પૂત્રોમાંથી નવખંડાધિપતિ હતા તેમાંનો મોટો. એનો ખંડ એના જ નામથી કુશાવર્ત એમ પ્રખ્યાત છે.

કુશાવર્ત. (૨) ભરતખંડ વર્ષના નવખંડમાંનો એક.

કુશાવર્ત. (૩) ભારતવર્ષીય તીર્થ.

કુશિક. એક બ્રહ્મર્ષિ અને તેનું કુળ (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ.)

કુશિક. (૨) બીજા અંકની સંજ્ઞાવાળો કુશ શબ્દ છે તે જ.

કુશીલવ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના દાશરથિ રામને સીતાની કુખે થએલ બે પુત્ર. રામચન્દ્રે લોકાપવાદને લઇને સીતાને લક્ષ્મણની સાથે ગંગાની પેલીમેર તમસાનદીને તીરે મોકલી તેનો ત્યાગ કર્યો, ત્યારે સીતાને ગર્ભ હતો. એમને અરણ્યમાં મુકી દીધા પછી તેમને પ્રસવ થયો અને આ બે પુત્રો જન્મ્યા. (૨ રામ શબ્દ જુઓ) પોતાને અરણ્યમાં મુકીને લક્ષ્મણ અયોધ્યા ગયા એ જોઇને સીતા રુદન કરતાં બેઠાં હતાં. તેમને વાલ્મીકિ ઋષિના શિષ્યોએ જોયાં. આ વાત શિષ્યોએ ઋષિને જણાવતાં, પોતે સીતા હતાં ત્યાં આવ્યા અને એમને સાંત્વન કરીને પોતાને આશ્રમે લઇ ગયા. સીતાને ઋષિ પત્નીઓના સમાજમાં રાખ્યાં. બધાંને આજ્ઞા કરી કે એમનું સારી રીતે પાલન કરવું. (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૪૮–૫૦**)

વાલ્મીકિ ઋષિના આશ્રમમાં સીતા સદાચરણથી કાળક્ષેપ કરતાં હતાં તેવામાં યથાકાળે શ્રાવણ માસમાં એક રાત્રે તેમને બે પુત્ર પ્રસવ્યા. આ સમાચાર જાણતાં જ ઋષિ પોતે આનંદભર્યા ત્યાં ગયા; અને કુશની અને લવની રક્ષા કરીને ક્રમશઃ તેમનાં નામ કુશ અને લવ એવાં પાડયાં. આ પ્રમાણે નામાભિધાન કરી, આ બન્ને પુત્રો મોટા પરાક્રમી થશે એવું સીતાને કહી, ત્યાંથી પાછા આવ્યા. સીતાને પ્રસવ થયો તે રાત્રે શત્રુઘ્ન ત્યાં હતા. (**વા૦ રા. ઉત્ત૨૦ સ૦ ૬૫**) (૨ શત્રુઘ્ન શબ્દ જુઓ.)

કુશીલવ મોટા થયા એટલે વાલ્મીકિએ એમને જનોઇ દીધું, અને વેદ વેદાંગ અને ધનુર્વિદ્યામાં નિષ્ણાત કર્યા. એ શિવાય પોતે રચેલા શતકોટિ રામાયણ કાવ્યમાંથી ગાયત્રી મંત્રપ્રચુર ચોવીસ હજાર શ્લોક ચુંટી કાઢીને તેમને ગાતાં શિખવ્યું. બે ભાઇઓ તંત્રીની સાથે તાલબદ્ધ ગાય અને ઋષિને સંભળાવે. એ સારું ગાતા હતા. તે રામચંદ્રજીના પણ સાંભળ્યામાં આવ્યું હતું. કુશીલવ બન્ને પરમ તેજસ્વી અને આકૃતીમાં રામ સરખા જ હતા. પરંતુ વાલ્મીકિએ એમને કહ્યું હતું કે તમને કોઇ

તમે કોના પુત્ર એમ પુછે તો તમે કહેજો કે અમે ઋષિપુત્ર છીએ. અને કોઇ કાંઇ દ્રવ્ય આપે તો એ લઇને અમારે શું કરવું છે કહી કોઇનું આપેલું કાંઇ લેવું નહિ. એમનું અપ્રતિમ ગાયન સાંભળીને ઋષિઓને બહુ આનંદ થતો. અને કોઇ સંતુષ્ટ થઇને કોપિન કે એવું આપે તો તે લેતા; પણ દ્રવ્ય કદી લેતા નહોતા.

આ પ્રમાણે કુશીલવ ઋષિવેશમાં વાલ્મીકિની સેવા કરતા હતા તેવામાં રામચંદ્રે ગોમતી નદીને તીરે અશ્વમેધનો આરંભ કર્યો અને શ્યામકર્ણ અશ્વને છૂટો મુકી તેની સાથે મોટા સૈન્ય સાથે શત્રુઘ્નને મોકલ્યો. અશ્વ જે જે દેશમાં ફર્યો, તે તે દેશમાં તેની સાથે ફરી શત્રુઘ્ને અનેક રાજાઓને જિતીને કરભાર લીધો. આ પ્રમાણે ફરતાં ફરતાં યદૃચ્છાથી અશ્વ વાલ્મિકિના આશ્રમમાં એકાએક આવી ચઢયો. અશ્વ આશ્રમ પાસે આવ્યો ત્યારે લવ આશ્રમ આગળ જ ઉભો હતો. તેણે પ્રથમ અશ્વને દીઠો અને એના કપાળપર સુવર્ણપત્રિકા બાંધી હતી તે વાંચી. એણે તત્કાળ અશ્વને પકડીને બાંધ્યો. એ વેળા વાલ્મિકિ ઋષિ આશ્રમમાં નહોતા. કેમકે એઓ ઘણા કાળથી વરુણના યજ્ઞસારુ પાતાળમાં ગયા હતા. તેમ જ કુશ પણ દર્ભ સમિધિ વગેરે સારુ અરણ્યમાં ગયો હતો. લવે અશ્વને બાંધ્યો જોઇને અશ્વના સંરક્ષણાર્થ અનેક વીરો સહિત શત્રુઘ્ન પાસે હતો તેણે ગુપ્તચરોથી કહ્યું કે અશ્વને છોડી દે. લવે શત્રુઘ્નનું કહેવું ન ગણકારતાં હાથમાં ધનુષ્ય લઇને યુદ્ધનો આરંભ કર્યો. લવે શત્રુઘ્નના સૈન્યને હેરાન હેરાન કર્યું. એ જોઇને શત્રુઘ્ન લડવાને આગળ આવ્યો. લવે એને પણ મૂર્છિત કરી ભોંય સુવાડયો. થોડીવારે એ સાવચેત થયો અને એણે લવનું ધનુષ્ય તોડી તેને મૂર્ચ્છા પમાડી. એને રથમાં નાંખી અશ્વને લઇ અયોધ્યાનો રસ્તો લીધો.

આ વર્ત્તમાન ઋષિકુમારોએ સીતાને કહ્યા.

સીતા એથી શોક કરતી. હતી તેટલામાં કુશ આવી પહોંચ્યો. એટલે એણે લવને કોઇ વીર પકડીને લઇ ગયો એ વાત કુશને કહી. તે સાંભળતાં જ પોતાનું ધનુષ્યબાણ લઈ, માતાને વંદન કરી, તે નિકળી પડ્યો. જનાર સૈન્યની પૂઠે પૂઠે જઇને પકડી પાડ્યા. એણે શત્રુઘ્નના સેનાપતિ અને એના ભાઇને મારી નાંખ્યા. તેમ જ પૂઢ શત્રુઘ્નને પણ મૂર્ચ્છિત કર્યો. આથી ભયભીત થઇને કાંઇ વીરો અયોધ્યા ગયા. અને બનેલી હકીકત રામને નિવેદન કરી. તે ઉપરથી રામની આજ્ઞાથી કાલજિત સેનાપતિ, રુધિરાક્ષ, અને દશરથના જુના મંત્રી સુજ્ઞ, તેમ જ તેના દસ પુત્રો અને અસંખ્ય સેના સહિત યુદ્ધ કરવાને નિકળ્યા.

અહીં શત્રુઘ્નના રથમાં લવની મૂર્ચ્છા વળી. તેણે કુશને દીઠો. ભાઇ જોઇને એને વળી શૂર ચઢયું. પાસે હથીઆર નહોતું તે સૂર્યની સ્તુતિ કરીને ધનુષ્ય મેળવ્યું અને તરત જ રથ ઉપરથી જમીન ઉપર કુદી પડ્યો. અને કુશની પાસે આવી ઉભો રહ્યો. એટલામાં ત્યાં લક્ષ્મણ આવી પહોંચ્યા. લક્ષ્મણ અને લવકુશની વચ્ચે ઘણું જ યુદ્ધ થયું. લવણાસુરનો મામો રુધિરાક્ષ જે રામચંદ્રને શરણ આવ્યો હતો એણે લવનું ધનુષ્ય હરણ કરી લીધું અને અંતરિક્ષમાં ઉડ્યો. કુશે એને, તેમ જ જિતશ્રમ, ધાર્મિક, સુકેતુ, શત્રુસૂદન, ચંદ્ર, મદ, શળ, કાળ, મલ્લ અને સિંહ એ સુજ્ઞ પ્રધાનના દશે દિકરાઓને, તેમ જ કાલજિત સેનાપતિને ઠાર માર્યો. એણે લક્ષ્મણને પણ મૂર્ચ્છા પમાડ્યો. આ વાતની ખબર અયોધ્યામાં રામને થતાં હનુમાન્, અંગદ, નળ, નીળ, જાંબવાન્ એમોને સાથે આપી ભરતને મોકલ્યા. તેમની પણ એવી જ અવસ્થા થઈ.

છેવટે બન્યું એમ કે યજ્ઞદીક્ષા લીધેલી છતાં પણ સ્વતઃ રામચંદ્રને ત્યાં આવવું પડ્યું. એમણે આ બે કુમારોને દીઠા કે સહજ જ એમના અંતઃકરણમાં સ્નેહ ઉત્પન્ન થયો. એમણે કુમારોને પુછ્યું કે તમે કોના પુત્ર છો તે કહો. કુશે કહ્યું, યુદ્ધ કરવાનું મુકીને અમારા વંશ વગેરે પુછવામાં શો અર્થ છે? રામચંદ્ર કહે તે જાણ્યા વગર હું તમારી સાથે યુદ્ધ કરનાર નથી. તે ઉપરથી કુશે કહ્યું ઠીક ત્યારે સાંભળો. અમે સીતાના પુત્રો છીએ. વાલ્મીકિ ઋષિએ ઉપનયન સંસ્કાર કરીને અમને સઘળી વિદ્યા શિખવી છે. મારા નાના ભાઇને તારા વીરોએ મૂર્ચ્છિત કરીને લઇ જવાથી મારે લઢવા આવવું પડ્યું છે. આ સાંભળીને રામને મૂર્ચ્છા આવી, પણ તરત જ સાવધ થઇને કુમારો સાથે યુદ્ધ કરવા માંડ્યું. પણ પોતે ઉદાસીનપણે–મન વગર–યુદ્ધ કરતા હતા તેથી પોતાના બીજા ભાઇઓની પેઠે એઓ પણ મૂર્ચ્છિત થઇને પડ્યા. રામલક્ષ્મણનાં કુંડળો અને મુગટ અને ભૂષણ વગેરે કાઢી લેઇને કુમારો સીતા પાસે આવ્યા, અને બનેલા વર્તમાન કહેવા લાગ્યા.

એટલામાં પાતાળમાં ગયા હતા ત્યાંથી વાલ્મીકિ ઋષિ પાછા આવ્યા. એમણે આ બધું સાંભળ્યું. પછી ઋષિ પોતે જ્યાં રામ અને એમના ભાઇઓ વગેરે હતા ત્યાં આવ્યા; અને પોતાની અમૃત દૃષ્ટિએ જોઇને સર્વને સાવધ અને સજીવ કર્યા. તેમણે સીતા અને લવકુશની હકીકત તેમને કહી. એમણે સીતા અને કુમારોને રામને સ્વાધીન કર્યા. રામ એ બધાંને લઇને વાલ્મીકિ ઋષિને વંદન કરી અયોધ્યા ગયા. (**જૈમિની અશ્વમેધ અ૦ ૨૫–૩૬**).

કુશોદકા. કુશદ્વીપ સંબંધી દેવતા.

કુષીતક. એક બ્રહ્મર્ષિ.

કુસીદકી. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

કુસુંભ. મેરુકર્ણિકા પર્વતોમાંનો એક.

કુસુમામોદિની. હિમાલય ઉપરનો દેવ વિશેષ. (**મત્સ્ય૦ અ૦ ૧૫૫**).

કુસ્તુંભરુ. ગંધર્વ વિશેષ.

કુહન. સૌવીર દેશીય સામાન્ય રાજપુત્ર. (૩ જયદ્રથ શબ્દ જુઓ).

કુહર. ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

કુહુ. સ્વાયંભૂ મન્વંતરમાંના અંગિરા ઋષિને શ્રદ્ધાની કુખે થએલી ચાર કન્યામાંની બીજી.

કુહુ (૨). હવિષ્મંત નામના પિતૃની સ્ત્રી.

કુહુ (૩). દ્વાદશ આદિત્યમાંના ધાતા નામના આદિત્યની સ્ત્રી.

કુહુ (૪). મયાસુરની ત્રણ કન્યામાંની ત્રીજી.

કુહુ (૫). ભારતવર્ષીય ભરતખંડની એક નદી. (૨ હિમાલય શબ્દ જુઓ).

કુહુ (૬). શાલ્મલી દ્વીપમાંની એક નદી.

કૃક્ષિ. એક બ્રહ્મર્ષિ. રૈભ્ય ઋષિનો પુત્ર. (**ભાર૦ શાન્તિ૦ અ૦ ૩૪૮**).

કૃક્ષિભીમ. બલીના સો પુત્રમાંનો એક.

કૃક્ષેયુ. સોમવંશી પુરુકુળોત્પન્ન રૌદ્રાશ્વ રાજાના દસ પુત્રોમાંનો એક. એને કક્ષેયુ પણ કહ્યો છે.

કૂટ. કંસની સભામાંનો મલ્લ વિશેષ. ધનુર્યાગ કાળે બળરામે એને માર્યો હતો. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૪૪**).

કૂપકર્ણ. એક રુદ્રગણ. બાણાસુરના યુદ્ધ પ્રસંગમાં બળરામનું અને એનું યુદ્ધ થયું હતું.

કૂપહ્રદ. ભારતવર્ષીય તીર્થ.

કૂર્ચ. સૂર્યવંશી ન્યરિષ્યંતકુળના મીઢ્વાન રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ઇંદ્રસેન.

કૂર્ચમુખ. એક બ્રહ્મર્ષિ.(૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કૂર્મ. ચાક્ષુ શ્વેતવારાહકલ્પમાંના ચાક્ષુપ મન્વંતરમાં થએલો વિષ્ણુનો અવતાર. એ થયો ત્યારે સમુદ્રમથન થયું હતું. સમુદ્રમથન કાળે રવૈ કરેલા પર્વતને કૂર્મની પીઠપર મુક્યો હતો. તે વખતે એક સત્યયુગ હોઈ દૈત્યો ઉપર રાજ કરનાર બલી દૈત્ય રાજા હતો.

કૂર્મ (૨). કદ્રુપુત્ર એક નાગ.

કૂર્મ (૩). શરીરના ઉપપ્રાણોમાંનો એક.

કૂષ્માંડરાજ. રુદ્રગણ વિશેષ.

કૃકલ. શરીરમાંના પાંચ ઉપપ્રાણ પૈકી એક.

કૃત. સોમવંશી આયુકુળોત્પન્ન ક્ષત્રવૃદ્ધ કુળમાં થએલા કુશવંશના જયરાજાનો પુત્ર. એના પુત્રનું નામ હર્યવન.

કૃત (૨). વસુદેવના રોહિણીથી થએલા પુત્રોમાંનો સાતમો.

કૃત (૩). કૃતયુગ શબ્દ જુઓ.

કૃતક. વસુદેવને મદિરાની કુખે થએલા ચારમાંનો ત્રીજો પુત્ર.

કૃતચેતા. પાંડવો દ્વૈતવનમાં રહ્યા હતા ત્યારે એમની સાથે રહેતો એક ઋષિ.

કૃતંજય એક બ્રહ્મર્ષિ.

કૃતંજય (૨). સૂર્યવંશના ઇક્ષ્વાકુકુળના બર્હિરાજાનો પુત્ર. એના પુત્રનું નામ રણંજય.

કૃતદ્યુતિ. ચિત્રકેતુ રાજાની કોટિ સ્ત્રીઓમાંની જ્યેષ્ઠ.

કૃતધ્વજ. પ્રતર્દન રાજાનું બીજું નામ. (૧ પ્રતર્દન શબ્દ જુઓ).

કૃતધ્વજ. (૨). વિદેહવંશના ધર્મધ્વજ જનકના બેમાંનો પહેલો પુત્ર. એના પુત્રનું નામ કેશિધ્વજ.

કૃતપ્રજ્ઞ. દુર્યોધન પક્ષના ભગદત્ત રાજાનો પુત્ર. ભારતના યુદ્ધમાં નકુળે એને માર્યો હતો.

કૃતમાળા. ભારતવર્ષીય ભરતખંડની નદી. (૨ હિમાલય શબ્દ જુઓ).

કૃતયુગ. ચાર યુગમાં પહેલો યુગ તે અને એનો મૂર્તિમાન દેવ. એની લંબાઇ દેવતાનાં અડતાળીસ સો વર્ષ એટલે મનુષ્યનાં ૧૭,૨૮,૦૦૦ વર્ષનો છે. એની સંધ્યા અને સંધ્યાંશ કાળ એ દેવમાન–દેવતાના વર્ષ સંખ્યામાં–આઠસેં સંવત્સરનો કહે છે. (**મત્સ્ય૦ અ૦ ૧૬૪**).

જે વખત સૂર્ય, ચન્દ્ર, બૃહસ્પતિ, અને મનુષ્ય નક્ષત્ર એક રાશીમાં આવે છે ત્યારે કૃતયુગનો આરંભ થાય છે. (**ભાર૦ વન૦ અ૦ ૧૫ શ્લો ૯૦**), (**ભાગ૦ ૧૨ સ્કં૦ અ૦ ૨ શ્લો૦ ૨૪**) "**कृत्यकृत्याः प्रजा-जात्या तस्मात्कृतयुगं विदुः**" એને સત્યયુગ પણ કહે છે.

કૃતવર્મા (૧). સોમવંશી સહસ્ત્રાજિત્કુળોત્પન્ન ધનક રાજાના ચાર પુત્રોમાંનો ત્રીજો.

કૃતવર્મા (૨). સોમવંશી નહુષ પૌત્ર યદુરાજાના સાત્વત કુળના હૃદિક રાજાના પાંચ પુત્રોમાંનો ત્રીજો પુત્ર. એને હાર્દિક પણ કહ્યો છે. એ મરુદ્ગણનો અંશાવતાર હોવાથી ભારતના યુદ્ધમા બળરામે એને દુર્યોધનની સહાયે એક અક્ષૌહિણી દળ સહિત યુદ્ધ સારુ મોકલ્યો હતો. ભારતનું યુદ્ધ પુરું થતાં દુર્યોધનની પાસે જે ત્રણ વીરો જીવતા રહ્યા હતા તેમાં આ એક હતો. (૧ અશ્વત્થામા શબ્દ જુઓ). પછીથી એ દ્વારકા ગયો હતો. (**ભાર૦ સ્ત્રી૦ અ૦ ૧૨**). કાંઈ કાળ પછી યુધિષ્ઠિરે અશ્વમેધ કર્યો તે વખત એ અર્જુનની સાથે અશ્વની રક્ષા કરવા ગયો હતો. કૃષ્ણ નિજધામે ગયા તેની પૂર્વે પિંડારક ક્ષેત્રમાં યાદવોમાં માંહોમાંહ કલહ થયો તેમાં સાત્યકીને હાથે કૃતવર્મા મરાયો હતો. (**ભાર૦ મૌસલ૦ અ૦ ૩ શ્લો૦ ૨૮**).

કૃતવાક્. એ બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

કૃતવીર્ય. સોમવંશી યદુકુલના ધનક રાજાના ચાર પુત્રોમાંનો પહેલો. એનો પુત્ર કાર્તવીર્ય–જેનું બીજું નામ અર્જુન હતું–એને સહસ્રાર્જુન કહેતા.

કૃતશૌચ. ભારતવર્ષીય ક્ષેત્ર.

કૃતસ્થલી. એક અપ્સરા (૯ મધુ શબ્દ જુઓ).

કૃતાગ્નિ. સોમવંશના યદુકુળના ધનક રાજાના ચારમાંનો બીજો પુત્ર.

કૃતાંત. સંહારકર્તા–કાળ. યમને આ નામે ઓળખાવાય છે.

કૃતાશ્વ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન સંહતાશ્વ રાજાના બે પુત્રોમાંનો પહેલો. એને કૃશાશ્વ એવું બીજું નામ પણ હતું. સ્યેનજિત્ અથવા પ્રસન્ન એ નામનો રાજા એનો પુત્ર હતો.

કૃતિ. સોમવંશી આયુપુત્ર નહુષ રાજાના છ પુત્રોમાંનો સૌથી નાનો.

કૃતિ(૨). વિદેહ વંશના બહુલાશ્વ જનકનો પુત્ર. એના પુત્રનું નામ મહાવંશી જનક.

કૃતિ(૩). સોમવંશી યદુપુત્ર કોષ્ટાના જ્યામઘકુળમાંના પ્રસિદ્ધ રોમપાદના પુત્ર બભ્રુનો પુત્ર. એનો પુત્ર તે કશિક જનક.

કૃતિ(૪). પૂરુકુલોત્પન્ન હસ્તિના પુત્ર દેવમીઢ અથવા દ્વિમીઢના વંશમાં જન્મેલા સન્નતિમાન્ રાજાનો પુત્ર. એણે હિરણ્યનાભ પાસેથી પ્રાચ્ય સામની છ સંહિતાઓ સંપાદન કરી હતી. એના પુત્રનું નામ નીપ રાજા હતું. (**ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૨૧**).

કૃતિ(૫). સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ રાજાના કુરુપુત્ર સુધનું વંશમાં જન્મેલા ચ્યવન રાજાનો પુત્ર. એનો પુત્ર તે ઉપરિચર વસુ.

કૃતિ(૬). ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એક રાજા. એના પુત્રનું નામ રુચિપર્વા હતું.

કૃતિમાન્. સોમવંશના પૂરુકુળના દેવમીઢ અથવા દ્વિમીઢ રાજાના પુત્ર યવીનરનો પુત્ર. એનું બીજું નામ ધૃતિમાન્ પણ હતું. એના છોકરાનું નામ સત્યધૃતિ.

કૃતિરથ. વિદેહવંશના પ્રદીપક જનકનો પુત્ર. એનું નામ કીર્તિરથ હતું. એના પુત્રનું નામ દેવમીઢ જનક હતું.

કૃતિરાત. વિદેહવંશના મહાધૃતિ જનકનો પુત્ર. એનું બીજું નામ કીર્તિમાન હતું. એના પુત્રનું નામ મહારોમા હતું.

કૃતી. ક્યાધુ પુત્ર સંહ્રાદની સ્ત્રી. પંચજન દૈત્યની માતા.

કૃતેયુ. સોમવંશી પૂરુકુળોત્પન્ન રૌદ્રાશ્વ રાજાના દસ પૈકી ચોથો પુત્ર.

કૃતૌજા. સોમવંશી યદુપુત્ર સહસ્રાજિત્ના વંશના ધનક રાજાના ચાર પુત્રમાં ચોથો.

કૃત્તિકા. પ્રાચેતસ દક્ષે સોમને આપેલી સત્તાવીસ કન્યામાંની એક.

કૃત્તિકા(૨). છઠ્ઠો કાર્તિકેય શબ્દ જુઓ–એ કાર્તિકેયની માતા.

કૃત્યા. ભારતવર્ષીય નદી (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કૃત્યા. કૃત્વી તે જ. નીચેનો શબ્દ જુઓ.

કૃત્વી. કૃષ્ણદ્વૈપાયન પુત્ર શુકની કન્યા. એનું

બીજું નામ કીર્તિમતી હતું. એ અજમીઢ કુળના નીપ અથવા અણુહ રાજાની સ્ત્રી હતી. એને બ્રહ્મદત્ત નામે પુત્ર હતો.

કૃપ. ઉત્તાનપાદના પુત્ર ધ્રુવનો પૌત્ર. શિષ્ટના ચાર પુત્રો પૈકી મોટો.

કૃપ(૨). ગૌતમકુળના શરદ્વાન્ ઋષિ તપ કરતા હતા, તેનું તપ ભંગ કરવા ઇન્દ્રે જનપદી નામની અપ્સરા મોકલી હતી. એને જોઇને એમનું રેત પતન થયું તેમાંથી ઉત્પન્ન થએલા જોડકામાંનો પુત્ર. આ જોડકાનું શંતનુ રાજાએ કૃપા કરીને પાલન કર્યું હતું, તે ઉપરથી પુત્રનું નામ કૃપ અને કન્યાનું નામ કૃપી પડ્યું હતું (**ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૨૧**). એ શરદ્વાન્ ઋષિનો પુત્ર એટલે શારદ્વાન, અને ગૌતમકુળનો માટે ગૌતમ કહેવાતો. અગાડી જતાં એ ધનુર્વિદ્યામાં ઘણો નિપુણ થયો દ્રોણાચાર્યની પહેલાં કૌરવપાંડવોને ધનુર્વિદ્યા એ જ શિખવતો હતો. ભારત વખતે એ દુર્યોધનના પક્ષમાં હતો. બધા કૌરવો મરણ પામ્યા હોવાથી પાંડવોએ એને આશ્રય આપ્યો હતો. (**ભાર૦ સ્ત્રી૦ અ૦ ૧૧**). એ ચિરંજીવી હોવાથી પિતાના શરદ્વાન એ નામથી જ સાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્ત ઋષિયોમાંનો એક થશે. એના પિતા કાંઇ ચિરંજીવી નથી.

કૃપા. ભારતવર્ષીય ભરતખંડસ્થ નદી (શક્તિમાન્ શબ્દ જુઓ).

કૃપાચાર્ય. કૃપનું જ નામ.

કૃપી. કૃપાચાર્યની ભગિની. એને શારદ્વતી પણ કહેતા. (કૃપ શબ્દ જુઓ). એ દ્રોણાચાર્યને પરણી હતી અને એને અશ્વત્થામા નામે પુત્ર હતો.

કૃમિભોજન. એક નરક છે.

કૃમી. એક નદી (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

કૃશ અથવા કૃશતનુ. એક ઋષિ. એઓ પ્રતિગ્રહ કરવાનું તજી દઇ પોતાનો કાળ કેવળ તપાચરણમાં ગાળતા હતા. એ જાતે ઘણાજ પાતળા હોવાથી એમનું આ નામ પડ્યું હતું. વીરદ્યુમ્ન રાજાનો પુત્ર ભૂરિદ્યુમ્નનો નાશ થયો હતો તે આમણે પોતાના તપોબળથી આણી આપીને કેટલોક ઉપદેશ અને ઇતિહાસ કહ્યો હતો. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૧૨૮**).

કૃશાન અથવા કૃશાનુ. અગ્નિ.

કૃશાનુરેતા. મહાદેવ.

કૃશાશ્વ. એક ઋષિ અને પ્રજાપતિ. એમને પ્રાચેતસ દક્ષે પોતાની સાઠ કન્યામાંથી અર્ચિ અને ધિષણા નામની બે કન્યાઓ પરણાવી હતી. તેમાં અર્ચિને ધૂમ્રકેશ અને ધિષણાને વેદશિરા, દેવલ, વયુન અને મનુ એમ પુત્રો હતા. આ શિવાય જ્યા અને સુપ્રભા નામે બે કન્યા હતી. આ બે કન્યાઓ કોઇ સ્ત્રીથી થઇ હતી તે સંબંધી કોઇ ઉલ્લેખ મળતો નથી. જ્યાને સો અને સુપ્રભાને પચાસ પુત્રો હતા. એ બધા અસ્ત્રરુપે હોવાથી વિશ્વામિત્રે પોતાની પાસે જ રાખ્યા હતા. (**વા૦ રા૦ બા૦ સ૦ ૨૧**).

કૃશાશ્વ (૨). કૃતાશ્વ રાજાનું નામાન્તર.

કૃશાશ્વ (૩). એ નામના નાટય કળાના આચાર્ય એક ઋષિ.

કૃશાશ્વ (૪). સૂર્યવંશી દિષ્ટ કુલોત્પન્ન સહદેવ રાજાના પુત્ર. એના પુત્રનું નામ સોમદત્ત.

કૃષીબળ. એક બ્રહ્મર્ષિ.

કૃષ્ણ. ઉત્તાનપાદ વંશના હવિર્ધાન રાજાને હવિર્ધાની નામની પત્નીથી થએલા છ પુત્રમાંનો ચોથો. બગડાની સંજ્ઞાવાળા પ્રાચીન બર્હિના નાના ભાઇઓમાંનો એક.

કૃષ્ણ (૨). કદ્રુ પુત્ર એક નાગ.

કૃષ્ણ (૩). અથર્વણ વેદનું એ નામનું ઉપનિષત.

કૃષ્ણ (૪). સોમવંશી યદુકુળના સાત્વત રાજવંશમાં જન્મેલા શૂરના પુત્ર વસુદેવને દેવકીની કુખે થએલા આઠ પુત્રોમાંના નાના. શિશુપાલાદિ દુષ્ટોનો નાશ કરીને સાધુજનોનું સંરક્ષણ કરવા સારુ વિષ્ણુના અંશાવતાર રુપે ચાલુ

વૈવસ્વત મન્વંતરમાંની ચાલુ અઠ્ઠાવીસમી ચોકડી (પર્યય) માં દ્વાપર યુગ કેવળ સમાપ્ત થવા આવ્યો ત્યારે એમણે ભૂમીપર અવતાર લીધો હતો. (**દેવી૦ ભા૦ ૪ સ્કં૦ અ૦૧૬**).

એમના જન્મ થતાં પહેલાં જ એમનાં માત પિતાને કંસે બંદીખાનામાં રાખ્યાં હતાં. કંસે એમના છ ભાઇઓને મારી નાંખ્યા હતા. સાતમાને કંસ મારે તે પૂર્વે જ રોહિણીના ગર્ભમાં એ પ્રવિષ્ટ થયો હતો. તે પછી કૃષ્ણનો જન્મ થયો હતો. તે દિવસે શ્રાવણ મહિનાની વદ આઠેમ હતી. એમનો જન્મ મધ્યરાત્રે થયો. પુત્ર જન્મ થયો જોઇને વસુદેવને ચિંતા પડી કે હવે આનું રક્ષણ શી રીતે કરવું ? એટલામાં એને વિચાર સૂઝ્યો કે ગોકુળમાં મારો પરમ મિત્ર નંદ છે એને ઘેર એને મોકલું. મેં મારી સ્ત્રી રોહિણીને પણ એને ત્યાં જ રાખી છે. એ જેમ સુખે રહે છે તેમ આ પુત્ર પણ સુખે ઉછરશે. પણ શી રીતે જવું એ પ્રશ્ન હતો. પગમાં બેડીઓ છે એ વિચાર આવતાં જ એના પગની બેડીઓ તૂટી ગઇ. દ્વારો આપો આપ ઉઘડી ગયાં. દ્વારપાળો ઘાઢ નિદ્રામાં પડ્યા. આ જોઇને તે વખતે અંધકાર વ્યાપી રહ્યો હતો છતાં વસુદેવે બિલકુલ વિલંબ ન કરતાં પુત્રને મુકી આવવાનું નક્કી કર્યું. તે વખત ઘોર અંધારૂં હતું. વર્ષાકાળ હોવાથી યમુનામાં પૂર હતું; છતાં તે બાળકને લઇને ગોકુળ ગયા. ત્યાં જઇને નંદના ઘરમાં જઇ બાળકને નંદની સ્ત્રી જસોદાના પલંગ પર મુકી તેની તરત જન્મેલી કન્યાને લઇ પોતે પાછા મથુરામાં આવી બંદીશાળામાં દાખલ થઇ ગયા. આ બધું બન્યું પણ તેની ઇશ્વરી માયાવડે મથુરામાં કે ગોકુળમાં કોઇને ખબર પડી નહિ. બંદીશાળાનાં બારણાં પાછાં હતાં તેમ ભિડાઇ ગયાં, વસુદેવના પગની બેડીઓ પાછી હતી તેમ જડાઇ ગઇ. (**ભાગ ૧૦ સ્કં૦ અ૦ ૩**).

કન્યા લઇને વસુદેવ બંદીશાળામાં આવ્યા કે કંસને દુષ્ટ સ્વપ્ન આવ્યું. આથી એ જાગી ઉઠ્યો. અને દિલગીર થઇને બેઠો હતો એટલામાં સેવકોએ આવીને જણાવ્યું કે દેવકીને પ્રસવ થયો છે. કંસ બેઠો હતો તેવો જ ઉઠીને બંદીશાળામાં જઇને જૂએ છે તો દેવકીને કન્યા જન્મી છે. છતાં એ આઠમું બાળક હતું એટલે મનમાં દયા ન આવતાં તેને લઇને શિલાપર પછાડી. પણ કન્યા એના હાથમાંથી છૂટી "તારો વેરી ગોકુળમાં ઉછરે છે" એટલું કહી અંતરિક્ષ અદૃશ્ય થઈ ગઇ. (**ભાગ૦ દશ૦ સ્કં૦ અ૦ ૪**).

અહીં ગોકુળમાં નંદે જાણ્યું કે મારે ત્યાં પુત્ર પ્રસવ થયો. એણે પુત્રનું જાતકર્મ કર્યું. ગોકુળમાં સર્વત્ર આનંદ આનંદ થઇ રહ્યો. (**અ૦ ૫**). કેટલેક દિવસે કંસે ગોકુળમાં જન્મેલાં બાળકોને મારવાના હેતુથી પૂતનાને મોકલી. પૂતનાનો નાશ થયો. (પૂતના શબ્દ જુઓ). ત્યાર પછી તૃણાવર્તને મોકલ્યો તેની પણ એ જ ગતિ થઇ. (તૃણાવર્ત શબ્દ જુઓ). પછી ગર્ગમુની ગોકુળમાં આવ્યા અને રામ અને કૃષ્ણનું નામકર્મ કર્યું. (**અ૦ ૮**). નંદના આંગણાંમાંના બે ઝાડરુપે રહેલા નલ કુબેરનો કૃષ્ણે ઉદ્ધાર કર્યો (નલ કુબેર શબ્દ જુઓ). વત્સાસુર, બકાસુર, અઘાસુર, એ રાક્ષસોનો વધ થયો. (આ બધા શબ્દ જુઓ). ગાયો, વાછરડાં અને ગોવાળીઆઓનું હરણ કરીને બ્રહ્મદેવે કૃષ્ણના સામર્થ્યની પરીક્ષા કરી. (**ભાગ૦ દશમ૦ સ્કં૦ અ૦ ૧૩-૧૪**) કૃષ્ણે ધેનુકાસુરને માર્યો. (ધેનુકાસુર શબ્દ જુઓ). કાલિયમર્દન (૧ કાલિય શબ્દ જુઓ). કૃષ્ણે ગોપ વગેરેનું દાવાગ્નિથી રક્ષણ કર્યું. (**ભાગ૦ દશમ૦ અ૦ ૧૭**). બળરામે પ્રલંબનો વધ કર્યો (પ્રલંબ શબ્દ જુઓ). ગાયો અને ગોવાળનું પુનઃ અગ્નિથી રક્ષણ કર્યું. (**અ૦ ૧૯**) ઋષિ પત્નીઓએ કૃષ્ણ બળરામને અન્ન આપ્યું (**અ૦ ૨૩**).

ઇંદ્રને પોતાનું સામર્થ્ય બતાવવા કૃષ્ણે નંદ દર વર્ષે ઇંદ્રયાગ કરતો હતો તે બંધ કરાવી ગોવર્ધન યાગ કરાવ્યો તે ઉપરથી ઇંદ્રે ગોકુળને બુડાડવા અતિવૃષ્ટિ કરી. તે કાળે ગોવર્ધન પર્વતને ઉચકી એના આશ્રય નીચે ગોકુળવાસીઓનું સંરક્ષણ કર્યું (ગોવર્ધન શબ્દ જુઓ). એક વખત નંદ યમુના સ્નાનાર્થે ગએલા તે બુડ્યા તેમને કૃષ્ણે બચાવ્યા. (**અ૦ ૨૮**). સુદર્શન નામના વિદ્યાધરની સર્પયોનિમાંથી કૃષ્ણે મુક્તિ કરી. (૬ સુદર્શન શબ્દ જુઓ). કેશી વધ (૩ કેશી શબ્દ જુઓ), વ્યોમાસુર વધ (વ્યોમાસુર શબ્દ જુઓ).

આગળ જતાં કંસે ધનુર્યાગના નિમિત્તથી બળરામ અને કૃષ્ણને મથુરા લાવવા સારુ અક્રૂરને ગોકુળ મોકલ્યો. અક્રૂર એમને લઇને જતો હતો રસ્તામાં યમુનામાં સ્નાન કરવા ગયો તે વખતે તેને વિશ્વરુપ બતાવ્યું. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૩૮-૪૦**). મથુરામાં કંસના ધોબીને કૃષ્ણે માર્યો (**અ. ૪૧**). કંસની કુબડી દાસી કુબ્જાને કૃષ્ણે સરળ કરી. (કુબ્જા શબ્દ જુઓ). કૃષ્ણને મારવા તત્કારેલા હાથી કુવલયાપીડને માર્યો. (કુવલયાપીડ શબ્દ જુઓ). ચાણૂર, મુષ્ટિક, અને બધા બંધૂ સહિત કંસને માર્યો. (એ બધા શબ્દ જોવા, વિશેષ હકીકત સારૂ). પછી કૃષ્ણે બંદીશાળામાં જઇ વસુદેવ દેવકીને બંધનમૂક્ત કર્યા અને એમનો સત્કાર કર્યો. ઉગ્રસેનને રાજ્ય ઉપર ફરી સ્થાપ્યો. કંસના ભયથી મથુરામાં અસ્તવ્યસ્ત થઇને દસે દિશાએ નાશી છૂટેલા યાદવોનાં વૃષ્ણિ, અંધક, કુકર, મધુ, દાશાર્હ, ઇ. ક્ષત્રિકુળોને પાછાં આણીને મથુરામાં વસાવ્યાં. નંદાદિ ગોપોને તેમણે કરેલા ઉપકારો સ્મરી મથુરામાં અણાવી કેટલાક કાળ પર્યંત પરોણા રાખી તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો, અને ગોકુલ મોકલ્યા. ત્યારપછી વસુદેવે રામ અને કૃષ્ણને જનોઇ દીધી. તેમના જન્મકાળે પોતે કારાગૃહમાં હોવાથી ન અપાયલાં ગૌદાનો આપ્યાં. ત્યારપછી બળરામ અને કૃષ્ણ સાંદીપની ઋષિને ત્યાં વિદ્યા સંપાદન કરવા જઇને રહ્યા. (**ભાગ-દશમ. અ૦ ૪૬**). ગોપાંગનાઓને દિલાસો આપવા ઉદ્ધવને ગોકુળ મોકલ્યો. (ઉદ્ધવ શબ્દ જુઓ).

પાંડવો કૃષ્ણના ફોઇઆઇ ભાઇ હતા. કૃષ્ણ મોળાઇ હતા. પૃથા જેને કુંતીભોજે દત્તક લઇને કુંતી નામ પાડ્યું હતું તે વસુદેવની સગી બ્હેન હતી. આથી તેઓમાં પરસ્પર સ્નેહસંબંધ સારો હતો. એક સમય ઘણા કાળથી પાંડવોના સમાચાર ન મળેલા હોવાથી કૃષ્ણે અક્રૂરને તેમની ખબર કાઢવા હસ્તિનાપુર મોકલ્યા હતા. તે ઉપરથી અક્રૂર હાસ્તનાપુર જઇને કુંતી, વિદુર વગેરેને મળ્યા. તેણે એમને મોંઢે દુર્યોધનના પાંડવ પ્રતિ દ્વેષની વાતો સાંભળી, ધૃતરાષ્ટ્રને નીતિનો બોધ કર્યો. પણ આ નીતિનો બોધ એને રુચ્યો ન જણાતાં પોતે સારા શબ્દોમાં કુંતીનું સાંત્વન કરી મથુરા આવી બધી હકીકત કૃષ્ણને નિવેદન કરી. (**ભા૦ દશમ૦ અ૦ ૪૮-૪૯**).

કંસ જરાસંધની બન્ને દિકરીઓને પરણ્યો હતો. પોતાના જમાઇને કૃષ્ણે માર્યો સાંભળીને તેવીસ અક્ષૌહિણી સૈન્ય લઇને તે કૃષ્ણ ઉપર ચઢી આવ્યો અને એણે મથુરાપર ઘેરો ઘાલ્યો. કૃષ્ણ બળરામે અને યાદવોએ એની સાથે યુદ્ધ કરીને એને હરાવ્યો. એટલું જ નહિ પણ બળરામ એને બાંધી આણ્યો. કૃષ્ણે એને છોડ્યો અને પોતે લજ્જીત થઇ મગધ દેશ પાછો ગયો. કેટલાક સમય પછી એ પાછો મથુરા આવ્યો પણ તે વખત હાર ખાધી. આમ એ સત્તર વેળા ચઢી આવ્યો અને હાર્યો. એકદા એણે સાંભળ્યું કે કાળયવને મથુરાપર ઘેરો ઘાલ્યો છે. એ જાણતાં જ તેણે યુદ્ધની તૈયારી કરવા માંડી. કૃષ્ણે આ હકીકત જાણતાં જ સઘળું ધન, પશુ, માણસ બધાને વિશ્વકર્માની મદદથી દ્વારકા પહોંચાડી દઇ પોતે એકલા જ મથુરામાં રહ્યા. પોતે જાણ્યું કે હવે મથુરામાં કોઇએ

રહ્યું નથી એટલે પોતે એકલા નાસી જતા હોય એમ દેખાવ કર્યો. કાળયવન એમની પૂંઠળ ધાયો. નાસતાં નાસતાં એક કંદરામાં પ્રવેશ કરીને પાછળ પડેલા કાળયવનને મુચકુંદને હાથે મરાવ્યો. કૃષ્ણ પછી ત્યાંથી મથુરા પાછા આવ્યા અને એટલામાં યાદવસેના લઇને બળરામે કાળયવનના આખા સૈન્યનો નાશ કર્યો, અને પછી દ્વારકા ગયા.

જરાસંધને પછીથી ખબર પડી કે કૃષ્ણ મથુરા છોડીને આનર્ત દેશમાં દ્વારકા જઇને રહ્યા છે; તેથી તે સૈન્ય લઇને દ્વારકાપર ચઢી આવ્યો. આ એની અઢારની સ્વારી હતી. પરંતુ આ પ્રસંગે કૃષ્ણે એની સાથે યુદ્ધ કર્યું નહિ. બળરામ સહવર્ત્તમાન પોતે જરાસંધ જુએ એમ નાઠા તે પ્રવર્ષણ નામના પર્વતપર ચઢી ગયા. એ જોઇને જરાસંધે તૃણ કાષ્ટ ઇ૦ ના મોટા ઢગલા કરાવી પર્વતને સળગાવી મુક્યો. એણે જાણ્યું કે કૃષ્ણ બળી મુવા હશે કે બળી મરશે. આમ ધારી પોતાનું સૈન્ય લઇને હરખાતો, હરખાતો મગધ પાછો ગયો. એને સૈન્ય સહિત ગયેલો જોઇને રામ કૃષ્ણ બીજે રસ્તેથી નિકળી દ્વારકા ગયા. ત્યાં આનર્તના પુરાતન રાજા રેવતે પોતાની રેવતી નામે કન્યા બળરામને પરણાવી અને વિવાહ સમારંભ ઉત્તમ પ્રકારે કર્યો. (રેવત શબ્દ જુઓ) તે જ પ્રમાણે ભીષ્મક રાજાની કુંવરી રુકિમણી કૃષ્ણને પરણી. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૫૨–૫૪**).

કૃષ્ણથી રુકિમણીને પ્રથમ પ્રદ્યુમ્ન નામે પુત્ર થયો. એણે શંબરાસુરનો વધ કર્યો. (૨ પ્રદ્યુમ્ન શબ્દ જુઓ) આગળ જતાં સ્યમંતકમણિના પ્રસંગમાં જાંબુવંતી અને સત્યભામા બન્નેને પરણ્યા. સત્રાજિત અને શતધારા બન્ને મરાયા. (સ્યમંતકમણિ શબ્દ જુઓ). કાંઈ કાળ પછી કેટલાક યાદવોને જોડે લઇને કૃષ્ણ પાંડવોને મળવા હસ્તિનાપુર ગયા. લાક્ષાગૃહમાંથી બચીને નિકળી નાઠા પછી, એકવાર દ્રુપદપુરમાં દ્રૌપદીના સ્વયંવર વખતે જો કે પાંડવો એમને મળ્યા હતા પણ તે સ્વરૂપ જ. નિરાંતે ભેટ થઇ નહોતી માટે હસ્તિનાપુર જવાનો પ્રસંગ આવ્યો હતો. પાંડવોએ એમને બધાને ચાર માસ પર્યંત મહેમાન રાખ્યા. એ વખત દરમ્યાન કૃષ્ણને કાલિંદી પરણી હતી. (કાલિંદી શબ્દ જુઓ) દ્વારકા ગયા પછી મિત્રવંદા, સત્યા, ભદ્રા, લક્ષ્મણા, એમને પોતાના પરાક્રમે હરી લાવીને પરણ્યા હતા. (સંપૂર્ણ હકીકત સારૂ એ બધાં નામની હકીકત સારૂ તે તે શબ્દો યોગ્ય સ્થળે જુઓ).

પૂર્વે ભૌમાસુરે ઇંદ્રને ઘણે પ્રકારે ત્રાસ આપ્યો હતો, માટે એનો નાશ કરવાની ઇંદ્ર તક જ ખોળતો હતો. તેવામાં કૃષ્ણભગવાને અવતાર લીધો. એઓ મહાપરાક્રમી છે એવું પણ ઇંદ્રને જણાયું હતું તે ઉપરથી એણે કૃષ્ણને ભામાસુરની વાત કરી. કૃષ્ણ પ્રાગ્જ્યોતિષ નગરી ગયા અને ભૌમાસુરને મારીને તેના પુત્ર ભગદત્તને તેની ગાદીપર બેસાડ્યો. તેમ જ ભૌમાસુરે બંદી કરી રાખેલી સોળ હજાર રાજકન્યાને છોડાવી. અદિતીનાં કુંડળ એ હરી લાવ્યો હતો તે પાછાં લીધાં અને ઇંદ્રને સોંપ્યાં. (નરકાસુર શબ્દ જુઓ). તે પછી કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નનું રુકમ્વતી સાથે લગ્ન થયું. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૬૧**).

ભૌમાસુર અથવા નરકાસુરે કેદ રાખેલી રાજકન્યાઓ કૃષ્ણે નરકાસુરને મારીને છોડાવ્યા પછી કૃષ્ણને જ વરી. આથી કૃષ્ણને આઠ સ્ત્રીઓ હતી અને સોળ હજાર વધી. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૬૦**). પરંતુ ગ્રંથાંતરે બીજી સો સ્ત્રીઓ હોવાનું જણાય છે. હવે એમની આઠ સ્ત્રીઓ અને એમની સંતતિ સંબંધી કહીશું. બીજી સ્ત્રીઓને પણ એવી જ રીતે સંતતિ હતી એ સમજી લેવું.

(૧) રુકિમણી એના પુત્ર પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ, સુદેષ્ણ,ચારુદેહ, સુચારુ ભદ્રચારુ, ચારુચંદ્ર ચારુગુપ્ત, વિચારુ અને ચારુ એમ દસ પુત્રો

તેમ જ ચારુમતી નામે કન્યા હતી તે કૃતવર્માના પુત્રને પરણી હતી.

(૨) જાંબુવંતી–એના પુત્ર સાંબ, સુમિત્ર, પુરુજિત્, શતજિત્, સહસ્રજિત્, વિજય, ચિત્રકેતુ, વસુમાન્, દ્રવિડ, અને ક્રતુ; એમ જ એક કન્યા હતી.

(૩) સત્યભામા. એને ભાનુ, સુભાનુ, સ્વર્ભાનુ, પ્રભાનુ, ભાનુમાન્, ચંદ્રભાનુ, બૃહદ્ભાનુ, અતિભાનુ, શ્રીભાનુ અને પ્રતિભાનુ. અને એક કન્યા.

(૪) ભદ્રા પુત્ર–સંગ્રામજિત્, બૃહત્સેન, શૂર, પ્રહરણ, અરિજિત્, જય, સુભદ્ર, વામ, આયુ અને સત્યક અને એક કન્યા.

(૫) મિત્રવિંદા પુત્રઃ–વૃક, હર્ષ, અનિલ, ગૃધ્ર, વર્ધન, ઉન્નાદ, મહાશ, પાવન, વન્હિ, અને ક્ષુધિ. અને એક કન્યા.

(૬) સત્યા પુત્ર–વીર, ચંદ્ર, અશ્વસેન, ચિત્રગુ, વેગવાન્, વૃષ, આમ, શંકુ, વસુ, અને કુંતિ.

(૭) કાલિંદી પુત્ર–શ્રુત, કવિ, વૃષ, વીર, સુબાહુ, ભદ્ર, શાંતિ, દર્શ, પૂર્ણમાસ અને સોમક.

(૮) લક્ષ્મણા એના પુત્રો. પ્રઘોષ, ગાત્રવાન્, સિંહ, બલ, પ્રબલ, ઉર્ધ્વગ મહાશક્તિ, સહ, ઓજ, અને અપરાજિત. અને એક કન્યા.

આ શિવાય એક રોહિણી કરીને સ્ત્રી હતી એમ જણાય છે (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૬૧**).

કૃષ્ણના પુત્રપૌત્રોમાં અઢાર જણ મહારથી હતા. તેમનાં નામઃ–પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, દીપ્તિમાન, ભાનુ, સાંબ, મધુ, બૃહદ્ભાનુ, ચિત્રભાનુ, વૃક, અરુણ, પુષ્કર, વેદબાહુ, શ્રુતદેવ, સુનંદન, ચિત્રબાહુ, વિરુપ, કવિ અને ન્યગ્રોધ. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૯૦ શ્લોક ૩૩–૩૪**).

કૃષ્ણને આટલી સ્ત્રીઓથી સમાગમ થઇ પુત્રપૌત્ર સંતતિ શી રીતે થઈ એમ આશ્ચર્ય કરવાનું કારણ નથી. પ્રત્યેક સ્ત્રી સમીપ જૂદું રૂપ ધારણ કરીને રહેવાનું એમનામાં સામર્થ્ય હતું. એવું (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૫૯**) માં નારદે કરેલી કૃષ્ણની પરીક્ષાથી જણાય છે.

આ પ્રમાણે કૃષ્ણ બળરામાદિક સહવર્તમાન સુખમાં કાળ વ્યતીત કરતા હતા, તેવામાં જરાસંધે વીસ હજાર રાજાઓને યજ્ઞાર્થે બળી દેવા બાંધી કરીને રાખ્યા હતા તેમણે એક દૂત સાથે કૃષ્ણને ચુસ્તરીતીએ કહાવ્યું કે જો આપ સત્વર આવી અમને બંધન મુક્ત કરશો તો જ અમારા પ્રાણ રહેશે. આ સંદેશો પહોંચ્યો કે કૃષ્ણ સભામાં આવી યાદવોની સાથે એ વિષયે શું કરવું તેનો વિચાર કરવા બેઠા. એઓ એમ મસલતમાં બેઠા હતા ને ઇંદ્રપ્રસ્થથી સંદેશો લઇને એક દૂત આવ્યો. યુધિષ્ઠિરના મનમાં રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છા થવાથી તેમણે કૃષ્ણને સત્વર બોલાવ્યા હતા. કૃષ્ણ વિચારમાં પડ્યા કે હવે ક્યાં જવું? સભામાં ઉદ્ધવ બેઠા હતા એમણે કહ્યું કે હજુ રાજસૂય યજ્ઞનો આરંભ થયો નથી તો યુધિષ્ઠિરને ભેટીને પછી જરાસંધ તરફ જવું. યુધિષ્ઠિરને એમણે મોકલેલા સંદેશાથી આપ જશો તેથી આનંદ થશે. જરાસંધ પાસે તો પછી જતાં કાંઇ અડચણ નથી. કૃષ્ણને આ સલાહ યોગ્ય લાગી એટલે આવેલા બન્ને દૂતને જોડે લઇને પોતે રથારૂઢ થયા. થોડે કાળે ઇંદ્રપ્રસ્થ પહોંચ્યા અને ત્યાંથી પેલા ગિરિવ્રજથી આવેલા રાજાઓના દૂતને વિદાય કર્યો. કહાવ્યું કે હું થોડા જ કાળમાં આવી તમને બંધન મુક્ત કરીશ. કૃષ્ણને આવેલા જોઇને પાંડવોને બહુ આનંદ થયો અને એમણે એમનો ઘણો સત્કાર કર્યો. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૭૧**).

પછી એકાંત જોઇને યુધિષ્ઠિરે પોતાની રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છા કૃષ્ણને જણાવી. સાંભળીને કૃષ્ણે કહ્યું તમારો વિચાર ઉત્તમ છે. પણ જરાસંધ જીવતો હશે ત્યાંસુધી

તમારા યજ્ઞની કદીએ સિદ્ધિ થાય એમ મને લાગતું નથી. માટે પ્રથમ એને મારવો ઘટે છે. આ વાત સાંભળીને યુધિષ્ટિરે કહ્યું કે અમારું કરનાર તમે જ છો. જેમ તમને યોગ્ય લાગે તેમ કરો. આ ઉપરથી કૃષ્ણ ભીમ અને અર્જુન બન્નેને સાથે લઇ ગિરિવ્રજે ગયા. ત્યાં ભીમ અને જરાસંધનું યુદ્ધ થયું અને તે ભીમને હાથે મરણ પામ્યો. જરાસંધના મરણ પછી કૃષ્ણે એના સહદેવ નામના પુત્રને એની ગાદીએ બેસાડ્યો, અને બધા રાજાઓને બંધનમુક્ત કર્યા. પછી પોતે ઇંદ્રપ્રસ્થ પાછા આવ્યા. (૧ જરાસંધ શબ્દ જુઓ).

રાજસૂય યજ્ઞ વખતે કૃષ્ણને સહુની સંમતિથી યુધિષ્ટિરે પ્રથમ તિલક કરી વંદ્યા. શિશુપાલ દ્વેષથી બળી ગયો અને એનાથી એ સહન ન થવાથી એણે કૃષ્ણની ઘણી નિંદા કરી. આથી શિશુપાળનો વધ થયો.(શિશુપાળ શબ્દ જુઓ).

રાજસૂય યજ્ઞ સમાપ્ત થયા પછી કૃષ્ણ દ્વારકા આવ્યા ત્યારે એમણે શાલ્વને મારી નાંખ્યો. (૨ શાલ્વ શબ્દ જુઓ).

કરૂષ દેશાધિપતિ દંતવક્ર અને એના ભાઇ વિદૂરથનો વધ થયો. (**ભા૨૦ ૧૦ સ્કં૦ અ૦ ૭૮**). કુચૈલ નામના બ્રાહ્મણનો કૃષ્ણે સત્કાર કર્યો. (કુચૈલ શબ્દ જુઓ).

પાંડવોએ બાર વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસ ભોગવીને પોતાની પ્રતિજ્ઞા પાળી. પછી કૌરવો પાસેથી પોતાનો યથાયોગ્ય રાજ્યભાગ મેળવવા સંબંધી સામ કરવા યુધિષ્ટિરે કૃષ્ણને દુર્યોધન પાસે મોકલવાની ઇચ્છા કરી. કૃષ્ણે તે વાત કબુલ રાખી, ભીમ વગેરેનો અભિપ્રાય જાણી, સાત્યકીને જોડે લઇને પોતે હસ્તિનાપુર જવા નિકળ્યા. (**ભા૨૦ ઉદ્યો૦ ગ૦ અ૦ ૭૪-૮૩**). રસ્તે ઋષિ સમુદાય મળ્યો તેમને વંદન કરી જોડે લીધા. એઓ બધા હસ્તિનાપુરની પાસે આવેલા વૃકસ્થળ ગામ સુધી આવી પહોંચ્યા. (**અ૦ ૮૪**) કૃષ્ણ

હસ્તિનાપુર આવે છે એ સમાચાર ધૃતરાષ્ટ્રને પહેલાં જ મળ્યા હતા; તેથી તેમણે હસ્તિનાપુરથી તે વૃકસ્થળ સુધીનો રસ્તો સમરાવી સુશોભિત કરાવ્યો. અને ભીષ્માદિને તેમને સામૈયે મોકલ્યા. તેઓએ ઘણું સન્માન આપીને કૃષ્ણને હસ્તિનાપુરમાં આણ્યા. કૃષ્ણ સઘળાને પૃથક પૃથક મળ્યા અને પછી વિદુરને ત્યાં ગયા. વિદૂરને ત્યાં પોતાની ફોઇ પૃથા—કુંતી રહેતી હતી તેને મળ્યા અને બધા પાંડવોનું વંદન કહી, મધુર વાણી વડે એમનું સાંત્વન કર્યું. પછી દુર્યોધન પાસે ગયા. (**અ૦ ૮૫–૯૦**) દુર્યોધને એમનો સત્કાર કર્યો અને અહીં જ ભોજન લ્યો એમ આગ્રહ કર્યો. પણ કૃષ્ણે કહ્યું કે હું પાંડવો પાસેથી જે કામ સારુ આવ્યો છું તે કાર્ય થશે એટલે ભોજન કરીશ કહી પોતે વિદુરને ત્યાંજમ્યા.(**અ૦ ૯૩**). બીજે દિવસે ભીષ્મ, દ્રોણ, કૃપ, અને બીજા ઋષિયો સહવર્ત્તમાન ધૃતરાષ્ટ્ર પોતે આવીને સભામાં બેઠા એટલે કૃષ્ણ પણ પોતે સ્નાન આન્હિકથી પરવારી સભામાં આવ્યા અને પોતાની મેઘના જેવી ગંભીર વાણીથી ભાષણ કરવાનો આરંભ કર્યો કેઃ—

હે ધૃતરાષ્ટ્ર ! પાંડવો તરફથી હું તમારી પાસે એટલું કહેવા સારૂ આવ્યો છું કે તમે પાંડવોને અરધું રાજ્ય આપો અને એઓ અને તમે બધા સુખે રહો. દુર્યોધને યુદ્ધ કરવાને જે રાજાઓને એકઠા કર્યા છે તેઓ યુદ્ધ કરશે, પરન્તુ આ યુદ્ધ સારું નથી. કારણ કે તેમાં ઘણા જીવોનો નાશ થશે. માટે મને લાગે છે કે યુદ્ધ થવા જેટલે મરતબે તમે આ વાત પહોંચવા નહિ દો. આવેલા રાજાઓ પોતાનો ક્રોધ શાન્ત કરીને, તેમ જ તમારા તરફથી વસ્ત્રાલંકારથી પૂજાઇ પોત પોતાના નગર પ્રતિ જશે. સહજ વિચાર કરશો તો તમને સમજાશે કે પાંડવોનો તલમાત્ર પણ અપરાધ નથી. વિના કારણે ભીમસેનને વિષ દેવામાં આવ્યું એ; લાક્ષાગૃહમાં એમને બાળી મૂકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો

એ, પાંડવોએ પોતાના પરાક્રમને બળે મેળવેલી સંપત્તિ દ્યૂત રમવાને મિષે કપટથી હરણ કરવામાં આવી એ, દ્રૌપદીનું અપમાન કરવામાં આવ્યું એ અને એવા બીજા અપરાધો જોવા જઇએ, તો તમારા તરફથી થયા છે. આમ છતાં પણ સત્ય અને શાંતિને વળગી રહીને પાંડવોએ તેર તેર વર્ષ સુધી આપદા ભોગવી છે. અરે હજુ પણ તમારે વિષે એમની પૂજ્ય બુદ્ધિ કાયમ રહી છે. આવા સન્માર્ગવર્તી, પરાક્રમી, અને સદ્‌ગુણી પાંડવોનો તમારે અગર તમારા પુત્રોએ દ્વેષ કરવો ઉચિત નથી. માટે તમે સ્વચ્છ હૃદય કરી તમારા પુત્રોને વારો. મારું આટલું કહ્યું નહિ સાંભળો, અગર એમ મનમાં સમજતા હશો કે પાંડવોએ કેવા ભય યુક્ત થઇને સામને માટે કહેણ કહાવ્યું છે, તો હું કહું છું કે તેમ નથી. પાંડવો યુદ્ધ કરવા તૈયાર જ છે એ નક્કી માની લેજો. (**ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૯૫**).

કૃષ્ણનું ભાષણ સાંભળીને સભામાં બેઠેલા ઋષિયો, અને રાજાઓ રોમાંચિત થયા; પણ કોઇ કાંઇ બોલ્યું નહિ. સભામાં જમદગ્ન્ય હતા, તેમણે ધૃતરાષ્ટ્રને દંભોદ્ભવ રાજાનો ઇતિહાસ કહી સંભળાવીને કહ્યું કે હે ધૃતરાષ્ટ્ર ! અર્જુન અને કૃષ્ણ એ નરનારાયણ જ છે, માટે એમની જોડે સલાહ કરવાથી તારું કલ્યાણ થશે (**ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૯૬**). પછી કણ્વ ઋષિયે માતલી અને એની કન્યા ગુણકેશીની કથા ધૃતરાષ્ટ્રને સંભળાવી. એમણે કહ્યું કે અભિમાન ધરિને યુદ્ધ કરવા પ્રવૃત્ત થશો નહિ.અને જો યુદ્ધ કરવા જશો તો તમને ખેદ થશે. (ગુણકેશી શબ્દ જુઓ).

કણ્વ ઋષિનું આવું ભાષણ થયા પછી નારદે ધૃતરાષ્ટ્રને કહ્યું કે કાંઇ પણ કામ કરીએ તેમાં પ્રસંગ જોઇને તે પ્રમાણે જ વર્ત્તવું જોઇએ.બહુ આગ્રહી થવામાં માલ નથી. એ વાત ઉપર એમણે એને ગાલવનું ચારિત્ર્ય કહી સંભળાવ્યું (૩ ગાલવ શબ્દ જુઓ). તેમ જ અભિમાન એ બુરી ચીજ છે એ ઉપર યયાતી રાજા સ્વર્ગમાંથી પતન શી રીતે પામ્યો એ કહી સંભળાવ્યું (યયાતિ શબ્દ જુઓ). આ બધું સાંભળીને ધૃતરાષ્ટ્રે કહ્યું; કૃષ્ણ ! તમે અને આ બધા મહાનુભાવ ઋષિયોએ જે જે કહ્યું એ અક્ષરસઃ ખરૂં છે. મારા મનમાં પણ સલાહ કરવી એ જ ઇચ્છા છે. પરંતુ આ દુષ્ટ દુર્યોધન મારૂં કહ્યું કાને જ ધરતો નથી. માટે તમે એને કાંઇ કહી જુઓ.

આ સાંભળી કૃષ્ણે દુર્યોધન પ્રતિ કહ્યું કે હે દુર્યોધન ! પાંડવોને અડધું રાજ્ય આપવું એ યથા ન્યાય છે. અને એમ કરવાથી તને કશી માનહાનિ પણ થતી નથી. કેમ નથી થતી એ જો જાણવું હોય તો સાંભળ કે ધૃતરાષ્ટ્ર પોતે મહારાજા રહેશે અને તું હાલ છે તેમ યુવરાજ પદે જ રહીશ. માટે પાંડવોથી નિરર્થક વૈર વધારીશ નહિ. તારા પોતાના પક્ષના ભીષ્માદિ મોટા મોટા યોદ્ધા છે, તેઓ સલાહ કરવા જ ઇચ્છે છે. માત્ર કર્ણ, સૌબલ જેવા કેવળ ક્ષુદ્ર છે તે જ સલાહ ઇચ્છતા નથી. આવાઓની ઉંફે તું માની બેઠો છે કે હું પાંડવોને જીતીશ. પણ પાંડવો એક કરતાં એક અધિકાધિક પરાક્રમી છે. એમની જોડે વૈર બાંધીને તું ઉગરીશ એ કદીએ બનનારૂં નથી. આના કરતાં તું તારા પોતાનાં માબાપનું કહ્યું માન; અને યુદ્ધની વાત પડતી મુક, જેથી બધાનું કલ્યાણ થાય (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૨૪**).

કૃષ્ણનું ભાષણ થઈ રહ્યા પછી ભીષ્મ, દ્રોણ એમણે પણ દુર્યોધનને એવો જ ઉપદેશ કર્યો, અને કહ્યું કે કૃષ્ણના કહેવાને તું અનુસર, એમાં જ તારૂં શ્રેય છે. પછી વિદૂર બોલ્યા અરે દુર્યોધન ! આ સઘળાએ જે કહ્યું તે ધ્યાનમાં રાખ અને વિચાર. આગ્રહી

થઇશ નહિ. તારા મનમાં એમ આવતું હોય કે હું યુદ્ધ ન કરું એટલા માટે આ સઘળા મારી ખુશામત કરે છે તો તું ખાત્રી રાખજે કે એમ નથી. તારા મનમાં પક્કી ખાત્રી રાખજે કે યુદ્ધમાં પાંડવો તને જીતશે જ. અને તું યુદ્ધમાં મરીશ. હું તને શું વધારે કહું, દુર્યોધન ! તારા મરવાની મને લગીરે ચિંતા નથી. પરંતુ આ ધૃતરાષ્ટ્ર અને ગાંધારી વૃદ્ધપણામાં અનાથ અને દુઃખી થશે. અરે એમને આ લોકમાં ભિક્ષાવૃત્તી પર નિર્વાહ કરવો પડશે એ વાત મનમાં આવીને મને વારંવાર દુઃખ ઉત્પન્ન કરે છે. માટે પાંડવો પાસે જા અને એમની જોડે સલાહ કર. (**ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૨૫-૧૨૬**).

બધાનાં ભાષણો થઇ રહ્યા પછી દુર્યોધન કૃષ્ણ પ્રતિ બોલ્યો. તમે બધા પાંડવોનો પક્ષ ખેંચીને મને માત્ર દોષ દો છો. પરન્તુ એમનો મેં શો અપરાધ કર્યો છે ? પાંડવોએ શકુનીની જોડે જૂગટું રમીને પોતાની સંપત્તિ ખોઇ; પોતે તે વખતે કરેલી પોતાની પ્રતિજ્ઞા પાળવા વનમાં ગયા, એમાં મારો શો અપરાધ ? હવે મારે પાંડવો પાસે સમાધાન કરવા જવું એતો દૂર જ છે પણ જ્યાં સુધી મારા જીવમાં જીવ છે, ત્યાં સુધી મારે હાથે એમને જમીન તો શું પણ સોયની અણી ઉપર રહે એટલી માટીએ મળનાર નથી. (**ભા૨૦ ઉદ્યોગના૦ અ૦ ૧૨૭**).

દુર્યોધનની આવી વાણીથી કૃષ્ણને સંતાપની પરાકાષ્ટા થઇ. તેઓ બોલ્યા, અરે મૂર્ખ ! તું અમને બધાને કહે છે અમે પાંડવોનો પક્ષ કરીને તને આ બધું કહીએ છીએ, અને તેં શો અપરાધ કર્યો છે ? પરન્તુ મૂઢ ! તેં એમને ઘણો જ અન્યાય કર્યો છે. ભીમને ઝેર કોણે દીધું ? લાક્ષાગૃહમાં રાખીને તેમને બાળી મુકવાનો યત્ન કોણે કર્યો ? એમને ઇંદ્રપ્રસ્થમાં કોણે મોકલાવ્યા ? દ્યુત રમવાને પાંડવો જાતે આવ્યા કે તેં તેડાવ્યા ? દ્રૌપદીનો છળ કોણે કર્યો ? આટ આટલું છતાંએ એમણે સ્વપરાક્રમે મેળવેલી સંપત્તિ હું પાછી આપનાર નથી કહેતાં મૂર્ખ તને લાજ આવતી નથી ? આવું આવું છતાંએ તું વૃદ્ધપુરૂષોની શિખામણ સાંભળતો જ નથી. આના કરતાં મોટો અપરાધ બીજો કયો જોઇએ છીએ ? પણ યાદ રાખજે દુર્યોધન! કે તું સત્વર જ નાશ પામીશ. કૃષ્ણનાં આવાં વચન સાંભળીને દુઃશાસને ભયભીત થઇને દુર્યોધનને સભામાંથી ઉઠી જવાની સાન કરી. દુર્યોધન અને એના પક્ષપાતી સઘળા સભામાંથી ઉઠ્યા. એ જોઇને ભીષ્મ બોલ્યા કે દુર્યોધન લોભી અને માની થયો છે. અને આ સર્વ રાજાઓ એને જ અનુસરે છે; તે ઉપરથી મને લાગે છે કે જરૂર ક્ષત્રિયકુળનો વિનાશ પાસે જ આવ્યો છે એ નિઃસંદેહ છે. એ સાંભળીને કૃષ્ણ ફરીથી બોલ્યા કે કંસને મારીને અમે સહુ યાદવો સુખી થયા છીએ તેમ તમે પણ દુર્યોધનને અને એના પક્ષપાતીઓને મારશો ત્યારે જ ક્ષત્રિયો ઉગરી તમે સુખ પામશો. આ ઉપરથી દુર્યોધન ત્યાંથી તત્કાળ નાશી ગયો. ગાંધારીએ પણ દુર્યોધનને શિખામણ દીધી કે આ સર્વે જે કહે છે તેનું ઉલ્લંઘન કરીને નાશ પામીશ નહિ. તને એમ લાગતું હશે કે ભીષ્માદિક તારા પક્ષમાં છે, છતાં યાદ રાખજે કે એ બધા મન મૂકીને યુદ્ધ કરશે નહિ. પાંડવોને આજ પર્યંત જે જે દુઃખ દીધું તે બહુ છે; હવે એમને એમનો ભાગ આપીને સુખી થા. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૨૯**).

ગાંધારીનાં આ હિતકારક વચનો અમાન્ય કરીને દુર્યોધન ત્યાંથી ઉઠીને ચાલતો થયો. બહાર જઇને કૃષ્ણને પકડીને બંધન કરવાનો વિચાર કરવા લાગ્યો. આ વાતની સાત્યકીને ખબર પડતાં તેણે સભામાં આવી કૃષ્ણ અને

બીજા સભાસદોને જાહેર કરી દીધું. કૃષ્ણ બોલ્યા એમ છે તો એને અને એના પક્ષપાતીઓને હમણાં જ બાંધીને પાંડવો પાસે લઇ જાઉ છું. આ ઉપરથી ધૃતરાષ્ટ્રે એને વિદુર મારફત બોલાવી મંગાવ્યો, અને એનો ઘણોજ તિરસ્કાર કરીને બોલ્યા કે અરે મૂર્ખ ! કૃષ્ણની વિરુદ્ધ કશો એ વિચાર મનમાં લાવવો એ તને શ્રેયકારક નથી. આવા નીચ કૃત્યથી તું માત્ર વહેલો જ નાશ પામીશ. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૩૦**).

દરમ્યાન કૃષ્ણે લોકપાલ સહિત પોતાનું દિવ્યસ્વરુપ પ્રગટ કરી સર્વેને પ્રદર્શિત કર્યું. પોતાનું આ અદ્‌ભુત દિવ્યરુપ એમણે અંધ ધૃતરાષ્ટ્રને બતાવીને પોતાની સમાધાનની વિષ્ટિ પૂરી કરી. પોતે સભામાંથી ઉઠ્યા અને રથારુઢ થયા. તે વખતે ધૃતરાષ્ટ્રે કહ્યું કે કૃષ્ણ ! મારી ઇચ્છા સમાધાન કરવાની જ છે પણ આ દુષ્ટ છોકરો મારું કહ્યું માનતો નથી. હું નિરુપાય છઉં. આ સાંભળીને કૃષ્ણે બધા કૌરવોને કહેતા હોય એમ મોટો ઘાંટો કાઢીને કહ્યું કે અહો, તમે બધા સાંભળો; મેં તમારા બધાના સાંભળતાં દુર્યોધનને નીતિનો બોધ કર્યો. એણે મારો બોધ તો કાને ન ધર્યો એટલું જ નહિ, પણ ઉલટી મને બંધન કરવાની ધારણા કરી. ધૃતરાષ્ટ્ર પણ કહે છે કે મારો ઉપાય ચાલતો નથી. માટે હું હવે તમારા બધાની પાસેથી પાંડવો પાસે જવાની રજા લઉં છઉં. આટલું કહીને તેઓ વિદુરને ઘેર પધાર્યા. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૩૧**).

વિદુરને ઘેર આવીને કૃષ્ણ કુંતીને મળ્યા. સભામાં જે જે થયું હતું તે બધું તેને કહ્યું અને પાંડવો પાસે પાછાં જવાની આજ્ઞા માગી. કૃષ્ણની સાથે કુંતીએ પાંડવોને કહાવ્યું કે:- પાંડવો ! તમે ક્ષત્રિય છો. માટે તમારે યુદ્ધ કરીને જ સંપત્તિ મેળવવી એ ઉચિત છે. તમારે પ્રજાનું ધર્મથી પાલન કરવું. એ ઉપર એણે વિદુલાખ્યાન સંભળાવ્યું. (વિદુર શબ્દ જુઓ). પણ દરેક પુત્રને જુદો જુદો આશિર્વાદ કહાવ્યો.

પછી કૃષ્ણ હસ્તિનાપુરથી જવા નિકળ્યા. ભીષ્માદિક મંડળી એને વળાવવાને આવી. તેમાં કર્ણ પણ આવ્યો હતો. કૃષ્ણે બધાને મળીને પાછા વાળ્યા પછી કર્ણને પોતાના રથમાં જોડે લઈ લીધો. કર્ણને પાંડવના પક્ષમાં લેવાને યત્ન કરી જોયો પણ તે વશ થયો નહિ. (૧ કર્ણ શબ્દ જુઓ). કર્ણ ત્યાંથી પાછો વળ્યો અને કૃષ્ણ આગળ ચાલી ઉપપ્લવ્યમાં યુધિષ્ટિર પાસે પાછા આવ્યા. જે જે બન્યું હતું તે બધું કહ્યું અને યુદ્ધ કરવાનો નિશ્ચય કરાવ્યો અને યુધિષ્ટિરને લઇને કુરુક્ષેત્ર માં આવ્યા. (**ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૫૦**).

પછી જ્યારે ભારતના યુદ્ધનો આરંભ થયો ત્યારે કૃષ્ણ પોતે પાંડવોના પક્ષમાં રહ્યા; અને એમણે અઢાર દિવસ સુધી અર્જુનનું સારથ્ય કર્યું. એ સમયમાં એમણે કોઇ જગાએ યુક્તિ, કોઇ જગાએ પોતાની અદ્‌ભુત શક્તિની યોજના કરીને પૃથ્વીના ભાર રુપ સંપૂર્ણ દુષ્ટ રાજાઓનો નાશ કરીને પાંડવોને બચાવ્યા. પાંડવોને તેમનું રાજ્ય સોંપી પોતે દ્વારકા જવા નીકળ્યા. તે વખત ઉત્તરાના ઉદરમાં ગર્ભ હતો. અશ્વત્થામાના અસ્ત્રથી ગર્ભની રક્ષા કરવાની ગોઠવણ કરવાની ઉત્તરાએ વિનતિ કરવાથી પોતાના ચક્રને રક્ષાર્થે મુકીને પોતે દ્વારકા પધાર્યા. (૨ ઉત્તરા શબ્દ જુઓ).

દ્વારકામાં હતા તેવામાં એક વખતે સૂર્યગ્રહણ આવ્યું. તે ઉપર બધાએ સ્યમંતપંચક-રામહ્રદની યાત્રાએ જવાનો નિશ્ચય કરી દ્વારકાના રક્ષણ સારુ અનિરુદ્ધ અને કૃતવર્માને રાખ્યા અને પોતે સઘળા યાદવો અને સ્ત્રીઓ સહિત સ્યમંતપંચક ક્ષેત્રમાં આવ્યા. હસ્તિનાપુરથી પાંડવો પણ ત્યાં આવ્યા હતા. બધા એકઠા હળ્યા મળ્યા. આ પ્રસંગે કૃષ્ણની આઠ સ્ત્રીઓ અને દ્રૌપદી વચ્ચે સ્વયંવર સંબંધે વાતચીતો થઇ હતી. (**ભા૦ ૧૦ સ્ક૦ અ૦ ૮૨-૮૩**).

આ જ પર્વનિમિત્તે કૃષ્ણદ્વૈપાયન, નારદ, ચ્યવન, અસિત, દેવલ, વિશ્વામિત્ર, શતાનંદ, ભરદ્વાજ, ગૌતમ, જમદગ્ન્ય, રામ, વસિષ્ઠ, ગાલવ, ભૃગુ, પુલસ્ત્ય, કશ્યપ, અત્રિ, માર્કંડેય, અગસ્ત્ય, યાજ્ઞવલ્કય, ઇત્યાદિક ઋષિયો પણ આ ક્ષેત્રમાં આવ્યા હતા. વસુદેવે બધાનો ઉત્તમ પ્રકારે આદરસત્કાર કરવાની સુવ્યવસ્થા કરી મુકી હતી. કેટલાક કાળ રહ્યા બાદ એક દિવસ વસુદેવે આ બધા મહાનુભાવોને કાંઇ કર્મ-વિષયક પ્રશ્ન પુછ્યો. એનો ઉત્તર આપીને એમણે વસુદેવને યજ્ઞ કરવાની સૂચના કરી તે ઉપરથી તેણે ત્યાં જ યજ્ઞ કર્યો. યજ્ઞ સમાપ્તિ કાળે ઋષિયોનો સત્કાર કરી તેમને વિદાય કર્યા. આ બધો કાળ પાંડવોને ત્યાં જ રાખ્યા હતા. આ બધું થતાં ત્રણ મહિના લાગ્યા. પછી પાંડવો હસ્તિનાપુર ગયા અને કૃષ્ણ બળરામ પોતાના પરિવાર સહિત દ્વારકા પધાર્યા. **(ભા૨૦ ૧૦ સ્કં૦ અ૦ ૮૪).**

પછી એક સમય દેવકીની એવી ઇચ્છા થઇ કે મારા મરી ગએલા છ પુત્રોને હું જોઉં. તે ઉપરથી કૃષ્ણે તેમને દેખાડ્યા. એ છ નામ ઇત્યાદિ હકીકત સારૂ (૧ ઊર્ણા શબ્દ જુઓ). કેટલાક કાળ પછી કૃષ્ણ મિથિલા નગરીમાં રહેનાર શ્રુતદેવ નામના બ્રાહ્મણને મળવા પધાર્યા. એ બ્રાહ્મણ મહાન બ્રહ્મનિષ્ટ હતો પણ બહુલાશ્વ જનકને એની ખબર નહોતી. પોતાને આવા બ્રહ્મનિષ્ટ બ્રાહ્મણનાં દર્શન થાય અને એની કીર્તિની બહુલાશ્વ જનકને પણ ખબર પડે એ હેતુથી પોતે મિથિલા પધાર્યા હતા. ત્યાં થોડો કાળ રહી પુનઃ દ્વારકા પધાર્યા. **(ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૮૬).**

જ્યારે જ્યારે કૃષ્ણ અને પાંડવોની ભેટ થતી ત્યારે યુધિષ્ઠિર અને ભીમસેનને કૃષ્ણ વંદન કરતા. અર્જુન અને કૃષ્ણ પરસ્પર આલિંગન આપતા અને નકુળ અને સહદેવ કૃષ્ણને વંદન કરતા; આ ઉપરથી કોણ કોનાથી મોટું અને કોણ નાનું એ ઉઘાડું સમજાય છે. છતાં કૃષ્ણની યોગ્યતા ઘણી જ મોટી હતી એ યુધિષ્ઠિર અને ભીમસેનની સમજ બહાર ન હોય એમાં કાંઈ નવાઇ નથી. ભીષ્મ બરાબરી કૃષ્ણ તરફ પૂજ્ય બુદ્ધિ ધરાવતા હતા. **(ભા૨૦ શાંતિ૦ અ૦ ૫૧ શ્લો૦ ૨૯).**

કૃષ્ણની આકૃતિ અતિ ઉચ્ચ, ઘણી નાની, જાડી, પાતળી એમ નહોતાં મધ્યમ પ્રકારની હતી. એમનાં નેત્ર કમળના જેવાં અને વિસ્તિર્ણ નાસિકા સીધી, શરીરની કાંતી અળશીનાં પુષ્પ જેવી શ્યામ વર્ણની હતી. પીત વસ્ત્ર પરિધાન કરવા પર એમની પ્રીતિ હતી. એમના સમયમાં ક્ષત્રિયોમાં એમના જેવો અધ્યાત્મવિદ્યા પારંગત બીજો કોઇ નહોતો, એમ કહીએ તો પણ ચાલે. રાજસૂય યજ્ઞ વખતે વ્યાસાદિકોની સંમતીથી યુધિષ્ઠિરે એમને અગ્રપૂજાનું માન આપ્યું હતું તે ઉપરથી કેટલાક પ્રસંગોમાં અલૌકિક વર્તણુક ઉપરથી અને મહા ભયંકર ભારત યુદ્ધમાં જાતે શસ્ત્ર ન ધારણ કર્યા છતાં પણ કોઇ પણ તરેહના શસ્ત્રાસ્ત્રથી એમને કશીએ ઇજા થઈ નથી એ ઉપરથી એમનું વૈલક્ષણ સ્પષ્ટ જણાય છે. એમ છતાં પણ એઓ સ્નાનસંધ્યાદિક નિત્ય કર્મ કરતા; ઉપમન્યુ ઋષિ પાસેથી લીધેલી દીક્ષા પ્રમાણે ઇશ્વરોપાસના કરવામાં પણ હમેશ નિયમસર તત્પર જ હતા. ભરતખંડમાં અવતાર ધારણ કરીને જે જે દુષ્ટોનો વધ કરાવવાનો તે પૂરું કરી પોતે નિજધામમાં જવાની ઇચ્છા કરી અને દેવોએ પણ આવીને એ જ સૂચવ્યું. આ ઉપરથી યાદવકુળનો સંહાર શી રીતે થશે એ વિશે પોતે ચિંતન કરવા લાગ્યા.

ત્યાર પછી એવું બન્યું કે કેટલાક યાદવના છોકરાઓ પિંડારક ક્ષેત્રમાં ગયા હતા. ત્યાં એમને મોહને લીધે દુર્બુદ્ધિ ઉત્પન્ન થઇ. તેમણે પોતાની અંદરના એક સાંબ નામના યાદવ કુમારને ગર્ભિણીનો વેશ ધારણ કરાવ્યો, અને પાસે જ ઋષિ હતા ત્યાં જઇને પુછવા લાગ્યા કે આ સ્ત્રીને શું અવતરશે તે કહો. ઋષિયે પોતાની મશ્કરી કરવા આવ્યા છે જાણી ક્રોધથી કહ્યું કે અરે સાંભળો, એને એક લોહમય મુશળ જન્મશે અને એ મુશળથી તમે સમગ્ર યાદવો નાશ પામશો. ઋષિની આવી વાણી સાંભળી બધા યાદવકુમારો ત્યાંથી નાશી ગયા. સાંબને પહેરાવેલાં સ્ત્રીનાં લૂગડાં ઉતરાવતાં જુએ છે તો તેમાંથી ઋષિના વચન પ્રમાણે એક લોહનું મુસળ નીચે પડતું દેખાયું. એમને ઘણો જ ભય ઉત્પન્ન થયો અને એ મુસળ લઇને ઉગ્રસેન અને વસુદેવની પાસે જઇને પોતે કરેલું અનુચિત કર્મ સઘળું નિવેદન કર્યું. એ વૃદ્ધોએ જાણ્યું કે જો કૃષ્ણ અને બળરામ આ વાત જાણશે તો છોકરાઓને સખ્ત સજા કરશે. આ બીકે તેમણે આ વાતની ચહેરચૂંથ ન કરતાં તે છોકરાઓ પાસે જ સમુદ્રતીરે છાનુમાનું પથર પર ઘસાવી નાંખ્યું. ઘસતાં ઘસતાં રહેલો ઘણો જ નાનો ટુકડો સમુદ્રમાં ફેંકી દેવરાવ્યો.

ઉપર કહી ગયા કે કૃષ્ણની ઇચ્છાનુસાર દેવોએ પણ એમને નિજધામ જવાની સૂચના કરી હતી. એ સૂચના ઉદ્ધવે સાંભળી હતી. આપ મને સાથે લઈ જાઓ એવી પ્રાર્થના ઉદ્ધવે કૃષ્ણની કરવાથી એમણે એને અધ્યાત્મવિદ્યાનો ઉપદેશ કર્યો. (૨ ઉદ્ધવશબ્દ જુઓ).

તે કાળે દ્વારકામાં દુશ્ચિહ્નો થવા માંડ્યાં. એ જોઇને સ્ત્રીઓ અને વૃદ્ધજનો શિવાય સર્વ યાદવોને કૃષ્ણે શંખોદ્ધાર તીર્થમાં મોકલ્યા, અને પોતે બળરામ સહિત પ્રભાસ પધાર્યા. શંખોદ્ધાર ગએલા યાદવો ઘણા કાળ પર્યન્ત ત્યાં રહ્યા. એક દિવસ રમત કરતાં કરતાં સઘળાની વૃત્તિ થઇ કે આપણે મદ્યપાન કરીએ. તે ઉપરથી સઘળાઓએ મદ્યપાન કર્યું. રમતાં રમતાં ધૂનમાંને ધૂનમાં માંહોમાંહ તકરાર થઇ. સઘળા માંહોમાંહ લઢવા તૈયાર થઇ ગયા. એવામાં કોઇ એકનો વધ થએલો જોઇને એના પક્ષવાળાઓએ સામાને માર્યા. એટલે વળી એ પક્ષવાળાઓએ સામા પક્ષ વાળાઓને માર્યા. આ પ્રકારે આ યુદ્ધરૂપી અગ્નિ ચેતીને ફેલાયો. દાશાર્હ, વૃષ્ણિ, અંધક, ભોજ, સાત્વત, મધુ, અર્બુદ, માથુર, કુકુર, કુંતિ ઇત્યાદિ યાદવોનાં કુળો માંહોમાંહી કપાઇને એ પહોરમાં નાશ પામ્યાં. આ વર્ત્તમાન બળરામને જાણ થતાંજ તેમણે યોગ ધારણાવડે સમુદ્ર તીરે જ પોતાનો દેહ ત્યાગ્યો. (બળરામ શબ્દ જુઓ).

બળરામનો દેહોત્સર્ગ જોઇને કૃષ્ણ પોતે પણ એક પિંપળાની નીચે જમણા પગ પર ડાબો પગ ચઢાવીને ઝાડને ઓઠંગીને બેઠા. નયન બંધ કરીને મૂળ સ્વાત્મસ્વરૂપનો વિચાર કરતા હતા. તેવામાં કોઇ જરા નામના પારધીએ આ કોઇ મૃગ બેઠો છે એવી ભ્રાંતિથી દૂરથી તાકીને જે બાણ માર્યું તે કૃષ્ણના ડાબા તળીઆમાં વાગ્યું. થોડીવારે પાસે આવીને જોતાં એણે કૃષ્ણને દીઠા. તે ઉપરથી મારું બાણ આમને વાગ્યું તે બુરું થયું સમજી પાસે આવી દુઃખ કરવા લાગ્યો. અને તેણે પોતાના કૃત્ય સારુ કૃષ્ણની ક્ષમા માગી. કૃષ્ણે એનું સાંત્વન કર્યું અને વિમાનમાં બેસારી સ્વર્ગ લોકમાં મોકલી દિધો. (૨ જરા શબ્દ જુઓ).

એટલામાં કૃષ્ણનો સારથિ દારુક, પોતે આજે રથમાં ન બેસતાં પગ પ્યાદે જ કોણ તરફ પધાર્યા એ જોવાને રથ તૈયાર કરીને નિકળ્યો હતો તે જોતો જોતો ત્યાં આવ્યો અને કૃષ્ણને જોઇ રથેથી ઉતરી કૃષ્ણને વંદન કરવા ગયો. દરમ્યાન ઉભો રાખેલો રથ એકાએક અદૃશ્ય થઇ ગયો. કૃષ્ણે દારુકને જોયો કે બોલ્યા:-હે દારુક મારે નિજધામ જવાનો

સમય આવ્યો છે માટે તું દ્વારકામાં જા અને સઘળા યાદવો લઢી મુવા તે, બળરામનું નિધન થવું અને મારું નિર્વાણ, ઉગ્રસેનાદિકને જણાવ. એમને બધાને જેમ બને તેમ જલદી દ્વારકા ખાલી કરાવવાની પેરવી કર. કહેજે કે મેં દ્વારકાને તજી એટલે હવે સમુદ્ર એને બુડાડી દેશે. તારી સાથે ઉતાવળથી કહાવવાનો હેતુ એ છે, તે યાદ રાખજે. બીજું મારા માબાપ અને સ્ત્રીઓને અર્જુન ઇંદ્રપ્રસ્થમાં લઇ જાય. કૃષ્ણની સાથે વાત કરતો હોવાથી રથ અદૃશ્ય થવાનું દારુક જાણતો નહોતો. વાત પુરી થતાં એણે પાછળ જોયું અને રથ અદૃશ્ય થયો જોઇને બહુ વિસ્મય થયો. કૃષ્ણના નિજધામ જવાની વાતથી એને પારાવાર શોક થયો. કૃષ્ણે એનું સાંત્વન કર્યું. શ્રીમુખે કહ્યું કે તું શોક છોડીને શાન્ત થા. પછી એને સત્વર જવાની આજ્ઞા કરી. કૃષ્ણને વંદન કરી ને મહા કષ્ટે દારુક ત્યાંથી વિદાય થયો. વળી વળીને કૃષ્ણ તરફ જોતો જોતો બિચારો દ્વારકાને રસ્તે પડ્યો.

દારુક ગયો અને તે દેખાતો બંધ પડ્યો કે કૃષ્ણે યોગધારણા કરી સ્વસ્વરુપનું અવલંબન કર્યું.

અહિં દારુકે આવીને બળરામ, કૃષ્ણ અને સઘળા યાદવોનાં મરણની ઉગ્રસેનને ખબર કરતાં જ દ્વારકામાં અનર્થ થઇ રહ્યો. બધાં ત્યાંથી નિકળી પ્રભાસ આવ્યાં. પ્રભાસમાં આવતાં જ વસુદેવ, દેવકી અને રોહિણીએ તત્કાળ પોતપોતાના દેહ તજી દીધા. કૃષ્ણની આઠે સ્ત્રીઓએ કૃષ્ણના દેહની જોડે અગ્નિપ્રવેશ કર્યો. પ્રદ્યુમ્નાદિકની સ્ત્રીઓએ પણ શંખોદ્ધાર જઇ પોતપોતાના પતિયોના શબને ઓળખી તેની જોડે સહગમન કર્યા. એટલામાં ઇંદ્રપ્રસ્થથી અર્જુન આવી પહોંચ્યો. એણે મનમાં ઘણું જ દુઃખી થઇને સઘળાંની સાંપ્રદાયિક ક્રિયા કરી. બાકી રહેલી સ્ત્રીઓ અને બાળકોને લઇને અર્જુને ઇંદ્રપ્રસ્થનો માર્ગ ગ્રહણ કર્યો. દ્વારકા ઉપર સમુદ્ર ફરી વળ્યો. (**ભા૨૦ મૌસળ૦ અ૦ ૭**) નિજધામ જવા કાળે કૃષ્ણનું વય લગભગ એકસો અને પચીસ વર્ષનું હતું.

કૃષ્ણ (૫) શુક્રાચાર્યને પીબરીને પેટે થએલા ચારમાંનો એક પુત્ર.

કૃષ્ણ (૬) પાંડુ પુત્ર અર્જુનનાં દસ નામ પૈકી એક નામ.

કૃષ્ણ (૭) એ નામના એક ઋષિ (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૪૭**).

કૃષ્ણદ્વૈપાયન. મૈત્રાવરુણિ જે વસિષ્ટ ઋષિ, તેના શક્તિ નામના પુત્રના પૌત્ર અને પરાશર ઋષિના પુત્ર. ઉપરિચર નામે પ્રસિદ્ધ થએલા વસુ રાજાની વાસવી નામની ધીવરને ત્યાં મુકેલી કન્યાને કુમાર દશામાં પરાશર ઋષિથી એ ઉત્પન્ન થયા હતા. માટે જ એમને પારાશર્ય પણ કહે છે. વળી એમનું દ્વૈપાયન એવું નામ મળી આવે છે. યમુના નદીનો વર્ણ કૃષ્ણ છે અને તેમાંના બેટમાં એમનો જન્મ થયો હતો તેથી એમને દ્વૈપાયન અથવા કૃષ્ણ દ્વૈપાયન કહ્યા છે. (**ભા૨૦ આદિ૦ અ૦ ૬**) તેમ જ એમણે બદરી વનમાં તપ કર્યું હતું સબબ એમને બાદરાયણ પણ કહ્યા છે.

એમનો જન્મ ચાલુ વૈવસ્વત મન્વંતરમાંના દ્વાપરયુગમાં કૃષ્ણાવતાર થયા પહેલાં થયો હતો. (**ભાગ–૧ સ્કં૦ અ૦ ૩**) અને એઓ આ ચાલુ ચોકડીમાં વ્યાસ છે. (વ્યાસ શબ્દ જુઓ). વેદનો વિસ્તાર કરનારને વ્યાસ કહેવાની પ્રથાત–પ્રથા છે. એટલે એ સામાન્ય નામ છે. જેમ બીજા સ્વયંભુવાદિકને લગાડાય છે તેમ આમને પણ લગાડાય છે. પરંતુ એ એમનું વિશેષ નામ નથી, છતાં એમને વ્યાસ કેમ કહ્યા ? એમણે વેદની કેટલીક લુપ્ત શાખાનું ઉદ્ધારણ કર્યું–પ્રસિદ્ધિમાં આણી સબબ એમનું આ નામ પડેલ છે.

द्वापरे समनुप्राप्ते तृतीये युगपर्यये ॥
जातःपराशराद्योगी वासव्यां कलया हरेः२४
(ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૪. શ્લો૦ ૧૪)

આ વાક્ય ઉપરથી ત્રીજા યુગ પર્યંત કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ થયા હતા એમ દેખાય છે. પરંતુ ત્યાં સુધી ઉશના નામના વ્યાસ હતા.

ब्रूहि सूत महाभागा व्यासाः पूर्वयुगोद्भवाः ॥
वक्तारस्तु पुराणानां द्वापरे द्वापरे युगे ॥२५॥
द्वापरे प्रथमे व्यस्ताः स्वयंवेदाः स्वयंभुवा ॥
प्रजापतिर्द्वितीये तु द्वापरे व्यास कार्यकृत् २६
तृतीये चोशना व्यासश्चतुर्थेतु बृहस्पतिः ॥

ઇત્યાદી કહીને

मन्वंतरे सप्तमेत्र शुभे वैवस्तामिधे ॥ २७ ॥
अष्टाविंशतिमे प्राप्ते द्वापरे मुनि सत्तमाः
एकोन त्रिंशे संप्राप्ते द्वौणिव्यासोभविष्यति २३

(દેવી ભા૦ ૧ સ્કં૦ અ૦ ૪).

આમ છે તો પહેલાં કહ્યું તે વાક્યનું વજન શું ? માત્ર એમ જ માનવું કે એમાં કાંઇ ચુક હશે અને અંધપરંપરાથી કહેવાનું ચાલ્યું આવે છે. બીજું શું ? પર્યયનો પ્રધાન અને સર્વસંમત અર્થ ચોકડી જ થાય છે. તૃતીયયુગ પર્યય એટલે ત્રીજે યુગ દ્વાપર એવો કોઇ અર્થ કરે, પણ તે અર્થ વ્યાપક નથી.

હવે વેદના ઋગાદિ ચાર ભેદ આમણે કર્યા કે તે પ્રથમથી છે એ સંબંધે જણાય છે કે:–

" **अवतीर्णोमहाभागो वेदं चक्रेचतुर्विधम् ॥**
तथा वेदतरोःशाखा दृष्ट्वापुंसोल्पमेधसः ॥

ભાગવત દ્વાદશ સ્કંધ અધ્યાય છઠ્ઠામાં અને **તૃતીય સ્કંધમાં** પણ છે; પરંતુ

" **द्वापरे प्रथमेव्यस्ताः स्वयंवेदाःस्वयंभुवा** " ॥

આ દેવી ભાગવતના વાક્ય ઉપરથી ઋગાદિ ચાર ભેદ મન્વંતરના આરંભથી જ છે એટલે અનાદિ છે એમ સિદ્ધ થાય છે, એનું પ્રમાણ એ છે કે:—

ભાગવતમાં કહેલા પ્રથમ પક્ષ ઉપરથી જો કૃષ્ણદ્વૈપાયને ચાર ભાગ કર્યા હોય તો ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વણવેદ એમનો ક્રમે અધ્યયન કરનારા પૈલ, વૈશંપાયન, જૈમિનિ, અને સુમંતુ એમના જ શિષ્ય હોવા જોઇએ. અને પોત પોતાના વેદની એમણે શાખા પછી કરી. એટલે કે યજુર્વેદાંતરગત તૈત્તીર્યશાખા શિષ્યનારો તિત્તિરિ-ઋષિ તે આના શિષ્ય વૈશંપાયનનો શિષ્ય થયો. પરંતુ તિત્તિરિ ઋષિનો પુત્ર તૈતિરિ તે આના વૈશંપાયન નામના શિષ્યનો પૂર્વજ હતો, એવું પહેલા ઉપરિચર રાજાના યજ્ઞના સોળ ઋત્વિજનાં નામ ગણાવતાં કહ્યું છે. એ વાક્ય આ પ્રમાણે છે:–

आद्यःकठस्तैत्तिरिश्च वैशंपायन पूर्वजः ॥
कण्वोथ देव होत्रश्च एते षोडश कीर्तिताः॥९॥
(ભા૨૦ શાંતિ૦ અ૦ ૩૩૬ શ્લો૦ ૯)

આ ઉપરથી તિત્તિરાનો પુત્ર તૈત્તિરિઋષિ, અને કણ્વઋષિ એઓ પ્રાચીન હોવાથી મૂળે વેદના વિભાગ અને તદંતર્ગત શાખાએ વ્યાસે કરેલાં નહિ. વધારે શું કહીએ, તૈત્તિર્ય શાખાંતર્ગત આપસ્તંબ ઋષિ તે ધરાધરી ઘણા પુરાતન છે.

બીજું આમણે અધ્યાત્મરામાયણ રચ્યું છે. એમાં રામચંદ્રે લક્ષ્મણને ગીતા કહેતાં જે કહ્યું છે તેનો આમણે એવો અનુવાદ કર્યો છે કે

सा तैत्तिरीयश्रुतिराहसादरं न्यासं प्रशस्ताखिल
कर्मणां स्फुटम् ॥
एतावदित्याहचवाजिनां श्रुतिर्ज्ञानंविमोक्षाय न
कर्म साधनम् ॥ २१ ॥
(અધ્યાત્મ રા૦ઉત્તર૦સ૦ ૫ શ્લોક ૨૧).

આ ઉપરથી રામાવતાર જે એમની પહેલાં થયો હતો તે વેળાના વાક્યનો અનુવાદ કૃષ્ણ દ્વૈપાયન જો સારી રીતે કરે છે તો વેદના વિભાગ શાખા વગેરે એની પૂર્વનાં જ એ ખુલ્લું છે. કૃષ્ણદ્વૈપાયને પુરાણ અને મહાભારત નામે ઇતિહાસ રચ્યો છે. વેદપરંપરા ચલાવનાર એને પૈલ્યાદિ ચાર શિષ્યો હતા. તેમ જ પુરાણ પરંપરા ચલાવનારો રોમહર્ષણ નામે એક અને તે શિવાય અસિત અને દેવળ એ નામના શિષ્ય પણ હતા. (**દેવી ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૨ શ્લો૦ ૪૬**).

કૃષ્ણદ્વૈપાયનનો જન્મ ગર્ભમાં નવ માસ રહ્યા હોય એમ થયો નથી. એ પોતે જન્મ્યા કે તરત મને સ્મરણ કરતાં હું આવીશ એવું પોતાની માતા સત્યવતીને વરદાન આપી લાગલા જ તપ કરવાને ચાલ્યા ગયા હતા. આગળ જતાં સંતનુનો વંશ જવા વખત આવ્યો ત્યારે સ્મરણ કરવાથી આવીને વંશ રાખ્યો હતો. કલ્પ પર્યંત પોતે ચિરંજીવી છે અને પછી સાવર્ણી મન્વંતરમાં થનારા સપ્ત ઋષિયોમાં બાદરાયણ નામે એક ઋષિનો અવતાર લેશે. (૨ સાવર્ણી શબ્દ જુઓ). એમને શુક નામનો ઉત્તમ બ્રહ્મતત્ત્વસંપન્ન પુત્ર હતો.

કૃષ્ણપરાશર. પરાશર કુલોત્પન્ન બ્રહ્મર્ષિ અને તેમનું કુળ એ કુળમાં કાષ્ણાયન, કપિસુખ, કાયસ્થ, અજઃપાળિ, અને પુષ્કર એ મુખ્ય ઋષિયો હતા.

કૃષ્ણવેણા-વેણી. ભારતવર્ષીય નદી (સહ્યાદ્રિ શબ્દ જુઓ).

કૃષ્ણા. ભારતવર્ષીય નદી. (સહ્યાદ્રિ શબ્દ જુઓ).

કૃષ્ણા (૨). દ્રૌપદીનું બીજું નામ.

કૃષ્ણાનુભૌતિક. સાતમા અંકની સંજ્ઞાવાચક શબ્દ જુઓ. (૭ કૃષ્ણ)

કેકય. ભારતવર્ષીય ભરતખંડનો દેશ. આ દેશ આગ્નેયકૌશલની ઉત્તરે હતો. અહીંના રાજાને કેકય કહેવામાં આવતા. પરંતુ તે દરેકનાં નામ જુદાં જુદાં હતાં. દશરથના સમયમાં અહીં અશ્વપતિ નામે કેકય રાજ કરતો હતો. એની કન્યા કૈકેયી, એ જ દશરથની સ્ત્રી હતી. પાંડવોના સમયમાં અહીં ધૃષ્ટકેતુ નામનો રાજા હતા. (૩ ધૃષ્ટકેતુ શબ્દ જુઓ). એની રાજધાની ગિરિવ્રજ હતી.

કેકય (૨). કેકય દેશાધિપતિ એક રાજર્ષિ. એનું મૂળ નામ શું અને એ ક્યા કાળમાં હતો તે ગ્રંથોમાં કાંઇ જણાતું નથી. પરંતુ એ ઉત્તમ પ્રકારની નીતિથી રાજ કરનાર હતો એમ જણાય છે. ભારત૦ શાંતિ૦ અ૦ ૭૭ માં એ સંબંધે ઉલ્લેખ છે. એક વખત આ રાજા મૃગયા સારુ ગએલો ત્યાં અરણ્યવાસી એક રાક્ષસે એને જોયો. અને પકડવાની ઇચ્છાએ એના ઉપર ધાયો. પરંતુ આ રાજા ધૈર્યથી ઉભો રહ્યો અને રાક્ષસને કહ્યું કે હે રાક્ષસ ! મારા શરીરને સ્પર્શ કરવા તું સમર્થ નથી. દૂર ઉભો રહે. હું કહું તે સાંભળ:—

કેકયાનામધિપતિં રક્ષો જગ્રાહ દારુણમ્ ॥
સ્વાધ્યાયેનાન્વિતં રાજન્નરણ્યે સંશિતવ્રતમ્ ॥૭॥

રાજોવાચ ।

નમસ્તેનો જનપદે ન કદર્યો ન મદ્યપઃ ॥
નાનાહિતાગ્નિર્નાયજ્વા મા મમાન્તરમાવિશઃ ૮

ન ચૈવ મદ્બ્રાહ્મણોઽવિદ્વાન્નવ્રતો નાપ્યસોમપઃ ॥
દ્વિજાતિર્વિષયે મહ્યં મા મમાન્તરમાવિશઃ ॥૯॥

નાનાક્ષદક્ષિણૈર્યજ્ઞૈ ર્યજન્તે વિષયે મમ ॥
માધીતે ચાવ્રતી કશ્ચિન્મા મમાન્તરમાવિશઃ૧૦
અધ્યાપયન્ત્યધીયન્તે યજન્તે યાજયન્તિ ચ ॥
દદતિ પ્રતિગૃહ્ણન્તિ ષટ્સુકર્મસ્ત્વવસ્થિતાઃ ૧૧
પૂજિતાઃ સંવિભક્તાશ્ચ મૃદવઃ સત્યવાદિનઃ
બ્રાહ્મણા મે સ્વકર્મસ્થા મા મમાન્તરમાવિશઃ ૧૨
ન યાચન્તે પ્રયચ્છન્તિ સત્યધર્મવિશારદાઃ ॥
નધ્યાપયન્ત્યધીયન્તે યજન્તે યાજયન્તિ ન ॥૧૩॥
બ્રાહ્મણાન્પરિરક્ષન્તિ સઙ્ગ્રામેષ્વપલાયિનઃ ॥
ક્ષત્રિયા મે સ્વકર્મસ્થા મા મમાન્તરમાવિશઃ૧૪
કૃષિગોરક્ષવાણિજ્યમુપજીવન્ત્યમાયયા ॥
અપ્રમત્તાઃ ક્રિયાવન્તઃ સુવૃત્તાઃ સત્યવાદિનઃ૧૫
સંવિભાગં દમં શૌચં સૌહૃદં ચ વ્યપાશ્રિતાઃ॥
મમ વૈશ્યાઃ સ્વકર્મસ્થા મા મમાન્તરમાવિશઃ ૧૬
ત્રીન્વર્ણાનુપતિષ્ઠન્તે યથાવદનસૂયકાઃ ॥
મમ શૂદ્રાઃ સ્વકર્મસ્થા મા મમાન્તરમાવિશઃ ૧૭
કૃપણાનાથવૃદ્ધાનાં દુર્બલાતુરયોષિતામ્ ॥
સંવિભક્તાઽસ્મિ સર્વેષાં મા મમાન્તરમાવિશઃ૧૮
કલાનુરૂપધર્માણાં પ્રસ્થિતાનાં યથાવિધિ ॥
અવ્યુચ્છેત્તાઽસ્મિ સર્વેષાં મા મમાન્તરમાવિશઃ૧૯

તપસ્વિનો મે વિષયે પૂજિતાઃ પરિપાલિતાઃ ॥
સંવિભક્તાશ્ચ સત્કૃત્ય મા મમાન્તરમાવિશઃ ॥૨૦॥
નાસંવિભજ્ય ભોક્તાઽસ્મિ ન વિશામિ પરાસ્ત્રિયમ્
સ્વતન્ત્રો જાતુ ન ક્રીડે મા મમાન્તરમાવિશઃ ॥૨૧॥
ના બ્રહ્મચારી ભિક્ષાવાન્ભિક્ષુર્વા બ્રહ્મચર્યવાન્ ॥
અનૃત્વિજા હુતં નાશ્નિ મા મમાન્તરમાવિશઃ ॥
કૃતં રાજ્યં મયા સર્વં રાજ્યસ્થેનાપિ કાર્યવત્ ॥
નાહં બ્યુત્ક્રામિતઃ સત્યાન્મા મમાન્તરમાવિશઃ॥૨૩॥
નાવજાનામ્યહં વૈદ્યાન્ન વૃદ્ધાન્ન તપસ્વિનઃ ॥
રાષ્ટ્રે સ્વપતિ જાગર્મિ મા મમાન્તરમાવિશઃ ॥૨૪॥
શુક્લકર્માસ્મિ સર્વત્ર ન દુર્ગતિભયં મમ ॥
ધર્મચારી ગૃહસ્થશ્ચ મા મમાન્તરમાવિશઃ ॥૨૫॥
વેદાધ્યયનસંપન્નસ્તપસ્વી સત્યધર્મવિત્ ॥
સ્વામી સર્વસ્ય રાષ્ટ્રસ્ય ધીમાન્મમપુરોહિત ॥૨૬॥
દાનેન દિવ્યાનભિવાઞ્છામિ લોકાન્ ।
સત્યેનાથ બ્રાહ્મણાનાં ચ ગુપ્ત્યા ॥
શુશ્રૂષયા ચાપિ ગુરૂનુપૈમિ ।
નમે ભયં વિદ્યતે રાક્ષસેભ્યઃ ॥ ૨૭ ॥
ન મે રાષ્ટ્રે વિધવા બ્રહ્મબન્ધુ ।
નં બ્રાહ્મણઃ કિતવો નોત ચોરઃ ॥
ના યાજ્યયાજી ન ચ પાપકર્મા ।
ન મે ભયં વિદ્યતે રાક્ષસેભ્યઃ ॥ ૨૮ ॥
ન મે શસ્ત્રૈરનિર્ભિન્નં ગાત્રે બદ્ધ્વંઙ્ગુલમન્તરમ્ ॥
ધર્માર્થયુધ્યમાનસ્ય મા મમાન્તરમાવિશઃ ॥૨૯॥
ગૌ બ્રાહ્મણેભ્યો યજ્ઞેભ્યો નિત્યં સ્વસ્ત્યયનં મમ ॥
આશાસતે જનારાષ્ટ્રે મા મમાન્તરમાવિશઃ ॥૩૦।

રાક્ષસ ઉવાચ ।

× × × × ×
× × × × ×

યસ્માત્સર્વાસ્ववસ્થાસુ ધર્મમેવાન્વવેક્ષસે ॥
તસ્માદ્પ્રાપ્નુહિ કૈકેય ગૃહં સ્વસ્તિ વ્રજાભ્યહમ્ ॥૩૭॥

કેકય દેશનો રાજા, સ્વાધ્યાયથી યુક્ત હતો તથા પ્રશંસા કરવા યોગ્ય આચરણ વડે આયુષ્ય ગાળતો હતો. તે એક વખત અરણ્યમાં ફરતો હતો તેવામાં એક રાક્ષસે આવીને તેને મહા ભયાનક રીતે પકડ્યો. તે સમયે રાજા બોલ્યો કે—"મ્હારા દેશમાં ચોર નથી, કદર્ય નથી, કે મદ્યપાન કરનાર નથી; તેમ જ જેણે અગ્નિગ્રહણ નહિ કર્યું હોય એવો યજ્ઞ નહિ કરનારો કોઇ નથી. તો પછી હે રાક્ષસ ! તેં મારામાં કયું છિદ્ર જોઇને પ્રવેશ કર્યો ? મારા દેશમાં કોઇ બ્રાહ્મણ અવિદ્વાન, વ્રત વિનાનો, સોમપાન કર્યા વિનાનો, અગ્નિ ધારણ કર્યા વિનાનો, યજ્ઞ ન કરતો હોય તેવો છે નહિ, તો પછી તેં કયું છિદ્ર જોઇને મારામાં પ્રવેશ કર્યો? મારા દેશમાં દક્ષિણા આપ્યા શિવાયનો કોઇ યજ્ઞ કરતું નથી કે અધ્યયન રૂપ વ્રત ધારણ કર્યા વિનાનો કોઇ છે નહિ, તો પછી તેં મારું કયું છિદ્ર જોઇ પ્રવેશ કર્યો ? મારા દેશમાં બ્રાહ્મણો અધ્યયન કરે છે અને કરાવે છે, યજ્ઞ કરે છે અને કરાવે છે, દાન આપે છે અને લે છે, એવાં છ કર્મમાં બ્રાહ્મણો સ્થિતિવાળા છે. વળી પૂજ્યન કરેલા, રૂડી રીતે વિભક્ત કરેલા, કોમળ અંતઃકરણવાળા, સત્ય બોલનારા, તથા પોતાના કર્મમાં સ્થિતિવાળા, બ્રાહ્મણો મારા દેશમાં છે, છતાં તું કયું છિદ્ર જોઇને મારામાં પેઠો છે ?

વળી મારા રાજ્યમાં ક્ષત્રિયો કેવા છે તે કહું છું તે સાંભળ. તેઓ દાન કરે છે, પણ યાચતા નથી. તેઓ ભણે છે પણ ભણાવતા નથી. યજ્ઞ કરે છે પણ કરાવતા નથી. સત્યમાં અને ધર્મમાં નિપુણ છે. બ્રાહ્મણોનું રક્ષણ કરે છે તથા સંગ્રામમાંથી નાસતા નથી. એવા પોતાની સ્થિતિવાળા ક્ષત્રિયો છે છતાં મારા દેશમાં તેં કેમ પ્રવેશ કર્યો ? વળી ખેતી પશુ, વેપાર, એવા ઉદ્યોગ ઉપર કપટ વગર નિર્વાહ કરનાર વૈશ્યો મારા દેશમાં છે.

તેઓ સાવધાન, ક્રિયા જાણનારા, ઉત્તમ વ્રતવાળા, સત્ય બોલનારા, વિભાગ કાઢીને જમનારા, ઇન્દ્રિયોનું દમન કરનારા, પવિત્રતા રાખનારા, સ્નેહ પ્રીતિ સાચવનારા, અને પોતાના કર્મમાં સ્થિતિવાળા છે. છતાં હે રાક્ષસ તેં મારામાં કયું છિદ્ર જોઇ પ્રવેશ કર્યો ? વળી મારા રાજ્યમાં જે શૂદ્રો છે તે

કોઇની પણ ઇર્ષા કરતા નથી, અને ત્રણે વર્ણની સેવા કરીને તે ઉપર પોતાનો નિર્વાહ કરે છે. તથા પોતાના કર્મમાં સ્થિતિવાળા છે છતાં તું કયું છિદ્ર જોઇને મારામાં પેઠો ? હું કુળધર્મ, દેશધર્મ, વગેરે પરંપરાથી ચાલતા આવેલા ધર્મોને યથાવિધિ ચલાવું છું, તથા તેમનું ઉત્થાપન કરતો નથી. મેં પૂજ્યન અને પાલન કર્યું છે. તેમનું અન્નાદિથી પોષણ કરીને સત્કાર પણ કરેલો છે. છતાં તું મારા દેશમાં કેમ પેઠો ? હું વિભાગ કર્યા શિવાય ભોજન કરતો નથી. પરસ્ત્રીનો ઉપભોગ કરતો નથી. સ્વતંત્ર થઇને કોઈ દિવસ ક્રીડા કરતો નથી, છતાં તું કયું અંતર જોઇને પેઠો ? બ્રહ્મચારી હોવા સિવાય મેં ભિક્ષા કરી નથી અથવા ભિક્ષા કરનારો થઇને હું બ્રહ્મચર્ય વિનાનો રહ્યો નથી. ઋત્વિજ હોવા સિવાય મેં હોમ કર્યો નથી, તો પછી તેં કયા અંતરને પામીને પ્રવેશ કર્યો? જેમનો સત્કાર કરવો જોઇએ એવા વૃદ્ધોની કે તપસ્વીઓની અવજ્ઞા કરી નથી, મારા દેશમાં જ્યારે લોકો સુઇ જાય છે ત્યારે હું જાગું છું, છતાં તેં કીયા છિદ્રને જોઇને પ્રવેશ કર્યો ?

મારો પુરોહિત આત્મવિજ્ઞાનમાં સંપન્ન છે, તપસ્વી છે, સર્વ ધર્મને જાણનારો છે, આખા દેશનો સ્વામી છે અને બુદ્ધિમાન છે. હું દાન કરીને વિદ્યા પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખું છું. સત્ય બોલવા વડે તથા બ્રાહ્મણોનું રક્ષણ કરવા વડે દ્રવ્યની ઇચ્છા રાખું છું. સેવા કરવા વડે ગુરૂઓની ઉપાસના કરું છું. માટે મને રાક્ષસોથી ભય નથી. મારા દેશમાં કોઈ વિધવા સ્ત્રી નથી. કોઇ અધમ બ્રાહ્મણ નથી. કોઇ બ્રાહ્મણ ચોર નથી. કોઇ યજ્ઞ ન કરાવવા યોગ્ય માણસને યજ્ઞ કરાવતો નથી, કે પાપ કરનારો નથી, માટે મને રાક્ષસોથી ભય નથી. ધર્મને અર્થે યુદ્ધ કરતાં મને એવા ઘા લાગ્યા છે, કે જેથી મારા શરીર ઉપર બે આંગળ પણ એવી જગા નથી કે જ્યાં શસ્ત્રનો ઘા નહિ વાગ્યો હોય; છતાં તું મારા અંતરમાં કેમ પ્રવેશ કરે છે ? દેશમાં મારા તરફથી લોકો, ગાય, બ્રાહ્મણ અને મજાના અર્થે રક્ષણ રૂપ કલ્યાણની નિરંતર ઇચ્છા રાખે છે. છતાં મારા અંતરમાં તું કેમ પ્રવેશ કરે છે ?

રાક્ષસે કહ્યું:—તું સર્વે અવસ્થાઓમાં ધર્મની જ અપેક્ષા રાખે છે માટે તું નિરાંતે નિશ્ચિંતપણે ઘેર જા ! તારૂં કલ્યાણ થાઓ !! હું જાઉં છું !. હે કૈકેય ! જે રાજાઓ, ગાય અને બ્રાહ્મણનું રક્ષણ કરે છે, તથા નિરંતર પ્રજાનું રક્ષણ કરે છે તેમને રાક્ષસોથી ભય નથી. તો પછી પાપીઓથી ભય શાનો જ હોય?

કૈકય (૩). ચંદ્રવંશી અનુકુલોત્પન્ન શિબિ રાજાના પાંચ પુત્રો પૈકા ચોથો.

કૈકય (૪). ભારતના યુદ્ધમાં પાંડવોના પક્ષનો અને દુર્યોધન પક્ષનો એમ, એ નામના બે રાજા.(**ભા૦ ઉદ્યો૦ અ૦ ૧૭૧ અને અ૦ ૨૯૫**).

કેતુ. ઋષભદેવના નવ ખંડાધિપતિ પુત્રોમાંનો એક. (ઋષભદેવ શબ્દ જુઓ).

કેતુ (૨). તામસ મનુના છોકરાઓમાંનો એક (તામસ મનુ શબ્દ જુઓ).

કેતુ (૩). દનુપુત્ર એક દાનવ. (દનુ શબ્દ જુઓ). નવગ્રહોમાં આની જ ગણત્રી થાય છે. (રાહુ શબ્દ જુઓ).

કેતુ (૪). ભરતવર્ષનો એક ખંડ.

કેતુમતી. સુમાલી રાક્ષસની સ્ત્રી, રાવણની માતા—મહી (માની મા).

કેતુમાન્. દનુપુત્ર એક દાનવ. (દનુ શબ્દ જુઓ).

કેતુમાન્ (૨). મનુષ્ય જાતીય પશ્ચિમ દિગ્પાળ. (૩. પૃથુ શબ્દ જુઓ).

કેતુમાન્ (૩). સૂર્યવંશી નભગ કુલોત્પન્ન અંબરીષ રાજાના ત્રણમાંનો વચલો પુત્ર.

કેતુમાન્ (૪). સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કુળમાં જન્મેલા ધન્વંતરિ રાજાનો પુત્ર. એના પુત્રનુ નામ ભીમરથ અથવા ભીમસેન.

કેતુમાન્ (૫). નિષાદાધિપતિ—ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એક રાજા.

કેતુમાલ. આગ્નિધ્ર રાજાના નવ પુત્રોમાંનો નાનો પુત્ર. મેરુકન્યા દેવવીતી એની સ્ત્રી હતી. એનો દેશ એના જ નામે પ્રસિદ્ધ છે.

કેતુમાલવર્ષ. માલ્યવાન્ પર્વત અને ક્ષારસમુદ્ર એની વચમાં આવેલો જંબુદ્વીપના નવ દેશોમાંનો એક દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૬ શ્લો૦ ૩૧**) અને (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧૬ શ્લો૦ ૧૦–૧૧**).

કેતુમાલા. કામ્યક વનની પશ્ચિમ દિશાએ આવેલી એ નામની એક નદી.

કેતુવર્મા. ત્રિગર્તાધિપતિ સૂર્યવર્માનો ભાઇ. એને અર્જુને માર્યો હતો. (**ભા૨૦ અશ્વમે૦ અ૦ ૭૪**).

કેતુવીર્ય. એક દાનવ. (દનુ શબ્દ જુઓ).

કેદાર. હિમાલય ઉપરનું એક પવિત્ર સ્થળ.

કેદાર (૨). એ નામના એક રાજર્ષિ (**દેવી ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૪૨**).

કેન. સામવેદોપનિષત્.

કેરલ. ઇંદ્રપ્રસ્થની દક્ષિણ બાજુએ આવેલો મહાદેશ. પાંડવોના સમયમાં આ દેશ એકપાદ દેશની દક્ષિણે હતો. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૧**). પાંડવોના સમયની સહેજ પહેલાં આ દેશમાં ચંદ્રહાસનો પિતા સુધાર્મિક રાજા રાજ્ય કરતો હતો. હાલનો મલબાર દેશ.

કેવલ. સૂર્યવંશી દિષ્ટ કુલોત્પન્ન નર રાજાનો પુત્ર. એના પુત્રનું નામ બંધુમાન્.

કેશિધ્વજ. વિદેહ વંશના કૃતધ્વજ જનકનો પુત્ર. એના પુત્રનું નામ ભાનુમાન્ જનક.

કેશિની. એક રાજકન્યા. એના સ્વયંવર કાળે પ્રહ્લાદ પુત્ર વિરોચન અને અંગિરા ઋષિના પુત્ર સુધન્વા બન્ને એક જ સમયે આવી પહોંચ્યા. ત્યારે એ બન્નેની વચમાં વાદ પડ્યો કે એમાં શ્રેષ્ઠ કોણ. બન્ને જણાઓએ પોતાના પ્રાણનું પોણ કર્યું, અને બન્ને પ્રહ્લાદ પાસે આવ્યા. પ્રહ્લાદે વિરોચનનો નિષેધ કરીને અભિપ્રાય આપ્યો કે સુધન્વાનો પક્ષ સત્ય છે. અને સુધન્વાની પ્રાર્થના કરી કે વિરોચને જે પોણ કર્યું છે તે રદ કરી એને પ્રાણદાન આપવું. એણે વિરોચનને પ્રાણદાન આપ્યું. કેશિની પછી સુધન્વાને પરણી.

કેશિની (૨). એક અપ્સરા (પ્રાધા શબ્દ જુઓ).

કેશિની (૩). સૂર્યવંશી સગર રાજાની બે સ્ત્રીઓમાંની એક. એ શિબિ રાજાની કન્યા હોવાથી એને શૈબ્યા પણ કહેતા. એનું બીજું નામ ભાનુમતી પણ હતું એમ જણાય છે.

કેશિની (૪). સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ રાજાની ચાર સ્ત્રીઓમાંની એક. (અજમીઢ શબ્દ જુઓ).

કેશિની (૫). અયોધ્યા નગરી અને ભાગીરથી નદી એ બેની વચમાં આવેલી એક નાની નદી. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૫૧**).

કેશિની (૬). દમયંતીની દાસી (પ નળ શબ્દ જુઓ).

કેશિની (૭). સુમાલી રાજાની કન્યા અને વિશ્રવા ઋષિની સ્ત્રી. રાવણ અને કુંભકર્ણની મા.

કેશી. એક અસુર. એ ઉર્વશી અને ચિત્રલેખા અપ્સરાઓને લઇને નાસતો હતો તેને મારીને પુરુરવા નામના રાજાએ તેમને છોડાવી હતી. (**મત્સ્ય૦ અ૦ ૨૪**)

કેશી (૨). કોઇ એક પ્રજાપતિની દેવસેના અને દૈત્યસેના નામે કન્યાઓને હરણ કરીને નાશી જનારો અસુર.એમાંની દૈત્યસેના એને વશ વર્તી. પરંતુ દેવસેના વશ ના થઇ અને રડવા લાગી. તે ઉપરથી ઇંદ્રે એનો પરાભવ કરીને દેવસેનાને છોડાવી. (**ભા૨૦ વન૦ અ૦ ૨૨૩**).

કેશી (૩). કંસ પક્ષનો એક રાક્ષસ. એ ઘોડાનું રુપ ધારણ કરીને કૃષ્ણ અને બીજા ગોપ વૃંદાવનમાં રમતા હતા તેમને મારવાને ગયો અને કૃષ્ણને હાથે માર્યો ગયો હતો. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૩૭**).

કેશી (૪). વસુદેવની સ્ત્રી કૌશલ્યાનો પુત્ર.

કેસરી. એક વાનર, અંજનાનો પતિ. (**વા૦**

રા૦ ઉત્ત૨૦ સ૦ ૬૬). એ ગોકર્ણ નામના પર્વતપર રહેતો હતો. એકદા એક શંવસાદન નામના બલાઢ્ય થઇ ગએલા અસુરે કેટલાક ઋષિયોને બહુ ત્રાસ આપ્યો. ઋષિયોની આજ્ઞાથી કેસરીએ એ અસુર જોડે યુદ્ધ કરીને એને મારી નાંખ્યો. આનંદ પામેલા ઋષિયોએ એને આશીર્વાદ દીધો હતો કે તારે એક સારા સ્વભાવનો, ભગવદ્ભક્ત અને બહુ બળવાન પુત્ર થશે. અગાડી જતાં એને એવો જ પુત્ર થયો તે મારુતિ–હનુમાન. (વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૩૫).

કેસરી (૨). ગર્જદ વાનરનો પુત્ર, જાંબુવાનનો નાનો ભાઇ.

કૈકરસપ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

કૈકસી. સુમાલી રાક્ષસની કન્યા, વિશ્રવા ઋષિની સ્ત્રી. (૨ વિશ્રવા શબ્દ જુઓ). દશાનન, કુંભકર્ણ, શુર્પનખા અને વિભિષણની માતા.

કૈકેય. બગડાની સંજ્ઞાવાળો કૈકય શબ્દ જુઓ.

કૈકેયી (૧). સંજય રાજાની સ્ત્રી. (૭ સૃંજય શબ્દ જુઓ).

કૈકેયી (૨). સૂર્યવંશી દશરથ રાજાની મુખ્ય ત્રણ સ્ત્રીઓમાંની ત્રીજી–છેલ્લી. એ કૈકય દેશના અધિપતિ અશ્વપતિ રાજાની કન્યા હતી, અને દશરથ રાજાને ઘણી પ્રિય હતી. રામચંદ્રને વનવાસ અને દશરથને મૃત્યુની એ જ નિમિત્ત થઇ હતી. એના પુત્રનું નામ ભરત. (૩ દશરથ શબ્દ જુઓ.).

કૈકેયી (૩). મત્સ્યપતિ વિરાટ રાજાની સ્ત્રી સુદેષ્ણા, કૈકયાધિપતિની કન્યા હોવાથી એને કૈકેયી કહેતા. (ભા૨૦ વિરા૨૦ અ૦ ૯). આથી જણાશે કે એનો ભાઇ કીચક એ પણ કૈકય હતો.

કૈટભ. મધુ દૈત્યનો નાનો ભાઇ (મધુ કૈટભ શબ્દ જુઓ).

કૈતવ. શકુનીના પુત્ર ઉલૂકનું બીજું નામ. (ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૬૩).

કૈરાત. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

કૈરાતિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

કૈલાસ. શિવલોક. એ સત્યલોકમાં જ અંતર્ભૂત છે એ સમજવું, કેમકે વેદમાં એનું જુદું નામ નથી.

કૈલાસ (૨). મેરુના મૂળ આગળ આવેલા પર્વતોમાંનો એક.

કૈલાસ (૩). હેમકૂટ પર્વત ઉપરનું કુબેરનું સ્થાન.

કૈલાસ (૪). હિમાલયનું એક શિખર.

કૈવલ્ય. યજુર્વેદનું મુખ્ય ઉપનિષત.

કૈશિક. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના કુળમાં ઉત્પન્ન થએલ જ્યામઘ રાજાનો પૌત્ર. વિદર્ભ રાજાના ચાર પુત્રોમાંનો એક. એના પુત્રનું નામ ચિદિ.

કોંકણદેશ. શૂર્પારક શબ્દ જુઓ.

કોકનદ. ભારતવર્ષીય દેશ. (ભા૨૦ સભા૦ અ૦ ૨૭)

કોકામુખ. ભારતવર્ષીય તીર્થ.

કોટરા. બાણાસુરની માતા. એ બલીની બીજી સ્ત્રી, કે વિંધ્યાવલીનું જ બીજું નામ એ જાણાતું નથી (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૬૩ શ્લો. ૨૦–૨૧)

કોટરા (૨). દેવતા વિશેષ. (ભાગ૦ ૧૦ સ્કં૦ ૬ અ૦ શ્લોક ૨૮)

કોટરી–કોટવી } "નગ્ન સ્ત્રી". દૈત્યોની પૂજ્યદેવી, –બાણાસુરની માતા.
કોટ્ટવી. } દુર્ગાને પણ ક્વચિત આ નામ લગાડયું જણાયછે.(ડાઉસન પૃ.૧૫૯)

કોટિક. શિબિ દેશાધિપતિ સુરથ રાજાનો પુત્ર. જયદ્રથનો મિત્ર. એ ભીમને હાથે મરણ પામ્યો હતો. (૩ જયદ્રથ શબ્દ જુઓ).

કોટિકાસ્ય. કોટિકનું જ બીજું નામ.

કોટિતીર્થ. ભારતવર્ષીય તીર્થ.

કોપચય. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

કોરકૃષ્ણ. એક બ્રહ્મર્ષિ (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

કોલગિરિ. કર્ણપ્રાવરણ દેશની દક્ષિણે આવેલો એક સામાન્ય પર્વત.

કોલાપુર. બગડાની સંજ્ઞા વાળો કરવીર શબ્દ જુઓ. (દેવીભાગ૦ સપ્તમ૦ અ૦ ૩૮)

કોલાહલ. એક સામાન્ય પર્વત. (ઉપરિચર શબ્દ જુઓ).

કોશા–પા. ભારતવર્ષીય ભરતખંડની એક નદી.

કોસલ. ભારતવર્ષીય ભરતખંડનો એક દેશ. પાંડવોના સમયમાં એ દેશના બે ભાગ હતા. ઇંદ્રપ્રસ્થની પૂર્વનો અને ઇંદ્રપ્રસ્થની દક્ષિણનો. આમાંના પૂર્વકોસલના વળી ઉશાન્ય અને આગ્નેય એવા ભેદ પડેલા છે. તે સારૂ એ શબ્દો અક્ષરના ક્રમમાં જોવા.

કોકુકૂક. ભારતવર્ષીય દેશ. (ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯).

કોકુર. કુકુર વંશોત્પન્ન કારસ્કર રાજાનું બીજું નામ.

કોકુરુંડી. ઉત્તમ મન્વન્તરમાંના સપ્તઋષિમાંનો એક.

કોચકી. એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

કોચહસ્તિક. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

કોટિલ. એક બ્રહ્મર્ષિ.

કોંડિન્ય. કુંડિન કુળમાં ઉત્પન્ન થએલો એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

કોંડિન્ય (૨) યુધિષ્ટિરે અશ્વમેધ કર્યો તેમાં એક સદસ્ય–વરેલો બ્રાહ્મણ (જૈમિની૦ અશ્વ૦ અ૦ ૬૩).

કોણકુત્સ્ય. એક ઋષિ. કોઆ કુળનો એ જણાતું નથી.

કૌંતલ. કુંતલ રાજાની નગરી. (૧ ચંદ્રહાસ શબ્દ જુઓ).

કૌંતલકા. ઉપરનો શબ્દ જુઓ.

કૌતુજાતિ. એક બ્રહ્મર્ષિ. (નીલ પરાશર શબ્દ જુઓ).

કૌંતેય. કુંતી પુત્ર. યુધિષ્ટિર, ભીમસેન, અને અર્જુન. એ ત્રણને કહેવાય છે.

કૌત્સ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ). સૂર્યવંશી ભગીરથ રાજાએ પોતાની હંસી નામની કન્યા એને પરણાવી હતી. (૧ ભગીરથ શબ્દ જુઓ.)

કૌથુમ. વેદની શાખા. ક્રિયા વેદનીએ નક્કી નથી થતું: એમાં મંત્રાનુરુપ ભગીરથ રાજાએ ગંગાને પ્રસન્ન કરી હતી. (દેવી૦ ભાગ૦ સ્કં૦ ૯ અ૦ ૧૧).

કૌમંડ. ગૌતમાંગિરસમાંના એક ઋષિ, તેમ જ તેમનું કુળ (૩ અંગિરા શબ્દ જુઓ).

કૌમારી. સપ્ત માતૃગણમાંની એક.

કૌમારી (૨). કુમાર–કાર્તિકેયની શક્તિ.

કૌમોદકી. ખાંડવ વન દહન કાળે અગ્નિયે વરુણ પાસેથી આણીને કૃષ્ણને આપેલી ગદા.

કૌરવ્ય. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

કૌરવ્ય (૨). ઐરાવત કુલોત્પન્ન એક નાગ. જનમેજયના સર્પસત્રમાં એનાં દસ કુળ બળીને નાશ પામ્યાં હતાં. એ કુળોનાં નામઃ–એરક, કુંડલ, વેણી, વેણિસ્કંધ, કુમારક, બાહુક, શૃંગવેર, ધૂર્તક અને પ્રાતરાતક.

કૌરવ્ય (૩). કુરુ વંશનો એક રાજા વિશેષ.

કૌરુપતિ. એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

કૌરુક્ષેત્રી. એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

કૌર્મકલ્પ. દિવસના ક્રમે બ્રહ્મદેવની પૂર્ણિમા. એ કલ્પના આરંભમાં કૂર્માવતાર થયો હતો માટે એનું એવું નામ પડયું છે. (૪ કલ્પ શબ્દ જુઓ.)

કૌવેરક. એક બ્રહ્મર્ષિ (કશ્યપ શબ્દ જુઓ).

કૌશલ્ય. આશ્વલાયન ઋષિકુળનો એક ઋષિ એ પિપ્પલાદ ઋષિનો શિષ્ય હતો.

કૌશલ્ય. (૨) એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

કૌશલ્યા. બગડાની સંજ્ઞાવાળો કૌસલ્યા શબ્દ જુઓ.)

કૌશાયિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

કૌશાંબી. સોમવંશના વિજય કુળના કુશાંબ અથવા કુશાંબુ રાજાએ વસાવેલી નગરી.

કૌશિ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ.)

કૌશિક. કુરુક્ષેત્રમાં રહેનાર બ્રાહ્મણ. પિતૃવર્તી છે. સાત પુત્રોનો પિતા (પિતૃવર્તી શબ્દ જુઓ.)

કૌશિક. (૨) અરણ્યમાં રહી તપ કરનાર એક બ્રાહ્મણ. એનો સત્ય જ બોલવું એવો એક નિયમ હતો. એમાં સારાસાર વિચાર કરવોજ નહિ એવો એનો મત હતો. પરંતુ સત્ય ભાષણથી દ્વેષ અને અસત્યથી વખતે ગુણ થાય છે એમ પણ બને છે, કહ્યું છે કે

विवाहकाले रतिसंप्रयोगे
प्राणात्ययेसर्वधनापहारे

विप्रस्यचार्थेह्यनृतं वदेत
पंचानृतान्याहुरपातकानि ३॥३॥
सर्वस्यापहारेतु वक्तव्यमनृतं भवेत्
यत्रानृतं भवेत्सत्यं सत्यंचाप्यनृतंभवेत्
(ભા૨૦ કર્ણ૦ અ૦ ૬૯)

આમ છતાં એક સમય કોઈ શ્રીમાન્ પથિકોની પછવાડી લૂંટારા પડયા. રસ્તામાં જતાં જતાં આ ઋષિનો આશ્રમ આવ્યો, તેમાં પેલા પથિકો સંતાઇ ગયા. થોડી વારે પેલા લૂંટારા આવ્યા અને પંથી સંબંધે પુછતાં આ ઋષિયે નર્યું સત્ય હતું તે કહ્યું. લૂંટારાઓએ બધાને લૂંટી લઇને મારી નાંખ્યા, અને બધી લૂંટ લઇને સ્વસ્થાને ગયા. આથી આ બ્રાહ્મણની અધોગતિ થઈ. (કૃષ્ણાર્જુન સંવાદ)

કૌશિક (૩) સોમવંશી વિજય કુળના કુશાંબુ, ગાધિ અને વિશ્વામિત્ર પ્રભૃતિ એ રાજાઓને આ નામ સામાન્ય રીતે લગાડાય છે.

કૌશિક (૪) વિશ્વામિત્ર બ્રાહ્મણત્વ પામ્યા પછી તેમના કુળનો એક ઋષિ એને હૈમવતી નામની સ્ત્રી હતી. (ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૧૭)

કૌશિક (૫) ઈંદ્રનું એક નામ.

કૌશિક (૬) વસુદેવને વૈશ્ય જાતિની એક સ્ત્રી હતી તેનાથી થએલ પુત્ર.

કૌશિક. (૭) સાવર્ણિ મન્વન્તરમાં થનારા સપ્ત ઋષિમાંનો એક. (૨ સાવર્ણિ શબ્દ જુઓ)

કૌશિકી. ભારતવર્ષીય નદી. (૨ હિમાલય શબ્દજુઓ.) એ નદીનું બીજું નામ પારા પણ હતું.

કૌશિકી. (૨) જમદગ્નિની માતા સત્યવતીનું નદીમાં રૂપાન્તર થયું તે કાળે પડેલું નામ. (વા૦ રા૦ બાલ૦ સ૦ ૩૪)

કૌપારવિ. મૈત્રેય ઋષિનું બીજું નામ.

કૌપીતક. એક ઋષિ, એનો પુત્ર અથવા વંશજ કહોડ ઋષિ હશે.

કૌપીતકી. ઋગ્વેદની એક શાખા અને ઉપનિષત.

કૌપીતકેય. કહોડ ઋષિનું નામાન્તર.

કૌષેય. એક બ્રહ્મર્ષિ (વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૧).

કૌષ્ઠિકિ. એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

કૌસલ્યા. કૃષ્ણપત્ની સત્યાનું બીજું નામ.

કૌસલ્યા. ઇશાન્ય કોસળ દેશના રાજા ભાનુમાનની કન્યા અને દશરથની સ્ત્રી; રામચંદ્રની માતા.

કૌસલ્યા. (૨) કાશીરાજની અંબાદિક ત્રણ કન્યાનું બીજું નામ.

કૌસલ્યા. (૩) કૃષ્ણપિતા વસુદેવની સ્ત્રી.

કૌસ્તુભ. સમુદ્રમથન કાળે નિકળેલાં ચૌદ રત્નમાંનું એક મણિ.

કતુ. સ્વાયંભુવ મન્વન્તરના બ્રહ્મમાનસ પુત્રોમાંનો એક. એ બ્રહ્મદેવના કરમાંથી ઉત્પન્ન થયો હતો માટે એનું આ નામ પડયું છે. કર્દમ પ્રજાપતિની નવ કન્યામાંની એક ક્રિયા એને પરણી હતી. એને વાલખિલ્ય નામના સાઠ હજાર પુત્ર હતા. મહાદેવના શાપથી સઘળા બ્રહ્મમાનસપુત્રો મરણ પામેલા હોવાથી ચાલુ વૈવસ્વત મન્વન્તરના આરંભમાં બ્રહ્મદેવે તેમને પુનઃ ઉત્પન્ન કર્યા. એઓના નામોમાં કતુનું નામ જોકે નથી પણ
" ऋतुः खल्वनपत्योभूद्राजन् वैवस्वतेतर "
આ વાક્ય ઉપરથી ઉત્પન્ન થયેલો છે. (મહર્ષિ શબ્દ જુઓ.)

કતુ. (૨)વૈવસ્વત મન્વન્તરમાંનો બ્રહ્મપુત્ર તે. આને અહીં કાંઇ સંતતિ જ નહોતી. દરવર્ષે પોષ મહિનામાં આયુ નામના જે સૂર્ય સંચાર કરે છે તેની સાથે આ હોય છે. (સહસ્ય શબ્દ જુઓ.)

કતુ. (૩) દસ વિશ્વેદેવોમાંનો એક (વિશ્વદેવ શબ્દ જુઓ.)

કતુ. (૪) બાર ભાર્ગવ દેવમાંનો એક (૩ ભ્રગુ શબ્દ જુઓ.)

કતુ. (૫) ચક્ષુમૈનુના પૌત્ર ઉલ્મુકને પુષ્કરિણીથી થએલા છ પુત્રોમાંનો ચોથો પુત્ર.

કતુ. (૬) એ નામનો એક અસુર.

કતુ. (૭) જંભુવતીને કૃષ્ણથી થએલા પુત્રમાંનો એક.

કથ. શુક્તિમાન પર્વતની પૂર્વ તરફનો એક રાજા. ભારતના યુદ્ધમાં એ દુર્યોધનના પક્ષમાં હતો.

કથ. (૨) સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના કુળના જ્યામઘનો પૌત્ર, વિદર્ભ રાજાના ચાર પુત્રોમાંનો એક. એના પુત્રનું નામ કુંતિ.

કથક. એક બ્રહ્મર્ષિ (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

કથન. વરુણ લોકમાંનો એક અસુર વિશેષ.

કથન (૨) રામની સેનાના આ નામના એ વાનરાધિપતિ (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦૨૬-૨૭)

કણ્વાદ. સહસ્રક્ષ નામના અગ્નિનો પુત્ર. પ્રેતદહનમાં એનું પ્રાધાન્ય.

કાથ. ઉપર જે બે કથન વાનરો કહ્યા છે તેમાંનો કોઈ એક. (ભા૨૦ વન૦ અ૦ ૨૮૩).

કાથ. (૨). એક રાજા; એના પુત્રને ભારતના યુદ્ધમાં અભિમન્યુએ માર્યો હતો.

ક્રિયા. સ્વાયંભૂ મન્વન્તર માંહલી દક્ષની સોળ કન્યામાંની એક અને ધર્મ ઋષિની તેર સ્ત્રીઓમાંની એક. એના પુત્રનું નામ યોગ.

ક્રિયા. (૨). કર્દમ પ્રજાપતિની નવ કન્યામાંની એક. એકડાની સંજ્ઞાવાળા ક્રતુ ઋષિની સ્ત્રી.

ક્રિયા. (૩). બાર આદિત્યોમાંના અંશુમાન્ આદિત્યની સ્ત્રી.

ક્રોડોદરાયણ. એક બ્રહ્મર્ષિ. (૩ વસીષ્ટ શબ્દ જુઓ).

ક્રોધ. બ્રહ્મદેવની ભ્રકુટિમાંથી ઉત્પન્ન થએલ તેમનો પુત્ર. એણે એક વખત જમદગ્નિએ પોતાના પિતરોને માટે શ્રાદ્ધ સારૂં સિદ્ધ કરેલો પાયસ–દુધપાક–સર્પરુપ ધારણ કરીને પોતાના વિષથી દૂષિત કર્યો. તોપણ ઋષિને ક્રોધ ઉત્પન્ન થયો નહિ. પરંતુ પિતરોના શાપને લઇને એને કેટલોક કાળ નકુળયોનિ પ્રાપ્ત થઇ અને પછી ઉદ્ધાર થયો. (જૈમિ૦ અશ્વ૦ અ૦ ૬૭).

ક્રોધ. (૨). અષ્ટ ભૈરવમાંનો એક.

ક્રોધ. (૩). કશ્યપની સ્ત્રી કાલાના ચાર પુત્રોમાંનો એક.

ક્રોધન. (૧). કૌશિક ઋષિના સાત પુત્રોમાંનો એક. (પિતૃવર્તી શબ્દ જુઓ).

ક્રોધન. (૨). કોઇ એ નામના એક બ્રહ્મર્ષિ.

ક્રોધન. (૩). સોમવંશી પૂરુ કુળના અજમીઢના ઋક્ષ નામના પુત્રના વંશના જન્હુ કુળમાં થએલા અયુત રાજાનો પુત્ર. એના પુત્રનું નામ દેવાતિથી.

ક્રોધનાયન. શ્યામ પરાશર શબ્દ જુઓ.

ક્રોધવશ. કશ્યપની ક્રોધા અથવા, ક્રોધવશા નામની સ્ત્રીને થએલો પુત્ર અને તેના વંશજ. એને ભીમસેને માર્યો હતો. (ભા૨૦ વન૦ અ૦ ૧૫૪).

ક્રોધવશ. (૨). રાવણ પક્ષનો એક રાક્ષસ.

ક્રોધવશા. ક્રોધા શબ્દ જુઓ.

ક્રોધવશાત્ર. કશ્યપની સ્ત્રી કાળાના ચાર પુત્રોમાંનો એક.

ક્રોધહંતા. કશ્યપની સ્ત્રી કાળાના ચાર પુત્રોમાંનો એક.

ક્રોધા. કશ્યપ ઋષિની તેર સ્ત્રીઓમાંની એક. એનું બીજું નામ ક્રોધવશા પણ કહ્યું છે. એને ક્રોધવશ નામના લક્ષ પુત્ર હતા. તેમ જ મૃગી, મૃગમંદા, હરિ, ભદ્રમના, માતંગી, શાર્દૂલી, શ્વેતા, સુરભિ, અને સુરસા નામે નવ કન્યાઓ હતી.

ક્રોધી. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

ક્રોષ્ટા. ઋષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ક્રોષ્ટા. (૨). સોમવંશી આયુ કુળના યદુ રાજાના ચાર પુત્રોમાંનો બીજો. એને કોઇ કોઇ પુરાણમાં "ક્રોષ્ટુ" કહ્યો છે. એના પુત્રનું નામ વૃજિનવાન્ અથવા વૃજિનિવાન્ હતું.

ક્રોષ્ટાવક્ષિ. એક બ્રહ્મર્ષિ. (૨ અંગિરા શબ્દજુઓ).

ક્રોષ્ટુ. બગડાની સંજ્ઞાવાળો ક્રોષ્ટા શબ્દ જુઓ, તે જ.

ક્રૌંચ. હિમવાન્ પર્વતને મેનાની કુખે થએલો પુત્ર. જે દ્વીપમાં એ છે તે દ્વીપનું નામ "ક્રૌંચદ્વીપ" એના નામ ઉપરથી જ પડયું છે, તે હજુ પણ ચાલે છે.

ક્રૌંચ. (૨). ભારત વર્ષના ઉત્તર ભાગમાં આવેલો એક પર્વત. (વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૪૬).

ક્રૌંચદ્વીપ. પૃથ્વીના સાત મહા દ્વીપમાંનો પાંચમો. ઘૃતોદાની પેલી મેર એ આવેલો હોઇ એનો વિસ્તાર સોળ લાખ યોજનનો છે. અને એટલા

જ વિસ્તાર વાળા ક્ષીર સાગરથી વિંટાયલો છે. પ્રિયવ્રત રાજર્ષિનો પુત્ર ઘૃતપૃષ્ટ અહિંનો અધિપતિ છે. એમાં ક્રૌંચ નામનો પર્વત આવેલો છે તેથી એનું નામ ક્રૌંચદ્વીપ [illegible] છે. એમાં [illegible] શુકળ, વધ્યમાન, ભોજન, ઉપબર્હિણ, નંદ, નંદન, અને સર્વતોભદ્ર એ નામના સાત પર્વતો અને અભયા, અમૃતાઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરુપવતી, પવિત્રવતી, અને શુકલા એમ સાત નદીઓ છે. ઘૃતપૃષ્ટે આ દ્વીપના સાત ભાગ કરી પોતાના સાત પુત્રને નામે તેમનું નામ પાડી તેમને આપ્યા હતા. (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૨૦**). (ઘૃતપૃષ્ટ શબ્દ જુઓ). (**દેવી ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૧૨**).

કાંચારણ્ય. દંડકારણ્યની પાસે દક્ષિણે આવેલું વન વિશેષ. આ વનમાં જતાં જતાં જ રામચંદ્રને અયોમુખી અને કબંધ રાક્ષસનો ભેટો થયો હતો. (**વા૦ રા૦ અર૦ સ૦ ૭૩**). એ વનને કૌંચાવટ એ નામ પણ કહ્યું છે. (**વા૦ રા૦ અર૦ સ૦ ૧૦૯**).

કૌંચાવટ. કૌંચારણ્યનું બીજું નામ.

ખ.

ખગ. આકાશમાં સંચાર કરવાના કારણસર સૂર્યનું નામ (સૂર્ય શબ્દ જુઓ).

ખગણ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન કુશવંશમાં જન્મેલા વજ્ર અથવા વજ્રનાભ રાજાનો પુત્ર એના પુત્રનું નામ વિધ્રુતિ.

ખટ્વાંગ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં થયેલા વિશ્વસહ રાજાના પુત્ર બૃહદ્રશર્મા રાજાનો પૌત્ર અને ઐડવિડ અથવા ઐલવિલનો પ્રપૌત્ર. એને દિલીપ એવું બીજું નામ હતું અને ક્વચિત ઐલબિલ કહ્યો છે. (**ભાર૦ દ્રો૦ અ૦ ૬૧**). એ મોટો પ્રખ્યાત યજ્ઞ કરનાર હતો. એના યજ્ઞમાં વિશ્વાવસુ પ્રભૃતિ સાઠ હજાર ગંધર્વ ગાન કરતા હતા. એના યજ્ઞનો યૂપ–પશુને બાંધવાનો થાંભલો સોનાનો હતો અને એના યજ્ઞમાં સ્વાધ્યાય ઘોષ (વેદ પઠનની ધૂન) જ્યા ઘોષ (ધનુષ્યની પણછના ટંકાર) અને આપો–આપો એવા વચનોના ઘોષ નિરંતર સંભળાતા (**ભાર૦ શાંતિ૦અ૦ ૨૯**).

દેવોએ એક વખતે એને પોતાની સહાયતા સારુ સ્વર્ગમાં તેડ્યો હતો. ત્યાં યુદ્ધ કરીને એણે દેવોને જય અપાવ્યો હતો. દેવોએ આનંદમાં આવી વર માગવાનું કહેતાં એણે પુછ્યું કે હજુ મારું આયુ કેટલું છે તે કહો એટલે માગું. હવે માત્ર એક મુહૂર્ત રહ્યું છે કહ્યું. તે સાંભળીને તરત જ કાંઇ ન માગતાં ઝડપવાળા વિમાનમાં બેશી એ અયોહા ગયો. ત્યાં જઇને પોતાના દીર્ઘબાહુ નામના પુત્રને ગાદીએ બેસાડી પોતે આત્મસ્વરુપનું ચિન્તવન કરતો થકો પરબ્રહ્મને પ્રાપ્ત થયો. (**ભાર૦ વન૦ અ૦ ૬**)

ખટ્વાંગ, (૨). ૨ મહાદેવનું આયુધ વિશેષ.

ખંડ. જેમ મહાદ્વીપના નાના ભાગની વર્ષ એવી સંજ્ઞા છે તેમ વર્ષના નાના ભાગને ખંડ કહેવાય છે. આપણે રહીએ છીએ તે ભરતવર્ષમાં કુશાવર્ત, ઇલાવર્ત, બ્રહ્મવર્ત, મલય, કેતુ, ભદ્રસેન, ઇન્દ્રસ્પૃક, વિદર્ભ અને કીકટ એમ નવ ખંડ છે. મત્સ્યપુરાણમાં આ નામ, ઇંદ્રદ્વીપ, કસેર, તામ્રપર્ણ, ગભસ્તિમાન્, નાગ સૌમ્ય, ગંધર્વ, વારુણ અને ભરત એવાં આપ્યાં છે.

इन्द्रद्वीपः कसेरश्च ताम्रपर्णो गभस्तिमान्।
नागद्वीपस्तथासौम्यो गंधर्वस्त्वथ वारुणः ॥९॥
अयंतुनवमस्तेषां द्वीपः सागरसंवृतः ॥
(મત્સ્ય૦ અ૦ ૧૧૩૦ શ્લો૦ ૯–૧૦)

આ બે પ્રકારમાં કીયું કીયાનું નામ છે એનો નિર્ણય થઇ શકતો નથી. માત્ર ભરતખંડ એટલે બ્રહ્મવર્તખંડ એટલો જ નિર્ણય થાય છે. (૪ પરીક્ષિત્ શબ્દ જુઓ) મત્સ્ય પુરાણમાં આમને દ્વીપ કહીને

"अयंतु नवमस्तेषां द्वीपः सागर संवृत्त।

એ વાક્યથી નક્કી કર્યું છે. પરંતુ અહીંથી નૌકાદ્વારા રાજના બીજા ખંડોમાં જવા સંબંધી કોઇ પણ ગ્રંથમાં ઉલ્લેખ નથી. તેમ જ ભારતનું પણ એ વિષયે કશું પ્રમાણ નથી; માટે ઇન્દ્રદ્વીપાદિક પાઠ માત્ર લેખકની ભૂલને લીધે હોય એમ ધારવાનું પ્રમાણ છે.

काशीपुरी च केदारो महाकालश्चनासिकम्।
त्र्यबकं च महाक्षेत्रं पंचद्वीपा इमे भुवि ॥६२॥

(**દેવી ભાગ૦ ૧૧ સ્કં૦ અ૦ ૨૧**). આ શ્લોકમાં કાશીપુરી, બદરીકેદાર, મહાકાળ (ઉજ્જયિની), નાસીક અને ત્ર્યંબકેશ્વર એમને દ્વીપ કહ્યાં છે એ બધાં કાંઇ ચોતરફ જળવાળાં એટલે દ્વીપ નથી. મતલબ કે એ શ્લોકનો એવો અર્થ જ નથી. એમ જ ઉપર ખંડના સંબંધમાં પણ હોવું જોઇએ. પાંડવોના સમયમાં તો એ દ્વીપ નહોતાં.

ખંડપરશુ. મહાદેવ.

ખનપાન. સોમવંશના અનુકુલોત્પન્ન બલિરાજાનો પૌત્ર, અંતરાજાનો પુત્ર. એનું બીજું નામ દધિવાહન હતું. એને દિવિરથ નામે પુત્ર હતો.

ખનિત્र. સૂર્યવંશના દિષ્ટકુળના પ્રમતિ રાજાનો પુત્ર એને ચાક્ષુષ નામે પુત્ર હતો.

ખનિનેત્र. સૂર્યવંશના દિષ્ટકુળના રંભ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ કરંધમ. કરંધમનું બીજું નામ સુવર્ચા હતું. આ ખનિનેત્ર દુષ્ટ હોવાથી પ્રજાએ એને ગાદીએથી ઉઠાડી મુક્યો હતો. એની જગાએ પ્રજાએ સુવર્ચાને સ્થાપ્યો હતો. (**ભાર૦ અર્વા૦ અ૦ ૪**).

ખર. વિશ્રવા ઋષિનો રાકા નામની રાક્ષસીથી થયેલો પુત્ર. રાવણનો ઓરમાન ભાઇ. પૂર્વજન્મે એ યાજ્ઞવલ્કયનો પુત્ર ચંદ્રકાન્ત હતો અને ધનુર્વિદ્યામાં ઘણો જ નિપુણ હતો. રાવણે એને શૂર્પણખાની સાથે જનસ્થાનની રક્ષા સારૂ ત્યાં રહેવાની આજ્ઞા કરી હતી. આજ્ઞાનુસાર એ જનસ્થાનમાં ચૌદ હજાર રાક્ષસો સહિત રહેતો હતો. દંડકારણ્યમાં વસતા મુનિયોને એ અનેક પ્રકારે પીડા કરી તેમને ખાઇ પણ જતો. એનો ઉપદ્રવ છેક ચિત્રકૂટ પર્વત પર્યન્ત હોવાથી રામચન્દ્રજીને તેની ખબર હતી.

રામચન્દ્રજી જનસ્થાનમાં લક્ષ્મણ અને સીતાની સાથે પંચવટીમાં રહેતા હતા તે વખતે એક સમયે શૂર્પણખા રામચન્દ્ર પાસે આવી, અને તમે મને વરો, એમ માગણી કરી, તે ઉપરથી તેમણે લક્ષ્મણ મારફત તેની કજેતી કરાવી હતી. તે ખરની પાસે આવીને વિહ્વળ થઇને રડવા લાગી. (શૂર્પણખા શબ્દ જુઓ). ખરે એને મોઢેથી બધી હકીકત જાણી રામચન્દ્રના નાશને સારૂ ચૌદ હજાર રાક્ષસોને મોકલ્યા. એમણે સઘળાનો તત્કાળ નાશ કર્યો. એ હકીકત જાણી એણે દૂષણ નામના સેનાપતિ પાસે બીજી સેના તૈયાર કરાવી.

ખરની આજ્ઞા થતાં જ દૂષણે શ્યેનગામી, પૃથુસ્થામ, યજ્ઞશત્રુ, વિહંગમ, દુર્જય, પરવીરાક્ષ, પરૂષ, કાલકાર્મુક, મેઘમાલી, મહામાલી, સર્પાસ્ય, રુધિરાસન તેમજ મહાકપાળ, સ્થૂલાક્ષ, પ્રમાથ, અને ત્રિશિરા એ અમાત્યો અને તેમની સેના સહિત પોતાની સેના તૈયાર કરી ખરને નિવેદન કરવાથી તે તત્કાળ સૈન્ય સાથે રામ ઉપર ચઢ્યો.

એ નિકળ્યો તે વખત એને ઘણાં દુશ્ચિન્હ થયાં. પરન્તુ એણે બધાંની અવગણના કરીને મદથી છાકયો પોતે પંચવટીમાં આવ્યો. એ જોઇને રામચંદ્રજી પોતે એકલા યુદ્ધ સારૂ એના સામા ઉભા રહ્યા. યુદ્ધમાં ત્રિશિરાદિક બધા અમાત્ય અને તેમની સેના નાશ પામી. ખર એકલો જ બાકી રહ્યો. એને જોઇને રામચન્દ્રજીએ કહ્યું કે ખર, આજ પર્યન્ત તેં દંડકારણ્યમાં રહીને નિરપરાધ અનેક ઋષિયોને મારી બાધા, માટે જો તું જીવતો રહ્યો તો વળી એવી જ રીતે વર્ત્તીશ, માટે તને મારવો

જ યોગ્ય છે. આમ કહીને એમણે એક બાણ એવું માર્યું કે એનું માથું છુટું થઇને પડ્યું અને એ મરણ પામ્યો. ખરને એક મકરાક્ષ નામનો પુત્ર હતો. (**વા૦ રા૦ અ૦ સ૦ ૧૯–૨૦**)

ખર (૨). રાવણ પક્ષનો એ નામનો બીજો રાક્ષસ. (**ભા૨૦ વન૦ અ૦ ૨૮૫ શ્લો૦ ૨**).

ખર (૩). લંબાસુરનો ભાઇ એક અસુર (**મત્સ્ય૦ અ૦ ૧૭૬ શ્લો૦ ૭**).

ખારવક્ર. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ખર્વ. કુબેરના નવ નિધીમાંનો છેલ્લો નિધી.

ખટ્વાયન. ધૂમ્રપરાશર શબ્દ જુઓ.

ખશ–ખસ. ભારતવર્ષીય ભરતખંડનો એક દેશ વિશેષ અને ત્યાંના રહેવાશી.

ખાંડવ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

ખાંડવપ્રસ્થ. ઇન્દ્રપ્રસ્થ શબ્દ જુઓ.

ખાંડવવન. વન વિશેષ. અર્જુને આ વન અગ્નિને ભક્ષ કરવા સારુ આપ્યું હતું (અગ્નિ શબ્દ જુઓ). આ વન બળતું હતું ત્યારે તક્ષકનો પુત્ર અશ્વસેન તેમાંથી કોઇક રીતે બચી ગયો, અને મયાસુરને શરણે જઇને ઉગર્યો. અગ્નિયે ચાતક પક્ષિનાં ચાર બચ્ચાંને ઉગાર્યાં હતાં. (**ભા૦ આદિ૦ અ૦ ૨૨૪**).

ખાંડવાયન. બ્રાહ્મણ સમુદાય વિશેષ. પૂર્વે જમદગ્ન્યે–પરશુરામે–પૃથ્વીને નિઃક્ષત્રિય કરીને એક મોટો યજ્ઞ કર્યો હતો. તેના સમાપ્તિકાળે સુવર્ણની એક મોટી વેદી કરી તે કશ્યપ ઋષિને આપી હતી. એ વેદીના ભાગ કરીને વહેંચી લેનાર બ્રાહ્મણોનું તે ઉપરથી પડેલું નામ. (**ભા૨૦ વન૦ અ૦ ૧૧ શ્લો૦ ૧૧–૧૩**)

ખાંડિક્ય. ઋષિ વિશેષ.

ખાંડિક્ય (૨). વિદેહવંશના મિતધ્વજ જનકનો પુત્ર.

ખાસીર. ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

ખિલખિલી. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ખ્યાતિ. કર્દમ પ્રજાપતિની નવ કન્યામાંથી એક અને એકડાની સંજ્ઞાવાળા ભૃગુઋષિની સ્ત્રી.

ખ્યાતિ (૨). તામસ મનૂના પુત્રોમાંનો એક.

ખ્યાતિ (૩). ઉલ્મુકના છ પુત્રોમાંનો એક.

ખ્યાતેય. નીલ પરાશર કુળમાં ઉત્પન્ન થએલો એક ઋષિ.

ગ.

ગગનમૂર્દ્ધા. એક દાનવ. (દનુ શબ્દ જુઓ).

ગંગા. એક મહા નદી, તેમ જ તેની મૂર્તિમાન દેવી. એને તું ભૂલોકમાં પતન પામીશ એવો બ્રહ્મદેવનો શાપ થયો હતો. (મહાભીષ શબ્દ જુઓ). મૃત્યુ લોકમાં પડ્યા પછી એ શંતનુ રાજાની પહેલી સ્ત્રી થઇ. શંતનુથી એને આઠ પુત્રો થયા હતા. તેમાં ભીષ્મ સૌથી નહાનો હતો. ભીષ્મ પરમ પરાક્રમી અને બ્રહ્મચારી હતા. એના ઉપરથી ગંગાનું ભીષ્મસૂ એવું નામ પડ્યું હતું. વળી ગંગાનાં બીજાં નામ વિષ્ણુપદી, ત્રિસ્રોતી, ભાગીરથી, જાન્હવી વગેરે પ્રથમથી પડેલાં છે. તે પણ કારણ પરત્વે જ પડ્યાં છે. એનું મૂળ નામ સ્વર્ધુની. સ્વર્ધુનીના સપ્ત પ્રવાહમાંની એ એક છે. ભગીરથના સમયથી એનું ઉત્પત્તિ સ્થાન એકડાની સંજ્ઞાવાળો હિમાલય સમજવું, કારણ કુમારીથી એક હજાર યોજન ઉપર એનું ઉગમસ્થાન કહ્યું છે. (ભરતખંડ શબ્દ જુઓ).

ગંગા (૨). (૨ ભાગીરથી શબ્દ જુઓ).

ગંગાદ્વાર. મેરુ પર્વતથી આવતાં આવતાં આપણા

ભારતવર્ષમાં જે સ્થળે ગંગા પ્રથમ આવી તે સ્થળનું નામ. નર્મદા, અને ગોદાવરીના આદ્યસ્થળને પણ ગંગાદ્વાર કહ્યું છે.

ગંગાધર. મસ્તકે ગંગાને ધારણ કર્યાને લીધે મહાદેવનું પડેલું નામ.

ગંગાસાગર. ગંગાને જ્યાં આગળ સાગરની સાથે સંગમ થાય છે તે સ્થળ.

ગંગાહ્રદ. ગંગા સંબંધી તીર્થ.

ગંગોદ્ભેદ. ગંગા સંબંધી તીર્થ.

ગજ. એક વાનરાધિપતિ, રામની સેનાનો વાનર.

ગજ (૨). દુર્યોધનના મામામાંનો એક–શકુનીના છ નાના ભાઇઓમાંનો છેલ્લો. ભારતના યુદ્ધમાં એ અર્જુનપુત્ર ઇરાવતના હાથે મરાયો હતો. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯૦**).

ગજ (૩). ગજાસુર નામનો રાક્ષસ.

ગજ (૪). ગજપુર શબ્દ જુઓ.

ગજકર્ણ. એક યક્ષ વિશેષ.

ગજકર્ણ (૨). એક તીર્થ વિશેષ.

ગજપુર. હસ્તિનાપુર.

ગજસાહ્વય. ગજપુર.

ગજાનન. એક શિવગણ. એની હકીકત એવી છે કે:–એક સમય પાર્વતીએ શરીરે તેલ અને સુગંધી દ્રવ્ય ચોળીને મેલ કાઢ્યો. તેનું એક પુતળું બનાવ્યું તેને હાથીના જેવી સૂંઢ કરી હતી. પછી રમત કરીને એ પુતળાને પાણીમાં નાંખ્યું. તેજ ક્ષણે પાણીમાંથી એક પુરુષ નીકળ્યો. તેને પાર્વતીએ પુત્ર અહીં આવ કહીને હાંક મારી. એ પાર્વતી પાસે ગયો એટલે એમણે એને વિનાયક નામના રુદ્રનું આધિપત્ય આપ્યું. એ ઉપરથી એનું નામ ગણપતિ પડ્યું. વળી એને હાથીના જેવી સૂંઢ હોવાથી એનું નામ ગજાનન પડ્યું. એને શિવપુત્ર કહેવાનું કારણ પણ આ જ છે. (**મત્સ્ય૦ અ૦ ૧૫૪**).

ગજાહ્વય. ગજપુર શબ્દ જુઓ.

ગજાસુર. તારકાસુરના સૈન્યનો એક અસુર વિશેષ. એ તારકામય સંગ્રામમાં કપાસી નામના રુદ્રને હાથે મરણ પામ્યો. (**મત્સ્ય૦ અ૦ ૧૫૨**).

ગજેંદ્ર. અગડાની સંજ્ઞાવાળો ઇન્દ્રદ્યુમ્ન શબ્દ જુઓ.

ગંડક. ભારતવર્ષીય ભરતખંડનો એક દેશ. પાંડવોના સમયમાં આ દેશ પૂર્વે પાંચાલની પૂર્વે આવેલો હતો. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૯**).

ગંડકંડુ. યક્ષ વિશેષ.

ગંડકી. ભારતવર્ષીય ભરતખંડની એક નદી. (૨ હિમાલય શબ્દ જુઓ). અયોધ્યા પ્રાન્તમાં આવેલી હાલની ગંડક નદી, જેની અંદરના ગોળ કાળા પત્થર વિષ્ણુની મૂર્તિ તરીકે પુજાય છે એ.

ગણતીર્થ. ભારતવર્ષીય તીર્થ.

ગણદેવતા. દેવતાનો સમુહ–સમુહમાં જણાતા અગર સમુહમાં જ બોલાતા દેવતા. એવા નવ સમુહ છે. ૧. આદિત્ય. ૨. વિશ્વા અગર વિશ્વદેવ. ૩ વસુ. ૪ તુષિત. ૫ આભાસ્વર. ૬ અનિલ. ૭ મહારાજિકા. ૮ સાધ્યા અને ૯ રુદ્રો. આ ઉતરતી પંક્તિના દેવો શિવના ગણ છે અને કૈલાસ ઉપર રહે છે. એમના ઉપર જે અધિકારી છે તે ગણપતિ.

ગણપતિ. ગજાનન શબ્દ જુઓ.

ગતિ. કર્દમ પ્રજાપતિની નવ કન્યામાંની એક. સ્વાયંભૂ, મન્વંતરમાંના પુલહ ઋષિની સ્ત્રી.

ગદ. વસુદેવનો રોહિણીથી થએલો એક, અને દેવરક્ષિતાથી થએલો એક, એમ બંને પુત્રનાં નામ. આ બેમાંથી એક ભારતના યુદ્ધમાં પાંડવોના પક્ષમાં હતો.

ગદાયન. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

ગર્ગ. એક રીંછ. જાંબુવાન અને કેસરીનો પિતા. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૦**).

ગંધમાદન. એક વાનર રામનો સેનાપતિ. (**ભા૨૦ વ૦ અ૦ ૨૮૩**).

ગંધમાદન (૨). સોમવંશી યદુકુલોત્પન્ન શ્વફલકના તેરમાંનો એક પુત્ર.

ગંધમાદન (૩). આપણે રહીએ છીએ તે ભારતવર્ષના સંબંધે મેરુ પર્વતની પશ્ચિમે આવેલો પર્વત. આ પર્વત ઉત્તર દક્ષિણ વચેલો હોઇ ક્રમે કરીને નીલ અને નિષદ્ર નામના બે પર્વતને સ્પર્શે છે. આ પર્વત અને પશ્ચિમ સમુદ્રની વચ્ચે આવેલા પ્રદેશને ભદ્રાશ્વ કહે છે.(**ભાગ૦ ૫૦ સ્કં૦ અ૦ ૧૬**).

ગંધમાદન (૪). હિમાલય પર્વતના એક શિખરનું નામ. વનવાસ વખતે યુધિષ્ઠિર અહીં કાંઇ કાળ પર્યંત રહ્યા હતા. (**ભા૨૦ વન૦ અ૦ ૧૫૮**). ઇન્દ્રલોકમાં ગએલો અર્જુન જ્યારે પાછો આવ્યો ત્યારે યુધિષ્ઠિરને અહીં જ મળ્યો હતો. (ઇંદ્રકીલ શબ્દ જુઓ).

ગંધર્વ. દેવયોનિ વિશેષ. સ્વર્ગમાં એઓ ગાન કરે છે.

ગંધર્વતીર્થ. ભારતવર્ષીય એક તીર્થ.

ગંધર્વપતિ. ચાલુ મન્વંતરમાં ગંધર્વાધિપતિ ચિત્રરથ છે તે.

ગંધર્વપતિ (૨). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

ગંભીર. સોમવંશી આયુકુળમાં ઉત્પન્ન થએલ રભસાનો પુત્ર. એના પુત્રનું નામ અક્રિય.

ગંભીરબુદ્ધિ. હવે પછી થનારા ઇંદ્રસાવર્ણિ મનુના પુત્રોમાંનો એક.

ગય. ઉત્તાનપાદ વંશના ઉલ્મુક રાજાના છ માંનો નાનો પુત્ર.

ગય (૨). ઉત્તાનપાદ વંશના હવિર્ધાન રાજાના છ પુત્રોમાંનો બીજો. એનું બીજું નામ સાંગ હતું.

ગય (૩). પ્રિયવ્રત વંશના ઋષભદેવ કુળના પૃથુષેણના પુત્ર નક્ત રાજાને તેની દ્રુતી અથવા દ્યુતિ નામની ભાર્યાને પેટે થએલો પુત્ર. એની સ્ત્રીનું નામ ગયંતિ. એને ચિત્રરથ, સુગતિ અને અવરોધન નામે ત્રણ પુત્ર હતા.(**ભાગ૦ પંચમ૦ અ૦ ૧૫**).

ગય (૪). સૂર્યવંશી ધ્રુવ અથવા સુદ્યુમ્ન રાજાના ત્રણમાંથી વચલો પુત્ર.

ગય (૫). સોમવંશી વિજય કુળના મૂર્તય અથવા અમૂર્તરયનો પુત્ર. એણે બ્રહ્મસર અને વાનિરમાલિની નદી સમીપ અનેક યજ્ઞ કર્યા હતા. તે વખત એણે બ્રાહ્મણને ઘણી જ દક્ષિણા આપી હતી. ઘી અને મિષ્ટ પદાર્થોની તો પરિસીમા વાપરી હતી. ધાન તો એટલું વાવર્યું હતું કે બધાના જમ્યા પછી મોટા પર્વત જેવડા પચ્ચીશ ઢગલા તો વધ્યા હતા. (**ભા૨૦ વન૦ અ૦ ૯૫**).

ગય (૬). અમૂર્તરજસ નામના એક રાજાનું બીજું નામ. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૬૬**).

ગય (૭). પુર વિશેષ. (**ભા૨૦ શલ્ય૦અ૦૩૮**).

ગય (૮). કામ્યક વનની પૂર્વે આવેલો એક સામાન્ય પર્વત.

ગયંતિ. ઋષિ વિશેષ.

ગયંતિ (૨). તગડાની સંજ્ઞાવાળા ગય રાજાની સ્ત્રી. ચિત્રરથાદિ ત્રણ પુત્રની માતા.

ગયશિર. એક પર્વત એની પાસે જ વાનરમાલિની નદી આવી હશે. કેમકે ગય રાજાના યજ્ઞ તે નદીની સમીપ થયા હતા. એ નદીનું પણ વખતે આ જ નામ પાડયું હશે.

ગયા. એક ક્ષેત્ર વિશેષ.

ગરિષ્ઠ. એક ઋષિ વિશેષ.

ગરુડ. વિનતાને કશ્યપ ઋષિથી થએલા બે પુત્રોમાંનો બીજો. એના મોટા ભાઇનું નામ અરુણ. (**ભા૨૦ આદિ૦ ૨૩**). એ મોટો પરાક્રમી હતો. એણે સર્પોને અમૃત આણી આપીને પોતાની માતાને કદ્રૂના દાસપણામાંથી છોડવી (**ભા૨૦ આદિ૦ અ૦ ૨૭–૩૪**). ચાલુ મન્વંતરમાં એ ઋક્ષિમાત્રનો અધિપતિ છે. પોતે વિષ્ણુનું વાહન છે. એણે શ્રુતશ્રી, શ્રુતસેન, વિવસ્વાન્, યોચનામુખ, પ્રસ્તુત અને કાલાકાક્ષ વગેરે અનેક દૈત્યોને માર્યા છે. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૦૫**). એને સુમુખ નામનો એક પુત્ર હતો. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૬**). એનું તાર્ક્ષ્ય એવું બીજું નામ પણ છે.

ગરુડકલ્પ. ચાલુ શ્રાવણમાસનો ચૌદમો કલ્પ એટલે દિવસ. (૪ કલ્પ શબ્દ જુઓ). આ કલ્પમાં પ્રથમ ગરુડાવતાર થવાને લઇને આ નામ પડયું છે.

ગરુત્માન્. ગરુડનું બીજું નામ.

ગર્ગ. ભરદ્વાજાંગિરસ વંશમાલિકામાંનો એક પ્રખ્યાત ઋષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ગર્ગ (૨). એક ઋષિ. (પિતૃવર્તી શબ્દ જુઓ).

ગર્ગ (૩). યાદવોના વૃષ્ણિકુળનો ઉપાધ્યાય.

ગર્ગ (૪). સોમવંશી પુરુકુળના ઋતેયુ વંશના મન્યુ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ શિનિ હતું.

ગર્ગસ્રોત. ભારતવર્ષીય તીર્થ.

ગર્જનતીર્થ. ભારતવર્ષીય તીર્થ. આ જગાએ ઇન્દ્રજિતે તપ કર્યું હતું (**મત્સ્ય૦અ૦૧૮૯**).

ગર્દભીવિપીત. ગૌતમકુળનો એક ઋષિ.

ગર્દભીવિપીત (૨). ભારદ્વાજ કુળનો એક ઋષિ.

ગર્દભીમુખ. એક બ્રહ્મર્ષિ. (૨. કશ્યપ શબ્દ જુઓ).

ગર્ભ. યજુર્વેદનું મુખ્ય ઉપનિષત્.

ગર્વ. સ્વાયંભૂ મન્વંતરમાંનો ધર્મપુત્ર. એની માતા તે પુષ્ટિ.

ગવય. રામની સેનાનો એક વાનરાધિપતિ.

ગવલ્ગાગન. એક સૂત–સંજ્ઞયનો પિતા.

ગવાક્ષ. રામની સેનાનો એક વાનરાધિપતિ.

ગવાક્ષ. (૨) દુર્યોધનના મામા શકુનીના છ ભાઇઓમાંનો એક. રાત્રિયુદ્ધમાં એ ભીમસેનને હાથે મરાયો હતો. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૧૫૭**).

ગવિજાત. એક બ્રહ્મર્ષિ.

ગવિષ્ટ. દેવ વિશેષ. (૩અંગિરા શબ્દ જુઓ).

ગવિષ્ટ (૨). એક દાનવ (દનુ શબ્દ જુઓ).

ગવિષ્ઠિર. એક બ્રહ્મર્ષિ અને તેનું કુળ. (૨ અત્રિ શબ્દ જુઓ).

ગવિષ્ઠિર (૨). અત્રિ કુલોત્પન્ન એક બીજો ઋષિ.

ગવેષણ. અક્રૂર યાદવના પુત્રોમાંનો એક.

ગાંગેય. શંતનું રાજાને ગંગાને પેટે થએલા પુત્ર ભીષ્મનું બીજું નામ.

ગાંગોદધિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ગાંડિવ. અગ્નિએ પાંડુ પુત્ર અર્જુનને આપેલા ધનુષ્યનું નામ.

ગાત્રવાન. લક્ષ્મણની કુખે કૃષ્ણથી થએલો પુત્ર.

ગાધિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ગાધિન. એક બ્રહ્મર્ષિ (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ગાંદિની. કાશીરાજની કન્યા એ શ્રીકૃષ્ણ યાદવની સ્ત્રી. અક્રૂર વગેરેની માતા.

ગાંધર્વવેદ. સામવેદનો ઉપવેદ, તેમજ તેનો મૂર્તિમાન દેવતા. સામવેદની પેઠે જ આ ઉપવેદ બ્રહ્મવેદના પશ્ચિમ તરફના મુખમાંથી નિકળ્યો હતો.

ગાંધાર. સોમવંશી દ્રહ્યુકુળના આરબ્ધ રાજાનો પુત્ર. એને ધર્મ નામે પુત્ર હતો.

ગાંધાર. (૨) સિંધુનદના બન્ને કિનારાને લગતો ભારતવર્ષીય ભરતખંડનો દેશ વિશેષ. શૈલૂષ ગંધર્વના વંશજોનું ત્યાં રાજ હતું. (**વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૧૦૦**). પ્રથમ એની રાજધાની તક્ષશિલામાં હતી. એ સિવાય બીજી એક નગરી પુષ્કરાવતી નામની પણ હતી.

ગાંધાર (૩). ગાંધાર દેશના રાજાઓનું સામાન્ય નામ; ભારતમાં મુખ્યત્વે ગાંધારીના ભાઇ શકુનિને લગાડવામાં આવ્યું છે.

ગાંધારકાયણ.એક બ્રહ્મર્ષિ. (૨ અગસ્ત્ય શબ્દ જુઓ).

ગાંધારદેશ. (૨ ગાંધાર શબ્દ જુઓ). પાંડવોના સમયમાં શકુનિ અને ગાંધારીના પિતા સુબલ ત્યાં રાજ કરતા હતા.

ગાંધારી. ગાંધાર દેશના અધિપતિ સુબલ રાજાની કન્યા. ધૃતરાષ્ટ્રની જોડે એનું લગ્ન થયું હતું. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૧૦**) એ પતિવ્રતા હતી. પોતાના પતિ શિવાય બીજે પુરુષ દૃષ્ટિએ પણ પડે નહિ માટે આંખે પાટા બાંધતી. નાનપણમાં એણે આરાધના કરવાથી એને વરદાન મળ્યું હતું કે તને સો પુત્ર થશે. આ પ્રમાણે એને સામટા સો પુત્ર એના ગર્ભમાં એક જ કાળે રહ્યા હતા. એક સમયે એને કોઇએ કહ્યું કે કુંતીને અરણ્યમાં

પાંડુ રાજાથી યુધિષ્ટિર નામે પુત્ર થયો છે. એ ઉપરથી એને રાત્રદિવસ ચિંતા થતી હતી કે મારે પુત્ર ક્યારે થશે. પણ કેમે કર્યા એના પુત્રનો પ્રસવ થાય નહિ. આથી એણે ગર્ભમાંથી પરાણે ગર્ભ બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો. ગર્ભમાંથી આંગુઠા જેવડા જેવડા મરેલા જેવા સો પુત્ર એકાએક બહાર નિકળી પડયા. એ જોઇ એ શોકાકુળ થઇ ગઈ તેવામાં ત્યાં વ્યાસ પ્રકટ થયા. તેમણે એને શોક ન કરવાનું કહ્યું અને કહ્યું કે સત્વર ઘીના સો ઘડા ભરાવી દરેકમાં એકેક ગર્ભપુત્ર રાખી મૂકો. એમ કરવાથી પૂર્ણકાળે તેઓ સજીવ થઈ જશે. એણે એમ કર્યું અને થોડા સમયમાં બધા બાળક સંપૂર્ણ થઇને સજીવ થયા. આ જ વખતે અરણ્યમાં કુંતીને ભીમસેન જન્મ્યો હતો (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૫**). એને આવી જ એક દુઃશળા નામે કન્યા પણ થઇ હતી. (**ભા૨૦ અ૦ ૧૬**). આ સો પુત્રોનાં નામ (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૧૭**) માં આપેલાં છે.

એનો પુત્ર દુર્યોધન મોટો થતાં તે પાંડવોનો ઘણો જ દ્વેષ કરવા લાગ્યો. આ જોઇને ગાંધારીએ એને ઘણી વાર એમ ન કરવાને ઉપદેશ કર્યો હતો. છતાં દુર્યોધનને એની કશી અસર થઇ નહોતી. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૨૬**). એનો ઉપદેશ ન માનવાથી પરિણામે યુદ્ધ ઉપસ્થિત થઇ એના સોએ પુત્રો તેમાં મરાયા. ગાંધારીએ ક્રોધે ભરાઇને કૃષ્ણને તેડાવીને તેને શાપ આપ્યો હતો કે તેં પાંડવોનો સાહ્ય કરીને મારા પુત્રોને મરાવ્યા માટે આજથી છત્રીસમે વર્ષે તારો કુલક્ષય પણ એ રીતે થશે. કૃષ્ણે એને વંદન કરીને કહ્યું કે આપે કહ્યું તે મને રુચતું જ છે. એમ કહીને પોતે સ્વસ્થાને પધાર્યા. (**ભા૨૦ સ્ત્રી૦ અ૦ ૨૫**).

દુર્યોધનાદિ સોએ પુત્રોના મરણ પામવાથી એ પોતાના પતિ સહિત ઘણા કાળ સુધી પાંડવોની સાથે જ રહેતી. કારણ કે યુધિષ્ટિર ઘણા સારા સ્વભાવનો હોઇ એને કોઇ પ્રકારે ઉણું આવવા દેતો નહિ. પરન્તુ ભીમસેન વખતોવખત કઠોર વચનો કહેતો તેથી ધૃતરાષ્ટ્રને વૈરાગ્ય ઉત્પન્ન થયો. પણ પોતે અંધ હોવાથી નિરુપાય હતો. તેવામાં એક સમય વિદુર એમની પાસે આવ્યા. તેમણે વનમાં જવાની સલાહ આપવાથી ધૃતરાષ્ટ્ર કોઇને ન જણાવતાં અરણ્યમાં જવા નિકળ્યા. એ નિકળ્યા એટલે વિદુર અને વિદુર નિકળ્યા એટલે કુંતી, એમ એ બધાં વનમાં ગયાં. કેટલેક કાળે ધૃતરાષ્ટ્રનો દેહ પડયો એટલે ગાંધારીએ પણ પોતે દેહ ત્યાગ કર્યો. (**ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૩**).

ગાધિ. સોમવંશી વિજયકુળના કુશાંબુ રાજાનો પુત્ર. એ કાન્યકુબ્જનો રાજા હતો. એને એક સત્યવતી નામે કન્યા હતી. (**ભા૨૦ વન૦ અ૦ ૧૧૫**). ઋચીક નામે ઋષિએ આ સત્યવતીની માગણી કરી હતી તેથી ગાધિએ એને પરણાવી હતી. (ઋચીક શબ્દ જુઓ). ઋચીક ઋષિની કૃપા વડે અગાડી એને વિશ્વામિત્ર નામે પુત્ર થયો હતો.

ગાનબંધુ. હાલના વારાહકલ્પની પહેલાંના ઘોરકલ્પમાં થએલો નામાંકિત ગાયનાચાર્ય. તે સમયના નારદે આની પાસેથી ગાયનશિક્ષા લીધી હતી. કોઇ કારણસર એને ઉલૂકયોનિમાં અવતરવું પડયું હતું.(**વા૦ રા૦ અદ્ભુતોત્તર૦ સ૦ ૭૦**).

ગાયત્રી. સાવિત્રી, સરસ્વતી એ નામો વડે ઓળખાતી બ્રહ્મદેવની જ્ઞાનશક્તિ.

ગાયત્રી (૨). ઈશ્વર પ્રાર્થનામાં વપરાતો ત્રિપદાત્મક મંત્ર.

ગાયન. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

ગારુડ. અથર્વણ વેદનું એક ઉપનિષત્.

ગાર્ગ. એક ઋષિ, વિશ્વામિત્રના પુત્ર.

ગાર્ગી. વચક્નુ ઋષિની કન્યા માટે ગ્રંથોમાં એને ગાર્ગીવાચક્નવી નામે જણાવી છે. એ પરમ

બ્રહ્મનિષ્ટ હતી, અને પૃથ્વીપર પરમહંસની પેઠે જ ફર્યા કરતી. દૈવરાતિ જનકની સભામાં યાજ્ઞવલ્કયની સાથે એનો વાદ થયેલો તે બૃહદારણ્યકમાં મધુકાંડમાં પ્રસિદ્ધ છે.

ગાર્ગ્ય. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ગાર્ગ્ય (૨). અંગિરા કુળમાં થએલા એક ઋષિ. કેકય દેશના રાજા યુધાજિતના પુરોહિત હતા. (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૨ ૧૦૦**).

ગાર્ગ્ય (૩). સોમવંશી પૂરુકુળના ગાર્ગ, શિતિ ૪૦ ની તપવડે બ્રાહ્મણત્વ પામેલી સંતતીનું નામ.

ગાર્દભિ. એક બ્રહ્મર્ષિ. (૩ભૃગુ શબ્દ જુઓ).

ગાર્દભિ (૨). વિશ્વામિત્રના છોકરામાંનો એક.

ગાર્હપત્ય. પવમાન નામના અગ્નિનું બીજું નામ.

ગાર્હપત્યન. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

ગાલવ. બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

ગાલવ (૨). વિશ્વામિત્રનો પુત્ર. એનું આ નામ પાડવાનું કારણ એવું છે કે એક સમય બિલકુલ વૃષ્ટિ ન થવાને લીધે જબરો દુકાળ પડયો હતો. તે વખત વિશ્વામિત્ર ઋષિ પોતાની સ્ત્રી અને પુત્રને એમનું જે થવાનું હોય તે થાઓ કરીને પોતે તપશ્ચર્યા કરવા ગયા. તે વખતે તેમની સ્ત્રીએ ગમેતેમ કરીને છોકરાંને જીવાડયાં. પણ એક વખત એવું બન્યું કે કાંઇ ખાવાનું મળે નહિ. તે વખત તેણે એક છોકરાના ગળામાં દર્ભની દોરડી બાંધી, તેને કોઇપણ ઠેકાણે વેચવા ગઇ. એટલામાં સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળનો સત્યવ્રત રાજા એને રસ્તામાં મળ્યો. એણે બાળકના ગળામાં દોરડી બાંધેલી જોઇને એને પુછ્યું કે આ તું શું કરે છે? આ ઉપરથી તેણે એને બધો વૃત્તાંત નિવેદન કર્યો. રાજાએ કહ્યું કે એમ કરશો નહિ. જ્યાં સુધી તારા પતિ આવે ત્યાં સુધી હું રોજ થોડું માંસ મોકલતો જઇશ. તે ઉપર તું અને છોકરાં નિર્વાહ કરજો. આ ઉપરથી બાઇએ છોકરાને વેચવાનો વિચાર માંડી વાળી રાજા જે માંસ મોકલે તે ઉપર પોતાનો અને બાળકોનો નિર્વાહ કરવાનું ચાલુ રાખ્યું. આમ ગળામાં દોરડી બાંધવા ઉપરથી એ છોકરાનું નામ ગાલવ પડયું. (**દેવી૦ ભા૦ સપ્તમ૦ અ૦ ૧૦**).

ગાલવ (૩). વિશ્વામિત્ર ઋષિનો શિષ્ય, એણે વિશ્વામિત્ર ઋષિની, સો વરસ પર્યંત ઘણી જ ઉત્કૃષ્ટ સેવા કરી હતી. તે ઉપરથી ઋષિએ 'તને સંપૂર્ણ વિદ્યા પ્રાપ્ત થશે' એવો આશીર્વાદ આપીને પોતાને ઘેર જવાની આજ્ઞા કરી. એણે ઋષિની વિનતિ કરી કે મારા મનમાં આપ કાંઇ દક્ષિણા માગો એમ છે. વિશ્વામિત્રે કહ્યું કે મારે હાલ ગુરુદક્ષિણા જોઇતી નથી, હું તારા ઉપર ઘણો જ તુષ્ટ છું. તું સ્વસ્થ ચિત્તે પોતાને ઘેર જા. આ ઉપરથી એણે સત્વર સમજી જવું જોઇતું હતું પરંતુ તેમ ન કરતાં ઋષિને આગ્રહ કર્યો કે ના આપ કાંઇ પણ માગો. આ ઉપરથી વિશ્વામિત્ર સહજ રોષ કરીને બોલ્યા કે વારુ ત્યારે મને આઠસેં શ્યામકર્ણ ઘોડા આણી આપીને પછી ઘેર જજો. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૬**).

વિશ્વામિત્રનું આ વચન સાંભળતાં ગાલવ ભયભીત થયો. પણ હવે કાંઇ ઉપાય રહ્યો નથી જાણી વિશ્વામિત્રને વંદન કરી ત્યાંથી નીકળી વિચાર કરવા લાગ્યો, કે હવે શું કરવું? મને આઠસેં શ્યામકર્ણ ઘોડા શી રીતે મળે? જો ઘોડા મળ્યા તો તો ઠીક, પણ જો ન મળ્યા તો સારો પરિણામ નહિ આવે. પછી જો ઘોડા મળે તો જ જીવવું નીકર દેહ પાડવાનો નિશ્ચય કરી એણે વિષ્ણુની આરાધના કરી. ઘણા દિવસની આરાધના પછી વિષ્ણુએ એની પાસે ગરુડને મોકલ્યો, અને એને આજ્ઞા કરી કે ગાલવનું કાર્ય કરવું. ગરુડે આવીને પુછ્યું કે તારે શું જોઇએ છે તે મને કહે. હું તારું શું ભલું કરું? પોતાને ઘોડા જોઇએ છીએ એ એણે પ્રથમ જ કહેવું

જોઈતું હતું તે ન કહેતાં મનમાં ઉદ્વેગ થતો હતો તેથી એમ કહ્યું કે મારે સંપૂર્ણ દિશાઓ જોવાની ઇચ્છા છે, માટે અતલાવો. ગરુડે એને પોતાની ખાંધપર બેસાડી બધી દિશાઓ બતલાવી. બધું જોઇને એને ઘણું આશ્ચર્ય લાગ્યું અને કહ્યું કે હુંતો બેઠો છું ત્યાં જ રહીશ કેમકે મારે દેહ ત્યાગ કરવો છે. ગરુડે પુછ્યું કે તારે શું કરવા દેહ ત્યાગ કરવો છે? તારા જેવાએ આવો અમુલ્ય દેહનો ત્યાગ કરવો ઘટે નહિ. તારો જે હેતુ હોય તે મને કહે, એણે કહ્યું કે મારે આઠસેં શ્યામકર્ણ ઘોડા જોઇએ છીએ. એ ઘોડા મારે વિશ્વામિત્રને ગુરુ દક્ષિણામાં આપવા છે. પણ એ મળી શકે એમ ન હોવાથી મારે દેહ પાડવો છે. ગરુડે કહ્યું તેં પહેલું કેમ ન કહ્યું? ભલે એમ કહીને એને ખાંધ પર બેસાડ્યો અને યયાતિ રાજા પાસે જવા નિકળ્યો. રસ્તામાં ઋષભ પર્વત પર કોઇ શાંડિલી નામની બ્રાહ્મણી હતી તેનું દર્શન કરીએ કહીને એ ત્યાં ઉતર્યો. એ બાઇ મહા તપસ્વિની હતી. એણે એનો સત્કાર કરીને પોતાને ત્યાં જ એને રાખી લીધો (૨ શાંડિલી શબ્દ જુઓ). પછી ગરુડ એને પાછો લઇને યયાતિ રાજા પાસે આવ્યો; અને રાજાને કહ્યું કે આ બ્રાહ્મણને આઠસેં શ્યામકર્ણ ઘોડા જોઇએ છીએ તે ગમે તેમ કરીને પણ આપો. આમ કહીને ગરુડ પોતાને સ્વસ્થાને ગયો. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૦૮-૧૧૪**).

યયાતિ રાજાએ સો યજ્ઞ કર્યા હતા. યજ્ઞોની સમાપ્તિ થયા છતાં પોતે અરણ્યમાં જ રહેતા. આથી એમની પાસે પણ એ સમય અશ્વ નહોતા. તેમ જ બ્રાહ્મણની સંભાવના કરવા જેટલું દ્રવ્ય પણ નહોતું. માટે આ બ્રાહ્મણને શી રીતે સંતોષવો એનો એમને મોટો વિચાર થઇ પડ્યો. એટલામાં એમને એક વિચાર સૂઝ્યો અને બોલ્યા કે બ્રાહ્મણ, તું આ મારી માધવી કન્યાને લઇ જા. એનેં ગમે તે રાજાને ત્યાં વેચી તેની પાસેથી આઠસેં શ્યામકર્ણ અશ્વ લેજે. એ સાંભળી ગાલવ માધવીને લઇને નિકળ્યો.

માધવીને લઇને નિકળેલો ગાલવ પ્રથમ ઇક્ષ્વાકુ કુળના અનરણ્ય રાજાના પુત્ર હર્યશ્વ પાસે ગયો. આ કન્યા લો અને મને આઠસેં શ્યામકર્ણ અશ્વ આપો કહેતાં, રાજાએ કહ્યું કે મારી પાસે તું માગે છે એટલા અશ્વ નથી. માત્ર બસેં અશ્વ છે. એક પુત્ર થાય ત્યાં સુધી માધવીને મારી પાસે મુકી જાય તો બસેં અશ્વ લઇ જા. પુત્ર થયા પછી એને પાછી લઇ જજે. એમ ન કરવું હોય તો તને જ્યાંથી આઠસેં અશ્વ મળે ત્યાં જા. હવે શું કરવું એવા વિચારમાં ગાલવને પડેલો જોઈ માધવીએ કહ્યું, એમાં તું વિચાર શાનો કરે છે? હું એક પુત્ર થાય ત્યાં સુધી આ રાજાની પાસે રહીશ. પછી મને લઇ જઇને બીજે જ્યાંથી બીજા અશ્વ મળે ત્યાં આપજે. એ સાંભળી ગાલવે એને રાજાને સોંપી અને કહ્યું કે આ અશ્વો પણ હાલ તમારે ત્યાં રહેવા દો. પૂરી ભરતી થશે ત્યારે હું લઇ જઈશ. હર્યશ્વે તથાસ્તુ કહ્યું. હર્યશ્વથી માધવીને વસુમના નામનો પુત્ર થયો, એટલે ગાલવ માધવીને લઇને સોમવંશી આયુકુળના દિવોદાસ રાજા પાસે ગયો. આ કન્યા લો અને મને છસેં શ્યામકર્ણ અશ્વ આપો કહેતાં, રાજાએ કહ્યું કે મારી પાસે માત્ર બસેં છે. અહીં પણ એને એક પુત્ર થાય ત્યાં સુધી મુકવાની બોલીએ એણે બસેં અશ્વ લીધા. એ અશ્વો પણ રાજાને જ સોંપી પોતે ગયો. અહીં માધવીને પ્રતર્દન નામે પુત્ર થતાં, ત્યાંથી માધવીને લઇને ભોજનગરીના ઉશીનર રાજા પાસે ગયો. ત્યાં એણે ચારસેં અશ્વની માગણી કરી પણ એની પાસે બસેં જ અશ્વ હોવાથી પ્રથમના બન્ને રાજાની પેઠે અહીં પણ એવી જ બોલીએ માધવીને મુકી. અહીં એને શિબિ નામનો પુત્ર થતાં જ માધવીને લઇ ગયો. આકી રહેલા બસેં ઘોડા મળવાનો કોઇ યોગ થાય નહિ, પોતે ઘણો કંટાળ્યો હતો. એટલે માધવીને અને છસેં ઘોડા લઇને વિશ્વામિત્ર પાસે ગયો.

બધી હકીકત કહીને વિનતિ કરી કે માધવી દ્વારા બાકીના બસેં ઘોડા મેળવી લેવાની કૃપા કરો. માધવીને વિશ્વામિત્રથી અષ્ટક નામે પુત્ર થતાં જ વિશ્વામિત્રે ગાલવને કહ્યું કે હું તારી ગુરુ દક્ષિણા ભરી પૂરી પામ્યો. હવે આ કન્યાને પાછી લે અને તારે આશ્રમે જા. ગાલવ કન્યાને લઇને યયાતિ રાજાને ત્યાં ગયો, અને રાજાને આશીર્વાદ આપી તેમની કન્યા પાછી સોંપી પોતે પોતાને આશ્રમે ગયો. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૧૫-૧૧૯**).

ગાલવ (૪). કુંતલ રાજાના પુરોહિત એક ઋષિ. (૧ ચંદ્રહાસ શબ્દ જુઓ).

ગાલવ (૫). આઠમા સાવર્ણિ મન્વન્તરમાં થનારા સપ્તર્ષિયોમાંનો એક.

ગાલવિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ). એને ગાલવિત્ એવું નામ પણ હતું.

ગાલવિત્. ગાલવિ ઋષિનું બીજું નામ.

ગાવલ્ગણિ. } ધૃતરાષ્ટ્રના સારથિ ગવલ્ગણનો
ગાવલ્ગાણિ. } પુત્ર સંજય.

चक्षुषा संजयो राजन् दिव्येनैव समन्वितः ।
कथयिष्यति ते युद्धं सर्वज्ञश्च भविष्यति॥१०॥
प्रकाशं वाऽप्रकाशं वा दिवा वा यदि वा निशि।
मनसा चिंतितमपि सर्वं वेत्स्यति संजयः॥११॥
नैनं शस्त्राणि छेत्स्यंति नैनं बाधिष्यते श्रमः ।
गावल्गणिरयं जीवन् युद्धादस्माद्विमोक्ष्यति।१२।
(**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૨ વ્યાસ ધૃતરાષ્ટ્ર સંવાદ.**)

ગિરિ. અંધકવૃષ્ણિ યાદવના તેર પુત્રોમાંનો એક.

ગિરિકર્ણિકા. ભારતવર્ષીય નદી. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

ગિરિકા. ઉપરિચર વસુ રાજાની સ્ત્રી. એને બૃહદ્રથાદિ છ પુત્ર હતા. અને કાલી અથવા મત્સ્યગંધિની નામની કન્યા વસુ રાજાથી થઇ હતી. આ ગિરિકા શુક્તિમતી નદીને કોલાહલ પર્વતથી થએલાં જોડકાંમાંની કન્યા હતી.

ગિરિવ્રજ. કેકયદેશની રાજધાની. (**વા૦ રા૦ અયો૦ સ૦ ૬૮**).

ગિરિવ્રજ (૨). મગધની રાજધાની. આ નગરી રામચંદ્રજીના સ્વર્ગારોહણ પછી ઉજ્જડ પડી હતી તે ઉપરિચર વસુ રાજાએ પુનઃ વસાવી હતી. તેથી એને વસુમતી પણ કહેતા. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૩૩**). પાંડવોના સમયમાં અહીં જરાસંધ રાજા અને એની પછી એનો પુત્ર સહદેવ રાજ કરતો હતો.

ગી. વાણીની અધિષ્ઠાતા સરસ્વતી.

ગીષ્પતિ. અગ્નિ; બૃહસ્પતિ.

ગુડાકેશ. નિદ્રા જીતવાને લીધે અર્જુનનું પડેલું નામ.

ગુણકેશી. ઇન્દ્રના સારથિ માતલીની તેની ભાર્યા સુધર્માની કુખે જન્મેલી કન્યા. એ જ્યારે પરણવા યોગ્ય થઇ ત્યારે માતલીએ એને સારૂ દેવ, મનુષ્ય, અને રાક્ષસોમાં વરની શોધ કરી. પણ ગુણકેશીને કોઇ પસંદ પડ્યું નહિ. છેવટે એ નાગલોકમાં ગયો. ત્યાં આર્યક નામના નાગનો પૌત્ર, ચિકુર નામના નાગનો પુત્ર અને વામન નામના નાગનો દોહિત્ર સુમુખ નામનો હતો તે નજરમાં બેઠો. એની જોડે વિવાહ કરવાનું ધાર્યું પણ તે કર્યા પહેલાં એને ખબર પડી કે સુમુખને ગરુડ સાથે જન્મનું વેર છે. તે ઉપરથી એને લઇને ઇન્દ્ર પાસે આવ્યો, અને બોલ્યો કે આને મેં મારો જમાઇ કરવાનું ધાર્યું છે, માટે આપ એને મારી ખાતર અમૃત આપીને અમર કરો. ઇન્દ્રે એ કબૂલ કર્યું. વિષ્ણુએ પણ ગરુડને કહીને એનો સુમુખ ઉપરનો વૈરભાવ દૂર કરાવ્યો. પછી ગુણકેશીનો સુમુખની સાથે વિવાહ થયો. (**ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૯૭ ૧૦૫ કૃષ્ણ ધૃતરાષ્ટ્ર સંવાદ.**)

ગુણવતી. સિંહલદ્વીપના ચંદ્રસેન રાજાની સ્ત્રી.

ગુપ્તક. એક સામાન્ય રાજા. (૩ જયદ્રથ શબ્દ જુઓ).

ગુરુ. બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ). બૃહસ્પતિનું આ નામ પ્રસિદ્ધ છે.

ગુરુ (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન મન્યુના પુત્ર

નરનો પૌત્ર, અને સંકૃતિ રાજાનો પુત્ર. ગુરુધિ એવું એનું બીજું નામ પણ છે.

ગુરુધિ. ઉપર બગડાની સંજ્ઞાવાળો ગુરુ કહ્યો તે જ.

ગુરુવીત. તગડાની સંજ્ઞાવાળો અંગિરાકુળોત્પન્ન બ્રહ્મર્ષિ.

ગુર્વક્ષ. બલી દૈત્યના સો પુત્રમાંનો એક.

ગુહ. કાર્તિકેયનું બીજું નામ.

ગુહ (૨). શૃંગવેર નામની પુરીનો કિરાત અધિપતિ. એ દશરથનો પરમ મિત્ર હતો. રામ અયોધ્યાથી નિકળી દંડકારણ્યમાં જતાં એક રાત અહીં રહ્યા હતા. તે વખત એણે રામનું ફળ, મૂળ વગેરેથી આતિથ્ય કરીને આ નગર તમારું જ છે માટે તમારા અરણ્યવાસનાં વર્ષો અહીં જ ગાળો, એમ આગ્રહ પૂર્વક કહ્યું હતું. પરંતુ રામે, આણેલાં ફૂલ વગેરેને હસ્ત સ્પર્ષ કરીને પાછાં આપ્યાં અને ચૌદ વર્ષ સુધી મારે કોઇ નગરીમાં પેસવું જ નથી, એવું કહીને સીતા સહિત દર્ભ પથારી ઉપર સુઇ રહ્યા હતા. લક્ષ્મણ અને ગુહ રામના સંરક્ષણ સારુ ઉભા રહ્યા હતા. એ બન્ને વચ્ચે પ્રારબ્ધની વિચિત્ર ગતિ સંબંધિ ઘણી વાતો થઈ હતી. (**વા૦ રા૦ અયો૦ સ૦ ૫૦–૫૧**).

બીજે દિવસ પ્રાતઃકાલ થતાં જ રામ અને લક્ષ્મણે સ્નાન સંધ્યાદિક નિત્યકર્મથી પરવારી વડના દુધથી પોતાની શિખા બાંધી ગુહરાજને અમને ગંગાને દક્ષિણ તીરે ઉતારો એમ કહ્યું. એણે ત્રણેને ગંગાપાર ઉતાર્યાં. અહીંયાં સુધી આવીને એમને વળાવવા આવેલો સુમંત્ર અયોધ્યા પાછો ગયો. (**વા૦ રા૦ અયો૦ સ૦ ૫૨૦ ૫૭**).

રામ ચિત્રકૂટ પર્વતપર જઇને રહ્યા ત્યાર પછી થોડાક દિવસમાં જ રામને પાછા અયોધ્યા લઇ જવા સારૂ ભરત મોટું સૈન્ય લઇને આવ્યો; તે પણ અહીં જ ઉતર્યો. ગુહરાજને શંકા ઉત્પન્ન થઈ કે ભરત રામનો નાશ કરવા જ નિકળ્યો હશે. આ ઉપરથી એણે પોતાની સેના તૈયાર કરી. પરંતુ એને ખબર પડી કે ભરત એવા હેતુથી નહિ, પણ રામને પુનઃ અયોધ્યા પાછા લાવવા જાય છે, તેથી અને ભરતે પ્રાર્થના કર્યા ઉપરથી એણે એને પણ ગંગાને દક્ષિણ પારે ઉતાર્યો. ગુહરાજ ભરતની જોડે જોડે ચિત્રકૂટ ગયો. (**વા૦ રા૦અયો૦ સ૦ ૮૪–૯૭**).

ગૃત્સમદ. એક ઋષિ (૬. ભૃગુ શબ્દ જુવો). વીતહવ્ય રાજા ભૃગુના વચનથી બ્રાહ્મણત્વ પામ્યા પછી એને થએલો પુત્ર. એના પુત્રનું નામ સુચેતા (વીતહવ્ય શબ્દ જુઓ).

ગૃત્સમદ (૨). દંડકારણ્યમાં રહેનારા એક ઋષિ. એને સો પુત્ર હતાં. (**વા૦ રા૦ અદ્‌ભૂતો. સ. ૮**)

ગૃત્સમદ (૩). સોમવંશી આયુ કુળોત્પન્ન સુહોત્ર રાજાના ત્રણ પુત્રોમાંનો નાનો–ત્રીજો. એને શુનક નામનો પુત્ર હતો.

ગૃધ્ર. કૃષ્ણને મિત્રવિંદાની કુખે થએલો પુત્ર.

ગૃધ્રકૂટ. ભારતવર્ષીય પર્વત.

ગૃધ્રિકા. કશ્યપને તામ્રાની કુખે થએલી કન્યા.

ગોકર્ણ. હિમાલય પર્વત ઉપરનું એક તીર્થ વિશેષ.

ગોકર્ણ (૨). કાશીપુરીમાં એક સ્થળ વિશેષ.

ગોકર્ણ (૩). નિષધ પર્વત ઉપરનું તપોવન. (**ભા૨૦ ભીષ્મ અ૦ ૬ શ્લો૦ ૫૧**)

ગોકર્ણ (૪). એક સામાન્ય પર્વત. (**વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૩૫**).

ગોકર્ણ (૫). દંડકારણ્યનું એક ક્ષેત્ર વિશેષ. અહીં કુંભકર્ણે તપ કર્યું હતું.

ગોકામુખ. ભારતવર્ષીય સામાન્ય પર્વત.

ગોકાણીપતિ. એક બ્રહ્મર્ષિ, (૩ અંગિરા શબ્દ જુઓ).

ગોતીર્થ. નૈમિષારણ્યમાંનું એક તીર્થ; તેમ જ પ્રયાગ સંબંધી એક તીર્થ.

ગોત્રવાન. કૃષ્ણને લક્ષ્મણાને પેટે થએલો પુત્ર.

ગોદા– ગોદાવરી } ભારતવર્ષીય ભરતખંડસ્થ નદી. (સહ્યાદ્રિ શબ્દ જુઓ).

ગોધ. ભારતવર્ષીય મહાદેશ. (**ભા૨૦ ભીષ્મ અ૦ ૬**).

ગોપ. એક ગંધર્વ.

ગોપતિ. મહાદેવ.

ગોપતિ (૨). કશ્યપની સ્ત્રી મુનીથી જન્મેલા ગંધર્વો પૈકી એક.

ગોપતિ (૩). સિંહસેન રાજાના પિતા. એક પાંચાળ. (**ભા૦ દ્રોણ અ૦ ૨૩**) એ પાંડવના પક્ષમાં હતો.

ગોપતિ (૪) ગાયોએ અરણ્યમાં રક્ષેલો શિબિપુત્ર. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૪૯ શ્લો૦ ૩૬**).

ગોપન. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

ગોપરાષ્ટ્ર. ભારતવર્ષીય દેશ(**ભા૨૦ભીષ્મ અ૦૯**).

ગોપાલકક્ષ. આગ્નેયકોસળ અને ઇશાન્ય કોસળ એ એની વચ્ચે આવેલો ભરતખંડસ્થ દેશ. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**).

ગોપાલતપન. અથર્વણવેદોપનિષત્.

ગોપાલિ. ગૌરપરાશર કુળોત્પન્ન એક ઋષિ.

ગોપાલી. એક અપ્સરા વિશેષ.

ગોપ્રતાર. સરયુ નદી સંબંધી તીર્થ વિશેષ. (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૧૧૦**)

ગોભાનુ. સોમવંશી તુર્વસુપુત્ર વન્હિરાજાના બે પુત્રમાંનો એક. એનું નામ વંશાવલીમાં નથી.

ગોભિલ. બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

ગોમંત. ક્ષેત્ર વિશેષ.

ગોમંત (૨). પર્વત વિશેષ. જરાસંધના ત્રાસથી કૃષ્ણ અને બળરામ કાંઇ દિવસ પર્યન્ત એનાપર રહ્યા હતા.

ગોમંતક. ભારતવર્ષીય ભરતખંડસ્થ દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

ગોમતી. ભારતવર્ષીય ભરતખંડસ્થ નદી. (૨ હિમાલય શબ્દ જુઓ).

ગોમતી (૨). વિશ્વભૂક અગ્નિની સ્ત્રી.

ગોમયાન. એક ઋષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ)

ગોમુખ. માતલીનો પુત્ર. ઇન્દ્રપુત્ર જયન્તનો સારથિ(**ભા૨૦ ઉદ્યોગ૦અ૦ ૧૦૦ શ્લો૦ ૮**)

ગોમુખ (૨). ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષનો રાજા.

ગોમેદગંધિક. બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ)

ગોરથ. મગધ દેશની રાજધાની ગિરિવ્રજની પાસેના પાંચ સાધારણ પર્વતોમાંનો એક.

ગોલભ. ગંધર્વ વિશેષ.એ અને વાલીની વચ્ચે પંદર વર્ષ સુધી સતત યુદ્ધ ચાલ્યું હતું. છેવટે એ વાલીને હાથે મરણ પામ્યો હતો(**વા૦ રા૦ કિષ્કં૦ સ૦ ૨૨૦ શ્લો૦ ૨૩–૩૦**).

ગોલોક. શ્રુતિપ્રતિપાદ્ય પૃથિવીની ઉપર સાત લોક છે. પુરાણમાં આ ગોલોકનું નામ માલમ પડે છે. સત્યલોકની પછી ઉપર કોઇ લોક જ નથી. માટે આ લોક સત્યલોકમાં જ હશે. વૈકુંઠ અને કૈલાસ જો એ લોક હોય તો તે પણ સત્યલોકની અંદર જ આવ્યા હશે, એમ શ્રુતિને આધારે કહેવું જોઇએ, તો પછી બીજા લોકની તો શી વાત.

ગોવર્દ્ધન. યમુનાને તીરે, વૃંદાવનની સામે આવેલો એક સામાન્ય પર્વત.

ગોવાસન. ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો રાજા. એ શૈલ્ય હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૯૫**).

ગોશૃંગ. નિષાદભૂમિ અને પટચ્ચર એની દક્ષિણે આવેલો એક સામાન્ય પર્વત. પાંડવોના સમયમાં અહીં શ્રેણિમાન્ નામે રાજા રાજ્ય કરતો હતો. (**ભા૨૦ ભા૦ અ૦ ૩૧**).

ગોષ્ઠાયન. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

ગૌ. માનસ નામના પિતરની કન્યા.

ગૌ (૨). ચાલુ મન્વન્તરમાં પુલસ્ત્ય ઋષિની સ્ત્રી. સૂર્યવંશી નરિષ્યંત રાજાના પૌત્ર તૃણબિંદુ રાજર્ષિની કન્યા. ઋષિ અને વિશ્રવાની માતા (**ભા૨૦ વન૦ અ૦ ૨૭૪**).

ગૌ (૩). સોમવંશી પૂરુકુળોત્પન્ન બ્રહ્મદત્ત રાજાની સ્ત્રી. એને સરસ્વતી અથવા સન્નતિ એવાં બીજાં નામ હતાં. (પિતૃવર્તી શબ્દ જુઓ).

ગૌ (૪). શમીક ઋષિની સ્ત્રી અને શૃંગી ઋષિની માતા.

ગૌ (૫). વરુણનો પુત્ર અને સેનાપતિ (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૨૩**).

ગૌડિનિ. એક બ્રહ્મર્ષિ. (૪ વસિષ્ટ શબ્દ જુઓ).

ગૌતમ. ચાલુ મન્વન્તરના સપ્તર્ષિમાંનો એક. એ બ્રહ્મમાનસ કન્યા અહલ્યાનો પતિ. (૧અહલ્યા શબ્દ જુઓ). એ પ્રતિ માઘ માસના સૂર્યના સમાગમમાં હોય છે(તપા શબ્દ જુઓ).

એના પુત્રનું નામ શતાનંદ ઋષિ. એ શતાનંદ વિદેહવંશીય રાજાનો પુરોહિત હતો.

ગૌતમ (૨). અંગિરાકુળનો એક પ્રખ્યાન વંશ વિસ્તારક ઋષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ગૌતમ (૩). અંગિરા કુળનો બીજો એ નામનો ઋષિ. આ મન્વન્તરની વીસમી ચોકડીનો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ)

ગૌતમ (૪). કૌશિક ઋષિનો શિષ્ય, રામની સભાના ધર્મશાસ્ત્રીઓમાનો એક. **(વા૦ રા૦ અદ્‌ભૂતોત્તર૦ સ૦ ૪).**

ગૌતમ(૫). એકત, દ્વિત અને ત્રિત એ નામના ત્રણ ઋષિઓનો પિતા. **(ભા૨૦ શલ્ય૦ અ૦ ૩૬).**

ગૌતમ (૬) વિંધ્યાશ્વ રાજાની કન્યા અહલ્યાનો પતિ, સતાનંદ અને ચિરકારી ઋષિનો પિતા. (અહલ્યા શબ્દ જુઓ).

ગૌતમ (૭). દીર્ઘતમા ઋષિનો પુત્ર. ગોદાવરી નદીને ગૌતમી એવું નામ જેના નામ ઉપરથી પડ્યું તે. **(દેવીભા૦ ૧૨ સ્કં૦ અ૦ ૯).**

ગૌતમ (૮) એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ) **(ભા૨૦ વન૦ અ૦ ૨૯૮).**

ગૌતમ (૯). કોઇ કોઇ જગાએ કૃપાચાર્યનું પણ આ નામ હોય એમ જણાય છે. **(ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૬૪. શ્લો૦ ૬)**

ગૌતમ (૧૦). એક કૃતઘ્ન બ્રાહ્મણ. **(ભા૨૦ શાંતિ૦ અ૦ ૧૬૮–૧૭૩)**

ગૌતમી. એક વૃદ્ધ બ્રાહ્મણી.(અર્જુનક શબ્દ જુઓ.)

ગૌપાયન. બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

ગૌરગ્રીવ. બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

ગૌરજિન. બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

ગૌરથ. બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

ગૌરપરાશર. એક ઋષિ (પરાશર શબ્દ જુઓ). આ કુળમાં કાંડૂપય, વાહનપ, જૈમ્યપ, ભૌમતાપન, અને ગોપાલિ એ પ્રખ્યાત ઋષિયો હતા.

ગૌરપૃષ્ઠ. એક રાજર્ષિ.

ગૌરપ્રભ. શુક્રાચાર્યને પીજરીથી થએલા પાંચ પુત્રોમાંનો એક.

ગૌરમુખ. શમીક ઋષિનો શિષ્ય. એણે ગુરુની આજ્ઞા થવાથી પરીક્ષિત્ રાજાને ત્યાં જઇને એના થવાના મૃત્યુની ખબર કરી હતી.

ગૌરવીતિ. બ્રહ્મર્ષિ(૩ અંગિરા શબ્દ જુઓ).

ગૌરશિરા. એક ઋષિ.બીજી હકીકત મળતી નથી.

ગૌરાશ્વ. એક રાજર્ષિ, એની પણ હકીકત મળતી નથી.

ગૌરી. પૂર્વે પાર્વતી શ્યામવર્ણ હોવાથી મહાદેવે એમને હસવામાં કાળી એવું કહ્યું, તે ઉપરથી તેણે તપ કરીને ગૌરવર્ણ સંપાદન કર્યો, ત્યારથી પાર્વતીનું પડેલું નામ. **(મત્સ્યઅ૦ ૧૫૬).**

ગૌરી (૨) સ્વાયંભુવ મન્વન્તરમાંના પશ્ચિમ દિગ્પાળ વરુણની સ્ત્રી. **(ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૭૧)**

ગૌરીકલ્પ. ચાલુ બ્રાહ્મમાસમાં હવે પછી થનારો અઠ્ઠાવીસમો દિવસ. (૩ કલ્પ શબ્દ જુઓ). આ કલ્પમાં ગૌરીનો અવતાર પ્રથમ થનાર છે.

ગૌરીશિખર. આ ક્રિયા પર્વતનું શિખર એ સંબંધી કાંઇ જણાતું નથી, પણ એના ઉપર રતનકુંડ નામે તીર્થ છે.

ગ્રંથિક. અજ્ઞાતવાસ વખતે વિરાટને ત્યાં સહદેવે ધારણ કરેલું નામ.**(ભા૨૦ વિરા૨૦ અ૦૩)**

ગ્રસન. તારકાસુરનો સેનાપતિ એક અસુર. તારકામય સંગ્રામમાં એનું યમની સાથે જબરું યુદ્ધ થયું હતું. છેવટે એને વિષ્ણુએ માર્યો હતો. **(મત્સ્ય૦ અ૦ ૧૫૦)**

ગ્રહ. રવિ, સોમ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ, એવાં નવ મંડળો, અને તેના પર અધિકારવાળા તે તે નામના અધિપતિ તે. દરેક નક્ષત્રોની ગણત્રી જે કે ગ્રહમાં નથી, પરંતુ તેઓ પણ આ મંડળોમાંનાં જ છે.

વસંતિ સર્વે દેવાશ્ચ સ્થાનાન્યેતાનિ સર્વશઃ ॥
મન્વન્તરેષુ સર્વેષુ ઋક્ષસૂર્યગ્રહાશ્રયાઃ ॥૮॥
તેન ગ્રહા ગૃહાણ્યેવ તદાખ્યાસ્તે ભવંતિ ચ ॥
સૌરં સૂર્યોઽવિશત્સ્થાનં સૌમ્યં સૌમસ્તથૈવ ચ॥૯॥

નક્ષત્રાણિ ચ સર્વાણિ નક્ષત્રાણિ વિશંતિ ચ ॥
ગૃહાણ્યેતાનિ સર્વાણિ જ્યોતીંષિ સુકૃતાત્મનાં ૧૨
કલ્પાદૌ સંપ્રવૃત્તાનિ નિર્મિતાનિ સ્વયંભુવા ॥
સ્થાનાન્યેતાનિ તિષ્ઠંતિ યાવદાભૂતસંપ્લવમ્૧૩
મન્વંતરેષુ સર્વેષુ દેવસ્થાનાનિ તાનિ વૈ ॥
અભિમાનિનોઽવ તિષ્ઠંતે દેવાઃ સ્થાનં પુનઃ પુનઃ૧૪

(લિંગ પુ–અ–૬૧)

ઉપરના શ્લોકો ગ્રહો અને નક્ષત્રો એઓ પણ ઘરના જેવાં સ્થાન હોઇ–કલ્પ પ્રવૃત્તીથી છે તેવાં જ છે. એ સ્થાનોમાં પોતપોતાના પુણ્ય પ્રભાવ પ્રમાણે તે તે સ્થાનના અભિમાની દેવતા ત્યાં ત્યાં વાસ કરે છે. જેમકે સૌરમંડળ પર સૂર્ય, સૌમ્ય મંડળ પર સોમ, શાક્ર મંડળ પર શુક્ર, આ પ્રમાણે નક્ષત્રોનાં સ્થાનમાં કલ્પની સમાપ્તિ પર્યંત કશો ફેરફાર થશે નહિ. ફેરફાર થાય તે માત્ર અધિપતિનો થાય છે, એમ જણાય છે. એ વિષયે પ્રમાણ છે કે:–

વિવસ્વાન્ દિતેઃ પુત્રઃ સૂર્યોવૈવસ્વતેતરે ॥
દ્યુતિમાન્ ઋષિપુત્રસ્તુ સોમો દેવો વસુઃ સ્મૃતઃ૧૭

(લિંગ પુ–આ ૬૧)

ચાલુ મન્વન્તરમાં વિવસ્વાન્ નામે આદિત્ય સારમંડળાધિપતિ મુખ્યત્વે કરીને છે.તેમ જ ચંદ્ર મંડળાધિપતિ સોમ નામનો વસુ છે. મતલબ કે છ મન્વન્તર પર્યંત બીજા કોઇ મંડળાધિપતિ હતા. આ હાલના છે તે નહોતા. આ જ પ્રમાણે બીજા મંડળાધિપતિયોનું સમજવું.

રાહુ અને કેતુ એ બે ગ્રહનાં મંડળની વ્યવસ્થા એવી છે કે રાહુમંડળ ચંદ્ર અને સૂર્યની અને કેતુમંડળ પૃથિવી અને સૂર્યની વચ્ચે છે. તેથી એ મંડળો અનુક્રમ ચંદ્ર, સૂર્ય મંડળોના ગ્રહણનાં કારણ થાય છે; એટલે કે સૂર્યગ્રહણ થવાનું કારણ ચંદ્ર અને ચંદ્રગ્રહણનું કારણ પૃથ્વી.

(સૂર્ય સિદ્ધાન્ત.)

(રાહુ શબ્દ જુઓ)

ગ્રામણિ. એક ગંધર્વ (૧૧ ઋષભ શબ્દ જુઓ).

ગ્રામદ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

ગ્રામ્યાયનિ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

—:o:—

ઘ

ઘટસૃંજય. ભારતવર્ષીય દેશ (**ભા૨૦ ભી૦મ૦ અ૦ ૯**)

ઘંટાકર્ણ. શિવગણ વિશેષ. એ શિવના નામ શિવાય અને એના ગુણાનુવાદ શિવાય બીજું કાંઇ સંભળાય નહિ, માટે નિરંતર કાનમાં ઘંટ બાંધી રાખતો, માટે એનું આવું નામ પડ્યું છે.

ઘટેશ. મંગળનો પુત્ર.

ઘંટેશ્વર. ભારતવર્ષી તીર્થ.

ઘટોત્કચ. હિડિંબા રાક્ષસીની કુખે પાંડુપુત્ર ભીમસેનથી જન્મેલો પુત્ર. એ જન્મ્યો ત્યારે એનું માથું મોટું ઘડા જેવડું અને બિલકુલ વાળ વગરનું હોવાથી એનું આ નામ પડેલું છે. એનાં માબાપને લઇને એનાં ભૈમ્ય, ભૈમસેનિ, હૈડિંબ, હૈડિંબેય, એવાં બીજાં નામ છે. (**ભા૧૦આવિ૦અ૦૧૫૫**)

એ જન્મીને સહેજ મોટો થયો એટલે હિડિંબા એને લઇને કુંતી પાસે આવી, અને બધા પાંડવોને આ પુત્ર બતાવ્યો. ઘટોત્કચનું લગ્ન થયું હતું, પણ એની સ્ત્રીનું નામ મળતું નથી. એને અંજનપર્વા અને મેઘવર્ણ નામના બે પુત્ર હતા એટલું જણાય છે.

ઘટોત્કચ હમેશ પોતાની મા પાસે જ રહેતો. પાંડવો પાસે નહોતો રહેતો. એ મોટો થયો એટલે હિડિંબાએ એને ગુપ્ત થવાની, ગુપ્ત જાણવાની, મરજીમાં આવે ત્યારે અને મર-

જીમાં આવે તેવું સ્વરૂપ ધારણ કરવાની, એમ અનેક રાક્ષસી વિદ્યા શિખવી હતી. આ શિવાય કોઇપણ પોતાનું સ્મરણ કરે ત્યાં તત્કાળ પ્રકટ થવાની વિદ્યા એ શિખવી હતી. એક વખત જ્યારે પાંડવો વનવાસમાં હતા ત્યારે તીર્થયાત્રા કરતાં તેમને હિમાલયના ગંદમાદન શિખર ઉપર ચઢવાનો પ્રસંગ આવ્યો. ચઢતાં ચઢતાં, ભીમસેન શિવાય, દ્રૌપદી અને સઘળા પાંડવો તેમ જ બધા ઋષાપયો એટલા થાકી ગયા કે તેમનાથી એક ડગલું અગાડી ભરાય નહિ. ભીમસેને ધાર્યું હોત તો સઘળા પાંડવોને તો ઉપાડી શકત, પણ બધા ઋષિયો વગેરેને તેનાથી પણ ઉપાડાય તેમ નહોતું, તેથી ભીમસેને ઘટોત્કચને યાદ કર્યો. સંભારતાં જ તે ત્યાં તત્કાળ પ્રકટ થયો. અને બધાંને એક જ ખેપે ઉચકીને એક ક્ષણમાં પર્વત પર નરનારાયણના આશ્રમમાં મુકયાં ! (**ભા૨૦ વન૦ અ૦ ૧૪૫**).

ઘટોત્કચની બીજી ચમત્કારી વાત મળે છે કે, બળરામને વત્સલા નામે કન્યા હતી, એનું સગપણ અભિમન્યુ સાથે કર્યું હતું, પણ પાંડવો રાજ્યભ્રષ્ટ થયા એટલે દુર્યોધને પોતાના પુત્ર લક્ષ્મણ જોડે એનાં લગ્ન કરવાની ખટપટ કરી અને શકુની સાથે બળરામને કહેવરાવ્યું. બળરામે તે કબુલ કર્યું, એટલે મોટા ડાદમાડ સાથે જાન લઇને લક્ષ્મણને પરણાવવા દુર્યોધન દ્વારકા ગયો. આ સંધીમાં અભિમન્યુએ ઘટોત્કચને વાત કરી કે આ કન્યાનો વિવાહ તો મારી સાથે થયો હતો, પણ આવી ખટપટથી તે ફોક થઈ, દુર્યોધનને ત્યાં આ લગ્ન થાય છે. આ ઉપરથી ઘટોત્કચ અભિમન્યુને દ્વારકા લઈ ગયો અને કૃષ્ણની અનુમતિ લઇને કૌરવોની દુર્દશા કરી વત્સલાને અભિમન્યુ સાથે પરણાવી.(**જૈમિનિકૃત ભારત વનપર્વ**).

મહાભારતના યુદ્ધમાં એ પાંડવપક્ષે લઢયો હતો. એની આકૃતિ સ્વભાવિક જ ઘણી ભયંકર અને વિશાળ હતી. એના રથને આઠ પૈડાં રાખવાં પડતાં અને ખેંચવાને માટે સો ઘોડા જોડવા પડતા. એની ધ્વજા ઉપર ગીધ પક્ષીનું ચિત્ર હતું. યુદ્ધ સમયે એ પોતાના હાથમાં પૌલસ્ત્ય નામનું ધનુષ્ય ધારણ કરતો. વિરુપાક્ષ નામનો રાક્ષસ એનો સારથિ હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૩**).

ભીષ્મ રણમાં પડયા, દ્રોણાચાર્યે યુદ્ધનો આરંભ કર્યો, તેમાં જયદ્રથ મરણ પામ્યો એથી દુર્યોધનને ઘણો સંતાપ થયો, અને દ્રોણાચાર્ય સંબંધે કાંઈ વધતું ઓછું બોલ્યો. આ ઉપરથી દ્રોણાચાર્યે રાત્રિયુદ્ધનો પ્રસંગ ઉપસ્થિત કર્યો અને જબરું યુદ્ધ કર્યું. તેમાં કર્ણ જબરું યુદ્ધ કરતો હતો તે જોઇને અર્જુન કર્ણ ઉપર ધસવાની ચળવળ કરતો હતો. કૃષ્ણે અર્જુનને જતો રોકયો અને કહ્યું કે જ્યાં સુધી કર્ણની પાસે ઇંદ્રે આપેલી વાસવીશક્તિ છે ત્યાં સુધી તારે એની સામા થવું નિર્ભય નથી. માટે હું કહું છું તે સાંભળ. એમ કહીને એની પાસે ઘટોત્કચને બોલાવરાવ્યો. એ આવ્યો એટલે કૃષ્ણે કહ્યું કે કર્ણની જોડે તું જ યુદ્ધ કર. આ રાત્રિયુદ્ધ છે અને નિશાચર સ્વભાવ વડે એની સાથે યુદ્ધ કરવાનું તને બળ છે, એટલું બીજાને નથી.

કૃષ્ણની આજ્ઞા માન્ય કરીને ઘટોત્કચ તત્કાળ કર્ણની સામે ગયો, અને એવું વિલક્ષણ રીતે યુદ્ધ કર્યું કે કર્ણને લાગ્યું કે હવે મરવા વારો આવ્યો. હવે શું કરવું, આ શી રીતે મરે, એમ ધડભાંગ કરતો હતો. અલંબુષ નામના દુર્યોધન પક્ષના એક રાક્ષસને દુર્યોધને ઘટોત્કચની સાથે લઢવા પ્રેર્યો હતો. આ અલંબુષ બડો જબરો લડવૈયો હતો, છતાં ઘટોત્કચે એને મારી નાંખ્યો અને એનું માથું કાપી, પોતાના હાથમાં લઈ, દુર્યોધન સામે જઈ " **रिक्तपाणि न पश्येत् राजानम्** " કહીને આલંબુષનું માથું એની સામે મુકયું !

હવે કર્ણનું માથું લઇને આપની પાસે મળવા આવું છું, આવું બંગમાં કહીને પાછો ફર્યો. આ જ્યારે કર્ણે દીઠું અને સાંભળ્યું, ત્યારે તો એના મનમાં બિલકુલ શંકા રહી નહિ કે આ મને મારશે જ. આથી ભયના માર્યા એણે પોતાની પાસેની વાસવીશક્તિ ઘટોત્કચ ઉપર વાપરી.

આ મહાભયંકર શક્તિ કર્ણે ખાસ અર્જુનને મારવા માટે રાખી મુકી હતી. પણ ઘટોત્કચના પરાક્રમ વડે નિરુપાય થઇને વાપરવી પડી. ઘોરનાદ કરતી પોતા ઉપર આવતી શક્તિ જોઇને ઘટોત્કચને લાગ્યું કે હવે આનાથી ઉગરાય એમ નથી. તેથી પોતે પોતાનું શરીર પર્વત જેવડું મોટું કરી દીધું, અને પાંડવોનું હિત મનમાં ધારી, કૌરવોની સેના ઉપર પડી, પડતાં પડતાં કૌરવ સેનાના મોટા ભાગને કચરી નાંખ્યો. શક્તિ જેવી એના વક્ષસ્થળને વાગી કે એણે પ્રાણ તજ્યા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૭૪–૧૭૯**).

ઘટોદર. રાવણ પક્ષનો એક પુરાતન રાક્ષસ. (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૨૭**).

ઘન. લંકાનો બીજો એક નામાંકિત રાક્ષસ. (**વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૬**).

ઘર્ઘર. ભારતવર્ષીય એક નદ.

ઘૃણિ. સ્વાયંભૂ મન્વન્તરના છ મરીચિ પુત્રમાંનો એક. (૧. ઊર્ણા શબ્દ જુઓ).

ઘૃતકૌશિક. એક ઋષિ અને તેનું કુળ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ઘૃતચ્યુતા. કુશદ્વીપમાંની મહાનદી.

ઘૃતપૃષ્ઠ. પ્રિયવ્રત રાજાના દસ પુત્રોમાંનો છઠ્ઠો. ક્ષીરોદથી વિટાયલા ક્રૌંચદ્વીપનો એ અધિપતિ હતો. એણે પોતાના દ્વીપના આમ, મધુસહ, મેઘપૃષ્ઠ, સુધામા, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ અને વનસ્પતિ એવા સાત ભાગ કરીને પોતાના સાત પુત્રોને, તે તે પુત્રનું નામ જ તે તે ભાગને આપીને, વહેંચી આપ્યા હતા. (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧**).

ઘૃતવતી. ભારતવર્ષીય નદી. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

ઘૃતાચી. કશ્યપની સ્ત્રી પ્રાધાને પેટે જન્મેલી અપ્સરામાંની એક. દર માહ મહિનામાં સંચાર કરનાર સૂર્યની જોડે એ હોય છે. (તપા શબ્દ જુઓ).

ઘૃતોદ. પૃથ્વીપર જે સપ્ત મહાસમુદ્ર છે તેમાંનો એક. એ કુશદ્વીપને વિંટાયલો હોઇ તેની પછી વર્તુળાકાર ક્રૌંચદ્વીપ આવે છે. (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧**).

ઘોર. વૈવસ્વત મન્વન્તરના અંગિરા ઋષિના આઠ પુત્રમાંનો એક. (૩ અંગિરા શબ્દ જુઓ).

ઘોર (૨). લંકાનો એક રાક્ષસ. (**વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૫૪**).

ઘોરકલ્પ. (૪ કલ્પ શબ્દ જુઓ). ચાલુ ચાક્ષમાસમાં પચ્ચીસમો દિવસ અથવા કલ્પ થઈ ગયો તે. આ કલ્પની રાત્ર સમાપ્ત થવાની સંધીમાં મત્સ્યાવતાર થયો હતો. પછી જે દિવસ (કલ્પ) થયો તે વારાહકલ્પ. એ હજુ ચાલે છે.

ઘોષ. વૈવસ્વત મન્વન્તરના ધર્મ ઋષિને લંબા નામની સ્ત્રીને પેટે થએલો એ નામનો પુત્ર.

ચ.

ચક. કુશદ્વીપમાં આવેલા સાત પર્વતોમાંનો એક. (કુશદ્વીપ શબ્દ જુઓ).

ચક (૨). ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ ભીષ્મ અ૦ ૯**).

ચક (૩). લંકાનો રાવણ પક્ષનો એ નામનો રાક્ષસ. (**વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૬**).

ચક્રક. વિશ્વામિત્રના પુત્રોમાંનો એક. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ચક્રંત્નુ. કપિલમુનીનું બીજું નામ. (૧ કપિલ શબ્દ જુઓ).

ચક્રધર્મા. એક વિદ્યાધર.

ચક્રમાલી. રાવણના સચિવોમાંનો એક.

ચક્રવાક. ભારતવર્ષીય એક તીર્થ વિશેષ.

ચક્રવાન્. ભારતવર્ષની પશ્ચિમ દિશામાં આવેલો એક પર્વત.

ચક્રવ્યૂહ. સૈન્ય રચનાનો એક ભેદ વિશેષ.

ચક્રાતય. ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

ચક્રાયણ. ઉપસ્ત ઋષિના પિતા.

ચક્રી. બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ચક્રી (૨). ચક્ર ધારણ કરનાર વિષ્ણુ.

ચંચલા. ભારતવર્ષીય ભરતખંડસ્થ નદી. (ઋષ્યવાન શબ્દ જુઓ.)

ચંચુલિ. એક ઋષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

ચંડ. શિવના રુદ્રગણમાંનો એક. એને ચંઢી, ચંગીશ, ચંડેશ્વર, ચંડઘંટ ઇ. બીજાં નામ છે. શિવની આજ્ઞાથી દક્ષના યજ્ઞભંગ કાળે પૂષા નામના ઋત્વિજને આણે બાંધ્યો હતો. (**ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૫**).

ચંડ (૨). આઠ ભૈરવમાંનો એક.

ચંડ (૩). વિષ્ણુના પાર્ષદગણમાંનો એક.

ચંડ (૪). પ્રલયમેઘમાંનો ચોથો મેઘ.

ચંડ (૫). મુંડનો મોટો ભાઈ. એક અસુર (ચંડ મુંડ શબ્દ જુઓ).

ચંડ (૬). રામની સેનાનો એક વાનર. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૨૬**).

ચંડકૌશિક. એક બ્રહ્મર્ષિ. એના પ્રસાદથી બૃહદ્રથ રાજાને જરાસંધ નામે પુત્ર થયો હતો. (બૃહદ્રથ શબ્દ જુઓ).

ચંડભટ. રામની સેનામાંથી કુંભકર્ણે મારેલો એક નામાંકિત વાનર.

ચંડભાર્ગવ. ચ્યવનભાર્ગવના વંશનો એક ઋષિ. જનમેજયના સર્પસત્રમાં એ હોતા નામનો ઋત્વિજ બન્યો હતો. (૬ જનમેજય શબ્દ જુઓ).

ચંડમુંડ. આ બે જણા–ચંડ અને મુંડ–ભાઇઓ હતા. એઓ અને શુંભ અને નિશુંભ કાલિકાને હાથે મરણ પામ્યા હતા. (શુંભ નિશુંભ શબ્દ જુઓ).

ચંડાશ્વ. સૂર્યવંશી કુવલાશ્વનું બીજું નામ.

ચંડિકા. પાર્વતી.

ચંડી. પાર્વતી.

ચંડી (૨). ઉદ્દાલક ઋષિની સ્ત્રી. (૧ ઉદ્દાલક શબ્દ જુઓ)

ચંડોદરી. અશોક વનમાંની એક રાક્ષસી. (**વા૦ રા૦ સુંદર૦ સ૦ ૨૪**).

ચતુરંગ. સોમવંશી અનુકુલોત્પન્ન ચિત્રરથ અથવા રોમપાદ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ. પૃથુલાક્ષ.

ચતુરસ્ય. એક રાજર્ષિ. એના નામ સિવાય વિશેષ હકીકત મળતી નથી.

ચતુર્મુખ. ચાર મુખ હોવાથી પડેલું બ્રહ્માનું નામ. ઘણાનાંએ આવાં અર્થવચ્છદ નામો હોય છે, પણ તે આ ગ્રંથમાં લીધાં નથી.

ચતુશૃંગ. કુશદ્વીપનો એક પર્વત (કુશદ્વીપ જુઓ).

ચંદનાવતી. કુલદ દેશની રાજધાની. (૧ ચંદ્રહાસ શબ્દ જુઓ.

ચંદ્ર. એકડો, બગડો અને તગડાની સંજ્ઞાવાળા સોમ શબ્દ જુઓ.

ચંદ્ર (૨). કશ્યપની સ્ત્રી દનુના પુત્રોમાંનો એક. (દનુ શબ્દ જુઓ).

ચંદ્ર (૩). સૂર્યવંશ ઇક્ષ્વાકુકુળોત્પન્ન વિશ્વગ રાજાના પુત્ર ધૃંદુનું બીજું નામ.

ચંદ્ર (૪). સૂર્યવંશ ઇક્ષ્વાકુકુળોત્પન્ન કુશવંશના અનીહરાજાના સહસ્રાશ્વ નામના બીજા પુત્રના કુળમાં જન્મેલા ભાનુ રાજાનો પુત્ર. એને શ્રુતાયુ નામનો પુત્ર હતો.

ચંદ્ર (૫). સમુદ્રમંથન કાળે નિકળેલાં ચૌદ રત્નોમાંનું એક, જેને મહાદેવે પોતાના મસ્તકે ધારણ કર્યો છે તે.

ચંદ્ર (૬). દાશરથિ રામના સુત્ર નામના મંત્રીના પુત્રોમાંનો એક. (કુશીલવ શબ્દ જુઓ).

ચંદ્ર (૭). સત્યાને પેટે કૃષ્ણથી થએલા પુત્રોમાંનો એક.

ચંદ્રકાંત. યાજ્ઞવલ્ક્ય ઋષિનો પુત્ર. એ પોતે, મહામેઘ અને વિજય નામના એના બે ભાઇઓ અને ચૌદ હજાર શિષ્યો મહાદેવના શાપથી રાક્ષસયોનિને પ્રાપ્ત થયા હતા. રાક્ષસ યોનિ પ્રાપ્ત થયા પછી એ ત્રણે ભાઇઓ ખર, દૂષણ અને ત્રિશિરા એ નામના રાક્ષસો તરીકે પ્રખ્યાત હતા. ખર એ આ ચંદ્રકાન્ત જ હતો. (**વા૦ રા૦ અર૦ સ૦ ૧૯**).

ચંદ્રકાંત (૨). પૂર્વે કારુપથ દેશના ઉત્તર ભાગમાં આવેલું ચંદ્રકેતુ રાજાનું નગર. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૦૨**). એનું બીજું નામ ધનરત્ન પણ હતું.

ચંદ્રકેતુ. દશરથના પુત્ર લક્ષ્મણના બે પુત્રોમાંનો બીજો. એનું બીજું નામ ચિત્રકેતુ હતું, અને તે ચંદ્રકાન્ત નગરમાં રહેતો.

ચંદ્રકેતુ (૨). અભિમન્યુએ મારેલો દુર્યોધન પક્ષનો એક એ નામનો રાજા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૪૮**).

ચંદ્રકેતુ (૩). હંસધ્વજ રાજાનો ભાઈ.

ચંદ્રગિરિ. સૂર્યવંશ ઇક્ષ્વાકુકુળોત્પન્ન તારાપીડ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ભાનુ હતું.

ચંદ્રચિત્ર. ભારતવર્ષીય દેશ. (**વા૦ રા૦ કિષ્કિંધા૦ સ૦ ૪૨**).

ચંદ્રદેવ. યુધિષ્ઠિરનો ચક્રરક્ષક. એ પાંચાળ હતો અને એને કર્ણે માર્યો હતો. (**ભા૨૦ કર્ણ૦ અ૦ ૪૨**).

ચંદ્રદેવ (૨). અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો રાજા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૭**).

ચંદ્રપ્રભ. મેરુ પર્વત ઉપરનું એક સરોવર. એમાંથી જંબુ નદી નિકળે છે.

ચંદ્રપ્રભ (૨). હિમાલયના શિખરપર રહેનારા મણિભદ્ર નામના યક્ષનું બીજું નામ. એ શિખર કૈલાસ શિખરની ઇશાનમાં આવેલું છે.

ચંદ્રપ્રભ (૩). શરવનમાં જવાથી સ્ત્રીત્વ પામેલા ઇલિ રાજાના ઘોડાનું નામ.

ચંદ્રપ્રદર્શન. સિંહિકાપુત્ર (૧ સૈંહિકેય શબ્દ જુઓ).

ચંદ્રભાગા. ભારતવર્ષીય ભરતખંડની નદી. (૨ હિમાલય શબ્દ જુઓ).

ચંદ્રભાગા (૨). ભીમા નદીનું બીજું નામ.

ચંદ્રભાગા (૩). નર્મદા સંબંધી તીર્થ વિશેષ.

ચંદ્રભાનુ. કૃષ્ણને સત્યભામાની કુખે થએલા પુત્રોમાંનો એક.

ચંદ્રમસતીર્થ. ભારતવર્ષીય તીર્થ.

ચંદ્રમા. ભારતવર્ષીય નદી.

ચંદ્રમા (૨). દક્ષિણ સમુદ્ર તીરે રહેનારો એ નામનો એક ઋષિ. (સંપાતિ શબ્દ જુઓ).

ચંદ્રવતી. દસ પ્રચેતાને મારીષાને પેટે થએલી કન્યા. પ્રાચેતસ દક્ષની બહેન.

ચંદ્રવતી (૨). એક નદી.

ચંદ્રવર્મા. ભારતના યુદ્ધમાં આવેલો કાંબોજ દેશનો સામાન્ય રાજા. (**ભા૨૦ આદિ૦ અ૦ ૬૭**).

ચંદ્રવશા. ભારતવર્ષીય નદી.

ચંદ્રવાહ. કકુત્સ રાજાનું બીજું નામ.

ચંદ્રશુક્ર-ચંદ્રશુક્લ. આઠ ઉપદ્વીપોમાંનો એક. (અષ્ટ ઉપદ્વીપ શબ્દ જુઓ).

ચંદ્રસેન. સિંહલદ્વીપનો રાજા. બગડાની સંજ્ઞાવાળી મંદોદરીનો પિતા.

ચંદ્રસેન (૨). ભારતયુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એક રાજા. (**ભા૦ ઉદ્યો૦ અ૦ ૧૭૧**).

ચંદ્રસેન (૩). પાંડવ પક્ષનો એક રાજા. એના રથના અશ્વો ચંદ્રના જેવા વર્ણના હતા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૩**). એને રાત્રિ યુદ્ધમાં અશ્વત્થામાએ માર્યો હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૫૬**).

ચંદ્રસેન (૪) હંસધ્વજ રાજાનો ભાઈ.

ચંદ્રસેના. એક અસુર સ્ત્રી.

ચંદ્રહર્તા. સિંહિકાપુત્ર. (૧ સૈંહિકેય શબ્દ જુઓ).

ચંદ્રહાસ. કેરળના સુધાર્મિક નામના રાજાનો પુત્ર. એ રૂપે ઘણો સુંદર, સર્વ સુલક્ષણો હતો. પરંતુ એનો જન્મ મૂળનક્ષત્રમાં થયો હતો અને એના ડાબા પગને છઠ્ઠી આંગળી હતી; તેમ જ એનો જન્મ થતાં જ, એના

પિતાને શત્રુઓએ મારી નાંખ્યો હતો. એની માતાએ પિતાની જોડે સહગમન કર્યું, એટલે સતી થઈ બળી મુઇ હતી. આમ થવાથી એ નિરાશ્રિત થઇ ગયો હતો. પણ એની ધાવ બહુ દયાળુ હોવાથી એ એને કૈાંતલકા પુરીમાં લઇ ગઇ. અને ત્યાં લોકોને ઘેર દળણાં ખાંપણાં કરી એનું અને પોતાનું પેટ ભરતી હતી. આમ ઘણો કાળ જતાં જાણે દૈવને એને આટલું એ સુખ મળે એ ન ગમતું હોય એમ એની ધાવનું અકસ્માત મૃત્યુ થયું. પછી એના કષ્ટનું શું પૂછવું ! એ બિચારો ગરીબ થઇને શહેરમાં ફર્યા કરે. કોઇ કાંઇ આપે તે ખાય અને ગમે ત્યાં પડી રહે.

એ શહેરમાં આવી રીતે ગુજારો કરતો હતો તેવામાં ધૃષ્ટબુદ્ધિ નામના ત્યાંના પ્રધાનને ત્યાં એક દિવસ બ્રહ્મભોજન થતું હતું, ત્યાં અન્ન માગવા ગયો. ભોજનની વ્યવસ્થા કરનારાએ એને જમવા સારુ ત્યાં રાખ્યો. બ્રહ્મભોજન પુરું થતાં બ્રાહ્મણો દક્ષિણા અને પાનસોપારી લઇને વિદાય થયા, તે વખતે તેમણે ધૃષ્ટબુદ્ધિને આશીર્વાદ આપ્યો અને કહ્યું કે આ અનાથ છોકરાનું પાલન કર. એથી તારું કલ્યાણ થશે. શી રીતે, એમ જો પુછતો હોય તો સાંભળ. આ છોકરો અગાડી જતાં તારો સ્વામી–ઉપરી થવાનો છે. બ્રાહ્મણો આમ કહીને ગયા. ધૃષ્ટબુદ્ધિને આ અનાથ બાળક પર પ્રીતિ ઉત્પન્ન થવી જોઇતી હતી, તે તો એક કારણે રહ્યું, પણ એના દુર્દૈવને લીધે એના મનમાં આ બાળક પર દ્વેષ ઉત્પન્ન થયો. એણે તરત જ ચાણ્ડાલોને બોલાવી આ છોકરાને અરણ્યમાં લઇ જઇને મારી નાંખવાની આજ્ઞા કરી. હુકમ પ્રમાણે એ લોકો આ છોકરાને (ચંદ્રહાસને) અરણ્યમાં લઇ ગયા અને મારવાની અણીપર હતા, તેવામાં એણે વિષ્ણુ પરમાત્માની સ્તુતિ આરંભી. એ ઉપરથી અને છોકરાનું સુંદર રુપ જોઇને દયા ઉપજી એટલે એમણે એની છટ્ટી આંગળી કાપી લીધી. અને છોડી મુકયો. શહેરમાં આવી ધૃષ્ટબુદ્ધિને કાપેલી આંગળી બતાવીને એને માર્યો એવો દેખાવ કરી પોતપોતાને ઘેર ગયા. ધૃષ્ટબુદ્ધિને પણ સંતોષ થયો અને એ સ્વસ્થતાથી જિવન ગાળવા લાગ્યો.

અહીં ચંદ્રહાસ, છટ્ટી આંગળી કપાયાની વેદનાથી વ્યાકુળ બનીને વગડામાં રખડે છે. એની અપશકુનિયાળ છટ્ટી આંગળી જવાથી એનું નશીબ ઉઘડ્યું. એવું બન્યુ કે કુલિંદ દેશાધિપતિ ત્યાં એકાએક આવી ચડયો. એને સંતતિ નહોતી. રાજાએ ચંદ્રહાસને દીઠો. અને એના મનમાં આવ્યું કે પરમેશ્વરે જ મને આ બાળક આપ્યું. એમ સમજી ચંદ્રહાસને પોતાની જોડે લઇ જઇ ચંદનાવતીમાં પોતાની મેધાવિની નામની સ્ત્રીને સ્વાધીન કર્યો. આથી એને પણ બહુ આનંદ થયો જોઇને રાજાએ એના બધા સંસ્કાર કર્યા. અને એનું નામ ચંદ્રહાસ પાડયું. એ મોટો થયો એટલે એને જનોઇ પણ દીધું. આગળ જતાં વેદ-વેદાંગ, ધનુર્વિદ્યા વગેરેમાં એ એવો પ્રવીણ થયો કે એણે આજુબાજુના પ્રદેશ જિતીને કુલિંદની ચંદનાવતી નગરીને સધન કરી. ?'

આ પરથી લાગ્યું કે એ રાજ્ય ચલાવા શકશે તેથી એને રાજ્યાભિષેક કર્યો

કુલિંદ રાજા કૈાંતલક રાજાને પ્રતિવર્ષ ખંડણી આપતો હતો. એટલે રાજાએ ચંદ્રહાસને કહ્યું કે ખંડણી ભરવાનો સમય આવ્યો છે, સબબ ત્યાં કર મોકલ. આ ઉપરથી ચંદ્રહાસે નિયમિત કર અને વિશેષમાં કાંઇ રત્નો, વસ્ત્રાલંકાર વગેરે લઇને સેવકોને મોકલ્યા. સેવકો એ બધું લઇને કૈાંતલકાપુરીમાં ધૃષ્ટબુદ્ધિ પાસે આવ્યા. અને કહેવા લાગ્યા કે અમારા ચંદ્રહાસ રાજાએ વાર્ષીક ખંડણી મોકલી છે તે લઇ અમને જવાની આજ્ઞા આપવા કૃપા કરો. એ સાંભળી ધૃષ્ટબુદ્ધિએ પુછ્યું એ ચંદ્રહાસ કોણ છે ? આ ઉપરથી એમણે બધી હકીકત સાદ્યંત કહી. એણે મોકલેલી ખંડણી વગેરે જોઇને એને ચંદ્રહા-

સને જોવાનું મન થયું. અને પોતાના પુત્ર મદનને રાજકાર્ય કરવાનું સોંપી પોતે ચંદનાવતીમાં આવ્યો.

' ધૃષ્ટબુદ્ધિ મને મળવા આવ્યો છે એમ જાણી કુલિંદરાજા ચંદ્રહાસને લઇને સામૈયે ગયો અને એને નગરમાં આણીને ઉત્તમ પ્રકારે આદર સત્કાર કર્યો. ભોજન વગેરે થયા બાદ વાર્ત્તાલાપ કરતાં ધૃષ્ટબુદ્ધિએ કુલિંદ રાજાને પુછ્યું કે આ પુત્ર તમને કયારે થયો ? આ સંબંધે અમને તો કશું કહ્યું એ નથી, એ શું ? કુલિંદરાજા કહે મારે ત્યાં પુત્રાગમન થાય તો મારે તમને જણાવવું જોઇએ એ ખરું, પણ એમ થયું નથી. આ પુત્ર મને અરણ્યમાંથી મળ્યો છે, માટે જણાવ્યું નહોતું. આ પરથી ધૃષ્ટબુદ્ધિએ તર્ક કર્યો કે ચાણ્ડાલની જોડે અરણ્યમાં મારવા મોકલ્યો હતો તે જ આ હશે. પછી એ ક્ષણભર સ્તબ્ધ થઇ ગયો. વિચારમાં પડી ગયો કે હવે શું કરવું ? બ્રાહ્મણોની વાણી પ્રમાણે બનશે તો મારા બન્ને પુત્રો–મદન અને અમલ એમનું શ્રેય નહિ થાય. માટે આને તો વિષ દઇને મારવો એ જ સારું છે. પછી બહારથી ઘણો હર્ષ બતાવી કુલિંદ રાજાને કહ્યું, રાજા, તમારા પુત્રને જોઇ મને ઘણો હર્ષ થાય છે. એ સુખે આનંદ કરો. પણ મારે કૈાંતલકાપુરીમાં એક ઘણું ગુપ્ત કામ છે. તે સારુ એને ત્યાં મોકલવો એમ મારા મનમાં છે. મને કાર્ય કરવા એ જ યોગ્ય લાગે છે. માટે તમે અનુમોદન આપો. કુલદે હા કહી, એટલે ધૃષ્ટબુદ્ધિએ પોતાના પુત્ર મદન ઉપર એક પત્ર લખી, તેને મહોર કરી ચંદ્રહાસને આપ્યો અને કહ્યું કે અવિલંબિત કૈાંતલકાપુરી જઇ મારા પુત્ર મદનને પત્ર આપવો. પત્રમાં પોતાના પુત્ર મદન પ્રતિ લખ્યું હતું કે, ' આને વિષ આપતાં બિલકુલ વાર કરવી નહિ. મારી વાટે જોવી નહિ.' કેટલાક સેવક સાથે લઇને ચંદ્રહાસ નિકળ્યો તે કેટલેક દિવસે કૈાંતલકાપુરી પહોંચ્યો. અપોર થવા આવ્યા હતા એટલે નગર બહાર એક વાડીમાં ઉતર્યો. સ્નાન સંધ્યા કરી ઉપાહારથી પરવારી, થાકેલો હોવાથી ક્ષણભર સુતો. સેવકો પણ પોતપોતાની યોગ્યતાનુકુળ જગાએ સુઇ ગયા. બધા થાકને લીધે ગાઢ નિદ્રામાં પડયા.

અહીં ચંદ્રહાસ અને સેવકો શ્રમને લીધે નિદ્રામાં પડયા છે, તે વખત રાજાની કન્યા ચંપકમાલિની–પોતાની કેટલીક સખીઓ અને ધૃષ્ટબુદ્ધિ પ્રધાનની કન્યા વિષયાને સાથે લઇને બાગમાં ફુલ વિણવાની ગમ્મત કરવા આવી. ચંપકમાલિનીએ તો ચંદ્રહાસને દીઠો નહિ, પણ માત્ર વિષયાની દૃષ્ટિ એના ઉપર પડી અને એ એના સૌંદર્યપર લુબ્ધ થઇ ગઇ. ચંદ્રહાસ તરફ ધારી ધારીને જોતાં એના વસ્ત્રમાંથી સ્હેજ બહાર નિકળેલો કાગળ એણે દીઠો. બહુ જ સંભાળપૂર્વક અને ધીરેથી પાસે જઇને જોતાં કાગળ ઉપર પોતાના પિતાની મહોર દીઠી. સ્ત્રી જાતિ અને નાની ઉમ્મર: એ પત્રમાં શું લખ્યું હશે એ જાણવાની ઘણી ઉત્કંઠા થઈ. એણે બહુ જ સાવધાનીથી કાગળ ખેંચી લીધો અને ઘણી સફાઇથી ફોડયો. પરંતુ પોતાના પિતાએ પોતાના ભાઇ મદન ઉપર લખ્યું હતું કે " **विषमस्मै प्रदातव्यं** " એ જોઇને અચમ્બામાં પડી. એણે ધાર્યું કે આશું ? આમાં શરતચૂક થઇ છે. આવા સુંદર તરુણને તે વિષ શું કરવા આપે ? પછી પોતે ઝાડનો રસ કાઢી પોતાની આંખના કાજળને સહજ મેળવી, પિતાએ જે લખ્યું હતું તેમાં ફેરફાર કર્યો. એક એ કાના અને અવગ્રહ વધારીને અને અનુસ્વાર છેદીને પિતાએ લખેલા વાક્યનો અર્થ પોતાની બુદ્ધિ અને રુચિને અનુસરતો કર્યો." **विषयाऽस्मै प्रदातव्या** " એમ કરી કાગળ ફરી બીડી હતો ત્યાં ચંદ્રહાસના પહેરેલાં લૂગડાંમાં સાવધાનીથી મુકી પોતે ત્યાંથી ખશી ગઇ. સખીઓ સહિત રાજકન્યા બાગમાંથી

પાછાં ગયાં તેની જોડે જઈ, રાજભવનમાં કુંવરીને પહોંચાડી, પોતે પોતાને ઘેર ગઈ.

રાજકન્યા અને પ્રધાન કન્યાના ગયા પછી ઘણી વારે ચંદ્રહાસ સજ્જનગરુ થયો અને જુએ છે તો દહાડો આથમવા આવ્યો છે. પછી ઉતાવળથી ઘોડે બેશી પોતે પ્રધાનને મંદિરે ગયો અને તેના પુત્ર મદનને પત્ર આપ્યો. મદને સત્કારપૂર્વક પત્ર લઈને વાંચ્યો તો તેમાં ચંદ્રહાસને વિષયા આપવી એવું લખેલું જોઈને એને આનંદ થયો. એણે તરત બ્રાહ્મણોને બોલાવ્યા. તરત મુહુર્ત જોવડાવ્યું અને પિતાના લખ્યા પ્રમાણે પોતાની બહેન વિષયા વિવાહવિધિ કરી ચંદ્રહાસને આપી.

અહીં આમ લગ્ન સમારંભ અને આનંદ થઈ રહ્યો હતો, તે વખત ચંદનાવતીમાં શું થયું તે જોઈએ. ધૃષ્ટબુદ્ધિ સ્વભાવતઃ પરમ દુષ્ટ, મત્સરી, નિર્દય અને ઈશ્વરભક્તિહીન હતો. જેવો ચંદ્રહાસને કૈંતલકાપુરી મોકલ્યો કે કુલિંદ રાજાને એણે કારાગૃહમાં નાંખ્યો. એનું અને એની પ્રજાનું સર્વસ્વ હરણ કરી લીધું. એટલું જ નહિ પણ પરાકાષ્ટાનો ત્રાસ વર્તાવ્યો. કુલિંદ નાસી જાય નહિ એવો બંદોબસ્ત કરી, બધું દ્રવ્ય લઈ પોતે પાછો પોતાની કૈંતલકાપુરી આવવા નિકળ્યો. એણે ધાર્યું કે ચન્દ્રહાસ મરણ પામ્યો હશે. અહીં વિવાહ પૂરો થયો એટલે બ્રાહ્મણ, સરવણ, માગણ વગેરે આવેલા તે પોતપોતાને ઘેર જતા હતા. ધૃષ્ટબુદ્ધિ નગરીની પાસે આવતાં બધા એને સામા મળ્યા. બધાએ એને ઓળખ્યો, આશીર્વાદ આપ્યા અને તમારા પુત્રે વિવાહ બહુ ધામધુમથી કર્યો. જમાઇ પણ બહુ જ ઉત્તમ મળ્યો, એ પણ કહ્યું. આ સાંળળી ધૃષ્ટબુદ્ધિ વિસ્મય થયો કે આ શું કહે છે. એમ સંતાપ કરતો પોતાને મંદિર પહોંચ્યો. આવતાં જ મદનને ગુસ્સે થઈને કહ્યું કે મૂર્ખ તેં આ શું કર્યું? મદનને લાગ્યું કે પિતા કાંઈ ગાંડા તો નથી થયા. એણે કહ્યું મેં આપની આજ્ઞા પ્રમાણે જ કર્યું છે. એમ કહીને મદને એના હાથમાં એનો પત્ર આપ્યો. એ જોઈને કપાળે હાથ મુકીને બોલ્યો કે બ્રહ્મલિખિત આગળ કોઇનો ઉપાય નથી. મદન ઉપરનો ગુસ્સો કાઢી નાંખ્યો, શાંત થયો અને વિવાહ થવાને માટે બહારથી બહુ આનંદ પ્રદર્શિત કર્યો.

પછી ધૃષ્ટબુદ્ધિએ એકાંતમાં વિચાર કર્યો કે કન્યાને વૈધવ્ય આવે તો ભલે, પણ આને તો મારી જ નાંખવો. પૂર્વે બોલાવેલા ચાંડાલોને એણે ફરી તેડાવ્યા અને કહ્યું કે તમે એકવાર મારી જોડે દગો કર્યો અને જુઠું બોલ્યા; પણ આ વખત તેમ ન કરતાં હું કહું તેને મારી નાંખશો તો ઘણું દ્રવ્ય મળશે. કોણ છે એની તમારે દરકાર કરવાની નથી. ગમે તે હોય. ગામ બહાર અંબિકાનું દેવાલય છે તેમાં જઈને બેસો અને જે પુરુષ રાત્રે અંદર પૂજા સારુ જાય તેને કાપી જ નાંખવો. કશું જોવું નહિ. એમ કહી તેમને વિદાય કર્યા. પછી ચંદ્રહાસને કહ્યું કે અમારા કુળનો રિવાજ છે કે વિવાહ થયા પછી જમાઇએ રાત્રે એકલા જઈને અંબિકાની પૂજા કરવી. માટે તમે આજ રાત્રે પૂજા કરવા જજો. તે ઉપરથી ચંદ્રહાસ રાત્રિ પડતાં અંબિકાપૂજન કરવા જવા નિકળ્યો.

બીજી તરફ એમ બન્યું કે તે દિવસે કાંઇ રાજસેવા સારુ પ્રધાનપુત્ર મદન રાજાની પાસે ગયો હતો. ત્યાં ગાલવ નામના પુરોહિતે રાજાને 'અરિષ્ટાધ્યાય' વાંચી સંભળાવ્યો. તે ઉપરથી રાજાના મનમાં આવ્યું કે મારો મરણ કાળ ઘણો પાસે આવ્યો છે. (વિષયાના વિવાહ સમયે રાજાએ ચંદ્રહાસને જોયો હતો, ત્યારથી એ એની નજરમાં ભાવી ગયો હતો.) રાજાને પુત્ર નહોતો એટલે એના મનમાં આવ્યું કે ચંદ્રહાસને ચંપકમાલિની પરણાવી તેને રાજસત્તા સોંપવી. એણે મદનને આજ્ઞા કરી કે તું જઈને ચંદ્રહાસને તુરતાતુરત મારી

હજૂરમાં મોકલ. મદન રાજમંદિરમાંથી નિકળીને પોતાને ત્યાં જતો હતો, તે વખત હાથમાં પૂજનો થાળ લઈને ચંદ્રહાસ દેવીની પૂજા સારૂ જતો હતો, તે સામો મળ્યો. રાજાની આજ્ઞાની વાત કહીને મદને એને ઉતાવળે રાજા પાસે મોકલ્યો અને પોતે પૂજનનું સાહિત્ય લઈને ઘેર ન જતાં, બારોબાર જ દેવીના મંદિરમાં ગયો. જેવો અંદર જાય છે કે પ્રથમથી છૂપાઇ રહેલા ચંડાળોએ પ્રધાનની આજ્ઞા પ્રમાણે એના તૂકડા કરી નાંખ્યા.

અહીં રાજાએ ચંદ્રહાસ જેવો આવ્યો કે કાંઇ મહુરત જોવા ન રહેતાં વિવાહ વિધીથી પોતાની કુંવરી ચંપકમાલિની આપી અને તેને અભિષેકપૂર્વક ગાદીપર બેસાડયો. પછી ધૃષ્ટબુદ્ધિને બોલાવીને કહ્યું કે તારી હવે અવસ્થા થઇ છે. આજથી આ તારો સ્વામી અને તારો પુત્ર મદન એનો પ્રધાન. તું હવે ઈશ્વર ધ્યાનમાં રોકા અને હું પણ અરણ્યમાં જાઉં છઉં. એમ કહી પોતે અરણ્યપ્રતિ ચાલતો થયો.

ચંદ્રહાસ કુંવરીને પરણ્યો, ગાદી ઉપર બેઠો, એ બધું જોઈને ધૃષ્ટબુદ્ધિને ખરાબ તો ઘણું બે લાગ્યું, પણ નિરુપાય. એણે નમ્રતાથી ચંદ્રહાસને પૂછ્યું કે આપ દેવીની પૂજા કરવા ગયા હતા કે નહિ? ચંદ્રહાસે જે થયું હતું તે એને કહ્યું. એ સાંભળીને ધૃષ્ટબુદ્ધિ ગભરાઈ ગયો. અને ઉતાવળથી દેવીને મંદિર ગયો. જુએ છે તો પુત્રનું મુડદું પડ્યું છે. અત્યંત સંતાપ અને શોકમાં એણે મંદિરના સ્તંભ ઉપર પોતાનું માથું પછાડીને પ્રાણ તજ્યા.

બીજે દિવસે પ્રાતઃકાળમાં કોઇ દેવીની પૂજા કરવા આવ્યું તેણે બન્નેનાં મુડદાં જોયાં. એણે ગામમાં આવી વાત કરી, ચંદ્રહાસને જાહેર કર્યું. ચંદ્રહાસ લાગલો જ દેવળમાં ગયો અને જુએ છે તો મદનના કડકે કડકા થઇ મરણ પામ્યો છે. એ તરત સમજ્યો કે ધૃષ્ટબુદ્ધિએ મારે માટે રચેલા કાવત્રાંનો ભોગ મદન થઇ ગયો છે. ધૃષ્ટબુદ્ધિની આ પાપબુદ્ધિ જાણ્યા છતાં પણ ચંદ્રહાસે મદનને જીવાડવાને દેવીની ઘણી સ્તુતિ કરી. દેવી પ્રસન્ન થતી નથી જોઇને પોતે પોતાનું માથું કાપવા તૈયાર થયો. તે ઉપરથી દેવીએ પ્રસન્ન થઇને કહ્યું કે તું આવડું સાહસ શું કરવા કરે છે? ધૃષ્ટબુદ્ધિ પોતાના દુરાચરણથી જ મરણ પામ્યો છે. ચંદ્રહાસ કહે એ ગમે તેમ હો, પણ મદનને જીવતો કરીને એને પણ જીવતો કરવો જ જોઇએ. કારણ મારા માથા ઉપર કાળીટીલી ચોંટે. એની પ્રાર્થનાથી બન્નેને જીવતા કરી દેવી ત્યાંથી અંતર્ધાન થઇ. ચંદ્રહાસ બન્નેને પોતાના મંદિરમાં લઇ ગયો, મદનને પ્રધાનપદ પર નિયત કર્યો અને ધૃષ્ટબુદ્ધિને ઘણી શિખામણ દઇ શાંત કરી ઘેર મોકલ્યો.

આ પ્રમાણે ચંદ્રહાસને રાજ્ય મળ્યું; વિષયા અને ચંપકમાલિની એમ બે સ્ત્રીઓ મળી. તેમની સાથે આનંદમાં દિવસ ગાળતો હતો. એણે તરત જ મંત્રીને ચંદનાવતી મોકલી કુલિંદ રાજાને ઘણા જ માનપુરસ્સર કૈંતલપુરીમાં તેડાવ્યો, અને એની આજ્ઞા પ્રમાણે વર્ત્તતાં સતાં ઉત્તમ પ્રકારે ત્રણસેં વર્ષ રાજ કર્યું. વિષયાથી એને મકરાક્ષ અને ચંપકમાલિનીને પેટે પદ્માક્ષ નામે બે પુત્રો થયા. પુત્રો પણ એના જેવા જ પરાક્રમી અને સુશીલ હતા.

એક વખત આ બન્ને પુત્રો નગર બહાર ગયા હતા તે વખત યુધિષ્ટિર રાજાએ અશ્વમેધ નિમિત્તે છૂટો મૂકેલો શ્યામકર્ણ ઘોડો ફરતો ફરતો કૈંતલકાપુરીમાં આવેલો એમણે જોયો. ઘોડાના કપાળમાં સુવર્ણપત્રમાં લખેલું વગેરે જોઇને એમને આશ્ચર્ય લાગ્યું અને પોતાના પિતાને આ વાત જણાવી. એ સાંભળતાં જ ચંદ્રહાસ કૃષ્ણાર્જુનને મળવા ગયો. એ અને કૃષ્ણ બન્નેએ વંદન કરીને પરસ્પર આલિંગન આપ્યાં. કૃષ્ણે અર્જુનને આજ્ઞા કરી

કે એમને નમન કરો. પણ અર્જુનના મનમાં એની સાથે યુદ્ધ કરવાની ઇચ્છા હતી; એથી એ એને વંદન કરે નહિ. ચંદ્રહાસ સમજી ગયો અને કહ્યું કે હું યુદ્ધ કરવા તૈયાર છું. પણ એથી તારા યજ્ઞમાં વિલંબ થશે. માટે શું કરવા એ ખટપટમાં પડે છે? આ ઉપરથી અર્જુને એને વંદન કર્યું. એણે પણ અર્જુનને વંદન કરીને આલિંગન દીધું. ચંદ્રહાસ બધાને પોતાના નગરમાં લઇ ગયો અને ત્રણ દિવસ સુધી મહેમાનગીરી કરી, ઘણું જ સન્માન કર્યું. એણે કૃષ્ણાર્જુનને અપાર દ્રવ્ય આપ્યું અને પોતે પુત્ર મકરાક્ષને રાજનું આધિપત્ય સોંપીને તેમની જોડે અશ્વરક્ષામાં સહાય સારુ તેમની જોડે ગયો. (**જૈમિ૦ અશ્વ૦ અ૦ ૫૦–૫૯**).

ચંદ્રહાસ (૨). રાવણને રુદ્રના પ્રસાદથી મળેલું એ નામનું ખડ્ગ. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૬**).

ચંદ્રા. દાનવ વૃષપર્વાની કન્યા. શર્મિષ્ટાની ભગિની.

ચંદ્રાદ્રિ. ક્ષીર સમુદ્ર તીરે આવેલો એક પર્વત.

ચંદ્રાવલોક. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના કુશાન્વયમાં જન્મેલા સહસ્રાશ્વ રાજાનો પુત્ર. એને તારાપીડ નામનો પુત્ર હતો.

ચંદ્રાંશુતાપન. એક દાનવ. (દનુ શબ્દ જુઓ).

ચંદ્રાશ્વ. સૂર્યવંશી કુવલાશ્વ પુત્ર ભદ્રાશ્વનું બીજું નામ.

ચંદ્રિકા. ભારતવર્ષીય નદી.

ચંપ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના હરિત અથવા વૃક રાજાનો પુત્ર. એને સુદેવ નામે પુત્ર હતો. એણે માલિની નગરીનું નામ ચંપા પાડ્યું કહેવાય છે, તે ખરું જણાતું નથી.

ચંપ (૨). અનુકુળના પૃથુલાક્ષ રાજાના ચાર પુત્રોમાનો કનિષ્ટ. એણે માલિની નગરીનું નામ ફેરવીને ચંપા નામ પાડ્યું હતું. દશરથ રાજાના મિત્ર રોમપાદ રાજાની પછી ચોથી પેઢીમાં એ થયો હતો. એટલે દશરથ અને રોમપાદના વખતમાં આ નગરીનું નામ ચંપા નહતું. ઉપર કહેલો સૂર્યવંશી ચંપ, દશરથ પૂર્વે ત્રીસમો પુરુષ હતો. માટે એ ચંપે નગરીનું નામ બદલ્યાનુ કહેવાય છે તે ખોટું છે.

ચંપક. એ નામનો એક ગંધર્વ.

ચંપકમાલિની. ચંપિકા શબ્દ જુઓ.

ચંપકમાલિની (૨). ચંદ્રહાસ રાજાની બે સ્ત્રીઓમાંની એક, નાની.

ચંપકા. હંસધ્વજ રાજાની નગરી.

ચંપા. અસુર સ્ત્રી ચંદ્રસેનાનું બીજું નામ.

ચંપા (૨). માલિની નગરીનું બગડાની સંજ્ઞાવાળા ચંપ રાજાએ પાડેલું નામ. એ અંગ? ની રાજધાની હતી. (**ભા૨૦ વન૦ અ૦ ૧૧૩**). પાંડવોના સમયમાં અહિં કર્ણ રાજ કરતો હતો. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૫**).

ચંપારણ્ય. ભારતવર્ષીય વન વિશેષ. ચંપા નગરીની પાસે હોવાથી આ નામ પડ્યું હશે એમ લાગે છે.

ચંપિકા. દાશરથિ રામના પુત્ર કુશની બે સ્ત્રીઓમાંની મોટી. એને ચંપકમાલિની આદિ–નવ કન્યા હતી.

ચમસ. ઋષભદેવના નવ બ્રહ્મનિષ્ટ પુત્રોમાંનો એક. (ઋષભદેવ શબ્દ જુઓ).

ચમસોદ્ભવ. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

ચમસોદ્ભેદન. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

ચરિષ્ણુ. હવે પછી થનાર આઠના સાવર્ણિ મનુના દસ પુત્રોમાંનો એક.

ચર્મકોટ. ભારતવર્ષીય તીર્થ.

ચર્મણ્વતી. ભારતવર્ષીય ભરતખંડસ્થ એક નદી. એ અપરકુંતિરાષ્ટ્રની દક્ષિણે હોઇને રંતિદેવ રાજાના યજ્ઞની અંદર મરણ પામેલાં પશુઓનાં ચામડાના ઢગલા થએલા તેમાંથી રક્ત પ્રવાહ નિકળીને બનેલી હતી. તેથી જ એનું આ નામ પડ્યું છે.

મહાનદી ચર્મરાશેરુત્ક્લેદાત્સસૃજે યતઃ।
ततश्चर्मण्वतीत्येवं विख्याता सा महानदी ૧૨૬
(**ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૯**).

હાલ તો એ નદી જલરુપ છે.

ચર્મમંડલ. ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

ચર્મવાન્. શકુનીના છ નાના ભાઇઓમાંનો એક. ભારતના યુદ્ધમાં એને ધરાવાને માર્યો હતો. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯૦**).

ચર્ષણી. દ્વાદશ આદિત્ય પૈકીના મિત્ર નામના આદિત્યની સ્ત્રી. વરુણ આદિત્યની નહિ, કાંકે મંત્ર "**મિત્રસ્ય ચર્ષણી**" એવો છે.

ચલકુંડલ. એક બ્રહ્મર્ષિ, (૩ ભૃગુ શબ્દ જુઓ).

ચલિક. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

ચક્ષુ. ભગવત્પદીના (ગંગાના) ચાર પ્રવાહોમાંનો પૂર્વ તરફનો પ્રવાહ. એ કેતુમાળ દેશમાં થઇને સમુદ્રને મળે છે.

ચક્ષુ (૨). સોમવંશી અનુરાજાના ત્રણ પુત્રોમાંનો બીજો.

ચક્ષુર્મનુ. ઉત્તાનપાદ વંશના સર્વતેજસ્ રાજર્ષિથી આકૂતી નામની ભાર્યાની કુખે થએલો પુત્ર. ચાલુ મન્વન્તરની અગાડી થએલા મન્વન્તરમાં થએલો છઠ્ઠો મનુ. (**ભાગ૦ સ્કં૦ અ૦ ૧૩ શ્લો૦ ૧૫**). એની સત્તાના સમયને ચાક્ષુષ મન્વન્તર એમ કહેલું છે. એ મન્વન્તરમાં ભૃગુ, સુધામા, વિરજ, સહિષ્ણુ, નાદ, વિવસ્વાન્, અને અતિનામા એ સપ્તર્ષિ; હવિષ્માન, વીરક્ત, ઇ૦ નામાન્તરે હતા. લેખ, ઋભ, ઋભુ, આદ્ય, વરિમૂલ, એવા આપ્યાદિક નામાન્તરવાળા પંચદેવ હતા. સ્વર્ગમાં મંત્રદ્રુમ નામનો ઇન્દ્ર હતો. વૈરાજઋષિથી સંભૂતી નામની ભાર્યાની કુખે અજિત્ નામે વિષ્ણુનો અવતાર થયો હતો. એણે કૂર્મરુપ ધારણ કરીને મંદરાચળ પર્વતને પોતાની પીઠ પર ધારણ કરી સમુદ્રમંથનથી દેવોને અમૃત પ્રાપ્ત કરી આપ્યું હતું. (**ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૫**). આ ઉપરથી સમજવાનું એ કે આ મન્વન્તરમાં કૂર્માવતાર થયો હતો. ચક્ષુર્મનુને નડ્વલા અથવા વીરિણી નામની સ્ત્રીથી પુરુ, કુત્સ, ત્રિત, દ્યુમ્ન, સત્યવાન્, ઋતવ્રત, અગ્નિષ્ટોમ, અતિરાત્ર, પ્રદ્યુમ્ન, શિબિ, અને ઉલ્મુક એમ અગિયાર પુત્ર થયા હતા. મત્સ્યપુરાણમાં દસ છોકરાનાં નામ રુરુ, પુરુ અથવા પુરુષ, શતદ્યુમ્ન, તપસ્વી, સત્યવાક, હવ્હિ, અગ્નિષ્ટુત, અતિરાત્ર, સુદ્યુમ્ન અને અભિમન્યુ એ પ્રમાણે આપેલાં છે.

ચાક્રાયણ. ઉપસ્ત ઋષિનું બીજું નામ.

ચાણૂર. કંસનો એક મલ્લ. ધનુર્યાગ નિમિત્તે કૃષ્ણ બળદેવને મથુરા આણ્યા હતા ત્યારે તેમને મારવાની સૂચના આપી ચાણૂરની સાથે મલ્લયુદ્ધ કરાવ્યું હતું, તેમાં કૃષ્ણે ચાણૂરને મારી નાંખ્યો હતો. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૪૪**).

ચાતકિ. એ નામનો એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

ચાંદ્રમસિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

ચાંધ્રિય. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

ચામુંડા. દેવી વિશેષ. આ કાલિકાનું નામ છે. (**દેવિભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૨૬**).

ચારુ.
ચારુગુપ્ત.
ચારુચંદ્ર.
} કૃષ્ણ અને રુકિમણીના પુત્રો.

ચારુચિત્રાંગદ. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

ચારુદેષ્ણ. રુકિમણી પુત્ર.

ચારુદેષ્ણ (૨). મદ્રદેશનો રાજપુત્ર. બગડાની સંજ્ઞાવાળી મદ્રોદરીનો પતિ.

ચારુદેહ. રુકિમણીનો પુત્ર.

ચારુધિ. મેરુકર્ણિકા પર્વતોમાંનો એક. એનું નામ જરુધિ એવું એ કહ્યું છે. (**દેવિભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૬**).

ચારુનેત્રા. પ્રાધાને પેટે જન્મેલી અપ્સરામાંની એક.

ચારુપદ. સોમવંશી પૂરુકુળોત્પન્ન નમસ્યુ રાજાનો પુત્ર. એના પુત્રનુ નામ સુદ્યુ.

ચારુમતી. કૃષ્ણ અને રુકમણીની પુત્રી. કૃત્વર્માની પુત્રવધુ–સ્નુષા.

ચારુમત્સ્ય. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

ચારુશીર્ષ. એક રાજર્ષિ–ઇન્દ્રનો પરમ મિત્ર. (**ભા૨૦ અનુશા૦ અ૦ ૧૮**).

ચાર્વાક. એક રાક્ષસ. એણે દુર્ઘટ તપ કરીને બ્રહ્મદેવને પ્રસન્ન કર્યા અને અમરત્વ માગ્યું. બ્રહ્માએ વર આપ્યો કે જ્યાં સુધી તારે

હાથે બ્રાહ્મણનું અપમાન નહિ થાય ત્યાં સુધી તું અમર રહીશ. એમ કહીને બ્રહ્મદેવ અંતર્ધાન થયા. ઘણા સમય સુધી એ બ્રહ્મદેવની આજ્ઞાનુસાર વર્ત્યો. પરંતુ દ્વાપરયુગને અંતે સઘળા કૌરવો મરણ પામ્યા અને વ્યાસની અનુમતિથી યુધિષ્ટિરને રાજ્યાભિષેક થયો તે ઉપર ઘણા ઋષિયો ત્યાં એકઠા થયા હતા. તે વખતે ચાર્વાક પણ ઋષિવેષ ધારણ કરીને ત્યાં ગયો હતો. અભિષેકનો સમારંભ ચાલુ થયો તે વખત એનું મૃત્યું પાસે આવ્યું હશે તેથી એનામાં દુર્બુદ્ધિ ઉત્પન્ન થઇ. અને એ બધા સમાજની અંદર યુધિષ્ટિરને કહેવા લાગ્યો કે કે આ રાજ્ય તેં સઘળાં સગાંને મારીને સંપાદન કર્યું છે, માટે આ રાજ્યવડે તું નરકમાં જઇશ. આવી વાણી સાંભળીને યુધિષ્ટિર બોલ્યા કે જો એમ હોય તો મારે આ રાજ્યપાટ ન જોઇએ. હું હાલ જ વનમાં ચાલ્યો જાઉં છું. એ સાંભળીને સઘળા ઋષિયોએ એમને આશ્વાસન આપ્યું કે આ તો મૂળે રાક્ષસ અને કપટ વેશધારી ઋષિ છે. એના ભાષણપર વિશ્વાસ ન રાખશો. અમારો સઘળાનો અભિપ્રાય એવો નથી. આમ બોલીને બ્રાહ્મણોએ એના ઉપર ફુંકાર છોડવાથી ચાર્વાક તત્કાળ બળીને ભસ્મ થઇ ગયો. (**ભા૨૦ શાંતિ અ૦ ૩૮–૩૯**)

ચાક્ષુષ. ચક્ષુર્મનુનો મન્વન્તર તે.

ચાક્ષુષ. (૨) સૂર્યવંશી દિષ્ટકુળોત્પન્ન ક્ષત્રિયરાજા નો પુત્ર. એના પુત્રનું નામ વિવિંશન્તિ.

ચાક્ષુષ. (૩). ઇન્દ્રસાવર્ણિ મન્વન્તરમાંની એક દેવજાતિ વિશેષ.

ચિકુર. આર્યક નાગનો પુત્ર. સુમુખ નાગનો પિતા

ચિત્તહાર્ય. દેવ વિશેષ. (સાધ્ય દેવ શબ્દ જુઓ.)

ચિતિ. સ્વાયંભૂ મન્વન્તરમાંના અથર્વણ ઋષિની બીજી સ્ત્રી.

ચિત્ર. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક, એને ભીમસેને માર્યો હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૩૭.**)

ચિત્ર (૨) કર્ણને હાથે મરાયલો એ નામનો એક પાંડવપક્ષનો રાજા (**ભા૨૦કર્ણ. અ૦ ૫૭**)

ચિત્રક. રાજસૂય યજ્ઞમાં પાંડવોને સહાય કરનાર એ નામનો એક રાજા.

ચિત્રક. (૨) ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૧૭**)

ચિત્રકૂટ. પ્રયાગથી દસ ક્રોશના અંતરે આવેલો એક સામાન્ય પર્વત. એના ઉત્તર ભાગમાં મંદાકિની નદી વહે છે. દાશરથિરામ વનવાસ જવાને નિકળ્યા તે ભરદ્વાજ ઋષિનાં દર્શન કરી અહીં આવ્યા અને ત્યાં લક્ષ્મણે પર્ણકુટિકા બાંધી તેમાં તેઓ સઘળાં સુખે રહેતાં હતાં. એક સમયે એક કાગડાએ સીતાને બહુ સંતાપ આપ્યો. તેની પીડા ટાળીને સ્વસ્થ બેઠા હતા, તેવામાં સૈન્ય સહિત ભરતને આવતો દીઠો. એ શું કરવા આવ્યો હશે એ વિચાર કરતા હતા, તેવામાં લક્ષ્મણે એમની પાસે આવી ભરત જોડે યુદ્ધ કરવાની આજ્ઞા માગી. રામે આજ્ઞા ન આપતાં એને શાંત કર્યો. લક્ષ્મણ ટહાડો પડીને શું થાય છે તે જોતો બેઠો.

અહીં ચિત્રકૂટ પાસે આવતાં જ ભરતે શત્રુઘ્નને સઘળા સૈન્યને ત્યાં જ રાખવાની આજ્ઞા કરી અને પોતે વસિષ્ઠાદિ ઋષિયોને સાથે લેઈ પર્વતપર આવ્યો.એણે રામને દર્ભાસન પર બેઠેલા જોયા,તેથી એને ઘણું જ દુઃખ થયું. એણે આવીને રામને સાષ્ટાંગ નમસ્કાર કર્યો. એને જોઇને રામ ઉઠ્યા અને ભરતને આલિંગન કરી અયોધ્યાના સમાચાર પુછ્યા. વસિષ્ઠે દશરથ પુણ્યલોકને પ્રાપ્ત થયા તે કહ્યું. એ સાંભળી રામ અને લક્ષ્મણને બહુ જ સંતાપ થયો. તેમણે મંદાકિનીના જળમાં સ્નાન કર્યું અને ઇંગુદી અને પિણ્યાક વડે પિંડદાન કરીને શ્રાદ્ધ કર્યું. આમ બાર દિવસ પર્યન્ત કરીને શુદ્ધસ્નાન વગેરે કરીને રામને સ્વસ્થ થએલા જોઇને ભરતે તેમને અયોધ્યા પાછા જવા વિનતિ કરી પણ રામે કહ્યું કે પિતાની આજ્ઞાનું પુરેપુરું પરિપાલન કર્યા શિવાય એ

કદીએ રહેશે નહિ. આ ઉપરથી એમની અને ભરતની વચ્ચે ઘણો સંવાદ થયો. છેવટે જ્યારે રામ કહ્યું નથી જ માનતા, એ જોઇને ભરત પક્ષના જબાલિ મંત્રીએ–વખતે રામનું મન જોવાને હોય–કહ્યું કે જેનાથી ઐહિક સુખનો નાશ થાય તે, પિતાની આજ્ઞા હોય કે ગમે તે હોય, તોપણ બુદ્ધિમન્તે પાળવી ન જોઇએ. આ ભાષણ સાંભળીને રામને અનિવાર ક્રોધ ઉત્પન્ન થયો અને મંત્રીના કહેવાનું અક્ષરશઃ ખંડન કર્યું. મંત્રી ચૂપ થઇ ગયો. વસિષ્ટે રામને કહ્યું કે જબાલિપર ક્રોધ કરવો નહિ. પછી વસિષ્ઠે તેમને નીતિનો બોધ કર્યો. છતાં રામનો અરણ્યવાસનો નિશ્ચય ડગ્યો નહિ. પછી ભરત દર્ભ પાથરી પોતે પણ ત્યાં જ રહેશે કહીને અડંગા નાંખી બેઠો. એનો નિશ્ચય જોઇને અંતરિક્ષમાંથી દેવાદિકોએ કહ્યું કે રામને પિતાની આજ્ઞા પાલન કરી અનૃણી થવા દે. હઠ ન કર. એ ઉપરથી ભરતે આગ્રહ મુક્યો. પણ રત્નમય પાદુકા રામને પગે પહેરાવી તેમની પાસેથી માગી લીધી. અને પ્રતિજ્ઞા પૂર્વક કહ્યું કે હું આ પાદુકાને રાજ્ય સમર્પણ કરીશ અને હું કંદમૂળનો આહાર કરી, અયોધ્યાની બહાર રહીશ. ચૌદ વર્ષ પર્યંત વલ્કલ ધારણ કરીશ. જે દિવસે ચૌદ વર્ષ પૂરાં થશે તે દિવસ તમે મળ્યા તો ઠીક, નિકર અગ્નિ પ્રવેશ કરીશ. આ એની પ્રતિજ્ઞા રામે કબૂલ રાખી. ભરતને આલિંગન દેઈ શિખામણ દીધી. વિશેષમાં કૈકેયી પર ક્રોધ ન કરવાનું કહી એને પાછાં જવાની આજ્ઞા કરી. પોતાની સાથે આવેલાં માણસો સહિત ભરત ત્યાંથી વિદાય થયો.

ત્યાર પછી રામ ત્યાં ચોમાસું રહ્યા. પરંતુ અયોધ્યાથી માણસો અને શત્રુઘ્ન વગેરે વારે વારે આવતા તેથી ઋષિયોને ઉપદ્રવ થવા લાગ્યો; તેમ જ ખર વગેરે રાક્ષસો ઋષિયોને ઉપદ્રવ કરતા તેનો નાશ કરવાના નિમિત્તથી ચિત્રકૂટ છોડી સીતા અને લક્ષ્મણ સહિત એમણે દક્ષિણ દિશા તરફ પ્રયાણ કર્યું. (**વા૦રા૦અયો૦સ૦૯૪–૧૧૭**)

ચિત્રકૂટ (૨). કુશદ્વીપમાંહ્યલા સાત મહા પર્વતોમાંનો એક.

ચિત્રકૂટા. ભારતવર્ષીય નદી. (ઋક્ષવાન્ શબ્દ જુઓ).

ચિત્રકેતુ. સ્વાયંભુ મન્વન્તરમાના સપ્ત વસિષ્ઠ પુત્રોમાંનો એક.

ચિત્રકેતુ (૨). શૂરસેન દેશનો રાજા એને એક કોટિ સ્ત્રીઓ હતી. પરંતુ તે છતાં પણ અપુત્ર હોવાથી એ સર્વ કાળ દુઃખી રહેતો. એક દિવસ ફરતા ફરતા અંગિરા ઋષિ એને ત્યાં આવી ચઢ્યા. એણે એમને પોતાનું દુઃખ નિવેદન કર્યું. ઋષિયે દયા આણીને ત્વષ્ટા નામના આદિત્યને ઉદ્દેશીને એક ચરુ તૈયાર કર્યો અને એની કૃતદ્યુતિ નામની મોટી સ્ત્રીને આપ્યો. એણે એ ભક્ષ કર્યાથી તેને ગર્ભ રહ્યો. પૂર્ણ માસે એને એક દિવ્ય પુત્ર પ્રસવ્યો. પણ આ વાત એની શોકયોથી ખમાઇ નહિ. એમણે એ બાલકને વિષ પ્રયોગથી માર્યો. આ ઉપરથી એને જે દુઃખ થયું તે વર્ણવ્યું વર્ણવાય એવું નથી. એ આમ શોકગ્રસ્ત થઇ ગયો છે, તેવામાં પુનઃ અંગિરા ઋષિ અને નારદ ત્યાં પ્રકટ થયા. એમણે પોતાના સામર્થ્ય વડે પુત્રમાં જીવ આણ્યો, ત્યારે એ બાળક પોતાના પિતા અને માતાને કહેવા લાગ્યો કે આ બધો માયામય પ્રપંચ છે. માટે આવી અનિત્ય વસ્તુનો શોક કરવો યોગ્ય નથી. આ પ્રમાણે ભાષણ કરીને પુત્ર અદર્શ થઈ ગયો. રાજાએ શોક તજી એનું શ્રાદ્ધાદિ કર્યું. એણે નારદ પાસેથી ઉપનિષદ્ વિદ્યાનો બોધ લઇને સર્વ સંગનો ત્યાગ કરી, અનુષ્ઠાન કરતો થકો, યમુના તીરે રહેવા લાગ્યો. આ યોગથી એને જન્માન્તરે વિદ્યાધર યોનિ પ્રાપ્ત થઈ.

વિદ્યાધર યોનિ પ્રાપ્ત થયા પછી એકદા એ વિમાનમાં બેસીને જતો હતો ત્યારે એણે મહાદેવને દીઠા. સિદ્ધો, દેવ અને ઋષિયોના

સમુદાયની વચ્ચે મહાદેવ પાર્વતીને પોતાના અંકપર લઈને બેઠા હતા. ચિત્રકેતુએ એમને જોઈને આ કેવું નિર્લજ્જપણું કહીને હાસ્ય કર્યું. પાર્વતીએ એ જોયું અને એને શાપ્યો કે તને અસુરયોનિ પ્રાપ્ત થશે. આ સાંભળી ભયભીત થયો થકો એ વિમાનમાંથી ઉતર્યો અને શિવ પાર્વતીની સ્તુતિ કરીને પોતાના અપરાધની ક્ષમા માગી. પછી પોતાના લોકમાં ગયો. એ જ પછી વૃત્રાસુર થયો (**ભાગ૦ ૬ સ્કં૦અ૦૧૪-૧૭**).

ચિત્રકેતુ (૩). એકડાની સંજ્ઞાવાળા ચંદ્રકેતુનું બીજું નામ.

ચિત્રકેતુ (૪). દેવભાગાને કંસથી થએલા ત્રણ પુત્રોમાંનો મોટો.

ચિત્રકેતુ (૫). કૃષ્ણ અને જાંબવતીના પુત્રોમાંનો એક.

ચિત્રકેતુ (૬). ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષનો એક પાંચાળ. સુકેતુનો પિતા. એને દ્રોણે માર્યો હતો. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૨૨**).

ચિત્રગુ. સત્યાની કુખે કૃષ્ણથી થએલ પુત્રોમાંનો એક.

ચિત્રગુપ્ત. ધૃતરાષ્ટ્રના પુત્રોમાંનો એક.

ચિત્રગુપ્ત. (૨) યમનું બીજું નામ.

ચિત્રચાપ. ધૃતરાષ્ટ્રપુત્રમાંનો એક. ભીમે એને માર્યો હતો.

ચિત્રધર્મા. ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા.

ચિત્રભાહુ. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

ચિત્રભાહુ (૨). કૃષ્ણના પૌત્રોમાંનો એક.

ચિત્રભાનુ. કૃષ્ણના પૌત્રોમાંનો એક.

ચિત્રભામ. એક ઋષિ.

ચિત્રરથ. મુનીની કુખે જન્મેલા સોળ ગંધર્વોમાંનો એક. એ બધા ગંધર્વોનો સ્વામી છે.

ચિત્રરથ (૨). ઋષભદેવ વંશના ગય રાજાને ગયંતીને પેટે થએલા ત્રણ પુત્રોમાંનો મોટો. એની ભાર્યાનું નામ ઉર્ણા અને એને પેટે થએલા પુત્રનું નામ સમ્રાટ હતું.

ચિત્રરથ (૩). વિદેહવંશના સુપાર્શ્વ જનકનો પુત્ર. એના પુત્રનું નામ ક્ષેમધી જનક હતું.

ચિત્રરથ (૪). અનુકુળમાં ઉત્પન્ન થએલા રોમપાદ રાજાનું બીજું નામ.

ચિત્રરથ (૫). દશરથ રાજાનો સારથી. (**વા૦રા૦ બાલ૦સ૦૩૨**).

ચિત્રરથ (૬). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના રુશેક રાજાનો પુત્ર; એના પુત્રનું નામ શશબિંદુ.

ચિત્રરથ (૭). સોમવંશી ક્રોષ્ટાના વંશના સાત્વત રાજાના વંશના અનમિત્રપુત્ર વૃષ્ણિના બે પુત્રોમાંનો મોટો. એને પૃથુ, વિદુરથ ઇ. પુત્રો હતા.

ચિત્રરથ (૮). માર્તિકાવતક દેશનો રાજા. પ્રાચીન કાળમાં એ ત્યાં હતો. (૧ જમદગ્નિ શબ્દ જુઓ).

ચિત્રરથ (૯). ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષનો શૈબ્ય રાજા. (**ભાર૦ દ્રોણ૦અ૦૨૩**).

ચિત્રરથ (૧૦). ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષનો એ નામનો બીજો રાજા. એને યુદ્ધમાં દ્રોણાચાર્યે માર્યો હતો. (**ભાર૦ દ્રોણ૦અ૦૧૨૨**).

ચિત્રરથ (૧૧). સોમવંશી પુરુકુળના પાંડવોના વંશના નિમિચ્યક રાજાનો પુત્ર. એના પુત્રનું નામ કવિરથ હતું.

ચિત્રરથા. ભારતવર્ષીય નદી.

ચિત્રરુપ. શિવના રુદ્રગણમાંનો એક.

ચિત્રરેખા. બાણાસુરના કુભાંડ નામના પ્રધાનની કન્યા અને ઉષા–ઓખાની સખી. એ ચિત્રકળામાં ઘણી જ પ્રવીણ હતી. ઓખાને સ્વપ્નમાં આવેલો પતિ કૃષ્ણ, એ ઓળખવા એણે ચિત્રો કાઢી બતાવ્યાં હતાં. જેમાંથી ઓખાએ અનિરુદ્ધને ઓળખી કાઢયો હતો.

ચિત્રરેફ. પ્રિયવ્રતરાજાના પુત્ર મેધાતિથિના સાત પુત્રોમાંથી પાંચમો. એનો દેશ એના જ નામથી પ્રસિદ્ધ હતો.

ચિત્રરેફ (૨). શાકદ્વીપના વર્ષ નામે પાડેલા સાત ભાગમાંનો પાંચમો ભાગ–દેશ.

ચિત્રલેખા. કેશી દૈત્યને મારી પુરુરવાએ છોડાવેલી એ નામની એક અપ્સરા.

ચિત્રલેખા (૨). ચિત્રરેખા શબ્દ જુઓ.

ચિત્રવર્મા. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

ચિત્રવર્મા (૨). દ્રોણાચાર્યે મારેલો પાંડવપક્ષનો એ નામનો એક રાજા. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૨૨**).

ચિત્રવાહન. મણિપુર નગરીનો રાજા. તીર્થયાત્રાએ ગએલા અર્જુનને એની કન્યા ચિત્રાંગદાયે જોવાથી એને પરણવાની ઇચ્છા દર્શાવી હતી. આથી આણે એને પુત્ર થાય તે પોતાને મળે એવી શરત કરીને–પુત્રિકાધર્મે કરીને–અર્જુનને પરણાવી હતી. ચિત્રાંગદાને અર્જુનથી થએલા પુત્ર બભ્રુવાહનને પોતે લઈને એને પોતાનું રાજ્ય આપ્યું હતું. આ ચિત્રવાહનના મૂળ પુરુષનું નામ પ્રભંજન રાજા હતું. (**ભાર૦આદિ૦ અ૦૨૧૫**).

ચિત્રવાહા. ભારતવર્ષીય નદી.

ચિત્રસેન. સૂર્યવંશી વૈવસ્વતમનૂના પૌત્ર નરિષ્યંત રાજાના બે પુત્રમાંનો એક. એને દક્ષ નામે પુત્ર હતો.

ચિત્રસેન (૨). વિશ્વાવસુ નામના ગંધર્વનો પુત્ર. એની ગણના દેવર્ષિમાં થાય છે.

ચિત્રસેન (૩). અભિસારીપુરીનો રાજા. એ ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષે લઢયો હતો. (**ભાર૦ કર્ણ૦ અ૦ ૧૪**).

ચિત્રસેન (૪). ધૃતરાષ્ટ્ર પુત્ર. એને ભીમસેને માર્યો હતો. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૩૭**).

ચિત્રસેન (૫). કર્ણના પુત્રોમાંથી નકુલે મારેલો તે પુત્ર. (**ભાર૦ શલ્ય૦ અ૦ ૧૦**).

ચિત્રસેન (૬). દેવસાવર્ણિના પુત્રમાંનો એક. (દેવસાવર્ણિ શબ્દ જુઓ).

ચિત્રસેન (૭). કર્ણે મારેલો એ નામનો પાંડવ પક્ષનો એક પાંચાળ. (**ભાર૦ કર્ણ૦અ૦૪૮**).

ચિત્રસેના. એક અપ્સરા. (પ્રાધા શબ્દ જુઓ).

ચિત્રસેના. (૨) ભારતવર્ષીય નદી.

ચિત્રસ્વન. એક ગંધર્વ (૧૩ શુચિ શબ્દ જુઓ).

ચિત્રા. સોમની સત્તાવીશ સ્ત્રીઓમાંની એક.

ચિત્રા. (૨) એ નામનું નક્ષત્ર.

ચિત્રા. (૩) એક અપ્સરા.

ચિત્રાંગદ. એક ગંધર્વ.એણે શંતનું રાજાના મોટા પુત્ર ચિત્રાંગદને અરણ્યમાં મારી નાખ્યો હતો. (**ભાર૦ આદિ૦ અ૦ ૧૦૧**).

ચિત્રાંગદ. (૨) સીમંતિની નામની એક રાજકન્યાનો સ્વામી, જે બુડી ને નાગલોકમાં ગયો હતો. શિવપ્રદોષ નામના વ્રતના મહિમાવડે સજીવન થઇ સીમંતિનીને પુનઃ પ્રાપ્ત થયો હતો.

ચિત્રાંગદ (૩). શંતનુ રાજાને સત્યવતીને પેટે થયેલા બે પુત્રોમાંનો મોટો. એ નહાનો હતો ત્યારે અરણ્યમાં ચિત્રાંગદ ગંધર્વે મારી નાંખ્યો હતો. (ભીષ્મ શબ્દ જુઓ.)

ચિત્રાંગદ (૪). કલિંગ દેશની રાજપુર નગરીનો રાજા. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૪**).

ચિત્રાંગદ (૫). દ્રૌપદી સ્વયંવરમાં ગયેલા રાજાઓ પૈકી એક. (**ભાર૦ આદિ૦ અ૦ ૧૮૬**).

ચિત્રાંગદા. એક અપ્સરા.

ચિત્રાંગદા (૨). ચિત્રવાહન રાજાની કન્યા. અર્જુનની સ્ત્રી અને બભ્રુવાહનની મા.

ચિત્રાયુધ. દ્રૌપદી સ્વયંવરમાં ગએલા રાજાઓ પૈકી એક. (**ભાર૦ આદિ૦ અ૦ ૧૮૬**). ભારતના યુદ્ધમાં પ્રથમ એ પાંડવ તરફ હતો. (**ભાર૦ ઉદ્યો૦ અ૦ ૧૯૬**) એના રથના ઘોડાનો રંગ પલાશ–ખાખરાનાં ફુલ–કેસુડાં જેવો હતો. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૨૩**).

ચિત્રાયુધ (૨). ધૃતરાષ્ટ્ર પુત્રમાંનો એક જેને ભીમસેને માર્યો હતો. (**ભાર૦ દ્રોણ૦અ૦ ૧૩૭**).

ચિત્રાશ્વ. શાલ્વ દેશાધિપતિ દ્યુમત્સેનના પુત્ર સત્યવાનનું બીજું નામ.(સત્યવાન શબ્દ જુઓ).

ચિત્રાશ્વ (૨). એક રાજર્ષિ. (**ભાર૦ અનુશા૦ અ૦ ૧૬૫**).

ચિત્રાક્ષ. ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર. (**ભાર૦ આદિ૦ અ૦ ૧૧૭**).

ચિત્રોપલા. ભારતવર્ષીય નદી. (ઋષ્યવાન્ શબ્દ જુઓ.)

ચિદિ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના કુળના જ્યામઘ રાજાનો પૌત્ર. વિદર્ભ રાજાના ચાર પુત્રોમાંના એક, કૈશિક રાજાનો પુત્ર.

ચિરકારી. ગૌતમ ઋષિના બે પુત્રમાંનો એક. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૬૬**).

ચિક્ષુર. મહિષાસુરનો સેનાપતિ એક રાક્ષસ. (૨ મહિષાસુર શબ્દ જુઓ). એનું નામ ચિક્ષુરાક્ષ એવું એ કહ્યું છે.

ચીન. આ મહાદેશ, ઇન્દ્રપ્રસ્થથી જોતાં ઇશાનમાં પ્રાગજ્યોતિષ દેશને લગતો છે. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૬ શ્લો. ૮–૯**). પાંડવોના સમયમાં અહીં રાજા કોણ હતો, તે જણાતું નથી. પરન્તુ પ્રાચીન કાળમાં ધૌતમૂલક નામનો રાજા ત્યાં હતો એમ જણાય છે. એ દેશના એક ભાગ વિશેષને રમણચીન કહેતા.

ચીરિણી. બદરીવનની એક નદી. અહીં વૈવસ્વત મનુએ અયુત વર્ષ તપ કર્યું હતું. (**ભા૨૦ વન૦ અ૦ ૧૮૭**).

ચીરવાસા. દુર્યોધન પક્ષનો એક રાજા.

ચુલ્લકા. ભારતવર્ષીય નદી.

ચૂડાલા. શિખિધ્વજ રાજાની સ્ત્રી. એણે હર પ્રયત્ને કરીને પોતે આત્મજ્ઞાન સંપાદન કરી પોતાના પતિને પણ આત્મજ્ઞાનવિદ્ કરી દીધો હતો. જેથી એ રાજ છોડીને અરણ્યમાં જતો રહ્યો હતો, તે પુનઃ પાછો આવીને રાજ કરવા લાગ્યો. આ ઇતિહાસ વાસિષ્ટ ગ્રંથમાં છે.

ચૂલિ. એક ઋષિ. એ ઉગ્ર તપ કરતો હતો, તે કાળે સોમદા નામે ગંધર્વીએ એની ઘણી ઉત્કૃષ્ટ સેવા કરી હતી. જ્યારે એનું તપ સમાપ્ત થયું ત્યારે ગંધર્વીએ પુત્ર પ્રાપ્તિની ઇચ્છા પ્રદર્શિત કરી હતી. એ ઉપરથી ઋષિએ મને કરીને એક પુત્ર નિર્માણ કરીને એને આપ્યો. એ પુત્ર બ્રહ્મદત્ત નામે પ્રસિદ્ધ છે. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૩૩**).

ચૂલિસૂનુ. ચૂલિ ઋષિએ સોમદા ગંધર્વીને આપેલા બ્રહ્મદત્ત નામે પુત્રનું બીજું નામ.

ચેકિતાન. એ યાદવ હતો. ભારતના યુદ્ધમાં પાંડવોના પક્ષમાં હતો. એનાં રથના ઘોડા ભૂખરા પીળા રંગના હતા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૩**). એની અને સુશર્માની વચ્ચે જબરું યુદ્ધ થયું હતું. ત્યાર બાદ પછી એને દ્રોણે માર્યો હતો. એના સારથીનું નામ પાર્ષ્ણિ હતું. (**ભા૨૦ દ્રોણ૦અ૦ ૧૨૬**).

ચેદિ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના કુળના રોમપાદ વંશમાં જન્મેલા ઉશિક રાજાનો પુત્ર એને દમઘોષ નામે પુત્ર હતો. આ ચેદિના નામ ઉપરથી એના દેશનું નામ ચેદિ, અને વંશનું નામ ચેદિય અગર ચૈદ્ય પડ્યું હતું, એવું ગ્રન્થોથી માલમ પડે છે.

ચેદિદેશ. ઇંદ્રપ્રસ્થની પાસેના પૂર્વદક્ષિણ દેશની આગ્નેયી દિશામાં આવેલો દેશ વિશેષ. એની રાજધાની શુક્તિમતી નગરી. પાંડવોના સમયમાં ત્યાં ચેદિકુળનો શિશુપાળ રાજા રાજ કરતો હતો. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**).

ચેદિય. બગડાની સંજ્ઞાવાળા ઉપરિચર વસુના પુત્રોમાંનો એક.

ચેદિમત્સ્ય. પૂર્વમત્સ્ય દેશનું બીજું નામ. ચેદિ દેશની સન્નિધ આવેલો હોવાથી આ નામ પડ્યું છે.

ચૈત્યક. મગધદેશનો એક પર્વત.

ચૈત્યક (૨). પ્રયાગક્ષેત્રનું એક તીર્થ વિશેષ.

ચૈત્રરથ. ચિત્રરથ રાજાના પુત્ર શશબિંદુનું નામાન્તર.

ચૈત્રરથ (૨). મેરુ પર્વત ઉપરનું એક વન વિશેષ. (**ભાગ૦ ૫ સ્કં૦અ૦૧૬**).

ચૈત્રરથ (૩). સ્વર્ગમાં ઇંદ્રનું વન.

ચૈત્રરથ (૪). હિમાલય ઉપર કુબેરનું વન.

ચૈત્રસેની. ચિત્રસેન પાંચાળનો પુત્ર. ભારતના યુદ્ધમાં એ પાંડવ પક્ષે હતો.

ચૈત્રા. જ્યામઘ રાજાની સ્ત્રી. એ શિબિ રાજાની કન્યા હોવાથી શૈબ્યા નામે પ્રસિદ્ધ હતી.

ચૈત્રાયણ. એક ઋષિ (૨ અત્રિ શબ્દ જુઓ).

ચૈદ્ય. ચેદિ રાજાના વંશજનું સામાન્ય નામ.

ચોળ. ભારતવર્ષીય એક દેશ. (**ભા૨૦ સભા૦ અ૦૨૭**).

ચોલિ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

ચ્યવન. વારુણિ ભૃગુના સાત પુત્રોમાંનો મોટો. એનું આ નામ પડવાનું કારણ–કે ભૃગુ ઋષિની ભાર્યા પુલોમા જ્યારે ગર્ભિણી હતી, ત્યારે એક રાક્ષસ એને લઇને નાઠો. તે વખતે રસ્તામાં જ એનો ગર્ભ પડી ગયો. ચ્યુ ધાતુનો અર્થ પડવું થાય છે. ગર્ભની ચ્યુતિ થઇ–પડી ગયો–તેથી એમનું નામ ચ્યવન પડ્યું. રાક્ષસ ગર્ભને પડેલો જોઇ એના તેજથી ભયભીત થઇને નાશી ગયો. અને પુલોમા પુત્રને લઇને ઘેર આવી. (**ભા૨૦ આદિ૦ અ૦ ૪–૬**).

એણે મોટો થતાં વેદ વેદાંગમાં નિષ્ણાત થઇને તપનો આરંભ કર્યો. એનું તપ એટલા બધા કાળ સુધી પહોંચ્યું કે એ બેઠો હતો એના ઉપર કીડીઓ અને ઉધાઇના રાફડા બંધાઇ ગયા. એક સમય એમ બન્યું કે જે વનમાં એ તપ કરતો હતો તે વનમાં સૂર્યવંશી શર્યાતિ રાજા પોતાની ચાર હજાર સ્ત્રીઓ અને સૈન્ય સહિત આવ્યો, અને ઘણાક દિવસ સુધી રહ્યો. તે દરમ્યાન એની સુકન્યા નામની કન્યા પોતાની સખીયોની સાથે રમતાં રમતાં જ્યાં ચ્યવન ભાર્ગવ તપ કરતો હતો, ત્યાં આવી પહોંચી. તેણે રાફડાના મોંમાં વાંકી વળીને જોતાં ચ્યવનનાં નેત્ર દીઠાં. ચ્યવનને સમાધિ તરતની ઉતરી હતી અને એની આંખો ઉઘાડી હોવાથી સુકન્યાએ ચળકતી આંખો જોઇ. એ કોઇ જડવાં હશે ધારી, એણે કુતુહળથી દાભની લાંબી શળી લઇને ઘોંચી. આથી કરીને ચ્યવનનાં નેત્ર ફુટી તેમાંથી લોહી બહાર આવ્યું. એ જોઇને સુકન્યાને આશ્ચર્ય લાગ્યું અને પોતે છાનીમાની પોતાના પિતા પાસે આવતી રહી.

ચ્યવનભાર્ગવનાં નેત્ર સુકન્યાએ ફોડ્યાં એ મહદ્ પાપને લીધે રાજાની આખી સેનાનાં મળમૂત્ર બંધ થઇ ગયાં. આ રોગ કેમ ફાટી નિકળ્યો તેનો વિચાર કરતાં ચિન્તાગ્રસ્ત બેઠેલા રાજાની પાસે એટલામાં સુકન્યા આવી પહોંચી અને પોતાને હાથે કોઇ જીવડાં મરી ગયાં, એ બબર રાજાને કહી. એ સાંભળી ભયભીત થએલો રાજા રાફડા પાસે ગયો અને સંભાળપૂર્વક રાફડો ખસેડાવીને શું થયું તે જોતાં, આ દેદિપ્યમાન ઋષિને નેત્રહીન થયેલા જોયા. રાજાએ એની બહુ પ્રાર્થના કરી અને પોતાની કન્યાથી અજાણે આ કૃત્ય થઇ ગયું છે, એ કહી ઋષિ પાસે ક્ષમાની યાચના કરી. એ સાંભળીને ઋષિએ કહ્યું કે, જો તું એ કન્યા મને આપી દે તો હું તને ક્ષમા કરું. નિરૂપાયે રાજાએ હા કહી અને વિવાહ વિધીથી સુકન્યાને ઋષિને આપી. એમ થતાં જ સૈન્યમાં ચાલેલો મૂત્રમળાવરોધનો રોગ શાન્ત થયો. આ પ્રમાણે સુકન્યાને સોંપીને રાજા પોતાના નગર પ્રતિ ગયો.

સુકન્યાને મૂકીને રાજા પોતાના નગર પ્રતિ ગયા બાદ સુકન્યાએ જોયું કે પતિ શિવાય એનું ત્યાં કોઇ નથી. માટે પોતે સ્વસ્થ ચિત્તે ઋષિની સેવામાં તલ્લીન થઇ. એકાગ્ર મને કરીને એણે ઋષિની સેવા કરીને તેને સંતોષ્યો. આમ ઘણો કાળ વ્યતિત થયા બાદ સુકન્યાના શિયળની પરીક્ષા કરવાને અશ્વિનીકુમાર ત્યાં આવ્યા. એમણે સુકન્યાનું મન ઋષિથી વિમુખ કરવાને પોતાથી બને તેટલો પ્રયત્ન કર્યો. પરંતુ સુકન્યાનો નિશ્ચય ડગ્યો નહિ. એને બીજી રીતે અજમાવી જોવાને અશ્વિનિકુમાર ચ્યવનને લઇને એક સરોવરમાં સ્નાન કરવા ગયા. એમણે ચ્યવનને તારુણ્ય આપ્યું અને ખુબસુરત યુવાન બનાવી પોતે એને લઇને બહાર આવ્યા. એ અશ્વનિકુમાર અને ચ્યવન ત્રણે એવા સરખા સ્વરુપવાન થઇ ગયા કે અદલ્યા બદલાય. ચ્યવનનાં નેત્ર પણ સારાં થઇ ગયાં.

સુકન્યાએ પોતાના સત્યને આધારે ખરા ચ્યવનને પારખી કાઢ્યો, અને એ જ મારો પતિ એમ કહ્યું. આ ઉપરથી અશ્વિનીકુમાર સંતુષ્ટ થયા અને સુકન્યાને આશીર્વાદ દઇને અને ચ્યવનને કાંચનામાલિધાન આપીને સ્વસ્થાને ગયા.

અશ્વનિકુમાર સ્વર્ગે જતા હતા ત્યારે ચ્યવને કહ્યું કે તમે મને તારુણ્ય અને નેત્રો આપ્યાં તે ઉપકાર પેટે હું તમને યજ્ઞભાગ મળતો થઈ તે અપાવીશ. અશ્વનિકુમારના ગયા પછી સુકન્યાને લઇને પોતે પોતાના સસરા શર્યાતિ રાજાને ત્યાં ગયા. શર્યાતિયે એને ઓળખ્યો નહિ. પણ સુકન્યાને ઓળખી. કન્યાએ પોતાના પતિની અવગણના કરી આ કોઇ પરપુરુષને લઇને આવી છે, ધારી એને ક્રોધની પરાકાષ્ટા થઇ. એ જોઇને એણે બધી હકીકત કહી. એ સાંભળી શર્યાતિએ શાંત થઇ ચ્યવનનું સન્માન કર્યું. ચ્યવને રાજાને યજ્ઞ કરવાનું કહ્યું અને એ યજ્ઞમાં અશ્વનિકુમારને હવિર્ભાગ આપ્યો. ઇન્દ્રે મના કરી તે માન્ય કરતો નથી જોઇને ઇંદ્રને ક્રોધ ચઢ્યો અને ચ્યવનને મારવા એણે વજ્ર ઉગ્યું કર્યું. પણ ચ્યવને એનો હાથ સ્તંભાવી દીધો. ચ્યવને મદ નામે એક રાક્ષસ ઉત્પન્ન કર્યો અને ઇંદ્ર ઉપર હુમલો કરવા મોકલ્યો. આખરે ઇંદ્ર એને શરણ આવ્યો અને અશ્વિનિકુમારને હવિર્ભાગ આપવામાં સંમતી આપી, મદ રાક્ષસને નિવારવા વિનતિ કરી. એ જોઈ ઋષિએ પોતાનો કોપ શાંત કર્યો. ઋષિએ અશ્વિનીકુમારને યજ્ઞભાગ આપ્યો. અને પોતે ઉત્પન્ન કરેલા મદરાક્ષસના વિભાગ કરી મદ્યપાન, સ્ત્રી, પાસા (દ્યૂત), અને મૃગયા એ ચારને વહેંચી આપી, ઇન્દ્રને છોડ્યો. પછી યજ્ઞ સમાપ્ત કરી પોતાની સ્ત્રી સહવર્ત્તમાન પુનઃ પોતાને આશ્રમે ગયો. સુકન્યાને પેટે ચ્યવનને પ્રમતિ નામનો પુત્ર હતો. બીજી એની આરુષી નામની મોટી સ્ત્રીથી એને ઉર્વ નામનો પુત્ર હતો. (**ભા૨૦ વન૦ અ૦૧૨૧-૧૨૫**) અને (**ભાગ૦ ૯ સ્કં૦અ૦૩**).

ચ્યવન એ ભૃગુઋષિનો પુત્ર હતો અને એણે વેદના કેટલાક મન્ત્રો રચ્યા છે. ઋગ્વેદમાં કહ્યું છે કે ચ્યવન વૃદ્ધ થયો હતો અને બધાંએ એને તજી દીધો હતો. અશ્વિનોએ એનું વૃદ્ધ ખોળીયું લઇ લઇ એને તરુણ અને દીર્ઘાયુવાન કર્યો હતો. એમ થવાથી એની સ્ત્રી તેમ જ બીજી તરૂણીઓ એને વશ વર્ત્તી હતી.

શતપથ બ્રાહ્મણમાં આ કથાભાગને એવી રીતે વિસ્તાર્યો છે કે, ચ્યવનઋષિ પોતે પોતાનું શરીર સૂકવીને તજી દીધો હોય એમ એક જગાએ પડ્યો હતો. મનુના વંશજ શર્યાતના પુત્રોએ એને જોયો અને માટીનાં ઢેફાં વડે એને માર્યો. આથી ઋષિને ક્રોધ ચઢ્યો અને એને શાંત કરવા શર્યાત પોતે રથમાં બેસીને ત્યાં આવ્યો અને પોતાની સુકન્યા નામની પુત્રી એને આપી. અશ્વિનોએ સુકન્યાને ફોસલાવવા બહુ પ્રયત્ન કર્યો, પણ એ પોતાના સત્યથી ચળી નહિ. ચ્યવનની સૂચનાથી સુકન્યાએ અશ્વિનોને ભેણું માર્યું કે તમે સંપૂર્ણ દેવો ક્યાં છો ? અમે શી રીતે અપૂર્ણ છીએ, એમ પુછતાં સુકન્યાએ કહ્યું કે મારા પતિને પુનઃ તરુણ કરોતો કહું. તે પરથી તેમણે કહ્યું કે ચ્યવને અમુક સરોવરમાં સ્નાન કરવું. સ્નાન કરીને નીકળતાં એ તરુણ થઇ ગયો. પછી સુકન્યાએ અશ્વિનોને કહ્યું કે તમને બીજા દેવની પેઠે યજ્ઞભાગ ક્યાં મળે છે ? પછી એઓ ત્યાંથી ગયા અને યજ્ઞભાગ મેળવવા શક્તિમાન થયા.

મહાભારતમાં કહ્યું છે કે અશ્વિનોને યજ્ઞહવિ અપાવવા ચ્યવને ઇંદ્રને કહ્યું. એણે કહ્યું બીજા દેવો પોતાને ગમે તે કરે, પણ હું એમને હવિર્ભાગ નહિ મળવા દઉં. બીજા દેવોએ તો કબુલ કર્યું, પણ ઇંદ્રે ચ્યવનને

કચરી નાંખવા પોતાના એક હાથમાં એક પર્વત અને બીજા હાથમાં વજ્ર લીધું. પણ ચ્યવને પાણીની અંજળી છાંટીને એના બન્ને હાથ જડ કરી દીધા. ઉઘાડું અને પહોળું મોં, મોટી મોટી દાઢો અને બહુ જ વિકાળ સ્વરૂપવાળો એક મદ નામનો રાક્ષસ પેદા કરી, તેને ઇન્દ્રને રંજાડવા પ્રેર્યો. એની એક દાઢ નીચે પૃથ્વી, બીજી નીચે આકાશ અને જીભના મૂળ પાસે બધા દેવો અને ઇન્દ્ર ! જેમ કોઇ મોટું દરીઆઇ પ્રાણી હોય અને એની દાઢમાં નાનાં માછલાં આવી જાય એમ દેવો અને ઇંદ્ર વગેરેની સ્થિતિ થઇ ગઇ ! ઇંદ્રે ભયભીત થઇને ચ્યવનની માગણી કબુલ કરી. આમ અશ્વિનોને યજ્ઞભાગ અપાવવામાં ચ્યવન સહાય થયા.

મહાભારતના બીજા ભાગમાં વળી કહ્યું છે કે ચ્યવને કુશિક રાજા અને એની સ્ત્રી પાસે પોતાની નીચ સેવા કરાવી. પણ પછીથી તેમના ઉપર તુષમાન થઇને આશીર્વાદ દીધો, કે તમને ઘણો જ સ્વરુપવાન અને વીર એવો પુત્ર થશે. પરશુરામનો જન્મ આથી થયો હતો.

ઋગ્વેદમાં એનું નામ ચ્યવાન છે. પણ બ્રાહ્મણો અને ત્યાર પછીના ગ્રન્થોમાં ચ્યવન છે. (**ડાઉસન. પોપ્યુલર એડીશન પૃ૦ ૭૩–૭૫**)

ચ્યવન (૨). સોમવંશી પૂરૂકુલોત્પન્ન અજમીઢ રાજાનો પૌત્ર. એના પિતાનુ નામ સુહોત્ર અને પુત્રીનું નામ કૃતિ.

ચ્યવન (૩) સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢના નીલવંશના મિત્રેયુ રાજાના બે પુત્રોમાંનો બીજો. એના પુત્રનું નામ સુદાસ હતું.

છ

છત્રવતી. દ્રુપદ રાજા દ્રોણાચાર્યથી હાર્યા પછી, પોતાની નગરી દ્રોણાચાર્યની માલીકીની થવાથી–નવી છત્રવતી નામની નગરી વસાવી જેમાં રહેતો હતો તે. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૩૮**).

છંદોગેય. એક બ્રહ્મર્ષિ. (અત્રિ શબ્દ જુઓ).

છાંદોગ્ય. સામવેદોપનિષત.

છાયા. વિવસ્વાન્ આદિત્યની સ્ત્રી સંજ્ઞાથી સૂ. તેનું તેજ સહન ન થઇ શકયાથી પોતે અદૃશ્ય થઇને પોતાનું પ્રતિરુપ આદિત્યની પાસે રાખ્યું હતું તે. એને સૂર્યથી સાવર્ણિ અને શનિ એમ બે પુત્ર થયા હતા. અને તપતી નામની એક કન્યા થઇ હતી. સાવર્ણિ મનુ થવાનો હતો, એટલે શનિએ શનિમંડલનું આધિપત્ય લીધું. અને કન્યા તપતી સંવરણ રાજાની સ્ત્રી થઇ.

જ

જંગારિ. એક બ્રહર્ષિ (વિશ્વામિત્ર શબ્દ જુઓ)

જંઘ. રાવણ પક્ષનો એક નામાંકિત રાક્ષસ.

જટાપુર. એક નગર વિશેષ. (**વા૦રા૦ કિષ્કિ૦ સ૦ ૪૨**)

જટાયુ. વિનતા પુત્ર અરુણના બે પુત્રોમાંનો બીજો. સંપાતીનો નાનો ભાઈ. દાશરથિ રામ અગસ્ત્યના આશ્રમથી નિકળી પંચવટી જતા હતા ત્યારે રસ્તામાં આની એમની સાથે ભેટ થઇ હતી. રામે તું કોણ, એમ પુછતાં એણે પોતાના વંશનું વર્ણન કર્યું હતું. તેણે કહ્યું હતું કે દશરથ રાજા મારા ઘણા મિત્ર હતા. તે ઉપરથી રામે કહ્યું હતું કે અમે હવે પંચવટીમાં રહેવાના છીએ, તો અમારૂં કુશળ તમે સાચવજો. એણે એમની સંભાળ રાખવાની હા ભણી હતી. (**વા૦ રા૦ અર૦ સ૦ ૧૪**)

એક સમય રાવણે રામ અને લક્ષ્મણ પંચવટીમાં ન હોય એવો યોગ આણીને પોતે ભિક્ષુ રૂપે આવીને સીતાનું હરણ કર્યું. એ સીતાને લઇને જતો હતો અને સીતા અરે રામ દોડો, લક્ષ્મણ ધાઓ, એમ આક્રંદ કરતી હતી તે જટાયુ દૂર એક પર્વત પર હતો તેણે ત્યાંથી સાંભળ્યું.લાગલો જ એ ત્યાંથી દોડયો અને જુએ છે તો રાવણ સીતાને લઇને જાય છે. રાવણ અને એની વચ્ચે જબરી બોલાબોલી થઈ અને છેવટ જ્યારે એણે જોયું કે એ સીતાને છોડતો નથી, એટલે એ યુદ્ધ કરવાને પ્રવર્ત થયો. (**વા૦ રા૦ અર૦ સ૦ ૪૯**) રાવણનું અને એનું જબરું યુદ્ધ થતાં રાવણે લાગ સાધીને એની પાંખ કાપી નાંખી; શસ્ત્ર પ્રહારથી એને મરણોન્મુખ કરી, પોતે સીતા સાથે ચાલતો થયો. આ વેળા જટાયુનું વય સાઠ હજાર વર્ષનું હતું. એ રામ આવે ત્યાંસુધી જાણે પડિકામાં પ્રાણ બાંધીને રહ્યો હોય એમ પડી રહ્યો. (**વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૫૦–૫૨**)

આ તરફ રામ અને લક્ષ્મણ ઘણી વારે પાછા આવ્યા અને આશ્રમમાં આવી જુએ છે તો સીતા નહિ! પછી એનો શોધ કરવા નિકળી પડયા. એમણે દૂરથી જટાયુને દીઠો અને ન ઓળખ્યાથી કોઇ રાક્ષસ હશે એમ ધારી રામે બાણ કાઢીને ધનુષ્ય પર ચઢાવ્યું એટલામાં લક્ષ્મણે જટાયુ છે એમ ઓળખ્યો, અને રામને કહ્યું એટલે બાણ ઉતારી બન્ને જણ એની પાસે ગયા. જુએ છે તો પાંખો કપાયલો જટાયુ જ પડયો છે. (**વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૬૪–૬૬**)

પછી રામે પુછયું કે જટાયુ, તમારી અવસ્થા આમ કેમ થઇ? એ ઉપરથી એણે જે બન્યું હતું તે બધું કહ્યું, અને રાવણ સીતાને લઈને દક્ષિણ દિશામાં ગયો એટલું બોલીને એણે પ્રાણ છોડયા. આથી રામ અને લક્ષ્મણ બન્નેને પરમ દુઃખ થયું. એમણે જટાયુને અગ્નિ સંસ્કાર કર્યો; પિંડ અને જલાંજલિ પ્રદાન કરીને બન્ને જણા નૈર્ઋત્ય દિશા તરફ સીતાની શોધ સારૂ ચાલ્યા. (**વા૦ રા૦ અર૦ સ૦ ૬૮**) જટાયુને કર્ણિકાર, શતગામી, સારસ, રજજુબાલ અને મેરુંડ એમ પાંચ પુત્રો હતા, એમ પુરાણોથી જણાય છે.

રામાયણ ઉપરથી એ વિષ્ણુના વાહન ગરુડનો પુત્ર અને ગીધનો રાજા હતો એમ જણાય છે. પુરાણોમાં એને દશરથનો મિત્ર કહ્યો છે. દશરથ શનિની પાસેથી સીતાને લેવાને ક્રાન્તિમંડળમાં ગયો હતો. શનિની દૃષ્ટિને લીધે એનો રથ બળી ગયો અને રાજા નીચે પડયો. જટાયુએ એને પડતો ઝીલી લઇને ઉગાર્યો હતો. (**ડાઉસન પોપ્યુલર આવૃત્તિ પૃ. ૧૩૪**). પદ્મપુરાણમાં વળી એવી કથા છે કે પોતાના રાજમાં દુકાળ પડયો હતો માટે દશરથ શની ઉપર ચઢી ગયો. પણ એને રથ સહિત સ્વર્ગમાંથી ફેંકી દીધો તે જટાયુએ ઝીલી લીધો હતો. (**ડાઉસન–પોપ્યુલર આવૃત્તિ. પૃ. ૧૩૫**).

જટાસુર. બગડાની સંજ્ઞા વાળા અલંબુષ રાક્ષસનો પિતા. પાંડવો તીર્થ યાત્રા કરતા કરતા આવીને બદરિકાશ્રમમાં રહ્યા હતા ત્યાં આ જટાસુર મુનિવેશ ધારણ કરીને પોતે પોતાને મુખે પોતાના ગુણોની પ્રશંસા કરી, વિશ્વાસ ઉપજાવી તેમની પાસે કપટે રહ્યો હતો. એના મનમાં એમ હતું કે જ્યારે આશ્રમમાં ભીમસેન નહિ હોય ત્યારે લાગ મળ્યે પાંડવોને મારીને દ્રોપદીને હરણ કરી જઇશ. આ એનું કપટ પાંડવોના કળ્યામાં ન આવ્યું અને એ કોઈ મુનિ હશે જાણીને બધાં એની સેવામાં તત્પર રહેતાં. એક વખત એવું થયું કે ભીમસેન ફળ વગેરે લેવા વનમાં ગયો. પોતાની ઇચ્છા પ્રમાણે આ યોગ આવતાં જ એણે દ્રૌપદી સહ વર્ત્તમાન પાંડવોને ઉચકી લીધા. અર્જુન આ વખત

ઈંદ્ર લોકમાં ગયેલો હતો એટલે એ અને ભીમ બે સીવાય ત્રણ ભાઇઓ અને દ્રૌપદીને લઇને ઘણી જ દોટ મુકીને નાઠો. યુધિષ્ટિરે એને બહુએ પ્રકારે નીતિનો બોધ કર્યો, પણ તે ધ્યાનમાં ન લેતાં દોડવા જ માંડયું. યુધિષ્ટિરે કાંઇ અલૌકિક પ્રકારે જડ રુપ ધારણ કરવાથી એનો વેગ અટકયો અને એનાથી અગાડી ચલાયું નહિ. એટલામાં ભીમસેન આશ્રમમાં આવ્યો. પાંડવો ત્યાં નથી જોઇને શોધ કરવા નિકળી પડયો, તે ત્યાં આવી ચઢયો. ભીમસેને જટાસુરની સાથે ઘોર યુદ્ધ કરીને એને મરણ પમાડયો. (**ભાર૦ વન૦ અ૦ ૧૫૭**).

જટિલા. ગૌતમ કુળોત્પન્ન એક કન્યા. એને સાત પતિ હતા. એનો ઇતિહાસ વ્યાસે દ્રુપદ રાજાને કહી સંભળાવ્યો હતો. (**ભાર૦ આદિ૦ અ૦ ૧૯૫–૧૯૬**).

જટી. રાવણે પાતાળમાંથી જીતેલા નાગમાંનો એક. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭**).

જઠર. મેરુની તળાટીએ આવેલા પર્વતોમાંનો પૂર્વ દિશાનો પર્વત.

જઠર (૨). ભારતવર્ષીય દેશ. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯**).

જડભરત. પ્રિયવ્રતવંશના પ્રસિદ્ધ ઋષભદેવ રાજર્ષિના સો પુત્રોમાંનો મોટો, ભરત રાજા. એ રાજ્ય છોડીને વનમાં તપ કરતો હતો તેવામાં એક હરણના બચ્ચા ઉપર પ્રીતિ થવાથી અંતકાળે પણ એજ વાસના રહી. આથી એને હરિણ જન્મ પ્રાપ્ત થયો. આ યોનિમાંથી છૂટયા પછી એણે આંગિરસ ગોત્રના કોઈ બ્રાહ્મણની નાની સ્ત્રીને પેટે જન્મ લીધો. એના પૂર્વના પૂણ્યે કરીને એને પૂર્વ જન્મનું જ્ઞાન હોવાથી એને લાગ્યું કે ઓહો, સંગને લીધે મારે કેવું જન્મ મરણના ફેરામાં આવવું પડયું! આથી એનું જડભરત એવું નામ પડયું.

કોઇ એને ઉઠાડે તો ઉઠે, કોઇ ખવડાવે તો ખાય, નીકર બેસી જ રહે; એવી એની સ્થિતિ જોઇને, એના ઓરમાન ભાઇઓને લાગ્યું કે એ ઘરમાં કશાએ કામનો નથી. એમ ધારી એને ખેતરની રખવાળી કરવા મુકયો. ત્યાં પણ એ કાંઇ ખપનો નિવડયો નહિ. છતાં ત્યાં જ રહેતો હતો. તેવામાં કોઇ ચોર લોકોને દેવીને નરબલિ આપવાની ઇચ્છા હતી, તેમના જોવામાં આવ્યો. આથી એને પકડી, ઉચકી દેવીના મંદિરમાં લઇ ગયા અને જેવો એને મારે છે, તેવામાં દેવીને બહુ ક્ષોભ થયો, અને એણે ચોર લોકોને મારી એનું સંરક્ષણ કર્યું. (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૯**).

કાળાન્તરે પ્રસંગવશાત્ રહુગણ રાજાને એની જોડે મેળાપ થયો. એણે રાજાને આત્મતત્ત્વબોધ કરીને કૃતાર્થ કર્યો. (રહૂગણ શબ્દ જુઓ).

જંતુ. સોમવંશી પૂરુકુળોત્પન્ન સોમક રાજાના સો પુત્રોમાંનો મોટો પુત્ર. (૧ સોમક શબ્દ જુઓ).

જતૃણ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

જનક. વિદેહવંશના પ્રત્યેક રાજાનું સામાન્ય નામ. એનું કારણ એમ છે કે એ વંશનો મૂળ પુરુષ કેવળ પિતાના જ દેહથી નિર્માણ થયો હતો. એ વિષયે મૂળ ઇતિહાસ એમ છે કે, વૈવસ્વત મનુના મોટા પુત્ર ઈક્ષ્વાકુના સો પુત્ર પૈકી બીજા પુત્ર નિમિ રાજાને વસિષ્ટનો શાપ થયો હતો. એનો દેહ પડી ગયા બાદ બ્રાહ્મણોએ એના દેહનું મંથન કર્યું ને તેમાંથી એક પુરુષ નિર્માણ કર્યો. એનું નામ મિથિનામા જનક. ત્યાર પછીના દરેકને આ નામ લાગુ પડયું. (૧ નિમિ શબ્દ જુઓ).

જનક કૂપ. ભારતવર્ષીય તીર્થ.

જનદેવ. વિદેહવંશનો એક જનક. વંશાવલિમાં એનું નામ મળતું નથી. એનો ઇતિહાસ એવો છે કે એણે પોતાને ખર્ચે એક સો આચાર્ય રાખ્યા હતા. એક કાળે એણે એમને એવો પ્રશ્ન કર્યો કે આત્મા એટલે શું? મુખ્યત્વે કરીને એ નામ કોને છે અને એને મેળવવાને ઉપાય શો? એ પ્રશ્નોના ઉત્તર જેને જેમ

રોમાંનો એક. એને યાકુ નામે કન્યા હતી. તારકાસુરના યુદ્ધમાં એ વિષ્ણુને હાથે માર્યો ગયો હતો. (**ભા૨૦વન૦ અ૦ ૧૦૨**).

જંભ. (૨). રાવણ પક્ષનો એક રાક્ષસ. એનો પુત્ર સુંદ તે તાટકા રાક્ષસીનો પતિ થતો હતો.

જંભ. (૩). રામની સેનાનો એક વાનર. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪**).

જંભક. ઇન્દ્રે મારેલો એ નામનો એક દૈત્ય. (૩ તારકાસુર શબ્દ જુઓ).

જંભાસુર. પહેલો જંભ શબ્દ જુઓ.

જમદગ્નિ. વારુણિ ભૃગુકુળમાં થએલા ઋચિક ઋષિને ગાધિ રાજાની કન્યા સત્યવતીને પેટે થએલો પુત્ર. એનું બીજું નામ આર્ચીક પણ હોય એમ જણાય છે. એ વિશ્વામિત્રનો ભાણેજ હતો. પ્રસેનજિત રાજર્ષિ જેને રેણુ પણ કહેતા તેની કન્યા રેણુકા એની સ્ત્રી હતી. જમદગ્નિ પ્રતિ આશ્વિન માસમાં સંચાર કરનાર સૂર્યની સાથે સંચાર કરે છે. (૩ ઇષ શબ્દ જુઓ). એને રુમણ્વાન્, સુષેણ, વસુમાન્, વિશ્વાવસુ, અને રામ–જે પરશુરામ નામે પ્રસિદ્ધ છે તે મળીને પાંચ પુત્રો હતા.

એ ઘણો ક્રોધી હતો. એક વખત એની સ્ત્રી રેણુકા નદીએ નહાવા ગઇ હતી. માર્તિકાવતક દેશનો રાજા ચિત્રરથ સ્ત્રીઓ સહવર્તમાન જળક્રીડા સારુ આવેલો હતો તેને એણે જોયો. એમની જળક્રીડા જોવા એ થોડી વાર ઉભી રહી, જેથી એને આશ્રમમાં આવતાં સહજ વિલંબ થયો. આટલા ઉપરથી જમદગ્નિને એટલો બધો ક્રોધ ચઢ્યો કે એણે પોતાના પુત્રોને એનો વધ કરવાની આજ્ઞા કરી. પરંતુ એઓએ સ્તબ્ધ રહીને એ આજ્ઞા માની નહિ. જમદગ્નિએ પુત્રોને પાષાણ તુલ્ય જડ કરી દીધા. પરશુરામ અરણ્યમાં ગયો હતો તેની વાટ જોતો હતો એટલામાં એ આવ્યો. એને આવ્યો જોઇને એને પણ એ જ આજ્ઞા કરી. પરશુરામે દીર્ઘદૃષ્ટિ વાપરીને પિતાની આજ્ઞા પ્રમાણે તરત જ પોતાની માતા રેણુકાનો વધ કર્યો. આથી પ્રસન્ન થઇને જમદગ્નિએ એને જે ઇષ્ટ હોય તે માગવાનું કહ્યું. એ સાંભળતાં જ પરશુરામે માગ્યું કે મારી માતા અને ભાઇઓ જેવા હતા તેવા થાય અને તેમને થએલા આ બનાવનું સ્મરણ ન રહે, (૧ રામ શબ્દ જુઓ). અને આપ આજ્યથી ક્રોધ તજી દો. ઋષિએ તથાસ્તુ કહેતાં જ રેણુકા અને તેના પુત્રો સજીવ થયા અને જમદગ્નિ પોતે પણ એટલો ક્રોધ રહિત થયો કે સહસ્રાર્જુનના પુત્રોએ આવીને માર્યો તથાપિ એને ક્રોધ ધરાધરી આવ્યો નહિ.

એક સમયે ક્રોધદેવે ધાર્યું કે આણે તો મને નિશ્રાયાત્મક છોડ્યો કે કેમ તે જોઉં. પછી જમદગ્નિના આશ્રમમાં પિતૃતિથિ હતી ત્યારે એણે સર્પરુપ ધારણ કરીને પિતરને માટે કરેલા દુધપાકમાં પોતાનું ઝેર નાંખી તેને બોટ્યો. પછી ઋષિને પોતે શું કર્યું હતું તે કહ્યું. પણ ઋષિને ક્રોધ ન આવતાં, ક્રોધ દેવને એટલું જ કહ્યું કે આ અપરાધ તેં પિતૃદેવનો કર્યો છે. આથી ક્રોધદેવે સંતુષ્ટ થઈ દુધપાક પ્રથમ જેવો નિર્વિષ કર્યો અને અંતર્ધ્યાન પામ્યો. (૧ ક્રોધ શબ્દ જુઓ).

એક સમયે કાર્તવીર્યાર્જુન પોતાની સેના સહિત જમદગ્નિના આશ્રમમાં આવ્યો હતો. પોતાની પાસે કામધેનુ હોવાથી ઋષિયે સઘળાનું ઉત્કૃષ્ટ પ્રકારે આતિથ્ય કર્યું. આ જોઇને એણે બળાત્કારે કામધેનુ લઈ લીધી; તોપણ એમને ક્રોધ આવ્યો નહિ. કાર્તવીર્યની પાસેથી પરશુરામે પોતે કામધેનુને છોડવી આણી પાછો આશ્રમધર્મ ચાલુ કર્યો.

પરશુરામે કાર્તવીર્યને માર્યો હતો તેનું વેર રાખીને તેના પુત્રોએ પરશુરામ આશ્રમમાં ન હોય એવો લાગ સાધીને જઇને જમદગ્નિને કાપી નાંખ્યા. (**ભા૨૦ વન૦ અ૦ ૧૧૬**).

પરશુરામે એમને પુનઃ સજીવન કર્યા અને પૃથ્વી નિઃક્ષત્રિય કરવાની પ્રતિજ્ઞા લીધી. (પરશુરામ શબ્દ જુઓ).

જમદગ્નિ (૨). એજ કુળના એ નામના બીજા એક ઋષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

જય. વિષ્ણુના પ્રસિદ્ધ બે દ્વારપાળોમાંનો એક. (જયવિજય શબ્દ જુઓ).

જય (૨). ઉત્તાનપાદ વંશના ધ્રુવના પુત્ર વત્સરને સ્વર્વીથિ નામની સ્ત્રીને પેટે થએલા છ પુત્રોમાંનો નાનો.

જય (૩). વિદેહવંશના શ્રુત નામના જનકનો પુત્ર. એના પુત્રનું નામ વિજય જનક.

જય (૪). ઉર્વશીને સોમવંશી પુરુરવા રાજાથી થએલા છ પુત્રોમાંનો કનિષ્ટ. એને મિત નામે પુત્ર હતો.

જય (૫). સોમવંશી આયુકુલોત્પન્ન ક્ષત્રવૃદ્ધિ વંશના સંજય રાજાનો પુત્ર. એનો પુત્ર ને કૃત.

જય (૬). સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધવંશના સંકૃતિ રાજાનો પુત્ર. એનો પુત્ર ક્ષત્રધર્મા.

જય (૭). સોમવંશી નહુષપૌત્ર પૂરુના વંશના રૌદ્રાશ્વ કુળના મન્યુ રાજાના પાંચમાનો બીજો.

જય (૮). શુક્રાચાર્યને પીવરીથી થએલા પાંચમાનો કનિષ્ટ પુત્ર.

જય (૯). સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશના સાત્યકીના દસ પુત્રોમાંનો મોટો. એ ભારતના યુદ્ધમાં મરણ પામ્યો હતો.

જય (૧૦). સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશના કંકને કાણકાથી થએલા બે પુત્રોમાંનો બીજો.

જય (૧૧). સોમવંશી યદુકુલોત્પન્ન કૃષ્ણને ભદ્રાની કુખે થએલો પુત્ર.

જય (૧૨). ધૃતરાષ્ટ્ર પુત્ર. એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૩૫**).

જય (૧૩) એ નામનો પાંડવ પક્ષનો રાજા જેને કર્ણે માર્યો હતો. (**ભા૨૦ કર્ણ૦ અ૦ ૫૬**).

જય (૧૪). બ્રહ્મસાવર્ણિ મન્વન્તરમાં થનારા સપ્ત ઋષિયોમાંનો એક.

જયંત. એક રુદ્ર. ભારતમાં કહેલા રુદ્રોમાં કીચ્યાનું આ બીજું નામ હતું તે કહી શકાતું નથી.

જયંત (૨). એક રુદ્રગણ.

જયંત (૩). ઇન્દ્રનો પુત્ર. બાર આદિત્યોમાંના ઇન્દ્રના ત્રણ પુત્રોમાંનો એક.

જયંત (૪). ધર્મ ઋષિને મરુત્વતીને પેટે થએલા બે પુત્રોમાંનો એક.

જયંત (૫). દશરથ રાજાના અષ્ટ પ્રધાનોમાંનો એક. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૭**).

જયંત (૬). ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૭૧**).

જયંતી. સ્વાયંભૂ મન્વન્તરમાંના સ્વર્ગના અધિપતિ યજ્ઞ નામના ઇંદ્રની કન્યા. ઋષભ દેવ રાજર્ષિની સ્ત્રી. ભરતાદિ સો પુત્રની માતા. (ઋષભદેવ શબ્દ જુઓ).

જયંતી (૨). ચાલુ મન્વન્તરના સ્વર્ગાધિપતિ પુરંદર નામના ઇંદ્રની કન્યા. વારુણિ ભૃગૂના પુત્રોમાંના શુક્ર નામના પુત્રની સ્ત્રી. આ શુક્ર તે વૃષપર્વા દાનવના સમયમાં તેનો પુરોહિત હતો. શુક્રથી આ જયંતીને દેવયાની નામની કન્યા થઇ હતી. (**મત્સ્ય૦ અ૦ ૪૭**).

જયંતી (૩). ભારતવર્ષીય નદી.

જયત્સેન. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૪**).

જયત્સેન (૨). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક માગધ. એને અભિમન્યુએ માર્યો હતો. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૪૭**).

જયત્સેન (૩). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો રાજા. (**ભા૨૦ શલ્ય૦ અ૦ ૬**).

જયદ્રથ. સોમવંશી આયુકુલોત્પન્ન પૂરુ રાજાના અજમીઢ વંશના બૃહદ્વિષુ કુળમાં જન્મેલા બૃહત્કાય રાજાનો પુત્ર. એના પુત્રનું નામ વિશદ હતું.

જયદ્રથ (૨). સોમવંશી અનુકુલોત્પન્ન રોમપાદ રાજાના વંશના બૃહન્મના રાજાનો પુત્ર. એને સંભૂતિ નામની સ્ત્રી અને વિજય નામનો પુત્ર હતો.

જયદ્રથ (૩). સિંધુ દેશના વૃદ્ધક્ષત્ર રાજાનો પુત્ર અને ધૃતરાષ્ટ્રની કન્યા દુઃશલાનો પતિ. એ દુર્યોધન પક્ષનો હોવાથી પાંડવોનો દ્વેષ કરતો હતો.

પાંડવો જ્યારે વનવાસમાં હતા ત્યારે એક વખત એ પોતાના દેશથી નિકળીને શાલ્વ દેશમાં સ્વયંવર હતો ત્યાં જતો હતો. બલાહક, આનીક, વિદારણ ઇત્યાદિ છ ભાઇઓ તે વખત એની જોડે હતા. તેમ જ કોટિક અગર કોટિકાસ્ય, શિબિ દેશાધિપતિ સુરથ રાજાનો પુત્ર, વિગર્ત રાજપુત્ર ક્ષેમંકર, ઇક્ષ્વાકુ કુળના સુભવપુત્ર સુપુષ્પિત, કુલિંદ પુત્ર અને સિંધુ દેશોત્પન્ન અંગારક, કુંજર, ગુમક, શત્રુંજય, સંજય, સુપ્રવૃદ્ધ, ભયંકર, ભ્રમર, રવિ, શર, તેમજ પ્રતાપ અને કુહન એમ બાર રાજપુત્રો અને તે જ પ્રમાણે મોટું સૈન્ય હતું. જતાં જતાં પાંડવો જે વનમાં હતા તે કામ્યક વનમાં એઓ આવી પહોંચ્યા.

એઓનુ તે દિવસે એ વનમાં રહેવું થયું. પાંડવોનો આશ્રમ પાસે જ હતો અને પાંડવો મૃગયા કરવા ગયા હતા. આશ્રમમાં માત્ર દ્રૌપદી અને ધૌમ્ય પુરોહિત બન્ને જ હતાં. દ્રૌપદી સહેજ જયદ્રથની દૃષ્ટિએ પડતાં એને એના વિશે કામબુદ્ધિ ઉત્પન્ન થઇ. એ કોણ છે, કોની સ્ત્રી છે, ઇત્યાદિ ખબર કાઢીને એને ફોસલાવીને વશ કરવા કોટિકને મોકલ્યો. તે ઉપરથી તે દ્રૌપદી પાસે ગયો અને તું કોણ છે, અરણ્યમાં કેમ રહી છે વગેરે બધું પુછ્યું. દ્રૌપદીએ કહ્યું કે હું પાંડવોની સ્ત્રી, દ્રૌપદી છું. મારા પતિયો મારા રક્ષણ સારુ ધૌમ્ય-ઋષિને મુકી મૃગયા સારુ ગયા છે. એમ કહીને દ્રૌપદી આશ્રમમાં ગઇ અને કોટિક પાછો જયદ્રથ પાસે ગયો અને બધી હકીકત કહી.

કોટિકની હકીકત સાંભળતાં જ જયદ્રથ પોતાની સેનામાંથી નિકળી દ્રૌપદીની પાસે ગયો. દ્રૌપદીએ એનો આદર સત્કાર કર્યો અને એ જયદ્રથ છે એમ ઓળખીને કહ્યું કે હમણાં પાંડવો આવશે અને તમને મળશે. આમ પોતાના કાકા સસરાનો જમાઇ જાણી સરળ ચિત્તથી વાત કરી. પરંતુ જયદ્રથ કુટિલ હોવાથી બોલ્યો કે હે દ્રૌપદી! આ પાંડવોની સાથે રહી તારે વનવાસની પીડા વેઠવી ઉચિત નથી. તું દ્રુપદ રાજકન્યા હોઇ અત્યંત સુકુમાર અને ઘણી જ સ્વરુપવાન છે. તારી અવસ્થા હજુ તરુણ છે. માટે વિચાર કર અને મારી જોડે ચાલ. મારું ઐશ્વર્ય કેવું મોટું છે તે જો. આવાં એનાં અનેક પ્રકારનાં નિર્લજ્જપણાનાં ભાષણ સાંભળીને દ્રૌપદીને પારાવાર ક્રોધ થયો; અને એણે કહ્યું, અરે મૂર્ખા! અહીંથી જલદી ચાલ્યો જા, નિકર વૃથા પ્રાણ ગુમાવી બેશીશ. તું ગાંધારીનો જમાઇ, એટલે કુંતીનો એ જમાઇ કહેવાય. આમ છતાં આવું બોલવું તને શોભતું નથી. હશે, હવે સત્વર સમજીને ચાલતો થા. અવિચારપણાને લીધે વૃથા કાળના મોંમાં પડવાની ઇચ્છા કરીશ નહિ. પણ ઉન્મત્ત થયેલા જયદ્રથે એનું કહેવું સાંભળ્યું નહિ. તેમ એ એને રૂચ્યું એ નહિ. એણે દ્રૌપદીને બળાત્કારે પકડીને પોતાના રથમાં નાંખી. અને સૈનની વાટ ન જોતાં રથ દોડાવીને નાશી છૂટ્યો. (**ભાર૦ વન૦ અ૦ ૨૬૪–૨૬૮**).

જયદ્રથે દ્રૌપદીને બળાત્કારે પકડીને રથમાં નાંખી તે જોઈને ધૌમ્ય ઋષિએ પણ એને ઘણો વાર્યો. છેવટે ન લઇ જાશ, છોડી દે વગેરે બોલતો બોલતો રથની પછવાડી દોડ્યો. અહીં પાંડવો આશ્રમમાં આવ્યા, કે તરત બીજા ઋષિયોએ થયેલા વર્ત્તમાન એમને જણાવ્યા. સાંભળતાં જ એઓ જયદ્રથની પાછળ ધાયા. અને ઘણે દૂર જઇને એને પકડી પાડ્યો. એની પાછળ આવતા સૈન્યને ભીમસેને હરાવ્યું અને કોટિકને તો ઠાર માર્યો. અને જયદ્રથને મારતો હતો તેવામાં યુધિષ્ટરે કહ્યું કે એને મારીશ નહિ. એથી દુઃશલાને દુઃખ થશે. અને તેથી ગાંધારી અને ધૃતરાષ્ટ્રને પણ કષ્ટ થશે. ભીમસેને એને ન મારતાં એની પાસે કહેવડાવ્યું કે હું પાંડવોનો દાસ છું. પછી છોડી દીધો. પાંડવો દ્રૌપદી અને ધામ્યને લઈ આશ્રમમાં આવ્યા.

પાંડવોએ જયદ્રથની આવી વલેહ કરી તેથી વિમનસ્ક થઇને એ સ્વયંવરમાં ગયો જ નહિ. સૈન્ય સહિત બધા રાજપુત્રોને પોતાને દેશ પાછા જવા દઇને પોતે એકલો જ ગંગાદ્વાર ગયો, અને ત્યાં રુદ્રનું મોટું કષ્ટ ભરેલું તપ કરીને હું બધા પાંડવોને જીતું, એવું વરદાન માગ્યું. પણ રુદ્રે કહ્યું એ બનાર નથી. પણ જ જ્યારે અર્જુન નહિ હોય, ત્યારે તું એકવાર પાંડવોને હરાવીશ. એમ કહીને રુદ્ર અંતર્ધાન થયા અને જયદ્રથ એટલાથી જ સંતુષ્ટ થઇને પોતાના નગરમાં પાછો આવ્યો. આ વરના પ્રતાપ વડે જ જ્યારે અભિમન્યુ ચક્રવ્યૂહમાં મરાયો તે વખત એણે પાંડવોને હરાવ્યા હતા. (**ભાર૦ વન૦ અ૦ ૨૭૨**).

પછી ભારતના યુદ્ધમાં અર્જુન સંશપ્તકમાં રોકાયેલો હોવાથી ચક્રવ્યૂહમાં જયદ્રથે પાંડવોનો પરાભવ કર્યો જેથી અભિમન્યૂ એકલો પડીને મરાયો; તેથી અર્જુને પ્રતિજ્ઞા કરી કે આવતી કાલે સૂર્યાસ્ત પહેલાં હું જયદ્રથને મારીશ, નિકર અગ્નિ પ્રવેશ કરીશ. આ પ્રતિજ્ઞાથી ભયભીત થઇને, હું મારે દેશ જાઉં છું એવું એણે દુર્યોધનને કહ્યું. પણ દ્રોણાચાર્યે એને અભય આપીને રહેવાનું કહેવાથી પોતાને દેશ ન જતાં એ ત્યાં રહ્યો. (**ભારત૦દ્રોણ૦ અ૦ ૭૩–૭૪**).

બીજે દિવસે અર્જુન મોટા પરોઢમાં ઉઠ્યો. યથાવિધિ સ્નાન સંધ્યા અને શિવોપાસના કરી, કૃષ્ણની રાહ જોતો બેઠો. એટલામાં કૃષ્ણ પણ વિધિપૂર્વક નિત્યકર્મથી પરવારી ત્યાં આવ્યા. સૈન્ય સહિત અર્જુન યુદ્ધભૂમિ પર આવી ઉભો. કૌરવ સેના સહિત દ્રોણાચાર્ય પણ હાજર થઇ ગયા. દ્રોણાચાર્યે શકટ વ્યૂહની રચના કરી, તેમાં પદ્મવ્યૂહ રચ્યો અને તેની અંદર સૂચિવ્યૂહ કરી તેમાં જયદ્રથને બેસાડ્યો. આવી બરોબર ગોઠવણ કરી પોતે વ્યૂહના મોં આગળ આવી ઉભા. શકટ વ્યૂહની રચના અર્જુનને જ્ઞાત નહોતી.

(**ભાર૦ દ્રોણ૦ અ૦ ૮૦–૮૮**).

અહીં કૃષ્ણે અર્જુનને સૂચવ્યું કે આચાર્યની સાથે યુદ્ધ કરવામાં ન રોકાતાં શિઘ્ર વ્યૂહમાં પ્રવેશ કર. એમ કહી પોતે રથને ત્યાં હાંકી ગયા. અર્જુને વ્યૂહમાં જતાં જતાં જ આચાર્યને વંદન કર્યું, અને આગળ ચાલ્યો. એને જોઇને દ્રોણાચાર્યે કહ્યું કે વ્યૂહના દ્વાર પર હું તારો શત્રુ ઉભેલો છતાં મને જીત્યા વગર અંદર જવું તને ઘટતું નથી અર્જુને કહ્યું કે:—

॥ गुरु र्मवान्नमे शत्रुः शिष्य पुत्र समोऽस्मि ते ॥
॥ नचास्ति स पुमान् लोके यस्त्वां युधि पराजयेत् ॥

(**ભાર૦ દ્રોણ૦ અ૦ ૯૧ શ્લો૦ ૩૪**).

એમ કહીને જે ચાલ્યો, તે વ્યૂહમાં જ દાખલ થયો. જતાં જતાં એણે શતાવધિ યોદ્ધાઓનો પરાભવ કર્યો, તેમ જ શતાવધિ યોદ્ધાને મરણ પમાડ્યા. કૃષ્ણે એને કહ્યું કે ઘોડા તરસ્યા થયા છે તે ઉપરથી જયદ્રથ હજી ઘણે દૂર છે, મધ્યાન્હ થયા છે, વગેરે જોઇને વિશ્રાંતી લીધી. ઘોડાને માટે પાણી નહોતું તે બાણમારી બાણગંગા નિર્માણ કરી. ત્યાં ચાર ઘડી વિશ્રાંતી લઇ અર્જુન ત્યાંથી ચાલ્યો. એ જયદ્રથની લગભગ પાસે આવી પહોંચ્યો. એટલામાં યુધિષ્ટિરનો મોકલેલો સાત્યકી વ્યુહભેદીને અર્જુનની મદદે આવી પહોંચ્યો. (યુયુધાન શબ્દ જુઓ) થોડી વારે ભીમસેન, યુધામન્યુ, ઉત્તમૌજા, એ બધા એક પછી એક આવી પહોંચ્યા. આ સઘળાને આવીને એકઠા થએલા જોઇને દુર્યોધનને અત્યંત ભય ઉત્પન્ન થયો, અને એ પોતે જયદ્રથનું રક્ષણ કરવાને જતે એની પાસે જઇને બેઠો. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૯૯–૧૦૧**)

આ પ્રમાણે અર્જુન અને દુર્યોધન પોતપોતાના મનોરથની સિદ્ધિસારુ વ્યવસ્થામાં રોકાયલા છે તેમજ બીજા યોદ્ધા પરસ્પર યુદ્ધ કરવામાં જોડાયલા છે, તેવામાં કૃષ્ણે

એકાએક સૂર્યાસ્ત થયો હોય એવો ભ્રમ સેનામાં ભાસ કર્યો ! એ સૂર્યાસ્ત જોઇને અર્જુનનું મોં ઉતરી ગયું. કૌરવો આનંદમાં આવી ગયા અને પરસ્પર જુઓ, સૂર્યાસ્ત થયો, સૂર્યાસ્ત થયો એમ બોલીને એકબીજાને બતાવવા લાગ્યા. જયદ્રથે પણ સૂર્યાસ્ત જોવા માથું ઉંચું કર્યું; એટલે કૃષ્ણે સંકેતથી અર્જુનને કહ્યું કે, પેલો જયદ્રથ જો. એમ કહેતાં જ અર્જુને તત્કાળ જયદ્રથનું માથું એવી રીતે ઉરાડયું કે એ જઇને એના પિતા વૃદ્ધક્ષત્રના ખોળામાં પડયું. (વૃદ્ધક્ષત્ર શબ્દ જુઓ) જયદ્રથ મરતાં જ કૃષ્ણે સૂર્યને પૂર્વવત બધાની દૃષ્ટિએ પડે એમ કર્યું. એ જોઇને સંપૂર્ણ કૌરવો શોકાકુળ બની ગયા. પાંડવ સેનામાં હર્ષનાદ થઇ રહ્યો. પછી જ્યારે ખરેખરો સૂર્યાસ્ત થયો ત્યારે બધા પોતપોતાના તંબુઓમાં પેસી ગયા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૪૬**) જયદ્રથને દુઃશલાની કુખે સુરથ નામે પુત્ર હતો.

જયધ્વજ. સોમવંશી યદુકુલોત્પન્ન કાર્તવીર્ય રાજાના પાંચ પુત્રોમાંનો પહેલો. એના પુત્રનું નામ તાલજંઘ હતું.

જયરાત. કાલિંગ દેશના ભાનુમંત રાજાનો ભાઈ. એને રાત્રિયુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૫૫**)

જયવિજય. વિષ્ણુના બે દ્વારપાળ સનકાદિકના શાપને લીધે વૈકુંઠમાંથી નીચે પડી અસુર યોનિને પ્રાપ્ત થયા હતા તે. (**ભાગ૦ ૩ સ્કં૦ અ૦ ૧૬ શ્લો૦ ૩૨**)

જયસેન. સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના વંશના અહીન રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સંકૃતિ.

જયસેન (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ વંશના જન્હુકુળમાં જન્મેલા સાર્વભૌમ રાજાનો પુત્ર. એને રાધિક નામે પુત્ર હતો

જયસેન (૩). અવંતીનો રાજા, રાજાધિદેવીનો પતિ, અને વિંદાનુવિંદાનો પિતા. એને મિત્રવિંદા નામની કન્યા હતી તેને કૃષ્ણ પરણ્યા હતા.

જયા. કૃશાશ્વ પ્રજાપતિની કન્યા.

જયાનીક. દ્રુપદ પુત્ર એક પાંચાળ. એને અશ્વત્થામાએ માર્યો હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૫૬**)

જયાશ્વ. જયાનીકનો ભાઇ. એને પણ અશ્વત્થામાએ માર્યો હતો. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૧૫૬**)

જરત્કારુ. ભૃગુકુળોત્પન્ન એક બ્રહ્મર્ષિ. એ મહાતપસ્વી અને બ્રહ્મચર્યવાળો હતો. એણે એક વખત પોતાનાં માબાપને એક ખાડામાં લટકતાં દીઠાં. એને દયા આવવાથી એણે પૂછ્યું તમે કોણ છો અને આમ આ દુઃખ કેમ પામો છો ? એમણે કહ્યું કે અમારો એક પુત્ર જરત્કારુ કરીને છે, તે લગ્ન કરીને સત્પ્રજોત્પત્તિ કરતો નથી. માટે અમને આ દશા પ્રાપ્ત થઇ છે. એ બહુ અજાયબ થયો અને કહે જરત્કારુ તો મારું નામ છે. (**ભા૨૦ આદિ૦ અ૦ ૪૫-૪૬**) એણે પૂર્વજોને કહ્યું કે હું તમારા સુખને માટે લગ્ન કરું પણ મને મારા જ નામની સ્ત્રી અને તે ભિક્ષામાં મળે તો. પૂર્વજોએ તથાસ્તુ કહ્યું અને એ પૃથ્વી પર આવ્યો. અગાડી જતાં કશ્યપ પુત્ર વાસુકીએ પોતાની જરત્કારુ નામની બહેન એને ભિક્ષામાં આપી. વાસુકીને ખબર હતી કે જરત્કારુ નામના વરથી એ બાઇને પેટે જે પુત્ર થાય તે પૂર્વે જન્મેજયના સર્પ સત્રમાં નાગોને ઉગારનાર થશે. એમ હોવાથી એણે પોતાની જરત્કારુ નામની બ્હેન એને પરણાવી. (**ભા૨૦ આદિ૦ અ૦ ૪૭-૪૮**).

વિવાહ પછી જરત્કારુ ઋષિ પોતાની સ્ત્રીને લઇને પોતાને આશ્રમે આવ્યા અને ઘણાકાળ પર્યંત તેની સાથે રહ્યા. એક વખત એમ બન્યું કે એ ઉંઘી ગયા હતા અને સૂર્યાસ્તનો વખત થયો છે એ જોઇને તેમની સ્ત્રી જરત્કારુએ એમને સંધ્યાવંદન નિમીત્તે ઉઠાડયા. બસ, એટલા ઉપરથી એમને બહુ

ક્રોધ આવ્યો અને ઘર છોડીને વનમાં જતા રહ્યા. બાઇએ એમને ન જવાને ઘણીએ પ્રાર્થના કરી પણ તે ન ગણકારતાં, તારા પેટમાં ગર્ભ છે એમ કહીને પોતે વનપ્રતિ ચાલ્યા ગયા. આગળ જતાં એ બાઇને આસ્તિક નામે પુત્ર સાંપડયો. એ ઋષિનું નામ પડવાનું કારણ એ કે જરત્ શબ્દ ક્ષીણતા વાચક છે અને કારુ ક્રિયા વાચક છે. એ ક્ષીણ કરનારો–ઉગ્ર તપવડે પોતાનું શરીર ક્ષીણ કરનારો હતો તેથી જરત્કારુ કહેવાયો. (**ભા૦ આદિ૦ અ૦ ૧૩-૧૬**).

જરત્કારુ (૨). નાગભગિની, જરત્કારુની સ્ત્રી અને આસ્તિકની માતા.

જરદ્ગૌરી. આસ્તિકની–જરત્કારુની માતા.

જરા. એક રાક્ષસી. (જરાસંધ શબ્દ જુઓ).

જરા (૨). વસુદેવને રથરાજી નામની સ્ત્રીને પેટે થએલા ત્રણ પુત્રોમાંનો મધ્યમ. એ જો કે ક્ષત્રિય હતો છતાં દુરાચરણે કરીને પારધી થઇ ગયો હતો. કૃષ્ણને એનું જ બાણ વાગ્યું હતું અને એનું મૃત્યુ થયું હતું. કૃષ્ણની કૃપાથી જરા દિવ્યલોકને પ્રાપ્ત થયો હતો.

स सन्निरुध्येन्द्रियवाङ्मनास्तु
शिश्ये महायोगमुपेत्य कृष्णः ।
जरोथ तं देशमुपाजगाम
लुब्धस्तदानीं मृगलिप्सुरुग्रः ॥२२॥
स केशवं योगयुक्तं शयानं
मृगासक्तो लुब्धकः सायकेन ।
जरोऽविध्यत्पादतले त्वरावां
स्तं चाभितस्तज्जिघृक्षुर्जगाम ॥२३॥
(**ભા૨૦ મૌસલ૦ અ૦ ૫**).

જરાસંધ. સોમવંશી પૂરુ કુળોત્પન્ન અજમીઢ રાજાના વંશના ઉપરિચર વસુનો પૌત્ર. બૃહદ્રથ રાજાના બેમાંનો એક પુત્ર. બે માતાઓના પેટથી અડધીઆંને રુપે એનો જન્મ થયો હતો. જરા નામની રાક્ષસીએ એ બન્ને અડધીઆંને એકઠાં કરી સાંધી દઇ એનું આખું શરીર કર્યું હતું. આથી એનું જરાસંધ નામ પડયું હતું. (**ભા૦ ૨ સભા૦અ૦ ૧૭-૧૮**).

એ મગધ દેશનો અધિપતિ અને એની રાજધાની ગિરિવ્રજ હતી. એને અસ્તિ અને પ્રાપ્તિ નામે બે કન્યા હતી જે એણે કંસને પરણાવી હતી. કંસને કૃષ્ણે માર્યા સબબે એ સત્તરવાર મથુરા ઉપર ચઢી ગયો હતો પણ દરેક વાર હાર ખાઇને પાછો આવતો. યાદવોના અગ્રણી બળરામના બળ અને શૌર્ય આગળ એનું ચાલતું નહી.

જરાસંધ જો કે મથુરાની ચઢાઇઓમાં પરાભવ પામતો માટે એ બળહીન હશે અને બધે જ પરાભવ પામતો હશે એમ ધારવું નહિ. એ ઘણો જ બળવાન હોઈ ઘણા રાજાઓ એનાથી થરથર કંપતા. હંસ અને ડિંભક નામના બે ભાઇઓ એના પ્રધાનો હતા. શિશુપાળ એનો સેનાપતિ હતો. એણે યુદ્ધમાં જીતી જીતીને સેંકડો રાજાઓને પકડીને પશુઓની પેઠે બાંધીને કારાગૃહમાં રાખ્યા હતા. એની ધારણા હતી કે સો વર્ષ પૂરાં થાય એટલે રુદ્રયાગ કરીને બધા રાજાઓનો બલિ આપવો. એ અરસામાં યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કરવાની ધારણાથી કૃષ્ણને તેડાવ્યા. તેવામાં જ જરાસંધે કેદ કરેલા રાજાઓએ ધાર્યું કે આપણને બંધ કર્યે છ્યાશી વર્ષ થયાં અને હવે ચૌદ વર્ષમાં તો આ દુષ્ટ આપણને હોમી દેશે. એ ભયને લીધે તેમણે કૃષ્ણને છાની રીતે સંદેશ કહાવ્યો કે આપ સત્વર આવીને અમને કારાગૃહમાંથી છોડવો, નિકર અમે મુવા જ સમજજો. કૃષ્ણે દૂતની સાથે કહાવ્યું કે તમે ભય ધરશો નહિ, હું તમને છોડાવીશ. એ કરીને પોતે ઇંદ્રપ્રસ્થ યુધિષ્ઠિરને ત્યાં ગયા. ત્યાંથી ભીમસેન અને અર્જુનને પોતાની જોડે લઇને મગધ ગયા. (**ભા૨૦ સભા અ૦ ૨૦**).

ભીમસેન અને અર્જુન સાથે કૃષ્ણ ગિરિવ્રજ જઈ પહોંચતાં પ્રથમ જ એના દરવાજાપર ત્રણ મોટાં દુંદુભી હતાં તે ફોડી નાંખ્યાં. પછી બ્રાહ્મણનો વેષ કરી જરાસંધને ત્યાં ગયા.

જરાસંધે એ બ્રાહ્મણો જ છે ધારી તેમનો સત્કાર કર્યો, અને અર્ઘ્યપાદ આપવા માંડ્યો પણ એ લોકોએ એની પૂજા લીધી નહિ. એ જોઇને જરાસંધે પૂછ્યું કે તમે બ્રાહ્મણ હોઇને મારી પૂજા અંગિકાર કેમ કરતા નથી ? તમે કોણ છો અને શા હેતુથી આવ્યા છો તે કહો. કૃષ્ણે કહ્યું કે ગમે તે છઇએ પણ અહિં તારી સાથે યુદ્ધ કરવાને આવ્યા છીએ માટે અમારા ત્રણમાંથી તારી મરજીમાં આવે તેની સાથે યુદ્ધ કર. એ સાંભળીને જરાસંધે વિચાર્યું કે આકૃતિ ઇત્યાદિ જોતાં ખરેખર આ લોકો બ્રાહ્મણો નથી.

પછી જરાસંધે કૃષ્ણને કહ્યું કે તમે ત્રણે કોણ છો તે મેં ઓળખ્યા. પણ તમારા ત્રણમાં તું અને આ અર્જુન મારી જોડે બાહુ યુદ્ધમાં ટકી શકશો નહિ. આ ભીમસેન કાંઇ પણ ટકી શકે એમ લાગે છે. તો એની સાથે લઢવાને હું તૈયાર છઉં. આમ કહીને એણે એ ત્રણેનું સ્વાગત કરીને યથાસાંગ ભોજન વગેરે કર્યું. પછી બીજે દિવસે ભીમ અને જરાસંધે યુદ્ધનો આરંભ કર્યો. એમનું યુદ્ધ અહોરાત્ર તેર દિવસ સુધી ચાલ્યું. બન્ને જણ થાકી ગયા હતા. પછી ભીમે ચાદમે દિવસે જરાસંધને પકડીને ચીરી નાંખ્યો. પણ એ પાછો સંધાઇ ગયો અને લઢવા તૈયાર થયો. આથી ભીમને ઘણો જ ભય ઉત્પન્ન થયો કે હવે આ શી રીતે મરશે. એટલામાં કૃષ્ણે એક સળેકડું હાથમાં લીધું અને એને ચીરી નાંખી જમણા હાથનું ડાબી તરફ અને ડાબા હાથનું જમણી તરફ ફેંકી ભીમસેનને સૂચના કરી. ભીમસેન સમજી ગયો અને સૂચના પ્રમાણે જરાસંધને ચીરી એનું જમણું અંગ ડાબી અને ડાબું જમણી તરફ ફેંકી દીધું તેથી એ ફરી સંધાયો નહિ, અને તત્કાળ મરણ પામ્યો.

જરાસંધ મરતાં જ એનો પુત્ર સહદેવ શરણ આવ્યો. કૃષ્ણે એને અભય આપી એના બાપની ગાદીપર બેસાડ્યો. અને બધા રાજાઓને બંદીખાનામાંથી છોડ્યા. પછી ભીમ અને અર્જુન સહિત કૃષ્ણ ઇંદ્રપ્રસ્થ આવ્યા. આ પ્રમાણે જરાસંધનું મરણ થયું. (ભાગ૦ દશમ૦ અ૦ ૭૨-૭૩).

पुनः कृष्णस्तमिरिणं द्विधा विच्छिद्य माधवः ।
व्यत्यस्य प्राक्षिपत्तत्तु जरासन्धवधेप्सया ॥१९॥
भीमसेनस्तदा ज्ञात्वा निर्विभेद च मागधम् ।
द्विधा व्यत्यस्य पादेन प्राक्षिपच्च ननाद ह ॥२०॥
(ભા૨૦ સભા૦ અ૦ ૨૫).

જરાસંધ(૨). ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

જરાસંધ (૩). ભારતના યુદ્ધમાં સાત્યકીએ મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા. (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૧૫).

જર્તિક. વાહીક દેશીય એક પ્રદેશ.

જલદ. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

જલંધર. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

જલરૂપ. કામદેવના ધ્વજ ઉપરની માછલી.

જલસંધ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

જલસંધ (૨). ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

જલસંધ (૩). સાત્યકીએ મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા. (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૧૫).

જલેયુ. સોમવંશી પૂરુકુળોત્પન્ન રૌદ્રાશ્વ રાજાનો પુત્ર.

જલૌદ્ભવ. બગડાની અંક સંજ્ઞાવાળા હિમાલયના પાછળના ભાગમાં પાંડવોના સમયમાં રાજ કરતો એક રાજા.

ततो हिमवतः पार्श्वं समभेत्य जलोद्भवम् ।
सर्वमल्पेन कालेन देशं चक्रे वशं बली ॥४॥
(ભા૨૦ સભા૦ અ૦ ૩૧).

જલ્પ. તામસ મન્વંતરમાંના સપ્તર્ષિયોમાંનો એક.

જવ. દંડકારણ્યમાં રહેનારા વિરાધ નામના રાક્ષસનો પિતા.

જવિ. બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

જવીનર. યવીનર શબ્દ જુઓ.

જહ્નુ. સોમવંશી પૂરુકુળોત્પન્ન જરાસંધના બાપના વંશના પુષ્પવાન રાજાનો પુત્ર.

જાંગલ. કુરુદેશના પશ્ચિમ ભાગે બહુ જ પાસે આવેલો પહેલો દેશ. એનું કુરુજાંગલ નામ પ્રસિદ્ધ છે. (ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૦).

જાગુડ. ભારતવર્ષીય દેશ વિશેષ. (ભા૨૦ભી૰મ૦ અ૦ ૯).

જાજલિ. એક ઋષિ. (તુલાધાર શબ્દ જુઓ).

જાટાસુરિ. જટાસુરના પુત્ર-અલંબુષનું બીજું નામ.

જાતવેદા. અગ્નિ.

"વેદાસ્ત્વદથ જાતા વૈ જાતવેદાસ્ત્તતોઽસિ"
(ભા૨૦ સભા૦ અ૦ ૩૨ શ્લો૦ ૪૪).

જાતિસ્મર. ભારતવર્ષીય તીર્થ.

જાતુકર્ણ. ચાલુ મન્વંતરનો સત્યાવીસમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ).

જાતૂકર્ણ્ય. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

જાતૂકર્ણ્ય (૨). સૂર્યવંશી નરિષ્યંત કુળોત્પન્ન અગ્નિવેશ્ય રાજાનું બીજું નામ.

જાનકી. જનકની કન્યા, વિશેષે સીતાને એ નામ આપવાની રુઢી છે.

જાનકી (૨). દુર્યોધન પક્ષનો રાજા.

जानकिर्नाम विख्यातः सोऽभवन्मनुजाधिपः ।
(ભા૨૦ આદિ અ૦ ૬૮).

જાનપદી. એક અપ્સરા.

જાનુજંઘ. એક રાજર્ષિ.

જાન્હવી. જન્હુ રાજાને અંગે ભાગીરથીનું પડેલું નામ.

જાંબવતી. જાંબવાનની કન્યા. કૃષ્ણની અષ્ટનાયકામાંની એક. એને સાંબ વિગેરે દસ પુત્રો હતા. (૪ કૃષ્ણ શબ્દ જુઓ).

જાંબવાન્. બ્રહ્મદેવના બગાસામાંથી ઉત્પન્ન થએલો વાનર. (વા૦ રા૦ બા૦ સ૦ ૧૭). એ ઘણો પરાક્રમી હતો. રામાવતારમાં એણે ઘણી સાહ્ય કરી હતી. (વા૦ રા૦ યુદ્ધ સર્ગ૦ ૩૭). કૃષ્ણાવતાર થતાં સુધી એ હતો એમ જણાય છે. એના વંશના કોઇ જાંબવાને સ્યમંતકમણિના પ્રસંગે યુદ્ધ કર્યું હતું. અને કૃષ્ણને પોતાની કન્યા પરણાવી હતી. (સ્યમંતકમણિ શબ્દ જુઓ).

જાંબવાન. (૨). રામની સેનામાંનો એક બીજો એ નામનો વાનર. એ ગદ્ગદનો પુત્ર હતો. એના મોટાભાઇનું નામ ધૂમ્ર હતું.

જાબાલ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

જાબાલ (૨). એકડાની સંજ્ઞાવાળા વિશ્વામિત્રના પુત્રોમાંનો એક.

જાબાલ (૩). યજુર્વેદ અને અથર્વણ આ બે વેદનાં બે ઉપનિષદો.

જાબાલદર્શન. સામવેદોપનિષદ.

જાબાલિ. જબાલવંશવાળાઓનું સામાન્ય નામ.

જાબાલિ (૨). એકડાની સંજ્ઞાવાળા વિશ્વામિત્રના પુત્રોમાંનો એક.

જાબાલિ (૩). દશરથનો એક મંત્રી. (૧ ચિત્રકૂટ શબ્દ જુઓ).

જાબાલિ (૪). દાશરથિ રામની સભામાંનો એક ધર્મશાસ્ત્રી.

જામદગ્ન્ય. જમદગ્નિનો પુત્ર. મુખ્યત્વે કરીને પરશુરામને આ નામ લગાડાય છે.

જામી. યામી શબ્દ જુઓ.

જાયંત-જયંતેય. ઋષભદેવને જયંતીની કૂખે થએલા ૧૦૦ પુત્રો.

જાયદ્રથ. જયદ્રથના પુત્ર સુરથનું બીજું નામ.

જારાસંધિ. જરાસંધના પુત્ર સહદેવનું બીજું નામ.

જારુધિ. મેરુકર્ણિકા પર્વતમાંનો એક. કેટલાક ગ્રંથોમાં એને ચારુધિ પણ કહ્યો છે.

જાલંધર. એક ક્ષેત્ર અને પર્વત.

જાલધિ. બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

જાલવતી. એક દેવકન્યા. (ભા૨૦ આદિ૦ અ૦ ૧૪૦).

જિતવતી. ઉશીનરની પુત્રી. (ભા૨૦ આદિ૦ અ૦ ૧૦૬).

જિતશત્રુ. એક ક્ષત્રિ. (ભા૨૦ સભા૦ અ૦ ૧૧).

જિતવ્રત. ઉત્તાનપાદ વંશના હવિર્ધાનને હવિર્ધાનીની કુખે થએલા છમાંનો નાનો પુત્ર.

જિતારિ. એક ક્ષત્રિ. સોમવંશી અવિક્ષિતનો પુત્ર. (ભા૨૦ આદિ૦ અ૦ ૧૦૧).

જિતશ્રમ. કુશીલવ શબ્દ જુઓ.

જિત્વા. એક ઋષિ, શિલીન ઋષિનો પુત્ર.

જિન. એક ઋષિ, શિલીન ઋષિનો પુત્ર.

જિન (૨). બૌધમતાનુસારી પુરુષ.

જિહ્મક. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

જિષ્ણુ. વિષ્ણુ.

જિષ્ણુ (૨). ઇન્દ્ર.

જિષ્ણુ (૩). અર્જુન.

જીમૂત. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના વ્યોમ અગર દાશાર્હ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ વિકૃતિ અગર વિમળ.

જીમૂત (૨). વિરાટ રાજાને ત્યાં ભીમસેને મારેલો મલ્લ વિશેષ.

जीमूत नाम तं तत्र मल्लप्रख्यातविक्रमम्।
कक्षे मल्लं गृहीत्वाऽथ ननाद बहु सिंहवत् ॥३८॥
(ભા૨૦ વિરા૦ અ૦ ૧૫).

જીવંતિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

જીવલ. અયોધ્યાપતિ ઋતુપર્ણ રાજાનો અશ્વપાળ.

જૈગીષવ્ય. એક પુરાતન ઋષિ. પર્ણાનો પતિ. એનો શિષ્ય દેવલ ઋષિ. (**ભા૨૦ શલ્ય૦ પર્વ૦**).

प्रयागादपि तीर्थाग्र्यादिदमेव महत्तरम्।
जैगीषव्यः परां सिद्धिं यो गतः स महातपाः ॥५७॥
(મત્સ્ય૦ અ૦ ૧૮૦).

જૈગીષવ્ય (૨). દેવીનો ઉપાસક એ નામનો એક ઋષિ. (**દેવી૦ ભાગ૦ ૯ સ્કં૦**).

જૈત્યદ્રોણિ. બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

જૈત્ર. કૃષ્ણનો એક નોકર. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૭૧**).

જૈમિનિ. સ્વયંભૂ વ્યાસનો સંપૂર્ણ સામવેદ ભણનારો શિષ્ય.

જૈમિનિ (૨). કૌત્સકુળમાં ઉત્પન્ન થએલ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસનો સામશાખા ભણેલો શિષ્ય. એ જબરો વાદ કરનારો હતો. " **अथातो धर्म जिज्ञासा**' અને '**अथातो ब्रह्म जिज्ञासा**' એ બે સૂત્રોનો કર્ત્તા એ જ છે. એમાં બીજા સૂત્રનો પક્ષ વ્યાસે પોતે લઇ પહેલા સૂત્રનો પક્ષ જૈમિનિ પાસે લેવડાવી તે ઉપર જે બે ગ્રંથો થયા, એ ગ્રંથો તે પૂર્વમિમાંસા અને ઉત્તરમિમાંસા. વ્યાસે એના પક્ષનું ખંડન કર્યું છે. જૈમિનિ જનમેજયના સર્પસત્રમાં ઉદ્ગાતા થયો હતો. એણે પણ એક ભારતનો ગ્રંથ રચ્યો હતો. પણ તેમાં યથોચિત પ્રૌઢી ન આવવાથી વ્યાસે એના અશ્વમેધ પ્રકરણ શિવાય બાકીનો ગ્રંથ બુરાડી દેવડાવ્યો હતો.

જૈહ્મપ. ગૌર પરાશર કુળનો એક ઋષિ.

જૈહ્વલાયનિ. તગડાની અંક સંજ્ઞાવાળા અંગિરા કુળમાં થએલો એક ઋષિ.

જ્યામઘ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટા, તેના વંશમાં જન્મેલા રુચક અથવા રુક્મકવચ રાજાના પાંચ પુત્રોમાંનો કનિષ્ટ. એને ચૈત્રા અગર શૈવ્યા નામની સ્ત્રી હતી. એને સંતતિ થતી નહોતી. તેમ એની બીકથી એનાથી બીજી સ્ત્રી પરણાતી નહોતી. એક સમયે ભોજ દેશીય એક રાજાને ત્યાં એની કન્યાનો સ્વયંવર થતો હતો. જ્યામઘ ત્યાં ગયો હતો. ત્યાં પોતાના પરાક્રમથી જીતીને કન્યા ભોજાને રથમાં નાંખીને પોતાના નગરમાં લઇ આવ્યો. પરંતુ ચૈત્રાએ પુછ્યું કે રથમાં કોણ છે, એટલે એનાથી બીકને માર્યે કહેવાઇ જવાયું કે તારા દિકરાની સ્ત્રી. એને પુત્ર તો હતો નહિ એટલે એ સાંભળી એને બહુ દુઃખ થયું અને બોલી કે આપણે પુત્ર તો છે નહિ, અને પુત્રવધુ કેવી ? પરન્તુ થોડા કાળમાં જ એને વિદર્ભ નામે પુત્ર થયો. જ્યામઘે આણેલી ભોજાને એની સાથે પરણાવી.

જ્યેષ્ઠ. એક બ્રહ્મર્ષિ. જ્યેષ્ઠ સંજ્ઞાવાળા સામના આ જ કર્તા હતા.

જ્યેષ્ઠા. સોમની સતાવીસ સ્ત્રીઓમાંની એક.

જ્યેષ્ઠા (૨). બાર આદિત્યમાંના વરુણ નામના આદિત્યની સ્ત્રી. એને બલ, અધર્મ, મંદી, પુષ્કર ઇત્યાદિ પુત્રો અને સુરા નામની કન્યા હતી.

જ્યેષ્ટિલ. ભારતવર્ષીય તીર્થ.

જ્યેષ્ટિલા. ભારતવર્ષીય નદી. (**ભા૨૦ સભા૦ અ૦ ૯**).

જ્યોતિ. એકડાની સંજ્ઞાવાળા વસિષ્ઠના સાત પુત્રોમાંનો એક.

જ્યોતિરથા. ભારતવર્ષીય નદી.

જ્યોતિર્ધામા. તામસ મન્વંતરમાંના સપ્તર્ષિમાંનો એક.

જ્યોતિર્ભાસ. માનસ નામના પિતરોનો લોક.

જ્યોતિર્મુખ. રામસેનામાંનો એક વાનર. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૦ અને ૭૩**).

જ્યોતિષ્મતી. વિષ્ણુપદ નામના સરોવરમાંથી નિકળેલી એક નદી.

જ્યોતિષ્માન. પ્લક્ષદ્વીપમાંનો એક પર્વત.

જ્યોત્સ્ના. સોમકન્યા. વરુણ પુત્ર પુષ્કરની સ્ત્રી.

જ્વલના. તક્ષક કન્યા. સોમવંશી ઔચેયુ અગર ઋતેયુની સ્ત્રી.

ઝ–ટ–ડ–ઢ.

ઝિલ્લિક. ભારત વર્ષીય દેશ. (**ભા૦ ભીષ્મ૦ અ૦ ૯**).

ઝિલ્લી. વૃષ્ણિ કુળનો એક યાદવ. (**ભા૨૦ આદિ૦ અ૦ ૨૦૧**).

ઠિટ્ઠિભ. વરુણ લોકમાંનો એક અસુર વિશેષ.

ડમરુ. શિવના હાથમાં રહેતું એક વાદ્ય વિશેષ. એના સુર ઉપરથી શિવે વ્યાકરણ શાસ્ત્રનાં અઇઉણ્ ઇત્યાદિ ચૌદ સૂત્રો કર્યાં છે. એ સૂત્રો માહેશ્વર સૂત્રો કહેવાય છે.

ડિંભક. જરાસંધના બે પ્રધાનમાંહેનો એક. હંસનો નાનો ભાઇ. (હંસ ડિંભક શબ્દ જુઓ).

ડુંડુભ. એક સર્પ જાતિ વિશેષ. ડુંડુભ પૂર્વે ઋષિ હતો અને શાપને લીધે આ યોનિ પામ્યો હતો (૨ રુરુ શબ્દ જુઓ).

ઢક્કા. શિવના હાથનું એક વાદ્ય વિશેષ.

ત.

તર્કિબિંદુ. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

તંગણ. ભારત વર્ષીય દેશ. અપરતંગણ એ નામે એ દેશનો એક ભાગ છે. **ऋषिका विदभाः काकास्तङ्गणाः परतङ्गणाः ॥ ६४ ॥** (**ભા૦ ભીષ્મ૦ અ૦ ૯**).

તંડિ. અંગિરાકુળમાં થએલો એક ઋષિ. એણે દશ સહસ્ર વર્ષ તપ કરીને શિવને પ્રસન્ન કર્યા હતા. એની મારફત ઉપમન્યુ ઋષિને શિવસહસ્ર નામ યુક્ત શૈવી દીક્ષા પ્રાપ્ત થઇ હતી. (**ભા૨૦ અનુ૦ અ૦ ૪૭**). કૃષ્ણોપમન્યુ સંવાદ.

તંતિ. ધૂમ્ર પરાશર કુળનો એક ઋષિ.

તંત્રીપાલ. અજ્ઞાતવાસના સમયમાં વિરાટને ત્યાં સહદેવે ધારણ કરેલું નામ.

तन्त्रीपालेति मे नामस्वयंग्राह्यं भविष्यति ॥१५॥
(**ભા૨૦ વિરા૦ અ૦ ૪**).

તંતુ. એકડાની સંજ્ઞાવાળા વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

તન્તુમાન. અગ્નિ વિશેષ.

તત્પુરુષ. શિવનો એક અવતાર.

તત્પુરુષકલ્પ. જે કલ્પના આરંભમાં તત્પુરુષાવતાર થયો તે. બ્રહ્મદેવના ચાલુ માસમાં એકવિસમો દિવસ. (૪ કલ્પ શબ્દ જુઓ).

તત્વદર્શી. રૈવત મનુના દસ પુત્રોમાંનો એક.

તત્વદર્શી (૨). દેવસાવર્ણિ મન્વંતરમાંના સપ્તર્ષિમાંનો એક.

તત્વદર્શી (૩). સુદરિદ્ર નામના બ્રાહ્મણના ચાર માંનો એક પુત્ર. (પિતૃવર્તી શબ્દ જુઓ).

તંદુલિકાશ્રમ. ભારત વર્ષીય તીર્થ.

તનુ. એ નામનો ઋષિ. ઋષભકૂટ પર્વતપર રહેતા ઋષભ નામના ઋષિ સાથે એને સંવાદ થયો હતો.

તપ. સપ્તલોકમાંનો છઠ્ઠો તપલોક તે.

તપતી. વિવસ્વાન્ સૂર્યને છાયાને પેટે થએલી કન્યા. એ સોમવંશી અજમીઢ રાજાના પૌત્ર અને ઋક્ષ રાજાના પુત્ર સંવરણ રાજાને પરણી હતી.

તપતી (૨). ભારતવર્ષીય નદી. (વિંધ્ય શબ્દ જુઓ).

તપન. સૂર્યનું એક નામ.

તપન (૨). કર્ણે મારેલો પાંડવ પક્ષનો એક પાંચાળ. **(ભા૨૦ કર્ણ૦ અ૦ ૪૩).**

તપન (૩). ગજ વાનરે મારેલો રાવણના પક્ષનો એ નામનો રાક્ષસ વિશેષ. (**વા૦ રા૦ યુ૦ સ૦ ૪૩**).

તપસ્ય. વર્ષના બાર માસ લેખે બારમો મહિનો. એની પૂર્ણિમાએ ફાલ્ગુનિ નક્ષત્ર હોય છે તેથી એને ફાલ્ગુન-ફાગણ કહે છે. એ માસમાં સૂર્ય મંડળનો અધિપતિ પર્જન્ય અથવા સવિતા નામનો આદિત્ય હોય છે. ભરદ્વાજ ઋષિ, સેનજિત્ અપ્સરા, ઐરાવત નાગ, ઋતુ યક્ષ, વર્ચા રાક્ષસ અને વિશ્વ નામનો ગંધર્વ એ બધા આદિત્યના સમાગમમાં હોય છે. **(ભાગ૦ ૧૨ સ્કં૦ અ૦ ૧૧).**

તપસ્ય (૨). તામસ મનુના પુત્રોમાંનો એક.

તપસ્વી. ચક્ષુર્ભનુને નડ્વલાને પેટે જન્મેલા પુત્રો પૈકી એક.

તપસ્વી (૨). રુદ્રસાવર્ણિ મનવન્તરમાં થનારા સપ્તર્ષિઓમાંનો એક.

તપા. દ્વાદશ માસના અનુક્રમમાં વર્ષનો અગિયારમો મહિનો. એની પૂર્ણિમા મઘા નક્ષત્રમાં આવે છે તેથી એને માઘ માસ કહે છે. એ માસમાં સૂર્યમંડળનો અધિકારી પૂષા નામનો આદિત્ય હોય છે. ધૃતાચી નામની અપ્સરા, વાત નામનો રાક્ષસ, ધર્મજ્ય નામનો નાગ, સુરુચિ નામનો યક્ષ, ગૌતમ નામનો ઋષિ અને સુષેણ નામનો ગાંધર્વ પૂષાની જોડે સંચાર કરનારાં હોય છે. (**ભાગ૦ ૧૨ સ્કં૦ અ૦ ૧૧**).

તપોદ્યુક. સુદરિદ્ર નામના બ્રાહ્મણના ચાર પુત્રોમાંનો એક. (પિતૃવર્તી શબ્દ જુઓ).

તપોધૃતિ. તામસ મનુના પુત્રોમાંનો એક.

તપોધન. તામસ મનુના પુત્રોમાંનો એક.

તપોભાગી. તામસ નામના પુત્રોમાંનો એક.

તપોમૂર્તિ. રુદ્રસાવર્ણિ મન્વન્તરમાં થનારા સપ્તર્ષિઓ પૈકી એક.

તપોમૂલ. તામસ મનુના પુત્રો પૈકી એક.

તપોયોગી. તામસ મનુના પુત્રો પૈકી એક.

તપોરતિ. તામસ મનુના પુત્રો પૈકી એક.

તપોલોક. તપ શબ્દ જુઓ.

તપોવન. નર્મદા તટે આવેલું એક વન વિશેષ.

તમસ્ભૂમિ. એ નામનું એક નરક. અગમ્યગમન કરનાર આ નરકમાં નંખાય છે. ત્યાં લોઢાના તપાવેલા ચીપીઆથી એના શરીરનું માંસ ચૂંટી કાઢવામાં આવે છે.

તમ. એક ઋષિ. શ્રવાઋષિના એમાંનો નાનો પુત્ર એના પુત્રનું નામ પ્રકાશ ઋષિ. (વીતહવ્ય શબ્દ જુઓ).

તમકલ્પ. જે કલ્પના આરંભમાં અંધકારજ હતો એવા બ્રહ્મદેવના ચાલૂ મહિનાનો અગિયારમો દિવસ. (૪ કલ્પ શબ્દ જુઓ).

તમસા. ભારતવર્ષીય નદી. (ઋષ્યવાન શબ્દ જુઓ). એ નદી વહેતી વહેતી કોસલદેશ તરફ દક્ષિણ દિશામાં ગએલી હોઇને એને તીરે વાલ્મીકિ ઋષિનો આશ્રમ હતો.

તમોજ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના અંધક કુળના અસમંજ રાજાનો પુત્ર.

તરંતુક. એક હ્રદ વિશેષ.(૨ કુરુક્ષેત્ર શબ્દ જુઓ).

તરસ. રામની સેનાનો એ નામનો એક વાનર વિશેષ.

પ્રજઙ્ઘતરસાભ્યા ચ વીરૈરન્યૈશ્ચ સંગતઃ ।
મધ્યમે ચ સ્વયં ગુલ્મે સુગ્રીવઃ સમતિષ્ઠત ॥૪૧॥
(વા૦ રા૦ યુ૦ સ૦ ૪૧).

તરુણક. એક સર્પ **(ભા૨૦ આદિ૦અ૦ ૫૭).**

તરુક્ષ. એક બ્રહ્મર્ષિ.

તંસુ. સોમવંશી પ્રતિનારનો પુત્ર. આનો પુત્ર ઇલિન. આનું ત્રસ્તુ એવું બીજું નામ હતું. **(ભા૨૦ આદિ૦ અ૦ ૬૩ તથા ૮૮).**

તર્જ. ઉત્તમ મનુના પુત્રોમાંનો એક.

તલાતલ. સપ્ત પાતાલ પૈકી છઠ્ઠું પાતાળ. એ નામનું એક બિલ સ્વર્ગ. (**ભા૦ ૫ સ્કં૦ અ૦ ૨૪).**

તક્ષ. સૂર્યવંશી દશરથ રાજાનો પૌત્ર–ભરતને માંડવીની કુખે થએલા બે પુત્રોમાંનો મોટો. એને કાલિકા અને ચપલા નામે બે સ્ત્રીઓ હતી. ગાંધાર દેશની રાજધાની તક્ષશિલા નગરી એણે વસાવી હતી.

તક્ષ (૨). સોમવંશી વસુદેવના ભાઇ વૃકને દુર્વાક્ષિને પેટે થએલા પુત્રોમાંનો મોટો.

તક્ષક. કદ્રુપુત્ર એક નાગ. એ છવ્વીસ નાગ કુળમાંના એક નાગ કુળનો અધિપતિ હોઇને એના વંશનાં કુળોમાંથી પિચ્છાંડક, મંડલક, પિંડસેકતા, ભેણુક, ઉચ્છિખ, શરભ, ભંગ, બિલ્વતેજા, વિરોહણ, શિલી, શલકર, મૂક, સુકુમાર, પ્રવેપન, મુદ્ગર, શિશુરોમા, સુરોમા અને મહાહનુ એ અઢાર કુળો જન્મેજયના સર્પસત્રમાં બળી ગયાં હતાં. પંડે તક્ષક ઉપર પણ બળી જવાનો પ્રસંગ આવતાં એને આસ્તિક ઋષિયે બચાવ્યો હતો. (આસ્તિક શબ્દ જુઓ).

તક્ષક (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન પહેલા પ્રસેનજિત્ રાજર્ષિનો પુત્ર. એના પુત્રનું નામ બૃહદ્બળ રાજા. બૃહદ્બળને ભારતના યુદ્ધમાં અભિમન્યુએ માર્યો હતો.

તક્ષશિલા. ગાંધાર દેશની રાજધાની. (૧ તક્ષ શબ્દ જુઓ.)

તાટકા. સુકેતુ નામના યક્ષની કન્યા. એ જાતે ઘણી બળવાન હતી અને જંભના પુત્ર સુંદને પરણી હતી. સુંદથી એને મારીચ અને સુબાહુ નામે બે પુત્ર થયા હતા. સુંદે અગસ્ત્ય ઋષિનો કાંઇ અપરાધ કરવાથી તેમના કોપને લીધે એ બળીને ભસ્મ થયો હતો. પોતાના બન્ને પુત્રોને લઇને મલદ અને કરુષક એ બન્ને દેશ જોડે જોડે આવેલા છે ત્યાં રહીને તે અગસ્ત્ય ઋષિને અનેક પ્રકારે પીડા કરતી હતી. આથી થોડા જ કાળમાં એ બન્ને દેશ ઉજડ થઈ ત્યાં મોટું અરણ્ય થઇ ગયું.

એ અરણ્યની પાસે વિશ્વામિત્ર ઋષિ રહેતા હતા. એ ઋષિ જ્યારે જ્યારે યજ્ઞ સમારંભ કરે ત્યારે ત્યારે તાટકા પોતાના બે પુત્રો સહિત ત્યાં આવીને યજ્ઞનો વિધ્વંસ કરતી. તેથી કંટાળીને વિશ્વામિત્ર અયોધ્યામાં દશરથ રાજા પાસે ગયા અને તેમના બે પુત્રો રામ અને લક્ષ્મણ બન્નેને માગી લઇ પોતાને આશ્રમે આવવા નિકળ્યા. એટલામાં માર્ગમાં તાટકાએ એમને જોયા.વિશ્વામિત્ર ઉપર એ ધસી આવતાં તેમણે રામને હાથે એને મરાવી. પછી યજ્ઞકાળે અડચણ કરતાં સુબાહુ મરણ પામ્યો અને રામના બાણનાં પુંખ ના ધક્કાથી મારીચ ઉડીને સમુદ્રમાં પડ્યો. ત્યારથી મારીચ અરણ્યમાં પાછો આવ્યો જ નહિ અને લંકામાં જઇને રહ્યો. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૨૫–૨૬).**

તાટકેય. તાટકાના બન્ને પુત્રો, સુબાહુ અને મારીચ.

તાડકા. તાટકા જ.

તાડકાયન. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

તાંડિ. તંડિ ઋષિનો પુત્ર અને વંશજ.

તાપી. ભારતવર્ષીય નદી. (વિંધ્ય શબ્દ જુઓ).

તામસમનુ. પ્રિયવ્રત રાજાને બીજી સ્ત્રીથી થએલા ત્રણ પુત્રોમાંથી બીજો પુત્ર. એ ચાલુ શ્વેતવારાહ કલ્પમાં થઇ ગએલો ચોથો મનુ છે. એના સત્તાકાળને તામસ મન્વંતર કહ્યો છે. એને અકલ્મષ, ધન્વી, તપોમૂલ, તપોધન, તપોરતિ, તપસ્ય, તપોદ્યતિ, પરંતપ, તપોભાગી અને તપોયોગી, પૃથુ, ખ્યાતિ, નર, કેતુ ઇત્યાદિક નામાન્તર વાળા દસ પુત્રો હતા. એના સત્તાકાળમાં જ્યોતિર્ધામા ઇત્યાદિ નામાન્તરવાળા કવિ, પૃથુ, અગ્નિ, અકપિ, કપિ, જય અને ધીમાન્ વગેરે સપ્તર્ષિ હતા. વિધૃતિપુત્ર સત્યક, હરિ, વીર, ઇત્યાદિ નામના સાધ્ય સંજ્ઞાવડે પ્રસિદ્ધ દેવ હતા. એના સત્તાકાળમાં સ્વર્ગમાં ત્રિશિખ નામનો ઇન્દ્ર

હતો. હરિમેધા નામના બ્રાહ્મણની હરિણી નામની સ્ત્રીના ઉદરથી હરિ નામે વિષ્ણુનો અવતાર ઇન્દ્રની સહાયતા કરવા થયો હતો. એ અવતારે વિષ્ણુએ ગજેંદ્ર અને મગરનો ઉદ્ધાર કર્યો હતો. એ મન્વંતરમાં ગજેંદ્ર મોક્ષ થયો હતો. (**ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૧**) અને (**મત્સ્ય૦ અ૦ ૯**).

તામિસ્ર. પરદ્રવ્ય અને પરસ્ત્રી હરણ કરનારાને આ નરકમાં જવું પડે છે. આ નરકમાં ઘાઢ અંધકાર હોય છે.

તામ્ર. મહિષાસુરનો ધનાધ્યક્ષ. (૨ મહિષાસુર શબ્દ જુઓ).

તામ્ર (૨). મુરદૈત્યના સાત પુત્રોમાંનો એક. (નરકાસુર શબ્દ જુઓ).

તામ્રતપ. રોહિણીની કુખે કૃષ્ણને થએલા પુત્રોમાંનો એક.

તામ્રધ્વજ. મયુરધ્વજ રાજાનો પુત્ર.

તામ્રપર્ણી. ભારતવર્ષીય નદી. (૩ મહેન્દ્ર શબ્દ જુઓ).

તામ્રપર્ણી (૨). ભારતવર્ષીય નદી. (૨ હિમાલય શબ્દ જુઓ).

તામ્રલિપ્ત. કર્વટદેશાધિપતિ એક રાજા. (**ભાર૦ સભા૦ અ૦ ૩૧**).

તામ્રલોચન. એક શિવગણ.

તામ્રા. કશ્યપની સ્ત્રી. એને શ્યેની, ભામી, સુગ્રીવી, ગૃધ્રિકા, શુચિ, કાકી અને ધૃતરાષ્ટ્રી એવી આઠ કન્યાઓ હતી, એવું પુરાણાન્તરે જણાય છે.

તામ્રા (૨). વસુદેવની સ્ત્રીઓમાંની એક.

તામ્રારણ્ય. ભારતવર્ષીય તીર્થ.

તામ્રોષ્ઠ. એક ગંધર્વ.

તાર. મયાસુરનો સાથી એક દૈત્યવિશેષ.(**મત્સ્ય૦ અ૦ ૧૭૭**).

તાર (૨). રામની સેનાનો અધિપતિ એક મોટો વાનર. (**ભાર૦ વન૦ અ૦ ૨૮૬**). એની કન્યા રુમા તે સુગ્રીવની સ્ત્રી.

તાર (૩). રામની સેનાનો એ નામનો બીજો બલાધ્યક્ષ વાનર.

તારક–તારકાસુર. ત્રિપુરમાનો એક દૈત્ય. (ત્રિપુર શબ્દ જુઓ). એને તારાક્ષ અથવા તારકાક્ષ, કમલાક્ષ અને વિદ્યુન્માલી એવા ત્રણ પુત્રો હતા. (**ભાર૦ કર્ણ૦ અ૦ ૨૪**). (**ભા૦ શલ્ય અ૦ ૪૭**) અને (**ભાર૦ અનુ૦ અ૦ ૧૩૩**).

તારક–તારકાસુર (૨). દનુપુત્ર દાનવોમાંનો એક.

તારક–તારકાસુર (૩). વજ્રાંગ દૈત્યને વરાંગીને પેટે થએલો પુત્ર. એણે પરિયાત્ર પર્વત ઉપર રહીને ઉગ્ર તપ કર્યું અને બ્રહ્મદેવને પ્રસન્ન કરીને એમની પાસે અમરત્વ માગ્યું. એ બ્રહ્મદેવે માન્ય કર્યું નહિ. આ ઉપરથી એણે ફરી માગ્યું કે સાત દિવસના છોકરા શિવાય બીજા કોઇને હાથે મારું મૃત્યું ન થાય એમ કરો. બ્રહ્મદેવ તથાસ્તુ કહીને સ્વલોકે ગયા. બાદ એણે ત્રૈલોક્યને પીડા કરવાનો આરંભ કર્યો. એની સેનામાં જંભ, કુજંભ, મહિષાસુર, કુંજર, મેઘ, કાલનેમિ, નિમિ, મથન જંભક અને શુંભ એ મુખ્ય નાયકો હતા. છેવટે જ્યારે એનો ઉપદ્રવ બહુ જ થયો ત્યારે કાર્તિકેયનો અવતાર થયો અને એણે પોતાના વયના સાતમે દિવસે એને મારી નાંખ્યો. (**મત્સ્ય૦ અ૦ ૧૪૭–૧૫૯**).

તારકાક્ષ. એકડાની સંજ્ઞાવાળા તારકના ત્રણ પુત્રોમાંનો એક. એનું બીજું નામ તારાક્ષ પણ હતું.

તારસાર. યજુર્વેદનું ઉપનિષત્.

તારા. બૃહસ્પતીની બે સ્ત્રીઓમાંની નાની. એની સંતતિ ૪૦ ના સંબંધે ૨. બૃહસ્પતિ શબ્દ જુઓ.

તારા (૨). સુષેણ વાનરની કન્યા અને વાલીની સ્ત્રી. એના પુત્રનું નામ અંગદ.

તારા (૩). સૂર્યવંશી હરિશ્ચંદ્રરાજાની સ્ત્રી. એનું તારામતી એવું બે નામ હતું. એના પુત્રનું નામ રોહિત. (૧ હરિશ્ચંદ્ર શબ્દ જુઓ).

તારાપીડ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળોત્પન્ન કુશાન વંશમાં જન્મેલા ચંદ્રાવલોક રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ચંદ્રગિરિ

તારામતી. તગડાની અંકસંજ્ઞાવાળી તારા તે જ.

તારાક્ષ. તારકાક્ષનું બીજું નામ.

તારેય. તારા પુત્ર અંગદનું બીજું નામ.

તાર્ક્ષ. એક યક્ષ. (૪ સહ્ય શબ્દ જુઓ).

તાર્ક્ષ્ય. કશ્યપથી વિનતાને થએલો પુત્ર ગરુડ તે જ.

તાર્ક્ષ્યશ્ચારિષ્ટનેમિશ્ચ તથૈવ ગરુડારુણૌ ।
આરુણિર્વારુણિશ્ચૈવ વૈનતેયાઃ પ્રકીર્તિતાઃ ॥૪૦॥
(**ભાર૦ આદિ૦ અ૦ ૬૬**).

તાર્ક્ષ્ય (૨). અરિષ્ટનેમિ નામના ઋષિનું બીજું નામ. (**ભાર૦ વન૦ અ૦ ૧૮૯**).

તાલ. ભારતવર્ષીય દેશ.

તાલકૃત. એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

તાલકેતુ. કૃષ્ણે મારેલો એક રાક્ષસ.

તાલકેતુ (૨). ભીષ્મ.

અક્ષૌહિણ્યો દશૈકા ચ કૌરવાણાં સમાગતાઃ
તાસાં પ્રમુખતો ભીષ્મસ્તાલકેતુર્વ્યરોચત ॥૫॥
(**ભાર૦ ઉદ્યો૦ અ૦ ૧૫૦**).

તાલજંઘ. સૂર્યવંશી વૈવસ્વત મનુના પુત્ર શર્યાતિ રાજાના વંશના એક હૈહય રાજાનો ભાઈ.

તાલજંઘ (૨). સોમવંશી યદુકુલોત્પન્ન સહસ્રાર્જુનનો પૌત્ર જયધ્વજનો પુત્ર. એને સો પુત્ર હતા. એઓને પણ તાલજંઘ જ કહેતા. એમાંના એક વીતિહોત્ર શિવાય બધા વડવાનલથી બળી મુઆ હતા.

તાલાકટ. શૂર્પારક (હાલનું સોપારા) દેશ પાસેનો દેશ. (**ભાર૦ સભા૦ અ૦ ૩૨**).

તિગ્મકેતુ. ધ્રુવપુત્ર વત્સરને સ્વર્વીથીથી થએલા છ પુત્રોમાંનો બીજો.

તિત્તિરિ. એક ઋષિ. સ્વયંભૂ વ્યાસનો સંપૂર્ણ યજુર્વેદ ભણનારો શિષ્ય વૈશંપાયન; એ વેદની ૮૬ શાખા કરીને ૮૬ શિષ્યોને ભણાવતો હતો. એમાંની એક શાખાનું અધ્યયન કરનારો એનો જ ભાણેજ યાજ્ઞવલ્ક્ય ઋષિ હતો. તેની પાસેથી એણે કોઈ અપરાધ નિમિત્તે એ શાખા પાછી લીધી. એ અગ્નિ પ્રમાણે પ્રખર ભૂમી ઉપર પડી. પછી વૈશંપાયને પોતાના બાકીના શિષ્યોને આજ્ઞા કરી કે તમે બધા મળીને આ પ્રખર શાખા જલદી ગ્રહણ કરો નિકર એ હમણાંજ ગુપ્ત થઇને સત્યલોકમાં જશે. તે ઉપરથી એ સઘળાઓએ તેતર–ચકોર–પક્ષી અગ્નિ જ ખાય છે માટે આ જ્વલંત શાખા ચણવાને તેતરનાં રુપ લીધાં અને શાખા ચણી લીધી. પછી વૈશંપાયને આંગિરસ કુળનો કોઇ તિત્તિરિ ઋષિ હતો તેને આ શાખા ભણાવી. બધી યજુની શાખાઓમાં એને અગ્રગણ્ય કરી. તેથી જ તે દિવસથી એ શાખા જ મુખ્ય યજુર્વેદ ગણાય છે. આ તિત્તિરિ ઋષિને તૈત્તિરિ નામે પુત્ર હતો.

તિત્તિરિ (૨). એક સર્પ. (**ભાર૦ આદિ૦ અ૦ ૩૫**). તથા (**ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૧૦૩**).

તિત્તિરિદેશ. ભારતવર્ષીય દેશ.

તિતિક્ષા. સ્વાયંભૂ મન્વંતરમાં દક્ષે ધર્મઋષિને પરણાવેલી તેર કન્યામાંની એક. એના પુત્રનું નામ ક્ષેમ હતું.

તિતિક્ષુ. સોમવંશી અનુકુળોત્પન્ન મહોમ રાજાના એમાંનો નાનો પુત્ર. એના પુત્રનું નામ રુશદ્રથ.

તિથિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

તિમિ. સોમવંશી પૂરુકુળોત્પન્ન પાંડવવંશીય દુર્વ રાજાનો પુત્ર. એનો પુત્ર બૃહદ્રથ.

તિમિંગલ. પંચના સમયનો રામક પર્વત ઉપરનો રાજા. (**ભાર૦ સભા૦ અ૦ ૩૧**).

તિમિધ્વજ. દક્ષિણ દેશમા દંડકારણ્ય સમીપની વૈજયંત નામની પુરીનો રાજા. એનું બીજું નામ શંબર પણ હતું. એ અસુરોના પક્ષમાં ભળીને ઇન્દ્રની સાથે યુદ્ધ કરતો હતો. હવે શું કરશું એવા વિચારમાં પડીને છેવટે ઇન્દ્રે દશરથ રાજાને પોતાની સાહ્ય સારુ બોલાવ્યા. દશરથે ઘોર યુદ્ધને અંતે અસુરો સહવર્તમાન તિમિધ્વજનો કેવળ પરાભવ કર્યો; પણ એટલામાં દશરથને એક ભયંકર બાણ વાગી તે મૃત્યુના સમી મુર્છામાં પડયો. આ પ્રસંગે દશરથની સ્ત્રી કૈકેયી એની જોડે હતી. એણે

બહુ ચતુરાઇથી રથને એક કોરાણે લઇ જઇ રાજાને સાવધ કર્યો. સાવધ થતાં એણે જોયું કે અસુરો સહિત તિમિધ્વજ નાશી છૂટયો છે, અને પોતે મૂર્છિત થયો ત્યારે કૈકેયીએ પોતાનું સંરક્ષણ કર્યું છે. આથી ખુશ થઇ એણે કૈકેયીને બે વરદાન માગવાનું કહ્યું. હું બીજી ગમે તે વેળા માગીશ એમ કહીને કૈકેયીએ તે વખત કાંઇ માગ્યું નહિ. પછી કૈકેયી સહવર્તમાન દશરથ અયોધ્યામાં પાછો આવ્યો. (વા૦ રા૦ અયો૦ સ૦ ૯).

તિલભારા. એક દેશ વિશેષ.

तिलभारा मसीराश्च मद्गुमन्तः सकुन्दकाः ।
(ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯).

તિલોત્તમા. પ્રાધાની અપ્સરા કન્યાઓમાંની એક. (૩ ઋષ શબ્દ જુઓ).

તિલોત્તમા (૨). પૂર્વ જન્મની એક બ્રાહ્મણી. એને એકાળે સ્નાન કરવાથી શાપ થયો હતો. તેથી એને અપ્સરાની યોનિ પ્રાપ્ત થઇ હતી. એના જન્મનું કારણ એ હતું કે હિરણ્યાક્ષના પુત્ર સંદ અને ઉપસંદ એમણે ઘણું ઉગ્ર તપ કરીને શિવ બ્રહ્માને પ્રસન્ન કર્યા. એણે વર માગ્યો કે અમે કોઇથી મરણ પામીએ નહિ. જ્યારે અમારે બે ભાઇઓને વિરોધ થાય ત્યારે મરીએ. એ બન્ને ભાઇઓમાં પરસ્પર એવો સ્નેહ હતો કે વિરોધ થવાનો સંભવ જ નહતો. પછી એ દૈત્યોએ દેવોને દુઃખ દેવામાં મણા રાખી નહિ. એમણે ઇન્દ્રને સિંહાસન પરથી ઉઠાડી મેલ્યો. દેવતાઓ બ્રહ્મદેવ પાસે રાઢ કરવા ગયા. બ્રહ્માએ તલ તલ જેવડાં રત્નથી એક સુંદર સ્ત્રી બનાવી ને તેનું નામ તિલોત્તમા પાડયું. સંદ અને ઉપસંદ વિંધ્યાચળના પ્રદેશમાં રહેતા હતા. બ્રહ્માએ એ તિલોત્તમાને એ પ્રદેશમાં મુકી. એ સ્ત્રી સારુ બન્ને ભાઇઓ દોડયા અને એક હાથ સુંદે અને બીજો ઉપસંદે પકડયો. એ હોંસાતોસીમાં લઢાઇ થઇ અને એક બીજાના ઉપર ગદા ચલાવી જેથી બન્ને મરણ પામ્યા. (સુંદોપસુંદ શબ્દ જુઓ).

તિષ્ય. કલિયુગ.

તિષ્ય (૨). પુષ્ય નક્ષત્ર.

તીરગ્રહા. એક દેશ.
(ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯).

તીર્થવતી. ક્રૌંચદ્વીપની એક નદી.

તીવ્રરથ. સુમતીનો પુત્ર. (હંસધ્વજ શબ્દ જુઓ).

તીક્ષ્ણવેગ. રાવણ પક્ષનો એક રાક્ષસ.

તુંગ. ભારતવર્ષીય તીર્થ.

તુંગકારણ્ય. અરણ્ય વિશેષ.

તુંગભદ્રા. ભારતવર્ષીય ભરતખંડસ્થ નદી. (સહ્યાદ્રિ શબ્દ જુઓ).

તુંગવેણા. ભારતવર્ષીય ભરતખંડસ્થ નદી. (ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯).

તુંડ. નલ વાનરે મારેલો રાવણપક્ષનો એક રાક્ષસ. (ભાર૦ વન૦ પર્વ).

તુંડિકેરા. એક દેશ.

તુંડી. નંદીકેશ્વર.

તુંબરુ-તુંબુરુ. પ્રાધાના ગંધર્વ પુત્રોમાંનો એક. એની સ્ત્રીનું નામ રંભા. (ભાર૦ ઉદ્યો૦ અ૦ ૧૧૭). એ શાપને લઇને દંડકારણ્યમાં વિરાધ થયો હતો. (વિરાધ શબ્દ જુઓ). ચૈત્ર માસના સૂર્યની સાથે સંચાર કરનાર ગણમાં આ ગંધર્વ છે. (૯ મધુ શબ્દ જુઓ). (ભાર૦ આદિ૦ અ૦ ૬૬-૧૧૦). (ભાર૦ સભા૦ અ૦ ૭-૧૦).

તુંબરુ-તુંબુરુ (૨). એક ઋષિ.

તુર. એક ઋષિ. કવષા નામની બ્રાહ્મણીનો પુત્ર હોવાથી એને કાવષેય પણ કહેલો છે. એ જનમેજયના સર્પસત્રમાં એનો ઉપાધ્યાય હતો.

તુરા. નર્મદા નદીને મળનારી એક સાધારણ નદી.

તુરીય. યજુર્વેદોપનિષત્.

તુર્વસુ. સોમવંશી આયુકુલોત્પન્ન યયાતિ એનું દેવયાનીની કુખે થએલા બે પુત્રોમાંનો નાનું એણે પણ યદુની પેઠે જ પિતાની જરા નહિ તેથી એને છત્ર સિંહાસન વગેરે ના નહોતાં પ્રાપ્ત થયાં. એનો અધિકાર ય ઉપર હતો. એના પુત્રનું નામ વન્હિ હ:

તુલજાપુર. પ્રસ્તુતનું પ્રસિદ્ધ દેવીનું સ્થાન. (દેવી૦ ભાગ૦ ૭ સ્કં૦ અ૦ ૩૮).

તુલસી. શંખચૂડ અસુરની સ્ત્રી. (દેવી૦ ભા૦ ૯ સ્કં૦ અ૦ ૮). (૨ શંખચૂડ શબ્દ જુઓ).

તુલાધાર. એક ધર્માત્મા વૈશ્ય. જાજલિ નામના એક ઋષિને પોતાના તપનું ઘણું અભિમાન હોવાથી એને તુલાધાર પાસે મોકલવામાં આવ્યો હતો. તુલાધાર જોડે સંવાદ થતાં જાજલિનું અભિમાન ઉતરી ગયું હતું (ભાર૦ શાંતિ૦ અ૦ ૨૬૭-૨૬૮).

તુષાર. ભારતવર્ષીય એક દેશ અને ત્યાંના લોકો. એ લોકોના નામ પરથી દેશનું નામ પડયું છે. તોખારીસ્તાન ઘોડાઓને માટે પ્રખ્યાત છે. તુષાર અગર તોખાર લોકો મૂળ શક હોવાનું જણાય છે. એ લોકોએ ગ્રીક લોકોની પાસેથી એક્ટ્રિયા જીતી લીધું હતું. (ડાઉસન૦ પા૦ ૩૨૩).

તુષિત. સ્વાયંભૂ મન્વંતરમાંના દેવ વિશેષ. યજ્ઞને દક્ષિણા નામની સ્ત્રીથી તોષ, પ્રતોષ, સંતોષ, ભદ્ર, શાંતિ, ઇડસ્પતિ, ઇધ્મ, કવિ, વિભુ, સ્વહ્ન, સુદેવ અને રોચન એ નામના થએલા બાર પુત્ર. એ બધાને તુષિત દેવ કહ્યા છે.

તુષિતા. સ્વારોચિષ મન્વંતરમાંના વેદશિરા ઋષિની સ્ત્રી.

તુષ્ટ. હંસધ્વજ રાજાનો પ્રધાન.

તુષ્ટિ. સ્વાયંભૂ મન્વંતરમાંના દક્ષે ધર્મઋષિને આપેલી દસ કન્યામાંની એક. એના પુત્રનું નામ સંતોષ.

તુષ્ટિમાન. ઉગ્રસેનના નવ પુત્રોમાંનો કનિષ્ટ. કંસનો ભાઇ.

તૂ. દનુ પુત્ર દાનવ માંહેનો એક.

તૃ (૨). ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા.

તૃકં. (૩) સોમવંશી ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. (ભાર૦ આદિ૦ અ૦ ૨૦૧).

તૃકં. એક રાજા.
(ભાર૦ સભા૦ અ૦ ૮).

તૃણપ. પ્રાધાના પુત્ર ગાંધર્વોમાંનો એક. (૧ દેવ ગંધર્વ શબ્દ જુઓ).

તૃણપ (૨). એક રાજર્ષિ.

તૃણબિંદુ. સૂર્યવંશી નરિષ્યંત રાજાનો પૌત્ર, અને દમ રાજાનો પુત્ર. આ મહાન રાજર્ષિ મેરુ પર્વતના પાછળના ભાગમાં રહીને તપ કરતો હતો ત્યારે એણે પોતાની ગૌ નામની કન્યા કાંઇ કારણને લઇને પુલસ્ત્ય ઋષિને આપી હતી. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૨), (૨. પુલસ્ત્ય શબ્દ જુઓ).

તૃણબિંદુ (૨). વૈવસ્વત મન્વંતરમાંનો ચોવીસમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ).

તૃણબિંદુ (૩). સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન બંધુ રાજાનો પુત્ર. એને અલંબુષા નામની અપ્સરાથી વિશાળ, શૂન્યબંધુ અને ધૂમ્રકેતુ એમ ત્રણ પુત્ર થયા હતા.

તૃણબિંદુ (૪). દૈતવનમાં પાંડવોની સાથે કાંઇ કાળ પર્યંત રહેલો ઋષિ (ભાર૦ વન૦ અ૦ ૨૬૫ શ્લો૦ ૫).

તૃણાવર્ત. કંસનો અનુચર એક અસુર. કૃષ્ણ બળરામનો નાશ કરવા એ ગોકુળમાં આવ્યો હતો એણે વંટોળિયાનું રૂપ ધારણ કરીને કૃષ્ણને ઉચકીને આકાશમાં લઇ લીધા. કૃષ્ણે એને ગળે ચૂડ ભેરવીને પોતાનું શરીર અતિશય ભારે કર્યું, અને એને એવા જોરથી શિલાપર પછાડયો કે એથી એ તત્કાળ મરણ પામ્યો. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૭).

તૃતીયા. ભારતવર્ષીય નદી. (૨ હિમાલય શબ્દ જુઓ).

તૃક્ષ. કશ્યપ ઋષિનુ બીજું નામ.

તેજસ્વી. પૂર્વના ઇન્દ્રોમાં પાંચમો. એજ પાછળથી પંડુના પુત્ર સહદેવ રુપે થયો હતો.

તેજસ્વી (૨). ગોકુળનો એક ગોપ અને કૃષ્ણનો મિત્ર-સખા. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૨૨).

તેજેયુ. એક રાજા. રૌદ્રાશ્વનો પુત્ર. (ભાર૦ આદિ૦ અ૦ ૮૮).

તેજોબિંદુ. મુખ્ય યજુર્વેદોપનિષત્.

તૈજસ. એક તીર્થ. અહીં દેવોએ તારકાસુરના વધ સારૂ કાર્તિકેયને અભિષેક કર્યો હતો.

તૈત્તિરિ. તિત્તિરિ ઋષિનો પુત્ર. કૃષ્ણ દ્વૈપાયન વ્યાસના શિષ્ય વૈશંપાયન એનો વંશજ હતો. (કૃષ્ણ દ્વૈપાયન શબ્દ જુઓ).

તૈત્તિરિયક. યજુર્વેદ રૂપ જ એ વેદની શાખા.

તૈલપ. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

તૈલેય. ધૂમ્ર પરાશર કુલોત્પન્ન એક ઋષિ.

તોરણ. ગ્રામ વિશેષ.

તોશલક. કંસની સભામાંનો કૃષ્ણે મારેલો એક મલ્લ. **(ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૪૪).**

તોષ. દેવ વિશેષ. (તુષિત શબ્દ જુઓ).

તૌલેય. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ત્યાજય. બાર ભાર્ગવ દેવોમાંનો એક.

ત્રય્યારુણ. ચાલુ મન્વંતરમાંનો પંદરમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ).

ત્રય્યારુણ (૨). સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુલોત્પન્ન સંભૂતિ રાજાનો પૌત્ર અને ત્રિધન્વા રાજાનો પુત્ર.

ત્રય્યારુણિ. સોમવંશી પુરુવંશજ દુષ્યંત રાજાના કુળમાં ઉત્પન્ન થયેલા દુરિતક્ષય રાજાના ત્રણ પુત્રોમાંનો મોટો પુત્ર. તપ કરીને તેણે બ્રાહ્મણપદ મેળવ્યું હતું.

ત્રસદસ્યુ. યુવનાશ્વના પુત્ર માંધાતાનું બીજું નામ.

ત્રસદસ્યુ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન માંધાતાના પૌત્ર પુરુકુત્સ રાજાના બે પુત્રોમાંનો કનિષ્ઠ એને પૌરુકુત્સ પણ કહેતા. એ રાજ કરતો હતો ત્યારે અગત્સ્ય ઋષિ એની પાસે દ્રવ્યની યાચના કરવા આવ્યા હતા. પરંતુ એની પાસે એ વેળાએ કાંઇ પણ દ્રવ્ય ન હોવાથી એણે ઋષિને પોતાની આવકખર્ચનો હિસાબ બતાવ્યો. અગત્સ્યને લાગ્યું કે એની પાસેથી દ્રવ્ય લેવાથી એની પ્રજાને પીડા થશે. માટે હું બીજા પાસે જાઉં. અગત્સ્ય પ્રથમ શ્રુતર્વા અને બ્રધ્નશ્વ રાજા પાસે જઇ, તેમની પાસે દ્રવ્ય ન હોવાથી તેમને જોડે લઇ ત્રસદસ્યુ પાસે આવ્યા હતા. ત્રસદસ્યુએ સૂચવ્યું કે ઇલ્વલ પાસે બહુ જ દ્રવ્ય છે માટે ત્યાં જઇ એને હરાવી દ્રવ્ય લાવીએ. પછી બધા ગયા અને દ્રવ્ય આણ્યું. પોતાને જોઇતું દ્રવ્ય પોતે રાખી બાકીનું ઋષિએ આ રાજાઓને વહેંચી આપ્યું હતું.

પૌરુકુત્સં ત્રસદસ્યું મહાધનમ્ ।
અગસ્ત્યશ્ચ શ્રુતર્વા ચ બ્રધ્નશ્ચ મહીપતિઃ॥૧૨॥
(ભાર૦ વન૦ અ૦ ૯૬).

ત્રસદસ્યુને વિષ્ણુવૃદ્ધ અને અનરણ્ય એમ બે પુત્ર હતા.

ત્રિકકુત. સોમવંશી આયુપુત્ર અનેનાનો પ્રપૌત્ર શુચિ નામના પૌત્રનો પુત્ર. એને ધર્મસારથી નામે પુત્ર હતો.

ત્રિકુટ. મેરુકર્ણિકા પર્વતોમાંનો એક.

ત્રિકુટ (૨). લંકાનો એક પર્વત. એનું બીજું નામ લંબ. **(વા૦ રા૦ સુંદર૦ સ૦ ૧).**

ત્રિગંગ. એક તીર્થ. **(ભાર૦ વ૦ અ૦ ૮૨).**

ત્રિગર્તરાજ. સુશર્મા **(ભાર૦ભીષ્મ૦અ૦૮૫).**

ત્રિગર્ત. ભારતવર્ષીય દેશ. ઇંદ્રપ્રસ્થથી ઉત્તરે અને પશ્ચિમે આવેલો હોવાથી એના ઉત્તરત્રિગર્ત અને પશ્ચિમત્રિગર્ત એવા બે ભેદ છે. એ શબ્દો યોગ્ય અક્ષરના ક્રમમાં જોવા.

ત્રિગર્તિ. એક રાજર્ષિ.

ત્રિજટ. અયોધ્યામાં રહેનારો ગાર્ગ્ય કુળનો એક બ્રાહ્મણ. એ ઘણોજ વૃદ્ધ હતો. રામ જે વખત વનવાસ જવા નિકળ્યા તે વખત એને એની સ્ત્રીએ કહ્યું કે તમે રામ પાસે જઇને એમની પાસે કાંઇ માગો. રામ સહજ જ જે ઘણા યાચકોને દાન કરે છે તે આપણને કાંઇ આપે તો આપણું દળદર ફીટે. આ ઉપરથી તે બ્રાહ્મણ ધીરે ધીરે લાકડીને ટેકે ટેકે ચાલતો રામ પાસે આવ્યો. રામે જાણ્યું કે આ ધનાર્થી છે પણ કાંઇ વિનોદ કરીએ. એમ મનમાં આણીને એમણે ત્રિજટને કહ્યું કે હે બ્રાહ્મણ શ્રેષ્ઠ ! આ તમારી સામે ગાયોનું ટોળું ઉભું છે તેમાં તમારી લાકડી

ફેંકો અને લાકડી જ્યાં પડશે એની આ બાજુની બધી ગાયો હું તમને આપીશ. તે ઉપરથી બ્રાહ્મણે તો કમ્મર બાંધી અને પોતાની લાકડી એટલા જોરથી ફેંકી કે એમની સામે ઉભેલા ગોધનને ઓળંગી તેની પેલી તરફ ઉભેલા બીજા ગોધનની પણ પેલી તરફ જઇને પડી. રામને અને બીજા જનોને આશ્ચર્ય થયું કે આ બ્રાહ્મણ કેટલો બળવાન છે. રામે એને વંદન કરીને કહ્યું કે મેં વિનોદ ખાતર લાકડી ફેંકવાનું કહ્યું તેથી ગુસ્સે ન થશો. પછી રામે એને એ બન્ને ગોધનની ગાયો અને તે સીવાય પુષ્કળ દ્રવ્ય આપ્યું. રામને આશીર્વાદ દઇ બ્રાહ્મણ પોતાને ઘેર ગયો.

તત્રાસીત્તિગ્મલો ગાર્ગ્યસ્ત્રીજટો નામ વૈ દ્વિજઃ ૨૧
(વા૦ રા૦ અ૦ સ૦ ૩૨)

ત્રિજટા. લંકામાંની એક વૃદ્ધ રાક્ષસી. પંચવટીમાંથી બળાત્કારે પકડી આણીને રાવણે સીતાને અશોકવનમાં રાખી હતી, ત્યાં સીતાના રક્ષણ સારૂ ત્રિજટાને રાખી હતી. એ દ્વયક્ષી, ત્રયક્ષી, લલાટાક્ષી, દીર્ઘજીવ્હા, અજિવ્હિકા; ત્રીસ્તની, એકપાદા, એકલોચના ઇ૦ અનેક રાક્ષસીઓની ઉપરી હતી

ગતાસુ તાસુ સર્વાસુ ત્રિજટા નામ રાક્ષસી ।
સાન્ત્વયામાસ વૈદેહીં ધર્મજ્ઞા પ્રિયવાદિની॥૫૫॥
(ભાર૦ વન૦ અ૦ ૨૮૧).

એક વખત ત્રિજટાને સ્વપ્ન આવ્યું. તેમાં એણે રાવણ, કુંભકર્ણ અને ઇંદ્રજિતને ગધેડાં અને ઉંટ જેવા અમંગળ વાહનો પર બેઠેલા અને દક્ષિણ તરફ જતાં દીઠા. થોડી વારે એ બધાં વાહનો ઉપરથી નીચે છાણથી ભરેલા ઘરામાં ખૂડ્યા. વળી એણે એઓને નાગા, ગાંડા થઇ ગયેલા અને તેલ ચોળેલા દીઠા. થોડી વારે બીજા સ્વપ્નમાં એણે રામ અને લક્ષ્મણને શ્વેત વસ્ત્ર ધારણ કરેલા, ગજ વગેરે ઉત્તમ વાહનો પર બેઠેલા અને ઉત્તર તરફ જતાં દીઠા. આ ઉપરથી એ જાગી ગઇ. એણે નિશ્ચય કર્યો કે આ સ્વપ્નો રામનો ઉત્કર્ષ અને રાક્ષસોનો વિનાશ કાળ સૂચવે છે. ત્યાર પછીથી એ સીતાને કોઇ પણ તરેહથી દુઃખ થવા દેતી નહોતી. પછી એણે પોતાનું સ્વપ્ન બીજી રાક્ષસીઓને પણ જાહેર કર્યું હતું જેથી એ બધાં પણ સીતાની સંભાળ લેતાં અને એને કશી પીડા થવા દેતાં નહોતાં **(વા૦ રા૦ સુંદર૦ સ૦ ૨૭).**

ત્રિણકર્ણી. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ત્રિત. બ્રહ્મદેવના માનસ પુત્રોમાંનો એક.

ત્રિત (૨). ચક્ષુષ મનુને નડ્વલાથી થયેલા પુત્રોમાંથી એક.

ત્રિત. (૩). એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ત્રિત (૪). ગૌતમ ઋષિના ત્રણ પુત્રોમાંનો એક. એકત અને દ્વીતનો નાનો ભાઇ. એ એના બન્ને ભાઇઓ કરતાં વિદ્વાન હોવાથી એક યજમાનને ત્યાં ગયા હતા ત્યાંથી એને તેમનાથી વિશેષ દ્રવ્ય અને ગાયો મળી. માર્ગમાં એક ઠગારાથી બચવા સારુ આડ રસ્તે જતાં એ કુવામાં પડ્યો. એ જોઇને મત્સરને લીધે એના ભાઇઓ એને ન કાઢતાં પોતે ઘેર જતા રહ્યા, એ બિચારો કુવામાં જ રહ્યો. કુવામાં એણે એક વેલ લટકતી જોઇ. એ વેલને વિશે સોમવલ્લીની કલ્પના કરી એણે દેવોનું આવ્હાહન કર્યું. એની પ્રાર્થનાથી દેવો આવી સોમપાન કરવા લાગ્યા. દેવની કૃપાથી કુવામાં પાણી ઉંચાં આવ્યાં અને પ્રવાહની સાથે ત્રિત પણ બહાર આવ્યો. એણે દેવ પાસે વરદાન માગ્યું કે આજથી આ જગાએ જે સ્નાન કરે તેને સોમપાનનું ફળ મળે. તથાસ્તુ કહીને દેવે સ્વસ્થાને ગમન કર્યું. તે દિવસથી આ કુવાની ગણના તીર્થમાં થઇ અને એનું નામ ત્રિતકૂપ પડ્યું. (**ભાર૦ શલ્ય૦ અ૦ ૩૭**).

એકતશ્ચ દ્વિતશ્ચૈવ ત્રિતશ્ચૈવ મહામતિઃ ॥૧૧॥
(ભાર૦ સભા૦ અ૦ ૭).

ત્રિતકૂપ. ત્રિત ઋષિનું તીર્થ. બલરામ જ્યારે યાત્રાએ ગયા હતા ત્યારે આ તીર્થ વચ્ચે આવ્યું હતું. **(ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૭૮).**

ત્રિદિવા. ભારતવર્ષીય નદી. (૩ મહેંદ્ર શબ્દ જુઓ).

ત્રિધન્વા. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન પૃથુકુત્સ રાજાના બે પુત્રોમાંના મોટા વસુદ રાજાનો પૌત્ર, સંભૂતિ રાજાનો પુત્ર અને ત્રય્યારુણનો પિતા.

ત્રિધામા. ચાલુ મન્વંતરમાં દસમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ).

ત્રિનેત્ર. અગડાની અંકસંજ્ઞાવાળા મહિષાસુરના પક્ષનો એક અસુર વિશેષ.

ત્રિપથગા. ત્રણે લોકમાં સંચાર કરનારી ભાગીરથીનું બીજું નામ.

तत्र दिव्या त्रिपथगा प्रथमं तु प्रतिष्ठिता ।
ब्रह्मलोकादपक्रान्ता सप्तधा प्रतिपद्यते ॥४८॥

(ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૬).

ત્રિપુર. પૂર્વે દેવદાનવોને ઘણા કાળ પર્યંત સંગ્રામ થતાં દાનવોનો પરાભવ થયો. ત્યાર પછી પોતાના તારક અને વિદ્યુન્માલી નામના બે મિત્રોને જોડે લઇ મયાસુરે લાંબા કાળ સુધી તપ કરીને બ્રહ્મદેવને પ્રસન્ન કર્યા. વરદાન માગ્યું કે શત શત યોજનને અંતરે હું ત્રણ શહેર બાંધી શકું. વળી તે શહેરો ફરતાં-ઉડતાં રહી શકે; દેવોથી અને બ્રાહ્મણોના શાપથી અભેદ્ય હોય. વખત છેને મહાદેવના બાણે કરીને કોઇ ભાગનો નાશ થઇ જાય તોપણ બાકીના ભાગને કશી અડચણ ન આવે એવાં હોય. તથાસ્તુ કહીને બ્રહ્મદેવ સ્વસ્થાને ગયા. પછી મયાસુરે પુષ્ય નક્ષત્રને દહાડે લોઢું, રુપું અને સોનું એમ એક ઉપર એક એમ સરખે અંતરે ત્રણ પુર નિર્માણ કર્યાં, અને તારકાસુર, કમલાક્ષ અને વિદ્યુન્માલીને અનુક્રમે તેમનું અધિપતિપણું સોંપ્યું. વળી એ ત્રણ શહેરની પાસે બીજું કેટલાંક અંતરિક્ષ પુર બનાવી ત્યાં બીજા અસુરોને રહેવાની સોય કરી. એ બધાંથી ઉંચા ભાગમાં એક ઘણું દિવ્ય પુર નિર્માણ કરી તેમાં મયાસુર પોતે રહ્યો.

આ પ્રમાણે ગોઠવણ કરી મયાસુરે બધા અસુરોને કહ્યું કે તમે લોકો અહીં જ રહો. તમારે દેવોને રસ્તે જવુંએ નહિ. ઉન્મત્તપણાથી આચારહીન થવું નહિ. ઇશ્વરોપાસનાનો અનાદાર કરવો નહિ. એમ ઘણા કાળ સુધી બધા સ્વસ્થ રહ્યા.

પરંતુ દુર્દૈવને લઇને તેમનામાં વિપરીત બુદ્ધિ ઉત્પન્ન થઇ, અને ઉપર કહેલા બધા નિયમો ધીરે ધીરે તજવાનો આરંભ કર્યો. આ ઉપરથી બધા દેવો બ્રહ્મદેવ પાસે ગયા. બ્રહ્મદેવ બધાને લઇને મહાદેવ પાસે ગયા. અને અસુરોનાં કૃત્ય તેમને નિવેદન કર્યાં.

મહાદેવે એ ઉપરથી પૃથ્વીને રથ કલ્પી બ્રહ્મદેવને સારથી કલ્પ્યા. બીજા અન્ય દેવોને જે જે સ્થાને યોજવા હતા તે કલ્પી વિષ્ણુને બાણ કલ્પ્યા. પછી જ્યારે પુષ્ય નક્ષત્ર આવ્યું અને બધાં શહેરો એક ક્ષણભર સમસૂત્ર સ્થિતિમાં આવ્યાં કે તે ક્ષણ સાધીને મહાદેવે ત્રણે પુરનો નાશ કર્યો. એ પુરોના અધિપતિયો મરણ પામ્યા; એટલે બીજા દેવોએ અન્ય અસુરોને મારી નાખ્યા. પોતે પરમ નિયમશાળી અને ઇશ્વરોપાસક હોવાથી મયાસુર એકલો બચ્યો. (વ્યાસાર્જુન સંવાદ.)

આ ત્રિપુરાખ્યાન જુદાં જુદાં પુરાણોમાં હોઇને પુરોની સ્થિતિ, અધિપતિઓનાં નામ વગેરેમાં ફેરફાર પડે છે. પણ પુરની કુલ સંખ્યામાં બધાં પુરાણોની હકીકત મળે છે. આ વાત લક્ષમાં લઇને જુદાં જુદાં પુરાણોની બધી હકીકત સપ્રમાણ ન ગણતાં ભારતમાં કહેલા ત્રિપુરાખ્યાનને જ અમે મુખ્ય ગણ્યું છે. **(ભા૨૦ કર્ણ૦ અ૦ ૨૪-૨૭). (ભા૨૦ અનુ૦ અ૦ ૨૬૫). (ભાગ૦ ૭ સ્કં૦ અ૦ ૧૦) (મત્સ્ય પુરાણ અ૦ ૧૩૦-૧૩૭).**

ત્રિપુરા. ઋગ્વેદનુઉપનિષત.

ત્રિપુરાતપન. અથર્વણવેદોપનિષત.

ત્રિપુરી. નગરી વિશેષ. **(ભા૨૦ વન૦ અ૦ ૨૫૫ શ્લો૦ ૧૦).**

ત્રિબંધન. નિબંધન રાજાનું બીજું નામ.

ત્રિભાગા. અગડાની અંકસંજ્ઞાવાળા મહેંદ્ર પર્વતમાંથી નીકળતી નદી.

ત્રિભાનુ. સોમવંશી તુર્વસુકુળના ભાનુમાન્ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ કરંધમ.

ત્રિમૂર્ત્તિ. ઇન્દ્રપ્રમદિ નામના ઋષિનું બીજું નામ.

ત્રિમુર્ધા. રાવણનો પુત્ર.

ત્રિરાવ. ગરુડનો પુત્ર. **(ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૦૧).**

ત્રિલોચન. ત્રણ લોચનવાળા મહાદેવ અને તેમનો ગણ સમુદાય.

ત્રિવક્રા. કંસની કુબ્જા દાસી.

ત્રિવિક્રમ. વિષ્ણુના ત્રૈલોક્ય વ્યાપિ રૂપનું નામ.

ત્રિવૃષ. ચાલુ મન્વંતરનો અગિયારમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ).

ત્રિશંકુ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના અરુણ રાજાનો પૌત્ર અને નિબંધન રાજાનો જ્યેષ્ટ પુત્ર. એનું મૂળ નામ સત્યવ્રત હતું. એ નાનપણથી નઠારે રસ્તે ચઢેલો હોવાથી એ બ્રાહ્મણોની વિવાહિત સ્ત્રીઓ હરી ગયો હતો. એના પિતા નિબંધને એને ઘણી શિખામણ દીધી, પણ એણે કાને ન ધરવાથી નિબંધને એને પોતાના રાજની બહાર કાઢી મૂક્યો. અને પોતે પણ અંતઃકરમાં ખેદ પામી રાજપાટ મંત્રીઓને સોંપી અરણ્યમાં જઇ ઉત્તમ પ્રકારનો પુત્ર ઉત્પન્ન થાય માટે તપ કરવા લાગ્યો. અહીં અરણ્યમાં સત્યવ્રત ચાણ્ડાલની પેઠે રહેતો હતો. તેવામાં અયોધ્યામાં રાજા ન હોવાથી પ્રજા અધર્મી થઇ ગઇ અને એના રાજમાં નવ વર્ષ સુધી વર્ષાદ જ આવ્યો નહિ. માણસોને ખાવાને અન્ન ન મળવા લાગ્યું અને મોટો કેર વરતી રહ્યો. આ દુષ્કાળમાં વિશ્વામિત્રની સ્ત્રી અને ત્રણ પુત્રો સપડાયાં હતાં. પણ સત્યવ્રતે મોટા શ્રમથી એમને માંસ વગેરે પુરું પાડી જીવાડ્યાં હતાં. (૨ ગાલવ શબ્દ જુઓ). વિશ્વામિત્રની સ્ત્રીને માંસ પુરું પાડવાનો ક્રમ રાખ્યો હતો તેમાં એક વખત વસિષ્ઠની ગાય એનાથી કપાઇ ગઇ. વસિષ્ઠે એને શાપ દીધો કે, બ્રાહ્મણની સ્ત્રીઓનું હરણ, પિતાનો ક્રોધ અને ગૌહત્યા આ ત્રણે ઘોર પાતકોને લીધે તારું નામ ત્રિશંકુ પડશે. આ વખતથી એની બુદ્ધિ અધિક ભ્રષ્ટ થતી ચાલી અને એણે અરણ્યમાં પિશાચની પેઠે ભટકવા માંડ્યું.

નિબંધન રાજા અરણ્યમાં ગયો હતો ત્યાં એને પોતાના દેશની અવદશાની ખબર પડી. તેમ એને સત્યવ્રત નામે બીજો પુત્ર પણ થયો. પછી એ અયોધ્યા પાછો આવી પૂર્વવત્ પ્રજાપાલન કરવા લાગ્યો. એ યોગથી યથાકાળ વર્ષાદ આવી દેશમાં સુકાળ થયો. પણ નિબંધને ત્રિશંકુનું તો નામે દીધું નહિ. આથી એને અનિવાર પશ્ચાત્તાપ થયો અને દેહત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. એ આત્મહત્યા કરતો હતો એવામાં કોઇ દેવતાએ એને કહ્યું કે તું દેહત્યાગ કરીશ નહિ. તારો પિતા તને સત્વર જ રાજનો અધિપતિ કરશે. એ ઉપરથી એણે આત્મહત્યા કરી નહિ.

અહીં નિબંધન રાજાને સહજ જ એમ થયું કે સત્યવ્રતને (ત્રિશંકુને) રાજપર સ્થાપું. એ ઉપરથી એણે દૂત મોકલી એને અયોધ્યામાં તેડાવ્યો. સદુપદેશ આપી એની રાજ્ય-પર સ્થાપના કરી. પછી પોતે અરણ્યમાં ગયો અને થોડા કાળમાં જ પરમગતિ પામ્યો. ત્યાર પછી ત્રિશંકુએ ઘણા કાળ પર્યંત નીતિથી સારું રાજ્ય ચલાવ્યું. આમ એ સન્માર્ગે ચાલતો હતો ત્યારે એને હરિશ્ચંદ્ર અને અંબરીષ એમ બે પુત્ર થયા.

આ પ્રમાણે રાજ્ય કરતાં એક વખત ત્રિશંકુના મનમાં આવ્યું કે મર્ત્યદેહ સહિત સ્વર્ગમાં જઇ સ્વર્ગના ભોગ ભોગવાય માટે એક યત્ન કરું. એ વશિષ્ઠ પાસે ગયો અને પોતાનો વિચાર જણાવ્યો. (આ ઉપરથી વાંચનારના ખ્યાલમાં આવશે કે આ રાજા વિચિત્ર હતો). વશિષ્ઠે એને કહ્યું

કે આ જન્મમાં ઘણા યજ્ઞ કરી દેહપાત પછી સ્વર્ગમાં જવાય એવી અનાદિ સિદ્ધ રીતી છે. માટે તું કહે છે તેમ બનશે નહિ. ત્રિશંકુએ કહ્યું મેં પૂર્વે તમારી ગાય મારી છે તેના દોષને લીધે તમે આમ કહો છો હું સમજ્યો. ઠીક જાઉ છું. વસિષ્ટને એના વર્તનથી ક્રોધ ચઢયો અને કહ્યું કે તું સદેહીએ સ્વર્ગે જાય અગર ન જાય પણ હાલ તરત તો ચાંડાલ થા; પછી જોવાશે. એટલું કહેતાં જ ત્રિશંકુ તત્કાળ કુરુપ અને કાલોહીક જેવો થઇ ગયો. પોતાની સ્થિતિ જોઇને એને પારવની લાજ આવી. પછી પોતે અયોધ્યા ન જતાં તેવોજ અરણ્યમાં જતો રહ્યો.

આ વર્ત્તમાન જાણવાથી હરિશ્ચન્દ્રને ઘણું જ ખરાબ લાગ્યું. એણે ત્રિશંકુ પાસે મંત્રીને મોકલ્યો પણે એણે કહ્યું કે હવે મારું અયોધ્યામાં આવવું બનશે જ નહિ. હરિશ્ચન્દ્રે ગાદીપર બેસવું અને પ્રજા પાલન કરવું. મંત્રી પાછો આવ્યો અને હરિશ્ચન્દ્રને બનેલી હકીકત જાહેર કરીને કહ્યું કે હવે તમે રાજ સ્વીકારો. નિરૂપાય બનીને હરિશ્ચન્દ્રે અયોધ્યાનું રાજ્ય ચલાવવા માંડયું.

અવર્ષણ પડયા છતાં પણ પોતાની સ્ત્રી અને પુત્રોને મુકીને વિશ્વામિત્ર તપ કરવા જતા રહ્યા હતા તે આગળ કહી ગયા છીએ. એઓ જ્યારે પાછા આવ્યા ત્યારે પોતાની સ્ત્રીને પુછવા લાગ્યા કે અવર્ષણ–દુકાળમાં તમે શી રીતે ઉગર્યા ? એણે સત્યવ્રતે કરેલા સંરક્ષણની હકીકત કહી, અને કહ્યું કે વસિષ્ઠના શાપથી ત્રિશંકુની અવસ્થા આવી થઈ છે. એના કરેલા ઉપકારનો બદલો આપવો ઘટે છે. સ્ત્રીનું આ ભાષણ સાંભળતાં જ વિશ્વામિત્ર ત્રિશંકુ પાસે આવ્યા. એણે ઋષિને સાષ્ટાંગ નમસ્કાર કરી પ્રાર્થના કરીકે આ અવસ્થામાંથી મારો ઉદ્ધાર કરવા આપ સમર્થ છો. વિશ્વામિત્ર કહે રાજા, તું કાંઇ ચિંતા કરીશ નહિ. એમ કહીને એમણે થોડા દિવસમાં જ યજ્ઞની તૈયારી કરી બ્રાહ્મણોને નોતર્યા. પરંતુ ચાંડાલ યજમાન અને ક્ષત્રિ ઉપાધ્યાય એવી, વસિષ્ઠે નિંદા કરવા ઉપરથી ઘણા બ્રાહ્મણોએ અમે આ યજ્ઞમાં નહિ આવીએ એમ કહ્યું. વિશ્વામિત્રને આથી ક્રોધ ચઢયો અને એણે વસિષ્ઠ પુત્રોને શાપ દીધો કે તમે ચાંડાળ થશો. છેવટે કોઇ બ્રાહ્મણો ગયા, અને યજ્ઞનો આરંભ પણ થઇ ગયો. પણ હવિર્ભાગ લેવા દેવ આવતા નથી એ જોઈ વિશ્વામિત્રે ત્રિશંકુને કહ્યું કે હવે તો મારા પોતાના સ્વાર્જિત પુણ્યે કરીને તું સ્વર્ગે જઇશ. આ કહેતાં જ ત્રિશંકુ પક્ષીની પેઠે ઉડીને સ્વર્ગમાં જવા લાગ્યો. ઇન્દ્રને આથી ક્રોધ ચઢયો અને જેવો ત્રિશંકુ આવ્યો કે એને કહ્યું કે ગુરુના શાપનો બળ્યો તું છે. તને આ દેહે સ્વર્ગમાં આવવાનો અધિકાર નથી, માટે નીચે પડ. ત્રિશંકુ નીચે પડવા માંડયો અને ચીચીઆરી પાડવા લાગ્યો. એનો ધાંટો વિશ્વામિત્રે સાંભળ્યો અને " तिष्ठ तिष्ठ "–"સ્થિર રહે સ્થિર રહે " એમ બોલ્યા. એણે કરીને એ અંતરિક્ષમાં સ્થિર થઇ ગયો.

પછી વિશ્વામિત્રે પ્રતિજ્ઞા કરી કે હું બીજી સૃષ્ટિ અને બીજું સ્વર્ગ ઉત્પન્ન કરીશ અને ત્રિશંકુને ત્યાં રાખીશ. એ પ્રતિજ્ઞા કરીને એમણે સૃષ્ટિનો આરંભ કર્યો. એમણે કાંઈ પદાર્થો નવા ઉત્પન્ન પણ કર્યા. આ ઉપરથી ઇન્દ્રે એની જોડે સમજૂતી કરીને ત્રિશંકુનો મર્ત્ય દેહ તજાવી એને સ્વર્ગમાં લીધો. (વા૦ રા૦ બાલ૦ સ૦ ૫૮-૬૦). (દે॰ ભા ભાગ૦ ૭ સ્કં૦ અ૦ ૧૦-૧૪).

ત્રિશિખ. તામસ મન્વંતરમાં [illegible] સ્વર્ગમાં હતો તે ઇંદ્ર. (૧ ઇંદ્ર શબ્દ જુઓ).

ત્રિશીર્ષ. યજુર્વેદનું ઉપનિષત [illegible] (જુઓ).

ત્રિશિરા. ત્વષ્ટા નામના પ્રજાપતિ [illegible] તેના પુત્ર વિશ્વરુપનું બીજું નામ. એને ત્રણ શિ [illegible] (ભાર હતાં તેથી આ નામ પડયું છે. એ એક [illegible] મુખે વેદાધ્યયન, એક મુખે સોમપાન અને [illegible] એક મુખે સુરાપાન કરતો. એ દૈત્યોનો ભાણેજ [illegible] હતો એટલે દેવ

તેમ જ દૈત્ય બન્ને તરફ એની લાગણી સરખી હતી. એને ઇન્દ્રે કેટલાક કાળ સુધી પોતાનો પુરોહિત યોજ્યો હતો. (૩ વિશ્વરુપ શબ્દ જુઓ).

ત્રિશિરા (૨). દૂષણ રાક્ષસના ચાર અમાત્યમાંનો એક. (૧ ખર શબ્દ જુઓ).

ત્રિશિરા (૩). રાવણના પુત્ર ત્રિશિર્ષનું બીજું નામ.

ત્રિશિલા. ભારતવર્ષીય નદી.

ત્રિશિર્ષ. રાવણના પુત્રોમાંનો એક, એને મારુતીએ માર્યો હતો. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭૦).

ત્રિશૂલખાન. ભારતવર્ષીય તીર્થ.

ત્રિશૃંગ. મેરુના પરિસ્તરણ પર્વતોમાંનો એક પર્વત.

ત્રિસામા. ભારતવર્ષીય નદી.

ત્રિસ્તની. અશોક વનમાં સીતાને સાચવવા રાખેલી રાક્ષસીઓમાંની એક.

ત્રિસ્રોતા. ત્રિપથગા શબ્દ જુઓ.

ત્રેતા. આહવનીય, દક્ષિણાગ્નિ અને ગાર્હપત્ય અગ્નિના સમુચ્ચયોનાં નામ.

ત્રેતાયુગ. ચાર યુગોમાંનો બીજો યુગ. તેમજ તેનો મૂર્તિમાન દેવ. દેવોની ગણત્રીના ત્રણ હજાર અને છસેં વરસ સુધી એ ચાલે છે. એટલે ત્રેતાયુગમાં માણસોનાં ૧૨૯૬૦૦૦ વર્ષ થાય છે. એના આદ્યંત સંધિ અને સંધ્યાંશકાળ ઉમેરતાં એ યુગ દેવોનાં ૬૦૦ વર્ષનો છે. (મત્સ્ય૦ અ૦ ૧૬૫).

ત્રૈપુર. ત્રિપુરીનો રાજા. એને સહદેવે જીત્યો હતો.

माद्रीसूतस्ततः प्रायाद्विजयी दक्षिणां दिशम् ।
त्रैपुरं स वशे कृत्वा राजानममितौजसम् ॥६२॥
(ભા૨૦ સભા૦ અ૦ ૩૨).

ત્રૈશંકવ. ત્રિશંકુના પુત્ર હરિશ્ચંદ્રનું બીજું નામ.

ત્રૈશૃંગાયન. તગડાની અંકસંજ્ઞાવાળા વસિષ્ઠ કુળનો એક ઋષિ.

ત્ર્યંબક. એક રુદ્ર.

ત્ર્યંબક (૨). જેને ત્રણ અંબક–નયન છે એવા મહાદેવ.

ત્ર્યંબક (૩). ક્ષેત્ર વિશેષ. એ જનસ્થાનની પાસે આવ્યું છે. નાસીકની પાસે આવેલું ત્રંબક જ્યાં જ્યોતિર્લિંગ ત્ર્યંબકેશ્વર છે તે જ.

ત્ર્યક્ષી. અશોક વનમાંની એક રાક્ષસી.

ત્વષ્ટા. પ્રિયવ્રત વંશના ઋષભદેવ કુળના ભૌવન રાજાને દૂષણાને પેટે થએલો પુત્ર. એને વિશ્વના નામની સ્ત્રીને પેટે વિરજ નામે પુત્ર. થયો હતો.

ત્વષ્ટા (૨). એક આદિત્ય. (દ્વાદશ આદિત્ય શબ્દ જુઓ). ચાલુ મન્વંતરમાં એ પ્રતિ આશ્વિન માસમાં સૂર્યમંડળનો અધિપતિ થાય છે. (૩ ઇષ શબ્દ જુઓ.)

ત્વષ્ટા (૩). એ નામનો એક પ્રજાપતિ હતો. રચના નામની દૈત્યભગિનિ એની સ્ત્રી હતી. એ સ્ત્રીથી એને સંનિવેશ અને વિશ્વરુપ નામે બે પુત્ર થયા હતા. તેમાંથી વિશ્વરુપને ઇંદ્રે માર્યો, તેથી ઇંદ્રની સાથે એને વૈમનસ્ક હતું. એ જ કારણને લઇને પુરંદર ઇન્દ્રને મારવા એણે વૃત્રાસુરને નિર્માણ કર્યો હતો.

ત્વષ્ટા (૪). ચાલુ મન્વંતરમાં વિશ્વકર્મા નામે દેવોનો શિલ્પી. એણે પોતાની ત્વાષ્ટ્રી નામે કન્યા વિવસ્વાન્ આદિત્યને આપી હતી. એ કન્યાનું બીજું નામ સંજ્ઞા હતું. વિવસ્વાનનું તેજ સંજ્ઞાથી સહન ન થતું હોવાથી સૂર્યને ચાક પર ચઢાવી, છોલી કાઢી એનું તેજ આછું કર્યું હતું. આ ત્વષ્ટાએ જ દધીચ ઋષિનાં હાડકાંનું ઇન્દ્રને વજ્ર બનાવી આપ્યું હતું.

युष्मभ्यं याचितोऽश्विभ्यां धर्मज्ञोऽङ्गानि दास्यति।
ततस्तैरायुधश्रेष्ठो विश्वकर्मविनिर्मितः ॥५४॥
येन वृत्रशिरो हर्ता मत्तेजश्चपबृंहितः
(ભાગ૦ ૬ સ્કં૦ અ૦ ૯)

ત્વષ્ટા (૫). એ નામનો એક અસુર.

त्वष्टा त्वष्टृगजंघोरंयानमास्थाय दानवः ।
व्यूहितुं दानवव्यूहं परिचक्राम वीर्यवान् ॥
(મત્સ્ય૦ અ૦ ૧૩૭).

આ ત્વષ્ટાના નામોમાં પુરાણોમાં જબરો ઘોંટાળો છે. પૂર્વાપર ઠીક વિચાર કરીને અહીં સંગતવાર દાખલ કર્યો છે.

ત્વષ્ટાક્ષર. ભગડાની સંજ્ઞાવાળા શુક્રના ચાર પુત્રોમાંનો એક.

ત્વાષ્ટ્ર. ત્વષ્ટા પ્રજાપતિનો પુત્ર વિશ્વરુપ, વૃત્રાસુર વગેરે.

ત્વાષ્ટ્રી. વિશ્વકર્મા ત્વષ્ટાની સંજ્ઞા નામની કન્યા જે વિવસ્વાન્ આદિત્યને આપી હતી તેનું બીજું નામ.

થ

ૐ

દ.

**

દંડ. સૂર્યનો એક પાર્ષદ. એનું દંડી એવું નામ પણ છે.

દંડ (૨). સૂર્યવંશોદ્ભવ ભદ્રાશ્વ રાજાનું બીજું નામ.

દંડ (૩). દ્રૌપદી સ્વયંવરમાં આવેલો એક રાજા. વિદંડ રાજાનો પુત્ર.

जलसन्धः पितापुत्रौ विदण्डो दण्ड एव च ।१२। **(ભા૨૦ આદિ૦ અ૦ ૨૦૧).**

દંડ (૪). કર્ણે મારેલો પાંડવ પક્ષનો એ નામનો એક રાજા.

દંડક. સૂર્યવંશના ઇક્ષ્વાકુના સો પુત્રમાંનો ત્રીજો. એ જન્મથી મૂઢ અને ઉન્મત્ત હતો. એને ક્યાંનું રાજ્ય આપવું એનો વિચાર કરીને એને વિંધ્યાદ્રિ અને શૈવલ પર્વતપર અધિપતિપણું આપ્યું હતું. પોતાના રાજ્યમાં એણે મધુમંત નામની નગરીમાં પોતાની રાજધાની કરી હતી. એણે ભૃગુકુલોત્પન્ન [illegible] ઋષિને પોતાનો પુરોહિત નિમ્યો હતો. **(વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૭૯).**

એક વખત આ રાજા ગુરુને આશ્રમે ગયો હતો. ઋષિ ઘેર નહોતા. દંડકે ગુરુકન્યા અરજાને દીઠી અને પોતે કામાતુર થઇ એને પકડવાને ધાયો. અરજાએ કહ્યું મારા પિતાની પાસે તું મારી માગણી કર અને એ આપે એટલે પાણિગ્રહણ વિધિથી તું મને પરણ. પરન્તુ ઉન્મત્તપણામાં અરજાનું કહ્યું ન ગણકારતાં એણે એના ઉપર બલાત્કાર કરી એનું કૌમાર્ય નષ્ટ કરીને પોતાને નગર જતો રહ્યો. **(વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૮૦).**

અહીં ઋષિયે આશ્રમમાં આવી જોયું તો રાજાએ કરેલા મહા અન્યાયની એને જાણ થઇ. ક્રોધવશ થઇ ઋષિએ શાપ દીધો કે આ રાજા બલ, કોશ ઇ. સહિત સાત દિવસમાં ભસ્મ થઇને નાશ પામશે. એ પ્રમાણે બધું ભસ્મ થઇ ગયું અને એનો ચારસેં યોજનના વિસ્તારવાળો દેશ અરણ્ય જેવો થઇ ગયો. દેશનું નામ દંડક દેશ હતું તે દંડકારણ્ય પડ્યું. **(વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૮૧).**

દંડક (૨). એ નામના લોક વિશેષ.

દંડકદેશ. વિંધ્યાદ્રિ અને શૈવલ પર્વત વચ્ચેનો દંડક રાજાનો દેશ તે.

દંડકારણ્ય. અરણ્યપ્રાય થઇ ગએલો દંડક દેશ તે. આ અરણ્ય ગોદાવરી અને નર્મદાની વચ્ચે આવેલું છે. એ અરણ્ય વિશાળ હતું અને રામાયણના કેટલાક શ્લોકોથી જણાય છે કે તે યમુનાની દક્ષિણે આવેલું. રામ અને સીતાના અહીં રહ્યા સંબંધી ઘણા પ્રસંગો છે. એ અરણ્યમાં છૂટા છવાયા ઋષિયોના આશ્રમો હોઇ બધા અરણ્યમાં હિંસક પ્રાણિયો અને રાક્ષસો ઘણા રહેતા.**(ડાઉસન૦ પા.૮૦).**

દંડકેતુ. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. **(ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૩).**

દંડગૌરી. એક અપ્સરા.

દંડધર. યમનું બીજું નામ.

દંડધાર. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

દંડધાર (૨). દ્રૌણાચાર્યે મારેલો પાંડવ પક્ષનો એક રાજા. **(ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૩).**

દંડધાર (૩). અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા.

દંડધાર (૪). યુધિષ્ટરનો ચક્રરક્ષક, એક પાંચાળ. એને કર્ણે માર્યો હતો. **(ભા૦ ક૦ અ૦ ૫૧).**

દંડપાણિ. યમનું એક નામ.

દંડપાણિ (૨). કાલભૈરવનું બીજું નામ.

દંડપાણિ (૩). સોમવંશી પૂરુકુલોત્પન્ન પાંડવના વંશમાં જન્મેલા વહ્નિનર રાજાનો પુત્ર. એના પુત્રનું નામ નિમિ.

દંડી એક રુદ્રગણ.

દંડી (૨). સૂર્યપાર્ષદ દંડ તે જ.

દંડી (૩). એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

દંડી (૪). ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

દંતવક્ર. રામની સભામાંનો એક હાસ્યકાર–મશ્કરો.

દંતવક્ર (૨). કરુષક દેશાધિપતિ વૃદ્ધશર્માને વસુદેવની બહેન શ્રુતદેવાની કુખે થએલો પુત્ર. એ અસુરાંશ હોવાથી કૃષ્ણને હાથે મરણ પામ્યો હતો. **(ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૭૮).** કેટલીક જગાએ એને વક્રદંત પણ કહ્યો છે.

દત્ત સ્વાયંભૂ મન્વંતરમાંના અત્રિ ઋષિના ત્રણ પુત્રોમાંનો એક. સ્વારોચિષ મન્વંતરમાં જે સપ્ત ઋષિયો હતા એમાં આ પણ એક હતો. એના પુત્રનું નામ નિમિ ઋષિ. **(ભા૨૦ સ૦ અ૦ ૩૮); અનુ૦ (અ૦ ૨૫૭ ને ૧૩૮).**

દત્ત (૨). ચાલુ મન્વંતરના અત્રિનો પુત્ર. એ મન્વંતરના આરંભની પહેલી ચોકડીમાંના ત્રેતાયુગમાં જનમ્યો હતો. **(મત્સ્ય૦ અ૦ ૪૭)** અને **(દેવીભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૧૬).** એ પરમ બ્રહ્મનિષ્ટ હતો અને બ્રહ્મવિદ્યા સંબંધે અલર્ક, પ્રહ્લાદ, યદુ, અને સહસ્રાર્જુન વગેરેનો ગુરુ હતો.

દત્તાત્રેય. એકડાની અને બગડાની અંકસંજ્ઞાવાળો દત્ત તે જ.

દત્તાત્રેય (૨). અથર્વણવેદોપનિષત્.

દત્તામિત્ર. અર્જુને મારેલો પૂર્વ દિશા તરફનો એક રાજા.

દંદશૂક. યમલોકનું એક નરક. એમાં સર્પો જ ભર્યા છે.

દધિમંડાદ. પૃથ્વીના સપ્ત સમુદ્રોમાંનો છઠ્ઠો. એ શાકદ્વીપની આજુબાજુએ વિંટળાયલો છે. એ એના જેટલા જ એટલે બત્રિશ લાખ યોજન પહોળો છે. એની આજુબાજુ પુષ્કર દ્વીપ આવેલો છે.

દધિમુખ. રામની સેનાનો એક વાનર. એ વાલીના મધુવનનો રક્ષક હતો. એને દધિવક્ત્ર એવું બીજું નામ હતું. **(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૦).**

દધિવાહન. અનપાન રાજાનું બીજું નામ.

દધીચ, સ્વાયંભૂ મન્વંતરમાંના અથર્વણ ઋષિના પુત્રોમાંનો દધ્યંચ નામનો પુત્ર તે. એને દધ્યઙ્ગાથર્વણ કહેતા હતા. ચાલુ મન્વંતરમાં વૃત્રાસુરને મારવા સારુ એણે જ ઇંદ્રને પોતાનાં અસ્થિ આપ્યાં હતાં. કેમકે એ બ્રહ્મવિદ્યા ઇંદ્ર પાસેથી શિખ્યો હતો, એટલે એ ઇંદ્રનો શિષ્ય હતો. એ અશ્વનીકુમારનો ગુરુ હતો **(ભા૨૦ વન૦ અ૦ ૯૮** અને **ભાગ૦ ૬ સ્કં૦ અ૦ ૧૦)** એ સંબંધે એમ છે કે ઇંદ્રે એને એ વિદ્યા શિખવતાં કહ્યું હતું કે એ વિદ્યા તું બીજા કોઇને શિખીશ તો હું તારું મસ્તક કાપી નાંખીશ. એ વાતે તથાસ્તુ કહીને એ ત્યાંથી પાછો આવ્યો. થોડાક કાળ પછી અશ્વિનીકુમારો એની પાસે આવ્યા અને આ વિદ્યા શિખવવા પ્રાર્થના કરી. એટલે એણે ઇંદ્રે કરેલી પ્રતિજ્ઞા એમને કહી સંભળાવી. અશ્વિનીકુમારોએ કહ્યું કે અમે તારું મસ્તક કાપી લઇ જળવી રાખીએ અને તને અશ્વનું મસ્તક ચોંટાડીએ. પછી અમને બ્રહ્મવિદ્યા શિખવીશ કે ઇન્દ્ર પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે તારું મસ્તક કાપી નાંખશે. એમ થયું કે તરત અમે તારું મૂળ મસ્તક જોડી તને સજીવન કરી, તારું ઋણ મુક્ત કરી સ્વલોકે જઇશું. દધીએ આ વાતની હા કહી એટલે અશ્વિનીકુમારોએ એનું મસ્તક કાપી જળવી રાખ્યું અને એને ઘોડાનું મસ્તક જોડયું. એ મુખે એણે એમને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો. એમ કરતાં જ ઇંદ્રે એનું માથું કાપી નાંખ્યું, કે તરત અશ્વિનીકુમારોએ એનું પોતાનું મૂળ માથું જોડી એને સજીવન કર્યો; પછી એનો ઉપકાર માનીને સ્વર્ગમાં ગયા. (**દેવી૦ ભા૦ ૭ સ્કં અ૦ ૩૬**).

દધીચ (૨). તગડાની અંકસંજ્ઞાવાળા ભૃગુના કુળમાં ઉત્પન્ન થએલા એક બ્રહ્મર્ષિ. એ મહા તપસ્વી હતા. એક વખત ઇન્દ્રે એની પાસે અલંબુષા નામની અપ્સરાને મોકલી હતી. એનું રેત સરસ્વતી નદીમાં પડ્યું હતું. તેમાંથી જે પુત્ર થયો તે સારસ્વત નામે પ્રખ્યાત ઋષિ થયો હતો. (૫ સારસ્વત શબ્દ જુઓ.)

દધ્યઙ્ગાથર્વણ. પ્રથમ આપેલા દધીચ ઋષિ તે જ.

દધ્યંચ. પ્રથમ આપેલા દધીચ ઋષિનું બીજું નામ.

દનાયુ. કશ્યપ ઋષિની તેરમાંની એક સ્ત્રી. એને વિક્ષર, બલ, વૃત્ર અને વીર એ નામે ચાર પુત્રો હતા.

દનુ. કશ્યપની સ્ત્રી. એના પુત્રોને દાનવ કહ્યા છે. એને સો પુત્રો હતા તેમાંના કેટલાકનાં નામ નીચે પ્રમાણે હતાં. વિપ્રચિત્તિ, અજક, અંજક, અયોમુખ, ઇરાગર્ભશિરા, ઇંદ્રજિત્, એકચક્ર, અસિલોમા, અશ્વશિરા, અશ્વશિરા, અયઃશંકુ, અશ્વ, અશ્વપતિ, ઉપુપાત્, અહર, એકાક્ષ, કપિશ,કેતુ,કેતુવીર્ય, કેશી,કેતુમાન, કુપટ, કપટ સૂર્ય, ચંદ્ર, ગગનમુર્દ્ધા, ગવિષ્ઠ, દ્વિમુર્ધા, દુર્જય, દીર્ઘજિહ્વ, નમૂચિ, નિચંદ્ર, નિકુંભ, નરક, તારક, તુહુંડ, પુલોમ, પ્રલંબ, બિંદુ, બાણ, મારીચિ, મેઘવાન્, મહાબાહુ,મહાબળ,મહોદર, મૃતપા, વૈશ્વાનર, વાતાપિ, વિદ્રાવણ, વજ્રનાભ, વજ્રાક્ષ, વૃષપર્વા, વેગવાન્, વિરૂપાક્ષ, વનાયુ, શત્રુતપન,શકુનિ, શંકુશિરોધર, શંબર, શતદહ, શરણ, શલભ, શઠ, સમ્રજિત્, સૂક્ષ્મ, સ્વર્ભાનુ, હર અને હિરણ્યકશિપુ. વ. વ.(**ભા૨૦ આદિ૦ અ૦ ૬** અને **મત્સ્ય૦ અ૦ ૬**).

દંભ. વિપ્રચિત્તિ દાનવનો પુત્ર. એને શંખચૂડ નામે પુત્ર હતો.

દંભોદ્ભવ. એ નામનો એક રાજા. ક્યાંનો અને કોનો તે જણાતું નથી. એને માટે એવી વાત છે કે એ દરરોજ પોતાની સભામાં બ્રાહ્મણોને પૂછતો કે પૃથ્વિપર મારા કરતાં વધારે, અગર મારા જેવો બળવાન કોણ છે તે કહો. આમ રોજ રોજ પૂછ્યાં કરતો હતો, તેથી એક દિવસ ગુસ્સે થઈને બ્રાહ્મણોએ કહ્યું કે રાજા ! ગંધમાદન પર્વતના શિખર ઉપર નરનારાયણ ઋષિ છે તે તારા કરતાં અતિશય બળાઢય છે, માટે તું ત્યાં જા. તે ઉપરથી તે ત્યાં ગયો હતો ત્યારે નરનારાયણે તેનો આદરસત્કાર કરીને આગમન કારણ પૂછ્યું. રાજાએ પોતે શા માટે આવ્યો હતો તે કહેતાં એમણે કહ્યું કે અમારામાં ક્રોધ નામે નથી. અમારાથી યુદ્ધ શી રીતે થાય ? પરન્તુ રાજા ઋષિનું કહેવું સાંભળે જ નહિ. આ ઉપરથી તેમણે એક મૂઠી ભરીને દર્ભ એની સેના ઉપર ફેંક્યા. આથી એની સઘળી સેના કાન, નાક, આંખો વગેરે અવયવ રહિત થઈ ગઈ. રાજાનું અભિમાન નષ્ટ થયું; અને એણે નરનારાયણની ક્ષમા માગી. એમણે એનો અપરાધ ક્ષમા કરીને એને નીતિનો ઉપદેશ કર્યો. એ બોધ ગ્રહણ કરીને ઋષિની આજ્ઞા લઇને પોતાના નગરમાં આવ્યો અને અભિમાનનો ત્યાગ કરી નીતિપૂર્વક રાજ્ય કરવા લાગ્યો. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૯૬**).

દમ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

દમ (૨). એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

દમ (૩). વૈવસ્વત મનુનો પૌત્ર. અને નરિષ્યંત રાજાના બે પુત્રોમાંનો એક. એના પુત્રનું નામ તૃણબિંદુ રાજર્ષિ.

દમ (૪). આંગિરસ નામનો દેવ વિશેષ.

દમ (૫). સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન મરુત રાજાનો પુત્ર. એના પુત્રનું નામ રાજ્યવર્દ્ધન.

દમ (૬). વિદર્ભદેશાધિપતિ ભીમ રાજાના ત્રણ પુત્રોમાંનો મોટો. દમયંતીનો ભાઇ.

દમ (૭). સ્ત્રીનો સંગ કરતાં જ તમારું મૃત્યુ થશે એવો પાંડુ રાજાને શાપ દેનાર બ્રાહ્મણ.

દમઘોષ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામધકુળના રોમપાદ વંશમાં જન્મેલા ચેદિરાજાનો પુત્ર. એ વસુદેવની બ્હેન દેવભગિનીને પરણ્યો હતો. એના પુત્રનું નામ શિશુપાળ હતું.

દમન. એક બ્રહ્મર્ષિ. એના પ્રસાદથી ભીમ રાજાને દમ વગેરે ત્રણ પુત્ર અને દમયંતી નામે કન્યા થઈ હતી.

દમન (૨). ભીમ રાજાના ત્રણ પુત્રોમાંનો મધ્યમ; દમયંતીનો ભાઈ,

દમન (૩). ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો પૌરવ રાજા.

દમન (૪). દુષ્યન્તના પુત્ર, ભરતનું બીજું નામ.

દમયંતી. ભીમ રાજાની કન્યા, નળરાજાની સ્ત્રી. (નળ શબ્દ જુઓ).

દમયંતી (૨). સૃંજય રાજાની કન્યા. પર્વત ઋષિના મામા નારદ ઋષિની સ્ત્રી. (૭ સૃંજય શબ્દ જુઓ).

દયા. સ્વાયંભૂ મન્વન્તરમાંના દક્ષની કન્યા અને ધર્મ ઋષિની સ્ત્રી. એના પુત્રનું નામ અભય.

દરદ. બાલ્હીક દેશની ઉત્તરે આવેલો દેશ.

દરદ (૨). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

દરિ. એક સર્પ વિશેષ.

દરીમુખ. રામની સેનામાંના એ નામના બે વાનર.

દર્દા. એક દેશ.

દર્દુર. એ નામના બે સામાન્ય પર્વત.(**વા૦રા૦ કિષ્કિં૦ ૪૩.** અને **ભા૨૦ વન૦ અ૦ ૨૮૩-૪૩.**).

દર્ભવાહુ. બીજા અંકની સંજ્ઞાવાળા અગત્સ્યકુળમાં થએલો એક ઋષિ.

દર્ભિ. એક મહા તપસ્વી બ્રહ્મર્ષિ. એણે એક વખત સમુદ્રોને બોલાવી કહ્યું કે તમે સાતે જણા (સાતે સમુદ્ર) મળી એક એવું તીર્થ ઉત્પન્ન કરો કે તેમાં સ્નાન કરવાથી સાતે સમુદ્રમાં સ્નાન કરવાનું ફળ પ્રાપ્ત થાય. એ ઉપરથી એમણે ભારતવર્ષમાં અર્દ્ધકીલ નામનું એક તીર્થ ઉત્પન્ન કર્યું હતું. (**ભા૨૦ વન૦ અ૦ ૮૩**).

દર્વા. એક દેશ વિશેષ.

દર્વિસંક્રમણ. ભારતવર્ષીય તીર્થ.

દર્શ. કાલિંદીને કૃષ્ણથી થયેલો પુત્ર.

દર્શકા. એક દેશ વિશેષ.

દલ. એકડાની સંજ્ઞાવાળો પરીક્ષિત્ શબ્દ જુઓ.

દંશ. ભૃગુ ઋષિની સ્ત્રી પુલોમાને હરણ કરી ગયો હતો તે અસુર. એને ભૃગુએ 'તું કૃમી થઇશ' એવો શાપ દીધો હતો, પરન્તુ એણે ઉશાપને માટે પ્રાર્થના કરવાથી કહ્યું હતું કે જા તું જમદગ્ન્ય રામ–પરશુરામની દૃષ્ટિથી ઉધરીશ. આ જ કૃમીએ કર્ણના ખોળામાં માથું મુકીને પરશુરામ ઉંઘી ગયા હતા તે વખત કર્ણની સાથળ કરડી ખાધી હતી. તે વખત તેમાંથી નિકળતો ઉન્હો રક્તપ્રવાહ પરશુરામના મસ્તકને લાગવાથી એ જાગી ઉઠ્યા હતા. એમનો દૃષ્ટિપાત કૃમીપર થવાથી એનો ઉદ્ધાર થયો હતો. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૩**).

દશકંઠ. દસ માથાં હોવાથી પડેલું રાવણનું નામ.

દશગ્રીવ. દસ ડોક હોવાથી પડેલું રાવણનું નામ.

દશજ્યોતિ. ધુમ્રા, અર્ચિ, ઉષ્મા, જ્વલિની, જ્વાલિની, વિસ્ફુલિંગિની, સુશ્રી, સુરુપા, કપિલા અને હવ્યકવ્યવહા એ દસ કલાયુક્ત હોવાથી પડેલું અગ્નિનું નામ. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧ શ્લો૦ ૫૭**).

દશમાલિકા. એક દેશ વિશેષ.

દશમી. બ્રહ્મદેવની માનસકન્યા.

દશરથ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન મૂલક અગર નારીકવચ્ય રાજાનો પુત્ર. એના પુત્રનું નામ શતરથ કિંવા ઇડવિડ હતું.

દશરથ (૨). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામધ કુળના કથ વંશમાં જન્મેલા નવરથ રાજાનો પુત્ર. એને શકુની નામે પુત્ર હતો.

દશરથ (૩). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન રઘુ રાજાનો પૌત્ર, અજ રાજાનો પુત્ર અને રામચંદ્રનો પિતા. એ પોતાના પિતાની પછી ગાદીએ બેઠો હતો. આગ્નેય કોશલમાં એનું રાજ હતું. એ પોતાની રાજધાની અયોધ્યામાં ઇન્દ્રની માફક રાજ કરતો હતો. એને પવિત્ર, રાજકાર્યમાં તત્પર, રાજ્યકાર્યમાં કુશળ, તેવા જ યશસ્વી એવા, **વૃષ્ટિ, જયંત, વિજય, સુરાષ્ટ્ર, રાષ્ટ્રવર્ધન, અકોપ, ધર્મપાળ** અને **સુમંત્ર** નામે આઠ પ્રધાન હતા. એનો મુખ્ય કુળગુરુ **વસિષ્ઠ** હતો. બીજો **વસિષ્ઠ** અને **વામદેવ** એ બન્ને એના મુખ્ય ઋત્વિજો હતા. **સુયજ્ઞ, જાબાલિ, કાશ્યપ, ગૌતમ, માર્કંડેય,** અને **કાત્યાયન** એ છ ઉપઋત્વિજો હતા. સુમંત્ર નામનો પ્રધાન જે કે પ્રધાન

હતો તથાપિ સમયે સમયે એના સૂત-સારથી-નું કામ કરતો.

દશરથને **કૌશલ્યા, સુમિત્રા. અને કૈકેયી** એ ત્રણ પટરાણીઓ હતી. એને ઘણા કાળ પર્યન્ત કાંઇ સંતતિ થઈ નહોતી એ ઉપરથી એણે વસિષ્ઠની સલાહ લઇને પુત્રકામેષ્ટિ કરવાનો વિચાર કર્યો. એ વિચાર ચાલતો હતો તેમાં સુમંત્રે સલાહ આપી કે ઋષ્યશૃંગ નામના ઋષિ છે તેમને એ યજ્ઞમાં આણીને એમને હાથે યજ્ઞ કરાવીએ તો વધારે સારું. તે ઉપરથી સોમવંશી રોમપાદ રાજા જે દશરથનો મિત્ર હતો, તેને મળ્યો અને તેની કન્યા શાંતા અને જમાઇ ઋષ્યશૃંગને પોતાને ત્યાં તેડી લાવ્યો. જ્યારે વસંત ઋતુ બેઠી ત્યારે યજ્ઞની તૈયારી કરી. યજ્ઞ સંબંધી સઘળું કામ કરવાનું વસિષ્ઠે માથે લીધું. યજ્ઞ પ્રસંગે આવનારાઓનું સ્વાગત કરવાનું કામ સુમંત્રે અંગિકાર કર્યું. આવા યજ્ઞમાં બીજા રાજાઓને બોલવવાની રુઢી ન છતાં ઘણા અગ્રગણ્ય રાજાઓ પોતાને થએલા ઉમંગને લીધે ભેટો લઇને ઉલ્હાસભેર આવ્યા હતા. તેઓમાં **સીરધ્વજ જનક, કાશિરાજા, અશ્વપતિ, ભાનુમાન, મગધાધિપતિ**, શૂરરાજા વગેરે અનેક રાજા આવ્યા હતા. સારું મુહૂર્ત જોઇને દશરથે યજ્ઞદીક્ષા લીધી, અને સરયૂ નદીને કાંઠે યજ્ઞનો આરંભ કર્યો. યજ્ઞ સમાપ્ત થતાં થતાં અગ્નિકુંડમાંથી પ્રાજાપત્ય પુરુષ નિકળ્યો. એણે રાજાને દુધપાકનું પાત્ર આપ્યું. રાજાએ એ પોતાની ત્રણે રાણીઓને ખવરાવવાથી ત્રણે ગર્ભિણી થઇ. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૭-૧૬**).

દશરથે પછી ઋષ્યશૃંગાદિ ઋષિયોની પૂજા કરીને તેમને અપાર દક્ષિણા આપીને વિદાય કર્યા.

ત્યાર પછી ચૈત્ર શુદ નોમને દિવસે મધ્યાને સૂર્ય, મંગળ, શનિ, ગુરુ અને શુક્ર એ પાંચે ગ્રહો મેષ, મકર, તુલા, કર્ક અને મીન એ ઉચ્ચ રાશીમાં હતા તે કાળે કૌશલ્યાએ રામને જન્મ આપ્યો. મીન લગ્નમાં અને પુષ્ય નક્ષત્રમાં કૈકેયીને ભરત અને આશ્લેષા નક્ષત્ર અને કર્ક લગ્નમાં સુમિત્રાને લક્ષ્મણ અને શત્રુઘ્ન એમ પુત્ર અવતર્યા. આખા રાજ્યમાં અને અયોધ્યા નગરીમાં સર્વત્ર આનંદ આનંદ વરતી રહ્યો. પુત્રોત્સાહ નિમિત્તે દશરથે અનેક દાન આપ્યાં. એણે કુળગુરુ વસિષ્ઠ પાસે અગિયારમે દિવસે પુત્રોનો નામકરણ સંસ્કાર કરાવ્યો. ચારે પુત્રો દિવસાનુદિવસ મોટા થતા હતા. તેઓ નાના પ્રકારની અનેક ક્રીડાઓ કરવા લાગ્યા. એમની બાળક્રીડાઓ જોઇ જોઇ રાણીઓ અને દશરથ આનંદમાં મગ્ન રહેતાં સતાં પોતાને ધન્ય માનવા લાગ્યાં. લક્ષ્મણ રામને અને શત્રુઘ્ન ભરતને સદા અનુસરતા. એમ કરતાં કરતાં કુમારો મોટા થયા એટલે દશરથે યથાકાળે તેમનો ઉપનયન સંસ્કાર કર્યો, અને તેમને વિદ્યાભ્યાસ કરાવવા વસિષ્ટને સોંપ્યા. વસિષ્ઠે બધાને વેદ, વેદાંગપારગ કરી ધનુર્વિદ્યામાં પણ પ્રવીણ બનાવ્યા. ત્યાર પછી દશરથ કુમારોના વિવાહ સંબંધી વિચાર કરતો હતો, તેવામાં વિશ્વામિત્ર ઋષિ ત્યાં એકાએક પધાર્યા. દશરથે વિશ્વામિત્રનું પૂજન કર્યું, અને આપની ઇચ્છા હોય તે માગો, હું આપવા તત્પર છઉં એમ કહ્યું. એ સાંભળી વિશ્વામિત્ર બોલ્યા કે રાજા મારે બીજું કશું જોઇતું નથી. મેં યજ્ઞનો આરંભ કર્યો છે તેમાં મારીચ અને સુબાહુ એ બન્ને, રાક્ષસો સહિત ત્યાં આવી યજ્ઞમાં વિઘ્ન કરે છે. માટે તારા મોટા કુમારને મને આપ કે એ રાક્ષસોથી થતો ઉપદ્રવ બંધ થઈ યજ્ઞની સમાપ્તિ થાય. વિશ્વામિત્રનાં વચન સાંભળીને રાજાને પારાવાર શોક અને ભીતિ ઉત્પન્ન થઇ અને એણે કહ્યું હું આપને એક અક્ષૌહિણી સૈન્ય આપું. અગર આપ કહો તો હું સ્વતઃ આપની સાથે આવું અને યજ્ઞનું રક્ષણ કરું; પણ મારાથી આપને રામ તો

અપાતો નથી. કારણ રામ હજુ કેવળ નાની વયનો હોઇ રાક્ષસો સાથે સંગ્રામ કરતાં એને બિલકુલ આવડતું નથી. મારું પોતાનું વય સાઠ સહસ્ત્ર વર્ષનું હોવાથી મેં અનેક સંગ્રામ કર્યા છે. માટે આપ કૃપા કરીને મારી પાસેથી રામની માગણી ન કરવાને સમર્થ છો. વળી હું ઘણા કાળ પર્યન્ત સંતતિ રહિત હતો અને મારે વૃદ્ધાવસ્થામાં આ પુત્ર રત્નો થયાં છે, એ આપને વિદિત જ છે. તો મારાથી આપને એ પુત્રને કેમ અપાય? દશરથની આ વાણી સાંભળી વિશ્વામિત્રને કોપ થયો અને બોલ્યા કે રાજા પ્રથમથી આપું એવું કહીને હવે ફરી જાય છે કે શું? રઘુવંશના જે જે રાજાને હું ઓળખતો તે બધા સત્યવાદી હતા. એમના કુળમાં તું આવો કેવો જન્મ્યો છે? ભલે તું સુખી થા, કહીને વિશ્વામિત્ર ગુસ્સે થઇને જવા લાગ્યા, એટલે દશરથે વસિષ્ઠને પુછ્યું કે હવે શું કરવું? વસિષ્ઠે કહ્યું કે વિશ્વામિત્રને સત્વર પાછા બોલાવી લાવો. તું રામને આપે તો જ એમનો યજ્ઞ નિર્વિઘ્ન થાય એમ સમજીશ નહિ. વિશ્વામિત્ર પોતાના યજ્ઞનું રક્ષણ કરવાને પોતે સમર્થ જ છે. પરંતુ યજ્ઞ નિમિત્તે રામના ઉપર અનુગ્રહ માત્ર કરવાના હેતુથી એઓ આવ્યા છે, એ સમજ. એ સાંભળીને દશરથે વિશ્વામિત્રને તત્કાળ વિનવીને પાછા બોલાવ્યા અને રામને તેમને સ્વાધીન કર્યા. રામ નિકળ્યા એટલે તેમની સાથે લક્ષ્મણ પણ નિકળ્યા. બન્ને કુમારોને જોડે લઇ વિશ્વામિત્ર ત્યાંથી ચાલતા થયા. (**વા૦ રા૦ બા૦ સ૦ ૧૭-૨૧**).

વિશ્વામિત્ર ઋષિ રામ અને લક્ષ્મણને લઇને ગયા. તેમના વિરહથી દશરથને બિલકુલ ચેન પડે નહિ. પરંતુ નિરુપાય હોવાથી પુત્રોનું વિરહદુઃખ સહન કરતો હતો, તેવામાં મિથિલાથી સીરધ્વજ જનકનો દૂત ત્યાં આવ્યો. એણે દશરથને પત્ર આપીને કહ્યું કે વિશ્વામિત્રની સાથે આવેલા આપના બન્ને કુમારો મિથિલામાં કુશળ છે. હાલમાં વિદેહરાજકુમારીનો સ્વયંવર થતાં તેમાં શંકરના ધનુભંગનું પોણ હતું. રામે એ ધનુનો ભંગ કર્યો. તેથી સીતાએ એમને વરમાળ આરોપી છે. હવે ત્યાં વિવાહનો સમારંભ થાય છે, તેમાં આપને તેડવા આવ્યો છઉં. માટે આપ ત્યાં પધારો. દૂતની આ અણધારી અને અમૃત જેવી વાણી સાંભળીને દશરથને ઘણો જ આનંદ થયો. તે તત્કાળ વસિષ્ઠ પુરોહિત, સઘળી રાણીઓ અને મંત્રીઓ સહિત મિથિલા જવા નિકળ્યો. મિથિલા પહોંચતાં જ સીરધ્વજ જનકે એનો સત્કાર કર્યો. એ રાજાએ દશરથના ચારે પુત્રના વિવાહ પોતાની પુત્રીઓ સાથે કર્યા (સીરધ્વજ શબ્દ જુઓ). પોતાના ચારે પુત્ર અને પુત્રવધુઓને લઇને દશરથ મિથિલાથી નિકળ્યો. રસ્તામાં એને પરશુરામ મળ્યા હતા. ત્યાંથી વધીને એઓ અયોધ્યા આવ્યા. (પરશુરામ શબ્દ જુઓ). અયોધ્યા આવ્યા પછી કૈકેયીના ભાઇ-ભરતના મામાએ ભરત અને શત્રુઘ્નને હું કૈકેય દેશ લઈ જવા ધારું છું, કહેવાથી એણે એમને એની જોડે કૈકેય મોકલ્યા.

દશરથે જોયું કે પોતે ઉત્તરોત્તર વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થતો જાય છે, તો હું રામને યૌવરાજ્યાભિષેક કરું. આમ વિચાર થતાં પોતાના ગુરુ વસિષ્ઠ વગેરેની સલાહ લીધી. વસિષ્ઠે રામ પાસે જઇને કહ્યું કે તને કાલે યૌવરાજ્યાભિષેક કરવાનો છે. સબબ આજે ઉપોષણપૂર્વક વ્રતસ્થ રહેવું. એમ કહીને વસિષ્ઠ પાછા વળ્યા. આખા નગરમાં આ વાત ફેલાઇ જતાં સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો. કૌશલ્યા અને સુમિત્રાએ હર્ષમાં આવીને અનેક દાન આપ્યાં. મંથરા નામની દાસીની શીખવણીથી માત્ર કૈકેયીને વિપરીત બુદ્ધિ ઉત્પન્ન થવાથી તે ક્રોધે બળી ગઇ. (૨ મંથરા શબ્દ જુઓ).

કૈકેયી દશરથની નાની સ્ત્રી હતી. તેમ જ રુપ રુપનો ભંડાર હતી; તેથી દશરથની

એના પર વિશેષ પ્રીતિ હતી. એમ હોવાથી રાજા પ્રાયઃ તેને મહેલે જ રહેતો. સાંજે જ્યારે દશરથ એને મહેલે ગયો, ત્યારે એ રોજ પ્રમાણે એને સામી લેવા આવી નહિ. આમાં કાંઈ વિલક્ષણપણું જણાવાથી એણે એની દાસીને પુછ્યું કે તારી સ્વામિની કાંઇ દેખાતી કેમ નથી? દાસીએ કહ્યું કે એ, ક્રોધવશ થઇને એહાં છે; કેમ રીસાયાં છે તે અમને ખબર નથી. આથી દશરથ કૈકેયી હતી ત્યાં ગયો અને જુએ છે તો એ મલિન વસ્ત્ર ધારણ કરીને ભોંય પર પડી રહી છે. દશરથે કહ્યું કે આજ તેં આ શું કરવા માંડયું છે? તને કોઇએ કાંઇ કહ્યું છે? કૈકેયીએ કહ્યું, કે તમે મને પૂર્વે બે વરદાન આપવાનું કહ્યું છે, તે મારે આજ જોઇએ છીએ. પ્રથમ વર તો એ કે તમે ભરતને યુવરાજપદ આપો અને બીજું એ કે રામને ચૌદ વર્ષ વનવાસ મોકલો. એમાં ઢીલ કરી નહિ ચાલે. તમે એ વરદાન નહિ આપો તો હું પ્રાણત્યાગ કરીશ. (તિમિધ્વજ શબ્દ જુઓ).

કૈકેયીનાં આવાં કડવાં અને દુષ્ટ વચન સાંભળીને દશરથને શોકની પરાકાષ્ટા થઈ. એણે એને ઘણે પ્રકારે સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ એણે કશું સાંભળ્યું જ નહિ. ઢુંકામાં આખી રાત શોક અને દુઃખમાં ગઈ અને પ્રાતઃકાળ થયો. સવારમાં એણે રામને પોતાની પાસે તેડાવ્યો. રામ આવ્યો જાણી દશરથને પારાવાર કષ્ટ થયું. અતિશય દુઃખે એનાથી રામની જોડે બોલાયું નહિ. કૈકેયીએ મને દશરથે પૂર્વે બે વરદાન આપવાનું કહ્યું હતું, વગેરે વાત કરી અને રામને કહ્યું કે તારે ચૌદ વર્ષ વનવાસ જવું જ પડશે. રામ તથાસ્તુ કહીને કૌશલ્યાને મંદિર ગયો અને અરણ્યમાં જવાની આજ્ઞા માગી. આથી કૌશલ્યાને ઘણું જ દુઃખ થયું; પણ રામે એનું સમાધાન કર્યું. ત્યાંથી રામે સીતાના મંદિરમાં જઇને તેને બધા વર્તમાન જણાવ્યા. રામે કહ્યું કે તું દશરથ અને કૌશલ્યાની સેવા કરતી સતી સ્વસ્થ રહેજે. ચૌદ વર્ષ કાલ નિકળી જશે અને હું સત્વર જ પાછો આવીશ. પણ સીતાએ એટલો આગ્રહ કર્યો કે એને સાથે લેવી પડી (સીતા શબ્દ જુઓ.)

લક્ષ્મણે પણ રામની વિનતિ કરી કે હું જોડે આવીશ જ. નહિ લઇ જાઓ તો હું પ્રાણત્યાગ કરીશ. એ ઉપરથી રામે એને પણ સાથે લીધો. (૨ લક્ષ્મણ શબ્દ જુઓ).

પછી રામ, સીતા અને લક્ષ્મણ કૈકેયીના મંદિરમાં પાછાં આવ્યાં અને વનવાસ જવાને સારુ એની આજ્ઞા માગી. એ આજ્ઞા મળતાં જ દશરથને અને બીજી માતાઓને વંદન કરીને સુમંત્રે તૈયાર કરેલા રથમાં બેસી એઓ અરણ્યમાં જવા નિકળ્યાં.

સુમંત્રે રથ હાંકતાં જ નગરમાં જે શોકધ્વનિ થયો તે વર્ણવાય નહિ એવો હતો. રાજા, એની બધી રાણીઓ અને નાગરિક જનો રથ પછવાડી દોડવા લાગ્યાં. વારંવાર સુમંત્રને હાક મારીને રથ ધીરે ચલાવવાને ઝૂમ પાડતાં હતાં. પરંતુ રામે રથ ઉતાવળો હાંકવાનું કહેવાથી સુમંત્ર પણ સાંસામાં પડયો કે કોનું કહ્યું માનવું. ઢુંકામાં ભેગા થએલા હજારો લોકોમાંથી મહા મહેનતે રથને કાઢીને દોડાવી મૂક્યો. રથ એટલે દૂર ગયો કે દશરથ વગેરેને દેખાતો બંધ થયો એટલે દશરથ પોતાની સ્ત્રીઓ સહ વર્તમાન પાછો આવી કૌશલ્યાના મહેલમાં જઇને દુઃખમાં ડુબી ગયો. કૌશલ્યાને અને સુમિત્રાને પણ જાતે અત્યંત દુઃખ થયું. તથાપિ સુમિત્રાએ રાજાનું સાંત્વન કરવા માંડયું. પરંતુ દશરથનું કષ્ટ કમે કર્યું ઘટે નહિ. એતો વારંવાર અરે રામ! અરે લક્ષ્મણ! અરે સીતા! એમ ઘાંટા પાડી પાડીને આંખમાંથી આંસુ વર્ષાવતો હતો. આ પ્રમાણે કદી મૂર્ચ્છા, કદી નિદ્રા, કદી

ગ્લાની એમ શોકભર સ્થિતિમાં છ દિવસ સુધી પડયો રહ્યો.

અહીં અયોધ્યામાં આવી સ્થિતિ હતી. પણે રામ, લક્ષ્મણ અને સીતાને લઇને સુમંત્ર ગયો ને શૃંગવેરપુરની પાસે તેમને ગંગાને પેલે પાર પહોંચાડીને પાછો વળ્યો, અને છટ્ઠે દિવસે અયોધ્યામાં પાછો આવ્યો. રસ્તામાં એને જે જે લોકો રામના સમાચાર પુછતા તેને કહેતો કે રામ ગંગાને પેલે પાર પધાર્યા. ઢુંકામાં, સુમંત્ર અયોધ્યામાં પ્રવેશ કરીને સિધો રાજમહેલમાં ગયો. રાજમંદિરના સાત કોટમાં થઇને કૌસલ્યાના મંદિરમાં, જ્યાં દશરથ શોક સમુદ્રમાં ડુબ્યો પડયો હતો ત્યાં પહોંચ્યો. એણે આવીને રાજાને વંદન કર્યું. એને આવ્યો જોઇને દશરથને પાછું પારાવાર દુઃખ ઉભરાઈ આવ્યું. દશરથ સઘળાંને કહેવા લાગ્યો કે મને રામની પાસે લઇ જાઓ. સુમંત્રે રાજાને રામ કેવી રીતે ગયા, ક્યાં ક્યાં ઉતર્યા, વગેરે સવિસ્તર વૃત્તાંત કહેતાં જ કૌસલ્યાએ દશરથને કહ્યું કે હવે વ્યર્થ શોક શો કરવો? રામને વનવાસ મોકલતાં વિચાર કર્યો હોત તો આ દશાને પ્રાપ્ત થાત જ શું કરવા? એ સાંભળી દશરથે કહ્યું કે ભાવિ ફિટતું નથી. હોનાર વસ્તુ અગાડી કોઇનું કાંઈ ચાલતું નથી. પછી રાજાએ પોતે તરુણ અવસ્થામાં હતો ત્યારે પોતાને હાથે એક તપસ્વીની હત્યા થઈ અને પરિણામે એનાં વૃદ્ધ અને આંધળાં માબાપનાં પણ મોત થયાં હતાં તે વાત કરી. એણે એ આંધળાં વૃદ્ધજનોએ 'તું પુત્ર શોકથી મરણ પામીશ' એવો એને શાપ આપેલો તે વાત પણ કહી. એ વાત સાંભળીને બધાં સ્તબ્ધ થઈ ગયાં. દશરથને પણ ગ્લાનિ થઇ અને એને મૂર્ચ્છા આવી. આ પ્રમાણે દુઃખમાં આખો દિવસ ગયો. મધ્યરાત્રને સુમારે પુત્રવિયોગનું દુઃખ ન સહન થઈ શકવાથી દશરથે "ઓ, રામ" એમ એકાએક ઉચ્ચાર કરી પ્રાણત્યાગ કર્યો.

દશરથના મરણથી રાજમંદિરમાં અનર્થ વર્તાઇ રહ્યો. જે તે કૈકેયીની નિંદા કરવા લાગ્યું. બધા કહે આ બધા અનર્થનું મૂળ એ કૈકેયી જ છે. છેવટે વસિષ્ટ ત્યાં આવ્યા અને કૌસલ્યા સહગમન કરવા તત્પર થઇ હતી તેને વારી. એણે પ્રધાનો પાસે રાજાના પ્રેતને તેલ ભરેલા વાસણમાં રખાવ્યું અને પાંચ મંત્રીઓને ભરતને એને મોંસાળથી તેડવા મોકલ્યા. તેઓ ભરતને લઇને આવ્યા એટલે વસિષ્ટે દશરથનું ઉત્તરકાર્ય યથાવિધિ કર્યું. (૫ ભરત શબ્દ જુઓ).

દશશતનેત્ર. શાપથી થએલાં હજાર ભગચિન્હની જગાએ હજાર નેત્ર થવાથી પડેલું ઇન્દ્રનું નામ. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૬૨૨**).

દશારણ્ય. અરણ્ય વિશેષ. (પિતૃવર્તી શબ્દ જુઓ).

દશાર્ણ. ભારતવર્ષીય દેશ. ઇંદ્રપ્રસ્થને મધ્યમાં ગણીને પૂર્વ પશ્ચિમ દિશાભેદ વડે એ દેશના બે ભાગ પડયા છે. એ વિશે એમના આદ્યાક્ષરના ક્રમમાં ક્રોપમાં જોવું.

દશાર્ણા. ભારતવર્ષીય નદી. (ઋષ્યવાન્ શબ્દ જુઓ).

દશાર્હ. સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના કુળમાંના જ્યામઘરાજાના વંશમાં જન્મેલા નિર્વૃત્તિ અથવા વિદુરથ નામના રાજાનો પુત્ર. એને વ્યોમ નામે પુત્ર હતો. એ પુત્રનું બીજું નામ દાશાર્હ પણ હતું.

દશાવર. વરુણ લોક માંહ્યલો એક અસુર.

દશાશ્વ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ રાજાના સો પુત્રમાંનો એક. એ માહિષ્મતિ નગરીમાં રહેતો હતો, અને એને મદિરાશ્વ નામે પુત્ર હતો. (**ભાર. અનુ. અ. ૨**).

દશાશ્વમેધ. વારાણસી સંબંધી એક તીર્થ વિશેષ.

દંષ્ટ્ર. લંકાનો એક નામાંકિત રાક્ષસ. (**વા. રા. સુંદર. સ. ૬**).

દક્ષ. આશ્વિનેયોમાંનો બીજો. (આશ્વિનેય શબ્દ જુઓ).

દક્ષન. રુદ્ર. (એકાદશ રુદ્ર શબ્દ જુઓ).

દક્ષન (૨) પાકશાસ્ત્રમાં વખણાયલો અગ્નિ વિશેષ.

દક્ષ. સ્વાયંભૂ મન્વંતરમાં બ્રહ્મદેવે નિર્માણ કરેલા દસ માનસપુત્રમાંનો એક. એ બ્રહ્મદેવના જમણા અંગૂઠામાંથી ઉત્પન્ન થયો હતો અને સઘળા પ્રજાપતિનો અધિપતિ હતો. સ્વાયંભૂ મનુએ પોતાની ત્રણ કન્યામાંથી પ્રસૂતિ નામની કન્યા એને પરણાવી હતી. એને પેટે એને **શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, હ્રી, મૂર્ત્તિ સ્વાહા, સ્વધા,** અને **સતી** એમ સોળ કન્યાઓ થઈ હતી. એઓમાં શ્રદ્ધાથી માંડીને મૂર્ત્તિ, પર્યંતની તેર કન્યા ધર્મઋષિને આપી હતી. બાકીની ત્રણમાંથી સ્વાહા અગ્નિને, સ્વધા પિતરને અને સતી ભવ-શંકર-ને આપી હતી.

આ દક્ષ એક વખત શિવલોકમાં ગયો હતો ત્યારે શિવે ઉભા થઇને એનો સત્કાર ન કરવાથી એને ઘણો ક્રોધ ઉત્પન્ન થયો હતો. એણે શિવની નિંદા કરી પણ શિવે તે તરફ બિલકુલ લક્ષ ન આપવાથી અને એની સાથે સંભાષણ ધરાધરી ન કરવાથી એ ત્યાંથી ઉઠીને ચાલતો થયો હતો. તે દિવસથી શિવનો તેમ જ તેને લીધે સતીનો પણ ઘણો જ દ્વેષ કરવા લાગ્યો.

એક સમય દક્ષે મોટો યજ્ઞ આરંભ્યો. એણે શિવ અને સતી શિવાય બધાને નિમંત્ર્યા. ઘણા રાજાઓ અને ઋષિઓ ત્યાં આવ્યા અને યજ્ઞનો આરંભ થયો. આ વાત સતીને જાણ થતાં તેણે શિવની પાસે પોતાના પિતાને ત્યાં જવા આજ્ઞા માગી. પણ શિવે કહ્યું કે તું ત્યાં વગર તેડે જઇશ નહિ. જઇશ તો તારું અપમાન કરશે, એ મારા ઉપર ઘણોજ દ્વેષ રાખે છે માટે જરૂર તારૂં અપમાન કરશે, ચૂકશે નહિ, સતીએ કહ્યું કે અણતેડી પોતાને પિયેર જવામાં કશો બાધ નથી, માટે મને કૃપા કરી આજ્ઞા આપો. એમ થવાથી શિવે તેની જોડે પોતાના કેટલાક ગણ આપીને તેને આજ્ઞા આપી. પરિણામે સતી પોતાને પિયેર જતાં દક્ષે એનું અપમાન કર્યું. સતીને આથી ઘણું જ માઠું લાગ્યું અને ક્રોધ આવ્યો. શિવ-નિંદકથી ઉત્પન્ન થએલા આ દેહનો જ ત્યાગ કરવો ધારી યોગાગ્નિ વડે સતીએ દેહત્યાગ કર્યો.

આ વર્ત્તમાન શિવગણોએ કૈલાસ જઇને શિવને જણાવતાં તેમણે પોતાના ગણ વીરભદ્રને દક્ષને ત્યાં જઇ એને શિક્ષા કરવા મોકલ્યો. વીરભદ્ર દક્ષના યજ્ઞ સમિપ આવતાં ત્યાં એકાએક અનેક ઉત્પાત થવા લાગ્યા. ભાગવતના ચોથા સ્કંધના પાંચમા અધ્યાયમાં કહ્યું છે કે:—

वाता न वान्ति न हि सन्ति दस्यवः
प्राचीनबर्हिर्जीवतीहोग्रदंडः ।
गावो न काल्यन्त इदं कुतो रजो
लोकोऽधुना किं प्रललाय कल्पते ॥ ८ ॥

(ભા૦ ૪. સ્કં. અ. ૫)

"અહો, અમણાં બહુ વા તો વાતો નથી, પ્રાચીન બર્હિ સરખા શિક્ષા કરનાર રાજા હોવાથી ચોરોનો ભય પણ નથી ! છતાં આટલી બધી ધૂળ ક્યાંથી ઉડે છે ? અરણ્યથાંથી ગાયોનાં ઘણ આવવાનો સમય પણ નથી. ત્યારે આજે શું પ્રલય થવાનો છે કે કેમ ?" એમ બ્રાહ્મણો વાત કરતા હતા એટલામાં વીરભદ્ર એકાએક બધાની દૃષ્ટિએ પડ્યો. વીરભદ્રે આવીને સર્વ દેવો અને ઋષિઓની ફજેતી કરીને યજ્ઞનો વિધ્વંસ કર્યો. એણે દક્ષનું માથું કાપી નાંખ્યું અને યજ્ઞના અગ્નિકુંડમાં હોમ્યું. વીરભદ્રનું આ કામ જોઈ સર્વ દેવો બ્હીને શિવને શરણ ગયા, અને વીરભદ્રને પાછો કૈલાસમાં બોલાવી

લેવા વિનતિ કરી. તેમણે શિવની પાસે દક્ષના યજ્ઞની સમાપ્તિ કરાવી.

આ યજ્ઞ ક્યારે અને કિયા દક્ષે કર્યો એ સંબંધે જાણવાનું છે કે એ યજ્ઞ સ્વાયંભૂ મન્વંતરમાં થયો, તેથી બ્રહ્મપુત્ર દક્ષ પ્રજાપતિએ કર્યો, પ્રાચેતસ દક્ષે નહિ. કેમકે બર્હિષદ રાજા જેનું બીજું નામ પ્રાચીનબર્હિ હતું તેનો આ દક્ષ પૌત્ર હતો. એને સતી નામની કન્યા જ નહોતી. આ યજ્ઞ થયો ત્યારે જે પ્રાચીનબર્હિ રાજા રાજ કરતો હતો તે આ દક્ષનો પિતામહ હતો તેમ કહીએ, તો એ ચક્ષુર્મનુનો વંશજ હોઇ આ યજ્ઞ ચાક્ષુષ મન્વંતરમાં થયો એમ થાય. પણ એમ માનતાં

' महादेवेन ऋषयः शप्ताः स्वायंभूमन्वंतरे '

એ વાક્યને વિરોધ આવે છે; કારણ શાપ થતાં જ સર્વ ઋષિ મરણ પામ્યા તેમાં દક્ષ પણ મરણ પામ્યો, એમ અનેક ગ્રંથોમાં છે. આ ઉપરથી સતીના દેહત્યાગ કાળે હતો તે પ્રાચીનબર્હિ બીજો, એમ અમે માન્યું છે. એમ માનતાં કશો વિરોધ આવતો નથી.

દક્ષ (૨) દસ આંગિરસ દેવોમાંનો એક. (૩ આંગિરા શબ્દ જુઓ).

દક્ષ (૩) દસ વિશ્વેદેવમાંનો એક. (વિશ્વેદેવ શબ્દ જુઓ).

દક્ષ (૪) એ નામનો એક દેવ. (ભૃગુશબ્દ જુઓ).

દક્ષ (૫) ઉત્તાનપાદ વંશના ચક્ષુર્મનુના કુળના બર્હિષદ—જેને પ્રાચીનબર્હિ—પણ કહેતા હતા તેનો પૌત્ર અને દસપ્રચેતાનો પુત્ર. એ જ કારણથી એને પ્રાચેતસ કહેતા. એ પૂર્વના દક્ષનો અંશાવતાર હતો. એને પાંચજની અગર અસિક્નિ અને વીરિણી નામે બે સ્ત્રીઓ હતી. તેમાં પાંચજનીને પેટે એણે દસ હજાર પુત્ર નિર્માણ કર્યા હતા. તેમાં હર્યશ્વ મુખ્ય હતો. બ્રહ્મપુત્ર નારદે એમને બ્રહ્મતત્વનો ઉપદેશ કરીને પ્રજાવૃદ્ધિ કરતા અટકાવી કોણ જાણે ક્યાંએ નસાડ્યા, તેનો પત્તો જ નથી. **(મત્સ્ય. અ. ૫)** અને **(ભાગ. ૬ સ્કં. અ. ૫.)**

આ ખબર દક્ષને થતાં જ એણે બીજી સ્ત્રી વીરિણીને પેટે બીજા શબલ પ્રમુખ દસ હજાર પુત્ર ઉત્પન્ન કર્યા. નારદે એમની પણ એવીજ વગેહ કરી. આ ઉપરથી એમણે કોપી નારદને દેહપાતનો શાપ આપ્યો. અને ફરીથી માનસ પુત્ર ન ઉત્પન્ન કરતાં મૈથુન ધર્મે સાઠ કન્યા ઉત્પન્ન કરી. તેમાંથી અદિતિ આદિ તેર કન્યા કશ્યપને, મરુત્વતી ઇ. દસ ધર્મ ઋષિને, અશ્વિની ઈ. સત્તાવીસ સોમને, ચાર અરિષ્ટનેમિ ઋષિને, બે ભૃગુના પુત્ર ભૂત ઋષિને, બે કૃશાશ્વ ઋષિને અને બે અંગિરા ઋષિને આપી, અને તેમની મારફત ચાલુ મન્વંતરમાં પ્રજાવૃદ્ધિ કરાવી.

संकल्पाद्दर्शनात्स्पर्शात्पूर्वेषां सृष्टिरुच्यते ॥
दक्षाच्च्राचेतसाद्ऊर्ध्वं सृष्टिर्मैथुनसंभवा ॥

(મત્સ્ય૦ અ૦ ૫૦ શ્લો. ૨). આ દક્ષનો ઇતિહાસ આ પ્રમાણે છે.

દક્ષ (૬). સૂર્યવંશી નરિષ્યંત રાજાનો પૌત્ર, અને ચિત્રસેન રાજાનો પુત્ર. એને મીઢ્વાન નામે પુત્ર હતો.

દક્ષ (૭) સોમવંશી અનુકુલોત્પન્ન ઉશીનર રાજાના ચાર પુત્રોમાંનો એક.

દક્ષસાવર્ણિ. હવે પછી થનારો નવમો મનુ. એ વરુણને પેટે જન્મશે. અને એ ક્વચિત રૌચ્ય પણ કહેવાશે. ભૂતકેતુ, દીપ્તિકેતુ, ઈ. એના પુત્ર થશે, અને પાર, મરીચિગર્ભ ઇ. એના મન્વંતરમાં દેવ થશે. દેવતાનો રાજા અદ્‌ભૂત નામનો ઇંદ્ર થશે. તેમજ ઘૃતિમાન્ ઇ. સપ્તર્ષિ, અને આયુષ્માન્ ઋષિથી તેમની સ્ત્રી અંબુધારાને પેટે ઋષભ નામે વિષ્ણુનો અવતાર થશે, અને એ ઇંદ્રને સાહ્ય કરશે (**ભા૦ ૮ સ્કં૦ અ૦ ૧૩**).

દક્ષિણકર્ણાટક. કર્ણાટક દેશનો એક વિભાગ.

દક્ષિણકોસલ. ઇંદ્રપ્રસ્થની દક્ષિણે આવેલો કોસલ દેશ. એમાં ઉજ્જિહાના નામે નગરી છે.

દક્ષિણનિષાદ. નિષાદ દેશનો એક વિભાગ.

દક્ષિણમત્સ્ય. દક્ષિણ સુરસેન દેશની દક્ષિણે આવેલો મત્સ્ય દેશ. (**ભા૨૦ સભા. અ૦ ૩૧**).

દક્ષિણયવન. યવન દેશનો એક વિભાગ.

દક્ષિણ સૂરસેન. સૂરસેન દેશનો એક વિભાગ. પાંડવોના સમયમાં ઇંદ્રપ્રસ્થની દક્ષિણે આવેલો પહેલોજ દેશ.

દક્ષિણા. રુચિઋષિ અને તેની આકૂતિ સ્ત્રીની કન્યા. એ યજ્ઞની સ્ત્રી હતી. અને યજ્ઞથી એને તોષાદિ બાર પુત્ર થયા હતા. તે સ્વાયંભુ-મન્વંતરમાં પ્રસિદ્ધ દેવ છે. આ દક્ષિણા સ્વાયંભુવ મન્વંતરમાંની ઇંદ્રાણી હતી, કારણકે એનો પતિ તે વેળા ઇંદ્ર હતો.

દક્ષિણાગ્નિ. અગ્નિહોત્રના દક્ષિણ કુંડનો અગ્નિ.

દક્ષિણામૂર્ત્તિ. શિવનો એક જ્ઞાનવિગ્રહી અવતાર.

દક્ષિણામૂર્ત્તિ (૨). મુખ્ય યજુર્વેદોપનિષત્.

દાક્ષ્ય. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

દાક્ષાયન. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

દાંત. ભીમ રાજાના ત્રણ પુત્રોમાંનો બીજો પુત્ર. દમયંતીનો ભાઇ.

દાંતા. એક અપ્સરા.

દાનપતિ. અક્રૂરનું બીજું નામ. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૪૬**).

દાનવ. વિપ્રચિત્તિ આદિ દનુ પુત્ર તે. (દનુ શબ્દ જુઓ).

દાનવ (૨.) એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ.)

દામગ્રન્થી. અજ્ઞાત વાસ વખતે અશ્વાધ્યક્ષ તરીકે રહેલા નકુલનું નામ. (**ભા૨૦ વિરા૦ અ૦ ૪**).

દામઘોષિ. દમઘોષનો પુત્ર શિશુપાળ.

દામચંદ્ર. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૫૬**).

દામલિપ્તા. એક દેશ. (**ભા૨૦ સભા૦ અ૦ ૭૮**).

દામોદર. કૃષ્ણનું એક નામ.

દારદ. દરદ દેશના રાજા અને ત્યાંની પ્રજાનું સામાન્ય નામ.

દારુક. મહિષાસુરનો સારથિ. (**દેવીભાગ૦ ૫ સ્કં૦**).

દારુક (૨). કૃષ્ણનો સારથિ. એને કાશ્યપેય પણ કહેતા (૨ કાશ્યપેય શબ્દ જુઓ).

દારુકિ. દારુકનો પુત્ર પ્રદ્યુમ્નનો સારથી. (**ભા૨૦ વન૦ અ૦ ૧૮**).

દાર્વ. ભારતવર્ષીય ઉત્તરત્રિગર્તની ઉત્તરે આવેલો દેશ.

ततश्त्रिगर्ताः कौन्तेयं दार्वीः कोकनदास्तथा ।१८
(**ભા૨૦ સભા૦ અ૦ ૨૮**).

દાલ્ભ્ય. ઉત્તમ મન્વંતરમાંના સપ્તર્ષિમાંનો એક.

દાલ્ભ્ય (૨). ઘૃતત્સેન રાજાના અરણ્યમાંનો સહચર ઋષિ.

દાલ્ભ્યઘોષ. એક બ્રહ્મર્ષિ.

દાશપુર. એક નગર (પિતૃવર્તી શબ્દ જુઓ).

દાશરથિ. દશરથ પુત્ર રામ લક્ષ્મણ વગેરેને લગાડાતી સંજ્ઞા.

દાશરાજ. સત્યવતીનો પિતા. (**ભા૨૦ આદિ૦ ૧૦૭.**)

દાશાર્ણ. દશાર્ણ દેશના લોક.

દાશાર્ણક. દશાર્ણ દેશના લોક.

દાશાર્હ. સોમવંશીય વ્યોમ રાજાનું નામાન્તર.

દાશાર્હ (૨). યદુવંશનું એક કુળ.

દાશાર્હ (૩). કદી કદી કૃષ્ણને કહેવાતું નામ (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૯**).

દાશેયી. સત્યવતી. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૦૭. ૫૧**).

દાસી. એક નદી. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

દાશેરક. ભારત યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા.

દાક્ષપાયન. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

દાક્ષાયણી. સ્વાયંભુ મન્વંતરમાંની દક્ષકન્યા સતીનું બીજું નામ.

દાક્ષિ. એક બ્રહ્મર્ષિ (૩ આંગિરા શબ્દ જુઓ).

દાક્ષિ (૨). બીજા અંકની સંજ્ઞાવાળા અત્રિકુળમાં ઉત્પન્ન થએલો એક ઋષિ.

દિંડિપુણ્યકર. ભારતવર્ષીય એક તીર્થ.

દિતિ. ચાલૂ મન્વંતર વૈવસ્વતમાંના બ્રહ્મા માનસપુત્ર મરીચિ ઋષિના દિકરાની વહુ. કશ્યપ ઋષિની તેર સ્ત્રીઓમાંની બીજી. પ્રથમ એને હિરણ્યકશિપુ માત્ર એકજ પુત્ર હતો. હરિણ્યકશિપુ મરી ગયા પછી મરુત્ગણ થએલા દેવોમાં ભળી ગયો. દૈત્ય થયો નહિ. ત્યાર પછી દિતિને વજ્રાંગ નામે દૈત્ય અવતર્યો. એને પેટે હિરણ્યાક્ષ જન્મ્યાની હકીકત ભારતમાં નથી.

દિત્સ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્ય શબ્દ જુઓ).

દિનકર. દિવસ કરે છે તે ઉપરથી પડેલું સૂર્યનું નામ. આવાં અર્થનાં પુષ્કળ નામ છે.

દિલીપ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન અંશુમાન્ રાજાનો પુત્ર. એ પિતાની પછી રાજ્યાધિકારી થયો હતો. સગર રાજાના પુત્રોનો ઉદ્ધાર કરવા ગંગા આણવા સારુ એણે ત્રીસ હજાર વર્ષ તપ કર્યું, પરંતુ સિદ્ધિ ન થતાં એ મરી ગયો હતો. એને સુદક્ષિણા નામે રાણી અને ભગિરથ નામે પુત્ર હતો. (**વા૦ રા૦ બાળ૦ સ૦ ૪૨.**) અને (**મત્સ્ય૦ અ૦ ૧૨**). આ રાજાની કથાથી સ્પષ્ટ થાય છે કે એકાદાથી કોઇ કામનો આરંભ કર્યા પછી તે સિદ્ધ ન થાય તો તેનો પુત્ર તે પુરું કરતો.

દિલીપ. (૨). ઇક્ષ્વાકુકુળનાં ખટ્વાંગ રાજાનું બીજું નામ.

દિલીપ (૩). સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ રાજાના જન્હુવંશમાં જન્મેલા ઋક્ષરાજાનો પુત્ર. એને પ્રતીપ નામનો પુત્ર હતો.

દિવસ્પતિ. દેવસાવર્ણિ મન્વંતરમાં સ્વર્ગમાં થનારો તેરમો ઇંદ્ર.

દિવાક. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન ભાનુ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સહદેવ.

દિવાકર. ઉપર દિવાક કહ્યો તે જ.

દિવાવષ્ટ્રાશ્વ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

દિવિરથ. સોમવંશી અનુકુલોત્પન્ન ખનપાન રાજાનો પુત્ર. એનો પુત્ર ધર્મરથ અગર બૃહદ્રથ.

દિવોદાસ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

દિવોદાસ (૨). સોમવંશી આયુના પુત્ર ક્ષત્રવૃદ્ધ રાજાના કાશ્યપ નામના પૌત્રના વંશમાં થએલા ભીમરથ અથવા ભીમસેન રાજાનો પુત્ર. યયાતિકન્યા માધવીની કુખે એને પ્રતર્દન નામે પુત્ર થયો હતો. (૩ ગાલવ શબ્દ જુઓ).

દિવોદાસ (૩). સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢના નીલ નામના પુત્રના વંશમાં જન્મેલા વિંધ્યાશ્વ રાજાનો પુત્ર. એની જ્યેષ્ઠે જન્મેલી એની બ્હેન અહલ્યા નામની હતી. એને મૈત્રાયણ અને મિત્રયુ નામે બે પુત્ર હતા.

દિવોદાસ (૪). કાશીપતિ સુદેવ રાજાનો પુત્ર, એનું દિવોદાસ એવું નામ છતાં એને એના બાપના નામ ઉપરથી સૌદેવ પણ કહેતા. એણે ઇંદ્રના અનુગ્રહ વડે ભાગીરથીના ઉત્તર તીરે અને ગોમતીના દક્ષિણ તીરે વારાણસી નામે નગરી વસાવી હતી. હૈહયકુળના રાજાએ એને ઘણો ત્રાસ આપ્યો હતો, તે ઉપરથી એ ભારદ્વાજ ઋષિને શરણ ગયો હતો. એણે જઇને પ્રાર્થના કરી કે હૈહયોને જીતે એવો પુત્ર મને આપો. ભારદ્વાજે એની પાસે પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવ્યો. એથી એને પ્રતર્દન નામે પુત્ર થયો. પ્રતર્દને આગળ જતાં હૈહયોને જીતી એને સુખી કર્યો હતો. (૨ પ્રતર્દન શબ્દ જુઓ).

દિવ્ય. સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વરાજાના પુત્રોમાંનો એક. [શહેર.

દિવ્યકટપુર. અમર પર્વતની દક્ષિણ બાજુનું એક

દિશા. ભારતવર્ષીય એક નદી.

દિષ્ટ. સૂર્યવંશી વૈવસ્વત મનુના પુત્રોમાંનો એક. એના પુત્રનું નામ નાભાગ.

દીપક. ગરુડનો પુત્ર.

દીપ્તકીર્તિ. સ્કન્દ. (**ભા૨૦ વન૦ અ૦ ૨૩૩**)

દીપ્તલોચન. સોમવંશી ધૃતરાષ્ટ્રનો પુત્ર. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯૬ અને ૨૭.**)

દીપ્તિકેતુ. હવે પછી થનારા દક્ષસાવર્ણિ મનુના પુત્રમાંનો એક.

દીપ્તિમાન્. સોમવંશી કૃષ્ણને રોહિણીને પેટે થએલો પુત્ર.

દીપ્તિમાન (૨). હવે પછી થનારા સાવર્ણિ મન્વંતરમાંના સપ્ત ઋષિયોમાંનો એક.

દીપ્સોદ. ભારતવર્ષીય તીર્થ.

દીર્ઘ. પંહુરાજાએ મારેલો મગધદેશનો રાજા.

દીર્ઘજિહ્વ. એક દાનવ (દનુ શબ્દ જુઓ).

દીર્ઘજિહ્વ (૨). પાતાળમાંનો એક નાગ. (**જૈમિ૦ અશ્વ૦ અ૦ ૩૮**).

દીર્ઘજિહ્વા. અશોકવનમાંની એક રાક્ષસી.

દીર્ઘતમસ્. ગૌતમાંગિરસમાંનું એક કુલ. (૩ અંગિરા શબ્દ જુઓ).

દીર્ઘતમા. એક બ્રહ્મર્ષિ. એ ઉશિજ ઋષિને મમતા નામની સ્ત્રીને પેટે થએલો હતો. ચાલુ મન્વંતરમાંના બૃહસ્પતિનો ભત્રિજો હોઇને જન્માંધ હતો. એની સ્ત્રીનું નામ પ્રદ્વેષી હતું. સોમવંશી અનુકુલોત્પન્ન બલિરાજાએ એનાથી પોતાના ક્ષેત્રમાં–બલિની સ્ત્રીને પેટે–અંગ, વંગ, કલિંગ સુહ્મ, પુંડ્ર અને અંધ્ર એમ છ પુત્રો ઉત્પન્ન કરાવ્યા હતા. એને કેટલાક દાસી પુત્રો પણ હતો. (**મત્સ્ય૦ અ૦ ૪૮**). મહાભારતમાં એને કાશિરાજનો અને ઋગ્વેદમાં ઉચાથ્યનો પુત્ર કહ્યો છે. પુરાણોમાં એને ઉતથ્ય અને મમતાનો પુત્ર કહ્યો છે. ઔચથ્ય અને મામતેય એવાં એનાં નામો હોવાથી એ પાછળના વંશનો હોય એ વધારે સંભવે છે– એ જન્મતઃ અંધ હતો પણ અગ્નિની કૃપાથી દેખતો થયો હતો. (**ઋગ્વેદ ૩ મં૦ ૧૨૮**) (**ડાઉસન૦ પા૦ ૯૩**) (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૧૩**) (**ભા૨૦ સભા૦ અ૦ ૭ને ૨૧**).

દીર્ઘતમા (૨). સોમવંશી આયુકુલોત્પન્ન ક્ષત્રવૃદ્ધવંશના રાષ્ટ્ર રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ધન્વંતરિ રાજા.

દીર્ઘનેત્ર. સોમવંશી ધૃતરાષ્ટ્રનો પુત્ર. (**ભા૨૦ દ્રોણ૦ પર્વ**).

દીર્ઘદંષ્ટ્ર. એક રુદ્રગણ.

દીર્ઘપ્રજ્ઞ. ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એક રાજા.(**ભા૨૦ આદિ૦ અ૦ ૬૮**).

દીર્ઘબાહુ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન ખટ્વાંગ રાજાનો પુત્ર. રઘુરાજા એનો પુત્ર થાય.

દીર્ઘબાહુ (૨) ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક પુત્ર.

દીર્ઘરોમ. સોમવંશી ધૃતરાષ્ટ્રનો પુત્ર. (**ભા૨૦ આદિ૦ પર્વ**).

દીર્ઘલોચન. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક પુત્ર.

દીર્ઘસત્ર. ભારતવર્ષીય એક તીર્થ.

દીર્ઘાયુ. ભારત યુદ્ધમાં દુર્યોધનના પક્ષના અચ્યુતાયુ રાજાનો પુત્ર.

દુંદુભિ. હેમા નામની અપ્સરાને પેટે મયાસુરને થએલા બે પુત્રોમાંનો બીજો પુત્ર (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૧૨**). એણે ઘણું જ તપ કરીને સહસ્રાવધિ નાગનું બળ પ્રાપ્ત કર્યા પછી ભયંકર ભેંસનું રુપ ધારણ કર્યું અને સમુદ્રની સાથે યુદ્ધ કરવા ગયો. સમુદ્રના મૂર્તિમાન દેવે કહ્યું કે હું તારી સાથે યુદ્ધ કરવા સમર્થ નથી. એ ત્યાંથી નિકળ્યો, હિમાલય પાસે ગયો અને એજ માગણી કરી. એણે પણ કહ્યું કે હું લઢવા સમર્થ નથી પણ તું કિષ્કિંધા નગરીના રાજા વાલી પાસે જા. એ સાંભળીને એ તત્કાળ ત્યાં ગયો. એણે જઇને જોરથી ગર્જના કરીને વાલીને યુદ્ધ સારૂ ચેતવ્યો. વાલીએ એની ગર્જના સાંભળીને પોતે ઇંદ્રે આપેલી માળા પોતાના કંઠમાં ધારણ કરી, અને એની સાથે યુદ્ધ કરવા કિષ્કિંધાની બહાર આવ્યો. ઘણા સમય સુધી એનું અને વાલીનું યુદ્ધ થયું તેમાં વાલીએ એનું અને વાલીનું યુદ્ધ થયું તેમાં વાલીએ એને માર્યો. એનું મડદું ઉચકીને ફેંકી દીધું. એ મડદું મતંગઋષિના આશ્રમમાં પડ્યું. એથી આશ્રમ અને આજુબાજુનો યોજન યોજનના વિસ્તારનો પ્રદેશ લોહીથી ભરાઇ જતાં અનેક વૃક્ષોનો પણ નાશ થયો. આ જોઇને ઋષિએ વાલીને શાપ્યો કે તું હવેથી આશ્રમમાં આવીશ તો આવતાંવાંત જ મરણ પામીશ. આ શાપની ખબર વાલીને પડતાં જ તે શાપનો પરિહાર કરવા આશ્રમમાં ગયો

પણ ઋષિએ એને દર્શણ જ દીધું નહિ. આ આશ્રમ ઋષ્યમૂક પર્વત પર હતો. તે દિવસથી ઋષ્યમૂક પર્વત વાલીને અગમ્ય થયો. દુંદુભિનું હાડપિંજર ત્યાં પડ્યું પડ્યું સુકાઇ ગયું. અનેક વર્ષો સુધી એ ત્યાં જ પડ્યું રહ્યું હતું. જ્યારે રામચંદ્ર અને સુગ્રીવને અગ્નિની સાનિધ્ય દોસ્તી થઈ ત્યારે પોતાનું સામર્થ સુગ્રીવને બતાવવા સારુ રામચંદ્રે દુંદુભિના હાડપિંજરને પગના અંગુઠાની ઠેસ વડે દસ યોજન દૂર ઉડાડી મૂક્યું હતું. (**વા૦ રા૦ કિષ્કિં. સ. ૧૧**)

દુંદુભિ (૨) એ નામની એક ગંધર્વી. એ બ્રહ્મદેવની આજ્ઞાથી અયોધ્યામાં મંથરા નામે કૈકેયીની દાસી થઈ હતી. (**ભા૨૦ વન૦ અ૦ ૨૭૭**).

દુંદુભિ. (૩) સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વન રાજાના અંધક નામના પુત્રના વંશમાં થએલા અનુપુત્ર અંધકનો પુત્ર. એના પુત્રનું નામ અરિદ્યોત હતું.

દુઃપ્રહર્ષ. ધૃતરાષ્ટ્ર રાજાના સો પુત્રમાંનો એક પુત્ર.

દુરારાધન. ધૃતરાષ્ટ્ર રાજાના સો પુત્રમાંનો એક પુત્ર.

દુરિતક્ષય. સોમવંશી પૂરુકુલોત્પન્ન ભરતવંશીય મહાવીર્ય રાજાનો પુત્ર એને ત્ર્યારુણિ, કવિ અને પુષ્કરારુણિ એવા ત્રણ પુત્ર હતા.

દુર્ગ. હિરણ્યાક્ષના વંશના રુરુ દૈત્યનો પુત્ર. એનું બીજા નામ દુર્ગમ પણ હતું. (૧ દુર્ગા શબ્દ જુઓ).

દુર્ગંધા. સંતનું રાજાની સ્ત્રી સત્યતીનું નામ.

દુર્ગમ. એક રુદ્રગણવિશેષ.

દુર્ગમ (૨) દુર્ગ નામના અસુરનું બીજું નામ.

દુર્ગમા. ભારતવર્ષીય નદી (વિંધ્ય શબ્દ જુઓ).

દુર્ગા. દુર્ગ અથવા દુર્ગમાસુર એણે તપ કરીને બ્રહ્મદેવને પ્રસન્ન કર્યા અને વર માગ્યો કે મને સંપૂર્ણ વેદ આવડે. બ્રહ્મદેવે તથાસ્તુ કહેતાં જ એને સઘળા વેદ આવડી ગયા અને બ્રાહ્મણ માત્રને વેદની વિસ્મૃતિ થઇ. એમ થવાથી યજ્ઞાદિ કર્મો હતાં ન હતાં થઇ ગયાં. દેવોને હવિભાગ મળતો બંધ થવાથી તેમની શક્તિ ક્ષીણ થઈ. તેથી પૃથ્વી ઉપર અનાવૃષ્ટિ થઇ. દુર્ગમે સઘળા દેવોનાં સ્થાન લઇ લીધાં. દેવોએ આદિ શક્તિની આરાધના આરંભી. સઘળા દેવો આગળ શક્તિ પ્રકટ થઇ અને વર માગો એમ કહ્યું, પરંતુ અશક્તપણાને લઇને તેમનાથી કશું બોલાય જ નહિ. ઉપરથી શક્તિએ પોતાની શતાવધિ આંખોથી દયા ભરેલી દૃષ્ટિએ દેવતાઓ સામે નિહાળ્યું, અને પોતાને હાથે તેમજ અનેક વનસ્પતિ ખવરાવી તેમની ગ્લાનિ દૂર કરી. આ ઉપરથી શક્તિનું નામ શાકંભરી પડ્યું. અગાડી જતાં શક્તિયે દુર્ગનો વધ કર્યો. એ ઉપરથી શક્તિનું નામ દુર્ગા પડ્યું. (**દેવી ભા૦ ૭ સ્કં૦ અ૦ ૨૮**).

દુર્ગા. (૨) એ નામની ભારતવર્ષની એક નદી.

દુર્ગાલદ્વેશ. ભારતવર્ષીય દેશ (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

દુર્જય. દનુપુત્ર એક દાનવ.

દુર્જય (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ પુત્ર દશાશ્વના કુળના સુવીર રાજાનો પુત્ર એના પુત્રનું નામ દુર્યોધન. (**ભા૨૦ અનુ૦ અ૦ ૨**).

દુર્જય (૩). એ નામનો એક રુદ્રગણ.

દુર્જય (૪). ખર રાક્ષસના અમાત્યોમાંનો એક (૧ ખર શબ્દ જુઓ).

દુર્જય (૫). ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

દુર્જય (૬). પાંડવ પક્ષનો એક રાજા. એને ભારત યુદ્ધમાં કર્ણે માર્યો હતો. (**ભા૨૦ કર્ણ૦ અ૦ ૫૧**).

દુર્જય. (૭) દુર્યોધન પક્ષનો એક રાજા. (**ભા૨૦ આદિ૦ અ૦ ૬૮**).

દુર્જયા. ઇલ્વલ અને વાતાપિની નગરી. એ નગરીને મણિમતી પણ કહેતા.

દુર્દમન. સોમવંશી પાંડવકુલોત્પન્ન શતાનીક રાજાનો પુત્ર એનો પુત્ર વહીનર રાજા.

દુર્ધર. અસુર વિશેષ (૨ મહિષાસુર શબ્દ જુઓ)

દુર્ધર (૨). રાવણનો પ્રધાન એક રાક્ષસ. (**વા૦ રા૦ સુંદ૨૦ અ૦ ૪૬**).

દુર્ધર (૩). રામની સેનાનો એક પરાક્રમી વાનર. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૦)

દુર્ધર્ષ. રાવણનો એક સેનાપતિ. એને મારુતીએ માર્યો હતો. (વા૦ રા૦ સું૬૦ સ૦ ૪૬).

દુર્ધર્ષ (૨). રામને હાથે મરણ પામેલો રાવણના પક્ષનો નામાંકિત રાક્ષસ. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૯)

દુર્ધર્ષ (૩) ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

દુર્બુદ્ધિ. ધતરાષ્ટ્ર નામના નાગનો પુત્ર. (અભુવાહન શબ્દ જુઓ).

દુર્મદ. સોમવંશી યદુકુલોત્પન્ન હૈહય રાજાના વંશના ભદ્રસેનક અથવા રુદ્રશ્રેણ્ય રાજાના બે માંનો મોટો પુત્ર.

દુર્મદ (૨). વસુદેવને પૌરવીથી થએલા બાર પુત્રોમાંનો એક.

દુર્મદ (૩). વસુદેવને રોહિણીની કુખે થએલા પુત્રોમાંનો એક.

દુર્મદ (૪). ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

દુર્મના. સોમવંશી યયાતિપુત્ર દ્રુહ્યુના વંશના ધૃતરાજાનો પુત્ર. એના પુત્રનું નામ પ્રચેતા.

દુર્મર્ષ. સમુદ્રમથન કાળે દેવોની સાથે યુદ્ધ કરનાર એક અસુર (ભાગ૦ અષ્ટમ અ૦ ૧૦)

દુર્મર્ષિણ. સોમવંશી વસુદેવના ભાઈ સંજયની રાષ્ટ્રપાલી ભાર્યાની કુખે થએલા એમાંનો એક પુત્ર.

દુર્મર્ષિણ (૨) ધતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર એ મહારથી હતો.

દુર્મુખ. કર્દમપુત્ર એક નાગ.

દુર્મુખ (૨). વરુણની સભામાંનો એક અસુર.

દુર્મુખ (૩). રામે મારેલો રાવણ પક્ષનો એક રાક્ષસ. (વા૦ યુદ્ધ૦ સ૦ ૯).

દુર્મુખ (૪). રામ સેનામાંનો એક વાનર. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૦).

દુર્મુખ (૫). પાંડવ પક્ષના જનમેજય પાંચાલનો પિતા. (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૩૪).

દુર્મુખ (૬). ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

દુર્મુખ (૭). મહિષાસુર પક્ષનો એક અસુર.

દુર્મુખી. અશોક વનની એક રાક્ષસી.

દુર્યોધન. સૂર્યવંશી દુર્જય રાજાનો પુત્ર. એને નર્મદા નદીની મૂર્ત્તિમાન દેવી પરણી હતી. એનાથી એને સુદર્શના નામે કન્યા થઇ હતી, તે એણે અગ્નિને આપી હતી. (ભા૨૦ અનુ૦ અ૦ ૨).

દુર્યોધન. (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન ધૃતરાષ્ટ્ર રાજાને ગાંધારીની કુખે થએલા સો પુત્રોમાંનો મોટો. પૃથ્વી પરથી દુષ્ટ ક્ષત્રિયોનો નાશ થવાના નિમિત્તરુપ એ કલીનો અંશાવતાર હતો. એના જન્માકાળે અનેક દુર્ઘચિન્હ થયાં હતાં. આ ઉપરથી વિદુરે ધૃતરાષ્ટ્રને એનો ત્યાગ કરવાનું સૂચવ્યું હતું પણ પુત્રમોહે કરીને એણે વિદુરની શિખામણ માની નહોતી. તેથી બધાએ માન્યુ હતું કે હવે કુળનો નાશ પાસે આવ્યો છે.

દુર્યોધન દ્રોણ પાસેથી ધનુર્વિદ્યા શિખ્યો હતો અને એ વિદ્યામાં ઘણો નિપુણ પણ હતો. છતાં ગદાયુદ્ધમાં એ વિશેષ પ્રખ્યાત હતો.

એ નાનપણથી જ પાંડવોનો દ્વેષ કરતો. એણે ભીમસેનને ખાવામાં ઝેર અવડાવી નદીમાં બૂડાડી દીધો હતો. (૧ આર્યક શબ્દ જુઓ). પછી ભીમસેન એથી ન મરતાં ઉગર્યો. એ જાણવાથી એણે પાંડવોને લાક્ષાગૃહમાં રાખી બાળી નાંખવાનો વિચાર કર્યો. પરંતુ આ વાત પણ પાર ઉતરી નહિ. પાંડવો લાક્ષાગૃહ બળી ગયું તેમાં બળી ગયા નથી અને એમણે સ્વયંવરમાં દ્રૌપદીને પ્રાપ્ત કરી છે એ વાત ધૃતરાષ્ટ્રે જાણતાં તેમને હસ્તિનાપુર તેડાવી ઇંદ્રપ્રસ્થમાં રાખ્યા પણ આ વાત દુર્યોધનને બિલકુલ રુચી નહિ.

ધૃતરાષ્ટ્રની આજ્ઞાનુરુપ ઇંદ્રપ્રસ્થમાં રહેતા હતા ત્યારે પાંડવોએ પોતાના પરાક્રમ વડે પુષ્કળ સંપત્તિ મેળવીને રાજસૂય નામનો મોટો યજ્ઞ કર્યો. તે વખત ધૃતરાષ્ટ્રની સાથે દુર્યોધન પણ ઇંદ્રપ્રસ્થ ગયો હતો. કૃષ્ણે દુર્યોધનને પાંડવોના કોષાધ્યક્ષ યજ્ઞ કાર્યમાં નિમ્યો હતો. એણે દ્વેષથી પાંડવોના પૈસા ખૂટી પડે અને

યજ્ઞમાં તૂટ પડે એવા હેતુથી અપરિમિત વ્યય કર્યો. પણ તેમાં એનું ધાર્યું ન થતાં ઉલટી પાંડવોની વાહવાહ થઇ. તેથી તેમ જ પાંડવો સારૂ મયાસુરે તૈયાર કરેલો સભામંડપ જોઇને દુર્યોધનને બહુ અદેખાઇ આવી. એમની સંપત્તિ દેખી એ દ્વેષથી સળગી ગયો. પાંડવોની સમૃદ્ધિ જોઇને એ બધું લઇ લેવાની એને અનિવાર્ય ઇચ્છા ઉત્પન્ન થઇ. પરંતુ ખૂલ્લું તો કાંઇ કહેવાય નહિ. એ દ્વેષાગ્નિ ધૂંધવાતો હતો તેવામાં તે વૃદ્ધિંગત થવાનાં બીજાં પણ કારણો મળ્યાં. એક વખત એ નિરાંતે બધો સભામંડપ જોવા સારુ પોતાના મિત્રો સહિત ત્યાં ગયો હતો. સભામંડપની રચના મયાસુરે અલૌકિક કરી હતી. કેટલીક જગાએ પાણી ન હોય ત્યાં જાણે પાણી ભર્યું ન હોય એવી, અને કેટલીક જગાએ પાણી ભરેલું છતાં ત્યાં જમીન જ જણાય એવી કારીગરી કરી હતી. વળી જ્યાં બારણાં ન હોય ત્યાં બારણાં, અને જ્યાં બારણાં હોય ત્યાં જાણે ભિંત જ હોય એવી પણ ખૂબી કરી હતી. આવી એકાદ ભીંતે બારણું જાણીને જતાં એ ભટકાયો. આ ચાતુર્યયુક્ત રચનાની દુર્યોધનને ખબર ન હોવાથી જ્યાં પાણી જેવું જણાય ત્યાં એ લૂગડાં ઉંચાં લઈ ને જતો. જ્યાં પાણી છતાં જમીન જ જણાય એવી એક જગાએ જતાં એ પાણીમાં પડી ગયો ! એ જોઇને દ્રૌપદી આદિ સ્ત્રીઓને હસવું આવ્યું. કોઈએ તો એમ પણ કહ્યું કે અંધપુત્ર તે અંધ હોયસ્તો ! આથી દુર્યોધનને ઘણી લાજ આવી અને મરણથી પણ વિશેષ દુઃખ થયું. પાણીમાં પલળેલાં લૂગડાં બદલાવી પાંડવોએ એને નવાં વસ્ત્ર પરિધાન કરાવ્યાં, અને અમુક રસ્તે થઇને બધી સભા જૂઓ એમ સૂચવ્યું. એણે એ પ્રમાણે બધો સભામંડપ નિરખ્યો; પણ સ્ત્રીઓએ કરેલા હાસ્યથી લાગેલું દુઃખ સલ્યની પેઠે મનમાં સાલ્યા કર્યું. કોઈ પણ રીતે એમાં ઉણપ ન થઇ. છેવટે જ્યારે ધૃતરાષ્ટ્ર પાછા પધાર્યા ત્યારે તેમની સાથે એ પણ ગયો. પાંડવોએ જતી વખત બધાનું ઘણું જ સન્માન કર્યું.

હસ્તિનાપુર ગયા પછી એનું મન સર્વદા પાંડવોની સંપત્તિ તરફ જ ચોંટયું રહેતું. એ સંપત્તિનું શી રીતે હરણ કરવું એ ધ્યાનમાં ને ધ્યાનમાં બળ્યાં કરવાથી એ સૂકાતો ચાલ્યો. એ વાત ધૃતરાષ્ટ્રે જાણવાથી એને ઘણે પ્રકારે શિખામણ દીધી. એમણે કહ્યું કે પાંડવોની સંપત્તિ સંબંધે આવા વિચાર કરવા તને ઘટતા નથી. એ કરતાં તો તું સ્વપરાક્રમે કરીને સંપત્તિ મેળવી પાંડવોને તારું ઐશ્વર્ય બતાવ. પરંતુ ધૃતરાષ્ટ્રનું આવું કહેવું એણે માન્યું નહિ. છેવટે શકુનીએ યુક્તિ બતાવી કે દ્યુતક્રિયામાં કપટ કરતાં મને સારું આવડે છે. તેમ જ યુધિષ્ઠિરને દ્યુતક્રિડાનો શોખ પણ છે. યુધિષ્ઠિરને ટેવ છે કે કોઇ દ્યુત રમવાની માગણી કરે તો તેને ના કહેવી નહિ. માટે આપણે એને અહીં તેડાવી દ્યુત રમીએ. તું જે એને અહીં તેડાવે તો હું એની સાથે રમું; અને એની બધી સંપત્તિ તને જીતી આપું. આ વિચાર કર્ણને જણાવતાં એને પણ પસંદ પડ્યો. આમ સઘળાઓએ એક થઇ ધૃતરાષ્ટ્ર પાસે પાંડવોને હસ્તિનાપુર તેડાવ્યા. ગોઠવણ પ્રમાણે દ્યુત રમ્યા અને તેમાં કપટ કરીને શકુનીએ સભામંડપ સહિત તેમની બધી સંપત્તિ જીતી લીધી. દ્રૌપદી ધરાધરીનું પોણ કરાવી તેને પણ જીતી લીધી. એ વખત ભીષ્મ, દ્રોણ આદિ વૃદ્ધોએ દ્યુતનો નિષેધ કર્યો, પણ દુર્યોધને કોઇનું કહ્યું કાને ધર્યું જ નહિ. આ વખત ભીમસેનને ઘણો જ ક્રોધ આવ્યો. એણે સહદેવને કહ્યું કે અગ્નિ લાવ્ય અને યુધિષ્ઠિરનો હાથ બાળી નાંખીએ. અર્જુને એને શાંત પાડ્યો. એણે કહ્યું કે એમ કરવું આપણને ઘટિત નથી; એટલે ભીમસેન સ્તબ્ધ બેશી રહ્યો. પછી દ્રૌપદીને સભામાં આણી એની કજેતી કરી. પાંડવોએ બાર વર્ષ વનવાસ કરવો; તેરમે વર્ષે ગુપ્ત રહેવું;

અને જો અજ્ઞાતવાસમાં છતા થઇ જાય તો બીજાં બાર વર્ષ વનવાસ જવું. આવી આવી બોલી કરી, રમી, કપટથી હરાવી તેમને અરણ્યમાં કાઢયા, અને એમની સંપત્તિ નિષ્કંટક ભોગવવા લાગ્યો.

પાંડવો અરણ્યમાં ગયા ત્યારે બધા પોતાને સારો કહે માટે ઉત્તમ નીતિએ એણે રાજ્ય કર્યું. છતાં પાંડવોનો સમૂળો નાશ કરવાની એની લાલસા બિલકુલ સમી નહોતી. પાંડવો ક્યાં છે અને શું કરે છે એની એ નિરંતર છૂપી બાતમી રખાવતો. એક સમય પાંડવો દ્વૈતવનમાં છે જાણી, ઘોષયાત્રા–રાજ્યનાં ગોધન વગેરેની ગણત્રી અને તપાસ કરવા–નિમિત્તે ધૃતરાષ્ટ્રને કહીને પોતે કર્ણ, શકુની, દુઃસાશન વગેરેને જોડે લઈને દ્વૈતવનમાં ગયો. ગાયો, બળદો, આખલા વગેરેની ગણત્રી અને તપાસ થઇ રહ્યા બાદ તેઓ સઘળા દ્વૈતવન પાસેના સરોવરમાં જળક્રીડા કરવા ગયા. એવું બન્યું કે એ સમય પહેલાં એ લોકોથી પાંડવોને કાંઇ ઉપદ્રવ ન થાય એટલા માટે ઇંદ્રે ચિત્રરથ ગાંધર્વને એ વનમાં મોકલ્યો હતો. દુર્યોધન અને એની ટોળીને ચિત્રસેન સાથે ભેટો થઇ ગયો. ચિત્રસેને દૂત મોકલી દુર્યોધનને કહાવ્યું કે હું અહીં સ્ત્રીઓ સહવર્ત્તમાન ક્રીડા કરું છું, સબબ તમે અહીં આવશો નહિ. પરંતુ એમણે ગાંધર્વ દૂતનું અપમાન કરી એની જોડે ઉલટું કહાવ્યું કે તું આ વનમાંથી સત્વર નિકળી જા. નિકર રાજા દુર્યોધનની સાથે કામ છે. આથી ચિત્રસેનને ક્રોધ આવ્યો અને એમની જોડે યુદ્ધ કરવા આવતાં તેમની વચ્ચે ઘણું ઉગ્ર યુદ્ધ થયું. ગાંધર્વે કર્ણનાં અને કર્ણે ગાંધર્વનાં ઘણાં માણસો મારી નાંખ્યાં. ગાંધર્વે કર્ણને નસાડયો અને બીજાઓને પરાભવ પમાડી દુર્યોધનને કેદી કરીને લઇ ગયો. (**ભા૨૦ વન૦ અ૦ ૨૪૩**).

કર્ણ નાશી છૂટયો અને દુર્યોધન કેદ પકડાયો એટલે બાકીના અરણ્યમાં ભટકતા હતા તે પાંડવોને મળ્યા. તેમણે બધી હકીકત પાંડવોને કહી. ભીમસેન કહે ઠીક અમને રુચતું હતું તે ચિત્રસેને કર્યું. પણ યુધિષ્ઠિરને દયા આવી અને એણે ભીમને કહ્યું કે આવું બોલવું આપણને ઘટતું નથી. તું અને અર્જુન જાઓ અને ચિત્રસેન પાસેથી દુર્યોધનને છોડાવો. આથી નિરુપાય થઈ બન્ને ભાઇઓ ચિત્રસેન પાસે ગયા. ચિત્રસેને કહ્યું તમે અહીં શું કરવા આવ્યા? ઈંદ્રે મને તમારા જ સંરક્ષણ સારુ મોકલ્યો છે; કેમકે દુર્યોધન અહીં તમને ઉપદ્રવ કરવાની બુદ્ધિથી જ આવ્યો હતો. મેં એને કેદ કર્યો એ યોગ્ય જ છે. એ સાંભળીને અર્જુને કહ્યું કે તારું કહેવું વાજબી છે, છતાં યુધિષ્ઠિરની આજ્ઞા જેમ અમને શિરશા વંદનીય છે, તેમ તને પણ હોવી જોઇએ. માટે તું દુર્યોધનને છોડી દે અને પોતાને સ્થળે જા. ચિત્રસેન એ વાત માને નહિ. આ ઉપરથી એનું અને અર્જુનનું યુદ્ધ થયું. તેમાં ચિત્રસેન હાર્યો અને બોલ્યો કે ભલે તમારી ઇચ્છા પ્રમાણે થાઓ. પરંતુ હું દુર્યોધનને યુધિષ્ઠિરની આગળ લઇ જઇને ત્યાં છોડીશ. એમ કહી એ દુર્યોધનને લઇને ભીમસેન અને અર્જુનની સાથે યુધિષ્ઠિર પાસે આવ્યો, દુર્યોધનને મુક્ત કર્યો અને યુધિષ્ઠિરે એને રજા આપવાથી સ્વસ્થાને ગયો. ચિત્રસેન ગયો એટલે યુધિષ્ઠિરે દુર્યોધનને કહ્યું કે આમ વર્ત્તવું તને કેવળ અયોગ્ય છે. હશે જે થયું તે ઠીક થયું. તું હવેથી આવું સાહસ બેડીસ નહિ. આમ કહીને એણે દુર્યોધનને હસ્તિનાપુર જવાની આજ્ઞા આપી. (**ભા૨૦ વન૦ અ૦ ૨૪૪–૨૪૭**).

આ પ્રમાણે અપમાન પામેલો દુર્યોધન યુધિષ્ઠિરને વંદન કરીને ત્યાંથી નિકળ્યો. એ પોતે લજ્જાસાગરમાં ડૂબી ગયો હતો. હસ્તિનાપુર જવાને અરણ્યમાંથી ચાલતાં કર્ણ, દુઃશાસન વગેરે આજુબાજુ ભટકતા હતા તે એને આવી મળ્યા. એમણે ઘણે પ્રકારે એનું સાંત્વન કર્યું કે વેળા વેળાની

છાંયડી છે. બનવા કાળ હોય તે બને છે, બાકી અમે બધા પાસે હોવા છતાં આવું થાય નહિ. દુર્યોધન કહે આવું અપમાન અને પાંડવોની સમક્ષ! હું એમનો છોડાવ્યો છૂટયો! આથી મરણ સારું, માટે મેં આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો છે. હું મરીશ જ. તમારે બધાએ હસ્તિનાપુર જવું. આમ કહીને એણે બળી મરવા અગ્નિ સળગાવરાવ્યો. અગ્નિમાં કુદી પડયા પહેલાં એ ધ્યાનસ્થ થયો. પણ તે વખત એને સ્વપ્નું આવ્યું હોય એવો ભાસ થયો.

દુર્યોધન આત્મહત્યા કર્યા પહેલાં ધ્યાનસ્થ થયો તે વખત સ્વપ્નની પેઠે એણે કેટલાક અસુરો જોયા. એ અસુરોએ એને કહ્યું કે હે દુર્યોધન! તું પાંડવોનો નાશ કરવાનો નિશ્ચય કર. અમે તને સાહ્ય કરીશું. નરકાસુરાદિ જે જે અસુરો મરી ગયા છે તે બધા કર્ણ, ભીષ્મ, દ્રોણ વગેરેના શરીરોમાં પ્રવેશ કરી રહ્યા છે. તેમ જ ઘણા અસુરો અમે અમુકને મારીશું જ, ન મારીએ તો પંચ મહાપાતકીઓનું પાપ અમને લાગો, એવાં પણ લઇને ક્ષત્રિ થઇને પૃથ્વીપર અવતર્યા છે. એ બધા તને સાહ્ય કરી પાંડવોને હણશે. માટે તું આત્મહત્યા કરીશ નહિ. આમ બોલીને એ અસુરો અંતર્ધાન થયા. એટલે દુર્યોધન પણ ઉંઘમાંથી જાગ્યો હોય એમ ધ્યાનમાંથી નિવૃત્ત થયો. એને આ સ્વપ્નથી કાંઇ ધૈર્ય આવ્યું અને આ સ્વપ્નની વાત કોઇને ન કહેતાં ઘણા ઉત્સાહથી હસ્તિનાપુર તરફ પ્રયાણ કરી આનંદભર્યો હસ્તિનાપુરમાં પેઠો. (**ભા૨૦ વન૦ અ૦ ૨૫૩**).

હસ્તિનાપુરમાં રહ્યો રહ્યો દુર્યોધન સર્વદા પાંડવોનો નાશ શી રીતે કરું, એ જ ચિંતવન કર્યા કરતો હતો. એક સમય દુર્વાસાઋષિ પોતાના અયુત (દશ હજાર) શિષ્યોને લઇને હસ્તિનાપુરમાં સહજ આવી ચઢયા. એમની દુર્યોધને બહુ જ અને ઘણા દિવસ સુધી સેવા કરી. આથી પ્રસન્ન થઇ દુર્વાસાએ કાંઇ માગવાનું કહેતાં, કર્ણ, શકુની વગેરેની શિખવણીથી માગ્યું કે જેમ આપ મારે ત્યાં પધાર્યા તેમ જ સઘળા શિષ્યો સહ વર્ત્તમાન કામ્યકવનમાં પધારો, દ્રૌપદીને ત્યાં ભોજન માગો અને એમ કરીને એને છળો. આ વાત દુર્વાસાને બિલકુલ રુચી નહિ, પણ નિરુપાય થઈ તેઓ કામ્યકવનમાં ગયા. એમણે સંકેત પ્રમાણે અન્નની યાચના કરી. કૃષ્ણના સામર્થ્યથી પાંડવોને કોઇ પણ અપકાર કર્યા શિવાય દુર્વાસા પોતાને આશ્રમે ગયા. (૨ દુર્વાસા શબ્દ જુઓ).

એક વખત દુર્યોધન કર્ણ વગેરેની જોડે સભામાં પાંડવોની નિંદા કરતો બેઠો હતો, ત્યાં ભીષ્મ આવી ચઢયા. એમણે પાંડવોની નિંદા સાંભળીને એનો ઘણો જ ધિક્કાર કર્યો. એમણે કર્ણનો એટલો તિરસ્કાર કર્યો કે એને ઘણો ક્રોધ આવ્યો અને પોતે દિગ્વિજય કરવા નીકળી પડયો. કર્ણે અનેક રાજાઓને જીત્યા અને અપાર દ્રવ્ય આણ્યું અને દુર્યોધનને કહ્યું કે તું પણ પાંડવોની માફક રાજસૂય યજ્ઞ કર. તે ઉપરથી દુર્યોધને પોતાના પુરોહિતને તેડાવ્યો અને એની સલાહ પુછી. એણે તેમ જ બીજા ઋષિયોએ દુર્યોધનને કહ્યું કે તારા કુળમાં યુધિષ્ઠિરે રાજસુય યજ્ઞ કર્યો છે માટે જ્યાં સુધી યુધિષ્ઠિર હયાત હોય ત્યાં સુધી રાજસુય યજ્ઞ કરવાનો શાસ્ત્રાધારે તને અધિકાર રહ્યો નથી. માટે તું બીજો કોઇ યજ્ઞ કર. આ ઉપરથી ક્રિયો યજ્ઞ કરવો એની ધડભાંગ કરતાં છેવટ એણે વિષ્ણુયાગ કરવો એવું સર્વાનુમતિએ કર્યું.

પછી યજ્ઞ કરવાનું નક્કી કરી તેની તૈયારીઓ ચાલી. સોનાના હળ વડે જમીન ખેડી યજ્ઞભૂમી નિર્માણ કરાઇ. યજ્ઞનો આરંભ થયો. દુર્યોધને પાંડવોને યજ્ઞમાં આવવાને તેડવા સારું વનમાં દૂત મોકલ્યો. એ દૂત વનમાં ગયો અને આપ યજ્ઞમાં પધારો એમ યુધિષ્ઠિરને કહેતાં એમણે ઉત્તર આપ્યો

કે અમે યજ્ઞમાં આવીએ એ વાત ખરી, પણ અમારાથી તેર વર્ષ પૂરાં થયા શિવાય નગરમાં અવાય નહિ, માટે આવતા નથી. હાલ દુર્યોધન યજ્ઞ કરે છે એ જાણીને અમને સંતોષ થાય છે, એવું તું જઇને એને કહે જે. દૂત પાછો જવાને નિકળતો હતો તે વખત એને હાક મારીને ભીમસેને કહ્યું કે દૂત! અમારાં વનવાસનાં તેર વર્ષ પૂરાં થયા પછી મોટો યુદ્ધયજ્ઞ થનાર છે. એ યજ્ઞમાં શસ્ત્રાસ્ત્ર રૂપી અગ્નિમાં દુર્યોધનની આહુતિ આપવાના પ્રસંગ પહેલાં અમે ત્યાં આવીશું. કોઇના તેડાની વાટે જોવા નહિ રહીએ, એવો સંદેશો મેં મોકલ્યો છે એવું તું જઇને સઘળા કૌરવોને કહેજે. દૂતે આવીને એ સંદેશો શબ્દશઃ કહી સંભળાવ્યો. આ સાંભળીને દુર્યોધનનું મન ખાટું તો થઇ ગયું, પણ એણે વિષ્ણુયાગ પૂરો કર્યો. એણે આવેલા સઘળા બ્રાહ્મણોને અપાર ધનવસ્ત્રાલંકાર આપી માનપાન સાથે વિદાય કર્યા. (**ભા૨૦ વન૦ અ૦ ૨૫૭**).

બાર વર્ષનો વનવાસ ભોગવી પાંડવો તેરમે વર્ષે ગુપ્તવાસ સારુ વિરાટને ત્યાં નામ પાલટીને રહ્યા હતા. દરમ્યાન કીચકના વધ વગેરેથી પાંડવો ત્યાં હશે એવો દુર્યોધનને સંશય આવ્યો. એમને ખોળી કાઢવા હોય તો બોલી પ્રમાણે પાંડવોને બીજાં બાર વર્ષ વનવાસ કરવો પડે; એમ થાય તો ઠીક થઇ જાય એ હેતુથી વિરાટ નગરની દક્ષિણે વિરાટની ગાયો વગેરે હતું તે હરી લઇ આવવાને એણે સુશર્માને મોકલ્યો. જો પાંડવો વિરાટમાં હશે તો તે ગાયોનું હરણ કરતાં સામા થશે જ, એવી માન્યતાથી એણે આ બેત રચ્યો હતો. પણ સુશર્માનો પરાભવ થયો. (૩ વિરાટ શબ્દ જુઓ). ભીષ્માદિ સહવર્ત્તમાન પોતે ઉત્તર તરફ ગયો; અને વિરાટની ઉત્તર તરફના ગોધનને હાંકી જવાના પ્રયત્ન કર્યા. પણ પાંડવોને છતા પાડવા તો રહ્યા પણ પોતે જ પરાભવ પામ્યો. (બૃહન્નટા શબ્દ જુઓ).

આ પ્રમાણે દુર્યોધને જે જે પ્રયત્ન કર્યા તેમાં એ નિષ્ફળ ગયો અને વર્ષ પુરું થતાં પાંડવો છતા થયા. તેઓ ઉપપ્લવ્ય નામના નગરમાં રહ્યા. એમણે પુરોહિત દ્રુપદને ધૃતરાષ્ટ્ર પાસે સામ કરવા મોકલ્યો, કે કૌરવો યથાન્યાય રાજ્યનો અર્ધવિભાગ એમને આપે. પણ એથી કાંઇ વળ્યું નહિ. પુરોહિત દ્રુપદ પાંડવ પાસે પાછો આવ્યો. એની પુંઠે પુંઠે જ ધૃતરાષ્ટ્રે સંજયને પાંડવો પાસે મોકલ્યો. સંજયે પાંડવો પાસે આવીને ધૃતરાષ્ટ્રના કહ્યા પ્રમાણે યુધિષ્ઠિરને કહ્યું કે:—હે યુધિષ્ઠિર! ધૃતરાષ્ટ્ર રાજાએ મને તમને જે કહેવા મોકલ્યો છે તેટલું જ હું બોલીશ. બોલ્યા વગર એક શબ્દ પણ કહેતો નથી; માટે હું જે કહું તે મારો મત છે એમ ન ધારતાં હું કેવળ દૂત તરીકે કહેલાં વચનો જ કહું છઉં તે ધ્યાનપૂર્વક સાંભળ. ધૃતરાષ્ટ્રનું કહેવું છે કે તું અને તારા બંધુઓ ધર્માત્મા છો. માટે તમે જેમાં હિંસા જ ભરી છે એવા યુદ્ધમાં પ્રવૃત્ત ન થતાં ભિક્ષાવૃત્તિ કરીને તમારી ઉપજીવિકા ચલાવી લો. અગર જો કહેશો કે ભિક્ષાવૃત્તિ ક્ષત્રિયને નિંદ્ય છે, તો તમારે તેમ કરવાની પણ જરૂર પડે એમ નથી. કારણ કે કૃષ્ણ તમારા પરમ આપ્તજન છે. તેમ જ દ્રુપદ તમારા સસરા છે. એમાંથી ગમે તેને ત્યાં રહેવાથી તમને કોઇ ના કહે એમ નથી. ટુંકામાં મેં કહ્યું તેમાંથી જે રુચે અને યોગ્ય લાગે તે કરો. અને રાજ્યનો વિભાગ ન માગતાં સ્વસ્થ રહો. સંજયનું આ કહેવું સાંભળીને યુધિષ્ઠિરને આશ્ચર્ય લાગ્યું. પછી એમણે પણ યુધિષ્ઠિરને પાછો સંદેશો કહાવી મોકલ્યો. તે સાંભળીને સંજય તથાસ્તુ કહીને હસ્તિનાપુર ગયો. યુધિષ્ઠિરે છેવટે સામ કરવા સારુ કૃષ્ણને કૌરવો પાસે મોકલ્યા. (૪ કૃષ્ણ શબ્દ જુઓ).

સામ ઉપાયથી કશું ન વળતાં આખરે યુદ્ધ કરવાનો જ નિશ્ચય થતાં પાંડવો અને દુર્યોધને લશ્કરનો જમાવ કરવાનો આરંભ

કર્યો. બન્ને પક્ષે પોતપોતાના મહારથીઓને પોતાના પક્ષમાં લીધા. મદ્ર દેશાધિપતિ શલ્ય રાજા પાંડવો પાસે જતો હતો પણ દુર્યોધને યુક્તિથી તેને પોતાના પક્ષમાં લઈ લીધો. (શલ્ય શબ્દ જુઓ).

પાંડવો અને ધાર્તરાષ્ટ્રો વચ્ચે જે ઘોર યુદ્ધ થયું તે ભારતીયુદ્ધ—મહાભારત અગર ભારત નામે પ્રસિદ્ધ છે. (ભારતીયુદ્ધ શબ્દ જુઓ). આ યુદ્ધ ચાલતું હતુ ત્યારે જયદ્રથના વધ થતાં પહેલાં દુર્યોધન પોતે અર્જુન પર ચઢી ગયો. પણ એણે સખ્ત હાર ખાધી. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૦૨-૧૦૩**).

ભીષ્મ, દ્રોણ અને કર્ણ એ ત્રણે, તેમ જ દુઃશાસન, શકુની આદિ ઘણાએ મહારથી મરણ પામ્યા, તેથી દુર્યોધન ઘણો દિલગીર થયો. તે વખત અશ્વત્થામાની સૂચના ઉપરથી શલ્યને સેનાપતિ નીમ્યો. પરંતુ શલ્ય પણ મરી ગયો, જેથી એ ભયભીત થઇ ગયો. પોતાને જલસ્તંભવિદ્યા આવડતી હોવાથી એને યોગે એ એક તળાવડીમાં જઇને સંતાઇ રહ્યો. પાંડવો એને ચોતરફ શોધતા હતા, પણ એ જડે નહિ. આથી પાંડવોએ એવી વાત જાહેર કરી કે જે કોઇ દુર્યોધનને પકડાવી દેશે તેને અમુક દ્રવ્ય મળશે. એ ઉપરથી કેટલાક લોભી માણસોએ પાંડવ પાસે આવી કહી દીધું કે દુર્યોધન દ્વૈપાયનહ્રદ નામના સરોવરમાં છે. ભીમસેને સંતુષ્ટ થઇને એ લોકોને કહેલું ધનમ આપ્યું. પછી કૃષ્ણ અને યુધિષ્ઠિર સહવર્ત્તમાન પાંડવો દ્વૈપાયનહ્રદ ઉપર ગયા. કૃષ્ણ અને યુધિષ્ઠિરે એને અનેક અનેક વાતો કહીને યુક્તિવડે હ્રદની બહાર કહાડ્યો. પછી યુદ્ધને અઢારમે દિવસે દિવસના બે પહોર પછી ભીમ અને દુર્યોધનનો યુદ્ધનો આરંભ થયો. (**ભા૨૦ શલ્ય૦ અ૦ ૩૩-૩૫**).

ભીમસેન અને દુર્યોધનનો યુદ્ધનો પ્રસંગ ચાલતો હતો દરમ્યાન યાત્રાએ ગએલા બલરામ એકાએક ત્યાં આવી ચઢયા. તેમણે એ બન્નેને ઘણો ઉપદેશ કર્યો, પરંતુ તેઓ યુદ્ધ કરતા અટકે નહિ. એટલામાં દુર્યોધનની જાંઘ ઉપર ભીમસેને ગદા મારી, એને ભોંયપર પાડયો. ગદાયુદ્ધનો નિયમ છે કે તેમાં કમ્મરથી નીચે ઘા કરાય નહિ; છતાં ભીમસેને જાંઘ પર ઘા કર્યો તે જોઇને બલરામ બહુ ગુસ્સે થઈ ગયા અને પોતે ગદા લઇ ભીમસેન પર ધાયા. પરંતુ કૃષ્ણે તેમને શાંત પાડયા અને સમજણ પાડી કે 'તારી જાંઘપર ગદા બેસસે અને તેથી તું મરણ પામીશ' એવો દુર્યોધનને મૈત્રેયઋષિનો શાપ હતો. એ ઋષિના શાપને અનુસરીને આમ બન્યું છે, એમાં ભીમસેનનો વાંક કાઢવાનો નથી. પછી શાંત થઇને બલરામ દ્વારકા ગયા. (**ભા૨૦ શલ્ય અ૦ ૬૧**).

પછી દુર્યોધન રણમાં પડયો હતો ત્યારે અશ્વત્થામા એની પાસે આવ્યો. દુર્યોધને એને સેનાપતિ સ્થાપ્યો. અશ્વત્થામા ધૃષ્ટદ્યુમ્નાદિક પાંચાલો અને પાંડવોને મારીને પાછો આવ્યો અને બડાઇ ભરેલી વાણીમાં એને આ વાત કરી. દુર્યોધને એનાં ગૌરવ ભર્યાં વચનો કહેતાં કહેતાં પ્રાણ ત્યાગ કર્યો. (**ભા૨૦ સૌપ્તિક૦ અ૦ ૯**). (૧ અશ્વત્થામા શબ્દ જુઓ).

दुर्योधन जीवसि चेद्वाक्यं श्रोत्रसुखं शृणु ॥
... ...
कृते प्रतिकृतं पश्य हतपुत्राहि पाण्डवाः ॥
सौप्तिके शिबिरं तेषां हतं स नरवाहनम् ॥६१॥
मया च पापकर्माऽसौ धृष्टद्युम्नो महीपते ।
प्रविश्य शिबिरं रात्रौ पशुमारेण मारितः ॥६२॥
दुर्योधनस्तु तां वाचं निशम्य मनसः प्रियाम् ।
प्रतिलभ्य पुनश्चेत इदं वचनमब्रवीत् ॥ ६३ ॥
नमेऽकरोत्तद्वाङ्मेयो न कर्णो न च ते पिता ।
यत्त्वया कृपभोजाभ्यां सहितेनाद्य मे कृतम् ॥६४॥
स च सेनापतिः क्षुद्रो हतः सार्धं शिखण्डिना ।
तेन मन्ये मघवता सममात्मानमद्य वै ॥ ६६ ॥
स्वस्ति प्राप्नुत भद्रं वः स्वर्गे नः संगमः पुनः ।

ઉપરની સઘળી હકીકત ઉપરથી દુર્યોધનનો સ્વભાવ કેવો હશે એ ધ્યાનમાં આવે એમ છે, માટે એનું વિશેષ વર્ણન કરવાની જરુર નથી. મરતાં મરતાં અંતઃકાળ સમયે પણ એની દુર્બુદ્ધિ ગઈ નહોતી.

એને લક્ષ્મણ નામે પુત્ર અને લક્ષ્મણા નામે કન્યા એમ બે સંતાન હતાં. એનો પુત્ર તો એના જીવતાંજ અભિમન્યુને હાથે મરણ પામ્યો હતો. એની કન્યા કૃષ્ણના પુત્ર સાંબને વરાવી હતી તે જ માત્ર એની પાછળ જીવતી હતી.

દુર્વાસા. સ્વાયંભુવ મન્વંતર માંહ્યલા અત્રિ ઋષિથી કર્દમની કન્યા અનસૂયાને પેટે અવતરેલા ત્રણ પુત્રોમાંનો બીજો. એણે કાંઈ અપરાધ સારૂં ઇન્દ્રને શાપ્યો હતો કે તારી સર્વ સંપત્તિ સમુદ્રમાં પડશે. તેમ તે પડી હતી. પછી સમુદ્રમથન દ્વારા એણે આપેલા ઉશાપને લીધે પાછી મળી હતી. ચાક્ષુષ મન્વંતરમાં સ્વર્ગમાં મંત્રદ્રુમ નામે ઇન્દ્ર હતો તેના સંબંધમાં આ વાત હોવી જોઇએ. કારણ સમુદ્રમથન ચાક્ષુષ મન્વંતરમાં થયું હતું. એક ઇન્દ્રને થએલો શાપ બીજા ઇન્દ્રને બાધક થાય એમ બને નહિ,

દુર્વાસા (૨). વૈવસ્વત મન્વંતરમાંના અત્રિ ઋષિથી અનસૂયાને થએલા ચાર પુત્રોમાંનો બીજો. એ મહા તપસ્વી હતો. એ કાલરુદ્રાગ્નિનો અંશાવતાર જન્મ્યો હતો. તેથી મહાદેવની આજ્ઞાથી શ્વેતકી નામના રાજાએ એને પોતાના યજ્ઞમાં ઋત્વિજ બનાવ્યો હતો. (શ્વેતકી શબ્દ જુઓ). એ ઉત્તમ કોટિનો બ્રહ્મવેત્તા હતો. એ સ્વભાવતઃ બહુ જ ક્રોધી હતો. અંબરીષ રાજા ઉપર ક્રોધ કરીને એણે કૃત્યા છોડી હતી, જેથી દ્વાદશી તિથીના અભિમાની દેવ વિષ્ણુનું સુદર્શન ચક્ર એની વાંસે પડ્યું હતું. (૨ અંબરીષ શબ્દ જુઓ.)

એક વખત એ દ્વારકા ગયો હતો, ત્યારે કૃષ્ણે એનો બહુ જ સત્કાર કરી પોતાને ત્યાં રાખ્યો હતો. તે વખત એણે કૃષ્ણને ઘણી વખત સતાવ્યા હતા. એક વખત કૃષ્ણની પાસે ખીર કરાવી અને તે ખીર પોતાને હાથે રુક્મિણી અને કૃષ્ણને શરીરે ચોપડી હતી! બીજી વખત રથે ઘોડા ન જોડતાં કૃષ્ણ અને રુક્મિણીને જોડ્યાં અને રુક્મિણી બરાબર ચાલે નહિ તો તેને ચાબુક માર્યા હતા. આમ થતાં પણ કૃષ્ણને ક્રોધ ઉત્પન્ન થયો નહિ, એટલું જ નહિ પણ રુક્મિણીની મુખમુદ્રા પણ પ્રસન્ન જ રહી હતી. તે ઉપરથી પોતે બહુ પ્રસન્ન અને સંતુષ્ટ થઇ બન્નેને ઘણા પ્રકારનાં ઇચ્છિત વરદાનો આપી સ્વસ્થાન ગયો હતો. **(ભા૨૦ અનુ૦ અ૦ ૨૬૪).**

એની એવા પ્રકારની સેવા દુર્યોધને પણ કરી હતી. દુર્યોધને વર માગ્યો કે પાંડવોને ત્યાં જઈ ભોજન કરવા ખાતર નહિ પણ પાંડવોનું સત્વ જોવા સારુ મધ્યરાત્રિ પછી જ્યારે ભોજન વગેરે આટોપવાયું હોય તે વખત ભોજન માગવું. જો ભોજન ન આપે તો તેમને શાપવા. દુર્યોધનને પક્કે પાયે ખબર હતી કે દ્રૌપદીના જમ્યા પછી સૂર્યે આપેલી થાળીમાંથી અન્ન ઉત્પન્ન થતું નહોતું, એટલે દુર્વાસા માગશે તે ભોજન પાંડવો આપી શકશે નહિ; અને પરિણામે દુર્વાસા ક્રોધ કરીને એમને શાપ દેશે. દુર્યોધનનું આ કહેવું દુર્વાસાને રુચ્યું નહિ, પણ પોતે વર માગ એમ કહ્યું હતું એટલે નિરુપાયે ત્યાં ગયો. પોતાના અયુત (દશ હજાર) શિષ્યો સાથે મધ્ય રાત્રે કામ્યકવનમાં જઇને એણે પાંડવો પાસે અન્નની માગણી કરી. યુધિષ્ઠિરે તથાસ્તુ કહીને કહ્યું કે આપ સ્નાન કરી આવો, એટલામાં હું જમવાની તૈયારી કરું છઉં. ઋષિ સ્નાન કરવા ગયા અને યુધિષ્ઠિરે આશ્રમમાં આવીને દ્રૌપદીને જગાડીને ઋષિ આવ્યાના સમાચાર કહ્યા. એ સાંભળીને એ ગભરાઈ અને લાગલું જ કૃષ્ણનું સ્મરણ કર્યું. કૃષ્ણ ત્યાં તત્કાળ પ્રગટ થયા. દ્રૌપદીને અને પાંડવોને પોતે સર્વાત્મા છે એનો પરચો દેખાડવા કૃષ્ણે સૂર્યની આપેલી થાળીમાં શાકપત્ર ઉપજાવી બધાંના દેખતાં પોતે ખાધું. એમના જમીને તૃપ્ત થતાં જ દુર્વાસા અને સઘળા ઋષિયો પરમ તૃપ્ત થયા. દ્રૌપદીની આગળ ઢગલે ઢગલા ખાદ્ય પદાર્થો ઉત્પન્ન થયા, એ જોઇને દ્રૌપદીને ધીરજ આવી; અને યુધિષ્ઠિરને ઋષિને બોલાવરાવવાનું કહ્યું. એણે સહદેવને ઋષિને તેડવા મોકલ્યો પણ, ઋષિ કોઇ સ્થળે મળે જ નહિ! સ્નાન કરતાં કરતાં જ બિલકુલ જમાય નહિ એમ તૃપ્ત થઈ જવાથી, યુધિષ્ઠિરનું કલ્યાણ થાઓ એવો આશીર્વાદ દઇને ઋષિ ત્યાંથી જતા રહ્યા હતા! **(ભા૨૦ વન૦ અ૦ ૨૬૪).**

દુર્વાક્ષી. કૃષ્ણપિતા વસુદેવના વૃક નામના ભાઈની સ્ત્રી. એને તક્ષ, પુષ્કર વગેરે પુત્રો હતા.

દુર્વિભાગા. એક દેશ વિશેષ.

દુર્વિમોચન. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

દુર્વિશોચન. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

દુર્વિષય. ,, ,, ,,

દુઃશલ. ,, ,, ,,

દુઃશલા. સો પુત્ર પછી ગાંધારીને ધૃતરાષ્ટ્રથી એક પુત્રી થઈ હતી તે. સિંધુ દેશાધિપતિ જયદ્રથને વરાવી હતી,

દુઃશાસન. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક, અને દુર્યોધનનો નાનો ભાઈ. એ પણ દુર્યોધનના જેવો જ શૂર, પરાક્રમી અને મહારથી છતાં ઘણો જ દુષ્ટ હતો. શકુનીએ કપટ દ્યૂતથી પાંડવોની બધી સંપત્તિ હરી લઇને દ્રૌપદી ધરાધરીને જિતી, ગયા ત્યારે દુઃશાસન દુર્યોધનના કહેવાથી દ્રૌપદી રજસ્વળા હતી છતાં એનો ચોટલો પકડીને એને અંતઃપુરમાંથી સભામાં લાવ્યો હતો. નિર્લજ બનીને બિચારીને સભામાં નગ્ન કરવાનો પ્રયત્ન કર્યો, પણ કૃષ્ણના અલૌકિક સામર્થ્યને લીધે તેમાં ફાવ્યા નહિ, ત્યારે જ એ વાત પડી મુકી. એના આ કુકર્મથી ગુસ્સે થઇ ભીમે ઘોર પ્રતિજ્ઞા કરી હતી કે હું દુઃશાસનનું લોહી પીશ. અને દ્રૌપદીનો ચોટલો જે હાથે પકડ્યો છે તેને મૂળમાંથી ઉખેડી નાંખીશ.

દુઃશાસન દુર્યોધનની ઇચ્છા પ્રમાણે વર્ત્તનારો હોવાથી એણે એને યૌવરાજ નિમ્યો હતો.

જે સમયે ભારતનું યુદ્ધ થયું ત્યારે શકુની સહિત એને સાત્યકીની સાથે જબરી લઢાઇ થઇ હતી. તેમાં એ બન્ને હાર પામ્યા હતા. દ્રોણાચાર્યે એનો પુષ્કળ તિરસ્કાર કર્યો હતો. **(ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૨૩–૧૨૬,)** છેવટે ભીમસેને એણે જે હાથે દ્રૌપદીનો કેશ કલાપ પકડ્યો હતો તેને મૂળથી ઉખાડી નાંખ્યો. છાતી ચીરીને એના રુધિરનું પાન કર્યું અને પોતાની ઘોર પ્રતિજ્ઞા સિદ્ધ કરી એને મારી નાંખ્યો હતો. (૧ ભીમસેન શબ્દ જુઓ).

દુષ્કંત. રાવણે હરાવેલો એક રાજા.

દુષ્કર્ણ. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક,

દુષ્પ્રધર્ષણ. ,, ,, ,,

દુષ્યંત. સોમવંશી પૂરુકુળોત્પન્ન રૌદ્રાશ્વના પુત્ર ઋતેયુના કુળમાં જન્મેલા રૈભ્ય રાજાનો પુત્ર એને તુર્વસુકુળોત્પન્ન મરુત રાજાએ પોતાને સંતતિ ન હોવાથી દિકરો માની પોતાનું સઘળું રાજ્ય આપ્યું હતું. એને શકુંતલા નામે સ્ત્રી હતી. એને પેટે સર્વદમન ઉર્ફે ભરત નામે પુત્ર થયો હતો. (શકુંતલા શબ્દ જુઓ).

દુઃસહ. ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર.

દુઃસ્વભાવ. ધૃતરાષ્ટ્ર નામના નાગના પુત્રોમાંનો એક (અષ્ણુવાહન શબ્દ જુઓ).

દૂર્વ. સોમવંશી પૂરુકુળોત્પન્ન પાંડવવંશીય નૃપંજય રાજાનો પુત્ર. એનો પુત્ર તિમિ નામે રાજા હતો.

દૂષણ. ખર નામના રાક્ષસનો સેનાપતિ એને વજ્રવેગ અને પ્રમાથિ નામે બે ભાઇ હતા. એ પોતાના ચાર અમાત્યો સહિત જનસ્થાનને વિશે રામને હાથે મરણ પામ્યો હતો. (૧ ખર શબ્દ જુઓ).

દૂષણા. ઋષભદેવ વંશના ભૌવન રાજાની સ્ત્રી. એને ત્વષ્ટા નામે પુત્ર હતો.

દઢ. ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા (ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૫૮).

દઢ (૨) ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક. (ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૩૭).

દઢદ્યુમ્ન. એક બ્રહ્મર્ષિ-(૨ અગસ્ત્ય શબ્દ જુઓ).

દઢક્ષત્ર. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

દઢધન્વા. દ્રૌપદી સ્વયંવરમાં આવેલો એક રાજા. (ભાર૦ આદિ૦ અ૦ ૨૦૧).

દઢનેત્ર. વિશ્વામિત્ર ઋષિના પુત્રમાંનો એક. (વા૦ રા૦ બાળ૦ સ૦ ૫૭).

દઢનેમિ. સોમવંશી પૂરુકુળોત્પન્ન હસ્તિના પુત્ર દેવમીઢ અગર દ્વિમીઢના વંશના સત્યધૃતિ રાજાનો પુત્ર એને સુપાર્શ્વ નામે પુત્ર હતો.

દઢરથ. એક રાજર્ષિ.

દઢરથ (૨). ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક. (ભાર૦ દ્રોણ૦ ૧૫૮૦)

દઢરુચિ. પ્રિયવ્રતપુત્ર હિરણ્યરેતાના સાત પુત્રોમાંનો ત્રિજો. એનો દેશ એને જ નામે પ્રસિદ્ધ છે.

દઢરુચિ (૨) કુશદ્વીપના સાત દેશમાંનો ત્રિજો.

દઢવર્મા. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક

દઢવ્ય. એક ઋષિ. (ભાર૦ અનુ૦ અ૦ ૨૫૫)

દઢસંઘ. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

દઢસેન. દ્રોણાચાર્યે મારેલો પાંડવ પક્ષનો એક રાજા. (ભાર૦ દ્રોણ૦ અ૦ ૨૧).

દઢસ્યુ. અગસ્ત્ય ઋષિથી લોપામુદ્રાને પેટે થએલો પુત્ર. એ સાત વર્ષ સુધી ગર્ભમાં રહ્યો હતો. નાનપણમાંથી જ એ વેદવેદાંગપારગ અને જબરો તપસ્વી હતો. એ નાનો હતો ત્યારથી જ રોજ હજાર માણસથી ઉચકાય એટલી સમિધ એ એકલો ઉચકી લાવતો. આથી મશ્કરીમાં અગસ્ત્ય એને ઇધ્મવાહ (ઇધ્મ-સમિધ) કહેતો. અનપત્ય હોવાથી એણે આને પુત્ર કરી લીધો હતો. (ભાર૦ વન૦ અ૦ ૯૭).

દઢહનુ. સોમવંશ પુરુકુળોત્પન્ન હસ્તિરાજાના પુ[illegible] અજમીઢ રાજાના વૃહદિષુ નામના પુત્ર[illegible] વંશના સેનજિત્ રાજાના ચાર પુત્રોમાંનો બીજો. એના મોટા ભાઇનું નામ રુચિરાશ્વ.

દઢહસ્ત. ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર.

દઢક્ષત્ર. " " " "

દઢાયુ. સોમવંશી ઐલના પુરરવનો પુત્ર. તેની મા ઉર્વશી.

દઢાયુધ. " " "

દઢાશ્વ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન કુવલાશ્વ રાજાના એકવીસ હજાર પુત્રોમાંથી ઉગરેલા ત્રણ પુત્રોમાંનો મોટો. એને પ્રમોદ નામનો પુત્ર હતો.

દઢાસ્ય. અગસ્ત્ય પુત્ર દઢસ્યૂનો ભાઇ. (મસ્ત્ય૦ અ૦ ૨૦૨).

દઢેયુ. એક ઋષિ.

દૃષદ્વતી. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અનરણ્ય રાજાના પુત્ર હર્યશ્વ રાજાની સ્ત્રી.

દૃષદ્વતી (૨). ભારતવર્ષીય એક નદી. (૨ હિમાલય શબ્દ જુઓ). પાંડવાના સમયમાં આ નદી હસ્તિનાપુર અને કુરુક્ષેત્રની મધ્યે વહેતી હતી. કુરુક્ષેત્ર તે મહાભારતની યુદ્ધભૂમિ.

દૃષ્ટરથ. એક રાજર્ષિ.

દેવ. સ્થૂળ, સૂક્ષ્મ પદાર્થ, અને એનાં કારણ, એ બધાંને જે પોતાના પ્રકાશવડે પ્રકાશિત એટલે દ્યોતન કરનાર-પરમાત્મા તે.

દેવ (૨). જેને નિમેષોન્મેષ થતી નથી, જ્યોતિરુપ દેહ હોવાથી [illegible] જેનો પડછાયો પડતો [illegible] અને પૃથ્વીપર [illegible]વતાં ભોંયને [illegible] જેનો પાદસ્પર્ષ થતો નથી [illegible] એવા [illegible] સ્વર્ગ, અને ઉપલક્ષણવડે સત્યાદિ લે[illegible] [illegible]વાસીઓને દેવ કહેવામાં આવે છે તે [illegible] [illegible]ધા. અદિતિ પુત્રોને આ નામ સાધારણ [illegible]તે લગાડાય છે.

पितामहो जगन्नाथः सावित्री ब्रह्मणः सती
वेदभूरथ कर्ता च विष्णुर्नारायणः प्रभुः ॥९॥
उमापति र्विरूपाक्षः स्कंदः सेनापतिस्तथा
विशाखो हुत्भुग्वायुश्चंद्र सूर्यौ प्रभाकरौ ॥१०॥
शक्रः शचीपति र्देवो यमो धूमोर्णया सह
वरुणः सह गौर्याच सह रुद्ध्या धनेश्वरः॥११॥
सौम्या गौः सुरभिर्देवी विश्रवा च महान् ऋषिः
संकल्पः सागरो गंगा स्रवंत्योथ मरुद्गणः॥१२॥

आदित्या वसवो रुद्राः साश्विनः पितरोपि च
धर्माः शुतं तपो दीक्षा व्यवसायः पितामहः १६
शर्वर्यो दिवसाश्चैव मारीचः कश्यपस्तथा
शुक्रो बृहस्पति र्भौमो बुधो राहुः शनैश्चरः२७
नक्षत्राण्यृतवश्चैव मासाः पक्षाः संवत्सराः
वैनतेयाः समुद्राश्च कद्रुजाः पन्नगास्तथा १८

આ પ્રમાણે બ્રહ્મદેવથી માંડીને નાગ પર્યંત, તેમજ વાલખિલ્યાદિક, નારદાદિક, ઉર્વશ્યાદિક અપ્સરા, શતદ્રુ આદિ નદીઓના દેવ વિશેષ, હિમવાનાદિ પર્વતના દેવ વિશેષ, એ સઘળાંને "દેવ" એવું નામ લગાડાય છે.

દેવઋષભ. વૈવસ્વત મન્વંતરમાંના ધર્મઋષિને ભાનુ નામની સ્ત્રીને પેટે થયેલો પુત્ર. એના પુત્રનું નામ ઇંદ્રસેન.

દેવક. સોમવંશી યદુકુળોત્પન્ન સાત્વત રાજાના વંશના આહુક રાજાના બે પુત્રમાંનો પહેલો. ઉગ્રસેનનો મોટો ભાઇ. એને દેવવાન્, ઉપદેવ, સુદેવ અને દેવવર્દ્ધન નામે ચાર પુત્રો અને ધૃતસેવા, શાંતિદેવા, ઉપદેવા, શ્રીદેવા, દેવરક્ષિતા, સહદેવા અને દેવકી એમ સાત કન્યાઓ હતી. આ સઘળીઓને વસુદેવને પરણાવી હતી.

દેવક (૨). યુધિષ્ઠિરને પૌરવીને પેટે થયેલો પુત્ર.

દેવકલ્પ. બ્રહ્મદેવનો છટ્ઠો દિવસ, અમર-કલ્પ. (૪ કલ્પ શબ્દ જુઓ).

દેવકી. દેવક રાજાની કન્યા અને વસુદેવની સ્ત્રી. એને કૃષ્ણ વગેરે આઠ પુત્ર થયા હતા.

દેવકુલ્યા. સ્વાયંભૂ મન્વંતરમાંના મરીચિ ઋષિના પુત્ર પૂર્ણિમાની કન્યા. એણે જન્માંતરે ભગવાનનું પાદપ્રક્ષાલન કર્યું હતું, તેના પુણ્યપ્રભાવે કરીને એ હાલ સ્વર્ધુની-સ્વર્ગની નદી રુપે છે.

દેવકુલ્યા (૨). ઋષભદેવવંશીય ભૂમા રાજાની સ્ત્રી. પ્રસ્તાવની માતા.

દેવકૂટ. મેરુની તળેટી આસપાસના પર્વતોમાં પૂર્વ દિશા તરફ આવેલો પર્વત.

દેવકૂટ (૨). ભારત[illegible] એક તીર્થ.

દેવગંધર્વ. કશ્યપ ઋષિને મુની નામની સ્ત્રીથી થયેલા સોળ ગંધર્વ તે. તેમનાં નામઃ—ભીમસેન, ઉગ્રસેન, સુપર્ણ, વરૂણ, ગોપતિ, ધૃતરાષ્ટ્ર, સૂર્યવર્ચા, સત્યવાક્, અર્કપર્ણ, પ્રયુત, ભીમ, ચિત્રરથ, શાલિશિરા, પર્જન્ય, કલિ અને નારદ. (ભાર૦ આદિ૦ અ૦ ૬૬ શ્લો. ૪૨-૪૪.)

દેવગંધર્વ (૨). કશ્યપને પ્રાધાને પેટે થએલા દશ દેવગંધર્વ તે. તેમનાં નામઃ—સિદ્ધ, પૂર્ણ, બર્હિ, પૂર્ણાયુ, બ્રહ્મચારી, રતિગુણ, સુપર્ણ, વિશ્વાવસુ, ભાનુ, અને સુચંદ્ર. આ સિવાય એને અતિબાહુ, હાહા, દૂદૂ અને તુંબુરુ એવા બીજા ચાર પુત્રો હોય એમ પુરાણાંતરે જણાય છે.

દેવગર્ભા. કુશદ્વીપની એક નદી.

દેવજાતિ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

દેવજિવૃ. એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ).

દેવતાજિત્. ઋષભદેવના પુત્ર ભરતના સુમતિ નામના પુત્રને વૃદ્ધસેનાની કુખે થએલો પુત્ર. એને આસુરી નામે સ્ત્રી હતી અને તેનાથી દેવદ્યુમ્ન નામે પુત્ર થયો હતો.

દેવદત્ત. શરીરસ્થ ઉપપ્રાણમાંનો એક.

દેવદત્ત (૨). સૂર્યવંશી નરિષ્યંત કુલોત્પન્ન ઉરુશ્રવા રાજાનો પુત્ર. એના પુત્રનું નામ અગ્નિવેશ્ય.

દેવદત્ત (૩). ઇંદ્રે અર્જુનને આપેલા શંખનું નામ. (ભાર૦ સભા૦ ૩૦ શ્લો૦ ૯).

દેવદુત. એક દેવર્ષિ.

દેવદ્યુમ્ન. ઋષભદેવ વંશીય દેવતાજિત્ રાજાને આસુરી નામની સ્ત્રીથી જન્મેલો પુત્ર. એને ધેનુમતી નામે સ્ત્રી અને તેની કુખે થએલો પરમેષ્ટી નામે પુત્ર હતો.

દેવધાની, માનસોત્તર પર્વત ઉપર દ્વાદસ આદિત્યમાના ઇન્દ્ર નામના આદિત્યની નગરી. એ નગરીનાં 'વસ્ત્વેકસારા' અને 'માહેંદ્રી' એવાં બીજાં નામ પુરાણાંતરે મળી આવે છે. આ નગરીના યામ્યોત્તરવૃત્ત-રેખાંશવૃત્ત ઉપર જ્યારે સૂર્ય આવે છે, ત્યારે ત્યાં મધ્યાન્હ હોઇને ઉત્તર દિગ્પાળની વિભાવરી નામની નગરીમાં સૂર્યાસ્ત કાળ, દક્ષિણ દિગ્પાળની સંય-

મિની નગરીમાં સૂર્યોદયનો સમય અને પશ્ચિમ દિગ્પાળની નિમ્લોચિની નગરીમાં મધ્યરાત્ર હોય છે. આ પ્રમાણે જુદા જુદા યામ્યોત્તર-વૃત્ત ઉપર સૂર્ય આવતાં પૂર્વ પશ્ચિમની જુદી જુદી જગાએ સૂર્યોદય, મધ્યાન્હ અને સૂર્યાસ્ત થયે જાય છે.

દેવપતિ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

દેવપથ. ભારતવર્ષીય તીર્થ.

દેવપાળ. શાકદ્વીપસ્થ એક પર્વત વિશેષ.

દેવપ્રસ્થ. અર્જુને જિતેલા સેનાબિંદુ રાજાની ઉ-ત્તર તરફની નગરી. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૮**).

દેવપ્રસ્થ (૨). ગોપ વિશેષ-કૃષ્ણ અને બળરા-મનો બાલ્યાવસ્થાનો મિત્ર. (**ભાગ૦ દશમ૦ અ૦ ૨૨.**)

દેવપ્રહાર. સ્વર્ગનો એક દેવ વિશેષ. (**મત્સ્ય૦ અ૦ ૬.**)

દેવબાહુ. સોમવંશી યદુકુળોત્પન્ન સાત્વત વંશના તદ્દીક રાજાના પાંચ પુત્રમાંનો એક.

દેવભાગ. સોમવંશી સાત્વત વંશના સૂર રાજાને મારીષા નામની સ્ત્રીથી થએલા દસ પુત્રો-માંનો બીજો. કંસની બ્હેન કંસા એની સ્ત્રી થાય. એને પેટે એને ચિત્રકેતુ, બૃહદ્બલ, અને ઉદ્ધવ એમ ત્રણ પુત્રો થયા હતા.

દેવમન. એક બ્રહ્મર્ષિ. (**ભા૨૦ અજમેઢ૦ અ૦ ૨૫**).

દેવમતિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

દેવમીઢ. વિદેહવંશી કૃતિરથ જનકનો પુત્ર. એનો પુત્ર વિશ્રુત જનક.

દેવમીઢ (૨). સોમવંશીય પૂરુકુળોત્પન્ન હસ્તિ-રાજાના દ્વિમીઢનું બીજું નામ.

દેવમીઢ (૩). સોમવંશી સાત્વત કુળોત્પન્ન તદ્દીક રાજાના પાંચ પુત્રોમાંનો એક. એનો પુત્ર તે શૂર રાજા.

દેવયજન. માંધાતા રાજાએ જે સ્થળે યજ્ઞ કર્યા હતો તે સ્થળનું નામ.

દેવયાન. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

દેવયાની. એ વારુણી ભૃગૂના પુત્ર શુક્રની કન્યા. પુરંદર ઇંદ્રની કન્યા જયંતીની કુખે એ જન્મી હતી. એ નાનપણમાંથી જ તપસ્વિની, વિદ્યાસંપન્ન અને પિતાને ઘણી જ પ્રિય હતી. શુક્રાચાર્યની પાસે બૃહસ્પતિનો પુત્ર કચ મૃત સંજીવનની વિદ્યા સંપાદન કરવાના હેતૂથી અધ્યન કરવા આવી રહ્યો હતો એના ઉપર દેવયાનીનું મન બેઠું હતું. એણે એને ઘણીક વખત દૈત્ય દાનવોથી મરણ પામ્યા છતાં જીવાડ્યો હતો. કચ વિદ્યા સંપાદન કરી ઘેર જતી વખત દેવયાનીએ એની સાથે લગ્ન કર-વાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી. પણ કાંઇ એક કારણથી કચે એનો સ્વીકાર નહોતો કર્યો. (૧ કચ શબ્દ જુઓ).

કચના આશ્રમમાંથી ગયા બાદ કેટલેક કાળે એક સમય વૃષપર્વાની કન્યા શર્મિષ્ઠા પોતાની સખીઓને લઇને વનવિહાર કરવા ગઇ હતી. તેની સાથે દેવયાની પણ પોતાની સખીઓને લઇને ગઇ હતી. કેટલીક રમતો કર્યા પછી બધીના મનમાં આવ્યું કે સરોવરમાં સ્નાન કરીએ. બધી કન્યાઓ પોતપોતાનાં લૂગડાં કાંઠે મૂકી સરોવરમાં નહાવા પડી. ઘણા વ-ખત સુધી પાણીમાં ગમ્મત કર્યા બાદ બધાં બહાર નિકળીને પોતપોતાનાં વસ્ત્ર પહેરવા લાગ્યાં. પણ તેમાં શર્મિષ્ઠાએ ભૂલથી પોતાનાં વસ્ત્રને વરાંસે દેવયાનીનાં વસ્ત્ર પહેરી લીધાં. દેવયાની બહાર આવી જુએ છે તો માત્ર શર્મિષ્ઠાનાં જ વસ્ત્ર એને પહેરવાને બાકી રહ્યાં હતાં. આ ઉપરથી એને ઘણો ગુસ્સો આવ્યો અને તિરસ્કાર પૂર્વક કહેવા લાગી કે અરે શર્મિષ્ઠા ! તારા પિતા જેને પૂજ્ય ગણે છે એવા મારા પિતા, શુક્રાચાર્યની કન્યા હોવાથી હું પણ તારા મનથી પૂજ્ય હોવી જોઇએ. છતાં તેં મારાં વસ્ત્ર પહેર્યાં એ મોટો અવિવેક કર્યો. તમે બધા દૈત્ય, દાનવો મારા પિતા શુક્રાચાર્યના બળ ઉપર ઝૂકી સુખમાં રહો છો. નિકર કયાંએ રસાતળમાં અટવાઇ ગયા હોત. એનાં આવાં વચનો સાંભળીને

શર્મિષ્ઠાએ, હું ભૂલી ગઇ, મેં ભુલમાં પહેર્યાં, એમ સ્વભાવિક રીતે કહેવું જોઇતું હતું. પણ તેમ ન કરતાં એ દેવયાની પ્રતિ કહેવા લાગી કે હું રાજાની એટલે દાન આપનારની કન્યા અને તું દાન લેનાર-યાચકની કન્યા એટલે તારી અને મારી પદ્વીમાં ઘણું જ અંતર. તેથી તારાં વસ્ત્ર પરિધાન કરવાથી મારી હલકાસ જણાય, તેને બદલે તું જાણે મહા ઉચ્ચ હોય એવો દાવો કરતાં તને લાજ નથી આવતી ? આ પ્રમાણે બન્ને કન્યાઓ આપસ આપસમાં લડી પડી. બોલાબોલી ઉપરથી છેલ્લે પાટલે વાત ગઇ અને અવિચારી શ-ર્મિષ્ઠાએ દેવયાનીને પોતાનાં વસ્ત્ર પહેરવા ન દીધાં, એટલું જ નહિ, પણ એનાં વસ્ત્ર પણ પાછાં આપ્યાં નહિ. દેવયાનીને નગ્ન અવસ્થામાં પાસે એક કુવો હતો તેમાં હડસેલી પાડી, શર્મિષ્ઠા પોતાની સખીઓ સાથે પોતાને ઘેર ગઇ.

હવે અહીં દેવયાનીની સખીઓ શોકમગ્ન થઇને શું કરવું એ મનમાં આણીને કુવા કાંઠે અને આજુબાજુ ફરતી હતી તેવામાં દેવયા-નીને કુવામાં કાંઇ પકડવાનો આધાર મળી ગયો. એ પકડીને પોતે તરતી રહી. એની સખીઓએ આ દીઠું એટલે હવે તેને કાઢવી શી રીતે એનો યત્ન કરવા લાગી. પણ કાંઇ ફાવે નહિ. દેવયાનીએ કુવામાંથી કહ્યું કે તમે સત્વર નગરમાં જાઓ અને શર્મિષ્ઠાએ મારી આ હાલત કરી છે તે મારા પિતાને કહો. આ પ્રમાણે કહેવાને બધી સખીઓ નગર તરફ ગઇ.

દરમ્યાન નહુષપુત્ર યયાતિ રાજા મૃગયા સારુ નિકળેલો તે ત્યાં આવી ચડ્યો. એણે કુવામાંથી શોકધ્વની સાંભળતાં કોઈ દુઃખી પડ્યું છે ધારી પોતે ત્યાં ગયો. કુવામાં ડોકીયું કરતાં દેવયાનીએ એને દીઠો અને કહ્યું કે હું નગ્નાવસ્થામાં છું, માટે પહેરવાને કાંઇ વસ્ત્ર નાંખો. યયાતિએ પોતાનું ઉપવસ્ત્ર નાંખ્યું, તેવડે એણે જેમ તેમ કરીને પોતાનું શરીર જેવું તેવું ઢાંકયું. દેવયાનીએ રાજાને કહ્યું, હું દૈત્યગુરુ શુક્રાચાર્યની કન્યા દેવયાની છઉં. તમે કોણ છો તે કહો. આ ઉપરથી રાજાએ પોતાનું કુળ-ગોત્ર-નામ વ-ગેરે કહ્યું. એ સાંભળીને દેવયાનીએ યયાતિને કહ્યું કે ઇશ્વરેચ્છાથી જ આ સંબંધ થયો છે. માટે હવે મારો હાથ પકડીને મને બહાર કાઢો. બ્રહ્મર્ષિ અને રાજર્ષિ વચ્ચે ઘણાએ લગ્ન સંબંધ થયા છે. માટે શંકા ન ધરતાં મારા વચન પર વિશ્વાસ આણીને મને સત્વર બહાર કાઢો. આ ઉપરથી યયાતિ રાજાએ એનો હાથ ઝાલી કુવામાંથી કાઢી. અને એની આજ્ઞા લઈ પોતાના નગરમાં ગયો.

દેવયાનીએ પોતાની સખીઓને તેના પિ-તાને એના વિતકની હકીકત કહેવા મોકલી હતી તે કહી ગયા છીએ. બધી કન્યાઓએ શુક્રાચાર્ય પાસે જઇને સઘળી હકીકત કહી. એ સાંભળતાં જ શુક્રાચાર્ય ઉઠીને ઉતાવળો ઉતાવળો કુવા પાળે આવ્યો. જુએ છે તો દેવયાનીને કુવાની બહાર બેઠેલી દીઠી. દેવયા-નીએ આરંભથી તે પોતાને યયાતિ રાજાએ કાઢી ત્યાં સુધીનું બધું વર્ત્તમાન આચાર્યને કહ્યું. એણે પિતાને એમ પણ કહ્યું કે આવા ઉન્મત્ત દાનવો પાસે આપને રહેવું યોગ્ય નથી. છતાં આપને એ લોકો ભેળાં રહેવું હોય તો આપ સિધાવો; હું તો આવવાની નથી જ. શુક્રાચાર્યે એને બહુ પ્રકારે સમજાવી પણ એ એકની બે થઇ નહિ. આથી નિરુપાય થઇને શુક્રાચાર્ય પણ ત્યાં જ રહ્યા.

આ વર્ત્તમાન વૃષપર્વાને જાણ થવાથી તે તત્કાળ ત્યાં આવ્યો. અને આચાર્યની ઘણે પ્રકારે પ્રાર્થના કરી કે આપ નગરમાં પધારો. આપે અમારો ત્યાગ કર્યો અને ગયા તો અમે કોના બળે દેવો સામા ટકી શકીશું ? શુક્રા-ચાર્યે કહ્યું કે મારી પ્રાર્થના કરવાની જરુર નથી. દેવયાનીને સમજાવ. એ જો નગરમાં આવશે તો હું તરત જ આવીશ. એ શિવાય આવનાર નથી જ.

આ ઉપરથી વૃષપર્વાએ દેવયાનીની ઘણી પ્રાર્થના કરી અને કહ્યું કે શર્મિષ્ઠાના અપરાધ ક્ષમા કરી નગરમાં ચાલ. પણ એણે ન માનતાં કહ્યું કે મારા પિતા જ્યાં મારું લગ્ન કરે ત્યાં પોતાની જોડે બીજી દાસીઓ લેઇને શર્મિષ્ઠા જાતે આવીને મારુ દાસ્ય કરવાને સ્વીકારે તો જ હું નગરમાં આવું. તે શિવાય નહિ. તને અને તારી કન્યાને એ વાત માન્ય હોય તો શર્મિષ્ઠાને અહીં બોલાવ અને પુછી જો અને એ કબૂલ થાય તો હું નગરમાં આવું.

આખર વૃષપર્વાએ સર્મિષ્ઠાને ત્યાં તેડાવી. આવી કે દેવયાનીની માગણી એને જણાવી. આમ સંકડામણમાં આવવાથી શર્મિષ્ઠાએ દેવયાનીને સાસરે જોડે જઇને એની દાસી થવાનું કબૂલ્યું. દેવયાનીએ સર્મિષ્ઠાને કહ્યું યાચકની કન્યાનું દાસ્ય દાતાની કન્યાથી થશે? સર્મિષ્ઠાએ કહ્યું એકને માટે આખા કુળનો નાશ થવા દેવો એ યોગ્ય નથી. એ જ ન્યાયે બધા દાનવોના હિતને સારુ હું દાસીપણું અંગિકાર કરું છું. પછી દેવયાની અને શુક્રાચાર્ય નગરમાં ગયાં. દેવયાનીનું લગ્ન યયાતિ રાજા સાથે થતાં, કરાર પ્રમાણે શર્મિષ્ઠા બીજી દાસીઓ સહવર્ત્તમાન દેવયાનીની દાસી થઇ યયાતિ રાજાને ત્યાં ગઈ. (યયાતિ શબ્દ જુઓ)

દેવરત. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ)

દેવરક્ષિત દેવક રાજાની કન્યા, અને વસુદેવની સ્ત્રી. એને ગદ વગેરે નવ પુત્ર હતા.

દેવરાત. વિદેહવંશી સુકેતુ નામના જનકનો પુત્ર બૃહદ્રથ જનક એનો પુત્ર થાય. રુદ્રે મૂકેલું ધનુષ્ય આ જનકને ઘેર જ હતું; તેને સીતાના સ્વયંવર કાળે રામે તોડયું હતું (વા૦ રા૦ બાલ૦ સ૦ ૬૬) અને (ભા૨૦ સ૦ ભા૦ અ૦ ૪).

દેવરાત (૨). ભૃગુ કુલોત્પન્ન અજીગર્તના પુત્ર સુનઃશેપનું નામાન્તર. (શુનઃશેપ શબ્દ જુઓ).

દેવરાત (૩). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના કરંભી રાજાનો પુત્ર. એના પુત્રનું નામ દેવક્ષત્ર.

દેવરારી. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

દેવલ. ચાલુ વૈવસ્વત મન્વંતરની પહેલાંનો એક ઋષિ. એણે હૂહૂ ગંધર્વને તું મગરની યોનિને પ્રાપ્ત થઇશ એમ શાપ્યો હતો. આ નક્ર-મગરે-ગજેંદ્રને પકડયો હતો, ત્યારે એનો મોક્ષ કરતાં આનો પણ મોક્ષ થયો હતો. ગજેંદ્રમોક્ષ બહુ જ પ્રાચીન બનાવ છે, તેથી આ શાપ આપનાર ઋષિ દેવલ પણ ઘણો જ પ્રાચીન હોવો જોઇએ.

દેવલ (૨). એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

દેવલ (૩). પ્રત્યૂષ નામના વસુનો પુત્ર. એને ક્ષમાવંત અને મનીષિ એમ બે પુત્ર હતા.

દેવલ (૪). કૃશાશ્વ ઋષિને ધિષણાને પેટે થએલા ચાર પુત્રોમાંનો એક. (ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૬).

દેવલ (૫) જનમેજયના સર્પસત્રમાંનો એક સદસ્ય. એ પાંડવોના ઉપાધ્યાય ધૌમ્યઋષિનો ભાઇ હતો.

દેવવર્ણિની. ભારદ્વાજ ઋષિની કન્યા અને વિશ્રવા ઋષિની સ્ત્રી. (૨ વિશ્રવા શબ્દ જુઓ).

દેવવતી. ગ્રામણી ગંધર્વની કન્યા. એ સુકેશ નામના રાક્ષસની સ્ત્રી હતી.

દેવવર્ધન. સોમવંશી યદુકુળના અંધકવંશમાં થએલા આહુક રાજાનો પાત્ર અને દેવકરાજા ના ચાર પુત્રોમાંનો ચોથો.

દેવવર્ષ. પ્રિયવ્રત રાજાનો પૌત્ર, અને યજ્ઞબાહુ રાજાના સાત પુત્રોમાંનો ચોથો. એનો દેશ એને જ નામે પ્રસિદ્ધ છે.

દેવવર્ષ (૨). શાલ્મલીદ્વીપના સાત દેશોમાંનો ચોથો.

દેવવાન. યદુકુળોત્પન્ન અંધક વંશના દેવક રાજાના ચાર પુત્રોમાંનો પહેલો.

દેવવાન (૨). અક્રૂરના પુત્રોમાંનો મોટો.

દેવવાન (૩). હવે પછી થનારા રુદ્રસાવર્ણિ મનૂના પુત્રોમાંનો એક.

દેવવીતી. મેરુની નવ કન્યામાંની નવમી. આગ્નિધ્ર પુત્ર કેતુમાલની સ્ત્રી.

દેવવ્રત. ભીષ્મનું મૂળ નામ.

દેવશર્મા. એક બ્રહ્મર્ષિ. એની સ્ત્રીનું નામ રુચિ. (ભા૨૦ અનુ૦ અ૦ ૭૫).

દેવશર્મા (૨). જન્મેજયના સર્પસત્રમાંનો એક સદસ્ય.

દેવશ્રવા. એ નામના બે બ્રહ્મર્ષિ હતા. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

દેવશ્રવા (૨). સોમવંશી યદુકુળોત્પન્ન સાત્વત વંશના શૂર રાજાને મારીષાની કુખે થએલા દસ પુત્રોમાંનો એક. એ વસુદેવનો ભાઇ હતો અને કંસની બહેન કંસા એની સ્ત્રી હતી. એની કુખે એને સુવીર અને ઇષુમાન એમ બે પુત્ર હતા.

દેવશ્રેષ્ઠ. હવે પછી થનારા રુદ્રસાવર્ણિ મનૂના પુત્રોમાંનો એક.

દેવસખા. ભારતવર્ષીય પર્વત. (વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૪૩).

દેવસાવર્ણિ. ચાલુ સ્વેતવારાહકલ્પની પછી થનાર તેરમો મનૂ. એનો મન્વંતર એને નામે જ ઓળખાશે. લોકમાં એ ઋતધામા એવે નામે પણ ઓળખાશે. એને ચિત્રસેન, વિચિત્ર એવા નામે પુત્રો થશે. એના મન્વંતરમાં સ્વર્ગમાં સુકર્મા વગેરે દેવ, અને તેમનો સ્વામી દિવસ્પતિ નામે ઇંદ્ર થશે. તેમ જ નિર્મોક, તત્વદર્શી વગેરે સપ્તર્ષિ થશે. અને દેવહોત્રથી તેની બૃહતી નામની ભાર્યાની કુખે યોગેશ્વર નામે વિષ્ણુનો અવતાર થશે, અને તે ઇંદ્રને મદદ કરશે. (ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૧૩).

દેવસેના. પ્રજાપતિની બે કન્યામાંની એક. ઇંદ્રે એને કેશી દૈત્ય પાસેથી છોડાવી હતી. બાદ એ કાર્તિકને વરી હતી. (ભા૨૦ વન૦ અ૦ ૨૨૬ ને ૨૨૮).

દેવસ્થાન. એક બ્રહ્મર્ષિ.

દેવસ્થાનિ. ,, (૩ અંગિરા શબ્દ જુઓ).

દેવહવ્ય. એક બ્રહ્મર્ષિ.

દેવહૂતિ. સ્વાયંભૂ મનૂની ત્રણ કન્યાઓમાંની બીજી. એ કર્દમ ઋષિની સ્ત્રી હતી. કર્દમ પ્રજાપતિ વડે એને કલા, અનસૂયા. વગેરે નવ કન્યા અને કપિલ નામનો પુત્ર થયો હતો. દેવહૂતિ-પોતાની માતાને આત્મતત્વોપદેશ કરીને ચાલી નિકળ્યા પછી એણે નદી રુપે થઇ જઇ પોતાનો દેહ તજ્યો હતો. (ભાગ૦ ૩ સ્કં૦ અ૦ ૩૩).

દેવહ્રદ. તીર્થ વિશેષ.

દેવહોત્ર. એકની સંજ્ઞાવાળા ઉપરિચર રાજાના યજ્ઞનો એક ઋત્વિજ.

દેવહોત્ર (૨). દેવસાવર્ણિ મન્વંતરમાં થનારા વિષ્ણુના અવતારનો પિતા.

દેવક્ષત્ર. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના જ્યામઘ કુળોત્પન્ન કથ વંશમાં જન્મેલા દેવરાત રાજાનો પુત્ર. મધુરાજા એ એનો પુત્ર હતો.

દેવાંતક. મારુતીએ મારેલો એ નામનો રાવણનો પુત્ર. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭૦).

દેવાતિથિ. સોમવંશી પૂરુ કુળોત્પન્ન અજમીઢ વંશ સંભૂત જન્હુ રાજાના વંશના ક્રોધન રાજાનો પુત્ર. એનો પુત્ર ઋક્ષ્ય રાજા.

દેવાધિપ. ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. (ભા૨૦ આદિ૦ અ૦ ૬૮).

દેવાનીક. સોમવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન કુશવંશીય ક્ષેમધન્વા રાજાનો પુત્ર. એ ઘણો પરાક્રમી હતો. એને અનીહ અગર અહીનર નામે એક પુત્ર હતો.

દેવાનીક (૨). કુશદ્વીપમાંનો એક પર્વત.

દેવાપિ. સોમવંશી પૂરુકુળોત્પન્ન અજમીઢવંશ સંભૂત જન્હુ રાજાના વંશના પ્રતીપ રાજાના ત્રણ પુત્રોમાંનો મોટો પુત્ર. એ શંતનુ અને બાલ્હીક કરતાં મોટો હોવાથી પિતાની પછી રાજ્યાધિકારી થયો. પરંતુ એને કોઢ નિકળેલા હોવાથી પ્રજાએ એને ગાદી પરથી ઉઠાડી મૂકયો, અને શંતનુને બેસાડયો. તે ઉપરથી દેવાપિ કલાપગ્રામને વિશે તપ કરતો હતો. મોટો ભાઇ કુંવારો છતાં પોતે પરણવાથી શંતનુ જેમ પરિવેત્તા હતો, તે જ પ્રમાણે મોટા ભાઇનો અનાદર કરીને એને દૂર કરી રાજગાદી પર બેસવાથી એના રાજ્યમાં બાર

વર્ષ પર્યંત દુકાળ પડ્યો. આમ થવાથી શંતનુ દેવાપિ પાસે આવ્યો અને પોતાના થએલ અપરાધની ક્ષમા માગી. તે વખત દેવાપિએ કહ્યું કે હવે તને હું આજ્ઞા કરું છઉં કે તારે જઇને સ્વસ્થ પણે રાજ કરવું. તે ઉપરથી શંતનુ પાછો ગયો અને સ્વસ્થતાથી રાજ કરવા લાગ્યો. પછી એના રાજ્યમાં વૃષ્ટિ પણ થઇ અને સુકાળ થયો. (**ભાર૦ આદિ૦ અ૦ ૬૩, ૧૦૧**). એ કલાપગ્રામમાં હાલ તપ કરે છે અને આવતા સતયુગમાં ફરી સોમવંશની વૃદ્ધિ કરનારો થશે.

દેવાપિ (૨). ભારત યુદ્ધમાં કર્ણે મારેલો એ નામનો પાંડવ પક્ષનો એક રાજા. (**ભાર૦ કર્ણ૦ અ૦ ૫૧**).

દેવાપિ (૩). તપે કરીને બ્રાહ્મણ થએલો એક ક્ષત્રિ. (ભાર૦ શલ્ય૦ અ૦ ૪૧).

દેવાપૃત્ર. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના સાત્વત રાજાના સાત પુત્રોમાંનો પાંચમો. એના પુત્રનું નામ બભ્રુરાજા.

દેવાપૃધ (૨). સહદેવના પુત્ર શતાનીકે મારેલો ભારત-યુદ્ધમાં દુર્યોધન પક્ષનો રાજા. (**ભાર૦ શાંતિ૦ અ૦૨૪૦**). અને (**ભાર૦અનુ૦અ૦૨૦૦**).

દેવિકા. ભારતવર્ષીય નદી. (૨ હિમાલય શબ્દ જુઓ).

દેવી. એ નામની એક અપ્સરા.

દેવી (૨). અથર્વણ વેદોપનિષત્.

દેવી (૩). દેવી, અગર મહાદેવી–શંકર ભગવાનની સ્ત્રી અને હિમવાનની પુત્રી. મહાભારતમાં એની જુદી જુદી ખાસીયતોને લઇને જુદા જુદા પ્રકારનાં નામો કહ્યાં છે. પરન્તુ પુરાણો અને પાછળના ગ્રંથોમાં એની મહત્તા ઘણી વધી છે. શંકર ભગવાનની સ્ત્રી-શક્તિ (બળ) તરીકે એનાં બે તરેહનાં રુપ છે. એક શાંત અને બીજું ઉગ્ર. એના ઉગ્ર રુપની બહુધા પૂજા થાય છે. રુપ, ગુણ અને પરાક્રમને લઇને એનાં વિવિધ નામો પડ્યાં છે. પરંતુ આ નામો સામાન્ય રીતે ભેદ વગર વપરાય છે.

ઉમા-તેજરુપ-કહેવાય છે અને બહુ સુંદર આકૃતિવાળી છે. ગૌરી–પીળી અગર પ્રકાશિત, પાર્વતી–પર્વતની, હિમવતી, જગન-માતા-જગત્ની જનેતા અને ભવાની,-ભવ-શિવની સ્ત્રી. એ એનાં શાંત રુપો છે.

દુર્ગા, કાલી, શ્યામા, ચંડી, ચંડિકા, ભૈરવી, મહાકાલી એ એનાં ઉગ્રરુપો છે. પશુનાં બલિદાન વગેરે આ રુપને અપાય છે. તાંત્રિકોની કેટલીક બીભત્સ પૂજા પણ આ રુપને અંગે જ હોય છે. એને દસ, વીશ કે એથીએ વધારે ભુજા કલ્પી છે. દરેક હાથમાં જુદાં જુદાં આયુધો ધારણ કરે છે. સુંદર દુર્ગાનું વાહન વાઘ છે. કાલીનો વર્ણ શ્યામ, અને મુખાકૃતિ ભયંકર હોઇ, એ સર્પોથી વિંટલાયલી હોય છે. એ મુંડમાળ ધારણ કરે છે. રહેઠાણ પરથી પણ એ દેવીનાં નામ પડ્યાં છે. વિંધ્યાચળ પર્વત મિરઝાંપૂર આગળ ગંગાની સમીપ આવે છે ત્યાંની દેવી "વિંધ્યવાસિની" છે. એના ચાચર ઉપરનું રક્ત સુકાતું જ નથી. મહામાયા રુપે એ જગત્ને માયાપાશમાં રાખે છે.

દેવીએ અસુરોપર મેળવેલા વિજયોનું વર્ણનં ચંડી માહાત્મ્યમાં છે. એ ગ્રંથમાં અસુરો તરફથી આવેલા દૂતને મળતી વખતના દેવીના રુપને દુર્ગા, અસુરોના કેટલાંક દળોનો સહાર કરતી વેળાના રુપને દશભુજા, રક્ત[illegible] નામના અસુર પર ચઢાઇ કાળે સિંહવા. પાડાના સ્વરૂપવાળા, મહિષાસુરને મા. કાળે મહિષમર્દની. એવે એવે નામે વર્ણવેલ છે. અસુરના દળને પુનઃ હરાવતી વખતે જગદ્ધાત્રી, અને શુંભ નામના અસુરના વધ કાળે તારા કહી છે. મસ્તક વગરના ધડને રુપે એણે નિકુંભ નામના અસુરને માર્યો હતો, માટે એને છિન્નમસ્તકા કહી છે.

વિજય પછી દેવોએ એની કરેલી આરાધનામાં એને જગદ્ગૌરી કહી છે.

દેવીના પતિ શંકર ભગવાનને અંગે એનાં બભ્રવી, ભગવતી, ઈશાની, ઈશ્વરી, કાલંજરી, કપાલિની, કૌશિકી, કિરાતી, મહેશ્વરી, મૃડા, મૃડાની, રુદ્રાણી, શર્વાણી, શિવા અને ત્ર્યંબકી એવાં એવાં નામ છે.

એની ઉત્પત્તિને લઇને એનાં અદ્રિજા, ગિરિજા, કુજા, દક્ષજા, એવાં નામ છે. કન્યા, કન્યાકુમારી, અમ્બિકા, અવરા, અનન્તા, નિત્યા, આર્યા, વિજયા, ઋદ્ધિ, સતી, દક્ષિણા, કર્ણેરી, ભ્રમરી, કૈતરી, કર્ણમોતી, પદ્મલાંછના, સર્વમંગળા, શાકંભરી, શિવદૂતી, સિંહરથી અને વગેરે એનાં બીજાં નામો છે.

એના તપને અંગે એને અપર્ણા, કાત્યાયની પણ કહે છે. ભૂતનાયિકા, ગણનાયિકા, કામાક્ષી, કામાખ્યા, લલિતા, ભદ્રકાળી, ભીમદેવી, ચામુંડા, મહાકાલી, મહામારી, મહાસુરી, માતંગી, રજસી, રક્તદંતા એવાં એવાં અનેક નામો છે. (ડાઉસન પા. ૮૬).

શક્તિ–દેવીની પૂજા તેના જૂદે જૂદે રૂપે થાય છે. કેટલીક વખત દેવીનાં નામ પાડવામાં દેવીની ઉમ્મર ઉપર પણ ધોરણ રાખવામાં આવે છે. એક વર્ષનાં બાળક જેવે રૂપે હોય તે દેવીને 'સંધ્યા,' બે વર્ષની હોય તેને 'સરસ્વતી,' સાત વર્ષનીને 'ચંડિકા,' આઠ વર્ષનીને 'શાંભવી,' નવ વર્ષની ને 'દુર્ગા' અથવા 'બાળા,' દશનીને 'ગૌરી,' તેરનીને 'મહાલક્ષ્મી' અને સોળનીને 'લલિતા' કહેવામાં આવે છે. દેવીનાં નામ કેટલીક વખત એણે કરેલાં પરાક્રમને અંગે પણ પાડવામાં આવે છે. જેમકે મહિષાસુરને માર્યો હતો માટે 'મહિષાસુરમર્દિની.' આ પ્રમાણે જૂદી જૂદી ભાવનાને અનુસરીને દેવીની મૂર્તિયો પણ બનાવાય છે.

માર્કંડેયપુરાણમાં દેવી માહાત્મ્યમાં દેવીને શ્રીમુખે કહેવડાવ્યું છે કે:–"દ્વાપર યુગને અંતે અને કલિયુગના આરંભની લગભગ શુંભ અને નિશુંભ નામના દૈત્યો થશે. હું જાતે નંદગોપાળ નામના ગોવાળને ઘેર 'નંદા' નામે અવતરીશ; અને વિંધ્યાચલમાં વાસ કરીશ. દ્વાપરના અંતમાં પછી વિપ્રચિત નામના કુળમાં જન્મેલા અસુરોને મારીને ખાઇ જઇશ. આ પ્રમાણે અસુરોને ભક્ષણ કરતાં મારા દાંત, વાળ અને શરીર તેમજ આયુધો તેમના રક્તવડે રાતાં થઈ જશે એ કારણથી લોકો મને 'રક્તચામુંડા' કહેશે. ત્યાર પછી પૃથ્વીપર સો વર્ષનો દુકાળ પડશે. તે વખતે એક ટીપું પાણી ધરાધરી મળશે નહિ. મુનિજનોની પ્રાર્થનાથી હું તે કાળે પાર્વતીના શરીરમાંથી છૂટી પડીને બહાર આવીશ. તે વખત મારે સો આંખો હોવાથી લોકો મને 'શતાક્ષી' એવા નામથી ઓળખશે. વૈવસ્વત મન્વન્તરના ચાળીસમા યુગમાં હું લોકોનું વનસ્પતિથી પોષણ કરી તેમને દુકાળમાં ઉગારીશ, માટે લોકો મને 'શાકંભરી'ના નામથી જાણશે. મારા આ રૂપે હું દુર્ગમ નામના અસુરને મારી 'દુર્ગાદેવી'ના નામથી પ્રખ્યાત થઈશ. ત્યાંથી હું હિમાલય ઉપર જઇને ભયંકર રૂપ ધારણ કરીશ તેથી 'ભીમા' કહેવાઇશ. તે કાળે ત્યાં અરૂણ નામનો એક અસુર થશે. એજ મન્વન્તરના સાઠમા યુગમાં ભમરાઓનાં ટોળાં લઇને હું એ દૈત્ય ઉપર હુમલો કરી એને મારી નાંખીશ. આથી મારૂં નામ 'ભ્રમરી' પડશે." આ પ્રમાણે પોતે કરેલા પરાક્રમને લઇને દેવીઓનાં નામ પડે છે. તેનાં કેટલાંક ઉદાહરણો માર્કંડેયપુરાણમાંથી મળી આવે છે.

સ્વર્ગ અને પૃથ્વી વગેરે ઉત્પન્ન કરવામાં દેવીની શ્રેષ્ઠતા કેવી અને કેટલી છે, તે પણ માર્કંડેયપુરાણ ઉપરથી જણાય છે. "ગુપ્તરતિ દેવી"–દેવીનું ગુપ્ત અને અગોચરરુપ–પોતે ત્રણ રુપ ધારણ કરે છે. પ્રકૃતિનાં રજસ, સત્વ અને તમસ એ ત્રણ ગુણનાં–ગુણ રુપ જ–દેવીનાં 'લક્ષ્મી,' 'મહાલક્ષ્મી,' અને 'સરસ્વતી' એવાં ત્રણ રૂપ બને છે. દેવી વળી બીજે રૂપે પણ જણાઇ છે. સૃષ્ટિના આરંભમાં 'મહાકાળી' રૂપે એમણે જ બ્રહ્માને દાબમાં રાખી તેની પાસે સૃષ્ટિ રચાવી હતી. પ્રલય વખતે એ જ 'મહામારી' રૂપ ધારણ કરશે. 'લક્ષ્મી' રૂપે દેવી લોકોને સંપત્તિ અને

ધન આપે છે. 'જ્યેષ્ઠા દેવી' રૂપે દેવી જ લોકોની સંપત્તિ અને ધન હરી લે છે. સૃષ્ટિના આરંભ કાળે દેવી શ્યામરંગી સ્ત્રીને રૂપે પ્રકટ થાય છે. વળી એનાં નામ જૂદાં જૂદાં હોય છે. જેવાં કે 'મહામાયા,' 'મહાકાળી,' 'ક્ષુધા,' 'તૃષા,' 'નિંદ્રા,' 'તૃષ્ણા,' 'એકવીરા,' 'કાલરાત્રી' અને 'દુરત્યયા'. મુખ્ય દેવી મહાલક્ષ્મીની આજ્ઞાનુસાર દેવી પુરૂષ અને સ્ત્રી બન્ને તરેહનાં રૂપ ધારણ કરે છે. 'નીલકંઠ,' 'રક્તબાહુ,' 'શ્વેતાંગ,' 'ચંદ્રશેખર,' 'રૂદ્ર,' 'શંકર,' 'સ્થાણુ' અને 'ત્રિલોચન' એ દેવીનાં નર જાતિનાં અને 'વિદ્યા,' 'સ્વર,' 'અક્ષર,' અને 'કામધેનુ' એ ભાષા એનાં ગૌરાંગી સ્ત્રી સ્વરુપ છે. વળી મહાલક્ષ્મીથી જ સાત્વિકરુપ 'સરસ્વતી' ઉત્પન્ન થઈ છે. એની કાન્તિ ચંદ્રપ્રભા જેવી છે, અને એ પોતાના હાથોમાં અક્ષમાલા, અંકુશ, વીણા અને પુસ્તક ધારણ કરે છે. 'મહાવિદ્યા,' 'મહાવાણી,' 'ભારતી,' 'વાક,' 'સરસ્વતી,' 'આર્યા.' 'બ્રાહ્મી,' 'કામધેનુ,' 'વેદગર્ભા,' 'ધી' અને 'ઈશ્વરી' એ આ જ રૂપનાં બીજાં નામો છે. મુખ્ય દેવીની આજ્ઞાનુસાર આ દેવી વળી એક સ્ત્રી અને એક પુરૂષ પેદા કરે છે. એણે પેદા કરેલો શ્યામરંગી પુરૂષ તે વિષ્ણુ છે.

કૃષ્ણ, ઋષિકેશ, વાસુદેવ અને જનાર્દન એ એનાં બીજાં નામ છે. 'ઉમા,' 'ગૌરી,' 'સતી,' 'ચંડી,' 'સુંદરી,' 'સુભગા' અને 'શિવા' એ દેવીની પેદા કરેલી ગૌરાંગી સ્ત્રીઓનાં નામ છે.

'મહાલક્ષ્મી'નું રાજસ સ્વરૂપ તે 'લક્ષ્મી' કહેવાય છે. એની મૂર્તિનાં હાથમાં દાડમ, ગદા, પાત્ર અને ખેટક ધારણ કરાવાય છે. એ દેવીના શરીર-મૂર્ત્તિ-ઉપર સ્ત્રીત્વ અને પુલ્લિંગત્વ સૂચક ચિન્હ હોય છે. આ દેવીનો વર્ણ પ્રવાહી સુવર્ણના જેવો હોય છે. આ દેવી પણ સ્ત્રી અને પુલ્લિંગે રહે છે. એનાં પુલ્લિંગ રૂપ તે હિરણ્યગર્ભ, બ્રહ્મન્, વિધિ, વિરંચિ અને ધાતા છે. સ્ત્રી લિંગ રૂપો તે 'શ્રી,' 'પદ્મા,' 'કમલા' અને 'લક્ષ્મી' છે. સહુ જગતની જનેતા મહાલક્ષ્મીએ બ્રહ્માને 'સરસ્વતિ'ને પોતાની સહચારિણી કરવાની આજ્ઞા કરી. એ બન્નેના યોગથી બ્રહ્માંડ ઉત્પન્ન થયું. રૂદ્ર એટલે શિવે "ગૌરી" સાથે લગ્ન કર્યું; અને એ બન્નેએ મળીને સુવર્ણાંડ ઉઘાડયું. 'લક્ષ્મી' પોતે જ વિષ્ણુનાં પત્ની બન્યાં અને એ બન્નેએ જગતનું રક્ષણ કર્યું. આ પ્રમાણે સઘળી માયારૂપ સૃષ્ટિ ઉત્પન્ન થઈ." આમ સઘળી સૃષ્ટિ, દેવ દેવીઓનાં રૂપ, એ બધું માત્ર મૂળ ઈશ્વરરૂપ-મહાલક્ષ્મીમાંથી ઉત્પન્ન થયું એમ દેવી માહાત્મ્ય જણાવે છે.

માર્કંડેયપુરાણમાં કહ્યા પ્રમાણે ઈશ્વરની દરેક તરેહની શકિત મુળ મહાલક્ષ્મીમાંથી જ ઉત્પન થઇ છે. શાકતોમાં આ મહાલક્ષ્મી દેવી જ મુળ ઈશ્વરરૂપે પૂજાતી હોવાથી એ દેવી જ શકિતપૂજનો પાયો છે.

શૈવ અને વૈષ્ણવો પુલ્લિંગ રૂપના કરતાં ઉતરતે દરજ્જે અને શિવ અને વિષ્ણુની સંગતમાં શકિતને પૂજે છે એમ પ્રથમ કહી ગયા છીએ. હવે શૈવ અને વૈષ્ણવ એ પંથભેદને અનુસરીને દરેક પંથમાં પૂજાતી દેવીઓ સંબંધે કહીશું.

વૈષ્ણવ પંથના કરતાં શૈવ અને શાકત પંથોમાં દેવીઓનાં રૂપો ઘણાં છે. શકિત દેવીઓ સીધી અને આડકતરી રીતે શૈવ પંથમાં પણ પૂજાય છે. આ પંથની દેવીનું એક રૂપ 'દુર્ગા' છે. સુપ્રભેદાગમમાં આ દેવીને વિષ્ણુની વહાલી નાની બહેન કહી છે. એ દેવી આદ્યશકિતથી જન્મેલી છે. આગમોમાં 'દુર્ગા'નાં નવ જૂદાં જૂદાં રૂપો ગણાવેલાં છે; જેવાં તે ૧ 'નીલકંઠી' ૨ 'ક્ષેમંકરી' ૩ 'હરસિદ્ધિ' ૪ 'રૂદ્રાંશદુર્ગા' ૫ 'વનદુર્ગા,' ૬ 'અગ્નિદુર્ગા' ૭ 'જયદુર્ગા' ૮ 'વિંધ્યવાસીદુર્ગા' અને ૯ 'રિપુમારીદુર્ગા'. આ શિવાય વળી દુર્ગાનાં નવરૂપોનો એક સમુહ છે, જેને 'નવદુર્ગા' કહે છે. નીલકંઠી પોતાના ભકતોને દોલત અને સુખ, ક્ષેમંકરી

તંદુરસ્તી, હરસિદ્ધિ ઇચ્છિત ફળ, અને જયદુર્ગા સિદ્ધિ આપે છે. 'રિપુમારીદુર્ગા' શત્રુ અને તેના પક્ષનો સંહાર કરનારી દેવી છે. 'મહિષાસુરમર્દિની' એ મહિષાસુર નામના બલવાન અસુરને મારતી વખતનું દેવીનું ઉગ્ર સ્વરૂપ છે. 'કાત્યાયની' દેવીમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રિમૂર્ત્તિની સમગ્ર શકિત એકત્ર રહેલી છે. 'મહિષાસુરમર્દિની' દેવીની મૂર્તિ પેઠે આ દેવીની મૂર્તિ આગળ પણ માથું કપાયલા પાડાની મૂર્તિ હોય છે. આ પાડાનું માથું દૂર પડેલું અને પાડાના ધડમાંથી કપાયલી ડોક માર્ગે અર્ધો બહાર નીકળતા અસુરની મૂર્તિ હોય છે. એ અસુરનું કાપેલું લોહી નિગળતું માથું દેવીએ ચોટલી વડે પોતાના હસ્તમાં ધારણ કરેલું હોય છે.

વરાહપુરાણમાં મહિષાસુરવધનું વર્ણન કર્યું છે કે: 'મંદાર પર્વત ઉપર વિષ્ણુની શકિત 'વૈષ્ણવી' એક કાળે ઉગ્ર તપ કરતી હતી. દરમ્યાન એક વખતે એ દેવીનું મન ધ્યાનમાંથી ખશી ગયું; અને પરિણામે એણે કેટલીક સુંદર કન્યકાઓને જન્મ આપ્યો. આ બધી કન્યાઓ એમની સેવા કરતે સતે વૈષ્ણવીએ પુનઃ ઉગ્ર તપનો આરંભ કર્યો. એક સમયે ત્યાં આગળ થઇને નારદ જતા હતા, એમણે દેવીની અલૌકિક સુંદરતા દીઠી. આ કલહપ્રિય ઋષિ ત્યાંથી પાંશરા મહિષાસુર પાસે ચાલ્યા. જઇને દેવીની સુંદરતાનું મોહક વર્ણન કર્યું. એ સાંભળી આ અસુર વૈષ્ણવીને પકડીને તેને પરણવાને ઉત્સુક બની ગયો. પ્રથમ તો એણે દેવીની પાસે પોતાનો દૂત મોકલી પોતાનું બળ, વૈભવ વગેરે જણાવીને માગું કર્યું. દૂતે જઇને વિનયપૂર્વક દેવીને કહ્યું કે:-પૂર્વે ઋષિ સુપાર્શ્વનો દિકરો સિંધુદ્વીપ માહિષ્મતીમાં તપ કરતો હતો, ત્યારે વિપ્રચિત્તિની દીકરી માહિષ્મતી મંદાર પર્વત ઉપર પોતાની સખીઓને લઇને સહેલ કરવા આવી. ઋષિનો સુંદર આશ્રમ જોઇને ઋષિને બ્હિવડાવીને કાઢી મુકીને થોડીવાર આશ્રમ બથાવી પડવાની એને પ્રબળ ઇચ્છા થઈ. એણે અને એની સાહેલડીઓએ ભેંશોનાં રૂપ ધારણ કરીને તપનિમગ્ન મુનિને શિંગડાવડે ચીરી નાંખવાની તૈયારી કરતી હોય એમ છળ કર્યો. ઋષિએ ધ્યાનમાં જોવાથી બધી ખરી હકીકત તેમને સમજાઇ. ક્રોધમાં આવી જઇને મુનિયે શાપ આપ્યો કે તમે બધી ભેંશ થઇ જાઓ. શાપ સાંભળતાં જ તેમને પોતાના કુતૂહલનું દુઃખભર ફળ અને પોતાની મૂર્ખાઈનું ભાન થયું. એમને બહુ પશ્ચાત્તાપ થયો અને મુનિની બહુ ક્ષમા માગી. ઋષિનો ક્રોધ પણ સ્હેજ શાંત થયો હતો, અને કન્યાના કાલાવાલા ઉપરથી કૃપાળુ થઇ તેમણે શાપનો અનુગ્રહ કર્યો કે જાઓ, માહિષ્મતીને પુત્ર-પાડો જન્મ્યા પછી તમે બધાં પોતાનાં મૂળરૂપને પ્રાપ્ત થશો. ભેંશ બની ગયેલી માહિષ્મતી ઘણાં વર્ષ વીતી ગયા પછી એક કાળે નર્મદા કિનારે ચરતી હતી. દૈવયોગે સિંધુદ્વીપમુનિ પણ ત્યાં જઇ ચઢયા હતા. મુનિયે ઇંદુમતિ નામે અપ્સરાને ત્યાં આગળ આકસ્મિક દીઠી. જોતાં જ મુનિ તેના પ્રેમમાં પડી ગયા; પણ એ અપ્સરા મુનિને અલભ્ય હોવાથી, તેમનું સ્ખલિત થએલું વીર્ય નર્મદામાં પડયું. નર્મદાના પાણી સાથે એ વીર્ય માહિષ્મતી પાણી પીવા આવી હતી એના ઉદરમાં ગયું. આથી માહિષ્મતીના ગર્ભમાંથી શિંગડાવાળો પુત્ર, મહિષાસુર જન્મ્યો. આ પ્રમાણે મહિષાસુરના જન્મનું વૃત્તાંત કહીને દૂતે એનાં પરાક્રમો, બુદ્ધિ વગેરેનાં વખાણ કર્યાં; એ સાંભળીને દેવીની જયા નામની કન્યાએ જવાબ આપ્યો કે મંદારપર્વત ઉપર કોઇએ કન્યાને લગ્નનો અભિલાષ જ નથી, માટે કૃપા કરીને પાછા સિધાવો. દૂતના ગયા પછી થોડીવારે નારદે આવીને દેવીને કહ્યું કે મહિષાસુરે દેવોને જીતી લીધા છે. અને પોતે તમને બલાત્કારે પકડી લઇ જવા અહિં

આવે છે. એટલામાં તો ઘણું સૈન્ય લઇ અસૂર જાતે જ આવી પહોંચ્યો. દેવી અને તેમની કન્યકાઓએ સૈન્ય સુધાંત એનો નાશ કર્યો.

વામનપુરાણમાં વળી મહિષાસુરવધનું વર્ણન જૂદી જ તરેહનું આપવામાં આવ્યું છે. એમાં નારદને ઉદ્દેશીને પુલસ્ત્ય મુનિ કહે છે કેઃ–મહિષાસુરથી હાર પામેલા દેવો પોતાનાં સ્થાન મુકીને નાઠા; તેઓ બ્રહ્મા પાસે ગયા અને પિતામહને આગળ કરીને વિષ્ણુને શરણે ગયા. વિષ્ણુ અને એમની આજ્ઞાથી શિવ, બ્રહ્મા અને બધા દેવોએ પોતપોતાના નયન અને મુખમાંથી ક્રોધાગ્નિ ઉત્પન્ન કર્યો. આ ક્રોધાગ્નિ એટલો બધો હતો કે તેનો મોટો પર્વત થયો. ક્રોધાગ્નિના આ પર્વતમાંથી 'કાત્યાયની દેવી' ઉદ્ભવ્યાં. એમની પ્રભા સહસ્ર સૂર્યના સરખી હતી. તેમને ત્રણ નયન હતાં. તેમનો કેશકલાપ અંધારી રાત્રિના જેવો શ્યામ હતો. તેમને અષ્ટાદશ ભૂજા હતી. આ દેવીને શિવે ત્રિશૂળ, વિષ્ણુએ ચક્ર, વરૂણે શંખ, અગ્નિએ તીર, યમે દંડ, વાયુએ ધનુષ, સૂર્યે ભાથો અને બાણ, ઇંદ્રે વજ્ર, કુબેરે છડી, બ્રહ્માએ માળા અને કમંડળ, કાળે ઢાલ તરવાર, વિશ્વકર્માએ કુહાડી અને બીજાં આયુધો આપ્યાં. હિમવાને સિંહ આપ્યો. બીજા દેવોએ પણ જૂદી જૂદી જાતનાં આયુધો અને અલંકાર આપ્યાં. આ પ્રમાણે અલંકાર ધારણ કરી આયુધોથી સજ્જ થઇ કાત્યાયની દેવી વિંધ્યાચળ ઉપર વાસ કરવાને ગયાં. ત્યાં ચંડ અને મુંડ નામના બે અસુરોએ એમને જોયાં. દેવીને જોઇ અને એમની અલૌકિક સુંદરતા નિહાળી એઓએ દોડતા પોતાના રાજા મહિષાસુરને ખબર કરી કે વિંધ્યાચળ ઉપર એક અત્યંત સુંદર દેવીએ એકાકી સ્થાન કર્યું છે. ચંડ અને મુંડને મુખેથી દેવીના સ્વરૂપની સ્તુતિ સાંભળીને મહિષાસુરને દેવીને પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છા થઇ. પોતે મોટું લશ્કર લઇ વિંધ્યાચળ પાસે ગયો. પર્વતની તળેટીમાં એક ભવ્ય માંડવામાં નિવાસ કરીને માયાના પુત્ર દુંદુભીને દેવીને પોતાની હજૂરમાં તેડી લાવવાની આજ્ઞા કરી. દુંદુભીએ દેવી પાસે જઈ માનપુરસ્સર દૂર ઉભા રહી કહ્યું કે ઓ કુમારિકા ! હું અસુરોના રાજાએ મોકલાવેલો દૂત છું. કાત્યાયનીએ કહ્યું કે ભલે, પાસે આવ. બ્હીશ નહિ. તું જે સંદેશો લાવ્યો હોય તે બેધડક કહે. દેવીનાં આવાં વચનોથી નિર્ભય થયેલો દુંદુભી બોલ્યો કે, અસુરરાજ મહિષે કહાવ્યું છે કે " મેં ત્રિલોકને જીત્યા છે, હાર પામીને દેવતાઓ નિરસત્વ અને નિરાધાર થઇને પૃથ્વિ ઉપર રખડતા ફરે છે. હવે હું જ ઇંદ્ર છું, હું જ રૂદ્ર છું. હું જ સૂર્ય છું. સઘળી સૃષ્ટિનો એકલો માલિક હું જ છું. મારા શિવાય બીજો પ્રભુ નથી. હું યુદ્ધમાં અપરાજીત છું. મારા બાહુબળવડે મેં દુનિયાંપરની સઘળી ઇપ્સિત વસ્તુઓ પ્રાપ્ત કરી છે. ઓ સુંદર કન્યકા ! હું તારે માટે આ પર્વતમાં આવ્યો છું. માટે તું મારી આજ્ઞાને માન આપીને મારી પાસે આવ. તું મારી જ સ્ત્રી થવા યોગ્ય છે." દૂતનાં આવાં વચન સાંભળીને કાત્યાયનીએ કહ્યું કે અસુરરાજે ત્રૈલોક જીત્યા છે એ વાત ખરી છે; અને હું એમની આજ્ઞા પાળવાને તૈયાર છું. પરંતુ મારી કુળપરંપરા એવી છે કે અમારી કન્યાઓએ એમને એમ લગ્ન કરવું નહિ. પરણનાર યુદ્ધ કરીને અમને જીતીને જ અમારી સાથે લગ્ન કરે. આવી કુળપરંપરાનો મારાથી ત્યાગ થઇ શકે નહિ. માટે તારા અસુરરાજે મારી સાથે લગ્ન કર્યા પહેલાં મારી સાથે યુદ્ધ કરીને મને જીતી લેવી જોઇએ. પછી હું લગ્ન કરવા તૈયાર છું. દુંદુભીએ જઇને દેવીનો નિશ્ચયાત્મક ઉતર અસુરને નિવેદન કર્યો. અસુરરાજ તરત જ પોતાના સૈન્ય સાથે ઉપડ્યો. એ જોઇને દેવોએ જઇને દેવીને કહ્યું કે તમારૂં કવચ ધારણ કરો. દેવી કહે માત્ર તુચ્છ અસુરો સાથે લઢતાં વળી કવચની શી જરૂર ? છતાં વિષ્ણુએ, એ અસુર શિવના વરદાનથી અજેય

થયો છે, માટે આટલું તો જરૂર પહેરો, કહીને એક કવચ આપ્યું.

કાત્યાયનીએ અસુરનું હયદળ, ગજદળ, રથદળ અને પાયદળ જોઇને પોતાનું ધનુષ્ય ચઢાવીને ટંકાર કર્યો; અને તેમના ઉપર બાણોનો વર્ષાદ વરસાવી મુક્યો. પોતાનાં બાણો વડે ઘણા અસુરોનો સંહાર કરી નાંખ્યો. કેટલાકને પોતાના ખડ્ગ વડે કાપી નાંખ્યા. કેટલાકને બીજાં આયુધો વડે પૂરા કર્યા. દેવીનો સિંહ પોતાની વિકાળ યાળ ઉભી કરીને દેવીને પોતાની પીઠ પર લઇને ખૂબ ઘૂમ્યો. આ પ્રમાણે કાત્યાયનીએ ઘણા બહાદૂર અસુરોનો ઘાણ કાઢી નાંખ્યો. મુડદાંથી છવાઈ ગએલા રણક્ષેત્રને જોઇને દેવી આનંદમાં આવી જઇને પોતાની વીણા અને ડમરૂ વગાડીને હશી હશીને રમવા લાગ્યાં. એઓ પોતાનાં વાઘોમાંથી સુર કાઢતાં જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં ભૂત પ્રેતાદિ આનંદમાં આવીને નાચવા મંડી જતાં. દેવીના સિંહે પણ આનંદમાં આવી જઇને અસુરોનાં મુડદાં પોતાના મોંએ પકડી પકડીને ઉછાળીને રમત કરવા માંડી. પોતાના સૈન્યની આવી દુર્દશા જોઇને દેવીની સાથે દ્વન્દ્વયુદ્ધ કરવાને અસુરરાજ ધસી આવ્યો. યુદ્ધને માટે આતુર થઇ રહેલાં કાત્યાયનીએ પોતાના સિંહને વિકારીને આગળ કર્યો. બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ થયું. તેમના પગના પડઘાથી બ્રહ્માંડ ગાજી રહ્યું. મહાસાગર ખળભળી રહ્યો. આકાશમાં વાદળાં પણ ચીરાઇ ગયાં. દેવીએ પોતાનાં વિવિધ ભાતનાં આયુધો વાપર્યા. પણ વૃથા. અસુરે બહુ ચાલાકી અને બહુ શૌર્યથી યુદ્ધ કર્યું. વરૂણે આપેલા પાશવડે અસુરનાં શિંગડાં, મોં અને પગ બાંધ્યા. છતાં સૂક્ષ્મરૂપ ધારણ કરીને છટકી ગયો. દેવીએ વજ્રપ્રહાર કર્યો ત્યારે એવું સૂક્ષ્મરૂપ ધારણ કર્યું કે એ એને લાગ્યું જ નહિ અને બચી ગયો. છેવટે ક્રોધાન્વિત દુર્ગા સિંહ ઉપરથી નીચે ઉતર્યા. અને પોતાના સુકુમાર ચરણ વડે અસુરના શિરપર પ્રહાર કર્યો. પદપ્રહારથી અસુર મૂર્છા ખાઇને પૃથિપર પડ્યો કે તુરત દેવીએ ખડ્ગ વડે એનું શિર કાપી નાખ્યું. અસુરોએ હાય હાયનો ઘોષ કરી મૂક્યો."

મહિષાસુરવધનાં વર્ણનો બીજા ઘણા ગ્રંથોમાં આપેલાં છે. પદ્મપુરાણમાં લખ્યું છે કે, વૈષ્ણવી દેવીએ સ્વાયંભુવ મન્વન્તરમાં મંદારગિરિ ઉપર મહિષાસુરને માર્યો હતો. પુનઃ વૈવસ્વત મન્વન્તરમાં નંદા દેવિએ વિંધ્યાચળ ઉપર મહિષાસુરને માર્યો હતો.

એમ પણ મનાય છે કે મહિષાસુરવધ એ એક અલંકારિક ઉક્તિ–રૂપક–માત્ર છે. જ્ઞાનરુપિ શક્તિયે અંધકાર–અજ્ઞાનનો જુદે જુદે સમયે નાશ કર્યો, તે આ રુપકદ્વારા સમજાવ્યું છે. એમ કેમ ન હોય કે અનાર્ય–મૂળવતનીઓમાંથી મહિષ–પાડાની પૂજનો જુદે જુદે કાળે અને સ્થળે ધ્વંશ કરીને તેને સ્થાને શક્તિપૂજનો પ્રચાર થયો હોય. મૂળવતનીઓમાં અમુક જનાવર અગર એવી જ સૃષ્ટવસ્તુની પૂજા થતી અને થાય છે, એ જાણીતી વાત છે. વર્ત્તમાન સમયમાં પણ પંચમહાલના ભીલોમાં સર્વોપરી દેવ તે ઘોડાદેવ છે. ગામેગામ પાદરમાં ઝાડતળે ઘોડાની મૂર્ત્તિઓ મોજૂદ હોય છે. વિજળી એ આ ઘોડાદેવીની બહેન મનાય છે ! ઇ.સ. ૧૮૭૮ માં પડેલા ખરડીઆ વખતે વર્ષાદ ન આવવાનાં કારણોમાં સબળ કારણ એ હતું કે વિજળી પોતાને પિયેર એટલે ઘોડાદેવને ઘેર ગઇ હતી ! એને પૃથ્વીપર મોકલવાને ભીલોએ ઘોડાદેવને કાંઇ કાંઇ ક્રિયાઓ કરીને વિનવ્યો હતો.

વિષ્ણુધર્મોત્તરમાં લખ્યું છે કેઃ ભારદ્વાજની રતિને પરિણામે નન્દાદેવીનો જન્મ થયો હતો. પરંતુ વરાહપુરાણમાં આ દેવીના જન્મને અંગે જૂદી જ હકીકત આપી છે. કોઇ સિંધુદ્વીપ નામનો રાજા પોતાના એક પૂર્વજન્મમાં ત્વષ્ટાનો પુત્ર હતો. એ જન્મે

એને ઇંદ્રે મારી નાંખ્યો હતો. પૂર્વ જન્મના સ્મરણને લીધે આ રાજા ઇંદ્રને મારે એવા પુત્રની પ્રાપ્તી સારુ તપ કરતો હતો. વેત્રવતી નદી જાતે સુંદર તરુણીનું રુપ ધારણ કરીને આ તપમગ્ન રાજા પાસે આવી અને એમના સંયોગથી વેત્રાસુર નામનો પુત્ર થયો. આ પુત્ર કાળે કરીને પ્રાગ્જ્યોતિષનો રાજા થયો. એણે બધા પ્રતિસ્પર્ધિ રાજાઓને જીતી લીધા અને દેવ અને ઇંદ્રને કષ્ટ આપવા લાગ્યો. ઇંદ્રને મોખરે કરીને શિવ સહવર્ત્ત· માન સઘળા દેવો બ્રહ્માની આગળ રાવે ગયા. એમની ફરીઆદ સાંભળીને બ્રહ્માના મનમાં શંકા ઉત્પન્ન થઇ કે વિષ્ણુની માયાવડે આ દુઃખ ઉદ્ભવ્યું છે. તરત જ એક શ્વેતવસ્ત્ર ધારી–અષ્ટભુજા–કુમારિકા ઉત્પન્ન થઇ અને એણે આ અસુરને મારવાનું માથે લીધું. અસુર જોડે યુદ્ધ કરીને આ દેવીએ એનો નાશ કર્યો. બ્રહ્માદિ દેવોએ દેવીની ઉપકારપૂર્વક સ્તુતિ કરી અને ભવિષ્યમાં થનારા મહિષાસુરને મારવામાં તમારી મદદ જોઇશે એમ કહ્યું. દેવોએ હિમાલય ઉપર જઇને આ દેવીની સ્થાપના કરીને પૂજા ચાલુ કરી. દેવોને આ કૃત્યથી આનંદ ઉત્પન્ન થયો માટે આ દેવીનું નામ નંદા પાડયું.

ઘણી વખત દુર્ગા નવરુપના સમૂહમાં પૂજાય છે. એક રુપ વચમાં અને આઠે દિશાએ એકેક એમ એમની સ્થાપના થાય છે. યંત્રમાં એમની મૂર્તિયોને બદલે તેમની જગાએ તેમનો બીજાક્ષર માત્ર લખવામાં આવે છે. આ દેવી સર્વશક્તિ પ્રદાયિની છે.

ભદ્રકાળી નામની દેવી સુંદર મુખાર્વિંદ, ત્રિનેત્ર અને અષ્ટદશ ભુજાવાળી હોય છે. મહાકાળી દેવી દીર્ઘનયના અને ક્ષિણકટીવાળી ગણાય છે. એ દેવી અષ્ટભુજા હોઇને ગળામાં કપાલમાળા ધારણ કરે છે. અંબાની મૂર્ત્તિ કમલરંગી અને ચતુર્ભુજા હોય છે. પ્રખ્યાત આરાસુરવાસિની અંબાની મૂર્ત્તિ જ નથી. ત્યાં ગોખમાં ખિંટીઓ ઉપર વસ્ત્રો એવી રીતે ગોઠવાય છે કે દૂરથી જોનારની નજર આગળ શક્તિની મૂર્તિ ખડી થાય છે. અંબિકા દેવી સિંહારુઢ અને ત્રિનેત્રવાળી છે. મંગળાદેવીનું મુખાર્વિંદ સુંદર હસિત હોઇ, એ સુંદર સ્તનોવાળી છે. સર્વમંગળા દેવી સિંહ ઉપર બેઠેલી અને ચારહાથ વાળી ગણાય છે. કાલરાત્રિ દેવી એ સંહારક રુપ છે. એ એકવેણી અને નગ્ન છે. આ દેવી શરીરે તેલનું મર્દન કરે છે અને પગમાં લોઢાનાં કડાં પહેરે છે. લલિતા દેવી પોતાના હસ્તમાં દર્પણ અને અંજનની પેટી ધારણ કરે છે. ગૌરી કુમારિકા રૂપે હોય છે. ઉમા એ એનું જ રુપ છે. એનું બીજું રુપ તે પાર્વતી છે. એના ચાર હાથમાંના બેમાંથી એકમાં શિવની અને બીજામાં દેવગણના પતિ ગણેશની મુર્તિ હોય છે. દુર્ગાનું બીજું એ એક રુપ છે જે મગરની પીઠપર ઉભેલું ગણાય છે. બંગાળા તરફ આ રુપ પૂજાય છે. તોતળા અને ત્રિપુરા ગૌરીનાં બીજાં સ્વરુપ છે. રંભા દેવી ભક્તજનોની સઘળી મનકામના પુરી પાડે છે. ભૂતમાતા, યોગનિદ્રા, વામા એ જુદાં જુદાં ફળ આપનારી દેવીઓ છે. શત્રુને સંહારનારી અને ભક્તાને અતૂલ સુખ આપનારી જ્યેષ્ટાદેવી એ એક ભયંકર રૂપ છે. અષ્ટ દેવીઓના એક સમૂહમાં આ દેવી સહુથી મોટી છે. સાવરણી અને છાબડું કે સૂપડું એ એનાં આયુધ છે. અને એનું વાહન ગર્દભ છે. ગુજરાતમાં શીતળા દેવીનું સ્વરૂપ આને જ મળતું છે. અષ્ટ દેવીઓના સમૂહમાં સૌથી નાનીનું નામ મનોમની છે. એ વિકાળ દેવીઓ છે. પોતાનાં ભક્તજનોનાં શત્રુનો એઓ સંહાર કરી નાંખે છે.

વારૂણીચામુંડા અને રક્તચામુંડા એ દેવીયુગલ છે. રક્તચામુંડા સકલ સૃષ્ટિમાં વ્યાપ્ત થવાની શક્તિ ધરાવે છે.

ઉપર વર્ણવી ગયા તે સિવાય શિવદુતી, યોગેશ્વરી, ભૈરવી, ત્રિપુરભૈરવી, શ્રીવા, કીર્તિ, સિદ્ધિ, રિદ્ધી, ક્ષમા, દિપ્તી, રતી, શ્વેતા,

ભદ્રા, જયા અને વિજયા, કાલી, ઘંટાકરણી, જયંતી, દિતી, અરુંધતી, અપરાજીતા, સુરભી, કૃષ્ણા, ઇંદ્રાણી અન્નપૂર્ણા, તુલસીદેવી, અશ્વારુઢા દેવી, ભુવનેશ્વરી, બાલા અને રજમાતંગી એ શૈવ સંપ્રદાયની ઇષ્ટ દેવીઓ છે.

જેમ શૈવ તેમ જ વૈષ્ણવ અને બ્રાહ્મ સંપ્રદાયને અંગે પણ ખાસ દેવીઓ છે. આ દેવીઓ તે તે દેવની સ્ત્રી રુપે મનાય છે. વિષ્ણુની સ્ત્રી લક્ષ્મી છે. ક્ષિરસાગરના મથન સમયે તેમાંથી અમૃત અને બીજાં રત્ન નીકળ્યાં હતાં. લક્ષ્મી પણ તેમાંથી નિકળેલું એક રત્ન જ છે. શ્રી, પદ્મા અને કમલા એ એનાં બીજાં નામ છે. લક્ષ્મીની મૂર્તિ નૂતન યૌવનપ્રાપ્તા કુમારિકા જેવી છે. એનાં નેત્ર કમલની પાંખડી જેવાં છે. એ સુભ્રૂ, ભરાવદાર ગરદનવાળી અને ખિલેલી સુંદર કટીવાળી છે. એ કમળની માળા પહેરે છે. એની મુર્તિની બન્ને તરફથી હાથણીઓ પોતાની ઉંચી કરેલી સૂંઢમાં કળશો લઈ એના ઉપર ઢાલવતી હોય એમ ઉભી રખાય છે. આ દેવી પોતાના ભક્તોને સમૃદ્ધિવાન બનાવે છે. ભૂમી–ભૂદેવી–એટલે પૃથ્વીની દેવી–એ વિષ્ણુની પ્રિયતમા મનાય છે. વિષ્ણુના વરાહ અવતારની સાથે આ દેવીની યોજના સમજાય છે. એ અવતારમાં વિષ્ણુ ભગવાને જળમાં જતી રહેતી પૃથ્વીને પોતાની દાઢની અણી ઉપર ચઢાવીને તરતી કરી હતી. લક્ષ્મી અને ભૂદેવી શિવાય બીજા અવતાર પરત્વે બીજી દેવીઓ પણ વિષ્ણુના સંબંધની ગણાય છે. રામની સ્ત્રી સીતા; રુકિમણી, સત્યભામા અને રાધા એ શ્રી કૃષ્ણની સ્ત્રીઓ છે. વિષ્ણુની જગન્નાથ તરીકેની મુર્તિ સાથે કૃષ્ણની બહેન સુભદ્રા બરાબરી પૂજાય છે.

જ્ઞાનની દેવી સરસ્વતી બહુધા બ્રહ્માની જોડે સંબંધ ધરાવે છે. બ્રહ્મા ઇશ્વરનું સરજનહાર રુપ હોઈ સરસ્વતી તેમની પુત્રી લેખાય છે. સરસ્વતી ગારાંગી, અને ચતુર્ભુજા હોઇને શ્વેતકમળ ઉપર બેઠેલી હોય છે. એને વસ્ત્રો પણ શ્વેત જ પરિધાન કરાવાય છે. એના એક જમણા હસ્તમાં અક્ષમાલા સતે બીજે જમણો હસ્ત વ્યાખ્યાન મુદ્રા કરેલો હોય છે. એક ડાબા હાથમાં પુસ્તક અને બીજામાં શ્વેતકમળ હોય છે. એની આજુબાજુ મુનિગણ સ્તુતિ કરતું ઉભેલું હોય છે. વિષ્ણુધર્મોત્તરમાં આ દેવીનું સ્વરુપ સ્હેજ જૂદી તરેહનું જણાવ્યું છે. એમાં એ દેવી શ્વેતકમળમાં ઉભેલી, અને હાથમાં કમળને બદલે કમંડળ અને વ્યાખ્યાનમુદ્રાને બદલે વીણા ધારણ કરેલી કહી છે. આ દેવી કેટલીક વખત વિષ્ણુ અને કેટલીક વખત શિવની સાથે સંબંધ ધરાવતી પણ મનાય છે. ખરું જોતાં લક્ષ્મી, સરસ્વતી અને પાર્વતી એ એક જ દેવીનાં રુપો છે.

પ્રથમ વર્ણવી ગયા તે સિવાય વળી દેવીઓનો એક બીજો સમૂહ છે. એ દેવીઓને માતૃકા કહે છે. એમની સંખ્યા સાત હોવાથી એમને સપ્તમાતૃકા કહે છે.

સપ્તમાતૃકાના જન્મ સંબંધી વર્ણન મનોરંજક છે. દિતિને ઉદરે કશ્યપને હિરણાક્ષ અને હિરણ્યકશિપુ એવા બે પુત્રો ઉત્પન્ન થયા હતા. વિષ્ણુએ વરાહ અને નૃસિંહ એ અવતાર ધારણ કરીને આ બન્ને ભાઇઓનો વધ કર્યો હતો. હિરણ્યાક્ષનો દિકરો પ્રહ્લાદ વિષ્ણુનો ભક્ત થયો હતો. એણે દુનિયાદારીની જંજાળ તજી દીધી હતી. એની પછી અંધકાસુર નામે અસુરોનો અધિપતિ થયો હતો. એ અસુરે ઉગ્ર તપ કરીને બ્રહ્મા પાસેથી ઘણાં વરદાન પ્રાપ્ત કરવાથી તે ઘણો જ બળવાન બની ગયો હતો. પછી એણે દેવોને ઘણા સતાવવા માંડયા હતા. દુઃખાર્ત દેવો શિવની પાસે ફરીયાદ કરવા કૈલાસ ગયા. દેવોની ફર્યાદ શિવ શ્રવણ કરતા હતા તેવામાં જ આ અસુરરાજ પાર્વતીનું હરણ કરવાને કૈલાસમાં આવી પહોંચ્યો! શિવ એની જોડે યુદ્ધ કરવા તત્પર થઈ ગયા. એમણે વાસુકી, તક્ષક અને ધનંજય જાતના નાગોને કમરબંધ

અને વલય તરીકે બાંધી લીધા. નીલ નામનો એક દૈત્ય શિવને છાનામાના મારી નાંખવાનો સંકેત કરીને હસ્તિનું રૂપ ધારણ કરીને આવ્યો હતો. નંદીને આ વાતની ખબર પડવાથી એણે વીરભદ્રને કહ્યું. એણે સિંહનું રૂપ ધારણ કરીને આ હસ્તિને મારી નાંખ્યો. આ હસ્તિચર્મ વીરભદ્રે શિવને નજર કર્યું. શિવે એ ચર્મને ઉત્તરિય તરીકે ઓઢી લીધું. આમ સજ્જ થઇ બીજા ઘણા નાગરાજોને અલંકાર તરીકે સજી લઈ તેઓ પોતાનું બળવાન ત્રિશૂળ ઘુમાવતા અંધકાસુરનો પરાજય કરવા નિકળી પડ્યા. પોતાના ભૂતગણોને પણ સાથે લીધા હતા. વિષ્ણુ અને બીજા દેવો પણ મદદમાં રહેવા સાથે ગયા હતા, પરંતુ યુદ્ધ થયું ત્યારે વિષ્ણુ અને બીજા દેવોને નાસવું પડ્યું. શિવે બાણ મારીને અસુરને ઘાયલ કર્યો. એના ઘામાંથી ઘણું જ રક્ત વહેવા માંડ્યું. એના રક્તના ભોંયપર પડતા દરેક ટીપામાંથી બીજો અંધકાસુર ઉત્પન્ન થતો. આ પ્રમાણે હજારો અંધકાસુર સાથે શિવને યુદ્ધ કરવું પડ્યું. શિવે મૂળ અંધકાસુરના શરીરમાં પોતાનું ત્રિશૂળ ભોંકી દીધું; અને પોતે નૃત્ય કરવા લાગ્યા. વિષ્ણુએ પોતાના ચક્રવડે છાયા અંધકાસુરો જેઓ રક્ત બિંદુઓમાંથી ઉદ્ભવ્યા હતા તેનો સંહાર કર્યો. અસુરનાં રક્ત બિંદુઓ પૃથ્વિ પર પડતાં અટકાવવાને શિવે પોતાના મુખમાંથી ઝરતા અગ્નિમાંથી યોગેશ્વરી નામે શક્તિ–માતૃકા–પેદા કરી. ઇંદ્ર અને બીજા દેવોએ પણ પોત પોતાની શક્તિયો જેવી કે બ્રહ્માણી માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, (જેને ગુજરાતમાં વારાઈ અથવા વેરાઇ માતા કહે છે,) ઇંદ્રાણી, અને ચામુંડાને આ વખત મદદ કરવા મોકલી હતી. આ દેવીઓ તે બ્રહ્મા, મહેશ્વર, કુમાર, વિષ્ણુ વરાહ, ઇંદ્ર અને યમ એમની સહચારિણીઓ સતે, પોતાના પતિયોના જેવાં જ વાહનપર બેશીને તેમના જેવાં જ આયુધો લઇને અને તેમના જેવી જ ધ્વજા ફરકાવતી આવી હતી.

બીજાં પુરાણો અને આગમોમાં માતૃકાઓની સંખ્યા સાત કહેવામાં આવી છે. પરંતુ વરાહપુરાણમાં યોગેશ્વરી આદિ લઇને સાત એટલે કુળ આઠ માતૃકાઓ છે, એમ જણાવ્યું છે. એ પુરાણમાં વધારામાં વળી એમ પણ જણાવવામાં આવ્યું છે કે આ માતૃકાઓ એ મનુષ્યના આઠ નઠારા મનોવિકારનાં રૂપક માત્ર જ છે. યોગેશ્વરી તે કામ, માહેશ્વરી તે ક્રોધ, વૈષ્ણવી તે લોભ, બ્રહ્માણી તે મદ, કૌમારી તે મોહ, ઇંદ્રાણી તે માત્સર્ય યમી અથવા ચામુંડા તે પૈશુન્ય અને વારાહી તે અસૂયા. આ પ્રમાણે એ કલ્પનાજન્ય દેવિઓ છે. સપ્ત માતૃકાઓ અંધકાસુરનાં રક્તબિંદુઓ ભોંયપર પડે તે પહેલાં ચાટી જતી હોવાથી નવા અંધકાસુર ઉત્પન્ન થતા અટકી ગયા હતા, એ ઉપર કહ્યું છે. છેવટે અંધકાસુરની આસુરી માયા સિથિલ પડી ગઇ અને શિવે પોતે વરદાન આપ્યું હતું તોએ એનો પરાજય કરી સંહાર કર્યો.

કુર્મ પુરાણમાં માતૃકાઓની આ યુદ્ધ પછીની હકીકત લખવામાં આવી છે. યુદ્ધને અંતે શિવે ભૈરવ અને માતૃકાઓને વિષ્ણુના તામસિક અને સંહારકરૂપ નૃસિંહના સ્થાનમાં પાતાળ લોકમાં જવાની આજ્ઞા કરી. તેઓ ત્યાં ગયાં. કેટલાક કાળ પછી ભૈરવ શિવનો અંશરૂપ હોવાથી તે શિવ સ્વરૂપમાં લીન થઇ ગયો અને માતૃકાઓ એકલી રહી. જીવતરનાં સાધન રહિત માતૃકાઓએ સૃષ્ટિનો સંહાર કરીને ગુજરાન કરવા માંડ્યું. ભૈરવે નૃસિંહની સ્તુતિ કરી, તેમની પાસે માતૃકાઓની અપકારક શક્તિયોનો નાશ કરાવ્યો.

વરાહપુરાણમાં માતૃકાઓ એ રૂપક છે એમ કહ્યું છે, એવો સહેજ ઇસારો ઉપર કરી ગયા છીએ. અંધકાસુર અને માતૃકા એ માત્ર જ્ઞાનનો અંધકાર–અજ્ઞાન અને દેવી–આત્મવિદ્યા એ બન્નેની વચ્ચે થતા યુદ્ધનું રૂપક માત્ર જ છે. આત્મવિદ્યા–જ્ઞાન એ શિવ રૂપે અવિદ્યા જોડે લઢે છે અને પરિણામે

જય પ્રાપ્ત કરે છે. અવિદ્યા થોડા કાળ સુધી જુદે જુદે રૂપે વિદ્યા જોડે ટક્કર લે છે એ અંધકાસુરનાં રક્તબિંદુમાંથી ઉદ્ભવતા નવા અંધકાસુરથી બતાવ્યું છે. અષ્ટ દુર્વિકારોને સંયમથી વિદ્યાના તાબેદાર બનાવ્યા શિવાય અને અંકુશમાં રાખ્યા શિવાય અંધકાર–અવિદ્યાનો નાશ થતો જ નથી એ સમજવાનું છે.

સુપ્રભેદાગમમાં વળી નિરિતનો નાશ કરવા સારુ બ્રહ્માએ આ માતૃકાઓ ઉત્પન્ન કરી હતી એમ કહ્યું છે.

જ્યેષ્ટાદેવીની પૂજા ઘણા જુના કાળથી ચાલી આવતી હોય એમ જણાય છે. બૌધાયનગૃહ્યસુત્રમાં એ પુજા સંબંધી એક પ્રકરણ છે. જ્યેષ્ટાદેવીની ધ્વજામાં કાગડાનું ચિન્હ હોય છે. એનું આયુધ સાવરણી અને વાહન ગર્દભનું છે, એ કહી ગયા છીએ. સમુદ્ર મથન કરતી વખત લક્ષ્મી નિકળ્યા પહેલાં એ નિકળી હતી. એની સાથે લગ્ન કરવાને કોઇ તત્પર નહોતું. પણ કપિલ રુષિ એને લઇ ગયા, માટે એ કપિલપત્નિ કહેવાય છે. દક્ષિણ હિંદુસ્થાનની આ દેવી આપણી તરફ સીતળાદેવી કહેવાય છે.

લિંગપુરાણમાં જ્યેષ્ટાદેવીની હકીકત રસિક અને જુદી જ તરેહની આપી છે. તેમાં લખ્યું છે કે જ્યારે દેવ અને દાનવો અમૃતને માટે ક્ષિરસાગરનું મથન કરતા હતા ત્યારે તેમાંથી પ્રથમ કાલકૂટ વિષ નિકળ્યું. ત્યાર પછી જ્યેષ્ટાદેવી નિકળી. એક બ્રાહ્મણ રુષિ એની જોડે લગ્ન કરીને એને પોતાને ઘેર લઇ જતો હતો. એ રુષિનું નામ દુઃસહ હતું. ઘેર જતાં જતાં રસ્તામાં રુષિને પોતાની સ્ત્રીમાં એક અજાયબ ટેવ જણાઇ. જ્યાં જ્યાં વિષ્ણુ, શિવ અગર બીજા દેવનાં ગુણકીર્તન સંભળાતાં, ત્યાં ત્યાં આ સ્ત્રી પોતાના કાન બંધ કરતી. એક વખત રુષિ એને લઇને વનમાં તપ કરવા ગયા ત્યાં એનાથી રુષિને તપ કરતા જોઇ શકાયા નહિ. આખરે ન ખમી શકવાથી એમને તપ કરતા મુકીને પોતે ઘેર નાશી આવી. છેવટે બિચારા રુષિએ જ્યારે વચન આપ્યું કે તપ, ધ્યાન કે એવું ધર્માચરણ પોતે નહિ કરે, ત્યારે જ એનાથી ઘરમાં સુખે રહેવાયું. એવામાં માર્કંડેય ત્યાં પધાર્યા. તેમને રુષિયે પોતાના વિતકની વાત કહી. અને કાંઇ ઉપાય બતાવવાની પ્રાર્થના કરી. એમણે સલાહ આપી કે જ્યાં જ્યાં અશુભ બોલાતું હોય અને અશુભ થતું હોય, ત્યાં ત્યાં એણે સ્ત્રી સહવર્ત્તમાન જવું. જ્યાં પતિપત્નિમાં કલહ હોય ત્યાં જ્યેષ્ટાને લઈ જવી. જ્યાં બૌદ્ધિક અને એવી વેદવિહીન ક્રિયાઓ થતી હોય ત્યાં એને લઇ જવી. જ્યાં છોકરાંને ટાળીને મોજમઝા થતી હોય ત્યાં એને લઇ જવી. આવી આવી કેટલીક શિખામણ આપીને માર્કંડેય સિધાવ્યા. પછી દુઃસહે પોતાની સ્ત્રીને કહ્યું કે, આપણ બન્ને કશી પિડા વગર વશી શકીએ એવા સ્થળનો શોધ કરવાને હું રસાતળ લોકમાં જાઉં છું. દરમ્યાન પોતાનો આશ્રમ અને પાસે આવેલા એક તળાવની અધવચ આવેલા એક સ્થાનમાં રહેવાની તેને આજ્ઞા કરી. રુષિ પાછા આવે ત્યાં સુધી પોતાનો નિર્વાહ શી રીતે કરે એ પૂછતાં રુષિયે કહ્યું કે સ્ત્રીઓ તમને બળિદાન આપશે, તેમાંથી તમારો નિર્વાહ સારી રીતે થશે. વળી એમ પણ કહ્યું કે જે સ્ત્રી તમને બળિદાન આપે તેને ઘેર તમારે જવું નહિ. આમ કહીને રુષિયે રસાતળમાં જવા તળાવમાં ડુબકી મારી, તે ફરીથી દેખાયા જ નહિ! ત્યારથી પતિથી તજાયલી બિચારી આ દેવી વન, ઉપવન, ગામ, પર્વત અને મેદાનમાં આમતેમ ભટકયા કરે છે. એક વખત ભટકતાં ભટકતાં એને વિષ્ણુ મળી ગયા. એમની આગળ પોતાનું દુઃખ રડી અને જીવ બહેલાવવા સારૂ કાંઇ કામ માગ્યું. વિષ્ણુએ જ્યાં આગળ શિવ અને બીજા દેવોની તદ્દન અવજ્ઞા કરીને પોતે–વિષ્ણુ–એકલાની ભક્તિ થતી હોય ત્યાં પણ એને જવાની છુટ આપી. ત્યાંથી જઇને પોતે જ્યેષ્ટા

(અલક્ષ્મી) સાથે મળીને વાત કરી તેથી કાંઇ અમંગળ ન થાય તે સારુ વિષ્ણુએ રુદ્રમંત્રનો પાઠ કર્યો. આમ હોવાથી વિષ્ણુભક્ત અને સ્ત્રીઓ જ્યેષ્ટાને બલિપ્રદાન કરે છે.

જ્યેષ્ટા દેવીની પૂજનનું હાર્દ શૈવાગમોમાં જણાવ્યું છે. ત્રિલોચન શિવાચાર્યના સિદ્ધાંતસારાવલી નામના ગ્રંથમાં અને તે ઉપરની ટીકામાં જણાવ્યું છે કેઃ–પરાશક્તિએ વામા રુપે સૃષ્ટિ, સ્થિતિ, સંહાર, તિરોધાન, અને અનુગ્રહ એ પાંચ કૃત્ય કર્યાં. જાતે પરાશક્તિએ આઠ તત્વો જણાવવાને આઠ જુદાં જુદાં રુપ ધારણ કર્યાં. પૃથ્વીમયિ રુપતે વામા, જલરુપિણી તે જયેષ્ટા, અગ્ન્યાકારા રૌદ્રી, વાયવાકારા તે કાલી, આકાશરુપિણી તે કલવિકર્ણી, ચંદ્રરુપિણી તે બલવિકર્ણી, સૂર્યરુપા તે બલપ્રમથની; બલપ્રમથનીના બીજાં બે રુપો છે. આત્મરુપી રુપે સર્વભૂતદમની અને પરાશક્તિ રુપે મનોમન્યી. આ દેવીઓના પતિઓ કોણ કોણ છે, તેઓ અમુક તત્વનું સૂચન શી રીતે કરે છે, વગેરે એ ગ્રંથમાં લંબાણથી વિવેચન કરેલ છે.

દેવી અને જગતની ઉત્પત્તિના સબંધમાં નીચેનો કોઠો વધારે અગત્યનો લાગશે.



મૂળ ઇશ્વરી જે પ્રધાના કહેવાય છે, તેણે સૃષ્ટિ રચવાની ઇચ્છા થતાં પોતાના અંશમાંથી ત્રણ દેવીઓ સરજી. એ મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળી. એ દરેકે એકેક પુત્ર અને એકેક પુત્રી સરજાવી. એ ભાઈ બહેનોનાં ત્રણ જોડકાંમાંથી હિરણ્યગર્ભ–પદ્મજ એટલે બ્રહ્માએ પોતાની બહેન પદ્મા–લક્ષ્મી વિષ્ણુને પરણાવી. રુદ્રે પોતાની બહેન સરસ્વતી બ્રહ્માને અને વિષ્ણુએ પોતાની બહેન આદ્યા–કાલી શિવને–રુદ્રને પરણાવી. પછી એ જોડકાંમાંથી ત્રિગુણાત્મ સૃષ્ટિ ઉત્પન્ન થઇ. મહાસરસ્વતી તે સત્વગુણાત્મરુપ, મહાલક્ષ્મી તે રજસ્ગુણાત્મરુપ અને મહાકાળી તે તમસ્ ગુણાત્મરુપ છે. રુદ્ર અને આદ્યા–કાલીમાંથી બધી તમસગુણાત્મક સૃષ્ટિ, વિષ્ણુ અને પદ્મામાંથી રજસગુણાત્મક સૃષ્ટિ અંને હિરણ્યગર્ભ–બ્રહ્મા અને સરસ્વતીમાંથી સત્વગુણાત્મક સૃષ્ટિ થઇ.

(શક્તિપૂજા– ડા. પી. દેશાસરી).

દૈર્ઘ્યતમ. સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના વંશના કાશ્યપ કુળમાં ઉત્પન્ન થએલા દીર્ઘતમા રાજાના પુત્ર ધન્વંતરિ રાજાનું બીજું નામ.

દૈત્ય. સામાન્યતઃ દેવના વિરોધિયો તે દૈત્ય; તથાપિ ચાલુ મન્વંતરમાં દિતીના પુત્રોને દૈત્ય કહે છે.

દૈત્યદ્વીપ. ગરુડનો પુત્ર.

દૈત્યસેના. દેવસેનાની મોટી બહેન. દૈત્યની સ્ત્રી.

દૈવરાલિ. દેવરાત જનકના પુત્ર બૃહદ્રથ જનકનું બીજું નામ.

દોષા. ઉત્તાનપાદવંશીય પુષ્પાર્ણની બે સ્ત્રીઓમાંની બીજી. (પુષ્પાર્ણ શબ્દ જુઓ).

દૌર્મુખી. દુર્મુખ પાંચાલના પુત્ર યશોધરનું બીજું નામ. એને જનમેજય પણ કહ્યાનું જણાય છે.

દૌઃશ્રવેય. જયદ્રથની સ્ત્રી દુઃશલાના પુત્ર સુરથનું બીજું નામ.

દૌઃશાસનિ. દુઃશાસનનો પુત્ર. એનું મૂળ નામ મળતું નથી. એ અભિમન્યુના મરણનું બાલી નિમિત્ત માત્ર થઇ પડેલો હતો.

દૌષ્યંતિ. શકુન્તલાને પેટે દુષ્યંતથી થએલા ભરતનું બીજું નામ.

દ્યુઃ. આઠ વસુઓ માંહેલો એક. ભારતમાં કહેલા આઠ વસુઓમાં આ નામ કિયાનું છે એ જણાતું નથી. એક સમય બધા વસુઓ પોત પોતાની સ્ત્રીઓ જોડે વનવિહાર કરતા પૃથ્વી પર જતા હતા. તેવામાં તેમણે વસિષ્ઠની કામધેનુને દીઠી. બધી સ્ત્રીઓના મનમાં આવ્યું કે આ ગાયને આપણે લઇ જઇએ. બધીઓએ પોત પોતાના પતિઓને આ વાત કરવાથી તેમણે ઠીક એમ કહ્યું, પણ કામધેનુનું હરણ કર્યું નહિ. પણ દ્યુઃ, એણે તેનું હરણ કર્યું. આ વાતની વસિષ્ઠને જાણ થતાં એણે બધા વસુઓને શાપ્યા કે તમને પૃથ્વીપર જન્મ મળશે. એ જ બધા વસુઓ પછી ગંગાને પેટે શંતનુથી જન્મ્યા, અને તરત સ્વર્ગમાં પાછા ગયા. પણ દ્યુઃ વસુ જેણે પ્રત્યક્ષ કામધેનુનું હરણ કર્યું હતું, તે ભીષ્મ રુપે પૃથ્વિપર ઘણા કાળ સુધી રહ્યો. છેવટ ભારતના યુદ્ધમાં મરણ પામી સ્વર્ગે ગયો.

દ્યુતિ. કૂતી શબ્દ જુઓ.

દ્યુતિમાન્. સ્વાયંભૂ મનૂના દસ પુત્રોમાંનો એક.

દ્યુતિમાન્ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ પુત્ર દશાશ્વનો પૌત્ર, અને મદિરાશ્વ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સુધીર. (**ભાર૦ અનુ૦અ૦૨**).

દ્યુતિમાન્ (૩). શાલ્વવંશનો એક રાજા. એણે પોતાનું બધું રાજ્ય ઋચિક ઋષિને અર્પણ કરીને ઉત્તમ લોકની પ્રાપ્તિ કરી હતી. (**ભાર૦ શાંતિ૦અ૦ ૨૪૦**).

દ્યુતિમાન (૪). હવે પછી થનારા દક્ષસાવર્ણિ મન્વંતરમાંના સપ્તર્ષિયોમાંનો એક.

દ્યુમત્સેન, શાલ્વ દેશના ચિત્રાશ્વ અગર સત્યવાન્ રાજાનો પિતા, અને સાવિત્રીનો સસરો.

દ્યુમત્સેન (૨). સોમવંશી પૂરુકુળોત્પન્ન ઉપરિચરના જરાસંધ કુળના ક્ષય રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સુમતિ.

દ્યુમાન્. સ્વયંભૂ મન્વંતર માંહ્યલા વસિષ્ઠ ઋષિના સાત પુત્રોમાંનો એક.

દ્યુમાન્ (૨). સ્વારોચિષ મનૂનો થઇ ગએલો એક પુત્ર.

દ્યુમાન (૩). સોમવંશી કાશ્યપ કુળોત્પન્ન પ્રતર્દન રાજાનું બીજું નામ.

દ્યુમાન (૪). કૃષ્ણને હાથે મરણ પામેલો શાલ્વ રાજાનો પ્રધાન.

દ્રુમ્ન. ચક્ષુર્મનૂને નડ્વલાની કુખે થએલા છોકરામાંનો એક

દ્યૌ. દ્યુઃ શબ્દ જુઓ.

દ્રવિડ. જાંબુવંતીની કુખે થએલા કૃષ્ણના પુત્રોમાંનો એક.

દ્રવિડદેશ. અપરપાંડયદેશની દક્ષિણે આવેલો ભારતવર્ષીય દેશ. (**ભાર૦સભા૦ અ૦૩૨**).

દ્રવિણ. ઉત્તાનપાદ વંશના પૃથુરાજાને અર્ચિને પેટે થએલા પાંચ પુત્રોમાંનો ચોથો પુત્ર.

દ્રવિણ (૨). ધર નામના વસૂનો પુત્ર.

દ્રવિણ (૩). કુશદ્વીપમાં આવેલો એક પર્વત.

દ્રુતિ. ઋષભદેવ વંશના ભક્તરાજાની સ્ત્રી. એનું બીજું નામ ધૃતિ એવું હતું. એના પુત્રનું નામ ગય હતું.

દ્રુપદ. સોમવંશી પૂરુકુળોત્પન્ન અજમીઢના પુત્ર નીલના વંશમાં જન્મેલા જંતુ અથવા પૃષત રાજાનો પુત્ર. એને બલાનીક, શ્રુત, સુરથ અને શત્રુંજય એમ ચાર પુત્રો અને શિખંડિની નામે કન્યા પહેલી થઇ હતી. પછીથી દ્રોણાચાર્યના વધાર્થે ધૃષ્ટદ્યુમ્ન અગ્નિમાંથી ઉત્પન્ન થયો. તેમ જ દ્રૌપદી નામે કન્યા પણ અગ્નિમાંથી જ ઉત્પન્ન થઇ. દ્રુપદ રાજાને યજ્ઞસેન, પૃષતાનો પુત્ર તેથી પાર્ષત, અને

પંચાળ કુલોત્પન્ન હોવાથી પાંચાળ એવાં નામ હતાં.

દ્રુપદે બાળપણમાં દ્રોણાચાર્યના પિતા ભારદ્વાજ પાસેથી ધનુર્વિદ્યા સંપાદન કરી હતી. દ્રોણાચાર્ય પણ શિખવામાં જોડે જ હતા. આમ હોવાથી દ્રુપદ અને દ્રોણાચાર્ય એક ગુરુના શિષ્ય એટલે ગુરુભાઇ હતા. અભ્યાસ પૂરો થતાં દ્રુપદે ભારદ્વાજને ગુરુ દક્ષિણા આપીને દ્રોણને કહ્યું હતું કે મારા પિતાની પછી જ્યારે મને રાજ્યાધિકાર મળે, ત્યારે મારી પાસે આવશો તો હું તમને ભૂલી નહિ ગયો હોઉં. આમ વિવેક કરીને દ્રુપદ પોતાને નગર ગયો.

આ વાતને ઘણો કાળ વીતી ગયા પછી દ્રુપદને રાજ્યાધિકાર પ્રાપ્ત થયો. અહીંયાં દ્રોણાચાર્યને પણ અશ્વત્થામા નામે પુત્ર થયો. જેથી દ્રવ્યની જરુર પડી. આથી દ્રવ્યોપાર્જન નિમિત્તે દ્રોણાચાર્ય દ્રુપદને ત્યાં આવ્યા. દ્રુપદે મદાંધ બનીને એનો ઉપહાસ કર્યો અને કશું ન આપતાં, પાછા વળાવ્યા. આ ઉપરથી દ્રોણને ઘણો ક્રોધ આવ્યો, દ્રોણે પ્રતિજ્ઞા કરી કે હું મારા શિષ્યો મારફત દ્રુપદનો પરાભવ કરીશ.

અગાડી જતાં દ્રોણાચાર્યે પોતાની પ્રતિજ્ઞાનુસાર કૌરવ પાંડવોને ધનુર્વિદ્યા શિખવી. એમણે પોતાના શિષ્યો—તેમાંએ અર્જુન પાસે દ્રુપદને હરાવીને પકડી મંગાવ્યો અને એનું અર્ધું રાજ્ય લઇ લઇને એને જતો કર્યો. (દ્રોણાચાર્ય શબ્દ જુઓ).

આ પ્રમાણે દ્રોણાચાર્ય પાસેથી અપમાનિત થઇ દ્રુપદરાજા ત્યાંથી નિકળ્યો. એણે પોતાના અર્ધ રહેલા રાજ્યમાં માકંદી, છત્રવતી, કાંપિલ્ય વગેરે શહેરો વસાવ્યાં. અહિચ્છત્રા નામની સુંદર નગરીમાં પોતાની રાજધાની કરી ત્યાં રહ્યો. છતાં રાજ કરવામાં એનું મન જ રુચે નહિ. દ્રોણને મારે એવો પુત્ર મારે થાય એ જ ધૂન એના મનમાં લાગી રહી હતી.

એક સમય એ અરણ્યમાં ગયો હતો. યમુનાની તીરે ભિન્ન ભિન્ન આશ્રમ કરીને રહેલા કાશ્યપગોત્રના યાજ અને ઉપયાજ નામના બે ભાઈઓ હતા. તેમાંના ઉપયાજના આશ્રમમાં દ્રુપદ ગયો, અને ઋષિને પોતાની ઇચ્છા જણાવી. પરંતુ ઋષિએ એના વિચારને પુષ્ટિ ન આપી અને પોતે કાંઈ કરવાનું માથે એ ન લીધું, છતાં દ્રુપદ રાજા એની સેવા કરતો થકો ત્યાં જ રહ્યો. એ જોઇને એમણે પદને સ્પષ્ટ કહી દીધું કે તારી ધારણા મારી પાસેથી વળશે નહિ. પરંતુ મારા મોટા ભાઇ યાજ પાસે જા. એ કેટલેક અંશે દ્રવ્યલોભી છે, તે જો કાંઈ કરે તો તેમને કહી જો. દ્રુપદ તથાસ્તુ કહીને ત્યાંથી નિકળી, યાજની પાસે ગયો અને પોતાની ઇચ્છા તેને જણાવી. યાજે એના વિચારને સંમત થતાં, એ એને તત્કાળ પોતાના નગરમાં લઇ આવ્યો. યાજે પછી યજ્ઞ કર્યો અને અગ્નિકુંડમાંથી ધનુષ્ય બાણ ધારણ કરેલો ધૃષ્ટદ્યુમ્ન નામે પુત્ર અને કૃષ્ણા નામે કન્યા નિકળી, એ જોઇને દ્રુપદને ઘણો સંતોષ થયો. એણે યાજ ઋષિનો સારો સત્કાર કરીને અપાર દ્રવ્ય આપ્યું અને એમને આશ્રમે પહોંચાડ્યા. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૮૧.**)

ધૃષ્ટદ્યુમ્ન મોટો થયો એટલે દ્રુપદે એને ધનુર્વિદ્યા, દ્રોણાચાર્ય મારફતે જ શિખવરાવી. એ ધનુર્વિદ્યામાં ઘણો નિપુણ થયો અને કૃષ્ણા લગ્ન કરવા યોગ્ય થઈ એટલે એણે એનો સ્વયંવર માંડ્યો. એ સ્વયંવરમાં મત્સ્યયંત્ર બનાવ્યું હતું. તેને ભેદનાર કૃષ્ણાને વરે એવું પોણ કર્યું હતું. આ સ્વયંવર કાળે દેશદેશના ભૂપતિઓ પાંચાળપુરમાં પધાર્યા હતા. કોઈ પણ રાજાથી મત્સ્યભેદ થતો નથી, એ જોઇને કર્ણ સ્વયંવરમાં આવ્યો હતો તે મત્સ્યભેદ કરવા ઉઠ્યો. પણ કૃષ્ણાએ કહ્યું કે, એ સૂતપુત્ર છે એટલે હું સર્વથા એને વરીશ નહિ; એટલે ઝંખવાણો થઈ પાછો બેઠો. પછી બ્રાહ્મણને વેષે આવેલા અર્જુને

મત્સ્યભેદ કર્યો અને દ્રૌપદિ-કૃષ્ણા-એને પરણી. **(ભા૨૦ આદિ૦ અ૦ ૨૦૩)**

દ્રુપદે પોતાની કન્યા બ્રાહ્મણને આપી, એ જોઈને આવેલા બધા રાજાઓ ગુસ્સે થયા અને યુદ્ધનો પ્રસંગ આવી પહોંચ્યો. તે વખત ભીમ અને અર્જુને મોખરે થઇ સઘળાઓને હરાવ્યા. પાંડવ ભાઈઓ દ્રૌપદીને લઇને જે કુંભારને ત્યાં પોતે ઉતર્યા હતા, ત્યાં ગયા. દ્રુપદને એઓ બ્રાહ્મણ જ છે કે કેમ એ વાતનો સંશય પડવાથી એણે ગુપ્ત રીતે તેની તપાસ કરાવી. એણે ધૃષ્ટદ્યુમ્નને આજ્ઞા કરવાથી એ રાત્રે કુંભારને ત્યાં ગયો, અને બારણે છાનોમાનો ઉભો રહી એઓ શી વાત કરે છે તે સાંભળી. એમની વાતચીત ઉપરથી એ લોકો ક્ષત્રિ છે અને બ્રાહ્મણ નથી એમ એની ખાત્રી થઈ. એણે દ્રુપદને આવીને વાત કરી. આથી દ્રુપદને આનંદ થયો અને બીજે દિવસે બધા પાંચે જણાને રાજમંદિરમાં આમંત્ર્યા. યુધિષ્ઠિરની વાત ઉપરથી એની ખાત્રી થઇ કે આ તો પાંડવો છે. દ્રુપદને આથી ઘણો જ આનંદ થયો, કેમકે દ્રુપદની પ્રથમથી જ ઇચ્છા હતી કે મારે દ્રૌપદી અર્જુનને દેવી. અર્જુનની સાથે દ્રૌપદીનું લગ્ન કરવાની સિદ્ધતા દ્રુપદે કરવા માંડી. પણ યુધિષ્ઠિરે કહ્યું કે કુંતીની આજ્ઞા પ્રમાણે દ્રૌપદીનાં લગ્ન અમારી પાંચેની જોડે થવાં જોઇએ. દ્રુપદ ઘણો વિચારમાં પડ્યો કે એમ શી રીતે થાય ? એવામાં કૃષ્ણદ્વૈપાયન વ્યાસ ત્યાં પ્રગટ થયા. એમણે રાજાને કહ્યું કે આ પાંડવો પૂર્વના પાંચ ઇન્દ્રો અને કૃષ્ણા તે પૂર્વની શચી છે. માટે પાંચેની સાથે એનું લગ્ન થતાં બાધ નથી. વળી કુંતીએ પણ આજ્ઞા કરી છે કે તમે આણેલી ભિક્ષા પાંચે સરખી વહેંચી લો; એટલે એ વિવાહ નિંદ્ય નથી. એ ઉપર કૃષ્ણદ્વૈપાયન વ્યાસે રાજાને જટિલા નામની ઋષિ કન્યાનો ઇતિહાસ કહી સંભળાવ્યો. એ બાઇ ઘણી સદ્‌ગુણી હતી અને એને સાત પતિ હતા. **(ભા૨૦ આદિ૦ અ૦ ૨૧૧)** આ ઉપરથી દ્રુપદે પાંચેને પોતાની કન્યા આપી. લગ્ન પ્રસંગ ઘણા ઠાઠમાઠથી થયો. દ્રુપદે દાસ, દાસીઓ, વસ્ત્ર, આભુષણ, અને અપાર ધન દાયજામાં આપ્યું. પાંડવો લાક્ષાગૃહ બળી જતાં તેમાં મરણ પામ્યા છે, એવી માન્યતા હતી. પણ આ લગ્નને લીધે પાંડવો નાશ પામ્યા નથી, અને સ્વયંવરમાં દ્રૌપદી તેમને વરી છે, એ વાતની ધૃતરાષ્ટ્રને ખબર પડી. એણે પાંડવોને હસ્તિનાપુર તેડી લાવવાને વિદુરને મોકલ્યો. લગ્ન સમારંભ નિર્વિઘ્ને પૂર્ણ થતાં દ્રુપદે વિદુરની સાથે પાંડવો અને દ્રૌપદીને ઘણા સન્માનથી વળાવ્યાં.

જ્યારે ભારતનું યુદ્ધ થયું ત્યારે દ્રુપદરાજા, પોતાના પુત્ર, બાંધવ, અને અનેક પાંચાલો સહિત પાંડવ પક્ષે આવ્યો હતો. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૪૫**) અગાડી જતાં રાત્રિયુદ્ધમાં એ દ્રોણાચાર્યને હાથે મરણ પામ્યો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૮૭**).

દ્રુમ. ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

દ્રુમકુલ્ય. ભારતવર્ષીય દેશ. અહીંના લોકો અતિશય દુરાચારી હોઈ સમુદ્રને ઘણું જ કષ્ટ આપતા હતા; તેથી સમુદ્રની પ્રાર્થના ઉપરથી રામે ત્યાં પોતાનું બાણ ફેંકી એ દેશનો નાશ કર્યો હતો. એ સ્થળે મરુ નામનું અરણ્ય થયું. (**વા૦ રા૦ યુ૧૦ સ૦ ૨૨**).

દ્રુમસેન. ધૃષ્ટદ્યુમ્ને રાત્રિયુદ્ધમાં મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૧૭૬**)

દ્રુમસેન (૨). શલ્યનો ચક્રરક્ષક. એ યુધિષ્ઠિરથી મરાયો હતો. (**ભા૨૦ રા૦ અ૦ ૧૧**)

દ્રુમિલ. ઋષભદેવના સો પુત્રોમાંનો સિદ્ધ થએલો એક પુત્ર.

દ્રુહિણ. બ્રહ્મદેવ.

દ્રુહ્યુ. સોમવંશના આયુપુત્ર નહુષ રાજાનો પૌત્ર અને યયાતિ રાજાને શર્મિષ્ઠાને પેટે થએલા ત્રણ પુત્રોમાંનો બીજો પુત્ર. એણે પિતાની જરા લીધી નહિ, માટે એને સાર્વભૌમત્વ મળ્યું નહિ. એને બભ્રુ નામનો પુત્ર હતો.

દ્રુહ્યુ. (૨) સોમવંશી મતિનારનો પુત્ર. (ભા૦ આ૦ અ૦ ૮૮).

દ્રોણ. પ્રલયકાળના મેઘમાંનો એક મેઘ.

દ્રોણ (૨). એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

દ્રોણ (૩). ભારતવર્ષીય એક પર્વત.

દ્રોણ. (૪). ક્ષીર સમુદ્ર તીરે આવેલો એક પર્વત.

દ્રોણ (૫). એક વસુ. ભારતમાં કહેલા અષ્ટ-વસુઓ પૈકી આ કિયો એનો નિર્ણય થતો નથી. પરન્તુ એની સ્ત્રીનું નામ ધરા હતું. આ બન્ને જણાં અગાડી નંદ અને યશોદા તરીકે જન્મ્યાં હતાં.

द्रोणो वसूनां प्रवरो धरया सह भार्यया ॥
करिष्यमाण आदेशान्ब्रह्मणस्तमुवाच ह ॥४८॥
जातयोर्नौ महादेवे भुवि विश्वेश्वरे हरौ ॥
भक्तिः स्यात्परमालोकेययाञ्जो दुर्गतिं तरेत्॥४९॥
अस्त्वित्युक्तः स भगवान् व्रजेद्रोणो महायशाः॥
जज्ञे नन्द इति ख्यातो यशोदा सा धराऽभवत्॥५०
ततो भक्तिर्भगवति पुत्री भूते जनार्दने ।
दम्पत्योर्नितरामासीद् गोपगोपीषु भारत॥५१॥
कृष्णो ब्रह्मण आदेशं सत्यं कर्तुं व्रजे विभुः
सह रामो वसंश्चक्रे तेषां प्रीतिं स्वलीलया॥५२॥
(ભા૦ ૧૦સ્કં૦ અ૦ ૮ શ્લો૦ ૪૮-૫૨).

દ્રોણ (૬). દ્રોણાચાર્ય શબ્દ જુઓ.

દ્રોણાચાર્ય. ભારદ્વાજ ઋષિને બૃહસ્પતિના અંશ વડે થએલો પુત્ર. ઘૃતાચી નામની અપ્સરાને દેખીને ભારદ્વાજ ઋષિ સ્ખલિત થયા. તેમના સ્ખલિત થએલા વીર્યને એમણે પાંદડાના કલશમાં મૂક્યું હતું, તેમાંથી ઉત્પત્તિ થવાને લીધે આમનું નામ દ્રોણાચાર્ય પડ્યું. પોતાના પિતા પાસે એણે વેદ, વેદાંગ અને ધનુર્વિદ્યાનો અભ્યાસ કર્યો. તેમાં એ પારગ અને નિપુણ થઇ ગયો હતો. ભણવામાં દ્રુપદરાજા એના સહાધ્યાયી હતા. અગાઉ જતાં અગ્નિવેશ્ય ઋષિ પાસેથી એ કવચવિદ્યા શિખ્યો હતો. એ ઋષિ પાસેથી એણે બ્રહ્મશિર નામનુ અસ્ત્ર પણ મેળવ્યું હતું. ત્યાર પછી એ જમદગ્નિ રામ પાસે ગયો. અને અસ્ત્રોનાં રહસ્ય અને તેમનો ઉપસંહાર વગેરે શિખીને બહુ શ્રેષ્ટ થઇ ગયો. તેથી લોકોમાં એ દ્રોણાચાર્ય કહેવાયો. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૩૦**)

એણે કેટલાક કાળ પર્યંત તપ કર્યું હતું. ત્યાર પછી કૃપાચાર્યની બ્હેન કૃપીની જોડે એનાં લગ્ન થયાં. કેટલેક કાળે એને અશ્વત્થામા નામે પુત્ર થયો.

દ્રોણની દરિદ્રાવસ્થા એવી હતી કે જ્યારે અશ્વત્થામા દુધ પીવા માગતો ત્યારે એની મા તેને ચોખાનું ઓસામણ દુધ કહીને આપતી. એક વખત એ રમતો રમતો કોઇ પડોસીને ત્યાં જઇ ચઢ્યો. એનો પુત્ર દુધ પીતો હતો તે વખત પડોસણે અશ્વત્થામાને પણ થોડું દુધ આપ્યું. અશ્વત્થામાએ ઘેર આવીને રાઢો લીધો કે એ પડોસી જેવું દુધ પીવું છે. આવા દારિદ્રથી કંટાળી એ પરશુ-રામ પાસે દ્રવ્ય માગવા ગયો. તેમણે કહ્યું કે મેં તો બધી પૃથ્વિ બ્રાહ્મણોને આપી દીધી છે અને મારી પાસે હવે મારું શરીર અને અસ્ત્રવિદ્યા માત્ર છે. પછી દ્રોણ એમની પાસે અસ્ત્રવિદ્યા ભણ્યો દ્રુપદ રાજાએ ભણીને ઘેર જતાં દ્રોણને પોતાને રાજ્ય મળે ત્યારે પોતાની પાસે આવવાનું કહ્યું હતું તે કહી ગયા છીએ. તે ઉપરથી દ્રોણ દ્રુપદ પાસે દ્રવ્યની યાચના કરવા ગયો. એણે જઇને દ્રુપદને આશિર્વાદ દીધો એટલે એણે પુછ્યું તું કોણ છે ? દ્રોણે કહ્યું કે આપણે એક ગુરુને ત્યાં ભણ્યા છીએ ને તું ઓળખતો નથી ? હું દરિદ્રથી પીડિત તારી પાસે દ્રવ્ય યાચના સારુ આવ્યો છઉં. દ્રુપદ બોલ્યો કે હું રાજા અને તું ભિક્ષુક બ્રાહ્મણ તારે ને મારે ઓળખાણ કેવું ?! તું ચાલ્યો જા, નહિ તો હું તને દ્વત પાસે કાઢી મૂકાવીશ. દ્રોણ કહે તું રાજ્યમદે ભરાઇ મારું અપમાન કરે છે ! તારા ધમંડનું ફળ તને મળશે જ. મારા શિષ્ય પાસે તને બંધાની અણાવું તો જ હું દ્રોણ ખરો. (**નર્મ કથાકૌમુ, પા. ૧૩૩**).

દ્રોણાચાર્ય પછી પોતાનાં સ્ત્રીપુત્રને લઇને કૃપાચાર્ય પાસે હસ્તિનાપુર ગયો. કૃપાચાર્ય

ભીષ્મના આશ્રયમાં રહેતો હતો અને ધનવાન પણ થયો હતો. દ્રોણાચાર્યના જવાથી કૃપાચાર્યને ઘણો આનંદ થયો અને એને ઘણા આદર સત્કાર સાથે પોતાની પાસે રાખી લીધો.

એક વખત ધાર્તરાષ્ટ્રો અને પાંડવો વિંટી-દંડાની રમત રમતા હતા. તેવામાં એમની સોનાની વિંટી પાસેના કુવામાં પડી. બધા કુમારો વિંટી શી રીતે કાઢવી એવી મસલત કરતા કુવાની આજુબાજુ એકઠા થયા હતા. દ્રોણાચાર્ય તે વખત એ રસ્તેથી જતા હતા, તેમણે કુમારોને એકઠા થયેલા જોયા. એમણે પુછ્યું કે તમે કોના છોકરા છો અને અહીં કુવામાં શું જુઓ છો ? તેમણે કહ્યું અમે ધૃતરાષ્ટ્ર અને પાંડુરાજાના કુંવરો છીએ અને ભીષ્મ અમારા પિતામહ છે. અમારી સોનાની વિંટી આ કુવામાં પડી છે તે કાઢવાની મસલત કરીએ છીએ. આ સાંભળીને દ્રોણ બોલ્યો, છોકરાઓ, તમે અસાધ્ય વસ્તુ સાધ્ય કરે એવો ગુરુ કર્યો નથી. પછી દ્રોણાચાર્યે પોતાની આંગળીએથી વિંટી કાઢી અને બધાના દેખતાં કુવામાં નાંખી. પછી એક મૂઠીભર દર્ભ અભિમંત્રિત કરીને કુવામાં નાંખ્યા. દર્ભની એક શળી વિંટીને ચ્હોંટી ગઇ અને બીજી સળીઓ એકને છેડે એક એમ ચ્હોંટીને છેવટની દ્રોણાચાર્યના હાથમાં રહેલી શળીને એક છેડે ચ્હોંટી ગઇ. પછી રજ્જુ જેવી બનેલી દર્ભની શળીઓ-ને એમણે ખેંચી લીધી, જેને બીજે છેડે ચ્હોંટીને વિંટી પણ ઉપર આવી; તે લઇને પોતે પહેરી લીધી. આ ચમત્કાર જોઇને છોકરાઓએ પ્રાર્થના કરી કે અમારી વિંટી કાઢી આપો. પોતાની વિંટીની પેઠે દ્રોણા-ચાર્યે કુમારોની વિંટી પણ કાઢી આપી. અને પોતે જવા માંડ્યું. કુમારોએ તે વખત પુછ્યું કે આપ કોણ, ક્યાં રહો છો, અને આપનું નામ શું ? કૃપા કરીને અમને કહો. દ્રોણાચાર્ય કહે તમારા પિતામહ ભીષ્મ મને ઓળખે છે અને હું કૃપાચાર્યના ઘરમાં રહું છઉં. આમ કહીને ત્યાંથી નિકળી ચાલ્યા. પછી બધા કુમારો ભીષ્મ પાસે ગયા, અને એક બ્રાહ્મણે અમારી કુવામાં પડેલી વિંટી આવી રીતે કાઢી આપી, એ બધી વાત કરી. ભીષ્મે ધાર્યું કે એ દ્રોણાચાર્યજ હશે. લાગલા જ ભીષ્મ કૃપાચાર્યને ત્યાં ગયા, અને મોટા સન્માનપૂર્વક દ્રોણાચાર્યને મળ્યા. ભીષ્મે વિનંતિ કરી કે આપ અહીં આવ્યા એ બહુ સારુ કર્યું. હવે તો આપ અહીં જ રહો અને બધા કુમારોને ધનુર્વિદ્યામાં પ્રવીણ કરવા આપ સમર્થ છો. પછી એક સુંદર ઘર પૂરી-સઘળી વસ્તુઓની સિદ્ધતા કરી-તેમાં દ્રોણાચાર્યને વસાવ્યા. બધા કુમારોને એમને સ્વાધીન કરીને પોતે સ્વગૃહે પધાર્યા.

પોતે આપત્કાળમાં હતા સમએ ભીષ્મે કરેલી વિનતિનો સ્વીકાર કરીને બધા કુમા-રોને ધનુર્વિદ્યા શિખવવાનો આરંભ કર્યો. આ વાત કાળે કરીને દેશ દેશ પસરી એટલે અંધક, વૃષ્ણિ, પાંચાળ, બાલ્હીક, સૌરાષ્ટ્ર આદિ રાજાઓએ પોતાના કુમારોને પણ દ્રોણાચાર્ય પાસે અભ્યાસ કરવા મોકલ્યા. કર્ણ અને અશ્વત્થામા પણ બધાની જોડે જ અભ્યાસ કરતા હતા.

એક વખત હિરણ્ય ધેનુક નામના નિષાદ-(કોળી-ભિલ્લ જેવી એક અનાર્ય જાત) નો પુત્ર એકલવ્ય દ્રોણાચાર્ય સમક્ષ આવીને કહેવા લાગ્યો કે મહારાજ મને પણ ધનુ-વિદ્યા શિખવો. પણ આચાર્યે એનું કહેલું માન્ય કર્યું નહિ. તે ઉપરથી એણે દ્રોણાચા-ર્યની પાદુકા માગી લીધી અને ત્યાંથી વિ-દાય થયો. એકલવ્ય પાદુકા લઇને અરણ્યમાં ગયો અને દ્રોણાચાર્યની માટીની મૂર્તિ બનાવી, પાદુકા ત્યાં મૂકી અને એને આચાર્ય માનીને અભ્યાસ કરતાં એ ધનુર્વિદ્યામાં ઘણો જ નિ-પુણ થઇ ગયો. (એકલવ્ય શબ્દ જુઓ.) (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૪૨.**)

જે કે દ્રોણાચાર્યની પાસે હજારો શિષ્યો ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતા હતા, પણ એની

તત્પરતા અને તીવ્ર બુદ્ધિ જોઇ આચાર્યને અર્જુન ઉપર અત્યંત પ્રેમ થયો હતો. હય, ગજ અને રથવિદ્યા અર્જુનને સારી આવડી. અશ્વત્થામા રહસ્યમંત્રમાં પ્રવિણ થયો, ભીમ અને દુર્યોધન ગદા યુદ્ધમાં, નકુળ અને સહદેવ ખડ્ગ યુદ્ધમાં અને યુધિષ્ઠિર રથયુદ્ધમાં ઘણા પ્રવીણ થયા.

એ જ પ્રમાણે બીજા સઘળા રાજપુત્રો પણ પોતપોતાની બુદ્ધિ અનુસાર ધનુર્વિદ્યામાં નિષ્ણાત થયા હતા. એક દિવસ દ્રોણાચાર્ય બધા શિષ્યોને લઇને નદીએ નહાવા ગયા. બધા શિષ્યો નહાઈ રહ્યા બાદ પોતે સ્નાન કરવા પાણીમાં ઉતર્યા. દૈવયોગે ત્યાં એક મગર હતો, તેણે એમનો પગ પકડયો. તે ઉપરથી આચાર્યે ધાંટો પાડીને બધા શિષ્યોને કહ્યું કે મને મગરે પકડયો છે, તે સત્વર છોડવો. આ સાંભળીને બધા શિષ્યો ઘભરાઈ ગયા અને શું કરવું તે સૂઝે નહિ. પણ અર્જુન ઘભરાયો નહિ. એણે તત્કાળ બાણ મારીને મગરને મારી આચાર્યને છોડાવ્યા. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૪૨.**)

અર્જુને મગર પાસેથી છોડવી પ્રાણ બચાવ્યો તેથી ઘણા પ્રસન્ન થઇ બ્રહ્મશિર નામનું અસ્ત્ર અર્જુનને આપ્યું; અને બધા શિષ્યો પાસે ગુરુદક્ષિણામાં માગ્યું કે તમે દ્રુપદ રાજાને બાંધીને મારી પાસે લાવો. આચાર્યને જોડે લઇને સઘળા શિષ્યો પાંચાલ પુરમાં ગયા, અને દ્રુપદથી યુદ્ધ કર્યું. પણ દ્રુપદ પરાક્રમી હોવાથી કોઇનો ઉપાય એની આગળ ચાલે નહિ. એ જોઇને અર્જુન આગળ થયો. દ્રુપદની સાથે યુદ્ધ કરી તેને હરાવી, બાંધીને ગુરુ આગળ આણ્યો. દ્રોણાચાર્યે એણે કરેલા પોતાના અપમાનની વાતની યાદ દેવડાવી; દ્રોણે કહ્યું, તું રાજા અને હું કંગાલ બ્રાહ્મણ કેમ ? તારાં વચન સંભાર. જ્યારે દ્રુપદે ક્ષમા માગી ત્યારે દ્રોણ એને ભેટયો, અને એના દેશના બે ભાગ પાડી તેમાંથી એક ભાગ એટલે અડધો પાંચાલ એની પાસે રહેવા દીધો અને એને અભય આપી છોડી મૂક્યો. (**ભા૨૦આદિ૦અ૦૧૪૮**)

દુર્યોધને પાંડવોને છળથી દ્યુતમાં જીતી વનવાસ કાઢયા. એઓ પ્રતિજ્ઞા પ્રમાણે બાર વરસ અરણ્યમાં રહ્યા. પછી જ્યારે પ્રગટ થયા ત્યારે દુર્યોધન ન્યાયાનુસાર અરધું રાજ્ય આપે એવો સામ કરવા પાંડવોએ કૃષ્ણને મોકલ્યા. કૃષ્ણ સંધ કરવા હસ્તિનાપુર આવ્યા તે વેળા દ્રોણાચાર્યે દુર્યોધનને ઘણી શિખામણ દીધી હતી. એણે કહ્યું હતું કે હું અને ભીષ્મ હવે વૃદ્ધ થયા છીએ. અમારાથી પાંડવો સામે યુદ્ધમાં ટકાશે નહિ. તું ખાલી પાંડવોને શું કરવા હેરાન કરે છે ? એમ ન કરતાં તું એમનો ન્યાય પુરસ્સર ભાગ એમને આપી દે. નહિ આપે તો વૃથા માર્યો જઈશ. પરંતુ દુર્યોધન કશાને પત કરતો નથી જોઇને દ્રોણાચાર્યને ઘણો સંતાપ થયો અને બોલ્યા કે મને અર્જુન, અશ્વત્થામા કરતાં પણ વિશેષ વ્હાલો છે, એમ છતાં પણ આ દુષ્ટ દુર્યોધનને લીધે મારે એની સાથે યુદ્ધ કરવાનુ પ્રાપ્ત થશે. ધિક્કાર છે આ ક્ષાત્રધર્મને. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૩૯.**)

દુર્યોધને કોઇની શિખામણ માની નહિ અને યુદ્ધ કરવાનો જ પ્રસંગ આણ્યો. આમ થતાં ભીષ્મની ઇચ્છાને તાબે થઇને દ્રોણાચાર્યને અશ્વત્થામા સહિત નિરુપાયે એના પક્ષમાં રહેવું પડયું. પછી જ્યારે ભારતનું યુદ્ધ થયું તેમાં દસ દિવસ યુદ્ધ કરીને ભીષ્મ રણમાં પડયા, ત્યારે દ્રોણાચાર્યને સેનાપતિપણું પ્રાપ્ત થયું. એણે પણ પાંચ દિવસ સુધી મહા ભયંકર યુદ્ધ ચલાવ્યું. પહેલે જ દિવસે દ્રોણાચાર્ય અને ધૃષ્ટદ્યુમ્નનું યુદ્ધ થયું. ત્યારે દુર્યોધને એની પ્રાર્થના કરી કે મને યુધિષ્ઠિરને પકડી આપો. દ્રોણાચાર્યે કહ્યું કે અર્જુન હાજર હોય તો મારાથી યુધિષ્ઠિરને પકડી શકાય એમ નથી. આ સાંભળીને દુર્યોધને ત્રિગર્તદેશમાં સંશપ્તક કરીને રથળે અર્જુનને યુદ્ધ પ્રસંગમાં રોકી રાખ્યો. આ જોઇને દ્રોણાચાર્યે યુધિ.

ષ્ઠિરને પકડવાનો ઘણો પ્રયત્ન કર્યો. પરંતુ અર્જુને ધૃષ્ટદ્યુમ્નને યુધિષ્ઠિરના રક્ષણાર્થે ગાઇ વગાડીને આજ્ઞા કરી હતી સબબ દ્રોણાચાર્યના યત્નો ધૃષ્ટદ્યુમ્ને ફળીભૂત થવા દીધા જ નહિ. આ ઉપરથી ક્રોધાન્વિત થઇને દ્રોણાચાર્યે પ્રતિજ્ઞા કરી કે હું આવતી કાલે પાંડવ પક્ષના કોઇ પણ મહાબળવાન વીરને જરુર મારીશ. એ ધારણાથી દ્રોણાચાર્યે બીજે દિવસે ચક્રવ્યૂહની રચના કરી. એ ચક્રવાવામાં અભિમન્યુ સપડાઇને માર્યો ગયો. (૨ **અભિમન્યુ શબ્દ જુઓ**).

પોતાના પુત્ર અભિમન્યુના મૃત્યુથી બળી જઇને અર્જુને પ્રતિજ્ઞા કરી કે હું આવતી કાલે સંધ્યાકાળ પહેલાં જયદ્રથને મારીશ. જયદ્રથ પોતાનું સૈન્ય લઇ વચ્ચે આડો આવવાથી અભિમન્યુની કુમક આવી ન પહોંચતાં એ કુમારનું મૃત્યુ થયું હતું. બીજે દિવસે અર્જુનની ઘોર પ્રતિજ્ઞા પાર ન પડે એટલા માટે દ્રોણાચાર્યે એકની અંદર એક, એમ ત્રણ વ્યૂહ રચ્યા. છતાં અર્જુને જયદ્રથનો વધ કર્યો. (૩ **જયદ્રથ શબ્દ જુઓ**).

જયદ્રથ મરણ પામ્યો એ જોઇને દુર્યોધનને અનિવાર્ય શોક થયો. દુઃખે પિડિત થઇ એણે આચાર્યને કહ્યું કે આપ બરોબર લક્ષપૂર્વક યુદ્ધ કરતા નથી. આ અવિચારી ભાષણ સાંભળી આચાર્યને ઘણો ગુસ્સો ઉપજ્યો. એમણે પ્રતિજ્ઞા કરી કે આજે હું સૂર્યાસ્ત થાય તોપણ કવચ કાઢનાર નથી, અને મસાલોને અજવાળે રાત્રે પણ યુદ્ધ ચલાવીશ. પછી જે થવાનું હોય તે ભલે થાઓ. આ વિચારની પાંડવોને જાણ થતાં જ તેમણે પણ મસાલોનો બંદોબસ્ત કર્યો. એ યુદ્ધનો પંદરમો દિવસ હતો. એ દિવસે થએલા ઘોર સંગ્રામને લઇને ઉભય પક્ષના વીરો થાકી ગએલા હતા, છતાં ઈર્ષ્યા વડે રાત્રીએ જબરું યુદ્ધ થયું. પ્રભાત થતાં તો કેટલાક વીર થાક અને ઉંઘથી એટલા ઘેરાઇ ગયા કે આ યુદ્ધ ચાલે છે તેનું એ ભાન ન રહેતાં, જે જ્યાં તે ત્યાં ઉંઘી ગયા. આ વખતે ઇંદ્રવર્મા રાજાનો અશ્વત્થામા નામે હાથી મરાયો. આવા યોગનો લાભ લઇને કૃષ્ણે ભીમને સૂચવ્યું કે દ્રોણાચાર્ય આગળ જઇને ગર્જના કર કે અશ્વત્થામા હાથી મરાયો. પણ 'હાથી' શબ્દ બહુ જ ધીરેથી કોઇ ન સાંભળે એમ બોલીને અને અશ્વત્થામા બહુ જ ત્રાડીને કહેજે. ભીમસેને એ પ્રમાણે જ કરતાં, દ્રોણાચાર્યે એ ગર્જના સાંભળી. એમને લાગ્યું કે પોતાનો પુત્ર અશ્વત્થામા પરાક્રમી અને ચિરંજીવી છતાં મરાયો કહે છે એ શું ? તોપણ ધૈર્ય રાખીને પોતે બ્રહ્માસ્ત્ર મૂક્યું. દ્રોણાચાર્યે વીસ હજાર પાંચાળ, પાંચસેં માત્સ્ય અને છ હજાર સૃંજય વીરોનો ઘાણ કાઢી નાંખ્યો.

એટલામાં ભીમની સેનાએ 'અશ્વત્થામા મરાયો'એવી ફરીથી ગર્જના કરી. એ સાંભળીને દ્રોણાચાર્ય યુધિષ્ઠિરને પૂછવા લાગ્યા. તેમણે પણ કૃષ્ણની સૂચના પ્રમાણે જ, **નરો વા કુઞ્જરો વા** એ શબ્દો ઘણા જ ધીરેથી બોલી, **અશ્વત્થામા હત:** એમ કહેલું સાંભળતાં જ આચાર્ય ત્યાંથી પાછા ફર્યા. એવામાં એવું બન્યું કે ભરદ્વાજાદિક દ્રોણાચાર્યના પિતરો પ્રત્યક્ષ થઇને એને કહેવા લાગ્યા કે તું વેદવેદાંતપારગ બ્રાહ્મણ હોઇ તને યુદ્ધ કરવું અનુચિત છે. થયું તે થયું; પણ હવે તારો કાળ નજીક છે અને અમે તારા પિતરો તને લેવા આવ્યા છીએ; માટે તું યુદ્ધ તજીને અક્ષયપંથનું અવલંબન કર. આ ઉપરથી જીવતરની આશા છોડી દઇ દ્રોણાચાર્યે પોતાનાં શસ્ત્ર ભોંય મુકી દીધાં. પોતે યોગ ધારણ કરી પ્રાણત્યાગ કરતા હતા એટલામાં ધૃષ્ટદ્યુમ્ને આવીને એમનો શિરચ્છેદ કર્યો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૯૩.**)

આ પ્રમાણે દ્રોણાચાર્ય ચાર દિવસ અને એક રાત્ર યુદ્ધ કરીને મરણ પામ્યા. મરતી વખત એમનું વય ચારસેં વર્ષનું હતું.

મનુસ્મૃતિના પહેલા અધ્યાયના ૮૩ મા શ્લોકમાં મનૂ ભગવાને કહ્યું છે કે:—
अरोगाः सर्वे सिद्धार्था श्चतुर्वर्षे शतायुषः ॥
कृते त्रेतादिषु ह्येषामायुर्ह्रसति षादशः ॥
કૃત–સતયુગમાં મનુષ્ય ચારસેં, ત્રેતામાં ત્રણસેં, દ્વાપરમાં બસેં અને કલિયુગમાં સો વર્ષનું આયુષ્ય ભોગવે છે; આ સાધારણ માપ છે. ક્રમકે એ કહેલાં આયુ પૂરાં ભોગવ્યા વગર પણ અવિચારી અને અનિયમિત મનુષ્યો મરણ પામે છે એ આપણે જોઇએ છીએ. સંયમી, વિચારશીળ અને નિયમશીળ મનુષ્ય પૂરેપૂરૂં આયુષ્ય ભોગવે એ સંભવિત છે.

દ્રોણાચાર્ય ઉત્તમ પ્રકારે સદાચારી હતા. ભારતયુદ્ધમાં પણ પોતે પ્રાતઃ સંધ્યા કરી, અગ્નિ ઉપાસના કરી પછી યુદ્ધે ચઢતા. એમના રથની ધ્વજામાં કૃષ્ણજીનાંબર, કમંડલુ, વેદો વગેરેનાં ચિહ્નો હતાં. (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૩). એમના શરીરની કાંતિ શ્યામવર્ણની હતી. એમણે જ્યારે કૌરવ પાંડવોને ધનુર્વિદ્યા શિખવવાનો આરંભ કર્યો ત્યારે જ એઓ સહેજ લંગડાતા ચાલતા.

રાજ્યાશ્રયથી વધેલા માટે યુદ્ધમાં પોતે કૌરવ પક્ષમાં રહ્યા છતાં મનથી એ પક્ષને ધિક્કારતા અને પાંડવોનો જય ઇચ્છતા. એમ હોવા છતાં યુદ્ધ કરવામાં એમણે બિલકુલ કચાશ રાખી નથી. સામા પક્ષના મોટા મોટા યોદ્ધાઓને હંફાવ્યા હતા. માત્ર અર્જુનનું બાણ આવે ત્યારે સ્વલ્પ મૂર્છિત થઇ, ધ્વજના દંડને ટેકવતા. અશ્વત્થામાના મોત સંબંધે યુધિષ્ઠિરને મુખે રણવાદ્યની તમઝટ થઇ રહેલી તેથી માત્ર "हतः" એટલું જ સાંભળ્યું કે એમણે તરત જ શસ્ત્ર મુકી દીધાં. પોતાના રથારૂઢ થયા અને પાંડવોનો વિજય ઇચ્છતા સતા પોતે સમાધી ચઢાવી, પોતાના પ્રાણ બ્રહ્મરંધ્ર વાટે તજી દીધા. અલૌકિક તેજ બ્રહ્મરંધ્ર વાટે નિકળી સૂર્યમંડળમાં ભળી ગયું. આ ચમત્કાર કૃષ્ણ, અર્જુન, ધર્મ, કૃપાચાર્ય અને સંજય એ પાંચ જણે દીઠો. પછી ધૃષ્ટદ્યુમ્ને પોતાના પિતાને મારનારને મારીશ એવી પ્રતિજ્ઞા લીધી હતી માટે જઇને ખડ્ગ વડે એમનું શિર ઉડાડી દીધું. ચારસેં વર્ષની ઉમ્મરના છતાં યુદ્ધમાં સોળ વર્ષના હોય નહિ એમ ધૂમતા. (**નર્મ કથાકોષ–૨૩૬**).

બ્રહ્મણને મારવાના મહા પાપની કાળી ટીલી ચોટે નહિ માટે દ્રોણાચાર્યે સમાધીથી પ્રાણ તજ્યા પછી ધૃષ્ટદ્યુમ્ને ખડ્ગ વાપર્યું એમ કહેવાય છે. બાકી શસ્ત્ર મુકી દીધા પછી ધૃષ્ટદ્યુમ્ને એમને માર્યા એ યુદ્ધના સિદ્ધ નિયમથી ઉવટું હતું. (**ડાઉસન પા. ૯૭.**)

દ્રોણાયન. ભૃગુકુળોત્પન્ન એક ઋષિ.

દ્રોણાયનિ. અશ્વત્થામા. (**ભા૨૦ભીષ્મ૦અ૦૮૪**)

દ્રોણિ. દ્રોણ પુત્ર અશ્વત્થામા. એ ચાલુ અઠ્ઠાવીસમી ચોકડી પૂરી થશે ત્યારે ઓગણત્રીસમી ચોકડીના દ્વાપરયુગના અંતમાં દ્રોણિ નામે વ્યાસ થશે.

एकोनत्रिंशे संप्राप्ते द्रोणि र्व्यासो भविष्यति"
(વ્યાસ શબ્દ જુઓ.)

દ્રોણી. ભારતવર્ષીય નદી.

દ્રૌપદી. દ્રુપદ રાજાની કન્યા કૃષ્ણાનું બીજું નામ. પિતાના નામ ઉપરથી એને પાંચાલી અને યાજ્ઞસેની પણ કહેતા. એ દ્રુપદ રાજાના યજ્ઞ સમયે શચીના અંશાવતાર રુપે અગ્નિમાંથી પેદા થઇ હતી. એની કાંતિ ગૌર છતાં સહજ શ્યામતા વાળી હોવાથી દ્રુપદે હસવામાં એનું નામ કૃષ્ણા પાડ્યું હતું. એ ઉમ્મર લાયક થઈ ત્યારે સ્વયંવરમાં પાંડવો એને પરણ્યા હતા. (દ્રુપદ શબ્દ જુઓ). કૃષ્ણની સગી બહેન સુભદ્રાની સોકય હોવાથી કૃષ્ણ એને પોતાની બહેન જેવી જ લેખતા. પણ એનો સારો સ્વભાવ મુખ્યત્વે કરીને એના ઉપર કૃષ્ણની પ્રીતિનું કારણ હતું. એને યુધિષ્ટિર, ભીમસેન, અર્જુન, નકુળ, અને સહદેવ એમ પાંચે પાંડવો વડે અનુક્રમે પ્રતિવિંધ્ય, શ્રુતસેન, શ્રુતકીર્તિ, શતાનીક, અને શ્રુતકર્મા એમ પાંચ પુત્રો થયા હતા.

એ પાંચે વિશ્વેદેવાના અંશાવતાર હોઇ મહારથીઓ હતા, અને બહુધા દ્રૌપદેય નામે પ્રખ્યાત હતા.

રાજસૂય યજ્ઞ થઇ રહ્યા પછી કૌરવોએ કપટદ્યુત વડે પાંડવોની સઘળી સંપત્તિ હરણ કરી લીધી. પાંડવોને પોતાને પણ પોણુમાં મૂકીને જીતી લીધા. પછી દ્રૌપદીને પણ પોણુમાં પરઠીને જીતી લીધી. જ્યારે જિતાયલા પાંડવોને દ્રૌપદી સહવર્ત્તમાન સભામાં આવ્યા ત્યારે દ્રૌપદીએ ભીષ્મ વગેરેને પ્રશ્ન કર્યો કે મને દુર્યોધન જિત્યો એ યથાર્થ છે કે અયથાર્થ છે? તે વખત ભીષ્મ "**धर्मस्य तत्त्वं निहितं गुहायाम्**" એટલું કહીને બાજુએ રહ્યા. પણ વિદુર અને વિકર્ણ એમણે સ્પષ્ટ કહ્યું કે કૌરવો તને જિત્યા કહે છે એ કેવળ અધર્મ છે.

પાંડવો બાર વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસમાં રહ્યા તે સઘળો કાળ એ તેમની સાથે જ હતી. વિરાટ રાજાને ત્યાં અજ્ઞાતવાસમાં એ સૈરંધ્રી નામ ધારણ કરીને સુદેષ્ણાની સેવામાં રહી હતી. (**ભા૨૦ વિરા૦ અ૦ ૧૪**) ત્યાં હતી તે વખત કીચકને એના વિષે પાપબુદ્ધિ ઉત્પન્ન થઇ હતી. પણ એ એને વશ થઈ નહિ, અને બલાત્કાર કરતાં એ જ મરણ પામ્યો. (કીચક શબ્દ જુઓ). અજ્ઞાતવાસમાંથી પાંડવો છતા થયા અને કૌરવો પાસે જઇને સામ કરવા સારુ યુધિષ્ઠિરે કૃષ્ણને જવાની આજ્ઞા કરી. કૃષ્ણ જતા હતા ત્યારે ભીમે કૃષ્ણને કહ્યું કે અને ત્યાં સુધી યુદ્ધ પ્રસંગ ટળે એમ કરજો. આ ઉપરથી દ્રૌપદીને ઘણો જ ક્રોધ ઉત્પન્ન થયો હતો. એ પોતાનો છૂટો કેશકલાપ પોતાના હાથમાં લઈ કૃષ્ણ પાસે આવી અને બોલી કે કૃષ્ણ! આ કેશપાશ ઝાલીને દુઃશાસન મને અંતઃપુરમાંથી સભાગૃહમાં ખેંચી લાવ્યો હતો, એ વાત તમારા મનમાંથી ખસે નહિ. પાંડવોને જો સલાહ કરવી હોય તો ભલે કરે. મારા પાંચ પુત્રો અભિમન્યૂની સાહ્યતા વડે કૌરવો જોડે યુદ્ધ કરી તેમને જિતશે. કૃષ્ણ! ઉચાકુળમાં ઉત્પન્ન થએલી અને મોટાની સ્ત્રી છતાં મારા જેવી કોઈ દુખણી હશે વારુ? આમ બોલીને એણે આંખમાંથી આંસુ સારવા માંડ્યાં. કૃષ્ણે એનું સાંત્વન કર્યું અને કહ્યું કે શોક કરીશ નહિ. જેથી કૌરવો નાશ પામે એવું જ હું કરીશ. આમ કહી એમણે હસ્તિનાપુર તરફ પ્રયાણ કર્યું. (**ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૮૧**)

દ્રૌપદી પાંચ સતીઓમાંની એક ગણાય છે. એ જાતે પરમપવિત્ર, સદ્‌ગુણી અને ક્ષમાશીલ હતી. એના પાંચ પુત્રો અશ્વત્થામાએ માર્યા હતા છતાં ભીમ અને અર્જુને અશ્વત્થામાને પકડીને દ્રૌપદીની પાસે આણીને ઉભો કર્યો અને મારત જ, તે વખત એને દયા આવી. દ્રૌપદીએ કહ્યું કે મારા પાંચ પુત્રો મુઆથી જેમ મને શોક થાય છે તેમ જ એના મરવાથી એની માતાને પણ શોક થશે; માટે એને મારશો નહિ. તે ઉપરથી એમણે અશ્વત્થામાને ન મારતાં તિરસ્કાર કરીને છોડી દીધો. ભારતયુદ્ધમાં વિજય મેળવીને પાંડવોએ રાજ્ય કર્યું. બાદ જ્યારે પાંડવો નિજધામમાં ગયા ત્યારે દ્રૌપદી તેમની જોડે ગઇ. રસ્તામાં જતાં એનો દેહ પડી ગયો.

દ્રૌપદેય. દ્રૌપદીના પ્રતિવિંધ્યાદિક જે પાંચ પુત્રો, તેમનું સામાન્ય નામ.

દ્વાદશાદિત્ય. ચાલુ મન્વંતરમાં તેમની અદિતી નામની મોટી સ્ત્રીની કુખે કશ્યપ ઋષિને થએલા બાર પુત્રો, જેઓ આદિત્ય સંજ્ઞાથી ઓળખાતા હોઇ દેવ ગણાય છે તે. પ્રસ્તુત કાળમાં તેમની ગણના સપ્તવિધ દેવોમાં થાય છે. મહાભારતમાં તેમનાં ધાતા, મિત્ર, અર્યમા, શક્ર, વરુણ, સવિતા, ત્વષ્ટા અને વિષ્ણુ એવાં નામ આપ્યાં છે. પુરાણોમાં આ નામ આગળ પાછળ કહ્યાં છે અને શક્રને ઠેકાણે ઇંદ્ર અને વિષ્ણુને ઠેકાણે ઉરુક્રમ એટલો જ તફાવત છે. બારની સંખ્યા નિર્વિવાદિત છે.

દ્વાપર. ચાર યુગોમાંનો ત્રીજો, તેમ જ તેનો મૂર્તિમાન દેવ. દેવતાઓની ગણત્રીએ આ યુગ ૨૪૦૦ વર્ષનો હોઇ આપણી ગણત્રીએ તે આઠ લાખ અને ચોસઠ વર્ષ થાય છે. સંધિ અને સંધ્યાંશ કાળ ઉમેરતાં એ દેવોનાં ચારસેં વર્ષનો છે. (**મત્સ્ય૦ અ૦ ૧૬૪**).

દ્વારકા. કુશસ્થળી નામની નગરીનું બીજું નામ. એ આનર્ત દેશની રાજધાની હતી અને ત્યાં સઘળા યાદવો સહિત કૃષ્ણ અને બળરામ રહેતા હતા. પ્રથમ તો આ નગરી સર જમીન ઉપર જ હતી. પણ જરાસંધ અને કાળયવન વગેરે આવી આવીને ઉપદ્રવ કરતા હતા તેથી કૃષ્ણે વિશ્વકર્માની પાસે એને સમુદ્રમાં એટલે ચોતરફ સમુદ્ર હોય એવી કરાવી. એનો વિસ્તાર બાર યોજન હોઇને એ શોભાયમાન નગરી હતી. કૃષ્ણના સ્વધામ સિધાવ્યા પછી સાતમે દિવસે એને સમુદ્રે ઓળી દીધી હતી. (**ભાર૦ મૌસલ૦ અ૦ ૮**) ગ્રંથોમાં એનાં દ્વારવતી, અને દ્વારાવતી એવાં બીજાં નામો પણ કહ્યાં જણાય છે.

દ્વારપાલ. એક તીર્થ. (**ભાર૦ વન૦ અ૦ ૮૧.**)

દ્વિજરાજ. ચંદ્રનું એક નામ.

દ્વિજિહ્વ. લંકાનો રાવણના પક્ષનો એક રાક્ષસ. (**વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬**).

દ્વિજિહ્વ (૨). સર્પનું સામાન્ય નામ. (**દેવી૦ ભા૦ દ્વિતિય૦ અ૦ ૧૨**).

દ્વિત. બ્રહ્મમાનસપુત્રમાંનો એક.

દ્વિત. (૨) ગૌતમ ઋષિના ત્રણ પુત્રમાંનો એક.

દ્વિમીઢ. એની અંક સંજ્ઞાવાળો દેવમીઢ શબ્દ જુઓ.

દ્વિમુર્દ્ધા. અગ્નિ.

દ્વિમુર્દ્ધા (૨). દનુપુત્ર એક દાનવ.

દ્વિવિદ. સુષેણ વાનરના બે પુત્રોમાંનો કનિષ્ઠ પુત્ર. એના મોટાભાઇનું નામ મૈંદ વાનર. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭૬**). એ દસ હજાર હાથીનું બળ ધરાવતો હતો. અંગદ નો મામો અને સુગ્રીવનો સચીવ હતો. એણે યુદ્ધ સમયે રામને ઘણી સાહ્યતા કરી હતી.

દ્વિવિદ (૨). નરકાસુરનો મિત્ર એક વાનર. કૃષ્ણે નરકાસુરને માર્યો એ સાંભળીને એ કૃષ્ણ અને બળરામ ઉપર ઘણો દ્વેષ કરવા લાગ્યો. વારે વારે આનર્ત દેશમાં આવી શહેર, નેસડા અને ઘરને આગ લગાડી જતો. દેશ પર મોટા મોટા પાષાણ વર્ષાવતો. દેશની કુળસ્ત્રીઓને ભ્રષ્ટ કરતો, અને ઋષિયોને ત્રાસ આપતો. એક સમયે બળરામ સ્ત્રીઓ સહિત રૈવતક પર્વત ઉપર ક્રીડા સારુ ગયા હતા ત્યાં જઇને આ દ્વિવિદે એ લોકોને ઉપદ્રવ કરવા માંડ્યો, એટલે બળરામે એની સાથે યુદ્ધ કરીને એને મારી નાંખ્યો. (**ભાગ૦ દશમ૦ અ૦ ૬૭**).

દ્વૈતવન. આ વન સરસ્વતી નદીને તીરે આવેલું છે. એની જોડે મરુધન્વ દેશ છે. (**ભા૦ શલ્ય૦ અ૦ ૩૭**). હસ્તિનાપુરથી વનવાસ જતાં પાંડવો પ્રથમ આ વનમાં આવ્યા હતા. કેટલોક કાળ અહીં રહીને પછી કામ્યકવનમાં ગયા હતા. ત્યાં આગળ દ્વૈપાયનાદિક અનેક ઋષિઓ એમને આવી મળ્યા હતા. ત્યાં સઘળા ભાઇઓ અને દ્રૌપદી વગેરેને યુધિષ્ઠિર સાથે ધર્મ વિષયે સંવાદ થયો હતો. યુધિષ્ઠિરને અહીં પ્રતિસ્મૃતિ નામે વિદ્યા પ્રાપ્ત થઈ હતી તે એમણે અર્જુનને શિખવી. ત્યાર પછી બધા પાંડવો આ વનમાં પાછા આવ્યા (**ભાર૦ વન અ૦ ૨૪—૨૬**).

પાંડવો તીર્થયાત્રા કરતા કરતા નરનારાયણાશ્રમ, આર્ષ્ટિષેણાશ્રમ, વગેરે સ્થળોએ થઇને ગંદમાદન પર્વત ઉપર ગયા. અહીં સ્વર્ગમાં ગએલો અર્જુન નાના પ્રકારનાં અસ્ત્રો મેળવીને આવી મળ્યો હતો. યામુન-પર્વતને વિષે અજગરયોનિ પ્રાપ્ત થએલા નહુષ રાજાનો ઉદ્ધાર થયો. (યામુનગિરિ શબ્દ જુઓ). ત્યાંથી નિકળીને પાંડવો પાછા આ વનમાં આવ્યા અને ચાતુર્માસ રહ્યા. અહીં હતા ત્યારે યુધિષ્ઠિરને સ્વપ્ન આવ્યું કે તમે અહીં રહ્યા તેથી ઘણા મૃગ વગેરેનો નાશ થઇને માત્ર થોડાં જ બીજભૂત-

વસ્તી વધારવાને જરૂરનાં-બાકી રહ્યાં છે. તમે જો અહીં રહેશો તો એ પણ નાશ પામશે. માટે બીજા વનમાં જાઓ. આ ઉપરથી અહીંથી નિકળીને યુધિષ્ઠિર કામ્યકવનમાં ગયા (**ભાર૦ વન૦ અ૦ ૨૫૦**).

દ્વૈતવન. (૨)–એ નામનું એક સરોવર. (ભાર૦ વન૦ અ૦ ૨૪).

દ્વૈપાયન. ચાલુ મન્વંતરના વ્યાસ કૃષ્ણદ્વૈપાયન તે જ.

દ્વૈપાયનહ્રદ. એ નામનો એક મોટો ધરો. ભારતના યુદ્ધ પછી દુર્યોધન એમાં સંતાઇ રહ્યો હતો. તેને યુધિષ્ઠિરાદિએ બોધ કરીને અને બહુ મહેણાં મારીને બહાર કાઢી યુદ્ધમાં પ્રવર્ત કર્યો હતો.

દ્વ્યક્ષી. અશોક વનમાંની એક રાક્ષસી.

દ્વ્યાઙ્ગ્યેયવ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ધ.

ધનક. સોમવંશી યદુપુત્ર સહસ્રાજિતના વંશના ભદ્રસેન અથવા રુદ્રશ્રેણ રાજાના બે પુત્રોમાંનો બીજો. એને કૃતવીર્ય, કૃતાગ્નિ, કૃતવર્મા અને કૃતૌજા એમ ચાર પુત્રો હતા.

ધનંજય. ચાલુ મન્વંતરનો સોળમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ.)

ધનંજય (૨). અત્રિકુળોત્પન્ન એક ઋષિ. (૨ અત્રિ શબ્દ જુઓ.)

ધનંજય (૩). એક બ્રહ્મર્ષિ. એની સ્ત્રીનું નામ કુમારી (**ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૧૧૭.**)

ધનંજય (૪). એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ.)

ધનંજય (૫). કદ્રુપુત્ર એક નાગ. આ નાગ મહા મહિનામાં સૂર્યના સમાગમમાં હોય છે. (તપા શબ્દ જુઓ.)

ધનંજય (૬). શરીરના પાંચ ઉપપ્રાણો પૈકી એક.

ધનંજય (૭). અગ્નિનું એક નામ.

ધનંજય (૮). અર્જુનનું એક નામ.

ધનદ. કુબેર. એનાં આવા અર્થવચ્છદ ઘણાં નામ છે. જેમકે શ્રીદ. વગેરે. વળી ઇશ અર્થવાચક પણ ઘણાં નામ છે જેમકે. ધનેશ, વિત્તેશ વ. વ.

ધનરત્ન. બગડાની અંક સંજ્ઞાવાળા ચંદ્રકાંત નગરનું નામ.

ધનિષ્ઠા. સોમની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક, પ્રાચેતસ દક્ષની કન્યા. એ નામનું નક્ષત્ર.

ધની. કપ નામનો દેવનો દૂત વિશેષ.

ધનુર્ગ્રહ. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

ધનુર્વેદ. યજુર્વેદનો ઉપવેદ અને એનો મૂર્તિમાન દેવ. યજુર્વેદની પેઠે એ પણ બ્રહ્મદેવના દક્ષિણમુખમાંથી નિકળ્યો છે.

ધનુષાક્ષ. એક બ્રહ્મર્ષિ (બાલધી શબ્દ જુઓ.)

ધનુષ્ય. પ્રથમ અંકની સંજ્ઞાવાળા ઉપરિચરના સોળ ઋત્વિજોમાંનો એક.

ધન્યા. ઉત્તાનપાદપુત્ર ધ્રુવની સ્ત્રી.

ધન્વંતરિ. સમુદ્રમંથન કાળે તેમાંથી નિકળેલો આયુર્વેદ ચલાવનારો દેવ. (**ભાગ૦ અષ્ટમ૦ અ૦ ૮**)

ધન્વંતરિ (૨). સોમવંશી આયુપુત્ર ક્ષાત્રવૃદ્ધના વંશના કાશ્યકુલોત્પન્ન દીર્ઘતમા રાજાનો પુત્ર. એના પુત્રનું નામ કેતુમાન.

ધન્વતી. પારિયાત્ર નામના પર્વતમાંથી નિકળેલી એક ભારતવર્ષીય નદી.

ધન્વી. ચોથા તામસ મનૂના દશ પુત્રોમાંનો એક.

ધમની. હ્લાદ નામના અસુરની સ્ત્રી.

ધમ્મિલ્લા. અનુશાલ્વ રાજાની સ્ત્રી. (**જૈમિ૦ અશ્વમે૦ અ૦ ૬૧**).

ધર. આઠ વસુઓમાંનો એક. એની સ્ત્રીનું નામ કલ્યાણિની અને પુત્રનું નામ દ્રવિણ હતું. માનું નામ ધૂમ્રા હતું.

ધર (૨). પાંડવ પક્ષનો એક ક્ષત્રિ. (**ભા૦ દ્રો૦ ૧૫૬–૩૮**)

ધર (૩). શુક્રાચાર્યનો પુત્ર. (**ભા૦અ૦૬૬–૩૭**)

ધરણી. પરશુરામની સ્ત્રી.

ધરણીસ્થ. એક ઋષિ.

ધરા. દ્રોણ નામના વસુની સ્ત્રી. કૃષ્ણાવતારમાં એ જ જશોદારૂપે અવતરી નંદની સ્ત્રી થઇ હતી.

ધરા (૨). પૃથિવી.

ધરિણી. અગ્નિષ્વાત્તાદિક પિતરની એ કન્યામાંની એક. વપુનાની બહેન હતી. એ બ્રહ્મનિષ્ઠ હતી.

ધરિણી (૨). આઠ વસુમાંના એક વસુની સ્ત્રી.

ધર્મ. ધર્મઋષિ તે જ.

ધર્મ (૨). ચાર પુરુષાર્થમાંનો એક. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરુષાર્થ કહેવાય છે.

ધર્મ (૩). યમનું એક નામ.

ધર્મ (૪). સોમવંશી યદુપુત્ર, સહસ્રાજિત્‌ના વંશના હૈહય રાજાનો પુત્ર. એનો પુત્ર તે નેત્ર.

ધર્મ (૫). સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના પૃથુશ્રવા રાજાનો પુત્ર. એનો પુત્ર ઉશના.

ધર્મ (૬). સોમવંશી દ્રુહ્યુ કુલોત્પન્ન ગાંધાર રાજાનો પુત્ર. એનો પુત્ર ધૃત.

ધર્મ (૭). પાંડુપુત્ર યુધિષ્ઠિરનું એક નામ.

ધર્મઋષિ. સ્વાયંભૂ મન્વંતરમાં સ્તનની દિંડીમાંથી ઉત્પન્ન થએલો બ્રહ્મમાનસપુત્ર. શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા. હ્રી અને મૂર્ત્તિ. દક્ષે પોતાની સોળમાંથી આ તેર કન્યાઓ આ જ મન્વંતરમાં ધર્મઋષિને પરણાવી હતી. એમાંની બારને અનુક્રમે શુભ, પ્રસાદ, અભય, સુખ, સંતોષ અથવા હર્ષ, ગર્વ, યોગ, અભિમાન, અર્થ, સ્મૃતિ, ક્ષેત્ર અને પ્રશ્રય એ નામે બાર પુત્રો થયા હતા. તેરમી દક્ષકન્યા મૂર્તિને નરનારાયણ નામે બે પુત્ર હતા. (**દેવી ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૬**) અને (**ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૧૦**).

ધર્મઋષિ. (૨). ત્રિજ-ઉત્તમ મન્વંતરમાં થએલા વિષ્ણુ અવતારનો પિતા. એને સૂનૃતા નામે સ્ત્રી હતી.

ધર્મઋષિ (૩). વૈવસ્વત મન્વંતરમાંનો બ્રહ્મમાનસપુત્ર. એને ઉત્તાનપાદ વંશના પ્રાચેતસ દક્ષ નામના રાજાએ પોતાની સાઠમાંથી દશ કન્યા પરણાવી હતી. એ દશનાં નામ:-મરુત્વતી, વસુ, યામી, લંબા, ભાનુ, અરુંધતી, સંકલ્પા, મુહૂર્તા, સાધ્યા અને વિશ્વા એવાં હતાં. આમાં પહેલીને મરુત્વાન્ અને જયંત, એમ બે પુત્રો, બીજીને આઠ વસુઓ, ત્રિજીને સ્વર્ગ નામનો પુત્ર અને નાગવીથી નામે કન્યા, ચોથીને ઘોષ સંજ્ઞાવાળો પુત્ર, પાંચમીને દેવઋષભ, છટ્ઠીને કેટલાંક પ્રાણિ, સાતમીને સંકલ્પ સંજ્ઞાવાળાદેવ, આઠમીને મુહૂર્ત નામે દેવ, નવમીને સાધ્યદેવ, અને દશમીને વિશ્વેદેવ, એમ સંતતિ થઇ હતી. (**મત્સ્ય૦ અ૦ ૨૦૨**) અને (**ભા૨૦ આદિ૦ અ૦ ૬૬**)

ધર્મઋષિ. (૪). એ નામના એક બ્રહ્મર્ષિ-એની સ્ત્રીનું નામ ધૃતિ હતું. (**ભા૨૦ ઉદ્યા૦ અ૦ ૧૧૭**).

ધર્મકેતુ. સોમવંશી આયુપુત્ર ક્ષાત્રવૃદ્ધના વંશના કાશ્ય કુળમાં થએલા સુકેતન રાજાનો પુત્ર. એનો પુત્ર તે સત્યકેતુ.

ધર્મપુત્ર. યુધિષ્ઠિર.

ધર્મધ્વજ. રથધ્વજ નામના રાજાનો પુત્ર, અને કુશધ્વજ નામના રાજાનો મોટો ભાઈ. એને તુલસી નામે કન્યા હતી.

ધર્મધ્વજ (૨). વિદેહવંશના કુશધ્વજ જનકનો પુત્ર. એને કૃતધ્વજ અને મિતધ્વજ નામે બે પુત્ર હતા.

ધર્મપાલ. દશરથના આઠ અમાત્યમાંના મંત્રપાળ નામના અમાત્યનું બીજું નામ. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૭**)

ધર્મપ્રસ્થ. ભારતવર્ષીય તીર્થ.

ધર્મભૃત. દંડકારણ્યમાં રહેનાર એક ઋષિ. (**વા૦ રા૦ અર૦ સ૦ ૧૧.**)

ધર્મરથ. સોમવંશીય અનુકુળના અંગવંશના દ્વિરથ રાજાનો પુત્ર; એને બ્રહદ્રથ પણ કહેતા. એને ચિત્રરથ અથવા રોમપાદ કરીને પુત્ર હતો.

ધર્મરાજ. યમનું એક નામ.

ધર્મરાજ (૨). યુધિષ્ઠિરનું એક નામ.

ધર્મવર્ધન. કેકય દેશમાંથી અયોધ્યા આવતી વખત ભરતનાં રસ્તામાં આવેલું ગામ. (**વા. રા. અયો. સ૦ ૭૧**).

ધર્મવૃદ્ધ. ચંદ્રવંશી યદુકુળના સાત્વતવંશના ચક્રલક્કના તેર પુત્રોમાંનો એક. અક્રૂર યાદવનો ભાઇ.

ધર્મવ્યાધ. મિથિલા નગરીમાં રહેનારો એક શિકારી. એક વખત કોઇ બ્રાહ્મણ એક ઝાડ તળે બેશીને અધ્યયન કરતો હતો, તે વખત એક બગલી એના ઉપર ચરકી. બ્રાહ્મણે ક્રોધ કરીને ઉંચું જોયું. તેથી એ બગલી બળીને ભસ્મ થઈ ગઇ. આથી કરીને એ બ્રાહ્મણને પોતાના તપોબળનો ગર્વ આવ્યો. પછી પોતાના રોજના રિવાજ મુજબ ગામમાં મધુકરી માગવા ગયો. જતાં જતાં એક પતિવ્રતાને ઘેર માગવા ગયો. ભિક્ષા આપતાં વિલંબ થવાથી બ્રાહ્મણને ક્રોધ ચઢ્યો અને એણે કોપભરેલી નજરે એ બાઇ સામું જોયું. પણ એ કાંઇ બળી ગઈ નહિ! બ્રાહ્મણ આથી દિલગીર થતો હતો એટલે પેલી બાઇએ કહ્યુ કે, મહારાજ! તેં બગલીને બાળી નાંખી હતી એ હું જાણું છું. તેમજ હું પતિવ્રતા હોવાને લીધે તું મને બાળવા સમર્થ નથી, એ તને પણ બખર જ હશે. હવે તને કહેવાનું એટલું જ કે તું મિથિલા નગરીમાં જા; અને ત્યાં ધર્મ નામનો એક શિકારી રહે છે, તે મારા કરતાં અધિક જ્ઞાની છે. માટે જો તારા મનમાં કોઈ પણ તરેહનો સંશય હોય તો એની પાસે જઇને નિવારણ કર. આ ઉપરથી એ બ્રાહ્મણ મિથિલામાં ગયો, અને ધર્મવ્યાધ સાથે એને સંવાદ થયો. સ્ત્રીઓને પતિસેવા અને પુત્રોને માતાપિતરોની સેવા એ જ શ્રેષ્ટ છે એ સિદ્ધાંતનો એને બોધ કરીને, તેમ જ પોતાના થઈ ગએલા જન્મની વાત કહીને એને વિદાય કર્યો.(**ભા૨૦ વન૦ અ૦ ૨૦૬-૨૧૬**).

ધર્મસારથિ. ચંદ્રવંશના આયુપુત્ર અનેનાના વંશના ત્રિકકુત્ રાજાનો પુત્ર. એને શાંતરથ નામે પુત્ર હતો.

ધર્મસાવર્ણિ. હવે પછી થનારો અગિઆરમો મનુ. એનો મન્વંતર એના નામે જ ચાલશે. લોક એને મેરુસાવર્ણિ એ નામે પણ ઓળખશે. અને એને સત્ય, ધર્મ, વગેરે દશ પુત્રો થશે. એના મન્વંતરમાં સ્વર્ગમાં વિહંગમ, કામગમ, નિર્વાણરુચિ, એ નામના ત્રિવિધ દેવ થશે. એમના સ્વામી તરીકે વૈધૃતિ નામે ઇંદ્ર થશે. અરુણાદિ સપ્તર્ષિ થશે. આર્યક નામના એક બ્રાહ્મણવડે વૈધૃત નામની તેની સ્ત્રીની કુખે ધર્મસેતુ નામે વિષ્ણુનો અવતાર થશે, અને એ ઇંદ્રને સાહ્ય કરશે. (**ભાગ૦ અષ્ટમ૦ અ૦ ૧૩**).

ધર્મસૂત્ર. ચંદ્રવંશના પૂરુ કુળના જરાસંધ વંશમાંના સુવ્રત નામના રાજાનો પુત્ર. એનો પુત્ર શમ.

ધર્મસેતુ. ધર્મસાવર્ણિ મન્વંતરમાં થનારો વિષ્ણુ ભગવાનનો અવતાર.

ધર્મસેન. સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળના યુવનાશ્વ રાજાના પુત્ર માંધાતાના પુત્ર અંબરીષ રાજાનું બીજું નામ.

ધર્મા. ચાલુ વૈવસ્વત મન્વંતરમાંનો ચૌદમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ).

ધર્મારણ્ય. એક બ્રહ્મર્ષિ. એ પદ્મનાભ નામના નાગ પાસેથી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરીને તરી ગયો હતો. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૩૧૬**).

ધર્મારણ્ય (૨). પુરુરવના પુત્ર વિજયના કુળના મૂર્તય રાજાએ વસાવેલું નગર.

ધર્મારણ્ય (૩).એક અરણ્ય અને તેમાંનું તીર્થ.

ધર્મેયુ. ચંદ્રવંશના પૂરુકુળના રૌદ્રાશ્વ રાજાના દશ પુત્રોમાંનો એક.

ધાતકી. પ્રિયવ્રત પુત્ર વીતિહોત્રના બે પુત્રોમાંનો એક. એનો દેશ એના નામથી જ પ્રસિદ્ધ છે.

ધાતકી (૨). પુષ્કરદ્વીપમાંનો બીજો દેશ.

ધાતા. બ્રહ્મદેવ.

ધાતા (૨). સ્વાયંભૂ મન્વંતરમાંના બ્રહ્મમાનસપુત્ર ભૃગુઋષિને તેમની ખ્યાતિ નામની સ્ત્રીને પેટે થએલા ત્રણ પુત્રોમાંનો મોટો. મેરુની કન્યા આયતી એની સ્ત્રી થાય, અને એને પેટે મૃકંડ નામે પુત્ર થયો હતો.

ધાતા (૩). બાર આદિત્યોમાંનો એક. ચાલુ મન્વતરમાં પ્રતિ વર્ષે ચૈત્ર માસમાં સૂર્યમં-

ડળનો અધિપતિ હોય છે. (૯ મધુ શબ્દ જુઓ).

ધાત્રિ. સરજનહાર; ઋગ્વેદના પાછલા મંત્રોમાં ધાત્રિ નામે દેવ કહ્યો છે. જો કે એનું વીર્ય શું છે અને એ શું કરે છે એ સ્પષ્ટ વર્ણવ્યું નથી પણ લગ્ન, સંતતિ અને ગૃહકાર્ય ઉપર એની સત્તા છે એમ જણાય છે. ધાત્રિ રોગ મટાડે છે. ભાગેલાં હાડકાં સાંધી દે છે. એણે પ્રથમના જેવા સૂર્ય, ચંદ્ર, આકાશ, પૃથ્વી, હવા, અને સ્વર્ગ બનાવ્યાનું કહ્યું છે. પાછલા કાળમાં એ બ્રહ્મા–પ્રજાપતિ હોય એમ મનાવા લાગ્યું. એ જ અર્થમાં વિષ્ણુ અને કૃષ્ણને પણ એ નામ લગાડાય છે. કેટલીક જગાએ એને બ્રહ્માનો પુત્ર પણ કહ્યો છે. (ડાઉસન પા૦ ૬૦)

ધાત્રેય. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

ધાન્યમાલિની. રાવણની સ્ત્રીઓમાંની એક. અતિકાય નામે રાવણના પુત્રની જનની. (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૨૨).

ધાન્યમાલિની (૨). એ નામની એક અપ્સરા, જે શાપને લીધે મકરી થઇ હતી. કાલનેમિ રાક્ષસના વધ વખતે મારુતીએ એનો ઉદ્ધાર કર્યો હતો.

ધાન્યાયનિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગીરા શબ્દ જુઓ).

ધામા. ઋષિ વિશેષ. (ભા૨૦ ઉદ્યોગ૦ અ૦૧૧૬)

ધારા. ભારતવર્ષીય નદી.

ધારાતીર્થ. તીર્થ વિશેષ.

ધાર્તરાષ્ટ્ર. ધૃતરાષ્ટ્રના દુર્યોધનાદિક સો પુત્રો તે.

ધાર્મિક. દાશરથિ રામના સુત્ર નામના મંત્રીના પુત્રોમાંનો એક.

ધાર્ષ્ટ. ધૃષ્ટકુલોત્પન્ન ક્ષત્રિયો જે બ્રાહ્મણ થયા હતા તે સર્વ.

ધિષણા. એકની સંજ્ઞાવાળી હવિર્ધાનીનું બીજું નામ.

ધીમાન્. તામસ મન્વંતરમાં થઇ ગએલા સપ્તર્ષિમાંનો એક.

ધુંધુ. એ નામનો એક અસુર એ મધુકૈટભ નામના અસુરનો પુત્ર હતો. (ભા૨૦ વન૦ અ૦ ૨૦૭) એ રેતીમાં દટાઇનો તપ કરતો હતો. આખા વર્ષમાં એક વાર શ્વાસ મૂકતો. બ્રહ્મદેવે એને વર આપ્યો હતો કે તું અવધ્ય થઇશ. છતાં ઉત્તંક ઋષિની પ્રેરણાથી સૂર્યવંશી કુવલાશ્વ રાજાએ એને મારી નાંખ્યો હતો.

ધંધુ (૨). એક ક્ષત્રિ વિશેષ. (ભા૦ અનુ૦ ૧૭૭–૭૩).

ધુંધુમાર. ક્ષત્રિય. સૂર્યવંશી બૃહદશ્વના પુત્ર. કુવલાશ્વરાજાનું બીજું નામ.

ધૂતપાપ. ભારતવર્ષીય તીર્થ,

ધૂતપાપા. ભારતવર્ષીય નદી (૨. હિમાલય શબ્દ જુઓ.)

ધૂતવાહિની. ભારતવર્ષીય નદી. (ઋષ્યવાન્ શબ્દ જુઓ.)

ધૂતમકેતુ. દૈત્ય વિશેષ. (વા૦રા૦ ઉત્ત૨૦સ૦૨૨)

ધૂમાવતી. ભારતવર્ષીય નદી.

ધૂમિત. એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ.)

ધૂમિની. સોમવંશીય અજમીઢ રાજાની ચાર સ્ત્રીઓમાંની એક.

ધૂમોર્ણા. યમની સ્ત્રી.

ધૂમોર્ણા. (૨) માર્કંડેય ઋષિની સ્ત્રી. (ભા૨. અનુ. સ. ૧૪૬ શ્લો. ૪)

ધ્રુમ્ર. એક બ્રહ્મર્ષિ.

ધ્રૂમ્ર (૨) ગદ્ગદ નામના વાનરનો પુત્રઅને રામની સેનામાનો એક વાનર.

ધ્રૂમ્રકેતુ. પ્રિયવ્રતવંશીય ઋષભદેવનો પૌત્ર. ભરતને પંચજનીને પેટે થએલા પાંચ પુત્રોમાંનો સૌથી નાનો પુત્ર.

ધ્રૂમ્રકેતુ. (૨). સૂર્યવંશી દિષ્ટકુળોત્પન્ન તૃણબિંદુ રાજાને અલંબુષા નામની અપ્સરાની કુખે થએલા ત્રણ પુત્રોમાંનો કનિષ્ટ.

ધ્રૂમ્રકેશ. ઉત્તાનપાદ વંશીય પૃથુરાજાને એની ભાર્યા અર્ચિની કુખે થએલા પાંચ પુત્રોમાંનો બીજો.

ધ્રૂમ્રકેશ. (૨). કૃશાશ્વ ઋષિને અર્ચિને પેટે થએલો પુત્ર.

ધ્રૂમ્રપરાશર. પરાશર કુલોત્પન્ન એક ઋષિ. એના કુળમાં ખલ્વાયન, વાષ્ણુર્યાયન, તૈલેય, યૂથપ, અને તંતિ એવા પાંચ પ્રખ્યાત ઋષિ થઇ ગયા છે.

ધ્રૂમ્રલોચન. એ નામનો એક અસુર. એ શુંભ નિશુંભનો પ્રધાન હતો. શુંભનિશુંભને કાલિકાએ માર્યા હતા.

ધ્રૂમ્રા. વસુની ભાર્યા. એને ધર અને ધ્રુવ નામના બે પુત્રો હતા.

ધ્રૂમ્રાનીક. પ્રિયવ્રત રાજાના પુત્ર મેધાતિથિના સાત પુત્રોમાંનો ચોથો. એનો દેશ એના જ નામે પ્રસિદ્ધ છે.

ધ્રૂમ્રાનીક. (૨). શાકદ્વીપના સાત દેશમાંનો ચોથો દેશ.

ધ્રૂમ્રાશ્વ. સૂર્યવંશી દિષ્ટકુળોત્પન્ન હેમચંદ્રનો પૌત્ર, અને સુચંદ્ર રાજાનો પુત્ર. એને ધૂમ્રાક્ષ પણ કહ્યો છે. એને સંયમ અથવા સૃંજય નામનો પુત્ર હતો.

ધ્રૂમ્રાક્ષ ધૂમ્રાશ્વનું બીજું નામ.

ધ્રૂમ્રાક્ષ. (૨). લંકાનો રાવણ પક્ષનો એક રાક્ષસ. (ભા૨૦ વન૦ અ૦ ૨૮૬) એને મારુતીએ માર્યો હતો. (વા. રા. યુદ્ધ સ. ૫૨.)

ધ્રૂર્જટિ. મહાદેવ.

ધ્રૂર્ત. એક ક્ષત્રિય. (ન૦ ભા૦ આ૦)

ધૃત. ચંદ્રવંશી દ્રુહ્યુકુલોત્પન્ન ધર્મનો પુત્ર. એના પુત્રનું નામ દુર્મના.

ધૃતદેવા. વસુદેવની સ્ત્રીઓમાંની એક અને દેવક રાજાની કન્યા એના પુત્રનું નામ વિદૂષ્ટ.

ધૃતરાષ્ટ્ર. કશ્યપની ભાર્યા મુનીની કુખે થએલા દેવગંધર્વમાંનો એક. એ આસો મહિનામાં સૂર્યના સમાગમમાં હોય છે. (૩ ઋષ શબ્દ જુઓ.) એને એક વખત ઇંદ્રે મરુત્ત રાજા પાસે કાંઇ સંદેશો લઇને મોકલ્યો હતો. (ભા૨૦ અશ્વમે૦ અ૦ ૧૦)

ધૃતરાષ્ટ્ર. (૨) કશ્યપથી કદ્રુને પેટે થએલા નાગ પૈકી એક. એનાથી અનેક નાગકુળો ઉત્પન્ન થયાં હતાં. તેમાંનાં જનમેજય રાજાએ કરેલા સર્પસત્રમાં જે નાગકુળો બળી ગયાં તેનાં નામઃ–શંકુકર્ણ, પિઠરક, કુઠારમુખ, સેચક, પૂર્ણાંગદ, પૂર્ણમુખ, પ્રહાસ, શકુનિ, દરિ, અમાહઠ, કામઠક, સુષેણ, માનસ, અવ્યય, ભૈરવ, મુંડ, વેદાંગ, પિશંગ, ઉદ્રપારક. ઋષભ, વગવાન્, પિંડારક, મહાહનુ, રક્તાંગ, સર્વસારંગ, સમૃદ્ધ, પટવાસક, વરાહક, વીરણક, સુચિત્ર, ચિત્રવેગિક, પરાશર, તરુણક, મણિસ્કંધ અને આરુણિ.

ધૃતરાષ્ટ્ર. (૩). વિરોચન દૈત્યનો પૌત્ર અને બલિના સો પુત્રોમાંનો એક.

ધૃતરાષ્ટ્ર. (૪) એ નામનો એક રાજા એની પાસે એક વખત બકદાલભ્ય નામના ઋષિએ આવીને યજ્ઞ સારુ પશુ માગ્યું. પરંતુ આણે ઋષિનો ઉપહાસ કરીને કહ્યું કે આ મરી ગએલી ગાય છે તે લઇ જાઓ. આ ઉપરથી ઋષિએ ક્રોધાયમાન થઇ એને ભય પમાડ્યો. રાજા ઋષિને શરણ આવ્યો અને પશુ વગેરે આપીને વિદાય કર્યો. (ભા૨૦ શલ્ય૦ અ૦ ૪૧.)

ધૃતરાષ્ટ્ર. (૫). ચંદ્રવંશી પુરુકુળોત્પન્ન અજમીઢ વંશના જન્હુરાજાના વંશના શંતનુપુત્ર વિચિત્રવીર્યના મરણ પછી સત્યવતીની આજ્ઞાથી કૃષ્ણદ્વૈપાયને વિચિત્રવીર્યની મોટી સ્ત્રી અંબિકાની સાથે નિયોગ કરી ઉત્પન્ન કરેલો પુત્ર. (ભા૨૦ આદિ૦ અ૦ ૧૦૫–૧૦૬). એ હંસ નામના ગંધર્વનો અંશાવતાર હતો અને જન્મથી અંધ હતો. (ભા૨૦ આદિ૦ અ૦ ૬૭.). એ જ્યારે મોટો થયો ત્યારે ભીષ્મે એને ગાંધારના સુબલ રાજાની કુંવરી ગાંધારી સાથે પરણાવ્યો હતો. (ભા૨૦ આદિ૦ અ૦ ૧૧૦) ગાંધારીની કુખે ધૃતરાષ્ટ્રને કલીના અંશાવતાર તરીકે દુર્યોધન અને પૌલસ્ત્યના અંશાવતાર તરીકે બીજા નવ્વાણું એમ સો પુત્ર થયા હતા. સૌથી છેલ્લી દુઃશલા નામે એક કન્યા થઇ હતી. તેમ જ યુયુત્સુ નામે એક દાસી પુત્ર પણ હતો.

એના સો પુત્રોમાં દુર્યોધન, દુઃશાસન, દુઃસહ, દુર્મર્ષણ, વિકર્ણ, ચિત્રસેન, વિવિંશતિ,

જય, સત્યવ્રત, અને પુરુમિત્ર એ દશ અને દાસીપુત્ર યુયુત્સુ એમ અગિયાર મહારથી હતા. (ભા૨૦ આદિ૦ અ૦ ૬૩) એમાંથી દાસીપુત્ર શિવાય, દસ મહારથી અને બીજા તેવુને મહાભારતના યુદ્ધમાં ભીમસેને માર્યા હતા. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાં માત્ર વિકર્ણ એકલો જ નીતિમાન હતો. (વિકર્ણ શબ્દ જુઓ.) ધૃતરાષ્ટ્રે પોતાની કન્યા દુઃશલાને સિંધુદેશના વૃદ્ધક્ષત્ર રાજાના પુત્ર જયદ્રથને વરાવી હતી. યોગ્ય કન્યાઓ સાથે બીજા પુત્રોને પણ પરણાવ્યા હતા.

ધૃતરાષ્ટ્ર જાતે સમજુ છતાં પુત્ર સ્નેહથી દોરાઇ પોતાના કુમાર્ગે ચાલનારા પુત્રોને અધીન વર્ત્તતો હતો. તેમ જ પુત્રોને આડે રસ્તે જતાં રોકવાનું સામર્થ્ય છતાં, રોકતો નહતો. આ એનો મોટો દોષ ગણાય. એના પુત્ર દુર્યોધને નાનપણથી જ પાંડવો પ્રતિ દ્વેષ જણાવ્યો હતો; પાંડવોને અનેક રીતીએ છળ્યા હતા. પાંડવોને યુક્તિ પુરસ્સર વારણાવત તેડાવી, ધૃતરાષ્ટ્ર ન જાણે એમ લાક્ષાગૃહ તૈયાર કરાવી તેમાં એમને ઉતાર્યા હતા. અને પછી એ ઘર જે તદ્દન શિઘ્રજ્વાળાગ્રાહી પદાર્થોનું જ તૈયાર કર્યું હતું તેને સળગાવી દીધું હતું. પરંતુ આ કાવત્રામાંથી વિદુરની સાવચેતી અને સૂચનાથી પાંડવો ઉગર્યા. લાક્ષાગૃહ બળી ગયાના સમાચાર અને તેમાં પાંડવો બળી મુઆના સમાચાર સાંભળીને ધૃતરાષ્ટ્રે ઘણો શોક કર્યો હતો. પણ એ શોક માત્ર ઉપરથી બતાવવાનો હતો, તેમ તેના પછીના કૃત્યપરથી જણાય છે. દ્રૌપદીના સ્વયંવર કાળે પાંડવો બળી મુવા નથી અને દ્રુપદપુરમાં છે, એ જ્યારે જાણ્યું ત્યારે લોકનિંદાના ભયથી જ, લોક પોતાને નઠારો ન કહે એ જ હેતુથી એણે પાંડવોને તેડાવી અરધું રાજ્ય આપી ખાંડવ પ્રસ્થમાં રહેવાની આજ્ઞા કરી હતી. જ્યારે પાંડવોએ પોતાના પરાક્રમવડે અપાર સંપત્તિ મેળવીને રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે પાંડવોનું ઐશ્વર્ય જોઇને દુર્યોધન દ્વેષથી બળી ગયો હતો. પરિણામે જ્યારે કપટદ્યૂતથી દુર્યોધન પાંડવોનું ધનહરણ કરતો હતો, તે વખત સંજયને પોતાની પાસે બેસાડી રાખી ધૃતરાષ્ટ્ર જુગારની સઘળી હકીકત પુછ્યા કરતો અને શું જીતી લીધું, શું જીતી લીધું એમ વારે વારે પુછતો. અમુક અમુક જિતી લીધું સાંભળીને એને ઘણો જ આનંદ થતો.એ જ પ્રમાણે કૌરવોએ જ્યારે દ્રૌપદીને સંતાપી હતી ત્યારે પણ એ કશું બોલ્યો જ નહોતો.

વર્ષો જતાં પાંડવો પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે વનવાસ ગયા, તે પૂરો થયા પછી અજ્ઞાતવાસમાં રહ્યા. ત્યાર પછી જ્યારે પાંડવો છતા થયા અને પોતાનો રાજ્ય વિભાગ માગ્યો, ત્યારે ધૃતરાષ્ટ્રે સંજયને ખાસ મોકલીને તેની સાથે વિચિત્ર સંદેસો કહાવ્યો હતો. યુધિષ્ઠિરને એણે સંજય મારફત કહેવરાવ્યું હતું કેઃ—હે યુધિષ્ઠિર ! તું જબરો ધર્મનિષ્ઠ છે માટે ક્રૂર એવું યુદ્ધ કરવામાં પ્રવૃત્ત ન થઇશ ! અરે, જો દુર્યોધન તને રાજ્યવિભાગ ન જ આપે, તો તું ભિક્ષાવડે તારી ઉપજિવિકા કરજે ! પણ યુદ્ધ કરીને તેં જે આદરેલું તપ અને મેળવેલી કીર્ત્તિનો નાશ ન કરીશ ! અરે, આ દેહ ક્ષણભંગુર છે. એવી નાશવંત દેહમાં અભિમાન રાખી સુજ્ઞ પુરુષો નશ્વર વસ્તુઓમાં આસક્તિ રાખતા નથી; માટે જેટલું આયુષ્ય હોય તેટલું તપમાં જ વ્યતિત કર ! એમ તપ કરીને પરલોકના અક્ષય ભોગ પ્રાપ્ત કરવા ઉપર જ તદ્દૈક દૃષ્ટિ રાખ ! મને ખાત્રી છે કે તું એમ જ કરીશ ! ધૃતરાષ્ટ્રનો આવો સ્વાર્થથી જ ભરેલો સંદેસો સંજયને મુખે સાંભળીને યુધિષ્ઠિર તેમ જ બીજા પાંડવોને બહુ આશ્ચર્ય લાગ્યું. સંજયની સાથે પાંડવોને તે કાળે ધર્માધર્મ શું એ વિષયે સંવાદ થયો હતો. છેવટે કૃષ્ણે સંજયને કહ્યું કે, હે સંજય ! કૌરવોએ પાંડવોના ઘણા ઘણા અપરાધ કર્યા છે, માટે એમનો નાશ થવો જ ઉચિત છે. આજ સુધી

કૌરવો તરફ અમે ઘણી જ ક્ષમા ધારણ કરી. પણ યુદ્ધ શિવાય તમે માનો એમ જ ન હોવાથી, યુદ્ધ જ માત્ર આવશ્યક છે. કૃષ્ણ આ પ્રમાણે બોલતા હતા, એટલામાં યુધિષ્ઠિર બોલ્યા કે સંજય ! કૌરવો અરધું રાજ્ય ન આપે તો રહ્યું. અમને પાંચ જણાને પાંચ ગામ આપે અને કુળક્ષય થતો અટકાવે. સંજયની સાથે આવો સંદેશો અને ધૃતરાષ્ટ્ર, ભીષ્મ વગેરે વૃદ્ધોને વંદન કહાવીને એને હસ્તિનાપુર રવાના કર્યો. (ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૨૩–૩૧).

ઉપલવ્ય નગરીથી પાંડવો પાસેથી નિકળેલો સંજય હસ્તિનાપુર ધૃતરાષ્ટ્ર પાસે આવ્યો. એણે આવીને ભીષ્મ, દ્રોણ ઇ૦ બધા સહવર્ત્તમાન ધૃતરાષ્ટ્ર સભામાં બેઠા છે જોઇને, પાંડવોએ મોકલેલો જવાબ અક્ષરશઃ કહી સંભળાવ્યો. એણે કહ્યું કે, પાંડવો સાથે સલાહ કરશે તો જ કૌરવો ઉગરશે. કર્ણ ઇત્યાદિ મૂર્ખોનું કહ્યું સાંભળીને દુર્યોધન જો યુદ્ધ કરશે તો કૌરવોનું નિર્મૂળ જશે. કૃષ્ણે કહાવ્યું છે કે તમે દાનધર્મ કરી લો, ભાઇભાંડુ અને મિત્રોને મળી ભેટી લો, અને સ્ત્રીઓ સહિત વિલાસ પણ ભોગવી લો; કારણ તમારો મરણ કાળ હવે પાસે આવ્યો છે. પાંડવોનો સંદેશો સાંભળીને દુર્યોધનાદિક અને એના દુષ્ટ પક્ષપાતીઓ, ક્રોધ કરીને સભામાંથી ઉઠી ગયા. પરંતુ ધૃતરાષ્ટ્રે ભયભીત થઇને અરધું રાજ્ય આપવાનો નિશ્ચય કર્યો. એટલામાં તો દુર્યોધન ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો કે પાંડવોને અરધું રાજ શેનું આપો છો ? એઓ પોતે જ પાંચ ગામ માગે છે. એ ઉઘાડું જણાય છે કે પાંડવો આપણાથી ડરી રહ્યા છે. માટે મારે તો અરધું રાજ્ય કે પાંચ ગામ કશું આપવું નથી. હું એમનાથી લડી લઇશ અને એમને જીતીશ જ. (ભા૦ ઉદ્યોગ૦ અ૦ ૫૫).

આમ બોલીને દુર્યોધન ગયો એટલે વિદુર, વ્યાસ અને ગાંધારી એમને સાક્ષીભૂત રાખી, સંજયે કહ્યું હે ધૃતરાષ્ટ્ર, મને લાગે છે કે તારા મનથી કૃષ્ણ એક સામાન્ય માણસ હોય એમ તું માને છે. પણ તારી માન્યતા ઝાઝા દિવસ ટકશે નહિ. યાદ રાખ કે એ તારા કૌરવકુળનો કાળરુપ થઇને સદંતર નાશ કરશે. માટે કાંઇ વિચાર કર. (ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૫૮ થી ૭૦).

થોડા જ દિવસો પછી ધૃતરાષ્ટ્રની સાથે સમજૂત કરવા યુધિષ્ઠિરે કૃષ્ણને મોકલ્યા. (૪. કૃષ્ણ શબ્દ જુઓ). કૃષ્ણ ત્યાંથી પાછા ફર્યા એટલે મહાભારતના યુદ્ધનો આરંભ થયો. યુદ્ધમાં કૌરવ પક્ષના રાજાઓ અને ધૃતરાષ્ટ્રના સોએ પુત્રો મરાયા. માત્ર કૃતવર્મા, કૃપાચાર્ય અને અશ્વત્થામા એમ ત્રણ જ જણા જિવતા રહ્યા. એ સાંભળીને ધૃતરાષ્ટ્ર બળીને ખાખ થઈ ગયો. પુત્ર શોકાગ્નિમાં બળી ગએલો એ, સોએ છોકરાઓની સ્ત્રીઓ અને ગાંધારી સહિત રણભૂમીપર આવ્યો અને પુષ્કળ શોક કર્યો. એટલામાં યુધિષ્ઠિર ત્યાં આવી પહોંચ્યો. એણે ધૃતરાષ્ટ્રને વંદન કર્યું અને ધૃતરાષ્ટ્રે એને ભેટીને આશીર્વાદ આપ્યો. પછી એણે ભીમસેનને ભેટવા બોલાવ્યો. ભીમ આગળ આવી ભેટવા જતો હતો, પણ કૃષ્ણે એને પાછો ખેંચી લીધો; અને ભીમના જેવી લોહમય પ્રતિમા દુર્યોધને તૈયાર કરાવી હતી તે આગળ કરી. એ મૂર્ત્તિને ધૃતરાષ્ટ્ર ભીમને વરાંસે–ભીમ જ છે ધારી–ક્રોધાન્વિત થઇને એટલા જોરથી ભેટ્યો કે તે ભાગી ને ભૂકો થઈ ગઈ ! (ભા૨૦ સ્ત્રી૦ અ૦ ૧૨).

મહાભારતના યુદ્ધ બાદ રાજ્યાભિષિક્ત થઇ યુધિષ્ઠિર પોતાનાં બંધુ સહવર્ત્તમાન રાજ્ય કરતો હતો ત્યારે એણે ધૃતરાષ્ટ્ર અને ગાંધારી બન્નેને પોતાની સાથે જ રાખ્યાં હતાં. યુધિષ્ઠિર એમનો પોતાનાં માતાપિતાના જેવો જ સત્કાર કરતો હતો. આ પ્રમાણે એ પંદર વર્ષ સુધી રહ્યો. એ વાસ દરમ્યાન કોઈ કોઈ વખત ભીમસેન મર્મભેદક વચનોથી એને બાળી મૂકતો. આથી

એને કોઇ કોઇ વખત ત્યાં રહેવા ઉપર તિરસ્કાર આવી જતો.

યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયા પછી થોડા સમય સુધી તો વિદુર હસ્તિનાપુરમાં રહેતો. ત્યાર પછી કેટલોક કાળ અરણ્યમાં અને કેટલોક કાળ હસ્તિનાપુરમાં એમ રહેતો. ત્યાર પછી એણે અરણ્યમાં જારી રહેવા માંડયું. એક વખત વિદુર ફરતો ફરતો હસ્તિનાપુર આવી ચઢયો. એણે ધૃતરાષ્ટ્રનો બહુ તિરસ્કાર કર્યો. એણે કહ્યું કે તમારા સો પુત્રો પાંડવોએ માર્યા છતાં એમને ઘેર રહી શ્વાન પ્રમાણે ધાન ખાતાં તમને શરમ નથી આવતી? તમને માનાપમાનની લાગણી જ નથી! તમે વયે પહોંચી ગયા! તમારું શરીર ક્ષીણ થઈ ગયું! એમ છતાં પણ જિવવાની આશા છૂટતી નથી, એ જોઇને મને ઘણું આશ્ચર્ય લાગે છે!

ધૃતરાષ્ટ્રને મૂળે તો હસ્તિનાપુરમાં રહેવાનો કંટાળો આવ્યો હતો, તેમાં વિદુરનાં વજ્ર જેવાં કઠોર વચન અને તિરસ્કારથી એના મનમાં વૈરાગ ઉત્પન્ન થયો. બીજે દિવસે મોટા પરોઢમાં કોઇને કહ્યા કહાવ્યા વગર એ વિદુરની સાથે હસ્તિનાપુર તજીને નિકળી ગયો. એના ત્યાગ પછી ગાંધારી અને કુંતી પણ હસ્તિનાપુર તજી અરણ્યમાં ગયાં. એ બધાંને લઇને ધૃતરાષ્ટ્ર હિમવાન્ પર્વત પર ગયો. ત્યાં ત્રણ વર્ષ સુધી વાનપ્રસ્થાશ્રમમાં રહીને યોગાગ્નિથી પોતાનો દેહ ત્યાગી દીધો. એ જ અગ્નિમાં ગાંધારીએ પણ પોતાનો દેહ હોમી દીધો. (ભાર૦ આશ્રમ૦ અ૦ ૩૯), અને (ભાગ૦ સ્કં૦ ૧ થી ૧૮).

ધૃતરાષ્ટ્ર અંધ હોવા છતાં બુદ્ધિવડેજ સર્વ વિષયનો જ્ઞાતા હોવાથી એને પ્રજ્ઞાચક્ષુ કહેતા.

ધૃતરાષ્ટ્રી. તામ્રની કન્યામાંની એક.

ધૃતવતી. ભારતવર્ષીય એક નદી.

ધૃતવર્મા. સૂર્યવર્મા નામના ત્રિગર્તનો ભાઇ. (ભાર૦ અશ્વ૦ અ૦ ૭૪).

ધૃતવ્રત. સ્વાયંભુ મન્વંતરમાંના અથર્વણ ઋષિને તેમની ચિત્તી નામની ભાર્યાને પેટે થએલા ત્રણમાંનો મોટો પુત્ર.

ધૃતવ્રત (૨). ચક્ષુર્મનુને નડ્વલાને પેટે થએલા પુત્રોમાંનો એક.

ધૃતવ્રત (૩). ચંદ્રવંશી અનુકુલોત્પન્ન રોમપાદના વંશના ધૃતિરાજાનો પુત્ર. એના પુત્રનું નામ. સત્કર્મા અથવા સત્યકર્મા.

ધૃતસેન. ભારતયુદ્ધમાં દૂર્યોધન પક્ષનો એક રાજા. (ભાર૦ શલ્ય૦ અ૦ ૬)

ધૃતાયુધ. ભારતયુદ્ધમાં દૂર્યોધન પક્ષનો એક રાજા. (ભાર૦ શલ્ય૦ અ૦ ૭)

ધૃતિ. વિદેહવંશના વીતિહવ્ય જનકનો પુત્ર. એનો પુત્ર બહુલાશ્વ જનક.

ધૃતિ (૨). ચોથા અંકની સંજ્ઞાવાળા ધર્મઋષિની સ્ત્રી.

ધૃતિ (૩). ચંદ્રવંશી અનુકુળોત્પન્ન રોમપાદના વંશના વિજયરાજાનો પુત્ર. એનો પુત્ર ધૃતવ્રત.

ધૃતિ (૪). આઠમા સાવર્ણિ મનુના હવે પછી થનારા પુત્રોમાંનો એક.

ધૃતિમત. ક્રૌંચદ્વીપનો એક દેશ.

ધૃતિમાન. પાંચમા રૈવતમનુના પુત્રોમાં થઇ ગએલો એક પુત્ર.

ધૃતિમાન (૨). કૃતિમાન રાજાનું બીજું નામ.

ધૃતિમાન (૩). સુદરિદ્ર બ્રાહ્મણના ચાર પુત્રોમાંનો એક. (પિતૃવર્ત્તી શબ્દ જુઓ).

ધૃતિમાન (૪). અગ્નિ વિશેષ.

ધૃષ્ટ. વૈવસ્વત મનુના પુત્રોમાંનો એક. એની સંતતિ તપબળે બ્રાહ્મણ થઇ હતી. અને એ લોકો ધા[illegible] કહેવાતા. (ભા૦ સ્કં૦ ૯ અ૦ ૨).

ધૃષ્ટકેતુ. વિદેહવંશના સુધૃતિ નામના જન[illegible]કનો પુત્ર. એના પુત્રનું નામ હર્યાશ્વજનક.

ધૃષ્ટકેતુ (૨). સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના [illegible]વંશના કાશ્યકુળના સત્યકેતુ રાજાનો [illegible] પુત્ર. એના પુત્રનું નામ સુકુમાર.

ધૃષ્ટકેતુ (૩). એક કેકયદેશાધિપતિ. વસુદેવ[illegible]ી પાંચ બહેનોમાંની શ્રુતકીર્તિ નામની બ્હેન આની સ્ત્રી થતી હતી. એને સંતર્દનાદિક

પાંચ પુત્રો અને એક કન્યા હતી. (ભાગ૦ સ્કં૦ ૯ અ૦ ૨૪)

ધૃષ્ટકેતુ (૪). ચેદીદેશના રાજા શિશુપાળના પુત્રોમાંનો એક. શિશુપાળની પછી એ રાજા થયો હતો. એની નગરીનું નામ શક્તિમતીપુર હતું. એણે પોતાની કરેણુમતી નામની બહેન પાંડુપુત્ર નકુળને પરણાવી હતી. એ બહુ પરાક્રમી હતો અને મહાભારતના યુદ્ધમાં પાંડવોના પક્ષમાં લડયો હતો. એના રથના ઘોડા સારંગ રંગના હતા. કૌરવ પક્ષના અનેક વીરોની સાથે એણે યુદ્ધ કર્યું હતું. પરિણામે દ્રોણાચાર્યે એને માર્યો હતો. (ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૨૫.)

ધૃષ્ટકેતુ (૫). પાંચાળકુળના દ્રુપદ રાજાનો પૌત્ર. ધૃષ્ટદ્યુમ્નના પુત્રોમાંનો એક. એ પાંડવોના પક્ષમાં હતો અને મહાભારતના યુદ્ધમાં મરણ પામ્યો હતો.

ધૃષ્ટદ્યુમ્ન. ચંદ્રવંશી પૂરુકુળના અજમીઢ વંશના પાંચાળ રાજા દ્રુપદનો પુત્ર. દ્રોણાચાર્યને મારે એવા પુત્રની કામનાથી કરેલા યજ્ઞની અગ્નિમાંથી એનો જન્મ થયો હતો. (દ્રુપદ શબ્દ જુઓ). જન્મથી જ એ સ્વભાવે ભયંકર હતો. ધનુર્વિદ્યા દ્રોણાચાર્ય પાસે જ શિખ્યો હતો.

મહાભારતના યુદ્ધના આરંભમાં જ ગીતાના પહેલા અધ્યાયમાં દૂર્યોધનની ઉક્તિ દ્રોણાચાર્ય પ્રતિ છે કે:—

पशैतां पांडुपुत्राणामाचार्य महतीं चमूम् ॥
व्यूढां द्रुपद पुत्रेण तव शिष्येण धीमता ॥

કૌરવો પોતાની સેનાને સજ્જ કરીને રણભૂમીપર આવ્યા જોઈને પાંડવો પણ પોતાની સેનાને લઈને રણાંગણપર આવ્યા. તે વખત કૃષ્ણની અનુમતિથી ધૃષ્ટદ્યુમ્નને સેનાપતિ નિમ્યો હતો. યુદ્ધ પૂરું થયું ત્યાંસુધી એણે પોતાનો અધિકાર ઉત્તમ પ્રકારે ચલાવ્યો. જ્યારે જ્યારે અર્જુનને કોઇ ખાસ લડવાને આમંત્રણ કરે અને અર્જુન એમ લડવા જાય, તે વખત આ જય જ મેળવતો સતો, સેનાનું રક્ષણ કરતો. અને વળી યુધિષ્ઠિરની સંભાળ પણ રાખતો. યુદ્ધ વખતે એપોતાના રથને પારેવાના રંગના અશ્વો જોડાવતો. (ભાર૦ દ્રોણ૦ અ૦ ૨૩)

અશ્વત્થામા મરણ પામ્યો એવું સાંભળીને દ્રોણાચાર્યે પોતાનાં શસ્ત્ર મુકી દીધાં. પોતે બેશીને યોગધારણા વડે પોતાનો જીવ કાઢી નાંખતા હતા, તેટલામાં ધૃષ્ટદ્યુમ્ને આવીને એમનો શિરચ્છેદ કર્યો. આ જોઇ અર્જુનને બહુ ક્રોધ આવ્યો અને એણે ધૃષ્ટદ્યુમ્નનો બહુ તિરસ્કાર કર્યો, એટલું જ નહિ પણ એને મારવા ધરાધરી દોડયો: પરંતુ કૃષ્ણે અર્જુનને શાંત પાડયો, સમજાવ્યો અને પાછો વાળ્યો.

આગળ જતાં મહાભારતના યુદ્ધના અઢારમા દિવસની રાત્રીએ ધૃષ્ટદ્યુમ્ન તંબુમાં ઉંઘતો હતો તે વખત જઇને અશ્વત્થામાએ એને અરધો ઉંઘતો, અરધો જાગતો, એવી સ્થિતિમાં માથું કાપીને મારી નાંખ્યો હતો. એને ક્ષત્રધર્મા, ધૃષ્ટકેતુ અને ક્ષત્રંજય એમ ત્રણ પુત્ર હતા તે મહાભારતના યુદ્ધમાં એની પહેલાં જ મરણ પામ્યા હતા.

ધૃષ્ટધી. ધૃષ્ટબુદ્ધિનું બીજું નામ. (૧ ચંદ્રહાસ શબ્દ જુઓ).

ધૃષ્ટબુદ્ધિ. કુંતલરાજાનો પ્રધાન. (૧ ચંદ્રહાસ શબ્દ જુઓ.)

ધૃષ્ટિ. દાશરથિ રામના અષ્ટ પ્રધાનોમાંનો એક. (વા૦ રા૦ બાલ૦ સ૦ ૭)

ધૃષ્ટિ (૨). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના જ્યામઘ કુળના કથવંશમાં જન્મેલા કુંતિ રાજાનો પુત્ર. નિવૃત્તિ એનો પુત્ર થાય. નિવૃત્તિને વિદૂરથ પણ કહેતા.

ધૃષ્ણુ. વૈવસ્વત મનુનો પુત્ર. (ભા૦ આદિ૦)

ધૃષ્ણુ (૨). વારુણિ કવિના આઠ પુત્રોમાંથી ત્રીજો પુત્ર.

ધેનુક. ધેનુકાસુર તે જ.

ધેનુકાસુર. વૃંદાવનની પાસેના તાલવનમાં રહેનાર એક અસુર. એ પોતાના અનુચરો સહિત રહેતો હતો. વનના ફળને સ્પર્શ કરનારને

મારતો. એકદા ગાયો ચારતા ચારતા કેટલાક ગોપ ત્યાં જઇ ચઢયા. ફળોની સુગંધીથી તેમને ફળ ખાવાનો ભાવ થયો. બળરામે ઝાડ ઝાલીને હચમચાવ્યું તેથી ફળ ખરીને ભોંયપર પડયાં. એ બધા ગોપ વગેરે ખાતા હતા, તે ઉપરથી આ અસુર મોટા ગધેડાનું રૂપ ધારણ કરી એમના ઉપર ધાયો. બલરામે એના પાછલા પગ ઝાલી, ઉચકી, ચક્કર ચક્કર ફેરવીને એવો તો પછાડયો કે એ તત્કાળ મરણ પામ્યો. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૧૫.**).

ધેનુમતી. પ્રિયવ્રત કુળોત્પન્ન ઋષભદેવના વંશના દેવદ્યુમ્ન રાજાની સ્ત્રી અને પરમેષ્ટિ નામના રાજાની માતા.

ધૌતપાપા. ભારતવર્ષીય એક નદી. ક્યાંથી નિકળનારી એ જણાતું નથી.

ધૌતમૂલક. પાંડવોના સમયની પૂર્વે થઈ ગએલો ચીન દેશનો રાજા. કૃષ્ણ જે વખત દૂર્યોધન પાસે શિષ્ટાઇ કરવા જતા હતા તે વખત ભીમસેને વાતમાં જણાવેલા પ્રાચીન ઉન્માર્ગવર્ત્તી રાજાઓમાં આનું નામ ગણાવ્યું છે.

ધૌંધુમારિ. ધુંધુ દૈત્યને મારનાર કુવળાશ્વના ધૃઢાશ્વાદિક પુત્રોની સંજ્ઞા.

ધૌમ્ય. એ વ્યાઘપાદ ઋષિના બે પુત્રોમાંનો નાનો પુત્ર અને ઉપમન્યુ ઋષિનો નાનો ભાઇ થાય. ઉપમન્યુ ઋષિએ કૃષ્ણને કહ્યું હતું કેઃ—

व्याघ्रपाद इतिख्यातो वेद वेदांग पारगः।
तस्या हमभवं पुत्रो धौम्यश्चापि ममानुजः॥
(ભાર૦ અનુશા૦ અ૦ ૧૪ શ્લો. ૧૧૨).

ધૌમ્ય મોટો વિદ્વાન અને તપસ્વી હતો. (**ભાર૦ આદિ૦ અ૦ ૩.**) આરુણિ ઋષિ જેનું નામ અગાડી જતાં ઉદ્દાલક પડયું હતું એ આ ધૌમ્યનો શિષ્ય થાય.

ધૌમ્ય (૨). દેવલ ઋષિનો નાનો ભાઈ અને પાંડવોનો પુરોહિત. (**ભાર૦ આદિ૦ અ૦ ૧૯૩**) વનવાસમાં એ પાંડવોની જોડે હતો, અને પાંડવોને એણે અનેક તીર્થયાત્રાનાં વર્ણનો અને ફળ કહ્યાં હતાં. (**ભાર૦ વન૦ અ૦ ૧૮૬–૧૯૦**) તેમ જ જ્યારે પાંડવો અજ્ઞાતવાસ સારુ વિરાટને ત્યાં ગયા ત્યારે રાજગૃહમાં કેવી રીતે વર્ત્તવું એ નીતિ પણ એણે પાંડવોને કહી હતી. (**ભાર૦ વિરાટ૦ અ૦ ૪**)

ધૌમ્ય (૩). એ જ નામનો એક બીજો ઋષિ. (**ભાર૦ વન૦ અ૦ ૨૯૮**)

ધ્યાનબિંદુ. મુખ્ય યજુર્વેદોપનિષત્.

ધ્રુવ. સ્વાયંભૂ મનૂના પૌત્ર ઉત્તાનપાદ રાજાને તેની સ્ત્રી સુનીતીને પેટે જન્મેલો પુત્ર. સુનીતી–ધ્રુવની માતા–રાજાની માનીતી નહોતી. તેથી ધ્રુવ ઉપર પણ રાજાની મમતામાં કાંઈ ઉણપ હતી. ઉત્તાનપાદની બીજી રાણી સુરુચી માનીતી હોઇ એનો પુત્ર ઉત્તમ પણ રાજાને પ્રિય હતો. આવી વસ્તુસ્થિતિમાં એક વખત ઉત્તમ રાજાના ખોળામાં બેઠો હતો ત્યાં ધ્રુવ પણ બેસવા ગયો. એ જોઇને એની ઓરમાન માતા–સુરુચીએ એને તુચ્છકારી કાઢયો અને બેસવા ન દીધો. આથી રડતો રડતો ધ્રુવ પોતાની માતા સુનીતી પાસે આવ્યો. પુત્રને રડવાનું કારણ જાણીને એની માતાને પણ ઘણું દુઃખ થયું. અને શોકાવિષ્ટ થઇને બોલી કે, ભાઇ પરમેશ્વરની કૃપા વગર આપણને એવું સુખ ક્યાંથી મળે ? આ ઉપરથી ધ્રુવ પોતે નહાની ઉમ્મરનો છતાં, તરત જ નગર બહાર નિકળી પડયો અને અરણ્યમાં ઇશ્વરારાધના કરવા ચાલ્યો. એટલામાં માર્ગમાં એને નારદઋષિ મળ્યા. એમણે એને ઘણું સમજાવ્યો કે તું હજુ નાનો છે. નગરમાં પાછો જા. પણ એમણે કશું માન્યું નહિ.

નારદને આવું નાનું બાળક ઇશ્વરારાધના કરવા અરણ્યમાં જાય, એ ઉપરથી એની બહુ દયા આવી. નારદે ધ્રુવને મંત્ર અને ભગવાનનું ધ્યાન કરવાની રીત વગેરેનો બોધ આપ્યો. નારદની સૂચના પ્રમાણે શ્રદ્ધાપૂર્વક કરવાથી થોડા જ સમયમાં ભગવાન્ એને પ્રત્યક્ષ થયા. ધ્રુવને થયું કે હું એમની સ્તુતિ

કરું. પણ સામર્થ્ય રહ્યું નહોતું એટલે કશું બોલી શક્યો નહિ; માત્ર હાથ જોડીને ઉભો જ રહ્યો. શ્રી ભગવાને આ જોઇને પોતાના હાથમાં શંખ હતો તે ધ્રુવના ગાલે અડકાડયો. આટલા ઉપરથી એનામાં બોલવાની શક્તિ આવી. એણે નાના પ્રકારે ભગવાનનું સ્તવન કર્યું. સંતુષ્ટ થઈને ભગવાને કહ્યું કે જેની ગ્રહો અને નક્ષત્રો પ્રદક્ષિણા કરે છે એવું મારું અચળ ધામ તારે માટે મેં નિર્માણ કર્યું છે. છતાં તેં રાજ્યના હેતુથી આરાધના કરી હતી માટે તું ઘેર જા. તારા પિતાની પછવાડી છત્રીસ હજાર વર્ષ રાજ્ય કર્યા બાદ તારે માટે નિર્મિત્ત સ્થાને આવજે. એમ કહીને ભગવાન્ અંતર્ધાન થયા અને ધ્રુવ પોતાના નગર તરફ ગયો.

ઉત્તાનપાદ રાજાને ઇશ્વરારાધન કરીને પુત્રના પાછા આવવાની ખબર પડતાં જ તે ઘણા પ્રેમથી અને મોટા ઠાઠમાઠથી એને સામૈયે આવ્યો. અને એને નગરીમાં લઇ ગયો.

કેટલેક કાળે ઉત્તાનપાદ ધ્રુવને રાજ્યાભિષેક કરી પોતે તપ કરવા સારુ અરણ્યમાં ગયો. (**ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૮–૯**)

પિતાના નિવૃત થઇ અરણ્યવાસ પછી ધ્રુવે શિશુમાર પ્રજાપતિની ભ્રમી નામની કન્યા જોડે વિવાહ કર્યો. ભ્રમીની કુખે ધ્રુવને કલ્પ અને વત્સર એમ બે પુત્ર થયા. એ શિવાય વાયુએ પોતાની ઇલા નામની કન્યા એને પરણાવી હતી. તેને પેટે ધ્રુવને ઉત્કલ નામે એક પુત્ર અને એક કન્યા, એમ બે સંતતિ થઇ. આ ઉપરાંત ધ્રુવને ત્રીજી સ્ત્રી હતી એમ મત્સ્યપુરાણ ઉપરથી જણાય છે. એ ત્રીજી સ્ત્રીનું નામ ધન્યા હોઇ એને શિષ્ટ નામે એક જ પુત્ર હતો.

ધ્રુવનો ઓરમાન ભાઈ ઉત્તમ, એનાં લગ્ન થવાનાં હતાં તે પહેલાં, એક વખત શિકારે ગયો હતો. હિમવાન્ પર્વત ઉપર ગયો, ત્યાં યક્ષો સાથે એને કજીયો થયો; અને એ તકરારમાં એ મરણ પામ્યો. આ વર્ત્તમાન ધ્રુવની ઓરમાન માતા સુરુચીને ખબર પડતાં એ ધ્રુવથી છાની, કોઇને કહ્યા વગર પોતાના પુત્રની શોધ કરવા ગઈ. એનું પણ ત્યાં મૃત્યુ થયું. આ વૃત્તાંત સાદ્યંત ધ્રુવને માલમ પડતાં એ તત્કાળ રથારૂઢ થઇને હિમવાન પર્વત પર ગયો અને એણે સહસ્રાવધિ યક્ષોને મારી નાંખ્યા. યક્ષાધિપતિ કુબેરને આ વાતની ખબર પડતાં એ ચઢી આવ્યો અને ધ્રુવ અને કુબેર વચ્ચે તુમુલ યુદ્ધ થયું. છેવટે એ સ્થળે સ્વાયંભૂ મનુ જાતે પ્રગટ થયા અને તેમણે ધ્રુવને ઉપદેશ કરી યુદ્ધ કરતો બંધ પાડયો. ધ્રુવને પોતાને નગર મોકલ્યો અને કુબેર પણ સંતુષ્ટ થઇ સ્વસ્થાનકે ગયો.

ધ્રુવે સહસ્રાવધિ યજ્ઞો કર્યા અને પ્રજા પાલન એવું તો ઉત્તમ પ્રકારે કર્યું કે બધાં એને પોતાનો પિતા કહેતાં. આ પ્રમાણે છત્રિસ હજાર વર્ષ રાજ્ય કરી, છેવટે પોતાના પુત્રને રાજ્ય સોંપી અરણ્યમાં ગયો. અરણ્યમાં તપવડે દેહ ક્ષીણ કરીને દેહનો ત્યાગ કર્યો. મરીને ભગવદાજ્ઞાનુસાર પોતાની અવિચળ પદ્વીપર એટલે ધ્રુવમંડલમાં ગયો. (**ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૧૦–૧૨**) અને (**મત્સ્ય૦ અ૦ ૪**)

ધ્રુવ (૨). એક વસુ. (અષ્ટ વસુ શબ્દ જુઓ.) એને કાલ નામે પુત્ર હતો.

ધ્રુવ (૩). સોમવંશી પૂરૂકુલોત્પન્ન ઋતેયુના પુત્ર અંતિભારના ત્રણ પુત્રોમાંનો બીજો પુત્ર.

ધ્રુવ (૪). ચંદ્રવંશી યદુકુલોત્પન્ન સાત્વતવંશીય વસુદેવને રોહિણીથી થએલા સાત પુત્રોમાંનો છટ્ઠો પુત્ર.

ધ્રુવ (૫) જયદ્રથનો વધ થયા પછી રાત્રિયુધમાં ભીમસેને મારેલો દૂર્યોધન પક્ષનો કલિંગ દેશનો એક રાજા. (**ભાર૦ દ્રોણા૦અ૦ ૧૫૫**)

ધ્રુવ (૬) એ નામનો એક બ્રહ્મર્ષિ.

ધ્રુવસંધિ. સૂર્યવંશીય ઇક્ષ્વાકુકુલના રામવંશીય રાજા પુષ્યનો પુત્ર. એનો પુત્ર સુદર્શન. આ ધ્રુવસંધિને ભારતમાં પૌષ્ય નામે કહ્યો છે. એને મનોરમા અને લીલાવતી નામે બે સ્ત્રીઓ હતી.

ધ્રુવાશ્વ. સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુલના ભાનુમાન રાજાનું બીજું નામ.

ધ્રુવોત્તર. ભારતીય યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૫૮**)

ધ્વજકેતુ. દ્રુપદપુત્ર–એક રાજા.

ધ્વજગ્રીવ. રાવણના પક્ષનો લંકાનો એક રાક્ષસ. (**વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬**)

ધ્વજવતી. હરિમેધા નામના ઋષિની કન્યા.

ન.

નકુળ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

નકુળ (૨). ચંદ્રવંશી પૂરુકુળના અજમીઢ વંશના જન્હુકુળમાં થએલા પાંડુ રાજાનો પુત્ર. પાંડુરાજાને માદ્રી નામે બીજી સ્ત્રી હતી. તેની કુખે અશ્વિનીકુમારના અંશથી જે બે પુત્રો થયા હતા તેમાનો મોટો પુત્ર. એના નાના ભાઇનું નામ સહદેવ હતું. નકુળ બહુ સ્વરુપવાન હતો. (**ભાર૦આશ્રમ૦ અ૦ ૨૫**). નકુળને દ્રૌપદીની કુખે શતાનીક નામે પુત્ર થયો હતો. શિશુપાળની કન્યા કરેણુમતી એની બીજી સ્ત્રી હતી. એ સ્ત્રીને પેટે એને નિરમિત્ર નામે પુત્ર થયો હતો.

ધૃતરાષ્ટ્રે પાંડવોને ઇંદ્રપ્રસ્થમાં વસાવ્યા પછી પાંડવોએ ત્યાં રાજસૂય યજ્ઞ કર્યો હતો. તે વખત યુધિષ્ઠિરે પોતાના ચારે ભાઇઓને ચારે દિશાએથી દ્રવ્ય લાવવાની આજ્ઞા કરી હતી. તે સમયે નકુળ પશ્ચિમ દિશાએ ગયો હતો. નકુળે તે વખત કયાં કયાં દિગ્વિજય કર્યો એનું વર્ણન ભારતમાં તદ્દન સંક્ષિપ્તમાં જ છે. ઇંદ્રપ્રસ્થથી નિકળી આનર્તદેશ જતાં માર્ગમાં આવતા દરેક દેશમાં એણે જીત મેળવ્યાની હકીકત અન્ય ગ્રંથો ઉપરથી ઉપલબ્ધ થઇ છે.

યુધિષ્ઠિરની આજ્ઞા થતાં જ નકુળ નિકળ્યો તે પ્રથમ તદ્દન પાસે આવેલા જાંગલ દેશમાં ગયો. ત્યાંથી પશ્ચિમ પાંચાળ, પશ્ચિમ શૂરસેન, યામૂનદેશ, પશ્ચિમ મત્સ્યદેશ, સારસ્વતદેશ, વગેરે દેશોમાં ગયો. (**ભાર૦ ૧ સ્કં૦ અ૦ ૧૦.**)

ત્યાંથી ઘણા જ દ્રવ્યવાન અને અસંખ્ય ગાયોવાળા સહસ્રાર્જુનના રોહિતકપુરમાં ગયો. ત્યાંના મત્તમયુરક નામના પ્રસિદ્ધ રહેવાશી જોડે જબરું યુદ્ધ કરીને તેને જીત્યો. ત્યાંથી મરુધન્વ દેશમાં ગયો. તે જીતીને બહુધાન્યક દેશમાં, શૈરીષક દેશ અને મહેત્થ દેશમાં ગયો. મહેત્થના આક્રોશ નામના રાજા જોડે એને મોટું યુદ્ધ થયું. ત્યાંથી એણે પશ્ચિમદશાર્ણ દેશના રાજા હિરણ્યવર્માને જીત્યો. શિબી, પશ્ચિમત્રિગર્તના ક્ષેમકરાદિ પાંચ રાજાઓ, અંબષ્ઠ દેશ, પશ્ચિમમાલવ (માળવા) એ બધા દેશો જીત્યા. ત્યાર પછી પંચકર્પટક, મધ્યમકેય, વાટધાન ઇત્યાદિના લોકને જીત્યા. વળી એણે પુષ્કરારણ્ય વાશીઓને જીત્યા હતા. અહીંથી કેઈ દિશા તરફ વળ્યો તે સ્પષ્ટ જણાતું નથી.

ત્યારબાદ પશ્ચિમ ઉત્સવસંકેત વાસીઓને જીતીને સિંધુનદીતીરવાસી (વૈશ્યાપુત્ર) ગ્રામણીય રાજાને જીતી, સરસ્વતીને તીરે આવેલા શુદ્ર આભિરગણને તાબે કરી, બધા પંચનદ વાસીઓ (પંજાબીઓ) ને તેમ જ અમર પર્વત વાસીઓને જીતી એ આગળ ગયો.

ત્યાર પછી નકુળ ઉત્તર જ્યોતિષ અને દિવ્ય કટકપુર ગયો હતો. આ ઉપરથી જણાય છે કે એ પશ્ચિમથી ઉત્તરે વળ્યો. પશ્ચિમ દિશા વાસી રામઠ, હારહૂણ, એમને જીતી એ આન્તર્તમાં કૃષ્ણના નગર દ્વારકામાં આવ્યો. કૃષ્ણે પ્રીતિપૂર્વક કર આપ્યો હતો. ત્યાંથી પોતાના મામા મદ્રદેશાધિપતિ શલ્યને ત્યાં શાકલનગરમાં ગયો હતો. એણે એનું પ્રીતિપૂર્વક સન્માન કરી અપાર દ્રવ્ય આપ્યું હતું. ત્યાંથી પશ્ચિમમાં સમુદ્રને પડખે રહેનારા ભયંકર મ્લેચ્છો, પલ્હવો, બર્બરો, કિરાતો, યવનો અને શકો વગેરેને જીતી એણે તેમની પાસેથી અપાર દ્રવ્ય સંપાદન કર્યું હતું. આ બધું દ્રવ્ય દસ હજાર ઉંટો ઉપર લાદીને ઇંદ્રપ્રસ્થ આણીને યુધિષ્ઠિરને સમર્પ્યું હતું. (**ભાર૦ સભા૦ અ૦ ૩૨.**).

કપટદ્યૂતમાં બધી સંપત્તિ હારી ગયા પછી પાંડવો વનવાસમાં ગયા તે વખત નકુળ પણ જોડે જ હતો. અજ્ઞાતવાસના સમયમાં જેમ બધાએ નામ બદલ્યાં હતાં તેમ એણે પણ બદલ્યું હતું. વિરાટ રાજાને ત્યાં એ ગ્રંથિક નામ ધારણ કરીને રહ્યો હતો. (**ભાર૦ વિરાટ૦ અ૦ ૧૨**).

અજ્ઞાતવાસ પૂરો થયા પછી કૌરવો સાથે સમજૂતી કરવા કૃષ્ણ ગયા ત્યારે નકુળે કૃષ્ણને કહ્યું હતું કે:–દુર્યોધને અમને કેટલો ત્રાસ આપ્યો છે તે તમે જાણો જ છો. માટે અને ત્યાં સુધી યુદ્ધ કરવાનું જ ઠેરવીને આવજો. (**ભાર૦ ઉદ્યો૦ અ૦ ૮૦**).

મહાભારતના યુદ્ધનો આરંભ થયો ત્યારે નકુળને પ્રથમ દુઃશાસનની સાથે યુદ્ધનો પ્રસંગ આવ્યો. એના રથના ઘોડા કાંબોજ દેશના અને પોપટીઆ રંગના હતા. એના ધ્વજ ઉપર ભયંકર શરભપક્ષિનું ચિત્ર રહેતું. યુદ્ધ સમયે એનો વગાડવાનો શંખ સુઘોષ નામે પ્રસિદ્ધ હતો. એ પોતાના હાથમાં વૈષ્ણવ નામનું ધનુષ્ય રાખતો. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૨૩**). ભારત યુદ્ધ થઈ રહ્યા પછી પાંડવ પક્ષના જે સાત વીરો ઉગર્યા હતા તે પૈકી એ હતો. યુધિષ્ઠિર જ્યારે સ્વધામ પધાર્યા ત્યારે એ પણ જોડે ગયો હતો.

નક્ત. પ્રિયવ્રત વંશના ઋષભદેવના કુળમાં ઉત્પન્ન થએલા પૃથુષેણ રાજાને તેની આકૂતી નામની સ્ત્રીથી થએલો પુત્ર. એને દ્રુતી અથવા દ્યુતી નામની સ્ત્રી હોઈને તેને ગય નામનો પુત્ર હતો.

નક્ર. જલચર. (૧ ગ્રાહ શબ્દ જુઓ).

નગ્ન. શત્રુઘ્નનો સેનાપતિ. (કુશીલવ શબ્દ જુઓ).

નગ્નજિત. કૃષ્ણની સ્ત્રી સત્યા જેનું બીજું નામ નાગ્નજિતિ એવું હતું, તેનો પિતા. (**ભાગ૦ દશમ૦ અ૦ ૫૮**). પોતે દિગ્વિજય કરવા નિકળ્યો ત્યારે કર્ણે એને જીત્યો હતો. (**ભાર૦ વન૦ અ૦ ૨૫૪**). એ ધ્રુવપાત નામના અસુરના અંશરુપે જન્મ્યો હતો. (**ભાર૦ આદિ૦ અ૦ ૬૭**). અને તેથી મહાભારતના યુદ્ધમાં એ દુર્યોધનના પક્ષમાં રહ્યો હતો.

નગ્નહૂ. એક બ્રહ્મર્ષિ. (**મત્સ્ય૦ અ૦ ૧૪૩**).

નચિકેતા. ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થએલા આરુણિ ઋષિનો પુત્ર. એ સુમારે પાંચ વર્ષનો હતો ત્યારે ઉદ્દાલક ઋષિએ યજ્ઞ કર્યો હતો. તેમાં સારી સારી ગાયો પુત્રને માટે જુદી રાખી, બ્રાહ્મણોને આપવાને નઠારી, વસુકી ગએલી, વોડકી, માંદી, વરોલ, પારેઠ, ખાધ પી ઉતરેલી અને નિરિંદ્રિય એવી ગાયો તૈયાર રાખી હતી. આવાં ગૌદાન પિતાને શ્રેયસ્કર ન થાય ધારી. અને પિતા મારા સ્નેહને લીધે મારી શીકર કરે છે અને ગૌદાનનો લાભ લેતા નથી ધારી, પિતાને નચિકેતાએ સૂચનારુપ પુછ્યું કે, આપ મને કોને આપવાના છો ? ઉદ્દાલક સમજ્યા, પણ કાંઇ ઉત્તર આપ્યો નહિ. નચિકેતાએ પુનઃ એ પ્રશ્ન કર્યો. એમ જ્યારે ત્રણવાર એનો એ પ્રશ્ન પુછ્યો ત્યારે ઉદ્દાલક ઋષિને ક્રોધ આવ્યો. અને એના આવેશમાં બોલી ઉઠ્યા કે તને હું યમને આપું છું.

ક્રોધાન્વિત થઇને બોલી તો દીધું, પણ યમ અમણાં મારા પુત્રને લઇ જશે ધારી દિલગીર થઈ ગયા. પણ નચિકેતાએ આગ્રહ પૂર્વક કહ્યું કે આપે જે વચન કહ્યું તે જ પ્રમાણે મને યમને આપો. ઉદ્દાલકે એને યમને સમર્પણ કરતાં જ, એ યમલોકમાં ગયો. યમદૂતોએ એને પુછ્યું કે તું અહીં કેમ આવ્યો ? આયુષ્ય પૂરું થયા શિવાય યમ કોઇને અહીં આણતો નથી. તારું તો આયુષ્ય હજુ પૂરું થયું નથી. તું પાછો જા, યમ તે દિવસે પાતાલમાં ગએલા હતા. હું યમને મળ્યા વગર પાછો નહિ જ જાઉં, એવી હઠ લઇને નચિકેતા યમના દ્વારપર ત્રણ દિવસ અન્નજળ લીધા શિવાય ઉભો રહ્યો. ત્રિજે દિવસે પાછો આવેલો યમ પોતાને બારણે આ અતિથિ બટુને ઉભેલો જોઈ આશ્ચર્ય પામ્યો. દુતોએ બધી હકીકત કહી એટલે યમ કહે

મારે ઘેર આવેલો અતિથિ મારાથી સન્માન પામ્યો નહિ અને ત્રણ દિવસ અન્નપાણી વગર ઉભો રહ્યો ! અહો મારે હાથે આ મોટો અન્યાય થયો. એમ કહીને યમે એનું ઉત્તમ પ્રકારે આતિથ્ય કર્યું. અને ત્રણ દિવસ અન્નોદક સિવાય ઉભા રહ્યા બદલ ત્રણ વરદાન માગવાનું કહ્યું.

નચિકેતાએ પ્રથમ વર માગ્યો કે હે યમરાજ ! મારા પિતા ગાંતમ શાન્તસંકલ્પ થાઓ. મેં પ્રશ્ન પુછ્યા, એમણે મને યમને આપ્યો, હું યમલોકમાં આવ્યો, અને એ જ દેહે પાછો આવ્યો; એ બધાની એમને સ્મૃતિ રહે અને એ લબ્ધસ્મૃતિ થયા છતાં ક્રોધ રહિત થઇ, શાન્તસંકલ્પ રહે એમ કરો.

બીજા વર તરીકે નચિકેતાએ સ્વર્ગ પ્રાપ્તિ સારુ સાધનરુપ અગ્નિ માગ્યો. યમે એને સ્પષ્ટતાથી એ અગ્નિનું સ્વરુપ સમજાવ્યું. અગ્નિ વિષયે યમે જે જે કહ્યું હતું તે બધું નચિકેતા અથપ્રતિ બરોબર બોલી ગયો. યમ આથી વિશેષ આનંદ પામ્યો અને એ અગ્નિ " નાચિકેત " નામથી ઓળખાશે એવો વધારાનો વર આપ્યો. વળી પોતાના ગળામાં ધારણ કરેલી અનેકરુપામાળા પણ નચિકેતાને આપીને પહેરાવી. ચયન નામે યજ્ઞની બધી ક્રિયા સમજાવી. પછી ત્રિજો વર માગવાનું કહ્યું.

ત્રિજા વર તરીકે નચિકેતાએ આત્મા એ શું ? એમ બ્રહ્મવિદ્યા માગી. યમે કહ્યું કે આવો ગહન પ્રશ્ન તું ન પુછીશ. એ દુર્બોધ્ય વાતથી તને કલેશ થશે. સમજાશે નહિ. માટે બીજું કાંઇ માગી લે.

નચિકેતા કહે એ આત્મા દુર્વિજ્ઞેય છે, એમ હું પણ જાણું છું. મારા પિતાથી પણ એવું જ સાંભળ્યું છે. પરંતુ આવા ગહન વિષયનો બોધ કરનાર આપના જેવા મહાત્મા દુર્લભ છે. ક્યાંથી મળે ? માટે જો મારા પર આપની કૃપા જ છે, તો મને એ જ જ્ઞાન સમજાવો. મારે બીજું માગવાનું નથી.

યમે નચિકેતાને ઘણું દ્રવ્ય, સ્વર્ગના ભોગ, સ્ત્રીઓ, ઘણું જ લાંબુ આયુષ્ય વગેરે માગવાનું કહ્યું. પણ નચિકેતા પોતાના દૃઢ નિશ્ચયથી ચળ્યો નહિ. છેવટે વચનના બંધાયેલા યમે નચિકેતાને બ્રહ્મવિદ્યાનો-બ્રહ્મસ્વરૂપનો-બોધ કર્યો. આ પ્રમાણે વરદાનો લઈ, જ્ઞાનનો ભંડાર ભરીને નચિકેતા પોતાના પિતા ઉદ્દાલક આરુણિ ઋષિની પાસે પાછો આવ્યો. આ મનોરંજક ઇતિહાસ કઠવલ્લી ઉપનિષત્માં સવિસ્તર વર્ણવ્યો છે. (કઠવલ્લિ ઉપનિષત્ જુઓ.)

નડાયન. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

નર્મદા. વીરણ પ્રજાપતિની કન્યા, વીરિણીનુ બીજું નામ. એ ચક્ષુર્મનુની સ્ત્રી હતી.

નંદ. વિષ્ણુના પાર્ષદમાંનો એક.

નંદ (૨). વસુદેવને મદિરા નામની સ્ત્રીને પેટે થયેલા પુત્રોમાંનો એક.

નંદ (૩). ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

નંદ (૪). ગોકુલમાંના સઘળા ગોપનો સ્વામી. એ કૃષ્ણના પિતા વસુદેવનો પરમ મિત્ર હતો, માટે જ વસુદેવે પોતાની એક સ્ત્રી રોહિણી અને પછીથી પોતાનો પુત્ર કૃષ્ણ એને ત્યાં રાખ્યાં હતાં. નંદને યશોદા નામે સ્ત્રી હતી.

નંદ (૫). ક્રૌંચદ્વીપમાંનો એક પર્વત.

નંદક. વિષ્ણુના ખડ્ગનું નામ.

નંદક (૨). દુર્યોધન પક્ષનો એક યોદ્ધો. (**ભાર૦ ભીષ્મ૦ અ૦ ૬૪**)

નંદક (૩). વસુદેવને વૃકદેવીથી થએલા પુત્રોમાંનો એક.

નંદનવન. સ્વર્ગમાં ઇંદ્રનું વન વિશેષ.

નંદનવન (૨). મેરુની પૂર્વે મંદર પર્વત ઉપર આવેલું વન વિશેષ. (**ભાગ૦ ૬ સ્કં૦ અ૦ ૬૬**)

નંદનવન (૩). હિમાલય ઉપર આવેલું વન.

નંદનવન (૪). ક્રૌંચદ્વીપમાંનો એક પર્વત;

નંદા. ધર્મઋષિના હર્ષ નામના પુત્રની સ્ત્રી.

નંદા (૨). કુબેરની નગરી આગળ વહેનારી નદી. (**ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૬**)

નંદા (૩). શાલ્મલી દ્વીપમાં આવેલી નદી.

નંદા (૪). ઋષભકૂટ પર્વતપરની નદી. (**ભા૦ વન૦ ૧૬૦**)

નંદિક. નંદી શબ્દ જુઓ.

નંદિકેશ્વર. નંદી શબ્દ જુઓ.

નંદિગ્રામ. અયોધ્યાની પૂર્વે એક કોસ ઉપર આવેલું ગામ વિશેષ. રામના વનવાસ સમયે આ ગામમાં ભરત ચૌદ વર્ષ પર્યંત રહ્યો હતો. (**વા૦ રા૦ અયો૦ સ૦ ૧૧૫**)

નન્દિની. એક નદી.

નન્દિની (૨). વસિષ્ટની ગાય.

નંદિની. સુરભીને કશ્યપથી થએલી કન્યા.

નંદિવર્ધન. વિદેહવંશના ઉદાવસુ જનકનો પુત્ર. એનો પુત્ર તે સુકેતુ જનક.

નન્દિસેન. સ્કન્દનો પરિવાર.

નંદી. ધર્મઋષિને યામીથી થએલા સ્વર્ગ નામના પુત્રનો પુત્ર.

નંદી (૨) મુની નામની ભાર્યાને પેટે કશ્યપને થએલ દેવગંધર્વ માંહેલો એક. જે સોળ દેવ ગંધર્વ ગણાવ્યા છે, તેમાં આ નામ ક્યાનું છે તે નિર્ણય કરાતું નથી.

નંદી (૩). કામધેનુનો પુત્ર અને શિવગણ માંહેનો એક. એની આકૃતિ મનુષ્ય જેવી હોઇને મોં વાનર જેવું છે, અને હાથ ટૂંકા ટૂંકા છે. દક્ષયજ્ઞનો વિધ્વંશ કર્યો તે કાળે એણે ભગ નામના ઋત્વિજને બાંધ્યો હતો. આ ઉપરથી એ સ્વાયંભૂ મન્વંતરમાં થઈ ગયો એ સ્પષ્ટ છે. (**ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૫**) એણે રાવણને શાપ આપ્યો હતો. (**વા૦રા૦ ઉત્તર૦ સ૦ ૧૫**)

નંદીશ્વર. તગડાની સંજ્ઞાવાળો નંદી તે જ.

નભ. બીજા સ્વારોચિષ મનુના પુત્રોમાંનો એક.

નભ (૨). ત્રિજા ઉત્તમ મનુના પુત્રોમાંનો એક.

નભ (૩). એ નામનો એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ.)

નભ (૪). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળોત્પન્ન દાશરથિ રામના પૌત્ર અતિથિનો પૌત્ર. નિષધ રાજાનો કનિષ્ટ પુત્ર. એને પુંડરીક નામે પુત્ર હતો.

નભ (૫). શ્રાવણ માસ. આ માસમાં સૂર્યમંડળાધિપતિ ઇંદ્ર નામનો આદિત્ય હોય છે. એના સમાગમમાં અંગિરા ઋષિ, વિશ્વાવસુ ગંધર્વ, પ્રમ્લોચા અપ્સરા, વર્ય રાક્ષસ, એલાપત્ર નાગ, અને શ્રોતા નામનો યક્ષ હોય છે. (**ભાગ૦ ૧૨ સ્કં૦ અ૦ ૧૧**).

નભગ. વૈવસ્ત મનુના દસ પુત્રોમાંનો નવમો પુત્ર. એનો પુત્ર તે નાભાગ.

નભસ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન અતિથિ રાજાનો પ્રપૌત્ર, નિષધરાજાનો પૌત્ર અને નલરાજાનો પુત્ર.

નભસ્ય. ચૈત્રી વર્ષના બાર મહિનાના અનુક્રમમાં છઠ્ઠો મહિનો. એની પૂર્ણિમા ભાદ્રપદા નક્ષત્રમાં આવે છે. સબબ એને ભાદ્રપદ (ભાદરવો) મહિનો કહે છે.એ મહિનામાં વિવસ્વાન્ નામનો આદિત્ય સૂર્યમંડળનો અધિપતિ હોય છે. એ આદિત્યના સમાગમમાં ભૃગુ ઋષિ, ઉગ્રસેન ગંધર્વ, અસારણ યક્ષ, શંખપાળ નાગ, અનુમ્લોચા અપ્સરા, વ્યાઘ્ર નામનો રાક્ષસ, એ સઘળાં હોય છે. આ વ્યવસ્થા આ મન્વંતરમાં જ હોય છે. મન્વંતર મન્વંતરમાં જુદી ગોઠવણ હોય છે. (**ભાગ૦ દ્વાદશ૦ સ૦ અ૦ ૧૧**).

નભસ્ય (૨). સ્વારોચિષ્ મનુના પુત્રમાંનો એક.

નભસ્ય (૩). ઉત્તમ મનુનો પુત્રમાંનો એક.

નભસ્વતી. ઉત્તાનપાદ વંશના વિનિતાશ્વ રાજાની બીજી સ્ત્રી. એના પુત્રનું નામ હવિર્ધાન.

નભસ્વાન. મુર દૈત્યના સાત પુત્રોમાંનો એક. (નરકાસુર શબ્દ જુઓ).

નમસ્યુ. ચંદ્રવંશી પૂરુકુલોત્પન્ન પ્રવીર રાજાનો પુત્ર. એનો પુત્ર તે ચારુપદ.

નમૂચિ. ઇન્દ્રે મારેલો એક સૈંહિકેય.

નમૂચિ (૨). દનુપુત્ર એક દાનવ.

નમૂચિ (૩). દક્ષિણ દિશામાં રહેનારો એક બ્રહ્મર્ષિ. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧**)

નર. સ્વાયંભૂ મન્વંતરમાંના ધર્મઋષિનો પુત્ર અને નારાયણ ઋષિનો સહોદર.

નર (૨). તામસ મનુના પુત્રમાંનો એક.

નર (૩). સૂર્યવંશી દિષ્ટકુળના સુધૃતિ રાજાનો પુત્ર. એનું બીજું નામ સૈાધૃતેય હતું. એના પુત્રનું નામ કેવલ હતું.

નર (૪). સોમવંશી પૂરુકુળોત્પન્ન ભરતપુત્ર મન્યુના પાંચ પુત્રોમાંનો ચોથો. એના પુત્રનું નામ સંકૃતિ.

નરક. પાંતકી જનોની સજા સારુ યમલોકમાં નિર્માણ કરેલાં, તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકરમુખ, અંધકૂપ, કૃમિભોજન, સંદંશ, તપ્તસૂમિ, વજ્રકંટક, શાલ્મલિ, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ, અયઃપાન, ક્ષારકર્દમ, રક્ષીગણભોજન, શૂલપ્રોત, દંદશૂક, અવટનિરોધન, પર્યાવર્તન, અને સૂચિમુખ એ નામનાં સ્થળો વિશેષ. **(ભાગ૦૫૰સ્કં૰ અ૰ ૨૬)**

નરક (૨). વિષ્ણુએ મારેલો એક દાનવ. **(ભા૨૰ વન૰ અ૰ ૧૪૨)**

નરક (૩). તેર સૈંહિકેયમાંનો એક.

નરક (૪). મહી દેવીનો પુત્ર. એક અસુર.

નરકાસુર. અસુર વિશેષ. એ ભૂમીનો પુત્ર હતો માટે એને ભૌમાસુર પણ કહેતા. ભૂદેવીએ વિષ્ણુને પ્રસન્ન કરીને એને વૈષ્ણવાસ્ત્ર સંપાદન કરી આપ્યું હતું. એને લીધે એ ઘણો બળાઢ્ય હતો. એ અસ્ત્ર એણે પોતાના પુત્ર ભગદત્તને આપ્યું હતું. **(ભા૰ દ્રોણ૰ અ૰ ૨૯)**

એણે દેવને ઘણી પીડા કરીને તેમની અને ઇન્દ્રની સંપત્તિ હરણ કરીને પોતાના પ્રાગ્જ્યોતિષપુરમાં આણી હતી. પોતા ઉપર આવી પડેલી આ વિપત્તિની વાત ઇન્દ્રે કૃષ્ણને કહી હતી. તેથી કૃષ્ણ પોતાની સ્ત્રી સત્યભામાને સાથે લઇને પ્રાગ્જ્યોતિષપુર ગયા. પૃથ્વિએ મેળવેલાં વરદાનોમાં એક એ પણ હતું કે તું, એની મા, જ્યારે કહે તે વગર એને કોઇ મારી નાંખી શકશે નહિ. કૃષ્ણની સ્ત્રી સત્યભામા પૃથ્વિનો અવતાર હતી, માટે એને કૃષ્ણે નકરાસુરને મારવા જતાં જોડે લીધી હતી.ત્યાં નગરની બહાર પાણીમાં નરકાસુરનો પક્ષપાતી પંચમુખ મુર નામનો દૈત્ય રહેતો હતો. કૃષ્ણને એ વાત માલમ હોવાથી ત્યાં જઇ એમણે પોતાના પાંચજન્ય નામે શંખનો ધ્વનિ કર્યો. આથી જાગૃત થઇને એ કૃષ્ણની ઉપર ધાયો. બન્ને વચ્ચે દારુણ યુદ્ધ થતાં, કૃષ્ણે એનાં પાંચે માથાં ભાગી નાંખ્યાં. પિતાની આવી હાલત જોઇને એના તામ્ર, અંતરિક્ષ, શ્રવણ, વિભાવસુ, વસુ, નભસ્વાન, અને અરુણ નામે સાત પુત્રો હતા તે ક્રોધ કરીને કૃષ્ણ ઉપર ધસ્યા. નરકાસુરનો પીઠ નામનો સેનાપતિ પણ એમની જોડે હતો. એ બધાને સૈન્ય સહિત કૃષ્ણે માર્યાની હકીકત જાણીને નરકાસુર જાતે કૃષ્ણ ઉપર ધશી આવ્યો. જ્યારે નરકાસુરની તરવાર નકામી થઇ પડી, ત્યારે એ મોટું ત્રિશૂળ લઇને કૃષ્ણ ઉપર ધાયો. સત્યભામા પણ ગરુડ ઉપર હતી, એણે ગભરાઇને કહ્યું કે આ પાપીને મારી નાંખો; એટલે કૃષ્ણે સુદર્શન વડે એનું માથું ઉરાડી દીધું. પછી ભૂદેવીએ નરકાસુરના પુત્ર ભગદત્તને કૃષ્ણના પગ આગળ આણીને એને હાથે અદિતીનાં કુંડળ કૃષ્ણને અપાવરાવ્યાં. કૃષ્ણે તે કુંડળ ઇન્દ્રને આપ્યાં; તેમ એની સંપત્તિ પણ એને અપાવી. ત્યાર પછી નરકાસુરે બંદીખાનામાં પૂરેલી સોળ હજાર કન્યાઓને છોડવી. એ કન્યાઓએ પોતાના મનવડે કૃષ્ણને વર્યા હોવાથી તેમને દ્વારકા લઇ જવાની ઇચ્છા કરી. એમણે ભગદત્તને પ્રાગ્જ્યોતિષપુરની ગાદીએ બેસાડ્યો. ભગદત્તે ચાર દંતીશૂળવાળા ચોસઠ હસ્તિયો, કેટલાક અશ્વો, રથ, તેમ જ ધન વગેરે નજર કર્યું તે, તેમ જ સોળ હજાર કન્યાઓને લઇને કૃષ્ણ દ્વારકા આવ્યા. ત્યાં આવીને એ બધી કન્યાઓની સાથે વિવાહ કર્યા. **(ભાગ૦ દશમસ્કં૰ અ૰ ૫૯)**

અહીં જે ઇન્દ્ર કહ્યો છે તે બાર આદિત્યમાંનો પૂર્વ દિગ્પાલ અદિતીનો પુત્ર સમજવો.

સ્વર્ગનો પ્રસ્તુત પુરંદર નામનો ઇન્દ્ર છે એ નહિ. કારણ એ કાંઇ અદિતીનો પુત્રે નહતો અને કુંડળની બાબતને અને એને કશો સંબંધ જ નથી.

નરનારાયણ. સ્વાયંભુવ મન્વંતરમાના ધર્મઋષિને મૂર્તિ નામની ભાર્યાથી વિષ્ણુના અંશથી થએલો પુત્ર.

નરવાહન. કુબેરનું એક નામ.

નરસિંહ. નૃસિંહ શબ્દ જુઓ.

નરાંતક. અંગદે મારેલો રાવણનો એક પુત્ર. **(વા૰ રા૰ યુદ્ધ૰ સ૰ ૬૬)**

નરાંતક. (૨) પ્રહસ્ત નામના રાવણના પ્રધાનના ચાર પ્રધાનોમાંનો એક. એને દ્વિવિદ વાનરે માર્યો હતો. **(વા૰ રા૰ યુદ્ધ૰ સ૰ ૫૮)**

નરિષ્યંત. વૈવસ્વત મનુના દસ પુત્રોમાંનો સાતમો. એને ચિત્રસેન અને દમ એમ બે પુત્ર હતા.

નર્મદા. સોમપ નામના પિતરની માનસકન્યા. સોમ શબ્દથી ભૂલાવો ખાઇ એના પર્યાય ચંદ્ર, ઇંદુજા એવાં પણ એનાં નામ છે.

નર્મદા (૨). એક ગંધર્વ. એણે પોતાની સુંદરી, કેતુમતી અને વસુદા નામની ત્રણ કન્યાઓ સુકેશ રાક્ષસના માલ્યવાન્, સુમાલી, અને માલી એ ત્રણ પુત્રોને અનુક્રમે વરાવી હતી. **(વા૰ રા૰ ઉત્તર૰ સ૰ ૫)**

નર્મદા. (૩) એક નાગકન્યા. સૂર્યવંશીય ઇક્ષ્વાકુ કુળોત્પન્ન માંધાતા રાજાના પુત્ર પુરુકુત્સની સ્ત્રી. એને યસદસ્યુ નામે પુત્ર હતો. **(વિષ્ણુપુરાણ)**

નર્મદા (૪). કલિંગદેશમાં અમરકંટક પર્વતમાંથી નિકળેલી નદી. **(મત્સ્ય૰ અ૰ ૧૮૫)** પોતાના મૂળથી તે મુખ સુધી એની લંબાઇ સો યોજન અને પહોળાઇ બે યોજન વર્ણવેલી છે. રેવા એનું બીજું નામ છે. એને પૂર્વગંગા પણ કહે છે.

નર્મદા (૫). પારિયાત્ર પર્વતમાંથી નિકળેલી નદી.

નર્મદાદ્વાર. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

નલ. તેર સૈંહિકેયોમાંનો એક.

નલ (૨). સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળના નિષધ રાજાના બેમાંનો મોટો પુત્ર. એના પુત્રનું નામ નભસ.

નલ (૩). રામની સેનાનો એક વાનર, જેણે લંકામાં સેના વગેરે લઇ જવા સારુ સેતુ બંધન કર્યું હતું તે.

નલ (૪). ચંદ્રવંશી આયુકુળમાં ઉત્પન્ન થએલા યદુરાજાના ચાર પુત્રોમાંથી ત્રિજો પુત્ર.

નલ (૫). નિષધ દેશાધિપતિ વીરસેન રાજાનો પુત્ર.

" नलौ द्वावेव विख्यातौ पुराणेषु दृढव्रतौ॥
वीरसेन सुत श्चाद्यो यश्चेक्ष्वाकु कुलोद्भवः ॥
ऋतुपर्णस्य पूत्रोभूत्सार्वभौम जनेश्वरः ॥

(લિંગ૰ પુ૰ ૬૬ અ૰)

નલ રૂપે ઘણો જ સુંદર, સત્યવાદી, અશ્વવિદ્યામાં નિપુણ અને કુશળ હતો. યુવાવસ્થામાં આવતાં એણે વિદર્ભદેશાધિપતિ ભીમરાજાની કન્યા દમયંતી ઘણી સ્વરુપવાન છે એવું સાંભળ્યું. ત્યારથી એની સાથે લગ્ન કરવાની એને ઇચ્છા થઇ. દિવસાનુ દિવસ આ ઇચ્છા પ્રબળ થતાં એ દમયંતીના મોહ સાગરમાં ડૂબી જ ગયો. દમયંતીને માટે વિરહાતુર બનેલો એ એક સમય મૃગયા સારુ અરણ્યમાં ગયો હતો, ત્યાં એક અલૌકિક હંસ એની દૃષ્ટિએ પડ્યો. એણે એ હંસને પકડ્યો અને પોતાની ઇચ્છા પ્રદર્શિત કરીને એને દમયંતી પાસે મોકલ્યો. હંસ દમયંતી પાસે ગયો અને નલ સ્વરુપનું અને નળના સદ્‌ગુણોનું વર્ણન કર્યું. હવે દમયંતીએ હંસના જવા પહેલાં નળના સૌંદર્યની હકીકત અને કીર્તિ સાંભળીને નળને વરવાની જ ઇચ્છા કરી હતી. તેથી હંસની વાતથી એને ઘણો આનંદ થયો. પોતે નલને જ વરશે એ નિશ્ચય એણે હંસને જણાવ્યો અને નળની પાસે સંદેશ લઇને મોકલ્યો. **(ભા૨૰ વન૰ અ૰ ૫૩).**

કેટલાક સમય બાદ દમયંતીના સ્વયંવરનો આરંભ થયો. નલ સ્વયંવરમાં જવા નિક-

જ્યો. રસ્તામાં એને ઇંદ્ર, યમ, અગ્નિ અને વરુણ એમ ચાર દેવતાઓ મળ્યા. એ દેવો દમયંતીના સ્વયંવર જોવા જ જતા હતા, અને નલ પોતે જ મળી ગયો એટલે નળનું સત્ય જોવાનું એમનું મન થયું. દેવોએ નળને કહ્યું કે હે રાજા ! તું અમારો દૂત થા, અને દમયંતીને કહે કે અમે એને પરણવાને આતુર છીએ. એમને તથાસ્તુ કહી વચન આપીને નળ ગયો. નળે કુંડિનપુરીમાં જઇને દમયંતીના મંદિરમાં પ્રવેશ કર્યો. ઇંદ્રે આપેલા વરદાનને લઈને દમયંતી અને સખીઓ સિવાય બીજા કોઇએ એને દીઠો નહિ. એ બેધડક છેક દમયંતી હતી ત્યાં જઇ શકયો. (ભાર૦ વન૦ અ૦ ૫૪–૫૫).

નલ દમયંતીના મંદિરમાં આવ્યો કે સખીઓ આઘી પાછી થઇ ગઈ અને દમયંતી પણ એને જોઇને મોહિત થઇ ગઇ. હંસને મુખે સાંભળેલા વર્ણન વગેરે ઉપરથી નિશ્ચય કર્યો કે આ નલ જ છે. આનંદમાં આવી જઇને દમયંતી કાંઈ બોલવા જતી હતી તે પૂર્વે નળે કહ્યું કે હું દેવોના દૂત તરીકે તારી સમક્ષ આવ્યો છું. દમયંતીએ કહ્યું કે હું તો મનથી તને વરી ચૂકી છું. માટે ઇન્દ્રાદિ દેવ હોય કે ગમે તે હોય તેને હું પરણનાર નથી; પણ એમનું દૂતત્વ સ્વીકારીને તું આવેલ છે, તો મારી તરફથી એમને સ્વયંવરમાં આવવાનું આમંત્રણ આપજે, કે એમને લાગે કે તેં માથે લીધેલું દૂતત્વ કર્યું છે. નળ ત્યાંથી નિકળીને દેવો એની વાટ જોતા હતા ત્યાં આવ્યો અને દમયંતીએ કહાવેલો સંદેશો અને બધું વૃત્તાંત તેમને જણાવ્યું. એ સાંભળીને બધા કુંડિનપુરમાં આવ્યા. દમયંતીની પરીક્ષા કરવાને દેવતાઓએ પણ નળનું જ રુપ ધારણ કર્યું હતું. સ્વયંવર વખતે સભામાં નળ અને બરોબર નળનું રુપ ધારણ કરેલા ચાર દેવતા જોડે જોડે બેઠા. બીજા હજારો રાજા ત્યાં આવ્યા હતા. તેમાંથી કોઇના સામુ ન જોતાં, દમયંતી ચાલી ચાલી નળની સમક્ષ આવી બચકાઇને ઉભી રહી. જુએ છે તો એકને બદલે પાંચ નલ ! એણે વિચાર્યું કે હવે શું કરવું ? પોતે મનમાં પ્રતિજ્ઞા કરી કે જો મેં નલ શિવાય બીજા કોઇને મનથી પણ ન ઇચ્છયો હોય તો મારો વાસ્તવિક પતિ નલ મને દૃષ્ટિગોચર થજો. એમ થતાં જ એના પ્રતિવ્રતપણાને પૂણ્યે એને સુઝી આવ્યું કે આ ચાર નળની આંખોને નિમિષોન્મેષ નથી. તેમ જ એઓ ભૂમીને સ્પર્શતિ બેઠા પણ નથી; માટે એ દેવો છે. આમ વારી એણે ખરા નળને ઓળખી કાઢી, તેના કંઠમાં વરમાળ આરોપી. (ભાર૦ વન૦ અ૦ ૫૬–૫૭),

દમયંતીએ નલને વર્યો એટલે બન્નેનાં રુપ, ગુણ વગેરે સમાન દેખીને ચારે દેવોને બહુ આનંદ થયો. નલનું દૂતત્વ કરવામાં સત્ય જોઇને પણ એઓ આનંદ પામ્યા. પછી પોતે જતી વખત ચારે દેવોએ તેને અક્કેકું વરદાન આપ્યું. ઇન્દ્રે કહ્યું કે તું યજ્ઞ કરીશ ત્યારે સઘળા દેવ તને દૃષ્ટિગોચર થશે. અને અંતે તું ઉત્તમ ગતિને પામીશ. અગ્નિએ કહ્યું કે તું ઇચ્છીશ ત્યાં હું પ્રગટ થઇશ. વરુણે કહ્યું કે તું કહીશ ત્યાં હું હાજર થઇશ. તેમ જ તારી પાસે કુલ હશે તે સર્વકાળ તાજાં અને સુગંધી ભરેલાં રહેશે. અને કહ્યું કે તને પાકપરિજ્ઞાન ઉંચા પ્રકારનું થશે. આમ વર પ્રદાન કરીને દેવો પોત પોતાને સ્થાને ગયા.

ભીમરાજાએ દમયંતીના સ્વયંવરનો મોટો સમારંભ કર્યો. નળને દમયંતીની સાથે પરણાવીને ઘણા દિવસ પોતાને ત્યાં રાખ્યો. પછી દમયંતી સહિત તેને પોતાને નગર વળાવ્યો. નળ પોતાના નગરમાં આવીને સુખે રાજ કરતો હતો. એણે ઉત્તમ પ્રકારે પ્રજાનું પાલન કર્યું. એણે અનેક યજ્ઞાદિ કરીને દેવોને પણ સંતુષ્ટ કર્યા.

કાળાન્તરે દમયંતીને ઇન્દ્રસેન નામે પુત્ર અને ઇન્દ્રસેના નામે કન્યા થઇ. એમની સંતતી પણ એમના જેવી જ સ્વરુપવાન્ અને સુંદર હતી. આ પ્રમાણે નળનું જીવન સુખે વ્યતિત થયું હતું.

હવે સ્વયંવરમાંથી દેવતાઓ પાછા પોતાના લોકમાં જતા હતા તે વખતે દ્વાપર અને કલિ એ જણા રસ્તામાં મળ્યા. એ બન્ને ઉતાવળથી જતા હતા તે જોઇને દેવોએ પુછ્યું કે આમ ધાડમાર કરીને ક્યાં જાઓ છો ? બન્ને જણ કહે કે અમે દમયંતીનો સ્વયંવર થાય છે ત્યા જઇએ છીએ. ઇન્દ્રે કહ્યું અરે, સ્વયંવર તો થઇ રહ્યો, અને દમયંતી નળ રાજાને વરી. અમે પણ ત્યાં જ ગયા હતા, તે હવે પાછા અમારા લોકમાં જઇએ છીએ. આમ કહીને ઇન્દ્રે નળના ઘણાં વખાણ કર્યાં અને બધા પોતપોતાના સ્થાનક તરફ ગયા. (ભાર૦વન૦અ૦૫૮).

ઇન્દ્રે નળનાં કરેલાં વખાણ કલિને રુચ્યાં નહિ, અને બહુ જ બળી ઉઠયો. ઇન્દ્રના ગયા પછી દ્વાપરને કહે કે તું જો મારી સાહ્યતામાં રહે તો હું એ નળને રાજ્યભ્રષ્ટ કરું. દ્વાપરે કહ્યું ઠીક. કલિ એને જોડે લઇને નિષધદેશમાં ગયો, અને ત્યાં નલના શરીરમાં પેસવાનો લાગ જોતો જોતો અનેક વર્ષ સુધી રહ્યો.

એક દિવસ એવું બન્યું કે મૂત્રોત્સર્ગ કર્યા પછી કાંઇ વ્યગ્રતા હોવાના સબબે સારી રીતે પાદપ્રક્ષાલન ન કરતાં નલરાજા તેવોને તેવોજ સંધ્યોપાસના કરવા બેસી ગયો. આ અપવિત્રતા થવાથી લાગ મળ્યો એટલે કલિએ એના શરીરમાં પ્રવેશ કર્યો. કલિના પ્રવેશ થતાં જ નળના મનમાં આવ્યું કે દ્યુત રમ્યા હોઇએ તો ઠીક. આ ઇચ્છા એટલી તો બલાઢય થઇ પડી કે એણે પોતાનો પુષ્કર નામનો ભાઇ હતો તેને તેડાવ્યો. પુષ્કર આવતાં રાજ્ય પોણુમાં મૂકીને દ્યુત રમવાનો આરંભ કર્યો. આ વાતની નગરજનોને ખબર પડતાં તેમણે, મંત્રીઓ અને ખૂદ દમયંતીએ પણ નલને વાર્યો. ત સર્વથા દ્યુત ન રમશો કહેતાં છતાં, એ શરીરમાં કલિએ પ્રવેશ કર્યો હતો સબબ એણે કોઇનું કાંઇ સાંભળ્યું નહિ. જૂગારમા દાસ, દાસીઓ, રથ ઘોડા, પૈસો, ટકા વગે સહિત આખું રાજ્ય હારી ગયો. આ સ ધીમાં દમયંતીએ પોતાનાં બન્ને બાળક કષ્ટ ન થાય ધારી, વાર્ષ્ણેય નામના સારથિ સાથે કુંડિનપુર પોતાને પિઅર મોકલી દીધ (ભાર૦ વન૦ અ૦ ૫૯—૬૦).

નળનું સમસ્ત રાજ્ય જિતી લીધું એટ પુષ્કરે નળને પહેરવાને એક વસ્ત્ર આપી નગરની બહાર કાઢી મૂક્યો. દમયંતી પ નળની પેઠે જ એક વસ્ત્રે એની જોડે નિકળ બન્ને જણાંએ અરણ્યનો માર્ગ લીધે ચાલતાં ચાલતાં ભૂખ અને તરશથી પિડાત અને થાકીને લોથ થઇ ગએલાં બન્ને જ એક વૃક્ષની નીચે બેઠાં. એટલામાં નળ દૃષ્ટિએ કાંઇ પક્ષીઓ પડયાં. એમની સુવ જેવી કાંતિ દેખીને તેમને પકડવાનું મન થ બીજું કાંઇ સાધન નહોવાથી એણે પોતા વસ્ત્રમાં એ પક્ષીઓને પકડયાં. પણ એ પક્ષ તો સ્વતઃ કલિ જ હતો. નળને છેતરવા એણે એ રુપ લીધું હતું; એટલે નળનું વ લઇને ઉડી ગયું. આમ બિચારો નલ પોત તાની પાસેનું એક જ વસ્ત્ર હતું તે ગુમા બેઠો. અને નગ્ન થઇ રહ્યો. એણે પોતા શરીર વૃક્ષના પાંદડાં અને છાલવડે ઢાંકવ અને એઓએ આગળ ચાલવા માંડયું. ચાલત ચાલતાં રસ્તો કંટાતો હતો ત્યાં નળે દમય તીને સૂચવ્યું કે જો આ રસ્તો વિદર્ભ જા છે. દમયંતીએ કહ્યું કે ચાલો આપણે બન્ન વિદર્ભમાં જઇએ. પરંતુ એ નળને રુચ હોય એમ લાગ્યું નહિ. કેમકે એણે એ એ રસ્તે ચાલવા માંડયું. ચાલતાં ચાલત સૂર્યાસ્ત થઇ ગયો ત્યારે એક ધર્મશાળ આવી. બન્ને જણાં ત્યાં ઉતર્યાં. ભૂખ અ

રસ્તાના શ્રમને લીધે દમયંતી તત્કાળ ઉંઘી ગઇ. એને નિદ્રાવશ જોતાં જ નળના મનમાં આવ્યું કે એને અહીં મૂકીને આપણે એકલા બીજે કાંઈ જતા રહીએ તો. એણે ધીરે રહીને દમયંતીનું પહેરેલું અરધું વસ્ત્ર ફાડી લીધું, પોતે પહેર્યું અને એને ત્યાં એકલી મૂકીને છાનો માનો ત્યાંથી ચાલી નિકળ્યો. (**ભા૨૦ વન૦ અ૦ ૬૧-૬૨**).

અહીં નળરાજા દમયંતીને મૂકીને ગયા પછી મોટા પરોઢના સમયમાં તે એકાએક જાગી ઉઠી. જૂએ છે તો પોતાનું અરધું વસ્ત્ર ફાડી લીધેલું છે અને રાજા પણ પાસે નથી. નળ રાજા આટલામાં જ આમ તેમ હશે ધારી એણે ઘણો શોધ કર્યો. પણ નળનો પત્તો જ લાગ્યો નહિ. આથી એને શોકની પરાકાષ્ટા થઇ. એનું વર્ણન કરી શકાય એમ નથી. પછી અર્ધ વસ્ત્રવડે જ પોતાનું શરીર જ્યાં ત્યાં ઢાંકીને ત્યાંથી નિકળી. ગાંડાની માફક અરણ્યમાં રખડવા લાગી. એટલામાં રસ્તામાં પડેલા એક મોટા અજગરે એને પકડીને ગળવા માંડી. આથી એ મોટે ઘાંટે રડતી હતી તે સાંભળીને પાસે કોઈ પારધી હતો એણે આવીને છોડવી. પારધીએ એને કાંઈ ખાવાને પણ આપ્યું. એટલા સારુ દમયંતી એનો ઉપકાર માનતી હતી, તેને જોઇને પારધીના મનમાં એને માટે કામવાસના ઉત્પન્ન થઈ. પારધી કાંઇ બળાત્કાર કરે તે પૂર્વે દમયંતીની ક્રોધાન્વિત દૃષ્ટિથી એ બળીને ભસ્મ થઇ ગયો. પછી રખડતાં રખડતાં એને કોઇ ઋષિનો આશ્રમ દેખાયો. ત્યાં એણે નળનો શોધ કરતાં ઋષિએ કહ્યું કે નલરાજા ક્ષેમકુશળ છે. તમે બન્ને પાછાં મળશો અને તમારું રાજ્ય તમને પાછું મળશે. ઋષિનાં એ વચન આશિર્વાદ તૂલ્ય માની લઈ તેમને વંદન કરીને દમયંતી ત્યાંથી નિકળી. રસ્તામાં એને એક વેપારીઓના મોટા સંઘનો સાથ થયો. એમના આશ્રયે એ ચેદીદેશમાં સુબાહુ રાજાના નગરમાં સુખરુપ પહોંચી. ત્યાં એને રાજમંદિરમાં અંતઃપુરમાં આશ્રય મળ્યો. વિનયપૂર્વક સુનંદાની સેવા કરતી સતી દમયંતી ત્યાં ઠામ પડી અને પોતાના દોહ્યલા દિવસો નિર્ગમવા લાગી. (**ભા૨૦ વન૦ અ૦ ૬૪-૬૫**).

હવે દમયંતીને તજીને નળરાજા નિકળ્યો તે અરણ્યમાં ચાલ્યો. એકદા એમ જતાં જતાં એણે અરણ્યમાં દવ લાગેલો દીઠો. બળતા દવમાંથી કોઇ કરુણ સ્વરે મારું રક્ષણ કરો, મારું રક્ષણ કરો, એમ કહેતું સંભળાયું. એ સાંભળીને નળ ત્યાં થંભ્યો અને જુએ છે તો અગ્નિમાં એક નાગ સપડાઇ ગએલો દીઠો. નલે એને અગ્નિમાંથી બહાર કાઢ્યો. બહાર નિકળ્યા પછી એ કર્કોટક નાગે પ્રસન્ન થઇ નળને કહ્યું કે તું એક, બે, ત્રણ એમ પગલાં ગણતો ગણતો ચાલ એટલે મારા મનમાં કાંઈ તારું શ્રેય કરવાનું છે તે કરીને હું તારા કરેલા ઉપકારમાંથી ફીટીશ. આ ઉપરથી નલ એક, બે એમ પગલાં ગણતો ગણતો ચાલતાં જ્યાં એના મોંમાંથી દશ બોલ નિકળ્યો કે કર્કોટકે એને દંશ દીધો. આ જોઇને નળ આશ્ચર્ય પામ્યો અને પુછ્યું કે તેં આ શું કર્યું ? કર્કોટક કહે ચિંતા ન કરીશ. મેં જે કર્યું છે તે તારા ભલાને સારું કર્યું છે. મારા વિષની તારા ઉપર અસર નહિ થાય. પણ કલિ જેણે તને આવી અધમ સ્થિતિમાં આણ્યો છે એને અસર થશે. તું કુરુપ અને કાળો થઇ ગયો એટલે તને કોઇ ઓળખશે નહિ. આમ તને કોઇ ઓળખે નહિ માટે જ મેં તને કુરુપ કર્યો છે, તું તારું નામ બાહુક એવું ધારણ કર અને અયોધ્યામાં જઇ ઋતુપર્ણ રાજાના આશ્રયમાં રહેજે. જ્યારે તારી ઇચ્છા પોતાનું મૂળરુપ ધારણ કરવાની થાય ત્યારે મારું સ્મરણ કરજે. હું તત્કાળ આવી તને પૂર્વવત્ કરીશ. આમ કહીને કર્કોટક અંતર્ધાન થયો. (**ભા૨૦ વન૦ અ૦ ૬૬**)

કર્કોટકના ગયા પછી નળ અયોધ્યા જવા નિકળ્યો. દસ દિવસે અયોધ્યા પહોંચીને ઋતુપર્ણને મળ્યો. પોતે અશ્વવિદ્યામાં અને સારથ્ય-સારથિના કામમાં કુશળ છે અને આશ્રય સારુ તારી પાસે આવ્યો છું એમ કહ્યું. ઋતુપર્ણે એને આશ્રય આપ્યો. વાર્ષ્ણેય અને જીવળ વગેરે એના જૂના સારથિઓ બાહુકને સ્વાધીનમાં આપ્યા. અહીં એ આમ થાળે પડ્યો. કેટલોક કાળ ગયા પછી એક દિવસ નળ પોતાની સ્ત્રી અને છોકરાંને સંભારીને રોયો. આવો કદરુપો બાહુક એને વળી વિયોગ અને વિરહ કેવો જાણીને વાર્ષ્ણેય વગેરેએ પુછ્યું, તેને નળે એ તો મેં એવી વાત સાંભળી હતી એમ ભલતું જ કહીને ઉડાવ્યો.

નળ દ્યુતમાં હારી ગયા પછી દમયંતીએ પોતાનાં છોકરાં વાર્ષ્ણેય સાથે પોતાને પિઅર મોકલી દીધાનું કહી ગયા છીએ. વાર્ષ્ણેય બન્ને છોકરાંને ભીમક રાજાને ત્યાં સોંપી, નળના દ્યુતાસક્ત થવાની વાત કરીને ત્યાંથી નિકળી ચાલ્યો. દમયંતી સહવર્તમાન પોતાની સુતા અને જાત રાજ્યભ્રષ્ટ થઇને અરણ્યમાં ગયા જાણી ભીમ રાજાએ ચોતરફ બ્રાહ્મણોને શોધ કરવા દોડાવ્યા. એમાંનો એક સુદેવ નામનો બ્રાહ્મણ ફરતો ફરતો ચેદીદેશમાં આવ્યો. એ બ્રાહ્મણ રાજા દરબારમાં ગયો ત્યાં એણે અકસ્માત્ દમયંતીને દીઠી અને ઓળખી. ભીમરાજાની આજ્ઞાથી પોતે એની જ શોધમાં નિકળ્યો છે એ કહ્યું. આ સાંભળીને દમયંતીને ધ્રુસ્કે ધ્રુસકે એટલું રડું આવ્યું કે એનાથી રોકાય જ નહિ. આ વાત સુનંદાએ જાણી એણે પોતાની માતાને કહ્યું. એને પણ સુદેવને મોંએ આ વાત સાંભળીને પારાવાર શોક થયો. સુનંદાની માતા દમયંતીની માસી થતી હતી. પોતાની ભાણેજની આ અવસ્થા થઇ અને પોતાને ત્યાં જ સેવકાઇ કરતી રહી. એ બધાંથી એના સંતાપની સીમા રહી નહિ.

પછી એની માસીએ દમયંતીનો ઘણો સત્કાર કર્યો અને તેને લાવ, લશ્કર, ડેરા તંબુ વગેરે જોડે આપી કુંડિનપુર પહોંચતી કરી. દમયંતી જલ્દી આવવાથી ભીમકરાજાને ઘણો જ આનંદ થયો. દિકરી અને જમાઇ એની ખોળ કરતા હતા તેમાંથી અરધો ભાર કમી થયો. પીઅરમાં કેટલોક કાળ રહ્યાથી સહેજ સ્વસ્થ થઇ એટલે દમયંતીએ કેટલાંક એંધાણી દાખલ માર્મિક વાક્યોનો સંદેશો જોડી, અનેક બ્રાહ્મણોને અનેક દેશો પ્રતિ રવાના કર્યા. એમણે જઇને દરેક નગરમાં ઠેરઠેર એ સંદેસો ઘાંટો પાડીને બોલીને ટેલ નાંખવી, એવી આજ્ઞા કરી. પર્ણાદ નામે બ્રાહ્મણ હતો તેને કોસલદેશમાં અયોધ્યા મોકલ્યો. એ બ્રાહ્મણ ટેલ નાંખતો ફરે. પણ કોઇ એનો મર્મ સમજ્યું નહિ; પણ એ સાંભળીને બાહુકને ખોટું લાગ્યું. એણે પર્ણાદને એકાંતમાં બોલાવીને પુછ્યું કે મારી સ્ત્રી દમયંતી અને છોકરાં કુશળ છે કે ? પર્ણાદ હું શું કહું ? મેં તદ્દન નિરુપાય થવાથી જ દમયંતીનો ત્યાગ કર્યો. નિકર એવી પતિવ્રતા અને પતિપરાયણાનો ત્યાગ કોણ કરે ? આ પછી પર્ણાદ ત્યાંથી નિકળ્યો અને ઉતાવળો કુંડિનપુર ગયો. એણે બનેલી બધી હકીકત દમયંતીને કરી. એણે કહ્યું કે સ્વરૂપ જોતાં એ નલ હોય કે નહિ એનો મને નિશ્ચય થતો નથી. દમયંતીએ પોતાના મનથી વિચાર કરીને નિશ્ચય કર્યો કે રૂપ સિવાય નળને ઓળખવાની બીજી અનેક રીતો છે. માટે એનો નિશ્ચય કરતાં અડચણ નહિ આવે. એટલા સારુ પહેલાં તો નલ અહીં આવે. અને એના આની પહોંચવાથી જ એની પરીક્ષા થાય, એવી યુક્તિ કરી. તે એવી કે:- (**ભા૨૦ વન૦ અ૦ ૬૮**)

પ્રથમ કહેલા સુદેવ બ્રાહ્મણને દમયંતીએ તેડાવીને કહ્યું કે હે બ્રાહ્મણ શ્રેષ્ઠ ! તું અયોધ્યા જા. અને ઋતુપર્ણ રાજાને પ્રાતઃકાળમાં એકાંતમાં એટલું જ જણાવજે કે આવતી કાલે સૂર્યોદય સમયે દમયંતી સ્વયંવર કરનાર છે. માટે ઇચ્છા હોય તો તમે ત્યાં જાઓ. એ પ્રમાણે સુદેવ અયોધ્યા ગયો અને દમયંતીની સૂચના પ્રમાણે ઋતુપર્ણને સમાચાર કહ્યા. એને આથી આશ્ચર્ય તો લાગ્યું, પણ ઘણા વખતથી બાહુકની શક્તિની પરીક્ષા કરવાનું એના મનમાં આવ્યું હતું, એનો આ સારો યોગ છે ધારી, એણે બાહુકને તેડાવ્યો. ઋતુપર્ણે કહ્યું કે કુંડિનપુર જવાને હાલને હાલ નિકળવું છે, અને સૂર્યાસ્ત વખતે ત્યાં પહોંચી જવું જોઈએ. હવે શું કરવું ? બાહુક કહે ફીકર નહિ. આપ તૈયારી કરો. એમ કહીને પોતે અશ્વશાળામાં ગયો અને ત્યાંથી દુબળા ઘોડા પસંદ કરી રથે જોડીને આણ્યા. રાજા રથ પર બેઠો કે બાહુકજીએ ઘોડાને એટલા વેગથી હાંકયા કે રાજાનું ઉત્તરીય વસ્ત્ર રસ્તામાં પડી ગયું. બાહુક રથ રોક કહેતાં કહેતાં તો બાહુક કહે આપણે એ જગ્યાએથી એક યોજન દૂર આવ્યા છીએ. આથી ઋતુપર્ણની ખાત્રી થઈ કે બાહુક આ વિદ્યામાં બહુ જ નિપુણ છે. (**ભા૨૦ વન૦ અ૦ ૭૦-૭૧**)

આમ રથ ચલાવતાં ચલાવતાં સૂર્યાસ્ત પહેલાં રથ કુંડિનપુરની બહાર આવીને ઉભો. બાહુક કહે આ કુંડિનપુર જુઓ. આ સાંભળીને ઋતુપર્ણને ઘણો જ આનંદ થયો. ઋતુપર્ણને આવડતી અક્ષય વિદ્યા પોતે આનંદથી બાહુકને શિખવી અને એની પાસેથી અશ્વોની વિદ્યા પોતે ગ્રહણ કરી. બાહુકને જેવી અક્ષવિદ્યા પ્રાપ્ત થઈ કે એના શરીરમાંથી કલિ બહાર નિકળ્યો. એને જોઇને નલ એને શાપ દેવ થયો તે જોઇને કલિયે કહ્યું કે હે પુણ્યશ્લોક ! હું તારે શરણે આવ્યો છું માટે મને શાપ આપીશ નહિ. કેમકે કર્કોટક નાગના વિષથી મારું શરીર દગ્ધ થઈ રહ્યું છે તેમાં વળી દમયંતીનો પણ અભિશાપ છે. માટે આજ પછી જે કોઈ તારું નામ સંકીર્તન કરશે તેને મારી તરફથી કદી બાધા થશે નહિ. એ મારું વરદાન છે. મને જવા દે. આમ કહીને કલિ ત્યાંથી અંતર્ધાન થયો. (**ભા૨૦ વન૦ અ૦ ૭૨**)

રથમાં બેશીને ઋતુપર્ણ રાજા પછી નગરમાં ગયા. ત્યાં તો એમણે સ્વયંવરનો કશો ઠાઠ ઠીઠો નહિ. આ જોઇને એને વિશેષ આશ્ચર્ય લાગ્યું નહિ. એ પક્કી રીતે જાણતો હતો કે એકવાર લગ્ન થયા પછી બીજી વાર સ્વયંવર થયો હોય એમ પૂર્વે બન્યું નથી, હાલ બનતું એ નથી, છતાં દમયંતીએ એ બહાને મને કેમ અહીં તેડાવ્યો ? વળી એણે મને જ કેમ તેડાવ્યો ? બહુ બહુ વિચારમાં એ વાતનો ઉકેલ પડ્યો નહિ, એટલામાં ઋતુપર્ણ આવ્યાના સમાચાર જાણીને ભીમકરાજા પોતે તત્કાળ ત્યાં આવ્યો. અને ઋતુપર્ણને આદરસત્કાર સાથે પોતાના મહેલમાં લઇ ગયો. (**ભા૨૦ વન૦ અ૦ ૭૩**).

ઋતુપર્ણ રાજા આવ્યાની ખબર પડતાં જ દમયંતીએ પોતાની કેશિની નામે દાસીને તપાસ કરવા મોકલી હતી. ઋતુપર્ણ ખરેખર આવી પહોંચ્યો છે જાણીને એણે મનમાં નિશ્ચય કર્યો કે એક દિવસમાં અયોધ્યાથી અહીં ઋતુપર્ણ આવી પહોંચે એ નલનું જ કૃત્ય છે, બીજાનું નહિ. આમ અશ્વવિદ્યાની કુશળતાની કસોટી જોઇ લઇ તે ઉપરથી બાહુક નળ હોય એમ એને લાગ્યું. પછી બાહુકને જ્યાં ઉતાર્યો હતો ત્યાં રાંધવાની બધી સામગ્રી રાખવી માત્ર પાણીનાં વાસણ ખાલી અને ચૂલામાં અગ્નિ નહિ એવી ગોઠવણ કરી. બાહુક શું કરે છે તે નજરમાં રાખવા પોતાની દાસીને ત્યાં રાખી. બાહુકે ખાલી વાસણમાં વરુણના વરદાનને યોગે પાણી ભરી દીધું. અને વગર દેવતાએ

અગ્નિ પ્રગટાવ્યો. દાસીએ આ હકીકત એને જણાવતાં એની લગભગ ખાત્રી થઈ કે બાહુક એ નલ જ છે. (**ભા૨૦ વન૦ અ ૭૪**)

આટલું થયા પછી દમયંતીએ પોતાનાં માતાપિતાને બનેલી હકીકત જણાવી. એણે કહ્યું કે ઋતુપર્ણના સારથિ બાહુકમાં નલ હોય એવી ઘણી એંધાણીઓ દેખાય છે. માત્ર સ્વરૂપ ઉપરથી સંશય પડે છે. પોતે જાતે બાહુક પાસે જઈને પરીક્ષા કરવાની આજ્ઞા માગી. એ મળતાં જ પોતે બાહુક હતો ત્યાં ગઇ, અને વાતે વળગી. એણે કહ્યું, પોતાની પતિવ્રતા અને નિરપરાધી સ્ત્રીને અરણ્યમાં એકલી તજી જનાર નલ શિવાય બીજો કોઇ નહિ હોય. એ સાંભળીને બાહુકે કહ્યું કે પોતાનો પતિ સદાચારે ચાલનારો અને જીવતો છતાં ફરી સ્વયંવર કરનારી તારા જેવી બીજી કોણ હશે ? આ ઉપરથી બન્નેએ પરસ્પર ઓળખ્યાં. દમયંતીએ કહ્યું આ બધી ગોઠવણ તને અહીં તેડાવવા સારુ જ કરી હતી. જો ખરેખર સ્વયંવર કરવો હોત, તો બીજા રાજાઓને કેમ ન તેડાવત ? આમ કહીને દમયંતી સુનમુન ઉભી રહી. એટલામાં આકાશવાણી થઇ કે દમયંતી નિષ્પાપ છે. નલે પછી કર્કોટક નાગનું સ્મરણ કર્યું, એટલે એ ત્યાં પ્રત્યક્ષ થયો. એણે નલના શરીરમાંથી પોતાનું વિષ ઉતારી લીધું, અને નલને પોતાના અસલ સ્વરુપમાં આણી દીધો. નલ અને દમયંતીએ આનંદમાં મગ્ન થઈને એક બીજાને આલિંગન દીધાં. (**ભા૨૦ વન૦ અ.૭૫-૭૬**)

આ બાબતની બધી ખબર દમયંતીનાં માબાપને પડતાં જ તેઓ આનંદસાગરમાં ડુબ્યાં; અને આવીને નલને ભેટયાં અને પોતાના મંદિરમાં લઈ ગયાં. નલરાજા પ્રગટ થયાની ખબર ઋતુપર્ણને થતાં જ એ પણ રાજ્યમંદિરમાં ગયો અને સાદર નલને ભેટયો. દમયંતીએ મને ગુપ્તપણે કેમ તેડાવ્યો એ એના મનનો કોયડો હવે ઉકલીને સમાધાન થયું. ઋતુપર્ણે બહુ સંતાપ કર્યો. એણે કહ્યું કે મેં તારી (નલની) પાસે સારથીનું કામ કરાવ્યું ! મારી આ વર્તણુકની મને ક્ષમા કર. નલ કહે ગઈ ગુજરી કથી એ મનમાં આણશો નહિ. તારું અને મારું સખ્ય થયું એ મને મોટો લાભ થયો. આમ ઋતુપર્ણને માન આપીને તેને પણ રાજ્યભવનમાં રાખ્યો. બધાંએ આનંદથી સાથે ભોજન કર્યું. ઋતુપર્ણ પછી અયોધ્યા જવા નિકળ્યો. (**ભા૨૦ વન૦ અ૦ ૭૭**)

ઋતુપર્ણના ગયા પછી ભીમકરાજાએ નલને થોડા દિવસ પોતાને ત્યાં રાખી તેનું આતિથ્ય કર્યું. બાદ દમયંતી, અને છોકરાં સહિત તેને નિષધદેશ રવાના કર્યો. નલે નિષધ આવીને પોતાના ભાઇ પુષ્કરને તેડાવી એની જોડે દ્યુત રમી પોતાનું ગયું રાજ્ય પાછું જીતી લીધું. એક મહિના સુધી પોતાના ભાઇ નલની પાસે રહી, પછી પુષ્કર પોતાને નગર ગયો. નલ પ્રથમની પેઠે જ ન્યાય પુરસ્સર રાજ્ય કરવા લાગ્યો. (**ભા૨૦ વન૦ અ૦ ૭૮**)

નલ (૬). ઇક્ષ્વાકુકુલોત્પન્ન ઋતુપર્ણ રાજાના બે પુત્રોમાંનો બીજો. (**લિંગપુ. અ૦ ૬૬**)

નલકુબર. કુબેરનો પુત્ર. અને મણિગ્રીવનો મોટોભાઇ. એક સમય એ બે જણા મદ્ય પીને સ્ત્રીઓ સહવર્તમાન મંદાકિની તીરે ક્રીડા કરતા હતા. તેઓ ગંગાજળમાં જળક્રીડાની લહેમાં હતા તેવામાં તેમણે નારદને એ રસ્તેથી જતાં જોયા. લાજની મારી સ્ત્રીઓએ બહાર નિકળી વસ્ત્રો પરિધાન કરી દીધાં. પણ અહંકારના ભરેલા, દારુ પીધાં આઠ ગ્રંથનવાળા અને મદોન્મત બને તેમાં આઠમા ભાઇઓ તો નગ્ન પાણીમાં
અને બહાર આવીને નારદને ન યામુન પર્વત નહિ. આ ઉપરથી કોપ કરીને આ આલુ શાપ દીધો કે જાઓ, તમે વૃક્ષયોનિ

પોતાથી અન્યાય અને અવિવેક થયો તેની ક્ષમા કરો અને ઉશાપ આપો, એમ પ્રાર્થના કરતાં નારદે કહ્યું કે જાઓ, કૃષ્ણાવતારમાં તમે મુકત થઇ, પોતાની મૂળયોનિ પામશો. એમ કહી નારદજી ત્યાંથી ગયા; અને એ બન્ને ભાઇઓ ગોકુળમાં જોડાજોડ ઉગેલાં આંજણનાં વૃક્ષનાં રુપ પામ્યા.

એક સમય માતા જસોદાએ કૃષ્ણને ઉખળે બાંધ્યા હતા. કૃષ્ણ તે ઉખળું ખેંચતા ખેંચતા અર્જુન (આંજણનું વૃક્ષ)ના જોડકા પાસે ગયા. ઉખળ બન્ને ઝાડની વચ્ચે ભરાયું; અને કૃષ્ણે બળ કરીને ખેંચતાં, બન્ને ઝાડ પડી જઇ, તેમાંથી નલકુબેર અને મણિગ્રીવ દિવ્ય સ્વરૂપે નિકળ્યા, તેમની મુકિત થઇ અને પોતાની મુળયોનિ પામી, શ્રીકૃષ્ણને વંદન કરી સ્વસ્થાન ગયા.

रुद्रस्यानुचरौ भूत्वा सुदृप्तौ धनदात्मजौ ॥
कैलासोपवने रम्ये मन्दाकिन्यां मदोत्कटौ ॥ २ ॥
वारुणीं मदिरां पीत्वा मदाघूर्णित लोचनौ ॥
स्त्रीजनैरनुगायद्भि श्चेरतुः पुष्पिते वने ॥ ३ ॥
अन्त प्रविश्य गंगायामम्भोज वनराजिनि ॥
चिक्रीडतु र्युवतिभि र्गजाविव करेणुभिः ॥ ४ ॥
यदृच्छया च देवर्षि र्भगवांस्तत्र कौरव ॥
अपश्यन्नानारदो देवौ क्षीबाणौ समबुध्यत ॥ ५ ॥
तं दृष्ट्वा व्रीडिता देव्यो विवस्त्रा शापशङ्किता ॥
वासांसि पर्यधुः शीघ्रं विवस्त्रौ नैव गुह्यकौ ॥ ६ ॥
तौ दृष्ट्वा मदिरामत्तौ श्रीमदान्धौ सुरात्मजौ ॥
तयोरनुग्रहर्थाय शापं दास्यन्निदं जगौ ॥७॥

नारद उवाच ॥

न ह्यन्यो जुषतो जोष्यान् बुद्धिभ्रंशो रजोगुणः
श्रीमदादाभिजात्यादि र्यत्र स्त्री द्यूत मासवः ॥८॥
हन्यते [illegible] यत्र निर्दयैरजितात्मभिः
જેવી અક્ષવિ[illegible]म जरा मृत्यु नश्वरम् ॥ ९ ॥
રમાંથી કલિ[illegible]ते कृमिविड् भस्मसंज्ञितम् ॥
નલ એને [illegible]ते स्वार्थं किं वेद निरयो यतः॥१०॥
કલિયે કહ્યું[illegible]दातुः स्वं निषेक्तु र्मातुरेव च ॥
શરણે [illegible]तु र्वा बलिनः क्रेतुरग्नः शुनोपि वा ॥११॥

एवं साधारणं देहमव्यक्त प्रभवाप्ययम्
को विद्वानात्मसात्कृत्वा हन्ति जन्तू नृतेऽसतः ।१२।
असतः श्रीमदांधस्य दारिद्यं परमञ्जनम् ॥
आत्मौपम्येन भूतानि दरिद्रः परमीक्षते ॥१३॥
यथा कंटक विद्धाङ्गो जन्तोर्नेच्छति तां व्यथाम्
जीव साम्यं गतो लिङ्गै र्न तथाऽविद्ध कण्टकः ॥१४॥
दरिद्रो निरहं स्तंभो मुक्तः सर्व मदैरिह ॥
कृच्छ्रं यदृच्छयाप्नोति तद्धितस्य परंतपः ॥१५॥
नित्यं क्षुत्क्षाम देहस्य दरिदस्यान्नकांक्षिणः ॥
इन्द्रियाण्यनुशुष्यन्ति हिंसापि विनिवर्तते ॥१६॥
दरिद्रस्यै व युज्यन्ते साधवः समदर्शिनः ॥
सद्भिः क्षिणोति तं तर्षं तत आराट्विशुध्यति।१७॥
साधूनां समचित्तानां मुकुन्दचरणैषिणाम् ॥
उपेक्षैः किं धनस्तम्भै रसद्भि रसदाश्रयैः ॥१८॥
तदहं मत्तयोर्माध्व्या वारुण्या श्रीमदान्धयोः
तमो मदं हरिष्यामि स्त्रैणयो रजितात्मनोः ।१९।
यदिमौ लोकपालस्य पुत्रौ भूत्वा तमःप्लुतौ ॥
न विवास समात्मानं विजानीतः सुदुर्मदौ ॥२०॥
अतोऽर्हतः स्थावरतां स्यातां नैवं यथा पुनः ॥
स्मृतिः स्यान्मत्प्रसादेन तत्रापि मदनुग्रहात्॥२१॥
वासुदेवस्य सांनिध्यं लब्ध्वा दिव्य शरच्छते ॥
वृत्ते स्वर्लोकतां भूयो लब्धभक्ती भविष्यतः॥२२॥

श्री शुक उवाच ॥

एव मुक्त्वा स देवर्षि र्गतो नारायणाश्रमम् ॥
नलकुबर मणिग्रीवा वासतु र्यमलार्जुनौ ॥ २३ ॥

(ભાગ૦ ૧૦ સ્કં૦ અ-૧૦)

અહીં જે કુબેર કહ્યો છે તે એકની સંજ્ઞાવાળો વૈશ્રવણ સમજવો.

નલિની૦ સ્વર્ધુનીના સપ્ત પ્રવાહોમાંનો એક પ્રવાહ. એ મેરુ પર્વત ઉપર વહે છે.

નલિની (૨). ઇન્દ્રની નગરીનું નામ. (વા૦ રા૦ અયો૦ સ૦ ૯૪)

નવતંતુ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

નવનિધિ. મહાપદ્મ, પદ્મ, શંખ, મકર, કચ્છપ મુકુંદ, કુંદ, નીલ, ખર્વ એ નામના કુબેરના નવનિધિ-ભંડાર તે.

નવરથ. સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના ભીમરથનો પુત્ર. એનો પુત્ર તે દશરથ.

નવરાષ્ટ્ર. ભારતવર્ષીય એક દેશ.

નવરાષ્ટ્ર (૨). ભારતવર્ષીય એક નગરી.

નવસિદ્ધ. ઋષભદેવને જયંતીની કુખે થએલા સો પુત્રોમાં સિદ્ધ થએલા નવ પુત્રો તે. (ઋષભદેવ શબ્દ જુઓ)

નહુષ. ચન્દ્રવંશી બુધપુત્ર પુરુરવાના પૌત્ર આયુ રાજાના પાંચ પુત્રોમાં મ્હોટો પુત્ર. એ સુસ્વધા પિતરની વિરજા નામની માનસકન્યાને પરણ્યો હતો. તેને પેટે એને યતિ, યયાતિ, સંચાતિ, અચતિ, વિયતિ અને કૃતિ એમ છ પુત્રો થયા હતા. આ રાજા પરમપરાક્રમી અને સદ્ગુણી હતો, તેથી વૃત્રાસુરના વધવડે પીડિત થઈને ઇન્દ્ર જળમાં વિશ્રાંતિ લેતો હતો, ત્યારે સઘળા દેવ અને ઋષિયોએ મળીને એને ઇન્દ્રપદનો અધિકારી બનાવ્યો હતો. સ્વર્ગમાં એ ઈન્દ્રનો અધિકાર ભોગવતો હતો, ત્યારે સ્વર્ગના બીજા ભોગ ભોગવતો હતો તેમ ઇંદ્રાણીનો પણ પોતાને ઉપભોગ થાય એમ એને ઇચ્છા થઈ. એણે ઇંદ્રાણીને તેડવા દુત મોકલ્યા. ઇંદ્રાણી વિચારમાં પડી કે શતક્રતુ કરનારને જ માત્ર હું ભોગ્ય છું. બીજાને નહિ, તેમ છતાં પણ આમ કહાવે છે, તે શું કરવું ? એ પોતે બૃહસ્પતિ પાસે ગઇ અને પોતાને નહુષે તેડાવી છે વગેરે વૃત્તાંત એને જણાવી એની સલાહ લીધી. બૃહસ્પતિયે કહ્યું કે નહુષ પાસે જવું સર્વથા તને ઘટતું નથી. પણ એમ કર કે તું હાલ તુર્ત તો એની પાશે જા અને થોડા સમય પછી હું કહેવડાવીશ એવું કહી કાંઈ બહાનું કાઢી પાછી આવ. પછી હું તને કાંઇ યુક્તિ બતાવીશ તેમ કરજે. આ ઉપરથી ઇંદ્રાણી નહુષ પાસે ગઇ અને કાંઇ બહાનું બતાવીને પાછી આવી. (ભાર૦ વન૦ અ૦ ૧૯૫)

બૃહસ્પતિ અને બીજા દેવોએ એકઠા થઇને વિચાર કર્યો કે ઈન્દ્રની બ્રહ્મહત્યા શી રીતે છૂટે. એટલામાં ત્યાં વિષ્ણુ પ્રગટ થયા. અને તેમણે કહ્યું કે ઇન્દ્રની પાસે તમે બધા જાઓ અને એની પાસે અશ્વમેધ યજ્ઞ કરાવો.આથી એની બ્રહ્મહત્યા છૂટી, એ સત્વર પોતાને મૂળ સ્થાનારુઢ થશે. દેવોએ એમ કર્યું એટલે ઇંન્દ્રની બ્રહ્મહત્યા છૂટી અને એ બ્રહ્મહત્યા વૃક્ષ, નદીઓ, પર્વત, પૃથિવી અને સ્ત્રીઓ એ પાંચમાં વ્હેંચાઇ ગઇ. આથી ઇન્દ્ર શુદ્ધ થયો.

આ દરમ્યાન ઈંદ્રાણીએ નહુષને કહેવડાવી મોકલ્યું કે તમે અપૂર્વ વાહનમાં બેશીને મારી પાસે આવો, એટલે હું તમારી સેવામાં હાજર થઇશ. નહુષે અપૂર્વ વાહન તે કેવું, એનો ઘણો વિચાર કર્યો. છેવટે એના કમનસીબે એને સુજ્યું કે આજ સુધી કોઇએ સપ્તર્ષિને વાહન તરીકે વાપર્યા નહિ હોય. માટે એ અપૂર્વ વાહન કહેવાય. એણે સપ્તર્ષિયોને તેડાવ્યા અને વાહનમાં જોડયા. પોતે વાહનમાં બેઠો અને ઇન્દ્રાણીને ત્યાં જવા નિકળ્યો. રસ્તે ચાલતાં ઇન્દ્રાણીને મળવા તલપાપડ થઇ ગયો હોવાથી ઋષિયોના મસ્તકને પગ અરકાડી તેમને સર્પ-સર્પ-(ઉતાવળા ચાલો-ઉતાવળા ચાલો) એમ કહ્યું. અગસ્ત્ય ઋષિએ આથી ગુસ્સે થઇ એને કહ્યું, જા, તું જ સર્પ થઇને પૃથ્વી પર પડ ! ઋષિના મુખમાંથી આ વચન નિકળતાં જ નહુષ અજગર થઇને પૃથ્વિપર પડયો. અને ઇન્દ્ર આવીને પોતાના મૂળ પદારુઢ થયો. (ભાગ. ૬ સ્કં. અ. ૧૩) અને (ભાર. ઉદ્યોગ૦ અ૦ ૧૧—૧૭).

અગસ્ત્ય ઋષિ સપ્તર્ષિયોમાં ન છતાં તેમણે શાપ દીધો કહ્યું છે, તે અસંભવિત જેવું દેખાય છે. મૂળ ગ્રંથોમાં કાંઈ ખૂલાસો મળતો નથી. પરન્તુ વાહન સારુ સાત જણ ઠીક પડે નહિ; બે તરફ સરખી સંખ્યા કરવા આઠ ઋષિયોને કામે લગાડયા હશે અને તેમાં આઠમા તરીકે અગસ્ત્યને જોડયા હશે.

નહુષ રાજા અજગર થઇને યામુન પર્વત ઉપર એક સરોવરમાં પડયો. તે આ ચાલુ

દ્વાપરના અંતમાં ભીમસેનને કરડયો તેથી યુધિષ્ઠિર એની પાસે ગયા. તેના દર્શનવડે એનો ઉદ્ધાર થયો. (૧ યામુનગિરિ શબ્દ જુઓ).

નક્ષત્ર. આકાશમાં દેખાય છે તે અનેક તેજસ્વી મંડળોમાંનું દરેકઃ—

दृश्यन्ते दिवितारः सर्वा विश्वं चेदं पुनः पुनः
न क्षीयन्ते यतस्तानि तस्मान्नक्षत्र ता स्मृता ॥२६॥
(લિંગપુરાણ અ૦ ૬૦).

નાકુરય. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

નાકુલિ. ભૃગુકુળોત્પન્ન એક ઋષિ.

નાકુલિ (૨). નકુલ પાંડવના શતાનીક અને નરમિત્ર નામના બન્ને પુત્રોની સંજ્ઞા (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૨૫**).

નાગ. મેરુકર્ણિકા પર્વતોમાંનો એક પર્વત.

નાગ (૨). શરીરની અંદરના પંચ ઉપપ્રાણુમાંનો એક ઉપપ્રાણ.

નાગ (૩). ભારતવર્ષીય તીર્થ.

નાગકન્યા. ઉલૂપીનું નામાન્તર.

નાગદત્ત. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

નાગદત્તા. એક અપ્સરા વિશેષ.

નાગબન્ધવા. તીર્થ વિશેષ.

નાગરાજતીર્થ. તીર્થ વિશેષ.

નાગલોક. ભોગવતી પુરી.

નાટકેયા. દેશ વિશેષ.

નાગવીથી. ધર્મઋષિને યામીની કુખે થએલી કન્યા.

નાગસાહ્વય. હસ્તિનાપુર.

નાગ્નજિતિ. કોસલદેશાધિપતિ નગ્નજિત રાજાની કન્યા સત્યાનું બીજું નામ.

નાગોદ્ભેદ. ભારતવર્ષીય તીર્થ.

નાચિકિ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક

નાચિકેત. નચિકેતા ઋષિનો પુત્ર. (**ભાર૦અનુ૦ ૭૧**)

નાડાયન. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

નાડીજંઘ. એક ઘણો જ વૃદ્ધ પ્રસિદ્ધ બગલો. (૧ ઇંદ્રદ્યુમ્ન શબ્દ જુઓ)

નાદ. ચાક્ષુસ મન્વંતરમાંના સપ્તર્ષિમાંનો એક.

નાદ (૨). નાભાગ શબ્દ જુઓ.

નાભાગ. વૈવસ્વત મનુના દસ પુત્રોમાંના નવમા, નભગનો પુત્ર. એ ગુરુ ગૃહે અભ્યાસ કરતો હતો, તે વખતે એના ભાઈઓએ દાયભાગ વહેંચી લીધો. અને એ આવ્યો ત્યારે કહ્યું કે તારા દાયભાગ તરીકે પિતા તારે માટે રાખ્યા છે. આ ઉપરથી એ પોતાના પિતા પાસે આવ્યો અને વૃત્તાંત જાહેર કર્યો. એના પિતાએ કહ્યું, હાલ અંગિરા ઋષિ યજ્ઞ કરે છે, એ યજ્ઞમાં જે ઋત્વિજ છે તે અમુક બે સુક્ત બોલવામાં ભુલ કરે છે. માટે તું ત્યાં જા, અને એને આવી રીતે સુક્ત બોલવાનું સૂચવ. પછી પોતે નાભાગને બે સુક્તો બોલી બતાવ્યાં. નાભાગ આ ઉપરથી ત્યાં ગયો અને પોતાના પિતાના કહેવા પ્રમાણે ઋત્વિજને સુક્ત બોલી બતાવ્યાં. ઋત્વિજને એથી સંતોષ થયો અને યજ્ઞ સમાપ્ત થયા પછી રહેલું અવશેષ દ્રવ્ય લઇ જવા એને કહ્યું. એ દ્રવ્ય લેવા એકદું કરતો હતો એટલે એક કાળો પુરુષ ત્યાં પ્રગટ થયો અને દ્રવ્ય લેવાની મના કરી. નાભાગે એ પુરુષને ના કહેવાનું કારણ પુછતાં એણે કહ્યું કે, જા તારા પોતાના પિતાને જ પુછ. એ કહેશે. આ ઉપરથી એ પોતાના પિતા પાસે આવ્યો અને બધું વૃત્તાંત કહ્યું. નભગે કહ્યું, પૂર્વે દક્ષના યજ્ઞથી એવો સંકલ્પ નક્કી થયો છે કે યજ્ઞમાં અવશિષ્ટ દ્રવ્ય રહ્યું હોય તેનો માલીક રુદ્ર થાય. પિતાનું આ વાક્ય સાંભળીને નાભાગ પાછો ગયો અને પોતાના પિતાએ જે કહ્યું હતું તે રુદ્રને કહ્યું. એથી રુદ્રે બધું દ્રવ્ય નાભાગને આપ્યું. નાભાગની પ્રાર્થના ઉપરથી એને બ્રહ્મવિદ્યા પણ આપી, પોતે અંતર્ધાન થયો. બધું દ્રવ્ય લઈને નાભાગ ઘેર આવ્યો. નાભાગને અંબરીષ નામે પુત્ર હતો. (**ભાગ. ૯. સ્કં. અ ૪.**)

નાભાગ (૨). સૂર્યવંશી વૈવસ્વત મનુના પુત્ર દિષ્ટનો પુત્ર. એને ભલંદન નામે પુત્ર હતો.

નાભાગ (૩). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન ભગીરથ રાજાના બે પુત્રોમાંનો નાનો પુત્ર. એને નાભ પણ કહ્યો છે. એને પણ અંબરીષ નામે પુત્ર હતો.

નાભિ. પ્રિયવ્રતના પુત્ર આગ્નીધ્રને પૂર્વચિત્તિ અપ્સરાને પેટે થએલા નવ પુત્રોમાંનો મોટો. એને એની મેરુદેવી નામની સ્ત્રીથી ઋષભદેવ નામે પુત્ર થયો હતો. એના દેશને અજનાભદેશ કહેતા.

નાભિગુપ્ત. પ્રિયવ્રતના પુત્ર હિરણ્યરેતાના સાત પુત્રોમાંનો ચોથો પુત્ર. એનો દેશ એના નામથી જ કહેવાતો.

નાભિગુપ્ત (૨). કુશદ્વીપમાંનો ચોથો દેશ.

નાયકિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

નારદ. સ્વાયંભુવ મન્વંતરમાં બ્રહ્મદેવે દસ માનસપુત્રો નિર્માણ કર્યા હતા, તેમાં આ એમના ખોળામાંથી ઉત્પન્ન થયો હતો. એ દશમો હતો. **" दशमस्तत्र नारदः "** (મહર્ષિ શબ્દ જુઓ). એનો દેહ શાપને લીધે પડયો હતો. પૂર્વકલ્પમાં એ દાસીપુત્ર હોવા છતાં, ચાલુ મન્વંતરમાં બ્રહ્મપુત્રત્વ પામ્યો હતો. એણે બિલકુલ સ્ત્રી પરિગ્રહ કર્યો જ નહોતો.

નારદ (૨). શાપે કરીને દેહપાત થએલો નારદ પુનઃ ઋષિકુળમાં જન્મ્યો. એના પિતાનું નામ મળતું નથી. પણ એ પર્વતઋષિનો મામો થતો હતો એટલું જણાય છે.

अत्र ते वर्णयिष्यामि यथावृत्तं जनेश्वर॥
नारदः पर्वतश्चैव द्वावृषि लोक सत्तमौ ॥४॥
मातुलो भागिनेयश्च देवलोकादिहा गतौ ॥
विहर्तु कामौ संप्रीत्या मानुषेषु पुरा विभौ॥५॥
(ભાર૦ શાંતિ૦ અ. ૩૦).

એ બન્ને વચ્ચે પોતપોતાના મનમાં સારો અગર નઠારો ગમે તે સંકલ્પ થાય તે ચોરવ્યા શિવાય એક બીજાને જણાવવો એવી બોલી હતી. એ વિશે રમુજી વાતસારુ એની સ્ત્રી દમયંતીના પિતા (૭ સૃંજય શબ્દ જુઓ) ની હકીકત જુઓ.

નારદ (૩). કોઇ એક બ્રહ્મર્ષિ. એના પિતાનું નામ મળતું નથી, પણ એને અરુંધતી નામની બહેન હતી અને એને મૈત્રાવરુણી-વસિષ્ઠને વરાવી હતી.

नारदस्तु वसिष्टायारुंधतीं प्रत्यपादयत्॥
अरुंधत्यां वसिष्ठस्तु सुतानुत्पादयच्छतं ॥७॥
ज्याय सो जन यच्छक्तेरदश्यंति पराशरं ॥८॥
(લિંગ. પુ. અ. ૬૩) વળી (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

સત્યવતી નામની કોઇ કન્યા તે એની સ્ત્રી હતી. (**ભાર. ઉદ્યો. અ. ૧૧૭.**)

નારદ (૪). કશ્યપ ઋષિને પોતાની મુની નામની ભાર્યાથી થએલા સોળ દેવગંધર્વમાંનો એક. કલિ નામના પંદરમા દેવગંધર્વનો નાનો ભાઇ. **" गंधर्वो कलि नारदौ " (ભાર૦ આદિ૦).**

એ દર વૈશાખ માસના સૂર્યના સમાગમમાં સંચાર કરે છે. (૨ માધવ શબ્દ જુઓ). અહીંની ત્યાં અને ત્યાંની અહીંયા એમ વાતો કરીને કલહ કરાવનાર જે નારદ પુરાણોમાં કહ્યો છે તે આ જ હોવો જોઇએ.

નારદ (૫). કુબેરની સભામાં વાસ કરનાર ઋષિ. યુધિષ્ઠિરને ઇન્દ્રાદિ લોકપાળોની સભાનાં વર્ણન આણે જ કર્યાં હતાં. એણે કહેલી નીતિ મહાભારત સભાપર્વમાં ' નારદ નીતિ ' નામે પ્રસિદ્ધ છે. (**ભાર. સભા. અ. ૫-૧૧**).

આ નારદ વરુણની સભામાં હતો તે વિશે પ્રમાણ છે કેઃ—

सदा भगवती लक्ष्मीस्तत्रैव नलकूबरः
अहं च बहुशस्तस्यां भवंत्यन्ये च मद्विधाः
॥ १९ ॥
ब्रह्मर्षयो भवंत्यत्र तथा देवर्षयोपरे
कन्यादाश्च तथैवान्ये गंधर्वाश्च महाबलाः
॥ २० ॥
(ભાર૦ સભા. અ૦ ૧૦).

નારદ (૬). વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. જનમેજયે કરેલા સર્પસત્રમાં એક સદસ્ય હતો, તે બહુધા આ જ.

નારદ (૭). દાશરથિ રામની સભામાંના આઠ ધર્મશાસ્ત્રીઓમાંનો એક. (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ–૭૪**).

નારદ (૮). મેરુકર્ણિકા પર્વતમાંનો એક.

નારદપરિવ્રાજક. અથર્વણવેદોપનિષદ.

નારદી. વિશ્વામિત્ર ઋષિના પુત્રમાંનો એક.

નારસિંહ. નૃસિંહ શબ્દ જુઓ.

નારસિંહ કલ્પ. બ્રહ્મદેવના ચાલુ માસમાં થઇ ગયેલો સોળમો કલ્પ-દિવસ. (૪ કલ્પ શબ્દ જુઓ). જેમ આ કલ્પની શરુવાતમાં વરાહાવતાર થવાના સબબથી એનું નામ વારાહકલ્પ પડયું છે, તે જ પ્રમાણે સોળમા કલ્પના આરંભમાં નૃસિંહાવતાર પ્રથમ થવાથી એનું આ નામ પડયું છે.

નારાયણ. સકળ જગતના આધારભૂત પરમાત્માનું નામ.

નારાયણ (૨) સ્વાયંભુવ મન્વંતરમાંના ધર્મ-ઋષિના પુત્ર. (નારાયણ શબ્દ જુઓ).

નારાયણ (૩). ચાલુ વૈવસ્વત મન્વંતરમાંના ધર્મઋષિને સાધ્યાથી થએલા બાર સાધ્યદેવ-માંનો એક. (સાધ્યદેવ શબ્દ જુઓ).

નારાયણગણ. એ નામનો ગણ સમુદાય. એ-માંના કેટલાક કૃષ્ણે દુર્યોધન અને કેટલાક પાંડવો પાસે મૂક્યા હતા. ભીષ્મ વગેરેને હાથે સઘળા મરણ પામ્યા હતા.

નારાયણ સરોવર. સિંધુ નદીના સમુદ્રની જોડેના સંગમના સ્થળ પાસે આવેલું તીર્થ વિશેષ.

નારાયણામૃતબિંદુ. યજુર્વેદનું મુખ્ય ઉપનિષદ.

નારાયણી. નારાયણ જે પરમાત્મા તેની શક્તિ.

નારાયણી (૨). મુર્ગલ ઋષિની સ્ત્રી ઇન્દ્રસેનાનું બીજું નામ.

નારી. આગ્નીધ્ર પુત્ર કુરુની સ્ત્રી. મેરુની નવ કન્યામાંની એક.

નારીકવચ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન અશ્મક રાજાના પુત્ર મૂલક રાજાનું બીજું નામ.

નારીતીર્થ. તીર્થયાત્રા કરતો કરતો પાંડુપુત્ર અર્જુન મણિપુરમાં આવ્યો હતો. એક સમય ત્યાંથી દક્ષિણ સમુદ્રને તીરે ફરતો હતો, ત્યારે એણે પુણ્યકારક અને પાસે પાસે આવેલાં સૌભદ્ર, પૌલોમ, આગસ્ત્ય, કારંધમ અને ભારદ્વાજ નામનાં પાંચ તીર્થ દીઠાં. એ પાંચે તીર્થોનું એક સાધારણ નામ નારીતીર્થ એવું હતું. પરંતુ ત્યાં કોઇ મનુષ્ય જતું નહિ. એ જોઇને અર્જુને ત્યાં પાસે રહેનારા ઋષિને પુછયું કે આ તીર્થ મનુષ્ય વિવર્જિત કેમ છે? ઋષિએ કહ્યું કે એ દરેકમાં એક એક મગરી રહે છે. માટે તું એ તીર્થોની પાસે જઇશ નહિ. પરન્તુ ઋષિનું કહેવું ન ગણકારતાં અર્જુન ત્યાં ગયો. એ પ્રથમ સૌભદ્ર તીર્થમાં સ્નાન કરવા ઉતર્યો. જેવો ઉતર્યો કે એ-માની મગરીએ એનો પગ પકડયો. અર્જુન સાવધ જ હતો. એણે પોતાના શારીરિક બળ વડે મગરીને ખેંચીને પાણીની બહાર કાઢી. બહાર આવતાં જ એ દિવ્ય સ્ત્રી બની ગઇ! એ જોઇને અર્જુને પુછયું કે તું કોણ છે? અને તારું મૂળ વૃત્તાંત શું છે? એ બધું મને કહે. એ સ્ત્રીએ કહ્યું કે હું કુબેરની સભાની અપ્સરા છું અને મારું નામ વર્ગા છે. એક સમય હું, અને સૌરભેયી, સમીચી, બુદ્બુદા, અને લતા નામની મારી ચારે સખીયો અરણ્યમાં ગાતાં ગાતાં ફરતાં હતા. એક સ્થળમાં અમે બહુ વખત સુધી રમ્યાં. ત્યાં કોઇ ઋષિપુત્ર અધ્યન કરતો હશે તેને અમે દીઠેલો નહિ. પણ અમારી રમતવડે એના અધ્યયનમાં વિક્ષેપ થવાથી એણે ગુસ્સે થઇને અમને શાપ આપ્યો કે જાઓ તમે જળમાં મગરીરુપે પડશો. આ સાંભળીને અમે ભયભીત થયાં, અને ઋષિપુત્રને વંદન કરીને ઉશાપની યાચના કરી કહ્યું કે મહારાજ! શાપનો અનુગ્રહ કરો. તેણે કહ્યું કે જાઓ આજથી સો વર્ષ પછી એક પુરુષનો તમને સ્પર્શ થશે અને તેથી તમારો ઉદ્ધાર થશે. અને તમે પૂર્વવત્ સ્વર્લોકમાં જશો. એના વચનાનુરુપ આજે સો વર્ષ પૂરાં થાય છે. તારા સ્પર્શવડે જેમ હું પૂર્વરુપને પ્રાપ્ત થઈ તેમ મારી ચારે સખીઓને ઉદ્ધારવા

તું સમર્થ છે. તે ઉપરથી અર્જુન દરેક તીર્થ-માં સ્નાન કરવા ઉતર્યો અને દરેક મગરીનો પહેલીની પેઠે જ ઉદ્ધાર કર્યો. અપ્સરાઓ અર્જુનની સ્તુતિ કરીને કુબેરના લોકમાં ચાલી ગઇ. અર્જુન પણ આ તીર્થ નિર્ભય કરવાનો આનંદ માનતો પુનઃ મણિપુર ગયો. (**ભા૨૦ આદિ.અ. ૨૧૬. ૨૧૭**)

નાલાયની. મૌદ્ગલ્ય ઋષિની સ્ત્રી ઇન્દ્રસેનાનું નામાન્તર. (ભા૦ આ૦ અ૦ ૨૧૨).

નાવિક. વિદુરનો મિત્ર, કોઇ ખાણુ બોદનાર.

નાસત્ય. આશ્વિનેયોમાંનો એક. (આશ્વિનેય શબ્દ જુઓ).

નાહુષ. નહુષ રાજાને જ આ નામે કહ્યો છે. દેવોએ અગસ્ત્ય ઋષિની સ્તુતિ કરી તેમાં કહ્યું છે કે:

नाहुषेणाभितप्तानां त्वंलोकानां गतिः पुरा.

(**ભા૨૦ વન. અ. ૧૦૩**)

નાહુષ (૨). નહુષ રાજાના પુત્ર યયાતિ રાજાનું નામાન્તર.

"अत्रैव नाहुषो राजा राजन् ऋतुभिरिष्टवान्॥"
"ययाति र्बहु रत्नौघैर्यत्रेंद्रोमुदमप्यगात्"
लोम युधिष्ठिर संवाद. (ભા૨૦ વન૦ અ૦ ૧૨૯).

નિકશા. એક રાક્ષસી, રાવણની મા.

નિકશા (૨). પિસિતાસન, અથવા નૈકુસ્થેયા, અથવા નિકશાત્મજના નામના માંસાહારી ભૂતોની માતા. (ડાઉસન. પા–૨૨૨.)

નિકૃતિ. સુબલની દિકરી, ગાંધારીની બ્હેન અને ધૃતરાષ્ટ્રની સ્ત્રી.

નિકુંભ. દનુપુત્ર એક દાનવ.

નિકુંભ (૨). હિરણ્યકશિપૂનો પૌત્ર. પ્રલ્હાદના પુત્રોમાંનો એક. એનો પુત્ર તે સુંદોપસુંદ.

નિકુંભ (૩). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન હર્યશ્વ રાજાનો પુત્ર. એનો પુત્ર સંહતાશ્વ.

નિકુંભ (૪). કુંભકર્ણના બેમાંનો એક પુત્ર. (કુંભનિકુંભ શબ્દ જુઓ).

નિકુંભ (૫). રાવણનો એક પ્રધાન. એને યુદ્ધમાં નીલ વાનરે માર્યો હતો.

(વા૦ રા૦ સું૦ સ૦ ૪૬) અને
(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩).

નિકુંભનાભ. બલિદૈત્યના શતપુત્રોમાંનો એક પુત્ર.

નિકુંભિલા. લંકાની પશ્ચિમે આવેલું એક સ્થાન. અહીં એ જ નામની એક ભદ્રકાલીની મૂર્તિ હતી. આ જ જગાએ ઇંદ્રજિત અભિચાર કર્મ–જારણ, મારણ, વગેરેના પ્રયોગ–કરતો હતો. શુક્રની સાહ્યવડે અહીં એણે અનેક યજ્ઞ પણ કર્યા હતા. (**વા. રા. ઉત્તર. અ. ૨૫**).

નિકૃતિજ. એક બ્રહ્મર્ષિ. (કશ્યપ શબ્દ જુઓ).

નિઋર્વટ. રાવણ પક્ષનો એક રાક્ષસ વિશેષ. એને તાર વાનરે માર્યો હતો.

નિઘ્ન. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અનરણ્ય રાજાનો પુત્ર. એના પુત્રનું નામ અનમિત્ર રાજા.

નિચંદ્ર. દનુપુત્ર એક દાનવ.

નિચિતા. ભારતવર્ષીય નદી.

નિજવૃતિ. શાકદ્વીપની નદી.

નિતંભુ. એક ઋષિ.

નિત્ય. મરીચિ કુળોત્પન્ન એક બ્રહ્મર્ષિ.

નિદાઘ. બગડાની સંજ્ઞાવાળા કશ્યપ કુળોત્પન્ન ઋષિ. એ ભૃગુઋષિનો શિષ્ય હતો.

નિધ્રુવ. કશ્યપ વંશનો એક ઋષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

નિધ્વંધન. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન હર્યશ્વ રાજાનો પૌત્ર અને અરુણ રાજાનો પુત્ર. પુરાણાંતરે એનું ત્રિધ્વંધન એવું નામ કહ્યું છે. એને સત્યવ્રત (ત્રિશંકુ) અને સત્યરથ એમ બે પુત્ર હતા.

નિધ્વંધન (૨) કોઇએક વિરક્ત મુનિ.

નિમિ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ રાજાના સો પુત્રમાંનો બીજો. એ ગૌતમના આશ્રમ પાસે વૈજયંત નામે નગર વસાવી ત્યાં રાજ્ય કરતો હતો. એણે વૈવસ્વત મન્વંતરના આરંભે ઉત્પન્ન થએલા બ્રહ્મપુત્ર વસિષ્ઠની સાહ્યતાથી અનેક યજ્ઞ કર્યા હતા. એ વસિષ્ઠ એના પિતાના સમ-

યથી કુલગુરુ હતો. પછી કેટલેક કાળે એકાદો મોટા યજ્ઞનો આરંભ કરવાની ઇચ્છા થવાથી એ વસિષ્ટની પાસે ગયો. વસિષ્ટે કહ્યું કે હાલ મારે ઇન્દ્રની પાસે જવાનું છે, માટે હું ત્યાંથી આવું ત્યાં સુધી થોભ. વસિષ્ટ ઇન્દ્રને ત્યાં ગયા એટલે આણે જાણ્યું કે માણસનું જીવિત અશાશ્વત છે. માટે ધર્મકર્મ કરી જ નાંખવું. આથી એણે ગૌતમ ઋષિને ઉપાધ્યાય કરીને અને બીજા ઋષિયોને બોલાવીને પંચસહસ્રવર્ષાત્મક–પાંચ હજાર વર્ષ સુધી પહોંચે એવા યજ્ઞનો આરંભ કર્યો. કેટલેક કાળે ઇન્દ્રનો યજ્ઞ સમાપ્ત થવાથી વસિષ્ટ પાછા આવ્યા. આવીને જુએ છે તો અહીં યજ્ઞનો આરંભ કરી દીધો છે. એ ઉપરથી વસિષ્ટે કોપ કરીને એને 'જા તારો દેહ પડી જશે' એવો શાપ આપ્યો. રાજાએ વસિષ્ટને પણ એવો જ શાપ આપ્યો. આ ઉપરથી બન્નેના દેહ પડી ગયા. એમના આત્મા બ્રહ્મદેવ પાસે ગયા, એટલે એમને પુનઃ દેહ ધારણ કરવાની આજ્ઞા કરી. વાસષ્ટે એ આજ્ઞા પ્રમાણે મિત્રાવરુણથી દેહ ધારણ કરી. પરંતુ નિમિયે પ્રાર્થના કરી કે, મારે હવે દેહ ધારણ કરવો નથી. દેહી થઈને સુખદુઃખ ભોગવવાં તે કરતાં વિદેહ સ્થિતિ સારી. તે ઉપરથી બ્રહ્માએ તથાસ્તુ કહ્યું. અને પ્રાણિ માત્રના નેત્ર ઉપર એની સ્થાપના કરી. અહીં ઋષિયોએ એના દેહનું રક્ષણ કરીને યજ્ઞ સમાપ્ત કર્યો. રાજાને તો અધિકારી જોઇએ, તેથી એના દેહનું મથન કર્યું. તેમાંથી થએલો પુત્ર મિથિ નામે પ્રસિદ્ધ થયો. એના નામ ઉપરથી વૈજયંત નગરીનું નામ મિથિલા પડ્યું. મિથિ રાજા માતા વગર કેવળ બાપથી જ ઉત્પન્ન થયો માટે જનક, તેમ જ વિદેહનો વંશજ હોવાથી વૈદેહ કહેવાયો. આ નામો પછી એના વંશજોને પણ ચાલુ રહ્યાં. સૂર્યવંશથી આ કુળ ત્યારથી છૂટું પડ્યું અને ગૌતમો એમના ઉપાધ્યાય થયા. (વા૦ રા૦ ઉત્તર. સ૦ ૫૫–૫૭).

નિમિ (૨). સ્વાયંભૂમન્વંતરના દત્ત ઋષિનો પુત્ર.

નિમિ (૩) સોમવંશી પૂરુકુળોત્પન્ન પાંડવ વંશના દંડપાણિ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ક્ષેમક.

નિમિ (૪) એક અસુર વિશેષ.

નિમિષ–અમૃતની રક્ષા કરનારો દેવ.

નિમેષ–ગરુડનો પુત્ર.

નિમિચક્ર સોમવંશી પૂરુકુળોત્પન્ન પાંડવ વંશના અસીમકૃષ્ણ રાજાનો પુત્ર. એ હસ્તિનાપુરમાં રાજ કરતો હતો ત્યારે નદી એ પુરને તાણી ગઇ, એટલે એ કૌશાંબી નગરીમાં જઇને રહ્યો. એના પુત્રનું નામ ચિત્રરથ રાજા. નિમિચક્ર સર્પસત્ર કરનાર જનમેજય રાજાથી પાંચમી પેઢીએ થયો હતો.

નિર્જન સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત રાજાના પુત્ર ભજમાનની પહેલી સ્ત્રીના ત્રણ પુત્રોમાંનો એક.

નિર્ઋતલોચિની. માનસોત્તર પર્વત ઉપર પશ્ચિમ દિગ્પાલ વરુણની નગરી. એનું બીજું નામ સુષા એવું પણ મળી આવે છે. સૂર્ય મેરુની આજુબાજુ ફરતાં જ્યારે આ નગરીના યામ્યોત્તરવૃત્ત પર આવે છે, ત્યારે ત્યાં મધ્યાહ્ન, વિભાવરી નગરીમાં સૂર્યોદય, સંયમની નગરીમાં સૂર્યાસ્ત અને દેવધાની નગરીમાં મધ્યરાત્ર થાય છે.

નિયતાયુ અર્જુને મારેલા દુર્યોધન પક્ષના શ્રુતાયુ રાજાનો પુત્ર (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૯૩**).

નિયતી. મેરુની કન્યા. સ્વાયંભુવ મન્વંતરમાંના ભૃગુપુત્ર વિધાતાની સ્ત્રી.

નિયુત્સા. ઋષભદેવ વંશના પ્રસ્તાવ રાજાની સ્ત્રી અને વિભુરાજાની માતા.

નિરમિત્ર. ચંદ્રવંશી પુરુકુલોત્પન્ન જરાસંધ વંશના અયુતાયૂનો પુત્ર. એના પુત્રનું નામ સુનક્ષત્ર,

નિરમિત્ર (૨). નકુલ પાંડવને એની સ્ત્રી કરેણુમતીની કુખે થએલો પુત્ર.

નિરમિત્ર (૩). ત્રિગર્ત દેશનો રાજા; એને સહદેવે માર્યો હતો. (**ભા૦ દ્રોણ૦ અ૦ ૧૦૭**)

નિરાલંબ. યજુર્વેદોપનિષત્.

નિર્ઋતિ. એકાદશ રુદ્રમાંનો એક. એ નૈઋત્ય દિગ્પાલ, અને ભૂત, રાક્ષસો એમનો અધિપતિ છે,

નિર્ઋતિ (૨). વરુણપુત્ર અધર્મની સ્ત્રી. એના પુત્રોનાં નામ ભય, મહાભય અને મૃત્યુ.

નિર્મોક. હવે પછી થનાર આઠમા સાવર્ણિ મનુના થનારા પુત્રોમાંથી એક.

નિર્મોક (૨). હવે પછી થનારા દેવસાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્તર્ષિયોમાંનો એક.

નિર્મોચન. નગર વિશેષ. (**ભા૨૦ ઉદ્યો૦ સ૦ ૧૩૦**).

નિર્વાણ. ઋગ્વેદોપનિષત્.

નિર્માણરુચિ. ધર્મસાવર્ણિ મન્વંતરમાંનો દેવ વિશેષ.

નિર્વિંધ્યા. વિંધ્યાચળમાંથી નિકળેલી એક નદી.

નિર્વીરતીર્થ. વસિષ્ટના આશ્રમ પાસેનું એક તીર્થ વિશેષ.

નિર્વૃત્તિ. ચન્દ્રવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના જ્યામઘ કુળના કથવંશમાં જન્મેલા વૃષ્ટિ રાજાનો પુત્ર. એનું બીજું નામ વિદૂરથ હતું, અને દશાર્હ નામનો રાજા એનો પુત્ર થતો હતો.

નિલ. વિભિષણના ચાર અમાત્યો પૈકી એક.

નિવાતકવચ. પ્રલ્હાદના ભાઈ સંહ્રાદના પુત્ર. એઓ સમુદ્ર તીરે રહેતા હતા અને ઇન્દ્રથી જીતી ન શકાય એવા હતા. એ સઘળાને અર્જુને માર્યા હતા. (**ભા૨૦ વન૦ સ૦ ૧૬૬–૧૭૦**).

નિશઠ. એક યાદવ, (**જૈમિ૦ અશ્વમે૦ સ૦ ૧૦ શ્લો. ૨૮**).

નિશઠ (૨). એક રાજર્ષિ.

નિશાકરમુનિ. ચંદ્રમામુનિના નામનો પર્યાય.

નિશાકરમુનિ (૨). ગરુડનો પુત્ર.

નિશીથ. ઉત્તાનપાદ પુત્ર ધ્રુવના પૌત્ર પુષ્પાર્ણ રાજાને તેની દોષા નામની બીજી સ્ત્રીથી થએલા ત્રણ પુત્રોમાંનો બીજો.

નિશુંભ. શુંભ અસુરનો ભાઇ. (શંભનિ શુંભ શબ્દ જુઓ.)

નિશ્ચલા. બગડાની સંજ્ઞાવાળા હિમાલયમાંથી નિકળતી એક નદી વિશેષ.

નિશ્ચવન. બૃહસ્પતિ વડે તારાને થએલા છ પુત્રોમાંનો બીજો પુત્ર. એના પુત્રનું નામ વિપાપ્મા.

નિશ્ચવન (૨). ગયા સ્વારોચિષ મન્વંતરમાંના સપ્તર્ષિયોમાંનો એક.

નિષંગિ. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

નિષધ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થએલા રામવંશના અતિથિ રાજાનો પુત્ર. એને નલ અને નભ એમ બે પુત્ર હતા.

નિષધ (૨). મેરુકર્ણિકા પર્વતમાંનો એક.

નિષધ (૩). ભારતવર્ષીય દેશ. દમયંતીનો પતિ નલ રાજા ત્યાં રાજ કરતો હતો.

નિષધ (૪). જંબુદ્વીપમાં આપણે રહીએ છીએ એ બાજુએ આવેલો એક મહાપર્વત. એ હરિવર્ષની ઉત્તરે, પૂર્વ અને પશ્ચિમ ક્ષાર સમુદ્રને લાગીને રહ્યો છે. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૬**), એના ઉપર વિષ્ણુપદ નામનું સરોવર આવેલું છે. (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧૬**).

નિષધાદ્ય. ચન્દ્રવંશીય પૂરુકુળોત્પન્ન અજમીઢ રાજાના વંશના કુરુરાજાના પાંચ પુત્રોમાંનો ચોથો.

નિષાદ. વેન રાજાના દેહનું મથન કરતાં પ્રથમ કાળો અને ટૂંકડા હાથવાળો ઉત્પન્ન થએલો પુરુષ. ઋષિયોએ એને "**નિષીદ**" (બેસ) એમ કહ્યું હતું તેથી એનું આ નામ પડ્યું છે.

નિષાદ દેશ. નિષાદોનો ભારતવર્ષીય દેશ. ઇંદ્રપ્રસ્થને મધ્યમાં ગણીને એના પૂર્વ, દક્ષિણ અને અપર દક્ષિણ એવા ત્રણ ભેદ માન્યા છે.

નિષ્કૃતિ. વિપાપ્મા શબ્દ જુઓ. એક અગ્નિ, બૃહસ્પતિના નિશ્ચવનનો પુત્ર અને સ્વનક નામના અગ્નિનો પિતા.

નિસંદી. એક અસુર. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૨૨**).

નીઢ. રાજસૂયયજ્ઞ કાળે પાંડવોને ગૃહકાર્યમાં સાહ્ય કરનારો રાજા.

નીપ. ચન્દ્રવંશી પુરુકુળોત્પન્ન અજમીઢના પુત્ર બૃહદ્વિષુના વંશના પાર અથવા વિભ્રાજ રાજાના એ પુત્ર માંહેનો બીજો પુત્ર. એનું બીજું નામ અણુહ એવું હતું. શુકાચાર્યની કન્યા કૃત્વી અગર કીર્તિમતી એની સ્ત્રી હતી. તેને પેટે એને બ્રહ્મદત્ત નામે પુત્ર થયો હતો. એને બીજી સ્ત્રીને પેટે શ્રીમાન્ વગેરે સો પુત્ર થયા હતા.

નીપ (૨). ચન્દ્રવંશી પૂરુકુળોત્પન્ન હસ્તિરાજાના પુત્ર દેવમીઢના વંશના કૃતિ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ઉગ્રાયુધ.

નીલ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

નીલ (૨). વિશ્વકર્માના અંશવડે જન્મેલો રામની સેનાનો એક વાનર. એણે જ સેતુ બાંધ્યો હતો. (**વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૩૦**).

નીલ (૩). અગ્નિના અંશવડે જન્મેલો બીજો એક વાનર. (**વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૪૦**)

નીલ (૪). સોમવંશી યદુના પુત્રોમાંનો એક.

નીલ (૫). સોમવંશી પુરુકુળોત્પન્ન અજમીઢને નીલિનીને પેટે થએલો પુત્ર. એનો પુત્ર તે શાંતિ.

નીલ (૬). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. (**ભા૨૦ વન૦ અ૦ ૨૫૪**).

નીલ (૭). ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો અનૂપ દેશનો રાજા. એને અશ્વત્થામાએ માર્યો હતો. (**ભા૨૦ ઉદ્યા૦ સ૦ ૧૭૧**).

નીલ (૮). કુબેરના નવ નિધિમાંનો આઠમો નિધિ.

નીલ (૯). આપણે રહીએ છીએ એનાથી ઉલટી બાજુએ આવેલો એક પર્વત. એની દક્ષિણે રમ્યક દેશ હોઇને એ પૂર્વ પશ્ચિમ ક્ષાર સમુદ્રને અડીને રહ્યો છે. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૬**).

નીલ (૧૦). કિષ્કિંધાની દક્ષિણે આવેલી માહિષ્મતી નગરીનો રાજા. રાજસૂયયજ્ઞ કાળે એને સહદેવે જીત્યો હતો. (**ભા૨૦ સભા૦ અ૦૩૧**). પછી અશ્વમેધ વખતે એ અર્જુનને શરણ આવી સાહ્યતામાં રહ્યો હતો.

નીલકંઠ. સમુદ્રમથન કાળે તેમાંથી હાલાહળ વિષ નિકળ્યું હતું. એ વિષ ત્રૈલોક્યને દહન કરવા લાગ્યું. તેથી દેવોએ શ્રી શંકર ભગવાનની પ્રાર્થના કરી. તે ઉપરથી તેમણે એને ગ્રહણ કર્યું. આથી એમનો કંઠ કાળા--નીલ--વર્ણનો થયો, તે ઉપરથી શ્રીશંકર ભગવાનનું પડેલું નામ. આ અર્થનાં એમનાં ઘણાં નામ છે. (**ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૭**).

નીલકુંડ. ભારતવર્ષીય એક તીર્થ.

નીલકેતુ. નીલધ્વજ શબ્દ જુઓ.

નીલધ્વજ. હસ્તિનાપુરની દક્ષિણે નર્મદાને કાંઠે આવેલી માહિષ્મતી નગરીનો રાજા. એને સુનંદા નામે પત્ની અને પ્રવીર નામે પુત્ર હતો. એક સમયે પ્રવીર પોતાની મદનમંજરી નામે સ્ત્રી સહવર્ત્તમાન વનવિહાર સારુ ગયો હતો. ત્યાં એણે પાંડવોએ અશ્વમેધ સારુ છૂટો મુકેલો શ્યામકર્ણ અશ્વ ફરતો ફરતો આવેલો દીઠો અને પકડ્યો. એ કારણથી પાંડવ તરફથી અશ્વની રક્ષાને સારૂ આવેલા વૃષકેતૂની સાથે એને યુદ્ધ થયું. યુદ્ધમાં વૃષકેતૂ મૂર્ચ્છિત થતાં અનુશાલ્વ યુદ્ધને માટે મોખરે આવ્યો. એણે યુદ્ધ કરીને પ્રવીરનો પરાભવ કર્યો. આ વર્ત્તમાન નીલધ્વજને જાણ થવાથી એ આવીને અર્જુનની સાથે યુદ્ધ કરવા લાગ્યો. અગ્નિની સાહ્યતાને લઇને અર્જુનથી એની આગળ ટકાયું નહિ. એમ થતાં એણે નારાયણાસ્ત્ર છોડ્યું. આ ઉપરથી અગ્નિએ આવીને નીલધ્વજ અને અર્જુન વચ્ચે સખ્ય કરાવ્યું. પછી એણે અર્જુનને નાના પ્રકારનાં રત્ન, ભૂષણો વગેરે આપ્યું; અને એની સાહ્ય સારુ દક્ષિણ દિશામાં જવા સવારીમાં જોડાયો. (**જૈમિની૦ અશ્વમે૦ અ૦ ૧૫**).

નર્મદા નદીની દક્ષિણમાં કિષ્કિંધા નગરી ઘણી દૂર આવેલી છે. માટલમ કે માહિષ્મતી નામની એ નગરીઓ હોવી જોઇએ, અને રાજાઓ પણ જુદા જુદા જ એ ખૂલ્લું છે. એ

બન્નેને અગ્નિની સાહ્ય હતી. નામમાં માત્ર સહજ તફાવત છે. એક નીલ અને બીજો નીલધ્વજ.

નીલપરાશર. પરાશર કુળનો એક ઋષિ અને એનું કુળ. એ કુળમાં અપોહ્ય, બ્રાહ્મમય, જ્યોતેય, કૌતુજાતિ, અને હર્યશ્વી એટલા ઋષિયો પ્રસિદ્ધ હતા.

નીલલોહિત. મહાદેવનો એક અવતાર.

નીલલોહિતકલ્પ. બ્રહ્મદેવના ચાલુ માસમાં બીજો કલ્પ-દિવસ. (૪ કલ્પ શબ્દ જુઓ). આ કલ્પના આરંભમાં નીલલોહિત નામે શિવનો અવતાર થયો હતો માટે એનું આ નામ પડ્યું છે.

નીલા. ભારતવર્ષીય નદી.

નીલાંબર. નિલાં (કાળાં) રેશમા વસ્ત્ર પરિધાન કરતા હતા, સબબ બલરામનું આ નામ પડ્યું છે.

નીલિની. અજમીઢ રાજાની ચાર સ્ત્રીઓમાંની એક.

નીલી. ઉપર કહેલી નીલિનીનું નામાન્તર.

નીવાતકવચ. નિવાતકવચ શબ્દ જુઓ.

નૃગ. સૂર્યવંશી વૈવસ્વત મનુના દસ પુત્રોમાંનો બીજો. એના પુત્રનું નામ સુમતિ.

નૃગ (૨). સૂર્યવંશી નૃગ કુળોત્પન્ન ઓઘરથ રાજાનો પુત્ર. એણે પુષ્કરતીર્થમાં કોટયાવધિ ગોપ્રદાન આપ્યાં હતાં. તેમાં એક વખત એવું બન્યું કે એણે પૂર્વે એક બ્રાહ્મણને આપેલા ગોપ્રદાનમાંની ગાય ચૂકથી રાજાની ગાયોના ટોળામાં આવી. અને એ એકવાર અપાયલી ગાય બીજીવાર બીજા બ્રાહ્મણને દાનમાં અપાઇ. એમ થવાથી બન્ને બ્રાહ્મણોમાં ઝઘડો પેઠો. અને નિર્ણય કરાવવા રાજા પાસે આવ્યા. રાજાએ આ ઝઘડાનો નિકાલ ઘણો લંબાવ્યો એથી બ્રાહ્મણોને બહુ કષ્ટ થયું. આ કારણથી ગુસ્સે થઇને જેને એ ગાય પ્રથમ આપી હતી તે બ્રાહ્મણે રાજાને શાપ આપ્યો કે જા તું સરડો થઇશ. રાજાને આ શાપનિ ખબર થતાં જ એણે ઉશાપની યાચના કરી. બ્રાહ્મણે કહ્યું કૃષ્ણને હાથે તારો ઉદ્ધાર થશે. રાજા પોતાના પુત્રને રાજ્યાભિષેક કરી પોતે અરણ્યમાં ગયો હતો, ત્યાં સરડો થઇને પડ્યો. પછી આગળ જતાં કૃષ્ણના હસ્તસ્પર્શથી એનો ઉદ્ધાર થયો. (**વા૦ રા૦ ઉત્ત૨૦ ૫૪-૫૪**). અને (**ભા૨૦ અનુશા૦ અ૦ ૭૦**),

નૃચક્ષુ. ચંન્દ્રવંશી પૂરુકુળોત્પન્ન પાંડવ વંશમાના સુનીથ રાજાનો પુત્ર. એનો પુત્ર સુખીનલ.

નૃપંજય. સોમવંશી પુરુકુળોત્પન્ન પાંડવ વંશના મેધાવિ રાજાનો પુત્ર. એનો પુત્ર તે દૂર્વ રાજા.

નૃમ્ણા. પ્લક્ષદ્વીપમાંની એક નદી.

નૃષદ્ગુ. એક બ્રહ્મર્ષિ. (**વા૦ ૨૦ ઉત્ત૨૦ સ. ૧૭**).

નૃસિંહ ચાલુ વૈવસ્વત મન્વંતરની ચોથી ચોકડીના કૃતયુગમાં થએલો વિષ્ણુનો અવતાર. એ અરધો નર અને અરધો સિંહ, એવી આકૃતિવાળો હોવાથી આ નામ પડ્યું છે. એણે હિરણ્યકશિપુને મારીને પ્રહ્લાદનું સંરક્ષણ કર્યું હતું. (**દેવી ભા૦ ૪ સ્કં૦ અ૦ ૧૬**). અને **મત્સ્ય૦ અ૦ ૪૭**).

નૃસિંહતાપિની. અથર્વણવેદોપનિષદ.

નૈતિષ્ય. એક બ્રહ્મર્ષિ. (૨ ભૃગુ શબ્દ જુઓ).

નૈત્ર. સોમવંશી યદુપુત્ર સહસ્ત્રજિતના વંશના હૈહય કુળના ધર્મ નામના રાજાનો પુત્ર. એના પુત્રનું નામ કુંતિ હતું.

નૈર્ઋતિ. નિર્ઋતિ દિશા.

નૈકજિહ્વ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

નૈકદ્રુક્. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

નૈકપૃષ્ઠ. ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

નૈકશિ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

નૈગમેય. અનલ નામના વસુનો પુત્ર.

નૈદ્રાણિ. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

નૈધ્રુવ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

નૈમિષ. શતદ્રૂ નદી પરનું એક તીર્થ.

નૈમિષકુંજ. તીર્થ વિશેષ.

નૈમિષારણ્ય. નર્મદાની ઉત્તરે અને કુરુ દેશની પશ્ચિમે આવેલું વન વિશેષ.

નૈશ્રેયસ. વૈકુંઠમાંનું વન વિશેષ. (**ભાગ. ૩. સ્કં. અ. ૧૫**).

નૈષધ. ધૃષ્ટદ્યુમ્ને મારેલો દુર્યોધન પક્ષનો નિષધ દેશનો રાજા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૩૨**).

નૈષાદિ. દ્રોણનો શિષ્ય, એકલવ્ય નામનો નિષાદ તે.

નૌબંધન. પૂર્વ કલ્પની રાત્રિમાં જ્યારે બ્રહ્મદેવ ઉંઘતા હતા, અને બધા સમુદ્ર એક થઇને જળ જળ બંબાકાર થયું હતું, ત્યારે મત્સ્યરૂપી ભગવાનની આજ્ઞા ઉપરથી સત્યવ્રત રાજાએ પોતે એકા હતા તે નૌકાને જે પર્વતના શૃંગની જોડે બાંધી હતી તે શૃંગનું નામ. (**ભા૨૦ વન૦ અ૦ ૧૮૭**). મૂળમા હિમાલયનું શૃંગ એમ લખ્યું છે. પરન્તુ નિત્ય પ્રલયમાં ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક એ બધા બૂડી જાય છે, એટલું પાણી ચઢે છે. તો હિમાલયનું શૃંગ ઉઘાડું રહેવાનો સંભવ જ ક્યાં રહ્યો. માટે લેખકોના પ્રમાદથી હિમાલયનું નામ દાખલ થઇ ગયું છે.

ન્યગ્રોધ. સોમવંશી યદુકુળોત્પન્ન ઉગ્રસેનના નવ પુત્રોમાંનો ત્રિજો. કંસનો ભાઈ. ધતુર્યોગ કાળે એને બળરામે મારી નાંખ્યો હતો.

ન્યગ્રોધ (૨). કૃષ્ણના પૌત્રમાંનો એક.

પ.

પંક્તિરથ. દશરથ રાજા.

પંચકર્પટ. પશ્ચિમ માલવ–માળવાનો પશ્ચિમ તરફનો દેશ. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૨**).

પંચગણ. અપર ઉત્તર ઉલૂક દેશની ઉત્તરનો દેશ. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૭**).

પંચચૂડા. એક અપ્સરા. એને નારદની જોડે સ્ત્રીઓના સ્વભાવ સંબંધી સંવાદ થયો હતો. (**ભા૨૦ અનુસા૦ અ૦ ૩૮**).

પંચજન. એક પ્રજાપતિ. એની અસિક્તી નામની કન્યા તે પ્રાચેતસ દક્ષની સ્ત્રી હતી. એ કન્યાનું બીજું નામ પાંચજની હતું.

પંચજન (૨) સહ્લાદ દૈત્યનો પુત્ર. એ સમુદ્રમાં રહેતો હતો. જ્યારે કૃષ્ણ પોતાના ગુરુ સાંદીપન મુનિના પુત્રની શોધ કરવા ગયા હતા, ત્યારે એમણે એને માર્યો હતો. અને એના અસ્થિનો વગાડવાનો શંખ કર્યો હતો. આ ઉપરથી કૃષ્ણના શંખનું પાંચજન્ય નામ પ્રસિદ્ધ છે. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૪૫**).

પંચજની. ઋષભદેવના પુત્ર ભરત રાજાની સ્ત્રી,

પંચતીર્થ. નારી તીર્થ તે જ. નારી તીર્થ શબ્દ જુઓ.

પંચનદ. આભીર દેશની પશ્ચિમે આવેલો દેશ. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૨**). એ દેશ સહજ વાયવ્ય દિશાએ હોઇ પાંચ નદીઓ વચ્ચે હોવાને લીધે એનું આ નામ પડ્યું છે. હાલનો પંજાબ પ્રાંત.

પંચપદી. શાકદ્વીપ માંહલી નદી.

પંચબાણ. મદન-કામદેવ. એ સ્વરુપે ઘણો સુંદર છે. એને ભ્રમર–મધમાંખીઓની પણછવાળું શેરડીનું અથવા કુલનું ધનુષ્ય અને પાંચ પુષ્પ રૂપી બાણ છે. આસોપાલવ, કમળ, સરસવનું કુલ, આંબાનો મોર, અને ભુરું કમળ; એ પાંચ--અગર બીજે મતે, ચંપો, આંબાનો મોર, નાગકેસર, કેવડો અને બીલીનું કુલ, એ પાંચ પુષ્પો એનાં બાણ છે. (**નર્મકથા કોષ**).

પંચબ્રહ્મ. મુખ્ય યજુર્વેદોપનિષત્

પંચમી. ભારતવર્ષીય નદી.

પંચભૂત. પૃથ્વિ, અપ, તેજ, વાયુ અને આકાશ.

પંચયક્ષા. એક નદી.

પંચરાત્ર. ભગવાનકૃત ગ્રંથ વિશેષ.

પંચવક્ત્ર પાંચ મોં હોવાને લીધે શંકર ભગવાનનું પડેલું નામ. આ જ અર્થસૂચક પંચાનન વગેરે અનેક પર્યાયો છે.

પંચવટી. ગોદાવરી નદીને ઉત્તરે આવેલું સ્થળ વિશેષ.દાશરથિ રામ દંડકારણ્યમાં ફરતા હતા. ત્યારે અગસ્ત્ય ઋષિની આજ્ઞા ઉપરથી કાંઇ કાળ અહીં વાસ કરવા આવ્યા હતા. લક્ષ્મણ પાસે પર્ણકુટી બંધાવી તેમાં સીતા સહવર્ત્ત

માન રહેતા હતા. અહીં રહ્યે ઘણી મુદત થઇ તેવામાં એક સમય શૂર્પણખા એમની પાસે આવી. અને કપટથી રામને પોતાને વરવાનો આગ્રહ કરવા લાગી. રામે તું લક્ષ્મણને પરણ કહી તેની પાસે મોકલવાથી ત્યાં ગઇ. એટલે લક્ષ્મણે એનું નાક કાપી નાંખીને વિરુપ કરી દીધી. (શૂર્પણખા શબ્દ જુઓ). આમ વિરુપ થવાથી દુઃખી થઇ તે ખર નામના રાક્ષસ પાસે ગઈ. આ ઉપરથી ખર પોતાના અનુચરો સહિત રામ ઉપર ચઢી આવ્યો; અને બધા અનુચરો સહિત માર્યો ગયો. (૧ ખર શબ્દ જુઓ).

આગળ જતાં રાવણની આજ્ઞાથી મારીચ નામે રાક્ષસ મૃગનું રુપ ધરીને રામ પાસે આવ્યો. રામે એને મારી નાંખ્યો. મારીચે કપટથી લક્ષ્મણ દોડ એવી બૂમ પાડીને પ્રાણ તજ્યા. સીતાએ લક્ષ્મણને રામની સહાયે જવાનું કહ્યું; પણ એણે કહ્યું એ ઘાટો રામનો ન હોય. પણ સીતાને એ સાંત્વન રુચ્યું નહિ અને એણે દુઃસહ વાગ્બાણ વડે વિંધી નાખ્યો. તેથી સીતાની નિર્ભર્ત્સના કરીને લક્ષ્મણ રામ પાસે ગયો. (**વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૪૪–૪૫**).

દરમ્યાન ભિક્ષુનો વેષધારી રાવણ સીતા પાસે આવ્યો. એનું કપટ ન કળવાથી સીતાએ એનો સત્કાર કર્યો. રાવણે કહ્યું કે તું આવી સુંદર હોઇ આ રાક્ષસોથી ભરેલા અરણ્યમાં કેમ રહી છે ? સીતાએ સંક્ષેપમાં ઉત્તર આપ્યા પરથી રાવણે તેને કહ્યું કે તું મારી જોડે લંકામાં ચાલ. અહીં રામની સાથે રહીશ નહિ. મારું ઐશ્વર્ય ઘણું હોઇ હું લંકાનો રાજા છું અને તને લેવાને જ આવ્યો છું. સીતાએ કહ્યું કે પરસ્ત્રીનું હરણ એ નિંદ્ય કર્મ છે. માટે તારો આ વિચાર અપવિત્ર છે; અને એ તારો પ્રાણઘાતક થઈ પડશે. માટે સારું એ છે કે એ વિચાર છોડી દઇ તું તારે લંકામાં ચાલ્યો જા. પરંતુ સીતાનું કહેવું રાવણને રૂચિકર નહોતું. એણે પોતાનું ઘોર રુપ પ્રકાશ્યું અને સીતાને રથમાં નાંખી દક્ષિણ દિશા તરફ ચાલ્યો. સીતાએ ઘણું આક્રંદ કર્યું અને રામ અને લક્ષ્મણને ઘણી હાંકો મારી. એની બૂમો સાંભળી જટાયુ નામનો ગીધરાજ ત્યાં આવ્યો. એણે સીતાને છોડાવવાને રાવણની સાથે યુદ્ધ કરી પોતાનો પ્રાણ માત્ર ખોયો. (જટાયુ શબ્દ જુઓ).

મારીચને મારીને રામ પંચવટીએ પાછા આવ્યા તો માર્ગમાં એમને દુશ્ચિન્હ થવા લાગ્યાં. આથિ વિમનસ્ક થઇને ચિન્તા કરતા કરતા ચાલ્યા. એમણે લક્ષ્મણને પોતાની તરફ આવતો દીઠો. લક્ષ્મણ આવી પહોંચતાં કહ્યું કે અરે સીતાને એકલી મૂકીને તું અહીં કેમ આવ્યો ? લક્ષ્મણે સીતાએ કહેલાં વચનો કહ્યાં અને કહ્યું કે મારી વિનતિ કેવળ નિરુપાય થવાથી જ હું અહીં આવ્યો. રામ કહે એ તેં ઠીક કર્યું નહિ. હશે જે થયું તે થયું. બન્ને ભાઈ આશ્રમે આવી જુએ છે, તો સીતા મળે નહિ. આથી શોક કરતા, પશુ પક્ષીઓને પુછતા અરણ્યમા ભમવા માંડ્યું.

રામ અને લક્ષ્મણ પંચવટીમાંથી નિકળી પ્રસ્રવણ પર્વતની બાજુએ સીતાની શોધ કરતા કરતા દક્ષિણમાં ગયા. (**વા૦ રા૦ અરણ્ય. સ. ૫૭–૬૪**). આ સ્થળમાં ઘણા જૂના અને મોટા પાંચ વડ હોવાથી એનું આ પંચવટી નામ પડ્યું છે.

પંચશિખ. એક બ્રહ્મર્ષિ. એ કપિલા નામની બ્રાહ્મણીનો પુત્ર હતો માટે એને કાપિલેય પણ કહેતા. જનદેવ નામનો જનક તે આનો બ્રહ્મવિદ્યા સંબંધે અત્યંત ઉત્કૃષ્ટ શિષ્ય હતો. એ શાંખ્યદર્શનનો આચાર્ય હતો.

પંચશિરા અથવા શિર્ષક. એક બ્રહ્મર્ષિ.

પંચાયન. શિવનું નામાન્તર. (ડાઉસન).

પંચાગ્નિપિતર. વત્સર, સંવત્સર, પરિવત્સર, ઇડવત્સર અને અનુવત્સર એ રુદ્ર, અગ્નિ, સૂર્ય, સોમ, અને વાયુ એ પાંચ દેવતાઓને અનુક્રમે આ પાંચ નામો છે.

तेषु संवत्सरो ह्यग्निः सूर्यस्तु परिवत्सरः ॥
सोमस्त्विड्वत्सरश्चैव वायुश्चैवानु वत्सरः ॥१८॥
रुद्रस्तु बस्तरस्तेषां पञ्चाब्दा ये युगात्मका ः॥
(मत्स्य० अ० १४० श्लो० १८-१९)

પંચાલ. ભર્મ્યાશ્વ શબ્દ જુઓ. રોહિલખંડ-પાંચાળના ઉત્તર પાંચાળ અને દક્ષિણ પાંચાળ એમ બે વિભાગ હતા. ઉત્તરની રાજધાની અહિચ્છત્ર અને દક્ષિણની કાંમ્પિલ્ય. ઉત્તર પાંચાળ દ્રૂપદ પાસેથી દ્રોણાચાર્યે લઇ લીધેા હતેા. દક્ષિણ પાંચાળમાં દ્રૌપદીના પિતા દ્રૂપદનું રાજ્ય હતું. દ્રૌપદી પાંચે પાંડવોને વરી હતી.

પટચ્ચર. એક રાક્ષસ. એને શૂરતર રાજાએ માર્યેા હતેા.

પટચ્ચરદેશ. ભારતવર્ષીય દક્ષિણ અપરમત્સ્યદેશની દક્ષિણે આવેલેા દેશ. (**ભા૨૦ શભા૦ અ૦ ૩૧**).

પટવાસક. એક સર્પ.

પટુશ. પનસ નામના વાનરે મારેલેા રાવણ પક્ષનેા એક રાક્ષસ.

પંડિત. સેામવંશી ધૃતરાષ્ટ્રનેા પુત્ર. એને ભીમે માર્યેા હતેા.

પંડિતક. ધૃતરાષ્ટ્રના સેા પુત્રમાંનેા એક.

પણિ. પાતાળનેા એક અસુર વિશેષ. (**ભાગ૦ ૫ સ્કં. અ. ૨૪**).

પતંગ. સ્વાયંભૂમન્વંતરમાંના મરીચિ ઋષિના છ પુત્રેામાંનેા ચેાથેા. એ પછી કૃષ્ણના બંધુવર્ગમાં જન્મ્યેા હતેા. (૧ ઊર્ણા શબ્દ જુઓ).

પતંગ (૨). મેરુકર્ણિકા પર્વતેામાંનેા એક પર્વત.

પતંજલ. કપિગેાત્રેાત્પન્ન એક બ્રહ્મર્ષિ. એનું કાપ્ય એવું નામ પણ કહ્યું છે.

પતંજલિ. કદ્રૂપુત્ર એક નાગ.

પતંજલિ (૨). એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

પતન. રાવણ પક્ષનેા એક રાક્ષસ. (**ભા૨૦ વન૦ અ૦ ૨૮૫**).

પથિકૃત. પ્રાયશ્ચિત સારુ કરવામાં આવતેા અગ્નિ વિશેષ. (ભા૦ વ૦)

પદ્મ. કદ્રૂપુત્ર એક નાગ.

પદ્મ (૨). એક રાજર્ષિ.

પદ્મ (૩). કુબેરના નવ નિધિમાંનેા એક.

પદ્મકલ્પ. થઈ ગએલેા છેલ્લેા કલ્પ.

પદ્મકેતન. ગરુડનેા પુત્ર.

પદ્મચિત્ર. કદ્રૂપુત્ર એક નાગ.

પદ્મજાલ. દેશ વિદેશ.

પદ્મનાભ. કદ્રૂપુત્ર નાગમાંનેા એક. એ આત્મવિદ્યા સંપન્ન હતેા, માટે ધર્મારણ્ય નામનેા ઋષિ એનેા શિષ્ય થયેા હતેા.

પદ્મનાભ (૨). ધૃતરાષ્ટ્રના સેા પુત્રમાંનેા એક.

પદ્મનાભ (૩). વિષ્ણુનું એક નામ.

પદ્મનાભ (૪). એ નામનું એક તીર્થ વિશેષ.

પદ્મભૂ. આત્મયેાનિસ્વરુપ કમળમાંથી ઉત્પત્તિ હેાવાથી પડેલું બ્રહ્મદેવનું એક નામ. એ અર્થવાચક બીજાં અનેક નામેા છે.

પદ્મા. લક્ષ્મીનું એક નામ.

પદ્માક્ષ. ચંદ્રહાસ રાજાનેા કનિષ્ટ પુત્ર.

પદ્માવતી. લક્ષ્મીનું નામાન્તર.

પનસ. રામની સેનામાંના એ નામના બે વાનર રાજાઓ.

પનસ (૨). વિભિષણના ચાર રાક્ષસ અમાત્યેામાંનેા એક.

પંપા. દંડકારણ્યમાંની એક નદી. (**વા૦ રા૦ અરણ્ય ૦ સ૦ ૭૫**). અનાગંડી ડુંગરાથી આઠ મૈલ દૂર ઋષ્યમુખ પર્વતમાંથી નિકળનાર તુંગભદ્રા નદીનેા એક ફાંટેા. (**ભા૦ વ૦ ૮૨-૧૬૨**).

પંપા (૨): એ નામનું સરેાવર. (**ભા૦ વ૦ ૨૮૦-૪૪**).

પંપાસરેાવર. દંડકારણ્યમાંનું સરેાવર. (માંડિકર્ણી શબ્દ જુઓ).

પયસ્ય. વારુણીઅંગિરા ઋષિના આઠ પુત્રેામાંનેા એક પુત્ર.

પયસ્વિની. ભારતવર્ષીય એક નદી.

પયેાદ. વિશ્વામિત્ર કુળેાત્પન્ન એક ઋષિ.

પષ્ચેાણી. વિંધ્યાચળમાંથી નિકળતી એક નદી. વરાડ પ્રાંતની તાપીનેા એક ફાંટેા–પૂર્ણા નદી તે જ.

પયેાષ્ણીસંગમ. પયેાષ્ણી નદી સમુદ્રમાં મળે છે-સંગમ થાય છે ત્યાં બીલીમેારા પાસેનું તીર્થ.

પર. વિશ્વામિત્ર ઋષિના પુત્રેામાંનેા એક.

પરકાશય. ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

પરણ્ય. તગડાની અંક સંજ્ઞાવાળા અંગિરા કુળેાત્પન્ન એક ઋષિ.

પરતંગણા. દેશ વિશેષ.

પરંતપ. તામસ મનુના દશ પુત્રેા પૈકીનેા એક.

પરપુરંજય. હૈહય કુળેાત્પન્ન એક રાજા. એ કેાનેા પુત્ર હતેા તે જણાતું નથી. માત્ર એના સંબંધી ઇતિહાસ એટલેા જ જણાય છે કે એણે મૃગ ધારીને એક ઋષિને મારવાથી એને ઘણેા જ પશ્ચાત્તાપ થયેા. મરનાર કેાનેા પુત્ર હશે એની એણે શેાધ કરવા માંડી. તપાસ કરતાં કરતાં એ તાર્ક્ષ્યઋષિના આશ્રમે આવી ચઢયેા. આશ્રમમાં જઇ ઋષિને વંદન કરીને બેઠેા, એટલામાં એણે મારી નાંખેલા ઋષિપુત્રને ત્યાં દીઠેા. આ ઉપરથી આશ્ચર્ય પામી એ ઋષિને પુછવાનું કરતેા હતેા, એટલામાં ઋષિએ જ એને કહ્યું, કે રાજા આશ્ચર્ય પામીશ નહિ. અમે અમારા તપના બળને લઇને ઇચ્છામરણી–મરજી હેાય ત્યારે જ મરી જઇએ એવા છીએ. માટે જ તને બ્રહ્મહત્યા થઇ એવેા ડર મનમાં લાવીશ નહિ. આ સાંભળી ઋષિનું સ્તવન કરી, એમને વંદન કરી એણે પેાતાના નગર તરફ પ્રયાણ કર્યું. (**ભા૨૦ વન૦ અ૦ ૧૮૪**).

પરબ્રહ્મ. અથર્વણ વેદનું એક ઉપનિષદ.

પરમકાંબેાજ. લેાહદેશની ઉત્તરે આવેલેા દેશ. એને અપર કાંબેાજ પણ કહ્યો છે. પાંડવેાના સમયમાં ઉત્તરે એની અગાડી ઋષિક દેશ દેશ હતેા. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૭**).

પરમહંસ. યજુર્વેદ અને અથર્વવેદ બન્નેનાં આ નામનાં ઉપનિષદેા છે તે.

પરમેષ્ઠિ. બ્રહ્મદેવ.

પરમેષ્ઠિ. (૨). ઋષભદેવ વંશના દેવદ્યુમ્ન રાજાને ધેનુમતી નામની સ્ત્રીને પેટે થએલેા પુત્ર. એને સુવર્ચલા નામની સ્ત્રી અને તેને પેટે થએલેા પ્રતીહ નામનેા પુત્ર હતેા.

પરવીરાક્ષ. ખર રાક્ષસના બાર અમાત્યેામાંનેા એક.

પરશુરામ. ચાલુ વૈવસ્વત મન્વંતરમાંના ભૃગુઋષિ, જે વારુણીભૃગુ એવે નામે પ્રસિદ્ધ છે, તેના વંશના પ્રખ્યાત ઋચિક ઋષિના પુત્ર જમદગ્નિના પાંચ પુત્રેામાંનેા એક. એ ઉન્મત્ત અને ક્ષત્રિયેાનેા વધ કરવાના આશયથી જ વિષ્ણુના અંશાવતાર હતેા. એનેા જન્મ ચાલુ મન્વંતરની ઓગણીસમી ચેાકડીના ત્રેતાયુગમાં થયેા હતેા.
(**દેવી ભા૦ ૪ સ્કં૦ અ૦ ૧૬**) અને (**મત્સ૦ અ૦ ૪૭**).

એક સમય પરશુરામ આશ્રમમાં નહેાતેા તે વખત કાર્તવીર્ય રાજા આવીને જમદગ્નિ ઋષિની કામધેનુ બલાત્કારે હરણ કરી પેાતાને નગર લઈ ગયેા. આ વાતની ખબર પરશુરામને થતાં જ પેાતે કાર્તવીર્યને ત્યાં ગયેા. નગર બહાર રહીને કહેણ મેાકલ્યું કે મારા પિતાની કામધેનુ આણી છે તે તરત જ પાછી મેાકલી આપેા. નીકર યુદ્ધ કરવા આવવું. કાર્તવીર્ય આથી ગુસ્સે થયેા અને પરશુરામ સાથે યુદ્ધ કરવા આવ્યેા. બન્નેનું ઘણા કાળ સુધી જબરું યુદ્ધ થયું. તેમાં એણે કાર્તવીર્યના હજાર હાથ કાપી નાંખ્યા, અને આખરે ઠેર માર્યેા. કામધેનુ લઇને ઘેર આવ્યેા. (કાર્તવીર્ય શબ્દ જુઓ).

આ વાતને ઘણેા વખત થઈ ગયેા. કાર્તવીર્યના પુત્રેા પેાતાના પિતાના મૃત્યુનું વેર લેવાનેા લાગ જોતા હતા. એક વખત પરશુરામ આશ્રમમાં નહેાતેા તે લાગ સાધીને તેઓ એકાએક ત્યાં આવ્યા અને જમદગ્નિનેા વધ કરીને નાશી ગયા. આશ્રમમાં આવીને જે બનાવ બન્યેા હતેા તે જોઇને પરશુરામને પારાવાર કષ્ટ થયું. ક્રોધાવિષ્ટ થઇને એણે પ્રતિજ્ઞા કરી કે પૃથ્વી ઉપરના સઘળા ક્ષત્રિયેાને મારીને તેમના લેાહીથી ઋચિકાદિ

પિતરોને તર્પીશ. આ પછી એણે પોતાની માતા રેણુકાના શોકની શાન્તિ સારુ જમદગ્નિને સજીવ કર્યા. (ભારતમાં પિતાને દહન કર્યા એવો લેખ છે પરન્તુ એ લેખ વિરોધી છે). પછી તરત જ નિકળીને કાર્તવીર્યના નગરમા ગયો. કાર્તવીર્યના પુત્રો જોડે ઘણું ભયંકર યુદ્ધ કરીને તે સઘળાને ઠાર માર્યા.

પછી એણે આખા ભરતખંડમાં ફરીને એકવીસ વાર પૃથ્વી નક્ષત્રિ કરી નાખી. ક્ષત્રાણીઓએ પોતાનાં બાળક ઋષિયોના આશ્રમમાં લાવીને મૂક્યાં હતાં તે માત્ર બચ્યાં. સૂર્યવંશી મૂલક નામનો રાજા સ્ત્રીઓમાં સંતાઇ ગયો તેથી ઉગર્યો. તેમ જ વિદેહી જનક રાજા બ્રહ્મનિષ્ટ હોવાથી બચ્યો. આમ ક્ષત્રિ માત્રને મારીને તેમના લોહીના પાંચ દ્રોહ ભર્યા, અને એ લોહી વડે પોતાના પિતરોનું શ્રાદ્ધ કરી, ઋચિકાદિ પિતરોને તર્પણ દ્વારા તૃપ્ત કર્યા. એ દ્રોહ રામહ્રદ નામે હજુ પણ પ્રસિદ્ધ છે. પરશુરામે પછી બધી પૃથ્વી કશ્યપોને આપી અને પોતે સ્વસ્થ થઇને તપમાં ગુંથાયા. એમ છતાં પણ એમને ભાળ મળે કે અમુક જગાએ ક્ષત્રિ છે, તો તરત ત્યાં જાય અને એને મારે. આથી કશ્યપે એમને કહ્યું કે મને આપેલી ભૂમીમાં એમ કરવું એ અયોગ્ય છે. અરે એ ભૂમીમાં તમારે રહેવું ઘરાઘરી અનુચિત છે. આ ઉપરથી પરશુરામ સમુદ્ર તીરે ગયા. અને સમુદ્ર પાસે જમીન માગી લઇ એનું શૂર્પારક એવું નામ પાડી તે દેશ વસાવી પોતે ત્યાં રહ્યા. એ દેશ હાલ કોંકણ નામે પ્રસિદ્ધ છે. (શૂર્પારક શબ્દ જુઓ). શૂર્પારક તે હાલનું મુંબઈ પાસેનું સોપારા.

આમ વસ્તુસ્થિતિ ચાલતી હતી. એવામાં ચોવીસમી ચોકડીમાં દાશરથિ રામનો જન્મ થયો.એમણે સીતાના સ્વયંવર કાળે શંકર ધનુનો પોણ તરીકે ભંગ કર્યો. આ વાતની ખબર પડતાં જ પરશુરામ પોતે જનકને ત્યાં ગયા. પરશુરામ ચિરંજીવી હોવાથી એમનામાં વિષ્ણુનું તેજ સદા કાળ રહે, તો કોઇ ક્ષત્રિ ઉગરે જ નહિ. સ્વયં ભગવદીચ્છાથી એમનામાંથી વિષ્ણુતેજ નીકળીને રામના શરીરમાં ગયું. ત્યાર પછી પરશુરામ કેવળ ઋષિ તરીકે જ ગણાવા લાગ્યા. એમની રહેણી કરણી પણ ઋષિ જેવી જ બની રહી. (વા૦ રા૦ બા૦ સ૦ ૭૪–૭૬). પરશુરામ આઠમા સાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્તર્ષિયોમાંનો એક થનાર છે.

આ હકીકત વાલ્મીકિ રામાયણ અને અધ્યાત્મ રામાયણ પરથી સારાંશ રુપે લીધેલી છે. ન્યૂનાધિક્યની શંકા મનમાં આણવી નહિ.

પરસ્પરાયણિ. એક બ્રહ્મર્ષિ. (૩) અંગિરા શબ્દ જુઓ).

પરાંતદેશ. ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

પરાવસુ. વૈશ્ય ઋષિનો પુત્ર. અને વિશ્વામિત્રનો પૌત્ર. (યવક્રીત શબ્દ જુઓ).

પરાવસુ (૨). એ નામનો અસુર.

પરાશર. મૈત્રાવરુણિ વસિષ્ઠના પૌત્ર, અને શક્તિ ઋષિના પુત્ર. એમની માતાનું નામ અદૃષ્યંતિ હતું. એક દિવસ એ વસિષ્ઠ ઋષિની આગળ રમતા હતા, ત્યારે એણે તાત એમ કહીને હાંક મારી. એ સાંભળીને એની માતાની આંખમાં આંસુ આવ્યાં. પરાશરે એ જોઈ રડવાનું કારણ પુછ્યું. એણે કહ્યું ભાઇ, વસિષ્ઠ ઋષિ તારા પિતા નથી, પિતામહ છે. તારા પિતાને તો રાક્ષસો ખાઈ ગયા છે. આ ઉપરથી એમને ઘણું જ દુઃખ થયું. કાંઇ કાળે મોટા થયા તેમ જ તપોબળે કરીને તેજસ્વી પણ થયા. એમના મનમાં રાક્ષસસત્ર કરવાનો વિચાર આવ્યો. અને એમણે તેનો આરંભ ઘરાઘરી કર્યો. હજારોને બાળી મૂક્યા. આ જોઇને પૂલસ્ત્ય ઋષિ એમની પાસે આવ્યા અને સત્ર બંધ કરવા પ્રાર્થના કરી. પણ પરાશર કંઇ એમનું કહ્યું સાંભળે નહિ. એ ઉપરથી પુલસ્ત્યે વસિષ્ટ પાસે જઇને પૌત્ર પાસે સત્ર બંધ કરાવવાની પ્રાર્થના કરી. વસિષ્ટે પરાશર પાસે જઇને એનો કોપ સમાવી, એની પાસે સત્ર બંધ કરાવ્યો. (**ભા૨૦ આદિ૦અ૦૧૭૮**).

પરાશર એ વસિષ્ટકુળમાં મંત્રદ્રષ્ટા હોઇને એના વંશમાં વસિષ્ટ, મિત્રાવરુણ. અને કુંડન એ ત્રણ પ્રવરોના ગૌરપરાશર, નીલપરાશર, શ્વેતપરાશર, કૃષ્ણપરાશર, શ્યામપરાશર અને ધૂમ્રપરાશર એવા ૭ ભેદ થયા હતા.

પરાશરને અગાડી જતાં કૃષ્ણદ્વૈપાયન નામે પુત્ર થયો હતો.(**મત્સ્ય૦ અ૦ ૨૦૦**).

પરિકૂટ.એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

પરિપ્લવ. સોમવંશી પાંડવ વંશીય સુખીનલ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સુનય રાજા.

પરિબર્હ. ગરુડપુત્ર.

પરિવ્રાજકોપનિષદ્. એ નામનું અથર્વણ વેદનું ઉપનિષદ.

પરિશ્રવા. સોમવંશી ભીમસેનનો પુત્ર. એની માનું નામ સુકુમારી. એની સ્ત્રીનું નામ શૈબ્યા સુંદરી. એના પુત્રો દેવાપિ, શાન્તનુ અને બાલ્હિક. એનું પ્રતિપ એવું બીજું નામ હતું. (**ભા૦ આ૦**).

પરિષ્વંગ. સ્વાયંભૂ મન્વન્તરના મરીચિ ઋષિના ૭ પુત્રો પૈકી એક. કૃષ્ણના ભાઈ તરીકે જન્મ લઇ એ કંસને હાથે માર્યો ગયો હતો.

પરીક્ષિત. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળોત્પન્ન એક રાજા. વંશાવળીમાં એનું નામ નથી. આયુ નામના મંડુકાધિપતિની કન્યા સુશોભના એની સ્ત્રી થતી હતી. શલ, બલ અને દલ એ નામના ત્રણ પુત્રો હતા. (**ભા૨૦ વન૦ અ૦ ૧૯૨**).

પરીક્ષિત (૨). સોમવંશી પુરુકુળોત્પન્ન અજમીઢ વંશના સંવરણ રાજાનો પૌત્ર. કુરુ રાજાના પાંચ પુત્રોમાંનો મોટો.

પરીક્ષિત (૩). એ નામનો એક રાજા. એ ક્યા કુળનો હતો એ જણાતું નથી. પરંતુ એને પણ જનમેજય નામે પુત્ર હતો.

પરીક્ષિત (૪). સોમવંશી પુરુકુળોત્પન્ન અર્જુન પાંડવનો પૌત્ર અને અભિમન્યુનો વિરાટ પુત્રી ઉત્તરાને પેટે થએલો પુત્ર. શ્રી ભગવાને અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી એનું ગર્ભમાં રક્ષણ કર્યું હતું. તે વખત ગર્ભમાં એણે શ્રી ભગવાનનાં દર્શન કર્યાં હતાં.

જન્મતાં વાંત જ એ ભગવાનને બોળતો હોય, પરીક્ષા કરતો ન હોય એમ બધાના સામુ જોતો, તે ઉપરથી એનું આ નામ પડ્યું હતું.

स एष लोकविख्यातः परीक्षिदिति यत्प्रभुः ॥
गर्भेदृष्टमनुध्यायन्परीक्षेत नरोत्तम ॥ ३० ॥
(ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૨).

મોટા થયા પછી એણે કૃપાચાર્ય પાસે વેદવિદ્યા અને ધનુર્વિદ્યાનો અભ્યાસ કર્યો હતો. અને એમાં ઘણો પ્રવીણ હતો. એની ઉમ્મરના છત્રીસમા વર્ષે એને રાજ્યાભિષેક કરી, સુભદ્રાને એની પાસે મૂકી પાંડવો સ્વધામ ગયા હતા. (**ભા૨૦ મહાપ્રસ્થા૦ અ૦૧**).

પોતાના મામા વિરાટ પુત્ર ઉત્તરની કન્યા ઇરાવતીને એ પરણ્યો હતો. એને પેટે એને જનમેજય, શ્રુતસેન, ભીમસેન અને ઉગ્રસેન એમ ચાર પુત્ર થયા હતા. પાંડવોની પછવાડી એણે ઉત્તમ પ્રકારે રાજ્ય કર્યું. એક વખત એ રથમાં બેસી અરણ્યમાં ફરતો હતો. તે વખતે એણે રાજ્યચિન્હ ધારણ કરેલા કોઇ શૂદ્રને એક ગાય અને બળદને પીડા કરતો દીઠો. એ પાસે જતાં ગાય અને બળદની સાથે એને કેટલીક વાત થઇ, જે પરથી જણાયું કે ગાય એ પૃથ્વી, બળદ એ ધર્મ, અને શૂદ્ર એ કલિ હતો. કલિને પકડીને એ દંડવા જતો હતો તેટલામાં એ શરણ આવ્યો અને અભય માગ્યું. પરીક્ષિતે કલિને કહ્યું:–

न ते गुडाकेश यशोधराणां
बद्धांजलेर्वैभयमस्ति किंचित् ॥
न वर्तितव्यं भवता कथंचन
क्षेत्रे मदीये त्वमधर्मबंधुः ॥ ३० ॥
त्वां वर्त्तमानं नरदेव देहे
ह्यनु प्रवृत्तो यम धर्मपूगः ॥
लोभोऽनृतं चौर्य मनार्यमंहो
ज्येष्टा च माया कलहश्चदंभः ॥३१॥
न वर्तितव्यं तदधर्मबंधो
धर्मेण सत्येन न च वर्तितव्ये ॥

ब्रह्मावर्तं यत्र यजंति यज्ञै
र्यज्ञेश्वरं यज्ञ वितान विज्ञाः ॥३२॥
(ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૭).

પરીક્ષિતે ત્રણ અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. અને તેને અંગે ભદ્રાશ્વ, કેતુમાળ, ભરતવર્ષ, અને ઉત્તરકુરુ ઇ૦ જંબુદ્વીપના ભાગો જીત્યા હતા એવું ભાગવતપરથી જણાય છે. પરંતુ આ લેખને અર્જુને રાજસૂય યજ્ઞ વખતે જે દિગ્વિજય કર્યો હતો તે વખતના વર્ણનમાં **"पार्थेनेदं त्वया शक्यं पुरं जेतुं कथं च न."** કહ્યું છે તેથી બાધ આવે છે, એટલે કોઇએ પાછળથી બનાવ્યો હશે એમ જણાય છે. પુરાણોમાં આવા લેખ પુષ્કળ મળી આવે છે. પણ પૂર્વાપર વિરોધ હોવાથી આ ગ્રંથમાં ગાળી કાઢ્યા છે.

પરીક્ષિત રાજા આવો નીતિવાન અને ધર્મીષ્ટ હોવા છતાં પણ પ્રારબ્ધ યોગે એને દુર્બુદ્ધિ સુઝી. એક સમય મૃગયાને સારુ ગયો હતો ત્યાં શ્રમિત થવાથી નજરે પડેલા શમીક ઋષિના આશ્રમમાં ગયો. આશ્રમમાં સમાધિસ્થ શમીક ઋષિ શિવાય કોઇ મળે નહિ. રાજાએ સમાધિમાં લીન થઇને બેઠેલા શમીક ઋષિના ગળામાં એક મુવેલો સાપ પહેરાવ્યો અને પોતે ત્યાંથી ચાલતો થયો. આ કાર્ય કોઈ ઋષિના પુત્રે જોયું; તેણે શમીક ઋષિનો પુત્ર શૃંગી, નદીમાં નહાતો હતો ત્યાં જઇને તેને આ સમાચાર કહ્યા. સાંભળતાં જ એને ક્રોધ ચઢ્યો અને ક્રોધથી વિવશ થઈ એણે નદીમાંથી પાણી હાથમાં લઈ શાપ દીધો કે મારા પિતાના ગળામાં સાપ પહેરાવનારનું આજથી સાતમે દિવસે સર્પદંશથી મૃત્યુ થશે. (૨ શમીક શબ્દ જુઓ). પરીક્ષિતે પોતાનો મરણકાળ સમીપ આવ્યો જાણી જનમેજયને રાજ્યગાદી પર બેસાડયો અને પોતે ભાગીરથી ગંગાને દક્ષિણ તીરે અન્ન ત્યાગ કરીને મરવા સારુ બેઠો. ત્યાં શુકાચાર્યે એને ભાગવત્ શ્રવણ કરાવ્યું. સાત દિવસ પૂરા થતાં તક્ષકના દંશથી એનું મૃત્યુ થયું. (**ભાર૦ આદિ૦ અ૦ ૪૦–૪૪**).

પોતાની છત્રિસ વર્ષની ઉમ્મરે પરીક્ષિત રાજા ગાદીએ આવ્યો હતો. એણે સાઠ વર્ષ રાજ્ય કર્યું. મરતી વખત એની ઉમ્મર છન્નુ વર્ષની હતી. (**દેવી૦ ભાગ૦ ૨૦ સ્કં૦ અ૦ ૧૬**). પરીક્ષિત્ રાજા ભરતવર્ષમાં રહેતો હતો એ ખૂલ્લું છે.

यदा परीक्षित्कुरुजांगलेवसन् कलिं प्रविष्टं निज चक्रवर्तिते ॥

આ વાક્ય ઉપરથી કુરુદેશની રાજધાની હસ્તીનાપુરમાં એ રાજ્ય કરતો હતો એ સ્પષ્ટ છે. ભરતખંડના કીયા ખંડમાં હતો એ શંકાસ્પદ છે. પણ કલિની જોડે એના ભાષણમાં છે કે "તું બ્રહ્માવર્ત નામના મારા ક્ષેત્રમાં રહીશ નહિ." એ નિશ્ચયાત્મક છે કે એ ભરતખંડમાં થયો હતો. પાંડવો ભરતખંડમાં થયા હતા એતો સર્વ માન્ય છે.

પરશ. ખર રાક્ષસના બાર અમાત્યમાંનો એક.

પરોક્ષ. સોમવંશી યયાતિ પુત્ર અનુરાજાના ત્રણમાંનો નાનો પુત્ર.

પર્જન્ય. રૈવત મન્વંતરમાંના સપ્તઋષિયોમાંનો એક.

પર્જન્ય (૨). સવિતા નામના આદિત્યનું બીજું નામ. પ્રતિવર્ષ ફાગણ મહિનામાં સૂર્યમંડળ પર એનું આધિપત્ય હોય છે. (૧ તપસ્ય શબ્દ જુઓ).

પર્જન્ય (૩). મુનીના દેવગંધર્વ પુત્રોમાંનો એક.

પર્ણવિ. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

પર્ણાશાલ. ગંગા અને જમના વચ્ચેના યામુનગિરિની તળેટીમાં પૂર્વે હતું તે ગામ. (**ભાર૦ અનુ૦ અ૦ ૬૮**)

પર્ણા. હિમવાન પર્વતની કન્યા, અને જૈગીશવ્ય ઋષિની સ્ત્રી.

પર્ણાગિરિ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

પર્ણાદ. એક ઋષિ.

પર્ણાદ (૨). દમયંતીએ નલની શોધને માટે મોકલેલો બ્રાહ્મણ. (૫. નલ શબ્દ જુઓ).

પર્ણાશા. પારિયાત્ર પર્વતમાંથી નિકળેલી ભારતવર્ષીય નદી. એનું બીજું નામ શીતતોયા. રજપુતસ્થાનમાં આવેલી બનાસ નદી-ચંબલ નદીની એક શાખા તે જ.

પર્યાવર્તન. જે માણસ અતિથી ઉપર અનાહૂત આંખો કાઢે, તેનાં નેત્ર ગીધ પક્ષી જે જગાએ ફોડી નાંખે છે તે નરક.

પર્વણ. રાવણ પક્ષનો એક રાક્ષસ. (**ભાર૦ વન૦ અ૦ ૨૮૫**).

પર્વતઋષિ. નારદનો ભાણેજ. (૨ નારદ શબ્દ જુઓ). જનમેજયના સર્પસત્રમાં એ સદસ્ય હતો.

પર્વતાયુ. બાલધી ઋષિના પુત્ર મેધાવીનું બીજું નામ. (બાલધી શબ્દ જુઓ).

પલાલા. માતૃગણમાનો એક દેવતા.

પલિંગુ. એક બ્રહ્મર્ષિ.

પલિત. લોમશ નામના બિલાડાને પાશ મુક્ત કરનાર એક ઉંદર. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૧૩૮**)

પલ્હવ. એક જાતિ વિશેષ. મનુ એમને ઉત્તરના રહેવાસીઓ કહે છે. વખતે ઇરાનીઓ હોય. તેઓ સગર રાજાની આજ્ઞાથી દાઢી રાખતા. વસિષ્ટની ગાયના પૂંછડામાંથી ઉત્પન્ન થયા એમ મનુ કહે છે; (ડાઉસન).

પલ્હવદેશ. મદ્રદેશની પશ્ચિમે આવેલો સમુદ્રમાંનો દેશ. (**ભાર૦ સભા૦ અ૦૩૨**).

પવન. ઉત્તમ મનુના પુત્રમાંનો એક.

પવન (૨). એક રાજર્ષિ.

પવન (૩). મેરુની તળેટીમાં આવેલા પર્વતોમાંનો એક.

પવનહૃદ. ભારતવર્ષીય તીર્થ.

પવમાન. અગ્નિથી સ્વાહાને પેટે થએલા ચાર પુત્રોમાંનો એક. એના પુત્રનું નામ હવ્યવાહ. અરણીનાં લાકડ ઘસવાથી જે અગ્નિ ઉત્પન્ન થાય છે તે આનો જ અંશ હોઇને તેને ગાર્હપત્ય નામ આપેલું છે. એ અગ્નિ ગૃહસ્થોને મુખ્યત્વે પૂજ્ય છે.

પવમાન (૨). ઉત્તાનપાદ વંશના વિજિતાશ્વ રાજાને શિખંડિનીને પેટે થએલા ત્રણ પુત્રોમાનો બીજો. પૂર્વ જન્મે એ અગ્નિ હોઇને વસિષ્ટ ઋષિના શાપને લીધે બન્ને ભાઇઓ સહિત જન્મ ધારણ કરવો પડયો હતો.

પવમાન (૩). પ્રિયવ્રત મેધાતિથિના સાત પુત્રોમાંનો ત્રિજો. એ શાકદ્વીપના એ જ નામના વર્ષનો અધિકારી હતો.

પવમાન (૪). શાકદ્વીપમાંનો ત્રિજો વર્ષ.

પવિત્ર. ઇંદ્ર સાવર્ણિ મન્વંતરમાંનો દેવ વિશેષ.

પવિત્રકૂટ. ભારતવર્ષીય પર્વત.

પવિત્રપાણિ. એક બ્રહ્મર્ષિ.

પવિત્રવતી. ક્રૌંચદ્વીપમાંની નદી.

પવિત્રા. ભારતવર્ષીય નદી.

પશુપતિ. મહાદેવ.

પશુસુખ. સપ્તર્ષિનો નોકર એક શુદ્ર. એની સ્ત્રીનું નામ ગણ્ડા.

પશ્ચિમ આનર્ત. પશ્ચિમ તરફનો દેશ વિશેષ. એની રાજધાની કુશસ્થલી અગર દ્વારકા. પાંડવોના સમયમાં અહીં બલરામ અને કૃષ્ણ વગેરે રહેતા હતા. (**ભાર૦ સભા૦ અ૦ ૩૨**)

પશ્ચિમ ઉત્સવસંકેત. પાટધાન દેશની કિંચિત્ વાયવ્ય દિશામાં આવેલો દેશ. (**ભાર૦ સભા૦ અ૦ ૩૨**).

પશ્ચિમ કિરાત. પશ્ચિમ બર્બરની પશ્ચિમે આવેલો દેશ. એની પશ્ચિમે પશ્ચિમ યવનદેશ આવેલો છે.

પશ્ચિમ કાંબોજ. પશ્ચિમ સૂરસેન દેશની બરોબર પશ્ચિમે નહિ પણ સહેજ આડે આવેલો દેશ. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૬૦૬.**)

પશ્ચિમત્રિગર્ત. શિબી દેશની પશ્ચિમે આવેલો દેશ. પાંડવોના સમયમાં અહીં ક્ષેમકર ઇ૦ પાંચ રાજા હતા. (**ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૧૬૬.**)

પશ્ચિમદશાર્ણ. મહેત્યદેશની પશ્ચિમે આવેલો દેશ. પાંડવોના સમયમાં અહીં હિરણ્યવર્મા નામનો રાજા હતો.

પશ્ચિમ પાંચાલ. જાંગલદેશની પશ્ચિમે આવેલો દેશ. પાંડવોના સમયમાં અહીં દ્રુપદ રાજા હતો. (**ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૦**).

પશ્ચિમમમર્દર. પશ્ચિમ સમુદ્રમાંનો દેશ.

પશ્ચિમ મત્સ્ય. કુરૂક્ષેત્રની પશ્ચિમે અને સારસ્વત-દેશની પૂર્વે આવેલો દેશ.

પશ્ચિમ માલવ. ઇંદ્રપ્રસ્થની પશ્ચિમે આવેલો માલવા દેશ.

પશ્ચિમ યવન. પશ્ચિમ સમુદ્રમાંનો યવનોનો દેશ.

પશ્ચિમ શક. પશ્ચિમ સમુદ્રમાંનો શક લોકોનો દેશ.

પશ્ચિમ શુરસેન. પશ્ચિમ પાંચાળની પશ્ચિમે આવેલો દેશ. એની રાજધાની મથુરા નગરી.

પહ્લવ. દેશ વિશેષ.

પાક. ઇંદ્રે મારેલે એક અસુર. એના ઉપરથી જ ઇંદ્રનું પાકશાસન એવું નામ પડયું છે.

પાકશાસન. ઇન્દ્રનું એક નામ.

પાકશાસન (૨). અર્જુનનું એક નામ.

પાંચજની. એકડાની સંજ્ઞાવાળો અસિક્ની શબ્દ જુઓ.

પાંચજન્ય. કૃષ્ણના શંખનું નામ. પંચજન નામના દૈત્યના અસ્થિનો બનાવેલો માટે.

પાંચજન્ય (૨). એ નામનો એક અગ્નિ. (**ભા૦ વન૦ અ૦ ૨૨૦.**)

પાંચજન્ય (૩). જંબુદ્વીપની આજુબાજુ આવેલા આઠ ઉપદ્વીપમાંનો છઠ્ઠો ઉપદ્વીપ.

પાંચાલ. પાંચાળરાજાનો દેશ. ઇંદ્રપ્રસ્થની પુર્વે એક અને પશ્ચિમે એક, એમ એ બે દેશ છે. વિશેષ હકીકત સારૂ યોગ્ય સ્થળે જોવું.

પાંચાલ (૨) દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્નનો પિતા.

પાંચાલ્ય. આરુણિ નામનો ઋષિ તે જ.

પાંચાલી. દ્રુપદ રાજાની કન્યા, દ્રૌપદીનું બીજું નામ.

પાટલાવતી. ભારતવર્ષીય નદી. ચંબલ નદી (ચર્મણ્વતી) નો એક ફાંટો કાળીસિંધ તે જ.

પાટિક. શ્યામપરાશરકુળોત્પન્ન એક ઋષિ.

પાંડવ. પાંડુ રાજાની બે સ્ત્રીઓ કુંતી અને માદ્રીને થએલા યુધિષ્ઠિર, ભિમસેન, અર્જુન, નકુળ, અને સહદેવ આ પાંચે પુત્રો, તેમજ તેઓમાંનો દરેક. પુર્વકલ્પમાં તેઓ વિશ્વભુક્, ભૂતધામા, શિબિ, શાંતિ, અને તેજસ્વી એ ક્રમે પાંચ ઇંદ્ર હતા. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૯૭.**)

પાંડવી. પાંડવ પુત્ર અને વંશજોની સાધારણ સંજ્ઞા.

પાંડર. નાગ વિશેષ.

પાંડુ. સોમવંશી પૂરુકુળોત્પન્ન અજમીઢ વંશના કુરૂપુત્ર જન્હુના કુળમાં જન્મેલા વિચિત્રવીર્ય રાજાનો વિચિત્રવીર્યના મરણ પછી અંબાલિકાને પેટે કૃષ્ણદ્વૈપાયન વ્યાસે ઉત્પન્ન કરેલો પુત્ર. (અંબાલિકા શબ્દ જુઓ). એનો જન્મ ધૃતરાષ્ટ્રની પછી થયો હતો, એટલે જો કે ધૃતરાષ્ટ્ર મોટો હતો પણ એ જન્માંધ હોવાને લીધે ભિષ્મે આ પાંડુને ગાદીએ બેસાડયો હતો. ગાદીએ આવીને રાજ્ય કરતો હતો, ત્યારે પ્રથમ કુંતીભોજ નામના રાજાએ પોતાની કુંતી નામની કન્યા અને ત્યારપછી મદ્રદેશના રાજાએ પોતાની માદ્રી નામની કન્યા એને પરણાવી હતી. (કુંતી અને માદ્રી શબ્દ જુઓ).

પાંડુ રાજાએ પોતાની ઉભય સ્ત્રીઓ સહિત સુખે રહી, ભીષ્મની સલાહ પ્રમાણે નીતીથી ઘણાં વર્ષ સુધી રાજ્ય કર્યું. એક સમયે પોતાની બન્ને સ્ત્રીઓને જોડે લઇને વનવિહાર કરવા અરણ્યમાં ગયો. ત્યાં એક દિવસ એ મૃગયા કરતો હતો ત્યારે દમ નામનો કોઇ ઋષિ મૃગવેષે પોતાની સ્ત્રીની સાથે ક્રીડા કરતો હતો. પાંડુને આ વાતની ખબર ન હોવાથી બીજા મૃગના ઉપર બાણ ફેંકતાં એણે એ મૃગવેષ ધારણ કરેલા ઋષિ પર પણ ફેંકયું. એ બાણ એને વાગ્યું અને મરણોન્મુખ થએલા એ મૃગે પોતાનું મૂળરુપ ધારણ કર્યું. પ્રાણ છોડતાં છોડતાં એણે પાંડુને

શાપ્યો કે તું પણ આમ જ સ્ત્રી સમાગમ કરતાં જ મૃત્યુ પામીશ. પાંડુને આ શાપથી પારાવાર દુઃખ થયું; અને આ બધી વાત પોતાની સ્ત્રીઓને કહી. એઓ પણ ઘણી જ શોકાવિષ્ટ બની ગઇ. પરંતુ નિરુપાય હોવાથી એમણે એમ કર્યું, કે રાજા એમની જોડે સમાગમ ન કરે. આ વાતની બહુ જ કાળજી રાખી.

પછી પાંડુને વિચાર થયો કે જો હું હવે નગરમાં જઇને રાજ્ય કરવા માંડું, તો કદાચ સ્ત્રી સમાગમની ઇચ્છા થાય, અને મરવા દહાડો આવે. માટે રાજ્ય પર જવું જ નહિ, અને અરણ્યમાં રહીને શરીર ક્ષીણ કરીને તપ કરવામાં વખત ગાળવો, એ ઉત્તમ. એણે આ બધું વૃત્તાંત ભીષ્મને જણાવ્યું અને એની આજ્ઞા લઈને પોતે સ્ત્રીઓ સહવર્તમાન હિમાલયના શતશૃંગ નામના શિખર પર જઈને રહ્યો. ત્યાં જઇને એણે તપનો આરંભ કર્યો.

પાંડુ રાજા અહીં આ પ્રમાણે તપ કરવામાં અને ત્યાં બીજા તાપસો હતા તેમની જોડે સમાગમ કરવામાં અને ઇતિહાસો સાંભળવામાં કાળગમન કરતો હતો, તેવામાં કુંતીએ એક દિવસ એને કહ્યું કે મને બાળપણમાં દુર્વાસા તરફથી પુત્ર પ્રાપ્તિના મંત્ર મળેલા છે. મને આજ્ઞા કરશો તો એ મંત્રના જપને પ્રભાવે હું પુત્ર ઉત્પન્ન કરીશ. કેમકે હવે સંતતિ થવાનો માર્ગ જ રહ્યો નહિ. પાંડુને એ સાંભળી આનંદ થયો અને એણે અનુમોદન આપવાથી કુંતીએ યમ-ધર્મ, વાયુ અને ઇંદ્ર એમના મંત્રો વડે વર્ષે વર્ષે એક, એમ ત્રણ વર્ષમાં ક્રમે કરીને યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન એમ ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા. બાકી રહેલો એક મંત્ર પોતાની શોક્ય માદ્રીની ઇચ્છાથી એને આપ્યો. એ મંત્ર બે વખત જપવાથી માદ્રીને નકુળ અને સહદેવ એમ બે પુત્રો થયા. આમ ત્રણ અને બે, પાંચે પુત્રો દિવસાનુદિવસ ઉછરતા અને બળ અને તેજવાન થતા જોઇને પાંડુ, રાણીઓ અને બીજા તાપસોને ઘણો હર્ષ થવા લાગ્યો. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૧૮ ૧૨૪.**)

એક વખત એમ બન્યું કે પાંડુને પોતાને થએલા શાપની વિસ્મૃતિ થઇ અને માદ્રીએ ઘણે પ્રકારે મના કરી છતાં તેની સાથે બળાત્કારે સમાગમ કર્યો. એમ થતાં જ તે તત્કાળ મરણ પામ્યો. એ જોઇને સર્વેને વર્ણવાય નહિ એટલો શોક થયો. પણ નિરુપાય. પોતાના યોગથી રાજાનું મૃત્યુ થયું એથી માદ્રીને પણ બહુ જ દુઃખ થયું. માદ્રીએ પોતાના બન્ને પુત્રો કુંતીને સોંપ્યા અને પોતે પાંડુની સાથે સહગમન કર્યું. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૨૫**)

પાંડુને પુત્ર થયાની હકીકત હસ્તિનાપુરમાં ભીષ્મ વીગેરેને પૂર્વે જણાવી હતી. થોડે કાળે પાંડુના મરણના સમાચાર પણ એમના જાણવામાં આવ્યા. કુંતીને અને એના પુત્રોને નગરમાં આણવાનો વિચાર ભીષ્મે કર્યો. એટલામાં તો તપસ્વીઓએ એમને હસ્તિનાપુરમાં પહોંચાડયાં. આથી ભીષ્મને આનંદ થયો. તપસ્વીઓનો એણે માનપૂર્વક સત્કાર કરી વિદાય કર્યા અને કુંતી અને કુમારોને ત્યાં રાખી લીધા.

પાંડુ. એક ક્ષત્રિ. ત્રગડાની સંજ્ઞાવાળા જનમેજયનો પુત્ર. ધૃતરાષ્ટ્રાદિ એને સાત ભાઇઓ હતા.

પાંડુર. એક ઋષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

પાંડુરાષ્ટ્ર. ભારતવર્ષીય દેશ વિશેષ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

પાંડુરોચિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

પાંડ્ય. ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ વન૦ અ૦ ૨૫૪**). પાંડવોના સમયમાં આ દેશ ઇંદ્રપ્રસ્થની દક્ષિણે આવેલી કિષ્કિંધા નગરીની આ બાજુએ હતો. ત્યાં સાગરધ્વજ નામે રાજા હતો. આ દેશના એ જ દિશામાં આવેલા એક ભાગને આ ગ્રંથમાં દક્ષિણ અપર પાંડ્ય નામ કહ્યું છે. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૧**).

પાંડય (૨). અશ્વત્થામાએ મારેલો એ નામનો પાંડવ પક્ષનો એક રાજા. (**ભાર૦ કર્ણ૦ અ૦ ૨૦**).

પાંડય (૩). ચિત્રાઙ્ગદાનો પિતા. દ્રાવિડનો રાજા. એને અશ્વત્થામાએ માર્યો હતો. એનાં પ્રવીર, ચિત્રવાહન અને મલયધ્વજ એવાં બીજાં નામ હતાં.

પાણિક. એક ઋષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

પાણિખાત. ભારતવર્ષીય તીર્થ.

પાણિન. કદ્રૂપુત્ર નાગોમાંનો એક.

પાણિનિ. એક ઋષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ). એ જ વ્યાકરણકર્ત્તા હોવો જોઇએ.

પાણિમાન. વરુણ લોકમાંનો નાગ વિશેષ.

પાતાલ. ભૂમીની નીચે જે સાત લોક છે તેમાંનો સાતમો. બાકીનાને પણ સાધારણ રીતે એ જ નામ કહેવાય છે. નાગ, દૈત્ય, દાનવો. યક્ષ વગેરે ત્યાં રહે છે. વિષ્ણુપુરાણ પ્રમાણે અતલ, વિતલ, નિતલ, ગભસ્તિમત, મહાતલ, સુતલ અને પાતાલ એમનાં નામો છે. પદ્મપુરાણ પ્રમાણે તેમનાં નામ અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ, અને પાતાલ એવાં છે. શિવપુરાણમાં આઠ નામ કહ્યાં છે. પાતાલ, તલ, અતલ, વિતલ, તાલ, વિધિપાતાલ, શર્કરાભૂમિ અને વિજય. નારદે પોતે ત્યાં જઇ આવ્યા પછી તેનું ઘણું સુંદર વર્ણન કર્યું છે. (ડાઉસન).

પાદપ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

પાપહર. ભારતવર્ષીય તીર્થ.

પાપહરા. ભારતવર્ષીય નદી.

પાપાશિની. ભારતવર્ષીય નદી.

પાર. સોમવંશી પૂરુકુળોત્પન્ન અજમીઢ પુત્ર બૃહદ્વિષુના વંશના રુચિરાશ્વ રાજાનો પુત્ર. એને વિભ્રાજ એવું બીજું નામ હતું. પૃથુસેન અને નીપ નામે બે પુત્ર હતા.

પાર (૨). દક્ષસાવર્ણિ મન્વંતરમાંનો એક દેવ વિશેષ.

પારણ. એક બ્રહ્મર્ષિ. (૨ અગસ્ત્ય શબ્દ જુઓ).

પારદ. ભારતવર્ષીય દેશ.

પારસીક. એક દેશ વિશેષ. પરન્તુ એ નામ ભારતમાં મળતું નથી, માટે પૂર્વે એનું બીજું નામ હોઇ આ નામ અર્વાચીન હશે.

પારા. પારિયાત્ર પર્વતમાંથી નિકળતી એક નદી.

પારા (૨). એક અંકસંજ્ઞાવાળી કૌશકી નદીનું બીજું નામ.

પારાવત. એક નાગ વિશેષ.

પારાવતાગ્ર્ય. ધૃષ્ટદ્યુમ્ન.

પારાશર. પરાશર ઋષિના વંશજો.

પારાશર્ય. કૃષ્ણદ્વૈપાયનનું બીજું નામ.

પારિકારારિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

પારિજાત. નારદની જોડે મય દાનવે બનાવેલું સભાગૃહ જોવા આવેલો ઋષિ.

પારિજાત (૨). ક્ષીરસમુદ્રમાંથી ઉત્પન્ન થએલું દેવતરુ, કલ્પવૃક્ષ. (**ભા૦ આ૦ ૧૮–૫૧**) કૃષ્ણ એ વૃક્ષ લઈ ગયા હતા અને સત્યભામાને ત્યાં રોપાવ્યું હતું. (**ભા૦ સ૦ ૫૭; ભાગ ૧૦ સ્કં૦ અ૦ ૫૯; અને હરિવં૦ બીજો અ૦ ૬૪**).

પારિપ્લવ. ભારતવર્ષીય તીર્થ.

પારિપાત્ર. વિંધ્યમાલનો ઉત્તરનો ભાગ. અહીં કૃષ્ણ અને ઇંદ્રને યુદ્ધ થયું હતું. કૃષ્ણના પગના ભારથી એ બેસી ગયો છે. એનું નામાન્તર પારિયાત્ર.

પારિભદ્ર. પ્રિયવ્રતના પુત્ર આધ્રના સાત પુત્રોમાંનો પાંચમો પુત્ર. એનો વર્ષ એના જ નામથી પ્રસિદ્ધ છે.

પારિભદ્ર (૨). શાલ્મલી દ્વીપના સાત વર્ષોમાંનો પાંચમો વર્ષ.

પારિયાત્ર. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળોત્પન્ન કુશ વંશીય અનીહ રાજાના બે પુત્રોમાંનો મોટો પુત્ર. એના પુત્રનું નામ બલ.

પારિયાત્ર (૨). મેરુની તળેટી આગળના પર્વતોમાંનો એક.

પારિયાત્ર (૩). ભારતવર્ષીય એક પર્વત. એમાંથી વેદસ્મૃતા, વેત્રવતી, વૃત્રઘ્ની, સિંધુ, પર્ણાશા, નર્મદા, કાવેરી, મહતી, પારા.

ધન્વતી, રૂપા, વિદિશા, વેણુમતી, શિપ્રા, અવંતી, કુંતી. વગેરે નદીઓ નીકળી છે તે. (**મત્સ્ય૦ અ૦ ૧૧૩**).

પારિયાત્ર (૪). એક નાગ વિશેષ.

પારીક્ષિત. પરીક્ષત્ રાજાના પુત્રોનું સાધારણ નામ. ખાસ કરીને જનમેજયને માટે વાપરવાની રૂઢિ છે.

પાર્થ. પૃથા અથવા કુંતીના યુધિષ્ઠિરાદિક ત્રણ પુત્રોની સંજ્ઞા.

પાર્થિવ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

પાર્વતિકા. ભારતવર્ષીય નદી.

પાર્વતી. દક્ષયજ્ઞમાં બળી મુવા પછી સતીએ હિમાલયને ત્યાં અવતાર લીધો હતો તેથી હિમાલયને સંબંધે પડેલું સતીનું નામ. એ કારણે સતીનાં બીજાં હૈમવતી, ગિરિજા વગેરે અનેક નામ છે.

પાર્વતીય. ભારતમાં દુર્યોધનના મામા શકુનિનું આ નામ મળે છે.

પાર્ષત. પૃષત રાજાના પુત્ર દ્રુપદ રાજાનું બીજું નામ.

પાર્ષતી. દ્રૌપદીનું બીજું નામ.

પાર્ષ્ણિ. ચેકિતાન રાજાનો સારથિ.

પાલ. એક નાગ વિશેષ. (ભા૦ આ૦)

પાલંકાયન. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ.)

પાલિશય. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

પાલોહ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

પાવક. સ્વાહાને અગ્નિથી થએલા ચાર પુત્રોમાંનો એક. વિજળીના ચમકારામાં જે અગ્નિ છે તે આ જ. એ બ્રહ્મચારીઓને પૂજ્ય છે. એનો પુત્ર તે સહરક્ષ નામનો અગ્નિ.

પાવક (૨). ઉત્તાનપાદ વંશીય વિજિતાશ્વ રાજાના ત્રણ પુત્રોમાંનો એક પુત્ર.

પાવકાક્ષ. રામની સેનાનો એક વાનર. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ–૭૩**).

પાવકિ. કાર્તિકેયનું નામ. (અગ્નિભૂ શબ્દ જુઓ.)

પાવન. મિત્રવિંદાને કૃષ્ણથી થએલો પુત્ર.

પાવન (૨). ભારતવર્ષીય તીર્થ.

પાવની. સરસ્વતી નદીનું નામ.

પાવમાન્ય. એક ઋષિ.

પાશાશિની. એક નદી.

પાશિની. શુક્તિમાન પર્વતમાંથી નિકળેલી નદી.

પાશિવાટ. ભારતવર્ષીય દેશ.

પાશી. એક ક્ષત્રિય સોમવંશી ધૃતરાષ્ટ્રનો પુત્ર.

પાશુપત. અથર્વવેદોપનિષત્.

પાશુપત (૨). એક ભારતવર્ષીય તીર્થ.

પાશુપત (૩). શિવનું અસ્ત્ર વિશેષ.

પાંસુરાષ્ટ્ર. વસુદાન રાજાનો દેશ વિદેશ.

પાખંડકપુર. સંજમનીપુરીની આગ્નેયી દિશાએ આવેલું નગર વિશેષ.

પિંગ. એક બ્રહ્મર્ષિ.

પિંગ (૨). એક તીર્થ વિશેષ.

પિંગલ. સૂર્યના અનુચરોમાંનો એક.

પિંગલ (૨). એક ઋષિ. એ જનમેજયના સર્પસત્રમાં અધ્વર્યુ હતો.

પિંગલ (૩). ત્રણની અંક સંજ્ઞાવાળા ભૃગુકુળોત્પન્ન એક ઋષિ. એ જનમેજયના સર્પસત્રમાં એક સદસ્ય હતો.

પિંગલ (૪). છંદશાસ્ત્રનો સમર્થ લખનાર ઋષિ. એણે એ વિષય પર આઠ સૂત્રગ્રંથો લખ્યા છે. ક્રીસ્તી સન પૂર્વે બસેં વર્ષ ઉપર થએલો માનવામાં આવે છે. એને સમુદ્ર કિનારે મગરે મારી નાંખ્યો હતો. **छंदो ज्ञाननिधिं जघान मकरो वेलातटे पिंगलं॥**

પિંગલ (૫). એ નામનો રાજા. ઘણીવાર ચારની સંજ્ઞાવાળા પિંગળ સાથે ભૂલથી એક મનાય છે; અને પિંગલ શાસ્ત્રનો લખનાર કહેવાય છે.

પિંગળક. એક ગંધર્વ.

પિંગળા. મિથિલા નગરીમાં રહેનારી એક વેશ્યા. એ એના ધંધાવાળીઓ કરે છે તેમ એક દિવસ સુંદર વેશથી સજ્જ થઇને રોજના

ક્રમ પ્રમાણે સંધ્યાકાળે કોઇ પુરુષ આવે એવું ઇચ્છતી સતી, પોતાને બારણે ઉભી હતી. પરંતુ તે દિવસે ઘણી વાર ઉભી રહી છતાં કોઈ પુરુષ આવ્યો નહિ. તોપણ મનમાં કોઇ આવે, કોઇ આવે, એમ ધારીને ક્ષણે ક્ષણે બારીએ આવીને ઉભી રહે; અને માર્ગમાં જોયાં કરે. આમ કરતાં કરતાં અરધી રાત વીતી ગઇ, છતાં કોઇએ પુરુષ એની વાંચ્છના કરતો આવ્યો નહિ. આથી એના મનમાં પોતાના ધંધાપ્રતિ તિરસ્કાર ઉત્પન્ન થયો અને વૈરાગ્ય આવ્યો. એના મનમાં આવ્યું કે મારા હૃદયમાં રહેલો પરમ પુરુષ એ જ ખરો. એ પરમાત્મા સિવાય બીજું જુદું છે. એના પૂર્વજન્મના પૂણ્યે કરીને એને જ્ઞાન થયું કે પરમાત્મા જ મારો સનાતન પતિ. પછી એણે અન્ય પુરુષો પ્રતિ તિરસ્કાર ભર્યું ગીત ગાવા માંડયું—

અહો મે મોહવિતતિં પશ્યતાવિજિતાત્મનઃ ॥
યા કાન્તાદસતઃ કામં કામયે યેન બાલિશા ૩૦
સન્તં સમીપે રમણં રતિપ્રદં
વિત્તપ્રદં નિત્યમિમં વિહાય ॥
અકામદં દુઃખભયાધિશોક
મોહપ્રદં તુચ્છમહં ભજેઽજ્ઞા ॥ ૩૧ ॥
અહો મયાત્મા પરિતાપિતો વૃથા
સાંકિત્યવૃત્ત્યાતિવિગર્હ્યવાર્તયા ॥
સ્ત્રૈણાત્રરાર્થતૃષોઽનુશોચ્યાત્
ક્રીતેન વિત્તં રતિમાત્મનેચ્છતી ॥ ૩૨ ॥
યદસ્થિભિર્નિર્મિતવંશવંશ્ય
સ્થૂણં ત્વચારોમનખૈઃ પિનદ્ધમ્ ॥
ક્ષરન્નવદ્વારમગારમેતદ્
વિષ્મૂત્રપૂર્ણં મદુપૈતિ કાન્યા ॥ ૩૩ ॥
વિદેહાનાં પુરેહ્યસ્મિન્નહમેકૈવ મૂઢધીઃ ॥
યાઽન્યમિચ્છન્ત્યસત્યસ્માદાત્મદાત્કામ
મચ્યુતાત્ ॥૩૪॥
સુહૃત્પ્રેષ્ઠતમો નાથ આત્મા ચાયં શરીરિણામ્ ॥
તં વિક્રિયાત્મનૈવાહં સ્મેઽનેન યથા રમા ॥૩૬॥
કિયત્પ્રિયં તે વ્યભજન્કામાયે કામદાનરાઃ॥
આદ્યન્તવન્તો ભાર્યાયા દેવા વા કાલવિદ્રુતાઃ॥૩૬

નૂનં મે ભગવાન્પ્રીતો વિષ્ણુઃ કેનાપિ કર્મણા॥
નિર્વેદોઽયં દુરાશાયા યન્મેજાતઃ સુખાવહઃ॥૩૭॥
મૈવં સ્યુર્મન્દભાગ્યાયાઃ વલેશા નિર્વેદહેતવઃ ॥
યેનાનુબન્ધં નિર્હૃત્ય પુરુષઃ શમમૃચ્છતિ ॥૩૮॥
તેનોપકૃતમાદાય શિરસા ગ્રામ્યસંગતાઃ ॥
ત્યત્ક્વા દુરાશાઃશરણં વ્રજામિ તમધીશ્વરમ્ ॥૩૯
સંતુષ્ટા શ્રદ્દધત્યેતદ્યથા લાભેન જીવતિ ॥
વિહરામ્ય મુનૈવાહમાત્મના રમણેન વૈ ॥૪૦॥
સંસાર કૂપે પતિતં વિષયૈર્મુષિતેક્ષણમ્ ॥
ગ્રસ્તં કાલાહિનાત્માનં કોઽન્યસ્ત્રાતુમધીશ્વરઃ॥૪૧
આત્મૈવ હ્યાત્મનો ગોપ્તા નિર્વિદ્યેત યદાખિલાત્॥
અપ્રમત્ત ઇદં પશ્યેદ્ગ્રસ્તં કાલાહિના જગત્ ૪૨

આવી ચિત્તવૃત્તિ થવાથી એણે પોતાનો ધંધો તજી દીધો, અને ભગવદ્ભક્ત બનીને કૃતાર્થ થઇ. (ભાગ૦ ૧૧ સ્કં. અ૦ ૮).

પિંગલાક્ષ. શિવના રુદ્રગણમાંનો એક.

પિચ્છલ. એક નાગ વિશેષ.

પિચ્છિલા. ભારતવર્ષીય નદી.

પિંજરક. એક નાગ વિશેષ.

પિંજલા. ભારતવર્ષીય નદી.

પિજવન. સુદાસ રાજાનો પિતા. સુદાસ પૈજવન કહેવાતો.

પિઠર. વરુણલોકમાંનો એક અસુર.

પિંડાર. એક નાગ વિશેષ.

પિંડારક. દ્વારકાની પાસેનું એક તીર્થ વિશેષ. (ભાગ૦ ૧૧ સ્કં૦ અ૦ ૧).

પિંડારક (૨). એક નાગ વિશેષ.

પિતર. દેવયોનિમાંની એક જાતિ વિશેષના દેવ. એઓ નિરંતર સ્વર્ગમાં જ રહે છે. એઓ ઘણા તેજસ્વી અને ઇચ્છા પ્રમાણે રુપ ધારણ કરી શકે છે. અગ્નિષ્વાત્ત, સૌમ્ય, કાવ્ય, બર્હિષદ અથવા આર્તવ, સોમપ, સુસ્વધા અથવા આજ્યપ, હવિષ્મંત, અર્યમા, સામ્નય, નિરગ્નય, વૈરાજ ઇત્યાદિ એમના અનેક ભેદ છે. સ્વાયંભુવ મન્વંતર માંહ્યલા દક્ષ પ્રજાપતિએ પોતાની સોળ કન્યામાંથી સ્વધા નામની કન્યા એમને આપી હતી. સ્વધાને પેટે વયુના અને ધરિણી નામે બે બ્રહ્મનિષ્ઠ

કન્યા થઇ હતી. (મત્સ્ય૦ અ૦ ૧૩-૧૫). એમાં અગ્નિષ્વાત્, બર્હિષદ, સોમપ, હવિષ્મંત, આજ્યપ, અને સુકાલી એ અનુક્રમે મરિચી, અત્રિ, ભૃગુ, અંગિરા, પુલસ્ત્ય અને વસિષ્ઠ એમના પુત્ર હોઈ, દેવ, દૈત્ય, બ્રાહ્મણ ક્ષત્રિય; વૈશ્ય અને શૂદ્ર એમને પૂજ્ય છે. (મનુસ્મૃતિ૦ અ૦ ૩૦ શ્લો૦ ૧૯૬-૨૦૦).

પિતામહ. પોતાના માનસપુત્રો વડે પ્રજા નિર્માણ કરાવવાથી તે પ્રજાને અંગે પડેલું બ્રહ્મદેવનું નામ.

પિતામહ (૨) ભીષ્મ તે જ.

પિતામહ (૩) બ્રહ્માનું નામ.

પિતૃકલ્પ. બ્રહ્મદેવના ચાલુ મહિનામાં હવે પછી થનારા ત્રિસમા દિવસ-કલ્પ-નું નામ. (૪ કલ્પ શબ્દ જુઓ.) એ ત્રિસમો કલ્પ તે બ્રહ્મદેવની અમાંસ સમજવી.

પિતૃતીર્થ. ભારતવર્ષીય તીર્થ.

પિતૃવર્તી. પૂર્વે કુરુદેશમાં કૌશિક નામનો એક બ્રાહ્મણ રહેતો, તેના સાત પુત્રો પૈકી કનિષ્ટ પુત્ર. બીજા છોકરા સ્વરુપ, ક્રોધન, હિંસ્ર, પિશુન, કવિ, વાગ્દુષ્ટ, એ નામે હતા; અને સાતમો આ પિતૃવર્તી. એ સાતે ગર્ગમુની પાસે અધ્યયન માટે રહેતા હતા. એઓ અહીં હતા તેવામાં ઘેર એમનો પિતા મરણ પામ્યો. એ બધાએ પિતાનું ઔર્ધ્વદેહિત શ્રાદ્ધ કર્યું. બાદ પાછા ગુરુ પાસે આવીને રહ્યા. એઓ ગુરુનું ગૃહકાર્ય કરી પછી ગુરુની સવત્સી ગાયને વનમાં ચારવા લઇ જતા. એક વખત અનાવૃષ્ટિ થઇ. આથી ખાવાનું અન્ન ન મળવાથી એમને ઘણા અપવાસ પડયા અને દુઃખી થયા. રોજના નિયમ પ્રમાણે એક વખત ગાયને ચરાવવા અરણ્યમાં ગયા ત્યાં સાતે ભાઇઓ ભૂખને લીધે બહુ જ દુઃખી થયા. પારાવારનું દુઃખ પડવાથી એમને લાગ્યું કે ગાયને ભક્ષ કરીએ. આ વિચાર જાણી પિતૃવર્તી, જે સૌથી નાનો હતો તેણે કહ્યું કે તમારે ગાય ખાવી હોય તો પિતૃને સમર્પણ કરીને ખાઓ. બધાએ એનું કહેવું માન્ય કર્યું. પિતૃવર્તી યજમાન બન્યો, બે ભાઇઓને દેવસ્થાને બેસાડયા, ત્રણને પિતૃસ્થાને બેસાડયા અને એકને અતિથિ બનાવ્યો. ત્યાર પછી ગાયને મારીને ભોજન કર્યું. સાંજરે ઘેર આવી વાછરડું ગુરુને સોંપીને જુદું બોલ્યા કે ગાયને વાઘ લઈ ગયો.

કાળાન્તરે આ સાતે ભાઇઓ મરણ પામી, હિંસા અને જુઠું ભાષણ કરવાના પાપને લઇને દશારણ્યમાં વ્યાધ થઇને અવતર્યા. છતાં પિતૃભક્તિના બળવડે એમને પૂર્વજાતિ સ્મરણ હતું, તેથી એમણે બધાએ નિરશનવ્રત કરીને પોતાના દેહ ક્ષીણ કર્યા. પરિણામે થોડા કાળમાં દેહ ત્યાગ કરી સાતે ભાઇઓ એકી વખતે કાલંજર પર્વતપર સાત મૃગ થઇને અવતર્યા. સાતે જણા ત્રીજા જન્મમાં ચક્રવાક અને ચોથા જન્મમાં માનસરોવરમાં હંસ થઇને જન્મ્યા. એઓ માનસરોવરમાં રહેતા હતા તેવામાં સોમવંશીય પુરુકુળના અજમીઢ પુત્ર બૃહદ્વિધૂનો વંશજ વિભ્રાજ નામનો રાજા સ્ત્રીઓ સહવર્ત્તમાન ત્યાં આવ્યો. તેને જોઇને પિતૃવર્તી અને બીજા એને રાજાનું ઐશ્વર્ય જોઇને લોભ થયો. એમ થવાથી યોગભ્રષ્ટ થતાં, મુખ્ય પિતૃવર્તી પક્ષીનું શરીર પડી ગયું અને એ એ જ રાજાના નીપ નામના પુત્રને પેટે બ્રહ્મદત્ત નામે રાજપુત્ર તરીકે અને બીજા બે ભાઇઓ પ્રધાનપુત્રો તરીકે જન્મ્યા. બાકી રહેલા ચાર એ જ રાજાના નગરમાં સુદરિદ્ર નામે કોઇ બ્રાહ્મણ રહેતો હતો તેના પુત્ર તરીકે જન્મ્યા. પેલી શ્રાદ્ધ નિમિત્તે મરાયલી (ગુરુની) ગાય એ પુણ્યે કરીને દેવલ નામના ઋષિની સન્નતી અથવા સરસ્વતી એ નામની કન્યારુપે અવતરી. એ સન્નતી બ્રહ્મદત્ત રાજાની સ્ત્રી થઇ.

ધૃતિમાન, તત્ત્વદર્શી, તપોત્સુક અને વિદ્વાંસ એ નામે અવતરેલા ચારે ભાઇઓ તેમને જનોઇના સંસ્કાર થયા પછી પોતાના પિતાને કહેવા લાગ્યા, કે અમને તપ કરવા અરણ્યમાં જવાની આજ્ઞા આપો. પિતાએ કહ્યું કે હું

દરિદ્રી અને વૃદ્ધ છઉં, માટે મને આમ તજીને જવું એ યોગ્ય નથી. એ ઉપરથી ચારે ભાઇઓએ વિચાર કરી પિતાને એક શ્લોક લખી આપ્યો અને કહ્યું કે આપ આ શ્લોક લઇને બ્રહ્મદત્ત રાજાને બતાવશો। એટલે એ આપને ઘણું દ્રવ્ય આપશે. આમ કહીને ચારે ભાઇઓ તપ કરવા અરણ્યમાં ગયા. ચારે પુત્રોના ગયા પછી સુદરિદ્ર શ્લોક લઇને બ્રહ્મદત્ત રાજા પાસે ગયો. એ શ્લોક આ પ્રમાણે હતોઃ—

ये विप्रमुख्याः कुरुजांगलेषु
दाशास्तथा दासपुरे मृगाश्च ॥
कालंजरे सप्त च चक्रवाका
ये मानसे ते वयमत्र सिद्धाः ॥९॥

આ શ્લોક સુદરિદ્રે આપ્યો તે જોતાં જ બ્રહ્મદત્ત રાજાને ઐશ્વર્યના લોભે કરીને વિસ્મૃત થયેલું પૂર્વજાતિસ્મરણ સ્ફુરી આવતાં મુર્ચ્છા આવી. કંડરિક અને સુબાલક નામે પ્રધાન પુત્રો તરીકે જન્મેલા બન્ને ભાઇઓ પણ એ શ્લોક વાંચીને મુર્ચ્છિત થયા. કેટલીક વારે ત્રણે જણ સાવધ થતાં તેમણે સુદરિદ્રને ઘણું દ્રવ્ય આપી વિદાય કર્યો. બ્રહ્મદત્તે તરત જ પોતાના વિષ્વકસેન નામના પુત્રને રાજ્યાભિષેક કર્યો; અને સ્ત્રીઓ તેમ જ બન્ને પ્રધાન પુત્રો સહવર્ત્તમાન પોતાના પૂર્વજન્મના ચારે ભાઇઓ જ્યાં તપ કરતા હતા ત્યાં ગયો. ત્યાં રહીને તેમની સાથે તપ કરતાં સર્વે સ્વર્ગમાં ગયા. (**મત્સ્ય૦ અ૦ ૨૦–૨૧**).

પિનાક. મહાદેવના અજગવ ધનુષ્યનું નામ.

પિનાક (૨). મહાદેવનું ત્રિશૂળ.

પિનાકિ. અગિયાર રુદ્રમાંનો એક.

પિનાકિ (૨). પિનાક ધારણ કરવાને લીધે પડેલું મહાદેવનું નામ.

પિપ્પલાદ. એક બ્રહ્મનિષ્ટ ઋષિ. દધીચનો પુત્ર.

પિપ્પલાદ (૨). અથર્વ વેદની એક શાખાનો સ્થાપનાર.

પિપ્લાયન. ઋષભદેવના નવ સિદ્ધ પુત્રોમાંનો એક.

પિપ્પલી. ઋષ્યવાન્ પર્વતમાંથી નિકળનારી એક નદી.

પિપ્પલેય. એક ઋષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

પિશાચ. ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

પિશંગ. એક નાગ વિશેષ.

પિશાચ (૨). દેવયોનિમાં ગણેલી એક જાતિ વિશેષ.

પિશુન. કૌશિક ઋષિના સાત પુત્રોમાંનો એક. (પિતૃવર્તીય શબ્દ જુઓ).

પિલિ. એક બ્રહ્મર્ષિ. (ભૃગુ શબ્દ જુઓ).

પીઠ. કૃષ્ણે મારેલો નરકાસુરનો સેનાપતિ. (નરકાસુર શબ્દ જુઓ).

પીતહવ્ય. વીતહવ્યનું જ નામ.

પીતાંબર. પીળું વસ્ત્ર પ્રિય હોવાથી પડેલું વિષ્ણુનું નામ.

પીવરી. અર્હિષદ પિતરની માનસકન્યા. એને વીરિણી પણ કહેતા. એ શુક્રાચાર્યની સ્ત્રી હતી.

પુચ્છાણ્ડક. એક નાગ વિશેષ.

પુંજિકસ્થળા. એક અપ્સરા. એ જ શાપ પામવાથી અંજના રૂપે થઈ હતી.

પુંજિકસ્થલી. વૈશાખ મહિનાના સૂર્યના સમાગમમાં રહેનારી અપ્સરા. (૨ માધવ શબ્દ જુઓ).

પુંડરીક. આઠ દિગ્ગજમાંનો દક્ષિણમાંનો દિગ્ગજ.

પુંડરીક (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં થયેલા કુશાન્વયમાં જન્મેલા નિષધ રાજાનો પૌત્ર, અને નભ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ક્ષેમધન્વા.

પુંડરીક (૩). પાતાળનો એ નામનો એક નાગ. (અમ્બુવાહન શબ્દ જુઓ).

પુંડરીક (૪). એક બ્રાહ્મણ જેને નારદ જોડે નારાયણના સર્વોત્તમત્વ સંબંધે વાદ થયો હતો.

પુંડરીકા. એક અપ્સરા.

પુંડરીકાક્ષ. કૃષ્ણનુ નામાન્તર.

પુંડ્ર. સોમવંશી અનુકુળોત્પન્ન બલીરાજાના છ પુત્રમાંનો એક. એની માનું નામ સુદેષ્ણા.

પુંડ્ર (૨) સુતનુને પેટે વસુદેવને થએલા બે પુત્રોમાંનો મોટો પુત્ર. (વસુદેવ શબ્દ જુઓ).

પુંડ્રદેશ. મોદાગિરી વટાવ્યા બાદ અંગદેશની પછાડી આવેલો ભારતવર્ષીય દેશ. પાંડવોના સમયમાં અહીં પૌંડ્રક વાસુદેવ નામે રાજા હતો. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**).

પુત્રય. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

પુનર્વસુ. ચંદ્રની સત્તાવીસ સ્ત્રીઓ પૈકી એક અને પ્રાચેતસ દક્ષની કન્યા.

પુનર્વસુ (૨). સોમવંશી યદુકુળોત્પન્ન સાત્વત પુત્ર અંધકના વંશના અરિદ્યોત રાજાનો પુત્ર. એને આહુક નામે પુત્ર અને આહુકી નામે કન્યા હતી.

પુનર્વસુ (૩). એ નામનું નક્ષત્ર.

પુનશ્ચંદ્રા. કામ્યક વનની દક્ષિણ તરફ આવેલી નદી વિશેષ.

પુરંજય. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળોત્પન્ન કકુત્સ્થ રાજાનું બીજું નામ.

પુરંજય (૨). સોમવંશી પુરુકુળોત્પન્ન અજમીઢ વંશના સુધનુ રાજાના કુળના જરાસંધ વંશમાં જન્મેલા રિપુંજય રાજાનું બીજું નામ. એને શુનક નામના પ્રધાને મારી નાંખ્યો હતો. (૩ રિપુંજય શબ્દ જુઓ.)

પુરંદર. ચાલુ વૈવસ્વત મન્વંતરમાં સ્વર્ગમાં દેવનો અધિપતિ જે ઇંદ્ર છે તે. કશ્યપને અદિતીને પેટે થયેલો વામન નામે વિષ્ણુનો અવતાર તે આનો સાક્ષકર્ત્તા. સૂર્યવંશના પૃથુરાજાના ચરિત્રમાં આ ઇંદ્રનું નામ મળી આવે છે.

एषोश्वमेधान् शतमाजहार
सरस्वती प्रादुरभावि यत्र ॥
अहारषीद्यस्य हयं पुरंदरः
शतक्रतुश्चरमे वर्तमाने ॥२४॥
(ભાગ૦ ૪ સ્ક૦ અ૦ ૧૬)

એણે પોતાની જયંતી નામની કન્યા શુક્રાચાર્યને દીધી હતી; એથી એ દેવયાનીના આજ્ઞા થાય. શુક્રાચાર્યની પાસે મૃતસંજીવની વિદ્યા શિખવા કચને એણે જ મોકલ્યો હતો. વિશ્વરુપ અને વૃત્રાસુરના વધ આણે જ કર્યા હતા. વામનદ્વારા બલીદૈત્યના યજ્ઞમાં વિઘ્ન કરાવીને અગાડી સાવર્ણિ મન્વંતરમાં ઇંદ્ર થાય એવું આણે જ કર્યું હતું. એના કાળમાં અનેક અટપટો થઇ છે. આના ઇંદ્ર થયાને અઠ્ઠાવીસ મહાયુગ-ચોકડીઓ-થયા છે અને તેંતાલીસ મહાયુગ અને કેટલાંક વર્ષ બાકી છે. ત્યાં સુધી સ્વર્ગનું આધિપત્ય એની પાસે રહેશે.

આ ઇંદ્ર આત્મજ્ઞાન સંપન્ન હોય એમ જણાય છે. પોતાને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય એ હેતુથી એ એક વખત સત્યલોકમાં ગયો હતો. તે વખત પ્રહ્લાદપુત્ર વિરોચન પણ એ જ હેતુથી ત્યાં આવ્યો હતો. બન્ને જણાએ બ્રહ્મદેવની પ્રાર્થના કરીને કહ્યું કે બ્રહ્મ એટલે શું, એ અમને કહો. આ બન્ને જણા બ્રહ્મવિદ્યાના અધિકારી છે કે નહિ એ જોવાને એમણે એમને સંકેતમાં ઉપદેશ કર્યો અને આનો વિચાર કરો એમ કહ્યું. એ સાંભળીને બન્ને પાછા વળ્યા. વિરોચને તો મૂળે જ વિચાર કર્યો નહિ. પુરંદરને સંશય ઉત્પન્ન થાય કે બ્રહ્મદેવ પાસે જાય અને પુછે, એમ ચાર વખત પુછવા ગયો. અને બત્રિસ વર્ષ સુધી વિચાર કર્યાથી એને નિસંશય આત્મસાક્ષાત્કાર થઇ એ કૃતાર્થ થયો.

પુરમાલિની. ભારતવર્ષીય નદી.

પુરાવતી. ભારતવર્ષીય નદી.

પુરુ. ઉત્તાનપાદ વંશના ચક્ષુર્મનુને નડ્વલાને પેટે થએલા પુત્રોમાંનો મોટો પુત્ર. કોઇ કોઇ સ્થળે એનુ પુરુષ એવું નામ પણ મળી આવેછે.

પુરુ. (૨) વસુદેવને સહદેવાને પેટે થએલા આઠ પુત્રોમાંનો મોટો પુત્ર.

પુરુ. (૩). કામ્યકવનની ઉત્તરે પુરુરવાનું જન્મસ્થાન, એક પર્વત વિશેષ.

પુરુકુત્સ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળોત્પન્ન માંધાતા રાજાને બિંદુમતીને પેટે જન્મેલા ત્રણ પુત્રો-

માંનો મોટો પુત્ર. એ એના પિતાના જેવો જ શૂરવીર હતો; અને પિતાની પછી રાજ્યાધિકારી થયો હતો. એણે એક પ્રસંગે નાગોને સાહ્ય કરી હતી, તે ઉપરથી એમણે પોતાની નર્મદા નામે કન્યા એને પરણાવી હતી. એને નર્મદાને પેટે વસુદ અને ત્રસદસ્યુ એમ બે પુત્ર થયા હતા.

પુરુકુત્સ. (૨). એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

પુરુજ. સોમવંશી પૂરુકુળોત્પન્ન અજમીઢ પુત્ર નીલ રાજાના વંશના સુશાંતિ રાજાનો પુત્ર. અર્ક નામનો રાજા તે એનો પુત્ર હતો.

પુરુજિત્. વિદેહવંશી અજનામક જનકનો પુત્ર. એના પુત્રનું નામ અરિષ્ટનેમિ જનક.

પુરુજિત્. (૨). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના રુચક રાજાના પાંચ પુત્રોમાંનો મોટો.

પુરુજિત. (૩). વસુદેવના ભાઈ આનકને કંકાની કુખે થએલા બે પુત્રોમાંનો નાનો.

પુરુજિત્. (૪). કુંતિભોજ રાજાનો પુત્ર, કુન્તીનો ભાઈ અને યુધિષ્ટિર, ભીમ, અર્જુન વગેરેનો મામો. ભારતયુદ્ધમાં પોતાના પિતાની સાથે પાંડવપક્ષમાં હતો. (**ભાર૦ ઉદ્યોગ અ૦ ૧૭૨**). એના રથના ઘોડા ઇન્દ્ર ધનુષ્યના રંગના હતા. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૨૩**) એ ભારતના યુદ્ધમાં અશ્વત્થામાને હાથે મરાયો હતો.

પુરુજિત્. (૫). કૃષ્ણને જાંબુવતીને પેટે થએલા પુત્રમાંનો એક.

પુરુમિત્ર. ધૃતરાષ્ટ્રના સોપુત્રમાંનો એક.

પુરુમિત્ર. (૨). દુર્યોધનપક્ષનો ક્ષત્રિય.

પુરુમિઢ. સોમવંશી પૂરુકુળોત્પન્ન હસ્તિ રાજાના ત્રણ પુત્રોમાંનો કનિષ્ટ.

પુરુષ. એકની અંકસંજ્ઞાવાળા પુરુ રાજાનું બીજું નામ.

પુરુષ. (૨). અખિલ બ્રહ્માંડના પ્રાણરુપ પરિબ્રહ્મ.

પુરુષ. (૩). બ્રહ્મા.

પુરુષ. (૪) રાક્ષસોને પણ આ નામે કહ્યા જણાય છે.

પુરુષોત્તમ. શ્રીકૃષ્ણ.

પુરુહૂત. ચૌદે ઇન્દ્રનું સાધારણ નામ.

પુરુહોત્ર. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામઘ કુળના કથવંશમાં જન્મેલા અનુરાજાનો પુત્ર. એના પુત્રનું નામ આયુ.

પુરુરવા. સોમપુત્ર બુધથી ઇલાને થએલો પુત્ર. એ સોમવંશનો મૂળ પુરુષ છે. એની રાજધાની પ્રતિષ્ઠાન પૂર્વે પ્રયાગની પાસે હતી. (**૪થી ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૩**) ઇલાનો પુત્ર હોવાથી એને ઐલવિલ કહેલો છે. ઉર્વશી અપ્સરાએ એને પસંદ કર્યો હતો અને એ એની સ્ત્રી થઈ હતી.

વૈવસ્વત મન્વંતરના આરંભે ઉર્વશીને મિત્ર નામના આદિત્યનો શાપ થયો હતો કે તું પૃથ્વીપર પડીશ. એથી એ પૃથ્વીપર પડતી હતી, તેવામાં કેશી નામનો દૈત્ય એને પકડીને નાઠો. પુરુરવાએ એને કેશી પાસેથી છોડવી હતી તેથી એ પુરુરવને પરણી હતી. એને પેટે પુરુરવને આયુ, શ્રુતાયુ, સત્યાયુ, રય, વિજય, અને જય એમ છ પુત્ર થયા હતા. ચારે વર્ણની પ્રજાએ પરસ્પર કેવી રીતે વર્ત્તવું એ વિષયે એનો અને કશ્યપ ઋષિનો સંવાદ થયો હતો. (**ભાર. શાંતિ૦ અ૦ ૭૨–૭૩.**).

પુરોચન. મ્લેચ્છ વિશેષ. દુર્યોધનના કહેવા ઉપરથી પાંડવોને બાળી મુકવા સારુ વારણાવતમાં એણે લાક્ષાગૃહ બાંધ્યું હતું. પછી પાંડવો સાથે રહેવાના ઉદ્દેશે ત્યાં ગયો હતો, તે વખત એના રથને ગધેડા જોડ્યા હતા એમ ભારતમાં લખ્યું છે. ભારતના યુદ્ધના સમય સુધી મ્લેચ્છ જાતિ પોતાના રથને ઘોડા જોડતી નહોતી એમ જણાય છે. (**ભાર૦ આદિ૦ અ૦ ૧૪૪**). પાંડવોને લાગ રાખી બાળી મૂકવા આવ્યો હતો, તે તો ક્યાંએ રહ્યું, પણ એ પોતે જ લાક્ષાગૃહમાં બળી મુઓ હતો!

પુરોજવ. પ્રિયવ્રત પુત્ર મેધાતિથિના સાત પુત્રોમાંનો પહેલો. એનો દેશ એને જ નામે પ્રસિદ્ધ છે.

પુરોજવ. (૨). શાકદ્વીપના સાત દેશમાંનો પહેલો.

પુરોજવા. અનીલ નામના વસુનો પુત્ર.

પુલસ્ત્ય. સ્વાયંભુવ મન્વંતરમાંનો બ્રહ્મમાનસ પુત્ર. એ બ્રહ્મદેવના કર્ણમાંથી પ્રકટ થયો હતો. કર્દમ પ્રજાપતિની કન્યા હવિર્ભૂવા એની સ્ત્રી હતી. અને એને પેટે અગસ્ત્ય અને વિશ્રવા એમ બે પુત્ર થયા હતા. એ મન્વંતરની સમાપ્તિ સુધી હોય એમ જણાય છે. પછી જ્યારે મહાદેવના શાપથી સઘળા બ્રહ્મમાનસ પુત્રો મરણ પામ્યા, ત્યારે એ પણ મરણ પામ્યો હતો. (મહર્ષિ શબ્દ જુઓ), આજ્યપ નામનો પિતર તે આનો પુત્ર થાય.

પુલસ્ત્ય. (૨). ચાલુ વૈવસ્વત મન્વન્તરના આરંભમાં બ્રહ્મદેવે પૂર્વે મરણ પામેલા બ્રહ્મમાનસ પુત્રોને પુનઃ જીવતા કર્યા હતા. તેમાંનો આ પુલસ્ત્ય બ્રહ્મદેવે પોતે કરેલા યજ્ઞમાં અગ્નિના પિળચટા વાળમાંથી ઉત્પન્ન થયો હતો. પછી આ જ મન્વંતરની અગિયારમી ચોકડીના સત્યયુગમાં એ મેરુપર્વતની બાજુએ પહેલાંથી તપ કરતો બેઠો હતો. ત્યાં આગળ ગાંધર્વ કન્યાઓ વારેવારે આવતી અને ગાયન કરતી. આથી એના તપમાં વિઘ્ન થતું. માટે એણે એવો શાપ આપી મુક્યો હતો કે આજ પછી જે કન્યા હું બેઠો છું ત્યાં આવશે તે ગર્ભિણી થશે. ત્યારથી ત્યાં કોઇ કન્યા જાય નહિ. આ શાપની ખબર તૃણબિંદુ નામના રાજાની કન્યા ગૌને નહોતી. સબબ તે ફરતી ફરતી ત્યાં ગઇ. ત્યાં જવાથી શાપને લઇને એ કન્યા ગર્ભિણી થઇ. (**ભાર૦ વન૦અ૦ ૨૭૪ શ્લો૦ ૧૨**).આ ઉપરથી તૃણબિંદુએ એ કન્યાને પુલસ્ત્યને જ પરણાવી. ગૌએ પુલસ્ત્યની ઘણા પ્રકારે સેવા કરી, શ્રદ્ધાપૂર્વક એને મુખે થતા વેદાધ્યયનનું શ્રવણ કર્યું, અને પૂરે દહાડે એક પુત્રને જન્મ આપ્યો. એ પુત્રનું નામ વિશ્રવા પાડ્યું–(**વા ૨૦ ઉત્તર સ–૨.**) આ પુલસ્ત્ય દર ચૈત્રમાસમાં સૂર્યના સમાગમમાં સંચાર કહે છે. (૯ મધુ શબ્દ જુઓ.)

પુલસ્ત્ય. (૩). યુધિષ્ટિરને તીર્થયાત્રાની કથા જેણે કહી હતી તે ઋષિ. (**ભાર૦વન૦અ૦૮૨–૮૫**)

પુલહ. સ્વાયંભુવ મન્વન્તરમાંનો એક બ્રહ્મમાનસપુત્ર. એ બ્રહ્મદેવની નાભિમાંથી ઉત્પન્ન થયો હતો અને ગતિ નામની કર્દમ કન્યા એની સ્ત્રી હતી. એને કર્મશ્રેષ્ઠ, વરીયાન્ અને સહિષ્ણુ એમ ત્રણ પુત્રો હતા. પૂર્વે મહાદેવના શાપને લઇને આ પણ મરણ પામ્યો હતો. (મહર્ષિ શબ્દ જુઓ).

પુલહ. (૨). પૂર્વે મરણ પામેલા આ ઋષિને બ્રહ્મદેવે પુનઃ ઉત્પન્ન કર્યો હતો. બ્રહ્મદેવે પોતે કરેલા યજ્ઞમાં અગ્નિના લાંબા કેશમાંથી એ પેદા થયો હતો. અહીં એને સંધ્યા નામની સ્ત્રી અને કર્દમ નામનો પુત્ર હતો. (**ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૧૧૭**) આ પુલહ પ્રસ્તુત મન્વન્તરમાં પ્રતિ વૈશાખ માસમાં સૂર્યના સમાગમમાં સંચાર કરે છે. (૨ માધવ શબ્દ જુઓ)

પુલહ. (૩). એક ઋષિ એના નામ શિવાય કશું વિશેષ જણાતું નથી.

પુલિંદદેશ. પૂર્વે ઇન્દ્રપ્રસ્થની દક્ષિણ દિશામાં આવેલો દેશ વિશેષ. (**ભાર૦ સભા૦ અ૦૩૧**)

પુલિંદનગર. આ નગર કિયા દેશની રાજ્યધાની હતું તે જણાતું નથી. પરંતુ પાંડવોના સમયમાં અહીં સુકુમાર અને સુમિત્ર નામના બે ભાઇઓ રાજ કરતા હતા. (**ભાર૦ સભા૦ અ૦ ૨૯**)

પુલિન. અમૃતનું રક્ષણ કરનાર એક દેવ.

પુલોમા. વૈશ્વાનર દાનવની કન્યા. મારીચ દાનવની બે સ્ત્રીઓમાંની મોટી સ્ત્રી. એના પુત્રનું નામ પૌલોમ.

પુલોમા. (૨), ચાલુ મન્વંતરમાંના વારુણિભૃગૂની સ્ત્રીનું હરણ કરનાર રાક્ષસ.

પુલોમા. (૩) ભૃગૂની સ્ત્રી; જેનું પુલોમા રાક્ષસે હરણ કર્યું હતું તે. ચ્યવન ઇ૦ એના સાત પુત્રો હતા.

પુલોમા. (૪). દૈત્યની સ્ત્રી એના પુત્રો પૌલોમો.

પુષ્કર. એક વરુણપુત્ર. એ વરુણનો બલાધ્યક્ષ છે. (**વા૦ રા–ઉત્તર–સ૦ ૩૩**) સોમકન્યા જ્યોત્સ્ના એની સ્ત્રી થાય. (**ભાર–ઉદ્યોગ અ૦ ૬૮**)

પુષ્કર.(૨) એક બ્રહ્મર્ષિ. કૃષ્ણપરાશર શબ્દ જુઓ.
પુષ્કર. (૩) પાંચડાની સંજ્ઞાવાળા નળરાજાનો ભાઈ.
પુષ્કર. (૪). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળમાં ઉત્પન્ન થયેલ દશરથ પુત્ર ભરતને માંડવીની કુખે થએલા બે પુત્રોમાંનો નાનો. એની રાજધાની ગાંધાર દેશમાં આવેલ પુષ્કલાવત અથવા પુષ્કરાવતીમાં હતી.(વા૦રા૦ઉત્ત૨૦સ૦૧૦૧)
પુષ્કર. (૫) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના કુશ વંશના સુનક્ષત્ર રાજાનો પુત્ર. એનું બીજું નામ કિન્નરાશ્વ હતું. એના પુત્રનું નામ અંતરિક્ષ હતું.
પુષ્કર. (૬). સોમવંશી વસુદેવના ભાઇ વૃકના પુત્રોમાંનો એક
પુષ્કર. (૭) સોમવંશી કૃષ્ણના પૌત્રમાંનો એક.
પુષ્કર. (૮). અજમેરની પાસે આવેલું ભારતવર્ષીય તીર્થ વિશેષ.
પુષ્કર. (૯). એ નામનો પર્વત વિશેષ. (**ભા૦ભી ૧૨-૨૪**)
પુષ્કરદ્વીપ. પૃથ્વીના સાત મહાદ્વીપમાંનો સાતમો મહાદ્વીપ. એ દધિમંડોદ—દહીંના સમુદ્રના બાહ્યપ્રદેશમાં હોઈ, ચોસઠ લાખ યોજન પહોળો છે. એટલી જ પહોળાઈના મીઠાપાણીના સમુદ્રથી વિંટાયલો છે. પ્રિયવ્રત રાજાનો પુત્ર નીતિહોત્ર આ દ્વીપનો અધિપતિ હતો. એણે આ દ્વીપના બે ભાગ કરી પોતાના રમણક અને ધાતકી નામના બે પુત્રોને આપી, તેમના નામપરથી દેશનાં નામ પાડયાં. આ બન્ને દેશની સીમા એ દ્વીપના મધ્યમાં આવેલા માનસોત્તર પર્વતથી બને છે.
પુષ્કરમાલિની. સત્ય નામના ઉંચવૃત્તિ કરનારની સ્ત્રી. (**ભા૨૦ શાંતિ૦ ૨૬.**)
પુષ્કરમાલિની. (૨) ઇન્દ્રની સભાનું નામ.
પુષ્કરારણ્ય. વાટધાન દેશની પાસે આવેલું એક વન વિશેષ. (**ભા૨૦ સભા અ૦૩૨**)
પુષ્કરારુણિ. સોમવંશી પૂરુકુળોત્પન્ન રૌદ્રાશ્વના પુત્ર ઋતેયુ રાજાના વંશના ભરતકુળમાં થએલા દુરિતક્ષય રાજાના ત્રણ પુત્રોમાંનો નાનો પુત્ર. તપવડે કરીને એ બ્રાહ્મણ થયો હતો.
પુષ્કરાવતી, સુર્યવંશના પુષ્કર રાજાની નગરી વિશેષ.
પુષ્કરિણી. ઉત્તાનપાદ વંશના વ્યુષ્ટ રાજાની સ્ત્રી.
પુષ્કરિણી (૨). ઉત્તાનપાદ વંશના ઉલ્મુક રાજાની સ્ત્રી.
પુષ્કરિણી (૩). ભુમન્યુની ભાર્યા. (**ભા૨૦ અ૦ ૧૦૧-૧૩**)
પુષ્કલ. દશરથના પુત્ર ભરતના પુત્ર પુષ્કરનું બીજું નામ.
પુષ્કલ (૨). ઇક્ષ્વાકુ કુળના લાંગલ રાજાનું બીજું નામ.
પુષ્કલાવત. પુષ્કરાવતી નગરીનું બીજું નામ.
પુષ્ટિ. સ્વાયંભુવ મન્વંન્તરમાંના ધર્મઋષિની તેર સ્ત્રીઓમાંની એક.
પુષ્પ. શાલ્મલીદ્વીપમાંનો પર્વત વિશેષ.
પુષ્પક. એક ઇચ્છાગામી—બેસનારની ઇચ્છા થાય ત્યાં લઇ જાય એવું, વિમાન. તપ કરીને વૈશ્રવણે એ મેળવ્યું હતું. (**વા૦રા૦ઉત્ત૨૦ સ૦૩**) રાવણે એની પાસેથી બલાત્કારે લેઇ લીધું હતું. રાવણના વધ પછી તે રામની પાસે આવ્યું હતું. એમાં બેસીને રામ અયોધ્યા ગયા હતા.
પુષ્પજા. મલયપર્વતમાંથી નિકળનારી નદી વિશેષ.
પુષ્પદંત. આઠ દિગ્ગજમાંનો વાયવ્ય દિશાએ આવેલો દિગ્ગજ.
પુષ્પદંત. (૨). એક ગંધર્વ. (**દેવી ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૨૦**) એણે રચેલું મહિમ્ન સ્તોત્ર પ્રસિદ્ધ છે.
પુષ્પદંષ્ટ્ર. કદ્રુપુત્ર નાગમાંનો એક.
પુષ્પધન્વા. પુષ્પનું ધનુષ્ય ધારણ કરવાથી પડેલું મદન—કામદેવનું એક નામ.
પુષ્પભદ્ર. સ્વર્ગમાં આવેલું દેવોનું વન વિશેષ.
પુષ્પરથ. દાશરથિ રામને બેસવાનો એક પ્રસિદ્ધ રથ.
પુષ્પવતી. ભારતવર્ષીય નદી.
પુષ્પવર્ષ. પુષ્પ શબ્દ જુઓ.
પુષ્પવાન. સોમવંશી પૂરુકુળોત્પન્ન ઉપરિચર વસુના પુત્ર બૃહદ્રથના વંશના સત્યહિત રાજાનો પુત્ર. એના પુત્રનું નામ જહુ.

પુષ્પવાહન. એક રાજા. ક્રિયા વંશનો હતો તે જણાતું નથી. એની સ્ત્રીનું નામ લીલાવતી અને એને સહસ્ત્ર પુત્ર હતા.
પુષ્પાનન. એક યક્ષ. (ભા૨૦ સ૦ ૧૦-૧૮.)
પુષ્પાનન. (૨), એક ગંધર્વ.
પુષ્પાન્વેષિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)
પુષ્પાર્ણ. ઉત્તાનપાદ વંશના ધ્રુવનો પૌત્ર અને સ્વર્વીથી વત્સરાને થએલા છ પુત્રોમાંનો મહોટો પુત્ર. એને પ્રભા નામની સ્ત્રી હતી. અને એનાથી એને પ્રાતઃ મધ્યાન્હ અને સાયન્હ, એમ ત્રણ પુત્રો થયા હતા. દોષા નામની બીજી સ્ત્રીથી પ્રદોષ, નિશીથ અને વ્યુષ્ટ, એમ બીજા ત્રણ પુત્રો થયા હતા.
પુષ્પિતક. ભારતવર્ષીય પર્વત.
પુષ્પોત્કટા, સુમાલી રાક્ષસની કન્યા, વિશ્રવા ઋષિની સ્ત્રી, અને રાવણ અને કુંભકર્ણની માતા.
પુષ્પોદકા. યમલોકના માર્ગમાં આવેલી નદી. (**ભા૨૦ વન૦ અ૦ ૨૦૦**)
પુષ્ય. સોમની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક.
પુષ્ય. (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન કુશવંશના હિરણ્યનાભ રાજાનો પુત્ર. ધ્રુવસંધિ એનો પુત્ર થાય. (**દેવી ભાગ૦ ૩ સ્કં૦ અ૦ ૧૪**).
પુષ્ય (૩). એક નક્ષત્ર.
પૂજની. એક ચકલી—પંખણી. (૩ બ્રહ્મદત્ત શબ્દ જુઓ). એને બ્રહ્મદત્ત જોડે સંવાદ થયો હતો.
પૂતના. કંસની અનુચર, એક રાક્ષસી. એનું બીજું નામ બકી પણ હતું. કંસની આજ્ઞાથી એ ગોકુળમાં છોકરાંઓને મારી નાંખતી. પછી કૃષ્ણને મારી નાંખવા તરુણ અને સ્વરુપવાન સ્ત્રીનું રુપ ધારણ કરીને એ નંદના ઘરમાં પેઠી. એનું કપટ કોઇને જણાયું નહિ, એટલે કોઇએ એને અટકાવી નહિ. જ્યોદા અને રોહિણી વગેરેએ જાણ્યું કે એ કોઇ ગોકુળવાસિનિ જ હશે. કૃષ્ણને જ્યાં સુવાડયા હતા ત્યાં જઇને એણે કૃષ્ણને ઝડપથી તેડીને ખોળામાં સુવાડયા, અને ધવરાવવા લાગી. એ પોતાની સ્તનની દિંટડીઓને વિષ ચોપડીને આવી હતી. કૃષ્ણને એ વાત ખબર હોવાથી એમણે વિષ ચુશી લીધું; એટલું જ નહિ પણ જોડે જોડે એના પ્રાણ પણ શોષવા માંડયા. આથી દુઃખી થઇને કૃષ્ણને છોડ છોડ કહેતી ઘાંટા પાડવા માંડી. છેવટે ગતપ્રાણ થઇને ભોંય પડી. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૬**)
પૂતિમાસ. અંગિરા કુળોત્પન્ન એક ઋષિ.
પૂયોદ. રક્ત, પરુ ઇ૦ ભરેલું એક નર્ક વિશેષ. જે મનુષ્ય શુદ્રી, અને એવી નીચ સ્ત્રીઓનો સંગ કરે છે એને આ નર્કમાં યાતના ભોગવવી પડે છે.
પૂરણ. વિશ્વામિત્ર કુળોત્પન્ન એક ઋષિ.
પૂરણ. (૨). એક ઋષિ. (**ભા૨૦ શાંતિ૦અ૦ ૪૭**)
પૂરુ. સોમવંશી પુરૂરવાના પુત્ર આયુના પુત્ર નહુષ અને એના પુત્ર (પુરૂરવાના પ્રપૌત્ર) યયાતિથી શર્મિષ્ઠાને થએલા ત્રણ પુત્રોમાં કનિષ્ટ. એણે પિતાનું ઘડપણ લેઇને ઘણું કષ્ટ ભોગવ્યું હતું. માટે પિતાએ એને રાજ્યાધિકારી કર્યો હતો. એને જનમેજય નામનો એક જ પુત્ર હતો. એની સ્ત્રીનું નામ કૌસલ્યા. બીજી સ્ત્રીનું નામ પૌષ્ટી. પૌષ્ટીથી—થએલા પુત્રો—પ્રવીર, ઇશ્વર અને રૌદ્રાશ્વ.
પૂરુ. (૨). સોમવંશી વિજયકુળોત્પન્ન જન્હુરાજાનો પુત્ર. એને અજ અથવા અજમીઢ એવા નામાન્તરવાળો બલાકાશ્વ નામે પુત્ર હતો.
પૂરુ. (૩). અર્જુનનો સારથિ. (**ભા૨૦સ૦૩૬-૩૦**)
પૂર્ણ. પ્રાધાના પુત્ર દેવગંધર્વોમાંનો એક.
પૂર્ણ. (૨). એક નાગ વિશેષ. (**ભા૨૦ આ૦ ૫૭-૫.**)
પૂર્ણભદ્ર. વૈશ્રવણના સાત અમાત્યોમાંનો એક યક્ષ. એને યજ્ઞ અથવા હરિકેશ નામે પુત્ર હતો. (**મત્સ્ય-અ૦-૨૭૬**)
પૂર્ણભદ્ર. (૨) એક નાગ વિશેષ.
પૂર્ણમાસ. એક બ્રહ્મર્ષિ અને એનું કુળ. (૫ અગસ્ત્ય શબ્દ જુઓ.)
પૂર્ણમાસ (૨). કાલિંદીને પેટે થએલો કૃષ્ણના પુત્રોમાંનો એક.
પૂર્ણમુખ. એક નાગ વિશેષ.

પૂર્ણાયુ. પ્રાધાપુત્ર દેવગંધર્વોમાંનો એક.

પૂર્ણિમા. સ્વાયંભુવ મન્વન્તરમાંના મરીચિ ઋષિના બે પુત્રોમાંનો કનિષ્ટ. એને વિરજ અને વિશ્વગ નામે બે પુત્ર અને દેવકુલ્યા નામે કન્યા હતી.

પૂર્ણિમાગતિક. એક બ્રહ્મર્ષિ.(૩ ભૃગુ શબ્દજુઓ)

પૂર્ણ એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ.)

પૂર્વકિરાત. પૂર્વ તરફ ઇન્દ્રપર્વત પાસે આવેલો કિરાતદેશ. પાંડવોના સમયમાં અહીં સાત કિરાત રાજાઓ રાજ કરતા હતા. ઇંદ્રપ્રસ્થને મધ્યમાં ગણીને એની પૂર્વે આ દેશ આવેલો હોવાથી એનું આ નામ પડયું છે. (**ભા૨૦ સભા૦ અ૦૩૦**)

પૂર્વકોસલ. ઇંદ્રપ્રસ્થની પૂર્વ તરફ આવેલો કોસલ. આ નામ સાધારણ છે. પરંતુ એ દેશના ઇશાન્ય અને આગ્નેય કોસલ એવા બે ભેદ છે. બે વિભાગની સીમા બરોબર જૂદી સમજાવવા સારૂ આ નામ પાડયાં છે.

પૂર્વચિત્તિ. આગ્નિધ્ર રાજાની સ્ત્રી. સ્વાયંભુવ મન્વન્તરમાંની એક અપ્સરા.

પૂર્વચિત્તિ. (૨). વૈવસ્વત મન્વન્તરમાંની પ્રાધાની અપ્સરારુપ કન્યાઓમાંની એક. પ્રતિવર્ષ પોષ માસના સૂર્યના સમાગમે એ સંચાર કરે છે. (સહસ્ય શબ્દ જુઓ.)

પૂર્વદશાર્ણ. પહેલા વિદેહ દેશની પૂર્વ તરફનો દેશ વિશેષ. પાંડવોના સમયમાં અહીં સુધર્મા નામે રાજા હતો. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૬**)

પૂર્વનિષાદ. ભર્ગ નામના દેશનું બીજું નામ. પાંડવોના સમયમાં અહીં મણિમાન્ પ્રમુખ નિષાદ રાજા હતો. (**ભા૨૦ સભા૦અ૦ ૩૦**

પૂર્વપાંચાલ. કુરુદેશની પછી એને લગત આવેલો પૂર્વ તરફનો દેશ. (**ભા૨૦સભા૦ અ૦ ૨૦**)

પૂર્વપાલિ. ભારતીય યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો એક રાજા. (**ભા૨૦ ઉદ્યા૦ અ૦૪**)

પૂર્વભર્ગર. પૂર્વ શકદેશની પૂર્વ તરફ આવેલો ભર્ગર. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**)

પૂર્વમત્સ્ય. સુપાર્શ્વ દેશની પૂર્વે આવેલો દેશ. અહીં પાંડવોના સમયમાં વિરાટ રાજા જ રાજ્ય કરતો હોવો જોઇએ. ભારતમાં એમ છે કે, પાંડવો અજ્ઞાતવાસ સારુ મત્સ્યદેશમાં ગયા હતા. હવે મત્સ્યદેશ બે છે એવું સહદેવ દક્ષિણ તરફ વિજયયાત્રાએ ગયો હતો તે હકીકતમાં છે ત્યારે વિરાટનો મત્સ્યદેશ કિયો ? દક્ષિણ તરફના બન્ને મત્સ્યદેશ કુરુદેશ પાસે આવેલા હોઇને અજ્ઞાત રહેવા યોગ્ય નહોતા.માટે પૂર્વમત્સ્ય દેશમાં જ ગયા હશે અને વિરાટ ત્યાં રાજ્ય કરતો હશે.

પૂર્વમિત્રપદ. ભારતવર્ષીય તીર્થ.

પૂર્વશક. અપર વિદેહની પૂર્વ તરફનો દેશ. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**)

પૂર્વસુચ્ય. આ દેશ પાંડવોના સમયમાં પૂર્વકિરાતની પૂર્વે આવેલા હતા. (પ્રશુહન શબ્દજુઓ)

પૂર્વા. સોમની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક.

પૂર્વા (૨). એ નામનું નક્ષત્ર.

પૂર્વાતિથિ. એક બ્રહ્મર્ષિ (૨ અત્રિ શબ્દ જુઓ)

પૂર્વાભાદ્રપદા. એ નામનું નક્ષત્ર.

પૂર્વાભાદ્રપદા. (૨). સોમની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક.

પૂર્વાભિરામા. ભારતવર્ષીય મહાનદી. (**ભા૨૦ ભી૦ ૯-૨૨**)

પૂર્વાષાઢા. સોમની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક.

પૂર્વાષાઢા (૨). એ નામનું નક્ષત્ર.

પૂર્વેંદ્ર. પૂર્વ કલ્પમાંના પાંચ ઇન્દ્ર, જે પાંડવરુપે જન્મ્યા હતા તે. (પાંડવ શબ્દ જુઓ)

પૂષા દક્ષ પ્રજાપતિના યજ્ઞનો ઋત્વિજ. આ પૂષા તે સ્વાયંભુવ મન્વંતરમાંનો કોઇ એક ઋષિ સમજવો. દ્વાદશ આદિત્યમાંનો પૂષા નામનો આદિત્ય નહિ. કેમકે એ મન્વંતરમાં દ્વાદશ આદિત્ય હતા જ નહિ. એ બાર આદિત્યો તો માત્ર સાંપ્રત મન્વન્તરમાં છે.

પૂષા. (૨). દ્વાદશ આદિત્યમાં માઘ માસમાં જેનો વારો હોય છે તે આદિત્ય. (તપા શબ્દ જુઓ)

પૃથા. શૂરસેન રાજા પાસેથી કુંતિભોજ રાજાએ દત્ત લીધેલી કન્યા. એનું જ અગાડી જતાં કુંતી નામ પડયું અને એ પાંડવોની જનની બની.

પૃથાશ્વ. એક રાજર્ષિ.

પૃથિવી પૃથુરાજાના સંબંધને લઇને ભૂમિનું પડેલું નામ.

પૃથિવીંજય. વરુણ સભામાંના એક અસુરનું નામ.

પુથુ. તામસ મન્વન્તરમાંના સપ્તર્ષિઓમાંનો એક.

પૃથુ (૨). ચક્ષુર્મનુના પૌત્રનો પ્રપૌત્ર, અંગ રાજાનો પૌત્ર અને વેન રાજાનો પુત્ર. વેનરાજા અતિ દુષ્ટ હોવાથી ઋષિયોએ એને મારી નાખ્યો હતો. પરન્તુ રાજ્યને અધિકારી તો જોઇએ, માટે વેનના મૃત શરીરનું મંથન કરીને પૃથુને ઉત્પન્ન કર્યો હતો. પૃથુની સાથે જ ઉત્પન્ન થએલી વેનની કન્યા અર્ચિની સાથે જ ઋષિયોએ એને પરણાવ્યો હતો. વેનનો પુત્ર હોવાથી એનું બીજું નામ વૈન્ય પણ પ્રસિદ્ધ હતું. (**ભા૨૦ દ્રોણ અ૦ ૬૯**) સત્ત્વ રહિત થઈ ગએલી પૃથ્વીને પુનઃ પૂર્વવત્ કરવા સારુ એને શંકરે દશચંદ્ર અને દેવીએ શતચંદ્ર એમ અનુક્રમે બે ખડ્ગ, અગ્નિએ અજગવ નામનું ધનુષ્ય અને વરુણે અમૃતમય છત્ર આપ્યું હતું. એમના યોગથી એ બલાઢ્ય બન્યો હતો. એણે પૃથ્વીની અતિશય વિષમતા દૂર કરીને એને સમ કરી હતી. પછી દોહનાર અને દોણીની કલ્પના કરીને એણે ભૂમીને દોહી હતી, એવો લેખ મળે છે; પણ આ લેખ સૂર્યવંશી પૃથુ વિષયે હોવો જોઇએ, કારણ દૈત્યોમાં પ્રહ્લાદ વિષયે વાછડાની કલ્પના કરેલી છે, તે ચાક્ષુષ મન્વન્તરમાં નહિ, પણ ચાલુ મન્વન્તરમાં સંભવે છે. એને વિજિતાશ્વ અથવા અંતર્ધાન, ધૂમ્રકેશ, હર્યક્ષ, દ્રવિણ અને વૃક એમ પાંચ પુત્રો હતા. અગાડી જતાં વિજિતાશ્વને રાજ્ય આપી પોતે ભાર્યા સહિત અરણ્યમાં ગયો હતો. એનો દેહ અરણ્યમાં જ પડયો હતો. (**ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૧૫-૨૩.**)

પૃથુ (૩). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળમાં થએલા કકુત્સ્થ રાજાનો પૌત્ર અને સુયોધન અથવા અનેન રાજાનો પુત્ર. વૈવસ્વત મન્વન્તરના આરંભમાં આ જબરો પરાક્રમી અને ધર્મસ્થાપક થઇ ગયો છે. પૃથ્વી ઉપર સુધર્મા, શંખપદ, કેતુમાન્ અને હિરણ્યરોમા એવા પૂર્વાદિ દિશાઓમાં ક્રમવાર દિગ્પાલ સ્થાપીને પોતે મધ્યમાં રહેતો હતો.

चतुर्भि रश्मिः पृथुनामधेयो
नृपोऽभिषिक्तः प्रथमः पृथिव्याम् ॥
गतेऽन्तरे चाक्षुषनामधेये
वैयस्वताख्ये च पुनः प्रवृत्ते ॥१२॥
प्रजापतिः सोऽस्य चराचरस्य
बभूव सूर्यान्वयवंश चिन्हः ॥
(**भत्स्य पुराण अ૦ ૮**)

એણે સો યજ્ઞ કર્યા હતા. પૃથુને વિશ્વગ, વિશ્વરંધિ અને વિષ્ટરાશ્વ એમ ત્રણ પુત્રો હતા.

પૃથુ (૪). એક બ્રહ્મર્ષિ (૩. ભૃગુ શબ્દ જુઓ).

પૃથુ (૫). રામની સેનામાંનો એક પ્રસિદ્ધ વાનર. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૭.**)

પૃથુ (૬). સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના રુચક રાજાના પાંચ પુત્રો પૈકી ચોથો.

પૃથુ (૭). સોમવંશી યદુકુળના સાત્વત રાજાના વૃષ્ણિ નામના પુત્રના વંશમાં–વૃષ્ણિપુત્ર ચિત્રરથ રાજાનો મોટો દિકરો. યાદવોમાં એ મોટો પરાક્રમી અને કીર્તિમાન હતો.

પૃથુ (૮). આઠ વસુઓમાંનો એક. (**આ૦ ૧૦૬-૧૧**).

પૃથુગ્રીવ. ખર રાક્ષસના અમાત્યોમાંનો એક. એનું બીજું નામ પૃથુશ્યામ એવું હતું.

પૃથુદર્ભ. ઔશીનર શિબીના પુત્ર બૃહદ્ગર્ભનું બીજું નામ.

પૃથુલાશ્વ. એક રાજર્ષિ.

પૃથુલાક્ષ. સોમવંશી અનુકુળોત્પન્ન અંગવંશના ચતુરંગ રાજાનો પુત્ર. એને બૃહદ્રથ, બૃહત્કર્મા, બૃહદ્ભાનુ અને ચંપ એમ ચાર પુત્ર હતા.

પૃથુવેગ. એક ક્ષત્રિય.

પૃથુશ્યામ. પૃથુગ્રીવનું બીજું નામ.

પૃથુશ્રવા. સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના મહાભોજ રાજાનો પ્રમુખ પુત્ર. એના પુત્રનું નામ ધર્મ હતું.

પૃથુશ્રવા (૨). દૈતવનમાં પાંડવોની જોડે રહેનારો એક ઋષિ.

પૃથુષેણ. ઋષભદેવ વંશના ભરતકુળોત્પન્ન વિભુ-

રાજાનો પુત્ર. એની સ્ત્રીનું નામ આકૃતિ અને પુત્રનું નામ નક્ત હતું.

પૃથુસેન. સોમવંશી પૂરુકુળોત્પન્ન અજમીઢપુત્ર બૃહદ્વિષુના વંશના પાર રાજાના બે પુત્રમાંનો મોટો.

પૃથુસેન (૨). કર્ણના પુત્રોમાંનો એક.

પૃથુદક. ભારતવર્ષીય તીર્થ.

પૃશ્નિ. સ્વાયંભુવ મન્વંતરના સુતપા નામના પ્રજાપતિની સ્ત્રી. એ જ કૃષ્ણાવતાર વખત કૃષ્ણની માતા દેવકી રૂપે જન્મી હતી.

પૃશ્નિ (૨). બાર આદિત્યોમાંના સવિતા નામના આદિત્યની સ્ત્રી.

પૃશ્નિગર્ભ. વિષ્ણુનો એક અવતાર.

પૃષત. સોમવંશી પૂરુકુળના અજમીઢના પુત્ર નીલના વંશના પાંચાલ કુળના સોમક રાજાનો પુત્ર. એનો પુત્ર તે દ્રુપદ રાજા.

પૃષદ્રશ્વ. સૂર્યવંશી વૈવસ્વત મનુના પુત્ર નભગના વંશના અંબરીષના પુત્ર વિરુપ રાજાનો પુત્ર. અંગિરા ઋષિની સેવા કરવા વડે એને બ્રાહ્મણત્વ પ્રાપ્ત થયું હતું તેથી એ એમના ગોત્રનો જ કહેવાયો. એના પુત્રનું નામ રથીતર હતું.

પૃષધ્ર. વૈવસ્વત મનુના દશ પુત્રો પૈકી આઠમો પુત્ર. એ વસિષ્ઠ ઋષિના આશ્રમમાં કાંઇ કાળ સુધી સેવા કરીને રહેતો હતો. એનું કામ ગાયોનું રક્ષણ કરવાનું હતું. એક દિવસ અંધારી રાત્રે ગાયો બાંધી હતી ત્યાં વાઘે પ્રવેશ કર્યો. આથી ગાયો બરાડા પાડવા લાગી. એ સાંભળીને એ હાથમાં ખડ્ગ લઇને ત્યાં ગયો. અંધારું હોવાથી ન દેખાયાથી એણે વાઘ ધારીને એક ગાયનો જ વધ કર્યો. આ ગોવધને લઇને ક્ષાત્રધર્મથી ભ્રષ્ટ થઇ એ અરણ્યમાં ફરતો હતો ત્યાં દાવાનલમાં બળી મૂઓ. (**ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૨**).

પૃષધ્ર (૨). ભારતી યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. એને યુદ્ધમાં અશ્વત્થામાએ માર્યો હતો. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૫૬**).

પૈંગલ. યજુર્વેદનું ઉપનિષદ.

પૈંગલાયન. ભૃગુકુળનો એક ઋષિ. પિંગલ ઋષિનો વંશ જ.

પૈંગ્ય. પિંગ ઋષિનો વંશજ.

પૈજવન. એ નામનો એક શૂદ્ર. એણે પોતાને સ્વાહાકાર, વષટ્કાર આદિ વેદમંત્રોનો અધિકાર ન હોવાથી ઐંદ્રાગ્ન વિધાન વડે કર્મ કરીને બ્રાહ્મણોને દક્ષિણા આપી હતી. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૬૰. શ્લો૦ ૩૭-૩૯**).

પૈપ્પલ. કશ્યપકુળોત્પન્ન એક ઋષિ.

પૈપ્પલ (૨). વસિષ્ઠકુળોત્પન્ન એક ઋષિ.

પૈલ. સ્વાયંભુવ મન્વંતરમાંના સ્વયંભૂ નામના વ્યાસનો સંપૂર્ણ ઋગ્વેદ ભણનારો એક શિષ્ય. "**સુમંતુનાથ પૈલેન તથા જૈમિનિના ચ વૈ**", એવી **યાજ્ઞવલ્કયની** ઉક્તિ છે. એટલે કે સ્વયંભૂ વ્યાસનો અને કૃષ્ણદ્વૈપાયનનો શિષ્ય પૈલ ઋષિ એ જુદા જુદા છે.

પૈલ (૨). એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ)

પૈલ (૩). એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

પૈલ (૪). ઋક્શાખાનું અધ્યયન કરનારા કૃષ્ણદ્વૈપાયન વ્યાસનો શિષ્ય. એ વસુ ઋષિનો પુત્ર હતો. પાંડવોના રાજસૂય યજ્ઞમાં હોતા નામનો ઋત્વિજ થયો હતો.

પૈલગ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

પૈંડ. ભીમસેન પાંડવના શંખનું નામ.

પૈંડ્રકવાસુદેવ. પુંડ્રદેશનો રાજા. એનું નામ વાસુદેવ હતું. પાંડવોના સમયમાં કૃષ્ણ પોતે વાસુદેવ નામ વડે સર્વ દેશોમાં પ્રસિદ્ધ હતા. પોતાની પણ એવી જ પ્રસિદ્ધિ થાય એમ ધારીને આ પાંડ્રકવાસુદેવ કૃષ્ણ જેવાં જ બધાં ચિન્હ ધારણ કરતો અને ખૂદ કૃષ્ણ ઉપર બહુ દ્વેષ રાખતો. એણે એક વખત કૃષ્ણને કહેણ મોકલ્યું હતું કે ખરો વાસુદેવ તો હું છઉં. અને તું મારાં ખોટાં ચિન્હ ધારણ કરે છે. આ ઠીક નથી, માટે એ બધાં ચિન્હ કાઢી નાંખી તું મારે શરણે આવ. દૂતે આવીને કૃષ્ણને બધા યાદવોની રુબરુ આ સંદેશો કહ્યો. આ ઉપરથી બધા યાદવોને હસવું

આવ્યું. એટલામાં કૃષ્ણે દૂતને કહ્યું કે તું ઉતાવળો પાછો જા અને તારા રાજાને કહે કે એની બુદ્ધિ ઠેકાણે લાવવા હું તરત જ આવું છું. આ સાંભળીને પૌંડ્રકવાસુદેવ કાશી ગયો. ત્યાંના રાજાને અને એને સ્નેહસંબંધ હોવાથી એને બધી વાત કરી, પોતે ત્યાં જ રહ્યો. પછી થોડા દિવસમાં યાદવોને લઇને કૃષ્ણ એની પાસે આવવા નિકળ્યા. એ કાશી જતો રહ્યો છે એ સમાચાર જાણતાં પોતે કાશી ગયા અને સઘળા દરવાજા રોકી લીધા. આ સાંભળીને પોતાનું બે અક્ષોહિણી સૈન્ય અને કાશીરાજનું ત્રણ અક્ષોહિણી સૈન્ય લઇને કૃષ્ણની સંમુખ આવ્યો. તે વેળા એણે પીતાંબર પહેર્યો હતાં ! મકરાકાર કુંડળ ઘાલ્યાં હતાં ! કૃત્રિમ ગરુડધ્વજ રાથે હતો ! કૃત્રિમ કાસ્તુભ મણિ પણ ધારણ કર્યો હતો ! આ બધું જોઇને બધા યાદવોને ખૂબ હસવું આવ્યું ! પછી કૃષ્ણ અને એની વચ્ચે ખૂબ સંભાષણ થયું અને યુદ્ધ થયું તેમાં કૃષ્ણે કાશીરાજ સહિત એને મારી નાંખ્યો. પછી કૃષ્ણ યાદવોની સાથે દ્વારકા પાછા પધાર્યા. (**ભા૦ ૧૦ સ્કં૦ અ૦ ૬૬**).

પૌંડ્રકમાત્સ્યક. ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

પૌદન્યપુરી. સૂર્યવંશી અશ્મક રાજાએ વસાવેલી એક નગરી.

પૌર. ત્રણની અંકસંજ્ઞાવાળા ભૃગુકુળોત્પન્ન એક ઋષિ.

પૌરવ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

પૌરવ (૨). પૂરુકુળોત્પન્ન એક મહા દાનશૂર રાજા. એના વંશને પૌરવ કહેવાય છે. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૫૭**)

પૌરવ (૩). અશ્વત્થામાએ મારેલો પાંડવ પક્ષનો એક રાજા. (**ભા૦ દ્રોણ૦ અ૦ ૨૦૦**).

પૌરવ (૪). પાંડવોએ મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા. એને દમન નામે પુત્ર હતો.

પૌરવી. વસુદેવની સ્ત્રીઓમાંની એક.

પૌરવી (૨). યુધિષ્ઠિરની સ્ત્રી.

પૌરુકુત્સ. પુરુકુત્સનો પુત્ર ત્રસદસ્યુ તે.

પૌરુષેય. જેઠ મહિનાના સૂર્યના સમાગમમાં આવે છે તે રાક્ષસ. (૫ શુક્ર **શબ્દ** જુઓ).

પૌર્ણમાસ. એક ઋષિ. (૨ અગસ્ત્ય શબ્દ જુઓ).

પૌલકાયિની. ત્રગડાની સંજ્ઞાવાળા અંગિરા કુળમાં થએલો ઋષિ.

પૌલમૌલિ. એક ઋષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

પૌલસ્ત્ય. પુલસ્ત્ય ઋષિના પુત્ર વિશ્રવા ઋષિનું નામાન્તર.

પૌલસ્ત્ય (૨). એક ઋષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

પૌલસ્ત્ય (૩). એક ઋષિ. (૨ અગસ્ત્ય શબ્દ જુઓ).

પૌલહ. પુલહ ઋષિનો વંશજ.

પૌલિ. એક ઋષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

પૌલોમ. પુલોમાનો પુત્ર. એ હિરણ્યપુરમાં રહેતો હતો અને એને અર્જુને માર્યો હતો.

પૌલોમ (૨). દક્ષિણ સમુદ્ર આગળનું તીર્થ વિશેષ. (નારી તીર્થ શબ્દ જુઓ).

પૌલોમી. બાર આદિત્ય માંહ્યલા શક્ર નામના આદિત્યની સ્ત્રી. એ પુલોમાની કન્યા હતી. એમ જણાય છે, કારણ ગ્રંથોમાં એ અસુર કન્યા હોવાનું માલમ પડે છે.

"**શક્રસ્ત્વમેવ પૌલોમી સીતા સ્વાહાનલો ભવાન્**" (**અધ્યા૦ ૨૦ અયો૦ સ૦ ૧**). શચી અને આ એક એવું કોઇ કહે છે એ ભૂલ છે.

પૌષજિતિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

પૌષ્ટી. પુરુની ભાર્યા (**ભા૦ આ૦ ૮૮-૮૪**).

પૌષ્ય. સૂર્યવંશી પુષ્યરાજાના પુત્ર ધ્રુવસંધિનું બીજું નામ. એની સ્ત્રીએ ઉત્તંક ઋષિને ગુરુદક્ષિણામાં પોતાના કાનનાં દિવ્ય કુંડળો આપ્યાં હતાં.

પૌષ્યાયન. એક બ્રહ્મર્ષિ. (ભૃગુ શબ્દ જુઓ).

પ્રકાલન. નાગ વિશેષ. (**ભા૦ આ૦ ૫૭-૬**).

પ્રકાશ. તમ ઋષિનો પુત્ર. એનો પુત્ર વાગીંદ્ર. (વીતહવ્ય શબ્દ જુઓ).

પ્રકાશ. (૨). વિષ્ણુના દૂત.

પ્રકાશક. રૈવત મનુના પુત્રમાંનો એક.

પ્રગાથા. એક બ્રહ્મર્ષિ.

પ્રઘસ. મારુતીએ મારેલો રાવણ પક્ષનો એક રાક્ષસ. (**વા૦ રા૦ સુંદર સ૦ ૪૬**).

પ્રઘસ (૨). સુગ્રીવે મારેલો બીજો એ નામનો રાક્ષસ. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩**).

પ્રઘસા. અશોક વનમાં સીતાના સંરક્ષણ સારુ રાખેલી એક રાક્ષસી. (**વા૦ રા૦ સુંદર૦ સ૦ ૨૪**).

પ્રઘાસ. રાવણ પક્ષનો એક રાક્ષસ.

પ્રઘોષ. લક્ષ્મણને કૃષ્ણથી થએલા પુત્રોમાંનો એક.

પ્રચંડ. વિષ્ણુના આઠ પાર્ષદમાંનો એક.

પ્રચિન્વાન. સોમવંશી પુરુ રાજાના પુત્ર જનમેજયનો પુત્ર. એના પુત્રનું નામ પ્રવીર.

પ્રચેતસ. ઉત્તાનપાદ વંશના પ્રાચીનબર્હિ-રાજાને શતદ્રુ અથવા સવર્ણા નામની ભાર્યાની કુખે થએલા દસ પુત્રો. એ બધા સરખા શીલવાન હોવાથી તેમણે તપ કરીને રુદ્રને પ્રસન્ન કર્યા. એમનો મનોરથ પાર પડ્યો. પૃથ્વીને ઘણાં વૃક્ષોવડે ભરપૂર જોઈ એમણે પોતાના નેત્રાગ્નિ વડે વૃક્ષોને બાળવા લાગ્યા. કંડુ ઋષિને પ્રમ્લોચા નામની અપ્સરાથી થએલી મારીષા નામની કન્યા વૃક્ષોનું પાલન કરતી હતી. એ કારણથી મારીષાનું વાર્ક્ષી એવું નામ પડ્યું હતું. એ મારીષાને એમને પરણાવી શાંત કર્યા. એઓ બહુ સમર્થ હતા. વાર્ક્ષીને પેટે એમને ચંદ્રવતી નામે કન્યા અને દક્ષ નામે પુત્ર થયો હતો. એ પ્રાચેતસ દક્ષ એ નામે પ્રસિદ્ધ હતો.

પ્રચેતા. વરુણનું નામાન્તર.

પ્રચેતા (૨). સોમવંશી કુદ્યુકુળોત્પન્ન દુર્મના રાજાનો પુત્ર. એને પ્રાચેતસ નામે સો પુત્ર હતા.

પ્રજંઘ. અંગદે મારેલો રાવણ પક્ષનો એક રાક્ષસ. (**વા૦ રા૦ યુ૦ સ૦ ૭૫**).

પ્રજંઘ (૨). રામ પક્ષનો એક વાનર. એણે સંપાતિ ઇત્યાદિ રાક્ષસોને માર્યા હતા. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩**).

પ્રજન. સોમવંશી પૂરુકુળના કુરુ રાજાના પાંચ પુત્રો પૈકી નાનો.

પ્રજાગરા. એક અપ્સરા.

પ્રજાપતિ. મુખ્યત્વે કરીને બ્રહ્મદેવનું નામ.

પ્રજાપતિ (૨). મરીચી આદિ બધા બ્રહ્મમાનસપુત્રો અને તેમના જ કશ્યપાદિ પુત્રો તે.

પ્રજાપતિ (૩). વૈવસ્વત મન્વન્તરની બીજી ચૌકડીમાંનો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ).

પ્રણિધિ. અગ્નિ વિશેષ. (વ૦ ૨૨૨—૯).

પ્રતપન. નલે મારેલો રાવણ પક્ષનો રાક્ષસ. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩.**)

પ્રતર્દન. સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કાશ્ય નામના પૌત્રના વંશના દિવોદાસ નામના રાજાનો પુત્ર. દિવોદાસને આ માધવીની કુખે થયો હતો. (૩ ગાલવ શબ્દ જુઓ). એ મોટો પરાક્રમી હતો. એના પરાક્રમ વડે એણે દ્યુમાન્, શત્રુજિત્, કૃતધ્વજ, કુવલયાશ્વ, એવાં ચાર બિરુદો સંપાદન કર્યાં હતાં. એને અલર્કાદિ કેટલાક પુત્રો હતા. એ કાશ્યકુળનો હોવાથી કેટલાક પુરાણોમાં એને કાશીપતિનો પુત્ર કહ્યો છે પણ એ ચૂક છે, એમ ઘણા ગ્રંથોથી જણાય છે.

પ્રતર્દન (૨). કાશીપુરીના રાજા સુદેવના સૌદેવ અથવા દિવોદાસ નામના પુત્રને ભારદ્વાજ ઋષિના પ્રસાદથી થએલો પુત્ર. એના જન્મથી એના પિતાને ઘણો જ આનંદ થયો હતો. મોટો થતાં ભારદ્વાજ ઋષિને ત્યાં ભણી ગણીને નિપુણ થયો ત્યારે એણે પોતાના પિતાને પુછવા લાગ્યો કે આપણે રાજ્ય વગેરે ઐશ્વર્ય કેમ નથી ? પિતાએ અંગલી હકીકત કહી કે વૈવસ્વત મનુના પુત્રનો શર્યાતિ પુત્ર હૈહયના વીતહવ્ય નામના પુત્રે મારું રાજ્ય લઇ લીધું છે; અને હું માત્ર જીવ ઉગારીને અહીં રહ્યો છું. એનો પરાભવ કરવાને તને ઉત્પન્ન કર્યો છે. હવે તને સૂઝે તે કર. પિતાનું આ વાક્ય સાંભળી એને

પારાવાર કોપ થયો. લાગલો જ પિતાને વંદન કરીને નિકળી પડ્યો તે કાશી ગયો. ત્યાં વીતહવ્યનું ને એનું જબરું યુદ્ધ થયું. વીતહવ્યના સોએ પુત્રોનો, તેમ જ મોટા ભાગની સેનાનો નાશ કર્યો. એ જોઇને વીતહવ્ય ત્યાંથી નાઠો, તે પોતાની સુકન્યા નામની બહેનના પતિ ચ્યવન ભાર્ગવના આશ્રમમાં આવ્યો. પ્રતર્દન મારી પૂંઠે પડ્યો છે કહીને ત્યાં સંતાઈ ગયો. વીતહવ્ય નાઠો એટલે પ્રતર્દન એની પૂંઠે પડ્યો હતો તે પણ આ જ આશ્રમમાં આવી પહોંચ્યો. ઋષિને વંદન કરીને કહ્યું કે કૃપા કરીને અહીં કોઇ ક્ષત્રિ હોય તો તેને મારે સ્વાધીન કરો. પરન્તુ ઋષિએ એનો સત્કાર કરીને કહ્યું કે રાજેન્દ્ર ! અહીં ક્ષત્રિ કોઇ નથી. અમે સર્વ બ્રાહ્મણો જ છીએ. ભલે, એમ કહી ઋષિની આજ્ઞા લઇ પ્રતર્દન ત્યાંથી પાછો ફર્યો. (વીતહવ્ય શબ્દ જુઓ). સારાંશમાં એ કે એણે પિતાને રાજ્ય પાછું સંપાદન કરી આપ્યું. કાલાન્તરે પિતા અરણ્યમાં ગયા ત્યારે એ રાજા થયો. આ પ્રતર્દન એવો દાનશૂર હતો કે એણે એક વખત એક બ્રાહ્મણને પોતાના એક પુત્રનું દાન કર્યું હતું. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૩૫**) અને (**ભા૨૦ અનુ૦ અ૦ ૧૩૭**).

કૌષીતકી નામના ઉપનિષદમાં આ પ્રતર્દનના પરાક્રમ અને ચાતુર્ય સંબંધે એક વાત છે. એણે સઘળી પૃથ્વી પોતાને તાબે કરી સઘળા રાજાઓને પોતાના પગ તળે ચાંપ્યા. પછી એને વિચાર આવ્યો કે હું સુરલોકને જીતું. હાથમાં ધનુષ્ય બાણ લઇ માત્ર એક સેવકને જોડે લઇ એ ઇંદ્રલોકમાં ગયો. પોતે બહાર ઉભો રહીને દૂતને ઇંદ્ર પાસે મોકલી કહેવરાવ્યું કે હું યુદ્ધ સારુ આવ્યો છું: માટે બહાર આવી મને જીત. નિકર હાર્યો એમ કબૂલ કર. દૂતે જઈને એ પ્રમાણે કહેતાં ઇન્દ્રને આશ્ચર્ય લાગ્યું અને દેવસેના લઈને પોતે એની પાસે આવ્યો. જુએ છે તો એ એકલો જ યુદ્ધ સારુ ઉભો છે. આથી વળી એને ઘણું જ આશ્ચર્ય લાગ્યું અને દેવ સેનાને લઢવાની આજ્ઞા કરી. દેવસેનાનું અને એનું જબરું યુદ્ધ થયું. એણે સર્વ દેવોને મૂર્ચ્છા પમાડ્યા. એનું પરાક્રમ જોઇ ઇન્દ્રને બહુ સંતોષ થયો, અને બોલ્યો કે હું તારા ઉપર પ્રસન્ન થયો છું. તારી ઇચ્છા હોય તે માગ ! ઇન્દ્રનું ભાષણ સાંભળતાં જ એણે નમ્ર થઇ જઇ ઇન્દ્રને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી હાથ જોડી બોલ્યો કે હે દેવરાજ ! તને ધન્ય છે. રજોગુણ ભર્યો હું, દેવલોક જીતવા આવ્યો અને તારાથી યુદ્ધ કર્યું; એ મારો મોટો અપરાધ, હું શત્રુ છતાં તેં માફ કરીને મને વરપ્રદાન કરવાનું કહ્યું. દેવો સત્વગુણી છે એ જે મેં સાંભળ્યું હતું તે યથાર્થ છે. હવે મને વરપ્રદાન કરો છો જ, તો આ પૃથ્વીપર સારામાં સારું શું છે તેની મને ખબર ન હોવાથી તમે જાતે તેનો વિચાર કરીને તે મને આપો. એના આ જવાબથી ઇન્દ્ર વિશેષ પ્રસન્ન થયો. સહુથી શ્રેષ્ટ તો બ્રહ્મવિદ્યા, પણ તે આને કેમ અપાય, એ ધર્મસંકટમાં ઇન્દ્ર પડ્યો. એ મારી પાસે મુમુક્ષુપણાથી દોરવાઈને નહિ, પણ શત્રુભાવે આવ્યો છે. વારુ જો ન આયું તો મેં એને માગવાનું કહ્યું છે અને તું જ વિચાર કરીને આપ એમ મુમુક્ષુની પેઠે એણે કહ્યું છે. છેવટે વિચાર કરીને ઇન્દ્રે એને બ્રહ્મવિદ્યા આપી. એમ કૃતાર્થ કરીને વિદાય કર્યો, ત્યાંથી એ પાછો કાશીપુરીમાં આવ્યો. એ દાશરથિ રામનો પરમ મિત્ર હતો.

પ્રતાપ. જયદ્રથનો મિત્ર, એક રાજા. (૩ જયદ્રથ શબ્દ જુઓ).

પ્રતિ. સોમવંશી આયુકુળોત્પન્ન સુહોત્રના પુત્ર કુશનો પુત્ર. એનો પુત્ર તે સંજય રાજા.

પ્રતિબાહુ. સોમવંશી શ્વફલ્કના તેર પુત્રોમાંનો કનિષ્ઠ.

પ્રતિબાહુ (૨). કૃષ્ણનો પ્રપૌત્ર. એનો પુત્ર તે સુબાહુ.

પ્રતિભાનુ. સત્યભામાને કૃષ્ણથી થએલા પુત્રોમાંનો એક.

પ્રતિમત્સ્ય અથવા મત્સ્ય } ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

પ્રતિરુપા. આગ્નીધ્રપુત્ર કિંપુરુષની સ્ત્રી, અને મેરુની કન્યા.

પ્રતિવિંધ્ય. દ્રૌપદીને યુધિષ્ઠિરથી થએલો પુત્ર. એ જન્મકાળે શત્રુપ્રહરણ વિષયે વિંધ્ય પર્વત જેવો અચળ દેખાવાથી એનું આ નામ પડયું છે. યુદ્ધમાં જતાં એના રથને, આખે શરીરે સફેદ અને કંઠ આગળથી જ માત્ર કાળા એવા ઘોડા જોડાવતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૩**) ભારતનું આખું યુદ્ધ સમાપ્ત થતાં સુધી એ ઉગર્યો હતો. પણ અઢારમે દિવસે રાત્રે કેટલાક વીરોની સાથે તંબુમાં સુતો હતો ત્યાં અશ્વત્થામાએ એને માર્યો હતો.

પ્રતિવિંધ્ય. (૨). ભારતના યુદ્ધમાં આવેલો દુર્યોધન પક્ષનો શાકલ દેશાધિપતિ એક રાજા.

પ્રતિવ્યોમ. સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુલોત્પન્ન કુશાન્વયમાં થએલા વત્સવૃદ્ધ રાજાનો પુત્ર એને ભાનુ નામે પુત્ર હતો.

પ્રતિશ્રવા. ભીમસેન અને સુકુમારીનો પુત્ર.

પ્રતિશ્રુત. શાંતિદેવાની કુખે થએલો વસુદેવનો પુત્ર.

પ્રતિષ્ઠાનપુર. હસ્તિનાપુર સમીપ આવેલી ઇલાપુત્ર પુરુરવા રાજાની નગરી. એનું બીજું નામ વર્ધમાનપુર પણ હતું.

પ્રતિહર્તા. ઋષભદેવ વંશના ભરતાન્વયમાં થએલ પ્રતિહ રાજાનો સુવર્ચલાને પેટે થએલા ત્રણ પુત્રોમાંનો મોટો. એ યજ્ઞ કર્મમાં બહુ નિપુણ હતો. એને સ્તુતિ નામની સ્ત્રીને પેટે અજ અને ભૂમા નામના બે પુત્ર થયા હતા.

પ્રતીક. સૂર્યવંશી નૃગકુળોત્પન્ન વસુરાજાનો પુત્ર. એના પુત્રનું નામ ઓઘવાન્.

પ્રતિકાશ્વ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન કુશાન્વયના ભાનુમાન્ અથવા ક્રુવાશ્વ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સુપ્રતીક.

પ્રતીંધક. પ્રદીપક શબ્દ જુઓ.

પ્રતીપ. સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢવંશ સંભૂત કુરુપુત્ર જન્હુના વંશના દિલીપ રાજાનો પુત્ર. એ ઘણો જ વૃદ્ધ થયો હતો છતાં એને કાંઇ સંતતિ થઇ નહોતી. પુત્ર પ્રાપ્તિ સારૂ એણે ગંગાદ્વારે જઇને તપનો આરંભ કર્યો. કાંઇ કાળ ગયા પછી ગંગા પ્રત્યક્ષ થઇને એની પાસે આવીને એના જમણા ખોળા પર બેઠાં. તે જોઇને એણે ગંગાને કહ્યું કે તું મારી પુત્રવધુ થાય એવી મારી ઇચ્છા છે. ગંગા તથાસ્તુ કહીને અંતર્ધાન થયાં. એ પોતાના દેશમાં પાછો આવ્યો. કેટલોક સમય વીત્યા પછી એને દેવાપિ, શંતનુ અને બાલ્હિક એમ ત્રણ પુત્રો થયા. શંતનુ ઉપર એને બહુ પ્રીતિ હતી. એણે એને કહી મૂક્યું હતું કે તું જ્યારે અરણ્યમાં જાય અને કોઇ સ્ત્રી તારી પાસે આવે તો તારે એને પરણવું. એને ના કહેવી નહિ. પછી થોડા કાળમાં જ એનું મૃત્યુ થયું. પછી શંતનુને ગંગા પ્રાપ્ત થયાં હતાં અને એ એને પરણ્યો હતો. (શંતનુ શબ્દ જુઓ).

પ્રતીહ. ઋષભદેવ વંશના ભરતકુળના પરમેષ્ટિ રાજાને સુવર્ચલાની કુખે થએલો પુત્ર. એની સ્ત્રીનું નામ પણ સુવર્ચલા હતું, અને એને પ્રતિહર્તા, પ્રસ્તોતા, અને ઉદ્‌ગાતા એવા ત્રણ પુત્ર થયા હતા.

પ્રતોષ. દેવ વિશેષ. (તુષિત શબ્દ જુઓ).

પ્રત્યક્સ્રોતા. ભારતવર્ષીય નદી.

પ્રત્યગ્રહ. સોમવંશી પૂરુકુળોત્પન્ન વસુરાજા. (ઉપરિચર વસુ) એના પુત્રોમાંના એકને સત્યશ્રવા એવું નામાન્તર હતું.

પ્રત્યૂષ. એક વસુ. (અષ્ટવસુ શબ્દ જુઓ). પ્રભાતાનો પુત્ર. એના પુત્રનું નામ દેવલ. (**ભા૦ આ૦ અ૦ ૬૭**).

પ્રત્યૂહ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

પ્રદીપક. વિદેહ વંશના મરુ નામના જનકનો પુત્ર. વાલ્મિકી રામાયણમાં એનું નામ પ્રતીંધક કહ્યું છે. એને કૃતિરથ નામે પુત્ર હતો.

પ્રદોષ. ઉત્તાનપાદ વંશના પુષ્પાર્ણને દોષા નામની બીજી સ્ત્રીને પેટે થએલા ત્રણ પુત્રોમાંનો મોટો.

પ્રદ્યુમ્ન. ચક્ષુર્મનુને નડ્વલાની કુખે થએલા અગિયાર પુત્રોમાંનો એક. એને સુદ્યુમ્ન નામનો પુત્ર હતો.

પ્રદ્યુમ્ન. (૨). યદુકુલોત્પન્ન કૃષ્ણને રુકિમણીને પેટે થયેલો પ્રથમ પુત્ર. એ મહારથી હતો (**ભા૨૦ ૧૦ સ્કં૦અ૦ ૫૫**). શિવના ત્રિજા નયનની જ્વાળાથી ભસ્મીભૂત થયેલા મદનેકામદેવે આ બીજો અવતાર લીધો હતો. અને એને હાથે શંબરાસુરનું મરણ નિર્માણ થયું હતું. જેવું શંબરાસુરે જાણ્યું કે મદનનો બીજો અવતાર દ્વારકામાં થયો કે તે ગુપ્ત રુપ ધારણ કરીને દસ વાસાની અંદરના પ્રદ્યુમ્નને ચોરી ગયો. અને સમુદ્રમાં નાંખી દીધો, આમ શત્રુનો નાશ કરીને શંબરાસુર સ્વસ્થ મને પોતાને ઘેર ગયો.

અહીં સમુદ્રમાં નાંખેલા પ્રદ્યુમ્નને એક માછલી ગળી ગઈ. એ જ માછલી કેટલેક કાળે કોઇ માછીની જાળમાં સપડાઈ. માછીએ એ માછલી શંબરાસુરને નજર કરી. શંબરે પોતાના રસોઇયાને રાંધવા સારૂ આપી. રસોઇઆએ માછલીને રાંધવા સારૂ જેવી ચીરી કે એના પેટમાં એણે એક દિવ્ય બાળક દીઠું ! આ જોઇને માયાવતી જે ત્યાં હતી, તેને તે બાળક બતાવ્યું. માયાવતી તે મદનની સ્ત્રી રતી તે જ. શંબરાસુરના વધ સારૂ મદન ત્યાં આવશે ત્યારે મને મળશે ધારીને એ શંબરાસુરની પાલક કન્યા રુપે ત્યાં રહી હતી. એણે આ બાળકને જોતાં જ હર્ષભેર એને પોતાની પાસે રાખ્યું. અને માછલીને રાંધીને શંબરાસુરને જમાડવાનું રસોઇઆને કહ્યું. છોકરાને એણે પોતાના અંતઃપુરમાં જ પોતાની પાસે રાખ્યો. એટલામાં નારદ ત્યાં આવ્યા અને શંકરે દગ્ધ કરેલો તારો સ્વામી મદન તે જ રુકિમણીને પેટે જન્મી શંબરના વધાર્થે તારી પાસે આવ્યો છે એમ કહ્યું. માટે તું એનું સારી રીતે પાલન કરજે. નારદ એમ કહીને ગયા એટલે માયાવતી (રતી)ને ઘણો હર્ષ થયો; કેમકે એ એની વાટ જ જોતી હતી. માયાવતીએ એની ઉત્તમ પ્રકારની વ્યવસ્થા કરી અને એની સંભાળપૂર્વક ઉછેરમાં એ–પ્રદ્યુમ્ન–મોટો થયો. મોટો થતાં એ ઘણો જ સૌંદર્યવાન્ થયો. એણે બધાનાં મન હરણ કરી લીધાં. તેમાં રતીનું ચિત્ત પણ એણે હરી લીધું હોવાથી એ એને કામદૃષ્ટીએ જોતી. એ ઉપરથી પ્રદ્યુમ્ને એને કાંઇ પ્રશ્ન પુછ્યા, તેના એણે જવાબ દીધા. એણે પ્રદ્યુમ્નને જન્માંતરની હકીકત કહેવાથી એના મનનું સમાધાન થયું. પછી થોડા કાળમાં જ પ્રદ્યુમ્ને શંબરાસુરને મારી નાંખ્યો. પ્રદ્યુમ્નના વયને અનુકુળ સ્વરુપ ધારણ કરીને માયાવતી એને લઇને દ્વારકા જવા નિકળી. આ વર્ત્તમાન નારદે કૃષ્ણને અને રુકિમણીને જણાવ્યા. એટલામાં રતીને લઇને પ્રદ્યુમ્ન ત્યાં આવી પહોંચ્યો. તેથી પ્રદ્યુમ્નના પાછાં આવવાનો સંભવ નહોતો અને એ આવ્યો એ જોઇને ઘણો આનંદ થયો.

પ્રદ્યુમ્ને પોતાના મામા રુક્મની કન્યા રુક્મવતીને તેના સ્વયંવરમાંથી હરણ કરી આણી. એ એની બીજી સ્ત્રી હતી. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૬૧**). એને પેટે એને અનિરુદ્ધ નામે પુત્ર થયો. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૬૧**).

પ્રદ્યુમ્ન ધનુર્વિદ્યા અર્જુન પાસે શિખ્યો હતો. કૌરવ પાંડવનું યુદ્ધ પૂરું થયા પછી એને રાજ્ય મળ્યું હતું. એણે રાજ્યનો સારી રીતે ઉપભોગ કર્યો. અગાડી જતાં પ્રભાસક્ષેત્રમાં સર્વ યાદવો મરણ પામ્યા તેમાં એ પણ મરી ગયો; અને રતી સહવર્ત્તમાન દેવલોકમાં ગયો.

પ્રદ્યોત. રિપુંજય રાજાને મારનારા શુનક પ્રધા-

નનો પુત્ર. એ જ સોમવંશના રાજ્યને ઉથલાવીને રાજા થયો હતો.

પ્રદ્યોત. (૨) એક યક્ષ વિશેષ. (**ભાગ૦ સ૦ ૧૦-૧૬**)

પ્રદ્રૌપી. દીર્ઘતમસ ઋષિની સ્ત્રી. દીર્ઘતમસ ઋષિ અંધ હતો માટે એ પુનર્વિવાહ કરનાર હતી. પરંતુ દીર્ઘતમસે એને શાપ દેવાથી નહોતો કર્યો. ગૌતમાદિની માતા. (**ભા૦ આ૦ ૧૦૪**).

પ્રધાન. એક રાજર્ષિ. એની સુલભા નામની કન્યા બ્રહ્મનિષ્ટપણાને સારુ પ્રસિદ્ધ હતી.

પ્રપતન. પ્રયાગમાંનું તીર્થ વિશેષ.

પ્રબલ. લક્ષ્મણાની કુખે કૃષ્ણથી થએલો પુત્ર.

પ્રબાલક. એક કિન્નર વિશેષ.

પ્રબુદ્ધ. ઋષભદેવના નવ સિદ્ધ પુત્રોમાંનો એક.

પ્રભ. રામની સેનાનો એક વાનર. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૩૬**).

પ્રભંજન. વાયુનું એક નામ.

પ્રભંજન(૨). મણિપુરીનો રાજા. એને રુદ્રનું એવું વરદાન હતું કે તારા વંશમાં એક જ સંતતિ થઇને તારો વંશ ચાલ્યા કરશે. એ વરદાનને અનુસરીને એના વંશમાં ચિત્રવાહન સુધી ચાલ્યા કર્યું. ચિત્રવાહનને પુત્ર થયો જોઇએ તે ન થતાં એને ચિત્રાંગદા કરીને માત્ર એક પુત્રી થઇ. એણે પુત્રિકાધર્મ પ્રમાણે એ કન્યા અર્જુનને આપી. એ જાતનાં લગ્નમાં એવી બોલી થતી કે કન્યાનો પુત્ર થાય તે કન્યાનો બાપ પોતાને ત્યાં પોતાના પુત્ર તરીકે રાખે. ચિત્રાંગદાને બભ્રુવાહન નામે પુત્ર થયો તે ચિત્રવાહને પોતે રાખ્યો અને એને પોતાનું રાજ્ય આપ્યું.

પ્રભદ્રક. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો એક રાજા.

પ્રભદ્રા. કર્ણના પુત્ર વૃષકેતૂની સ્ત્રી. એનું બીજું નામ ભદ્રાવતી હતું. (**જૈમિ૦ અશ્વ૦ અ૦ ૬૩**).

પ્રભવ. બાર ભાર્ગવ દેવોમાંનો એક.

પ્રભા. ઉત્તાનપાદ વંશના પુષ્પાર્ણની બે સ્ત્રીઓમાંની પહેલી.

પ્રભા (૨). રાહૂની કન્યા અને વિવસ્વાન્ આદિત્યની સ્ત્રીઓમાંની એક. એ સંજ્ઞાની શોકય હતી. એને પોતાને કાંઇ સંતતિ નહોતી.

પ્રભા (૩). એક અપ્સરા વિશેષ. (**ભા૨૦ અનુ૦ ૫૦-૫૮**)

પ્રભા. (૪). સૂર્યવંશના સગર રાજાની સુમતિ નામની મોટી સ્ત્રીનું બીજું નામ.

પ્રભાતા. પ્રત્યૂષ અને પ્રભાસની માતા.

પ્રભાનુ. સત્યભામાની કુખે કૃષ્ણથી થએલા પુત્રોમાંનો એક.

પ્રભાવતી. સ્વયંપ્રભાનું બીજું નામ. (**ભા૨૦ વન૦ અ૦ ૨૮૨**).

પ્રભાવતી (૨). યૌવનાશ્વ રાજાની સ્ત્રી.

પ્રભાવતી. (૩) હંસધ્વજના પુત્ર સુધન્વાની સ્ત્રી.

પ્રભાવતી (૪). દેવશર્માની પત્ની. સચિની મોટી બહેન. ચોથા અર્કેશ્વર ચિત્રરથની સ્ત્રી. (**ભા૨૦ અનુ૦ ૭૭-૮**).

પ્રભાવતી (૫). પ્રદ્યુમ્નની સ્ત્રી. (**ડાઉસન**)

પ્રભાસ. એ નામનો એક વસુ. (**અષ્ટ વસુ** શબ્દ જુઓ.) એને આંગિરસી નામે સ્ત્રી અને વિશ્વકર્મા નામે પુત્ર હતો.

પ્રભાસ (૨). એ નામનું એક તીર્થ વિશેષ. કાઠીઆવાડમાં જ્યાં સોરઠી સોમનાથનું પ્રખ્યાત દેવળ છે તે.

પ્રભાસ (૩). એ નામનું એક ક્ષેત્ર વિશેષ. અર્જુન તીર્થયાત્રા કરતો કરતો મણિપુરથી ગોકર્ણ ગયો હતો. ત્યાંથી અહીં આવ્યો હતો. અહીં એને કૃષ્ણ મળ્યા હતા. પછી કેટલોક કાળ રૈવત્તક પર્વત ઉપર રહ્યા બાદ સુભદ્રાનું હરણ કરીને એ ઇંદ્રપ્રસ્થ ગયો હતો. આ તીર્થ ઘણું પુણ્યરુપ ગણાય છે. કાઠીઆવાડનું પ્રભાસપાટણ તે જ. (**ભા૨૦ શલ્ય૦ અ૦ ૩૫**)

પ્રભુ. બાર સાધ્ય દેવોમાંનો એક.

પ્રભુ (૨). બ્રહ્મદેવની સભામાંનો એક ઋષિ.

પ્રમતક. જનમેજયના સર્પસત્રમાં વરેલો એક સદસ્ય—સભાસદ.

પ્રમતિ. વાગીંદ્રનો પુત્ર. એને ઘૃતાચી અપ્સરાથી કુખે કુરુ નામે પુત્ર થયો હતો.

પ્રમતિ (૨). ચાક્ષુષ મન્વંતરના છેલ્લા કલિયુગમાં થએલો વિષ્ણુનો એક અવતાર. (**મત્સ્ય૦ અ૦ ૧૪૩**)

પ્રમતિ (૩). સૂર્યવંશના દિષ્ટકુલોત્પન્ન પ્રાંશુ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ખનિત્ર.

પ્રમતિ (૪). વિભિષણના ચાર રાક્ષસ અમાત્યમાંનો એક. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૭**)

પ્રમથ. નિશાચર જાતિનો એક રુદ્રગણ. (**ભા૨૦ અનુસા૦ અ૦ ૧૩૧**)

પ્રમથ (૨). ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

પ્રમંથુ. ઋષભદેવ વંશના વીરવ્રત રાજાને ભોજાની કુખે થએલા બે પુત્રોમાંનો નાનો.

પ્રમદ્વરા. વિશ્વાવસુ ગંધર્વને મેનકાને પેટે થએલી કન્યા. સ્થૂલકેશ નામના ઋષિયે એનું પાલન કરીને પછી રુરુ નામના ઋષિને પરણાવી હતી. (૨ રુરુ શબ્દ જુઓ)

પ્રમાણ. એ નામનું તીર્થ અને ત્યાં આવેલું એક વડનું ઝાડ.

પ્રમાણકોટિ. ભાગીરથી ગંગા સંબંધી તીર્થ વિશેષ. એ તીર્થમાં કૌરવોએ ભીમને વિષ ખવડાવીને બુડાડી દીધો હતો.

પ્રમાથ. દૂષણનો એક રાક્ષસ અમાત્ય. એને રામે માર્યો હતો.

પ્રમાથ (૨). રામસેનાનો એ નામનો એક વાનર.

પ્રમાથિ. પ્રમાથ શબ્દ જુઓ.

પ્રમાથિ (૨). બીજો પ્રમાથ શબ્દ જુઓ.

પ્રમાથિ (૩). બલાકા રાક્ષસીને વિશ્રવા ઋષિથી થએલો પુત્ર. દૂષણનો ભાઇ. એને નીલે માર્યો હતો. (**ભા૨૦ વન૦ અ૦ ૨૮૬**)

પ્રમાથિની. એક અપ્સરા.

પ્રમાથી. સોમવંશી ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. એને ભીમસેને માર્યો હતો.

પ્રમીલા. સ્ત્રીઆ રાજ્યની માલીક રાજકર્ત્રી. એણે પાંડવોના અશ્વમેધનો શ્યામકર્ણ ઘોડો બાંધીને અર્જુનની સાથે યુદ્ધ કર્યું હતું. પણ અર્જુને તેને હરાવીને પકડી હતી; પણ એ

અશ્વ આપતી નહોતી માટે મારવાની ધારણા કરતો હતો તે વખત આકાશવાણી થઇ કે, તું એને મારવા સમર્થ નથી. તારાથી એ મરાશે નહિ; માટે તું એની સાથે લગ્ન કર અને અશ્વ લે. તે ઉપરથી અર્જુને એની સાથે લગ્ન કર્યું. (**જૈમિ૦ અશ્વમે૦ અ૦ ૨૧-૨૨**)

પ્રમુચિ. દાશરથિ રામને અયોધ્યામાં મળવા આવેલા ઋષિયોમાંનો એક. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૯૦**)

પ્રમોદ. બ્રહ્મદેવના કંઠમાંથી થએલો એક માનસપુત્ર. એનું બીજું નામ હર્ષ પણ હતું.

પ્રમોદ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન દૃઢાશ્વ રાજાનો પુત્ર. એનો પુત્ર તે હર્યશ્વ.

પ્રમોદ (૩). નાગ વિશેષ.

પ્રમોદન. એ નામનો એક બ્રહ્મર્ષિ. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૯૦**)

પ્રમ્લોચા. ચાલુ મન્વંતર પૂર્વેની એક અપ્સરા વિશેષ.

પ્રમ્લોચા (૨). ચાલુ મન્વંતરમાંની એ નામની અપ્સરા. એ દર વર્ષે શ્રાવણ માસના સૂર્યના સમાગમમાં આવે છે. (**૫ નભ** શબ્દ જુઓ.)

પ્રયાગ. ભાગીરથી અને યમુનાનું સંગમસ્થાન.

પ્રયાગ (૨). પ્રયાગમાં આવેલું ક્ષેત્ર. હાલનું અલાહાબાદ તે જ.

પ્રયુત. મુનીના દેવગંધર્વ પુત્રોમાંનો એક.

પ્રરુજ. અમૃતનું રક્ષણ કરનાર દેવ વિશેષ. એની સાથે ગરુડે યુદ્ધ કર્યું હતું. (**ભા૨૦ આ૦ ૩૨-૧૯**)

પ્રરુજ (૨). રાવણ પક્ષનો એક રાક્ષસ. (**ભા૨૦ વન૦ અ૦ ૮૫**)

પ્રલંબ. દનુપુત્ર દાનવમાંનો એક.

પ્રલંબ (૨). એ નામનો એક અસુર. એ કૃષ્ણ અને બળરામનો નાશ કરવા કંસનો પ્રેર્યો ગોકુળમાં આવ્યો હતો. ગોવાળનો વેષ ધારણ કરીને બીજા ગોવાળીઆઓમાં ભળી જઇ રમતમાં સામીલ થઇ ગયો. પછી એકાએક બલરામને ખભે બેસારીને લઇને નાઠો. એનું કપટ કળી જઇને બળરામે એને તત્કાળ

મારી નાંખ્યો હતો. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૧૮)

પ્રલંબદેશ. ભારતવર્ષીય દેશ. (વા૦ રા૦અયો૦ સ૦ ૬૮)

પ્રલંબાયન. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ.)

પ્રલંબાસુર. પ્રલંબ શબ્દ જુઓ.

પ્રલયમેઘ. મેઘ શબ્દ જુઓ.

પ્રવરા. ભારતવર્ષીય નદી. (ભા૨૦ ભી૦૯–૨૩).

પ્રવર્ષણ. આ પર્વત આનર્ત દેશમાં દ્વારકાની પાસે હોવો જોઇએ; જરાસંધના ભયથી કૃષ્ણ અને બલરામ એક વખત એનાપર સંતાઇ રહ્યા હતા. એમનો નાશ કરવાના ઇરાદાથી જરાસંધે આ પર્વતને તે વખત આગ લગાડી નવરાવ્યો હતો. એના ગયા પછી બન્ને જણા એના પરથી કુદી પડીને દ્વારકામાં ગયા હતા.

પ્રવર્ષણ (૨). કિષ્કિંધા પાસેનો એક એ નામનો પર્વત. (૩ માલ્યવાન્ શબ્દ જુઓ.)

પ્રવહણ. ઉત્તમ મન્વંતરમાંના સપ્તઋષિયોમાં હતો તે એક ઋષિ.

પ્રવાલક. યક્ષ વિશેષ. (સ૦ ૧૦—૧૮)

પ્રવીર. સોમવંશી આયુપુત્ર નહુષ રાજાના કુળના પૂરુવંશના પ્રચિન્વાન્ રાજાનો પુત્ર. એનો પુત્ર તે મનસ્યુ રાજા.

પ્રવીર (૨). હરિશ્ચન્દ્ર રાજાને વેચાતો લેનાર કાશીનો ચાણ્ડાલ. એનું વીરબાહુ એવું નામ પ્રસિદ્ધ હતું.

પ્રવીર (૩) નીલધ્વજ રાજાનો પુત્ર. ચિત્રાંગદાનો પિતા. પાંડ્યરાજા, મલયધ્વજ અને ચિત્રવાહન એવાં એનાં નામાન્તર છે.

પ્રવેણી. કામ્યક વનની દક્ષિણે કણ્વઋષિના આશ્રમ પાસે વહેતી નદી.

પ્રશમી. એક અપ્સરા વિશેષ.

પ્રશસ્તા. ભારતવર્ષીય નદી.

પ્રશ્ન. અથર્વણ વેદોપનિષદ.

પ્રશ્રય. સ્વાયંભુવ મન્વંતરમાં ધર્મઋષિને હ્રી નામની ભાર્યાને પેટે થએલો પુત્ર.

પ્રશ્રવણ. ભારતવર્ષીય તીર્થ.

પ્રશ્રુત. પ્રસુશ્રુત શબ્દ જુઓ.

પ્રસન્ન. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન કૃતાશ્વ રાજાનો પુત્ર. એનું બીજું નામ શ્યેનજિત્ હતું. એના પુત્રનું નામ યુવનાશ્વ હતું.

પ્રસભ. રામની સેનાનો એક વાનર. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૨)

પ્રસાદ. સ્વાયંભુવ મન્વંતરમાંના ધર્મઋષિને મૈત્રી નામની સ્ત્રીથી થયેલો પુત્ર.

પ્રસુશ્રુત. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન કુશાન્વયમાં થએલા મરુ રાજાનો પુત્ર. એનું પ્રશ્રુત એવું બીજું નામ હતું. સંધિ નામનો રાજા એનો પુત્ર હતો.

પ્રસૂતિ. સ્વાયંભુ મનુની ત્રણ કન્યાઓમાંની એક. દક્ષ પ્રજાપતિની સ્ત્રી.

પ્રસેન. સોમવંશી યદુકુળોત્પન્ન સાત્વત પુત્ર વૃષ્ણિના વંશના નિમ્ન રાજાનો બીજો દિકરો; સત્રાજિત્ રાજાનો નાનો ભાઇ.

પ્રસેન (૨). સાત્યકીએ મારેલા કર્ણના પુત્રોમાંનો એક. વૃષસેનાનો નાનો ભાઇ. (ભા૨૦ કર્ણ૦ અ૦ ૮૨).

પ્રસેનજિત્. એક પ્રખ્યાત રાજર્ષિ. (ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૩૫).

પ્રસેનજિત્ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળોત્પન્ન કૃશાન્વયના વિશ્વસ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ તક્ષક રાજા.

પ્રસેનજિત્ (૩). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળોત્પન્ન કુશાન્વયના લાંગલ રાજાનો પુત્ર. ક્ષુદ્રક રાજા એનો પુત્ર હતો.

પ્રસેનજિત્ (૪). જમદગ્નીના સસરા રેણુ રાજાનું બીજું નામ.

પ્રસ્કણ્વ. સોમવંશી પૂરુકુળોત્પન્ન રૌદ્રાશ્વપુત્ર ઋતેયુ રાજાના અપ્રતિરથ નામના પૌત્રના પ્રપૌત્ર કણ્વનો પૌત્ર, અને મેધ્રાતિથીનો પુત્ર. આ બધા વિદ્યા અને જ્ઞાનને લીધે બ્રાહ્મણ થયા હતા.

પ્રસ્તાવ. ઋષભદેવ વંશના ભૂમા રાજાને દેવકુલ્યાને પેટે થએલો પુત્ર. એને નિશુત્સા નામની સ્ત્રીને પેટે વિભુ નામનો પુત્ર થયો હતો.

પ્રસ્તોતા. પ્રિયવ્રત વંશના ઋષભદેવ કુળોત્પન્ન પ્રતીહ રાજાને સુવર્ચલાની કુખે થએલા ત્રણ પુત્રોમાંનો વચલો પુત્ર.

પ્રસ્થલ. વાહીક દેશ સંબંધી દેશ વિશેષ. (વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૪૩). અને (ભા૨૦ કર્ણ૦ અ૦ ૪૪ શ્લો૦ ૪૭).

પ્રસ્રવણ. નાસિક–જનસ્થાનની દક્ષિણે આવેલો પર્વત. (વા૦ રા૦ અર૦ સ૦ ૬૪).

પ્રસ્તુત. ગરુડે મારેલો દૈત્ય વિશેષ.

પ્રહરણ. ભદ્રાની કુખે થએલા કૃષ્ણના પુત્રોમાંનો એક.

પ્રહસ્ત. કેતુમતીની કુખે સુમાલી રાક્ષસને થએલા દસ પુત્રોમાંનો મોટો. એ રાવણનો મામો થતો હતો. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૧) રાવણ બળાઢ્ય થયા પછી એ રાવણની ત્રિજ ભાગની સેનાનો અધિપતિ અને મુખ્ય પ્રધાન થયો હતો. (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૪૬). એ નિરંતર રાવણના સમાગમમાં રહેતો. રામાયણના યુદ્ધને પાંચમે દિવસે નરાંતક, કુંભહનું, મહાનાદ, અને સમુન્નત એ ચારેની સાથે મળીને યુદ્ધ કરવા ગયો હતો. એની અને નીલ વાનરની વચ્ચે ઘોર યુદ્ધ થયું હતું. એ યુદ્ધમાં એ નીલ વાનરને હાથે મરાયો હતો. (વા૦ રા૦યુદ્ધ૦સ૦૫૭–૫૮).

પ્રહસ્ત (૨). વિશ્રવા ઋષિને પુષ્પોત્કટાને પેટે થએલો પુત્ર. એ પણ રામાયણના યુદ્ધમાં મરાયો હતો.

પ્રહાસ. નાગ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭–૧૬)

પ્રહાસ (૨). વરુણનો મંત્રી. (વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૨૩).

પ્રહેતિ. રાક્ષસોનો મૂળ પુરુષ. (વા૦ રા૦ ઉ૨૦ સ૦ ૪). હેતિ નામે રાક્ષસ એનો નાનો ભાઇ થતો હતો.

પ્રહેતિ (૨). વૈશાખ માસના સૂર્યના સમાગમમાં આવનારો રાક્ષસ. (૨. માધવ શબ્દ જુઓ). એનો બ્રહ્મઘાતા નામનો પુત્ર વૈશ્રવણનો સેવક હતો.

પ્રહેતિ (૩). વૃત્રાસુરનો અનુચર એક રાક્ષસ.

પ્રહ્લાદ. કયાધુને પેટે હિરણ્યકશિપુને થએલા ચાર પુત્રોમાંનો મોટો. એ ગર્ભમાંથી જ ભગવન્નિષ્ઠ થયો હતો. (કયાધુ શબ્દ જુઓ). એ જન્મ્યો ત્યારથી જ વ્યાપક પરમાત્મા–વિષ્ણુનો ઉપાસક હતો. આથી હિરણ્યકશિપુએ એને બહુ હેરાન કર્યો હતો. છેવટે વિષ્ણુએ નૃસિંહરૂપ ધારણ કરીને,હિરણ્યકશિપુને મારી એનું સંરક્ષણ કર્યું. (ભા૦ ૭ સ્કં૦). એ ચાલુ મન્વંતરમાં દૈત્ય દાનવોનો અધિપતિ હોઇને એને આયુષ્માન્, શિબિ, બાષ્કલ, વિરોચન, કુંભ, નિકુંભ ઇ. પુત્રો હતા.

પ્રહ્લાદ (૨). ભારતવર્ષીય દેશ. (ભા૨૦ ભી૦મ૦ અ૦ ૯).

પ્રજ્ઞાચક્ષુ. અંધ હોઇને કેવળ બુદ્ધિના પ્રભાવવડે બધું જાણનાર હોવાથી ધૃતરાષ્ટ્રને પ્રજ્ઞાચક્ષુ કહેવામાં આવે છે.

પ્રાકામ્ય. આઠ સિદ્ધિયોમાંની એક.

પ્રાકોટક. એક જાતિ વિશેષ. (ભા૨૦ સ૦ ૩૨).

પ્રાક્શૃંગવાન્. ગાલવવંશોદ્ભવ એક ઋષિ. (કુણિર્ગર્ગ શબ્દ જુઓ).

પ્રાગાથ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

પ્રાજ્યોતિષપુર. શાકલ દેશની ઉત્તરનો દેશ અને પુર વિશેષ. (મૂળમાં શાકલદ્વીપ કહ્યો છે, પરંતુ તે દ્વીપ નથી.) અહીં પાંડવોના સમયમાં નરકાસુરનો પુત્ર ભગદત્ત રાજા રહેતો હતો. આસામમાં આવેલું કામરુપ અગર કામાક્ષ્ય તે જ. (ભા૨૦ સભા૦ અ૦ ૨૬).

પ્રાજ્યોતિષપુર (૨). મદ્રદેશાધિપતિ શલ્ય રાજાનું નગર. ઘણું કરીને શાકલનગરથી આ નગર જુદું છે. (ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૫૫૦ શ્લો૦ ૬૩).

પ્રાચ્યાયણ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

પ્રાગ્વટપુર. કુટિકાષ્ટિકા નદીની પાસે આવેલું એક નગર વિશેષ. (વા૦ રા૦ અયો૦ સ૦૭૧).

પ્રાચીતત્. સોમવંશી પૂરુપુત્ર જનમેજયના પુત્ર પ્રચિન્વાનનું બીજું નામ.

પ્રાચીનગર્ભ. એકની સંજ્ઞાવાળા સારસ્વત ઋષિનું નામાંતર.

પ્રાચીનબર્હિ. સ્વાયંભુવ મન્વંતરમાંનો એક રાજા દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો અને જે વખત સતીનું અપમાન થવાથી તેણે દેહત્યાગ કર્યો, તે સમયે આ રાજા ભરતખંડાધિપતિ હતો. (૧ દક્ષ શબ્દ જુઓ.)

પ્રાચીનબર્હિ (૨). ઉત્તાનપાદ વંશના હવિર્ધાન રાજાને હવિર્ધાનીને પેટે થએલા બર્હિષદ નામના પુત્રનું બીજું નામ. શતદ્રુતી અથવા સવર્ણા નામની સમુદ્રકન્યા એની સ્ત્રી હતી. એને પેટે એને પ્રચેતસ સંજ્ઞાવાળા દસ પુત્રો થયા હતા. દક્ષ નામનો રાજા, જેને પ્રાચેતસ દક્ષ કહેતા તે, આ રાજાનો પૌત્ર હતો.

પ્રાચીન્વાન. પૂરુના પુત્ર જનમેજયનો પુત્ર. એની સ્ત્રીનું નામ આસ્માકી અને પુત્રનું નામ શય્યાતિ હતું.

પ્રાચીસરસ્વતી. એક નદી વિશેષ (શ. ૩૮–૩૬).

પ્રચેતસ. વાલ્મીકિ ઋષિનું નામ. (ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૬૧).

પ્રચેતસ (૨). સોમવંશી દ્રુહ્યુકુળોત્પન્ન પ્રચેતા રાજાના સો પુત્રોનું નામ. એઓ ઉત્તરમાં અધિપતિ થયા હતા.

પ્રાચેતસદક્ષ. બગડાની સંજ્ઞાવાળા પ્રાચીનબર્હિ રાજાનો પૌત્ર. દસ પ્રચેતાઓને મારીષા અથવા વાર્ક્ષીને પેટે થયેલો પુત્ર. એને સાઠ કન્યાઓ હતી. એ કૃને કૃને આપી તે સંબંધે (૫ દક્ષ શબ્દ) જુઓ.

પ્રાચેતા. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ). ઘણું કરીને એ વાલ્મીકિ પોતે જ.

પ્રાચેય. બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

પ્રાચ્ય. દેશ વિશેષ.

પ્રાણ. સ્વાયંભુવ મન્વંતરમાંના ભૃગુ ઋષિનો પૌત્ર અને વિધાતા ઋષિનો પુત્ર. એને વેદશિરા નામે પુત્ર હતો.

પ્રાણ (૨). સ્વારોચિષ મન્વંતરમાંના સપ્ત ઋષિયોમાંનો એક.

પ્રાણ (૩). આંગિરસ દેવોમાંનો ચાલુ મન્વંતરમાંનો એક દેવ.

પ્રાણ (૪). દેવ વિશેષ. (સાધ્ય દેવ શબ્દ જુઓ).

પ્રાણ (૫). અષ્ટ વસુમાંના ધર વસુનો પુત્ર. એની માનું નામ મનોહરા.

પ્રાણ (૬). શરીરમાં રહેનાર પંચ પ્રાણમાંનો પહેલો.

પ્રાણરોધ. બ્રાહ્મણ હોઇને કુતરાં અને ગધેડાં પાળનાર, તેમ જ ક્ષત્રિ કિંવા વૈશ્ય થઇને ધર્મવિહિત કર્મ શિવાય શિકાર કરી મૃગ મારનાર વગેરેને ભોગવવું પડતું નરક.

પ્રાણાગ્નિહોત્ર. મુખ્ય યજુર્વેદોપનિષત્.

પ્રાત. એક નાગ વિશેષ. (ભાર૦ આ૦ ૫૭–૬૩)

પ્રાત (૨). ઉતાનપાદ વંશના પુષ્પાર્ણને તેની પ્રભા નામની મોટી સ્ત્રીથી થએલા ત્રણ પુત્રોમાંનો મોટો.

પ્રાતઃકાળ. બગડાની અંક સંજ્ઞાવાળા પ્રાતનું બીજું નામ.

પ્રાતિકામિ. દુર્યોધનનો સૂત–સારથિ. યુધિષ્ઠિર સાથેના દ્યૂત પ્રસંગે દુર્યોધનના કહેવાથી એ દ્રૌપદીને સભામાં ચાલ, એવો સંદેશો કહેવા ગયો હતો.

પ્રાતિપેય. શાન્તનુનું બીજું નામ.

પ્રાતીપ. પ્રતીપ રાજાના પુત્ર દેવાપી, શાંતનુ અને બાલ્હીક. એ પ્રત્યેક.

પ્રાદ્યુમ્નિ. પ્રદ્યુમ્નનો પુત્ર, અનિરુદ્ધ તે.

પ્રાધા. ચાલુ મન્વંતરમાંના કશ્યપ ઋષિની તેર સ્ત્રીઓમાંની એક. એને પેટે ગંધર્વો અને અપ્સરાઓ થઇ હતી. અનવદ્યા, મનુ, વંશા, અસુરા, માર્ગણપ્રિયા, અરુપા, સુભગા, ભાસી, અલંબુષા, મિશ્રકેશી, વિદ્યુત્પર્ણા, તિલોત્તમા અરુણા, રક્ષિતા, રંભા, મનોરમા, કેશિની, સુબાહુ, સુરતા, સુરજા, સુપ્રિયા, ઉર્વશી, પૂર્વચિત્તિ, સહજન્યા, ચિત્રસેના, શુચિસ્મિતા, અને ચારુનેત્રા એ એ અપ્સરાઓનાં નામ છે. ગંધર્વોનાં નામને માટે (૨. દેવ ગંધર્વ શબ્દ જુઓ).

પ્રાપ્તિ. ધર્મપુત્ર શમની સ્ત્રી.

પ્રાપ્તિ (૨). જરાસંધ રાજાની કન્યા. કંસની બીજી સ્ત્રી.

પ્રાપ્તિ (૩). અષ્ટ સિદ્ધિયોમાંની એક.

પ્રાવહિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

પ્રાવરક. દેશ વિશેષ. (ભા. ૧૨–૨૨).

પ્રાવારકર્ણ. હિમવાન્ પર્વત પર રહેનાર એક યુવડ વિશેષ. (૧ ઇન્દ્રદ્યુમ્ન શબ્દ જુઓ).

પ્રાવૃષદેશ. ભારતવર્ષીય દેશ.

પ્રાવેપિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

પ્રાંશુ. સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન વત્સપ્રીતિ રાજાનો પુત્ર. એનો પુત્ર પ્રમતિ રાજા.

પ્રાપ્તિ. જરાસંધની પુત્રી અને કંસની સ્ત્રી. (ભા૦ સ૦ ૧૪–૩૨).

પ્રિયદર્શન. દ્રુપદનો પુત્ર. એને મહા યુદ્ધમાં કર્ણે માર્યો હતો.

પ્રિયમેધ. સોમવંશી પૂરુકુળના અજમીઢ રાજાના ચાર પુત્રોમાંનો મોટો. એ અને એની સંતતિ તપ વડે કરીને બ્રાહ્મણ થઇ હતી.

પ્રિયમેલક. ભારતવર્ષીય તીર્થ અને ક્ષેત્ર.

પ્રિયવ્રત. સ્વાયંભૂ મનુને અનંતી અથવા શતરુપાને પેટે થએલા બે પુત્રોમાંનો મોટો. ઉત્તાનપાદ રાજાનો મોટો ભાઈ. વિશ્વકર્માની કન્યા બર્હિષ્મતી એની સ્ત્રી હતી. એની કૂખે એને આગ્નીધ્ર, ઇધ્મજિહ્વ, યજ્ઞબાહુ, મહાવીર, હિરણ્યરેતા, ઘૃતપૃષ્ઠ, સવન, મેધાતિથિ, વીતિહોત્ર, અને કવિ એમ દસ પુત્રો અને ઊર્જસ્વતી નામે એક કન્યા થઈ હતી. આ કન્યા કવિ પુત્ર ઉશનાને દીધી હતી. આ કવિ તે સ્વાયંભુવ મન્વન્તરમાંનો ભૃગુપુત્ર. દસ પુત્રોમાંના મહાવીર, સવન, અને કવિ એ ત્રણ વિરક્ત હોઇને તેમણે લગ્ન કર્યા નહિ. અને પરમહંસ થઇને અરણ્યમાં ગયા. બાકી રહેલા સાતને પ્રિયવ્રત રાજાએ પૃથ્વીના સમ મહાદ્વીપમાંથી આગ્નીધ્રાને જંબુદ્વીપ, ઇધ્મજિહ્વને પ્લક્ષદ્વીપ, યજ્ઞબાહુને શાલ્મલીદ્વીપ, હિરણ્યરેતાને કુશદ્વીપ, ઘૃતપૃષ્ઠને, ક્રાંચદ્વીપ, મેધાતિથિને શાકદ્વીપ, અને વીતિહોત્રને પુષ્કરદ્વીપ એ પ્રમાણે દરેકને એકેકો મહાદ્વીપ વહેંચી આપ્યો હતો. પ્રિયવ્રત રાજાને બીજી એક સ્ત્રી હતી, પણ એનું નામ મળતું નથી. એ સ્ત્રીથી એને ઉત્તમ, તામસ અને રૈવત એવા ત્રણ પુત્રો થયા હતા. આ ત્રણે પુત્રો મહા સમર્થ હતા. પહેલો સ્વાયંભુવ મન્વંતરનો, બીજો સ્વારોચિષનો એમ, ક્રમવાર ત્રણે જણા ત્રણે મન્વંતરના અધિપતિ થયા હતા.

પ્રિયવ્રત બહુ પરાક્રમી હતો. એક સમયે એના મનમાં આવ્યું કે સૂર્ય કિરણોથી એક કાળે અરધી પૃથ્વીમાં અજવાળું રહે છે તે ઠીક નહિ; માટે એ પોતાના એકચક્રી રથમાં બેશીને પૃથ્વી ઉપર મેરુની આજુબાજુ સૂર્ય હોય તેની સામી બાજુએ જ રહે, એવી રીતે સાત દિવસ સુધી સૂર્યના જેટલા જ વેગે ફર્યો. ફરતાં સતાં એણે પોતે હોય ત્યાં સૂર્યના જેવો જ પ્રકાશ કરી ત્યાં રાત્રી પડીને અંધારું ન થવા દીધું. આમ સાત દિવસ રાત્રિ જ પડી નહિ. વળી પ્રદક્ષિણાને પહેલે દિવસે મેરુથી જેટલે અંતરે પોતે રહ્યો હતો, તેનાથી બીજે દિવસે બમણે દૂર એમ મેરુની આજુબાજુ એના રથના પૈડાં ફરવાથી એક મધ્યર્બિદુવાળા સાત ઉંડાં વર્તુળ–ચીલા પડ્યા. આ ચીલા જ સપ્તસમુદ્ર થઇ તેમની વચ્ચે વચ્ચેની જમીન તે દ્વીપ થઇ રહી. એણે દસ કોટિ વર્ષનો એક અર્બુદ એવા અગિયાર અર્બુદ પર્યન્ત રાજ્ય કર્યું.

પછી પોતાના સર્વ પુત્રોને સદ્ધર્મનો ઉપદેશ કરી, પોતે નારદે ઉપદેશેલા ધ્યાનયોગ પ્રમાણે, ભગવત્સ્વરુપમાં પોતાની ચિત્તવૃત્તિ સ્થિર કરીને મોક્ષપદને પામ્યો. (ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧).

પ્રિયંવદ. ગાંધર્વનો રાજા, એક વિદ્યાધર.

પ્રિશત. દ્રુપદનો પિતા.

પ્રિશધ્ર. વૈવસ્વત મનુનો પુત્ર. એ ગુરુની ગાય મારવાના પાપથી શુદ્ર થઈ ગયો હતો.

પ્રિશ્નિ. વેદ અને પુરાણ પ્રમાણે પૃથ્વી–મરુતની મા.

પ્રિશ્નિ (૨). દેવકીનું પૂર્વજન્મનું નામ.

પ્રૌષ્ઠપદ. કુબેરનો ધનાધ્યક્ષ મંત્રી. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૫).

પ્લવંગ. રામની સેનાનો એક વાનર. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૪૦).

પ્લક્ષજાતા. નદી વિશેષ. (**ભાર૦આ૦૧૮૬–૨૦**).

પ્લક્ષદ્વીપ. પૃથ્વીના સપ્ત મહાદ્વીપમાંનો બીજો. એ ક્ષાર સમુદ્રની બહારને કાંઠે મેરુની આજુ બાજુ વલયાકારે છે. એની પહોળાઇ બે લાખ યોજન છે. એની આજુબાજુ એટલી જ પહોળાઈનો, એટલે બે લાખ યોજન પહોળાઇનો ઇક્ષુરસોદ–શેરડીના રસના જેવા મીઠા પાણીના સમુદ્ર–વડે વિંટાયલો છે. પ્રિયવ્રત રાજાનો બીજો પુત્ર ઇધ્મજિહ્વ અહીં અધિપતિ હતો. એણે પણ પિતાની પેઠે પોતાના દ્વીપના સાત ભાગ પાડી પોતાના સાત પુત્રોને આપ્યા હતા.

આ દ્વીપમાં મણિકૂટ, વજ્રકૂટ,, ઇંદ્રસેન, જ્યોતિષમાન, સુપર્ણ, હિરણ્યષ્ટિવ અને મેઘમાલ એવા સાત મહાપર્વત; તેમજ અરુણા, નૃમણા, આંગિરસી, સાવિત્રી. સુપ્રભાતા, ઋતંભરા અને સત્યંભરા એવી સાત મહા નદીઓ છે. આ દ્વીપમાં એક અતિશય જ મોટું પિંપરનું વૃક્ષ (પ્લક્ષવૃક્ષ) હોવાથી એનું આ નામ પડયું છે. (**ભાગ૦ ૫ સ્કં૦અ૦ ૨૦**) અને (**દેવી ભા૦ ૮ સ્કં૦ અ૦૧૨**).

પ્લક્ષા. નદી વિશેષ. (**ભા૦ ૫૦ ૬૨–૬**)

પ્લક્ષાદેવી. ભારતવર્ષીય નદી.

પ્લક્ષાવતરણ. યમુના નદી સંબંધી તીર્થ. (**ભા૨૦ વન૦ અ૦ ૧૨૬**). આ કુરુક્ષેત્રનું દ્વાર ગણાય છે. એને વખતે સ્વર્ગદ્વાર પણ કહ્યું છે. અહીં મરુત્ત રાજાએ યજ્ઞ કર્યો હતો.

ફ.

ફલકક્ષ. એક યક્ષ. (**ભા૨૦ સ૦ ૧૦–૧૭**)

ફલકાવન. ભારતવર્ષીય તીર્થ. (**ભા૨૦ ૫૦ ૮૧–૮૬**).

ફલાહાર. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ફલેાદક. યક્ષ વિશેષ. (**ભા૨૦ સ૦ ૧૦–૧૭**)

ફલ્ગુનદી. ભારતવર્ષીય નદી. એનો પ્રવાહ ભૂમીની નીચે છે. ગયામાં આવેલી ફલ્ગુ નદી તે જ. (**ભા૦ ૫૦ ૮૨ ૬૭**).

ફલ્ગુન. પાંડુ રાજાના પુત્ર અર્જુનનું બીજું નામ. (**વિ૦–૪૩–૧૧**).

ફાલ્ગુનિ. પાંડુપુત્ર અર્જુનના અભિમન્યુ વગેરે પુત્રોને આ નામ લગાડાય છે.

ફેનપ. રસાતલમાં રહેનારો એક બ્રહ્મરાક્ષ.

ફેનપ (૨). ભૂમી ઉપરનો એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ). એ ભાર્ગવ વંશનો હતો અને એનું અપરનામ સુમિત્ર હતું. એ ત્રિશિખર ગિરિપર રહેતો હતો. (**ભા૨૦ અનુ૦ ૧૨૦**).

ફેનપા. રસાતળ નામના સાતમા પાતાળમાં રહેનારા અને ત્યાં રહેલી સુરભીમાળા નામની ગાયના દુધ અને તેના ફીણ ઉપર જ નિર્વાહ કરનારા ઋષિયો. (**ભા૨૦ ઉ૦ ૧૦૨–૫**) અને (**ભા૨૦ અનુ૦ ૪૫–૫૧**).

બ.

બક. એ નામનો એક ઋષિ. ચિરંજીવી હોય તેને શાં શાં સુખ હોય છે અને શાં શાં દુઃખ પડે છે, એ વિષયપર એને અને ઇંદ્રને સંવાદ થયો હતો. (**ભા૨૦ વન૦ અ૦ ૧૯૩**). પાંડવોએ અશ્વમેધ કર્યો તે વખત એમનો શ્યામકર્ણ ફરતો ફરતો આ ઋષિના આશ્રમ પાસે ગયો હતો. અશ્વની પાછળ પાછળ અર્જુનાદિ વીર રક્ષા કરવા જતા હતા. એમણે માથે એક વડનું પાંદડું મુકીને ઉભેલા આ ઋષિને દીઠા. અર્જુને એને વંદન કરીને માથે વડનું પાંડડું કેમ મુક્યું છે ? એમ પુછતાં એણે કહ્યું કે છાંયડા સારુ. અર્જુને પુછ્યું કે આપ ઘર કેમ બાંધતા નથી ? ઋષિયે કહ્યું કે અલ્પ આયુષ હોવાથી ઘરની શી જરુર ! અર્જુને પુછ્યું કે આપની ઉમ્મર કેટલી થઈ ? ઋષિયે કહ્યું કે બ્રહ્મદેવની વીસ અહોરાત્રિ મેં જોઈ છે ! (**જૈમિ૦ અશ્વમે૦ અ૦ ૬૦**). અહોરાત્રિના માપ સારુ કલ્પ શબ્દ જુઓ. આ ઉપરથી અર્જુનને બહુ આશ્ચર્ય લાગ્યું, અને એણે ઋષિની સાથે ઘણી વાતચીત કરી. પછી કૃષ્ણે ઋષિને પાલખીમાં બેસાડી હસ્તિનાપુરમાં અશ્વમેધ થતો હતો ત્યાં સદસ્ય તરીકે મોકલી દીધા.

બકદાલભ્ય. બક તે જ.

બકનખ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (**ભા૦ અનુ૦ ૭–૫૮**).

બકાસુર. કંસના પક્ષનો એક અસુર. એક વખત યમુનાની તીરે આવેલા વૃંદાવનમાં કૃષ્ણ ગોવાળિયાઓની સાથે રમતા હતા ત્યાં આ, બગલાનો વેષ ધારણ કરીને ગયો. એણે કૃષ્ણને ગળ્યા. પણ ગળામાં દાહ ઉઠવાથી મોંમાંથી પાછા કાઢી નાંખ્યા. અને એમને મારવાને ધાયો. કૃષ્ણે એનું આ દુષ્ટ કૃત્ય જોઇને એને પકડી એની ઉપલી અને નીચલી બન્ને ચાંચ બે હાથે પકડી એને ચીરી નાંખ્યો. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૧૨**).

બકાસુર (૨). એકચક્રા નગરીની પાસે આવેલા વૈત્રકીય–નેતરના–વનમાં રહેનારો એક રાક્ષસ. એ જટાસુરનો પુત્ર હતો. એ નગરીની વસ્તીને હેરાન કરતો હતો. સઘળા બધા નગરજનોએ એની સાથે કરાર કર્યો હતો કે વારા પ્રમાણે દરેક ગૃહસ્થે એને રોજ વીસ ખાંડી અન્ન અને એક પાડો આપવા; અને એણે પોતે નગરીને ઉપદ્રવ કરવો નહિ અને બીજા શત્રુને કરવા દેવો નહિ. એમ રક્ષણ કરવાનું કબૂલ રાખ્યું હતું. આ પ્રમાણે એ નગરીમાં આવો કર દાખલ થયો હતો.

કેટલેક કાળે એક દરિદ્રી બ્રાહ્મણનો વારો આવ્યો. એના ઘરમાં આપવાને અન્ન મળ નહિ એથી ઘરનાં બધાં આક્રંદ કરવા લાગ્યાં. એવું બન્યું કે કુંતી સહવર્ત્તમાન પાંડવો લાક્ષાગૃહમાંથી ઉગરી ને એક ચક્રામાં આવી આ બ્રાહ્મણને ઘેર ઉતર્યા હતા. એમણે આ આક્રંદ સાંભળીને કુંતા મારફત એનું કારણ પુછાવતાં એમને આ વાતની ખબર પડી. કુંતાએ ભીમને કહ્યું કે તું જા અને રાક્ષસને મારીને આ બ્રાહ્મણને સુખી કર. ભીમ આ બ્રાહ્મણ પાસેથી થોડું અન્ન લેઇ તેને ગાડામાં નાંખી, પોતે પણ ગાડામાં ચઢી બેસી વૈત્રકીય વનમાં ગયો. પછી રાક્ષસ પોતાનો કર લેવા આવ્યો ત્યારે એનું અને ભીમનું જબરુ યુદ્ધ થયું. ભીમે એને મરણ પમાડયો. (**ભા૨૦ આ૦ અ૦ ૧૬૩–૧૬૪**). એના ભાઇનું નામ અલાયુધ હતું એને ઘટોત્કચે માર્યો હતો. (**ભા૦ દ્રો૦ ૧૭૮–૭૩**).

બકી. પૂતના રાક્ષસીનું બીજું નામ.

બદરિકાશ્રમ. હિમાલય ઉપરનું સ્થળ વિશેષ.

આ જગાએ નરનારાયણ ઋષિએ રહીને તપ કર્યું હતું. ત્યાં આગળ મોટાં અને સ્વાદિષ્ટ બોરવાળા બોરડીઓનું વન હોવાથી આ નામ પડયું છે. એ અલકનંદાને તીરે આવેલું છે.

બદરાપાચન એક તીર્થ અહીં શ્રુતાવતી નામની ઋષિ કન્યાએ ઇંદ્ર પોતાનો પતિ થાય એમ એમ ઇચ્છી તપ કર્યું હતું. (શ્રુતાવતી શબ્દ જુઓ).

બંદી. વરુણનો પુત્ર. ઐંદ્રદ્યુમ્નિ નામના જનકના સમયમાં બંદીએ ઘણા બ્રાહ્મણો જોડે વાદ કરી, એમને જીતી પાણીમાં ડુબાડી, વરુણનો યજ્ઞ થતો હતો ત્યાં મોકલ્યા હતા. અષ્ટાવક્રના બાપને પણ એ જ પ્રમાણે હરાવીને ડુબાડયો હતો. અષ્ટાવક્રને આ વાતની ખબર થતાં એણે ઐંદ્રદ્યુમ્નિને ત્યાં જઈ બંદીને વાદમાં હરાવ્યો હતો. (અષ્ટાવક્ર શબ્દ જુઓ).

બંધુ. સૂર્યવંશી દિષ્ટકુળોત્પન્ન કેવલ રાજાનો પુત્ર. એનો પુત્ર તે વેગવાન રાજા.

અભ્રુ. કશ્યપ કુળોત્પન્ન સંપાતીના પુત્રોમાંનો એક.

અભ્રુ (૨). વિશ્વામિત્રના પુત્રમાંનો એક. એના વંશનો એક આભ્રવ્ય ઘણો પ્રસિદ્ધ હતો.

અભ્રુ (૩). એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

અભ્રુ (૪). ઋષભ પર્વત ઉપર રહેનારો એક ગંધર્વ.

અભ્રુ (૫). સોમવંશી આયુકુળોત્પન્ન યયાતિ રાજાનો પૌત્ર, દ્રુહ્યુનો પુત્ર. એનો પુત્ર તે સેતુ નામનો રાજા હતો.

અભ્રુ (૬). સોમવંશી આયુકુળોત્પન્ન યયાતિપુત્ર યદુના ક્રોષ્ટ્ર અન્વયમાં થએલા જ્યામઘપુત્ર વિદર્ભ રાજાનો પૌત્ર અને રોમપાદ રાજાનો પુત્ર. એનો પુત્ર તે કૃતિ નામનો રાજા.

અભ્રુ (૭). સોમવંશી આયુકુળોત્પન્ન યયાતિ પુત્ર યદુના વંશના સાત્વત રાજાનો પૌત્ર અને દેવાવૃધ રાજાનો પુત્ર. આ પિતા પુત્ર બન્ને પોતાના કુળના ઘણા પુરુષોનો ઉદ્ધાર કરનારા થઇ ગયા છે.

પુરુષાઃ પંચષષ્ટિશ્ચ ષટ્સહસ્રાણિ ચાષ્ટ ચ ॥
યેઽમૃતત્વમનુપ્રાપ્તા વભ્રોર્દેવાવૃધાદપિ ॥ ૧૦ ॥
(ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૨૪

અભ્રુ (૮). એક યાદવ વિશેષ. અક્રૂર તે જ. શિશુપાલ એની સ્ત્રીનું હરણ કરી ગયો હતો.

અભ્રુમાલી. એક ઋષિ. (સ. ૪–૨૨)

અભ્રુવાહન. મણિપુર નગરીના રાજા ચિત્રવાહનની કન્યા ચિત્રાંગદાને પેટે પાંડુપુત્ર અર્જુનથી થએલો પુત્ર. ચિત્રવાહનના મૃત્યુ પછી એ મણિપુરનો રાજા થયો હતો. (ચિત્રવાહન શબ્દ જુઓ.) કૌરવ પાંડવોનું યુદ્ધ થઇ રહ્યા પછી સઘળા કૌરવો મરણ પામ્યા અને પાંડવોને નિષ્કંટક રાજપ્રાપ્તિ થયા પછી એમણે અશ્વમેધ યજ્ઞનો આરંભ કર્યો. એ સમયે શ્યામકર્ણ અશ્વ ફરતો ફરતો મણિપુર ગયો. અભ્રવાહને એ અશ્વ પકડ્યો. પણ એના કપાળમાં બાંધેલી સુવર્ણપત્રિકા વાંચવાથી એણે જાણ્યું કે એ અશ્વ તો એના પિતાનો હતો. એ ઉપરથી નાના પ્રકારનાં રત્નો વગેરે લઇને એ અર્જુન પાસે ગયો. અને લઈ ગએલી ભેટ એના પગ આગળ મુકી, એને વંદન કરીને નમ્રતા પૂર્વક ઉભો રહ્યો. અર્જુનને એ જોઇને આનંદિત થવું જોઇતું હતું. તે ન થતાં એ ઉલટો ક્રોધે ભરાયો. અને અભ્રુવાહન પ્રતિ બોલ્યો કે–હે મૂર્ખ તું બીહીને નપુંશકની પેઠે મારે શરણે આવ્યો છે, તે પરથી મને લાગે છે કે તું ક્ષત્રિય પુત્ર નથી. જો હોત તો યુદ્ધ કર્યા વગર રહેત નહિ. માટે ધિક્કાર છે તને. મારે તો એક જ પુત્ર અભિમન્યુ થઈ ગયો. જરૂર તને ચિત્રાંગદાએ જારકર્મથી ઉત્પન્ન કર્યો હશે. અર્જુનનાં આવાં મર્મભેદક વાક્યો સાંભળીને અભ્રુવાહનને પરાકાષ્ટાનો ક્રોધ ઉત્પન્ન થયો. એ આવેશમાં જ એણે પોતાના સુબુદ્ધિ નામના મંત્રીને હુકમ કર્યો કે, તેમણે શ્યામકર્ણને નગરીમાં જઇ બાંધવો; અને ઉતાવળો સૈન્ય સજ્જ કરીને રણાંગણ પર આવવું. એમ કરીને અર્જુનની સાથે યુદ્ધ કરવાનો આરંભ કર્યો. પ્રથમ અર્જુન પોતે યુદ્ધ કરવા ન આવતાં પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધને અભ્રુવાહનની સામે થવા આજ્ઞા કરી. યુદ્ધ થતાં અભ્રુવાહને બન્નેને જરજર કરી, બાંધીને નગરીમાં મોકલી દીધા. ત્યાર પછી એણે અનુશાલ્વ, હંસધ્વજ, સુવેત્ર, એ વીરોને મૂર્છા પમાડી. વૃષકેતુની સાથે પાંચ દિવસ પર્યન્ત યુદ્ધ કરીને એનું માથું ઉરાડી દીધું. એ જોઇને અર્જુન વૃષકેતુ પાસે જઇને શોક કરતો હતો તે વખત અભ્રુવાહને એકાએક ત્યાં જઇને પોતાના ધનુષ્યવડે એને મારીને કહ્યું કે અરે, તું ક્ષત્રિ થઇને આ શું કરે છે ? તારાં પરાક્રમોને ધિક્કાર છે. તું યુદ્ધ ન કરતાં બૈરીની પેઠે રોવા બેઠો છે એ શું ? જારિણીના પુત્રે તારા મોટા વીરને માર્યો એની તને લાજ આવતી નથી ? આ મહેણાંથી અર્જુન ઉભો

થયો; એનું અને અભ્રુવાહનનું ઘોર યુદ્ધ થયું. કાળની ગતિ વિપરીત છે. એ યુદ્ધમાં અભ્રુવાહને અર્જુનનું માથું ઉડાડી દીધું અને એને ઠાર માર્યો. પોતે જયઘોષ કરતો ઘણા હર્ષથી નગરીમાં આવ્યો.

ચિત્રાંગદા અને ઉલૂપી બન્નેને આ બનાવની ખબર થઇ. બન્ને જણીઓએ અભ્રુવાહનનો ઘણો તિરસ્કાર કર્યો અને પોતે પારાવાર શોક કર્યો. આ ઉપરથી અભ્રુવાહનને પણ ઘણો શોક થયો. એણે પોતાની માતાની વિનતિ કરી કહ્યું કે, મેં પહેલ કરીને આ અન્યાય કર્યો નથી. હું તો નમ્રતાથી એમની પાસે ગયો હતો. પણ પિતાએ મારો અતિશય તિરસ્કાર કરી મને ધિક્કાર્યો. એમણે તને જારિણી કહી, તેથી મને ઘણો ક્રોધ ચઢયો. ખેર, મારાવડે તને વૈધવ્ય પ્રાપ્ત થયું તો હું જ મારો દેહ અગ્નિમાં બાળી નાંખું છઉં. એમ કહીને એણે અગ્નિ તૈયાર કરાવ્યો. એ જોઇને નાગકન્યા ઉલૂપી જે ચિત્રાંગદાની શોક્ય હતી, તેણે અભ્રુવાહનને સાંત્વન કરીને કહ્યું કે પાતાળમાં શેષની પાસે સંજીવનમણિ છે તે લાવવા હું યત્ન કરું છઉં. તું બળી મરીશ નહિ. ઉલૂપીએ પુંડરીક નાગને બોલાવ્યો. એને પોતાના ગળામાંથી મંગળસૂત્ર એંધાણી તરીકે આપીને શેષની પાસેથી સંજીવનમણિ લાવવા પાતાળમાં મોકલ્યો. પુંડરીક પાતાળમાં ગયો, શેષને મળ્યો, નિશાની દાખલ મંગળસૂત્ર બતાવ્યું અને મણિની યાચના કરી. ઘણા નાગોનો એવો અભિપ્રાય થયો કે મૃત્યુલોકમાં મણિ ન આપવો તેથી પુંડરીકને ઠાલામાલા પાછાં આવવું પડ્યું. ઉલૂપીએ ગુસ્સે થઇને અભ્રુવાહનને પોતાને મણિ લેવા જવાનું કહ્યું. એ પાતાળમાં ગયો અને નાગોની સાથે યુદ્ધ કરીને મણિ લઇને મણિપુરમાં પાછો આવ્યો.

અભ્રુવાહન મણિ લઇને આવતો હતો તેવામાં ધૃતરાષ્ટ્ર નામના નાગે પોતાના દુઃસ્વભાવ અને દુર્બુદ્ધિ નામના બન્ને પુત્રોને મોકલી અર્જુનનું માથું છાનુંમાનું ચોરાવી લઇ પોતે ત્યાંથી જતો રહ્યો. અભ્રુવાહન આવીને જુએ છે તો અર્જુનનું માથું મળે જ નહિ. આથી બધાં શોક કરતાં હતાં, એવામાં હસ્તિનાપુરમાં કુંતીને અર્જુન મરણ પામ્યો એવું દુઃસ્વપ્ન આવ્યું. એ વાત એણે યુધિષ્ઠિરાદિકને કરી તેથી કૃષ્ણ, યુધિષ્ઠિર, ભીમ, દેવકી અને કુંતી સહવર્ત્તમાન તરત જ એકાએક મણિપુરમાં પ્રકટ થયા. જુવે છે તો અર્જુન વગેરે વીરો મરણ પામેલા હતા. કૃષ્ણે પોતાનાં સુકૃત્યની પ્રતિજ્ઞા કરીને " અર્જુનનું મસ્તક " આવે એમ કહેતાં જ મસ્તક આવીને આગળ પડ્યું. પછી સંજીવન મણિના પ્રભાવે કરીને કૃષ્ણે સઘળાને સજીવન કર્યા. મણિ શેષનાગને પાછો મોકલાવ્યો. અભ્રુવાહન અને અર્જુન એ બાપ દિકરાની ભેટ કરાવી. બધા મણિપુરમાં પાંચ દિવસ રહ્યાં. કુંતી વગેરેને ભીમની સાથે હસ્તિનાપુર મોકલ્યાં. પોતે અભ્રુવાહનને સાથે લઇને અશ્વ રક્ષણ સારુ આગળ ચાલ્યા. **(જૈમિનિ૦ અશ્વ૦ અ૦ ૨૧–૪૦) અને ભાર૦ અશ્વમે૦ અ૦ ૭૯–૮૧).**

અમર્ય. પૂર્વ પશ્ચિમના ભેદને લઇને ગણાયલો એક દેશ વિશેષ. (**ભા૦ સ૦ ૭૮–૭૯ અને ભા૦ ભી૦ ૯**).

અમર્ષણશ્વ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન સંહતાશ્વ રાજાનો પુત્ર. એનું રણાશ્વ એવું બીજું નામ પણ છે.

અર્હિ. પ્રાધાપુત્ર ગંધર્વોમાંનો એક.

અર્હિ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન અંતરિક્ષ અન્વયમાં થયેલા બૃહત્ અથવા બૃહદ્રાજ રાજાનો પુત્ર. કૃતંજયનો પિતા.

અર્હિકેતુ. મયૂરધ્વજ રાજાનું બીજું નામ.

અર્હિયોગ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

અર્હિષદ. સ્વાયંભુવ મન્વન્તરમાંનો પિતર વિશેષ. એ અત્રિ ઋષિનો પુત્ર હતો. એ વિભ્રાજ નામના લોકમાં રહેતો હતો. દૈત્ય, દાનવ, ગંધર્વ વગેરેને એ પૂજ્ય છે. સૌમ્ય, કાવ્ય અને આર્તવ એવા એ પિતરોમાં ભેદ છે. **(મત્સ્ય૦ અ૦ ૧૪૩).**

અહિર્બુધ્ન (૨). અગડાની સંજ્ઞાવાળા પ્રાચીનબર્હિ રાજાનું મૂળ નામ.

અહિર્બુધ્ન (૩). એક બ્રહ્મર્ષિ. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૩૪૮**).

અહિર્ષ્મતી. સ્વાયંભુ મનુના મોટા પુત્ર પ્રિયવ્રત રાજાની સ્ત્રી; સ્વાયંભુવ મન્વન્તરમાંના જ વિશ્વકર્મા નામના પ્રજાપતિની કન્યા.

અહિર્ષ્મતી (૨). ભારતવર્ષીય બ્રહ્માવર્ત દેશની રાજધાની. સ્વાયંભૂ મનુ અહીં રહેતા હતા. યજ્ઞવરાહે પોતાનું શરીર કંપાવવાથી જે જે વાળ ઉખડી જઈને ભોંય પડ્યા તેનું કુશ (દર્ભ) નામે ઘાસ થયું. એ કુશ ત્યાં આગળ હમેશ લીલુંછમ જેવું રહે છે, તેથી એ નગરીનું આ નામ પડ્યું છે. અહીં સ્વાયંભૂ મનુએ તેમ જ બીજા ઋષિયોએ અનેક યજ્ઞ કર્યા છે. (**ભાગ૦ તૃતી૦ અ૦ ૨૨**).

અર્ષ્ટિષેણ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

બલ. વિષ્ણુ ભગવાનના આઠ પાર્ષદોમાંનો એક.

બલ (૨). અતલમાં રહેનારો મયાસુરનો પુત્ર.

બલ (૩). ઇંદ્રે મારેલા દનાયૂના પુત્રોમાંનો એક અસુર તે.

બલ (૪). રામની સેનાનો એક પ્રતાપી વાનર. એને કુંભકર્ણ ખાઇ ગયો હતો. (**ભા૨૦ વન૦ અ૦ ૨૮૭**).

બલ (૫). વરુણને જ્યેષ્ઠાની કૂખે થએલો પુત્ર.

બલ (૬). એકડાની સંજ્ઞાવાળા પરીક્ષિત રાજાને સુશોભનાના કૂખે થએલા પુત્રોમાંનો એક.

બલ (૭). ઉત્તાનપાદ વંશના હવિર્ધાન રાજાને હવિર્ધાની અથવા ધિષણા નામની સ્ત્રીને પેટે થએલા પુત્રોમાંનો એક. વંશાવળીમાં જે છ નામ છે તે પૈકી કિયા પુત્રનું આ નામ છે, તેનો નિર્ણય કરાતો નથી.

બલ (૮). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન કુશ અન્વયમાં થએલા પરિયાત્ર રાજાનો પુત્ર. સ્થલ નામનો રાજા એનો પુત્ર થાય.

બલ (૯). સોમવંશી વસુદેવને રોહીણીને પેટે થએલા પુત્રોમાં મોટો પુત્ર. એને બલદેવ, બલભદ્ર, બલરામ ઇ૦ નામ પણ હતાં.

બલ (૧૦). કૃષ્ણને લક્ષ્મણાને પેટે થએલો પુત્ર.

બલદ. અગ્નિ વિશેષ. (**ભા૨૦ વ૦ ૨૨૩-૧૦**)

બલદેવ. બલરામ તે જ.

બલભદ્ર. બલરામ તે જ.

બલભદ્ર (૨). શાકદ્વીપમાંનો એક પર્વત

બલરામ. સોમવંશી યદુ કુળોત્પન્ન વસુદેવને, શેષના અંશાવતાર તરીકે પ્રથમ દેવકીના ગર્ભમાં પ્રવેશ કરીને પછીથી ભગવન-માયાવડે આકર્ષાઇ રોહિણીના ઉદરમાં જઇને ત્યાંથી પૂર્ણકાળે પ્રસવેલો પુત્ર. એ બધા જનોને પ્રિય લાગતો માટે એને રામ, બળવાન હતો માટે બલ, દેવકીના ઉદરમાંથી ઉત્તમ પ્રકારે આકર્ષાયો હતો માટે સંકર્ષણ, એવાં એનાં નામ હતાં. એ કૃષ્ણથી મોટો હતો; અને કૃષ્ણની સાથે જ ગોકુળમાં ઉછર્યો હતો. કૃષ્ણની પેઠે જ એણે ગોવાળો સાથે ગોકુળમાં અનેક ક્રીડાઓ કરી હતી. એણે પણ કેટલાક અસુરોને માર્યા હતા. અક્રૂરની સાથે કૃષ્ણની જોડે એ પણ મથુરા ગયા હતા. ત્યાં પણ એમણે કેટલાક અસુરોને માર્યા હતા.

કંસના મરણ પામ્યા પછી ઉગ્રસેન ગાદી પર બેઠા ત્યાર પછી તેમણે વસુદેવને કારાગૃહમાંથી કાઢી દેવકી સહિત તત્કાળ મુક્ત કર્યા. ત્યાર પછી રોહિણીને ગોકુળમાંથી મથુરામાં તેડાવી. બલરામ અને કૃષ્ણ બન્નેને મહા સમારંભથી જનોઇ દીધું. પછી બલરામ અને કૃષ્ણ સાંદીપનિ નામના ઋષિને ઘેર વેદાધ્યયન સારુ જઈ રહ્યા. ત્યાં ઋષિની અનેક પ્રકારે સેવા કરી વેદાધ્યયન પૂર્ણ થતાં, બ્રહ્મવિદ્યા પણ શિખ્યા. તે વખત કુચૈલ (સુદામો) નામનો બ્રાહ્મણ એમનો સહાધ્યાયી હતો. કુચૈલ વયે મોટો હોવાથી અને એમનાથી પહેલાં અભ્યાસ આરંભેલો એટલે અભ્યાસમાં એમનાથી અગાડી હોવાથી બન્ને ભાઇઓ એને વડીલ ગુરુભાઈ માનતા.

અધ્યયન પૂરું થતાં બળરામે અને કૃષ્ણે શાસ્ત્ર પદ્ધતિ પ્રમાણે સાંદીપનિને ગુરુદક્ષિણા આપી. ગૃહસ્થાશ્રમ ધર્મ સંપાદન કરવા બન્ને

ભાઇઓ મથુરામાં આવ્યા. બલરામનો વિવાહ સૂર્યવંશી શર્યાતિ રાજાના પૌત્ર અને આનર્ત રાજાના પુત્ર રેવત રાજાને કન્યા રેવતી જોડે થયો. આથી આનર્ત દેશ અને તેનું અધિપતિપણું બલરામને પ્રાપ્ત થયું હતું. એમને પુત્ર સંતતિ હોવાનું કોઇ પણ ગ્રંથમાં જણાતું નથી. જૈમિનિના ભારતમાંના વનપર્વ ઉપરથી એમને માત્ર એક વત્સલા નામે કન્યા હોવાનું જણાય છે.

બલરામ ગદાયુદ્ધ કોની પાસે શીખ્યા હતા તે કોઇપણ જગાએ જણાતું નથી. પરંતુ એમના સમયમાં આખા ભારતખંડમાં ગદાયુદ્ધમાં એમના જેવું નિપુણ કોઈ પણ નહોતું. જરાસંધ જે ગદાયુદ્ધમાં એક્કો હતો એ એમનાથી સત્તર વાર હાર્યો હતો. એમણે ધીરે ધીરે સૂરસેન દેશ અને એની રાજધાની મથુરામાંથી પોતાની રાજધાની ખસેડીને આનર્ત દેશમાં કુશસ્થળીમાં (દ્વારકામાં) આણી. બીજાં યાદવકુળોને મથુરામાં વસાવી બળરામ, વસુદેવ અને કૃષ્ણ પોતાના સઘળા પરિવારને લઇને દ્વારકામાં રહ્યા.

બળરામ એક વખત નંદ યશોદાને મળવા મથુરાથી ગોકુળ ગયા હતા. એઓએ એમનો બહુ જ સત્કાર કર્યો અને ચૈત્ર અને વૈશાખ એમ બે મહિના પરોણા રાખ્યા. એમના આનંદને સારુ વરુણે કોતરોમાંથી વારુણી મદિરાની નદી વહે એવી ગોઠવણ કરી હતી, જેથી એની સુવાસથી વન ધરાધરી સુવાસિત રહે. એ ઉપરથી જણાય છે કે એમને મદિરા ઘણી પ્રિય હતી. એ જ અરસામાં બલરામ એક વખત રાત્રે સ્ત્રી સાથે ક્રીડા સારૂ યમુના તીરે ગયા હતા. એમના મનમાં વિચાર આવ્યો કે હું બેઠો છું ત્યાં આગળથી યમુના વહે. એમણે યમુનાને બોલાવી પણ તે આવી નહિ. એ જોઇને એમણે પોતાનું હળ ભેરવીને એને ખેંચી અને પોતે બેઠા હતા ત્યાં આગળથી વહેવડાવી. અદ્યાપિ એ જગાએ યમુનાનું વહેણ વાંકું છે. (**ભાગ૦ દશમ૦ અ૦ ૬૫**). એ જ પ્રમાણે એમણે હસ્તિનાપુરને પણ હળ ભેરવીને ખેંચ્યું હતું. જેથી હસ્તિનાપુર પણ ડુંગરાનો ઉતરતો ઢાળ હોય નહિ એવું થઈ રહ્યું હતું (૨ લક્ષ્મણ શબ્દ જુઓ)

કૌરવ અને પાંડવો વચ્ચે યુદ્ધ થશે જ એવું કર્યું. પછી બળરામ એક વખત યુધિષ્ઠિર પાસે આવ્યા. એમણે એમનો સત્કાર કર્યો, અને શી આજ્ઞા છે એમ પુછતાં એમણે કહ્યું કે આ યુદ્ધ ન થાય એવો મારો અંતિમ હેતુ હતો. પરન્તુ એ બર આવ્યો નહિ. હવે, જ્યાં ધર્મ ત્યાં જય અને જ્યાં કૃષ્ણ ત્યાં હું. માટે જરુર કૌરવો નાશ પામશે. ભીમ અને દુર્યોધન બન્ને મારા શિષ્યો છે. તેમાં ભીમ જીતે અને દુર્યોધન મરણ પામે એ મારાથી જોવાશે નહિ. માટે હું અઢાર દિવસ પર્યંત યાત્રાએ જવા નિકળી પડ્યો છું, તે તને કહેવાને માત્ર અહીં આવ્યો છું. આમ કહીને બલરામ યાત્રાએ નિકળી પડ્યા. (**ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૫૭**).

તીર્થ યાત્રાએ નિકળેલા બલરામ પ્રભાસ, પૃથૂદક, ત્રિતકૂપ, સુદર્શન, વિશાળ, બ્રહ્મતીર્થ, ચક્રતીર્થ, તેમ જ ભાગીરથી અને યમુનાને લગતાં અનેક તીર્થોમાં જઈ ત્યાં રનાન દાન વગેરે કરી નૈમિષારણ્યમાં આવ્યા. ત્યાં ઋષિયોનો પુરાણચર્ચાસત્ર ચાલતો હતો તે જોવા ગયા. ઋષિઓએ ઉભાં થઇને એમનો આદર સત્કાર કર્યો, પણ ઉચ્ચસ્થાને બેઠેલો રોમહર્ષણ ઉભો એ ન થયો. આ જોઇને એમણે ક્રોધ કરીને એની તરફ એક દર્ભની સળી ફેંકી, જેથી રોમહર્ષણ તત્કાળ મરણ પામ્યો. બલરામનું આ કૃત્ય જોઇને ઋષિયોએ પુછ્યું કે તમે આમ કેમ કર્યું ? અમે એને સત્રની સમાપ્તિ પર્યંત બેસાડ્યો હતો. અને એ પ્રતિલોમજ હોવાથી એને બ્રહ્માસને થાપ્યો હતો. ઉત્તમ વર્ણની સ્ત્રીની કૂખે ઉતરતી વર્ણના પુરુષથી થએલી સંતતિ પ્રતિ-

લોમજ કહેવાય છે). તે ઉપરથી બળરામે ઋષિયોને કહ્યું કે એનો પુત્ર ઉગ્રશ્રવા સૌતિ (સુત પુરાણીનો પુત્ર) દીર્ઘાયુ હોવાથી તમને પુરાણ સંભળાવશે. પછી ઋષિયોને ઉપદ્રવ કરનારા બલ્વલ નામના રાક્ષસને મારી, ઋષિયોની આજ્ઞા લઇ બળરામ ત્યાંથી વિદાય થયા.

ભારતવર્ષીય અનેક તીર્થો કરીને બળરામ પ્રભાસ ગયા. ત્યાં એમણે સાંભળ્યું કે કૌરવોની આખી સેના અને કૌરવોનો નાશ થયો. માત્ર દુર્યોધન અને ભીમની વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. આ ઉપરથી દુર્યોધનને હજુએ બે શિખામણની વાત કહું ધારી બલરામ ત્યાં ગયા. હવે યુદ્ધ રહેવા દો એમ કહેવા લાગ્યા; પણ એમાંથી એકકે સાંભળે જ નહિ. પછી કૃષ્ણે કાંઇ યુક્તિ કરીને ત્યાંથી દ્વારકા મોકલી દીધા. જતાં જતાં નૈમિષ્યારણ્યમાં કેટલાક ઋષિયો મળ્યા એમણે બલરામને યજ્ઞનો મહિમા સંભળાવ્યો. તેથી દ્વારકા જઇને એમણે યજ્ઞ કર્યો. (**ભાગ૦ દશમ૦ અ૦ ૭૮–૭૯**).

કેટલેક કાળે યદુકુળને બ્રાહ્મણનો શાપ થયો તેનો નાશ થયો. તે વખત પશ્ચિમ સમુદ્રની તીરે જઇને બળરામે યોગબળે કરીને કૃષ્ણની પહેલાં જ પોતાનો દેહ ત્યાગ કર્યો.

બલરામ સ્વભાવે સરળ અને ઉદાર હતા. પરંતુ એ જબરા ક્રોધી હતા. સઘળા યાદવો એમનાથી થરથરતા. એમની બીકે યાદવો અન્યાય કરી શકતા નહિ. એમને પાસાની રમતની લત હતી, પણ તેમાં કદીએ અન્યાય કરે, તે એમને ગમે જ નહિ. રમતમાં કરેલા અન્યાય સંબંધે એમણે કલિંગ રાજાને થપ્પડ મારીને દાંત પાડી નાંખ્યા હતા અને શકિત રાજાને તો ઠાર જ માર્યો હતો. (૨ શૈચના શબ્દ જુઓ). એઓ સ્વરૂપે સુંદર અને ગૌર કાંતિવાળા હતા. એમને કાળાં વસ્ત્ર પહેરવાં ગમતાં હતાં. વારુણી મદિરા એમને ઘણી પ્રિય હતી, તે તો કહી ગયા છીએ. એ મુખ્ય કરીને વારુણી મદિરા જ પીતા. હળ અને મુશળ એ એમનાં હથીયાર હતાં. હથીઆરો ઉપરથી એમનાં હલી, હલાયુધ, સીરપાણિ, મુસલી ઇ. નામ પડ્યાં હતાં.

બલવર્ધન. સોમવંશી ધૃતરાષ્ટ્રનો પુત્ર.

બલાક. ગર્ગકુળોત્પન્ન એક ઋષિ. બાલાકિ ઋષિનો પિતા.

બલાક (૨). માબાપની સેવા કરનારો એક પારધી. એ રોજ પશુ મારી મારીને એમનું પોષણ કરતો હતો. એક સમયે એને અરણ્યમાં રાત પડી અને કોઇ પશુ મળ્યું નહિ. એવામાં એક પશુ હાથ આવી ગયું એને મારીને ઘેર અવ્યું. એ પશુ આંધળું હતું. આંધળું પશુ મારવું એ પાપ ભરેલું છે, પણ એને એને મારતાં પાપ લાગ્યું નહિ કેમકે એ લોકોને બહુ પીડાકારી હતું. તેથી અધર્મ છતાં એને ધર્મ જ થયો. કૃષ્ણાર્જુન સંવાદ. (**ભાર૦ કર્ણ૦ અ૦ ૬૯**).

બલાકાશ્વ. સોમવંશી વિજયકુળોત્પન્ન જન્હુરાજાનો પૌત્ર. પુરુ અથવા અજ રાજાનો પુત્ર. એનો પુત્ર તે અજક રાજા.

બલાકી. ધૃતરાષ્ટ્ર રાજાના પુત્રમાંનો એક.

બલાનીક. દ્રુપદ રાજાના પુત્રોમાંથી અશ્વત્થામાએ મારેલો પુત્ર. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૫૬**).

બલાહક. કદ્રુપુત્ર નાગમાંનો એક.

બલાહક (૨). પ્રલયમેઘમાંનો એક.

બલાહક (૩). કૃષ્ણના રથના ચાર અશ્વો પૈકી એક અશ્વનું નામ.

બલાહક (૪). તગડાની સંજ્ઞાવાળા જયદ્રથ રાજાના છ ભાઇઓ પૈકી એક.

બલાહક (૫). ક્ષત્રિય જયદ્રથનો ભાઇ. (વ૦ ૨૧૬–૧૩).

બલિ. એક બ્રહ્મર્ષિ. (૨. અત્રિ શબ્દ જુઓ).

બલિ (૨). પ્રલ્હાદના પુત્ર વિરોચનનો પુત્ર. એને વૈરોચન અગર વૈરોચનિ પણ કહ્યો છે. એ ઘણો બળાઢ્ય હતો. એની મુખ્ય સ્ત્રીનું નામ વિંધ્યાવળી હતું. એને કોટરા નામની સ્ત્રી હતી એમ જણાય છે. પણ આ નામ

તે બીજી સ્ત્રીનું કે વિંધ્યાવળીનું જ બીજું નામ છે તેનો નિર્ણય થતો નથી. પરંતુ તે બાણાસુરની મા હતી, તે ઉપરથી લાગે છે કે એ વિંધ્યાવળીનું જ બીજું નામ હશે.

ચાલુ મન્વન્તરની સાતમી ચોકડીમાં એણે ઇંદ્ર થવા સારુ નર્મદા તીરે નવ્વાણું યજ્ઞ કર્યા અને સોમા યજ્ઞનો આરંભ કર્યો. એ યજ્ઞ પૂરો થવા આવ્યો, તેવામાં વિષ્ણુએ વામન સ્વરુપ ધારણ કરીને એની પાસે જઇને ત્રણ પગલાં ભૂમીની યાચના કરી. બલિએ એ આપવાનો સંકલ્પ કરી જળ મુકયું એટલે વિષ્ણુએ બટુકરુપ તજીને મોટું રુપ ધારણ કર્યું. એક પગલે પૃથ્વિ અને બીજે પગલે આકાશ એમ માપી લઇને, હવે ત્રીજું પગલું આપ એમ કહ્યું. બલિ દિલગીર થઇ ગયો અને ત્રીજું પગલું મારા પોતાના શરીર પર મુકો કહ્યું. વિષ્ણુએ તરત તેમ જ કર્યું અને દાબીને પાતાળમાં એસારી દીધો. પછી એને વર આપ્યો કે વૈવસ્વત મન્વન્તર પૂરો થાય ત્યાં સુધી તું અહીં રહે. હું તને હાલ ઉપેન્દ્ર બનાવું છું અને આઠમા–સાવર્ણિ મન્વન્તરમાં તું સ્વર્ગમાં ઇંદ્ર થઇશ.

બલિ દૈત્યને બાણ અગર બાણાસુર, ધૃતરાષ્ટ્ર, સૂર્ય, ચંદ્ર, ચંદ્રાંશુતાપન, નિકુંભનાભ, ગુવેક્ષ, કુક્ષિભીમ, વિભીષણ ઇ૦ સો પુત્ર હતા. અશ્રોત્રિય યુક્ત શ્રાદ્ધ કરે તેને, અશ્રદ્ધાપૂર્વક દાન કરે તેને, અસન્માર્ગીયોના યજ્ઞમાં, અશુચીપણાએ કરેલા દેવ બ્રાહ્મણ પુજનમાં, અને અભક્તપણે કરેલા ગુરુના કામમાં જે કાંઇ પુણ્યાંશ હોય તે જેનું તેને ન મળતાં તને (બલિને) મળશે એવો વામનરુપધારી વિષ્ણુએ વર આપ્યો હતો. (**ભાગ૦ સ્કં૦ નવમ૦ અ૦ ૪૫**).

બલિ (૩). સોમવંશી આયુકુળોત્પન્ન યયાતિપુત્ર અનુના વંશના સુતપારાજાનો પુત્ર. એને સુદેષ્ણા નામે સ્ત્રી હતી. સુદેષ્ણાને પેટે એણે દીર્ઘતમા ઋષિ પાસે અંગ, વંગ, સુહ્ય, પુંડ્ર, અંધ્ર, અને કલિંગ એમ છ પુત્રો ઉત્પન કરાવ્યા હતા. પુત્ર સારુ દીર્ઘતમાની પ્રાર્થના કરેલી તે જોતાં એ આ બલિ દૈત્ય જ એમ જણાય છે.

"अंतःपुरेजुगोपैनं भक्ष्यं भोज्यैश्च तर्पयन् ॥
तस्माच्चसवरं वव्रे पुत्रार्थे दानवर्षभः ॥ ५८ ॥
संतानार्थं महाभाग भार्यायां मम मानद ॥
पुत्रान् धर्मार्थतत्त्वज्ञानुत्पादयितुमर्हसि ॥ ६० ॥
एवमुक्तोथ देवर्षिरतथास्त्वित्युक्तवान् प्रभुः ॥
स तस्यराजा स्वां भार्यां सुदेष्णां नाम ग्राहिणोत् ॥

(**મત્સ્ય૦ અ૦ ૪૮**).

આ પ્રમાણે શંકા ઉત્પન્ન કરે એવાં સેંકડો વચનો પુરાણોમાં મળી આવે છે. વાંચનાર ઘોંટાળામાં પડે કે જો આ બલિદૈત્ય જ હોય તો તેણે વિંધ્યાવળી નામની સ્ત્રી કહેવી જોઇતી હતી, તે ન કહેતાં સુદેષ્ણા કેમ કહી ? કોઇ એવી કલ્પના કરે કે આ સુદેષ્ણા બલિ દૈત્યની બીજી સ્ત્રી હશે કે વિંધ્યાવળીનું બીજું નામ હશે, તો વળી અગાઉ જતાં જરા છેટે બીજું વાક્ય આવે છે કે:—

सेनस्य सुतपाजज्ञे सुतपस्तनयो बलिः ॥
जातो मानुषयोन्यां तु क्षीणे वंशे प्रजेच्छया २३

(**મત્સ્ય અ૦ ૪૮-૪૯**).

સંતતિ ક્ષીણ થવાથી પ્રજા ઉત્પન્ન કરવી એવા હેતુથી સેન રાજાના પુત્ર સુતપા રાજાના પુત્રરુપે બલિદૈત્ય જ મનુષ્ય યોનિમાં જન્મ્યો અને એણે આ રીતે પ્રજા ઉત્પન કરાવી.

આ જ પ્રમાણે નારદ, વસિષ્ટ ઇ૦ ના બધ્બે ત્રણ ત્રણ જન્માંતર થયા છતાં, પૂર્વ જન્મનાં નામો અને બ્રહ્મમાનસપુત્ર ઇત્યાદિ લખીને પુરાણોમાં ગોટાળો કરેલો જણાય છે.

બલિ (૪). એક ઋષિ. (**ભાર૦ સ૦ ૪ ૧૬**).

બલિવિંધ્ય. રૈવત મનુના પુત્રોમાંનો એક.

બલિવાક. એક ઋષિ. (**ભાર૦ સ૦ ૪ ૨૦**).

બલિભદ્ર. શિવના રુદ્રગણમાંનો એક.

બલી. બલિ શબ્દ જુઓ.

બલીનર. એક અસુર.

બલીમુખ. રામની સેનામાંનો એક વાનર. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪**).

બલેધુ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

બલોન્મત્ત. રુદ્રગણોમાંનો એક.

બલ્લવ. અજ્ઞાતવાસ સમયે પાંડુપુત્ર ભીમ જે નામ ધારણ કરીને વિરાટને ત્યાં રહ્યો હતો તે. (**ભા૨૦ વિરા૫૦ અ૦ ૮**). અહીં એણે કીચકને માર્યો હતા. (કીચક શબ્દ જુઓ).

બલ્લવ (૨). સામાન્ય રીતે ગોવાળોનું આ નામ છે. તેઓ ગાયોનું રક્ષણ કરતા અને જાતે વૈશ્ય હોવાથી રાજગૃહમાં રસોઇ કરવાનું કામ કરતા. પૂર્વે પાંડવોના સમય સુધી આમ હતું. એમણે કરેલી રસોઈ બ્રાહ્મણો પણ ખાતા. હાલ બંધી છે.

બલ્લવદેશ. ભારતવર્ષીય બલ્લવોનો દેશ. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯**).

બલ્વલ. વિપ્રચિત્તિ દાનવનો પૌત્ર અને ઇલ્વલનો પુત્ર. એ નૈમિષારણ્યના ઋષિયોને ઘણો ત્રાસ આપતો. તે ઉપરથી ઋષિયોની આજ્ઞાથી ગયા દ્વાપર યુગને અંતે બલરામે એને માર્યો હતો. (બલરામ શબ્દ જુઓ).

બહિર્ગિરિ. અંતર્ગિરિ શબ્દ જુઓ. (**ભા૨૦ સ૦ ૨૮ ૩**).

બહુગવ. સોમવંશી આયુકુલોત્પન્ન યયાતિપુત્ર પૂરુરાજાના વંશના સુધુરાજાનો પુત્ર. એના પુત્રનું નામ સંયાતિ.

બહુગુણ. એક ગંધર્વ.

બહુદંષ્ટ્ર. રાવણપક્ષીય રાક્ષસ. (**વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬**).

બહુધાન્યક. મરુભૂમિ દેશની પશ્ચિમે આવેલો દેશ વિશેષ. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૨**).

બહુરથ. સોમવંશી પૂરુકુલોત્પન્ન હરિતપુત્ર દેવમીઢ અથવા દ્વિમીઢના વંશના રિપુંજય રાજાનો પુત્ર.

બહુરૂપ. એક રુદ્ર. ભારતમાં કહેલા રુદ્રોમાંથી કિયાનું આ નામ છે તે જણાતું નથી.

બહુરૂપ (૨). પ્રિયવ્રતપુત્ર મેધાતિથિના સાત પુત્રોમાંનો છઠ્ઠો પુત્ર. એનો દેશ–વર્ષ–એને જ નામે પ્રસિદ્ધ છે.

બહુરૂપ (૩). શાકદ્વીપમાંનો છઠ્ઠો દેશ–વર્ષ.

બહુળ. કદ્રુપુત્ર એક નાગ.

બહુલધ્વજ. તામ્રધ્વજ રાજાનો પ્રધાન.

બહુલા. ભારતવર્ષીય નદી. (**ભા૨૦ ભી૦ ૯**)

બહુલા (૨). કૃત્તિકા નક્ષત્રનું બીજું નામ.

બહુલાશ્વ. વિદેહવંશી ધૃતિ નામના જનકનો પુત્ર. એક વેળા કૃષ્ણ એને ત્યાં ગયા હતા. (શ્રુતદેવ શબ્દ જુઓ). આ જનક પાંડવોના સમયમાં મિથિલામાં રાજ્ય કરતો હતો. એનો પુત્ર તે કૃત્તિજનક.

બહ્વીતિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

બહ્વૃચ. ઋકશાખાધ્યાયી બ્રાહ્મણોની સંજ્ઞા.

બહ્વૃચ (૨). એ નામનું ઋગ્વેદનું એક ઉપનિષત્.

બહ્વાસી. સોમવંશી ધ્રુતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.

બાણ. દનુપુત્ર એક દાનવ વિશેષ.

બાણ (૨). બલિ દૈત્યનો એક પુત્ર. બાણાસુર શબ્દ જુઓ.

બાણાસુર. એક દાનવ. એની સ્ત્રીનું નામ અનીપમ્યા. એ ત્રિપુર બનાવીને અંતરિક્ષમાં જ રહ્યો હતો. મયાસુરે બનાવેલાં ત્રિપુર અને આ જુદાં છે, એટલે ત્રિપુરાસુર વાળાં ત્રિપુર અને આ ત્રિપુર એક સમજવાં નહિ. (**મત્સ્ય૦ અ૦ ૧૮૬**).

બાણાસુર (૨). બલિદૈત્યના સો પુત્રોમાંનો મોટો પુત્ર. એનું બીજું નામ મહાકાલ પણ હતું એમ જણાય છે. એણે તાંડવનૃત્ય કરીને શંકરને બહુ પ્રસન્ન કર્યા હતા. એણે શંકર પાસે વરદાન માગ્યું હતું કે તમારો એક રુદ્રગણ મારા નગરમાં રક્ષણ કરવા રહે, અને મારે હજાર હાથ થાય. મહાદેવે એને એ બધું આપ્યું હતું. એનો કેટલોક ઇતિહાસ 'ઉષા ચરિત્ર'માં છે. (ઉષા શબ્દ જુઓ).

બાદરાયણ. બદરીવનમાં તપ કર્યાના સબબથી કૃષ્ણદ્વૈપાયન વ્યાસનું પડેલું નામ.

બાદરાયણિ. શુક્રાચાર્યનું નામ.

બાદરિ. શ્યામપરાશર કુળમાં થએલો એક ઋષિ.

બાભ્રવ્ય. વિશ્વામિત્ર કુળના બભ્રુઋષિના પુત્ર અને તેમનું કુળ.

બાભ્રવ્યાયણિ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

બાર્હદીશ્વ. સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢપુત્ર બૃહદિષુના વંશજોનું નામ.

બાર્હદ્રથ. સોમવંશી પૂરુકુલોત્પન્ન ઉપરિચર વસુના બૃહદ્રથ નામના પુત્રના વંશજોનું નામ.

બાલડિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

બાલધિ. બાલધી શબ્દ જુઓ.

બાલધિ(૨). એક બ્રહ્મર્ષિ. (ભૃગુ શબ્દ જુઓ).

બાલધી. એક બ્રહ્મર્ષિ. પ્રથમ એને એક પુત્ર થયો હતો તે મરણ પામવાથી એને બહુ દુઃખ થયું. હવે પુત્ર થાય તે અમર થાય એવી ઇચ્છાથી એણે તપનો આરંભ કર્યો. દેવે પ્રસન્ન થઇને તું વરદાન માગ, એમ કહેતાં, એણે મારે અમર પુત્ર થાય એવું માગ્યું. એ તો અપ્રાપ્ય છે, એમ કહેતાં એણે કહ્યું કે, આ સામે જે પર્વત દેખાય છે તે પર્વત રહે ત્યાં સુધી મારો પુત્ર જીવતો રહે એવું તો આપો. તથાસ્તુ કહીને દેવ અંતર્ધાન પામ્યા. કાળે કરીને એને એક પુત્ર થયો. એનું મેધાવિ એવું નામ પાડ્યું. પણ પર્વતના જેટલા આયુનો હોવાથી એ એને લાડમાં પર્વતાયુ કહીને બોલાવતો. કાળે કરીને મોટો થતાં એને ખબર પડી કે મારું આયુષ પર્વત જેટલું છે. આથી એ ઉન્મત્ત થઇ ગયો અને પ્રાણિમાત્રને પીડા કરવા લાગ્યો. એક વખત એણે ધનુષાક્ષ નામના ઋષિને નિષ્કારણ બહુ ત્રાસ આપ્યો. તેથી ઋષિએ એને તું મરણ પામીશ એવો શાપ દીધો. છતાં એ તત્કાળ મુઓ નહિ, તે ઉપરથી ઋષિને બહુ આશ્ચર્ય થયું. દિવ્યદૃષ્ટિથી એનું કારણ શું છે તે જોતાં ઋષિને જણાયું કે એનો આવરદા પર્વત જેટલો છે. એમણે પોતાના તપોબળથી પાડાઓ પાસે એ પર્વતને બોદાવીને હતો જ નહિ એવો કરી દીધો. તેથી કરીને મેધાવિ તત્કાલ જ મરણ પામ્યો. (**ભા૨૦ વન૦ અ૦ ૩૬૫**).

બાલાકિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

બાલાકિ. (૨). ભરદ્વાજગિરસકુળના ગર્ગગોત્રમાં ઉત્પન્ન થએલા બલાક ઋષિનો પુત્ર. એ વેદવેદાંગપારગ હતો. બ્રહ્મવિદ્યાનું જ્ઞાન ન હોવાથી વિદ્વાન તો હું જ અને બીજા સર્વ તુચ્છ એવું અભિમાન આણી દિગ્વિજય કરવા નીકળ્યો. અનેક દેશના પંડિતોને વાદવિવાદમાં જીતી, અને જયપત્રો લઇને તે કાશી ગયો. ત્યાં કાશીમાં ઘણા વિદ્વાનોને જીત્યાથી અત્યંત ઉન્મત્ત થઇ ઘણા ઘમંડ સાથે રાજા પાસે ગયો. તેને જોઇને રાજાએ તેનો સત્કાર કર્યો અને આસનપર બેસાડી આવવાનો ઉદ્દેશ પુછ્યો. એણે ઉત્તર આપ્યો કે હું તારી પાસે આવ્યો છું તે એવા હેતુથી આવ્યો છું કે હું જે કાંઇ તને પુછું તેનો તું મને ઉત્તર આપ. જો ઉત્તર ન આપી શકે તો મારો શિષ્ય થઈને રહે. બહુધા મને એમ જણાય છે કે તું મારો ઉત્તર આપી શકીશ જ નહિ. તેથી તું મારો શિષ્ય થવાને જ યોગ્ય છે. તેથી તારે જે કાંઇ પુછવું હોય તે પુછ. હું તને તેનો યોગ્ય ઉત્તર આપું. આ ભાષણ સાંભળીને કાશીરાજા જે પોતે બ્રહ્મવિદ્યાસંપન્ન હતો તે અતિશય શાંતવૃત્તિ રાખી બોલ્યો કે, હે બ્રાહ્મણ તારા ભાષણથી મને પરમ સંતોષ થયો છે. કારણ કે આજ સુધી મારી પાસે મોટા મોટા વૃદ્ધ બ્રાહ્મણો આવી ગયા પરંતુ કોઇએ મને તું મારો શિષ્ય છે, હું તને ઉપદેશ આપું છું, એવું કહેલું નહિ; અને તું આટલો તરુણ છતાં હું તને ઉપદેશ આપું છું એમ બોલે છે, માટે તને ધન્ય છે. તેથી હમણાં જ સશાસ્ત્ર સહસ્ર ગાયોની દક્ષણા મેં તારે માટે નિર્માણ કરી છે, માટે તું મને શું કહે છે. જે કહેવું હોય તે કહેવાનો સત્વર આરંભ કર. રાજાનું આ બોલવું બાલાકીને સત્ય લાગ્યું.

કારણ તેની યોગ્યતા શું છે તે ખરી રીતે તે સમજ્યો નહિ ને ગર્વથી કહેવા લાગ્યો કે હે રાજા! તને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપું છું, તે સાવધાન થઇ તું શ્રવણ કર. આવું કહી જ્યાં અંગભૂત વિષયનો ઉપદેશ કરવા પ્રવૃત્ત થાય છે કે તરત જ રાજાએ તેનું ખંડન કર્યું. બાલાકી પુનઃ બોલવા લાગ્યો તેનું પણ રાજાએ ખંડન કર્યું. તાત્પર્ય, કે એણે જે જે કહ્યું તે બધાનું રાજાએ ખંડન કર્યું. આમ થતાં થતાં બાલાકીની એવી સ્થિતિ થઇ પડી કે આગળ હવે શું બોલવું તેની તેને સૂઝ પડે જ નહિ. ને તેથી તે સ્તબ્ધ બેસી રહ્યો. આ જોઇ રાજા બોલ્યો કે હે બ્રાહ્મણ સ્તબ્ધ બેસી કેમ રહ્યો? અરે આગળ બોલ, તું મને ઉપદેશ આપીશ એવી પ્રથમ પ્રતિજ્ઞા કરી હવે કેમ કંઇ બોલતો નથી? અસત્ય ભાષણ કરનારને શી શિક્ષા હોય એ મારે તને કહેવું પડે એમ નથી. તું તે જાણે જ છે. માટે તું તેમ કરીશ નહિ. આટલું છતાં બાલાકી કાંઇ જ બોલે નહિ. છેવટે રાજા બોલ્યો કે હે બાલાકી! હું રાજા હોઇ મારા દેશમાં અપરાધને લેશ માત્ર જતો કરતો નથી; લાગલી જ ધર્મશાસ્ત્ર પ્રમાણે એને શિક્ષા કરું, પણ તું બ્રાહ્મણ છે માટે શિક્ષાને પાત્ર નથી, એ હું જાણતો હોવાથી હું તને જવા દઉં છું. તું અહિંથી જા અને ફરીથી આવું મિથ્યા ભાષણ કરીશ નહિ. આવું કહી સભામાંથી ઉઠી રાજા અંતઃપુરમાં ગયો.

પછી પશ્ચાત્તાપ પામી બાલાકી બ્રહ્મવિદ્યા નિમિત્ત રાજાને શરણે આવ્યો, તે જોઇ રાજાએ કહ્યું, અરે તમે બ્રાહ્મણ અને હું ક્ષત્રી. આવું ઉલટું કેમ સંભવે? તમે મારો સ્વભાવ જાણતા નથી? અરે યાજન, અધ્યાપન અને પ્રતિગ્રહ, આ ત્રણ કર્મો બહુધા બ્રાહ્મણોનાં જ છે. છતાં મેં જે કાંઇ તને કહ્યું તે મારો અપરાધ ક્ષમા કરી, હું આજે યથાશક્તિ તારી સંભાવના કરું તે ગ્રહણ કર, ને તારે આશ્રમે જા. આમ છતાં બાલાકી જાણે કાંઇ સાંભળતો જ નથી એમ બેસી રહ્યો તે કહેવા લાગ્યો કે હે રાજા મારી ઉપેક્ષા કરીશ નહિ. હું ખરેખર જ તારે શરણ આવ્યો છું.

આવું બાલાકીનું નિશ્ચયાત્મક ભાષણ સાંભળી, રાજાએ તેને સિંહાસન પર બેસાડ્યો. પોતે રહામે બેસી તેની પૂજા કરી કહ્યું કે હે બાલાકી તું મારો શિષ્ય અને હું તારો ગુરૂ એવું શ્રુતિવિરૂદ્ધ કર્મ હું કદી કરનાર નથી; તેથી હવે હું તને કહું છું કે દાન આપવું એ માટે કર્મ છે, પ્રતિગ્રહ કરવો એ તારૂં કર્મ છે તેથી, મારો અને તારો દાતૃયાચ્યક સંબંધ થયો, એમ સમજી હું તને બ્રહ્મવિદ્યાનું દાન આપું છું. આવું બોલી રાજાએ તેને બ્રહ્મવિદ્યાનું દાન આપ્યું. બાલાકી નિઃસંશય સમાધાનની પ્રાપ્તી થતાં સુધી કાશી નિવાસ કરી, નિરભિમાન હવો થકો સ્વગૃહે ગયો.

આ ઇતિહાસ ઉપનિષદમાંથી લીધો છે.

બાલિશાયિની. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

બાલ્હીક. સોમવંશી પૂરુકુલોત્પન્ન પ્રતીપ રાજાના ત્રણ પુત્રોમાંનો કનિષ્ઠ. શંતનૂનો કનિષ્ઠ ભાઇ; તેના પુત્રનું નામ સોમદત્ત.

બાલ્હીક (૨). બાલ્હીક દેશના સામાન્ય ક્ષત્રિયો. એ દુર્યોધનના પક્ષમાં હતા, તેમને બધાને પાંડવોએ માર્યા હતા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૫૮–૧૫**).

બાલ્હીક દેશ. આ દેશ ઉત્તર તરફ ચોલ અને દરદ નામના બે દેશોની વચ્ચે પાંડવોના સમયમાં હતો. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૮–૨૨**).

બાષ્કલ. એક બ્રહ્મર્ષિ.

બાષ્કલ (૨). શિવના રુદ્રગણમાંનો એક.

બાષ્કલ (૩). હિરણ્યકશિપુ દૈત્યના પુત્રોમાંનો એક.

બાષ્કલ (૪). પ્રલ્હાદના પુત્રોમાંનો એક.

બાષ્કલ (૫). બગડાની સંજ્ઞાવાળા મહિષાસુરના પ્રધાનોમાંનો એક.

બાષ્કલ (૬). અનુહ્લાદના પુત્રોમાંનો એક.

બાષ્કલિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

બાહુ. ઇંદ્રસાવર્ણિ મન્વન્તરમાં થનારા સપ્તર્ષિયોમાંનો એક.

બાહુક. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન હરિશ્ચંદ્રવંશના વૃક નામના રાજાનો પુત્ર. આ રાજા વૃદ્ધપણાને પ્રાપ્ત થયો ત્યાં સુધી તેને કશી સંતતિ થઇ નહિ. તેનું રાજ્ય શત્રુઓએ હરી લીધું. આથી સ્ત્રીઓ સહવર્તમાન અરણ્યમાં જઇ તપ કરવા લાગ્યો. આ વાતને કેટલોક કાળ ગયા પછી તેનું મૃત્યુ થયું. તેની જ્યેષ્ઠ સ્ત્રી તેની સાથે સહગમન કરવા જતી હતી. પરંતુ તે ગર્ભિણી છે એમ જાણી, ઔર્વ ઋષિએ તેને સહગમન કરવા દીધું નહિ. આ સમાચાર તેની શોકયોથી સહન ન થઇ શકવાથી તેમણે તેને વિષ દીધું. પરંતુ તે મરણ ન પામી, ને અલ્પકાળમાં તેને પ્રસૂતિ થઇ અને વિષથી વ્યાપ્ત થએલો પુત્ર પ્રસવ્યો. તે ગર એટલે વિષવડે યુક્ત જન્મ્યો, તેથી ઋષિએ તેનું નામ સગર એવું રાખ્યું. ઋષિએ તેને પોતાની કૃપાકટાક્ષથી વિષબાધારહિત કર્યો; અને તે મોટો થઇ ઉછરી આવ્યો. એ પુત્ર આગળ જતાં મોટો પરાક્રમી રાજા થયો.

(**ભાગ૦ સ્કં૦ નવમો૦ અ૦ ૮**).

બાહુક (૨). ઋતુપર્ણ રાજાને ઘેર રહેતાં નલરાજાએ ધારણ કરેલું નામ.

બાહુક (૩). એક યાદવ વિશેષ.

બાહુદા. બગડાની સંજ્ઞાવાળા હિમાલયમાંથી નીકળનારી નદી.તેનું મૂળ નામ સૈતવાહિની એવું છે. પણ લિખિત ઋષિનો કપાઇ ગએલો હાથ એમાં નહાવાથી ફરી ઉગ્યો હતો, તેથી આ નામ પડ્યું છે. (**ભા૨૦ વ૦ ૮૨** અને **ભી૦ ૬**).

બાહુદા (૨). પરિક્ષિતની ભાર્યા. એનું બીજું નામ સુવેષા અને એના છોકરાનું નામ ભીમસેન હતું. (**ભા૨૦ આ૦ ૬૩–૪૫**).

બાહુલેય. છ કૃતિકાઓપડે જન્મ હોવાથી કવચિત્ કોઇ ઠેકાણે કાર્તિકને આ નામે કહ્યો હોય એવું મળી આવે છે.

બાહુશાલી. ધૃતરાષ્ટ્રનો પુત્ર. (**ભા૦આ૦૨૦૧–૩**)

બાહ્ય. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

બાહ્યક. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

બાહ્યકર્ણ. એક નાગ વિશેષ.

બાહ્લિકા. સોમવંશી પૂરુકુલોત્પન્ન સાત્વતપુત્ર ભજમાન રાજાની બે સ્ત્રીઓમાંની બીજી.

બાહ્યકુંડ. સર્પ વિશેષ.

બાહ્યા. સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળેલી નદી.

બિડાલ. મહિષાસુરના પ્રધાનોમાંનો એક.

બિંદુ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

બિંદુ (૨). અમૃતબિંદુ શબ્દ જુઓ.

બિંદુ (૩). દનુપુત્ર દાનવોમાંનો એક.

બિંદુમતી. ઋષભદેવ વંશના મરીચિ રાજાની સ્ત્રી.

બિંદુમતી (૨). સૂર્યવંશોત્પન્ન યુવનાશ્વપુત્ર માંધાતા રાજાની સ્ત્રી.

બિંદુમાધવ. કાશીક્ષેત્ર માંહ્યલો દેવ વિશેષ.

બિંદુમાન્. પ્રિયવ્રત વંશોત્પન્ન ઋષભકુળમાં જન્મેલા મરીચિ રાજાને બિંદુમતીથી થએલો પુત્ર; તેને સરઘા નામની સ્ત્રીથી મધુ નામનો પુત્ર થયો હતો.

બિંદુસર. કર્દમ પ્રજાપતિ સરસ્વતી તીરે તપ કરતા હતા. તેના ઉપર કૃપા વરસાવવા વિષ્ણુ ત્યાં આવ્યા. તે વેળા કર્દમને જોઇને વિષ્ણુ અતિ સંતોષ પામ્યા ને તેમના નેત્રમાં આનંદાશ્રુ આવ્યાં. તે બિંદુ ભૂમિપર પડ્યાં તેમાંથી ઉત્પન્ન થયેલું સરોવર. (**ભાગ૦ ૩ સ્કં૦ અ૦ ૨૧**) ગુજરાતમાં સિદ્ધપુરમાં એ ઋષિનો આશ્રમ કહેવાય છે, ત્યાં પણ બિંદુસર નામનો કુંડ છે.

બિંદુસર (૨). ભાગીરથીનો ઓઘ શંકર ભગવાને પોતાને મસ્તકે ધારણ કર્યો. તે ઓઘમાંથી બિંદુ ભૂમિપર પડ્યાં તેમાંથી જે સરોવર ઉત્પન્ન થયું તે. એ હિમાલયના હિરણ્યશૃંગ નામના શિખરની બીણુની બાજુમાં છે. (**મત્સ્ય૦ અ૦ ૧૨૦**).

બિંદ્વાત્મપ્રબોધ. ઋગ્વેદનું ઉપનિષત્.

બિભીષણ. બલિ દૈત્યના સો પુત્રોમાંનો એક.

બિભીષણ (૨). એક ગંધર્વ વિશેષ.

બિભીષણ (૩). વિશ્રવા ઋષીની બીજી સ્ત્રી કૈકસીના ત્રણ પુત્રોમાંનો કનિષ્ઠ. (**ભા૨૦ વન૦ અ૦ ૨૭૫**).

તેણે દશગ્રીવ અને કુંભકર્ણ એ બન્ને ભાઇયોની સાથે પાંચ હજાર વર્ષ પર્યંત ગોકર્ણ ક્ષેત્રમાં તપ કર્યું. તે થઈ રહ્યા પછી તેટલાં જ વર્ષ એક પગે ઉભા રહી તપશ્ચર્યા કરી. કુલ દસ હજાર વર્ષની તપશ્ચર્યા થઈ રહ્યા પછી બ્રહ્મદેવ તેના ઉપર પ્રસન્ન થયા; અને વર માગ એમ કહ્યું. તે વેળા તેણે મારી મતિ સર્વદા સદ્ધર્મમાં જ રત રહે અને મને બ્રહ્માસ્ત્ર આપો, એવું માગ્યું. એ રાક્ષસ છે છતાં આવું માગે છે તે જોઇ, પ્રસન્ન મન વડે તેણે માગ્યું તે તેને આપ્યું. તે ઉપરાંત અમરત્વ પણ આપી બ્રહ્માએ સ્વધામપ્રતિ ગમન કર્યું. (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૧૦**).

પછી આ બન્ને ભાઇઓ શ્લેષ્માતક વનમાં પિતા પાસે ગયા ને ત્યાં રહ્યા. તેમની જોડે આ પણ ગયો. પછી કેટલેક કાળે જ્યારે લંકા નગરી રાવણને મળી, ત્યારે ત્યાં જઇ રહ્યા. તે પછી દશગ્રીવ અને કુંભકર્ણનાં લગ્ન થયાં. તે કાળે શૈલૂષ ગંધર્વે પોતાની કન્યા સરમા આને વિવાહ વિધીથી આપી. (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૧૨**). થોડા વખત પછી રાવણે સીતાનું હરણ કરી આણીને લંકામાં અશોકવનમાં રાખી હતી, તેની ભાળ કહાડવા મારુતિ આવ્યા. અને રાવણના અશોકવનનો નાશ કરી, સહસ્રાવધિ રાક્ષસ માર્યા. તે ઉપરથી રાવણે ઇંદ્રજિતને મારુતિને પકડી લાવી મારી નાંખવાની આજ્ઞા કરી. પરંતુ એને એમ ન કરવું, એવું રાવણને કહી બિભીષણે મારુતીને છોડાવ્યા. (**વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૫૨**).

વજ્રદંષ્ટ્ર રાક્ષસે રામ લક્ષ્મણાદિને મારી નાંખવાની યુક્તિ બતાવી હતી. તે આણે નિર્મૂળ કરી નાંખી. તેમ જ પ્રહસ્ત અને ઇંદ્રજીતની પોતાની નિષ્કારણ બડાઇ કર્યા બદલ આણે અતિશય નિર્ભર્ત્સના કરી હતી. તેવી જ રીતે રાવણને અનેક પ્રકારે બોધ કર્યો હતો. પરંતુ તે તેને રૂચ્યો નહિ. આથી બિભીષણ તેને પુષ્કળ મર્મભેદક વાક્યો કહી, ઘર, સ્ત્રી આદિની આસક્તિ તજી, પોતાના ચાર પ્રધાનને સાથે લઈ, સમુદ્રને ઉત્તર તીરે રામને શરણ ગયો. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૯–૧૦. ૧૪–૧૫. ૧૬**).

રાવણના મૃત્યુ પછી એ જ લંકાનો રાજા થયો. અને બ્રહ્મદેવનો કલ્પ પુરો થતાં સુધી તેનું આયુષ્ય હોઇ, હજુ પણ તે લંકામાં રાજ્ય કરે છે. (૨ રામ શબ્દ જુઓ).

બિલ્વક. નાગ વિશેષ.(**ભા૨૦ આ૦ ૩૫–૧૨**).

બિલ્વજેતા. નાગ વિશેષ. (**ભા૦ આ૦૫૭–૯**).

બિલ્વપત્ર. નાગ વિશેષ (**ભા૦ ઉ૦ ૧૦૩–૧૪**).

બિલ્વિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

બીજ. દસ વિશ્વેદેવોમાંનો એક.

બીજવાપ. એક બ્રહ્મર્ષિ અને તેનું કુળ.

બીજવાપિ. બીજવાપ તે જ. (૨. અત્રિ શબ્દ જુઓ).

બીભત્સુ. પાંડુપુત્ર અર્જુનનું બીજું નામ. (**ભા૨૦ વિ૦ ૪૩–૨૧**).

બુદ્ધ. કીકટ દેશમાં થએલો વિષ્ણુનો અવતાર. વૈદિક મંત્રોવડે યજ્ઞ કરનાર શૂદ્ર જાતના રાજાની બુદ્ધિમાં મોહ ઉત્પન્ન કરવા માટે અજન નામના કોઈ એક પુરૂષથી ચાલુ કળિયુગના આરંભમાં ઉત્પન્ન થયો હતો.

બુદ્ધિ. સ્વાયંભુવ મન્વન્તરમાં ધર્મઋષિની સ્ત્રી; તેનો પુત્ર અર્થ.

બુદ્ધિ (૨). ઇંદ્ર સાવર્ણિ મનુના થનાર પુત્રોમાંનો એક.

બુદ્બુદા. શાપને લીધે મકરી (મગરી) થએલી અપ્સરા. (નારીતીર્થ શબ્દ જુઓ.) (**ભા૦ આ૦ ૨૩૬–૨૦**) અને (**ભા૦સ૦ ૧૦–૧૩**).

બુધ. ચાલુ મન્વન્તરમાં સોમનો પુત્ર. આ સોમ થકી રોહિણીમાં ઉત્પન્ન થયેલો હોવાથી તેને રૌહિણેય અને સૌમ્ય પણ કહ્યો છે. આને જ પછી ઇલાની કૂખે પુરૂરવા પુત્ર થયો હતો.

બુધકૌશિક. એક બ્રહ્મર્ષિ. આ વિશ્વામિત્ર કુલોત્પન્ન કે કોઇ બીજા કુળનો, તે કોઇ જગ્યાએથી જણાતું નથી. રામરક્ષા સ્તોત્રનો કર્તા તો આ જ.

બૃન્દારક. કૌરવ પક્ષનો ક્ષત્રિ. એને અભિમન્યુએ માર્યો હતો. (**ભા૦ દ્રો૦ ૪૭–૧૨**).

બૃન્દારક (૨). સોમવંશીય ધૃતરાષ્ટ્રનો પુત્ર. (**ભા૦ આ૦ ૧૩૧–૮**).

બૃહક. એક ગંધર્વ.

બૃહચ્છુકલ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

બૃહજ્જાબાલ. અથર્વણ વેદનું ઉપનિષત.

બૃહંત. ઉલૂક પર્વત ઉપરના આ જ નામના દેશનો રાજા. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૭**). તે ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષમાં હતો અને શકુનીને હાથે મરાયો હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૫.**) આનો ભાઇ તે ક્ષેમધૂર્તિ.

બૃહતી. દેવસાવર્ણિ મન્વન્તરમાંના વિષ્ણુના અવતારની માતા.

બૃહત્. બૃહદ્રાજ રાજા તે જ.

બૃહત્કર્મા. સોમવંશીય અનુકુલોત્પન્ન અંગવંશીય પૃથુલાક્ષ રાજાના ચાર પુત્રોમાંનો એક.

બૃહત્કલ્પ. બ્રહ્મદેવના ચાલુ માસનો સાતમો દિવસ અથવા કલ્પ. (૪ કલ્પ શબ્દ જુઓ.)

બૃહત્કાય. સોમવંશીય પૂરુકુલોત્પન્ન અજમીઢ પુત્ર બૃહદ્દિષુનો પૌત્ર, અને બૃહદ્ધનૂનો પુત્ર. એનો પુત્ર તે જયદ્રથ.

બૃહત્કીર્તિ. અંગિરસનો પુત્ર એક ઋષિ. (**ભા૦ ૨૦ ૨૨૧–૨**).

બૃહત્કેતુ. એક ક્ષત્રિય. (**ભા૦ આ૦ ૧–૨૬૨**).

બૃહત્વા. એક ગંધર્વ.

બૃહત્સેન. ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. તે મદ્ર દેશનો સામાન્ય રાજા હોઈ તેની કન્યા લક્ષ્મણા કૃષ્ણની સ્ત્રી હતી; અર્થાત તે કૃષ્ણનો સસરો હતો.

બૃહત્સેન (૨). કૃષ્ણના ભદ્રાથી થએલા પુત્રોમાંનો એક.

બૃહત્સેન (૩). સોમવંશીય પૂરુકુલોત્પન્ન જરાસંધ વંશમાંના સુનક્ષત્ર રાજાનો પુત્ર. તેનો પુત્ર તે કર્મજિત.

બૃહત્સેના. દમયંતીની એક પરિચારિકા.

બૃહત્ક્ષત્ર. સોમવંશીય પૂરુકુલોત્પન્ન રૌદ્રાશ્વ પુત્ર ઋતેયુના વંશના મન્યુ રાજાના પાંચ પુત્રમાંનો મોટો. તેનો પુત્ર હસ્તી રાજા.

બૃહત્ક્ષત્ર (૨). ધૃષ્ટદ્યુમ્ને મારેલો એક રાજા. એ ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષમાં હતો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૩૨**)

બૃહત્ક્ષત્ર (૩). કેકય દેશનો પાંડવપક્ષનો એક રાજા. આને દ્રોણાચાર્યે માર્યો હતો.(**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૨૫**).

બૃહદ્બલ. સૂર્યવંશીય ઇક્ષ્વાકુકુલોત્પન્ન શાખાસ્ત રાજાના બે પુત્રમાંનો મોટો. તે મોટો શૂર, ધર્માત્મા અને ઇશ્વરભક્તિ પરાયણ હતો. દીર્ઘકાળ પર્યંત ઉત્તમ પ્રકારે નીતિથી રાજ્ય કરી, વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઇ એટલે કુવલાશ્વ પુત્રને ગાદી પર બેસાડી પોતે અરણ્ય પ્રતિ ગમન કર્યું. અરણ્યમાં ગયો કે તરત જ તેની પાસે કાંઇ કાર્ય નિમિત્તે ઉત્તંક ઋષિ આવ્યા હતા. પરંતુ તેણે તે કાર્ય કરવાનું પુત્રને જ કહ્યું. (કુવલાશ્વ શબ્દ જુઓ).

બૃહદ્બલ (૨). સૂર્યવંશીય ઇક્ષ્વાકુકુલોત્પન્ન અરણ્ય રાજાના બે પુત્રોમાંનો નાનો. હર્યશ્વનો ભાઇ.

બૃહદ્બલ (૩). દ્વૈતવનમાં પાંડવો પાસે આવેલો એક ઋષિ. આણે યુધિષ્ઠિરને અનેક ઇતિહાસ સંભળાવ્યા હતા. અને અક્ષવિદ્યા તથા અશ્વહૃદયવિદ્યા શિખવી હતી. આ બન્ને વિદ્યાનો ઉપયોગ એ હતો કે જો પુનઃ દ્યૂતનો પ્રસંગ પ્રાપ્ત થાય તો પાસા પોતાને અનુકૂળ પડે અને યુદ્ધમાં પરાજય થાય નહિ. (**ભા૨૦ વન૦ અ૦ ૭૬**).

બૃહદારણ્યક. યજુર્વેદનું ઉપનિષત્.

બૃહદ્દિવ્ય. સોમવંશીય પૂરુકુલોત્પન્ન અજમીઢ રાજાના ચાર પુત્રોમાંનો ત્રીજો. તેનો પુત્ર બૃહદ્ધનુ. બૃહદ્દિષુના વંશજો બાર્હદીષવ કહેવાતા.

બૃહદ્દિષુ (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ પુત્ર નીલના વંશના ભર્મ્યાશ્વ રાજાના, પંચાલ સંજ્ઞાધારી, પાંચ પુત્રોમાંનો ત્રીજો.

બૃહદ્રથ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

બૃહદ્ગર્ભ. સોમવંશી અનુકુલોત્પન્ન ઉશીનર પુત્ર શિબિના પાંચ પુત્રમાંનો એક. એનું પૃથુદર્ભ એવું બીજું નામ પણ હતું. સત્ય જોવા આવેલા બ્રાહ્મણને એના માંસનું ભોજન કરાવવા માટે એના પિતાએ એનો વધ કર્યો હતો. (૬ શિબિ શબ્દ જુઓ.)

બૃહદ્ગુરુ. એક ક્ષત્રિય. (**ભા૦ આ૦ ૧–૨૫૮**).

બૃહદ્ધ્વની. એક નદી. (**ભા૦ ભી૦ ૯**).

બૃહદ્ધનુ. સોમવંશી પૂરુકુલોત્પન્ન બૃહદ્દિષુ રાજાનો પુત્ર. આનો પુત્ર બૃહત્કાય રાજા.

બૃહદ્બલ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન કુશાન્વય વંશના તક્ષક રાજાનો પુત્ર. ભારતના યુદ્ધમાં એ દુર્યોધનના પક્ષમાં હતો, અને તેને અભિમન્યુએ માર્યો હતો. પાંડવોના વખતમાં અયોધ્યામાં આ જ રાજ્ય કરતો હતો. તેના પુત્રનું નામ બૃહદ્રણ હતું.

બૃહદ્બલ (૨). સોમવંશી યદુકુલોત્પન્ન વસુદેવના ભાઇ દેવભાગને કંસાથી થએલા ત્રણ પુત્રોમાંનો બીજો–ઉદ્ધવનો સહોદર.

બૃહદ્બલ (૩). ગાંધાર રાજાના પુત્રોમાંનો એક, શકુનીનો ભાઇ.

બૃહદ્બ્રહ્મા. અંગિરસનો પુત્ર–એક ઋષિ.

બૃહદ્ભાનુ. ૪ંદ્રસાવર્ણિ મન્વન્તરમાં થનારા વિષ્ણુનો અવતાર.

બૃહદ્ભાનુ (૨). સોમવંશી અનુકુલોત્પન્ન અંગ વંશના પૃથુલાક્ષના ચાર પુત્રોમાંનો ત્રીજો.

બૃહદ્ભાનુ (૩). કૃષ્ણથી સત્યભામાને થયેલો પુત્ર.

બૃહદ્ભાસ. અંગિરસનો પુત્ર–એક ઋષિ. (**ભા૦ ૬૦ ૨૨૧–૨**).

બૃહદ્ભાસા. સોમની પુત્રી–ભાનુ નામના અગ્નિની ભાર્યા. (**ભા૦ ૬૦ ૨૨૩–૯**).

બૃહન્મના. સોમવંશી અનુકુલોત્પન્ન અંગવંશના પૃથુલાક્ષના પુત્ર બૃહદ્રથનો પુત્ર. એનો પુત્ર જયદ્રથ.

બૃહન્મના (૨). અંગિરસ પુત્ર, એક ઋષિ. (**ભા૨૦ વિ૦ ૨૨૧–૨**).

બૃહન્મન્ત્ર. અંગિરસ પુત્ર, એક ઋષિ. (**ભા૨૦ ૬૦ ૨૨૧–૨**).

બૃહદ્યુમ્ન. રૈભ્યઋષિનો યજમાન. એણે રૈભ્યના બન્ને પુત્રો અર્વાવસુ અને પરાવસુને યજ્ઞ કરાવવાને માટે વર્યા–પસંદ કર્યા હતા. (**ભા૨૦ વન૦ અ૦ ૧૩૮**).

બૃહદ્રણ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન કુશવંશના બૃહદ્બલ રાજાનો પુત્ર. તેનો પુત્ર ઉરુક્રિય અથવા ઉરુક્ષય.

બૃહદ્રથ વિદેહવંશી દેવરાત જનકનો પુત્ર હોઇ એને દૈવરાતિ પણ કહેતા. તેણે શાકલ્યાદિક ઋષિ તેમ જ યાજ્ઞવલ્કય ઇત્યાદિને બોલાવી દાનાર્થે કેટલી એક ગાયો નિર્માણ કરી; અને કહ્યું કે જે બ્રહ્મનિષ્ટ હોય તેને આ બધી ગાયોનું દાન આપવાનું છે. તેના મનમાં હતું કે આ ઋષિયોના સમાજમાંથી જેને પોતાના બ્રહ્મનિષ્ઠત્વ વિષે દૃઢ નિશ્ચય હશે તે આથી જણાઇ આવશે; ને તે જણ્યા પછી હું તેને શરણ જઇશ. પછી આ ગાયો યાજ્ઞવલ્કયે લીધી. તે ઉપરથી તે યાજ્ઞવલ્કયનો શિષ્ય થયો હતો. (યાજ્ઞવલ્ક્ય શબ્દ જુઓ) તેનો પુત્ર મહાવીર્ય જનક.

બૃહદ્રથ (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન ઉપરિચર વસુરાજાના પુત્રોમાંનો મોટો. એનું મહારથ એવું બીજું નામ પણ છે. એ ઘણા કાળપર્યંત અપુત્ર હતો. એકદા એવું બન્યું કે અરણ્યમાં ફરતાં ફરતાં એક આમ્રવૃક્ષ નીચે ચંડકૌશિક ઋષિને બેઠેલા તેણે જોયા. તે ઉપરથી તેમની સમીપ જઇ વંદન કરી સામે ઉભો રહ્યો. ઋષિયે તેને ક્ષેમકુશળ પુછ્યા. સંતતિ શિવાય આપની કૃપાથી બધું ક્ષેમ છે, તેમ તેણે કહ્યું. આ સાંભળી ઋષિ ક્ષણ માત્ર ધ્યાનસ્થ થયા. એટલામાં જ વૃક્ષ ઉપરથી પાકું ફળ તેમના ખોળામાં પડ્યું

નેત્રો ઉઘાડી પોતાને હાથેથી લઇ તે આને આપી બોલ્યા કે આ તું તારી સ્ત્રીને ભક્ષ કરવા આપજે, એટલે તેને પુત્ર થશે. આથી રાજાને આનંદ થયો.અને ઋષિને નમસ્કાર કરી પોતાને નગરે આવ્યો. અહિં આવી પોતાને બે સ્ત્રીયો હતી તેથી ફળને ચીરી બે ભાગ કરી, અકકેકો ભાગ બન્નેને ખાવા આપ્યો. કારણ કે બન્ને સ્ત્રીયો ઉપર તેની પ્રીતિ સમાન હતી. બન્નેને ગર્ભ રહ્યો અને પૂર્ણકાળે પ્રસૂતિ થઇ. પરંતુ બન્નેને પૃથક પૃથક અડધો અડધો ભાગ અવતર્યો. આખો પુત્ર અવતર્યો નહિ. આ જોઇ બન્ને સ્ત્રીયો તથા રાજા અતિશય દુઃખી થયાં; અને તે ગર્ભના કકડાને નિર્જન સ્થળે ફેંકી દીધા. દૈવયોગે જરા નામની રાક્ષસી ત્યાં આવી. તેણે આ કકડા સાંધીને એક કર્યા. અને રાજાને લાવીને આપ્યા. તેથી રાજાએ અત્યંત હર્ષ પામી તે પુત્રનું નામ જરાસંધ એવું રાખ્યું. આ રાજાને પછીથી કુશાગ્ર નામનો બીજો પુત્ર પણ થયો હતો. આ બૃહદ્રથ રાજા જાતે મોટો પરાક્રમી હશે એમ જણાય છે. કારણકે તેણે ઋષભ નામના એક બલાઢય રાક્ષસને મારી તેના અંગનાં ચામડાનાં બે મોટાં ઢોલ બનાવડાવી, પોતાની રાજધાની ગિરિવ્રજના મહાદ્વારપર મુકાવરાવ્યાં હતાં. (**ભા૨૦ સભા૦ અ૦ ૧૬–૧૭**). આના વંશજો બાર્હદ્રથ કહેવાતા.

બૃહદ્રથ (૩). સોમવંશી અનુવંશોત્પન્ન એક રાજપુત્ર. આનો પિતા દ્રિવિરથ હોઇ, એનું ધર્મરથ એવું નામ પાછળથી પડ્યું હતું. એની માતાયે, પરશુરામ નિઃક્ષત્રિય પૃથ્વી કરતા હતા તેથી આને ગૃધ્રકૂટ પર્વતપર સંતાડ્યો હતો. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૪૯**). આનો જ પુત્ર ચિત્રરથ જેને રોમપાદ અથવા લોમપાદ કહેતા હતા તે હતો.

બૃહદ્રથ (૪). સોમવંશી અનુકુલોત્પન્ન અંગવંશના પૃથુલાક્ષના ચાર પુત્રોમાંનો પહેલો. આનો પુત્ર બૃહન્મના

બૃહદ્રથ (૫). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો રાજા. (**ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૯૫**).

બૃહદ્રથ (૬). સોમવંશી પૂરુકુલોત્પન્ન પાંડવ વંશના તિમિ રાજાનો પુત્ર. આનો પુત્ર સુદાસ નામનો રાજા.

બૃહદ્રાજ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન અંતરિક્ષ પુત્ર સુમિત્ર રાજાનો પુત્ર. એનું બૃહત એવું પણ નામ છે; અને એના પુત્રનું નામ બર્હિ એવું હતું.

બૃહદ્વતી. ભારતવર્ષીય નદી.

બૃહન્. અગ્નિ વિશેષ. (**ભા૦ ૬૦ ૨૨૨–૭**).

બૃહન્ત. એક ક્ષત્રિય, ઉલ્કદેશાધિપતિ. એ પાંડવના પક્ષનો હતો. (**ભા૦ આ૦૨૦૧–૭.**), (**ભા૦ સ૦૨૮–૭**).(**ભા૦૭૦૪–૧૩**). એને મહાયુદ્ધમાં દુઃશાસને માર્યો હતો. (**ભા૦૬૦૩–૧૨**).

બૃહન્નડા. અરણ્યવાસનાં બાર વર્ષ પુરાં થયા પછી, અજ્ઞાતવાસ માટે પાંડવો વિરાટને ત્યાં રહ્યા હતા. તે વેળા યુધિષ્ઠિર આદિએ જેમ પોતાનાં નામ તેવો વેષ ધારણ કર્યો હતો. તે પ્રમાણે અર્જુને પણ પોતાનો વેષ બદલ્યો હતો. આ વેષ ઉર્વશીના શ્રાપને લીધે બદલાઇને હાલના સમયમાં સ્ત્રી વેષધારી ષંઢો–કમાળીઆ–આપણે જોઇએ છીએ તેવો હતો. અને તે નામ પોતે સ્વીકારી, વિરાટ રાજાની કન્યા ઉત્તરાને નૃત્ય અને ગાયન શિખવવાનું માથે લીધું હતું. (**ભા૨૦ વિરાટ૦ અ૦ ૧૧**). અજ્ઞાતવાસનું વર્ષ માંડ માંડ પુરું થવા આવ્યું, એવામાં કીચક વધ ઉપરથી, પાંડવો પૂર્વમત્સ્ય દેશમાં હશે એવી અટકળ દુર્યોધને કરી. પરંતુ ચાર પુરૂષ અને બે સ્ત્રીયો છે, એવી ઉડતી વાતો સાંભળવાથી તે દ્રૌપદી સહિત ખરેખર પાંડવો જ હશે, એવા નિશ્ચયપર દુર્યોધન આવી શક્યો નહિ. તેથી પોતે જાતે મત્સ્યદેશ જવું એવું મનમાં લાવી, ત્રિગર્તાધિપતિ સુશર્માને સૈન્ય સહિત દક્ષિણ દિશાએ જવાની આજ્ઞા કરી; અને તેને ત્યાં મોકલ્યા પછી પોતે ભીષ્મ, દ્રોણ, કૃપ, કર્ણ, અને અશ્વત્થામા વગેરેને

સાથે લઇ, ઉત્તર દિશા તરફ ગયો, અને વિરાટના ગોધનને આંતરી, પકડી, સૈન્ય સહિત તે દેશમાં દાખલ થયો. (**ભા૨૦ વિ૨ાટ૦ અ૦ ૩૫**).

દુર્યોધને ગોધનનું હરણ કર્યું તે જોઇને ગોપ લોકો પોતાને પણ પકડશે એ બ્હીકના માર્યા ન્હાસી ગયા. અને નગરમાં જઈ આ સમાચાર રાજાને કહીયે એમ વિચાર કર્યો. પણ તેમને ખબર પડી કે રાજા તો નગરમાં નથી. તે ઉપરથી રાજપુત્ર ઉત્તર અંતઃપુરમાં હતો ત્યાં જઇ, આ સઘળો વૃતાંત તેને કહ્યો. તેમની વાત સાંભળી રાજકુમારે કહ્યું કે હું હમણાં જ જાઉં, કૌરવોને હરાવું અને ગોધન પાછું વાળી આણું; પણ એક યુદ્ધમાં મારો સારથી મરી ગયો છે અને અત્યારે મારે સારથી નથી. તે વેળા હું એકલો આવી શું કરૂં ? રાજકુમાર ઉત્તર જ્યારે આ વાત ગોપલોકો સાથે કરતો હતો, ત્યારે તેની મા સુદેષ્ણા અને તેની બેન ઉત્તરા તેની પાસે હતાં. તેથી બૃહન્નટા (અર્જુન) અને સૈરંધ્રી (દ્રૌપદી) બન્ને પણ ત્યાં જ હતાં. તેમણે પણ આ વાત સાંભળી. આ ઉપરથી બૃહન્નટાયે નેત્ર સંકેતવડે સૈરંધ્રીને સૂચના કર્યાથી તે તેનો આશય સમજી ગઇ; અને તેણે રાજકુમારી ઉત્તરાને કહ્યું કે, બૃહન્નટા સારથીનું કામ ઉત્તમ પ્રકારે જાણે છે. એટલે એ તમારા ભાઇ જોડે જશે કે કેમ એવું તમે એને પુછો. આ ઉપરથી ઉત્તરાએ બૃહન્નટાને પુછ્યું અને હા ના, હા ના કરતાં આખરે એ જવાને કબુલ થઇ. પરંતુ ઉત્તર આ વાત કાને ધરે નહિં. તે કહેવા લાગ્યો કે આને લઇ જઇ હું શું કરૂં ? એનું વળી સારથ્ય કેવું ? આ તો યુદ્ધનાં કામ છે. અમથી લાંબી લાંબી વાતો કરવાની ન્હોય ! એટલામાં ગોપ કહેવા લાગ્યા કે તમે ઉતાવળા ચાલો તો સારૂં, નહિ તો ગોધન ગયું સમજજો. તેથી આખરે તેણે બૃહન્નટાનું સારથ્ય માન્ય કર્યું; અને તેની પાસે રથ સિદ્ધ કરાવી, પોતે કવચ પહેરી, બૃહન્નટાને પણ કવચ આપી, યુદ્ધ માટે ગમન કર્યું. (**ભા૨૦ વિ૦ અ૦ ૩૬–૩૭**). ઉત્તર રથમાં બેઠો એમ જોઇ બૃહન્નટાએ અશ્વને એવી પ્રેરણા કરી કે તેમણે ઉત્તરનો રથ હાં હાં કરતામાં તો કૌરવ સેનાની લગોલગ આણી મુક્યો. તેથી કૌરવોનું સૈન્ય અને તે માંહેલા ભિષ્માદિક મોટા મોટા યોદ્ધા આઘેથી તેની દૃષ્ટિયે પડ્યા. તેમને જોઇને ઉત્તર અતિશય ભયભીત થઇ ગયો. અને બૃહન્નટાને કહેવા લાગ્યો કે મારો રથ સત્વર નગર તરફ પાછો ફેરવ. બૃહન્નટા કહેવા લાગી કે તું હવે આમ કેમ બોલે છે? બાયડીઓ પાસે બેસી ઘેર તું શું બડાશ મારતો હતો, તેનું સ્મરણ કર ! અને તું ક્ષત્રિ થઇ, આવેશનો માર્યો અહિં સુધી આવ્યો, અને હવે ગોધન છોડાવ્યા વગર મ્હારો રથ પાછો હાંક, એમ કહે છે તે તને શોભે છે કે ? બૃહન્નટાનું કહ્યું કશું એ ન સાંભળતાં રથપરથી કુદી પડી ઉત્તરે નગર તરફ ન્હાસવા માંડ્યું. તેની પાછળ બૃહન્નટાયે કૌરવોને પીઠ ન બતાવતાં જઇ, તેને પકડીને રથમાં આણી બેસાડ્યો. પછી તેને આશ્વાસન દઇ, બૃહન્નટા કહેવા લાગી કે તું ગભરાઇશ નહિ. ધીરજ ધર. આમની સાથે હું યુદ્ધ કરૂં છું. (**ભા૨૦ વિ૨ાટ૦ અ૦ ૩૮**)

આ પ્રમાણે બોલી, બૃહન્નટાએ અજ્ઞાત વાસ માટે નગરમાં પ્રવેશ કરતાં પહેલાં જે કેકાણે ઝાડ ઉપર શસ્ત્રાસ્ત્રો મુક્યાં હતાં ત્યાં રથ વાળ્યો. અને ઉત્તર પાસે તેમાંથી મોટું ધનુષ્ય ઇ. કઢાવી રથનું સ્મરણ કર્યું, એટલે ત્યાં અકસ્માત એક રથ ઉતર્યો. પછી નગરમાંથી આણેલા રથને ત્યાં જ મુકીને, અકસ્માત આવેલા રથમાં બૃહન્નટા બેઠી. અને ઉત્તરને સારથી કરી, રથ રણભૂમી ઉપર કૌરવોની સામે હંકારવાની આજ્ઞા કરી. આ કૃત્ય જોઈ ઉત્તરને ઘણું આશ્ચર્ય લાગ્યું, ને તે બૃહન્નટાને પુછવા લાગ્યો કે આ અસ્ત્રો કોનાં ? અહિં શી રીતે આવ્યાં ? અને તેની તને શી રીતે ખબર

પડી ? આ બધું મને કહે. બૃહન્નટાએ પ્રથમ તો ઉડતા જવાબ આપ્યા. પરંતુ ઉત્તરનું મન માનતું ન જોઇ, તેણે પાંડવોનો સાદ્યંત વૃતાંત કહીને કંક તે યુધિષ્ટિર ઇત્યાદી કહ્યા પછી, હું અર્જુન એવું કહ્યું. તે ઉપરથી અર્જુનનાં નામ કેટલાં અને તેના અર્થ, જે તેણે પેહેલાં સાંભળ્યા તો હતા છતાં તે, તેમ જ વેષ બદલવાનો હેતુ તેણે બૃહન્નટાને પુછ્યો. તેનો ઉત્તર તેને મળતાં, બૃહન્નટા તે ખરેખર અર્જુન જ એવી ઉત્તરની ખાત્રી થવાથી, તેની બધી બીક જતી રહી. અને ધૈર્ય આણી તેણે બૃહન્નટાને વંદન કર્યું અને તેની આજ્ઞા પ્રમાણે રથને કૌરવો સમક્ષ પૂર્વવત્ આણી ખડો કર્યો. (**ભા૦ વિ૨ાટ૦ અ૦ ૩૬–૪૫**).

ત્યાં કૌરવ સેનામાં વીરો પરસ્પર કહેવા લાગ્યા કે, એક રથ, તેમાં એક સ્ત્રી અને એક બાળક બેસી આવડી મોટી સેના ઉપર ધસી આવે, એવું પૂર્વે કદી જોયું નથી. આ આશ્ચર્ય જેવું શું ? તોપણ તે જે હો તે હો.

ત્યારે ભિષ્મ પ્રતિ દુર્યોધન કહેવા લાગ્યો કે આ જે સ્ત્રી દેખાય છે તે સ્ત્રી ન્હોય. તેના બાહુની આકૃતિ ઉપરથી મને તો તે અર્જુન જ હોય એમ લાગે છે. અને જો તેમ હોય તો અજ્ઞાતવાસનું વર્ષ પુરૂં થયા પૂર્વે મેં તેને બોળખ્યો છે એથી તેને બાર વરસ ફરીથી વનવાસ કરાવવો જોઇએ. તેને ભીષ્મે આપેલા ઉત્તર સારુ ભીષ્મ શબ્દ જુઓ.

તે પછી કર્ણ ઇત્યાદિનું બોલવું થઇ રહ્યા પછી, બૃહન્નટાએ ઉત્તરને સર્વના રથ, ધ્વજા, ચિન્હો વિગેરે સમજાવ્યાં; અને તે પ્રમાણે તે તે જગ્યાએ પોતાનો રથ લઇ જઇ, દરેકની સાથે યુદ્ધ કરી સર્વનો પરાભવ કરી ગોધન ગામભણી વાળ્યું. (**ભા૨૦ વિ૨ાટ૦ અ૦ ૪૭–૬૬**) પછી બૃહન્નટાયે શસ્ત્રાસ્ત્રો વિગેરે પૂર્વે જ્યાંથી લીધાં હતાં ત્યાં મુક્યાં. અને નગરથી આણેલા રથમાં બેસીને નગર તરફ જતાં જતાં તેણે ઉત્તરને કહ્યું કે નગરમાં જઇ અમારી પ્રસિદ્ધિ કરીશ નહિ. મેં તને જે જે કહ્યું છે તે હમણાં તારા મનમાં જ રાખી મુકજે. અને વિરાટ પુછે તો કૌરવોનો પરાજય તેં જ કર્યો એમ કહેજે. મારૂં નામ કોઇને જાણી જવા દઇશ નહિ. આવું કહી નગરમાં આવતાંની સાથે જ નિત્યક્રમ પ્રમાણે નૃત્યાગારમાં તે ગઇ અને ઉત્તર વિરાટ પાસે સભામાં ગયો. એક દેવદૂતે આવી કૌરવોનો પરાજય કર્યો એવું ઉત્તર કુમારે તેમને કહ્યું. (**ભા૨૦ વિ૨ાટ૦ અ૦ ૬૯–૭૧**).

બૃહન્નલા. બૃહન્નટાનું એક નામાન્તર. (**ભા૦ વિ૦ ૩–૪૪**).

બૃહસ્પતિ. સ્વાયંભુવ મન્વન્તરમાંના અંગિરા ઋષિના ત્રણ પુત્રમાંનો બીજો. દેવોનો ગુરુ. એ સ્વારોચિષ મન્વન્તરમાં સપ્તઋષિઓમાંનો એક હતો.

બૃહસ્પતિ (૨). ચાલુ વૈવસ્ત મન્વન્તરમાંના બ્રહ્મપુત્ર અંગિરાઋષિના આઠ પુત્રોમાંનો મોટો પુત્ર. તેને અગ્નિવંશના સંબંધને લઇને ત્રીજી પદવીના અગ્નિમાં ગણેલો છે. કારણકે અંગિરા ઋષિએ વરૂણયજ્ઞ નિમિત્તે અગ્નિને પોતાનો પુત્ર માન્યો છે. સ્વાયંભુવ મન્વન્તરમાંનો જે બૃહસ્પતિ, તે જ આ ફરીથી જન્મેલો હોઇ, દેવ સહવર્તમાન સ્વર્ગમાના હાલના પુરંદર નામના ઇંદ્રે આને ગુરુ તરીકે માન્ય કર્યો. તેને શુભા અને તારા એમ બે સ્ત્રીઓ હતી. તેમાંથી શુભાને પેટે ભાનુમતી, રાગા, સિનીવાલી, અર્ચિષ્મતી, હવિષ્મતી, મહિષ્મતી અને મહામતી એવી સાત કન્યા અને તારાને પેટે શંયુ, નિશ્ચવન, વિશ્વજિત, વિશ્વભુક્, વડવાગ્નિ, સ્વિષ્ટકૃત્ એમ છ પુત્ર અને સ્વાહા નામની એક કન્યા એમ સાત સંતાન અનુક્રમે થયાં હતાં. તારાના છ પુત્રમાં કચ ક્રિયાનું નામાન્તર હતું તેનો નિર્ણય મળી આવતો નથી. (**ભા૨૦ વન૦ અ૦ ૨૧૭–૨૨૨**). એ ચાલુ મન્વન્તરમાં ચોથો વ્યાસ થઈ ગયો છે. (વ્યાસ શબ્દ જુઓ.)

બૃહસ્પતિની સ્ત્રી તારાનું ચંદ્રે હરણ કર્યું ઇત્યાદી વૃતાંત પુરાણમાં છે. પણ તે ખરૂં ન હોય, કારણ દેવલોકોમાં આવી અનીતિની વાત અસંભવિત છે. વળી મનુસ્મૃતિમાં મનુએ કહ્યું છે કેઃ—

गुरुवत्प्रतिपूज्याः स्युः सवर्णा गुरुयोषितः॥
असवर्णास्तु संपूज्याः प्रत्युत्थानाभिवादनैः॥२१०

બૃહસ્પતિ દેવોના ગુરુ અને સોમ પણ—એની ગણના વસુમાં થાય છે માટે—દેવ, તો પોતાની ગુરુપત્નિ તો સોમને પૂજવા લાયક. માટે દેવ એવું દુષ્કૃત્ય કરે નહિ. કેમ કહી શકાય કે અન્ય ધર્મીઓએ આપણું ખોટું જણાવા ઉભેરેલા આવા પ્રસંગો ક્ષેપક નથી ?

ઔધદેશ. ભારતવર્ષીય દેશ.

ઔપધ. બ્રહ્મર્ષિ (૩ વાસષ્ટ શબ્દ જુઓ.)

ઔપ્ય. યયાતિ રાજા સાથે સંવાદ કરનાર એક ઋષિ. **(ભાર૦ શાંતિ૦ અ૦ ૧૭૮).**

બૌદ્ધ. પાખંડ પ્રવર્તાવનાર વિષ્ણુનો એક અવતાર. એણે પાખંડનો નાશ કરવો જોઇતો હતો, તેને બદલે તેનો વધારો કર્યો એ તેણે સદોષ કૃત્ય કર્યું. તેથી જ તેને વૈદિકધર્મી માનતા નથી.

બ્રહ્મનથ. એક રાજર્ષિ. તેની પાસે એક વેળા દ્રવ્યની યાચના કરવા અગસ્ત્ય ઋષિ આવ્યા હતા. તેથી તેણે પોતાની આવક જાવકનો હિસાબ ઋષિને બતાવ્યો. તે જોઇ ઋષિને લાગ્યું કે આની પાસેથી દ્રવ્ય લેવાથી એની પ્રજાને બહુ પીડા થશે. તેથી એને પોતાની જોડે લઇ ત્રસદસ્યુ રાજા પ્રતિ ગમન કર્યું. **(ભાર૦ વન૦ અ૦ ૯૮).**

બ્રહ્મ. યજ્ઞક્રિયામાં મુખ્ય ઋત્વિક વ્યવસ્થા રાખવા જે કુશનો દંડ રાખે છે તે દંડ.

બ્રહ્મ (૨). આ ઉપર કહેલા દંડવડે સઘળા ઋત્વિજો પોતપોતાનું નિયત યજ્ઞકર્મ સમજીને કરે છે, તેથી જાણે તેમાં જાદુઇ અસર છે, એવી ભાવના દાખલ થયા પછી જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણરુપ તત્ત્વને " બ્રહ્મ " સંજ્ઞા લાગુ પાડવામાં આવી.

બ્રહ્મ (૩). દેશ, કાળ અને વસ્તુની મર્યાદાનું અતિક્રમણ કરી પોતાના સ્વરુપમાં અથવા મહિમામાં રમતું સત્, ચિત્ અને આનંદ નામના સ્વભાવધર્મવાળું તત્ત્વ. તે પોતે અત્યંત મોટું હોઇ સર્વ નાનાં અથવા અણુ ચૈતન્યોને પોતાના સમાન મોટાં બનાવે છે તેથી તેને " બ્રહ્મ " કહે છે. બ્રહ્મ અને પરમાત્મા પર્યાય શબ્દો છે. જગત્ કારણના અર્થમાં બ્રહ્મ શબ્દ અને તે સ્વયં આત્મા અથવા ચૈતન્ય છે તે અર્થમાં પરમાત્મા શબ્દ વપરાય છે. જ્યારે સચ્ચિદાનંદ સ્વભાવ માત્રને લક્ષ્યમાં લઇએ ત્યારે તે પરબ્રહ્મ કહેવાય; જ્યારે શુદ્ધ સત્વાદિ ગુણધર્મોથી વિશિષ્ટ ભાવમાં સમજીએ ત્યારે તે અપરબ્રહ્મ.

બ્રહ્મ (૪). મુખ્ય યજુર્વેદનું ઉપનિષત્.

બ્રહ્મકમંડલુ. તીર્થ વિશેષ.

બ્રહ્મચારી. પ્રાધાપુત્ર ગંધર્વોમાંનો એક.

બ્રહ્મજ્યોતિ. અગ્નિ વિશેષ.

બ્રહ્મતીર્થ. ભારતવર્ષીય તીર્થ.

બ્રહ્મતુંગ. ભારતવર્ષીય એક સામાન્ય પર્વત.

બ્રહ્મદત્ત. કાલગૌતમ ઋષિના શ્રાપથી ગૃધ્રયોનિને પામેલો એક પ્રાચીન રાજા. આ બ્રહ્મદત્ત રાજાને ત્યાં એકદા કાલગૌતમ ઋષિએ આવી ભોજન માગ્યું. રાજાએ અર્ઘ્યપાદ્યથી પૂજન કરી ભોજનની તૈયારી કરાવરાવી. તેમાં ભૂલથી માંસ બનાઇ ગયું. આથી ઋષિને બહુ ક્રોધ ચઢયો અને શાપ દીધો કે જા તું સડેલું માંસ ખાનાર ગૃધ્રયોનિ પામીશ. રાજાના કાલાવાલા પરથી અનુગ્રહ કર્યો હતો કે જા તેં ભૂલમાં આ વાંક કર્યાથી ઇક્ષ્વાકુકુળમાં મહાપ્રતાપી રામ જન્મશે તેનો તને સ્પર્શ થશે ત્યારે તારો ગીધનો અવતાર છૂટી તું તારી અસલ યોનિને પ્રાપ્ત થઇશ. દાશરથિ રામના સમયમાં ગીધના રુપમાં આ રાજા અને એક ઉલૂકને માળાની માલકીના સંબંધમાં તકરાર થઇ હતી. અને તેઓ બન્ને રામની સભામાં આવ્યા. તે વેળા તેને રામ સંગાથે બોલવાનો પ્રસંગ મળતાં રામે તેમની

માળા સંબંધી તકરારનો નિવેડો કર્યો અને ગીધને સજા ફરમાવતા હતા. તેવામાં આકાશવાણી થઇ અને આ રાજાના પૂર્વ જન્મની બધી હકીકત જાણી રામે ગીધને સ્પર્શ કર્યો. રામના અડકતાં જ તેને તેની પૂર્વ યોનિ પ્રાપ્ત થઇ. ગીધ પોતાના પૂર્વ રુપ—બ્રહ્મદત્ત રાજા—બની, રામને વંદન કરી, ઉપકાર માની સ્વર્ગે ગયો. **(વા૦ રા૦ ઉત્તર૦ ક્ષેપક સર્ગ૦ ૩).**

બ્રહ્મદત્ત (૨). સોમદા ગંધર્વીને ચૂલી ઋષિએ આપેલો પુત્ર. એ કાંપિલી નગરીમાં રાજ્ય કરતો હતો; આને કુશનાભ રાજાએ પોતાની સો કન્યા વિવાહ કરી પરણાવી હતી. (કુશનાભ શબ્દ જુઓ).

બ્રહ્મદત્ત (૩). સોમવંશી પૂરુકુલોત્પન એક પ્રાચીન રાજા. આ રાજાના અંતઃપુરમાં પૂજની નામે ચકલી રહેતી હતી. એની રાણીને પુત્ર પ્રસવ્યો તે જ સમયે પૂજનીને પણ બચ્ચું થયું. પક્ષિણી હોવા છતાં પૂજની સર્વ પ્રાણીઓની ભાષા જાણતી, સર્વ વિષયના તત્વને જાણતી અને સર્વજ્ઞ હતી. આકાશગામિની આ ચકલી કૃતજ્ઞ હતી. એ રોજ સમુદ્રકાંઠેથી બે ફળ લાવતી. એક રાજકુમાર સારુ અને એક પોતાના બચ્ચા સારુ. બન્ને એ ફળ ખાઇ પુષ્ટ થયા હતા. એકદા પૂજનીની ગેરહાજરીમાં રાજકુમાર પોતાની ધાવની ક્રોડે બેશી પૂજનીવાળા ઓરડામાં ગયો અને બચ્ચાને રમાડવા લઇ, રમાડી, એક ખૂણામાં લઇ ગયો અને ત્યાં એને મારી નાંખ્યું. આ જાણીને પૂજનીને બહુ પરિતાપ થયો. એણે પોતાની ચાંચ અને નહોરથી રાજકુમારની આંખો ફોડી નાંખી. એણે આકાશમાં જઇ રાજાને કહ્યું કે, દરેકને પોતાના પાપકૃત્યનું ફળ મળે છે. તારા પુત્રને એના પાપી કૃત્યનો બદલો મળ્યો છે.

આ પ્રમાણે કહીને ઉડી જતી ચકલીને રાજાએ કહ્યું, કે તારા પ્રતિ જે પાપ થયું તેનો તેં બદલો લીધો. હવે વેર વળી ગયું. હવે તું શું કરવા જતી રહે છે ? અહીં ભલે રહે. આ ઉપરથી વેર, વિશ્વાસ અને અવિશ્વાસ સંબંધે રાજા અને ચકલી પૂજની વચ્ચે ઘણો સંવાદ થયો હતો. રાજાના આગ્રહને ન લેખવીને અને એણે જે જે કહ્યું તેના રદિયા આપીને, પૂજની ચકલી રાજગૃહમાં ન રહેતાં બીજે રહેવા ગઇ હતી. આ વિચારણીય સંવાદ મહાભારતમાં આવેલો છે. **(ભાર૦ શાંતિ૦ અ૦ ૧૩૯).**

બ્રહ્મદત્ત (૪). સોમવંશી પૂરુકુલોત્પન્ન નીપ અથવા અણુહ રાજાથી શુક્રાચાર્યની કન્યા કૃત્વી અથવા કીર્તિમતીની કુખે થએલો પુત્ર. તે જન્માંતરોથી પિતૃવર્તી બ્રાહ્મણ હતો. તેણે જૈગિષવ્ય ઋષીની કૃપાવડે યોગમાર્ગ સંપાદન કરી યોગતંત્ર નામનો ગ્રંથ રચ્યો હતો. તેને ગૌ અથવા સન્નતિ કિંવા સરસ્વતી નામની સ્ત્રી હતી, ને તેની કુખે વિષ્વક્સેન નામનો પુત્ર થયો હતો.

બ્રહ્મદત્ત (૫). અગસ્ત્ય ઋષિએ રામચંદ્રને આપેલું બાણ. આ બાણવડે તેમણે મોટા મોટા અસુરોને માર્યા હતા. **(વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૧૨).**

બ્રહ્મદત્ત (૬) સાલ્વ રાજાનું બીજું નામ. સાલ્વ શબ્દ જુઓ. એને શ્રીકૃષ્ણે માર્યો હતો.
(ભાર૦ વ૦ ૨૨–૩૭; ભાગ૦ ૧૦–૭૭).

બ્રહ્મદેવ. (**બ્રહ્મા.**) સૃષ્ટીની ઉત્પત્તિનું કારણભૂત જે રજોગુણ, તેના મૂર્તિમાન દેવતા. રજોગુણ એટલે સત્વગુણ અને તમોગુણની મધ્યમાવસ્થા; અથવા નિમિત્તકારણ અને વિવર્તોપાદાન કારણ, આ બન્નેની મધ્યમાવસ્થા હોઇ, બ્રહ્મદેવ, સત્વગુણથી કિંચિત્ મલિન એવી ઉપાધિ વિશિષ્ટ થયા. માટે તેમનામાં કાંઇ જીવત્વદશા આવી. તોપણ તે વ્યષ્ટિજીવો પ્રમાણે એકદેશી જીવ નથી, પરંતુ સમષ્ટીના જીવ છે. (સમષ્ટીના જીવ એટલે બ્રહ્માંડ માંહ્યલા સઘળા જીવોના આધારભૂત જીવ) એટલે કે સંપૂર્ણ જીવોના તે ઇશ્વર છે. એમણે જે

મૂર્તિ ધારણ કરી તે કેવળ સ્વેચ્છાયે જ કરી છે. તે કારણથી તેમનાં નામ સ્વયંભૂ અને આત્મભૂ એવાં છે.

ઉપવેદો સહિત ચારે વેદો પૂર્વાદિ દિશાને અનુક્રમે બ્રહ્માના ચારે દિશાએ આવેલાં મુખોમાંથી નિકળ્યા છે. આમ બ્રહ્મદેવ જ વેદોની ઉત્પત્તિનું સ્થાન હોવાને લઇને તેમનાં ચતુર્મુખ, ચતુરાનન ઇત્યાદિ નામો પડયાં છે.

તેમની મૂર્તિ કેવળ જ્યોતિરૂપ હોઇ, તે નિરંતર સત્યલોકમાં વસે છે. તેમણે સંકલ્પ માત્ર વડે સર્વ સૃષ્ટિ નિર્માણ કરી, તેથી તે યદ્યપિ કર્ત્તા છે, તોપણ વ્યષ્ટિજીવ જેવું દેહનું તાદાત્મ્ય ('હું' એવું અભિમાન) ધારણ કરે છે. સંપૂર્ણ બ્રહ્માંડમાં તેમનું તાદાત્મ્ય હોવાથી તેમની નિદ્રા કાળે સર્વ જીવ લય પામે છે. અને ઉત્થાન કાળે પુનઃ ઉત્પન્ન થાય છે. એમ છતાં એમના મુક્તત્વથી સર્વ જીવો મુક્તિ પામતા નથી; કારણ મોક્ષ એ વિચારસાધ્ય હોવાથી, એવું થવું શ્રુતિયુક્તિ વિરૂદ્ધ છે.

સંપૂર્ણ દેવ, ઋષિ, પ્રજાપતિ સર્વના આ જ કર્તા હોવાથી [illegible] માનતા નથી.

બ્રધ્નશ્વ. એક [illegible] એમના ધાતા, વિશ્વસૃષ્ટા ઈત્યાદી સાર્થક અનેક નામો છે. એમણે પોતાના પુત્રોવડે અનેક પ્રાણી ઉત્પન્ન કરાવ્યાં માટે એમને પિતામહ પણ કહ્યા છે.

(**ભાર૦ આદિ૦ અ૦ ૬૫; ભાર૦ શાંતિ૦ અ૦ ૩૩૬; મત્સ્ય૦ અ૦ ૩; ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૮**).

૪૩૨૦૦૦૦ વર્ષના એક પર્યય (ચોકડી), એવા હજાર પર્યયનો એમનો એક દિવસ થાય છે. ને તેટલા જ કાળના પ્રમાણની તેમની એક રાત્રિ થાય છે. આમ એક અહોરાત્રને કલ્પ એવું નામ આપ્યું છે. તેમના પ્રત્યેક કલ્પમાં પૃથ્વીપર ચૌદ મનુ અને સ્વર્ગમાં ચૌદ ઇંદ્ર થાય છે. એવા ૩૬૦ કલ્પનું તેમનું એક વરસ થાય છે. આ ગણત્રી પ્રમાણે બ્રહ્મદેવનું સો સંવત્સરનું આયુષ્ય હોઈ, તેમાં પચાસ વર્ષ ગયાં એટલે પ્રથમ પરાર્ધ પુરૂં થયું; અને બીજું પરાર્ધ ચાલે છે. તેના પહેલા વર્ષનો કિયો માસ ચાલે છે તે કોઇ ગ્રંથોમાંથી જણાતું નથી; પરંતુ તે માસમાં શ્વેતવારાહ નામનો છવ્વીસમો કલ્પ ચાલતો હોઇ અત્યારે તેમના કૃષ્ણપક્ષની એકાદશી ચાલે છે. તેમાં છ મનુ થઇ ગયા, અને સાતમા વૈવસ્વત મનુના સત્યાવીશ પર્યય થઇ ગયા. અને અઠ્યાવીસમા પર્યય સુધીમાં કલિયુગનાં પાંચ હજાર વર્ષ પુરાં થયાં છે. (**ભાગ૦ ૩ સ્કં૦ અ૦ ૧૧**)

નૂતન કલ્પનો આરંભ થયો એટલે તેમને પુનઃ નવી સૃષ્ટિ સરજવી પડે છે એમ સમજવું નહિ, પણ (**यथापूर्वमकल्पयत्**) તે પ્રમાણે તે જાગૃત થયા કે ક્રમ ચાલુ થાય છે. જ્યાં અવ્યવસ્થા થઇ હોય કિંવા ન્યૂનતા જણાઇ હોય તેને પૂર્ણ કરવી પડે છે. એટલા માટે જ તેઓ સંપૂર્ણ ચરાચરના સ્વામી અને ગુરુ કહેવાય છે.

બ્રહ્મદેવને મરીચિ, અત્રિ, અઙ્ગિરા, પુલદ, [illegible] એમ માનસપુત્રો છે. [illegible] પુલસ્ત્ય [illegible] આ [illegible] (**ભા૦ ૩-૧૨**) બ્રહ્મદેવે તેમ જ સઘળા દેવોએ રામને સીતાની શુદ્ધિની ખાત્રી કરી આપી એનો સ્વીકાર કરવાનું કહ્યું હતું. (**ભાર૦ વ૦ ૨૯૨**). ત્રિપુરવધ કાળે દેવોની પ્રાર્થના ઉપરથી બ્રહ્મદેવે રુદ્રનું સારથિપણું કર્યું હતું. (**ભાર૦ક૦ ૨૭-૨૯**). રુદ્રે કરેલા યજ્ઞ વખતે બ્રહ્મદેવના અગ્નિમાં હોમેલા સ્ખલિત વીર્યથી ભૃગુ, અંગિરા, કવિ વગેરે ઉત્પન્ન થયા હતા. (**ભાર૦ અનુ૦ ૨૩૨-૧૯**).

બ્રહ્મદેવ (૨). ભારતના યુદ્ધમાંનો પાંડવ પક્ષનો એક રાજા. (**ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૧૯૬. શ્લો૦ ૨૫**).

બ્રહ્મધાતા. પ્રહેતી રાક્ષસનો પુત્ર, એ કુબેરનો અનુચર હતો.

બ્રહ્મપુરેયક. એક બ્રહ્મર્ષિ. (૩ વાસષ્ટ શબ્દ જુઓ)

બ્રહ્મબલ. ,, ,, ,,

બ્રહ્મબલી. ,, ,, ,,

બ્રહ્મમાલ. ભારતવર્ષીય એક દેશ. (**વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૪૦**).

બ્રહ્મવેધ્યા. એક નદી. (**ભાર૦ ભી૦ ૯-૩૦**)

બ્રહ્મયોનિ. ભારતવર્ષીય એક તીર્થ.

બ્રહ્મવાદિની. અષ્ટવસૂમાંના પ્રભાસ નામના વસૂની સ્ત્રી.

બ્રહ્મવાન્. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

બ્રહ્મવિદ્યા. મુખ્ય યજુર્વેદનું ઉપનિષત્.

બ્રહ્મશિરોસ્ત્ર. બ્રહ્માસ્ત્ર તે જ. એનો ઉપયોગ અર્જુને તેમ જ અશ્વત્થામાએ કર્યો હતો. (**ભાર૦ સૌ૦ ૧૩-૧૮, ૧૪-૧૫**).

બ્રહ્મવેધી. ભારતવર્ષની એક નદી. બ્રહ્મવેધ્યાનું નામાન્તર.

બ્રહ્મશન. રાવણ પક્ષનો એક રાક્ષસ. (**વા૦ રા૦ સુંદર૦ સ૦ ૫૪**)

બ્રહ્મસર. ગય રાજાએ યજ્ઞ કરેલા ગયસીર પર્વત પાસેનું એક તીર્થ.

બ્રહ્મસાવર્ણિ. હવે પછી થનારો દસમો મનુ. એ ઉપશ્લોક નામના પુરૂષથી ઉત્પન્ન થશે. અને તેનું ભૌત્ય એવું બીજું નામ પણ ચાલશે. તેને ભૂરિષેણ ઇત્યાદી પુત્ર થશે. અને હવિષ્માનૂ, સુકૃત, જય, મુર્તિ ઇત્યાદી તેના મન્વન્તરના સપ્તર્ષિ થઇ, સ્વર્ગમાં સુવાસન, વિરુદ્ધ ઇત્યાદિ દેવ અને તેમનો સ્વામી શંભુ નામનો ઇંદ્ર થશે. તેવી જ રીતે વિશ્વસૃટ્ ઋષીને વિષૂચી નામની ભાર્યાની કુખે વિશ્વક્સેન એટલે વિષ્ણુનો અવતાર થશે જે ઇંદ્રને સાહ્ય કરશે. (**ભાગ૦ અષ્ટમ૦ અ૦ ૧૩**)

બ્રહ્મસ્થાન. ભારતવર્ષનું એક તીર્થ.

બ્રહ્મા. ઉપરોક્ત બ્રહ્મદેવ તે જ.

બ્રહ્માણી. બ્રહ્મદેવની શક્તિ સાવિત્રી તે.

બ્રહ્માપેત. સૂર્યની સાથે રહેનારો આશ્વિન માસનો રાક્ષસ (૩ ઇષ શબ્દ જુઓ).

બ્રહ્માવર્ત. ઋષભદેવના સો પુત્રમાંથી નવખંડના જે નવ અધિપતિ તેમાંનો ત્રીજો. તેનો ખંડ તેના જ નામે પ્રસિદ્ધ છે.

બ્રહ્માવર્ત (૨). ભરતવર્ષના નવ ખંડમાંનો ત્રીજો. આનું જ પ્રસ્તુત ભરતખંડ નામ ચાલ્યું આવ્યું છે.

બ્રહ્માવર્ત (૩). બ્રહ્માવર્ત અથવા ભરતખંડ માંહેલો એક મહા દેશ. આ યામુનદેશ અને કુરુક્ષેત્ર દેશની વચ્ચે આવેલો છે. સ્વાયંભૂ મનુ અહીં રહેતા હતા અને તેમણે પોતાની રાજધાની બર્હિષ્મતી નગરી કરી હતી. આ દેશ સંબંધી મનુસ્મૃતિમાં આમ કહ્યું છે કે:-

सरस्वतीदृषद्वत्योर्देवनद्योर्यदंतरम् ॥
तं देवनिर्मितं देशं ब्रह्मावर्तं प्रचक्षते ॥१७॥
कुरुक्षेत्रं च मत्स्याश्च पंचालाः शूरसेनकाः
एष ब्रह्मर्षिदेशो वै ब्रह्मावर्तादनंतरः॥१९॥
(**મનુસ્મૃતિ અ૦ ૨**)

બ્રહ્માવર્ત (૪). ભાગીરથીને તીરે સાંપ્રત સમયે હોનારૂં ક્ષેત્ર.

બ્રહ્મિષ્ટ. સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ પુત્ર નીલના વંશના મુદ્દગલ નામના પાંચાલનો પુત્ર. એનો પુત્ર ઇંદ્રસેન.

બ્રાહ્મણમંડળ. યજુર્વેદનું ઉપનિષત્.

બ્રાહ્મણાદ્વયતારક. ,, ,,

બ્રાહ્મણી. ભારતવર્ષીય એક નદી. (**ભાર૦ ભી૦ ૯-૩૩**).

બ્રાહ્મી. બ્રહ્માણીનું નામ.

બ્રાહ્મી (૨). માતૃગણમાંની એક દેવી.

ભ

ભગ. સ્વાયંભૂવ મન્વંતરમાં થએલા દશ યજ્ઞમાંનો ઋત્વિજ. તેણે શિવગણ સામું ક્રોધભરી દૃષ્ટીયે જોયું માટે વીરભદ્રે તેની આંખો ફોડી નાંખી હતી. (**ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૫**)

ભગ (૨). પ્રતિ પોષમાસમાં સૂર્યમંડળ પર આધિપત્ય કરનાર દ્વાદશ આદિત્યોમાંનો એક આદિત્ય. (સહસ્ય શબ્દ જુઓ) (**ભાર૦ આ૦ ૬૬-૧૫**).

ભગ (૩). દક્ષ તે જ.

ભગ. (૪). અગીઆર રુદ્રોમાંનો એક. (ભા૨૦ આ૦ ૬૭–૩).

ભગ (૫) વેદમાં વર્ણવેલો એક દેવ વિશેષ. પરન્તુ એની જાત અને શક્તિ વિષયે વર્ણન અસ્પષ્ટ છે લગ્ન સંબંધે એનો અધિકાર હોઇ એ ધન આપનાર ગણાય છે. એની ગણના આદિત્યો અને વિશ્વેદેવોમાં થાય છે. (ડાઉ૦ ૪૩.)

ભગનેત્રઘ્ન. શિવનું એક નામ. ભગનાં નેત્રોનો નાશ કરનાર. (ડાઉ૦ ૪૩).

ભગનેત્રહારી. ભગનેત્રઘ્ન–શિવ તે જ.

ભગદત્ત. પ્રાગ્જ્યોતિષ દેશ અને નગરનો રાજા. એ ભૌમાસુર જેને નરકાસુર પણ કહેતા હતા, તેનો પુત્ર હતો. એને કિરાત અને ચીન ઇત્યાદી દેશના રાજાઓનો મોટો આશ્રય હતો. પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો તે વેળા અર્જુન ઉત્તર દિશા જીતતો જીતતો જતો હતો ત્યારે આનો એને સમાગમ થયો. તે બન્ને વચ્ચે આઠ દીવસ સુધી યુદ્ધ ચાલ્યું હતું. પરંતુ અર્જુનના મા૨ વડે જર્જર થયો એટલે યુક્તિથી કહેવા લાગ્યો કે હે અર્જુન તારું શૌર્ય જોઇ હું ઘણો જ સંતુષ્ટ થયો; ઇંદ્ર મારો મિત્ર છે, અને તું એનો પુત્ર હોઇ તારે ને મારે પણ મૈત્રિ જ હોવી જોઇએ. માટે તારું ઇષ્ટ હું શું કરું, તે મને કહે. અર્જુને કહ્યું કે યુધિષ્ઠિરે યજ્ઞ આરંભ્યો છે, એને દ્રવ્ય જોઇશે એવું સમજી આણે અર્જુનને અપાર દ્રવ્ય આપ્યું ને વિદાય કર્યો. (ભા૨૦ સભા૦ અ૦ ૨૬).

ભારતના યુદ્ધમાં તે દુર્યોધન પક્ષમાં હતો. અને એણે પ્રથમ વિરાટ રાજા સાથે યુદ્ધ કર્યું. (ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૪૩). ગજયુદ્ધ કરવામાં તે ઘણો કુશળ હોઈ તેની પાસે હાથીઓ પણ તેવા જ ઉત્તમ હતા. એણે પાંડવોના સૈન્ય પર ધસી જઇ ઘણીવાર તેમની મીટી દાણાદાણ કરી નાંખી હતી. એક વેળા એ પાંડવ સૈન્ય પર ટુટી પડી યુદ્ધ કરતો હતો; અર્જુન સંશપ્તક સાથે યુદ્ધમાં મચ્યો હતો ત્યાંથી તેનો પરાભવ કરી પાછાં આવતાં જુએ છે તો આણે સૈન્યમાં મોટો ગભરાટ ફેલાવી દીધો હતો. તેથી તે એના પર ધસ્યો અને એ બે વચ્ચે જબરું યુદ્ધ થયું. તે વેળા તેણે અર્જુન ઉપર વૈષ્ણવાસ્ત્ર મુકયું, તેનો અર્જુને નાશ કરી લાગલો જ તેને મારી નાખ્યો. (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૮). તેને આની પૂર્વે કૃતપ્રજ્ઞ અને વજ્રદત્ત નામે બે પુત્ર હતા.

ભગદત્ત (૨). આ જ નામનો દુર્યોધન પક્ષનો બીજો એક રાજા.

ભગપાદ. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ)

ભગવત્પદી. ભાગીરથી.

ભઙ્ગ. નાગ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭–૯).

ભઙ્ગકાર. અવિક્ષતનો પુત્ર એક ક્ષત્રિય. (ભા૨૦ આ૦ ૧૦૫–૪૧)

ભઙ્ગકાર (૨). ક્ષત્રિય, એક યાદવ. (ભા૨૦ આ૦ ૨૩૯–૧૧).

ભગવાન. શ્રીમન્નારાયણ તે જ.

ભંગાસ્વન. આ રાજા મૃગયા ખેલવા ગયો હતો. ત્યાં કોઇ સરોવરમાં સ્નાન કરતાં જ સ્ત્રી થઇ ગયો, એવી એની કથા છે. (ભા૨૦ અનુશા૦ અ૦ ૩૪)

ભગીરથ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન સગર વંશના દિલીપ રાજાનો પુત્ર. દિલીપ રાજાએ પૂર્વજોના ઉદ્ધારને અર્થે ગંગા પ્રાપ્ત કરવા દીર્ઘકાળ પર્યંત તપ કર્યું. પરંતુ તેને સિદ્ધિ પ્રાપ્ત ન થતાં તે મરણ પામ્યો.

પછી ગાદીપર આવેલા ભગીરથે પણ રાજ્યની વ્યવસ્થા કરી પિતાની પેઠે જ તપનો આરંભ કર્યો. આ તપશ્ચર્યા તેણે હિમાલય ઉપરના ગોકર્ણક્ષેત્રમાં એક હજાર વર્ષ પર્યંત કરી હતી. (ભા૨૦ વન૦ અ૦ ૧૦૮).

આ તપ વડે પ્રસન્ન થઈ ગંગા સાક્ષાત તેની સામે આવી ઉભી રહી. તેને જોઈ રાજાએ તેને વંદન કર્યું ને પ્રાર્થના કરી કે તારા જળ વડે મારા પૂર્વજોનો ઉદ્ધાર કર,

તેણે કહ્યું હું તારે અર્થે આવું તો ખરી, પણ પાપી માણસો મારા જળમાં સ્નાન કરી પોતપોતાનાં પાપ મારામાં મુકી જાય તેનો ઉપાય શો, તે મને કહે. ભગીરથે કહ્યું પુણ્યવાન્ પ્રાણી તારા જળમાં નહાશે તેથી તારાં પાપ ધોવાશે અને આમ થવાથી પાતકો તને બાધા કરતા થઇ પડશે નહિ. તેથી કૃપા કરી મારા પર અનુગ્રહ કર. આનું આ કહેવું ગંગાએ માન્ય કર્યું અને અલકનંદાનો પ્રવાહ જે આની પૂર્વે અસ્તિત્વમાં હતો, તેની પાછળ પાછળ હિમાલય ઉપર આવી. તે ભરતખંડમાં આવી અને ભગીરથના પૂર્વજોનો ઉદ્ધાર કર્યો. તે દીવસથી ગંગાનું ભાગીરથી એવું નામ પડયું, જે હજુ ચાલે છે. (ભા૨૦ વન૦ અ૦ ૧૦૯).

ભગીરથ મોટો દાનેશ્રી હતો. તેણે પોતાની હંસી નામની કન્યા કૌત્સ ઋષિને આપી હતી. (ભા૨૦ અનુશા૦ અ૦ ૧૩૭). નાભ અથવા નાભાગ અને શ્રુત નામના બે પુત્ર તેને હતા. એના વંશ સારુ જુઓ. (હરિ૦ ૧૦–૧૫૦).

ભગીરથ (૨). દ્રૌપદીના સ્વયંવરમાં આવેલા રાજાઓમાં એક. (ભા૨૦ આદિ૦ અ૦ ૧૮૬).

ભગીવસુ. એક બ્રહ્મર્ષિ (૩ વસિષ્ઠ શબ્દ જુઓ). તે જ ભરદ્વસુ હશે.

ભજમાન. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામઘ કુલમાંના કૃથવંશીય સાત્વત રાજાના સાત પુત્રોમાંનો મોટો. એને સુંજયા અને બાહ્લકા નામની બે સ્ત્રીઓ હતી. તેમાંથી પહેલીને નિમ્લોચિ, કિંકિણ અને વૃષ્ણિ એવા ત્રણ પુત્ર, અને બીજીને શતાજિત, સહસ્રાજિત, અને અયુતાજિત્ એવા ત્રણ પુત્ર હતા.

ભજમાન (૨). સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત પુત્ર અંધકના ચારપુત્રમાંનો બીજો.

ભજમાન (૩). સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વતપુત્ર વૃષ્ણિના વંશના અનમિત્ર પુત્ર વૃષ્ણિના કુલમાં ઉત્પન્ન થએલા શુર નામના રાજાનો પુત્ર. તેને શિનિ નામનો પુત્ર હતો.

ભજિ. સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત રાજાના સાત પુત્રમાંનો બીજો.

ભત્સ્ય. એક બ્રહ્મર્ષિ (૨ કશ્યપ શબ્દ જુઓ)

ભદ્ર. દેવ વિશેષ (તુષિત શબ્દ જુઓ).

ભદ્ર (૨). તગડાની સંખ્યાવાળા વસિષ્ઠ કુલોત્પન્ન ઋષિ. તે ઇંદ્રપ્રમદિ ઋષિનો પુત્ર. એનો પુત્ર ઉપમન્યુ ઋષિ.

ભદ્ર (૩). રામની સભામાંનો વિદુષક (હાસ્યકાર).

ભદ્ર (૪). સોમવંશી અનુકુલોત્પન્ન શિબ્રિના પાંચ પુત્રમાંનો ત્રીજો.

ભદ્ર (૫). સોમવંશી યદુકુલોત્પન્ન વસુદેવને દેવકીની કુખે થએલા પુત્રોમાંનો એક.

ભદ્ર (૬). સોમવંશી યદુકુલોત્પન્ન વસુદેવને પૌરવીથી થએલા પુત્રોમાંનો એક.

ભદ્ર (૭). સોમવંશી યદુકુલોત્પન્ન કૃષ્ણથી કાલિંદીને થએલા પુત્રોમાંનો એક.

ભદ્ર (૮). ભારતયુદ્ધમાં કર્ણે મારેલો પાંડવ પક્ષનો એક ચેદિદેશનો રાજા. (ભા૨૦ કર્ણ૦ અ૦ ૫૬)

ભદ્ર (૯). ભારતવર્ષીય દેશ (ભા૨૦ વન૦ અ૦ ૫૧–૪૯)

ભદ્ર (૧૦). ભારતવર્ષીય તીર્થ.

ભદ્રકર્ણેશ્વર. ભારતવર્ષીય ક્ષેત્ર અને તીર્થ. (ભા૨૦ વ૦ ૬૬)

ભદ્રકાલી પાર્વતીનું નામ.

ભદ્રકાલેશ્વર. એક ક્ષેત્ર અને તીર્થ.

ભદ્રચારુ. કૃષ્ણને રુકિમણીથી થએલા પુત્રોમાંનો એક.

ભદ્રતુંગ. ભારતવર્ષીય તીર્થ.

ભદ્રમના. કશ્યપને ક્રોધાથી થએલા પુત્રોમાંનો એક. ઐરાવત નામના નાગનો પિતા. (ભા૨૦ આ૦ ૬૭–૬૦)

ભદ્રવટ. ભારતવર્ષીય તીર્થ. કૈલાસ પર્વતપરનો વડ. (ભા૨૦ વ૦ ૨૩૨–૧)

ભદ્રવતી. પરીક્ષિતની ભાર્યા. જન્મેજયની માતા. (ભા૨૦ આ૦ ૬–૩–૮૬).

ભદ્રવાહુ. વસુદેવને પૌરવીથી થએલા પુત્રોમાંનો એક.

ભદ્રસાલ. ભદ્રાશ્વવર્ષમાંનું વન વિશેષ.

ભદ્રસેન. ઋષભદેવના નવ ખંડાધિપતિ પુત્રોમાંનો એક. એના ખંડનું નામ પણ એ જ હતું.

ભદ્રસેન (૨). ભરતવર્ષના નવ ખંડમાંનો એક ખંડ.

ભદ્રસેન (૩). વસુદેવથી દેવકીને થએલા પુત્રોમાંનો એક.

ભદ્રસેનક. સોમવંશી યદુપુત્ર સહસ્ત્રજિત્‌ના પૌત્ર હૈહયવંશી મહિષ્માન રાજાનો પુત્ર. તે રુદ્રશ્રેણ્ય એવા બીજા નામથી પ્રસિદ્ધ છે. અને એને દુર્મદ અને ધનક એવા બે પુત્રો હતા

ભદ્રા. કુબેરની ભાર્યા. (**ભા૨૦ આ૦ ૨૧૬**)

ભદ્રા (૨). મેરુની કન્યા, અને આગ્નીધ્ર રાજાના પુત્ર ભદ્રાશ્વની સ્ત્રી.

ભદ્રા (૩). અત્રિપુત્ર સોમની કન્યા અને ઉતત્થ્ય ઋષિની સ્ત્રી. એને વરુણ લઈ ગયો હતો (**ભા૨૦ અનુ૦ અ૦ ૧૫૪; ભા૨૦ અનુ૦ ૨૫૬-૨૦**).

ભદ્રા (૪). વ્યુષિતાશ્વ રાજાની સ્ત્રી.

ભદ્રા (૫). વસુદેવની સ્ત્રીઓમાંની એક. એને સંતતિ નહોતી.

ભદ્રા (૬). કેકય દેશાધિપતિ ધૃષ્ટકેતુને વસુદેવ ભગિની શ્રુતકીર્તિથી થયેલી કન્યા. તેને તેના ભાઇઓ સંતર્દન વિગેરેએ વિવાહ કરી કૃષ્ણને વરાવી હતી. (**ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૫૮**).

ભદ્રા (૭). ભગવત્પદીનો ઉત્તર તરફનો પ્રવાહ. આ કુરુ દેશમાં વહીને સમુદ્રમાં મળે છે. (**ભાગ૦ ૫ સ્કં૦ સ્કં૦ અ૦ ૧૭**).

ભદ્રાયુ. એક રાજપુત્ર જેને ઋષભયોગી ઋષિએ શિવકવચ આપ્યું હતું.

ભદ્રાવતી. યૌવનાશ્વ રાજાની સ્ત્રી.

ભદ્રાવતી (૨). વૃષકેતુની પ્રભદ્રા નામની સ્ત્રી તે જ.

ભદ્રાશ્વ. પ્રિયવ્રતપુત્ર આગ્નીધ્રને પૂર્વચિત્તી અપ્સરાથી થએલા નવ પુત્રોમાંનો આઠમો. તેની સ્ત્રી મેરુકન્યા ભદ્રા.

ભદ્રાશ્વ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન કુવલાશ્વ રાજાના ત્રણ પુત્રોમાંનો ત્રીજો. એનાં ચંદ્રાશ્વ, ચંડાશ્વ અથવા દંડ એવાં બીજાં નામો હતાં.

ભદ્રાશ્વ (૩). સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢપુત્ર નીલના વંશના ભર્મ્યાશ્વ રાજાનું બીજું નામ.

ભદ્રાશ્વ (૪). એક ખણ્ડ વિશેષ. (**ભા૨૦ ભી૦ ૬-૧૩; ૭ ૧૪**).

ભદ્રાશ્વવર્ષ. જંબુદ્વીપના નવ વર્ષસંજ્ઞક ભાગોમાંનો એક. તે વર્ષ (ખંડ) ગંદમાદન પર્વત અને ક્ષાર સમુદ્રની વચ્ચે આવેલો છે. તેનો અધિપતિ અગ્નીધ્રપુત્ર ભદ્રાશ્વ છે. (**ભા૨૦ ભી૦ અ૦ ૬-૧૩ અને ૭-૧૪**).

ભય. અધર્મથી નિર્ઋતીની કુખે થએલો પુત્ર.

ભયંકર. એક રાજા. (૩ જયદ્રથ શબ્દ જુઓ).

ભયા. હેતિ નામના રાક્ષસની સ્ત્રી. વિદ્યુત્કેશની માતા. (**વા૦રા૦ઉત્ત૨૦ સર્ગ૦ ૪**).

ભરણી. પ્રાચેતસ દક્ષની કન્યા અને સોમની સ્ત્રી.

ભરણી (૨). એ નામનું નક્ષત્ર.

ભરત. પ્રિયવ્રત વંશના ઋષભદેવથી જયંતી નામની ભાર્યાની કુખે થએલા સો પુત્રોમાંનો મોટો. એને પંચજની નામની સ્ત્રી હતી. તેની કુખે તેને સુમતિ, રાષ્ટ્રભૃત, સુદર્શન, આવરણ, અને ધૂમ્રકેતુ એવા પાંચ પુત્ર થયા હતા. તેના પિતા ઋષભદેવે અજનાભ વર્ષના નવ ભાગ-ખંડ-કરી નવે પુત્રને એકેક એમ વહેંચી આપ્યા અને એ સર્વ ઉપર આને મુખ્ય ઠેરવ્યો. આ પણ તેવો જ પરાક્રમી હોવાથી, જેનું નામ પહેલાં અજનાભ વર્ષ હતું તેનું નામ ભરતવર્ષ પડયું, જે હજુ પણ ચાલે છે. અને ભરત બ્રહ્માવર્ત નામના પોતાના ભાઇના બ્રહ્માવર્ત ખંડમાં પ્રાયઃ રહેતો હોવાથી તે નામ કાંઇક રહી ગએલું, તેનું ભરતખંડ એવું નામ પડયું. તે ઉપરથી વૈદિકધર્મીઓ કાંઇપણ કાર્યને આરંભે સંકલ્પ કરે છે, ત્યારે ભરતવર્ષે, ભરતખંડે, જંબુદ્વીપે એવું કહે છે. (**ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૭; ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૫**).

આ ભરત રાજા, દસહજાર વર્ષના એક અયુત, એવા હજાર અયુત વર્ષ રાજ્ય કર્યા

પછી પોતાની સંપત્તિ પોતાના પુત્રોને વહેંચી આપી, ચક્ર નદીને તીરે પુલહ ઋષિના આશ્રમે તપ કરવા ગયો. (**ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૭ ગદ્ય ૮**). ત્યાં તપ કરતાં આ જ જન્મમાં તેને બ્રહ્મકૈવલ્ય પ્રાપ્ત થાત, પરંતુ વિપરિત દૈવગતિને યોગે હરિણુબાળમાં મમતા રહી જવાથી, તેને હરિણયોનિ પ્રાપ્ત થઇ. તેમાંથી મુક્ત થયા પછી, બીજા જન્મમાં જડભરત નામનો દેહ પ્રાપ્ત થયો, ને તેમાં તેને કૈવલ્યપદ પ્રાપ્ત થયું. (જડભરત શબ્દ જુઓ).

ભરત (૨). શંયુ નામના અગ્નિનો પુત્ર.

ભરત (૩). નાટ્યશાસ્ત્ર પ્રણેતા એક ઋષિ.

ભરત (૪) સોમવંશી પૂરુકુલોત્પન્ન રૌદ્રાશ્વપુત્ર ઋતેયુના પુત્ર અંતિભાર વંશમાં ઉત્પન્ન થએલા દુષ્યંત રાજાનો શકુંતલાની કુખે થએલો પુત્ર. (શકુંતલા શબ્દ જુઓ). પિતાની પછી તે જ રાજ્યાધિકારી થયો હતો. વિદર્ભ રાજાની ત્રણ કન્યા આની સ્ત્રીઓ હતી અને તેમની કુખે ચાર પુત્ર પણ થયા હતા; પરંતુ તે સંતાનો કુરુપ હોવાથી રાજાને વખતે પોતાના પતિવ્રત ઉપર વ્હેમ આવશે એમ સમજી તે બાળકોને જન્મતાં જ ગંગામાં ફેંકી દેવડાવ્યાં હતાં. ઘણા કાળ પર્યંત સંતાન રહિત હોવાથી તે દુઃખી થતો હતો. તેને મરુદ્વશણે મમતા નામની બ્રાહ્મણીનો પુત્ર જેનું નામ વિતથ હતું તે આણી આપ્યો, અને કહ્યું કે આનો જન્મદાતા કોઇ એક છે, ને તું એનું ભરણપોષણ કરનાર બીજો છે, માટે એવા અર્થનું એનું નામ ભરદ્વાજ રાખ. આવું કહી તે ગયા અને રાજાએ તેને પુત્રતુલ્ય ગણી તેનું સંરક્ષણ કર્યું. (**ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૨૦; ભા૨૦ આદિ૦ અ૦ ૯૮**). આણે અનેક યજ્ઞ કરી કણ્વ ઋષિને અપાર દ્રવ્ય આપ્યું. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૯**). આનાં પિતૃમાતૃસંબંધને લઇને દૌષ્યંતિ અને શાકુંતલેય એવાં નામ હતાં. આની પછી ભારદ્વાજ જ રાજ્યાધિકારી થયો. દમન અથવા સર્વદમન એવું પણ તેનું નામ હતું.

ભરત (૫). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અજપુત્ર દશરથને કૈકેયીથી થએલો પુત્ર. આ રામનો ઓરમાન ભાઇ હોઈ તેની આકૃતિ રામના જેવી જ હતી. વિશ્વામિત્ર ઋષિ રામલક્ષ્મણને યજ્ઞના રક્ષણાર્થે લઇ ગયા હતા. તે કાર્ય નિવેદન સિદ્ધ થયા પછી તેમને મિથિલા નગરી લઇ ગયા હતા. તે વખતે રામનું લગ્ન સીતા સાથે થયું. તે સમયે સીરધ્વજના બંધુ કુશધ્વજે પોતાની માંડવી નામની કન્યા સાથે ભરતનાં લગ્ન કર્યાં. તેનો મામો યુધાજિત તેને અને શત્રુઘ્નને કેકય દેશ લઈ ગયો, તેથી તે કાંઇ કાળ પર્યંત ત્યાં રહ્યો હતો.

આ વાતને કાંઇક દીવસો વિત્યા પછી પોતાની વૃદ્ધાવસ્થાને લીધે રામને યુવરાજ પદ પર સ્થાપવાનો વિચાર દશરથના મનમાં આવ્યો, અને તે વિષેની સર્વ તૈયારીઓ કરવા માંડી. પરંતુ કૈકેયીએ તે સમારંભમાં વિઘ્ન નાંખી, રામને વનવાસ કઢાવ્યો. આ યોગને પરિણામે દશરથ અત્યંત દુઃખી થઇ મરણ પામ્યાથી વસિષ્ઠે ભરતને લઇ આવવા સિદ્ધાર્થ નામના પ્રધાનને કેકયદેશ મોકલ્યો. સિદ્ધાર્થે ત્યાં જઇ પહોંચતાં દુષ્ટ સ્વપ્ન આવ્યાથી ભરતને ચિંતાગ્રસ્ત બેઠેલો જોયો. ભરત આને જોતાં જ અયોધ્યાના વર્તમાન પુછવા લાગ્યો. અયોધ્યામાં બધું ક્ષેમ કુશળ છે, એવું ગોળ ગોળ કહી, તમે ત્યાં સત્વર ચાલો, એવું સિદ્ધાર્થે કહ્યું. તે ઉપરથી મામાને અને દાદાને પુછી નીકળવાની તૈયારી કરી. એ વડિલોએ એને અયોધ્યા જવાની આજ્ઞા આપી કે તરત જ સિદ્ધાર્થ સહવર્તમાન નીકળી પોતાને નગરે આવી પહોંચ્યો.

નગરીમાં થઇ રાજમંદીરે જતાં નગરી તેને ઉત્સાહ રહિત જણાયાથી કાંઇ વિપરીત થયું છે, એવું તેણે અનુમાન કર્યું. તથાપિ ધૈર્ય રાખી રાજમંદીરમાં ગયો. ત્યાં જઇ જુએ છે તો પિતા કોઇ જગાએ જણાયા નહિ. તે મારી માતાને મંદીરે હશે એવી ઉત્કંઠાથી મંદીરમાં જઇ જુએ છે તો માતા એકલી જ

દૃષ્ટિયે પડી! તેને વંદન કરી તે પુછવા લાગ્યો કે મારા પિતા ક્યાં છે, તે મને સત્વર કહો. તેમને ન દેખવાથી મને ભય અને દુઃખ થાય છે. આ પ્રમાણે આનું બોલવું સાંભળી તેને આલિંગન દઇ કૈકેયી કહેવા લાગી કે, હે ભરત, તું સ્વસ્થ થા, અને હું કહું છું તે સાંભળ.

તારા મામાને ઘેર ગયા પછી, તારા પિતાએ રામને યૌવરાજ્ય આપવાની ઇચ્છા કરી બધી તૈયારીઓ કરવા માંડી. તે વાત મને ખબર પડતાં જ, મને રાજાએ બે વરદાન આપી રાખ્યાં હતાં તે પ્રમાણે એક વરદાનથી રામ દંડકારણ્ય જાય અને બીજા વરદાનથી તને રાજ્ય પ્રાપ્ત થાય, એમ બે વર મેં માગી લીધા. તે ઉપરથી લક્ષ્મણ અને સીતાને સાથે લઇ રામ અરણ્યમાં ગયા; તેથી શોકાકુલ થઇ તારા પિતાએ દેહ ત્યાગ કર્યો. હવે તું લગીરે શોક કરીશ નહિ. દુર્લભ રાજ્ય પ્રાપ્ત થયા પછી મરી ગયેલાનો ગમે તેટલો શોક કરીયે તે વ્યર્થ જ છે. માતાનાં આવાં વચનો સાંભળી ભરતને આનવાર દુઃખ અને સંતાપ થયાં. તેણે પોતાની માતાની અતિશય નિર્ભર્ત્સના કરી અને લાગલો જ ત્યાંથી નીકળી કૌશલ્યાને મંદિર જઇ, તેને વંદન કરી, નીચું મુખ રાખી રડતો રડતો તેની સામે ઉભો રહ્યો.

ભરતને જોઇ કૌશલ્યાએ તેને આલિંગન દીધું અને વિશેષ કાંઇ ન બોલતાં. આટલું કહી શોક કરવા લાગી કેઃ—

पुत्र त्वयि गते दूरमेवं सर्वमभूदिदम् ॥
उक्तं मात्रा श्रुतं सर्वं त्वया ते मातृ चेष्टितम् ॥ ८४ ॥
पुत्रः सभार्यो वनमेवयातः सलक्ष्मणो मे रघुरामचंद्रः ॥
चीरांबरो बद्धजटाकलापः संत्यज्य मां दुःखसमुद्रमग्नाम् ॥ ८५ ॥
हा राम हा मे रघुवंशनाथ जातोसि मे त्वं परतः परात्मा ॥
तथापि दुःखं न जहाति मां वै विधिर्बलीयानिति मे मनीषा ॥ ८६ ॥

(અધ્યા૦ રા૦ સ૦ ૭૦ અયો૦)

આવો તેનો શોક જોઇ ભરતને કેટલું અવર્ણનીય દુઃખ થયું હશે તેની કલ્પના પણ થઇ શકતી નથી. તે કહેવા લાગ્યો કે માતાએ કરેલા કૃત્યની મને યત્કિંચિત પણ માહીતી નથી. એ વિષયે તેણે કૌસલ્યાને પગે હાથ અરાડી સોગન ખાધા. પછી વસિષ્ઠે ત્યાં આવી ભરતનું અનેક પ્રકારે સાંત્વન કર્યું અને તેની પાસે રાજાની સર્વ ઉત્તરક્રિયા સાંગોપાંગ કરાવી.

પછી બધાં પોતપોતાને ઠેકાણે ગયા પછી વસિષ્ઠે સભા ભરી ભરતને ત્યાં બોલાવ્યો. ભરતના સભામાં આવ્યા પછી તેને કહ્યું કે તારે માટે તારી માતાએ સંપાદન કરેલા રાજ્યનું તું ગ્રહણ કર. આ વસિષ્ઠ ગુરુના બોલો સાંભળી ભરતને એવું થયું કે આ બોલો સાંભળવાનો પ્રસંગ આવ્યો તેના કરતાં મને મરણ આવ્યું હોત તો વધારે સારૂં થાત. તેના મનમાં એમ થયું કે, બોહો લક્ષ્મણ કેવો ભાગ્યશાળી! આવી રીતે પોતાની જાતને ધિક્કારતા ભરતે વસિષ્ઠને વિનતિ કરી કે મારે રાજ્યનો સ્વીકાર કરવો નથી. વાસ્તવિક રીતે રાજ્યના અધિકારી રામચંદ્ર જ હોઇ એ રાજ્ય કરે, અને હું તેની આજ્ઞાનું પાલન કરૂં, એવું બને એ યોગ્ય છે; અને આ પ્રસ્તુત પ્રસંગ જેથી ઉપસ્થિત થયો છે તેનો પ્રતિબંધ કરવા માટે હું રામ પાસે જઇશ, તેમને અરણ્યમાંથી પાછા આણીશ અને તેમનું રાજ્ય તેમને આપીશ. આવું કહી તેણે જવાની તૈયારી કરી. તે જોઇ સ્વર્વે અયોધ્યાવાસીઓએ તેની સ્તુતિ કરી.

રામને પાછા આણવા માટે માતાદિક સહવર્તમાન ભરત નીકળ્યો તે ગુહ નામના કિરાતાધિપતીના શૃંગવેરપુર આગળ સૈન્ય સહિત આવી ઉતર્યો. (ગુહ શબ્દ જુઓ).

ગુહે તેને ભાગીરથીની પાર ઉતાર્યો એટલે ત્યાંથી આગળ ચાલી રસ્તામાં આવેલા ભરદ્વાજઆશ્રમ સમીપ આવી પહોંચ્યો. ત્યાંથી એકલા પગે ચાલીને જઈ ઋષિનાં દર્શન કર્યાં. ઋષિયે પણ તેનું ઉત્તમ પ્રકારે આતિથ્ય કરી તેને વિદાય કર્યો. (**વા૦ રા૦ અયો૦અધ્યા૦ સ૦ ૯૦–૯૧**) પછી ચિત્રકૂટ પર્વત પર જઈ રામને મળ્યો; અને તે બેઉ વચ્ચે ઘણો સંવાદ થયા પછી રામે તેને અયોધ્યા પાછો મોકલ્યો. (૧ ચિત્રકૂટ શબ્દ જુઓ.) પછી શત્રુઘ્નને રાજ્યની વ્યવસ્થા સોંપી, રામ અરણ્યમાંથી ચૌદ વર્ષે પાછા આવ્યા ત્યાં સુધી તે નંદીગ્રામમાં જ રહ્યો.

રાવણને મારી પાછા ફરતાં ભરદ્વાજ-આશ્રમે આવતાંની સાથે જ રામચંદ્રે પોતાના આવ્યાના સમાચાર ભરતને જેમ બને તેમ વહેલા મળે એ હેતુથી, મારુતિને નંદીગ્રામ મોકલ્યા. મારુતિને મોંઢેથી આ સમાચાર સાંભળી તેના હર્ષનો પાર રહ્યો નહિ. તેણે અયોધ્યાને ખૂબ શણગાર્યું અને રામના આવવાની કાગને ડોળે વાટ જોતો બેઠો. રામ આવ્યા એટલે તેણે રામને રાજ્ય સોંપી દીધું અને પોતે તેમનો આજ્ઞાધારી થઇ રહ્યો. રામે પણ તેને યુવરાજ પદે સ્થાપ્યો.

રામચંદ્ર રાજ્ય કરતા હતા દરમ્યાન તેમણે એક વખત સાંભળ્યું કે ગાંધાર દેશમાં ગંધર્વો ઉન્મત્ત થઇને પ્રજાને અતિશય પીડે છે. તે ઉપરથી તેમણે ભરતને ત્યાં જવાની આજ્ઞા કરી. તક્ષ અને પુષ્કર બે પુત્રોને સાથે લઇ સૈન્ય સહિત તે ગાંધાર દેશ ગયો અને ગંધર્વોનો પરાભવ કરી ત્યાંથી હાંકી કાઢી, બે પુત્રોના નામનાં બે નગરો વસાવી, ત્યાં તેમને રાખી પોતે અયોધ્યા પાછો આવ્યો. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૦૧**). એ જ રીતે કારૂપથ દેશમાં, રામચંદ્રે આની પાસે ચંદ્રકાન્ત નગરી વસાવડાવી ત્યાં લક્ષ્મણના પુત્ર ચંદ્રકેતુને રાખ્યો. (**વા૦ રા૦ ઉત્તર૦ સર્ગ૦ ૧૦૨**)

પછી જ્યારે રામચંદ્ર નિજધામ ગયા ત્યારે ભરત પણ તેમની સાથે જ સ્વલોક ગયો. (૨ રામ શબ્દ જુઓ).

ભરતખંડ. પ્રિયવ્રત વંશના ઋષભદેવના નવ ખંડાધિપતિ પુત્રોમાંના ત્રીજા પ્લક્ષાવર્ત નામના પુત્રના નામનો જ ખંડ. તે નવે ખંડ ઉપર આધિપત્ય કરનાર ભરત રહ્યો હતો માટે એ નામ પડ્યું. પુરાણમાં આને દ્વીપ કહ્યો છે. પરંતુ એ દ્વીપ નહિ પણ ખંડ છે. (ખંડ શબ્દ જુઓ). તેના ઉત્તરના ભાગમાં પૂર્વ પશ્ચિમ લંબાઇ નવહજાર યોજનમાં કાંઇ ઓછી છે, અને પશ્ચિમ તરફ સમુદ્રને લગભગ અડકીને આવી રહેલા, એકડાની સંજ્ઞાવાળા હિમાલયની ટોચથી કુમારી પર્યંત, તિર્યક્સ પહોળાઇ દસ સહસ્ર યોજન છે. કુમારીથી ગંગાના ઉત્પત્તિસ્થાન સુધી કેવળ લંબરૂપ દક્ષિણોત્તર પહોળાઇ એક સહસ્ર યોજન છે.

योजनानां सहस्रं तु खंडोयं दक्षिणोत्तरः ॥
आयतस्तु कुमारीतो गंगायाः प्रवहावधिः ॥
तिर्यगूर्ध्वं तु विस्तीर्णः सहस्राणि दशैव तु॥९॥
(મત્સ્ય૦ અ૦ ૧૧૩).

આમ હોવાથી એની આકૃતિ આવી √ મોડી લિપિના ધ જેવી, ઉપરથી પહોળા અને શિરોબિંદુ નીચે આવે એવા ઉંધા ત્રિકોણ જેવી છે.

આ ખંડ ભરત વર્ષનો નવમો ભાગ છે. તેથી તેનું ક્ષેત્રફળ તેના નવમા ભાગ જેટલું એટલે ઇક્કાતેર લાખ, બાર હજાર, ત્રણસેં અગીઆર ને એક નવમાંશ છે. એટલે કે પીસ્તાલીસ કરોડ, એકાવન લાખ, સત્યાશી હજાર, નવસેં અગીઆર અને એક ચોરસ માઇલ છે.

ભરતવર્ષ. પ્રિયવ્રત પુત્ર આગ્નીધ્રરાજાના નાભિ નામના મોટા પુત્ર અજનાભના વર્ષનું જ આ નામ પાછળથી પડ્યું. આ વર્ષ જંબુદ્વીપનો નવમો ભાગ છે. એની ઉત્તરે હિમાલય પર્વત (આ હિમાલય પ્રાથમિક સમજવો), અને પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણે ક્ષાર સમુદ્ર છે. આની

ઉત્તર તરફની પૂર્વ પશ્ચિમ લંબાઇ હિમાલયના જેટલી જ એટલે એંશી હજાર યોજન, અને હિમાલયથી ક્ષારસમુદ્ર પર્યંત દક્ષિણોત્તર પહોળાઈ પુરા બારસેં યોજન છે.

हिमाद्रेर्दक्षिणं वर्षं भरताय न्यवेदयत् ॥
तस्मात्तु भारतं वर्षं तस्य नाम्ना बिदुर्बुधाः

(લિંગ૦ અ૦ ૪૭ ૨૩. ૨૪.).

આ વર્ષના ઋષભદેવે નવ ભાગ કરી પોતાના પુત્રોને આપ્યા તે જ આ નવખંડ કુશાવર્તાદિકના નામથી પ્રસિદ્ધ છે. આમાં બીજો હિમાલય, મહેંદ્ર, મલય, સહ્યાદ્રિ, વિંધ્યાદ્રિ, શુક્તિમાન્, ઋષ્યવાન્, અને પારિયાત્ર એવા આઠ મુખ્ય ઉપર્વત છે. સહસ્રાવધિ મહાનદીઓ છે, અને સો યોજન લાંબા અને તેટલા પહોળા એવા છ હજાર અને ત્રણસેં મહાદેશ છે. આ ઉપરાંત ઉપર લખેલા ઉપપર્વતોનાં નામના નાના નાના કેટલાએ પર્વતો છે અને કેટલાએ બીજા નામના પર્વતો પણ છે. આ ભારતવર્ષ કર્મભૂમિ હોઈ, ઇતર વર્ષ અને દ્વીપો ભોગ્યભૂમિ છે; એટલે કે ત્યાંની ભૂમિને સ્વર્ગ એવી સંજ્ઞા છે.

ભરતી. ભરત નામના અગ્નીની કન્યા.

ભરદ્વસુ. એક બ્રહ્મર્ષિ. ભગીરસુ આને જ કહેતા હશે એમ જણાય છે.

ભરદ્વાજ. પૂર્વ મન્વન્તરમાંનો બ્રહ્મર્ષિ. તેને શ્રુતાવતી નામની કન્યા હતી. (શ્રુતાવતી શબ્દ જુઓ).

ભરદ્વાજ (૨) શંયુ નામના અગ્નીનો પુત્ર. એને વીરાથી વીર નામનો પુત્ર થયો હતો. બહુધા આ જ ભરદ્વાજ ચાલુ મન્વન્તરના સપ્તર્ષિઓમાંનો એક હશે. અને પ્રતિવર્ષ ફાગણ માસના સૂર્યની સાથે સંચાર કરનાર પણ આ જ હશે. (૧ તપસ્ય શબ્દ જુઓ).

ભરદ્વાજ (૩). આંગિરસકુલોત્પન્ન એક બ્રહ્મર્ષિ, રૈભ્ય ઋષિનો મિત્ર. એનો પુત્ર યવક્રીત. (યવક્રીત શબ્દ જુઓ).

ભરદ્વાજ (૪). વાલ્મિકિ ઋષિનો શિષ્ય (વા૦ રા૦ બાલ૦ સ૦ ૨). તે પ્રયાગ મધ્યે રહેતો હતો. દાશરથિ રામ દંડકારણ્ય જતા હતા ત્યારે આનાં દર્શન કરવા આવ્યા હતા, અને મને રહેવાનું એકાદું સ્થળ બતાવો એવું રામે આને પુછ્યું હતું. તે ઉપરથી તેણે અહીંથી દસ ગાઉ ઉપર ચિત્રકૂટ પર્વત છે, ત્યાં જઇને રહો એવું કહ્યું; અને પોતાના શિષ્યોને મોકલી ત્યાં જવાનો માર્ગ દેખાડ્યો તેથી રામ ત્યાં ગયા. (વા૦ રા૦ અયો૦ સ૦ ૫૪-૫૫).

એજ પ્રમાણે રામને પાછા તેડી લઈ જવા નીકળેલો ભરત પણ આને મળ્યો હતો. ભરતના નંદીગ્રામ રહ્યા પછી, રામ રાવણનો વધ આદિ કૃત્ય આટોપી લઇ પાછા અયોધ્યા જતા હતા ત્યારે, પણ ભરદ્વાજને એ મળ્યા હતા. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૨૬).

ભરદ્વાજ (૫). સોમવંશી પૂરુકુલોત્પન્ન દુષ્યંત પુત્ર ભરતને મરુદ્ગણે આપેલો પુત્ર. ભરત પછી તે જ રાજ્યાધિકારી થયો હતો. એનાં વિતથ અને વરૂથ એવાં બીજાં નામો પણ હતાં. તેને મન્યુ નામનો પુત્ર હતો.

ભરદ્વાજ (૬). ઉચથ્યની ભાર્યા મમતાને બૃહસ્પતિથી થયેલો પુત્ર. (ભા૦ ૯-૨૦; વિષ્ણુ૦ ૪-૧૯૭ અને મત્સ્ય૦ ૪૯)

ભરદ્વાજ (૭). એણે ઘૃતાચીને જોઇને કામાતુર થવાથી પડેલા પોતાના વીર્યને દ્રોણ-પડીઆમાં રાખ્યું હતું; પડીઆમાંથી ઉત્પન્ન થએલી કન્યા શ્રુતાવતી. શ્રુતાવતીએ ઇન્દ્રને પરણવા ઉગ્ર તપ કર્યું હતું. પરિણામે એ શચી રૂપે હાલના ઇંદ્રની સ્ત્રી થઈ.

ભરદ્વાજ. (૮). એ જ નામનો બીજો ઋષિ. (ભા૦ ૨૦ ૮).

ભરા. વિશાલપુરીના રાજાની કન્યા. તેના બાપે તેનો વિવાહ કરૂષદેશાધિપતિના પુત્ર સાથે કર્યો. પોતાના મામાની પુત્રી બહેન પોતે જ લેવી એ હેતુથી, તેનો વિવાહ કર્યો હતો છતાં, તેના પતિનું રૂપ ધારણ કરી શિશુપાલે તેનું હરણ કર્યું હતું. ભરાનો બાપ શિશુપાલનો

ઓરમાન મામો-મામો હોવો જોઇએ; કારણ કે તેનો પ્રત્યક્ષ મામો તો વસુદેવ હતો.

ભરુક. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન હરિશ્ચંદ્ર વંશના વિજય રાજાનો પુત્ર. એનું રુચક એવું બીજું નામ પણ હતું. તેના પુત્રનું નામ વૃક હતું.

ભર્ગ શિવનું નામ.

ભર્ગ (૨). રુદ્ર શબ્દ જુઓ.

ભર્ગ (૩). સોમવંશી તુર્વસુનો પૌત્ર અને વન્હિ નામના રાજાનો પુત્ર. તેનો પુત્ર ભાનુમાન્.

ભર્ગ (૪). સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધવંશના કાશ્યકુલોત્પન્ન વીતિહોત્રનો પુત્ર, તેનો પુત્ર ભાર્ગભૂમિ.

ભર્ગ (૫). ભારતવર્ષીય પૂર્વનિષાદ દેશ.

ભર્તૃસ્થાન. ભારતવર્ષનું તીર્થ.

ભર્મ્યાશ્વ. સોમવંશી આયુકુલોત્પન્ન પૂરુવંશના અજમીઢપુત્ર નીલના પુત્ર અર્ક રાજાનો પુત્ર ભદ્રાશ્વ તે જ. આ રાજા મોટો પરાક્રમી હતો, તેને મુદ્ગલ, યવીનર, બૃહદ્વિષ્ક, કાંપિલ્ય અને સંજય એવા પોતાના જેવા જ પરાક્રમી પાંચ પુત્રો હતા. આથી સંતુષ્ટ થઇ એ એવું બોલ્યો કે મારા રાજ્યના સંરક્ષણાર્થે આ પાંચ પુત્રો (અલમ્) પુરતા છે. તે ઉપરથી આ પાંચનું પંચાલ એવું નામ પડ્યું અને એ જ કારણથી તેમના દેશનું નામ પાંચાલ પડ્યું હતું. (ભા૦ વન૦ ૨૧).

ભલંદક. વૈશ્યજાતીય એક મંત્રદૃષ્ટા ઋષિ. (મત્સ્ય૦).

ભલંદન. એક બ્રહ્મર્ષિ (૨ અત્રિ શબ્દ જુઓ).

ભલંદન (૨). સૂર્યવંશી દિષ્ટપુત્ર નાભાગનો પુત્ર. આનો પુત્ર વત્સપ્રીતિ.

ભલ્લાટ. ભારતવર્ષીય દેશ વિશેષ.

ભલ્લાદ. સોમવંશી આયુકુલોત્પન્ન પૂરુવંશના અજમીઢપુત્ર બૃહદ્દિષુના વંશના ઉદક્સ્વન રાજાનો પુત્ર.

ભવ. શિવનું નામ.

ભવ (૨). એક રુદ્ર.

ભવ (૩). વસુદેવને રથરાજીથી થયેલો પુત્ર.

ભવનંદિ. એક બ્રહ્મર્ષિ (૨. ક્ષય શબ્દ જુઓ).

ભવાની. સતીનું એટલે પાર્વતીનું નામ.

ભસ્મ. અથર્વણવેદોપનિષત્.

ભસ્માસુર. શિવની ભસ્મમાંથી ઉત્પન્ન થએલો અસુર. જેને માથે એ હાથ મુકે તે બળીને ભસ્મ થઈ જાય એવું તેને વરદાન હતું. પરંતુ તેને પછીથી દુર્બુદ્ધિ ઉત્પન્ન થઇ અને પ્રાણી માત્રને પીડા કરવા લાગ્યો, તેથી વિષ્ણુએ યુક્તિ કરી તેનો હાથ તેને પોતાને માથે જ પોતાની પાસે મુકાવી, તેને બાળી નંખાવ્યો.

ભાગવિત્તાયન. એક બ્રહ્મર્ષિ (૨ વસિષ્ઠ શબ્દ જુઓ).

ભાગવિતિ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

ભાર્ગસ્વન ભર્ગસ્વનનું નામાન્તર. (**ભા૨૦ અનુ. ૩૪**)

એ રાજાને પુત્ર નહોતો તેથી એણે પુત્રની વાંછાથી "અગ્નિષ્ટુત" નામે યજ્ઞ કર્યો આ યજ્ઞમાં ઇન્દ્રનું પ્રાધાન્ય નહોતાં અગ્નિનું પ્રાધાન્ય હોય છે. આથી ઇન્દ્રને ગુસ્સો ઉત્પન્ન થયો. ઇંદ્ર ભર્ગસ્વનનાં છિદ્રો ખોળતો હતો. તેવામાં એક દિવસ રાજા મૃગયા સારુ વનમાં ગયો. ત્યાં આ સમય ફીક મળ્યો છે ધારી, ઇન્દ્રે એને મોહિત કરી નાંખ્યો. જેથી તે રાજર્ષિ એકલો જ ઘોડે બેશી ચોમાજુ ભમવા લાગ્યો. તેને કોઇ દિશાનું ભાન રહ્યું નહિ. ક્ષુધા તૃષાથી વિહ્વળ બની ગયેલો ભટકતો હતો તેવામાં એક નિર્મળ અને ઉત્તમ જળથી ભરેલું સુંદર સરોવર એના જોવામાં આવ્યું. એણે ત્યાં જઈ પોતાના ઘોડાને પાણી પાઇ ઝાડ સરસો બાંધ્યો અને પોતે સરોવરમાં ઉતરીને નહાયો. જેવો નહાયો કે તરત એ સ્ત્રીરુપ બની ગયો !

આમ સ્ત્રીરુપ બની જવાથી રાજા ઘણો શરમાઇ ગયો. એનું ચિત્ત ચિંતાથી ઘેરાઇ ગયું અને ઘેર શી રીતે જવું એની સોચના કરવા લાગ્યો. એના મનમાં આવ્યું કે યત્ન કરીને મેળવેલા સો પુત્રોને, રાણીઓને અને પ્રજાજનોને હું શું

મેાં બતાવીશ. આખરે ધૈર્ય રાખીને ઘેર ગયેા. ત્યાં પણ બધાં ચકિત થઈ ગયાં કે આ શું. એણે પેાતાની વિતકની વાત કહી. પેાતાની રાણીઓને નામ સહિત ઓળખી બતાવી. દિકરાઓને પણ ઓળખ્યા અને નિશાન આપ્યાં ત્યારે બધાની ખાતરી થઇ કે આ રાજા જ છે. પછી એણે પેાતાના પુત્રોને શિખામણ દઇ રાજ્ય સેાંપી દીધું અને પેાતે વનમાં ગયેા.

વનમાં એણે કેાઇ તાપસનેા પેાતાના પતિ તરીકે સ્વીકાર કર્યો. એ તાપસ સાથે રહેવાથી એને સેા પુત્રેા થયા. પછી એ સેા પુત્રોને લઇને પેાતાને નગર ગયેા અને પેાતાના પુરુષ તરીકે થએલા પુત્રોને બેાલાવીને કહ્યું કે તમે મારા પુરુષપણાના અને આ સ્ત્રીરુપે ઉત્પન્ન કરેલા પુત્રેા છે. તેા તમે બધા સંપીને રહેા અને સુખી થાઓ.

પુત્રેા એ હા કહી, એટલે સ્ત્રીરૂપ થયેલેા રાજા પાછેા વનમાં જઈ તાપસની જોડે રહેવા લાગ્યેા.

ઇન્દ્રને લાગ્યું કે આ તેા દુઃખી ન થતાં ઉલટેા બસેં પુત્રવાળેા થયેા. માટે બ્રાહ્મણ વેશે જઇ એના બન્ને વર્ગના પુત્રોમાં ભેદ પડાવ્યેા. એણે કહ્યું કે અરે તમે રાજાના પુત્રેા અને આ તેા તાપસના પુત્રેા. એમને ભાગ શેનેા ઘટે? પરિણામે તેઓ બધા માંહેામાંહ કુસંપ કરી મરણ પામ્યા.

બ્રાહ્મણનું રુપ ધારી ઇંદ્ર પછી તાપસી બનીને રહેલા રાજા પાસે ગયેા અને દયા બતાવીને એને બધી હકીકત પૂછી. તપાસીએ આક્રંદ કરીને પેાતાના કષ્ટની બધી વાત કરી. છેવટે ઇંદ્રે છતા થઇને તેં અગ્નિષ્ટુત યજ્ઞ કરી મારું અપમાન કર્યું હતું, તેનું મેં તને ફળ આપ્યું છે, એમ કહ્યું. તાપસીએ પછી ઇન્દ્રની ઘણી પ્રાર્થના અને કાકાવાકા કર્યા. ત્યારે ઇન્દ્રે કહ્યું કે તારા ક્યા સેા દિકરા જીવે? પેલીએ કહ્યું કે મેં સ્ત્રી તરીકે જન્મ આપ્યેા છે તે જીવે. ઇંદ્રે પુછ્યું કે એમ કેમ? એણે કહ્યું કે પુરુષ કરતાં સ્ત્રીઓને પેાતાની સંતતી પર અધિકાંશ પ્રીતિ હેાય છે. માટે મારા એ પુત્રેા જીવે. ઇંદ્રે ખુશ થઇને વર આપ્યેા જા તારા બસેંએ છોકરા જીવશે. પછી એણે ઘણી પ્રાર્થના કરી અને ઉપકાર માનવાથી ઇંદ્રે ફરી ખુશ થઇને પુછ્યું કે તારે પાછું પુરુષ થવું છે કે સ્ત્રી રુપે જ રહેવું છે? તાપસીએ પુરુષરુપ થવાની ના કહી. એણે કહ્યું કે પુરુષરુપ કરતાં આ રુપમાં મને વિષય સુખ વગેરે બહુ મળે છે. માટે મારે તેા સ્ત્રી જ રહેવું છે. ઇંદ્ર તથાસ્તુ કહી ચાલ્યા ગયા. આ કથા "વિષયાનંદ" સ્ત્રીને વધારે મળતેા હશે કે પુરુષને" એ યુધિષ્ઠિરના પ્રશ્નના ઉત્તર તરીકે ભીષ્મે કહી છે. (**ભાર૦ અનુ૦ ૧૨**).

ભાગસ્વરિ. ઋતુપર્ણ રાજાનું બીજું નામ. (**ભાર૦ સ૦ ૮–૧૫; વ૦ ૬૮–૨**).

ભાંડાસુરી. ભાગસ્વરિ શબ્દ જુઓ.

ભાઙ્ગાસ્વરિ. ભાંગાસુરિ તે જ.

ભાગિલ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

ભાગીરથી. ભગીરથ પૃથ્વીપર લાવ્યા તે ઉપરથી ગંગાનું પડેલું નામ. (૧ ગંગા શબ્દ જુઓ).

ભાગીરથી (૨). અગડાની સંજ્ઞાવાળા હિમાલયમાંથી નીકળેલી નદી. તેનું "ગંગા" એવું નામ પણ છે.

ભાગુરિ. યુધિષ્ઠિરના અશ્વમેધમાંનેા એક સદસ્ય (સભાસદ).

ભાંડાયનિ. ઋષિ વિશેષ. (**ભાર૦ સ૦ ૭–૧૨**).

ભાંડીર. વૃંદાવનમાંનેા એક વડ. એની છાયામાં શ્રી કૃષ્ણ વાછરડાં ચરાવતા ત્યારે રમતા, કેલી કરતા. (**ભાર૦ સ૦ ૫૩**).

ભાનુ. સૂર્યનું સાધારણ નામ.

ભાનુ (૨). સ્વારોચિષમનુના પુત્રોમાંનેા એક,

ભાનુ (૩). પ્રાચેતસ દક્ષની કન્યા અને ધર્મઋષિની સ્ત્રીઓમાંની એક. તેનેા પુત્ર દેવઋષભ.

ભાનુ (૪). પ્રાધાપુત્ર ગંધર્વોમાંનેા એક. (**ભાર૦ આ૦ ૬૬**).

ભાનુ (૫) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન અનીહપુત્ર સહસ્ત્રાશ્વના વંશના ચંદ્રગિરિ રાજાનેા પુત્ર. તેનેા પુત્ર ચંદ્રરાજા.

ભાનુ (૬). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન ધ્રુવસંધી વંશના પ્રતિવ્યોમ રાજાનેા પુત્ર. એનેા પુત્ર દિવાક્ર અથવા દિવાકર.

ભાનુ (૭). અગ્નિ વિશેષ. (**ભાર૦ વ૦ ૨૨૩–૮**).

ભાનુ (૮). કૃષ્ણથી સત્યભામાને થએલા પુત્રોમાંનેા એક.

ભાનુદત્ત. ભીમે મારેલેા શકુનીનેા ભાઇ. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૫૮–૨૪**)

ભાનુદેવ. કર્ણે મારેલેા પાંડવ પક્ષનેા એક પાંચાલ. (**ભાર૦ કર્ણ૦ અ૦ ૪૩–૧૫**).

ભાનુનીથ. એક બલાઢય યાદવ.

ભાનુમંત. ભીમે મારેલેા દુર્યોધન પક્ષનેા એક કલિંગ રાજા (**ભાર૦ભીષ્મ૦ અ૦ ૫૩**). એનેા ભાઇ વૃષક, અને પુત્ર શુક્રદેવ.

ભાનુમતી. સૂર્યવંશી સગર રાજાની બે સ્ત્રીઓમાંની એક. અસમંજની મા.

ભાનુમતી (૨). બૃહસ્પતીની સ્ત્રી શુભાની સાત કન્યામાંની મેાટી.

ભાનુમતી (૩). કૃતવીર્યની પુત્રી. એનેા પુત્ર સાર્વભૌમ.(**ભાર૦આ૦૬૩–૧૪**).અહંયાતિનેા વર.

ભાનુમતી (૪). અંગિરસની પુત્રી. (**ભાર૦ વિ૦ ૨૨–૩**).

ભાનુમતી (૫). દુર્યોધનની ભાર્યા.

ભાનુમાન્. બ્રશાન્ય કેાસલ દેશનેા રાજા. કૈાસલ્યાનેા બાપ. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૧૩**)

ભાનુમાન્ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન ધ્રુવસંધી વંશના સહદેવ રાજાનેા પુત્ર. એનું ધ્રુવાશ્વ એવું બીજું નામ હતું. તેના પુત્રનું નામ પ્રતીકાશ્વ હતું.

ભાનુમાન્ (૩). વિદેહવંશી કેશીધ્વજ જનકનેા પુત્ર. એનેા પુત્ર શતદ્યુમ્ન જનક,

ભાનુમાન્ (૪). સેામવંશી આયુકુલોત્પન્ન તુર્વસુવંશના ભર્ગ રાજાનેા પુત્ર. એનેા પુત્ર ત્રિભાનુ.

ભાનુમાન્ (૫). કૃષ્ણને સત્યભામાથી થયેલા પુત્રમાંનેા એક.

ભાનુમાન્ (૬). એક કાલિંગ-કલિંગવાશી ક્ષત્રિ. એને ભીમસેને માર્યો હતેા. (**ભાર૦ ભી૦ ૫૪–૩૬**)

ભાનુવિંદ. એક યાદવ.

ભાનુસેન. ભીમે મારેલેા એક કર્ણપુત્ર. (**ભાર૦ કર્ણ૦ અ૦૪૮**)

ભારત. આપણે રહીએ છિએ એ દેશ. હિંદુસ્તાન.

ભારત (૨). વેદ વ્યાસે રચેલેા ઇતિહાસનેા ઉત્તમ ગ્રન્થ. ઉપાખ્યાનેાની સાથે ભારતનું એક લાખ શ્લેાકનું પુર થાય છે. ઉપાખ્યાનેા શિવાય ચેાવીસ હજાર શ્લેાકની સંહિતા વ્યાસે રચી તે ભારત. એમણે પેાતાના પુત્ર શુકને આ ગ્રન્થ ભણાવ્યેા હતેા. અને એણે બીજા શિષ્યેાને શિખવ્યેા હતેા.

વળી વ્યાસે બીજી સાડ લાખ શ્લેાકની ભારત સંહિતા કરી હતી. એમાંથી ત્રીસ લાખ શ્લેાક દેવલોકમાં, પંદર લાખ પિતૃલોકમાં, અને ચૌદલાખ ગંધર્વ લોકમાં રહ્યા. આ લેાક–એટલે મનુષ્ય લોકમાં માત્ર એક લાખ જ રહ્યા. આ સંહિતા દેવલોકને નારદે, પિતૃલોકને દેવલ મુનિયે, અને ગંધર્વ, યક્ષ અને રાક્ષસેાને શુકદેવે સંભળાવી હતી. વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ એવા વ્યાસના ધર્માત્મા શિષ્ય વૈશંપાયને મનુષ્ય લોકને સંભળાવી હતી. એ જ આ ભારત. વ્યાસે એનાં સેા પર્વ કર્યાં હતાં, પણ લેામહર્ષણ સૂતના પુત્રે તેને અઢાર પર્વમાં વહેંચી નાંખીને નૈમિષારણ્યમાં મુનિઓને સંભળાવી હતી.

મહાભારત લખતાં વ્યાસને ત્રણ વર્ષ લાગ્યાં હતાં.

त्रिभिर्वर्षैः सदोत्थायी कृष्णद्वैपायनो मुनिः ।
महाभारतमाख्यानं कृतवानिदमद्भुतम् ॥५५॥
(**ભા૦૨૦ આ૦ ૬૨**).

પૂર્વે સર્વે દેવેાએ મહાભારતની તુલના કરતાં તે વેદથી પણ વિશેષ જણાયું હતું.

पुरा किल सुरैः सर्वैः समेत्य तुलया धृतम् ।
चतुर्भ्यः सरहस्येभ्यो वेदेभ्यो ह्यधिकं यदा २९८
तदाप्रभृति लोकेऽस्मिन्महाभारतमुच्यते ।

महत्त्वे च गुरुत्वे च ब्रियमाणं यतोऽधिकम् २९९
महत्त्वाद्भारत्वाच्च महाभारतमुच्यते ।
(ભાર૦ આ૦ અ૦ ૧).

ભારત (૩). ભારત વંશમાં જન્મેલા. ધાર્તરાષ્ટ્રો અને પાંડવો.

ભારતયુદ્ધ. કૌરવ પાંડવો વચ્ચે હસ્તિનાપુર પાસેના કુરુક્ષેત્રમાં થએલું યુદ્ધ. આ યુદ્ધમાં પાંડવપક્ષમાં યાદવોમાંથી કૃષ્ણ અને સાત્યકિ જતે હોઈ કૃતવર્માને દુર્યોધનપક્ષમાં આપ્યો હતો. કૌરવ અને પાંડવ સેનાએ યુદ્ધ ભૂમિ ઉપર આવી પડાવ નાંખ્યો ત્યારે તંબુ વિગેરેએ થઇ ચોરસ પાંચ યોજન એટલે વીસ કોસ લાંબી ને તેટલી જ પહોળી જગા રોકી હતી. (ભાર૦ ઉદ્યોગ૦ અધ્યાય૦ ૧૯૫ શ્લો૦ ૧૫).

આ યુદ્ધમાં પાંડવો પાસે સાત અક્ષૌહિણી અને કૌરવો પાસે અગીયાર અક્ષૌહિણી એમ કુલ અરાઉ અક્ષૌહિણી સૈન્ય હતું. અક્ષૌહિણીની સંખ્યા આપણે સાંપ્રત સમયે આ પ્રમાણે ગણીયે છીયે. ૨૧૮૬૦ હાથી, તેટલાજ રથ, તેથી ત્રણગણા સ્વાર, અને પાંચગણા પદાતી (પાયદળ) મળી કુલ સંખ્યા ૨૧૮૭૦૦ થાય, તે એક અક્ષૌહિણી. આથી અરાઉગણી એટલે ૩૯૩૬૬૦૦ કુલ સંખ્યા સૈન્યની હતી. આ ઉપરથી કૌરવ પાંડવોનું સૈન્ય લગભગ આટલું જ હશે એમ અનુમાન થાય. પરંતુ સંપૂર્ણ યુદ્ધ સમાપ્ત થયા પછી ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને પુછ્યું હતું કે બધું મળી કેટલું સૈન્ય મરણ પામ્યું હશે તેના ઉત્તરમાં યુધિષ્ઠિરે આમ કહ્યું હતું કે:—

दशायुतानामयुतं सहस्राणि च विंशतिः ॥
कौव्यः पार्ष्टश्च षट् चैव ह्यस्मिन् राजन् युधे हताः ८
(ભાર૦ સ્ત્રીપર્વ૦ અ૦ ૨૬)

યુધિષ્ઠિરે કહ્યું કે આ યુદ્ધમાં છાસઠ કરોડ એક લાખ અને ત્રીસ હજાર, યોદ્ધા મરણ પામ્યા છે. તેમાં ચોવીસ હજાર એકસો અને પાંસઠ યોદ્ધાઓ તો બન્ને પક્ષમાંથી કોઇના જાણીતાએ નહોતા.

આ સંખ્યા આદિપર્વમાં કહેલી અક્ષૌહિણી સૈનાની સંખ્યાને મળતી આવતી નથી. અરાઉ અક્ષૌહિણીની સંખ્યા ૪૭,૨૩,૯૨૦. થવી જોઇએ, તેને બદલે અહીં તો માત્ર મરેલાનીજ સંખ્યા ૬૬૦૧૩૦૦૦૦, કહી છે.

આ પાછળના શ્લોકમાં પાઠાન્તર કાંઇ થઇ ગયો હશે. અગર ક્ષેપક હશે.

ભારત યુદ્ધનો, કાર્તિક શુકલ પક્ષ તેરશે આરંભ થયો હતો. (ભાર૦ દ્રોણ અ૦ ૧૮૪). યુદ્ધનો આરંભ થયો ત્યારથી તે સમાપ્ત થયું ત્યાં સુધી અરાઉ દીવસ સુધી ધૃષ્ટદ્યુમ્ન એક જ પાંડવોનો સેનાપતિ હતો. અને તેટલા જ સમયમાં કૌરવ સૈન્યમાં દસ દીવસ ભીષ્મ, પાંચ દીવસ દ્રોણાચાર્ય, બે દીવસ કર્ણ અને એક દીવસ શલ્ય, એમ સેનાપતિઓ હતા. અને આ એક દીવસમાં અડધો દીવસ દુર્યોધન સેનાપતિ હતો, પરંતુ દુર્યોધન તો રાજા હતો. આ અરાઉ દીવસના ભયંકર યુદ્ધમાં કૌરવો તેમજ પાંડવોનો પક્ષ લઈ આવેલા સઘળા રાજા, તેમના સૈન્યો સહિત મરાયા. તેમાંનો એક પણ સ્વદેશ પાછો ફરી શકયો નહિ. કેવળ દસ જ યોદ્ધાઓ બચવા પામ્યા. પાંડવ પક્ષમાં પાંચ પાંડવો, કૃષ્ણ અને સાત્યકિ એવા સાત. અને કૌરવ પક્ષમાં અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા એમ ત્રણ મળી કુલે દસ યોદ્ધા યુદ્ધને અંતે જીવતા રહ્યા હતા. (૧ અશ્વત્થામા શબ્દ ઉપરનો શ્લોક જુઓ).

ભારતાચાર્યમુખ્ય. દ્રોણાચાર્ય તે જ. (આ૦ ૧૪૬-૩૨).

ભારદ્વાજ. એક બ્રહ્મર્ષિ (૩ અંગિરા શબ્દ જુઓ). ચાલુ મન્વન્તરનો બારમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ).

ભારદ્વાજ (૨). ઘૃતત્સેન રાજાનો અરણ્યનિવાસી એક મિત્ર. એક ઋષિ. (ભાર૦ વન૦ અ૦ ૨૯૮).

ભારદ્વાજ (૩) દ્રોણાચાર્યનું આ નામ ગ્રંથોમાંથી મળી આવે છે. (ભા૦ આ૦ ૧-૨૦)

ભારદ્વાજ (૪) દક્ષિણસમુદ્રતીરે તીર્થ વિશેષ. (નારીતીર્થ શબ્દ જુઓ).

ભારદ્વાજ (૫) ભરદ્વાજ ગોત્રનો એક ઋષિ, જેને શત્રુન્તપની જોડે સંવાદ થયો હતો. (ભાર૦ શાં૦ ૧૪૦)

ભારદ્વાજિ. ભારદ્વાજ ઋષિનો પુત્ર. (૩ અંગિરા શબ્દ જુઓ).

ભારદ્વાજી. ભારતવર્ષીય નદી. (ભાર૦ ૬)

ભારદ્વાજ તીર્થ. તીર્થ વિશેષ. (ભાર૦ આ૦ ૨૩૬-૪).

ભારુકચ્છ. ભારતવર્ષીય દેશ વિશેષ અને તે દેશનો અધિપતિ, ક્ષત્રિય. (સ૦ ૭૮-૩૬).

ભારુંડવન. કેકયદેશથી અયોધ્યા આવવાના માર્ગ ઉપર આવેલું વન.

ભાર્ગભૂમિ સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કાશ્યવંશના ભર્ગ રાજાનો પુત્ર.

ભાર્ગવ. ભૃગુવંશોત્પન્ન ઋચીક, જમદગ્નિ, પરશુરામ વિગેરેનું સાધારણ નામ.

ભાર્ગવ (૨). ચાલુ મન્વન્તરમાંનો પચ્ચીસમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ).

ભાર્ગવ (૩). ભારતવર્ષીય દેશ.

ભાર્ગવ (૪). શુક્રાચાર્ય.

ભાર્ગવ (૫). શૌનક.

ભાર્ગવત. એક બ્રહ્મર્ષિ. (૩. અંગિરા શબ્દ જુઓ).

ભાર્ગેય. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

ભાલુકિ. પાંડવોની સાથે દ્વૈતવનમાં હતો તે ઋષિ, (ભાર૦ સ૦ ૪-૨૧).

ભાવન. ઉત્તમ મનુના મન્વન્તરમાંનો દેવ વિશેષ.

ભાવના. અથર્વણવેદોપનિષદ.

ભાવાસ્યાયનિ. બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

ભાસકર્ણ. મારુતીએ મારેલો રાવણનો સેનાપતિ, એક રાક્ષસ (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૪૬).

ભાસા. સોમવંશી અયુતાનિની ભાર્યા. એના પુત્રનું નામ અક્રોધિન.

ભાસી. કશ્યપથી તામ્રાને થએલી કન્યાઓમાંની એક. (ભાર૦ આ૦ ૬૩-૨૧).

ભાસી (૨). કશ્યપથી પ્રાધાને થએલી અપ્સરાઓમાંની એક.

ભાસ્કર. સુર્યનું નામ.

ભાસ્કરી. એક બ્રહ્મર્ષિ, (ભાર૦ શાંતિ૦ અ૦ ૪૬-૧૨).

ભાસ્વર. સુર્યાનુયાયી સ્કંદનો એક પાર્ષદ. (ભાર૦ શાં૦ ૪૬-૩૧).

ભિક્ષુ. યજુર્વેદોપનિષત્.

ભીમ. શિવનું નામ.

ભીમ (૨). મુનીને પેટે થએલા દેવગંધર્વોમાંનો એક. એને ભીમસેન પણ કહ્યો છે. (ભાર૦ આ૦ ૬૬).

ભીમ (૩). સોમવંશી પુરુરવના પુત્ર આયુ રાજાનો પુત્ર. આનો પુત્ર કાંચન રાજા.

ભીમ (૪). શંકરે મારેલો એક દૈત્ય. (ભાર૦ શાંતિ૦)

ભીમ (૫). લંકામાંનો રાવણ પક્ષનો રાક્ષસ. (વા૦ રા૦ સુંદર સ૦ ૬).

ભીમ (૬). વિદર્ભદેશાધિપતિ એક રાજા. એ ઘણા કાળ પર્યંત સંતતિ રહિત હતો. એકદા દમન નામના ઋષિ તેને ત્યાં આવ્યા. તેને ઘણા દીવસ પોતાને ત્યાં રાખી તેણે અને તેની સ્ત્રીએ ઋષિની ઉત્તમ પ્રકારે સેવા કરી. આથી પ્રસન્ન થઇ ઋષિએ આશિર્વાદ આપ્યો કે તને ઉત્તમ સંતતિ થશે. ઋષિના ગયા પછી થોડા જ સમયમાં તેને એક કન્યા અને ત્રણ પુત્ર થયા. એણે કન્યાનું નામ દમયંતી, અને પુત્રોનાં નામ દમ, દાંત અને દમન એવાં રાખ્યાં. એ જ દમયંતી આગળ જતાં નલ રાજાની સ્ત્રી થઇ. (ભાર૦ વ૦ ૫૦-૭).

ભીમ (૭) કુન્તીનો બીજો પુત્ર. (ભીમસેન શબ્દ જુઓ)

ભીમ (૮). અગ્નિ વિશેષ. (ભાર૦ વ૦૨૨૨-૧૧).

ભીમ (૯) સોમવંશી ધ્રુવિનનો પુત્ર અને દુષ્યન્તનો ભાઇ (ભાર૦ આ૦ ૮૮).

ભીમ (૧૦). ધૃતરાષ્ટ્રનો પુત્ર. ભીમસેને એને માર્યો હતો. (ભાર૦ ભી૦ ૬૪-૩૬).

ભીમક. વિદર્ભ દેશનો અધિપતિ. આને ભીષ્મક પણ કહ્યો છે. રુકિમણી વગેરેનો પિતા.

ભીમકી. રુકિમણીનું નામ.
ભીમજાનું. એક રાજર્ષિ.
ભીમનાદ, પ્રલયમેઘમાંનો બીજો.
ભીમબલ. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.
ભીમબલ (૨). અગ્નિ વિશેષ. (**ભા૨૦ વ૦ ૨૨–૧૧**).
ભીમરથ. સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના વંશના કાશ્યકુલોત્પન્ન કેતુમાન રાજાનો પુત્ર. તેનું ભીમસેન એવું બીજું નામ પણ છે. એનો પુત્ર એક દિવોદાસ નામનો હતો.
ભીમરથ (૨). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના જ્યામઘકુલોત્પન્ન ક્રથ નામના રાજવંશમાં જન્મેલા વિકૃતિ અથવા વિમલ રાજાનો પુત્ર. એનો પુત્ર નવરથ.
ભીમરથ (૩). ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.
ભીમરથ (૪). ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.
ભીમરથ (૫). ભોજરાજ (**ભા૨૦ સ૦ ૪–૩૨**).
ભીમરથી. સહ્યાદ્રિમાંથી નીકળેલી એક નદી. ભીમા નદી તે જ. (**ભા૨૦ વ૦ ૮૬–૩** અને **ભી૦ ૯–૨૦**).
ભીમવિક્રમ. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.
ભીમવેગ. " " " "
ભીમવેગરવ. " " " "
ભીમશર. " " " "
ભીમસેન. સોમવંશી આયુકુલોત્પન્ન યયાતિપુત્ર પુરુ રાજાના વંશના અજમીઢ પુત્ર ઋક્ષથી થએલા કુરુપુત્ર જન્હુના વંશમાં જન્મેલા પાંડુ રાજાની કુંતી નામની જ્યેષ્ઠ સ્ત્રીથી થએલા ત્રણ પુત્રોમાંનો બીજો. એ વાયુના મન્ત્ર પ્રભાવથી જન્મેલો હોવાથી તેને વાયુપુત્ર પણ કહેતા હતા. તેની આકૃતિ જન્મથી જ ભવ્ય અને બલાઢ્ય હતી, તેવી જ તેની જઠરાગ્નિ અતિશય પ્રદીપ્ત હતી. અને તેનો આહાર પણ અતિશય હોવાથી તેનું પાછળથી વૃકોદર એવું એ નામ પડ્યું હતું. એ નાનો હતો ત્યારે એક દિવસ કુન્તાના ખોળામાંથી ઉથલી પડ્યો હતો જેથી ફરસ બંધીના પથ્થરના ચૂરા થઇ ગયા હતા. કુન્તાના હાથનું ભોજન જમે નહિ ત્યાં સુધી તેની ક્ષુધા શાંત થતી નહિ. દુર્યોધનાદિક સો બંધુ અને આ, પ્રાયઃ સમવયસ્ક હોઈ, જ્યારે જ્યારે ભીમસેન આ લોકો સાથે રમે, ત્યારે તેમાંના પાંચ દસને આને હાથે ઈજા થાય જ–વાગે જ. આથી એક વેળા એ સર્વેએ ગુપ્ત વિચાર કરી, આને અતિશય વિષયુક્ત અન્ન ખવડાવી, પાણીમાં બુડાડ્યો. પરંતુ તેથી આનું મૃત્યુ થયું નહિ, ને એ પાતાળમાં ગયો. ત્યાં અમૃત પ્રાશન કરવાથી દસ હજાર હાથીના બળવાળો થઈ, તે પુનઃ હસ્તિનાપુર આવ્યો. (આર્યક શબ્દ જુઓ).

એણે પોતાના ભાઇઓ તથા કૌરવો સાથે દ્રોણાચાર્ય પાસે શસ્ત્રાસ્ત્રવિદ્યાનો અભ્યાસ કર્યો, તેમાં એ ઘણો જ પ્રવીણ થયો. પણ ગદાયુદ્ધમાં તો તે સૌથી ઉત્કૃષ્ટ નિપુણ બન્યો. બલરામ પાસેથી ગદાયુદ્ધ શિખેલો હોવાથી જરાસંધના મૃત્યુ પછી, એક દુર્યોધન સિવાય, એ પ્રકારના યુદ્ધમાં તેની બરોબરી કરનાર કોઈ જ ન હતું.

કેટલેક કાળે કૌરવો અને પાંડવો મોટા થયા, અને યુધિષ્ઠિરને યુવરાજ પદ પ્રાપ્ત થયું. તે દુર્યોધનથી સહન ન થઇ શકાયાથી, તેણે આમનો દ્વેષ કરવા માંડ્યો, જેથી વારંવાર કલહ થવા લાગ્યો. આથી ધૃતરાષ્ટ્રને ઘણી ફીકર પડી કે આ વાતનું હવે કરવું શું ? છેવટે ધૃતરાષ્ટ્રે નિશ્ચય કર્યો કે જો આ લોકો ભેગા રહેશે તો અધિકાધિક કલહ વધી પડી તેમની વચ્ચે અતિશય વેર થઇ જશે. તેથી એ લોકોને કાંઇ આધા રાખવા. એ બરાદાથી તેમને કુંતી સહવર્તમાન વારણાવત નગરમાં જઈ રહેવાની આજ્ઞા કરી. આ લોકો ત્યાં જઇ રહ્યા. પાંડવો ત્યાં જનાર છે એવું સાંભળી દુર્યોધને આગળથી જ લાક્ષાગૃહ નિર્માણ કરાવી, તેમને સળગાવી મુકવાનો કરેલો સંકેત વિદુરની સૂચનાથી સમજી જઇને યુધિષ્ઠિરે સાવધ રહી ભીમ પાસે યુક્તિથી તે

ગૃહ સળગાવી દેવડાવ્યું. અને પોતે માતા અને ભાઇઓ સહિત બચી જઈ ગંગા પાર નીકળી ગયો.

યુધિષ્ઠિરાદિ ભાઇઓ અને માતા સહવર્તમાન ગંગાપાર ઉતર્યા પછી, ભીમસેન બધાંની સાથે માર્ગક્રમણ કરતો કરતો હિડિંબ રાક્ષસના વનમાં આવી રહ્યો. ત્યાં હિડિંબ અને તેની વચ્ચે યુદ્ધ થયું, જેમાં હિડિંબ મરાયો. તેની બેન હિડિંબાને એ પરણ્યો. (હિડિંબ શબ્દ જુઓ). ત્યાંથી તે એકચક્રા નગરી ગયો ને બકાસુરનો વધ કર્યો. (૨ બકાસુર શબ્દ જુઓ). પછી દ્રૌપદીનું પાણીગ્રહણ થયું. આ પછી ધૃતરાષ્ટ્રે આને બંધુ ઇત્યાદિક સહિત હસ્તિનાપુર બોલાવી એમને અરધું રાજ્ય આપી બધાંને ખાંડવપ્રસ્થમાં રાખ્યાં.

એ ખાંડવપ્રસ્થ હતો ત્યારે યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છા થઈ. તે ઉપરથી ભીમસેને પ્રથમ કૃષ્ણની સાથે મગધદેશ જઇ જરાસંધ સાથે યુદ્ધ કરી તેને માર્યો. (૧ જરાસંધ શબ્દ જુઓ). દિગ્વિજય કરવા નીકળી દ્રવ્ય લાવો, એવી યુધિષ્ઠિરની આજ્ઞા થવાથી તે પૂર્વ દિશા જીતવા નીકળ્યો. તેણે નીચે પ્રમાણે દિગ્વિજય કર્યો—

યુધિષ્ઠિરની આજ્ઞા લઈ ભીમસેન ઇંદ્રપ્રસ્થની પૂર્વ તરફ નીકળ્યો તે, પહેલો પૂર્વ પાંચાલ દેશ ગયો ને ત્યાંના રાજાનું અનેક ઉપાયે સાંત્વન કરી તેની પાસેથી કરભાર લીધો. (આ ઉપરથી ત્યાં દ્રુપદ રાજા નહિ હોય એવું જણાય છે). પછી ગંડક અને વિદેહ દેશ એણે જીત્યા. પૂર્વદશાર્ણ દેશનો સુધર્માનામે રાજા જે મહાન ભયંકર યોદ્ધો હતો, તેણે પોતાના હાથમાં શસ્ત્ર લીધા વગર ભીમસેન સાથે એવું તો યુદ્ધ કર્યું કે તેથી ભીમ અતિશય સંતુષ્ટ થયો અને તેને પોતાની સેનાનું આધિપત્ય આપી સાથે લીધો. ત્યાંથી આગળ જઈ અશ્વમેધપુરીના રોચમાન નામના રાજાને જીત્યો તે ત્યાંથી દક્ષિણ તરફ વળી પુલિંદ નગરના સુકુમાર અને સુમિત્ર (આ બે ભાઇઓ હશે) ને જીતી લાગલો જ ચેદિદેશના શિશુપાળ તરફ ગયો. તેણે ભીમનો આદરસત્કાર કરી તેને પોતાને ત્યાં રાત્રી રાખી કરભાર આપી વિદાય કર્યો. (**ભા૨૦ સ૦ અ૦ ૨૬**).

તેણે પછી કુમાર નામે દેશના શ્રેણિમંત રાજાને અને આગ્નેય કોસલાધિપતિ બૃહદ્બલ તથા દીર્ઘયજ્ઞને જીત્યા. પછી ગોપાલકક્ષ દેશ જીતી તે ઉત્તર તરફ વળ્યો ને ઉત્તર કોસલ (જેને આ ગ્રંથમાં પ્રશાન્ય કોસલ કહ્યો છે) તેના રાજાને અને મલ્લાધિપતિને જીતી, તે જ પ્રમાણે હિમવાન્ પર્વતની બાજુમાં રહેનાર જલોદ્ભવ રાજાને જીત્યો. (આ હિમાલય બગડાની સંજ્ઞાવાળો હશે). તે પછી ભલ્લાટ દેશ અને શુક્તિમાન્ પર્વત તરફના રાજાઓનો પરાજય કર્યો. તેની પૂર્વ તરફના કાશીના રાજા સુબાહુનો પરાજય કરી, સુપાર્શ્વ દેશના ક્રથ નામના રાજાને હરાવ્યો. મત્સ્યદેશ, મલદ્દદેશ ઇત્યાદિ દેશોને જીતી મંદધાર દેશના તે જ રાજાનો પરાજય કર્યો. પછી સોમધેય, વત્સભૂમિ ઇત્યાદિ રાજાને જીતી, ભર્ગદેશના નિષાદાધિપતિને જીત્યો. ત્યાંથી નીકળી મણિમાન્ વિજેરે કેટલાક રાજાને જીતી, દક્ષિણ તરફ વળી, ભોગવંત પર્વત અને દક્ષિણમલ્લ જીત્યા. શર્મક અને વર્મકને યુક્તિથી વશ કરી લઇ, અપરપૂર્વ વિદેહ દેશના જનકરાજા (બહુલાશ્વ)ને જીત્યો. ત્યાંથી પાછા ફરી શક અને બર્બર રાજાને કપટથી જીતી, મંદ્ર પર્વત પાસેના ઇંદ્ર દેશના વૈદેહસ્થ નામના કિરાતાધિપતિ સાતજણનો પરાજય કર્યો. ત્યાંથી સુહ્મ અને પ્રસુહ્મ દેશના રાજાને સ્વાધીન કરી લઇ, દંડ અને દંડધાર જીતી માગધો સહિત તે ગિરિવ્રજ ગયો. મગધ દેશની રાજધાની ગિરિવ્રજથી જરાસંધના પુત્ર સહદેવ પાસેથી શાંતપણે કરભાર લઇ કર્ણના અંગદેશ તરફ ગયો. તેની સાથે યુદ્ધ કરી તેને હરાવી કરભાર લઈ પર્વતવાસી મોદગિરિ ઉપરના રાજાને

જીત્યો. તે પછી પુંડ્રદેશાધિપતિ (પૌંડ્ર-કવાસુદેવ) વાસુદેવ રાજાને હરાવી, કૌશિકી કચ્છનિવાસ એટલે પાણથળ પ્રદેશ તરફ ગયો. ત્યાંથી વંગદેશ (બંગાળા દેશ) તરફ ગયો. ને ત્યાંના રાજા સમુદ્રસેનને હરાવી, કર્વટ દેશાધિપતિ તામ્રલિપ્ત રાજાને જીતી લીધો. તે પછી બીજા સુપ્રસ્થલો અને સાગરવાસી અનેક મ્લેચ્છોનો પરાજય કરી, અપરિમિત દ્રવ્ય સાથે ઇંદ્રપ્રસ્થ પાછો આવ્યો; અને આણેલું સઘળું દ્રવ્ય યુધિષ્ઠિરને સમર્પણ કર્યું. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**).

રાજસૂય યજ્ઞ થયા પછી દુર્યોધને દ્યૂત મિષે આની સર્વ સંપત્તિ હરણ કરી લઈ તેને અરણ્યમાં મોકલ્યો, ત્યારે યુધિષ્ઠિરની મર્યાદાને લીધે નિરૂપાય થઇ, કાંઇ પણ બોલ્યા વગર, તે અરણ્યમાં ગયો. પરંતુ જતાં જતાં પ્રતિજ્ઞા કરી કે "ધૃતરાષ્ટ્રના સોએ પુત્રોને હું મારી નાંખીશ." "દુઃશાસનનું વક્ષસ્થળ ચીરીને તેમાંથી એનું રક્ત કાઢીને તેનું પાન કરીશ" એ તેનું પ્રતિજ્ઞા વચન અધિક ભીષણ હતું. યુધિષ્ઠિરની સાથે તે અરણ્યમાં હતો ત્યારે કિર્મિર અને જટાસુર ઇત્યાદી રાક્ષસોનો તેણે વધ કર્યો હતો. તે પછી તેણે કદલીવનમાં પ્રવેશ કર્યો હતો. (**ભા૨૦ વન૦ અ૦ ૧૪૬**). સુગંધીવાન પુષ્પ લેવા ગયો હતો, ત્યારે રસ્તામાં તેને મારુતી સાથે સંવાદ થયો હતો. (**ભા૨૦ વન૦ અ૦ ૧૪૭-૧૫૧**). એણે સૌગંધિક પુષ્પોનું હરણ કર્યું હતું. (**ભા૨૦ વન૦અ૦ ૧૫૨-૧૫૫**). ને તે પછી વનમાં ફરતો હતો ત્યારે અજગર રુપ ધારણ કરેલા નહુષે એને ગળવા સારુ પકડયો હતો. યુધિષ્ઠિરે ત્યાં આવી અને અજગરની સાથે સંવાદ કરીને તેને છોડાવ્યો હતો. (**ભા૨૦ વ૦ ૧૭૮**).

બાર વર્ષ વનવાસનાં વિત્યા પછી સર્વ પાંડવો અજ્ઞાતવાસાર્થે વિરાટને ત્યાં રહ્યા હતા. ત્યાં આ પણ વલ્લવ નામ ધારણ કરી રહ્યો હતો. (**ભા૨૦ વિરાટ૦ અ૦ ૮**) ત્યાં એણે જીમૂત ઇત્યાદિ મલ્લોને મારી, કારણવશ થઇ બંધુ સહવર્તમાન કીચકોનો પણ વધ કર્યો. (કીચક શબ્દ જુઓ). કીચકોના મરણથી પાંડવો મત્સ્યદેશમાં હશે એવું અનુમાન કરી દુર્યોધને સુશર્મ્યને દક્ષિણ દિશા તરફ એટલે વિરાટનગર મોકલ્યો. તેથી વિરાટ રાજાએ તેના ઉપર ચડાઇ કરી તે વેળા આને પણ સાથે લીધો હતો. સુશર્મ્યે વિરાટનો પરાભવ કરી તેને બાંધ્યો હતો તે ભીમસેને છોડાવ્યો. (૩ વિરાટ શબ્દ જુઓ).

અજ્ઞાતવાસમાંથી નીકળી પાંડવો પ્રગટ થયા પછી, રાજ્યનો અડધો ભાગ પોતાને સામોપચારથી આપે, એ હેતુથી એમણે કૃષ્ણને કૌરવો પાસે સારુ દૂત કરવા મોકલવાનો વિચાર કર્યો. કૃષ્ણ હસ્તિનાપુર જવા નીકળ્યા ત્યારે સર્વની અનુમતિ લેતા લેતા આની-ભીમસેનની પાસે આવ્યા. તે વેળાનાં આનાં વચનો એના દયાળુ સ્વભાવનાં આબેહૂબ ઉદાહરણ રૂપ છે, વસ્તુતઃ એના જેવા મહા બળવાન અને પરમ ક્રોધાવિષ્ટ પાસેથી આવાં વચનોની આશા રખાય નહિ. દુર્યોધન અમને અર્ધું રાજ્ય નહિ આપે તો ભયંકર યુદ્ધ થશે અને પરિણામે ગાંધારી અને ધૃતરાષ્ટ્રને સો પુત્ર શોકનું કેટલું બધું દુઃખ થશે એનો સંતાપ મનમાં લાવી, કૃષ્ણને જોતાં જ તેણે કહ્યું કે, હે કૃષ્ણ, જેણે કરીને દુર્યોધન ભરતકુલનો નાશ કરવા પ્રવૃત્ત ન થાય એવું તું તેને કહેજે. દુર્યોધન કપટી, પાપાત્મા અને અદીર્ઘદૃષ્ટિ છે એ ખરૂં, પણ તેને યુદ્ધ કરવા પ્રવૃત્ત થવા દઇ જ્ઞાતીનો નાશ કરવા દઇશ નહિ. પૂર્વે હૈહયોત્પન્ન ઉદાવર્તરાજા, નીપકુલોત્પન્ન જનમેજય, તાલજંઘનો બહુલ, સુવીરનો અજમિંદુ, સુરાષ્ટ્રનો રુષર્ષિક, ચીનનો ધૌતમૂલક, વિદેહનો હયગ્રીવ, અને ચેદિમત્સ્યનો સહજ ઇત્યાદિ અનેક રાજાઓ ઉન્માર્ગવર્તી થવાથી પુત્ર અને બાંધવો સહિત નાશ પામ્યા છે. એવી રીતે એ દુર્યોધન નાશ ન પામો. તું જ્ઞાતા છે એટલે સુયુક્ત બોલીશ જ, એવું હું જાણું છું, છતાં મને જે લાગ્યું તે પ્રમાણે આ હું તને સૂચવું છું.

આ પ્રમાણે ભીમસેનનાં વચનો સાંભળી એની શાંતી જોઈ કૃષ્ણને અતિ આશ્ચર્ય થયું; અને કિંચિત્ વિનોદથી કહેવા લાગ્યા કે હે ભીમ, તું સહજ બોલે તોપણ જાણે ક્રોધનું જાળું, સહજ ચાલે તો ધરા ધમધમી ઉઠે, એકાદ અરણ્યમાં જાય તો સહજ દસ વીસ વૃક્ષોનો ખોડો કાઢી નાંખે, એવા તારામાં આજ આટલી બધી શાંતી આવી ક્યાંથી ?! મને તો એમ લાગે છે કે તું જરૂર કૌરવોથી બ્હી ગયો છે! આવાં કૃષ્ણનાં વચન સાંભળી ભીમે તેને કહ્યું કે, હે કૃષ્ણ તું મને અમથાં મ્હેણાં મારીશ નહિં. હું ભીમ તે ભીમ જ છું. પણ ભરત કુલનો નાશ ન થાય એ જ હેતુથી મેં તને એવાં વચનો કહ્યાં છે. આથી કૃષ્ણને ઘણો હર્ષ થયો ને કહ્યું કે હે ભીમ. તું શુર છે એ હું જાણું જ છું. મેં તો સહજ વિનોદ માટે આ શબ્દો કહ્યા. હવે હું જાઉં છું અને આમ કરવાનો મારાથી બનશે તેટલો પ્રયત્ન કરીશ. અને જો એમ નહિં જ થાય તો યુદ્ધ થશે જ. આમ કહી કૃષ્ણ હસ્તિનાપુર ભણી ગયા. (**ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૭૪-૭૭**).

છેવટે કૃષ્ણના સામનો ઉપયોગ ન થવાથી કૌરવ પાંડવો વચ્ચે ઘોર યુદ્ધ થવાનું ઠર્યું. ઉભયપક્ષનાં સૈન્યો કુરુક્ષેત્રમાં આવી પડાવ નાંખવા લાગ્યાં, તે વેળા યુદ્ધ ભૂમીપર તેના ભાઇઓ આવ્યા એટલે ભીમ પણ ત્યાં આવ્યો. એનો બેસવાનો રથ ઘણો જ બળકટ તેમ જ બહુ મોટો હોઈ તેને અસ્વલી રંગના ઘોડા જોડાતા. તેની ધજા પર મોટા સિંહનું ચિત્ર હતું. અને વિશોક નામનો સારથિ તેનો રથ હાંકતો હતો. એના હાથમાં વાયવ્ય નામનું ધનુષ્ય અને વગાડવાને પૌંડ્ર નામનો શંખ હતાં. પરંતુ મયાસુરે વૃષપર્વાના સમયની આપેલી ગદા એનું મુખ્ય આયુધ હોઇ, તે ગદા જ્યારે સ્કંધપર મુકી એ રણાંગણમાં આવતો, ત્યારે સર્વને તે કેવળ યમ જેવો ભાસતો. એ ગદા ઉચકવાનું સામર્થ્ય તેનામાં જ હતું. (**ભા૨ દ્રોણ૦ અ૦ ૨૩**).

યુદ્ધને ચોથે દિવસે આનું અને દુર્યોધનનું થોડું યુદ્ધ થયું તેમાં દુર્યોધનનો પરાભવ કરી, એક વખત ચૌદ ને બીજી વખત આઠ મળી ધૃતરાષ્ટ્રના બાવીસ પુત્ર તેણે માર્યા. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૬૪**).

અભિમન્યુના મરણ પામવાથી, અર્જુને જયદ્રથને મારવાની પ્રતિજ્ઞા કરી હતી. જયદ્રથનું રક્ષણ કરવા દ્રોણાચાર્યે વ્યૂહરચના કરી હતી, તેનો ભેદ કરીને કૃષ્ણ અને અર્જુન અંદર ગયા પછી ઘણી વારે શંખનો વિપરિત ધ્વનિ યુધિષ્ઠિરને કાને પડયો; તે ઉપરથી સાત્યકીને તેમની સહાયે મોકલ્યો. પરંતુ યુધિષ્ઠિરને કાંઇ ચેન પડે નહિ એટલે એમણે ભીમને જવાની આજ્ઞા કરી. ભીમ જવાને નીકળ્યો અને વ્યૂહદ્વાર પર આચાર્ય હતા ત્યાં આવી પહોંચી અંદર પ્રવેશ કરવા જાય છે એટલે આચાર્ય બોલ્યા કે, હે ભીમ, મારી સાથે યુદ્ધ કર્યા શિવાય તું વ્યૂહમાં જઇ શકીશ નહિં. તથાસ્તુ, કહી ભીમે યુદ્ધનો આરંભ કર્યો. તેણે આચાર્યનું ધનુષ્ય તોડી રથ સહિત તેમને ઉચકીને ફેંકી દીધા. પૂનઃ બીજા રથમાં બેસી આચાર્ય આવ્યા, તેની પણ તેવી જ દશા કરી. એ પ્રમાણે આચાર્યના આઠ રથ તેણે ભાગી નાંખ્યા. એમને છેવટે મૂર્છિત કરી પોતે વ્યૂહમાં પ્રવેશ કર્યો. ત્યાં તેના ઉપર ધસી આવેલા કૃતવર્મા અને કેટલાયે મ્લેચ્છોનો પરાભવ કરી, સાત્યકી પાસે જઇ કૃષ્ણ અને અર્જુનને મળ્યો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૨૭-૧૨૮**).

વ્યૂહમાં પ્રવેશ કર્યા પછી કૃષ્ણ અને અર્જુન ક્ષેમ છે અને પોતે એમને જઇ મળ્યો છે એવું યુધિષ્ઠિરને જાણ થાય માટે ભીમસેને પોતાનો શંખ વગાડયો. તે ઉપરથી તે કુશળ છે, એવું યુધિષ્ઠિરે જાણ્યું. અહિં ભીમે તે દીવસે ધૃતરાષ્ટ્રના બેંતાલીસ પુત્ર માર્યા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૫૭**). જયદ્રથના મરણ પછી દ્રોણાચાર્યે રાત્રિયુદ્ધનો પ્રસંગ આણ્યો, તેના પાંચમે દીવસે એટલે યુદ્ધના

પંદરમે દીવસે, માલવદેશાધિપતિ ઇંદ્રવર્મા રાજાનો નામાંકિત અશ્વત્થામા નામનો હાથી મરણ પામ્યો હોવાથી, કૃષ્ણના સંકેતથી, અશ્વત્થામા હાથી મરાયો, અશ્વત્થામા હાથી મરાયો, એવી મોટેથી ખૂમો પાડતો દ્રોણાચાર્ય પાસે આવી ઉભો. "અશ્વત્થામા" એ શબ્દો મોટેથી બોલે અને "હાથી" એ શબ્દ મનમાં ગણગણે; તે જ દ્રોણાચાર્યના મરણનું કારણ થઈ પડયું. (ભા૨૦ દ્રોણ૦ અ૦૧૭૦)

કૌરવ પક્ષના ઘણા વીરો મરણ પામ્યા હતા, અને ભીમસેન કૌરવ સૈન્યમાં ઘૂમતો હતો તેવામાં, દુઃસાસન તેના પર ધસી આવ્યો. તેનું અને આનું ઘોર યુદ્ધ આરંભાયું; એક બીજા પર ઘા કરતાં કરતાં આણે દુઃશાસનને ગદાનો પ્રહાર કરી ભોંય પાડયો ને માથાપર લાતો મારતાં તેના શરીર પર પોતાનો પ્રચંડ પગ મુકી તેને ચગદી નાંખી પુછવા લાગ્યો કે, દુઃશાસન, રાજસૂય યજ્ઞમાં અભિષિક્ત થએલા દ્રૌપદીના કેશને કિયા હાથે ઝાલી તું તેને સભામાં લાગ્યો હતો ? અરે તે રજસ્વલા હતી છતાં તેં એને સ્પર્શ પણ કર્યો કે ? ઠીક, પણ હું હવે તને પુછું છું કે તેનાં વસ્ત્ર ખેંચી કઢાવવાને કોઓ હાથ આગળ કર્યો હતો ? આટલું તેને પુછી દુર્યોધન, કર્ણ, કૃપાચાર્ય, અશ્વત્થામા ઇત્યાદી વીરો તરફ ક્રોધભરી દૃષ્ટી કરી તેમને કહેવા લાગ્યો કે મારી કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે આને હું તમારા સર્વની સમક્ષ મારી તેનું લોહી પીઉ છું. તમારા કોઈનામાં સામર્થ્ય હોય તો એને છોડાવો. આટલું બોલી પુનઃ દુઃશાસનને કહેવા લાગ્યો કે, કેમ રે, અમે વનમાં જતી વખતે અમને ખીજવવા સારુ " ગાય, ગાય " એમ બોલનારો તું જ કે ? આ સાંભળી દુઃશાસન મરણોન્મુખ અવસ્થામાં હતો તોપણ તેણે પોતાનો ડાબો હાથ આગળ ધર્યો ને ભીમપ્રતિ કહેવા લાગ્યો કે, સ્ત્રીઓનાં પીન પયોધર મર્દન કરનાર અને સહસ્રાવધિ-ગાયોનું બ્રાહ્મણોને દાન કરનાર ગજ શુંડ સરખો હાથ તે આ જ ! આ જ હાથે દ્રૌપદીના કેશ ખેંચ્યા હતા અને તેને સભામાં ઘસડી આણી તેનાં વસ્ત્ર ખેંચ્યાં હતાં ! આ બોલો સાંભળતાં જ ભીમે તત્કાળ તેનો હાથ શરીરથી ખેંચી ઉખાડી નાંખી જુદો કરી નાંખ્યો, અને અંજલી કરી લોહી લઇ પીધું. આથી દુઃશાસન મૃત્યુ પામ્યો. (ભા૨૦કર્ણ૦અ૦૮૩). પછી આનુ અને દુર્યોધનનું યુદ્ધ થયું તેમાં એણે દુર્યોધનને માર્યો. (૨ દુર્યોધન શબ્દ જુઓ).

સંપૂર્ણ કૌરવો મરણ પામ્યા અને યુધિષ્ઠિરને રાજ્યાભિષેક થયો એટલે એમણે અશ્વમેધ કરવાનો વિચાર કર્યો; તે માટે આણે શ્યામકર્ણ ઘોડો આણ્યો અને યુધિષ્ઠિર પાસે યજ્ઞનો આરંભ કરાવ્યો. (૩ યૌવનાશ્વ શબ્દ જુઓ.)

ભીમસેનનું શરીર ભવ્ય, અને અંગની કાંતિ તપ્તસુવર્ણના જેવી ગૌર વર્ણની હતી. (ભા૨૦ આશ્રમ૦ અ૦ ૨૬ શ્લો. ૬). તેને દ્રૌપદીથી સુતસોમ, હિડિંબાથી ઘટોત્કચ, કાસીરાજસુતા જલન્ધરાથી સર્વત્રાત્ અને કાલી નામની એક સ્ત્રી તેને હતી તેનાથી સર્વગ અથવા સર્વગત એમ પુત્રો હતા. યુધિષ્ઠિરને રાજ્યાભિષેક થયા પછી આ યુવરાજ થયો હતો. પછી કૃષ્ણ નિજધામ ગયાના સમાચાર સાંભળી, યુધિષ્ઠિર મહા-પ્રસ્થાન કરવા નીકળ્યા ત્યારે આ પણ તેમની સંગે નિકળ્યો અને રસ્તામાં દેહ પડવાથી સ્વર્ગે ગયો. (ભા૨૦ સ્વર્ગા૨ોહણ૦અ૦૩).

ભીમસેન (૨). સોમવંશી પુરુકુલોત્પન્ન અભિ-મન્યુ પુત્ર પરીક્ષિત રાજાના ચાર પુત્રોમાંનો ત્રીજો પુત્ર અને જન્મેજયનો ભાઇ.

ભીમસેન (૩). દેવગંધર્વ (ભા૨૦આ૦ ૬૬-૪૨).

ભીમસેન (૪). સોમવંશી અનશુષના પુત્ર પરી-ક્ષિતનો પુત્ર. એની સ્ત્રીનું નામ સુકુમારી. એના પુત્રનું નામ પરિશ્રવા હતું. (ભા૨૦ આ૦ ૬૩-૪૫).

ભીમા. ભારતવર્ષીય નદી. તે સહ્યાદ્રિ પાસેથી નીકળેલી છે. ભીમરથી તે જ. (ભા૨૦ ભી૦ ૯-૨૨).

ભીમેશ્વર. ભારતવર્ષીય તીર્થ.

ભીષણ. અષ્ટ ભૈરવમાંનો એક.

ભીષણ (૨). બકાસુરનો પુત્ર. પાંડવોના અશ્વ-મેધનો શ્યામકર્ણ અશ્વ ફરતાં ફરતાં આના નગર સમીપ આવી પહોંચ્યો હતો. તેને મેદોહા પુરોહિતની અનુમતીથી તેણે પકડયો. કારણ ભીમે તેના પિતાને માર્યો હતો તે વાત તેના ધ્યાનમાં હતી. પછી અર્જુન અને એનું યુદ્ધ થયું તેમાં અર્જુને એને માર્યો. (જૈમિ૦ અશ્વમેધ અ૦ ૨૨).

ભીષ્મ. સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢના કુરુપુત્ર જન્હુરાજાના વંશના શંતનુ રાજાથી ગંગાને ઉદરે જન્મેલા આઠ પુત્રોમાંનો સૌથી નાનો. તે દ્યુ નામના વસુનો અંશ હતો. (ભા૨૦ આ૦ ૧૦૬-૧૫) એના આઠ મોટા ભાઇઓ મરી ગયા અને આ શી રીતે બચ્યો તેનું વૃતાંત આમ છે કે –પૂર્વે અષ્ટ વસુઓને વસિષ્ઠનો શાપ થયો હતો કે તમારો મૃત્યુ લોકમાં જન્મ થશે; તે ઉપરથી તેમણે ગંગાની પ્રાર્થના કરી કે તને પણ પૃથ્વી પર જન્મ ધારણ કરવાનો શાપ છે, તો અમે તારે પેટે જન્મ લઇશું. પરંતુ તું અમને જન્મતાંની સાથે જ પાણીમાં બુરાડતી જજે; એટલે અમને સત્વર પૂર્વ યોનીમાં આવવું સુગમ પડશે. આ ગંગાએ માન્ય કર્યું. પછી તે શંતનુની સ્ત્રી થઈ. શંતનુ સાથે તેણે એવી સરત કરી હતી કે હું જે કાંઇ કરું તે તારે માન્ય હોવું જોઇશે. જે દિવસે તારાથી એમ નહિ થઈ શકે તે ક્ષણે હું તને તત્કાળ મુકી ચાલી જઇશ. શંતનુ તથાસ્તુ કહી તેને વર્યો. એક પછી એક તેને સાત પુત્ર થયા તે તેણે પાણીમાં બુરાડયા. આઠમો પુત્ર આ થયો; આને પણ બુરાડવા તે ચાલી; ત્યારે શંતનુએ કહ્યું કે તેં સાત પુત્રોને બુરાડયા, પરંતુ મેં તને કશુંએ કહ્યું નથી. ત્યારે હવે આ એક પુત્ર તો રહેવા દે. આ ઉપરથી ગંગાએ તથાસ્તુ કહી, કરેલી સરતનું તેને સ્મરણ કરાવ્યું અને કહ્યું કે આ પુત્ર મોટો થાય ત્યાં સુધી તેને મારી પાસે રહેવા દે; મોટો થશે એટલે હું તને આણી આપીશ. આટલું કહી તે પુત્ર સહિત અંતર્ધાન થઈ. (ભા૨૦ આદિ૦ અ૦ ૧૦૦).

કેટલેક કાળે આ પુત્ર–ભીષ્મ થોડો મોટો થતાં જ, ગંગાએ એને વસિષ્ઠ ઋષિ પાસે વેદાધ્યયન માટે લાવીને મુક્યો; તે પૂર્ણ થયા પછી ધનુર્વેદ શિખવા માટે જમદગ્ન્ય રામ પાસે તેને લઇ ગઈ. તે વેળાએ તેમણે કહ્યું કે ક્ષત્રિયોને ધનુર્વેદ ન શિખવવાની મારી પ્રતિજ્ઞા છે; માટે તું આને પાછો લઇ જા. પરંતુ ગંગાએ પ્રાર્થના કરી કહ્યું કે મારી ખાતર આપે આને વિદ્યા શિખવવી જ જોઇએ. આ ઉપરથી ગંગાને મનભંગ ન કરવાના વિચા-રથી રામે આને તે વિદ્યા ઉત્તમ પ્રકારે શિખવી. તે વિદ્યા પણ આ પૂર્ણ શિખ્યો જોઇ, ગંગાએ તેને લાવીને શંતનુને સ્વાધીન કર્યો અને પોતે અંતર્ધાન થઇ. આ ગંગાને પેટે જન્મેલો હોવાથી તેને ગાંગેય કહેતા; બ્રહ્મચર્ય વ્રતના પ્રભાવ વડે એ દેવ સરખો દેદીપ્યમાન્ દેખાતો તેથી તેને દેવવ્રત પણ કહેતા.

પૂર્વે ગંગા અંતર્ધાન થઈ ત્યારથી જ શંતનુ વિરહથી પીડાતો હતો, તેમાં આને લાવીને આપ્યા પછી પુનઃ અંતર્ધાન થઇ તેથી તેનો વિરહ બહુ વધી પડયો. પરંતુ નિરુ-પાયે મન વારી રાખતાં એકદા નદી તીરે ફરતાં ફરતાં તેણે એક સુંદર ને તરુણ કન્યા જોઇ. આથી શંતનુ કામાધીન થઇ તું મારી સ્ત્રી થા એવું તે કન્યાને કહેવા લાગ્યો. હું ધીવરની કન્યા છું, મારા પિતાને પુછી જુઓ, એવું તેણે કહેવાથી શંતનુએ પ્રથમ તે કોની કન્યા છે તેની તલાસ કરાવી. તે ક્ષત્રી કન્યા છે એવો પૂર્ણ નિશ્ચય થતાં તેણે ધીવ-રને પુછ્યું. ધીવરે પણ આ કન્યા તેને શી રીતે પ્રાપ્ત થઇ ઇત્યાદી વાસ્તવિક વૃતાંત કહી શંતનુને કહ્યું કે તારે પ્રથમ સ્ત્રીનો પુત્ર છે, તે મ્હોટો શૂર હોઈ, યૌવરાજ્ય તે જ સંભાળે છે; તો આ કન્યાને તારાથી થયેલા

પુત્રને રાજ્યપ્રાપ્તિનો ઉપાય શો, તેનો વિચાર કરી મને કહે. જો આના પુત્રને રાજ્ય પ્રાપ્ત થાય જ એવું હશે તો એ કન્યા હું તને દઈશ.

શંતનૂ ધીવરનાં આવાં વચનો સાંભળી નિરાશ થઇ ઘેર આવ્યો; પરંતુ તે કન્યાના નિરંતર વિચારથી તે દિવસે દિવસે ક્ષીણ થતો ચાલ્યો. આવું જોઇ ભીષ્મે એક બે વખત તેનું કારણ તેને પુછ્યું; પરંતુ પુત્રને આ શી રીતે કહેવાય, એવી લજ્જા આવવાથી તેણે તેને કાંઇ કહ્યું નહીં. છેવટે આ ગુહ્ય વાતની ખબર પડતાં પડતાં ભીષ્મને કાને આવતાં જ તે ધીવર પાસે ગયો, ને તેને કહેવા લાગ્યો કે આ તારી કન્યા, મારો ભય ન રાખતાં, મારા પિતાને આપ; એને પુત્ર થશે તેને હું રાજ્ય પર બેસાડીશ ને હું યાવજ્જીવ બ્રહ્મચારી રહીશ. આ ઉપરથી ધીવરે તે સત્યવતી નામની કન્યા શંતનૂને આપી; ને તેથી ભીષ્મ પર પ્રસન્ન થઇ શંતનૂએ તૂં ઇચ્છામરણી થઇશ એવું વરદાન આપ્યું.

શંતનૂએ ઘણા કાળ પર્યંત સત્યવતીનો ઉપભોગ કર્યો, તે તેને સત્યવતીની કૂખે ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય એવા બે પુત્ર પણ થયા. તે થોડા મોટા થયા એટલામાં શંતનૂ રાજા સ્વર્ગવાસી થયો. તે વેળા ભીષ્મે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે ચિત્રાંગદને ગાદી પર બેસાડી પોતે સર્વ રાજ્ય સંભાળતો હતો. આ ચિત્રાંગદ ચિત્રાંગદ નામના ગંધર્વ સાથે યુદ્ધ કરતાં તેને હાથે મરણ પામ્યો. (ભા૨૦ આદિ૦ અ૦ ૧૦૧). આથી ભીષ્મે વિચિત્રવીર્યને ગાદી પર બેસાડ્યો; અને સ્વયંવરમાંથી હરણ કરી આણેલી કાશી રાજાની ત્રણ કન્યાઓમાંથી અંબા પાછી ગઇ એટલે અંબિકા અને અંબાલિકા એ બન્નેને તેની સાથે પરણાવી. અંબા પાછી ગઇ તે વૃતાંત સારુ પાંચમો અંબા શબ્દ જુઓ.

વિચિત્રવીર્ય, ભીષ્મની અનુમતી લઇ ઉત્તમ પ્રકારે રાજ્ય કરતો હતો. તેની બન્ને સ્ત્રીઓ તરુણ, સુંદર અને પતિને સાનુકૂળ હોવાથી, અલ્પ વયમાં જ તેને રાજયક્ષ્મા નામનો રોગ થયો. અને સંતતિ વગર તેનું મૃત્યુ થયું. (ભા૨૦ આદિ૦ અ૦ ૧૦૨). તેની સ્ત્રીઓ અને માતાને અનિવાર શોક થયો. પરંતુ દૈવગતી આગળ ઉપાય નથી સમજી સત્યવતીએ શોક આવર્યો. ને ભીષ્મને કહેવા લાગી કે આ બન્નેની કુખે તું પ્રજા ઉત્પન્ન કર. પરંતુ એણે એક જ ઉત્તર આપ્યો કે મારી પ્રતિજ્ઞા હું તોડનાર નથી ને તું પણ મને એવી આજ્ઞા કરીશ નહિ. આથી તેને વિચાર પડ્યો કે હવે કરવું શું ? એટલામાં પોતાને કૌમારદશામાં થએલા કૃષ્ણ દ્વૈપાયન પુત્રનું તેને સ્મરણ થઈ આવ્યું. તે ઉપરથી તે તત્કાળ ત્યાં પ્રકટ થયા. તેને સર્વ વૃતાંત સંભળાવી તે કહેવા લાગી કે આ બંન્નેની કૂખે તું પ્રજા નિર્માણ કર. તે સાંભળી તથાસ્તુ કહી એ બન્નેની કૂખે બે પુત્ર તેણે નિર્માણ કર્યા. તે જ ધૃતરાષ્ટ્ર અને પાંડુ એવા નામથી વિખ્યાત છે. દાસીને પેટે એક પુત્ર ઉત્પન્ન થયો તે વિદુર પણ પ્રસિદ્ધ જ છે.

ધૃતરાષ્ટ્ર અને પાંડુ બન્ને મોટા થયા. તેમાં ધૃતરાષ્ટ્ર જન્માંધ હોવાથી ભીષ્મે પાંડુને રાજ્ય પર બેસાડ્યો, અને ગાંધાર દેશાધિપતિ સુબળ રાજાની કન્યા ગાંધારીને ધૃતરાષ્ટ્રની સ્ત્રી કરી આપી. અને પાંડુને એક કુંતિભોજ રાજાની કન્યા કુંતી (પૃથા) અને બીજી મદ્રદેશાધિપતિની કન્યા માદ્રી એવી બે સ્ત્રીઓ કરી આપી. તેમાંથી ધૃતરાષ્ટ્રને દુર્યોધનાદિક સો પુત્રો અને એક પુત્રી થઈ, અને પાંડુને યુધિષ્ઠિરાદિક પાંચ પુત્રો થયા. પછી કાંઇક કાળે પાંડુ મરણ પામવાથી, મુખ્ય રાજાને ઠેકાણે ભીષ્મે ધૃતરાષ્ટ્રને જ સ્થાપ્યો, અને ધાર્તરાષ્ટ્ર અને પાંડવોને વિદ્યાદિકમાં પ્રવીણ કરી, યુધિષ્ઠિર તેને ઉત્તમ જણાયાથી તેને યૌવરાજ્ય આપી પોતે સ્વસ્થ બેઠો.

આ પ્રમાણે ભીષ્મે યથાસ્થિત સર્વ વ્યવસ્થા કરી, છતાં ધૃતરાષ્ટ્રના પુત્ર એક એકથી અધિક દુષ્ટ નીકળવાથી તે પાંડવોનો દ્વેષ

કરવા લાગ્યા. તે એવી રીતે કે તેમણે ભીમને વિષ ખવડાવી પાણીમાં બુડાડ્યો. તેમાંથી તે બચ્યો જોઇને તે સર્વેને લાક્ષાગ્રહમાં બાળી નાંખવાનો વિચાર કર્યો. તેમાંથી પણ બચ્યા પછી, ધૃતરાષ્ટ્રે તે લોકોને અડધું રાજ્ય આપી ખાંડવપ્રસ્થમાં રાખ્યા હતા ત્યાં તેમણે સ્વપરાક્રમે મેળવેલી સંપત્તિ રાજ્ય સહિત દ્યુતને મિષે હરણ કરી લઇ તેમને વનમાં કાઢ્યાં. દ્રૌપદીને પણ અનેક પ્રકારે ત્રાસ આપ્યો. તે પ્રસંગે ભીષ્મે એમને ઘણો ઉપદેશ આપ્યો પણ તેમણે તે કાને જ ન ધર્યો. આમાં એટલું જ કે ભીષ્મ સમર્થ હોઇને તેણે દુષ્ટોને અટકાવવા જોઇતા હતા, તે તેણે ન કર્યું એ ઉપરથી વૃદ્ધપણાને લીધે તેની બુદ્ધિમાં જરૂર કાંઇ વિકાર થયો હશે, એવું જણાય છે. અને આગળ આવતી વાત ઉપરથી એ અનુમાન દૃઢ થાય છે.

અરણ્યવાસ પુરો થયા પછી પાંડવો અજ્ઞાતવાસમાં હતા તે વખતે દુર્યોધન ઉત્તર તરફ મત્સ્ય દેશ પર ચઢ્યો, તે વેળા આવા ક્ષુલ્લક કાર્ય માટે ભીષ્મ તેની સાથે શું કરવા ગયો ? હું આવતો નથી એવું કહ્યું હોત તો દુર્યોધન એને શું કરનાર હતો ? વારુ. એના જવાથી પાંડવોને અનાયાસ લાભ થયો. એવી રીતે કે પાંડવો અજ્ઞાતવાસના સાત મહીના ગયા અને પાંચ જવાના બાકી છે એમ સમજતા હતા, અને દુર્યોધન પણ તેમ જ સમજતો હતો, તે એમણે (ભીષ્મે) વાત કરતાં કરતાં બાર વર્ષમા પાંચ અધિક માસ આવ્યા તેથી તેમનું અજ્ઞાતવાસનું વર્ષ પુરું થયું આવું દુર્યોધનને કહી સ્પષ્ટીકરણ કર્યું. આ વાત પાંડવોએ જાણ્યાથી તેઓ ઉતાવળે પ્રગટ થયા.

પછી પાંડવોએ સામોપચારે કૌરવો પાસેથી અર્ધું રાજ્ય પાછું માગ્યું. પણ તે તેમને ન મળવાથી યુદ્ધનો પ્રસંગ આવી પહોંચ્યો. તે વેળાએ દુર્યોધને ભીષ્મને પોતાની સેનાનું સૈનાપત્ય આપ્યું. તેણે યુદ્ધ ઘણી નીતીથી કર્યું હતું. તેના નિયમો આવા હતા કે-રથીએ રથી સાથે, પદાતીએ પદાતી સાથે અને મહારથીએ મહારથી સાથે જ યુદ્ધ કરવું. એક સામે અનેકોએ શસ્ત્ર લેવાં નહિ. મૂર્છા પામેલા, શરણાગત, અસાવધ અને પલાયન કરતા દુશ્મન ઉપર કોઇએ પણ શસ્ત્ર ચલાવવું નહિ. સાયંકાળ થતાં જ ઉભય પક્ષના સેનાધિપતિઓએ પોતપોતાનાં લશ્કરો યુદ્ધસ્થાનમાંથી છાવણીમાં લઈ જઇ બધા પાસેથી શસ્ત્ર મુકાવી દેવડાવવાં અને શસ્ત્ર મુકયા પછીથી તે સૂર્યોદય થતાં સુધીમાં પરસ્પર સૈનિકોએ એક બીજાની સાથે મિત્રભાવે ભેટવું અને બોલવું. આ પ્રમાણે એણે દસ દિવસ સુધી યુદ્ધ કર્યું. તે નિયમો દ્રોણાચાર્ય યુદ્ધ કરવા લાગ્યા ત્યારથી ન જળવાવાથી પાછળથી સંકુલ યુદ્ધ ચાલવા માંડ્યું. સંકુલ યુદ્ધ એટલે મિશ્રયુદ્ધ સમજવું.

પ્રત્યેક દિવસ દસ સહસ્ત્ર રથી મારવા, આ નિયમ પ્રમાણે, ભીષ્મને યુદ્ધ કરતાં નવ દિવસ થઈ ગયા જોઇને દુર્યોધન તેમના તંબુએ આવી કહેવા લાગ્યો કે તમે મન મુકી યુદ્ધ કરતા નથી. તે ઉપરથી તેણે કહ્યું કે જો કાલે સવારે શિખંડી મારી સામે નહિ આવે તો હું નિષ્પાંડવી પૃથ્વી કરીશ. તે ઉપરથી દુર્યોધને શિખંડીનો ઇતિહાસ પુછ્યો. તે તેમણે સર્વ કહ્યો. તે સાંભળી દુર્યોધન વિદાય થયો. આ સમાચાર સાંભળી પાંડવો ઘણા ગભરાયા, અને યુધિષ્ઠિર પોતાના તંબુએથી નીકળી મધ્ય રાત્રે ભીષ્મ પાસે આવ્યો અને પાંડવોના બચવાનો ઉપાય શો, એમ પુછવા લાગ્યો. પ્રાતઃકાળે શિખંડીને આગળ કરી અર્જુને મારી સામે યુદ્ધ કરવું; એટલે તમે બચશો એવું તેણે કહ્યું. બીજે દિવસે તે જ પ્રમાણે અર્જુને કરી તેમનું સર્વ અંગ બાણ વડે ભરી કાઢ્યું. આથી તે નિદ્રા લેતા હોય તેમ બાણશય્યા પર સુતા.

તે જે ક્ષણે યુદ્ધમાં પડ્યા તે જ ક્ષણે તેમના પ્રાણ નીકળી ગયા હોત, પરંતુ તે સમય દક્ષિણાયન હતું તેથી, અને તું ઇચ્છા-

મરણી થઇશ એવું પિતાનું વરદાન હોવાથી, ઉત્તરાયન થતાં સુધી તેમણે પ્રાણ ધારણ રાખ્યો. ભીષ્મને પડયા જોઇને ઉભય પાંડવ કૌરવો તેમની આસપાસ વિંટાઇ વળ્યા. દુર્યોધન પણ શસ્ત્રવૈદ્યને સાથે લઈ ત્યાં આવ્યો, પરંતુ ભીષ્મે કહ્યું કે મને કોઇ સ્પર્શ કરશો નહિ. આમને આમ પડી રહેવા દો. એટલામાં અર્જુને જોયું કે તે પડયા હોવાથી તેમનું મસ્તક અવ્યવસ્થિત લબડે છે. તે ઠીક કરવું જોઇએ, એમ કહી તેણે ત્રણ બાણ એવી યુક્તિથી તેમના મસ્તક આગળ માર્યા કે જેમ ઓશિકા ઉપર માથું મુકી સુઇ ગયા હોય એવું સુખ એમને થયું. થોડીવારે એમણે પાણી માગ્યું એટલે દુર્યોધન જળપાત્ર લઈ આગળ આવ્યો. તેનો ભીષ્મે તિરસ્કાર કરતાં, અર્જુને ભૂમિમાં બાણ મારી પાતાળ ગંગાનો ઓધ કહાડી તેની ધારા એમના મુખમાં જાય એવું કર્યું. આથી એમને સંતોષની પરાકાષ્ટા થઇ.

ભીષ્મના બાણશય્યા પર સુતા પછી આઠ દિવસે કૌરવ પાંડવના યુદ્ધનું છેવટ આવ્યું. કૌરવોની ઉત્તરક્રિયા યુધિષ્ઠિરે કરી, અને યુધિષ્ઠિરને રાજ્યાભિષેક પણ થયો. પરંતુ જ્ઞાતિવધને લીધે યુધિષ્ઠિરના અંતઃકરણના ખેદનું નિવારણ કૃષ્ણ પણ કરી ન શક્યા. તેથી કૃષ્ણ તેને ભીષ્મ પાસે લઇ ગયા. તે કાળે ભીષ્મ પાસે આવેલા બ્રહ્મર્ષિ અને રાજર્ષિઓનો મોટો સમાજ ભેગો થયો હતો. તેમણે યુધિષ્ઠિરનું શાંતિપર્વ અને અનુશાસનપર્વ દ્વારા સમાધાન કરી, તેને વિદાય કર્યો. ઉત્તરાયન થતાં જ સર્વ સમાજના દેખતાં, પરમેશ્વર સ્વરૂપમાં ચિત્તને સ્થીર કરી ભીષ્મે દેહનો ત્યાગ કર્યો. મરણ કાળે તેનું વય કેટલું હશે તે સંબંધી ભારતમાં કશું મળતું નથી. પરંતુ દ્રોણાચાર્યથી તેમનું વય બમણાથી અધિક હશે એમ જણાય છે. ભીષ્મ ગુણોમાં અતિ ઉત્તમ હતો. તેણે લીધેલી પ્રતિજ્ઞા કદી પણ ચળી નથી. એના બ્રહ્મચર્યની ઉપમા તે પોતે જ. એમ કહીએ તો જ શોભે. ધનુર્વેદમાં તેની પ્રવીણતા અતિશય હોઇ સ્ત્રીઓ સામે શસ્ત્ર લેવાં નહિ એવો એણે કરેલો. નિયમ તેણે મરણ પર્યંત તોડયો નહિ. અંબા શિખંડી હોઇ પુરુષત્વ પામી તોપણ તેણે તેનાં સામાં શસ્ત્ર ધારણ કર્યાં નહિ, એ એના નિયમનું સ્પષ્ટ ઉદાહરણ છે. તેને શ્રુત્યર્થ સ્મૃત્યર્થ વિષયનું જ્ઞાન અગાધ હોઈ તેનું વક્તૃત્વ પણ એટલું મનોરંજક હતું કે તે સાંભળવા મોટા મોટા ઋષિઓ તેની સમીપ આવતા. અનુશાસન પર્વનું વક્તૃત્વ ચાલતું હતું તેવામાં એક વખત તેને મૂર્છા આવવાથી તે પુરું કરવા તેણે કૃષ્ણને કહ્યું. તે ઉપરથી તે કાળમાં વક્તૃત્વમાં તેની સાથે બરોબરી કરનાર કૃષ્ણ ગણાયો, એટલે તેનું વક્તૃત્વ મનોરંજક હશે એવું જણાય છે. સારાંશ કે આટલા ગુણો એનામાં અમૂલ્ય હતા; તે જ પ્રમાણે સર્વગુણોમાં મુકુટમણિ જે પરમેશ્વરમાં નિષ્ઠા તે પણ તેનામાં તેવી જ હતી.

ભીષ્મક–વિદર્ભ દેશનો રાજા; એની રાજધાની કુંડિનપુર. એને રુક્મિ, રુક્મરથ, રુક્મબાહુ રુક્મકેશ અને રુક્મમાલી એવા પાંચ પુત્ર અને રુક્મણિ નામની એક કન્યા હતી. કૃષ્ણ તેને પરણ્યા હતા. (રુક્મિણી શબ્દ જુઓ). આ ભીષ્મકનું હિરણ્યરોમા એવું બીજું નામ પણ હતું. **ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૫૧).**

ભીમષ્ક (૨)–ભોજકોટ નગરીનો રાજા. એણે દક્ષિણ દિશા જીતવા નીકળેલા સહદેવ સાથે બે દિવસ પર્યંત જબરું યુદ્ધ કર્યું હતું. **(ભા૨૦ સભા૦ અ૦ ૩૧)**

ભીષ્મસૂ–ભીષ્મને જન્મ આપ્યા ઉપરથી ગંગાનું પડેલું નામ.

ભુજકેશ–ભારત યુદ્ધમાંનો દુર્યોધન પક્ષનો એક રાજા.

ભુજાતપુર–એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

ભુજ્યુ–એક બ્રહ્મર્ષિ. એનું લાહ્યાયની એવું બીજું નામ પણ હતું.

ભુમન્યુ–એક ગંધર્વ.

ભુમન્યુ (૨). સોમવંશી જનમેજયના ધૃતરાષ્ટ્રનો પુત્ર. **(ભા૨૦ આ૦ ૧૦૨–૪૭).**

ભુમન્યુ–(૩) શકુન્તલાના પુત્ર ભરતનો પુત્ર. સુવર્ણા એની સ્ત્રી હતી. સુહોત્ર એનો પુત્ર હતો. **(ભા૨૦આ૦૬૩–૩૫).** સુવર્ણાનું બીજું નામ પુષ્કરિણી હતું. **(ભા૨૦ આ૦ ૧૦૧–૧૩).** દિવિરથ, સુહોત્ર, સુહોતા, સુહવિ. સુયજ્ઞ અને ઋચીક એ ૭ પુત્રો હતા. **(ભા૨૦ આ૦ ૧૦૧–૧૨)** આ ભુમન્યુ ભરદ્વાજનો રુપાન્તર એટલે અંશાવતાર હોઇ તેનું નામાન્તર વિતથ હતું. **(ભાગ૦ ૯–૨૦)**

ભુવન–એક બ્રહ્મર્ષિ.

ભુવન (૨)–આર ભાર્ગવદેવોમાંનો એક.

ભુવમન્યુ–મન્યુ શબ્દ જુઓ.

ભૂત–ભૃગુપુત્ર, એક બ્રહ્મર્ષિ.

ભૂત(૨)–વસુદેવથી પૌરવીને થએલા પુત્રોમાંનો એક.

ભૂતકર્તા–અગ્નિ વિશેષ. **(ભા૨૦ વ૦ ૨૪૪).**

ભૂતકર્મા–દુર્યોધન પક્ષનો સભાપતિ નામનો ભારતી યુદ્ધમાંનો રાજા. એને શતાનીકે માર્યો હતો. **(ભા૨૦ દ્રો૦ ૨૫–૨૩)**

ભૂતકેતુ–દક્ષસાવર્ણિ મનૂના થનારા પુત્રોમાંનો એક.

ભૂતજ્યોતિ–સૂર્યવંશી નૃગ રાજાનો પૌત્ર. એનો પુત્ર વસુ.

ભૂતધામા–પૂર્વ ઇંદ્રમાંનો એક.

ભૂતપતિ–વિવર્તોપાદાન રુપે પંચમહાભૂતના આધાર એવા જે શિવ, તે.

ભૂતપતિ (૨)–ભૂત, પ્રેત, પિશાચ ઇત્યાદિકના અધિપતિ, રુદ્ર.

ભૂતરય–રૈવત મન્વન્તરનો દેવ વિશેષ.

ભૂતશર્મા–દુર્યોધન પક્ષનો એક રાજા. **(ભા૨૦ દ્રો૦ ૨૦–૭).**

ભૂતસંતાપન–હિરણ્યાક્ષના પુત્રોમાંનો એક.

ભૂતિ–વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

ભૂપતિ–અગ્નિ વિશેષ. **(ભા૨૦ વ૦ ૨૨૪–૩).**

ભૂમા–પ્રિયવત વંશના ઋષભદેવ કુલોત્પન્ન પ્રતિહર્તા રાજાથી સ્તુતીને થએલા બે પુત્રોમાંનો કનિષ્ઠ. આને ઋષિકુલ્યાથી ઉદ્ગીથ અને પ્રસ્તાવ એવા બે પુત્ર થયા હતા.

ભૂમિજય–વિરાટપુત્ર ઉત્તરનું બીજું નામ.

ભૂમિજય (૨)–દુર્યોધન પક્ષનો એક રાજા.

ભૂમિની–અજમીઢની ચાર સ્ત્રીઓમાંની એક.

ભૂમિપાલ–દુર્યોધન પક્ષનો એક રાજા.

ભૂમિપાલ (૨)–ભારત યુદ્ધમાંનો પાંડવ પક્ષનો એક રાજા. **(ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૪)**

ભૃર્યાસ–એક બ્રહ્મર્ષિ. (૩. અંગિરા શબ્દ જુઓ).

ભૂરિ–સોમવંશી આયુકુલોત્પન્ન પૂરુરાજાના વંશના અજમીઢથી થએલા કુરુપુત્ર જન્હુરાજાના કુલમાં જન્મેલા બાલ્હીક રાજાનો પૌત્ર અને સોમદત્ત રાજાના પુત્રોમાંનો મોટો.એને ભૂરિશ્રવા અને શળ નામના બે ભાઇ હતા. આ ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષે હતો અને રાત્રિ યુદ્ધમાં સાત્યકીએ તેને માર્યો. **(ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૬૬; આ૦ ૨૦૧–૧૫), (ભાગ–૯–૨૨).**

ભૂરિતેજા–પાંડવ પક્ષનો રાજા. **(ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૪).**

ભૂરિબળ–સોમવંશી ધૃતરાષ્ટ્રનો પુત્ર. એને ભીમસેને માર્યો હતો. **(ભા૨૦ શ૦ ૨૫–૫)**

ભૂરિદ્યુમ્ન–એક રાજપુત્ર. (કૃશતનુ શબ્દ જુઓ) વીરદ્યુમ્નનો પુત્ર. **(ભા૨૦ શાં૦ ૧૨૭–૧૪ અને અ૦ ૮–૧૬)**

ભૂરિદ્યુમ્ન (૨)–એક ઋષિ. **(ભા૨૦ ઉ૦ ૮૨–૨૧)**

ભૂરિશ્રવા–શુક્રાચાર્યને પીવરીથી થએલો પુત્ર.

ભૂરિશ્રવા–(૨). સોમવંશી આયુકુલોત્પન્ન પૂરુરાજાના વંશના બાલ્હીક રાજાનો પૌત્ર અને સોમદત્તના ચાર પુત્રોમાંનો એક. દુર્યોધન સાથે અત્યંત સ્નેહભાવ હોવાથી આ ભારત યુદ્ધમાં દુર્યોધનના પક્ષમાં હતો. એણે સાત્યકીના દસ પુત્ર માર્યા અને તેને પણ યુદ્ધમાં જર્જર કરી નાંખી, તેને વાળથી પકડયો અને જેવું મસ્તક છેદે છે એવામાં કૃષ્ણની આંખેથી તેના ઉપર નજર પડવાથી તેણે અર્જુનને સૂચના કરી. અર્જુને ત્યાંથી જ એવું એક બાણ છોડયું કે તે બાણથી તેનો હાથ ખડગ સહિત શરીરથી જુદો થઈ બાજુએ પડયો. **(ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૪૨).** હાથ કપાઈ પડવાથી વિહ્વળ થએલો તે કાષ્ટશય્યા કરી પ્રાણોત્ક્રમણના ઉદ્દેશથી તેના પર બેઠો હતો તેવામાં સાત્યકી શુદ્ધિમાં

આવવાથી ખડ્ગ લઈ એની સમીપ આવ્યો. તે વેળા એ બે વચ્ચે ઘણી બોલાચાલી થઇને છેવટે સાત્યકીએ આને મારી નાંખ્યો. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૪૨**).

ભૂરિશ્રુત–એકડાની સંજ્ઞાવાળો ભૂરિશ્રવા શબ્દ જુઓ.

ભૂરિશ્રેણ–વૈવસ્વત મનુના પૌત્ર શર્યાતિ રાજાના પુત્રોમાંનો એક.

ભૂરિશ્રેણુ–(૨). હવે પછી થનારા બ્રહ્મસાવર્ણિ મનૂના પુત્રોમાંનો એક.

ભૂલિઝૉંશકુનિ–એક જાતનાં પક્ષી જેની બોલીમાં "માસાહસ" એવો ધ્વનિ સંભળાય છે અને જે સિંહના દાંતની વચમાં ભરાઇ રહેલો ખોરાક વીણી ખાય છે. (**ભા૨૦ સ૦ ૬૭–૨૮**).

ભૃગુ–સ્વાયંભુ મન્વતરમાંના બ્રહ્મમાનસપુત્રોમાંનો એક. એ તેમની ત્વચામાંથી ઉત્પન્ન થયો હતો. કર્દમ પ્રજાપતિની કન્યા ખ્યાતિ એની સ્ત્રી હતી. આની કૂખે એને ધાતા, વિધાતા, કવિ અને સોમપ નામના પિતર પુત્ર થયા હતા; અને શ્રી–લક્ષ્મી–નામની એક કન્યા થઇ હતી, જે એણે વિષ્ણુને આપી હતી. આ ઉપરથી લક્ષ્મીનું નામ ભાર્ગવી પડયું છે. આ ઉપરથી કોઇ એવી કલ્પના કરે કે બ્રહ્મદેવના પ્રત્યેક કલ્પને અંતે ભૃગુ ઉત્પન્ન થઇ, તેને જે શ્રી નામે કન્યા થાય તે વિષ્ણુને આપતો હશે ? પરંતુ એમ સમજવાનું નથી. બ્રહ્મદેવ પ્રથમ જે કાળે દેહ ધારણ કરી ઉત્પન્ન થયા તે વેળાએ જ વિષ્ણુ અને શિવ પણ સ્વેચ્છાએ કરીને દેહ ધારણ કરી નિત્યમુક્ત સ્થિતિયે ઉત્પન્ન થયા. તે વખતે બ્રહ્મદેવે જે માનસપુત્ર નિર્માણ કર્યા તેમાંથી ભૃગુએ અને દક્ષે, શ્રી અને સતી નામની પોતપોતાની કન્યાઓ ક્રમે કરીને વિષ્ણુ અને શિવના વિભુતિરુપ બન્ને અવતારને એક વાર આપી. આવું દરેક કલ્પમાં થાય છે એ કેવળ ગૌરવ વધારવાના હેતુથી લખાયું હોવું જોઇએ. વસ્તુતઃ એવું વારંવાર બનતું નથી.

ચાલુ શ્વેતવારાહ કલ્પમાંના, પ્રસ્તુત ચાલતા વૈવસ્વત મન્વન્તરમાં યદ્યપિ મરીચ્યાદિક મહર્ષિ મહાદેવના શાપથી મરણ પામેલા તેમને બ્રહ્મદેવે પુનઃ ઉત્પન્ન કર્યા છે. તોપણ આવું વારંવાર થાય જ અથવા થશે એવું કદી માનવું નહિ. (**ભા૨૦ આ૦ ૬૭–૪૧–૪૫**).

એની ભાર્યા, શુક્રની માતા વિષ્ણુએ વધ કર્યો હતો. (**દેવી ભાગ૦ ૪–૧૧.**) (**ભાગ૦ સ્કં. ૪. અ. ૧; વિષ્ણુ૦ ૧–૧૦**).

ભૃગુ–(૨). ચાક્ષુષ મન્વન્તર માંહ્યલા સપ્તર્ષિઓમાંનો એક ઋષિ.

ભૃગુ–(૩). પૂર્વના બ્રહ્મમાનસપુત્ર મહાદેવના શાપથી મરણ પામેલા હોવાથી મન્વન્તરને આરંભે બ્રહ્મદેવે તેમને પુનઃ ઉત્પન્ન કર્યા. તેમાં આ, વરુણના યજ્ઞમાં અગ્નિમાંથી ઉત્પન્ન થયો અને વરુણે એને પોતાના પુત્ર તરીકે ગ્રહણ કર્યો, તેથી એ વારુણિભૃગુ એ નામથી વિશેષ પ્રખ્યાત છે. (મહર્ષિ શબ્દ જુઓ). (**ભા૨૦ અનુશા૦ અ૦ ૮૫**). આ ભૃગુને અહિંયાં પુલોમા નામની સ્ત્રી હતી. આનાથી તેની કૂખે પ્રથમ બાર દેવ ઉત્પન્ન થઇ, પછી સાત ઋષિ નિર્માણ થયા, તેમનાં નામ આ પ્રમાણેઃ–**ભુવન, ભૌવન, સુજન, સુજન્ય, શુચિ, ક્રતુ, મુર્દ્ધા, ત્વાજ્ય, વસુદ, પ્રભવ, અવ્યય** અને **દક્ષ**. ઋષિનાં નામ–**ચ્યવન, વજ્રશીર્ષ, શુશિ, ઔર્વ, શુક્ર, વરેણ્ય** અથવા **વિભુ**, અને **સવન**. (**ભા૨૦ અનુશા૦ અ૦ ૮૫**, શ્લો૦ **૧૨૧–૧૨૯**). આ ભૃગુ પ્રતિ ભાદ્રપદ માસના સૂર્યની સાથે સંચાર કરે છે. (૧ નભસ્ય શબ્દ જુઓ).

આ ભૃગુના કુળમાં કેવલ ભૃગુ અને જામદગ્ન્યભૃગુ એવી બે વંશમાલિકા છે. તેમાં કેવલભૃગુમાં **અષ્ટિષેણ, યસ્ક, મિત્રયુ, વૈન્ય** અને **શુનક** એવા પાંચ ભેદ અને જામદગ્ન્યભૃગુમાં **વત્સ** અને **વિદ** એવા બે મળી, કુલ સાત ભેદ છે. તેમાં **અષ્ટિષેણ** કુલોત્પન્ન **ભૃગુદાસ, અમાર્ગપથ, ગ્રામ્યાયનિ, કટાયનિ,**

આપસ્તંબિ, બિલિત્રિ, નૈકશિ, કપિ, બીજો **અષ્ટિષેણ, ગાર્દભિ, કાર્દમાયનિ**, અને **આશ્વલાયનિ**, એ સર્વ ઋષિયો **ભાર્ગવ, ચ્યાવન, આપ્નવાન, આષ્ટિષેણ**, અને **અનૂપ** અથવા રૂપી એવા પાંચ, કિંવા **ભાર્ગવ, આષ્ટિષેણ** અને **અનૂપ** એવાં ત્રણ પ્રવરના છે. **યસ્કકુલોત્પન્ન, ભાર્ગવ, વૈતહવ્ય** અને **સાવેતસ** એવા ત્રણ પ્રવરના છે. **મિત્રયુકુલોત્પન્ન યસ્કવીતહવ્ય**, બીજો **મથિત, દમ, જૈવંત્યાયનિ, મૈજ, પિલિ, ચલિ, ભાગિલ, ભાગવિતિ, કૌશાપિ, કાશ્યપિ, બાલપિ, શ્રમદાગ્નેપિ, સૌર, તિથિ, ગાર્ગીય, જબાલિ, પૌષ્ણાયન, ગ્રામદ**, બીજો **ભૃગુ, વીતિહવ્ય, રૈવસ, વૈવસ, શાલાયનિ, શાકટાક્ષ. મૈત્રેય, બાંડવ, દ્રોણાયન, રૈકૃમાયન, આપિશલિ, આપિકાયનિ, હંસ જિવ્હ, એકાયન, યાજ્ઞપતિ, મત્સ્યગંધ, પ્રત્યૂહ, સૌરિ, ઐક્ષિ, કાર્દમાયનિ, ગૃત્સમદ** અને **સનક**, આ સર્વ ઋષિ **ભાર્ગવ, વાદ્રયશ્વ** અને **દૈવોદાસ** એવા ત્રણ અથવા **ભાર્ગવ, ચ્યાવન, દૈવોદાસ** એવાં ત્રણ પ્રવરોના, અને **કેટલાક વાર્કેયશ્વ**, એવા એક પ્રવરના છે. **વૈન્ય કુલોત્પન્ન ભાર્ગવ, વૈન્ય, પાર્થ** એવાં ત્રણ પ્રવરના; અને **શુનકકુળમાં** ઉત્પન્ન થએલા **શૌનક** એવા એક પ્રવરના, કિંવા **ગાર્ત્સમદ** પ્રવરના, અથવા **ભાર્ગવ** અને **ગાર્ત્સમદ** એવા બે પ્રવરના; કિંવા **ભાર્ગવ, શૌનહોત્ર** અને **ગાર્ત્સમદ** એવાં ત્રણ પ્રવરોના છે.

બીજી **જામદગ્ન્ય** ભૃગુવંશમાલિકામાં **વત્સ** અને **વિદ** એવા બે ભેદ છે; તેની પ્રવરવ્યવસ્થા આ પ્રમાણે છે. **વત્સ** કુલોત્પન્ન **વાત્સ્ય, દંડી, નડાયન, વૈગાયન, વીતહવ્ય, પૈલ, શૌનક, શૌનકાયન, જીવંતિ, આવેદ, કાર્પણિ, વૈહિનરિ, વિરૂપાક્ષ, રૌહિત્યાયનિ, વૈશ્વાનરિ, નીલ, લુબ્ધ, સાવર્ણિક, વિષ્ણુ, પૌર, બાલાકિ, ઔલિક, અનંતભાગી, ભૃગુ** બીજો, **ભાર્ગેય, માર્કંડ, જવિ, વીત, મંડ, માંડવ્ય, માંડુક, ક્રૈનપ, સ્તનિત, સ્થલપિંડી, શિખાવર્ણ, શાર્કરાક્ષિ, જલધિ, સૌધિક, ક્ષુભ્ય, કુત્સન્ય, મૌદ્ગલાયન, કર્માયન, દેવપતિ, પાંડુરોચિ, ગાલવ, સાંકૃત્ય, ચાતકિ, સાર્પિ, યાજ્ઞપિંડાયન, ગાર્ગ્યાયન, ગાયન, ગાહ્યયન, ગોષ્ઠાયન, વત્સાયન, વૈશંપાયન, વૈકર્ણિનિ.**

શાંકરવ, યાજ્ઞેયિ, ભ્રાષ્ટ્રકાયનિ, લાલાટિ, નાકુલિ, લૌક્ષિણ્ય, ઉપરિમંડલ, અલુકિ, સૌચકી, કૈત્સ, પૈંગલાયનિ, સાત્યાયનિ, માલાયનિ, કૌટિલિ, કૈચહસ્તિક, સોહસોકિત, કૈવાક્ષિ, કૈશિ, ચાંદ્રમસિ, નૈકજિવ્હ, જિહ્મક, વ્યધાયા, લોહવૈરિ, શારદ્વતિક, નૈતિષ્ય, લોલાક્ષિ, ચલકુંડલ, વાગાયનિ, અનુમતિ, પૂર્ણિમાગતિક, આ સર્વ ઋષિઓ **ભાર્ગવ, ચ્યાવન, આપ્નવાન, ઔર્વ**, અને **જામદગ્ન્ય** એવા પાંચ પ્રવરના કિંવા **ભાર્ગવ, ઔર્વ**, અને **જામદગ્ન્ય** એવા ત્રણ પ્રવરના છે. તેમાં બીજો **જમદગ્નિ, વિદ, પૌલસ્ત્ય, વૈજ્ઞભૃત, ઉભયજાત, કાયનિ, શાકટાયન, ઔર્વેય**, અને **મારુત** એ ઋષિઓ તો **ભાર્ગવ, ચ્યાવન**, અને **આપ્નવાન**, એ ત્રણ પ્રવરના છે. **વિદકુલોત્પન્ન, ભાર્ગવ, ચ્યાવન, આપ્નવાન, ઔર્વ** અને **વૈદ** એવા પાંચ પ્રવરના, કિંવા **ભાર્ગવ, ઔર્વ** અને **જામદગ્ન્ય** એવા ત્રણ પ્રવરના હોઇ **ભાર્ગવ, વૈદ, વૈત્રવ જોતિષ** અને **કેટલાકો ભાર્ગવ, શાઠર**, અને **માઠર** આવાં આવાં ત્રણ પ્રવરના છે.

આના કુળમાં **કાશ્યપ, પ્રાચેતા, દધીચ, ઉર્વ, જમદગ્નિ, વેદ, સારસ્વત, આષ્ટિષેણ, ચ્યવન, વીતહવ્ય, સવેદસ, વૈન્ય, પૃથુ, દિવોદાસ, બ્રહ્મવાન, ગૃત્સમદ, શૌનક, આત્મવાન** અને એ પોતે મળી એગણીસ મંત્રદ્રષ્ટા ઋષી હતા. (**મત્સ્ય૦ અ૦ ૧૪૫**) એમાં વીતવ્ય ક્ષત્રિય હોવા છતાં તે બ્રહ્મર્ષિમાં ગણાયો છે એમ સમજવું.

ભૃગુ. (૪) વારુણિ કવિના પુત્રોમાંનો એક.
ભૃગુ. (૫), એક ઋષિ. (૩. ભૃગુ શબ્દ જુઓ).
ભૃગુ. (૬). એક બ્રહ્મર્ષિ. (૨. કશ્યપ શબ્દ જુઓ.)
ભૃગુકચ્છ. નર્મદા અને સાગરના સંગમ આગળનું તીર્થ. હાલનું ભરુચ તે જ. ગ્રીક લોકોએ કહેલું બરગાકોટસ. અહીં ભૃગુનો આશ્રમ હતો. (ભા૨૦ સ૦ ૩૨-૭૮)
ભૃગુતુઙ્ગ. એક ક્ષેત્ર વિશેષ. (ભા૨૦ આ૦ ૬૬-૬૦; ૨૩૫; વ૦ ૮૨-૫૧; અનુ. ૬૪-૧૮).
ભૃગુતુઙ્ગ. (૨) એક પર્વત. જેના શિખર ઉપર યયાતિ રાજાએ તપ કર્યું હતું. (ભા૨૦ વ૦ ૧૩૨ ૯).
ભૃગુતુન્દ. ભૃગુતુઙ્ગ તે જ.
ભૃગુતુન્દ. (૨) ભૃગુતુઙ્ગ (૨) તે જ.
ભૃગુતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૯૮-૧)
ભૃગુદાસ. બ્રહ્મર્ષિ. (૩. ભૃગુ શબ્દ જુઓ.)
ભૃગુપ્રસ્રવણ. હિમાલયનું સગર રાજાએ જેના ઉપર તપ કર્યું હતું તે શિખર.
ભૃંગી. એક શિવગણ.
ભૃત. એક બ્રહ્મર્ષિ. (૩. ભૃગુ શબ્દ જુઓ.)
ભૃતકીલ. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ.)
ભૃશાશ્વ. એક ઋષિ. દેવપ્રહરણનો પિતા.
ભૈરુંડ. જટાયૂના પુત્રોમાંનો એક.
ભૈમસેનિ. ઘટોત્કચ.
ભૈમ્ય. ઘટોત્કચ.
ભૈરવ. એક નાગ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭-૧૭).
ભૈરવ. (૨) અષ્ટભૈરવ શબ્દ જુઓ.
ભોગવંત. પૂર્વનિપાદ દેશની દક્ષિણે આવેલો પર્વત વિશેષ. (ભા૨૦ સભા૦ અ૦ ૩૦)
ભોગવતી. પાતાલમાંની નાગોની નગરી. એમાં જે જે નાગકુળો છે, તેનાં નામ મુખ્યત્વે કરીને આ પ્રમાણે છેઃ-શેષ, વાસુકિ, તક્ષક, કર્કોટક, બીજો કર્કોટક, ધનંજય, કાલિય, નહુષ, કંબલ, અશ્વતર, વાહ્યકુંડ, મણિનાગ, આપૂરણ, ખગ, વામન, ઐલપત્ર, કુકુર, કુકુણ, આર્યક, નંદક, કલશ, પોતક, કૈલાસક, પિંજરક, ઐરાવત, સુમામુખ, દધિમુખ, શંખ, નદ, ઉપનંદક, આપ્ત, કોટરક, શિખિ, નિષ્ઠુરક, તિત્તિર, હસ્તિભદ્ર, કુમુદ, માલ્યપિંડક, પદ્મ, બીજો પદ્મ, પુંડરીક, પુષ્પ, મુદ્ગરપર્ણક, કરવીર, પીઠરક, સંવૃત્ત, વૃત્ત, પિંડારક, બિલ્વપત્ર, મૂષકાદ, શિરીષક, દિલીપ, શંખશીર્ષ, જ્યોતિષ્ક, અપરાજિત, કૌરવ્ય, ધૃતરાષ્ટ્ર, કુહુર, કૃશક, વિરજા, ધારણ, સુબાહુ, મુખર, જય, અધિર, અંધ, ત્રિશુંડિ, વિરસ અને સુરસ. આમાં જે નાગ વિશેષ પ્રસિદ્ધ છે તેમનાં નામ અક્ષરના ક્રમે આપ્યાં છે. બીજાનાં વિસ્તાર ભયે લીધાં નથી.
ભોગવતી. નાગલોકમાંની નદી. આ સ્વર્ધુનીનો ત્રીજો ઓઘ સમજવો.
ભોગવતી. સરસ્વતી નદીનું નામ.
ભોજ. એક બ્રહ્મર્ષિ. (૨. કશ્યપ શબ્દ જુઓ.)
ભોજ. (૨) સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત રાજાના મહાભોજપુત્રના વંશજોનું નામ.
ભોજ. (૩) કુંતિભોજ શબ્દ જુઓ.
ભોજ. (૪) હૈહયકુળમાંના એક કુળનું નામ.
ભોજ. (૫) ભોજકટ શબ્દ જુઓ.
ભોજ .(૬) કૃતવર્માની નગરી. (ભા૨૦ આ૦ ૨૦૧-૬; દ્રો૦ ૬૧૪-૭૮; ૧૧૬-૨૨.)
ભોજકટ. વિદર્ભ દેશમાંનું એક નગર. જેમાં રુક્મિણ રહેતો હતો તે. વરાડ પ્રાંતમાં આવેલું પૂર્ણા નદી ઉપરનું હાલનું બલીચપુર તે.
ભોજકટ. (૨) એ નામનું એક બીજું નગર. તે ક્યાં દેશમાંનું તે જણાતું નથી. (ભા૨૦ સભા૦ અ૦ ૩૨-૧૨.)
ભોજનગર. ઉશીનગર રાજાની રાજધાની.
ભોજન. ક્રૌંચદ્વીપમાંનો પર્વત.
ભોજપાયન. એક બ્રહ્મર્ષિ. (૨. કશ્યપ શબ્દ જુઓ.)
ભોજા. ઋષભદેવ વંશના વીરવ્રત રાજાની સ્ત્રી. મંથુ અને પ્રમંથુની મા.
ભોજા. (૨). આર્યક નાગની કન્યા. તેનું મારીષા એવું બીજું નામ છે. તે યદુકુલોત્પન્ન શૂર રાજાની સ્ત્રી અને વસુદેવ ઇત્યાદિ પુત્રોની માતા હતી.
ભોજા. (૩) જ્યામઘે હરણ કરીને આણેલી

કન્યા, અને તેના વિદર્ભ નામના પુત્રની સ્ત્રી.
ભોજા. (૪). સૌવીરની પુત્રી અને સાત્યકીની સ્ત્રી. (ભા૨૦ દ્રો૦ ૧૦-૩૩)
ભૌત્ય. બ્રહ્મસાવર્ણિ મનૂનું બીજું નામ.
ભૌમ. મંગળ નામનો ગ્રહ. ભૂમિ-પૃથ્વીનો પુત્ર.
ભૌમાસુર. નરકાસુર શબ્દ જુઓ.
ભૌમતાપન. ગૌરપરાશર કુલોત્પન્ન એક ઋષિ.
ભૌમન. વિશ્વકર્માનું બીજું નામ. એણે અમૃતનું રક્ષણ કર્યું હતું. (ભા૨૦ આ૦ ૩૨-૩)
ભૌમેય. એક જાતિના લોકો. (ભા૨૦સ૦૭૮-૬૮)
ભૌવન. ઋષભદેવ વંશના મંથુ નામના રાજાને સત્યાથી થએલો પુત્ર. એને દૂષણા નામની સ્ત્રી અને તેનાથી થએલો ત્વષ્ટા નામનો પુત્ર હતો.
ભૌવન. બાર ભાર્ગવ દેવોમાંનો એક.
ભ્રમર. એક રાજપુત્ર, (૩. જયદ્રથ શબ્દ જુઓ) જયદ્રથનો ભાઇ. (ભા૨૦ વ૦ ૨૬૬-૧૧)
ભ્રમી. ઉત્તાનપાદપુત્ર ધ્રુવની સ્ત્રી, ને શિશુમાર પ્રજાપતિની કન્યા.
ભ્રાજિષ્ટ. પ્રિયવ્રતપુત્ર ધૃતપૃષ્ટના સાત પુત્રોમાંનો પાંચમો. તેનો વર્ષ તેના જ નામથી પ્રસિદ્ધ છે.
ભ્રાજિષ્ટ. (૨) ક્રૌંચદ્વીપના સાત વર્ષોમાંનો પાંચમો વર્ષ.
ભ્રાષ્ટ્રકાયન. એક બ્રહ્મર્ષિ. (૩. ભૃગુ શબ્દ જુઓ.)
ભ્રાષ્ટકૃત. એક બ્રહ્મર્ષિ. (૩. અંગિરા શબ્દ જુઓ)

મ

મકર. કુબેરના નવ નિધિમાંનો એક.
મકર. (૨) મેરુના પરિસ્તરણ ગિરીમાંનો ઉત્તર તરફનો પર્વત.
મકરકેતુ. જેની ધ્વજામાં માછલીનું ચિત્ર છે એવો-કામદેવ અગર પ્રદ્યુમ્ન. (ભા૨૦ વન૦ અ૦ ૧૮-૬૧).
મકરધ્વજ. મહામત્સ્ય જેની ધ્વજા ઉપર છે એવો જે મદન તે. આવા અર્થનાં આનાં નામો પુષ્કળ છે.
મકરધ્વજ. (૨) ગળામાં આવેલો ગળફો ખુંખારીને મારતીએ સમુદ્રમાં નાંખ્યો તે એક મગરીએ ગળ્યો, તેમાંથી ઉત્પન્ન થએલો પુત્ર.
મકરધ્વજ. (૩) ચંદ્રહાસ રાજાનો જ્યેષ્ઠ પુત્ર.
મકરધ્વજ. (૪) સોમવંશી ધૃતરાષ્ટ્રનો પુત્ર. એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો.
મકરાક્ષ. જનસ્થાનમાં રહેનારા ખર રાક્ષસનો પુત્ર. આને રામે લંકામાં માર્યો. (વા૦ રા૦ યુ૦ સ૦ ૭૮).
મકરી. ભારતવર્ષીય નદી. (ભા૨૦ભી૦૬-૨૩.)
મકુણક. માતરિશ્વથી સુકન્યાને પેટે જન્મેલ એક ઋષિ. (ભા૨૦ શા૦ ૨૧-૨. વ૦ ૮૧-૧૧૬.) વાયુવેગ, વાયુબલ, વાયુહા, વાયુમંડલ, વાયુજ્વાલ, વાયુરેતા અને વાયુચક્ર એવા સાત પુત્રો હતા. (સ્કન્દ પુ૦ પ્રભાસ ખં૦ પ્રથમ ભાગ૦ ૨૭૦). એના ચરિત્ર સારુ જુઓ (ભા૨૦ શા૦; પદ્મ પુ૦). એ કશ્યપનો માનસપુત્ર હતો. (વામન પુ૦ ૩૮)

એ સારસ્વત તીર્થમાં તપ કરતો હતો, ત્યાં એકદા તેના હાથમાં દર્ભ વાગવાથી લોહી નીકળ્યું, ને શેરડીના રસની પેઠે વહેવા લાગ્યું. આ ઉપરથી પોતાના તપની સિદ્ધિ થઇ એવું તેને અભિમાન આવી ગયું. આમ તપની સિદ્ધિ થઈ સમજી એણે નાચવા માંડયું. એના તેજ વડે આખું જગત્ નાચવા માંડયું અને બધાં દુઃખી થયાં. તે ઉપરથી ઋષિયોએ શિવની પ્રાર્થના કરી.

શિવે જઇને મકુણકને પુછું કે તમે આમ કેમ નાચો છો ? એણે કહ્યું કે જોતા નથી ? મારા હાથમાંથી શેરડીનો રસ નિકળે છે તે. તે ઉપરથી શિવે પોતાના અંગુઠા ઉપર ઘા કર્યો એટલે એમાંથી ધોળી શુદ્ધ ખાંડ નિકળવા વાગી. શિવે કહ્યું જુઓ મારા અંગુ-

ઠામાંથી તો શુદ્ધ ખાંડ નિકળે છે. આ જોઇને તે શરમાઈ ગયો; અને નિરહંકાર થઈ મહાદેવની પ્રાર્થના કરવા લાગ્યો. શિવ એને વરદાન આપી સ્વસ્થાન પધાર્યા. (**ભા૨૦ વન૦ અ૦ ૮૩**).

મંકિ. એક ખેડુત. આ એક વખત પોતાના બે બળદની કાંધપર ધુંસરી નાંખી ખેતર તરફ જતો હતો, તેવામાં સામે એક ઉંટ આવ્યું, જેણે પોતાની લાંબી ડોક બળદ તરફ ધરી. તેને જોઇને બળદો ચમકીને ઉછળ્યા. તેથી બેઉ બળધની કાંધ ઉપરની ધુંસરી એમને એમ રહ્યા છતાં, ઉંટની ડોકમાં ભરાઇ પડી. ઉંટે સહેજ ડોક ઉંચી કરતાં બળદ બે બાજુ ઉપર લટકવા લાગ્યા. તે ઉંટને બહુ વિચિત્ર લાગતાં, ડોક ખંખેરીને નાસતાં, બે બળદ નીચે પડી મરણ પામ્યા. આ જોઇ, આ પ્રારબ્ધનો ચમત્કાર માની, તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. (**ભા૨૦ શાંતિ૦ ૧૭૬-૪**)

મખોપેત. કાર્તિક માસમાં સૂર્ય સાથે સંચાર કરનારો રાક્ષસ. (**૩ ઊર્જ શબ્દ જુઓ**).

મગધદેશ. પૂર્વ મુલ્ક આ દેશની આજુબાજુ પ્રમુલ્ક દેશની પૂર્વ તરફનો દેશ. વૈહાર, વરાહ, વૃષભ, ઋષિગિરિ, અને ચૈત્યક એવા પાંચ મર્યાદારૂપ પર્વત હોઈ, આ દેશની રાજધાની ગિરિવ્રજ છે. પૂર્વે અહિં દશરથનો સસરો, સુમિત્રાનો પિતા શ્રુતસેન રાજ્ય કરતો હતો. અને પાંડવોના સમયમાં જરાસંધ ને તેની પછી તેનો પુત્ર સહદેવ અહિં રાજા હતા. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**).

મંગલ. આદિવરાહથી ભૂદેવીને થએલો પુત્ર. આ કલ્પારંભના મંગળમંડલનો અધિપતિ હતો. પ્રસ્તુત તેને ઠેકાણે વીરભદ્ર નામનો શિવગણ મંગલ થયો છે.

'કુજ, અંગારક, ભૂમિસુત, લોહીતાંગ, મહીબાલ' (**માનમંજરી-નંદદાસ**) એવાં એનાં નામાન્તરો છે.

મંગલ. (૨) દાશરથિ રામની સભામાંનો હાસ્યકાર-મશ્કરો.

મંગલપ્રસ્થ. ભારતવર્ષીય પર્વત.

મઘવા. ઇંદ્રનું એક નામ. ચાલુ મન્વન્તરમાંનો એ જ નામનો સાતમો વ્યાસ. (**વ્યાસ શબ્દ જુઓ**).

મઘા. સોમની સત્તાવીશ સ્ત્રીઓમાંની એક.

મઘા (૨). એ નામનું એક નક્ષત્ર.

મચક્રુક. એક તીર્થ વિશેષ. (**૩ કુરુક્ષેત્ર શબ્દ જુઓ**).

મચક્રુક (૨). એક યક્ષ વિશેષ. (**વ૦ ૮૧-૨૦૦**).

મંજુલા. વંજુલા શબ્દ જુઓ. નદી વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯-૩૪.**)

મંડ. બ્રહ્મર્ષિ (**૩ ભૃગુ શબ્દ જુઓ.**)

મણલૂર. મણિપુર, અર્જુનના સસરા ચિત્રવાહનની પાંડ્રદેશસ્થ નગરી. (**ભા૨૦આ૦ ૬૩-૮૧**).

મણિકંધર કુબેર સેનાપતિમાંનો એક.

મણિ. એક ઋષિ. (**સ૦૧૧-૨૪**).

મણિકર્ણિકા. ભાગીરથી સંબંધી તીર્થ વિશેષ.

મણિકાર્મુકધર. કુબેર સેનાપતિમાંનો એક.

મણિકૂટ. પ્લક્ષદ્વીપમાં આવેલા સાત પર્વતોમાંનો એક.

મણિગ્રીવ. કુબેરપુત્ર અને નલકૂબરનો કાનષ્ટ ભાઇ.

મણિદ્વીપ. દ્વીપ વિશેષ. આ સપ્તદ્વીપમાંનો નહોય. એકાદા અષ્ટદ્વીપમાંનો આ નામાંતરનો સામાન્યદ્વીપ હોવો જોઇએ. એમાં મહિસાસુર રહેતો હતો.

મણિધર. લોહિત પર્વત ઉપર રહેનાર યક્ષ વિશેષ.

મણિનાગ. એક નાગ વિશેષ.

મણિનાગ (૨). ભારતવર્ષીય તીર્થ. (**ભા૨૦વ૦ ૮૨-૧૦૬**).

મણિપુર. ચિત્રવાહન રાજાની નગરી. અહિં અર્જુનપુત્ર બભ્રુવાહન રાજ્ય કરતો હતો. મણલૂર તે જ.

મણિપુર. (૨) નિવાતકવચનું નગર. (**વા૦રા૦ ઉત્તર૦ સ૦ ૨૩**).

મણિપુષ્પક. સહદેવનો યુદ્ધ સમયે વગાડવાનો શંખ.

મણિભદ્ર. શિવગણ.

મણિભદ્ર. (૨) કુબેર સેનાપતિમાંનો એક. એ ચંદ્રપ્રભ પર્વત ઉપર રહે છે.

મણિભૂપ. કુબેર સેનાપતિમાંનો એક.

મણિમતી. ભારતવર્ષીય નદી.

મણિમતી. (૨) એક નગરી. એનું દુર્જયા એવું એ નામ જડી આવે છે.

મણિમન્થ. પર્વત વિશેષ. (**ભા૨૦ અનુ૦ ૪૯-૩૩**).

મણિમાન. પાતાળ લોકમાંનો નાગ વિશેષ.

મણિમાન. (૨) કુબેર સેનાપતિ રાક્ષસ વિશેષ. એ કુબેરનો અતિપ્રિય સેવક હતો. એકદા આનાથી અગસ્ત્ય ઋષિનો કાંઇ અપરાધ થઈ ગયો, તેથી ઋષિએ આને શાપ દીધો. કે તારું મૃત્યુ વહેલું થશે. પછી તે પ્રમાણે પાંડવો હિમવાન્ પર્વત પર હતા ત્યારે ભીમ કમળ લેવા કુબેરવનમાં ગયો, તે વખતે તે નિમિત્તે ભીમ અને આની વચ્ચે યુદ્ધ થયું તેમાં ભીમે આને માર્યો. (**ભા૨૦ વન૦ અ૦ ૧૬૦**).

મણિમાન (૩). રુદ્રગણ વિશેષ.

મણિમાન (૪). ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૫**).

મણિમાન (૫). દ્રોણાચાર્યે મારેલો પાંડવ પક્ષનો એક રાજા. એ પૂર્વ તરફનો રાજા હશે.

મણિમાન (૬). દ્રૌપદી સ્વયંવરમાં આવેલો એક ક્ષત્રિય. (**ભા૨૦ આ૦ ૨૦૭-૭**).

મણિવક્ર. આપ નામના વસુનો પુત્ર.

મણિવાહન. સોમવંશી ઉપરિચર વસુને ગિરિકાથી થએલા પુત્રોમાંનો એક.

મણિસ્રગ્વિ. કુબેર સેનાપતિમાંનો એક યક્ષ

મણ્ડલક. નાગ વિશેષ. (**ભા૨૦ સ૦ ૯-૧૦**).

મણ્ડુકી કન્યા. મણ્ડુકરાજ આયુની પુત્રી સુશોભના. ઇક્ષ્વાકુ વંશના પરીક્ષિતની સ્ત્રી અને શલ, દલ અને બલ નામના પુત્રોની માતા. (**ભા૨૦ વ૦ ૧૯૫-૩૨**).

મણ્ડુકરાજ. આયુ નામનો રાજા. સુશોભનાનો પિતા. (**ભા૨૦ વ૦ ૧૯૫-૩૨**).

મતંગ. દાશરથિ રામને ફળ આપનારી શબરીનો ગુરુ. (**વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૭૪**).

મતંગ. (૨) નાપિતથી બ્રાહ્મણીને પેટે જન્મેલો એક ઋષિ પુત્ર. એ એના પિતાને અરણ્યમાંથી સમિધ અને દર્ભ લાવી આપતો હતો. એ બીજાને યજ્ઞ કરાવતો. એક વેળા યજ્ઞને સારુ ઉતાવળથી ઇંટો લાવવાને પિતાના કહેવાથી તે ગધેડી અને તેના બચ્ચાંને રથે જોડી અરણ્યમાં ગયો. આ બ્રહ્મબીજ નહોતો તે આનાથી ઉઘાડું જણાઇ આવે છે. કારણ કે તે કાળમાં ચાંડાળ અને યવન શિવાય ગધેડાંને કોઇ રથે જોડતું નહતું. રથમાં બેસી જતાં, રાસભી (ગધેડી) કરતાં તેનું બચ્ચું નાનું હોવાથી તેની હરોલમાં ચાલી શકે નહિ, તેથી તે બચ્ચાંને વારંવાર મારવા મંડ્યો. તેને લીધે તે બચ્ચાનું નાક ભાગી ગયું અને અતિશય દુઃખ થવાથી રડવા લાગ્યું. આવું જોઇ તેની માતા (રાસભી) તેને કહેવા લાગી કે તું રડીશ નહિ; પ્રાણી માત્રને દુઃખ દેવું એ ચંડાલોનો સ્વભાવ જ છે. તેનું બોલવું મતંગથી સમજાયાથી તે રથથી નીચે ઉતર્યો અને રાસભીને પુછવા લાગ્યો કે હું ચંડાળ શી રીતે? તે તું મને કહે. તે ઉપરથી, તારી માતાને શુદ્રની સાથે સમાગમ થવાથી તું ઉત્પન્ન થયો છે એમ રાસભીએ એને કહ્યું. આ સાંભળતાં જ એને ઘણો પશ્ચાત્તાપ થયો; અને લાગલો જ તે બંન્નેને છોડી દઈ, બ્રાહ્મણત્વ પ્રાપ્ત થવા માટે તપ આરંભ્યું. પરંતુ આ જન્મમાં તે તેને પ્રાપ્ત થયું નહિ. ઘણી તપશ્ચર્યાને અંતે તે છંદોદેવ નામે પ્રસિદ્ધ થયો. (**ભા૨૦ અનુ૦ ૩-૧૮**).

મતંગકેદાર. તીર્થ વિશેષ. (**ભા૨૦વ૦૮૩-૧૭**).

મતંગપર્વત. ઋષ્યમૂક અને મલય એ બે શિખરોના આધારરૂપ પર્વત.

મતંગસર. પંપાસરોવરની પાસે જ આવેલું એક સરોવર.

મતંગાશ્રમ. ક્રૌંચારણ્યની પૂર્વ બાજુએ આવેલો મતંગ ઋષિનો આશ્રમ. (**ભા૨૦ વ૦ ૮૨-૧૦૦**).

અતિ. દક્ષ પ્રજાપતિની કન્યા અને ધર્મ પ્રજાપતિની સ્ત્રી. (ભા૨૦ આ૦ ૬૭–૧૫).

અતિનાર. નહુષ કુળના યયાતિના પૂરુના વંશના રૌદ્રાશ્વના પૌત્ર અને ઋતેયુના પુત્ર અંતિનાર રાજાનું બીજું નામ. ઋતેયુના અનાધૃષ્ટિ, અને અન્યગભાનુ એવાં બીજા નામો હતાં. અતિનાર અથવા મતીનાર ને તંસુ, મહાનમિ, દ્રહ્યુ અને અતિરથ એવા ચાર પુત્રો હતા. (ભા૨૦ આ૦ ૮૮–૧૨).

અત્ત. લંકામાંનો એક બલાઢય રાક્ષસ. (વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૬).

અત્ત. (૨) મહાપાર્શ્વનું પણ આ નામ મળી આવે છે.

અત્તમયૂરક. રોહિતકપુરીમાંનો અધ્યક્ષ વિશેષ અથવા લોક વિશેષ.

અંત્રદ્રુમ. ચાક્ષુષ મન્વન્તરમાંના સ્વર્ગમાંનો ઇંદ્ર.

અંત્રમાલા. કુશદ્વીપમાંની એક નદી.

અંત્રિકા. યજુર્વેદોપનિષત્.

અંત્રેશ્વર. એક યોજન લાંબું એવું નર્મદાના ઉત્તર કિનારાનું એક તીર્થ.

અત્સિલ્લ, ઉપરિચર વસુનો ગિરિકાને પેટે થયેલો પુત્ર. (ભા૨૦ આ૦ ૬૪–૪૪).

અત્સ્ય. ઉપરિચર વસુનો મત્સ્યાને પેટે થયેલો પુત્ર. મત્સ્યગંધાનો જોડીઓ ભાઈ. (ભા૨૦ આ૦ ૬૪–૮૩)

અત્સ્ય(૨). દેશ વિશેષ. સુરસેન દેશની પશ્ચિમે આવેલો દેશ જેમાં હાલનાં જેપુર અને અલવર રાજ્ય આવેલાં છે તે. પૂર્વે જેને વિરાટ કહેતા તે.
(ભા૨૦ ભી૦ ૯–૪૦).

અત્સ્યગંધ. એક બ્રહ્મર્ષિ. (૩. ભૃગુ શબ્દ જુઓ).

અત્સ્યગંધા. કૃષ્ણદ્વૈપાયનની માતા સત્યવતીનું મૂળનું નામ.

અત્સ્યદગ્ધ. બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

અત્સ્યદેશ. ઇંદ્રપ્રસ્થ નગરી મધ્યમાં લઈ તેની પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એમ જે દેશો તે મત્સ્યદેશ. મત્સ્ય તે જ.

અત્સ્યનદી. ભારતવર્ષીય નદી.

અત્સ્યરાજ. ઉપરિચર વસુ રાજાથી મત્સ્યીને ઉદરે થએલા કન્યાપુત્રરૂપ જોડવાંમાંનો પુત્ર. મત્સ્યગંધાનો ભાઈ.

અત્સ્યવાહન. વરુણ.

અત્સ્યાચ્છાદ્ય. બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

અત્સ્યાવતાર. બ્રહ્મદેવનો ઘોર નામનો પચ્ચીસમો કલ્પ (દિવસ) સમાપ્ત થઇ રાત્રિ પડતાં બ્રહ્મદેવ નિદ્રિત થયા, એટલે નિત્ય પ્રલય થયો તે કાળે હયગ્રિવ નામનો કોઈ અસુર વેદ હરણ કરી જવાની બુદ્ધિ વડે બ્રહ્મદેવ તરફ જતો જોઈ તેનો નાશ કરવા ધારણ કરેલો વિષ્ણુનો મત્સ્યરુપી અવતાર.

आसीदतीतकल्पांते ब्राह्मो नैमित्तिको लयः ॥
समुद्रोपप्लुपतास्तत्र लोका भूरादयो नृप॥७॥
कालेनागतनिद्रस्य धातुः शिशयिषोर्बली ॥
मुखतो निसृतान् वेदान् हयग्रीवोंतिके हरत् ॥८॥
ज्ञात्वा तदानर्वेद्रस्य हयग्रीवस्य चेष्टितम् ॥
दधार शफरीरुपं भगवान् हरिरीश्वरः ॥९॥
(ભાગ૦ ૮ સું૦ અ૦ ૨૪)

આ અવતાર જોકે પૂર્વકલ્પની અને ચાલૂ કલ્પની સંધીમાં થયો હતો તોપણ તેની ગણના ચાલૂ કલ્પમાં જ થાય છે.

આ મત્સ્યનો સત્યવ્રત રાજા સાથે સંબંધ થયો હતો તેનો ઇતિહાસ એવો છે કે:–કોઇ એક કાળે પૂર્વકલ્પમાં સત્યવ્રત રાજા સંધ્યા કરવા બેઠા હતા. તેમની અંજળીમાં અકસ્માત્ એક ઘણું જ નાનું મત્સ્ય કુદિને પડયું તે તેમણે સંધ્યાપાત્રમાં [તરભાણામાં] નાંખ્યું. લાગલું જ તે વધવા માંડયું. ને તરભાણાંમાં ન માવાથી રાજા મારૂં રક્ષણ કર એમ કહેવા લાગ્યું. આમ વધતું જોઇ રાજાએ તેને અનુક્રમે કુવામાં ને પછી સરોવરમાં મુકયું. ત્યાં પણ મોટું ને મોટું વધવાથી ન માવાથી પૂર્વવત રાજા તું મારૂં રક્ષણ કર એમ કહેવા લાગ્યું. આ જોઈ આખરે રાજાએ તેને સમુદ્રમાં મુકયું તો ત્યાં

પણ એવું મોટુ થયું કે આખા સમુદ્રમાં વ્યાપી ગયું. આ જોઇ આશ્ચર્ય પામી રાજા કહેવા લાગ્યો કે, તું મત્સ્ય ન હોઇ કોઇ અલૌકિક પ્રાણી એવો ઇશ્વર જ છે ! આવું કહી રાજાએ તેની સ્તુતિ કરી, તે સાંભળી મત્સ્ય રૂપી ભગવાને તેને કહ્યું કે હે રાજા, હવે પ્રલયકાળ બહુ સનીપ આવી પહોંચ્યો છે. તે થઇ ગયા પછી નૂતન કલ્પ આરંભાશે. તેમાં તું સાતમા વૈવસ્વત નામનો મનુ થઇશ. તે ઉપરથી રાજાએ પ્રલયકાળને સમયે સ્થિતિ કેવી હશે તે જોવાની ઇચ્છા દર્શાવી. એટલે મત્સ્ય તેને એક નૌકા તૈયાર કરવાની અને પ્રલય ઉપસ્થિત થતાં તેમાં બેસવાની આજ્ઞા કરી, પુનઃ હું તારી પાસે આ જ રૂપે પ્રત્યક્ષ થઇશ, એમ કહી અંતર્ધાન થયું. [મત્સ્ય૦ અ૦ ૧]

મથન. વિષ્ણુએ મારેલો તારકાસુર પક્ષનો એક અસુર. (મત્સ્ય૦ અ૦ ૧૫૧).

મંથરા. વિરોચન દૈત્યની કન્યા. એ સર્વ પૃથ્વીનો નાશ કરવો એવી ઇચ્છા ધારણ કરી, તેમ કરવા જતાં ઇંદ્રે તેને મારી નાંખી. (વા૦ રા૦ બાલ૦ સ૦ ૨૫).

મંથરા (૨) દશરથ રાજાની ત્રીજી સ્ત્રી કૈકેયીની દાસી. તે આગલા જન્મની દુંદુભ નામની ગંધર્વી હતી. રામચંદ્રને યૌવરાજ્ય આપવાનો સમારંભ થતાં તેણે કૈકેયીને ભય પ્રદર્શિત કરીને, પૂર્વે દશરથે આપેલાં બે વરનું સ્મરણ તાજું કરી આપી, એક વરથી રામ અરણ્યમાં જાય ને બીજા વરથી ભરતને યૌવરાજ્ય મળે, આવું રાજા પાસેથી માગી લેવાનું શીખવ્યું. એ શરીરે ત્રણ ઠેકાણેથી વાંકી હોવાથી તેનું ત્રિવક્રા, કુબ્જા એવું બીજું નામ હતું. (વા૦ રા૦ અયોધ્યા૦ સ૦ ૭–૯)

મથિત. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

મંથુ, ઋષભદેવવંશના વીરવ્રત રાજાનો જ્યેષ્ઠ પુત્ર. એને ભૌવન નામનો પુત્ર હતો.

મથુરા. રાવણની બહેન કુંભીનસીના પતિ મધુ નામના અસુરે પૂર્વે અહિં તપ કરેલું હોવાથી મધુવનને નામે આ દેશ પ્રખ્યાત હતો. પછી તેનું તપ પૂર્ણ થતાં, રુદ્રના વરે કરી સંપન્ન થયો એટલે તેણે મધુરા નામની પુરી સ્થાપી; અને તેમાં રહ્યો. કાંઇ કાળે મધુ મરણ પામ્યો ને તેનો પુત્ર લવણાસુર ત્યાં રાજ્ય કરવા લાગ્યો. પરંતુ તે દુષ્ટ હોવાથી રામની આજ્ઞા ઉપરથી રામના શત્રુઘ્ન નામના ભાઈએ તેને મારી પોતે ત્યાં જ રાજ્ય કરવા લાગ્યો. [વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૭૦] આ દેશની સેના શૂર થશે એવું શત્રુઘ્નને દેવનું વરદાન મળવાથી તે દેશનું નામ તે પછી શૂરસેન દેશ એવું પડયું. અને મધુપુરી તેની રાજધાની થઈ, તેનું જ મથુરા એવું નામ પાછળથી પડયું. પાંડવોના વખતમાં આ નગરી પશ્ચિમ શૂરસેન દેશની રાજધાની હતી. હાલ શુરસેન દેશનું તો નામે જતું રહ્યું છે. માત્ર એ નગરી હજુ પણ એ નામે જ પ્રસિદ્ધ છે.

મદ. એક બ્રહ્મપુત્ર.

મદ (૨). ઇંદ્રનો પરાભવ કરવા માટે ચ્યવન ભાર્ગવે અગ્નિમાંથી ઉત્પન્ન કરેલો રાક્ષસ. (ભા૨૦ અનુ૦ ૨૬૧–૨૬).

મદ (૩). રામચંદ્રના સુજ્ઞ નામના મંત્રીનો પુત્ર.

મંદ. રાવણ પક્ષનો એક રાક્ષસ.

મંદક. ભારતવર્ષીય દેશ. (ભા૨૦ ભીષ્મ૦ અધ્યાય૦ ૯).

મંદગા. શુક્તિમાન્ પર્વતમાંથી નિકળેલી એક નદી.

મંદચાર. ભીમસેને પૂર્વ દિગ્વિજય વખતે હરાવેલો એક રાજા.

મદન. એક બ્રહ્મપુત્ર. કામ એ નામથી પ્રસિદ્ધ છે.

મદના (૨). ધૃષ્ટબુદ્ધિ પ્રધાનનો જ્યેષ્ટ પુત્ર. (૧. ચંદ્રહાસ શબ્દ જુઓ.)

મદનમંજરી. નીલધ્વજપુત્ર પ્રવીરની સ્ત્રી.

મદનસુંદરી. શત્રુઘાતી રાજાની સ્ત્રી.

મદનાલસા. ચંપક ગંધર્વની સ્ત્રી.

મંદપાલ. કોઇ એક તપસ્વી ઋષી. અર્જુને ખાંડવ

વન અગ્નિને ભક્ષ કરવા આપ્યું તે વેળા તેમાંથી જે ચાર પક્ષી બચ્યાં તેનો પક્ષીદેહે કરીને પિતા હતો. એના પુત્રો જરિતારી, સારિસ્રક, દ્રોણ, અને સ્તમ્બ.

મદ્રયંતી. સૂર્યવંશી કલ્માષપાદ અથવા મિત્રસહ રાજાની સ્ત્રી. અશ્મક રાજાની માતા.

મંદર. મેરુની પૂર્વદિશા તરફનો આધારભૂત પર્વત. એના ઉપર કોઇ કોઇ વાર શિવ આવીને રહે છે. (**ભાર૦ દ્રોણ૦ અ૦ ૯૪**).

મંદર (૨). સમુદ્રમથન કાળે રવૈયાને સ્થાને યોજેલો બીજો એ નામનો એક પર્વત.

મંદરહરિણ. અષ્ટ ઉપદ્વીપોમાંનો પાંચમો.

મંદરાચલ. મંદર પર્વત તે જ.

મંદવાહિની. શુક્તિમાન પર્વતમાંથી નીકળેલી એક નદી.

મંદાકિની. ભાગીરથી.

મંદાકિની (૨). ઋષ્યવાન્ પર્વતમાંથી નીકળેલી એક નદી.

મદાકિન્ય. એક બ્રહ્મર્ષિ. (**૨ કશ્યપ શબ્દ જુઓ**)

મંદાર. હિરણ્યકશિપુ નામના દાનવનો પુત્ર. રુદ્રનું વરદાન હોવાથી આણે ઇંદ્ર સાથે ઘણા કાળ પર્યંત યુદ્ધ કર્યું હતું. (**ભાર૦ અનુ૦ અ૦ ૧૪**).

મંદાર (૨). સ્વર્ગનું એક વૃક્ષ.

મદાલસા. એક રાજપત્ની. બીજા અલર્ક રાજાની માતા. એ પરમ બ્રહ્મનિષ્ઠ હતી.

મદિરા. વસુદેવની સ્ત્રીઓમાંની એક.

મદિરાશ્વ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ રાજર્ષિનો પૌત્ર અને દુશાશ્વ રાજાનો પુત્ર. એની રાજધાની માહિષ્મતી નગરી. (**ભાર૦ અનુ૦ અ૦ ૨**) એણે પોતાની કન્યા સુમધ્યમા હિરણ્યહસ્ત ઋષિને આપી હતી. (**ભાર૦ શાંતિ૦ અ૦ ૨૩૫**) આને ધૃતિમાન નામનો પુત્ર હતો.

મદિરાશ્વ (૨). વિરાટ રાજાનો ભાઇ એ યુદ્ધમાં પાંડવ પક્ષે હતો. અને દ્રોણાચાર્યે એને માર્યો હતો. (**ભા૦ વિરાટ૦ અ૦ ૩૩-૨૦**). આને મદિરાક્ષ પણ કહે છે.

મદિરાક્ષ. બગડાની સંજ્ઞાવાળો મદિરાશ્વ તે જ.

મદોત્કટ. રુદ્રગણમાંનો એક.

મંદોદરી. મયાસુરને હેમા અપ્સરાથી થયેલી ત્રણ કન્યામાંની બીજી; એ રાવણની સ્ત્રી હતી. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૨**).

મંદોદરી (૨). સિંહલદ્વીપમાં ચંદ્રસેન રાજાથી ગુણવતી ભાર્યાની કૂખે થએલી કન્યા. આ રૂપે અતિશય સુંદર હોઇને ઉમ્મર લાયક થતાં તેના બાપે ઇંદ્રદેશના રાજા સુઘન્વાના પુત્ર કંબુગ્રીવ સાથે તેના વિવાહનો નિશ્ચય કર્યો. પરંતુ આણે પિતાને કહ્યું કે અધમ પુરુષો પરસ્ત્રી રત હોઇ વિવાહિત સ્ત્રીનો ત્યાગ કરનાર હોય છે એટલે મારે લગ્ન જ કરવાં નથી. રાજાએ તેને ઘણો બોધ કર્યો પણ તે સાંભળતી નથી જાણી તે વિવાહ તેણે ફોક કર્યો.

કોઇ કાળે તેની નાની બ્હેન દ્રૌપદીનાં લગ્ન થયાં. તે સમારંભમાં અનેક દેશના રાજપુત્ર આવ્યા. તેમાં મદ્રદેશનો ચારુદેષ્ણ નામનો અતિ રૂપવાન રાજપુત્ર આવ્યો હતો, તેને જોઇને આનું મન પહેલાં કરેલા નિશ્ચયમાંથી ડગ્યું ને તેણે પોતાના પિતાને મારે અમુક સાથે લગ્ન કરવું છે એવું જણાવ્યું. આથી આના પિતાને આનંદ થયો ને દ્રૌપદીના લગ્નના સમારંભમાં જ એનું લગ્ન કર્યું. કાળે કરી પૂર્વે એણે પુરુષો વિશે જે ભવિષ્ય ભાખ્યું હતું, તે જ એને અનુભવવું પડ્યું ને તેથી એને દુઃખ થયું. (**દેવિ ભા૦ ૫૦ સ્કં૦ અ૦ ૧૭-૧૮**).

મદ્રક. ભારતયુદ્ધમાંનો દુર્યોધનપક્ષનો એક રાજા.

મદ્રક (૨). મદ્રદેશ.

મદ્રદેશ. ભારતવર્ષીય દેશ એ પશ્ચિમ આનર્ત દેશની પશ્ચિમે હોઇ એની રાજધાની શાકલ નામની નગરી છે. (**ભાર૦ સભા૦ અ૦ ૩૨**). અહીં દશરથ રાજા અને સીરધ્વજ જનકના વખતમાં, ચારુદેષ્ણ રાજા હતો.

અને પાંડવોના વખતમાં શલ્ય રાજા હતો.

મદ્રરાજ. શલ્યનું નામાન્તર. (**ભાર૦ આ૦ ૧-૨૩૧**).

મદ્રાધિપ. શલ્યનું નામાન્તર.(**ભાર૦ભી૦૮૫-૧૪**).

મધુ. થઈ ગએલા ઉત્તમ નામના ત્રિજા મનુના દસ પુત્રોમાંનો એક,

મધુ (૨). ઋષભદેવ વંશના બિંદુમાન રાજાને સરધા નામની સ્ત્રીથી થએલો પુત્ર. આનો પુત્ર વીરવ્રત રાજા.

મધુ (૩). કૈટભ અસુરનો કનિષ્ઠ ભાઇ. (**મધુ કૈટભ શબ્દ જુઓ**).

મધુ. (૪) એક રાક્ષસ, જેણે રાવણની (માશીની દીકરી) બ્રેનની કન્યા કુંભીનસીનું હરણ કરી જઇ તેની સાથે લગ્ન કર્યું હતું તે. આની માતા લોલા નામની રાક્ષસીને ઘણા કાળ પર્યંત તીવ્ર તપ કર્યા પછી રુદ્રે પ્રસન્ન થઇ એક ભાલો આપ્યો અને કહ્યું કે, જ્યાં સુધી તું દેવ અને બ્રાહ્મણનો દ્વેષ નહિ કરે ત્યાં સુધી આ શૂલ તારી પાસે રહેશે; અને એ હાથમાં હશે ત્યાં સુધી તું અજેય રહીશ. મધુએ પુનઃ વિચાર કરીને માગ્યું કે આ શૂલ મારા વંશમાં સતત રહે. રુદ્રે તે અમાન્ય કર્યું અને કહ્યું કે માત્ર તારા પુત્ર પર્યંત રહેશે. એવું કહી પોતે અંતર્ધાન થયા. પછી મધુ, મધુપુરી સ્થાપી તેમાં સ્ત્રીસહવર્તમાન રહેતો હતો. કાળે કરી તેને લવણાસુર નામનો પુત્ર થયો. પુત્ર મોટો થતાં, પોતાનો અંતકાળ પાસે આવ્યો જાણી, મધુએ પુત્રને પાસે બોલાવ્યો ને તેને શૂલ આપી કહ્યું કે લગીર પણ અધર્મ આચરણ કરીશ નહિ. જો એમ કરીશ તો તું જલદી જ ક્ષય પામીશ. આટલું બોલી તેણે પ્રાણ છોડ્યા. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૬૧.**)

મધુ (૫). સોમવંશી યદુપુત્ર સહસ્રાજિત્ કુલોત્પન્ન કાર્તવીર્ય રાજાના મુખ્ય પાંચ પુત્રોમાંનો ચોથો. આને વૃષ્ણિ ઇત્યાદિ સો પુત્રો હતા.

મધુ (૬). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના કથાન્વયસંભૂત દેવક્ષત્રનો પુત્ર. આનો પુત્ર તે કુરુવશ રાજા.

મધુ (૭). યદુવંશમાંનું એક પ્રસિદ્ધ કુળ,

મધુ (૮). કૃષ્ણના પૌત્રોમાંનો એક.

મધુ. (૯). વર્ષનો પહેલો માસ. આની પૂર્ણિમાએ ચિત્રા નક્ષત્ર હોઇ એને ચૈત્ર કહ્યો છે. આ માસમાં ધાતા નામનો આદિત્ય સૂર્યમંડળાધિપતિ હોઇ, પુલસ્ત્ય ઋષિ, કૃતસ્થલી અપ્સરા, તુંબુરુ ગંધર્વ, વાસુકિ નાગ, રથકૃત યક્ષ, અને હેતિ રાક્ષસ એટલાં તેના સમાગમે સંચાર કરનારાં છે. (**ભાગ૦ ૧૨ સ્કં૦ અ૦ ૧૧**)

મધુકુલ્યા. કુશદ્વીપમાંની એક નદી.

મધુકૈટભ. વિષ્ણુના કાનના મેલમાંથી ઉત્પન્ન થએલા બે અસુર. (**દેવી૦ ૧ સ્કં૦ અ૦ ૪**). આ વિષ્ણુને જ ભય બતલાવવા લાગ્યા, એટલે વિષ્ણુએ તેમને વર માગવાનું કહ્યું. તેમણે કહ્યું, તું જ તારે જોઇએ તે વર માગ. એ ઉપરથી, તમે મારે હાથે મરાઓ, એવું વિષ્ણુએ માગ્યું. એમણે તથારતુ કહ્યુ. એટલે વિષ્ણુએ તેમને માર્યા. તે વખતે એમના શરીરની મેદથી સંપૂર્ણ પૃથિવી ભરાઇ ગઇ. તે પરથી પૃથ્વિનું મેદિની નામ પડ્યું; (**ભાર વન૦ અ૦ ૨૦૩**: (**દેવી૦ ૧ સ્કં૦ અ૦ ૬**) આનો જ પુત્ર ધુંધુ નામનો અસુર.

મધુચ્છંદસ. વિશ્વામિત્ર ઋષિનો પુત્ર.

મધુપર્ક. ગરુડનો પુત્ર (**ભાર૦ ઉ૦ ૬૦૧-૧૪**)

મધુપુર. મથુરા નગરી.

મધુમંત. દંડક દેશના રાજા દંડકની રાજધાની. (**ભાર૦ ભી૦ ૯-૫૩**).

મધુમંત (૨). ભારતવર્ષીય દેશ.

મધુમત્ત. દાશરથિ રામની સભામાંનો એક હાસ્યકાર.

મધુરા. સુરસેન દેશની રાજધાની. કૃષ્ણની જન્મ ભૂમિ, મથુરા તે. એનું બીજું નામ મધુપુર.

મધુરુહ પ્રિયવ્રતપુત્ર ઘૃતપૃષ્ટના સાત પુત્રોમાં બીજો. એના વર્ષનું નામ પણ એ જ.

મધુરુહ (૨). ક્રૌંચદ્વીપના સાત વર્ષોમાંનો બીજો વર્ષ.

મધુવટી. ભારતવર્ષીય તીર્થ, દેવીનું સ્થાન. (**ભા૨૦ વ૦ ૮૧–૬૪**).

મધુવન. યમુના તીરે આવેલું વન. અહિં મધુ રાક્ષસે તપ કર્યું હતું એટલે આનું તે જ નામ પડયું. આનું જ પછીથી શૂરસેન દેશ નામ પડયું. કૃષ્ણના વખતનું મધુવન તે આ વનનો એક પ્રદેશ હતો.

મધુવન (૨). વાલીનું કિષ્કિંધા સમીપ વન હતું તે. (**વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૬૧**).

મધુવિલા. સમંગા નદીનું પહેલાં હતું તે નામ.

મધુષ્પંદ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૫૭**).

મધુસ્રવ. ભારતવર્ષીય એક તીર્થ.

મધુસૂદન. ભગવાન્નારાયણનું નામ (**ભા૨૦ ઉ૦ ૬૮**).

મધ્યદેશ. દેશ વિશેષ. (**ભા૨૦ શાંતિ૦ ૬૬૭-૩**).

મધ્યાન્હ. ઉત્તાનપાદ વંશના પુષ્પાર્ણને પ્રભા નામની સ્ત્રીથી થએલા ત્રણ પુત્રોમાં બીજો.

મન. બાર સાધ્યદેવોમાંનો એક.

મનસ્યુ. સોમવંશી પ્રવીરનો પુત્ર. એની માનું નામ શૂરસેની અને સ્ત્રીનું નામ સૌવેરી. મિશ્રકેશા નામની સ્ત્રીને પેટે એના પુત્ર શક્ત, સંહનન, અને વાગ્મી. (**ભા૨૦ આ૦ ૮૮–૫**)

મનસા. કશ્યપ ઋષિની કન્યા. જરત્કારુ અથવા જરદ્ગૌરિ તે આ જ. આસ્તિક શબ્દ જુઓ.

મનસ્વિની. સોમવંશી પૂરુકુલોત્પન્ન અંતિભાર રાજાની સ્ત્રી.

મનસ્વિની (૨). એક દેવસ્ત્રી. ચન્દ્રમાની માતા. (**ભા૨૦ આ૦ ૬૭–૧૮**).

મનીષિ. પ્રત્યૂષ વસુના પુત્ર દેવલના બે પુત્રમાંનો એક.

મનુ. એક બ્રહ્મકલ્પમાં ચૌદ મનુ થાય છે. મનુ એ સામાન્ય નામ છે. દરેક મનુનું જુદું જુદું નામ હોય છે. પ્રત્યેક મનુના કાળને મન્વન્તર કહે છે. ઇકોતેર પર્યય (ચોકડી) અને ઉપર કાંઇ કાળનો એક મન્વન્તર થાય છે.

પ્રસ્તુતનો શ્વેતવારાહ કલ્પ ચાલુ થયો એટલે સ્વાયંભૂ, સ્વારોચિષ, ઉત્તમ, તામસ, રૈવત અને ચાક્ષુષ એટલા મનુ, અને તેમના મન્વન્તરો થઇ જઇ,હાલ સાંપ્રત વૈવસ્વત નામના મનુના સત્તાવીસ પર્યય અને અઠ્ઠાવીસમા પર્યયમાં કૃત, ત્રેતા, દ્વાપર, અને કલિનાં ચાર હજાર નવસેં સીત્તોતેર વર્ષ ગત થયાં છે. કલ્પના આરંભથી તે ચાલુ વિ૦સં.૧૯૮૫ ના આરંભ સુધીમાં ૧,૯૭,૨૯, ૪૭,૧૭૯ વર્ષો થયાં છે. આ વર્ષો તે ગત વર્ષો કહેવાય છે. શેષ કળિયુગ અને ત્રેંતાળીસ પર્યય ઉપર થોડો કાળ જતાં આ મન્વન્તર પૂર્ણ થઇ, પછી સાવર્ણિ, દક્ષસાવર્ણિ, બ્રહ્મસાવર્ણિ, ધર્મસાવર્ણિ, રુદ્રસાવર્ણિ, દેવસાવર્ણિ અને ઇંદ્રસાવર્ણિ એ મનુઓ થશે; અને ચૌદમા મનુની કાળસત્તા પૂર્ણ થતાં, આ કલ્પ પુરો થઇ બ્રહ્મદેવની રાત્રિ થશે, એટલે નિત્ય પ્રલય થશે.

તે રાત્રિ પુરી થતાં જ વૈરાજ નામનો સત્તાવીસમો કલ્પ ઉદય પામશે. પ્રત્યેક મનુ ચક્રવર્તી અથવા સાર્વભૌમ હોય છે. સાર્વભૌમ એટલે સમ્ર મહાસાગરો સહિત સપ્ત દ્વીપોની ભૂમિ જેની સત્તા નીચે હોય તે. કવચિત્ કેવળ આખો ભરતવર્ષ જેની સત્તા નીચે હોય તેને પુરાણોમાં સાવભૌમ કહેલો મળી આવે છે. તોપણ તે ગૌણ સાર્વભૌમ સમજવો. અર્થાત બીજાને સાર્વભૌમ કહેવું વ્યર્થ છે.

મનુ (૨). કૃશાશ્વ ઋષિને ધિષણાથી થએલા ચાર પુત્રોમાંનો એક.

મનુ (૩). પ્રાધાને થએલી અપ્સરારૂપ કન્યાઓમાંની એક.

મનુ (૪). અગ્નિ વિશેષ. (**ભા૨૦ વ૦ ૨૨૩–૪**).

મનુજ. દસ વિશ્વેદેવોમાંનો એક.

મનુષ્યધર્મા. કુબેરનું નામ.

મનોજવ. પ્રિયવ્રત પુત્ર મેધાતિથિના સાતપુત્રોમાં બીજો. એના વર્ષનું પણ એ જ નામ હતું.

મનોજવ (૨). શાકદ્વીપના સાત વર્ષોમાંનો બીજો.

મનોજવ (૩). તીર્થ વિશેષ. (**ભા૨૦ વ૦ ૧૧–૯૩**).

મનોજવ(૪). હનુમાનનું એક નામ. મનના જેવા વેગવાળો હોવાથી આ નામ પડયું છે.

મનોરમા. પ્રાધાની અપ્સરા કન્યાઓમાંની એક.

મનોરમા (૧). સૂર્યવંશી ધ્રુવસંધી રાજાની સ્ત્રી. સુદર્શનની મા.

મનોરમા (૨). સરસ્વતી નદીના સપ્તપ્રવાહમાંની એક પ્રવાહરૂપ નદી. મનોહરા એવું એનું નામાન્તર છે.

મનોહરા. એક અપ્સરા.

મનોહરા (૨). એ નામની કોઇ એક દેવસ્ત્રી. એના પતિનું નામ રમણ અને અને પુત્રનું શિશિર હતું. (**ભા૨૦ આ૦ ૬૭–૨૨**).

મનોહરા (૩). મનોરમા નામે સરસ્વતીનો પ્રવાહ તે જ.

મન્યુ. સોમવંશી પૂરુકુલોત્પન્ન ઋતેયુ વંશના દુષ્યંતપુત્ર ભરતરાજાના પૌત્ર ભરદ્વાજ રાજાનો પુત્ર. આને બૃહત્ક્ષત્ર, જય, મહાવીર્ય, નર અને ગર્ગ એવા પાંચ પુત્ર હતા.

મન્યુ. (૨) અગ્નિ વિશેષ. (**ભા૨૦ વ૦ ૨૨૩–૧૧**).

મમતા. બૃહસ્પતિના ભાઇ ઉપથ્ય અથવા ઉતથ્ય ઋષિની સ્ત્રી. દીર્ઘતમા ઋષિની માતા. દીર્ઘતમા જ્યારે ગર્ભમાં હતો ત્યારે બૃહસ્પતિએ પોતાની ભાભી મમતા સાથે સંભોગની ઇચ્છા કરી. ગર્ભમાંથી દીર્ઘતમાએ તેનો નિષેધ કર્યો. તે ઉપરથી તું અંધ જન્મીશ, એવો શાપ બૃહસ્પતિએ તેનો દીધો. ગર્ભિણી સાથે સંભોગ ધર્મશાસ્ત્રમાં વર્જ્ય છે, તેથી આ કર્મ ધર્મશાસ્ત્ર વિરુદ્ધ હોઇ બૃહસ્પતિ જેવો વિદ્વાન કરે જ નહિ, માટે આ વાત કોઇએ પછવાડીથી ઉમેરેલી ક્ષેપક હોવી જોઇએ.

મય–મયાસુર. ત્રિપુરમાંનો એક મહા માયાવી અસુર. (**ત્રિપુર શબ્દ જુઓ.**)

મય–મયાસુર (૨). જેમ દેવોના શિલ્પીનું વિશ્વકર્મા એવું સાધારણ નામ છે, તેવી રીતે અસુરોના શિલ્પીને મય કહેતા હોય એમ જણાય છે. આ મય ચાલુ મન્વન્તરમાંના વિપ્રચિત્તિ દાનવનો પુત્ર હોઇ એને ઉપદાનવી અને કુહૂ એવી બે કન્યા હતી. તેમાંની કુહૂ કોની વેરે આપી ને જણાતું નથી, પણ ઉપદાનવી તો હિરણ્યાક્ષને આપી હતી. આ હિરણ્યાક્ષ કલ્પને આરંભે વરાહે મારેલો તે નહિ, તેમ જ હિરણ્યકશિપુનો ભાઇ પણ નહિ. કોઇ બીજો જ સમજવો.

મયાસુરને હેમા નામની અપ્સરાથી દુંદુભિ અને માયાવિ એવા બે પુત્ર અને મંદોદરી નામની એક કન્યા હતી. તે જ પછીથી આણે રાવણને વરાવી હતી. (**વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૨**).

ખાંડવવન અર્જુને અગ્નિને ભક્ષ કરવા આપ્યું હતું તેમાંથી આ મળી આવ્યો હતો. તે વેળાએ અર્જુને આનું રક્ષણ કર્યું હતું. (**ભા૨૦ આદિ૦ અ૦ ૨૨૮**). એ ઉપકારના બદલામાં આણે અર્જુનને એક મહેલ નિર્માણ કરી આપ્યો. એ મહેલ કેવળ સુવર્ણ અને રત્નનો હોઇ, તેમાં દેવ, ગંધર્વ ઇત્યાદિની મૂર્તિઓ જાણે સાક્ષાત દેવો જ બેઠા હોય નહિ એવો ભાસ થાય એવી સુંદર કરીને મુકી હતી; કોઇ કોઇ ઠેકાણે સ્થળને સ્થાને જળ અને જળને સ્થાને સ્થળ હોય નહિ એવો ભાસ થાય એવું ચાતુર્ય કર્યું હતું. તે મહેલ લાંબો પહોળો સવા કોસ હોઇ ચૌદ મહીનામાં આણે પુરો કર્યો હતો. (**ભા૨૦ સભા૦ અ૦ ૩**). અને આ અપૂર્વ મહેલના રક્ષણ માટે કાંઇ કાળ પર્યંત આઠ હજાર રાક્ષસો રાખી, દેવદત્ત નામનો શંખ અર્જુનને, અને વૃષપર્વાના વખતની એક નામાંકિત ગદા ભીમસેનને આપી, એમની પાસેથી જવાની આજ્ઞા લઇ પોતે બિંદુસરોવર ગયો.

મયૂર. એક દાનવ.

મયૂર (૨). વૃષસેનની ધ્વજા. (**ભા૨૦ દ્રો૦ ૧૦૫–૧૬**).

મયૂરધ્વજ. સ્કંદ (**વ૦ ૨૩૩–૩**).

મયૂરધ્વજ (૨). યુધિષ્ઠિરના અશ્વમેધનો અશ્વ બભ્રુવાહને છોડયો, એટલે મણિપુર નગરીથી નીકળી તે આની રત્ન નામની નગરી સમીપ

ગયો. તે વેળાએ આણે નર્મદા તીરે આઠમા અશ્વમેધનો આરંભ કર્યો હતો. આનો પુત્ર સુચિત્ર અથવા તામ્રધ્વજ મહા પરાક્રમી હોઇ બહુલધ્વજ નામના પોતાના પ્રધાન સહિત પિતાના અશ્વના રક્ષણને અર્થે ગયો હતો. તેણે વિજયી થઇ પોતાના નગરમાં પાછો આવતાં આ પાંડવના અશ્વને જોયો ને પકડ્યો. આ નિમિત્તે કૃષ્ણ અર્જુનનું અને તામ્રધ્વજનું યુદ્ધ થયું, તેમાં સર્વનો પરાભવ કરી અને કૃષ્ણ અર્જુનને મૂર્ચ્છિત કરી, તામ્રધ્વજે તેમનો અશ્વ લઇ નગરમાં પ્રવેશ કર્યો.

તામ્રધ્વજ વિજયી થઇ આવ્યો સાંભળી મયૂરધ્વજને આનંદ થયો. પરંતુ બીજો અશ્વ જોઇ પુત્રને પુછ્યું કે આ અશ્વ કોનો? તામ્રધ્વજે કહ્યું કે યુધિષ્ઠિર કરીને કોઈ રાજા છે, તેનો આ અશ્વ છે. આનું રક્ષણ કરવા એની સાથે કૃષ્ણ, અર્જુન આદિ વીરો છે. તેમનો પરાભવ કરીને મેં આ અશ્વ આણ્યો છે. આ તેનું બોલવું સાંભળી મયૂરધ્વજને ખરાબ લાગ્યું. કારણ જો કે તામ્રધ્વજ યુધિષ્ઠિરાદિકને ઓળખતો નહતો, પણ પોતે તો એમને ઓળખતો હતો.

અહીં કૃષ્ણે સાવધ થઇ પોતે અર્જુનને સાવધ કર્યો. અને બ્રાહ્મણ વેશ ધારણ કરી અર્જુનને પોતાનો શિષ્ય બનાવ્યો. પછી મયુરધ્વજના નગરમાં જઇ એનું સત્ય જોવા માટે તારું દક્ષિણાંગ અમને આપ, એવી યાચના કરી. એ ઉપરથી મયૂરધ્વજે પોતાના શરીરને કરવતથી વ્હેરાવવા માંડ્યું, કેટલુંક શરીર વ્હેરાયા પછી રાજાના ડાબા નેત્રમાં આંસૂ આવ્યાં. આ જોઇ બ્રાહ્મણે ઉઠીને ચાલવા માંડ્યું; પરંતુ રાજાએ સંકેતવડે બ્રાહ્મણને સમજાવ્યું કે દક્ષિણ અંગ બ્રાહ્મણ કાર્ય નિમિત્તે જોવું સાર્થક થયું તેવું વામઅંગ ન થતાં તેને રુદન આવ્યું; શરીર દુઃખથી નહિ. આ સાંભળી કૃષ્ણને પરમ સંતોષ થયો ને તેણે પોતાનું મૂળરૂપ પ્રકટ કર્યું. અને રાજાનું શરીર પૂર્વવત્ કરી તેને પોતે આલિંગન દીધું. મયૂરધ્વજે પણ તેમનો સત્કાર કરી, પોતાનો યજ્ઞ પૂરો કર્યો અને તેમનો અશ્વ આપી મદદ સારૂ સાથે સાથે ગયો. એનાં શિખિધ્વજ, બર્હિકેતુ, અને મયૂરકેતુ એવાં પણ નામ છે. (જૈમિ૦ અશ્વ૦ અ૦ ૧૧-૪૬).

મયોભુવ. અગસ્ત્યકુળમાંનો એક ઋષિ.

મરીચિ. સ્વાયંભુવ મન્વન્તરમાંના બ્રહ્મમાનસપુત્રની સ્ત્રી કર્દમકન્યા કલાથી આને કશ્યપ અને પૂર્ણિમા એવા બે પુત્ર થયા હતા. એવી જ બીજી એક ઊર્ણા નામની સ્ત્રી હતી. તેનાથી આને છ પુત્ર થયા હતા (ઊર્ણા શબ્દ જુઓ). પછી જ્યારે સર્વ બ્રહ્મપુત્ર મરણ પામ્યા, ત્યારે આ પણ મરણ પામ્યો હતો. અગ્નિષ્વાત્ત નામનો પિતર પણ આનો જ પુત્ર હતો.

મરીચિ (૨). ઋષભદેવ વંશના સમ્રાટ્ રાજાને ઉત્કલાથી થએલો પુત્ર. આને બિંદુમતીથી બિંદુમાન્ નામનો પુત્ર થયો હતો.

મરીચિ (૩). પૂર્વના માનસપુત્ર મહાદેવના શાપથી મરણ પામેલા હોવાથી, ચાલુ વૈવસ્વત મન્વન્તરમાં બ્રહ્મદેવે તેમને પુનઃ યજ્ઞના અગ્નિમાંથી ઉત્પન્ન કર્યા. મરીચિને સુરૂપા નામની કન્યા હતી તે તે વેળાના અંગિરા ઋષિને આપી હતી; એને કશ્યપ નામનો એક જ પુત્ર હતો. આમના કુળમાં એ પોતે અને કશ્યપ એ બે મુખ્ય મંત્રદ્રષ્ટા હતા. (મત્સ્ય૦ અ૦ ૧૪૪). આમના વંશમાંના સર્વ ઋષિઓ કશ્યપ શબ્દમાં વિસ્તારથી આપ્યા છે. (કશ્યપ શબ્દ જુઓ).

મરીચિ (૪). એક અપ્સરા.

મરીચિગર્ભ. હવિષ્મંત પિતરના લોક.

મરીચિગર્ભ (૨) દક્ષસાવર્ણિ મન્વન્તરમાંનો દેવ વિશેષ.

મરીચિપા. કેટલાક ઋષિયો. એઓ હિમાલયના પર્વત ઉપરના વ્યાઘપાદના પુત્ર મહાત્મા ઉપમન્યુના આશ્રમમાં રહેતા હતા. અને

માત્ર ચન્દ્રકિરણ પીને જ જીવતા હતા. (ભાર૦ અનુ૦ ૪૫-૪૧).

મરુ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન ધ્રુવસંધી વંશના શીઘ્ર રાજાનો પુત્ર. આનો પુત્ર પ્રસુશ્રુત અથવા પ્રશ્રુત.

મરુ (૨) વિદેહવંશી હર્યશ્વ જનકનો પુત્ર. આનો પુત્ર પ્રદીપક અથવા પ્રતીપક.

મરુ (૩). મરુધન્વ શબ્દ જુઓ.

મરુત. મરુદ્ગણ.

મરુત. સોમવંશી નહુષકુલોત્પન્ન તુર્વસુકુળમાંના કરંધમ રાજાનો પુત્ર. એ સંતતિ રહિત હતો તેથી એણે પૂરૂકુલોત્પન્ન રૈભ્યપુત્ર દુષ્યંત રાજાને પોતાનો પુત્ર ગણી પોતાનું રાજ્ય આપ્યું હતું.

મરુત (૨)—સૂર્યવંશી દ્રિષ્ટકુલોત્પન્ન અવીક્ષિત રાજાનો પુત્ર. આ મહાન પરાક્રમી, શુર, અને યજ્ઞકર્તા થઇ ગયો. આને અવીક્ષિત પણ કહે છે. આણે યજ્ઞને અર્થે બૃહસ્પતિને બોલાવ્યા હતા, પણ તેમણે ના કહેવાથી, નારદની સૂચના ઉપરથી સંવર્ત ઋષિને આણ્યા (આ સંવર્ત તે બૃહસ્પતિના ભાઇ) અને યજ્ઞનો આરંભ કર્યો. આ યજ્ઞ યમુના નદીના તીર પર આવેલા પ્લક્ષણાવતરણ તીર્થમાં થયો. (ભાર૦ વન૦ અ૦ ૧૨૮). આના યજ્ઞમાં વિશ્વેદેવો સભાસદ અને મરુદ્ગણ પરિવેષક (અન્ન પીરસનાર) હતા. આ ઉપરાંત અન્ય દેવોની પણ મદદ હતી. (ભાર૦ શાંતિ૦ અ૦ ૨૯). આણે બ્રાહ્મણોને એટલી દક્ષિણા આપી કે તે તેમનાથી ઉચકી લઈ જઈ શકાય નહિં. (ભાર૦ દ્રોણ૦ અ૦ ૫૫) આનો યજ્ઞ નિર્વિઘ્ન પરિપૂર્ણ ન થવા દેવા માટે ઇંદ્રે યોજેલા ઉપાયો વ્યર્થ જવાથી ઇંદ્રનો ગર્વ ઉતર્યો હતો. (ભાર૦ અશ્વમે૦ અ૦ ૫-૬). પછી આના યજ્ઞમાં વિઘ્ન કરવાના હેતુથી રાવણ આવ્યો હતો, પરંતુ આણે યજ્ઞદીક્ષા લીધેલી હોવાથી એ ઉઠીને આવ્યો નહિ. તોપણ રાવણ પોતાની ખુશીથી જ પાછો જતો રહ્યો. (વા૦ રા૦ ઉ૦ સ૦ ૧૮) મરુત રાજાને દમ નામનો એક જ પુત્ર હતો. અને આની પછી તે જ રાજ્યનો અધિકારી થયો.

મરુત્વતી. પ્રાચેતસ દક્ષની કન્યા અને ભગડાની સંજ્ઞાવાળા ધર્મ ઋષિની સ્ત્રી.

મરુત્વાન્. મરુત્વતીના બે પુત્રોમાંનો મોટો.

મરુદ્દેવ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન કુશાન્વયસંભૂત ધ્રુવસંધિ વંશના સુપ્રતીક અથવા સુપ્રતીપ રાજાનો પુત્ર. આનો પુત્ર સુનક્ષત્ર રાજા.

મરુદ્ગણ. દિતીનો પુત્ર હિરણ્યકશિપુ મરણ પામવાથી તેને સંતાપ થયો અને પોતાના પતિ કશ્યપની તેણે પ્રાર્થના કરી કે ઇંદ્રને મારે એવો પુત્ર મારે થાય. આ સાંભળી કશ્યપને ખરાબ લાગ્યું, તોપણ તેમણે દિતીને એક કઠણ વ્રત કરવાનું કહી સૂચના કરી કે એ વ્રતમાં યત્કિંચિત પણ ભુલ થાય નહિ. જો ભુલ થશે તો તેનો પરિણામ કાંઇ ઔર જ આવશે. દિતીએ તથાસ્તુ કહી, ઉક્ત નિયમ પ્રમાણે વ્રતનો આરંભ કર્યો. આથી ઇંદ્ર ભયભીત થઇ, બટુરૂપ ધરી તેની સેવા કરતો, વ્રતમાં સ્ખલનની વાટ જોતો હતો. તેવામાં એકદા સંધ્યા સમયે દિતી નિદ્રિત થઇ. આ નિયમ ભંગ જોઈ, ઇંદ્રે તેના ઉદરમાં પ્રવેશ કરી ગર્ભના સાત કકડા કર્યા. આથી તે રડવા લાગ્યાથી ઇંદ્રે તેમને 'મારુદ—મારુદ' એટલે રડશો નહિ, રડશો નહિ એમ કહ્યું. અને તે જીવે છે એમ સમજી પુનઃ તેમના સાત સાત કકડા કર્યા. તોપણ તે મુઆ નહિ; આ ઉપરથી આ દૈત્ય હોઇ અમર છે (અમર એટલે દેવ) એમ જાણી ઇંદ્રે એમની સાથે સખ્ય કર્યું. (ભાગ૦ ૬ સ્કં૦ અ૦ ૧૩) આ વ્રતની પૂર્વે આની ઉત્પત્તિ સારૂ કશ્યપે આપસ્તંબ ઋષિ પાસે પુત્રકામેષ્ટિ કરાવી હતી. (આપસ્તંબ શબ્દ જુઓ).

મરુદ્વૃદ્ધા. ભારતવર્ષીય એક નદી.

મરુધન્વ. સારસ્વત અને બહુધાન્યક દેશની વચ્ચે આવેલો દેશ.

મરુભૂમિ. મરુધન્વ દેશ તે જ.

મર્કટપ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

મકેટિ. ભારતવર્ષીય એક ક્ષેત્ર.

મલજ. આ દેશ અને કરૂષક દેશ પાસે પાસે છે. આ અયોધ્યા અને મિથિલા નગરીની લગભગ વચ્ચે આવેલો છે.

વૃત્રવધને લીધે લાગેલું કલંક જઈ ઇન્દ્રના મનનો પરિતાપ આ સ્થાનમાં સમ્યો હતો. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૨૪**) અહિં તાટકા રાક્ષસી આવીને રહેલી હોવાથી કાંઇ કાળ પર્યંત આ બે દેશ વસ્તી વગરના થયા હતા. પરંતુ વિશ્વામિત્રના યજ્ઞના રક્ષણ વખતે દાશરથિ રામે તાટકાનો વધ કરવાથી પુનઃ બે દેશોમાં વસ્તી થઇ હતી. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૨૬**).

મલદ. મલજ તે જ.

મલદ. ભારતવર્ષીય એક નદી.

મલય. ઋષભદેવના નવ ખંડાધિપતિ પુત્રોમાંનો એક. એના ખંડનું પણ એ જ નામ છે.

મલય (૨). ભરતવર્ષના નવ ખંડોમાંનો ચોથો.

મલય (૩). મતંગ પર્વતનું શૃંગ વિશેષ. (ઋષ્યમૂક શબ્દ જુઓ).

મલય (૪). ભારતવર્ષીય એક ઉપપર્વત. તેમાંથી કૃતમાલા, તામ્રા, પુષ્પજા, અને ઉત્પલાવતી ઇત્યાદિ નદીઓ નીકળે છે. (**મત્સ્ય૦ અ૦ ૧૧૩**)

મલયધ્વજ. પાંડ્યેશ્વર-ચિત્રાંગદાનો પિતા. અને અર્જુનનો સસરો. પ્રવીર અને ચિત્રવાહન એવાં એનાં બીજાં નામ પણ છે.

મલંદરા. મલદ નદીનું બીજું નામ.

મલ્લ. દાશરથિ રામના સુત્ર નામના મંત્રીનો પુત્ર.

મલ્લદેશ. આના ઉત્તર અને દક્ષિણ મલ્લ એવા બે ભેદ હતા.

મસીર. દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯-૫૩.**)

મસૃણ. એક બ્રહ્મર્ષિ. (૨. **કશ્યપ** શબ્દ જુઓ).

મહત્. સામવેદોપનિષત્.

મહત્તર. અગ્નિ વિશેષ. (**ભા૨૦ વ૦ ૨૨૨-૯**).

મહતી. પારિયાત્ર પર્વતમાંથી નીકળેલી નદી.

મહર્લોક. ભૂમીના ઊર્ધ્વ પ્રદેશમાં આવેલા સાત લોકમાંનો ચોથો.

મહર્ષિ. બ્રહ્મમાનસ પુત્રની સંજ્ઞા.

मरीचिरत्र्यंगिरसौ पुलस्त्यः पुलहः क्रतुः
मृगुर्वसिष्ठो दक्षश्च दशमस्तत्र नारदः (२२)
(**ભાગ ૨૬૦ ૩૦ અ૦ ૧૨**)
(**મત્સ્ય૦ અ૦ ૩૦ શ્લો૦ ૬-૭**).

મનુસ્મૃતીમાં દક્ષને ઠેકાણે પ્રચેતા એવું કહ્યું છે. સ્વાયંભુવ મન્વન્તરમાં બ્રહ્મદેવે મરીચિ આદિક પુત્રોને ઉત્પન્ન કરેલા, તે જ મન્વન્તરમાં તેમને મહાદેવનો શાપ થવાથી મરણ પામ્યા; એટલે બ્રહ્મદેવે ચાલુ મન્વન્તરમાં તેમને પુનઃ ઉત્પન્ન કર્યા.

महादेवेन ऋषयः शप्ताः स्वायंसुर्वैतरे ॥
तेषां वैवस्वते प्राप्ते संभवं मम कीर्तय॥३॥
महादेवस्य शापेन त्यक्त्वा देहं स्वयं तथा ॥
ऋषयश्च समुद्भूताश्च्यु शूके महात्मन ॥६॥
(**મત્સ્ય૦ અ૦ ૧૯૪.**)

એમાંના ભૃગુ, અંગિરા અને કવિને ભારતને અંતે અનુશાસન પર્વ વખતે વરૂણરૂપધારી મહાદેવના યજ્ઞમાં, બ્રહ્મદેવ ઋત્વિજ હતા તેમણે નિર્માણ કર્યા હતા; અને બાકીનાને તેમણે સ્વતઃ જ અગ્નિમાંથી ઉત્પન્ન કર્યા હતા એમ સમજવું. સારાંશ, મરીચિ આદિ મહર્ષિ મહાદેવના શાપને લઇને બબ્બે વાર બ્રહ્મમાનસપુત્રત્વ પામે છે.

મહસ્વાન. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન ધ્રુવસંધિ રાજાના વંશના અમર્ષણ રાજાનો પુત્ર. આનો પુત્ર તે વિશ્વસ.

મહાકપાલ. દૂષણ રાક્ષસનો અમાત્ય.

મહાકર્ણ. એક બ્રહ્મર્ષિ. (૩. **અંગિરા** શબ્દ જુઓ.)

મહાકર્ણિ. અંશુવિચ્યનો મંત્રી. (**ભા૨૦ અ૦ ૨૨૩-૧૯**).

મહાકાપિ. એક બ્રહ્મર્ષિ. (૩ **અંગિરા** શબ્દ જુઓ).

મહાકાય. રૂદ્રગણમાંનો એક.

મહાકાય (૨). રાવણ પક્ષનો એક રાક્ષસ.

મહાકાલ. રૂદ્રગણમાંનો એક.

મહાકાલ (૨). અવંતિ દેશમાંનું વન અને ક્ષેત્ર.

મહાકાલ (૩). બાણાસુરનું બીજું નામ.

મહાકાલી. મહાદેવની શક્તિ. (**દેવી૦ ભા૦ ૩ સ્કં૦ અ૦ ૬**)

મહાગિરિ. ભારતવર્ષીય એક પર્વત.

મહાગૌરી. વિંધ્યાચળમાંથી નીકળતી નદી.

મહાચક્રિ. એક બ્રહ્મર્ષિ. (**કશ્યપ** શબ્દ જુઓ).

મહાજાનુ. એક બ્રહ્મર્ષિ. (૨ **કશ્યપ** શબ્દ જુઓ)

મહાંત. એક બ્રહ્મર્ષિ. (૨ **કશ્યપ** શબ્દ જુઓ).

મહાતલ. સપ્ત પાતાળમાંનું પાંચમું. આની ગણના બિલસ્વર્ગ-ભૂપૃષ્ઠની નીચેના સ્વર્ગમાં-હોઈ ત્યાં કદ્રુપુત્ર નાગ રહે છે.

મહાદંષ્ટ્ર. રાવણ પક્ષનો એક રાક્ષસ.

મહાદેવ. સર્વ દેવોમાં શ્રેષ્ઠ જે ઇશ્વર તે. શિવ માટે વપરાતો અત્યંત રૂઢ શબ્દ.

મહાદ્યુતિ. રૂદ્ર. (**એકાદશ રૂદ્ર** શબ્દ જુઓ).

મહાધૃતિ. વિદેહવંશના વિશ્રુત જનકનો પુત્ર. વાલ્મીકિ રામાયણમાં આને મહીધૃક કહ્યો છે. આનો પુત્ર તે કૃતિરાત જનક.

મહાનંદા. એક મોટી નામાંકિત વેશ્યા. એણે વેશ્યાના યોગ્ય ધર્મ પ્રમાણે વર્તીને ઇશ્વરપ્રસાદ પ્રાપ્ત કર્યો હતો. (**સ્કંદ પુરાણ૦ બ્રહ્મોત્તર ખંડ જુઓ**).

મહાનદી. અલકનંદાનું નામ.

મહાનદી (૨). ભારતવર્ષીય એક નદી.

મહાનસ. શાકદ્વીપમાંનો પર્વત.

મહાનાદ. ભારતવર્ષીય તીર્થ.

મહાનાદ (૨). પ્રહસ્તના ચાર અમાત્યોમાંનો એક. (**વા૦ રા૦ યુદ્ધ સ૦ ૫૮**).

મહાનાદ (૩). ભારતવર્ષીય એક તીર્થ અને ક્ષેત્ર વિશેષ.

મહાનાભ. હિરણ્યાક્ષને ઉપદાનવીથી થએલા પુત્રોમાંનો એક.

મહાનારાયણ. અથર્વણવેદોપનિષત્.

મહાનીલ. કદ્રુપુત્ર નાગોમાંનો એક.

મહાપદ્મ. કદ્રુપુત્ર નાગોમાંનો એક.

મહાપદ્મ (૨) કુબેરના નવ નિધિમાંનો ચોથો.

મહાપક્ષ. અક્રૂર યાદવના પુત્રોમાંનો એક.

મહાપાર્શ્વ. વિશ્રવા ઋષિને પુષ્પોત્કટાથી થએલા રાક્ષસોમાંનો એક. રાવણનો ઓરમાન ભાઇ. આને મત પણ કહ્યો છે. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૬૯**). આ રાવણના અમાત્યોમાંનો એક હતો. (**વા૦ રા૦ સુંદર૦ સ૦ ૪૯**) આને યુદ્ધ વખતે અંગદે માર્યો. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૬૯**).

મહાબલ. શિવના પાર્ષદમાંનો એક.

મહાબલ (૨). વિષ્ણુના પાર્ષદમાંનો એક.

મહાબલ (૩). દનુપુત્ર દાનવોમાંનો એક.

મહાબલ (૪). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના હૃદિક રાજાના પુત્રોમાંનો એક.

મહાબલ (૫). દુર્યોધન પક્ષનો એક રાજા. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૯**).

મહાબલિ. બલિ તે જ.

મહાબાહુ. દનુપુત્ર એક દાનવ.

મહાબાહુ (૨). ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

મહાભય. અધર્મને નિર્ઋતી સ્ત્રીથી થએલો પુત્ર.

મહાભાગા. ભારતવર્ષીય નદીરૂપ તીર્થ.

મહાભારત. ભારત તે જ. (૨ **ભારત** શબ્દ જુઓ).

મહાભિષ. મહાભિષક તે જ.

મહાભિષક. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન રાજા. એ સત્યવાદી અને સત્ય પરાક્રમી હતો. એણે હજાર અશ્વમેધ અને સો રાજસૂય યજ્ઞ કર્યા હતા, તેથી આ સમર્થ રાજા સ્વર્ગને પ્રાપ્ત થયો હતો. એક વખત દેવતાઓ બ્રહ્મદેવની સેવામાં ગયા હતા, તેમાં કેટલાક રાજર્ષિઓ અને મહાભિષક પણ હતો. એટલામાં સર્વ નદીઓમાં શ્રેષ્ટ એવી ગંગા પિતામહ બ્રહ્મા ની પાસે આવી.આવતાં આવતાં તેનું ચંદ્રની કાંતિ જેવું વસ્ત્ર વાયુથી ઉડી ગયું. તે વખતે સઘળા દેવો એકદમ નીચું જોઇ ગયા, પણ રાજર્ષિમહાભિષક નિઃશંકતાથી ગંગાના સામું જોઇ રહ્યો. ગંગાથી પણ સહેજ હસી જવાયું. તેથી બ્રહ્માએ મહાભિષકને શાપ આપતાં કહ્યું કે " તું મૃત્યુલોકમાં ઉત્પન્ન થઇને પછી પાછો ઉત્તમ લોકને પ્રાપ્ત થઇશ. હે દુર્મતિ-

વાળા, જે ગંગાથી તારૂ મન આસકત થયું છે તે ગંગા મનુષ્ય લોકમાં અવશ્ય તને અપ્રિય કાર્યો કરશે, અને જ્યારે તને ક્રોધ ઉત્પન્ન થશે ત્યારે તું શાપથી મુકત થઇશ."

પછી તે મહાભિષક રાજાએ તપરુપી ધન વાળા ઘણા રાજાઓમાંથી પ્રતીપ રાજાને ત્યાં પુત્રરૂપે અવતાર લીધો. મહાભિષક પોતાની નગ્નાવસ્થા જોઇને ધૈર્યથી ભ્રષ્ટ થયો હતો, તે વખતથી જ ગંગા પણ વિહવળ થઇને મનમાં તેનું જ ધ્યાન કરતી ત્યાંથી પોતાના સ્થાનમા જવા ચાલી નિકળી.

રસ્તામાં તેને આપવ ઉર્ફે વસિષ્ઠે શાપેલા આઠ વસુઓ મળ્યા. તેમને પણ પૃથ્વિપર અવતરવાનું હતું. મનુષ્ય માને પેટ અવતરવું પડે માટે એમણે ગંગાની વિનતિ કરી કે તમે અવતાર લો, ત્યારે અમને તમારે પેટે જન્મ લેવા દ્યો. અને જન્મીએ કે તરત અમને મારી નાંખજો, કે મનુષ્ય યોનિમાંથી અમારો વહેલો છુટકો થઇ, અમે સ્વલોકને પામીએ.

પછી ગંગા પ્રતીપ રાજાના પુત્ર શાંતનુની સ્ત્રી થઇ. પરણતી વખત ગંગાએ બોલી કરી હતી કે હું જે કરું તેમાં તમારે વચ્ચે આવવું નહિ. જે વખત તમે મારા કામમાં આડા આવ્યા અને મારાપર ક્રોધ કર્યો, તે ક્ષણથી જ આપણો સંબંધ પૂરો થશે. એને પેટે આઠ વસુઓએ અવતાર લીધો. સાતને તો એણે જણીને તરત ઝુરાડી દીધા, પણ આઠમા પુત્રને ઝુરાડવા જતાં શાંતનું ને ક્રોધ આવ્યો અને એણે મના કરી. કહ્યું કે તેં સાતને તો માર્યા. આ આઠમાને રાખ કે મારો વંશ રહે. કરાર પ્રમાણે ગંગાએ કહ્યું કે,હવે આપણો સંબંધ પૂરો થયો. માટે હું જાઉં છું. આ આઠમા પુત્રને મોટો થતાં સુધી મારે ત્યાં રહેવા દ્યો કહી પુત્રને લઇ ચાલી ગઇ. આ છેલ્લો પુત્ર આઠે વસ્તુઓના અંશથી જન્મ્યો હતો. સાતે વસુઓ અવતરીને તરત મરીને સ્વલોકે ગયા, પણ આઠમો દ્યુ નામનો વસુ ઉગર્યો અને એને મનુષ્ય તરીકે લાંબા કાળ સુધી રહેવું પડ્યું, કેમકે વસિષ્ઠનો અપરાધ મૂળે કરનાર આ હતો. બીજા તો માત્ર તેમાં સામીલ હતા એટલું જ. આ દ્યુ તે ભિષ્મ.

(ભાર. આ. અ. ૯૬)

મહાભોજ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના શશબિંદુ રાજાનો પુત્ર. આને દસ હજાર સ્ત્રીઓ, અને પ્રત્યેકને લાખ લાખ પુત્ર હતા. તેમાં પૃથુશ્રવા ઇત્યાદિ છ પુત્રો હતા.

तस्य पत्नी सहस्राणां दशानां सुमहायशाः
दश लक्षसहस्राणि पुत्राणां तास्वजीजनत् ॥३॥

(ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૨૩).

મહાભોજ (૨). સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના સાત્વત રાજાના સાત પુત્રોમાંનો કનિષ્ટ. એના વંશજોને ભોજ કહ્યા છે.

મહાભૌમ. સોમવંશી પૂરુવંશના અરિહનો પુત્ર. એની માનું નામ આકૂતી. સ્ત્રીનું નામ સુયજ્ઞા અને પુત્ર અયુતાનાયી.(ભાર૦આ૦૯૩-૧૮).

મહામતી. બગડાની સંજ્ઞાવાળા બૃહસ્પતિની સાત કન્યામાંની કનિષ્ઠ.

મહામતી (૨). અહિરસની પુત્રી. (ભાર૦ વ૦ ૨૨૧-૮).

મહામના. સોમવંશી યયાતિપુત્ર અનુરાજાના વંશના જનમેજય રાજાનો પુત્ર. આને ઉશીનર અને તિતિક્ષુ એવા બે પુત્ર હતા.

મહામના (૨). એક ગંધર્વ.

મહામાલી. ખર રાક્ષસના બાર અમાત્યોમાંનો એક.

મહામાલી (૨). રાવણ પક્ષનો એક રાક્ષસ.

મહામેઘ. યાજ્ઞવલ્કય ઋષિનો વચલો પુત્ર. જન્માંતરે એ દૂષણ રાક્ષસ થયો. (૧ચંદ્રકાન્ત શબ્દ જુઓ).

મહારથ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (વા૦ રા૦ બાલ૦ સ૦ ૫૭).

મહારથ (૨). ઉપરિચર વસુરાજાના પુત્ર બૃહદ્રથનું જ બીજું નામ.

મહારવ. એક યાદવ. (ભાર૦ આ૦ ૨૩૯ ૧૧).

મહારોમા. વિદેહવંશી કૃતિરાત અથવા કીર્તિરાત જનકનો પુત્ર. આનો પુત્ર તે સ્વર્ણરોમા જનક.

મહારૌરવ. કેવળ પિંડ પોસવાની જ દૃષ્ટિ રાખી અધર્મમાં રત રહેનારને પ્રાપ્ત થનારૂં નર્ક. (ભાર૦ અનુ૦ ૨૩૭).

મહાહાદ. રાવણ પક્ષનો એક રાક્ષસ.

મહાલય. ભારતવર્ષીય એક ક્ષેત્ર.

મહાલક્ષ્મી. વિષ્ણુની શક્તિ. (દેવી ભા૦ ૩ સ્કં૦ અ૦ ૬).

મહાલિંગ. ભારતવર્ષીય એક ક્ષેત્ર.

મહાવશી. વિદેહવંશી કૃતિ સંજ્ઞાવાળા જનકનો પુત્ર.

મહાવાક્ય. અથર્વણવેદોપનિષત્.

મહાવીર. પ્રિયવ્રત રાજાના દસ પુત્રમાંનો ચોથો. આણે પોતે વિરક્ત હોવાથી પરમહંસ દીક્ષાપૂર્વક અરણ્યમાં ગમન કર્યું હતું.

મહાવીર (૨). ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

મહાવીર્ય. વિદેહવંશી બૃહદ્રથ અથવા દૈવરાતિ જનકનો પુત્ર. આનો પુત્ર સુધૃતિ જનક.

મહાવીર્ય (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન મન્યુ-રાજાના પાંચ પુત્રમાંનો ત્રીજો. આનો પુત્ર દુરિતક્ષય રાજા.

મહાવ્રત. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

મહાશ. કૃષ્ણને લક્ષ્મણાથી થએલો પુત્ર.

મહાશંખ. કદ્રુપુત્ર એક નાગ. આ માગશર માસમાં આવતા સૂર્યની સાથે સંચાર કરે છે. (૪ સહ શબ્દ જુઓ).

મહાશક્તિ. કૃષ્ણને લક્ષ્મણાથી થએલો પુત્ર.

મહાશાલ. હિમાલયના દક્ષિણ ભાગનું વન વિશેષ. આ હિમાલય એકની સંજ્ઞાવાળો સમજવો.

મહાશિરા. વરુણલોકમાંનો એક નાગ.

મહાશિરા (૨). એક ઋષિ વિશેષ.(સ૦ ૪-૧૬)

મહાશિરા (૩). એક અસુર વિશેષ. (ભાર૦ સ૦ ૯-૧૮).

મહાશોણ. ભારતવર્ષીય મહાનદ. શોણ નદી તે જ. (ભાર૦ સ૦ ૨૦-૨૭).

મહાસ્મશાન. કાશી ક્ષેત્ર.

મહાસ્થ. એક રાજાર્ષ.

મહાસરસ્વતી. બ્રહ્મદેવની શક્તિ. (દેવી ભાગ૦ ૩ સ્કં૦ અ૦ ૬).

મહાસેન. કાર્તિકેય.

મહાહનુ. નાગ વિશેષ. (આ૦ ૫૭-૧૦).

મહાહય. સોમવંશી યદુપુત્ર સહસ્રાજિત્ના શતજિત્ પુત્રના ત્રણ પુત્રોમાંનો મોટો.

મહિતા. ભારતવર્ષીય એક નદી.

મહિષ. મહિષાસુર.

મહિષવાહન. યમ. પાડા ઉપર બેસે છે તે ઉપરથી પડેલું નામ.

મહિષાસુર. અનુહ્લાદ દૈત્યના બે પુત્રોમાંનો કનિષ્ઠ. તારકાસુરના દસ સેનાપતિઓમાંનો એક તે આ. આને કાર્તિકેયે માર્યો. (ભાર૦ વન૦ અ૦ ૨૩૬; દ્રોણ૦ અ૦ ૧૬૬).

મહિષાસુર (૨). રંભ નામના દાનવને મહિષીથી થએલો પુત્ર. (રંભ શબ્દ જુઓ), આણે હેમગિરિ ઉપર વાયુ ભક્ષણ કરી તપ કર્યું. તેથી બ્રહ્મદેવે પ્રત્યક્ષ થઇ, તું વર માગ, એમ કહ્યું. આણે અમરત્વ માગવાથી, તે અપ્રાપ્ય છે માટે કાંઇ બીજું માગ એમ બ્રહ્મદેવે કહ્યું. ત્યારે આણે કહ્યું કે સ્ત્રીઓ તરફથી તો મારે કાંઇ બ્હીવાનું જ નથી; એટલે પુરૂષ વ્યક્તિથી મારૂં મૃત્યુ ન થાય એટલું આપો કહેતાં જ, બ્રહ્મદેવ તથાસ્તુ કહી સત્યલોકે ગયા. પછી આણે પોતાના દૈત્યોને જુદા જુદા અધિકાર સોંપ્યા. ચિક્ષુરને સેનાપતિ કરી તામ્રને ધનાધ્યક્ષ બનાવ્યો, અને અસિલોમા, ઉદગ્ર, બિડાલ, બાષ્કલ, ત્રિનેત્ર, કાલ, અંધક, વિરૂપાક્ષ, મહિરાક્ષ, ઉગ્રાક્ષ, અને ઉગ્રવીર્ય ઇત્યાદિને અન્ય અધિકાર આપ્યા. પછી એણે ઇંદ્રાદિ દેવોને યુદ્ધ કરી જર્જર કર્યા. (દેવી ભા૦ પંચમ૦ અ૦ ૬; મત્સ્ય૦ અ૦ ૧૫૧).

આ અજેય થયો અને પ્રાણી માત્રને પીડા કરવા લાગ્યો એટલે અષ્ટાદશ ભુજાએ યુક્ત

એવી આદ્યશક્તિ આનો સંહાર કરવા સાત્કાર રૂપ ધારણ કરી પ્રગટ થઇ. આ એણે સાંભળ્યું એટલે પોતાના એક મંત્રીને તેની પાસે મોકલ્યો. તે જઈ તેની સાથે કાંઇ બોલાચાલી કરી પાછો આવ્યો; એટલે આણે પોતાના કેટલાક અસુરને તેની સાથે યુદ્ધ કરવા મોકલ્યા. તે બધાએ મરાયા એટલે આ પોતે એની સાથે યુદ્ધ કરવા ગયો. પરંતુ તેનું રૂપ જોઇ તું મને વર ઇત્યાદી કહેવા લાગ્યો. તું મને નહિ વરે તો પછીથી પસ્તાઇશ, એમ કહી, એના દૃષ્ટાંત માટે સિંહલદ્વીપના ચંદ્રસેન રાજાની કન્યા મદોદરીની ગાથા તેને કહી. આ ઉપરથી દેવીએ આને ઉત્તર આપ્યો કેઃ–

मूर्खस्त्वमसि मंदात्मन् यः स्त्रीसंगं प्रकांक्षसि ॥
नरस्य बंधनार्थाय शृंखला स्त्री प्रकीर्तिता ॥३९॥
लोहबद्धोपि मुच्यते स्त्रीबद्धो नैव मुच्यते ॥
किमिच्छसि च मंदात्मन् मूत्रागारं च सस्रुवत्॥४

(દેવી૦ ભાગ૦ પંચમ૦ અ૦ ૧૬)

આટલું કહી દેવીએ આનો લાગલો જ વધ કરી નાંખ્યો ઇત્યાદિ કથા છે. (દેવી૦ ભા૦ ૫ સ્કં૦ અ૦ ૧–૨૦; ભા૨૦ વન૦ અ૦ ૨૩૧).

મહિષ્મતી. બૃહસ્પતીથી શુભાને થએલી સાત કન્યામાંની એક.

મહિષ્મતી (૨). અંગિરસની પુત્રી. (ભા૨૦ વ૦ ૨૨૧–૭).

મહિષ્માન. સોમવંશી યદુપુત્ર સહસ્રાજિત્‌ના વંશના હૈહય કુલોત્પન્ન સોહંજિ રાજાનો પુત્ર. આનો પુત્ર રુદ્રશ્રેણ્ય, જેનું બીજું નામ ભદ્રસેનક રાજા હતું.

મહીયૂકૃ. મહાવૃતિ જનકનું બીજું નામ.

મહીનદી. ભારતવર્ષીય એક નદી. ગુજરાતની મહી નદી તે જ.

મહીષક. દેશ વિશેષ. (ભી૦ ૯–૫૮).

મહેત્થદેશ. શૈરીષક દેશની પશ્ચિમે આવેલો દેશ. અહિં પાંડવોના વખતમાં આક્રોશ રાજા હતો. આ દિશાક્રમ અહિં ઇંદ્રપ્રસ્થને મધ્યમાં માની લીધો છે. (ભા૨૦ સભા૦ અ૦ ૩૨).

મહેંદ્ર. એક બ્રહ્મર્ષિ. (૨ અગસ્ત્ય શબ્દ જુઓ).

મહેંદ્ર (૨). ભારતવર્ષનો એક ઉપપર્વત. એમાંથી ત્રિભાસા, ઋષિકુલ્યા, ઇક્ષુ, ત્રિદિવા, અચલા, તામ્રપર્ણી, મૂલી, શરવા અને વિમલા ઇત્યાદિ નદીઓ નીકળી છે. (મત્સ્ય૦ અ૦ ૧૧૩).

મહેંદ્ર (૩). કાલંજર પર્વતના એક શિખરનું નામ. અહિં જામદગ્ન્ય રામ રહેતા હતા; અને અહિં જ યુધિષ્ઠિર તેમને મળવા ગયા હતા. (ભા૨૦ વન૦ અ૦ ૧૧૪).

મહેંદ્રા. ભારતવર્ષીય નદી.

મહેંદ્રાચલ. બગડાની સંજ્ઞાવાળો મહેંદ્ર પર્વત તે જ.

મહેશ્વર. મહાદેવ.

મહેશ્વર (૨). શિવનો એક પાર્ષદ.

મહોદધિ. સમુદ્ર.

મહોદય, વિશ્વામિત્રના શાપથી નિષાદ થએલો વસિષ્ઠપુત્ર. (વા૦ રા૦ બાલ૦ સ૦ ૫૮).

મહોદય (૨). સોમવંશી કુશનાભ રાજાએ સ્થાપેલું નગર. આ કાન્યકુબ્જ દેશની રાજધાની હતી. (વા૦ રા૦ બાલ૦ સ૦ ૩૨).

મહોદય (૩). એક પર્વતનું શિખર. રાવણની શક્તિ લક્ષ્મણને વાગવાથી લંકામાં તે મૃત્યુ તુલ્ય થયો હતો, તેને માટે ઔષધિ આણવા મારુતિ ગયા હતા; પરંતુ પર્વતદેવે તું ઔષધિ લઇશ નહિ, એવું ઉદ્ધત રીતે કહેવાથી તેઓ આખું શિખર જ ઉચકીને લઇ ગયા હતા. આ શિખર દ્રોણગિરિનું કે કિયું તેનો નિર્ણય થઇ શક્તો નથી.

મહોદર. એક રુદ્રગણ.

મહોદર (૨). એક બ્રહ્મર્ષિ. એની જાંગમાં રામચંદ્રે મારીને ફેંકેલા દીધેલા રાક્ષસનું પરુથી ગંધાતું માથું ચ્હોંટી ગયું હતું. ઔશનસ તીર્થમાં સ્નાન કરવાથી એ માથું ખરી જઇને મહોદર સારો થયો હતો. (ભા૨૦ શા૦ ૪૯૦)

મહોદર (૩). સુમાલી રાક્ષસપુત્રોમાંનો એક. (વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૧૧). આ રાવણનો મામો હતો, અને અશોકવનના નાશ વખતે આને મારુતિએ માર્યો હતો. (વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૪૮).

મહોદર (૪). વિશ્રવા ઋષિને પુષ્પોત્કટાથી થએલા પુત્રોમાંનો એક. આ રાવણનો ઓરમાન ભાઇ અને સચિવ હતો. એનું યુદ્ધોન્મત્ત એવું એ નામ હતું. એને યુદ્ધમાં નીલ વાનરે માર્યો. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭૦).

મહોદર (૫). ધૃતરાષ્ટ્રના સોપુત્રોમાંનો એક. એને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (ભા૨૦ ભી૦ ૬૬).

મહોદર (૬). સર્પ વિશેષ, (ભા૨૦અ૦ ૬૫).

મહોદર્ય. કોઇ એક રાજર્ષિ.

મહૌજા. ભારતયુદ્ધમાંનો પાંડવ પક્ષનો એક રાજા. (ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૪; આ૦ ૬૮–૫૨)

મહૌદવાહિ. એક બ્રહ્મર્ષિ.

માકંદી. પાંચાલમાં દ્રુપદરાજાએ સ્થાપેલી નગરી.

માઘ. ઇંદ્રસાવર્ણિ મન્વન્તરમાં થનારા સપ્તર્ષિઓમાંનો એક.

માગધ. (૨). મગધદેશાધિપતિ એક ક્ષત્રિય. અભિમન્યુએ એને માર્યો હતો.

માગધ. (૩). જરાસંધ.

માઠર. સૂર્યનો એક પાર્ષદ. (વા૦ રા૦ ઉત્ત૨૦ પ્રક્ષિપ્ત સર્ગ ૨).

માઠર (૨). એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ.)

માઠર (૩). એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.).

માઠર (૪). કામ્યક વનની દક્ષિણે આવેલું ઉપવન.

માઠર (૫). ભારતવર્ષીય દેશ. (ભા૨૦ કર્ણ૦ અ૦ ૭૩)

માંડવી. સીરધ્વજ જનકના કનિષ્ટ ભાઇ કુશધ્વજની કન્યા, એ દશરથ રાજાને કૈકેયીથી થએલા ભરતની સ્ત્રી.

માંડવ્ય. એક બ્રહ્મર્ષિ. પૂર્વજન્મે બાલ્યાવસ્થામાં એણે એક કીડાને કાંટાથી વિંધ્યો હતો. આ દોષને લઇને તેના પર ચોરીની શંકા આવવાથી રાજાએ તેને શૂળી પર ચડાવ્યો. તે ઉપરથી એણે વિચાર કર્યો કે મારો એવો તે શો પૂર્વદોષ હશે કે આવી શિક્ષા મને થઇ? એટલે એ વાસનારૂપ દેહે કરીને યમ પાસે ગયો તે પુછવા લાગ્યો કે મને શૂળી પ્રાપ્ત થવાનું કારણ શું? યમે તેને બાલ્યાવસ્થામાં કરેલું કર્મ કહી સંભળાવ્યું. આથી આણે ઉત્તર આપ્યો કે અજ્ઞાને કરીને બાલકોએ કરેલાં શુભાશુભ કાર્યોનાં પુણ્યપાપ નહોવા છતાં તેં મને આવું કર્યું, તેથી સો વરસ સુધી પૃથ્વીપર તારે શુદ્રયોનીમાં વાસ કરવો પડશે. એવો શાપ આપી પાછો આવ્યો. આ પછી યમ વિદુર રુપે અવતર્યા. (ભા૨૦ આદિ૦ અ૦ ૧૦૭–૧૦૮) પછીથી ખરો ચોર પકડાયો અને માંડવ્ય નિરપરાધી હર્યો એટલે રાજાએ તેને શૂળી પરથી ઉતાર્યો અને એનું સન્માન કરી વિદાય કર્યો. પરંતુ કિંચિત્ શૂળ તેના શરીરમાં રહી ગયું હતું, તે જે કે રાજાએ કઢાવ્યું તોપણ, તે ઉપરથી આનું અણિમાંડવ્ય એવું નામ પડ્યું. (અણિમાંડવ્ય શબ્દ જુઓ).

માંડિકર્ણિ. દંડકારણ્યમાં રહેતો એક ઋષિ. આણે દસહજાર વર્ષ તપ કર્યાથી તેના તપમાં વિઘ્ન કરવા માટે ઇંદ્રે પાંચ અપ્સરાઓ મોકલી, તેમાં લુબ્ધ થઇ એણે તપ છોડ્યું. અને તેમની સાથે ગ્રહસ્થાશ્રમ માંડી જે સરોવરમાં ગુપ્ત રહેતો હતો તે સરોવરનું પંચાપ્સર સરોવર એવું નામ પડ્યું. (વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૧૧)

માંડુકિ. એક બ્રહ્મર્ષિ. (૩. ભૃગુ શબ્દ જુઓ.)

માંડુકેય. અથર્વણોપનિષત્.

માણિચર. એક યક્ષ. એ વૈશ્રવણનો સચિવ હતો. ને તેને ઘણો પ્રિય હતો. એ મંદરાચળના શિખર પર રહેતો હતો. (ભા૨૦ વન૦ અ૦ ૧૩૬) એણે વૈશ્રવણ સાથે જ્યારે રાવણ યુદ્ધ કરવા આવ્યો હતો, ત્યારે તેની (રાવણની) જોડે યુદ્ધ કર્યું હતું. (વા૦ રા૦ ઉત્ત૨૦ સર્ગ૦ ૧૫)

માણિભદ્ર. યક્ષરાજ. (ભા૨૦અ૦ ૬૪–૨૭; વ૦ ૧૪૧–૭ અને સ૦ ૧૦–૧૬).

માણિવર. એક યક્ષ વિશેષ. (ભા૨૦ વ૦ ૧૪૧–૫)

માતંગ. મતંગ ઋષિનો પુત્ર.

માતંગ. (૨). ત્રિશંકુ રાજાનું ચાંડાળત્વને લીધે પડેલું નામ.

માતંગ (૩). ક્રોધવશાની પુત્રિ માતંગીના પુત્રો–ગજરાજો. (**ભા૨૦ આ૦ ૬૭–૬૬**)

માતંગિન. એક ઋષિ. (૨. કશ્યપ શબ્દ જુઓ.)

માતંગી. કશ્યપને ક્રોધાથી થએલી કન્યાઓમાંની એક.

માતરિશ્વા. ગરુડપુત્ર. (**ભા૨૦ ઉ૦ ૧૦૧–૧૪**)

માતલિ. ઇંદ્રનો સારથી. એને સુધર્મા નામની સ્ત્રી હતી ને તેનાથી તેને ગોમુખ નામનો પુત્ર અને ગુણકેશી નામની કન્યા એવી બે સંતતિ થઈ હતી. (ગુણકેશી શબ્દ જુઓ.)

માતૃતીર્થ. તીર્થ વિશેષ (**ભા૨૦ વ૦ ૮૧–૫૮**)

માતૃગણ. સ્કંદની માતાઓ. (**ભા૨૦ વન૦ ૨૩૦ ૧૪; શ૦ ૪૭–૧).**

માતૃકા. દ્વાદશ આદિત્યમાંના અર્યમા આદિત્યની સ્ત્રી.

માતેય. એક બ્રહ્મર્ષિ. (૩. વસિષ્ઠ શબ્દ જુઓ.)

માથુર. મથુરાની આસપાસનો પ્રદેશ, અને ત્યાંના રહીશો.

માદ્દિ. એક બ્રહ્મર્ષિ. (૩. અંગિરા શબ્દ જુઓ.).

માદ્રી. મદ્રદેશના રાજાની કન્યાઓનું આ નામ સામાન્ય છે. શલ્ય રાજાની બેન; એનો વિવાહ પાંડુ રાજા સાથે થયો હતો. (**ભા૨૦ આદિ૦ અ૦ ૧૧૩–૧૧૪**). એ કુંતી કરતાં ઘણી જ રૂપાળી હતી. તેથી પાંડુરાજા શાપદગ્ધ હતો, તોપણ તેની સાથે સંભોગ કરવા પ્રવૃત્ત થયો ને પરિણામે મૃત્યુ પામ્યો. આથી માદ્રીને બોટું લાગવાથી પોતાના બે પુત્ર નકુળ અને સહદેવને કુંતીને સ્વાધીન કરી તેણે સહગમન કર્યું.

માદ્રી (૨). યદુકુલોત્પન્ન સાત્વત રાજાના પુત્ર વૃષ્ણિની સ્ત્રી.

માદ્રી (૩). કૃષ્ણની સ્ત્રી લક્ષ્મણા; આનો બાપ પણ મદ્ર રાજાનો વંશજ જ હતો.

માધવ. ઉત્તમ મનૂના પુત્રોમાંનો એક.

માધવ (૨). વર્ષમાંના માસને અનુક્રમે બીજો માસ. આની પૂર્ણિમા વિશાખા નક્ષત્ર યુક્ત હોઇ એને વૈશાખ કહેવાની રૂઢિ પડી છે.આ માસમાં સૂર્યમંડલાધિપતિ અર્યમા આદિત્ય હોય છે, પુલહ ઋષિ, ગંધર્વ નારદ, પુંજિકસ્થલી અપ્સરા, અથૌજા યક્ષ, કચ્છનીર નાગ અને પ્રહેતિ રાક્ષસ, આટલાં તેની સાથે સંચાર કરનારાં છે. (**ભાગ૦ ૧૨ સ્કં૦ અ૦ ૧૧**).

માધવ (૩). મધુ યાદવના સઘળા વંશજ. પરંતુ સાત્યકિને તો ખાસ માધવ જ કહેતા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૧૭**).

માધવ. (૪). વિષ્ણુનું નામ.

માધવી. યયાતિ રાજાની કન્યા. (**મત્સ્ય૦ અ૦ ૩૮**); (૩. ગાલવ શબ્દ જુઓ). ગાલવનું કાર્ય થઇ રહ્યા પછી આણે પોતાનું બાકીનું આયુષ્ય તપ કરવામાં ગાળ્યું હતું.

માધવી. (૨). ધર્મધ્વજ રાજાની સ્ત્રી અને તુલસીની માતા.

માધવી. (૩). સોમવંશી પૂરુરાજાના પુત્ર જનમેજય રાજાની સ્ત્રી.

માંધાતા. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન પ્રસન્ન અથવા યૌવનજિત્ રાજાના પુત્ર યુવનાશ્વનો પુત્ર. આની ઉત્પત્તિ આ પ્રમાણે થઈ હતી–યુવનાશ્વને સો સ્ત્રીયો હતી. તેમાંથી કોઇને એ સંતતિ નહતી. તેણે સહસ્ત્રાવધિ યજ્ઞ કર્યા, તોપણ કાંઇ સંતતિ થઇ નહિ. તેથી ઉદાસ થઇ મંત્રીને રાજ્યકારભાર સોંપી અરણ્યમાં ગયો. અરણ્યમાં ફરતો થકો એક રાતે ભાર્ગવને આશ્રમે ગયો. ત્યાં ઋષિએ તેનો સત્કાર કરી ભોજન આપ્યું. પછી સર્વ ઋષિઓ નિદ્રિત થયા એટલે આ પણ સુતો. પરંતુ તૃષા લાગવાથી રાત્રે જાગૃત થઇ પાણી શોધવા લાગ્યો, તો વેદીમાં જળથી પૂર્ણ એવો એક કળશ તેની દૃષ્ટિએ પડ્યો. તેમાંથી તેણે પાણી પીધું ને પાછો નિદ્રાવશ થયો. પ્રાતઃકાળે નિત્ય નિયમ પ્રમાણે ઋષિ ઉઠી સ્નાન સંધ્યા કર્યા પછી વેદીમાં જુએછે તો કળશ ખાલીખમ નજરે પડ્યો; આ ઉપરથી એમાંના પાણીનું શું થયું, તે સર્વને એની પુછપરછ કરતા હતા, એટલામાં યુવનાશ્વ પણ સ્નાન સંધ્યાથી પરવારી ત્યાં આવ્યો. તેણે રાત્રે એ જળ મેં પીધું એમ કહ્યું. ત્યારે ઋષિએ કહ્યું કે આ તેં શું કર્યું ? એ જળ પુત્રપ્રાપ્તિ કરવા માટે અભિમંત્રિત હતું. હશે થયું

તે થયું, પણ હવે તને ગર્ભ રહ્યો છે એમ જાણજે. (**ભા૨૦ વ૦ અ૦ ૧૨૬**)

ઋષિના કહ્યા પ્રમાણે યુવનાશ્વને ગર્ભ રહ્યો અને પૂર્ણ કાળે પિતાની કૂખ ચીરી તે બહાર આવ્યો. પરંતુ ધાવવા માટે રૂદન કરવા લાગવાથી યુવનાશ્વને ચિંતા પડી કે હવે કરવું શું? એટલામાં જ ઇંદ્ર ત્યાં પ્રગટ થયો અને રાજાને કહ્યું કે " **मां धास्यति** " આ પુત્ર મને ધાવશે. એમ કહી ઇંદ્રે પોતાની આંગળી તેના (બાળકના) મુખમાં મુકી, ને તેણે કરીને તેને તૃપ્તી થઇ. આ ઉપરથી તેનું માંધાતા એવું નામ પડ્યું. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૬૨; ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૬**)

માંધાતા મોટો થયા પછી તે સર્વ વિદ્યામાં પારંગત થયો; તેને અજગવ ધનુષ્ય અને દિવ્યાસ્ત્રો કેવળ તપે કરીને જ પ્રાપ્ત થયાં. અને તે વડે તેણે અનેક રાજાઓને હરાવી, સો અશ્વમેધ અને સો રાજસૂય યજ્ઞ કર્યા. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૯**) એણે સર્વ ભૂમિ એક દિવસમાં પોતાની સત્તા નીચે આણી. (**ભા૨૦ શાંતિ અ૦ ૧૨૪**).

એ મોટો દાનશૂર હતો. એને જોતાં જ દસ્યુ એટલે ચોર ભયથી ત્રાસ પામી નાસી જતા, તે ઉપરથી એનું ત્રસદસ્યુ એવું એ નામ પડ્યું હતું. આને શશબિંદુ રાજાએ પોતાની કન્યા બિંદુમતી પરણાવી હતી, તેની કુખે એને પુરુકુત્સ, ધર્મસેન અથવા અંબરીષ, અને મુચુકુંદ એવા ત્રણ પુત્ર અને પચાસ કન્યા થઇ હતી જે એણે સૌભરી ઋષિને વરાવી હતી. (સૌભરી શબ્દ જુઓ.) (વિષ્ણુપુ૦ ૪–૨).

આના રાજ્યમાં બાર વર્ષ પર્યન્ત અનાવૃષ્ટિ રહેવાથી, સ્વ તપોબળે કરીને તેણે વૃષ્ટિ આણી સર્વ પ્રજાને સુખી કરી. એકદા આને દૈવયોગે સુરલોક જીતવાની દુર્બુદ્ધિ ઉત્પન્ન થવાથી તે સ્વર્ગે ગયો. એને ઇંદ્રે કહ્યું કે હજી તારે ભૂમિપર લવણાસુર જીતવાનો બાકી રહ્યો છે; તેને જીતી પછી મારી તરફ આવજે. આ ઉપરથી મોટું સૈન્ય લેઇ તેણે લવણાસુર ઉપર ચઢાઈ કરી. લવણે તેના ઉપર રુદ્રનું આપેલું શૂળ નાંખતાં જ તેની સંપૂર્ણ સેના બળી ગઈ, ને તે પણ તત્કાળ મરણ પામ્યો. (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૬૭**). આની પછી એનો મોટો પુત્ર પુરુકુત્સ રાજ્ય પર આવ્યો અને અયોધ્યામાં રાજ કરવા લાગ્યો.

માંધાતા (૨). એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

માધુછંદસ. વિશ્વામિત્રકુલોત્પન્ન એક ઋષિ.

માધ્યંદિન. એક બ્રહ્મર્ષિ. (૩. વસિષ્ઠ શબ્દ જુઓ)

માધ્યંદિન (૨). શુકલ યજુર્વેદની વાજસનેયીની શાખા.

માધ્યંદિન. (૩). એક દેશ વિદેશ.

માધ્યંદિન (૪). માધ્યંદિનમાં રહેનારા લોક.

માધ્યમા. એક ઋષિ.

માનવ. એક બ્રહ્મર્ષિ. (૩. આંગરા શબ્દ જુઓ).

માનવકલ્પ. બ્રહ્મદેવનો ચાલુ માસમાં થઈ ગએલો વિસમો કલ્પ. (૪ કલ્પ શબ્દ જુઓ.)

માનવી. ભારતવર્ષીય એક નદી. (**ભા૨૦ ભી૦ અ૦ ૯–૩૨**)

માનસ જ્યોતિર્ભાસ લોકમાં રહેનાર પિતર વિશેષ.

માનસ (૨). સ્વર્ગ સંબંધી દેવોના વનોમાંનું એક વન.

માનસ (૩). હિમાલય ઉપરના વૈદ્યુત શિખરની તળેટીમાં આવેલું સરોવર, જેમાંથી સર્યૂ–સરજુ નદી નીકળી છે.

માનસ (૪). પ્રયાગમાંનું એક તીર્થ વિશેષ.

માનસ (૫). સર્પ વિશેષ. (**ભા૨૦ આ૦ ૫૭–૬૫**)

માનસ સરોવર. ત્રણની સંજ્ઞાવાળું માનસ તે જ. એ એક કાળે બ્રહ્મદેવે મને કરીને નિર્માણ કર્યું હતું. તેથી આનું આવું નામ પડ્યું.

માનસોત્તરપર્વત. આ પર્વત, પુષ્કરદ્વીપના રમણક અને ધાતકી એવા બે ભાગની મધ્યમાં હોઇ, મેરુની આસપાસ વર્તુલાકાર સ્થિતિમાં આવ્યો છે. મેરુથી આનું અંતર, સર્વત્ર આસપાસ એક કરોડ સત્તાવન લાખ પચાસ હજાર યોજન જેટલું છે. અને આ ઘેરાણે સૂર્યરથનું

એક ચક્ર સદોદિત ફરે છે. આના ઉપર ચાર દિગ્પાળનાં ચાર નગર અનુક્રમે આવેલાં છે. પૂર્વ તરફ દેવધાની, દક્ષિણે સંયમિની, પશ્ચિમે નિમ્લોચિની અને ઉત્તર તરફ વિભાવરી (દેવધાની શબ્દ જુઓ.).

માનારિ. એક બ્રહ્મર્ષિ. (૩. અંગિરા શબ્દ જુઓ)

માનુષતીર્થ. તીર્થ વિશેષ. (**ભા૨૦ વ૦ ૮૧-૬૫**)

માંબુધિ. વિશ્વામિત્રકુલોત્પન્ન એક ઋષિ.

માયા. પરમેશ્વરની લીલા રૂપ શક્તિ.

માયાપુરી. એક પુરી વિશેષ.

માયાવતી. શિવે કામને બાળી નાંખતાં તેની રતિ નામની સ્ત્રી, કામદેવ દ્વાપરમાં કૃષ્ણને પેટે જન્મ ધારણ કરશે એવું જાણીને, અને તેને હાથે શબરાસુરનું મૃત્યુ છે એ લક્ષમાં રાખી, આ નામ ધારણ કરી કામને મળવા એ અસુરને ઘેર રહી હતી.

માયાવિ. માયાસુરને હેમા અપ્સરાથી થએલા બે પુત્રોમાંનો મોટો. (**વા૦૨૦ઉત૨૦સ૦ ૧૨**).

મારિષા. નદી વિશેષ. (**ભી૦ ૯-૬૬**).

મારીચ. મરીચિ ઋષિનો પુત્ર, એટલે આ નામ કશ્યપ ઋષિનું છે.

મારીચ (૨). એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

મારીચ (૩). દનુપુત્ર દાનવોમાંનો એક. વૈશ્વાનર દાનવની બે કન્યા પુલોમા અને કાલકા આની સ્ત્રીઓ હતી. અને તેનાથી પૌલોમ અને કાલકેય એવા બે પુત્ર થયા હતા.

મારીચ (૪). સુંદ રાક્ષસથી તાટકા રાક્ષસીને થએલા બે પુત્રોમાંનો જ્યેષ્ઠ. (**વા૦ રા૦ બાલ૦ સ૦ ૨૫**). આ દસ હજાર હાથીઓના બળવાળો હોઇ સુમાલી રાક્ષસના ચાર અમાત્યોમાંનો એક હતો. (**વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૧૧**). આ કાંઈ કાળપર્યંત પોતાની માતા સાથે મલદ અને કરૂષક આ બે દેશની વચ્ચે રહેતો હતો. અને તેની સમીપ જ રહેતા વિશ્વામિત્ર ઋષિના યજ્ઞમાં, પોતાના ભાઇ સુબાહુ સાથે વિઘ્ન કરતો. એક વેળા નિત્યનિયમ પ્રમાણે, આ વિઘ્ન કરવા ગયો હતો. ત્યાં વિશ્વામિત્રના યજ્ઞના રક્ષણ માટે આવેલા રામચંદ્રે એના ભાઇપર બાણ છોડ્યું તેથી તે તત્કાળ મરણ પામ્યો. ત્યાંથી આ જે ઉડ્યો તે ફેંકલાયે યોજન જઇ સમુદ્રમાં પડ્યો. તે પછી આ રાવણનો આશ્રિત થઇ લંકામાં જ રહ્યો. કારણ કે આની માતા પણ રામચંદ્રને હાથે પહેલાં મરણ પામેલી હતી, એટલે પૂર્વોક્ત રથળે એનું કોઇ જ રહ્યું નહતું.

પછી થોડે જ કાળે સીતા અને લક્ષ્મણ સહિત રામ પંચવટીમાં રહ્યા છે એવું આણે સાંભળ્યું એટલે પૂર્વનુ વેર સંભારી,બે રાક્ષસોને સાથે લઇ આ ત્યાં ગયો; અને મૃગરૂપ ધારણ કરી આસપાસ ફરવા લાગ્યો. રામે આ કપટ જાણવાથી તેના તરફ બાણ ફેંક્યાં તેથી બે રાક્ષસ તો તત્કાળ મરણ પામ્યા. અને એ પોતે મહાકષ્ટે નાસી છુટ્યો તે પુનઃ રામ સામો કદી આવ્યો જ નહિ ! (**વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૩૮-૩૯**).

કાંઇ કાળે, રાવણને, સીતાનું હરણ કરી લાવવાની બુદ્ધિ ઉત્પન્ન થવાથી, તે આની પાસે આવ્યો, અને શૂર્પણખાને મુખેથી સાંભળેલું સીતાનું સૌંદર્ય, તેમ જ ખરાદિક રાક્ષસોના વધ ઇત્યાદી વૃત્તાંત તેને કહી, કહેવા લાગ્યો કે; તું સુંદર મૃગરૂપ ધારણ કરી મારી સાથે પંચવટીમાં ચાલ, અને સીતાનું હરણ કરી લાવવામાં મને સાહ્ય થા. રાવણનું આ બોલવું સાંભળતાં જ તેનું મુખ ઉતરી ગયું અને એણે રાવણને આ પ્રમાણે કહ્યું કે:-

राघवं जनकजासमन्वितं
लक्ष्मणेन सहितं त्वरान्वितः ॥
आगतोहमथ हंतुमुद्यतो मां
विलोक्य शरमेकमक्षिपत् ॥ २० ॥

तेन विद्धहृदयोहमुद्भ्रमन् ॥
राक्षसेंद्र पतितोस्मि सागरे ॥
तत्प्रभृत्यहमिदं समाश्रितः
स्थानमूर्जितमिदं भयार्दितः ॥ २१ ॥

राममेव सततं विभावये
भीतभीत इव भोगराशितः ॥
राजरत्नरमणीरथादिकं
श्रोत्रयोर्यदि गतं भयं भवेत् ॥ २२ ॥

રામબાણથી વિંધાઈ હું સમુદ્રમાં જઇ પડ્યો ઇત્યાદિ વૃતાંત કહી કહ્યું કે રાજ, રત્ન, રમણી, રથ ઇત્યાદિ રકારાદિ શબ્દો, મારે કાને પડતાં જ હું ભયથી થથરું છું;એટલે રામની વાત સુદ્ધાં મારી આગળ કહાડશો નહિ.આથી છેવટે રાવણે, તું જો મને મદદ નહિ કરે તો હું તને મારી નાંખીશ, એવું આને કહ્યું, ત્યારે નિરૂપાયે તેણે એની વાત માન્ય કરી. (**વા૦ રા૦ અરણ્ય સ૦ ૪૦-૪૧**),

સારાંશ કે મારીચ રાવણની જોડે પંચવટીમાં ગયો, અને ત્યાં સુંદર મૃગનો વેષ ધારણ કરી એણે સીતાના મનમાં આના જેવા જ ચામડાની કંચુકી મારે જોઇએ એવી લોભબુદ્ધિ ઉત્પન્ન કરી. રામે આની પાછળ પડી એને માર્યો,પરન્તુ મરણ સમયે "હે લક્ષ્મણ ભાઓ ! હે લક્ષ્મણ ભાઓ!" એવા માયાવી દીન પોકાર કર્યા, જે સાંભળવાથી સીતાએ લક્ષ્મણને રામની વ્હારે મોકલ્યો. આ સંધીનો યોગ સાધી રાવણે સીતાનું હરણ કરી, તેને લંકા લઇ જઇ અશોકવનમાં રાખી. (**વા૦ રા. અરણ્ય૦ સ૦ ૪૨-૪૪; ભા૨૦ વન૦ અ૦ ૨૭૮**)

મારીષા. દસ પ્રચેતસની સ્ત્રી,પ્રાચેતસ્ દક્ષની માતા. આનું વાર્ક્ષી એવું બીજું નામ પણ હતું.

મારીષા. (૨). આર્યક નાગની કન્યા, અને યદુકુલોત્પન્ન શુર રાજાની સ્ત્રી. આનું ભોજા એવું બીજું નામ હતું.

મારુત. એક બ્રહ્મર્ષિ. (૩. ભૃગુ શબ્દ જુઓ.).

મારુત (૨). એક બ્રહ્મર્ષિ. (અંગિરા શબ્દ જુઓ)

મારુત (૩). પાંડવપક્ષ તરફનો મરુભૂમિ દેશનો રાજા

મારુત (૪). વાયુનું એક નામ.

મારુતંતવ્ય. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

મારુતિ. વાયુના પ્રસાદ વડે અંજનાને થએલો પુત્ર, હનુમાન્ તે. (હનુમાન શબ્દ જુઓ)

માર્કટિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ)

માર્કંડ. એક ઋષિ.

માર્કંડેય. સ્વાયંભુ મન્વન્તરમાંના બ્રહ્મમાનસ પુત્ર ભૃગુના ધાતા નામના પુત્રનો પૌત્ર, અને મૃકંડઋષિનો પુત્ર. શિવના વરદાને કરી ચૌદ કલ્પ જેટલું આયુષ્ય થયું હતું તે આનું જ હશે એમ જણાય છે. આશીર્વાદમાં "માર્કંડઋષિનું આયુષ્ય" કહેવાય છે તે જ આ.

માર્કંડેય (૨). એક બ્રહ્મર્ષિ. આ પ્રાયઃ ચાલુ મન્વન્તરમાંના અંગિરા કુલોત્પન્ન હશે. (**મત્સ્ય અ૦ ૬૬૬**). આણે ઘણાં વર્ષો તપ કર્યાથી ભગવાન પ્રસન્ન થતાં આપની માયા કેવી હશે તે જોવાની મારી ઇચ્છા પૂર્ણ કરો, એવું કહેતાં તથાસ્તુ કહી ભગવાન અંતર્ધાન થયા. કાંઈ કાળ પછી, એકદા નિત્ય નિયમ પ્રમાણે પોતાના આશ્રમે બેઠેલો હતો તેવામાં એકાએક પ્રચંડ વાયુ વાવા માંડ્યો. અને જોતજોતામાં ચારે તરફથી સમુદ્ર ઉલટ્યો અને પૃથ્વિ જળજળાકાર થઇ ગઇ, હોય એવો આને ભાસ થયો.જોકે વસ્તુતઃ એવું બનેલું નહિ. એટલામાં સમુદ્રજળમાં એ એકલો આમથી તેમ તરવા લાગ્યો. તેવામાં ત્યાં એની દૃષ્ટિએ એક વડનું ઝાડ પડ્યું. અને તેની સમીપ એ જોઇ રહ્યો હતો એટલામાં વડના એક પાંદડા ઉપર કોઇ સુંદર બાળક સુતેલું છે, એવું આણે જોયું; એ બાળકની પાસે જતાં જતાંમાં તેના શ્વાસના વાયુના આકર્ષણને લઇને ખેંચાઇને એ બાળકના ઉદરમાં જઇ પડ્યો ! ત્યાં એણે પૃથ્વિ, નગરો, ગામ, નદીઓ ઇત્યાદી સર્વ કાંઇ બહારની પેઠે જ દીઠું; એટલું જ નહિ, પણ ત્યાં પોતે પોતાના આશ્રમમાં બેઠો છે એવું એ દીઠું ! એટલામાં જ પુનઃ એ બાળકના ઉચ્છ્વાસની સાથે જ બહાર આવી પડીને જુએ છે તો સમુદ્ર, વડનું ઝાડ, બાળક, ઇત્યાદિ કશું એ ન મળે અને પોતે પોતાના આશ્રમમાં બેશી સ્વસ્થ રીતે તપ કરી રહ્યો

છે ! આથી આશ્ચર્ય પામતો સ્વસ્થ બેઠો. આ પ્રમાણે તે બેઠો હતો ત્યાં પુનઃ ભગવાન પ્રગટ થયા, અને એને અનેક પ્રકારના વર આપી અંતર્ધાન થયા. (ભાગ ૧૨ સુ૦ અ૦ ૮-૧૦). યુધિષ્ઠિરને અરણ્યવાસ વખતે અનેક ઇતિહાસો સંભળાવ્યા તે આણે જ હશે એમ જણાય છે. (ભા૨૦ વન૦ અ૦ ૧૮૩-૧૯૦).

માર્કંડેય (૨). દશરથ રાજાના ઉપઋત્વિજોમાંનો એક. (વા૦ ૨૩૦ બાલ૦ સ૦ ૭).

માર્કંડેય (૩). દાશરથિ રામના આઠ ધર્મશાસ્ત્રિયોમાંનો એક બ્રાહ્મણ. (વા૦ ૨૩૦ ઉત્તર૦ સ૦ ૭૪. શ્લો. ૪).

માર્કંડેયાશ્રમ. કચ્છમાઉનના જીલ્લામાં વાઘેશ્વરની સમીપ, ગોમતી અને સર્યુના સંગમ આગળ આવેલું ક્ષેત્ર વિશેષ. પાંડવો વનવાસના સમયમાં ત્યાં પણ ગયા હતા. (ભા૨૦વ૦ ૧૩૦-૧)

માર્ગણાપ્રિયા. પ્રાધાની અપ્સરા કન્યાઓમાંની એક. (ભા૨૦ આ૦ ૪૬-૪૫).

માર્કંડેયતીર્થ. તીર્થ વિશેષ (ભા૨૦વ૦૮૨-૭૯).

માર્જારિ. સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ વંશના સુધનુના કુલમાં ઉત્પન્ન થએલા જરાસંધપુત્ર સહદેવના ત્રણ પુત્રોમાંનો મધ્યમ. આનો પુત્ર શ્રુતશ્રવા.

માર્તંડ. મૃત અંડને ચૈતન્યમય કરનાર પરમાત્મા તે.

"मृतेंडे जायते यस्मान् मार्तंड इति चोच्यते ॥
(મત્સ્ય૦).

માર્તણ્ડ. સૂર્ય. (ભા૨૦ આ૦ ૬૬-૧૫).

मारितं च यतः प्रोक्तमेतदण्डं त्वयादितः ॥
तस्मान्मुने ! सुतस्तेऽयं मार्तण्डाख्यो भविष्यति ॥
(मार्कण्ड पुराणम्)

માર્તાણ્ડ સ્વર્ગીય ગાય, સુરભીનો સ્વામી. (ભા૨૦ અનુ૦ ૧૧૭-૧૧).

માર્તિકાવત. એક નગર. (ભા૨૦ મૌસલ૦ અ૦ ૭).

માર્તિકાવતક (૨). ભારતવર્ષીય દેશ. (ભા૨૦ વન૦ ૧૪-૧૬).

માર્તિકાવતક (૩). ઉપર કહેલા દેશનો રાજા સાલ્વ. (ભા૨૦ વ૦ ૨૦-૧૫; દ્રો૦ ૪૮-૮).

માર્તિકાવતક (૪). ચિત્રરથ જેને સ્ત્રીઓ સાથે જળમાં ક્રીડા કરતો જોઇને જમદગ્નિની ભાર્યા રેણુકાના મનમાં અમુક ભાવના થઇ, ક્ષોભ થયો હતો તે. (ભા૨૦ વ૦ ૧૧૭-૬).

માર્દમર્ષિ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (ભા૨૦ અનુ૦ ૭-૨૭).

માર્દ્વપિંગલી. એક બ્રહ્મર્ષિ. (૩. અંગિરા શબ્દ જુઓ).

માલ. ભારતવર્ષીય દેશ.

માલતી. શત્રુઘાતી રાજાની જ્યેષ્ઠ સ્ત્રી.

માલય. ગરુડપુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧-૧૪).

માલવ. ઇંદ્રપ્રસ્થને મધ્યમાં ગણી, ઉત્તર અને પશ્ચિમમાં આવેલો દેશ. આના બે ભેદ છે. તે તેના પ્રત્યેકના વર્ણનમાં જોવા. ભોજ રાજાના વખતમાં ઉજ્જન અને ધારા એની રાજધાની હતી. અનુપ દેશની વાયવ્યે આવેલો દેશ તે. હાલનો માળવા તે જ.

માલવી. મદ્રદેશાધિપતિ અશ્વપતિ રાજાની સ્ત્રી. સાવિત્રીની માતા. (ભા૨૦ વ૦ ૨૯૮-૬૧).

માલવી (૨). કેકય નામના સૂતની ભાર્યા. કીચકની મા. વિરાટ રાજાની સ્ત્રી સુદેષ્ણાની માસી અને ઓરમાન મા.(ભા૨૦વિ૦૨૧-૧૪)

માલાયનિ. એક બ્રહ્મર્ષિ. (૩. ભૃગુ શબ્દ જુઓ).

માલાવતિ. કુશધ્વજ રાજાની સ્ત્રી, ને વેદવતીની માતા.

માલિની. ચંપા નગરીનું મૂળ નામ.

માલિની (૨). એક અપ્સરા.(ભા૨૦વિ૦૧૪-૩૨).

માલિની (૩). વીરવર્મા નામના રાજાની કન્યા.

માલિની (૪). ઘોઘરાને મળનારી અયોધ્યાની ઉપરવાસે પચાસ મૈલ દૂર આવેલી એક નદી. એના ઉપકંઠે ઉપર કણ્વનો આશ્રમ હતો.

માલિની (૫). વિભીષણની માતા. (ભા૨૦વ૦ ૨૭૬-૮).

માલિની (૬). અજ્ઞાતવાસમાં વિરાટ નગરમાં

દ્રૌપદીએ ધારણ કરેલું નામ. (ભા૨૦ વિ૦ ૧૪-૪૫).

માલી. સુકેશ રાક્ષસને દેવવતીથી થએલા ત્રણ પુત્રોમાંનો કનિષ્ઠ. આને વસુદા ગંધર્વિથી અનલ, અનિલ, સંપાતિ, હર, પનસ અને પ્રમતિ એવા છ પુત્ર થયા હતા. તેઓ માલેય કહેવાતા. આ માલી વિષ્ણુને હાથે મરણ પામ્યો હતો. (માલ્યવાન્ શબ્દ જુઓ).

માલી (૨). વૃત્રાસુરનો અનુયાયી એક અસુર.

માલેય. માલી રાક્ષસના પુત્રોની સંજ્ઞા.

માલ્યવાન્. સુકેશ રાક્ષસથી દેવવતીને કુખે થએલા ત્રણ પુત્રોમાંનો એક. સુમાલી અને માલીનો મોટો ભાઈ. આણે બન્ને ભાઇઓ સાથે બ્રહ્મદેવનું આરાધન દીર્ઘકાળ કર્યું, તેથી તેને વરદાન પ્રાપ્ત થયું અને ત્રિકૂટ પર્વતના શિખર ઉપર વિશ્વકર્મા પાસે રચાવેલી ત્રીસ યોજન પહોળી અને સો યોજન લાંબી નગરી, જેને લંકા કહે છે તે, તેને મળી એટલે આ સપરિવાર ત્યાં જઇ રહ્યો. ઉભય બંધુ અને આને બલાઢ્ય જોઇ નર્મદા ગંધર્વીએ પોતાની સુંદરી, કેતુમતી અને વસુદા નામની ત્રણ કન્યા અનુક્રમે તેઓને આપી.

આને સુંદરીથી વજ્રમુષ્ટિ, વિરૂપાક્ષ, દુર્મુખ, સુપ્તઘ્ન, યજ્ઞકોપ, મત્ત, અને ઉન્મત્ત ઇત્યાદિ પુત્ર અને અનલા નામની કન્યા થઇ. (વા૦ ૨૩૦ ઉત્તર૦ સ૦ ૫). આ અનલા તે વિશ્વાવસુ રાક્ષસની સ્ત્રી અને કુંભીનસીની માતા હતી. આ જ પ્રમાણે બીજા બેને પણ પુષ્કળ સંતતિ થઇ. પછી ત્રણેએ ઉન્મત્ત થઇ મનુષ્ય માત્રને એટલી પીડા આરંભી કે દેવોને આની સાથે અનેક વેળા યુદ્ધ થયું. દરેક વેળાએ આનો પરાભવ થયો. એટલું જ નહિ પણ એક યુદ્ધમાં વિષ્ણુને હાથે માલી મરણ પામવાથી આને એટલી બ્હીક લાગી કે સુમાલી અને સર્વપરિવાર સાથે લંકા છોડી પાતાળમાં જઇ રહ્યો. (વા૦ ૨૩૦ ઉત્તર૦ ૬-૮).

પોતાનો અભ્યુદય કાળ ક્યારે આવશે, અને પોતાને પૃથ્વીપર નિર્ભય રીતે સંચરવાનું ક્યારે પ્રાપ્ત થશે, એવા વિચારો આ અને એનો ભાઇ કરતા હતા. તેવામાં એકદા સુમાલી ગુપ્તરૂપે પૃથ્વીપર આવી જુવે છે, તો વૈશ્રવણ લંકામાં મોટા ઐશ્વર્યથી રહે છે. આ ઉપરથી વિશ્રવા ઋષિને પોતાની કન્યા આપવાનો તેને મનસુબો થયો. તેનો હેતુ એ હતો કે જે વિશ્રવાથી તે કન્યાને પુત્ર થયો, ને કદાચિત્ તેને લંકા મળી, તો સહેજે જ તેમાં રહેવાનું બની આવે. આ મનસુબા પ્રમાણે તેણે પોતાની કન્યા વિશ્રવા ઋષિને આપી, ને થોડા જ કાળે તેને તેનાથી દશગ્રીવ ઇત્યાદિ પુત્ર પણ થયા.(ભા૨૦સ૦૯).

કાંઈ કાળે રાવણાદિક મોટા થયા, અને તપ કરીને તેણે બ્રહ્મદેવને પ્રસન્ન કરી અનેક વરદાન પણ સંપાદન કર્યા.આ જોઇ સુમાલીએ પ્રહસ્ત, વિકટ, અકંપન, કાલિકામુખ, ધૂમ્રાક્ષ, દંડ, સુપાર્શ્વ, સંહ્રાદિ, પ્રઘસ અને ભાસકર્ણ ઇત્યાદિ પુત્ર તેની સહાયે મોકલ્યા. અને કૈકસી ઉપરાંત રાકા, પુષ્પોત્કટા, બલાકા અને કુંભીનસી એ ચારે કન્યા પણ વિશ્રવા ઋષિને જ આપેલી હોવાથી તેમની કુખે થએલી પ્રજા સ્વાભાવિક રીતે જ રાવણને સહાય્ય થઇ. પછી અલ્પ કાળમાં જ રાવણના હાથમાં લંકા આવવાથી પાતાળમાંના સર્વ રાક્ષસો ત્યાં રહેવા આવ્યા. તેમાં માલ્યવાન્ અને સુમાલી પ્રમુખ હોઇ તેમનું આગમન સ્વાભાવિક રીતે થયું. પરંતુ એકદા રાવણને દેવો સાથે સંગ્રામ થયો, તેમાં સુમાલી મરણ પામવાથી આ એકલો જ જીવતો રહ્યો. (સ. ૨૮).

માલ્યવાન્ ક્યારે મરણ પામ્યો તે જણાતું નથી; પણ રાવણે સીતા રામચંદ્રને પાછી આપવી એવો એણે રાવણને કરેલો ઉપદેશ મળી આવે છે. તે ઉપરથી જણાય છે કે રાવણે સીતાને આણીને અશોકવનમાં

રાખી ત્યાં સુધી તે જીવતો હતો. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૫).

માલ્યવાન્ (૨). નીલ અને નિષધ, એ બે પર્વતોને સ્પર્શ કરીને રહેલો કેતુમાલ વર્ષનો ઉત્તર સીમારૂપ પર્વત.(ભા૨૦હી૦ ૬-૧૩).

માલ્યવાન્ (૩). કિષ્કિંધા પાસે આવેલો એક સામાન્ય પર્વત. વાલિનો વધ કર્યા પછી વર્ષાઋતુ પૂર્ણ થતાં સુધી રામ અને લક્ષ્મણ બન્ને આના ઉપર રહ્યા હતા. (વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૨૮). ભારતમાં અને અધ્યાત્મ રામાયણમાં આનું પ્રવર્ષણગિરિ એવું નામ કહ્યું છે.

માવેલ્લક. દેશ વિશેષ.

માવેલ્લક (૨). માવેલ્લ દેશના રહેવાશી.(ભા૨૦દ્રો૦ ૧૭-૨૦).

માવેલ્લક (૩). હરિવાહન રાજાનું બીજું નામ.

માસ. ઋષભા રૂપી રાક્ષસ. એના નળાનાં જરાસંધે ત્રણ ભેરી બનાવરાવ્યાં હતાં.(ભા૨૦સ૦૨૧-૨૦).

માપશરાવય. એક બ્રહ્મર્ષિ. (૩. વસિષ્ઠ શબ્દ જુઓ).

માહિક. દેશ વિદેશ. (ભા૨૦ ભી૦ ૯-૪૬).

માહિષક. ભારતવર્ષીય દેશ. (અ૦ચ૦ ૮૪-૧૧) હાલનું મૈસૂર.

માહિષ્મતી. કાર્તવીર્યની અનૂપદેશ સંબંધી રાજધાની. (ભા૨૦ સ૦ ૩૨-૨૩). ઇન્દોરથી દક્ષિણે ચાળીસ મૈલપર નર્મદાના જમણા તટપર આવેલી નગરી–માહેશ્વર.

માહિષ્મતી (૨). સૂર્યવંશી દશાશ્વ રાજાની રાજધાની.

માહિષ્મતી (૩). દક્ષિણ દિશાએ આવેલી નીલ રાજાની મેકલ દેશ સંબંધી રાજધાની.

માહિષ્મતી (૪). દક્ષિણમાં આવેલી એક નગરી.

માહીક. ભારતવર્ષીય દેશ. (ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯).

માહેંદ્ર. પર્વત વિશેષ.

માહેંદ્રી. દેવધાની નગરીનું નામ.

માહેય. ભારતવર્ષીય દેશ. (ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯).

માહેશ્વર કલ્પ. બ્રહ્મદેવના ચાલુ માસમાં હવેથી આવનારો ઓગણત્રીસમો દીવસ. (૪. કલ્પ શબ્દ જુઓ).

માહેશ્વરી ધારા. તીર્થ વિશેષ.(ભા૨૦વ૦૮૨-૧૧૭).

મિઞ્જિક. રુદ્ર સંભવ. રુદ્રે ઉમામાં સિંચન કરેલા વીર્યમાંથી કેટલુંક પૃથ્વીપર પડ્યું તેમાંથી ઉત્પન્ન થએલા પુત્ર અને પુત્રીના જોળવામાંનો પુત્ર. (ભા૨૦ વ૦ ૨૩૧-૯).

મિઞ્જિકા. રુદ્ર સંભવા.(ભા૨૦વ૦૨૩૧-૯,૧૦). મિઞ્જિક શબ્દ જુઓ. ઉપર કહેલા જોળવામાંની કન્યા તે જ.

મિત. સોમવંશી પુરૂરવા રાજાનો પૌત્ર અને જય રાજાનો પુત્ર.

મિતધ્વજ. વિદેહવંશી ધર્મધ્વજ જનકના બે પુત્રોમાં કનિષ્ઠ. આનો પુત્ર ખાંડિક્ય જનક.

મિત્ર. એક આદિત્ય. (દ્વાદશાદિત્ય શબ્દ જુઓ). (ભા૨૦ આ૦ ૬૬-૧૫).

મિત્રઘ્ન. રામે મારેલો રાવણ પક્ષનો એક રાક્ષસ. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩).

મિત્રદેવ. ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. (ભા૨૦ કર્ણ૦ ૧૮-૧૧).

મિત્રધર્મા. અગ્નિ વિશેષ. (વ૦ ૨૨૨-૧૨).

મિત્રનંદન. વૃષ્ણિકુલોત્પન્ન એક જાદવ.

મિત્રપદ. ભારતવર્ષનું તીર્થ.

મિત્રભાનુ. એક રાજર્ષિ. એનું વિશેષ વૃત્તાંત મળતું નથી.

મિત્રયુ. ભૃગુકુલોત્પન્ન એક ઋષિ. મૈત્રેયી આની કન્યા હતી.

મિત્રયુ (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ પુત્ર નીલવંશના દિવોદાસ રાજાના બે પુત્રોમાંનો કનિષ્ઠ. આને મૈત્રેય અને ચ્યવન એવા બે પુત્ર હતા.

મિત્રવર્ચન. અગ્નિ વિશેષ.(ભા૨૦વ૦૨૨૨-૧૨).

મિત્રવર્મા. દ્રોણાચાર્યે મારેલો એક પાંચાલ.

મિત્રવર્મા (૨).દુર્યોધન પક્ષનો એક રાજા.(ભા૨૦ કર્ણ૦ આ૦ ૨૭).

મિત્રવિંદા. અવંત્ય રાજા જયસેનને વસુદેવ ભગિની રાજાધિદેવીથી થએલી કન્યા. આનો સ્વયંવર

થતો હતો ત્યાંથી કૃષ્ણે તેને હરી આણી તેની સાથે પોતે લગ્ન કર્યું હતું. (ભા૨૦ ૧૦ સ્કં. અ. ૫૮)૦ આને કૃષ્ણથી વૃક ઇત્યાદિ દસ પુત્ર થયા હતા.

મિત્રવિંદા (૨). કુશદ્વીપમાંની એક નદી.

મિત્રસહ. સૂર્યવંશી કલ્માષપાદ રાજાનું જ બીજું નામ.

મિત્રસેન. અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા.

મિત્રજ્ઞ. અગ્નિ વિશેષ (ભા૨૦ વ૦ ૨૨૨-૧૨)

મિત્રાવરુ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

મિત્રાવરુણ. મિત્ર અને વરુણ એ બે.

મિથિ. નિમિરાજાનો દેહ મંથન કર્યો તેમાંથી જન્મેલો (નીકળેલો) પુત્ર તે.

મિથિલ. ભરતવંશનો એક ક્ષત્રિય–તેનો પુત્ર તે જન્હુ. (ભા૨૦ અનુ૦ ૭-૨).

મિથિલા. વૈજયંત નગરનું મિથિ રાજાને લીધે પડેલું નામ–જનકપુર તે જ.

મિધ્ય. અગ્નિ વિશેષ. (ભા૨૦ વ૦ ૨૨૧ ૧૯).

મિશ્રક. ભારતવર્ષીય તીર્થ.

મિશ્રકેશી. પ્રાધાની અપ્સરા કન્યાઓમાંની એક.

મિહિરાક્ષ. મહિષાસુરના પ્રધાનોમાંનો એક.

મિશ્રકેશી. એક અપ્સરા વિશેષ. (ભા૨૦ સ૦ ૧૦-૧૧).

મીઢુષ. શક આદિત્યનો પુત્ર.

મીઢ્વાન. સૂર્યવંશી નરિષ્યંત કુલોત્પન્ન દક્ષરાજાનો પુત્ર. આનો પુત્ર કૂર્ચરાજા.

મુકુટ. ભારતવર્ષીય તીર્થ.

મુકુટા. ઋષ્યવાન્ પર્વતમાંથી નીકળેલી નદી.

મુકુંદ. વિષ્ણુ.

મુકુંદ (૨). કુબેરના નવ નિધીઓમાંનો છઠ્ઠો.

મુકુંદ (૩). શાલ્મલી દ્વીપમાંનો એક પર્વત.

મુક્તિક. યજુર્વેદોપનિષત્.

મુખ્યમણ્ડિકા. સ્કન્દગ્રહ.(ભા૨૦ વ૦ ૨૩૦-૩૦).

મુચુકુન્દ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન માંધાતા નામના રાજાને બિંદુમતીથી થએલા ત્રણ પુત્રોમાંનો કનિષ્ઠ. આ તેના પિતાના જેવો જ પરાક્રમી હોવાથી, દેવ અને દૈત્યોનું યુદ્ધ થતાં, દેવો તેને સહાય માટે બોલાવી ગયા હતા. પછીથી દેવોનો જય થઇ યુદ્ધ સમાપ્ત થયું, એટલે એના ઉપર પ્રસન્ન થઇ મોક્ષ સિવાય, જે જોઇતું હોય તે માગી લેવાની દેવોએ આજ્ઞા કરી. તે ઉપરથી, પૃથ્વીપરનો પોતાનો પરિવાર અને રાજ્ય નષ્ટ થએલાં જોઇ, અને યુદ્ધથી શ્રમિત થએલો હતો માટે, આણે મને નિદ્રા લેવા માટે એક શાંત સ્થળ, નિદ્રાભંગ કરનારને મારો દૃષ્ટિપાત થતાં જ મૃત્યુ, અને લાગલું જ મને વિષ્ણુદર્શન થાય, આટલું માગ્યું. તે પ્રમાણે આને નિદ્રા લેવા માટે એક પર્વતની ગુફા બતાવીને ઇતર વરોને માટે તથાસ્તુ કહ્યું. મુચુકુંદ જે ગુફામાં સુતો હતો તે પર્વત ફીઓ, અને એણે નિદ્રા કયારે લીધી તે જણાતું નથી. પરંતુ વંશાવળી પ્રમાણે એ દાશરથિ રામની પહેલાંનો એકતાળીસમો પૂર્વજ હતો, માટે તેણે ચાલુ મન્વન્તરના નવમા દસમા પર્યયમાં નિદ્રા લીધી એવું જણાય છે.

પછી અઠ્ઠાવીસમો પર્યય શરૂ થતાં દ્વાપરના અંતમાં કૃષ્ણાવતાર થયો. તે વેળાએ કાળયવન કૃષ્ણ ઉપર ચઢી આવતાં, કૃષ્ણે પોતે પરાજય પામ્યાનું ડોળ કર્યું. અને જેવો તે પૂંઠે પડયો કે, જાણી જોઇને નાસતાં નાસતાં મુચુકુંદની ગુફામાં પ્રવેશ કર્યો; અને કાળયવનનો આની પાસે વધ કરાવ્યો. (કાલયવન શબ્દ જુઓ). (ભા૨૦ ૧૦ સ્કં૦ અ૦ ૫૧ ઘર; વિષ્ણુ૦ ૫-૨૩; હરિવં૦ ૨-૫૭).

મુંજ. દ્વૈતવનમાં પાંડવો હતા ત્યારે તેમની સાથે હતો તે એક ઋષિ.

મુંજકેતુ. પાંડવોનો મિત્ર, એક રાજા.

મુંજવટ. દ્વૈતવનમાંનું એક તીર્થ.

મુંજવાન. એક પર્વત. (અ૦ચ૦ ૮-૧).

મુંડ. ચંડ દૈત્યનો કનિષ્ઠ ભાઈ. (ચંડમુંડ શબ્દ જુઓ.)

મુંડ (૨). ભારતવર્ષીય એક દેશ,

મુંડ (૩). મુંડક શબ્દ જુઓ.

મુંડક. અથર્વણવેદોપનિષત.

મુંડદેવાંગ. એક સર્પ. (ભા૨૦આ૦ ૧૫–૧૭).

મુદિત. દાશરથિ રામની સભામાંનો એક સેવક.

મુદ્ગર. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭–૧૦).

મુદ્ગરપર્ણક. સર્પ વિશેષ.(ભા૨૦ઉ૦૧૧૩–૧૩).

મુદ્ગરપિંડક. સર્પ વિશેષ.(ભા૨૦આ૦૩૫–૯).

મુદ્ગલ. એક બ્રહ્મર્ષિ. (૨. અત્રિ શબ્દ જુઓ).

મુદ્ગલ (૨). અંગિરસ કુલોત્પન્ન કુરુક્ષેત્રમાં રહેતો એક બ્રાહ્મણ.આ શીલોચ્છવૃત્તી (વીણી વીણીને એકઠા કરેલા દાણા) ઉપર નિર્વાહ કરનારો હોઇ, ઇંદ્રિયનિગ્રહી અને ધર્માત્મા હતો. આવી રીતે પ્રાપ્ત કરેલા અન્નમાંથી જ બ્રાહ્મણોને અન્નદાન કરતો હતો. એકદા દુર્વાસા ઋષિએ આની પાસે આવી અન્ન માગ્યું તે તેણે આપ્યું. પરંતુ તે બધુંએ અન્ન ભક્ષણ કરી ગયા. આ પ્રમાણે પાંચ વેળા દુર્વાસા તૃપ્ત થયા. તેથી તેમણે આને તું ઉત્તમ લોકમાં ગમન કર, એવો આશિર્વાદ આપ્યો. તત્કાળ ત્યાં વિમાન પ્રાપ્ત થયું અને દેવદૂતે આને કહ્યું કે હે બ્રાહ્મણ, આ વિમાનમાં આરોહણ કર. તે કાળે આણે દેવદૂતને પુછ્યું કે સ્વર્ગમાં ગુણ અને દોષ શા શા છે તેમને કહે. દેવદૂતે ગુણનું વર્ણન કર્યા પછી એણે દોષ સંબંધે એવું કહ્યું કે પુણ્ય ક્ષીણ થતાં પ્રાણીને ત્યાંથી પુનઃ મૃત્યુલોકમાં આવવું પડે છે. (ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશંતિ) આવાં દેવદૂતનાં વચનો સાંભળી, પુનઃ આણે બ્રહ્મલોકાદિ સ્થાનની સ્થિતિ વિષે પુછ્યું. તેણે ઉત્તર આપ્યો કે, સ્વર્ગલોક કરતાં ત્યાં અપાર સુખ છે. અને પ્રાયઃ પતનભીતિ છે જ નહિ; કારણ કે તે સ્થાન ઉત્કૃષ્ટ વૈરાગ્ય વિના કોઇને પ્રાપ્ત થતું નથી; પરંતુ ક્વચિત્ ક્વચિત્ એ દોષ ત્યાં પણ નજરે પડે છે. (જયવિજય શબ્દ જુઓ). ત્યારે આણે દેવદૂતને કહ્યું કે જો આમ જ છે, તો તું વિમાન પાછું લઈ જા. મારે એ લોકમાં આવવું નથી. (યદ્ગત્વા ન નિવર્તંતે) જ્યાં ગયા પછી પાછું આવવાનું ન હોય ત્યાં જવું એવી મારી ઇચ્છા છે, તે પ્રાપ્ત કરવા જ પ્રયત્ન કરીશ. આથી દેવદૂત પાછો ગયો. અને આ તીવ્ર વૈરાગ્યપૂર્વક બ્રહ્મવિદ્યા સંપાદન કરી, અક્ષય્ય એવા બ્રહ્મભાવને પામ્યો. (ભા૨૦ વન૦ અ૦ ૨૬૧–૩).

મુદ્ગલ (૩). સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ પુત્ર નીલરાજાના વંશના ભર્મ્યાશ્વ અથવા ભદ્રાશ્વ રાજાના પાંચ પુત્રોમાંનો જ્યેષ્ઠ. એને બ્રહ્મિષ્ટ નામનો પુત્ર હોઇ, આના કુળમાં મૌદ્ગલ્ય સંજ્ઞાધારી કાંઇક બ્રાહ્મણો પણ થયા છે. એનો પુત્ર દિવોદાસ. શતાનંદની મા અહલ્યા તે આની પુત્રી. (ભાગ૦૯–૧૯).

મુદ્ગલ (૪). ઋગ્વેદોપનિષત.

મુદ્ગલાયન. એક બ્રહ્મર્ષિ. (૩. ભૃગુ શબ્દ જુઓ).

મુનિ. ચાલુ વૈવસ્વત મન્વન્તરમાં કશ્યપ ઋષિએ પ્રાચેતસ દક્ષને આપેલી તેર કન્યામાંની એક. આનાથી જે ગંધર્વ ઉત્પન્ન થયા તેમને મુનિ અથવા દેવગંધર્વ એવી સંજ્ઞા હતી. (૧ દેવગંધર્વ શબ્દ જુઓ). ભારત આદિપર્વ અધ્યાય ૧૨૩ શ્લોક ૫૪–૫૭ માં લખેલાં નામો કરતાં ભા૨૦આદિ૦અ૦ ૬૫ શ્લોક ૪૨–૪૪ માં લખેલાં નામોમાં તફાવતછે,તોપણ સોળની સંખ્યામાં તો ફેર નથી.

મુનિ (૨). રૈવત મન્વન્તરમાંના સપ્તર્ષિ માંહેલો એક.

મુનિ (૩). દસ વિશ્વેદેવોમાંનો એક.

મુનિ (૪). અણહનો પુત્ર.(ભા૨૦આ૦૬૭–૨૩).

મુનિદેશ. ક્રૌંચદ્વીપ સમીપ દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૧૨–૨૨).

મુર. નરકાસુરનો અનુયાયી એક અસુર. એને કૃષ્ણે માર્યો હતો. એ ઉપરથી જ કૃષ્ણનું મુરારિ એવું નામ પડ્યું છે. ગુજરાતીમાં મોરારી કહીએ છિયે.

મુરચીપત્તન. કિષ્કિંધાની પશ્ચિમ તરફની એક નગરી. (વા૦ રા૦ કિષ્ક૦ સ૦ ૪૨).

મુરુ. એક અસુર વિશેષ. (ભા૨૦ સ–૧૪–૧૪).

મુષ્ટિક. વસિષ્ટ પુત્ર યજ્ઞમાં ગયા નહિ અને વિશ્વામિત્ર અને ત્રિશંકુ રાજાનો ઉપહાસ કર્યો. એ ઉપરથી વિશ્વામિત્રે તમે ચંડાળ થશો એવો શાપ દીધો. તે ચંડાળનું પરેલું નામ. (વા૦ રા૦ બાલ૦ સ૦ ૫૯).

મુષ્ટિક (૨). બલરામે મારેલો કંસની સભામાંનો એક મલ્લ. (ભાગ ૧૦ સ્કં૦ અ૦ ૪૪).

મુસલ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

મુહૂર્ત. ધર્મઋષિને મૂહૂર્તાથી થએલો પુત્ર.

મુહૂર્તા. પ્રાચેતસ દક્ષે ધર્મઋષિને આપેલી દસ કન્યાઓમાંની એક. એનો પુત્ર મુહૂર્ત સંજ્ઞાવાળો દેવ.

મૂક. એક સર્પ. (ભા૨૦ આ૦ ૫૫–૬૭).

મૂક (૨). અર્જુન તપ કરતો હતો ત્યાં વરાહરૂપ ધારણ કરીને આવતાં, કિરાત અને અર્જુનના યુદ્ધનું કારણ બનેલો અસુર. (ઇંદ્રકીલ શબ્દ જુઓ) (શિવપુરા૦ શતરુદ્ર સં૦ ૩૯).

મૂર્તય. સોમવંશી વિજયકુલોત્પન્ન કુશ અથવા કુશિક રાજાના ચાર પુત્રોમાંનો બીજો. આનું કોઇ પુરાણમાં અમૂર્તરજા અને કોઈ પુરાણમાં અસૂર્તરજા એવું નામ મળી આવે છે. આના સ્થાપેલા નગરનું ધર્મારણ્ય એવું નામ હતું. (વા૦ રા૦ બાલ૦ સ૦ ૩૨).

મૂર્તિ. સ્વાયંભુવ મન્વન્તરમાં દક્ષે પોતાની સોળ કન્યાઓમાંથી ધર્મઋષિને જે તેર કન્યા ભાર્યાર્થે આપી હતી તેમાંની કનિષ્ઠ. એ નર અને નારાયણ એ બે ઋષિની માતા.

મૂર્તિ (૨). સ્વારોચિષ મન્વન્તરમાના પ્રજાપતિઓમાંનો એક. એ વસિષ્ટનો પુત્ર હતો.

મૂર્તિ (૩). હવે પછી થનારા બ્રહ્મસાવર્ણિ મન્વન્તરના સપ્તર્ષિઓમાંનો એક.

મૂર્ધા. બાર ભાર્ગવ દેવોમાંનો એક. (૩ ભૃગુ શબ્દ જુઓ).

મૂલ. સોમ ભાર્યાઓમાંની એક.

મૂલ. એક નક્ષત્ર.

મૂલક. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન અશ્મક રાજાનો પુત્ર. આ પરશુરામના ભયનો માર્યો સ્ત્રીઓના સમુદાયમાં સતત સંતાઇ રહેતો હતો, તેથી એનું નારીકવચ એવું નામ પડ્યું હતું. અને સૂર્યવંશમાં કુળની વૃદ્ધિનું આ જ મૂળ થયો, માટે મૂલક એવું નામ પણ હતું. આને દશરથ અને શતરથ નામના પૌત્ર હતા. (ભા૦ ૯ સ્કં૦ અ૦ ૯).

મૂલતાપી. ભારતવર્ષીય નદી અને એક તીર્થ.

મૂલપ. એક બ્રહ્મર્ષિ.(૩ અંગિરા શબ્દ જુઓ).

મૂલહર. એક બ્રહ્મર્ષિ.(૩ અંગિરા શબ્દ જુઓ).

મૂલી. મહેંદ્ર પર્વતમાંથી નીકળેલી નદી.

મૂષક. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૯–૫૯).

મૂષિકાદ. એક નાગ વિશેષ.(ભા૨૦ સ૦ ૯–૧૧; ઉ૦ ૧૦૩–૧૪).

મૃકંડ. સ્વાયંભુવ મન્વન્તરમાંના ભૃગુઋષિના પૌત્ર ધાતા નામના ઋષિનો પુત્ર. આનો પુત્ર માર્કંડેય.

મૃગ. સોમની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક.

મૃગ (૨). મૃગશીર્ષ નામનું નક્ષત્ર.

મૃગકાંતા.માનસ સરોવરમાંથી નીકળેલી એક નદી.

મૃગકેતુ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

મૃગધૂમ. ભારતવર્ષીય એક તીર્થ. (ભા૨૦ વ૦ ૮૧–૧૦૧).

મૃગમંદા. કશ્યપથી ક્રોધાને થએલી કન્યાઓમાંની એક.

મૃગવ્યાધ. એક રુદ્ર. (એકાદશ રુદ્ર શબ્દ જુઓ)

મૃગાવતી. યમુના તીર ઉપરની સતીની એક વિભૂતિ.

મૃગી. કશ્યપને ક્રોધાથી થએલી કન્યાઓમાંની એક.

મૃગ્યા. માનસ સરોવરમાંથી નીકળેલી એક નદી.

મૃડ. મહાદેવનું નામ.

મૃડાની. પાર્વતી.

મૃતપા. દનુપુત્ર દાનવોમાંનો એક.

મૃત્તિકાવતી. એક નગરી. (ભા૨૦ વન૦ અ૦ ૨૫૪).

મૃત્યુ

પૃથ્વીદેવી ઘણા ભારથી પીડાઈને એમને શરણે આવી ત્યારે, શું કરવું તેનો વિચાર

કરતાં,બ્રહ્મદેવને કાંઇ સૂજ્યું નહિ. તેથી એમને ક્રોધ ઉત્પન્ન થયો. આ ક્રોધથી સઘળી સૃષ્ટિ બળવા લાગી. એ જોઇને સર્વ પ્રજાનું હિત ઇચ્છી, રુદ્ર બ્રહ્મદેવને શરણે ગયા. અને તેમને પ્રજાને બાળી નાંખતા ક્રોધમાંથી. ઉપજેલો અગ્નિ શમાવવાની પ્રાર્થના કરી. બ્રહ્મદેવે પ્રસન્ન થઇને કહ્યું કે, મારી ઇચ્છા કાંઈ સૃષ્ટિને પ્રજાળવાની નથી. મને તો પૃથ્વીનો ભાર ઓછો કરવા શું કરવું, તે ન સુજવાથી ક્રોધ ઉત્પન્ન થયો હતો. પછી બ્રહ્મદેવ તેમના ક્રોધમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિનો ઉપસંહાર કરતા હતા, તે વખત તે મહાત્માની સમગ્ર ઇન્દ્રિયોનાં છિદ્રોમાંથી એક સ્ત્રી પ્રકટ થઇ.

તે સ્ત્રી રંગે કાળી અને કાંઇક રતાશ પડતી હતી. તેની જીભ, મુખ અને નેત્રો પિંગળાં અને લાલરંગનાં હતાં; તથા તેણે ઝળહળતાં બે કુંડળો પહેર્યાં હતાં. તે સ્ત્રી દક્ષિણ દિશામાં જઇને ઉભી રહી. અને જગતના આ બન્ને દેવ (રુદ્ર, અને બ્રહ્મદેવ)ના સામું જોઇને મંદ મંદ હસવા લાગી.

બ્રહ્મદેવે તે સ્ત્રીને પોતાની પાસે બોલાવી ને કહ્યું કે – હે મૃત્યુદેવી, તું આ પ્રજાનો નાશ કરજે. સંહાર બુદ્ધિથી જ તું મારા ક્રોધમાંથી ઉત્પન્ન થઇ છે. તું આ સર્વ સ્થાવર-જંગમ પ્રજાનો સંહાર કરજે. મારી આજ્ઞાનું પાલન કરવાથી તું પરમ કલ્યાણને પામીશ.

બ્રહ્મદેવે આમ કહેતાં જ તે સ્ત્રી અત્યંત વિચારમાં પડી ગઈ; અને મધુર સ્વરે રડવા લાગી. એનાં અશ્રુઓને બ્રહ્મદેવે પોતાના બે હાથમાં ઝીલી લીધાં અને પ્રજાઓનું હિત કરવા માટે તેને વિનવવા લાગ્યા.

મૃત્યુ નામની આ સ્ત્રી દુઃખને પોતાના અંતરમાં દબાવીને હાથ જોડી, લતાની પેઠે નમ્ર થઇ બ્રહ્મદેવને કહેવા લાગી.

તે બોલી:–હે બ્રહ્મદેવ ! આપે મને આવી સ્ત્રી કેમ ઉત્પન્ન કરી ? જાણવા છતાં આપે કહેલું અહિત, ક્રૂર કર્મ હું કેમ કરું ? હું અધર્મથી ડરું છું. લોકોના પ્રિય પુત્રો, મિત્રો, ભાઇઓ, માતાઓ, પિતાઓ અને પતિઓનો સંહાર કરીશ તેથી તેઓ મારું અનિષ્ટ ચિંતવશે. હું જ્યારે ક્રોધને મારી નાંખીશ ત્યારે તેનાં દીન સંબંધીઓ રડી રડીને અશ્રુપાત કરશે ! ખરેખાત હું તેમનાથી ડરું છું. હું તમારે શરણે આવી છું. હું યમરાજને ત્યાં કદી નહિ જાઉં. હું બે હાથ જોડી આપની પ્રાર્થના કરું છું કે મને તપ કરવાની જ ઇચ્છા છે. માટે આપ એ જ વર આપો. હું ઉગ્ર તપ વડે તપીશ. વિલાપ કરતાં પ્રાણીઓના પ્રાણ હરવા હું સમર્થ નહિ થાઉં. માટે મને એ અધર્મમાંથી બચાવો !

બ્રહ્મદેવે કહ્યું, કે પ્રજાના સંહારના કારણ તરીકે જ મેં તારો પ્રથમથી સંકલ્પ કર્યો છે. માટે જા, સંહાર જ કર્યા કર. એમાં તારે વિચાર કરવો નહિ. જા એમ કરવાથી તું લોકમાં નિંદાઇશ નહિ.

મૃત્યુદેવી ત્યાંથી ચાલી નિકળી અને ધેનુકાશ્રમમાં જઇ તેણે ઘોર તપ આરંભ્યું. હજારો વર્ષ જુદી જુદી રીતે તપ કર્યું.

એના તપથી રાજી થઇ બ્રહ્મદેવ ત્યાં પ્રકટ થયા અને કહ્યું કે તું આટલાં બધાં ઘોર તપ શું કરવા કરે છે ? મારી આજ્ઞા પ્રમાણે તારે સંહાર તો કરવો જ પડશે. ત્યારે મૃત્યુ દેવીએ માગ્યું કે લોભ, ક્રોધ, દ્રોહ, નિર્લજપણું અને પરસ્પરમાં તીક્ષ્ણ વાણીનો પ્રયોગ, આ બધી વસ્તુઓ પ્રાણીઓના દેહનો નાશ કરે એમ હું માગું છું.

બ્રહ્મદેવે તથાસ્તુ કહ્યું. વળી કહ્યું કે આ તારાં મારા હાથમાં પડેલાં અશ્રુઓ પ્રાણીઓના પોતાના દેહમાં જ ઉત્પન્ન થએલા રોગો બનશે. એ રોગો મનુષ્યોને નિર્જીવ કરી નાંખી મારી નાંખશે. લોકો રોગથી મરણ થયું એમ કહેશે. તને વગોવશે નહિ. તને અધર્મ નહિ થાય.

મૃત્યુ નામની આ સ્ત્રી બ્રહ્મદેવના ઉપદેશથી

અને શાપના ભયથી બોલી કે 'બહુ સારું.' આ મૃત્યુદેવી પોતે કામ,ક્રોધનો ત્યાગ કરી,કોઇના પર આસક્તિ રાખ્યા વગર, અંતકાળે પ્રાણીઓના પ્રાણનું હરણ કરે છે. જેનાથી પ્રાણીઓ પીડાય છે એ સર્વ વ્યાધિઓ તેનાથી ઉત્પન્ન થયા છે. આયુષ્ય તથા કર્મભોગ પુરા થતાં સર્વ પ્રાણીઓનું મૃત્યુ થાય જ છે.

વેન રાજાની મા અને અંગરાજાની સ્ત્રી સુનીથા આ મૃત્યુદેવીની પુત્રી થાય.

મૃત્યુ (૨).ક્વચિત્ યમનું પણ આ નામ કહેવાયછે.

મૃત્યુ (૩). અધર્મને નિર્ઋતી સ્ત્રીથી થએલો પુત્ર.

મૃત્યુ (૪). આ નામનો એક ઋષિ. એ ચાલુ મન્વન્તરમાં છઠ્ઠો વ્યાસ થઇ ગયો. (**વ્યાસ** શબ્દ જુઓ)

મૃત્યુંજય. મૃત્યુને જીતવા ઉપરથી શિવનું એ નામ પડયું છે.

મૃદુર. શ્વફલ્ક યાદવના તેર પુત્રોમાંનો એક.

મૃદુવિત્. શ્વફલ્ક યાદવના તેર પુત્રોમાંનો એક.

મેકલ. અમરકંટકના મેકલ પર્વતની અને કિષ્કિંધાની દક્ષિણે આવેલો દેશ. (**વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૪૧**). આની રાજધાની માહિષ્મતી.

મેકલ (૨). અમરકંટક આગળનો એક પર્વત.

મેકલ (૩). મેકલ દેશના રાજાનું સામાન્ય નામ.

મેકલા. મેકલ દેશની રાજધાનિ.

મેકલા (૨). નર્મદા નદીનું નામાન્તર.

મેકલકન્યા. નર્મદા નદીનું આ નામ મળી આવે છે. જેમ ભગીરથના સંબંધને લઇને ગંગાનું નામ ભાગીરથી પડયું છે, તેમ મેકલ પર્વતમાંથી નિકળ્યાના સબબથી આ નામ પડયું હોય એમ જણાય છે.

મેઘ. જળની વૃષ્ટિ કરનાર દેવ વિશેષ. આના સાધારણ મેઘ અને પ્રલય મેઘ એવા બે ભેદ છે. પ્રતિવર્ષે જે વૃષ્ટિ કરે છે તે સાધારણ મેઘ અને બ્રહ્મદેવના અંતકાળે વૃષ્ટિ કરીને સત્યલોક સહવર્તમાન સઘળું બુડાડી દે છે તે પ્રલય મેઘ. આની સંખ્યા સાત હોઈ તેનાં નામઃ–સંવર્ત, ભીમનાદ, દ્રોણ, ચંડ, બલાહક, વિદ્યુત્પતાક અને શોણ છે. (**મત્સ્ય૦ અ૦ ૨**). બ્રહ્મદેવના નિત્ય પ્રલયમાં આનું કામ પડતું નથી. તે વખત તો કેવળ સમુદ્રના વધવાથી ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક એમ ત્રણ જ લોક બુડી જાય છે. પણ મહર્લોક, જનલોક, તપોલોક અને સત્યલોક હોય છે તેવા ને તેવા જ રહે છે. આ ચારને બુરાડવાને સમયે જ માત્ર પ્રલય મેઘ વૃષ્ટિ કરે છે.

મેઘ (૨). તારકાસુરનો અનુયાયી એક અસુર.

મેઘ (૩). કિષ્કિંધાની પશ્ચિમે આવેલો પર્વત. (**વા૦ રા૦ કિષ્કિંધા૦ સ૦ ૪૨**). આનું સુવર્ણ પર્વત એવું એ નામ છે.

મેઘનાદ. એક દેવગણ વિશેષ.

મેઘનાદ (૨). ઇંદ્રજિતનું મૂળ નામ.

મેઘનાદ (૩). મેઘવર્ણ રાક્ષસનું બીજું નામ.

મેઘનાદ (૪). એક ભારતીય તીર્થ.

મેઘનિનાદ. બગડાની સંજ્ઞાવાળો મેઘનાદ તે જ.

મેઘપુષ્પ. શ્રીકૃષ્ણના રથના ચાર ઘોડામાંનો એક.

મેઘપૃષ્ઠ. પ્રિયવ્રતપુત્ર ઘૃતપૃષ્ઠના સાત પુત્રોમાંનો ત્રીજો. આના વર્ષનું પણ એ જ નામ હતું.

મેઘપૃષ્ઠ (૨). ક્રૌંચદ્વીપમાંનો ત્રીજો વર્ષ.

મેઘમાલ. પ્લક્ષદ્વીપમાંનો પર્વત.

મેઘમાલી. ખર રાક્ષસના બાર અમાત્યોમાંનો એક.

મેઘવર્ણ. ઘટોત્કચનો પુત્ર. આ પાંડવોના અશ્વમેધને કાળે શ્યામકર્ણ અશ્વ આણવામાં, અને તેને પત્રિકા બાંધીને છુટો મુકયા પછી તેનું રક્ષણ કરવામાં ઘણો જ ઉપયોગી થઈ પડયો હતો. જૈમિની અશ્વમેધમાં આનું ક્વચિત્ મેઘનાદ નામ પણ કહેલું મળી આવે છે.

મેઘવાન્. દનુપુત્ર દાનવોમાંનો એક.

મેઘવાસા. વરુણલોકમાંનો અસુર વિશેષ.

મેઘવાહન. ઇંદ્ર.

મેઘવેગ (૨). કરૂષક દેશનો સામાન્ય રાજા.

મેઘવેગ. ભારતયુદ્ધમાં અભિમન્યૂએ મારેલો એક રાજા. (**ભા૨૦ દ્રોણ૦ અ૦૪૮–૧૬**).

મેઘસંધિ. સોમવંશી પૂરુકુલોત્પન્ન જરાસંધ રાજાનો પૌત્ર અને સહદેવના ત્રણ પુત્રોમાંનો

કનિષ્ઠ. યુધિષ્ઠિરે અશ્વમેધ કર્યો ત્યારે આણે તે અશ્વને પકડયો હતો; પરંતુ અર્જુને એનો પરાભવ કરવાથી, એણે અશ્વ પાછો આપી કરભાર આપ્યો હતો.(ભા૨૦અશ્વમે૦ અ૦ ૮૨).

મેદિની. મધુકૈટભની મેદ વડે વ્યાપ્ત થવાથી પૃથ્વીનું પડેલું નામ.

મેઢાહા. ભીષણ રાક્ષસનો પુરોહિત.

મેધા. સ્વયંભુવ મન્વન્તરમાં દક્ષે ધર્મઋષીને પોતાની સોળ કન્યામાંથી પરણાવેલી તેર કન્યામાંની એક. એની કન્યા સ્મૃતિ.

મેધાતિથિ. પ્રિયવ્રત રાજાના દસ પુત્રોમાંનો આઠમો. આ પૃથ્વીના સપ્ત મહાદ્વીપમાંનો, દધિસમુદ્રવડે વેષ્ટિત શાકદ્વીપનો, અધિપતિ હતો. આણે પોતાના દ્વીપના સાત ભાગ પોતાના સાત પુત્રોના નામના કરી, પ્રત્યેકને એક એકનું આધિપત્ય આપ્યું હતું. તેમનાં નામ પુરોજવ, મનોજવ, પવમાન્, ધૂમ્રાનીક, ચિત્રરેફ, બહુરૂપ, અને વિશ્વાધાર એવાં હતાં.

મેધાતિથિ (૨). ઉપરિચર રાજર્ષિના યજ્ઞમાંનો એક ઋષિ. (ભા૨૦ શાંતિ૦ અ૦ ૩૩૬).

મેધાતિથિ (૩). સોમવંશી પૂરુકુલોત્પન્ન રૌદ્રાશ્વપુત્ર ઋતેયુના પ્રપૌત્ર કણ્વ રાજર્ષિનો પુત્ર. આના વંશજો બ્રાહ્મણ થયા હતા.

મેધાતિથિ (૪). ચાલુ મન્વન્તરમાનો સત્તરમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ).

મેધાવિક. કાલંજર પર્વત પાસેનું તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૩–૫૫).

મેધાવિની. કુલિંદ રાજાની સ્ત્રી. ચંદ્રહાસ રાજાની માતા.

મેધાવી. બાલધિ ઋષિનો પુત્ર. આ પર્વતાયુ એવા નામથી પ્રસિદ્ધ હતો.

મેધાવી (૨). એક બ્રાહ્મણ. (ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૭૭).

મેધાવી (૩). સોમવંશી પૂરુકુલોત્પન્ન પાંડવના વંશના સુનય રાજાનો પુત્ર. આનો પુત્ર નૃપંજય રાજા.

મેનકા. પ્રાધાની અપ્સરા કન્યાઓમાંની અને ત્રણ મુખ્ય અપ્સરાઓમાંની એક. આ પ્રસ્તુત પ્રતિવર્ષે જેઠ માસમાં સૂર્યની સાથે સંચાર કરે છે. (પ શુક્ર શબ્દ જુઓ.)

વિશ્વામિત્ર તપ કરતા હતા તેને છળવા સારુ ઇન્દ્રે એને મોકલી હતી. એણે જઇને ઋષિને તપમાંથી ભ્રષ્ટ કર્યા. મેનકાને વિશ્વામિત્ર ઋષિથી એક પુત્રી થઇ. એ પુત્રી તે શકુન્તલા. મેનકા એને નદી તીરે અરણ્યમાં મુકી સ્વર્ગમાં ચાલી ગઇ હતી. કણ્વ ઋષિને એ જડી અને એમણે ઉછેરી મોટી કરી.

મેનકા (૨). ઊર્ણાયુ ગંધર્વની સ્ત્રી.

મેનકા (૩). હિમાલય પર્વતની સ્ત્રી મેનાનું બીજું નામ.

મેના. વૈરાજ નામના પિતરની માનસકન્યા અને હિમાલય પર્વતદેવતાની સ્ત્રી. આને મૈનાક અને ક્રૌંચ એવા બે પુત્ર અને અપર્ણા, પર્ણા, અને એકપર્ણા એવી ત્રણ કન્યા હતી. (મત્સ્ય૦ અ૦ ૧૩).

મેના (૨). ભારતવર્ષીય નદી.

મેરૂ. સપ્તમહાદ્વીપ, સપ્તસમુદ્ર, માનસોત્તર અને લોકાલોક પર્વત ઇત્યાદિ જેની આસપાસ વર્તુલાકાર સ્થિતિએ આવ્યા છે એવો, સર્વના મધ્ય ભાગમાં, અને ઇલાવૃત્તની બરોબર મધ્યમાં જે સુવર્ણનો પર્વત છે તે. આની ઉંચાઇ ચોર્યાશી સહસ્ર યોજન હોઇ, આ સર્વકાળ સર્વ દ્વીપાદિકની, ને તેમાં આવેલા સર્વ ભાગની (**सर्वेषामुत्तरे मेरुर्लोका लोकस्तु दक्षिणे**) ઉત્તર તરફ આવેલો છે. આના શિખર ઉપર લંબ તરીકે ઉંચે આકાશમાં ધ્રુવમંડળ હોઇ, સૂર્યચંદ્રાદિક મંડળો આની આસપાસ પૃથ્વીથી કેવળ ઉપરના ભાગમાં–આકાશમાં પોતપોતાની ગતિ અનુરૂપ સર્વદા વર્તુલાકાર ગતિએ ફર્યા કરે છે. સારાંશ કે, મેરુ એ પૃથ્વીનું કેન્દ્ર એટલે કેવળ મધ્યબિન્દુ હોઇ, એની ઘણી જ પાસે મંદર, મેરુમંદર, સુપાર્શ્વક, અને કુમુદ એવા ચાર ટેકારૂપ પર્વત હોઇ, કેસર, કુરંગ, કુરર,

કુસંભ, વૈકંક, ત્રિકૂટ, શિશિર, પતંગ અથવા શિમર, રુચક, નિષધ, શિનિવાસ, કપિલ, શંખ, વૈદૂર્ય, જારુધી, હંસ, ઋષભ, નાગ, કાલંજર અને નારદ, એવા વીસ પર્વતો પદ્મપાંખડીની પેઠે આવેલા છે. (ભાગ૦ પંચમ૦ અ૦ ૧૬; દેવી ભા૦ અષ્ટમ૦ અ૦ ૬). આ ઉપરાંત યજ્ઞકુંડની આસપાસ જેમ પરિસ્તરણ નંખાય છે તે પ્રકારે એની આસપાસ પ્રત્યેક દિશાએ બબ્બે મળી ચારે દિશાના આઠ પર્વત છે; તે આ પ્રમાણે:–જઠર અને દેવકૂટ એ બે પૂર્વના, પવન અને પારિયાત્ર એ બે પશ્ચિમે, કૈલાસ અને કરવીર એ બે દક્ષિણે અને ત્રિશૃંગ અને મકર એ બે ઉત્તરે એટલે મેરુની તે બાજુએ. પુરાણકર્તા ભારતવર્ષમાં રહેતા હતા માટે આ દિશાક્રમ તેમણે પોતાની દિશાના ધોરણે લખ્યો છે એમ માનવું. આ આઠ પર્વતોની પ્રત્યેકની લંબાઇ અરાઢ હજાર યોજન અને પહોળાઇ બે સહસ્ર યોજન છે. (દેવી ભા૦ અષ્ટમ૦ અ૦ ૭).

મેરુની આસપાસ પ્રથમ ઇલાવૃત છે, તેની આકૃતિ ચતુષ્કોણ છે. તેની મર્યાદારૂપ, આપણે રહીએ છિયે એ ભાગમાં દક્ષિણે નિષધ પર્વત ને તે પછી પ્રદક્ષિણા કરીએ એવી રીતે જતાં ક્રમે ક્રમે ગંધમાદન, નીલ અને માલ્યવાન્ એવા ચાર પર્વતો છે. (ભા૨૦ ભીષ્મ૦અ૦૬; ભાગ૦ પંચમ૦અ૦૧૬). આ ઉપરાંત નિષધ પર્વતની આપણી બાજુએ ક્રમે ક્રમે હેમકૂટ અને હિમાલય એ બે પર્વતોની વચ્ચે હરિવર્ષ, કિંપુરુષવર્ષ અને ભરતવર્ષ એવા ત્રણ ભૂભાગ હોઇ, ગંધમાદન પાસે માત્ર ભદ્રાશ્વવર્ષ નામનો એક જ ભૂભાગ છે. એ જ પ્રમાણે નીલપર્વત પાસે શ્વેત અને શૃંગવાન્ એ બે પર્વતો અને તે મધ્યે એક પાસે એક એમ, રમ્યકવર્ષ, હિરણ્મયવર્ષ અને કુરુવર્ષ એવા ત્રણ ભૂભાગ છે. માલ્યવાન્ પર્વત પાસે એક કેતુમાલ વર્ષ જ છે. અને એની આસપાસ વર્તુલાકારે ક્ષારસમુદ્ર આવેલો હોઇ, આપણે જે પ્રદેશમાં રહીએ છીએ તે ભરતવર્ષ છે. આ ભરતવર્ષ અને તેમ જ મેરુની પાસે એનો અવયવ રુપ કુરુવર્ષ, એ બન્નેની આકૃતિ ધનુષ્યાકાર છે. આ જંબુદ્વીપમાંના નવ ભાગ, અને ક્ષારસમુદ્રની આસપાસ નજીક, બીજા દ્વીપો, સમુદ્ર, માનસોત્તર અને લોકાલોક પર્વત વર્તુળાકાર જ આવેલા છે એવું સમજવું.

આ મેરુને એટલે મેરુના મૂર્ત્તિમાન દેવતાને, મેરુદેવી, પ્રતિરૂપા, ઉગ્રદંષ્ટ્રી, લતા, રમ્યા, શ્યામા, નારી, ભદ્રા અને દેવધૃતિ એવી નવ કન્યા હતી. તે તેણે આગ્નીધ્રના નવ પુત્ર નાભિ, કિંપુરુષ, હરિવર્ષ, ઇલાવૃત, રમ્યક, હિરણ્મય, કુરુ, ભદ્રાશ્વ, અને કેતુમાલ એમને અનુક્રમે આપી હતી. આ ઉપરાંત આયતી અને નિયતી એવી એની બે કન્યા સ્વાયંભુવ મન્વન્તરમાંના એક ધાતા અને બીજો વિધાતા નામના બે ભૃગુપુત્ર એમને આપી હતી.

મેરૂદેવી. મેરુની કન્યા, અને આગ્નીધ્રપુત્ર નાભિરાજર્ષિની સ્ત્રી. આને નાભિરાજાથી ઋષભદેવ નામે એક જ પુત્ર થયો હતો.

મેરૂભૂતા. એક દેશ. (ભા૨૦ ભી૦ ૯–૪૮).

મેરૂમંદર. આપણે રહીએ છીએ એ બાજુએ મેરુનો જે એક સ્તંભરૂપ પર્વત છે તે.

મેરૂસાવર્ણ. એક ઋષિ. (ભા૨૦ અનુ૦ ૨૫૫).

મેરૂસાવર્ણિ. ધર્મસાવર્ણિ શબ્દ જુઓ.

મેષ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

મેષય. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

મેષહૃત. એક ગરુડપુત્ર (ભા૨૦ ઉ૦ ૧૦૧–૧૨).

મૈત્રેય. એક બ્રહ્મર્ષિ. (ભા૨૦ સ૦ ૪–૧૬).

મૈત્રાયણ. સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢપુત્ર નીલના વંશના દિવોદાસના બે પુત્રોમાંનો જ્યેષ્ઠ.

મૈત્રાયણિ. સામવેદોપનિષત્.

મૈત્રાવરૂણ. અગસ્ત્ય ઋષિ અને વશિષ્ઠ ઋષિની સંજ્ઞા. (વા૦ રા૦ ઉત્તર૦ કાં૦ સ૦ ૫૬–૫૭).

મૈત્રાવરુણિ. મૈત્રાવરુણ તે જ.

મૈત્રી. સ્વાયંભુવ મન્વન્તરમાંના ધર્મઋષિની તેર સ્ત્રીઓમાંની એક. આનો પુત્ર પ્રસાદ.

મૈત્રેય. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

મૈત્રેય (૨). એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ.)

મૈત્રેય (૩). એક ઋષિ. આ કોના કુળનો તે જણાતું નથી, પરંતુ પરાશર ઋષિનો શિષ્ય હતો એટલું જ મળી આવે છે. આણે એક પ્રસંગે દુર્યોધનને ઉપદેશ કર્યો કે પાંડવોથી વેર વધારવું નહિ. પણ તેણે ઉપદેશનો તિરસ્કાર કરીને ઉન્મત્તપણે આની આગળ પોતાની જાંગ થાબડી. તે ઉપરથી આણે ક્રોધે ભરાઇ દુર્યોધનને શાપ દીધો હતો કે ભીમની ગદા તારી જાંગ પર પડવાથી તારું મૃત્યુ થશે. એ જ પ્રમાણે પછીથી તેનું મૃત્યુ થયું. (**ભા૨૦ વન૦ અ૦ ૧૦**). આણે જ વિદુરને ઉપદેશ કર્યો હતો. એને યાજ્ઞવલ્ક્યે પોતાનું તત્ત્વજ્ઞાન શિખવ્યું હતું.

મૈત્રેય (૪). સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢપુત્ર નીલના વંશના દિવોદાસપુત્ર મિત્રયુનો પુત્ર.

મૈત્રેયી. યાજ્ઞવલ્ક્ય ઋષિની બે સ્ત્રીઓમાંની એક. એ બ્રહ્મનિષ્ઠ હતી.

મૈત્રેયી (૨). સામવેદોપનિષત્.

મૈથિલ. મિથિરાજાના સંબંધને લીધે વિદેહ દેશને મૈથિલ કહ્યો છે.

મૈથિલી. મૈથિલ રાજાની કન્યાનું નામ; પરંતુ ખાસ કરીને સીતાને લગાડાય છે.

મૈંદ. સુષેણ વાનરના બે પુત્રોમાંનો જ્યેષ્ઠ. દ્વિવિદનો મોટો ભાઇ. (**વા૦ રા૦ યુદ્ધ૦ સા૦ ૭૬**). આ બન્ને ભાઇઓ વાલીની સ્ત્રી તારાના ભાઇ એટલે અંગદના મામા હતા. વાલીના વધ પછી, સીતાની ખોળ માટે જે વાનરો સુગ્રીવે મોકલ્યા હતા તેમાં ભાઇ સહિત આ પણ ગયો હતો. (**વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૪૧**). આણે રામાયણના યુદ્ધમાં વજ્રમુષ્ટિ, યૂપાક્ષ ઇત્યાદિ મોટા મોટા રાક્ષસ મારીને રામને ઉત્તમ સાહ્ય કરી હતી.

મૈનાક. હિમવાન્ પર્વતને મેનાથી થએલા બે પુત્રોમાંનો મોટો. પૂર્વે ઇંદ્રે સર્વ પર્વતોની પાંખ છેદી નાંખી તે વેળા, પોતાની પાંખ છેદાય નહિ એ હેતુથી, આ દક્ષિણ સમુદ્રમાં સંતાઇ રહી તેને આશ્રયે ગયો હતો. સમુદ્રે પણ તેને આશ્રય આપ્યો હતો. એવી રીતે કે પાતાળમાંથી પૃથ્વી પર આવવાના કેટલાક માર્ગ હતા, તેમાંનો એક માર્ગ દક્ષિણ સમુદ્રમાં હતો, તે માર્ગ એણે આને આડો બેસાડી બંધ કરી દીધો. કાંઇક કાળે સીતાની ખોળ માટે મારુતિ જતા હતા; જે સગર રાજાના પુત્રોએ પૃથ્વી ખોદી નાંખી તેથી કરીને મને આશ્રય મળ્યો અને ત્યારથી હું સાગર નામથી લોકોમાં પ્રખ્યાત થયો, એ સગરવંશમાં રામ જન્મેલા હોઇ તેની સ્ત્રીની ખોળ કરવા મારુતિ જાય છે, માટે તેનું આતિથ્ય કરવું અને તેને વિશ્રામ માટે સ્થળ આપવું, એ મારો પોતાનો ધર્મ છે, એમ જાણી સમુદ્રે, મૈનાકને તું પાણીની ઉપર વધીને મારુતિનું આતિથ્ય કર, એવું કહ્યું. તે ઉપરથી એ પાણીની ઉપર વધ્યો, પરંતુ મારુતિએ, આ મને કાંઇ વિઘ્ન આવ્યું છે એમ સમજી, આનું એક શૃંગ પાડી નાંખ્યું. એટલે મૈનાકે મનુષ્યરૂપ ધારણ કરી, સાગરનું સર્વ વૃતાંત નિવેદન કર્યું. ત્યારે મારુતિ સંતોષ પામી બોલ્યા કે, તું સાગરની આજ્ઞાથી મને વિશ્રાંતિ આપવા અને મારું આતિથ્ય કરવા આવ્યો એ ખરું છે. પરંતુ હું રામના જે કાર્ય માટે નીકળ્યો છું તે હજુ થયું નથી; તેટલા માટે મારે વિશ્રાંતિ કે આહાર ખપે નહિ. આટલું બોલી મારુતિએ આને અભિવંદન કર્યું અને પોતે લંકા તરફ ગયા. (**વા. રા. સુંદર૦ સ૦ ૧**)

મૈનાક (૨). બીજો એક ભારતવર્ષીય પર્વત.

મોદ. સર્પ વિશેષ (**ભા૨૦ આ૦ ૫૭–૧૧**).

મોદાગિરિ. અંગદેશની પૂર્વ તરફનો પર્વત. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૧–૨૧**)

મોદાપુર. ઉલૂક દેશની ઉત્તર તરફનું એક નગર.

અહિં પાંડવના વખતમાં વામદેવ અને સુદામા એવા બે રાજા હતા. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૮–૧૧**)

મોહ. બ્રહ્મદેવથી ઉત્પન્ન થએલો પુત્ર.

મોહન. નગર વિશેષ (**ભા૨૦ વન૦ અ૦ ૨૫૪**)

મોહિની. સમુદ્રમથન કરવાથી તેમાંથી અમૃત નીકળ્યું હતું. એ નિમિતે દેવ અને દૈત્યોમાં કલહ ઉત્પન્ન થયો. અમૃતનો કલશ દૈત્યો પોતાની પાસે લઇ બેઠા. ત્યારે દેવોના કલ્યાણ માટે વિષ્ણુએ ધારણ કરેલો સ્ત્રીરૂપ અવતાર તે. આ અવતાર ચાક્ષુષ મન્વંન્તરમાં થયો હતો. (**ભાગ૦ અષ્ટમ૦ અ૦ ૮**)

મૌંજ. એક બ્રહ્મર્ષિ (૩ **ભૃગુશબ્દ જુઓ.**)

મૌંજકેશ. એક બ્રહ્મર્ષિ (૨ **અત્રિ શબ્દ જુઓ.**)

મૌંજવૃષ્ટિ. એક બ્રહ્મર્ષિ. (૩ **અંગિરા શબ્દ જુઓ.**)

મૌંજ્યયન. એક બ્રહ્મર્ષિ. (૧ **વિશ્વામિત્ર શબ્દ જુઓ.**)

મૌદ્ગલ્ય. એક બ્રહ્મર્ષિ (૩ **અંગિરા શબ્દ જુઓ**).

મૌદ્ગલ્ય (૨). જનમેજયના સર્પસત્રમાંનો એક સદસ્ય.

મૌદ્ગલ્ય (૩). દાશરથિ રામની સભામાં જે આઠ ધર્મશાસ્ત્રીઓ હતા, તેમાંનો એક.

મૌદ્ગલ્ય (૪). સોમવંશી પૂરુકુલોત્પન્ન ભર્મ્યાશ્વ રાજાના પાંચ પુત્રોમાંના જ્યેષ્ઠ મુદ્ગલ ના વંશમાં જેઓ તપવડે બ્રાહ્મણ થયા હતા તેમની સંજ્ઞા.

મૌનવેયગ. એક સર્પ વિશેષ (**ભા૨૦ આ૦ ૫૭–૧૭**)

મ્લેચ્છ. દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯–૫૭**)

મ્લેચ્છ (૨). આર્યજાતિના નહિ એવા પરદેશીઓ અને જંગલી લોકો.

મ્લેચ્છભાષા. જેમાં વિદુરે યુધિષ્ઠિરને શિખામણ આપી હતી અને લાક્ષાગૃહની હકીકત કહી દીધી હતી તે.

ય

યકૃલ્લોમાન. ભારતવર્ષીય દેશ. (**ભા૨૦ ભી૦ ૫૭૦ અ૦ ૯**), **વિ૦ ૬–૭**

યજુર્વેદ. ચાર વેદમાં બીજો. આ બ્રહ્મદેવના દક્ષિણ મુખમાંથી ઉત્પન્ન થયેલો હોઈ ધનુર્વેદ, આનો ઉપવેદ છે. (૧ **વેદ શબ્દ જુઓ.**)

યજુર્વેદમાં આવેલા મન્ત્રો ઋગ્વેદમાંથી જ લીધેલા છે. એ મન્ત્રો સિવાય તેમાં નવું ગદ્ય લખાણ પણ છે. એમાં લીધેલા ઋગ્વેદના મૂળ મન્ત્રોમાં ઘણો ફેરફાર કરેલો નજરે પડે છે. આ ફેરફાર પરંપરા ચાલી આવેલો હોય અથવા યજ્ઞ વગેરે ક્રિયામાં ખપ લાગે એવા હેતુ પુરસ્સર પણ હોય. યજુર્વેદ કર્મકાંડીઓના વિદ્વાનસંગ્રહ જેવો છે. એમાં યજ્ઞના વિધિ અને યજ્ઞમાં વરેલા ઋત્વિજો વગેરેના ધર્મ ઇત્યાદિનાં કથનો છે. ધાર્મિક ક્રિયાઓનાં વિધાનો સંબંધે એમાં ઘણું લખાણ હોવાને લીધે જુદી જુદી ઘણી શાખાઓ પ્રમાણે ક્રિયાઓ કરનારને એનો અભ્યાસ ખાસ અગત્યનો છે.

એની બે સંહિતાઓ છે. એકને તૈત્તરીય સંહિતા અને બીજીને વાજસનેયી સંહિતા કહે છે. સામાન્ય ભાષામાં એકને શુકલ અને બીજાને કૃષ્ણયજુર્ કહેવાય છે. તૈત્તરીયશાખા બન્નેમાં પુરાતન છે, અને ઇ. સ. પૂર્વના ત્રીજા સૈકામાં પ્રચલિત હોવાનું જણાયું છે. વસ્તુતઃ આ સંહિતાઓમાં વિષય તો સરખો જ છે; પણ ગોઠવણમાં ફેર છે. શુકલ યજુર્વેદ અનુક્રમ અને પદ્ધતિસર લખાયલો છે. એમાં આપેલી કેટલીક બાબતો કૃષ્ણયજુર્માં બિલકુલ નથી.

તૈત્તરીય અગર કૃષ્ણયજુર્ની સંહિતામાં ૭ કાંડ, ૪૪ પ્રશ્નો અથવા પ્રકરણ, ૬૫૧ અનુવાક અથવા પેટા વિભાગ અને ૨૧૯૮

છ પુત્રોમાંનો મોટો. આ વિરકત હતો. (ભાર૦ આ૦ ૬૯-૩૩)

યદુ. સોમવંશી આયુપુત્ર યયાતિ રાજાને દેવયાનીની કુખે થએલા બે પુત્રોમાંનો મોટો. આ સર્વ યાદવોનો મુળ પુરૂષ હતો. આણે પિતાની (**યયાતિની**) વૃદ્ધાવસ્થા જે હેતુથી લીધી નહિ,તે જોતાં એ બહુ ઝીણવટવાળો અને વિચારશીલ હશે એમ જણાય છે. તે હેતુ આ પ્રમાણે હતો. સર્વ પુત્રોમાં આ મોટો હોઈ યયાતિની તેના પર અત્યંત પ્રીતિ હોવાથી, (**યયાતિએ**) આને પોતાની વૃદ્ધાવસ્થા લેવાની આજ્ઞા કરી. તે ઉપરથી આણે વિચાર્યું કે મારૂં તારૂણ્ય લઇ પિતા મારી માતા સાથે રમમાણ થશે. એથી જો કે મેં પિતાની આજ્ઞા માન્ય કરી એ ખરૂં, પણ અંશતઃ મેં માતૃગમન કર્યું એમ થાય. માટે તેણે પિતાને કહ્યું કે, આ આપની વૃદ્ધાવસ્થા મારે જોઇતી નથી અને સાર્વભૌમ પદવી પણ મારે ન જોઇએ. આ સાંભળી યયાતિએ તેને તથાસ્તુ કહી, સાધારણ રાજ્ય આપ્યું જે લઇ તે સ્વસ્થ બેઠો.

આને સહસ્રજિત્, ક્રોષ્ટા, નલ અને રિપુ એવા ચાર પુત્રો હતા. આણે અવધૂતની (**દત્તાત્રયની**) કૃપા સંપાદન કરી તેમની પાસેથી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરી હતી, તેથી જો કે આને સાર્વભૌમની પદવી નહોતી તોપણ, સર્વ રાજાઓમાં આનું માન ઘણું જ હતું. આનું મૃત્યુ ક્યારે થયું, એ સંબંધે કોઇપણ ગ્રંથમાં કશો ઉલ્લેખ મળતો નહિ.

(**ભાર૦ આ૦ ૬૩-૭; ભાગ૦ ૯-૨૩; મત્સ્ય૦ ૪૩; વિષ્ણુ૦ ૪૧૧; હરિવં૦ ૧-૩૩; વાયુ૦ ૯૪**)

યદુ (૨). વિદર્ભ દેશનો એક રાજા. આને પ્રભા અથવા સુમતિ નામની એક કન્યા હતી, જે આણે સૂર્યવંશી ધૃષ્ટાકુકુલોત્પન્ન સગર રાજાને આપી હતી.

યદુ (૩). બગડાની સંજ્ઞાવાળા ઉપરિચર રાજાના પુત્રોમાંનો એક. (**ભાર૦ આ૦ ૬૪-૪૪**)

યદુ (૪). વસુદેવને ઇલા નામની સ્ત્રીથી થએલા પુત્રોમાંનો એક.

યમ. કલ્પારંભ સમયનો દક્ષિણ દિગ્પાલ; આની સ્ત્રી ધૂમોર્ણા; અને માનસોત્તર પર્વત ઉપરની સંયમિની નામની નગરી તે આની રહેવાની જગ્યા. આના નામ ઉપરથી દક્ષિણ દિશાનું 'યામ્યા' એવું નામ પડયું. એ દિશાનું એ નામ હજુ પણ ચાલે છે.

યમ (૨). વિવસ્વાન્ નામના આદિત્યથી સંજ્ઞા સ્ત્રીની કુખે વૈવસ્વત મનુના જન્મ પછી, જે કન્યાપુત્રરૂપ જોડલું જન્મ્યું હતું, તેમાંનો પુત્ર. આ વિવસ્વાનનો પુત્ર હોવાથી આને પણ ક્વચિત્ વૈવસ્વત કહ્યો છે. ચાલુ મન્વન્તરમાં એની પાસે જ દક્ષિણનું દિગ્પાલત્વ છે. આણે નચિકેતા નામના બ્રાહ્મણ પુત્રને બ્રહ્મવિદ્યા શિખવી હતી, તે ઉપરથી આ બ્રહ્મવિદ્યા સંપન્ન હતો એ ખુલ્લું જ જણાય છે. આ પાપીઓને શાસન કરનાર છે, તેથી આનાં દંડધર, કાલ, કૃતાંત ઇત્યાદિ નામો છે. તેવો જ એ પુણ્યવાનો તરફ સૌમ્ય હોઇ ધર્મરાજ એવું પણ એનું નામ કહ્યું છે. માંડવ્ય ઋષિના શાપે કરીને આ જ વિદુર રૂપે પૃથ્વી પર જન્મ્યો હતો. (**માંડવ્ય શબ્દ જુઓ.**) (**ભાગ૦ ૬-૬; વિષ્ણુ૦ ૩-૨; હરિ૦ ૧-૯; મત્સ્ય૦ ૧૧ ૫૬; પદ્મ૦ ૫-૮; વાયુ. ૮૪; બ્રહ્મ ૬**).

યમક. લોક વિશેષ (**ભાર૦ સ૦ ૭૮-૮૮**)

યમદૂત. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (**વરાહ૦ ૨૦; આ૦ ૬૪-૧૩; અને અનુ૦ ૭-૫૧**).

યમલાર્જુન. વૃક્ષ વિશેષ. નારદના શાપવડે જે કુબેરપુત્ર રથાવરયોનિ પામી ગોકુળમાં અર્જુન-આંજણનાં વૃક્ષ બન્યા હતા તે બે.

યમુના. વિવસ્વાન્ આદિત્યને જે કન્યાપુત્રરૂપ જોડલું થયું હતું તેમાંની કન્યા. આ યમની બહેન, અને યમુના નદીની મુર્તિમાન દેવતા. (**સુર્ય શબ્દ જુઓ.**)

યમુના (૨). ભારતવર્ષીય નદી. (**૨ હિમાલય શબ્દ જુઓ.**) (**ભાર૦ ભી૦ ૯-૧૬**)

કાણ્ડિકા છે. સામાન્યતઃ એક કાણ્ડિકામાં પચાશ શબ્દો હોય છે.

શુક્લ યજુર્ અગર વાજસનેયી સંહિતામાં ૪૦ અધ્યાય, ૩૦૩ અનુવાક અને ૧૯૭૫ કાણ્ડિકા છે.

યજુર્વેદની આ બે સંહિતા શી રીતે જુદી પડી એ જણાયું નથી. યાજ્ઞવલ્કયે પ્રચલિત પદ્ધતિથી વિરુદ્ધ મત પ્રવર્તાવી જુદી પાડી હશે. વખતે એણે જુદી નહિ પાડી હોય, પણ એ મતભેદને લઇને તો જુદી પડી હશે. બન્ને સંહિતાના અનુયાયિયો એક બીજા પ્રતિ ઘણી વિરુદ્ધતા રાખે છે, અને જુદા જુદા ધર્મના મતાનુયાયિયો માફક તકરાર કરે છે. સમય જતાં પાછલા કાળમાં આ વિરુદ્ધતાનું કારણ દર્શાવતી આખ્યાયિકા ઉત્પન્ન થઇ છે. વિષ્ણુ અને વાયુપુરાણમાં એ વાત આપેલી છે.

વૈશંપાયને પોતાના શિષ્ય યાજ્ઞવલ્કયને યજુરની જુદી જુદી ૨૭ શાખા શિખવી હતી. એક વખત વૈશંપાયને પોતાના ભાણેજને સહેજ લાત મારતાં ભાણેજનું મૃત્યુ થયું અને એને બ્રહ્મહત્યા લાગી. એણે પોતાના શિષ્યોને પોતાની આ હત્યાને અંગે પ્રાયશ્ચિતનાં વિધાન કરવાની આજ્ઞા કરી. યાજ્ઞવલ્કયે આ વિધાન કરવામાં સામીલ થવાની ના કહી. આથી ગુરુ શિષ્ય વચ્ચે તકરાર થઇ. વૈશંપાયને ક્રોધવશ થઇને યાજ્ઞવલ્કયને કહ્યું કે તું મારી પાસે શિખ્યો હોય એ બધી વિદ્યા પાછી આપી દે. યાજ્ઞવલ્કયે પણ એવી જ રીતે ક્રોધ કરીને લો તમારી વિદ્યા, કહીને તેની પાસે શિખેલો યજુર્વેદ ઓકી કાઢયો.

ઓકતાં લોહીથી મિશ્રિત યજુર્ જમીન પર પડયો. બીજા શિષ્યોએ તેતરનાં રુપ ધારણ કરીને ઓકી કાઢેલી વિદ્યા ચણી લીધી. આ કારણથી એ ઓકી કાઢેલી વિદ્યા તૈત્તરીય અગર કૃષ્ણ કહેવાઇ.

વિદ્યા પાછી આપી દઇને યાજ્ઞવલ્કય ત્યાંથી દિલગીર થઇને નિકળી પડયો. એણે સૂર્યની ઉપાસના કરતે સતે જબરૂં તપ કર્યું. સૂર્ય પ્રસન્ન થઇને વૈશંપાયનને પણ ખબર નહોતી એવા યજુર્મન્ત્રો તેને શિખવ્યા. સૂર્યે (**વાજિન્**) ઘોડાનું રુપ લઇને યાજ્ઞવલ્કયને આ મન્ત્રો શિખવ્યા હતા. આ નવી શાખાના અધ્યાપકો જ્યારે વાજીન્ કહેવાતા. અને સંહિતાનું નામ વાજસનેયી પડયું. સૂર્યે શિખવેલી હોવાથી આ વિદ્યાનું નામ શુક્લ પણ પડયું.

યાજ્ઞવલ્કયે સૂર્યની પાસેથી આ વિદ્યા મેળવ્યાની વાત ઘણી જુની છે. પૌરાણિક કાળની પહેલાંની છે; કેમકે પુરાણોમાં આ હકીકત વર્ણવી છે. વૈયાકરણી કાત્યાયને એ વાત લખી છે.

વધારે બંધ બેસતી વાત તો એ છે કે યાજ્ઞવલ્કય વાજસનીનો વંશજ હોવાથી એના પોતાના નામ ઉપરથી વાજસનેયી અને યાસ્કના શિષ્ય તિત્તિરી ઉપરથી તૈત્તરી નામ પડયું હશે. યજુર્વેદનો સમર્થ અભ્યાસી **વેબર** કહે છે કે પુરાણોમાં વર્ણવેલી આ વાત ગમે એટલી અસંભાવ્ય જણાતી હોય, પણ આ વાતમાં આંતરિક રહસ્ય સમાયલું છે. કૃષ્ણ યજુર્વેદ અનિયમિત છૂટી છૂટી બાબતોનો ખીચડા જેવો છે. **વેબર** પોતે તૈત્તરીય નામ યાસ્કના શિષ્ય તિત્તિર ઋષિ પરથી પડયું હોવું જોઇએ એમ માને છે. **ગોલ્ડસ્ટકર**નો અભિપ્રાય છે કે મન્ત્ર અને બ્રાહ્મણ અનિયમિત શેળભેળ હોવાથી પણ કૃષ્ણયજુરમાં આમ ખીચડા જેવું જણાય છે. એમાં મન્ત્ર અને બ્રાહ્મણનો ભેદ જણાતો નથી. શુક્લ યજુર્વેદમાં આ ખામી સુધારી લીધી છે.આ ઉપરથી તે કાળે યજુર્વેદનો સુધારો કરીને તેમાં તે કાળે પ્રચલિત કલ્પનાઓ,જ્ઞાન અને વિધાનની નિયમસર ગોઠવણ કરી છે. (ડાઉસન પા. ૩૪૯).

યજુર્વેદ. યજુર્વેદનો મૂર્તિમાન દેવ.

યતિ. બ્રહ્મદેવના માનસપુત્રોમાંનો એક. (**ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૮**)

યતિ (૨). વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (**ભાર૦ અનુ ૭-૫૮**)

યતિ (૩). સોમવંશી આયુપુત્ર નહુષ રાજાના

યમૌ. સહદેવ અને નકુળ (**ભા૨૦અ૧૦૨૧૦-૧૮**)

યયાતિ. સોમવંશી આયુપુત્ર નહુષ રાજાના છ પુત્રોમાંનો બીજો. આનો મોટો ભાઇ યતિ, વિરકત હોવાથી પરમહંસ થઈ અરણ્યમાં ગયો તેથી આ જ, પિતાની પછી રાજ્યનો અધિકારી થયો. એક કાળે મૃગયા નિમિત્ત આ અરણ્યમાં ગયો હતો ત્યાં આણે એક કુવામાં શુક્રકન્યા દેવયાનીને પડેલી જોઇ. તે વેળા તું કોણ અને અહિં શાથી પડી ઇત્યાદિ પુછતાં, તેણે પોતાનું વૃતાંત્ત કહી, આને પણ તું કોણ ઇત્યાદિ પુછતાં આણે પોતાનું વૃત્તાંત કહી, દેવયાનીને કુવાની બહાર કહાડી. (**દેવયાની શબ્દ જુઓ.**) દેવયાનીને બહાર કહાડી યયાતિરાજ પોતાને નગર પાછો ગયો. પછી તારો પિતા જ્યાં તને આપશે ત્યાં મારી કન્યા શર્મિષ્ઠા દાસી થઇ તારી સાથે આવશે, એવું કહી દેવયાનીને સમજાવી વૃષપર્વા નગરમાં લઇ ગયો. પછી દેવયાનીએ પોતાના પિતાને, મને યયાતિએ કુવામાંથી બહાર કહાડી ઇત્યાદિ વૃતાંત કહી કહ્યું કે, મારૂં લગ્ન તેની સાથે કરો. આ ઉપરથી શુક્રાચાર્યે યયાતિ રાજાને બોલાવી તેને દેવયાની વિવાહ વિધિથી આપી; અને કાંઇ કાળ પર્યંત તેને પોતાની પાસે રાખ્યો. પછી દેવયાની સહિત તેને વિદાય કરતી વેળાએ શુક્રાચાર્યે કહ્યું કે રાજા, મારી પ્રિય કન્યા જે મેં તને આપી છે તેની સાથે વૃષપર્વાની કન્યા પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે દાસી થઇ આવે છે; પણ તું તેના તરફ નજર સરખી એ કરીશ નહિ. જો એમ કરીશ તો મારી વિદુષી અને તપસ્વિની કન્યા દેવયાનીનું અપમાન થતાં તેં મારું જ અપમાન કર્યું એમ થશે. અને તેથી તું અનર્થને પ્રાપ્ત થઇશ. તે ઉપરથી આ, આપની આજ્ઞા પ્રમાણે વર્તીશ એમ કહી, શર્મિષ્ઠા દાસી સહિત દેવયાનીને લઇ પોતાને નગર આવ્યો.

પછી આને નીતિપૂર્વક રાજ્ય કરતાં, અને પોતાના અશોકવનમાં દેવયાની સાથે બહુ કાળપર્યંત વિલાસ સુખ ભોગવતાં, એક પછી એક એમ યદુ અને તુર્વસુ એવા બે સુંદર પુત્ર થયા. આથી દેવયાનીને હર્ષ થયો. તેની જાણ બહાર, શર્મિષ્ઠાને પણ યયાતિથી, અનુ, દ્રુહ્યું અને પૂરુ એવા ત્રણ પુત્ર થયા.

એકદા એવું બન્યું કે, દેવયાની ફરતાં ફરતાં જ્યાં શર્મિષ્ઠા રહેતી હતી ત્યાં આવી ચ્હડી. જુવે છે તો એક એકથી ન્હાના એવા ત્રણ પુત્ર ત્યાં રમે છે. તેણે શર્મિષ્ઠાને પુછ્યું કે આ પુત્ર કોના ? આ ઉપરથી શર્મિષ્ઠા અંતઃકરણમાં ભય પામી, તોપણ ધૈર્ય રાખી, તે મારા પુત્રો છે એમ દેવયાનીને કહ્યું. આ સાંભળી દેવયાનીએ તેને પુછ્યું કે આ પુત્ર તને કોનાથી સાંપડ્યા ? શર્મિષ્ઠાએ કહ્યું કે મારા ઋતુકાળ સમયે અહિ કોઇ ઋષિ આવ્યા હતા, તેમની મેં પ્રાર્થના કરી તેમની પ્રસન્નતાએ કરીને મેં આમને સંપાદન કર્યા. આ તેનું કહેવું દેવયાનીને સત્ય ભાસ્યું, કારણ કે રાજાથી આને પુત્ર થવાનો સંભવ જ નથી, એ વાતનો એને દૃઢ નિશ્ચય હતો. અને તેથી જ આ બાળકોને કાંઈ કાંઇ વસ્તુઓ વ્હાલથી આપી, શર્મિષ્ઠાને આનંદ દર્શાવતી સતી તે સ્વમંદીરે પાછી આવી.

આ વાતને કાંઇક દીવસો થઈ ગયા હોવાથી, અને દેવયાનીને શર્મિષ્ઠાના પુત્રો સંબંધી કશો પણ વ્હેમ ન હોવાથી, તેમને ફરીથી જોવાની ઇચ્છાથી રાજા સહિત ફરતી ફરતી તે શર્મિષ્ઠાને ત્યાં આવી ચડી. પરંતુ રાજાના મનમાં તો ભયનો પાર રહ્યો નહિ: હવે શું થશે ! એવો વિચાર કરે છે એટલામાં જ શર્મિષ્ઠાના પુત્રોએ દેવયાની સહિત રાજાને આવેલો જોઇ, તેમની માતાને કહ્યું કે જો, અમારા તાત આવ્યા ! આ બોલ દેવયાનીને કાને પડ્યા એટલે તેને સંશય ઉત્પન્ન થયો, પણ આ વાતનો નિશ્ચય કરવાના આશયથી તેણે તે પુત્રોને પાસે બોલાવ્યા, અને મમતાથી બાળકોને પુછ્યું

કે તમારો પિતા કોણ ? અને તે ક્યાં છે ? આમ તે પુછતી હતી ત્યારે રાજાએ તે બાળકોને નેત્રની ઇશારત કરી કે મારૂં નામ દેશો નહિ. પરંતુ છોકરાં તેમાં કશું સમજ્યાં નહિં, અને અમારા પિતા આ, કહી રાજા તરફ આંગળીઓ કરી. આ ઉપરથી દેવયાનીનો નિશ્ચય થયો કે શર્મિષ્ઠાને આ પુત્રો રાજાથી જ થયેલા છે.

હવે દેવયાનીના કોપનું શું પુછવું ? તેણે લાગલી જ શર્મિષ્ઠાને પોતાની સામે બોલાવી અને કહ્યું કે, કેમ રે દુષ્ટા ! આ પુત્રો મેં ઋષિથી સંપાદન કર્યા એવું અસત્ય ભાષણ કરી, તેં મને ઠગી ? તો હવે બોલ, એ ઋષિ તે આ જ કે ? શામષ્ઠાએ નમ્રતાથી ઉત્તર આપ્યો કે, હે દેવયાનિ, તું ઋષિ કન્યા હોઇ તારૂં પાણિગ્રહણ કરનાર ઋષિ શિવાય અન્ય કોણ સમર્થ હોય ? તેથી મેં ઋષિથી પુત્ર સંપાદન કર્યા એવું જે કહ્યું તે મારૂ બોલવું અસત્ય નહિ, પણ કેવળ સત્ય જ છે. આવું તેનું ભાષણ સાંભળી, તેને તેમ જ રાજાને કાંઇ પણ ન કહેતાં, ક્રોધવશ દેવયાની પોતાના પિતા તરફ જવા નીકળી. આ જોઇ યયાતિએ તેની બહુ પ્રકારે પ્રાર્થના કરી કે મારો દોષ ક્ષમા કર; પરંતુ દેવયાની, તે કશુંએ સાંભળ્યા વગર શુક્રાચાર્ય પાસે ગઇ. ત્યારે પરમ ભયભીત એવો યયાતિ પણ નિરુપાય બની તેની પાછળ પાછળ ગયો.

દેવયાનીએ જતાં વાંત જ રાજાએ કરેલું કૃત્ય પિતાને નિવેદન કર્યું. જે સાંભળી શુક્રાચાર્યને અનિવાર ક્રોધ ઉપન્યો, અને દેવયાનીની પાછળ રાજાને અધોમુખ ઉભેલો જોઇને કહ્યું કે, હે મૂર્ખ! તું શું બોલ્યો હતો ? ને આ તેં શું કર્યું ? ભલે. જે અર્થ સાધવામાં તારા તરફથી મારી પુત્રીનું અપમાન થયું છે, એ વ્યવહારમાં તું જરાગ્રસ્ત થાઓ. આમ બોલતાં જ, કેટલાક સમય પછી લાગલો જ યયાતિ રાજા જરાગ્રસ્ત એટલે વૃદ્ધપણાને પ્રાપ્ત થયો.

જરા પ્રાપ્ત થતાં જ યયાતિએ શ્વસુરની (શુક્રાચાર્યની) પ્રાર્થના કરી કે, દેવયાનિ સાથે વિષયભોગની મારી વાસના હજુ તૃપ્ત થઇ નથી, એટલામાં તો મને જરા પ્રાપ્ત થઈ. તો આપ તેનો કાંઇ ઉપાય બતાવો. ત્યારે શુક્રાચાર્યે કહ્યું કે, જો એમ છે તો, આ વૃદ્ધપણું પુત્રને આપી, તેનું તારુણ્ય તું લઇ તારી કામના (વાસના) પૂર્ણ કરી લેજે. એ ઉપરથી તેણે પુનઃ પ્રાર્થના કરી કે જે પુત્ર મારી જરા લે તે મારી સાર્વભૌમ પદ્વીનો અધિકારી થાય. શુક્રાચાર્ય તરફથી આ વાતનું અનુમોદન મળતાં જ, દેવયાનિને લઇને યયાતિ ત્યાંથી નીકળ્યો તે પોતાને નગર પાછો આવ્યો.

યયાતિના નગરમાં આવ્યા પછી કેટલેક કાળે તેના પુત્રો તરુણ થયા છે એમ જોઇ રાજાએ તે સર્વેને પોતાની પાસે બોલાવ્યા, ને યદુથી માંડી ક્રમે ક્રમે સર્વેને તમે મારી જરા લ્યો અને તમારૂં તારુણ્ય મને આપો, એવી આજ્ઞા કરી. પરંતુ ચારે પુત્રોએ તે અમાન્ય કરી, એવું જોઇ તેમાંના સર્વથી નાના પૂરુએ વિચાર કર્યો કે જો હું પણ આમની પેઠે ના કહીશ, તો પછી પિતાને કોના તરફથી આશા રાખવાનું રહ્યું ? તેથી એમાં ધર્મ હો, કે અધર્મ હો, એમ કહી તેણે પોતાનું તારુણ્ય પિતાને આપ્યું ને પિતાની જરા પોતે લીધી. આ તારુણ્ય વડે યયાતિએ દેવયાનિ સાથે યથેચ્છ વિષયસુખ ભોગવ્યું, ને પછી વૈરાગ્ય થતાં, પુત્રનું તારુણ્ય પાછું આપ્યું અને એણે પોતાનું તારુણ્ય પિતાને આપ્યું હતું માટે એને સાર્વભૌમ પદ આપી અને ઇતર પુત્રોને સામાન્ય રાજ્ય આપી, પોતાની જરા પાછી લઇ દેવયાનિ સહવર્તમાન તપને અર્થે અરણ્યમાં ગયો. આ જ વેળાએ તેને એક માધવી નામે કન્યા થઇ હતી એમ જણાય છે. એક સમય વિશ્વામિત્ર ઋષિનો શિષ્ય ગાલવ યયાતિ પાસે શ્યામકર્ણ જાતિના ઘોડાની યાચના કરવા આવ્યો હતો. રાજાએ પોતાની પાસેના

જેટલા હતા તેટલા અશ્વો આપીને પોતાની કન્યા માધવીને લઇ જઇને જેની પાસે એવા ઘોડા હોય તેની પાસેથી આ કન્યા આપીને તે સંપાદન કરવાનું કહી તેને આ કન્યા આપી હતી. આ કન્યાને જુદા જુદા રાજાઓને આપીને એણે ઘોડા મેળવી દીધા હતા. (૩ ગાલવ શબ્દ જુઓ). સારાંશ કે આણે તપ કરીને દેહશુષ્ક કરી દેહ પ્રાણનો વિયોગ થતાં, દેવયાનિ સહિત સ્વર્ગમાં ગમન કર્યું. (ભા૨૦ આદિ૦ અ૦ ૮૪-૯૩; મત્સ્ય૦ અ૦ ૨૪-૩૬).

बहु वर्ष सहस्रान्तं प्रजापालन वर्धितम् ।
अनेक क्रतुदानौघैर्यत्त्वयोपार्जितं फलम् ॥१४॥
तदनेनैव दोषेण क्षीणं येनासि पातितः ।
अभिमानेन राजेन्द्र धिक्कृतः स्वर्गवासिभिः
॥ १५ ॥
नायं मानेन राजर्षे न बलेन न हिंसया ।
न शाठ्येन न मायाभिर्लोको भवति
शाश्वतः ॥ १६ ॥
नावमान्यास्त्वया राजन्नधमात्कृष्टमोध्यमाः ।
न हि मानप्रदग्धानां कश्चिदस्ति शमः
क्वचित् ॥ १७ ॥
पतनारोहणमिदं कथयिष्यन्ति ये नराः ।
विषमाप्यपि ते प्राप्तास्तरिष्यन्ति न
संशयः ॥ १८ ॥

(ભા૨૦ ઉ૦ અ૦ ૧૨૦-૧૨૩.)

કોઇ કાળે આત્મસ્તુતિ કરવાને લીધે આનું સ્વર્ગમાંથી પતન થયું. ત્યારે આના દૌહિત્ર એટલે માધવીના પુત્રો અષ્ટક, પ્રતર્દન, વસુમના અને શિબિ એ ચારે જ્યાં તપાદિક કર્મ કરતા હતા ત્યાં જ દૈવગતિએ એનું આવવું થયું. પછી આનો અને એમનો પરસ્પર સંવાદ થતો હતો ત્યાં માધવી પણ અકસ્માત આવી ચઢી. તેણે પોતાનું તેમ જ પોતાના ચારે પુત્રોનું પુણ્ય આપી આને પુનઃ સ્વર્ગ મોકલ્યો. (ભા૨૦ ઉદ્યોગ૦ ૧૨૦-૧૨૩).

યવક્રીત. ભારદ્વાજ નામના કોઇ એક ઋષિનો પુત્ર. આને તેમ જ આના પિતાને ઉત્તમ પ્રકારનું અધ્યયન ન હોવાથી, તે બન્નેની ગણના ઋષિમંડળમાં નહતી. એથી આણે અધ્યયન કર્યા શિવાય સર્વ વેદનું જ્ઞાન પોતાને તેમ જ પિતાને ઉદય થાય એ હેતુથી તપ આરંભ્યું. એકદા ઇંદ્ર પૃથ્વીપર ફરતા હતા, તેમણે આને તપ કરતો જોઇ પુછ્યું કે તું શા હેતુ માટે તપ કરે છે? આણે ઇંદ્રને પોતાનો હેતુ નિવેદન કર્યો. તે સાંભળી ઇંદ્રે કહ્યું કે ગુરુસેવાપૂર્વક અધ્યયન કરે તો તને વેદ પ્રાપ્ત થાય. આવો વ્યર્થ શ્રમ કરીશ નહિં. આમ બોલી તે ગયા તોપણ આણે તપ ચાલુ જ રાખ્યું. આ ઉપરથી ઇંદ્રે બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું ને આના આશ્રમ પાસેની નદીમાં મુઠીએ મુઠીએ લઇ રેતી નાંખવા માંડી. એ આણે દીઠું એટલે તેને પુછ્યું કે હે બ્રાહ્મણ, આ તું શું કરી રહ્યો છે? બ્રાહ્મણે કહ્યું આ ગંગા માણસોથી ઉતરાતી નથી અને અડચણ પડે છે માટે પાળ કરીને હું પુલ બાંધું છું; આવો ઉત્તર સાંભળતાં જ આણે તેને કહ્યું કે આમ પુલ શી રીતે થશે? બ્રાહ્મણે પ્રત્યુત્તર વાળ્યો કે જ્યે આમ કર્યાથી પુલ નહિં થાય, તો ગુરુસેવાપૂર્વક અધ્યયન કર્યા શિવાય વેદજ્ઞાન પણ ક્યાંથી પ્રાપ્ત થશે? બ્રાહ્મણનું આ વચન સાંભળી એ ઇંદ્ર છે એમ આણે જાણ્યું, અને તેને કહ્યું કે સારૂં, ત્યારે હું હવે તપ સમાપ્ત કરું છું. આ ઉપરથી ઇંદ્રે પ્રસન્ન થઈ, તને વેદજ્ઞાન પ્રાપ્ત થાઓ, એવો આશિર્વાદ આપ્યો ને તત્કાળ અંતર્ધાન થયા.

પછી આણે ઘેર આવી બનેલી સઘળી હકીકત પોતાના પિતાને કહી કહ્યું કે ચાલો હવે આપણે સર્વે ઋષિઓનો પરાજય કરીએ. આ ઉપરથી ભારદ્વાજે આનો ગર્વ ઉતારવા બાલધિ ઋષિ અને તેના પુત્ર મેધાવીનો ઇતિહાસ તેને કહ્યો. એ સાંભળી આણે

કરેલો મનસુબો ફેરવ્યો. (બાલધિ શબ્દ જુઓ).

યવક્રીત અને એનો પિતા જ્યાં રહેતા હતા ત્યાં પાસે જ વિશ્વામિત્ર ઋષિનો પુત્ર રૈભ્ય ઋષિ આશ્રમ કરી પોતાના અર્વાવસુ અને પરાવસુ એમ બે પુત્રો અને એક પુત્રવધુ સહવર્તમાન રહેતો હોવાથી, આનો અને તેમનો સ્નેહભાવ થયો હતો. તેથી આ એક કાળે સહજ એમના આશ્રમે ગયો. પરંતુ રૈભ્યઋષિ તેમ જ તેના બન્ને પુત્રો કોઇ જ આશ્રમમાં ન હોવાથી ગંધર્વ સ્ત્રી જેવી રુપવંતી રૈભ્યની પુત્રવધુ ત્યાં એકલી જ છે એમ આણે દીઠું. આ ઉપરથી આને દુર્બુદ્ધિ ઉત્પન્ન થઈ અને તું મારી વિષયવાસના તૃપ્ત કર એવું એને કહેવા લાગ્યો. એ બાઇએ ઘણી આનાકાની કર્યા છતાં, આખરે એના શાપ ભયે તેની માગણી સ્વીકારી, આની કામેચ્છાને આધીન થઈ; એના ગયા પછી સ્નાન કર્યું અને શ્વશુર આશ્રમે આવતાં જ આની બધી વાત તેમને કહી દીધી. આનું આવું દુર્વૃત્ત અને બલાત્કારની વાત સાંભળી લાગલો જ રૈભ્ય હવન કરવા બેઠો. એણે પોતાની એક લટ મંત્રોચ્ચારણ સાથે હોમી એટલે કુંડમાંથી એક સુંદર સ્ત્રી નિકળી એક બાજુ ઉભી રહી. પછી બીજી લટ હોમી એટલે એક રાક્ષસ નિકળ્યો. આમ એક સુંદર સ્ત્રી તથા રાક્ષસ નિર્માણ કરી, તેમને એણે એવી આજ્ઞા કરી કે, તમે એકની પાછળ એક, એમ યવક્રીત પાસે જાઓ, એને મોહ પમાડી, મારી, પોતપોતાનું કામ કરી, પછી પાછાં આવો. આજ્ઞા પ્રમાણે તે સ્ત્રી યવક્રીત પાસે ગઇ અને તેને મધુરવાણીથી મોહ ઉત્પન્ન કર્યો, અને એની પાસેથી એનું કમણ્ડલ લઈ લીધું. ને જેવો તે આની સાથે શરીરસંગ કરવા જાય છે કે તરત જ રાક્ષસ ત્યાં જઇ પહોંચ્યો. તેને જોતાં જ યવક્રીત શુદ્ધ થવાને પાણી સારુ જુએ છે તો કમણ્ડલ ન મળે. જાતે અપવિત્ર હતો માટે; શુદ્ધ થવા તળાવ તરફ દોડતાં તે, અને નદી તરફ નાસતાં તે પણ જળ વગરની સુકાઇ ગએલી દેખાઇ. પછી પિતાની અગ્નિશાળામાં સંતાઇ જવા ન્હાસવા લાગ્યો; પરંતુ અગ્નિશાળાનો દ્વારરક્ષક આના પિતાનો એક જન્માંધ શૂદ્ર સેવક હતો, તેણે આને ન ઓળખી અંદર જવાનો પ્રતિબંધ કર્યો. એટલામાં તો રાક્ષસે આવી આને માર્યો અને પોતે જતો રહ્યો.

યવક્રીતને રાક્ષસે માર્યો તે વેળા તેનો પિતા આશ્રમમાં નહતો, એટલે તેને એ વાતની ખબર ન હોવાથી, હોમની વેળા થતાં જ તે ઘેર આવ્યો અને નિત્ય પ્રમાણે સ્નાન કરી હોમશાળામાં ગયો. પરંતુ નિત્ય નિયમ પ્રમાણે તે દિવસે અગ્નિએ એને દર્શન આપ્યું નહિ. તેથી એને આશ્ચર્ય લાગ્યું કે આજ આમ કેમ બન્યું! એ ઉપરથી લાગલું જ તેણે દ્વારરક્ષક શૂદ્રને પુછ્યું કે આજ અહિં કોણ આવ્યું હતું? તેણે નમ્રતાથી કહ્યું કે પાછળથી અહિં એક રાક્ષસ જેવું કોઇ આવ્યું હતું ને તેણે કોઇને માર્યો. આ સાંભળી ભારદ્વાજને શંકા આવવાથી આશ્રમની આસપાસ જોવા લાગ્યો તો યવક્રીતને મરેલો પડેલો દીઠો. આ જોઈ ભારદ્વાજને અનિવાર શોક થયો અને તરત જ યવક્રીતના શબને દહન કરી જેણે મારા પુત્રને મરાવ્યો તે પોતાના પુત્રને હાથે જ મરણ પામજો, એવો શાપ દઇ પોતે પણ અગ્નિ પ્રવેશ કરી દેહ ત્યાગ કર્યો.

ભારદ્વાજના શાપ પ્રમાણે જ પાછળથી રૈભ્ય ઋષિનો વધ પરાવસુ નામના તેના પુત્રને હાથે જ થયો. પરાવસુ અને અર્વાવસુ બન્નેને બૃહદ્યુમ્ન રાજાએ યજ્ઞ કરવા તેડ્યા હતા. ત્યાંથી એક વેળા પરાવસુ પોતાની સ્ત્રીને મળવા આવ્યો. પાછલી રાતનો સમય હતો, અને ઉંઘેટા પરાવસુએ મૃગચર્મ ઓઢીને ગાઢ વનમાં ફરતા પોતાના પિતાને મૃગ સમજી આત્મરક્ષાર્થે મારી નાંખ્યા.

રૈભ્યનો બીજો પુત્ર અર્વાવસુ પરમ શુશીલ હતો. તેણે ઉગ્ર તપ કરી દેવોને પ્રસન્ન કર્યા અને તેમના પ્રસાદ વડે ભારદ્વાજ, તેનો પુત્ર યવક્રીત, તેમ જ પોતાના પિતા રૈભ્ય એ ત્રણેને સજીવન કરી, પરાવસુને બ્રહ્મહત્યાથી મુક્ત કર્યો. આ ઉપરથી પરસ્પર સ્નેહમાં અધિક વૃદ્ધિ થઇ. અને પુત્ર સહવર્તમાન ભારદ્વાજ ઋષિ અર્વાવસુના ઉપકારનાં વખાણ કરતા પોતાના આશ્રમે ગમન કરતા હવા. (**ભા૨૦ વન૦ અ૦ ૧૪૦–૨૩૩**).

યવન. યવનદેશીય લોક, એ શુરા અને જાણકાર છે, એટલે મ્લેચ્છોથી કાંઇક ભિન્ન દેખાય છે એટલું જ. એમની ગણના વેદ બહાર છે. (મ્લેચ્છ શબ્દ જુઓ).

યવન (૨). કાળયવન નામનો યવન જેને શ્રીકૃષ્ણે મુચકુંદની ગુફામાં પ્રવેશાવીને મરણ શરણ કર્યો હતો તે.

યવન દેશ. આ દેશના દક્ષિણ અને પશ્ચિમ દિશાના ભેદે કરિને બે પ્રકાર છે; તે પ્રત્યેકના વર્ણનમાં જોવા.

યવયસ્. પ્રિયવ્રત પુત્ર ૪ધ્મજિહ્વના સાત પુત્રોમાંનો એક નાનો. આના વર્ષનું એ જ નામ છે.

યવયસ્ (૨). પ્લક્ષદ્વીપમાંનો બીજો વર્ષ.

યવયા. પ્લક્ષદ્વીપમાંનો બીજો વર્ષ.

યવયા (૨). યવયસનું બીજું નામ.

યવસ. આઠમા સાવર્ણિ મનૂના થનારા પુત્રોમાંનો એક.

યવક્ષા. ભારતવર્ષીય એક નદી. (**ભા૨૦ભી૦૯**).

યવનીર. સોમવંશી પૂરુકુલોત્પન્ન હસ્તિરાજાના પુત્ર દેવમીઢ અથવા દ્વિમીઢનો પુત્ર. આનો કૃતિમાન્.

યવનીર (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન હસ્તિપુત્ર અજમીઢના પુત્ર નીલવંશીય ભર્મ્યાશ્વના પાંચ પુત્રોમાંનો બીજો.

યશોદા. હવિષ્મંત પિતરની માનસકન્યા; સૂર્યવંશી અંશમાન્ રાજાની સ્ત્રી. આનો પુત્ર દિલીપ રાજા.

યશોદા (૨). ગોકુલાધિપતિ નંદની સ્ત્રી. ગોકુલમાં શ્રીકૃષ્ણની પાલક માતા.

યશોદા (૩). સોમવંશી હસ્તિની ભાર્યા. એનો પુત્ર તે વિકુંજ્જન (વિકુણ્ઠન). (**ભા૨૦ આ૦ ૬૩–૩૭**).

યશોધર. દુર્મુખ પાંચાલનો પુત્ર. આને દૌર્મુખી પણ કહે છે. (**ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૮૫–૫**).

યશોવતી. એકાવલી નામની એક રાજકન્યાની સખી.

યસ્ક. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

યક્ષ. દેવયોનિમાંની એક જાતી વિશેષ. બ્રહ્મદેવે કેટલાંક પ્રાણી ઉત્પન્ન કર્યા પછી તેમને પુછ્યું કે ' **કિં કુર્મઃ** ' (શું કરૂં?) તેમણે ' **રક્ષધ્વં** ' (રક્ષણ કરો), એમ કહેવું જોઇતું હતું તેને બદલે તેમાંથી કોઇએ ' **યક્ષામ** ' અને કોઇએ '**રક્ષામ**' એમ ઉત્તર આપ્યા. એ કમે યક્ષ અને રાક્ષસ થયા. (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૩**).

મનુષ્ય યોનિથી ચઢીઆતી જાતિ વિશેષ. એઓ ધનપતિ–કુબેરના સેવકો ગણાય છે. એમની ઉત્પત્તિ સંબંધે જુદા જુદા ગ્રંથકારો જુદી જુદી વાત કહે છે. એમનામાં કાંઇ લાક્ષણિક વિશેષતા નથી; પણ સામાન્યતઃ તેઓ બિલકુલ ઉપદ્રવકારી ન હોવાથી પુન્યજનો કહેવાય છે. કોઈ કોઇ વખત તેઓ અટકચાળાંયે કરે છે. કાલીદાસ કવિના મેઘદૂત કાવ્યનો નાયક પણ એક યક્ષ હતો. (**ડાઉસન પા૦ ૩૭૩**).

યક્ષગ્રહ. સ્કંદગ્રહ તે જ.(**ભા૨૦ વ૦ ૨૩૦–૫૩**).

યજ્ઞ. સ્વાયંભૂ મન્વન્તરમાં રુચિ નામના ઋષિને આકૂતિ નામની સ્ત્રીની કૂખે થએલો પુત્ર. આને સ્વાયંભૂ મનૂએ રુચિ ઋષિ પાસેથી પુત્રિકાધર્મ પ્રમાણે પાછો લીધો હતો. (પોતાની કન્યા, એને પુત્ર થાય તે મને પાછો આપવો એ સંકતથી કોઇને આપવી તે પુત્રિકાધર્મ). આને દક્ષિણા નામની

સ્ત્રી હતી અને તેની કુખે આનાથી બાર દેવ ઉત્પન્ન થયા હતા. તે તુષિત નામથી જાણીતા છે. (તુષિત શબ્દ જુઓ). આ યજ્ઞ વિષ્ણુનો અવતાર હોઇ, તે જ મન્વન્તરમાં સ્વર્ગમાં ઇંદ્ર પણ હતો, અને તે જ કારણથી પહેલા મન્વન્તરમાં દક્ષિણા એ ઇંદ્રાણી હતી.

યજ્ઞકેતુ. એક કૌરવ.

યજ્ઞકોપ. રામે મારેલા રાવણ પક્ષના બે રાક્ષસ. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૯ અને ૪૩**).

યજ્ઞદત્ત. ભગદત્તનો પુત્ર. એણે સહસ્રાર્જુન જોડે યુદ્ધ કર્યું હતું. (**અશ્વ૦ ૭૫–૭૬**).

યજ્ઞપિંડાયન. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

યજ્ઞબાહુ. પ્રિયવ્રત રાજાના દસ પુત્રોમાંનો ત્રીજો. સુરોદથી વેષ્ટિત શાલ્મલી દ્વીપનો આ અધિપતિ હતો. એણે પોતાના દ્વીપના પોતાના પુત્રોના જ નામના સાત ભાગ કરી, તે પ્રત્યેકને એક એકનો અધિપતિ કર્યો હતો. તેમનાં નામ–સુરોચન, સૌમનસ્ય, રમણક, દેવવર્ષ, પારિભદ્ર, આપ્યાયન, અને અવિજ્ઞાન એવાં હતાં.

યજ્ઞવલ્કય. યાજ્ઞવલ્કય ઋષિના પિતા.

યજ્ઞવરાહ. શ્વેતવરાહ શબ્દ જુઓ.

યજ્ઞવાહ. અગસ્ત્ય કુલોત્પન્ન એક ઋષિ.

યજ્ઞશત. લંકામાંનો એક રાક્ષસ.

યજ્ઞસેન. પૃષતરાજાના પુત્ર દ્રુપદ રાજાનું બીજું નામ. (**ભા૨૦ આ૦ ૧૧૦–૭**).

યજ્ઞહોત્ર. ત્રીજા ઉત્તમ મનુના પુત્રોમાંનો એક પુત્ર.

યાજ. યાજોપયાજ શબ્દ જુઓ.

યાજોપયાજ. યમુનાને તીરે રહેતા કોઇ કાશ્યપગોત્રોત્પન્ન ઋષિના પુત્ર. આ બન્ને સહોદર હોઇ તેમાં યાજ મોટો અને ઉપયાજ નાનો હતો. ઉપયાજ પરમ નિસ્પૃહ હતો. પરંતુ યાજ તેવો ન હતો, તેથી જ તેણે દ્રવ્યના લોભે દ્રુપદનો યજ્ઞ કરી તેમાંથી દ્રોણાચાર્યને મારે એવો ધૃષ્ટદ્યુમ્ન નામનો પુત્ર ઉત્પન્ન કરી આપ્યો. કૃષ્ણા–દ્રૌપદી પણ ત્યાં જ ઉત્પન્ન થઇ હતી. (દ્રુપદ શબ્દ જુઓ). (**ભા૨૦ આ૦૧૪૯–૮ અને ભા૨૦ આ૦૧૮૧–૨૨**).

યાદવ. યદુરાજાના સઘળા વંશજ.

યાન. સ્વાયંભુ મન્વન્તરમાંના વસિષ્ઠ ઋષિના સાત પુત્રોમાંનો એક.

યામ. સ્વાયંભુ મન્વન્તરમાંનો દેવ વિશેષ.

યામી. ચાલુ મન્વન્તરમાંના ધર્મઋષિની દસ સ્ત્રીઓમાંની એક. આ પ્રાચેતસ દક્ષની કન્યા. તેને સ્વર્ગ નામનો પુત્ર ને નાગવીથી નામની કન્યા એવી બે સંતતિ હતી. યામીનું જામી એવું નામ પણ કોઇ કોઇકાણે મળી આવે છે.

યામુનગિરિ. એકની સંજ્ઞાવાળા હિમાલયનું શિખર વિશેષ. પાંડવો ગંધમાદન ઉપરથી નીકળી દ્વૈતવનમાં આવતાં આ શિખર ઉપર વિશાખયૂપ નામના સ્થળે રહ્યા હતા. અહિં એક વેળા ભીમસેન મૃગયા માટે અરણ્યમાં ગયો હતો, તેને નહુષ રાજા અગસ્ત્યના શાપથી અજગર થઇ પડયો હતો તેણે પકડયો. ભીમસેને ઘણોએ પ્રયત્ન કર્યો પણ તેના મુખમાંથી છુટી શકયો નહિ. ભીમસેનને અરણ્યમાં ઘણો વિલંબ થયો જોઇને યુધિષ્ઠિર તેને શોધવા નીકળ્યા. અને શોધ કરતાં કરતાં જુએ છે તો તેને અજગરે પકડેલો દીઠો. યુધિષ્ઠિરે અજગરની ઘણી સ્તુતિ કરી. તે સાંભળી અજગરે મનુષ્ય વાણી વડે તેને કેટલાક પ્રશ્નો કર્યા; તેના ઉત્તરો યુધિષ્ઠિર તરફથી મળતાં જ, નહુષની સર્પદેહથી મુકિત થઇને તે સ્વર્ગમાં ગયો. ભીમસેન પણ તેનાથી મુકત થયો. (**ભા૨૦ વન૦ અ૦ ૧૭૮–૧૮૧**).

યામુનગિરિ (૨). ગંગા અને યમુના એ બેના મધ્ય ભાગ–દોઆબમાં આવેલો એક પર્વત. આની તળેટીમાં પૂર્વે પર્વશાલ નામનું એક ગામ હતું.

યામુનદેશ. પૂર્વે શૂરસેન અને પશ્ચિમે બ્રહ્મવર્ત દેશ, એ બેની વચ્ચે યમુના તીર પર આવેલો દેશ વિશેષ (**ભાગ. ૧ સ્કં૦ અ૦ ૧૦**).

યામુનિ. એક બ્રહ્મર્ષિ. (કશ્યપ શબ્દ જુઓ).

યાયાવર. જરત્કારુ વંશકર્તા ઋષિયો. (**ભા૨૦ આ૦ ૩૩–૧૮** ને **આ૦ ૪૫–૧૬**).

યાસ્ક. યસ્ક ઋષિનો પુત્ર; અને તેના વંશજો. (૩ ભૃગુ શબ્દ જુઓ.) એક યાસ્કે વેદિક મન્ત્રો ઉપર ટિકા લખી છે. તે વૈયાકરણી પાણિનીની પહેલાં થયો હોવો જોઇએ કેમકે પાણિની આના ગ્રંથમાંથી પોતાના ગ્રંથમાં અવતરણો આપે છે. (ડાઉસન પા. ૩૭૫).

યાજ્ઞવલ્ક. યજ્ઞવલ્ક ઋષિ તે જ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

યાજ્ઞવલ્કય. વસિષ્ટ કુલોત્પન્ન યાજ્ઞવલ્કય ઋષિનો જ આ પુત્ર હોવો જોઇએ; અને તેથી જ આનું આ નામ પડયું હોવું જોઇએ. સ્વાયંભૂ નામના વ્યાસના સંપૂર્ણ ચારે વેદનું અધ્યયન કરનારા ચાર શિષ્યમાં સમગ્ર યજુર્વેદ ભણેલા વૈશંપાયન ઋષિનો આ યાજ્ઞવલ્કય શિષ્ય હતો.

વૈશંપાયન યજુર્વેદની છયાશી શાખા કરી તેમાંથી પ્રત્યેક તે એક એક ઋષિને શિખવતો હતો. જેનું પ્રસ્તુત તૈત્તરીય શાખા એવું નામ ચાલે છે તેનું અધ્યયન આની પાસે કરાવતો હતો; અર્થાત્ તે શાખા આ શિખતો હતો.

તૈત્તિરીય શાખા, શાખા કહેવાય છે એટલું જ; બાકી તે કેવળ સમગ્ર યજુર્વેદની જ પ્રતિમા રૂપ હોઇ, તેની કહેણી અતિશય મનોહર હોવાથી તે યાજ્ઞવાલ્કયને શિખવવાનું કારણ એ હતું કે, એક તો તે વૈશંપાયન ઋષિનો ભાણેજ હતો, અને તે ઉપરાંત તે ઉત્તમ આચાર સંપન્ન હતો.

એક વેળા એવું બન્યું કે, સર્વ મોટા મોટા ઋષિઓને એક સ્થળે, અમુક વેળાએ સર્વેએ આવવું, ને જે ન આવે તેને બ્રહ્મહત્યાનું પાપ એવો સંદેશો મળ્યો. આ ઉપરથી સર્વ ઋષિઓ નિયમિત સ્થળે નિયમિત વખતે ભેગા થયા. તેમાં વૈશંપાયન ઋષિને પણ આમંત્રણ હતું. પણ તે કોઈ કારણને લીધે આ સમાજમાં જઇ શકયા નહિ. તેથી નિયમનું ઉલ્લંઘન કર્યા માટે તેમને બ્રહ્મહત્યા લાગી. તેનું નિવારણ કરવા તેમણે પોતાના સર્વ શિષ્યોને આજ્ઞા કરી. આ આજ્ઞા સર્વેએ માન્ય કરીને તે પ્રમાણે સર્વે નિવારણ કરવા લાગ્યા. તે પ્રમાણે યાજ્ઞવલ્કય પણ નિવારણ કરવા લાગ્યો હોત તો તો ઠીક. પણ તેણે વૈશંપાયનને કહ્યું કે આપના પાતકનું નિવારણ કરવા માટે આ બીજા શિષ્યો બાળક હોવાથી અસમર્થ છે. હું જ સ્વતઃ એકલો તેનું નિવારણ કરીશ; કારણ કે હું તે સર્વથી વયે મોટો હોઇ સશક્ત છું. યાજ્ઞવલ્કયનું આ બોલવું જો કે બીજાઓની દયાની ખાતર હતું, તોપણ ઇતર બ્રાહ્મણોના અપમાન કરવા જેવું હોવાથી વૈશંપાયનને તેના પર ક્રોધ આવ્યો ને તરત જ તારી શીખેલી શાખા પાછી આપી દે, એવી આને આજ્ઞા કરી. આ સાંભળી યાજ્ઞવલ્કય ભયભીત હવો થકો પ્રાર્થના કરતો કહેવા લાગ્યો કે આ મારો અપરાધ ક્ષમા કરો. હવે ફરીથી હું આવું કરીશ નહિ. પરંતુ વૈશંપાયન બોલ્યા કે જો હું આજ તારો આ અપરાધ ક્ષમા કરું તો આ સર્વ બ્રાહ્મણો મને પક્ષપાતી ધારશે કેમકે હું તારો મામો થાઉંછું. માટે હવે વિશેષ કશું પણ ન કહેતાં મારી કરેલી આજ્ઞા પ્રમાણે તારું અધ્યયન પાછું આપી, અહીંથી ચાલતો થા. નહીં તો શાપ દઇ બાળી ભસ્મ કરીશ. આ છેવટના બોલો સાંભળી આને દુઃખની પરાકાષ્ટા થઇ. અને બ્રાહ્મણોને અપમાનકારક બોલો બોલાયા તેને માટે પશ્ચાતાપ પણ થયો. પણ હવે તેનું ફળ શું? પછી આણે નિરુપાય બની, વિદ્યા પાછી આપી; તે જ યાજ્ઞવલ્કયની પાછી આપેલી આ શાખાનું પાછળથી તૈત્તિરીય શાખા એવું નામ પડયું. (યજુર્વેદ શબ્દ જુઓ).

પછી યાજ્ઞવલ્કયના મનમાં એવું થયું કે હવે અધ્યયન સંબંધી શું કરવું. વૈશંપાયન સરખો ગુરુ પૃથ્વીપર મળવો દુર્લભ તો બીજા કોની પાસે જઈ અધ્યાપન કરવું? આ પ્રમાણે મનમાં વિચાર કરતાં, હવે પૃથ્વીપર કોઇને ગુરુ જ કરવો નહિ,

એવો નિશ્ચય કરી સૂર્યારાધનપૂર્વક આણે તપનો આરંભ કર્યો. તપને અંતે સૂર્યદેવ પ્રસન્ન થયા. તેમની તરફથી આને વેદની જે શાખા પ્રાપ્ત થઇ, તે વાજસનેયી એવા નામથી સાંપ્રત સમયે પ્રસિદ્ધ છે. પૂર્વનું અધ્યયન યાજ્ઞવલ્કયે વૈશંપાયનને પાછું આપ્યું, એનો અર્થ એમ કે તે અધ્યયન પાછું આપતાં જ તેની યાજ્ઞવલ્કયને વિસ્મૃતિ થઇ ગઈ.

વેદ ઉપરાંત સૂર્ય પાસેથી આણે બ્રહ્મવિદ્યા પણ સંપાદન કરી. પછી પૃથ્વીપર આવી કાત્યાયની અને મૈત્રેયી એવી બે સ્ત્રીઓની સાથે ક્રમે ક્રમે લગ્ન કરી. ગ્રહસ્થધર્મનું આચરણ કરતો થકો, પોતાના આશ્રમે શાંતિથી રહેવા લાગ્યો.

યાજ્ઞવલ્કયે પછી, શીખી આવેલી શાખાનું અધ્યયન કરવાનો ક્રમ શરૂ કર્યો.

ततः शतपथं कृत्स्नं सरहस्यं ससंग्रहम् ॥
चक्रे सपरिशेषं च हर्षेण परमेण ह ॥१६॥
कृत्वा चाध्ययनं तेषां शिष्याणां शतमुत्तमम् ॥
विप्रियार्थं सशिष्यस्य मातुलस्य महात्मनः १७
(ભા૨૦ શાંતિ૦ અ૦ ૩૧૮)

યાજ્ઞવલ્કયે શિખેલી નવી શાખાનું અધ્યયન વિલક્ષણ હસ્તસ્વરો વાળું હોવાથી, ત્રણ વેદના પૈલ આદિ, ઋષિઓને અપ્રિય થયું; તે જ પ્રમાણે યાજ્ઞવલ્કયના મામા વૈશંપાયન અને તેના શિષ્યોને પણ અપ્રિય થયું. એટલે જો કે વેદાધ્યયન સંબંધી તો તેની પ્રતિષ્ઠા વિશેષ જામી નહિ. તોપણ બ્રહ્મવિદ્યા સંબંધે તેની કિર્ત્તિ ઘણી પસરી. તે એટલે સુધી કે વિદેહવંશના દેવરાત જનકનો પુત્ર બૃહદ્રથ નામનો છઠ્ઠો જનક જેને દૈવરાતિ કહેતા હતા, તેના કાન સુધી પહોંચી. (આ યાજ્ઞવલ્કય કૃષ્ણદ્વૈપાયન વ્યાસના શિષ્ય વૈશંપાયનનો શિષ્ય નહિ. કૃષ્ણદ્વૈપાયનના સમયમાં તો મિથિલા નગરીમાં બહુલાશ્વ જનક રાજ્ય કરતો હતો. અને તે વિદેહવંશનો પચાસમો જનક હતો).

દૈવરાતિ જનક મુમુક્ષુ હતો; કોઇ પૂર્ણ બ્રહ્મનિષ્ઠ હોય તો તેને મેળવી તેને શરણ જવાની તેની ઇચ્છા હતી. આથી તેણે યજ્ઞ નિમિત્તે અનેક ઋષિઓને બોલાવ્યા, તેમાં યાજ્ઞવલ્કયને પણ બોલાવ્યો હતો. એને ત્યાં આવેલા ઋષિઓના સમાજમાં, **આર્તભાગ** ઋષિ, જરત્કારુપુત્ર **આર્તભાગ** ઋષિ, જેને લાહ્યાયનિ કહેતા તે **ભજ્યુઋષિ**, ચાક્રાયણ સંજ્ઞક **ઉષસ્તઋષિ**, કૌપીતક સંજ્ઞક **કહોડ** ઋષિ, આરુણિ સંજ્ઞક **ઉદ્દાલક** ઋષિ અને વાચક્નવી સંજ્ઞક મહાબ્રહ્મનિષ્ઠ **ગાર્ગી** નામની એક પરમહંસિની અને તે ઉપરાંત વિદગ્ધાખ્ય સંજ્ઞક **શાકલ્ય** ઋષિ, ઇત્યાદિ અનેક ઋષિઓ આવ્યા હતા.

તે પછી દૈવરાતિ જનકે સોનાનાં શિંગડાં વિગેરેથી યુક્ત ગાયોને સિદ્ધ કરી, સર્વ ઋષિઓને કહ્યું કે તમારામાં જે સહુથી શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ હોય તેણે આ ગાયો લઈ જવી. રાજાનું આ બોલવું સાંભળી, સર્વ ઋષિઓ બ્રહ્મવિદ્યા સંપન્ન હતા તોપણ પોતપોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે, જો આપણે ગાયો લઇએ તો આપણે જ માત્ર બ્રહ્મનિષ્ઠ અને બીજા નથી એમ જણાય તેથી બીજા ઋષિઓનું અપમાન થાય. એ શંકાથી કોઇએ ગાયો લઇ જવાની ધૃષ્ટતા કરી નહી.

આ જોઇ યાજ્ઞવલ્કયે પોતાના પ્રોક્તકારી નામના શિષ્યને આજ્ઞા કરીકે " અરે, આ ગાયો યાજ્ઞવલ્કય નામનો બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ લઇ જાય છે." એટલું મોટેથી બોલી તું ગાયો ઘેર લઇ જા. આ પ્રમાણે ગાયો લેતાં જ તે સભામાં ઘણી હોહા થઇ રહી. પરીણામે યાજ્ઞવલ્કય સાથે તેમાંના પ્રત્યેક માણસે નિરનિરાળો વાદ કર્યો. તે સર્વેને યાજ્ઞવલ્કયે પરાજિત કર્યા. આ ઉપરથી બીજા ઋષિઓ તો શાંત પડયા, પણ વિદગ્ધાખ્ય સંજ્ઞય **શાકલ્ય** (ઋગ્વેદમાંની શાકલ્ય શાખાનો પ્રવર્તક) ઋષિએ યાજ્ઞવલ્કયની અતિશય નિંદા કરવાથી, તેનું પોતાનું જ માથું ઉખડી પડી એનું મૃત્યુ થયું. સર્વ ઋષિઓ પોત પોતાને આશ્રમે ગયા. પછી જનકે આની પાસે બ્રહ્મવિદ્યા

સંપાદન કરી. ત્યારબાદ આ પણ પોતાને આશ્રમે ગયો.

स एवमनुशास्तस्तु याज्ञवल्क्येन धीमता ॥
प्रीतिमानभवद्राजा मिथिलाधिपतिस्तदा ९४
गते मुनिवरे तस्मिन्कृते चापि प्रदक्षिणं ।
दैवरातिर्नरपतिरासीनस्तत्र मोक्षवित् ॥९५॥

(ભા૨૦ શાંતિ૦ અ૦ ૩૨૩).

યાજ્ઞવલ્કય ગૃહસ્થાશ્રમ કરતો હતો. તેની સ્ત્રી મૈત્રેયી તેની પાસેથી બ્રહ્મવિદ્યા સંપાદન કરી ઉત્કૃષ્ટ બ્રહ્મનિષ્ઠ બની હતી. મત્રેયીને સંતતિ મુદ્દલ જ થઇ નહિ. કાત્યાયનીથી માત્ર ચંદ્રકાંત, મહામેધ અને વિજય એવા ત્રણ પુત્ર થયા હોય એમ જણાય છે. ચૌદ હજાર શિષ્યો અને આ ત્રણેને મહાદેવના શાપે કરીને રાક્ષસ યોનીમાં અવતરવું પડયું હતું. (૧ ચંદ્રકાંત શબ્દ જુઓ). યાજ્ઞવલ્કયને તેના મામા વૈશંપાયને અતિશય હેરાન કર્યો, માટે તે દિવસથી પોતાનો શરીરસંબંધ સુદ્ધાં મામાના ગોત્રમાં ન કરવો, આવો તેનો કરેલો નિયમ આજપર્યંત વાજસનેયી શાખા વાળા પાળે છે.

યાજ્ઞવલ્કય શુક્લ અજુર્વેદ, શતપથ બ્રાહ્મણ, બૃહદારણ્યક અને યાજ્ઞવલ્કયસ્મૃતિના કર્તા તરીકે પ્રસિદ્ધ છે. એ વૈયાકરણી કાત્યાયનની પૂર્વે થઇ ગયો. ઘણું કરીને એ મનુની પછીથી થયો હશે. એની લખેલી યાજ્ઞવલ્કયસ્મૃતિ તો મનુની સ્મૃતિની પછીથી લખાઇ છે, એ નક્કી છે. એ આપ્કલિ નામના બ્રહ્મર્ષિનો, અને મુખ્યત્વે વૈશંપાયનનો શિષ્ય હતો. યુધિષ્ઠિરે કરેલા રાજસૂય યજ્ઞમાં એ હાજર હતો એમ મહાભારતમાં કહ્યું છે. શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે કે એ સીતાના પિતા, વિદેહના રાજા જનકના દરબારમાં હતો. જનકને ઘણા બ્રાહ્મણોની સાથે સંવાદ થયો હતો. આ સંવાદો એની સૂચનાથી થયા હોય. આ સંવાદોમાં એ જનકને પુષ્ટિ આપતો.

યાજ્ઞવલ્કય તે કાળે પ્રચલિત જ્ઞાનના શિક્ષણ અને ક્રિયાઓનાં વિધાનોની વિરુદ્ધ હતો, અને સંવાદોમાં બધા બ્રાહ્મણોને હરાવતો. વિદગ્ધ શાકલ્ય કરીને એક બ્રાહ્મણ એનો સામાવાળીઓ હતો; પણ યાજ્ઞવલ્કયે એને હરાવીને શાપ આપ્યો હતો. એ શાપને લઈને શાકલ્યનું માથું ઉખડી જઇ, એ મરણ પામ્યો હતો, અને એનાં અસ્થિ ચોર લોકો લઇ ગયા હતા.

યાજ્ઞવલ્કય કાર્યત્યાગ અને ધ્યાનની મહત્તા જણાવતો હોવાથી એ યોગનો પ્રવર્તક ગણાતો. એના ઉપદેશ વડે શુદ્ધ ભગવાનનો બોધ ગ્રહણ કરવાની લોકોની યોગ્યતા થઇ એમ કહેવાય છે.

એને બે સ્ત્રીઓ, મૈત્રેયી અને કાત્યાયની નામે હતી. મૈત્રેયીને એણે પોતાની ફીલસુફી શિખવી હતી; અને એ મોટી વિદુષી બની હતી. પોતાના ' એન્સ્યંટ સંસ્કૃત લિટરેચર ' નામના પુસ્તકમાં ૨૨ મે પાને **રેવ. મેક્ષમુલરે** મૈત્રેયી અને યાજ્ઞવલ્કયના સંવાદમાંથી અવતરણ આપ્યાં છે, જેમાં યાજ્ઞવલ્કયે પોતાની ફીલસુફી સમજાવી છે.

જે ધર્મભેદનો યાજ્ઞવલ્કય ઉત્પાદક અગર અગ્રેસર હતો, તેમાંથી શુક્લ યજુર્વેદનો ઉદ્ભવ થયો છે. આ વેદનો એ ઉત્પાદક અગર અગ્રેસર હોવાથી, કેટલાક આ વેદને વાજસનેયી સંહિતા કહે છે.

શતપથબ્રાહ્મણ અને બૃહદારણ્યકમાં યાજ્ઞવલ્કયે, કેટલું બનાવ્યું, તે સંદિગ્ધ છે. વખતે કેટલોક ભાગ એણે કર્યો હશે અને કેટલોક એની દેખરેખ નીચે સંગ્રહાયો હશે. કેટલાક વળી એમાં યાજ્ઞવલ્કય અને એના મત અંગે લખેલું હોવાથી એનું વાજસનેયી નામ પડયું એમ પણ કહે છે. બૃહદારણ્યકનો યાજ્ઞવલ્કીય કાંડ નામનો ભાગ તો એનો પોતાનો લખેલો નહિ હોય. કેમકે આ ભાગમાં એની કીર્તિ અને ગુણાનુવાદનાં જ ગાન હોવાથી ઘણું કરીને એ એના મરણ પછી લખાયો હશે.

યાજ્ઞલલ્કયસ્મૃતિ મનુસ્મૃતિની પાછળથી લખાઇ છે; અને મનુસ્મૃતિ કરતાં એમાંના નિર્ણયો ચોકસ, યથાર્થ અને કડક છે. આ

ગ્રંથનું મહત્વ માત્ર મનુસ્મૃતિ કરતાં જ ઉતરતું છે. આ ગ્રંથની મિતાક્ષરા નામની ટીકા, બંગાળા સિવાય આખા હિંદુસ્થાનમાં માન્ય છે.

યાજ્ઞવલ્કય (૨). વિશ્વામિત્રના પુત્રોમાંનો એક ઋષિ.

યાજ્ઞસેનિ. ધૃષ્ટદ્યુમ્નનું નામાન્તર. (ભા૨૦ ભી૦ ૧૧૨-૧૯)

યાજ્ઞસેની. દ્રૌપદીનું બીજું નામ.

યાજ્ઞેય. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

યુક્ત. પાંચમા રૈવત મનુના થઇ ગએલા પુત્રોમાંનો એક.

યુગ. કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ એવા ચાર કાલવિભાગ. (ભા૨૦ વ૦ ૧૫૧-૧૧)

યુગંધર. ભારતયુદ્ધમાં દ્રોણને હાથે મરણ પામેલો એક સાત્યકિ પુત્ર. આ પાંડવો તરફ હતો. (ભા૨૦ દ્રો. ૧૬-૪૨)

યુગંધર (૨). ભારતવર્ષીય દેશ વિશેષ. (ભા૨૦ ભી૦મ૦ અધ્યાય ૬)

યુગપ. એકડાની સંજ્ઞાવાળા દેવગંધર્વોમાંનો એક.

યુધાજિત. કેકય દેશના રાજા અશ્વપતિનો પુત્ર અને દશરથની સ્ત્રી કૈકેયીનો ભાઇ. રામ લક્ષ્મણના મિથિલા નગરીમાં વિવાહ સમારંભ સમયે આ આવ્યો હતો. અને પછી અયોધ્યાથી પાછાં જતી વખતે પોતાના ભાણેજો, ભરત અને શત્રુઘ્ન બન્નેને પોતાને દેશ લઈ ગયો હતો. (વા૦ રા૦ બા૦ સ૦ ૭૭)

યુધાજિત્ (૨). સૂર્યવંશીય ધ્રુવસંધિ રાજાની બીજી સ્ત્રી લીલાવતીનો બાપ. આ અવંતી દેશનો રાજા હતો. (૮ સુદર્શન શબ્દ જુઓ).

યુધાજિત્ (૩). સોમવંશીય યદુકુલોત્પન્ન સાત્વતપુત્ર વૃષ્ણિના બે પુત્રોમાંનો બીજો. આને શિનિ અને અનમિત્ર એવા બે પુત્ર હતા.

યુધામન્યુ. ભારતયુદ્ધમાં પાંડવપક્ષનો પાંચાલ.

उत्तमौजास्तथा राजन्रथोदारो मतो मम ।
युधामन्युश्च विक्रान्तो रथोदारो मतो मम ५
(ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૭૦-૫)

આ સ્વતંત્ર યુદ્ધ કરનારો હતો. આના રથના ઘોડાનો રંગ કાબરો હતો. (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૩-૪).

તથાપિ પછીથી તે યુધિષ્ઠિરનો ચક્રરક્ષક થયો હતો. યુદ્ધ સમાપ્ત થયા પછી રાત્રે તંબુમાં સુતો હતો ત્યારે અશ્વત્થામાને હાથે તેનું મૃત્યુ થયું હતું. (ભા૨૦ સૌ૦૮-૪૩).

યુધિષ્ઠિર. સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢવંશના કુરુરાજાના પુત્ર જન્હુ રાજાથી થએલા પાંડુ રાજાને પૃથા અથવા કુંતી નામની સ્ત્રીની કૂખે થએલા ત્રણ પુત્રોમાંનો જ્યેષ્ઠ. આ યમ-ધર્મના મંત્રપ્રભાવથી જન્મ્યો હતો માટે **ધર્મરાજ** એવા નામથી પ્રસિદ્ધ હતો. આનો સ્વભાવ પાપભીરુ, દયાળુ અને પ્રાણી માત્રનું મિત્રત્વ સંપાદન કરે એવો હોવાથી, આનો કોઇ પણ કદી પણ દ્વેષ કરતું નહિ; અને તેટલા જ માટે સર્વ **કોઇ** આને **અજાતશત્રુ** કહેતા.

આણે કાંઇ કાળ સુધી કૃપાચાર્ય પાસે ધનુર્વિદ્યાનો અભ્યાસ કર્યો હતો. ભીષ્મે દ્રોણાચાર્યને રાખ્યા ત્યારે તેની પાસેથી આની તે વિદ્યા સંપૂર્ણ થઇ. તો પણ આની ખ્યાતિ રથવિદ્યામાં પ્રવીણતાને લઇને વિશેષ છે. તે ઉપરાંત આણે બર્બર ભાષાનો પણ સારો અભ્યાસ કર્યો હતો.

પાંડવો મોટા થયા અને દુર્યોધનાદિક તેમનો દ્વેષ કરવા લાગ્યા, એવું ધૃતરાષ્ટ્રને જણાયાથી, પરસ્પર કલેશ અધિક ન વધી જાય એ હેતુથી તેણે, આને બંધુ સહવર્તમાન વારણાવત નગરમાં રાખવો એવું મનમાં આણી, ત્યાં જઇ રહેવાની આજ્ઞા કરી. તે પ્રમાણે આ ત્યાં જઇ રહ્યો. પરંતુ જે સ્થળે રહેવાનું હતું ત્યાં દુર્યોધને આ જાય તેના પહેલાં જ એવી વેતરણ કરી રાખી હતી કે, એમના રહેવાના મહેલને તરત જ અગ્નિ લગાડવો, જેથી આ બંધુસહિત સત્વર બળી મરે. દુર્યોધનના આ દુષ્ટ મનસુબાની વિદુરને ખબર પડી ગઇ હતી, તેથી પાંડવોને વળાવવા જવાને નિમિત્તે તેમની સાથે સાથે

જપને તેણે અર્ધર ભાષામાં યુધિષ્ટિરને એ વાત કહી દીધી. આ ઉપરથી વિદુર પણ અર્ધર ભાષા જાણતો જ હશે એ સ્પષ્ટ જણાય છે. આવી રીતે તે અર્ધર કહેવાનો હેતુ એ હતો કે ભીમ વિગેરેને આ વાતની લગીરે ખબર પડે નહિં. વિદુરે જે ગુહ્ય વાત કહી તેનો ઉત્તર આણે હું સમજ્યો એવો અર્ધર ભાષામાં જ આપ્યો. આ અર્ધર ભાષામાં થએલી ઉભયની વાતચીત વ્યાસે ભારતમાં તે ભાષાના જ શબ્દોમાં લખી હોત તો બહુ સારૂ થાત; કારણ કે તે કોની અને કેવી ભાષા હતી, તેનો નિર્ણય કરવાનું આજે આપણને પ્રાપ્ત થાત.

પોતાની માતા અને બંધુ સહવર્તમાન આ લાક્ષાગૃહમાં રહેતો હતો; એના સંરક્ષણને બહાને દુર્યોધને પુરોચન નામના યવનને મુકયો હતો. તે ઘણા જ સાવધપણાથી ચોકી કરતો હતો અને દ્વાર છોડી કંઈએ પણ જતો નહતો. કેટલાયે માસ આ પ્રમાણે ચાલ્યા પછી, આણે મૃગયા માટે અરણ્યમાં જવાનો નિયમ રાખ્યો. એક વેળા આ મૃગયા માટે બંધુ સહવર્તમાન લાક્ષાગૃહમાંથી સુરક્ષિત બહાર નીકળી ગયો. વિદુરે જે કારીગર પાસે સુરંગ ખોદાવી હતી તેને આજ્ઞા કરી હતી કે તારે યુધિષ્ટિરને મળી, સુરંગ ખોદ્યાની વાત અને તેનો માર્ગ કયા અરણ્યમાં નીકળે છે તે સઘળું કહેવું. તે પ્રમાણે તે આને મળ્યો અને બધી હકીકત કહી, સુરંગના રસ્તાથી વાકેફ કર્યો. એના ગયા પછી આ વારણાવત પાછો ફરી સ્વમંદિરે આવ્યો.

યુધિષ્ટિર લાક્ષાગૃહમાં રહેતો હતો તે વેળા પણ અન્ન વિગેરેના દાનનો તેનો ક્રમ તો ચાલુ જ હતો. એની પાસે જે કોઇ જાય તેને અન્ન મળશે જ એમ માની, જેને કોઇ પણ ઠેકાણે અન્ન ન મળતું તે અહીં આવી ભોજન કરી જતું. આમ ચાલતું હતું તેવામાં એક ભીલડી પોતાના પાંચ પુત્રો સહિત અન્ન માગવા આવી. તેને અન્ન આપી વિદાય કરી અને તે જ રાત્રે આણે વિદુરની સૂચના ભીમને કહી. પછી પુરોચન ગાઢ નિદ્રામાં પડયો એટલે એકી વખતે લાક્ષાગૃહને ચારે બાજુએથી ભીમ પાસે આગ મુકાવી, સુરંગને રસ્તે થઈને સર્વ ભાઇઓ અને માતા સહવર્તમાન યુધિષ્ઠિર તેમાંથી બહાર નીકળી ગયો. અહિં લાક્ષાગૃહ સળગ્યું એટલે પાંડવોની શી દશા થઈ હશે, એની ફીકર કરતા નગરના લોકો આમતેમ દોડા-દોડ કરવા લાગ્યા. પરંતુ અગ્નિ શાંત કરવાનો કાંઇ પણ ઉપાય ફળીભૂત થતો નથી એ જોઇ સ્તબ્ધ થઈ રહ્યા. એટલામાં સૂર્યોદય થતાં પાંડવોનો કયાંયે પત્તો ન લાગવાથી તેમણે અનિવાર શોક કર્યો. તોપણ કેટલાકને પાંડવો બળી નથી ગયા એવો સંશય હતો. કમનશીબે પેલી ભીલડી પણ રાત્રે પોતાના પાંચ પુત્રો સહિત લાક્ષાગૃહમાં જ રહી હતી. પરંતુ અગ્નિ શાંત થતાં તેમાં સાત મુડદાં દેખાયાં. એક પુરોચન યવનનું અને એક ભીલડીને તેના પાંચ પુત્રોનાં મળી છ; આ જોવાથી પાંડવો બળી ગયા છે એવો તેમનો નિશ્ચય થયો. આ વર્તમાન હસ્તિનાપુર પહોંચવાથી દુર્યોધન આદિ દુષ્ટોને આનંદ થયો અને ઇતર જનોને અતિશય શોક થયો.

સુરંગને માર્ગે નિકળી યુધિષ્ટિર અરણ્યમાં સુખરુપ પહોંચી ગયો. ત્યાં જુવે છે તો તેના માર્ગમાં એક નદી આવી. પણ એની પાર ઉતરવા માટે વિદુરે પ્રથમથી એક નૌકા તૈયાર કરાવી રાખી હતી, તેમાં બેસી નદી ઉતરી નિર્વિઘ્નપણે તે આગળ ગયો. આગળ જતાં જતાં તે હિડિંબ રાક્ષસના વનમાં આવ્યો. એ રાક્ષસને ભીમે માર્યો, અને તેની બેન હિડિંબા સાથે યુધિષ્ઠિર અને કુંતીની આજ્ઞાથી પરણ્યો. (હિડિંબ શબ્દ જુઓ). ત્યાંથી યુધિષ્ઠિર વિપ્રવેશે માતા અને બંધુ સહવર્તમાન એક-ચક્રાનગરીમાં ગયો ત્યાં ભીમને હાથે બકા-સુરનો વધ થયો. (૨. બકાસુર શબ્દ

જુઓ). ત્યાંથી નીકળી એ દ્રુપદના ગામમાં આવ્યો; ત્યાં અર્જુન દ્રૌપદીને પરણ્યો. (દ્રુપદ શબ્દ જુઓ.) દ્રૌપદી પાંડવોને પરણી એવું સાંભળી ધૃતરાષ્ટ્રે લોકલજ્જાએ આને સન્મા-નપૂર્વક હસ્તિનાપુર લાવી રાજ્યનો અડધો ભાગ આપ્યો. (ભા૨૦ આ૦ ૨૨૭-૨૦) અને ખાંડવપ્રસ્થમાં નગર વસાવી ત્યાં રહેવાની આજ્ઞા કરી. તે પ્રમાણે આ ત્યાં જઇ રહેવા લાગ્યો. (ઇંદ્રપ્રસ્થ શબ્દ જુઓ). (ભા૨૦ સ૦ ૪-૭).

પછી ત્યાં આણે રાજસૂય નામનો મોટો યજ્ઞ કર્યો. (ભા૨૦ સ૦ ૩૮ અને ભાગ ૨૬૦ ૧૦-૭૪). તે વેળા આના બોલાવ્યા દુર્યોધનાદિક સર્વે ત્યાં આવ્યા હતા. તેમની દૃષ્ટિએ આનું સઘળું ઐશ્વર્ય નજરે પડયું; પરંતુ એ જોઈ દુર્યોધનને અધિક દ્વેષ ઉત્પન્ન થયો અને દ્યૂત મિષે કરી આની સર્વ સંપત્તિ હરણ કરી. આની પાસે દ્રૌપદી પણ પોણમાં મુકાવી તેને જીતી. (દ્રૌપદી શબ્દ જુઓ). (ભા૨૦ સ૦ ૮૫-૯). પછી પાંડવો અને દ્રૌપદીને ધૃતરાષ્ટ્રે મુક્ત કર્યા એટલે દુર્યોધને આને બંધુ અને સ્ત્રી સહવર્તમાન બાર વર્ષ સુધી વનવાસ અને એક વર્ષપર્યંત અજ્ઞાતવાસ અને જો તેમાં પ્રસિદ્ધ થઇ જાય તો પુનઃ બાર વર્ષ વનવાસ કરવો, એવું ઠેરવી અરણ્યમાં મોકલ્યો. (ભા૨૦ વ૦ ૧) એ ઉપરથી આ ઇતર સ્ત્રીઓ, છોકરાં અને કુંતીને રહેવા માટે શી વ્યવસ્થા કરવી તે વિદુરને સોંપી અરણ્યમાં નીકળી ગયો. (ભા૨૦ સભા૦ અ૦ ૭૮).

આ અરણ્યવાસ માટે નીકળતાં તેની સાથે ધૌમ્ય પુરોહિત તો હતા જ, તોપણ તે ઉપરાંત નાગરિક બ્રાહ્મણોનો મોટો સમુદાય તેની સાથે નીકળ્યો. તેમને પાછા જવા માટે આણે પુષ્કળ વિનવણી કરી પરંતુ કોઇએ તેનું સાંભળ્યું નહિ, તેથી નિરુપાય બની સર્વેને સાથે લીધા અને કાંઇ કાળ પર્યંત પહેલાં દ્વૈતવનમાં રહી, પછી કામ્યકવનમાં પ્રવેશ કર્યો. (ભા૨૦ વન૦ અ૦ ૨-૩).

આવા મોટા સમુદાયને લઇને યુધિષ્ઠિર અરણ્યમાં રહેતો હતો ને ફળ, મૂળ અને મૃગ-માંસ ઉપર પોતાના સહિત સર્વેનો નિર્વાહ ચલાવતો હતો. ત્યાં તેની પાસે નવા નવા બ્રાહ્મણો અને ઋષિઓ આવી રહેવા લાગ-વાથી સર્વેનો નિર્વાહ શી રીતે કરવો તેની તેને ઘણી જ ફીકર પડી. (ભા૨૦વ૦૩-૧૬). પરંતુ ધૌમ્ય ઋષિએ એની પાસે સૂર્યારાધન કરાવી યથેચ્છ અન્ન ઉત્પન્ન કરી શકાય એવું પાત્ર પ્રાપ્ત કરાવ્યું; જેણે કરીને સહસ્ત્રાવધિ બ્રાહ્મણોને ભોજન કરાવતો થકો, તે આનંદમાં રહેવા લાગ્યો; અને ચિંતાથી મુક્ત થયો. (ભા૨૦ વ૦ ૩-૫૨). આ પ્રમાણે આ આનંદમાં રહેતો હતો તેવામાં એકદા બંધુસહિત એને આશ્રમ તરફ જતો જોઇ, કિર્મીર નામના રાક્ષસે નિરર્થક તેનો જવાનો માર્ગ રોકયો. એથી રાક્ષસનું ને ભીમનું યુદ્ધ થયું, તેમાં ભીમે તેને માર્યો. (કિર્મીર શબ્દ જુઓ). આ પછી થોડે જ વખતે નવાં અસ્ત્રો સંપાદન કરવાના હેતુથી અર્જુન ઇંદ્રકીલ શિખર પર ગયો એટલે, સંપૂર્ણ સમુદાય સહિત યુધિષ્ઠિરે કામ્યકવન છોડી દ્વૈતવનમાં પ્રવેશ કર્યો. (ભા૨૦ વન૦ અ૦ ૨૩-૨૬). ત્યાં કેટલો વખત રહી પુનઃ એ કામ્યક વનમાં આવ્યો. (ભા૨૦ વન૦ અ૦ ૨૬). અને એ ત્યાં જ રહેતો હતો તેવામાં તેની પાસે લોમશ ઋષિએ આવી, વનવાસનાં દુઃખ ઓછાં કરવાના હેતુથી, આને નલોપાખ્યાન સંભળાવ્યું. (૫. નલ શબ્દ જુઓ). (ભા૨૦ વ૦ ૮૬-૧૪૪).

પછી આની પાસે બૃહદશ્વ ઋષિ આવ્યો. (૩ બૃહદશ્વ શબ્દ જુઓ.) (ભા૨૦ વ૦ ૪૬-૭૭), તે પછી પુલસ્ત્ય ઋષિએ એને તીર્થ-યાત્રાનું વર્ણન સંભળાવ્યું. (ભા૨૦ વન૦ અ૦ ૮૨-૮૫). ધૌમ્ય ઋષિએ પણ તીર્થયાત્રાનું વર્ણન કહી સંભળાવ્યું. (ભા૨૦ વન૦ અ૦ ૮૪-૮૮ માં જુઓ). પછી લોમશે આને તીર્થયાત્રા કહી સંભળાવી અને કરાવી. (ભા૨૦ વ૦ અ૦ ૮૬-૧૪૪).

પછી માર્ગમાં અગસ્ત્યોપાખ્યાન અને તેણે કરેલો ઇલ્વલવધ એ વિષયે કથા સાંભળી. (**ભા૨૦ વન૦ અ૦ ૯૬–૯૯**); વજ્રની ઉત્પત્તિ અને વૃત્રાસુરનો વધ એ વિષયે શ્રવણ કરીને (**ભા૨૦ વન૦ અ૦ ૧૦૦–૧૦૧**) પુનઃ અગસ્ત્યોપાખ્યાન (**ભા૨૦ વન૦ અ૦ ૧૦૩–૧૦૫**), ઋષ્યશૃંગોપાખ્યાન (ઋષ્યશૃંગ શબ્દ જુઓ) એ પ્રમાણે કેટલોએ ઇતિહાસ સંભળાવ્યો. તે યુધિષ્ઠિરે સાંભળ્યા પછી તેનું મહેંદ્રાચળ પર ગમન થયું. (૩ મહેંદ્ર શબ્દ જુઓ). ત્યાં રહીને તેમણે આને જમદગ્નિવધ અને કાર્તવીર્યોપાખ્યાન કહી, જામદગ્ન્ય રામનું મહત્વ કહી સંભળાવ્યું. (કાર્તવીર્ય અને ૧ લો જમદગ્નિ શબ્દ જુઓ). તે પછી આણે સુકન્યોપાખ્યાન સાંભળ્યું. (૧ ચ્યવન શબ્દ જુઓ). માંધાતોપાખ્યાન પણ તેણે સાંભળ્યું. (માંધાતા શબ્દ જુઓ). તે પછી સ્વેનકપોતીય આખ્યાન (**ભા૨૦ વન૦ અ૦૧૩૦–૧૩૧**), અષ્ટાવક્રાખ્યાન અને યવક્રીતાખ્યાન સાંભળ્યાં (તે શબ્દ જુઓ). તે પછી એણે કૈલાસગિરિએ પ્રવેશ કર્યો. (**ભા૨૦ વ૦ અ૦ ૧૩૯**). પછી ગંધમાદન શિખરે પ્રવેશ કરી (**ભા૨૦અ૦૧૪૦–૧૪૫**), ત્યાંથી નરનારાયણના આશ્રમે ગયો. (**ભા૨૦વન૦અ૦૧૫૬**). એ જ પ્રવાસમાં જટાસુરનો ભીમના હાથે વધ થયો. (જટાસુર શબ્દ જુઓ.) પછી ત્યાંથી આણે પુનઃ ગંધમાદને પ્રવેશ કર્યો. (**ભા૨૦ વન૦ અ૦ ૧૫૮**). પછી અષ્ટિષેણ ઋષિ સાથે આને સંવાદ થયો હતો. તે પછી કુબેર સેનાપતિ મણિમાનનો ભીમે વધ કર્યો. (૨. મણિમાન શબ્દ જુઓ). પછી ભીમને અજગરે પકડ્યો હતો તેમાંથી તે મુક્ત થયો. (૧ યામુનગિરિ શબ્દ જુઓ). પછી આનો માર્કંડેય સાથે સમાગમ અને તેની સાથે સંભાષણ થયું. ત્યાં માર્કંડેયે આને મત્સ્યોપાખ્યાન (**ભા૦ વન૦ અ૦ ૧૮૭**), મંડૂકોપાખ્યાન (**ભા૨૦ વ૦ અ૦ ૧૯૨**), નહુષચરિત્ર (**ભા૨૦ વ૦ અ૦ ૧૯૫**), શિબિચરિત્ર (૬ શિબિ શબ્દ જુઓ), ઇંદ્રદ્યુમ્નોપાખ્યાન (**ભા૨૦ વ૦ અ૦ ૧૯૯**), ધુંધુમાર આખ્યાન (કુવલાશ્વ શબ્દ જુઓ), પતિવ્રતા આખ્યાન (**ભા૨૦ વ૦ અ૦ ૨૦૫–૨૦૬**), સ્કંદોત્પત્તિ અને કેશીપરાભવ (**ભા૨૦ વન૦ અ૦ ૨૨૩**), મહિષાસુર વધ (**ભા૨૦ વ૦ અ૦ ૨૩૧**), અને મુદ્ગલોપાખ્યાન (૨ મુદ્ગલ શબ્દ જુઓ), ઇત્યાદિ અનેક ઇતિહાસ કહી સંભળાવ્યા.

પછી દુર્યોધને યુધિષ્ઠિરનો છલ કરવા માટે દુર્વાસા ઋષિને આની પાસે મોકલ્યા. પરંતુ આના સત્વની હાની ન થતાં, ઋષિ તૃપ્ત થઇ પાછા ગયા. (૨. **દુર્વાસા શબ્દ જુઓ**). તે પછી જયદ્રથનો, તેના જ કર્મને પરિણામે, નિગ્રહ અને મોચન. (૩. **જયદ્રથ શબ્દ જુઓ**). તે પછી આણે રામચરિત શ્રવણ કરી, (**ભા૨૦ વન૦ અ૦ ૨૭૩–૨૯૧**) સાવિત્રી આખ્યાન પણ સાંભળ્યું. (૪. **સાવિત્રી શબ્દ જુઓ**).

આ પ્રમાણે આને અનેક ઇતિહાસો સંભળાવ્યા પછી તે તે ઋષિઓ પોતપોતાને આશ્રમે ગયા, અને આ બંધુ સહિત અરણ્યમાં સ્વસ્થ રહેતો હતો. એવામાં એકાદ સમય એવું બન્યું કે કોઇ એક બ્રાહ્મણનાં અરણીનાં લાકડાં (**અગ્નિહોત્રમાં અગ્નિ ઉત્પન્ન કરવાનાં**) કોઇ લઇ ગયું. તેથી એ બ્રાહ્મણ યુધિષ્ટિરની પાસે આવ્યો ને કહેવા લાગ્યો કે મ્હને મ્હારાં કાષ્ટ પાછાં આણી આપો. તે ઉપરથી આણે એ બ્રાહ્મણને આશ્વાસન દઇ ભીમને તેની ગએલી અરણી આણી આપવાની આજ્ઞા કરી. અરણી લઇ જનારની શોધમાં ભીમ નિકળ્યો. જતાં જતાં તૃષાથી વ્યાકુળ તે આમ તેમ પાણીની શોધમાં હતો, તેવામાં એક સરોવર તેની નજરે પડ્યું. એટલે ત્યાં જઇ હાથપગ ધોઇ, જેવો પાણી પીવા જાય છે, એટલામાં ત્યાં પાસે જ વૃક્ષપર કોઇ એક યક્ષ રહેતો હતો તેણે

ભીમને હાક મારી કહ્યું કે મારા પ્રશ્નના ઉત્તર દીધા વિના તું જળપાન કરીશ નહિ. અને જો ઉપરવટ થઇ કરીશ તો મૃત્યુ પામીશ. પરંતુ અતિશય તૃષા લાગેલી હોવાથી તેનું બોલવું ન ગણકારતાં તેણે જળ પ્રાસન કર્યું. જળ પ્રાસન કરતાં જ તે નિચેષ્ટ થઈ પડ્યો. તેને પાછા આવતાં વિલંબ થએલો જોઇ યુધિષ્ઠરે અર્જુનને તેની શોધ કરવા મોકલ્યો. અને તેને પણ આવતાં વાર થઇ એટલે અનુક્રમે નકુળ અને સહદેવને શોધ કરવા મોકલ્યા. પરંતુ એ ત્રણેની ભીમના જેવી જ દશા થયેલી હોવાથી, કોઇએ સત્વર પાછું આવ્યું નહિ, એટલે સ્વતઃ પોતે જ તેમની શોધ કરવા નિકળ્યો. જતાં જતાં તે જ સરોવર આની દ્રષ્ટિએ પણ પડ્યું. એટલે તેની પાસે ગયો ને જુએ છે તો ચારે ભાઇઓ નિચેષ્ટ પડેલા! આવું શાથી થયું તેની એને ચિંતા થવા લાગી. પરંતુ જળપ્રાસન કરી એમને પુછી જોઉં એવું મનમાં આણી, જેવું પાણી બોબામાં લેવા જાય છે કે તરત પૂર્વવત જ યક્ષનો શબ્દ થયો. તે ઉપરથી આણે યક્ષને કહ્યું કે તારા જે પ્રશ્નો હોય તે બોલ. હું યથામતિ તેના ઉત્તર આપું છું. આમ કહી યક્ષે જે જે પ્રશ્નો કર્યા, તે સર્વના આણે જેવા જોઇએ તેવા જ ઉત્તર દીધા. (**ભા૨૦ વન૦ ૩૧૪–૪૭–૧૨૪**);

આણે દીધેલા ઉત્તરો સાંભળી યક્ષને સંતોષ થયો એટલે તેણે પોતાનું ખરું રૂપ પ્રગટ કર્યું અને આના પ્રતિ બોલ્યો કે હે યુધિષ્ઠિર! જેને યમ (ધર્મ) કહે છે તે હું જ છું. બ્રાહ્મણના અરણી કાષ્ટ લઇ જઇ, તારી સાથે સંભાષણ થાય એ હેતુથી મેં જ તારા ભાઇઓની આવી અવસ્થા કરી. તો હવે કહે આ ચારમાંથી હું કોને સજીવ કરું? આ સાંભળી આને ઘણું જ ખરાબ લાગ્યું. તોપણ નિર્લોભપણે ન્યાયપુરસ્સર જ બોલવું એવો વિચાર કરી, આણે યમ(ધર્મ)ને કહ્યું કે મારા પિતાને કુંતી તથા માદ્રી એવી બે સ્ત્રીઓ, તે પૈકી કુંતીનો જ્યેષ્ટ પુત્ર જેવો હું વિદ્યમાન છું, તેવો જ માદ્રીના બે પુત્રોમાંનો જ્યેષ્ટ જે આ નકુળ તે સજીવ થાઓ. આનું આ બોલવું સાંભળી એનું અંતઃકરણ ખરેખર પરમ વિશાળ છે એવું જોઇ યમ (ધર્મ)ને નિસ્સીમ આનંદ થયો. એથી આને બ્રાહ્મણના અરણ્ય કાષ્ટ પાછાં આપી, એના ચારે ભાઇઓને સજીવ કરી તે અંતર્ધાન થયા. પછી ચારે ભાઈ સહિત હર્ષથી આશ્રમે આવી, બ્રાહ્મણને તેના અરણ્ય કાષ્ટ આપી સન્માન પુરસ્સર વિદાય કર્યો. (**ભા૨૦ વન૦ અ૦ ૩૨૪**).

વનવાસનાં બાર વર્ષ પુરાં થતાં, ધૌમ્ય પુરોહિતની અનુમતિથી, અજ્ઞાતવાસને માટે પૂર્વ મત્સ્ય દેશમાં વિરાટ રાજાની નગરીમાં જવાનો આણે વિચાર કર્યો. (**ભા૨૦ વન૦ ૩૧૫**). અને ત્યાં કંક નામ ધારણ કરીને રહ્યો. (**કંકશબ્દ જુઓ**). અજ્ઞાતવાસ પુરો થતાં જ, બંધુ સહવર્તમાન પ્રગટ થઇ આ ઉપલવ્ય નગરીમાં રહ્યો, અને રાજ્યનો અડધો ભાગ આપો એવું કહેણ લઇને પ્રથમ દ્રુપદરાજાના પુરોહિતને હસ્તિનાપુર મોકલ્યો. એ જઇને પાછો આવ્યો કે લાગલો જ તેની પુઠે પુઠે સંજય દ્વારા ધૃતરાષ્ટ્રે આને અન્યાય યુક્ત સંદેશો મોકલ્યો, જે સાંભળી આને અતિશય આશ્ચર્ય અને ખેદ ઉત્પન થયાં. (**ધૃતરાષ્ટ્ર શબ્દ જુઓ**). પછી કૃષ્ણને સામ કરવા મોકલ્યા; પરંતુ તેઓ જતાં જતાં આને કહેતા ગયા કે, હું જાઉં છું અને સામ કરવાનો પ્રયત્ન કરું છું, પણ તું યુદ્ધની સઘળી તૈયારી કરજે. લગીરે આળસ કરીશ નહિ.

मनुष्य लोक क्षयकृत्तु घोरो
नो चेदनुप्राप्त इहान्तकः स्यात ।
शस्त्राणि यन्त्रं कवचात्रथांश्च
नागान्हयांश्च प्रतिपादयित्वा ॥ ६० ॥
योधाश्च सर्वे कृतनिश्चयास्ते
भवन्तु हृस्त्यश्वरथेषु यत्ताः ।
साङ्ग्रामिकं ते यदुपार्जनीयं
सर्वं समग्रं कुरु तन्नरेन्द्र ॥ ६१ ॥

दुर्योधनो नह्यलमद्य दातुं
जीव स्वयैतन्नृपते कथंचित् ।
यत्ते पुरस्ताद भवत्समृद्धं
द्यूते हृतं पाण्डवमुख्य राज्यम् ॥ ६२ ॥

(ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૭૨-૭૩)

આટલું આને કહી તેમણે ભીમ વિગેરેની અનુમતિ લીધી અને હસ્તિનાપુર ગયા. ત્યાં જઈ તેમણે બહુ પ્રકારે ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનને બોધ કર્યો, પરંતુ તેમના તરફથી કાંઇ ફળ ન થતાં, યુદ્ધ કરવું એવા પરિણામ ઉપર આવતાં તે પાછા આવવા નિકળ્યા. (૪ કૃષ્ણ શબ્દ જુઓ).

અહિં કૃષ્ણ જતાં જતાં કહી ગયા હતા તે પ્રમાણે, અનેક રાજાઓને બોલાવવા મોકલી યુધિષ્ઠિરે યુદ્ધની તૈયારી કરી જ હતી; તોપણ કૃષ્ણે પાછા આવી દુર્યોધને સૈન્ય તૈયાર કરી કુરૂક્ષેત્રમાં આણ્યું છે, એમ કહ્યું ત્યારે જ એ પણ સૈન્ય સહિત કુરૂક્ષેત્રમાં ગયો.

आसाद्य तु कुरुक्षेत्रं व्यूढानिकाः प्रहारिणः
पाण्डवाः समदृश्यन्त नर्दन्तो वृषभा इव ॥६८॥
तेऽवगाह्य कुरुक्षेत्रं शङ्खान्दध्मुररिन्दमाः ।
तथैव दध्मुतुःशङ्खं वासुदेव धनञ्जयौ ॥ ६९ ॥
पाञ्चजन्यस्य निर्घोषं विस्फुर्जितमिवाशनेः ।
निशम्य सर्वसैन्यानि समहृष्यन्त सर्वशः ॥७०॥

(ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૫૨).

તે જ સમયમાં શલ્ય રાજા આની પાસે આવવા નીકળેલો, તેને દુર્યોધને વચમાંથી પોતાના પક્ષમાં લઇ લીધો; તેથી એ તેઓને ભેટીને પુનઃ પાછો દુર્યોધન પાસે ગયો. (શલ્ય શબ્દ જુઓ).

યુધિષ્ઠિર પોતાના હાથમાં માહેંદ્ર નામનું ધનુષ્ય રાખતો. યુદ્ધ કાળે અનંતવિજય નામનો શંખ તે વગાડતો. તેના રથના અશ્વો હાથી દાંતના રંગના હતા, અને તેના ઉપરની ધ્વજામાં સુવર્ણનો ચંદ્ર અને નક્ષત્રગણ એવાં ચિન્હ હતાં. યુદ્ધના આરંભકાળે, આ અશ્વ ઉપર બેસી બન્ને સૈન્યના મધ્ય ભાગમાં ગયો. અને પ્રથમ શંખનાદ કરી સર્વેને સાવધ કરી મોટેથી એવું બોલ્યો કે, કૌરવો તરફથી જે યોદ્ધાઓને મારા પક્ષમાં આવવું હોય તે હજુએ આવે, હું તેનો અંગિકાર કરીશ. તે ઉપરથી ધૃતરાષ્ટ્રનો દાસીપુત્ર યુયુત્સુ પોતાની સેના સહિત આના પક્ષમાં આવ્યો (ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૪૩). પછી આણે પોતાની સેનાનું આધિપત્ય ધૃષ્ટદ્યુમનને આપ્યું અને કૌરવ સેનાપતિ ભીષ્મે રણમાં આવી યુદ્ધનો આરંભ કરતાં જ, એમણે યુદ્ધનો આરંભ કરાવ્યો.

ભીષ્મે દશ દિવસ પર્યંત ઘણી નીતિથી યુદ્ધ કર્યું અને તે બાણ શય્યાપર સુતો એટલે દ્રોણાચાર્યનું પાંચ દિવસનું પ્રખર યુદ્ધ ચાલ્યું. તેમાં અર્જુન સંશપ્તક ગયો હોવાથી અભિમન્યુનો વધ થયો. (૨. અભિમન્યુ શબ્દ જુઓ). એથી આના શોકની સીમા રહી નહિ અને હવે અમારે રાજ્ય લઇ શું કરવું છે ? એમ કહી શોક કરવા લાગ્યો. એ જાણી ત્યાં વ્યાસ (કૃષ્ણદ્વૈપાયન) પ્રગટ થયા અને આને એના શોક નિવારણને અર્થે અકંપન રાજાનો ઇતિહાસ (૧ અકંપન શબ્દ જુઓ). સુહોત્ર રાજાનો ઇતિહાસ, અને પૌરવ રાજા, ઔશીનર, શિબિ, દાશરથિ રામ, ભગીરથ. ઐલવિલ, દિલીપ, માંધાતા; યયાતિ, અંબરીષ, શશબિંદુ, ગય, રંતિદેવ, ભરત, પૃથુ અને જામદગ્ન્ય રામ એ સર્વના ઇતિહાસનો ક્રમે ક્રમે એકેકો અધ્યાય કહી કહ્યું કે આવા આવા મોટા પરાક્રમીઓને પણ અનિવાર કષ્ટ સોસવું પડયું છે, ને છેવટે મૃત્યુને આધીન થવું પડયું છે, માટે મૃત્યુ અનિવાર્ય છે એમ જાણી તું અભિમન્યુ વિષયે શોક કરીશ નહિ એમ કહી વ્યાસ અંતર્ધાન પામ્યા (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૫૬-૭૦). વ્યાસે કહેલા આ ઇતિહાસને ભારતમાં ષોડશરાજિકાખ્યાન એવું નામ કહ્યું છે.

દ્રોણાચાર્યના મરણ પામ્યા પછી બે દિવસનું કર્ણનું યુદ્ધ શરૂ થયું. તેમાં કર્ણથી ઘણો જ ત્રાસ પડવાથી યુધિષ્ઠર પોતાના તંબુમાં ગયો હતો, તેવામાં કૃષ્ણ અને અર્જુન એને રણમાં ન જોવાથી એની શોધ કરવા તંબુએ આવ્યા. યુધિષ્ઠરે જાણ્યું કે અર્જુન કર્ણને મારીને અહિં આવ્યો. તેથી તેણે અર્જુનની એટલી બધી પ્રશંસા કરી કે તે જોઇ અર્જુનને અતિશય આશ્ચર્ય લાગ્યું. છેવટે અર્જુને કહ્યું કે તમે રણમાં કોઇ ઠેકાણે દેખાયા નહિ એટલે તમારી શોધ કરતો હું અહિં આવ્યો છું; હજુ મેં કર્ણને માર્યો નથી. હવે અહિંથી જઇને મારીશ. (ભા૨૦ કર્ણ અ૦ ૬૬-૭૩) આ ઉપરથી યુધિષ્ઠરે અર્જુનની અતિશય નિર્ભર્ત્સના કરતાં કહ્યું કે તું અવતર્યો તેના કરતાં માતાને ઉદરેથી ગર્ભપાત થયો હોત તો સારૂં થાત ! અરે ! તેં હજૂ સુધી કર્ણને માર્યો નથી ! તને ધિક્કાર હજો ! આ ગાંડીવ ધનુષ્ય તું વ્યર્થ શા માટે રાખી રહ્યો છે ? કાંતો કોઇને આપી દે કે કાંતો ભાંગી નાખ ! ઇત્યાદિ કહીને યુધિષ્ઠિર અર્જુનને મ્હેણાં મારતો હતો પણ તેથી અર્જુનને વિશેષ કોપ થયો નહિ, જ્યારે " ગાંડીવ ધનુષ્ય ફેંકી દે " એવા બોલો યુધિષ્ઠિરે કહ્યા ત્યારે તેને એટલો રોષ વાધ્યો કે ખડગ કહાડી યુધિષ્ઠરને મારવા ધસ્યો; કારણ કે ગાંડીવ ધનુષ્યની નિંદા કરનારનો શિરચ્છેદ કરવાની તેણે પ્રતિજ્ઞા લીધી હતી. આ જોતાં જ કૃષ્ણે તેને પકડી લીધો, અને અધર્મ કરતાં ધર્મ અને ધર્મ કરતાં અધર્મ કેવી રીતે થઇ જાય છે, તે વિષયે બલાક નામના વ્યાધનું એક, અને કૌશિક બ્રાહ્મણનું એક, એમ બે વૃત્તાંત તેને સંભળાવી, તેનું સાંત્વન કર્યું. (૨ બલાક, અને ૨ કૌશિક શબ્દ જુઓ). પછી કૃષ્ણે યુધિષ્ઠિર બચે અને અર્જુનની પ્રતિજ્ઞા પણ તૂટે નહિ માટે તેને એવી યુક્તિ બતાવી કે તું કઠોર શબ્દો બોલી યુધિષ્ઠિરને તાડન કર એટલે થયું. પછી અર્જુન એમ કરી, યુધિષ્ઠિરની ક્ષમા માગી, એનો આશિર્વાદ લઇ કર્ણ તરફ ગયો. (ભા૨૦ કર્ણ ૭૫) કર્ણને મારી તંબુએ પાછો આવી એ વાત યુધિષ્ઠિરને કહી. તેથી એને પરમ સંતોષ ઉપન્યો. (૧ કર્ણ શબ્દ જુઓ).

કર્ણ મરણ પામ્યા પછી યુદ્ધ ને અરાઢમે દિવસે દુર્યોધને શલ્યને સૈન્યાપત્ય આપ્યું. તેણે ઘણી હઠથી યુદ્ધ કર્યું. તેમાં આનું ને તેનું યુદ્ધ થયું, તેમાં છેવટે આને હાથે તે મરાયો. તે જ દિવસે સંધ્યાકાળે દુર્યોધન મરાયો ને ભારતયુદ્ધની સમાપ્તિ થઇ. પછી આણે રણમાં મરણ પામેલા દુર્યોધનાદિક ભાઇઓ અને વીરોનું ઉત્તરકાર્ય કર્યું; તે પછી આને રાજ્યાભિષેક થયો. પરંતુ જ્ઞાતિવધનું મને લાગેલું પાપ કેમ ધોવાશે, એ વિષયે એને ઘણી જ ચિંતા થવા લાગી. કૃષ્ણે તેને ઘણો બોધ કર્યો પણ તેના મનનું સમાધાન થાય નહિં. એથી કૃષ્ણ તેને ભીષ્મ પાસે લઇ ગયા, અને તેની પાસે આના મનનું સમાધાન કરાવડાવ્યું. ભીષ્મે અનુસાસન પર્વ અને શાંતિપર્વ દ્વારા અનેક ઇતિહાસ એવા સંભળાવ્યા કે જેણે કરીને વર્ણાશ્રમ અને તેનાં કર્મોનો આને ઉત્તમ બોધ મળ્યો. એ સઘળું અહિં લખ્યું નથી, પણ એ સર્વનું મૂળ જે વર્ણાશ્રમ વિભાગ અને તેના ધર્મ એ વિષયે ભીષ્મે ભૃગુના શબ્દોમાં યુધિષ્ઠરને બોધ કર્યો હતો, તે સહેજ કહીશું.

न विशेषोऽस्ति वर्णानां सर्वं ब्राह्ममिदं जगत् ।
ब्राह्मणाःपूर्वसृष्टाहि कर्मभिर्वर्णतां गतम् ॥१०॥
काम भोगप्रियास्तीक्ष्णाः क्रोधनाः
प्रियसाहसाः ।
त्यक्तस्वधर्मास्तक्तांगास्ते द्विजाः क्षत्रतां
गताः ॥ ११ ॥
गोभ्योवृत्तिं समाधाय पीताः कृष्ण्युपजीविनः ।
स्वधर्मान्नानु तिष्टन्ति ते द्विजा वैश्यतां
गताः ॥ १२ ॥

હિંસાનૃત પ્રિયા લુબ્ધાઃ સર્વ કર્મોપજીવનઃ।
કૃષ્ણાઃ શૌચ પરિભ્રષ્ટા સ્તેદ્વિજાઃ શૂદ્રતાં
ગતાઃ ॥ ૧૩ ॥
(ભા૨૦ શાં૦ ૧૮૬)

બ્રાહ્મણ્યમતિ દુષ્પ્રાપ્યં વર્ણઃ ક્ષત્રાદિભિસ્ત્રિભિઃ।
પરં હિ સર્વ ભૂતાનાં સ્થાનમેતદ્યુધિષ્ઠિર ॥૬॥
બહ્વીસ્તુ સંસરન્યોનીર્જાયમાનઃ પુનઃ પુનઃ।
પર્યાયે તાત કસ્મિંશ્ચિદ્બ્રાહ્મણો નામ
જાયતે ॥ ૧૭ ॥
અત્રાપ્યુદાહરન્તીમમિતિહાસં પુરાતનમ્।
મતઙ્ગસ્ય ચ સંવાદં ગર્દભ્યાશ્ચ યુધિષ્ઠિર ॥૭॥
(ભા૨૦ અનુ૦ ૩-૫-૭)

ભીષ્મે જ યુધિષ્ઠિરને મતંગનો ઇતિહાસ કહ્યાનું પ્રમાણ પણ છે. (૨. મતંગ શબ્દ જુઓ).

પછી ઉત્તરાયણ થતાં ભીષ્મ નિધન થયા એટલે યુધિષ્ઠિરે અશ્વમેધ આરંભ્યો. તેમાં એણે કૃષ્ણદ્વૈપાયન વ્યાસને મુખ્ય આચાર્ય નીમી આપી, બકદાલ્ભ્ય ઋષિને બ્રહ્મા નિર્માણ કર્યા અને વામદેવ, વસિષ્ઠ, ગૌતમ, અત્રિ, પરાશર, ભારદ્વાજ, જમદગ્ન્ય, કહોડ, ભાગુરિ, રૈભ્ય, સુમંતુ, કૌંડિન્ય, જતૂકર્ણ્ય, ગાલવ, ગૌભરિ અને લોકાક્ષ એ સોળ બ્રાહ્મણને ઋત્વિજ કરી, વિશ્વામિત્ર, પુલહ, ધૌમ્ય, આરુણિ, ઉપમન્યુ, વાયુભક્ષ, મધુચ્છંદા અને વિભાંડક એ આઠને યજ્ઞમાં દ્વારપાળત્વ આપ્યું હતું. યજ્ઞમાં યુધિષ્ઠિરને સ્નાન કરાવવા સારૂ કટલાએ બ્રહ્મર્ષિ અને રાજર્ષિઓનાં ચોસઠ દંપતિઓએ સુવર્ણ કળશો ભરી જાહ્નવી જળ આણ્યું. સ્નાન પછી યજ્ઞનો આરંભ થતાં જ. દેવોએ પોતપોતાનો હવિર્ભાગ ગ્રહણ કર્યો. અન્નદાન અને દક્ષિણા સર્વને યથેચ્છ પહોંચ્યા પછી યજ્ઞ સમાપ્ત થતાં એક ચમત્કાર થયો. તે આ પ્રમાણે પૂર્વે કોઈ એક બ્રાહ્મણે અન્નદાન કરી તે નિમિત્તે મુકેલી ઉદકની અંજલિમાં લોટવાથી જેનું અર્ધું અંગ સુવર્ણનું થઈ ગયું હતું, એવો એક નોળિયો ત્યાં પ્રગટ થયો, ને યુધિષ્ઠિરને કહેવા લાગ્યો કે મારૂં બાકી રહેલું અડધું અંગ તારા યજ્ઞમાં સુવર્ણનું થશે એ આશાએ હું અહિં આવ્યો હતો પણ એવું કાંઇ થયું નહિં. આ સાંભળી, હું યજ્ઞકર્તા એવું જે અભિમાન યુધિષ્ઠિરને થયું હતું તે જતું રહ્યું અને અંગમાં નિરભિમાનતા આવતાં જ તે નોળિઓ સંપૂર્ણ સુવર્ણનો થઈ જઈ અદૃશ્ય થયો. આ નોળિઓ તે ક્રોધ હતો (૧ ક્રોધ શબ્દ જુઓ.)

યુવરાજ પદે ભીમસેનને સ્થાપી, અને અર્જુનને સેનાપતિ કરી, યુધિષ્ઠિર રાજ્ય કરતો હતો. આણે સર્વત્ર યથાયુક્ત ધર્મનું સ્થાપન કરી પાંત્રીસ વર્ષ પર્યંત ઘણી નીતિ યુકત રાજ્ય કર્યું, અને છત્રીસમે વર્ષે કૃષ્ણ નિધન થયા સાંભળી, હસ્તિનાપુરના રાજ્ય પર અર્જુનના પૌત્ર પરીક્ષિત્ રાજાને સ્થાપી, ચારે ભાઈઓ અને દ્રૌપદી સહવર્તમાન હિમાલય તરફ પ્રયાણ કર્યું; અને ઉત્તમ લોકને પ્રાપ્ત કર્યું.

યુધિષ્ઠિરનો સ્વભાવ કેવો હતો તે સંબંધી આરંભમાં જ કહેવાયું છે એટલે હવે પુનઃ કહેવું જરૂરનું નથી. એની આકૃતિ ઇત્યાદિ સંબંધી આવું લખ્યું છેઃ—

ય એષ જાંબૂનદશુદ્ધગૌરસ્તનુર્મહાસિંહહનુર્વ
પ્રવૃદ્ધઃ।
પ્રચંદ્ર ઘોણઃ પૃથુદીર્ઘનેત્રસ્તામ્રાયતાક્ષઃ
કુરુરાજ એષઃ ॥ ૫ ॥
(ભા૨૦ આશ્રમવાસી૦ અ૦ ૨૫)

એટલે કે આ શરીરે થોડોશો કૃશ અને સુવર્ણના જેવા ગૌર વર્ણનો હતો. નેત્ર મોટાં અને વિશાળ હોઇ રાતાં હતાં. એનામાં માત્ર એક જ દુર્ગુણ હતો ને તે એકે, એને દ્યુત ઘણું પ્રિય હોઇ રમવા બોલાવે તો પછી આ કહી પણ ના કહેતો નહિં. આને લીધે એના ભાઇઓને ઘણું જ સોસવું પડયું હતું; તેને પોતાને પણ આને લીધે ઘણું દુઃખ થયું હતું. તોપણ બીજા ઉત્તમ ગુણો યુકત હોવાથી આને રાજ્ય મળ્યા પછી

એના ભાઇઓ તેમ જ સર્વ પ્રજાને ઘણું સુખ થયું હતું.

યુદ્ધોન્મત્ત–લંકામાંનો એક રાક્ષસ. (વા૦ રા૦ સુંદર૨૦ સ૦ ૬)

યુદ્ધોન્મત્ત (૨). મહોદરનું બીજું નામ.

યુયુત્સુ–ધૃતરાષ્ટ્રનો વૈશ્યા પુત્ર. આ શુરો અને મહારથી હતો. પરંતુ યુદ્ધ પ્રસંગે પાંડવ પક્ષમાં ભળ્યો હતો. (ભા૨૦ભી૦૪૩-૧૦૨) પાંડવ પક્ષમાં રહી એણે ઉલૂકની સાથે યુદ્ધ કર્યું હતું. (ભા૨૦ ક૦ ૧૬)

યુયુત્સુ (૨)–સોમવંશી ધૃતરાષ્ટ્રનો ગાંધારીને પેટે થએલો પુત્ર. (ભા૨૦ આ૦ ૬૮-૯૩).

યુયુધા–વિદેહવંશી વસ્વનંત નામના જનકનો પુત્ર. આનો પુત્ર સુભાષણ જનક.

યુયુધાન–સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના જ્યામઘકુલોત્પન્ન કથરાજાથી થએલા સાત્વતપુત્ર વૃષ્ણિના વંશજ અનમિત્રપુત્ર શિનિનો પૌત્ર અને સત્યકાનો પુત્ર જે સાત્યકિ તેનું જ આ નામ હતું. ભારતમાં આને શૈનેય પણ લોક છે. આ યક્ષના અંશથી જન્મ્યો હતો. (ભા૨૦ વન૦ અ૦ ૧૩) આણે ધનુર્વિદ્યા અર્જુન પાસેથી સંપાદન કરી હતી. યુદ્ધકાળે આના રથના ઘોડા રૂપેરી રંગના હતા, એવું વર્ણન છે (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૩.) કૃષ્ણ સામ કરવા હસ્તિનાપુર ગયા ત્યારે આ સાથે હતો.

તં મેરુશિખરપ્રખ્યં મેઘદુંદુભિનિસ્વનમ્।
આરુરોહ રથં શૌરિર્વિમાનમિવ કામગમ્॥૨૧॥
તતઃ સાત્યકિમારોપ્ય પ્રયયૌ પુરુષોત્તમઃ।
પૃથીવીં ચાન્તરિક્ષં ચ રયઘોષેણ નાદયન્ ॥૨૨॥
(ભા૨૦ ઉદ્યોગ૦ આ૦ ૮૧-૮૩).

આનું દ્રોણાચાર્ય સાથે એવું વિલક્ષણ યુદ્ધ થયું કે, આચાર્યના હાથમાંથી, સ્હેજ પણ અવકાશ ન આપતાં, એક પછી એક એમ સો ધનુષ્ય આણે તોડી નાંખ્યાં. આ ઉપરથી આનુ હસ્તચાપલ્ય જોઇને દ્રોણાચાર્યે પણ શાબાશ શાબાશ કહી માથુ ધૂણાવ્યું હતું. (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૯૮)

દ્રોણાચાર્યે કરેલા વ્યૂહમાં, જયદ્રથનો વધ કરવા કૃષ્ણ અને અર્જુન ગયા હતા, તેમને મદદ કરવા યુધિષ્ઠિરે આને મોકલ્યો હતો. વ્યૂહ ભેદ કરી આ અંદર ગયો એમ જોતાં જ કૌરવ સૈન્ય આના પર ટુટી પડયું. તે વેળા સર્વેને હરાવી, આઠ હજાર સાતસે પાંસઠ યવન વીરોને મારી, આ કૃષ્ણ અર્જુનને જઇ મળ્યો. (ભા૨૦ દ્રોણ૦ આ૦ ૧૧૯), આને જય, કુણિ, યુગંધર, શૈબ્યુધાન ઇત્યાદિ દશ પુત્ર હતા તે સર્વેને મારી, ભૂરિશ્રવા આને પણ મારી નાંખતો હતો, પરંતુ અર્જુને આને એનાથી બચાવ્યો.

આ ભારતયુદ્ધમાંથી ક્ષેમ કુશળ રહી પછી ઘણા દિવસ જીવ્યો હતો. પછી જાદવાસ્થળીને સમયે જ્યારે આણે કૃતવર્માને માર્યો એટલે તેના પક્ષવાળાઓએ ઉચ્છિષ્ટ પાનપાત્ર વડે આના પણ પ્રાણ લીધા.
(ભા૨૦ મૌસલ૦ અ૦ ૪)

યુવનાશ્વ–એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ)

યુવનાશ્વ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન આર્દ્ર રાજાનો પુત્ર. (ભા૨૦ વ૦ ૧૨૭-૬) આનો પુત્ર શ્રાવસ્ત રાજા. (ભા૨૦ વ૦ ૨૦૫-૩) ને (ભાગ૦ ૯૬૦ ૬)

યુવનાશ્વ (૩). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન પ્રસન્ન અથવા સ્યેનજિત્ રાજાનો પુત્ર. આને સૌદ્યુમ્નિ પણ કહ્યો છે. (ભા૨૦વન૦અ૦ ૧૨૬) આને સો સ્ત્રીઓ હતી છતાં પુત્ર નહતો. એથી એણે અનેક યજ્ઞ કર્યા છતાં સંતતિ થાય નહિ. આથી ઉદાસ થઈ અરણ્યમાં ફરતો હતો. તે વખતે એક ઋષીના આશ્રમમાં રાત રહ્યો ત્યાં પુત્ર પ્રાપ્તિ સારુ મંત્રેલું પાણી પીવાથી આના પોતાના જ ઉદરે ગર્ભ રહી એને પોતાન માંધાતા નામનો પુત્ર થયો હતો. (૧ માંધાતા શબ્દ જુઓ.)

યુથપ. ધૂમ્રપરાશરકુલોત્પન્ન એક ઋષિ.

યુપકેતુ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન શત્રુઘાતી રાજાનું બીજું નામ.

યુપકેતુ (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન જન્હુ રાજાના વંશના પ્રતિપપુત્ર બાલ્હીકના

સોમદત્ત નામના પુત્રના પુત્રોમાંનો એક. આ ભારતયુદ્ધમાં દુર્યોધનને પક્ષે રહી મરણ પામ્યો હતો. (એનું બીજું નામ ભૂરિશ્રવા હતું, તે જુઓ). (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૪)

યુપધ્વજ. ભારતયુદ્ધમાંનો એક રાજા. (**ભા૨૦ સ્ત્રીપર્વ૦ અ૦ ૨૪**).

યુપાક્ષ. મારુતિએ મારેલો રાવણ સેનાપતિ. એક રાક્ષસ. (**વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૪૬**)

યુપાક્ષ(૨). મૈંદ વાનરે મારેલો બીજો એક રાક્ષસ. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭૫-૭૬**).

યોગ. સ્વાયંભુવ મન્વન્તરમાં ધર્મ ઋષિને ક્રિયાની કુખે થયેલો પુત્ર.

યોગકુંડલિની–મુખ્ય યજુર્વેદોપનિષત.

યોગચુડામણિ–સામવેદોપનિષત.

યોગતત્ત્વ–મુખ્ય યજુર્વેદોપનિષત.

યોગશિખા–મુખ્ય યજુર્વેદોપનિષત.

યોગેશ્વર–દેવસાવર્ણિ મન્વન્તરમાં થનારા વિષ્ણુનો અવતાર.

યોજનગંધા–સત્યવતીનું પરાશરની કૃપાથી પ્રાપ્ત થએલું નામ.

યોધયાન–એક બ્રહ્મર્ષિ. (કશ્યપ શબ્દ જુઓ)

યૌધેય–સોમવંશી યુધિષ્ઠિરનો પુત્ર. એની માતાનું નામ દેવકી હતું. (**ભા૨૦ આ૦ ૬૩-૭૫**).

યોનિદ્વાર–ક્ષેત્ર વિશેષ. (**ભા૨૦ વ૦ ૮૨-૯૪**).

યૌયુધાન–યુયુધાન અથવા સાત્યકિનો પુત્ર. આ યુદ્ધમાંથી બચ્યો હતો. આને યુધિષ્ઠિરે મહાપ્રસ્થાન જતી વખતે સરસ્વતીને તીરે સ્થાપન કર્યો હતો. (**ભા૨૦ મૌસલ૦ અ૦ ૯**)

યૌયુધાનિ–યૌયુધાનનું જ નામ.

યૌવનાશ્વ–સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન યુવનાશ્વ રાજાનો પુત્ર માંધાતા તે જ. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૯**).

યૌવનાશ્વ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન માંધાતા રાજાના પૌત્ર અંબરીષ અથવા ધર્મસેન રાજાનો પુત્ર. આનો પુત્ર હારીત રાજા.

યૌવનાશ્વ (૩). હસ્તિનાપુરના પૂર્વ ભાગમાં આવેલી ભદ્રાવતીનો રાજા. આ ભદ્રાવતી કયા દેશની રાજધાની, તે ગ્રંથોમાંથી મળતું નથી. તેમ જ રાજસૂય યજ્ઞ વખતે ભીમસેને કરેલા દિગ્વિજયમાં પણ આનું નામ નથી. આ રાજા મોટો પરાક્રમી હતો. આ રાજાને પ્રભાવતી નામની સ્ત્રી હતી અને સુવેગ નામનો પુત્ર હતો. આ રાજા પાસે એક શ્યામકર્ણ અશ્વ હતો, જેનું રક્ષણ દશ અક્ષૌહિણી સૈન્ય કરતું હતું. પાંડવોએ જ્યારે અશ્વમેધ કરવાનો નિશ્ચય કર્યો ત્યારે શ્યામકર્ણ ઘોડો કયાંથી લાવવો તેની તેમને બહુ ફિકર પડી. એટલામાં જ વ્યાસ પ્રગટ થયા ને તેમણે યૌવનાશ્વ પાસે શ્યામકર્ણ ઘોડો છે એવું સૂચવ્યું. એ ઉપરથી કૃષ્ણનું અનુમોદન લઇ, વૃષકેતુ અને મેઘવર્ણને સાથે લઇ ભીમસેન ભદ્રાવતી ગયો.

ભીમસેને ત્યાં જઇ એ અશ્વ કયાં બાંધ્યો હશે તે સંબંધી તપાસ કરી. એટલામાં જ તેણે સાંભળ્યું કે રાજાની આજ્ઞાથી તે દિવસે ઘોડાને બહાર કહાડી નદી તીરે આણવાનો છે. આ ઉપરથી વૃષકેતુ અને મેઘવર્ણની સાથે તે એક ઉંચી ટેકરી પર ઊભો રહ્યો, અને વિચાર કરવા લાગ્યો કે અશ્વ કેવી રીતે લઇ જવો. એટલામાં મેઘવર્ણે કહ્યું કે અશ્વને હું લઇ આવું છું. એવું બોલી તેણે પોતાની રાક્ષસી માયાએ કરી ત્યાં જઇ અશ્વને ઉચકીને આકાશ માર્ગે ભીમ પાસે આણ્યો.

અશ્વ એકાએક ગુમ થએલો જોઇને, તેનું રક્ષણ કરનાર સૈન્યમાં ઘણી ગરબડ મચી રહી. અને તે સમાચાર લાગલા જ યૌવનાશ્વને પહોંચાડયા. આ ઉપરથી તે સૈન્ય તૈયાર કરી સામો આવ્યો કે, ભીમસેન અને વૃષકેતુ, મેઘવર્ણને અશ્વ પાસે રાખી, તેના ઉપર તુટી પડયા. અને તે બંન્નેએ યુવનાશ્વનો પરાભવ કરી ઘણું સૈન્ય માર્યું. યૌવનાશ્વે તમે કોણ અને અશ્વ શા માટે લીધો એમ પુછતાં, યુધિષ્ઠિરના યજ્ઞ માટે અશ્વ જોઇએ છીએ એમ આમણે કહ્યું. એ સાંભળી આને

ઘણો આનંદ થયો અને તેમનો વિવિધ સત્કાર કર્યો; અને પાંચ દિવસ ભદ્રાવતીમાં રાખી, સ્ત્રીપુત્ર સહિત, અપાર દ્રવ્ય લઇ, શ્યામકર્ણ ઘોડાને સાથે લઇ હસ્તિનાપુર આવ્યો. આ જોઇ યુધિષ્ઠિરે પણ આનો ઘણો જ સત્કાર કરી ઘણા હર્ષથી પોતાની પાસે રાખ્યો. (**જૈમિનિ૦ અશ્વ૦ અ૦ ૧-૭**)

૨

રક્તબીજ–કોઇ એક અસુર. એણે દીર્ઘકાળ પર્યંત ઉગ્ર તપ કરીને રુદ્રને પ્રસન્ન કર્યા ને એવું વરદાન સંપાદન કર્યું કે મારું લોહી પૃથ્વી પર પડતાં પ્રત્યેક બિંદુમાંથી મ્હારા જેવા જ પરાક્રમી અસુર ઉત્પન્ન થાય. શુંભ નિશુંભના વધ વખતે આ તેમને મળી ગયો હતો. આના રક્તમાંથી અનેક રાક્ષસ ઉત્પન્ન થઇ યુદ્ધ કરવા લાગે છે એવું જોઇ કાળિકાએ વિકાળ રૂપ ધારણ કર્યું અને આનાં રક્તબિંદુ ભૂમિ પર પડવા ન દેતાં, એનો વધ કર્યો. (**દેવીભા૦ ૫ સ્કં૦ અ૦ ૧૭-૨૯**). દેવી શબ્દ જુઓ.

રઘુ–સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન ઐલવિલ દિલીપનો પૌત્ર અને દીર્ઘબાહુ રાજાનો પુત્ર. (**ભા૨૦ વિ૦ ૫૩-૧૬**) આ રાજા સૂર્યવંશમાં એટલો પ્રખ્યાત થયો કે, વંશનું સુર્યવંશ નામ તો કયાંએ રહી ગયું અને રઘુવંશ નામ ચાલુ થયું. આણે દીર્ઘ કાળ પર્યંત નિષ્કંટક રાજ્ય કર્યું. એને અજ નામે પ્રસિદ્ધ એવો એક પુત્ર હતો.

षट्वाङ्गादीर्घबाहुश्च रघुस्तस्मात्पृथुश्रवाः ।
अजस्ततो महाराज स्तस्माद्दशरथोऽभवत् ॥१॥
(**ભાગ૦ ૯ સ્કં૦ ૧**)

રઘુનંદન–રઘુકુળમાં જન્મેલા દાશરથિ રામનું રૂઢિથી કહેવાતું નામ.

રઘુનાથ–રામ તે જ.

રચના–એક દૈત્ય કન્યા. ત્વષ્ટા નામના પ્રજાપતિની સ્ત્રી.

રજતાશ્વ–સાત્યકિનું જ નામ. એના ઘોડા રૂપેરી રંગના હોવાથી એનું એ નામ પડયું હતું. (**ભા૨૦ દ્રો૦ ૨૩-૩**).

રજની–શાલ્મલિ દ્વીપમાંની એક નદી.

રજી–સોમવંશી પુરૂરવા રાજાના પુત્ર આયુ રાજાના પાંચ પુત્રોમાંનો ત્રીજો. એની માનું નામ સ્વર્ભાનવી. નહુષ, વૃદ્ધશર્મા અને ગય, એ ત્રણ એના ભાઇઓ હતા. નહુષ રાજાથી એ કનિષ્ઠ હતો. આ મોટો પરાક્રમી હોઇ તેને પાંચસેં પુત્રો હતા. દેવ દૈત્યોના યુદ્ધને પ્રસંગે ઇંદ્રે આને સહાય માટે બોલાવ્યો હતો. તે વેળા એણે દૈત્યોનો પરાભવ કરી દેવોને જય સંપાદન કરી આપ્યો હતો. તેથી ઇંદ્રે કૃતજ્ઞપણાથી આને કહ્યું કે તું હવે જીવે ત્યાં સુધી ઇંદ્રાસન પર બેસ. પરંતુ આણે તે કહેવું માન્ય કર્યું નહિ. કાંઇ કાળે આ મરણ પામ્યો. પછી એના પુત્રો ઇંદ્ર સાથે કલહ કરવા લાગ્યા કે અમારા પિતાનું સંપાદન કરેલું ઇંદ્રપદ અમને આપ. ઇંદ્રે તેમને ઘણા પ્રકારે સમજાવ્યા પણ સમજ્યા નહિ. છેવટે બૃહસ્પતિએ તેમનામાં બુદ્ધિભેદ કર્યો. બુદ્ધિભેદ થતાં મોહને વશ થઇને રજીપુત્રો વેદ વિરુદ્ધ જૈન મતાવલંબી થઇ ગયા. વેદત્રયી ઉપરથી એમની શ્રદ્ધા ઉઠી ગઇ. આમ ધર્મથી બહિષ્કૃત થએલા એ સઘળાનો ઇંદ્રે સંહાર કર્યો.

गत्वाऽथ मोहयामास रजीपुत्रान् बृहस्पतिः ।
जिनधर्मं समास्थाय वेदबाह्यं स वेदवित् ॥४७॥
वेदत्रयी परिभ्रष्टांश्चकारधिषणाधिपः ।
वेद बाह्यान्परिज्ञाय हेतुवाद समन्वितान् ॥
॥ ४८ ॥

जघान शक्रो वज्रेण सर्वान्धर्म बहिष्कृतान् ।
(મત્સ્ય૦ અ૦ ૨૪ અને
ભાગ૦ ૯ સ્કં૦ ૧૭)

રજ્જુબાલ–જટાયુના પુત્રોમાંનો એક.

રણક–સોમવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન અંતરિક્ષના વંશમાં થએલા ક્ષુદ્રક રાજાનો પુત્ર. આને કુલક પણ કહ્યો છે. એને સુરથ નામે પુત્ર હતો.

રણંજય–સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન અંતરિક્ષવંશના કૃતંજય રાજાનો પુત્ર. આનો પુત્ર સંજય રાજા.

રણશ્લાઘી–રુદ્રગણ વિશેષ.

રણાશ્વ–અર્હણાશ્વ રાજાનું નામ.

રતા–એક દેવ સ્ત્રી. એના પુત્રનું નામ અહ.
(ભા૨૦ આ૦ ૬૭-૨૦)

રતિ–એક અપ્સરા. (ભા૨૦ અનુ૦ ૫૦ ૪૮)

રતિ (૨). કામદેવ–મદનની સ્ત્રી. દક્ષ પ્રજાપતિના પરસેવામાંથી ઉત્પન્ન થએલી. (કાલિકા પુ૦ ૩ અને શિવ પુ૦ સતી ખં૦ ૪) શંકર ભગવાને મદનને બાળી નાંખ્યા પછી એ માયાવતી નામ ધારણ કરીને સંબર નામના દૈત્યને ત્યાં મદનના પુનર્જન્મની વાટ જોતી રહી હતી. મદને શ્રીકૃષ્ણને ત્યાં પ્રદ્યુમ્ન રુપે અવતાર લીધો અને એને દૈત્યે દરીઆમાં ફેંકી દીધો. એક માછલી એને ગળી ગઇ. આ માછલી જાળમાં પકડાઈ અને માછીએ સંબર દૈત્યને ભેટ કરી. રસોડામાં આ માછલીને કાપતાં માંહીથી પ્રદ્યુમ્ન નિકળ્યો. એને માયાવતીએ મોટો કર્યો અને એની સાથે પરણી.

રતિ (૩). ઋષભદેવ વંશના વિભુરાજાની સ્ત્રી.

રતિગુણ–પ્રાધાના પુત્રોમાંનો એક. (૨. દેવ ગંધર્વ શબ્દ જુઓ).

રંતિદેવ–સોમવંશી પૂરુકુલોત્પન્ન રૌદ્રાશ્વપુત્ર ઋતેયુના વંશના ભરતપુત્ર મન્યુરાજાના પાંચ પુત્રોમાંનો ચોથો. નરપુત્ર સંકૃતિરાજા, તેનાથી સંકૃતિની કુખે થએલા બે પુત્રોમાંનો નાનો. આને સાંકૃતિ પણ કહેતા હતા. અને આ ગુરુ કિંવા ગુરુથી રાજાનો કનિષ્ટ ભાઈ હતો. (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૬૮; વન૦ અ૦ ૨૮૪; શાંતિ૦ અ૦ ૨૯). આ પરમ શૂર તો હતો જ પણ ઉત્તમ ધર્માત્મા પણ હતો. એ વિષયે એવો ઇતિહાસ મળે છે કે–એકદા આ અરણ્યમાં તપ કરતો હતો, તેવામાં એક દિવસ ભોજન તૈયાર થયા પછી પંચમહાયજ્ઞ કરી ભોજન કરવા બેસે છે, એટલામાં જ ત્યાં એક અતિથિ આવ્યો અને તેણે અન્ન માગ્યું. આણે તેને તત્કાળ ભોજન આપ્યું ને તે તૃપ્ત થઇ ગયો કે તરત જ એક બીજો શુદ્ર અતિથિ આવ્યો. તેને પણ અન્ન આપી તૃપ્ત કર્યા પછી, જેની પાસે કેટલાંક શ્વાનો છે એવો એક ત્રીજો અતિથિ આવ્યો. એ સર્વને અન્ન આપી તે તૃપ્ત થઇ જાય છે. ત્યાં એક અતિશુદ્ર આવ્યો અને દીન વાણીએ પાણી માગ્યું. તે વખતે આની પાસે માત્ર એ જ રહ્યું હતું. તે પણ આણે તેને સંતોષથી આપ્યું ને બોલ્યો કે હું પરમેશ્વર પાસે બીજું કશું માગતો નથી. માત્ર એટલું જ માગું છું કે, મને દુ:ખ થાય તોપણ ચિંતા નહિ, પણ પ્રાણી માત્ર સુખી થજો. આટલું બોલતાં જ બ્રહ્માદિ દેવ ત્યાં પ્રગટ થયા ને તેમણે આતે તેવું જ સામર્થ્ય આપ્યું.

तस्यं त्रिभुवनाधीशाः फलदाः फलमिच्छताम् ।
आत्मानं दर्शयां च क्रुर्माया
विष्णुविनिर्मिताः ॥ १५ ॥

स वै तेभ्यो नमस्कृत्य निसङ्गे विगत स्पृहः ।
वासुदेवे भगवति भक्त्या चक्रे मनः परम् ॥
॥ १६ ॥

तत्प्रसंगानुभावेन रन्तिदेवानुवर्तिनः ।
अभवन्योगिनः सर्वे नारायण परायणाः ॥१८॥
(ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૨૧)

એણે કરેલા યજ્ઞમાં હોમમાં મારેલાં પશુઓનાં ચામડાના ઢગલામાંથી ચર્મણ્વતી નામે

લોહીની નદી નિકળી હતી. હાલ એ નદી જલરુપ છે. હાલની ચંબલ નદી તે જ.

महानदी चर्मराशेरुत्क्लेदात्सस्रजे यतः ॥
ततश्चर्मण्वतीत्येवं विख्याता सा महानदी ॥
(ભા૨૦ શાં૦ અ૦ ૨૯).
(અનુ૦ ૧૨૩-૧૦) અને (ડાઉસન પા૦૭૬).

રત્નનગર. મયૂરધ્વજ રાજાની રાજધાની. (ભા૨૦ દ્રો૦ ૬૭) અને (ભા૨૦ શાં૦ ૨૮-૧૨૦)

રત્ના. અક્રૂર યાદવની સ્ત્રીઓમાંની એક.

રથકૃત. યક્ષ વિશેષ. (૯ મધુ શબ્દ જુઓ).

રથચિત્રા. ભારતવર્ષીય એક નદી. (ભા૨૦ ભી૦ ૯-૨૬).

રથંતર. અગ્નિ વિશેષ. (ભા૨૦ વ૦ ૨૨૨-૧૮)

રથંતર કલ્પ. ચાલુ શ્વેતવારાહમાસમાંનો થઇ ગએલો ચોથો દિવસ. (૪ કલ્પ શબ્દ જુઓ).

રથંતરી. બલિની ભાર્યા એને દુષ્યન્ત, શૂર, ભીમ, પ્રવસ્તુ અને વસુ નામના પાંચ પુત્રો હતા. (ભા૨૦ આ૦ ૬૩-૯)

રથધ્વજ. કુશધ્વજ રાજાનો પિતા. (વેદવર્તા શબ્દ જુઓ).

રથપ્રભુ. બગડાની સંજ્ઞાવાળો વીર શબ્દ જુઓ. (ભા૨૦ વ૦ ૨૨૧-૧૮)

રથરાજી. વસુદેવની સ્ત્રીઓમાંની એક.

રથવાહન. વિરાટનો ભાઇ. (ભા૨૦ દ્રો૦ ૧૫૯ -૪૧).

રથસેન. ભારતયુદ્ધમાં પાંડવપક્ષનો એક રાજા. (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૩-૬૩)

રથસ્વન. યક્ષ વિશેષ. (૫ શુક શબ્દ જુઓ)

રથસ્થા. નદી વિશેષ. (આ૦ ૧૮૩-૨૦).

રથાધ્વાન. રથપ્રભુનું બીજું નામ. (ભા૨૦ વ૦ ૨૨૧-૧૮).

રથીતર. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ)

રથીતર (૨). સૂર્યવંશી નભકુલોત્પન્ન એક રાજર્ષિનો પુત્ર.

રંભ. કરંભનો જ્યેષ્ટ ભ્રાતા. (રંભ કરંભ શબ્દ જુઓ)

રંભ (૨). સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન વિવિંશતિ રાજાનો પુત્ર. આનો પુત્ર ખનિનેત્ર.

રંભ (૩). રામ સેનામાંનો એક વાનર. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૨૬)

રંભ (૪). સોમવંશી પુરૂરવા રાજાનો પૌત્ર. આયુ રાજાના પાંચ પુત્રમાંનો ચોથો પુત્ર. આનો પુત્ર રભસ રાજા.

રંભકરંભ. આ બે ભાઇઓ અસુર જાતના હતા. એમણે પંચનદ તીર્થમાં ઉગ્ર તપ આરંભ્યું હતું. આથી ઇંદ્ર ઘણો ભયભીત થયો અને એમનો નાશ કરવાની સંધિ શોધતો હતો. એવામાં એકદા કરંભ સ્નાન કરવા ગયો અને પુષ્કળ વખત સુધી જળમાં ઉભો રહ્યો. આ જોઈ ઇંદ્રે મગરનું રૂપ ધારણ કરી તેને જળમાં એંચી લઇને મારી નાખ્યો. રંભ આ સમાચાર સાંભળી ક્રોધે ભરાયો. એટલે તપને અંતે અગ્નિ પ્રસન્ન થતાં, મારે ત્રૈલોક્ય વિજયી પુત્ર થાય એવું એણે માગ્યું. વર પામ્યા પછી આ એક વખત જતો હતો. તેની દૃષ્ટિએ એક ભેંશ પડી. તેના પ્રત્યે આને કામબુદ્ધિ ઉપજી અને આનાથી ભેંશને ગર્ભ રહ્યો. આ કારણથી એ ભેંસનું રક્ષણ કરતો હતો. તેવામાં એક પાડો તે ભેંશ પર ધસી આવ્યો. એનાથી ભેંશને બચાવવા માટે રંભ પાડા તરફ દોડયો. પરંતુ દૈવગતિએ એને એ પાડાએ મારી નાંખ્યો. આ જોઈ એ ભેંશ જે ત્યાંથી નાઠી તે માલવટ નામનું એક યક્ષનું સ્થાન હતું ત્યાં ગઈ. એ યક્ષે એને આશ્રય આપ્યો અને પેલા પાડાનો પરાભવ કરી, તેને મારી નાંખ્યો; અને એનું મુડદું બાળી નાંખ્યું. મહિષીએ એની સાથે સહગમન કર્યું. પણ એના પેટમાંના ગર્ભને અગ્નિએ બચાવી લીધો, તે જ મહિસાસુર તરીકે પાછળથી પ્રસિદ્ધિને પામ્યો. (દેવી ભા૦ ૫ સ્કં૦ અ૦ ૨).

રભસ. રામની સેનામાંનો એક વાનર.

વલીમુખઃ પ્રજઙ્ઘશ્ચ જમ્બોડથ રભસઃ કપિઃ ।
સર્વતશ્ચ યયુર્વીરાસ્ત્વરયન્તઃ પ્લવંગમાન્ ॥૩૬॥

(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪)

રભસ (૨). રાવણ પક્ષનો એક રાક્ષસ.

તતો નિકુમ્ભો રભસઃ સૂર્યશત્રુર્મહાબલઃ ।
સુસન્નો યજ્ઞ કોપશ્ચ મહાપાર્શ્વમહોદરૌ ॥૧॥

(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૯)

રભસ (૩). સોમવંશી આયુપુત્ર રંભનો પુત્ર. એને ગભીર નામનો પુત્ર હતો.

રંભા. પ્રાધાની અપ્સરા કન્યાઓમાંની એક. એ કાર્તક માસમાં સૂર્યની સાથે સંચાર કરે છે. (૩ ઉર્જ શબ્દ જુઓ).

રંભા (૨). તુંબુરુ ગંધર્વની સ્ત્રી.

જરત્કારુર્જરત્કાર્વાં પુલસ્ત્યશ્ચ પ્રતીચ્યયા ।
મેનકાયાં યથોર્ણાયુસ્તુમ્બુરુશ્ચૈવ રમ્ભયા ॥૧૬॥

(ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૧૭)

રમણ. ધર નામના વસુના પુત્રોમાંનો એક.

રમણક પ્રિયવ્રતપુત્ર યજ્ઞબાહુના સાત પુત્રોમાંનો ત્રીજો. આનો વર્ષ પણ એને જ નામે પ્રસિદ્ધ છે.

રમણક (૨). શાલ્મલી દ્વીપના સાત વર્ષોમાં ત્રીજો, વર્ષ સંજ્ઞાવાળો ભૂભાગ.

રમણક (૩). પ્રિયવ્રતપુત્ર વીતિહોત્રના બે પુત્રોમાં મોટો. આ એ જ નામના વર્ષનો અધિપતિ હતો.

રમણક (૪). પુષ્કર દ્વીપના વર્ષ સંજ્ઞાવાળા બે ભૂભાગમાં પહેલો.

રમણક (૫). જંબુદ્વીપના અષ્ટ ઉપદ્વીપોમાંનો એક. (અષ્ટઉપદ્વીપ શબ્દ જુઓ). કૃષ્ણે કાલીય-નાગને યમુનામાંથી કઢાડીને આ જ દ્વીપમાં મોકલ્યો હતો. (ભા૨૦ ભી૦ ૯-૨) અને (ભા૨૦ આ૦ ૨૬-૮)

રમણચીન. આ દેશ ચીના લોકોનો છે. પરંતુ તેની સીમા કયાંથી કયાં સુધી તેનો પત્તો મળતો નથી.

સકૃદ્ગ્રહાઃ કુલત્થાશ્ચ હૂણાઃ પારસિકૈઃ સહ ।
તથૈવ રમણાશ્ચીનાસ્તથૈવ દશમાલિકાઃ ॥૬૬॥

(ભા૨૦ ભી૦મ૦ અ૦ ૯).

રમા. લક્ષ્મી.

રમ્ય. એક રાજર્ષિ. આની કન્યા એકાવલી.

રમ્ય (૨). ગોમતી નદી પાસેનો એક પર્વત. (વા૦ રા૦)

રમ્યક. પ્રિયવ્રતપુત્ર આગ્નીધ્રને પૂર્વચિતિ અપ્સરાની કુખે થએલા નવ પુત્રોમાંનો પાંચમો પુત્ર. મેરુની કન્યા રમ્યા તે આની સ્ત્રી હતી. આગ્નીધ્રે રમ્યક વર્ષનું આધિપત્ય આને આપ્યું હતું.

રમ્યક (૨). રમ્યપર્વતને જ આ નામ આપેલું છે.

રમ્યક વર્ષ. આગ્નીધ્રપુત્ર રમ્યનો વર્ષ. આનું અન્ય ગ્રંથોમાં શ્વેતવર્ષ એવું નામ આપ્યું છે. આની ઉત્તરે નીલપર્વત અને દક્ષિણે શ્વેતપર્વત આવેલા છે. અને પૂર્વે અને પશ્ચિમે ક્ષાર સમુદ્ર આવ્યો છે.

નીલાત્પરતરં શ્વેતં શ્વેતાદ્ધૈરણ્યકં પરમ્ ।
વર્ષમૈરાવતં રાજન્નાનાજનપદાવૃતમ્ ॥૩૭॥

(ભા૨૦ ભી૦મ૦ અ૦ ૬)

રમ્યા. મેરુની નવ કન્યામાંની પાંચમી. આગ્નીધ્ર પુત્ર રમ્યકની સ્ત્રી.

રય. સોમવંશી પુરૂરવ રાજાને ઉર્વશીથી થએલા છ પુત્રોમાંનો ચોથો. આને એક નામનો એક પુત્ર હતો.

રવિ. આકાશ માંહેલું એક મંડળ, અને તેના ઉપર અધિકાર કરનારનું સાધારણ નામ.

રવિ (૨). સૌવીર દેશનો એક રાજા. જયદ્રથનો ભાઇ. (૩ જયદ્રથ શબ્દ જુઓ) (ભા૨૦ વ૦ ૨૬૬-૧૧).

રવિ (૩). સોમવંશી ધૃતરાષ્ટ્રનો ભીમસેને યુદ્ધમાં મારેલો પુત્ર. (ભા૨૦ શ૦ ૨૫-૫)

રશ્મિકેતુ, રાવણપક્ષનો એક રાક્ષસ.

રશ્મિકેતોશ્ચ ભવનં સૂર્યશત્રોસ્તથૈવ ચ ।
વજ્રકાયસ્ય ચ તથા પપ્લુવે સ મહાકપિઃ ॥
॥ ૨૨ ॥

(વા૦ રા૦ સુંદ૨૦ સર્ગ૦ ૬)

આ રામને હાથે મરાયો.

અગ્નિકેતુશ્ચ દુર્ધર્ષો રશ્મિકેતુશ્ચ રાક્ષસઃ ।
મિત્રઘ્નો યજ્ઞકોપશ્ચ રામમાદીપયચ્છરૈઃ ॥
તેષાં ચતુર્ણાં રામસ્તુ શિરાંસિ સમરે શરૈઃ ।
॥ ૨૬-૨૭ ॥

(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩)

રશકુલ્યા. કુશદ્વીપમાંની એક નદી.

રસા. પૃથ્વીનું એક નામ.

રસાતલ. સપ્ત પાતાળ કિંવા સપ્ત મિલસ્વર્ગમાંનો છઠ્ઠો લોક. અહિં બ્રહ્મદેવના મુખમાંથી ઉત્પન્ન થએલી ગાય રહે છે. એના દુધમાંથી ત્યાં ક્ષીરનિધિ નામનો હ્રદ થયો છે. અહિં ફેનપ નામના મુનિ રહે છે. આ લોકની ચારે દિશાએ પૂર્વાદિ ક્રમે સુરૂપા, હંસિકા, સુભદ્રા અને સર્વકામદુધા એવી ચાર (સૌર ભેયો) સુરભીની કન્યાઓ રહે છે.

પુર્વાં દિશં ધારયતે સુરુપા નામ સૌરભી ।
દક્ષિણાં હંસિકા નામ ધારયત્યપરાં
દિશમ્ ॥ ૮ ॥
પશ્ચિમા વારુણી દિક્ચ ધાર્યતે વૈ સુભદ્રયા ।
મહાનુભાવયા નિત્યં માતલે વિશ્વરૂપયા॥૯॥
સર્વ કામદુઘા નામ ધેનુ ર્ધારયતે દિશમ્ ।
ઉત્તરાં માતલે ધર્મ્યાં તથૈલ વિલસંશ્રિતામ્ ॥
॥ ૧૦ ॥

(ભા૨૦ ઉ૦ અ૦ ૧૦૨)

આ ઉપરાંત મણિ નામના નિવાતકવચ અને કાલકેય પણ અહિંના જ રહેવાસી છે.

રહસ્યા. ભારતવર્ષિય એક નદી. (ભા૨૦ ભી૦ ૯-૧૯).

(ભા૨૦ અનુ૦ અ૦ ૨૭).

રહૂગણ. સિંધુસૌવીર દેશનો પ્રાચીન રાજા. આ મુમુક્ષુ હોઇ મેનામાં બેસી કપિલાશ્રમ તરફ ઇક્ષુમતીને તીરે જતો હતો. આના (મેનો ઉચકનાર) ભોઇઓમાંથી એક જણ રસ્તામાં થાકી ગયો. એટલે એના સેવકોએ રસ્તામાં પડેલા જડભરતને પકડી લાવી રાજાને જાણ કર્યા વગર, તેના મેનાએ વળગાડ્યો. પરંતુ તે બીજા ઉચકનારની પેઠે ત્વરિત ગતિએ ચાલે નહિ. આથી મેનાની ગતિ મંદ પડી ને તેમાં હેલ્લા આવવા લાગ્યા. આ જોઈ તે ઉચકનાર ઉપર ગુસ્સે થયો. એ લોકોએ વિનતિ કરી કે આ નૂતન ઉચકનાર સત્વર ચાલતો નથી, તેમાં અમે શું કરીયે ? આવો જવાબ આપ્યો એટલે રાજસી અને રાજકીય સ્વભાવને લીધે રાજાને જરા ક્રોધ આવી જવાથી તે પરવશ થઇ જડભરત કે જેનું તેજ રાખમાં દબાયેલા અગ્નિના સમાન સ્પષ્ટ જોવામાં આવતું ન હતું, તેને આ પ્રમાણે મશ્કરીનાં વચન કહેવા લાગ્યો, કે-અહો ભાઇ ? મહા સોચની વાર્તા છે કે-- તું અવશ્ય બહુ જ થાકી ગયો છે ! બહુ જ લાંબા માર્ગમાં ઘણા સમયથી તું એકલો જ પાલખી ઉપાડી ચાલ્યો આવે છે ! તું બહુ જ જાડો નથી, તેમ તારૂં શરીર પણ દૃઢ નથી, અને વૃદ્ધાવસ્થાથી તું ઘેરાયેલો પણ છે ! હે મિત્ર ! આ તારી સાથે ચાલવાવાળા તારા સોબતીઓ જરા પણ તારા જેવા નથી ! આ પ્રકારે રહુગણે બહુ જ મશ્કરી કરી, તોપણ તે જડભરતને પોતાનું છેલ્લું દેહરૂપ ઓઢું કે—જે પંચમહાભૂત, ઇંદ્રિય, કર્મ અને અંતઃકરણરૂપ માયાના પદાર્થોથી બનેલ છે, તેમાં હું અને મારૂં એવી મિથ્યા પ્રતીતિ ન હતી અને બ્રહ્મભૂત હતા, તેથી રાજાને કાંઇ પણ ન કહેતાં, પ્રથમની પેઠે પાલખી ઉપાડી ચાલવા લાગ્યા. વળી પાછી પાલખી ખાંગી થવા લાગી, ત્યારે રાજા રહુગણ ક્રોધ કરીને બોલ્યો કે—અરે ! આ શું ? તું જીવતે મુવેલો છે ? તું મને ન ગણકારતાં મારી આજ્ઞાનું અપમાન કરે છે ! યમરાજ જેમ પ્રાણીઓને શિક્ષા આપે છે તેમ હું પણ તારી ગફલતને માટે શિક્ષા કરીશ કે—જેથી તું સીધો થઇ જઇશ. આ પ્રમાણે રહુગણ રાજા કે...જે રજોગુણ

અને તમોગુણથી વૃદ્ધિ પામેલા અભિમાનને લીધે, કોઇ વૈષ્ણવજનને ગણતો ન હતો અને રાજ્યપણાના અભિમાનથી નજરમાં આવે તેમ બહુ જ બોલતો હતો, તેને બ્રહ્મભૂત, ગર્વ, શકિત, સર્વ પ્રાણી માત્રનાં મિત્ર, સર્વના આત્મરૂપ અને યોગેશ્વરોની રીતિમાં અત્યન્ત વ્યુત્પત્તિવાળા, જડભરતે જાણે હસતા હોય એવી રીતે નીચે પ્રમાણે વચન કહ્યાં.

જડભરત કહે છે કે—હે રાજા! 'તમે જે કહ્યુ તે એ પ્રમાણેજ છે, તેમાં મારી કાંઇ મશ્કરી કરી નથી. જો ભાર નામનો કોઇ પદાર્થ હોય, તે ઉપાડનારા દેહને લાગતો હોય અને તેની સાથે મારે કાંઇ પણ સંબંધ હોય તો તમે મારી મશ્કરી કરી એમ હું સમજું. પરન્તુ ભાર એ શું છે, અને દેહ એ શું વસ્તુ છે, એનું નિરૂપણ થઇ શકતું નથી; અને ભાર તથા દેહની સાથે મારે કાંઇ પણ સમ્બન્ધ નથી. એ માટે તારાં વાકયોને હું મશ્કરી રૂપ સમજતો નથી. તેમ જ ચાલીને પોહોંચવાનું જો કોઇ સ્થળ અથવા ચાલવાનો માર્ગ હોય, અને તે સાથે મારે કોઇ પણ પ્રકારનો સંબંધ હોય તો તો તમે મારી મશ્કરી કરી, એમ હું સમજું. પરન્તુ એ માંહેનું કાંઇ પણ નથી, તેથી તમે જે કહ્યું છે તે સત્ય જ કહ્યું છે, એમ હું માનું છું. આત્માને "પુષ્ટ છો" એમ કહેવું એ તો કેવળ મૂર્ખોને જ સંભવે; કેમકે પાંચ ભૂતોના સમૂહરૂપ દેહ જ પુષ્ટ થાય છે; પણ આત્મા કદિ પુષ્ટ થતો નથી. મારો દેહ જ પુષ્ટ છે, પરન્તુ હું પુષ્ટ નથી. જાડાપણું, પાતળાપણું, વ્યાધિ, આધિ, ક્ષુધા, તૃષા, ભય, કલક, ઇચ્છા, જરા, નિદ્રા, મૈથુન, ક્રોધ, શોચ અને અહંકારથી થવાવાળો મદ, એ સર્વ જે જન દેહની સાથે જનમ્યો હોય, તેને થાય છે; પરન્તુ હું દેહ સાથે જનમ્યો નથી, એથી મને તે માંહેનું કશું પણ નથી. હે રાજા! હું એકલો જ જીવતો મુવો નથી. પણ સઘળું જગત્ જીવતે મુવેલું છે. કેમકે વિકૃત પદાર્થ માત્ર આદિ અંતવાળા જોવામાં આવે છે. અર્થાત્ ક્ષણે ક્ષણે આ જગત્ થતું જાય છે, અને મરતું જાય છે. હે સ્તુતિપાત્ર રાજા! સ્વામીભાવ અને દાસભાવ એ અવિચલ હોય તો તારે આજ્ઞા કરવી, અને મારે કામ કરવું, એ બની શકે છે; પરન્તુ તે અવિચલ નથી. અર્થાત્ જો તું રાજ્યથી ભ્રષ્ટ થાય અને જો મને રાજ્ય મળે, તો હું આજ્ઞા કરું અને તારે કામ કરવું પડે. આ રાજા છે અને આ સેવક છે, ઇત્યાદિ ભેદ બુદ્ધિનો અવકાશ, વ્યવહાર વગર થોડો પણ જોવામાં આવતો નથી; તે માટે જો કે આ પ્રકારે વ્યવહાર દૃષ્ટિનો ત્યાગ કરી, વાસ્તવિક વિચાર કરવામાં આવે તો, તેમાં રાજા કોણ અને તેનો સેવક કોણ એ કાંઇ પણ નથી. તો પણ જો તને રાજાપણાનું અભિમાન હોય, તો હે રાજા! જેમ તું કહે તેમ કરવાને હું તૈયાર છું. હું કે—જે ઉન્મત્, મત્ત અને જડના સમાન રહું છું અને બ્રહ્મભાવને પામ્યો છું, તેને દંડથી અથવા શિક્ષાથી શું થવાનું છે? કેમકે જીવન્મુક્તને અર્થ વા અનર્થ એ બેમાંથી કાંઈ પણ રહેતું નથી. કદાચિત્ હું જીવનમુક્ત નથી, પણ અક્કડ અને ઘેલો જ છું, તો પણ દલેલાંને દળવાની પેઠે મારા ઉપર દંડ અને શિક્ષા એ સર્વ વ્યર્થ છે. કારણ કે જડ પ્રકૃતિવાળાં માણસને કોઇ પણ પ્રકારે સમજદાર કરી શકાતો નથી. ભાગ૦ સ્કં૦ ૫ અ૦ ૧૦–૧૪. તે ઉપરથી રહુગણ સમજ્યો કે આ કોઇ બ્રહ્મનિષ્ઠ છે. આથી મેનામાંથી નીચે ઉતરી જડભરતને નમસ્કાર કર્યા. અને તેને શરણે જઇ, પ્રાર્થના કરી કે મને આત્મતત્વ જાણવાની જિજ્ઞાસા છે, તો મારા ઉપર કૃપા કરો. ત્યારે જડભરતે આને આત્મતત્વનો ઉપદેશ કરી કૃતાર્થ કર્યો.

अथ सिंधुसौवीरपते रहूगणस्य व्रजत इक्षुमत्यास्तटे ॥ तत्कुलपतिना शिविकावाह पुरुषान्वेषणसमये दैवेनोपसादितः स द्विजवर उपलब्ध एष पीवा युवा संहननाङ्गो गोखरवद्धुरं वोढुमलमिति पूर्वविष्टिगृहीतैः सह गृहीतः प्रसभमतदर्ह उवाह शिबिकां स महानुभावः॥ ॥ १ ॥

(ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧૦–૧૪)

રક્ષિતા. કશ્યપથી પ્રાધાને થએલી કન્યાઓમાંની એક અપ્સરા. (ભા૨૦ આ૦ ૬૬–૫૦).

રક્ષોગણ ભોજન. પુરુષને પશુ કલ્પીને ભૈરવાદિક દેવતાઓને બળિ અર્પણ કરનાર અથવા નરમાંસ ભક્ષણ કરનારાને પ્રાપ્ત થનારૂં નર્ક. અહીં જેનો વધ કર્યો હોય તે રાક્ષસરૂપ ધારણ કરી વધ કરનારનું ભક્ષણ કરે છે.

રક્ષોહા. કામ્યષ્ટી માટેનો શ્રેષ્ટ અગ્નિ.

રાકા. સ્વાયંભુવ મન્વન્તરમાંના અંગિરા ઋષિની ચાર કન્યામાંની ચોથી. એનું બીજું નામ રાગા. (ભા૨૦ ૫૦ ૨૨૬–૪).

રાકા(૨). દ્વાદશ આદિત્યોમાંના ધાતા આદિત્યની સ્ત્રી.

રાકા (૩). સુમાલી રાક્ષસને કેતુમતીની કુખે થએલી કન્યા. એને વિશ્રવા ઋષિ સાથે પરણાવી હતી. ખર અને સૂર્પણખાની માતા રાક્ષસી. (ભા૨૦ ૫૦ ૨૭૬–૮).

રાકા (૪). શાલ્મલી દ્વીપમાંની એક નદી.

રાગા. બૃહસ્પતીથી શુભાને થએલી સાત કન્યાઓમાંની એક.

રાગા (૨). પ્રથમ સ્વએલી રાકાનું બીજું નામ.

રાઘવ. રઘુના વંશજોનું નામ; પરંતુ દાશરથિ રામનું રૂઢીથી થઇ ગયેલું નામ વિશેષ.

રાજકેપી. તગડાની સંજ્ઞાવાળા અંગિરા કુલોત્પન્ન ઋષિ.

રાજધર્મા. એક બકરાજ–બગલાનો રાજા.(ભા૨૦ શાં૦ ૧૬૮–૧૭૨).

રાજની. ભારતવર્ષીય એક નદી. (ભા૨૦ ભી. ૯–૨૧).

રાજપુર. કલિંગ દેશની રાજધાની, એનો રાજા

ચિત્રાંગદ. (ભા૨૦ શાં૦ ૪–૩).

રાજરાજ. કુબેર.

રાજવર્તય. એક બ્રહ્મર્ષિ. ૨ કશ્યપ શબ્દ જુઓ.

રાજસૂય. યજ્ઞ વિશેષ–યુધિષ્ટિરે આવો યજ્ઞ કર્યો હતો. તે. (ભા૨૦ સ૦ ૩૮ ને ભાગ૦ ૧૦–૭૪).

રાજ્ઞધિદેવી. સોમવંશી શુર રાજાને મારીષાથી થએલી પાંચ કન્યાઓમાંની કનિષ્ઠ. આને અવંત્ય રાજા જયસેન વેરે દીધી હતી.

રાજેય. રજિ રાજાના પાંચસેં પુત્રોની સંજ્ઞા.

રાજ્યવર્દ્ધન. સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન મરુત્ત રાજાના પુત્ર દમનો પુત્ર. આનો પુત્ર સુધૃતિ.

રાધા. વિષ્ણુની એક શક્તિ. (દેવી ભા૦ ૯ સ્કં૦ ૪૦ અ૦ ૧) એ ગોલોકમાં કૃષ્ણની પ્રિય સખી હતી, એવું વર્ણન મળી આવે છે. હરિદાસ ઇત્યાદિએ રાધાને ગોકુળમાંની કૃષ્ણની સખી એવું કહ્યું છે. પરંતુ જેમ સુદામા બ્રાહ્મણનું નામ ભાગવતમાં કોઈ ઠેકાણે નથી, તે જ પ્રમાણે આખા ભાગવતમાં રાધાનું નામ સરખું કોઇ ઠેકાણે મળતું નથી.

રાધા (૨). સોમવંશી અનુકુલોત્પન્ન અધિરથ સૂતની સ્ત્રી. કર્ણની પાલક માતા. (ભા૨૦ આ૦ ૬૮–૧૪૦ ને ૫૦ ૩૧૦–૨).

રાધિક. સોમવંશીય પૂરુકુલોત્પન્ન અજમીઢ વંશમાંના જયસેન રાજાનો પુત્ર. આનો પુત્ર અયુત.

રાધિકા. એકડાની સંજ્ઞાવાળી રાધા તે જ.

રાધેય. રાધાએ પાલન કરીને મોટો કર્યો હતો તે ઉપરથી પડેલું કર્ણનું નામ.

રાધેય (૨). આ જ અધિરથ સૂતની સ્ત્રી રાધાને જે એક ઔરસ પુત્ર હતો તેનું નામ. આ અભિમન્યુને હાથે મરણ પામ્યો હતો.

રામ. જમદગ્નિ ઋષિને રેણુકાની કુખે થએલા પાંચ પુત્રોમાંનો કનિષ્ઠ. આનાં જમદગ્નિનો પુત્ર હોવાથી જામદગ્ન્ય, અને હાથમાં પરશુ નામનું આયુધ ધારણ કરતો હોવાથી પરશુરામ, એવાં નામો હતાં. (ભા૨૦ દ્રોણ૦ અ૦ ૭૦) પિતાની આજ્ઞાને અનુવર્તી

માતાનો ને ભાઇઓનો વધ કર્યા પછી જમદગ્નિએ આને વર માગવાનું કહ્યું, તે સંબંધી ભારતમાં આ પ્રમાણે છે.

મમેદં વચનાત્તાત કૃતં તે કર્મ દુષ્કરમ્ ।
વૃણીશ્વ કામાન્ધર્મજ્ઞ યાવતો વાઞ્છસેહૃદા ॥
॥ ૧૭ ॥
સ વવ્રે માતુરુત્થાનમસ્મૃતિં ચ વધસ્ય વૈ ।
પાપેન તેન ચાસ્પર્શં ભ્રાતૃણાં પ્રકૃતિં
તથા ॥ ૧૮ ॥
(ભા૨૦ વ૦ અ૦ ૧૧૭)

આ ઉપરાંત જમદગ્નિએ વરદાન આપ્યું કે–

અપ્રતિદ્વન્દ્વતાં યુદ્ધે દીર્ઘમાયુશ્ચ ભારત ।
દદૌ ચ સર્વાન્કામાંસ્તાઞ્જમદગ્નિ
મહાતપાઃ ॥ ૧૯ ॥
(ભા૨૦ વ૦ અ૦ ૧૧૭)

વિશેષ ચરિત્ર પરશુરામ શબ્દમાં જુઓ.

રામ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અજ રાજાના પુત્ર દશરથને, કૌસલ્યાથી વિષ્ણુના અંશથી થએલો પુત્ર. વાલ્મિક ઋષિએ શતકોટિ ચરિત્ર જે ભવિષ્યરૂપ લખી મુકયું હતું તે પ્રમાણે, રાવણાદિ દુષ્ટ રાક્ષસોનો સંહાર કરી સાધુજનોને સુખી કરવા આ અવતાર ચાલુ મન્વન્તરની ચોવીસમી ચોકડીમાં (પર્યાય) ત્રેતાયુગમાં થયો હતો (**દેવી ભા૦ ૪ સ્કં૦ અ૦ ૧૬**).

ચતુર્વિંશે યુગે રામો વસિષ્ઠેન પુરોધસા ।
સપ્તમો રાવણસ્યાર્થે જજ્ઞે દશરથાત્મજઃ ॥
॥ ૨૪૫ ॥
(મત્સ્ય૦ અ૦ ૪૭).

અધ્યાત્મ રામાયણમાં આ અવતાર અઠ્ઠાવીસની ચોકડીમાં (પર્યાય) થયો એવું લખ્યું છે. પરંતુ તે આ કલ્પની નહિ. કેટલાક ટીકાકારોનો એવો મત છે કે ચોવીસમી ચોકડીમાંનો રામાવતાર તે પૂર્વકલ્પમાંનો સમજવો. પરંતુ એમ માનવાથી નૃસિંહ, વામનાદિક પણ એ જ પ્રમાણે ગણવા પડે. અને એમ ગણવાથી આ કલ્પમાં અવતારની વ્યવસ્થા જ ન આવે. માટે જો એકલા અધ્યાત્મ રામાયણને માનીએ તો બધા મતનો અસ્વીકાર કરવો પડે.

દશરથ રાજાને કૌસલ્યાથી જેવા રામચંદ્ર થયા તેવા જ, સુમિત્રાથી લક્ષ્મણ અને શત્રુઘ્ન એવા બે અને કૈકેયીથી એકલા ભરત મળી ચાર પુત્ર થયા,

રામસ્યમાતા કૌસલ્યા કૈકેયી ભરતસ્ય તુ
સુતૌ લક્ષ્મણશત્રુઘ્નૌ સુમિત્રાયા પરંતપૌ॥૮॥
(ભા૨૦ વન૦ અ૦ ૨૭૫. અને દેવી ભા૦ તૃતીય સ્કં૦ અ૦ ૨૮ શ્લો૦ ૪)

રામ જન્મ્યા ત્યારે ચૈત્ર માસની શુકલપક્ષની નોમ હતી. (૩. દશરથ શબ્દ જુઓ).

રામ મોટા થયા એટલે દશરથ રાજાએ તેમનું અને લક્ષ્મણાદિનું મુજબંધન કર્યું. અને વસિષ્ઠ ઋષિ પાસે સાંગવેદોપવેદ શીખવી તેમાં તેમને ઉત્તમ પ્રકારે પ્રવીણ કરાવડાવ્યા. આ વાતને કાંઇક કાળ વીત્યા પછી દશરથ રાજા તેમના લગ્ન સંબંધી ચિંતામાં હતા, તેવામાં પોતાના યજ્ઞનું સંરક્ષણ કરવા માટે વિશ્વામિત્ર ઋષિ રામને લઇ જવા માટે દશરથ પાસે આવ્યા. અને તેમણે રામની માગણી કરી; (**વા૦ રા૦ બા. સ–૧૮**) પોતાની અત્યંત વૃદ્ધાવસ્થામાં રામ થએલા હોવાથી આ વાતથી દશરથને ઘણું દુઃખ થયું. તોપણ વસિષ્ઠે તેમને સમજાવીને કહ્યું કે રામને આપવા સંબંધી કશો સંકોચ કરશો નહિ. કેમકે યજ્ઞ સંરક્ષણને મિષે તેઓ રામના વિવાહની વ્યવસ્થા કરવાના છે. એ સાંભળી દશરથે હર્ષિત થઇ વિશ્વામિત્રને સત્કારપૂર્વક રામને આપ્યા. અને તેઓ રામને લઇ જતા હતા ત્યારે તેમની સંગાથે લક્ષ્મણ પણ ગયા.

વિશ્વામિત્ર રામલક્ષ્મણને લઇ નીકળ્યા તે સરયૂ નદીને તીરે આવ્યા. ત્યાં તેમણે રામને ક્ષુધાતૃષા બાધા ન કરે એવો પ્રથમ બલાતિબલા નામની વિદ્યાનો ઉપદેશ કરી દંડ,

ધર્મ, કાલ, વિષ્ણુ ઇત્યાદિ ચક્રો; વજ્ર, શલવત્, બ્રહ્મશિર, આગ્નેય, વારુણ, વાયવ્ય ઇત્યાદિ અસ્ત્રો; વરુણ, ધર્મ, કાલ ઇત્યાદિ પાશ અને મોદકી ઇત્યાદિ ગદા આપી તેમનો અનુગ્રહ કર્યો. (**વા૦ રા૦ બા. સ. ૨૭**) તે પછી સત્યવાન્, સત્યકીર્તિ, પરાઙ્મુની, અવાઙ્મુખ, લક્ષ્ય, અલક્ષ્ય, વૈનિદ્ર, ધન, ધાન્ય, કામરૂપ, કામરુચિ, નૃભક ઇત્યાદિના સંહારની કથા કહી (**વા૦ રા૦ બા. ભ. ૨૬**). તેમની સાથે સરયૂ નદીનું ઉલ્લંઘન કરતા થકા, મલદ અને કરૂપક દેશ જે અરણ્ય સરખા થઇ ગયા હતા, ત્યાં આવી પહોંચ્યા. અહીં પ્રથમ વસ્તી હતી અને હાલ ઉર્વરિત કેમ થયા તે વિષયે તાટકા રાક્ષસીનો ઉપદ્રવ કહી સંભળાવી તેને મારવાની રામને આજ્ઞા કરી.

આ ઉપરથી રામે, સુબાહુ નામના એક પુત્ર સહિત તાટકાનો વધ કરી, મારીચ નામના તેના બીજા પુત્રને સમુદ્ર તરફ ઉડાડયો અને પોતે વિશ્વામિત્રનો યાગ સિદ્ધ કરવા માટે ગયા. (તાટકા શબ્દ જુઓ.)

વિશ્વામિત્રનો યજ્ઞ સમાપ્ત થયા પછી તેમણે રામને ઘણો વખત સુધી પોતાની પાસે રાખ્યા. તેવામાં એક દિવસ મિથિલા નગરીથી દૂત આવ્યો. તેણે વિશ્વામિત્રને [illegible] વિનંતિ કરી કે જનક સીતા [illegible] સીરધ્વજ છે. (**વા૦ રા૦ [illegible]**) આ સાંભળી વિશ્વામિત્રે દૂતને તું જા, હું પાછળથી આ[illegible] તું મારી સાથે અને રામને કહ્યું ? કહ્યું એટલે તેમને લક્ષ્મણે તથાસ્તુ [illegible] વિશ્વામિત્ર મિથિ[illegible] ર્ગમાં રામનો [illegible] તેમણે મત્સરરહિતના કુશવંશનો [illegible] નીકમાટે [illegible] કરવા તેમના રસ્તામાં [illegible] કાળ[illegible] ઇતિહાસ સંભળાવ્યો, કોશ આવતો તે પ્રદેશ એટલે કાન્યકુબ્જ તીરે હતો. પછી સૂર્યાસ્ત થતાં ત્યાંથી મુકામ નાંખી, બીજે દિવસે નીકળી ઋષિ મધ્યાન્હકાળે ભાગીરથીને તીરે આવી પહોંચ્યા. (**વા૦ રા૦બા૦ સ. ૩૧**) રામના પૂછવાથી વિશ્વામિત્રે તેમને ભાગીરથીનો ઇતિહાસ સંભળાવ્યો. (**વા૦ રા૦ સ. ૩૫**) પછી નૌકા વડે ભાગીરથી ઓળંગી વિશાલા નામની નગરીએ આવ્યા. અહીં તે વેળા સૂર્યવંશીય દિષ્ટ કુલોત્પન્ન સોમદત્ત રાજાનો પુત્ર અને જનમેજય રાજાનો પિતા સુમતિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેણે વિશ્વામિત્ર આવ્યાના સમાચાર સાંભળ્યા એટલે તેમની સામે આવી પોતાને મંદિર તેડી ગયો. (**વા૦ રા૦ બા. સ. ૪૭**) ત્યાં સત્કાર પામી અને તે રાજાને આ તમારા જ સૂર્યવંશોત્પન્ન દશરથ રાજાના પુત્રો રામલક્ષ્મણ છે કહી, તેમનું વૃતાંત કહી સંભળાવી, ઋષિ ત્યાંથી નીકળ્યા. રસ્તામાં તેમણે રામને તે જે પ્રસ્તુત વિશાલા નગરી જોઇ ત્યાં પૂર્વે કુશપ્લવ નામનું વન હતું અને અદિતીએ તે સ્થળે હજાર વર્ષ તપ કર્યું હતું, અને તે તપના પ્રભાવે તેને મરુદ્ગણ પુત્રોની ઉત્પતિ થયાનો વૃતાંત કહી સંભળાવ્યો. એવામાં જતાં નાકબ્ધ[illegible] તેઓ એક નિર્માનુષ અરણ્યમાં [illegible] જતાં [illegible] આવી પહોં[illegible] રામ ઓ વન આવું કેમ ? એવો પ્રશ્ન કરતાં ગૌતમઋષિ અને તેની સ્ત્રી અહલ્યાનો ઇતિહાસ કહી સંભળાવ્યો. આ સાંભળી રામ તેમનું દર્શન કરવા ગયા, તો એવું બન્યું કે ત્યાં શિલારૂપ થઇ પડેલી અહલ્યા ઉપર રામના પદરજકણો ઉડયાં ને તેનો ઉદ્ધાર થયો. પછી વિશ્વામિત્ર ઇશાન દિશાએ થઇને મિથિલા જઇ પહોંચ્યા. (**વા૦ રા૦ બા. સ. ૪૭ વા૦ રા૦ બાલ૦ સ૦ ૨૭ ૪૮**).

અધ્યાત્મરામાયણમાં અહલ્યાનો ઉદ્ધાર કર્યા પછી રામ સહવર્તમાન વિશ્વામિત્ર ઋષિ ભાગીરથી ઉતર્યા એવું છે. અને તે સંબંધી તેમને પાર ઉતારનાર નાવિકની રામસ્તુતિ આ પ્રમાણે ઉક્તિ છે.

ક્ષાલયામિ તવ પાદપંકજં નાથ
દારુદષદોહો કિમંતરમ્ ॥

માનુષીકરણ ચૂર્ણમસ્તિ તે
પાદયોરિતિ કથા પ્રથીયસિ ॥ ૩ ॥
પાદાંબુજં તે વિમલં હિ કૃત્વા
પશ્ચાત્પરં તીરમહં નયામિ ॥
નોચેત્તરી સદ્યુવતી મલેન
સ્યાચ્ચેદ્ધિમો વિદ્ધિ કુટુંબહાનિઃ ॥ ૪ ॥
(અધ્યાત્મરા૦ બાલ૦ સ૦ ૬)

રામ ચરિત માનસમાં ભક્ત કવિ તુલસીદાસજી પણ કેવટપાસે એ જ ઉક્તિ કહેવડાવે છે.

ચૌપાઈ

માઁગી નાવ, ન કેવટ આના ।
કહૈ તુમ્હાર મરમુ મૈં જાના ।
ચરન-કમલ-રજ કહઁ સબુ કહઈ ।
માનુષકરનિ મૂરિ કછુ અહઈ ।
છુઅત સિલા ભઇ નારિ સુહાઈ ।
પાહન તેં ન કાઠ કઁનાઈ ।
તરનિઉઁ મુનિઘરની હોઇ જાઈ ।
બાટ પરૈ મોરિ નાવ ઉડાઈ ।
એહિ પ્રતિપાલા સબુ પરિવારૂ ।
નહિં જાનૌં કછુ ઔર કબારૂ ।
પ્રભાણુમ પારં અવસિ ગા ચહહૂ ।
સાધુજનોને સુખી કરવા ઇચ્છે ।
જૌં બિનુ અવસર અઘ તરનિ ઓગારૂ ।
મોહિ પદપદુમ પખારન કહૂઁ ॥ (પયાગ)

ભા૦ ૪ સ્કં૦ ૧૬ અ૦ ૧૭ મી ચોપાઈની ચોવીસમી ચોકડીમાં

છંદ

પદ કમલ ધોઈ ચઢાઇ નાવ
ન નાથ ઉતરાઈ ચહૌં ।
મોહિ રામ રાઉરિ આન દસરથ
સપથ સબ સાઁચી કહૌં ॥
બરુ તીર મારહુ લખનુ પૈ
જબ લગિ ન પાય પખારિહૌં ।
તબ લગિ ન તુલસીદાસ-નાથ
કૃપાલુ પારુ ઉતારિહૌં ॥

(રામ ચરિતમાનસ).

આનો સારાંશ ને ભાવ એવો કે તમારા ચરણની રજથી જો પાષાણની સ્ત્રી થઈ તો મારા લાકડાના વહાણની સ્ત્રી નહિ થાય એની શી ખાત્રી? પથર કરતા તો લાકડું કઠણ નથી, અને મારી નાવડી કોઈ મુનિની સ્ત્રી લઈ જાય. એમ જો થાય તો મારી સઘળી આજીવિકા જ બંધ થઈ જાય; માટે તમારા પગ ધોઈ પછી નાવમાં બેસશો તો જ પાર ઉતારીશ.

આ ઉક્તિ વાલ્મીકિ રામાયણમાં મળી આવતી નથી.

વિશ્વામિત્ર આવ્યા સાંભળી શતાનંદ પુરોહિત સહવર્તમાન સીરધ્વજ જનક તેમની સામે ગયા, અને તેમનું પૂજન કરી, રામલક્ષ્મણ સહિત તેમને પોતાને મંદિરે લઈ આવ્યા.(વા૦ રા૦ બા૦ સ. ૫૦–૫૧) પછી આ કુમારો કોના ને કોણ એમ પુછવાથી વિશ્વામિત્રે રામનું સર્વ વૃતાંત નિવેદન કર્યું. પછી સ્વયંવરકાળે રામે શિવધનુષ્ય ચઢાવ્યું અને તોડયું. (વા૦ રા૦ બા૦ સ. ૭૦) તે ઉપરથી સીરધ્વજે (વા૦ રા૦ બા૦ સ. ૭૧) રામને સીતા , લક્ષ્મણને ઉર્મિલા અને ભરત શત્રુઘ્નને માંડવી અને શ્રુતકીર્તિ એમ ક્રમે ચારેને ચાર કન્યા વિવાહ વિધિથી આપી. (વા૦ રા૦ બા૦ સ૦ ૭૩) (સીરધ્વજ શબ્દ જુઓ) વિવાહ સમારંભ થઈ રહ્યા પછી રામ અયોધ્યા જવા લાગ્યા તેમને જામદગ્ન્ય રામે આંતર્યા. તે વેળા તેમનામાંથી વિષ્ણુતેજ પોતાનો અત્યંત [illegible] આનંદથી અયોધ્યામાં [illegible] હોવાથી આ વાતથી દશ[illegible] થયું. તોપણ વસિષ્ઠે તેમને સમજા[illegible] આશ્રમે ગમને આપવા સંબંધી કશો સંકેત [illegible] પ્રવેશ કર્યો. કેમકે યજ્ઞ સંરક્ષણને મિષે તે[illegible] દશરથ [illegible]ની વ્યવસ્થા કરવાના છે. [illegible] સહવર્તમાન [illegible] હર્ષિત થઈ વિશ્વામિત્ર [illegible] હતા. રાજ[illegible] આપ્યા. અને તેઓ રામને લેઈ જા[illegible] લય જોઈ [illegible] ત્યારે તેમની [illegible] નાખી, તે ઉપરથી [illegible] માં ગાળવી; આથી એમણે વિશ્વામિત્ર રા[illegible] આપવાની તૈયારી કરવા આવ્યો કે [illegible] રા૦ અ૦ સ૦ ૪–૬) આ પોતે વૃદ્ધાવ[illegible] નદીને [illegible] ઓએ જણ્યા એટલે તેણે એ રામને પોંવર[illegible] નામન[illegible] વંદન નાંખ્યું. (વા૦ રા૦ અ૦ માંડી. (વા૦ [illegible] વર્તમાન કૈકેય [illegible] સમારંભમાં [illegible]

સ૦ ૭) અને રામને વનવાસ અપાવ્યો. (૩ દશરથ શબ્દ જુઓ).

સા તદ્વચનમાજ્ઞાય પરિગૃહ્ય નરાધિપમ્ ।
આત્મનો બલમાજ્ઞાય તત એનમુવાચ હ ॥૨૬॥
આભિષેચનિકં યત્તે રામાર્થમુપકલ્પિતમ્ ।
ભરતસ્તદવાપ્નોતુ વનં ગચ્છતુ રાઘવઃ ॥૨૭॥
નવ પઞ્ચ ચ વર્ષાણિ દણ્ડકારણ્યમાશ્રિતઃ ।
ચીરાજિનજટાધારી રામો ભવતુ તાપસઃ ॥૨૮॥
(ભા૨૦ વન૦ અ૦ ૨૭૮)

રામ અયોધ્યાથી જવા નીકળ્યા ત્યારે તેમની સાથે નાગરિક લોકોનો મોટો સમુદાય જવા લાગ્યો; તેથી તેઓ રથે ન બેસતાં લોકો સાથે સાથે ચાલવા લાગ્યા. સંધ્યા સમયે તમસા નદીને તીરે જઈ ત્યાં સંધ્યા ઉપાસના કર્યા પછી, જળપાન કરી, નિદ્રિત થયા. અનેક [illegible] સીરધ્વજ હોવાના હેતુથી જ ભૂલાવ્યાનો સ્વયંવર કલ્યાદિ નદીઓ ઓ- ૨૯) આ સાંભળી ત્રિરફ ચાલ્યા. (વા૦ રા૦ [illegible] જા, હું પાછળથી આ કોસલદેશને સીમાડે [illegible] અને રામને [illegible] અયોધ્યા નગરીને તેમ જ [illegible] લક્ષ્મણે તથાસ્તુ નમસ્કાર કર્યા અને પોતે વિશ્વામિત્ર મિથિલાએ પહોંચ્યા. અહીં ગુહે તેમનું શૃંગવેર તેમણે [illegible] ભાગીરથી ઉતારી દક્ષિણ આતિથ્ય માટે [illegible] તીરે [illegible] પેલા. (ગુહ શબ્દ જુઓ) ત્યાંથી નીકળી રામ વત્સ નામના દેશમાં ગયા. જ્યાં એમણે લક્ષ્મણના અંતઃકરણની પરીક્ષા કરી, તેમાં તેનો પોતાની સાથે આવવાનો દૃઢ નિશ્ચય જોઈ પોતે અતિશય આનંદ પામ્યા.

પછી રામ લક્ષ્મણ અને સીતાને સાથે લઈ નીકળ્યા અને ગંગાયમુનાના (વા૦રા૦ અ૦ સ૦ ૫૪) સંગમ આગળ પ્રયાગ આવી ત્યાં રહેતા ભરદ્વાજ ઋષિને મળ્યા. (૩ ભરદ્વાજ શબ્દ જુઓ) ભરદ્વાજ ઋષિની આજ્ઞા લઈ નીકળ્યા પછી ચિત્રકૂટ પર્વત પર આવી, પર્ણકુટિ બનાવી તેમાં સુખે રહેવા લાગ્યા. ત્યાં રહેતા હતા તેવામાં દશરથ મૃત્યુ પામ્યાના સમાચાર એમને સંભળાવી (વા૦ રા૦ અ૦ સ૦ ૬૩) અયોધ્યા પાછા લઈ જવા માટે આવેલા ભરત એમને મળ્યા. (એ વૃતાંત માટે ૧ ચિત્રકૂટ શબ્દ જુઓ.) ભરત અયોધ્યા પાછા ગયા એટલે અયોધ્યાના પુરુષ માણસોએ ત્યાં જ આવ કરવાથી ઋષિને ઉપદ્રવ થવા લાગ્યો, તે જોઈ રામ ચિત્રકૂટ પર્વત છોડી તેની દક્ષિણ તરફ જવા નીકળ્યા. અને અત્રિઋષિ અને તેમની સ્ત્રી અનસૂયાની ભેટ લીધી. (૨ અત્રિ શબ્દ જુઓ) અયોધ્યાકાંડ.

અત્રિઋષિનો આશ્રમ છોડી રામ અરણ્યમાં આગળ ચાલ્યા, ત્યાં તેમના માર્ગમાં અનેક ઋષિઓના આશ્રમો આવ્યા. તે પ્રત્યેક આશ્રમમાં જઈ તે તે ઋષિઓના આશિર્વાદ લઈ તેઓ આગળ ચાલતા. આ પ્રમાણે પ્રયાણ કરવા માંડયું. (વા૦ રા૦ અરણ્ય૦ સ૦૧). આ રીતે જતાં જતાં તેઓ ઘોર અરણ્યમાં આવી લાગ્યા. ત્યાં તેમને પ્રથમ વિરાધ નામનો રાક્ષસ મળ્યો. એની સાથે કેટલુંક સંભાષણ થયા પછી એની રામે સદ્ગતિ કરી (વિરાધ શબ્દ જુઓ). ત્યાંથી નીકળી રામ શરભંગ ઋષિને આશ્રમે ગયા. (શરભંગ શબ્દ જુઓ). શરભંગના આશ્રમમાંથી નીકળી સુતીક્ષ્ણ ઋષિના આશ્રમે જવા નીકળ્યા, ત્યાં રસ્તામાં અનેક ઋષિઓ તેમને મળ્યા અને તેમણે રાક્ષસોના ઉપદ્રવથી આજ પર્યંત કેટલા તાપસો મરણ શરણ થયા છે, તે જણાવવા પર્વત જેવડો હાડકાંનો ઢગલો રામને દેખાડયો. આ જોઈ હું સંપૂર્ણ રાક્ષસોનો સંહાર કરી, તમને સુખી કરીશ એવું અભય આપી રામ સુતીક્ષ્ણ ઋષિના આશ્રમે ગયા (વા૦ રા૦ અર૦ સ૦ ૬–૮),

સુતીક્ષ્ણના આશ્રમે હતા ત્યારે સીતાએ રામને શસ્ત્ર ધારણ કરવામાં ધર્મ કે અધર્મ એ સંબંધી પ્રશ્ન કર્યો. તેનો રામે ઉત્તર આપ્યો કે બ્રાહ્મણોના સંરક્ષણ અર્થે ક્ષત્રીઓએ શસ્ત્ર ધારણ કરવાં એ અધર્મ નથી. જદપી અમે શસ્ત્ર ધારણ ન કરીએ

તો પણ બ્રાહ્મણો પોતાનું રક્ષણ કરવા સમર્થ નથી એમ નહિ; રાક્ષસોને શ્રાપથી તેઓ દગ્ધ કરી નાખવાને સમર્થ છે. પરંતુ સંપાદન કરેલાં સુકૃતોનો તેઓ એવો વ્યય કરતા નથી, ને તેથી જ અમારે તેમનું રક્ષણ કરવું ઘટે છે. (**વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૯–૪**) ત્યાંથી નીકળી પછી રામ પંચાપ્સર સરોવરે આવી પહોંચ્યા, ગાયનનો ધ્વનિ આવતો સાંભળી તેમને આશ્ચર્ય લાગ્યું તેથી ત્યાં પાસે જ રહેનાર ધર્મભૃત્ ઋષિને તે સંબંધી પુછતાં ઋષિએ માંડિકર્ણી ઋષિની કથા કહી સંભળાવી. (માંડિકર્ણી શબ્દ જુઓ)

ત્યાંથી નીકળી રામે, કોઈ ઠેકાણે દસ, કોઇ ઠેકાણે ચાર, કોઇ ઠેકાણે બે, તો કોઇ ઠેકાણે અડધો માસ, અથવા કોઇ ઠેકાણે વર્ષ એમ રહેતાં રહેતાં, અને જે જે રાક્ષસો મળ્યા તેમને મારતાં મારતાં પોતાનાં અરણ્યવાસનાં દસ વર્ષો કાઢ્યાં અને પાછા સુતીક્ષ્ણ ઋષિને આશ્રમે આવી તેની દક્ષિણે ચાર યોજન ઉપર અગસ્ત્ય ઋષિનો ભાઇ રહેતો હતો તેને મળ્યા. અગસ્ત્ય ઋષિને ભાઇ કયો, કયારે અને કેવી રીતે તેની ઉત્પતિ થઇ તેનો ઉલ્લેખ ગ્રંથમાં મળતો નથી. વિચાર કરી જોતાં પણ મિત્રા–વરૂણી, વસિષ્ઠ શિવાય એમને ત્રીજો ભાઇ જ નહોતો તેથી, આ લક્ષ્માણ કૃતક (કૃત્રિમ) જણાય છે. કોઇએ નવું પેસાડી દીધું હશે અથવા તો લેખકના પ્રમાદથી આવ્યું હશે. ત્યાંથી એક યોજન ઉપર અગસ્ત્ય ઋષિનો આશ્રમ હતો ત્યાં જવા રામ નીકળ્યા ને રસ્તામાં ચાલતાં ચાલતાં લક્ષ્મણને અગસ્ત્યનો સર્વ ઇતિહાસ કહી સંભળાવ્યો. આશ્રમ આગળ જતાં જ લક્ષ્મણે રામ આવ્યાના સમાચાર કહ્યા તે ઉપરથી ઋષિ બહાર આવ્યા ને રામને અંદર લઇ ગયા અને તેમનું તથા સીતાનું ઉત્તમ પ્રકારે આતિથ્ય કર્યું. અસ્ત્રોની પ્રાપ્તી કરી આપ્યા પછી તેમણે વિદાય કર્યા એટલે રામ પંચવટી તરફ ચાલ્યા. માર્ગમાં તેમને જટાયૂની ભેટ થઇ. (**વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૧૨–૧૪**).

રામ પંચવટીમાં રહેતા હતા ત્યારે શૂર્પણખાનાં પોતાના કર્મને પરિણામે કાન ને નાક છેદાયાં ને વિટંબણા પામી. (શૂર્પણખા શબ્દ જુઓ) પછી તે ખર નામના રાક્ષસ પાસે ગઇ. ખર તથા સઘળા સચિવ સાથે તેનું સૈન્ય રામને હાથે મરણ પામ્યું. (૧ ખર શબ્દ જુઓ). ખરના મરણ પામ્યા પછી તે લંકા ગઇ ને ખરાદિકોનો વધ અને પોતાની થએલી વિરૂપ દશાનું વૃતાંત રાવણને નિવેદન કર્યું. (શૂર્પણખા શબ્દ જુઓ).

આ ઉપરથી રાવણ મારીચ રાક્ષસ પાસે ગયો, અને તેની પાસે મૃગ રૂપ ધારણ કરાવડાવી, પોતે સંન્યાસીનો વેષ ધારણ કરી, રામ અને લક્ષ્મણને ક્રમે અરણ્યમાં લલચાવી લાવી, તેણે સીતાનું હરણ કર્યું. (પંચવટી શબ્દ જુઓ). (૪ મારીચ શબ્દ જુઓ.) રાવણ સીતાનું હરણ કરી જતો હતો તે વખત જટાયુએ એને દીઠો. આ પાપી આ દુષ્કર્મ કરે છે એ જોઇને જટાયુએ રાવણને ઘણી શિખામણ દીધી. પણ એણે ન માનતાં તેમની વચ્ચે યુદ્ધ થયું. છેવટે રાવણે જટાયુની પાંખ કાપી નાંખી સીતાને લઇને ચાલતો થયો. (**વા૦ રા૦ અ૦ સ૦ ૫૦–૫૨**). સીતાના હરણ થયા પછી રામ લક્ષ્મણ તેની શોધ કરવા નીકળ્યા. તેમણે રસ્તામાં મરણોન્મુખ થયેલો જટાયુ દીઠો. તેની પાસેથી, રાવણ સીતાને લઇ ગયો ને તેને લીધે મારી આ દશા થઇ ઇત્યાદિ વૃતાંત સાંભળી લીધું. (**વા૦ રા૦ અ૦ સ૦ ૬૭**) એટલે તેણે પ્રાણ છોડયા. આથી રામને અતિશય દુઃખ થયું ને તેમણે તેના દહનાદિ સંસ્કાર કર્યા (જટાયુ શબ્દ જુઓ). (**વા૦ રા૦ અ૦ સ૦ ૬૭**)

સીતાના હરણ થયા પછી રામ પુનઃ અગસ્ત્યાશ્રમ આવ્યા અને ત્યાં તેમણે ઋષિ પાસેથી શૈવી દીક્ષા ગ્રહણ કરી એવું પુરા-

ણમાં લખ્યું છે. કૈંચારણ્યની પૂર્વમાં મતંગ આશ્રમ તરફ જતાં જતાં રસ્તામાં અયોમુખી મળી તેને શાસન આપ્યું (અયોમુખી શબ્દ જુઓ) તથા કબંધ રાક્ષસને મારી તેનો ઉદ્ધાર કર્યો. (કબંધ શબ્દ જુઓ) પછી મતંગ આશ્રમે રામ ગયા ત્યાં શબરીએ તેમનું આતિથ્ય કર્યું. (શબરી શબ્દ જુઓ). તેનું આતિથ્ય ગ્રહણ કરીને ત્યાં આવેલા સપ્તસાગર તીર્થમાં બીજે દીવસે સ્નાન કર્યા પછી રામ, લક્ષ્મણ સહિત પંપા નામના સરોવરે આવ્યા. (**વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૭૫**) **અરણ્યકાંડ.**

પંપા સરોવરે રામ આવી પહોંચ્યા પછી તેમની અને લક્ષ્મણની વચ્ચે કાંઇ સીતા સંબંધી વાતચિત થઇ. તે પછી ત્યાંથી ચાલતાં ચાલતાં, અને માર્ગમાં કાંઇ કાંઇ વાતો કરતાં કરતાં ઋષ્યમૂક પર્વત સમીપ આવી લાગ્યા, એટલામાં સુગ્રીવે તેમને દુરથી જોયા; એટલે આ બે વીર કોઇ વાલી પક્ષના હશે એમ એને લાગવાથી તેને ભય ઉત્પન્ન થયો. (**વા૦ રા૦ કિષ્કિંધા૦ સ૦ ૧**) તેથી તેણે એઓ કોણ છે અને અહીં શા માટે આવે છે, ઇત્યાદિની ભાળ કહાડવા માટે મારુતીને ત્યાં મોકલ્યા. (સર્ગ ૨) રામ લક્ષ્મણ પાસે આવી તેમણે રામ સાથે એવું વિનયયુક્ત અને ચાતુરીભર્યું ભાષણ કર્યું કે જે સાંભળી રામ અતિશય પ્રસન્ન થયા અને બંધુ સહવર્ત્તમાન મારુતીના સ્કંધપર આરૂઢ થઇ ઋષ્યમૂક પર્વત પર સુગ્રીવ પાસે ગયા. ત્યાં જઇ પોતાનું દુઃખ કહી, એનું દુઃખ સાંભળી લઇ, એની સાથે અગ્નિ સમક્ષ રાખી સખ્ય કર્યું અને વાલીનો વધ કરવાની પ્રતિજ્ઞા કરી. (૨. સુગ્રીવ અને વાલી શબ્દ જુઓ) વાલીને મારી સુગ્રીવને રાજ્ય ઉપર સ્થાપી વર્ષાઋતુ આવી પહોંચતાં તે પુરી થાય ત્યાં સુધી રામ પ્રવર્ષણ અથવા માલ્યવાન નામના પર્વત પર રહ્યા. (**વા૦ રા૦ કિષ્કિંધા૦ સર્ગ૦ ૨૭**). શરદૃઋતુ આવી તોપણ સુગ્રીવ મળવા આવતો નથી એવું જોઇ રામે લક્ષ્મણને સુગ્રીવ પાસે મોકલ્યા. (સ૦ ૩૦) એ ઉપરથી સુગ્રીવ જે પહેલાંથી જ વાનર સૈન્ય તૈયાર કરવામાં ગુંથાયો હતો તે તત્કાળ રામને મળવા આવ્યો. (સ૦ ૩૮) અને તેણે સીતાની શોધ માટે નીલ, સુહોત્ર, શરારિ, શરગુલ્મ, ગજ, ગવાક્ષ, ગવય, વૃષભ, સુષેણ, મૈંદ, દ્વિવિદ, ગંધમાદન, ઉલ્કામુખ, જાંબવાન અને હનુમાન ઇત્યાદિ વાનરો અંગદને આપી તેને દક્ષિણ દિશા તરફ મોકલ્યો.

तेषामग्रेसर चैव व्रहद्बलमथाङ्गदम् ।
विधाय हरिवीराणामा दिशदक्षिणां दिशम्॥६॥
(**વા૦ રા૦ કિષ્કિંધા૦ સ૦ ૪૧**).

કિષ્કિંધાકાંડ.

અંગદ સઘળા વાનરોને લઇ દક્ષિણ દિશા તરફ ગયો. તે વેળા મારુતિ સમુદ્ર ઉલ્લંઘન કરી સીતાને મળ્યા અને રાવણ સાથે સંભાષણ વિગેરે કરી ત્યાંથી પાછા અંગદ પાસે આવી, અંગદ સહવર્તમાન રામને આવીને મળ્યા.

हनुमत्प्रमुखाश्चापि विश्रान्तास्ते प्लवङ्गमाः ।
अभिजग्मुर्हरीन्द्रं तं रामलक्ष्मण सन्निधौ ॥३१
(**ભા૨૦ વન૦ અ૦ ૨૮૩**)

તે રામને સીતાનું તેમ જ લંકાનું સઘળું વૃતાંત નિવેદન કર્યું (હનુમાન્ શબ્દ જુઓ).

સુંદરકાંડ.

સીતાની શોધ મારુતિ કરી લાવ્યા માટે રામે તેમનું સારા શબ્દો વડે સન્માન કર્યું. પછી મારુતિએ લંકા અને તે માંહેલા દુર્ગો વિગેરેનું વિસ્તારપૂર્વક વર્ણન રામને કહી સંભળાવ્યું. તે સાંભળી, નીલને સેનાપતિ નીમી, શુભ મુહુર્ત જોઇ રામચંદ્ર લંકા જવા નીકળ્યા અને ઉતાવળે સમુદ્ર તીરે આવી પહોંચ્યા. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧–૫**).

મારુતિ સીતાની શોધ કરી આવ્યા પછી

ત્યાં લંકામાં રાવણની સભામાં ઘણો જ વાદ-વિવાદ થયો. તેમાં વિભીષણ રાવણની વિરૂદ્ધ કાંઇ બોલ્યો, તેથી રાવણે તેનો અતિશય તિરસ્કાર કર્યો. આથી તે પોતાના અનલ, પનસ, સંપાતિ, અને પ્રમતિ એ ચાર રાક્ષસ અમાત્યોને સાથે લઇ સાગરને તીરે આવ્યો ને અંતરિક્ષમાં ઉભા રહી, હું તમારે શરણ આવ્યો છું એવી રામને વિનંતિ કરી; અને હું રાવણનો કનિષ્ઠ ભાઇ છું. મારૂં નામ વિભીષણ છે, એવું પણ કહ્યું. હમણાં હું શરણ આવ્યો તેનું કારણ એકે રામની સાથે વૈર મુકી દઇ તેમની સ્ત્રી સીતા તારે પાછી આપવી એવો મે રાવણને બોધ કર્યો. જે એને ન રુચવાથી તેણે મારો અતિશય તિરસ્કાર કર્યો. આ તેનું બોલવું સાંભળી તેને આશ્રય આપવો કે ન આપવો એ સંબંધિ સુગ્રીવ આદિ વિચાર કરવા લાગ્યા. તેવામાં મારુતિ બોલ્યા કે આ પ્રસન્નમુખ દેખાતો હોઈ રાવણ કરતાં રામનું સામર્થ્ય અધિક છે, એવો તેનો વાલિવધ ઉપરથી નિશ્ચય થયો હોય એમ જણાય છે; માટે એને આશ્રય આપવો, એવું મને લાગે છે. મારુતિનું આ બોલવું રામ અને સુગ્રીવાદિના મનમાં રુચ્યું તેથી રામે તેને અભય આપ્યું. અને બોલ્યા કે રાવણને મારી તને લંકાનો રાજા કરીશું; આ સાંભળી વિભીષણ અંતરિક્ષથી નીચે ઉતર્યો અને રામને કહ્યું કે રાવણના વધમાં હું પણ આપને સહાય કરીશ. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૭–૧૯).

આ પ્રમાણે વિભીષણને આશ્રય મળ્યો એટલામાં રાવણ તરફથી શુક નામનો દૂત આવ્યોને અંતરિક્ષમાં ઉભો રહી સુગ્રીવને કહેવા લાગ્યો કે તેને રાવણે સંદેશો કહાવ્યો છે કે મેં રામની સ્ત્રીનું હરણ કર્યું, પણ તે સાથે તારે કાંઇ પણ લેવા દેવા નથી. માટે તું તારૂં સૈન્ય લઇ કિષ્કિંધા પાછો ચાલ્યો જા; જે નહિ જાય તો વ્યર્થ પ્રાણ ખોઇશ. આ સાંભળી વાનરો તેને પકડી મારવા લાગ્યા, એટલે તેણે રામની પ્રાર્થના કરી તે ઉપરથી વાનરોએ તેને છોડ્યો. એટલે પુનઃ તેણે સુગ્રીવને એ જ વાત કહી પુછ્યું કે રાવણને તારા તરફથી શો ઉત્તર દઉં ? સુગ્રીવે ઉત્તર વાળ્યો કે રાવણને એમ કહેજે કે મારો ભાઈ દુષ્ટ હોવાથી જેમ પ્રાણમુક્ત થયો, તેવી જ તારી ગતિ થશે.

न मेऽसि मित्रं न तथानुकम्प्यो
न चोपकर्तासि न मे प्रियोऽसि ।
अरिश्च रामस्य सहानुबन्धस्ततोऽसि
वालीव वधार्ह वध्यः ॥ २३ ॥
(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૨૦).

એ સાંભળી શુક લંકા પાછો ગયો.

શુકના ગયા પછી રામ, સમુદ્ર ઉતરવાનો ઉપાય શોધવા લાગ્યા. એ ઉપરથી સમુદ્રે મૂર્તિમાન થઇ રામને કહ્યું કે નલવાનર વિશ્વકર્માના અંશથી જન્મેલો છે. તેની પાસે સેતુ બંધાવી લંકા જાઓ. એટલું કહી સમુદ્ર અલોપ થયો. એટલે રામે નલને સેતુ બાંધ-આજ્ઞા કરી. નલે દસ યોજન પહોળાઇનું માપ રાખી, પ્રથમ દિવસે ચૌદ યોજન, અને બીજા દિવસથી તે પાંચમા દિવસ સુધીમાં ક્રમે, વીસ, એકવીસ, બાવીસ, તેવીસ મળી સો યોજન લાંબો એવો સેતુ બાંધ્યો. તે જોઇ રામે સકળ સૈન્ય સહિત લંકા તરફ પ્રયાણ કર્યું અને સુવેલાચળ સમીપ લશ્કરનો પડાવ નાંખી ત્યાં રહ્યા. (ભા૨૦ વન૦ અ૦ ૨૮૩–૨૮૪). (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૨૧–૨૪)

સૈન્ય સહિત રામે સુવેલાચલ પાસે પડાવ નાંખ્યા પછી, રાવણ તરફથી શુક, સારણ, શાર્દૂલ ઇત્યાદિ રાક્ષસો ગુપ્તપણે આવી વાનર વેષે સૈન્યમાં ભળી જઇ, સૈન્યની ગણતરી કરવા લાગ્યા. આ વાતની વિભીષણને જાણ થવાથી તેણે તેમને વાનરો પાસે તત્કાળ પકડાવ્યા. તેથી તેઓ શરણે આવ્યા. અને લંકા પાછા ગયા. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૨૫–૨૮). પછી રામ, પોતાની સેનામાં પૂર્વાદિ

દિશાને ક્રમે દ્વારોની યોજના કરી, વ્યવસ્થા કરી સુવેલ પર્વતપર ચડ્યા, અને તેમણે લંકાના ઐશ્વર્યનું અવલોકન કર્યું (સ૦ ૩૭–૩૯). એ સંધીમાં રાવણ ગોપુરપર ચડ્યો છે, એ સુગ્રીવે જોવાથી તે ઉડીને તેની પાસે ગયો ને ત્યાં જ તેની સાથે થોડું યુદ્ધ કરી પાછો ફર્યો. (સ૦ ૪૦).

પછી રાજનીતિને અનુસરી અને વિભીષણનું અનુમોદન લઇ, રામે સામ કરવા માટે અંગદને રાવણ પાસે મોકલ્યો. (વા૦ રા૦ યુ૦ સ૦ ૪૧). તેણે રાવણને અનેક પ્રકારનો બોધ કર્યો પરંતુ તે કાને ન ધરતાં, રાવણે ચાર રાક્ષસોને અંગદને પકડવાનો હુકમ કર્યો. તેને પકડતાં જ રાક્ષસો સાથે અંગદ અંતરિક્ષમાં ઉડ્યો અને શરીર ઝટકારતાં રાક્ષસો નીચે પડ્યા ને મરણ પામ્યા. આ વસ્તુસ્થિતિ જોઇ, એટલે રાવણના મહેલનું શિખર તોડી પાડી તે રામ તરફ પાછો વળ્યો. અને સામ થશે નહિ એવું રામને કહ્યું. આથી રામે યુદ્ધની તૈયારી કરાવી અને યુદ્ધનો આરંભ થયો.

યુદ્ધના આરંભકાળે રાક્ષસો અને વાનરોમાં કેટલાંકનાં પરસ્પર દ્વંદ્વ યુદ્ધ થયાં. અંગદનું ઇંદ્રજિત સાથે, પ્રજંઘનું સંપાતિ સાથે, (આ સંપાતિ તે વિભીષણનો અમાત્ય નહિ), હનુમંતનું જંબુમાલી સાથે, નલનું પ્રતપન સાથે, સુગ્રીવનું પ્રઘસ સાથે, એમ દ્વંદ્વ યુદ્ધ થયાં, તેમાં ઇંદ્રજિત શિવાય ઇતર રાક્ષસો પોતાના પ્રતિપક્ષીને હાથે મરાયા. લક્ષ્મણે વિરૂપાક્ષને, રામે અગ્નિકેતુ, રશ્મિકેતુ. મિત્રઘ્ન અને યજ્ઞકોપને, મૈંદે વજ્રમુષ્ટિને, નીલે નિકુંભને, દ્વિવિદે અશનિપ્રભને, સુષેણે વિદ્યન્માલીને અને ગજ વાનરે તપનને એમ યોદ્ધાઓને માર્યા. (વા૦ રા૦ યુ૦ સ૦ ૪૩). આ પ્રમાણે થોડું યુદ્ધ થયા પછી સાયંકાળે યુદ્ધ બંધ રહ્યું; પરંતુ રાક્ષસોએ પુનઃ યુદ્ધનો આરંભ કર્યો. તેમાં યજ્ઞશત્રુ, મહાપાર્શ્વ, મહોદર, વજ્રદંષ્ટ્ર, શુક અને સારણ, રામ સામે યુદ્ધે આવ્યા અને પરાભવ પામી લંકા પાછા ગયા. ઇંદ્રજિત્ અંગદ સાથે યુદ્ધ કરતાં પરાભવ પામ્યો એટલે અદૃશ્ય થયો; અને તેણે રામ લક્ષ્મણને નાગપાશ વડે બાંધી લીધા. આ જોઇ દસ વાનરો તેના ઉપર ધસ્યા, પણ તે અદૃશ્ય હોવાથી ન પકડાતાં તેણે સુષેણ, નીલ, અંગદ, શરભ, દ્વિવિદ, મારુતિ. સાનુપ્રસ્થ, ઋષભ અને ઋષભસ્કંધ ઇત્યાદિ વાનરોને મૂર્છિત કર્યા; અને પોતે લંકા જઇ રાવણ આગળ પોતાના પરાક્રમનું વર્ણન કરવા લાગ્યો. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૪–૪૫).

રામ લક્ષ્મણ મૂર્છિત પડ્યા છે, તેમને સાજા કરવા માટે વિભીષણાદિક વિચાર કરે છે, એટલામાં સ્વતઃ ગરુડે આવી તેમને સાવધ કર્યા (સ૦ ૪૬–૫૦). બીજે દિવસે યુદ્ધ થતાં તેમાં રાવણના સચિવ ધૂમ્રાક્ષને મારુતિએ માર્યો. (સર્ગ૦ ૫૧–૫૨) ત્રીજે દિવસે અંગદે વજ્રદંષ્ટ્ર ઇત્યાદિને માર્યા (સર્ગ૦ ૫૩–૫૪). ચોથે દિવસે મારુતિએ અકંપન ઇત્યાદિ રાક્ષસોને માર્યા. (સ૦ ૫૫–૫૬) પાંચમે દિવસે નીલે રાવણના મુખ્ય પ્રધાન પ્રહસ્તને માર્યો. (સ૦ ૫૭–૫૮) છઠ્ઠે દિવસે અકંપન, ઇંદ્રજિત્, અતિકાય, મહોદર, પિશાચ, ત્રિશિરા, કુંભ, નિકુંભ અને નરાંતક ઇત્યાદિ મહાન મહાન રાક્ષસ યોદ્ધાઓ સાથે રાવણ પોતે યુદ્ધમાં આવતાં, વિભીષણે રામને આવેલા યોદ્ધાઓનો રાવણ સાથેનો સંબંધ કહી જણાવ્યો કર્યા. એ ઉપરથી તેનું ઐશ્વર્ય અને સંપતિ ઇત્યાદિ જોઈ રામને આશ્ચર્ય થયું. એટલામાં સુગ્રીવ. ગવાક્ષ, ઋષભ, જ્યોતિર્મુખ, સુષેણ ઇત્યાદિ વાનરો સૈન્ય પર તુટી પડ્યા. અને રાવણનું અને મારુતિનું કિંચિત્ મુષ્ટિયુદ્ધ થઇ, નીલનું પણ તેની સાથે યુદ્ધ થયું. પછી રામની આજ્ઞા લઇ લક્ષ્મણ રાવણ સાથે યુદ્ધ કરવા લાગ્યા. ઘણું ભયંકર યુદ્ધ થવા લાગ્યું. પણ લક્ષ્મણ રાવણથી ડગતો નથી એવું જોઇ ક્રોધે ભરાઇ રાવણે

તેના ઉપર બ્રહ્માએ આપેલી શક્તિ નાંખી. એને લીધે લક્ષ્મણ મૂર્છા ખાઇ પડયા, એવું દેખી તેમને ઉચકી લંકામાં લઇ જવાના ઇરાદાથી રાવણ તેમની પાસે જઇ ઉચકવા લાગ્યો, પણ તેનાથી લક્ષ્મણને ઉચકાય નહિ. એટલામાં મારુતિએ આવી રાવણને એવો તો પ્રબળ મુષ્ટિપ્રહાર કર્યો કે તે ધુંટણ ભેર ભૂમિપર પડયો. તેના મુખમાંથી લોહી પડતાં પડતાં તે મૂર્છિત થઇ પડયો. એ સંધિમાં મારુતિએ લક્ષ્મણને ઉચકી લઇને રામ પાસે આણ્યા. એ જોઇ ક્રોધે ભરાઇ રામે, રાવણ સાવધ થતાં જ તેનો મુગટ છેદી તેને ભૂમિપર પાડયો અને તેની એટલી નિર્ભર્ત્સના કરી કે તે હતદર્પ (માનભંગ) થઇ લંકામાં પેશી ગયો. (વા૦ રા૦ યુ૦ સ૦ ૫૬).

રાવણે લંકા જઈ કુંભકર્ણને જાગૃત કર્યો. તેને ઉઠીને લંકામાં રાવણની સભામાં જતો જોઇ વાનરો ભયભીત થયા. એટલામાં રામે વિભીષણને આ કોણ, એમ પુછતાં તેણે કુંભકર્ણના જન્મથી માંડી સવિસ્તર વૃતાંત અને તેનું સામર્થ્ય ઇત્યાદિ રામને કહી, આ કુંભકર્ણ એમ કહેતાં જ નીલને સેનાની બરોબર વ્યવસ્થા રાખી યુદ્ધ કરવા તૈયાર થવાની આજ્ઞા રામે કરી. (સ૦ ૬૧). પછી રાવણની સભામાં જઈ તેની સાથે વાત કર્યા પછી કુંભકર્ણ યુદ્ધે ચડયો. અને તે રામને હાથે મૃત્યુ પામ્યો. (કુંભકર્ણ શબ્દ જુઓ).

સાતમે દિવસે દેવાંતક, નરાંતક, ત્રિશિરા, અતિકાય એ રાવણના ચાર પુત્રો અને મહાપાર્શ્વ ને મહોદર એ બે સાપત્ન (ઓરમાન) ભાઇ રાવણ તરફથી યુદ્ધે આવ્યા અને સર્વે યુદ્ધ કરી મરણ પામ્યા. (વા૦ રા૦ યુ૦ સ૦ ૬૮–૭૧).

આઠમે દિવસે ઇંદ્રજિત્ અદૃશ્ય રૂપે યુદ્ધે ચડયો ને એક પ્રહરમાં સડસઠ કોટિ વાનરોને મારી, રામ લક્ષ્મણને મૂર્છિત કરી, લંકામાં પ્રવેશ કર્યો. (વા૦ રા૦ યુ૦ સ૦ ૭૩). રાત પડતાં, વિભીષણ અને મારુતિ હાથમાં બળતાં લાકડાં લઇ (ઉલ્કા) સૈન્યમાં કોણ કોણ મૂર્છિત પડયું છે, ને કોણ શુદ્ધિમાં છે તે જોવા લાગ્યા. જોતાં જોતાં જાંબવાન્ પડયો હતો તેને તેમણે જોયો. અને તેણે પણ આ લોકોને જોયા, ત્યારે જાંબવાને મારુતિને કહ્યું કે તું સત્વર હિમાલયના ઋષભ નામના શિખર ઉપર જા અને તેના ઉપરથી સંજીવની, વિશલ્યકરિણી, સુવર્ણકરિણી અને સંધાની, એ ચાર ઔષધિ લઇ આવ. મારુતિ તે લઇ આવ્યા અને તેને યોગે રામ લક્ષ્મણ અને સર્વ સૈન્ય સજીવ થયું. (વા૦ રા૦ યુ૦ સ૦ ૭૪).

નવમે દિવસે સુગ્રીવની આજ્ઞાથી ઘણા વાનરો લંકામાં ઘુસી જઈ લંકાનો વિધ્વંસ કરવા લાગતાં, રાવણની આજ્ઞાથી કુંભ અને નિકુંભ (કુંભકર્ણના પુત્રો), યૂપાક્ષ, શોણિતાક્ષ, પ્રજંઘ અને કંપન ઇત્યાદિ રાક્ષસો તેમની સાથે યુદ્ધે વળગ્યા ને પરિણામે મરાયા. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭૫–૭૭). આ મરાયા એટલે મકરાક્ષ યુદ્ધે આવ્યો તેને પણ રામે માર્યો. (સ૦ ૭૮–૭૯).

બિજે દિવસે ઇંદ્રજિત્ યુદ્ધે ચડયો. અને ઘણા વાનરોને મારી, માયામય સીતા પ્રગટાવી વાનરોને દેખાડી તેનો વધ કર્યો. અને ત્યાંથી નીકળી, નિકુંભિલા જોડે ગુપ્ત હવનનો આરંભ કર્યો. તે વાત વિભીષણે રામને જણાવી, યજ્ઞનો ભંગ કરવા લક્ષ્મણને મોકલ્યા. ત્યાં લક્ષ્મણે ઇંદ્રજિત્ને માર્યો. (૧ ઇંદ્રજિત્ જુઓ) ઇંદ્રજિત્ના મરણ પામ્યા પછી જે વાનરો યુદ્ધમાં મરણ પામ્યા હતા તેમને અને કેટલાક મૂર્છિત થયા હતા એ સર્વેને સુષેણે (વાનરોના વૈદ્યે) પૂર્વોક્ત ઔષધિના યોગે કરીને સજીવ અને આરોગ્ય કર્યા. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૮૨). તે પછી રાવણે કેટલુંક સૈન્ય યુદ્ધમાં ઉતાર્યું, ત્યારે રાત્રે એવો ચમત્કાર કર્યો કે, રાક્ષસોને એક ક્ષણે એક અને બીજી ક્ષણે સહસ્રાવધિ રામ દેખાડયા. આ ઉપરથી રાક્ષસો શંકાશીલ બની ચકિત સરખા જોતા

ઉભા છે એટલામાં એક મુહુર્તમાં દસ સહસ્ર રથ, અડસઠ સહસ્ર ગજ, ચૌદ સહસ્ર અસ્વાર, અને કેટલાએ પદાતિઓનો નાશ કરી બાકીનાઓને રણક્ષેત્રમાંથી નસાડયા. (સ૦ ૯૪).

યુદ્ધમાં ગએલા કેટલાક રાક્ષસો મરણ પામ્યા ને કેટલાક ભ્રમિષ્ટ થઇ પાછા આવેલા જોઇ રાવણ જયશ્રીના લોભે કરી ગુપ્ત રૂપે હવન કરવા બેઠો; પરંતુ તેમાં વાનરોએ વિઘ્ન નાંખ્યાથી, ક્રોધે ભરાઇ તેમાંથી ઉઠી મહોદર, મહાપાર્શ્વ અને વિરૂપાક્ષને લઇ ઘણા સૈન્ય સહીત યુદ્ધમાં ઉતર્યો. (સ૦ ૯૫–૯૬). તેમાં સુગ્રીવે વિરૂપાક્ષ અને મહોદરને, અને અંગદે મહાપાર્શ્વને માર્યો. (સ૦ ૯૭–૯૮). હવે રાવણ રામ સામો આવ્યો ને બન્નેનું તુમુલ યુદ્ધ મચ્યું. તેમાં રાવણે વિભીષણ ઉપર એક શક્તિ ફેંકી જોને અધવચથી જ લક્ષ્મણે ત્રિધા ખંડિત કરી તેથી ક્રોધે ભરાઇ રાવણે પુનઃ મયાસુરની આપેલી શક્તિ વિભીષણ ઉપર છોડી, તેનું પણ નિવારણ કરવા પુનઃ લક્ષ્મણ વચ્ચે પડતાં તે મહાભયંકર શક્તિ તેમના વક્ષસ્થળ પર પડી ને તે ભૂમિપર પડયા. તેમને પડેલા જોઇ રાવણ લંકામાં આવ્યો. (સ૦ ૧૦૦–૧૦૧) અહીં સુષેણે લક્ષ્મણને પુનઃ સજીવ કરી, સર્વ વાનરોને પણ તેમનાં બાણ વિગેરે કહાડી દુઃખમુક્ત કર્યા. (સ૦ ૧૦૨).

લક્ષ્મણ સાવધ થયા અને સર્વ વાનરો પણ શલ્ય રહિત થયા સાંભળી રાવણ નિરાશ થયો અને કુંભકર્ણ, ઇંદ્રજિત્ વિગેરે મોટા મોટા વીરોને સંભારી શોક કરવા લાગ્યો; પણ પછીથી ધીર ધરી યુદ્ધ કરવા આવી ઉભો. રણાંગણમાં આવવાનો રાવણનો આ છેલ્લો જ દિવસ છે એવું જાણી ઇંદ્રે તે દિવસે માતલિને આજ્ઞા કરી કે તું સત્વર રથ લઇ રણમાં જા અને રામને તેમાં બેસાડ. માતલિ રથ લઇને આવતાં રામ તેમાં બિરાજ્યા અને તે દિવસે તેમનું અને રાવણનું ઘોર યુદ્ધ થયું. (સ૦ ૧૦૩). રાવણના સારથીએ, રાવણને રથમાં ભ્રમિષ્ટ થએલો જોઇ, રણમાંથી રથ પાછો ફેરવ્યો, આથી ક્રોધે ભરાઈ રાવણે પુનઃ રામ સંમુખ પોતાનો રથ અણાવ્યો.

ततो द्रुतं रावणवाक्यचोदितः
प्रचोदयामास हयान्स सारथिः ।
स राक्षसेन्द्रस्य ततो महारथः
क्षणेन रामस्य रणाग्रतोऽभवत् ॥ २७ ॥
(સ૦ ૧૦૪–૧૦૫).

રામ સાથે યુદ્ધ કરવા આવતાં રાવણને અપશુકનો થવા લાગ્યા તેની ગણના ન કરતાં તેણે યુદ્ધનો આરંભ કર્યો. અહિં રામે પણ માતલિને સાવધાનતાથી સારથ્ય કરવાની સૂચના કરી. (સ૦ ૧૦૭). ઉભયનું યુદ્ધ આરંભાયું. રામે પ્રથમ રાવણના રથની ધજા તોડી પાડી તેનાં શિર ઉરાડવાનો આરંભ કર્યો. પરંતુ જેવું એક શિર છેદાય કે પુનઃ બીજું ઉત્પન્ન થાય, એ છેદી નાંખે કે પુનઃ પાછું ઉત્પન્ન થાય. આમ સો વાર પુનઃ પુનઃ શિર ઉત્પન્ન થતાં જોઇ રામે અગસ્ત્ય ઋષિએ આપેલા બાણનો ઉપયોગ કરી રાવણનું હૃદય વેધ્યું. અને તે વિંધાતાં જ રાવણ ગતપ્રાણ થઈ ભૂમિ પર પડયો. પડતાં જ સ્વર્ગમાં દુંદુભિ નાદ થવા લાગ્યો, અને રામપર દેવોએ પુષ્પ વૃષ્ટિ કરી. (સ૦ ૧૧૦)

ततः ससर्ज तं रामः शरमग्नितिमौजसम् ।
रावणान्तकरं घोरं ब्रह्मदण्डमिवोद्यतम् ॥२९॥
मुक्तमात्रेण रामेण दूराकृष्टेन भारत ।
स तेन राक्षसश्रेष्ठः सरथः साश्वसारथिः ।
ह्रज्ज्वाल महाज्वालेनाग्निनाभिपरिप्लुतः ॥३०॥
(ભા૨૦ વન૦ અ૦ ૨૮૧)

રાવણના મૃત્યુથી વિભીષણને અનિવાર દુઃખ થયું. તેનું સાંત્વન કરી રામે રાવણની ઉત્તરક્રિયા કરવાની તેને આજ્ઞા કરી. (સ૦ ૧૧૧). એટલામાં મંદોદરી ઇત્યાદિ સ્ત્રીઓ રણભૂમિ ઉપર આવી શોક કરવા લાગી. રામે તેમનું સાંત્વન કરી તેમને લંકા મોકલી. (સ૦ ૧૧૨–૧૧૩). રાવણનું ઉત્તરકાર્ય થઈ

રહ્યા પછી રામે વિભીષણને રાજ્યાભિષેક કરવાની આજ્ઞા લક્ષ્મણને કરી, અને રાવણના મૃત્યુના સમાચાર સીતાને જણાવવા મારુતિને ત્યાં મોકલ્યા. (સ૦ ૧૧૪).

મહાત્મા રામે, જેને સીતા પાસે જઇ સંદેશો કહેવાની આજ્ઞા આપી હતી એવો વાયુપુત્ર હનૂમાન, રાક્ષસોથી પૂજાતો અને જય જયના શબ્દ સાંભળતો ઉતાવળો લંકાપુરીમાં ગયો. ત્યાં જઇ વિભીષણની આજ્ઞા લઇ, જ્યાં સીતાને રાખવામાં આવી હતી, તે નાના પ્રકારનાં વૃક્ષોવાળી સુન્દર અશોકવાટિકામાં ગયો. સીતાએ જાણ્યું કે હનૂમાન આવ્યો છે. ત્યાં હનૂમાને સ્નાનાદિક સંસ્કાર રહિત, ગ્રહથી પીડાતી રોહિણીની પેઠે, રાક્ષસીઓમાં બેઠેલી આનંદ રહિત સીતાને એક વૃક્ષ નીચે બેઠેલી જોઇ. તેની પાસે જઈ હનૂમાને વંદન કર્યું અને નમ્ર થઇ મસ્તક નમાવ્યું. પછી સીતાદેવી મોટા બળવાળા હનૂમાનને જોઇ બહુ આનંદ પામ્યાં, પણ હર્ષાવેશથી તેમના મોંમાંથી એક પણ શબ્દ નિકળી શકયો નહિ.

પછી સીતાનું સૌમ્ય મુખ જોઇને કપિવર હનૂમાને તેમને રામે કહેલાં વચનો કહ્યાં કે, "હે વૈદેહિ! લક્ષ્મણ તથા સુગ્રીવની સાથે રામ કુશળક્ષેમ છે. આજે તેમણે શત્રુને જીત્યો છે અને પોતાનો અર્થ સિદ્ધ કર્યો છે. હે દેવિ! કપિયો અને લક્ષ્મણ તથા વિભીષણની સહાયથી રામે રાવણને માર્યો છે, એ વૃત્તાંત હું તમને પ્રસન્ન કરવા માટે કહું છઉં 'હે દેવી! વળી તમારા પાતિવ્રત્યના પ્રભાવથી રામે યુદ્ધમાં મહાવિજય મેળવ્યો છે. તેમણે શત્રુને હણ્યો છે અને લંકા જેવી પુરીને સ્વાધીન કરી છે. હે સીતે! હવે તમે પરિતાપ છોડી દો; અને સ્વસ્થ થાઓ! તમારા શત્રુનો પરાજય કરી, તમને પાછાં લાવવાની જે પ્રતિજ્ઞા કરી હતી તે આજ સફળ થઇ છે. રામે મહાસમુદ્રમાં સેતુ બાંધીને તે પ્રતિજ્ઞા સફળ કરી છે. તમે હવે શત્રુવશ છો એમ માનતાં નહિ. કારણ કે હવે તો આ લંકાપુરી તથા સર્વ ઐશ્વર્ય મહાત્મા વિભીષણના હાથમાં આવ્યું છે. હે દેવિ! તમે શાન્ત થાઓ, આનંદ પામો અને માનો કે તમે પોતાના ઘરમાં જ છો. હમણાં વિભીષણ રાયજી પણ હર્ષ પામતા તમારૂં દર્શન કરવા આવશે.

જ્યારે ચન્દ્રમુખી સીતાને હનુમાને આમ કહ્યું, ત્યારે હર્ષથી તે ગદ્‌ગદિત થઇ ગઇ. તે કાંઇ બોલી શકી નહિ. પુનઃ કપિવર હનુમાને તેમને કહ્યું કે:— હે દેવિ! તમે શો વિચાર કરો છો? શા માટે મારી સાથે બોલતાં નથી?

હનૂમાનનાં ફરી કહેલાં વચન સાંભળી અત્યંત પ્રસન્ન થઇ, અશ્રુ વડે ગદ્‌ગદિત થએલી વાણીવડે સીતાજી બોલ્યાં કે:—હે સૌમ્ય! સ્વામીના વિજયની વાત સાંભળીને હર્ષ પામેલી જે હું, તેનાથી શી રીતે બોલાય? માત્ર હર્ષને લીધે જ મારાથી બોલાતું નથી એમ નહિ, પણ હે હનૂમાન! વધામણીમાં તને આપવા યોગ્ય મારી પાસે કાંઇ વસ્તુ નથી, એ વિચારથી પણ મારાથી બોલી શકાતું નથી. એ હનૂમાન! હું આ પૃથ્વીમાં તને આપવા જોગ કાંઇ પણ જોતી નથી, જે આપીને તારી આ વધામણીનો બદલો વાળું. હે વીરા! વધામણીમાં આપવા યોગ્ય તો ખરેખર મારી પાસે કાંઇ જ નથી. આ સુવર્ણ, રત્ન અને ત્રિલોકનું રાજ્ય પણ, તેં આપેલા વધામણીનાં બદલામાં આપવા સારુ પૂરતું નથી.

સીતાના આ વચન સાંભળી, વાનરોમાં શ્રેષ્ટ હનૂમાન, સીતા સામે હાથ જોડીને બોલ્યા કે—હે સુન્દરી! સ્વામીના જ વિજયને લીધે હર્ષ પામનાર તમે, મારા ઉપર આટલા બધા સ્નેહથી જુવો છો અને આવાં સ્નેહયુક્ત વચનો કહો છો એ જ વધામણીને યોગ્ય પારિતોષિક હું માનું છઉં? હે દેવિ! તમારાં આવાં વચન સાંભળવાને હું ભાગ્યવંત થયો

છું, એ રત્નના ભંડાર તથા સ્વર્ગના રાજ્યથી પણ વિશેષ છે; અને શત્રુ રહિત થએલા રામને તમે સ્થિર થએલા જુઓ છો તેથી દેવરાજ્યાદિક ગુણો સ્વતઃ મને પ્રાપ્ત થયા છે, એમ જ હું માનું છઉં. પછી જનકરાયની પુત્રીએ હનૂમાનને પુનઃ શુભ વચનો કહેવા માંડ્યાં કે:—હે હનૂમાન! લક્ષણવાળાં, વ્યાકરણયુક્ત, મધુર ગુણથી અલંકૃત અને આઠે અંગવાળી ભાષાને યોગ્ય વચન બોલનારમાં તું ચતુર છે. તું વાયુનો પ્રશંસા કરવા જોગ પુત્ર છે. વળી હે હનુમાન! બળ, શૌર્ય, શ્રુત, સત્વ, પરાક્રમ, દક્ષતા, તેજ, ક્ષમા, ધીરજ, સ્થૈર્ય અને વિનય એવા ઘણા અમુલ્ય ગુણ તારામાં વસેલા જોઈ, મને ઘણો આનંદ થાય છે.

પછી હનૂમાને, ઘણા જ વિનયથી, બે હાથ જોડી સીતા દેવીની સન્મુખ ઉભા રહી કહ્યું કે, હે દેવિ! આ રાક્ષસીઓ, જેમણે તમને પૂર્વે ઘણાં દુઃખ દીધાં છે તેમને, જો તમે આજ્ઞા આપો તો, હું સત્વર યમને દ્વાર પહોંચાડી દઉં. હે દેવિ! પતિને દેવ માનનાર આપને, રાવણની આજ્ઞાથી આ ક્રૂરકર્મા, દુષ્ટાચરણા, ભયંકરા, સ્વભાવથી જ ક્રૂર અને કદરૂપી રાક્ષસીઓએ જે જે કઠોર વચનો કહીને અનેક વાર સંતાપેલાં છે, તે હું સારી પેઠે જાણું છઉં. માટે હે દેવિ! આ ક્રૂરકર્મા અને તમને દમનાર રાક્ષસીઓને આજ હું મુષ્ટિપ્રહારથી, લાતથી, જંઘા અને ઘુંટણના મારથી, દાંતથી અને નખથી કચરી, કરડી નાંખીને મારી નાંખવાની ઇચ્છા રાખું છઉં.

હનૂમાનને આમ બોલતો સાંભળીને, દીન થઈ ગએલી પણ દીનવત્સલા સીતા દેવીએ, મુહુર્તભર વિચાર કરીને કહ્યું—હે કપિવર! રાજાની આજ્ઞાને વશ થઇ રહેલી આ દાસીઓ શુભ વા અશુભ, સારૂં કે માઠું જે કાંઇ કાર્ય કરે, તેને માટે તેમના પર કોપ કરવો કેમ યોગ્ય કહેવાય? એતો રાવણની આજ્ઞાથી જ મને દુઃખ દેતી હતી, સ્વેચ્છાથી નહિ. જે દુઃખ મને પડ્યાં છે, તે મારા કર્મના દોષ વડે જ પડ્યાં છે. મનુષ્ય પોતે કરેલાં કર્મનાં ફળને ભોગવે છે જ. હે મહાબાહો! સર્વથી દૈવગતિ જ બળવાન્ છે. રાવણની આ દાસીઓએ મને દુઃખ દીધું છે, તે મારા કર્મના પરિપાકના ફળથી જ મને પ્રાપ્ત થયું હતું, એમ હું માનું છઉં. એ હનૂમાન! કાળ બળને જ બળવત્તર માનતી એવી હું, તેમના દોષને ક્ષમા કરૂં છું. હે વાયુપુત્ર! આ રાક્ષસીઓ રાવણની આજ્ઞાથી મારો તિરસ્કાર કરતી હતી- પણ હવે રાવણ હણાયાથી તેઓ મને જરાએ તુચ્છકારતી નથી. હે કપિ! કોઇ એક વ્યાઘ્રને કોઇ એક ઋક્ષે જે પ્રાચીન અને ધર્મયુક્ત શ્લોક કહ્યો હતો તે તું સાંભળ

न परः पापमादत्ते परेषां पापकर्मणां
समयो रक्षितव्यस्तु संतश्चारित्रभूषणाः॥

મનને ઉદ્દેશી જે માણસ પાપ કર્મ કરે છે તેના પ્રત્યુપકારને ડાહ્યા માણસો ગ્રહણ કરતા નથી. અપકાર પર અપકાર કરવો યોગ્ય નથી; કારણ કે સદાચાર એ જ સાધુ પુરુષનું ભૂષણ છે.

હે શૂર! પાપી, અશુભ કર્મ કરનાર અને વધ્ય ઉપર પણ દયા રાખવી એ સંતનું કામ છે; કારણ અપરાધ સૌ કરે છે એમ જાણી દયા રાખવી. હિંસા કરવી, ક્રૂર થવું, અને પાપ કરવું એતો રાક્ષસોનો સ્વાભાવિક ધર્મ જ છે. માટે તેઓ પાપ કરે, પણ તેમનું અશુભ આપણે કરવું નહિ, એ મનુષ્યનો ધર્મ છે.

સીતાદેવીનાં પરમ સારરુપ આવાં નિર્મળ વચન સાંભળી, વાક્‌ચતુર હનુમાને કહ્યું કે રામની ગુણવાન અને ધર્મપત્ની સીતાના મુખમાં આવાં વચન યોગ્ય જ છે. હે દેવિ! હવે મને આજ્ઞા આપો કે હું પાછો રામ પાસે જાઉં.

સીતાએ હનૂમાનનાં વચન સાંભળી કહ્યું કે, હે હનુમાનૂ! મારા મનમાં ભક્તનું પાલન કરનાર રામભદ્રનાં દર્શન કરવાની ઇચ્છા છે. ત્યારે વાયુપુત્ર બુદ્ધિમાન્ હનૂમાન સીતાદેવીને

હર્ષ પમાડતા બોલ્યો કે જેમ શત્રુવિદારી, મિત્રને સ્થિર કરી આવેલા ઇંદ્રને શચી જુવે, તેમ જેણે શત્રુનો નાશ કરી મિત્રોને સ્થિર કર્યા છે એવા લક્ષ્મણ સહિત પૂર્ણ ચંદ્રાનન રામનાં આજ તમને દર્શન થશે. પછી વાયુકુમાર ત્યાંથી નિકળી ચાલ્યા. (વા૦ રા૦ યુ૦ સ૦ ૧૧૩)

સર્વ ધનુંધારીઓમાં શ્રેષ્ટ અને કમળપત્ર જેવા નેત્રવાળા રામને પ્રણામ કરીને, હનુમાને કહ્યું કેઃ—મહારાજ! જેના નિમિત્તે સેતુબંધ અને રાવણવધાદિ ઉદ્યોગ કર્યો, તેના ફલોદયરૂપ, શોક સંતાપ પામેલી સીતાને હવે મળવું આપને ઉચિત છે; કેમકે અશ્રુપૂર્ણ નેત્રવાળાં રાક્ષસીઓથી પરિવૃત્ત મૈથિલી આપનો વિજય સાંભળી આપના દર્શન સારુ ઉત્સુક થઇ રહ્યાં છે. આપનો સંદેશો લઇ હું એમની પાસે ગયો ત્યારે જ તેમણે મને કહ્યું કે હવે હું મારા સ્વામીનાં દર્શન કરવા ઇચ્છું છઉં. અને એમ કહેતાં કહેતાં તો તેઓ સજળ નેત્રવાળાં થઇ ગયાં હતાં.

જ્યારે હનૂમાને સીતાના મેળાપ પછીનું આ તેનું વર્તમાન રામને નિવેદન કર્યું, ત્યારે ધર્માચરણ કરનારાઓમાં શ્રેષ્ટ રામનાં નેત્ર પણ પાણીથી ભરપૂર જણાયાં. તો પણ ક્ષણભર વિચારમાં પડી ગયા. તેમના મનમાં આવ્યું કે, પરગૃહમાં રહેલી સિતાનો અંગીકાર કરવાથી લોકાપવાદ તો નહિ લાગે? તેમ જો હું તે નિરપરાધીનો ત્યાગ કરીશ. તો તેનો દોષ પણ નહિ લાગે? હવે કરવું શું, એવા વિચારથી તેઓ શાંત થઇ મૌન ધરી રહ્યા.

પછી નિશ્વાસ મૂકી નીચું જોઈ, રામે પોતાની પાસે ઉભેલા વિભિષણને, મેઘ સમાન ગંભીર વાણી વડે કહ્યું કે, હે વિભીષણ તમે લંકામાં જાઓ અને મંગળસ્નાન કરાવી અંગરાગ ચોળાવી તથા સુંદર વસ્ત્રાલંકાર ધરાવી સીતાને મારી પાસે સત્વર તેડી લાવો.

તત્ક્ષણ વિભીષણ લંકાપુરમાં ગયો. પરિચારિકાને મોકલી સીતાને રાજમંદિરમાં બોલાવ્યાં. મહાભાગ્યશાળી સીતાના આવ્યા પછી વિભીષણે બે હાથ જોડી તેમને નમન કરીને કહ્યું કે હે સીતે! તમારા સ્વામી શ્રી રામની મને આજ્ઞા છે કે તમે દિવ્ય અંગરાગાદિ ચોળો, દિવ્ય અલંકાર ધારણ કરી, પાલખીમાં બેસી, રામ પાસે જાઓ. દેવિ! તમારું કલ્યાણ થાઓ. તમારા ભર્તા તમને જોવાને ઇચ્છે છે.

સીતાએ પ્રત્યુત્તર આપ્યો કે હે વિભીષણ, હું તો સ્નાન કર્યા વગર જ સ્વામીનાં દર્શન કરવા જઇશ. વિભીષણે કહ્યું, સીતાજી! તમારા સ્વામીએ કહ્યું છે તેમ જ તમારે કરવું યોગ્ય છે. પછી સ્વામી એ જ જેનું પરમ દૈવત છે, એવાં સીતાએ, બહુ સારુ એમ કહીને સ્નાનાદિક કર્મ કર્યા.

પછી અંગરાગ તથા અલંકાર ધારણ કરેલાં સીતાને રાક્ષસોએ સુંદર પાલખીમાં બેસાડ્યાં અને કેટલાક રાક્ષસો આગળ પાછળ ચાલવા લાગ્યા. આવી રીતે સીતાને લઇને વિભીષણ રામની પાસે આવ્યા.

પછી વિભીષણે ધ્યાન પરાયણ રામની પાસે જઇને નમન કરીને હર્ષથી કહ્યું "મહારાજ! સીતાદેવી અહીં પધાર્યાં છે. પણ ઘણા દિવસ રાક્ષસોને ત્યાં રહી આવેલી સીતાને જોઈને રામ એકીવેળાએ જ રોષ, હર્ષ અને દીનતામાં ડૂબી ગયા. તેથી પાલખીમાં બેશીને આવેલાં સીતાને જોઇ પ્રગટમાં જરા પણ હર્ષ બતાવ્યા વિના, તે વિભીષણ પ્રત્યે બોલ્યા. હે રાક્ષસાધિપ! મારા પ્રિયમાં પ્રીતિવાળા! હે સૌમ્ય! તમે સીતાને શીઘ્ર મારી પાસે આવવા દો.

રામની આજ્ઞા થતાં જ ધર્મને જાણવા વાળા વિભીષણે છાવણીમાં ઘેરેલા માણસોને દૂર કરવાની આજ્ઞા કરી. તુરત જ વસ્ત્રાભૂષણવાળા અને હાથમાં છડીઓ લઇને નકી પોકારનાર સેવકોએ, સર્વ યોદ્ધાઓને દૂર

ખસેડવા માંડ્યા. ઉઠીને દુર જવાની આજ્ઞા થવાથી, ઋક્ષ, વાનર, અને રાક્ષસોમાં દોડાદોડી થઇ રહી. અને યોદ્ધાઓના ઉઠવાથી વાયુ વડે ચલિત થએલા સાગરનો જેમ ઘોષ થાય, તેમ ત્યાં સંક્ષોભ થઈ રહ્યો.

પણ યોદ્ધાઓને દૂર ખસતા તથા સંભ્રમ પામેલા જોઈને, ભક્તવત્સલ રામે પોતાની આજ્ઞા વગર તેમને ઉઠાડવા માટે વિભીષણને ઠપકો આપ્યો; અને ક્રોધથી જાણે હમણાં સૌને બાળી નાંખશે એવાં નેત્ર કરી વિભીષણને કહ્યું કેઃ—મારો અનાદર કરીને તમે આ સર્વને કેમ ક્લેશ પમાડો છો? આ જ ક્ષણે તમે આ સર્વના ઉદ્વેગને નિવૃત્ત કરો. તમે જાણો છો કે આ સર્વ મારા સ્વજન છે. સ્ત્રીઓને મંદિર, મેડી, ઘર કે કોટમાં, પડદેપોશ રાખવી અને આવા સ્નેહીજનને દુર રાખવા એ કાંઈ ખરો રાજસત્કાર નથી. એ કાંઇ સ્ત્રીઓનું રક્ષણ નથી. સ્ત્રીઓનું રક્ષણ તો તેમનાં સદાચરણ જ છે. આમ છતાં પણ, સ્ત્રીને જોવી એ દોષ હોય તો તેનો પણ અત્રે દોષ નથી. વ્યસન વખતે, આપત્કાળમાં, યુદ્ધને સમયે, સ્વયંવરમાં, યજ્ઞમાં, અને વિવાહકાળે સ્ત્રીઓને જોવામા દોષ નથી. સીતા દુઃખ અને વિપત્તિમાં પડેલી છે અને તેમાં એ વળી હું પોતે હાજર છું, માટે એને જોવાથી કાંઈ દોષ નથી. માટે પાલખીમાંથી ઉતરી સીતા આ બધા મારા સ્વજનો છે તેમના દેખતાં ચાલીને ભલે મારી સન્નિધ આવે.

विभीषणं महा प्राज्ञं सोपालम्भ मिदं वचः
॥ २५ ॥

किमर्थं मामनादृत्य क्लिश्यतेऽयं त्वया जनः।
निवर्तयैनमुद्वेगं जनोऽयं स्वजनो मम ॥२६॥
न गृहाणि न वस्त्राणि न प्राकारास्तिरास्क्रिया।
नेदृशा राजसत्कारा वृत्तमावरणं स्त्रियः॥२७॥

व्यसनेषु न कृच्छ्रेषु न युद्धेषु स्वयंवरे।
न क्रतौ नो विवाहे वा दर्शनं दूष्यते स्त्रियः
॥ २८ ॥

सैषा विपद्गता चैव कृच्छ्रेण च समन्विता।
दर्शने नास्ति दोषोऽस्या मत्समीपे विशेषतः
॥ २९ ॥

विसृज्य शिबिकां तस्मात्पदभ्यामेवापसर्पतु।
समीपे मम वैदेही पश्यन्त्वेतै वनौकसः॥३०॥
एव मुक्तस्तु रामेण सविमर्शो विभीषणः।
रामस्योपानयत्सीतां संनिकर्षं विनीतवत्॥३१॥

વા૦ રા૦ યુ૦ સ. ૧૧૪.

રામના વચનથી વિભીષણ જ નહિ, પણ લક્ષ્મણ, સુગ્રીવ, હનૂમાન પણ વિચારમાં પડ્યા અને સર્વે ઘણો ખેદ પામ્યા.

રામની આજ્ઞાથી સીતાદેવીને રામની સમીપે લાવ્યા પછી સ્વામીની આજ્ઞાને અનુસરનારી પણ લાજને લીધે સંકોચ પામતી સીતા, પાલખીમાંથી ઉતરી પડી. તેમની પાછળ વિભીષણ ચાલતા હતા. તેઓ રામની પાસે આવ્યાં અને અતિ સૌમ્યવાળાં તથા પતિને દેવતારુપ માનનારાં સીતાએ, હર્ષથી, વિસ્મય થી અને પ્રેમથી પોતાના સ્વામીના સૌમ્ય મુખનાં દર્શન કર્યાં. આજે ઘણે કાળે સીતાએ પૂર્ણિમાના ચન્દ્ર જેવું પોતાના સ્વામીનું મુખ જોયું હતુ; એટલે તેનો ક્લેશ નાશી ગયો અને તેનું મુખ વિમલ શશાંક જેવું ઝળહળી રહ્યું. (વા૦ રા૦ યુ૦ સ૦ ૧૧૪).

પોતાની પાસે ઉભેલી મૈથિલીને જોઇને, રામના મનમાં જે ભાવ હતો, તે પછી પ્રગટપણે જણાવ્યો. તેઓએ સીતાને કહ્યું કે—હે ભદ્રે! સંગ્રામમાં યુદ્ધ કરી મેં શત્રુનો પરાભવ કરીને તને પાછી મેળવી અને પુરુષપરાક્રમથી જે કરવું ઘટિત હતું તે મેં કર્યું છે. આજે મારા ક્રોધનો અંત આવ્યો છે અને શત્રુનો પણ મેં આજે જ અંત આણ્યો છે. આજ મેં મારા પૌરુષને જોયું અને તે જગતના પણ જાણવામાં આવ્યું. આજે મારો શ્રમ સફળ થયો છે અને હું આનંદ પામ્યો છું. મારી ગેરહાજરીમાં ચળચિત્તવાળો રાક્ષસ તને એકલીને લઇ ગયો હતો એ દૈવકૃત દોષ, આજ મેં મનુષ્ય

પરાક્રમથી ટાળ્યો છે. જે માણસ અપમાન પામી પોતાના તેજથી તેનું માર્જન કરતો નથી તે અલ્પમતિ કદી મોટું પરાક્રમ કરે તોપણ શું થયું! રે સીતા! હનુમાને સમુદ્ર ઉલ્લંઘન કરી લંકાને બાળી, એ એનું સુકૃત આજે સફળ થયું છે. અને સૈન્ય સહિત સુગ્રીવ યુદ્ધમાં જે પરાક્રમ કરતો હતો અને તેનો મન્ત્ર, એ સૌ આજ સફળ થયાં છે. તેમ ગુણહીન ભાઈને તજી વિભીષણ મને આવી મળ્યો હતો, તેનો અર્થ પણ આજ સફળ થયો છે.

રામ જ્યારે આમ બોલતા હતા ત્યારે તેમનાં વચન સાંભળી પ્રફુલ્લ નેત્રવાળાં સીતાના લોચનમાંથી આંસુ સરી પડતાં હતાં. પોતાની પાસે આવીને ઉભેલી પોતાની પ્રિય સીતાને જોઇ રાઘવેંદ્ર રામનું મન પણ લોકાપવાદથી ખિન્ન થઈ જતું હતું. કમળ જેવા નેત્રવાળી, બાંધેલ કેશવાળી અને સુન્દરતાની સીમારુપ સીતાને કપિ તથા રાક્ષસોની વચ્ચે પુનઃ રામે આ પ્રમાણે કહ્યું:–"શત્રુએ પોતાની ધર્ષણા કરી હોય તો તેનું મનુષ્યે માર્જન કરવું જોઇએ. માનની ઇચ્છાવાળા મેં રાવણને હણીને એ માર્જન કર્યું છે. વળી તપ અને પ્રકાશિત આત્માવાળા અગસ્ત્ય ઋષિએ જેમ રાક્ષસોના ભયથી જ્યાં મનુષ્ય સંચાર કરી શકે નહિ, એવી દક્ષિણ દિશાને જીતી હતી, તેમ મેં પણ રાવણને મારીને દક્ષિણ દિશાને જીતી છે. ભદ્રે! તારું કલ્યાણ થાઓ. આ મહા ઉદ્યમમાં, હું જે પરિશ્રમને મારા સ્નેહીઓના પરાક્રમથી તરી ગયો છું તે મેં તારે માટે કર્યો નથી. પણ તે તો મને લાગતા અપવાદનું રક્ષણ કરવા અને મારા વિખ્યાત સૂર્યવંશને લાગતા કલંકનું માર્જન કરવા માટે જ કર્યો છે એમ જ તું માનજે. પણ જેના ચારિત્ર્યને માટે સંદેહ છે, એવી તું આજે મારી સામે આવીને ઉભી છે તો ખરી, પણ જેમ નેત્રના રોગીને દીપક પ્રતિકુળ લાગે છે, તેમ તું મને અત્યંત પ્રતિકુળ લાગે છે. હે જનક કન્યા! આજ હું તને મુક્ત કરું છઉં. હવે તને જ્યાં ગમે ત્યાં તું જા. દશે દિશા તારે માટે ઉઘાડી છે. મારે હવે તારું કામ નથી. સારા કુળમાં ઉત્પન્ન થએલો એવો કયો પુરુષ હોય કે, જે પરગૃહમાં રહેલીને, ઘણા કાળના સ્નેહને લીધે પણ, પુનઃ ગ્રહણ કરે? હે સીતા! તું રાવણના અંકમાં કલેશ પામેલી, તથા તેના કામયુક્ત નેત્રથી દોષયુક્ત થએલી છે. માટે હવે મોટા કુળના વ્યપદેશવાળો હું તને પુનઃ કેમ ગ્રહણ કરી શકું? જે માન માટે હું તને જીત્યો છું, તે મને મળ્યું છે. પણ તારા ઉપર હવે મને પ્રીતિ નથી. માટે ઇચ્છામાં આવે ત્યાં હવે તું જા!

હે ભદ્રે! સ્થિર મતિથી મારે તને કહેવાનું હતું તે કહ્યું. તને ગમેતો આ મંડળમાંના કોઈપર, જોઈએ તો લક્ષ્મણપર, જોઇએ તો ભરતપર, જેનાથી તને સુખ થાય તે પ્રતિ બુદ્ધિ કર! હે સીતે ગમે તો તું સુગ્રીવ કે શત્રુઘ્ન અથવા વિભીષણ એમાના કોઇપર તારું મન સ્થિર કર! તું દિવ્યરુપવતી છે અને મનોહર પણ છે એટલે પોતાના ઘરમાં રહેલી તને જોઇ રાવણ ઘણો કાળ એમને એમ બેશી રહે નહિ. રાવણે તારું વ્રતભંગ કર્યું હશે. માટે હું તો તને રાખી શકું એમ છે જ નહિ.

પ્રિય વચન શ્રવણ કરવા યોગ્ય સીતા, પોતાના સ્વામીના મુખથી આવાં ક્રૂર અને હૃદયભેદક અપ્રિય વચન સાંભળી, જેમ કોઇ હાથીની સુંઢથી ઉખેડી નખાયલી વેલી ટળવળે, એમ તેણે બહુ વાર સુધી તો આંસુ પાડ્યાં; અને અંતે ઘાઢ રુદન કરી દીધું. (વા૦ રા૦ યુ૦ સ–૧૧૫)

જ્યારે ક્રોધ પામેલા રામે સર્વના સાંભળતાં રુવાં ઉભાં થઇ જાય એવાં કઠોર વચનો સીતાને કહ્યાં, ત્યારે તે વચનો સાંભળી ને સીતા અત્યંત ગભરાઇ ગઇ; અને સર્વની

સમક્ષ કહેલાં, પોતાના સ્વામીનાં, કોઇ પણ દિવસ નહિ સાંભળેલાં વચનો સાંભળી, લજ્જાથી નીચું ઘાલી, સ્થિર ઠરી જ ગઇ. તે વખત પોતાના સ્વામીનાં વચનો સાંભળી જાણે વચનરુપી ભાલાથી વિંધાઇને પોતાના અંગોમાં પેશી જતી હોયની શું, તેમ સંકોચ પામી અત્યંત રુદન કરવા લાગી. પણ પછી તેણે અશ્રુથી ભિંજાયલું પોતાનું મુખ લુછી નાંખ્યું અને ગદ્‌ગદ્ વચને પોતાના સ્વામીને આ પ્રમાણે કહ્યું. હે શૂર! કોઇ સામાન્ય મનુષ્ય પણ પોતાની સ્ત્રીને ન કહે તેવાં કાનને પીડા ઉત્પન્ન કરે એવાં વચન તમે મને શા માટે સંભળાવો છો? હું આપના સોગન ખાઈને કહું છઉં કે હે નાથ! તમે મને જેવી ધારો છો તેવી હું નથી જ. તમે જુઓ મારું સત્ચારિત્ર્ય ધ્યાનમાં રાખી વિચાર કરી, મારા ઉપર વિશ્વાસ રાખો. તમે એકાદિ સામાન્ય સ્ત્રીના ચરિત્ર ઉપરથી આખી સ્ત્રી જાતને માટે શંકા કેમ લાવો છો? તમે જો મારી ખરેખરી પરીક્ષા કરી જ હોય, તો મારા પ્રત્યેની શંકાનો ત્યાગ કરો. હે પ્રભુ! મને રાવણના અંગોનો સ્પર્શ થયો હશે, તો તે મારું ન ચાલતાં જ થયો હશે. તેમાં માત્ર વિધિનો જ દોષ છે, મારો નથી. અને તેમાં મારી લેશ પણ ઇચ્છા હતી એમ માનશો માં. પણ, મારું હૃદય જે મારે સ્વાધીન છે, તે તો નિરંતર તમારું જ રટણ કરતું હતું. પરંતુ મારું અંગ જે મારે સ્વાધીન નહિ, તેને માટે હું અનાથ–જેનો ધણી પાસે નહિ તેવી–નાથ વગરની–શું કરી શકું? હે માનદ! આપણો પરસ્પરનો અનુરાગ એક જ સમયથી વૃદ્ધિ પામેલો છે અને મારો આટલો દીર્ઘ સહવાસ થયા છતાં તેટલાથી પણ જો તમે મારી પરીક્ષા કરી ન હોય, તો તમારા આટલા અવિશ્વાસને લીધે હું મુવેલી જ છું. જો એમ જ હતું તો જ્યારે હું લંકામાં હતી અને તમે હનૂમાનને સંદેશો કહેવા મોકલ્યો ત્યારે, હું તારો સ્વીકાર કરનાર નથી, એવું મને કેમ ન કહાવ્યું? હે શૂર! આપે મને પહેલેથી એમ જણાવ્યું હોત તો, હનૂમાનનો સંદેશો સાંભળી રહ્યા પછી, તમે જેનો ત્યાગ કર્યો છે એવી હું, તે કપિ સમક્ષ જ મારા પ્રાણનો ત્યાગ કરત. તમે મને પહેલેથી જ જણાવ્યું હોત, અને મેં મારા પ્રાણનો ત્યાગ કર્યો હોત તો, તમારા જીવિતને શંસયમાં નાંખી યુદ્ધ કરવાના વૃથા પરિશ્રમમાં તમારે ઉતરવું પડત નહિ. તથા તમારા આ સર્વ સુહૃદ્‌જનોને યુદ્ધનો નિષ્ફળ કલેશ વેઠવો પડયો તે પણ પડત નહિ. હે નરવ્યાઘ્ર! તમે માત્ર ક્રોધને વશ થઇ, પાકૃત મનુષ્ય પેઠે, સામાન્ય સ્ત્રીને માટે જે વિચાર બાંધો તેવો વિચાર મારે માટે બાંધ્યો છે. પણ સાધારણ સ્ત્રીઓના જેવી મને ગણવી એ આપને યોગ્ય તો નથી જ. કારણ કે મારું વૈદેહી એવું નામ છે, તે કાંઇ જનકથી ઉત્પન્ન થવાને લીધે નહિ, પરંતુ તેની યજ્ઞભૂમિમાંથી ઉત્પન્ન થઈ છું, માટે જ પડયું છે. હે વ્રતજ્ઞ! તમે મારો આ પ્રમાણે ત્યાગ કરતાં, માન આપવા યોગ્ય મારા પાતિવ્રત્યને પણ ગણ્યું નથી, એ બહુ વિસ્મય ભર્યું છે. તમે બાલ્યાવસ્થામાં મારું પાણિગ્રહણ કર્યું. તેને પણ તમે પ્રમાણ કર્યું નથી. મારી આપના પ્રત્યેની ભક્તિ અને મારું શીલ એ સઘળાને માથે આજે પાણી ફેરવ્યું છે! હા દૈવ!

પછી રુદન કરતી સીતા રુદન કરતાં કરતાં ગદ્‌ગદ વાણીથી દીન થઈ વિચારમાં મગ્ન થઇ ગએલા લક્ષ્મણ સામું જોઈ બોલી કે હે સૌમિત્ર! આજે કૃપા કરી, આ મારા દુઃખના ઔષધરુપ ચિતા ખડકી આપો. કારણ કે મારે માથે જ્યારે આવો મિથ્યા અપવાદ આવ્યો છે, ત્યારે હવે મને જીવવાની લગાર પણ ઇચ્છા નથી,

જ્યારે મારા ગુણોથી અસંતુષ્ટ થઇ મારા સ્વામીએ મનુષ્યોની વચમાં મારો ત્યાગ કર્યો છે, ત્યારે મારી છેલ્લી ગતિ જે વસુધા પ્રવેશ, તે પામવાને માટે હું અગ્નિમાં પ્રવેશ કરવા ઇચ્છું છઉં.

સીતાને આમ કલ્પાંત કરતી જોઇ લક્ષ્મણ, ક્રોધયુક્ત થઇ રામના સામુ જોઇ રહ્યા. પરંતુ રામની આકૃતિ પરથી તેમનો અંતર્ગત વિચાર જાણે જાણ્યો હોય તેમ, તરત જ લક્ષ્મણે તેમની આજ્ઞાથી ચિતા ખડકી.

एव मुक्ता तु वैदेही परुषं रोमहर्षणम् ।
राघवेण सरोषेण श्रुत्वा प्रव्यथिता भवत्॥१॥
सा तदाश्रुत पूर्वंहि जने महति मैथिली ।
श्रुत्वा भर्तुर्वचो घोरं लज्जयावनता भवत्
॥ २ ॥
प्रविशन्ती व गात्राणि स्वानि सा जनकात्मजा ।
वाकशरै स्तैः स शल्येव मृशमश्रूण्य वर्तयत्
॥ ३ ॥
ततो बाष्प परिविलन्नं प्रमार्जन्ती स्वमाननम् ।
शनैर्गद्गदया वाचा भर्तारमिदमब्रवीत् ॥४॥
किं मामसदृशं वाक्यमिदृशं श्रोत्रदारुणम् ।
रूक्षं श्रावयसे वीर प्राकृतः प्राकृतामिव॥५॥
न तथास्मि महाबाहो यथा मामवगच्छसि ।
प्रत्ययं गच्छ मे स्वेन चारित्रेणैव ते शपे॥६॥
पृथक् स्त्रीणां प्रचारेण जातिं त्वं परिशङ्कसे ।
परित्यजैनां शंकां तु यदि तेऽहं परीक्षिता
॥ ७ ॥
यदहं गात्र संस्पर्शं गतास्मि विवशा प्रभो ।
कामकारो न मे तत्र दैवं तत्रापराध्यति॥८॥
मदधीनं तु यत्तन्मे हृदयं त्वयि वर्तते ।
पराधीनेषु गात्रेषु किं करिष्याम्यनीश्वरी॥९॥
सह संवृद्धभावेन संसर्गेण च मानद ।
यदि तेऽहं न विज्ञाता हता तेनास्मि शाश्वतम् ॥ १० ॥

\+ + + + +
\+ + + + +
\+ + + + +
\+ + + + +

इति ब्रुवन्ती रुदती बाष्प गद्गदभाषिणी ।
उवाच लक्ष्मणं सीता दीनं ध्यानपरायणम्
॥ १७ ॥
चितां मे कुरू सौमित्रे व्यसनस्यास्य भेषजम् ।
मिथ्यापवादोपहतानाहं जीवितु मुत्सहे ॥१८॥
अप्रीतेन गुणैर्भर्त्रास्यक्ताया जन संसदि ।
या क्षमा मे गतिर्गंतुं प्रवेक्षे हव्यवाहनम्
॥ १९ ॥

\+ + + + +
\+ + + + +

यथा मे हृदयं नित्यं नापसर्पति राघवात् ।
तथा लोकस्य साक्षी मां सर्वतः पातु पावकः ॥ २५ ॥
यथा मां शुद्ध चारित्रां दुष्टां जानाति राघवः ।
तथा लोकस्य साक्षी मां सर्वतः पातु पावकः ॥ २६ ॥
एव मुक्त्वा तु वैदेही परिक्रम्य हुताशनम् ।
विवेश ज्वलनं दीप्तं निःशङ्केनान्तरात्मना
॥ २७ ॥
जनश्च समुहांस्तत्र बाल वृद्ध समाकुलः ।
ददर्श मैथिलीं दीप्तां प्रविशन्ती हुताशनम्
॥ २८ ॥

વા૦ રા૦ યુ૦ સ૦ ૧૧૬.

રામની આજ્ઞાપ્રમાણે લક્ષ્મણે વિભીષણને રાજ્યાભિષેક કર્યો; અને સીતાએ અગ્નિમાં પ્રવેશ કર્યો. અગ્નિમાંથી સુરક્ષિત તેમને બહાર નીકળેલાં જોઈ ઇંદ્રાદિક દેવોએ રામની સ્તુતિ કરી. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૧૬-૧૨૧**)

રામે ઇંદ્રને આજ્ઞા કરી કે મારે કારણે કોટ્યાવધિ વાનરો યુદ્ધમાં મરણ પામ્યા છે તે બધાને તું અમૃતવૃષ્ટી કરી સજીવન કર. ઇંદ્રે એ સઘળાને સજીવન કર્યા એ જોઇ રામે વિભીષણને કહ્યું કે તું હવે લંકામાં સ્વસ્થ રાજ્ય કર. અને સુગ્રીવ આદિ વાનરો પોત પોતાને સ્થળે જાઓ. પરંતુ તેઓએ વિનંતિ કરી કે અમને તો અયોધ્યામાં આપનો રાજ્યભિષેક જોવાની અભિલાષા છે.

માટે આપ અહીં મંગળસ્નાન કરી પછી અયોધ્યા જાઓ. રામે પ્રત્યુત્તર વાળ્યો કે ભરતને મુકીને હું મંગળસ્નાન કરનાર નથી. તમારી ઇચ્છા હોય તો અયોધ્યા ચાલો. વિભીષણે પુષ્પક વિમાન આણ્યું તેમાં સીતા, લક્ષ્મણ, વિભીષણ અને સઘળા વાનરો સહિત રામચંદ્ર બેઠા, ને વિમાનદેવને અયોધ્યા તરફ ચાલો, એવી આજ્ઞા કરી. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૨૨-૧૨૪**)

વિમાન અંતરિક્ષમાં ચાલવા માંડયું એટલે રામ સીતાને આ સુવેલાચળ, આ યુદ્ધભૂમિ, આ સમુદ્રપર બાંધેલો સેતુ, આ મેં સ્થાપિત કરેલા રામેશ્વર નામના મહાદેવ, આ મહેંદ્ર પર્વત, અને આ કિષ્કિંધા નગરી એવું કહેતા જાય ને સીતા તે જોતાં જાય. પછી સીતાની ઇચ્છા થવાથી સુગ્રીવ આદિની સ્ત્રીઓને રામે વિમાનમાં લીધી. અને વિમાન પૂર્વવત્ ચાલવા માંડયું એટલે આ ઋષ્યમૂક પર્વત, આ પંપા સરોવર, આ શબરીનો આશ્રમ, આ કબંધવધનું સ્થળ અને આ જટાયુવટ જુઓ એવું કહી, રામે સીતાને ત્યાં ત્યાં બનેલા બનાવનો ઇતિહાસ કહી સંભળાવ્યો. તે પછી પંચવટી, ગોદાવરી નદી, શરભંગ અને અત્રિ ઇત્યાદિઓના આશ્રમો, વિરાધવધનું સ્થાન, ચિત્રકૂટ પર્વત, યમુના નદી, ભરદ્વાજનો આશ્રમ, ભાગીરથી નદી શૃંગવેરપુર ઇત્યાદિ બતાવતાં બતાવતાં બોલ્યા કે જુઓ પણે દૂર અયોધ્યા દેખાવા માંડયું ! આ સાંભળી સીતાએ અયોધ્યાને નમસ્કાર કર્યા (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૨૫**).

પછી રામચંદ્ર ભરદ્વાજને આશ્રમે ઉતર્યા, અને ચૌદમું વર્ષ પુરું થવામાં એકાદો દિવસ બાકી હતો એટલે પોતે આવ્યા છે એ સમાચાર ભરતને સત્વર મળે માટે મારુતિને ભરત પાસે મોકલ્યા. તે પ્રમાણે મારુતિ ત્યાં ગયા અને ભરતને રામ ભરદ્વાજના આશ્રમે પધાર્યા છે અને સવારે તમને મળશે એવા સમાચાર કહ્યા. એ સાંભળતાં ભરતના હર્ષનો પાર રહ્યો નહિ. તેમણે મારુતિને આલિંગન દીધું અને શત્રુઘ્ન પાસે અયોધ્યા શણગારાવડાવ્યું. અહીંઆં ભરદ્વાજના આતિથ્યનો સ્વીકાર કરી, રામ એક ક્ષણમાં નંદીગ્રામ આવ્યા.ત્યાં ભરતનો અને તેમનો મિલાપ થયો. અને પરસ્પરને જે આનંદની અવધિ થઈ તેનું વર્ણન કરી શકાતું નથી. ભરતે સુગ્રીવ, વિભીષણ ઇત્યાદિને આલિંગન દીધાં. પછી રામે કૌસલ્યાદિ માતાઓને વંદન કરી, વસિષ્ઠાદિને વંદન કર્યું.

પછી ભરતે પૂર્વે ચિત્રકૂટ પર્વતપર રત્નમય પાદુકાને રામના પગનો સ્પર્શ કરાવી સિંહાસન પર સ્થાપી હતી તે શત્રુઘ્ન પાસે મંગાવડાવી રામના પગમાં પહેરાવી અને બોલ્યા કે, જે રાજ્યનો આપે મારી ખાતર ત્યાગ કર્યો હતો તે, આપનું હું આપને અર્પણ કરૂં છું. આટલું કહી કશું બોલ્યા વગર ઉભા જ રહ્યા.

पादूके ते तु रामस्य गृहीत्वा भरतः स्वयम् ।
चरणाभ्यां नरेन्द्रस्य योजयामास धर्मवित्
॥ ५३ ॥

(વા૦ રા૦ યુ૦ સ૦ ૧૨૭-૧૨૮)

ભરતે રાજ્ય સ્વીકારવાની કરેલી વિનંતિ રામે માન્ય કરી. પછી હનુમને આવેલો જોઇ રામે તેની પાસે ભરતની જટા છોડાવી, અને મંગળ સ્નાન કરાવડાવ્યું. પછી ક્રમે ક્રમે લક્ષ્મણ, સુગ્રીવ, વિભીષણ આદિ સર્વેને મંગલ સ્નાન થયા પછી રામે પોતે પણ મંગળ સ્નાન કર્યું. (અહીં સુગ્રીવ, વિભીષણ વિગેરેએ મનુષ્ય સરખું રૂપ ધારણ કર્યું હતું). રામના સ્નાન કરી રહ્યા પછી ભરતે રામ તેમ જ બીજાઓને વસ્ત્રાભરણ આપ્યાં. અને સર્વેને દિવ્ય ભોજન સમર્પણ કર્યું. પછી રામે અયોધ્યામાં પ્રવેશ કર્યો. તે વેળાએ સહસ્ત્રાવધિ સ્ત્રીઓએ પોતપોતાના મંદિરની અગાશીઓમાંથી આયુષ્યવાયન કર્યું. રામચંદ્ર રથમાં બિરાજ્યા હતા, અને સુગ્રીવ વિગેરે ગજારૂઢ થયા હતા. અયોધ્યા માંહલા મુખ્ય મંદિરમાં રામે પ્રવેશ કર્યો. પછી વસિષ્ટ

શુભ મુહૂર્ત જોઈ રામને રાજ્યાભિષેકની તૈયારી કરાવડાવી. ચાર સમુદ્રનાં અને પાંચસે નદીઓનાં જળ મંગાવી સર્વ ઋષિઓએ રામને સ્નાન કરાવ્યું. અને અલંકાર ધારણ કરાવી, સિંહાસન પર બેસાડયા. અભિષેક થતાં જ રામે લક્ષ્યાવધિ અશ્વો, ગાયો, વસ્ત્રો, અલંકારો અને ત્રીસ કરોડ સુવર્ણ મહોરોનું દાન કર્યું. આ પ્રમાણે ઉત્સવ થઈ રહ્યા પછી, છ માસ સુધી સુગ્રીવ આદિને ત્યાં રાખી, ઘણા ગૌરવથી વિદાય આપી, એટલે સુગ્રીવ કિષ્કિંધા અને વિભીષણ લંકા ગયા.

ભરતને રામે યૌવરાજ પદ પર સ્થાપ્યા. તેમણે દસ અશ્વમેધ અને પૌંડરિકાદિ અનેક યજ્ઞ કરી એવું તો નીતિથી રાજ્ય ચલાવ્યું કે, અગીયાર હજાર વર્ષના ગાળામાં કોઇનું અકાળ મૃત્યુ સરખુંએ નહિ; તેમ કોઈ સ્ત્રીને વૈધવ્ય ધરાધરી આવ્યું નહિ; ચોર, અગ્નિ, સર્પ ઇત્યાદિનો ભય કોઇને રહ્યો નહિ, અને વરસાદ પણ જે વેળાએ જેટલો જોઇએ તે વેળાએ તેટલો જ પડયા કર્યો.

(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૨૮).

—યુદ્ધ કાંડ સમાપ્ત.—

રામચંદ્ર અયોધ્યા આવી કોસલદેશનું રાજ્ય કરવા લાગ્યા છે એવું સાંભળી અનેક ઋષિ સહિત અગસ્ત્ય ઋષિ ત્યાં આવ્યા. તેમની સાથે નીચે પ્રમાણે ઋષિઓ આવ્યા.

કૌશિક, યવક્રીત, ગાર્ગ્ય, ગાલવ, કણ્વ, રૈભ્ય અને ચ્યવન એઓ પૂર્વ દિશા તરફથી; અત્રિ, સ્વસ્ત્યાત્રેય, નમુચિ, પ્રમુચિ, સુમુખ, વિમુખ અને વિમુચ એ દક્ષિણ દિશા તરફથી; નૃષદ્ગુ, કવષી, ધૌમ્ય, ઉપગુ, કામઠ, અને ધ્રુમ્ર એઓ પશ્ચિમ તરફથી; અને વસિષ્ઠ કશ્યપ, અત્રિ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ એ ઉત્તર તરફથી; આ પ્રમાણે આવેલા ઋષિઓનું રામે સન્માન કર્યું અને પૂજા ઇત્યાદિ કર્યા પછી તેઓ સ્વસ્થ થયા એટલે અગસ્ત્યે રામની સ્તુતિ કરતાં કહ્યું કે તમે રાવણનો વધ કર્યો એ મહત્કાર્ય કર્યું છે. (વા૦ રા૦ ઉ૦ સ૦ ૧) તે ઉપરથી રામે પુછ્યું એટલે અગસ્ત્ય ઋષિએ પુલસ્ત્ય અને વિશ્રવા ઋષિનું ચરિત્ર કહી સંભળાવ્યું. (સ૦ ૨–૩) અને સુકેશ રાક્ષસનો ઇતિહાસ પણ કહ્યો. (સ૦ ૪–૮). રાવણ, કુંભકર્ણ અને વિભીષણ એ ત્રણેની ઉત્પત્તિ, તેમણે કરેલું તપ, તેમને મળેલાં વરદાન, મેઘનાદની ઉત્પત્તિ, તેનું પરાક્રમ, તેમ જ તેનું ઇંદ્રજિત્ નામ પડવાનું કારણ, ઇત્યાદિ વૃત્તાંત સવિસ્તર કહી સંભળાવ્યું. (સ૦ ૯–૩૦) આ સાંભળી રામે પ્રશ્ન કર્યો કે રાવણ કરતાં આ પૃથ્વી પર કોઇ બળવાન હતું કે નહિ? તે ઉપરથી અગસ્ત્યે સહસ્ત્રાર્જુન અને વાલીનો ઇતિહાસ કહી સંભળાવ્યો. (સ૦ ૩૧–૩૪) રામે ફરી પ્રશ્ન કર્યો કે જો મારુતિ બળવાન હતા તો તેમણે વાલી અને સુગ્રીવ વચ્ચેનો કલહ કેમ પતાવ્યો નહિ? અથવા કોઇને શિક્ષા પણ કેમ કરી નહિ? મારુતિને પોતાના સામર્થ્યની વિસ્મૃતિ થવાના શાપનો ઇતિહાસ ઋષિએ કહ્યો. (સ૦ ૩૫–૩૬) અને તે જ પ્રસંગે વાલી અને સુગ્રીવની ઉત્પત્તિ રામને સમજાવવાના હેતુથી ઋક્ષરજાખ્યાન અને શ્વેતદ્વીપમાં રાવણનો થએલો ઉપહાસ, એ પણ અગસ્ત્ય ઋષિએ કહી સંભળાવ્યાં **(પ્રક્ષિપ્ત સ૦ ૧–૫).**

રામના વર્તનનો નિત્યક્રમ નીચે પ્રમાણે હતો:—પ્રતિ દિવસ અરુણોદય પહેલાં બંદીજનો આવી મંગળગાન કરી તેમને જાગૃત કરતા. જાગૃત થતાં જ લાગલા ઉઠી.....હાથ, પગ, મુખ ધોઇ, સ્નાન કરી સંધ્યા ઉપાસના કરતા પછી અગ્નિહોત્ર કર્મ કર્યા પછી વસિષ્ઠ પુરોહિત અને બ્રાહ્મણોનું પૂજન કરી, મધ્યાન કાલે પુનઃ સંધ્યા, બ્રહ્મયજ્ઞ અને તર્પણ કરી, અતિથિ પૂજન કર્યા પછી ભોજન કરી સભામાં આવવાને વખતે લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન અને કેટલાક માંડલિક રાજા (ચાર દેશનું એક મંડળ એવા એક મંડળનો અધિપતિ) પોત પોતાનાં નિત્યકર્મ આટોપી, આગળથી જ આવી બે ભાગમાં ઉભા રહેતા, અને રામ આવતા એટલે તેમની સાથે ચાલતા સભામાં આવતા. અને રામ સિંહાસન પર બિરાજતા એટલે પોત પોતાને યોગ્ય સ્થળે આ લોકો બેસતા. રાજ્યકારભાર સંબંધી અને લોકો સંબંધી કાર્ય સમાપ્ત થયા પછી, કેટલોક ઇતિહાસ શ્રવણ કરી, સાયંકાળ થતાં જ સંધ્યા ઉપાસનાદિ કર્મ કરી રામ અંતઃપુરમાં જતા. **(વા૦ રા૦ ઉત્તર૦ કા૦ ૩૭)**

રામના રાજ્યાભિષેકના સમારંભ સમયે સિરધ્વજ વિગેરે આમંત્રિત, અને પ્રતર્દન (ઇંદ્ર પાસેથી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરનારો કાશીપુરીનો રાજા) વિગેરે મિત્ર એ રાજાઓ ઉપરાંત ત્રણસે માંડલિકો આવ્યા હતા. તે ઉપરથી જો કે રામની સત્તા સમસ્ત ભરત વર્ષ પર નહિ હોય, તોપણ ભરતખંડની બહાર ઘણે દૂર સુધી હશે એવું જણાય છે. કારણ કે સો યોજન લાંબા પહોળા ભરતખંડમાં સાતસેં જ દેશ છે. આમ આવેલા નરેશોનું રામે સન્માન કર્યું અને રાજ્યાભિષેકનો સમારંભ પત્યા પછી વિદાય કર્યા. (વા૦ રા૦ ઉ૦ સ૦ ૩૮) વિભીષણે રામને આપેલું પુષ્પક વિમાન, જ્યાં સુધી તે પૃથ્વી પર રહ્યું ત્યાં સુધી રામ પાસે રહ્યું અને પછી કુબેર પાસે ગયું. (સ૦ ૪૧)

સીતા રામથી સગર્ભા થયાં. તેમણે ઋષિના આશ્રમે વાસ કરવો એમ નક્કી થયું. એ ઉપરથી રામે તેમને વાલ્મીકિ ઋષિના આશ્રમે મોકલ્યાં. (કુશ લવ શબ્દ જુઓ) (સ૦ ૪૨–૪૮) ભૃગુ ઋષિની સ્ત્રીને વિષ્ણુએ મારી હતી તેથી ઋષિએ વિષ્ણુને શ્રાપ આપ્યો હતો કે, તને પણ મારા જેવો જ સ્ત્રી વિયોગ થજો, તે જ આ રામે જન્મ ધારણ કર્યો છે અને સ્ત્રી વિરહની વ્યથા ભોગવે છે, એવો પૂર્વ ઇતિહાસ સુમંત્રે લક્ષ્મણને કહ્યો. (દુર્વાસા દશરથ સંવાદ.) તે પછી રામે બ્રાહ્મણોનાં કામ રાજાએ સત્વર કરી તેમને વિદાય કરવા જોઇએ, અને એમ ન થાય તો તેઓનો કોપ થતાં હાનિ થાય એ વિષયે, લક્ષ્મણને નૃગ રાજાનો ઇતિહાસ સંભળાવ્યો. (સ૦ ૫૩–૫૪) બ્રાહ્મણોનું અપમાન થતું હોય એવું કાર્ય કરવું નહિં એ સંબંધે નિમિ રાજાનો ઇતિહાસ કહ્યો. (અ૦ ૫૫–૫૭) બ્રાહ્મણો કહે તેમ જ વર્તવું જરૂ, તેમની આજ્ઞા બહાર વર્તવું નહિં, જો એમની આજ્ઞાથી ઉપરવટ થઇ વર્તન કર્યું, તો હાનિ થાય એ સંબંધે યયાતિ રાજાનો ઇતિહાસ કહ્યો. (સ૦ ૫૮–૫૯)

રામચંદ્ર રાજ્ય કરતાં રાજ્ય એવું તો સુવ્યવસ્થિત ચાલવા માંડયું કે મહાદ્વાર પર વાદી અને પ્રતિવાદી આવ્યા એવું વરસમાં એકાદ દીવસ હોય તો હોય. હર હમેશ લક્ષ્મણ મહાદ્વાર ઉપર જઈ ત્યાં કોઇ વાદી પ્રતિવાદી નથી એવું કહેવા સભામાં પાછા આવે. આ પ્રમાણે રાજ્ય વ્યવસ્થા ચાલતી હતી. એવામાં એક વેળા એક શ્વાન ફર્યાદ કરવા માટે મહાદ્વાર પર ઉભો હતો. આ શ્વાન એક વખત માર્ગમાં ચાલ્યો જતો હતો તેવામાં સામેથી કોઇ ભિક્ષુક (સંન્યાસી) આવતો હતો. એ પોતાને કરડવા આવે છે એમ જાણી સંન્યાસીએ શ્વાનને દંડવડે માર્યો, એવી શ્વાનની ફર્યાદ હતી. નિત્ય નિયમ પ્રમાણે લક્ષ્મણ મહાદ્વાર પર આવ્યા ને જુએ છે તો કોઇ પણ ફર્યાદ કરનાર દેખાયું નહિ, પરંતુ આ શ્વાનને ઉભેલો દીઠો. આટલા ઉપરથી આને કાંઇ ફર્યાદ કરવાની હશે એવું અનુમાન કરી લક્ષ્મણે રામને ખબર આપી. રામ તરત જ બહાર આવ્યા અને શ્વાનને શું છે એમ પુછતાં જ તેણે મનુષ્ય પ્રમાણે બોલીને સઘળી હકીકત કહી. આ સાંભળી રામે તેને પુછ્યું કે હું ભિક્ષુને શું શિક્ષા કરું? શ્વાને કહ્યું કે તેને થોડા વખત માટે કુલપતિ બનાવો એટલે બસ. કુલપતિ એટલે એકાદ નાના ગામડાનો અધિકારી. તે પ્રમાણે રામે ભિક્ષુને શિક્ષા કરી શ્વાનને વિદાય કર્યો.

એનું તાત્પર્ય એ કે, કુલકરણીનું કામ કરવું એ ભિક્ષુને યોગ્ય નહિ, એ કરવું એ એને શિક્ષા રૂપ જ છે. (પ્રક્ષિપ્ત સ૦ ૨) એવી જ રીતે એક ગીધ અને ઘુવડ વચ્ચેની તકરારનો રામે નિવેડો આણ્યો હતો. (પ૦ સ૦ ૩),

એકદા કેટલાક ઋષિઓની સાથે ચ્યવન ભાર્ગવ રામ પાસે આવ્યા. તેમનું રામે સન્માન કર્યું. તેમણે મધુરાક્ષસ લોકોને બહુ ત્રાસ આપે છે એવું રામને કહ્યું. તે ઉપરથી રામે તે રાક્ષસનો નાશ કરવા શત્રુઘ્નને મોકલ્યા. (સ૦ ૬૦-૬૪ શત્રુઘ્ન શબ્દ જુઓ.)

એક વખત એક બ્રાહ્મણનો પુત્ર અકાળ મરણ પામતાં તેણે તેને રામના મહાદ્વાર પર આણીને નાંખ્યો. તે ઉપરથી રામને ખરાબ લાગ્યું કે હું આટલું નીતિથી રાજ્ય કરૂં છું છતાં આમ કેમ થયું ? એટલામાં તે બ્રાહ્મણ બોલી ઉઠ્યો કે હે રામ, પુત્ર જો ઉઠ્યો તો ઠીક, નહિં તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ (વા૦ રા૦ ઉ૦ સર્ગ ૭૩) તે સાંભળી રામની સભામાં માર્કંડેય, મોદ્ગલ્ય, વામદેવ, કાશ્યપ, કાત્યાયન, જાબાલિ, ગૌતમ અને નારદ જે આઠ ધર્મશાસ્ત્રવેત્તા મંત્રિઓ હતા તેમાંથી નારદે રામને કહ્યું કે રાષ્ટ્રમાં કોઇ પણ શુદ્ર તપ કરતો હોવો જોઇએ; માટે તેની શોધ થવી જોઇએ. (સ૦ ૭૪) તે ઉપરથી રામે પુષ્પક વિમાનમાં બેસી ચારે બાજુ જોતાં જોતાં ચારે દિશાએ શોધ કરતાં એક સંબુક નામનો શુદ્ર તપ કરતો તેમની દૃષ્ટિએ પડ્યો. તેને રામે તત્કાળ મારી નાંખ્યો. તેને મારી નાંખતાં જ અયોધ્યામાં મરી ગએલો બ્રાહ્મણ પુત્ર સજીવંત થયો. (સંબુક શબ્દ જુઓ)

પછી એમ જ ફરતાં ફરતાં એકદા રામ અગસ્ત્ય ઋષિના આશ્રમે ગયા. ત્યાં એમણે રામનો સત્કાર કરી એક અપૂર્વ રત્નમય કંકણ રામને આપ્યું. અને એ કોનું અને ઋષિ પાસે શી રીતે આવ્યું ઇત્યાદિ વૃત્તાંત રામે પુછતાં તેમણે મૂળ ઇતિહાસ કહી સંભળાવ્યો. (૩ શ્વેત શબ્દ જુઓ) પછી રામે અશ્વમેધ કર્યો જેમાં અનેક ઋષિઓ આવ્યા હતા. તેમાં વાલ્મીક પણ હતા. તેમની સાથે કુશ લવ આવ્યા હતા. પ્રત્યેકે વીસ સર્ગ, એ પ્રમાણે સમગ્ર રામાયણ કાવ્ય, વાલ્મીકિએ તેમની પાસે ગવડાવી, રામને સંભળાવ્યું. તે એ બન્ને કુમારોએ તંત્રી સહિત અને તાલયુક્ત મધુર સ્વરથી એવી તો ઉત્તમ રીતે ગાયું કે રામે તેમને પ્રસન્ન થઇ અરાડ હજાર સુવર્ણ મુદ્રા આપવાની આજ્ઞા કરી. પરંતુ તેમણે તે દ્રવ્ય લીધું નહિ. આ અશ્વમેધનું વર્ણન જૈમિની અશ્વમેધમાં વિસ્તારથી આપ્યું છે તેથી અહિં ટુંકવી નાખ્યું છે. (કુશ લવ શબ્દ જુઓ.) સીતાનું પૃથ્વીમાં સમાઇ જવું. રામ નિજધામ ગયા તે પૂર્વે જ અદૃશ્ય થવાં, એ બધું થયું.

तथा शापन्त्यां वैदेह्यां प्रादुरासीत्तदद्भुतम् ।
भूतलादुत्थितं दिव्यं सिंहासनमनुत्तमम् ॥१७॥
म्रियमाणं शिरोभिस्तु नागैरमितविक्रमैः ।
दिव्यं दिव्येन वपुषा दिव्यरत्नविभूषितैः॥१८॥
तस्मिंस्तु धरणी देवी बाहुभ्यां गृह्य मैथिलीम् ।
स्वागतेनाभिनन्द्यैनामासने चोपवेशयत् ॥१९॥
तामासनगतां दृष्ट्वा प्रविशन्तीं रसातलम् ।
पुष्पवृष्टिरविच्छिन्ना दिव्या सीतामवाकिरत्॥२०॥

(વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૯૬)

કાળાંતરે કૌશલ્યા, સુમિત્રા, અને કૈકેયીએ સ્વર્ગવાસ કર્યો. (સ૦ ૯૬).

પછી યુધાજિતના કહેવાથી શૈલૂષ ગંધર્વના ત્રણ કરોડ વંશજોનો પરાભવ કરાવડાવી ભરત પાસે સિંધુ દેશ સર કરાવડાવ્યો, અને ત્યાં ભરતના પુત્ર તક્ષ અને પુષ્કરને રાજ્યાભિષેક કર્યો. લક્ષ્મણના પુત્ર અંગદ અને ચંદ્રકેતુને કારૂપથ દેશમાં સ્થાપ્યા. (૫. ભરત સબ્દ જુઓ.)

રામચંદ્રે અગીઆર હજાર વર્ષ રાજ્ય કર્યું. પછી બ્રાહ્મણ વેશે કાળે તેમની પાસે આવી. મારે તમારી સાથે કાંઇ

એકાંતમાં વાત કરવી છે એવું કહ્યું, તે ઉપરથી રામે લક્ષ્મણને દ્વાર પર ઉભા રાખ્યા અને એવી આજ્ઞા કરી કે હું હમણાં એકાંતમાં છું અને તે એકાંતમાં જો કોઈ પણ ત્રીજું માણસ આવશે તેને હું મારી નાંખીશ. આટલું કહી રામ આવેલા બ્રાહ્મણ સાથે એકાંતમાં ગયા. તે બ્રાહ્મણે પ્રાર્થના કરી કે પૃથ્વી પર આપને જે જે કાર્ય કરવાનાં હતાં તે સર્વ આપ કરી ચુક્યા છો તો હવે આપ સ્વધામ પધારો. તેની એ સૂચના રામે માન્ય કરી અને હું હવે ઉતાવળે ત્યાં આવું છું. એમ કહી એને વિદાય કરવાની તૈયારીમાં જ હતા એટલામાં લક્ષ્મણે અંદર આવી રામને વિનતિ કરી કે બ્હાર દુર્વાસા ઋષિ આવ્યા છે અને આપને મળવાની ઇચ્છા કરે છે. તે સાંભળતાં જ રામે બ્રાહ્મણ રૂપી કાળનો સત્કાર કરી તેને વિદાય કરતાં, તે અંતર્ધાન થયો, એવું જોતાં જ પોતે બ્હાર પધારી દુર્વાસાર્નો દર્શન કર્યો. અને તેમને યથેચ્છ અન્નનું ભોજન કરાવી રસ્તે પાડ્યા– એટલે તેમને પોતે કરેલી પ્રતિજ્ઞાનું સ્મરણ થયું તેથી લક્ષ્મણ સંબંધે તેમને અનિવાર દુઃખ થયું.

અમારા એકાંતમાં કોઈ પણ ત્રીજું આવશે તેને હું મારી નાંખીશ એવી રામની લક્ષ્મણને સ્પષ્ટ આજ્ઞા છતાં તેઓ અંદર ગયા તેનું કારણ નીચે પ્રમાણે ઉપસ્થિત થયું હતું:–

રામની ને બ્રાહ્મણરૂપી કાળની વાતો ચાલતી હતી તે વેળા લક્ષ્મણ દ્વાર પર ઉભા હતા; એટલામાં ત્યાં દુર્વાષા ઋષિ આવ્યા, અને કહેવા લાગ્યા કે રામ ક્યાં છે તે મને જલ્દી બતાવ. લક્ષ્મણે વિનંતિ કરી કે રામ એકાંતમાં છે. માટે તમે ક્ષણભર થોભો. અથવા કાંઇ આજ્ઞા હોય તો મને ફરમાવો. દુર્વાસાએ કહ્યું કે તું મને સત્વર રામ ક્યાં છે તે બતાવે છે કે હું રઘુવંશ બાળીને ભસ્મ કરૂં ? આ વાક્ય સાંભળતાં જ લક્ષ્મણે વિચાર કર્યો કે સમસ્ત રઘુવંશનો ક્ષય થાય તેના કરતાં હું એકલો જ મરૂં એ વધારે સારૂં. એમ ધારી એ મના છતાં રામના એકાંતમાં ગયા. રામે વસિષ્ઠને પોતાની પ્રતિજ્ઞાની વાત કરી, એટલે તેમણે તોડ કહાડી રામને કહ્યું કે તમે લક્ષ્મણને કટુવાક્ય કહી તાડન કરો એટલે તેનો વધ કર્યા બરોબર જ થયું. રામે તેમ કરતાં જ લક્ષ્મણ અયોધ્યાથી નીકળી સરયૂતીરે આવ્યા ને ત્યાં યોગ ધારણા કરી સ્વર્ગે ગયા.

स गत्वा सरयूतीरमुपस्पृश्य कृताञ्जलिः ।
निगृह्य सर्वस्रोतांसि निःश्वासं न मुमोच ह
॥ १५ ॥
अनिःश्वसतं युक्तं तं सशक्राः साप्सरोगणाः ।
देवाः सर्षिगणाः सर्वे पुष्पैरभ्यकिरंस्तदा ॥१६॥
अदृश्यं सर्वमनुजैः सशरीरं महाबलम् ।
प्रगृह्य च लक्ष्मणं शक्रस्त्रिदिवं संविवेश ह ॥
॥ १७ ॥

વા૦ રા૦ ઉત્ત૨૦ (સ૦ ૧૦૪-૧૦૬)

લક્ષ્મણનું નિધન સાંભળી રામ અત્યંત ઉદાસ થયા, ને ભરતને રાજ્ય આપવા માંડ્યું. પણ તે સંબંધી વાત સાંભળતો જ નથી, એવું જોઈ કુશને અયોધ્યાનું રાજ્ય આપી, લવને શ્રાવસ્તી નગરી આપી. પછી અહીં બનેલું વૃત્તાંત શત્રુઘ્નને કહેવા દૂતને મોકલ્યો. એટલે લાગલા જ મથુરાનું રાજ્ય પુત્રને સોંપી શત્રુઘ્ન અયોધ્યા આવ્યા. તે જ પ્રમાણે અંગદને રાજ્ય સોંપી કિષ્કિંધાથી સુગ્રીવ આવી પહોંચ્યો અને લંકાથી વિભીષણ પણ આવી પહોંચ્યા. તેમને જોઇ રામે, વિભીષણ અને મારુતિને કહ્યું કે તમે કલ્પ સમાપ્ત થતા સુધી પૃથ્વી પર રહેજો, એટલું કહી તેમને જવાની આજ્ઞા આપી. અને વસિષ્ઠ પાસે પોતાનો અગ્નિહોત્ર સરયૂને તીરે મોકલાવ્યો. પછી પોતે હાથમાં દર્ભ લઈ અયોધ્યાના માણસો સહિત સરયૂ તીરે આવ્યા. અને ત્યાં આવેલા વિમાનમાં બેસી નિજધામ સિધાવ્યા.

(વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૧૦૬-૧૦૯).

રામ પછી અયોધ્યામાં કોઈ રહ્યું જ નહોતું એવું લખાણ મળે છે પરંતુ તે સત્ય ભાસતું નથી. કારણ કે જો એમ હોય અથવા એવું થનાર હોય તો રામ કુશને અયોધ્યાના રાજ્ય પર શું કરવા બેસાડે? એ ઉપરથી એક અનુમાન કરી શકાય કે થોડી ઘણી વસ્તી પણ ત્યાં રહેલી હોવી તો જોઇએ જ. કદાચિત્ રામના નિજધામ ગયા પછી કુશને ત્યાં ચેન પડયું નહિ હોય, તેથી તેણે અયોધ્યાનો ત્યાગ કર્યો હશે. આથી ઘણા કાળ સુધી તે ઉદ્ધસ્ત રહ્યું હશે; પછી ઋષભ રાજાએ ફરીથી વસ્તી વાસી હશે.

રામની આકૃતિ ભવ્ય હતી. તેમના હાથ હાથીની સુંડ જેવા, મુખ ચંદ્ર જેવું સ્વચ્છ અને નેત્રો મોટાં ને રાતાં હતાં. અંગની કાંતિ, ગૌરવર્ણમાં સહેજ કૃષ્ણવર્ણની છાયા એવી શ્યામવર્ણની હતી. તેવા જ સરળ રીતે ઉભા રહ્યા હોય ત્યારે હાથ ઢીંચણની નીચે સુધી જતા હતા. એવા તે આજાનબાહુ હતા.

युवा श्यामो लोहिताक्षो मातंग इव युथपः।
आजानुबाहुः सुमुखः सिंहस्कंधो महाभुजः
॥ ६० ॥
(ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૮)

એમને સીતા નામનાં એક જ પત્નિ હતાં. તે શિવાય બીજી સ્ત્રીઓને તેઓ માતા સમાન ગણુતા. તેઓ જગમશહૂર એકપત્નિવ્રતધારી હતા. તે જ પ્રમાણે એકવચની પણ હતા.

એઓ વિષ્ણુના અંશ હોઇ અલૌકિક સામર્થ્યવાન પણ હતા. વાલ્મીકિએ ભાખેલી ભવિષ્યવાણીની મર્યાદામાં જ તેઓ રહ્યા, તેથી તેમનું વર્તન સામાન્ય મનુષ્ય જેવું જણાતું, ને તેથી જ લોકોમાં તેમને મર્યાદાવતાર કહેવાની પૃથા પડી.

એમનું અધ્યાત્મ વિષયનું જ્ઞાન કેટલું અગાધ અને નિશ્ચયાત્મક હતું, તેમ જ વાણીની પ્રૌઢતા કેવી હતી, તે રામગીતા વાંચીએ ત્યારે જ લક્ષમાં આવે. આટલું છતાં નિત્યકર્મમાં તથા ઇશ્વરોપાસનામાં તેઓ અતિશય લક્ષ રાખનારા હતા. ઇશ્વરોપાસના કરવા સંબંધે તેમણે અગસ્ત્ય ઋષિ પાસેથી શૈવી-દીક્ષા લીધી હતી. શૈવીદીક્ષા એટલે આનંદરૂપ પરમાત્માની ઉપાસનાની દીક્ષા.

એમણે અગીઆર હજાર વર્ષ રાજ્ય કર્યું.

दशवर्षसहस्राणि दशवर्षशतानि च।
अयोध्याधिपतिर्भूत्वा रामो राज्यमकारयत्
॥ ६१ ॥
(ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૮)

તે પૂર્વે તેમનું વય સુમારે ચાલીસ વર્ષનું હોય એમ જણાય છે. તેમની પછી રાજ્ય કરનાર અને વંશની વૃદ્ધિ કરનાર લવ અને કુશ નામના બે પુત્રો હતા. ઉપર આ બન્નેનાં નામો પરોક્ષ રીતે આવી ગયાં છે.

રામ (૩). બલરામનું બીજું નામ.

રામ (૪). વસુદેવને રોહિણીની કુખે થએલો પુત્ર. **(બળરામ શબ્દ જુઓ)**

રામક પર્વત—સુરભીપત્તનની દક્ષિણે આવેલો પર્વત. અંહિ પાંડવોના વખતમાં તિમિંગલ રાજા હતો.

कृत्स्नं कोलगिरिं चैव सुरभीपट्टनं तथा।
द्वीपं ताम्राह्वयं चैव पर्वतं रामकं तथा ॥७०॥
(ભા૨૦ સભા૦ અ૦ ૩૨)

રામકૃષ્ણ. દાશરથિ રામ અને કૃષ્ણ, કિંવા બળરામ અને કૃષ્ણની સંજ્ઞા.

રામઠ. દેશ વિશેષ. અહીં હિંગ પુષ્કળ થતી હશે એમ જણાય છે, અને તે ઉપરથી આ દેશનું એ નામ પડયું હશે. **(રામઠ = હિંગ)**

द्वारपालं च तरसा वशे चक्रे महाद्युतिः
रामठान्हारहूणांश्च प्रतीच्याश्चैव ये नृपाः॥१२॥
(ભા૨૦ સભા૦ અ૦ ૩૫)

રામતાપિની. અથર્વણ વેદોપનિષત્.

રામતીર્થ. તીર્થ વિશેષ. **(વ૦ ૮૨–૭૨).**

રામ રહસ્ય. અથર્વણ વેદોપનિષત્.

રામહૃદ. જમદગ્નિરામે ક્ષત્રિયોને મારી તેમના રુધિરથી ભરેલું સરોવર. પાંડવોના વખતમાં

આની ગણના તીર્થમાં હતી. (૨ કુરુક્ષેત્ર શબ્દ જુઓ).

ततो महेन्द्रमासाद्य जामदग्न्यनिषेवितम्।
रामतीर्थं नरः स्नात्वा वाजिमेधफलं लभेत्
॥ १६ ॥
(ભા૨૦ વન૦ અ૦ ૮૩)

રામસીર. ભારતવર્ષીય દેશ.

રામાધિવાસ. તીર્થ વિશેષ.

રામેશ્વર. સેતુબંધ પાસેનું તીર્થ વિશેષ.

રાવણ. પ્રસ્તુત ચાલતા વૈવસ્વત મન્વન્તરમાંના બ્રહ્મમાનસપુત્ર પુલસ્ત્ય ઋષિનો પૌત્ર, અને વિશ્રવા ઋષિને પુષ્પોત્કટા નામની ભાર્યાની કુખે થએલા ત્રણ પુત્રોમાં સહુથી મોટો. એ જન્મ્યો ત્યારથી તેને દશ માથાં હતાં તેથી એનું મૂળ નામ દસકંધર હતું, પછી રાવણ પડયું. **(વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૯)**

पुष्पोत्कटायां जज्ञाते द्वौ पुत्रौ राक्षसेश्वरौ।
कुम्भकर्णदशग्रीवौ बलेनाप्रतिमौ भुवि ॥७॥
(ભા૨૦ ૪૦ અ૦ ૨૭૫–૨૭૬)

વૈવસ્વત મન્વન્તરની અગીઆરમી ચોકડીમાં આનો જન્મ થયો હતો (લિંગ૦ પુરાણ). એને ઘેર સર્વ દેવો કામ કરતા હતા, એ સંબંધી વાલ્મીકિ રામાયણમાં કાંઇ ઉલ્લેખ નથી.

દશગ્રીવ થોડો મોટો થયો, એવામાં એકદા એનો ઓરમાન ભાઇ વૈશ્રવણ, પોતાના પિતા વિશ્રવા ઋષિના દર્શણે આવ્યો, તે વખતે કૈકસીએ તેને (વૈશ્રવણને) ઓળખાવી દશગ્રીવને કહ્યું કે તું વૈશ્રવણ જેવું ઐશ્વર્ય સંપાદન કર. તે ઉપરથી રાવણ તથાસ્તુ કહી, કુંભકર્ણ અને વિભીષણ એ બન્ને ભાઇઓને સાથે લઇ, ગોકર્ણક્ષેત્રે આવી, ઘોર તપ કરવા લાગ્યો. તે તપ એણે દસહજાર વર્ષ પર્યંત એવી રીતે કર્યું કે એક સહસ્ત્ર વર્ષ તપનાં પૂર્ણ થતાં પોતાનું એક મસ્તક છેદી, તેને અગ્નિમાં નાંખી હોમ કરે. આ પ્રમાણે નવ હજાર વર્ષમાં નવ મસ્તક હોમ્યાં. બીજાં હજાર વર્ષ પુરાં થતાં બાકી રહેલું એક મસ્તક પણ છેદી હોમ કરવા જતો હતો ત્યારે બ્રહ્મદેવ પ્રત્યક્ષ થઈ બોલ્યા કે તારી ઇચ્છા હોય તે વર માગ. આણે વિનતિ કરી કહ્યું કે આપ કોઇને અમરત્વ તો આપતા નથી, તો મને એટલું આપો કે દેવ, દૈત્ય, દાનવ, યક્ષ, સુપર્ણ ઇત્યાદિ કોઇના પણ હાથે મારું મૃત્યુ ના થાય. મનુષ્યને તો હું તૃણવત જ ગણું છું. બ્રહ્મદેવ તથાસ્તુ કરી બોલ્યા કે તારું માગેલું મેં તને આપ્યું. તેં જે તારાં મસ્તકો છેદ્યાં છે તે પૂર્વવત્ થાઓ. એ ઉપરાંત તુ કામરૂપધર (તારી ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર) થઇશ. આટલું સાંભળી અને બ્રહ્મદેવને અંતર્ધાન થએલા જોઇ, વરદાન પામેલો એ, ઉભય ભાઇઓ સહિત, તેમને લઇ, શ્લેષ્મામક વનમાં પિતા પાસે આવ્યો.

एवं लब्धवराः सर्वे भ्रातरो दीप्ततेजसः।
श्लेष्मातकवनं गत्वा तत्र ते न्यवसन्सुखम्॥
॥ ४९ ॥
(વા૦ રા૦ ઉ૦ સર્ગ ૧૦).

આપણા દોહિત્ર (દિકરીનો દિકરો) દશગ્રીવ, કુંભકર્ણ અને વિભીષણ, બ્રહ્મદેવ પાસેથી વરદાન પામી બલાઢ્ય થયા છે એવું સાંભળતાં જ સુમાલી રાક્ષસ, મારીચ, વિરૂપાક્ષ, પ્રહસ્ત અને મહોદર, તેમ જ કેટલાક બીજા રાક્ષસો સાથે લઇ, આ લોકોને આવી મળ્યો અને ઉપદેશ કરવા લાગ્યો કે વૈશ્રવણ પાસે જે લંકા છે, તેને તેના ઐશ્વર્ય સહિત કોઈ પણ ઉપાયે તું લઈ લે. પરંતુ રાવણે કહ્યું કે જ્યેષ્ટ ભ્રાતા પિતા સમાન હોઇ એવી અમર્યાદા શી રીતે થાય? એ ઉપરથી પ્રહસ્તે તેની બુદ્ધિમાં મોહ ઉત્પન્ન કર્યો. એથી એની મનોવૃત્તિ બદલાઇ અને એણે પ્રહસ્તને જ દૂત કરી, વૈશ્રવણ પાસે લંકા માગવા મોકલ્યો. વૈશ્રવણ પિતાનું અનુમોદન લઇ તરત જ ત્યાંથી નીકળી હિમાલયના કૈલાસ નામના શિખર ઉપર જઇ રહ્યો. અહિં રાક્ષસોએ લંકામાં રાવણને રાજ્યાભિષેક કર્યો. (સ૦૧૧)

એકદા દશગ્રીવ પૃથ્વી ઉપર ફરતો હતો.

તેને મયાસુર મળ્યો. તેણે આને પરાક્રમી જોઇ પોતાની કન્યા મંદોદરી આપી. અને એક શક્તિ પણ આપી. તે જ શક્તિ પાછળથી આણે યુદ્ધ વખતે વિભીષણને મારવા ફેંકતાં લક્ષ્મણને વાગી હતી. આનું લગ્ન થયું એ જ પ્રમાણે કુંભકર્ણ અને વિભીષણનાં લગ્ન થયાં એટલે શર્પણખાને વિદ્યુજ્જિહ્વ નામના રાક્ષસને પરણાવી. (સ૦ ૧૨) પછી આણે કુંભકર્ણને નિદ્રા લેવાનું દુઃખ પડે છે એ જોઈ, બે યોજન લાંબી અને એક યોજન પહોળી એવી એક ગુફા એને તૈયાર કરાવી આપી. હવે એ એકલો જ સર્વત્ર ઘુમવા લાગ્યો; અને લોકોને અનેક પ્રકારે ત્રાસ આપવા મંડયો. આ સમાચાર વૈશ્રવણને ખબર પડતાં તેણે એક દૂત મોકલી તે દ્વારા તું લોકોને આમ ત્રાસ આપીશ નહિ એમ કહેવડાવ્યું. તે દૂતને રાવણે રાક્ષસો પાસે ભક્ષ કરાવી દીધો અને પોતે વૈશ્રવણ સાથે યુદ્ધ કરવા ગયો. (સ૦ ૧૩).

રાક્ષસસૈન્ય સહિત રાવણે વૈશ્રવણ ઉપર ચડાઇ કરી. તેણે અલકાનગરીને ઘેરો ઘાલ્યો અને યક્ષોનો નાશ આરંભ્યો. વૈશ્રવણે પોતે જાતે યુદ્ધે ન આવતાં સંયોધકટક નામના યક્ષને રાવણ સાથે લડવા મોકલ્યો. પરંતુ રાવણે તેનો પરાભવ કરી, સૂર્યભાનુ નામના દ્વારપાળને ઠાર મારી નગરમાં પ્રવેશ કર્યો (સ૦ ૧૪). તે ઉપરથી વૈશ્રવણે માણિચર અથવા માણિભદ્રને દશગ્રીવ સામો લડવા મોકલ્યો. તેને રાવણે મૂર્છિત કર્યો એવું સાંભળી, શુક, પ્રૌષ્ઠપદ ઇત્યાદિ મંત્રીઓને લઇ સ્વતઃ કુબેર રાવણ સંમુખ આવ્યા ને તેને અનેક પ્રકારે ધર્મોપદેશ કરવા લાગ્યા. તેમનો આણે અનાદર કરી, પોતે ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર હતો એટલે બીજે રૂપે વૈશ્રવણ સાથે યુદ્ધ માંડયું. તેમાં વૈશ્રવણનો પરાજય કરી, પુષ્પક વિમાનનું હરણ કરી લંકા ગયો. (સ૦ ૧૫).

એક વેળા પુષ્પક વિમાનમાં બેસી, રાવણ ફરતો ફરતો મહાદેવના કૈલાસ પર્વતપરના શરવણ વન સમીપ ગયો. તે વનમાં પ્રવેશ કરવાથી સ્ત્રીત્વ પ્રાપ્ત થાય છે એવી તેને ખબર હોવાથી ત્યાં જ ઉભો રહ્યો. વનની બહારના પ્રદેશમાં ઉભો હતો ત્યાં એણે એકાએક નંદીને જોયો. તેનું વાનર જેવું મુખ અને ટુંકડા હાથ જોઇ રાવણે ઉપહાસ ભર્યું હાસ્ય કર્યું. એથી નંદીએ એને શાપ્યો કે તારો વાનરો જ નાશ કરશે. આ નંદીએ દીધેલા શ્રાપથી રાવણ ક્રોધે ભરાયો ને કૈલાસ શિખર ઉચકવાનો પ્રયત્ન કરવા લાગ્યો. મહાદેવને આ વાત ખબર પડવાથી તેમણે પોતાની અલૌકિક શક્તિ વડે શિખરને દબાવ્યું તેથી રાવણના હાથ પર્વત તળે ચગદાયાથી તે મોટી ચુમો પાડવા લાગ્યો. છેવટે નિરુપાય થઇ, સામ ગાયન વડે તેણે શિવનું સ્તવન હજાર વર્ષ સુધી કર્યું. આ સ્તવન વડે દિશાઓ ગુંજી રહી, તેથી મહાદેવે આનું નામ રાવણ પાડયું. અને સ્તવનથી સંતુષ્ટ થઇ ચંદ્રહાસ નામનું ખર્ગ આપી, તેને ત્યાંથી મુક્ત કર્યો. એટલે તે લંકા પાછો આવ્યો. (સ૦ ૧૬).

પછી આને વેદવતીનો શાપ થયો. (વેદવતી શબ્દ જુઓ). તે પછી મરુત્તરાજાનો યજ્ઞ ચાલતો હતો ત્યાં આ યુદ્ધ કરવા ગયો. એને આવેલો જોઇ તે યજ્ઞમાંથી ઉઠવા લાગ્યો પણ સંવર્તે એને ઉઠવા દીધો નહિ; એ જોઇ રાવણને લાગ્યું કે મરુત્ત રાજા મારાથી બ્હી ગયો; એટલે મેં મરુત્તને જીત્યો એવી ગર્જના કરી તે લંકા પાછો આવ્યો. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૮). રાવણે સર્વત્ર જઈ અનેક રાજાઓને જીત્યા; પરંતુ સૂર્યવંશોત્પન્ન અનરણ્ય રાજા સાથે આને યુદ્ધ થયું તેમાં એ રાજાએ આને શાપ દીધો. (સ૦ ૧૯).

એક વેળા નારદે રાવણને કહ્યું કે તું યમને જીતે ત્યારે ખરો બળવાન કહેવાય. તે

ઉપરથી તે યમ તરફ ગયો અને તેની સાથે સાત અહોરાત્ર યુદ્ધ કર્યું. તેમાં યમ પોતાનું ઘોર રૂપ પ્રકટ કરી જેવો તેને કાળદંડથી મારવા જાય છે તેવી જ તેણે બ્રહ્મદેવની ભવિષ્ય વાણી કહી સંભળાવી. આ સાંભળી યમ એકાએક રાવણ સમક્ષ અંતર્ધાન પામ્યો. પરંતુ રાવણ તે મારાથી બીન્યો એમ જાણી, જયઘોષ કરતો લંકા પાછો આવ્યો. (સ૦ ૨૦–૨૨).

આ પછી રાવણે પાતાળમાંના નાગોને જીત્યા, અને મણિપુરમાં એક વર્ષ સુધી નિવાતકવચ સાથે યુદ્ધ કર્યું પણ જય થતો નથી જોઈ, તેની સાથે સખ્ય કર્યું. તે પછી અસ્મનગરના કાલકેય સાથે આને યુદ્ધ થયું. તેમાં શર્પણખાનો પતિ વિદ્યુજ્જિહ્વ આને હાથે મરાયો. પછી વરુણ લોકમાં આ ગયો પણ ત્યાં વરુણ ન હોવાથી તેના સેનાપતિએ હું હાર્યો એમ કહેવાથી, આ લંકા પાછો આવ્યો. (વા૦ રા૦ ઉ૦ સ૦ ૨૩), એકદા રાવણ બલી પાસે પાતાળમાં ગયો ને બલીને કહેવા લાગ્યો કે મેં સાંભળ્યું છે કે તને વિષ્ણુએ બાંધ્યો છે, તે ઉપરથી તને છોડાવવા હું અહીં આવ્યો છું. એ વિષ્ણુ મને જતાવ એટલે હું તેની સાથે યુદ્ધ કરી તને છોડાવું. રાવણનું આ બોલવું સાંભળી, બલીએ હિરણ્યકશિપુના કાનનું એક કુંડળ કહાડી તેને દેખાડી કહ્યું કે તું આને ઉચક. રાવણ તે ઉચકવા જતાં થોડું ઉંચું થયું ને લાગલો જ તે પોતે પડી ગયો. ત્યારે બલીએ તે કુંડળ ઉચકી લઇ તેને કહ્યું કે આવાં કુંડળ કાને પહેરનાર જે હિરણ્યકશિપુ તેને વિષ્ણુએ માર્યો તો તું તેની સાથે યુદ્ધમાં શી રીતે ટક્કર ઝીલીશ? તો પણ જો તારી યુદ્ધ કરવાની ઇચ્છા હોય તો મારા મહાદ્વારપર જે પુરુષ ઉભો છે તે જ વિષ્ણુ છે. જા તેની સાથે યુદ્ધ કર. આથી રાવણ લજ્જિત થઇ લંકા પાછો ફર્યો. (પ્રક્ષિપ્ત સ૦ ૧).

રાવણ જ્યારે જ્યારે વિહાર કરવા નીકળે ત્યારે દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ ઇત્યાદિમાંથી જેની જેની સુંદર કન્યા તેની દૃષ્ટિએ પડે તેને પકડી પુષ્પક વિમાનમાં બેસાડી લંકામાં લાવી રાખે. એ પ્રમાણે એણે કાંઇ સેંકડો કન્યા આણી રાખી હતી, તે બધી એને શાપતી હતી. એકદા શર્પણખાએ આવી પોતાના સ્વામીને એણે માર્યો, તેને માટે તેની અતિશય નિર્ભર્ત્સના કરી. આ ઉપરથી રાવણે ચૌદહજાર રાક્ષસો અને ખર રાક્ષસ તેની સહાય્યમાં આપી, તેને દંડકારણ્યનું રાજ્ય આપી, સંતુષ્ટ કરી વિદાય કરી. (વા૦ રા૦ ઉ૦ સ૦ ૨૪).

રાવણને મંદોદરીથી પ્રથમ જ મેઘનાદ નામનો પુત્ર થયો. (ઇંદ્રજિત્ શબ્દ જુઓ) કેટલાક વખત પછી મધુરાક્ષસ રાવણની માશીની દીકરી કુંભનસીને લંકામાંથી ચોરી લઇ જઇ પરણ્યો; તેથી ક્રોધે ભરાઇ આ તેની સાથે યુદ્ધ કરવા ગયો, પણ કુંભનસીએ વચ્ચે પડી પ્રાર્થના કરી યુદ્ધ થવા દીધું નહિ, એટલે તેની સાથે સંખ્ય થયું (સ૦ ૨૫).

પછી આણે રમ્ભા નામની અપ્સરા ઉપર બળાત્કાર કર્યો. તે ઉપરથી નલકુબેરનો આને શાપ થયો કે હવે પછી જો રાવણ ક્રોધ જેને કામેચ્છા નથી એવી સ્ત્રીપર બળાત્કાર કરે તો તેનું મસ્તક સમવા ભાગી પડજો. (સ૦ ૨૬).

शतो ह्येष पुरा पापो वधूं रम्भां पराम्रशन्।
न शक्नोत्यवशां नारीमुपैतुमजितेन्द्रियः॥६१॥
(ભા૨૦ વન૦ અ૦ ૨૮૧)

એક વેળા રાવણ ઇંદ્ર સાથે યુદ્ધ કરવા ગયો હતો, તેમાં એના આજ્ઞા સુમાલીને સાવિત્ર નામના વસુએ માર્યો. એ ઉપરથી મેઘનાદે આગળ આવી, દેવો સાથે ઘોર યુદ્ધ કરી, ઇંદ્રને બાંધી લંકા આણ્યો. (સ૦ ૨૯–૩૦) તે પછી એક વેળા રાવણ સહસ્રાર્જુન પાસે ગયો, તો તે નર્મદા ઉપર ગયો છે એવું સાંભળી એ ત્યાં ગયો

અને મધ્યાન્હકાળ થયો હતો એટલે સ્નાન કરી શિવાલગની અર્ચના કરવા બેઠો. (સ૦ ૩૧). એટલામાં નર્મદાનાં પાણી વધ્યાં ને એ લગભગ બુડવા જેવો થયો તોપણ પુજા સમાપ્ત થયાં પહેલાં એ ઉઠયો નહિ. પૂજા સમાપ્ત કરી રહ્યા પછી પાણી કેમ વધ્યાં તેની તલાસ કરતાં તેને જણાયું કે નદીના નીચાણમાં સહસ્રાર્જુન ક્રીડા કરે છે. એ ઉપરથી એ ત્યાં ગયો ને ત્યાં જતાં જ બન્ને વચ્ચે યુદ્ધ થયું. તેમાં સહસ્રાર્જુન રાવણને બાંધી માહીષ્મતી લઇ ગયો. ત્યાંથી પુલસ્ત્ય ઋષિએ એને છોડવી લંકા પાછો આણ્યો. (સ૦ ૩૨-૩૩). આ જ પ્રમાણે વાલીએ પણ એને પકડી કિષ્કિંધા લઈ જઈ અંગદના પારણા પર લટકાવ્યો હતો, ત્યાંથી પણ પુલસ્ત્યે જ ફરી છોડાવ્યો. (સ૦ ૩૪) પછી રાવણનું શ્વેતદ્વીપમાં ગમન અને ત્યાં થએલો તેનો ઉપહાસ. (પ્રક્ષિપ્ત સ૦ ૫).

આવી રીતે ઘણો કાળ જતાં, ચાલુ મન્વન્તરની ચોવીસમી ચોકડીમાં સૂર્યવંશી દશરથ રાજાને ત્યાં તેની કૌસલ્યા નામની સહુથી મોટી સ્ત્રીને ઉદરે અયોધ્યામાં વિષ્ણુના અંશ રામચંદ્ર જન્મ્યા; અને પિતાની આજ્ઞાને લીધે તેમને, લક્ષ્મણ અને સીતા સહિત દંડકારણ્યમાં થઇને પંચવટીમાં રહેવાનું થયું. એ વર્તમાન રાવણને પ્રથમ અકંપન રાક્ષસે જણાવ્યા. (વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૩૧). પછી શૂર્પણખા વિરૂપ થવાથી અને તે જ નિમિત્તે ખરાદિનો વધ થતાં, તેણે પણ સીતાનું સૌંદર્ય અને આ લોકો અહીં છે એ જ વૃત્તાંત રાવણને આવી જણાવ્યો. એથી આ ક્રોધે ભરાઇ મારીચને સાથે લઇ પંચવટી ગયો, અને સીતાનું હરણ કરી તેને લંકા લાવીને રાખી. (૧ ખર; ૪ મારીચ, અને પંચવટી શબ્દ જુઓ). સીતાને લઇને જતાં, તેના નિમિત્તે આનું અને જટાયુનું યુદ્ધ થયું. (જટાયુ શબ્દ જુઓ). રાવણ સીતાને લઇ લંકા જતો હતો ત્યારે સીતાએ પોતાના અલંકાર ઉત્તરીય વસ્ત્રમાં બાંધી ઋષ્યમૂક પર્વત પર બેઠેલા પાંચ વાનરો તરફ ફેંકી દીધા; રાવણે તેમને લંકામાં અશોક વનમાં લઇ જઇ રાખ્યાં. (વા૦ રા૦ અર૦ સ૦ ૫૪). પછી સીતા પોતાને વશ થાય એ અર્થનું એનું બોલવું ને તેથી સીતાએ કરેલી એની નિર્ભર્ત્સના. (સ૦ ૫૫-૫૬).

પછી સીતાની શોધ કરવા મારુતિ લંકા આવી અશોક વનમાં બેઠા છે એટલામાં રાવણ ત્યાં આવ્યો, અને સીતા સાથે પૂર્વવત જ બોલવા લાગ્યો; પરંતુ સીતાએ તેનો અતિશય ધિક્કાર કરવાથી તે સીતાને મારી નાંખવા પ્રવૃત્ત થયો. પરંતુ ધાન્યમાલિની રાવણનું સાંત્વન કરી તેને લંકા લઇ ગઈ. (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૧૮-૨૨). બીજે દિવસે રાવણને કોઇએ એવા સમાચાર કહ્યા કે કોઇ એક વાનરે આવીને અશોકવનનો ભંગ કર્યો અને તે માંહ્યલા મહેલના રક્ષકોને મારી નાખી મહેલનો પણ નાશ કર્યો. તે ઉપરથી એણે કેટલાક રાક્ષસો મોકલ્યા તેને મારુતિએ મારી નાંખ્યા સાંભળી ઇંદ્રજિત્ આવ્યો, તે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરી મારુતિને બાંધી લંકા લઈ ગયો. (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૪૨-૪૮). પછી રાવણ સાથે તેમનું બોલવું અને કિષ્કિંધા પાછું જવું તે સંબંધી હનુમાન શબ્દ જુઓ. લંકા બાળી મારુતિ ગયા પછી રાવણસભામાં મસલત (વા૦ રા૦ યુદ્ધ૦ ૬-૭), તેમાં વજ્રદંષ્ટ્રે એવી યુક્તિ બતાવી કે રાક્ષસોને મનુષ્ય વેશ ધારણ કરાવી રામ પાસે મોકલી તેઓ એવું કહે કે અમને ભરતે તમારી સહાય કરવા મોકલ્યા છે એવું કહી વાનર સેના રામથી દૂર કરાવડાવી, સંધિ જોઈ રામનો વધ કરવો. આ યુક્તિ સર્વને પસંદ પડવાથી બધા રાક્ષસો આનંદથી કુદવા લાગ્યા. એ જોઇ વિભીષણે ગુસ્સે થઇ બધાને પોતપોતાને સ્થળે બેસાડ્યા અને રાવણને પુષ્કળ બોધ

કર્યો. એ ઉપરથી રાવણે સભા વિસર્જન કરી અને બધાને ઘેર જવાની આજ્ઞા આપી. (સ૦ ૮-૧૦). તે પછી રાવણને કુંભકર્ણનો ઉપદેશ (સ૦ ૧૦) . તે પછી રામ તે કોણ અને એમનું સામર્થ્ય કેવું છે ઇત્યાદિ વર્ણન કરી વિભીષણે રાવણને ફરીથી બોધ કર્યો. (સ૦ ૧૪). તે ઉપર ઇન્દ્રજિતે ભાષણ કર્યું તેનું કુંભકર્ણે કરેલું ખંડન. (સ૦ ૧૫) છેવટે રાવણે વિભીષણનો અતિશય ધિક્કાર કર્યો તેથી તે રામને શરણે ગયો. (સ૦ ૧૬).

રાવણે શુક રાક્ષસને મોકલી રામના સૈન્યની સંખ્યાની ભાળ મેળવી, અને તું રામને છોડી પાછો તારે દેશ જા એવો સંદેશો સુગ્રીવને પણ મોકલ્યો. (સ૦ ૨૦). રામના સૈન્ય સાથે સુવેલાચળ પાસે ઉતર્યા પછી શુક સારણને લઇ રાવણ ઉંચા મહેલ પર ચઢયો એટલે, તેમને, પ્રત્યેક વાનર, તેમનું પરાક્રમ અને તે કેટલી સેનાનો અધિપતિ ઇત્યાદિ સર્વ હકીકતથી તેને વાકેફ કર્યો. (વા૦ રા૦ યુદ્ધ૦ ૨૬-૨૮). પછી રાવણે વિદ્યુજ્જિહ્વ પ્રધાનની સહાય વડે રામનું માયામય શિર અને ધનુષ્ય બનાવડાવી સીતા પાસે લઇ જઈ દેખાડી તેનો છળ કરવાનો પ્રયત્ન કર્યો પણ તે વશ થયાં નહિ. (સ૦ ૩૧-૩૨). તે જાણી રાવણના આજ્ઞા માલ્યવાન્ રાક્ષસે તેને શીખામણ દીધી પણ તેનો રાવણે ધિક્કાર કર્યો. (સ૦ ૩૫) . તે પછી રાવણે નીચે પ્રમાણે યુદ્ધની તૈયારી કરીઃ-લંકાના પૂર્વદ્વાર પર પ્રહસ્ત, દક્ષિણ દ્વારપર મહાપાર્શ્વ અને અને પશ્ચિમ દ્વારપર ઇંદ્રજિત અને મધ્ય ભાગમાં વિરૂપાક્ષ એ પ્રમાણે અસંખ્ય સેના સહિત આ વીરોને રાખી પોતે શુક સારણ અને મોટી સેના સહિત ઉત્તર દ્વારપર રહ્યો. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૬).

યુદ્ધનો આરંભ થયો એટલે પ્રથમ દિવસે ઇંદ્રજિતે લાખો વાનરોને મૂર્છા પમાડ્યા, અને રામ લક્ષ્મણને નાગપાશથી બાંધી મૂર્છા પમાડી પોતે લંકા ગયો. એ જોઈ રાવણને ઘણો આનંદ થયો અને તેણે સીતાને પુષ્પક વિમાનમાં બેસાડી, ત્રિજટા પાસે એ લોકોની શી અવસ્થા થઇ છે તે દેખાડાવડાવ્યું. (સ૦ ૪૬-૪૭). બીજે દિવસે રામને પૂર્વવત જ સ્વસ્થ જોઇ રાવણે, ધૂમ્રાક્ષ, વજ્રદંષ્ટ્ર, અકંપન, પ્રહસ્ત ઇત્યાદિ રાક્ષસોને મોટાં સૈન્ય આપી રામ તરફ મોકલ્યા; પરંતુ તે સઘળા ત્યાં જઇ યુદ્ધ કરી મરણ પામ્યા (સ૦ ૫૧-૫૭). યુદ્ધને છઠ્ઠે દિવસે રાવણ પોતે યુધ્ધે ચડયો અને પરાભવ પામી પાછો ફર્યો. (સ૦ ૫૯). સાતમે દિવસે રાવણ સભામાં બેસી હવે શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો, ત્યાં તેને અનરણ્ય રાજા, વેદવતી, નંદી ઇત્યાદિના શાપ એકદમ સાંભરી આવ્યા, અને નરવાનરોને હાથે મરણનો પ્રસંગ આવી પહોંચ્યો જણાયો, તે ઉપરથી કુંભકર્ણ ઉંઘતો હતો તેને જાગૃત કરવા તેણે રાક્ષસોને મોકલ્યા. (સ૦ ૬૦). જાગૃત થઇ તે સભામાં આવ્યો, અને તેને અને રાવણને કાંઇ વાતચિત થયા પછી તે યુધ્ધે ચડયો ને મરણ પામ્યો. (કુંભકર્ણ શબ્દ જુઓ).

કુંભકર્ણ મરણ પામતાં, વિભીષણ આદિએ દીધેલી શીખામણનું રાવણને સ્મરણ થતાં તેને અનિવાર દુઃખ થયું. (સ૦ ૬૮) એ જોઇ દેવાંતક, નરાંતક, ત્રિશિરા અને અતિકાય એ ચારે પુત્રો મહોદર વિગેરેને સાથે લઇ રાવણનું સાંત્વન કરી યુધ્ધે ચડયા. (સ૦ ૬૯) અને સઘળા યુદ્ધ કરી મરણ પામ્યા. (સ૦ ૭૨) હવે ઇંદ્રજિત યુધ્ધે ચડયો, અને એક પ્રહરમાં રામસેનામાંના સડસઠ કોટિ વાનરોને મારી લંકા પાછો ગયો. એ જોઇ રાવણને આનંદ થયો અને તેણે પુનઃ કુંભ અને નિકુંભને અસંખ્ય સેના આપી યુદ્ધ કરવા મોકલ્યા, પરંતુ તેમને જય ન મળતાં તે સર્વ મરણ પામ્યા. (સ૦ ૭૩-૭૫). તે પછી મકરાક્ષે યુદ્ધ માંડયું ને તે પણ મરાયો. (સ૦ ૭૮) નિરુપાય થઈ હવે યુધ્ધે કોને મોકલવો એના વિચારમાં રાવણ પડયો હતો એટલામાં ઇંદ્ર-

જિતે આગળ આવી કહ્યું કે આપ લગિરે ફીકર કરશો નહિં, હવે હું જ યુદ્ધ કરવા જાઉં છું. એવું કહી તે યુદ્ધ કરવા ગયો ને લક્ષ્મણને હાથે મરાયો. (૧ ઇંદ્રજિત શબ્દ જુઓ).

ઇંદ્રજિતનું મરણ સાંભળી રાવણને શોકની પરાકાષ્ટા થઇ અને ક્રોધે ભરાઇ હાથમાં ખડ્ગ લઇ સીતાનો વધ કરવા નિકળ્યો. પરંતુ અવિંધ્ય નામના સચિવે આપ સરખાએ સ્ત્રીવધ કરવો શોભે નહિં ઇત્યાદિ કહી અનેક રીતે સાંત્વન કરી રાવણને પાછો ફેરવ્યો. (સ૦ ૯૩) હવે રાવણે લંકા માંહેલું સઘળું સૈન્ય યુદ્ધભૂમિ પર મોકલ્યું. તેમાંના ઘણા ખરા રાક્ષસો મરાયા એથી લંકામાં ઘેર ઘેર રાક્ષસોમાં ઘણો જ શોક વ્યાપી રહ્યો. (સ૦ ૯૪-૯૫)

આ પ્રમાણે પુત્રો, બાંધવોનો નાશ થયો, અને અસંખ્ય સૈન્ય પણ મરણ પામ્યું તો પણ રાવણની જીવિતાશા છુટતી નથી, અને તેથી જ તે શુક્રાચાર્ય પાસે જઇ વિનંતિ કરવા લાગ્યો કે આપ મારા ગુરુ ને મારો આમ પરાજય થાય તે આપને યોગ્ય લાગે છે ? એ ઉપરથી શુક્રાચાર્યે એને એક મંત્ર આપ્યો અને કહ્યું કે જો આ મંત્રનો જપ તેમ જ હોમ નિર્વિઘ્ને સિદ્ધ થશે તો તું વિજયી થઇશ. આ સાંભળી રાવણને ઘણો હર્ષ થયો, અને આચાર્યને વંદન કરી લંકામાં ગુપ્ત સ્થળે અનુષ્ઠાન કરવા બેઠો. આ ખબર વિભીષણને પડતાં જ તેણે રામચંદ્રને કહી અંગદ આદિ વાનરોને ત્યાં મોકલ્યા. તેમણે સરમાના (વિભીષણની સ્ત્રી) કહેલા સંકેત પ્રમાણે ત્યાં જઇ રાવણના કાર્યમાં વિઘ્ન નાંખવા માંડયું. પરંતુ રાવણ આસન છોડી ઉઠે નહિં. એટલે અંગદ અંતઃપુરમાં ગયો અને ત્યાંથી મંદોદરીને બહાર ઘસડી આણી રાવણ સમક્ષ તેને હેરાન કરવા લાગ્યો. મંદોદરીનું અતિશય આક્રંદ સાંભળી રાવણે આસન છોડયું એટલે અંગદ આદિ ત્યાંથી પલાયન થઈ ગયા. પછી મંદોદરીનું સાંત્વન કરી, તે યુદ્ધ કરવા નિકળ્યો. (અધ્યાત્મરા૦ યુદ્ધ૦ સ૦ ૧૦) યુધ્ધે જતી વખતે લંકામાં જેટલું સૈન્ય રહ્યું હતું તે બધું, તેમ જ બધા પ્રધાનોને સાથે લઇ તે રામ સંમુખ આવ્યો, અને રામ સાથે દારુણ યુદ્ધ કર્યું, પરંતુ તેમાં રામને કાંઇએ વ્યથા ન થતાં તેમને હાથે રાવણનું મૃત્યુ થયું. (૨. રામ શબ્દ જુઓ) રાવણ મરણ પામ્યો ત્યારે ચૌદમી ચોકડીનો આરંભ થયો હતો. અગિઆરમી ચોકડીમાં તેનો જન્મ અને ચોવીસમી ચોકડીમાં તેનું મરણ થયું હતું.

રાવણના શરીરની આકૃતિ પ્રચંડ હતી તોપણ કુંભકરણ જેટલી તો નહિં જ. જન્મથી જ તેને દસ મુખ અને વીસ ભુજ હતા. તોપણ એ કામરૂપધર હોવાથી જ્યારે જોઇએ ત્યારે ધારે એવું રૂપ ધારણ કરતો. તેના શરીરનો રંગ તદ્દન કાળો હોવાથી એ સ્વાભાવિક રીતે જ ભયંકર દેખાતો. જો કે શિવમાં એને ઘણી નિષ્ઠા હતી તોપણ અભિચાર કર્મમાં તેની બુદ્ધિ રત હોવાથી એ ભક્તિથી એને નિવૃત્તિ મળી નહિ. એને વેદ બહુ સરસ આવડતા હશે એવું જણાય છે, કારણ એના સમય પહેલાં વેદના અધ્યાય જેવા ભાગ નહોતા તેથી અમુક પ્રકરણ કયાંથી કયાં સુધી, તેનો નિર્ણય કરવું મુશ્કેલ પડતું. તે દૂર કરવા રાવણે ચારે વેદના અધ્યાય પ્રમાણે ખંડ બાંધ્યા. તે ઉપરાંત બ્રાહ્મણો વેદનાં પદો ભણે છે, તે પણ આણે જ પાડેલાં. તેમ જ અધ્યયનમાં ભુલ ન થાય માટે ક્રમ, ઘન અને જટાની યોજના પણ આની જ કલ્પનામાંથી ઉદ્ભવ્યાં હશે એમ જણાય છે.

રાવણિ. રાવણના સઘળા પુત્રોને કહેવાતું નામ. પરંતુ વિશેષે કરીને ઇંદ્રજીતને કહેવાની રૂઢી છે.

રાષ્ટ્ર. સોમવંશી આયુ રાજાના પુત્ર ક્ષત્રવૃદ્ધના સુહોત્ર નામના પુત્રનો પૌત્ર અને કાશિ નામના રાજાનો પુત્ર તે. આનો પુત્ર દીર્ઘતમા રાજા.

રાષ્ટ્રપાલ. નહુષકુલોત્પન્ન યદુવંશમાંના સાત્વતકુળમાં જન્મેલા ઉગ્રસેન રાજાના નવ પુત્રોમાંનો એક. કંસનો નાનો ભાઇ.

રાષ્ટ્રપાલિકા. ઉગ્રસેન રાજાની કન્યાઓમાંની એક.

રાષ્ટ્રપાલિ. ઉપલો શબ્દ જુઓ.

રાષ્ટ્રબિંદી. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ.)

રાષ્ટ્રભૃત્. પ્રિયવ્રતવંશના ઋષભદેવના પુત્ર ભરતના પાંચ પુત્રોમાંનો બીજો.

રાષ્ટ્રવર્ધન. દશરથ રાજાના આઠ પ્રધાનમાંનો જે અર્થસાધક પ્રધાન તેનું જ બીજું નામ.

રાહુ. કશ્યપ ઋષિથી સિંહિકાને થએલા પુત્રોમાંનો એક. આ પ્રસ્તુત મન્વંત્તરમાં આકાશ મધ્યે, સૂર્યમંડળની ઉપર અને ચંદ્રમંડળની નીચે આવેલા (તામસ) અંધકારયુકત રાહુમંડળનો અધિપતિ હોઇ તેનું મંડળ સૂર્યમંડળની ગતી પ્રમાણે ફરે છે.

રાહુકર્ણિ. એક. બ્રહ્મર્ષિ. (૩. અંગિરા શબ્દ જુઓ.)

રાહૂગણ. ગૌતમાંગિરસમાંનું એક કુળ. (૩. અંગિરા શબ્દ જુઓ.)

રાજ્ઞી. થઇ ગએલા પાંચમા રૈવત મનુની કન્યા. વિવસ્વાન્ આદિત્યની ત્રણ સ્ત્રીઓમાંની બીજી.

રિટિ. એક રુદ્રગણ.

રિપુ. સોમવંશી આયુકુલોત્પન્ન યદુરાજાના ચાર પુત્રોમાંનો કનિષ્ઠ.

રિપુંજય. ધ્રુવપુત્ર શિષ્ટિને સુચ્છાયાથી થએલા ચાર પુત્રોમાંનો એક.

રિપુંજય (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન હસ્તિ રાજાના બે પુત્રોમાંના દ્વિમીઢવંશના સુવીર રાજાનો પુત્ર. આનો પુત્ર બહુરથ.

રિપુંજય (૩). સોમવંશી પરુકુલોત્પન્ન હસ્તિરાજાના પુત્ર અજમીઢના વંશના સુધનુકુલોત્પન્ન જરાસંધ વંશમાંના છેલ્લા રાજા વિશ્વજિત રાજાનો પુત્ર. પુરંજય એવું આનું જ નામાંતર હતું. આ રાજાને તેના શુનક નામના પ્રધાને મારી પોતાના પ્રદ્યોત નામના પુત્રને રાજા કર્યો. રિપુંજયથી પૂરુકુળના ઔરસ વંશનો અંત આવ્યો. ઉપર કહેલા પ્રદ્યોતના વંશમાં ૧૩૮ વર્ષ રાજ્ય રહ્યું. પછી તે વંશનોએ અંત આવતાં, શિશુનાગ નામના રાજાઓએ ૩૬૦ વર્ષ રાજ્ય કર્યું. અને તેનો એ અંત આવતાં મૌર્યવંશનોએ ૧૩૭ વર્ષ રાજ્ય કર્યું. તે પછી શૌંગ રાજાઓએ ૧૧૨ વર્ષ અને કાણ્વાયન રાજાઓએ ૩૪૫ વર્ષ રાજ્ય કર્યા પછી તેમના અંત પછી શૂદ્ર રાજાઓ થયા. (ભાગ૦ ૧૨ સ્કં.)

રિષ્ટ. એક ક્ષત્રિય. (સ. ૯-૧૫)

રુક્મ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના રુચક રાજાના પાંચ પુત્રોમાંનો બીજો.

રુક્મક. વૈશ્વદેવકર્મોમાંના અગ્નિનું નામ.

રુક્મકવચ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના રુચક રાજાના પાંચ પુત્રોમાંનો ત્રીજો.

રુક્મકેશ. વિદર્ભદેશાધિપતિ ભીષ્મક રાજાના પાંચ પુત્રોમાંનો ચોથો.

રુક્મબાહુ. વિદર્ભદેશાધિપતિ ભીષ્મક રાજાના પાંચ પુત્રોમાંનો ત્રીજો.

રુક્મમાલી. વિદર્ભદેશાધિપતિ ભીષ્મક રાજાના પાંચ પુત્રોમાંનો પાંચમો.

રુક્મરથ. વિદર્ભદેશાધિપતિ ભીષ્મક રાજાના પાંચ પુત્રોમાંનો બીજો. દ્રૌપદીના સ્વયંવર સમયે આ પાંચાલપુરમાં હતો.

રુક્મરથ (૨). મદ્રદેશાધિપતિ શલ્યરાજાનો મોટો પુત્ર.

बृहद्बलश्च कौसल्यो जयत्सेनश्च मागधः ।
तथा रुक्मरथो राजञ्शल्यपुत्रः प्रतापवान्॥४८॥
(ભાર૦ ભી૦ અ૦ ૪૭).

આ પોતાના સૌ ભાઇઓ સાથે કૌરવ પક્ષમાં હતો; તેને તેના ભાઇઓ સાથે અભિમન્યુએ માર્યો. (ભાર૦ દ્રોણ૦ અ૦ ૪૫)

રુક્મરથ (૩). દ્રોણાચાર્ય તે જ. (દ્રો૦૧૩-૨૩)

રુક્મવતી. ભીષ્મક રાજાના પુત્ર રુક્મીની કન્યા. તેનું કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ને હરણ કર્યું હતું. (૨ પ્રદ્યમ્ન શબ્દ. જુઓ)

રુક્માંગદ. એક પ્રાચીન ભગવદ્ ભક્ત રાજા. એ ક્રીયા કુળનો તે મળી આવતું નથી.

રુક્માંગદ (૨). શલ્યનો પુત્ર (આ૦૨૦૧-૧૪).

રુક્માંગદ (૩). દ્રૌપદી સ્વયંવરમાં ગએલા રાજાઓમાંનો એક.

રુક્માઙ્ગદેન વીરેણ તથા રુક્મરથેન ચ ।
કૌલ્યઃ સોમદત્તશ્ચ પુત્રાશ્ચાસ્ય મહારથઃ॥૧૪॥
(ભા૨૦ આદિ૦ અ૦ ૨૦૧).

રુક્મિણી. વિદર્ભાધિપતિ ભીષ્મક રાજાને લક્ષ્મીના અંશાવતાર રૂપે થએલી કન્યા. તેમને કૃષ્ણ પરણ્યા હતા. એ સંબંધે આ પ્રમાણે ઇતિહાસ મળે છે કે,—એ પરણવા યોગ્ય ઉમ્મરનાં થયાં હતાં. એવામાં એક વખત તેમના પિતાની પાસે રાજસભામાં બેઠાં હતાં ત્યારે કૃષ્ણના રૂપ, ગુણ, અને સામર્થ્યનું કોઈ વર્ણન કરતું હતું, તે સાંભળી તેમણે કૃષ્ણને જ વરવાનો નિશ્ચય કર્યો. તેમનાં માતા, પિતા, તથા ચાર ભાઇઓને આ વાત રુચી. પરંતુ કૃષ્ણનો દ્વેષી હોવાથી તેમના મોટા ભાઈ રુક્મિને આ વાત રુચી નહિં. તેથી તેણે રુક્મિણીને શિશુપાલને પરણાવવાનો વિચાર કરી લગ્નની તૈયારીઓ કરવા માંડી. રુક્મિ કર્તા હર્તા હોવાથી તેના પિતાનું તેની આગળ કશું ચાલતું નહતું. આ પ્રમાણે પરિસ્થિતિ જોઈ રુક્મિણીને ચિંતા થવા લાગી કે હવે શું કરવું? તેવામાં એક બ્રાહ્મણ એને મળી ગયો. તેની સાથે તેમણે કૃષ્ણને આ પ્રમાણે સંદેશો કહાવ્યો કે-" હે કૃષ્ણ! તમારા ગુણ શ્રવણ કરી મારું મન તમારામાં લાગ્યું છે. હું મારા મનથી તમને વરી છું અને આ દેહ તમને અર્પણ કર્યો છે. હવે તમારે પંચાનને (સિંહે) એવું કરવું કે, તમારી કહેવાયલી જે હું, તે મારા દેહને ચૈદ્ય, શિશુપાળ નામનો શૃગાલ સ્પર્શ કરે નહિ. લગ્નને આગલે દિવસે અંબિકાને દર્શને જવાનો અમારો કુળાચાર છે, એટલે હું ત્યાં જઈશ. તમે કૃપા કરી ત્યાં આવી, ચૈદ્ય માગધાદિને હરાવી, રાક્ષસ વિધીએ મારું હરણ કરજો. આટલાથી જો આપ નહિ આવો તો હું પ્રાણ ત્યાગ કરીશ, અને સેંકડો જન્મ ધારણ કરીને પણ તમને જ વરીશ, પણ શિશુપાલને સ્પર્શ કરીશ નહિં." આવો સંદેશો લઇ બ્રાહ્મણ કૃષ્ણ પાસે દ્વારકા ગયો ને તેમને સવિસ્તર હકીકત કહી સંભળાવી. તે સાંભળતાં જ કૃષ્ણ બ્રાહ્મણ સાથે રથારૂઢ થયા ને કુંડિનપુર ગયા. ત્યાં શિશુપાળ આવી પહોંચ્યો હતો; અને જરાસંધ, દંતવક્ર, વિદૂરથ, અને પૌંડ્રક વાસુદેવ ઇત્યાદિ અનેક રાજા લગ્નના સમારંભ માટે ભેગા મળ્યા હતા. અહીં દ્વારકામાં બળરામને કોઈ યાદવે સમાચાર કહ્યા કે કુંડિનપુરથી કોઇ બ્રાહ્મણ આવ્યો હતો તેણે કોઇ સંદેશો કહ્યો; તેની સાથે કૃષ્ણ ત્યાં ગયા. તે ઉપરથી બળરામ મોટું સૈન્ય સાથે લઇ તેમની પાછળ પાછળ જ નીકળ્યા તે, જ્યાં કૃષ્ણ રુક્મિણીનું હરણ કરી જાય છે, ને ત્યાં ભેગા થયેલા રાજા કૃષ્ણને પકડવાનો પ્રયત્ન કરી રહ્યા છે, ત્યાં જઇ પહોંચ્યા. પછી યાદવોનું અને ભેગા મળેલા રાજાઓનું જબરું યુદ્ધ મચ્યું. તેમાં કૃષ્ણ બળરામે સર્વનો પરાભવ કર્યો અને રુક્મીને શિક્ષા કરી. (રુક્મી શબ્દ જુઓ) રુક્મિણીના પિતાએ લગ્ન સમારંભ ઉત્તમ પ્રકારે કરી યથાયોગ્ય વિવાહ વિધીથી રુક્મિણી કૃષ્ણને પરણાવ્યાં, અને તે કૃષ્ણ સાથે દ્વારકા ગયાં (**ભાગ૦ દસમ૦ અ૦ ૫૨-૫૪**).

રુક્મિણીને કૃષ્ણથી પ્રદ્યુમ્ન ઇત્યાદિ દસ પુત્ર અને ચારુમતી નામની એક કન્યા મળી અગીઆર સંતાન થયાં હતાં. કૃષ્ણની બધી સ્ત્રીઓમાં એ પટરાણી હતાં. કૃષ્ણ નિજધામ ગયા ત્યારે એમણે કૃષ્ણના દેહ સાથે સહગમન કર્યું.

રુક્મિણી ત્વથ ગાન્ધારી શૈવ્યા હૈમવતીત્યપિ ।
દેવી જાંબવતી ચૈવ વિવિશુર્જાતવેદસમ્ ॥૭૪॥
(ભા૨૦ મૌસલપર્વ૦ અધ્યા૦ ૮).

રુક્મી. વિદર્ભ દેશના અધિપતિ ભીષ્મક રાજાના પાંચ પુત્રોમાં સહુથી મોટો. રુક્મિણીનો મોટો ભાઇ. આણે રુક્મિણીને તેની, તેમ જ માતા પિતાની ઇચ્છા વિરુદ્ધ શિશુપાલને પરણાવવાનો વિચાર કર્યો. ત્યાં દ્વારકાથી કૃષ્ણે આવી રુક્મિણીનું હરણ કર્યું. તે જોઇ ક્રોધે ભરાઇ, પોતે બોલાવેલા રાજાઓને સાથે લઇ, હું રુક્મિણીને પાછી લઇ આવી તેનું લગ્ન શિશુપાળ સાથે કરીશ અને જો એમ ન કરી શકું તો કુંડિનપુરમાં પાછો નહિ જાઉં એવી પ્રતિજ્ઞા કરી, કૃષ્ણ સાથે યુદ્ધ કરવા નીકળ્યો. પછી કૃષ્ણનું ને એનું યુદ્ધ થયું તેમાં કૃષ્ણે એને પકડ્યો ને જેવું ખડ્ગ કહાડી તેનું માથું કાપી નાંખવા જાય છે, ત્યાં રથમાં બેઠેલાં રુક્મિણી કૃષ્ણને પગે પડ્યાં ને ભાઇને છોડાવ્યો. પણ કૃષ્ણે તેને એમને એમ છોડી ન મુકતાં વિરૂપ કરીને છોડ્યો. પ્રતિજ્ઞા પ્રમાણે કુંડિનપુર ન જતાં, રુક્મી બીજું જ એક ભોજકટ નામે નગર વસાવી ત્યાં રહ્યો. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૫૨—૫૪**)

પછી એણે કૃષ્ણથી બલાઢ્ય થવાની લાલસાથી, ગંધમાદન પર્વતપર રહેનાર કોઇ એક સામાન્ય માણસ પાસેથી ચતુષ્પાદ ધનુર્વેદ અને મહેન્દ્ર નામનું ધનુષ્ય મેળવ્યું. આને યોગે કરીને એ ઘણો બલાઢ્ય થઈ પડ્યો હતો. કેટલેક કાળે ભારતનું યુદ્ધ થતાં, તે વેળા, ઘણા ધમંડ સાથે એક અક્ષોહિણી સૈન્ય લઇ, એ પ્રથમ પાંડવો પાસે આવ્યો અને અર્જુનને કહેવા લાગ્યો કે તું આ યુદ્ધથી બ્હીશ નહિ. હું કૌરવોને મારી તને રાજ્ય પર બેસાડીશ. અર્જુને તેને કહ્યું કે મને યુદ્ધનો લવલેશ પણ ભય નથી. તેમ જ મારે તારી સહાયની પણ ઇચ્છા નથી. તારે રહેવું હોય તો રહે, ને જવું હોય તો જા. આથી આ વિમનસ્ક થઇ દુર્યોધન પાસે ગયો, અને ત્યાં પણ ઉપર પ્રમાણે જ બોલ્યો. પરંતુ દુર્યોધને પણ તેનો અંગીકાર ન કર્યો, એટલે આ પોતાને નગરે પાછો આવ્યો.

પ્રતિગૃહ્ય તુ તાન્સર્વાન્વિશ્રાન્તઃ સહસૈનિકઃ।
ઉવાચ મધ્યે વીરાણાં કુન્તીપુત્રં ધનઞ્જયમ્
॥ ૨૦ ॥
સહાયોસ્મિ સ્થિતો યુદ્ધે યદિ ભીતોસિ પાણ્ડવ ।
કરિષ્યામિ રણે સાહ્યમસહ્યં તવ શત્રુભિઃ॥૨૧॥
નાસ્મિ ભીતો મહાબાહો સહાયાર્થશ્ચ નાસ્તિ મે ।
યથાકામં યથાયોગં ગચ્છ વાત્રૈવ તિષ્ઠ વા
॥ ૩૪ ॥
તચ્છ્રુત્વા વચનં તસ્ય વિજયસ્ય ચ ધીમતઃ ।
વિનિવર્ત્ય તતો રુક્મી સેનાં સાગરસંનિભામ્ ।
દુર્યોધનમુપાગચ્છત્તથૈવ ભરતર્ષભ ॥ ૩૫ ॥
તથૈવ ચાભિગમ્યૈનમુવાચ વસુધાધિપઃ ।
પ્રત્યાખ્યાતશ્ચ તેનાપિ સ તદા શૂરમાનિના
॥ ૩૬ ॥
(ભારત૦ ઉદ્યોગ૦ અ૦ ૧૫૮).

આને એક રુક્મવતી નામની કન્યા હતી તે એણે રુક્મિણીના પ્રીતીપાત્ર પુત્ર પ્રદ્યુમ્નને આપી હતી; અને એક પુત્ર હતો, પણ તેનું નામ ગ્રંથોમાંથી મળી આવતું નથી. તેના એ પુત્રની રોચના નામની કન્યા, પ્રદ્યુમ્ન પુત્ર અનિરુદ્ધને આપી હતી. એ વિવાહના સમારંભ વખતે કોઇ કારણ ઉત્પન્ન થતાં બળરામે રુક્મીને મારી નાંખ્યો. (**૨ રોચના** શબ્દ જુઓ)

રુક્મેષુ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના રુચક રાજાના પાંચ પુત્રોમાંનો ત્રીજો.

રુચક. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન હરિશ્ચંદ્રના વંશના ભરુક રાજાનું બીજું નામ.

રુચક (૨). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના કુશના રાજાનો પુત્ર. આને રુક્મકવચ પણ કહેતા હતા. આને પુરુજિત, રુક્મ, રુક્મેષુ, પૃથુ અને જ્યામઘ એ નામના પાંચ પુત્રો હતા.

રુચક (૩). મેરુના કર્ણિકાપર્વતોમાંનો એક પર્વત.

રુચિ. એ નામનો એક પ્રજાપતિ. સ્વાયંભૂમનુએ આને પોતાની ત્રણ કન્યાઓમાંથી આકૃતી

નામની કન્યા પુત્રિકા ધર્મે કરીને પરણાવી હતી. એટલે આણે યજ્ઞ અને દક્ષિણ એવું જે કન્યાપુત્રરૂપ જોળવું થયું તેમાંથી પુત્ર યજ્ઞ મનુને આપ્યો, અને દક્ષણા નામની કન્યા મનુએ માગી એટલે તે જ યજ્ઞને પરણાવવા માટે આપી હતી.

यस्तयोः पुरुषः साक्षाद्विष्णुर्यज्ञस्वरुपधृक् ।
या स्त्री सा दक्षिणा भूतेरंशभूतानपायिनी
॥ ४ ॥
आनिन्ये स्वगृहं पुत्र्याः पुत्रं वितततरोचिषम् ।
स्वायंभुवो मुदा युक्तो रुचिर्जग्राह दक्षिणाम्
॥ ५ ॥

(ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૧.)

રુચિ (૨). એક અપ્સરા. (ભા૦ અનુ૦ ૫૦-૪૭).

રુચિ (૩). દેવશર્માની ભાર્યા. ઇન્દ્ર એના પર મોહિત થઇને એને ભ્રષ્ટ કરવાને પ્રયત્ન કરતો હતો. તેનાથી એની રક્ષા કરવાનું દેવ શર્માએ પોતાના શિષ્ય વિપુલને સોંપી પોતે યજ્ઞ કરવામાં રોકાયો. શિષ્યે યોગબળે ગુરુ પત્નીના અંગે અંગમાં પ્રવેશ કરીને ઇન્દ્રને ભોંઠો પાડ્યો હતો. (ભાર૦ અનુ૦ ૭૫-૪૧.)

રુચિપર્વા. કૃતિ રાજાનો પુત્ર, દુર્યોધન પક્ષનો એક રાજા. એને સુપર્વાએ માર્યો હતો, (ભાર૦ દ્રો૦ ૨૬-૫૩.)

રુચિરાશ્વ. સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢપુત્ર બૃહદ્વિષુના વંશના સેનજિત રાજાના ચાર પુત્રોમાંનો સહુથી મોટો.

રુદ્ર. પ્રસિદ્ધ અગિઆર રુદ્ર. એ ચાલુ મન્વન્તરમાંના સપ્તવિધ દેવોમાંના દેવ હતા. એમની ઉત્પત્તિ કોઈ ઠેકાણે સ્થાણુ નામના બ્રહ્મપુત્રથી, ને કોઈ ઠેકાણે ધર્મઋષિથી, એમ સંશયાત્મક લખેલી મળે છે. પણ અહીં ભારતને પ્રમાણભૂત માની તેમની ઉત્પત્તિ લખી છે. પ્રાયઃ જો કે એઓ ભૂત, રાક્ષસ વિગેરેના અધિપતિ ગણાય છે, તોપણ ભૂત વગેરેનું ખરું આધિપત્ય મુખ્યત્વે કરી નિર્ઋતિ નામના એક રુદ્રનું છે.

રુદ્ર (૨). સૃષ્ટિની ઉત્પત્તિ કરવા માટે બ્રહ્મદેવે ઉત્પન્ન કરેલા પ્રજાપતિ. એ સૃષ્ટિ કેમ ઉત્પન્ન કરું કહી રડવા લાગ્યા, માટે તેમનું રુદ્ર નામ પડ્યું. પછી સૃષ્ટિનો સ્તંભ એટલે સ્થાણુ એવું એ નામ પડ્યું. પુરાણમાં સ્થાણુ, રુદ્ર, અને શિવ એક જ કહી ગોટાળો કર્યો છે. પરંતુ શિવ કાંઇ રુદ્ર નથી; સ્તુતિ કરતાં અનેક નામોવડે શિવની સ્તુતિ કરાય છે, તેમાં આ નામ પણ આવી જાય છે, એટલું જ માત્ર.

રુદ્રકર્ણ. કાશીમાંનું સ્થાન

રુદ્રકર્ણ (૨). એક તીર્થ વિશેષ.

રુદ્રકોટિ. નર્મદા સંબંધી અમરકંટક પર્વત પરનું તીર્થ વિશેષ. (વ૦ ૮૦-૧૧૮).

રુદ્રશરપ્રમોક્ષ. ત્રિપુરવધ વખતે મહાદેવે જે સ્થળે ઉભા રહી ત્રિપુરપર બાણ છોડેલાં તે સ્થળ.

स ब्रह्मकोशं रजतालयं च शक्रालयं रुद्र-
शरप्रमोक्षम् ।
हयाननं ब्रह्मशिरश्च दीप्तं ददर्श वैवस्वत-
किंकरांश्च ॥५५॥

(વા૦ રા૦ યુ૦ સર્ગ૦ ૭૪).

રુદ્રશ્રેણ્ય. ભદ્રસેનક રાજા તે જ.

રુદ્રસર. એક સરોવર.

રુદ્રસાવર્ણિ. હવે પછી થવાનો બારમો મનુ. આને લોકો ઋત પણ કહેશે. આને દેવવાન, ઉપદેવ, દેવશ્રેષ્ઠ ઇત્યાદિ પુત્રો થશે. સ્વર્ગમાં હરિતાદિક દેવ અને તેના સ્વામી ઋતધામા ઇંદ્ર થશે. તપસ્વી, તપોમૂર્તિ, આગ્નીધ્રક ઇત્યાદિ સપ્તર્ષિ થશે. અને સત્યસહાથી સૂનૃતાનિ કુખે સ્વધામા નામનો વિષ્ણુનો અવતાર થશે તે ઇંદ્રને સહાય કરશે.

भवितता रुद्रसावर्णी राजन्द्वादशमो मनुः
॥ २६ ॥

(ભાગ૦ અષ્ટ૦ અધ્યા૦ ૧૩)

રુદ્રસેન. ભારત યુદ્ધમાં પાંડવપક્ષનો એક રાજા.

धृष्टधुम्नः शिखण्डीच दौर्मुखिर्जनमेजयः ।
चंद्रसेनो रुद्रसेनः कीर्तिधर्मा ध्रुवो धरः
॥ ३८ ॥

(ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૬૮).

રુદ્રાણી. પાર્વતી. (સ૦ ૧૧-૪૧)

રુદ્રાણી. (૨). પ્રત્યેક રુદ્રની જે શક્તિ તે.

રુદ્રાવર્ત. ભારતવર્ષીય ક્ષેત્ર વિશેષ.

રુદ્રાવર્ત (૨). તીર્થ વિશેષ.

(ભાર૦ વન૦ ૮૨-૩૭).

રુદ્રાક્ષ. સામવેદોપનિષત્.

રુધિરાશન. ખર રાક્ષસના બાર અમાત્યોમાંનો એક.

રુધિરાક્ષ. લવણાસુરનો મામો. (કુશ લવ શબ્દ જુઓ)

રુમણ્વ. રામસેનામાંનો નામાંકિત વાનર.

રુમણ્વાન્. જમદગ્નિથી રેણુકાને થએલા પાંચ પુત્રોમાંનો જ્યેષ્ઠ પુત્ર, પરશુરામનો મોટો ભાઇ. સુષેણ, વસુ, વિશ્વાવસુ અને પરશુરામ એ એના ભાઇઓ હતા.

(ભાર૦ વ૦ ૧૧૭-૧૧)

રમા. તાર નામના વાનરની કન્યા: સુગ્રીવની સ્ત્રી.

રરુ. અષ્ટ ભૈરવમાંનો બીજો.

રરુ. (૨). ભૃગુકુલોત્પન્ન પ્રમતિ ઋષિથી, ઘૃતાચી અપ્સરાની કુખે થએલો પુત્ર. આ મોટો તપસ્વી અને વિદ્વાન હતો. સ્થૂલકેશ ઋષિએ પાળી પોષી મોટી કરેલી પ્રમદ્વરા નામની, કોઇ એક અપ્સરા આની સ્ત્રી હતી. એક વખત તે ઉંઘતી હતી ત્યારે સર્પદંશ થવાથી મરણ પામી. તેને, આણે પોતાના અર્ધા આયુષ્યનો સંકલ્પ કરી સજીવન કરી. ત્યારપછી સાપને દેખે ત્યાંથી મારે, એમ આ કરવા લાગ્યો. એ એકદા હુંડુભ નામના એક સાપને મારતો હતો, એવામાં સાપને વાચા થઈ અને આને અનેક વાતો કહી કહ્યું કે અમારી જાત નિર્વિષ છે. માટે તું વિચાર કરીને સાપને મારજે. રરુએ પૂછયું કે તારું મૂળ વૃતાંત શું છે તે કહે. ત્યારે હુંડુભ બોલ્યો કે હું પૂર્વાવતારનો સહસ્રપાત્ નામનો ઋષિ છું. એક વેળા મારા મિત્રને મેં વસ્ત્રનો સાપ કરી બીવડાવ્યો હતો. તેથી તેણે મને શાપ દીધો કે તું સર્પ થઈશ.

મેં ઉશાપ માગ્યો ત્યારે તેણે કહ્યું કે રરુ ઋષિના દર્શણ વડે તારો એ યોનિમાંથી ઉદ્ધાર થશે. તે પ્રમાણે આજે મારો ઉદ્ધાર થયો છે. આટલું બોલી તે અદૃશ્ય થયો. રરુના પુત્રનું નામ શુનક.

इत्युक्त्वान्तर्हिते योगोत्तस्मिन्नृषिवरे प्रभौ ।
संभ्रमाविष्टहृदयो रुरुमेनें तदद्भुतम् ॥ ४ ॥

(ભાર૦ આદિ૦ અ૦૮-૨, ૫૮-૩૧)

રરુ (૩). હિરણ્યાક્ષના વંશમાંનો એક અસુર. આનો પુત્ર દુર્ગમાસુર.

રુશદ્રથ. સોમવંશી અનુકુલોત્પન્ન તિતિક્ષુ રાજાનો પુત્ર. આના પુત્રો હેમ અને સેન.

રુશેક. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના શ્વાહિ નામના પૌત્રનો પુત્ર. આનો પુત્ર ચિત્રરથ.

રુષંગુ. એક ઋષિ. (ભાર૦ શલ્ય પર્વ ૪૭-૨૭).

રુષદ્રુ. એક ક્ષત્રિય. (ભાર૦ સ૦ ૮-૧૩).

રૂપવાહિક. ભારતવર્ષીય દેશ વિશેષ. (ભાર૦ ભી૦ ૯-૪૩).

રૂપા. પારિયાત્ર પર્વતમાંથી નીકળતી નદી વિશેષ.

રૂપિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

રેણુ. પ્રસેનજિત નામનો રાજા તે જ. આની કન્યા રેણુકા તે એણે જમદગ્નિ ઋષિને પરણાવી હતી.

રેણુકા. રેણુ રાજાની કન્યા, અને જમદગ્નિની સ્ત્રી. (જમદગ્નિ શબ્દ જુઓ).

રેણુકાતીર્થ. પંજાબમાં નહાનથી ઉત્તરે સોળ મૈલપર આવેલું તીર્થ વિશેષ. (ભાર૦ વ૦ ૮-૮૩).

રેણુમતી, શિશુપાળની પુત્રી અને નકુળની સ્ત્રી. એના પુત્રનું નામ નરમિત્ર. એનું બીજું નામ કરેણુમતી પણ હતું. (ભાર૦ આ૦ ૬૩-૭૮)

રેભ. એક ઋષિ (૨. કશ્યપ શબ્દ જુઓ).

રૈભ (૨). રૈભ ઋષિનું કુળ.

રૈવ. સૂર્યવંશી શર્યાતિકુલોત્પન્ન રેવત રાજાનો પુત્ર. આને ક્કુદ્મિ પણ કહ્યો છે.

રૈવત. સૂર્યવંશી વૈવસ્વત મનુનો પ્રપૌત્ર, શર્યાતિ રાજાનો પૌત્ર અને આનર્ત રાજાનો પુત્ર. એણે પશ્ચિમ આનર્ત દેશમાં કુશસ્થળી (દ્વારકા) નામની નગરી સ્થાપી ત્યાં પોતાનું રાજ્ય સુદૃઢ કર્યું. આના સો પુત્રોમાં સૌથી મોટો રેવ અથવા ક્કુદ્મિ નામનો પુત્ર હતો, અને રેવતી નામની એક કન્યા હતી. તે પરણવા યોગ્ય ઉમ્મરની થતાં એને કોને પરણાવવી એનો વિચાર એના મનમાં આવતાં, કન્યાને લઇને એક વખત તે બ્રહ્મદેવને તેમનો અભિપ્રાય પુછવા ગયો. ત્યાં દેવ અને ઋષિઓ એકત્ર મળી કાંઈ વિચાર કરતા હતા, તેથી આને ક્ષણભર ખોટી થવું પડયું. આ સત્યલોકમાં ગયો તે વખતની પર્યય (ચોકડી) સહિત, સત્યાવીસ પર્યય (ચોકડી) ચાલી જઇ, અઠ્ઠાવીસમી પર્યયમાં દ્વાપર યુગ જવા લાગ્યો છે તેની આને ખબર રહી નહિ; અને તે દરમ્યાન પૃથ્વી ઉપર ભારતવર્ષીય રાજાઓમાં અનેક ઉથલપાથલ થઇ ગઇ હતી. બ્રહ્મદેવ સ્વસ્થ થયા એટલે આણે મારી કન્યા કોને આપું એમ પુછ્યું. ત્યારે બ્રહ્મદેવે પૃથ્વી ઉપર થએલી ઉથલપાથલ આને કહી સંભળાવી કહ્યું કે, હમણાં ત્યાં પ્રસ્તુત કૃષ્ણના મોટા ભાઇ બલરામ છે, તેને આ કન્યા પરણાવ. તે ઉપરથી એણે ભુલોકમાં આવી એ રેવતી નામની કન્યા બલરામને આપી અને પોતે તપ કરવા અરણ્યમાં ગયો.

त्यक्तं पुण्यजनत्रासाद्भूमिर्दिक्ष्ववस्थितैः ॥
सुतां दत्त्वानवद्याङ्गीं बलाय बलशालिने ॥
बदर्याख्यं गतो राजा तप्तुं नारायणाश्रमम् ॥३६॥
(ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૩).

રેવતી. દ્વાદશ આદિત્યમાંના મિત્ર આદિત્યની સ્ત્રી.

રેવતી (૨). ચંદ્રની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક, અને પ્રાચેતસ દક્ષની કન્યા.

રેવતી (૩). સૂર્યવંશી રેવત રાજાની કન્યા, અને બલરામની સ્ત્રી.

રેવતી (૪). સ્કંદગ્રહ **(ભા૨૦ વ૦ ૨૩૦-૨૯).**

રેવતી (૫). એ નામનું નક્ષત્ર વિશેષ.

રેવતીસુત. સ્કન્દ. **(ભા૨૦ વ૦ ૧૩૩-૬૦).**

રૈભ્ય. વિશ્વામિત્ર ઋષિના પુત્રમાંનો એક.

રૈભ્ય (૨). સોમવંશી પુરુકુલોત્પન્ન રૌદ્રાશ્વપુત્ર ઋતેયુ રાજાના સુમતિ નામના પૌત્રનો પુત્ર. આનો પુત્ર દુષ્યંત રાજા.

રેવા. નર્મદા નદીનું જ નામ.

વિશ્વામિત્રસ્ય પૌત્રસ્તુ રૈભ્યપુત્રો મહાતપાઃ
પદ્માવસુર્મહારાજ ક્ષિપ્ત્વાऽऽહ જનસંસદિ ॥૫૭॥

રૈવત. એકાદશ રુદ્રમાંનો એક. ભારતોક્ત રુદ્રોમાંથી આ નામ કોનું તેનો નિર્ણય થઇ શકતો નથી.

રૈવતક. દ્વારકા પાસેનો એક પર્વત. એના ઉપર કૃષ્ણ તેમ જ અર્જુન ગયા હતા. (અશ્વ૦ ૫૯-૪) **(ભા૨૦ આ૦ ૨૩૯-૧)** જૂનાગઢ પાસે આવેલો ગીરનાર પર્વત તે જ. **(ભા૨૦ ભી૦ ૧૧-૧૮).**

રૈવતક (૨). એક તીર્થ વિશેષ.

રૈવતક (૩). એક બ્રહ્મર્ષિ,

રૈવતમનુ. પ્રિયવ્રત રાજર્ષિની કનિષ્ઠ સ્ત્રીથી થએલા ત્રણ પુત્રોમાં સહુથી નાનો. ચાલુ કલ્પમાં આ પાંચમો મનુ થઇ ગયો. (ભાગ૦ સ્કં૦ ૫ અ૦ ૧). આણે કાલિંદી નદીના તીરે ઉત્તમ પ્રકારે તપ કર્યું હતું. **(દેવી ભાગ ૧૦ સ્કં૦અ૦ ૮).** આનો મન્વન્તર એના જ નામે પ્રસિદ્ધ છે. અરુણ, તત્વદર્શી, ધૃતિમાન, હાકવાન્, કવિ, યુક્ત, નિરુત્સુક, સત્વ, નિર્મોહ અને પ્રકાશક (જેમનાં અર્જુન, બલિવિંધ્ય ઇત્યાદિ નામાંતરો છે) એવા ધર્મવર્તિ અને પરાક્રમી દશ પુત્ર હતા. આના મન્વન્તરમાં ઐંદ્રબાહુ, સુબાહુ, પર્જન્ય, સોમપ, મુનિ, હિરણ્યરોમા અને સપ્તાશ્વ (જેમનાં હિરણ્યરોમા, વેદશિરા, ઉર્ધ્વબાહુ ઇત્યાદિ નામાંતરો છે) એ સપ્તર્ષિ,

અને સ્વર્ગમાં ભૂતરય અથવા અભુતરજસ એ દેવો અને તેમનો સ્વામી વિભુ નામનો ઇંદ્ર હતો. તેવી જ રીતે શુભ્રથી વિકુંઠાની કુખે વૈકુંઠ નામનો વિષ્ણુનો અવતાર થઇ તેણે ઇંદ્રને સહાય કરી હતી. **ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૫). (મત્સ્ય૦ અ૦ ૯-૧૧).**

રૈવસ. એક બ્રહ્મર્ષિ. **(૩. ભૃગુ શબ્દ જુઓ.)**

રોચન. દેવ વિશેષ. **(તુષિત શબ્દ જુઓ.)**

રોચન (૨). સ્વારોચિષ મન્વન્તરમાં સ્વર્ગમાં ઇંદ્ર હતો તે.

રોચના. વસુદેવની સ્ત્રીઓમાંની એક.

રોચના (૨). વિદર્ભ દેશાધિપતિ ભીષ્મક રાજાની પ્રપૌત્રી, અને રુક્મી રાજાની પૌત્રી, આના પિતાનું નામ કોઈ ઠેકાણે મળી આવતું નથી. પોતાની બેનને સારૂ લાગે માટે રુક્મી રાજાએ આને, રુક્મિણીના પૌત્ર અનિરુદ્ધને પરણાવી હતી. તેના લગ્ન પ્રસંગે કૃષ્ણ, બળરામ, પ્રદ્યુમ્ન, સાંબ, ઇલાદિ અનેક યાદવો પોતપોતાની સ્ત્રીસહવર્તમાન ભોજકોટપુર આવ્યા હતા. વસુદેવ અને ઉગ્રસેન પણ આવ્યા હતા અને બીજા અનેક રાજાઓ એકઠા થયા હતા. લગ્ન સમારંભ યથાસ્થિત થઇ રહ્યા પછી કાલગ રાજાએ રુક્મીને કહ્યું કે બલરામને અક્ષવિદ્યાનું બહુ વ્યસન છે. પરંતુ રમતાં સરસ આવડતું નથી. માટે તેમની સાથે દ્યુત રમી તું તેમને જીત. રુક્મીએ ઠીક, કહી બલરામને બોલાવ્યા અને રમવાનો આરંભ કર્યો. તેમાં બલરામે જે જે પોણ મુકી દાવ નાંખ્યા તે બધામાં તે કપટવડે જીત્યો. એવી રીતે બલરામનું સઘળું દ્રવ્ય તેણે જીતી લીધું. ત્યારે બલરામ ધાંટો પાડી બોલ્યા કે સત્ય છોડીશ નહિ. પરંતુ રુક્મી કાંઇ સાંભળે નહિ. છેવટે એક દાવમાં બલરામ વારતવિક રીતે જીત્યા હતા, છતાં તે જીત્યા છે એમ રુક્મી કબુલ કરે નહિ. પરંતુ એટલામાં આકાશવાણી થઇ કે દાવ બલરામ જીત્યા. આમ છતાં, તે ન સાંભળતાં, મેં બલરામને જીત્યા એમ રુક્મી બોલવા લાગ્યો. આથી બલરામે ક્રોધે ભરાઇ કલિંગ રાજાને પકડયો. અને તેના દાંત તોડી નાંખી, રુક્મી તરફ ધસ્યા ને તરત જ તેને ઠાર મારી નાંખ્યો. પછી કૃષ્ણ ત્યાંથી બધાંને લઇ ગુપચુપ દ્વારકા આવ્યા. **(ભાગ. ૧૦ સ્કં. અ. ૬૧).**

રોચનાસુખ—ગરુડે મારેલો એક અસુર.

રોચમાન. દસ વિશ્વેદેવોમાંનો એક.

રોચમાન (૨). અશ્વમેધ નામની નગરીનો રાજા

સોऽશ્વમેધેશ્વરં રાજન્રોચમાનં સહાનુગમ્ ।
જિગાય સમરે વીરો બલેન બલિનાં વરઃ ॥

એને અર્જુને દિગ્વિજયમાં હરાવ્યો હતો. **(ભા૨૦ સ૦ ૨૮-૧૯)**

રોચમાન્ (૩). ઉરગાપુરીનો રાજા. એને રાજસૂય યજ્ઞ વેળા ભીમસેને હરાવ્યો હતો. એનો પુત્ર હેમવર્ણ-**(ભા૨૦ સ૦ ૩૦-૮; ભા૨૦ ક૦ ૫૦-૫૧ ભા૨૦ દ્રો. ૨૩-૬૮; ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૭૨ અને ભા૨૦ સભા૦ અ૦ ૩૦)**

અભિહારીં તતો રમ્યાં વિજિગ્યે કુરુનંદનઃ ।
ઉરગા વાસિનં ચૈવ રોચમાનં રણેऽજયત્ ॥૧૬॥
રોચમાનો મહારાજ પાણ્ડવાનાં મહારથઃ ।
યોત્સ્યતેऽમરવત્સંખ્યે પરસૈન્યેષુ ભારત ॥૧॥
(ભા૨૦ સભા૦ અ૦ ૨૮)

આ પણ યુદ્ધમાં પાંડવ પક્ષમાં હતો. તેને કર્ણે માર્યો હતો.

એના રથના ઘોડા નીલવર્ણના હતા.

યેતુપુષ્કરવર્ણસ્ય તુલ્યવર્ણા હયોત્તમાઃ ।
તે રોચમાનસ્ય સુતં હેમવર્ણમુદાવહન્ ॥૬૮॥
(ભા૨૦ દ્રોણ૦ અ૦ ૨૩)

રોચમાન (૪). ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

રોચિષ્માન્. સ્વારોચિષ મનુના પુત્રોમાંનો એક પુત્ર.

રોધસ્વતી. ભારતવર્ષની એક નદી.

રોપસેવકી. એક બ્રહ્મર્ષિ. (૨. કૃશયપ શબ્દ જુઓ).

રોમપાદ. સોમવંશી અનુકુલોત્પન્ન અંગવંશના ધર્મરથ અથવા બ્રહદ્રથ રાજાનો પુત્ર. એનાં

લોમપાદ, ચિત્રરથ અને દશરથ એવાં પણ બીજા નામો હતાં. સૂર્યવંશી દશરથ રાજાનો એ પરમ મિત્ર હતો. રોમપાદને ચતુરંગ નામનો પુત્ર અને શાન્તા નામની એક કન્યા હતી. આ શાન્તા રોમપાદે ઋષ્યશૃંગને પરણાવી હતી. (ઋષ્યશૃંગ શબ્દ જુઓ). (ભા૨૦ વ૦ ૧૧૧–૧૯), એના રાજ્યમાં દુષ્કાળ પડયો હતો તે ઋષ્યશૃંગના આવવાથી વૃષ્ટિ થઇ સુકાળ થયો હતો. (ભા૨૦ વ૦ ૧૧૪–૧૦).

રોમપાદ (૨). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના જ્યામધ રાજાનો પૌત્ર અને વિદર્ભ રાજાના ત્રણ પુત્રોમાં કનિષ્ઠ. આને બભ્રુ નામનો પુત્ર હતો.

રોમહર્ષણ. એ નામનો પુરાણ કહેનાર સૂત, એક ઋષિ. પોતાની વક્તૃત્વશક્તિને પ્રભાવે એ શ્રોતાનાં અંતઃકરણ ગદ્‌ગદિત કરી તેમને રોમાંચ કરતો. તેથી જ એનું આ નામ પડયું હતું. આને લોમહર્ષણ પણ કહ્યો છે, આના પુત્રને રૌમહર્ષણ અથવા સૌતિ કહેતા.

રોહિણી. પ્રાચેતસ દક્ષની સાઠ કન્યાઓમાંની એક અને ચંદ્રની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક. આ ચંદ્રને અત્યંત પ્રિય હોવાથી બીજી સ્ત્રીઓની સ્વાભાવિક રીતે જ અવજ્ઞા થતી. એકદા એ બધી પોતાના પિતા પાસે પોતાનું દુઃખ નિવેદન કરવા ગઇ. દક્ષે તેમને સમજાવી હવે ફરીથી એવું કરશો નહિં એમ કહ્યું–પણ તેમણે તે કાને ધર્યું નહિં. છેવટે રોહિણીને ચંદ્રથી બુધ નામનો પુત્ર થયો. ત્યારે એની બીજી બેનો (સપત્નિઓ) પુનઃ એમના પિતા પાસે દુઃખ નિવેદન કરવા ગઇ, તે ઉપરથી એણે ચંદ્રને શાપ્યો કે તું ક્ષયરોગી થઇશ.

આ ક્ષયરોગની કલ્પના લોકો ચંદ્રમંડળ ઉપર લાગુ પાડે છે પણ તે ભ્રમ છે. ચંદ્રમંડળ કળાની હ્રાસવૃદ્ધિથી વ્યાપ્ત અનાદિ સિદ્ધ જ છે. અને તે ઇશ્વરે બ્રહ્મદેવ રૂપે નિર્માણ કરેલું છે.

રોહિણી (૨). કશ્યપઋષિ અને ક્રોધાની પુત્રી. બગડાની સંજ્ઞાવાળી સુરભિની બે કન્યાઓમાંની નાની. આને વિમલા, અનલા એવી બે કન્યા હતી.

રોહિણી (૩) વસુદેવની સ્ત્રીઓમાંની એક. આના પુત્રોમાં બલરામ મુખ્ય હોઇ એમના ઉપરાંત એમને બીજા પણ પુત્રો હતા.

રોહિણી (૪) કૃષ્ણની અષ્ટ પટરાણીઓ ઉપરાંત એક સ્ત્રી હતી તે.

રોહિણી (૫). એ નામનું નક્ષત્ર.

રોહિત. લોહિત નામના ઋષિ.

રોહિત (૨). રોહિત ઋષિનું કુળ. (વિશ્વામિત્ર શબ્દ જુઓ)

રોહિત (૩) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન હરિશ્ચંદ્ર રાજાને તારામતીની કુખે થએલો પુત્ર. પિતાનો વિશ્વામિત્રે છળ કરેલો એ અને બીજાં અનેક દુઃખે તે ઘેરાયો હતો. આનું કોઇ જગાએ રોહિતાસ્ય એવું એ નામ કહ્યું છે. (દેવીભા૦ સપ્તમ૦) હરિશ્ચંદ્ર પછી એ જ અયોધ્યાનું રાજ્ય કરવા લાગ્યો. એને હરિત અથવા વૃક નામનો એક જ પુત્ર હતો. આના સંબંધી વિશેષ હકીકત માટે (સુનઃશેપ) શબ્દ જુઓ।

રોહિતક. કર્ણે દિગ્વિજયમાં જીતેલો એક યવન રાજા, આ લોહિતક દેશનો રાજા હોવો જોઇએ.

મદ્રાન્રોહિતકાંશ્ચૈવ આગ્નેયાન્માલવાનપિ ।
ગણાન્સર્વાન્વિનિર્જિત્ય નીતિકૃત્પ્રહસન્નિવા।૨૦॥
(ભા૨૦ વન૦ અ૦ ૨૫૫)

રોહિતકદેશ. લોહિત દેશ તે જ. કર્ણે આ દેશ જીત્યો હતો. (ભા૦ વ૦ ૨૫૫–૨૯)

રોહિતકપુર. કાર્તિકેયનું નગર. અહિંના રહેવાસીઓ મત્તમયૂરક કહેવાતા. આ નગર પાંડવોના સમયમાં હસ્તિનાપુરથી દુર પશ્ચિમે હતું.

રોહિતાસ્ય. બગડાની સંજ્ઞાવાળો રોહિત તે આ જ.

રોહી. ભારતવર્ષીય નદી. (ભા૨૦ ભી૦ ૯–૩૦) અફ્‌ગાનીસ્તાનની આ નદીનું બીજું નામ રોહા હતું.

રૌક્‌માયનિ. એક બ્રહ્મર્ષિ. (ઉભૃગુ શબ્દ જુઓ).

રૌકિમણેય. રુકમણિના પ્રદ્યુમ્નાદિ બધા પુત્રો.

રૌચ્ય. દક્ષ સાવર્ણિ મનુનું નામાન્તર.

રૌદ્ર. શુક્રાચાર્યના ચાર પુત્રોમાંનો એક.

રૌદ્રકર્મા. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. એને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (ભા૨૦ દ્રો૦ ૧૨૭–૪૪).

રૌદ્રાશ્વ. સોમવંશી પૂરુકુલોત્પન્ન અહંયાતિ રાજાનો પુત્ર. એની માતાનું નામ પૌષ્ટી. એને પ્રવીર અને ઇશ્વર એમ બે ભાઇ હતા. આને મિશ્રકેશી અપ્સરાથી ઋતેયુ અથવા ઔચેયુ, કુક્ષેયુ અથવા કક્ષેયુ. સ્થંડિલેયુ, કૃતેયુ, જલેયુ, સંતતેયુ, ધર્મેયુ, સત્યેયુ, વ્રતેયુ અને વનેયુ એવા દસ પુત્ર થયા હતા.

રૌપ્યનાભ. એક રાક્ષસ.

રામહર્ષિણી. રોમહર્ષણ સૂતનો પુત્ર ઉગ્રશ્રવા, જેને સૌતિ કહેતા હતા.

રૌરવ. કુટુંબના ભરણ પોષણ માટે અનેક પ્રકારની હિંસા કરનારને પ્રાપ્ત થનારું નરક વિશેષ.

રૌરવકલ્પ. ચાલુ બ્રાહ્મમાસમાં થઈ ગએલો પાંચમો દિવસ. (૪ કલ્પ શબ્દ જુઓ).

રૌહિણ. વિશ્વામિત્રકુલોત્પન્ન એક ઋષિ.

રૌહિણ (૨). દેવનું વટવૃક્ષ–વડનું ઝાડ. ભા૨૦ આ૦ ૨૯–૪૫). ગરુડે એની શાખા ભાગી નાંખી હતી. (ભા૨૦ આ૦ ૨૯–૪૮).

રૌહિણ (૩). રૌહિણનો વંશ.

રૌહિણેય, સોમપુત્ર બુધ તે જ.

રૌહિણેય (૨). બલરામનું પણ આ નામ છે.

રૌહિણ્યાયણિ. એક બ્રહ્મર્ષિ (૩. અંગિરા શબ્દ જુઓ).

રૌહિત્યાયનિ. એક બ્રહ્મર્ષિ.(૩.ભૃગુ શબ્દ જુઓ).

રૌક્ષક. એક ઋષિ.

રૌક્ષક (૨). રૌક્ષક ઋષિનું કુળ. (૧. વિશ્વામિત્ર શબ્દ જુઓ).

લ.

લંકા. જંબુદ્વીપની આસપાસ ક્ષાર સમુદ્રમાં જે આઠ ઉપદ્વીપ છે, તેમાંનો આઠમો. આ કુમારિની દક્ષિણે છે અને તેમાં ત્રિકૂટ અથવા લંબ નામનો એક પર્વત છે.

લંકા (૨). સુકેશ રાક્ષસના માલ્યવાન્ ઇત્યાદિ ત્રણ પુત્રોએ દેવોને પીડયા તેથી તેમને સંતોષવા વિશ્વકર્માએ બ્રહ્મીને, ત્રિકૂટ પર્વતના શિરોભાગ પર શત યોજન લાંબી અને ત્રીસ યોજન પહોળી એવી એક નગરી નિર્માણ કરી આપી હતી તે. (વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૫). અહીં બંધુસહવર્તમાન માલ્યવાન્ ઘણો સમય રહ્યો. પછી વિષ્ણુના ભયે આ નગરી છોડી તેને પાતાળમાં જઈ રહેવું પડયું, ત્યારથી એ શુન્ય, વસતી રહિત, પડી રહી. પછી વિશ્રવા ઋષિની આજ્ઞાથી ત્યાં વૈશ્રવણ (કુબેર) રહેવા લાગ્યો. તે ત્યાં ઘણો સમય સુધી રહ્યો. કેટલેક કાળે રાવણ મહા પરાક્રમી થયો તેણે, યુક્તિવડે આ નગરી તેની પાસેથી છીનવી લીધી અને રામને હાથે એ મૃત્યુ પામ્યો એટલે ત્યાં વિભીષણ રાજ્ય કરવા લાગ્યા. તે ચિરંજીવી હોવાથી આ ચાલુ કલ્પ સમાપ્ત થતાં સુધી લંકામાં હજુ તે જ રાજ્ય કરશે.

લંકા (૩). લંકાદ્વીપની અને તે માંહલી લંકા નગરીની મૂર્તિમાન દેવી. સીતાની શોધ માટે જ્યારે મારુતિ લંકા ગયા હતા, ત્યારે દેવી અને મારુતિ વચ્ચે કાંઇ સંવાદ થયા પછી તેમણે લંકામાં પ્રવેશ કર્યો હતો.

તત્પ્રવિશ્ય હરિશ્રેષ્ઠ પુરીં રાવણપાલિતામ્ ।
વિધત્સ્વ સર્વકાર્યાણિ યાનિ યાનીહ વાઞ્છસિ
॥ ૫૦ ॥
પ્રવિશ્ય શાપોપહતાં હરીશ્વરઃ પુરીં શુભાં
રાક્ષસમુખ્યપાલિતામ્ ।
યદૃચ્છયા ત્વં જનકાત્મજાં સતીં વિમાર્ગ
સર્વત્ર ગતો યથાસુખમ્ ॥ ૫૧ ॥
(વા૦ રા૦ સુન્દ૨૦ સ૦ ૩).

લંઘતી. ભારતવર્ષીય નદી.

લધ્વિ. એક બ્રહ્મર્ષિ. (૩. **અંગિરા શબ્દ જુઓ**).

લજ્જાવતી. ઋષ્યવાન પર્વતમાંથી નીકળેલી નદી.

લતા. મેરુની કન્યા અને આગ્નીધ્ર રાજાના પુત્ર ઇલાવૃત્તની સ્ત્રી.

લતા (૨). શાપથી મગરી થએલી એક અપ્સરા. (**નારીતીર્થ શબ્દ જુઓ**).

લપેટિકા. ભારતવર્ષીય નદી વિશેષ.

લંબ. લંબાસુર શબ્દ જુઓ.

લંબ (૨). ત્રિકૂટ જે લંકામાંનો પર્વત તે જ.

લંબા. પ્રાચેતસ દક્ષે જે દસ કન્યા ધર્મઋષિને પરણાવી હતી તેમાંની એક. આને વિદ્યોત નામનો પુત્ર અને ઘોષ સંજ્ઞાવાળા એવા બે કેટલાક પુત્રો હતા.

લંબાયન. એક બ્રહ્મર્ષિ. (૩. **વસિષ્ઠ શબ્દ જુઓ**).

લંબાસુર. એક દૈત્ય. ખર નામના દૈત્યનો ભાઇ. (**મત્સ્ય૦ અ૦ ૧૭૨–૧૭૬**).

લંબોદર. સ્થૂળ ઉદર હોવાથી ગણપતિનું પડેલું નામ.

લલાટાક્ષી. સીતાનું સંરક્ષણ કરવા રાખેલી રાક્ષસીઓમાંની એક.

લલિતક. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

લલિતા. પાર્વતીનું એક નામ.

લલિત્થ. ભારતવર્ષીય દેશ વિશેષ.

લવ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન દાશરથિ રામથી સીતાની કુખે થએલા બે પુત્રોમાંનો એક. (**કુશીલવ શબ્દ જુઓ**). આને રામે ઉત્તરકોસલ દેશનું રાજ્ય સોંપ્યું હતું; એટલે એ દેશની રાજધાની શ્રાવસ્તી અથવા શ્રાવસ્તીમાં એ રહેતો હતો. એને સુમતી અને કુંજનના એવી બે સ્ત્રીઓ હતી.

લવણ. મધુ રાક્ષસને કુંભીનસીથી થએલો પુત્ર. આ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ પ્રાણીમાત્રને અને તેમાંએ વિશેષે કરીને તાપસોને પીડા કરવા લાગ્યો. આના પિતા મધુએ પોતાના મરણ વખતે પોતાને રુદ્ર તરફથી મળેલું શૂલ આને આપી કહ્યું કે તું બ્રાહ્મણોને બીલકુલ પીડા કરીશ નહિ. (૪ **મધુ શબ્દ જુઓ**). પરંતુ આણે તે પિતૃઆજ્ઞાનો ભંગ કરી બ્રાહ્મણોને ત્રાસ આપવાનો ક્રમ ચાલુ જ રાખ્યો. તે ઉપરથી ઋષિઓએ આને માટે ઘણા રાજાઓને ફરિયાદ કરી. પરંતુ કોઇ પણ રાજા આને મારવા સમર્થ નીવડ્યો નહિ. માત્ર માંધાતા રાજા એક વાર એની સાથે યુધ્ધે ગયો. પણ તેમાં એ પોતે જ મરાયો. (૧ માંધાતા શબ્દ જુઓ).

કેટલેક કાળે દાશરથિ રામ રાવણને મારી અયોધ્યામાં રાજ્ય કરવા લાગ્યા, ત્યારે ચ્યવન, ભાર્ગવાદિ ઋષિઓએ આના સંબંધી ફરિયાદ રામને કરી. તેથી રામે શત્રુઘ્નને તેની સામે મોકલ્યો. શત્રુઘ્ન ત્યાં ગયા ત્યારે આ દૈવયોગે તે દિવસે શૂલ ઘરમાં મુકીને પોતાનો આહાર ભેગો કરવા અરણ્યમાં ગયો હતો. આ અનુકૂળ સંધી જોઇ શત્રુઘ્ન તેના બારણામાં જ એવી રીતે ઉભા રહ્યા કે તેનાથી શૂલ લેવા ઘરમાં જઇ શકાય જ નહિ. પછી બન્નેનું યુદ્ધ થયું તેમાં શત્રુઘ્ને આને મારી નાંખ્યો. એના મરવાથી શૂલ રુદ્ર પાસે ગયું ને અહીંથી અદૃશ્ય થયું,

શત્રુઘ્નશરનિર્ભિન્નો લવણઃ સ નિશાચરઃ ।
પપાત સહસા ભૂમૌ વજ્રાહત ઇવાચલઃ ॥૨૬॥
તચ્ચ શૂલં મહદ્દિવ્યં હતે લવણ રાક્ષસે ।
પશ્યતાં સર્વ દેવાનાં રુદ્રસ્ય વશમન્વગાત્ ॥૨૭॥
(**વદ૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૬૮–૬૯**).

લવણાશ્વ. પાંડવો સાથે અરણ્યવાસમાં કાંઇ કાળ સુધી હતો તે ઋષિ.

લવણાસુર. લવણ તે જ, લવણ શબ્દ જુઓ.

લહ્ય. ભુન્યુઋષિનો બાપ.

લક્ષણા. એક અપ્સરા. (**ભા૨૦ આ૦ ૧૩૨–૪૪**).

લક્ષણા (૨). દુષ્યન્તની પહેલી સ્ત્રી. (**ભા૨૦ આ૦ ૮૯–૧૮**). એનું બીજું નામ લાક્ષી હતું. અને એના પુત્રનું નામ જનમેજય હતું. (**ભા૨૦ અ૬૩–૩૦**).

લક્ષણા (૩). દુર્યોધન પુત્રી. એનું લક્ષ્મણા એવું બીજું નામ હતું. (૨. **લક્ષ્મણા શબ્દ જુઓ**).

લક્ષણા (૪). મદ્રાધિપની કન્યા. કૃષ્ણની મહિષી. (**ભા૨૦ સ૦ ૫૭–૨૮**).

લક્ષ્મણ. એક બ્રહ્મર્ષિ. (૩. **અંગિરા શબ્દ જુઓ**).

લક્ષ્મણ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન દશરથ રાજાથી સુમિત્રાની કુખે થએલા બે પુત્રોમાં મોટો. આમની રામ ઉપર અત્યંત પ્રીતિ હતી ને રામની પણ તેમના પર તેવી જ પ્રીતિ હતી. ને તેથી જ રામ જ્યારે અરણ્યમાં ગયા ત્યારે આ પણ તેમની સાથે જ નીકળ્યા. રામની આમના ઉપર કેટલી પ્રીતિ હતી તે લંકામાં યુદ્ધ વખતે રાવણની શક્તિ જ્યારે લક્ષ્મણને વાગી, ને તે મૂર્ચ્છિત થઇ પડ્યા, ત્યારે રામે જે શોક કર્યો તે ઉપરથી સહેજ જણાઇ આવે છે.

દેશે દેશે કલત્રાણિ દેશે દેશે ચ બાંધવાઃ ।
તં તુ દેશં ન પશ્યામિ યત્ર ભ્રાતા સહોદરઃ
॥ ૧૪ ॥
કિન્નુ રાજેન દર્ધર્ષ લક્ષ્મણેન વિના મમ ।
॥ ૧૫ ॥
(**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૦૧**).

તેમ જ લક્ષ્મણના વર્તન સંબંધી પણ તેવું જ એક પ્રમાણ મળી આવે છે. રાવણ જ્યારે સીતાને હરણ કરી જતો હતો ત્યારે સીતાએ આકાશમાર્ગે જતાં જતાં પોતાના શરીર પરનાં ઘરેણાં, ઋષ્યમૂક પર્વત પર બેઠેલા સુગ્રીવ આદિ પાંચ વાનરો તરફ ફેંકી દીધાં હતાં; તે જ્યારે રામ ત્યાં આવ્યા ત્યારે તેમને દેખાડ્યાં તે તેમણે સીતાનાં છે એમ ઓળખ્યાં. પછી લક્ષ્મણને ઓળખવાનું કહેતાં તેમણે કહ્યું કે

નાહં જાનામિ કેયુરે નાહં જાનામિ કુંડલે
॥ ૨૨ ॥
નૂપુરેત્વભિજાનામિ નિત્યં પાદાભિ વંદનાત્ ॥૨૩॥
(**વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૬**).

હું કંકણ તેમ જ કુંડળો કાંઇ ઓળખી શકતો નથી. માત્ર નૂપુર સીતાનાં જ છે, એ ઓળખી શકું છું, કારણ કે નિત્ય તેમને નમસ્કાર કરતાં તેમના પગમાં જોએલાં તેથી બરોબર ઓળખી શકું છું. એ ઉપરથી જે સીતાની સાથે આટલી મર્યાદા અને પૂજ્યબુદ્ધિથી વર્તતા હશે, તેમનું રામ સાથે કેવું વર્તન હશે તેનું અનુમાન સહજ જ થઇ શકે છે.

લક્ષ્મણ રામને યુદ્ધમાં પુષ્કળ ઉપયોગી થઇ પડ્યા હતા. તેમણે અનેક રાક્ષસોને મારી છેવટે રાવણના પરમ બલાઢ્ય પુત્ર ઇંદ્રજીતને પણ માર્યો હતો. (૧ ઇંદ્રજીત શબ્દ જુઓ). રામે રાવણને મારી વિભીષણને રાજ્ય સોંપ્યા પછી લક્ષ્મણ રામ સાથે અયોધ્યા પાછા ગયા હતા. અને રામને રાજ્યાભિષેક થયા પછી જ્યારે રામે લક્ષ્મણને યૌવરાજ્ય પદ આપવા માંડ્યું તે એમણે લીધું નહિ અને કેવળ બીજી સેવા કરવાનું જ એમણે પસંદ કર્યું. આ ઉપરથી એમને વરાગ્યશીલ જોઇ, જ્ઞાનના અધિકારી ગણી, એમણે પ્રાર્થના કરવાથી, રામે તેમને બ્રહ્મવિદ્યા કહી હતી. (**અધ્યા૦ રામ૦ ઉત્ત૨૦ સ૦ ૫**).

સીરધ્વજ જનકની ઔરસ કન્યા ઉર્મિલા આમની સ્ત્રી હતી; અને તેની કુખે લક્ષ્મણને અંગદ અને ચિત્રકેતુ એવા બે પુત્રો થયા હતા. રામના નિજધામ ગયા પહેલાં યોગધારણા વડે દેહ વિસર્જન કરી લક્ષ્મણ સ્વર્લોકમાં ગયા હતા.

લક્ષ્મણ (૩). સોમવંશી પૂરુકુલોત્પન્ન દુર્યોધનનો પુત્ર. ભારત યુદ્ધમાં આ અભિમન્યુને હાથે મૃત્યુ પામ્યો.

લક્ષ્મણં નિહતં દૃષ્ટ્વા હાહેત્યુચ્ચુકુરુર્જનાઃ ॥૧૯॥
(ભા૦ દ્રોણ૦ અ૦ ૪૬)

લક્ષ્મણા. મદ્રદેશના કોઇ સામાન્ય રાજાની કન્યા. આને કૃષ્ણ પરણ્યા હતા. (**ભાગ૦ દશમ સ્કં૦ અ૦ ૮૩**). એનું બીજું નામ લક્ષણા હતું.

લક્ષ્મણા. (૨). ધૃતરાષ્ટ્રપુત્ર દુર્યોધનની કન્યા. એના સ્વયંવર વખતે, કૃષ્ણપુત્ર સાંબ એનું હરણ

કરી એને રથમાં નાંખી દ્વારકા ભણી ઉપ-
ડ્યો. આથી કૌરવો ક્રોધે ભરાયા અને કર્ણ,
શલ, ભૂરિ ઇત્યાદિ તેની પૂઠે લાગ્યા ને તેને
પકડી પાડી પાછો હસ્તિનાપુર આણી કેદમાં
રાખ્યો. આ સમાચાર દ્વારકામાં ખબર પ-
ડતાં જાદવો હસ્તિનાપુર જવા તૈયાર થયા.
એ જોઈ બલરામે એ બધાને શાંત પાડ્યા.
માત્ર એકલા ઉદ્ધવને સાથે લઈ પોતે હસ્તિ-
નાપુર આવ્યા અને નગર બહાર બાગ-
માં ઉતર્યા. પોતે આવ્યા છે તેની ધૃતરા-
ષ્ટ્રને જાણ કરવા ઉદ્ધવને ધૃતરાષ્ટ્ર પાસે મો-
કલ્યા. એ પ્રમાણે ઉદ્ધવે ખબર આપતાં જ
ધૃતરાષ્ટ્ર ભેટ લઈ કૌરવો સાથે આવ્યા અને
આગળ ભેટ મુકી તેમને મળ્યા ને બેઠા.

પછી બળરામ બોલ્યા કે, મને ઉગ્રસેને
તમારી પાસે એટલા માટે મોકલ્યો છે કે,
તમે સર્વે મળીને એકલવાયા છોકરાને પરા-
જિત કરી કેદ રાખ્યો છે, તે યોગ્ય નથી;
માટે તેને સત્વર છોડી દ્યો. આ સાંભળી
બળરામ સમક્ષ તો ધૃતરાષ્ટ્ર ઠીક કહી નગ-
રમાં આવ્યા. પછી જાદવોની નિંદા કરી કહેવા
લાગ્યા કે આ જાદવોને છત્ર, સિંહાસન, ચામર
ઇત્યાદિ રાજાઓને ઘટતી વસ્તુઓ પણ વાપર-
વાનો અધિકાર નહોતો એ અમે આપી એમને
વડા કર્યા; છતાં તેઓ આજ અમને આમ
આજ્ઞા કરે છે એ કેવો ચમત્કાર? ધૃતરાષ્ટ્ર
આટલું બોલ્યા તેની ખબર બળરામને પડતાં
તેમણે ક્રોધે ભરાઇ હસ્તિનાપુરના દુર્ગમાં પો-
તાનું હળ ભેરવ્યું ને પોતાના અલૌકિક
સામર્થ વડે હળને રહેજ ખેંચ્યું, એટલામાં
તો નગર વાંકું વળી ગયું અને સેંકડો ઘરો
ટુટી પડ્યાં. આ જોતાં જ કૌરવો ગભરાઈ
બળરામને શરણે આવ્યા. એટલે એમણે હળ
કહાડી લીધું. પરંતુ ત્યારથી હસ્તિનાપુર જે
વાંકું થયું તે એવું ને એવું જ રહ્યું. કૌરવો
બળરામનો સત્કાર કરી તેમને નગરમાં લઇ
ગયા અને લક્ષ્મણાનું સાંબની સાથે લગ્ન
કરી, તેમને બળરામને સ્વાધીન કર્યાં. બળ-
રામ સંતુષ્ટ થઇ, લક્ષ્મણા અને સાંબને સાથે
લઇ દ્વારકા પાછા આવ્યા અને ઉગ્રસેનને
અથ ઇતિ બનેલું વૃતાંત કહી સાંબ અને
લક્ષ્મણાને તેમને સોંપ્યાં. (ભાગ ૧૦ સ્કં૦
અ૦ ૬૮).

લક્ષ્મી. વિષ્ણુની સ્ત્રી. મહાલક્ષ્મી.

લક્ષ્મી (૨). દક્ષ પ્રજાપતિની પુત્રી અને ધર્મ પ્ર-
જાપતિની ભાર્યા. (ભા૨૦ આ૦ ૬૭-૧૪).

લક્ષ્મીકલ્પ. બ્રહ્મદેવના ચાલુ માસમાં થઇ
ગએલો વીસમો દીવસ. (૪ કલ્પ શબ્દ
જુઓ).

લજ્જા. દક્ષ પ્રજાપતિની પુત્રી અને ધર્મ પ્રજાપતિની
ભાર્યા. (ભા૨૦ આ૦ ૬૭-૧૫).)

લતા. એક અપ્સરા વિશેષ. શાપ વડે મગરી
થઇ ગઇ હતી તે. અર્જુને એનો મોક્ષ કર્યો
હતો. (ભા૨૦ આ૦ ૨૩૬-૨૦).

લપિતા. જરિતાની શોક્ય, મંદનપાલની ઉપપત્ની
શાર્ઙ્ગી એ જ. (ભા૨૦ આ૦ ૨૫૫-૧૭).

લપેટિકા. તીર્થવિશેષ. (ભા૨૦ વ૦ ૮૩-૧૫).

લમ્પક. દેશ વિશેષ. કાશુલ નદીને ઉત્તર કિનારે
આવેલ લમ્ઘાન તે જ. (ભા૨૦ દ્રો૦
૧૨૧-૪૬).

લમ્પક. લમ્પય તે જ.

લવણાસુર. મધુ દાનવનો પુત્ર. (ભા૨૦ આ૦
૨૭-૨૨)

લાંગલ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન અંતરિક્ષ-
કુળમાં થએલા શુદ્ધાદિ રાજાનો પુત્ર. આનું
પુષ્કલ એવું નામાંતર છે. એને પ્રસેનજિત્
નામનો પુત્ર હતો.

લાંગલ. ભારતવર્ષીય નદી. (ભા૨૦ સ૦ ૯-૨૬).

લાલાટિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ)

લાલાભક્ષ. જે પોતાની સ્ત્રીને પોતાના રેતનું
પાન કરાવે છે તેને પ્રાપ્ત થનારૂં નર્ક.

લાવકિ. એક બ્રહ્મર્ષિ.(૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ)

લાવાઉત. એક બ્રહ્મર્ષિ.(૩ અંગિરા શબ્દ જુઓ)

લાવ્ય. નીચેનો શબ્દ જુઓ.

લાવ્યાર્યાન. લાવ્યઋષિનો પુત્ર જે ભુજ્યુત ઋષિ તે.

લાક્ષી. દુષ્યન્તની ભાર્યા–જનમેજયની માતા

લક્ષણા તે જ. (ભા૨૦આ૦ ૬૩-૩૦ અને
(ભા૨૦ આ૦ ૮૮-૧૮)

લિખિત. શંખ ઋષિનો સહોદર. (શંખલિખિત
શબ્દ જુઓ) (ભા૦ સ૦ ૭-૬૧)

લીલ. વીરમાના પુત્રમાંનો એક.

લીલાદય. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.
(ભા૨૦ અનુ૦ ૭-૫૩.)

લીલાવતી. ધ્રુવસંધિ રાજાની બીજી સ્ત્રી, આનો
પુત્ર શત્રજિત્.

લીલાવતી (૨). મયૂરધ્વજ રાજાની સ્ત્રી (જૈમિ૦
અશ્વ૦ અ૦)

લુબ્ધ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

લુબ્ધક. અર્જુનક નામનો એક કિરાત. ગૌતમી
નામની કોઈ બાઇના પુત્રને મૃત્યુએ મોકલેલા
સર્પે ડંશ કર્યો હતો. એ સર્પને પકડીને
ગૌતમી પાસે આણીને એણે મારી નાંખવાની
આજ્ઞા માગતાં આનો અને ગૌતમીનો
સંવાદ થયો હતો. આખરે ગૌતમીએ સર્પને
જીવતો મૂકાવ્યો હતો. (ભા૨૦ અનુ૦ ૧-૨૨)

લેખ. ચાક્ષુષ મનવન્તર માંહ્યલા પંચવિધિ દેવો-
માંના જાતિવિશેષ દેવ

લેવલિકા. નદી વિશેષ. (ભા૨૦ વ૦ ૮૨-૧૬૩).

લૈંદ્રાણિ. ૩ અંગિરાકુલોત્પન્ન એક ઋષિ.

લોકાલોક. સપ્ત મહાદ્વીપ, સપ્ત સમુદ્ર, માનસોત્તર
પર્વત અને આદર્શમય કાંચનભુમિ ઇત્યાદિ
જેમાં આવ્યું છે એવો, મેરુની આસપાસ
ચારે બાજુએ બાર કરોડ પચાસ લાખ
યોજનને સરખે અંતરે વલયાકારે આવેલો
પર્વત.

કોટિદ્વયં ત્રિપંચાશલ્લક્ષાણિ ચ તતઃ પરમ્ ।
મહાહેમમયી ભૂમિર્દેશ કોટ્યો વરાનને ॥
(સ્કં૦ પુ૦)

એટલે કે મેરુ પર્વતથી દ્વીપ અને સમુદ્રની
લંબાઈ બે કરોડ ત્રેપન લાખ છે. તે મેરુની
અને આજુબાજુ આવેલા અવષ્લંભાદ્રિક
પર્વતની લંબાઇ બાદ કરતાં અઢી કરોડ
અને કાંચનમય સુવર્ણભૂમિની દસ કરોડ
મળીને સાડાબાર કરોડ યોજનની છે. એટ-
લી જ લંબાઇ બીજી બાજુની, એટલે એકંદર
પચીસ કરોડ ભૂમિ સૂર્યના પ્રકાશથી પ્રકા-
શિત થાય છે. અને તેટલી જ બે તરફની
બહારની બાજુ અપ્રકાશિત રહે છે. કહેવાની
મતલબ કે પૃથ્વી ઘણી મોટી હોઇ એ ગ-
ણતરી પ્રમાણે તેનો વ્યાસ પચાસ કોટિ યો-
જન માનેલો છે.

અર્વાર્ધાને તુ તસ્યાર્ધે ચરન્તિ રવિરશ્મયઃ ।
પરાર્ધે તુ તમોનિત્યં લોકાલોકસ્તતઃસ્મૃતઃ ॥
(લિંગ૦ અ૦ ૫૩).

એટલે એની માંહલી બાજુએ પ્રકાશ અને
બહારની બાજુએ અંધકાર હોય છે તેથી
એને લોકાલોક નામ આપ્યું છે. કારણ
લોક એટલે પ્રકાશ અને અલોક એટલે
અંધકાર એવો આ લોકાલોક શબ્દનો અર્થ
છે. આ લોકાલોક પર્વત બધા દ્વીપો અને
સમુદ્ર એની સર્વકાળ દક્ષિણમાં આવેલો છે
અને મેરુ ઉત્તરમાં છે એમ સમજવું.

સર્વેષામુત્તરેમેરુર્લોકાલોકસ્તુદક્ષિણે ॥

(જુઓ મત્સ્ય૦ અ૦ ૧૨ અને ભા૦ સ્કં૦
૫. અ૦ ૨૦).

લોકોદ્ધાર. ભારતવર્ષીય તીર્થ. (ભા૨૦ વ૦
૮૧-૪૫).

લોપામુદ્રા. વિદર્ભ રાજાની કન્યા, અને અગ-
ડાની સંજ્ઞાવાળા અગસ્ત્ય ઋષિની સ્ત્રી. આનું
સત્યવતી એવું પણ નામાંતર અન્ય ગ્રંથોમાં
મળી આવે છે. (ભા૨૦ વ૦ ૯૪-૨૪; વ૦
૯૪-૨૯). આનો ઇતિહાસ એવો છે કે એક
વેળા અગસ્ત્યના પિતાએ પુત્રને આજ્ઞા કરી
કે તું લગ્ન કર. તે ઉપરથી લગ્ન કરવું
એવી ઇચ્છા કરી તેમણે ઘણી કન્યાઓ
જોઇ. પરંતુ પોતાનું મન માને એવી કન્યા
મળે નહિ. તેથી તેણે પોતાના તપોબળવડે
એવો સંકલ્પ કર્યો કે એક કન્યા ઉત્પન્ન
થાઓ. એવું કહેતાં જ, વિદર્ભ રાજા જે પુ-
ત્રને માટે તપ કરતો હતો તેની સ્ત્રીના ઉ-
દરે કન્યાનો ગર્ભ રહ્યો અને પૂર્ણકાળે તે
પુત્રીરૂપે અવતર્યો. એ જોઇ તેના બાપને
(વિદર્ભ રાજાને) આશ્ચર્ય લાગ્યું કે આમ

શાથી થયું. પુત્ર થવો જોઇએ તેને બદલે પુત્રી કેમ થઇ? આમ મુદ્રાનો લોપ થયો માટે એનું નામ લોપામુદ્રા રાખ્યું.

લોપામુદ્રા દિવસે દિવસે મોટી થવા લાગી અને જ્યારે પરણવા યોગ્ય ઉમ્મરની થઇ ત્યારે તેનો સ્વયંવર કરવો જોઇએ એમ વિચારી રાજાએ તેની તૈયારી કરી. પણ કોણ જાણે શાએ કારણથી તેને પરણવાની કોઇનીએ હિમ્મત ચાલે નહિ. એટલામાં ત્યાં અગસ્ત્ય ઋષિ આવી ચઢયા, ને તેમણે એ કન્યા મને પરણાવ એવી રાજાને યાચના કરી. હવે શું કરવું એના વિચારમાં રાજા પડયો છે એવામાં લોપામુદ્રાએ પોતે જ આવીને પિતાને કહ્યું કે મને અગસ્ત્ય ઋષિને પરણાવો; એમાં ચિંતાનું કશું કારણ નથી. ત્યારે રાજાએ તેની ઇચ્છા પ્રમાણે તેને અગસ્ત્યને પરણાવી. અને લગ્ન થતાં જ ઋષિની સાથે તે તેમના આશ્રમે ગઇ. (ભા૨૦ વ૦ ૯૫-૭). અગસ્ત્યથી આને દૃઢાસ્ય અને દૃઢસ્યુ એવા બે પુત્ર થયા હતા. (ભા૨૦ વ૦ ૯૭-૩૧).

લોભ. બ્રહ્મદેવના પૃષ્ઠભાગથી ઉત્પન્ન થએલા અધર્મની સંતતિમાંનો એક. આને પુરાણમાં પણ બ્રહ્મપુત્ર જ કહ્યો છે. તાત્પર્ય એટલું જ કે આનો સંબંધ બ્રહ્મદેવ સાથે છે.

લોમપાદ. રોમપાદ શબ્દ જુઓ.

લોમશ. એક બ્રહ્મર્ષિ. આ એકદા ઇંદ્રલોકમાં ગયો હતો ત્યાં એણે અર્જુનને જોયો, ત્યારે ઇંદ્રે આનો સત્કાર કરી કહ્યું કે આ અર્જુન નરાવતાર છે તે તું જાણે છે જ. એને મેં અહીં બોલાવરાવી દૈવી શસ્ત્રાસ્ત્રો પ્રાપ્ત કરાવી આપ્યાં છે; અને હવે થોડા જ સમયમાં તેને હું પાંડવો પાસે પહોંચાડનાર છું. તો તું પૃથ્વીપર ગયા પછી આ સમાચાર યુધિષ્ઠિરને કહેજે. લોમશ, તથાસ્તુ કહી ત્યાંથી નીકળ્યો અને કામ્યકવનમાં જ્યાં યુધિષ્ઠિર હતા ત્યાં આવ્યો. તેને જોઇ યુધિષ્ઠિરે તેનો સત્કાર અને પૂજન કર્યા અને આપ કયાંથી પધાર્યા એમ ઋષિને પુછયું. એણે હું ઇંદ્રલોકથી આવ્યો અને અર્જુન હવે તમને સત્વર આવી મળશે એવું કહ્યું.

आगमिष्यति ते भ्राता कृतास्त्रः क्षिप्रमर्जुनः ।
सुरकार्यं महत्कृत्वा यदशक्यं दिवौकसैः॥१८॥
(વ૦ ૪૫; ૮૯-૧

એણે યુધિષ્ઠિરને મારી સાથે તીર્થયાત્રાએ ચાલ એવું કહેવાથી, ભાઇઓ, દ્રૌપદી અને કેટલાક ઋષિઓને પોતાની સાથે લઇ કામ્યકવન છોડી યુધિષ્ઠિર જાત્રાએ નીકળ્યા. તેને માર્ગમાં લોમશે નીતિ અને અનેક ઇતિહાસો સંભળાવ્યા; અને જે જે તીર્થ જોયાં તેનો મહિમા સંભળાવી તેમાં સ્નાનાદિક કરાવી બધાંને મહેંદ્રાચળપર આણ્યાં. (ભા૨૦ વન૦ અ૦ ૯૧-૧૫૭). ત્યાં અકૃતવણે જામદગ્ન્યનો મહિમા સંભળાવી કહ્યું કે આપણા બધાને ચતુર્દશીને દિવસે રામનાં દર્શન થશે માટે તમે સર્વે ત્યાં સુધી અહીં રહો. તે ઉપરથી આ ત્યાં રહ્યા અને ચૌદશને દિવસે સર્વને રામનાં દર્શન થયાં. પછી એક રાત રહી, રામની આજ્ઞા લઇ લોમશ ત્યાંથી પાંડવો સહિત નીકળ્યો. તે અગસ્ત્યાદિ તીર્થ જોતો જોતો પ્રભાસ આવી પહોંચ્યો. આ સમાચાર રામકૃષ્ણે જાણ્યા એટલે તેઓ યુધિષ્ઠરને મળવા આવ્યા. પાંડવોને લોમેશ યમુનાતીરે લઇ આવ્યો. પછી દેવયજન નામના માંધાતા રાજાની યજ્ઞભૂમિ દેખાડી ત્યાંથી ફરતાં ફરતાં કૈલાસ પર્વત સમીપ સર્વને આણ્યા. (ભા૨૦ વન૦ અ૦ ૧૬૭-૧૩૯).

ત્યાંથી લોમશ ગંધમાદન પર્વતની તળેટીએ આવી પહોંચતાં જ, ત્યાંના સુબાહુ નામના કિરાતાધિપતિએ પાંડવો સહિત આનો આદરસત્કાર કરી થોડા દિવસ ત્યાં રાખ્યા; પછી લોમશે ગંધમાદનપર ચડવાનો આરંભ કરતાં જ પાંડવો પણ ચડવા લાગ્યા. પરંતુ તે ચઢતાં ઘણાં માણસો થાકી ગયાં છે દેખી ભીમે ઘટોત્કચનું સ્મરણ કર્યું એટલે

તે ત્યાં તત્કાળ પ્રગટ થયો; અને ભીમે આજ્ઞા કર્યાથી બધાંને સામટાં ઉચકી લઇ જોતજોતામાં સર્વેને નરનારાયણ આશ્રમે આણી મુક્યાં. (ભા૨૦ વન૦ અ૦ ૧૪૦-૧૪૫). પછી લોમશ ઋષિ પાંડવોને લઇ વૃષપર્વા ઋષિને આશ્રમે જવા નીકળ્યો તે ત્યાં સત્તર દીવસે જઇ પહોંચ્યો. ત્યાં સાત રાત રહી ત્યાંથી બધાં સાથે નીકળી ચોથે દિવસે અષ્ટિષેણને આશ્રમે આવી પહોંચ્યો. ત્યાં ધૌમ્ય ઋષિએ યુધિષ્ઠિરને સૂર્યચંદ્રાદિની ગતિ વિગેરે વિષયનું વ્યાખ્યાન આપ્યું. એટલામાં ઇંદ્રે અર્જુનને સ્વર્ગમાંથી એમની પાસે ત્યાં લાવી મુક્યો. અર્જુનના ગંધમાદન પર્વતપર આવ્યા પછી લોમશ ઋષિ પાંડવો સહિત ત્યાં ચાર વરસ રહ્યા. તે વેળા આ લોકોના વનવાસનાં બધું મળી દસ વર્ષ ભરાયાં હતાં. પછી લોમશ ઋષિ પાંડવોને લઇને પુનઃ નરનારાયણઆશ્રમે આવ્યો. અને ત્યાંથી નીકળી જે કિરાતાધિપતિ સુબાહુના રાજ્યમાં પહેલાં રહ્યો હતો ત્યાં આવ્યો ને તેના આગ્રહથી એક માસ ત્યાં રહ્યો. ત્યાંથી નીકળી યામુનગિરિ ઉપરના વિશાળયૂપ નામના સ્થળ ઉપર દ્વૈતવનમાં સરસ્વતી નદીને તીરે આવી વર્ષાઋતુ પુરી થતાં કાર્તિક પૂર્ણિમા થતાં જ લોમશે પાંડવોને કામ્યક વનમાં આણી મુક્યા અને પોતે પોતાને આશ્રમે ગમન કર્યું એણે યુધિષ્ઠિરને ધર્મરહસ્ય કહ્યું હતું. (અનુ૦ ૧૯૨)

લોમશ (૨). લંકામાંનો રાવણ પક્ષનો એક રાક્ષસ.

शुकनाभस्य चक्रस्य शठस्य कपटस्य च ।
ह्रस्वकर्णस्य दंष्ट्रस्य लोमशस्य च रक्षसः॥२४॥
(વા૦ રા૦ સુ૦ ૬૨૦ સ૦ ૬).

લોમશ (૩). વૃદ્ધ મૂષકનો મિત્ર એક બિલાડો.

લોમહર્ષણ. રોમહર્ષણ શબ્દ જુઓ.

લોમાયન. એક બ્રહ્મર્ષિ. (૩. વસિષ્ઠ શબ્દ જુઓ.)

લોલા. કુંભીનસીના પતિ મધુ નામના રાક્ષસની મા.

पूर्वं कृतयुगे राजन्दैतेयः सुमहामतिः ।
लोलापुत्रोऽभवज्ज्येष्ठो मधुर्नाम महासुरः॥३॥
(વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૬૧).

લોલાર્ક. કાશીપુરીમાંનું સ્થળ વિશેષ.

લોલાક્ષી. એક બ્રહ્મર્ષિ. (ભૃગુ ૩ શબ્દ જુઓ).

લોહજંઘ. પાંડવોના રાજસૂય યજ્ઞમાં ગૃહકાર્યમાં સહાય કરનારો એક રાજા.

લોહદંડ. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

લોહલ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ.)

લોહવૈરિ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

લોહિત. રોહિત નામનો ઋષિ તે જ આ.

લોહિત (૨). એક નાગ વિશેષ.

લોહિત (૩). સર્વોષધિગિરિ પાસેનો એક પર્વત.

લોહિત (૪). એ જ પર્વત ઉપરનું એક સરોવર.

લોહિત (૫). નીચેનો લોહિતક શબ્દ જુઓ.

લોહિતક. ભારતવર્ષીય દેશ. આ દેશ કાશ્મીર દેશની ઉત્તર તરફનો હશે. (ભા૨૦ સભાપર્વ). આને રોહિતક દેશ પણ કહ્યો છે. અને ત્યાં રોહિતક નામનો યવન રાજા હશે એમ જણાય છે.

લોહિતા. બગડાની સંજ્ઞાવાળા હિમાલયમાંથી નીકળેલી નદી.

લોહિતારણી. લોહિતા તે જ.

લોહિતાર્ણ. પ્રિયવ્રત રાજાના પુત્ર ઘૃતપૃષ્ઠના સાત પુત્રોમાંનો એક. એનો વર્ષ એને જ નામે પ્રસિદ્ધ છે.

લોહિતાર્ણા (૨). કૌંચદ્વીપોમાંનો છટ્ઠો વર્ષ.

લોહિતક્ષ. જનમેજયના સત્રમાં સ્થાપત્ય નામનો ઋત્વિજ થએલો એક ઋષિ. એણે જનમેજયને પહેલેથી જ સ્થળશુદ્ધિ કરતાં જ કહ્યું હતું કે આ સત્રમાં એક બ્રાહ્મણ આવી તારી પાસે તે સમાપ્ત કરાવશે. (ભા૨૦ આદિ૦ ૫૧-૧૫).

લોહિતાક્ષ (૨). સ્કંદનો એક પાર્ષદ વિશેષ. (ભા૨૦ શ૦ ૪૬–૨૪).

લોહિતાશ્વ. હરિશ્ચંદ્રનો પુત્ર–રોહિતાશ્વ તે જ. (ભા૨૦ ૫૦ ૭૭–૩૧.)

લોહિતારણિ. નદી વિશેષ. (ભા૨૦ભી૦૯–૧૮).

લોહિત્ય. ગામ વિશેષ.

લૌગાક્ષિ. એક બ્રહ્મર્ષિ. (૩. અંગિરા શબ્દ જુઓ).

લૌગાક્ષિ (૨). અથર્વસિષ્ટ કુળમાંનો એક ઋષિ.

લૈાગાક્ષિ (૩). લૌગાક્ષિક બ્રહ્મર્ષિનું કુળ.

લૌમહર્ષણિ. રૌમહર્ષણિ તે જ આ.

લૌહિત્ય. લોહિત સરોવરમાંથી નીકળેલી એક નદી. આની પાસેના અરણ્યને વિશોક કહ્યું છે. પ્રાગ્જ્યોતિષપુરની ઉત્તરે આવેલો બ્રહ્મપુત્રાનો અમુક ભાગ.

લૈાહિત્ય (૨). એક સમુદ્ર વિશેષ. (સ૦ ૯–૨૬).

> શ્રદ્ધા ચૈવાનુયયાવેકઃ પ્રસ્થિતાન્પાણ્ડવાન્વનમ્ ।
> ક્રમેણ તે યયુર્વીરા લૌહિત્યં સલિલાર્ણવમ્ ॥૩૪॥
> (ભા૨૦ મહાપ્રસ્થાનિક૦ ૧–૩૪).

લૌહિત્ય તીર્થ. તીર્થવિશેષ. (ભા૨૦૫૦૮૩–૨).

લૌહિત્યપુર. કર્વટ દેશની પૂર્વ તરફ આવેલું નગર. પાંડવોના વખતમાં એની આગળ મ્લેચ્છ રાજ્યો અને પૂર્વસમુદ્ર જ હતાં.

લૌહિત્યા. નદી વિશેષ. (ભી૦ ૯–૩૫).

લૌક્ષિ. એક બ્રહ્મર્ષિ. (૩. અંગિરા શબ્દ જુઓ).

લૌક્ષિણ્ય. એક બ્રહ્મર્ષિ. (૩. ભૃગુ શબ્દ જુઓ).

વ.

વક. વક્રદંતનો ભાઇ.

વક્રદંત. બગડાની સંજ્ઞાવાળો દંતવક્ર તેજ આ.

વંગ. સોમવંશી અનુકુલોત્પન્ન સુતપા રાજાના પુત્ર બલિના સાઠ પુત્રોમાંનો બીજો. એની માનું નામ સુદેષ્ણા એને પેટે એ દીર્ઘતમસ નામના ઋષિ વડે ઉત્પન્ન થયો હતો. (ભા૨૦ આ૦ ૧૧૩–૫૨).

વંગ. ભારતવર્ષીય દેશ. કૌશિકી કચ્છનિલય નામના જે પાણથળ પ્રદેશનું વર્ણન કર્યું છે, તે દેશની પૂર્વે પાંડવોના સમયમાં આ દેશ આવેલો હતો. તે વેળાએ અહીં સમુદ્રસેન અને ચંદ્રસેન એ નામના બે ભાઇઓ રાજા હતા. વંગ દેશનું (બંગાળ) આવું નામ હોય તો આ દેશ મૂળનો બંગાળ દેશ ખરો. પણ હાલ જેને બંગાળ કહીએ છીએ તે નહિં.

> કૌશિકીકચ્છનિલયં રાજાનં ચ મહૌજસમ્ ॥૨૩॥
> ઉભૌ બલભૃતૌ વીરાવુભૌ તીવ્રપરાક્રમૌ ।
> નિર્જિત્યાજૌ મહારાજ વઙ્ગરાજમુપાદ્રવત્ ॥૨૪॥
> સમુદ્રસેનં નિર્જિત્ય ચન્દ્રસેનં ચ પાર્થિવમ્ ।
> તામ્રલિપ્તં ચ રાજાનં કર્વટાધિપતિં તથા॥૨૫॥
> સુહ્માનામધિપં ચૈવ યે ચ સાગરવાસિનઃ
> સર્વાન્મ્લેચ્છગણાંશ્ચૈવ વિજિગ્યે ભરતર્ષભ ॥૨૬॥
> (ભા૨૦ સભા૦ અ૦ ૩૧).

વરાક્નુ. એક ઋષિ. ગાર્ગી નામની જે પ્રખ્યાત બ્રહ્મનિષ્ઠ સ્ત્રી હતી તેનો પિતા.

વંજુલા. સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળેલી નદી.

વંજુલિ. વિશ્વામિત્ર કુલોત્પન્ન એક ઋષિ.

વજ્ર. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક (ભા૨૦ અનુ૦ ૭–૫૨).

વજ્ર (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન કુશ વંશમાં જન્મેલા સ્થલ નામના રાજાનો પુત્ર વજ્રનાભ તે જ. આનો પુત્ર પ્રગણ રાજા.

વજ્ર (૩). સોમવંશી યદુકુલોત્પન્ન કૃષ્ણનો પ્રપૌત્ર, પ્રદ્યુમ્નનો પૌત્ર અને અનિરુદ્ધનો પુત્ર. યાદવો મુઆ તેમાં આ મરણ પામ્યો ન હતો.

> વજ્રસ્તસ્યામવધ્યસ્તુ મૌસલાદવશેષિતઃ ॥૩૭॥
> (ભા૦૧૦ દશમ૦ અ૦ ૯૦).

કૃષ્ણના નિધન થયા પછી અર્જુન દ્વારકા ગયો ત્યારે આને કૃષ્ણની સ્ત્રીઓ સાથે હસ્તિનાપુર લઇ આવ્યો એણે તેને ઇંદ્રપ્રસ્થનું રાજ્ય આપ્યું.

> દશ પટ્ટ ચ સહસ્રાણિ વાસુદેવાવરોધનં ।
> પુરસ્કૃત્ય યયુર્વજ્રં પૌત્રં કૃષ્ણસ્ય ધીમતઃ॥૬૯॥
> ઇન્દ્રપ્રસ્થે દદૌ રાજ્યં વજ્રાય પરવીરહા ॥૭૩॥

(ભા૨૦ મૌસલ૦ અ૦ ૭).

આનું વજ્રનાભ એવું નામ છે. આના અવસાન પછી એનો પુત્ર પ્રતિબાહુ રાજ્ય પર આવ્યો.

વજ્ર (૪). કિષ્કિંધાની પશ્ચિમે એક પર્વત.

વજ્ર (૫). ઉપાસંગધર નામના યાદવનો પુત્ર.

વજ્ર (૬). ઇંદ્રનું આયુધ વિશેષ. આની ઉત્પત્તિ આમ થઇ–વૃત્રાસુરની પીડાથી ત્રાસ પામી તેનો નાશ કરવાના ઉપાય માટે યાચના કરવા સર્વ દેવો બ્રહ્મા પાસે ગયા. તેમણે સર્વ દેવોને દધીચ નામના મહાન ઋષિ પાસે જઇ તેમનાં અસ્થિ માટે માગણી કરો અને તેનું વજ્ર બનાવી વૃત્રને મારો એવું કહ્યું, તે ઉપરથી દેવો ગયા.

> દધીચ ઇતિ વિખ્યાતો મહાનૃષિરુદારધીઃ ॥૭॥
> તં ગત્વા સહિતાઃ સર્વે વરં વૈ સંપ્રયાચત ।
> સ વો દાસ્યતિ ધર્માત્મા સુપ્રીતેનાન્તરાત્મના॥૮॥
> તત્રાપશ્યન્દધીચં તે દિવાકરસમદ્યુતિમ્ ।
> જાજ્વલ્યમાનં વપુષા યથા સાક્ષાત્પિતામહમ્॥
> ॥ ૧૯ ॥
> તસ્ય પાદૌ સુરા રાજન્નભિવાદ્ય પ્રણમ્ય ચ ।
> અયાચન્ત વરં સર્વે યથોક્તં પરમેષ્ઠિના ॥૨૦॥
> તતો દધીચઃ પરમપ્રતીતઃ
> સુરોત્તમાંસ્તાનિદમભ્યુવાચ ।
> કરોમિ યદ્વો હિતમદ્ય દેવાઃ
> સ્વં ચાપિ દેહં સ્વયમુત્સૃજામિ ॥૨૧॥
> પ્રહૃષ્ટરૂપાશ્ચ જયાય દેવા
> સ્ત્વષ્ટારમાગમ્ય તમર્થમૂચુઃ ।
> ત્વષ્ટા તુ તેષાં વચનં નિશમ્ય
> પ્રહૃષ્ટરુપઃ પ્રયતઃ પ્રયત્નાત્ ॥૨૨॥
> ચકાર વજ્રં મૃશમુગ્રરુપં
> કૃત્વા ચ શક્રં સ ઉવાચ હૃષ્ટઃ
> અનેન વજ્રપ્રહણેન દેવ
> મ્રક્ષીકુરુષ્વાદ્ય સુરારિમુગ્રમ્ ॥૨૩॥
> (ભા૨૦ વન૦ અ૦ ૯૯).

આ પ્રમાણે દેવો વગેરેએ જઇને દધીચની પ્રાર્થના કરતાં તેમણે કહ્યું દેવોના હિતને સારુ ભલે હું મારાં હાડકાં તમને મળે માટે મારું શરીર ત્યાગી દઉં છું. પછી દેવોએ દધીચીએ ત્યાગેલા શરીરનાં અસ્થિ લીધાં. વિશ્વકર્માએ તેનું મોટું છ બાજુઓ અને ખૂણાવાળું વજ્ર કરી આપ્યું.

વજ્રકાય. લંકામાંનો એક રાક્ષસ.

વજ્રકૂટ. પ્લક્ષદ્વીપમાં આવેલો એક પર્વત.

વજ્રજ્વાલા. વૃત્રજ્વાલા શબ્દ જુઓ.

વજ્રદત્ત. પ્રાગ્જ્યોતિષપુરના ભગદત્ત રાજાનો પુત્ર. એણે પાંડવોના અશ્વમેધનો શ્યામકર્ણ ઘોડો પકડી બાંધ્યો હતો. તેમાં અર્જુન સાથે ત્રણ દીવસ યુદ્ધ કરી પરાભવ પામ્યો હતો. (ભા૨૦ અશ્વમે૦ અ૦ ૭૫–૭૬).

વજ્રદંષ્ટ્ર. અંગદે મારેલો રાવણ પક્ષનો રાક્ષસ.

વજ્રનાભ. બીજો અને ત્રીજો વજ્ર શબ્દ જુઓ.

વજ્રનાભ (૨). દનુપુત્ર એક દાનવ.

વજ્રનાભ (૩). કૃષ્ણના હાથમાંના ચક્રનું નામ. એને વરુણ પાસેથી આણીને અગ્નિએ તેમને આપ્યું હતું.

વજ્રપાણિ. વજ્ર ધારણ કરતો હોવાથી સાંપ્રત ઇંદ્રનું નામ. આવાં અર્થવચ્છદ્ધ અનેક નામો છે.

વજ્રબાહુ. કુંભકર્ણે મારેલો રામસેનામાંનો એક વાનર.

> સ તાડયમાનઃ પ્રહસન્મક્ષયામાસ વાનરાન્
> બલં ચણ્ડબલાખ્ય ચ વજ્રબાહું ચ વાનરમ્ ॥૬॥
> (ભા૨૦ વન૦ અ૦ ૨૮૮).

વજ્રમુષ્ટિ. મૈંદ વાનરે મારેલો રાક્ષસ.

(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩).

વજ્રવિષ્કંભ. ગરુડનો પુત્ર. (ઉ૦ ૧૦૧–૧૦).

વજ્રવેગ. મારુતિને હાથે મરાયેલો રાક્ષસ.

> વજ્રમુષ્ટિસ્તુ મૈન્દેન મુષ્ટિના નિહતો રણે ।
> પપાત સરથઃ સાશ્વઃ સુરાદ્ર ઇવ ભૂતલે॥૨૮॥
> (ભા૨૦ વન૦ અ૦૨૮૮).

> અથાદ્રિશૃઙ્ગમાદાય હનુમાન્મારુતાત્મજઃ ।
> અભિદ્રુત્યાદદે પ્રાણન્વજ્રવેગસ્ય રક્ષસઃ ॥૨૭॥

વજ્રશાલ્મલિકંટક. અગમ્ય પશુઆદિ સાથે સહગમન કરનારને પ્રાપ્ત થનારું નરક.

વજ્રશીર્ષ. વારુણિ ભૃગુના સાત પુત્રોમાંનો બીજો. ચ્યવન ઋષિનો નાનો ભાઇ.

વજ્રસૂચિક. સામવેદોપનિષત.

વજ્રહનુ. કુંભકર્ણના પુત્રોમાંનો એક.

વજ્રહસ્ત. અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા. (ભા૨૦ કર્ણ૦)

વજ્રાંગ. મરુદ્ગણ એ દૈત્ય હોઈ ઇંદ્રે તેને મારી નાંખવાના હેતુથી તેના કકડા કર્યા છતાં તે અમર રહ્યો; તેથી દેવોએ તેને મિલાવી લીધો. આ જોઈ ઇંદ્રને મારવા માટે પુનઃ કશ્યપ પાસેથી સંપાદન કરેલો પુત્ર તે આ. આ એવો પરાક્રમી હતો કે એણે ઇંદ્રને બાંધીને પોતાની માતા સમક્ષ આણ્યો અને માતાને પુછ્યું કે આને મારું કે શું કરું. એટલામાં ત્યાં બ્રહ્મદેવ પ્રગટ થયા અને તેમણે આને ઇચ્છીત વર આપી ઇંદ્રને છોડાવ્યો. આને વરાંગા નામની સ્ત્રી હતી. અને તારકાસુર નામનો પ્રસિદ્ધ પુત્ર હતો.

\+ \+ \+

बद्धा ततः सहस्राक्षं पाशेनामोघवर्चसा ।
मातुरन्तिकमागच्छद्व्याघ्रः क्षुद्रमृगं यथा ॥४७॥
ઇ. ઇ.
(મત્સ્ય૦ અ૦ ૧૪૬).

\+ \+ \+

વજ્રાક્ષ. દનપુત્ર દાનવોમાંનો એક.

વટેશ્વરપુર. નર્મદા સંબંધી તીર્થ વિશેષ. (ભા૨૦ ૫૦ ૮૨–૧૨૬).

વડવા. વિવસ્વાન્ આદિત્યની સ્ત્રી સંજ્ઞા. તેણે અશ્વિનિ રૂપ ધારણ કર્યું હતું તે વેળાનું તેનું પડેલું નામ. એને જ પછી અશ્વરૂપધર સૂર્યથી અશ્વિનિકુમાર નામના બે પુત્ર થયા હતા.

વડવાગ્નિ. સમુદ્રમાં રહી તેનું જળ શોષણ કરનાર અગ્નિ. આ ઋચીકપતિની સ્ત્રી તારાના છ પુત્રોમાંનો એક.

વડવાનલ. વડવાગ્નિ.

વડવાપ્રાતિથેયી. બ્રહ્મચર્યવ્રત ધારણ કરી રહેલી એક બ્રાહ્મણ કન્યા.

વતંડ. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

વત્સ. એક બ્રહ્મર્ષિ અને તેનું કુળ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

વત્સ (૨). વત્સ બ્રહ્મર્ષિનું કુળ.

વત્સ (૩). જામદગ્ન્ય રામના ભયે કોઇએ સંતાડી રાખેલો રાજપુત્ર. એ ગાયોના વાડામાં વાછરૂ સાથે ઉછર્યો માટે તેનું આ નામ પડ્યું હતું.

प्रतर्दनस्य पुत्रस्तु वत्सो नाम महाबलः ।
वत्स्यैः संवर्धितो गोष्ठे स मा रक्षतु पार्थिवः॥८६॥
(ભા૨૦ શાંતિ૦ અ૦ ૪૮–૮૬).

વત્સ (૪). સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ વંશમાંના સેનજિત્ નામના રાજાના ચાર પુત્રમાંનો ચોથો.

વત્સ (૫). વત્સાસુર શબ્દ જુઓ.

વત્સ (૬). કોસલ દેશનો કોઇ સામાન્ય રાજા. આ દ્રૌપદી સ્વયંવરમાં હતો.

उलूकः कैतवो राजा चित्राङ्गदशुभाङ्गदौ ।
वत्सराजश्च मतिमान्कोसलाधिपतिस्तथा ॥२२॥
(ભા૨૦ આદિ૦ અ૦ ૨૦૧).કુમ્ભકોનમ.

વત્સક. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન શાશ્વરત અથવા શ્રાવસ્ત રાજાનો પુત્ર. વૃહશ્વ રાજાનો ભાઇ. આનું પુરાણમાં વંશક એવું નામાંતર મળી આવે છે.

વત્સક (૨). સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશના શૂર રાજાને મારીષાથી થએલા દસ પુત્રોમાંનો નવમો. આને મિશ્રકેશી અપ્સરાથી વૃક આદ પુત્રો થયા હતા.

વત્સદ્રોહ. વત્સવૃદ્ધ શબ્દ જુઓ.

વત્સનાભ. એક મહર્ષિ. (ભા૨૦ અનુ૦ ૩૩).

વત્સપ્રીતિ. સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન ભલંદન રાજાનો પુત્ર. આનો પુત્ર પ્રાંશુ નામનો રાજા.

વત્સભૂમ. ભારતવર્ષીય દેશ વિશેષ.

વત્સર. ઉત્તાનપાદના પુત્ર ધ્રુવ રાજાને ભ્રમી નામની ભાર્યાથી થએલા બે પુત્રોમાં બીજો. ધ્રુવની પછી આ જ ગાદી પર આવ્યો હતો. કારણ કે આનો મોટો ભાઇ ઉત્કલ વિરક્ત અને અંતનિષ્ઠ હતો. આને સ્વર્વીથી નામની સ્ત્રી હતી અને તેનાથી પુષ્પાર્ણ, તિગ્મકેતુ, ઇષ, ઊર્જ, વસુ અને જય એવા છ પુત્ર થયા હતા.

વત્સરાજ. એક રાજા. (ભા૨૦ આ૦ ૨૦૧–૨૨).

વત્સલા. બલરામની પુત્રી, અને પાંડુપુત્ર અર્જુનના પુત્ર અભિમન્યુની બે સ્ત્રીઓમાંની મોટી. આના લગ્ન સંબંધી આવી હકીકત છે કે પાંડવોના વનવાસ ગયા પછી દુર્યોધને શકુનિને દ્વારકા મોકલી આ કન્યા પોતાના પુત્ર લક્ષ્મણને આપે એવો પ્રયત્ન કર્યો. આ વિચાર બલરામને રુચવાથી તેણે અને રેવતીએ શકુનિને હા ભણી અને તેને વિદાય કર્યા પછી બલરામે આ વાત કૃષ્ણને કરી. પરંતુ પ્રથમ સુભદ્રાએ માગું કર્યું હતું ત્યારે કૃષ્ણે એને વચન આપ્યું હતું કે તારા અભિમન્યુને આ કન્યા આપીશું, તેથી બલરામનો આ વિચાર તેમને ગોઠ્યો નહિ. તોપણ એમાં હવે કાંઈ યુક્તિ લડાવવી પડશે એવો મનમાં વિચાર કરી, બલરામને કહ્યું કે ત્યારે હવે સર્વેને કંકોતરી લખો. ત્યારે બલરામે તમે જ કંકોતરીઓ લખો કહી કૃષ્ણને એ કામ સોંપ્યું. કૃષ્ણે બધાને પત્રિકાઓ લખી, તેમાં જ એક વિદુરને પણ લખી. તેને લખવાનું કારણ એ કે, સુભદ્રા અને અભિમન્યુ બન્ને તે વેળા વિદુરને ઘેર હતાં. એટલે વિદુરને આ સમાચાર મળતાં, તે પેલાં બે જણશે અને અભિમન્યુ તૈયાર થઇ દ્વારકા આવશે. બન્યું પણ એમ જ. લગ્નપત્રિકા મળતાં જ અભિમન્યુ પોતાની માતાને લઇ દ્વારકા આવવા નીકળ્યો. માર્ગમાં તેને ઘટોત્કચ મળ્યો. અભિમન્યુએ વત્સલાનો વિવાહ મારી સાથે કર્યો હતો, પણ તે કોક કરી દુર્યોધનને ત્યાં કર્યો છે અને એ આજે પરણે છે વગેરે હકીકત ઘટોત્કચને કહી. અભિમન્યુએ તેને સાથે લીધો અને દ્વારકા જઇ ગુપ્તપણે રહ્યાં. પછી ઘટોત્કચે કૃષ્ણને મળી અભિમન્યુ અહીં આવ્યો છે એ સમાચાર કહ્યા. તે ઉપરથી કૃષ્ણ છૂપી રીતે આવી સુભદ્રાને મળ્યા ને કહ્યું કે ઘટોત્કચે પોતાની રાક્ષસી માયા વડે વત્સલાને અહીં ઉચકી આણવી ને પોતે ત્યાં કન્યાનું રૂપ લઈ બેસી જવું; અને બરોબર લગ્ન સમયે જ પોતાનું ખરું રુપ પ્રગટ કરી કૌરવોને બીવડાવી ખાલી હસ્તિનાપુર સુધી હાંકી કાઢવા. તે અવકાશમાં અહીં અભિમન્યુએ વત્સલા સાથે લગ્ન કરી દેવું. આવું કહી કૃષ્ણ ગયા એટલે ઘટોત્કચે તે જ પ્રમાણે કરી, કૌરવોને અતિશય હેરાન કરી હસ્તિનાપુર સુધી હાંકી કહાડ્યા. અને વત્સલાનાં લગ્ન થયાં. આ વાત જાણી બલરામને વ્યાપેલા ક્રોધને કૃષ્ણે શાંત પાડ્યો. પછી અભિમન્યુ અને વત્સલાનો લગ્ન સમારંભ ઉત્તમ પ્રકારે કરી, અભિમન્યુ અને સુભદ્રાની સાથે વત્સલાને વળાવી. (જૈમિનિ૦ ભા૨૦ વન૦)

વત્સવૃદ્ધ. ઇક્ષ્વાકુકુલોત્પન્ન ધ્રુવસંધીવંશમાંના ઉરુક્રિય અથવા ઉરુક્ષવ રાજાનો પુત્ર. આનું વત્સદ્રોહ એવું નામાંતર પણ હતું. એને પ્રતિવ્યોમ નામનો પુત્ર હતો.

વત્સાર. કશ્યપઋષિના બે પુત્રોમાંનો પહેલો. (૨ કશ્યપ શબ્દ જુઓ). અવત્સાર એવું એ એનું નામ મળી આવે છે.

વત્સાસુર. કંસપક્ષનો અસુર વિશેષ. આ કૃષ્ણને મારી નાખવા વૃંદાવનમાં આવી વત્સરૂપ ધારણ કરી ઘણામાં પેઠો. એ કપટ રૂપ કૃષ્ણ કળી ગયા અને એને કોઠીના ઝાડ સાથે પછાડી ઠાર માર્યો. (ભાગ૦ દશમ સ્કં૦ અ૦ ૧૧).

વત્સદેશ. ભાગીરથીના દક્ષિણ કિનારાનો દેશ.

स लोकपालप्रतिमप्रभावस्तीर्त्वा
महात्मा वरदो महानदीम् ।
ततः समृद्धाञ्शुमसस्यमालिनः
क्षणेन वत्सान्मुदितानुपागमत् ॥१०१॥
(વા૦ રા૦ અયો૦ સ૦ ૫૨).

વંદના. ભારતવર્ષીય દેશ વિશેષ.

વદાન્ય. અષ્ટાવક્રની ભાર્યા સુપ્રભાનો પિતા, એક ઋષિ. (ભા૨૦ અનુ૦ ૫–૧૧).

વધૂસર. એક ભારતવર્ષીય નદી. ભૃગુઋષિની સ્ત્રી પુલોમાને દંશ નામનો રાક્ષસ હરણ કરી જતો હતો. પુલોમાનો માર્ગમાં ગર્ભચ્યુત થયો–પડી ગયો–તે ઉપરથી જેનું નામ ચ્યવન પડયું તે પ્રસિદ્ધ જ છે. એ ગર્ભના તેજથી રાક્ષસ ભસ્મીભૂત થઇ ગયો; તેથી પુલોમાની આંખમાં આનંદાશ્રુ આવ્યાં. એ પ્રવાહથી બનેલી આ નદી, આ નામે પ્રસિદ્ધ છે.

નામ તસ્યાસ્તદા નદ્યાશ્ચક્રે લોકપિતામહઃ।
વધૂસરેતિ ભગવાંશ્ચ્યવનસ્યાશ્રમં પ્રતિ ॥૮॥
(ભા૨૦ વન૦ અ૦ ૬-૮)

વધ્રદેશ. ભારતવર્ષીય દેશ વિશેષ.

બહુવાદ્યાશ્ચ કૌરવ્ય સુદામાનઃ સુમાલ્લિકાઃ।
વધ્રાઃ કરીષકાશ્ચાપિ કુલિન્દોપત્યકાસ્તથા ॥૯॥
(ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯).

વન. સોમવંશી અનુકુલોત્પન્ન ઉશીનર રાજાના ચાર પુત્રોમાંનો એક.

વનસ્પતિ. પ્રિયવ્રતપુત્ર ધૃતપૃષ્ઠના સાત પુત્રોમાંનો સાતમો. આના વર્ષનું એ જ નામ હતું.

વનસ્પતિ (૨). ક્રૌંચદ્વીપોમાંનો સાતમો વર્ષ.

વનાયુ. દ્રુહ્યુપુત્ર એક દાનવ. **(ભા૨૦ આ૦ ૬૬-૩૦).**

વનાયુ. (૨) ભારતવર્ષીય મહાદેશ. **(ભા૨૦ ભી૦ ૯-૫૩).**

વનાયુ (૩). પુરુરવાનો પુત્ર એક ક્ષત્રિય. **(ભા૨૦ આ૦ ૬૯-૨૮).**

વનેયુ. સોમવંશી પૂરુકુલોત્પન્ન રૌદ્રાશ્વ રાજાના દસ પુત્રોમાંનો દસમો. **(ભા૨૦ આ૦ ૮૮-૯).**

વંદના. નદી વિશેષ. **(ભા૨૦ ભી૦ ૯-૧૮).**

વંદી. વરુણનો પુત્ર. **(ભા૨૦ વ૦ ૧૩૬-૨૪).**

વન્હિ. અગ્નિ.

વન્હિ. (૨) રામસેનામાંનો વાનર વિશેષ.

વન્હિ (૩). યયાતિરાજાના પુત્ર તુર્વસુનો પુત્ર. આનો પુત્ર ભર્ગ.

વન્હિ (૪). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના સાત્વતપુત્ર અંધકનો પૌત્ર અને કુકુરરાજાનો પુત્ર. આનો પુત્ર વિલોમા.

વન્હિ (૫). કૃષ્ણને મિત્રવિંદાથી થએલો પુત્ર.

વપુ. એક અપ્સરા વિશેષ.

વપુષ્મા. પરીક્ષિત રાજાના પુત્ર જનમેજયની સ્ત્રી, અને સુવર્ણવર્માની કન્યા. જનમેજયથી આને શતાનીક નામનો પુત્ર થયો હતો. **(ભા૨૦ આ૦ ૪૪-૮).**

વય. એક બ્રહ્મર્ષિ. **(૩ વસિષ્ઠ શબ્દ જુઓ).**

વયસ્ય. એક ઋષિ; અંગિરસનો પુત્ર.

વયુન. કૃશાશ્વઋષિને ધિષણાથી થએલા ચાર પુત્રોમાંનો એક.

વયુના. અગ્નિષ્વાત પિતરની કન્યા. આ બ્રહ્મનિષ્ઠ હતી,તેની બેન ધરિણી પણ તેવી જ હતી.

વરરુચિ. નાટકશાસ્ત્રપ્રણેતા એક ઋષિ.

દોગ્ધા વરરુચિર્નામ નાટ્યવેદસ્ય પારગઃ। ॥૨૫॥
(મત્સ્ય૦ અ૦ ૧૦).

વરદા. ભારતવર્ષીય નદી વિશેષ.

વરદાનતીર્થ. એક તીર્થ જ્યાં વિષ્ણુએ દુર્વાસાને વરદાન આપ્યું હતું. **(ભા૨૦ વ૦ ૮૦-૬૫)**

વરા. ભારતવર્ષીય નદી વિશેષ. **(ભા૨૦ ભી૦ ૯-૨૬).**

વરાંગા. વજ્રાંગ દૈત્યને માટે બ્રહ્મદેવે નિર્માણ કરેલી સ્ત્રી. આણે પોતાના પતિની સાથે દુઃસંપાદ્ય તપ કર્યું હતું. **(મત્સ્ય પુરાણ).**

વરાંગા. (૨). ત્રિશંકુની પુત્રી. શયાતીની ભાર્યા. એનો પુત્ર અંહ્યાતિ. **(ભા૨૦ આ૦ ૬૩-૧૩).**

વરાંગી. વરાંગા તે જ.

વરાંગી (૨). બગડાની સંજ્ઞાવાળી વરાંગા તે જ.

વરાણસી. ભારતવર્ષીય નદી વિશેષ. **(ભા૨૦ ભી૦ ૯-૩૧).**

વરાસ્ય. સર્પાસ્ય શબ્દ જુઓ.

વરાહ. બ્રહ્મદેવના નાકમાંથી હિરણ્યાક્ષ દૈત્યને મારવા માટે આ ઉત્પન્ન થયો ને તેને મારી નાંખી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો.

इत्यभिध्यायतो नासाविवरात्सहसानघ।
वराहताको निरगादङ्गुष्ठपरिमाणकः ॥ १८ ॥
(ભાગ૦ ૩ સ્કં૦અ૦ ૧૩).

ચાલુ કલ્પ શરૂ થતાં જ આણે ઉત્પન્ન થઇ પૃથ્વીને સ્વ સ્થાનમાં સ્થિત કરી. આ મહત્ કાર્ય બદલ આ કલ્પનું વરાહકલ્પ નામ પડયું. આનાં આદિવરાહ, યજ્ઞવરાહ અને શ્વેતવરાહ એવાં ત્રણ નામાન્તરો છે. **(પદ્મ ૬, લિંગ ૯૪, ભા૨૦ સ૦ ૪૫-૪, ભા૨૦ વ૦ ૧૪૪-૨૯, ૨૭૩-૫૩, ભા૨૦ શાં૦ ૨૦૮-૨૧. ભાગ૦ ૩-૧૩. વાયુ. ૬).**

વરાહ (૨). કિષ્કિંધાની પશ્ચિમ દિશાએ આવેલો એક પર્વત.

વરાહ (૩). મુખ્ય યજુર્વેદોપનિષત્.

વરાહ (૪). એક ઋષિ વિશેષ. **(ભા૨૦ સ૦ ૪-૨૩).**

વરાહકર્ણ. એક સર્પ વિશેષ. **(ભા૨૦આ૦ ૫૭-૧૮).**

વરાહકર્ણ. એક યક્ષ. **(ભા૨૦ સ૦ ૧૦-૧૭).**

વરાહકલ્પ. વારાહકલ્પ શબ્દ જુઓ.

વરાહતીર્થ. ક્રોકામુખ નામનું એક તીર્થ વિશેષ. **(ભા૨૦ વ૦ ૮૧-૧૮).**

વરાહધ્વજ. જયદ્રથ. **(ભા૨૦ દ્રોણ૦ ૧૦૫-૨૦)**

વરાહશૈલ. મગધ દેશની સીમારૂપ પર્વત.

વરીયાન્. સ્વાયંભુવ મન્વન્તરમાંના પુલહ ઋષિના ત્રણ પુત્રોમાંનો એક.

વરીયાન્ (૨). હવે પછી થનારા સાવર્ણિ મનુના દસ પુત્રોમાંનો એક.

વરુણ. કલ્પાર'ભનો પશ્ચિમ દિગ્પાલ. આ જળાધિપતિ હોઇ એની રહેવાની નગરી માનસોત્તર પર્વતપર નિમ્લોચની અથવા સુષા એ નામે પ્રસિદ્ધ છે. આની સ્ત્રીનું ગૌરી એવું નામ હતું.

यथा चन्द्रश्च रोहिण्यां यथा घूमोर्णया यमः।
वरुणश्च यथा गौर्यां यथा चर्ष्यां धनेश्वरः॥९॥
(ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૧૭).

ચાલુ મન્વન્તરના આરંભકાળની સંધીમાં આણે બ્રહ્મદેવને ઋત્વિજ કરી યજ્ઞ કર્યો હતો, અથવા મહાદેવે એનું રૂપ ધારણ કરી યજ્ઞ કર્યો હતો એવું એ લખેલું મળી આવે છે. તે ગમે તે હોયપણ વરુણ એ નામમાં ફેર ન હોતાં તે ખરું જ છે. તે વેળા અગ્નિમાંથી ભૃગુ, અંગિરા અને કવિ એવા ત્રણ ઋષિ નિર્માણ થયા. તેમને વરુણ, અગ્નિ અને બ્રહ્મદેવે ક્રમે કરીને પુત્ર તરીકે ગ્રહણ કર્યા. એટલે જ ભૃગુને તૈત્તિરીય ઉપનિષદમાં વરુણનો પુત્ર કહેલો છે.

शुक्रे हुतेऽग्नौ तस्मिंस्तु प्रादुरासंस्त्रयः प्रभो।
पुरुषा वपुषा युक्ताः स्वैः स्वैः प्रसवजैर्गुणैः॥१८॥
भर्जनाद्भृगुरित्येवमङ्गारेभ्योऽङ्गिराऽभवत्।
अङ्गारसंश्रयाच्चैव कविरित्यपरोऽभवत्।
× × × × **॥१९॥**
निसर्गाद्ब्रह्मण श्चापि वरुणो यादसांपतिः।
जग्राह वैभृगुं पूर्वमपत्यं सूर्यवर्चसम् ॥३६॥
ईश्वरोऽङ्गिरसं चाग्नेरपत्यार्थमकल्पयत्।
पितामहस्त्वपत्यं वै कविं जग्राह तत्त्ववित् ॥३७॥
(ભા૨૦ અનુ૦ અ૦ ૧૩૨).

વરુણ (૨). દ્વાદશ આદિત્યમાંનો એક આદિત્ય. સાંપ્રત સમયનો પશ્ચિમ દિગ્પાલ છે. આને જ્યેષ્ઠા નામની સ્ત્રી હતી, તેની કુખે ગૌ અને પુષ્કર એવા બે પુત્ર આને થયા હતા. આ ઉપરાંત આને અધર્મ અને બલ એવા બે પુત્ર અને સુરા નામની કન્યા હતી, એવું મળી આવે છે. એની બીજી સ્ત્રીનું નામ વારુણી હતું. એ સ્ત્રીનું બીજું નામ ગૌરી પણ હતું. અષ્ટાવક્ર સાથે વાદમાં હારેલો એવો એક બંદી નામનો પુત્ર પણ હશે એમ જણાય છે. આને પ્રતિવર્ષ આષાઢ માસનો સૂર્ય ગણ્યો છે. **(૧૩ શુચિ શબ્દ જુઓ).** આને એક શીતતોયા નામની સ્ત્રી પણ હોય એમ જણાય છે ને તેનાથી શ્રુતાયુધ નામનો પુત્ર થયો હોય એમ લાગે છે. એ શીતતોયા પૃથ્વીપરની નદી હોઇ તેની મૂર્તિમાન દેવીએ સંપાદન કરેલો એ પુત્ર સમજવો. **(ભા૨૦ આ૦ ૬૬-૧૫)**

વરુણ (૩). મુની એટલે કશ્યપની સ્ત્રી, તેના ગંધર્વ પુત્રોમાંનો એક.

વરુણસ્રોતસ્. કામ્યક વનની દક્ષિણ તરફનો પર્વત.

વરુણા. ભારતવર્ષીય નદી વિશેષ.

વરૂથ. આ નામનું એક ગામ.

વરૂથ (૨). ભરતપુત્ર જે ભરદ્વાજ રાજા, તેનું બીજું નામ.

વરૂથપ. ગોપ વિશેષ.

હે સ્તોકકૃષ્ણ હે અંશો શ્રીદામન્સુબલાર્જુન ।
વિશાલર્ષભ તેજસ્વિન્દેવપ્રસ્થ વરૂથપ ॥૩૧॥
૪, ૪. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૨૨).

વરૂથી. એક નદી,

સોઽપશ્યદ્ગ્રામતીર્થં ચ નદીં વાલુકિનીં તથા ।
વરૂથીં ગોમતીં ચૈવ મીનં શાલ્વનં તથા ॥૨૬॥
(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૨૬).

વરૂથી એક બ્રહ્મર્ષિ.

વરેણ્ય. વારુણિ ભૃગુના સાત પુત્રોમાંનો છઠ્ઠો. આનું વિભુ એવું નામાંતર હતું.

વર્કુ. વૃષ્ણિ ઋષિનો પુત્ર વાર્ષ્ણિ તે જ.

વર્ગા. શાપે કરીને મગરી થએલી અપ્સરા વિશેષ. (નારી તીર્થ શબ્દ જુઓ). (સ૦ ભા૨૦ ૧૧-૧૩).

વર્ચા. સોમ નામના વસુનો પુત્ર. (ભા૨૦આ૦ ૭૬-૨૨).

વર્ચા (૨). એક યક્ષ. (૧ તપસ્ય શબ્દ જુઓ).

વર્ચા (૩). સુચેતા ઋષિનો પુત્ર. આનો પુત્ર વિહવ્ય.

વર્ધન. કૃષ્ણને મિત્રવિંદાથી થએલો પુત્ર.

વર્ધમાન. ક્રૌંચદ્વીપમાંનો એક પર્વત.

વર્ધમાનપુર. પ્રતિષ્ઠાનપુર. (ભા૨૦ આ૦ ૬૬-૬૮).

વર્મક. ઇંદ્રપ્રસ્થની પૂર્વ તરફનો દેશ અને ત્યાંનો રાજા.

શર્મકાન્વર્મકાંશ્ચૈવ વ્યજયત્સાન્ત્વપૂર્વકમ્ ।
વૈદેહકં ચ રાજાનં જનકં જગદીપતિમ્॥૧૩॥
(ભા૨૦ સભા૦ અ૦ ૩૧).

વર્મી. એક બ્રહ્મર્ષિ.

વર્ય. એક રાક્ષસ. (૫ નભ શબ્દ જુઓ).

વર્ષ. મહાદ્વીપમાં કરેલા ભૂભાગમાનો પ્રત્યેક, જેવાકે અજનાભ (ભરતવર્ષ) કિંપુરુષ ઇત્યાદિ નવ જંબુદ્વીપમાં છે તેવા.

વર્ષ (૨). ઉપદેવાથી વસુદેવને થએલા પુત્રોમાંનો એક.

વલ્કલ. અજ્ઞાતવાસ સમયે વિરાટનગરમાં રસોઇયાનું રૂપ ધારણ કરીને રહેલા ભીમસેનનું ધારણ કરેલું નામ. (ભા૨૦ વિ. ૩-૮).

વલ્લવ. દેશ વિશેષ. (બલ્લવ શબ્દ જુઓ).

વલ્ગુજંઘ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

વંશક. એકની સંજ્ઞાવાળો વત્સક તે જ.

વંશગુલ્મ. નર્મદા અને શોણનદના સંગમ ઉપર આવેલું તીર્થ વિશેષ.

વંશા. પ્રાધાની અપ્સરા કન્યાઓમાંની એક.

વંશોત્કસારા. ભારતવર્ષીય એક નદી. એની તીરે સુરભિ નામનું વન હોઇ ત્યાં કુબેરનો દૂત હિરણ્યશૃંગ રહેતો હતો.

વંશોદ્ભેદ. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

વક્ષ. ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

વસાતિ. ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક યોદ્ધો. ચક્રવ્યૂહમાં અભિમન્યુ પેઠો ત્યારે આણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે આજ હું એને મારીશ. જો ન મારૂં તો પ્રાણ ધારણ કરૂં નહિ. આમ પ્રતિજ્ઞા કરી અભિમન્યુની સામે ગયો; તેને અભિમન્યુએ જ મારી નાંખ્યો.

તં સિંહમિવ સંક્રુદ્ધં પ્રમથન્તં શરૈરરીન્ ।
આરાદાયાન્તમભ્યેત્ય વસાતીયોઽભ્યયાદ્રુતમ્॥૮॥
(ભા૨૦ દ્રોણ૦ અ૦ ૪૪)

વસાતિ (૨). વાહીક પ્રદેશ સંબંધી દેશ.

વસાતિ (૩). વસાતિ દેશજન.

વસામની. ભારતવર્ષીય એક નદી.

વસિષ્ઠ. સ્વાયંભુવ મન્વન્તરમાંના બ્રહ્મદેવના દસ માનસ પુત્રોમાંનો એક. આ બ્રહ્મદેવના પ્રાણવાયુથી ઉત્પન્ન થયો હતો, અને એને બ્રહ્મદેવે પોતાની આઠ કન્યાઓમાંથી આઠમી અરુંધતી પરણાવી હતી. એને ઊર્જા નામની બીજી સ્ત્રી અને તેનાથી ચિત્રકેતુ વિગેરે છ પુત્ર થયા હોય એમ જણાય છે. (ઊર્જા શબ્દ જુઓ). એની પહેલી સ્ત્રી અરુંધતીને પણ આનાથી હવીંદ્ર, સુકૃત, મૂર્તિ, આપ, જ્યોતિ, અય, અને સ્મય એવા સાત પુત્ર થયા હતા, જે સ્વારોચિષ મન્વન્તરમાં પ્રજાપતિ હતા. (ભાગ૦ ૪ સ્કં૦) આ

ઉપરાંત સુકાલી નામનો પિતર પણ આનો જ પુત્ર હતો.

વસિષ્ઠ (૨). પૂર્વના બ્રહ્મમાનસપુત્ર મહાદેવના શાપથી મરણ પામતાં, બ્રહ્મદેવે ચાલુ મનવન્તરના આરંભમાં તેને પુનઃ ઉત્પન્ન કર્યા; તેમાં આ અગ્નિના મધ્ય ભાગમાંથી ઉત્પન્ન થયો હતો. (મહર્ષિ શબ્દ જુઓ). અહીં એને અક્ષમાલા નામની સ્ત્રી હશે એમ જણાય છે.

અદૃશ્યન્ત્યાં ચ વાસિષ્ઠો વસિષ્ઠશ્ચાક્ષમાલયા ।
ચ્યતવનશ્ચ સુકન્યાયાં પુલસ્ત્યઃ સન્ધ્યયા યથા ॥
॥ ૧૧ ॥
(ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૧૭)

ચાલુ મનન્તરમાં ઇક્ષ્વાકુ રાજાએ આને પુરોહિત તરીકે વર્યો હતો એટલે એની પછી એના ત્રણ પુત્રોમાંનો બીજો જે નિમિ રાજા તેણે પણ એને જ ઉપાધ્યાય કરી, આની સહાયથી અનેક યજ્ઞ કર્યા. એકદા આ કોઇ બીજી જગ્યાએ યજ્ઞ કરાવવા જતો હતો તે સમયે નિમિએ આવી તેને કહ્યું કે હું એક યજ્ઞનો આરંભ કરૂં છું, માટે તમે સત્વર ચાલો. તેને વસિષ્ઠે કહ્યું કે મેં બીજી જગ્યાએ જવાના આમંત્રણનો સ્વીકાર કર્યો છે, તો તું હમણાં થોભીજા ને હું આવું પછી યજ્ઞનો આરંભ કરજે. એ વાત ન ગણકારીને ગૌતમ ઋષિને ઉપાધ્યાય કરી યજ્ઞનો આરંભ કર્યો. એટલામાં ઇંદ્રનો યજ્ઞ સમાપ્ત થવાથી આ નિમિ પાસે આવ્યો, ને જુવે છે તો એણે બીજે ઉપાધ્યાય વરી આરંભેલો યજ્ઞ સમાપ્તી સુધી આવી પહોંચ્યો છે. તે ઉપરથી ક્રોધે ભરાઇ એણે રાજાને અને રાજાએ એને એમ પરસ્પર શાપ્યા જેથી બન્નેનું મૃત્યુ થયું. (૧. નિમિ શબ્દ જુઓ).

વસિષ્ઠ (૩). નિમિના શાપથી મૃત્યુ પામેલા વસિષ્ઠની આ અવસ્થા જોઇ બ્રહ્મદેવે તેને કહ્યું કેઃ—

મિત્રાવરુણયોઃ પુત્ર વશિષ્ઠ ત્વં ભવિષ્યસિ ॥
વસિષ્ઠેતિ ચ તે નામ તત્રાપિ ચ ભવિષ્યતિ ॥
જન્મદ્વયમતીતં ચ તત્રાપિ ત્વં સ્મરિષ્યસિ ।।
॥ ૨૨ ॥
(મત્સ્ય૦ અ૦ ૨૦૧).

એટલે તું હવે મિત્રાવરુણનો પુત્ર થઇશ અને ત્યાં તને વસિષ્ઠ નામ જ પ્રાપ્ત થશે. અને તને પૂર્વના બે જન્મનું સ્મરણ રહેશે. એટલે નિમિના શાપથી મરણ પામેલો વસિષ્ઠ મિત્રાવરુણનો પુત્ર થયો અને વસિષ્ઠ નામે જ પાછો ઇક્ષ્વાકુ રાજાના પુત્ર વિકુક્ષિ અથવા શશાદ રાજાએ તેને પોતાનો કુળગોર નીમ્યો. આ જન્મમાં નારદની બેન અરુંધતી તેની સ્ત્રી થઇ અને તેની કુખે આને શક્તિ ઇત્યાદિ સો પુત્ર થયા. પછી શક્તિથી પરાશર ઋષિ થયા. પરાશરનો પુત્ર તે જ કૃષ્ણદ્વૈપાયન અને તેનો શુક, આમ તેનો વંશ ચાલ્યો.

વસિષ્ઠસ્તૂપયેમેઽથ ભગિનીં નારદસ્ય તુ ।
અરુન્ધતીં વરારોહાં તસ્યાં શક્તિમજીજનત્॥૩૦॥
શક્તેઃ નપરાશરઃ પુત્રસ્તસ્ય વંશં નિબોધ ને ।
યસ્ય દ્વૈપાયનઃ પુત્રઃ સ્વયં વિષ્ણુરજાયત ॥૩૧॥
(મત્સ્ય૦ અ૦ ૨૦૧).

એના કુળમાં એના સુદ્ધાં સાત મંત્રદૃષ્ટા ઋષિ હતા. તે નીચે પ્રમાણે–મુખ્ય એ પોતે, ૨ શાક્ત, ૩ પરાશર, ૪ ઇંદ્રપ્રમતિ, ૫ ભરદ્વસુ, ૬ મૈત્રાવરુણ, અને ૭ કુંડિન(મત્સ્ય૦ અ૦ ૧૪૪). એના કુળમાં વસિષ્ઠ, કુંડિન, ઉપમન્યુ અને પરાશર એ નામની ચાર વંશમાલિકાઓ હતી. એ ચારેમાંના ઋષિઓ અને પ્રવર આ પ્રમાણે–કેવલવસિષ્ઠ –વ્યાઘ્રપાદ, ઔપગવ, વૈકલવ, શાદ્વલાયન, કપિષ્ઠલ, ઔપલોમ, અલબ્ધ, શઠ, કઠ, ગૌપાયન, બોધપ, દાક્ષ્ય, બાહ્લક, વાલિશય, વાગૂગ્રંથિ, આપસ્થૂણ, શીતવૃત્ત, બ્રાહ્મપુરેયક, લોમાયન, સ્વસ્તિકર, ચાંડિલી, ગૌડિની, વાડોહલિ, સુમના, ઉપાવૃદ્ધિ, ચૌલિ, વૌલિ, બ્રહ્મબલ, પૌલિ, શ્વવસ, પૌડવ અને યાજ્ઞવલ્ક. આ બધા ઋષિ વાસિષ્ઠ એવા એક જ પ્રવરના. કુંડિન કુલોત્પન્ન તે વાસિષ્ઠ, મૈત્રા-

વરુણ, અને કૌંડિન્ય એવા ત્રણ પ્રવરના. ઉપમન્યુ કુલોત્પન્ન શૈલાલય, મહાકર્ણ, કૌરવ્ય ક્રોધિ, કપિંજલ, વાલખિલ્ય, ભાગવિત્તાય, કીલાયન, કાલશિખ, કૌરકૃષ્ણ, સુરાયણ, શાકાહાર્ય, શાકધિ, કાણ્વ, ઉપલપ, શાકાયન, ઉહાક, માપશરાવય, દાકાયન, વાલવય, વાકય, ગૌરય, લંબાયન, સ્યામવય, ક્રોડોદરાયણ, પ્રલંબાયન, ઔપમન્ય. ૧, વસાંખ્યાયન, વેદશેરક, પાલંકાયન, ઉદ્ગાહ, બલેક્ષુ, માતેય, બ્રહ્મબલિ, અને પર્ણાગારિ એ સર્વ ઋષિઓ **વાસિષ્ઠ, ઐંદ્રપ્રમતિ** અથવા **ઐંદ્રપ્રમદિ**, અને **ભરદ્વસવ્ય** એવા ત્રણ પ્રવરના. પરાશરકુલોત્પન્ન જે ગૌર પરાશર આદિ છ ભેદના ઋષિઓનાં **વાસિષ્ઠ, શાકત્ય** અને **પારાશર્ય** એવાં ત્રણ પ્રવરો છે.

આ વસિષ્ઠ કુળમાં આ ઉપરાંત બીજા બે ભેદના ઋષિયો છે એવું મત્સ્ય પુરાણમાંથી મળી આવે છે. ઔપસ્થલ, સ્વસ્થલી, પાલોહ, લોહલ, માધ્યંદિન, ઉમાક્ષતિ, પૈપ્પલાદિ, વિચક્ષુષ, ત્રૈશૃંગાયન, સૈવલ્ક, અને કુંડિન એ ઋષિઓ, **વાસિષ્ઠ, જાતુકર્ણ્ય**, અને **આત્રેય** એવા ત્રણ પ્રવરના હતા. અને **શિવકર્ણ, વય** અને **પાદપ** એ ત્રણ પ્રવરનાએ કેટલા ઋષિઓ હતા. આ છેલ્લામાં વાસિષ્ઠ પ્રવર કેમ નહિ આવ્યું હોય તે સમજાતું નથી.

આ વસિષ્ઠ પોતાને આશ્રમે રહી આશ્રમ ધર્મ ચલાવતો હતો. એ ચલાવામાં કામધેનુને પ્રતાપે તેને ઘણી અનુકૂળતા થઇ પડી હતી. ગમે ત્યારે ગમે તેટલા અતિથિ આવી ચડે તોપણ તેમની ગમે તે ઇચ્છા થાય તે સઘળી પુરી પાડી તેમનો સત્કાર કરતાં આને અડચણ પડતી નહોતી. એકદા એવું બન્યું કે વિશ્વામિત્ર રાજા પોતાના સૈન્ય સાથે અરણ્યમાં મૃગયા ખેલવા નીકળ્યો હતો, તે આને આશ્રમે આવ્યો. તેને જોઇ વસિષ્ઠે તેનું એવું તો ઉત્તમ આતિથ્ય કર્યું કે સઘળાને ઉત્તમ પાત્રોમાં પીરસીને દિવ્ય ભોજન જમાડયું. આશ્રમમાં રાંધવા વિગેરેની કશી ખટપટ ન હોવા છતાં આ અન્ન ક્યાંથી આવ્યું એ વિશ્વામિત્રે વસિષ્ઠને પુછ્યું. કામધેનુના પ્રતાપથી આ સઘળું થયું એવું વસિષ્ઠના કહેવાથી, વિશ્વામિત્ર એ ગાય તેની પાસે માગવા લાગ્યો. વસિષ્ઠે ઉત્તર વાળ્યો કે આ ગાય તારે લઇ જવાનું પ્રયોજન શું ? તું રાજા હોઇ તારી પાસે પુષ્કળ દ્રવ્ય હોવાથી તારે એની શી ગરજ પડે ? અમે અરણ્યમાં રહેનાર, દ્રવ્યહીણ એટલે અમારે જ એનો ખરો ઉપયોગ. વિશ્વામિત્રે કહ્યું તે ગમે તેમ હો, પણ તારે એ ગાય મને આપવી જ પડશે ને જો નહિ આપે તો હું બળાત્કારે લઇ જઇશ. વસિષ્ઠે કહ્યું કે ભલે તારે લઇ જા. વસિષ્ઠના આમ કહેવાથી વિશ્વામિત્ર જેવો ગાયને લઇ જવા લાગ્યો કે ગાયે પોતાના શરીરમાંથી સૈન્ય નિર્માણ કરી, વિશ્વામિત્રનો ને તેના સૈન્યનો પરાભવ કરી, પોતે વસિષ્ઠ પાસે પાછી આવી. તે વેળા એણે આ પ્રમાણે સૈન્ય ઉત્પન્ન કર્યું—તેના પુંછડામાંથી પહ્લવ નામના મ્લેચ્છ, તેની યોનિયાંથી યવન, છાણમાંથી શબર, તેના ઉદરમાંથી શક ઇત્યાદિ, મૂત્રમાંથી પૌંડ્ર, કિરાત, સિંહલ, બર્બર, બકુશ, ચિબુક, પુલિંદ, ચીન અને કેરલ ઉત્પન્ન થયા હતા. આથી બ્રહ્મબળ આગળ ક્ષત્રિયબળને ધિક્કાર હજો એવું કહી વિશ્વામિત્રે રાજ્ય છોડયું—અને બ્રહ્મબળ પ્રાપ્ત કરવાના હેતુથી અરણ્યમાં તપશ્ચર્યા કરવા લાગ્યો. આ જ આની અને વિશ્વામિત્રની વચ્ચે વેરનું મૂળ કારણ થઇ પડયું. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

વિશ્વામિત્ર તપસંપન્ન થયા પછી, પોતાને વસિષ્ઠ હે બ્રહ્મર્ષિ એમ સંબોધિ બોલાવે એવો પ્રયત્ન કરવા લાગ્યો. પરંતુ વસિષ્ઠ કેમે કર્યો તેને બ્રહ્મર્ષિ કહે નહિ. જ્યારે જ્યારે પરસ્પર મળે, ત્યારે રાજર્ષિ કહીને જ બોલાવે. જેમ જેમ વસિષ્ઠ એમ કહે, તેમ તેમ વિશ્વામિત્રને અધિક ક્રોધ વ્યાપતો જાય. આથી એણે વસિષ્ઠના શક્તિ આદિ સો પુત્રો રાક્ષસ પાસે મરાવ્યા. તેથી જો કે વસિષ્ઠને શોક

થયો, પણ એણે વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ તો ન જ કહ્યો.

પુત્ર શોકથી ભગ્ન હૃદયના વસિષ્ઠે પોતાના શરીરને દોરડે બાંધી બુડી મરવાના હેતુથી એક નદીમાં ઝંપલાવ્યું. પરંતુ એ નદીએ જ એને પાશમુક્ત કરી બહાર કહાડી નાંખ્યો. આથી એ વિમનસ્ક તો થયો પણ એ નદીનું નામ ત્યારથી વિપાશા પડયું તે હજુએ એ જ ચાલે છે.

एषा रम्या विपाशा च नदी परमपावनी॥८॥
(ભા૨૦ વન૦ અ૦ ૧૩૨)

એવી જ રીતે આણે પુનઃ એક વેળા હૈમવતી નદીમાં ઝંપલાવ્યું. પરંતુ તેણે પણ શતપ્રવાહરૂપ થઇ આને બુડવા દીધો નહિ. એથી એ નદીનું નામ પણ શતદ્રૂ પડયું, જે હજુએ એ જ ચાલે છે. કોઈ પણ પ્રકારે પોતાને મૃત્યુ આવતું નથી જોઈ ઉદાસ થઇ વસિષ્ઠ એક વખત આશ્રમ છોડી ચાલતો થયો. તેની પાછળ પાછળ તે જાણે નહિ એમ શકિતની સ્ત્રી અદૃશ્યંતિ નીકળી પડી. એ આગળ ચાલ્યો જાય છે એટલામાં તેણે પોતાની પાછળ વેદધ્વનિ સાંભળ્યો એટલે પાછું જુવે છે તો પોતાની પુત્રવધુના પેટમાંથી વેદધ્વનિ નીકળે છે. એ જોઇ હજુ વંશતંતુ છિન્ન થયો નથી જાણી, હરખાતો આશ્રમે પાછો આવ્યો. અદૃશ્યંતિને પ્રસવ થતાં જન્મેલો એ જ પુત્ર પછી પરાશર નામે પ્રસિદ્ધ થયો.

ચાલુ મન્વન્તરમાંના આઠમા પર્યાયમાં આ જ વ્યાસ થયો હોવો જોઇએ. અને પ્રતિવર્ષે અષાઢ માસમાં સૂર્યની સાથે સંચાર કરનાર પણ આ જ હશે. (**વ્યાસ** શબ્દ જુઓ). અને (૧૩. **શુચિ** શબ્દ જુઓ).

આ ઉપરાંત પ્રસ્તુત સપ્તર્ષિમાં પણ ઘણું કરીને આ જ છે.

વસિષ્ઠ (૪). વિષ્ણુસ્થળ નામના ક્ષેત્રમાં રહેતો કૌશિક ઋષિનો એક શિષ્ય.

વસિષ્ઠ (૫). હિમાલયના એક શિખરનું વસિષ્ઠ પર્વત એવું નામ ચાલે છે તે.

વસિષ્ઠાપવાહ. ભારતવર્ષીય તીર્થ વિશેષ. **(ભા૨૦ શ. ૪૩–૧).**

વસુ. પ્રાચેતસ દક્ષની કન્યા, અને ધર્મઋષિની દસ સ્ત્રીઓમાંની એક. અષ્ટવસુની માતા.

વસુ (૨). અષ્ટવસુ, ચાલુ મન્વન્તરમાંનો પાંચમો દેવ.

વસુ (૩). દસ વિશ્વેદેવોમાંનો ત્રીજો.

વસુ (૪). પ્રિયવ્રત રાજાના પુત્ર હિરણ્યરેતાના સાત પુત્રોમાંનો પહેલો.

વસુ (૫). કુશદ્વીપમાંનો પહેલો વર્ષ.

વસુ (૬). ઉત્તાનપાદ વંશના ધ્રુવપુત્ર વત્સરને સ્વર્વીથી નામની ભાર્યાથી થએલા છ પુત્રોમાંનો પાંચમો.

વસુ (૭). ચોગડાની સંજ્ઞાવાળા પૈલ ઋષિનોબાપ.

વસુ (૮). વસિષ્ઠકુલોત્પન્ન ભદ્ર ઋષિનો પુત્ર. આને ઉપમન્યુ નામનો પુત્ર હતો.

વસુ (૯). સૂર્યવંશી નૃગકુલોત્પન્ન ભૂતજ્યોતિ રાજાનો પુત્ર. એનો પુત્ર પ્રતીક રાજા.

વસુ (૧૦). સૂર્યવંશી નૃગકુલોત્પન્ન બીજા નૃગ રાજાનો પુત્ર.

વસુ (૧૧). સોમવંશી વિજયકુલોત્પન્ન કુશિક રાજાના ચાર પુત્રોમાંનો ત્રીજો.

વસુ (૧૨). વસુમનાનું બીજું નામ.

વસુ (૧૩). સોમવંશી પૂરુકુલોત્પન્ન કૃતિ રાજાનો પુત્ર. આનું જ પછીથી ઉપરિચર એવું નામ પડયું. આણે ગિરિવ્રજનગર સ્થાપ્યું. **(ભા૨૦ આ૦ ૬૪–૨).**

વસુ (૧૪). વસુદેવને શ્રીદેવીથી થએલો પુત્ર.

વસુ (૧૫). કૃષ્ણને સત્યાથી થએલો પુત્ર.

વસુ (૧૬). કૃષ્ણે મારેલા મુર દૈત્યના સાત પુત્રોમાંનો એક.

વસુ (૧૭). ચોગડાની સંજ્ઞાવાળો વસુમાન્.

વસુ (૧૮). હવે પછી થનારા આઠમા સાવર્ણિ મનુના દસ પુત્રોમાંનો એક.

વસુ (૧૯). એક ઋષિ. જમદગ્નિનો પુત્ર. **(ભા૨૦ વ૦ ૧૧૭–૧૧).**

વસુ (૨૦). પ્રિયવ્રત રાજાના પુત્ર વસુનો દેશ.

વસુચંદ્ર. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા.

વસુચન્દ્રો દામચન્દ્રઃ સિંહચન્દ્રઃ સુતેજનઃ ।
દ્રુપદસ્ય તયા પુત્રા દ્રુપદશ્ચ મહારથવિત્ ॥૨૯॥
(ભા૨૦ દ્રોણ૦ અ૦ ૧૫૬)

વસુતેય. લોક વિશેષ. (ભા૨૦ સ૦ ૭૮-૯૦).

વસુદ. બાર ભાર્ગવ દેવોમાંનો એક.

વસુદ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન પુરુકુત્સ રાજાને નર્મદા નામની સ્ત્રીથી થએલા બે પુત્રોમાંનો મોટો. આને સંભૂતિ નામનો પુત્ર હતો.

વસુદા. માલી રાક્ષસની સ્ત્રી.

વસુદા (૨). અંગિરસની ભાર્યા. એનાં વસુધા અને શુભા એવાં નામાન્તર હતાં. (ભા૨૦વ૦ ૨૨૧-૧).

વસુદાન. પ્રિયવત રાજાના પુત્ર હિરણ્યરેતાના સાત પુત્રોમાંનો બીજો. આના વર્ષને એનું જ નામ હતું.

વસુદાન (૨). પ્રિયવ્રતના પુત્રનો દેશ.

વસુદાન (૩). કુશદ્વીપમાંનો બીજો વર્ષ.

વસુદાન (૪). ભારતયુદ્ધમાં પાંડવપક્ષનો એક રાજા. આને દ્રોણાચાર્યે માર્યો હતો.

વસુદાન ચ મલ્લેન પ્રૈષયદ્યમસાદનમ્-
(ભા૨૦ દ્રો૦ ૨૧-૫૫).

વસુદાન (૫). ભારતયુદ્ધમાં એક બીજો પાંડવ પક્ષનો રાજા. આને પણ દ્રોણાચાર્યે માર્યો હતો.

તથૈવ ચ પુનઃ ક્રુદ્ધો ભારદ્વાજઃ પ્રતાપવાન્
વસુદાનસ્ય મલ્લેન શિરઃ કાયાદપાહરત્ ॥૨૯॥
(ભા૨૦ દ્રો૦ ૧૯૧-૨૯).

વસુદાન (૬). ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક બીજો રાજા.

વસુદેવ. સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશમાં જન્મેલા શૂર રાજાના દસ પુત્રોમાં મોટો. આનકદુંદુભિ એવું એનું નામ હતું. એને વીસ સ્ત્રીઓ હતી. તે સર્વેનાં અને તેમની સંતતિનાં નામ આ પ્રમાણેઃ—પહેલી સ્ત્રી ઘૃતદેવા, તેને એક જ વિપૃષ્ઠ નામનો પુત્ર હતો. ૨. શાંતિદેવા, તેને શ્રમ, પ્રતિશ્રુત, ઇત્યાદિ અનેક પુત્ર હતા. ૩. ઉપદેવા, તેને કલ્પ, વર્ષ, ઇત્યાદિ દસ પુત્ર હતા. ૪. શ્રીદેવા, તેને વસુ, હંસ, સુવંશ ઇત્યાદિ છ પુત્ર હતા. ૫. દેવરક્ષિતા, તેને ગદ, ઇત્યાદિ નવ પુત્ર હતા. ૬. સહદેવા, તેને પૂરુ, વિશ્રુત ઇત્યાદિ આઠ પુત્ર હતા. ૭. દેવકી, તેને કીર્તિમાન્, સુષેણ, ભદ્રસેન, ઋજુ, સંમર્દન, ભદ્ર, સંકર્ષણ, કૃષ્ણ અને સુભદ્રા નામની કન્યા એટલી સંતતિ હતી. ૮. પૌરવી, તેને સુભદ્ર, ભદ્ર, ભદ્રવાહ, દુર્મદ, ભૂત, ઇત્યાદિ બાર પુત્રો હતા. ૯. રોહિણી, તેને બળ અને બળરામ (દેવકીના ગર્ભમાંથી સંકર્ષણ થયેલા) ગદ, સારણ, દુર્મદ, વિપુલ, ધ્રુવ અને કૃત, ઇત્યાદિ પુત્ર હતા. ૧૦. ભદ્રા, તેને કશુંએ સંતાન ન હતું. ૧૧. મદિરા, તેને નંદ, ઉપનંદ, કૃતક અને શૂર એવા ચાર પુત્ર હતા. ૧૨. રોચના, તેને હરત, હેમાંગદ ઇત્યાદિ પુત્ર હતા. ૧૪. કૌશલ્યા, તેને કેશિ નામનો એક જ પુત્ર હતો. ૧૫. તામ્રા તેને પણ એક જ પુત્ર સહદેવ હતો. ૧૬. વૃકદેવી, તેને અવગાહન અને નંદક એવા બે પુત્ર હતા. ૧૭. સુતનુ, તેને પુંડ્ર અને કપિલ. ૧૮. રથરાજી, તેને સૌભદ્ર, ભવ અને જરા (આ જ જરા દુષ્કર્મને પરિણામે વ્યાધ થયો હતો). ૧૯. શ્રદ્ધાદેવી, તેને કશીએ સંતતિ ન હતી. અને વીસમી એક વૈશ્ય જાતની સ્ત્રી હતી, જેનું નામ મળી આવતું નથી. તેને કાશિક નામનો એક પુત્ર હતો. (ભા૦૧૦ ૯-૨૪; હરિવંશ ૧-૩૫).

વસુદેવના જન્મકાળે દેવોએ દુંદુભિવાદન કર્યું હતું, માટે તેને આનકદુંદુભિ કહેતા હતા. એણે સ્યમંતપંચક ક્ષેત્રમાં એક યજ્ઞ કર્યો હતો. (ભા૦૧૦ દશમ૦) આ ઉપરાંત આની હકીકત કૃષ્ણ શબ્દમાં આવી ગઇ છે. (કૃષ્ણ શબ્દ જુઓ). એની કથા સારુ જુઓ. (વાયુ ૯૬) અને (બ્રહ્મ૦ ૧૪).

વસુભૃત. સ્વાયંભુવ મન્વન્તરમાંના વસિષ્ઠ ઋષિના સાત પુત્રોમાં પાંચમો.

વસુમતી. ઉપરિચર વસુએ સ્થાપેલી નગરી. તેનું જ પાછળથી ગિરિવ્રજ નામ પડયું.

વસુમના. ઇક્ષ્વાકુકુલોત્પન્ન હર્યશ્વ રાજાથી યયાતિ રાજાની કન્યા માધવીની કુખે થયેલો પુત્ર. (૩ ગાલવ શબ્દ જુઓ).

વસુમના (૨). એક કૌશલ્ય ક્ષત્રિય. (ભા૨૦ વ૦ ૨૦૧-૨, સ૦ ૮-૧૩, ઉ૦ ૧૧૬-૨૩) વસુમાન એવું એને નામાન્તર હતું. આણે ઉત્તરકોસલ દેશમાં ઉત્તમ પ્રકારે રાજ્ય કર્યું હતું. બૃહસ્પતિયે આને રાજનીતિનો ઉપદેશ કર્યો હતો.

(ભા૨૦ શાંતિ૦ અ૦ ૬૭)

આને વામદેવ ઋષિએ પણ રાજનીતિ વિષયક ઉપદેશ કર્યો હતો (ભા૨૦ શાંતિ૦ અ૦ ૯૨-૯૪).

વસુમાન. વૈવસ્વત મનુના પુત્રોમાંનો એક. આ નામ પુરાણમાં મળી આવે છે.

વસુમાન (૨). વસુમના તે જ.

વસુમાન્ (૩), વિદેહવંશીય એક જનક. વંશાવળીમાં નામ નથી. (ભા૨૦ સ૦ ૪-૩૮).

રાજા વસુમના નામ કૌસલ્યો ધીમતાં વરઃ।
મૃગયાં વિચરન્કશ્ચિદ્દ્વિજને જનકાત્મજઃ।
વને દદર્શ વિપ્રેન્દ્રમૃષિં વંશધરં ભૃગોઃ ॥૧॥
તમાસીનમુપાસીનઃ પ્રણમ્ય શિરસા મુનિમ્।
પશ્ચાદનુમતસ્તેન પપ્રચ્છ વસુમાનિદમ્ ॥ ૨ ॥
ભગવન્કિમિદં શ્રેયઃ પ્રેત્ય ચાપીહ વા ભવેત્।
પુરુષસ્યાધ્રુવે દેહે કામસ્ય વશવર્તિનઃ ॥૩॥
સત્કૃત્ય પરિપૃષ્ટઃ સન્સુમહાત્મા મહાતપાઃ।
નિજગાદ ततस्तस्मै શ્રેયસ્કરમિદં વચઃ ॥૪॥
(ભા૨૦ શાંતિ૦ અ૦ ૩૧૪)

વસુમાન્ (૪). સોમવંશી પુરૂરવા રાજાનો પૌત્ર અને શ્રુતાયુ રાજાનો પુત્ર.

વસુમાન્ (૫). જમદગ્નિથી રેણુકાની કુખે થએલા પાંચ પુત્રોમાંનો એક.

વસુમાન્ (૬). કૃષ્ણથી જાંબુવતીને થએલા પુત્રોમાંનો એક.

વસુમાન્ (૭). અગ્નિ વિશેષ. (ભા૨૦ વ૦ ૨૨૩-૨૭).

વસુમિત્ર. ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. (ભા૨૦ આ૦ ૬૮-૪૧).

વસુષેણ. અધિરથે ઉછેરેલા પુત્ર કર્ણનું મૂળ નામ.

વસુવર્મધરં દૃષ્ટ્વા તં બાલં હેમકુણ્ડલમ્।
નામાસ્ય વસુષેણેતિ તતશ્ચક્રુર્દ્વિજાતયઃ ॥૧૫॥
એવં સ સૂતપુત્રત્વં જગામામિતવિક્રમઃ।
વસુષેણ ઇતિ ખ્યાતો વૃષ ઇત્યેવ ચ પ્રભુઃ॥૧૬॥
(ભા૨૦ આ૦ ૬૮-૧૪૭; વન૦ અ૦ ૩૧૦).

વસુષેણ (૨). દુર્યોધન પક્ષનો બીજો એક રાજા (ભા૨૦ કર્ણ૦ અ૦ ૩૦).

વસુહોમ. અંગ દેશનો પ્રાચીન રાજા. એ મુંજપૃષ્ઠ પર્વત ઉપર તપ કરતો હતો. માંધાતા રાજાને આની સાથે સંવાદ થયો હતો. આની પાસેથી તેણે દંડનીતિ સંપાદન કરી હતી.

અત્રાપ્યુદાહરન્તીમમિતિહાસં પુરાતનમ્।
અઙ્ગેષુ રાજા દ્યુતિમાન્વસુહોમ ઇતિ શ્રુતઃ॥૧॥
(ભા૨૦ શાંતિ૦ અ૦ ૧૨૨-૧).

વસોર્ધારા. બદરિનાથથી ચાર મૈલ ઉત્તરે અલકનંદાના મૂળ પાસે આવેલું તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૦-૭૭).

વસોર્ધારા (૨). અષ્ટવસુમાના એક વસુની સ્ત્રી.

વસ્રા. ભારતવર્ષીય નદી વિશેષ. (ભા૨૦ ભી૦ ૯-૧૫).

વસ્વનંત. વિદેહવંશી ઉપગુપ્ત જનકનો પુત્ર. આનો પુત્ર યુયુધા નામનો જનક.

વસ્તોકસારા. પૂર્વ દિગ્પાળની માહેંદ્રી નગરી. (મત્સ પુરાણ).

વસ્વોકસારા. સ્વર્ધુનિના સાત પ્રવાહોમાંનો પહેલો. (ભા૨૦ ભી૦ ૬-૬૯).

વસ્વૌકસારા (૨). વિભાવરી નામની ઉત્તર દિગ્પાળની નગરી તે જ આ.

વસ્તાકસારાં નૈલિની મતાંત્યૈવોત્તરાન્કુરુ૬૪);
પર્વતશ્ચિત્રકૂટોઽસૌ બહુમૂલફલોદકઃ ॥૨).
(વા૦ રા૦ અયો૦ સ૦ દિગ્વિજ.

વસ્વૌકસારા (૩). ભારતવર્ષીય નદી ૮).

વહીનર. અનીહરાજા તે જ. (ભા૨૦

વહીનર (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન

વંશના દુર્દમ રાજાનો પુત્ર. આનો પુત્ર દંડપાણિ.

વક્ષોગ્રીવ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

વાક્ય. એક બ્રહ્મર્ષિ. (૩. **વસિષ્ઠ** શબ્દ જુઓ).

વાગાયનિ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

વાગીંદ્ર. પ્રકાશ ઋષિનો પુત્ર. આનો પુત્ર પ્રમિત. (વીતહવ્ય શબ્દ જુઓ). (**ભાર૦ અનુ૦ ૮-૬૪**).

વાગીશ્વરી. વાણીની દેવી, સરસ્વતી.

વાગ્ગ્રંથી. એક બ્રહ્મર્ષિ. (૩. વસિષ્ઠ શબ્દ જુઓ).

વાગ્દુષ્ટ. કૌશિક ઋષિના સાત પુત્રોમાંનો એક. (પિતૃવર્તિ શબ્દ જુઓ).

વાગ્વાન. ભારતયુદ્ધમાંનો દુર્યોધન પક્ષનો રાજા.

વાચક્નવી. વચક્નુ ઋષિની કન્યા ગાર્ગી.

વાજશ્રવસ. બ્રહ્મર્ષિ.

વાજસનિ. એક ઋષિ.

વાજિરત્ન. એક ઋષિ.

વાજિશ્રવા. એક ઋષિ. (૩. **અંગિરા** શબ્દ જુઓ).

વાજી. એક બ્રહ્મર્ષિ.

વાટધાન. પંચકર્પટ દેશની પશ્ચિમે આવેલો દેશ. (**ભાર૦ ભી૦ ૯-૪૭**).

વાટનદી. ભારતવર્ષીય નદી વિશેષ.

વાડાહલિ. એક બ્રહ્મર્ષિ. (૩.વસિષ્ઠ શબ્દ જુઓ).

વાણી. ભારતવર્ષીય નદી વિશેષ. (**ભાર૦ ભી૦ ૯-૨૦**).

વાત. એક રાક્ષસ. (તપા શબ્દ જુઓ).

વાતઘ્ન. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. **વ્** (**ભાર૦ અનુ૦ ૭-૫૪**).

પતિ. એક ક્ષત્રિય. (**ભાર૦ આ૦ ૨૦૧-૨૦**).

વસુદેવ.ગા. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

જન્મે (૨). ગરુડપુત્ર. (**ભાર૦ ઉ૦ ૧૦૧-૧૦**).

આનકદુ એક બ્રહ્મર્ષિ.

સ્ત્રીઓ (૨). દેવયોનિ વિશેષ. (**ભાર૦ સ૦** તિનાં ૪).

દેવા,

વાતાપિ. દનુપુત્ર દાનવોમાંનો એક.

વાતાપિ (૨). સૈંહિકેયોમાંનો ચોથો, એને અગસ્ત્ય ઋષિએ માર્યો. (૨ ઇલ્વલ શબ્દ જુઓ). (**ભાર૦ વ૦ ૯૪-૫, વ૦ ૯૫, ૯૬, ૯૭**).

વાતાપિ (૩). હ્લાદ દૈત્યને ધમનીની કુખે થએલો પુત્ર.

વાત્યાયન. એક બ્રહ્મર્ષિ. (૩. **ભૃગુ શબ્દ જુઓ**).

વાત્સતરાયણ. એક બ્રહ્મર્ષિ. (૩ **અંગિરા શબ્દ જુઓ**).

વાત્સ્ય. એક બ્રહ્મર્ષિ. વત્સ ઋષિનો પુત્ર, જન્મેજયના સર્પ સત્રમાં એ સદસ્ય હતો. (૩ ભૃગુ શબ્દ જુઓ? (**ભાર૦ આ૦ ૫૩-૯, શાં. ૪૬-૬**).

વાત્સ્ય (૨), દેશ વિશેષ, અલાહાબાદની પશ્ચિમે આવેલો દેશ. ત્યાં ઉદયનનું રાજ્ય હતું. એની રાજધાની કૌશામ્બી (**ભાર૦ દ્રો૦ ૧૧-૧૫**).

વાત્સ્યાયન. એક બ્રહ્મર્ષિ. (૨. કશ્યપ શબ્દ જુઓ).

વાદુલિ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (**ભાર૦ અનુ૦ ૭-૫૩**).

વાદ્ધ્રુતક. અત્રિકુલોત્પન્ન એક ઋષિ.

વાદ્ધ્રુતક (૨). ઉપર કહેલા ઋષિનું કુળ. (૨ અત્રિ શબ્દ જુઓ.

વામ. મહાદેવ.

વામ (૨). કૃષ્ણથી ભદ્રાને થએલો પુત્ર,

વામદેવ. મહાદેવ.

વામદેવ (૨). પ્રિયવ્રતપુત્ર હિરણ્યરેતાના સાત પુત્રોમાંનો સાતમો.

વામદેવ (૩). અગડાની સંજ્ઞાવાળા વામદેવનો દેશ.

વામદેવ (૪). કુશદ્વીપમાંનો સાતમો વર્ષ.

વામદેવ (૫), ગૌતમાંગિરસમાંનો ઋષિ.

વામદેવ (૬) પાંચડાની સંજ્ઞાવાળા વામનું કુળ. (૩ અંગિરા શબ્દ જુઓ).

વામદેવ (૭). શાલ્મલિદ્વીપમાંનો પર્વત.

વામદેવ (૮). એક ઋષિ. આ મહાન તત્વવેત્તા હતો. એનો ઇતિહાસ ઉપનિષદમાંથી આવી

રીતનો મળેલો છે કે-પૂર્વે કેટલાક લોકોએ સનકાદિકોને એવો પ્રશ્ન કર્યો કે વાસ્તવિક સુખ પ્રાપ્તિનું સાધન શું તે અમને કહો. ત્યારે "આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન થવું એ." એવો ઉત્તર આપી તેમણે ગમન કર્યું. એ લોકો તે પ્રમાણે સાધનામાં લાગ્યા, પણ દૈવયોગે મોહને વશ થઇ સકામકર્મો પાસના તરફ વળી ગયા.તે જોઇ તેમનામાંનો જ એક એમ ન કરતાં, સનકાદિકના અનુગ્રહ પ્રમાણે જ્ઞાન સાધન જ કરવા લાગ્યો, અને પ્રત્યક્ષ સાક્ષાત્કારની ઇચ્છાવાળો તે આયુષ્ય પૂર્ણ થતાં, એનો પુનઃ ગર્ભમાં પ્રવેશ થતાં, અને ત્યાં જ પૂર્ણ પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયાથી ત્યાંથી જ પ્રજાને ઉપદેશ કરવા લાગ્યો કે હે લોકો હું પૂર્વનો તમારામાંનો જ એક હતો અને મેં સનકાદિકના કહ્યા પ્રમાણે જ્ઞાનસાધનનું આરાધન કર્યું તેથી સાક્ષાત્કાર કરી સુખ પામ્યો; તો તમે પણ મારી પેઠે જ કરી સુખ અનુભવો. ઉપેક્ષા કરશો નહિં. આટલું કહી તે ગર્ભની બહાર આવ્યો અને સ્વકીયાનંદમાં મસ્ત એવો પૃથ્વીપર ફરવા લાગ્યો. ત્યાં લોકો પણ આના કહ્યા પ્રમાણે સાધન કરી કૃતાર્થ થયા.

વામદેવ (૯). દાશરથિ રામના આઠ ધર્મશાસ્ત્રીઓમાંનો એક.

વામદેવ (૧૦). એક બ્રહ્મર્ષિ, આના અશ્વ, એકડાની સંજ્ઞાવાળો પરીક્ષિતનો પુત્ર શલ માગી લઇ ગયો હતો. (તે સંબંધી હકીકત શલ શબ્દમાં જુઓ). (**ભાર૦ સ૦ ૭-૧૭, વ૦ ૧૬૫-૪૬**).

વામદેવ (૯). મોદાપુર નગરનો રાજા. આ સુદામા રાજાનો મોટો ભાઇ હશે.

મોદાપુરં વામદેવં સુદામાનં સુસઙ્કુલમ્ ।
ઉલૂકાનુત્તરાંશ્ચૈવ તાંશ્ચ રાજ્ઞઃ સમાનયત્ ॥૧૬॥
(**ભાર૦ સભા૦ ૨૮ -૧૬**).

વામદેવકલ્પ. ચાલુ બ્રહ્મમાસમાં થઇ ગએલો ત્રીજો દિવસ. (૪ કલ્પ શબ્દ જુઓ).

વામદેવી. ઋચની ભાર્યા.(**ભાર૦ આ૦ ૬૩-૨૪**).

વામનક. તીર્થ વિશેષ. (**ભાર૦ વ૦ ૮૧-૧૦૩**).

વામનક (૨). પર્વત વિશેષ. (**ભાર૦ ભી૦ ૧૨-૧૮**).

વામન. ચાલુ મન્વન્તરના સાતમા પર્યાયમાં ત્રેતાયુગમાં કશ્યપથી અદિતિની કુખે થએલો વિષ્ણુનો અવતાર (**મત્સ્ય૦ અ૦ ૪૭**). (**દેવી૦ ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૧૬**). પ્રસ્તુત સ્વર્ગ માંગ્યલા ઇંદ્રને સહાય કરવા આ ઉત્પન્ન થયા હતા. એમણે ઇંદ્રને આમ સહાય કરી:-પ્રલ્હાદ દૈત્યનો પૌત્ર અને વિરોચનનો પુત્ર બલિ, પોતાને ઇંદ્રપદ પ્રાપ્ત થાય માટે સો યજ્ઞની દિક્ષા લઈ નવ્વાણુ પુરા કરી સોમો યજ્ઞ લગભગ પુરો કરી રહેવા આવ્યો હતો. ત્યારે વિષ્ણુ વામનરૂપે તેની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે મને ત્રણ પગલાં પૃથ્વી આપ. તે સાંભળી બલિએ તેને કહ્યું કે હે બટુક તેં ત્રણ ડગલાં ભરી પૃથ્વી માગી તે ઘણું થોડું માગ્યું. માટે કાંઇ હજુ વધારે માગ. મારે ત્રણ પગલાં પૃથ્વી ઉપરાંત બીજું કશું જોઇતું નથી., એવો વિષ્ણુએ ઉત્તર વાળ્યો. આ દાનનો માગનાર વિષ્ણુ છે માટે તું ન આપીશ, એવું શુક્રાચાર્યે બલિને સમજાવ્યું; છતાં યજ્ઞમાં દાન માગનારની ઇચ્છા તૃપ્ત ન કરવી એ અયોગ્ય છે, એવું કહી શુક્રાચાર્યને ન ગણકારી--'ત્રણ પગલાં પૃથ્વીનું દાન હું આપું છું' કહી બલિએ ઉદકની અંજળી મુકી. તે આપતાં જ વામને વિરાટ રુપ ધારણ કર્યું. અને એક પગલે સમસ્ત પૃથ્વી તે બીજે આકાશ લઇ, ત્રીજું પગલું ક્યાં મૂકું પુછ્યું. પછી બલિના કહેવાથી ત્રીજું પગલું એના સરીરપર મુકી તેને પાતાળમાં દબાવી દીધો. (૨ બલિ શબ્દ જુઓ). (**ભાર૦ સ૦ ૪૭-૮, વ૦ ૨૭૩-૬૪**), (**ભાગ૦ ૮-૧૩**) અને (**પદ્મ૦ ૪-૧**).

વામન (૨). અષ્ટ દિગ્ગજોમાંનો દક્ષિણ દિગ્ગજ. (**ભાર૦ ભી૦ ૧૨-૩૩, ઉ૦૯૮-૮**).

વામન (૩). કદ્રુપુત્ર નાગોમાંનો એક. (**ભાર૦ આ૦ ૩૫-૬, ઉ૦ ૧૦૩-૧૦**).

વામન (૪). દાશરથિ રામના યજ્ઞમાંનો એક ઋત્વિજ.

વામન (૫). ગરુડપુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧-૧૦).

વામના એક અપ્સરા વિશેષ.

વામરથ્ય. અગડાની સંખ્યાવાળા અત્રિની કન્યાના વંશમાંનો એક ઋષિ.

વાયુ. પંચ મહાભૂતમાંનું બીજું મહદ્‌ભૂત અને તેનો અધિષ્ઠાતા દેવ. કલ્પારંભે બ્રહ્મદેવે આને પશ્ચિમ અને ઉત્તર દિશા વચ્ચેનું આધિપત્ય આપ્યું હતું, એટલે એ દિશાનું વાયવ્ય નામ પડેલું તે હજુ પણ ચાલે છે. એણે સીતાનું નિર્દોષપણું જાહેર કર્યું હતું.(ભા૨૦ વ૦ ૨૯૨-૨૭) એણે ધર્મોપદેશ કર્યો હતો. (ભા૨૦ અનુ૦ ૧૯૧). એનાથી કુન્તીને પેટે ભીમસેન જન્મ્યો હતો. (ભા૨૦ આ૦૬૮-૧૧૧).

વાયુ (૨). એક બ્રહ્મર્ષિ. (ભા૨૦ શાંતિ૦ પર્વ).

વાયુચક્ર. મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

વાયુજ્વાલ. મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

વાયુજ્વલ. મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

વાયુભક્ષ. યુધિષ્ઠિરના અશ્વમેધમાંનો સદસ્ય, ઋષિ વિશેષ. (જૈમિનિ૦ અશ્વ૦ અ૦) (ભા૨૦ સ૦ ૪-૧૫).

વાયુમંડલ. મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

વાયુરેતા. મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

વાયુવેગ. મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

વાયુવેગ (૨). ભારત યુદ્ધમાંનો દુર્યોધન પક્ષનો રાજા વિશેષ.

વાયુવેગ (૩). ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર. (ભા૨૦ આ૦ ૨૦-૨).

વાયુહા. મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

વારણાવત–એક નગરી. ધૃતરાષ્ટ્રે અંહિ પાંડવોને રાખ્યા હતા દુર્યોધને બનાવેલું લાક્ષાગૃહ આ જ નગરીમાં હતું અને અહિંથી જ પાંડવો બળી ન જતાં સુરક્ષિત નીકળી ગયા હતા. આ નગરી હસ્તિનાપુરની કઇ દીશાએ હશે ને કેટલે અંતરે હશે તે સંબંધી ભારતમાં કાંઇ ઉલ્લેખ નથી. માત્ર હસ્તિનાપુર પાસે પાંડવોએ પાંચ ગામ માગ્યાં હતાં તેમાં આ પણ હતું, એમ કહ્યું છે. (ભા૨૦ આ૦ ૧૫૫. ઉ૦ ૩૧-૧૯).

વારણાવતી–ઉપર કહેલી વારણાવત તે જ.

વારવતી–ભારતવર્ષીય નદી વિશેષ.

વારવાસ્ય. ભારતવર્ષીય દેશ.

वारवास्यायवाहश्च चक्राश्चक्रातयः शकाः ।
विदेहा मगधाः स्वक्षा मलजा विजयास्तथा ॥४५॥
(ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯-૪૫).

વારાણસી. વરુણા અને અસી એ બે નદીઓના સંગમ પાસેનું ક્ષેત્ર. કાશી તે જ. (ભા૨૦ વ૦ ૮૨-૭૭).

વારાહ. એકડાની સંજ્ઞાવાળો વરાહ શબ્દ જુઓ.

વારાહ (૨). આ નામનો એક અસુર.

इयायतं किष्कुसाहस्रं धनुर्विस्फारचन्महत् ।
वराह प्रमुखे तस्थौ सप्ररोह इवाचलः ॥१६॥
(ભા૨૦ અ૦ ૧૭૩).

વારાહ (૩). મગધ દેશનો એક પર્વત વિશેષ. (ભા૨૦ સ૦ ૨૧-૨).

વારાહી. સપ્ત માતૃગણમાંની પાંચમી દેવી.

વારાહી (૨). તગડાની અંક સંજ્ઞાવાળા અંગિરા કુલોત્પન્ન બંન્ને ઋષિઓ.

વારિધાર. ભારતવર્ષીય સામાન્ય પર્વત.

વારિમૂલ. ગત ચાક્ષુષ મન્વન્તરમાંના પંચવિધિ દેવોમાંનો પાંચમો દેવ.

વારિસેન. એક રાજર્ષિ. (ભા૨૦ સ૦ ૮-૨૦).

વારુણતીર્થ. કામ્યકવનની દક્ષિણ દિશાએ આવેલું તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧-૧૬૪).

વારુણિ. વિનતાનો પુત્ર. (ભા૨૦આ૦૬૬-૪૦).

વારુણિ (૨). વરુણપુત્ર અગસ્ત્ય. (ભા૨૦ વ૦ ૧૪૦-૧).

વારુણિ (૩). „ વસિષ્ઠ. (ભા૨૦ આ૦ ૧૦૬-૯).

વારુણિ (૪). ચાલુ મન્વન્તરના ભૃગુ ઋષિનુ નામ.

વારુણિઅંગિરા. તગડાની અંક સંજ્ઞાવાળો અંગિરા તે જ આ.

વારુણ કવિ. વરુણના યજ્ઞમાં ઉત્પન્ન થએલો ઋષિ. આને બ્રહ્મદેવે પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો હતો.

વારુણિ ભૃગુ. તગડાની અંક સંજ્ઞાવાળો ભૃગુ તે જ આ.

વારુણી. અગસ્ત્યનું નામ.

વારુણી (૨). વરુણની ભાર્યા ગૌરીનું નામાન્તર. (ભા૨૦ સ૦૬-૬).

વારુણી (૩). કશ્યપથી વિનતાને થએલા બીજા કેટલાક પુત્રોમાંનો એક.

વારુણી (૪). સમુદ્રમથન કાળે તેમાંથી નીકળેલી સુરાદેવી.

વાર્ત. એક રાજર્ષિ વિશેષ. ક્ષત્રિય (ભા૨૦ સ૦ ૮-૧૦).

વાર્દ્ધક્ષત્રિ. વૃદ્ધક્ષત્રના પુત્ર જયદ્રથનું નામ.

ततः स राजा सिन्धूनां वार्धक्षत्रिर्जयद्रथः ।
विस्मितस्त्वनवद्याङ्गीं दृष्ट्वा तां दुष्टमानसः ॥११॥
(ભા૨૦ વન૦ અ૦ ૨૬૬)

વાર્દ્ધક્ષેત્રિ. ભારત યુદ્ધમાંનો પાંડવપક્ષનો રાજા. ત્રિગર્તનો રાજા, વૃદ્ધક્ષેમનો પુત્ર સુશર્મા તે જ (ભા૨૦ દ્રો૦૨૧-૬૦).

वार्धक्षेमिमहाराज मतो मम महारथः ।
चित्रायुधश्च नृपतिर्मतो मे रथसत्तमः ॥१७॥
(ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૭૧)

વાર્ષ્ણાયન. એક ઋષિ વિશેષ.

વાર્ષ્ણિ. વર્કુ ઋષિનુ નામ.

વાર્ષ્ણેય. પાંચડાની અંક સંજ્ઞાવાળા નળરાજાનો સારથી.

વાર્ષ્ણેય (૨). વૃષ્ણિકુલોત્પન્ન સઘળા યાદવોની સંજ્ઞા. ખાસ કરી કૃષ્ણને માટે.

વાર્ષ્ણેયી. સામાન્ય વપરાતું નામ. કુન્તી તે જ. (ભા૨૦ અ૦ ૧૨૦-૩૨).

વાર્ક્ષી. વૃક્ષની કન્યા મારીષાનું નામ. એ દસ પ્રચેતસની સ્ત્રી. (ભા૨૦ આ૦ ૨૧૬-૧૫).

વાલખિલ્ય. સ્વાયંભુવ મન્વન્તરમાંના ક્રતુ ઋષિથી ક્રિયા નામની ભાર્યાની કુખે થએલા સાઠ હજાર પુત્ર. ગાયની ખરીથી થએલા પગલાના ખાડામાં રહ્યા હતા. એમને આટલા નાના જોઇને ઇંદ્રે ઉપહાસ કરવાથી કોપાવિષ્ટ થઇ એમણે ઇન્દ્રને સજા કરવાને ગરુડને ઉત્પન્ન કર્યો હતો. (ભા૨૦ સ૦ ૧૧-૨૦. આ૦ ૩૧-૧૦, આ૦ અ૦-૩૭).

વાલખિલ્ય (૨). તગડાની અંક સંજ્ઞાવાળો વસિષ્ઠકુલોત્પન્ન એક ઋષિ વિશેષ.

વાલવય. ઋષિ. (૩. વસિષ્ઠ શબ્દ જુઓ.

વાલિશય. ઋષિ. (૩. વસિષ્ઠ શબ્દ જુઓ.

વાલી. વરુણ લોકમાંનો એક અસુર. વિશેષ.

વાલી (૨). કિષ્કિંધાના રાજા ઋક્ષરજાના બે પુત્રોમાંનો મોટો—ઇંદ્રપુત્ર વાનર.

પર્વતોમાં ઉત્તમ સુમેરુ નામે પર્વતનું મધ્ય શિખર જેને સર્વ દેવો "રમણીય" કહે છે તે શિખર ઉપર સો યોજન વિસ્તાર વાળી બ્રહ્માની દિવ્ય બ્રહ્મસભા છે. તે સભામાં પદ્મયોનિ બ્રહ્મા વસે છે. એક વાર બ્રહ્માજી, સભામાં બેઠા બેઠા યોગાભ્યાસ કરતા હતા, તેવામાં એમનાં નેત્રમાંથી અશ્રુબિંદુ પડ્યું. અશ્રુબિંદુને પોતાના હાથમાં લઇ તેનો લલાટે સ્પર્શ કર્યો અને પછી તેને પૃથ્વી ઉપર નાંખી દીધું. તે બિંદુમાંથી એક વાનર ઉત્પન્ન થયો, જે વાનરોમાં શ્રેષ્ઠ હતો. બ્રહ્માએ એનું સારી રીતે આસ્વાસન કર્યું અને એને કહ્યું કે હે વાનર, તું આ મોટા અને વિસ્તીર્ણ પર્વત તરફ જો. આ પર્વત પર દેવતાઓ નિરંતર વસે છે. અને અનેક જાતનાં ફળ મૂળ પણ આના ઉપર થાય છે, તે ખાઇને તું થોડો સમય મારી પાસે રહીશ તો તારું શ્રેય થશે. વાનરે તેમના ચરણમાં મસ્તક મુકીને કહ્યું કે હે દેવના દેવ ! આપની આજ્ઞા પ્રમાણે જ હું સર્વદા વર્તીશ.

પછી એ કપિવર મનમાં હર્ષ પામી વનમાં

જઇ, પુષ્પ અને ફળથી લચી જતી શાખાઓ ઉપર કુદવા લાગ્યો. બ્રહ્મ વનનાં ફળ ખાવાથી થોડા જ કાળમાં તે ઘણો બળવાન થયો. તે વાનર વનમાં ફરી ફરીને મધુર વાસવાળાં મિષ્ટ ફળ ખાતો અને સંધ્યાકાળે બ્રહ્મદેવની પાસે આવતો ત્યારે સારાં સારાં મીઠાં ફળ અને પુષ્પ લાવી પિતામહના ચરણમાં અર્પણ કરતો.

એ પ્રમાણે સુમેરુ પર્વતના વનમાં ફરતાં ફરતાં ઘણો કાળ વીતી ગયો. એક સમય તે કપિવર તરસથી પીડિત થઇ જળ પીવાની આશાથી મેરુના ઉત્તર શિખર પર ગયો. ત્યાં નિર્મળ જળવાળું એક સરોવર દીઠું. નાના પ્રકારના પક્ષીઓના કલરવથી ગાજી રહેલા સરોવરને જોતાં આનંદથી પોતાનું પુચ્છ ઉંચું કરીને તે વાનર સરોવરના કિનારા પર ઉભો રહ્યો; એટલે જળમાં એણે પોતાનું પ્રતિબિંબ જોયું. પોતાના પ્રતિબિંબને જોતાં જ એના મનમાં આવ્યું કે આ કોઇ મારો મોટો દુષ્મન હોય એમ લાગે છે અને મારી અવગણના કરે છે. આવો વિચાર આવવાથી, તે અલ્પબુદ્ધિ વાનરે વાનર જાતિના સ્વાભાવિક ચાપલ્યને અનુસરીને જળમાં ધાહોમ કરીને કુદકારો માર્યો. પણ જ્યારે એ તરીને સામે કિનારે બહાર નિકળ્યો, ત્યારે તે સ્ત્રી થઇ ગયો. તે વાનર એક મનોહર, લાવણ્ય અને સૌંદર્યથી શોભતી, શુભાકૃતિ, અને વિશાળ જઘનવાળી; સુંદર ભ્રુકટિવાળી, કાળા કેશવાળી, ચારુ હાસ્યવાળી, માંસલ સ્તનવાળી, સરખી, સોનાંમણી અને સીધી સોટા જેવી અને લતા જેવી રુપાળી સ્ત્રી બની ગયેલો તે સરોવરના તટને શોભાવતો હતો. ત્રિભુવનમાં જેનો જોટો મળે નહિ એવી આ સ્ત્રી જાણે કમળ સહિત લક્ષ્મી કે નિર્મળ ચન્દ્રની જ્યોત્સ્ના હોય નહિ એવી જણાતી હતી.લક્ષ્મી કે ઉમાદેવી હોય તેવી સરોવર તટે ઉભી રહી દશે દિશાને પ્રકાશિત કરતી હતી.

જે વેળાએ સ્ત્રીત્વ પામેલો ઋક્ષરજસ વાનર સરોવરના કિનારા પર ઉભો, તે વેળાએ દેવરાજ ઇન્દ્ર બ્રહ્માને વંદન કરીને પાછો ઇંદ્રભવને જતો હતો. તેમ જ સૂર્ય પણ ફરતો ફરતો તે જ સમયે ત્યાં આવી પહોંચ્યો હતો. પેલી સુમધ્યમા સ્ત્રીને-વાનર ઋક્ષરજસને-બન્ને દેવોએ એક જ વખતે દીઠી અને જોતાં વાંત જ બન્ને કામવશ થઇ ગયા.એનું અદ્‌ભૂત રુપ જોઇને બન્ને દેવોનું ધૈર્ય જતું રહ્યું. અને તે બન્ને સર્પની માફક ફુજવા લાગ્યા. તે જ ક્ષણે અત્યંત કામ વ્યાપવાથી ઇન્દ્રનું વીર્ય સ્ખલિત થયું તે એ સ્ત્રીના માથા ઉપર પડ્યું. ઇન્દ્રના કામની તૃપ્તિ થઇ અને તે શાન્ત થઇ તે સ્ત્રીને અડ્યા વગર ત્યાંથી ચાલ્યો ગયો. પણ ઇન્દ્રનું વીર્ય નિષ્ફળ જાય એવું નહોતું. તેથી કરીને તે વાનરીએ તત્કાળ એક સુન્દર પુત્રને જન્મ આપ્યો; અને ઇન્દ્રનું વીર્ય તે સ્ત્રીના વાળમાં પડ્યું હતું તેથી તે પુત્રનું નામ વાલી પડ્યું.

वालेषु पतितं बीजं वालीनाम बभूव स : ॥

હવે કામવશ થએલા સૂર્યનું વીર્ય તે સ્ત્રીની ગ્રીવા-ડોક-ઉપર પડ્યું એટલે સૂર્ય પણ એવો સમાગમ કર્યા વગર શાન્ત થઇને ત્યાંથી ચાલ્યો ગયો. એનું વીર્ય પણ નિષ્ફળ ગયું નહિ. તે વીર્યથી વાનરીને બીજો પુત્ર ઉત્પન્ન થયો. ગ્રીવા ઉપર વીર્ય પડ્યું હતું તેથી એ પુત્ર સુગ્રીવ નામે પ્રસિદ્ધ થયો. વાનરેંદ્ર વાલીને સુવર્ણની અક્ષમાળા આપીને ઇંદ્ર સ્વર્ગમાં ગયો. સૂર્ય પણ પોતાના પુત્રને માટે વ્યવસાય યુકત કાર્યમાં વાયુ પુત્રની સહાયનું નિરુપણ કરીને આકાશમાં ગયો. તે દિવસે તો ઋક્ષરજસ સ્ત્રીના રુપમાં રહ્યો, પણ જ્યારે બીજું પ્રભાત થયું ત્યારે એ પુનઃ પુરુષત્વને પામી વાનર થયો. પછી પીળા નેત્રવાળા અને મહા બળવાન પોતાના બન્ને પુત્રોને મધ પાઇ ઉછેરવા લાગ્યો. પછી બન્નેને લઇ બ્રહ્મા પાસે ગયો. બ્રહ્માએ એને પુત્રવાળો જોઇ ઘણીક રીતે આશ્વાસના કર્યા પછી પોતાના પાર્ષદને બોલાવીને આજ્ઞા

કરી કે તું કિષ્કિંધા નામની સુંદર નગરી છે ત્યાં જા. સર્વ પ્રકારે સુંદર આ નગરીમાં જઇ ત્યાંના સઘળા વાનર સરદારોની સભા ભરજે; અને મારી આજ્ઞાનુસાર આ ઋક્ષરજસને તેમનો રાજા સ્થાપી રાજપાટ ઉપર તેનો અભિષેક કરજે. આ બુદ્ધિમાન ઋક્ષરજસ તેઓ પર દૃષ્ટિપાત કરશે એટલે તે સઘળા એની આજ્ઞામાં વર્તશે. બ્રહ્માની આજ્ઞા પ્રમાણે ઋક્ષરજસને કિષ્કિંધામાં પટ્ટાભિષેક કર્યો.

(વા૦રા૦ઉત્તર સ૦૩૭ પછીનો ક્ષેપક સર્ગ ૧-૩૭-૩૯).

ઋક્ષરજાના મૃત્યુ પછી વાલી જ કિષ્કિંધાનો રાજા થયો હતો. અને એનો નાનો ભાઇ સુગ્રીવ યુવરાજ થયો હતો. (ભા૨૦ સ૦ ૯-૧૮). એની સ્ત્રીનું નામ તારા. (ભા૨૦ વ૦૨૮૧-૧૭) અને પુત્રનું નામ અંગદ. સુગ્રીવની અનુમતીથી વાલી રાજ્ય કરતો હતો, એવામાં એકદા રાવણ કિષ્કિંધા આવ્યો ને સુગ્રીવ ઇત્યાદિ મુખ્ય મુખ્ય માણસોને પુછવા લાગ્યો કે વાલી કયાં છે ? એનું શું કામ છે પુછતાં તેણે કહ્યું કે મારે વાલી સાથે યુદ્ધ કરવું છે. સુગ્રીવે કહ્યું તારે યુદ્ધ કરવું હોય તો વાલીનું જ શું કામ છે? મારી સાથે જ તું કેમ યુદ્ધ નથી કરતો ? એમ બોલી વાલીએ મારેલા રાક્ષસો વિગેરેનાં હાડકાંનો ઢગલો તેણે રાવણને દેખાડ્યો. એ જોઇ રાવણે કહ્યું કે એમ છે તો તો મારે તેની જ સાથે યુદ્ધ કરવું છે. આ સાંભળી સુગ્રીવે કહ્યું કે, ઠીક, ત્યારે, એ હમણાં જ દક્ષિણ સમુદ્રમાં સ્નાન કરવા ગએલો છે, તું ત્યાં જા. એટલે રાવણ વાલીને ખોળતો ખોળતો દક્ષિણ સમુદ્ર ઉપર ગયો ત્યાં વાલી તેની નજરે પડ્યો.તે ન જાણે એમ તેને પકડી લેવા રાવણ વાલી પાસે જાય છે, એટલામાં તો વાલીએ જ તેને પકડ્યો ને બગલમાં ઘાલી દબાવી રાખ્યો.અને પછી બીજા સમુદ્રોમાં સ્નાન કરી કિષ્કિંધા આવ્યા પછી, જાણે ઓળખતો જ ન હોય તેવું ડોળ કરી ધાંટો પાડી રાવણને પુછ્યું કે તું કોણ ? અહિં શું કરવા આવ્યો હતો ? લજ્જાઇ ગએલા રાવણે પોતાનુ નામ કહી કહ્યું કે તને મોટો બલાઢય જાણી તારી સાથે સખ્ય કરવાના હેતુથી હું અહિં આવ્યો હતો. આવું સાંભળતાં વાલીએ કહ્યું કે ઠીક ત્યારે, તારૂં ને મારૂં સખ્ય થયું. એમ કહી એક માસ પર્યંત રાવણને રાખી લઇ, પછી એને જવાની આજ્ઞા આપી.

रावणं तु मुमोचाथ स्वकक्षात्कपिसत्तमः ।
कुतस्त्वमिति चोवाच प्रहसन्रावणं ॥३४॥

વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૩૪

વાલીના ગોલભ ગંધર્વ સાથે પંદર વર્ષ સુધી ચાલેલા સતત યુદ્ધ સારુ ગોલભ શબ્દ જુઓ.

આ જ પ્રમાણે એકદા દુંદુભિ દૈત્ય આની સાથે યુદ્ધ કરવા આવ્યો, અને વાલીને હાથે મરણ પામ્યો. ત્યારથી વાલીને ઋષ્યમુક પર્વત અગમ્ય થઇ પડ્યો. (૧. દુંદુભિ શબ્દ જુઓ). દુંદુભિ મરણ પામ્યા પછી તેનો ભાઇ માયાવિ વાલી સાથે યુદ્ધ કરવા આવ્યો. તેનું અને વાલીનું ઘણા દિવસ યુદ્ધ ચાલ્યું, તેમાં શિકસ્ત પામી નાસતાં નાસતાં માયાવિ એક ગુફામાં ભરાયો, એટલે વાલીએ તેની પૂંઠ પકડી ને ગુફાના દ્વારપર સુગ્રીવને રાખી, પોતે તેની પાછળ અંદર પેઠો. આ વાતને કાંઇક માસ વીતી ગયા તોપણ વાલી પાછો બહાર આવ્યો નહિ, તેથી સુગ્રીવને ચિંતા થઇ. એટલામાં અંદર વાલીએ માયાવિને મારી નાખ્યો હશે તેના લોહીનો મોટો પ્રવાહ ગુફામાંથી બહાર નીકળ્યો. આમ લોહી નીકળતું જોઇ અને વાલી પણ બહાર ન આવ્યો, એ જોઇ સુગ્રીવ વાલી મૃત્યુ પામ્યો હશે એમ સમજ્યો તેથી તે ત્યાંથી કિષ્કિંધા આવવા નીકળ્યો. ત્યાંથી નીકળતાં તેણે ગુફાના મ્હોં પર એક પ્રચંડ પથ્થર મુક્યો; અને કિષ્કિંધા આવી બનેલો વર્તમાન સઘળાને કહ્યો. એ સાંભળી બધા ખિન્ન થયા,

અને સુગ્રીવના ના કહ્યા છતાં તેને ગાદીપર બેસાડ્યો. આ વાતને ઘણા દિવસ વીતી ગયા, અને અહીં સુગ્રીવ આનંદથી રાજ્ય કરે છે એવામાં વાલી ત્યાં ગુફાના દ્વાર આગળ આવ્યો ને તેના પર ઢાંકી દીધેલી મોટી શિલા ભાગી નાંખી ગુફા બહાર નીકળી જુવે છે તો ત્યાં સુગ્રીવ ન મળે! એથી તેને ઘણું આશ્ચર્ય લાગ્યું ને કિષ્કિંધા આવ્યો. ત્યાં સુગ્રીવને રાજ્ય કરતો જોઇ તેના ક્રોધની સીમા રહી નહિં. એ ક્રોધમાં તે સુગ્રીવ ઉપર ધસ્યો અને બન્ને વચ્ચે જબરૂ યુદ્ધ થયું તેમાં સુગ્રીવ પરાભવ પામી નાઠો તે ઋષ્યમુક પર્વત પર ચઢ્યો; કારણ કે અહીં આવવાથી વાલીનું મૃત્યુ છે એ વાત સુગ્રીવ જાણતો હતો. સુગ્રીવને ઋષ્યમૂક પર ચઢતો જોયો કે પૂંઠે લાગેલો વાલી પાછો ફર્યો ને કિષ્કિંધા આવી સુગ્રીવની સ્ત્રીનું હરણ કરી, પૂર્વવત્ રાજ્ય કરવા લાગ્યો. સુગ્રીવની સાથે વેર બંધાવાનું આ જ કારણ. સુગ્રીવના ઋષ્યમૂક ઉપર જતાં જ મારુતિ ઇત્યાદિ સચિવો કિષ્કિંધા તજી તેની પાસે ઋષ્યમૂક પર આવી રહ્યા.

પછી સુગ્રીવને રામ સાથે સખ્ય થયું ને તેમણે વાલીને માર્યો. (**ભા૨૦ ૫૦ ૨૮૧–૩૮**) (**૨ સુગ્રીવ શબ્દ જુઓ.**) બાણ વાગવાથી મૂર્છા ખાઇ પડેલા વાલી પાસે રામ આવ્યા. કેટલીક વારે તેને મૂર્છા વળી ને આમ તેમ જોતાં તેણે રામને પોતાની સાનિધ્યમાં ઉભેલા દીઠા, એટલે તેણે આમ બોલવાનું શરૂ કર્યું. કે–હે રામ તમે રઘુવંશોત્પન્ન ક્ષત્રિ હોઇ ધર્મનેત્તા પણ છો. એમ છતાં, હું બીજા સાથે યુદ્ધ કરતો હતો, ને મેં તમને કે તમે મને યુદ્ધ કરવા હાક મારેલી નહતી તોપણ, વૃક્ષને ઓથે રહી તમે મને માર્યો એ તમે કેવળ અધર્મ કર્યો છે. હું જ્યારે યુદ્ધે નીકળ્યો ત્યારે જ મને મારી સ્ત્રી તારાએ, તમારૂં નામ દઇ અહીં આવવાનો નિષેધ કર્યો હતો; પરંતુ મેં તેને કહ્યું કે જો રામ જ આવ્યા હશે તો તો મારે ને તેમને સખ્ય થશે. એ સઘળું તો ક્યાં એ રહ્યું, ને તમે મને અધર્મથી માર્યો, તેથી કેવળ તમારા વંશમાં તમે લાંચ્છન લગાડી લીધું. (**વા૦ ૨૦ કિષ્કિ૦ સ૦ ૧૬–૨૭**)

વાલીનું આ બોલવું સાંભળી, રામે કહ્યું કે આ સંપૂર્ણ ભારતવર્ષના રાજા ભરતે સ્થાપેલી ધર્મમર્યાદાનું પાલન કરવામાં હું તો કેવળ તેનો અનુચર છું. એટલે અધર્મ કરનારને શિક્ષા કરવી એ મારૂં કામ જ હોવાથી, ભાઇની સ્ત્રીનું હરણ કરનાર તને માર્યો એ મેં યુક્ત જ કર્મ કર્યું છે. એથી સૂર્યવંશમાં જન્મ ધારણ કરી મેં તેને લાંચ્છન લગાડ્યું, એવું જે તેં કહ્યું એ કેવળ ક્રોધને વશ થઇને તારૂં બોલેલું વચન નિરર્થક જ છે. આ સાંભળી વાલી બોલતો બંધ રહ્યો. અહીં રામે વાલીને–ક્ષત્રિ શિકાર કરવા જાય ત્યારે પશુ પક્ષી સામે મોંયે હોય કે પુંઠ ફેરવી ઉભું હોય તોપણ તેને મારે છે, તેમ જ તેને રહામા મૃગને હાક મારવાનું પણ પ્રયોજન નથી હતું. અને તેથી તને વૃક્ષને ઓથે રહી માર્યો તે યુક્ત જ કર્યું છે–આવું કહ્યું,એવું પુસ્તકમાં મળી આવે છે પણ એ ક્ષેપક હોય એમ લાગે છે. કારણ કે જ્યારે રામ વાલીને મૃગ–પશુ જ છે એમ સમજ્યા તો પછી બ્હેન, ભાઇની સ્ત્રી, અને કન્યા, એની સાથે ગમન કરવું અધર્મ છે એવો નીતિ વિષયક બોધ પશુને કરે એ સંભવિત નથી. સારાંશ કે વાલી પશુ નહતો એટલે તેને નીતિ વિરૂદ્ધ વર્તન કરવાથી રામે માર્યો અને તેણે પણ તેનું કડવું ફળ ભોગવ્યું. પછી વાલીએ રામને કાંઇ ન કહેતાં એટલી વિનંતિ કરી કે મારે હવે કશું દુઃખ નથી. માત્ર એક અંગદની ફીકર થાય છે. તેને તમે સંભાળજો અને સુગ્રીવની સાથે ભાઈ પેઠે વર્તો તેના તરફથી મારી સ્ત્રી તારાનું અપમાન

ન થાય એ જોજો. આટલું બોલી તે ચુપ રહ્યો. (**વા૦ ૨૦ કિષ્કિ૦ સ૦૨૮**)

વાલીનું મૃત્યુ સાંભળતાં જ ત્યાં તારા આવી અને તેણે અનિવાર શોક કર્યો.એથી સુગ્રીવને પણ સંતાપની પરાકાષ્ટા થઇ.(**વા૦૨૦સ૦૨૯–૨૦**)પછી મારુતિએ તેનું સાંત્વન કર્યું(**વા૦૨૦ સ૦૨૧**)એટલામાં વાલીને કિંચિત્ ભાન આવ્યું ને સુગ્રીવને કહેવા લાગ્યો કે હવે તું બહુ શોક ન કરતાં રાજ્ય ચલાવ અને તારાને અંગદની સંભાળ રાખજે. એટલું તેને કહી પોતાના કંઠમાંથી ઇંદ્રદત્ત માળા કહાડી સુગ્રીવને આપી વાલીએ પ્રાણ છોડ્યા. (**વા૦ ૨૦ સ૦ ૨૨**) પછી સર્વેએ વાલીના ગુણ અને પરાક્રમ સંભારી શોક કર્યો તે સાંભળી રામનું પણ હૈયું ભરાઇ આવ્યું.તોપણ તેમણે સર્વેનું સાંત્વન કર્યું, (**વા૦ ૨૦ સ૦૨૩–૨૪**) પછી સુગ્રીવે વાલીના દેહનું ઔર્ધ્વદેહિક કર્મ કર્યું અને રામ સમક્ષ તેને ઉત્તમ ગતિ આપી. (**વા૦૨૦ સ૦૨૫**)

વાલુકીની. ભારતવર્ષીય નદી.

વાલેય. એક બ્રહ્મર્ષિ. (૨ **અત્રી શબ્દ જુઓ**).

વાલેય. (૨) શ્વેતપરાશરકુલોત્પન્ન એક ઋષિ.

વાલ્મીકી. એક બ્રહ્મર્ષિ આ પૂર્વ જન્મે પ્રચેતસ્ કરીને જે દસ ભાઇઓ હતા, તેમાંનો છેવટનો પ્રચેતસ્ હતો.(**અધ્યાત્મ ૨૦ ઉત્તર સ૦૭**) આ જ દસમો પ્રચેતસ્ મરણ પામી એક બ્રાહ્મણને ત્યાં જન્મતાં તેનાં માતા પિતા તપને અર્થે અરણ્યમાં જવા લાગ્યાં ત્યારે આને એકાદા અરણ્યમાં મુકી દીધો. પછીથી કોઇ ભીલની દૃષ્ટીએ આ પડ્યો. તેણે દયા ખાઇ તેનું રક્ષણ કરી ઉછેર્યો ને મોટો થયો એટલે ધનુર્વિદ્યામાં નિપુણ બનાવી તેની પાસે ચોરીનું કામ કરાવવા લાગ્યો. આ કર્મ કરતાં કરતાં ત્યાં આને સ્ત્રી પુત્રાદિક પરિવાર થયો તેના ઉદર ભરણને માટે આ સતત પંથીઓને લુંટી અરણ્યમાં જાય અને આ લૂંટના દ્રવ્યમાંથી પોતાનો તેમ જ કુટુંબનો નિર્વાહ કરે.

એકદા આ અરણ્યમાં ફરતો હતો તેવામાં તેણે તે રસ્તે થઇને જતા કોઇ મહર્ષિને જોયા, એટલે તેની પાસે જઇ કહેવા લાગ્યો કે તારી પાસે જે કાંઇ હોય તે મને આપી ચાલતો થા. આ ઉપરથી મહર્ષિને દયા ઉપની અને તેનો અનુગ્રહ કરવાના હેતુથી તેને પુછ્યું કે, અરે ! તું જેમને માટે આ નકામો વ્યવસાય અને ઘોરકર્મ કરી રહ્યો છે, એ તારાં સ્ત્રી પુત્રાદિક આ તારાં પાપનાં ભાગીદાર છે કે? તું ઘેર જા, અને એમને આ સંબંધે પુછી આવ, ત્યાં સુધી હું અહીં ઉભો રહ્યો છું. ઋષિનું આ બોલવું સાંભળી તેમાં તેને સત્ય ભાસ્યું. એ ઋષિના દર્શનનું જ મહાત્મ્ય. આ ત્યાંથી ઘેર આવ્યો ને ઋષિના કહ્યા પ્રમાણે પરિવારને પુછવા લાગ્યો. ત્યારે બધાંએ કાંઇ વિશેષ ન કહેતાં આટલું જ કહ્યું કે " **पापं तवैव तत्सर्वं वयं तु फलभागिनः** એટલે તારાં કરેલાં પાપ તું ભોગવ અમે તો તારા દ્રવ્યનાં જ ભોક્તા માત્ર છીએ. આવું પોતાના કુટુંબીનું બોલવું સાંભળી તેને એટલું તો ખોટું લાગ્યું કે, તેણે પાછા જઇ પેલા મહર્ષિને સાષ્ટાંગ દંડવત્ કર્યા અને પ્રાર્થના કરી કે હું તારે શરણ આવ્યો છું. મને કૃતાર્થ કર. પછી એ મહર્ષિ, ભક્તોના હૃદયમાં રમનાર એવા જે સર્વવ્યાપિ બ્રહ્મ, જેને વેદમાં રામ કહ્યા છે, એ રામ નામનો જપ કરવાનું આને કહી, ત્યાં જ અંતર્ધાન પામ્યા. મહર્ષિ જતાં, આ ત્યાં જ જપ કરતો કરતો એટલો તો કાળ પર્યંત બેઠો કે, તેના શરીર પર ઉધાઇઓના રાફડા થઈ ગયા. પછી એ જ ઋષિએ આવી આને એ રાફડાઓમાંથી કાઢ્યો, તે ઉપરથી આનું વાલ્મીક એવું નામ પડ્યું. (**વા૦ ૨૦ બાલ સ૦ ૧**).

પછી આની ગણના ઋષિમાં થવા લાગી. એટલે એ તમસા નદીને તીરે આશ્રમ કરી રહ્યો. તેની પાસે અધ્યાપન વિગેરે કરનારા અનેક શિષ્યો હતા,પરંતુ તે સર્વેમાં ભરદ્વાજ ઋષિ મુખ્ય હતો. એક વેળા આ નિત્યક્રમ

પ્રમાણે સ્નાન કરવા નદીએ ગએલો; સ્નાન કરતાં કરતાં સામેના એક વૃક્ષપર કૌંચ પક્ષિના જોડા ઉપર તેની નજર પડી. એ જોડાંમાંનો એક નર જે કામાસક્ત બન્યો હતો–તે જેવો વિષયમાં પ્રવૃત્ત થવા જાય છે એ જ ક્ષણે એક શિકારીએ તેને બાણવડે વીંધી નાંખ્યો. તેથી પાછળ રહેલા પક્ષિને અતિશય શોક થયો. એ જોઇ અહીં કોમળચિત્ત વાલ્મીકના હૃદયમાં એટલી બધી દયા ઉપજી કે તેના મુખમાંથી એકાએક આ બોલાઇ ગયું કે:–

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समा ॥
यत्क्रौंचमिथुनादेकमवधीः काम मोहितं ॥

આ અનુષ્ટુપછંદોબદ્ધ વાણી પોતાના મુખમાંથી અકસ્માત નીકળ્યાથી એને પોતાને પણ આશ્ચર્ય લાગ્યું, અને સ્નાન કરી જળમાંથી બહાર નીકળ્યો. એટલામાં ત્યાં બ્રહ્મદેવ પ્રગટ્યા અને આને કહ્યું કે તું આશ્ચર્ય પામીશ નહિં–તને પ્રગટેલી વાણી એ મારી જ ઇચ્છાએ કરીને છે. તો તું હવે એ જ છંદમાં સ્ત્રીવિરહનું કાવ્ય કર અને તું એ કાવ્યમાં જેવું વર્ણન કરીશ તેવું આગળ જતાં બનશે અને તેમાંનો એક અક્ષર પણ અન્યથા થશે નહિ. આટલું કહી બ્રહ્મદેવ અંતર્ધાન થયા, એટલે તેમની આજ્ઞા પ્રમાણે પરમેશ્વરના જે નામ વડે પોતે પાવન થયો હતો તેના જ નામ ઉપર શતકોટિ કાવ્ય તેણે રચ્યું. તેમાંથી જ સારરૂપ ગાયત્રીમંત્રવર્ણવિલાસભૂત ચોવીસ સહસ્ર કાવ્ય, તેણે પછીથી લવકુશને શીખવ્યું, તે સર્વ કોઇને જાણીતું છે.

આના પ્રચેતા અથવા પ્રાચેતસ એવાં નામો પણ મળી આવે છે. તે તેના પૂર્વજન્મના સંબંધને લીધે છે એમ સમજવું. ચાલુ મન્વન્તરમાં પ્રથમ કાવ્યકર્તા આ જ હતો એટલે તેને લોકોમાં આદિકવિ કહેવાની રૂઢિ પડી ગઇ છે.

વાસવ. ઇંદ્રનું નામ. એ નામ પડવાનું પ્રયોજન શું હશે તે સમજાતું નથી. પરંતુ આનો પિતા વસુ સંજ્ઞાધારી કોઇ પુરૂષ હશે એમ લાગે છે.

વાસવી. ઉપરિચર વસુરાજાની કન્યા, વ્યાસમાતા સત્યવતી હતી તે.

વાસવેય. વાસવી સત્યવતીના પુત્ર વ્યાસ તે જ. (ભા૨૦ આ૦ ૬૪–૮૬).

વાસાશ્વ. વૈશ્ય જાતીય એક મંત્રદ્રષ્ટા ઋષિ. (ભા૨૦ આ૦ ૧–૮૪).

વાસુકિ. કદ્રુપુત્ર નાગમાંનો એક. આ સઘળા સર્પોનો અધિપતિ છે. આની સ્ત્રીનું નામ શતશીર્ષા. ૨

वासुकिः शतशीर्षायां कुञ्जार्यां च धनञ्जयः ।
वैदार्ष्यां च यथा रामो रुक्मिण्यां च जनार्दनः
॥ १७ ॥
(ભા૨૦ ઉદ્યોગ૦ ૧૧૭–૧૭)

પ્રતિ ચૈત્રમાસના સૂર્ય સાથે આ જ સંચાર કરે છે. (૯ મધુ શબ્દ જુઓ). જનમેજયના સર્પસત્રમાં આનાં કોટિસ. માનસ, પૂર્ણ, શલ, પાલ, હલીમક, પિચ્છલ, કૌણપ, ચક્ર, કાલવેગ, પ્રકાશન, હિરણ્યબાહુ, શરણ, કક્ષક અને કાલદંતક એ પંદર કુળ બળી ગયાં હતાં. આ હમેશાં ભૂષણરૂપે શિવના શરીર આશ્રિત તરીકે રહે છે.

જરત્કારુ ઋષિની ભાર્યા જરત્કારુ આની બહેન થાય. (ભા૨૦ આ૦ ૩૮–૨૦).

દેવ અને દૈત્યોએ સમુદ્રમંથન વખતે આને નેતરું બનાવ્યો હતો.(ભા૨૦આ૦૧૮–૧૩).

વાસુકિતીર્થ. એક તીર્થ વિશેષ.

तत्र भोगवती नाम वासुकेस्तीर्थमुत्तमम् ॥८६॥
(ભા૨૦ વન૦ અ૦ ૮૩–૮૬)

વાસુદેવ. સકલ પદાર્થમાત્રમાં વાસ્તવ્ય કરી રહેલા દેવ તે.

વાસુદેવ (૨). સામવેદોપનિષદ્.

વાસુદેવ (૩). વસુદેવપુત્ર કૃષ્ણનું નામ.

વાસ્તુ. વિશ્વામિત્ર કુલોત્પન્ન ઋષિ વિશેષ.

વાહનપ. ગૌરપરાશર કુળમાં થએલો એક ઋષિ

વાહિની. સોમવંશી કુરુરાજાની પત્નિ. તેના પુત્રો અશ્વવત વિગેરે.

पञ्चैतान्वाहिनी पुत्रान्व्यजायत मनस्विनी॥३९॥
(ભા૨– આદિ૦ અ૦ ૧૦૧–૩૯).

વાહિની (૨). ભારતવર્ષીય નદી વિશેષ. (ભા૨૦ ભી૦ ૯–૩૪).

વાહિનીપતી. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

વાહીક. ભૂપ્રદેશ વિશેષ હાલનો પંજાબ પ્રાન્ત વગેરે.

बहिष्कृता हिमवता गंगया च तिरस्कृता ।
सरस्वत्या यमुनया कुरुक्षेत्रेण चा प्रिया॥१६॥
पंचानां सिंधु षष्ठानां नदीनां यैंतराश्रिताः॥
तान्धर्मबाह्यान शुचीन्वाहीकान्परिवर्जयेत् ॥१७॥
पञ्चनद्यो वहन्त्येता यत्र पीलुवनान्युत ॥
शतद्रुश्च विपाशा च तृतीयैरावती तथा॥४२॥
चन्द्रभागा वितस्ता च सिंधु षष्ठा महानदी।
आरट्टानाम बह्लीका एतेश्वार्योंहि नो वसेत्॥४३॥
पञ्चनद्यो वहन्त्येता यत्र निसत्य पर्वतात्।
आरट्टानाम बाह्लीका न तेष्वार्यो ह्यवं वसेत्
॥५१॥
(भा० कर्ण० अ० ३७)

વાધ્યશ્વ. નીલપરાશર કુળમાં થએલો ઋષિ.

વિકટ. રુદ્રગણ વિશેષ.

વિકટ (૨). અંગદે મારેલો એક રાક્ષસ. (વા૦ રા૦ યુદ્ધ કાંડ.).

વિકટ (૩). ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. (આ૦ ૬૮–૬૬, ભી૦ ૬૪–૨૯ ક૦ ૪૬–૧૬).

વિકટાનન. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. (ભા૨૦આ૦ ૧૩૧–૫).

વિકુંજન. સોમવંશી હસ્તી નામના રાજાનો પુત્ર. તેની સ્ત્રી સુંદરા. તેનો પુત્ર અજમીઢ. (ભા૨૦ આ૦ ૬૩–૩૮,)

विकुञ्जनस्तु खलु दःशाहीमुपयेमे सुन्दरां नाम।
तस्यामस्य जज्ञेऽजमीढः ॥३८॥

વિકટા. અશોકવન માંહેલી આ નામની એ રાક્ષસી.

વિકણ્ઠન. વિકુંજન તે જ.
(વા૦ રા૦ સુંદરકાંડ).

વિકંપન. એક રુદ્રગણ.

વિકર્ણ. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. આ એક મહારથી હતો. અને બધા ભાઇઓમાં મોટો ન્યાયી હતો. એને વિશે એવી હકીકત મળે છે કે જ્યારે દ્રૌપદીને સભામાં લાવ્યા ત્યારે તેણે સઘળા ત્યાં બેઠેલા સભાસદોને પુછ્યું હતું કે આ ધર્મ કે અધર્મ. ત્યારે આણે પણ વિદુરની પેઠે જ આ અધર્મ છે એવો પોતાનો અભિપ્રાય કહી સંભળાવ્યો હતો. તેથી દુર્યોધન વિગેરેને આ પ્રિય ન હતો. પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે, ભીમને યુદ્ધ સમયે જ્યારે આને મારવાનો પ્રસંગ આવ્યો ત્યારે ભીમને ઘણું ખરાબ લાગ્યું–પરંતુ નિરુપાય થઇ તેણે આને માર્યો.

हतो विकर्णो राजेन्द्र चित्रसेनश्च वीर्यवान् ।
प्रवराश्चात्मजानां ते सुताश्चान्ये महारथाः ॥५१॥
(આ૦ ૬૩–૫૮, વિ૦ ૩૭–૩ અને ભી૦ ૭૭–૭, ૬૮–૨૨).

વિકર્તન. સૂર્ય.

વિકુંઠા. રૈવત મન્વન્તરમાંના વિષ્ણુ અવતારની માતા.

વિકુક્ષિ. ઇક્ષ્વાકુ રાજાના સો પુત્રોમાં સહુથી નાનો; એને શશાદ પણ કહેતા હતા. (શશાદ શબ્દ જુઓ).

વિકૂટ. એક સામાન્ય પર્વત.

વિકૃત. વિરૂપ, કલહપ્રિય અને ક્રોધાત્મા કોઇ પુરૂષ.

વિકૃતિ. રુદ્રગણ.

વિકૃતિ (૨). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશમાં થએલા જ્યામઘ કુલોત્પન્ન કથ વંશના જીમૂત રાજાનો પુત્ર. આનું વિમલ એવું નામાંતર હતું. એને ભીમરથ નામનો પુત્ર હતો.

વિકાંત. વૃષ્ણિ કુલોત્પન્ન એક યાદવ.

વિખ્યાત. તેર સૈહિકેયમાંનો એક.

વિઘન. રાવણપક્ષીય રાક્ષસ વિશેષ.

धूम्राक्षस्याथ संपातेर्भवनं माहतात्मजः ।
विद्युदुपस्य भीमस्य घनस्य विघनस्य च॥२३॥
(વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬),

વિચક્રાશ્વ. એક ક્ષત્રી.

દુષ્યન્તેન કરૂશેન રામાલર્કનલસ્તથા ।
વિચક્રાશ્વેન નિમિના જનકેન ચ ધીમતા॥૭૧॥

(ભા૨૦ શાંતિ૦ અ૦ ૧૭૭-૭૧).

વિચક્ષ્નુ. એક રાજર્ષિ.

વિચક્ષ્યુ. એક ક્ષત્રી.

પ્રજાનામનુકમ્પાર્થં ગીતં રક્ષા બિચક્ષ્યુના॥૩॥

(ભા૨૦ શાંતિ૦ અ૦ ૨૭૧-૩).

વિચક્ષુષ, એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

વિચારુ. કૃષ્ણથી રુકિમણિને થએલા પુત્રોમાંનો એક.

વિચિત્ર. દેવસાવર્ણિ મનુના થનારા પુત્રોમાંનો એક પુત્ર.

વિચિત્ર (૨). ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો રાજા.

વિચિત્ર (૩). યમનો એક લહિયો.

વિચિત્રવીર્ય. પૂરુકુલોત્પન્ન અજમીઢ વંશમાં થએલા કુરુ પુત્ર જન્હુરાજાના વંશમાં જન્મેલા શંતનુ રાજાને સત્યવતીની કુખે થએલા બે પુત્રોમાંનો બીજો. આનો મોટો ભાઇ ચિત્રાંગદ. જ્યારે ચિત્રાંગદ રાજ્ય કરતો હતો ત્યારે એક સમય એને ચિત્રાંગદ નામના ગંધર્વ સાથે યુદ્ધ થયું ને તેમાં એ ગંધર્વને હાથે મરાયો; તેથી ભીષ્મે વિચિત્રવીર્યને ગાદીએ બેસાડ્યો. અને કાશી રાજાની જીતી આણેલી ત્રણ કન્યાઓમાંથી અંબા પાછી ગઇ, ને બાકીની અંબિકા અને અંબાલિકાનાં વિચિત્રવીર્ય સાથે લગ્ન કર્યાં. પરંતુ દૈવયોગે આને કાંઇ સંતતિ થઇ નહિ અને એનું નાની વયમાં મૃત્યુ થયું. આની માતા સત્યવતી અને ઓરમાન ભાઇ ભીષ્મ બન્ને વિચારમાં પડ્યાં કે હવે શું કરવું ? એટલામાં સત્યવતીને વિચાર સુઝ્યો અને પોતાને કૌમાર અવસ્થામાં થએલા પુત્ર કૃષ્ણદ્વૈપાયનનું એને સ્મરણ થયું. સ્મરણ થતાં જ તે પ્રગટ થયો ને શી આજ્ઞા છે એવું માતાને પુછ્યું. સત્યવતીએ તમામ હકીકત તેને કહી, તેની પાસે અં-

[illegible]કા અને અંબાલિકા એ બન્નેની સાથે [illegible] હશે તે સમાગ વડે ધૃતરાષ્ટ્ર અને પાંડુ એમ બે નિયોગ વસુ સંજ્ઞા નિર્માણ કરાવડાવ્યા. (અંબિકા અને પુત્ર [illegible] છે. [illegible]કા શબ્દ જુઓ). વિચિત્રવીર્યની અંબાલિકા પરિચર વસુ [illegible] વ્યાસથી વિદુર નામનો પુત્ર દાસીને [illegible]વતી હતી (ભા૨૦ આ૦ ૬૩-૫૪, આ૦ થયો હતો. [illegible] સત્ય [illegible] ૬૪ ૧૧૧-૭). [illegible] સા[illegible] એકાદશપાલમાંનો એક.

વિજય. વિષ્ણુના બે [illegible]ર્ષ-૮૪)નું એક તીર્થ.

વિજય (૨). ભારતવર્ષ[illegible]

વિજય (૩). સૂર્યવંશી [illegible]નો ઇક્ષ્વાકુકુલોત્પન્ન હરિશ્ચંદ્ર વંશના સુદેવ રાજાનો [illegible]. આ મોટો પુત્ર. સુતેજનો મોટો ભાઇ. આને ભરુક [illegible] અથવા રુચક નામનો મોટો પુત્ર હતો. [illegible]ર્યા ચ

વિજય (૪). વિદેહવંશી જય [illegible]ર્યા ચ [illegible]નામના જનકનો પુત્ર. આનો પુત્ર ઋત નામનો [illegible] ॥ જનક.

વિજય (૫). સોમવંશી પુરૂરવા રા[illegible]ના છ પુત્રોમાં પાંચમો. આને ભીમ નામે પુત્ર હ[illegible]ચાર [illegible]નો.

વિજય (૬). સોમવંશી અનુકુલોત્પન્ન પૃથુલાક્ષપુત્ર બૃહદ્રથનો પ્રપૌત્ર અને જયદ્રથ રાજાનો પુત્ર. આનો પુત્ર ધૃતિ.

વિજય (૭). દશરથ રાજાના અષ્ટપ્રધાનોમાંનો એક પ્રધાન.

વિજય (૮). દાશરથિ રામની સભામાંનો એક હાસ્યકાર.

વિજય (૯). યાજ્ઞવલ્કય ઋષિના ત્રણ પુત્રોમાંનો ત્રિશિરા રાક્ષસ થએલો પુત્ર. (૧ ચંદ્રકાંત શબ્દ જુઓ).

વિજય (૧૦). પાંડુપુત્ર અર્જુનનાં દશ નામોમાંનું એક નામ. (ભા૨૦ વિ૦ ૪૩-૨૧).

વિજય (૧૧). કૃષ્ણથી જાંબુવતીને થએલા પુત્રોમાંનો એક.

વિજય (૧૨). ભારતવર્ષીય દેશ.

વિદેહા મગધાઃ સ્વક્ષા મલ્જા વિજયાસ્તથા॥૨૫॥

(ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯). કુમ્ભ.

વિજયા. વિષ્ણુની અને શિવની શક્તિ વિશેષ.

વિજયા (૨), કેકય રાજાની કન્યા, માદ્રીપુત્રની સ્ત્રી. એનો પુત્ર સુહોત્ર.

વિજિતાશ્વ. ઉત્તાનપાદ વંશના પૃથુરાજાથી અર્ચિ નામની સ્ત્રીને થએલા પાંચ પુત્રોમાંનો પહેલો. આનું મૂળનું નામ શું હશે તે જણાતું નથી. આ નામ પડવાનું કારણ આ:-આના પિતા પૃથુરાજાએ નવાણું યજ્ઞ કરી સોમો અશ્વમેધ શરૂ કર્યો એટલે ઇંદ્રે ગુપ્તવેશે એના અશ્વનું હરણ કર્યું. એ અશ્વ આણે ઇંદ્ર પાસેથી છોડાવી આણ્યો માટે આનું આ નામ પડ્યું. આનામાં ગુપ્ત રહેવાની પણ શક્તિ હતી. તે ઉપરથી અંતર્ધાન એવું પણ એનું નામ હતું. આને શિખંડિની અને નભસ્વતી એવી બે સ્ત્રીઓ હતી. એમાંની પહેલીને, વસિષ્ઠના શાપથી જન્મ ધારણ કરેલો એવો પૂર્વજન્મના ત્રણ અગ્નિ પાવક, પવમાન અને શુચિ નામના ત્રણ પુત્ર હતા. બીજી નભસ્વતીને એક જ હવિર્ધાન નામનો પુત્ર હતો. (ભાગ૦ ૪ સ્ક૦ અ૦ ૧૯).

વિટભૂત. વરુણલોકમાંનો એક અસુર.

વિડૂરથ. એક યાદવ.(ભા૨૦ આ૦ ૨૩૯-૧૦).

વિતત્ય. વિહવ્ય ઋષિનો પુત્ર, આનો પુત્ર સત્યઋષિ. (વીતહવ્ય શબ્દ જુઓ).

વિતથ. મરુદ્ગણોએ સોમવંશી ભરત રાજાને જે ભરદ્વાજ નામનો પુત્ર આપ્યો હતો તેનું આ બીજું નામ.

વિતર્દન. એક રાક્ષસ.

અહં દ્વિજિહ્વઃ સંહ્લાદી કુમ્ભકર્ણો વિતર્દનઃ॥૧૨॥

(વા૦૨૦ યુદ્ધ૦ સ૦ ૬૪).

વિતલ. સાત બિલસ્વર્ગમાંનું બીજું. અહીં હાટકેશ્વર નામના મહાદેવ છે.

(ભાગ૦ ૫ સ્કંધ૦ અ૦ ૨૪).

વિતંડ. એક ક્ષત્રી. દ્રૌપદી સ્વયંવર વખતે આવેલો દંડ રાજાનો પિતા.

જલસન્ધઃ પિતાપુત્રૌ વિદણ્ડો દણ્ડ એવ ચ॥૧૨॥

(ભા૨૦ આદિ૦ અ૦ ૨૦૧-૧૨)

વિતસ્તા. જગડાની સંજ્ઞાવાળા હિમાલયમાંથી નીકળેલી છ નદીઓમાંની એક. એ પશ્ચિમ સમુદ્રને મળે છે. (ભા૨૦ વ૦ ૮૦-૯૦, ભી૦ ૯-૧૬). હાલની જેલમ નદી તે જ.

વિતત્સ્ય. એક બ્રાહ્મણ. સાવૈનસનો પુત્ર. તેના પુત્રનું નામ શિવ.

(ભા૨૦ અનુ૦ અ૦ ૯-૬૨).

વિતાના. સત્રાયણ ઋષિની સ્ત્રી. ઇંદ્રસાવર્ણિ મન્વન્તર માંહ્યલા વિષ્ણુના અવતારની માતા.

વિદ. એક બ્રહ્મર્ષિ અને તેનું કુલ. (૩ ભૃગુ શબ્દ જુઓ.)

વિદ (૨). ઉપર કહેલા વિદ બ્રહ્મર્ષિનું કુળ.

વિંદ. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. (ભા૨૦ આ૦ ૬૮-૯૪). એને ભીમસેને માર્યો હતો. (ભા૨૦ દ્રોણ૦ ૧૨૧-૪૮).

વિંદ (૨). ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. કેકયદેશાધિપતિ બે ભાઇઓમાંનો મોટો. એ સાત્યકીને હાથે મરાયો હતો.

ભીમસેનસ્તથા દ્રૌર્ણિં કુર્વાણં કર્મ દુષ્કરમ્ ।
વિન્દાનાવન્દૌ કૈકેયૌ સાત્યકિઃ સમવારયત્

(ભા૨૦ કર્ણ૦ અ૦ ૧૦-૬).

વિંદ (૩). ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો બીજો રાજા. અવંતિદેશાધિપતિ બે ભાઇઓમાંનો મોટો. એનો ભાઇ તે અનુવિંદ. એને પહેલું કુંતિ ભોજ રાજા સાથે યુદ્ધ થયું હતું. (ભા૨૦ સભા૦ અ૦ ૩૨૦ શ્લો. ૧૧). પછીથી તે અર્જુનને હાથે મરાયો હતો.

વિન્દં તુ નિહતં દૃષ્ટ્વા ઘનવિન્દઃ પ્રતાપવાન્ ।
હતાશ્વં રથમુત્સૃજ્ય ગદાં ગૃહ્ય મહાબલઃ ॥૨૭॥

(ભા૨૦ દ્રોણ૦ અ૦ ૯૬).

વિદર્ભ. પ્રિયવ્રતવંશના ઋષભદેવના સો પુત્રોમાં નવખંડના અધિપતિ જે નવપુત્ર હતા તેમાંનો એક. આના ખંડનું પણ એ જ નામ હતું.

વિદર્ભ (૨). ભરતવર્ષમાં જે નવ ખંડ છે તેમાંનો એક.

વિદર્ભ (૩). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશમાંના જ્યામઘ રાજાથી શૈબ્યા અથવા શૈવ્યા નામની સ્ત્રીની કુખે થએલો પુત્ર. આને ભોજ નામની સ્ત્રીથી કુશ, ક્રથ અને રોમ અથવા લોમપાદ એવા ત્રણ પુત્ર થયા હતા.

વિદર્ભ (૪). ઇંદ્રપ્રસ્થની દક્ષિણે આવેલો ભીષ્મક રાજાનો દેશ. વિન્ધ્યની દક્ષિણે, દશાર્ણની પશ્ચિમે, ગોદાવરીની ઉત્તરે અને સૌરાષ્ટ્રની પૂર્વે આવેલો દેશ. એની રાજધાની કુંડિનપુર હતી. એનાં મુખ્ય નગરો ભોજકટપુર, અકોલા, અમરાવતી, ઇલીચપુર ઇત્યાદિ. હાલનું બીરાર અથવા વરાડ તે જ. ભોજકટપુર રુક્મીપુત્રે વસાવ્યું હતું.

(**ભા૨૦ ભીષ્મ૦ અ૦ શ્લો. ૪૩**). કુ.

વિદૂલ. સૂર્યવંશમાં થએલા ધ્રુવસંધિ રાજાનો પ્રધાન.

વિંદાનુવિંદ. અવંતી દેશાધિપતિ જયસેન રાજાને, વસુદેવની બહેન રાજાધિદેવીની કુખે થએલા બે પુત્ર. ભારતયુદ્ધમાં એ દુર્યોધન પક્ષમાં હતા.

વિન્દાનુવિન્દાવાવન્ત્યૌ સંમતૌ રલસત્તમૌ।
કૃતિનૌસમહે તાત દૃઢવીર્યપરાક્રમૌ ॥૬॥

(**ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૬૬-૬**).

વિંદાનુવિંદ (૨). કેકયદેશાધિપતિના બે પુત્રો. એ પણ દુર્યોધન પક્ષમાં જ હતા.

વિદારણ. તગડાની સંજ્ઞાવાળા જયદ્રથના છ ભાઇઓમાંનો એક.

તસ્યાપરે ભ્રાતરોઽદીનસત્ત્વા
બલાહકાનીકવિદારણાદ્યાઃ।
સૌવીરવીરાઃ પ્રવરાયુવાના
રાજાનમેતે બલિનોઽનુયાન્તિ ॥૧૩॥

(**ભા૨૦ વ૦ અ૦ ૨૨૬**).

વિદિશા. પારિયાત્ર પર્વતમાંથી નીકળેલી નદી વિશેષ. (**ભા૨૦ સ૦ ૯-૨૨**).

વિદુર. વિચિત્રવીર્યની સ્ત્રી અમ્બિકાની દાસીની કુખે કૃષ્ણદ્વૈપાયન વ્યાસથી થએલો પુત્ર. દાસીનું જવું વ્યાસ પાસે કેમ અને શા પ્રસંગે થયું એ સંબંધી એમ હકીકત મળે છે કે જ્યારે ધૃતરાષ્ટ્ર અંધ જન્મ્યો અને પાંડુ પણ રોગી જ જન્મ્યો એટલે સત્યવતીએ પોતાની બન્ને પુત્રવધુઓને વ્યાસ પાસે પુનઃ જવાની આજ્ઞા કરી, તેમણે પોતે ન જતાં અમ્બિકાની દાસીને મોકલી, તેમાંથી વિદુરની ઉત્પત્તિ થઈ. આ વિદુર તે સાક્ષાત યમ જ માંડવ્ય ઋષિના શાપે કરીને શુદ્રયોનીમાં જન્મ્યા. (માંડવ્ય શબ્દ જુઓ.) વિદુરની સ્ત્રી દેવક રાજાની કન્યા પારશવી પણ આની જ પેઠે ઉત્પન્ન થએલી હતી. પાંડવોનો પિતા પાંડુ તેઓ નાના હતા ને મૃત્યુ પામ્યો હતો, તેથી વિદુરની પાંડવો ઉપર નાનપણથી જ પ્રીતિ હતી. ધૃતરાષ્ટ્રે જ્યારે પાંડવોને વારણાવત મોકલ્યા, અને દુર્યોધને ત્યાં લાક્ષાગૃહ કરાવી તેમને બાળી નંખાવવાની તૈયારી કરી હતી ત્યારે આ સઘળી હકીકત વિદુરે યુધિષ્ઠિરને બ્લ્ર્ર ભાષામાં કહી તેને સાવધ કર્યો હતો. એટલું જ નહિં, પણ તે બંધુસહિત તેમાંથી સુરક્ષિત બહાર નીકળી જઇ શકે માટે એક સુરંગ કોરાવી હતી અને ત્યાંથી તેઓ નદી પાર તરી જાય માટે નૌકાની પણ વ્યવસ્થા કરી રખાવી હતી. (યુધિષ્ઠિર શબ્દ જુઓ.) વિદુર પરમ નીતિવાન અને નિસ્પૃહ હોવાથી ધૃતરાષ્ટ્ર એનાથી વયે મોટો છતાં, એનું અતિશય માન રાખતો. આ સંબંધે એક પ્રસંગ નીચે પ્રમાણે મળી આવે છે કેઃ પાંડવો વનવાસ પૂર્ણ થતાં અજ્ઞાતવાસમાંથી પ્રગટ થયા એટલે ધૃતરાષ્ટ્રે સંજયને એવા અર્થનો સંદેશો લઇ યુધિષ્ઠિર પાસે મોકલ્યો કે તેણે રાજ્યનો અર્ધભાગ માગવો નહિ અને યુદ્ધ પણ કરવું નહિ. આ સંદેશો એણે યુધિષ્ઠિરને જઇ કહ્યો એટલે યુધિષ્ઠિરે સંજયને તેના પ્રત્યુત્તરમાં એવું કહ્યું કે, હે સંજય, પુત્ર લોભે કરીને ધૃતરાષ્ટ્રને આવું કરવું યોગ્ય નથી. અર્ધરાજ્યના અમે હકદાર છતાં તે હું નહિ આપું એમ કહાવે છે. પરંતુ અમે લીધા વગર રહેનાર નથી. સામથી આપશે તો ઠીક છે, ને જો તેમ નહિ આપે તો અમે યુદ્ધ કર્યા વગર રહેનાર નથી. તું જા અને મારો આ સંદેશ ધૃતરાષ્ટ્રને કહે. સંજય હસ્તિનાપુર પાછો ફર્યો, ને ત્યાં ગયો ત્યારે સંધ્યાકાળ થઇ ગઇ હતી એટલે એણે ધૃતરાષ્ટ્રને એવું કહ્યું કે પાંડવો તરફથી જે સંદેશો મેં આણ્યો છે તે કાલ સવારે સર્વ સમક્ષ હું તમને કહીશ. આટલું કહી તે ઘેર ગયો

એટલે ધૃતરાષ્ટ્રને ઘણો ભય લાગ્યો કે કોણ જાણે સવારે સંજય શું એ કહેશે એ વિચારમાં તેને રાત્રે ઉંઘ આવી નહિ, તેથી વિદુરને બોલાવ્યો અને સંજય આવું કહી ગયો તેથી મને ઉંઘ આવતી નથી, એમ તેને કહ્યું. આ પ્રસંગે વિદુરે ધૃતરાષ્ટ્રને નીતિનો બોધ કર્યો. આ પ્રસંગ ભારતના ઉદ્યોગપર્વમાં વિદુરનીતિ નામે પ્રસિદ્ધ છે. આ ઉપરાંત આણે દુર્યોધનને પણ પુષ્કળ બોધ કરેલો છે. (**ભારત૦ ઉદ્યોગ પર્વ.**)

શ્રી કૃષ્ણ સામ કરવા આવી યુધિષ્ઠિર પાસે પાછા ગયા, એટલે યુદ્ધ શરૂ થયું અને તેમાં સઘળા કૌરવો મરણ પામ્યા અને પાંડવોને રાજ્ય પ્રાપ્ત થતાં, આ કાંઇ કાળ સુધી હસ્તિનાપુરમાં રહ્યા હતો. પછી તીર્થયાત્રા કરવા નીકળી પડયો. અનેક તીર્થ અને ક્ષેત્રોનાં અવલોકન કરી પાછો તે હસ્તિનાપુર આવ્યો અને ગાંધારી તથા કુંતીને સાથે લઇ હિમાલય પર ગમન કર્યું. કેટલેક કાળે તેનો ઉદ્ધવ સાથે મેળાપ થઇ ગયો, તેની પાસેથી કૃષ્ણ નિધન થયાનું સાંભળ્યું અને કૃષ્ણે મૈત્રેય ઋષિ પાસે જવાના કહાવેલા સંદેશા પ્રમાણે આ મૈત્રેય ઋષિને મળ્યો, ને તેથી કૃતાર્થ થએલો એવો આ પિશાચવૃત્તિએ અરણ્યમાં ફરવા લાગ્યો.

એક વેળા યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રનાં દર્શણ કરવા અરણ્યમાં આવ્યો હતો તેણે સર્વને જોઇને વંદન કર્યું, અને વિદુર ક્યાં છે એમ ધૃતરાષ્ટ્રને પુછ્યું. તેણે કહ્યું કે તે ઘણું કરીને અહિ અરણ્યમાં જ છે. પહેલાં કોઇ કોઇ વખત અહિ આવતો હતો પરંતુ હમણાંનો કોઇ દિવસ આવ્યો જ નથી. આ સાંભળી યુધિષ્ઠરને તેને મળવાની ઉત્કંઠા થઇ અને તેને શોધતો શોધતો અરણ્યમાં ચાલ્યો. ત્યાં એક વૃક્ષને અઢેલીને તદ્દન નગ્ન એવો તેને ઉભેલો જોયો. આ તેની વર્તણુક જોઇ તેની બહુ પાસે ન જતાં, હું ફલાણો એમ કહી યુધિષ્ઠિરે તેને વંદન કર્યું. પરંતુ તે યુધિષ્ઠિર સાથે એક શબ્દ સુદ્ધાં બોલ્યો નહિ; એટલું જ નહિ પણ તેના સામું ધરાધરી જોયું નહિ આ ઉપરથી, આ હવે દેહભાવ વિસરી ગયો છે સમજી યુધિષ્ઠિર ત્યાંથી પાછો ફર્યો અને ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતીની આજ્ઞા લઇ હસ્તિનાપુર આવ્યો. તે પછી થોડા જ કાળે વિદુરનું દેહાવસાન થયું.

માંડવ્ય ઋષિના શાપ પ્રમાણે વિદુરે પોતાના સો વર્ષ પૂર્ણ થતાં જ દેહનો ત્યાગ કર્યો, અને પુનઃ પૂર્વવત્ પોતાના અધિકાર પર ગયો (**ભા૨૦ આ૦ ૬૩-૫૭ ૬૮-૮૬**); (**ભાગ ૧-૧૩-૨૧**).

વિદુલા. સૌવીર દેશના રાજાની સ્ત્રી. એનો પતિ મરણ પામવાથી ને પુત્ર નાનો હોવાથી, સિંધુ દેશના રાજાએ એનું રાજ્ય લઇ લીધું. પછી જ્યારે એનો પુત્ર મોટો થયો ત્યારે એણે એને અનેક ઇતિહાસ યુક્ત ક્ષત્રિ ધર્મનો ઉપદેશ કર્યો. એ વીર સ્ત્રીએ સિંધુરાજ પાસેથી પોતાનું રાજ્ય પાછું લીધું. આ વિદુલાના પુત્રનું નામ સંજય હતું. (**ભા૨૦ ઉદ્યોગ૦ અ૦૧૩૩-૧૩૬**).

વિદુષા. પારિયાત્ર પર્વતમાંથી નીકળતી ભારતવર્ષની એક નદી.

વિદૂરથ. સોમવંશીય પૂરુકુલોત્પન્ન એક રાજા. આ ઘણો જ પ્રાચિન કાળમાં થઇ ગયો હતો. કારણ કે જ્યારે જામદગ્ન્ય રામ નિઃક્ષત્રિય પૃથ્વી કરતા હતા ત્યારે, આની માએ એને ઋષ્યવાન્ પર્વત પર રહેતા એક ઋષિના આશ્રમમાં મુકી દીધો હતો. પછી જ્યારે પરશુરામ ક્ષત્રિયોનો નાશ કરવાના કર્મથી વિરામ્યા અને શર્પારક દેશમાં ગયા, એટલે આ પુનઃ પૂરુકુળની વૃદ્ધિ કરનાર થયો. આના પિતાનું નામ મળતું નથી. તેમ જ તેના પુત્રનું નામ શું તે પણ મળતું નથી. વંશાવળીમાં પણ એનું નામ નથી. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૪૮**).

વિદૂરથ (૨) સોમવંશી પૂરુકુલોત્પન્ન કુરુપુત્ર જન્હુ રાજાનો પૌત્ર અને સુરથાનો પુત્ર. એનો પુત્ર સાર્વભૌમ નામનો રાજા.

વિદૂરથ (૩). સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત પુત્ર વૃષ્ણિના વંશના બીજા વૃષ્ણિનો પુત્ર

અને ચિત્રરથ રાજાના બે પુત્રોમાંનો બીજો. આનો પુત્ર શૂર નામનો રાજા.

વિદૂરથ (૪) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના નિવૃત્તિ રાજાનું નામાંતર.

વિદૂરથ (૫) દંતવક્ર અથવા વક્રદંતનો ભાઇ. વૃહદ્રાજાર્મીથી શ્રુતદેવાને થએલો પુત્ર. એને કૃષ્ણે માર્યો.

વિદૂરથ (૬) હંસધ્વજ રાજાનો ભાઇ.

વિદૂરથ (૭). સોમવંશી કુરુરાજાનો પુત્ર. એનો પુત્ર અનશ્વાન્. (ભા૦ આદિ૦અ૦ ૯૩)

વિદૂરથ (૮). પ્રથમ કહેલો વિદૂરથ તે જ (ભા૨૦ આ૦ ૨૩૯–૧૦)

વિદેહ. સૂર્યવંશી નિમિ રાજાએ વસિષ્ઠના શાપથી મરણ પામ્યા પછી પુનઃ દેહ સ્વીકાર્યો નહિ એટલે તેના મિથિ પુત્ર ઉપરથી આખા વંશનું પડેલું નામ.

વિદેહ (૨). ઇંદ્રપ્રસ્થની પૂર્વ તરફ આવેલા, ભારતવર્ષના બે દેશ. એમાંનો પહેલો ગંડક દેશની પૂર્વે, અને બીજો અપર પૂર્વ વિદેહ જનકવંશીય રાજાનો, પ્રસિદ્ધ છે.

વિદેહનગર. અપર પૂર્વ વિદેહની રાજધાની મિથિલા નગરી તે જ આ.

વિધ. વિશ્વામિત્ર કુલોત્પન્ન એક ઋષિ.

વિદ્યાચંડ. કૌશિક બ્રાહ્મણનો પુત્ર. (પિતૃવર્તિ શબ્દ જુઓ).

વિદ્યાધર. દેવયોનિ વિશેષ.

વિદ્યુચ્છત્રુ. એક રાક્ષસ. (૪ સહ શબ્દ જુઓ)

વિદ્યુજ્જઙ્ઘ. એક રાક્ષસ. શૂર્પણખાનો પતિ. એને રાવણે માર્યો હતો.

વિદ્યુજ્જિહ્વ (૨). રાવણનો એક પ્રધાન રામનું શિર અને ધનુષ્ય, માયામય આકૃતિએ આણે જ બનાવીને રાવણ પાસે તે સીતાને દેખડાવ્યાં હતાં. પરંતુ તે જોયા છતાં સીતા રામને વશ વર્તી ન હતી.

વિદ્યુજ્જિહ્વ. અમૃતનું રક્ષણ કરનાર બે સર્પો. (ભા૨૦ આ૦ ૩૩–૫–૬).

વિદ્યુતા. એક અપ્સરા વિશેષ. (ભા૨૦ અનુ૦ ૫૦–૪૮)

વિદ્યુત્કેશ. હેતિ રાક્ષસની સ્ત્રી ભયાની કુખે થએલો પુત્ર. સંધ્યા નામની કોઇ સ્ત્રીની સાલંકટંકટા નામની કન્યા આની સ્ત્રી હતી. તેને આનાથી ગર્ભ રહ્યો. એ ગર્ભને તેણે મંદરાચળ પર નાંખી દીધો. એનું મહાદેવે રક્ષણ કરી સુકેશ એવું તેનું નામ રાખ્યું. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૪).

વિદ્યુત્પતાક. પ્રલયમેઘોમાંનો છટ્ઠો મેઘ.

વિદ્યુત્પર્ણા. પ્રાધાને થએલી અપ્સરાઓમાંની એક. (ભા૨૦ આ૦ ૬૬–૪૯).

વિદ્યુત્પ્રભ. એક ઋષિ.

ततो विद्युत्प्रभो नाम ऋषिराह महातपाः७०।
आदित्यतेजसा तस्य तुल्य रूपं प्रकाशते॥*३॥
(ભા૨૦ અનુ૦ અ૦ ૧૮૮–૪૩)

વિદ્યુત્પ્રભા. એ નામની દશ અપ્સરાઓ.

अत्र विद्युत्प्रभानाम जज्ञिरेऽप्सरसोदश ॥२१॥
(ભા૨૦ ઉદ્યોગ૦ અ૦ ૧૧૧–૨૧)

વિદ્યુદ્રષ્ટ. રામ સેનામાંનો એક વાનર વિશેષ. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭૩).

વિદ્યુદ્રૂપ. લંકામાંનો એક રાક્ષસ. (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬).

વિદ્યુન્માલી. તારકાસુરનો પુત્ર. ત્રિપુરમાંનાં એક પુરનો અધિપતિ.

विर्जितेषु च दैत्येषु तारकस्य सुताश्चयः।
ताराक्षः कमलाक्षश्च विद्युन्माली च पार्थिव॥
(ભા૨૦ કર્ણ૦ અ૦ ૨૪–૭)

વિદ્યુન્માલી (૨). તારકાસુરનો મિત્ર એક અસુર.

વિદ્યુન્માલી (૩). રાક્ષસેનામાંનો એક વાનર.

વિદ્યુન્માલી (૪). લંકામાંનો એક રાક્ષસ. (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬).

વિદ્યોત. ધર્મ ઋષિની પત્નિ લંબાનો પુત્ર, આનો પુત્ર સ્તનયિત્નુ.

વિધાતા. એક અપ્સરા.

વિદ્રાવણ. દનુપુત્ર દાનવોમાંનો એક.

વિધાતા. બ્રહ્મદેવ.

વિધાતા (૨) સ્વાયંભુવ મન્વન્તરમાંના બ્રહ્મપુત્ર ભૃગુથી કર્દમ કન્યા ખ્યાતિની કુખે થએલા ત્રણ પુત્રોમાંનો બીજો. મેરુની કન્યા નિયતી આની સ્ત્રી હતી, અને તેના પુત્રો વેદશિરા અને કવિ. (ભા૨૦ આ૦ ૩૭–૧૦).

વિધિ. બ્રહ્મદેવ.

વિધિ. ચંદ્ર.

વિધૃતિ. તામસ મન્વન્તરમાંના દેવની માતા.

વિધૃતિ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન કુશવંશના બાણ રાજાનો પુત્ર. આનો પુત્ર હિરણ્યનાભ.

વિંધ્ય. ભારતવર્ષીય ભરતખંડસ્થ એક પર્વત. આ પર્વતના મૂર્તિમાન દેવે એક વખત ચન્દ્રને એવું કહ્યું કે તમે જેમ મેરુની આસપાસ પ્રદક્ષિણા કરો છો એવી રીતે મારી આસપાસ કરો. તેમણે ઉત્તર વાળ્યો કે સૃષ્ટિના નિર્માણ કરનારાએ અમને મેરુની પ્રદક્ષિણા કરવાનો ક્રમ કરી આપ્યો છે તે પ્રમાણે અમારા નક્ષત્રમાં ફરવાનું છે. એ વિષયે અમે કેવળ સ્વતંત્ર નથી. આ ઉત્તર સાંભળી પર્વત વધવા લાગ્યો. અને એટલો ઉંચો વધ્યો કે એણે કરીને સૂર્યચંદ્રની ગતિનો રોધ થયો. આથી દેવો અને ઋષિઓ આની પાસે આવી કહેવા લાગ્યા કે તું આમ ન કર. પરંતુ આણે કોઇનું કહેવું સાંભળ્યું નહિ. એટલે એ બધા અગસ્ત્ય ઋષિ પાસે જઇ પ્રાર્થના કરી કહેવા લાગ્યા કે વિંધ્યાચળ આપનો શિષ્ય છે અને જ્યારે તેણે લોકોપદ્રવકારક કૃત્ય આરંભ્યું છે તો એને એ વિષયે બોધ આપવો એ આપના હાથમાં છે. દેવોનું અને ઋષિઓનું આ બોલવું સાંભળી અગસ્ત્ય ઋષિ પોતાનો આશ્રમ છોડી નીકળ્યા અને આની પાસે આવ્યા. એમને જોતાં જ વિંધ્યાચળ એમને નમસ્કાર કરવા સાષ્ટાંગ નમ્યો. આમ નમ્યો જોઇ અગસ્ત્યે તેને કહ્યું કે હું દક્ષિણ તરફ જાઉં છું ત્યાંથી પાછો આવું ત્યાં સુધી આ જ સ્થિતિમાં પડી રહે. આટલું કહી અગસ્ત્ય દક્ષિણ તરફ ગયા અને વિંધ્ય જે ત્યારથી દંડવત્ લાંબો પડ્યો તે હજુ પણ એ જ સ્થિતિમાં પડ્યો છે. અગસ્ત્ય ઋષિ વાયદો કરીને ગયા તે પાછા આવ્યા જ નહિ. આપણામાં "અગસ્ત્ય ઋષિ નો વાયદો" કહેવાય છે એ તો બધાને ખબર હશે. સારાંશ કે આના આમ પડવાથી સૂર્યચંદ્રાદિકોની ગતિમાં થતો રોધ દુર થયો: ને તેથી દેવો, ઋષિઓ અને ઇતર પ્રજાજન સુખી થયાં. આ પર્વત બગડાની અંક સંજ્ઞા વાળા હિમાલયની આ બાજુએ આપણે રહીએ છીએ તે તરફ આવ્યો છે. (ભા૨૦ ભી૦ અ૦ ૬–૧૧, ભા૨૦ વન૦ અ૦ ૧૦૩–૨–૧૬).

આ પર્વતમાંથી તપતી, તાપી, પયોષ્ણી, નિર્વિંધ્યા, ક્ષિપ્રા, ઋષભા, વેણુ, વૈતરણી, વિશ્વમાલા, કુમુદ્વતી, કરતોયા, મહાગૌરી, દુર્ગમા અને શીલા એટલી નદીઓ નીકળી છે. (દેવી૦ ભા૦ ૧૦–૩, સ્કંદ૦ કાશી ખંડ૦ પૂર્વાર્ધ૦ ૪–૫).

વિંધ્યચુલિક. ભારતવર્ષીય દેશ વિશેષ. (ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૬).

વિંધ્યાદ્રિ. વિંધ્ય પર્વત તે જ.

વિંધ્યાવલી. બલી દૈત્યની સ્ત્રી.

વિંધ્યાશ્વ. સોમવંશી પૂરુકુલોત્પન્ન હસ્તિ રાજાના પુત્ર અજમીઢના નીલ નામના પુત્રના વંશમાં મુદ્ગલકુલોત્પન્ન ઇંદ્રસેન રાજાનો પુત્ર. આને મેનકા અપ્સરાથી દિવોદાસ અને અહલ્યા, એમ બે જોડલાં સંતાન થયાં હતાં.

વિનત. રામસેનામાંનો એક વાનર.

एष दर्दुरसंकाशो विनतो नाम यूथपः । ४१
(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૨૬).

વિનત (૨). આ નામનું એક ગામ વિશેષ.

વિનતા. કશ્યપ ઋષિની તેર સ્ત્રીઓમાંની એક. આને અરુણ, ગરુડ, અરુણિ, વારુણિ એવા ચાર પુત્રો અને સૌદામિની નામની એક કન્યા હતી. આ ઉપરાંત સુમુખ, સુનામા, સુનેત્ર, સુવર્ચા, સુરુક અને સુબલ એ નામના બીજા છ પુત્રો હતા એવું પણ મળી આવે છે. એ અને એની બહેન અને શોક્ય કદ્રુ બન્ને નિષ્ઠાપૂર્વક અને સરસાઇથી પતિસેવા કરતાં હતાં. કશ્યપે કહ્યું કે કદ્રુને હજાર પુત્રો થશે અને વિનતાને બે બળવાન પુત્રો થશે. પછી બન્ને ગર્ભવંતી થઇ. કદ્રુએ હજાર ઇંડાં મૂક્યાં;

પાંચ હજાર વર્ષે કદ્રુનાં ઈંડાં સેવાઇને તેમાંથી શેષ, વાસુકી, કરકોટક, ધનંજય, ઐરાવત આદિ નાગ નિકળ્યા. (**નમ કઠ કોઠ ૫૧**) પ્રથમતઃ જ્યારે અરુણ વખતે વિનતા ગર્ભિણી થઇ ત્યારે પોતાને જલ્દી પ્રસુતી થાય માટે અધીરી બનીને પૂર્ણકાળ થયા પહેલાં અરુણને તેણે બળાત્કારે ઉદર બહાર કહાડયો. તેથી એ પગ વગરનો જન્મ્યો એટલે એણે વિનતાને શાપ દીધો કે તું તારી શોક્યની દાસી થઇ રહીશ. એ જ પ્રમાણે એને કદ્રુની દાસી થઇ રહેવું પડયું હતું. એ આ રીતે બન્યું:–એક વેળા સૂર્યના રથના ઘોડાનો રંગ કેવો છે તે સંબંધી આને અને કદ્રુને વાદ પડયો. વિનતાએ કહ્યું કે શ્વેતવર્ણના છે, અને કદ્રુએ કહ્યું કે તે કાળા રંગના છે. આમ કહી પોતાનો બોલ ખરો પડે માટે કદ્રુએ પોતાના વાસુકિ ઇત્યાદિ પુત્રોને આજ્ઞા કરી કે તમે સત્વર સૂર્યલોકમાં જાઓ અને અશ્વનો વર્ણ જે શ્વેત છે તેને તમારા પોતાના વિષે કહીને કાળો કરી આવો. આનું કહેવું પ્રથમ તો કોઇએ કાને ધર્યું નહિ એટલે કદ્રુએ એમને શાપ્યા કે આ આજ્ઞાભંગને લીધે આગળ એક રાજા સર્પસત્ર કરશે તેમાં તમે બળીને ભસ્મ થશો. ત્યારે એ સાંભળી બધા ગભરાયા અને ઉશાપ માગી, સૂર્યલોકમાં જઇ પોતાના વિષ વડે અશ્વોને કાળા કરી દીધા.

અશ્વ કાળા થતાં જ કદ્રુએ વિનતાને કહ્યું કે તું મારી સાથે સ્વર્ગમાં ચાલ. બન્ને સૂર્યલોકમાં ગયાં ત્યારે વિનતાએ અશ્વ કાળા રંગના જોયા. આ પ્રમાણે પોતે ખોટી ઠરી એટલે પરસ્પર પ્રતિજ્ઞા કરી હતી કે જે હારે તેણે સરત કરનારની એક હજાર વરસ સુધી દાસી થઇ રહેવું, એ પ્રતિજ્ઞા પ્રમાણે આ કદ્રુની દાસી થઇ રહી. પછી ગરુડે તેને દાસીપણામાંથી મુકત કરી. (**આ૦ ૧૬–૬, ૨૦–૩૪, ૨૩–૩, ૬૬–૪૦,** અને **૬૭–૩૮**) **અનુ૦ ૨૦–૨૦, ૨૦–૨૩** અને **૨૦–૨૬**).

વનિતા (૨). સીતાના સંરક્ષણ માટે મુકેલી રાક્ષસીઓમાંની એક.

ततस्तु विनता नाम राक्षसी भीमदर्शना। २॥
(વા૦ રા૦ સુન્દ૦ સ૦ ૨૪).

વિનશન. સરસ્વતી નદી જ્યાં થાણેશ્વરથી પશ્ચિમાભિમુખ થઇને નિષાદ રાજ્યના મેાં આગળ રણમાં અન્તર્હિત થઇ જાય છે ત્યાં આવેલું તીર્થ વિશેષ. હાલના સિરહિંદ પ્રગણામાં આવેલા રેતીના રણમાં ભારતવર્ષનું સરસ્વતી નદી સંબંધીનું તીર્થ વિશેષ છે તે જ.

વિનશન (૨). બગડાની સંજ્ઞાવાળું કુરક્ષેત્ર તે જ.

વિનાયક. આ નામનો રુદ્રગણ.

વિનાયક (૨). એ નામના રુદ્રગણનો અધિપતિ, ગણપતિ.

વિનાયક (૩). કોઇ કોઇ ઠેકાણે ગરુડનું પણ આ નામ કહ્યું છે.

વિનાયક (૪). ભારતવર્ષનું એક ક્ષેત્ર વિશેષ.

વિનાશન. કશ્યપથી કાલાને થએલા પુત્રોમાંનો એક.

વિપાટ. વિપાશા નદી.

વિપાટ (૨). કૌરવ પક્ષનો એક રાજા. અર્જુનને હાથે મરાયલો. (**ભા૨૦ દ્રોણ૦. અ૦ ૩૨–૬૧**).

વિપાપ. એક અગ્નિ વિશેષ.(**ભા૨૦અ૦૨૨૧–૨૧**).

વિપાપા. ભારતવર્ષની એક નદી. (**ભા૨૦ ભી૦૬–૧૫**).

વિપાપ્મા. બૃહસ્પતિનો અગ્નિ સંબંધનો પૌત્ર. નિશ્ચવન નામના અગ્નિનો પુત્ર. આનું વાસ્તુકાર્યમાં પ્રાધાન્ય હોવાનું મત્સ્યપુરાણમાં છે.

વિપાશા. ભારતવર્ષીય નદી. હાલની બીઆસ તે જ. (**ભા૨૦ ભી૦ ૬–૧૫**). (**૩. વસિષ્ઠ શબ્દ જુઓ**).

વિપીત. ગર્દભીવિપીત શબ્દ જુઓ.

વિપુલ. ભારતવર્ષીય ક્ષેત્ર વિશેષ.

વિપુલ (૨). વસુદેવથી રોહિણીને થએલા પુત્રોમાંનો એક.

વિપુલ (૩). અર્જુને મારેલો સૌવીર દેશનો એક ક્ષત્રિય રાજા. (**ભા૨૦ આ૦ ૧૫૧–૪૬**).

વિપુલ (૪). એક બ્રાહ્મણ. દેવશર્માનો શિષ્ય. તેની ગુરુપત્નિ રુચિ. (**ભા૨૦ અનુ૦ અ૦ ૭૫**)

વિપુલા. એક નદી. (**ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૬–૧૪**)

વિપૃથુ. એક યાદવ વિશેષ. (**ભા૨૦ આ૦ ૨૦૧–૧૮**) સુભદ્રાહરણ વખતે એનું અને અર્જુનનું યુદ્ધ થયું હતું. (**ભા૨૦ આ૦ ૨૪૪**)

વિપૃષ્ઠ. વસુદેવને ધૃતદેવાથી થએલો પુત્ર.

વિપ્ર. સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ વંશના કુરુપુત્ર સુધનુના કુળમાં જરાસંધ વંશમાં જન્મેલા સૂતંજય રાજાનો પુત્ર. આનો પુત્ર શુચિ નામનો રાજા.

વિપ્રચિત્તિ. દનુપુત્ર દાનવોમાંનો મોટો. આ ઘણો બળવાન હતો, એને સિંહિકા નામની સ્ત્રી હતી અને તેની કુખે આને તેર પુત્ર થયા હતા. (**રસૈંહિકેય** શબ્દ જુઓ).

વિપ્રુધ. વિદેહવંશના વિધ્રુત જનકનું બીજું નામ.

વિભાંડ. એક બ્રહ્મર્ષિ.

વિભાંડક. કાશ્યપગોત્રીય એક ઋષિ. ઋષ્યશૃંગનો પિતા. (**ઋષ્યશૃંગ** શબ્દ જુઓ).

વિભાવરી. ઉત્તરદિગ્પાલની નગરી. એને વસ્વૌકસારા પણ કહે છે. (**૨ વસ્વૌકસારા** શબ્દ જુઓ). આ શહેરમાં જ્યારે સૂર્ય માથા ઉપર આવે ત્યારે ત્યાં મધ્યાન્હ, પશ્ચિમ દિગ્પાલની દેવધાની નગરીમાં સૂર્યોદયનો સમય અને દક્ષિણ દિગ્પાલની સંયમિની નગરીમાં મધરાતનો સમય થાય છે. (**૧ સૂર્ય** શબ્દ જુઓ).

વિભાવસુ. સૂર્યનું એક નામ. (**ભા૨૦ આ૦ ૧–૫૫**).

વિભાવસુ (૨). એક ઋષિ. આ પોતાના સુપ્રતીક નામના ભાઇના શાપે કરીને પાણીમાં કૂર્મયોનિ પ્રાપ્ત કરી પડયો હતો. (**૩ સુભદ્ર** શબ્દ જુઓ). તેને ગરુડ ખાઈ ગયો હતો. (**ભા૨૦ આ૦ ૨૬–૧૬**).

વિભાવસુ (૩). મુર દૈત્યના સાત પુત્રોમાંથી કૃષ્ણે માર્યો હતો તે પુત્ર. (**મુર** શબ્દ જુઓ)

વિભાવસુ (૪). પાંડવો સાથે અરણ્યમાં હતો તે એક ઋષિ.

વિભીષણ. (**૩ બિભીષણ** શબ્દ જુઓ). રાજસુય યજ્ઞ વખતે એની પાસેથી કર લેવા સહદેવે ઘટોત્કચને મોકલ્યો હતો. (**ભા૨૦ સ૦ ૩૨–૮૦**). રામે એને પટ્ટાભિષેક કર્યો હતો. (**ભા૨૦ વ૦ ૨૮૪–૪૯**).

વિભીષણ (૨). એક યક્ષ વિશેષ. (**ભા૨૦ સ૦ ૧૦–૧૮**).

વિભુ. દેવ વિશેષ. (**તુષિત** શબ્દ જુઓ).

વિંભુ (૨). ઋષભદેવનો જ્યેષ્ઠ પુત્ર. ભરત રાજાને તેની બીજી પંચજની સ્ત્રીથી થએલા પુત્રના વંશમાં પ્રસ્તાવ નામના રાજાને નિયુત્સાથી થએલો તે આ. આને રતિ નામની સ્ત્રી અને પૃથુષેણ નામનો પુત્ર હતો.

વિભુ (૩). રૈવત મન્વન્તરમાં સ્વર્ગમાં હતો તે દેવ.

વિભુ (૪). સ્વારોચિષ મન્વન્તર માંહેલો વિષ્ણુનો અવતાર.

વિભુ (૫). સાધ્ય નામના દેવોમાંનો એક દેવ.

વિભુ (૬). વારુણિ ભૃગુના પુત્રોમાંનો એક; જેને વરેણ્ય કહ્યો છે તે.

વિભુ (૭). રાત્રિ યુદ્ધમાં ભીમે મારેલો શકુનિના ભાઇઓમાંનો એક.

अमर्षयन्तो निहतं शतचन्द्रं महारथम् ।
शकुनेर्भ्रातरो वीरा गवाक्षः शरभो विभुः ॥२३॥
(ભા૨૦ દ્રો૦ અ૦ ૧૫૮–૨૩).

વિભૂતિ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (**અનુ૦ ૭–૫૭**)

વિભ્રાજ. અર્હિષદ નામના પિતરોનો લોક.

વિભ્રાજ (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન પાર નામના રાજાનું નામાન્તર.

વિમલ. વૈવસ્વત મનુનો પૌત્ર. ધ્રુવ રાજાના ત્રણ પુત્રોમાં સૌથી નાનો.

વિમલ (૨). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશનો વિકૃતિ રાજા તે જ આ.

વિમલ (૩). ભારતવર્ષીય એક તીર્થ વિશેષ. (**ભા૨૦ વ૦ ૮૦–૮૮**).

વિમલપિંડક. એક સર્પ વિશેષ. (ભા૨૦ આદિ૦ અ૦ ૩૫–૮).

વિમલા. ઋષ્યવાન પર્વતમાંથી નીકળેલી નદી વિશેષ.

વિમલા (૨). મહેન્દ્ર પર્વતમાંથી નીકળેલી નદી વિશેષ.

વિમલા (૩). સુરભીકન્યા રોહિણીની બે કન્યાઓમાંની એક.

વિમલેશ્વર. ભારતવર્ષીય એક તીર્થ.

વિમલોદકા. સરસ્વતી નદીના સાત પ્રવાહોમાંનો એક પ્રવાહ. (ભા૨૦ શ૦ ૩૯–૪).

વિમુખ. એક બ્રહ્મર્ષિ.

અગસ્ત્યોઽત્રિશ્ચ ભગવાન્સુમુખો વિમુખસ્તથા ॥
(વા૦ ૨૦ ઉ૦ સ૦ ૧).

વિમોચન. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

વિયતિ. સોમવંશી નહુષ રાજાના છ પુત્રોમાંનો પાંચમો.

વિરજ. ઋષભદેવ વંશના ત્વષ્ટા નામના રાજાને વિરોચનાથી થએલો પુત્ર. આને વિષુચી નામની સ્ત્રી હતી, અને સો પુત્રો હતા જેમાં શતજિત્ સહુથી મોટો ને એક કન્યા હતી.

વિરજ (૨). સ્વાયંભૂવ મન્વન્તરમાંના મરીચિ ઋષિના પુત્ર પૂર્ણિમાના બે પુત્રોમાંનો મોટો.

વિરજ (૩). ચાક્ષુષ મન્વન્તરમાંના સપ્તર્ષિઓમાંનો એક ઋષિ.

વિરજ (૪). આઠમા સાવર્ણિ મન્વન્તરમાં થનારા દેવોમાંના એક પ્રકારના દેવ.

વિરજ (૫). ભારતવર્ષીય તીર્થ.

વિરજસ્ક. આઠમા સાવર્ણિ મનુના થનારા પુત્રોમાંનો એક.

વિરજા. વારુણિ કવિના સાત પુત્રોમાંનો છઠ્ઠો.

વિરજા (૨). સુસ્વધા નામના પિતરની કન્યા, અને નહુષ રાજાની સ્ત્રી. (નહુષ શબ્દ જુઓ)

વિરજા (૩). સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫–૧૪, ઉ૦ ૧૦૩–૧૬).

વિરજા (૪). ક્ષત્રિય ધૃતરાષ્ટ્રનો સોમાંનો એક પુત્ર. એને ભીમે માર્યો હતો. (ભા૨૦ આ૦ ૧૩૧–૧૪, દ્રો૦ ૧૫૮–૧૭–૧૮).

વિરજાતીર્થ. એક તીર્થ વિશેષ.(ભા૨૦ વન૦ અ૦ ૮૩).

વિરજાત્રિત્ર. સ્વાયંભુવ મન્વન્તરમાંના વસિષ્ઠ ઋષિના સાત પુત્રોમાંનો ત્રીજો.

વિરાજ. એક રાજા, અવિક્ષિત્રિનો પુત્ર. (ભા૨૦ આ૦ ૧૦૧–૪૦).

વિરાજ (૨). સોમવંશી ધૃતરાષ્ટ્રનો પુત્ર. ભીમને હાથે મરાયલો. (ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૬૬–૨૭).

વિરાટ. વિરાટ પુરુષ જે ઇશ્વર તે.

વિરાટ (૨). સ્વાયંભુ મનનું પણ આ નામ છે.

સ્વાયંભુવ ઇતિ ખ્યાતઃ સ વિરાડિતિ નઃ શ્રુતમ્।
તદ્રૂપગુણસામાન્યાદધિપૂરુષ ઉચ્યતે ॥૪૫॥
(મત્સ્ય૦ પુ૦ અ૦ ૩).

વિરાટ (૩). પૂર્વ મત્સ્ય દેશનો રાજા. અજ્ઞાતવાસને માટે પાંડવો આના દેશમાં રહ્યા હતા, અને તેમણે પોતાનાં નામ અને રૂપ પણ બદલી નાંખ્યાં હતાં. પાંડવો તે પાંચ પુરુષ અને છઠ્ઠી દ્રૌપદી એમ જ જો અહીં રહ્યાં હોત તો તરત ઓળખાઇ જાત. પરંતુ ચાર પુરુષ, એક નટ અને એક સ્ત્રી એમ હોવાથી આને એ પાંડવો હશે એવો ખ્યાલ ધરાધરી આવ્યો નહિ. આ વિરાટને ૧ શતાનીક, ૨ મદિરાક્ષ, (મદિરાશ્વ), ૩ સૂટદિત્ત, ૪ શ્રુતાનિક, ૫ શ્રુતધ્વજ, ૬ બલાનીક; ૭ જ્યાનીક, ૮ જ્યોશ્વ, ૯ રથવાદન, ૧૦ ચંદ્રોદય અને સમરથ એમ અગિયાર ભાઇઓ હતા. (ભા૨૦ વિ૦ ૩૩–૧૯–૨૧). એની પહેલી સ્ત્રીનું નામ સુરથા હતું. એને પેટે શ્વેત અને શંખ એમ બે પુત્ર થયા હતા. (વિ૦ ૨૧–૧૭). કેકય રાજાની કન્યા સુદેષ્ણા આની બીજી સ્ત્રી હતી. સુદેષ્ણાનો ભાઇ મહાબલાઢ્ય કીચક નામનો કૈકેય તેના ભાઇઓ સહિત આનો સેનાપતિ હતો. વિરાટને સુદેષ્ણાને પેટે ઉત્તરકુમાર અને બીજા પુત્રો અને ઉત્તરા નામની એક જ કન્યા હતી. ઉત્તરકુમારનું બીજું નામ ભૂમિંજય હતું.(વિ૦ ૨૧–૧૮).

આનો સાળો કીચક વલ્લવને હાથે મરાયો એવી ખબર પડતાં, અહિં પાંડવો હોવા જોઇએ એવો દુર્યોધનને ખ્યાલ આવ્યો. કારણકે કીચક કાંઇ સામાન્ય નહિ પણ મહાબળવાન હતો. તેની જ હુંફે વિરાટ અન્વિત હતો. આ તર્ક ઉપરથી દુર્યોધને સુશર્મા નામના ત્રિગર્તાધિપતિને મત્સ્ય દેશની દક્ષિણ તરફ મોકલી, આના ગોધનનું હરણ કરાવડાવ્યું. સુશર્મા સાથે વિરાટ યુદ્ધે ગયો ત્યારે તેણે કંકને (યુધિષ્ઠિરને) સાથે લીધો અને તેની જ સૂચના ઉપરથી વલ્લવ (ભીમસેન), ગ્રંથિક (નકુલ) અને તંતિપાળ (સહદેવ)ને પણ સાથે ચાલવાની આજ્ઞા કરી. આ ઉપરાંત વિરાટના સઘળા ભાઇઓ અને ઉત્તર શિવાય બીજા પુત્રો પણ તેની સાથે હતા. (ભા૨૦ વિરાટ૦ અ૦ ૩૩).

આમ મોટું સૈન્ય લઇ વિરાટ રાજા સુશર્મા પર ચડ્યો, અને બે વચ્ચે જબરું યુદ્ધ મચ્યું; તેમાં એવું બન્યું કે સુશર્માએ વિરાટને પકડ્યો અને રથે બાંધી હસ્તિનાપુર તરફ ચાલવા માંડ્યું. આ કંકે જોયું એટલે તેણે વલ્લવાદિકને સૂચના કરી કે આપણે સાથે હોવા છતાં વિરાટની આ દશા થાય તે યોગ્ય નહિ માટે દોડો ને તેને છોડાવી લાવો. આ સાંભળી વલ્લવ વિગેરે સુશર્માની પાછળ પડ્યા અને તેની સાથે ઘોર સંગ્રામ કરી તેને બાંધી રથમાં નાંખ્યો અને વિરાટને છોડી કંક સમીપ આણ્યો. પછી કંકે ગોધન પાછું વાળ્યું અને વિરાટ પણ મુક્ત થઇ પાછો આવેલો જોઇ તેણે વલ્લવ પાસેથી સુશર્માને છોડાવડાવ્યો. વિરાટ રાજા, પોતાને બંધનમાંથી છોડાવ્યો માટે આનો ઉપકાર માની ઘેર પાછો આવ્યો અને કંકનો ઘણો જ સત્કાર કર્યો.
(ભા૨૦ વિરાટ૦ અ૦ ૩૫–૩૬). કુમ્ભ.

પછી વિરાટ સ્વસ્થ થયો, એટલામાં ઉત્તર તરફથી વિજયી થઇ ઉત્તરકુમાર પણ ત્યાં આવી પહોંચ્યો. ઉત્તરકુમારના જયને લઇને આનંદ પામેલા વિરાટે જયઘોષ કરાવ્યો અને બહુ મોટો ઉત્સવ કર્યો. એવામાં એકદા પાસા રમતાં રમતાં વિરાટ ઉત્તરકુમારના જયથી ફુલાતો હતો તેને યુધિષ્ઠિરે કહ્યું કે જેના રથનો સારથી બૃહન્નટા જેવો હોય તે જીતે જ એમાં શું આશ્ચર્ય ! મતલબ કે સારથિને લીધે ઉત્તરકુમાર જીત્યો છે. આથી ગુસ્સે થઇ વિરાટે તેમને નાક ઉપર પાસાનો ઘા કર્યો હતો; અને તેથી લોહી નિકળ્યું હતું. પતિને આમ લોહી વહેતું જોઈ ક્રોધ અને દિલગીરી ભરેલી દ્રૌપદીએ લોહી પોતાના સુંદર વસ્ત્રમાં ઝીલી લીધું. (વિ૦ ૭૦–૩૦). પછી થોડા જ સમયમાં પાંડવો પ્રગટ થતાં આશ્ચર્ય પામી તેમના ઉપકારને લીધે નમ્ર ભાવે તેણે ઉત્તરાનું અર્જુન પાણિગ્રહણ કરે એવો આગ્રહ કર્યો, પણ અર્જુને તે માન્ય ન રાખવાથી ઉત્તરા અભિમન્યુને પરણાવી.

ભારતના યુદ્ધમાં વિરાટ, ભાઇઓ અને પુત્રો સહિત પાંડવ પક્ષે હતો. અને જયદ્રથના મરાયા પછી રાત્રિયુદ્ધ શરૂ થયું તેમાં દ્રોણાચાર્યને હાથે મરાયો.

ततो द्रोणः सुपीताभ्यां भल्लाभ्यामरिमर्दनः ।
द्रुपदं च विराटं च प्रेषयामास मृत्यवे ॥૪૨॥

વિરાટ (૪). વિરાટ દેશ મત્સ્ય દેશ તે જ.(ભા૦ દ્રોણ૦ અ૦ ૧૮૭). કુમ્ભ.

વિરાડ્ય. એક બ્રહ્મર્ષિ. (૩. અંગિરા શબ્દ જુઓ).

વિરાધ. ચિત્રકૂટ પર્વત મૂકીને ઋષિયોના અનેક આશ્રમો જોતાં જોતાં લક્ષ્મણ અને સીતા સહિત રામે દંડકારણ્યમાં પ્રવેશ કર્યો. તેમાં કૌંચાવટ નામના વનમાં તેમને આ રાક્ષસ વિરાધનો ભેટો થયો. એણે આ ત્રણ જણને જોતાં જ લાગલી સીતાને ઉચકી લીધી. સીતાને લઇને થોડે દૂર જઈ ઉભો રહી એણે રામને પૂછ્યું. તમે કોણ છો ? આ વનમાં સ્ત્રી સહિત કેમ ફરો છો ? એક ભાર્યા સાથે બે જણ! રામે કહ્યું અયોધ્યાના રાજા દશરથનો હું જ્યેષ્ટ પુત્ર છું અને

મારૂં નામ રામ છે. આ જોડે છે એ મારો ભાઇ લક્ષ્મણ છે. અને જનકરાજાની કુમારી આ સીતા, તે મારી સ્ત્રી છે. અમારા પિતાની આજ્ઞાનુસાર તમારા જેવાને શિક્ષા કરવા સારુ આ ઘોર વનમાં આવ્યા છીએ. આમ કહીને રામે એને પૂછયું કે તું કોણ છે તે કહે. તે ઉપરથી વિરાધ બોલ્યો કે હું જવ નામના રાક્ષસનો અને મારી માતા,–તેની ભાર્યા, શતહૃદાનો પુત્ર વિરાધ નામે પ્રસિદ્ધ છું. મારા વનમાં કોઇ પણ કાળે કોઇ પણ મનુષ્યે આવવાનું નથી છતાં તમે અહીં નિર્ભય આવ્યાં છો, તો મારે તમને એટલું જ કહેવાનું છે કે હવે તમને આ સ્ત્રી પાછી મળવાની નથી. હું માત્ર તમને બન્ને ભાઇઓને છોડી દઉં છું. માટે જો જીવવાની લાલસા હોય તો અહીંથી સત્વર જતા રહો.

રામે કહ્યું અલ્યા, તેં આજ સુધી તાપસોને બહુ દુઃખ દીધું છે. તેં અનેક ઋષિયોને મારી ખાધા છે, માટે તને શિક્ષા કરવી જ યોગ્ય છે. આમ કહીને રામ અને લક્ષ્મણે એના ઉપર બે એવાં તીવ્ર બાણ ફેંકયાં કે એ મરણ પામીને તત્કાળ ભૂમિ પર પડયો. પડતાં વાંત જ એના શરીરમાંથી એક દિવ્ય પુરુષ નીકળ્યો. એણે સ્તવન કરીને રામને કહ્યું કે હું પૂર્વે તુંબુરુ, નામે ગંધર્વ હોઇ વૈશ્રવણના શાપને યોગે આ યોનિને પ્રાપ્ત થયો હતો. એમાંથી તમે મારો ઉદ્ધાર કર્યો, હવે મને મારા લોકમાં જવાની આજ્ઞા આપો. આમ કહી એણે રામને શરભંગ ઋષિના આશ્રમનો રસ્તો બતાવ્યો, અને પોતે ગંધર્વ લોક પ્રત્યે ગમન કર્યું. (વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૨–૪).

વિરાવી, સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક. (ભા૨૦ આ૦ ૬૮–૭૦૪).

વિરિંચ. બ્રહ્મા.

વિરિંચ. (૨) શિવ.

વિરિંચન. બ્રહ્મા.

વિરિંચિ. બ્રહ્મદેવ.

વિરુદ્ધ. બ્રહ્મસાવર્ણિ મન્વંતરમાં થનારો દેવ વિશેષ.

વિરૂપ. રુદ્રગણ વિશેષ.

વિરૂપ (૨). વરુણ લોકમાંનો એક અસુર વિશેષ.

વિરૂપ (૩). વારુણિ અંગિરા ઋષિના આઠમાંનો છઠ્ઠો પુત્ર, એક ઋષિ (ભા૨૦ અનુ૦ ૧૩૨–૪૨).

વિરૂપ (૪). સૂર્યવંશી નભગ કુલોત્પન્ન અમ્બરીષ રાજાના ત્રણમાંનો એક પુત્ર. એના પુત્રનું નામ બૃહદશ્વ.

વિરૂપ (૫). કૃષ્ણનો એક પૌત્ર.

વિરૂપ (૬). વિકૃત નામના બ્રાહ્મણની સાથે વાદ કરનાર બ્રાહ્મણ–જંપકોપાખ્યાન. (ભા૨૦ શાં૦ ૧૯૭–૯૪).

વિરૂપાક્ષ. એક રુદ્ર. ભારતમાં અગીઆર રુદ્ર કહ્યા છે તેમાં આ કિયો તેનો નિર્ણય થઇ શકતો નથી.

વિરૂપાક્ષ (૨). શંકર ભગવાનનું એક નામ.

વિરૂપાક્ષ (૩). એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

વિરૂપાક્ષ (૪). મહિષાસુરના મંત્રિયો માંહેનો એક અસુર. (દેવી ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧૧).

વિરૂપાક્ષ (૫). અશોક વાટિકા ઉજાડતી વખત રાવણે મોકલેલા પાંચ સેનાપતિમાંનો એક. એ તેમ જ બાકીના ચારે મારુતીને હાથે મરણ પામ્યા હતા. (વા૦ રા૦ સુંદર૦ સ–૪૬).

વિરૂપાક્ષ (૬). દનુપુત્ર, દાનવ. (ભા૨૦ આ૦ ૬૬–૨૫).

વિરૂપાક્ષ. (૭) એક રાક્ષસ. (ભા૨૦ વ૦ ૨૮૬– ૯).

વિરૂપાક્ષ (૮). ઘટોત્કચનો સારથિ. (ભા૨૦ દ્રો૦ ૧૭૬–૧૮).

વિરૂપાક્ષ (૯). યુદ્ધમાં લક્ષ્મણે મારેલો એક રાક્ષસ. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩).

વિરૂપાક્ષ (૧૦). યુદ્ધમાં સુગ્રીવે મારેલો સુમાલી રાક્ષસનો અમાત્ય. (વા૦ રા૦ યુ૦ સ૦ ૯૭).

વિરોચન. સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. (ભા૨૦ આ૦ ૨૦૧–૨).

વિરોચન (૨). પ્રલ્હાદ દૈત્યના પુત્રોમાંનો એક, અને બલિ દૈત્યનો પિતા. (ભા૨૦ આ૦ ૬૬–૩૯).

એ એક વખત બ્રહ્માત્મ વસ્તુ તે શું એ પુછવાને સત્ય લોકમાં બ્રહ્મા પાસે ગયો હતો. તે વખત હાલતા ઇન્દ્ર પુરંદરની ભેટ થઈ. એના મનમાં બ્રહ્મદેવને જે પ્રશ્ન પુછવાનું હતું તેવો જ પ્રશ્ન ઇન્દ્રે પણ પુછયો. બ્રહ્મદેવે બન્નેને સરખો જ ઉપદેશ કરીને કહ્યું કે હવે તમે જાતે વિચાર કરો. પછી બન્ને પોતપોતાને સ્થાને પાછા ગયા. ઇન્દ્ર વિચાર કરીને કૃતાર્થ થયો. પણ વિરોચને એમ વિચાર ન કરતાં મનસ્વી વિચાર કરી સિદ્ધાંત બાંધ્યો કે:–

દેહ એ જ આત્મા છે, અને અસ્થિ માંસાદિથી બનેલા આ દેહ સઘળાંનાં સરખા જ છે. માટે બ્રાહ્મણોને શ્રેષ્ટ ગણવાનું કાંઇ કારણ ન હોતાં શ્રેષ્ટ ગણવા એ યોગ્ય નથી. વળી પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર છે. તેમાં બ્રાહ્મણોએ માનેલો મોક્ષ પુરુષાર્થ શ્રેષ્ટ છે એ યોગ્ય નથી. મારી બુદ્ધિ પ્રમાણે કામ પુરુષાર્થ જ શ્રેષ્ઠ છે. વિચાર કરીએ છીએ તો પાપનું ફળ દુઃખ અને પુણ્યનું ફળ સુખ એ સર્વ માન્ય છે. માટે જપ, તપ, દેવાર્ચન, પ્રાતઃસ્નાન વગેરે ભવિષ્યના સુખની ઇચ્છાથી કરે છે તે ભલે કરે; પણ પ્રસ્તુત તો આ સાધવાને બહાને એ બધું પાપનાં ફળ ભોગવવા જેવું છે એમ માનવું જોઇએ. સારાંશ કે બિકણ બ્રાહ્મણોના માર્ગને વિચારવાન પુરુષોએ કદી અનુસરવો નહિ અને એમાં વિશ્વાસ રાખવો નહિ. આવો સિદ્ધાંત બાંધી એણે પોતાના અનુયાયીઓ દૈત્યોને એ મતમાં ભેળવ્યા. એણે કેટલાક મનુષ્યોને પણ એ જ મતાવલંબી બનાવી એમની બુદ્ધિમાં મોહ ઉત્પન્ન કર્યો. આવાં લક્ષણથી વિરોચન અધોગતિ પામ્યો. એનો પુત્ર બલિ એના સિદ્ધાંતનો અનુયાયી ન હતો.

કેશિનીના સ્વયંવર કાળે વિરોચનને સુધન્વા નામના બ્રાહ્મણની સાથે બ્રાહ્મણ અને ક્ષત્રિય બન્નેમાં શ્રેષ્ટ કોણ એ પરત્વે વિવાદ થયો હતો. (ભા૨૦ સ૦ ૯૦–૬૭ અને ભા૨૦ ઉ૦ ૩૫–૫૧૧).

વિરોચના. ઋષભદેવ વંશના ભૌવન રાજાના પુત્ર ત્વષ્ટાની સ્ત્રી, અને વિરજ રાજાની માતા (ભાગ૦ પંચમ સ્કં૦ અ૦ ૧૫).

વિરોહણ. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭–૬).

વિલોમા. સોમવંશી યદુકુળોત્પન્ન સાત્વતના પુત્ર અંધક રાજાના પ્રપૌત્ર કુકુર રાજાનો પૌત્ર, અને વન્હિ રાજાનો પુત્ર, એના પુત્રનું નામ કપોતરોમા.

વિવર્ધન. એક ક્ષત્રિય વિશેષ. (ભા૨૦ સ૦ ૪–૨૭).

વિવસ્વાન. બાર આદિત્યોમાંનો એક આદિત્ય. એને સંજ્ઞા, રાજ્ઞી અને પ્રભા એ નામની ત્રણ સ્ત્રીઓ હતી. સંજ્ઞા ચાલુ મન્વંતરના વિશ્વકર્મા ત્વષ્ટાની દિકરી થતી હતી. તેથી એને ત્વાષ્ટ્રી નામ પણ હતું. વિવસ્વાનથી સંજ્ઞાને શ્રાદ્ધદેવ (વૈવસ્વતમનુ), યમ અને યમુના એમ ત્રણ ફરજન થયાં હતાં. પછી સંજ્ઞાથી વિવસ્વાનનું તેજ સહન થયું નહિ તેથી પોતે ઘોડીનું રૂપ ધારણ કરીને વેગળી રહી અને વિવસ્વાન પાસે છાયારૂપ મોકલ્યું. કેટલેક કાળે છાયાને સાવર્ણિ, શનિ અને તપતી એમ ત્રણ અપત્ય જન્મ્યાં. એક વખત એમ બન્યું કે યમે કાંઇ સહજ અપરાધ કર્યો, તે ઉપરથી છાયાએ યમને વેઠાય નહિ એવો શાપ આપ્યો. એ સાંભળીને યમના મનમાં આવ્યું કે આ મારી માતા હોઇ ન શકે. કાંકે મા હોય તો પોતાના સંતાનને આવો શાપ આપે નહિ. મનમાં આમ સંશય ઉપજવાથી એણે આ શાપની વાત પોતાના પિતાને કહી. વિવસ્વાને જ્ઞાન દૃષ્ટિથી જોતાં ખરી વાત જાણી. ત્યારથી એણે સંજ્ઞાની શોધ કરવા માંડી. અને તે જડતાં પોતે ઘોડાનું રુપ ધારણ કરીને એને ભટયો, ત્યારે સંજ્ઞાએ એને ઓળખ્યો. તે ઉપરથી બન્નેનો સમાગમ થયો અને વડવા રુપ સંજ્ઞાને અશ્વિની-

કુમાર નામના બે પુત્રો થયા. પછી સંજ્ઞાને લઇ એ પોતાના લોકમાં આવ્યો.

વિવસ્વાનની સંતતી પૈકી શ્રાદ્ધ દેવ મનુ થયો. પ્રસ્તુત એનો જ મન્વંતર ચાલે છે. યમ દક્ષિણ દિશાનો દિગ્પાળ થયો. યમુના તે યમુના નદીની અધિષ્ઠાત્રી દેવી થઇ. ચાલુ મન્વંતર પૂરો થયા પછી સાવર્ણિ પોતે મનુ થઇ એનો મન્વંતર ચાલશે. શનિ, શનિ મંડળનો અધિપતિ થયો, અને તપતી સોમવંશી પૂરુકુળમાં ઉત્પન્ન થએલા ઋક્ષ નામના રાજાના પુત્ર સંવરણને પરણી. અશ્વિનીકુમારો દેવના વૈદ્ય બન્યા.

વિવસ્વાન પ્રતિ ભાદ્રપદ માસમાં સૂર્ય મંડળાધિપતિ થાય છે, છતાં સર્વ કાળ પ્રાધાન્ય એનું જ ગણાય છે.

ચાલુ વૈવસ્વત મન્વંતરમાં બ્રહ્મદેવે મરીચી આદિ ઋષિયો ઉત્પન્ન કર્યા. મરીચીથી કશ્યપ અને કશ્યપથી બાર આદિત્ય થયા.

વિવસ્વાન (૨). ચાક્ષુષ્ મન્વંતરમાં થઇ ગએલા સપ્ત ઋષિયોમાંનો એક.

વિવસ્વાન (૩). ગરુડે મારેલો એ નામનો એક અસુર.

વિવાજી. ઇલ્વળ અસુરના રથના ઘોડા. (ભાર૦ વ૦ ૯૭–૨૨).

વિવિક્ત. પ્રિયવ્રત રાજાના પુત્ર હિરણ્યરેતાના સાત પુત્રોમાંનો છઠ્ઠો પુત્ર.

વિવિક્ત (૨). ઉપર કહેલા વિવિકતનો દેશ–કુશ દ્વીપના સાતમાંનો છઠ્ઠો દેશ.

વિવિત્સુ. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક. (ભાર૦ આ૦૬૮–૯૬, ૧૩૧–૫ ભીમસેને આને માર્યો હતો. (ભાર૦ ભી૦ ૮૮–૨૬, ૬૦–૪૬–૧૨).

વિવિશ. સૂર્યવંશી વિંશનો પુત્ર. એના પુત્રનું નામ ખનીનેત્ર. (ભાર૦અશ્વ૦ ૪–૫).

વિવિન્ધ્ય. સોલ્વપક્ષનો અસુર વિશેષ. ચારુદેષ્ણે આને માર્યો હતો. (ભાર૦ વ૦ ૧૬–૨૬).

વિવિશતિ. સોમવંશી ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર. (ભાર૦આ૦ ૬૮–૯૪, વિ૦ ૩૭–૩). ભીમસેને માર્યો હતો. (ભાર૦ ક૦ ૨–૯, સ્ત્રી૦ ૧૪–૧૪).

વિવિશતિ (૨). સૂર્યવંશી દિષ્ટકુળોત્પન્ન ચાક્ષુષ રાજાનો પુત્ર. એનો પુત્ર રંભ રાજા.

વિશદ. સોમવંશી પૂરુકુલોત્પન્ન હસ્તિ રાજાના વંશના અજમીઢના પુત્ર વૃહદિષુના વંશના જયદ્રથ રાજાનો પુત્ર. એનો પુત્ર સેનજિત્ રાજા.

વિશલ્યકરિણી. નર્મદાને મળનારી નાની નદી વિશેષ.

વિશલ્યા. ભારતવર્ષીય મહાનદી વિશેષ. (ભાર૦ વ૦ ૮૨–૧૧૪, સ૦ ૯–૨૪).

વિશક્ષન. જે માણસ દાંભિકપણાથી યજ્ઞ કરે છે તેને પ્રાપ્ત થનારું નરક.

વિશાખ. કાર્તિકેયનું નામાન્તર હોય એમ જણાય છે. (ભાર૦ વ૦ ૨૨૮).

વિશાખ (૨). એક ઋષિ વિશેષ.

વિશાખયુપ. યામુનગિરિ ઉપર એક તીર્થ વિશેષ. આ સ્થળે પાંડવો વનવાસ સમયે કેટલાક દિવસ સુધી રહ્યા હતા. (ભાર૦વં૦ ૧૭૯–૧૬, શાં૦ ૧૨–૩).

વિશાખા. સોમની સ્ત્રીઓ પૈકીની એક.

વિશાખા (૨). નક્ષત્ર વિશેષ.

વિશાલ. સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન તૃણબિંદુ રાજાને અલંબુષા અપ્સરાની કુખે થએલા ત્રણ પુત્રોમાંનો મોટો પુત્ર. એણે પોતાના નામ ઉપરથી વિશાલા નામે નગરી સ્થાપી હતી. એને હેમચંદ્ર નામે પુત્ર હતો. (ભાર૦સ૦ ૬૮–૨૧).

વિશાલ (૨). લંકાનો એક રાક્ષસ વિશેષ. (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬).

વિશાલ (૩). કૃષ્ણ બલરામનો ગોકુલમાંનો એક સખા–મિત્ર.

વિશાલકર્ણ. એ નામનો એક કિન્નર.

વિશાળા. વિશાળ રાજાએ પોતાને નામે વસાવેલી નગરી. એ જગાએ પૂર્વે કુશપ્લવ વન હતું. દાશરથી રામ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષાને સારુ ગયા તે કાળે આ નગરીમાં દિષ્ટ કુળનો સુમતિ નામનો રાજા રાજ્ય કરતો હતો.

વિશાળા (૨). બદરિકાશ્રમનું જ નામ (ભાગ૦ પસ્કં. ૪ અ૦ ગદ્ય. ૫).

વિશાળા (૩). બગડાની સંજ્ઞાવાળા હિમાલયમાંથી નિકળેલી નદી વિશેષ.

વિશાળા (૪). સરસ્વતી નદીના સપ્ત પ્રવાહોમાંનો એક પ્રવાહ.

વિશાલાક્ષ. શિવનો એક પાર્ષદ.

વિશાલાક્ષ (૨). પૂર્વ મત્સ્યદેશાધિપતિ વિરાટ રાજાના ભાઇઓમાંનો એક. કીચકના મૃત્યુ પછી આ સેનાપતિ થયો હતો. (ભાર૦ વિ૦ ૩૨).

વિશાલાક્ષ (૩). ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક પુત્ર. (ભાર૦ આ૦ ૩૮–૧૦૧). ભીમસેને એને મારી નાંખ્યો હતો. (૮૮–૨૬).

વિશાલાક્ષ (૪). યુધિષ્ટિરના રાજસૂય યજ્ઞમાં આવેલો એક રાજા. વસુદેવે સ્યમંતપંચક ક્ષેત્રમાં યજ્ઞ કર્યો તે વખત પણ સહાય કરવામાં હતો. (ભાગ૦ ૧૦ સ્કં.૦ અ૦ ૨૮).

વિશાલાક્ષ (૫). ગરુડનો પુત્ર. (ભાર૦ ઉ૦ ૧૦૧–૯).

વિશાલાક્ષી. વારાણસી ક્ષેત્રમાં આવેલી સતીની વિભૂતિ વિશેષ.

વિશુણ્ડિ. સર્પ વિશેષ. (ભાર૦ ઉ૦ ૧૦૩–૧૬).

વિશોક. કર્ણે મારેલો પાંડવ પક્ષના કેકય રાજાનો પુત્ર.

વિશોક (૨). ભીમસેનનો સારથિ. (ભાર૦ સ૦ ૩૬–૩૦) એનું બીજું નામ અશોક હતું. શ્રી કૃષ્ણથી ત્રિવક્રાને પેટે જન્મેલો હતો (ભાગ૦ ૧૦–૧૦૩). રક્ષક્ષેત્ર ઉપર એનો અને ભીમસેનનો સંવાદ થયો હતો. (ભાર૦ ક૦૮૦)

વિશોક (૩). લોહિત્ય નદીને કિનારે આવેલું અરણ્ય વિશેષ.

વિશ્રવા. રાવણાદિનો પિતા એક ઋષિ. (ભાર૦ વ૦ ૨૭૫–૧૪). સ્વાયંભુવ મન્વન્તરમાંના બ્રહ્મપુત્ર પુલત્સ્ય ઋષિથી કર્દમ પ્રજાપતિની હવિર્ભુવા નામની કન્યાને થએલા બેમાંનો નાનો પુત્ર. એની સ્ત્રીનું નામ મળી આવતું નથી. પરંતુ એને વૈશ્રવણ એવા બીજા નામવાળો સોમ નામે પુત્ર હતો. એનું કુબેર એવું નામ પણ મળી આવે છે અને એ ઉત્તર દિગ્પાળ હતો. (૧ વૈશ્રવણ શબ્દ જુઓ).

વિશ્રવા (૨). વૈવસ્વત મન્વંતરમાંના બ્રહ્મપુત્ર પુલત્સ્ય ઋષિને તૃણબિંદુ રાજર્ષિની ગૌ નામની કન્યાને પેટે થએલો પુત્ર. ભરદ્વાજ ઋષિની કન્યા **દેવવર્ણિની** આ વિશ્રવા ઋષિની પ્રથમવારની સ્ત્રી થાય. એની કૂખે થએલા એમના પુત્રનું નામ પણ વૈશ્રવણ જ હતું. (૨ વૈશ્રવણ શબ્દ જુઓ). વિશ્રવા ઋષિને વળી **કૈકસી** નામની સ્ત્રી હતી. એ રાવણ, કુંભકર્ણ, શૂર્પણખા અને વિભીષણ એની માતા થાય. આ શિવાય આ વિશ્રવાને બીજી **પુષ્પોત્કટા, રાકા** અને **બલાકા** નામે ત્રણ સ્ત્રીઓ હતી. પુષ્પોત્કટા મહોદર, મહાપાર્શ્વ, પ્રહસ્ત, અને કુંભીનસીની મા થાય; રાકાની કૂખે ખર રાક્ષસ જન્મ્યો હતો; અને બલાકા તે ત્રિશિરા, દૂષણ, અને વિદ્યુન્જીવ્હની મા હતી. છેલ્લી કહેલી આ ચાર સ્ત્રીઓ રાક્ષસોની કન્યા હતી. એને ઇડવિલા (ઇલવિલા) ને પેટે કુબેર નામે પુત્ર હતો. (ભાગ૦ ૯–૨).

વિશ્રુત. વિદેહવંશી દેવમીઢ જનકનો પુત્ર, એના પુત્રનું નામ મહાધૃતિ જનક હતું. આ વિશ્રુતનું વાલ્મીકિ રામાયણમાં વિબુધ એવું નામ કહ્યું છે.

વિશ્રુત (૨). નર્મદા સંબંધી તીર્થ વિશેષ.

વિશ્રુત (૩). વસુદેવાની કૂખે થએલા પુત્રોમાંનો એક.

વિશ્વ. એક ગંધર્વ વિશેષ. (૧ તપસ્ય શબ્દ જુઓ).

વિશ્વ (૨). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

વિશ્વ (૩). શ્રીમન્નારાયણ. (ભાર૦ ભી૦ ૬૫–૬૬).

વિશ્વ (૪). એકક્ષત્રિષ (ભાર૦આ૦ ૬૮–૩૬).

વિશ્વકર્મા. વૈવસ્વત મન્વન્તરમાંના પ્રભાસ નામના વસુનો પુત્ર. એ ચાલુ મન્વન્તરમાં દેવોનો શિલ્પી છે. (મત્સ્ય૦ અ૦ ૯૫). ત્વષ્ટા એવું એનું બીજુ નામ છે, (૪ ત્વષ્ટા શબ્દ જુઓ). પ્રલ્હાદની પુત્રી વિરોચના

એની સ્ત્રી થાય. બૃહસ્પતિની બ્હેન બ્રહ્મવાદિની યોગસિદ્ધા એની માતા થાય. (હરિ૦ ૬-૩), (વિષ્ણુ૦ ૧-૧૫). અને (વાયુ૦ ૮૪). સવિતાની ભાર્યા સંજ્ઞા એની પુત્રી થાય. એ સંજ્ઞા વડવારુપે અશ્વિનોની જનની થાય. સંજ્ઞાથી સવિતાનું તેજ સહન ન થઇ શકવાથી વિશ્વકર્માએ સવિતાને સરાણે ચડાવી છોલીને એનું તેજ ઓછું કર્યું હતું. વિરોચનાને પેટે થએલો દેવાચાર્ય ત્રિશિરા એનો પુત્ર. (**ત્રિશિરા શબ્દ જુઓ**). (વાયુ૦ ૮૪). એણે ઇંદ્રપ્રસ્થ નગરી નિર્માણ કરી હતી. સુંદ અને ઉપસુંદને મારવાના સાધન તરીકે તિલોત્તમા પણ એણે ઉત્પન્ન કરી હતી. (**આ૦ ૨૩૧-૧૨**). ત્રિપુરને મારવાને સમયે રુદ્રને એણે રથ બનાવી આપ્યો હતો. (ક૦ ૨૬). સૂર્યને સરાણે ચઢાવીને એનું એક અષ્ટમાંશ તેજ છોલી કાઢતાં જે કડકા પડ્યા તેમાંથી આણે વિષ્ણુનું ચક્ર, શિવનું ત્રિશૂળ, ધનપતિ કુબેરનું શસ્ત્ર, અને કાર્તિકેયનો ભાલો તેમ જ બીજા દેવોનાં હથિયારો બનાવી આપ્યાં હતાં. (ડાઉસન પા૦ ૩૬૪).

વિશ્વકર્મા (૨). સ્વાયંભુવ મન્વન્તરમાંનો એક પ્રજાપતિ. આણે પોતાની બર્હિષ્મતી નામની કન્યા સ્વાયંભૂ મનુના મોટા દિકરા પ્રિયવ્રત રાજાને દીધી હતી.

વિશ્વગ. સ્વાયંભુવ મન્વન્તરમાંના મરીચિ ઋષિના પુત્ર પૂર્ણિમાના બે પુત્રોમાંનો બીજો પુત્ર.

વિશ્વગ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન પૃથુરાજાનો પુત્ર. એને વિશ્વરંધિ અને વિશ્વરાશ્વ એવાં નામાન્તર હતાં. એને ઇંદુ નામનો પુત્ર હતો. એ પુત્રને પણ અંદ્ર અને આર્દ્ર એવાં નામાન્તરો હતાં.

વિશ્વજિત. તારાને પેટે બૃહસ્પતિથી થએલા છ પુત્રોમાંનો ત્રીજો પુત્ર. એની ગણના અગ્નિમાં થાય છે. (**ભા૨૦ વ૦ ૨૨૧-૨૪**).

વિશ્વજિત (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન કુરુપુત્ર સુધનુના વંશના જરાસંધ રાજાના કુળમાં જન્મેલા સત્યજિત રાજાનો પુત્ર. એને પુરંજય અથવા રિપુંજય નામનો પુત્ર હતો. ચાક્ષુષ એના શુનક નામના પ્રધાને મારી ન૰ પોતાના પુત્ર પ્રદ્યોતને રાજા બનાવ્યો હતો (૩ **રિપુંજય શબ્દ જુઓ**).

વિશ્વધાર. પ્રિયવ્રત રાજાના પુત્ર મેધાતિથિના સાત પુત્રોમાંનો સાતમો.

વિશ્વધાર (૨). શાકદ્વીપ માંહેલા દેશોમાં સાતમો દેશ. વિશ્વધાર રાજાનો દેશ, તે જ.

વિશ્વપતિ. અગ્નિ વિશેષ. (**ભા૨૦વ૦ ૧૨૩-૧૭**).

વિશ્વપદ. ક્ષેત્ર વિશેષ.

વિશ્વભુક. બૃહસ્પતિનો તારાની કૂખે થયેલો ચોથો પુત્ર. એની ગણના અગ્નિમાં થાય છે. એને ગોપતિ એવું નામાન્તર હતું. (**ભા૨૦ વ૦ ૨૨૧-૨૫**).

વિશ્વમાલા. વિંધ્યાચળમાંથી નિકળેલી એક નદી.

વિશ્વરંધિ. બગડાની સંજ્ઞાવાળો વિશ્વગ તે જ.

વિશ્વરુપ. વરુણલોકમાંનો એક અસુર વિશેષ. (**ભા૨૦ સ૦ ૬-૧૮**).

વિશ્વરુપ (૨). ઋષભદેવના પુત્ર ભરતની પંચજની નામની સ્ત્રીનો પિતા.

વિશ્વરુપ (૩). પ્રહ્લાદની પુત્રી, વિરોચનની નાની બહેન રચનાને ત્વષ્ટાથી થએલો પુત્ર. (**ભા૨૦ ઉ૦ ૬-૪ વાયુ૦ ૮૪**). (**ભાગ૦ ૬ સ્કં૦ ૬**). એ દેવોનો પુરોહિત થયો હતો. (**ભાગ૦ ૬-૭**). ત્રણ ભાષ્યોમાં એ વચલો હતો. એને ત્રણ માથાં હતાં માટે એ ત્રિશિર્ષ અથવા ત્રિશિરા કહેવાતો. એ એક મુખે સોમપાન, એક મુખે સુરાપાન અને ત્રીજે મુખે વેદાધ્યયન કરતો. એણે ઘણા કાળ સુધી તપ કર્યું. તેથી ઇંદ્રને ભય લાગ્યો. આથી ઇંદ્રે એના તપમાં ભંગાણ પાડવા અપ્સરા મોકલી. અપ્સરાએ પોતાથી બને તેટલો પરિશ્રમ કરતાં પણ આ ચલાયમાન ન થયો. પરિણામે એનું તપ નિર્વિઘ્ન સમાપ્ત થયું અને એની કીર્તિ ઘણી વધી.

એક વખત એમ બન્યું કે બૃહસ્પતિ દેવલોકમાંથી કાંઇ ગયા હશે તે વખત ઇંદ્રે આને પુરોહિત તરીકે વર્યો, અને ભૂલોક

પર આવીને યજ્ઞ કરવાનો આરંભ કર્યો. તે વખત શી એ રીતે આણે ગુપ્તપણે દૈત્યોને હવિર્ભાગ આપવા માંડ્યો. એ મોટેથી મંત્ર બોલીને સ્વાહા કહીને દેવોને હવિર્ભાગ આપે અને ધીમેથી સ્વાહા કહીને મંત્ર ભણીને દૈત્યને હવિર્ભાગ આપે. દૈત્યની દિકરીનો દિકરો હોવાથી, દૈત્યોમાં એનું મોશાળ હોવાથી, એને દૈત્યો પ્રતિ પક્ષપાત હતો. આમ બનતાં બનતાં દૈત્યો દિન પ્રતિદિન બળવાન થવા લાગ્યા એમ ઇંદ્રને જણાયું. એમ થવાનું કારણ એણે શોધતાં જણાયું કે આ વિશ્વરુપના કપટથી દૈત્યોને હવિર્ભાગ મળે છે. આ જાણીને ઇંદ્રને ક્રોધ ઉપન્યો અને વિશ્વરુપ ઉપર અસ્ત્ર ફેંકતાં જ તે તત્કાળ મરણ પામ્યો. (મૂળમાં ઇંદ્રે વજ્ર નાંખ્યું એવા પાઠ છે. પરન્તુ તે કાળે વજ્ર ઉત્પન્ન જ થયું નહોતું, માટે અમે અસ્ત્ર શબ્દ યોજ્યો છે). વિશ્વરુપ મુઓ છતાં ઇંદ્રને ભય લાગતો હતો તેથી એણે એનાં ત્રણે માથાં કપાવીને દેહથી છૂટાં પાડ્યાં. વિશ્વકર્માએ આ માથાં છૂટાં પાડી આપ્યાં તેથી ઇંદ્રે વિશ્વકર્માને હવિર્ભાગ અપાવવા ચાલુ કર્યો.

મુમોચ વજ્રં સક્રુદ્ધ શક્ર ત્વિશિરસં પ્રતિ ॥૨૩॥
સ પપાત હતસ્તસ્ય વજ્રેણદૃઢમાહતઃ।
પર્વતસ્યેવ શિખરં પ્રણુન્નં મેદની તલે ॥૨૪॥
તં તુ વજ્રહતં દૃષ્ટ્વા શયાનમચલોપમમ્।
ન શર્મ લેભે દેવેન્દ્રો દીપીતસ્તસ્ય તેજસાઃ॥૨૫॥
હતોઽપિ દીપ્તતેજાઃ સર્જીવાન્નિવ હિ દૃશ્યતે।
ઘાતિતસ્ય શિરાંસ્યાજૌ જીવન્તીવાદ્ભૂતાનિ વૈ ॥૨૬॥

(**ભા૨૦ ઉ૦ ૧૦-૨૪-૨૬**).

ક્ષિપ્રં છિન્ધિ શિરાંસિ ત્વં કરિષ્યેઽનુગ્રહં તવ॥૩૮॥
શિરઃ પશોસ્તે દાસ્યન્તિ ભાગં યજ્ઞેષુ માનવાઃ
એષ તેઽનુગ્રહસ્તક્ષન્ક્ષિપ્રં કુરુ મમ પ્રિયમ્ ॥૩૯॥
એતચ્છ્રુત્વા તુ તક્ષા સ મહેન્દ્રવચનાત્તદા।
શિરાંસ્યથ ત્રિશિરસઃ કુઠારેણાચ્છિનત્તદા॥૪૦॥

(**ભા૨૦ ઉ૦ ૧૦-૩૮-૪૦**).

વિશ્વરુપા. કામધેનુની દુહિતા. (**ભા૨૦ ઉ૦ ૧૦૨-૬**).

વિશ્વસ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળનાં કુશાન્વયમાં જન્મેલા મહરવાન રાજાનો પુત્ર. એને પ્રસેનજિત નામે પુત્ર હતો.

વિશ્વસહ. ઇક્ષ્વાકુ કુળોત્પન્ન વૃહદ્ધર્મા રાજાનો પુત્ર. એનો પુત્ર તે ખટ્વાંગ રાજા.

વિશ્વસૃક્. સકળ વિશ્વને ઉત્પન્ન કરનાર બ્રહ્મદેવ.

વિશ્વસૃક્ (૨). સહસ્ર સંવત્સર સુધી યજ્ઞ કરનાર એક રાજર્ષિ. (**ભા૨૦ વ૦ અ૦ ૨૨**).

વિશ્વસૃટ (૩). બ્રહ્મસાવર્ણિ મન્વન્તર માંહલા વિષ્ણુના અવતારનો પિતા.

વિશ્વા. પ્રાચેતસ દક્ષે ધર્મ ઋષિને ભાર્યાર્થે આપેલી દશ કન્યામાંની એક. (**ભા૰૦ આ૦ ૬૬-૧૨**). એના પુત્રો તે વિશ્વેદેવો. (**મત્સ્ય૦ ૨૦૩**).

વિશ્વા (૨). ભારતવર્ષીય નદી વિશેષ.

વિશ્વાચી. એક અપ્સરા વિશેષ. (**ભા૨૦ સ૦ ૧૦-૧૨**). યયાતિએ એની સાથે રમણ કર્યું હતું. (**આ૦ ૭૬-૮**). પ્રધાની અપ્સરા કન્યાઓમાંની એક.

વિશ્વાત્મા. વિશ્વના આધારભૂત પરમાત્મા તે.

વિશ્વામિત્ર. સોમવંશી પૂરુરવાના પુત્ર વિજયના કુળના કુશ અથવા કુશિક રાજાના પ્રપૌત્ર કુશાંબુ રાજાનો પૌત્ર અને ગાધિ રાજાનો પુત્ર. આ ગાધિએ પોતાની કન્યા સત્યવતી ઋચિક ઋષિને આપી હતી.

પોતાની સ્ત્રીમાં ભૃગુ ઋષિના પ્રસાદે આને ઉત્પન્ન કરાવ્યો હતો. એનો જન્મ બ્રાહ્મણ કુળમાં સત્યવતીને પેટે થાત પણ સત્યવતીએ પોતાને બાવાને અભિમંત્રિત ચરુ પોતાની માતાને બાવા (**અનુ૦ ૭-૪૭, હરિ૦ ૧-૭, વાયુ૦ ૯૧, ભાગ૦ ૬-૧૬**). આપ્યો તેથી આનો જન્મ ક્ષત્રિય કુળમાં (સત્યવતીની માને પેટે) થયો. (ઋચિક ઋષિ શબ્દ જુઓ). તોપણ પૂર્વના તપના પ્રભાવે કરીને આને બ્રહ્મર્ષિપણું મળ્યું અને એ બ્રાહ્મણોમાં ભળ્યો. એ સંબંધે ઇતિહાસ એમ છે કે:—

ક્ષત્રિય હતો ત્યારે એનું નામ વિશ્વરથ

હતું. (હરિ૦ ૧-૨. વાયુ૦ ૯૭). એની સ્ત્રીનું નામ હૈમવતી હતું. એને શાન્નાવતી, દૃષ્ટવતી, રેણુ અને માધવી નામની બીજી સ્ત્રીઓ હતી. (હરિ૦ ૧-૨૭ વાયુ૦ ૯૧).

એક વખત વિશ્વામિત્ર રાજા કાંઇક સેના પોતાની જોડે લઇને અરણ્યમાં મૃગયા સારુ ગયો. (આ૦ ૧૯૧ રા૦ ૧-૫૬). રસ્તામાં વસિષ્ટ ઋષિનો આશ્રમ આવ્યો. ત્યાં એ વસિષ્ટ ઋષિનાં દર્શન કરવાં એવું મનમાં આણીને આશ્રમમાં ગયો. એણે વસિષ્ટ ઋષિનાં દર્શન કર્યાં. વસિષ્ટે એનો સત્કાર કરીને સેના સહિત જમવા સારુ રોકયો. વસિષ્ટે પોતાની કામધેનુના પ્રભાવથી બધાને મિષ્ટાન્ન ભોજન કરાવ્યું. આથી સંતોષ પામીને એણે પોતાને નગર જવું જોઇતું હતું પણ તેમ ન કરતાં એણે વસિષ્ટ પાસે તેની કામધેનુની માગણી કરી. વસિષ્ટે ન આપી એટલે બલાત્કારે તેને લઇ જવા માંડી. પણ તેમાં ન ફાવવાથી નિરુત્સાહી બની પોતાની નગરીમાં ગયો. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

આ પ્રમાણે હાર ખાઇને પોતાના નગરમાં આવ્યા પછી એણે પોતાના સો પુત્રો સહિત ઘણું લશ્કર જમાવ્યું અને તે લઇને વસિષ્ટ ઉપર ચઢી ગયો. તે પ્રસંગે વસિષ્ટના હુંકાર માત્રથી એના નવ્વાણું પુત્રો બળી ગયા. માત્ર એક જ ગમે તેમ ઉગર્યો. આથી વિશ્વામિત્રને પરમ દુઃખ થયું અને તે પોતાના નગર પ્રતિ પાછો આવ્યો. પછી પેલા ઉગરેલા પુત્રને ગાદી ઉપર બેસાડી પોતે હિમવાન પર્વત ઉપર જઇ ત્યાં ઘોર તપ કરવા માંડયું. તપના ફળ તરીકે અનેક શસ્ત્રાસ્ત્ર સંપાદન કરી વસિષ્ટના આશ્રમે પાછો આવ્યો અને વસિષ્ટ પર એની વૃષ્ટિ કરી. એ જોઇને વસિષ્ટ પોતાનો બ્રહ્મદંડ હાથમાં લઇને એના સામા આવ્યા અને વિશ્વામિત્રે જે જે શસ્ત્ર અને અસ્ત્રોની વૃષ્ટિ કરી એ બધાંનુ પોતે મોટું રૂપ ધારણ કરી ભક્ષણ કરી ગયા. તે દિવસથી વિશ્વામિત્રને બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરવાની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થઇ (વા૦ રા૦ બા૦ સ૦ ૫૫-૫૬)

વિશેષ તપ કરીને બ્રાહ્મણત્વ સંપાદન કરવાનો નિશ્ચય કરીને એ નિકળ્યો. એની સ્ત્રી પણ એની જોડે ગઇ, એણે ઘણા કાળ પર્યન્ત ઘોર તપ કર્યું. દેવોએ અનેક વિઘ્ન નાંખ્યાં છતાં યુકિત પ્રયુકિતથી બધામાંથી બચીને અનેક સહસ્ર વર્ષ સુધી તપ કરી છેવટે તપ પૂરું કર્યું. આથી પ્રસન્ન થઇ દેવોએ એને બ્રહ્મર્ષિ તરીકે સંબોધ્યો. (આ૦ ૧૯૧-૬૦; રા૦ ૪૧-૧૧). પણ એણે પ્રાર્થના કરી કે મને વસિષ્ટ બ્રહ્મર્ષિ કહે તો જ ખરું. દેવો કહે કાળાંતરે એમ પણ બનશે. (વા૦ રા૦ બા૦ સ૦ ૫૭).

પછી વિશ્વામિત્રે ગૃહસ્થાશ્રમ કર્યો. વિશ્વામિત્રને મધુચ્છંદ, દેવરાત (શુનઃશેપ) અક્ષીણ, શકુંત, ભક્ર, કાલપથ, યાજ્ઞવલ્કય, સ્થૂણ, મહાવ્રત, ઉલૂક, યમદૂત, સૈંધવાયન, વલ્ગુજંઘ, ગાલવ, વજ્ર, સાલંકાયન, લીલાઢય, નારદ, કૂર્ચામુખ, વાદુલિ, મુસલ, વક્ષોગ્રીવ, આંધ્રિક, નૈકદૃક્, શિલાયૂપ, શિત, શુચિ, ચક્રક, મારુતંતવ્ય, વાતઘ્ન, આશ્વલાયન, શ્યામાયન, ગાર્ગ, જાબાલિ, સુશ્રુત, કારીષિ, સંશ્રુત્ય, પર, પૌરવ, તંતુ, કપિલ, તાડકાયન, ઉપગહન, અસુરાયણ, માર્દમર્ષિ, હિરણ્યાક્ષ, જંગારિ, ભૂતિ, વિભૂતિ, સુત, સુકૃત, અરાલિ, નાચિક, ચાંપેય, ઉજ્જયન, નવતંતુ, બકનખ, સેયન, યતિ, અંભોરુહ, ચારુમત્સ્ય, શિરીષિ, ગાર્દભિ, ઊર્જયોનિ, ઉદાપેક્ષી, નારદિ, કતિ, પાણિન, સાલ્વકૃતિ, મુદ્ગલ અને દેવળ ઇ. ઇ. સો પુત્રો હતા. (અ૦ ૫-૫૦; ભા૦ ૯-૨૬; રા૦ ૧-૫૭ હરિ૦ ૧-૨૭-૩૨)

આ શિવાય વિશ્વામિત્રને માધવીને પેટે થએલો અષ્ટક નામે પુત્ર હતો. માધવી યયાતિ રાજાની કન્યા હતી અને જેણે શ્યામકર્ણ ઘોડા આપી તેને બદલે એક પુત્ર થાય ત્યાં સુધી વિશ્વામિત્રે તેને પોતાને ત્યાં રાખી હતી.

(ઉ૦ ૧૧૬-૧૫-૧૮). એમાં ગાલવ કરીને જે પુત્ર હતો એનું મૂળ નામ મળી આવતું નથી. ગાલવ નામ પડવાનું કારણ જાણવાને (૨. ગાલવ) શબ્દ જુઓ.

વિશ્વામિત્ર તપ કરવા ગયા હતા તે વખતે ગાલવ અને એની મા-વિશ્વામિત્રની સ્ત્રી એનું દુષ્કાળ વખતે પાલન પોષણ કરીને સત્યવ્રત રાજાએ એમને ઉગાર્યાં હતાં; એ ઉપકારનો બદલો વાળવા વિશ્વામિત્રે એના આચાર્ય થવાનું કબુલ્યું. સત્યવ્રત રાજાને સદેહીએ સ્વર્ગે જઇ ત્યાંનાં સુખ ભોગવવાની તીવ્ર ઇચ્છા થઇ હતી. એ સારુ આચાર્ય પદ સ્વીકારીને વિશ્વામિત્રે એ કાર્ય પાર ઉતાર્યું. પરન્તુ વસિષ્ટે એ કૃત્ય સારુ એનું ઉપહાસ કર્યું અને એને બ્રહ્મર્ષિ તરીકે સંબોધ્યો નહિ. (ત્રિશંકુ શબ્દ જુઓ).

સારાંશ એ કે વિશ્વામિત્ર જે જે કરે તે વસિષ્ટ અમાન્ય કરે અને એની બ્રહ્મર્ષિમાં ગણના જ કરે નહિ. આ ઉપરથી વિશ્વામિત્રને પણ વસિષ્ટ પર એટલો દ્વેષ થયો કે વસિષ્ટ જે જે કહે તેને ખોટું પાડવાને એ ઘણો જ પ્રયત્ન કરે. એક સમય વસિષ્ટે ઇંદ્રની સભામાં હરિશ્ચન્દ્રની સ્તુતિ કરી. આ વિશ્વામિત્રને રુચ્યું નહિ અને વસિષ્ટના કહેવા પ્રમાણે હરિશ્ચન્દ્ર સત્યવાદી નથી એમ ઠરાવવા, એને સત્યથી ચળાવવા એણે ઘણો જ પરિશ્રમ કર્યો. એટલું જ નહિ પણ છળ ધરાધરી કર્યું. પરન્તુ હરિશ્ચન્દ્ર સત્યથી ચળ્યો નહિ. (હરિશ્ચન્દ્ર શબ્દ જુઓ) (ભા૨૦ ૭૦ ૭૯-૩૭, દે૦ ભા૦ ૭ ૬-૧૮).

વસિષ્ટને મારી નાંખવા સારુ પોતાના આશ્રમ આગળ તેને ખેંચી લાવવાને આણે સરસ્વતી નદીને આજ્ઞા કરી હતી. સરસ્વતી બન્ને મહા તપસ્વીઓના શાપના ભયથી બ્હીતી બ્હીતી વસિષ્ટ પાસે ગઇ, અને એની અનુમતિથી તેને વિશ્વામિત્રના આશ્રમ તરફ વહેવડાવી ગઇ. પણ બ્રહ્મહત્યાના ભયથી પાછા ખેંચી ગઇ. આથી ક્રોધ કરી વિશ્વામિત્રે સરસ્વતીને તારું પાણી લોહી જેવું થાઓ એવો શાપ દીધો હતો. (ભા૨૦ રા૦ ૪૩-૩૯)

આમ થતાં થતાં એમ બન્યું કે કોઇ પણ ઠેકાણે વસિષ્ટની સન્નિધ કોઇ વિશ્વામિત્રની વાત કાઢે તો ત્યાં વસિષ્ટ ડોકું હલાવીને કહે કે વિશ્વામિત્ર તે વિશ્વામિત્ર જ. એના જેવો તપસ્વી કોઇ નથી. વળી હરિશ્ચન્દ્ર રાજાએ વરુણને ભોગ આપવાને શુનઃશેપને વેચાતો લીધો હતો તે યજ્ઞ કરવામાં વિશ્વામિત્રને હોત્ર, એટલે યજ્ઞમાં પૂર્વ દિશામાં બેશીને ઋત્વિજનું કાર્ય કરનાર, નિમવાને વસિષ્ટે અનુમતિ આપી, તેથી વિશ્વામિત્રને પાર વગરનો હર્ષ થયો. વિશ્વામિત્રે શુનઃશેપને બળિ કરાતો બચાવ્યો. શુનઃશેપના બાપે તો એને યજ્ઞમાં બલિદાન કરવાને વેચી દીધો હતો એટલે શુનઃશેપે પુછ્યું કે હું હવે પુત્ર કોનો ? તે વખત વસિષ્ટે કહ્યું કે વિશ્વામિત્રનો. શુનઃશેપ બ્રાહ્મણનો દિકરો હતો; એને પોતાનો દિકરો કહ્યો એટલે વસિષ્ટે પોતાને બ્રાહ્મણ કહ્યા બરોબર જ થયું એમ ગણીને વિશ્વામિત્રને બમણો આનંદ થયો. (શુનઃશેપ શબ્દ જુઓ). છતાં વસિષ્ટે અદ્યાપિ વિશ્વામિત્રને મોઢે એને બ્રહ્મર્ષિ કહ્યો નહોતો.

વસિષ્ટ મારા મોં ઉપર મને બ્રહ્મર્ષિ ક્યારે કહે છે એની વિશ્વામિત્રે ઘણા વર્ષ પર્યન્ત વાટ જોઇ. હરિશ્ચન્દ્ર રાજાની પછી સૂર્યવંશમાં વીસ રાજા થઇ ગયા. જ્યારે એકવીસમો રાજા કલ્માષપાદ અયોધ્યામાં રાજ્ય કરતો હતો તેવામાં વસિષ્ટે વિશ્વામિત્રની પૂંઠ પાછળ એને બ્રહ્મર્ષિ કહેવા માંડયો. આથી, ક્રોધ કરી વિશ્વામિત્રે રાક્ષસયોનિ પામેલા કલ્માષપાદ રાજા પાસે વસિષ્ટના સો પુત્ર ખવરાવી દીધા. એમ થતાં પણ વસિષ્ટે કહ્યું સારૂં નરતું કહ્યું નહિ આ ઉપરથી વિશ્વામિત્ર છેવટે થાકીને સ્વસ્થ રહ્યો.

વસિષ્ટ પ્રતિ આનો દ્વેષ શમ્યો છે કે નહિ એની પરીક્ષા કરવા યમ-ધર્મ જાતે વસિષ્ઠનું રૂપ ધારણ કરીને એક વખત વિશ્વામિત્ર

પાસે આવ્યા. એમણે આવીને અન્ન સારુ પ્રાર્થના કરી. તે ઉપરથી એણે રસોઇ કરાવી. પછી જુએ છે તો વસિષ્ઠ મળે નહિ આથી એ વસિષ્ઠની વાટ જોતો જોતો ઉભો રહ્યો. પણ વસિષ્ઠ રુપધારી યમ સોવર્ષ પર્યન્ત આવ્યો જ નહિ. એટલા કાળ સુધી વિશ્વામિત્ર તપ કરતો ઉભો જ રહ્યો. યમે આવીને જોયું તો રસોઇ તૈયાર કરીને એ ઉભો જ રહ્યો છે. આથી સંતુષ્ટ થઇ એણે ભોજન કર્યું. જાણે તરતનું રાંધેલું હોય નહિ એવું એ અન્ન રહ્યું હતું. પછી વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ કહી યમ પોતે સ્વધામ ગયા તે સમયથી વિશ્વામિત્રને વસિષ્ઠની જોડે સ્નેહ સંબંધ થયો તે અદ્યાપિ ચાલુ જ છે (**વા૦ રા૦ બા૦ સ૦ ૬૫**). આ જ સો વર્ષમાં વિશ્વામિત્રના શિષ્ય ગાલવે એની ધણી જ સેવા કરી હતી તેથી પ્રસન્ન થઈ વિશ્વામિત્રે એને સંપૂર્ણ વિદ્યા પ્રાપ્ત થાય એવો વર આપ્યો હતો. (૩ ગાલવે શબ્દ જુઓ) (**ભા૨૦૦ ઉ૦ ૧૦૬–૧૧૬**).

એક વખત દુષ્કાળમાં કશું ખાવાનું ન મળવાથી ભૂખથી હેરાન થઇ વિશ્વામિત્રે એક ચાણ્ડાલના ઘરમાંથી કુતરાનું માંસ ચોરવાનું ધાર્યું હતું. તે વખત ચાણ્ડાલ જાગતો હતો એણે વિશ્વામિત્રને આવું નઠારું કર્મ કરતાં વાર્યો. આ ઉપરથી દુખને સમયે અભક્ષાભક્ષ કરીને પણ પ્રાણ ઉગારવા એવા આશયનો એ એની વચ્ચે સંવાદ થયો હતો. (**શાં૦ ૧૪૧**).

આણે પોતાના યજ્ઞની રક્ષા સારૂ દશરથ પાસેથી રામ અને લક્ષ્મણને માગી આણ્યા હતા. રામને હાથે તાટકાનો વધ કરાવી અહલ્યાનો ઉદ્ધાર થયા બાદ રામનાં સીતાની સાથે લગ્ન કરાવી પછી પોતે ત્યાંથી છુટા પડ્યા.

વિશ્વામિત્રના કુળમાં એમના સુદ્ધાં તેર ઋષિયો મંત્રદ્રષ્ટા થયા છે. તેમનાં નામ આ પ્રમાણે છે. વિશ્વામિત્ર પોતે, દેવરાત (શુનઃશેપ). મધુચ્છંદ, અઘમર્ષણ, અષ્ટક લૌહિત (રૌહિત), ભૃતકીલ, માંધુધિ, દેવશ્રવા, દેવરત, ધનંજય, શિશિર અને શાલંકાયન (**મત્સ્ય૦ અ૦ ૧૪૫**).

નીચે જણાવ્યા પ્રમાણે એના કુળની દશ વંશમાલિકાઓ છે. કુશિક, લૌહિત (રૌહિત), રૌક્ષક, કામકાયન, અજ, કત, ધનંજય અઘમર્ષણ, પૂરણ અને ઇંદ્રકૌશિક. આ પ્રત્યેક વંશમાલિકાનાં પ્રવરો આ પ્રમાણે છે.

(૧) **કુશિક કુલોત્પન્નઃ**–બીજો વિશ્વામિત્ર, વૈકૃતિ, ગાલવ, વતંડ, અલંક, અલય આયતાયન, ઉલૂપ, ઔપગહ્ય, પયોદ, જનપાદપ, અરવાક્ષ, હલયમ, સાધિત વારતુ અને કૌશિક. આ ઋષિયો વૈશ્વામિત્ર, દૈવરાત, ઔદલ, એ ત્રણ પ્રવરના છે.

(૨) **લૌહિત કુલોત્પન્નઃ**–વૈશ્વામિત્ર, આષ્ટક લૌહિત અથવા વૈશ્વામિત્ર માધુચ્છંદસ, આષ્ટક; કિંવા વૈશ્વામિત્ર, આષ્ટક; એવાં ત્રણ ત્રણ અગર બબ્બે પ્રવરના છે.

(૩) **રૌક્ષક કુલોત્પન્નઃ**–વૈશ્વામિત્ર, ગાથિન, રૈવણ કિંવા વૈશ્વામિત્ર, રૌક્ષક, રૈવણ આવાં ત્રણ પ્રવરના

(૪) **કામકાયન કુલોત્પન્નઃ**–દેવશ્રવા, સુજાતેય, સૈસુક, કારુકાયન, વૈદેહરાત, કુશિક વગેરે ઋષિયો, વૈશ્વામિત્ર, દૈવશ્રવસ, દૈવરાત એવાં ત્રણ પ્રવરના છે.

(૫) **અજ કુલોત્પન્નઃ**–ધનંજય, કપર્દેય, પરિકૂટ અને પાણિનિ એ ઋષિયો વૈશ્વામિત્ર, માધુચ્છંદસ, આજ અથવા આદ્ય એવાં ત્રણ પ્રવરના.

(૬) **કત કુલોત્પન્નઃ**–વૈશ્વામિત્ર, કાત્ય, આક્ષીલ, એવાં ત્રણ પ્રવરના.

(૭) **ધનંજય કુલોત્પન્નઃ**–વૈશ્વામિત્ર, માધુચ્છંદસ, ધ્યાનંજય એવાં પ્રવરના.

(૮) **અઘમર્ષણ કુલોત્પન્નઃ**–વૈશ્વામિત્ર આઘમર્ષણ, અને કૌશિક એવાં પ્રવરના.

(૯) **પૂરણ કુલોત્પન્નઃ**–વૈશ્વામિત્ર, પૂરણ, કિંવા વૈશ્વામિત્ર, દૈવરાત, પૂરણ. અને

(૧૦) **ઇંદ્ર કૌશિક કુલોત્પન્નઃ**–વિશ્વામિત્ર ઐંદ્રકૌશિક એવાં બે જ પ્રવરોના છે.

ઉપર જે દશ કુળ ગણાવ્યાં તે શિવાય આશ્મરથ્ય, સાહુલ, ગાથિન, વૈણુવ, હિરણ્યરેતસ, સુવર્ણરેતસ, કપોતરેતસ, શાલંકાયન, ઘૃતકૌશિક, કથક અને રોહિણ, એવા યે ભેદ છે. એમનાં પ્રવર અનુક્રમે આ પ્રમાણે છેઃ—

(૧) વૈશ્વામિત્ર, આશ્મરથ્ય, વાધુલ; (૨) વૈશ્વામિત્ર, સાહુલ, માહુલ; (૩) વૈશ્વામિત્ર, ગાથિન, રૈણુવ; (૪) વૈશ્વામિત્ર, ગાથિન, વૈણુવ; (૫) વૈશ્વામિત્ર, હિરણ્યરેતસ; (૬) વૈશ્વામિત્ર, સુવર્ણરેતસ; (૭) વૈશ્વામિત્ર, કપોતરેતસ; (૮) વૈશ્વામિત્ર, શાલંકાયન, કૌશિક; (૯) વૈશ્વામિત્ર, ઘૃતકૌશિક; (૧૦) વૈશ્વામિત્ર, કથક; અને (૧૧) વૈશ્વામિત્ર, માધુચ્છંદસ, રાહણ.

કમલાયજ, આશ્મરથ્ય, ચંચુલિ એમનાં પ્રવરોઃ—

વિશ્વામિત્ર, આશ્મરથ્ય, વંજુલિ; અને ઉદ્ગરેણુ, કથક; ઉદાવહિ; શાકટ્યાયનિ, કરીરાશી, શાલંકાયનિ, લાવકિ, મૈાંજયનિ આ ઋષિયો વિશ્વામિત્ર, ખિલખિલિ, આજ, એ પ્રવરોના જણાય છે.

આ વિશ્વામિત્ર ચાલુ મન્વન્તરમાં કાર્તિક માસમાં સૂર્યના સમાગમમાં સંચાર કરે છે. (૩ ઉર્જ શબ્દ જુઓ).

તેમ જ વિશ્વામિત્ર પ્રસ્તુતના સપ્ત ઋષિયો પૈકીનો એક છે.

વિશ્વામિત્ર (૨). આ જ કુળનો એ નામનો બીજો એક ઋષિ.

વિશ્વામિત્રા તીર્થ. એક તીર્થ વિશેષ. (**ભા૨૦ વ૦ ૮૧–૧૩૯**).

વિશ્વામિત્રા. નદી વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯–૨૬**).

વિશ્વામિત્રી. નદી વિશેષ.

વિશ્વાવસુ. પ્રાધાને પેટે થએલા દેવ ગંધર્વો પૈકી એક. આ પ્રતિ વર્ષે શ્રાવણ માસમાં સૂર્યની સાથે સંચાર કરે છે. (૫. નભ શબ્દ જુઓ) (**ભા૨૦ આ૦ ૬૬–૪૭, સ૦ ૭–૨૨**).

વિશ્વાવસુ (૨). ચિત્રસેન ગંધર્વનો પુત્ર. એ બ્રાહ્મણના શાપને લઇને કુબંધ નામે રાક્ષસ થયો હતો અને જેને રામે મારીને મોક્ષ આપ્યો હતો તે. (**ભા૨૦ વ૦ ૨૮૦–૪૨**). અને (**વા૦ રા૦ ૭૦–૭૧**).

વિશ્વાવસુ (૩). જમદગ્નિ ઋષિથિ રેણુકાને થએલા પુત્રોમાંનો એક (**વ૦ ૧૧૭–૧૧**).

વિશ્વાવસુ (૪). માલ્યવાન રાક્ષસની અનલા નામની કન્યાનો પતિ. (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૬૧–૧૬**).

વિશ્વેદેવ. વિશ્વા નામની સ્ત્રીને ધર્મ ઋષિથી ઉત્પન્ન થએલા દશ પુત્ર હતા તે. ચાલુ મન્વન્તરમાં એઓ સાત પ્રકારના દેવો પૈકી છે. વિશ્વેદેવોનાં નામ આ પ્રમાણે છેઃ—

ક્રતુ. દક્ષ. વસુ, સત્ય, કાલકામ, મુનિ, કુરજ, મનુજ, બીજ અને રોચમાન.

વિશ્વાયાશ્ચ તથા પુત્રા વિશ્વેદેવાઃ પ્રકીર્તિતાઃ॥૧૨॥
ક્રતુર્દક્ષો વસુઃ સત્યઃ કાલકામો મુનિસ્તથા ।
કુરજો મનુજો બીજો રોચમાનશ્ચ તે દશ ॥૧૩॥

(**મત્સ્ય૦ અ૦ ૨૦૩–૧૨–૧૩**).

વિશ્વેશ્વર. સકળ જગતનો ઇશ્વર.

વિશ્વેશ્વર (૨). કાશીમાં સ્થાપન કરેલું શિવલિંગ.

વિષપ્રસ્થ. નૈમિષારણ્યમાંનું તીર્થ વિશેષ.

વિષયા. વૃષ્ણુબુદ્ધિ પ્રધાનની કન્યા અને ચંદ્રહાસ રાજાની સ્ત્રી,

વિષૂચી. ઋષભદેવ વંશના વિરજ રાજાની સ્ત્રી.

વિષૂચી (૨). બ્રહ્મ સાવર્ણ મન્વંતરમાં થનારા વિષ્ણુના અવતારની માતા.

વિષ્ટરાશ્વ. વિશ્વગ રાજાનું નામાન્તર.

વિષ્ણુ. વ્યાપક પરમાત્મા તે. હરિ શબ્દ જુઓ.

વિષ્ણુ (૨). વૈકુંઠ નામના વિષ્ણુ જે વૈકુંઠમાં વસે છે તે.

વિષ્ણુ (૩). બાર આદિત્યો માંહલો એક. એ કાર્તિક માસમાં સૂર્યમંડલનો અધિપતિ થાય છે. (૩ ઊર્જ શબ્દ જુઓ).

વિષ્ણુ (૪). ત્રણની સંજ્ઞાવાલા ભૃગુના કુળનો એક ઋષિ.

વિષ્ણુ (૫). નિત્યમુક્ત વિષ્ણુની જેટલી મૂર્ત્તિયો હોય તેને આ નામ લગાડાય છે.

વિષ્ણુ (૬). ધૃતિમાન નામના અગ્નિનું નામાન્તર. (ભાર૦ વ૦ ૨૨૩-૧૨).

વિષ્ણુ (૭). ચેદી દેશનો એક ક્ષત્રિય એને કર્ણે માર્યો હતો (ભાર૦ ક૦ ૫૧-૪૯).

વિષ્ણુધર્મા. ગરુડનો પુત્ર. (ભાર૦ ઉ૦ ૧-૧૩)

વિષ્ણુપદ. એક પર્વત.

વિષ્ણુપદ (૨). નિષધ પર્વત ઉપરનું એક સરોવર જેમાંથી જ્યોતિષ્મતી નદી નિકળી છે.

વિષ્ણુપદી. ગંગા નદીનું મૂળ નામ. (દેવી ભાગ૦ ૯ સ્કં૦ ૧૩ અ૦).

વિષ્ણુપંચક. વ્રત વિશેષ. (અશ્વ૦ ૧૧૪-૧૪).

વિષ્ણુયશ. એક બ્રાહ્મણ-કલ્કી અવતારનો પિતા.

વિષ્ણુરથ. ગરુડ તે જ.

વિષ્ણુરાત. પાંડવવંશીય પરીક્ષિત રાજાનું નામાન્તર.

વિષ્ણુલોક. નિત્યમુક્ત વિષ્ણુ જ્યાં સાકાર રહે છે તે લોક. કોઇ એને વૈકુંઠ કહે છે. પરન્તુ વૈકુંઠ જૂદુ છે અને આ લોકની પછીથી ઉત્પન્ન થએલું છે.

વષ્ણુવર્મા. ચેદી દેશનો એક ક્ષત્રિય. એને કર્ણે માર્યો હતો. (ભાર૦ ક૦ ૫૧-૪૯).

વિષ્ણુવૃદ્ધ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન ત્રસદસ્યુ રાજાના પુત્રોમાં મોટો. એ બ્રાહ્મણ થયો હતો.

વિષ્ણુવૃદ્ધિ. વિષ્ણુવૃદ્ધનું જ નામ હશે.

વિષ્વકસેન. વિષ્ણુનું નામ.

વિષ્વકસેન (૨). વિષ્ણુનો પાર્ષદ. (ભાર૦ સ૦ ૭-૧૯).

વષ્વકસેન (૩). એક બ્રહ્મર્ષિ.

વષ્વકસેન (૪). સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢના પુત્ર બહદિષુના વંશના બ્રહ્મદત્ત રાજાને ગૌ અથવા સરસ્વતી નામની સ્ત્રીને પેટે થએલો પુત્ર. એનો પુત્ર તે ઉદક્સ્વન રાજા.

વિષ્વકસેન (૫). બ્રહ્મસાવર્ણિ મન્વંતરમાં થનારો વિષ્ણુનો અવતાર.

વિષ્વકસેન (૬). ઇંદ્ર સાવર્ણિ મનુનું પણ આ જ નામ પડશે.

વિષ્વગશ્વ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ વંશુધિ, દેવશ્રવા, પુત્ર. આર્દ્રકનો પિતા. (ભાર૦ શાલંકાયન અતુ ૧૭૭-૬૭).

વિસર્જન. યાદવોનું એક કુળ. ના કુળની

વિસ્પષ્ટ. ઇંદ્રજિતનો અનુચર એક રાક્ષસહિત (રો વ૦ અ૦ ૨૮૯-૯). નંજય

વિહુંગ. સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૫૭ એક

વિહુંગમ. ખર રાક્ષસના બાર અમાત્યોમ એક.

વિહુંગમ (૨). ધર્મ સાવર્ણિ મન્વંતરમાં થનારો દેવ વિશેષ.

વિહવ્ય. વર્ચા ઋષિનો પુત્ર એનો પુત્ર મિહવ્ય (વીતહવ્ય શબ્દ જુઓ.)

વિક્ષર. કશ્યપની સ્ત્રી દનાયુના પુત્રોમાંનો એક.

વીતહવ્ય. સૂર્યવંશી શર્યાતિ પુત્ર હૈહયના દશે સ્ત્રીઓ મળીને થએલા સો પુત્રોમાં મુખ્ય. એને પોતાને પણ સો પુત્ર હતા, એણે કાશીના રાજા સૌદેવ ઉપનામવાળા દિવોદાસ રાજાને અત્યંત ત્રાસ આપીને રાજ્યપરથી ઉઠાડી મૂકયો અને પોતે ત્યાં રહેવા લાગ્યો. કેટલેક કાળે દિવોદાસના પ્રતર્દન નામના પુત્રે એકલાએ જ કાશી આવી એવું ભયંકર યુદ્ધ કર્યું કે વીતહવ્યના સોએ પુત્ર તેમાં માર્યા ગયા. પછી પ્રતર્દન વીતહવ્યને મારવા એના ઉપર ધાયો. આ ઉપરથી એ નાઠો અને ચ્યવન ભાર્ગવના આશ્રમમાં ભરાઇ ગયો. પૂંઠે લાગેલો પ્રતર્દન ત્યાં આવ્યો અને ઋષિની વિનતિ કરી કે વીતહવ્યને મારે સ્વાધીન કરો. અહીં કોઇ ક્ષત્રિય નથી; અમે બધા બ્રાહ્મણો જ છૈએ, એમ ઋષિયે કહ્યું.

तमुवाच कृपाविष्टो भृगुधर्मभृतांवरः ।
नेहास्ति क्षत्रियः कश्चित्सर्वे हीमे द्विजातयः॥५३॥
एतत्तु वचनं श्रुत्वा भृगोस्तथ्यं प्रतर्दनः ।
पादावुपस्पृश्य शनैः प्रहृष्टो वाक्यमब्रवीत् ॥५४॥
एवमप्यस्मि भगवन्कृतकृत्यो न संशयः ।
य एष राजा वीर्येण स्वजातिं त्याजितो मया॥५५॥
अनुजानीहि मां ब्रह्मन्ध्यायस्व च शिवेन माम् ।
त्याजितो हि मया जातिमेव राजा भगूद्वह॥५६॥

(૧૦) ઇન્ ...तो ययौ राजा प्रतर्दनः ।
ઐંદ્રકૌ ...राज मुक्त्वा विषमिवोरगः ॥५७॥
ઉપર ...त्रेण स च ब्रह्मर्षितां गतः ।
આશ્મર ...हाराज ब्रह्मवादि त्वमेव च ॥५९॥
ણ્યરેત (અનુ૦ ૮ અ૦ ૫૩-૫૮).
કાયછી પ્રતર્દન ત્યાંથી પાછો વળ્યો અને ગૃત્હવ્ય બ્રહ્મર્ષિત્વ પામ્યો. બ્રહ્મર્ષિ થયા બાદ એને ગૃત્સમદ નામે પુત્ર થયો. ગૃત્સમદને સુચેતા, સુચેતાને વર્ચા, તેને વિહવ્ય, તેને વિતવ્ય, તેને સત્ય, તેને સંત, તેને શ્રવા, શ્રવાને તમ, તમને પ્રકાશ, એ જ પ્રમાણે ક્રમશઃ વાગીન્દ્ર, પ્રમતિ, રુરુ, શુનક, અને તેના શૌનક એમ પુત્રો થયા. આ સઘળાને ભૃગુગોત્રી જાણવા. (ભાર૦ અનુ૦ અ. ૮).

વીતિ. ત્રણની સંજ્ઞાવાળા ભૃગુ કુળોત્પન્ન એક ઋષિ.

વીતિ (૨). અગ્નિ વિશેષ.(ભાર૦ વ૦ ૨૨-૩૨૫).

વીતિહવ્ય. ત્રણ સંજ્ઞાવાળા ભૃગુ કુળોત્પન્ન એ નામના બીજા બે ઋષિ.

વીતિહવ્ય(૨), વિદેહ વંશના શુનક નામના જનકનો પુત્ર. ધૃતિ જનકનો પિતા.

વીતિહોત્ર. પ્રિયવ્રત રાજાના દશ પુત્રોમાંનો નવમો પુત્ર. એ મીઠા સમુદ્રથી વેષ્ટિત પુષ્કરદ્વીપનો અધિપતિ હતો. એને રમણક અને ધાતકિ એમ બે પુત્ર હતા. પોતાના દ્વીપના એણે બે ભાગ પાડી પોતાના બન્ને દિકરાને નામે તેનાં નામ પાડી તેમને જ વ્હેંચી આપ્યા હતા.

વીતિહોત્ર (૨). સૂર્યવંશી નરિષ્યંત કુલોત્પન્ન ઇંદ્રસેન રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સત્યશ્રવા.

વીતિહોત્ર (૩). સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કાશ્ય નામના પૌત્રના કુળમાં જન્મેલા સુકુમાર રાજાનો પુત્ર. એનો પુત્ર ભર્ગ.

વીતિહોત્ર (૪). સોમવંશી સહસ્ત્રાર્જુનના પ્રપૌત્ર, જયધ્વજ રાજાનો પૌત્ર, અને તાલજંઘ રાજાને થએલા સો પુત્રોમાં સહુથી મોટો. એ સો પુત્રો ઔર્વાગ્નિએ બળી જતાં આ વીતિહોત્ર બચી ગયો હતો. (ઔર્વ શબ્દ જુઓ.)

વીતિહોત્ર (૫). યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં આવેલો એક ઋષિ.

વીર. તામસ મન્વંતરમાં દેવ વિશેષ હતા તે.

વીર (૨). ભરદ્વાજ અગ્નિને વીરાની કૂખે થએલો પુત્ર તે. એને રથપ્રભુ, સ્થાદ્ધાન, કુંભરેતા એવાં નામાન્તરો હતાં(ભાર૦ વ૦ ૨૨૨-૧૩-૧૮) એની સ્ત્રીનું નામ શરયુ. એની કૂખે એને સિદ્ધ નામે પુત્ર થયો હતો. (ભાર૦ વ૦ ૨૨૨).

વીર (૩). કશ્યપ વડે વનાયુને થયેલા પુત્રોમાંનો એક.

વીર (૪). ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

વીર (૫). સત્યાની કૂખે કૃષ્ણવડે થયેલા પુત્રોમાંનો એક.

વીર (૬). કૃષ્ણનો કાલિંદીને થએલા પુત્રોમાંનો એક પુત્ર.

વીરક. એક શિવગણ.

વીરકરા. ભારતવર્ષીય નદી વિશેષ. (ભાર૦ ભી૦ ૯-૨૬).

વીરકેતુ. દ્રોણાચાર્યે મારેલો પાંડવ પક્ષનો એક પાંચાળ. (ભાર૦ દ્રો. ૧૨૨-૪૧)

વીરકેતુ (૨). હંસધ્વજ રાજાના પ્રધાન સુમતિનો પુત્ર.

વીરણ. સનકાદિકોની પાસેથી બ્રહ્મવિદ્યા સંપાદન કરનાર એક પ્રજાપતિ. (ભાર૦ શાં.૩૪૮-૪૧).

વીરણક. સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૫૭-૧૮).

વીરધુમ્ન. ભૂરિધુમ્ન રાજર્ષિનો પિતા. એને તનુ નામના બ્રાહ્મણની સાથે સંવાદ થયો હતો. (ભાર૦ શાં. ૧૨૭-૧૪).

વીરધન્વા. ત્રિગર્તનો રહેવાશી દૂર્યોધન પક્ષનો એક રાજા. એને યુદ્ધમાં ધૃષ્ટકેતુએ માર્યો હતો. (ભાર૦ દ્રો૦ ૧૦૯-૧૪-૧૧).

વીરધર્મા. ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષનો એક રાજા. (ભાર૦ ઉ૦ ૪-૧૬).

વીરપ્રમોક્ષ. ભારતવર્ષીય તીર્થ વિશેષ. (ભાર૦ વ૦ ૮૨-૫૧).

વીરબાહુ. રામની સેનામાંનો એક વાનર. (વા૦ રા૦ કિષ્કિ૦ સ. ૩૩).

વીરબાહુ (૨). બગડાની સંજ્ઞાવાળો પ્રવીર તેજ,

વીરબાહુ (૩). ચેદિદેશના નલરાજાના સમયનો એક રાજા. (૫ નળ શબ્દ જુઓ). સુબાહુનો પિતા, એને ત્યાં દમયંતી રહી હતી. (**ભા૨૦ વ૦ ૬૬–૬૫**)

વીરબાહુ (૪). ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક, ભીમે યુદ્ધમાં માર્યો હતો તે. (**ભા૨૦ ભી૦ ૬૪–૬૫, આ૦ ૬૮–૧૦૩**).

વીરભદ્ર. સ્વાયંભુ મન્વંતરમાં દક્ષ પ્રજાપતિના યજ્ઞનો વિધ્વંશ કરવાને ગએલો શિવનો એક પાર્ષદ. એણે દક્ષને મારી નાંખ્યો હતો. ચાલુ મન્વંતરમાં એ મંગલ નામનો ગ્રહ થએલો હોવાથી મંગલમંડળનો અધિપતિ છે. રુદ્રનો અવતાર.(**ભા૨૦ શાં૦ ૨૮૦ ૪૯–૫૩ વાયુ૦ ૬૦; કાલિકાપુરાણ. ૧૬; ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૫**).

વીરમત્સ્ય. ભારતવર્ષીય દેશ.(**ભા૨૦ ભી૦ અ૦ ૯**).

વીરવતી. ભારતવર્ષીય નદી વિશેષ.

વીરવર્મા. સારસ્વત નગરીનો રાજા. એની કન્યા માલિનીએ તપ કરીને યમને વર્યો હતો. આથી યમ એને ત્યાં રહેતો અને એને મદદ કરતો. એને સુબાહ, સુરભ, લીશ, કુબળ અને સરલ એ નામે પાંચ પુત્રો હતા. પાંડવોના અશ્વમેધ વખતે ઘોડો ફરતો ફરતો આની નગરી પાસે આવતાં એણે પોતાના પુત્રો પાસે પકડાવ્યો. તે ઉપરથી કૃષ્ણ અને અર્જુન સાથે વીરવર્માને મોટું યુદ્ધ થયું. આ યુદ્ધમાં યમની સહાયતા વડે એણે અર્જુનનો પરાભવ કર્યો. એ જોઇને કૃષ્ણે વીરવર્મા અને અર્જુન વચ્ચે મૈત્રી કરાવી. મૈત્રી થવાથી કૃષ્ણ અને અર્જુનને એ પોતાના નગરમાં લેઈ ગયો. અને આદર સત્કાર પૂર્વક ઘણું ધન આપ્યું એટલું જ નહિ પણ પોતે અશ્વની રક્ષા કરવા સારુ તેમની જોડે સામીલ થઇને ગયો. (**જૈમિની૦ અશ્વ૦ અ૦ ૪૭–૪૯**).

વીરવ્રત. ઋ———— ષભદેવ વંશના મધુ નામના રાજાને સુમના નાંશી ઇક્ષ્વાકુ ામની સ્ત્રીથી થએલો પુત્ર–એની સ્ત્રીનું નામ પિતા. (**ભા.** ભોજા. એની કુખે આને મંથુ અને પ્રમંથુ ૭). એમ બે પુત્ર થયા હતા.

વીરસેન. પાંચની એક કુળ. સંજ્ઞાવાળો નળરાજાનો પિતા.

વીરસેન (૨). એક અનુચર એક ક્ષત્રિય–જેણે માંસ ભક્ષણનો ત્યાગ કર્યો હતો). (**ભા૨૦અનુ. ૧૭૧–૭૨**).

વીરસેન (૩). કુલિ (**ભા૨૦ અ** દેશનો રાજા. એની કન્યા મનોરમા તે સૂર્ય ાર વંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન ધ્રુવસંધિ રાજાની રા ણી થતી.

વીરસેન (૪). કૌશલદેશન મન્વો એક રાજા.

વીરસેન (૫). યુધિષ્ઠિરના ર ાજસૂય યજ્ઞ વખતે ત્યાં હતો તે ઋષિ. (**ભા૨૦ વ૦ ૨૨૧–૧૭**).

વીરા. ભરદ્વાજ અગ્નિની સ્ત્રી. ામાંનો એ

વીરા (૨) ભારતવર્ષીય નદી વિશેષ. ના દશે (**ભા૨૦ ભી૦ ૯–૨૨**) પખ્ય.

વીરિણી. વીરણ પ્રજાપતિની કન્યા નવ્વેલ ાનું બીજું નામ. એનું અસિક્ની એવું નામાંતર પણ હતું (**વિષ્ણુ૦ ૧–૧૫**).

વીરિણી (૨). બ્રહ્માના ડાબા પગના અંગુઠામાંથી ઉત્પન્ન થયેલી દક્ષ પ્રજાપતિની ભાર્યા. (**ભા૨૦ આ૦ ૬૭–૧૧, ૬૯–૨૦**).

વીરિણી (૩). પ્રાચેતસ દક્ષની બીજી સ્ત્રી.

વીરિણી (૪). બર્હિષદ પિતરની માનસકન્યા "પીવરી" જે શુક્રાચાર્યની સ્ત્રી હતી તેનું નામાંતર.

વીર્ય. અક્રૂરના પુત્રોમાંનો એક.

વીર્યવાન. બાર સાધ્યદેવોમાંનો એક.

વીર્યસહ. કલ્માષપાદ રાજાનું નામાંતર.

વૃક. એક–ક્ષત્રિય પાંચાલ. યુદ્ધમાં એને દ્રોણે માર્યો હતો (**ભા૨૦ દ્રો૦ ૨૧–૧૬**).

વૃક (૨). એક ક્ષત્રિય. (**ભા૨૦ આ૦ ૨૦૧–૧૦, ક૦ ૮૯–૯**).

વૃક (૩). અગ્નિનું નામ.

વૃક (૪). ઉત્તાનપાદ પુત્ર ધ્રુવના પૌત્ર શિષ્ટને સુચ્છાયાની કૂખે થએલા ચાર પુત્રોમાંનો એક.

વૃક (૫). પૃથુ રાજાને અર્ચીને પેટે થએલા પાંચ પુત્રોમાંનો નાનો પુત્ર.

વૃક (૬). સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળના હરિત રાજાનું નામાંતર.

વૃક (૭). સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુલોત્પન્ન ભરુક રાજાનો પુત્ર. એના પુત્રનું નામ બાહુક રાજા.

વૃક (૮). સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વતવંશીય શૂર રાજાને મારીષાના પેટે થએલા દશ પુત્રોમાં સૌથી નાનો પુત્ર. એને દુર્વાક્ષીને પેટે તક્ષ, પુષ્કર, વગેરે પુત્ર થયા હતા.

વૃક (૯). વત્સક યાદવને મિશ્રકેશી નામે અપ્સરાને પેટે થએલા પુત્રોમાંનો મોટો પુત્ર.

વૃક (૧૦). પૂર્વ કાળનો એક ક્ષત્રિય. (**ભા૨૦ અનુ૦ ૧૭૭–૭૦**).

વૃક (૧૧). દ્રૌપદીના સ્વયંવર વખતે આવેલા રાજાઓમાંનો એક.(**ભા૨૦આ૦ ૨૦૧–૧૦**).

વૃક (૧૨). દ્રોણાચાર્યે મારેલો પાંડવ પક્ષનો એક પાંચાળ. (**ભા૨૦ દ્રો૦ ૨૧–૧૨**).

વૃક (૧૩). કૃષ્ણને મિત્રવિંદાની કૂખે થએલા પુત્રોમાંનો એક.

વૃક (૧૪). એક અસુર. શકુનિ નામના અસુરનો પુત્ર. એની કથા, કેટલાક ફેરફાર સહિત પ્રાયઃ ભસ્માસુરના જેવી જ છે. (**ભાગ૦ સ્કં૦ ૧૦ અ૦ ૮૮**).

વૃકદેવી. વસુદેવની સ્ત્રીઓ પૈકી એક.

વૃકરથ. અગ્નિરથ સૂતના પુત્રોમાંનો એક. કર્ણનો ભાઇ. આને રાત્રિયુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (**ભા૨૦ દ્રો૦ ૧૫૮–૨૧**),

વૃકલ. અક્રૂર યાદવના પુત્રોમાંનો એક.

વૃકસ્થળ. કુરુ દેશનું એક ગામ વિશેષ.

વૃકાસુર. વૃક તે જ. (૧૪ વૃક શબ્દ જુઓ).

વૃકોદર. પાંડુપુત્ર ભીમસેનનું બીજું નામ.

વૃજિન્વાન. સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાનો પુત્ર. એના પુત્રનું નામ શ્વાહિ રાજા.

વૃજિનિવાન. ઉપર કહેલો વૃજિન્વાન તે જ.

વૃત્ત. ધ્રુવના પુત્ર શિષ્ટના ચાર પુત્રોમાંનો ત્રીજો.

વૃત્ત (૨). સર્પવિશેષ. (**આ૦ ૩૫–૧૦**)

વૃત્તિરુપવતી. ક્રૌંચદ્વીપ માંહ્યલી નદી વિશેષ.

વૃત્ર. વૃત્રાસુર શબ્દ જુઓ.

વૃત્રાદિન. પારિયાત્ર પર્વતમાંથી નિકળનારી નદી વિશેષ.

વૃત્રજ્વાલા. કુંભકર્ણની સ્ત્રી વજ્રજ્વાળાનું બીજું નામ.

વૃત્રહા. પ્રસ્તુત પુરંદર નામના ઇન્દ્રનું વૃત્રાસુરને મારવાથી પડેલું નામ. આવાં અર્થસૂચક ઘણાં નામ છે.

વૃત્રાસુર. દનાયુને પેટે કશ્યપથી થએલા ચાર પુત્રોમાંનો કનિષ્ટ.

વૃત્રાસુર (૨). ઇંદ્રે ત્વષ્ટા નામના પ્રજાપતિના પુત્ર વિશ્વરુપને મારી નાંખવાથી અગ્નિમાં હવન આરંભીને ઇન્દ્રનો નાશ કરવાને ત્વષ્ટાએ ઉત્પન્ન કરેલો અસુર. એને ઉત્પન્ન કરીને તું ઇન્દ્રનો નાશ કર એવી ત્વષ્ટાએ આજ્ઞા કરી. આથી એ ઇન્દ્ર સાથે યુદ્ધ કરવા ગયો અને યુદ્ધમાં ઇન્દ્રને ગળી ગયો. આ ઉપરથી દેવોએ એને બગાસું ઉત્પન્ન કર્યું. બગાસું ખાવાને એણે મોં પહોળું કર્યું એટલે ઇન્દ્ર બહાર નિકળી આવ્યો. તથાપિ આણે દેવોની જોડે ફરી યુદ્ધ આરંભ્યું અને તેમનો પરાભવ કર્યો. આ પ્રમાણે અનેક વાર થવાથી ઇન્દ્ર સોચ્યનામાં પડયો કે હવે આને કરવું શું ? છેવટે વિષ્ણુની મારફત સંધિ થાય તો કરવી એમ ધારીને એણે વિષ્ણુને એની પાસે મોકલ્યા. પણ વૃત્રાસુરે પોતાને સંધિ કરવાની ગરજ નથી એમ કહ્યું.

ऋषयोऽथ ततोभ्येत्य वृत्रमूचुः प्रियं वचः ।
व्याप्तं जगदिदं सर्वं तेजसा तव दुर्जय ॥१७॥
न च शक्रोपि निर्जेतुं वासवं बलिनां वर ।
युध्यतोश्चापि वां कालो व्यतीतः सुमहानिह॥१८
पीड्यन्ते च प्रजाः सर्वाः सदेवासुर मानुषाः।
सख्यं भवतु ते वृत्र शक्रेण सह नित्यदा ॥१९॥
अवाप्स्यसि सुखं त्वं च शक्रलोकांश्च शाश्वतान्।
ऋषि वाक्यं निशम्याथ वृत्रः स तु महाबलः॥२०
उवाच तानृषीन्सर्वान्प्रणम्य शिरसाऽसुरः ।
सर्वे यूयं महाभागा गन्धर्वाश्चैव सर्वशः ॥२१॥
यद्ब्रूथ तच्छ्रुतं सर्वं ममापि शृणुतानघाः॥

सन्धिः कथं वै भविता मम शक्रस्य चोभयोः ॥
तेजसोर्हि द्वयोर्देवाः सख्यं वै भविता कथम्॥२२॥

ऋषय ऊचुः ।

सकृत्सतां सङ्गतं मीप्सितव्यं
ततः परं भविता भव्यमेव ॥
नाति क्रामेत्सत्पुरुषेण सङ्गतं
तस्मात्सतां सङ्गतभीप्सितव्यम् ॥२३॥
दृढं सतां सङ्गतं चापि नित्यं
ब्रूयाच्चार्थं ह्यर्थकृच्छ्रेषु धीरः ॥
महार्थवत्सत्पुरुषेण सङ्गतं
तस्मात्सन्तं न जिघांसेत धीरः ॥२४॥
इन्द्रः सतां संमतश्च निवासश्च महात्मनाम् ।
सत्यवादी ह्यनिन्द्यश्च धर्मविस्सूक्ष्मनिश्चयः॥२५॥
तेन ते सह शक्रेण सन्धिर्भवतु नित्यदा ।
एवं विश्वासमागच्छ मा ते भूद्बुद्धिरन्यथा॥२६॥

शल्य उवाच ।

महर्षिवचनं श्रुत्वा तानुवाच महाद्युतिः ।
अवश्यं भगवन्तो मे माननीयास्तपस्विनः ॥२७॥
ब्रवीमि यदहं देवास्तत्सर्वं क्रियते यदि ।
ततः सर्वं करिष्यामि यद्भवन्तो दिवौकसः॥२८॥
न शुष्केण न चार्द्रेण नाश्मना न च दारुणा।
न शस्त्रेण न चास्त्रेण न दिवा न तथा निशि॥२९
वध्यो भवेयं विप्रेन्द्राः शक्रस्य स दैवतैः ।
एवं मे रोचते सन्धिः शक्रेण सह नित्यदा ॥३०॥
बाढमित्येव ऋषयस्तमूचुर्भरतर्षभ ।
वृषं वृत्ते तु सम्धाने वृत्रः प्रमुदितोऽभवत् ॥३१॥

(ભા૨૦ ઉદ્યો૦ ૧૦).

આ પ્રમાણે પોતે મરણના ભયથી નિવૃત્ત થાય એવી એવી બોલીઓ કરીને વૃત્રે ઇન્દ્ર સાથે સંધિ કરી. સંધિ કર્યા છતાં પણ વૃત્રનો વધ કરવાને ઇન્દ્ર તલપી રહ્યો હતો અને લાગ ખોળતો હતો.

પછી વિષ્ણુએ ઇન્દ્રને કહ્યું કે તું દધીચ ઋષિ પાસે જા, અને એમનાં અસ્થિની માગણી કર. જો દધીચ ઋષિ પોતાના શરીરનાં અસ્થિ આપે તો તે લઇને વિશ્વકર્મા પાસે જઇ તેનું વજ્ર બનાવરાવ. એ વજ્ર વૃત્રને મારવાથી એ મરણ પામશે. આ સાંભળીને ઇન્દ્રે દેવોને દધીચ ઋષિ પાસે મોકલ્યા. તેમણે જઇને ઋષિની પાસે અસ્થિની યાચના કરી. દેવોની જોડે નાના પ્રકારનો સંવાદ થયા બાદ ઋષિયે પોતાનાં અસ્થિ આપ્યાં. એ લઇને દેવ સ્વર્ગમાં આવ્યા; અને વિશ્વકર્મા પાસે તેનું વજ્ર બનાવરાવ્યું. (ભા૨૦ ૫૦ ૬૯–૨૧). વજ્ર તૈયાર થતાં જ ઇન્દ્રે યુદ્ધની તૈયારી કરી; અને વૃત્રાસુરને કહેણ મોકલ્યું. વૃત્રાસુર આવ્યો અને એની અને ઇન્દ્ર વચ્ચે સંગ્રામ થયો. આ યુદ્ધ શરુ થયું ત્યારે ચાલુ મન્વન્તરની પહેલી ચોકડીનો ત્રેતાયુગ ચાલતો હતો. (ભાગ૦ સ્ક૦ ૬, અ૦ ૧૦–શ્લો. ૧૬). આ યુદ્ધ ચાલતું હતું તે અરસામાં વૃત્રાસુર અને ઇન્દ્રનો અધ્યાત્મ વિષય પરત્વે ઉત્કૃષ્ટ સંવાદ થયો હતો. આ યુદ્ધ એક સંવત્સર પર્યન્ત ચાલ્યું. (ભાગ૦ ૬ સ્ક૦ અ૦ ૧૨. શ્લો–૩૩).

ઇન્દ્ર વૃત્રાસુરને મારવા લાગ શોધ્યા કરતો હતો તેવામાં એકદા આ અસુરને સમુદ્રતીરે દીઠો–અને એને વૃત્રાસુરને મળેલું વરદાન યાદ આવ્યું.

सन्ध्येयं वर्तते रौद्रा न रात्रिर्दिवसं न च ।
वृत्रश्चावध्य वधोऽयं मम सर्वहरो रिपुः॥३७॥
यदि वृत्रं न हन्म्यद्य वज्रयित्वा महासुरम् ।
महाबलं महाकायं न मे श्रेयो भविष्यति॥३८॥
एवं संचिन्तयन्नेव शक्रो विष्णु मनुस्मरन् ।
अथ फेनं तदाऽपश्यत् समुद्रे पर्वतोपमम्॥३९॥
नायं शुष्को न चार्द्रोऽयं न च शस्त्रमिदं तथा ।
एवं क्षेप्स्यामि वृत्रस्य क्षणादेव न शिष्यति॥४०॥
स वज्रमथ फेनं तं क्षिप्रं वृत्रे निसृष्टवान् ।
प्राविश्य फेनं तं विष्णुरथ वृत्रं व्यनाशयत्॥४१॥

(ભા૨૦ ઉ૦ ૧૦)

આ પ્રમાણે વૃત્રાસુર મરણ પામ્યો. વૃત્રાસુર પૂર્વ જન્મમાં ચિત્રકેતુ નામનો રાજા હતો. (૨ ચિત્રકેતુ શબ્દ જુઓ).

વૃત્રાસુર (૩). વેદમાં કહેલો દુષ્કાળ અને સુકવણું

ઉત્પન્ન કરનાર અસુર. એ વર્ષાદને રોકી રાખે છે. ઇન્દ્ર એની સાથે યુદ્ધ કરીને ગાયોને–વર્ષાદનાં વાદળાંને છોડવે છે અને વર્ષાદ વરસી દુષ્કાળ ટળી સુકાળ થાય છે, એવી કલ્પના વેદમાં ઠેરઠેર દેખાય છે.

વૃદ્ધારુક. અભિમન્યુએ મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા. (ભા૨૦ દ્રો૦ ૪૭).

વૃંદાવન. યમુનાને કાંઠે–મથુરાથી છ સાત મૈલ ઉપર આવેલું વન અને ગામ. (ભાગ૦ ૧૦ સ્ક૦ અ–૧૨૰)

વૃદ્ધકન્યા. કુણિગાર્ગ ઋષિની પુત્રી–ગાલવ ઋષિના પુત્ર શૃંગવાન ઋષિની ભાર્યા. (ભા૨૦ શા૦ ૫૩–અ૦).

વૃદ્ધક્ષત્ર. સિન્ધુ દેશાધિપતિ ક્ષત્રિય. એનું બીજું નામ વૃદ્ધશર્મા હતું. એને જયદ્રથ નામે પુત્ર હતો. જયદ્રથના જન્મકાળે આકાશવાણી થઇ હતી કે યુદ્ધમાં એનું માથું તુટી જવાથી એનું મૃત્યુ થશે. વૃદ્ધક્ષત્ર બહુ સામર્થવાન હતો. એણે પોતાના પુત્રને એવું વરદાન આપ્યું હતું કે જે કોઇ તારું માથું કાપીને ભૂમિપર પાડશે તેના માથાના તત્કાળ સો ટુકડા થઇ જશે, અને એ મરણ પામશે.

પછી જ્યારે જયદ્રથ મોટો થયો ત્યારે વૃદ્ધક્ષેત્રે ધૃતરાષ્ટ્રની પુત્રી દુઃશલાની સાથે એનો વિવાહ કર્યો. પછી જયદ્રથને ગાદીપર બેસાડી પોતે સ્યમંતપંચક ક્ષેત્રમાં તપ કરવા લાગ્યો. યુદ્ધમાં અર્જુનને જયદ્રથનું માથું કાપવાનો પ્રસંગ આવ્યો. કૃષ્ણને વૃદ્ધક્ષેત્રે આપેલા વરદાનની જાણ હોવાથી તેમણે અર્જુનને સમજાવ્યો. અર્જુને એવી સીફતથી જયદ્રથનું માથું કાપી ઉડાડયું કે તે સ્યમંત પંચક ક્ષેત્રમાં વૃદ્ધક્ષત્ર સંધ્યા કરવા બેઠો હતો તેના ખોળામાં પાડયું. એને એ વાતની ખબર નહિ હોવાથી સંધ્યા પૂરી થવાથી ઉઠ્યો એટલે ખોળામાં પડેલું જયદ્રથનું ડોકું આના ખોળામાંથી નિકળીને ભોંય પડયું. એણે પોતે આપેલા વરદાનને લેઇને વૃદ્ધક્ષત્રના પોતાના જ શિરના સો ટુકડા થયા અને એ મરણ પામ્યો. (ભા૨૦ દ્રો૦ ૧૪૮).

વૃદ્ધગાર્ગ્ય. એક બ્રહ્મર્ષિ. (ભા૨૦ અનુ૦ ૧૮૬–૭૩).

વૃદ્ધશર્મા. વૃદ્ધક્ષત્ર શબ્દ જુઓ.

વૃદ્ધશર્મા (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન ઐડવિક રાજાનો પુત્ર. એનો પુત્ર તે વિશ્વસહ રાજા.

વૃદ્ધશર્મા (૩). કરુષદેશીય રાજા. વસુદેવની બહેન શ્રુતદેવાનો પતિ, અને દંતવક્ર અથવા વક્રદંતનો પિતા.

વૃદ્ધસેના. ઋષભદેવવંશીય સુમતિ રાજાની સ્ત્રી દેવતાજિતાની માતા.

વૃષ. સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વતના કુળમાં જન્મેલા સૃંજયને રાષ્ટ્રપાલીને પેટે થએલા પુત્રોમાંનો જ્યેષ્ટ.

વૃષ (૨). કૃષ્ણને સત્યાને પેટે થએલા પુત્રોમાંનો એક.

વૃષ (૩). કૃષ્ણને કાલિંદીને પેટે થએલા પુત્રોમાંનો એક.

વૃષક. સુબળ નામના ગાંધાર રાજાના પુત્રોમાંનો એક. શકુનીનો ભાઇ. ભારતના યુદ્ધમાં આ અર્જુનને હાથે મરણ પામ્યો હતો. (ભા૨૦ આ૦૨૦૧–૫, ઉ૦ ૧૬૮–૧, દ્રો૦ ૩૦–૧૦–૧૧ અને.

इयालौ तव महाराज राजानौ वृषकाचलौ ।
त्वदर्थमतिविक्रान्तौ निहतौ सव्यसाचिना॥४२॥

(ભા૨૦ ક૦ ૨–૪૩).

વૃષક (૨). કલિંગ દેશના ભાનુમંત રાજાનો ભાઇ.

વૃષકંડ. અગડાની સંજ્ઞાવાળા કશ્યપના કુળમાં ઉત્પન્ન થએલો એક ઋષિ.

વૃષકા. ભારતવર્ષીય નદી વિશેષ.

વૃષકેતુ. કર્ણનો પુત્ર. એને ભદ્રાવતી નામની સ્ત્રી હતી. એને વૃષધ્વજ પણ કહ્યો છે.

વૃષકાય. ભારતના યુદ્ધમાં મરણ પામેલો શકુનીનો એક મોટો ભાઇ.

વૃષદંશ. ભારતવર્ષીય સામાન્ય પર્વત વિશેષ.

વૃષદર્ભ. આ અને સેદુક બન્ને રાજા હતા. બન્ને નીતિ માર્ગમાં પ્રીતિવાળા અને અસ્ત્ર

વિદ્યામાં કુશળ હતા. વૃષદર્ભે નાનપણમાંથી જ એવું વ્રત લીધું હતું કે બ્રાહ્મણોને સોના રૂપા શિવાય બીજું આપવું નહિ. સેદુક રાજાને આ વ્રતની ખબર હતી. એક વખત એક ઋષિકુમાર વેદાધ્યયન પૂરું કરીને પોતાના ગુરૂને આપવાની દક્ષિણામાં આપવા હજાર ઘોડા લેવા સેદુક પાસે આવ્યો. સેદુકે કહ્યું કે તમારી ઇચ્છા પ્રમાણે આપવાનો મારી પાસે સંભવ નથી. માટે તમે વૃષદર્ભ રાજા પાસે જાઓ. એ ધર્મવેત્તા છે.

પછી તે બ્રાહ્મણે વૃષદર્ભની પાસે જઇને હજાર ઘોડાની યાચના કરી, ત્યારે રાજાએ એને ચાબુક વડે પ્રહાર કર્યો. બ્રાહ્મણે કહ્યું કે તું મને નિરપરાધીને શા વારતે મારે છે? એમ કહીને શાપ દેવાની તૈયારીમાં હતો, એટલામાં રાજાએ પુછ્યું કે બ્રાહ્મણ! જે તને દાન ન આપે તેને શાપ દેવો એ બ્રાહ્મણપણાને યોગ્ય છે શું? બ્રાહ્મણ કહે કે મને સેદુકે તારી પાસે મોકલ્યો અને એના કહેવાથી હું દાન માગવા આવ્યો છું.

પછી રાજાએ કહ્યું કે જેને ચાબુક મારીએ તેને નિષ્ફળ કેમ કાઢી મૂકાય? હું તમને મારા રાજ્યની આજના દિવસની સઘળી ઉપજ કાલે સવારે આપીશ. બીજે દિવસે આણે એ ઋષિકુમારને હજાર ઘોડાની કિંમત કરતાં ઘણી વધારે એવી પોતાના રાજ્યની એક દિવસની ઉપજ આપી વિદાય કર્યો.

पूर्वाह्णे ते दास्यामि यो मेऽद्य बलिरागमिष्यति।
यो हन्यते कशया कथं मोघं क्षेपणं तस्य स्यात्।१२
इत्युक्त्वा ब्राह्मणाय दैवसिकामुत्पत्तिं प्रादात्।
अधिकस्याश्च सहस्रस्य मूल्यमेवादादिति॥१३॥
(વ૦ ૧૯૯-૧-૧૩).

વૃષદર્ભ (૨). સોમવંશી અનુકુલોત્પન્ન ઔશીનર શિવિ રાજાના પાંચ પુત્રોમાંનો મોટો. એને કોઇ કોઇ ઠેકાણે વૃષાદર્ભ અથવા વૃષાદર્ભિ પણ કહ્યો છે. તેમ જ શિબિનો પુત્ર હોવાથી એને શૈબ્ય પણ કહ્યો છે.

એ રાજ્ય કરતો હતો તે સમયમાં એક વખત પોતાની પાછળ સિંચાણો પડવાથી ભયથી ત્રાસ પામેલું કબુતર એને શરણ આવ્યું. રાજાએ અભય આપીને પોતાની પાસે રાખ્યું. થોડી વારે સિંચાણો પણ આવ્યો અને પોતાનો શિકાર-કબુતર માગ્યું. રાજા કહે એ શરણ આવેલાને હું તને નહિ આપું. સિંચાણો કહે ઠીક જો તું કબુતરના ભારેભાર તારું પોતાનું માંસ આપે તો હું મારે લઇને ચાલ્યો જાઉં. આ ઉપરથી રાજાએ પોતાના અંગમાંથી માંસ કાપી કાપીને તોળવા માંડયું. પણ ગમે તેટલું માંસ મુકે પણ કબુતર ભારે થઇ એ પલ્લુ નિચું જ જાય. આમ કરતાં એના શરીરનું સઘળું માંસ પૂરું થવા આવ્યું છતાં કબુતર ભારે ને ભારે થાય. એ જોઇને એને શંકા આવી કે આ કોઇ દેવો છે. પછી એણે પ્રાર્થના કરતાં દેવોએ પોતાનું મૂળરૂપ પ્રકટ કર્યું. દેવોએ રાજાને પૂર્વવત્ કર્યો અને આશીર્વાદ દેઇને ચાલતા થયા. (**ભા૨૦ અનુ૦ ૬૭-૪, ભાગ૦ ૯૨૬૦ ૨૩**).

વૃષધ્વજ. મહાદેવની ધ્વજા ઉપર વૃષભ હોવાને લીધે તેમનું પડેલું નામ.

વૃષધ્વજ (૨). એક રાજર્ષિ (**દેવી૦ ભાગ૦ ૯૨૬૦ અ૦ ૧૫**). એના પુત્રનું નામ રથધ્વજ આ રાજા જનકવંશમાંના સીરધ્વજ જનકની પૂર્વે થઇ ગએલો હોવો જોઇએ. પણ એનું નામ વંશાવળીમાં મળતું નથી.

વૃષધ્વજ (૩). વૃષકેતુનું નામાન્તર.

વૃષપર્વા. કશ્યપથી દનૂને થએલા દાનવો પૈકી એક. યયાતિ રાજાના સમયમાં આ જ અસુરોનો અધિપતિ હતો. એને શર્મિષ્ઠા અને ચંદ્રા એમ બે કન્યા હતી. દેવયાનીની સાથે થએલા ઝઘડાને પ્રસંગે યયાતિ રાજાને શર્મિષ્ઠા પરણાવી હતી. (દેવયાની શબ્દ જુઓ). (**ભા૨૦ આ૦ ૬૬-૨૪, ૭૨-૭, ૭૪-૧. મત્સ્ય૦ ૨૯. ભાગ૦ ૯-૧૮**).

વૃષપર્વા (૨). નર નારાયણના આશ્રમમાં રહેનાર એક રાજર્ષિ. (**ભા૨૦ વ૦ ૧૫૯-૨૦, ૧૭૯-૭**).

વૃષભ. પાંડયદેશનો એક પર્વત. (**ભા૨૦ વ૦૮૩-૨૧**).

વૃષભ (૨). મગધ દેશનો એક સીમા પર્વત. (**ભા૨૦: સ૦ ૨૧-૨**).

વૃષભ (૩). સોમવંશી યદુકુલોત્પન્ન કાર્તવીર્યાર્જુનના મુખ્ય પાંચ પુત્રોમાંનો ત્રીજો.

વૃષભ (૪). રામની સેનાનો એક વાનર (**વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૪૧**) આ મારુતિની સાથે સીતાની શોધ કરવા ગયો હતો.

વૃષભ (૫). ગોકુલમાંનો એક ગોપ વિશેષ. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૧૮**).

વૃષભ (૬). ભારતના યુદ્ધમાં મરી ગએલા શકુનિના ભાઇઓમાંનો એક, (**ભા૨૦ ભી૦ ૯૦**)

વૃષધ્વજ. ઉપર કહેલો વૃષધ્વજ તે જ.

વૃષભા. ભારતવર્ષીય નદી વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯-૩૨**).

વૃષવાહન. પોઠીયાના વાહનને લીધે પડેલું મહાદેવનું નામ.

વૃષસા. ભારતવર્ષીય નદી વિશેષ.

વૃષસાહ્વયા. ભારતવર્ષીય નદી વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯-૩૫**).

વૃષસેન. કર્ણના પુત્રોમાંનો એક. આને અભિમન્યૂએ હરાવ્યો હતો, (**ભા૨૦ દ્રો૦ ૪૪**). અને પછીથી અર્જુને મારી નાંખ્યો હતો. (**ભા૨૦ ક૦ ૯૦-૧૪**).

વૃષાકપિ. ભગવાન્નારાયણ. (**ભા૨૦ શાં૩૫૨-૨૪**).

વૃષાદર્ભ વૃષદર્ભ શબ્દ જુઓ.

વૃષાદર્ભિ. વૃષદર્ભ શબ્દ જુઓ.

વૃષામિત્ર. પાંડવોના સાથમાં વનમાં રહેલો એક ઋષિ.

વૃષ્ટિ. આઠમા સાવર્ણિ મનુને થનારા પુત્રોમાંનો એક.

વૃષ્ટિનેમિ. અક્રૂરના પુત્રોમાંનો એક.

વૃષ્ટિમાન. સોમવંશી પૂરુકુલોત્પન્ન પાંડવવંશના કવિરથ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સુષેણ.

વૃષ્ણિ. સોમવંશી યદુકુળના સહસ્રાજિતના વંશના કાર્તવીર્ય રાજાનો પૌત્ર. મધુ રાજાના સો પુત્રમાંનો જ્યેષ્ઠ.

વૃષ્ણિ (૨) સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના સાત્વત રાજાના સાત પુત્રોમાંનો ચોથો પુત્ર. એને એની સ્ત્રી માદ્રીને પેટે સુમિત્ર અને યુધાજિત્ એમ બે પુત્ર થયા હતા.

વૃષ્ણિ (૩). સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના સાત્વત રાજાના પુત્ર ભજમાન રાજાને તેની પહેલી સ્ત્રીથી થએલા ત્રણ પુત્રોમાંનો સૌથી નાનો પુત્ર.

વૃષ્ણિ (૪). યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના સાત્વતના પુત્ર વૃષ્ણિના કુળમાં જન્મેલા અનામિત્ર રાજાના ત્રણ પુત્રોમાંનો એનો નાનો પુત્ર તે ચિત્રરથ અને બીજો શ્વફલ્ક.

વૃષ્ણિ (૫). એક બ્રહ્મર્ષિ, વર્કુ ઋષિનો પિતા.

વેંકટ, ભારતવર્ષીય સામાન્ય પર્વત. હાલની ત્રિપતિ.

વેગદર્શી. રામની સેનામાંનો એક વાનર, (**વા૦ રા૦ યુ૦ સ૦ ૩૦**).

વેગવાન. સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન બંધુમાન રાજાનો પુત્ર. એને બંધુ નામનો પુત્ર હતો.

વેગવાન (૨). કશ્યપથી દનુને જન્મેલા દાનવોમાંનો એક. શાલ્વરાજાનો પક્ષ લઇને કૃષ્ણની સાથે યુદ્ધ કરવા આવ્યો હતો. કૃષ્ણે એને યુદ્ધમાં માર્યો હતો.(**ભા૨૦ વ૦ ૧૭-૨૦**).

વેગવાન (૩). સત્યાને પેટે કૃષ્ણને થએલા પુત્રોમાંનો એક.

વેગવાન (૪). સર્પ વિશેષ. (**ભા૨૦આ૦૫૭-૧૭**).

વેણા. વિંધ્યાચળમાંથી નિકળેલી એક નદી.(**ભા૨૦ વ૦ ૮૩-૩૩, ભા૨૦ ભી૦ ૯-૨૦**).

વેણા (૨). ભોજકટપુરનો દક્ષિણે આવેલી નદી.

વેણી. ભારતવર્ષીય નદી. કૃષ્ણવેણી નદી તે જ, (**ભા૨૦ ભી૦ ૯-૨૦**).

વેણી (૨). સર્પ વિશેષ.(**ભા૨૦આ૦૫૭-૧૩**).

વેણીમાધવ. પ્રયાગ ક્ષેત્રમાંની વિષ્ણુની મૂર્ત્તિ વિશેષ.

વેણીસુન્દ્ર. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭-૧૩)

વેણુજઘ્ન. એક ઋષિ. (ભા૨૦ સ૦ ૪ ૨૪)

વેણુદારિ. કર્ણે દિગ્વિજય કરતી વખત એનાનું પુત્રને હરાવ્યો હતો. (ભા૨૦ ૫૦ ૨૫૫ ૧૫) એ એક યાદવ હતો.(ભા૨૦સ૦૬૧ ૧૬)અને સોસ્મક દેશનો અધિપતિ હતો. (હરિ૦ ૨ ૬૧)

વેણુમંડળ. ક્રૌંચદ્વીપનો એક દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૧૨ ૧૨)

વેણુમતી. પારિયાત્ર પર્વતમાંથી નિકળતી નદી વિશેષ.

વેણુહય. સોમવંશી આયુકુલોત્પન્ન યદુરાજાના પુત્ર સહસ્ત્રાજિતનો પૌત્ર, અને શતજિત રાજાના ત્રણ પુત્રમાંનો મધ્યમ.

વેણ્યા. ભારતવર્ષીય નદી વિશેષ.

વેતસિકા. ભારતવર્ષીય તીર્થ વિશેષ. (ભા૨૦ ૫૦ ૮૨ ૫૬)

વેતાલ. એક રુદ્રગણ. પિશાચોનો અધિપતિ.

વેત્રકીયગ્રહ. એકચક્રા નગરીમાંનુ એક સ્થળ વિશેષ. (ભા૨૦ આ૦ ૧૭૮ ૨૫)

વેત્રવતી. પારિયાત્ર પર્વતમાંથી નિકળનારી નદી વિશેષ. વાત્સ્યદેશમાં યમુનાને મળે છે. હાલની માલવામાં ભોપાલના રાજ્યમાં આવેલી બેટવા નામની નદી તે જ. (ભા૨૦ ભી૦ ૬ ૧૬)

વેદ. વૈદ નામના ઋષિનુ નામાંતર. (ભા૨૦ આ૦ ૩૭૮) ધામ્ય ઋષિનો શિષ્ય.

વેદ (૨). એ નામનો ભૃગુકુળનો એક ઋષિ.

વેદ (૩). બ્રહ્મદેવના મુખમાંથી નિકળેલી સ્વતઃ પ્રમાણ વાણી. એના ઋક્, યજુ, સામ અને અથર્વણ એવા ચાર ભાગ કલ્પ્યા છે. (ભા૨૦ ૩ સ્કં૦ અ૦ ૧૨) આ ચારેને અનુક્રમે આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વ વૈદ અને સ્થાપત્ય એવા ચાર ઉપવેદ છે. વેદ બ્રહ્મલોકમાં નિરંતર મૂર્ત્તિમાન હોય છે.

कदाचिच्चारदो योगी परानुग्रह वांछया ।
पर्यटन् सकलान् लोकान् सत्यलोक मुपागतम्॥२
तत्रदृष्ट्वा मूर्तिमद्भिश्छन्दोभिः परिवेष्टितं ।
बालार्कप्रभया सम्यक् भासयंतं सभागृहम् ॥३॥
मार्कंडे आदि मुनिभिः स्तूयमानं मुहुर्मुहुः।
सर्वार्थ गोचरज्ञानं सरस्वत्या समन्वितम्॥४॥
चतुर्मुखं जगन्नाथं भक्ताभीष्टफलप्रदम् ।
प्रणम्य दंडवद्भक्त्या तुष्टाव मुनिपुंगवः ॥६॥

(બ્રહ્માં૦ પુ૦ ઉત્તરખં૦ ૩૦ અ૦ ૬૧) વ્યાસે એના વિભાગો પાડ્યા હતા. (ભા૨૦ આ૦ ૬૦ ૫ ભા૩૦ ૧૨ ૬, વાયુ૦ પુ૦ ૬૦ અને વિષ્ણુ પુ૦ ૩ ૩) મધુ કૈટભ દૈત્યો એને હરીગયા હતા. (ભા૨૦ શાં૦ ૩૫૭ ૨૯)

વેદ (૪) ભૃગુકુલોત્પન્ન એક ઋષિ. ધૌમ્ય ઋષિનો શિષ્ય. એના શિષ્યનું નામ ઉત્તંક ઋષિ હતું.

વેદબાહુ. કૃષ્ણના પૌત્રોમાંનો એક.

વેદપતી. વૃષધ્વજ જનકના પુત્ર રથધ્વજ જનકને ધર્મધ્વજ અને કુશધ્વજ નામે બે પુત્રો હતા. તેમાં કુશધ્વજ જનકને તેની માલાવતી નામની સ્ત્રીની કુખે લક્ષ્મીના અંશાવતારવાળી એક કન્યા અવતરી. એણે જન્મતાં જ વેદધ્વાન કર્યો હતો માટે એનું વેદવતી એવું નામ પ્રસિદ્ધ હતું. કુશધ્વજ પોતાના મનમાં આ કન્યા વિષ્ણુને પરણાવવી એમ ધારીને એનાં જે માગાં આવે તે પાછાં વાળતો. આમ થતાં થતાં કોઇ શંભુ નામના અસુરે એ કન્યાનું માગું કર્યું. પરન્તુ કુશધ્વજે એને ના કહી. આ ઉપરથી એ અસુર કુશધ્વજને મારી નાંખીને ત્યાંથી નાશી ગયો. વેદવતીનું શું થશે એનો વિચાર કે દરકાર કર્યા વગર કુશધ્વજની સ્ત્રીએ સહગમન કર્યું.

આમ વેદવતીને મા અને બાપ બન્ને મરણ પામ્યાં, એ જોઇને પોતે પુષ્કર તીર્થ વિશે ગઇ અને ત્યાં તપ આદર્યું. આ વાતને ઘણી મુદત થઇ ગઇ એટલે એક વખત આકાશવાણી થઇ કે તું બીજે જન્મે વિષ્ણુ પતિ પામીશ. આથી સંતોષ પામીને વેદવતી ત્યાંથી નિકળી ગંદમાદન પર્વતપર રહેવા લાગી. એ ત્યાં રહેતી હતી તેવામાં એક દિવસ રાવણ ફરતો ફરતો ત્યાં આવ્યો. વેદવતીએ આદરપૂર્વક એનું આતિથ્ય કર્યું. રાવણે એને પુછ્યું કે તું કોણ છે અને શા

માટે તપ કરે છે ? વેદવતીએ પોતાનું સઘળું વૃત્તાંત એને કહ્યું. એ સાંભળીને રાવણે એને કહ્યું કે તું મને પરણ. વેદવતીએ એનું કહેવું માન્ય ન કર્યું એટલે રાવણ એને બલાત્કારે ખેંચવા લાગ્યો. વેદવતીએ એને પોતાના સામર્થ્ય વડે સ્તબ્ધ કરી દીધો; અને શાપ દીધો કે તું આગળ જતાં મારું જ હરણ કરવાથી પુત્ર અને બાંધવો સહિત નાશ પામીશ. આ સાંભળીને રાવણ લંકા પાછો ગયો; અને વેદવતી પોતે યોગાગ્નિ વડે બળી મુઇ. બીજે જન્મે આ જ સીતા રૂપે રામની સ્ત્રી થઇ–જેનું હરણ કરવાથી રાવણ કુલ સહિત નાશ પામ્યો. (વા૦ રા૦ ઉત્ત-૨૦ સ૦ ૧૭) અને (દેવ ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૧૫ ૧૬)

વેદવ્યાસ. વ્યાસ શબ્દ જુઓ.

વેદશિર. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

વેદશિરા. સ્વાયંભુવ મન્વંતરમાંના ભૃગુઋષિના પુત્ર વિધાતાનો પૌત્ર અને પ્રાણ ઋષિનો પુત્ર.

વેદશિરા (૨). સ્વારોચિષ મન્વંતરમાં થઇ ગએલા સપ્તર્ષિમાંનો એક.

વેદશિરા (૩). રૈવત મન્વંતરમાં થઈ ગએલા સપ્તર્ષિમાંના એકનું નામાંતર.

વેદશિરા (૪). કૃશાશ્વ ઋષિને ધિષણાને પેટે થએલા પુત્રો પૈકી એક.

વેદશેરક. તગડાની સંજ્ઞાવાળા વસિષ્ટ કુલોત્પન્ન એક ઋષિ.

વેદશ્રુતી. તમસા નદીની દક્ષિણે આવેલી નદી વિશેષ.

વેદસ્મૃતા. ભારતવર્ષીય નદી વિશેષ. (ભા૨૦ ભી૦ ૬ ૧૭)

વેદસ્મૃતી. પારિયાત્ર પર્વતમાંથી નિકળતી એક નદી.

વેદાશ્વા. ભારતવર્ષીય નદી વિશેષ.

વેદી. ભારતવર્ષીય નદી વિશેષ.

વેદી (૨) બ્રહ્મદેવની શક્તિ.

વેદીતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ ૫૦ ૮૧ ૬૯)

વેધા. બ્રહ્મદેવ.

વેન. ચક્ષુષ મનુના પ્રપૌત્ર અને ઉલ્મુક રાજાના પૌત્ર અંગરાજાને સુનીથાની કુખે થએલો પુત્ર. એ ઘણો દુષ્ટ હતો માટે બ્રાહ્મણોએ એને હૂંકાર કરીને મારી નાંખ્યો. ઋષિયોએ પછી એના મૃત દેહને મંથન કરીને પૃથુ અને અર્ચિ એ નામે જોડકું ઉત્પન્ન કર્યું, અને એ એને માંહોમાંહે પરણાવ્યાં. (૨ પૃથુ શબ્દ જુઓ)

વેનવાજસ્રવાજક્ષ. ચાલુ મન્વંતરમાંનો થઇ ગએલો બાવીસમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ)

વૈકંક. મેરુના કર્ણિકાપર્વતમાંનો એક.

વૈકર્ણિનિ. ત્રીજા ભૃગુના કુળમાં ઉત્પન્ન થએલો એક ઋષિ.

વૈકર્ણેય. બીજા કશ્યપના કુળમાં ઉત્પન્ન થએલો ઋષિ વિશેષ.

વૈકર્તન. સૂર્યના મંત્રપ્રભાવ વડે જન્મેલો હોવાથી કર્ણનું પડેલું નામ.

વૈકર્તા. કાર્તવીર્ય રાજાના પુત્રોમાંના એકનું નામાંતર–બીજુ નામ.

વૈકુંઠ. રૈવત મન્વંતરમાં થએલા વિષ્ણુના અવતારનું નામ. વિષ્ણુને વૈકુંઠ કહેવાનું એ જ કારણ હશે.

વૈકુંઠ (૨) વૈકુંઠે નિર્માણ કરેલો લોક. સત્યલોકમાં જ છે.

વૈકુંઠકલ્પ. ચાલુ બ્રાહ્મમાસનો બાવીસમો દિવસ. (૪. કલ્પ શબ્દ જુઓ)

વૈકૃતિગાલવ. એકની સંજ્ઞાવાળા વિશ્વામિત્રના કુળમાં ઉત્પન્ન થએલ ઋષિ.

વૈકલવ. ત્રણની સંજ્ઞાવાળા વસિષ્ટકુલમાં ઉત્પન્ન થએલો ઋષિ વિશેષ.

વૈખાનસ. વાનપ્રસ્થાશ્રમમાં અણખેડયું ધાન્ય ખાઇને રહેનારા ઋષિયોનું સામાન્ય નામ.

વૈગાયન. તગડાની સંજ્ઞાવાળા ભૃગુકુળનો એક ઋષિ.

વૈચિત્રવીર્ય ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરનું સામાન્ય નામ.

વૈજયભૃત. ત્રણની સંજ્ઞાવાળા ભૃગુકુલોત્પન્ન એક ઋષિ.

વૈજયંત. ક્ષિરસમુદ્રમાંનો એક પર્વત. એ પર્વત ઉપર બ્રહ્મા એકાંતમાં રહેતા હતા. (ભા૨૦ શાં૦ ૩૬૦ ૯)

વૈજયંત (૨). ઇન્દ્રના મહેલનું સાધારણ નામ.

વૈજયંત (૩). નિમિ નામના રાજાની નગરી. અગાડી જતાં આ જ નગરીનું નામ નિમિના પુત્ર મિથિના નામ ઉપરથી મિથિલા પડયું હતું.

વૈજયંત (૪). ઇન્દ્રની ધ્વજાનું નામ. (ડાઉસન૦ પા૦ ૩૩૧)

વૈજયંત (૫). તિમિધ્વજ રાજાની નગરીનું નામ. આ નગરી દક્ષિણમાં દંડકાના દેશમાં આવી હતી.

વૈજયંતિ. કિંમતી મોતી, માણેક, લીલમ, શનિ અને હીરાની બનેલી વિષ્ણુ ભગવાનની માળા. (ડાઉસન૦ પા૦ ૩૩૧)

વૈણુવ. એકની અંક સંજ્ઞાવાળા વિશ્વામિત્ર કુળોત્પન્ન એક ઋષિ.

વૈતરણી. યમલોક સંબંધી નદી વિશેષ.

વૈતરણી (૨). વિંધ્યાચળમાંથી નિકળી કલિંગ દેશમાં થઇને પશ્ચિમ સમુદ્રને મળનારી નદી. વિશેષ.

(ભા૨૦સ૦ ૯–૨૪,૫૦ ૮૧–૮૪;૮૩–૬;ઉ૦ ૧૦૯–૧૪ ભી૦ ૯–૩૪). ઓરીસા પ્રાન્તમાં કટકની પાસેની બૈતરણી નદી તે જ.

વૈત્રકપિવન. એકચક્રા નગરી પાસે આવેલું વન વિશેષ. એ વનમાં બકાસુર રહેતો હતો.

વૈદર્ભા. ભારતવર્ષીય નદી વિશેષ.

વૈદર્ભી. વિદર્ભ રાજાની કન્યાઓનું સામાન્ય નામ. આ નામ લોપામુદ્રા, રુકિમણી અને દમયન્તી એમને સાધારણ રીતે લગાડવાની રુઢિ છે.

વૈદર્ભી (૨). સગર રાજાની પત્ની કેશિનીનું નામાંતર. એને સાઠ હજાર પુત્ર હતા. (ભા૨૦ ૫૦ ૧૦૫–૧૦).

વૈદિશ. શત્રુઘાતી રાજાનું નગર. (વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૧૦૮).

વૈદૂર્ય. મેરુકર્ણિકાપર્વતમાંનો એક.

વૈદૂર્યશિખર. પર્વત વિશેષ (ભા૨૦૫૦ ૮૭–૭)

વૈદેહ. નિમિ રાજાના વંશજોનું નામ.

વૈદેહ (૨). બ્રાહ્મણીને પેટે વૈશ્યથી ઉત્પન્ન થએલ છોકરાનું સામાન્ય નામ.

વૈદેહરાત. વિશ્વામિત્ર કુલોત્પન્ન એક ઋષિ.

વૈદેહા. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૯–૫૭).

વૈદેહી, વિદેહ રાજાની કન્યાઓનું સામાન્ય નામ. સીતાને લગાડેલું વધારે પ્રસિદ્ધ છે.

વૈદ્યનાથ. ભરતખંડસ્થ ક્ષેત્ર વિશેષ.

વૈદ્યુત. એકની સંજ્ઞાવાળા હિમાલયના કૈલાસ શિખરની વાવ્યયે આવેલું શિખર વિશેષ.

વૈદ્યુત. (૨). ભરતખંડમાં દક્ષિણ ભાગમાં આવેલો એક પર્વત.

વૈધૃતા. ધર્મસાવર્ણિ મન્વંતરમાંના વિષ્ણુના અવતારની માતા.

વૈધૃતિ. તામસ મન્વંતરમાંના દેવની માતા.

વૈધૃતિ (૨). ધર્મસાવર્ણિ મન્વંતરમાં સ્વર્ગમાં થનારો ઇંદ્ર.

વૈન્ય. તગડાની સંજ્ઞાવાળા ભૃગુકુળોત્પન્ન ઋષિ.

વૈન્ય (૨) વેનકુળોત્પન્ન રાજર્ષિ પૃથુ ચક્રવર્તી. (ભા૨૦ સ૦ ૮ ૨૦, ૫૦ ૧૮૮ ૫)

વૈભોજ. કૃષ્ણના વંશજો વૈભોજ કહેવાતા. આમને ગાડીઓ અને ભારભરદારી જનવરનો ઉપયોગ બહુ ન હતો. તેઓ ત્રાપામાં બેશી મુગાફરી કરતા એવું મહાભારતમાં છે. (વિલ્સન.)

વૈભ્રાજ. કુમુદ પર્વત ઉપરના એક વનનું નામ. (ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧૬)

વૈભ્રાજ (૨). શરયૂ નદીને તીરે આવેલું વન વિશેષ.

(મત્સ્ય૦ અ–૧૨૦)

વૈભ્રાજ (૩). વિભ્રાજ રાજાના પુત્ર નીપ રાજાનું બીજું નામ.

વૈમૃગય. બીજા કશ્યપકુળોત્પન્ન ઋષિ વિશેષ.

વૈયાઘ્રપદ્ય. વ્યાઘ્રપાદ ઋષિના કુળમાં થએલા એક બ્રાહ્મણનું નામ.

વૈયાઘ્રપદ્ય (૨) યુધિષ્ઠિરે–વિરાટરાજાને ત્યાં ગયા ત્યારે પોતાનું નામ કંક તેમ જ વૈયાઘ્રપદ્ય

કહ્યું હતું. (ભા૨૦ વિ૦૩૬ ૧૧) વૈયાઘપદ્ય એટલે વાઘના ચામડાથી જેનો રથ મઢેલો છે તેવો.

વૈયાસકિ. શુક્રાચાર્ય.

વૈરપરાયણ. ત્રીજા અંગિરાકુળમાં થએલો એક ઋષિ.

વૈરા. ભારતવર્ષિય નદી વિશેષ.

વૈરાજ. ચાક્ષુષ મન્વંતરમાંના વિષ્ણુના પિતા.

વૈરાજ (૨). એ નામના પિતર વિશેષ. એની માનસ કન્યા મેના તે હિમવાન પર્વતની સ્ત્રી હતી.

વૈરાજકલ્પ. ચાલુ કલ્પ પૂરો થયા પછી બેસનારો કલ્પ. (૪ કલ્પ શબ્દ જુઓ)

વૈરાટ. વિરાટ રાજાનો પુત્ર. વિશેષે કરીને ઉત્તરને એ નામે કહેવાની રુઢિ છે.

વૈરાટી. વિરાટ રાજાની કન્યા, ઉત્તરા તે જ. (ભા૨૦ આ૦ ૧ ૧૩૮)

વૈરોચન. વિરોચન દૈત્યનો પુત્ર બલિ તે.

વૈરોચતિ. ,,

વૈલેય. બગડાની અંક સંજ્ઞાવાળા અત્રિકુલોત્પન્ન એક ઋષિ.

વૈવશ્ય. બગડાની સંજ્ઞાવાળા કશ્યપકુળમાં ઉત્પન્ન થએલો એક ઋષિ.

વૈવસ. ત્રગડાની સંજ્ઞાવાળા ભૃગુકુળનો એક ઋષિ.

વૈવસ્વત. વિવસ્વાન્ આદિત્યને ઉત્પન્ન થએલા શ્રાદ્ધદેવ, યમ અને શનિ એ ત્રણેનું સામાન્ય રીતે નામ.

વૈવસ્વતમનુ. વિવસ્વાન્ આદિત્યને ત્વષ્ટૃ પ્રજાપતિની દીકરી સંજ્ઞાને પેટે થએલા બે પુત્રોમાંથી પૃથ્વીપર જે મનુ થયો તે–જુઓ શ્રાદ્ધદેવ. પૂર્વ કલ્પમાં એ સત્યવ્રત રાજા હતો. (૧ સત્યવ્રત શબ્દ જુઓ)

એણે બદરી વનમાં દસ હજાર વર્ષ સુધી તપ કર્યું હતું. (ભા૨૦ વન૦ અ૦૧૪૦ ૫૩) ચાક્ષુષ મન્વંતર પૂરો થવાની સંધીમાં જ ઉત્પન્ન થઇ (ભાગ૦ ૮ ૧૩) તે મન્વંતર બેસતાં જ મનુ થયો. એની સત્તાના આ કાળને વૈવસ્વત મન્વંતર કહેવામાં આવે છે. એની ગણના મંત્રદ્રષ્ટામાં થતી હોવાથી એ હાલનો આદ્ય સ્મૃતિકાર છે. સાધારણ રીતે એની રચેલી સ્મૃતિને " મનુસ્મૃતિ " કહે છે. કેટલાક કાળ પર્યંત આને સંતતિ નહોતી તેથી એણે વસિષ્ટને ઇષ્ટિ કરવાનું કહ્યું. વસિષ્ટે ઋત્વિજો પાસે મિત્રાવરુણ ઇષ્ટિનો આરંભ કરાવ્યો. તે વખત મનુની સ્ત્રી શ્રદ્ધાએ એ યજ્ઞના હોતા–યજ્ઞ કરતી વખત પૂર્વદિશામાં બેસનાર ઋત્વિજને પોતાને દિકરી થાય એવી ઇચ્છા જણાવી, આમ થવાથી મનુને પુત્ર ન થતાં પુત્રી થઇ. આ ઇલા નામની પુત્રીને વસિષ્ટે મનુની પ્રાર્થના ઉપરથી પુરુષત્વ આપ્યું. તે ઇલ રાજા થયો. (ઇલ શબ્દ જુઓ)

પોતાને પુત્રો થાય એ હેતુથી મનુએ યમુના જળમાં ઉભાં રહી તપ કર્યું. એ યોગથી એને ઇક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરુષક, નરિષ્યંત, પૃષધ્ર, નભગ અને કવિ એમ દસ પુત્રો થયા. (ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૧) વેન, ધૃષણુ, નરિષ્યંત, નાભાગ, ઇક્ષ્વાકુ, કારુષ, શર્યાતિ, ઇલા, પૃષધ્ર અને નાભાગશિષ્ટ નામના દશ પુત્રો હતા એમ મહાભારતમાં છે. (ભા૨૦ આ૦ ૭૫). એને નાભાગ અને વસુમાન્ નામના બે દિકરા હતા એમ જણાય છે. પરંતુ ઉપર જણાવેલા દસમાંથી કોઇનાં એ નામ હશે એમ લાગે છે. મત્સ્યપુરાણમાં વળી મનુના દિકરાઓનાં નામ તફાવત વાળાં મળી આવે છે. છતાં એટલું તો નક્કી છે કે એ નામો ઉપર જણાવલાં પુત્રોનાં જ હશે.

આ મન્વંતરમાં સ્વર્ગમાં વસુ, રુદ્ર, આદિત્ય, વિશ્વેદેવો, મરુદ્ગણ, અશ્વિનીકુમાર અને ઋભુ એવા સાત તરેહના દેવ છે. ઋભુને બદલે મત્સ્યપુરાણમાં 'સાધ્યદેવ' એવું નામ આપ્યું છે. આ શિવાય બીજો તફાવત નથી. સંખ્યા તો તેમાં પણ સાતની જ છે. (મત્સ્ય અ૦ ૯). આ મન્વંતરમાં કશ્યપ, અત્રિ, વસિષ્ટ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ એ સપ્તર્ષિ છે. તેમાં કશ્યપ વડે અદિતીને પેટે વામન નામનો વિષ્ણુનો અવતાર થયો હતો. વામને બલિને પાતાળમાં ચાંપીને ઇંદ્રની સાહ્યતા કરી હતી. (ભા૦ સ્કં. ૮–૧૩).

વૈશંપાયન. ચાલુ મન્વન્તરની પહેલી ચોકડીમાંના દ્વાપરયુગમાં સ્વાયંભૂ નામનો પહેલો વ્યાસ થયો હતો, તેના ચાર શિષ્યો પૈકી સંપૂર્ણ યજુર્વેદનું અધ્યયન કરનારો શિષ્ય. એ યાજ્ઞવલ્ક્ય ઋષિનો મામો થતો હતો. યાજ્ઞવલ્ક્યે યજુર્વેદની એક પ્રમુખ શાખાનો અભ્યાસ આની પાસે કરેલો હોવાથી એ વૈશંપાયનનો શિષ્ય પણ હતો; અને ભાણેજ પણ થતો હતો. યાજ્ઞવલ્ક્ય પાસેથી વૈશંપાયને જ વેદ (તૈત્તિરીય શાખા) પાછા લીધા હતા. (યાજ્ઞવલ્ક્ય શબ્દ જુઓ).

વૈશંપાયન (૨). ચાલુ મન્વન્તરમાં ચાલુ અઠ્ઠાવીસમી ચોકડીમાં થએલા કૃષ્ણદ્વૈપાયન નામે અઠ્ઠાવીસમા વ્યાસના ચાર શિષ્યોમાનો બીજો શિષ્ય. આ તૈત્તિરિઋષિના કુળનો એટલે તૈત્તિરીય શાખાનું અધ્યયન કરનાર હતો. ઇતિહાસનાં બહુ સુંદર વ્યાખ્યાનો આપનાર તરીકે આ પ્રસિદ્ધ છે.

વૈશાળ. વૈશાલિક શબ્દ જુઓ.

વૈશાલિ. ત્રગડાની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

વૈશાલિક. સૂર્યવંશી વિશાળ રાજાના કુળમાં જન્મી વિશાળા નગરીમાં રાજ્ય કરનાર સઘળા રાજાઓ.

વૈશ્ય. કૌશિક ઋષિનો શિષ્ય.

વૈશ્યાપુત્ર. ધૃતરાષ્ટ્ર પુત્ર યુયુત્સુ.

વૈશ્રંભક. દેવોનું વન વિશેષ.

વૈશ્રવણ. સ્વાયંભુવ મન્વન્તરમાંના પુલસ્ત્યના પુત્ર વિશ્રવા ઋષિનો પુત્ર, એની માનું નામ ગો હતું, એની આકૃતિ ભયંકર છે, તેથી એને કુબેર (કુબડો) કહે છે; પણ એનું મુખ્ય નામ સોમ હતું. એની સ્ત્રીનું નામ ઋદ્ધિ. કલ્પના આરંભથી જ ઉત્તર દિગ્પાળ હોવાથી ઉત્તર દિશાનું સૌમ્યા એવું પડેલું નામ હજુ ચાલે છે. એ સઘળા યક્ષોનો અધિપતિ અને દેવોનો ધનાધ્યક્ષ છે. એનું કુબેર ભંડારી નામ જાણીતું જ છે.

ઉત્તાનપાદ પુત્ર ધ્રુવની સાથે આને જબરું યુદ્ધ થયું હતું. ધ્રુવનો ઓરમાન ભાઇ ઉત્તમ યક્ષોને હાથે મરાયો હતો. એની સાવકી મા પોતાના પુત્રના મૃત્યુની ખબર જાણતાં ધ્રુવને જણાવ્યા વગર પોતે હિમવાન્ પર્વત પર જ્યાં એનો પુત્ર ઉત્તમ યક્ષોને હાથે મરણ પામ્યો હતો ત્યાં ગઇ. એનું પણ યક્ષોને હાથે મૃત્યુ થયું. ઉત્તાનપાદ પુત્ર ધ્રુવને આ વાતનો જાણ થતાં પોતે હિમવાન્ પર્વત પર ગયો. યક્ષોનો સંહાર કર્યો. ખૂદ કુબેર પણ લડવા આવ્યો હતો, તેની સાથે ઘોર યુદ્ધ થયું, (ધ્રુવ શબ્દ જુઓ).

એની સભા સુંદર હોઈ નારદાદિક મોટા મોટા ઋષિયો ત્યાં સતત્ આવતા. નલકુબેર તે આનો પુત્ર થાય. નારદ અને યુધિષ્ઠિરના સંવાદ પરથી જણાય છે કે એ અદ્યાપિ ઉત્તર દિશાનો અધિપતિ છે. આ ઉપરથી એને "રાજરાજ" એવું બિરૂદ મળ્યું છે. એ કદી કદી હિમવાન્ પર્વતના કૈલાસ શિખર પર રહે છે. માનસોત્તર પર્વત પરની વિભાવરી નામની એની મુખ્ય નગરી છે.

વૈશ્રવણ (૨). ચાલુ મન્વન્તરના પુલસ્ત્ય ઋષિના પુત્ર વિશ્રવાને તેમની સ્ત્રી ભરદ્વાજ કન્યા દેવવર્ણિની કુખે થએલો પુત્ર. એને રુદ્રના પ્રતાપે પ્રથમ લંકા નગરી રહેવાને મળી હતી. તેમ જ એક સ્વેચ્છાગામી પુષ્પક નામનું વિમાન પણ મળ્યું હતું. એ રાવણ, કુંભકર્ણ અને વિભીષણનો ઓરમાન ભાઇ થતો હતો. રાવણ રાક્ષસાધિપતિ અને આ યક્ષાધિપતિ કહેવાતો, એ ઉપરથી જ એને કુબેર નામ પણ પડી ગયું હોય એમ જણાય છે. અધ્યાત્મ રામાયણમાં આને ધનેશ કહ્યો છે. પણ તે સંભવિત નથી. અગાડી જતાં રાવણ બળવાન થઇને લંકામાં રહેવા લાગ્યો, ત્યારે આણે હિમાલયના કૈલાસ શિખર ઉપર અલકા નામની નગરી વસાવી પોતે ત્યાં રહ્યો. રાવણે એની પાસેથી લંકા તેમ જ પુષ્પક વિમાન લઇ લીધાં હતાં. એના મંત્રીનું નામ પ્રહાસ હતું. એને ગૌ, પુષ્કર, શુક્ર, પ્રૌષ્ટપદ, મણિભદ્ર, પૂર્ણભદ્ર, મણિમાન્, મણિકંધર, મણિભૂષ ઇ. અનેક અનુચરો છે. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૫ ૨૩) (દેવી ભા૦ દ્વાદશ૦ અ ૧૦) એજ (ભા૦ વન૦ અ–૨૫૭)

વૈશ્વાનર. શાંડિલ્ય ગોત્રનો એક ઋષિ. પ્રાણિમાત્રના શરીરમાં રહીને અન્ન પાચન કરનાર અને જેના યોગવડે દેવને વૈશ્વદેવ સંબંધી અન્ન મળે છે એ અગ્નિનું દેવતાત્વ આને હોય એમ જણાય છે. કેમકે એ અગ્નિને શાંડિલ્યગોત્રી કહ્યો છે.

વૈશ્વાનર (૨) પ્રાણિમાત્રના શરીરમાં રહીને અન્ન પાચન કરનાર અને નિત્યયજ્ઞ–વૈશ્વાનર સંબંધી અન્ન દેવને પહોંચાડનાર અગ્નિ. વિશ્વાનર સૂર્યનો પુત્ર.

વૈશ્વાનર (૩) એ નામનો એક દાનવ જેને ઉપદાનવી, હયશિરા, પુલોમા અને કાળકા નામની ચાર કન્યા હતી.

વૈશ્વાનરિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ)

વૈષ્ણવી. વિષ્ણુની શક્તિ અને સપ્ત માતૃકા પૈકી એક.

વૈષ્ણવાસ્ત્ર–વિષ્ણુનુ અસ્ત્ર.

વૈહાયસી. ભારતવર્ષીય નદી વિશેષ.

વૈહાર. મગધ દેશના સીમાપર્વતોમાંનો એક. (ભા૨૦ સ૦ ૨૧ ૨)

વૈહીનરિ. ત્રણુની સંજ્ઞાવાળા ભૃગુ કુળોત્પન્ન એક ઋષિ.

વ્યાહૃતિ. ઋષિ વિશેષ. (દેવી ભાગ૦ ૧૧ સ્કં૦ અ૦ ૨૦)

વ્યૌલિ. ત્રણની સંજ્ઞાવાળા વસિષ્ઠકુળોત્પન્ન એક ઋષિ.

વ્યૌષડિ. ત્રણની સંજ્ઞવાળા અંગિરાકુળનો એક ઋષિ.

વ્યધ્વાધ. ત્રણની સંજ્ઞાવાળા ભૃગુકુળનો એક ઋષિ.

વ્યધ્વર્યવ. એક રાજર્ષિ.

વ્યશ્વ. એક રાજર્ષિ.

વ્યંસ. બગડાની સંજ્ઞાવાળા સૈંહિકેયો પૈકી એક.

વ્યાઘ્ર. એક યક્ષ વિશેષ. (૨ નભસ્વત શબ્દ જુઓ)

આ યક્ષ ભાદ્રપદ માસમાં સૂર્યના સમાગમમાં રહે છે.

વ્યાઘ્ર (૨). વાઘ પ્રાણીની આખી જાતિ. એમની ઉત્પત્તિ ક્રોધાની પુત્રી શાર્દુલાથી થઇ–જે સંબંધે જુવો (ભા૨૦ આ૦ ૬૬)

વ્યાકેતુ. ભારત યુદ્ધમાં કર્ણે મારેલો પાંડવ પક્ષનો એક રાજા. (ભા૨૦ કર્ણ૦ અ૦ ૫૧ ૪૬–૪૭)

વ્યાઘ્રકેતુ (૨). દુર્યોધન પક્ષનો એક રાજકુમાર યુદ્ધમાં એને સાત્યકિયે માર્યો હતો. (ભા૨૦ દ્રો૦ ૧૦૭ ૩૧)

વ્યાઘ્રદત્ત. દ્રોણાચાર્યે મારેલો પાંડવ પક્ષનો એક પાંચાળ. (ભા૨૦ દ્રો૦ ૧૬ ૪૯ અને ૭૦ ૧૭૧ ૧૯)

વ્યાઘ્રદત્ત (૨). માગધપુત્ર એક ક્ષત્રિય. એને સાત્યકિયે માર્યો હતો. (ભા૨૦ દ્રો૦ ૧૦૭ ૩૧)

વ્યાઘ્રપદ. એક ઋષિ, વસિષ્ઠથી ઉત્પન્ન થએલો. (ભા૨૦ અનુ૦ ૫૩–૩૦)

વ્યાઘ્રપાદ. વસિષ્ઠ કુળોત્પન્ન એક ઋષિ. એને ઉપમન્યુ અને ધૌમ્ય નામના બે પુત્ર હતા. (ભા૨૦ અનુ૦ ૪૫ ૨૬–૬૬)

વ્યાન. શરીરની અંદરના પંચ પ્રાણોમાંનો એક.

વ્યાસ. પરાશર અને મત્સ્યગંધા–સત્યવતીનો પુત્ર, કૃષ્ણદ્વૈપાયન,–વેદવિભાગ કર્ત્તા.

થઇ ગએલા છ મન્વંતરમાં તો જે હો તે હો, પરંતુ ચાલુ મન્વંતરમાં તો તેની દરેક ચોકડીના દ્વાપરયુગમાં એક એક વ્યાસ થઇ ગયો છે. વ્યાસ એટલે વેદવિસ્તાર કરનાર. વેદમાં થએલી (જે થઇ હોય તો) અવ્યવસ્થાને વ્યવસ્થિત કરવી એ જ એનું કર્તવ્ય.

द्वापरे प्रथम व्यस्ताः स्वयं वेदा स्वयंभुवा ।
प्रजापति द्वितीये तु व्यास कार्यकृत् ॥२६॥
तृतीये चोशना व्यास श्चतुर्थे तु बृहस्पतिः ।
पंचमे सविता व्यासः षष्ठो मृत्युस्तु द्वापरे ॥२७॥
मघवा सप्तमे प्राप्ते वसिष्ठश्चाष्टमे स्मृतः ।
सारस्वतश्च नवमे त्रिधामा दशमे तथा ॥२८॥

एकादशे च त्रिवृषो भारद्वाज स्ततः परे ।
त्रयोदशे चांतरिक्षो धर्माचापि चतुर्दशे ॥२९॥
त्रय्यारुणः पंचदशे षोडशे तु धनंजयः ।
मेधातिथिः सप्तदशे व्रती ह्यष्टादशे तथा ॥३०॥
अत्रिरेकोनविंशेथ गौतमस्तु ततः परे ।
उत्तमाश्चैकविंशेथ हृर्यात्मा यश्च कीर्त्तितः ॥३१॥
वेनो वाजश्रवाक्षस्तु सोमो न्यूषायणस्तथा ।
तृणबिंदु स्तथा व्यासो भार्गवस्तु ततः परे ॥३२॥
ततः शक्तिर्जातुकर्णो कृष्णद्वैपायनस्ततः ।
अष्टाविंशति संख्येयं कथिता या मया श्रुता॥३३॥

(દેવી ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૪)

સ્વયંભૂ, પ્રજાપતિ, ઉશના, બૃહસ્પતિ, સવિતા, મૃત્યુ, મઘવા, વસિષ્ઠ, સારસ્વત, ત્રિધામા, ત્રિવૃષ, ભારદ્વાજ, અંતરિક્ષ, ધર્મા, ત્રય્યારુણ, ધનંજય, મેધાતિથિ, વ્રતી, અત્રિ, ગૌતમ, હર્યાત્મા (એનુ **બીજું નામ ઉત્તમા** પણ છે) વેનવાજશ્રવાક્ષ, સોમ-ન્યૂષાયણ, તૃણબિંદુ, ભાર્ગવ, શક્તિ, જાતુ-કર્ણ અને (પરાશર પુત્ર) કૃષ્ણદ્વૈપાયન આટલા વ્યાસ થઇ ગયા છે અને હવે ઓગ-ણત્રીસમી ચોકડીમાં દ્રોણાચાર્યનો પુત્ર અ-શ્વત્થામા વ્યાસ થશે. (કૃષ્ણદ્વૈપાયન શબ્દ જુઓ, તેમજ અશ્વત્થામા શબ્દ પણ)

एकोनत्रिंशे संप्राप्ते द्रौणिर्व्यासो भविष्यति॥२॥

(દેવી ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૪)

યુધિતાશ્વ. સોમવંશનો એક રાજા એને કાક્ષી-વતી ભદ્રા નામની સ્ત્રી હતી; અને શાલ્વ, મદ્ર, વગેરે સાત પુત્રો હતા.

વ્યાસવન. એક ક્ષેત્ર વિશેષ,(ભા૨૦ ૫૦૮૧-૯૩)

વ્યાસસ્થલી. એક ક્ષેત્ર વિશેષ. (ભા૨૦ ૫૦ ૮૧-૯૬).

વ્યુષ્ટ. ઉત્તાનપાદ વંશના પુષ્પાર્ણને દોષાને પેટે થએલા ત્રણ પુત્રોમાં-કનિષ્ટ. પુષ્કરિણીને પેટે એને સર્વતેજસ નામનો એક પુત્ર થયો હતો.

વ્યૂક. ભારતવર્ષીય દેશ વિશેષ. (ભા૨૦ ભીષ્મ૦ ૯૦-૬૧).

વ્યૂઢોર.. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.(ભા૨૦ આ૦ ૧૩૧-૧૪).

વ્યુઢોરુ. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.(ભા૨૦ આ૦ ૬૮-૧૦૫).

વ્યોમ. સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશમાં જ્યા-મઘ કુળમાંના કથ વંશમાં જન્મેલા દશાર્હ રાજાનો પુત્ર. એને કોઇ કોઇ જગાએ દાશાર્હ પણ કહ્યો છે. એને જીમૂત નામે પુત્ર હતો.

વ્યોમ (૨). વ્યોમાસુર શબ્દ જુઓ.

વ્યોમાસુર. મયાસુરના વંશનો એક અસુર એને કૃષ્ણે માર્યો હતો. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૩૭)

વ્રજ. મથુરાની પાસે આવેલો ગોવાળોના અધિ-પતિ નંદરાજાનો નેસડો. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૧૧).

વ્રતી. ચાલુ મન્વંતરમાં થઇ ગએલો અઢારમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ.)

પ્રતેયુ. સોમવંશી પુરુકુળોત્પન્ન રૌદ્રાશ્વ રાજાના દસ પુત્રો પૈકી નવમો પુત્ર.

શ.

શક. ભારતવર્ષીય દેશ. ઇન્દ્રપ્રસ્થની પૂર્વનો અને પશ્ચિમનો એમ એના બે ભેદ છે. (ભા૨૦ સ૦ ૭૮-૯૬. અને ભીષ્મ૦ ૬-૪૫).

શક (૨). ઉપર કહેલા શક દેશના રહેવાશીઓ.

શકટાસુર. કંસનો અનુચર એક રાક્ષસ. કૃષ્ણને મારવાનું બીડું ઝડપી એ ગોકુળમાં ગયો હતો, એને ગાડાનું રુપ ધારણ કરીને પડી રહી લાગ જોતો હતો. પણ પોતે જ કૃષ્ણને હાથે મરણ પામ્યો. (ભાગ૦ દશ૦ અ૦ ૧૨).

શંકર. કલ્યાણકારી દેવ-શિવ.

શંકર (૨). અગીઆર રુદ્રોમાંના ઇશ્વર નામના રુદ્રનું બીજું નામ.

શંકુ. સોમવંશી યદુકુલોત્પન્ન ઉગ્રસેનના નવ પુ-ત્રોમાંનો પાંચમો પુત્ર,

શંકુ (૨). એ નામનો એક યાદવ.

શંકુ (૩). સત્યાને પેટે કૃષ્ણને થએલા દસ પુત્રોમાંનો એક.

શંકુકર્ણ. શિવના પાર્ષદગણોમાંનો એક.

શંકુકર્ણ (૨). કાશીમાંનું એક સ્થળ વિશેષ.

શંકુકર્ણ (૩). રાવણની અશોક વાટિકાનો રક્ષક, એક રાક્ષસ. (વા. રા૦ સુ૦ દ૦ સ૦ ૧૮)

શંકુકર્ણેશ્વર. ભારતવર્ષીય એક તીર્થ.

શકુંત. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.(ભા૨૦ અનુ૦ ૧-૫૦).

શકુંતલા. વિશ્વામિત્ર ઋષિને મેનકાને પેટે થએલી પુત્રી. મેનકા એને માલિની નદીને તીરે મૂકીને સ્વર્ગે ગયા પછી ત્યાં પાસે રહેનાર કણ્વ ઋષિયે એને દીઠી. કણ્વ એને પોતાના આશ્ર-મમાં લઇ આવ્યો અને એને ઘણા વહાલથી ઉછેરી. કણ્વે એને દીઠી તે પહેલાં શકુંત પક્ષી ઓએ એનું રક્ષણ કર્યું હતું; તે ઉપરથી એનુ નામ શકુંતલા પાડયું. શકુંતલા ધીરે ધીરે મોટી થતાં-પોતે અપ્સરાની પુત્રી હોવાથી-ઘણી સ્વરુપવાન નિકળી.

એક સમય કણ્વ નિત્યાનુષ્ઠાન કરવા નદી તીરે ગયા હશે, ત્યારે સોમવંશી પુરુકુળનો દુષ્યંત રાજા મૃગયા કરતો કરતો ત્યાં આવી ચડયો. પરંતુ આશ્રમમાં કોઇ દીઠું નહિ, એટલે બહાર ઉભાં રહી, 'આશ્રમમાં કોણ છે.' એમ પુછતાં તે સાંભળી શકુંતલા બહાર આવી. દુષ્યંતનું ઐશ્વર્ય જોઇને આ કોઈ રાજા છે એમ જાણીને શકુન્તલાએ ઘણી નમ્રતાપૂર્વક એનું આતિથ્ય કર્યું. આતિથ્યથી સંતોષ પામીને અને એના સ્વરુપથી મોહ પામ્યો હોવાથી પાણી વગેરે પીધા પછી શકુંતલાને પુછયું કે તું કોની કન્યા છે? શકુંતલાએ ધીરેથી મર્યાદા પૂર્વક ઉત્તર દીધો! કે હું કણ્વની કન્યા છઉ. દુષ્યંત મનમાં વિચારવા લાગ્યો કે હુંતો જાણું છું કે કણ્વ બ્રહ્મચારી છે. મારું મન સ્વા-ભાવિક રીતે આ કન્યા તરફ આકર્ષાય છે. માટે જરુર આ એમની પુત્રી નથી. એ ક્ષત્રિય કન્યા હોવી જોઇએ. એણે ફરીથી શકુંતલાને પુછયું કે મને ખરું કહે તું કોની કન્યા છે? તે ઉપરથી કણ્વને કોઇ ઋષિને કહેતા સાંભળ્યા હતા તે હકીકત શકુંતલાએ કહી. એ સાંભળીને દુષ્યંતને ઘણો હર્ષ થયો. કેમકે એનું મન એ કન્યામાં પરોવાઇ ગયું હતું.

પછી દુષ્યંતે એને કહ્યું કે મારી ઇચ્છા તારું પાણિગ્રહણ કરવાની છે. તારા મનમાં શું ધારે છે? શકુંતલાએ કહ્યું આપ કહોછો તે મારે માન્ય છે, પણ કણ્વ પાસે આપે મારી માગણી કરવી તે ઠીક. રાજા ઘણો કામાતુર થયો હતો. તે એનું આ કહેવું સાંભળે જ નહિ. તે ઉપરથી શકુંતલાએ પોતાને જે પુત્ર થાય તેને હું રાજ આપીશ એવું કબુલ કરાવી તેની સાથે ગાંધર્વલગ્ન કર્યું. શકુંત-લાને સમાગમના ફળરુપ ગર્ભ રહ્યો. દુષ્યંત પછી પોતાને નગર જતી વખત એને વચન આપતો ગયો કે હું થોડી મુદતમાં જ પાલખી વગેરે મોકલી તને તેડાવી લઇશ.

રાજાના ગયા પછી થોડીવારે જ કણ્વ ઋષિ

આશ્રમમાં આવ્યા. શકુંતલાને ઋષિની આગળ આવતાં લાજ આવવા માંડી; પણ કણ્વે અંતર્દૃષ્ટિ વડે એના રાજાની સાથેના લગ્નની વાત જાણીને એને અભય આપતાં કહ્યું કે તને કોને આપવી એ મને પ્રીકર થયાં કરતી હતી, તે અનાયાસે દૂર થઇ. આથી મને ઘણો આનંદ થયો છે. એ સાંભળી નિર્ભય કણ્વની પાસે આવી. પછી પૂર્ણ માસે એને પુત્ર સાંપડ્યો–એ પુત્ર એના પિતાના જેવો જ શૂર અને ચપળ હતો.જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ વાઘ વગેરે પ્રાણિયોને પકડી પકડીને આશ્રમમાં બાંધવા લાગ્યો. ઋષિયે એનું નામ ભરત પાડ્યું હતું પણ એનાં આ લક્ષણોપરથી એનું " સર્વદમન " એવું નામ પાડ્યું. અને હવે આને અહીં આશ્રમમાં રાખવો ન જોઇએ ધારી પુત્ર અને શકુંતલાને પોતાના શિષ્યની સાથે દુષ્યંતને ત્યાં હસ્તિનાપુર રવાના કર્યા.

પુત્રને લઇને શકુંતલા હસ્તિનાપુર ગઇ તે વેળા રાજા સભામાં બેઠો હતો. શિષ્ય એમને લઇને સભામાં ગયો અને રાજાને કહ્યું કે તારી સ્ત્રી અને પુત્રને સંભાળ. આમ સોંપી શિષ્ય પાછો વળ્યો. શિષ્યના ગયા પછી શકુંતલાએ રાજાને વંદન કર્યું, અને કહ્યું. તેં વચન આપ્યું હતું તેમ હું તારા પુત્રને લઇને આવી છઉં. માટે મારો અને એનો અંગીકાર કર. એનું ભાષણ સાંભળીને દુષ્યંત રાજાએ એને ઓળખી; પરન્તુ લોક લજ્જાવડે ઉપર ઉપરથી કહ્યું કે તું કોણ છે? અને કોના પુત્રને અહીં આણ્યો છે? એ સાંભળીને શકુંતલાએ ક્રોધવિષ્ટ થઇને મર્યાદા પૂર્વક રાજાને ઘણો વિનવ્યો. પણ દુષ્યંત એનું બોલવું સાંભળે જ નહિ. શકુંતલા સખેદ વિચાર કરતી હતી કે હવે શું કરવું. એટલામાં આકાશવાણી થઇ કે રાજા, આ તારી સ્ત્રી અને તારો પુત્ર છે; તેનો અંગીકાર કર. રાજાએ પુત્ર સહિત શકુંતલાનો અંગીકાર કર્યો. રાજાએ સભાસદોને કહ્યું કે મેં તો એને તરત જ ઓળખી હતી પણ તમારા બધાના મનમાં આવે કે મેં અપરિચિત સ્ત્રીને રાખી લીધી. એવા અપવાદના ભયે હું એમ બોલ્યો હતો. હવે હું એનો અને મારા પુત્રનો અંગીકાર કરું છઉં. પછી પુત્ર સહિત શકુંતલાને અંતઃપુરમાં લઇ ગયો. પુત્ર ભરતને ઉપનયન વગેરે સંસ્કારો કર્યા. થોડે કાળે ભરત રાજકાર્યભારમાં પાવરધો થયો જોઇને એને યૂવરાજપદ આપી અભિષેક કર્યો. (ભા૦ આ૦ ૯૫--૧૮). (શકુંતલોપાખ્યાન— (ભા૨૦ આ૦ ૮૯-૧૦૦).

શકુનિ. દનુપુત્ર દાનવમાંનો એક. એના પુત્રનું નામ વૃકાસુર (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૮૮)

શકુનિ (૨). હિરણ્યાક્ષના ચાર પુત્રોમાંનો બીજો.

શકુનિ (૩). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના જ્યામઘ કુળમાં થએલો દશરથ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ કરંભિ રાજા.

શકુનિ. (૪). ગાંધાર દેશાધિપતિ સુબળ રાજાનો પુત્ર. ગાંધારીનો ભાઇ, એ ધૃતરાષ્ટ્રનો સાળો અને કૌરવોનો મામો થતો હતો. સુબળ રાજાની પછી એ જ રાજ્યાધિકારી થયો હતો. એ સ્વભાવે ઘણો જ દુષ્ટ હતો અને દ્યૂતરમવામાં કપટ કરવામાં એક્કો હતો. એણે દ્યૂત રમીને પાંડવોની બધી સંપત્તિ દૂર્યોધનને જીતી આપી પાંડવોને વનમાં કાઢ્યા હતા. ભારતના યુદ્ધમાં એ દૂર્યોધન પાસે હતો. એનું મરણ સહદેવને હાથે થયું હતું. (ભા૦ શલ્ય ૦અ૦ ૨૭-૬૦) એને ઉલૂક નામે પુત્ર હતો. જેને સહદેવે ભારતયુદ્ધમાં માર્યો હતો. વૃષક, વૃહદ્બળ, અચળ, શરભ, સુભમ, વિભુ, ભાનુ દત્ત, ગજ, ગવાક્ષ, ચર્મવાન, આર્જવ અને શુક વગેરે એના ભાઇઓ હતા. (ભા૨૦આ૦ ૨૦૧, દ્રો૦ ૩૦૦ ૧૫૮, અને ભી૦-૬-૩૦)

શકુન (૫). સર્પ વિશેષ. (ભા૦ આ૦૫૪-૧૬)

શકુનિ (૬). સ્કન્દે ઉત્પન્ન કરેલા ગ્રહો પૈકી એક સ્કંદગ્રહ. (ભા૦ ૫૦ ૨૩૦-૨૬)

શકુરોમા. કદ્રુના નાગપુત્રોમાંનો એક.

શંકુશિપ્રા. વૃત્રાસુરનો અનુયાયી એક અસુર.

શંકુશિરોધર. દનુપુત્ર દાનવોમાંનો એક.

શક્તિ. ત્રીજા વસિષ્ટ ઋષિનો મોટો પુત્ર. વસિષ્ટ કુળમાં આ એક મંત્રદષ્ટા હતો. કલ્માષપાદ રાજા વસિષ્ટના સો પુત્ર ખાઇ ગયો તેમાં આ પણ મરણ પામ્યો હતો. એની સ્ત્રી અદૃશ્યંતિ એના મરણકાળે ગર્ભિણી હતી તેને પાછળથી પરાશર નામે પુત્ર પ્રસવ્યો. આ પરાશર તે ચાલુ મન્વંતરનો છવ્વીસમો વ્યાસ જ એમ કહેવાય નહિ; કારણ રામ ચોવીસમી ચોકડીમાં થયા અને કલ્માષપાદ રાજા રામનો પૂર્વગામી હોઇ મરણ પામ્યો હતો. તેનો પુત્ર છવ્વીસમી ચોકડીમાં હોય એ અસંભવિત છે.

શક્તિ (૨). ચાલુ મન્વંતરનો છવ્વીસમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ.) એ અંગિરાકુળમાં જન્મ્યો હતો.

શક્ર. ઇન્દ્રનું એક નામ.

શક્ર (૨). બાર આદિત્યોમાંનો હાલનો પૂર્વ દિગ્પાળ-આદિત્ય તે. (ભાગ૦ ૬ સ્કં૦ અ૦ ૧૮) (ભા૨૦ આ૦ ૬૬-૧૫)

શક્રજિત. રાવણપુત્ર ઇન્દ્રજિતનું નામાન્તર.

શક્રદેવ. કલિંગ દેશાધિપતિ ભાનુમંત રાજાનો પુત્ર. ભારતના યુદ્ધમાં ભીમસેનને હાથે મરણ પામ્યો હતો. (ભા૨૦ ભી૦ ૫૪-૩૪)

શક્રપ્રસ્થ. ઇન્દ્રપ્રસ્થનું નામાન્તર.

શંખ. ઉત્તમ નામના ત્રીજા મન્વંતર માંહલ્યા સપ્તઋષિયોમાંનો એક. લિખિત ઋષિનો ભાઇ શંખ તે આ નહિ. તે જુદો છે.

શંખ (૨). દનુપુત્ર દાનવોમાંનો એક.

શંખ (૩). વરુણલોક માંહલ્લો એક અસુર.

શંખ (૪). કુબેરના નવ નિધિમાંનો એક.

શંખ (૫). લિખિત ઋષિનો ભાઇ. (શંખ લિખિત શબ્દ જુઓ).

શંખ (૬). મેરુની તળેટીએ આવેલા પર્વતોમાંનો એક પર્વત.

શંખ (૭). પૂર્વ મત્સ્યાધિપતિ વિરાટ રાજાના બે પુત્રમાંનો મોટો પુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૭૧-૧૫, આદિ૦ ૨૦૧-૮, સ૦ ૭-૧૧ વિરા૦ ૨૧-૧૮, વિરા૦ ૩૪-૨૪, ભી૦ ૮૨-૨૩). એ ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષમાં હતો, અને દ્રોણાચાર્યને હાથે મરણ પામ્યો હતો.

શંખ (૮). એક સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫-૮, અને ઉ૦ ૧૩-(૧૨)

શંખચૂડ. રામની સેનાનો એક વાનર. (વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૪૦).

શંખચૂડ (૨). વિપ્રચિત્તિ દાનવનો પૌત્ર અને દંભાસુરનો પુત્ર. એણે જૈગીષવ્ય ઋષિની પાસેથી વિષ્ણુનો મંત્ર લેઇને પુષ્કર તીર્થમાં અનુષ્ઠાન કર્યું હતું. એ અનુષ્ઠાન પૂરું થતાં વલ્લભદેવની આજ્ઞાથી બદરીવનમાં તપ કરનારી તુલસી પાસે ગયો. આ તુલસી ધર્મધ્વજ રાજાની તેની ભાર્યા માધવીને પેટે જન્મેલી પુત્રી હતી. વિષ્ણુની પ્રાપ્તિ સારુ એ તપ કરતી હતી. શંખચૂડ ત્યાં ગયો એટલે એ બન્નેમાં પ્રેમ થઇ તુલસી એને જ વરી. અગાડી જતાં પોતાના તપના પ્રભાવે કરીને શંખચૂડે સઘળાંનો અધિકાર લેઇ પોતે રાજ્ય કર્યું. પોતાનો અધિકાર નષ્ટ થવાથી દેવોએ એની સાથે યુદ્ધ કર્યું. એ યુદ્ધમાં શંખચૂડનો પરાભવ નથી થતો જોઇને ત્રિષ્ણુ શંખચૂડનું રુપ ધારણ કરીને તુલસી પાસે ગયા. હું સઘળા દેવોનો પરાભવ કરીને આવ્યો, કહીને એમણે તુલસીની સાથે ગમન કર્યું. એનું પાતિવ્રત નષ્ટ થવાથી રણભૂમિ પર શંખચૂડનું તત્કાળ મરણ થયું. આ બધી હકીકત તુલસીને જણાતાં જો કે પોતાને વિષ્ણુપર પ્રીતિ હતી તોપણ તેમને શાપ દીધો કે તમે પથ્થરરુપ થશો. ગંડકી નદીમાં થતા કાળા ગોળ પથ્થર રુપે વિષ્ણુ પૂજાય છે, એ પ્રસિદ્ધ છે. (દેવી૦ ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૧૭-૨૫)

શંખચૂડ (૩). કુબેરનો એક અનુચર. શાપે કરીને રાક્ષસ યોનિ પામેલો તે. આ વૃંદાવનમાં ગયો હતો. કેટલીક ગોપીઓનું હરણ કરીને જતાં કૃષ્ણને હાથે મરણ પામ્યો હતો. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૩૪)

શંખતીર્થ. ભારતવર્ષીય તીર્થ વિશેષ. (ભા૨૦ શ૦ ૩૮-૧૯)

શંખપદ. બીજા સ્વારોચિષ મનુનો પુત્ર. (ભા૨૦ શાં૦ ૩૫૭–૩૭). એને સ્વારોચિષ મનુએ પોતે વિદ્યા ભણાવી હતી. ભૂમી ઉપર જે મનુષ્ય જાતીય ચાર દિગ્પાળ છે તેઓમાં આ દક્ષિણ દિગ્પાળ છે.

શંખપાલ. કદ્રુને પેટે જન્મેલા નાગમાંનો એક.

શંખપિણ્ડ. એક સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫–૧૩).

શંખમુખ. એક સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫–૧૧).

શંખમેખલ. એક બ્રહ્મર્ષિ. (ભા૨૦ આ૦ ૮૨–૪)

શંખલિખિત. શંખ અને લિખિત એ બે ઋષિયો પરસ્પર ભાઇ થતા હતા. એ બન્ને જણા બાહુદા નદીને કિનારે જુદા જુદા આશ્રમ કરીને રહેતા હતા. આ નદીનું નામ ઘળવા અગર ધૂમેળ હતું. હાલ એને બર્દા કહે છે. અયોધ્યા પ્રાન્તમાં આવેલી રાપ્તી નદીનો ફાંટો છે. એક વખત લિખિત ઋષિ પોતાના મોટા ભાઇ શંખને મળવા આવ્યો. બાગમાં થઇને એના રહેવાના ઘરમાં ગયો. ચાલતાં ચાલતાં એણે બાગમાંથી પાકાં ફળ તોડ્યાં હતાં, તે એના હાથમાં હતાં. બન્ને ભાઇ મળીને, બેસીને કાંઇ વાતચીત કરતા હતા. તેવામાં શંખની દૃષ્ટિ લિખિતે તોડી આણેલાં ફળ ઉપર પડી. એણે લિખિતને પુછ્યું કે આ ફળ તેં ક્યાંથી આણ્યાં? લિખિતે કર્યું કે તમારા બાગમાંથી. એ સાંભળીને શંખઋષિયે કહ્યું કે મને પુછ્યા વગર તેં આ ફળ લીધાં માટે એ ચોરી થઇ. માટે તું સુદ્યુમ્ન રાજા પાસે જા અને આ અપરાધની સજા તને પોતાને કરાવી લે. તેથી લિખિત ભલે, એમ કહીને રાજા પાસે ગયો. પોતે જે કર્યું હતું તે રાજાને નિવેદન કર્યું અને મને શિક્ષા કરો. એમ વિનતિ કરી. રાજાએ કહ્યું કે તમે તમારો અપરાધ સ્વમુખે મારી પાસે આવીને જાહેર કર્યો માટે તમે દોષ રહિત છો. પરંતુ લિખિત ઋષિ આ વાત સાંભળે જ નહિ. એતો સજાની જ માગણી કરે. એ ઉપરથી રાજાએ સજા તરીકે એનાં બન્ને કાંડાં કપાવ્યાં. લિખિત ઋષિ ત્યાંથી પાધરા પોતાના ભાઇ પાસે આવ્યા; અને પોતાનાં કાંડાં બતાવીને કહ્યું કે હું સજા પામી આવ્યો, તે બતાવવા આવ્યો છઉ. શંખે સંતુષ્ટ થઇને કહ્યું કે બહુ સારું કર્યું. હવે જાઓ બાહુદામાં સ્નાન કરીને અહીં વહેલા આવો. લિખિત ઋષિ નદીમાં નહાવા પડ્યા. નહાતી વખત તર્પણ કરવું પડે છે એનું સ્મરણ થતાં પોતાના હાથ તરફ જોવા લાગ્યા તો કપાયલાં કાંડાને બદલે હાથ પૂર્વવત્ થઇ ગએલા! આ વાતની સુદ્યુમ્ન રાજાને ખબર પડતાં તેને પણ ઘણો આનંદ થયો. કાંડાં કપાવ્યા પછી બ્રાહ્મણને આવી સજા કર્યા બદલ એને ઘણો ખેદ થતો હતો. શંખઋષિને પણ આનંદ થયો. પછી ભાઇની આજ્ઞા લઇ લિખિત પોતાને આશ્રમે ગયો. ત્યારથી આ નદીનું નામ બાહુદા પડ્યું. (ભા૨૦ શાં૦ અ૦ ૨૩)

શંખિનીતીર્થ. ભારતવર્ષીય એક તીર્થ. (ભા૨૦ વન૦ ૮૧–૫૧).

શંખોદ્ધાર. દ્વારકાની પાસે આવેલું એ નામનું તીર્થ વિશેષ.

શચી. ચાલુ મન્વંતરના ઇંદ્ર–પુરંદરની સ્ત્રી.

શઠ. દનુના પુત્ર દાનવોમાંનો એક.

શઠ (૨). રાવણના રાક્ષસ અનુચરોમાંનો એક.

શઠ (૩). એ નામનો એક યાદવ. (જૈમિ૦ અશ્વ૦ અ૦ ૧૦).

શંડામર્ક. શંડ અને અમર્ક નામે બે ભાઇઓ. એઓ વારુણિ કવિના પૌત્ર અને ઉશનસ ઋષિના પુત્ર હતા. હિરણ્યકશિપૂના સમયમાં એકદા એમનો પિતા તપ કરવા ગયો હતો, ત્યારે આ બન્ને ભાઇઓ એનું–હિરણ્યકશિપૂનું પુરોહિતપણું કરતા હતા. એથી જ પ્રહ્લાદને ભણાવવાનું કામ એમની પાસે

હતું. (મત્સ્ય૦ અ૦ ૩૩ શ્લો૦ ૮)અને (ભાગ૦ સ્કં૦ અ૦ ૫).

શંડિલ. બીજા કશ્યપ કુળમાં ઉત્પન્ન થએલો એક ઋષિ.

શતકુંભા. ભારતવર્ષીય નદી વિશેષ. (ભા૨૦ વ૦ ૮૨–૧૦, ભી૦ ૯–૧૯).

શતકેસર. શાકદ્વીપમાં આવેલો પર્વત વિશેષ.

શતક્રતુ. સો યજ્ઞ કરવાથી જેને ઇન્દ્ર પદ મળ્યું હોય તેવો ઇન્દ્ર.

શતગામિ. જટાયૂના પાંચ પુત્રમાંનો એક.

શતઘ્ની. સોને મારનાર–કૃષ્ણ વાપરતા હતા તે અસ્ત્ર. મહાભારતમાં એને પથ્થરનું બનેલું અને લોઢાના ખીલા ચોતરફ જડ્યા હોય એવું વર્ણવ્યું છે. પણ ઘણું કરીને એ બાણ જેવું બારુતની સાહ્યતાથી ફેંકવાનું હશે એમ ઘણા માને છે. (ડાઉસન૦ પા૦ ૨૬).

શતચન્દ્ર. એક ક્ષત્રિય. ગાન્ધાર રાજા સુબળનો પુત્ર. એને રાત્રિયુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (ભા૨૦ દ્રો૦ ૧૫૮–૨૩).

શતજિત. ઋષભદેવ વંશના વિરજ રાજાને વિપૂચીને પેટે થએલા સો પુત્રોમાંનો મોટો પુત્ર.

શતજિત (૨). આસો મહિનામાં જેનો વારો હોય છે તે યક્ષ વિશેષ. (૩ ઇષ શબ્દ જુઓ).

શતજિત (૩). સોમવંશી આયુકુળોત્પન્ન યદુરાજાનો પૌત્ર. અને સહસ્ત્રરાજાનો પુત્ર; એને મહાહય, વેણુહય અને હૈહય નામે ત્રણ પુત્રો હતા.

શતજિત (૪). કૃષ્ણને જાંબુવતીની કુખે થએલા પુત્રોમાંનો એક.

શતજ્યોતિ. ચંદ્રનું બીજું નામ.

શતજ્યોતિ (૨). સુબ્રાજનો પુત્ર. (ભા૨૦ આ૦ ૧–૭૫).

શતતારકા. સોમની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક.

શતતારકા (૨). એ નામનું નક્ષત્ર વિશેષ.

શતદ્યુમ્ન. ચક્ષુ મનુના પુત્રોમાંનો એક.

શતદ્યુમ્ન (૨). વિદેહવંશીય ભાનુમાન રાજાનો પુત્ર. એના પુત્રનું નામ શુચિજનક.

શતદ્યુમ્ન (૩). એક રાજર્ષિ. એણે મુદ્ગલ ઋષિને ગૃહદાન કરીને ઉત્તમ લોકની પ્રાપ્તિ કરી હતી. (ભા૦ શાં૦ ૨૪૦–૩૨, અનુ૦ ૨૦૦–૨૧). એ ક્રીયા વંશનો હતો તે જણાતું નથી.

શતદ્રુ. હૈમવતી નદીનું બીજું નામ. પુત્ર મરણના શોકે આત્મઘાત કરવાના હેતુથી વસિષ્ઠ આ હૈમવતી નદીમાં પડ્યા હતા. પોતાની અંદર પડેલા ઋષિ ડુબે નહિ માટે આ નદીએ પોતાના ઝરણનાં જુદાં જુદાં સો વહેણ કરી દીધાં. જેથી પાણી એષ્ટું થવાથી વસિષ્ઠ ડુબ્યા નહિ. હાલની સતલજ નદી તે જ. એને ધાધર અગર ધાર નામ પણ છે. (વસિષ્ઠ શબ્દ જુઓ). (ભા૦ આ૦ ૧૯૩ ૯–૧૦, સ૦ ૯–૨૩ અને ભી૦ ૯–૧૫).

શતદ્રુતિ. પ્રાચીનબર્હિ રાજાની સવર્ણા નામની સ્ત્રીનું બીજું નામ. એને પેટે દશ પ્રચેતાઓ જન્મ્યા હતા.

શતધનુ. ત્રણની સંજ્ઞાવાળો શતધન્વા તે જ.

શતધન્વા. શિવનું એક નામ.

શતધન્વા (૨). એક રાજર્ષિ. કલિંગ રાજકન્યાના સ્વયંવરમાં આવેલો તે. (ભા૨૦ શાં૦ ૪–૭)

શતધન્વા (૩). યદુકુળના ક્રોષ્ટિક યાદવના પાંચ પુત્રોમાંનો એક. કૃતવર્માનો ભાઇ.

શતધન્વા (૪). કૃષ્ણે મારેલો એક યાદવ. (શ્યમંતકમણિ શબ્દ જુઓ).

શતધન્વા (૫). સુમતીનો પુત્ર. (હંસધ્વજ શબ્દ જુઓ).

શતધૃતિ. બ્રહ્મદેવનું એક નામ.

શંતનુ. સોમવંશી પૂરુકુળોત્પન્ન અજમીઢ વંશના કુરુપુત્ર જન્હુરાજાના કુળમાં થએલા પ્રતીપ રાજાના ત્રણ પુત્રોમાંનો મધ્યમ. એની માનું નામ સુનન્દી અને ભાઇઓનાં નામ દેવાપિ અને બાલ્હિક હતાં. પૂર્વ જન્મમાં એ મહાભીષ નામે રાજા હતો. એના પિતા પ્રતીપ

રાજાના મરણ પછી એનો મોટો ભાઇ દેવાપિ રાજ્ય કરવા લાગ્યો. પરન્તુ તે કોઢીઓ હોવાથી પ્રજાએ એને ગાદીપરથી ઉઠાડી મૂકી શંતનુને રાજ્ય આપ્યું. (૧ દેવાપિ શબ્દ જુઓ). શંતનું રાજ્ય કરતો હતો ત્યારે એકદા એ વનમાં મૃગયા સારુ ગયો હતો. ત્યાં એણે એક સુંદર કન્યા દીઠી. એ ગંગા હતી. એ કન્યા એને વરી. એને પેટે એને એક પછી એક એમ, સાત પુત્રો થયા. તે તેણીએ પાણીમાં બૂડાડી દીધા. આઠમા પુત્ર ભીષ્મને એણે બૂડાડવા દીધો નહિ, તેથી પરણતી વખતે પોતે કરેલી બોલી પ્રમાણે રીસાઇને ગંગા એ પુત્ર સહિત અંતર્ધાન થઇ ગઇ.કાંઇક કાળ પછી ભીષ્મને સર્વ વિદ્યામાં નિપુણ કરીને ગંગાએ શંતનુ પાસે આણ્યો. અને તેને શંતનુને સોંપી, પોતે સ્વર્ગમાં ચાલી ગઇ.એના ગયા પછી શંતનુએ બીજી સ્ત્રી કરી. એ સત્યવતીને પેટે એને ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય એમ બે પુત્ર થયા. ત્યાર પછી થોડે જ કાળે શંતનું સ્વર્ગે ગયો. શંતનુ બહુ સારા ગુણે ભરેલો હતો. એનામાં એક વર્ણવવા જેવો ગુણ એ હતો કે એ જેના શરીરને હાથ અડાડે તે નિરોગી થઈ જાય. (ભા૨૦ આ૦ ૬૩-૪૯, ૧૦૧-૫૦),

શતપર્વા. શુક્રાચાર્યની સ્ત્રી. (ભા૨૦ ઉ૦ ૧૧૭-૧૩).

શતબલ. વાનરોનો એક અધિપતિ, રામની સેનાને વાનર વિશેષ. (વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૯-૨૦)

શતબલી. શતબલ વાનર તે જ.

શતભુખ ભારતવર્ષિય નદી વિશેષ.

શયાયૂપ શકયદેશનો રાજા વૃદ્ધ થતાં પોતાના પુત્રને રાજ્ય આપી પોતે વાનપ્રસ્થ ધર્મ પાળવા હિમાલયપર ગયો હતો. એ ત્યાં હતો તે સમયે ધૃતરાષ્ટ્ર ગાંધારી સહિત ત્યાં ગયો હતો અને ઘણા દિવસ એના સહવાસમાં રહ્યો હતો. (ભા૨૦ આશ્રમ૦)

શતરથ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન મૂલકરાજાનો પૌત્ર, અને દશરથનો પુત્ર. એને ઇલવિલ કિંવા ઇડવિડ કહેતા હતા. એના પુત્રોને ઐલવિલ કિંવા ઐડવિડ કહ્યા છે. (ભા૨૦ દ્રો૦ અ૦ ૬૧)

શતરુદ્રા. ભારતવર્ષીય નદી વિશેષ.

શતરુપ. સ્વાયંભૂ મનુનું નામ.

શતરૂપા. સ્વાયંભૂ મનૂની સ્ત્રી. એ બ્રહ્મદેવના ડાબા અંગમાંથી ઉત્પન્ન થઇ હતી. એનું બીજું નામ સરસ્વતી પણ હતું.

શતર્ચન. એક બ્રહ્મર્ષિ.

શતશીર્ષા. વાસુકી નાગની સ્ત્રી.

શતશૃંગ શાલ્મલી દ્વીપની અંદરનો પર્વત વિશેષ.

શતશૃંગ. (૨). પાંડવોનું જન્મસ્થાન-હિમાલયનું શિખર વિશેષ.

શતશૌચ. એક તીર્થ વિશેષ. (ભા૨૦ વન૦ ૮૨-૨૧)

શતહ્રદ. દનૂથી ઉત્પન્ન થએલા દાનવો પૈકી એક દાનવ.

શતહ્રદા જવ નામના રાક્ષસની સ્ત્રી અને વિરાધ નામના રાક્ષસની માતા.

શતાજત. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના સાત્વતના પુત્ર ભજમાન રાજાને બાહ્યકાને પેટે થએલા ત્રણ પુત્રોમાંનો મોટો પુત્ર.

શતાનંદ. એકની અંક સંજ્ઞાવાળા ગૌતમ ઋષિને અહલ્યાને પેટે થએલો પુત્ર. એ વિદેહવંશના જનકરાજાઓનો પુરોહિત હતો. (વા૦ રા૦ બા૦ સ૦ ૫૧) દાશરથી રામના વિવાહ વખતે આ શતાનંદ સીરધ્વજ જનકનો પુરોહિત હતો. (ભા૨૦ અનુ૦ ૪૫-૮)

શતાનંદ (૨), વિંધ્યાશ્વ નામના પાંચાળ રાજાની કન્યા અહલ્યાને છઠી અંક સંજ્ઞાવાળા ગૌતમથી થએલા બે પુત્રોમાંનો મોટો. અને ચિરકારી ઋષિનો ભાઇ. એને સત્યધૃતિ નામનો પુત્ર હતો. આ સત્યધૃતિ કૃપાચાર્યનો મુળ પુરુષ હતો. (ભાગ૦ નવમો સ્કં૦ ૨૧)

શતાનંદ (૩). સાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્ત ઋષિયોમાંનો એક.

શતાનીક. પૂર્વ મત્સ્યાધિપતિ વિરાટ રાજાનો ભાઇ. (ભા૨૦ ત્રિ૨૫૦ અ૦ ૩૧). એ ભારતના યુદ્ધમાં દ્રોણાચાર્યને હાથે મરણ પામ્યો હતો. (ભા૦ દ્રો૦ અ૦ ૨૧). ભીષ્મને હાથે મરાયાનું પણ કહ્યું છે. (ભા૦ ભી૦ ૧૧૮-૨૭).

શતાનીક (૨), દ્રૌપદીને નકુલથી થએલો પુત્ર. પોતાના કુળમાં થઇ ગયેલા રાજર્ષિ શતાનીક જેવો કીર્ત્તિવર્ધક હોવાથી એનું નામ નકુલે શતાનીક પાડ્યું હતું. (ભા૦ આ૦ ૨૪૭). એ તંબુમાં સુતો હતો ત્યાં અઢારમા દિવસની રાત્રે અશ્વત્થામાને હાથે મરણ પામ્યો.

શતાનીક (૩). સોમવંશી ક્રોષ્ટુ એક એ નામનો રાજર્ષિ. (ભા૨૦ આ૦ ૨૪૭-૮૦).

શતાનીક (૪). સોમવંશી પૂરુકુળના પાંડવના વંશના જનમેજય રાજાને વપુષ્ટમાને પેટે થએલો પુત્ર. એના પુત્રનું નામ સહસ્ત્રાનીક હતું.

શતાનીક (૫). પાંડવ વંશના સુદાસ રાજાનો પુત્ર. એનું બીજું નામ સોમક હતું. એને દુર્દમન નામનો પુત્ર હતો.

શતાયુ. સોમવંશના પુરૂરવાનો પુત્ર, એક ક્ષત્રિ. (ભા૦ આ૦ ૭૯-૨૮).

શતાવ્હા. ભારતવર્ષીય એક નદી.

શતાક્ષી. દુર્ગાનું એક નામ.

શત્રુઘાતી. સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અજપુત્ર દશરથ રાજાનો પૌત્ર. શત્રુઘ્નને શ્રુતકીર્ત્તિને પેટે થએલા બે પુત્રોમાંનો મોટો પુત્ર. એને ધ્રુવકેતુ પણ કહેતા. એ વૈદિશ નામની નગરીમાં રહેતો. ભાગવતમાં એને શ્રુતસેન પણ કહ્યો છે.

सुबाहुः श्रुतसेनश्च शत्रुघ्नश्च बभूवतुः ॥
(ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૧૧. શ્લો. ૧૩).

શત્રુઘ્ન. સૂર્યવંશનો એ નામનો એક ઘણો પ્રાચીન રાજા. એ કોનો પુત્ર છે. એ હકીકત જણાતી નથી.

શત્રુઘ્ન (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અજપુત્ર દશરથ રાજાને સુમિત્રાને પેટે થએલા બે પુત્રોમાં કનિષ્ઠ.લક્ષ્મણનો નાનો ભાઇ. એ નાનપણમાંથી ભરતની તરફના વલણનો હતો. જનકપુરમાં જ્યારે રામચન્દ્રનું લગ્ન થયું ત્યારે આનું લગ્ન પણ થયું હતું. સીરધ્વજ જનકના નાના ભાઇ કુશધ્વજ જનકની દિકરી શ્રુતકીર્ત્તિ શત્રુઘ્નને પરણાવી હતી. વિવાહ પછી એનો મામો યુધાજિત જે લગ્નપ્રસંગે આવ્યો હતો તેની જોડે એ પોતાને મોસાળ કેકય દેશમાં ગયો હતો. કેકય દેશથી એ પાછો આવ્યો ત્યારે તો દશરથ રાજાની ઔર્ધ્વદેહિક શ્રાદ્ધાદિક ક્રિયા થઇ ગયા પછી ભરત નંદીગ્રામમાં રહેતો હતો. આથી રામને નામે ચૌદ વર્ષ પર્યન્ત શત્રુઘ્ને જ અયોધ્યામાં સારી, રીતે રાજ્ય ચલાવ્યું હતું.

ચૌદ વર્ષ વનવાસ ભોગવી, રાવણને મારી સીતાને લઇ રામચન્દ્ર પાછા આવ્યા અને રાજ્ય કરવા લાગ્યા. સઘળાનો ત્યાર પછીનો ઘણો સમય આનંદમાં ગયો. એ કાળમાં શત્રુઘ્નને સુબાહુ અને શત્રુઘાતી એમ બે પુત્ર થયા હતા.

એક સમય યમુના તેડના કેટલાક ઋષિયો રામચંદ્ર પાસે આવીને લવણાસુરે આપેલા ત્રાસનું વર્ણન કરતા હતા, તે સાંભળીને શત્રુઘ્ન પોતે લવણાસુરને મારવા તૈયાર થયો. રામચંદ્રના વનવાસ કાળે ભરત અને લક્ષ્મણ એ બન્નેએ ઘણું કષ્ટ ભોગવ્યું હતું. માટે રામચંદ્રના મુખમાંથી લવણાસુરના વધ સારુ આજ્ઞા નિકળતાં જ શત્રુઘ્ને મને મોકલો કરીને આગ્રહ કર્યો. રામચંદ્રની આજ્ઞા થતાં જ પોતે નિકળીને ત્રિજે દિવસે વાલ્મીકિ ઋષિને આશ્રમે આવી પહોંચ્યો. આશ્રમ આગળ ભસ્મના મોટા ઢગલા જોઇને એણે ઋષિને એ વિષયે પુછતાં એણે મિત્રસહ રાજાના યજ્ઞ સંબંધી સમગ્ર હકીકત કહી. (વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૬૫).

જે દિવસે શત્રુઘ્ન વાલ્મીકિના આશ્રમે આવી પહોંચ્યો હતો તે જ દિવસે સીતાને લવ અને કુશ એ બે પુત્ર પ્રસવ્યા હતા. શત્રુઘ્ન ત્યાંથી બીજે દિવસે વિદાય થઈ

સાતમે દિવસે યમુના તીરે કાંચન અથવા ચ્યવન ઋષિના આશ્રમમાં આવ્યો. ત્યાં પાસે જ એણે સેનાનો પડાવ કર્યો. (વા૦ રા૦ ઉત્ત૦ સ૩ ૬૬).

લવણાસુરના સામર્થ્ય સંબંધી એણે પ્રશ્ન કરવાથી ચ્યવનભાર્ગવે એને માંધાતા રાજાનો ઇતિહાસ કહી સંભળાવ્યો. (૧ માંધાતા શબ્દ જુઓ). પછી બીજે દિવસે એણે લવણાસુરને માર્યો. લવણાસુરના મૃત્યુથી એ દેશ નિર્ભય થયો જોઇએ. દેવો અને ઋષિઓએ શત્રુઘ્નને કાંઇ વર માગવાની આજ્ઞા કરી. શત્રુઘ્ને માગ્યું કે આ દેશમાં ચારે વર્ણની પ્રજા રહો અને અહીંની સેના શૂરત્વવાળી થાઓ. તેમણે તથાસ્તુ કહીને વરપ્રદાન કરવાથી એણે એ દેશનું નામ "શૂરસેન" પાડયું; અને ત્યાં મધુપુરી નામની નગરી હતી તેનું નામ ફેરવીને 'મથુરા' પાડી ત્યાં રાજધાની કરી, રામચંદ્રને એ વર્ત્તમાન નિવેદન કર્યા. રામચંદ્રે એને એ રાજ્યનો અભિષેક કર્યો. (વા૦ રા૦ ઉત્ત૦ ૪૦–૭૦)

શૂરસેન દેશમાં બાર વર્ષ રહ્યો. એક વખત એના મનમાં રામચંદ્રને મળવા ઇચ્છા થઇ. એ ત્યાંથી નિકળી, વાલ્મીકિના આશ્રમમાં એક રાત રહી અયોધ્યા આવી રામચંદ્રને ભેટયો. રામચંદ્ર, ભરત વિગેરેની સાથે કેટલાક દિવસ આનંદમાં વ્યતિત કરી રામચંદ્રની આજ્ઞાથી એ પાછો મથુરા આવ્યો. (વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૭૧–૭૨).

કેટલેક કાળે એણે સાંભળ્યું કે રામચંદ્ર સ્વધામ પધારશે. એ ખબર સાંભળીને રામચંદ્ર પાસેથી દૂત પણ આવ્યો. તેથી પોતાના મોટા પુત્ર સુબાહુને રાજ્યાસન પર બેસાડી અને નાના પુત્ર શત્રુઘાતીને વૈદિશ નગરીમાં રહેવાની આજ્ઞા કરીને, પોતે ઉતાવળે અયોધ્યા આવ્યો, અને રામચંદ્રના સમાગમમાં જ પરમ ગતિને પામ્યો. (વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૧૦૮).

શત્રુઘ્ન (૩). લંકામાંનો રાવણ પક્ષનો એક રાક્ષસ. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩).

શત્રુઘ્ન (૪). શ્વફલ્ક યાદવના તેર પુત્રોમાંનો એક.

શત્રુઘ્ન (૫). અક્રૂર યાદવના પુત્રોમાંનો એક.

શત્રુંજય. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. એને ભીમસેને માર્યો હતો. (ભા૨૦ ભી૦ ૫૧–૮, અને ભા૨૦ દ્રો૦ ૧૩૭–૩૦).

શત્રુંજય (૨). અર્જુનને હાથે બન્ને ભાઇઓ સહિત મરણ પામેલો કર્ણનો પુત્ર. (ભા૨૦ દ્રો૦ અ૦ ૬૨).

શત્રુંજય (૩). અભિમન્યુએ મારેલો એક રાજપુત્ર. (ભા૨૦ દ્રો૦ ૪૮–૧૫).

શત્રુંજય (૪). અશ્વત્થામાને હાથે મરાયલા દ્રૂપદ રાજાના પુત્રોમાંનો એક. (ભા૨૦ દ્રો૦ ૧૫૭–૧૮૧–૧૮૨).

શત્રુંજય (૫). ક્ષત્રિ. જયદ્રથનો ભાઇ. (ભા૨૦ વ૦ ૨૬૬–૧૧).

શત્રુંજય (૬). એક સૂત. કર્ણનો ભાઇ, એને અર્જુને માર્યો હતો. (ભા૨૦ દ્રો૦ ૩૨–૬૧).

શત્રુંજય (૭). રામચંદ્રને બેસવાનો હાથી વિશેષ. (વા૦ રા૦ અયો૦ સ૦ ૧૫).

જત્રુંજય (૮). એ નામનો રામની સેનામાંનો એક હાથી. (વા૦ રા૦ અ૦ સ૦ ૯૭).

શત્રજિત્ સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળોત્પન્ન ધ્રુવસંધિ રાજાને લીલાવતીને પેટે થએલો પુત્ર. (૮ સુદર્શન શબ્દ જુઓ).

શત્રુજિત્ (૨). એકની સંજ્ઞાવાળા પ્રતર્દન રાજાનું બીજું નામ.

શત્રુજિત્. (૩). શોણાશ્વ રાજર્ષિના પુત્રોમાંનો એક.

શત્રુતપન. દનુપુત્ર દાનવોમાંનો એક.

શત્રુતાપન. શત્રુતપન તે જ.

શત્રુન્તપ. કર્ણનો નાનો ભાઇ–પાલક પિતાનો પુત્ર. ઉત્તર ગોગ્રહણ વખતે અર્જુનને હાથે માર્યો ગયો હતો. (ભા૨૦ વિ૦ ૫૮–૧૮).

શત્રુસહ. સોમવંશી ધૃતરાષ્ટ્રનો સોમાંનો એક પુત્ર. ભીમને હાથે મરણ પામ્યો હતો. (ભા૨૦ દ્રો૦ ૧૩૭–૩૦).

શતસૂદન. દાશરથિ રામના સુત્ર નામના મંત્રીના દશ પુત્રોમાંનો એક.

શનિ. વિવસ્વાન્ આદિત્યને છાયાને પેટે થએલા બે પુત્રોમાંનો નાનો પુત્ર. સાવર્ણિ જે અગાડી આઠમો મનુ થનાર છે તેનો સહોદર–ભાઇ. વૈવસ્વત એવું એનું બીજું નામ હોઇ એ હાલના શનિમંડળનો અધિપતિ છે. એને શનિશ્ચર પણ કહે છે.

શન્તનુ. સોમવંશી પ્રતીપનો પુત્ર. એની માનુ નામ સુનન્દી અને બે ભાઇઓનાં નામ દેવાપિ અને બાલ્હીક છે. (ભા૨૦ આ૦ ૬૩–૪૭). એનું આ નામ પડવાના કારણ સારુ જુઓ (ભા૨૦ આ૦ ૬૩–૪૯). (શંતનુ શબ્દ જુઓ).

શંપાક. હસ્તિનાપુરમાં રહેનાર એક દરિદ્રી બ્રાહ્મણ. એને લાભ થાય તો હર્ષ થતો નહિ અને લાભ ન થાય તો ખેદ પણ થતો નહિ. ભીષ્મને એના ઉપર વિશેષ ભક્તિ હતી. એ ભીષ્મને ચિત્તને શાંત રાખવાને અંગે ઘણી વાતો કહેતો. (ભા૨૦ શાંતિ૦ ૧૭૫).

શંબર. તિમિધ્વજ રાજાનું નામ.

શંભર (૨). શંબરાસુર શબ્દ જુઓ.

શંબરાસુર. દનુપુત્ર દાનવમાંનો એક. કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ને એને માર્યો હતો. (૨ પ્રદ્યુમ્ન શબ્દ જુઓ)

શંબરાસુર (૨). ઇંદ્રે મારેલો એક અસુર. (ભા૨૦ સૌપ્તિક૦ ૧૧).

શબ્બર. દેવ વિશેષ. (ભા૨૦ ભી૦ ૫૦–૫૩, દ્રો૦ ૧૭૬–૫૩).

શબ્બરી. એક ભીલડી. એ પંપા સરોવરને પશ્ચિમ કાંઠે રહેનારા મતંગ ઋષિની દાસી હતી. રામચંદ્ર ચિત્રકૂટ પર્વત પર હતા તેવામાં મતંગ ઋષિ દેવલોકમાં ગયા. મરતાં મરતાં શબ્બરીને કહેતા ગયા હતા કે થોડા જ સમયમાં રામચંદ્ર અહીં આવશે. એમનું આતિથ્ય કર્યા બાદ તું સ્વર્ગમાં આવજે. એ આજ્ઞાનુસાર આ બાઇ રામચન્દ્રની વાટ જોતી આશ્રમમાં રહેતી હતી. તેવામાં લક્ષ્મણ સહિત રામચન્દ્ર આશ્રમમાં આવ્યા. શબ્બરીએ એમનું પૂજન વગેરે કરી એમને આશ્રમનાં વનફળો ખાવા આપ્યાં. તેમજ મતંગના વનમાં સપ્તસાગરાદિ તીર્થોની હકીકત કહીને જે જે જોવા જેવું હતું તે બધું બતાવ્યું. પછી રામને ઋષ્યમૂક પર્વત પર સુગ્રીવ રહેતો હતો તેને મળવાનું કહીને એણે અગ્નિ પ્રદીપ્ત કરી તેમાં પ્રવેશ કરીને દેહત્યાગ કર્યો; અને સ્વર્ગે ગઇ. (વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૭૪). લોકોક્તિ પ્રમાણે રામચન્દ્ર ઉપર ઘણો ભાવ લાવી પોતે ચાખી ચાખીને રામચન્દ્ર સારુ સ્વાદિષ્ટ ફળ તેમને ખવાડ્યાં હતાં. આમ એની પ્રીતિને વશ થઈ રામચન્દ્ર ભગવાને અજૂઠાં ફળ ખાધાં હતાં. ઘણા ગુજરાતી અને હિંદી કવિયોએ આ બનાવને વર્ણવ્યો છે. "શબ્બરીકે બોર, સુદામા કે તાંદુલ રુચિ રુચિ ભોગ લગાયો." "એહાં ફળ શબ્બરીનાં ખાધાં" ૪૦

શબ્બલ. પ્રાચેતસ દક્ષને કરીથી થએલા દસહજાર પુત્રો પૈકી પ્રમુખ. (૨ દક્ષ શબ્દ જુઓ.)

શબ્બલ (૨). કાશ્યપ ઋષિને કદ્રૂને પેટે થએલા સર્પોમાંની એક જાતિ વિશેષ.

बहुत्वानामधेयानि पन्नगानां तपोधन ।
न कीर्तयिष्ये सर्वेषां प्राधान्येन तु मे शृणु
॥ ४ ॥
नीलानीलौ तथा नागौ कल्माषशबलौ तथा ।
आर्यक श्रोणकश्चैव नागः कलशपोतकः ।।५॥

ભા૨૦ આ૦ અ૦ ૩૫)

શબ્બલાક્ષ. એક ઋષિ.

શબ્બલાશ્વ. સોમવંશી અવિક્ષિતનો પુત્ર એક ક્ષત્રિ. (ભા૨૦ આ૦ ૧૦૨–૪૦)

શંબસાદન. કેસરી વાનરે મારેલો એક રાક્ષસ.

શંભુ. શિવનું એક નામ.

શંભુ (૨). સૂર્યવંશના નભગ વંશના અંબરીષ રાજાના ત્રણ પુત્રોમાંનો નાનો પુત્ર.

શંભુ (૩). જેણે કુશધ્વજ રાજાને માર્યો હતો તે અસુર, (વેદવતી શબ્દ જુઓ).

શંભુ (૪). શુક્રાચાર્યને પીઅરીને પેટે થએલા પાંચ પુત્રોમાંનો ત્રીજો પુત્ર.

શંભુ (૫). બ્રહ્મસાવર્ણિ મન્વંતરમાં હવે પછી થનારો દસમો ઇન્દ્ર.

શમ. સ્વાયંભુવ મન્વંતરમાં ધર્મઋષિનો પુત્ર. આ નામ ધર્મઋષિના ચૌદ પુત્રો પૈકી કિયાનું છે તે જણાતું નથી.

શમ (૨). ધર્મ પ્રજાપતિનો પુત્ર. એની સ્ત્રીનું નામ પ્રાપ્તિ અને બે ભાઇઓનાં નામ હર્ષ અને કામ હતાં. (**ભા૦ આ૦ ૬૯–૩૨**).

શમ (૩). અહર્ નામના વસુનો પુત્ર. એનાં ભાઇઓનાં નામ જ્યોતિ, શાન્ત અને મુનિ. (**ભા૦ આ૦ ૬૯–૨૩**).

શમ (૪). પૂરુકુલોત્પન્ન અજમીઢવંશીય કુરુપુત્ર સુધનુના વંશના જરાસંધકુળમાં જન્મેલા ધર્મસૂય રાજાનો પુત્ર. એને સુમત્સેન નામે પુત્ર હતો.

શમઠ. ગયશિર પર્વતપર રહેનાર એક ઋષિ. પર્વતપરના બ્રહ્મસર નામના સરોવરની પાસે એ રહેતો હતો. લોમશ ઋષિની સાથે તીર્થયાત્રા કરતા કરતા પાંડવો એના આશ્રમે આવી ચડ્યા હતા. ત્યારે એ પર્વતનું ગયશિર નામ જેના ઉપરથી પડેલું તે ગયરાજાનું વૃત્તાંત એણે બધાંને સંભળાવ્યું હતું. એણે પાંડવોનું આતિથ્ય કરીને એમને ત્યાંથી વિદાય કર્યા હતા. (**ભા૨૦ વન૦ અ૦ ૯૩–૧૯**).

શમી. કુરુકુલોત્પન્ન શોણાશ્વ રાજાનું નામ. આ રાજાનું નામ વંશાવળીમાં નથી.

શમી (૨). સોમવંશી અનુકુલોત્પન્ન ઉશીનર રાજાના ચાર પુત્રોમાંનો ત્રિજો.

શમી (૩). વિરાટનગરની પાસેના સ્મશાનમાં આવેલું શમીનું ઝાડ જેના ઉપર વિરાટ નગર જતાં પૂર્વે પાંડવોએ પોતાનાં શસ્ત્રાસ્ત્ર મૂક્યાં હતાં તે. (**ભા૨૦ વિરા૦ અ૦ ૭–૧૭**).

શમીક. સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વતવંશના શૂર રાજાને મારીષાને પેટે થએલા દસ પુત્રો પૈકી આઠમો પુત્ર. એની સુદામિની નામે સ્ત્રીને પેટે સુમિત્ર અને અર્જુનપાળ વગેરે પુત્રો થયા હતા. આ શમીક ઘણો પરાક્રમી હતો.

શમીક (૨). આંગિરસ કુલોત્પન્ન એક ઋષિ. એને એની ગૌ નામની સ્ત્રીની કુખે શૃંગી નામનો પુત્ર થયો હતો. શમીક સ્ત્રીપુત્ર સહિત અરણ્યમાં રહી તપ કરતો હતો તેવામાં એકદા રાજા પરીક્ષિત મૃગયા સારુ નિકળેલો હતો. તેને કોઇ મૃગ જડ્યો નહિ; ભુખ અને તરસથી થાકીને બેઠો હતો તેવામાં એની નજરે એક મૃગ પડ્યો. રાજાએ એના પર બાણ ફેંકયું પરન્તુ ઘાયલ થએલો મૃગ નાશી ગયો. રાજા એની પૂંઠે પડ્યો પણ તેને મૃગ જડ્યો નહિ. એટલામાં એકાએક આ શમીકનો આશ્રમ રાજાની દૃષ્ટિયે પડ્યો.

રાજાને ઘણી તરસ લાગી હતી સબબ એણે આશ્રમ બહાર ઉભા રહી ધાંટો પાડીને પુછ્યું કે આશ્રમમાં કોણ છે? શમીકની સ્ત્રી આશ્રમમાં નહોતી અને એનો પુત્ર સમિધ અને દર્ભ લેવા વનમાં ગયો હતો. શમીક ઋષિ પોતે સમાધી ચઢાવી ધ્યાનસ્થ હતા. આમ હોવાથી રાજાએ પુછ્યું પણ જવાબ આપનાર કોઇ મળે નહિ. પરીક્ષિત થોડે છેટે આશ્રમમાં પેઠો અને જુએ છે તો શમીક ઋષિ આંખો મીંચીને બેઠા છે. દુર્દૈવને લઇને રાજાના મનમાં આવ્યું કે એ મારી જોડે ગર્વને લીધે બોલતો નથી. આમ ચીઢાઇને ત્યાં પાસે જ એક મુએલો સાપ પડ્યો હતો તે પોતાના ધનુષ્યે ઉપાડી ઋષિના ગળામાં વિંટાળ્યો, અને પોતે ત્યાંથી ચાલી નિકળ્યો.

રાજા હસ્તિનાપુર ગયો. અહીં શૃંગી આશ્રમમાં આવી જુએ છે તો પોતાના પિતાના ગળામાં સાપ વિંટળાયલો છે. કોઇએ જાણી જોઇને આ મરેલો સાપ

વિંટાળ્યો છે એ વાત ધ્યાનમાં આવતાં જ એણે શાપ દીધો કે જેણે મારા પિતાના ગળામાં આ મુએલો સર્પ વિંટાળ્યો છે તેને સાતમે દિવસે સર્પદંશ થશે અને એથી મૃત્યુ પામશે. થોડી વારે શમીક ઋષિ સમાધિમાંથી જાગ્રત થયા. જુએ છે તો શૃંગી ઉતરેલે ચહેરે પાસે બેઠો છે. એણે પુત્રને પુછ્યું કે આમ કેમ બેઠો છે? શૃંગીએ આપના ગળામાં કોઇએ મુએલો સાપ વિંટાળ્યો હતો અને એ વિંટાળનારને મેં આવો શાપ આપ્યો એમ કહ્યું. એ સાંભળીને શમીકે કહ્યું એ તેં સારુ કર્યું નહિ. કેમકે એમ સર્પ વિંટાળનાર પરીક્ષિત રાજા ઘણો ધર્માત્મા છે અને એના વડે જ આ અરણ્યમાં નિર્ભીત રહી શકાએ છીએ.

હવે થયું તે થયું. આ શાપની હકીકત રાજાને સત્વર નિવેદન કરવી જોઇએ એમ ધારીને શમીકે પોતાના ગૌરમુખ નામના શિષ્યને મોકલીને શાપની હકીકત રાજાને જણાવી. (**ભા૨૦ આ૦ અ૦ ૪૦–૪૧**) અને (**ભા૦૧૦ ૧ સ્કં૦ ૧૮ અ૦**)

શમીતીર્થ. તીર્થ વિશેષ. (**ભા૨૦ વન૦ અ૦ ૮૦**)

શમ્બુક. દાશરથિ રામે મારેલો એક શુદ્ર તાપસ. (**ભા૨૦ શાં૦ ૧૫૨–૬૭, અને (વા૦ રા૦ ૭–૭૬**).

શમ્ભલગ્રામ. સમ્ભલગ્રામ શબ્દ જુઓ.

શંયુ. તારાને બૃહસ્પતિથી થએલો પુત્ર, છ પુત્રોમાં આ મુખ્ય અને એની ગણના અગ્નિમાં થાય છે. એને એની સત્યા નામની સ્ત્રીથી ભરત અને ભારદ્વાજ એમ બે પુત્ર અને ત્રણ કન્યા થઇ હતી.

શરગુલ્મ. રામની સેનામાંનો એક વાનર. (**વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૪૧**).

શરજન્મા. આ નામ ક્વચિત્ કાર્તિકેયને લગાડેલું છે, શરના ભાથામાં જન્મ થવાને લીધે.

શરદંડા. કુરુજાંગલ દેશમાંની એક નદી.

શરદ્વાન ગૌતમ ઋષિનો પ્રપૌત્ર, શતાનંદનો પૌત્ર અને સત્યધૃતીનો પુત્ર. એ ધનુર્વિદ્યામાં ઘણોજ નિપુણ હતો, તેથી એનું આ નામ પાડ્યું હતું. એના પુત્ર કૃપાચાર્યને તેમ જ બીજા વંશજોને સામાન્યતઃ શારદ્વત અને ગૌતમ કહેતા.

શરદ્વાન (૨). અંગિરા કુલોત્પન્ન એક ઋષિ.

શરદ્વાન (૩). અંગિરા કુલોત્પન્ન બીજો એક ઋષિ.

શરભ. રામની સેનામાંનો એક પ્રખ્યાત વાનર. (**વા૦ રા૦ યુદ્ધ ૩૦**).

શરભ (૨). શાલ્વેય પર્વત પર રહેનાર એક બીજો વાનર. (**વા૦ રા૦ યુદ્ધ સ૦ ૨૬**).

શરભ (૩) દનુપુત્ર એક દાનવ.

શરભ (૪). શકુનીના ભાઇઓ પૈકી એક. એને રાત્રિ યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૧૫૮**).

શરભ (૫). શિશુપાલના પુત્રોમાંનો એક. જ્યારે પાંડવોના અશ્વમેધનો ઘોડો એના દેશમાં ગયો ત્યારે એણે એનું પૂજન કરી, સૈનિકોનો સત્કાર કરીને કરભાર આપ્યો હતો. (**ભા૨૦ અશ્વ૦ અ૦ ૮૩**)

શરભ (૬). એક રાજર્ષિ.

શરભ (૭). અથર્વણવેદનું એક ઉપનિષત્.

શરભ (૮). સર્પ વિશેષ. (**ભા૨૦ આ૦ ૫૭–૨૧**).

શરભંગ. ગૌતમકુલોત્પન્ન એક ઋષિ. એ દંડકારણ્યમાં તપ કરતો હતો ત્યારે વિરાધના કહેવાથી સીતા અને લક્ષ્મણ સહવર્ત્તમાન રામ એને આશ્રમે આવ્યા હતા. તે વખતે સ્વર્ગમાંથી ઇન્દ્ર પણ ત્યાં આવ્યો હતો. રામ આવ્યા પછી એ ગયો. શરભંગે રામને પોતાના આશ્રમમાં આણીને એમનું ઘણી સારી રીતે આતિથ્ય કર્યું. રામે એને પુછ્યું કે આ અમણાં ગયું તે કોણ? અને એ કેમ આવ્યા હતા? શરભંગે કહ્યું કે ઇન્દ્ર હતો અને મને દિવ્યલોકમાં ચાલો એમ કહેવા આવ્યો હતો. પણ તમે મારા આશ્રમમાં આવનાર હતા, સબબ હું ગયો નહિ. હું બહુ દિવસથી તમારી વાટ જોઉં છું. આજે તમારા આવવાથી હું કૃતાર્થ થયો. આમ વાત કર્યા પછી એણે અગ્નિમાં પ્રવેશ

કર્યો અને દિવ્ય દેહ ધારણ કરી દિવ્યલોકમાં ચાલ્યો ગયો. (વા૦ રા૦ અ૦ સ૦ ૫) અને (ભા૨૦ વન૦ ૨૯૮–૪૬,૪૭, ૮૩–૪૨).

શરયૂ. વીર નામના અગ્નિની સ્ત્રી.

શરયૂ (૨). અયોધ્યા અગાડી વહેનાર સરજુ નદી તે જ.

શરવણ. હિમાલય ઉપર આવેલું શિવ પાર્વતીનું ક્રીડાવન. અહીં જે પુરુષ આવે તે સ્ત્રી થઇ જશે એવો પાર્વતીનો શાપ હતો. તેથી જ ચાલુ મન્વંતરના આરંભમાં ઇલ રાજા આ વનમાં પ્રવેશ કરતાં જ સ્ત્રીત્વ પામ્યો હતો. (**મત્સ્ય૦ અ૦ ૧૧**). (ઇલ શબ્દ જુઓ.)

શરવા. મહેંદ્ર પર્વતમાંથી નીકળેલી નદી વિશેષ.

શરારિ. મારુતિ વગેરેની જોડે સીતાની શોધ. સારુ દક્ષિણમાં ગએલા વાનરો પૈકી એક. (વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૪૨).

શરાવતી. ભારતવર્ષીય નદી વિશેષ.

શરુ. એક ગંધર્વ વિશેષ.

શર્કરાવતી. ભારતવર્ષીય નદી. વિશેષ.

શર્કરાક્ષી. ત્રગડાની સંજ્ઞાવાળા ભૃગુ ઋષિના કુળમાં થએલો એક ઋષિ.

શર્મક. ઇંદ્રપ્રસ્થની પૂર્વે આવેલો દેશ વિશેષ.

શર્મક (૨). શર્મક દેશનો રાજા. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૧**).

શર્મિષ્ઠા. વૃષપર્વા દાનવની દિકરી. દાસીપણું સ્વીકારી એ દેવયાનીની જોડે એને સાસરે ગઇ હતી. (યયાતિ શબ્દ જુઓ). (**ભાગ ૯ સ્કં૦ અ૦ ૧૮ અને મત્સ્ય ૨૭–૩૨**).

સર્યાતિ. વૈવસ્વત મનુના દસ પુત્રોમાંનો ત્રિજો પુત્ર. એ શૂર હતો અને એટલો વેદવેદાંગ પારગ હતો કે અંગિરા ઋષિના સત્રમાં બિજા દિવસનું બધું કામ એણે એકલાએ કર્યું હતું. એને ઉત્તાનબર્હિ, આનર્ત, ભૂરિષેણ એ ત્રણ અને હૈહય અને તાલજંઘ નામના બીજા બે મળીને પાંચ પુત્રો હતા. એને સુકન્યા નામે દિકરી હતી જે ચ્યવન ભાર્ગવને પરણાવી હતી. (૧ ચ્યવન શબ્દ જુઓ).

શર્યાતિ (૨). અક્રુરપુત્ર એક યાદવ.

શર્યાતિ (૩). સોમવંશી પ્રાચીનવત રાજાનો પુત્ર. એની માનું નામ આશ્મકી. એ ત્રિશંકુની દિકરીને પરણ્યો હતો. એનાથી એને અહંયાતિ નામે પુત્ર થયો હતો. (**ભા૦ અ૦ ૬૩–૧૨**).

શર્વ. મહાદેવ.

શલ. ઇક્ષ્વાકુ કુળના પરીક્ષિત નામના રાજાના ત્રણ પુત્રોમાંનો મોટો પુત્ર. આ પરીક્ષિત કિયો અને ક્યાંનો પુત્ર એ જણાતું નથી. આયુ નામના મંડુકાધિપની દિકરી સુશોભના એની સ્ત્રી થાય. એ સ્ત્રીથી એને ત્રણ પુત્રો થયા હતા. એના ભાઇઓનાં નામ દલ અને બલ એવાં હતાં. આ શલ એના બાપની પછી ગાદી ઉપર બેઠો હતો. એક દિવસ એ મૃગયા સારુ અરણ્યમાં ગયો હતો. અરણ્યમાં ચાલતાં ચાલતાં એના ઘોડા એટલા થાકી ગયા કે બરાબર ચાલે નહિ. શલ સારથિને વારે વારે કહે કે ઘોડાને ઉતાવળા ચલાવ. આથી કંટાળીને સારથીએ કહ્યું કે ઘોડા થાકી ગયા છે અને ચાલતા નથી, એને હું શું કરું ? તો પણ વારે વારે કહ્યા કરે. છેવટે થાકીને સારથિએ કહ્યું કે આ ઘોડા કાંઇ વામદેવ્ય અશ્વ નથી કે કોઇ દિવસ થાકે એ નહિ અને સદોદિત વાયૂ વેગે ચાલે ! એ ઉપરથી શલે પુછ્યું કે વામદેવ્ય અશ્વ વળી કેવા હોય ? મને કહે. પણ સારથિ કાંઇ બોલે નહિ. તેથી શલે સારથિને મારવા લીધો, ત્યારે એણે કહ્યું કે આ અરણ્યમાં વામદેવ નામના ઋષિ રહે છે. એમની પાસેના અશ્વો કોઇ દિવસ થાકે જ નહિ એવા છે, માટે મેં આપને વામદેવ્ય અશ્વ ન હોય એમ કહ્યું. સારથિની વાણી સાંભળીને રાજાએ કહ્યું એમ હોય તો તું મને વામદેવને આશ્રમે લઇ જા. ઠીક, એમ કહીને સારથિ રાજાને વામદેવના આશ્રમે લઇ ગયો.

શલ રાજાએ ત્યાં જઇને ઋષિને વંદન કર્યું. ઋષિયે રાજાનું સ્વાગત કર્યું અને આજ આ તરફ કેમ અને ક્યાંથી પધાર્યા પુછતાં, રાજાએ કહ્યું કે મારા અશ્વો થાકી ગયા છે અને આપની પાસે અશ્વો છે એમ મેં સાંભળ્યું માટે હું આવ્યો છું. ઋષિયે કહ્યું બહુ સારુ. મારા અશ્વો લઇ જાઓ પણ મને તે એક મહિનાની અંદર પાછા મોકલજો. રાજા તથાસ્તુ કહી, રથે ઋષિના અશ્વ જોડી ત્યાંથી નિકળી અયોધ્યા આવી પહોંચ્યો. બાદ અશ્વો ઘણી ઉંચી જાતના છે જાણી લોભવશ થઇ ઋષિને ત્યાં પાછા ન મોકલતાં પોતે જ રાખી લીધા.

એક માસ થઇ ગયો અને શલ રાજાએ અશ્વો પાછા મોકલ્યા નહિ એ જોઇને વામદેવ ઋષિયે પોતાના આત્રેય નામના શિષ્યને શલ રાજાને ત્યાં ઘોડા માગવા સારુ મોકલ્યો. એણે શલ રાજાને ત્યાં જઇ રાજાની પાસે ઘોડા માગ્યા. દુષ્ટ શલ રાજાએ જવાબ આપ્યો કે બ્રાહ્મણને ત્યાં આવા ઘોડા શું કરવા હોવા જોઇએ ? તું તારા ગુરુને જઇને કહે કે હું અશ્વ આપતો નથી. આત્રેયે પાછાં આવીને વામદેવ ઋષિને આ વાત કહી એટલે એ પોતે રાજા પાસે ગયો. એણે ઘોડા માગ્યા પણ રાજા આપે નહિ. રાજા કહે તારે ચાર બળદ અને એક ગધેડું જોઇએ તો લઇ જા; પણ ઘોડા તો નહિ મળે. તેથી વામદેવને ક્રોધ આવ્યો. છતાં રાજાને ઘણા પ્રકારે નીતિનો બોધ કર્યો. આટલું કરતાંએ રાજા સાંભળતો જ નથી, એ જોઇને વામદેવે ચાર રાક્ષસ ઉત્પન્ન કર્યા અને રાજાને શિક્ષા કરવા પ્રેર્યા, અને પોતે પોતાને આશ્રમે ગયો. અહીં રાક્ષસોએ રાજાને પકડ્યો અને ઘોડા આપે છે કે મારીએ કહેતાં એ ઘણો મૂર્ખ રાજા મોટા મોટા ઘાંટા પાડી કહેવા લાગ્યો કે ઇક્ષ્વાકુકુળોત્પન્નો સાંભળો; નાશ થાય તો ભલે પણ ઘોડા પાછા ન આપશો. આ રાક્ષસોએ રાજાને ઠાર મારી નાખ્યો. પછી રાક્ષસો અંતર્ધાન થયા.

શલના મરણ પછી એનો નાનો ભાઇ દલ ગાદી પર આવ્યો. એણે પણ અશ્વ પાછા મોકલ્યા નહિ એ જોઇ વામદેવ એની પાસે આવ્યો અને અશ્વ માગવા લાગ્યો. દલે ક્રોધે ભરાઇને સેવકોને આજ્ઞા કરી કે મારું ધનુષ્ય અને ઝેરી બાણો લાવો કે હું આ ઋષિને સત્વર મારી નાંખુ. વામદેવે એ સાંભળીને કહ્યું કે એ બાણથી તહારો પુત્ર સ્યેનજિત્ મરણ પામો. ઋષિનું વચન નિકળતાં જ સ્યેનજિત્ મરણ પામ્યો. તોપણ દલે બીજું બાણ મંગાવ્યું. એ ઉપરથી વામદેવે રાજાના આખા શરીરનું સ્તંભન કરી દીધું. આ જોઇને એની સ્ત્રી–રાજપત્ની શરણે આવી અને અપરાધની ક્ષમા માગી. એણે અશ્વો ઋષિને સ્વાધીન કરી દીધા. એ ઉપરથી વામદેવે સ્યેનજિત્ને સજ્જિવન કર્યો અને રાજાને પૂર્વવત્ સાજો કરી ઘોડાને લઇ પોતાને આશ્રમે ચાલ્યો ગયો. (**ભા૨૦ વ૦ અ૦ ૬૮૨**).

શલ (૨). સોમવંશી પુરુકુલોત્પન્ન કુરુપુત્ર જન્હુવંશીય બાલ્હીક પુત્ર સોમદત્તના ચાર પુત્રોમાંનો ત્રિજો પુત્ર. એ દુર્યોધનનો પરમ મિત્ર હતો, સબબ એને પક્ષે ભારતના યુદ્ધમાં આવ્યો અને મરાયો હતો. એને ભૂરિ અને ભૂરિશ્રવા નામે બે ભાઇ હતા.

શલ (૩). કંસની સભાનો એક મલ્લ. ધનુર્યાગની વખતે એને કૃષ્ણે માર્યો હતો. (**ભાગ૦ દશમ૦ અ૦ ૪૪**).

શલ (૪). સુયજ્ઞ પ્રધાનના પુત્રોમાંનો એક. (કુશીધ્વ શબ્દ જુઓ).

શલ (૫). સોમવંશી ધૃતરાષ્ટ્ર રાજાનો એક પુત્ર. (**ભા૨૦ આ૦ ૧૩૧–૪; કર્ણ૦ ૪૬–૮**).

શલ (૬). એક સર્પ વિશેષ. (**ભા૨૦ આ૦ ૫૭–૫**).

શલકર. સર્પ વિશેષ. (**ભા૨૦ આ૦ ૫૭–૬**).

શલભ. એક દાનવ.

શલભ (૨). ચેદી દેશનો પાંડવ પક્ષનો એક રાજા. એને કર્ણે માર્યો હતો. (**ભા૨૦ કર્ણ૦ અ૦ ૫૬**).

શલ્ય. મદ્રદેશાધિપતિ ઋતાયનનો પુત્ર. એની બ્હેન માદ્રી પાંડુની બીજી સ્ત્રી હતી. સહદેવ અને નકુળનો એ સગો મામો થાય. પિતાના મરણ પછી એ ગાદીપર આવ્યો હતો. એની રાજધાનીનું નામ શાકળ હતું.

અજ્ઞાતવાસ પૂરો ભોગવી પાંડવો છતા થયા અને પાર ન પડેલી વિષ્ટિ પછી યુદ્ધનો નિશ્ચય થયો ત્યારે યુધિષ્ઠિરે શલ્યને પોતાના પક્ષ તરફથી લડવા બોલાવ્યો હતો. એ પોતાના દેશથી નિકળી પાંડવો પાસે આવતો હતો. પણ દુર્યોધને એ પોતાના પક્ષમાં આવે એ હેતુથી એના આવવાના માર્ગમાં પોતાના કુરુદેશથી ઠેઠ મદ્રદેશ સુધી મુકામે મુકામે એના આતિથ્યની એવી સારી વ્યવસ્થા કરાવી હતી કે એને કશી વાતની ન્યૂન ન પડતાં જે જે ઇચ્છે તે મળી આવે. આ ગોઠવણથી શલ્ય તેમ જ એના સૈન્યને મુસાફરી સુખરૂપ થઇ પડી. શલ્ય એમ જ સમજતો હતો કે આ બધી ગોઠવણ પાંડવોએ જ કરી છે. એણે સરભરા કરનારા અમલદારોને પુછયું કે તમારે જે ઇચ્છા હોય તે માગો. આ ઉપરથી એમણે પ્રાર્થના કરી કે આપ ત્વરાથી દુર્યોધન પાસે પધારો. મુકામે મુકામે જ્યાં જ્યાં શલ્યનો પડાવ થતો ત્યાં ત્યાં દુર્યોધન ગુપ્ત વેશે હાજર જ રહેતો. શલ્યે અમલદારોને ઇચ્છિત માગવાનું કહેતાં જ, દુર્યોધને છતા થઇ શલ્યની પ્રાર્થના કરી કે આપ મારા પક્ષમાં આવો. શલ્ય આ માગણીથી ધર્મસંકટમાં પડયો, પણ પોતે શ્રીમુખે વચન આપ્યું હતું તેથી કહ્યું કે ભલે, હું રણક્ષેત્રપર જઇ યુધિષ્ઠિરને મળી સત્વર તમારી પાસે આવીશ. પછી પોતે છડી રવારીએ યુધિષ્ઠિર પાસે ગયો.

પાંડવો ઉપપ્લવ્યમાં રહેતા હતા ત્યાં જઇ શલ્ય યુધિષ્ઠિરને મળ્યો. યુધિષ્ઠિરે એનો ઘણો સત્કાર કર્યો. શલ્યે કહ્યું, યુધિષ્ઠિર! હું તમારા પક્ષમાં આવવા નિકળ્યો હતો પણ દુર્યોધને મને પેચ કરીને પોતાના પક્ષમાં લીધો છે. હું આ વાત તમને જણાવવાને આવ્યો છું, યુધિષ્ઠિરે કહ્યું આપે દુર્યોધનનો પક્ષ લીધો તેથી મને સંતોષ ન થયો. આપે એને વચન આપ્યું છે સબબ તે પ્રમાણે આપ એલાશક એના પક્ષમાં જાઓ, પણ મારું કહેવું માત્ર એટલું જ છે કે આપનું અંત: કરણ મારા પક્ષમાં જ રાખજો. શલ્ય કહે તમારે એ કહેવાની જરૂર જ નથી. દુર્યોધને તમારા પ્રતિ કરેલા અપકારો, અને તેથી તમને બધાંને થએલું દુ:ખ મારી જાણમાં જ છે. પણ નિશ્ચય માનજો કે તમારાં દુ:ખ હવે થોડા કાળમાં નાશ પામી તમને અસીમ સુખ પ્રાપ્ત થશે એવો મારો આશીર્વાદ છે. તમે વેઠેલાં દુ:ખ સંભારી સંભારી દુ:ખી થશો નહિ. ઇન્દ્ર સરખાને યે અનેક દુ:ખો વેઠવાં પડે છે, તો આપણે મનુષ્યોને સોસવાં પડે તેમાં શું આશ્ચર્ય? એ સંબંધે શલ્યે યુધિષ્ઠિરને વૃત્રાસુરનું આખ્યાન કહી (**ભા૨૦ ઉ૦ અ૦ ૯-૧૧**) સંભળાવ્યું. એણે નહુષ રાજાનું ચરિત્ર પણ કહ્યું (**ભા૨૦ ઉ૦ અ૦ ૧૧-૧૭**). પછી બધાને મીઠા શબ્દોથી આનંદ આપી, પોતાના ભાણેજો નકુળ અને સહદેવના મનનું સમાધાન કરી, અને બધાને હળીમળી શલ્ય દુર્યોધન પાસે પાછો આવ્યો.

પાંડવ અને કૌરવો પોતપોતાના સૈન્યો સહિત ક્ષેત્રપર આવતાં યુદ્ધનો આરંભ થયો. એ યુદ્ધમાં પ્રથમ દસ દિવસ ભીષ્મ અને પાંચ દિવસ દ્રોણ સેનાપતિયો થયા હતા. એ બન્નેના મરણ પછી કર્ણ સેનાપતિ નિમાયો. કર્ણ બે દિવસને સારુ નિર્માણ થયો. એક દિવસ યુદ્ધ ચાલ્યા પછી કર્ણે દુર્યોધનને કહ્યું કે આવતી કાલે શલ્ય મારો સારથિ થાય એમ બને તો ઠીક. તે ઉપરથી દુર્યોધને શલ્યની પ્રાર્થના કરી કે આવતી કાલના યુદ્ધમાં કર્ણના રથના આપ સારથિ

થઇ મને ઉપકૃત કરો. આથી શલ્યને ક્રોધ ચઢયો અને એ રીસાઇ પોતાને સ્વદેશ પાછો જવા તૈયાર થયો. પણ દુર્યોધને અનેક પ્રકારે ઘણી જ નમ્રતાથી સાન્ત્વન કરતાં એણે સારથિપણું કરવાની હા કહી. બીજે દિવસે યુદ્ધમાં શલ્ય સારથિ તરીકે કર્ણના રથમાં આરૂઢ થયો. સારથિપણું કરતાં કર્ણનું તેજ હરણ કરવાના હેતુથી કર્ણ અને શલ્ય વચ્ચે ઘણી ટપાટપી થઇ હતી (કર્ણ શબ્દ જુઓ) જેથી કર્ણ ઉદ્વિગ્ન થઇ ગયો હતો.

કર્ણના મરણ પછી દુર્યોધને અશ્વત્થામાની સૂચના ઉપરથી અઢારમા દિવસ સારુ શલ્યને સેનાપતિ નિમ્યો. (**ભા૨૦ શલ્ય૦ અ૦ ૫-૬**) શલ્યે પ્રાત:કાળથી તે મધ્યાન પર્યંત યુદ્ધ કર્યું; તેમાં એ યુધિષ્ઠિરને હાથે મરણ પામ્યો. (**ભા૨૦ શલ્ય૦ અ૦ ૧૬**) યુધિષ્ઠિરે એના ભાઇને પણ મારી નાંખ્યો. રુકમરથ, રુકમાંગદ આદિ સો પુત્રો હતા. એ બધાએ એના મરણ પહેલાં યુદ્ધમાં યુધિષ્ઠિરને હાથે માર્યા ગયા હતા.

શલ્યકર્તન. શિલા નદીને તીરે આવેલું એક નગર. (**વા૦ રા૦ અયો૦ સ૦ ૭૧**).

શલ્યકર્ષણ. શલ્યકર્તન નગરનું બીજું નામ.

શશક. ભારતવર્ષીય દેશ વિશેષ. શશિક દેશ તે જ.

શશબિન્દુ. એક રાજર્ષિ. એને દશ હજાર સ્ત્રીઓ અને દરેક સ્ત્રીને એક એક હજાર પુત્રો એમ મળીને દશ લાખ પુત્રો હતો. (**ભા૨૦ શા૦ અ૦ ૨૦૮**).

શશબિન્દુ (૨). વૃષ્ણિવંશના ચિત્રરથ રાજાનો પુત્ર. એને એક લાખ સ્ત્રીઓ હતી. અને એકેકીને હજાર હજાર પુત્ર હતા. એ બધા કુમારો પરાક્રમી, એક લાખ યજ્ઞ કરનાર તથા વેદપારગો હતા. એઓ સુવર્ણ કવચ પહેરતા, મોટાં મોટાં ધનુષ્ય ધારણ કરતા અને બધા અશ્વમેધ યજ્ઞ કરી ચૂકયા હતા. શશબિન્દુએ પોતાના બધા પુત્રોને બ્રાહ્મણોને દાનમાં આપી દીધા હતા. એક એક પુત્રની પાછળ સો સો રથો દાનમાં આપેલા ચાલતા, તેમની પાછળ સુવર્ણ અલંકારોથી શણગારાયલી સો સો કન્યાઓ ચાલતી. તે કન્યાઓની પાછળ સો સો હાથી; અકેક હાથીની પાછળ સો સો રથ, અકેક રથની પાછળ સુવર્ણની માળાવાળા બળવાન ઘોડાઓ, અકેક ઘોડાની પાછળ એક એક હજાર ગાયો અને અકેક ગાયની પાછળ પચાસ ઘેટા. અશ્વમેધ યજ્ઞમાં શશબિન્દુએ બ્રાહ્મણોને આટઆટલું દાન આપ્યું હતું. એના યજ્ઞમંડપમાં જેટલા વૃક્ષના સ્તંભો હતા, તેટલા જ સુવર્ણના સ્તંભો હતા. એક કોશ જેટલા ઉંચા અન્નપાનના ઢગલા હતા. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૬૫**).

એની પુત્રી બિન્દુમતી માન્ધાતાની મા થાય, (**ભા૦ ૯ સ્કં૦ અ૦ ૬**) અને (**વા-યુ૦ અ૦ ૮૮**).

શશબિન્દુ (૩). એક રાજર્ષિ એ ક્રિયા વંશનો અને ક્યાંનો તે જણાતું નથી (**ભા૨૦ દ્રો૦ અ૦ ૬૫**).

શશયાનતીર્થ. તીર્થ વિશેષ. (**ભા૨૦ વન૦ અ૦ ૮૦**).

શશલોમા. એક રાજર્ષિ. (**ભા૨૦ આશ્રમ૦ અ૦ ૨**).

શશાંક. ચન્દ્ર. આ નામ ચન્દ્રબિમ્બમાં સસલા જેવા ચિન્હ હોવાના સબબે પડયું છે.

શશાદ. સૂર્યવંશના ઇક્ષ્વાકુ રાજાના પુત્રોમાંના મોટા વિકુક્ષિનું આ બીજું નામ છે. એ નામ પડવાનું કારણ એ છે કે:—એક વખત એના પિતા ઇક્ષ્વાકુએ એને કહ્યું કે આજે અષ્ટક નામનું શ્રાદ્ધ કરવું છે માટે વનમાં જઇને મૃગ લઈ આવ. મૃગ મારીને ઘેર આવવા નિકળ્યો, પરંતુ થાકી ગયો હતો તેથી પોતે મારેલાં મૃગોમાં સસલા હતા તેમાંથી એક સસલું એણે ખાધું. ઘેર આવીને બાકી રહેલાં મૃગ પિતાને આપ્યાં. આ વાત

ઇક્ષ્વાકુને માલમ પડવાથી એણે કેટલાક કાળ સુધી રાજ્યમાંથી કાઢી મૂક્યો હતો. (ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૬).

શાશિક. ભારતવર્ષીય દેશ વિશેષ.વિશેષ. (ભા૨૦ ભીષ્મ૦ અ૦ ૯).

સશિકલા. કાસીના રાજા સુબાહુની કન્યા. એ સૂર્ય વંશના સુદર્શન રાજાને પરણી હતી. (૮ સુદર્શન શબ્દ જુઓ).

શાંશપિ. ત્રગડાની સંજ્ઞાવાળા અંગિરા ઋષિના કુળમાં થએલો બીજો એક ઋષિ.

શાકટાયન. ત્રગડાની સંજ્ઞાવાળા અંગિરા ઋષિના કુળમાં થએલો એક ઋષિ.

શાકટાયનિ ત્રગડાની સંજ્ઞાવાળા ભૃગુકુલોત્પન્ન ઋષિ વિશેષ.

શાકટાક્ષ. ત્રગડાની સંજ્ઞાવાળા ભૃગુકુલોત્પન્ન ઋષિ વિશેષ.

શાકદ્વીપ. પૃથિવીના સાત મહાદ્વીપો પૈકી છઠ્ઠો. એ ક્ષીર સમુદ્રની બહારની બાજુએ વલયાકાર આવેલો છે. એ બત્રીસ લાખ યોજન પહોળો હોઇ એટલી જ પહોળાઇનો દધિમંડોદ સમુદ્ર એની આજુબાજુ વલયાકાર આવેલો છે.

ત્યાં પ્રિયવ્રત રાજર્ષિના પુત્ર મેધાતિથિનું રાજ્ય હતું. એણે પોતાના દેશને સાત સરખા દેશમાં વહેંચી પોતાના સાત પુત્રોના નામથી અનુક્રમે સાતે દેશનાં નામ પાડ્યાં હતાં. દરેક પુત્રને તેના નામનો દેશ વારસામાં આપ્યો હતો. (૧ મેધાતિથિ શબ્દ જુઓ). આ દ્વીપમાં ઇશાન, ઉરુશૃંગ, બલભદ્ર, શતકેસર, સહસ્રસ્રોત, દેવપાલ અને મહાનસ એ સાત મહાપર્વત આવેલા છે. તેમ જ અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટી, અપરાજિતા, પંચપદી, સહસ્રશ્રુતી અને નિજધૃતી એ નામની સાત મહા નદીઓ છે. (ભાગ૦ પંચમ૦ અ૦ ૨૦), અને (દેવી ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૧૩).

શાકધિ. ત્રગડાની સંજ્ઞાવાળા વસિષ્ટ ઋષિના કુળનો એક ઋષિ.

શાકંભરી. ૧ દુર્ગા શબ્દ જુઓ, તેમ જ દેવી શબ્દ જુઓ.

શાંકર. શંકરે નિર્માણ કરેલું ભારતવર્ષીય તીર્થ વિશેષ.

શાંકરવ. ત્રિજ્ઞ ભૃગુકુલોત્પન્ન ઋષિ વિશેષ.

શાકલ. એક બ્રહ્મર્ષિ.

શાકલ (૨). ચંદ્રદેશની રાજધાની, (ભા૨૦ સ૦ અ૦ ૩૫), (ભા૨૦ ક૦ અ૦ ૩૭). શલ્યની નગરી.

શાકલ (૩). ચંદ્રભાગા અને ઇરાવતીની વચ્ચેનો સાંપ્રત પ્રદેશ.

શાકલ (૪). આ નામનો દેશ વિશેષ. મૂળમાં એને "દ્વીપ" કહ્યો છે તે ભૂલ છે. ઇન્દ્રપ્રસ્થથી એ ઘણે જ દૂર ઉત્તરે આવેલો હતો અને પાંડવોના સમયમાં ત્યાં પ્રતિવિંધ્ય રાજા રાજ કરતો હતો. પ્રતિવિંધ્યે સહસ્રાર્જુનના રાજસૂય યજ્ઞ વખતે દિગ્વિજયમાં યુદ્ધ કર્યું હતું. (ભા૨૦ સ૦ અ૦ ૨૭-૧૪).

શાકલાયનિ. બગડાની સંજ્ઞાવાળા અત્રિના કુળમાં થએલો ઋષિ વિશેષ.

શાકલ્ય. એક બ્રહ્મર્ષિ, એણે નવસેં વર્ષ સુધી શિવનું આરાધન કર્યું હતું, તેથી એ મોટો ગ્રંથકાર અને સૂત્રકાર જેવો થયો. (ભા૨૦ અનુ૦ અ૦ ૧૪).

વિદગ્ધાખ્ય નામની ઋકશાખાનો પ્રવર્તક આજ કે બીજો એનો નિશ્ચય કરાતો નથી. શાખા પ્રવર્તક ગમે તે હોય પણ આને યાજ્ઞવલ્કયની જોડે જબરો વાદ થયો હતો. વાદમાં આણે યાજ્ઞવલ્કયની ઘણી જ નિંદા કરી હતી. એને લીધે એ યાજ્ઞવલ્કયના કોપાગ્નિથી બળીને મરણ પામ્યો હતો.

શાકાયન. એક બ્રહ્મર્ષિ, (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

શાકાહાર્ય. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ)

શાકુંતલેય. દુષ્યંત રાજાથી શકુન્તલાને થએલા પુત્ર ભરત તે જ.

શાકુનેય. શકુનિ નામના અસુરના પુત્ર.

શાકુનેય (૨). દુર્યોધનના મામા શકુનિના પુત્ર,

શાકુતેય. પરાશર ઋષિનું નામાન્તર (ભા૨૦ આ૦ ૧૬૮).

શાકુય. સૂર્યવંશી ઇક્ષ્વાકુળમાં થએલ અંતરિક્ષ વંશના સંજય રાજાનો પુત્ર. એના પુત્રનું નામ શુદ્ધોદ.

શાકુયાણ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

શાખ. અનલ નામના વસુના પુત્રોમાંનો એક.

શાખ (૨). સ્કન્દ શરજૂથમાંથી પ્રકટ થઇ શંકર, પાર્વતી, ગંગા અને અગ્નિ એ ચારે બેઠાં હતાં ત્યાં જતાં ચારેના મનમાં એક જ વખતે એવો વિચાર આવ્યો કે આ કુમાર કોનું માન જાળવીને તેની પાસે પ્રથમ જઇને નમન કરશે. આ અભિપ્રાય પોતે યોગ બળે જાણી ગયા અને તેમણે તાત્કાળ પોતાનાંજ બીજાં ત્રણ સ્વરૂપ ઉત્પન્ન કર્યાં. તે સ્વરુપનાં નામ. **શાખ**, વિશાળ અને નૈગમેય. પછી અગ્નિ સમાન તેજસ્વી સ્કન્દ કુમાર પોતે જ્યાં શંકર બેઠા હતા તેમની પાસે ગયા. બીજું સ્વરૂપ વિશાળ પાર્વતી પાસે, ત્રિજું શાખ અગ્નિ તરફ અને ગંગા તરફ નૈગમેય સ્વરુપ ગયું. (ભા૨૦ શા૦ અ૦ ૪૪).

શાખંભરી. દેવીનું સ્થાન વિશેષ. (ભા૨૦ વ૦ અ૦ ૮૨).

શાર્ઙ. વિષ્ણુ ભગવાનનું ધનુષ્ય.

શાટ્યાયનિ વિશ્વામિત્ર કુલોત્પન્ન ઋષિ.

શાટ્યાયનિ (૨). યજુર્વેદનું ઉપનિષદ.

શાંડિલી. શાંડિલ્ય ઋષિની કન્યા. એ પૂર્વ સમુદ્રને તીરે ઋષભપર્વત પર રહેતી હતી. એ મહા તપસ્વિની હતી. એક સમય ગાલવ ઋષિને લઇને ગરુડ ત્યાં આવ્યો હતો ત્યારે આણે એ બન્નેનું ઉત્તમ પ્રકારે આતિથ્ય કરી તેમને ભોજન વગેરે આપ્યું હતું. રાત્રે નિદ્રા કરીને બીજે દિવસે પ્રાતઃકાળે ઉઠીને જુએ છે તો ગરુડનાં બધાં પિંછાઓ અને પાંખ ખરી પડ્યાં હતાં. ગાળવે ગરુડને પુછ્યું કે આમ કેમ થયું. ગરૂડ કહે મારા મનમાં એમ આવ્યું કે આ બાઇ શિવ, વિષ્ણુ વગેરે રહે છે. તે સ્થાનમાં ન રહેતાં, અહીં કેમ રહી હશે; આમ મનમાં શંકા ઉત્પન્ન થવાથી આ પરિણામ આવ્યું હોય તો કોણ જાણે. પછી ગરુડ અને ગાલવ બન્ને શાંડિલીને શરણ ગયા. અને એની પ્રાર્થના કરી. એથી કરીને ગરુડને ફરીથી પ્રથમ જેવાં જ પિંછા અને પાંખો ફુટી. (ભા૨૦ ઉદ્યો૦ સ૦ ૧૧૪). કેકય દેશના રાજાની કન્યા સુમનાની સાથે શાંડિલીને પતિવ્રતા મહાત્મ સંબંધે સંવાદ થયો હતો. (ભા૨૦ અનુ૦ સ૦ ૧૨૨) અને (સ્કંદ-યુ૦ નાગરખંડ૦ સ૦ ૮૧-૮૨).

શાંડિલ્ય. બગડાની સંજ્ઞાવાળા મરીચિના પુત્ર કશ્યપના કુળનો એક ઋષિ. એના કુળમાં એક ઋષિ, દેવતાનું પદ પામીને વૈશ્વાનર નામનો અગ્નિ બન્યો છે, સબબ અગ્નિનું ગોત્ર શાંડિલ્ય કહેવાય છે.

શાંડિલ્ય (૨). અથર્વણ વેદનું એક ઉપનિષદ.

શાંડિલ્ય (૩). અગ્નિ જાત એક ઋષિ. (ભા૨૦ અનુ૦ ૫૩).

શાંત. પ્રિયવ્રતપુત્ર ઇધ્મજિહ્વના સાત પુત્રોમાંનો ચોથો પુત્ર. એના દેશનું પણ શાંત એવું નામ પ્રસિદ્ધ છે.

શાંત (૨). પ્લક્ષદ્વીપમાં આવેલા સાત દેશમાંનો ચોથો દેશ.

શાંત (૩). આપ નામના વસૂના પુત્રોમાંનો એક.

'आपस्य पुत्रो वैतण्ड्यः
श्रमः शान्तो मुनिस्तथा'
(ભા૦ આ૦ ૬૭-૨૧).

શાંત (૪). અહ નામનો વસૂનો પુત્ર.

'अह्नः सुतस्तथा ज्योतिः
शमः शान्त स्तथामुनिः'
(ભા૦ આ૦ ૬૭-૨૩).

શાંતનવ. શંતનુના પુત્રો વિશેષે કરીને ભીષ્મને આ નામ લગાડાય છે. (ભા૦ આ૦ ૧૦૮-૯).

શાંતનુ. શંતનુ શબ્દ જુઓ.

શાંતરથ. સોમવંશી આયુ પુત્ર અને નાના વંશના ધર્મસારથિ રાજાનો પુત્ર.

શાન્તા. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના કુળના અઙ્ગ-રાજ રોમપાદની પુત્રી. અને ઋષ્યશૃંગની સ્ત્રી. (**ભા૦ વ૦ ૧૧૪–૧૧**). કેટલીક જગાએ એને દશરથની પુત્રી અને લોમપાદે દત્તક લીધેલી એમ વર્ણવ્યું છે (**ભાગ૦ ૯ સ્કં૦ ૨૩ સ૦**) હરિવંશમાં લોમપાદનું બીજું નામ દશરથ કહ્યું છે. (**હરિવં૦ ૧ અ૦ ૩૧ શ્લો૦**). ઋષ્યશૃંગ શબ્દ જુઓ.

શાંતિ. તુષિત નામના દેવોમાંનો એક.

શાંતિ (૨). દક્ષ પ્રજાપતિએ ધર્મઋષિને આપેલી તેર કન્યાઓમાંની એક. એના પુત્રનું નામ સુખ.

શાંતિ (૩). કર્દમ પ્રજાપતિને દેવહૂતીને પેટે થએલી નવ કન્યામાંની સૌથી નાની કન્યા. એ અથર્વણ ઋષિની સ્ત્રી હતી.

શાંતિ (૪). વારુણિ અંગિરા ઋષિના આઠ પુત્રોમાંનો ચોથો પુત્ર. (**ભા૦ અનુ૦ ૩૨–૪૨**).

શાંતિ (૫). પૂર્વે થઇ ગયેલો એક ઇંદ્ર. એ પાંડુનો પુત્ર થઇને જન્મ્યો હતો.

શાંતિ (૬). સોમવંશી પૂરુકુળના અજમીઢના પુત્ર નીલનો પુત્ર. એનો પુત્ર તે સુશાંતિ.

શાંતિ (૭). કાલિંદીને પેટે કૃષ્ણથી ઉત્પન્ન થયેલા દશ પુત્રોમાંનો એક.

શાંતિદેવા. વસુદેવની સ્ત્રીઓમાંની એક. એને શ્રમ, પ્રતિશ્રુત વગેરે પુત્રો હતા.

શાઙ્કલાયન. ત્રણની સંજ્ઞાવાળા વસિષ્ઠ કુળમાં થએલો એક ઋષિ.

શાંખ. આપ નામના વસુના પુત્રોમાંનો એક.

શાખસ્ત. શ્રાવસ્ત શબ્દ જુઓ.

શાખસ્તી, શ્રાવસ્તી શબ્દ જુઓ.

શારદ્વણ્ડાયનિ. એક ક્ષત્રિ–કૈકયી–એની સ્ત્રીનું નામ શ્રુતસેના. દુર્જય વગેરે એના પુત્રો. (**ભા૦ આ૦ ૧૨૬–૩૭**).

શારદા. સરસ્વતી.

શારદા (૨). ભારતવર્ષીય નદી વિશેષ.

શારદ્વત. ગૌતમાંગિરસમાંનું એક કુળ. (**૩ અંગિરા શબ્દ જુઓ**).

શારદ્વત (૨). શરદ્વતનો પુત્ર કૃપાચાર્ય તે.

શારદ્વતિક. ત્રણની સંજ્ઞાવાળા ભૃગુકુળમાં ઉત્પન્ન થએલો એક ઋષિ.

શારદ્વતી. કૃપાચાર્યની બહેન કૃપી. દ્રોણની સ્ત્રી.

શારદ્વતી (૨). એ નામની એક અપ્સરા (**ભા.૦ આ૦ ૧૩૨–૪૬**).

શારીરક. યજુર્વેદનું મૂખ્ય ઉપનિષદ.

શાર્કરાક્ષિ. ત્રણ સંજ્ઞાવાળા ભૃગુકુળનો એક ઋષિ શર્કરાક્ષ ઋષિનો પુત્ર.

શાર્ઙ્ગરવ. એક ઋષિ. જન્મેજયના સર્પસત્રમાં એ બ્રહ્માનામે ઋત્વિજ હતો. (**ભા૦ આ૦ ૫૩–૬**).

શાર્દૂલ. રાવણના પક્ષનો એક રાક્ષસ. એ રાવણનો ગુપ્ત દૂત હતો. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૨૦**).

શાર્દૂલી. ક્રોધાની દિકરીઓમાંની એક. સિંહ, વાઘ, વગેરે એનાથી ઉત્પન્ન થયા છે. (**ભા૦ આ૦ ૬૭–૬૧–૬૫**).

શાર્યાત. શર્યાતિવંશના હૈહયોનું કુળ.

શાલ. વૃક યાદવને દુર્વાક્ષીને પેટે થએલા પુત્રોમાંનો એક.

શાલંકાયન. વિશ્વામિત્રના વંશનો એક ઋષિ.

શાલંકાયન (૨). શાલંકાયનનું કુળ.

શાલંકાયનિ. ત્રણની સંજ્ઞાવાળા અંગિરાકુળનો એક ઋષિ.

શાલંકાયનિ (૨). વિશ્વામિત્રના કુળનો એક ઋષિ.

શાલકો. એક યક્ષ.

શાલગ્રામ. ગંડકી નદીના મૂળ પાસે આવેલું એક ક્ષેત્ર વિશેષ. (**ભા૦ વન૦ ૮૨–૧૨૪**).

શાલાયનિ. ત્રણની સંજ્ઞાવાળા ભૃગુ કુળનો એક ઋષિ.

શાલાહોલય. એની સંજ્ઞાવાળા કશ્યપ કુળનો એક ઋષિ.

શાલિ. ત્રણની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

શાલિગ્રામ. ભારતવર્ષીય ક્ષેત્ર અને તીર્થ વિશેષ.

શાલિપિણ્ડ. એક સર્પ. (**ભા૦ આ૦ ૩૫–૧૪**).

શાલિશિરા. મુનીને થએલા દેવગંધર્વ પૈકી એક. (**ભા૦ આ૦ ૬૬–૪૪**).

શાલિશૂર્પ. એક તીર્થ. (**ભા૦ વન૦ ૮૧–૧૦૭**).

શાલિસૂર્પ. શાલિહોત્ર ઋષિના આશ્રમનું નામ.

શાલિહોત્ર. કપિલ ઋષિનો પુત્ર. એ અશ્વશાસ્ત્રનો પ્રણેતા હતો. શાલિહોત્ર ઋષિએ રચેલા અશ્વશાસ્ત્રના ગ્રંથને શાલ્યહોત્ર કહે છે. (**ભા૨૦ વન૦ સ૦ ૨૭૧**).

શાલિહોત્રસર. ક્ષેત્ર વિશેષ. ત્યાં પાંડવો ગયા હતા. (**ભા૨૦ આ૦ સ૦ ૧૬૮–૨**).

શાલૂકિની. તીર્થ વિશેષ. (**ભા૨૦ વન૦ સ૦ ૮૧–૧૩**).

શાલૂકિની (૨). ભારતવર્ષીય નદી વિશેષ.

શાલ્મલિ. સોમવંશી અવિક્ષિતનો પુત્ર, એક ક્ષત્રિ. (**ભા૨૦ આ૦ સ૦ ૧૦૧–૪૦**).

શાલ્મલિ (૨). વૃક્ષ વિશેષ. તેની કથા જુઓ, (**ભા૨૦ શાં૦ સ૦ ૧૫૩–૧૫૫–૪**).

શાલ્મલિદ્વીપ. પૃથિવીના સપ્ત મહાદ્વીપમાં ત્રીજો દ્વીપ. ઇક્ષુરસોદ (શેરડીના રસના સમુદ્રની) બહારની બાજુએ હોઇ ચારલાખ યોજન પહોળો છે. એટલી જ પહોળાઇનો સુરા સમુદ્ર, એની આજુબાજુ વિંટાયલો છે. અહીં પ્રિયવ્રતનો પુત્ર યજ્ઞબાહુ રાજ્ય કરતો હતો. એણે આના ભાગ પાડીને સાત દેશ બનાવ્યા. પછી એણે પોતાના સાત પુત્રોમાં એકેકો દેશ વહેંચી આપ્યો. દરેક દેશનું નામ જે પુત્રને આપ્યો તેના નામ ઉપરથી પાડયું. યજ્ઞબાહુ શબ્દ જુઓ). આ દ્વીપમાં સ્વરસ, શતશૃંગ, વામદેવ, કુંદ, મુકુંદ, પુષ્પવર્ષ, સહસ્રશ્રુતિ, એ સાત મહાપર્વતો આવેલા છે. તેમ જ એમાં અનુમતી, સિનીવાલી, સરસ્વતી, કુહૂ, રાજની, નંદા અને વરાકા એ નામની સાત મહાનદીઓ. છે. (**ભાગ ૫ સ્કં૦ અ૦ ૨૦**) અને (**દેવી ભા૦ ૮ સ્કં૦ અ૦ ૧૨**).

શાલ્મલી. ભારતવર્ષીય કૈકયદેશની એક નદી. (**વા૦ રા૦ અયો૦ સ૦ ૬૮**).

શાલ્યહોત્ર. અશ્વશાસ્ત્ર નામનો ગ્રંથ.

શાલ્વ. શાલ્વદેશનો એક રાજા. એ અસુરાંશે જન્મ્યો હતો. જ્યારે કાશીરાજાની ત્રણ પુત્રીઓનો સ્વયંવર થયો ત્યારે એ ત્યાં ગયો હતો. તે વખત એને ભીષ્મની સાથે યુદ્ધ થયું હતું. તેમાં હાર ખાઇને એ પોતાને દેશ ગયો હતો. ત્રણે રાજપુત્રીઓનું ભીષ્મે હરણ કરીને હસ્તીનાપુર આણી હતી. કાશી રાજપુત્રી અંબાએ એને મનથી પસંદ કર્યો હતો. અંબાએ ભીષ્મને આ વાત કહીને એની રજાથી એ શાલ્વને ત્યાં ગઇ હતી. પરન્તુ ભીષ્મે એનું હરણ કર્યું હતું સબબ શાલ્વે એનો અંગિકાર કર્યો નહિ. મ્લેચ્છ સૈન્ય લઇને શાલ્વ ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષે લઢવા આવ્યો હતો. યુદ્ધમાં એ સાત્યકીને હાથે માર્યો ગયો હતો. (**ભા૨૦ શલ્ય૦ અ૦ ૨૦**).

શાલ્વ (૨). આ શાલ્વ પણ શાલ્વદેશનો જ હતો. એ રુક્મિણીના વિવાહ વખતે કુંડિનપુર આવ્યો હતો. ત્યાં યાદવો જોડે એનું યુદ્ધ થતાં તેમનાથી પરાભવ પામ્યો હતો. આથી યાદવોનો બહુ દ્વેષ કરતો હતો. કૃષ્ણે જરાસંધ અને શિશુપાળને માર્યા તે ઉપરથી તો એ ઘણો જ કકળી ઉઠ્યો હતો. એણે ભૂમિ અયાદવી કરવા સારુ ઘોર તપ કરીને રુદ્રને પ્રસન્ન કર્યા હતા. દેવ, અસુર અને મનુષ્યોથી ભેદાય નહિ એવા વિમાનની એણે રુદ્ર પાસે માગણી કરી હતી. રુદ્રે મયાસુરનું બનાવેલું આવું વિમાન એને આપ્યું. પછી આ વિમાનમાં બેશીને અંતરિક્ષે રહી એણે દ્વારકા ઉપર વૃક્ષ, શિલાઓ વગેરેની વૃષ્ટિ કરવા માંડી. આ જોઇને બધા યાદવો સજ્જ થઈને યુદ્ધ કરવા આવ્યા પણ શાલ્વ અંતરિક્ષમાં હોવાથી તેમનું કાંઇ ચાલ્યું નહિ. શાલ્વ ક્ષણમાં ભૂમિપર, ક્ષણમાં અંતરિક્ષમાં, ક્ષણમાં પૂર્વમાં અને ક્ષણમાં બીજી દિશાએ જતો રહેતો. વળી ક્ષણમાં અદૃશ્ય થઇ જાય અને ક્ષણમાં દેખા દે. એમ થવાથી યાદવો નિરુપાય થઇ ગયા. આ યુદ્ધ વખતે બલરામ દ્વારકામાં નહોતા. તેમ જ કૃષ્ણ પણ ઇંદ્રપ્રસ્થ ગયા હતા.

છેવટે પ્રદ્યુમ્ન આગળ થયો અને એણે

શાલ્વ ઉપર ઘણી જ અસ્ત્રવૃષ્ટિ કરી. પ્રદ્યુમ્નનું કશું વળતું નહોતું. એવામાં શાલ્વના પ્રધાન દ્યુમાને, પ્રદ્યુમ્નને મૂર્ચ્છા પમાડી. પ્રદ્યુમ્ન મુર્ચ્છામાંથી સત્વર સાવધ થઇ ફરી યુદ્ધ કરવા લાગ્યો. પ્રદ્યુમ્ને શાલ્વના ક્ષેમવૃદ્ધિ નામના પ્રધાનને હરાવ્યો. આ પ્રમાણે સત્તાવીસ દિવસ યુદ્ધ ચાલ્યું. કૃષ્ણને આ બનાવની ખબર પડતાં જ તેઓશ્રી ઇન્દ્રપ્રસ્થથી આવ્યા, અને શાલ્વની સાથે ઘણું જ યુદ્ધ કર્યું. શાલ્વ અંતરિક્ષમાં હયા છતાં કૃષ્ણે એને એવો જર્જર કરી નાંખ્યો કે તે થાકીને કેટલોક કાળ અંતર્ધાન થઇ ગયો.

અંતર્ધાન થઇને શાલ્વે કૃષ્ણના દૂતના જેવો જ એક માયાવી દૂત ઉત્પન્ન કરી તેને કૃષ્ણ પાસે મોકલી કહેવડાવ્યું કે શાલ્વ વસુદેવનું બંધન કરીને લઇ ગયો છે માટે દેવકીએ મને એ ખબર કહેવા મોકલ્યો છે. દૂત કૃષ્ણને આ વાત કહેતો હતો એટલામાં શાલ્વ મૂળ વસુદેવ જેવા જ કૃત્રિમ વસુદેવને લઇને કૃષ્ણ પાસે આવ્યો. એણે કૃષ્ણની ઘણી નિંદા અને ઉપહાસ કરીને પોતે આણેલા કૃત્રિમ વાસુદેવનો શિરચ્છેદ કર્યો. એ જોઇને કૃષ્ણને ઘણો શોક થયો. કૃષ્ણના જોતાં જોતાં જ દૂત, શાલ્વ અને કૃત્રિમ વસુદેવ અંતર્ધાન થઇ ગયા. આ બધી અસુરની માયા હોઇ શાલ્વના કપટની કૃષ્ણને જાણ થઇ.

અંતે શાલ્વને સુંદર વિમાનમાં બેઠેલો જોઇને તેનાપર પોતાની ગદા ફેંકી. વિમાનના ચૂરેચૂરા થઇ ગયા અને શાલ્વ નિરાધાર ભોંય પડયો. ભૂમિપર કૃષ્ણ સાથે તુમુલ યુદ્ધમાં સૈન્ય સહિત એનો નાશ થયો. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૭૬–૭૭) અને (ભા૨૦ વન૦ અ૦ ૧૪–૨૨). આ શાલ્વને અનુશાલ્વ નામે ભાઇ હતો. (અનુશાલ્વ શબ્દ જુઓ).

શાલ્વ (૩). ભીમસેને મારેલો એ નામનો એક રાજા.

શાલ્વ (૪). ભારતવર્ષીય એક દેશ–એ હસ્તિનાપુરની પૂર્વમાં હતો એમ લાગે છે. (ભા૨૦ ભી૦ અ૦ ૯).

શાલ્વસેન. ભારતવર્ષીય દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ અ૦ ૯).

શાવસ્ત. શ્રાવસ્ત શબ્દ જુઓ.

શિખંડિની. ઉત્તાનપાદ વંશના વિજિતાશ્વ રાજાની સ્ત્રી. એને પાવક, પવમાન અને શુચિ એમ ત્રણ પુત્રો હતા.

શિખંડિની (૨). દ્રુપદ રાજાની કન્યા. પૂર્વ જન્મે એ કાશીરાજાની કન્યા અંબા રૂપે હતી. એ જ પુરુષત્વ પામી શિખંડી કહેવાઈ હતી. (શિખંડી શબ્દ જુઓ).

શિખંડી. દ્રુપદ રાજા પુત્ર મળવાને રુદ્રનું આરાધન કરતો હતો. રુદ્રે એને વરદાન આપ્યું કે તને એક પુત્રી થશે અને તે કાલાનુસાર પુરુષત્વ પામીને ભીષ્મને યુદ્ધમાં મારશે. સંતોષ પામીને દ્રુપદ રાજા પોતાને નગર આવ્યો. પછી થોડે કાળે એની સ્ત્રીએ ગર્ભ ધારણ કર્યો, અને એને કન્યા પ્રસવી પરન્તુ કન્યા થઇ છે એ ખબર ન પડવા દેતાં દ્રુપદે એમ જ કહ્યું કે પુત્ર પ્રસવ્યો છે. તેમ જ સઘળાંને પુત્ર પ્રસવની જ વાત કરીને કન્યાને પુત્રની પેઠે જ જાતકર્મ વગેરે સંસ્કારો કર્યો. આગળ જતાં એને ઉપનયન સંસ્કાર કરીને ધનુર્વિદ્યા વગેરેમાં પ્રવીણ બનાવી. જ્યારે કન્યા મોટી થઈ અને વિવાહ કરવા જેવડી થઇ ત્યારે દ્રુપદ બહુ ચિંતામાં પડયો. પણ એની સ્ત્રીએ એને ધીરજ આપી કહ્યું કે વરદાન સર્વથા વૃથા જાય જ નહિ, માટે આપ એકાદી રાજકન્યા શોધી વિવાહ કરો. એમાં આધું પાછું જોશો નહિ. દ્રુપદે આથી ધીરજ રાખી પોતે પુત્રનો વિવાહ કરવા ધારે છે એમ બધાને પ્રગટ કર્યું. આ ઉપરથી પશ્ચિમ દશાર્ણ દેશના રાજા હિરણ્યવર્માએ પોતાની ઘણી જ સ્વરુપવાન કન્યા આ કૃત્રિમ શિખંડીને વિવાહ વિધીથી આપી.

કેટલેક કાળે હિરણ્યવર્માની કન્યા મોટી થઇ. એને ઋતુકાળ પ્રાપ્ત થયો એટલે એ

પતિ પાસે એકાંતમાં ગઇ. જુએ છે તો એ પુરુષ નહોતાં સ્ત્રી હતો. કશું બોલ્યા વગર એ બાઇ બહાર આવી. આ વાતને આઠ દસ દિવસ જવા દઇ કાંઇ બહાને સસરાની આજ્ઞા લઇ પોતાને પિઅેર ગઇ. ત્યાં જઇને એણે આ સમાચાર પોતાના પિતાને જણાવ્યા. આ વાત જાણીને હિરણ્યવર્માને ઘણો ક્રોધ ચઢયો અને સૈન્ય લઇને દ્રુપદની જોડે યુદ્ધ કરવા નિકળ્યો. જતાં જતાં એના મનમાં આવ્યું કે કેવળ કન્યાના કહેવાથી આમ જવું ઠીક નથી. પ્રથમ જાતે કાંઇ તપાસ કરવી જોઇએ કે શિખંડી તે ખરેખાત સ્ત્રી જ છે કે કેમ. પછી એણે દ્રુપદને દૂતની સાથે કહાવ્યું કે મૂર્ખ, દુષ્ટ તેં આ શું કર્યું ? સ્ત્રીનો વિવાહ સ્ત્રી જોડે કેમ કર્યો ? ખેર, આ અપરાધનું શાસન આપવું જ જોઇએ. માટે હું તારે ત્યાં આવું છું. તું યુદ્ધ કરવાને તૈયાર થજે.

હિરણ્યવર્માનો સંદેશો સાંભળીને દ્રુપદનું નૂર ઉડી ગયું અને હવે શું કરવું એના વિચારમાં પડયો. કાંક ભય, અને કાંક ધીરજ મનમાં આણી એણે દૂતની સાથે ગોળ ગોળ સંદેશો કહાવી તેને પાછો રવાના કર્યો.

આ વાતની ખબર શિખંડીને પડતાં તે તરત જ નગરમાંથી નાશીને ઘોર અરણ્યમાં ગયો. ત્યાં જઇને એણે અપવાસ કરીને તપનો આરંભ કર્યો. ત્યાં એક ચમત્કાર બન્યો. એ વન સ્થૂલકર્ણ નામના એક યક્ષનું હતું. તે એક દિવસ ફરતો ફરતો ત્યાં આવી ચઢયો; એણે શિખંડીને આગ્રહપૂર્વક અનુષ્ટાન કરતો દીઠો. યક્ષે એની પાસે આવીને પૂછ્યું કે તું કોણ છે ? અને અહીં શા હેતુથી અનુષ્ટાન કરે છે ? શિખંડીએ પોતાની બધી હકીકત કહીને પુરુષત્વની માગણી કરી. પરિણામે સ્થૂળકર્ણને એની બહુ દયા આવી. એણે કહ્યું કે મારું પુરુષત્વ તને આપીને તારુ સ્ત્રીત્વ હું લઉં છું. માત્ર એટલું જ કે તું પુરુષત્વ સંપાદન કરીને તારા નગરમાં જા અને તારે કામ હોય તે પતે એટલે મારું પુરુષત્વ મને પાછું આપજે. તારા આવતા સુધી હું આ વનમાં જ રહીશ. એમ કહીને એણે પોતાનું પુરુષત્વ શિખંડીને આપી પોતે સ્ત્રી થયો. શિખંડીને પુરુષત્વ મળતાં જ એ ત્યાંથી નિકળ્યો તે આવીને પોતાના પિતા દ્રુપદને ઘણા હર્ષથી ભેટયો. એણે પોતાને પુરુષત્વ પ્રાપ્ત થવાની ખબર પિતાને કરી. (ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૬૫–૧૨૬).

શિખંડી પુરુષત્વ પ્રાપ્ત કરીને આવ્યો જાણીને દ્રુપદને જે હર્ષ થયો તે વરણ્યો વર્ણવાય નહિ એમ છે. એટલામાં હિરણ્યવર્મા પોતાના સૈન્ય સહિત દ્રુપદપુરમાં આવી પહોંચ્યો. એને આવ્યો જાણીને દ્રુપદે દૂત સાથે કહાવી મોકલ્યું કે મેં આપના દૂતની સાથે સંદેશો કહાવ્યો હતો; છતાં આપ યુદ્ધ સારુ સૈન્ય લઇને પાછા આવ્યા. ભલે સારું કર્યું. મારી તરફથી યુદ્ધની ના નથી. હું તૈયાર જ છું. પણ કેવળ તમારી કન્યાના જ વચનપર વિશ્વાસ રાખીને વર્ત્તન ન કરતાં પહેલાં આપે બીજી સ્ત્રી મારફત તમારા જમાઇની સ્થિતિ વિષે ખાતરી કરી લીધી હોત તો સારું. એમ કરવાથી બન્ને પક્ષને ઠીક પડશે. આ ઉપરથી હિરણ્યવર્માએ કેટલીક સ્વરુપવાન તરુણીઓ પાસે શિખંડીની પુરુષત્વને અંગે પરીક્ષા કરાવી. પેલી સ્ત્રીઓએ પરીક્ષા કરીને શિખંડી જોઇએ એવો પુરુષ છે એવો નિર્ણય કરીને હિરણ્યવર્માને જાહેર કર્યું. હિરણ્યવર્મા આ જાણીને ઘણો લાજ પામ્યો. પોતાની કન્યા પર ગુસ્સે થઇને એણે વિનયપૂર્વક નગરમાં આવીને દ્રુપદની ક્ષમા માગી, પોતાના જમાઇને વસ્ત્ર, અલંકાર, હાથી, ઘોડા, રથ ઇ૦ અનેક વસ્તુઓ આપી સંતોષ પમાડયો. પછી દ્રુપદની આજ્ઞા લઈ પોતાને સ્વદેશ ગયો. અહીં શિખંડી પોતાની સ્ત્રીની જોડે ઉત્તમ

પ્રકારે સુખનો ઉપભોગ કરવા લાગ્યો. થોડા સમયમાં એને ક્ષત્રદેવ, ઋક્ષદેવ વગેરે પુત્રો પણ થયા.

પોતાની અણી સચવાયા પછી સ્થૂણાકર્ણને આપેલા વચન મુજબ તેનું પુરુષત્વ તેને પાછું આપવા શિખંડી વનમાં ગયો. પરન્તુ ત્યાં તો કાંઇ ઓર જ બનાવ બન્યો હતો. બન્યું એવું કે પોતાનું પુરુષત્વ શિખંડીને આપી પોતે સ્ત્રી બનીને સ્થૂણાકર્ણ પોતાના વનમાં ગુપ્ત રહેતો હતો. એક વખત કુબેર પોતે એ વનમાં અકસ્માત આવી ચઢ્યા. પોતે સ્ત્રી બની ગયો હતો સબબ સ્થૂણાકર્ણ કુબેરની હજૂરમાં ગયો નહિ. એ ઉપરથી કુબેરે એને શોધવાને દૂત મોકલ્યા. તેમણે એને ખોળી કાઢી, આવીને સઘળી સવિસ્તર હકીકત કુબેરને વિદિત કરી. કુબેરે સ્થૂણાકર્ણને પોતાની પાસે તેડાવીને એને શાપ્યો કે તું આવો સ્ત્રી ને સ્ત્રી જ રહેજે. એણે વિનતિ કરી કે મેં કેવળ પરોપકાર માટે આ રુપ કબુલ્યું હતું, માટે મને આટલી મજા ઘટતી નથી. એ સાંભળીને કુબેરે અનુગ્રહ કર્યો કે જા, જ્યાં સુધી શિખંડી આ પૃથ્વીપર હશે ત્યાં સુધી તું સ્ત્રી રહીશ. એના મરણ પછી તું પૂર્વવત્ પુરુષ થઇશ. આમ કહીને કુબેર ત્યાંથી ગયા પછી સ્થૂણાકર્ણ વનમાં રહેતો હતો, તેવામાં શિખંડી ત્યાં આવ્યો. એણે યક્ષની પ્રાર્થના કરીને આભાર માન્યો ને કહ્યું કે મારું કામ સર્યું. હવે તારું પુરુષત્વ પાછું આપવા હું આવ્યો છું. શિખંડીની વાણી સાંભળી યક્ષે એને બધી બનેલી હકીકત કહી. પોતાને થએલા કુબેરના શાપની વાત કરીને કહ્યું કે હવે તું તારા નગરમાં જા અને સ્વસ્થ રહે. મને વચન આપ્યા પ્રમાણે તું મારું પુરુષત્વ પાછું આપવા આવ્યો તેથી મને સંતોષ થયો છે. આટલું સાંભળતાં જ શિખંડી આનંદ પામ્યો. એણે પોતાને નગર આવીને આ વાત દ્રુપદને કરી અને પોતે આનંદ કરવા લાગ્યો. (ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૮૮–૧૯૨).

શિખંડી રાજ્યકાર્યમાં બહુ સમજુ હોઇ શસ્ત્રાસ્ત્રમાં પણ નિપુણ હતો. એને તુંબર નામના યક્ષે આપેલી ઘોડાની જોડી એ રથે જોડતો. દ્રુપદની સાથે જ પાંડવોના પક્ષ તરફથી એ ભારત યુદ્ધમાં સામીલ થયો હતો. એના બાણથી જ ભીષ્મ પડ્યા હતા.

ભારતના યુદ્ધના છેલ્લા એટલે અઢારમે દિવસે એ તંબુમાં નિદ્રા લેતો હતો. અશ્વત્થામાએ તંબુમાં જઇને અનેક વીરોને સુતેલા જ કાપી નાંખ્યા તેમાં શિખંડી પણ મરાયો. (ભા૦ સૌ૦પ૰ સ૦ ૮). શિખંડિનું મૃત્યુ થતાં જ સ્થુણાકર્ણ પૂર્વવત્ પુરુષ થયો.

શિખાગ્રીવી. ત્રગડાની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

શિખાવર્ણ. ત્રગડાની સંજ્ઞાવાળા ભૃગુ કુળનો એક ઋષિ.

શિખાવર્ત. એક ગંધર્વ.

શિખાવર્ત (૨). એક યક્ષ. (ભા૨૦ સ૦ ૧૦–૧૮).

શિખાવાન. એ નામનો એક ઋષિ. (ભા૨૦ સ૦ અ૦ ૧૪–૨૦).

શિખિધ્વજ. એ નામનો એક રાજા. ચુડાલાનો પતિ.

શિખિધ્વજ (૨). મયુરધ્વજને પણ આ નામથી કહ્યો છે.

શિખિવાહન. શિખિ એટલે મોરનું વાહન હોવાના સબબથી કાર્તિકસ્વામીનું એક નામ.

શિત. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

શિતિકંઠ. નીલકંઠ–મહાદેવનું એક નામ.

શિનિ. સોમવંશી પૂરુકુળના દુષ્યંતના વંશના મન્યુના પુત્ર ગર્ગરાજાનો પુત્ર. આણે તપ કરીને બ્રાહ્મણત્વ સંપાદન કર્યું હતું. એ ગાર્ગ્ય કહેવાતો.

શિનિ (૨). સોમવંશી યદુકુળના સાત્વત નામના પેટા કુળના સાત્વતના વૃષ્ણિનો પુત્ર. યુધાજિતના બે પુત્રોમાંનો મોટો.

શિનિ (૩). સોમવંશી યદુકુળના ઉપર કહેલા યુધાજિતના અનમિત્ર નામના બીજા દિકરાના

ત્રણ પુત્રોમાંનો વચલો પુત્ર. (ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૨૪). એને સત્યક નામનો પુત્ર હતો. આ શિનિ મોટો શૂરવીર હતો. વસુદેવ દેવકીના વિવાહકાળે ઘણા રાજાઓ વિઘ્ન કરવા આવ્યા હતા તે સઘળાનો આણે પરાભવ કર્યો હતો. તેમાં સોમદત્ત નામના રાજાને તો ઠાર મારતો હતો પણ દયા આવવાથી છોડી દીધો હતો. (ભા૨૦ દ્રો૦ અ૦–૧૪૪).

શિનિ (૪). સોમવંશી યદુકુળના સાત્વત નામના પેટા કુળના અનમિત્રના વૃષ્ણિના કુળમાં જન્મેલા શૂર પુત્ર ભજમાનનો પુત્ર. એને સ્વયંભોજ નામે પુત્ર હતો.

શિનિપ્રવીર. એક ક્ષત્રિ–સાત્યકી. (ભા૨૦ શા૦ ૧૯–૨૬).

શિનિવાસ. મેરુની તળેટીના પર્વતોમાંનો એક.

શિપિવિષ્ટ. મહાદેવ.

શિબિ. પૂર્વે થઇ ગએલા ઇન્દ્રો પૈકી એક. પાંચ પાંડવોમાંનો એક આનો અવતાર હતો.

શિબિ (૨). ચક્ષુ મનુને નડ્વલાની કુખે થએલા પુત્રોમાંનો એક.

શિબિ (૩). હિરણ્યકશિપુના પુત્રોમાંનો એક. (ભા૨૦ આ૦ ૬૬–૧૮).

શિબિ (૪). પ્રહ્લાદના પુત્રોમાંનો એક.

શિબિ (૫). ભોજપુર નગરીના ઉશીનર રાજાને માધવીને પેટે થએલો પુત્ર. (૩ ગાલવ શબ્દ જુઓ). એને ઔશીનર પણ કહ્યો છે. એ ઘણો પરાક્રમી હતો. એ યયાતિનો દૌહિત્ર હતો. (ભા૨૦ ઉ૦ ૧૧૮–૨૦, ભા૨૦ સ૦ ૮–૧૦, ભા૨૦ વ૦ ૨૦૧–૨, ભા૨૦ વિ૦ ૫૩–૧૪, ભા૨૦ શાં. ૨૮–૩૯).

શિબિ (૬). સોમવંશના અનુકુળમાં થએલા મહામના રાજાના પુત્ર ઉશીનરના ચાર પુત્રોમાંનો મોટો પુત્ર. એને વૃષાદર્ભ, સુવીર, ભદ્ર, કેકય અને બૃહદ્ગર્ભ એ નામના પાંચ પુત્રો હતા. આ રાજા મોટો ધર્માત્મા હતો. (ભા૨૦ દ્રો૦ સ૦ ૫૮).

આ રાજાના સત્વની પરીક્ષા કરવા દેવો પોતે એક દિવસ બ્રાહ્મણનું રુપ લઇને આવ્યા. હતા. એમણે આવીને એની પાસે ખાવા સારુ એના પુત્રનું માંસ માંગ્યું. રાજાએ પોતાના બૃહદ્ગર્ભ નામના પુત્રને મારીને એનું માંસ રંધાવ્યું. પણ એટલામાં બ્રાહ્મણ ત્યાંથી કાંઇ બહી ગયો. સબબ રાંધેલા માંસનું પાત્ર માથાપર મુકીને બ્રાહ્મણની શોધ કરવા નિકળ્યો. તો બ્રાહ્મણને અશ્વશાળા, કોશાગાર વગેરેને સળગાવીને મુખ્ય રાજ્યમંદિરને લાહ્ય લગાડતો દીઠો. આ જોતાં પણ એના મનમાં કાંઇ વિકલ્પ જણાયો નહિ અને પ્રાર્થના કરીને કહ્યું કે આ મેં તમારે સારુ માંસ રાંધીને આણ્યું છે, તે સ્વીકારો. બ્રાહ્મણે કહ્યું હું તો ખાતો નથી પણ તું જ ખા. આ પરથી રાજા જોવો તે ખાવા જાય છે કે બ્રહ્મદેવ સ્વતઃ પ્રકટ થયા. એનો હાથ પકડ્યો અને કહ્યું કે તું ખરો દાતા છે. પછી એના પુત્રને સજીવન કરી તેમ જ અશ્વાગાર વગેરે જગાઓને પૂર્વવત્ કરીને પોતે અંતર્ધાન પામ્યા. (ભા૨૦ વન૦ અ૦ ૧૯૪–૧૯૭–૧૯૮).

શિબ્યિ (૭). ગોપતિ નામના રાજાનો પિતા.

શિબ્યિ (૮). ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષનો એક રાજા. એને દ્રોણાચાર્યે રાત્રિયુદ્ધમાં માર્યો હતો. (ભા૨૦ દ્રો૦ અ૦૧૫૫).

શિબ્યિ (૯). ભારતવર્ષીય દેશ. આ દેશ પશ્ચિમ દશાર્ણદેશની પશ્ચિમે હોઇને પાંડવોના સમયમાં ત્યાં સુરથ નામનો રાજા રાજ કરતો હતો. ત્યાંના રાજાઓ સામાન્ય રીતે શૈબ્ય કહેવાતા. (ભા૨૦ સ૦ અ૦ ૩૨).

શિરીષ. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

શિરીષક. એક સર્પ. (ભા૨૦ ઉ૦ ૧૦૨–૧૪).

શિરોષી. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

શિલવૃત્તિ. એક ઋષિ. એને ગંગાના મહાત્મ્યને અંગે સિધ્ધોની સાથે સંવાદ થયો હતો. (ભા૨૦ અનુ૦ ૬૫–૧૯).

શિલાયૂપ. વિશ્વામિત્રના પુત્રોમાંનો એક.

શિલાદનિ. ભગડાની સંજ્ઞાવાળા અત્રિના કુળનો એક ઋષિ.

શિલાસ્થલિ. ત્રગડાની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

શિલીન. જિત્વા ઋષિનો પિતા.

શિવ. હરિહર શબ્દ જુઓ.

શિવ એવું નામ વેદોમાં જણાતું નથી, પણ વેદોમાં એ દેવને રુદ્ર કહ્યો છે. ત્યાં રુદ્ર શબ્દ એક વચનમાં તેમ જ બહુ વચનમાં વાપર્યો છે. એટલે કે રુદ્ર એક તેમ જ એકથી વધારે મનાતા હશે. મહાન દેવ શિવ એ ભાવનામાંથી ઉદ્ભવ્યા છે.

ઋગ્વેદમાં અગ્નિદેવને રુદ્ર કહ્યો છે, અને મરુતોને એના પુત્રો તરીકે વર્ણવ્યા છે. એ વેદમાં એવા યે મંત્રો છે કે જે ઉપરથી જણાય છે કે અગ્નિ એ જુનો દેવ મનાતો હોય. એને ગીતો-ગાનનો અને યજ્ઞનો અધિપતિ, રોગશામક, સૂર્ય સમાન તેજસ્વી, સુન્દરમાં સુન્દર અને વરપ્રદાન કરનારો દેવ તરીકે કહ્યો છે. પશુ, ગાયો અને સ્ત્રીઓને એ દેવ સુખનો દાતા, સર્વવ્યાધિવિનાશક, પ્રાણી માત્રનો પાળક, જગતમાં રોગનાશક તત્વનો ફેલાવો કરનાર અને પાપને પ્રજાળી નાંખનાર ગણ્યો છે. એ બળવાન હોઇ વજ્ર ફેંકી શકે છે; ધનુષ્ય વાપરી શકે છે; રથારૂઢ થાય છે અને જે કાળે સંહારક દેવનું રુપ ધારણ કરે છે, ત્યારે ઉગ્ર હિંસક પ્રાણીયોના જેવો જ ભયંકર અને હિંસક વરણુવ્યો છે.

યજુર્વેદમાં શતરુદ્રિય નામે એ દેવનું લાંબુ સ્તવન છે. એ સ્તવનમાં એનાં ઘણાં નામો ગણાવ્યાં છે. ત્યાં ભયંકર નહિ, પણ દયાવાન દેવ, વરપ્રદાન કરનાર, મૂખ્ય સ્વર્ગીય વૈદ્ય, મનુષ્યો, ગાયો, અશ્વો અને ઘેટાં વગેરેની પુષ્કળતા આપનાર દેવ તરીકે એનું વર્ણન છે. એનો વર્ણ રકત અને કંઠ નીલ છે. એને હજાર હાથ છે, હજાર નેત્ર છે, હજાર ભાથાથી સજ્જ થએલો છે. વળી કોઇ મંત્રમાં એને ત્ર્યંબક એટલે ત્રિનયન અને પશુઓનો પાળક કહ્યો છે. અથર્વ વેદમાં પશુઓનો પાળક છતાં એને ઉગ્ર પણ કહ્યો છે. એક સ્તવનમાં એને વિનવ્યો છે કે મનુષ્યોમાં ક્ષય, ઝેર અને અગ્નિ ન ફેલાવતાં આપ બીજે પધારો.

બ્રાહ્મણ ગ્રંથોમાં કહ્યું છે કે જ્યારે રુદ્ર જન્મ્યો, ત્યારે એ રડ્યો. સંસ્કૃતમાં રુદ્ ધાતુ રોવાના અર્થમાં વપરાય છે. રડવાના સબબથી પ્રજાપતિયે એનું નામ રુદ્ર પાડ્યું. એણે પોતાના પિતાને પોતાનું નામ પાડવાને આઠ વાર વિનતિ કરી એથી ભવ, સર્વ, પશુપતિ, ઉગ્રદેવ, મહાદેવ, રુદ્ર, ઇશાન અને અસની એવાં એનાં આઠ નામ પાડ્યાં છે. એ ગ્રંથોમાં દેવોની યાચના ઉપરથી રુદ્રે પ્રજાપતિ જે પોતાની પુત્રી સાથે નઠારો સંબંધ રાખતો હતો, એને વિંધી નાંખ્યો હતો એમ કહ્યું છે.

ઉપનિષદોમાં વળી રુદ્રનું સ્વરુપ જુદું જ કલ્પાયું છે. તથા દેવોના પુછવાથી એણે કહ્યું કે 'હું સર્વ વસ્તુઓની પૂર્વે હતો; હું હાલ પણ છઉં અને હવે પછી ભવિષ્યમાં પણ હોઇશ'. 'મારી પછી કોઇ નહિ હોય. હું શાશ્વત છઉં, તેમ હું અશાશ્વત છઉં; હું જ્ઞેય છઉં અને હું અજ્ઞેય છઉં; હું બ્રહ્મ છઉં અને હું બ્રહ્મ નથી.' વળી એક જગાએ કહ્યું છે કે 'એ જ રુદ્ર છે, એ જ ઇશાન, એ જ સ્વર્ગીય, એ જ મહાદેવ અને એ જ મહેશ્વર' છે. 'રુદ્ર એક જ છે. બીજો હોઇ શકે જ નહિ; એ આ ચક્ષુઃ જગતને નિયમમાં રાખે છે, અને ઉત્પાદક છે. જીવવાન ભૂત માત્ર એનામાં અને એની સાથે જ રહે છે. એ રક્ષણ કર્તા છે. પ્રલયકાળે એ સઘળી વસ્તુ માત્રનો નાશ કરે છે'. 'એને આદિ, મધ્ય કે અન્ત નથી. એ એક સર્વવ્યાપ્ત વિસ્મય પમાડે એવો, દિવ્ય, સુખદ, સૌમ્ય ઉમાપતિ છે. શ્રેષ્ટદેવ, ત્રિલોચન, મહાન અને સ્વયંપ્રકાશિત, શાંત અને નીલકંઠ છે. એ જ બ્રહ્મા છે. એ જ શિવ છે. એ જ ઇન્દ્ર છે. એ અનાશવંત, મહાન અને પોતાના તેજ વડે જ પ્રકાશિત છે. એ જ વિષ્ણુ છે; એ જ પ્રાણ છે, એ જ શ્વાસ છે. જે જે અનાશવંત હતું, છે અને હશે, તે બધું એનું જ રુપ છે. એને જાણ્યો એટલે મૃત્યુ જીત્યું. મોક્ષનો બીજો કોઇ રસ્તો એ વગર છે જ નહિ".

રામાયણમાં શિવને મોટો દેવ કહ્યો છે, પણ તે વ્યકિત તરીકે. એ વિષ્ણુની સાથે કોઇ વખત લઢે છે અને બ્રહ્મા, વિષ્ણુ અને ઇન્દ્રની સાથે પૂજાય છે એમ કહ્યું છે. છતાં એ રામનું પ્રભુત્વ અને અંશાવતારીપણું સ્વીકારે છે. એ વિષ્ણુથી ઉતરતી પદ્વીનો દેવ હોય નહિ, એવું એનું વર્ણન છે.

મહાભારતમાં પણ સમગ્ર રીતે વિષ્ણુ-શ્રીકૃષ્ણને બધાના કરતાં વિશેષ માન મળે છે; છતાં કેટલીક જગાએ શિવને મોટો કહ્યો છે, અને વિષ્ણુએ અને કૃષ્ણે એની પૂજા કરી છે. એમાં કહ્યું છે કે મહાદેવ એ સર્વ વ્યાપક છતાં અગોચર છે. એ જ જગતનો સર્જનહાર છે અને એને બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર વગેરે સઘળા દેવો, બ્રહ્માથી માંડીને પિશાચ ધરાધરી પૂજે છે. આમ છતાં પણ આ પુસ્તકમાં શિવ અને વિષ્ણુ સ્પર્ધા કરતા હોય એવો ભાસ થાય છે. એની શકિતયો સંબંધે જે ઇસારા અહીં કર્યા છે તે આગળ જતાં પુરાણોમાં વ્યકત થાય છે. શિવ અને કૃષ્ણ એમાં નાનું મોટું કોઇ નથી અને બન્ને એક જ રુપ છે એમ બતાવવાનો યત્ન દેખાઇ આવે છે. છેવટે હરિવંશમાં કહ્યું છે કે વિષ્ણુ શિવરુપ છે અને શિવ વિષ્ણુ રુપ છે, તેમાં તફાવત જ નથી.

પુરાણોમાં તો જે દેવ સંબંધી અમુક પુરાણ હોય તે દેવની જ મહત્તા દેખાડવાનો પ્રયત્ન થયા છે. જુની આખ્યાયિકાઓ અને મંતવ્યો ઉપરથી અનેક કલ્પિત વાતો ઉપજાવી કાઢી, જે દેવ સંબંધી એ ખાસ પુરાણ હોય તેની જ મહત્તા બઢાવીને તેને જ સૌથી મહોટો વર્ણવ્યો હોય છે. જેમકે ગણેશપુરાણમાં, ગણેશ, વાયુ પુરાણમાં વાયુ વગેરે વગેરે.*

કાળે કરીને વેદમાંના રુદ્રદેવે મહાન અને શકિતમાન શિવનું રુપ કર્યું છે અને એને ત્રિમૂર્તિમાં પદ્ધ પ્રાપ્ત થયું છે. આખરે એ સંહારક કરનાર દેવ મનાઇ એની શકિતયો ઘણી વિસ્તૃત બની ગઇ છે. સંહાર પછી સર્જન હોય છે જ; એટલે શિવ શંકર રુપે પાછું પુનઃ સર્જન પણ કરે છે. આ પ્રમાણે શિવ સંહારક અને સર્જનહાર દેવ-ઇશ્વર કહેવાવા માંડ્યા, અને એને મહાદેવ-સૌથી શ્રેષ્ટ દેવ એ ઉપાધિ પ્રાપ્ત થઇ.

ઘણાખરા ધર્મોમાં હોય છે એમ સર્જનહાર તરીકે ઉત્પાદક શકિતના ચિન્હ તરીકે એ લિંગરુપે પૂજાય છે. એ રુપે જ અગર ઉત્પાદક શકિતના બીજા સ્ત્રીશકિતના રુપ તરીકે યોનિના ચિન્હ તરીકે એની પૂજા સર્વત્ર થાય છે. પ્રજાપત્તિ એ ગૂઢ-ખ્યાલમાં ન આવે એવી-બાબત હોઈ, જ્યાં જ્યાં સર્જન સંબંધી વાત આવે ત્યાં ત્યાં એનાં જ રુપક અપાયાં છે. પૂજા કરનારના જ્ઞાનની ભૂમિને લઇને જુદી જુદી ભાવનાઓને

---

*ફુટનોટ—પુરાણોની અમુક દેવની સરાહનગતની વાત લખતાં એક રમુજી વાત લખવાનું મન થાય છે. સ્વ. ગોપાળરાવ હરિ દેશમુખ અહીં-અમદાવાદમાં સ્મોલ કોઝ કોર્ટના જજજ હતા. તેઓ સંસાર સુધારામાં અગ્રગણ્ય ભાગ લેતા. અમારા સંસ્કૃત અધ્યાપક સ્વ. વિદ્વાન શાસ્ત્રીજી.....પાસે કાંઇ સંસાર સુધારાનું પુસ્તક લખાવતા હતા. શાસ્ત્રીજી વર્ગમાં નવરા થાય કે થોડું લખે. એક દિવસ એમ લખતા જોઇને પુછયું કે આપ શું લખો છો? એઓશ્રીએ કહ્યું કે રા, બા. સંસાર સુધારાનું પુસ્તક લખાવે છે. મેં કહ્યું મહારાજ! આપ આવું પુસ્તક લખો આપશો? શાસ્ત્રીજી કહે "અમારે શા છે? અમને તો કહે તો ખૂટ-પુરાણ લખી આપીએ, કે ખૂટ મહારાજ બધો સંસાર તાશ વડે જ છે! અમારે શા? દક્ષણા આપે કે બસ!"

સ્થાન મળ્યાં છે. વસ્તુતઃ લિંગ અને યોનિ એવો ખ્યાલ ધરાધરી ઉપાસકને આવતો નથી.

શિવનું ત્રિજ્રું સ્વરુપ મહાયોગી તરીકે છે. યોગી રુપે એ સદા ધ્યાનમગ્ન જ રહે છે. સદા ઉગ્ર તપ કરનાર મહા તપસ્વી છે. એમના ચમત્કાર અને શક્તિયો અગાધ હોઇ, શુદ્ધ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી એઓ બ્રહ્મ સ્વરુપ જ બન્યા છે. આ સ્વરુપે એ દિગંબર છે. ધૂર્જટી છે. એમની સંહારક શક્તિને અંગે એ ભૈરવ છે. ભૂત, પિશાચ વગેરે યોનિયોના અધ્યક્ષ તરીકે એ ભૂતપતિ કહેવાય છે. એમનો વાસ બહુધા સ્મશાનમાં હોય છે. સર્પો એ એમનાં આભૂષણો છે. એ રુંડમાળા ધારણ કરે છે. ભૂતગણો એમની હજૂરમાં હમેશ રહે છે. કેટલીક વખત ભાંગ, ધંતુરો, આકડો વગેરે માદક પદાર્થોથી ઉન્મત્ત બની પોતાની દેવી–શક્તિની સાથે નૃત્ય કરે છે. એમનું નૃત લાસ્ય નહોતાં તાંડવ છે–એમનાં વાદ્યો પણ શૃંગી, ડમરુ, રણશિંગુ વગેરે છે. પોઠીયો-નંદી એ એમનું વાહન છે. ત્રિશૂળ, શૂળ, ધનુષ્ય એ એમનાં આયુધો છે. એમના ધનુષ્યનું નામ પિનાક છે. શિવ સર્વાંગે સુંદર, અને એક રુપે ઘણા જ સૌમ્ય છે. સર્વાંગે સુંદર હોઇ એ વર્ણે કર્પુરગૌર છે. સ્વભાવે બહુ ભોળા અને દયાળુ છે. એમના ભાલમાં ભમરોની વચ્ચે ત્રિજું નયન છે. એમાંથી નિકળતો અગ્નિ ઘણો પ્રચંડ છે. પોતાના જટાજૂથ ઉપર અર્ધ-ચંદ્ર ધારણ કરે છે. પોતે ધ્યાનસ્થ હતા તે વખત દેવોનું હિત કરવાના હેતુથી કામદેવે એમના મનમાં પ્રવેશી વ્યથા કરી પાર્વતી સંભારાવ્યાં. આ ઉપરથી ક્રોધ કરી કામદેવ-મદનને એમણે પોતાના ત્રિજ્ર નયનના અગ્નિ વડે જ બાળીને ભસ્મીભૂત કર્યો હતો. એમને પૂજવામાં ઘણી સામગ્રીઓનો ખપ પડતો નથી. પાણી, ચંદન અને બીલીપત્ર એટલાથી જ એ પ્રસન્ન થાય છે. સહજ પ્રાર્થનાથી પણ રાજી રાજી થઈ જાય એવા સહજસંતોષી છે. આ ઉપરથી એમનું નામ આસુતોષ પડ્યું છે. એટલા ભોળા છે કે વર-પ્રદાન કરવામાં આઘું પાછું જોતા જ નથી.

પ્રલય કાળે પણ એ જ ત્રિજ્ર નયનમાંથી નિકળતો અગ્નિ જ દેવોથી માંડીને સર્વભૂત માત્રનો નાશ કરશે. પૂર્વે બ્રહ્માને પાંચ મુખ હતાં. શિવની સાથે અમર્યાદિત સંભાષણ કરવાને લીધે એમણે એનું એક મસ્તક કાપી નાંખ્યું હતું. ત્યારથી બ્રહ્મા ચતુર્મુખ જ છે. કાશીમાં વિશ્વેશ્વર નામની એમની વિભૂતિ ઘણી જ પવિત્ર અને પૂજનિય મનાય છે. એમનો ચિરવાસ હિમાલયના કૈલાસ શિખર ઉપર છે.

સ્વરુપ, પરાક્રમ, અને ટેવ વગેરેને લઇને શિવનાં ઘણાં નામ છે. અઘોર, આસુતોષ, ઇશ્વર, ગિરીશ, ગિરિજાધર, ગિરિજાપતિ, ગંગાધર, જટાધર, જલમૂર્તિ, ત્રિલોચન, ત્રિનયન, ત્ર્યંબક, ત્રિશૂલી, ત્રિપુરારી, ધૂર્જટી નંદીશ, નંદીશ્વર, નંદીવાહન, નીલકંઠ, પંચાનન, પિનાકી, બભ્રુ, ભૈરવ, ભૂતપતિ, ભૂતનાથ. ભગવત, મદનાંતક, મહાદેવ, વિરુપાક્ષ, વિશ્વનાથ, વિશ્વેશ્વર, વૃષભધ્વજ, વ્યાઘ્રાંબર-ધારી, વ્યોમકેશ, શંકર, શંભુ, શૂલપાણી, શિવ, સર્પભૂષણ, સ્મરહર, સદાશિવ, સ્થાણુ, હર વગેરે વગેરે.

શિવ (૨). વિતસ્તાનો પુત્ર એક બ્રાહ્મણ. એનો પુત્ર શ્રવા. (**ભા૨૦ અનુ૦ ૯–૩૨**).

શિવ (૩). પ્રિયવ્રતના પુત્ર ઇધ્મજિહ્વના સાત પુત્રો પૈકી મોટો પુત્ર. એનો દેશ એને નામે જ પ્રસિદ્ધ છે.

શિવ (૪). પ્લક્ષદ્વીપમાંનો છઠ્ઠો દેશ.

શિવ (૫). ઉત્તમ મન્વંતરમાંના સપ્તર્ષિયોમાંનો એક.

શિવ (૬). કોઇપણ રુદ્રનું સામાન્ય નામ.

શિવ (૭). ત્રણની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

શિવ (૮). નિત્યમુકત શિવની સઘળી વિભૂતિ-ઓનું–મૂર્ત્તિયોનું સામાન્ય નામ.

શિવકર્ણ. ત્રણની સંજ્ઞાવાળા વસિષ્ટ કુળનો એક ઋષિ.

શિવકારિણી. અચ્છોદ ક્ષેત્રમાંની સતીની મૂર્તિ–વિભૂતી.

શિવકુંડ. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

શિવકૂતી. પાર્વતીની એક શકિત.

શિવધારા. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

શિવમતી. ત્રણની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

શિવલિંગ. ભારતવર્ષીય દેશ વિશેષ.

શિવલિંગ (૨). ભૂમિ ઉપર શિવની વિભૂતી–મૂર્તિ.

શિવલોક. નિત્યમુકત શિવ જ્યાં સાકાર રહે છે તે લોક. કૈલાસ શબ્દ આ અર્થમાં કેટલાક વાપરે છે પણ તે બરાબર નથી.

શિવા. શિવની શકિત.

શિવા (૨). અનલ વસુની સ્ત્રી. (**ભા૨૦ આ૦ ૬૭–૨૫**).

શિવા (૩). ભારતવર્ષીય એક નદી. (**ભા૨૦ ભી૦ ૯–૨૫**).

શિવા (૪). અંગિરસ ઋષિની ભાર્યા. (**ભા૨૦ વન૦ ૨૨૭–૧**).

શિવાઓ. એ નામના વેદપારગ સિદ્ધ બ્રાહ્મણો, જેઓ દક્ષિણ દિશામાં રહેતા અને પરમપદને પામ્યા હતા તે. (**ભા૨૦ ઉદ્યો૦ ૧૦૯–૧૮**).

શિવોદ્ભેદ. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

શિશિર. મેરુ પર્વતની તળેટી આગળના પર્વતોમાંનો એક.

શિશિર (૨). ધર નામના વસુના પુત્રોમાંનો એક.

શિશિર (૩). વિશ્વામિત્ર કુળમાં થએલો એક ઋષિ.

શિશિરગિરિ. હિમાલય પર્વતનું એક નામ. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૨૨**).

શિશુપાલ. સોમવંશના યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામઘના પુત્ર વિદર્ભરાજાના ત્રિજ્ર, સૌથી નાના, પુત્ર રોમપાદના કુળમાં જન્મેલા દમઘોષ રાજાનો પુત્ર. વસુદેવની ભગિની શ્રુતશ્રવા એની મા થાય. ચેદિરાજાનો વંશજ હોવાથી એને ચૈદ્ય નામે પણ કહ્યો છે. એ હિરણ્યકશિપુના અંશે જન્મ્યો હતો. એને જન્મકાળે ત્રણ આંખો અને ચાર હાથ હતા. એણે જન્મતાં જ ગર્દભના જેવો સૂર કાઢ્યો હતો. એ સાંભળી ચેદિરાજને અને એની માને બહુ દુઃખ થયું હતું. એમણે એવો વિરુપ અને અસ્વભાવિક અવયવવાળો અને ભૂંકનાર પુત્ર નકામો જાણી એને ફેંકી દેવડાવવાનું ધાર્યું. ફેંકી દેવાની તૈયારી હતી એટલામાં આકાશવાણી થઇ કે "એનો ત્યાગ કરશો નહિ. એ પુત્ર શ્રીમાન અને બલવાન થશે." એ સાંભળીને રાજા રાણીએ આકાશ-વાણી તરફ નમસ્કાર કર્યા અને પુછયું કે એનું મૃત્યુ કોનાવડે થશે એ કૃપા કરીને કહો. તેથી આકાશવાણી ફરી થઇ કે "જેના ખોળામાં આને બેસાડતાં એના બે હાથ અને ત્રિજ્રું નેત્ર ખરી પડે એ આનો શત્રુ સમજવો અને તેને હાથે એનુ મૃત્યુ છે." ટુંકામાં ચેદિરાજને આવો ચમત્કારી પુત્ર થયો છે એ હકીકત સાંભળીને દેશદેશના રાજાઓ દમઘોષ રાજાને મળવા આવતા; અને જે જે આવે, તેના ખોળામાં શિશુપાલને આપતા.

આ બનાવની દ્વારકામા કૃષ્ણબલરામને જાણ થઈ. શિશુપાળની મા, વાસુદેવની બહેન એટલે કૃષ્ણબળદેવની ફોઇ થાય. તેથી ફોઇને મળવાના અને છોકરાને જોવાના ઇરાદાથી કૃષ્ણબળરામ શુક્તિમતી નગરીમાં આવ્યા. એઓ રાજાને અને પોતાની ફોઇને મળ્યા, તે વખત ફોઇએ પોતાના પુત્રને પહેલો બળરામ અને પછી કૃષ્ણના ખોળામાં આપ્યો. જેવો એને કૃષ્ણના ખોળામાં મૂકયો કે એની ત્રીજી આંખ અને બે હાથ ખરી પડયાં! શ્રુતશ્રવા આ જોઇને ભયભીત થઇને કૃષ્ણને કહેવા લાગી કે દેવવાણી પ્રમાણે આ પુત્રનું મૃત્યુ તારે હાથે છે. માટે તું મને વચન આપ કે "હું એને મારીશ નહિ." કૃષ્ણે કહ્યું

કે દેવની આકાશવાણી ખોટી પડે નહિ પણ કૃષ્ણ, તમારા માનની ખાતર હું એના સો અપરાધ ક્ષમા કરીશ. કૃષ્ણને આથી શાતા થઇ. એણે કૃષ્ણબળદેવને કાંઇ દિવસો સુધી પરોણા રાખ્યા. છેવટે કૃષ્ણની આજ્ઞા લઇ બન્ને ભાઇઓ દ્વારકા ગયા.

શિશુપાળ દિવસે દિવસે મોટો થયો તેમ તેમ પરાક્રમી પણ થયો. એ જોઇને વિદર્ભના ભીષ્મક (ભીમક) રાજાના મોટા પુત્ર રુક્મીએ પોતાની બહેન રુક્મણીને એને પરણાવવાનો નિશ્ચય કર્યો. દમઘોષ રાજા સપરિવાર કુંડિનપુર આવ્યો. લગ્ન અગાઉ કરવાનાં બધાં કર્મ કર્યાં. પરંતુ આ વિવાહ સરેતોરે થયો નહિ. રુક્મિણીની પોતાની ઇચ્છા કૃષ્ણને વરવાની હોવાથી, તેણે મુદ્દામ માણસ મોકલી કૃષ્ણને કહાવ્યું. કૃષ્ણ તરત જ એની વહારે ધાયા. એમણે રુક્મિણીનું હરણ કર્યું, અને અપમાન પામી શિશુપાળને પાછું શુક્તિમતી જવું પડ્યું.

ત્યારપછી કેટલેક કાળે ઇંદ્રપ્રસ્થમાં યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞનો આરંભ કર્યો. એ સમારંભમાં દેશદેશના રાજાઓ એકઠા થયા હતા. શિશુપાલ પણ ત્યાં આવ્યો હતો. તે સમયે બધામાંથી અગ્રસ્થાને પ્રથમ પૂજા કોની કરવી યોગ્ય છે, એ સંબંધે ઉહાપોહ થયો. ભીષ્મે મત આપ્યો કે અગ્રપૂજા કૃષ્ણને ઘટે છે. આ ઉપરથી યુધિષ્ઠિર કૃષ્ણને ગંધ સમર્પવા ઉઠ્યા. શિશુપાલથી આ દીઠું ખમાયું નહિ. એણે ભીષ્મની અને કૃષ્ણની નિંદા કરવા માંડી. પણ કોઇએ એના બોલવા ઉપર લક્ષ જ આપ્યું નહિ. એ જોઇને એ એવો તો ગુસ્સે થયો કે સભામાં ઉભા થઇને ઘાંટો પાડીને કહેવા લાગ્યો કે:—અરે, અહીં મોટા મોટા દેવર્ષિ, બ્રહ્મર્ષિ અને રાજર્ષિઓ વિદ્યમાન છતાં, એક ગોવાળના પુત્રની પૂજા થાય છે, એ સારું દેખાતું નથી. આમ કહીને એણે ભીષ્મને અનેક અપશબ્દો સંભળાવ્યા. એ સાંભળીને ભીષ્મના પક્ષના રાજાઓ લડવાને તત્પર થઇ ઉભા થઇ ગયા. આ જોઇને ભીમને ઘણો ક્રોધ આવ્યો અને શિશુપાળ પર ધાયો. પણ દ્રોણાચાર્યે એને પકડીને બેસાડ્યો. ભીષ્મે ભીમને શાંત પાડ્યો. એમણે શિશુપાળના જન્મકાળની હકીકત સંભળાવીને કહ્યું કે તારે એ શું બોલે છે તે તરફ ધ્યાન જ આપવું નહિ. એનો મરણ સમય પાસે આવ્યો છે. માટે જ એ આવી બડબડ કરે છે. એ સાંભળીને ભીમ શાંત થઇને બેઠો.

ભીમને શાંત થઇને મુંગો બેઠેલો જોઇને શિશુપાળને વધારે આવેશ આવ્યો. એણે ભીષ્મને કહ્યું અરે, તમે ભીમને વારો છો શું કરવા? એને મારા પર ધસી આવવા તો દ્યો! પછી જુવો કે હું એના પ્રાણ લઇ લઉં છું કે નહિ? પુનઃ ભીષ્મને સંબોધીને કહ્યું કે હે મૂર્ખ, ડોકરા, નપુંસક ભીષ્મ! આ સભામાં અનેક મહાન મહાન વ્યક્તિઓ—રાજા છતાં તું આ ગોવાળીઆના પુત્રની પૂજા અને સ્તુતિ કરીને બીજાઓનું અપમાન કરે છે? તારી આ કરણી બદલ શું કહીએ? પછી કૃષ્ણને અનેક દુર્ભાષણથી વધાવી લઇ કહેવા લાગ્યો કે અરે તું તો કેવળ નીચ દાસ છે. તને જે રાજા કહેતું હોય તે ભલે કહે. પરંતુ મારા મનથી તો તું મૂળે રાજા જ નથી. જે મૂર્ખ તારી પૂજા કરવાનું કહે છે, તેને જો, અમણાં જ મારી નાખું છઉં. શું વધારે કહું? તારી મરજી હોય તો તું પણ મારા સામો લઢવા આવી જા. જો કે હું તારો વધ કરું છું કે નહિ! આ પ્રમણે જરાસંધનો વધ વગેરે અનેક વાતો કાઢી કાઢીને એણે કૃષ્ણની પાર વિનાની નિંદા કરી.

અત્યાર સુધીના બનાવ બનતાં કૃષ્ણ છાનામાના બેશી રહ્યા. પણ જ્યારે ઉપર કહેલાં છેલ્લાં વાક્યો કહીને શિશુપાળ છાનો રહ્યો એટલે કૃષ્ણે મંદ અને મૃદુ વાણીએ બોલવાનો આરંભ કર્યો.

તેઓ શ્રી બોલ્યા કે:—અહો સઘળા ઋષિયો

અને રાજાઓ! આ શિશુપાલ મારી ફોઇનો પુત્ર છે. એણે અમારા સાત્વત કુળ ઉપર દ્વેષ લાવીને અમને ઘણા પ્રકારે પીડા કરી છે. એણે મારી દ્વારકાપુરીને આગ લગાડી; ભોજરાજા રૈવતક પર્વતપર ક્રીડા સારૂ ગયા હતા ત્યારે એમને એકલા જોઇને બાંધીને લઇ ગયો; મારા પિતા વસુદેવ યજ્ઞ કરતા હતા ત્યારે યજ્ઞના અશ્વને મારીને એણે યજ્ઞમાં વિઘ્ન કર્યું; બભ્રુ નામના યાદવની સ્ત્રીનું, તેમ જ ભરાનું અનીતીભર્યું હરણ કર્યું; (ભા૨૦ સ૦ ૬૮–૧૮). આ શિવાય પણ એણે મારી પૂંઠે પાછળ મારા ઘણા અપરાધ કર્યા; મારી ફોઇને મેં વચન આપ્યું હતું, તદનુસાર એનાં કૃત્યો સામું ન જોતાં એને ક્ષમા કરી છે. હાલ પણ તમારા બધાની સાનિધ્ય ભીષ્માદિ શ્રેષ્ઠ પુરુષોનું, તેમ જ મારું અપમાન કર્યું છે. એના અપરાધો સો ઉપર થઇ ગયા છે. માટે હવે હું એના અપરાધ સહન નહિ કરું. આમ બોલીને એમણે પોતાનું દિવ્ય ચક્ર શિશુપાલ તરફ ફેંક્યું! ચક્રવડે એનું મસ્તક ધડથી છૂટું પડી એ સભામાં જ તત્કાળ મરણ પામ્યો. (ભા૨૦ સ૦ અ૦ ૪૫, અને ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૭૪).

શિશુપાળને ધૃષ્ટકેતુ, સુકેતુ, કરકષ, શરભ વગેરે પુત્રો અને રેણુમતી નામે એક કન્યા હતી. શિશુપાલના મરણ બાદ ધૃષ્ટકેતુ રાજ્યગાદી પર બેઠો. એણે રેણુમતી યુધિષ્ઠિરના ભાઇ નકુળને વરાવી. એના પુત્રો સુકેતુ અને ધૃષ્ટકેતુ દ્રોણાચાર્યને હાથે માર્યા ગયા હતા. (ભા૨૦ ક૦ ૩–૩૨, દ્રોણ૦ ૧૨૫–૩૯; અા૦ ૬૩–૧૮).

ઉપર કહેલી શિશુપાલે હરણ કરેલી ભરા એની ઓરમાન માના ભાઇની એટલે પોતાના ઓરમાન મામાની દિકરી હતી. એ વિશાલપુરીના રાજાની કન્યા હોઇ એના પિતાએ એને કરુષ દેશાધિપતિના પુત્રને આપી હતી. છતાં શિશુપાલ એના પતિનું રુપ ધારણ કરીને એને છલ કરીને હરી ગયો હતો.

શિશુમાર. સ્વાયંભુ મન્વંતરનો એક પ્રજાપતિ. એણે પોતાની કન્યા ભ્રમી ધ્રુવને પરણાવી હતી.

શિશુશોમા. એક સર્પ વિશેષ. (ભા૨૦ અા૦ ૫૭–૧૦).

શિષ્ટ. ઉત્તાનપાદ પુત્ર ધ્રુવને એની બીજી સ્ત્રી ધન્યાને પેટે થએલો પુત્ર—એની સ્ત્રીનું નામ સુચ્છયા હતું. એને રિપુંજય, વૃત્ત, કૃપ અને વૃક નામના ચાર પુત્રો હતા. (મત્સ્ય૦ અ૦ ૪).

શિક્ષ. ઋષભ પર્વત પર રહેનારા ગાંધર્વો માંહેનો એક.

શીઘ્ર. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના ધ્રુવસંધિ રાજાના પુત્ર સુદર્શનનો પૌત્ર, અને અગ્નિવર્ણ રાજાનો પુત્ર, મરુ રાજા એનો પુત્ર થાય.

શીઘ્રગ. સંપાતીના પુત્રો પૈકી એક.

શીઘ્રા. ભારતવર્ષીય નદી વિશેષ. (ભા૨૦ ભી૦ ૯–૨૯)

શીતતોયા. પુત્રાર્થે વરુણની સ્ત્રી બનેલી, ભૂમિ ઉપરની એ જ નામની નદીની મૂર્તિમાન દેવતા. એના પુત્રનું નામ શ્રુતયુધ. એ ભારત યુદ્ધમાં મરણ પામ્યો હતો. (શ્રુતાયુધ શબ્દ જુઓ).

શીતતોયવહા. ભારતવર્ષીય નદી વિશેષ. (ભા૨૦ વન૦ ૮૮–૨૫).

શીતપૂતના. સ્કન્દ માતૃગણમાંની એક. (ભા૨૦ વન૦ સ૦ ૨૩૦–૨૮)

શીતવન. એક ક્ષેત્ર વિશેષ. (ભા૨૦ વન૦ ૮૧–૫૯)

શીતવૃત. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

શીલા. વિંધ્યાચળમાંથી નિકળનારી એક નદી.

શુક. ઋષભપર્વત ઉપરનો એક ગંધર્વ.

શુક (૨). કૃષ્ણદ્વૈપાયન વ્યાસનો પુત્ર. ઘૃતાચી નામની અપ્સરા શુકી—પોપટીનું રુપ લઇને ભૂમિપર ફરતી હતી. તે દિવ્ય રુપ ધારણ કરેલી એક વખત વ્યાસની દૃષ્ટિએ પડી. એને

જેષ્ઠને વ્યાસનું વીર્ય પડયું. તેમાંથી થએલા પુત્રનું નામ શુક પડયું. વ્યાસને આ પુત્ર શિવના પ્રસાદથી થયો હતો. એ જન્મથી જ જ્ઞાની હતો. પરંતુ એનામાં પોતાના જ્ઞાનનું સ્હેજ ઘમંડ હતું. તેથી વ્યાસે એને આજ્ઞા કરી કે તું પ્રથમ જનક રાજા પાસે જઇને પછી તારે જવું હોય ત્યાં જજે. તે પરથી એ બહુલાશ્વ જનકની પાસે ગયો. ત્યાં જતાં એને પોતાના જ્ઞાનનું ઘમંડ ઉતરી જઇ એ અભિમાન રહિત થયો. (**ભા૨૦ શાંતિ૦ અ૦ ૩૨૪–૩૨૫**). અને (**દેવીભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૪**).

કૃષ્ણદ્વૈપાયને કૃષ્ણચરિત્ર વર્ણનવાળું ભાગવત રચ્યું હતું, તે આને ભણાવ્યું હતું.

શુકે કહ્યું છે કેઃ—

इदं भागवतं नाम पुराणं वेदसंमितं ॥
अधित्वान् द्वापरेऽस्मिन् पितुर्द्वैपायनादहम् ॥

આ જ ભાગવત એણે આગળ ઉપર પરીક્ષિત રાજાને સંભળાવ્યું હતું. (**ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૯**).

શુક બર્હિષદ નામના પિતરની કન્યા પીવરી અથવા વીરિણીને પરણ્યો હતો. એને કૃષ્ણ, ગૌરપ્રભ, શંભુ, ભૂરિસુત, અને જય નામે પાંચ પુત્રો અને કૃત્વી અથવા કીર્તિમતિ નામે એક કન્યા હતી. આ કન્યા સોમવંશી પૂરુકુળના પાર અથવા વિભ્રાજ રાજાના પુત્ર નીપ કિંવા અણુહ રાજાને વરાવી હતી. (**ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૨૨**), (**દેવી ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૯**), (**મત્સ્ય૦ અ૦ ૧૫**) અને (**હરિવંશ૦ અ૦ ૧**).

શુક (૩). ઇરાવાને મારેલા શકુનીના ભાઇઓમાંનો એક. (**ભા૨૦ ભી૦ અ૦ ૯૦**)

શુક (૪). રાવણ પક્ષનો એક રાક્ષસ. એ રાવણનો હેર–ફેત હતો.

શુક (૫). રાવણપક્ષનો એક રાક્ષસ. એ રાવણનો અમાત્ય હતો. (**ભા૨૦ વન૦ ૨૮૪**).

શુક (૬). એ નામનો એક યાદવ.

શુક (૭). એક પક્ષી. એને સહેન્દ્રની સાથે સંવાદ થયો હતો. (**ભા૨૦ અનુ. ૧૧**).

શુકનાભ. રાવણ પક્ષનો એક રાક્ષસ (**વા૦ રા૦ સુંદ૦ સ૦ ૬**).

શુકરહસ્ય. યજુર્વેદનું મુખ્ય ઉપનિષદ.

શુકી. કશ્યપ વડે તામ્રાને થએલી કન્યામાંની એક. ભૂમિપર શુક પક્ષીઓની માતા. (**ભા૨૦ આ૦ ૬૭–૫૯**).

શુકી. (૨). એકની અંકસંજ્ઞાવાળા અનલાની કન્યા.

શુક્તિમતી. ઋષ્યમાન પર્વતમાંથી નિકળેલી નદી વિશેષ.

काशिका सुकुमारी च मन्दगा मन्दवाहिनी।
कृपा च पाशिनी चैव शुक्तिमन्तात्मजास्तु ताः ॥ ३२ ॥
(**मत्स्य–११४.**)

विमला चञ्चला चैव तथा च धृतवाहिनी।
शुक्तिमन्ती शुनी लज्जा मुकुटा ह्यादिकाऽपि च ॥ २६ ॥
(**मत्स्य–११४.**)

શુક્તિમતી (૨). સુક્તિમાન પર્વતમાંથી નીકળેલી એ નામની એક નદી. (**ભા૨૦ આ૦ ૬૪–૪૮, ભા૨૦ ભી૦ ૯–૩૫**).

શુક્તિમતી (૩). શુક્તિમતીને તિરે આવેલી ચેદિ દેશની રાજધાની. ક્રુષ્ટકેતુની નગરી (**ભા૨૦ વન૦ ૨–૫૭**). એના કોલાહળ નામના પર્વતપરથી ઉપરિચર વસુની ભાર્યા ગિરિકાની ઉત્પત્તિ થઇ હતી. (**ભા૨૦ આ૦ ૬૪–૫૧**).

શુક્તિમાન. ઉજ્જયણ પાસે આવેલો વિંધ્યગિરિમાળાનો પશ્ચિમ ભાગ, એક ઉપપર્વત. (**ભા૨૦ સ૦ ૩૧–૫, ભા૨૦ ભી૦ ૯–૧૧**). એ ભક્ષાટ દેશની પૂર્વે આવેલ છે. એમાંથી કાશિકા, સુકુમારી, મંદગા, મંદવાહિની, કૃપા અને પાશિની નામે નદીઓ નિકળે છે.

શુક્ર. ઉત્તમ મનુના પુત્રમાંનો એક.

શુક્ર (૨). વારુણિભૃગુના પુલોમાને પેટે થએલા સાત પુત્રોમાંનો પાંચમો પુત્ર. એના ભાઇનું નામ ચ્યવન. એને શતપર્વા નામની સ્ત્રી હતી. (**ભા૨૦ ઉ૦ ૧૧૭–૧૩**). એની કુખે ત્વષ્ટાધર, અત્રિ, રૌદ્ર અને કર્મી એમ ચાર પુત્રો થયા હતા. એ અસુરોનો પુરોહિત હતો તેથી પ્રસ્તુત પુરંદર ઇન્દ્રે પોતાની જયંતી નામની કન્યા એને બુદ્ધિપૂર્વક પરણાવી હતી. એને પેટે એને પ્રસિદ્ધ દેવયાની નામે કન્યા હતી. (**મત્સ્ય૦ અ૦ ૪૭**). પ્રિયવ્રતની પુત્રી ઉર્જસ્વતી પણ એની સ્ત્રી હતી, અને એને પેટે પણ એને દેવયાની નામે પુત્રી હતી. (**ભાગ૦ ૫. સ્કં૦ અ૦ ૧**). એની દેવી નામે પુત્રી વરુણની ભાર્યા હતી. (**ભા૨૦ આ૦ ૬૭–૫૨**). અસુરો દેવોને પીડા કરીને નાશીને ભૃગુની સ્ત્રીના અંતઃપુરમાં ભરાઇ બેસતા. એ બાઇના તપોબળે ક્રોધથી ત્યાં જવાતું નહોતું. તેથી અસુરોનું આશ્રયસ્થાન નાશ કરવાના હેતુથી એની માને વિષ્ણુએ મારી નાંખી હતી. (**વાયુ૦ ૬૭; દેવી ભાગ૦ ૪–૧૧; મત્સ્ય૦ અ૦ ૪૭**). શુક્ર જબરો યોગ જાણનારો હતો. પોતાના યોગબળે એણે કુબેરના શરીરમાં પ્રવેશ કરીને કુબેરનું ધણું દ્રવ્ય લઇ લીધું. (**ભા૨૦ શાં૦ ૨૮૫–૬**). આથી કુબેર શંકર ભગવાનને શરણ ગયો. શુક્ર કુબેરના શરીરમાંથી નિકળી શંકર ભગવાનની સામે આવી ઉભા અને મનમાં વિચાર કર્યો કે મારે તે અહીં ઉભાં રહેવું, બીજે નાશી છૂટવું કે શંકરને શરણે જવું. શંકરે એને મારવાને ત્રિશૂળ લીધું એટલે શુક્ર ત્રિશૂળની અણીપર બેસી ગયો. શંકરે ત્રિશૂળને વાળી એનું ધનુષ્ય બનાવી દીધું. એમ વાળી દીધેલા ધનુષ્યનું નામ પિનાક પડયું. શુક્ર શંકર ભગવાનના હાથ ઉપર બેશી ગયો. છેવટે શંકરે એને પકડીને મોમાં મૂકી દીધો. ત્યાં ગયા છતાં પણ મુવો નહિ. આથી શંકરે દેહનાં બધાં દ્વાર બંધ કરી દીધાં જેથી એ જઠરાગ્નિમાં બળવા લાગ્યો. એણે પેટમાં રહ્યે રહ્યે શંકરની ધણી સ્તુતી કરી. શંકરે કહ્યું મારા લિંગને રસ્તે નિકળ. પણ એ એવો ઘભરાઇ ગયો હતો કે એને લિંગનું દ્વાર સમજાય નહિ. પણ આખરે એ રસ્તે બહાર પડયો. અને પાર્વતીની પ્રાર્થના કરી હું આપનો પુત્ર છું. શંકર ભગવાન એને મારવા ઉદ્યુક્ત થયા એટલે પાર્વતી વચ્ચે પડયાં અને કહ્યું કે એ જેવી રીતે બહાર આવ્યો તે પરથી એ મારો પુત્ર થયો. એને મરાય નહિ. આ રસ્તે પેટમાંથી બહાર આવવાને લીધે એનું શુક્ર નામ પડયું. (**ભા૨૦ શાં૦ ૨૮૫–૩૨**). ઘણા ગ્રંથોમાં આ શુક્રને ભાર્ગવ કહ્યો છે.

શુક (૩). શર્યાતિનો પુત્ર. એણે પાંડવોને ધનુર્વિદ્યાનો ઉપદેશ કર્યો હતો. (**ભા૨૦ આ૦ ૧૩૩–૫૧**).

શુક (૪). એ નામનો એક પાંચાલ ક્ષત્રિ. એ પાંડવના પક્ષનો હતો અને એને કર્ણે માર્યો હતો. (**ભા૨૦ ક૦ ૫૧–૪૬–૪૭**).

શુક (૫). વૈશ્રવણનો એક ધનાધ્યક્ષ.

શુક (૬). વારુણિ કવિના આઠ પુત્રોમાંના ચોથા ઉશનાનું બીજું નામ.

શુક્ર (૭). વર્ષના ક્રમમાં ત્રિજો મહિનો. એની પૂર્ણિમા જ્યેષ્ઠા નક્ષત્રમાં આવે છે જેથી એને જ્યેષ્ઠ–જેઠ મહિનો કહે છે. એ મહિનામાં મિત્ર નામનો આદિત્ય સૂર્ય–મંડળનો અધિપતિ હોઇ, એની સાથે અત્રિ ઋષિ, મેનકા અપ્સરા, હાહા ગંધર્વ, તક્ષક નાગ, રથસ્વન યક્ષ, અને પૌરુષય રાક્ષસ એ સંચાર કરે છે. (**ભાગ૦ ૧૨ સ્કં૦ ૧૧ અ૦**).

શુક (૮). વિષ્ણુપદ પર્વતપર બેસીને ધર્મરથ રાજાની સાથે યજ્ઞસંબંધી સોમપાન કરનાર એ નામનો એક રાજા (**મત્સ્ય૦ અ૦ ૪૮**).

શુક (૯). હવે પછી થનારા સાવર્ણિ મનુના પુત્રોમાંનો એક.

શુક (૧૦). એ નામનો એક નાગ. એ અશાડ માસના આદિત્યના સમાગમમાં સંચાર કરે છે. (**ભાગ૦ ૧૨ સ્કં૦ અ૦ ૧૧**). ૧૩ મો શુચિ શબ્દ જુઓ.

શુક્રાચાર્ય. બગડાની સંજ્ઞાવાળો શુક્ર તે જ.

શુકલ. ઉત્તાનપાદ વંશના હવિર્ધાન રાજાને હવિર્ધાનીની કૂખે થએલા છ પુત્રોમાંનો ત્રિજો પુત્ર.

શુકલ (૨). ભારતના યુદ્ધમાં કર્ણે મારેલો પાંડવ પક્ષનો એ નામનો એક રાજા. **(ભા૨૦ ક૦ અ૦ ૫૬).**

શુકલ (૩). ક્રૌંચદ્વીપનો એક પર્વત.

શુકલા. ક્રૌંચ દ્વીપની એક નદી.

શુગ. ભરદ્વાજંગિરસ કુલમાં થએલો એક ઋષિ.

શુચિ. પ્રાયશ્ચિતને સારુ કરેલો અગ્નિ. **(ભા૨૦ વન૦ ૨૨૩–૨૪).**

શુચિ (૨). વિશ્વામિત્ર ઋષિનો પુત્ર. **(ભા૨૦ અનુ૦ ૭–૫૪).**

શુચિ (૩). સુબાહુ નામના ચેદિરાજનો એક વેપારી વણઝારનો નાયક. **ભા૨૦ વ૦ ૬૪).**

શુચિ (૪). અગ્નિને સ્વાહાને પેટે થએલા ચાર પુત્રોમાંનો ત્રિજો પુત્ર. સૂર્યને ઉદ્દેશીને કરવાનો હવન આ અગ્નિમાં થાય છે તે ઉપરથી એને સૌર પણ કહ્યો છે. આ અગ્નિ વાનપ્રસ્થોને પૂજ્ય છે.

શુચિ (૫). ઉત્તાનપાદ વંશના વિજિતાશ્વરાજાના ત્રણ પુત્રોમાંનો કનિષ્ઠ પુત્ર. એ પૂર્વે અગ્નિ પુત્ર હતો.

શુચિ (૬). ઉત્તમ મનુના પુત્રોમાંનો એક.

શુચિ (૭). વારુણિભૃગુના સાતપુત્રોમાંનો એક. ત્રિજો પુત્ર તે.

શુચિ (૮). બાર ભાર્ગવ દેવોમાંનો ભાર્ગવદેવ.

શુચિ (૯). વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

શુચિ (૧૦). વિદેહ વંશના શતદ્યુમ્ન જનકનો પુત્ર. એના પુત્રનુ નામ સનદ્વાજનક હતું.

શુચિ (૧૧). સોમવંશી આયુપુત્ર અનેનાનો પૌત્ર અને શુદ્ધ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ત્રિકકુત.

શુચિ (૧૨). પૂરુકુળના અજમીઢવંશના કુરુપુત્ર સુધનુના જરા સંઘ વંશના વિપ્ર નામના રાજાનો પુત્ર. ક્ષેમરાજા એનો પુત્ર થાય.

શુચિ (૧૩). સોમવંશી યદુકુળના સાત્વતના પુત્ર અંધકના ચાર પુત્રોમાંનો ત્રિજો પુત્ર.

શુચિ (૧૪). ઈન્દ્રસાવર્ણિ મન્વંતરમાં સ્વર્ગમાં થનારો ઇન્દ્ર.

શુચિ (૧૫). ઇન્દ્રસાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્તઋષિયોમાનો એક.

શુચિ (૧૬). મહિનાઓના અનુક્રમમાં ચોથો મહિનો (ચૈત્રી વર્ષ પ્રમાણે). એ મહિનાની પૂર્ણિમા પૂર્વાષાઢા નક્ષત્રમાં હોવાથી એનું નામ અશાડ પડ્યું છે. આ મહિનામાં સૂર્યમંડળનો અધિપતિ વરુણ નામનો આદિત્ય હોય છે. અને વસિષ્ઠ ઋષિ, સહજન્યા અપ્સરા, હૂહૂ ગંધર્વ, સહજન્ય યક્ષ, ચિત્રસ્વન રાક્ષસ અને શુક્ર નાગ એ બધાં આદિત્યની સાથે સંચાર કરનાર હોય છે. **(ભા૦ ૧૨ સ્કં૦ અ૦ ૧૧).**

શુચિકા. એક અપ્સરા.**(ભા૨૦ આ૦ ૧૩૨–૬૪).**

શુચિશ્રવા. શ્રીમન્નારાયણ. **(ભા૨૦શાં૦ ૩૫૨ –૨૬).**

શુચિસ્મિતા. પ્રાધાની કન્યાઓ અપ્સરામાંની એક. **(ભા૨૦ સ૦ ૧૦–૧૧).**

શુચી. તામ્રાને પેટે કશ્યપથી થએલી કન્યાઓમાંની એક.

શુંડિક. કર્ણે પોતાના દિગ્વિજયમાં જીતેલો દેશ વિશેષ.**(ભા૨૦ વ૦ અ૦ ૨૫૪).**આ દેશ કેઇ બાજુએ અને કયાં હતો તે ઉપલબ્ધ નથી.

શુદ્ધ. સોમવંશી આયુપુત્ર અનેના રાજાનો પુત્ર. શુચિ નામનો રાજા એનો પુત્ર થાય.

શુદ્ધ (૨). ઇન્દ્રસાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્તર્ષિયોમાંનો એક.

શુદ્ધારુપદ. તીર્થ વિશેષ. **(ભા૨૦વ૦ ૮૧–૭૭).**

શુદ્ધોદ. પુષ્કર દ્વીપની આસપાસનો મીઠા પાણીનો મહાસમુદ્ર, એ ચોસઠ લાખ યોજન પહોળો હોઇ એની આજુબાજુ દસ કરોડ યોજન પહોળી સ્વર્ણમય ભૂમિ આવેલી છે.

શુદ્ધોદ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના અંતરિક્ષ વંશના શાકય રાજાનો પુત્ર. એના પુત્રનું નામ લાંગલ અથવા પુષ્કલ રાજા હતું.

શુનક. ઘૃતાચી અને ચ્યવનના પુત્ર પ્રમતિના પુત્ર રુરુનો પુત્ર. મેનકાને પેટે વિશ્વાવસુથી ઉત્પન્ન થએલી પ્રમદ્વરા એની સ્ત્રી થાય. પ્રમદ્વરાને મેનકાએ નદી તીરે નાંખી દીધી

હતી. ત્યાંથી દયાલુ સ્થૂલકેશ ઋષિએ પાળીને મોટી કરી આ નામ પાડ્યું. સ્થૂલકેશના આશ્રમમાં એકદા રુરુ આવ્યો હતો. એ પ્રમદ્વરાને જોઇ મોહિત થયો અને ઋષિએ એ કન્યા એને આપી. રુરુ અને પ્રમદ્વરાનો પુત્ર તે આ શુનક શાનકનો પિતા. **(ભા૨૦આ૦ ૮; ભા૨૦ સ૦ ૪; ભા૨૦ અનુ૦ ૮).**

શુનક (૨). સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના ગૃત્સમદ નામના પુત્રનો પુત્ર. એનો પુત્ર તે શૌનક રાજા. **(ભા૨૦ આ૦ ૬૮–૩૮).**

શુનક (૩). વિદેહવંશી ઋત સંજ્ઞાવાળો જનકનો પુત્ર. વીતિહવ્ય જનક તે આનો પુત્ર થાય.

શુનક (૪). રિપુંજય રાજાનો દુષ્ટ અમાત્ય એણે રિપુંજય રાજાને મારીને પોતાના પુત્ર પ્રદ્યોતને ગાદીએ બેસાડ્યો હતો. **(૩ રિપુંજય શબ્દ જુઓ).**

શુનઃપુચ્છ. ભૃગુકુલોત્પન્ન અજીગર્ત નામના બ્રાહ્મણનો પુત્ર. ત્રણ ભાઇઓમાં આ જ્યેષ્ઠ હતો.

શુનઃશેપ. ભૃગુકુલોત્પન્ન અજીગર્ત નામના બ્રાહ્મણનો વચેટ દિકરો એના સંબંધી હકીકત મળે છે કેઃ–સૂર્યવંશી પ્રસિદ્ધ હરિશ્ચન્દ્ર રાજાને બહુ કાળ પર્યંત સંતતિ નહોતી. આથી એણે વસિષ્ઠની પ્રાર્થના કરી કે મારે સંતતિ થાય એવું કરો. વસિષ્ઠે એને વરુણનું આરાધન કરવાનું સૂચવ્યું. હરિશ્ચન્દ્રે લાગલું જ આરાધન કરવાનું શરુ કર્યું. કેટલેક કાળ એની ભક્તિ વડે વરુણ પ્રસન્ન થયો અને વરદાન આપ્યું કે તને પુત્ર થશે, પણ તે થાય એટલે તું મને એનો ભોગ આપજે. આ બોલી હરિશ્ચન્દ્રને બહુ દુષ્કર તો લાગી પણ એને કબૂલ કર્યું. વરુણ તથાસ્તુ કહીને સ્વસ્થાન ગયા પછી કેટલેક કાળે હરિશ્ચન્દ્રને ત્યાં પુત્ર પ્રસવ્યો. એણે એનું નામ રોહિત પાડ્યું.

હરિશ્ચન્દ્રને ત્યાં પુત્ર થતાં જ વરુણે આવીને એણે કહ્યું રાજા તને પુત્ર થયો, હવે એ પુત્રનો તું મને યજ્ઞ કરીને ભોગ આપ. રાજા કહે હજુ એને દસ દિવસ તો થયા નથી. એને દસ દિવસનો થવા દો. દસ દિવસ પછી વરુણની માગણીના જવાબમાં એણે મહિનાની મહેતલ માગી. પછી વળી કહ્યું એને દાંત આવ્યા પછી આપીશ. આ પ્રમાણે ચૂડાકર્મ (હજામત કરાવીને શિખા રાખવાનો સંસ્કાર, ઉપનયન સંસ્કાર, સમાવર્તન વગેરે થયા પછી આપીશ, એમ બહાનાં કાઢ્યાં. આમ એણે વરુણની માગણી પાછી ઠેલ્યા કરી. આ વાતની રોહિતને ખબર પડવાથી એના મનમાં આવ્યું કે જરુર પિતા મારો ભોગ વરુણને આપશે, માટે અહીંથી નાશી છૂટ્યા હોઇએ તો ઠીક. એમ ધારી એ અરણ્યમાં ચાલ્યો ગયો.

વરુણ આમ ઘણીવાર આશા ભંગ થયો હતો. પણ જ્યારે રોહિત જતો રહ્યો ત્યારે તો એ કોપાયમાન થયો, અને હરિશ્ચન્દ્રને જળંદરનો વ્યાધિ થયો. રોહિતે અરણ્યમાં આ વાત જાણી એટલે એના મનમાં આવ્યું કે પિતાને વ્યાધિ મુકત કરવો જોઇએ. આમ ધારીને એ ઘેર આવવા નિકળ્યો. પણ પ્રાણ કોને વહાલા ન હોય? જવું કે ન જવું એવી મનમાં ધડભાંગ કરતો હતો, તેવામાં અજીગર્ત નામનો અતિશય દ્રવ્ય લોભી બ્રાહ્મણ એને મળ્યો. રોહિતે એને સહેજ જ પુછ્યું કે તારે કેટલા પુત્ર છે? પોતાને ત્રણ પુત્રો છે એવું અજીગર્તે કહેતાં રોહિતે પુછ્યું કે તું દ્રવ્ય લેઇને તારો એકાદ પુત્ર વરુણને ભોગ આપવા આપીશ? લોભી અજીગર્તે લોભના માર્યા તરત જ હા કહી. રોહિતે એને પોતાની સાથે નગરમાં આણ્યો અને એને એની ઇચ્છામાં આવે એટલું દ્રવ્ય આપ્યું. અજીગર્તે આપેલા વચેટ પુત્રને હરિશ્ચન્દ્ર પાસે લઇ જઇને રોહિતે બધી હકીકત કહી. કહ્યું કે આ બ્રાહ્મણપુત્રનો ભોગ આપીને આપ વ્યાધિ મુકત થાઓ.

પછી હરિશ્ચન્દ્રે લાગલી જ યજ્ઞની તૈયારી કરી. ઋત્વિજોની નિમણુક કરી. એણે વિશ્વા-

મિત્રને હોતા નામના ઋત્વિ જ ઠરાવ્યા. જમદગ્નિને અધ્વર્યુ, અને અયાસ્ય ઋષિને ઉદ્‌ગાતા ઠરાવ્યા. તેમ જ વસિષ્ઠને બ્રહ્માને પદે સ્થાપીને યજ્ઞનો આરંભ કર્યો. ઇન્દ્રે પ્રસન્ન થઇને હરિશ્ચન્દ્રને સુવર્ણનો રથ આપ્યો. (ભા૨૦ સ૦ અ૦ ૧૨). ટુંકામાં શુનઃશેપને પશુ કલ્પીને યજ્ઞમાં ભોગ આપવાના પશુને બાંધે છે તે યજ્ઞ સ્તંભની સાથે બાંધ્યો. યજ્ઞનું કાર્ય ચાલ્યું અને પશુનો વધ કરવાનો સમય આવી પહોંચ્યો. એ જોઇને શુનઃશેપે મોટેથી રડવા માંડયું. આ જોઇને શામિત્ર કર્મ કરનાર–યજ્ઞમાં પશુને મારનાર ઉપઋત્વિજ–શામિતાએ એનો વધ કરવાની ના કહી. લોભીઓ અજીગર્ત યજ્ઞ જોવાને ત્યાં જ રહ્યો હતો, એણે આગળ આવીને કહ્યું કે હું વધ કરવાને તૈયાર છું. બધાંએ એને વાર્યો. આ જોઇને વિશ્વામિત્રને શુનઃશેપની ઘણી દયા આવી. વિશ્વામિત્રે એને વરુણનો મંત્ર આપીને એની પાસે એનો જપ કરાવ્યો. જપ કરતાં જ વરુણ ત્યાં પ્રત્યક્ષ થયા અને હરિશ્ચન્દ્રને કહ્યું કે તારો બલિ-ભોગ મને પહોંચી ચૂક્યો. આમ કહીને હરિશ્ચન્દ્રને વ્યાધિમુકત કરી, યજ્ઞ સમાપ્ત કરાવી, પોતે અંતર્ધાન થયા. શુનઃશેપને દેવે બચાવ્યો તે ઉપરથી એનું દેવરાત એવું નામ પડયું.

વરુણના ગયા પછી શુનઃશેપે વિચાર કર્યો કે હવે મારે આવા નિર્દય પિતાને ત્યાં જવું ઉચિત નથી; પણ સભાસદો કહે તેમ કરું. આવો વિચાર કરી એણે બધાને પુછયું કે હું હવે આપનામાંથી કોનો પુત્ર કહેવાઉં તે કૃપા કરીને કહો. સભામાં આથી ઉહાપોહ થઇને વસિષ્ઠે કહ્યું કે વિશ્વામિત્રના મંત્રોપ-દેશથી એ ઉગર્યો છે, સબબ એ વિશ્વામિત્રનો પુત્ર થઇ ચૂક્યો. આ સાંભળતાં જ એ વિશ્વામિત્રની સાથે ચાલ્યો ગયો. પોતે ભૃગુ ગોત્રનો હતો તે બદલીને કૌશિક ગોત્રી થયો. વિશ્વામિત્રે એને પોતાના પુત્રોમાં જ્યેષ્ટત્વ આપી મુખ્ય ઠેરવ્યો. વિશ્વામિત્ર કુળમાં એ પ્રખ્યાત મંત્રદષ્ટા થઇ ગયો છે. (**ભા૨૦ અનુ૦ અ૦ ૩ અને દેવી ભાગ૦ સપ્તમ સ્કં૦ અ૦ ૧૪–૧૭**).

શુનસ્સખ. ત્રિદંડી સંન્યાસીનું રૂપ ધારણ કરેલો ઇન્દ્ર. (**ભા૨૦ અનુ૦ ૧૪૨–૪૫**).

શુની. ઋષ્યમાન પર્વતમાંથી નિકળતી એક નદી.

શુનોલાંગુલ. અજીગર્તના ત્રણ પુત્રોમાંનો કનિષ્ટ પુત્ર.

શુભ. સ્વાયંભુ મન્વંતરમાંના ધર્મઋષિને શ્રદ્ધાને પેટે થએલા પુત્રોમાંનો એક.

શુભા. સુબળ નામના ગાંધાર રાજની પુત્રી. (**ભા૨૦ આ૦ ૧૧૯–૧૦**).

શુભા (૨). બૃહસ્પતિની બે સ્ત્રીઓમાંની એક.

શુભાઙ્ગદ દ્રૌપદીના સ્વયંવરમાં આવેલો કોઇ ક્ષત્રિ. (**ભા૨૦ આ૦ ૨૦૧–૨૨**).

શુભાઙ્ગી. સોમવંશી કુરુરાજની સ્ત્રી. એના પુત્રનું નામ વિદુરથ હતું. (**ભા૨૦ આ૦ ૬૩–૪૨**).

શુભાનનં. કદ્રુપુત્ર નાગમાંનો એક.

શુભ. નિશુંભનો મોટો ભાઇ. (શુંભ નિશુંભ શબ્દ જુઓ.

શુભ (૨). તારકાસુરનો સેનાપતિ. (**મત્સ્ય૦ અ૦ ૧૫૧**).

શુંભ (૩). રામની સેનાનો એક વાનર (**વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૪૦**).

શુંભનિશુંભ. શુંભ અને નિશુંભ આ બે અસુરો ભાઇઓ થતા હતા. એમણે પુષ્કર તીર્થમાં અયુત વર્ષ તપ કરીને બ્રહ્મદેવને પ્રસન્ન કર્યા હતા. એમણે વર માગ્યો કે અમે અમર થઇએ. પણ બ્રહ્મદેવે તે કબૂલ ન રાખતાં બીજું કોઇ માગવાનું કહ્યું: એટલે એમણે માગ્યું કે અમે પુરુષ વ્યકિતથી મરીએ નહિ. બ્રહ્મદેવ તથાસ્તુ કહીને અંતર્ધાન થયા, એટલે એમણે ત્રિલોકને પીડા કરવાનો આરંભ કર્યો. ચંડ, મુંડ, રકતબીજ, ધૂમ્રલોચન વગેરે અનેક અસુરો એમને આવી મળ્યા. પછી એ બધાએ

મળીને શુંભને રાજા બનાવ્યો અને પોતે એની આજ્ઞાનુસાર વર્ત્તવા લાગ્યા. થોડા જ સમ-યમાં શુંભે ભૂમિ માત્ર જીતી લેઇ ઇન્દ્રલોકમાં જવા માંડયું. ઇન્દ્રનું પદ ખૂંચી લઇ લોક-પાલોનો અધિકાર પણ લઇ લીધો. આથી દેવો નાશીને પર્વતની કંદરાઓમાં રહેવા લાગ્યા. (**દેવી૦ ભાગ૦ સ્કં૦૫ અ૦ ૨૧**).

આ પ્રમાણે શુંભના ત્રાસને લઇને દેવો ઘણા કાળ સુધી અરણ્યમાં રહ્યા. પછી બૃહ-સ્પતિની સલાહથી હિમાલય પર્વત પર લાંબા કાળ પર્યંત દેવીનું સ્તવન કર્યું. દેવીએ પ્રસન્ન થઇને દેવોને અભય આપ્યું. દેવીએ તરત જ કાલરાત્રિ અથવા કાલિ નામે શકિત ઉત્પન્ન કરી. એ શકિતને સિંહારુઢ કરીને શુંભ-નિશુંભના નગર તરફ મોકલી. શકિતએ એમના નગરની સમીપ જઇ પ્રથમ તો મધુર અને સુસ્વરથી ગાયન કરવાનો આરંભ કર્યો. તેમ જ એણે પોતાનું રૂપ પણ એવું તો મનોહર બનાવ્યું કે અસુરો એને જોતાંવાંત મોહ વડે આંધળા ભીંત જ બની જાય. એટલામાં એ શકિત ચંડ મુંડની દષ્ટે પડી. એમણે તરત જ જઇને શુંભનિશુંભને આ વર્ત્તમાન કહ્યા. તે ઉપરથી એણે પોતાના સુગ્રીવ નામના દૂતને શકિતને પોતાની પાસે લઇ આવવા સારુ મોકલ્યો. સુગ્રીવ શકિતની સાથે કાંઇ વાતચીત કરીને પાછો ગયો. એણે જઇને શુંભનિશુંભને કહ્યું કે:–એ સ્ત્રી ઘણી ઉત્તમ છે, પણ કહે છે કે જે મને યુદ્ધમાં જીતશે તેને હું વરીશ. (**દેવી ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૨૨–૨૩**). તે ઉપરથી તેમણે ધૂમ્રલોચનને શકિતને પોતાની પાસે પકડી લાવવા મોકલ્યો. એણે શકિતની જોડે બહુ શૃંગારરસભર્યું ભાષણ કરી કહ્યું બેઉ ભાઇ-ઓમાંથી તારી ઇચ્છામાં આવે તેને તું પરણ. આ સાંભળી દેવીએ એને ધિક્કારી કાઢયો અને પરિણામે એની સાથે યુદ્ધ કર્યું, જેમાં ધુમ્રલોચન શકિતને હાથે મરણ પામ્યો. ત્યાર પછી ચંડ અને મુંડ આવ્યા, એમની પણ એ જ વલેહ થઇ. (**દેવી ભા૦ ૫ સ્કં૦ અ૦ ૨૪–૨૬**). પછી શકિતને રકતબીજની સાથે યુદ્ધ થયું. અને એના મરણ પામ્યા ઉપરથી શુંભ અને નિશુંભ જાતે આવ્યા. (રકતબીજ શબ્દ જુઓ). પરિણામે નિશુંભ અને શુંભ બન્ને મરણ પામ્યા (**દેવી ભાગ૦ સ્કં૦ ૫ અ૦ ૩૦–૩૧**).

શુભાનન. કદ્રુપુત્ર નાગમાંનો એક.

શુભ્ર. રૈવત મન્વંતરના વિષ્ણુના અવતારનો પિતા

શુલ્વ. ઉદક ઋષિનો પિતા.

શુષ્કરેવતી. એક દેવતા વિશેષ. (૧ **અંધક** શબ્દ જુઓ).

શૂન્યબંધુ. સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન તૃણબિંદુ રા-જર્ષિનો મધ્યમ પુત્ર.

શૂર. મગધ દેશનો પ્રાચીન રાજા. સૂર્યવંશી દશરથ રાજાની સ્ત્રી સુમિત્રાનો પિતા, અને લક્ષ્મ-ણનો આજો.

શૂર (૨). સોમવંશી યદુકુલોત્પન્ન કાર્તવીર્ય રાજાના પુત્રોમાંનો એક. એનું બીજું નામ શરસેન પણ હતું.

શૂર (૩). ચંદ્રવંશી યદુકુળના સાત્વતના પુત્ર વૃષ્ણિના વંશના બીજા વૃષ્ણિના પૌત્ર વિદૂ-રથના પુત્ર ચિત્રરથનો પુત્ર. એના પુત્રનું નામ ભજમાન.

શૂર (૪). સોમવંશી યદુકુળના સાત્વત અન્વયમાં જન્મેલા અનમિત્ર રાજાના વૃષ્ણિ નામના પુત્રના વંશના હૃદિકના પુત્ર દેવમીઢ રાજાનો પુત્ર. એ આર્યક નાગની કન્યા ભોજાને પર-ણ્યો હતો. ભોજાનું બીજું નામ પારિષા હતું. ભોજાને પેટે એને વસુદેવ અથવા આનકદું-દુભિ, દેવભાગ, દેવશ્રવસ, આનક, સૃંજય, શ્યામક, કંક, શમીક, વત્સક, વૃક એમ દસ પુત્ર અને પૃથા, શ્રુતદેવા, શ્રુતકીર્તિ, શ્રુતશ્રવા અને રાજાધિદેવી એમ પાંચ કન્યા હતી, આમાંથી પૃથાને કુંતિભોજે દત્ત લીધી હતી. અને પાંડુ રાજાને પરણાવી હતી, શ્રુતદેવાને કસપ દેશના વૃદ્ધશર્માને, શ્રુતકીર્તિ કેકય દેશના સંષ્ટકેતુને, શ્રુતશ્રવા ચેદિદેશના દમઘોષ

રાજાને અને રાજાધિદેવી અવંતીના રાજા જયસેનને દીધી હતી. આ શૂર રાજાના કુળમાં કૃષ્ણને લઇને યાદવો શૌરિ સંજ્ઞા વડે પ્રસિદ્ધ થયા હતા, (**ભા૨૦ અા૦ ૬૮–૧૨૯**).

શૂર (૫). જયદ્રથનો મિત્ર એક રાજા. (૩ જયદ્રથ શબ્દ જુઓ).

શૂર (૬). વસુદેવને મદિરા નામની સ્ત્રીથી થએલા પુત્રોમાંનો એક.

શૂર (૭). કૃષ્ણને ભદ્રાને પેટે થએલા પુત્રોમાંનો એક.

શૂરતર. એક રાજા. આ રાજા ઘણો બળવાન હોઇ એણે પટચ્ચર નામના રાક્ષસને માર્યો હતો. એ પોતાના રથને લીલા રંગના અશ્વો જોડાવતો. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષે લઢ્યો હતો. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૨૩**).

શૂરભૂ. ઉગ્રસેન રાજાની દિકરીઓમાંની એક. એ વસુદેવના ભાઇ શ્યામકની સ્ત્રી હતી.

શૂરભૂમિ. શૂરભૂનું બીજું નામ.

શૂરસેન. દેશ વિશેષ. દક્ષિણ અને પશ્ચિમ એ બે દિશાએ આવવાને સબબે એના બે ભાગ થાય છે. વધારે હકીકત સારુ એ અક્ષરોના ક્રમમાં યોગ્ય સ્થળે જોવું.

શૂરસેન (૨). કાર્તવીર્ય રાજાના પુત્ર શૂરનું નામાન્તર.

શૂરસેન (૩). પાંડવ પક્ષનો પાંચાલનો ક્ષત્રિય વિશેષ. ભારતના યુદ્ધમાં એને કર્ણે માર્યો હતો. (**ભા૨૦ કર્ણ૦ અ૦ ૪૩–૧૫**).

શૂરસેના. આ દેશની રાજધાની મથુરામાં હતી. (**ભા૨૦ ભી૦ ૯–૩૯**).

શૂરસેના. સોમવંશી પૂરુના પુત્ર પ્રવીરની ભાર્યા. એનો પુત્ર તે મનસ્યુ.

શૂર્પણખા. વિશ્રવા ઋષિને કૈકસીને પેટે થએલી પુત્રી. દશગ્રીવ, કુંભકર્ણ અને વિભીષણ એમની બહેન. એ પરણ્યા જેવડી થઇ એટલે રાવણે એને કાલકેય અસુરોના અધિપતિ વિદ્યુજ્જિહ્વને પરણાવી હતી. પરન્તુ આ વિદ્યુજ્જિહ્વ એક યુદ્ધ પ્રસંગે રાવણને હાથે જ મરણ પામવાથી એને સંતોષવા રાવણે એને દંડકારણ્યનું રાજ આપ્યું હતું. તેમ જ ચૌદ હજાર રાક્ષસોની સેના સહિત ખર રાક્ષસને એની સાહ્યતા સારુ આપ્યો હતો. (**વા૦ રા૦ સ૦–૨૩–૨૪**). વિશ્રવા ઋષિને ભરદ્વાજની કન્યા દેવવર્ણિની, કૈકસી, પુષ્પોત્કટા, રાકા અને બળાકા એમ પાંચ સ્ત્રીઓ હતી. દેવવર્ણિને પેટે વૈશ્રવણ, કૈકસીને પેટે રાવણ, કુંભકર્ણ, શૂર્પણખા અને વિભીષણ, રાકાને પેટે ખર અને બળાકાને પેટે ત્રિશિરા, દૂષણ અને વિદ્યુજ્જીહ્વ એ પ્રમાણે સંતાનો હતાં. (વિશ્રવા શબ્દ જુઓ).

દંડકારણ્યનું રાજ્ય મળ્યા પછી શૂર્પણખા ત્યાં રહેવા લાગી, અને ઋષિઓને અનેક પ્રકારના ઉપદ્રવ આરંભ્યા. વખતે ઋષિઓને ખાઇ પણ જતી. આ પ્રમાણે ઘણા કાળ પર્યંત દુઃખ ભોગવતા હતા તેવામાં સીતા અને લક્ષ્મણ સહિત રામ ત્યાં આવ્યા. તેમણે ગોદાવરી ગંગાના ઉત્તર તીરે પંચવટીમાં નિવાસ કર્યો હતો. એક સમયે શૂર્પણખાએ રામને દીઠા. રામનું અપ્રતિમ સૌંદર્ય નિહાળીને એ રામ ઉપર મોહિત થઇ ગઇ. તેથી પોતે સુંદર રુપ ધારણ કરીને રામ સમીપ આવી અને રામને પૂછ્યું કે તું કોણ છે અને સ્ત્રી સહવર્ત્તમાન તાપસવેષ ધારણ કરીને અરણ્યમાં કેમ રહે છે? રામે સંક્ષેપમાં ઉત્તર દઇને પૂછ્યું કે તું કોણ છે? હું રાવણની બહેન છું વગેરે કહીને એણે રામની પ્રાર્થના કરી કે મને ભાર્યા તરીકે સ્વીકારો, કાંકે તમારું સ્વરુપ સૌંદર્ય જોઇને હું ઘણી મોહિત થઇ છું. (**વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૧૭**).

શૂર્પણખાનું કહેવું સાંભળીને રામે કહ્યું હું તો ભાર્યાવાળો છું, માટે તું નિરર્થક દુઃખી થઇશ. મારો નાનો ભાઇ લક્ષ્મણ પણ સ્વરુપવાન છે, અને વળી એની સ્ત્રી અહીં નથી, માટે તું એને પરણ. આ સાંભળીને એ લક્ષ્મણ પાસે ગઇ અને પોતાને એ પરણે એવી પ્રાર્થના કરી. લક્ષ્મણે કહ્યું હું તો રામનો દાસ છું, માટે તું દાસી થઇને દુઃખી થાય એ વાસ્તવિક નથી. સારું તો એ જ છે કે તું રામને જ પરણ. આવું સાંભળીને શૂર્પણખા પાછી રામ પાસે આવી અને કહેવા લાગી કે આ તારી સ્ત્રી રુપાળી નથી, માટે લાવને હું એને ખાઇ જ જાઉં. પછી તું મને પરણે તો ઠીક પડે. આ ઉપરથી રામે લક્ષ્મણને સાન કરતાં એણે ખડ્ગ કાઢીને એનાં નાક કાન કાપી નાંખી એને વિરુપ કરી. એની વેદનાથી વ્યાકુળ બનીને એ ખરની પાસે ગઇ અને પોતાનું વિરુપ બતાવીને ખૂબ રુદન કર્યું. (**વા૦ રા૦ અ૦ સ૦ ૧૮**).

શૂર્પણખાના વિતકની વાત સાંભળીને ખર રાક્ષસે પોતાના ચૌદ હજાર રાક્ષસોના સૈન્યને રામને મારવા મોકલ્યું. પરન્તુ રામે આ ચૌદહજારને મરણ પમાડ્યાથી ખર પોતે પોતાના અમાત્યોને લઇને રામ પર ચઢ્યો અને માર્યો ગયો. (૧ ખર શબ્દ જુઓ). ખર મુઓ એટલે શૂર્પણખા જનસ્થાનમાંથી નિકળીને લંકા ગઇ. એણે જઇને રાવણને પોતાની વલેહ કેવી થઇ તે બતાવીને રાવણને બહુ ધિક્કાર્યો. તારા જેવા બલાઢ્ય વીર ભાઈ છતાં મારી આ વલે? આવું આવું કહી એણે રાવણને ઉશ્કેર્યો. વળી એણે રામની સ્ત્રી સીતા ઘણી જ સ્વરુપવાન છે માટે એનું હરણ કર એવો યે પ્રબોધ કર્યો. રાવણે શૂર્પણખાને મુખેથી બધી હકીકત સાંભળી લઇને એનું સાંત્વન કર્યું. શૂર્પણખા પછી લંકામાં રહી. (**વા૦ રા૦ અ૦ સ૦ ૩૪**).

શૂર્પણખી. સીતાના સંરક્ષણ સારુ રાખેલી રાક્ષસીઓમાંની એક. (**વા૦ રા૦ સુંદર૦ સ૦ ૨૪**).

શૂર્પારક. ભારતવર્ષીય દેશ વિશેષ. આ દેશ ઇંદ્રપ્રસ્થથી દૂર દક્ષિણમાં આવેલા વિદર્ભ દેશની પશ્ચિમે

હોવો જોઇએ. અશ્વમેધ વખતે સહદેવે કરેલા દિગ્વિજયમાં આ દેશનું નામ છે, પરંતુ એ દેશ ક્યાં આવેલો એ નિશ્ચિત થતું નથી. જમદગ્નીના પુત્ર પરશુરામે ભૂમિને નક્ષત્રી કરીને કશ્યપને દાનમાં આપી હતી. છતાં પરશુરામે પોતે ત્યાં રહીને ફલાણી જગાએ ક્ષત્રિ છે એમ સાંભળે એટલે ત્યાં જઇને એનો વધ કરે, એવો વ્યવહાર રાખ્યો હતો. આમ હોવાથી કશ્યપે પરશુરામને કહ્યું કે મને દાનમાં આપેલા દેશોમાં રહેવું તમને ઉચિત નથી. તેમ જ મારા દેશમાં ક્ષત્રિયોને મારવા એ પણ યોગ્ય નથી. માટે તમે મારા દેશની બહાર રહો. પરશુરામની બીજે રહેવાની ઇચ્છા થતાં સમુદ્રે આ દેશ ઉપરથી ખશી જઇ તેમને સારુ ખુલ્લો કરી આપ્યો; પછી પરશુરામ પોતે આવીને આ દેશમાં રહ્યા.

ततः शूर्पारकं देशं सागरस्तस्य निर्ममे ।
सहसा जामदग्न्यस्य सोपरांत महीतलम्॥६७॥

(**ભા૨૦ શાં૦ અ૦ ૪૯**).

ભારતમાં કોંકણનું નામ છે, પરંતુ આને ખાસ કોંકણ કહ્યું નથી; છતાં આ દેશ તે ખાસ કોંકણ જ હશે. મુંબાઇ બલાકાના ખિન્દપૂર જીલ્લામાં જામખંડીની પાસેનું શુર્પદ્ય તે જ શૂર્પારક, એમ કુમ્બકોનમના ટી૦ આ૦ કૃષ્ણાચાર્ય જેમણે મહાભારત છપાવ્યું છે તેમનું કહેવું છે.

પરંતુ "ઇમ્પિરિયલ ગેઝેટ ઓફ ધન્ડિયાના ત્રેવીસમા પુસ્તકમાં હકીકત આપી છે કે "મુંબાઇ બલાકાના થાણા જીલ્લામાં વસાઇ તાલુકામાં ૧૯°૨૫' ઉત્તર અક્ષાંસ અને પૂર્વ રેખાંશ ૭૨°૪૮' ઉપર વસાઇ રોડથી વાયવ્ય દિશાએ અને મુંબાઇ બરોડા અને મધ્ય હિંદુસ્થાન રેલ્વેના વિરાર સ્ટેશનથી પશ્ચિમે એટલે જ છેટે ચારસેં અને છયાસી માણસની વસ્તીવાળું સોપારા નામનું ગામ આવેલું છે. છેક ઇ. સ. પૂર્વે ૫૦૦ થી તે ઇ. સ. ૧૩૦૦ સુધી આ ગામ કોંક-

ણની રાજધાની હતું. મહાભારતમાં એને શૂર્પારક નામે વર્ણવ્યું છે અને પ્રભાસ જતાં પાંચે પાંડવો ત્યાં રહ્યા હતા. બૌદ્ધ ધર્મના ગ્રંથોમાં કહ્યું છે કે પોતાના એક પૂર્વ જન્મમાં ગૌતમ બોધિસત્વ પોતે સોપારામાં જન્મ્યો હતો. સોલોમને કહેલું છે કે ઓફર તે આ જ. જૈનગ્રંથોમાં પણ ઘણી જગાએ એનો નિર્દેશ કર્યો છે. ઇ. સ. પૂર્વે સોપારક, સોપારય, સોરપારગ એવે નામે જૂના શિલાલેખોમાં એ ગામનો નિર્દેશ છે. ઇ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં પેરિપ્લસે લખ્યું છે કે ઓફિર ભરુચ અને કલ્યાણીની વચ્ચમાં સમુદ્ર કિનારે આવેલું વેપારનું મથક છે. (ઇમ્પિરિયલ ગેઝેટ વો. ૨૩ પા. ૮૭).

શૂલપાણિ. શૂલ ધારણ કરવાના સબબે મહાદેવનું નામ.

શૂલપાણેશ્વર. હરણફાળ અને મોખડીઘાટ મુકીને નર્મદાના ઉપલાણમાં નાંદોદના રાજ્યમાં આવેલી મહાદેવની વિભૂતિ.

શૂલપાણેશ્વર (૨). શૂલપાણેશ્વર મહાદેવ આગળનું નર્મદા કિનારાનું તીર્થ વિશેષ.

શૂલાપ્રોત. એક નરક વિશેષ.

શૃંગવાન. કુરુ અથવા ઐરાવત વર્ષની ઉત્તરે આવેલો એક પર્વત. એ બન્ને છેડે પૂર્વ પશ્ચિમ સમુદ્રને લાગીને રહ્યો છે.

શૃંગવાન (૨). એ નામનો બીજો એક પર્વત. જેની તળેટીએ શૈલોદ નામનું સરોવર આવેલું છે.

શૃંગવાન (૩). ગાલવ ઋષિનો પુત્ર. એની ભાર્યાનું નામ વૃદ્ધકન્યા હતું. (**ભા૨૦ શલ્ય૦ અ૦ ૫૩-૧૫**).

શૃંગવેર. એક સર્પ વિશેષ. (**ભા૨૦ આ૦ ૫૯-૧૩**).

શૃંગવેરપુર. ભાગીરથી ગંગાને તીરે આવેલું ગુહ નામના નિષાધિપતિનું શહેર. (**ભા૨૦ વ૦ ૮૩-૬૫**).

શૃંગી. આંગિરસ કુળમાં ઉત્પન્ન થએલા શમીક ઋષિનો ગાયને પેટે જન્મેલો પુત્ર.

શૃંજય. શૈબ્ય રાજાનો પુત્ર. નારદ અને પર્વત ઋષિ બન્ને એક સમયે આ રાજાને ત્યાં ગયા હતા. રાજાનું આતિથ્ય લેતા બેઠા હતા, તેવામાં રાજાની કન્યા ત્યાં આવી. આ રુપવાન કન્યાને જોઇ પર્વતઋષિ મોહિત થઇ ગયા. નારદના મનમાં પણ એવો ભાવ ઉત્પન્ન થયો. એમણે રાજાને પૂછતાં એ પોતાની કન્યા છે અને પરણાવવા યોગ્ય થઇ છે કહેતાં, નારદે માગણી કરી અને રાજાએ હા કહી. તે સાંભળી પર્વતે ક્રોધે ભરાઇ નારદને પોતે મનથી પરણી ચૂક્યા છે એવું કહ્યું. અને મારી સ્ત્રીનું તેં માગણું કર્યું માટે તું સ્વર્ગમાં નહિ જઇ શકે એવો શાપ આપ્યો. નારદે પણ પર્વતને શાપ્યા કે હજુ વિવાહસિદ્ધિનાં લક્ષણો મનાય છે તે થયા પૂર્વે તારી સ્ત્રી થઇ ગણાય નહિ, છતાં તેં શાપ આપ્યો, માટે તું પણ મારી પેઠે જ સ્વર્ગમાં જઈ શકીશ નહિ. (૨ શૈબ્ય શબ્દ જુઓ).

શૃંજય (૨). પરિક્ષક રાજાને શાપ દીધો હતો તે. (૨ શમીક શબ્દ જુઓ).

શેષ. કદ્રુને પેટે કશ્યપથી જન્મેલા નાગોમાંનો પ્રમુખ નાગ. એને અનંત એવું નામ પણ છે. એને સહસ્રફણા છે. એ નિરંતર પાતાળમાં રહે છે અને એની એક કલા–એક રુપ–ક્ષીરસાગરમાં હોઇ વિષ્ણુ ભગવાન પોતે પણ એક કલારુપ અવતારથી એના ઉપર સર્વદા શયન જ કરી રહ્યા છે. નાગ માત્રને પોતાની ઇચ્છામાં આવે તે રુપ ધારણ કરવાની શક્તિ હોય છે તેમ આનામાં પણ સ્વાભાવિકી એ શક્તિ છે. એની ફણા ઉપર એ પૃથિવીને ધારણ કરી રહ્યો છે. (**ભા૨૦ આ૦ અ૦ ૩૫-૩૬-૬૬**).

શૈખાવત્ય. ભીષ્મ અને શાલ્વ એમાંથી કોઇએ સંધરી નહિ તેથી પાછી આવતાં અંબાએ જે ઋષિના આશ્રમમાં રહી તપ કર્યું હતું તે ઋષિ. (**ભા૨૦ ઉ૦ ૧૭૫-૩૬-૪૬**).

શૈનેય. શિનિ રાજાના પૌત્ર અને સત્યકના પુત્ર સાત્યકિને બહુધા આ નામ લગાડાય છે.

શૈબ્ય. શિબિ દેશના રાજાઓ.

શૈબ્ય (૨). શિબિ દેશના રહેવાસીઓને આ નામ લગાડાય છે.

શૈબ્ય (૩). શૈબ્ય રાજાનો પુત્ર શૃંજય. શૃંજય શબ્દ જુઓ. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૫૫**).

શૈબ્ય (૪). વૃષ્ણિવંશનો એક એ નામનો ક્ષત્રિ. યુધિષ્ઠિરની સભામાં હતો. (**ભા૨૦ સ૦ ૪-૩૧**).

શૈબ્ય (૫). ગોવાસન નામનો શિબિ દેશનો એક ક્ષત્રિ. મહાભારતના યુદ્ધમાં હતો. (**ભા૨૦ દ્રો૦ ૯૫-૩૯**).

શૈબ્ય (૬). શ્રી કૃષ્ણના ચાર અશ્વો પૈકી એ અશ્વોનાં નામ. (**ભા૨૦ વ૦ ૨૦-૧૩, અશ્વ૦ ૧૧૮-૫૬**).

શૈબ્ય (૭). પાંડવો વનવાસમાં હતા ત્યારે એક સમય દ્રૌપદી આશ્રમમાં એકલી જ હતી. તે વખત જયદ્રથ કોઇ સ્વયંવરમાં જતો હતો તેણે દાઢી; અને મોહાંધ થઇને એ કોણ છે વગેરે ખબર કાઢવા જોને મોકલ્યો હતો તે, કોટિકાશ્ય. (**ભા૨૦ વ૦ ૨૬૮-૨**).

શૈબ્ય (૮). વૃષાદર્ભિ નામનો રાજપુત્ર. એને સપ્તર્ષિઓ સાથે સંવાદ થયો હતો. (**ભા૨૦ અનુ૦ ૧૪૧-૧૨**).

શૈબ્ય (૯). કૃષ્ણે હરાવેલો એક ક્ષત્રિ. (**ભા૨૦ વ૦ ૧૨-૩૧**).

શૈબ્યા. શિબિ દેશના રાજાઓની કન્યાઓનું સામાન્ય નામ.

શૈબ્યા (૨). પ્રતીપની ભાર્યા સનન્દી. દેવાપિ વગેરેની મા. (**ભા૨૦ આ૦ ૬૩-૪૪**).

શૈબ્યા (૩). શ્રીકૃષ્ણની ભાર્યા મિત્રવિન્દા. (**ભા૨૦ મૌ૦ ૮-૭૪**).

શૈબ્યા (૪). સૂર્યવંશી સગર રાજાની પત્ની સુમતિ. અસમઞ્જસાઓની મા. (**ભા૨૦ વ૦ ૧૦૫-૧૦**).

શૈબ્યા (૫). ઘૃતસેન રાજાની ભાર્યા. સત્યવાનની મા. (**ભા૨૦ વ૦ ૨૯૯-૨**).

શૈબ્યા (૬). હરિશ્ચન્દ્રની સ્ત્રી તારામતી.

શૈબ્યા (૭). જ્યામઘ રાજાની સ્ત્રી અને વિદર્ભ રાજાની માતા. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૮૩**).

શૈબ્યા (૮). ભારતવર્ષીય નદી વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯-૨૪**).

શૈરીષક. નકુળ જે દેશોમાં દિગ્વિજય કરવા ગયો તેઓ પૈકી એ નામનો એક દેશ વિશેષ. (**ભા૨૦ સ૦ અ૦ ૩૨**).

શૈલાભ. સનાતન વિશ્વદેવાઓમાંનો એક. મહાભારતમાં તેમનાં નામ નીચે પ્રમાણે આપ્યાં છે.

વિશ્વે चाग्निमुखा देवाः संख्याक्तः पूर्वमेव ते ।
तेषां नामानि वक्ष्यामि भागार्हाणां महात्मनाम्
॥ २९ ॥
सहः कृतिर्विपाप्मा च पुण्य कृत्पावनस्तथा ।
ग्राम्यः क्षेम्यः समूहश्च दिव्यसानुस्तथैव च॥३०॥
विवस्वान्वीर्यवाञ्श्रीमान्कीर्तिमान्कृत एव च ।
जितात्मा मुनिवीर्यश्च दीप्तरोमा भयंकरः ॥३१॥
अनुकर्मा प्रतीतश्च प्रदाताऽप्यंशुमांस्तथा ।
शैलाभः परमक्रोधी धीरोष्णी भूपतिस्तथा॥३२॥
स्रजो वज्रीवरो चैव विश्वेदेवाः सनातनाः ।
विद्युद्वर्चाः सोमवर्चाः सूर्यश्रीश्चेति नामतः॥३३॥
सोमपः सूर्यसावित्रो दत्तात्मा पुण्डरीयकः ।
उष्णीनाभो नभोदश्च विश्वायुर्दीप्तिरेव च॥३४॥
चमूहरः सुरेशश्च व्योमारिः शंकरो भवः ।
ईशः कर्ता कृतिर्दक्षो भुवनो दिव्य कर्मकृत् ॥३५॥
गणितः पञ्चवीयश्च आदित्यो रश्मिवांस्तथा ।
सप्तकृत्सोमवर्चाश्च विश्वकृत्कविरेव च ॥३६॥
अनुगोप्ता सुगोप्ता च नप्ता चेश्वर एव च ।
कीर्तितास्ते महाभागाः कालस्य गति गोचराः
॥ ३७ ॥

(**ભા૨૦ અનુ૦ ૧૩૮-૨૯-૩૭**) (વિશ્વદેવા શબ્દ જુઓ).

શૈલાલય. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

શૈલાલય (૨). ભગદત્ત રાજાનો પિતામહ, એક ક્ષત્રિ. (**ભા૨૦ આશ્રમ૦ અ૦ ૨૧-૧૦**).

શૈલિન. શિલિન ઋષિનો પુત્ર, જિત્વા ઋષિ તે.

શૈલૂષ. વિભીષણની સ્ત્રી સરમાનો પિતા. એ ઋષભપર્વત ઉપર રહેતો હતો.

શૈલૂષ (૨). કુબેરની સભામાંનો એક ગંધર્વ.

गन्धर्वाणां च पतयो विश्वावसुर्हहा हुहूः ॥२६॥
तुम्बुरुः पर्वतश्चैव शैलूषश्च तथाऽपरः ।
चित्रसेनश्च गीतज्ञस्तथा चित्ररथोपि च ॥२७॥
एते चान्ये च गंधर्वा धनेश्वरमुपासते ।
(ભા૨૦ સ૦ અ૦ ૧૦).

શૈલોદ. શૃંગવાન પર્વતની તળેટીમાં આવેલું સરોવર.

શૈલોદકા. નદી વિશેષ. એ શૈલોદ સરોવરમાંથી નિકળે છે. (ભા૨૦ સ૦ ૨૯-૪૨)

શૈલોદા. ઉપર કહેલી શૈલોદકા નદીનું બીજું નામ.

શૈવલ. દંડકારણ્યની દક્ષિણ શીમારુપ પર્વત. (વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૭૫)

શૈવલ (૨). દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૯-૫૪).

શૌશિર. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

શૌશિર (૨) એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

શૌશિર (૩). એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

શૌશુપાલી. શિશુપાલની નગરી શુક્તિમતી નામની તે જ. (ભા૨૦ વ૦ ૨૫૪-૧૬).

શોણ. પ્રલયમેઘોમાંનો સાતમો મેઘ.

શોણ (૨). એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

શોણ (૩). ભારતવર્ષીય મોટો નદ. એનું હિરણ્યવાહ એવું બીજું નામ પણ છે.

શોણસંગમ. શોણનદ જે સ્થળે સમુદ્રને મળે છે તે સ્થાન.

શોણા. ભારતવર્ષીય નદી વિશેષ. આ નદી અયોધ્યાથી મિથિલા જતાં રસ્તામાં આવે છે. હાલની શોણ નદી તે જ. એ મગધની પશ્ચિમ સીમા હતી. (ભા૨૦ ભી૦ ૯-૨૬).

શોણાશ્વ. કુરુકુળમાં ઉત્પન્ન થએલો એક રાજા. એનું નામ વંશાવળીમાં નથી.

શોણાશ્વ (૨). એક યાદવ વિશેષ,

શોણાશ્વ (૩). દ્રોણાચાર્ય તે જ. (ભા૨૦ વિ૦ ૫૬-૬; દ્રો૦ ૧૨૫-૨).

શોણિતપુર. બાણાસુરની નગરી. એ ક્યાં હતી અને કિયા દેશની રાજધાની હતી એ જણાતું નથી. (ભાગ૦ ૬. સ્કં૦ અ૦ ૬૨).

શોણિતાક્ષ. રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ. (વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૬).

શોણિતોદ. એક ગંધર્વ.

શોણિતોદ (૨). એક યક્ષ. (ભા૨૦ સ૦ ૧૮-૧૮).

શૌકતુ. એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

શૌંગ. ભરદ્વાજાંગિરસ કુળના શૃંગ ઋષિનો પુત્ર. એને વિશ્વામિત્ર કુલના શૈશિર ઋષિએ પોતાનો પુત્ર કરી લીધેલો હોવાથી એ દ્વામુષ્યાયણ એટલે દ્વિગોત્રી હતો.

શૌનક. ભૃગુવંશીય સસ ઋષિનો પૌત્ર અને શુનક ઋષિનો પુત્ર. નૈમિશારણ્યવાસી એક કુલપતિ. પોતાના બાર વર્ષના સત્રમાં સૂતકાળના લોમહર્ષણના પુત્ર, સૌતિ ઉપનામ ઉગ્રશ્રવાને મોંએ ભારત, ઇતિહાસ વગેરે સાંભળનાર. (ભા૨૦ આ૦ ૧-૫, ૪-૧. શાં૦ ૩૪૮-૬૨). એને બબ્રહ્મ એટલે આશ્વલાયન કહ્યો છે. (ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૪).

શૌનક (૨). ઇંદ્રોત નામનો શૌનક કુળનો સમર્થ બ્રાહ્મણ. જેણે પુરુના પુત્ર જનમેજયને થએલી બ્રહ્મહત્યાને અંગે ઉપદેશ કર્યો હતો. જેને લીધે એની બ્રહ્મહત્યા છૂટી હતી તે. (ભા૨૦ શાં૦ અ૦ ૧૫૧).

શૌનક (૩). યુધિષ્ઠિરની સાથે વનમાં રહેલો એક બ્રાહ્મણ.. (ભા૨૦ વ૦ ૨-૧૪, ૨૬-૨૩).

શૌનક (૪). સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના ગૃત્સમદ નામના પુત્રનો પૌત્ર, અને શુનક રાજાનો પુત્ર.

શૌનકાયન. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

શૌરિ. શૂરકુળમાં ઉત્પન્ન થયાના સબબે કૃષ્ણનું નામ. કેટલાક વિષ્ણુને આ નામ લગાડે છે તે અયથાર્થ છે.

શ્મશાનવૃક્ષ. વિરાટ રાજાને ત્યાં જતાં પાંડવોએ શ્મશાનના જે ઝાડપર પોતાનાં આયુધો બાંધીને મૂક્યાં હતાં તે. (ભા૨૦ વિ૦ અ૦ ૭).

શ્યાકાર. એક બ્રહ્મર્ષિ. (૩ કશ્યપ શબ્દ જુઓ.)

શ્યામ. એ નામનો એક પર્વત. (ભા૨૦ ભી૦ અ૦ ૧૧-૧૬).

શ્યામક. સોમવંશી યદુકુળોત્પન્ન સાત્વત વંશના શૂર રાજાના દસ પુત્રો પૈકી એક. એની સ્ત્રીનું નામ શૂરભૂ અથવા શૂરભૂમિ હતું એને પેટે હિરણાક્ષ અને હરિકેશ નામે બે પુત્ર હતા.

શ્યામપરાશર. વસિષ્ટ કુળના પરાશર ઋષિના વંશજો, અને તેનું કુળ. એ કુળમાં પાટિક, નાદરિ, સ્તંબ, ક્રોધનયન અને ક્ષેમિ એ પ્રસિદ્ધ ઋષિયો થઇ ગયા છે.

શ્યામપરાશર (૨). વસિષ્ટ કુળના પરાશરનું કુળ.

શ્યામવય. ત્રિજ વસિષ્ઠ કુળમાં થએલો એ નામનો એક ઋષિ.

શ્યામા. મેરુની નવ કન્યાઓમાંની છઠ્ઠી. એ આગ્નિધ્ર રાજાના પુત્ર હિરણ્યમયની સ્ત્રી થઇ હતી.

શ્યામા (૨). પાર્વતીનું બીજું નામ.

શ્યામાયન. વિશ્વામિત્ર ઋષિનો એક પુત્ર. (ભા૨૦ અનુ૦ અ૦ ૭-૫૫).

શ્યામાયનિ. ત્રિજ અંગિરા કુલોત્પન્ન એક ઋષિ.

શ્યામોદર. બીજા કશ્યપ કુળમાં થએલો એક ઋષિ.

શ્યાવાશ્વ. દ્વિતીય કશ્યપ કુળમાં થએલો એક ઋષિ.

શ્યાવાશ્વ. ઉપર કહેલો શ્યાવાશ્વ તે જ.

શ્યેત. એ નામનો એક ઋષિ. એ કિયા કુળનો હતો તે જણાતું નથી.

શ્યેનગામિ. ખર રાક્ષસના બાર અમાત્યો પૈકી એક.

શ્યેનચિત્ર. એક ક્ષત્રિય. (ભા૨૦ અનુ૦ અ૦ ૧૭૭-૭૦).

શ્યેનજિત. ઇક્ષ્વાકુકુળના પરીક્ષિતના પુત્ર દલ રાજાનો પુત્ર. (૧ શલ શબ્દ જુઓ). (ભા૨૦ વ૦ અ૦ ૧૬૫-૬૩).

શ્યેનજિત (૨). સૂર્યવંશના પ્રસન્ન રાજાનું બીજું નામ.

શ્યેનજિત (૩). પાંડવ પક્ષનો એક ક્ષત્રિય. (ભા૨૦ ઉ૦ અ૦ ૧૪૧-૨૭).

શ્યેની. કશ્યપની સ્ત્રી તામ્રાની પુત્રીઓમાંની એક. એ વિનતાના પુત્ર અરુણની સ્ત્રી હોઇ એને સંપાતિ અને જટાયુ નામે બે પુત્ર હતા. (ભા૨૦ આ૦ અ૦ ૬૭-૫૭).

શ્યેની (૨). ઋષ્યમાન પર્વતમાંથી નિકળેલી નદી વિશેષ.

શ્રદ્ધા. સ્વાયંભુવ મન્વંતરના દક્ષની સોળ કન્યામાંની પહેલી. એ ધર્મઋષિની તેર સ્ત્રીઓ પૈકી એક હતી. એને શુભ નામે પુત્ર હતો. (ભા૨૦ આ૦ અ૦ ૬૭-૧૪).

શ્રદ્ધા (૨). સ્વાયંભુવ મન્વંતરમાંના કર્દમ પ્રજાપતિની નવ કન્યાઓમાંની ત્રિજી. એ દેવહૂતીને પેટે જન્મી હતી અને એ મન્વંતરના અંગિરા ઋષિની સ્ત્રી હતી.

શ્રદ્ધા (૩). વૈવસ્વત મનુની સ્ત્રી.

શ્રદ્ધા (૪). સૂર્યની પુત્રી. (ભા૨૦ શાં૦ અ૦ ૨૭૦-૮).

શ્રદ્ધાદેવી. વસુદેવની સ્ત્રીઓ પૈકી એક.

શ્રદ્ધાલુ. હંસદ્વજ રાજાના પ્રધાનોમાંનો એક.

શ્રમ. વસુદેવને શાંતિદેવાની કુખે થએલા પુત્રોમાંનો એક.

શ્રમદાગ્નેયિ. ત્રિજ ભૃગુ કુલોત્પન્ન ઋષિ.

શ્રમિષ્ઠ. અક્રૂર યાદવના પુત્રોમાંનો એક.

શ્રવણ. અક્રૂર યાદવના પુત્રો પૈકી એક.

શ્રવણ (૨). સોમની સત્તાવીસ સ્ત્રીઓમાની એક.

શ્રવણ (૩). એ નામનું એક નક્ષત્ર.

શ્રવણ (૪). મુર દૈત્યના સાત પુત્રોમાંનો એક. એને કૃષ્ણે માર્યો હતો.

શ્રવસ. ત્રિજ વસિષ્ઠ કુળમાં થએલો એક ઋષિ.

શ્રવા . શિવ નામના બ્રાહ્મણનો પુત્ર. અર્ષિ અને તમ એ નામના બે પુત્રો હતા, (**ભા૨૦ અનુ૦ અ૦ ૮– ૩**).

શ્રાદ્ધદેવ. વિવસ્વાન આદિત્યના પુત્ર વૈવસ્વત મનુનું બીજું નામ.

શ્રાવસ્ત. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના ઈંદુ રાજાનો પૌત્ર અને યુવનાશ્વ રાજાનો પુત્ર. એણે શ્રાવસ્તી નગરી વસાવી હતી. એને વત્સક અથવા વંશક અને બૃહદશ્વ એમ બે પુત્ર હતા. (**ભા૨૦ વ૦ અ૦ ૨૦૫–૪ અને ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૬**).

શ્રાવસ્તી. શ્રાવસ્ત રાજાએ વસાવેલી નગરી. એ ઇશાન કોસલ દેશની રાજધાની હતી. દાશરથિ રામ સ્વધામ ગયા પછી તેમનો નાનો પુત્ર લવ એ નગરીમાં રાજ કરતો હતો. (**વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૧૦૭**).

શ્રાવણ. દશરથે હાથી ધારીને રાત્રે મારેલો વૈશ્ય જાતિનો તપસ્વી. વાલ્મીકિ રામાયણમાં આનું નામ છે નહિ.

શ્રી. મહાલક્ષ્મી પોતે જ. શ્રીમન્નારાયણની ભાર્યા. એની ઉત્પત્તિ ક્ષીરસાગરમાંથી થઇ હતી. એણે પોતે જ ભૃગુ ઋષિને ત્યાં અવતાર લીધો હતો. (**ભા૨૦ આ૦ ૧૮–૧૯ અને ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૮**).

શ્રી (૨). સ્વાયંભુવ મન્વંતરમાંના ભૃગુ ઋષિની ખ્યાતિ નામની ભાર્યાને પેટે જન્મેલી કન્યા. એને ધાતા અને વિધાતા નામે બે બહેનો હતી. શ્રીને જન્મકાળથી જ ભૃગુએ વિષ્ણુને આપી હતી (૧ ભૃગુ શબ્દ જુઓ). (**ભા૨૦ આ૦ ૬૭–૫૧ અને (ભાગ૦ સ્કં૦ અ૦ ૧**).

શ્રી (૩). પાર્વતીનું એક નામ.

શ્રી (૪). સરસ્વતી.

શ્રીકંઠ. મહાદેવ.

શ્રીકુંજ. ભારતવર્ષીય તીર્થ વિશેષ. (**ભા૨૦ વ૦ ૮૧–૧૦૮**).

શ્રીદામા. બલરામ અને કૃષ્ણના ગોપ જાતિના ગોકુલના સખા.

श्रीदामा नाम गोपालो राम केशवयोः सखा ।
सुबलस्तोक कृष्णाद्या गोपाः प्रेम्णेदमब्रुवन् ॥२०॥
(ભાગ. સ્કં૦ ૧૦ અ૦ ૧૫.)

શ્રીદેવા. વસુદેવની સ્ત્રીઓ પૈકી એક.

શ્રીતીર્થ. એક તીર્થ વિશેષ. (**ભા૨૦ વ૦ ૮૧–૪૬**)

શ્રીનગર. દેવીનું સ્થાન વિશેષ. (**દેવી ભાગ૦ સપ્તમ સ્કં૦ અ૦ ૩૮**) આ નગર તે પ્રસ્તુત મારવાડમાં છે તે, કિંવા બીજું તે કહેવાતું નથી.

શ્રીપર્વત. શ્રી શૈલ પર્વતનું જ બીજું નામ. કૃષ્ણા જીલ્લામાં કૃષ્ણા નદીને તીરે આવેલો છે. તેના ઉપર મલ્લિકાર્જુન નામે શિવના જ્યોતિર્લિંગનું સ્થાન છે. (**ભા૨૦ વ૦ ૮૩–૧૯**)

શ્રીપતિ. વિષ્ણુ.

શ્રીપર્ણી. ભારતવર્ષીય નદી વિશેષ.

શ્રીભાનુ. સત્યભામાની કુખે થએલો કૃષ્ણનો પુત્ર.

શ્રીમતી. અંબરીષ રાજાની કન્યા. નારદ અને પર્વત બન્ને એને પરણવાને ઉત્સુક હતા, પરંતુ એ બન્નેને મૂકીને વિષ્ણુને જ પરણી. આ વિષ્ણુ તે વૈકુંઠવાસી વિષ્ણુ સમજવા નહિ.

શ્રીમાન. આપ નામના વસુનો પુત્ર.

શ્રીમાન્ (૨). સોમવંશી પૂરુકુળના નીપ અથવા અણુહ રાજાની બીજી સ્ત્રીથી થએલા સો પુત્રો પૈકી મોટો પુત્ર.

શ્રીમાન્ (૩). દત્તાત્રેયના પુત્ર નિમિઋષિનો પુત્ર (**ભા૨૦ અનુ૦ ૧૩૮–૫**).

શ્રીરંગ. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

શ્રીવત્સ. વિષ્ણુ અને કૃષ્ણના વક્ષસ્થળ ઉપરનું ચિન્હ.

વાળના ગુચ્છા જેવું અગર લાખા જેવું ચિન્હ. (**ડાઉસન પા. ૩૦૫**)

શ્રીવહ. સર્પ વિશેષ. (**ભા૨૦ આ૦ ૩૫–૧૩**).

શ્રીશૈલ. શ્રી પર્વતનું જ બીજું નામ. પૂર્વે શિશુપાલની શુક્તિમતી નગરી આ સ્થાનની સમીપ જ હશે.

શ્રુત. પાંચાલના દ્રુપદ રાજાનો એક પુત્ર. એ ભારતના યુદ્ધમાં રાત્રિયુદ્ધમાં અશ્વત્થામાને હાથે મરણ પામ્યો હતો. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૧૫૬–૧૮૨**).

શ્રુત (૨). સૂર્યવંશીય ઇક્ષ્વાકુ કુળના ભગીરથ રાજાના બે પુત્રમાંનો એક.

શ્રુત (૩). વિદેહવંશીય સુભાષણ નામના જનકનો પુત્ર. જયનામા નામના જનકનો પિતા.

શ્રુત (૪). કૃષ્ણના કાલિંદીને પેટે જન્મેલા પુત્રોમાંનો એક.

શ્રુતકર્મા. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

શ્રુતકર્મા (૨). પાંડુપુત્ર સહદેવનો દ્રોપદીની કુખે જન્મેલો પુત્ર. એ મહારથી હતો. એનું બીજું નામ શ્રુતસેન હતું. (**ભા૨૦ ભી૦ ૪૫–૬૬, દ્રોણ૦ ૨૩–૩૨**)

શ્રુતકર્મા (૩). પાંડુપુત્ર અર્જુનનો દ્રૌપદીની કુખે થએલો પુત્ર. એનું બીજું નામ શ્રુતકીર્ત્તિ. (**ભા૨૦ આ૦ ૨૪૭–૭૫**) એણે સુદક્ષિણ નામના કામ્બોજ રાજાની સાથે યુદ્ધ કર્યું હતું. (**ભા૨૦ ભી૦ ૪૫–૬૬**). રાત્રે તંબુમાં ઉંઘતો હતો તે વખત અશ્વત્થામાએ એને માર્યો હતો. (**ભા૨૦ સૌ૦ ૮–૬૬**)

શ્રુતકીર્ત્તિ. વિદેહવંશીય કુશધ્વજ રાજાની કન્યા. દશરથના પુત્ર શત્રુઘ્નની સ્ત્રી. (**વા૦ રા૦ આ૦ સ૦ ૭૩**)

શ્રુતકીર્ત્તિ (૨). યદુકુળના શૂરરાજાની કન્યા વસુદેવની બહેન, કૃષ્ણની ફોઇ,અને કેકય રાજા વૃષ્ટકેતુની સ્ત્રી.

શ્રુતકીર્ત્તિ (૩). પાંડુપુત્ર અર્જુનને દ્રૌપદીને પેટે થએલો પુત્ર. (**શ્રુતકર્મા** શબ્દ જુઓ). એનું બીજું નામ શ્રુતકર્મા હતું. (**ભા૨૦ આ૦ ૬૩–૭૪; ૬૪–૧૬૫; ૨૪૯–૭૫ દ્રોણ૦ ૨૩–૩૩**). શલ્યે એને હરાવ્યો હતો. (**ભા૨૦ ક૦ અ૦ ૧૩**).

શ્રુતંજય. સોમવંશી પુરુરવા રાજાના પુત્ર સત્યાયુનો પુત્ર.

શ્રુતંજય (૨). ત્રિગર્તનો ક્ષત્રિય એને અર્જુને માર્યો હતો. (**ભા૨૦ ક૦ ૧૮–૧૧**).

શ્રુતદેવ. મિથિલા નગરીમાં બહુલાશ્વ જનક રાજ્ય કરતો હતો તે સમયમાં આ શ્રુતદેવ ત્યાં રહેતો હતો. એ જબરો જીતેંદ્રિય, સદ્‌ગુણ સંપન્ન અને પરમ સમાધાની હતો. પરંતુ પોતાની નગરીમાં આવો ગુણી પુરુષ રહે છે એવી બહુલાશ્વને ખબર જ નહોતી. એક સમયે કૃષ્ણના મનમાં ઇચ્છા થઇ કે આપણે એ બ્રાહ્મણના દર્શને જઇએ; કેમકે શ્રુતદેવ મોટો બ્રહ્મનિષ્ટ હતો એ કૃષ્ણને ખબર હતી. પોતે દ્વારકાથી મિથિલા નગરીમાં આવી શ્રુતદેવને ત્યાં ગયા. એણે કૃષ્ણનું બહુ ઉત્તમ પ્રકારે આતિથ્ય કર્યું, અને કેટલાક દિવસ મહેમાન તરીકે રાખ્યા. આ વાતની બહુલાશ્વને ખબર પડતાં જ એ પોતે શ્રુતદેવને ત્યાં આવ્યો અને એને જાણ થઇ કે પોતાની નગરીમાં આવો મહાન બ્રહ્મવેત્તા રહે છે. અત્યાર સુધી આવા બ્રાહ્મણની એને ખબર જ ન પડી એથી એને ઘણો ખેદ થયો. પણ કૃષ્ણે એના મનનું સમાધાન કર્યું. પછી બહુલાશ્વે શ્રુતદેવ સહિત પોતાને ત્યાં પધારવાને વિનતિ કરી. કૃષ્ણે પોતાના યોગબળે પોતાનું બીજું સ્વરૂપ કરીને એ ઋષિ સહિત બહુલાશ્વ રાજાને ત્યાં પધાર્યા અને રાજાએ બન્નેને કેટલાક દિવસ પોતાને ઘેર રાખી તેમનું આતિથ્ય કર્યું.

અહીં બહુલાશ્વના રાજમંદિરમાં કૃષ્ણ, શ્રુતદેવ અને બહુલાશ્વ ત્રણે સુખે વાતચીત વગેરેમાં કાળ વ્યતિત કરતા હતા તે જ વખતે શ્રુતદેવને ત્યાં પણ કૃષ્ણ અને શ્રુતદેવ ધર્મ ચરચામાં સુખે કાળ ક્રમણ કરતા હતા. કૃષ્ણે કહ્યું કે મને બ્રાહ્મણો પ્રિય છે; છતાં બ્રાહ્મણોમાં જે તપ, વિદ્યા અને સંતોષવાળા હોય તે વધારે પ્રિય છે. તેમાં યે જે આત્મજ્ઞાન સંપન્ન હોય તે તો અધિકાધિક પ્રિય

છે. મતલબ કે શ્રુતદેવ એવો જ તપસ્વી, વિદ્વાન અને સંતોષી હોવાથી જ પોતે છેક દ્વારકાથી એના દર્શને આવ્યા છે. એ બ્રાહ્મણની એવા પ્રકારે સ્તુતિ કરી, અહુલાશ્વની આજ્ઞા લઈ, પોતે દ્વારકા પાછા પધાર્યા. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૮૬).

શ્રુતદેવ (૨). કૃષ્ણના પૌત્રોમાંનો એક.

શ્રુતદેવા. શૂરરાજાની કન્યા, અને વસુદેવની બહેન. એ કરુષદેશના વૃદ્ધશર્મા નામના રાજાને પરણી હતી.

શ્રુતદેવી. શ્રુતદેવા તે જ.

શ્રુતધ્વજ. વિરાટના મત્સ્યરાજાનો ભાઇ. (ભા૨૦ દ્રો૦ ૧૫૬-૪૦)

શ્રુતવર્મા. ભારતના યુદ્ધમાં આવેલો દુર્યોધન પક્ષનો એક રાજા. (ભા૨૦ ક૦ અ૦ ૪-૧૮).

શ્રુતવર્મા (૨). ધાર્તરાષ્ટ્રોના નામોની સાથે આનું નામ ભા૨૦ ક૦ સ૦ ૪ ના શ્લોક ૧૮ મામાં ગણાવેલું છે, સબબ આ, વખતે ધૃતરાષ્ટ્રનો એક પુત્ર પણ હોય. પરંતુ ધૃતરાષ્ટ્રપુત્રોનાં નામો આપ્યાં છે તેમાં આ નામ નથી.

શ્રુતર્વા. ધૃતરાષ્ટ્ર પુત્ર. ભારત યુદ્ધમાં મરાયો હતો. (ભા૨૦ શ૦ ૨૫-૪)

શ્રુતર્વા (૨). કોઇ એક ક્ષત્રિય એ કિયા કુળનો હતો અને ક્યાં રહેતો હતો એ સંબંધી કશી હકીકત ઉપલબ્ધ નથી. પણ એ એકદા અગસ્ત્ય ઋષિ પાસે દ્રવ્યની યાચના કરવા ગયો હતો. તે વખત અગસ્ત્યે એને પોતાની ઉપજ ખર્ચના આંકડા બતાવ્યા હતા. પછી અગસ્ત્યને જોડે તેડીને બ્રધ્નશ્વ રાજા પાસે યાચના કરવા ગયો હતો. (ભા૨૦ વન૦ અ૦ ૬૮).

શ્રુતવિંદા. કુશદ્વીપની એક નદી.

શ્રુતશ્રવા. ગરુડે મારેલો એક અસુર.

શ્રુતશ્રવા (૨). શૂરરાજાની કન્યા અને વસુદેવની ભગિની. એ ચેદિરાજ દમઘોષને પરણી હતી. કૃષ્ણની ફોઇ અને શિશુપાલની માતા.

શ્રુતશ્રવા (૩). સોમવંશી પૂરુકુળના અજમીઢના વંશના કુરુના પુત્ર સુધનુના વંશના જરાસંધ વંશના માર્જારિ નામના રાજાનો પુત્ર. એના પુત્રનું નામ અયુતાયુ.

શ્રુતશ્રવા (૪). જન્મેજયના સર્પસત્રનો એક સદસ્ય. સર્પિણીને પેટે ઉત્પન્ન થએલા સોમશ્રવાનો પિતા. (ભા૨૦ આ૦ ૩-૧૩)

શ્રુતશ્રવા (૫). એક ક્ષત્રિય. (ભા૨૦ સ૦ ૮-૯).

શ્રુતશ્રી. ગરુડે મારેલો એક અસુર.

શ્રુતસેન. શત્રુઘાતી રાજાનું બીજું નામ.

શ્રુતસેન (૨). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષે આવેલો એક રાજા. (ભા૨૦ ક૦ અ૦ ૨૭)

શ્રુતસેન (૩). પાંડુપુત્ર ભીમસેનથી દ્રૌપદીને થએલો પુત્ર. એ મહારથી હતો. (ભા૨૦ દ્રો૦ અ૦ ૨૩). એને કર્ણની સાથે એકદા જબરું યુદ્ધ થયું હતું. (ભા૨૦ ભી૦ અ૦ ૪૫). રાત્રે તંબુમાં સુતેલો હતો ત્યારે અશ્વત્થામાને હાથે એનું મરણ થયું હતું. એનું બીજું નામ સુતસોમ એવું હતું.

શ્રુતસેન (૪). સોમવંશીય પાંડવ કુળના પરીક્ષિત રાજાના ચાર પુત્રોમાંનો બીજો પુત્ર. એ જન્મેજયનો નાનો ભાઇ.

શ્રુતસેન (૫). સોમવંશી સહદેવનો દ્રૌપદીને પેટે થએલો પુત્ર. (ભા૨૦ આ૦ ૬૩-૭૪, ૬૪-૧૬૬). એનું આ નામ પાડવાના કારણ સારુ જુઓ. (ભા૨૦ આ૦૨૪૭-૮૧).

શ્રુતસેન (૬). તક્ષકનો પુત્ર, એક સર્પ. (ભા૨૦ આ૦ ૩-૧૪૧) એના ભાઇનું નામ અશ્વસેન હતું. (ભા૨૦ અ૦ ૬૦ ૫૭-૧૨).

શ્રુતસેના. શારદ્વતાયનીની ભાર્યા. (ભા૨૦ આ૦ ૧૨૬-૩૭).

શ્રુતાનીક. વિરાટ રાજાના નાના ભાઇઓમાંનો એક. (ભા૨૦ દ્રા૦ અ૦ ૧૫૮).

શ્રુતાન્ત. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. આને ભીમે માર્યો હતો (ભા૨૦ શ૦ ૨૫-૯).

શ્રુતાયુ. સોમવંશી પૂરુરવા રાજાના છ પુત્રોમાંનો બીજો પુત્ર. એના પુત્રનું નામ વસુમાન રાજા.

શ્રુતાયુ (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના કુશવંશના સહસ્રાશ્વ રાજાના કુળના ચંદ્રરાજાનો પુત્ર.

શ્રુતાયુ (૩). વિદેહવંશી અરિષ્ટનેમિ જનકનો પુત્ર. એનો પુત્ર તે સુપાર્શ્વક જનક.

શ્રુતાયુ (૪). અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા. (ભા૨૦ દ્રો૦ અ૦ ૯૩).

શ્રુતાયુ (૫). સોમવંશી ધૃતરાષ્ટ્રનો એક પુત્ર (ભા૨૦ ક૦ સ૦ ૪૬-૭-૧૧).

શ્રુતાયુ (૬). દ્રૌપદીના સ્વયંવરમાં આવેલો એક ક્ષત્રિય. (ભા૨૦ આ૦ ૨૦૨-૨૧, સ૦ ૪-૩૪)

શ્રુતાયુ (૭). કલિંગ દેશનો એક ક્ષત્રિય. એના ભાઇનું નામ અચ્યુતાયુ. (ભા૨૦ ક૦ ૭૬-૧૪) એને ભીમની સાથે યુદ્ધ થયું હતું. (ભા૨૦ ભી૦ ૫૪) એને અર્જુને માર્યો હતો. (ભા૨૦ દ્રો૦ ૬૭-૨૪) એને દીર્ઘાયુ અને નિષુતાયુ નામે બે પુત્રો હતા. એએ ભારતના યુદ્ધમાં મરાયા હતા. (ભા૨૦ દ્રો૦ ૬૩-૨૭-૨૯).

શ્રુતાયુધ. દ્વિતીય વરુણ વડે શીતતોયા નામની નદીની મૂર્ત્તિમાન દેવતાને પેટે થએલો એક ક્ષત્રિય. વરુણે એને એક અભિમંત્રિત ગદા આપી હતી. વરુણે કહ્યું હતું કે આ ગદા વડે તું મરજીમાં આવે એને જીતીશ. પરંતુ જે પુરુષ યુદ્ધ કરતો નહોય તેના ઉપર તારે એનો પ્રહાર કરવો નહિ; જો યુદ્ધ ન કરનારના ઉપર ફેંકી તો તું જ મરીશ. જ્યારે મહાભારતનું યુદ્ધ થયું ત્યારે આ શ્રુતાયુધ એ યુદ્ધમાં દુર્યોધન પક્ષે લઢવા ગયો. એની માતા પૃથ્વી ઉપરની નદી હોવાથી એ અહીં જ રહેતો હતો. યુદ્ધમાં એણે કૃષ્ણ ઉપર ગદા ફેંકવાથી ગદા પાછી વળી અને એ જ મૃત્યુ પામ્યો. (ભા૨૦ દ્રો૦ અ૦ ૯૨).

શ્રુતાવતી. બદરપાચન નામે તીર્થમાં ભારદ્વાજની શ્રુતાવતી નામની પુત્રી રહેતી હતી. એ અપ્રતિમ રુપવાન હોઇ બ્રહ્મચર્યાદિ નિયમો ધારણ કરીને તથા "દેવરાજ ઇન્દ્ર મારો સ્વામી થાય" આવો મનમાં નિશ્ચય કરીને ઉગ્ર તપ કરતી હતી. સ્ત્રીઓથી પાળી ન શકાય એવા અનેક નિયમો એ પાળતી. આમ તપશ્ચર્યા કરતાં ઘણાં વર્ષો વીતી ગયાં. ત્યારે ભગવાન ઇન્દ્ર એનું તપ, સદાચાર અને પરમ અનન્ય ભક્તિથી પ્રસન્ન થઈ બ્રહ્મર્ષિ મહાત્મા વસિષ્ટનું રુપ લઇને એના આશ્રમમાં આવ્યા. એમને જોઇને શ્રુતાવતીએ મુનિએ દર્શાવેલા આચારો પ્રમાણે એમની પૂજા કરી અને કહ્યું કે:-હે ભગવન્! હે મહામુનિ? હે પ્રભુ! મોલો શી આજ્ઞા છે? હે પવિત્ર વ્રતધારી મુનિ! આપ જે કાંઇ માગશો તે સર્વ હું મારી શક્તિ પ્રમાણે આપને આપવા તૈયાર છું. માત્ર ઇન્દ્રપર મારી ભક્તિ હોવાથી હું મારો હાથ કોઇ પણ પ્રકારે આપને આપીશ નહિ. હે તપોધન! મારો નિશ્ચય છે કે વ્રતો કરીને, નિયમો પાળીને અને તપો તપીને પણ ત્રિભુવનના ઇશ્વર ઇન્દ્રને મારે પ્રસન્ન કરવા. વસિષ્ઠ રુપ ધારી ઇન્દ્રે મ્હોં મલકાવીને એને કહ્યું કે હે શુભાનને! દેવતાઓનાં દિવ્ય સ્થાનો તપથી જ પ્રાપ્ત થાય છે; અને જગતમાં તપ એ જ સર્વ સુખ મૂળક છે. તારા તપને પ્રભાવે ઇચ્છા ફળીભૂત થશે જ. પણ તું મારું એક વચન સાંભળ. હે સુંદર વ્રતોવાળી શ્રુતાવતી મારી પાસે આ પાંચ બોર છે તે તું રાંધી આપ. આમ શ્રુતાવતીને પાંચ બોર આપીને પોતે વિશ્રામ લેવાને બહાને આશ્રમથી થોડે દૂર ગયા અને જપ કરવા બેઠા. ઇંદ્ર જપ કરવા બેઠો હતો તે સ્થાન પવિત્ર તીર્થ રુપ મનાય છે. પોતાની પાસેનાં હતાં એટલાં બધાં લાકડાં બળી જતાં પણ બોર રંધાયાં નહિ એટલે શ્રુતાવતીએ પોતાના પગ ચુલામાં ધાર્યા. જેમ જેમ પગ બળે તેમ તેમ આગળ આગળ સંકોરતી જાય. એમ કરતાં કરતાં અગ્નિયે એના પગ બધા બાળી નાંખ્યા. ઇંદ્રના જપને પ્રભાવે જ બોર રંધાતાં નહોતાં. આમ પગ બળી ગયા છતાં પણ માત્ર બોર રાંધવામાં જ ચિત્તવૃત્તિવાળી શ્રુતાવતી આનંદથી એ કાર્યમાં મચી રહી હતી. એને પોતાના બળતા પગની લાગણી જ થતી નહોતી. માત્ર મુનિની આજ્ઞાનું પાલન કરવામાં જ નિમગ્ન હતી. સૂર્યાસ્ત થયો પણ

ઓર રંધાયાં નહિ. એનું આ વર્તન જોઈ ઇન્દ્ર એના પર બહુ પ્રસન્ન થયો અને એને સાક્ષાત્ દર્શન આપીને કહ્યું કે હે સુંદરી તારા ઉપર હું પ્રસન્ન થયો છું અને તું આ તારો મનુષ્ય દેહ પડ્યા પછી સ્વર્ગમાં આવી મારી સ્ત્રી થઇ ઘણા કાળ પર્યંત સ્વર્ગ સુખ ભોગવીશ. દેહત્યાગ પછી શ્રુતાવતી હાલના ઇંદ્ર પુરંદરની શચી નામની સ્ત્રી થઈ છે. (ભા૨૦ શલ્ય અ૦ ૪૮).

શ્રુતાહ્વ. પાંડવ પક્ષનો એક ક્ષત્રિય. એ અશ્વત્થામાને હાથે મરાયો હતો. (ભા૨૦ દ્રો૦ ૧૫૭–૮૨).

શ્રુતિ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

શ્રુતિ (૨). સાંગ વેદોને બ્રહ્મદેવને મુખે શ્રવણ કર્યાથી તેમના માનસપુત્રોને શ્રવણને લઇને થયેલા જ્ઞાનનું નામ.

શ્રેણિમન્ત ક્ષત્રિયો. (ભા૨૦ સ૦ ૭૮).

શ્રેણિમાન. ગોશૃંગ નામના પર્વત શિખરવાસી રાજા. ભારતયુદ્ધમાં એ પાંડવોના પક્ષમાં હતો (ભા૨૦ દ્રો૦ અ૦ ૨૩). અને એ યુદ્ધમાં જ કૌરવ પક્ષના વીરોને હાથે મરાયો.

શ્રુણિમાન (૨). ભીમસેને દિગ્વિજય સમયે હરાવેલો કુમાર દેશનો રાજા. (ભા૨૦ સ૦ અ૦ ૩૦).

શ્રુતિશ્રુવસ. શિશુપાલ તે જ. (ભા૨૦ વ૦ ૧૫–૨). શ્રુતશ્રવાનો પુત્ર હોવાથી પડેલું નામ.

શ્રુતા. શ્રાવણ માસના સૂર્યના સમાગમમાં આવનારો યક્ષ. (૫ નભ શબ્દ જુઓ)

શ્લેષ્માતક. વિશ્વવા ઋષિનું નર્મદા તીરે આવેલું તપોવન. અહીં દશગ્રીવ કાંઇ કાળ પર્યંત રહેતો હતો. અહીંથી જઇને લંકામાં રહ્યો હતો. (વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૧૦).

શ્વફલ્ક. અનમિત્ર નામના યાદવનો પૌત્ર, વૃષ્ણીનો પુત્ર અને ચિત્રરથનો ભાઇ.. એક સમય કાશીક્ષેત્રમાં અવર્ષણને લઇને દુષ્કાળ હતો. શ્વફલ્ક સહજ ત્યાં ગયો હતો. કોઇએ કાશીરાજને કહ્યું કે આ શ્વફલ્ક મહા પુણ્યવાન હોઇ એ જ્યાં હોય ત્યાં અવર્ષણ, દુષ્કાળ, રોગ, વગેરે રહે જ નહિ એમ છે. માટે તું એની પૂજા કર. તેથી રાજાએ એને બોલાવી એનું પૂજન કર્યું. રાજાએ પોતાની ગાંદિની નામે કન્યા એને પરણાવી. એના યોગથી ત્યાં વૃષ્ટિ થઇ અને દુર્ભિક્ષ ટળીને સુકાળ થયો. (ભા૦ ૧૦ સ્કં૦ અ૦ ૫૭). શ્વફલ્કને ગાંદિનીને પેટે અક્રૂર, આસંગ, સારમેય, મૃદુર, મૃદુવિત, ગિરિ, ધર્મવૃદ્ધ, સુકર્મા, ક્ષત્રોપેક્ષ, અરિમર્દન, શત્રુઘ્ન, ગંધમાદન, પ્રતિબાહુ, એમ તેર પુત્ર અને સુચીરા નામે પુત્રી એટલાં સંતાન થયાં હતાં.

શ્વા. એક કુતરો જે ઋષિની સેવામાં જ રહેતો હતો અને જેને ઋષિએ દીપડો, વાઘ, હાથી સિંહ અને શરભ બનાવ્યો હતો. પણ એ ઋષિને જ મારવાની ઇચ્છા એના મનમાં થવાથી ઋષિએ એને પુનઃ કુતરો બનાવી દીધો હતો તે. (ભા૨૦ શાં૦ અ૦ ૧૧૬–૧૧૭).

શ્વસન. અમૃતરક્ષક એક દેવ. ગરુડની સાથે એને યુદ્ધ થયું હતું. (ભા૨૦ આ૦. ૩૨–૧૯).

શ્વસન (૨). સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭ –૧૭).

શ્વસ્થય. તેર સૈદ્ધિકેયોમાંનો સાતમો.

શ્વાનલોપામહ. ભારતવર્ષીય એક તીર્થ વિશેષ. શ્વાવિલ્લોમપયન તીર્થ તે જ. (ભા૨૦ વ૦ ૮૩).

શ્વાફલ્કિ. શ્વફલ્કના સર્વ પુત્રો. પરન્તુ વિશેષે અક્રૂરને એ નામ લગાડાય છે. (ભાગ૦ ૧૧ સ્કં૦ અ૦ ૧૨).

શ્વાહિ. સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના પૌત્ર અને વૃજિનિવાન રાજાનો પુત્ર. એના પુત્રનું નામ રુશેકુરૂજા.

શ્વાસા. શ્વસનની માતા (ભા૨૦ આ૦ ૬૧૦ ૧૯).

શ્વાવિલ્લોમયન. શ્વાનલોપામહ શબ્દ જુઓ.

શ્વેત. વિરાટના મત્સ્યરાજાનો એની પહેલી સ્ત્રી સુરથાને પેટે જન્મેલો પુત્ર. (ભા૨૦ વિ૦

૨૧–૧૮). એ ઉત્તરકુમારનો ભાઇ (ભા૨૦ ભી૦ ૪૯–૪૪). અને શંખનો સહોદર ભાઇ હતો એને ભીષ્માચાર્યે માર્યો હતો. (ભા૦ ભી૦ ૪૮–૧૧). (ભા૨૦ વિ૦ ૨૧–૧૮). ઉત્તરને શલ્યે મારી નાંખ્યો હતો માટે એની જોડે યુદ્ધ કરતો હતો.

શ્વેત (૨). એક ઋષિ. એનું કુળ અગર વિશેષ વૃત્તાંત મળતું નથી.

શ્વેત (૩). વિપ્રચિત્તિ દાનવનો પુત્ર. (મત્સ્ય૦ અ૦ ૧૦ ૧૭૬ શ્લો૦ ૭).

શ્વેત (૪). પ્રાચીન કાળમાં વિદર્ભ દેશમાં સુદેવ નામે રાજા હતો. આ શ્વેત એનો પુત્ર થતો. પિતાના મરણ પછી એ રાજ્યનો અધિકારી થયો હતો. પછી એણે પોતાના ભાઇ સુરથને યુવરાજ બનાવ્યો અને બહુ સારી રીતે રાજ ચલાવ્યું. પછી અરણ્યમાં જઇ ત્રણ હજાર વર્ષ તપ કરી દેહ ત્યાગ કર્યો. એના સુધર્માચરણ વડે એને ઉત્તમ લોકની પ્રાપ્તિ થઇ. પણ એને મનુષ્ય દેહમાં હતો ત્યારે મારે અન્નદાન આપવું જોઇએ એ સુજ્યું નહોતું, સમજ્યા એને ક્ષુધા ઘણી જ પીડવા લાગી. બ્રહ્મલોકમાં આમ ભૂખની પીડા શી, અને તેની શાન્તિ શી રીતે થાય, એ એણે બ્રહ્મદેવને પુછ્યું. એમણે કહ્યું કે તેં તપ જ કર્યું છે, દાન નહિ. પોતાના શરીરને જ પોષ્યું છે. માટે ભૂલોક પર જઇ તારા પોતાના શરીરનું જ ભોજન કર. પછી ભૂલોકમાં પોતાનું મૃત શરીર પડ્યું હતું તેનું ભોજન કરવા લાગ્યો. ખાતાં ખૂટે નહિ અને ક્ષુધા શાંત થાય નહિ. પછી ત્યાં અગત્સ્ય ઋષિ આવી ચઢ્યા તેમની વિનતિ કરી પોતાના અલંકારો વગેરેનું દાન કર્યું. એનો ઉદ્ધાર કરવા ઋષિયે દાનનો અંગિકાર કર્યો અને શ્વેત પુનઃ બ્રહ્મલોકમાં જઇને વસ્યો. (વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૭૮).

શ્વેત (૫). રામને સાહ્ય કરનાર એક વાનર. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૦).

શ્વેત (૬). એક ઋષિ જે ગોગ્રહણ વખતે થતું યુદ્ધ જોવા આકાશમાં દેવો આવ્યા હતા ત્યારે ઇન્દ્રના વિમાનમાં જોડે આવ્યો હતો તે.

तत्र राजर्षयश्चैव समारुह्य दिवौकसः ।
श्वेतो राजा वसुमनास्तथा भद्रः प्रदर्शनः॥१३॥
(ભા૨૦ વિ૦ સ૦ ૫૩).

શ્વેત (૭). એક પર્વત વિશેષ. (ભા૦ વન૦ ૨૨૭–૧૨; ભી૦ ૬–૪). રાજસૂય યજ્ઞ વખતે દિગ્વિજય યાત્રામાં અર્જુન ત્યાં ગયો હતો. (ભા૦ સ૦ ૨૮).

શ્વેત (૮). ક્રોધવશાની પુત્રી શ્વેતાનો પુત્ર. એક દિગ્ગજ. (ભા૨૦ આ૦ ૬૭–૬૬).

શ્વેતકલ્પ. બ્રહ્મદેવના ચાલુ માસમાં થઈ ગએલો પ્રથમ દિવસ. (૪ કલ્પ શબ્દ જુઓ).

શ્વેતકિ. એક રાજા. એ કિયા વંશનો હતો એ જણાતું નથી. પણ એ નિરંતર યજ્ઞો કર્યા કરતો. એણે એટલા તો અપરિમિત યજ્ઞો કર્યા હતા કે જેથી બ્રાહ્મણોને તલમાત્ર કુરસદ મળે નહિ. વળી યજ્ઞના ધૂમાડાથી એનાં નેત્રો પણ ઘણાં જ ત્રાસી ગયાં હતાં. આમ છતાં પણ એ બ્રાહ્મણો પાસે ગયો અને એમને વિનવવા લાગ્યો કે મારી શતસંવત્સર યજ્ઞ કરવાની ઇચ્છા છે, માટે આપ કૃપા કરીને એનો આરંભ કરો. એ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાંથી બ્રાહ્મણોએ કહ્યું કે અમે તો થાકી ગયા છૈયે. પણ બ્રાહ્મણોએ એને સૂચવ્યું કે તું રુદ્રનું આરાધન કર, એટલે એઓ પોતે તારા યજ્ઞનું ઋત્વિજપણું સ્વીકારશે. ભલે, એમ કહીને એ પાછો આવ્યો અને ૬ માસ પર્યન્ત આરાધના કરીને રુદ્રને પ્રસન્ન કર્યા. પણ રુદ્રે કહ્યું કે જા તું બાર વર્ષ સુધી અગ્નિમાં સતત ઘૃતધારા કર અને એ પૂરું થાય એટલે મારી પાસે આવજે. રુદ્રની આજ્ઞા પ્રમાણે બાર વર્ષ પર્યંત અગ્નિમાં સતત ઘૃતધારા કર્યા બાદ એ પાછો રુદ્ર પાસે ગયો. આ ઉપરથી આશ્ચર્ય પામીને રુદ્રે એને કહ્યું કે:—

રાજા ! મારા કહ્યા પ્રમાણે તેં અનુષ્ઠાન

કરવાથી હું પ્રસન્ન અને સંતુષ્ટ થયો છું. પરંતુ મારી ગણના દેવોમાં થતી હોવાથી મને ઋત્વિજનું કામ કરવાનો અધિકાર નથી. માટે તું એમ કર કે મારા અંશથી ભૂમિ પર જન્મેલા દુર્વાસા ઋષિ છે તેમની પાસે જા અને વિનતિ કર. એ તારા ઋત્વિજ બની તારો શતસંવત્સરાત્મક યજ્ઞ સિદ્ધ કરશે. શ્વેતકિના અપરિમિત યજ્ઞોને પરિણામે અગ્નિદેવ બહુ જાડા થઈ માંદા થઈ જવાથી તેને અનેક પ્રકારની ઔષધિયોથી ભરપૂર ખાંડવવન ખાણી ખાવું પડ્યું. અગ્નિને ખાંડવવન ખાણી ખાવાનો યોગ કરી આપવાથી અગ્નિદેવ અર્જુન પર પ્રસન્ન થયો હતો. (૧ અગ્નિ અને ૩ અર્જુન શબ્દ જુઓ).

શ્વેતકેતુ. ગૌતમ કુલોત્પન્ન અરુણિ ઋષિનો પૌત્ર અને ઉદ્દાલક ઋષિનો પુત્ર. એને આરુણિ પણ કહેતા. એને નચિકેતા નામે ભાઇ અને સુજાતા નામે બહેન હતી. સુજાતા કહોડ ઋષિને પરણી હતી. દેવલ નામના બ્રાહ્મણની પુત્રી સુવર્ચલાની સાથે સંવાદ થયો હતો. (ભા૨૦ શાં૦ ૨૨૪). પછી આ સુવર્ચલાની સાથે જ એનું લગ્ન થયું હતું. એ અષ્ટાવક્રનો મામો થાય. (ભા૦ વ૦ ૧૩૪–૧૨). અષ્ટાવક્રની સાથે એ જનકરાજાના યજ્ઞમાં ગયો હતો. (ભા૨૦ વ૦ ૧૩૫–૨૧–૨૨).

ઉદ્દાલક ઋષિના બે પુત્રમાં એ મોટો હતો. નાનપણમાં એ ઉન્માર્ગવર્તી હોવાથી એને બાર વર્ષની ઉમ્મર સુધી ઉપનયન સંસ્કાર કર્યો નહોતો. ધર્મશાસ્ત્ર પ્રમાણે એ વ્રાત્ય થયો હતો. આમ હોવાથી ઉદ્દાલક ઋષિને એની રાત દિવસ ચિંતા થતી.

એક દિવસ એ શાંત થઇને પોતાના પિતાની પાસે બેઠો હતો. એના ઉન્માર્ગ વર્તનથી થતી નિંદાને લીધે બેદ પામીને ઉદ્દાલકને એને એકવાર ઉદ્વેગ કરવાની ઇચ્છા થઇ. આત્મપુરાણમાં કહેલી નીતિ ઉદ્દાલકે એને સંભળાવી:—

लालनाद्बहवो दोषाः शासनाद्बहवो गुणाः ।
शिष्यं स्त्री तनयादीना मिति यत्तन्मृषानहि
॥ १ ॥
वैरिणी सा च विज्ञेया माता या लालयेत्सुतं ।
पितापि च यतः पुत्रो लालितो नरकं व्रजेत्॥२॥
आत्रि वर्षं सुतं माता शिक्षयेच्च ततः पिता ।
तथापि सहितो नित्यमागर्भं जननाष्टमं ॥३॥
अत ऊर्ध्वं सदाचार्यः शिक्षयेत्तं च कुत्रचित् ।
आषोडशं ततः सर्वं निवर्तते हि यौवने॥४॥
युवानं मित्रवन्नित्यं शिष्यं वाथ सुतं च वा ।
शिक्षयेन्नैदंडेन नीतिरेषा सनातनी ॥ ५ ॥
मातु पितुश्च यः शिक्षा माचार्यस्य न चांधधीः ।
गृण्हीयाद्यौवने प्राप्ते स क्लेशं याति दारुणम् ॥
इह राजादिजा भीतिर्यमजा पर जन्मनि॥६॥

કોણ જાણે કેમ પણ શ્વેતકેતુના મનમાં આ બોધ ઠસી ગયો. આ ઉપરથી ઉદ્દાલકે એને ઉપનયન સંસ્કાર કર્યો. પછી એ ગુરુને ત્યાં જઇને રહ્યો. ત્યાં વેદ, વેદાંગમાં નિષ્ણાત થઇ પાછો આવ્યો. પરંતુ વિદ્યા આવવાથી એના મનમા ઘમંડ આવ્યો કે હું જબરો વિદ્વાન છઉં. એને આમ ઘમંડમાંને ઘમંડમાં બેશી રહેતો જોઇને એક દિવસ ઉદ્દાલકે પુછ્યું કે એક વિજ્ઞાન વડે સઘળી બાબતનું વિજ્ઞાન ઉપજે એવું તને કાંઇ તારા ગુરુએ શિખવ્યું છે? પિતાનો પ્રશ્ન એ સમજ્યો નહિ. એનું અભિમાન ઉતરી ગયું અને એ પિતાને શરણ આવ્યો. ઉદ્દાલકે એને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો. આથી એ જબરો બ્રહ્મનિષ્ટ અને ગલિત ગર્વી બની કૃતાર્થ થયો. (છાન્દોગ્ય ઉપનિષદ).

શ્વેતકેતુ મોટો થયો તે સમય સુધી સ્ત્રી પુરુષો પશુ પ્રમાણે મૈથુનાસક્ત હતાં. એક વખત એમ બન્યું કે એની મા અને ઉદ્દાલકની સાથે એ બેઠો હતો. તેવામાં એક બ્રાહ્મણ આવ્યો અને એણે એના બાપની પ્રાર્થના કરી કે એક પુત્ર ઉત્પન્ન કરવા સારુ તારી સ્ત્રી મને આપ. એણે શ્વેતકેતુની માનો હાથ

ઝાલ્યો અને "આલ આપણે જઇએ" એમ કહી એને લઈ જવા લાગ્યો. શ્વેતકેતુથી આ સહન થયું નહિ અને એ પેલા બ્રાહ્મણની સાથે તકરાર કરવા લાગ્યો. આ જોઇને ઉદ્દાલકે કહ્યું કે તું ગુસ્સે ન થા. એ સનાતન ધર્મ છે. પોતાની મરજીમાં આવે તેને રતિસુખ આપવાને સ્ત્રીઓ સ્વતંત્ર છે. પરંતુ શ્વેતકેતુનું મન માન્યું નહિ. અને એણે એ પશુઓ જેવા આચારની વિરુદ્ધ મર્યાદા બાંધી, જે અદ્યાપિ ચાલે છે.

શ્વેતકેતુના સમયમાં વસ્તુસ્થિતિ કેવી હતી અને શા ઉપરથી શ્વેતકેતુએ નવી અને કેવી વ્યવસ્થાકરી એ મહાભારતના આદિપર્વના ૧૨૮ માં અધ્યાયમાં જણાય છે. પાણ્ડુરાજા પોતાની સ્ત્રી કુંતીને એ જુનો ઇતિહાસ કહે છે:—

अथ त्विदं प्रवक्ष्यामि धर्मतत्त्वं निबोध मे ।
पुराणमृषिभिर्दृष्टं धर्मविद्भिर्महात्मभिः ॥३॥
अनावृताः किलपुरा स्त्रिय आसन्वरानने ।
कामचारविहारिण्य स्वतन्त्राश्चारुहासिनि ॥४॥
तासां व्युच्चरमाणानां कौमारात्सुभगे पतीन् ।
ना धर्मोऽभूद्वरारोहे स हि धर्मः पुराऽभवत्॥५॥
तं चैव धर्मं पौराणं तिर्यग्योनिगताः प्रजाः ।
अद्यापनुविधीयन्ते कामक्रोध विवर्जिताः ॥६॥
प्रमाण दृष्टो धर्मोऽयं पूज्यते च महर्षिभिः ।
उत्तरेषु च रम्भोरु कुरुष्वद्यापि पूज्यते ।
स्त्रीणामनुग्रहकरः स हि धर्मः सनातनः॥७॥
"नाग्निस्तृप्यति काष्टानां नापगानां महोदधिः ।
नान्तकः सर्वभूतानां न पुंसां वामलोचना ॥८॥
एवं तृष्णा तु नारीणां पुरुषं पुरुषं प्रति ।
अगम्यागमनं स्त्रीणां नास्ति नित्यं शुचि स्मिते
॥ ९ ॥
पुत्रं वा किल पौत्रं वा कासांचिद्भ्रातरं तथा ।
रहसीह नरं दृष्ट्वा योनिरुत्क्लिद्यते तदा॥१०॥
एतत्स्वाभाविकं स्त्रीणां न निमित्तकृतं शुभे ।
अस्मिंस्तु लोके न चिरान्मर्यादेयं शुचिस्मिते
॥ ११ ॥
स्थापिता येन यस्माच्च तन्मे विस्तरतः शृणु ।
बभूवोद्दालको नाम महर्षिरिति नः श्रुतम्॥१२॥
श्वेतकेतुरितिख्यातः पुत्रस्तस्या भवन्मुनिः ।
मर्यादेयं कृता तेन धर्म्या वै श्वेतकेतुना॥१३॥
कोपात्कमलपत्राक्षि यदर्थं तन्निबोध मे ॥१४॥
श्वेतकेतोः पिता देवि तप उग्रं समास्थितः ।
ग्रीष्मे पञ्चतपा भूत्वा वर्षास्वाकाशगोऽभवत्॥१५॥
शिशिरे सलिलस्थायी सह पत्न्या महातपाः ।
उद्दालकं तपस्यन्ते नियमने समाहितम् ॥१६॥
तस्य पुत्रः श्वेतकेतुः परिचर्यां चकार ह ।
अभ्यागच्छद्विजः कश्चिद्वृसी पलित संततः॥१७॥
तं दृष्ट्वैव मुनिः प्रीतः पूजयामास शाश्वतः ।
स्वागतेन च पाद्येन मृदुवाक्यैश्च भारत ॥१९॥
शाक मूल फलाद्यैश्च वन्यै रन्यैर पूजयत् ।
क्षुत्पिपासा श्रमेणार्तः पूजितश्च महर्षिणा॥१९॥
विश्रान्तो मुनिमासाद्य पर्यपृच्छद्विजस्तदा ।
उद्दालक महर्षे त्वं सत्यं मे ब्रूहिमाऽनृतम् ॥२०॥
ऋषि पुत्रः कुमारोऽयं दर्शनीयो विशेषतः ।
तव पुत्र मिमं मन्ये कृतकृत्योऽसि तद्वद ॥२१॥
उद्दालक उवाच ।

मम पत्नी महाप्राज्ञ कुशिकस्य सुता मता ।
मामेवानुगता पत्नी मम नित्यमनुव्रता ॥२२॥
अरुन्धतीव पत्नीनां तपसा कर्शितस्तनी ।
अस्यां जातः श्वेतकेतुर्मम पुत्रो महातपाः॥२३॥
वेद वेदाङ्ग विद्विप्र मच्छासन परायणः ।
लोकेज्ञः सर्व लोकेषु विश्रुतः सत्यवाग्घृणी॥२४॥
ब्राह्मण उवाच ।

अपुत्री भार्ययाचार्यो वृद्धोहं मन्दचाक्षुषः ।
पित्र्याद्दणादनिर्मुक्तः पूर्वमेवाकृतस्त्रियः ॥२५॥
प्रजारणिस्तु पत्नी ते कुलशील समन्विता ।
सदृशी मम गोत्रेण वहाम्येनां क्षमस्व मे॥२६॥
पाण्डुरुवाच ।

इत्युक्त्वा मृगशायाक्षीं चीरकृष्णां जिनाम्बराम् ।
यष्ट्याधारः स्खलद्गात्रो मन्दचक्षुरवुद्धिमान्॥२७॥
स्वव्यापाराक्षमां श्रेष्टामचित्ता मात्मनि द्विजः ।
श्वेतकेतोः किल पुरा समक्षं मातरं पितुः॥२८॥

जग्राह ब्राह्मणः पाणौ गच्छाव इति चाब्रवीत् ।
ऋषिपुत्रस्तदा कोपं चकारामर्षितस्तदा ॥२९॥
मातरं तां तथा दृष्ट्वा नीयमानां बलादिव ।
तपसा दोसवीर्योहि श्वेतकेतुर्न चक्षमे ॥३०॥
संगृह्य मातरं हस्ते श्वेतकेतुर भाषत ।
दुर्ब्राह्मण विमुञ्चत्वं मातरं मे पतिव्रताम्॥३१॥
स्वयं पिता मे ब्रह्मर्षिः क्षमावान्ब्रह्मवित्तमः ।
शापानुग्रहयोः शक्तः तूष्णींभूतो महाव्रतः॥३२॥
तस्य पत्नी दमोपेता मम माता विशेषतः ।
पतिव्रतां तपोवृद्धां साध्वाचारैरलङ्कृताम् ॥३३॥
अप्रमादेन ते ब्रह्मन्मातृभूतां विमुञ्च वै॥३४॥
एवमुक्त्वा तु याचन्तं विमुञ्चेति मुहुर्मुहुः ।
प्रत्यवोचद्विजो राजन्न प्रगल्भमिदं वचः ॥३५॥
ब्राह्मण उवाच ।
अपत्यार्थी श्वेतकेतो वृद्धोऽहं मन्दचाक्षुषः ।
पिता ते ऋण निर्मुक्तस्त्वया पुत्रेण काश्यप॥३६॥
ऋणादहमनिर्मुक्तो वृद्धोऽहं विगतस्पृहः ।
मम को दास्यति सुतां कन्यां संप्राप्त यौवनाम्
॥ ३७ ॥

प्रजारणिमिमां पत्नीं विमुञ्चत्वं महातपः ।
एकया प्रजया प्रीतो मातरं ते ददाम्यहम्॥३८॥
एव मुक्तः श्वेतकेतुर्लज्जया क्रीधमोयिवान् ।
क्रुद्धं तं तु पिता दृष्ट्वा श्वेतकेतुमुवाचह ॥३९॥
मा तात कोपं कार्षीस्त्वमेष धर्मः सनातनः ।
अनावृता हि सर्वेषां वर्णनामङ्गनाभुवि ॥४०॥
यथा गावः स्थिताः पुत्र स्वे स्वे वर्णे तथा प्रजाः ।
तथैव च कुटुम्बेषु न प्रमाद्यन्ति कर्हिचित्॥४१॥
ऋतुकालेतु संप्राप्ते भर्तारं न जहुस्तदा ।
ऋषि पुत्रोऽथ तं धर्मं श्वेतकेतुर्नचक्षमे ॥४२॥
चकार चैव मर्यादा मिमां स्त्रीपुंसयोर्भुवि ।
मानुषेषु महाभागे न त्वेवान्येषु जन्तुषु ॥४३॥
तदा प्रभृति मर्यादा स्थितेयमिति न श्रुतम् ।
व्युच्चरन्त्याः पतिं नार्या अद्य प्रभृति पातकम्
॥ ४४ ॥
भ्रूणहत्यासमं घोरं भविष्यत्य सुखावहम् ।
अद्याप्यनुविधीयन्ते कामक्रोधविवर्जिताः॥४५॥

उत्तरेषु महाभागे कुरुष्वेवं यशस्विनी ।
पुराणदृष्टो धर्मोऽयं पूज्यते च महर्षिभिः॥४६॥
मार्यां तथा व्युच्चरतः कौमारब्रह्मचारिणीम् ।
पतिव्रता मेतदेव भविता पातकं भुवि ॥४७॥
नियुक्ता पतिना भार्या यद्यपत्यस्य काटणात् ।
न कुर्यात्त तथा भीरु सैनः सुमहदाप्नुयात् ॥
इति तेन पुरा भीरु मर्यादा स्थापिता बसात्॥४८॥
उद्दालकस्य पुत्रेण धर्म्मावि श्वेतकेतुना ।
(भार० आ० १२८.)

શ્વેતકેતુ (૨). જનમેજયના સર્પસત્રમાંનો એક સદસ્ય.

શ્વેતદ્વીપ. ક્ષીર સમુદ્રમાં આવેલો દ્વીપ જેમાં શ્રીમન્નારાયણ પોતાના કલારુપ અવતારથી શેષનાગ ઉપર નિરંતર શયન કરે છે.

आसोकयन्नुत्तर पश्चिमेन
द्रदर्श चाप्यद्भुतमुक्त रूपम् ।
क्षीरो दधेर्योत्तरतोहि द्वीपः
श्वेतः स नाम्ना ग्रथितो विशालः ॥८॥
(ભા૨૦ શાં૦ અ૦ ૩૪૩).

ત્યાં રહેલા શ્રીમન્નારાયણના વર્ણન અને સ્તુતિ સારુ તેમ જ નારદ ત્યાં ગયા હતા તેમણે ત્યાંના કરેલા વર્ણનના સંબંધે જુઓ. (ભા૨૦ શાં૦ અ૦ ૩૪૩).

उद्दालकः प्रमतकः श्वेतकेतुश्च पिङ्गलः ॥६॥
(ભા૦ આ૦ ૫૩-૬).

શ્વેતપરાશર. પરાશર વંશનું એક કુળ. એ કુળમાં આવિષ્ટાયન, વાલેય, સ્વાદષ્ટ, અને ઋષિકહસ્ત એ ઋષિયો પ્રસિદ્ધ હતા.

શ્વેતપર્વત. રમ્યક અને હિરણ્મય વર્ષની વચ્ચે આવેલો મોટો પર્વત. એ પૂર્વ પશ્ચિમ સમુદ્રને લાગેલો છે. બહુધા એના ઉપર દૈત્યો રહે છે.

શ્વેતપર્વત (૨). હિમાલયનું એક શિખર વિશેષ.

શ્વેતભદ્ર. એક યક્ષ.

શ્વેતવરાહ. હિરણ્યાક્ષ દૈત્યને મારવા સારુ વિષ્ણુએ ધરેલું રુપ. એ ધોળા વરાહ રુપે પ્રકટ થયા

હતા. જે કલ્પમાં આ અવતાર થયો હતો તે કલ્પને ' વારાહ કલ્પ ' કહેવામાં આવે છે.

શ્વેતવર્ષ રમ્યકદેશનું બીજું નામ.

શ્વેતવારાહ. જે કલ્પમાં વિષ્ણુ ભગવાને વરાહનું રુપ ધારણ કર્યું હતું તે કલ્પ. સાંપ્રત આ કલ્પ ચાલુ છે. સંકલ્પ કરવામાં " શ્વેતવારાહ-કલ્પે " કરીને કહેવાય છે તે જાણીતું જ છે.

શ્વેતવાહન. અર્જુનનાં દસ નામો પૈકી એક. એના રથને એ શ્વેત અશ્વો જોડાવતો તે ઉપરથી આ નામ પડયું છે.

श्वेताः काञ्चन सन्नाहा रथेयुज्यन्ति मेहयाः ।
शत्रुभिर्युध्यमानस्य तेनाहं श्वेतवाहनः ॥२८॥
(भार० विरा० अ० ४३)

શ્વેતા. ક્રોધવશાની પુત્રી. એનો પિતા કશ્યપ; શ્વેત નામના દિગ્ગજની માતા. (ભા૨૦અા૦ ૬૭-૬૧).

શ્વેતારણ્ય. કાવેરીને તીરે આવેલું વન વિશેષ. શ્રી શંકર ભગવાને આ સ્થળે માર્કંડને યમ પાસેથી છોડાવ્યો હતો. આ જ અરણ્યમાં શ્રી શંકર ભગવાને અંધકાસુરને ભસ્મીભૂત કર્યો હતો. (વા૦ ૨૦ અ૨૦ સ૦ ૩૦).

શ્વેતાશ્વતર. એક ઋષિ જેમણે સ્વયંભૂ પાસેથી બ્રહ્મવિદ્યા સંપાદન કરી હતી.

શ્વેતાશ્વતર (૨). યજુર્વેદનું મુખ્ય ઉપનિષદ.

શ્વેતોગ્રહ. ધૂમકેતુનું સામાન્ય નામ. (ભા૨૦ ઉદ્યો૦ ૩૭-૪૩).

શ્વૈત્ય. શૈબ્ય રાજપુત્ર સુઋજયનું બીજું નામ. (ભા૨૦ દ્રો૦ ૫૫-૫૭).

ષ.

ષઠ. એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

ષડાનન. છ મોં હોવાને લીધે પડેલું કાર્તિકનું નામ.

ષષ્ઠી. સ્કંદની પત્ની દેવસેનાનું બીજું નામ. (દેવી ભા૦ ૯ સ્કં૦ અ૦ ૪૬)

ષષ્ઠી (૨). માતૃગણમાંની એક.

ષષ્ઠી (૩). દુર્ગાના કાત્યયની રુપનું નામ.

ષષ્ઠી (૪). બાળકના જન્મ પછી છઠ્ઠી રાત્રે તેનું ભવિષ્ય ધાત્યાદિ અને કર્મના આંક લખનારી દેવી. એને લખવા સારુ કાગળ, સફેદ લૂગડું, કંકુ પલાળીને ભરેલી વાડકી, કલમ વગેરે પાટલા પર મુકી આખી રાત દીવો રાખવામાં આવે છે. વિધાત્રી રાત્રે આવી લેખ-છઠ્ઠીના લેખ-લખી જાય છે તે દેવી.

ષષ્ઠીભાગ. શિવનું એક નામ.

ષષ્ઠીપ્રિય. સ્કંદનું જ એક નામ (ભા૨૦ વન૦ ૨૩૩-૬).

ષણ્માતુર. છ કૃતિઓથી જન્મેલ હોવાથી સ્કંદનું એક નામ.

ષડગુણ્ય. સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ, અને સમાશ્રય એ ગુણષટ્ક. સંધિ એટલે સમાધાન. વિગ્રહ-લડાઇ. યાન-ચડાઇ. આસન-ઘેરો ઘાલીને પડી રહી શત્રુને અન્નાદિ બહારથી આવતા-મળતા અટકાવવા તે. દ્વૈધીભાવ શત્રુની સાથે લડાઇ થતાં તેનાથી બળવાન તેના શત્રુને જોઇ મૈત્રી કરવી તે. અને બન્નેની આગળ લટી જઇ માત્ર વાણી વડે જ આત્મસમર્પણ કરવું, કર્મથી નહિ. સમાશ્રય-શત્રુથી પીડાતાં સમર્થ કિલ્લાનો અથવા રાજાનો આશ્રય લેવો તે.

નારદના ગુણોના વર્તનમાં આ ષટ્ક ગણાવ્યું છે. (ભા૨૦ સ૦ અ૦ ૧૧).

સ.

સંકટ. ચાલુ મન્વંતરના ધર્મઋષિથી, કકુભ નામની સ્ત્રીને થએલેા પુત્ર. એના પુત્રનું નામ કીકટ. (ભાગ૦ ૬ સ્કં૦ અ૦ ૬).

સંકલ્પ. ચાલુ મન્વંતરના ધર્મઋષિને સંકલ્પા નામની સ્ત્રીને પેટે થએલા પુત્રેાનું સામાન્ય નામ.

સંકલ્પા. સંકલ્પ નામના પુત્રેાની માતા અને ધર્મઋષિની સ્ત્રી.

સંકર્ષણ. સેામવંસી યદુકુલેાત્પન્ન સાત્વતન્વયમાં જન્મેલા વસુદેવથી રેાહિણીને થએલેા પુત્ર. એ પ્રથમ દેવકીના ગર્ભમાં હતેા. માયાએ એને ત્યાંથી કાઢી લઇ રેાહિણીના ગર્ભમાં મૂકેા હતેા. એ દેવકીનેા સાતમેા ગર્ભ હતેા. ગર્ભને આકર્ષિ લીધેલેા હેાવાથી એમનું મૂળ નામ સંકર્ષણ હતું. બળરામ નામ પછીથી પડયું છે.

गर्भ संकर्षणात्प्राहु स्तं वै संकर्षणं भुवि ।
रामेति लोक रमणाद्बलं बलवदुच्छ्रयात् ॥१३॥
(ભા૦ ૧૦ સ્કં૦ અ૦ ૨).

સંકિલ. વૈશ્ય જાતિનેા એક મન્ત્રદષ્ટા.

…भलन्दकश्च वासाश्च: संकिलश्चैव तेत्रय:॥११६॥
एते मन्त्र कृतो ज्ञेया वैश्यानां प्रवरा: सदा ।
(મત્સ્ય૦ અ૦ ૧૪૫).

સંકૃતિ. એક બ્રહ્મર્ષિ. (ત્રીજો અંગિરા શબ્દ જુઓ).

સંકૃતિ (૨). સેામવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના પૌત્ર કુશના વંશના જયસેન રાજાનેા પુત્ર. એનેા પુત્ર જય નામે હતેા.

સંકૃતિ (૩). સેામવંશી નહુષ કુળના પૂરુરાજાના વંશ રૌદ્રાશ્વના પુત્ર ઋતેયુ કુળના મન્યુ રાજાનેા પૌત્ર અને નળ રાજાનેા પુત્ર. એને ગુરુધી અને રંતિદેવ નામે બે પુત્રેા હતા.

સગૈવાક્ષિ. એ નામનેા એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ.

સગર. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના હરિશ્ચન્દ્રના વંશમાંના ભરુક અથવા રુચકરાજાનેા પ્રપૌત્ર, વૃક રાજાનેા પૌત્ર અને બાહુક રાજાનેા પુત્ર. સગર નામ પડવાના કારણ સારુ પહેલેા બાહુક શબ્દ જુઓ. સગરને વિદર્ભ રાજા યદુની કન્યા સુમતિ ઉર્ફે પ્રભા, અને શિબ્રિ દેશના રાજાની કેશિની ઉર્ફે ભાનુમતી એમ બે સ્ત્રીઓ હતી. પહેલીને સગરેા નામના સાઠ હજાર અને બીજીને અસમંજ નામે એક પુત્ર હતેા. બન્ને પત્નીઓ સહિત તેણે તપ કર્યું હતું. તેના પ્રભાવથી રુદ્રની કૃપા વડે આ પુત્રેા થયા હતા. સુમતિના ગર્ભમાંથી એક કહેાળું નિકળ્યું હતું. તે કેાળામાંથી આ સાઠે હજાર પુત્રેા નિકળ્યા હતા. આ સાઠે હજાર પુત્રેા ઘણા પરાક્રમી નિકળ્યા હતા. અસમંજ તે, એ રુપે કેવળ કેાઇ યેાગભ્રષ્ટ પુરુષ જ જન્મ્યેા હતેા. (૧ અસમંજ શબ્દ જુઓ).

સગર રાજા મેાટેા પરાક્રમી હતેા. એણે હૈહય, તાલજંઘ ૪૦ રાજાઓને જીતી પેાતાનું રાજ પેાતાના હાથમાં સંપાદન કર્યું હતું. યવનેા વગેરે અવૈદિક રાજાઓ જુદેા જુદેા જ વેષ ધારણ કરે, એમ કરીને વેદધર્મી રાજાઓથી તુરત નેાખા પડીને દેખાઇ આવે એમ કર્યું હતું.

સગર રાજાએ અનેક યજ્ઞેા કર્યા હતા. એણે અશ્વમેધ પણ સેા કર્યા હતા. એના એક અશ્વમેધનેા શ્યામકર્ણ (આખું શરીર સફેદ અને માત્ર કાન કાળા હેાય એવેા અશ્વમેધ વખતે છૂટેા મુકાતેા ઘેાડેા) ઇન્દ્રે ચેારી જઇ કપિલના આશ્રમમાં બાંધ્યેા. સેા યજ્ઞ કરનારને ઇન્દ્રપદ પ્રાપ્ત થાય છે. માટે ઇન્દ્ર હમેશ એવા યજ્ઞમાં વિઘ્ન નાંખી સેા યજ્ઞ થવા દેતેા નથી. સગરનેા ઘેાડેા ચેારાયેા એની શેાધ કરવાને એના સાઠ

હજાર પુત્રેા નિકળી પડયા. પણ કાંઇ પત્તેા લાગ્યેા નહિ. એમણે સમુદ્ર ખેાદી નાંખ્યેા પણ ત્યાંથી શ્યામકર્ણ જડયેા નહિ. તેઓ ભૂમિ પર ફરતા ફરતા કપિલ મુનિના આશ્રમમાં આવી ચઢયા. ઘેાડેા ત્યાં બાંધેલેા દીઠાથી તેમણે ધાર્યું કે અમારેા શ્યામકર્ણ ચેારી જનાર આ જ છે. કપિલ ઋષિ સમાધિસ્થ હતા. સાગરેાએ ઋષિને મારવા માંડયા. સમાધિમાંથી ઋષિ જાગી ઉઠયા અને તેમણે આમની તરફ જોતાં જ બધા સાગરેા બળીને ભસ્મીભૂત થયા.

અહિં સઘળા પુત્રેા બળી મુવા. પણ સગર રાજા યજ્ઞદીક્ષા લઇને બેઠેા હતેા. અસમંજ હાજર હેાય પણ એ તેા પ્રથમથી જ અરણ્યમાં જતેા રહ્યેા હતેા. આવી વસ્તુસ્થિતિમાં યજ્ઞ સમાપ્તિ શી રીતે થાય ? પરંતુ અસમંજનેા પુત્ર અંશુમાન વિચારવાન અને પરાક્રમી હતેા. એ અશ્વ લેવા ગયેા અને ઘણી યુક્તિથી કપિલને પ્રસન્ન કરી ઘેાડેા પાછેા આણી, એ વડે પેાતાના પિતામહનેા યજ્ઞ યથાસાંગ પૂરેા કરાવ્યેા. (અંશુમાન શબ્દ જુઓ). (ભા૨૦ શાં૦ ૨૮–૧૩૦ ૩ ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૮; હરિ વં૦ ૧–૧૪–૧૫; બ્રહ્મ૦ અ૦ ૮; વાયુ૦ અ૦ ૮૮; વા૦ ૨૩ ભા૦ અ૦ ૩૮ અને વિષ્ણુ૦ અ૦ ૪–૩). અને (ભા૨૦ વ૦ ૧૦૫–૮, ૧૦૬–૧૧).

સઙ્કવ. દુર્યેાધનનેા રસેાઇયેા. (ભા૨૦ વ૦ અ૦ ૨૪૦–૨).

સંગ્રામજિત. પાંડવેાનેા મિત્ર એક રાજા.

સંગ્રામજિત (૨). કૃષ્ણનેા ભદ્રાની કૂખે જન્મેલા પુત્રેામાંનેા એક.

સંજય. સૌવીર દેશનેા રાજા. વિદુલાનેા પુત્ર. (વિદુલા શબ્દ જુઓ).

સંજય (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના અંતરિક્ષ રાજાના વંશમાં જન્મેલા રણંજય રાજાનેા પુત્ર. શાક્યરાજા એનેા પુત્ર થતેા હતેા.

સંજય (૩). સેામવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધ રાજાના પુત્ર સુહેાત્રના પુત્રનેા પ્રપૌત્ર, કુશ રાજાનેા પૌત્ર અને પ્રતિ નામના રાજાનેા પુત્ર. એનેા પુત્ર તે જયરાજા.

સંજય (૪). સેામવંશી પૂરુકુળના અજમીઢના પુત્ર નીલરાજાના વંશના ભર્મ્યાશ્વરાજાના પાંચ પુત્રેા પૈકી પાંચમેા પુત્ર.

સંજય (૫). એક રાજપુત્ર, જયદ્રથનેા મિત્ર જે જયદ્રથ કેાઇ સ્વયંવરમાં જતેા હતેા અને રસ્તામાં પાંડવેાના નિવાસસ્થાનમાં દ્રૌપદીને જોઇને કામાર્ત થઇને એનું હરણ કરી ગયેા તે વખત જયદ્રથના સંઘાતમાં હતેા તે. (જયદ્રથ શબ્દ જુઓ).

સંજય (૬). ગવલ્ગણ નામના સુતનેા પુત્ર. એ ધૃતરાષ્ટ્ર રાજાનેા સારથિ હતેા એ ઘણેા જ સત્યવકતા અને નિસ્પૃહી હતેા. એમ હેાવાથી ધૃતરાષ્ટ્રને બેાધ કરવામાં આયું પાછું જોતેા જ નહિ. વ્યાસના પ્રસાદથી એને ઘેર બેઠે બેઠે ભારતના યુદ્ધની અથ ઇતિ સઘળી હકીકત જણાય અને એ ધૃતરાષ્ટ્રને કહે, એવી શકિત સંપાદન થઈ હતી. (ગાવલ્ગણિ શબ્દ જુઓ). એક સમય એણે ધૃતરાષ્ટ્રની માઝા મૂકીને એની સાથે સંભાષણ કર્યું હતું. જ્યારે ધૃતરાષ્ટ્રે પુછ્યું કે સંજય ! મારા પુત્રેાનું યુદ્ધમાં શું થયું તે મને કહે. અને લેાભને અનુસરનારેા, દુષ્ટ બુદ્ધિ, ક્રેાધથી વિકૃત સ્વરુપવાળેા, રાજ્યની લાલસાવાળેા, તથા રાગથી વિવેકરહિત થએલેા દુર્યેાધન, એ યુદ્ધમાં અનીતિથી વર્ત્યેા હતેા કે નીતિથી વર્ત્યેા હતેા તે પણ તું મને કહે. તે વખત સંજયે કહ્યું હતું કે હે ધૃતરાષ્ટ્ર રાજા ! મેં બધું પ્રત્યક્ષ દીઠું છે, માટે હું તમને કહું છું, તે સ્થિર મને સાંભળેા. ખરું જોતાં પાંડવેાના સંબંધમાં તમારી મેાટી અનીતિ થએલી છે. હે ભરતશ્રેષ્ટ રાજા ! પાણી વહી ગયા પછી પાળ બાંધવી એ જેમ વૃથા છે, તેમ તમારેા આ પ્રલાપ પણ મિથ્યા જ છે. એ નિષ્ફળ છે માટે શેાક ન કરેા…જે તમે પ્રથમથી જ કુંતાપુત્ર યુધિષ્ઠિરને તથા તમારા

પુત્રોને જુગાર રમતા અટકાવ્યા હોત તો આ સમયે તમને સંકટ આવત નહિ. અરે, જ્યારે યુદ્ધ કરવાનો સમય આવી પહોંચ્યો હતો ત્યારે પણ ક્રોધાયમાન થએલા પાંડવ-કૌરવો બન્નેને જો તમે અટકાવ્યા હોત તો આ સમયે આ સંકટ ન આવત. અરે! તમારી આજ્ઞામાં નહિ રહેનારા "દુર્યોધનને કેદ પકડો" એ પ્રમાણે જો કૌરવોને તમે પ્રથમ જ આજ્ઞા આપી હોત, તો આ વખતે આ સંકટ ન આવત; અને એમ કરવાથી પાંડવો, પાંચાલો, યાદવો કે બીજા કોઇ રાજાઓને તમારી બુદ્ધિની વિષમતાનો અનુભવ ન થાત. અરે! એક પિતાને છાજે તેવું કર્તવ્ય કરીને જો તમારા પુત્રને તમે સન્માર્ગે દોર્યો હોત અને ધર્મપૂર્વક જો વર્ત્યા હોત તો આ સંકટ ન આવત. પણ તમે લોકમાં અતિશય બુદ્ધિમાન થઇને પણ સનાતન ધર્મનો ત્યાગ કર્યો અને દુર્યોધન, કર્ણ અને શકુનિને અનુસર્યા. હે રાજા! તમારા પાંડવો પ્રતિના બધા પ્રલાપો મેં સાંભળ્યા છે. તમે આંતરિક દૃષ્ટિયે તો ધન લોભી જ હતા. જેથી તમારાં વચનો વિષમિશ્રિત મધ જેવાં હતાં. હે રાજા! જ્યારે તમારા પુત્રો પાંડવોને ન કહેવાય એવાં વચનો કહેતા ત્યારે તમે એમની ઉપેક્ષા કરી છે અને તમારા પુત્રોને એ પ્રમાણે બોલવા જ દીધા છે. એનું આ પરિણામ આવી પહોંચ્યું છે. માટે હાથનાં કર્યા હૈયે વાગ્યાં છે. હવે શોક ન કરો.

પ્રથમ જ જો તમે એ પ્રમાણે અનીતિ ન કરી હોત તો પાંડવોએ જીતેલી સમગ્ર પૃથ્વી તમારે સ્વાધીન થાત. પાંડુ રાજાએ રાજ્ય જીત્યું હતું અને તેથી જ કૌરવોની કીર્ત્તિ થઇ હતી. પાછળથી ધર્માચારી પાંડવોએ ફરી તે કીર્ત્તિમાં ઘણો વધારો કર્યો હતો. પણ અફસોસ, તે બિચારા પાંડવોનું તેવું કર્મ પણ તમારી આગળ નિષ્ફળ ગયું છે. કારણ આખું રાજ્ય પચાવી પડવાની ઇચ્છાથી તમે તેઓને પોતાના પિતાના રાજ્યથી પણ ભ્રષ્ટ કર્યા છે. આ વખતે જ્યારે કટાકટીનો સમય આવી પડ્યો છે, ત્યારે હવે તમે તમારા પુત્રોની નિંદા કરો છો અને તેમના દોષો કહો છો. પણ આજે તે ઘટતું નથી; નકામું છે, નિષ્ફળ છે. હવે ક્ષાત્રધર્મમાં લીન થએલા પાંડવો અને કૌરવો જેટલું કરી શકાય તેટલું કરી રહ્યા છે. પાંડવોની સાથે કૌરવોનું યુદ્ધ જે પ્રકારે થઇ રહ્યું છે તે હું તમને યથાર્થ કહું છઉં, માટે સાંભળો. (ભા૨૦ દ્રો૦ અ૦ ૮૬).

સંજયંતિપુરી. કેરલ દેશના દક્ષિણ ભાગમાં આવેલી એક નગરી. (ભા૨૦ સભા૦ અ૦ ૩૧).

સંજીવનમણિ. જે મણિ વડે ઉલૂપીએ અર્જુનને સજીવન કર્યો હતો તે. (ભા૨૦અશ્વ૦ ૮૧-૧૨).

સજ્જતંબિ. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

સજ્ઞવિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

સંડદેશ. ભારતવર્ષીય એક દેશ. (ભા૨૦ ભી૦ અ૦ ૯).

સત્કર્મા. સોમવંશી અનુ કુળના અંગ વંશના પૃથુલાક્ષના પુત્ર બૃહદ્રથના અન્વયમાં થએલા ધૃતવ્રત રાજાનો પુત્ર. વિવાહ વિધિથી પરણેલી બ્રાહ્મણીથી એને અધિરથી નામે પુત્ર થયો હતો. આ પુત્ર સૂતપણું કરતો હતો.

સત્કૃતિ. સંકૃતિ રાજાની સ્ત્રી અને રંતિદેવની માતા.

સંત. સત્યઋષિનો પુત્ર. શ્રુવાઋષિનો પિતા. (વીતહવ્ય શબ્દ જુઓ).

સંતતિ. સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કાશ્ય નામના પૌત્રના વંશના અલર્ક રાજાનો પુત્ર. એનો પુત્ર તે સુનીથરાજા,

સંતતેયુ. સોમવંશી પૂરુકુલોત્પન્ન રૌદ્રાશ્વરાજાના દસ પુત્રો પૈકી છઠ્ઠો પુત્ર.

સંતર્દન. કેકય દેશાધિપતિ ધૃષ્ટકેતુને વસુદેવની બ્હેન શ્રુતકીર્ત્તિને પેટે થયેલો પુત્ર.

સંતાન. ભારતવર્ષીય ક્ષેત્ર વિશેષ.

સંતાનક. સામાન્ય પર્વત વિશેષ. (ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૧૧૧).

સતી. બ્રહ્મ માનસપુત્ર. દક્ષ પ્રજાપતિની સોળ કન્યાઓમાંની નાની એને ભવ-શિવને પરણાવી હતી. એણે પોતાના પિતા દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં પોતાનો દેહ પ્રજાળી દીધો હતો. (૧ દક્ષ શબ્દ જુઓ). પાર્વતી તે જ.

સતીનર. દેશ વિશેષ. (ભા૨૦ સ૦ ૭૮-૬૮).

સંતોષ. બાર તુષિતદેવોમાંનો એક. (તુષિત શબ્દ જુઓ).

સંતોષ (૨). સ્વાયંભુ મન્વંતરમાંના ધર્મઋષિના પુત્ર હર્ષનું બીજું નામ.

સત્ય. સત્યલોક શબ્દ જુઓ.

સત્ય (૨). સત્યયુગ તે જ. (કૃતયુગ શબ્દ જુઓ).

સત્ય (૩). ઉત્તાનપાદ વંશીય હવિર્ધાન રાજાના પુત્રોમાંનો પાંચમો પુત્ર.

સત્ય (૪). દસ વિશ્વેદેવોમાંનો ચોથો.

સત્ય (૫). વિતત્ય ઋષિનો પુત્ર. એનો પુત્ર તે સંત ઋષિ. (વિતહવ્ય શબ્દ જુઓ).

સત્ય (૬). અંગિરસદેવોમાંનો એક.

સત્ય (૭). ભીમસેને મારેલા કલિંગ રાજાના બે ચક્રરક્ષકોમાંનો એક.

સત્ય (૮). બ્રહ્મસાવર્ણિ મન્વંતરમાં હવે પછી થનારા સપ્ત ઋષિયોમાંનો એક.

સત્ય (૯). શ્રીમન્નારાયણ (ભા૨૦ ઉ૦ ૬૯-૧૨).

સત્ય (૧૦). ઉંચ્છવૃત્તિ કરનાર એક બ્રાહ્મણ. એની સ્ત્રીનું નામ પુષ્પમાલિની (ભા૨૦ શાં૦ ૨૬૮-૬).

સત્યક. સોમવંશી યદુકુળના અનમિત્રના પૌત્ર શિનિનો પુત્ર. એનો પુત્ર તે સાત્યકિ નામનો યુયુધાન.

સત્યક (૨). ભદ્રાનિ કૂખે થએલો કૃષ્ણના પુત્રોમાંનો એક.

સત્યક (૩). સાવર્ણિ મન્વંતરમાં હવે પછી થનારો એક દેવ વિશેષ.

સત્યકર્મા. સત્કર્મા રાજાનું બીજું નામ.

સત્યકર્મા (૨). દુર્યોધન પક્ષના ત્રિગર્ત રાજાઓમાંનો એક. એને અર્જુને માર્યો હતો. (ભા૨૦ શલ્ય૦ અ૦ ૨૭).

સત્યકામ. જબાલ ઋષિનું બીજું નામ.

સત્યકેતુ. સોમવંશી આયુપુત્ર ક્ષાત્રવૃદ્ધના કાશ્ય નામના પૌત્રના વંશના ધર્મકેતુ રાજાનો પુત્ર. એનો પુત્ર તે ધૃષ્ટકેતુ.

સત્યજિત. દ્રુપદ રાજાનો પુત્ર. એ અતિરથિ હતો. એને ભારતના યુદ્ધમાં દ્રોણાચાર્યે માર્યો હતો. (ભા૨૦ ઉદ્યો૦ ૧૭૧; ભા૨૦ દ્રો૦ ૧૭-૪૫, ૨૧-૨૧).

સત્યજિત (૨). ચોથા તામસ મન્વંતર માંહલ્યો સ્વર્ગનો ચોથો ઇન્દ્ર.

સત્યજિત (૩). સૂર્યના સમાગમમાં આવનારો એક યક્ષ. (૩ ઉર્જ શબ્દ જુઓ).

સત્યજિત (૪). સોમવંશી પૂરુકુલોત્પન્ન જરાસંધ વંશના સુનીથ રાજાનો પુત્ર. એનો પુત્ર તે વિશ્વજિત.

સત્યજિત (૫). સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશના વસુદેવના ભાઇ આનક રાજાનો મોટો પુત્ર.

સત્યતપા. એક બ્રહ્મર્ષિ, એનું મુળ નામ ઉતથ્ય હતું. દેવદત્ત નામના બ્રાહ્મણનો એ પુત્ર હતો. ઉપનયનાદિ સંસ્કાર પછી એને કશું ભણતાં આવડ્યું જ નહિ અને મૂર્ખ રહ્યો. ઠેકાણે ઠેકાણે લોકો એની નિંદા કરવા લાગ્યા.

આ ઉતથ્ય વેદના અધ્યનને, જપને, દેવતાઓના ધ્યાનને કે આરાધનને જાણતો નહોતો; આસન, પ્રાણાયામ, ભૂતશુદ્ધિ, મન્ત્ર, કાલક, જપ્ય, ગાયત્રી, શૌચ, સ્નાનવિધિ, બલિદાન, અતિથિનો સત્કાર કશું જાણતો ન હતો. સવારમાં ઉઠી ગમે તેવું દાતણ કરી લઇ ગંગામાં મન્ત્રરહિત ડબકું મારી લેતો. મધ્યાન્હે યદૃચ્છાથી વનનાં ફળ લાવતો. તેમાં પણ ભક્ષ્યાભક્ષ્યનો વિવેક જ ન હતો. કોઇનું હિત અહિત કર્યા વગર ગમે ત્યાં પડી રહેતો. નિરંતર એ જ વિચાર કર્યા કરતો કે મારું

મૃત્યુ ક્યારે થશે. હું દુઃખથી જીવું છું. મુર્ખના જીવનને ધિક્કાર છે. મને દૈવે મૂર્ખ કેમ રાખ્યો. મુર્ખાઇને લઇને મારો ઉત્તમ કુળમાં થએલો અવતાર વૃથા ગયો. હું દૈવની નિંદા શું કામ કરું ? મારું કર્મ જ એવું હશે!

આવા તર્ક વિતર્ક કરતો થકો આ ઉતથ્ય ગંગા કિનારે ઝૂંપડી બાંધી એક આશ્રમમાં રહ્યો. અને એને પોતાને પણ પોતાની મૂર્ખાઇ સારુ લાજ આવવા માંડી એટલે એણે એક નિયમ ગ્રહણ કર્યો કે ગમે તે થાય તો પણ અસત્ય બોલવું નહિ. આ ઉપરથી એનું નામ 'સત્યતપા' પડ્યું. ગંગાકિનારે રહેતાં ચૌદ વર્ષ થઇ ગયાં. એક દિવસ એ પોતાના બારણા પાસે ઉભો હતો. તે વખત શિકારીએ ઘાયલ કરેલું એક પશુ-સુવર એની આગળ થઇને એના આશ્રમમાં સંતાઇ ગયું. તાજા ઘામાંથી લોહી નિકળતું દેખીને દયાર્દ્ર હૃદયે એના મોમાંથી "એ એ" એવો ઉચ્ચાર અનાયાસે નિકળ્યો. "એ-એ" એ દેવીનો બીજમંત્ર હોવાથી એના જપથી એનાં હૃદયચક્ષુ ખુલી ગયાં અને વાલ્મિકીની પેઠે એ કવિ થઈ ગયો. થોડી વાર પછી એને ઘાયલ કરનાર શિકારી સુવરની શોધ કરતો આવ્યો. એણે ઋષિને ત્યાં ઉભેલા જોઇને નમસ્કાર કરીને પૂછ્યું કે અહીં થઇને ઘાયલ થએલું કોઇ પશુ જતું દીઠું ? સત્ય જ ભાષણ કરનારને સંકડામણ આવી પડી. જો હા કહે તો બિચારું પશુ મરી જાય છે. જો ના કહે તો અસત્ય બોલાય છે, માટે ઋષિયે કાંઇ જવાબ જ દીધો નહિ; એટલે વ્યાધે બીજી વાર પૂછ્યું. એમ ફરી ફરી પુછતાં ઋષિયે એને કહ્યું કે:—

या पश्यति न सा ब्रूते या ब्रूते सा न पश्यति ।
अहो व्याध स्वकार्यार्थी किं पृच्छसि पुनःपुनः॥४०

આ શ્લોકના બે અર્થ કરાય છે:—૧. જે ચૈતન્ય શક્તિ છે તે સાક્ષીપણાને લઇને દેખે છે, પણ તે બોલતી નથી. બોલવું એ એનો ધર્મ નહિ, પણ બુદ્ધિનો ધર્મ છે. પણ બોલનાર બુદ્ધિ પોતે જડ હોવાથી દેખતી નથી. દેખનાર તો ચૈતન્ય છે. ૨. આંખ જે દેખે છે તે બોલતી નથી, કેમકે બોલવું એ એનો ધર્મ નથી. અને જે બોલે છે તે જીભ પોતાનો જોવાનો ધર્મ ન હોવાને લીધે, જોઈ શકતી નથી.

આ પ્રમાણે ઉતથ્ય-સત્યતપાને સહસા સ્ફૂરણ થઇને બોલાઇ ગયલો શ્લોક સાંભળીને અહીંથી કાંઇ સમાચાર નહિ મળે જાણીને વ્યાધ ત્યાંથી ચાલ્યો ગયો. (**દેવી ભાગ૦ સ્કંધ-૩. સં૦ ૧૧**)

સત્યદેવ. ભીમસેને મારેલા કલિંગ રાજના બે ચક્રરક્ષકોમાંનો એક. (**ભા૨૦ ભી૦ ૫૪-૭૬**).

સત્યદેવ (૨). અર્જુને મારેલા ત્રિગર્ત રાજપુત્ર. (**ભા૨૦ ક૦ ૧૮-૨૧**).

સત્યધર્મા. હવે પછી થનાર ધર્મ સાવર્ણિ મનુના દસ પુત્રો પૈકી એક.

સત્યધૃતિ. સોમવંશી પૂરુકુળોત્પન્ન હસ્તિરાજાના પુત્ર દેવમીઢ અથવા દ્વિમીઢના વંશના કૃતિમાન અથવા ધૃતિમાન રાજાનો પુત્ર. એનો પુત્ર તે દૃઢનેમિ રાજા.

સત્યધૃતિ (૨). દ્રૌપદીના સ્વયંવરમાં આવેલો એક રાજા. (**ભા૨૦ આ૦ ૨૦૧-૧૦**).

સત્યધૃતિ (૩). પાંડવ પક્ષનો એક ક્ષત્રિ. એ સુચિત્તનો પુત્ર હોવાથી સૌચિતિ કહેવાતો. (**ભા૨૦ ઉ-૧૭૧-૧૮; ઉ૦ ૧૯૬-૨૮**) એને કર્ણે માર્યો હતો. (**ભા૨૦ ક૦ ૩-૩૧**).

સત્યધૃતિ (૪). ચિરકારી ઋષિના ભાઇ ગૌતમ પુત્ર શતાનંદનો પુત્ર, અને શરદ્વાન ઋષિનો પિતા.

સત્યધૃતિ (૫). પાંચાળ કુળના દ્રુપદ રાજાનો પુત્ર. એને દ્રોણાચાર્યે માર્યો હતો (**ભા૨૦ દ્રો૦ સ૦ ૨૩**).

સત્યનામા. અયોધ્યા નગરીમાં દશરથ રાજાનું મંદિર જે સ્થળે હતું તે સ્થળ.

સત્યંભરા. પ્લક્ષદ્વીપની નદી વિશેષ.

સત્યભામા. શ્રી કૃષ્ણની અષ્ટ પટરાણીઓમાની એક. એ સત્રાજિતની પુત્રી હતી. એને દ્રૌપદીની જોડે પતિને વશવર્તી કરવા સંબંધે સંવાદ થયો હતો. ભૌમાસુરને મારવા ગયા ત્યારે પણ એ કૃષ્ણની જોડે ગઇ હતી.

એક સમયે કૃષ્ણ દિવ્ય શયનને વિષે સુતા હતા. તે વખત એમને હસવું આવ્યું સત્યભામાએ આ નિષ્કારણ હાસ્ય કેમ કર્યું તે જાણવા કૃષ્ણને તેનું કારણ પુછતાં એમણે એ સમજાવ્યું:—

केशवश्चिन्तितं ज्ञात्वा दिव्य ज्ञानेन दृष्टवान् ।
शयानः शयने दिव्ये सत्यभामा सहायवान्॥१०॥
केशवः सहसा राजञ्जहास च ननन्द च ।
पुनः पुनः सत्यभामा चाब्रवीत्पुरुषोत्तमम्॥११॥
भगवंश्चिन्तयाविष्टः शयने शयितः सुखम् ।
भवान्बहु प्रकारेण जहास च पुनः पुनः॥१२॥
श्रोतव्यं यदि वा कृष्ण प्रसादो यदि ते मयि ।
वक्तुमर्हसि देवेश तच्छ्रोतुं कामयाम्यहम् ॥१३॥
श्री भगवानुवाच: ।
पितृष्वसुर्यः पुत्रो मे भीमसेनानुजोऽर्जुनः ।
तीर्थयात्रां गतः पार्थः कारणात्समयात्तदा॥१४॥
तीर्थयात्रा समाप्तौ तु निवृत्तो निशि भारतः ।
सुभद्रां चिन्तयामास रूपेणा प्रतिमां भुवि॥१५॥
चिन्तयन्नेवतां भद्रां यतिरुपधराऽर्जुनः ।
यतिरूप प्रतिच्छन्नो द्वारकां प्राप्य माधवीम्॥१६॥
येन केनाप्युपायेन दृष्ट्वा तु वरवर्णिनीम् ।
वासुदेव मतं ज्ञात्वा प्रयतिष्ये मनोरथम्॥१७॥
एवं व्यवसितः पार्थो यतिलिङ्गेन पाण्डवः ।
छायायां वटवृक्षस्य वृष्टि वर्षति वासवे ॥१८॥
योगभारं वहन्नेव मानसं दुःखमाप्तवान् ।
एतदर्थं विजानीहि हसन्तं मां मुदा प्रिये॥१९॥
भ्रातरं तव पश्येति सत्यभामां व्यसर्जयत् ।
तत उत्थाय शयनात्प्रस्थितो मधुसूदनः॥२०॥
(**ભા૨૦ આ૦ ૨૩૮-૧૦-૨૦**).

શ્રી કૃષ્ણની સાથે એ ઇન્દ્રલોકમાં ગઇ હતી (**ભા૨૦ સ૦ ૫૬-૪૦; ભાગ૦ સ્કં૦ ૧૦ સ૦ ૫૬; હરિવં૦ સ૦ ૨; વિષ્ણુ૦ ૫-૩૦**). તેમ જ કૃષ્ણ પાંડવોને મળવા કામ્યકવનમાં ગયા ત્યારે પણ એને જોડે લઇ ગયા હતા. (**ભા૨૦ વ૦ ૧૮૫-૭**). એ મેળાપ વખતે એણે પતિવશીકરણ સંબંધે દ્રૌપદીને પ્રશ્ન પૂછવાથી દ્રૌપદીએ એને રહસ્ય સમજાવ્યું હતું. (**ભા૨૦ વ૦ ભાગ૦ ૧૦ સ્કં૦ ૫૬ સ૦; હરિવં૦-૧-૩૮; વિષ્ણુ૦ ૪-૧૩. ૨૩૪-૪**). એના કૃષ્ણ સાથેના વિવાદની હકીકત સારુ જુવો. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ. ૫૬**) સ્વર્લોકન ગમન સારુ એ તપોવનમાં ગઇ હતી. (**ભા૨૦ મૌ૦ અ૦ ૮**).

સત્યયુગ. કૃતયુગ તે જ.

સત્યરથ. દુર્યોધનના પક્ષના પાંચ ત્રિગર્ત રાજપુત્ર જે સંશપ્તક હતા તેમાંનો એક ટક. (**ભા૨૦ ઉદ્યો૦ સ૦૧૬૬**). "અમુક અમુક યોદ્ધાને હું મારીશ જ" એવી પ્રતિજ્ઞા લઇને યુદ્ધમાં જનાર 'સંશપ્તક' કહેવાતો. આ અને એના ચારે ભાઇઓએ અર્જુનને મારવાની પ્રતિજ્ઞા લીધી હતી. એ સઘળાઓને અર્જુને યુદ્ધમાં માર્યા હતા. (**ભા૨૦ શ૦ સ૦ ૨૭**).

શત્યરથ (૨). ઇક્ષ્વાકુ કુળના નિમંધન રાજાનો પુત્ર. એનું નામ ત્રિશંકુ પણ હતું. હરિશ્ચન્દ્ર તે એનો પુત્ર.

સત્યરથ (૩). વિદેહવંશી સમરથ જનકનો પુત્ર. એના પુત્રનું નામ ઉપગુપ્ત જનક હતું.

સત્યલોક. જે સ્થાનમાં બ્રહ્મદેવ રહે છે તે લોક. ભૂલોકથી ઉપર જે સાત લોક રહ્યા છે તેમાં સહુથી ઉપર છે તે. પુરાણોમાં છે કે વૈકુંઠ, કૈલાસ વગેરે આ લોકની ઉપર આવેલાં છે. પણ એ શ્રુતિ વિરુદ્ધ હોઇને એ આ લોકમાં જ છે એમ માનવું જોઇએ. ભૂર્લોક, ભુવરલોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક, સત્યલોક અને એમ સાત લોક ગણાવ્યા છે. તેમાં પહેલા ત્રણ કલ્પાન્તે નાશ પામે છે. છેલ્લા ત્રણ બ્રહ્માના સો વર્ષે નાશ પામે છે. ચોથો લોક નાશ પામતો નથી. પણ પહેલા ત્રણ લોકના બળવાથી એ ચોથો

લોક કોઇથી ત્યાં વસાય જ નહિ એવી સ્થિતિમાં આવે છે. (ડાઉસન પા. ૧૭૯.)

સત્યવતી. અગસ્ત્ય ઋષિની ભાર્યા લોપામુદ્રાનું બીજું નામ. (**ભા૨૦ વ૦ ૯૪–૨૯**).

સત્યવતી (૨). સૂર્યવંશી ત્રિશંકુની ભાર્યા. એ કેકયવંશ કુમારી હતી. એનો પુત્ર તે હરિશ્ચન્દ્ર. (**ભા૨૦ સ૦ ૧૨–૧૨**).

સત્યવતી (૩). ગાધી રાજપુત્રી, ઋચિક ઋષિની પત્ની, વિશ્વામિત્રની બ્હેન અને જમદગ્નિની માતા થાય. (**ભા૨૦ શાં–૪૮–૧૬; વ૦ ૧૧૬–૩૬; અનુ–૭–૭. વા૦ રા૦ બા૦ સ૦ ૩૪. ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૧૫**).

સત્યવતી (૪). ઉપરિચર વસુની કન્યા. એ એના વીર્યવડે મત્સ્યના ઉદરમાં પેદા થઇ હતી. (**ભા૨૦ આ૦ ૬૦–૨**). ગન્ધવતી, કાલી, મત્સ્યગન્ધા, અને યોજનગન્ધા એવાં એનાં બીજાં નામો છે. વ્યાસ, ચિત્રાંગદ અને વિચિત્રવીર્યની માતા. એ પૂર્વજન્મમાં અદ્રિષદ્ પિતૃની કન્યા અચ્છોદા નામે હતી. અને શાપને લઇને ભૂમિપર અવતરી હતી (**ભા૨૦ સા૦ ૬૪–૬૨**). એ જ્યારે કુંવારી હતી ત્યારે પરાશર ઋષિ વડે એને પેટે વ્યાસનો જન્મ થયો હતો. પછી એ શન્તનુ રાજાને પરણી હતી. જેનાથી એને ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય નામે પુત્રો થયા હતા. એ પોતાના દિકરાની વહુઓ અને વ્યાસ સાથે તપોવનમાં ગઇ હતી. (**ભા૨૦ સા૦ ૧૩૭–૧૨**).

સત્યવર્મા. પાંચ ત્રિગર્ત બંધુઓમાંનો એક.

સત્યવાક્. એક બ્રહ્મર્ષિ.

સત્યવાક્ (૨). મુનીને થએલા સોળ ગંધર્વ પુત્રો પૈકી એક. એનુ યુગપ એવું બીજું નામ પણ હતું. (**ભા૨૦ આ૦ ૬૬–૪૩**).

સત્યવાક્ (૩). ચક્ષુર્મનુથી નડ્વલાને થએલા અગીઆર પુત્રોમાંનો એક. એનુ બીજું નામ સત્યવાન્ હતું.

સત્યવાન્. ત્રણની સંજ્ઞાવાળો સત્યવાક્ તે જ.

સત્યવાન્ (૨). દુર્યોધનનો સેનાપતિ. એ મહારથિ હતો. (**ભા૨૦ ઉદ્યો૦ ૧૬૭–૩૦**).

સત્યવાન્ (૩) શાલ્વદેશાધિપતિ દ્યુમત્સેનનો પુત્ર. એને નાનપણમાંથી જ અશ્વોપર બહુ પ્રીતિ હતી. એ માટીના અશ્વો બનાવીને તેની સાથે રમતો. ભિંતો પર અશ્વોનાં જ ચિત્રો કાઢે. આ ઉપરથી લોકો એને ચિત્રાશ્વ કહેતા. (**ભા૨૦ વ૦ ૨૬૪**) અશ્વપતિ રાજાની કન્યા સાવિત્રીને પરણ્યો હતો. પોતે અલ્પાયુ હતો; પણ સાવિત્રીના યોગે તે દીર્ઘાયુ થયો હતો. (સાવિત્રી શબ્દ જુઓ). એ લાકડાં લેવા ગયો હતો ત્યાં મરણ પામ્યો હતો. સાવિત્રીની પ્રાર્થના ઉપરથી એને લેવા આવેલા યમે એને જીવાડ્યો હતો. (**ભા૨૦ વ૦ ૨૬૮**).

સત્યવ્રત. ત્રિગર્ત અને દુર્યોધનના પક્ષનો એક ક્ષત્રિય. (**ભા૨૦ ભી૦ ૭૨–૧૭**).

સત્યવ્રત (૨). પૂર્વ કલ્પમાંનો રાજા. (મત્સ્યાવતાર શબ્દ જુઓ) નિત્યકલ્પ થાય ત્યારે કેવી સ્થિતિ હશે એ જોવાની એને ઘણી ઇચ્છા થઈ હતી. સત્યવ્રત રાજા એક વખત સંધ્યાવંદન કરતો હતો તે વખતે એના હાથમાં પાણીની અંજલી લીધી તેમાં એક નાનું માછલું આવ્યું. એનું રક્ષણ કરવા સારુ રાજાએ એને પાણીના પવાલામાં મુકયું. પણ એટલામાં તો એટલું મોટું થઇ ગયું કે તેમાં માય નહિ. પછી રાજાએ મોટા વાસણમાં, નદીમાં એમ મુકતાં મુકતાં છેવટે સમુદ્રમાં મુક્યું. બધો સમુદ્ર એનાથી ભરાઇ જાય એવું લાગ્યું. રાજાએ એને કોઇ દેવ સમજીને પ્રાર્થના કરી. મત્સ્યે પ્રસન્ન થઇને કહ્યું કે થોડા સમય પછી પ્રલય થઇ ત્રણે લોકનો નાશ થઇ જવાનો છે. પછી મત્સ્યે એને એક વહાણ બનાવવાનું કહ્યું અને લેવાય તેટલાં પ્રાણીઓને લઇને એમાં બેસવાનું સૂચવ્યું હતું. તે પ્રમાણે એણે બધી તૈયારી કરી હતી. નિત્ય પ્રલયમાં ભૂર્લોક, ભૂવર્લોક અને સ્વર્લોક એમ ત્રણ લોક બૂડી ગયા. ચાર લોક માત્ર રહ્યા હતા. રાજા સાથે લીધેલાં પ્રાણિયો સહિત વહાણમાં હતો, અને રાજાનું વહાણ પ્રલયોદધિમાં ફરતું હતું. તેટલામાં પેલો મત્સ્ય વચન આપ્યા પ્રમાણે એની પાસે આવ્યો. પછી સાપની રજ્જુથી પોતાના વહાણને મત્સ્યના શૃંગ સાથે બાંધ્યું. અને મત્સ્ય એને દોરીને પ્રલયજળમાં ફેરવવા લાગ્યો.

એ મત્સ્ય અને રાજા વચ્ચે અનેક ઇતિહાસ સંબંધી વાતો થઇ. આ હકીકતનો ગ્રંથ તે મત્સ્યપુરાણ. હયગ્રીવ નામનો અસુર વેદોનું હરણ કરી ગયો હતો તેનો મત્સ્યરૂપી ભગવાને વધ કરીને વેદ પાછા આણ્યા બાદ, પ્રલયજળ ઉતરી ગયા પછી પુનઃ ઉઠેલા બ્રહ્માને સ્વાધીન કર્યા. મત્સ્યે પછી રાજાને આશીર્વાદપૂર્વક કહ્યું કે તું ચાલુ કલ્પમાં સાતમો મનુ થઇશ. આમ વર પ્રદાન કરીને મત્સ્ય અંતર્ધાન થયો.

પ્રલયની વાતો ઇતર ધર્મગ્રંથોમાં પણ જુદે જુદે રૂપે આપેલી છે.

ઇસાહી અને યાહુદીઓના ધર્મ પુસ્તકમાં પણ પ્રલયની વાર્ત્તા છે.

"પ્રભુએ જોયું કે પૃથ્વી પર માણસો પાપ કર્મવાળાં હતાં. તેઓ મનસા પણ પાપ કર્મ જ વિચારતાં, આથી પ્રભુને પસ્તાવો થયો કે મેં પૃથ્વી પર આ માણસો શું કરવા પેદા કર્યા? પછી પ્રભુએ કહ્યું કે હું આ માણસોનો નાશ કરી નાંખીશ. માત્ર માણસો જ નહિ પણ પશુઓ, પેટે ચાલનાર પ્રાણીઓ અને ઉડનાર પક્ષીઓ સઘળાંનો નાશ કરીશ, કેમકે મને પસ્તાવો થાય છે કે મેં આ બધું શું કરવા બનાવ્યું. પણ માત્ર નોહા ઉપર પ્રભુની કૃપા હતી. નોહા ઇશ્વરથી ડરીને ચાલનારો હતો. માટે નોહા અને તેની પ્રજા ઉપર ઇશ્વરની કૃપા હતી.

આમ હોવાથી પ્રભુએ નોહાને કહ્યું કે તું ગોફર જાતના લાકડાનું એક વહાણ તૈયાર કર. તેમાં ઓરડા કરજે અને તેને બહારથી અને માંહીથી ડામર ચોપડજે. એ વહાણ ત્રણસે હાંથ લાંબુ, પચાસ હાથ પહોળું અને ત્રીસ હાથ ઉંડુ કરજે. એને ત્રણ માળ કરજે અને હાથ હાથની બારીઓ મુકજે. એની બાજુમાં બારણું રાખજે.

હું પ્રલય આણીને આકાશ નીચેનાં બધાં સ્ત્રી, પુરૂષો અને જીવવાન પ્રાણીઓનો નાશ કરીશ. પણ તારી જોડે હું કરાર કરૂં છું કે તારે તારા છોકરા, વહુ, અને પુત્ર વધુઓને જોડે લઇને વહાણમાં બેસવું. તને અને એ સ્ત્રી પુરૂષોને હું જીવતાં રાખીશ. તારે પશુ, પક્ષીઓ વગેરેનું એક એક જોડું તારી સાથે લેવું અને એમને પણ હું જીવતાં રાખીશ. તારે ખોરાક પણ ભરી લેવો અને આવો.

સાત દિવસ પછી હું લાગલાગટ ચાળીસ દિવસ અને રાત્ર સુધી વર્ષાદ વર્ષાવીશ. પ્રભુની આજ્ઞા પ્રમાણે જનાવરોનાં નર માદાનાં જોડકાં વહાણે ચઢયાં. નોહા અને તેનું કુટુંબ પણ વહાણમાં ગયું. પછી સાત દિવસ પછી રેલ આવી. ચાળીસ દિવસ અને રાત્ર સુધી વર્ષાદ વરસ્યો. ઉંચા ઉંચા ડુંગરો ડુબી ગયા. જમીન પર બધે પાણી ફરી વળ્યું. પંદર હાથ ઉંડું પાણી બધે ફેલાઇ ગયું. સઘળાં જીવંત પ્રાણીઓ મરી ગયાં. માત્ર નોહા અને એની જોડે જે જે હતાં તે જ જીવતાં રહ્યાં. પછી વહાણ સાત મહિના અને સાતમે દિવસે આરારાટ પર્વત પર થંભ્યું. એકસો અને પચાસમે દહાડે પાણી ઓસરવા માંડયાં. રેલ ઉતરીને જમીન સુકી થતાં પ્રભુએ નોહાને આજ્ઞા કરી કે તું હવે જમીન ઉપર જઇને રહે અને વંશ વિસ્તાર." (**પુરાતન સુવાર્ત્તા, જેનેસિસ. ૯.**)

સત્યવ્રત (૩). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન રાજાનો પૌત્ર અને નિબંધન રાજાના બે પુત્રોમાંનો મોટો પુત્ર. એનું બીજું નામ ત્રિશંકુ હતું.

સત્યવ્રત (૪). ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. એનું નામ સત્યસંધ એવું હતું.

સત્યવ્રત (૫). એ નામનો બ્રાહ્મણ. એનું નામ ઉતથ્ય હતું. નિરક્ષર હોવાથી બહુ નિંદાતો. પણ એણે સત્ય જ બોલવું એવું વ્રત લીધું હતું. એને સત્યતપા પણ કહેતા હતા. (સત્યતપા શબ્દ જુઓ).

સત્યશ્રવા. સૂર્યવંશી નરિષ્યંત કુળના વીતિહોત્ર રાજાનો પુત્ર. એનો પુત્ર તે ઉરુશ્રવા રાજા.

સત્યશ્રવા (૨). સોમવંશી ઉપરિચર વસુના પુત્ર પ્રત્યગ્રનું બીજું નામ.

સત્યશ્રવા (૩). એ નામનો એક બ્રહ્મર્ષિ.

સત્યશ્રવા (૪). અભિમન્યુએ મારેલો દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા (**ભા૨૦ દ્રો૦ સં૦ ૪૫**)

સત્યસંધ. ચોગડાની સંજ્ઞાવાળા સત્યવ્રતનું બીજું નામ (**ભા૨૦ આ૦ ૬૮**)

સત્યસહા. રુદ્રસાવાર્ણિ મન્વંતરમાં થનારા વિષ્ણુના અવતારનો પિતા.

સત્યસેન. ઉત્તમ મન્વંતરમાં થઇ ગયેલો વિષ્ણુનો અવતાર.

સત્યસેન (૨). અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો એ નામનો ક્ષત્રિય. (**ભા૨૦ કર્ણ૦ અ૦ ૨૭**)

સત્યસેન (૩). નકુળે મારેલા કર્ણના પુત્રોમાંનો એક (**ભા૨૦ શ૦ અ૦ ૭૦**)

સત્યસેના. ગાંધારીની બ્હેન અને ધૃતરાષ્ટ્રની ભાર્યા. (**ભા૨૦ આ૦ ૧૧૯–૨૩**)

સત્યહિત. સોમવંશી પૂરુકુળના ઉપરિચર વસુના પૌત્ર અને બૃહદ્રથ રાજાના પુત્ર કુશાગ્રહના ઋષભ નામના પુત્રનો પુત્ર. એને પુષ્પવાન નામે પુત્ર હતો.

સત્યા. ઋષભદેવ વંશના વીરવ્રત રાજાના બે પુત્રોમાંના મોટા પુત્ર મંથુ રાજાની સ્ત્રી અને ભોવન રાજાની માતા.

સત્યા (૨). શંયુ નામના અગ્નિની સ્ત્રી.

સત્યા (૩). સોમવંશી પૂરુકુળના ઉપરિચર રાજાના મોટા પુત્ર બૃહદ્રથની બે સ્ત્રીઓમાંની એક. એને બે ફાડીઆં રૂપે જરાસંધ નામે પુત્ર થયો હતો.

સત્યા (૪). નગ્નજિત રાજાની પુત્રી નાગ્નજિતીનું બીજું નામ. એને કૃષ્ણ પરણ્યા હતા. (૪ કૃષ્ણ શબ્દ જુઓ).

સત્યા (૫). કૃષ્ણની પટરાણી સત્યભામાને પણ કવચિત સત્યા કહી છે.

સત્યા (૬). અયોધ્યા નગરીના મધ્યભાગનું નામ.

સત્યાયુ. સોમવંશી પૂરુરવાના છમાંથી ત્રિજો પુત્ર. એના પુત્રનું નામ શ્રુતંજય.

સત્યાષાઢ. એક બ્રહ્મર્ષિ.

સત્યેયુ. સોમવંશના પૂરુકુળના રૌદ્રાશ્વ રાજાના દસ પુત્રો પૈકી આઠમો પુત્ર. એની માતુ નામ મિશ્રકેશી. (**ભા૨૦ આ૦ ૮૮–૧૦**).

સત્યેયુ (૨). દુર્યોધન પક્ષના પાંચ સંશપ્તક ત્રિગર્ત રાજપુત્રોમાંનો એક. એને અર્જુને માર્યો હતો. (**ભા૨૦ શ૦ ૨૬–૩૬**).

સત્રાજિત. સોમવંશી યદુકુળોત્પન્ન સાત્વતવંશના અનમિત્ર રાજાના નિઘ્ન નામના પુત્રના બેમાંનો મોટો પુત્ર. એણે પોતાની કન્યા સત્યભામા કૃષ્ણને પરણાવી હતી. એને આગળ જતાં શતધન્વાએ માર્યો હતો. (સ્યમંતકમણિ શબ્દ જુઓ).

શ્રીકૃષ્ણ યાદવ વંશના અને સત્રાજિત પણ યાદવ વંશનો એઓમાં વિવાહ સંબંધ ક્રમ થાય એવી શંકા સહજ થાય. પરન્તુ ક્ષત્રિયોમાં કુળનો પુરોહિત જુદો થયો એટલે તેમનાં ગોત્ર પણ જુદાં થયાં ગણાય છે. આવા પુરોહિતના ગોત્રના ધોરણથી પોતાનાં ગોત્ર જુદાં ગણી તેઓમાં પરસ્પર વિવાહ થાય છે.

સભાયણ. ઇન્દ્ર સાવર્ણિ મન્વંતરમાના વિષ્ણુના અવતારના પિતા.

સત્વ. રૈવત મનુના દસ પુત્રોમાં થઇ ગએલો એક પુત્ર.

સત્વ (૨). સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક (**ભા૨૦ આ૦ ૧૩૧–૪૦**).

સત્યવતી. ભારતવર્ષીય નદી વિશેષ.

સદ. આંગિરસ દેવોમાંનો એક.

સદ (૨). સોમવંશના ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. (**ભા૨૦ આ૦ ૧૩૧–૪**).

સદંશ. જે નરકમાં સોનું વગેરે કિંમતી ધાતુ ચોરનારના શરીરમાંથી તપાવીને લાલચોળ કરેલી સાણસીઓ વડે માંસ તોડી લેવામાં આવે છે તે નરક.

સદશ્વ. એક બ્રહ્મર્ષિ.

સદશ્વ (૨). યમની સભાનો એક ક્ષત્રિય. (**ભા૨૦ સ૦ ૮–૧૧**).

સદસ્યવાન. એક બ્રહ્મર્ષિ. (૩. **આંગિરા** શબ્દ જુઓ).

સદસ્યોર્મિ. યમની સભાનો એક ક્ષત્રિય. (**ભા૨૦ સ૦ ૮–૧૨**).

સદાકાન્તા. ભારતવર્ષીય નદી વિશેષ.

સદાનીરા. ભારતવર્ષીય નદી વિશેષ. અયોધ્યા પ્રાંતના રંકપુર અને દિનાજપુર જીલ્લાઓમાં વહેતી કરતોયા નદી તે જ.

સદાનીશમધ્ય. નદી વિશેશ. (**ભા૨૦ ભી૦ ૯–૩૩**).

સદ્યકલ્પ. બ્રહ્મદેવના ચાલુ માસમાં થઇ ગએલો નવમો દિવસ તે. (કલ્પ શબ્દ જુઓ).

સદ્યોજાત. શિવનું એક નામ અથવા અવતાર.

સંધિ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળોત્પન્ન ધ્રુવસંધિ વંશના પ્રસુશ્રુત રાજાનો પુત્ર. એનો પુત્ર તે અમર્ષણ રાજા.

સંધ્યા. ભારતવર્ષીય નદી વિશેષ (**ભા૨૦ સ૦ ૯–૨૭**).

સંધ્યા (૨). એક સ્ત્રી. વિદ્યુન્કેશ રાક્ષસની સાસુ, સાલંકટંકટાની માતા.

સંધ્યા (૩). પુલસ્ત્ય ઋષિની ભાર્યા. (**ભા૨૦ ઉ૦ ૧૧૭–૧૧**).

સંધ્યા (૪). સંધ્યાવંદન તે જ.

સનક. બધા મહર્ષિઓની પૂર્વે બ્રહ્મદેવે ઉત્પન્ન કરેલા ચાર માનસપુત્રોમાંનો એક. એ અને એના ત્રણે ભાઇઓ મોટા બ્રહ્મનિષ્ટ હતા.

સનત્કુમાર. સનકનો ભાઈ, બ્રહ્મદેવે બધા મહર્ષિઓની પહેલાં ઉત્પન્ન કરેલા ચાર માનસપુત્રોમાંનો એક. (**ભા૨૦ સ૦ ૧૧–૧૩**).

સનત્સુજાત. સનક અને સનત્કુમારનો ભાઇ. એક બ્રહ્મમાનસ પુત્ર. બધા મહર્ષિઓની પૂર્વે ઉત્પન્ન કરેલો. એણે ધૃતરાષ્ટ્રને ધર્મોપદેશ કર્યો હતો. (**ભા૨૦ ઉ૦ ૪૧**).

સનત્વન. સનક, સનત્કુમાર અને સનત્સુજાતનો ભાઇ, ચોથો બ્રહ્મમાનસ પુત્ર.

સનદ્વાજ. વિદેહ વંશના શુચિ નામના જનકનો પુત્ર. એના પુત્રનું નામ ઉર્ધ્વકેતુ જનક હતું.

સનાતન. સનત્સુજાતનું બીજું નામાન્તર.

સનાતન (૨). યુધિષ્ઠિરની સભાનો એક ઋષિ. (**ભા૨૦ સ૦ ૪–૨૨**).

સનિવેશ. ત્વષ્ટા પ્રજાપતિના બે પુત્રોમાંનો મોટો પુત્ર. વિશ્વરૂપનો ભાઇ.

સનીપદેશ. ભારતવર્ષીય દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ સ૦ ૬**).

સન્નતિમાન. સોમવંશી પૂરુકુળોત્પન્ન હસ્તિરાજાના પુત્ર દેવમીઢ અથવા દ્વિમીઢના વંશના સુમતિરાજાનો પુત્ર. કૃતિ નામનો રાજા એનો પુત્ર થતો હતો.

સન્નતી. નીપ રાજાના પુત્ર બ્રહ્મદત્ત રાજાની સ્ત્રી. ગૌ અને સરસ્વતી એવાં એને બીજાં બે નામ હતાં (પિતૃવર્તિ શબ્દ જુઓ).

સન્નતેયુ. સોમવંશી પૂરુના પુત્ર રૌદ્રાશ્વને મિશ્રકેશીને પેટે જન્મેલો પુત્ર. (**ભા૨૦ આ૦ ૮૮–૧૦**).

સન્નાદન. રામની સેનામાંનો એક પ્રખ્યાત વાનર (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૨૭**).

સન્નિહુતિ. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

સંન્યાસ. સામવેદોપનિષત્.

સંન્યાસ (૨). ચોથો આશ્રમ, બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ એ ત્રણ, અને ચોથો સંન્યાસ એ પ્રસિદ્ધ છે.

સંપાતિ. વિનતાની કુખે થએલો કશ્યપપુત્ર અરુણનો મોટો પક્ષીપુત્ર. જટાયુ એનો નાનો ભાઇ થાય. એ મહાપરાક્રમી હતો. એક સમય એની અને એના ભાઇ જટાયુની વચ્ચે શરત થઇ કે આપણા બેમાં છેક સૂર્યમંડળમાં પહેલો કોણ જઈ પહોંચે. બે ભાઇઓ સૂર્યમંડળમાં જવા ઉડ્યા. જતાં જતાં સૂર્યનાં કિરણો વડે બન્ને ભાઇઓને પીડા થવા માંડી. સંપાતિ ઉંચે ઉડતો હતો તે પોતાના નાના ભાઇને શ્રમ ન પડે માટે પોતાની પાંખો જટાયુ ઉપર પ્રસારીને એને તાપ ન લાગે એવી રીતે એણે ઉડવા માંડ્યું. આ પ્રમાણે ઉડ્યા જતા હતા તેવામાં તેઓ સૂર્યમંડળની બહુ જ પાસે પહોંચ્યા. અને હવે સુર્યમંડળમાં જઇ પહોંચશે એ સંધિમાં સંપાતિની પાંખો એકાએક બળી ગઈ; અને એ બિચારો ભૂમિ ઉપર મહેન્દ્ર પર્વતપર પડ્યો. જટાયુની પાંખ દાઝી નહોતી ગઇ સબબ પાછા ઉડીને ભૂમિપર આવ્યો. આ પ્રમાણે બન્ને ભાઇઓનો વિયોગ થયો. અહીં સંપાતિ ઘણા કાળ પછી મૂર્ચ્છામાંથી સાવધ થતાં જુએ છે તો પોતાનો ભાઇ પાસે નથી અને પોતે દક્ષિણ સમુદ્રમાં પડ્યો છે.

પાંખો ગઇ એટલે ઉડાય નહિ, સબબ એક દિવસ પોતાની ભુખ તરસ છિપાવવાને ખોડંગતો ખોડંગતો કુદી કુદીને જતો હતો. તે વખત એ જ પર્વતપર વાસ કરનારા ચંદ્રમા નામના મુનિ એને મળ્યા. કોણ છે એમ પૂછતાં એણે મુનિને પોતે કોણ છે તે કહ્યું. સાંભળીને મુનિએ કહ્યું કે અરે સંપાતિ તું તો બહુ બળવાન છતાં તારી આ દશા કેમ ? સંપાતિએ બધી અથઇતિ કહી અને અતઃપર હું શી રીતે મારી ક્ષુધાનું નિવારણ કરું એમ પૂછ્યું.

આ ઉપરથી મુનિયે એને બોધ કર્યો કે ક્ષુધા અને તૃષા એ પ્રાણના ધર્મ હોઇ, આત્મા એ પ્રાણનો દૃષ્ટા–સાક્ષી છે. દૃશ્યના ધર્મ દૃષ્ટાને કદી બાધક થતા નથી. એવી રીતે આરંભ કરીને મુનિયે એને અધ્યાત્મ વિદ્યાનો બોધ કર્યો. આથી સંપાતિના મનનું સમાધાન થયું. સમાધાનની સાથે એની ક્ષુધા પણ નિવૃત્ત થતી ગઇ.

આ પ્રમાણે સંપતિ અને મુનિ ઘણા કાળ પર્યન્ત જોડે રહ્યા. એક સમય ચંદ્રમા મુનિની ઇચ્છા આ લોક તજીને પરલોકમાં જવાની થઇ. મુનિયે સંપાતિને કહ્યું કે થોડા જ કાળ પછી ઇક્ષ્વાકુના વંશમાં રામ ઉત્પન્ન થશે. એ રામ પિતાની આજ્ઞા પાલન કરવા સારુ પોતાના ભાઇ અને સ્ત્રી સહિત દંડકારણ્યમાં આવશે. અહીંથી રાવણ એની સ્ત્રીનું હરણ કરી લંકા લઇ જશે. રામને સુગ્રીવાદિ સાથે મૈત્રી થશે. સુગ્રીવ રામની સ્ત્રીની શોધ સારુ દક્ષિણમાં વાનર મોકલશે. એ લોકોને ભાળ નહિ મળવાના સબબે એઓ સમુદ્ર કિનારે પ્રાયોપ્રવેશ (મરવાને માટે અન્ન પાણી તજી દેઈને) કરીને બેસશે. તે કાળે તારો અને એ વાનરોનો ભેટો થઇ તું એમને સીતાની ભાળ બરોબર આપીશ. એમ કરતાં જ તારી પાંખો વગેરે પૂર્વવત્ બની જશે અને તું સુખી થઇશ, એ મારું વર પ્રદાન છે. એમ કહીને મુની આ લોક તજી દિવ્ય લોકમાં ગયા અને ત્યાં જ રહ્યા,

આગળ જતાં ચંદ્રમા મુનિના કહેવા પ્રમાણે જ અંગદની આગેવાની નીચે વાનરો શોધ કરવા આવેલા તે કૃણીભૂત ન થવાથી મરવા સારુ ધાનપાણીની આખડી લઇને બેઠા હતા. એમનો અને સંપાતિનો મેળાપ થયો. વાનરોને મોઢે પોતાના નાના ભાઇ જટાયુના મૃત્યુનું વૃત્તાંત જાણી સંપાતિને બહુ ખેદ થયો. વાનરોને સંપાતિએ સીતાની ભાળ આપી અને તમે લોકો સમુદ્ર ઉલ્લંઘનની પેરવી કરો, એવી સૂચના આપી. પછી પાંખો વગેરે

ફુટીને પુનઃ પૂર્વવત બનેલો સંપાતિ ત્યાંથી ચાલી નિકળ્યો. સંપાતિની ઉમ્મર કેટલી હશે તેનો ઉલ્લેખ ક્યાંઇ જણાતો નથી. માત્ર એટલું માલમ પડે છે કે એ જટાયુથી મોટો હતો. એને સુપાર્શ્વ, બભ્રુ, શીઘ્રગ ઇ૦ અનેક પુત્રો હતા, (અધ્યાત્મ રા૦ કિષ્કિં૦ સ૦ ૮); (ભા૨૦ આ૦ ૬૭–૭૫; વ૦ ૨૮૦–૧, વ૦ ૨૮૩–૩૯).

સંપાતિ (૨). કિષ્કિંધામાં રહેનાર એક વાનર. (વા૦ રા૦ કિષ્કિં૦ અ૦ ૩૩).

સંપાતિ (૩). વિભિષણના ચાર અમાત્યોમાંનો એક, (વા૦ રા૦ સુ૦ અ૦ ૩૭).

સંપાતિ (૪). લંકામાં રહેનાર એ નામનો રાવણ પક્ષનો રાક્ષસ. (વા૦ રા૦ સુ૦ અ૦ ૬).

સંપાતિ (૫). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

સપ્તઋષિ પ્રત્યેક મન્વંતરમાં ધર્મોપદેષ્ટા તરીકે સાત ઋષિયો થાય છે. તેઓ પૂર્વે થઇ ગયેલા મન્વંતરોમાં ઉત્પન્ન થએલા, ચાલુ મન્વંતરમાં છે તેઓ અને હવે પછી થનારા મન્વંતરોમાં થશે તે. એ કોણ કોણ છે એ જોવાને કોષમાં દરેક મન્વંતરનાં નામ જોવાં.

સપ્તઋષિ (૨). ભૂગોલના ઉત્તર ધ્રુવ તરફ આવેલું સાત તારાઓનું ઝૂમખું. એની પૂંછડીના બીજા તારા પાસે જ એક ઝીણો તારો છે જેને અરુન્ધતી કહે છે. પુંછડીના છેલ્લા તારાની પાસે જ ધ્રુવનો તારો આવેલો છે. એ ઝૂમખું ઉત્તર ધ્રુવની પ્રદક્ષણા કરતું જણાય છે.

સપ્તર્ષિકુંડ. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧–૭૨).

સપ્તગંગ. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૩૨–૨૯).

સપ્તગોદાવર. રાજમહેન્દ્રીની પાસે આવેલું ક્ષેત્ર વિશેષ. (ભા૨૦ વ૦ ૮૩–૪૪).

સપ્તગોદાવરી. સાત મુખે–સાત જુદા જુદા પ્રવાહ વડે કરીને સમુદ્રને મળતી હોવાથી ગોદાવરી નદીનું પડેલું નામ.

સપ્તચરુ. ભારતવર્ષીય તીર્થ વિશેષ. એ તીર્થમાં દેવ, ઋષિ અને મુનિયો વગેરેએ ચરુ અર્પણ કર્યો હતો, માટે ત્યાં સાંજરે સ્નાન કરી ચરુનો હોમ કરવાની પૃથા છે. (ભા૨૦ વ૦ ૮૦–૯૦).

સપ્તજનાશ્રમ. પમ્પા સરોવર અને કિષ્કિંધા નગરી એ બેની વચ્ચે પૂર્વે કોઇ સાત ઋષિઓ તપ કરતા હતા. તે ઉપરથી એ સ્થાનનું પડેલું નામ. (વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૧૩).

સપ્તજિત્. દનુના પુત્રો દાનવોમાંનો એક.

સપ્તજિહ્વ. સાત જિહ્વા હોવાથી પડેલું અગ્નિનું નામ.

સપ્તપાતાલ. અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ, અને પાતાલ એ નામનાં ભૂમિની નીચેના ભાગમાં જે સાત બિલ-સ્વર્ગ આવેલાં છે તે.

સપ્તપાલ. યુધિષ્ઠિરની સભામાંનો એક ઋષિ. (ભા૨૦ સ૦ ૪–૨૦).

સપ્તપુરી. અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, અવંતિ અને દ્વારકા અથવા દ્વારાવતી.

સપ્તમહાદ્વીપ. જંબુદ્વીપ, પ્લક્ષદ્વીપ, શાલ્મલિદ્વીપ, કુશદ્વીપ, ક્રૌંચદ્વીપ, શાકદ્વીપ અને પુષ્કરદ્વીપ એ નામના પૃથ્વીપર જે મહાદ્વીપો છે તે. આમનાં નામ જુદા જુદા ગ્રંથોમાં એક જ ક્રમવાર નથી મળતાં; પણ બહુધા અહીં આપેલા ક્રમમાં મળે છે. દરેક મહાદ્વીપની આજુબાજુ અકેકેક સમુદ્ર આવેલો છે.

સપ્તમહાદ્વીપાધિપતિ. પ્રિયવ્રત રાજાના દસ પુત્રોમાંથી ત્રણ વિરક્ત થઇને અરણ્યમાં ચાલ્યા જવાથી રહેલા, અગ્નીધ્ર, ઇધ્મજિહ્વ, યજ્ઞબાહુ, હિરણ્યરેતા, ધૃતપૃષ્ટ. મેધાતિથિ અને વીતિહોત્ર નામના પુત્રો. પહેલો પહેલાનો, બીજો બીજાનો એમ ક્રમશઃ સાતે મહાદ્વીપના અધિપતિયો હતા.

સપ્તમહાસાગર. ક્ષાર સમુદ્ર, (ખારો) ઇક્ષુરસોદ (શેરડીના રસના જેવા મીઠા પાણીનો), સુરા સમુદ્ર (મદ્ય પ્રમાણે જ જેના પાણીની

રુચિ અને ગુણ એવો), ઘૃતોદ (ઘીના જેવી જ રુચિ અને ગુણ જેવા પાણીનો), ક્ષીરોદ (દુધના જેવી જ રુચિ અને ગુણવાળું જેનું પાણી છે તે એવો), દધિમંડોદ અથવા દધિ સમુદ્ર (દહીંના જેવા રુચિ અને ગુણવાળા પાણીનો) અને શુદ્ધોદ (મીઠા પાણીનો) એવા જે સાત મોટા સમુદ્રો છે તે. દરેક મહાદ્વીપની આજુબાજુ મહાસમુદ્ર આવેલો છે. જેમ મહાદ્વીપની પહોળાઇ એક એકથી બમણી છે તેમજ આ મહાસાગરોની પહોળાઇ પણ એક એકથી બમણી છે.

સપ્તમાતૃકા. બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારિ, વૈષ્ણવી, વારાહી, ઇંદ્રાણી અને ચામુંડા.

સપ્તરાત્ર. ગરુડપુત્ર. (**ભા૨૦ ઉ૦ ૧૦૧–૧૧**).

સપ્તશૃંગ. સહ્યાદ્રિ પર્વતપર આવેલું દેવીનું સ્થાન વિશેષ.

સપ્તસપ્તિ. જેના રથને સાત ઘોડા જોડેલા છે એવા સૂર્યનું નામ.

સપ્તસાગર તીર્થ. મતંગ ઋષિના આશ્રમ પાસેનું તીર્થ વિશેષ.

સપ્તસારસ્વત. તીર્થ વિશેષ. એનાં અધિષ્ઠાનાં નામ, સુપ્રભા, કાંચનાક્ષી, વિશાલા, મનોરમા, ઓઘવતી, ઝરેણુ અને વિમલોદકા છે. સરસ્વતી નદીના આ સાતે પ્રવાહ જે સ્થળે આવેલા છે તે તીર્થ વિશેષ. પૂર્વે અહીં મંકણક નામના ઋષિનો આશ્રમ હતો. (**ભા૨૦ શ૦ અ૦ ૪૭**).

સપ્તસ્રોત તીર્થ. સપ્તર્ષિના સંતોષ માટે અલકનંદા નદી જ્યાં સાત પ્રવાહે વહી છે તે સ્થળ. (સ્વર્ધુની શબ્દ જુઓ).

સપ્તસર્ગ. ભૂલોક (મૃત્યુ લોક) ભુવલોક (અંતરિક્ષ લોક), સ્વર્ગલોક (ઇન્દ્ર લોક), મહર્લોક (ભૃગ્વાદિક મહર્ષિઓનો લોક), જન લોક (સનકાદિકનો લોક), તપોલોક (મહા તપસ્વી અને સિદ્ધોનો લોક), અને સત્યલોક (બ્રહ્મદેવનો લોક). આ બધા લોક પૃથ્વીથી ઉંચેના સમજવા.

સપ્તાર્ચિ. સૂર્ય.

સપ્તાર્ચિ (૨). રૈવત મન્વંતરમાં થઇ ગએલા સપ્તર્ષિઓમાંનો એક.

સંભલ. એક ગ્રામ વિશેષ, જ્યાં રહેનારા વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ત્યાં વિષ્ણુ ભગવાનનો કલ્કિ અવતાર થનાર છે તે.

સભાનર. સોમવંશી અનુરાજાનો પુત્ર. એના પુત્રનું નામ કાલાનલ અથવા કાળનર હતું.

સભાપતિ. ભૂતકર્મા એવા બીજા નામનો ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા, એને નકુળના પુત્ર શતાનીકે માર્યો હતો. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૨૫**).

સંભૂતિ. ચાક્ષુષ મન્વંતરમાંના અજિત્ નામે વિષ્ણુના અવતારની માતા.

સંભૂતિ (૨). ઇક્ષ્વાકુ કુળોત્પન્ન પુરુકુત્સ રાજાના બે પુત્રોમાંના બીજા પુત્ર, વસુ રાજાનો પુત્ર. એને ત્રિધન્વા નામે પુત્ર હતો.

સંભૂતિ (૩). સોમવંશી અનુ કુળના જયદ્રથ રાજાની સ્ત્રી અને વિજયરાજાની માતા.

સંભેદ. સિંધુસાગર સંગમ પાસેનું તીર્થ વિશેષ.

સભ્ય. પવમાન નામના અગ્નિના સંશતીની કૂખે થએલા બે પુત્રોમાંનો પહેલો.

સમ. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક. (**ભા૨૦ આ૦ ૬૮–૭૬; ભી૦ ૬૪–૨૮ અને ક૦ ૪૬–૭**).

સમ (૨). હંસધ્વજ રાજાનો પુત્ર.

સમઋ. એક ઋષિ. વાંકાં અંગો સીધાં થયા પછી પડેલું અષ્ટાવક્ર ઋષિનું નામ. (**ભા૨૦ શાં૦ અ૦ ૨૮૬**).

સમઙ્ગ (૨). ભારતવર્ષીય દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯–૬૦**).

સમઙ્ગ (૩). દુર્યોધનનો રસોઇયો. (**ભા૨૦ ૫૦**)

સમઙ્ગા. એક નદી વિશેષ. એમાં સ્નાન કર્યાથી અષ્ટાવક્ર ઋષિનાં અંગ સીધાં થઇ ગયાં હતાં તે. (**ભા૨૦ ૫૦ ૧૩૬–૩૯**).

શમંતર. ભારતવર્ષીય દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ સ૦ ૯**).

સમન્તપંચક. પરશુરામે નિર્મિત કરેલો દેશ વિશેષ. (**ભા૨૦ આ૦ ૧–૧૮; ૨–૧; શા૦ ૩૮–૪૪**).

પરશુરામે ત્યાં પાંચ હ્રદ નિર્માણ કર્યા હતા. ત્યાં વૃદ્ધક્ષત્રે તપ કર્યું હતું. (**ભા૨૦ ૫૦ ૧૧૮–૬ અને દ્રો૦ ૧૪૮–૧૦**).

સમંથદેશ. ભારતવર્ષિય દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯**).

સમરથ. વિદેહવંશી ક્ષેમધી જનકનો પુત્ર; સત્યરથ જનકનો પિતા.

સમર્દન. સોમવંશી યદુકુળના વસુદેવના આઠ પુત્રોમાંનો પાંચમો.

સમસૌરભ. જનમેજયના સર્પસત્રનો એક સદસ્ય-ઋષિ.

સમાધિ. એક વૈશ્ય. (જુ. **સુરથ શબ્દ જુઓ**).

સમાન. શરીરની અંદરના પંચ પ્રાણોમાંનો નાભિ સ્થાનનો પ્રાણ.

સમાનકલ્પ. બ્રહ્મદેવના ચાલુ માસમાં થઇ ગએલો સત્તરમો દિવસ. (જુ. **કલ્પ શબ્દ જુઓ**).

સમિતિંજય. ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

સમીક. એક રાજર્ષિ.

સમીક (૨). દ્રૌપદીના સ્વયંવરમાં આવેલો એક ક્ષત્રિય. (**ભા૨૦ આ૦ ૨૦૧–૧૯; ૨૦ ૭–૧૬**).

સમીચી. એક અપ્સરા, શાપને લઇને મગરી થઇ હતી તે. અર્જુને એનો શાપ વિમોચન કરી છોડાવી હતી. (**ભા૨૦ આ૦ ૨૩૬–૨૦, સ૦ ૧૦–૧૩**).

સમુદ્ર. સાગર દેવતાનું નામ. એની સ્ત્રી તે જાન્હવી. (**ભા૨૦ ઉ૦ ૧૧૭–૧૦; આ૦ ૧૯–૬; ૫૦ ૧૦૬–૧૮**).

સમુદ્રપાન. અગત્સ્ય ઋષિયે સમુદ્રનું પાન કર્યું હતું. જુઓ, **ભા૨૦ ૫૦ ૧૦૪–૩.** તેમ જ ઉતથ્યે પણ (**ભા૨૦ અનુ૦ અ૦ ૧૫૪**). આ ઉતથ્ય આંગિરસ ગૌત્રી અને બહુ સ્વરુપ વાન હતો. ચંદ્રે પોતાની રુપવાન કન્યા ભદ્રા એને પરણાવી હતી. ઉતથ્યનો આશ્રમ યમુનાના તટ ઉપરના વનપ્રદેશમાં હતો. વરુણ દેવ ભદ્રાને પરણવાને પ્રથમથી જ ઉત્સુક હોઇ ઉતથ્યની ગેરહાજરીમાં એના આશ્રમમાં આવી ભદ્રાને લેઇ ગયા. એને પાછી આપે જ નહિ. ઉતથ્યે નારદ સાથે કહેણ કહાવ્યું કે તું લોકપાલ થઇ લોક વિનાશનું કામ કેમ કરે છે ? મારી પરણીઆત સ્ત્રીને કેમ લઇ ગયો છે. નારદની શિખામણ વરુણે સાંભળી નહિ; અને કહ્યું કે એ મારી સ્ત્રી છે એટલે હું એને આપી શકતો નથી. આ સમાચાર નારદે ઉતથ્યને કહ્યા. ઉતથ્યે ગુસ્સે થઇને પોતાના તપોબળ વડે જગતનું સઘળું જળ શોષાવ્યું અને પીવા માંડયું; છતાં વરુણે ભદ્રા આપી નહિ. ઉતથ્યે ક્રોધાયમાન થઇ પૃથ્વીને કહ્યું કે હે ભદ્રે ! પાણીના છ લાખ ધરાવાળું વરુણનું નિવાસસ્થાન મને બતાવ. પછી એ સ્થળ ઉપરથી સમુદ્ર ખસી ગયો અને ક્ષાર જમીન પ્રકટ થઇ. ઉતથ્યે સરસ્વતી નદીને કહ્યું હે ભીરુ ! તું અહીંથી અદૃશ્ય થઇ મરુ નામના દેશ પ્રત્યે ચાલી જા. તેં તજેલો દેશ ભલે અપવિત્ર થઇ જાઓ. આ રીતે સર્વ પ્રદેશને ઉતથ્યે શુષ્ક કરી નાંખ્યો, એટલે જળનો પતિ વરુણદેવ તેમની સ્ત્રી ભદ્રાને લઇને તેમને શરણ ગયો. (**ભા૨૦ અનુ૦ અ૦ ૧૫૪**).

સમુદ્રપૂરણ. સ્વર્ગમાંથી ઉતારેલાં ગંગાને પોતાના પૂર્વજો જ્યાં બળીને છાર થયા હતા તે પ્રદેશમાં થઇને વહેવડાવવા સારુ ભગીરથ રાજા આગળ થયો અને ગંગા પાછળ પાછળ વહ્યાં. એ છેક તેમને સમુદ્ર સુધી લઇ ગયો અને ગંગાને પોતાની પુત્રી કલ્પી તેનો સમુદ્ર સાથે સંગમ કરાવ્યો–પરણાવ્યાં. બધો સમુદ્ર ગંગાના પાણીથી પૂર્ણ કરી દીધો. (**ભા૨૦ ૫૦ અ૦ ૧૦૯**).

સમુદ્રમંથન. એના વર્ણન સારુ જુઓ (**ભા૨૦ આ૦ ૧૮–૧૩; ભાગ૦ અષ્ટમ સ્કં૦ અ૦ ૮–૮; સ્કન્દપુરા૦ કેદારખંડ૦ અ૦ ૯–૧૩**).

સમુદ્રસેન. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. (**ભા૨૦ ઉદ્યો૦ અ૦ ૪**) એનો પુત્ર ચન્દ્રસેન એ પણ આ યુદ્ધમાં પાંડવોના

પક્ષમાં જ હતો. (ભા૨૦ દ્રો૦ ૨૩). ચન્દ્રસેનને અશ્વત્થામાએ માર્યો હતો.

સમ્રાટ. ઋષભદેવ વંશના ચિત્રરથ રાજાને ઊર્ણા નામની સ્ત્રીને પેટે થએલો પુત્ર. એની સ્ત્રીનું નામ ઉત્કળા હતું અને એને પેટે એને મરીચિ નામે પુત્ર હતો,

સમૃદ્ધ. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭–૧૮).

સમ્પ્રિયા. એક માગધી, સોમવંશી કુરુરાજ પુત્ર વિદૂરથની ભાર્યા. (ભા૨૦ આ૦ ૬૩–૪૩)

સમ્ભાવ્ય. એક બહ્વૃચ બ્રાહ્મણ, જ્યારે ધૃતરાષ્ટ્રે અરણ્યમાં જવાની દીક્ષા લીધી તે પૂર્વે પોતાની સઘળી પ્રજાને બોલાવીને તેમની આજ્ઞા માગી હતી. તે કાળે આખી પ્રજાને રાજા પ્રતિ બહુ જ પ્રીતિ ઉભરાઇ આવી, થનારા વિયોગને ન સહન કરનારી તે પ્રજાએ–દરેક માણસે ઉત્તરીય વડે અગર કરવડે મોં ઢાંકીને રુદન કરવા માંડયું. પછી બધાએ મળી એક બહુ ઋચા જાણનાર–સારું બોલી શકે એવા બ્રાહ્મણ મારફત પોતાનો અભિપ્રાય જણાવ્યો. એ બ્રાહ્મણ તે આ સંભાવ્ય. મુંબાઇની મહા ભારતની આવૃત્તિમાં એ બ્રાહ્મણનું નામ 'સાંખ્ય' આપ્યું છે. પણ કુમ્ભકોણમની આવૃત્તિમાં નીચે મુજબ છે:—

एकस्मिन्ब्राह्मणे कार्यमावेश्योचुर्नराधिपम् ॥१०
ततः स्वाचरणो विप्रः समतोऽर्थ विशारदः ।
संभाव्यो बह्वृचोराजन्वक्तुं समुपचक्रमे ॥११॥
अनुमान्य महाराजं सदः समनुभाष्य च ।
विप्रः प्रगल्भो मेधावी स राजानमुवाच ह॥१२॥
राजन्वाक्यं जनस्यास्य मयि सर्वं समर्पितम् ।
वक्ष्यामि तदहं वीर तज्जुषस्व नराधिप॥१३॥
(ભા૨૦ આશ્રમ૦ અ૦ ૧૧).

સંયમ. સૂર્યવંશી દૃષ્ટકુળના ધૂમ્રાક્ષ અથવા ધૂમ્રાશ્વ રાજાનો પુત્ર, એનું બીજું નામ સંજ્ય પણ મળી આવે છે. એને સહદેવ નામે પુત્ર હતો.

સંયમન. દુર્યોધન પક્ષના શલ્ય રાજાનું બીજું નામ. એના પુત્રને સાયંમનિ કહ્યો છે,

સંયમિની, માનસોત્તર પર્વત પરનો દક્ષિણ દિગ્પાલ –યમ–તેની નગરી. આ નગરીના યામ્યોત્તરવૃત્ત ઉપર સૂર્ય આવતાં ત્યાં મધ્યાન્હ, દેવધાનીમાં સુર્યાસ્ત, સુષા અથવા નિમ્લોચિનીમાં સૂર્યોદય અને વિભાવરીમાં મધ્યરાત્ર થાય છે, (૨ સૂર્ય શબ્દ જુઓ). (ભા૨૦ વ૦ સ૦ ૧૬૩).

સંયાતિ. એક બ્રહ્મર્ષિ, (૨ કશ્યપ શબ્દ જુઓ).

સંયાતિ (૨). સોમવંશી નહુષરાજાના છ પુત્રોમાંનો ત્રિજો, એને કાંઇ સંતતિ નહોતી,

સંયાતિ (૩). સોમવંશી પૂરુકુળના બહુગવ રાજાનો પુત્ર, એના પુત્રનું નામ અહંયાતિ,

સંયોધકંટક. એક યક્ષ વિશેષ. એ વૈશ્રવણનો અનુચર હતો, (વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૧૪).

સરક. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

સરઘા. ઋષભદેવ વંશના બિન્દુમાન રાજાની સ્ત્રી. મધુરાજાની માતા,

સરદ્ભવિ. એક બ્રહ્મર્ષિ, (૩ અંગિરા શબ્દ જુઓ).

સરમા. રાવણના ભાઇ વિભીષણની સ્ત્રી. સીતા જ્યારે અશોક વાટિકામાં રહેતાં હતાં ત્યારે આ સરમા એમને વખતો વખત રામચન્દ્રના કુશળ સમાચાર આપતી અને તેમના મનનું સમાધાન કરતી. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૩). એ પોતે શૈલૂષ ગંધર્વની કન્યા હતી. એની મા માનસ સરોવર પાસે હતી તેવામાં એને પ્રસવ થઇ આ જન્મી હતી. વર્ષાકાળ હોવાથી માનસસરોવરનું પાણી એટલું ફેલાયું કે આ બાલકી હતી ત્યાં સુધી આવી પહોંચ્યું. આ ઉપરથી એની માએ " ભો સર મા વર્ધસ્વ" " હે સરોવર, આગળ વધીશ નહિ"–એમ કરુણાર્ત્ત સ્વરે કહેવાથી સરોવર વધતું અટકયું અને છોકરીનું સંરક્ષણ થયું આ બનાવ ઉપરથી એનું નામ " સરમા " પડયું. (વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૧૨)

સરમા (૨). એક સ્કન્દગ્રહ. (ભા૨૦ વ૦ ૨૩૦–૩૪).

સરમા (૩). દિવ્ય કુતરી (ભા૨૦ આ૦ ૩–૧; સ૦ ૧૧–૪૦) ઋગ્વેદમાં એને ઇન્દ્રની કુતરી તરીકે કહી છે. એના જ નામ પરથી સારમેય નામે ઓળખાતા બે કુતરાની માતા. એ કુતરા–સારમેયોને ચાર ચાર આંખો હતી અને એ યમદેવના ચોકીઆત તરીકે રહેતા. પણી ગાયો લઇ જતો હતો તેની પાછળ પડીને સરમાએ ગાયો પાછી આણી કહેવાય છે. આ કલ્પનામાં ઉષાને સરમા કહી હોય એમ લાગે છે. (ડાઉસન પા. ૨૮૨).

સરમા (૪). દક્ષની પુત્રીઓમાંની એક અને ઘાતકી પ્રાણિયોની જનેતા.

तिमेर्यादो गणा आसन् श्वापदाः सरमासुताः॥२६॥
(ભાગ૦ ૬ સ્કં૦ અ૦ ૬).

સરમાણ. સિંહિકાપુત્રોમાંનો એક.

સરયુ. ભારતવર્ષીય ભરતખંડની એક નદી. એ હિમાલય ઉપરના સરોવરમાંથી નિકળી છે. એનું સળળ એવું નામ પડયું છે. આગ્નેય કોશલ, અને અંગદેશમાં થઇને વહીને આ નદી ભાગીરથી ગંગાને મળે છે. અયોધ્યા નગરી એને કાંઠે આવેલી છે. હાલની ઘોઘરા અથવા સરજુ નદી તે જ (ભા૨૦ સ૦ ૯–૨૬; ૨૦–૨૮; ભી૦ ૬–૧૯).

સરયૂ. સરયુ શબ્દ જુઓ. (વા૦ રા૦ બા૦ સ૦ ૨૪).

સરલ. વીરવર્માનો પુત્ર.

સરસ્વતી. બ્રહ્મદેવની જ્ઞાનશક્તિ.

સરસ્વતી (૨). બ્રહ્મદેવની સ્ત્રી. એનાં સાવિત્રી અને ગાયત્રી એવાં બે બીજાં નામ છે. એ વાણીની અધિષ્ટાત્રી છે.

સરસ્વતી (૩). સ્વાયંભુ મનુની સ્ત્રી શતરુપા તે જ. એ બ્રહ્મદેવના વામાંગમાંથી ઉત્પન્ન થઇ હતી. એને દંડનીતિ શાસ્ત્રની કર્ત્રી કહી છે. (ભા૨૦ શાં૦ ૧૨૨).

સરસ્વતી (૪). સપ્તઋષિયોને સારુ ભાગીરથીએ પોતાના સાત પ્રવાહ કર્યા અને પોતે સાત જુદા જુદા પ્રવાહ રુપે વહી તેમાંનો એક પ્રવાહ.

સરસ્વતી (૫). બગડાની સંજ્ઞાવાળા હિમાલયમાંથી નિકળેલી નદી વિશેષ. કોઇ કોઇ ગ્રંથમાં એને ભોગાવતી પણ કહી છે. એના સાત પ્રવાહોની અંદર આવેલા દેશને સપ્તસારસ્વત એવું સામાન્ય નામ લગાડાય છે. એના સાત પ્રવાહોનાં નામને માટે સપ્તસારસ્વત શબ્દ જુઓ. સરસ્વતી સીરમરની ટેકરીઓમાંથી નિકળે છે અને થાણેશ્વર આગળથી પશ્ચિમનો વાંક લેઇને વિનાશન તીર્થમાં લોપ થઇ જાય છે. વિશ્વામિત્ર ઋષિયે આ નદીને એનું "પાણી લોહી જેવું થઇ જાઓ" એવો શાપ આપ્યો હતો.

સ્થળભેદથી એનાં જુદાં જુદાં નામ પડયાં છે, જેવાં કે, સુપ્રભા, કાંચનાક્ષી, વિશાળા, મનોરમા. ઓઘવતી, સુરેણુ અને વિમલોદકા (ભા૨૦ શ૦ ૩૯; ભા૨૦ શા૦ ૪૩–૩૮; ભા૨૦ સ૦ ૯–૨૩; વ૦ ૮૮–૩; ભી૦ ૯–૧૦).

સરસ્વતી (૬). ગંગા અને યમુનાના સંગમ સ્થાનમાં જોડે ગુપ્ત વહેનારી નદી વિશેષ.

સરસ્વતી (૭). શાલ્મલી દ્વીપની એક મહા નદી.

સરસ્વતી (૮). મુખ્ય યજુર્વેદોપનિષદ.

સરસ્વતી (૯). નદી વિશેષ. સોમવંશી અન્ત્યનારની ભાર્યા. અન્ત્યનારે બાર વર્ષનો સત્ર સરસ્વતીને કિનારે કર્યો હતો. એની પૂર્ણાહુતિને દિવસે સરસ્વતીએ મૂર્ત્તિમાન આવીને એને વર્યો હતો. અન્ત્યનારને સરસ્વતીને પેટે ત્રસ્તુ નામે પુત્ર થયો હતો. (ભા૨૦ આ૦ ૬૩–૨૬).

સરસ્વતી (૧૦). સોમવંશી પૂરુકુલોત્પન્ન બ્રહ્મદત્ત રાજાની સ્ત્રી અને વિષ્વક્સેન રાજાની માતા. એનું બીજું નામ સન્નતિ હતું.

સરસ્વતી (૧૧). સાવર્ણિ મન્વંતરમાં થનારા સાર્વભૌમ નામના વિષ્ણુના અવતારની માતા.

સરસ્વતી (૧૨). સાત્યકીની ભાર્યા. (ભા૨૦ મૌ૦ ૮–૭૨).

સરસ્વતી સાગરસંગમ. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૦–૬૩).

સરસ્વતી અરુણસંગમ. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧-૧૫૧). એના મહિમા સારુ જુઓ (ભા૨૦ શ૦ ૪૪-૪૧).

સરિદ્વીપ. ગરુડનો પુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧-૧૧).

સરોચન. ગોમતી પાસે આવેલો નાનો પર્વત વિશેષ. (વા૦ ૨૧૦ યુ૦ સ૦ ૨૬).

સર્પ. અગિયાર રુદ્રોમાંનો એક રુદ્ર. (ભા૨૦ આ૦ ૬૭-૨).

સર્પદર્વી. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧-૧૪).

સર્પ. કદ્રૂપુત્ર નાગ (ભા૨૦ આ૦ ૫૭-૧). સૂર્યના અશ્વના પૂંછડાને વળગીને તે કાળું જણાય એમ કરવાને કદ્રૂએ પોતાના પુત્રો સર્પને આજ્ઞા આપી હતી. કેમકે પોતાની બહેન વિનતાની જોડે એને એવી શરત થઇ હતી કે જો સૂર્યના અશ્વનું પૂંછડું ધોળું હોય તો હું તારી, અને કાળું હોય તો તું મારી દાસી થાય. માતાની આ આજ્ઞા જે સર્પોએ માની નહિ, તેમને કદ્રૂએ શાપ દીધો હતો કે તમે જનમેજયના સર્પસત્રમાં બળી મરશો. (ભા૨૦ આ૦ ૧૫-૨; ૨૦-૮; અને અનુ૦ ૨૩).

સર્પસત્ર. પાણ્ડવપુત્ર જનમેજયે સર્પોના નાશ સારુ કરેલો યાગ. એ સત્રમાં ચ્યવનવંશનો શ્રેષ્ઠ વેદવેત્તા ચણ્ડભાર્ગવ હોતા, વૃદ્ધ અને વિદ્વાન કૌત્સકૈમિનિ ઉદ્ગાતા, સારઙ્ગરવ બ્રહ્મા, પિઙ્ગલ અધ્વર્યુ, અને શિષ્ય અને પુત્રો સહિત વ્યાસ સદસ્ય થયા હતા. એ ઉપરાંત વળી ઉદ્દાલક, પ્રમતક, શ્વેતકેતુ, પિંગળ, અસિત, દેવલ, નારદ, પર્વત, આત્રેય, કુંડ, જઠર, કાલઘટ ઋષિ, વાત્સ્ય, જપ, સ્વાધ્યાય, અને શીલવાળા વૃદ્ધ શ્રુતશ્રવા, કૌહલ, દેવશર્મા, મૌદ્ગલ્ય, અને સમસૌરભ એ બધા સભાસદ થયા હતા.

એ સત્રમાં વાસુકીકુળનાઃ-કોટિશ, માનસ, પૂર્ણ, શલ, પાલ, હલીમક, પિચ્છલ, કૌણપ, ચક્ર, કાળવેગ, પ્રકાલન, હિરણ્યબાહુ, શરણ, કક્ષક, અને કાલતક; તક્ષકકુળનાઃ-પુચ્છાંડક, મંડલક, પિંડસેકતા, રભેણુક, ઉચ્છિખ, શરભ, ભંગ, બિલ્વતેજ, વિરોહણ, શિલિ, શલકર, મૂક, સુકુમાર, પ્રવેપન, મુદ્ગર, શિશુરોમા, સુરોમા અને મહાહનુ; ઐરાવતકુળના નાગોઃ-પારાવત, પારિયાત, પાંડર, હરિણ, કૃશ, વિહંગ, શરભ, મેદ, પ્રમોદ અને સંહતાપન; કૌરવ્યકુળનાઃ-એરક, કુંડલ, વેણી, વેણીસ્કંધ, કુમારક, બાહુક, શૃંગવેર, ધુર્તક, પ્રાતર અને આતક; ધૃતરાષ્ટ્રનાકુળનાઃ-શંકુકર્ણ, પિંડારક, કુઠાર, મુખસેચક, પૂર્ણાતાદ, પૂર્ણમુખ, પ્રહાસ, શકુનિ, દરિ, અમાહઠ, કામઠક, સુષેણ, માનસ, અવ્યય, ભૈરવ, મુંડવેદાંગ, પિશંગ, ઉદ્રપારક, ઋષભ, વેગવાન, પિંડારક, મહાહનુ, રક્તાંગ, સર્વસારંગ, સમૃદ્ધ, પટવાસક, વરાહક, વીરણક, સુચિત્ર, ચિત્રવેત્રિક, પરાશર, તરુણક, મણિ, સ્કંધ અને આરુણિ; આ બધા તેમના પુત્ર પુત્રાદિકો સહવર્ત્તમાન અગ્નિમાં હોમાઈને ખાખ થઇ ગયા હતા. (ભા૨૦ આ૦ ૫૭).

તક્ષક નાશીને ઇન્દ્રને શરણે જઇને સિંહાસનને વળગી રહ્યો હતો. તેને સિંહાસન સહિત આહ્વાયન કર્યું તેથી એ પડવાની તૈયારીમાં હતો, તેટલામાં આસ્તીક ઋષિ ત્યાં આવ્યા. જનમેજયે પૂજા કરીને માગવાનું કહેતાં એમણે યજ્ઞ બંધ કરવાનું માગવાથી સર્પસત્ર અધૂરો રહ્યો અને બાકી રહેલાં નાગકુળો ઉગર્યા. (ભા૨૦ આ૦ ૫૭-૫૮-૬).

સર્પાન્ત. ગરુડનો પુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧-૧૨).

સર્પિર્ભાલી. એક ઋષિ. (ભા૨૦ સ૦ ૪-૧૬).

સર્વકર્મા. ઋતુપર્ણ રાજાના પુત્ર નળનું બીજું નામ. એને સુદાસ અને અનરણ્ય નામે પુત્ર હતા. પરશુરામના ત્રાસથી ક્ષત્રાણીઓ બીજી વર્ણોમાં છાની રહી હતી. ઘણાક ક્ષત્રિયો હલકી જાતિમાં ભેળાઇ જઇ ઉછરતા હતા. એ સમયે સૌદાસોનું રક્ષણ પરાશરે કર્યું હતું અને પાળ્યા હતા. (ભા૨૦ શાં૦ ૪૯). આપદકાળમાં એ શૂદ્રનાં આચરણ પણ કરતો; સભ્યઃ સર્વકર્મા એવું નામ પડ્યું હતું. એને સર્વકામ પણ કહેતા.

સર્વકામ. ઉપરનો સર્વકર્મા શબ્દ જુઓ.

સર્વકામદુઘા. કામધેનુની દિકરી (ભા૨૦ ઉ૦ ૧૦૨-૧૦).

સર્વગ. કાલી નામની સ્ત્રીને ભીમસેન પાંડવથી થએલો પુત્ર.

સર્વગત. સર્વગ તે જ.

સર્વતેજસ. ઉત્તાનપાદ વંશના વ્યુષ્ટ રાજાનો પુષ્કરિણી સ્ત્રીથી થએલો પુત્ર. એને આકૂતી નામની એની ભાર્યાની કૂખે ચક્ષુ નામે પુત્ર થયો હતો. એ પુત્ર વર્ત્તમાન કલ્પમાં છઠ્ઠો મનુ થઇ ગયો.

સર્વતોભદ્ર. ક્રૌંચ મહાદ્વીપમાંના સપ્તમહાપર્વત પૈકી એક.

સર્વતોભદ્ર (૨). સુપાર્શ્વ પર્વત ઉપરનો બાગ વિશેષ.

સર્વદમન. શકુન્તલા અને દુષ્યંતના પુત્ર ભરતનું નામાન્તર.

સર્વમંગલા. પાર્વતીનું એક નામ.

સર્વસાર યજુર્વેદનું એક મુખ્ય ઉપનિષદ.

સર્વસાગર. એક સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭-૧૮).

સર્વહુદ. ભારતવર્ષીય એક તીર્થ વિશેષ.

સર્વૈષધિ. હિમાલયના કૈલાસ શિખરની આગ્નેય દિશા તરફ આવેલું એક શિખર વિશેષ.

સલંક. એકડાની સંજ્ઞાવાળા વિશ્વામિત્ર કુલોત્પન્ન એક ઋષિ.

સવન. પ્રિયવ્રત રાજાના દસમાંના વિરકત થઇને જતા રહેલા ત્રણ પુત્રોમાંનો એક. (ભા૨૦ ૫ સ્કં૦ અ૦ ૧).

સવન (૨). વારુણિ ભૃગૂના સાત પુત્રોમાંનો એક.

સંવરણ. સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ પુત્ર ઋક્ષનો પુત્ર. એની સ્ત્રીનું નામ તપતી હતું, અને એને પેટે કુરુ નામે પુત્ર હતો.

સવર્ણા. દસ પ્રચેતાની માતા શતદ્રુતિનું બીજું નામ.

સંવર્ત. પ્રલયમેઘ માંહેલો એક મેઘ.

સંવર્ત (૨). સ્વાયંભુ મન્વંતરમાંના બ્રહ્મમાનસ પુત્ર અંગિરા ઋષિના ત્રણ પુત્રોમાંનો ત્રિજો. એણે જ્યાં તપ કર્યું હતું તે સ્થાનનું નામ સંવર્તવાપી પડ્યું છે.

સંવર્ત (૩). ચાલુ મન્વંતરમાંના અંગિરા ઋષિના આઠ પુત્રોમાંનો સાતમો પુત્ર. નારદના કહેવાથી મરુત રાજાએ આને પુરોહિત તરીકે વરીને મોટો યજ્ઞ કર્યો હતો.

સંવર્તક. અગ્નિ વિશેષ.

સંવર્તવાપી. ભારતવર્ષીય તીર્થ. અહીં સંવર્ત ઋષિએ તપ કર્યું હતું, તે ઉપરથી આ નામ પડ્યું છે.

સવિતા. દ્વાદશ આદિત્યોમાંનો એક. (ભા૨૦ આ૦ ૬૬-૧૫). (દ્વાદશ આદિત્ય શબ્દ જુઓ).

સવિતા (૨). ચાલુ મન્વંતરમાં થઇ ગએલો પાંચમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ)

સવિતા (૩). સૂર્ય. (ભા૨૦ આ૦ ૧-૫૫). (સૂર્ય શબ્દ જુઓ).

સવેધ. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

સવેધસ. એક બ્રહ્મર્ષિ. (૪ ભૃગુ શબ્દ જુઓ).

સવ્યસાચી. બન્ને હાથે ધનુષ્ય પર ચઢાવીને બાણ મારવાની કુશળતાને લઇને પડેલું અર્જુનનું નામ. (ભા૨૦ વિ૦ ૪૩-૧૧).

સંશાતિ. પવમાન અગ્નિની સ્ત્રી. સભ્ય અને આવસથ્યની માતા.

સંશપ્તક. જેણે યુદ્ધમાં "હું કલ્યાણ યોદ્ધાને મારીશ જ; ન મારું તો પંચપાતકીની ગતિ તે મારી ગતિ" એવું પોણ કર્યું હોય તે મનુષ્ય.

મહાભારતના યુદ્ધમાં દુર્યોધનની તરફથી અર્જુનની જોડે યુદ્ધ કરવાને બે સંશપ્તક હતા. ત્રિગર્ત રાજાના સુશર્મા, સુરથ, સુધનુ, સુબાહુ અને સુધન્વા નામના પાંચે પુત્રો એ એક. સત્યવર્મા, સત્યરથ, સત્યવ્રત, સત્યેષુ અને સત્યકર્મા એ પાંચે જુદા જુદા રાજાઓ. એમણે પણ અર્જુનને એક પછી એક એમ લડવાને બોલાવ્યો હતો. આ બીજા સંશપ્તકો. યુદ્ધમાં અર્જુને એ સઘળાઓને મારી નાંખ્યા હતા. (ભા૨૦ દ્રો૦ અ૦-૧૦)

સંશપ્તક (૨). દૈત્ય વિશેષ. વનવાસના સમયમાં આને અર્જુને માર્યો હતો. (**ભા૨૦ વ૦ અ૦ ૨૩૯**).

સંશ્રુત. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ.)

સંશ્રુત્ય. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ).

સંસારમોચન. એક ભારતવર્ષીય તીર્થ.

સંકૃતિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

સંસ્મિત. ઉત્તમ મન્વંતરમાં થઇ ગએલા સપ્તર્ષિયોમાંનો એક.

સહ. સોમવંશી ક્ષત્રિય. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. (**ભા૨૦ આ૦ ૧૩૧-૨**) એને ભીમસેને માર્યો હતો. (**ભા૦ ક૦ ૪૬-૧૬**).

સહ (૨). ઉત્તમ મનુના પુત્રોમાંનો એક પુત્ર.

સહ (૩). લક્ષ્મણાની કૂખે કૃષ્ણથી થએલો પુત્ર.

સહ (૪). માસના ક્રમમાં વરસનો નવમો મહિનો. (ચૈત્રી વર્ષ પ્રમાણે). એ મહિનાની પૂર્ણિમામાં મૃગનક્ષત્ર હોય છે તેથી એને માર્ગશીર્ષ કહે છે. માગસર મહિનો તે જ. આ મહિનામાં અંશુમાન નામનો આદિત્ય સૂર્યમંડળાધિપતિ હોય છે. અને એના સમાગમમાં કશ્યપ ઋષિ, ઉર્વશી અપ્સરા, વિદ્યુચ્છત્રુ રાક્ષસ, મહાશંખ નાગ, તાર્ક્ષ્ય યક્ષ, અને ઋતસેન ગંધર્વ એટલા હોય છે. (**ભાગ૦ ૧૨ સ્કં૦ અ૦ ૧૧**).

સહજન્ય. અસાડ માસના સૂર્યના સમાગમમાં આવતો યક્ષ. (૧૩ શુચિ શબ્દ જુઓ).

સહજન્યા. પ્રાધાની કૂખે થએલી અપ્સરા કન્યાઓમાંની એક. એ અસાડ માસમાં સૂર્યના સમાગમમાં આવે છે. (**ભા૨૦ આ૦ ૧૩૨-૪૬, સ૦ ૧૦-૧૨**).

સંહતાશ્વ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન નિકુંભ રાજાનો પુત્ર. એને કૃતાશ્વ અથવા કૃણાશ્વ અને રણાશ્વ અથવા બર્હણાશ્વ એવા નામના બે પુત્રો હતા.

સહદેવ. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન ધ્રુવસંધિ વંશના દિવાકર અથવા વિનાકર રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ભાનુમાન અથવા ધ્રુવાશ્વ રાજા હતું. આ અભિમન્યુએ મારેલા બૃહદ્બલ રાજાની પહેલાંના વંશનો રાજા હતો.

સહદેવ (૨). સૂર્યવંશી દિષ્ટકુળના વિશાળવંશના સંયમ અથવા સૃંજય રાજાનો પુત્ર. કૃશાશ્વનો પિતા થાય.

સહદેવ (૩). સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના પૌત્ર કુશ રાજાના વંશમાં જન્મેલા હર્યવન રાજાનો પુત્ર અહીન રાજા તે જ.

સહદેવ (૪). સોમવંશી પૂરુકુલોત્પન્ન જરાસંધ રાજાનો પુત્ર. સોમાપિ, માર્જારિ અને મેધસંધિ એ નામના એને ત્રણ દિકરા હતા. આના રથના ઘોડાનો રંગ કાબરો હતો. ભારતના મહાયુદ્ધમાં એ પાંડવના પક્ષમાં હતો. (**ભા૨૦ દ્રો૦ ૨૩**). દુર્યોધન પક્ષના બહુ વીરોની સાથે એને યુદ્ધ થયું હતું. એ અંતે દ્રોણાચાર્યને હાથે માર્યો ગયો હતો. (**ભા૨૦ દ્રો૦ ૧૨૫**).

સહદેવ (૫). એ નામનો એક બ્રહ્મર્ષિ, પણ કોનો, કોણ વગેરે સંબંધી કશી હકીકત મળતી નથી.

સહદેવ (૬). સોમવંશી પૂરુકુલોત્પન્ન હસ્તિપુત્ર અજમિઢના નીલ નામના પુત્રના પુદ્ગલ પાંચાળ કુળમાં થએલા મિત્રાયુપુત્ર ચ્યવન રાજાનો પૌત્ર, અને બૃહદ્રથ અથવા સુદાસ રાજાનો પુત્ર. સોમક રાજા એનો પુત્ર થાય.

સહદેવ (૭). તામ્રાની કૂખે વસુદેવને થએલો પુત્ર.

સહદેવ (૮). સોમવંશી પૂરુકુલોત્પન્ન પાંડુ રાજાની બીજી સ્ત્રી માદ્રીના બે પુત્રોમાં નાનો. નકુલનો નાનો ભાઇ. એણે ધનુર્વિદ્યાનો અભ્યાસ દ્રોણાચાર્ય પાસે કર્યો હતો અને મોટો યોદ્ધો હતો. પરન્તુ એની વિશિષ્ટ ખ્યાતિ તો ખર્જૂ-યુદ્ધમાં એની નિપુણતાને અંગે હતી. દ્રૌપદી શિવાય કેકયદેશીય રાજાની કન્યા વિજયા એ એની બીજી સ્ત્રી થાય. દ્રૌપદીને એનાથી

શ્રુતકર્મા અને વિજયાને સુહોત્ર એમ બે પુત્ર હતા. યુધિષ્ઠિર ઇન્દ્રપ્રસ્થમાં આવી રહ્યા ત્યારથી સહદેવ પણ ઇન્દ્રપ્રસ્થમાં આવ્યો હતો. અગાડી જતાં જ્યારે યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે એને દક્ષિણ દિશા જીતીને ત્યાંથી દ્રવ્ય લાવવાની આજ્ઞા કરી હતી. આ ઉપરથી એ દક્ષિણ તરફ વિજય યાત્રાએ ગયો હતો.

યુધિષ્ઠિરની આજ્ઞા લઇને ઇન્દ્રપ્રસ્થનો નિકળ્યો સહદેવ કુરુદેશની દક્ષિણે આવેલા પહેલા શૂરસેન (જેનું નામ દક્ષિણ શૂરસેન છે તે) દેશમાં ગયો. એ દેશ જીતી ત્યાંથી યજ્ઞ સારુ ખંડણી લઇને એ બીજા યાને દક્ષિણ મત્સ્ય દેશમાં ગયો અને એ દેશને જીત્યો. ત્યાંથી આગળ વધીને દક્ષિણમાં અધિરાજ્ય નામના દેશમાં જઇને એણે ત્યાંના દંતવક્ત્ર રાજાને જીત્યો. ત્યાંથી એ આગ્નેય દિશા તરફ એટલો ફંટાયો કે ભીમસેને પૂર્વ દિશાને વિજય કરતાં જીતેલા પુલિંદ નગરના સુકુમાર અને સુમિત્ર નામના જે બે રાજાઓને જીત્યા હતા તે મળી ગયા. એમની પાસેથી એણે ખંડણી ન લીધી. ત્યાંથી દક્ષિણ દિશા તરફ ફર્યો તે અપરમત્સ્ય દેશમાં ગયો; ખટચ્ચર દેશના લોકો સહિત એ દેશ જીત્યો. નિષાદ ભૂમિ જીતી ત્યાંથી ગોશૃંગ પર્વત પર આવેલા શ્રેણિમાન્ રાજાને જીત્યો. ત્યાંથી પછી એણે નરરાષ્ટ્ર જીતીને કુંતિરાષ્ટ્રના રાજા કુંતિભોજ તરફ પ્રયાણ કર્યું. આ રાજાએ કુંતીને દત્તક લીધી હતી એટલે એ કુંતીનો પિતા જ કહેવાય. એણે સહદેવને પ્રીતિપૂર્વક યજ્ઞ સારુ ખંડણી આપી.

ત્યાંથી આગળ જવા નિકળી સહદેવ ચર્મણ્વતીને કિનારે આવી પહોંચ્યો. જંભક નામના અસુરનો પુત્ર ત્યાં રહેતો હતો. એની સાથે કૃષ્ણને વેર હોવાથી એણે સહદેવ સાથે યુદ્ધ કર્યું. સહદેવે સંગ્રામ કરીને એને હરાવ્યો અને યજ્ઞ સારુ ખંડણી લીધી. ત્યાંથી પણ પાછો દક્ષિણમાં જ ગયો. રસ્તે આવેલા સેક અને અપરસેક એ બે દેશ જીતીને ત્યાંના રાજા પાસેથી અનેક પ્રકારનાં રત્ન લીધાં. એ રાજાને જોડે લઇને નર્મદાની તરફ ફંટાતો ફંટાતો એ અવંતી નગરીમાં આવ્યો. તે સમયે એ નગરીમાં વિંદ અને અનુવિંદ નામે બે ભાઇઓ રાજ્ય કરતા હતા. તેમની પાસે મોટું સૈન્ય હતું. સહદેવે એમની સાથે સંગ્રામ કરીને તેમને જીત્યા. એમની પાસેથી પણ યજ્ઞની ખંડણી દાખલ ઘણાં રત્નો લીધાં. ત્યાંથી ભોજકટ નામના એક બીજા નગર ઉપર ગયો. ત્યાંના ભીષ્મક નામના રાજા સાથે એને બે દિવસ પર્યન્ત યુદ્ધ થયું. એ રાજા છેવટે હાર્યો. સહદેવે પછી કોશલાધિપતિ (દક્ષિણ કોશલના)ને જીતીને વેણા નદીના તીરે આવેલા રાજ્યના રાજાને પણ જીત્યો. ત્યાંથી કાંતારક, પ્રાકોટક, નાટકેય, હેરંબક તેમ જ મારુધ અને રમ્ય ગ્રામવાસી અને દુર્ભાગિવાસી લોકો, નાચીન, અર્બુક, વગેરેને જીતી વાતાધિપ રાજાને પણ જીત્યો. પુલિંદ અને પાંડ્યદેશના રાજા સાગરધ્વજને જીતી સહદેવ કિષ્કિંધામાં આવ્યો.

કિષ્કિંધામાં સહદેવને સાત દિવસ સુધી ત્યાંના મૈંદ અને દ્વિવિદની સાથે યુદ્ધ થયું. આ યુદ્ધમાં એઓ પરાભવ પામ્યા નહોતા છતાં તેઓ સહદેવ ઉપર સંતુષ્ટ થઇ ગયા. યુધિષ્ઠિરનો યજ્ઞ નિર્વિઘ્ન સંપૂર્ણ થાય એ હેતુથી એમણે સહદેવને યજ્ઞ નિમિત્ત કર આપી વિદાય કર્યો. ત્યાંથી નીકળ્યો સહદેવ પછી માહિષ્મતી નગરીના નીલ રાજાને ત્યાં આવ્યો. નીલ રાજાની જોડે એને મહા ભયંકર યુદ્ધ થયું. સહદેવને લાગ્યું કે એની હાર થશે; કારણ એની સેના એકાએક બળું બળું થવા લાગી. સહદેવે ધાર્યું કે આ કામ અગ્નિનું હશે એથી એણે પવિત્ર થઇ અગ્નિની સ્તુતિ કરવા માંડી. અગ્નિની સ્તુતિ કરતાં એણે કહ્યું કે હે અગ્નિ! યુધિષ્ઠિરનો આ રાજસૂય યજ્ઞ કેવળ તારા પ્રીત્યર્થે જ છે એ

વાત ધ્યાનમાં લઇ જે ઘટે તે કર. સહદેવની આવી વિનતિથી સંતુષ્ટ થવાથી સહદેવની સેનાને થતો દાહ મટ્યો. અગ્નિએ નીળ રાજા પાસે કર અપાવી સહદેવને વિદાય કર્યો.

આવા પરિણામથી આનંદિત થતો થકો સહદેવ ત્યાંથી નિકળી ત્રિપુરના પુત્ર ત્રૈપુર પાસે ગયો. એણે પૌરવ રાજા અને ગારુડી વિદ્યામાં નિષ્ણાત કૌશિકાચાર્યને મહા મહેનતે જીત્યા; અને ત્યાંથી નિકળી સુરાષ્ટ્રસુરત પ્રદેશમાં ગયો. મૂળનો ખરો સુરત દેશ તે આ. સહદેવે ત્યાંના રાજાને વશ કરી લીધો અને અહીંથી વિદર્ભના ભીષ્મક રાજાને હું આવ્યો છઉં, એવો સંદેશો મોકલ્યો. ભીષ્મક વિદર્ભની નગરી કુંદનપુરમાં ન રહેતાં રુક્મીએ વસાવેલા ભોજકટ નગરમાં રહેતો હતો. સંદેશો સાંભળીને કૃષ્ણના પર ધણી પ્રીતિવાળા ભીષ્મકે સહદેવને અનેક રત્નો સહિત કર મોકલી આપ્યો. કરભાગ લઇને સહદેવ પશ્ચિમ સમુદ્ર તીરે આવેલા શૂર્પારક (સોપારા) દેશમાં, ત્યાંથી દક્ષિણમાં તાલાકટમાં, અને ત્યાંથી દંડકપ્રદેશમાં ગયો. ત્યાંથી કર લેઈ સમુદ્ર માંહિના બેટોમાં રહેનારા મ્લેચ્છ, નિષાદ, પુરુષાદ (મનુષ્યભક્ષણ કરનારા), કર્ણપ્રાવરણ (જેમના કાન એટલા મોટા થતા કે એ લોકો પોતાના કાન વડે જ પોતાનાં અંગ ઢાંકતા). કાલામુખ એટલે માત્ર કહેવાતા મનુષ્ય, પણ રાક્ષસોથી ઉત્પન્ન થએલા એ બધાની પાસેથી માત્ર સંદેશ કહાવી કહાવીને કર લીધો.

સહદેવ અહીંથી પૂર્વ તરફ વળ્યો હોવો જોઇએ. એણે કોલગિરિ, સુરભીપત્તન, તામ્રદ્વીપ, રામકપર્વત, તિમિંગળરાજા વગેરે પોતાને તાબે કરીને પોતે એકપાદપુરુષ (જેમને એક જ પગ હોય અને ઉપરથ બિલકુલ હોય નહિ એવા મનુષ્યો), કેરલવાસી જનો, સંજયંતિ નગરી, પાખંડકપુર અને કરહાટકના જનો વગેરેને પોતાના દૂત દ્વારા વશ કરી તેમની પાસેથી કર લીધો.

ત્યાર પછી દક્ષિણનો જ બીજો પાંડ્યદેશ, દ્રવીડદેશ, ઉડ્રકેરલ, આંધ્ર (તૈલંગણ), તાલવનવાસી, કલિંગદેશવાસી, ઉષ્ટ્રકર્ણિક (ઉંટ જેવા કાન વાળા મનુષ્યનો દેશ), અટવી પુરી, તેમજ યવનોની જ નગરીઓ, વગેરેને જીતી, ત્યાંના રહેવાશીઓ પાસેથી કર લીધો. ત્યાંથી પછી સહદેવ કચ્છપ્રદેશમાં ગયો. કચ્છ એટલે જળ સમીપનો પ્રદેશ. અહીંથી એણે લંકામાં વિભીષણ પાસે દૂત મોકલ્યા.

भृगुकच्छात्ततो धीमान्साम्नै वा मित्रकर्शनः ।
आगम्यतामिति प्राह धर्मराजस्य शासनात्
॥ ७८ ॥
स राक्षस परीवारस्तं प्रणम्यासु संस्थितः ।
घटोत्कचं महात्मानं राक्षसं घोरदर्शनम् ॥७९॥
तत्रस्थ प्रेषयामास पौलस्त्याय महात्मने ।
विभीषणाय धर्मात्मा प्रीतिपूर्वमरिन्दिमः ॥८०॥
स चास्य प्रतिजग्राह शासनं प्रीतिपूर्वकम् ।
तच्च कालकृतं धीमानभ्यमन्यत स प्रभुः॥८१॥
ततः संप्रेषयामास रत्नानि विविधानि च ।
चंदनागुरुकाष्टानि दिव्यान्या भरणानि च ।
वासांसि च महार्हाणि मणीश्चैव महाधनान्
॥ ८२ ॥
(મા૦ સ૦ અ૦ ૩૨)

આ પ્રમાણે લંકા મોકલવા સારુ સહદેવે ઘટોત્કચનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાંની સાથે ઘટોત્કચ ત્યાં આવીને હાજર થયો. સહદેવે ઘટોત્કચને કહ્યું કે:—

गच्छ लंका पुरीं वत्स करार्थं मम शासनात् ।
तत्र दृष्ट्वा महात्मानं राक्षसेन्द्रं विभीषणम्॥११॥
रत्नानि राजसूयार्थं विविधानि बहूनि च ।
उपादाय च सर्वाणि प्रत्यागच्छ महाबल॥१२॥

આ પ્રમાણે સહદેવની વાણી સાંભળીને ઘટોત્કચ દક્ષિણમાં લંકા જવાને સમુદ્ર, તીરે આવ્યો.

कुर्म ग्राह जषाकीर्णं मीन नक्रैस्तथाऽकुलम् ।
शुक्ति व्रात समाकीर्णं शङ्खानां निचया कूलम्
॥ १६ ॥

सदृष्ट्वा रामसेतुं च चिन्तयन्राम विक्रमम् ।
गत्वा पार समुद्रस्य दक्षिणं स घटोत्कचः ॥१६॥

આમ લંકામાં જઇને વિભીષણને મળીને એણે યુધિષ્ઠિરને સારુ ઘણો મૂલ્યવાન કરભાર આણ્યો હતો.

સહદેવે આ પ્રમાણે બધી દક્ષિણ દિશાને જીતીને આણેલો કરભાર યુધિષ્ઠિરના ચરણમાં રજુ કર્યો. (ભા૨૦ સ૦ અ૦ ૩૧–૩૪). લંકામાંથી આણેલાં રત્નો વગેરે જોઇને યુધિષ્ઠિર રાજાને બહુ હર્ષ થયો.

लङ्का प्राप्तान्धनौघांश्च दृष्ट्वा तान्दुर्लभान्बहून् ।
प्रीतिमान भवद्राजा विस्मयं परमं ययौ ॥९४॥

રાજસૂય યજ્ઞ સમાપ્ત થયા પછી કેટલેક કાળે દુર્યોધને પાંડવોની સઘળી સંપત્તિ જૂગટું રમવામાં ઠગાઇ કરી જીતી લીધી. એણે પાંડવોને વનવાસમાં કાઢ્યા. તે વખત સહદેવ પણ વનમાં ગયો હતો. અરણ્યવાસ પૂરો કરીને પાંડવો અજ્ઞાતવાસ સારુ વિરાટ રાજાને ત્યાં ગયા હતા તે વખતે પણ સહદેવ ભેગો હતો. સહદેવે ત્યાં "તંતિપાળ" એવું નામ ધારણ કર્યું હતું અને રાજાની અશ્વશાળાના ઉપરી તરીકે રહ્યો હતો. સહદેવ અશ્વવિદ્યામાં બહુ નિષ્ણાત હતો. (ભા૨૦ વિરા૦ અ૦ ૧૦). અજ્ઞાતવાસ પૂરો થયા પછી પાંડવ કૌરવોનું યુદ્ધ થયું. સહદેવે યુદ્ધમાં પણ સારો ભાગ લીધો હતો. એ પોતાના રથને તેતરના રંગના ઘોડા જોડાવતો અને એના ધ્વજ ઉપર હંસનું ચિન્હ રહેતું (ભા૨૦ દ્રો૦ અ૦ ૨૩). રણસંગ્રામમાં વગાડવાના એના પ્રસિદ્ધ શંખનું નામ મણિપુષ્પક હતું.

સહદેવે દ્રૌપદીના સ્વયંવર કાળે દુશ્શાસનનો પરાજય કર્યો હતો (ભા૨૦ આ૦ ૨૦૫–૪૩ અને ભા૦ ક૦ ૧૪). દ્રૌપદીને પેટે એને શ્રુતસેન નામે પુત્ર થયો હતો. (ભા૨૦ આ૦ ૬૪). મદ્રદેશના શલ્ય રાજાની પુત્રી વિજયા એની બીજી સ્ત્રી હોઇ એને પેટે સુહોત્ર નામે પુત્ર હતો. (ભા૨૦ આ૦ ૬૩). ભાનુની પુત્રી ભાનુમતી એની ત્રીજી સ્ત્રી હતી (હરિ૦ ૨૦–૯૦). સહદેવનું છાનું નામ જયદ્બલ હતું. (ભા૨૦ વિ૦ ૭). એણે શકુનિને યુદ્ધમાં માર્યો હતો. (ભા૨૦ શ૦ ૨૬–૬૦).

યુદ્ધમાં કૌરવ નામે નાશ પામ્યા અને યુધિષ્ટિર રાજ્યાસન પર બેઠા. એમણે છત્રીસ વર્ષ રાજ્ય કર્યું. પછી જ્યારે પાંડવો હિમાલય પર દેહોત્સર્ગ સારુ ગયા ત્યારે પણ સહદેવ જોડે જતો હતો તે કાળે માર્ગમાં જ પડી એ સ્વર્ગે ગયો.

સહદેવ (૨). મગધદેશાધિપતિ જરાસંધનો પુત્ર એક; ક્ષત્રિય. એ રાજ્યાસન પર આવ્યો હતો અને ભારતના યુદ્ધમાં એણે પાંડવપક્ષે ભાગ લીધો હતો. એ પોતાના રથને કબુતરના રંગના અશ્વો જોડાવતો. (ભા૨૦ દ્રો૦ ૨૩) મહાભારતના યુદ્ધમાં એ દ્રોણાચાર્યને હાથે મરાયો હતો. (ભા૨૦ દ્રો૦ ૧૨૫).

સહદેવા. દેવકરાજાની કન્યા વસુદેવની સ્ત્રીઓમાંની એક એને પુરુ, વિશ્રુત વગેરે ચાર પુત્ર હતા.

સહરક્ષક. પાવક નામના અગ્નિનો પુત્ર. એના પુત્રનું નામ કવ્યાદ.

સહસ્ય. ચૈત્રી વર્ષમાં માસના અનુક્રમમાં દસમો મહિનો. એની પૂર્ણિમા પુષ્ય નક્ષત્રમાં આવે છે, માટે એને પોષ માસ કહે છે. એ મહિનામાં ભગ નામનો આદિત્ય સુર્યમંડળનો અધિપતિ હોય છે. એ માસમાં ક્રતુ અથવા આયુ નામનો ઋષિ, અરિષ્ટનેમિ નામનો ગંધર્વ, ઊર્ણ નામનો યક્ષ, કર્કોટક નામનો નાગ, સ્ફૂર્જ નામનો રાક્ષસ અને પૂર્વ ચિત્તિ નામની અપ્સરા, એ બધાં ભગ આદિત્યની જોડે સંચાર કરે છે. (ભાગ૦ ૧૨ સ્કં૦ અ૦ ૧૧).

સહસ્રચિત્ય. શતયૂપ નામના કૈકય રાજાનો પિતામહ. (ભા૨૦ આશ્ર૦ ૨૧–૬). એણે બ્રાહ્મણો માટે પોતાના પ્રાણનું પણ દાન કર્યું હતું. (ભા૨૦ અનુ૦ અ૦ ૯૩).

સહસ્રજિત. એક રાજર્ષિ. (**ભા૨૦ શાં૦ અ૦ ૨૩૫**).

સહસ્રજિત્ (૨). જાંબુવતીને પેટે થએલો કૃષ્ણનો એક પુત્ર.

સહસ્રજ્યોતિ. વિવસ્વતના પુત્ર સુર્યનું એક નામ.

સહસ્રપાત્ એક બ્રહ્મર્ષિ. એણે પોતાના મિત્ર ખગમ નામના ઋષિને એ હોમ કરતો હતો ત્યારે દર્ભનો સાપ કરીને બિવરાવ્યો હતો. ખગમે ક્રોધ કરીને એને શાપ દીધો હતો કે જા, તેં જેવા સાપવડે મને બિવરાવવાનો યત્ન કર્યો એવો જ સર્પ થઈ જઇશ. પછી ક્ષમા માગવાથી અનુગ્રહ કર્યો હતો કે જા, રુરુ નામનો ઋષિ આવશે તેની જોડે સંવાદ કરવાથી તુ તારી પૂર્વયોનિ પ્રાપ્ત કરીશ. (રુરુ શબ્દ જુઓ.) (**ભા૨૦ આ૦ અ૦૧૦**).

સહસ્રપાત (૨). દ્વૈતવનમાં પાંડવોના સમાગમમાં કેટલોક કાળ રહેલો એક ઋષિ.

સહસ્રમુખ. હજાર મોં હોવાને લીધે શેષનાગનું પડેલું નામ.

સહસ્રમુખરાવણ. પુષ્કર દ્વીપમાં રહેનાર હજાર મોં વાળો એક રાક્ષસ. (**વા૦ રા૦ અદ્ભૂતો૦ સ. ૨૭**).

સહસ્રવાક્. સોમવંશી ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર.

સહસ્રશ્રુતિ. શાકદ્વીપમાં આવેલો એક મહાપર્વત.

સહસ્રસ્રુતિ. શાકદ્વીપની એક મહાનદી.

સહસ્રશ્રોત. શાકદ્વીપમાંનો એક મહાપર્વત.

સહસ્રાજિત. સોમવંશી આયુકુળોત્પન્ન યદુરાજાના ચાર પુત્રોમાંનો મોટો પુત્ર. એના પુત્રનું નામ શતજિત.

સહસ્રાજિત (૨). સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના કુળના સાત્વતના પુત્ર ભજમાનના બીજી સ્ત્રીથી થએલા ત્રણ પુત્રો પૈકી બીજો પુત્ર.

સહસ્રાનીક. સોમવંશી પૂરુકુળના પાંડવવંશના પરીક્ષિત્ રાજાનો પ્રપૌત્ર, જનમેજયનો પૌત્ર અને શતાનીકનો પુત્ર. અશ્વમેધ રાજા તે આનો પુત્ર થાય.

સહસ્રાર્જુન. સોમવંશી યદુકુળના કૃતવીર્ય રાજાના પુત્ર કાર્તવીર્યનું હજાર હાથ હોવાથી પડેલું નામ.

સહસ્રાશ્વ. સુર્યવંશી ઇક્ષ્વાકુ કુળના કુશ અન્વયમાં જન્મેલા અહીનર રાજાનો પુત્ર. એનો પુત્ર તે ચંદ્રાવલોક રાજા.

સહાનીક. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૨૫**).

સંહાર. આઠ ભૈરવોમાંનો એક ભૈરવ.

સહિષ્ણુ. સ્વાયંભુ મન્વંતર માંહ્યલા બ્રહ્મપુત્ર–પુલહઋષિના ત્રણમાંનો એક પુત્ર.

સહિષ્ણુ (૨). ચાક્ષુષ મન્વંતરમાં જે સપ્તર્ષિ થઇ ગયા તેમાંનો એક. ઉપર કહેલો સહિષ્ણુ તે જ આ કે બીજો તે જણાતું નથી.

સહ્ય. એક કુલ પર્વત (સહ્યાદ્રિ શબ્દ જુઓ) (**ભા૨૦ ભી૦ ૯–૧૧**).

સહ્યાદ્રિ. પર્વતોના સાત વર્ગોમાંનો એક ભારતવર્ષમાં ભરતખંડમાં આવેલો કુલ પર્વત. દરેક ખંડમાં હોનારા એ કુલ પર્વતોનાં નામ આ પ્રમાણે છેઃ—

મહેન્દ્રો મલયઃ સહ્યઃ શુક્તિમાન્ ઋક્ષવાનપિ।
વિન્ધ્યશ્ચ પારિયાત્રશ્ચ સપ્તૈ તે કુલપર્વતાઃ ॥
(ભા૦ ૫૦ ૬–૧૧).

આ પર્વતરાજમાંથી ગોદાવરી, ભીમરથી, કૃષ્ણવેલી, વેણ્યા. કૃષ્ણા, મંજુલા, તુંગભદ્રા, સુપ્રયોગા, બાહ્યા, કાવેરી ઇત્યાદિ નદીઓ નિકળે છે.

ગોદાવરી ભીમરથી કૃષ્ણવેણી ચ વઙ્ગુલા।
તુઙ્ગભદ્રા સુપ્રયોગા વાહ્યા કાવેરી ચૈવ તુ ॥
દક્ષિણાપથ નદ્યસ્તાઃ સહ્યપાદાદ્વિનિઃસૃતા ॥૨૯॥

સંહ્લાદ. કયાધૂને પેટે થયેલા હિરણ્યકશિપુના પુત્રો પૈકી એક. આને કૃતિ નામની સ્ત્રી હતી. એને પેટે પંચજન નામે પુત્ર થયો હતો.

સંહ્લાદિ. એક રાક્ષસ વિશેષ.

સંજ્ઞા. કશ્યપપુત્ર વિવસ્વાન્ આદિત્યની સ્ત્રી. એ ત્વષ્ટા પ્રજાપતિની કન્યા હતી, તેથી ગ્રંથોમાં એનું નામ ત્વાષ્ટ્રી એવું આપ્યું છે કે

એ સાધ્યદેવ અથવા વૈવસ્વત મનુ, યમ, અને યમુનાની મા થતી. વિશેષ હકીકત સારુ ૧ વિવસ્વાન્ શબ્દ જુઓ.

સાંકાશ્ય. યમસભાવાસી એક રાજર્ષિ. (**ભા૨૦ સ૦ ૮–૧૦**).

સાંકાશ્યા. ઇક્ષુમતિ નદીને તીરે આવેલી ઇંદ્ર દેશની રાજધાની. દસરથના સમયમાં અહીં સુધન્વા નામે રાજા હતો. સુધન્વાએ સીરધ્વજ જનકને કહાવ્યું હતું કે તારી પાસે છે તે શંકરધનુષ્ય અને તારી સુંદર કુમારી સીતા મને આપી દે; નીકર યુદ્ધ કરવા તૈયાર થા. આ ઉપરથી યુદ્ધ થતાં તેમાં સીરધ્વજ જનકે સુધન્વાને મારી નાંખી તેની સાંકાશ્યાની ગાદી પર પોતાના ભાઈ કુશધ્વજ જનકને બેસાડયો હતો. (**વા૦ રા૦ બા૦ સ૦ ૭૦–૭૧**).

સાંકૃતિ. નર રાજાને સંકૃતી સ્ત્રીને પેટે થએલા પુત્ર રંતિદેવનું બીજું નામ.

સાંકૃતિ (૨). અગ્નિવંશોદ્ભવ એક બ્રાહ્મણ. (**ભા૨૦ શા૦ ૨૪૦–૨૨**).

સાંકૃત્ય. એક બ્રહ્મર્ષિ. (ભૃગુ શબ્દ જુઓ).

સાંખ્યાયન. એક બ્રહ્મર્ષિ. આ ગાયત્રી મંત્રની અધિષ્ઠાત્રી દેવતાનો ઉત્પાદક હોવાથી ગાયત્રીના ગોત્રનુ નામ સાંખ્યાયન પડયું છે.

સાંખ્યાયન (૨). એક બ્રહ્મર્ષિ. (૩ વશિષ્ટ શબ્દ જુઓ). આ પરમહંસ ધર્મનો પ્રવર્તક હોઇ સનકાદિકોનો શિષ્ય હતો. (**ભા૨૦ ૩ સ્કં૦ અ૦ ૮**).

સાંગ. ઉત્તાનપાદ વંશના હવિર્ધાન રાજાના પુત્ર ગય રાજાનું જ બીજું નામ.

સાગર. સુર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન સગર રાજાને વૈદર્ભીને પેટે થએલા ૬૦૦૦૦ પુત્રો તે. એમના પિતા સગર રાજાના અશ્વમેધનો ઘોડો ખોવાઇ ગયો હતો તે શોધવા આ બધા ગયા હતા. અશ્વ ખોળવાને એમણે સમુદ્રમાં બહુ ખોદાણ કર્યું જેથી સમુદ્રની સીમા ઘણી વધી, આથી ખુશ થઇ સમુદ્રે તેમને નામે પોતાનું નામ સાગર રાખ્યું. આ નામ અદ્યાપિ ચાલે છે. સગર પુત્રોએ ઘણું ખોદાણ કર્યા છતાં પણ અશ્વ દેખાયો નહીં, એટલે એમણે સમુદ્રના ઇશાન કોણમાં છેક પાતાળ સુધી ખોદાણ કર્યું. ત્યાં તેમણે અશ્વને ફરતો દીઠો. તેમ જ અગ્નિની જ્વાળા જેવા દેદિપ્યમાન મહાત્મા કપિલમુનિને પણ જોયા.

ઘોડાને જોતાં જ સાગરો હર્ષથી રોમાંચિત થઇ ગયા, અને મહાત્મા કપિલનો પણ અનાદર કરીને ઘોડો પકડવાની ઇચ્છાથી દોડયા. તેથી કપિલ મહાત્માને ક્રોધ ચઢયો. મહા તેજસ્વી કપિલમુનએ પોતાની આંખ ફેરવીને સાગરો ઉપર પોતાનું તેજ ફેંકયું. અને તે તેજને પ્રતાપે બધા મંદભાગ્ય સાગરો બળીને ખાખ થઇ ગયા. આ વૃત્તાંત નારદે સગરને જણાવવાથી એ ઘણો ઉદાસ થઇ ગયો. પછી પોતાના પૌત્ર અને અસમંજસના પુત્ર અંશુમાનને તેડાવી સઘળી હકીકત કહી અશ્વ લેવા જવાની આજ્ઞા કરી. અંશુમાન દરીઆમાં ગયો. એણે અશ્વને તેમ જ કપિલ મહાત્માને જોયા. ભાંયપર પડીને મુનિને સાષ્ટાંગ પ્રણામ કરીને પોતાનું કામ જણાવ્યું. એના વિનયથી પ્રસન્ન થઇ કપિલ બોલ્યા કે હે અંશુમાન ! તારામાં વિનય, ધર્મ અને ક્ષમા છે, તેથી તું માગે છે તે હું તને આપું છઉં. તું સુપુત્ર છે. તારા વડે જ સગર પુત્રવાન્ છે. જા તારા પૌત્ર વડે આ નાશ પામેલા સાગરોનો ગંગા આવવાથી ઉદ્ધાર થશે. પછી અંશુમાન અશ્વ લઇને આવ્યો અને સગરનો યજ્ઞ સંપૂર્ણ થયો. (**ભા૨૦ વ૦ સ૦ ૧૧૭**).

સાગર (૨). સગરના પુત્રો–સાગર ઉપરથી પડેલું સમુદ્રનું નામ.

સાગરધ્વજ. પાંડયદેશાધિપતિ. ભારતના યુદ્ધમાં એ પાંડવોના પક્ષમાં હતો. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૨૩**). એના બાપ અને ભાઇને કૃષ્ણે મારેલા હોવાથી એ દ્વારકા ઉપર ચઢી જતો

હતો પણ એનાં સગાં વહાલાં અને મિત્રોએ વારીને નહોતો જવા દીધો.

સાત્યકી. સોમવંશી યદુકુળના શિનીના પુત્ર સત્યકનો પુત્ર યુયુધાન તે જ. (**ભા૨૦ આ૦ ૨૩૬–૧૧**). એની સ્ત્રીનું નામ સરસ્વતી અને પુત્રનું નામ દશક હતું. વધારે સારુ યુયુધાન શબ્દ જુઓ.

સાત્યાયનિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

સાત્રાજિતી. સત્રાજિત રાજાની કન્યા સત્યભામાનું બીજું નામ.

સાત્વત. ચંદ્રવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામધ કુળના કથવંશમાં જન્મેલા આયુ રાજાનો પુત્ર. એને ભજમાન, ભજિ, દિવ્ય, વૃષ્ણિ, દેવાવૃધ, અંધક, અને મહાભોજ એમ સાત પુત્રો હતા.

સાત્વત (૨). કૃતવર્મા.

સાત્વત (૩). શ્રીકૃષ્ણનું બીજું નામ.

સાંદીપનિ. કાશ્ય નામના ઋષિનો પુત્ર; એ અવંતી નગરીમાં રહેતો હતો. (**ભા૨૦ સ૦ ૫૪–૧; ભાગ૦ દશમ સ્કં૦ સ૦ ૩૧**). કૃષ્ણ અને બલરામ ઉપનયન સંસ્કાર થયા પછી આને ત્યાં વેદાધ્યયન કરવા સારુ રહ્યા હતા. ત્યાં અગાઉ એક બ્રાહ્મણ પણ અભ્યાસ કરતો હતો. એને પહેરવાને સારાં લૂગડાં યે નહોતાં મળતાં માટે એ બ્રાહ્મણને કુચૈલ કહેતા. વેદ વેદાંગ અને સંપૂર્ણ ચોસઠે કલાઓ શિખી રહ્યા પછી બન્ને ભાઇઓએ બ્રહ્મવિદ્યાનો અભ્યાસ પણ કર્યો. આ બધામાં કુચૈલ કૃષ્ણ બળરામનો સહાધ્યાયી હતો. ભણી રહ્યા પછી "ગુરૂ દક્ષણા માંગો" કહેતાં સાંદીપનિયે પોતાનો મૃત પુત્ર માગ્યો. કૃષ્ણે એ પુત્ર આણી આપી પછી પોતે અને બળરામે ઘેર આવીને સમાવર્તન કર્યું. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૪૫**) અને (**વિષ્ણુ૦ ૫–૨૧**). આ કુચૈલ તે જ સુદામો. શ્રીમદ્ ભાગવતમાં સુદામો નામ નથી.

સાધિત. એક બ્રહ્મર્ષિ. (૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ.)

સાધ્યગણ. રુદ્રના ચોર્યાસી જાતના ગણ વિશેષ. એમને ત્રણ આંખો હતી.

(**મત્સ્ય૦ સ૦ ૪**)

ततः साध्यगणानीशस्त्रिनेत्रानसृजत्पुनः ।
कोटीश्च चतुरशीतिर्जरामरण वर्जिताः ॥ ३० ॥

સાધ્યદેવ. તામસ મન્વંતરમાંના દેવ વિશેષ.

સાધ્યદેવ (૨). ચાલુ મન્વંતરમાંના સાત જાતના દેવોમાંની એક જાતિના દેવ વિશેષ. આ જ મન્વંતરમાં એઓ ધર્મઋષિથી સાધ્યા નામની સ્ત્રીની કૂખે ઉત્પન્ન થયા હતા. મન, ઉર્મંતુ, પ્રાણ, નર, ઉષાન, વીર્યવાન, ચિત્તહાર્ય, અયન, હંસ, નારાયણ વિભુ અને પ્રભુ એ એમનાં બારેનાં નામ છે.

……"साध्या साध्यासुताः स्मृताः ॥१०॥
मनोर्मनुश्च प्राणश्च नरोषानो च वीर्यवान ।
चित्तहार्योऽयनश्चैव हंसो नारायणस्तथा ॥११॥
विभुश्चापि प्रभुश्चैव साध्या द्वादश कीर्त्तिताः ।
(**મત્સ્ય પુ૦ અહુ ૨૦૪**

સાધ્યા. પ્રાચેતસ દક્ષની કન્યા, ધર્મ ઋષિ પ્રજાપતિની દસ સ્ત્રીઓમાંની એક અને બગડાની સંજ્ઞાવાળા સાધ્યદેવોની માતા.

સાનુપ્રસ્થ. રામની સેનાનો એક વાનર (**વા૦ રા૦ યુદ્ધ સ૦ ૪૭**).

સાંબ. જગન્માતા–જેથી અંબા કહેવાય છે તે–પાર્વતી સહિત મહાદેવ–શંકર ભગવાન.

સાંબ (૨). એક બ્રહ્મવૃચ ઋષિ. (**ભા૨૦ આશ્ર૦ સ૦ ૧૦**).

સાંબ (૩). જાંબુવતીને પેટે સોમવંશી યાદવકુળના શ્રીકૃષ્ણનો પુત્ર. એ મહારથી હતો. દુર્યોધનની પુત્રી લક્ષ્મણા એની સ્ત્રી થાય. (**ભા૨૦ આ૦ ૨૦૧, ૧૭ ૨૩૬, ૯ અને સ૦ ૪ ૪૧**) અને (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૬૮**).

સાંબ (૪). વૃષ્ણિ કુળનો એક યાદવ. એને સ્ત્રીનો વેશ પહેરાવીને યાદવોના કુમારોએ પિંડારક ક્ષેત્રમાં એક ઋષિની મજાક કરવા પુછ્યું હતું કે આ સ્ત્રીને શું અવતરશે ? મહાભારતમાં જાંબુવતીનો પુત્ર કહ્યો છે પણ

એ ચૂક છે, કેમકે તે વેળાએ એ સાંબ કુમારાવસ્થામાં જ ન હતો. (**ભા૨૦ મૌ૦ ૨–૫**;) એ યાદવાવસ્થળીમાં મરણ પામ્યો હતો. (**ભા૨૦ મૌ૦ સ૦ ૪–૪૫**).

સાંબવાહ. અગસ્ત્ય ગોત્રનું એક કુળ.

સામવેદ. ચાર વેદોમાંનો ત્રિજો. એ તેમ જ એનો ઉપવેદ ગાંધર્વવેદ બ્રહ્મદેવના પશ્ચિમ મુખમાંથી નિકળ્યા હતા. (૧ વેદ શબ્દ જુઓ).

સામલોમકી. એક બ્રહ્મર્ષિ. (૩ અંગારા શબ્દ જુઓ).

સાયકાયનિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગારા શબ્દ જુઓ).

સાયંકાળ. ઉત્તાનપાદ વંશના પુષ્પાર્ણનો પુત્ર.

સાયંભનિ. દુર્યોધન પક્ષનો શલરાજા જેનું બીજું નામ સંયમન હતું તેનો પુત્ર, એને ધૃષ્ટદ્યુમ્ને માર્યો હતો. (**ભા૨૦ ભીષ્મ૦ સ૦ ૬૧**).

સાયાન્હ. સાયંકાળ.

સારજ્ઞાર્થ. યુયુધાનનું બીજું નામ. (**ભા૨૦ દ્રો૦ ૨૩–૪**).

સારણ. સોમવંશી યાદવવંશના કૃષ્ણનો ભાઇ. (**ભા૨૦ આ૦ ૨૩૮–૧૦; સ૦ ૪–૩૬**).

સારણ (૨). રાવણનો મન્ત્રી. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ–૨૫** અને **ભા૨૦ વ૦ ૨૮૪–૫૨**).

સારણ (૩). લંકાનો એક એ નામનો રાક્ષસ વિશેષ. (**વા૦ રા૦ સું૬૦ સ૦ ૬**).

સારણ (૪). એક યાદવ વિશેષ. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ. ૭૬**).

સારણ (૫). વસુદેવને રોહીણીની કૂખે થએલા સાત પુત્રો પૈકી એક.

સારમેય. શ્વફલ્ક યાદવના ગાંદિનીને પેટે થએલા તેર પુત્રોમાંનો એક.

સારમેયદન. સાતસેં અને વીસ દાંતવાળા સ્વાનોના સમુદાય જ્યાં જનારને કરડી ખાય છે એવું એક નરક વિશેષ. રાહદારીને લૂંટનારાઓ આ નરકમાં નંખાઇ યાતના ભોગવે છે.

સારવાહ. અગસ્ત્યના ગોત્રનો એક ઋષિ.

સારવાહ (૨). સારવાહ ઋષિનું કુળ.

સારસ. જટાયૂના પુત્રોમાંનો એક.

સારસ (૨). ગરુડપુત્ર–પક્ષી. (**ભા૨૦ ઉદ્ય૦ ૧૦૧–૧૧**).

સારસ્વત. અલંબુષા નામની અપ્સરાને જોઇને, અથર્વણ ઋષિના પુત્ર દધીચીના સ્ખલિત થઇ સરસ્વતી નદીમાં પડેલા વીર્યમાંથી ઉત્પન્ન થએલો પુત્ર. (**ભા૨૦ શા૦ ૫૨**). એ ચાલુ મન્વંતરમાં નવમી ચોકડી પર્યંત વ્યાસ હોવો જોઇએ. કારણ કે ત્યાં સુધી વેદાચાર્યપણું એણે કર્યું હોય એમ જણાય છે.

એક વખત બાર વર્ષ સુધી લાગલાગટ વર્ષાદ આવ્યો નહિ. ચારે વેદનું અધ્યયન કરનારા બ્રાહ્મણો નાશ પામ્યા; પરંતુ આ સારસ્વતને સરસ્વતી નદીએ માછલાં વગેરેનો આહાર આપીને જીવાડ્યો. એણે પોતાની પાસે વેદાધ્યયન સારુ આવેલા આઠ હજાર બ્રાહ્મણોને રીવાજ મુજબ પોતાના શિષ્ય બનાવી, ચારે વેદ ભણાવ્યા હતા. (**ભા૨૦ શલ્ય૦ સ૦ ૫૧**).

સારસ્વત (૨). એક બ્રહ્મર્ષિ. બ્રહ્મકન્યા સરસ્વતીનો વાક્‌સંભવ પુત્ર.

अथ भूयो जगत्सृष्टा भोःशब्देनानुनादयन् ।
सरस्वतीमुच्चचार तत्र सारस्वतोऽभवत्॥२८॥
(**ભા૨૦ શાં૦ ૩૫૬–૩૮**).

એ સ્વાયંભુવ મન્વંતરમાં વેદાચાર્ય હતો. અપાંતરતમ અને પ્રાચીનગર્ભ એવાં એનાં બીજાં નામ છે.

सरस्वतीमुच्चचार तत्र सारस्वतो भवत् ।
अपांतरतमा नाम सुतो वाक्‌संभवः प्रभुः॥३९॥
तेन भिन्नास्तदावेदा मनोः स्वायंभुवेतरे ।
ततस्तुतोष भगवान् हरिस्तेनास्य कर्मणा॥४२॥
अपांतरमाश्चैव वेदाचार्यः स उच्यते ।
प्राचीन गर्भो तमृषि प्रवदंतीह केचन ॥६६॥
(**ભા૦ શાંતિ૦ સ૦ ૩૬૬**).
(**ભાગ૦ ૬૦ અ૦ ૧૫**).

સારસ્વત (૩). કોઇ એક અત્રિ ઋષિનો પુત્ર.

સારસ્વત (૪). એક બ્રહ્મઋષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).

સારસ્વત (૫). કૌશિક ઋષિના સાત શિષ્યોમાંનો એક શિષ્ય. (વા૦ રા૦ અદ્‌ભૂતોત્તર૦ સ. ૭).

સારસ્વત (૬). ભારતવર્ષીય ભરતખંડનો દેશ. આ દેશ ઇન્દ્રપ્રસ્થની પશ્ચિમે, પશ્ચિમ મત્સ્ય દેશ અને મરુભૂમિ દેશ એની વચ્ચે સરસ્વતી નદીને તીરે હતો એમ જણાય છે. પ્રથમ કહેલો સપ્તસારસ્વત દેશ અને આ એક જ હશે (સપ્તસારસ્વત શબ્દ જુઓ).

સારસ્વત (૭). એ નામનું એક ભારતવર્ષીય તીર્થ વિશેષ.

સારસ્વતકલ્પ. બ્રહ્મદેવના ચાલુ મહીનામાં થઇ ગએલો બારમો દીવસ. (૪ કલ્પ શબ્દ જુઓ.)

સારસ્વતપુર. વીરવર્મા રાજાનું નગર.

સારિક. યુધિષ્ઠિરની સભાનો એક ઋષિ. (ભા૨૦ સ૦ ૪–૧૯).

સારિમેજય. વૃષ્ણિ કુળનો એક યાદવ. (ભા૨૦ આ૦ ૨૦૧–૧૯).

સાર્દ્ધનેમિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગીરા શબ્દ જુઓ).

સાર્દ્ધસુધીવ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

સારિસૃક. શાર્ઙ્ગક પક્ષી–મન્દપાળ ઋષિનો પુત્ર. શાર્ઙ્ગી જરિતા એની મા થાય,. જ્યારે ખાંડવ વન બાળ્યું ત્યારે એની પ્રાર્થના ઉપરથી અગ્નિયે એમને બાળ્યાં નહોતાં. (ભા૨૦ આ૦ ૨૫૮–૩).

સાર્પિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

સાર્વભૌમ. સોમવંશી પૂરુકુળોત્પન્ન અજમીઢ વંશના કુરુપુત્ર જન્હુરાજાના વિદૂરથ નામના પૌત્રનો પુત્ર. એના પિતાનું નામ અહંયાતિ, માતુ નામ ભાનુમતી, સ્ત્રીનું નામ સુન્દરા અને પુત્રનું જયત્સેન હતું. સુન્દરાનું બીજું નામ સુનન્દા હતું. એ કેકય રાજપુત્રી હોઈ સાર્વભૌમે એનું હરણ કર્યું હતું (ભા૨૦ આ૦ ૬૩–૧૫).

સાલંકટંકટી. વિઘુત્કેશ રાક્ષસની સ્ત્રી, અને સંધ્યા નામની સ્ત્રીની કન્યા.

સાલકટંકટી. હિડિમ્બા તે જ. (ભા૦૨ સા૦ ૧૬૭–૧૭).

સાલંકાયન. વિશ્વામિત્ર ઋષિનો [illegible] (ભા૨૦ અનુ૦ ૭–૫૨).

સાલકિ. એક બ્રહ્મર્ષિ. (૩ અંગિરા શબ્દ જુઓ).

સાલ્વ. બ્રહ્મદત્ત; કાશિરાજ પુત્રીઓના સ્વયંવર કાળે આ ગયો હતો. ત્યાં ભીષ્મે એને હરાવી કન્યાઓનું હરણ કર્યું હતું. ભીષ્મે હરણ કરેલી ત્રણ રાજપુત્રીઓમાંથી અમ્બાએ એમ કહ્યું કે હું તો મનથી સાલ્વને વરી ચૂકી છઉં. ત્યારે ભીષ્મે એને જવા દીધી. અમ્બા સાલ્વને ત્યાં ગઇ ત્યારે સાલ્વે તને બીજાએ હરણ કરી માટે મારે ન જોઇએ કહી, રાખી નહિ. સાલ્વને કૃષ્ણની સાથે યુદ્ધ થયું હતું, (ભા૨૦ વ૦ ૧૪–૨૨ અને ભાગ૦ ૧૦ સ્કં૦ સ૦ ૭૬).

સાલ્વ (૨). સાલ્વ દેશનો ક્ષત્રિય. મ્લેચ્છ ગણનો અધિપતિ. એને સાત્યકિયે માર્યો હતો. (ભા૨૦ શ૦ ૧૬).

સાલ્વ (૩). એ નામનો દેશ વિશેષ. (ભા૦ ભી૦ ૯–૩૯).

સાલ્વેય. પર્વત વિશેષ. (વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૨૬).

સાવર્ણ. એક ઋષિ. (ભા૨૦ સ૦ ૪–૨૧).

સાવર્ણિ. કૃતયુગમાં મહાદેવને પ્રસન્ન કરવા સારુ સાડ હજાર વર્ષ તપ કરનાર એક ઋષિ. (ભા૨૦ અનુ૦ ૪૫–૮૭; સ૦ ૭–૧૨).

સાવર્ણિ (૨). ચાલુ મન્વંતર પૂરો થયા પછી થનારા ચૌદ મનુઓમાંનો આઠમો મનુ. એ ચાક્ષુષ મન્વંતરમાં સુરથ નામનો કોઇ ઉપાસક રાજા હતો. (૧ સુરથ શબ્દ જુઓ). એનો જન્મ વિવસ્વાન આદિત્યવડે છાયાને પેટે થશે. એને ધૃતિ, વરીયાન્, યવસ, સુવર્ણ,

ચરિષ્ણુ, ઉરુય, સુમતિ, વસુ, શુક્ર, અને નિર્મોક એમ દસ પુત્રો થશે. સુતપસ, વિરજ, અને અમૃતપ્રભા એઓ સ્વર્ગ મધ્યે દેવ થશે; અને વિરોચન પુત્ર બલિ તેમનો સ્વામી ઇન્દ્ર થશે. ગાલવ, દીપ્તિમાન, જમદગ્નરામ, દ્રોણ પુત્ર અશ્વત્થામા, શારદ્વત (કૃપાચાર્ય), ઋષ્યશૃંગ, અને હાલના આપણા વ્યાસ કૃષ્ણદ્વૈપાયન એ સાત એ મન્વંતરમાં સપ્તર્ષિ થશે. તેમ જ સરસ્વતી નામે ઋષિપત્નીના ઉદરમાં સાર્વભૌમ નામે વિષ્ણુનો અવતાર થશે, એ બલિ નામના ઇન્દ્રની સાથ કરશે. એ મન્વંતર સાવર્ણિ મન્વંતર કહેવાશે. (ભાગ૦ ૮ સ્કં૦ સ૦ ૧૩).

સાવર્ણિક. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

સાવર્ણ્ય. વિવસ્વાન આદિત્યે મૃગમયી સ્ત્રીને વિષે ઉત્પન્ન કરેલો રાજર્ષિ.

सावर्ण्यश्चापि राजर्षिः सवर्णायाम जायत ।
मृण्मय्यां भरत श्रेष्ठ आदित्येन विवस्वता॥२५॥
(ભા૨૦ અનુ૦ ૫૩–૨૫).

સાવર્તક. પ્રલયમેઘ માંહ્યલો એક.

સાવિત્ર. એક રૂદ્ર. ભારતમાં કહેલા રુદ્રોમાંથી આ નામ કોનું તે જણાતું નથી.

સાવિત્ર (૨). એક વસુ. આઠ વસુઓમાં કિયાનું આ નામ તે જણાતું નથી. માત્ર જ્યારે રાવણ દેવોની સાથે યુદ્ધ કરતો હતો ત્યારે રાવણના માતામહ સુમાલી રાક્ષસને આણે માર્યો હતો. (વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૨૭).

સાવિત્ર (૩). કોઇ કોઇ જગાએ કર્ણને આ નામે કહ્યો જણાય છે. (ભા૨૦ આ૦ ૧૪૬–૯).

સાવિત્રી. એક દેવી. (ભા૨૦ વ૦ ૨૯૪–૯–૧૦).

સાવિત્રી (૨). બ્રહ્મદેવની સ્ત્રી.

"पितामहो जगन्नाथः सावित्री ब्रह्मणः सती"

સાવિત્રી (૩). પ્લક્ષદ્વીપની એક મહા નદી.

સાવિત્રી (૪). સામવેદોપનિષત્.

સાવિત્રી (૫). મદ્ર દેશના અધિપતિ અશ્વપતિ નામના રાજાની કન્યા. ઘણા કાળ સુધી અશ્વપતિને કશી સંતતિ નહોતી. આથી એણે અઢાર વર્ષ સુધી સાવિત્રી દેવીનું આરાધન કર્યું. આરાધનની સમાપ્તિ વખતે હવનમાંથી સાક્ષાત્ સાવિત્રી દેવીએ પ્રકટ થઇ રાજાને વર માગવાનું કહ્યું. રાજાએ પુત્રની યાચના કરી, પણ દેવીએ કહ્યું કે જા, તને પુત્રી થશે. આમ કહીને દેવી અંતર્ધાન થઇ. પછી રાજાની મોટી રાણીને ગર્ભ રહ્યો. ગર્ભ પરિપૂર્ણ વધીને યોગ્ય સમયે રાણીને દિવ્ય કુંવરી અવતરી. આ અનુપમ કન્યારત્નને જોઇને રાજા આનંદ પામ્યો. એણે કન્યાનું જાતકર્મ ઇ૦ કર્યું. સાવિત્રી દેવીએ આપેલી હોવાથી કન્યાનું નામ સાવિત્રી પાડયું. દિવસાનુદિવસ વધીને કન્યા પરણવા યોગ્ય ઉમ્મરની થઇ. અશ્વપતિ એના લગ્નની ચિંતામાં પડયો. અનેક રાજપુત્રોની દૃષ્ટિએ એ કન્યા પડે એવા સંયોગ એણે કર્યા. પરન્તુ જે જે રાજપુત્રો એને જુએ તે એના અલૌકિક તેજથી છક્ક થઈને પાછા જાય, અને પરણવાની હિમ્મત ન કરે. એક વખત અશ્વપતિયે સાવિત્રીને કહ્યું કે તું મોટી થાય છે અને કોઇ રાજપુત્ર તને પરણવા તત્પર થતો નથી. માટે તું જ દેશમાં ફરીને તને યોગ્ય વરને પસંદ કર. તું જેને પસંદ કરીશ તેને હું કન્યાદાન આપીશ.

ભલે, એમ કહીને એક વૃદ્ધ મંત્રીને જોડે લઇને સાવિત્રી પ્રવાસે નિકળી. એણે પ્રવાસમાં ફરતાં ફરતાં અનેક નગરો અને તપોવનો જોયાં. એણે એક દ્યુમત્સેન રાજાના કુંવર સત્યવાન્‌ને પસંદ કર્યો. પછી એ પાછી પોતાના પિતા પાસે આવી. (ભા૨૦ વ૦ અ૦ ૨૯૩).

પ્રવાસમાંથી પાછાં આવીને પોતે શો નિશ્ચય કર્યો એ પોતાના પિતાને કહેવાને સાવિત્રી ગઇ. પણ અશ્વપતિ તે વખત નારદ ઋષિની જોડે કાંઇ વાત કરવામાં રોકાયલો હતો તેથી બન્નેને નમસ્કાર કરીને બોલ્યા

ચાલ્યા વગર એક બાજુએ ઉભી રહી. નારદે પુછ્યું કે રાજા, આ તારી કન્યા ક્યાં ગઇ હતી ? એનો વિવાહ હજુ સુધી કેમ કર્યો નથી ? રાજાએ કહ્યું મેં એને વર પસંદ કરવા મોકલી હતી ત્યાંથી અમણાં જ આવી છે. હવે એનો શો વિચાર છે તે જોઇએ. નારદે કન્યાને પુછ્યું કે તું કિયો વર પસંદ કરીને આવી છે તે કહે. સાવિત્રીની સાથેના વૃદ્ધ મંત્રીએ કહ્યું કે 'સાલ્વદેશના દ્યુમત્સેન રાજા ચક્ષુહીન હોવાથી એના વારસોએ એને કાઢી મૂક્યો છે. તેથી અરણ્યવાસ કરીને રહ્યો છે. એ રાજાનો સત્યવાન નામે કુમાર સ્વરુપવાન અને ગુણવાન છે, તેને સાવિત્રીએ પસંદ કર્યો છે.

નારદ એ સાંભળીને સત્યવાનનાં વખાણ કરીને બોલ્યા કે એ ખરું છે. એ રાજપુત્ર ઘણો ઉત્તમ છે, પણ એ વાતમાં એક અડચણ છે; મારે બોલવું તો જરુરનું નથી પણ સાવિત્રીના હિતની ખાતર મારે કહેવું જ જોઇએ.

અશ્વપતિયે કહ્યું કે મહારાજ શી અડચણ છે તે કહેવાની કૃપા કરો. નારદે કહ્યું કે એ કુમાર સંવત્સાયુ છે. એટલે એ માત્ર એક જ વર્ષ જીવશે. આ સાંભળીને અશ્વપતિએ ભય પામીને સાવિત્રીને કહ્યું, આ નારદ ઋષિ કહે છે તે તું સાંભળે છે ? મને તો લાગે છે કે તું બીજાને પસંદ કરે તો ઠીક. એ સાંભળીને સાવિત્રીએ કહ્યું કે હવે તો મેં પસંદ કર્યો તે કર્યો. એ ગમે તેવો હશે તોપણ હું બીજા કોઇને પરણનાર નથી. નારદ બોલ્યા કે રાજા, જો સાવિત્રીનો એવો નિશ્ચય જ છે તો ભલે એ વરે. આમ કહીને નારદ ઋષિ ત્યાંથી ચાલી નિકળ્યા. (**ભા૨૦ ૫૦ અ૦ ૨૯૪**).

અશ્વપતિયે વિવાહની સામગ્રીઓ તૈયાર કરાવરાવી અને સાવિત્રીને સાથે લઇને પોતે દ્યુમત્સેન રાજા જ્યાં હતો ત્યાં તપોવનમાં ગયો. એણે દ્યુમત્સેનને કહ્યું કે તારા પુત્રને મારી કન્યા આપવા સારુ હું આવ્યો છું. દ્યુમત્સેન કહે હું રાજપાટ વગરનો થઇને આ અરણ્યમાં આવી નઠારી સ્થિતિમાં રહું છું, એવી હાલતમાં આ વિવાહ કેમ થાય ? અશ્વપતિએ કહ્યું કે હું સઘળી પરિસ્થિતિનો વિચાર કરીને જ આવ્યો છઉં. એટલે હવે તમારે કશો વિચાર કરવાનું રહેતું જ નથી. દ્યુમત્સેને આ સાંભળીને કહ્યું ભલે. તમારી ઇચ્છા પ્રમાણે થાઓ. પછી અશ્વપતિયે પોતાની કન્યા સાવિત્રીને સત્યવાનને પરણાવી; ચાર દિવસ સુધી આનંદે સમારંભ કરી, સાવિત્રીને ત્યાં મુકી પોતે પોતાને નગર પાછો આવ્યો.

રાજાના વિદાય થયા પછી સાવિત્રીએ પોતાના અંધ શ્વશુરની, સાસુની અને પતિની, દેવ હોય નહિ, એવી સેવા કરવા માંડી. શ્વશુરપક્ષને સાવિત્રીથી પરમ સંતોષ થયો અને પોતે પણ સુખી થઇ. માત્ર પતિના આવરદાની વાતનું જ્યારે જ્યારે સ્મરણ થાય ત્યારે એને ઘણું દુઃખ થતું. તથાપિ એણે કોઇની યે આગળ એ બાબતની ઉની વરાળે કાઢી નહિ. (**ભા૨૦ ૫૦ અ૦ ૨૯૫**).

આમ પોતાના પતિના આયુષ્યમાંથી કેટલું રહ્યું એ રોજ ગણતાં ગણતાં એને જણાયું કે હવે માત્ર ત્રણ જ દિવસ જીવતરના રહ્યા છે. એ ત્રણે દિવસ પોતે અનશનવ્રત કર્યું. ચોથે દિવસે એમ બન્યું કે આશ્રમમાં લાકડાનો કડકોએ ન મળે. એટલે સત્યવાન હાથમાં કોવાડો લઇ લાકડાં સારુ અરણ્યમાં જવા નિકળ્યો. સાવિત્રીએ પોતાનાં સાસુ સસરાને વિનતિ કરી કે મને વનશ્રી નિરખવાની આકાંક્ષા છે તે સારુ મને સત્યવાન સાથે અરણ્યમાં જવા દો. આપની આજ્ઞા હોય તો હું જાઉં. પણ સત્યવાનના મરણની હકીકત એણે કોઇને બિલકુલ જાણવા દીધી નહિ. દ્યુમત્સેનને સાવિત્રી ઉપર ઘણી જ પ્રીતિ હતી. એણે આજ્ઞા આપવાથી સાવિત્રી સત્યવાનની સાથે અરણ્યમાં ગઇ. (**ભા૨૦ ૫૦ અ૦ ૨૯૬**).

અરણ્યમાં જઇને સત્યવાને લાકડાં કાપ્યાં. ફળ, મૂળ વગેરે એકઠાં કર્યાં અને ઘેર જવાની તૈયારી કરતો હતો તેવામાં એના મસ્તકમાં શૂળ આવવા જેવું થવાથી તે ત્યાં જ એક ઝાડ નીચે બેઠો. મારા માથામાં શૂળ આવે છે એવું સાવિત્રીને એણે કહેતાં જ સાવિત્રીએ એનું મસ્તક પોતાના બોળામાં લીધું. માથું બોળામાં લેતાં જ સત્યવાનને નિદ્રા આવી ગઇ. આજે જ એનું મૃત્યુ થવાનું હતું.

સાવિત્રી પતિનું મસ્તક પોતાના બોળામાં લઇને બેઠી છે તેવામાં સાક્ષાત્ યમ એની દૃષ્ટિયે પડ્યો. સાવિત્રીએ એને અડસટ્ટે ઓળખીને પોતાના પતિનું માથું બોળામાંથી લઇ વસ્ત્ર ઉપર મુક્યું અને યમને નમસ્કાર કરી પુછ્યું કે આપ કોણ છો ? અહીં કેમ પધાર્યા છો ? સાવિત્રીની કોમળ મૃદુ વાણી સાંભળીને યમે કહ્યું કે જેને યમ કહે છે તે હું પોતે છઉં, અને તારા પતિનો આવરદા પૂરો થવાથી એને લઇ જવા હું આવ્યો છઉં. સાવિત્રી કહે પ્રાણિ માત્રને લેવા સારુ આપના દૂતો જાય છે એમ મેં સાંભળ્યું છે, અને આજે આપ સ્વતઃ કેમ પધાર્યા છો ?

યમે કહ્યું કે જે મરનાર ધર્મપરાયણ હોય છે તેને લેવા મારા દૂતને ન મોકલતાં હું જ જાતે જાઉં છઉં, માટે આજે હું પોતે આવ્યો છું. આમ બોલીને યમે સત્યવાનના લિંગદેહનું (વાસનારુપ સૂક્ષ્મ દેહનું) આકર્ષણ કરી પોતે દક્ષિણ દિશાનો રસ્તો લીધો. પોતાના સ્વામીને મરણ પામેલો જોઇને સાવિત્રીએ એના મૃતદેહને વસ્ત્ર વડે ઢાંકી પોતે યમની પછવાડી પછવાડી ગઇ. યમે એને આવતી જોઇને પુછ્યું કે તું મારી પાછળ પાછળ શું કામ આવે છે ? પાછી જા, અને પતિનું ઔર્ધ્વદેહિક કર્મ (મરણ વખતે કરવામાં આવતો સંસ્કાર વગેરે ક્રિયાઓ) કરીને સ્વસ્થ રહે. દેવી ભાગવતમાં છે કે આ વખતે યમ "તું હવે જઇને બીજો પતિ કર" એવા અર્થનું કાંઇક વેણ બોલ્યો તે પરથી સાવિત્રીએ કહ્યું કે:—

पतिव्रता चैकपती द्वितीये कुलटा स्मृता ।
तृतीये धर्षणी ज्ञेया चतुर्थे पुंश्चली त्यपि ॥४॥
वेश्या च पंचमे षष्टे पुंगी च सप्तमेऽष्टमे ।
तत ऊर्ध्वं महावेश्या साऽस्पृश्या सर्व जातिषु
॥ ६ ॥

(**દેવી ભાગ૦ સ્કં૦ ૪૦ અ૦ ૨૮-૩૦**).

આમ બોલીને સાવિત્રી યમની પછવાડી જ ગઇ. પોતાની પાછળ પાછળ સાવિત્રીને આવતી જોઇને યમ ઉભો રહ્યો અને બોલ્યો કે હે પતિવ્રતા તું પાછી જા, સાવિત્રી કહે જ્યાં મારો પતિ ત્યાં હું. હું પાછી ક્યાં જાઉં ? એણે યમની ઘણી સ્તુતિ કરી. યમે ખુશી થઇને કહ્યું કે તારા પતિના પ્રાણ શિવાય બીજું જે ઇચ્છા હોય તે માગ. સાવિત્રીએ પોતાના અંધ શ્વશુરનાં નેત્ર સારાં થાઓ કહેતાં યમે તથાસ્તુ કહ્યું અને ચાલવા માંડ્યું. પણ સાવિત્રી તો પાછળની પાછળ. યમે ઉભા રહીને કહ્યું તું મારી પાછળ પાછળ શું કરવા આવે છે. તને માત્ર શ્રમ જ થશે માટે પાછી જા. જા તને પાછાં જતાં શ્રમ નહિ લાગે એ મારો આશીર્વાદ છે. સાવિત્રીએ કહ્યું કે પતિની જોડે ગમન કરનારીને શ્રમ મૂળે થાય નહિ. તો વળી પતિ અને આપ જેવા સાધુનો સમાગમ એમાં શ્રમ હોય જ નહિ. આ પ્રમાણે સાવિત્રીનું મીઠું અને ચતુરાઈ ભર્યું ભાષણ સાંભળીને યમે પ્રસન્ન થઇને કહ્યું કે તું બીજો વર માગ. સાવિત્રીએ માગ્યું કે મારા શ્વસુરનું રાજ્ય પુનઃ પ્રાપ્ત થાઓ. તથાસ્તુ કહીને યમે ચાલવા માંડ્યું. પણ જૂએ છે તો સાવિત્રી પૂઠે પૂઠે આવે છે: તેથી ઉભા રહીને પૂછતાં સાવિત્રીએ પોતાના પિતાને સો પુત્ર થાઓ એવું માગીને પુનઃ પોતાના પતિની માગણી કરી. એ સાંભળીને યમે તથાસ્તુ કહ્યું અને કહ્યું કે જા તારા

પતિને છોડી દીધો. આટલું કહીને યમ અંતર્ધાન થયો.

ત્યાંથી પાછી ફરીને સાવિત્રી પોતાના પતિના મૃત શરીર પાસે આવી. એણે પોતાના પતિનું મસ્તક પૂર્વવત્ પોતાના ખોળામાં લીધું. થોડી વારે સત્યવાનને ચેતન આવ્યું અને સાવધ થયો. બેઠાં થઇને એણે કહ્યું આજે મને ઘણી ઉંઘ આવી ગઇ. કોઇ માણસ મને પકડીને લઇ જતો હોય નહિ એમ ઉંઘમાં લાગ્યું. એણે મને છોડી દીધો કે મારી આંખ ઉઘડી ગઇ.

પછી સાવિત્રીએ બધું વૃત્તાંત સત્યવાનને કહ્યું. એ સાંભળી પોતાની સ્ત્રીના પાતિવ્રત્યને લીધે એને ઘણો આનંદ થયો અને બોલ્યો કે ચાલ આપણે આશ્રમે જઇએ. પિતા મારી વાટ જોતા હશે. પછી સાવિત્રી પતિની સાથે આશ્રમે જવાને નિકળી. (ભા૨૮ વ૦ અ૦ ૨૯૭).

ત્યાં આશ્રમમાં યમના વરદાનને લઇને દ્યુમત્સેનનાં નેત્ર પૂર્વવત થતાં એને બધું દેખાવા લાગ્યું. એને સાનંદાશ્ચર્ય થતો હતો કે આજ આમ કેમ થાય છે. સાવિત્રી અને સત્યવાન બન્ને રાત્રિ પડવા આવી પણ પાછાં કેમ ન આવ્યાં ધારી ચિંતા કરતો હતો તેટલામાં બન્નેને આવતાં જોયાં. વિલંબનું કારણ પુછતાં અથપ્રતિ બધી હકીકત કહી તે સાંભળી દ્યુમત્સેન ઘણો હર્ષ પામ્યો. ત્રણ દિવસના અપવાસ પછી બીજે દિવસે સાવિત્રીને પારણાં કરાવ્યાં. પરિણામે અશ્વપતિને સો પુત્ર થયા, દ્યુમત્સેનને પોતાનું રાજ્ય પાછું મળ્યું. અગાઉ જતાં દ્યુમત્સેને સત્યવાનને ગાદી પર સ્થાપ્યો. સાવિત્રીને સત્યવાનથી સો પુત્રો થયા. પતિ સહિત ચારસેં વર્ષ રાજ્ય ભોગવ્યું. (ભા૨૦ વન૦ અ૦ ૨૯૮–૨૯૯).

સાવિત્રીનું આ આખ્યાન મત્સ્ય પુરાણમાં પણ ભારતના જેવું જ મનોહર વાણીમાં અધ્યાય ૨૦૭ થી ૨૧૩ સુધીમાં વર્ણવ્યું છે.

સાવિત્રીકલ્પ. દિવસના ક્રમમાં બ્રહ્મદેવના ચાલુ મહિનાનો થઇ ગએલો ચોવીસમો દિવસ એટલે કલ્પ. (૪ કલ્પ શબ્દ જુઓ).

સાવૈનસ. ગૃત્સમદનો પુત્ર. એક ઋષિ. (ભા૨૦ અનુ૦ ૮–૬૧).

સાશ્વ. એક રાજર્ષિ.

સાસીસ. બગડાની સંજ્ઞાવાળા કશ્યપકુળનો એક ઋષિ.

સાહદેવી. સહદેવના પુત્ર.

સાહદેવી (૨). પૂરુવંશી પાંચાળ કુળના સહદેવપુત્ર સોમક રાજા એ નામે વિશેષ પ્રસિદ્ધ છે.

સાહરિ. ત્રગડાની સંજ્ઞાવાળા અંગિરા કુળમાં થયેલો એક ઋષિ.

સાહુલ. એકની સંજ્ઞાવાળા વિશ્વામિત્ર કુળનો એક ઋષિ.

સિકતાક્ષ. સિંધુ દેશ સંબંધી સૈંધવારણ્યમાંનું તીર્થ વિશેષ.

સિદ્ધ. પ્રાધાના ગાંધર્વ પુત્રોમાંનો એક.

સિદ્ધદેશ. ભારતવર્ષીય દેશ. (ભા૨૦ ભી૦ ૯).

સિદ્ધપુર. ભારતવર્ષીય ક્ષેત્ર વિશેષ.

સિદ્ધારણ્ય. સિદ્ધદેશ સંબંધી અરણ્ય.

સિદ્ધાર્થ. ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

સિદ્ધાશ્રમ. મલદ અને કરુષય એ બે દેશોને મધ્ય ભાગે અરણ્યમાં આવેલો એક આશ્રમ. આ જગાએ કશ્યપ અને અદિતિયે કાંઇ કાળ પર્યન્ત રહીને તપ કર્યું હતું. ચાલુ મન્વંતરની સાતમી ચોકડીમાં આ જ આશ્રમમાં વામનાવતાર થયો હતો. વિશ્વામિત્ર ઋષિએ આ જ જગાએ રહીને યજ્ઞ કર્યો હતો. એમના યજ્ઞમાં વિક્ષેપ કરનાર તાટકા રાક્ષસી અને એના બે પુત્રોને ઋષિએ રામ અને લક્ષ્મણને આણીને તેમને હાથે મરાવી પોતાનો યજ્ઞ સંપૂર્ણ કર્યો હતો. (વા૦ રા૦ બા૦ સ૦ ૨૬).

સિદ્ધિ. વાર નામના અગ્નિને શરયૂ નામની ભાર્યાને પેટે થએલો પુત્ર.

સિદ્ધિ (૨). મનુષ્ય જાતિના સામર્થ્યની પર, ઇચ્છા પ્રમાણે કરવાની શક્તિ. એ સિદ્ધિયો આઠ છે.

અણિમા મહિમા ગિરિમતા લઘિમા પ્રાપ્તિ પ્રાકામ;
વસીકરન અરુ ઈસિતા અષ્ટસિદ્ધિકે નામ.
(માનમંજરી–નંદદાસજી).

અણિમા લઘિમા પ્રાપ્તિઃ પ્રાકામ્યં મહિમા તથા ।
ઈશિત્વં ચ વશિત્વં ચ તથા કામાવસાયિતા ।

સિદ્ધિ (૩). વિશ્વરૂપની દિકરી. એ અને એની બહેન બુદ્ધિ ગણપતિ–ગણેશની સ્ત્રીઓ.

સિંધુ. સપ્તર્ષિયોના સંતોષ સારૂ ભાગીરથી ગંગાએ કરેલા પોતાના સપ્ત પ્રવાહોમાંનો એક પ્રવાહ.

સિંધુ (૨). ભરતખંડની એક નદી વિશેષ (ભા૦ સ૦ ૯–૨૩).

સિંધુ (૩). પારિયાત્ર પર્વતમાંથી નિકળનારી એક નદી વિશેષ.

સિંધુ (૪). ભારતવર્ષીય દેશ.–ગ્રંથો પરથી જણાય છે કે આ દેશ ઇન્દ્રપ્રસ્થની પશ્ચિમ દિશામાં મરુભૂમી અથવા મરુધન્વ દેશની પશ્ચિમે આવેલો હતો. અને સૌવીરદેશ આની બહુ જ પાસે આવેલો હતો. પાંડવોના વખતમાં અહીં વૃદ્ધક્ષત્રપુત્ર જયદ્રથ રાજા રાજ્ય કરતો હતો. આ જયદ્રથ ધૃતરાષ્ટ્રનો જમાઇ થતો. સહદેવની દિગ્વિજય યાત્રામાં આ દેશનું નામ ન હોવાથી લાગે છે કે એ દેશ સૌવીરની ઉત્તરે હશે. હાલની સિંધુ અને જેહલમ નદીઓની વચ્ચે આવેલો દેશ તે જ. (ભા૨૦ ભી૦ ૯–૪૦).

સિંધુદ્વીપ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન ભગીરથ રાજાના પૌત્ર, અમ્બરીષ રાજાનો પુત્ર. એનો પુત્ર તે અયુતાયુ.

સિંધુદ્વીપ (૨). સૂર્યવંશી ઋતુપર્ણનો પિતામહ, (હરિ૦ ૧–૧૫; ભાગ૦ ૯–૯)

સિંધુદ્વીપ (૩). સોમવંશી જન્હુ રાજાનો પુત્ર. જોકે જન્મે ક્ષત્રિય હતો પણ તપ વડે બ્રાહ્મણ થયો હતો. એને બલાકાશ્વ નામનો પુત્ર હતો. (ભા૨૦ શા૦ ૪૧–૧૦; અનુ૦ ૭–૪).

સિંધુરાજ. જયદ્રથ તે જ. (ભા૨૦ આ૦ ૨૧૮–૬૪).

સિંધુસાગરસઙ્ગમ. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

સિંધૂત્તમતીર્થ. ભારતવર્ષીય તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૦–૮૦).

સિંધુસૌવીર. સિંધુ દેશની પાસે જ આવેલો હોવાથી સૌવીર દેશનું પડેલું નામ.

સિનીવાક. એક ઋષિ. (ભા૨૦ સ૦ ૪–૨૦).

સિનીવાલી. કર્દમ પ્રજાપતિની સ્ત્રી દેવહૂતિનું બીજું નામ. (મત્સ્ય૦ અ૦ ૨૩).

સિનીવાલી (૨). સ્વાયંભુવ મન્વંતરમાં અંગિરા ઋષિને શ્રદ્ધાને પેટે થએલી કન્યા.

સિનીવાલી (૩). ચાલુ મન્વંતરમાં શુભા નામની ભાર્યાની કૂખે બૃહસ્પતિને થએલી સાત કન્યાઓમાંની એક.

સિનીવાલી (૪). બાર આદિત્યોમાંના ધાતા નામના આદિત્યની સ્ત્રી.

સિનીવાલી. (૫). શાલ્મલિ દ્વીપમાંથી એક મહા નદી.

સિંહ. સિંહની જાતિ. ક્રોધવશાની પુત્રી શાર્દૂલાને પેટે આ હિંસક પ્રાણિની ઉત્પત્તિ સારુ જુઓ (ભા૨૦ આ૦ ૬૭–૬૫).

સિંહ (૨). કૃષ્ણને લક્ષ્મણાની કૂખે થએલો પુત્ર.

સિંહ (૩). રામના સુત્ર નામના મંત્રીના દસ પુત્રોમાંનો એક. (કુશલવ શબ્દ જુઓ).

સિંહકેતુ. એક રાક્ષસ.

સિંહકેતુ (૨). પાંડવ પક્ષનો ચેદિરાજ પુત્ર. એને યુદ્ધમાં કર્ણે માર્યો હતો. (ભા૨૦ કર્ણ૦ અ૦ ૫૬).

સિંહચન્દ્ર. ભારતના યુદ્ધમાં પાંડવપક્ષનો એક રાજા (ભા૨૦ દ્રો૦ અ૦ ૧૫૮.)

સિંહપુર. ચિત્રાયુધ રાજાનું નગર. (ભા૨૦ સભા૦ અ૦ ૨૭).

સિંહલ. જંબુદ્વીપની આજુબાજુ જે આઠ દ્વીપો આવેલા છે તેમાના આપણે રહીએ છીએ તે તરફના દક્ષિણ સમુદ્રમાં આવેલા બે એટ માનો પહેલેા. બીજો ઉપદ્વીપ તે લંકા, એ પ્રસિદ્ધ જ છે.

ભૂગોળવેત્તાઓ સિંહલદ્વીપને લંકા કહે છે, પણ એ ચૂક છે. દશરથ રાજાના સમયમાં સિંહલદ્વીપમાં ચંદ્રસેન નામે રાજા હતો. લંકામાં રાવણ હતો. મિથિલામાં સીરદ્વજ જનક, ઇન્દ્રદેશમાં સુધન્વા અને મદ્રદેશમાં ચારુદેષ્ણ રાજાનો પિતા રાજા હતો. ભારતમાં સિંહલ નામના એક દેશનું નામ આવે છે પણ એ આ સિંહલદ્વીપથી જુદો એવી કાંઇ સાબિતી મળતી નથી.

સિંહસેન. ગોપતિ નામના પાંચાલનો પુત્ર. ભારત યુદ્ધમાં એ પાંડવોના પક્ષમાં હતો. એ પોતાના રથને શ્વેત અને રક્ત એવા મિશ્ર રંગના ઘોડા જોડાવતો. યુદ્ધમાં એ દ્રોણાચાર્યને હાથે મરણ પામ્યો હતો (**ભાર૦ દ્રો૦ ૧૫૮**).

સિંહસેન (૨). ભારતયુદ્ધમાં કર્ણે મારેલો એ નામનો પાંડવ પક્ષનો બીજો એક રાજા. **(ભાર૦ કર્ણ૦ અ૦ ૫૬).**

સિંહિકા. કશ્યપ ઋષિની તેર સ્ત્રીઓમાંની એક. એકની સંજ્ઞાવાળા ચાર સૈંહિકેયની માતા.

સિંહિકા (૨). કશ્યપને દિતીની કૂખે થએલા કન્યા. એ હિરણ્યકશિપુની બ્હેન હતી અને વિપ્રચિત્તિ નામના દાનવને પરણી હતી. બગડાની સંજ્ઞાવાળા સૈંહિકેયોની એ માતા થાય.

જ્યારે હનૂમાન સીતાની શોધ કરવાને સમુદ્ર કૂદી જતા હતા તે વખત આણે સમુદ્રના જળ ઉપર હનૂમાનનો પરછાયો પડેલો દીઠો. એ પરછાયાનું આકર્ષણ કરીને એણે હનૂમાનની ગતિને રોકી હતી. એના આકર્ષવાથી મારુતિ ખેંચાઇ આવીને આના મોંમાં પડયો હતો. પણ પોતે બલાઢ્ય હોવાથી આને મારી નાંખીને એણે પૂર્વવત્ ગમન કર્યું હતું. **(વા૦ રા૦ સુ૦ સ૦ ૧).**

સીતાવન. ભારતવર્ષીય વન વિશેષ.

સીતા. સ્વર્ધુનીના ચાર પ્રવાહો પૈકી પૂર્વદિશા તરફનો પ્રવાહ તે. એ ગંદમાદન પર્વત પરથી ભદ્રાશ્વ દેશમાં થઇને ક્ષાર સમુદ્રને મળે છે.

સીતા (૨). સપ્તર્ષિયોના સંતોષ સારુ ભાગીરથીએ પોતાના સાત પ્રવાહ કર્યા તેમાંનો એક પ્રવાહ. આ સપ્ત પ્રવાહ તે અલકનંદા નામની સ્વર્ધુનીનો જે પ્રવાહ આપણે રહીએ છીએ તે તરફ વહે છે તેના સમજવા. (**ભા૦ ભી૦ ૬-૪૯**).

સીતા (૩). અથર્વણવેદનું એ નામનું ઉપનિષત્.

સીતા (૪). પૂર્વ તુર્કીસ્તાનનું યારકંદ શહેર જેના કિનારા પર આવેલું છે તે યાર્ખ નદી.

સીતા (૫). વિદેહવંશીય સીરદ્વજ જનકની પાલિત કન્યા. સીરદ્વજ જનકને આ કન્યા હળ વડે ચાસ પાડતાં ખેતરમાંથી મળી હતી. અગાડી જતાં એનો વિવાહ દસરથપુત્ર રામચંદ્ર જોડે થયો હતો. નાનપણમાં જ સીતાને બળવાન દેખી સીરદ્વજે પોણ કર્યું હતું કે એની પોતાની પાસેનું શંકર ભગવાનનું ધનુષ્ય તોડી શકે એવાની સાથે આ કન્યાને પરણાવવી. વિઘ્નકર્તા રાક્ષસોને મારી, વિશ્વામિત્રનો યજ્ઞ સંપૂર્ણ કરી, એ ઋષિની સાથે રામ અને લક્ષ્મણ સીરદ્વજ જનકે સીતાનો સ્વયંવર આરંભ્યો હતો ત્યાં ગયા હતા. ત્યાં આવેલા રાજાઓથી ધનુષ્યભંગ ન થઇ શકતાં રામે સહજમાં જ એની પણછ તાણીને કડકા કરી નાંખ્યા હતા. આથી સીતાનું રામચંદ્ર સાથે લગ્ન થયું. લગ્ન થયા પછી સીતા અયોધ્યા આવી. પણ ત્યારબાદ થોડા સમય પછી પિતાની આજ્ઞાનુસાર રામ વનમાં ગયા. તે વખત સીતાને અયોધ્યામાં રહેવા રામે ઘણું યે કહ્યું પણ જ્યાં આપ ત્યાં હું એમ કહીને સીતા પોતે પણ વનવાસ ગઇ (**વા૦ રા૦ અયો૦ સ૦ ૨૬-૩૦**).

અરણ્યમાં જ્યાં જ્યાં ગયાં ત્યાં ત્યાં રામની સાથે માનપાન પામતી, રામચંદ્રના ખાતાં વધેલાં ફળ, મૂળ અને મૃગમાંસ જ માત્ર ખાતી અને પોતાના મૃદુ શબ્દો વડે રામચંદ્રના મનને વનવાસનું દુઃખ ન થવા દેતાં હમેશ આશ્વાસન જ આપતી. આગળ જતાં રામે ઘણો કાળ વનમાં વ્યતિત કરીને પંચવટીમાં રહેવા માંડયું. તેવામાં એક સમય રાવણનો પ્રેરેલો મારીચ રાક્ષસ સુવર્ણ મૃગનું રુપ ધારણ કરીને આવ્યો. એને જોઇને સીતાની ઇચ્છા થઇ કે આવા ચામડાની ચોળી શિવડાવી હોય તો ઉત્તમ ! એણે રામચંદ્રને કહેતાં એ ધનુષ્ય બાણ લઇ એ મૃગને મારવા અરણ્યમાં ગયા. મૃગને માર્યો. પણ આ માયા મૃગે મરતાં મરતાં ખોટી બૂમ પાડી કે લક્ષ્મણ ધાજે. સીતાએ રામચંદ્ર ભયમાં છે ધારી લક્ષ્મણને સહાય કરવા માટે પરાણે પરાણે મોકલ્યો. આમ સીતા એકલી પડી એટલે રાવણને તક મળી. એણે કાપડીનો વેશ કરીને સીતાનું હરણ કર્યું, અને એને લંકા લઇ જઇ પોતાની અશોક વાટિકામાં રાખી.

અશોક વાટિકામાં સીતાના રક્ષણ સારુ તેમ જ સીતાને સમજાવી, ફોસલાવી અગર ધમકાવીને પોતાને વશ વર્તે એમ કરે તેને સારુ રાવણે ઘણી રાક્ષસીઓ રાખી હતી. એ રાક્ષસીઓ સીતાને ઘણે પ્રકારે ફોસલાવતી, લાલચ આપતી, બ્હીવડાવતી અને ધમકાવતી પણ સીતા એકની બે ન થતાં પોતાના પતિવ્રતને વળગી જ રહી હતી. સીતા બધાંની અવગણના કરતી હતી.

"વિદિતાત્મા રામ, જે મારા પ્રિય છે તેમણે જ્યારે મને તજી છે, ત્યારે રાવણને વશ પડેલી હું, મારા પ્રાણનો હવે ત્યાગ કરીશ એ જ રુડું ! એ જ સુખનું મૂળ અને દુઃખનો અંત આણનારું છે !"

જ્યારે સીતાએ રાક્ષસીઓ પ્રત્યે આ પ્રમાણે કહ્યું, ત્યારે કેટલીક રાક્ષસીઓ અતિશય ક્રોધિત થઇ; અને દુરાત્મા રાવણને તે વાત વિદિત કરવા દોડી ગઇ; ભયંકર દેખાવવાળી આ રાક્ષસીઓ રાવણની પાસે જઇ આવીને પાછી સીતા પાસે આવીને પુનઃ એને નઠોર અને કઠોર વચનો કહેવા લાગી.

"હે અનાર્યે ! પાપ નિશ્ચયવાળી સીતે ! આજ અમે સર્વ રાક્ષસીઓ હમણાં જ તારું માંસ સુખેથી ખાઇશું." આ પ્રમાણે અનાર્ય રાક્ષસીઓ સીતાને અતિશય બીવરાવતી હતી તેવામાં ત્રિજટા નામની એક વૃદ્ધા અને ડાહી રાક્ષસી ઉંઘમાંથી ઓચિંતી જાગી ને બોલીઃ "ઓ ચાંડાલણીઓ ! તમે તમારા જ શરીરનું ભક્ષણ કરો. પણ આ જનકરાયની પુત્રી અને દશરથરાયની કુળવધૂ સીતાને ખાવાને તમે સમર્થ નથી. આજે રાત્રે મને રાક્ષસોનો નાશ થાય અને આના સ્વામીનો ઉદય થાય એવું વિપરીત સ્વપ્ન આવ્યું છે."

આ પ્રમાણે ત્રિજટાએ જ્યારે ક્રોધાયમાન થયેલી રાક્ષસીઓને કહ્યું ત્યારે, તે સર્વે ઘણું ભય પામી થરથર કંપવા લાગી. પછી ત્રિજટાને પૂછયુંઃ તને આજ રાત્રીએ કેવું સ્વપ્ન આવ્યું તે કહે."

રાક્ષસીઓનું આવું કહેવું સાંભળી ત્રિજટા, રાત્રીને અંતે આવેલા પોતાના સ્વપ્ન સંબંધી વૃત્તાન્ત કહેવા લાગીઃ "આજે જાણે હાથી દાંતના બનાવેલા અને સહસ્ત્ર ઘોડાઓથી જોડેલા વિમાનમાં બેસીને રામ, પોતાના ભાઇ લક્ષ્મણ સાથે અહીં આવ્યા. તેઓએ ધોળાં પુષ્પ અને વસ્ત્ર ધારણ કરવાં હતાં. આ સીતાને શ્વેત વસ્ત્ર ધારણ કરીને મેં સાગરથી વિંટાયલા હિમગિરિ જેવા પર્વત પર બેઠેલી દીઠી. અને જેમ તેજ સૂર્યમાં મળી જાય તેમ સીતા રામમાં મળી ગઇ. વળી પર્વતના જેવા પ્રૌઢ દેહવાળા તથા ચાર દાંતવાળા હાથીપર, લક્ષ્મણ સાથે રામને બેઠેલા મેં દીઠા. પછી સૂર્યના સરખા પ્રકા-

શવાળા અને પોતાના તેજથી ઝળહળતા રામ અને લક્ષ્મણ સીતાની પાસે આવીને બેઠા. પછી જાણે પર્વતના અગ્રભાગ આગળ, આકાશમાં ઉભેલા તથા રામે પકડી રાખેલા હાથીના સ્કંધ પ્રદેશ ઉપર બેઠેલી અને સ્વામીના બોળામાંથી ઉઠીને, ચંદ્ર સૂર્યનું હાથ વડે માર્જન કરતી હોય તેવી સીતાને મેં જોઇ હતી. પછી કુમાર રામ અને લક્ષ્મણ તથા વિશાલાક્ષી સીતા, જે હાથી પર બેઠાં હતાં તે હસ્તિરાજ ચાલતો ચાલતો લંકાપર ધસી આવ્યો. તેટલામાં સ્વપ્ન બદલાયું અને ધોળા રંગના આઠ બળદો જોડેલા રથમાં બેસી, ધોળાં વસ્ત્ર તથા માળાઓ ધારણ કરી, રામ લક્ષ્મણ સહિત અહીં આવ્યાં. તે પછી એ સત્ય પરાક્રમવાળા તથા નટવર રામને, સીતા તથા લક્ષ્મણની સાથે, સૂર્યના સરખા તેજવાળા દિવ્ય પુષ્પક વિમાનમાં બેસી ઉત્તર દિશા ભણી જતા મેં જોયા.

"પછી જાણે સ્વપ્નમાં જ આજે મેં રાવણરાયને જોયો. તેનું માથું બોડકું હતું, શરીરે તેલ ચોપડેલું હતું. રાતાં વસ્ત્ર તથા મદ્યપાન કરી પ્રમત્ત થયેલો હતો. તે જાણે પુષ્પક વિમાનમાંથી નીચે પડતો હોય તેવો જણાયો. મેં તેને જોયો ત્યારે જાણે કોઇ સ્ત્રીઓ તેને ઘસડે છે, ને તેનું માથું મુંડેલું છે, કાળાં વસ્ત્ર પહેરેલાં છે ને વળી રાતાં પુષ્પ તથા શરીરે રાતું લેપન કરી, ગધેડાથી જોડેલા રથમાં તે બેઠેલો છે તેવો લાગતો હતો. તે ખડખડાટ હસતો હતો, નાચતો હતો તથા તેલ પીતો હતો. એવા આકુલ ઇન્દ્રિયોવાળા અને બશી ગયેલા કાળજાવાળા રાવણને મેં ગધેડાના રથમા બેસી દક્ષિણ દિશા ભણી જતો હોય તેમ જોયો છે. વળી પુનઃ ભયથી મોહિત થયેલા રાવણ રાજાને મેં ગધેડા પરથી માથા વગરનો જ નીચે પડતો જોયો. ત્યાંથી તે મદવિહ્વલ થયેલો તથા સંભ્રાંત ચિત્તવાળો થઇ, ભયનો માર્યો ઉઠ્યો અને નગ્ન અવસ્થામાં ગમે તેમ બકતો–ભવતો, દુર્ગંધીવાળા, ઘોર અને નરક સરખા કાદવના ખાડામાં પડ્યો અને તેમાં જ તે ડૂબી ગયો. ત્યાંથી તે દક્ષિણ દિશા ભણી ગયો અને જળ તથા કર્દમ વિનાના એક તલાવમાં પેઠો. તે વખતે જાણે, રાતાં વસ્ત્ર પહેરેલી, કાળી કોયલા જેવી અને કાદવથી ખરડાઇ ગયેલાં અંગવાળી કોઇ સ્ત્રી તેને ગળે દોરડું બાંધી દક્ષિણ દિશા ભણી ઘસડી જતી હોય તેમ જણાતું હતું. મહા બળવાન કુંભકર્ણને પણ આવી જ સ્થિતિમાં મેં ત્યાં જોયો હતો. રાવણના સઘળા પુત્રોને પણ મુંડેલા માથાવાળા અને તેલ ચોપડેલા મેં દીઠા હતા. વળી રાવણને વરાહપર બેસીને, ઇંદ્રજિતને સુવરપર બેસીને અને કુંભકર્ણને ઉંટપર બેસીને દક્ષિણ દિશા પ્રતિ જતા જોયા હતા. માત્ર એકલા વિભીષણને જ સફેત છત્ર ઓઢી, ચાર મંત્રીઓની સાથે આકાશમાં ગમન કરતો જોયો હતો. તેની પાછળ રાતાં વસ્ત્ર પહેરીને રાક્ષસોનો મોટો સમાજ ચાલતો હતો અને આગળ વાજાં વાગી રહ્યાં હતાં. વળી હય, રથ, ગજ સહિત આ લંકાને, મેં ભાંગી ગયેલાં તોરણ સાથે સમુદ્રમાં ડૂબતી જોઇ છે. વળી તેલ પીને પ્રમત્ત થયેલી અને ખડખડાટ હસતી રાક્ષસ રાજની સર્વે રાણીઓને મેં ભસ્મ થઇ ગયેલી લંકામાં મોટે રવરે, હાય નાથ, હાય નાથ! એમ પોકર આક્રંદ કરતી સાંભળી અને કુંભકર્ણાદી રાક્ષસ સુદ્ધાંને રાતાં વસ્ત્ર પહેરી ગોમયના ખાડામાં પડતા જોયા હતા.

"હે રાક્ષસીઓ! તમે હવે દૂર બસો અને જુઓ કે, રામ સીતાને મળે છે કે નહી. જો તમે એને પીડશો તો, પરમ પરાક્રમી રામ, તમને અને સઘળા રાક્ષસોને મારી નાંખશે, કારણ કે

પોતાની પ્યારી અને માનીતી, વળી વનમાં સાથે આવેલી સીતાનો તમે આ પ્રમાણે તિરસ્કાર કરો છો તથા પીડો છો, તે સાંખી રહેશે નહિ. માટે તમે હવે ક્રૂર વચનો કહેવાં મૂકી દો અને એનું સાન્તવન કરો. મારૂં કહેવું માનો તો આપણે બધા વૈદેહીની પ્રાર્થના કરીએ કે, તે આપણાં બધાં પાપ ક્ષમા કરે. આ દુઃખિત થયેલી સીતાના સંબંધમાં મને આવું સ્વપ્ન આવ્યું તેથી હું માનુ છું કે, એ અનેક દુઃખથી મુક્ત થશે અને ઉત્તમ સુખને પામશે. હે રાક્ષસીઓ! તમે આ સીતાને પીડી છે, છતાં એની પ્રાર્થના કરો અને એને કઠોર વચનો કહેવાં મૂકી દો. કારણ કે રામની તરફથી હવે રાક્ષસોને દારુણ ભય આવી પડ્યું છે, એમ નક્કી માનજો. હે રાક્ષસીઓ! તમે પગે પડી, જનકાત્મજાને પ્રસન્ન કરશો તો તે આવા ભયથી આપણું રક્ષણ કરવાને માટે સમર્થ છે. વળી આ વિશાલાક્ષી સીતાના અંગોમાં વિરુપતાનું એક સૂક્ષ્મ ચિન્હ પણ મને દેખાતું નથી. હાલની સ્થિતિમાં –સ્નાનાદિ રહિત હોવાથી જ તેની કાન્તિમાં આ જરાતરા ફેર થયેલો છે–એ રુપી તેને દુઃખ છે, બીજું નથી. દુઃખ ખમવાને માટે અયોગ્ય આ સીતાને મેં અંતરિક્ષમાં બેઠેલી જોઇ, તેથી મને એમ લાગે છે કે, હવે એની અર્થસિદ્ધિ પાસે છે; અને રાક્ષસરાજ રાવણનો નાશ અને રામનો જય એ પણ પાસે જ આવેલો છે. આ સીતાનું હવે પ્રિય થયેલું આપણે થોડા કાળમાં સાંભળીશું; તેના મને શુકન થાય છે. જુઓ તો ખરી, એનું કમળપત્ર જેવું વિશાળવામ નેત્ર ફરકે છે અને આ ચતુર સ્ત્રીનો પુલકિત થયેલો ડાબો હાથ પણ જરા જરા ફરકે છે. વળી હસ્તિની સૂંઢ જેવી એની વામ જંઘા ફરકે છે, તે દેખાડે છે કે રામ હવે સમીપમાં જ આવ્યા છે. વળી આ શાખાઓમાં બેઠેલાં પક્ષી, વારંવાર શાન્તવન કરે એવા શબ્દ કરે છે અને તેની શુભ સુચવતી વાણી તથા હર્ષ આપણને પ્રેરણા કરતાં હોય કે સીતાને પીડો નહિ એમ લાગે છે."

ત્રિજટાના આમ બોલવાથી સ્વામીનો વિજય થશે એમ જાણી, હર્ષ પામેલી તથા જરા લજ્જાવતી સીતા મૃદુ સ્વરે બોલી કે, "જો એ વાત સાચી હશે તો હું તમો સર્વનું રક્ષણ કરીશ."

બધી રાક્ષસીઓની ઉપરી ત્રિજટા રાક્ષસી સીતાની સંભાળ લેતી, ધીરજ આપતી અને વખતો વખત રામના સમાચાર પણ કહેતી. રાક્ષસીઓ સીતાને એટલું સતાવતી કે સીતાએ એક વખત એ દુઃખે પોતે ગળે ફાંસો ખાઇ મરી જવાનો પ્રયત્ન કર્યો હતો. સુભાગ્યે તે જ વખત સીતાની શોધને અર્થે ગએલો હનૂમાન એનો પત્તો મેળવીને અશોક વાટિકામાં આવેલો તે ઝાડ ઉપર સંતાઇને બધું જોતો હતો. તેણે સીતાને આત્મહત્યા કરતાં દેખીને પોતાની પાસેની રામચંદ્રની વિંટી તેની આગળ નાંખી. સીતાએ વિંટી ઓળખી અને આશ્ચર્યચકિત થઇ જોતી હતી તેવામાં હનૂમાન માનપુરસ્સર એની આગળ છતો થયો. એણે રામના સુખશાતાના સમાચાર કહીને સીતાને ઘણું આશ્વાસન આપ્યું. હું પાછો પહોંચ્યો કે સેના લઇને રામચંદ્ર અહીં આવી દુષ્ટ રાવણને મારી તમને પાછાં અયોધ્યા લઇ જઇશું. એવાં એવાં વચનોથી સાંત્વન પામી સીતાએ પ્રાણત્યાગ કરવાનો વિચાર તજી દીધો.

મારુતિના ભાળ લઇને ગયા પછી રામ વાનરસેના લઇને લંકા પર ચઢયા. સમુદ્રપર એમણે સેતુ બાંધ્યો અને વાનરસેના લંકાના સુવેળાચળ પર્વત પર ચડીને ઉતરી. રાવણની સાથે યુદ્ધ થતાં સપરિવાર રાવણ હણાયો.

રામચંદ્રની આજ્ઞાથી સીતાને અભ્યંગસ્નાન કરાવી પાલખીમાં બેસાડી સેનામાં

આણી. વિભીષણને સીતાને જોવાને ટોળે થએલા વાનરાદિઓને દૂર કાઢી મૂકતો જોઇને રામે આજ્ઞા કરી કે સીતાને પડદો હોય નહિ. આ બધા મારા સ્વજન છે તેમની આગળ ખૂલ્લાં આવતાં સીતાને બાધ નથી. અને બધા ભલે સીતાને નિહાળે.

"... વિભીષણં મહાપ્રાજ્ઞં સોપાલમ્ભમિદંવચઃ ॥ ૨૫ ॥

કિમર્થં મામનાદૃત્ય વિલક્ષ્યતેઽયં ત્વયાજનઃ ।
નિવર્તયૈનમુદ્વેગં જનોઽયં સ્વજનો મમ ॥ ૨૬ ॥
ન ગૃહાણિ ન વસ્ત્રાણિ ન પ્રાકાર તિરસ્ક્રિયા ।
નેદૃશા રાજ સત્કારા વૃત્તમાવરણં સ્ત્રિયઃ ॥૨૭ ॥
વ્યસનેષુ ન કૃચ્છ્રેષુ ન યુદ્ધેષુ સ્વયંવરે ।
ન ક્રતૌ નો વિવાહે વા દર્શનં દૃશ્યતે સ્ત્રિયઃ॥૨૮॥
સૈષા વિપદ્રતા ચૈવ કૃચ્છ્રેણ ચ સમન્વિતા ।
દર્શને નાસ્તિ દોષોઽસ્યા મત્સમીપે વિશેષતઃ
॥૨૯॥
વિસૃજ્ય શિબિકાં તસ્માત્પદ્ભ્યામેવાપસર્પતુ ।
સમીપે મમ વૈદેહી પશ્યન્ત્વેતે વનૌકસઃ ॥ ૩૦ ॥

(વા૦ ૨૧૦ યુ૦ સ૦ ૧૧૪).

રામની આવી આજ્ઞા થતાં જ સ્વામીની આજ્ઞાને અનુસરનારી સીતા લાજને લીધે સંકોચ પામતી સતી પાલખીમાંથી નીચે ઉતરી રામની આગળ આવી. રામે સીતા પ્રતિ નિષ્ઠુર વચનો કહ્યાં અને બધાના દેખતાં એનો ત્યાગ કર્યો. સીતાને આથી પારાવાર શોક થયો અને અનેક વાતો કરીને કહ્યું કે

"હે શૂર! કોઇ સામાન્ય મનુષ્ય પણ પોતાની સ્ત્રીને ન કહે, તેવાં શ્રોત્રને વ્યથા ઉપજાવે તેવાં વચન તમે મને શા માટે સંભળાવો છો ? હું આપના સોગન ખાઇને કહું છું કે, હે નાથ, તમે મને જેવી ધારો છો તેવી હું નથી જ. તમે મારાં સત્ ચરિત્રથી વિચાર કરી જુઓ અને મારા ઉપર વિશ્વાસ રાખો. તમે એકાદિ સામાન્ય સ્ત્રીના ચરિત્ર ઉપરથી આખી સ્ત્રીજાતને માટે શંકા કેમ લાવો છો ? તમે જો મારી ખરેખરી પરીક્ષા કરી જ હોય તો મારા પ્રતિની શંકાનો ત્યાગ કરો. હે પ્રભુ! મને રાવણનાં અંગનો સ્પર્શ થયો હશે તો તે મારું ન ચાલતાં જ થયો હશે. તેમાં માત્ર વિધિનો જ દોષ છે, મારો નથી. અને તેમાં મારી લેશ પણ ઇચ્છા હતી તેમ માનો મા. પણ મારું હૃદય, જે મારે સ્વાધીન છે, તે તો નિરંતર તમારું જ રટણ કરતું હતું; પરંતુ મારું અંગ, જે મારે સ્વાધીન નહિ, તેને માટે હું અનાથ–જેનો નાથ–સ્વામી પાસે નહિ એવી–શું કરી શકું ? હે માનદ! આપણો પરસ્પરનો અનુરાગ એક જ સમયથી વૃદ્ધિ પામેલો છે અને મારો આટલો દીર્ઘ સહવાસ થયા છતાં, તેટલાથી પણ જો તમે મારી પરીક્ષા કરી ન હોય તો તમારા આવા અવિશ્વાસને લીધે હું મુવેલી જ છું.

હે શૂર! તમે જ્યારે હનૂમાનને સંદેશો કહેવા મોકલ્યો ત્યારે "હું તારો સ્વીકાર કરવાનો નથી" એવું કેમ કહાવ્યું નહિ ? કહાવ્યું હોત તો તે સાંભળી તજ્જ્યલી એવી હું તરત જ મારો પ્રાણ કાઢી નાંખત. એમ થાત તો તમારા જીવિતને સંશયમાં નાંખી યુદ્ધ કરવાના વૃથા પરિશ્રમમાં તમારે ન પડવું પડત. તમારા આ બધા સ્વજનોને અને સુહૃદ્જનોને યુદ્ધનો નિષ્ફળ કલેશ વેઠવો પડયો તે ન વેઠવો પડત. હે નરવ્યાઘ્ર! તમે માત્ર ક્રોધને વશ થઇને, પ્રાકૃત મનુષ્ય પેઠે, સામાન્ય સ્ત્રીને અંગે જે વિચાર બાંધો તેવો વિચાર મારે માટે બાંધ્યો છે; પણ સાધારણ સ્ત્રીઓના જેવી મને ગણવી એ આપને યોગ્ય નથી. મારું વૈદેહી નામ હું જનકની પુત્રી છઉં માટે પડયું નથી. હું યજ્ઞભૂમિમાંથી ઉત્પન્ન થઇ છઉં તેને લીધે પડયું છે. હે વ્રતજ્ઞ! તમે આ પ્રમાણે મારો ત્યાગ કરતાં માન આપવા યોગ્ય મારા પાતિવ્રતને પણ લેખ્યું નથી, એ વિસ્મયકારક છે! તમે બાલ્યાવસ્થામાં મારું પાણિગ્રહણ કર્યું તેને પણ તમે

પ્રમાણ કર્યું નથી! મારી આપના પ્રત્યેની ભક્તિ અને મારૂં શીલ એ સઘળાંને માથે આપે આજ પાણી ફેરવ્યું છે. હા દૈવ!"

સીતાને આમ કલ્પાંત કરતી જોઇને શત્રુઓના વીરોને હણનાર લક્ષ્મણ ક્રોધયુક્ત થઇ રામના સામું જોઈ રહ્યા. પછી રામની આકૃતિપરથી રામનો અંતર્ગત વિચાર સમજ્યો. એથી તરત જ એણે રામની આજ્ઞાથી એક ચિતા ખડકી આ પ્રસંગે પ્રલયકાળના યમ સરખા રામને સમજાવવા કે તેમને બે વચન કહેવાની કોઇ પણ આમજનની છાતી ચાલી નહિ. ચિતા તૈયાર થઇ. પછી સીતાએ નીચે મુખ કરી બેઠેલા રામની પ્રદક્ષિણા કરી અને ચિતાની પાસે જઇને ઉભી રહી. સર્વ દેવ અને બ્રાહ્મણોને પ્રણામ કર્યા બાદ એણે હાથ જોડીને અગ્નિની પ્રાર્થના કરી. "હે અગ્નિદેવ! મહારાજ! જો કે હું શુદ્ધ ચરિત્રવાળી છઉં, છતાં રામ મને દુષિત લેખવે છે. હે દેવ, જો મારું ચરિત્ર શુદ્ધ હોય તો મને યત્કિંચિત્ પણ પીડા થયા વગર આપ મારું સર્વથા રક્ષણ કરજો. હે દેવ! મારું હૃદય સર્વદા રામનામાં જ રહ્યું છે અને રહેશે. કદાપિ તેમનો ત્યાગ કરશે નહિ. એ વાત જો સત્ય હોય તો હે સર્વસાક્ષી અગ્નિદેવ! આપ મારું રક્ષણ કરજો."

આ પ્રમાણે કહી અગ્નિની પ્રદક્ષિણા કરી લેશ માત્ર પણ શંકા વગર સીતાએ બેધડક તેમાં પ્રવેશ કર્યો. આબાલ વૃદ્ધ તમામની ત્યાં ઠઠ ભરાઇ હતી. તેમણે સઘળાંએ મૈથિલીને, દીપ્તિમાન અગ્નિમાં પ્રવેશ કરતી જોઇ. જ્યારે સીતાએ અગ્નિમાં પ્રવેશ કર્યો ત્યારે વાનરો અને રાક્ષસોમાં હાહાકાર થઇ રહ્યો. એમનો કોલાહલ દશે દિશામાં વ્યાપ્તમાન થયો. ચારે બાજુથી રામને માટે સર્વ યદ્વાતદ્વા બોલતા હતા.

આ બધું જોઇ અને પોતાને માટે બોલાતાં વચનો સાંભળી રામને ખેદ થયો. તેમનાં નયનો અશ્રુપૂર્ણ થઇ ગયાં. પછી કુબેર, પિતૃઓ સહિત યમ, ઇન્દ્ર, વરુણ, શ્રીશંકર ભગવાન્ અને બ્રહ્માદિ દેવો દિવ્ય વિમાનોમાં બેશીને ત્યાં આવતા જણાયા. રામે ઉભા થઇ તેમને હાથ જોડયા. સકળ દેવોએ સીતા પવિત્ર છે એમ કહ્યું. પિતામહનાં આશ્વાસનનાં વચનો રામ સાંભળી રહ્યા નથી, એટલામાં સાક્ષાત્ અગ્નિદેવ સીતાને ખોળામાં લઇને બહાર આવ્યા. ઉગતા સૂર્યના સમાન કાંતિવાળી, શુદ્ધ સુવર્ણના અલંકારવાળી, રક્તવસન વિભૂષિતા, સુંદર કેશકલાપવાળી, અગ્નિમાં પ્રવેશ કર્યા છતાં પણ જેનાં આભરણ, અલંકારો અને પુષ્પો મ્લાન થયાં નથી એવી, પૂર્વે હતું તેવા જ રુપવાળી, સર્વાંગ સુંદર, અને સ્તુતિ કરવા યોગ્ય સીતાને પોતાને સ્વહસ્તે રામને આપી. અને કહ્યું કે રાઘવ! હું આજ્ઞા કરું છઉં કે પાપરહિત, શુદ્ધભાવવાળી અને આદિત્વત્ શુદ્ધ જનકપુત્રીનો સ્વીકાર કરો.

થોડીવાર સ્તબ્ધ રહીને રામે કહ્યું કે અગ્નિદેવ! આ શુભ લક્ષણવતી સીતા બહુ કાળ પર્યંત રાવણના અંતઃપુરમાં રહેલી હોવાથી લોકો તેની શુદ્ધિને માટે શંકા લાવે તેથી જ આ પ્રમાણે કરવાની મેં આજ્ઞા આપી છે. જો આ પ્રમાણે શુદ્ધિ ન કરી હોત તો પ્રજાજન એમ કહેત કે આ દશરથનો પુત્ર રામ, કામી અને મૂર્ખ છે. બાકી હું તો જાણું જ છઉં કે એ જનકપુત્રી અનન્ય હૃદયવાળી અને મારામાં જ અનુરક્ત છે. મને સીતાને ગ્રહણ કરવાની તમારી આજ્ઞા હું માનસહિત માથે ચઢાવું છઉં. પછી રામે સીતાનો અંગિકાર કર્યો.

ત્યાર પછી સીતા સહવર્ત્તમાન રામ અયોધ્યામાં પધાર્યા. અયોધ્યામાં સુખે રાજ્ય કરતા હતા તેવામાં ઘણાં સૈકાં બાદ સીતાએ ગર્ભ ધારણ કર્યો. એ સંધીમાં અયોધ્યાના કોઇ ધોબીએ સીતા સંબંધે કાંઇ નિંદા કરી. આ વાત રામચંદ્રને કાને આવતાં

રામે સીતાનો ત્યાગ કરી એને વનમાં મોકલી દીધી.

આગળ જતાં સીતા વાલ્મિક ઋષિના આશ્રમમાં રહેતી હતી ત્યાં એને લવ અને કુશ નામે બે પુત્રોનું યુગલ પ્રસવ્યું. વાલ્મિકિએ હજારો લોકોની સન્નિધ દિવ્ય કરીને સીતાનાં શુદ્ધાચરણ અને પાતિવ્રત સાબિત કરી એને પુત્રો સહિત રામને સ્વાધીન કરી. ઋષિ પોતે પોતાને આશ્રમે પાછા ગયા. અહીં સીતા એકાએક ભૂમિમાં સમાઇ રામની પૂર્વે જ સ્વધામ ગઇ. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૯૭).

સીરધ્વજ. વિદેહવંશીય હ્રસ્વરોમા નામના જનક રાજાના બે પુત્રોમાંનો મોટો પુત્ર. એના નાનાભાઇનું નામ કુશધ્વજ હતું. સીરધ્વજને સુમેધા નામની સ્ત્રી હતી. એ પોતે મિથિલામાં અને કુશધ્વજ સાંકાશ્યામાં રાજ કરતો હતો. (૩ સુધન્વા શબ્દ જુઓ.)

એક સમય એના રાજ્યમાં જમીન ખેડતાં એક ખેડુતના હળમાં એક પેટી ભરાઈ. એણે એ પેટી જઇને રાજાને આપી. એ પેટી ઉઘાડીને જોતાં સીરધ્વજને એમાં એક કન્યા જણાઇ. હળથી પાડેલા ચાસને સંસ્કૃતમાં સીતા કહે છે. એ સીતા ઉપરથી–ક્રમકે એ સીતામાંથી મળી આવી હતી–એ કન્યાનું નામ સીતા પાડયું. સીરધ્વજને પુત્ર સંતતિ મૂળે જ નહોતી. માત્ર એક ઔરસ કન્યા ઊર્મિલા નામે હતી.

થોડાં જ વર્ષમાં સીતા કન્યા ઉમ્મર લાયક થઈ. સીરધ્વજે પ્રતિજ્ઞા કરી કે મારા ઘરમાં જે શ્રીશંકર ભગવાનનું ધનુષ્ય છે તેનો ભંગ કરનારને જ હું આ કન્યા આપીશ. આમ પ્રતિજ્ઞા કરીને એણે દેશદેશાવર પત્રો લખાવી સ્વયંવરની તૈયારી કરી. સઘળા રાજાઓ, અને સન્માનિત બ્રહ્મર્ષિયો ત્યાં એકઠા થયા. દસરથ રાજાને પણ નિમંત્રણ ગયું હતું પણ એ પોતે આવ્યા નહોતા. કારણ તેમના રામ અને લક્ષ્મણ બન્ને કુમારોને વિશ્વામિત્ર ઋષિ યજ્ઞરક્ષા સારુ લઇ ગયા હતા, તેથી એમનું મન સ્વસ્થ નહોતું. વિશ્વામિત્ર મિથિલા ગયા તેમની જોડે રામ અને લક્ષ્મણ મિથિલા ગયા હતા. બીજા ઋષિયોની પેઠે જનક વિશ્વામિત્રને સામૈયે ગયો. તેમને નગરમાં આણી પૂજા કર્યા બાદ એણે ઋષિને પૂછયું કે આ બાળકો કોના પુત્ર છે? વિશ્વામિત્રે કહ્યું કે એ દશરથ રાજાના પુત્રો છે અને હું રાજા પાસેથી મારા યજ્ઞના રક્ષણ સારુ એમને માગી ગયો હતો. એમણે તાટકા રાક્ષસીને મારી, સુબાહૂનો પણ વધ કર્યો, અને મારો યજ્ઞ સંપૂર્ણ કરાવ્યો. પછી હું એમને અયોધ્યા પહોંચાડવાની પેરવીમાં હતો તેટલામાં તારો પત્ર આવ્યો. શ્રીશંકર ભગવાનનું ધનુષ્ય કેવુંક છે એ જાણવાની એમની જિજ્ઞાસા છે, જાણી એમને હું મારી સાથે લઇ આવ્યો છઉં. રસ્તામાં આવતાં એમણે અહલ્યાનો ઉદ્ધાર કર્યો. (વા૦ રા૦ બા૦ સ૦ ૫૧–૬૫).

વિશ્વામિત્રનું આવું ભાષણ સાંભળી રાજાએ કહ્યું કે, જો રામચંદ્ર માહેશ્વચાપનો ભંગ કરશે તો હું મારી સીતા એને પરણાવીશ. સેંકડો સેવકોને આજ્ઞા કરીને શ્રીશંકર ધનુષને સભામાં મંગાવ્યું. આણીને રામની આગળ મૂકયું. રામે રમત માત્રમાં ધનુષ્ય ઉચકયું, જ્યા ચડાવી અને તે ખેંચીને તેનો ભંગ કર્યો.

ધનુષ્ય ભંગ થતાં જ જનકે પત્ર લખીને અયોધ્યાથી દસરથને વિવાહ સારૂં તેડાવ્યા. (વા૦ રા૦ બા૦ સ૦ ૬૭). જનકનો પત્ર વાંચીને દસરથને ઘણો જ હર્ષ થયો. પછી તરત જ પોતાની સઘળી રાણીઓ, ભરત, શત્રુઘ્ન, વસિષ્ઠાદિ બ્રાહ્મણોને લઇને સેના સહવર્ત્તમાન કેટલાક મંત્રીઓ સાથે મિથિલા આવ્યો. સીરધ્વજ જનક તેમને સામૈયે ગયો અને ઘણા જ સન્માન સાથે તેમને નગરમાં લાવીને ઉતાર્યા (વા૦ રા૦ આ૦ સ૦ ૬૮–૬૯).

સુકંદક. ભારતવર્ષીય દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ અ૦ ૯).

સુકન્યા. સૂર્યવંશીય શર્યાતિ રાજાની કન્યા અને ચ્યવન ભાર્ગવની સ્ત્રી. એને પ્રગતિ નામે પુત્ર હતો. (ભા૨૦ આ૦ ૮–૧.).

સુકન્યા (૨). મંકણક ઋષિની માતા.

સુકર્મા. સોમવંશી યદુકુળોત્પન્ન ચક્રક્ક રાજાનો પુત્ર.

સુકર્મા (૨). દેવસાવર્ણિ મન્વંતરમાં થનારા દેવોમાંના એક પ્રકારના દેવ.

સુકર્મા (૩). યુધિષ્ઠિરની સભાનો એક ક્ષત્રિય. (ભા૨૦ સ૦ ૪–૩૩).

સુકાલી. પિતૃગણની એક જાતિનો પિતર. એ વસિષ્ઠ ઋષિનો પુત્ર હોઇ શુદ્ર જાતિનો પિતર છે.

સુકુંડળ. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક. (ભા૨૦ આ૦ ૬૮–૬૮).

સુકુમાર. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭–૬).

સુકુમાર (૨). પુલિન્દ નગરનો રાજા. રાજસૂય દિગ્વિજય યાત્રામાં ભીમસેને એને હરાવ્યો હતો. (ભા૨૦ સ૦ ૩૦–૧૦).

સુકુમાર (૩). મત્સ્યદેશની પાસે રહેનારો કોઇ એક ક્ષત્રિય. રાજસૂય દિગ્વિજયમાં સહદેવે એને જીત્યો હતો. (ભા૨૦ સ૦ ૩૨–૪).

સુકુમાર (૪). સોમવંશી આયુ રાજાના પુત્ર ક્ષત્રવૃધના કાશ્ય નામના પૌત્રના વંશના ધૃષ્ટકેતુ રાજાનો પુત્ર. એનો પુત્ર તે વીતિહોત્ર.

સુકુમારી. શુક્તિમાન પર્વતમાંથી નિકળેલી ભારતવર્ષીય નદી વિશેષ.

સુકુમારી (૨). સોમવંશી પરીક્ષિત પુત્ર ભીમસેનની ભાર્યા. એને પરિશ્રવા, યમાહુ, પ્રતિપ વગેરે પુત્રો હતા. (ભા૨૦ આ૦ ૬૩–૪૬).

સુકુમારી (૩). સુજ્જયની પુત્રી અને નારદની સ્ત્રી. (ભા૨૦ શાં૦ ૨૯–૪૦).

સુકૃત. ચાક્ષુષ મન્વંતરમાંનો એક પ્રજાપતિ.

સુકૃત (૨). ઉત્તાનપાદ વંશના પૃથુ રાજાને વિજિતાશ્વાદિક પાંચ પુત્રો હતા તેમાંના એકનું બીજું નામ.

સુકૃત (૩). બ્રહ્મસાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્તર્ષિઓમાંનો એક ઋષિ.

સુકેતન. સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કાશ્ય નામના પૌત્રના વંશમાંના સુનીથ રાજાનો પુત્ર. એનો પુત્ર તે ધર્મકેતુ.

સુકેતુ. વિદેહવંશીય નંદિવર્ધન જનકનો પુત્ર. એનો પુત્ર તે દેવરાત જનક.

સુકેતુ (૨). તાટકા રાક્ષસીનો પિતા. એ યક્ષ હતો.

સુકેતુ (૩). રામના પ્રધાન સુઝના પુત્રોમાંનો એક. (કશ્યપ શબ્દ જુઓ).

સુકેતુ (૪). ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષના ચિત્રકેતુ રાજાનો પુત્ર. એને કૃપાચાર્યે માર્યો હતો. (ભા૨૦ કર્ણ૦ અ૦ ૫૪; આદિ૦ ૨૦૧–૯).

સુકેતુ (૫). પાંડવપક્ષના શિશુપાલના પુત્રોમાંનો એક. એને દ્રોણાચાર્યે માર્યો હતો. (ભા૨૦ ક૦ ૩–૩૨).

સુકેશ. વિદ્યુત્કેશ રાક્ષસને સાલંકટંકટાને પેટે થએલો પુત્ર. એ રુદ્રગણ થયો હતો. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૪).

સુકેશી. અપ્સરા વિશેષ. (ભા૨૦ અનુ૦ ૫૦–૪૮).

સુકેશી (૨). ગાન્ધારરાજની કન્યા અને શ્રીકૃષ્ણની ભાર્યા. (ભા૨૦ સ૦ ૫૭–૨૬).

સુક્ષત્ર. કોશલદેશાધિપતિનો પુત્ર, ક્ષત્રિય. (ભા૨૦ દ્રો૦ ૨૩–૫૮).

સુખ. સ્વાયંભુવ મન્વંતરમાંના ધર્મઋષિને તેની શાંતિ નામની સ્ત્રીને પેટે થએલો પુત્ર.

સુખીનળ. સોમવંશી પૂરુકુલોત્પન્ન પાંડવ વંશના નૃચક્ષુ રાજાનો પુત્ર. એનો પુત્ર તે પરિપ્લવ રાજા.

સુખીબળ. સુખીનળ રાજાને પુરાણોમાં આ નામે કહ્યો છે.

સુગત. બુદ્ધ અને તેના મતાનુયાયીઓ.

સુગતિ. ઋષભદેવ વંશના ગય રાજાનો પુત્ર.

સુગતિ (૨). હંસધ્વજ રાજાનો પ્રધાન.

સુગંધા. અપ્સરા વિશેષ. (**ભા૨૦ આદિ૦ ૧૩૨-૪૫**).

સુગ્રીવ. શુંભ અને નિશુંભ નામના અસુરોનો દૂત. એને અસુરરાજે પોતાને વરવાનું કહેણ લઇને દેવી પાસે મોકલ્યો હતો. (**દેવી૦ ભાગ૦ ૨૬૦ ૫-અ૦ ૨૩**).

સુગ્રીવ (૨). શ્રીકૃષ્ણના રથના ચાર અશ્વો પૈકી એકનું નામ. (**ભા૨૦ વ૦ ૨૦-૧૩; અશ્વ૦ ૧૧૮-૫૬**).

સુગ્રીવ (૩). ઋક્ષરજ નામના વાનરના બે પુત્રોમાંનો નાનો પુત્ર. એ પોતે વાલી નામના એના ભાઇથી નાનો હતો. એ સૂર્યના વીર્યથી જન્મ્યો હતો. એ પોતે એક પરાક્રમી હતો, પણ એના ભાઈ વાલી જેટલો નહિ. ઘણા કાળ સુધી બન્ને ભાઇઓમાં સંપ અને હેત રહ્યું હતું. એક માયાવિ રાક્ષસની સાથેના યુદ્ધ પ્રસંગને અંગે બન્ને ભાઇઓમાં ઘણો જ વિખવાદ થઇ પડ્યો. એટલે સુધી કે વાલીએ સુગ્રીવને કિષ્કિંધામાંથી દેશવટો દઇ દીધો. સુગ્રીવે પોતાના હનૂમાનાદિ સચિવો વગેરે સહિત ઋષ્યમૂક પર્વત ઉપર રહેવા માંડ્યું. (૨. વાલી શબ્દ જુઓ).

એક સમય ઋષ્યમૂક પર્વત પર પોતે રહેતો હતો ત્યાં રામ અને લક્ષ્મણને આવતા દીઠા. આ બન્ને ધનુર્ધરો કોણ હશે, વાલીના મોકલ્યા તો નહિ આવ્યા હોય, એવો વ્હેમ પડવાથી એણે મારુતિને એમની પાસે મોકલ્યો. મારુતિ એમની પાસે ગયો અને એમની સાથે મીઠાં વચનો વડે સંવાદ કરીને તેમને સુગ્રીવની પાસે તેડી લાવ્યો. સુગ્રીવ અને રામે અગ્નિની સન્નિધ પરસ્પર સખ્ય કરવાના કોલ કર્યા. (હનુમાન શબ્દ જુઓ). મૈત્રી થયા પછી સુગ્રીવે રાવણ હરણ કરી જતો હતો ત્યારે સીતાએ વાનરોમાં ફેંકેલાં વસ્ત્રાભૂષણ રામને બતાવ્યાં ને સીતાનાં વસ્ત્રો જ છે એમ રામની ખાત્રી થઇ. પછી રામે સુગ્રીવને પૂછ્યું કે તારા ભાઇ વાલીની સાથે વૈમનસ્ય થવાનું કારણ શું ? આ ઉપરથી સુગ્રીવે બન્ને ભાઇઓની તકરાર અને યુદ્ધની સઘળી હકીકત કહી. (**વા૦ ૨૦ કિષ્કિ૦ સ૦ ૮**). સુગ્રીવે વાલીનું પરાક્રમ કેવું છે એ જણાવવા દુંદુભી રાક્ષસની સાથે તેને થયેલા યુદ્ધનું વર્ણન કર્યું. (**વા૦ ૨૦ કિષ્કિ૦ સ૦ ૧૧**). છેવટે વાતચીતમાં સુગ્રીવની ખાતરી થઇ કે રામ વાલીના કરતાં અધિક પરાક્રમી છે. રામની સલાહથી પછી સુગ્રીવ વાલી સાથે યુદ્ધ કરવા ગયો અને એને કિષ્કિંધાની બહાર લઢવા બોલાવ્યો. બન્ને ભાઇઓનું ઘોર યુદ્ધ થયું. રામે વાલીને માર્યો નહિ, એટલે સુગ્રીવે ખૂબ માર ખાધો. એનું શરીર જર્જરિત થઈ જવાથી એ ત્યાંથી નાશી ઋષ્યમૂક પર્વત પર આવતો રહ્યો. વાલી પોતાના નગરમાં પાછો ગયો.

સુગ્રીવે રામને કહ્યું કે હું કેવળ તારા જ આશ્રય પર ઝઝૂમીને વાલીની જોડે યુદ્ધ કરવા ગયો છતાં, મને વચન આપ્યા પ્રમાણે તેં વાલીને માર્યો કેમ નહિ ? જો તારા મનમાં વાલીને હાથે મને મરાવવાનું હોય, તો તું જ પોતે મને કાં મારી નાંખતો નથી ? સુગ્રીવની આવી દીનવાણી સાંભળી રામે કહ્યું કે હે સુગ્રીવ ! તું તારા મનમાં આવા વિચાર લાવીશ નહિ. વાત એમ હતી કે જ્યારે તમે બે ભાઇ યુદ્ધ કરતા હતા તે વખત તું અને વાલી મને એક સરખા જ જણાયા. મારા મનમાં શંકા પેદા થઇ કે જો હું વાલી ધારીને બાણ મારું અને ભૂલથી સુગ્રીવને જ મારી બેસાય તો ! એમ ધારી મેં બાણ માર્યું નહિ. હવે હું તારા શરીર પર કાંઇ નિશાની કરું છઉં, જેથી વાલીને બદલે તને મારી બેસાય નહિ. હવે તું જા અને વાલીને લઢવા બોલાવ, એટલે હું એને મારીશ. આ ઉપરથી સુગ્રીવ ફરી યુદ્ધ કરવા ગયો. એણે મોટી ગર્જના કરીને વાલીને લઢવા તેડ્યો. (**વા૦ ૨૦ કિષ્કિ૦ સ૦ ૧૨**).

સુગ્રીવની ગર્જના સાંભળી વાલી તત્કાલ નગરી બહાર લઢવા ચાલ્યો. એ જોઇને એની સ્ત્રી તારાએ કહ્યું કે આજ તમે યુદ્ધ કરવા જશો નહિ. મને લાગે છે કે સુગ્રીવ કોઇની સહાય લઇને આવ્યો છે. છેક ગઇ કાલે તો કચ્ચરઘાણ થઈ જવાથી નાશી ગયો હતો, છતાં આજે જ લઢવા આવે છે, તે કોઇ બળવાનના આશ્રય વગર હોય નહિ. હવે તમે સુગ્રીવને બોલાવીને પહેલાંની પેઠે એને યૂવરાજપદે સ્થાપો, અને સ્વસ્થ રહો. વાલીએ કહ્યું કે આજે તો હવે એ મને યુદ્ધ કરવા બોલાવે છે, એટલે મારે ગયા વગર ચાલે જ નહિ. તું તો સ્ત્રી સ્વભાવ પ્રમાણે અમથી બીયે છે. ફીકર કરીશ નહિ. એને હરાવીને હું આ આવ્યો. પોતાની સ્ત્રી પ્રતિ આમ કહી વાલી વાનર સુગ્રીવ સાથે સંગ્રામ સારુ નગરી બહાર આવ્યો. યુદ્ધ થતાં રામના બાણથી વાલી મરાયો. (૨ વાલી શબ્દ જુઓ).

વાલી મરાયો; એની ઔર્ધ્વદેહિક ક્રિયા થઇ ગઇ; પછી રામે લક્ષ્મણને હાથે સુગ્રીવને ગાદી ઉપર બેસાડ્યો, અંગદને યૂવરાજ નિમ્યો. પછી પોતે ચોમાસું પૂરું થાય ત્યાં સુધી લક્ષ્મણની સાથે પ્રસવણ નામના પર્વત પર રહ્યા.

સુગ્રીવને ગાદી મળતાં જ એણે તો ચાર મહિના યથેચ્છ વિષયસુખ ભોગવવામાં ગાળ્યા. એક વખત મારુતિએ એને સંભાર્યું કે રામે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે તારી ગાદી અને તારી સ્ત્રી તને મેળવી આપી, પણ તું તારા વચન આપ્યા પ્રમાણે સીતાની શોધને માટે કશું કરતો નથી એ શું ? એથી વિનાશ થશે. હનુમાનનાં આ વચન સાંભળી સુગ્રીવની સુધ ઠેકાણે આવી અને એણે મારુતિને કહ્યું કે તેં મને યાદ કરાવ્યું તે ઠીક થયું. હવે પૃથ્વી પરના સઘળા વાનરો એક પખવાડિયામાં કિષ્કિંદામાં એકઠા થાય એમ બધે પત્ર લખ. જે નહિ આવે તે શિક્ષાને પાત્ર થશે એમ જણાવજે. મારુતિએ સુગ્રીવની આજ્ઞા મુજબ બધા વાનરોને પત્ર લખ્યાથી પંદર દિવસની અંદર તો કોટ્યાવધિ વાનરો કિષ્કિંધામાં એકઠા થઇ ગયા. (**વા૦ ૨૦ કિષ્કિ૦ સ૦ ૨૯**).

કિષ્કિંધામાં વસ્તુસ્થિતિ આવી હતી. અહીં પ્રસવણ પર્વત ઉપર રામચન્દ્ર ચાર મહિના રહ્યા. એ સમય દરમ્યાન સુગ્રીવ તેમને એકેક વાર મળવા ધરાધરી આવ્યો નહિ. આ ઉપરથી સુગ્રીવ સીતાના શોધ સંબંધી વાત ભૂલી જ ગયો છે ધારી તેમણે લક્ષ્મણને સુગ્રીવ પાસે મોકલ્યો. (**વા૦ ૨૦ કિષ્કિ૦ સ૦ ૩૨**). લક્ષ્મણને ક્રોધભર્યો આવેલો જોઇને વાનરો ભયભીત થઇ ગયા. તેમણે લક્ષ્મણ આવ્યાના સમાચાર અંગદને તરત જણાવ્યા. અંગદ આગળ થઇને ત્યાં આવ્યો અને લક્ષ્મણને વંદન કર્યું. અંગદ લક્ષ્મણ સાથે વાત કરતો હતો તેટલામાં જ મારુતિએ જાહેર કર્યું કે કોટ્યાવધિ વાનરો તેમની કાર્યસિદ્ધિને માટે હાજર છે. એમ જણાવીને તેને ઘણા સન્માનપૂર્વક રાજમંદિરે લઇ ગયો. મારુતિનાં વચન સાંભળીને લક્ષ્મણનો કોપ શમ્યો. એટલામાં જ સુગ્રીવ જાતે આવ્યો અને તેણે લક્ષ્મણનો ઘણો સત્કાર કર્યો. પછી સુગ્રીવ, મારુતિ અને કેટલાક વાનરોને લઇને રામનાં દર્શન કરવા ગયો. (**વા૦ ૨૦ કિષ્કિ૦ સ૦ ૩૪-૩૮**).

રામચન્દ્રને મળી આવ્યા પછી સુગ્રીવે તરત જ વાનરોને સીતાની શોધ સારુ મોકલ્યા. તેઓમાંથી અંગદની આગેવાની નીચે મારુતિ વગેરે કેટલાક દક્ષિણમાં ગયા. તેમાંથી હનુમાને સીતાની ખોળ કાઢી. (હનુમાન શબ્દ જુઓ). મારુતિ સીતાની ખોળ કાઢીને આવ્યા પછી વાનર સેનાસહિત સેતુ બાંધી તેના પર થઇને લંકા ગયા. યુદ્ધમાં સપરિવાર રાવણને માર્યો. પછી સીતા સહવર્ત્તમાન

અયોધ્યા પધાર્યા અને ત્યાં અગીઆર હજાર વર્ષ પર્યંત રાજ્ય કરીને પછી સ્વધામ પધાર્યા રામચંદ્ર સ્વધામ જતા હતા તે વખત સુગ્રીવ અંગદને કિષ્કિંધાની ગાદી પર બેસાડી પોતે રામચંદ્રની સાથે જ સ્વધામ ગયો. (૩. રામ શબ્દ જુઓ).

સુગ્રીવી. તામ્રાને કશ્યપવડે થએલી કન્યામાંની એક કન્યા.

સુઘોષ. માદ્રિપુત્ર નકુળ પાંડવના શંખનું નામ. (ભા૨૦ ભી૦ ૨૫-૧૬).

સુચન્દ્ર. પ્રાધાને પેટે જન્મેલા દેવગાંધર્વમાંનો એક. (ભા૨૦ સા૦ ૬૬-૪૭).

સુચન્દ્ર (૨). સિંહિકાના ચાર પુત્રોમાંનો એક અસુર. (ભા૨૦ સા૦ ૬૬-૩૬).

સુચન્દ્ર (૩). સૂર્યવંશી દિષ્ટકુળના હેમચન્દ્ર રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ધૂમ્રાક્ષ.

સુચન્દ્ર (૪). એ નામનો એક યાદવ વિશેષ.

સુચક્ષુ. ભાગીરથીના સપ્ત પ્રવાહ પૈકીનો એક પ્રવાહ-કોઇ કોઇ ઠેકાણે એને જંબુ નદી કહી છે એમ જણાય છે.

સુચારુ. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો એક પુત્ર (ભા૨૦ ભી૦ ૬૬-૨૨).

સુચિત્તિ. તગડાની સંજ્ઞાવાળા અંગિરાકુળનો એક ઋષિ.

સુચિત્ર. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. (ભા૨૦ ભી૦ ૭૬-૨૨).

સુચિત્ર (૨). પાંડવ પક્ષનો એક પંચાળ ક્ષત્રિય. એને દ્રોણાચાર્યે માર્યો હતો. (ભા૨૦ દ્રો૦ ૨૧-૬૨). એના પુત્ર ચિત્રવર્માને પણ દ્રોણે જ માર્યો હતો. ભા૨૦ ક૦ ૩-૨૭).

સુચિત્ર (૩). તામ્રધ્વજ રાજાનું નામાન્તર.

સુચીરા. શ્વફલક યાદવને તેર પુત્રોની પુંડેવાળ જન્મેલી કન્યા.

સુચેતા. ગૃત્સમદનો પુત્ર. વર્ચા નામનો ઋષિ એનો પુત્ર હતો.

સુચ્છાયા. ધ્રુવપુત્ર શિષ્ટની સ્ત્રી. એને કૃપ, રિપુંજય, વૃત્ત અને વૃક એમ ચાર પુત્રો હતા.

સુજન. બાર ભાર્ગવ દેવોમાંનો એક.

સુજન્ય. બાર ભાર્ગવ દેવોમાંનો એક.

સુજય. પાંડવોના અશ્વમેધમાં સહાય કરનાર એક યાદવ. (જૈમિ૦ અ૦ ૧૩).

સુજાત. સોમવંશી ધૃતરાષ્ટ્રનો એક પુત્ર (ભા૨૦ શા૦ ૨૫-૫).

સુજાતવક્ત્ર. એક ઋષિ.

સુજાતય. જાતિ વિશેષ. (ભા૨૦ સ૦ ૭૮-૮૨).

સુજાતા. ઉદ્દાલક ઋષિની કન્યા, કહોલ ઋષિની ભાર્યા અને અષ્ટાવક્રની માતા.

સુજાતેય. વિશ્વામિત્રકુળનો એક ઋષિ

સુતંજય. મહાભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા, (ભા૨૦ ક૦ સ૦ ૨૭).

સુતનુ. વસુદેવની સ્ત્રીઓમાંની એક.

સુતનુ (૨). અક્રૂરની સ્ત્રીઓ પૈકી એક. આહુકની પુત્રી, (ભા૨૦ સ૦ ૧૪-૩૪).

સુતપસ્. સાવર્ણિ મન્વંતરમાં થનારા દેવ પૈકી એક.

સુતપા. એક પ્રજાપતિ. એ જ જન્માન્તરે કૃષ્ણ પિતા વસુદેવ થઇ જન્મ્યો હતો.

સુતપા (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના અંતરિક્ષ રાજાના ત્રણ પુત્રોમાંનો પહેલો. એનો પુત્ર તે સમિત્રજિત.

સુતપા (૩). સોમવંશી અનુકુલોત્પન્ન હેમ અથવા સેન રાજાનો પુત્ર. એનો પુત્ર તે બલિરાજા.

સુતલ. સપ્ત પાતાળમાંનું ત્રીજું પાતાળ. હાલ ત્યાં બલિરાજા રહે છે. (ભાગ૦ ૫ સ્કં૦ સ૦ ૨૪).

સુતશ્રવા. એક બ્રહ્મર્ષિ.

સુતસોમ. પાંડવ ભીમસેનથી દ્રૌપદીને થએલો પુત્ર. મહાભારતના યુદ્ધમાં એને શકુનિની સાથે સંગ્રામ થયો હતો. એ રાત્રે તંબુમાં સુતો હતો ત્યાં અશ્વત્થામાને હાથે માર્યો ગયો હતો. (ભા૨૦ સૌ૦ ૮-૬૨). ત્રણની સંજ્ઞાવાળો શ્રુતસેન એ જ.

સુતાર. અનુશાલ્વ રાજાનો પ્રધાન.

સુતીર્થ. ભારતવર્ષીય તીર્થ. વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧-૫૪).

સુતીક્ષ્ણ, એક બ્રહ્મર્ષિ. એ અગત્સ્ય ઋષિનો શિષ્ય હતો. રામચન્દ્ર એના આશ્રમમાં કેટલોક કાળ રહ્યા હતા.

સુતેજન. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. (ભા૨૦ દ્રો૦ ૧૫૮).

સુતેજા. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના હરિશ્ચન્દ્રવંશના સુદેવ રાજાના બે પુત્રમાંનો નાનો પુત્ર.

સુત્રામા. દેવસાવર્ણિ મન્વંતરમાંનો દેવ વિશેષ.

સુંદ. ઉપસુંદનો ભાઈ. (સુંદોપસુંદ શબ્દ જુઓ.)

સુંદ (૨). તાટકા રાક્ષસીનો પતિ. એને સુબાહુ અને મારીચ નામે બે પુત્રો હતા.

સુદરિદ્ર. પાંચાળ નગરનો એક બ્રાહ્મણ. ધૃતિમાન, તત્ત્વદર્શી, તપોત્સુક અને વિદ્યાચન્દ્ર એ ચારનો પિતા. (પિતૃવર્તિ શબ્દ જુઓ.)

સુંદરી. નર્મદા ગાંધર્વીની ત્રણ કન્યામાંની એક અને માલ્યવાન રાક્ષસની સ્ત્રી.

સુંદરિકા. ભારતવર્ષીય તીર્થ.

સુદર્શન. વિષ્ણુના ચક્રનું નામ.

સુદર્શન (૨). ઋષભ દેવના મોટા પુત્ર ભરત વડે પંચજનીને થએલા પાંચ પુત્રોમાંનો ત્રીજો પુત્ર.

સુદર્શન (૩). જંબુદ્વીપનું બીજું નામ.

સુદર્શનં પ્રવક્ષ્યામિ દ્વીપં તુ કુરુનંદન ।
પરિમંડલો મહારાજ દ્વીપો સૌ ચક્રવર્ત્તિતઃ
॥ ૧૩ ॥
(ભા૨૦ ભી૦ સ૦ ૫).

સુદર્શન (૪). ભારતવર્ષીય એક સરોવર (વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૪૦).

સુદર્શન (૫). ભારતવર્ષીય એક સામાન્ય પર્વત. (વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૪૩).

સુદર્શન (૬). એ નામનો એક વિદ્યાધર. એક વખત એણે અંગિરા ઋષિની હાંસી કરી તેથી ઋષિએ એને શાપ્યો કે જા તું સર્પ થઇશ. આમ શાપને લીધે એ અંબિકાવનમાં અજગર થઇને પડ્યો. ગોકુળમાંથી એક વખત નંદ બધા ગોવાળો વગેરેને લઇને યાત્રા ગયા હતા, તેમને આ અજગરે ગળ્યા. કૃષ્ણે એને મારી એનો ઉદ્ધાર કરી નંદને છોડાવ્યા હતા. (ભાગ૦ દશમ સ્કં૦ સ૦ ૩૪).

સુદર્શન (૭). ચન્દ્રમંડળમાં-ચન્દ્ર જેનો અધિપતિ છે તેમાં-આવેલો દ્વીપ. (ભા૨૦ ભી૦ ૫-૧૬).

સુદર્શન (૮). ઇક્ષ્વાકુવંશના દુર્યોધનની પુત્રી સુદર્શનાને અગ્નિથી જન્મેલો પુત્ર. એની સ્ત્રીનું નામ ઓધવતી હતું. (ભા૨૦ અનુ૦ ૨-૫૨). આ ઓધવતી નૃગવંશના ઓધવાન રાજાની કન્યા હતી.

આ રાજાની અતિથિયો ઉપરની મમતાની પરાકાષ્ટા હતી. એણે પોતાની સ્ત્રીને કહી મુકયું હતું કે હું અતિથિને કદી પણ વિમુખ થતો નથી. માટે તારે પણ એવું જ વ્રત પાળવું જોઇએ. મારી એમ કરીને માનેલી સઘળી વસ્તુઓમાંથી અતિથિને પ્રિય હોય તે આપવું એટલું જ બસ નથી; પણ મારી કરીને માનેલી આ દેહ પણ જો અતિથિને જોઇએ તો તે પણ આપવી. સ્ત્રીએ ઠીક એમ કહી પતિસંગમાં રહી અતિથિનો સત્કાર કરવાનો નિયમ જ પાળવા માંડ્યો. એક સમય રાજા મૃગયા સારુ ગયો હતો એ લાગ સાધીને બાઇનું સત્ય જોવાને બ્રાહ્મણનો વેશ કરીને સ્વતઃ મૃત્યુદેવ જ એને ત્યાં આવ્યો.

ઓધવતીએ આગળ પડીને એનો સત્કાર કર્યો અને વિનતિ કરી કે મારો પતિ મૃગયા સારૂ ગયો છે. આપની જે ઇચ્છા હોય તે નિવેદન કરો, કે હું તે પૂર્ણ કરું. બ્રાહ્મણે કહ્યું મારી ઇચ્છા તું પૂર્ણ કરીશ? એણે હા કહ્યાથી બ્રાહ્મણે કહ્યું કે મારે તારા શરીરનો ઉપભોગ કરવાની ઇચ્છા છે. ઘણું સારુ, એમ બોલી ઓધવતી બ્રાહ્મણને એકાંતમાં શય્યા કરીને ત્યાં લઇ ગઇ. બ્રાહ્મણે ઓધવતી જોડે સંગ કર્યો. આ બે જણાં

રતિમાં રોકાયાં હતાં, તેવામાં સુદર્શન મૃગયા કરીને પાછો આવ્યો. એ પોતાની સ્ત્રીને હાક મારતો હતો; પણ ઓધવતી બ્રાહ્મણની ઇચ્છા તૃપ્ત કરાવવામાં ગુંથાએલી હોવાથી, એણે એને ઉત્તર ન આપ્યો; તેમ બારણાં પણ ઉઘાડયાં નહિ. બ્રાહ્મણને તૃપ્તિ થતાં એણે આવીને બારણાં ઉઘાડયાં. પેલો અતિથિ રાજાની દૃષ્ટિએ પડયો. અતિથિએ રાજાનું મન જોવાને એને કહ્યું કે હે રાજા! અમે બે જણાંએ ઘણું નિંદ્યકર્મ કર્યું છે. માટે તું મને સજા કર. રાજા કહે આપ એવું બોલશો નહિ. એ સ્ત્રી આપની દાસી છે. હું આપનો આજ્ઞાધારક સેવક છું. મારા આવવાથી આપની તૃપ્તિમાં કાંઇ ન્યૂનતા આવી હોય તો આપ જ મને સજા કરો. આ સાંભળીને મૃત્યુદેવે સંતુષ્ટ થઇને પોતાનું મૂળરુપ પ્રકટ કર્યું. અને કહ્યું કે રાજા, તેં મને હરાવ્યો. આમ કહીને ઓધવતીના અર્ધ ભાગને નદી બનાવી, પૃથિવી ઉપર સ્થાપી; અને બાકી રહેલા અર્ધભાગ સહિત રાજાને સ્વર્ગે લઇ ગયો.

સુદર્શન (૯). ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. (**ભા૨૦ ભી૦ ૭૭–૭**). એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો.

સુદર્શન (૧૦). દુર્યોધન પક્ષનો એક ક્ષત્રિય. (**ભા૨૦ સ૦ ૪–૩૪**). એને સાત્યકિયે માર્યો હતો. (**ભા૨૦ દ્રો૦ ૧૧૮**).

સુદર્શન (૧૧). જમ્બૂદ્વીપમાં આવેલું કેતુરુપ જાંબુડાનું વૃક્ષ. (**ભા૨૦ ભી૦ ૭–૧૯**).

સુદર્શન (૧૨). હંસધ્વજ રાજાના પુત્રોમાંનો એક.

સુદર્શન (૧૩). સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળના કુશ અન્વયમાં જન્મેલા ધ્રુવસંધિ રાજાને તેની મનોરમા નામની મોટી સ્ત્રીની કૂખે થએલો પુત્ર. એ મોટો થયો એટલે ભારદ્વાજ ઋષિયે એને ઉપનયન સંસ્કાર કરીને વેદવેદાંગનું તેમ જ ધનુર્વિદ્યાનું પણ શિક્ષણ આપ્યું. કેમકે:–

અયોધ્યાના પુષ્પ રાજાના પૌષ્ય અથવા ધ્રુવસંધિ રાજાને મનોરમા અને લીલાવતી એમ બે સ્ત્રીઓ હતી. મનોરમાને સુદર્શન અને લીલાવતીને શત્રુજિત નામે પુત્રો હતા. એકદા ધ્રુવસંધિ અરણ્યમાં મૃગયા સારુ ગયો હતો, ત્યાં તેને સિંહે મારી નાંખ્યો. અયોધ્યામાં આ વાતની જાણ થતાં રાજાની ઔર્ધ્વદેહિક ક્રિયા કરવામાં આવી. પછી વસિષ્ઠ ઋષિ અને મંત્રીઓએ મળીને વિચાર કરીને સુદર્શનને ગાદીએ બેસાડવાનો નિશ્ચય કર્યો, કેમકે એ મોટી પટ્ટરાણીનો પુત્ર હતો. એ દરમ્યાન મનોરમાના પિતા કલિંગ દેશાધિપતિ વીરસેન અને લીલાવતીના પિતા અવંતી દેશાધિપતિ યુધાજિત્ એમ બન્ને રાજાઓ અયોધ્યામાં આવી પહોંચ્યા. યુધાજિત્ રાજા સુદર્શનને રાજ્યાભિષેક કરવા દે નહિ. એ કહેતો હતો કે સુદર્શનના કરતાં શત્રુજિત્ ઉમ્મરે મોટો છે, માટે એનો હક્ક છે. વીરસેન કહેતો હતો કે શત્રુજિત્ મોટો હોય તેમાં શું? પટ્ટરાણીનો પુત્ર હોવાથી સુદર્શનનો જ હક્ક છે. એવો પુત્ર નહાનો હોય તદાપિ મોટો મનાય છે; એવો વસિષ્ઠાદિનો નિર્ણય ખરો છે. વીરસેનનું કહેવું યુધાજિત્ માન્ય કરતો નહોતો. આ ઉપરથી બન્ને રાજાઓ વચ્ચે યુદ્ધ થતાં તેમાં મનોરમાનો પિતા વીરસેન મરાયો. યુધાજિતે પોતાના દૌહિત્રને ગાદી પર બેસાડયો અને મનોરમા અને સુદર્શનને કેદ કરું અગર મારી નંખાવું ધારી તેમને ખોળતો હતો. વિદલ્લ નામના પ્રધાનને એની આ ધારણાના ચેતા પ્રથમથી જ પહોંચ્યા હતા, તેથી તેણે મનોરમાને અને સુદર્શનને અયોધ્યામાંથી નસાડી, બધી હકીકત જણાવી તેમને ભારદ્વાજ ઋષિના આશ્રમમાં સોંપ્યાં. (**દેવીભાગ ૩ સ્કં૦ અ૦ ૧૪–૧૫**).

યુધાજિતે મનોરમા અને સુદર્શનને ખોળવા બધી અયોધ્યા તળે ઉપર કરી. પરંતુ તેમનો તેને પત્તો લાગ્યો નહિ. પછી એણે રાજ્યની

ઉત્તમ વ્યવસ્થા કરી અને પોતાને દેશ ગયો. થોડા જ કાળમાં એને બાતમી મળી કે મનોરમા અને સુદર્શન ભારદ્વાજ ઋષિને ત્યાં છે. એથી પોતે ત્યાં જઇને કહેવા લાગ્યો કે એ બન્નેને મારે સ્વાધીન કરી દો. ઋષિયે કહ્યું કે એ બન્નેયે મારો આશ્રય લીધો છે, માટે હું તમને નહિ આપું. યુધાજિત્ કહે મારા શત્રુઓને તમારે આશ્રય આપવો જ જોઇતો નહોતો. એ છતાં આશ્રય આપ્યો તો ભલે, પણ હવે તેમને મારે સ્વાધીન કરી દો. નહિતર મારે બળાત્કારે લઇ જવાં પડશે. ભારદ્વાજે કહ્યું બહુ સારુ તારામાં બળ હોય તો લઈ જા મારી ના નથી. (**દેવી ભા૦ ૩ સ્કં૦ અ૦ ૧૬**).

ભારદ્વાજનું વચન સાંભળી યુધાજિતનું મન સહેજ ડગડગ્યું. એણે પોતાના પ્રધાનને પુછ્યું કે હવે શું કરવું. પ્રધાને કહ્યું, ભારદ્વાજે તને કહ્યું કે બળ હોય તો લઈ જા, એનો અર્થ એટલો જ દેખાય છે કે એમનું રક્ષણ કરવાને પોતે સમર્થ છે. આમ છતાં પણ જો તું આગ્રહ જ કરીને બળાત્કાર કરીશ તો વિશ્વામિત્રની પેઠે પરાભવ પામીશ. રાજાએ વિશ્વામિત્ર કોણ, કોનાથી અને કેવી રીતે પરાભવ પામ્યો હતો એ પુછતાં પ્રધાને વસિષ્ઠની ગાય બળાત્કારે વિશ્વામિત્રે લીધાનો અને પરિણામે હાર પામવાનો બધો ઇતિહાસ કહી સંભળાવ્યો. એ સાંભળીને યુધાજિતે પોતાનો વિચાર ફેરવ્યો. એણે ઋષિને વંદન કરી પોતાને સ્વદેશ જવાની આજ્ઞા માગતાં ભારદ્વાજે કહ્યું કે:–

दया सर्वत्र कर्तव्या दैवाधीनमिदंजगत् ॥
ईर्षया किं नृपश्रेष्ठ यद्भाव्यं तद्भवष्यिति॥२८॥
वज्रं तृणायते राजन् दैवयोगा न्न संशयः ॥
तृणं वज्रायते क्वापि समये दैवयोगतः ॥२९॥

આ સાંભળીને યુધાજિત્ અવંતી ગયો. આમ ભારદ્વાજના આશ્રયમાં અને એમના આશ્રમમાં હોવાથી ઉપર કહી ગયા તેમ તેનો ઉપનયન સંસ્કાર ભારદ્વાજે કર્યો હતો. (**દેવી ભા૦ ૩ સ્કં૦ અ૦ ૧૭**).

નાનપણમાંથી જ સુદર્શનના મનમાં આદિશક્તિ ઉપર સંપૂર્ણ ભક્તિભાવ હતો. એ જોઇને ભારદ્વાજે આદિશક્તિની પૂજા સંબંધી સર્વ વિધિ ઉત્તમ પ્રકારે એને શિખવ્યો હતો. ઋષિની પ્રેરણા પ્રમાણે એ ઉપાસના કરતો હતો. આદિશક્તિની એના ઉપર એટલી પ્રસન્નતા થઇ હતી કે, તેવામાં કાશીના સુબાહુ નામે રાજાની કન્યા શશિકળાને સ્વપ્નામાં જઇને એને સુદર્શનને પરણવાની આજ્ઞા કરી. સ્વપ્ન જોઇને શશિકળા જાગી ગઇ અને એને સઘળી બીના પોતાની માતાને જણાવી. એણે પોતાના પતિને આ વાત કહેતાં એણે કહ્યું કે એ તો ઠીક, પણ એ રાજ્યભ્રષ્ટ થએલાને હું મારી કન્યા શી રીતે પરણાવું? પછી પોતાની કન્યા પરણવા યોગ્ય થઇ ધારી એણે એનો સ્વયંવર કરવાનું ઠરાવ્યું. એણે અનેક રાજાઓને તેડાવ્યા. શશિકળાએ જોયું કે પોતાનો બાપ પોતાની ઇચ્છાનુસાર વર્તતો નથી, તેથી તેણે પોતાનો નિશ્ચય ઓર દૃઢ કર્યો. (**દેવી૦ ભા૦ ૩ સ્કં૦ અ૦ ૧૮**).

સ્વયંવરની તૈયારી થતી હતી. અનેક રાજાઓ પણ આવવા માંડયા હતા. એટલે શશિકળાએ એક બ્રાહ્મણને ગુપ્તપણે સુદર્શન પાસે મોકલ્યો. ભારદ્વાજ તે કાળે ચિત્રકૂટ પર્વત પર રહેતો હતો ત્યાં આ બ્રાહ્મણ ગયો. એણે સુદર્શનને શશિકળાના સ્વપ્નની વાત કરી અને કહ્યું કે તમને શશિકળાએ સ્વયંવરમાં તેડયા છે. સુદર્શને વિદલ્લ પ્રધાન મારફત શૃંગવેરના કિરાતાધિપને ત્યાંથી એક રથ માગી અણાવ્યો અને તેમાં આવેલા બ્રાહ્મણ સહિત પોતે સુબાહુના નગરમાં આવ્યો. બીજા રાજાઓના સત્કાર ભેગો એનો પણ સત્કાર થયો, અને ઉતારા વગેરેનો બંદોબસ્ત થયો. (**અ૦ ૧૯**)

સ્વયંવરને દિવસે બધા રાજાઓ મંડપમાં ભળ્યા છે. તેમાં અવંતી દેશાધિપતિ યુધાજિત્ પણ પોતાના દૌહિત્ર શત્રુજિતને અયોધ્યાથી લઇને આવ્યો હતો, તે આવીને મંડપમાં બેઠો. સુદર્શન પણ આવીને મંડપમાં બેઠો. રાજા અને સુદર્શન વચ્ચે કાંઇ સંવાદ થયો. પછી સુબાહુ અંતઃપુરમાં ગયો અને શશિકળાને કહે કે સ્વયંવર મંડપમાં ચાલ. પણ શશિકળાએ પિતાને ચોખ્ખું કહી દીધું કે હું કાંઈ મંડપમાં આવતી નથી. રાજા કહે તું મંડપમાં તો ચાલ; તારે પરણવું હોય તેને પરણજે. એમાં મારી ના નથી. પરંતુ શશિકળાએ કશું સાંભળ્યું જ નહિ. (અ૦ ૨૦). હવે સુબાહુ મોટી સંકડામણમાં આવી પડયો. એકઠા થએલા રાજાઓને કહેવું શું? પછી ધૈર્ય રાખીને પોતે મંડપમાં આવી બધાને વિનયપૂર્વક કહ્યું કે મારા પર કૃપા કરીને આજે બધા પાછા જાઓ, કેમકે મારી કન્યા આજે મંડપમાં આવતી નથી. કહે છે કે કાલે આવીશ. આ સાંભળીને બધા રાજાઓ પોતપોતાને ઉતારે પાછા ગયા.

રાજાઓ ગયા એટલે સુબાહુ પોતાની કન્યા શશિકળા પાસે આવીને કહેવા લાગ્યો કે તું આમ કરીશ એમ હું નહોતો જાણતો. એમ જાણતો હોત તો બધા રાજાઓને બોલાવત નહિ, અને મેં ન બોલાવ્યા હોત તો જ સારુ. હવે તું શું કરવા ધારે છે એ ખરેખરું કહે. શશિકળા કહે મેં આપને પ્રથમથી જ કહ્યું છે કે હું સુદર્શનને જ પરણીશ. આમ છતાં આપે આગ્રહ કરીને બધાને બોલાવ્યા તેમાં હું શું કરું? હું કાલે પણ મંડપમાં આવીશ એમ આપ ધારશો નહિ. હવે મારી વિનતિ એટલી જ છે કે આજે રાત્રે સુદર્શન જોડે છાનીમાની પરણાવો. પછીની વાત પછી. આપ ફીકર કરશો નહિ. કેમકે જો કે સુદર્શન અહીં એકલો આવ્યો છે પણ એ એવો બળવાન છે કે એ સઘળા રાજાઓનો પરાભવ કરશે, અને આપને કાંઈ પણ ઇજા થવા દેશે નહિ. આ મારો દૃઢ નિશ્ચય છે એમ માનજો. આ ઉપરથી સુબાહુએ પોતાની કન્યા શશિકળાનું લગ્ન રાતોરાત સુદર્શન સાથે કર્યું. (**દેવી૦ ભા૦ ૩ સ્કં૦ અ૦ ૨૧-૨૨**).

બીજે દિવસે સવારે સઘળા રાજાઓએ જાણ્યું કે સુબાહુએ પોતાની કન્યાનું લગ્ન સુદર્શન સાથે કર્યું. સઘળા રાજાઓ ક્રોધથી ધુઆંપુંઆં થઇ ગયા. તેમાં યે યુધાજિત્ તો ઘણો જ ક્રોધાયમાન થયો. શત્રુજિતને મોખરે કરીને સઘળા રાજાઓ યુદ્ધ કરવા તૈયાર થયા. તેમણે સુબાહુને કહાવ્યું કે જો તારે આમ જ કરવું હતું તો તેં અમને અહીં બોલાવ્યા શું કરવા? આમ દેખતે ડોળે અમારું અપમાન કર્યા બદલ તને સજા જ કરવી ઘટે છે. સુબાહુ પણ સુદર્શનને મોખરે કરીને યુદ્ધ કરવા સામે આવ્યો.

શક્તિનું સ્મરણ કરીને સુદર્શને યુદ્ધનો આરંભ કર્યો. થયું એમ કે શક્તિએ અનેકરુપે ત્યાં પ્રગટ થઇને એક ક્ષણમાં બધા રાજાઓને પરાભવ પમાડયા. યુધાજિત્ અને એના દૌહિત્ર શત્રુજિતને તો ઠાર જ માર્યા. (**દેવી૦ ભા૦ ૩ સ્કં૦ અ૦ ૨૩**).

શત્રુજિત અને યુધાજિત્ના મરવાથી સઘળા રાજાઓ સુદર્શનને શરણે આવ્યા, અને વિનતિ કરી કે તું મહાશક્તિને પાછી વાળી એનું અમને સવિસ્તર વર્ણન કર. સુદર્શને શક્તિની પ્રાર્થના કરવાથી શક્તિ ત્યાંથી અંતર્ધાન પામી. સુદર્શને રાજાઓને શક્તિનું માહાત્મ વર્ણવીને કહ્યું. (**અ૦ ૨૪**). રાજાઓ સંતોષ પામીને તેમણે શશિકળા અને સુદર્શનના પ્રગટ વિવાહના સમારંભમાં ભાગ લીધો. સુબાહુએ બધા રાજાઓને યથાયોગ્ય સત્કાર કરી તેમને પોતપોતાને દેશ વળાવ્યા.

સુદર્શનને રાજાએ અપાર દ્રવ્ય, દાસ, દાસી, અશ્વ, ગજ, રથ, વસ્ત્રાભૂષણ, અલંકાર ઇ૦ આપી તેની મહત્તા વધારી; તેને શશિકળા સાથે વિદાય કર્યો. સુદર્શન ત્યાંથી ભારદ્વાજને આશ્રમે ગયો. ઋષિને મળી તેમનો આશીર્વાદ લઇ પોતે અયોધ્યા ગયો. મંત્રીઓએ એને રાજ્યાભિષેક કર્યો.

રાજ્ય પ્રાપ્ત થયા પછી સુદર્શને પોતાની ઓરમાન માતા લીલાવતીનું પોતાની સગી માના જેવું જ સન્માન અને રક્ષણ કર્યું. લીલાવતીને એથી ઘણો સંતોષ થયો. શશિકલાને પેટે સુદર્શનને અગ્નિવર્ણ નામે પુત્ર થયો હતો. (**દેવી૦ ભાગ૦ ૩ સ્કં૦ અ૦ ૨૫**).

સુદર્શના. સૂર્યવંશી દુર્યોધન રાજાની કન્યા અને આકૃતિ અંકસંજ્ઞાવાળા સુદર્શન રાજાની માતા થાય. એ અગ્નિની ભાર્યા થતી. (**ભા૨૦ અનુ૦ ૨-૧૯**).

સુદંષ્ટ્ર. રામની સેનાનો એક બળવાન વાનર. (**વા૦ રા૦ ઉત્ત૦ અ૦ ૩૬**).

સુદક્ષિણ. પાંડવોના સમયમાં કાંબોજ દેશાધિપતિ હતો તે. ભારતના યુદ્ધમાં આ દુર્યોધનના પક્ષમાં ગયો હતો, અને અર્જુનને હાથે મરણ પામ્યો હતો. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૯૨; સ૦ અ૦ ૨૭**).

સુદક્ષિણ (૨). પૌંડ્રક વાસુદેવના મિત્ર કાશીના રાજાનો પુત્ર. શ્રીકૃષ્ણે એના બાપને માર્યો હતો માટે શ્રીકૃષ્ણને મારવાને એણે રુદ્રનું તીવ્ર તપ આદર્યું હતું. રુદ્ર એના પર પ્રસન્ન થયા અને એનો અભિપ્રાય જાણીને એને કહ્યું કે તું અભિચાર પ્રયોગ વડે દક્ષિણ અગ્નિનું સેવન કર, એટલે એ અબ્રાહ્મણનો સત્વર નાશ કરશે. રુદ્ર આ પ્રમાણે કહીને અંતર્ધાન થયા; પછી એણે જાદુ પ્રયોગથી અગ્નિનું સેવન કર્યું. અગ્નિ આથી તત્કાળ દ્વારકા પર ગયો. પરંતુ કૃષ્ણ તો બ્રહ્મણ્ય-બ્રાહ્મણોને માનનારા હોવાથી ત્યાંથી પાછો ફર્યો અને આવીને સુદક્ષિણ ઉપર જ પડયો. જેથી એ મરણ પામ્યો. મૂળમાં એમ છે કે કૃષ્ણે ચક્ર મુકયું. પણ રુદ્રના વરદાનમાં જ કૃષ્ણને કશું બાધા થાય એમ ન હોવાને લીધે કૃષ્ણને ચક્ર મુકવાનું પ્રયોજન જ નહોતું. (**ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૬૬**).

સુદક્ષિણા. એકની સંજ્ઞાવાળા દિલીપ રાજાની સ્ત્રી.

સુદામા. દશાર્ણ દેશનો રાજા. આ રાજા ચેદિ દેશના રાજા વીરબાહુ અને વિદર્ભ દેશના અધિપતિ ભીમ અથવા ભીમક-દમયંતીના પિતા-એમનો સસરો થતો હતો. ચેદિના સુબાહુનો અને દમયંતીનો માતામહ. (**ભા૨૦ ૯૦ ૬૬-૧૪**).

સુદામા (૨). મોદાપુરનો અધિપતિ એક રાજા. (**ભા૨૦ સ૦ ૨૮-૧૧**).

સુદામા (૩). કર્ણનો પુત્ર. વૃષસેનાની પછી જન્મેલો. દ્રૌપદીના સ્વયંવર કાળે એને યુદ્ધમાં અર્જુને માર્યો હતો. (**ભા૨૦ આ૦ ૨૧૮-૩૨**).

સુદામા (૪). ભારતવર્ષીય દેશ વિશેષ; એની રાજધાની મોદાપુર. (**ભા૨૦ ભી૦ અ૦ ૯**)

સુદામા (૫). ચારની અંકસંજ્ઞાવાળા દેશનો રાજા. એ વામદેવ રાજાનો ભાઇ હતો. ભારતના યુદ્ધમાં એ પાંડવોના પક્ષમાં હતો. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૨૩**).

સુદામા (૬). ભારતવર્ષીય સામાન્ય પર્વત.

સુદામા (૭). સીરધ્વજ જનકનો મંત્રી.

સુદામા (૮). ગોલોકમાં શ્રીકૃષ્ણનો સખા.

સુદામાન. દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ અ૦ ૯-૫૫**).

સુદાત્મિની. વસુદેવના ભાઇ શમીકની સ્ત્રી અને સુમિત્ર અને અર્જુનની માતા.

સુદાસ. સૂર્યવંશી પૂરુકુળના સર્વકામ અથવા સર્વકર્માનો પુત્ર. સર્વકામને વખતે નળ નામે પણ વર્ણવ્યો છે. મિત્રસહ રાજા એનો પુત્ર થાય.

સુદાસ (૨). સોમવંશી પૂરુકુળના અજમીઢના પુત્ર નીળ રાજાના વંશના મુદ્ગલ પાંચાળ

વંશના અયવન રાજાનો પુત્ર. એનું બીજું નામ બૃહદ્રથ હતું. સહદેવ નામનો એને એક પુત્ર હતો.

સુદાસ (૩). સોમવંશી પૂરુકુળના પાંડવ વંશના તિમિ રાજાના પુત્ર બૃહદ્રથનો પુત્ર. એને શતાનીક નામે પુત્ર હતો.

સુદાસ (૪). એક યવન જાતિનો રાજા. એ જાતે ઘણો અવિનયી હોવાથી નાશ પામ્યો હતો. પૂર્વે વેનરાજા તેમ જ નહુષ રાજા પણ જાતે ઉદ્ધત અને અવિનયી હોવાથી નાશ પામેલા છે. એ રાજાઓના નામની સાથે ઉદ્ધતોમાં આ સુદાસનું નામ પણ ગણાવ્યું છે, તે ઉપરથી આ રાજા ઘણો પુરાતન હોય એમ જણાય છે.

વેનો વિનષ્ટોઽવિનયાન્નહુષશ્ચૈવ પાર્થિવઃ ।
સુદાસો યવનશ્ચૈવ સુમુખો નિમિ રેવ ચ॥૪૧॥
(મનુસ્મૃ૦ અ૦ ૭).

સુદિન. ભારતવર્ષીય તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧–૧૦૦).

સુદિવા. એક ઋષિ. (ભા૨૦ શાં૦ ૨૫૦–૧૬)

સુદૃષ્ટ. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૯–૫૧)

સુદેવ. દમયન્તીના ભાઈનો મિત્ર, એક બ્રાહ્મણ. (ભા૨૦ વ૦ ૬૫–૩૩, ૬૮–૨૩)

સુદેવ (૨). કાશીના રાજા હર્યશ્વનો પુત્ર. એને વીતહવ્યે હરાવ્યો હતો. એનો પુત્ર તે દિવોદાસ (ભા૨૦ અનુ૦ ૮–૧૪).

સુદેવ (૩). અમ્બરીષનો સેનાપતિ. (ભા૨૦ શાં૦ ૬૮–૫). અમ્બરીષ મરીને સ્વર્ગે ગયો, ત્યાં પોતાની પહેલાં મરણ પામેલા સેનાપતિ સુદેવને ઉત્તમ પ્રકારના ભોગ ભોગવતો દીઠો. એણે ઇન્દ્રને પૂછ્યું કે આણે યજ્ઞ કર્યો નથી અને ક્રિયા પુણ્યે કરીને આ લોક પામ્યો છે ? ઇન્દ્રે કહ્યું કે એ યુદ્ધરૂપી યજ્ઞમાં ન્યાય પુરસ્સર વર્ત્યો છે, એ પુણ્યે. (ભા૨૦ શાં૦ અ૦ ૬૮)

સુદેવ (૪). એક દેવ વિશેષ. (તુષિત શબ્દ જુઓ).

સુદેવ (૫). સોમવંશી યદુકુળના સાત્વત અન્વયમાં જન્મેલા દેવક રાજાના ચાર પુત્રોમાંનો ત્રિજો પુત્ર.

સુદેવ (૬). યૌવનાશ્વ રાજાનો ભાઇ (યૌવનાશ્વ શબ્દ જુઓ).

સુદેવ (૭). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના હરિત અથવા વૃક રાજાનો પૌત્ર, ચંપ રાજાનો પુત્ર. વિજય અને સુતેજ નામે એને બે પુત્રો હતા.

સુદેવ (૮). દાશરથિ રામના સમયમાં વિદર્ભ દેશનો રાજા. એને શ્વેત અને સુરથ નામે બે પુત્રો હતા. (વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૭૮)

સુદેષ્ણ. ભારતવર્ષીય દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ અ૦ ૯).

સુદેષ્ણ (૨). શ્રીકૃષ્ણનો રુક્મિણીને પેટે થએલો પુત્ર.

સુદેષ્ણા. સોમવંશી અનુકુળોત્પન્ન બલિરાજાની સ્ત્રી. દીર્ઘતમસ ઋષિ પાસે એણે પતિની આજ્ઞાથી, અઙ્ગ, વઙ્ગ, કલિંગ, પુણ્ડ્ર અને સુહ્મ એમ પાંચ પુત્રો ઉત્પન્ન કરાવ્યા હતા. (ભા૨૦ આ૦ ૧૧૩–૫૧; ભાગ૦ ૯ ૨૩૦ ૨૩; હરિવં ૧–૩૧).

સુદેષ્ણા (૨). પૂર્વમત્સ્ય દેશાધિપતિ વિરાટ રાજાની સ્ત્રી. કીચકની માસીની દિકરી. કેકય રથકારની બીજી સ્ત્રી માલવ્યાની પુત્રી. કીચકો એની બીજી સ્ત્રીના પુત્રો હતા. (ભા૨૦ વિ૦ ૨૦–૧૬). ઉત્તર કુમાર એનો પુત્ર થાય. એની પુત્રી ઉતરા અભિમન્યુને પરણાવી હતી. (ભા૨૦ વિ૦ ૨૧–૧૯).

સુદેષ્ણા (૩). ગાન્ધારરાજ સુબલની પુત્રી, ગાન્ધારીની બહેન અને શૌક્ય, અને ધૃતરાષ્ટ્રની એક સ્ત્રી. (ભા૨૦ આ૦ ૧૧૪–૨૩).

સુંદ. નિકુંભનો પુત્ર અને ઉપસુંદનો ભાઇ. (સુંદોપસુંદ શબ્દ જુઓ).

સુંદરા સાર્વભૌમ રાજાની સ્ત્રી કૈકયી. જયત્સેનની માતા. (ભા૨૦ આ૦ ૧૩–૧૫).

સુંદોપસુંદ. હિરણ્યકશિપુના વંશના નિકુંભ નામના દૈત્યના પુત્રો. એ બન્નેએ વિંધ્યાચળ પર્વત ઉપર ઉગ્ર તપ કર્યું હતું. તપને યોગે બ્રહ્મદેવની પાસેથી વરદાન મળ્યું હતું કે તમે બન્ને એક બીજાને મારશો નહિ ત્યાં સુધી અમર થશો. સંતોષ પામીને બન્ને ભાઈઓએ પૃથ્વિ પર ભમીને યજ્ઞ યાગનો ભંગ કરવા માંડ્યો. એમનું આવું તોફાન બહુ જ થયું ત્યારે ઇન્દ્રને કાને વાત ગઇ. આપસમાં એકબીજાના માર્યા વગર મરે નહિ, એમ હોવાથી ઇન્દ્રે બે ભાઇઓમાં તૂટ પાડવાનો વિચાર કર્યો. એણે વિશ્વકર્મા પાસે એક ઘણી જ લાવણ્યમયી સ્ત્રી ઉત્પન્ન કરાવી. તલ તલ જેવડા રત્નની બનેલી સૌંદર્યની મૂર્ત્તિ હતી માટે એનું નામ તિલોત્તમા પાડ્યું હતું. ઇન્દ્રની આજ્ઞાથી આ અપ્સરા તિલોત્તમા સુંદોપસુંદની નજરે પડી. બન્ને જણા એના પર મોહિત થઇ એને વરવાને સારુ માંહોમાંહી લઢી પડ્યા; અને આપસમાં એક બીજાને મારી નાંખ્યા. (ભા૨૦ આ૦ અ૦ ૨૦૯–૨૧૨). આ અપ્સરા તિલોત્તમા પૂર્વ જન્મે બ્રાહ્મણી હતી અને અનુચિત કાળે તીર્થમાં નહાવાને લીધે શાપને લીધે અપ્સરા થઇ હતી. (ડાઉસન પા૦ ૩૧૯).

સુદ્યુ. સોમવંશી પૂરુકુળના ચારુપદ રાજાનો પુત્ર. એ બહુગવ રાજાનો પિતા થાય.

સુદ્યુમ્ન. ચક્ષુર્મનુને નડ્વલાને પેટે થએલા અગિયાર પુત્રોમાંનો એક. કોઇ કોઇ ઠેકાણે એને પ્રદ્યમ્ન નામે પણ કહ્યો છે. શંખ ઋષિના ભાઇ લિખિત ઋષિની પાસે આવીને ચોરીની સજા જે હાથ કાપવા, તે સજા મને કરો કહી હાથ કપાવનાર તે આ જ રાજા. (શંખલિખિત શબ્દ જુઓ).

સુદ્યુમ્ન (૨). વૈવસ્વત મનુના પુત્ર ઇલરાજાનું બીજું નામ.

સુધનુ. સોમવંશી પૂરુકુળના અજમીઢ વંશના કુરુ રાજાના ચાર પુત્રોમાંનો બીજો પુત્ર. એને કોઇ કોઇ જગાએ સુધન્વા એ નામે કહ્યો છે. એને સુહોત્ર નામે પુત્ર હતો.

સુધન્વ (૨). એ નામનો સંશપ્તકમાં હતો તે એક રાજા.

સુધન્વા. ભગડાની સંજ્ઞાવાળા અંગિરા ઋષિના પુત્રો પૈકી એક. એ એક સમય કેશિની નામે રાજકન્યાને ઘેર ગયો હતો. ત્યાં પ્રલ્હાદ પુત્ર વિરોચન આવ્યો હતો. એની અને વિરોચનની વચ્ચે બ્રાહ્મણ અને ક્ષત્રિયની શ્રેષ્ઠતાને લઇને વાદવિવાદ થયો હતો જેમાં એણે વિરોચનને હરાવ્યો હતો. (ભા૦ અનુ૦ ૩૨–૪૩; સ૦ ૯૦–૬૭; ઉ૦ ૩૫).

સુધન્વા (૨). દાશરથિ રામ અને એમના ભાઇઓને ધનુર્વિદ્યા શિખવનાર એક બ્રાહ્મણ. (વા૦ રા૦ અયો૦ સ૦ ૧૦૦).

સુધન્વા (૩). ઇંદ્ર દેશનો રાજા. એણે સીરધ્વજ જનકની પાસે સીતાનું માગું કર્યું હતું. સીરધ્વજે એમને એમ એને સીતા પરણાવવાની ના કહી હતી. કહ્યું હતું કે આ મારું શંકરધનુષ્ય છે તેનો ભંગ કર એટલે હું તને સીતા પરણાવું. એ એ બોલી કબૂલ ન કરે અને જનક એને સીતા પરણાવે નહિ. પછી એ મોટી સેના લઇને મિથિલા ઉપર ચઢી આવ્યો, અને સીરધ્વજને તેમ જ એની પ્રજાને ઘણો ત્રાસ આપ્યો. આથી ક્રોધે ભરાઇ જનકે એવી દૃઢતાથી યુદ્ધ કર્યું કે એણે યુદ્ધમાં સુધન્વાને હાર મારી એની રાજધાની સાંકશ્યા નગરી પડાવી લઇ ત્યાં પોતાના ભાઇ કુશધ્વજને ગાદીએ બેસાડ્યો.

આ સુધન્વાને કંબુગ્રીવ નામે પુત્ર હતો. (વા૦ રા૦ બાળ૦ સ૦ ૭૧).

સુધન્વા (૪). દુર્યોધન પક્ષનો સંશપ્તક રાજાઓમાંનો એક.

સુધન્વા (૫). એકની અંકસંજ્ઞાવાળા સુધનુનું બીજું નામ.

સુધન્વા (૬). ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા–પાંચાલ્ય. એને યુદ્ધમાં દ્રોણાચાર્યે

માર્યો હતો. (ભા૨૦ દ્રો૦ ૨૩-૫૬; દ્રો૦ ૧૨૨-૪૩-૪૮).

સુધન્વા (૭) હંસધ્વજ રાજાના પુત્રોમાંનો એક.

સુધર્મા. પૃથુ રાજાના સમયમાં મનુષ્ય જાતિનો પૂર્વ દિગ્પાળ. (મત્સ્ય૦ અ૦ ૮).

સુધર્મા (૨) ઇન્દ્રના સારથિ માતલીની સ્ત્રી. એની પુત્રીનું નામ ગુણકેશ. (ભા૨૦ ઉ૦ ૯૭-૧૯).

સુધર્મા (૩). પૂર્વ દશાર્ણ દેશનો રાજા. રાજસૂય દિગ્વિજયમાં એના પરાક્રમથી ખુશ થઇ ભીમસેને એને સેનાપતિ બનાવ્યો હતો. (ભા૨૦ સ૦ ૩૦ ૫-૬).

સુધર્મા (૪). અક્રૂરના પુત્રો પૈકી એક.

સુધર્મા (૫). દુર્યોધન પક્ષનો સંશપ્તકમાંનો એક રાજા.

સુધર્મા (૬). દુર્યોધનનો પુરોહિત (ઉપાધ્યાય) બ્રાહ્મણ. (ભા૨૦ શાં૦ ૩૬-૫, ૪૩-૧૪).

સુધર્મા (૭). પાંડવ પક્ષનો એક ક્ષત્રિય. (ભા૨૦ સ૦ ૪-૩૪; ઉ૦ ૬૫૧-૬૫; સ્ત્રી૦ ૨૬-૨૪).

સુધામા. પ્રિયવ્રતપુત્ર ધૃતરાષ્ટ્રના સાત પુત્રો પૈકી ચોથો પુત્ર.

સુધામા (૨). ઉપર કહેલા સુધામાનો દેશ.

સુધામા (૩). ક્રૌંચ દ્વીપમાંનો ચોથો દેશ.

સુધામા (૪). ચાક્ષુષ મન્વંતર માંહ્યલા સપ્તર્ષિ-યોમાંનો એક.

સુધાર્મિક. કેરલ દેશના અધિપતિ ચંદ્રહાસ રાજાનો પિતા.

સુધૃતિ. સૂર્યવંશી દિષ્ટકુળના રાજ્યવર્ધન રાજાનો પુત્ર. નર નામનો રાજા એનો પુત્ર થાય.

સુધૃતિ (૨). વિદેહવંશી મહાવીર્ય જનકનો પુત્ર. એ ધૃષ્ટકેતુ જનકનો પિતા થાય.

સુનંદ. કૃષ્ણના-વિષ્ણુના પાર્ષદગણમાંનો એક.

સુનંદા. ચેદિ દેશના રાજા વીરબાહુની કન્યા.

સુનંદા (૨). નીલધ્વજ રાજાની સ્ત્રી. (જૈમિ૦ અશ્વ૦ અ૦ ૬૧).

સુનંદા (૩) એક માગધી. સોમવંશી પૂરુપુત્ર જનમેજયની ભાર્યા. પ્રાચીન્વાનની માતા. (ભા૨૦ આ૦ ૬૩-૧૦).

સુનંદા (૪). ચેદિરાજ સુબાહુની બ્હેન. નળના ત્યાગ કરીને જતા રહ્યા બાદ દમયંતી ઘણી જગાએથી હાડમાર અને હેરાન થઇને આ સુનંદાને ત્યાં પેટ સાટે રહી હતી. (ભા૨૦ વ૦ ૬૨-૭૬).

સુનંદા (૫). ભરતની ભાર્યા. (ભા૨૦ આ૦ ૬૩).

સુનય. સોમવંશી પૂરુકુલોત્પન્ન પાંડવ વંશના પરિપ્લવ રાજાનો પુત્ર. એનો પુત્ર તે મેધાવિ રાજા.

સુનસા. ભારતવર્ષીય નદી. (ભા૨૦ ભી૦ અ૦ ૯).

સુનક્ષત્ર. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન બૃહદ્બળ વંશના મરુદેવ રાજાનો પુત્ર. એને કિન્નરાશ્વ અથવા પુષ્કર નામનો પુત્ર હતો.

સુનક્ષત્ર (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન જરાસંધ વંશના નિરમિત્ર રાજાનો પુત્ર. એનો પુત્ર તે બૃહત્સેન.

સુનાભ. વિષ્ણુના ચક્રનું નામ,

સુનાભ (૨). લંકામાં આવેલો એક નહાનો પર્વત. (વા૦ રા૦ સુંદર૨૦ સ૦ ૫૬).

સુનાભ (૩). એક ક્ષત્રિય, કટદેશાધિપતિ. એને રાજસૂય દિગ્વિજયમાં અર્જુને જિત્યો હતો. (ભા૨૦ સ૦ ૨૭-૧૨).

સુનાભ (૪). ક્ષત્રિય સોમવંશી ધૃતરાષ્ટ્રનો પુત્ર. (ભા૨૦ આ૦ ૧૩૧-૫). એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો, (ભા૨૦ ભી૦ ૮૮-૧૩).

સુનાભ (૫). એક પર્વત વિશેષ, જે કુબેરની સેવામાં છે તે. (ભા૨૦ સ૦ ૧૦-૩૩).

સુનામા. કંસનો ભાઇ, એને બલરામે માર્યો હતો. (ભા૨૦ સ૦ ૧૪-૩૫; ૫૪-૨૫).

સુનામા (૨). ગરુડનો પુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧-૨).

સુનામા (૩). સુકેતુનો પુત્ર, એક ક્ષત્રિય. એને સુવર્ચા નામે ભાઇ હતો. (ભા૨૦ આ૦ ૨૦૧-૯).

સુનીતિ. ઉત્તાનપાદ રાજાની બે રાણીઓમાંની મોટી. એનું બીજું નામ સુનૃતા હોય એમ જણાય છે. એને ધ્રુવ અને કીર્તિમાન એવે નામે બે પુત્ર હતા.

સુનીથ. શિશુપાલનું બીજું નામ (ભા૨૦ સ૦ ૮-૧૧; ૪૨-૬).

સુનીથ (૨). એક રાજર્ષિ.

સુનીથ (૩). સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કાશ્ય નામના પૌત્રના વંશના સંતતિ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સુકેતન.

સુનીથ (૪). નહુષ કુળના પૂરુરાજાના વંશમાંના જરાસંધ વંશમાં જન્મેલા સુબળ રાજાનો પુત્ર. એનો પુત્ર તે સત્યજિત્.

સુનીથ (૫). પૂરુકુળના પાંડવ વંશના સુષેણ રાજાનો પુત્ર. નૃચક્ષુ રાજા એનો પુત્ર થાય.

સુનીથા. મૃત્યુદેવની કન્યા અને અંગરાજાની સ્ત્રી. વેનરાજા આનો પુત્ર થાય.

સુનેત્ર. ગરુડનો પુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧-૨).

સુપર્ણ. પ્રાધાને ઉદરે થએલા દેવગંધર્વોમાંનો એક. (ભા૦ આ૦ ૬૬-૪૭).

સુપર્ણ (૨). એક ઋષિ. (ભા૨૦ શાં૦ ૩૫૮-૨૦).

સુપર્ણ (૩) ગરુડનું એક નામ. ગરુડની માતા વિનતા કદ્રની દાસી થઇને રહી હતી. એને છોડાવવાને ગરુડે સ્વર્ગમાંથી અમૃત આણી આપવાનું માથે લીધું હતું. એ અમૃત લેવા સ્વર્ગમાં ગયો, અને ઇન્દ્રને વિનવ્યો કે મને અમૃતનો કળશ આપો. ઇન્દ્રે ના કહેવાથી તેની સાથે યુદ્ધ કર્યું. યુદ્ધમાં ઇન્દ્રને લાગ્યું કે આ આપણાથી જિતાય એવો નથી. એટલે એના ઉપર પોતાનું વજ્ર ફેંકયું. આ વજ્ર દધીચ ઋષિના અસ્થિનું બનાવેલું હતું એ ગરુડ જાણતો હતો તેથી ઋષિના માનની ખાતર એણે પોતાનું એક પર-પિંછુ દેવ-લોકમાં ખેરવ્યું. અમૃત કળસ તરત જ પાછો લાવું છઉં કહીને, અમૃતનો કલશ લઈને ત્યાંથી નિકળી આવ્યો. ગરુડે ખેરવેલા પિંછાનું સૌંદર્ય જોઇને દેવો ચકિત થઈ ગયા અને એમણે ગરુડનું સુપર્ણ એવું નામ પાડયું.

સુપર્ણ (૪). મુનીને પેટે થએલા દેવગંધર્વો પૈકી એક.

સુપર્ણ (૫). પ્લક્ષદ્વીપનો એક પર્વત.

સુપર્ણ લોક. ગરુડ લોક એ દેશમાં ઇન્દ્રનો સારથિ માતલિ ગયો હતો. (ભા૨૦ ઉ૦ ૧૦૧-૧).

સુપર્વા. રુચિપર્વા નામના દુર્યોધન પક્ષના એક રાજાને મારનાર પાંડવ પક્ષનો એક રાજા. (ભા૨૦ દ્રો૦ ૨૬-૫૩).

સુપાટલ. રામની સેનાનો એ નામનો એક નામાંકિત વાનર. (વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૩૩).

સુપાર્શ્વ. એ નામનો એક પર્વત હતો કે દેશ હતો તેનો નિર્ણય કરાતો નથી.

સુપાર્શ્વ (૨). મેરુના આધારભૂત પર્વત-માંનો એક. (ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧૬).

સુપાર્શ્વ (૩). પૂરુકુળના હસ્તિ રાજાના પુત્ર મીઢ અથવા દ્વિમીઢના વંશના દૃઢનેમિ રાજાનો પુત્ર. એને સુમતિ નામે પુત્ર હતો.

સુપાર્શ્વ (૪). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષે લઢેલો એક રાજા.

સુપાર્શ્વ (૫). રાવણના સચિવોમાંનો એક.

સુપાર્શ્વ (૬). એ નામનો એક પ્રખ્યાત ક્ષત્રિ. (ભા૨૦ આ૦ ૬૮-૨૮).

સુપાર્શ્વક. વિદેહવંશી શ્રુતાયુ જનકનો પુત્ર. એનો પુત્ર તે ચિત્રરથ જનક.

સુપુષ્પિત. સૂર્યવંશી સુભવ રાજાનો પુત્ર. વંશાવળીમાં આનું નામ નથી; પાંડવોના સમયમાં એ કુલિંદ દેશાધિપતિ હતો.

સુપ્રદન. રાવણ પક્ષનો એક રાક્ષસ. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૯).

સુપ્રતીક. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળોત્પન્ન કુશ વંશના પ્રતીકાશ્વ રાજાનો પુત્ર. એનો પુત્ર તે મરુદેવ. કોઇ કોઇ ઠેકાણે આને સુપ્રતીપ પણ કહ્યો છે.

સુપ્રતીક (૨). એક ઋષિ. એ પોતાના ભાઇ વિભાવસુ ઋષિના શાપને લઈને ગજયોનિ પામ્યો હતો. (૩ સુભદ્ર શબ્દ જુઓ). એને હસ્તિ રૂપે હતો ત્યારે ગરુડ ખાઇ ગયો હતો. **(ભા૨૦ આ૦ ૨૯-૧૭).**

સુપ્રતીક (૩). ભગદત્તનો હસ્તિ. **(ભા૨૦ ભી૦ ૬૫-૨૪).**

સુપ્રતીક (૪). એક દિગ્ગજ. **(ભા૨૦ ભી૦ ૧૨-૨૪).**

સુપ્રતીપ. એકડાની અંકસંજ્ઞાવાળા સુપ્રતીકનું નામાન્તર.

સુપ્રભ. અગ્નિથી ઉત્પન્ન થએલો એક ઋષિ.

સુપ્રભા. વદાન્યની પુત્રી અને અષ્ટાવક્રની સ્ત્રી. **(ભા૨૦ અનુ૦ ૫૦-૧૨).**

સુપ્રભા (૨). સરસ્વતી નદીના સપ્ત પ્રવાહોમાંનો એક. **(ભા૨૦ શ૦ ૩૯-૪).**

સુપ્રભા (૩). સ્વર્ભાનુ દાનવની કન્યા અને નમુચિ નામના અસુરની સ્ત્રી.

સુપ્રભા (૪). કૃશાશ્વ પ્રજાપતિની બે કન્યામાંની એક. એ કાન્તિવાન હતી. એ પોતાની બહેન જયાની શોકય થતી હતી. **(વા૦ રા૦ આ૦ સ૦ ૨૧).**

સુપ્રભાતા. પ્લક્ષદ્વીપમાંની એક નદી.

સુપ્રયોતા. સહ્યાદ્રિ, પર્વતમાંથી નિકળેલી એક નદી. **(ભા૨૦ ભી૦ ૯-૨૧).**

સુપ્રવૃદ્ધ. સૌવીર દેશનો એક સામાન્ય ક્ષત્રિ. ત્યાંના રાજા જયદ્રથનો ભાઇ.

સુપ્રિયા. એક અપ્સરા. અરિષ્ટાની પુત્રી. **(ભા૨૦ આ૦ ૬૬-૫૧).**

સુબળ. ગાંધાર દેશનો અધિપતિ. શકુની અને ગાન્ધારીનો પિતા. એને વૃષક, અચલ વગેરે ઘણાએ પુત્રો હતા.

સુબળ (૨). સોમવંશી પૂરુકુળોત્પન્ન જરાસંધ વંશના સુમતિ રાજાનો પુત્ર. એનો પુત્ર તે સુનીથ રાજા.

સુબળ (૩). ગોકુળમાંનો ગોપ વિશેષ.

સુબળ (૪). હંસધ્વજ રાજાના પુત્રોમાંનો એક.

સુબાલક. બૃહદ્રત્ત રાજાના બે મંત્રીપુત્રોમાંનો એક. (પિતૃવર્તિ શબ્દ જુઓ).

સુબાહુ. રૈવત મન્વંતરમાં થઈ ગએલા સપ્તર્ષિઓમાંનો એક.

સુબાહુ (૨). એક અપ્સરા. **(ભા૨૦ આ૦ ૬૬-૫૦).**

સુબાહુ (૩). નલરાજાના સમયમાં ચેદી દેશનો રાજા. એને ઘેર દમન્તી દાસી થઇને ગુપ્ત રહી હતી. એ વીરબાહુનો પુત્ર થતો હતો. **(ભા૨૦ વ૦ ૬૨-૪૫, ૬૬-૧૫).**

સુબાહુ (૪). ઇક્ષ્વાકુ કુળના શત્રુઘ્નના બે પુત્રોમાંનો મોટો. શત્રુઘ્નની પછી મથુરા અથવા મધુરાનો અધિપતિ એ જ થયો હતો. **(વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૧૦૮).**

સુબાહુ. (૫). કાશીનો રાજા. ધ્રુવસંધિ રાજાના પુત્ર સુદર્શનને આણે પોતાની કન્યા શશિકળા પરણાવી હતી. (૧૩ સુદર્શન શબ્દ જુઓ).

સુબાહુ (૬). ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. એને ભીમસેને માર્યો હતો. **(ભા૨૦ આ૦ ૬૮-૬૪; ભી૦ ૬૬-૨૭; ક૦ ૪૬-૮).**

સુબાહુ (૭). અક્રૂર યાદવના પુત્રોમાંનો એક.

સુબાહુ (૮). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો રાજા. યુદ્ધમાં યુયુત્સુએ આના હાથ કાપી નાંખ્યા હતા.

સુબાહુ (૯). દુર્યોધન પક્ષની સહાયાર્થે સંશપ્તક રાજાઓમાંનો એક.

સુબાહુ (૧૦). હિમાલયના તળેટીના પ્રદેશનો એક કિરાતાધિપતિ. ગંદમાદન પર્વત પર જતાં આવતાં એણે યુધિષ્ઠિરનું ઉત્તમ પ્રકારે આતિથ્ય કર્યું હતું. **(ભા૨૦ વ૦ સ૦ ૧૪૦).**

સુબાહુ (૧૧). તાટકા રાક્ષસીના બે પુત્રોમાંનો એક. મારીચનો મોટો ભાઇ.

સુબાહુ (૧૨). કૃષ્ણના કાલિંદીને પેટે જન્મેલા પુત્રોમાંનો એક.

સુબાહુ (૧૩). રામની સેનાનો એક વાનર.

સુબાહુ (૧૪). કુલિન્દાધિપતિ ક્ષત્રિય. **(ભા૨૦ વ૦ ૧૭૬-૧૧).**

સુબાહુ (૧૫) સર્પ વિશેષ. **(ભા૨૦ આ૦ ૩૫-૧૪).**

સુભગ. ગાંધાર રાજ સુબળનો એક પુત્ર અને શકુનિનો ભાઇ. એને રાત્રિ યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. **(ભા૨૦ દ્રો૦ અ૦ ૧૫૭).**

સુબ્રહ્મણ્ય. સ્કંદનું એક નામ. (સ્કંદ શબ્દ જુઓ).

સુબુદ્ધિ. અશ્રુવાહનનો મંત્રી.

સુભગા. પ્રાધાની પુત્રી, એક અપ્સરા. **(ભા૨૦ આ૦ ૬૬-૪૬).**

સુભદ્ર. પ્રિયવ્રતના પુત્ર ઇધ્મજિહ્વના સાત પુત્રોમાંથી ત્રીજો પુત્ર.

સુભદ્ર (૨). ઉપર કહેલા સુભદ્રનો દેશ.

સુભદ્ર (૩). પ્લક્ષદ્વીપમાંનો ત્રીજો દેશ.

સુભદ્ર (૪). દક્ષિણ સમુદ્રની તીરે પૂર્વે હતું એ ધાણું વિશાળ વડનું ઝાડ. સુપ્રતિક અને વિભાવસુ નામના બે ભાઇઓ પરસ્પર શાપ દઇને કાચબા અને ગજની યોનિ પામ્યા હતા, તેમને ખાવાને માટે અકેક હાથમાં અકેકને લઇને ગરુડ આ વૃક્ષ ઉપર બેઠો હતો. **(વા૦ રા૦ અર૦ સ૦ ૩૫).**

સુભદ્ર (૫). સોમવંશી વસુદેવને પૌરવીની કુખે થએલા પુત્રોમાંનો એક.

સુભદ્ર (૬). ભદ્રાને પેટે શ્રીકૃષ્ણને થયેલા પુત્રોમાંનો એક.

સુભદ્રક. રુદ્રગણ વિશેષ.

સુભદ્રા. દેવકીને ઉદરે વસુદેવને થએલી પુત્રી. શ્રીકૃષ્ણની નાની બ્હેન. એમના જન્મ પછી ઘણે વર્ષે એનો જન્મ થયો હતો. એ જ્યારે લાયક ઉમ્મરની થઇ ત્યારે એને દુર્યોધનને પરણાવવી એવી બળરામની ઇચ્છા થઇ.

દરમ્યાન એમ બન્યું કે, પાંડવો દ્રુપદ રાજાના નગરથી આવીને ઇન્દ્રપ્રસ્થમાં રહેતા હતા, તેવામાં અર્જુનને તીર્થે જવું પડે એવો પ્રસંગ બન્યો. આમ તીર્થયાત્રા કરતો કરતો અર્જુન દ્વારકા આવ્યો. કૃષ્ણની અને એની નગર બહાર એકાંતમાં ભેટ થઇ. તે વખત કૃષ્ણે અર્જુનને કહ્યું કે સુભદ્રા પરણવા યોગ્ય-ઉપવર-થઇ છે, તે તને પરણાવવી એમ મારી ઇચ્છા છે. પણ એ બાબત બળરામની મરજી જુદી જ છે. આમ હોવાથી હું તારા આવ્યાની વાટ જ જોતો હતો.

હવે તું આમ કર કે, થોડા દિવસમાં બધા યાદવો રેવતાચળ પર્વત પર યાત્રાએ જનાર છે તે વખત તું આવીને સુભદ્રાને હરી જા. પણ એતો અગાડી જતાં વિચારવાનું છે. હાલ તો વૈરાગ્યશીલ બની જા. તું સન્યાસીને વેષે દ્વારકામાં આવીને રહે. હું જ બળરામની આગળ તારી પ્રશંસા કરી એ તારું દર્શન કરવા આવે એવી ગોઠવણ કરીશ. બળરામની તારા પર આસ્થા બેસશે અને એ તને પોતાને ઘેર લાવશે. પછી એવી યુક્તી કરીશ કે બળરામ જ પોતે સુભદ્રાને તારી સેવામાં રાખે. તારે માત્ર નાસાગ્રદૃષ્ટિ રાખીને સ્થિર અને શાંત રહેવું. સ્ત્રીઓ તરફ તો નજરે નાંખવી નહિ. આમ કર્યું એટલે આપણું કાર્ય ફતેહ! આવો મંત્ર કરીને શ્રીકૃષ્ણ દ્વારકામાં આવ્યા.

શ્રીકૃષ્ણના દ્વારકામાં જતાં જ અર્જુને દ્વારકામાં જઇને નાસાગ્રદૃષ્ટિ કરીને એક જગાએ સ્થાનક જમાવ્યું. મહા વૈરાગ્યશીલ સન્યાસી ગામમાં પધારેલ છે એ વાત ફેલાતી ફેલાતી બળરામ સુધી પહોંચી. બળરામ પોતે સન્યાસીનું દર્શન કરવા ગયા અને સન્યાસીનાં લક્ષણો જોઈ આનંદ પામતા, તેને પોતાને ઘેર લઇ આવ્યા. નાનાં છોકરાં અને નાની મોટી સ્ત્રીઓ સઘળાંએ આવી સન્યાસીનાં દર્શન કર્યા. સુભદ્રા તો સન્યાસીની સેવામાં જ રહેવા માંડી.

રૈવત પર્વતની યાત્રાનો દિવસ આવી પહોંચ્યો. બલરામે સન્યાસી મહારાજને એક રથમાં બેસાડ્યા. નિરંતર મહારાજની સેવા કરનારી સુભદ્રા પણ એ જ રથમાં બેઠી. આ પ્રમાણે ધારેલી ગોઠવણ થતાં શ્રીકૃષ્ણે

સન્યાસી મહારાજને સાન કરતાં તેમણે રથ હાંકીને ઇંદ્રપ્રસ્થનો પંથ પકડયો !

આ સમાચાર જાણતાં જ બલરામને ક્રોધ વ્યાપ્ત થઇ ગયો; અને બન્નેને પકડીને પાછાં ઘેર લાવવા કેટલાક યાદવોને મોકલ્યા. પણ અર્જુને તેમને સંભાળપૂર્વક–માર્યા જાય નહિ એમ–હરાવી પાછા કાઢયા અને તેમને કહ્યું કે બલરામને નિવેદન કરજો કે સુભદ્રાને અર્જુન હરી ગયો. સન્યાસી મહારાજ તો અર્જુન છે જાણી સુભદ્રાને આનંદ થયો અને યાદવો પણ પાછા વળ્યા. સન્યાસી તો અર્જુન હતો, એમ સાંભળતાં જ બલરામને વિશેષ ક્રોધ થયો. કેમકે એણે કપટ કરીને સુભદ્રાનું હરણ કર્યું હતું. પછી પોતે એના પર ચઢી જઇને એને પકડીને પાછો આણવાની વૃત્તિ જણાવતાં, કૃષ્ણે કહ્યું કે એમ કરવાથી ફળ શું ? આમ કરીશું તો આપણે આપણી ફોઇની સગાઇ ન રાખી એવું જણાશે. આવી આવી વાત કરી બળરામને શાંત પાડયા. અર્જુનને સન્માનપૂર્વક પાછો અણાવ્યો. એમણે ઉત્તમ સમારંભ કરીને સુભદ્રાનું અર્જુન સાથે લગ્ન કર્યું. અર્જુન દ્વારકામાં વર્ષથી જ્યાદે જ્યાદે રહ્યો અને પછી બન્ને જણાં ઇન્દ્રપ્રસ્થ ગયાં. સુભદ્રાને અભિમન્યુ નામે પુત્ર હતો. (ભાર૦ આ૦ સ૦ ૨૨૧).

સુભદ્રા (૨). કામધેનુની પુત્રી. (ભાર૦ ઉ૦ ૧૦૨–૯).

સુભવ. સુપુષ્પિત રાજાનો પિતા.

સુભાનુ. કૃષ્ણનો સત્યભામાની કૂખે જન્મેલો પુત્ર.

સુભાળ. વીરવર્માના પુત્રોમાંનો એક.

સુભાષણ. વિદેહવંશીય યુયુધા નામના જનકનો પુત્ર. એનો પુત્ર તે શ્રુતજનક.

સુભીમ. પાંચજન્ય અથવા તપ નામના અગ્નિયે યજ્ઞમાં નાશ કરનારા પંદર દેવો–અસુરોને ઉત્પન્ન કર્યા, તેમાંનો એક. તેમાંના સુભીમ, અનિભીમ, ભીમ, ભીમબળ અને અબળ એ પાંચ યજ્ઞધ્વંશ કરનારા અસુરોને પહેલા ઉત્પન્ન કર્યા હતા. તે પછી તપ અગ્નિયે સુમિત્ર, મિત્રવાન્. મિત્રયજ્ઞ, મિત્રવર્ધન અને મિત્રધર્મા એમને ઉત્પન્ન કર્યા. અને તે પછી સુરપ્રવીર, વીર, સુરેશ, સુવર્ચસ, અને સુર એમ આ પંદર દેવો (અસુરો) પાંચ પાંચને જથ્થે–ત્રણ મંડળમાં ઉત્પન્ન થયા હતા. તેઓ યજ્ઞમાં અનેક તરેહના વિક્ષેપ નાંખે છે. તેમને વેદીની બહારથી ભાગ અપાય છે. એમ હોવાથી એઓ અંતર્વેદી જ્યાં અગ્નિનું સ્થાપન કર્યું હોય ત્યાં જતા નથી.

देवान्यज्ञमुषश्चान्यान्सृजन्प ञ्चदशोत्तरान् ॥१०॥
सुभीम मतिभीमं च भीमं भीमबलाबलम् ।
एतान्यज्ञमुषः पञ्चदेवानप्य सृजत्ततः ॥ ११ ॥
सुमित्रं मित्रवन्तं च मित्रज्ञं मित्रवर्द्धनम् ।
मित्र धर्माण मित्येतान् देवानभ्य सृजत्ततः॥१२॥
सुप्रवीरं वीरं च सुरेशं च सुवर्चसम् ।
सुराणामपि भर्तारं पञ्चैतान सृजत्ततः ॥१३॥
त्रिविधं संस्थिता ह्येते पञ्च पञ्च पृथक् पृथक्।
मुष्णन्त्यत्र स्थिता ह्येते स्वर्गतान्यज्ञयाजिनः ॥ १४ ॥
तेषामिष्टं हरन्त्येते निघ्नन्ति च महद्धविः।
स्पर्धया हव्यवाहानां निघ्नन्त्येते हरन्ति च॥१५॥
बहिर्वेद्यां तदादानं कुशलैः संप्रवर्तितम् ।
तत्रै ते नोपसर्पन्ति यत्र चाग्निः स्थितो भवेत् ॥ १६ ॥
(ભાર૦ વ૦ ૨૨૨ ૧૦–૧૬).

સુભૂમિકા. સરસ્વતી તીરે આવેલું તીર્થ વિશેષ. અપ્સરાઓને રહેવાની ભૂમિ. (ભાર૦ શ૦ ૩૮–૭).

સુભ્રાજ. કાર્તિકસ્વામી દેવોના સેનાની પદે સ્થાપિત થતી વખતે તેમને સૂર્યે પોતાના બે અનુચરો નઝર કર્યા હતા તેમાંનો એક. બીજા અનુચરનું નામ ભાસ્વર હતું.

सुभ्राजो भास्वरश्चैव यौ तौ सूर्यानुयायिनौ ।
तौ सूर्यः कार्तिकेयाय ददा प्रीतः प्रतापवान्॥३१॥
(ભાર૦ શ૦ ૪૬–૩૧).

સુભ્રાટ્. વૈવસ્વતમનુનો પુત્ર. (ભાર૦ આ૦ ૧–૫૬).

સુભ્રૂ. રોહિણીની કૂખે થએલા વસુદેવના પુત્રોમાંથી એકનું નામાન્તર.

સુમંગળ. બગડાની સંજ્ઞાવાળા અત્રિ કુલોત્પન્ન એક ઋષિ.

સુમંગળ (૨). સુમંગળઋષિનું કુળ.

સુમંડળ. ભારતવર્ષીય દેશ વિશેષ. અર્જુને દિગ્વિજય વખતે આ દેશ જિત્યો હતો.

સુમતિ. વરુણલોકમાંનો એક અસુર વિશેષ.

સુમતિ (૨). સૂર્યવંશીય નૃગરાજાનો પુત્ર. એને ભૂતજ્યોતિ નામનો પુત્ર હતો.

सुहनुर्दुर्मूखः शङ्खः सुमनाः सुमतिस्ततः ।
[illegible]दरो महापार्श्वः क्रथनः पिठरस्तथा ॥१७॥

*

तस्यां वरुणंदेवं धर्म पाशधरं सदा ।
उपासते महात्मानं सर्वे सुचरितव्रताः ॥२१॥
(ભાર૦ સ૦ અ૦ ૯).

સુમતિ (૩). પ્રિયવ્રતવંશના ઋષભદેવના પુત્ર ભરતને પંચજની સ્ત્રીથી થએલા પાંચ પુત્રો પૈકી મોટો પુત્ર. એના બાપ ઋષભદેવની પેઠે જ આ પણ નગ્ન રહેતો હતો. આ ઉપરથી નાસ્તિક લોકો એને દેવ કહેતા. એને વૃદ્ધસેના નામની સ્ત્રી હતી. એને પેટે દેવતાજિત્ નામે પુત્ર થયો હતો. (ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧૫).

સુમતિ (૪). સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન વિશાલવંશના સોમદત્ત રાજાનો પુત્ર. એનો પુત્ર તે જનમેજય. આ સુમતિ દાશરથિ રામના સમયમાં દશરથ છતાં વિશાલા નગરીમાં રાજ્ય કરતો હતો.

સુમતિ (૫). સોમવંશી પૂરુકુળના રૌદ્રાશ્વના પુત્ર ઋતેયુનો પૌત્ર અને અંતિભાર રાજાનો પુત્ર. રૈભ્ય નામનો રાજા એનો પુત્ર થાય.

સુમતિ (૬). પૂરુકુલોત્પન્ન હસ્તિ રાજાના પુત્ર દેવમીઢ અથવા દ્વિમિઢના વંશના સુપાર્શ્વ રાજાનો પુત્ર. એનો પુત્ર તે સન્નતિમાન રાજા.

સુમતિ (૭). સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢવંશના કુરુ રાજાના પુત્ર સુધનુના અન્વયમાંના જરાસંધ વંશના દ્યમત્સેન રાજાનો પુત્ર. એને સુબળ નામે પુત્ર હતો.

સુમતિ (૮). સૂર્યવંશી સગર રાજાની સ્ત્રી વૈદર્ભી તે જ. સગરના સાઠ હજાર પુત્રોની માતા. એનું બીજું નામ પ્રભા હતું એમ જણાય છે.

સુમતિ (૯). દાશરથિ રામના પુત્ર લવની બે સ્ત્રીઓમાંની મોટી.

સુમતિ (૧૦). યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાંનો એક ઋષિ. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૧૪).

સુમતિ (૧૧) હંસધ્વજ રાજાનો મુખ્ય પ્રધાન.

સુમતિ (૧૨). અર્જુન પુત્ર બભ્રુવાહનનો સેનાપતિ.

સુમતિ (૧૩). હવે પછી થનારા આઠમા સાવર્ણિ મનુના થનારા પુત્રોમાંનો એક પુત્ર.

સુમંતુ. ચાલુ મન્વંતરના આરંભમાં જે પહેલો સ્વયંભુ નામે વ્યાસ થયો હતો તેના ચાર શિષ્યોમાંનો અથર્વવેદ જાણનારો શિષ્ય.

ततः स महर्षि विद्वाञ्शिष्याना हूय धर्मतः
सूमन्तुं जैमिनिं पैलं शुकं चैव स्वमात्मजम् ॥८७॥
(ભા૦ આ૦ ૬૪ ૭૯–૮૦).

बको दालभ्यः स्थूलशिराः कृष्णद्वैपायनः शुकः।
सूमन्तु जैमिनि पैलो व्यास शिष्यास्तथा वयम्
(ભાર૦ સ૦ ૪–૧૭).

સુમંતુ. ચાલુ ચોકડીમાં દ્વાપરને અંતે કૃષ્ણદ્વૈપાયન વ્યાસનો એ નામનો શિષ્ય.

સુમન. સર્પ વિશેષ. (ભાર. આ. ૩૫–૮).

સુમના. કેકય દેશની એક સ્ત્રી. જેને પતિવ્રત માહાત્મ્ય સંબંધે શાંડિલ્યની જોડે સંવાદ થયો હતો. (ભાર૦ અનુ૦ ૧૮૫).

સુમના (૨). વરુણ લોકમાંનો અસુર વિશેષ. ભાર૦ સ૦ ૯–૧૭).

સુમના (૩). ત્રણની સંજ્ઞાવાળા વસિષ્ઠ કુળમાં થએલો એક રાજર્ષિ. (ભા૨૦ સ૦ ૮-૧૨).

સુમના (૪). કિરાતરાજ. (ભા૨૦ સ૦ ૪-૩૧).

સુમના (૫). કેકય દેશના રાજની કન્યા.

સુમનસા. ઋષભદેવ વંશના ભરત રાજના કુલોત્પન્ન મધુ રાજની સ્ત્રી. વીરવ્રત રાજની માતા.

સુમનુ. શાંડિલ્ય ઋષિનો શિષ્ય એક રાજા. (ભા૨૦ અનુ૦ અ૦ ૧૩૭).

સુમલ્લિક. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૯-૫૫).

સુમાગધ. દાશરથિ રામની સભામાંનો એક મસ્કરો.

સુમાલી. વૃત્રાસુરનો અનુયાયી એક અસુર.

સુમાલી (૨) રાવણનો માતામહ એક રાક્ષસ. એની સ્ત્રી તે કેતુમતી. એની દિકરીનું નામ કૈકસી. (માલ્યવાન શબ્દ જુઓ).

સુમિત્ર. સૂર્ય વંશના ઇક્ષ્વાકુ કુળોત્પન્ન અંતરિક્ષ રાજાના ત્રણ પુત્રોમાંનો નાનો. એના પુત્રનું નામ બૃહત્ અથવા બૃહદ્રાજ.

સુમિત્ર (૨). સૂર્ય વંશના ઇક્ષ્વાકુ કુળના સુરથ રાજાનો પુત્ર. આ સુમિત્ર એને સંતતિ ન હોવાથી એ વંશનો છેલ્લો રાજા હતો.

સુમિત્ર (૩). સોમવંશી યદુકુળોત્પન્ન સાત્વત્ પુત્ર વૃષ્ણિના બે પુત્રોમાંનો મોટો પુત્ર.

સુમિત્ર (૪). સોમવંશી વસુદેવના ભાઇ શમીકને સુદામિનીની કૂખે થએલા બે પુત્રોમાંનો મોટો.

સુમિત્ર (૫). હૈહયવંશી એક રાજા. આ હૈહય કુળ તે સૂર્યવંશીય કે ચન્દ્રવંશી એ સંબંધે નિર્ણય થતો નથી. આ રાજાને ઋષભની સાથે "આશા" એ વિષય પર સંવાદ થયો હતો. (ભા૦ શાં૦ અ૦ ૧૨૫-૬).

સુમિત્ર (૬). શ્રીકૃષ્ણનો જાંબુવતીની કૂખે થએલો એક પુત્ર.

સુમિત્ર (૭). પુલિંદ નગરના અધિપતિ જે બે ભાઇઓ હતા તેમાંનો નાનો. રાજસૂય દિગ્વિજયમાં ભીમસેને જિતેલો. (ભા૨૦ સ૦ ૩૦-૧૦).

સુમિત્ર (૮). પાંડવોના દિગ્વિજયમાં અર્જુને જિતેલો સૌવીર રાજા. (ભા૨૦ આ૦ ૧૫૧-૪૦).

સુમિત્ર (૯). ભાર્ગવ વંશનો ફેનપા ઉપનામ વાળો એક ઋષિ. વાછરડાં ધાવ્યા પછી તેના મોંને ચોંટેલું દુધનું ફીણ જ પોતે ખાઇને રહેતો માટે એનું નામ આ પાડયું હતું. ગાયના મહિમાને અંગે એની કથા છે. (ભા૨૦ સ૦ ૪; અનુ૦ આ૦ ૧૨૦).

સુમિત્ર (૧૦). અભિમન્યુનો સારથિ. (ભા૨૦ દ્રો૦ ૩૫-૩૨).

સુમિત્ર (૧૧). દ્રુપદ રાજાનો પુત્ર. એને સૌમિત્ર પણ કહેતા. એને જયદ્રથે માર્યો હતો. (ભા૨૦ આ૦ ૨૧૯-૩૦).

સુમિત્ર (૧૨). અગ્નિ વિશેષ. (ભા૨૦ વ૦ ૨૨૨-૧૨).

સુમિત્ર (૧૩). યુધિષ્ઠિરની સભાનો સભાસદ એક ઋષિ.

असितो देवलाः सत्यः सर्पिमालो महाशिराः।
अर्वा वसुः सुमित्रश्च सैत्रेयः शुनको बलिः॥१६॥
एते चान्ये च बहवो वेदवेदाङ्गपारगाः।
उपासते महात्मानं सभायामृषि सत्तमाः॥२५॥
(ભા૨૦ સ૦ અ૦ ૪).

સુમિત્રા. દશરથ રાજાની ત્રણ મુખ્ય રાણીઓમાં બીજી. મગધદેશાધિપતિ શ્વર રાજાની પુત્રી અને લક્ષ્મણ અને શત્રુઘ્નની માતા. (ભા૨૦ વ૦ ૨૭૫-૮)

સુમીઢ. સોમવંશી સુહોત્રનો પુત્ર. અજમીઢ અને પુરુમીઢનો ભાઇ. (ભા૨૦ આ૦ ૧૦૧-૧૮).

સુમુખ. નારદની સોત્રતમાં મયે રચેલી પાંડવોની સભા જોવા ઇન્દ્રપ્રસ્થ આવેલો એક ઋષિ.

સુમુખ (૨). રામની સેનાનો એક વાનર.

સુમુખ (૩). સુપર્ણ-ગરુડનો પુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧-૧૨; ભી૦ ૬-૧૪).

સુમુખ (૪). પોતાના અવિનયને લઇને નાશ પામેલો એક પ્રાચીન રાજા. (૪. સુહાસ શબ્દ જુઓ).

સુમુખ (૫). સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫-૧૪). ઇન્દ્રના સારથિ માતલિની ગુણકેશી નામની કન્યાનો વિવાહ આની જોડે થયો હતો. ભા૨૦ ઉ૦ ૧૦૪-૨૬).

સુમુખી. એક અપ્સરા. (ભા૨૦ અનુ૦ ૫૦-૪૮).

સુમેધસ. અગસ્ત્ય કુળનો એક ઋષિ. એને સુમેધા પણ કહ્યો છે.

સુમેધા. સુમેધસનું નામાન્તર.

સુમેધા (૨). એક બ્રહ્મર્ષિ. (૧ સુરથ શબ્દ જુઓ).

સુમેધા (૩). સીરધ્વજ જનકની સ્ત્રી.

સુહ્મ. સોમવંશીય અનુકુળોત્પન્ન બલિ રાજાના ૭ પુત્રો પૈકી ચોથો પુત્ર. આ સુહ્મ બલિએ પોતાની સુદેષ્ણા નામની સ્ત્રીને પેટે દીર્ઘતમા ઋષિ પાસે ઉત્પન્ન કરાવ્યો હતો.

સુહ્મ (૨). ઇન્દ્રપ્રસ્થની ઉત્તર અને પૂર્વે આવેલો દેશ વિશેષ.

સુયજ્ઞ. ત્રિજ વસિષ્ઠ ઋષિનો પુત્ર. આ કદી કદી દાશરથિ રામનું પુરોહિતપણું કરતો હતો.

સુયજ્ઞ (૨). દાશરથિ રામની સભાનો એક મંત્રી.

સુયજ્ઞ (૩). ઉશીનર દેશનો એક રાજા. આ પાંડવોની પહેલાંનો હશે. (ભા૨૦ ૭ સ્કં૦ અ૦ ૨).

સુયજ્ઞા. સોમવંશીય મહાભૌમની ભાર્યા. એના પુત્રનું નામ અયુતાનાયી. (ભા૨૦ આ૦ ૬૩-૧૯).

સુયોધન. દુર્યોધનનું બીજું નામ. યુધિષ્ઠિર દુર્યોધને આ નામે બોલાવતો. (ભા૨૦ દ્રો૦ ૧૨૧-૭).

સુયોધન (૨). સૂર્યવંશીય ઇક્ષ્વાકુ કુળના વિકુક્ષિ રાજાના અનેના નામના પુત્રનું બીજું નામ.

સુરકૃત્. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (ભા૨૦ અનુ૦ ૭-૫૭).

સુરજા. પ્રાધાની અપ્સરા કન્યાઓમાંની એક. (ભા૨૦ આ૦ ૬૬-૫૦).

સુરતા. પ્રાધાની અપ્સરા કન્યાઓમાંની એક. (ભા૨૦ આ૦ ૬૬-૫૦).

સુરથ. સ્વારોચિષ મન્વંતરમાંનો એક રાજા. એ ઉત્તમ ગુણાલંકૃત હોઇ પ્રજા પાલનમાં સદા તત્પર હતો. પણ મ્લેચ્છો સાથે એને ઘણો વિરોધ પડી એઓએ એની સાથે જબરો યુદ્ધ પ્રસંગ પાડયો. યુદ્ધમાં હારવાથી એ યુક્તિ કરીને અશ્વારૂઢ થઇ નાઠો, તે એક ઘોર અરણ્યમાં ગયો. જતાં જતાં રાજધાનીથી ત્રણ યોજન દૂર જતાં એણે સુમેધા નામના ઋષિનો રમ્ય આશ્રમ દીઠો. એ ઘોડા ઉપરથી ઉતર્યો અને અંદર જઇને ઋષિને વંદન કર્યું. ઋષિએ એનો સત્કાર કરી, એની સઘળી હકીકત સાંભળી એને પોતાને ત્યાં જ રાખ્યો. રાજા ત્યાં રહેતો હતો તેવામાં દુઃખનો માર્યો એક વૈશ્ય ત્યાં આવ્યો. એ વૈશ્યનાં સ્ત્રી પુત્રોએ એનું સઘળું દ્રવ્ય લઇ લેઇ એને ઘરમાંથી કાઢી મૂકયો હતો. આ ઉપરથી એને સંસારનાં સંબંધીઓ ઉપરનો વિશ્વાસ ઉઠી જઇ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી એ ઋષિના આશ્રમમાં આવ્યો હતો. સુરથ રાજા અને આ વૈશ્ય બે સમદુઃખી હોવાથી તેમની વચ્ચે સખ્ય થયું.

એક સમયે સુરથ અને વૈશ્ય વાતો કરતા હતા તેમાં સંસારમાં આવાં વિઘ્નો કેમ આવે છે એ વાત નિકળી. તે ઉપરથી બન્ને જણાએ ઋષિને પૂછયું. ઋષિયે કહ્યું કે પ્રાણીમાત્ર કર્મ પરતંત્ર છે, માટે જેવો જેવો કર્મનો સંચય હોય તેને અનુસરીને સુખ અને દુઃખ ભોગવવાનું છે. આ કહી ઋષિયે કહ્યું કે તમારા કર્માનુસાર મારા મનમાં એવી કલ્પના થાય છે કે તમે બે જણા જો આદ્યશક્તિનું આરાધન કરો તો તમારૂં આરાધન સકામ અગર નિષ્કામ જેવું હશે તદનુસાર તમને ફળ મળશે. બન્ને જણાએ એ વાત ભલે એમ કહીને કબૂલ કરી. પછી ઋષિયે તેમને દેવીના અર્ચન વિધિનો ઉપદેશ કર્યો. ઋષિના ઉપદેશ પ્રમાણે જ બન્નેએ આદ્ય-

શક્તિને ઉપાસી, અને ભક્તિ પુરસ્સ પોતાનું આચરણ એવું રાખ્યું કે થોડા જ સમયમાં તેમને દેવીનો સાક્ષાત્કાર થયો. તમારી શી ઇચ્છા છે એમ દેવીએ પુછતાં વૈશ્યે સ્વર્ગ પ્રાપ્તિની ઇચ્છા બતાવી. સુરથ રાજાએ આ લોકના ઐશ્વર્યની વાંછના કરી. દેવીએ વૈશ્યને સ્વર્ગે મોકલ્યો અને રાજાને કહ્યું કે જા, તારું રાજ્ય તને પાછું મળશે. તું બીજે જન્મે વિવસ્વાન આદિત્યનો સાવર્ણિ નામે પુત્ર થઇશ. એ અવતારમાં મારું ફરીથી અર્ચન કરીશ જેના પ્રભાવે કરીને તું વૈવસ્વત મન્વંતર પૂરો થયા પછી સાવર્ણિ નામનો મનુ થઇશ. આમ વરપ્રદાન કરી આદ્યશક્તિ અંતર્ધાન પામી. (**દેવી ભા૦ ૫ સ્કં૦ અ૦ ૩૨-૩૫**).

સુરથ (૨). જ્યારે દાશરથિ રામે અશ્વમેધ કર્યો ત્યારે આ સુરથ રાજા ચેદિ દેશની રાજધાની શુક્તિમતીમાં રાજ્ય કરતો હતો. રામના અશ્વમેધનો ઘોડો એણે બાંધ્યો. એણે મારુતિ વગેરેને બાંધી કેદ કર્યા. પછી રામ સ્વતઃ ત્યાં ગયા અને સુરથને જિતીને એમણે મારુતિ વગેરેને છોડવી અશ્વ પાછો આણ્યો. (**જૈમિ૦ અશ્વ૦ અ૦ ૨**).

સુરથ (૩). સુર્યવંશીય ઇક્ષ્વાકુ કુળના અંતરિક્ષ વંસના રણુક રાજાનો પુત્ર. એનો પુત્ર તે સુમિત્ર.

સુરથ (૪). સોમવંશી પૂરુકુળના અજમીઢ વંશના કુરુપુત્ર જન્હુરાજાનો પુત્ર. એનો પુત્ર વિદૂરથ.

સુરથ (૫). વિદર્ભ દેશાધિપતિ સુદેવ રાજાનો પુત્ર.

સુરથ (૬). અશ્વત્થામાએ મારેલો દ્રુપદ રાજાનો પુત્ર. (**ભા૦ દ્રો૦ ૧૫૭-૧૮૦**).

સુમિત્ર (૭). દુર્યોધન પક્ષના સંશપ્તક રાજાઓ-ભાઇ એક.

દ્વિવિ). સિંધુ દેશાધિપતિ જયદ્રથનો પુત્ર. ૩૦-રે અશ્વમેધ યજ્ઞ કર્યો તે સમયે અર્જુન પોતાના નગર ઉપર ચઢી આવે છે એવું સાંભળતાં વાંત જ બીકને લીધે એના પ્રાણ નિકળી ગયા હતા. પરંતુ કૃષ્ણે એને સજીવ કરી તેની માતા દુઃશલાની સાથે હસ્તિનાપુર આણ્યો હતો. (**ભા૨૦ અશ્વ૦ ૭૮-૨૩-૨૯; જૈમિતિ૦ અશ્વ૦ અ૦ ૬૧**).

સુરથ (૯). જયદ્રથનો મિત્ર એક શિબિ દેશનો રાજા.

સુરથ (૧૦). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

સુરથ (૧૧). હંસધ્વજ રાજાનો પુત્ર.

સુરથ (૧૨). કૃપાચાર્યનો ચક્રરક્ષક. (**ભા૨૦ વિ૦ ૬૧-૧૭**).

સુરથ (૧૩). યમસભાવાસી એક રાજર્ષિ. (**ભા૨૦ સ૦ ૮-૧૧**).

સુરથ (૧૪). શિબિ વંશનો એક ક્ષત્રિય. ક્રોટિકાશ્યનો પિતા. (**ભા૨૦ વ૦ ૨૬૭-૪**).

સુરથા. અનુકુળોત્પન્ન ઉશીર રાજાની સ્ત્રી, અને શિબિ રાજાની માતા.

સુરથા (૨). વિરાટ રાજાની પહેલીવારની સ્ત્રી. એને શ્વેત અને શંખ એમ બે પુત્રો હતા. (**ભા૨૦ વિ૦ ૨૧-૧૭**).

સુરપ્રવીર. અગ્નિ વિશેષ. (**ભા૨૦ વ૦ ૨૨૨-૧૩**).

સુરભ. વીરવર્માના પુત્રોમાંનો એક.

સુરભર્તા. અગ્નિ વિશેષ. (**ભા૨૦ વ૦ ૨૨૨-૧૩**).

સુરભિ. કશ્યપ ઋષિની તેર કન્યાઓમાંની એક.

સુરભિ (૨). કશ્યપ ઋષિની સ્ત્રી ક્રોધાની કન્યાઓમાંની એક. એને રોહિણી અને ગંધર્વી કરીને બે પુત્રીઓ હતી.

સુરભિ (૩). વંશૈકસારા નદીને તીરે આવેલું એક વન વિશેષ.

સુરભિ (૪). દક્ષ પ્રજાપતિની કન્યા અને કશ્યપની ભાર્યા. નન્દિની નામે વસિષ્ટની ધેનુની માતા. (**ભા૨૦ આ૦ ૬૭-૬૭; સ૦ ૧૧-૪૦; ઉ૦ ૧૦૨ અનુ૦ ૧૪૩-૪૧**).

સુરભિપતન. મહદેવે પોતાની દિગ્વિજય યાત્રામાં જીતેલું દક્ષિણ દિશામાં આવેલું નગર વિશેષ.

સુરભિમાન. અગ્નિ વિશેષ. (**ભા૨૦ વ૦ ૨૨૩-૨૮**).

સુરભી. સુરભિ શબ્દ જુઓ.

સુરભીપત્તન. સુરભિપત્તન તે જ. (**ભા૨૦ સ૦ ૩૨-૭૦**).

સુરસન. સ્વર્ગ સંબંધી જે દેવોનાં વત છે તેમાંનું એક.

સુરસા. કશ્યપ ઋષિની તેર સ્ત્રીઓમાંની એક. દક્ષ પ્રજાપતિની કન્યા. એના પુત્રો તે બધા નાગ. (**ભા૨૦ આ૦ ૬૭-૭૪; સ૦ ૧૧-૩૬; ઉ૦ ૧૦૩-૪**).

સુરસા (૨). કશ્યપની સ્ત્રી કાલાની નવ પુત્રીઓમાંની એક.

સુરસા (૩). ભારતવર્ષીય નદી. (**ભા૨૦ ભી૦ ૯**).

સુરસા (૪). મારુતિ સમુદ્ર ઓળંગીને લંકામાં જતો હતો તે વખતે એના બળ અને ચાતુર્યની પરીક્ષા કરવા કાજે દેવોએ મોકલેલી સ્ત્રી. એ રાક્ષસીનું રુપ ધારણ કરીને મારુતિની આડી આવીને ઉભી રહી. એણે મારુતિને કહ્યું કે મારા મોંમાં પ્રવેશ કર. મારુતિએ કહ્યું કે હું રામના કામ માટે જાઉ છું તે પૂરું કરી, સીતાની શોધ કરી એના સમાચાર રામચન્દ્રને જણાવી પછી તારા મુખમાં પ્રવેશ કરીશ પરંતુ એણે એ વાત ન ગણકારતાં પોતાનું મોં દસ યોજન પહોળું કર્યું. એ જોઇને મારુતિ બમણો મોટો થઇ ગયો. એટલે સરસાએ પોતાનું મોં બીજું દસ યોજન પહોળું કર્યું. ફરી મારુતિએ પોતાનું સ્વરુપ એથીએ બમણું મોટું કર્યું. આમ વધારતાં વધારતાં એનું મોં ઘણું જ મોટું થયું એટલે મારુતિએ પોતાનું સ્વરુપ એકાએક નાનું અંગુઠા જેવડું કરી દીધું અને સરસાના મોંમાં પ્રવેશ કરીને પાછો નિકળી આવ્યો. સુરસાને વંદન કરીને કહ્યું કે મેં તારા મુખમાં પ્રવેશ કર્યો હવે હું જાઉ છું. આ ઉપરથી સુરસાએ કહ્યું કે તું બલવાન અને ચતુર બન્ને છે માટે જા તું રામનું કાર્ય કરીશ. જા તને જય મળશે એમ આશીર્વાદ આપીને પોતે સ્વર્ગમાં ચાલી ગઇ. (**વા૦ રા૦ સું૦ સ૦ ૧**)

સુરા. વરુણને જ્યેષ્ઠાની કૂખે થયેલી કન્યા.

સુરા (૨). સમુદ્રમથન કાળે તેમાંથી નિકળેલી દેવી. એ સુરાની અભિમાનિની હોવાથી પ્રથમ દેવોએ અમૃત જાણીને એનો સ્પર્શ કર્યો તેથી એનું આ નામ પડ્યું. (**મત્સ્ય૦ સ૦ ૨૪૬**).

સુરાજિ. રામની સભાનો એક મશ્કરો-હાસ્યકાર.

સુરાયન. ત્રણની સંજ્ઞાવાળા વસિષ્ટ કુળોત્પન્ન એક ઋષિ.

સુરારિ. ભારતના યુદ્ધમાં પાંડવપક્ષનો એક રાજા. (**ભા૨૦ ઉ૦ સ૦ ૪-૧૫**).

સુરાષ્ટ્ર. ભારતવર્ષીય દેશ. આ દેશ દિગ્વિજય કરતાં સહદેવે જીત્યો હતો. એની નૈઋત્ય દિશામાં શૂર્પારક દેશ આવેલો છે. (**ભા૦ સ૦ અ૦ ૩૧**). આ દેશના લોકો વર્ણસંકર છે એમ મહાભારતમાં કહ્યું છે.

વાહ્લાઃ પઞ્ચાલાઃ કૌરવેયાસ્તુ ધર્મ્યાઃ
સત્યા મત્સ્યાઃ શૂરસેનાશ્ચ યાજ્યાઃ ॥
પ્રાચ્યા દાસા વૃષલા દાક્ષિણાત્યા
સ્તેના વાહ્લીકાઃ સંકરા વૈ સુરાષ્ટ્રાઃ ॥૨૮॥
(**ભા૨૦ ક૦ અ૦ ૩૮**).

સુરુક્ર. ગરુડનો પુત્ર. (**ભા૦ ઉ૦ ૧૦૧-૩**).

સુરુચિ. ઉત્તાનપાદ રાજાની કનિષ્ટ સ્ત્રી. એનો પુત્ર તે ઉત્તમ.

સુરુચિ (૨). મહા મહિનાના સૂર્યના સમાગમમાં આવનારો યક્ષ. (તપા શબ્દ જુઓ).

સુરુપા. કામધેનુ. (**ભા૨૦ ઉ૦ ૧૦૨-૮**).

સુરુપા (૨). ચાલુ મન્વંતરના મરીચિ ઋષિની કન્યા અને વારુણિ અંગિરા ઋષિની સ્ત્રી.
(૩ અંગિરા શબ્દ જુઓ).

સુરેણુ. સરસ્વતી નદીના સપ્ત પ્રવાહોમાંનો એક. (**ભા૨૦ સ૦ ૩૯-૨૬**).

સુરેશ. અગ્નિ વિશેષ. (ભા૨૦ ૫૦ ૨૨૨-૧૩).

સુરૈષિ. ત્રણની સંજ્ઞાવાળા અંગિરા ઋષિના કુળનો એક ઋષિ.

સુરોચન. પ્રિયવ્રતપુત્ર યજ્ઞબાહુના સાત પુત્રોમાંનો મોટો પુત્ર.

સુરોચન (૨). ઉપર કહેલા સુરોચનના દેશનું નામ.

સુરોચન (૩). શાલ્મલિ દ્વીપના સાત દેશમાંનો પહેલો દેશ.

સુરોચિ. સ્વાયંભુ મન્વંતરમાંના વસિષ્ઠ ઋષિના સાત પુત્રોમાંનો બીજો પુત્ર.

સુરોદ. સાત મહાસાગરમાંનો ત્રીજો મહાસાગર. એ શાલ્મલિ દ્વીપને વિંટાયલો છે અને એની બીજી બાજુએ કંકણાકાર કુશદ્વીપ આવેલો છે. એ ચાર લાખ યોજન પહોળો છે.

સુરોમા. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭-૧૦).

સુલભા. પ્રધાન નામના રાજર્ષિની કન્યા. એ ઘણી જ જ્ઞાનવાન બ્રહ્મનિષ્ઠ હોઇને પરમહંસ દીક્ષા લઇને સંન્યાસી રુપે પૃથ્વીમાં ફરતી હતી ત્યાં સુલભાએ સંન્યાસીઓના મુખથી સાંભળ્યું કે "મિથિલેશ્વર જનક રાજા મોક્ષ શાસ્ત્રમાં ઘણો કુશળ છે." એના મનમાં સંશય થયો કે આ વાત સત્ય હશે કે નહિ. પછી પોતે મનમાં સંકલ્પ કર્યો કે જનક રાજાને અવશ્ય મળવું. સંકલ્પ થતાં જ પોતે યોગબળ વડે પોતાના પૂર્વરુપનો ત્યાગ કરીને ઘણું જ સુંદર રુપ ધારણ કર્યું. અતિ મનોહર ભમરાવાળી, અને કમળ સમાન રમણીય નેત્રોવાળી આ સ્ત્રીએ જેમ તીર ફેંકે તેમ શિઘ્ર ગતિ વડે મિથિલા તરફ ગમન કર્યું, અને નિમેષ માત્રમાં મિથિલા જઇ પહોંચી. વસ્તીવાળી અને સુંદર મિથિલાનગરીમાં સુલભાએ ભિક્ષા નિમિત્ત પ્રવેશ કર્યો અને એ જ બહાને જનક પાસે ગઇ. જનકને મળી ત્યારે જનક એનું સુકુમાર શરીર જોઈ પરમ આશ્ચર્ય પામ્યો, અને વિચાર કરવા લાગ્યો કે આ કોણ હશે, કોની સ્ત્રી હશે, કયાંથી અને શા કારણે આવી હશે. રાજાએ એને ઉત્તમ આસનપર બેસાડી એનું સ્વાગત કર્યું. અર્ઘપાદ્ય વગેરેથી એની પૂજા કરી ઉત્તમ અન્ન વડે એને તૃપ્ત કરી. ભોજન કરી પ્રસન્ન થઇ સર્વ ભાષ્ય જાણનારા બ્રાહ્મણોની વચમાં મંત્રીઓથી વિંટાયલા રાજાને સુલભા મોક્ષ સંબંધે અનેક પ્રશ્નો પુછવા લાગી.

સુલભાના મનમાં પ્રથમથી જ સંશય હતો કે રાજા જનક મોક્ષશાસ્ત્રમાં કુશળ હશે કે નહિ. મુક્તનાં લક્ષણવાળો હશે કે નહિ. આવા સંશયથી એ યોગ વિદુષિએ પોતાના બુદ્ધિ સત્વદ્વારા રાજાના બુદ્ધિસત્વમાં પ્રવેશ કર્યો. પોતાનાં બન્ને નેત્રનાં કિરણો વડે રાજાના બન્ને નેત્રનાં કિરણોને સ્તબ્ધ કરી દીધાં; અને પ્રશ્ન પુછ્યા પહેલાં જ રાજાને યોગના બંધનોથી બાંધી દીધો. રાજા જનકને પણ પોતાના યોગબળના સંબંધમાં ઘણો ગર્વ હતો. એણે સુલભાના અભિપ્રાયને તરત જ જાણી લીધો. પછી બાહ્ય રાજચિન્હોથી રહિત રાજાને ત્રિદંડ વગેરે સંન્યાસનાં બાહ્ય ચિન્હો રહિત સુલભા સાથે માત્ર સૂક્ષ્મ દેહમાં સંવાદ થયો.

રાજાએ કહ્યું કે હે ભગવતિ! તેં આવી સંન્યાસ ધર્મને અયોગ્ય દીક્ષા કાં ગ્રહણ કરી છે? તું હવે કયાં જવા ધારે છે? તું કોની સ્ત્રી છે? હરેક મનુષ્યનું શાસ્ત્રાધ્યયન, વય, જાતિ વગેરે જાણવામાં આવ્યું ન હોય ત્યાં સુધી એની તરફ પૂજ્યભાવ બંધાતો નથી. માટે હું તારા અધ્યયન, વય અને જાતિના સંબંધમાં પ્રશ્ન પુછું છું. તારો મારી સાથે સમાગમ થયો તેથી તારે મને એ બધું જણાવવું જોઇએ. પછી રાજાએ પોતાના ગુરુ ભિક્ષુ પંચશિખનું વર્ણન કર્યું. રાજાએ મોક્ષ એ કેવળ જ્ઞાનદ્વારા જ થાય છે એ કહ્યું. કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ એનું વર્ણન કરી રાજાએ એ પણ કહ્યું કે હું વાસના રહિત થયો છું. ભગવાન પંચશિખે મારી બુદ્ધિને કેવળ નિર્ભિજ કરી

દીધી છે જેથી એની પ્રવૃત્તિ વિષયો તરફ થતી જ નથી. મારો મિત્ર ગણાતો કોઇ મારા જમણા હાથને ચંદનથી અર્ચે અને મારો શત્રુ ગણાતો કોઈ મારા ડાબા હાથને વાંસલાથી છોલે પણ મારા મનમાં બન્ને તરફ સમાન ભાવ જ રહે છે. હું આસક્તિનો ત્યાગ કરીને સિંહાસન પર બેસું છું. બીજી ઘણી વાતો કરીને રાજાએ કહ્યું કે કોઇપણ ઘરમાં રહ્યો છતાં પણ યમનિયમાદિમાં રત રહે તો તેની યોગ્યતા સંન્યાસી જેવી જ છે. કોઇપણ સંન્યાસી સંન્યાસ ગ્રહણ કર્યા છતાં રાગ, દ્વેષ, પરિગ્રહ, માન, દંભ તથા સ્નેહાદિનું સેવન કરે તો તે સંન્યાસી છતાં યે ગૃહસ્થ જેવો જ છે. સંન્યાસીને પણ ત્રિદંડાદિ, બાહ્યચિન્હ વગર પણ કેવળ જ્ઞાનથી જ મોક્ષપ્રાપ્તિ થાય છે. છત્રચામરાદિ છતાં પણ આસક્તિ વગરના મને મોક્ષપ્રાપ્તિ ન થાય એવું કાંઇ છે જ નહિ. હું આ પ્રમાણે મોક્ષ પામી મુક્ત થયો છું છતાં તારા યોગના પ્રભાવથી મને તારા તરફ આદરભાવ થયો છે.

પરંતુ હું તને કહું છું તે સાંભળ. તારું આ સ્વરુપ કેવળ ત્રણ ગુણોથી ઉત્પન્ન થએલું હોઇને યોગાનુષ્ઠાનને માટે તદ્દન અયોગ્ય જ છે. તારામાં આવી સુકુમારતા છે, તારું શરીર આવું રુપાળું છે અને તારું વય પણ તરુણ છે. આમ તારામાં યોગવિરુદ્ધ સમગ્ર સાધનો રહ્યાં છે; છતાં યોગ પણ રહ્યો છે એ જોઇ મને સંશય થાય છે. વળી તારી આ ચેષ્ટા યોગિનીના વેષને માટે અત્યંત અઘટિત છે. કાં કે હું મુક્ત છું કે નહિ તેની પરીક્ષા કરવાને માટે તેં બલાત્કારે મારા શરીરમાં પ્રવેશ કર્યો છે. તું કદી કહીશ કે મારા ઉપર અનુગ્રહ કરવાને તેં મારા શરીરમાં પ્રવેશ કર્યો છે તો તે પણ અયોગ્ય જ છે. કેમકે બીજાનો નિગ્રહ અને અનુગ્રહ કરવા રુપ કામવાસનાવાળા યોગીને સંન્યાસનું ફળ કદીએ મળતું નથી. મારા શરીરનો સંગ કરીને તેં તારા આશ્રમચિન્હનું પણ રક્ષણ કર્યું નથી. તત્વજ્ઞાન સંપાદન કરીને મુક્ત થએલા મનુષ્યે પણ વ્યભિચાર વગેરે અકાર્યોથી પોતાની અવશ્ય રક્ષા કરવી જોઇએ. મારા શરીરમાં યોગબળવડે પ્રવેશ કરીને તેં શું શું કર્યું છે તે સાંભળ:-

તેં તારા ચિત્તથી મારા શરીરનો આશ્રય કર્યો જેથી તને વ્યભિચારનો દોષ પ્રાપ્ત થયો છે. અરે, વ્યભિચારિણી પણ પ્રથમથી સંકેત કર્યા પછી જ બીજાના નગર અગર ઘરમાં પ્રવેશ કરે છે, તો તેં કોની સાથે સંકેત કરીને મારા દેશ અને રાષ્ટ્રમાં પ્રવેશ કર્યો છે? કોના સંકેતને અનુસરીને તેં મારા હૃદયમાં પ્રવેશ કર્યો છે? તું સર્વ વર્ણોમાં શ્રેષ્ઠ એવી બ્રાહ્મણી છે અને હું ક્ષત્રિ છું. એ બન્નેનો એક સંબંધ કદી પણ ન થવો જોઇએ. આવી વર્ણશંકરતા તારે કરવી ન જોઇએ. વળી તું સંન્યાસાશ્રમમાં રહેલી અને હું ગૃહસ્થાશ્રમમાં રહેલો છું. છતાં મારા શરીરમાં પ્રવેશ કરવાથી તેં આત્મસંકર દોષ કર્યો છે. વળી હું તારુ ગોત્ર જાણતો નથી. આમ ગોત્ર જાણ્યા વગર મારા શરીરમાં પ્રવેશ કરવાથી તેં ગોત્રસંકર દોષ વહોરી લીધો છે. વળી તારો સ્વામી જીવતો હશે અગર પરદેશ ગયો હશે. એ તો નિસ્સંદેહ છે કે તું પરસ્ત્રી છે, જેથી મારે અગમ્ય છે. આથી વળી તેં ધર્મગુરુદ્રોહ કર્યો છે. આમ તેં કેવળ અકાર્યો જ કર્યાં છે. એમ કરીને શું સિદ્ધ કરવાની તારી ઇચ્છા છે? વળી તું દુષ્ટ સ્ત્રી છે એ કહેવાનું એક કારણ એ છે કે તેં મારા પર વિજય મેળવવાની ઇચ્છા બતાવી છે. એમ કરીને આપણા બન્નેના ચિત્તની એકતાનો ભંગ કર્યો છે.

આ પ્રમાણે રાજાનું બોલવું સાંભળીને સુલભાએ ઉત્તર આપ્યો કે હે રાજા! જે વાક્ય વાણીના નવ દોષોથી રહિત હોય, બુદ્ધિના નવ દોષોથી મુક્ત હોય અને વાણી તથા બુદ્ધિના અઢાર ગુણોથી યુક્ત હોય તે વાક્ય જ યોગ્ય અર્થવાળું ગણાય છે. જે

વાક્યમાં સૌક્ષ્મ્ય, સાંખ્ય, ક્રમ, નિર્ણય અને પ્રયોજન આ પાંચે ગુણ સમાયલા હોય તે વાક્ય જ પ્રમાણભૂત ગણાય છે. હે રાજા! વક્તા, શ્રોતા અને વાક્ય એ ત્રણે, સંપૂર્ણ ગુણોથી યુક્ત હોય અને સિદ્ધાંતને વિરોધ ન આવે તેમ, કથાનિર્ણયમાં પ્રવેશ કરતાં હોય તો જ કહેવાનો અર્થ પ્રકાશે છે–સ્પષ્ટ રીતે સમજાય છે. જ્યારે કોઇ વક્તા કોઇ કહેવાના વિષયમાં શ્રોતાનું અપમાન કરે છે અને પોતાના પક્ષનું જ કથન કરે છે ત્યારે તેનું વાક્ય ઉત્કૃષ્ટ અર્થવાળું થઇ શ્રોતાના હૃદયમાં ચોંટતું નથી. વળી કોઈ વક્તા પોતાના પક્ષનો આગ્રહ તજીને માત્ર શ્રોતાને અનુકુળ લાગે તેવા વિષયનુ જ પ્રતિપાદન કરે છે તેનું વાક્ય પણ દોષવાળું ગણાય છે; કેમકે તેના વાક્યમાં મધ્યસ્થ રહેલા અનેક મનુષ્યોને શંકા થાય છે. પરંતુ હે રાજા! જે વક્તા સ્વપક્ષી અને પરપક્ષી બન્નેને અનુકુળ હોય એવું ભાષણ કરે તે જ ખરો વક્તા કહેવાય છે બીજા નહિ. માટે હું જે કહું છું તે મારું વાક્ય જે અર્થયુક્ત છે તે તું એકાગ્ર ચિત્તે સાંભળ—

હે રાજન્! તું પ્રશ્ન કરે છે કે 'તું કોણ છે' તેનો ઉત્તર હું દઉં છઉં. શબ્દ, સ્પર્શ, રુપ, રસ, ગંધ અને પાંચે ઇંદ્રિયો વાસ્તવિક રીતે આત્માથી ભિન્ન છે તોપણ આત્માને વળગી રહ્યાં છે. મારામાં રહેલાં પંચમહાભૂતોને અથવા ઇંદ્રિયોને તું પ્રશ્ન કરતો હોય તો તે યોગ્ય જ નથી. કેમકે તેમનું સ્વરુપ જડ હોવાથી તેમને કોઇ જાતનું જ્ઞાન નથી. અને જ્ઞાનહીન જડ પદાર્થને પ્રશ્ન થઈ શકે જ નહિ. તેમ જ હું કે જે ચેતન છું તેને પણ તારાથી પ્રશ્ન થઇ શકે નહિ. કેમકે તું અને હું કાંઈ ભિન્ન નથી. આમ હોવાથી 'તું કોણ છે' એવા પ્રકારનો તારો પ્રશ્ન કેવળ અયોગ્ય જ છે. શરીરમાં રહેલી પ્રત્યેક ઇંદ્રિને પોતાનું તથા પારકાનું જ્ઞાન બિલકુલ છે જ નહિ. વળી ઇંદ્રિયો વ્યભિચાર કરીને કદી વર્તી શકતી નથી. એટલે કે ચક્ષુનું કામ શ્રોત્રેન્દ્રિય કરી શકતી નથી. તેમ શ્રોત્રેંદ્રિયનું કામ ચક્ષુ ઇન્દ્રિ કરતી નથી–કરી શકતી નથી. વળી ઇન્દ્રિયો અન્યોન્યના સ્વરુપને પણ જાણી શકતી નથી. ઘટ વગેરે દેખાય છે તે સારુ ચક્ષુ-ઇંદ્રિ બીજા બાહ્યગુણોની અપેક્ષા રાખે છે. ઘટનું દર્શન થવામાં રુપ, ચક્ષુ અને પ્રકાશ એ ત્રણે પદાર્થો સહકારી ગણાય છે. દર્શનના સંબંધમાં તેમ જ બીજા સર્વ જ્ઞાન અને જ્ઞેયના સંબંધમાં પણ તેવા ત્રણ ત્રણ હેતુઓ જ હોય છે. પરંતુ સર્વ જ્ઞાન તથા જ્ઞેયના મધ્યમાં મન નામનો એક બીજો ગુણ પણ રહેલો છે. કારણ મનને લીધે જ મનુષ્ય સારા નરસાનો નિર્ણય કરવાને સંકલ્પ વિકલ્પ કરે છે. વળી બુદ્ધિ નામનો એક બારમો ગુણ છે, જેના વડે મનુષ્ય મનના સંશય વિષયભૂત પદાર્થોમાં 'અમુક પદાર્થ આવા પ્રકારનો છે' આવો નિશ્ચય કરે છે. આ સિવાય બીજા પણ મળીને વીસ ગુણો છે. વળી બીજા દસ ગુણો પણ છે. આ ત્રીસે ગુણો એકી સાથે જેમાં રહ્યા હોય તે શરીર કહેવાય છે. આ ત્રીસે ગુણોની ઉત્પત્તિને અંગે જુદા જુદા મત છે. **નિરીશ્વરવાદી સાંખ્યો** કહે છે કે અવ્યક્ત અથવા પ્રકૃતિ જ આ ગુણોનું ઉપાદાન છે. **સ્થૂલદર્શી**–કણાદ વગેરે **નૈયાયિકો**–પરમાણું, અવ્યક્ત, અદૃષ્ટ અને ઈશ્વર ત્રીસ ગુણોના ઉપાદાન છે એમ જણાવે છે. **કપિલમતાનુયાયી, સેશ્વર સાંખ્ય** વળી કહે છે કે ત્રીસે ગુણોનું ઉપાદાન કારણ પ્રકૃતિ અને પુરુષ છે. કેવળ પરમાણુ-ઓ જ ઉપાદાન કારણ છે એમ **ચાર્વાકમત**-વાળા કહે છે. કેટલાક વિદ્વાનો કહે છે કે વ્યક્ત (પરમાણુઓ) અને અવ્યક્ત (માયા) એ બન્ને આ ત્રીસે ગુણોનું ઉપાદાન કારણ છે, ત્યારે બીજા કહે છે કે ઇશ્વર, માયા, જીવ અને અવિદ્યા એ ચાર તત્વો પૂર્વોક્ત ત્રીસ ગુણોનાં ઉપાદાન કારણો છે, પણ

અધ્યાત્મશાસ્ત્રનું ચિંતવન કરનારા–**વેદાંતી**–આચાર્યો તો એમ જ કહે છે કે પ્રાણી-માત્રનું ઉપાદાન કારણ કેવળ પ્રકૃતિ જ છે. પ્રકૃતિનું મૂળ સ્વરૂપ અવ્યક્ત છે, એટલે ઇન્દ્રિયોથી અગ્રાહ્ય છે, છતાં ત્રીસ ગુણોને ઉત્પન્ન કરીને તે વ્યક્ત થઇ છે. હે રાજન્! હું, તું અને બીજાં સર્વ પ્રાણી માત્ર કેવળ પ્રકૃતિમાંથી જ ઉત્પન્ન થએલ છે, તો પછી "તું કોણ છે" એ પ્રકારનો તારો પ્રશ્ન અજ્ઞાનનો ભરેલો છે. ગર્ભ રહ્યાના કાળથી–સંભોગથી માંડીને તે વૃદ્ધાવસ્થા સુધીની સ્થિતિ અને ફેરફાર ગણાવી સુલભાએ કહ્યું કે ત્રીસે ગુણો–કળાઓ ક્ષણે ક્ષણે બદલાય છે. ગર્ભમાં જતાં, ગર્ભરુપ થતાં, વધતાં, જન્મતાં, કુમારાવસ્થામાં, યુવાવસ્થામાં તેમજ વૃદ્ધાવસ્થામાં પ્રતિક્ષણે નિરંતર ફેરફાર થયાં જ કરતો હોવાથી, "તું કોણ છે" એ પ્રશ્ન નિરર્થક છે. મતલબ કે પ્રશ્ન કર્યો તે સમયે મારો દેહ હતો, તે બીજી જ ક્ષણે ફેરફારવાળો થાય છે–એટલે એને એ રહેતો નથી. હું ઉત્તર આપું તે કાળે એનો એ દેહ ન હોવાથી શી રીતે ઉત્તર આપું કે હું કોણ છઉં. કોની છઉ. આમ હે રાજન! તારો પ્રશ્ન અજ્ઞાનમૂલક જ છે. સુલભાએ પછી રાજાને રાજધર્મ દુઃખદ છે; અને છત્ર ચામરાદિ પર તારો મોહ કેમ રહ્યો છે? વગેરે ઘણી ઘણી બાબતો કહ્યા પછી તે બોલી કે હે રાજા, તું જો ખરો બ્રહ્મનિષ્ટ છે તો આશ્રમો અને વર્ણોનું આત્મસ્વરુપથી ભિન્ન-પણું તને બખર જ હશે. જેમ હાથમાં એક કુંડું, કુંડામાં દુધ અને દુધમાં માંખી પડી હોય ત્યારે એ ત્રણે પદાર્થો વાસ્તવિક રીતે એક જ પદાર્થનો આશ્રય કરીને રહ્યા છતાં, તે તે પદાર્થો પોતાની મેળે જ અન્યોન્યથી ભિન્ન જ છે. કુંડામાં દુધનો ગુણ નથી, દુધમાં કુંડાનો નથી અને માખીમાં બીજાં બેમાંના કોઇનો નથી. આ પ્રમાણે પરસ્પર ભિન્નતાનું તને ભાન હોવા છતાં તને વર્ણસંકરતા કેમ જણાઇ?

લૌકિક દૃષ્ટિએ પણ વર્ણસંકરતાનો દોષ સંભવતો નથી. હું બ્રાહ્મણી નહિ, પણ તારી પેઠે જ ક્ષત્રિય વર્ણની છઉં. પ્રધાન નામના રાજર્ષિનું નામ તેં સાંભળ્યું જ હશે. તેના કુળમાં અવતરેલી હું સુલભા છઉં. મને સમાન પતિ ન મળવાથી ગુરુઓએ મને મોક્ષધર્મનું જ્ઞાન આપ્યું. ત્યારથી આરંભી આજદિન સુધી હું નૈષ્ટિક બ્રહ્મચર્યવ્રત પાળતી સતી મુનિવ્રત આચરું છઉં. હું વેષધારિણી કપટી સંન્યાસિની નથી. હું પરદ્રવ્યનું હરણ કરતી નથી. તેમ જ વ્રતધારણપૂર્વક સ્વધર્મમાં સ્થિર રહીને ધર્મમાં સંકરતા કરતી નથી. મારી પ્રતિજ્ઞાના પાલનમાં હું દૃઢ રહું છઉં. વિચાર કર્યા વગર હું બોલતી નથી. વિચાર કર્યા વિના હું તારી પાસે આવી નથી. મેં સાંભળ્યું હતું કે તારી બુદ્ધિ મોક્ષધર્મમાં અત્યંત આસક્ત રહેનારી છે. જેથી તારું કુશળ ઇચ્છી તારો મોક્ષધર્મ જાણવાની ઇચ્છાથી હું અહીં આવી છઉં. તને હું જે જે કહું છઉં તે સ્વપક્ષની સ્થાપના અગર પરપક્ષના ખંડનના હેતુથી કહેતી નથી. માત્ર તારું હિત ઇચ્છીને કહું છઉં તે તારે આદરપૂર્વક સાંભળવું ઘટે છે. જે પુરુષ પોતાનો વિજય થાય તે માટે મલ્લની પેઠે વાદવિવાદ કરવા ઉતરી પડતો નથી અને કેવળ બ્રહ્મમાં જ લીન રહે છે તે જ મુક્ત કહેવાય છે.

જેમ એક સન્યાસી શૂન્યગૃહમાં રાત્રિનો નિવાસ કરે છે તેમ હું પણ આજની જ રાત્રિ તારા શરીરમાં નિવાસ કરીશ.

હે મૈથિલ! તારા માનદાનથી તથા વાણી-પૂર્વક અતિથિ સત્કારથી પૂજાયલી હું પ્રસન્ન થઇને તારા શરીરરુપી ઘરમાં આજે રહીને આવતી કાલે અહીંથી ચાલી જઇશ.

આ પ્રમાણે સુલભાનાં યુક્તિ અને અર્થવચ્છદ વાક્યો સાંભળ્યા પછી રાજા જનક

કંઈ બોલ્યો જ નહિ; કેમકે એ વાક્યોનો પ્રતિ-ઉત્તર આપવો તે યોગ્ય જ નહોતું.

अथ धर्मयुगे तस्मिन्योगधर्ममनुष्ठिता ।
महीमनु च चारैका सुलभा नाम भिक्षुकी॥७॥
तया जगदिदं कृत्स्न महन्त्या मिथिलेश्वरः ।
तत्र तत्र श्रुतो मोक्षे कथ्यमानास्त्रि दण्डिभिः॥८॥
साऽति सूक्ष्मां कथां श्रुत्वा तथ्यं नेति ससंशया ।
दर्शने जात संकल्पा जनकस्य बभूव ह ॥९॥
तत्र सा विग्रहायाऽथ पूर्वरूपं हि योगतः ।
अविभ्रदनवद्याङ्गी रूपमन्यदनुत्तमम् ॥ १० ॥
चक्षुर्निमेष मात्रेण लघ्वस्त्र गतिगामिनी ।
विदेहानां पुरीं सुभ्रुर्जगाम कमलेक्षणा ॥११॥

* * *

नास्मि वर्णोत्तमा जात्या न वैश्या नावरातथा ।
तव राजन्सवर्णाऽस्मि शुद्धयोनिरविप्लुता॥१८२॥
प्रधानो नाम राजर्षिर्ख्यक्तं ते श्रोत्रमागतः ।
कुले तस्य समुत्पन्नां सुलभां नाम विद्धि माम्
॥ १८३ ॥
मोक्षे ते भावितां बुद्धिं श्रुत्वाऽहं कुशलेषिणी ।
तव मोक्षस्य चाप्यस्य जिज्ञासार्थं मिहागता॥१८८॥

* * *

यथा शून्ये पुराऽगारे भिक्षुरेकां निशां वसेत् ।
तथाऽहं त्वच्छरीरेऽस्मिन्निमां वत्स्यामि शर्वरीम्
॥ १९० ॥
साऽहं मानप्रदानेन वाग्वातिथ्येन चार्चिता ।
सुता सुशरणं प्रीता श्रो गमिष्यामि मैथिल॥१९१॥
इत्येतानि स वाक्यानि हेतुमन्त्यर्थवन्ति च ।
श्रुत्वा नाधिजगौ राजा किंचिदन्यदतः परं॥१९२॥
(ભા૨૦ શાં૦ અ૦ ૩૨૫)

સુલભામૈત્રેયી. કુણિગર્ગની કન્યા જ હોવી જોઇએ. (કુણિગર્ગ શબ્દ જુઓ).

સુલોચન. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો. (ભા૨૦ આ૦ ૬૮-૯૪; ભી૦ ૬૪-૪૭).

સુલોચના. ઇન્દ્રજિતની સ્ત્રી.

સુવર્ચલા. ઋષભદેવવંશીય દેવદ્યુમ્નના પુત્ર પરમેષ્ટીની સ્ત્રી.

સુવર્ચલા (૨). પરમેષ્ટિ રાજાના પ્રતીહ નામના પુત્રની સ્ત્રી.

સુવર્ચલા (૩). આદિત્યની પત્ની. (ભા૨૦ અનુ૦ અ૦ ૧૪૬).

સુવર્ચલા (૪). એક દેવકન્યા. દેવલની પુત્રી. એ બ્રહ્મવિદ્યા સંપન્ન હતી. ઉદ્દાલક ઋષિના પુત્ર શ્વેતકેતુની સાથે એને બ્રહ્મવિદ્યા સંબંધે સંવાદ થયો હતો. તેમાં શ્વેતકેતુએ એના પ્રશ્નોના તદ્દન યથાસ્થિત ઉત્તર આપવાથી એના ઉપર ખુશી થઇને શ્વેતકેતુને પરણી હતી. (ભા૨૦ શાં૦ ૨૨૪-૪; ૨૨૪-૩૦ ૨૨૮-૨૯).

સુવર્ચા એક બ્રહ્મર્ષિ. (ભા૨૦ વ૦ અ૦ ૨૯૯-૧૦).

સુવર્ચા (૨). સૂર્યવંશીય દિષ્ટકુલોત્પન્ન કરંભ રાજાના પુત્ર ઋનિનેત્રનો પુત્ર. એનું મૂળ નામ કરંધમ એવું હતું. (ભા૨૦ અશ્વ૦ ૪-૯).

સુવર્ચા (૩). ગરુડનો પુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧-૨).

સુવર્ચા (૪). અગ્નિ વિશેષ. (ભા૨૦ વ૦ ૨૨૨-૧૩).

સુવર્ચા (૫) દ્રૌપદી સ્વયંવરમાં આવેલો કોઇ એક ક્ષત્રિય. સુકેતુનો પુત્ર અને સુનામાનો ભાઇ. (ભા૨૦ આ૦ ૨૦૧-૯).

સુવર્ચા (૬). સોમવંશીય ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો. (ભા૨૦ આ૦ ૬૮-૧૦૨; ૧૩૧-૩; ૨૦૧-૩; ક૦ ૪૬; ૮૮-૧૯).

સુવર્ચા (૭). દુર્યોધન પક્ષનો એક ક્ષત્રિય. એને અભિમન્યુએ યુદ્ધમાં માર્યો હતો. (ભા૨૦ દ્રો૦ ૪૮-૧૫).

સુવર્ચા (૮). રામના સુત્ર પ્રધાનના પુત્રોમાંનો એક.

સુવર્ણ. એક ઋષિ. એને મનુની સાથે ધૂપ દીપાદિ વિષયે સંવાદ થયો હતો તે. (ભા૨૦ અનુ૦ ૧૧૫).

સુવર્ણ (૨). એક તપસ્વી.

સુવર્ણ (૩). એક ગંધર્વ વિશેષ.

સુવર્ણ (૪). હવે પછી થનારા સાવર્ણિમનુના પુત્રોમાંનો એક.

સુવર્ણચુડ. ગરુડ પુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧-૯).

સુવર્ણરેતસ. વિશ્વામિત્ર વંશનું એક કુળ.

સુવર્ણરેતસ (૨). વિશ્વામિત્રવંશીય સુવર્ણરેતસ કુળનો એક ઋષિ.

સુવર્ણવર્મા. કાશિદેશાધિપ ક્ષત્રિય. એની પુત્રી વપુષ્ટમા તે પાંડવના પ્રપૌત્ર જન્મેજયને વરી હતી. (ભા૨૦ આ૦ ૪૪-૯).

સુવર્ણશિરા. એક મુનિ, વરુણ લોકમાં વેદગાન કરે છે તે. (ભા૨૦ ઉ૦ ૧૧૦-૧૨).

સુવર્ણષ્ઠીવી. શૈબ્યપુત્ર સૃંજય રાજાનો પુત્ર. એની બ્હેન દમયંતી તે નારદની સ્ત્રી હતી. એના શરીરમાંથી સોનું બહુ નિકળતું. એનાં મળમૂત્રાદિ પણ સોનાનાં જ થતાં. આમ સોનું પ્રાપ્ત થતું હોવાથી સૃંજયે પોતાની પ્રજાને ધણી ધનાઢ્ય કરી દીધી હતી. એક વખત આ અરણ્યમાં ગયો હતો ત્યાં સોનાને લોભે ચોરોએ એને મારી નાંખ્યો. રાજા એથી શોકસાગરમાં બૂડી ગયો હતો. તેવામાં નારદ ઋષિ ત્યાં આવ્યા. એમણે એ પુત્રને પૂર્વવત્ જીવતો કરી પોતાના સસરાને આનંદ ઉપજાવ્યો. (ભા૨૦ દ્રો૦ ૫૫-૩૭-૩૮; ભા૨૦ શાં૦ ૨૯-૩૦ દેવી ભા૦ ૬ સ્કં૦ અ૦ ૨૭).

સુવર્ણાખ્યતીર્થ. વિષ્ણુ ઋષિએ જ્યાં તપ કર્યું હતું તે સ્થળ, એક તીર્થ.

સુવર્ણાભ. સ્વારોચિષ મનુના શંખપદ નામના પુત્રનો પુત્ર. (ભા૨૦ શાં૦ અ૦ ૩૪૮).

સુવર્ણાક્ષ. કાશીમાંનું એક સ્થળ વિશેષ.

સુવર્મા. ત્રિગર્તના સુશર્મણ નામના રાજાનો ભાઇ. એક ક્ષત્રિય. (ભા૨૦ વિ૦ ૩૫-૯).

સુવર્મા (૨). ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક પુત્ર.

સુવંશ. વસુદેવને શ્રીદેવીની કૂખે થએલા પુત્રોમાંનો એક.

સુવસ્ત્રા. ભારતવર્ષીય નદી. (ભા૨૦ ભી૦ ૯-૨૫).

સુવાક્. સોમવંશીય ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક પુત્ર. (ભા૨૦ આ૦ ૧૩૧-૯).

સુવાક્ (૨). પાંડવોની સાથે દ્વૈતવનમાં રહેલો એક ઋષિ.

સુવાજી. ઇલ્વળ નામના અસુરના રથના ઘોડાનું નામ. (ભા૨૦ વ૦ ૯૭-૨૨).

સુવામા. એક નદી વિશેષ. (ભા૨૦ ભી૦ ૯-૨૮)

સુવાસન. બ્રહ્મસાવર્ણિ મન્વંતરમાના દેવ વિશેષ.

સુવીર. સૂર્યવંશી ઇક્ષ્વાકુપુત્ર દશાશ્વના કુળના દ્યુતિમાન રાજાનો પુત્ર અને દુર્જય રાજાનો પિતા. (ભા૨૦ અનુ૦ અ૦ ૨).

સુવીર (૨). સોમવંશીય પૂરુકુલોત્પન્ન હસ્તિરાજાના પુત્ર દેવમીઢના વંશના ક્ષેમ્ય રાજાનો પુત્ર, અને રિપુંજય રાજાનો પિતા.

સુવીર (૩). સોમવંશી અનુકુલોત્પન્ન શિબિ રાજાના પાંચ પુત્રોમાંનો બીજો પુત્ર.

સુવીર (૪). વસુદેવના ભાઇ દેવશ્રવાને કંસાવતીને પેટે થએલા બે પુત્રોમાંનો મોટો પુત્ર.

સુવેગ. યૌવનાશ્વ રાજાનો પુત્ર.

સુવેલ. હિમાલયના કૈલાસ શિખરની બ્રશાનમાં આવેલું હિમાલયનું એક શિખર વિશેષ.

સુવેલાચલ. લંકામાંનો એક પર્વત વિશેષ.

સુવેષા. સોમવંશીય પરીક્ષિતની ભાર્યા. એનું બીજું નામ બાહુક હતું. એને ભીમસેન નામે પુત્ર હતો. (ભા૨૦ આ૦ ૬૩-૪૫).

સુવ્રત સોમવંશીય પૂરુકુળોત્પન્ન અજમીઢના વંશના કુરુપુત્ર સુધનુના વંશમાંના જરાસંધ કુળમાં થએલા ક્ષેમરાજાનો પુત્ર. એનો પુત્ર તે ધર્મસુત્ર.

સુશર્મા. કર્ણને હાથે મરણ પામેલો પાંડવ પક્ષનો એક પાંચાલ રાજા. (ભા૨૦ ક૦ ૫૧-૪૬).

સુશર્મા (૨). દુર્યોધન પક્ષનો સંશપ્તક રાજા; ત્રિગર્ત દેશાધિપતિ. એને દુર્યોધને દક્ષિણ

દિશાની ગાયો વાળવાને વિરાટમાં મોકલ્યો હતો. વિરાટનાં ઢોર વાળતાં થતા યુદ્ધમાં એણે વિરાટને પકડ્યો હતો, અને મારી નાંખત પણ એને બલલ નામધારી ભીમસેને છોડાવ્યો. ભારતના યુદ્ધમાં એણે ભાગ લીધો હતો અને એ યુદ્ધમાં અર્જુનને હાથે મરાયો હતો. (ભા૨૦ આ૦ ૨૯૧-૯; વિ૦ ૩૨-૩૪-૩૫-૬૨-૨૫-૫૫; શા૦ ૨૬-૪૪).

સુશર્મા (૩). કર્ણનો પુત્ર. એ ભારતના યુદ્ધમાં નકુલને હાથે મરણ પામ્યો હતો. (ભા૨૦ શા૦ ૯-૫૧).

સુશાંતિ. સોમવંશી પૂરુકુલોત્પન્ન હસ્તિપુત્ર અજમીઢના નીલ નામના પુત્રનો પૌત્ર. એના પુત્રનું નામ પુરુજ.

સુશોભના. આસુ નામના મંડુકાધિપતિની કન્યા અને ઇક્ષ્વાકુકુળના પરીક્ષિત રાજાની સ્ત્રી. આ પરીક્ષિતનું નામ વંશાવળીમાં મળતું નથી. એને શલ વગેરે ત્રણ પુત્રો હતા. (ભા૨૦ વ૦ ૧૯૫-૩૨).

સુશ્રવા. સોમવંશીય જયત્સેનની ભાર્યા અને પરાચીનની માતા. (ભા૨૦ આ૦ ૬૩-૧૬).

સુશ્રવા (૨). સોમવંશી ધૃતરાષ્ટ્રની સ્ત્રી અને ગાંધારીની બહેન. (ભા૨૦ આ૦ ૧૧૯-૨૩).

સુશ્રવા (૩). એક ઋષિ વિશેષ.

સુશ્રુત. વિશ્વામિત્રના પુત્રોમાંનો એક. (ભા૨૦ અનુ૦ ૭-૫૫).

સુષેણ. જમદગ્નિને રેણુકાને પેટે થએલા પુત્રોમાંનો એક. (ભા૨૦ વ૦ ૧૧૭-૧૧).

સુષેણ (૨). એક વાનર. એને મેંદ અને દ્વિવિદ નામે બે પુત્ર હતા; અને તારા નામે એક કન્યા હતી. તારાને એણે વાલીને પરણાવી હતી. (વા૦ રા૦ યુ૦ સ૦ ૭૬; ભા૨૦ વ૦ ૨૮૪-૨).

સુષેણ (૩). આ નામનો રામસેનાનો એક બીજો વાનર.

સુષેણ (૪). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન અંતરિક્ષ રાજાના ત્રણ પુત્રોમાંનો બીજો.

સુષેણ (૫). મહા મહિનાના સૂર્યની સાથે સંચાર કરનાર ગંધર્વ. (તપા શબ્દ જુઓ).

સુષેણ (૬). સોમવંશી પૂરુકુલોત્પન્ન પાંડવ વંશના વૃષ્ટિમાન રાજાનો પુત્ર. એનો પુત્ર તે સુનાથ.

સુષેણ (૭). વસુદેવને દેવકીની કૂખે થએલા ચાર પુત્રોમાંનો એક.

સુષેણ (૮). સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. (ભા૨૦ આ૦ ૬૮-૬૭; ભી૦ ૬૪-૩૪; દ્રો૦ ૧૨૭-૪૨).

સુષેણ (૯). કર્ણનો પુત્ર. ભારત યુદ્ધમાં સુષેણને નકુલે માર્યો હતો. તે (ભા૨૦ ક૦ અ૦ ૪૮; શા૦ શલ્ય ૧૦).

સુષેણ (૧૦) ઉત્તમૌજાએ ભારત યુદ્ધમાં મારેલો આ નામનો દુર્યોધન પક્ષનો એક રાજા. (ભા૨૦ શા૦ ૧૦; ક૦ ૭૫).

સુષેણ (૧૧). સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭-૧૬).

સુષેણ (૧૨). ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો એક ક્ષત્રિય. (ભા૨૦ શા૦ ૫-૩).

સુષોમા. ભારતવર્ષીય નદી વિશેષ.

સુસંવૃત્ત. ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. (ભા૨૦ ઉ૦ અ૦ ૧૯).

સુસામા. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ઉદ્ગાતા બનેલો એક ઋષિ. એ ધનંજય ગોત્રનો હતો. (ભા૨૦ સ૦ ૩૬-૩૪).

સુસ્વધા. આજ્યપ નામના પિતરોનું નામાન્તર. એ કામદુધ લોકમાં રહે છે.

સુસ્વર. ગરુડ પુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧-૧૪).

સુહનુ. વરુણ લોકમાંનો એક અસુર વિશેષ. (ભા૨૦ સ૦ ૯-૧૭).

સુહસ્ત. સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક પુત્ર. એને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (ભા૨૦ દ્રો૦ ૧૫૮ ૧૭-૧૯).

સુહૃ. ઉગ્રસેનના નવ પુત્રોમાંનો એક. કંસનો નાનો ભાઇ.

સુહોત્ર. પાંડવના સમાગમમાં દ્વૈતવનમાં રહેલો એક ઋષિ.

સુહોત્ર (૨). એક રાજર્ષિ. એ પરમ દાતા હતો. એના રાજ્યમાં ઇન્દ્ર પ્રતિવર્ષ સુવર્ણનો વર્ષાદ વરસાવતો. સુવર્ણની જ નદીઓ વહેતી. તેમાં મત્સ્ય વગેરે પ્રાણીઓ પણ સુવર્ણનાં જ હતાં. ઝાડપાન સઘળું સુવર્ણનું જ હતું. (ભા૨૦ દ્ર૦ ૫૩; શાં૦ ૨૮-૨૫).

સુહોત્ર (૩). રામની સેનામાંનો એક વાનર.

સુહોત્ર (૪). સોમવંશીય પૂરુકુલોત્પન્ન અજમીઢ વંશીય કુરુ રાજાના પુત્ર સુધનુનો પુત્ર. ચ્યવન રાજા એનો પુત્ર થાય.

સુહોત્ર (૫). સોમવંશી આયુરાજાના પુત્ર ક્ષત્રવૃદ્ધ રાજાનો પુત્ર. એને કાશ્ય, કુશ અને ગૃત્સમદ એમ ત્રણ પુત્રો હતા.

સુહોત્ર (૬). પાંડુ પુત્ર સહદેવનો પુત્ર. એની માનું નામ વિજયા. (ભા૨૦ આ૦ ૬૩-૭૬).

સુહોત્ર (૭). સોમવંશી ભુમન્યુનો પુત્ર. એની સ્ત્રીનું નામ જયન્તી અને પુત્રનું નામ અજમીઢ હતું. (ભા૨૦ આ૦ ૬૩-૩૫; ૧૦૧-૧૨; વ૦ ૧૯૭-૧).

સુહ્મ. શિબિરાજાના પુત્ર બલિની સ્ત્રીની કૂખે બલિની વિનતિથી દીર્ઘતમસ ઋષિએ ઉત્પન્ન કરેલો એક પુત્ર. (ભા૨૦ આ૦ ૧૧૩-૫૩).

સુહ્મા. સિન્ધુ નદીના પ્રદેશમાંનો એક દેશ. (ભા૨૦ સ૦ ૨૮-૨૧; ૩૧-૨૬).

સુક્ષત્ર. ભારત યુદ્ધમાં આવેલો પાંડવ પક્ષનો એક રાજા. (ભા૨૦ દ્રો૦ અ૦ ૨૩).

સુજ્ઞ. દશરથ રાજાનો એક મંત્રી. (કુશીલવ શબ્દ જુઓ).

સૂકરમુખ. દંડ દેવા યોગ્ય-સજા કરવાને લાયક નહિ એવા માણસને સજા કરનાર અધિકારી જે નરકમાં પડે છે તે નરક. ત્યાં આવા અધિકારી જેમ ક્રાંલુમાં શેરડી પિલાય છે તે પ્રમાણે પિલાઇને યાતના ભોગવે છે.

સૂચિમુખ. જે માણસ પોતાના ધનનો ગર્વ ધરી, મદાંધ બની તેનો સદુપયોગ કરતો નથી તે જે નરકમાં પડે છે તે નરક.

સૂત. વિશ્વામિત્રનો પુત્ર એક ઋષિ. (ભા૨૦ અનુ૦ ૭-૫૭).

સૂત (૨). રોમહર્ષણ નામનો એક પૌરાણિક-પુરાણ કહેનાર-વાંચનાર. (ભા૨૦ આ૦ ૧-૫). એ સૌતિ અથવા ઉગ્રશ્રવ્યનો પિતા થાય.

સૂત (૩). રથ હાંકનારનું સામાન્ય નામ.

સૂત (૪). ભારતમાં કીચકને આ નામે કહ્યો છે. (ભા૨૦ વિ૦ ૧૫-૪૯).

સૂતનન્દન. કર્ણનું નામાન્તર. (ભા૨૦ આ૦ ૨૨૧-૨૩).

સૂતપુત્ર. ઉગ્રશ્રવ્યને આ નામ લગાડવાની રૂઢી છે.

સૂતપુત્ર (૨). અધિરથ સૂતે પાળીને મોટા કરેલા કર્ણને આ નામ લગાડાય છે.

સૂતપુત્ર (૩). વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

સુનૃતા. ઉત્તાનપાદ રાજાની સ્ત્રી સુનીતિનું નામાન્તર.

સુનૃતા (૨). ઉત્તમ નામના મન્વંતરમાંના વિષ્ણુના અવતારની માતા. બગડાની સંજ્ઞાવાળા ધર્મઋષિની સ્ત્રી.

સુનૃતા (૩). સત્યસહા ઋષિની સ્ત્રી. રુદ્રસાવર્ણિ મન્વંતરમાં થનાર વિષ્ણુના અવતારની માતા.

સૂર્મી. અનુહ્લાદ નામના દૈત્યની સ્ત્રી.

સૂર્ય. સૂર્યમંડળનો અભિમાની દેવ. સામાન્ય રીતે તો આ નામ બાર આદિત્યને લગાડાય છે. સૂર્ય કશ્યપ અને અદિતિનો પુત્ર સવિતા તે જ. ત્વષ્ટાની પુત્રી સંજ્ઞા એની સ્ત્રી થાય. (ભા૨૦ આ૦ ૬૬-૨૭; ૬૭-૩૫). યમ, મનુ અને અને યમુના એ એનાં અપત્ય. રૂપાન્તરે છાયાને થએલો સાવર્ણિ અને શનિશ્ચર. સૂર્યનું તેજ ન ખમાવાથી છાયા ઘોડીનું રૂપ લઇને નાઠી હતી. સૂર્યને ખબર પડવાથી પોતે ઘોડાનું રૂપ લઇને ગયો અને એનાથી અશ્વિનો નામે બે પુત્રો થયા, જે દેવના વૈદ્ય બન્યા. અશ્વિનો બહુ જ સ્વરૂપવાન હતા. (અશ્વિન, છાયા, સંજ્ઞા વગેરે શબ્દો જુઓ).

(ભાગ૦ ૬ સ્કં૦ અ૦ ૬; ૮-૧૩, હરિ૦ ૧-૯; વિષ્ણુ૦ ૩-૨; વરા૭૦ ૨૦; બ્ર૦ ૬; વાયુ૦ ૮૪; પદ્મ૦ ૫-૮ અને મત્સ્ય૦ ૧૧).

સૂર્ય વડે કુન્તીને પેટે કર્ણ ઉત્પન્ન થયો હતો. (ભા૨૦ અા૦ ૧૨૦-૧૨૮). રાહુના પોતાને ગ્રસવાથી સૂર્યને ઘણો ક્રોધ ચઢીને તે લોક માત્રને બાળી નાંખવા તૈયાર થયો હતો. એના ક્રોધને શાંત કરવાને દેવતાઓએ અરુણને સૂર્યનો સારથિ બનાવ્યો કે તે સૂર્યના તેજની આડો આવી તેને ઓછું કરે. કર્ણ પોતાનો પુત્ર હોવાથી માગવા આવનાર કપટ બ્રાહ્મણને દિવ્ય કુંડળો ન આપવાનું કહેવાને તેના સ્વપ્નમાં આવ્યો હતો. સૂર્યથી જ સુગ્રીવ વાનર જન્મ્યો હતો (સુગ્રીવ શબ્દ જુઓ).

સૂર્ય પૃથ્વિ ઉપર મેરુની આજુબાજુ સતત ફર્યા જ કરે છે.

ધ્રુવં ત્વહરહર્મેરું સૂર્યાચન્દ્રમસૌ ધ્રુવમ્ ।
પ્રદક્ષિમુપાવૃત્ય કુરુતઃ કુરુનન્દન ॥ ૨૬ ॥
જ્યોતીંષિ ચાપ્યશેષેણ સર્વાનઘ સર્વતઃ ।
પરિયાન્તિ મહારાજ ગિરિરાજં પ્રદક્ષિણમ્ ॥૨૭॥
એતં જ્યોતીંષિ સર્વાણિ પ્રકર્ષન્ભગવાનપિ ।
કુરુતે વિતમસ્કર્મા આદિત્યોઽભિ પ્રદક્ષિણમ્॥૨૮॥
અસ્તં પ્રાપ્ય તતઃ સન્ધ્યામતિક્રમ્ય દિવાકરઃ ।
ઉદીચીં ભજતે કાષ્ટાં બહુધા પર્વ સન્ધિષુ॥૨૯॥
સુમેરુમનુવૃત્તઃ સ પુનર્ગચ્છતિ પાણ્ડવ ।
પ્રાઙ્મુખઃ સવિતા દેવઃ સર્વ ભૂત હિતેરત॥૩૦॥
સ સન્ધ્યંવિભજન્કાલાન્બહુધાપર્વસન્ધિષુ ।
તથૈવ ભગવાન્સોમો નક્ષત્રૈઃ સહ ગચ્છતિ॥૩૧॥
એવમેતં ત્વતિક્રમ્ય મહામેરુ મતિન્દ્રિતઃ ।
સોમશ્ચ વિભજન્કાલં બહુધાપર્વસન્ધિષુ ।
ભાસયન્સર્વ ભૂતાનિ પુનર્ગચ્છતિ સાગરમ્ ॥૩૨॥
તથા તમિસ્રહા દેવો મયૂરવૈર્ભાસયન્જગત્ ।
માર્ગમેતમ સંબાધમાદિત્યઃ પરિવર્તતે ॥૩૩॥
સિસૃક્ષુઃ શિશિરાણ્યેવ દક્ષિણાં ભજતે દિશમ્ ।
તતઃ સર્વાણિ ભૂતાનિ કાલે શિશિરમૃચ્છતિ॥૩૪॥
સ્થાવરાણાંચ ભૂતાનાં જઙ્ગમાનાં ચ તેજસા ।
તેજાંસિ સમુપાદત્તે નિવૃતઃ સ વિભાવસુઃ॥૩૫॥
તતઃ સ્વેદઃ બલમસ્તન્દ્રી ગ્લાનિશ્ચ ભજતે નરાન્ ।
પ્રાણિભિઃ સતતં સ્વમો હ્યભીક્ષ્ણં ચ નિષેવ્યતે॥૩૬॥
એવમેતમનિર્દેશ્યં માર્ગમાવૃત્ય ભાનુમાન્ ।
પુનઃ સૃજતિ વર્ષાણિ ભગવાન્ભાસયન્પ્રજાઃ॥૩૭॥
વૃષ્ટિમારુત સંતાપૈઃ સુખૈઃ સ્થાવરજઙ્ગમાન્ ।
વર્ધયન્સુમહાતેજા પુનઃ પ્રતિનિવર્તતે ॥ ૩૮ ॥
એવમેષ ચરન્પાર્થ કાલચક્રમતિન્દ્રિતઃ ।
પ્રકર્ષન્સર્વભૂતાનિ સવિતા પરિવર્તતે ॥ ૩૯ ॥
સંતતા ગતિરેતસ્ય નૈષ તિષ્ઠતિ પાણ્ડવ ।
આદાયૈવ તુ ભૂતાનાં તેજો વિસૃજતે પુનઃ॥૪૦॥
(ભા૦ ૫૦ અ૦ ૧૬૪).

(સૂર્ય અને ચન્દ્ર એ બન્ને મેરુ પર્વતની રોજરોજ પ્રદક્ષિણા કરે છે. તેમજ સર્વ તારાગણો પણ આ પર્વતરાજ મેરુની પ્રદક્ષિણા કરે છે. અને સર્વ તારાગણોને આકર્ષણ કરતા કરતા અંધકારને દૂર કરનારા ભગવાન સૂર્ય પણ એ પર્વતની પ્રદક્ષિણા કર્યા કરે છે. મેરુની પ્રદક્ષિણા કરતા સૂર્યનાં જે સ્થાનમાં દર્શન થાય નહિ તે અસ્તનું સ્થાન સમજવું. સંધ્યાકાળે તે સ્થાન ઓળંગીને સૂર્યનારાયણ ઉત્તર દિશામાં આવે છે. અને ત્યાંથી સર્વ પ્રાણિયોના હિતમાં તત્પર એવા સૂર્યદેવ મેરુની ચોતરફ ફરતા ફરતા પાછા પૂર્વ દિશામાં આવે છે. તેમજ પર્વની સંધિયોમાં માસોના અનેક વિભાગો કરતા ભગવાન ચન્દ્ર પણ નક્ષત્રોની સાથે મેરુની આસપાસ ફરે છે. આ પ્રમાણે આળસ રહિત થઇને મહામેરુનું ઉલ્લંઘન કરીને તથા સર્વ પ્રાણીઓનું પોષણ કરીને ચન્દ્ર ફરી મંદરાચળ પ્રત્યે જાય છે. તેમ જ અંધકારને નાશ પમાડનાર સૂર્યદેવ પણ પોતાનાં કિરણો વડે જગતનું રક્ષણ કરતા કરતા આ દુઃખરહિત માર્ગે થઇને જ ભ્રમણ કરે છે. જ્યારે તે ટાઢ ઉત્પન્ન કરવાની ઇચ્છા કરે છે, ત્યારે દક્ષિણ દિશા તરફ ફરે છે. અને તેથી સર્વ

પ્રાણીઓમાં શિયાળો પ્રાપ્ત થાય છે. પછી જ્યારે સૂર્ય દક્ષિણ તરફથી પાછો ફરીને પુનઃ ઉત્તર તરફ ગતિ કરે છે, ત્યારે ઉનાળામાં તે પોતાના તેજનો સ્થાવર તથા જંગમ પ્રાણીઓના તેજને ખેંચી લે છે. અને તેથી લોકોને પરસેવો થાય છે, થાક લાગે છે, આળસ તથા ગ્લાનિ આવે છે અને પ્રાણીઓ સર્વદા વારંવાર નિદ્રાનું સેવન કરે છે. આ પ્રમાણે ભગવાન સૂર્ય, આકાશના માર્ગમાં ભ્રમણ કરીને પાછા પ્રજાનું રક્ષણ કરવા વૃષ્ટિ ઉત્પન્ન કરે છે. આ રીતે મહાતેજસ્વી સૂર્ય વૃષ્ટિ, વાયુ અને પ્રખર તાપ ઉત્પન્ન કરીને તે સુખોથી સ્થાવર તથા જંગમ પ્રાણીઓને વૃદ્ધિ પમાડતા પુનઃ એ જ ક્રમમાં પાછા ફરે છે. આ પ્રમાણે ફરતા સૂર્ય આળસ રહિત થઇને સર્વ પ્રાણીઓને આકર્ષણ કરતા કાળચક્રમાં ભ્રમણ કર્યા કરે છે. સૂર્ય હમેશાં ફર્યા કરે છે. એ કોઈ વખત સ્થિર રહેતા નથી. અને પ્રાણીઓનાં તેજને ગ્રહણ કરીને ફરી તે તે જ પાછું આપે છે.

સૂર્યની ગતિને સંબંધે જમદગ્નિ ઋષિ અને સૂર્યની વચ્ચે થએલા સંવાદનો રમુજી ઇતિહાસ છે. એકદા જમદગ્નિ ઋષિ હાથમાં ધનુષ્ય લઇને ક્રીડા કરી રહ્યા હતા. ભૃગુકુળકેતુ પોતે બાણ સંધાન કરીને લક્ષ્ય તરફ ફેંકે અને તેમનાં પત્ની રેણુકા બાણ પાછાં લાવી લાવીને ઋષિને આપે. આ રીતે જમદગ્નિ ધનુષ્યની, પણછની અને બાણોની ગર્જનાથી ખુશ થઇ અત્યંત હર્ષમાં આવી જઇ ઉપરાચાપરી બાણ ફેંકે. રેણુકા તેવી જ ત્વરાથી બાણ પાછાં આણી આપે. આ વખત મધ્યાન્હનો સમય થયો હતો. સૂર્યનારાયણ પોતે જ્યેષ્ટા નક્ષત્રના મૂલમાં આરૂઢ થયા હતા. તેથી પ્રખર તપી રહ્યા હતા. તો પણ જમદગ્નિએ બાણો ફેંકવાનું ચાલુ રાખી રેણુકાને કહ્યું;-હે સુભ્ર ! વિશાળ નેત્રવાળી ! જા સર્વ છૂટેલાં બાણને લઇ આવ, હું ફરી ફેંકું. પતિની આજ્ઞા થતાં જ રેણુકા ચાલી નિકળી, પણ માર્ગમાં વૃક્ષોની છાયાનો આશ્રય કરીને ઉભી રહેતી રહેતી ગઇ. કેમકે સૂર્યના તાપથી એનું માથું અને તપી ગએલી ભોંયને લીધે એના ચરણ તપી જતા હતા. બધાં બાણ વિણી લાવીને રેણુકા પાછી આવી ત્યારે અતિ ખિન્ન થઇ ગઇ હતી. એ સુંદર અંગવાળી યશસ્વિની સ્ત્રી મહાદુઃખે પગલાં મુકતી મુકતી અને વાર થયાને લીધે સ્વામીના ભયથી ધ્રુજતી ધ્રુજતી પોતાના સ્વામી સમીપ આવી પહોંચી. ઋષિયે ક્રોધથી કહ્યું કે રેણુકા ! તું આટલી મોડી કેમ આવી ?

રેણુકાએ કહ્યું કે હે તપોધન ! સૂર્યના તાપને લીધે મારું મસ્તક અત્યંત તપી ગયું હતું અને મારા ચરણ પણ અત્યંત દાઝી ગયા હતા, તેથી વૃક્ષની છાયાનો આશ્રય લેતી લેતી હું આવી તેથી મને વાર થઇ એ લક્ષમાં લઈ હે તપોધન ! મારા પર ક્રોધ ન કરશો.

જમદગ્નિયે કહ્યું હે રેણુકા ! આ પ્રદીપ્ત કિરણવાળા સૂર્યે તને આમ કષ્ટ આપ્યું છે માટે હું મારાં અસ્ત્રોરુપ અગ્નિના તેજથી તેને બાણોદ્વારા નીચે પટકી પાડીશ.

આમ બોલીને તેમણે પોતાના ધનુષ્યનો ટંકાર કર્યો, અને સંધ્યાબંધ બાણો લઇને સૂર્યની જવાની દિશા તરફ ફરી સૂર્ય સામુ મુખ કરી ઉભા રહ્યા. આમ જમદગ્નિ પોતાને નીચે પાડવા તત્પર થયા છે એ જોઇને સૂર્ય બ્રાહ્મણનો વેષ લઇને એમની પાસે આવી આમ બોલ્યોઃ—

સૂર્યે તમારો શો અપરાધ કર્યો છે ? સૂર્ય આકાશમાં રહી પોતાનાં કિરણોદ્વારા બધેથી રસ લઈ ગ્રહણ કરેલા રસને વર્ષાઋતુમાં તેની વૃષ્ટિ કરે છે. સૂર્ય વૃષ્ટિ કરે છે તેથી મનુષ્યોને સુખ આપનારું અન્ન ઉત્પન્ન થાય છે. વેદમાં પણ કહ્યું છે કે

"अन्नं प्राणाः" ઔષધિયો, લત્તાઓ, પુષ્પો, પાંદડાં વગેરેમાંથી ઉત્પન્ન થએલું અન્ન વર્ષાકાળ પછી તૈયાર થાય છે. હે ભૃગુવંશી! જાતકર્મ આદિ સર્વ સંસ્કારો, વ્રતો, ઉપનયન સંસ્કારો, ગોદાનો, વિવાહો, પુષ્કળ યજ્ઞો, શાસ્ત્રો, દાનો, સર્વ વ્યવહારો અને દ્રવ્યનો સંગ્રહ સર્વ કેવળ અન્નને લીધે જ થઇ શકે છે, એમ તમે જાણો છો. જેટલા રમણિય કામો અને જેટલા રમણિય આરંભો છે તે સર્વ કેવળ અન્નથી જ થાય છે. એમ બધું કહીને બ્રાહ્મણરુપે આવેલા સૂર્યે ફરી કહ્યું કે સૂર્યને પાડવાથી તમને શું ફળ મળશે?

આમ પ્રાર્થના કર્યા છતાં પણ જમદગ્નિ શાંત થયા નહિ. પેલા બ્રાહ્મણે ફરી હાથ જોડી કહ્યું કે "હે બ્રહ્મર્ષિ! સૂર્ય સદાકાળ ગતિ કર્યા કરે છે. તેથી એ સૂર્યરુપી લક્ષ્ય ચંચળ છે, છતાં તમે એને કેવી રીતે વિંધી શકશો?

જમદગ્નિએ કહ્યું કે તું સ્થિર લક્ષ્ય હો કે ચળ લક્ષ્ય હો, પણ મારી જ્ઞાનદૃષ્ટિથી મેં તને ઓળખી લીધો છે. આજે મારે તારામાં વિનય દાખલ કરવો છે. હે સૂર્ય, મધ્યાહ્ને એક અર્ધનિમિષ જેટલા સમય સુધી તું સ્થિર રહે છે; માટે તે સમય હું તને વિંધીસ, એમાં કાંઇ વિચાર કરવાનો નથી.

સૂર્ય કહે કે ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ બ્રહ્મર્ષિ! તમે મને અવશ્ય વિંધી નાખશો અને હું આપનો અપરાધી પણ છું. હું આપને શરણ આવ્યો છું એમ આપ જાણો.

આ સાંભળીને જમદગ્નિ ખડખડ હસી પડયા. તેમણે સૂર્યને કહ્યું, હે સૂર્ય! તું ભય ન પામીશ, કેમકે તું મારે શરણે આવ્યો છે. બ્રાહ્મણોમાં જે સરળતા છે, પૃથિવમાં જે સ્થિરતા છે, ચન્દ્રમાં જે સૌમ્યતા છે, વરુણમાં જે ગંભીરતા છે, અગ્નિમાં જે કાન્તિ છે, મેરુમાં જે પ્રભા છે, અને સૂર્યમાં જે પ્રતાપ રહેલો છે તે સર્વનું જે પુરુષ ઉલ્લંઘન કરે છે તે જ શરણે આવેલાનો વધ કરે છે. જે શરણે આવેલાનો વધ કરે છે તેને ગુરુતલ્પગામીનું, બ્રહ્મહત્યાનું અને મદિરાપાનનું પાતક લાગે છે. માટે હે તાત, તેં જે અવિનય કર્યો છે તેને દૂર કરવા માટે કોઇ યોગ્ય ઉપાય તું ખોળી કાઢ, જેથી તારાં કિરણોથી તપ્ત થએલા માર્ગમાં પ્રત્યેક મનુષ્ય સુખેથી ગમન કરી શકે.

જમદગ્નિ ઋષિયે આમ કહેતાં જ તેમને છત્ર અને ઉપાનહ બન્ને આપ્યાં. તે સમયથી આરંભી ત્રણે લોકમાં છત્ર તથા ઉપાનહનું દાન પુણ્યદાયી તરીકે પ્રસિદ્ધ થયું છે.

पुरा स भगवान्साक्षाद्वनुषा क्रीडति प्रभो ।
संधाय संधाय शरांश्चिक्षेप किल भार्गवः ॥७॥
तान्क्षिप्तान्त्रेणुका सर्वांस्तस्येषून्दीप्ततेजसः ।
आनीय सा तदा तस्मै प्रादादस कृदच्युत ॥८॥
सा गच्छन्यन्तरा छायां वृक्षभाश्रित्य भामिनी ।
तस्थौ तस्या हि संतप्तं शिरः पादौ तथैव च॥१२॥
शिरस्तप्तं प्रदीप्तौमे पादौ चैव तपोधन ।
सूर्यतेजो निरुद्धाऽहं वृक्षच्छायां समाश्रिता॥१६॥
अद्यैनं दीप्तकिरणं रेणुके तव दुःखदम् ।
शरैर्निपातयिष्यामि सूर्यमस्त्राग्नि तेजसा ॥१८॥
स विष्फार्यधनुर्दिव्यं गृहीत्वा च शरान्बहून् ।
अतिष्ठत्सूर्यमभितो यतो याति ततोमुखः ॥१९॥
अथ तं प्रेक्ष्य सन्नद्धं सूर्योऽभ्येत्य वचोऽब्रवात् ।
द्विजरुपेण कौन्तेय किं ते सूर्यऽपराध्यति ॥२०॥
(ભા૦ અનુ૦ અ૦ ૧૪૪).

ततः सूर्यो मधुरया वाचा तमिदमब्रवीत् ।
कृताञ्जलि र्विप्ररुपी प्रणम्यैनं विशांपते ॥३॥
चलं निमित्तं विप्रर्षे सदा सूर्यस्य गच्छतः ।
कथं चलं भेत्स्यसि त्वं सदायान्तं दिवाकरम्
॥ ४ ॥
स्थिरं चापि चलंस्यापि जाने त्वां ज्ञानचक्षुषा ।
अवश्यं विनयाधानं कार्यमद्य मया तव ॥५॥
मध्याह्ने वै निमेषार्द्धं तिष्ठसि त्वं दिवाकर ।
तत्र भैत्स्यामि सूर्य त्वां न मेऽत्रास्ति विचारणा
॥ ६ ॥
असंशयं मां विप्रर्षे भेत्स्यसे धन्विनांवर ।
अपकारिणं मां विद्धि भगवञ्शरणागतम् ॥७॥

तत प्रहस्य भगवाञ्जमदग्नि रुवाच तत् ।
न भीः सूर्य त्वया कार्या प्रणिपातगतो ह्यसि
॥ ८ ॥
एतस्य त्वमनोतस्य समार्धि तात चिन्तय ।
यथा सुखगमः पन्था भवेत्वद्रश्मि तापितः ॥१२॥
एतावदुक्त्वा स तदा तूष्णीमासीद्भृगूत्तमः ।
अथ सूर्योऽददत्तस्मै छत्रोपानहमाशु वै ॥१३॥
महर्षे शिरसस्त्राणं छत्रं मद्रश्मि वारणम् ।
प्रति गृह्णीष्व पद्भ्यां च त्राणार्थं चर्मपादुके
॥ १४ ॥
अद्य प्रभृति चैवेह लोके संप्रचरिष्यति ।
पूण्यकेषु च सर्वेषु परमक्षय्यमेव च ॥ १५ ॥
(ભા૨૦ અનુ૦ અ૦ ૧૪૫).

ज्योतिषां चक्रमादाय सततं परिगच्छति ।
मध्यगश्चामरावत्यां यदा भवति भास्करः ॥२७॥
वैवस्वते संयमने उद्ययन्सूर्यः प्रदृश्यते ।
सुषायामर्धरात्रस्तु विभावर्यांऽस्तमेति च ॥२८॥
वैवस्वते संयमने मध्याह्नेतुरविर्यदा ।*
सुषायामथ वारुण्या मुत्तिष्ठन्स तु दृश्यते ॥२९॥
विभावर्यामध्यरात्रं माहन्द्रया मस्तमेव च ।
सुषायामथ वारुण्यां मध्याह्ने तु रविर्यदा ॥३०॥

સૂર્ય મેરુની આસપાસ ભમે છે એ માન્યતા મત્સ્યપુરાણમાં પણ જણાવી છે.
(મત્સ્ય૦ અ૦ ૧૨૪).

પૃથ્વી ઉપર માનસોત્તર પર્વત ઉપર આવેલી ઇંદ્રની અમરાવતી નામની દેવધાની નગરીના શિરોભાગ ઉપર સૂર્ય ફરતો ફરતો આવે છે ત્યારે ત્યાં મધ્યાન્હ થાય છે; યમની સંયમની નગરીમાં સૂર્યોદય થાય છે; વરુણની સુષા નગરીમાં મધ્યરાત્ર થાય છે, અને કુબેરની વિભાવરી નગરીમાં સૂર્યાસ્ત થાય છે. આ જ પ્રમાણે સંયમની પર સૂર્ય આવતાં દેવધાનીમાં અસ્ત, સુષામાં ઉદય અને વિભાવરીમાં મધ્યરાત્ર થાય છે.

માટે પૃથ્વી નથી ફરતી, પણ સૂર્ય અને ચન્દ્ર બધા નક્ષત્રોને લઇને પૃથ્વીના મધ્યમાં આવેલા મેરુની આસપાસ નિરંતર ફરે છે તે જ ખરું છે!

अचिन्या खलु ये भावा न त्वां स्तर्केण साधयेत।
प्रकृतिभ्य परं यत्तु तदचिन्त्यस्य लक्षणम्॥१२॥

માટે આધુનિક ખગોળવેત્તાઓની પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે એ કલ્પના માનવી નહિ. આ મત જૂનો અને પૌરાણિક છે. પૃથ્વી ફરે છે એ સિદ્ધાંત ભાસ્કરાચાર્યનો છે, જે અગીયાર કે બારમા સૈકામાં થયા હતા.

સૂર્ય (૨). દનુપુત્ર એક અસુર. (ભા૨૦ આ૦ ૬૬–૨૭).

સૂર્યતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ વન૦ ૮૧–૪૮).

સૂર્યદત્ત. વિરાટ રાજાનો એક ભાઇ. એને દ્રોણે ભારત યુદ્ધમાં માર્યો હતો. (ભા૨૦ ઉ૦ ૧૭૫–૧૫; વિ૦ ૩૩–૨૧; દ્રો૦ ૧૫૮–૪૦).

સૂર્યધ્વજ. દ્રૌપદી સ્વયંવરમાં આવેલો એક રાજા. (ભા૨૦ આ૦ અ૦ ૧૮૬).

સૂર્યનેત્ર. ગરુડનો એક પુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧–૧૩).

સૂર્યભાનુ. રામની સેનાનો એક વાનર.

સૂર્યભાસ. અભિમન્યુએ મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા. (ભા૨૦ દ્રો૦ અ૦ ૪૮).

સૂર્યવર્ચા. કશ્યપની મુની નામની ભાર્યાને પેટે થએલા દેવગંધર્વોમાંનો એક. (ભા૨૦ આ૦ ૬૬–૪૨).

* પૌરાણિક ભૂગોળખગોળની આ માન્યતા ઉપરથી રા. ગોડબોલે કહે છે કે મહાભારતમાં આવું વર્ણન હોવાને લઇને–એટલે કે સૂર્ય અને ચન્દ્ર નક્ષત્રો ઇ–ને લઇને મેરુની આસપાસ ફરે છે એ માન્યતા જ માનવાની છે. સૂર્ય સ્થિર હોઇ પૃથ્વી તેની આજુબાજુ ફરે છે એવું કદી કહેવું નહિ! મહાભારતમાં ભીષ્મપર્વમાં બીજા પ્રસંગમાં કહ્યું છે કે ઋષિયો સિવાય બીજાઓ આવી બાબતોનો વિચાર કરી શકે એ અશક્ય હોઇ એ અચિન્ય છે.

સૂર્યવર્મા. ત્રિગર્તરાજ, એક ક્ષત્રિય. (**ભા૨૦ અશ્વ૦ ૭૪–૨૬**).

સૂર્યવંશ. સૂર્યનો રાજવંશ તે જ. કિયા કિયા રાજા સૂર્યવંશના છે તે રાજાના નામ પ્રમાણે અનુક્રમે કોષમાં જોવા.

સૂર્યવાન. એક પર્વત વિશેષ.

સૂર્યશત્રુ. લંકાનો એક રાક્ષસ.

સૂર્યાતપ. અથર્વણવેદનું એક ઉપનિષદ.

સૂર્યાનન. રામની સેનાનો એક વાનર.

સૂર્યાક્ષ. રામની સેનાનો એક વાનર.

સૂર્યાક્ષ (૨). ક્ષત્રિય વિશેષ. (**ભા૨૦ આ૦ ૬૮–૫૭**).

સૂષા. પશ્ચિમ દિગ્પાળ વરુણની નિમ્લોચિ નામની નગરીનું બીજું નામ.

સૂક્ષ્મ. દનુપુત્ર દાનવમાંનો એક.

સૃંગાલ. એક રાજા. (**ભા૨૦ શાં૦ અ૦ ૪**).

સૃંજય. ઉત્તમ નામના ત્રિજ મનુના પુત્રોમાંનો એક.

સૃંજય (૨). સુર્યવંશીય દિષ્ટકુલોત્પન્ન ધૂમ્રાક્ષ રાજાના પુત્ર સંયમનું બીજું નામ.

સૃંજય (૩). સોમવંશીય અનુરાજાના પૌત્ર કાલનરનો પુત્ર. એનો પુત્ર જનમેજય.

સૃંજય (૪). સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત અન્વયમાં થએલા શૂર રાજાના દસ પુત્રોમાંનો પાંચમો પુત્ર. કંસની બ્હેન રાષ્ટ્રપાલી તે આની સ્ત્રી થાય. એને વૃષ અને દુર્મર્ષણ નામે બે પુત્ર હતા.

સૃંજય (૫). પાંચાળ કહેવાતા પાંચ ભાઇઓમાંના સંજય રાજાનું નામાન્તર.

સૃંજય (૬). અંબા, અંબિકા અને અંબાલિકા એ ત્રણ કન્યાઓના માતામહ–હોત્રવાહન રાજાનું નામાન્તર.

સૃંજય (૭). શિબિ દેશનો રાજા. એની સ્ત્રીનું નામ કૈકેયી હતું. નારદ અને પર્વત એ બન્ને ઋષિયો આના મિત્રો હતા. એક સમય એ બન્ને ઋષિયો આની પાસે આવી કહેવા લાગ્યા કે અમારા બન્નેની ઇચ્છા કેટલા કાળપર્યંત તારા ઘરમાં રહેવાની છે. રાજાએ કહ્યું ભલે. રાજાએ એમને માટે રહેવાની એકાન્ત સ્થળે સોય કરીને પોતાની કન્યા દમયંતીને તેમની સેવા કરવા રાખી. દમયંતીને જોઇને નારદે પુછ્યું રાજા આ કોણ છે ? રાજાએ કહ્યું એ મારી કન્યા છે અને વરાર્થિની એટલે વર વરવાની ઇચ્છાવાળી છે; મતલબ કે તે કુંવારી છે. આ ઉપરથી નારદના મનમાં આવ્યું કે એ મને પરણે તો ઠીક. નારદ અને પર્વત વચ્ચે પ્રથમથી એવો કરાર હતો કે એકબીજાએ પોતપોતાના મનમાં જે સંકલ્પ થાય તે એકબીજાને કહેવા. એમ હોવા છતાં નારદે પોતાની આ કન્યાને પરણવાની ઇચ્છા થયાની વાત પર્વત ઋષિને કહી નહિ; તેથી પર્વત ઋષિયે નારદને શાપ આપ્યો કે જા તારું મોં વાનર જેવું થશે. પર્વત ઋષિના મનમાં પણ આ કન્યાને પરણવાની ઇચ્છા થઇ હતી. એણે લાજને લીધે નારદને આ વાત કહી નહોતી. સમર્થ નારદે એને શાપ્યો કે આજથી તારાથી દેવલોકમાં જવાશે નહિ. આમ એકબીજાને શાપ આપી તેઓ કેટલાક કાળ સુધી ત્યાં રહ્યા. પછી પર્વત ઋષિ પૃથ્વી પર ફરવા નિકળી પડ્યા અને વાનરના મુખ જેવું મુખ થયું હતું માટે નારદ ત્યાં જ રહ્યો.

પર્વત ઋષિના ગયા પછી દમયંતીએ વિચાર કર્યો કે નારદે મારા પિતાને આ કોણ પુછતાં હું કુંવારી છું વગેરે જવાબ દેવા ઉપરથી મારે એની સ્ત્રી થવું જોઇએ. વળી નારદનું મોં વિકૃત થઇ ગયું છે તેનું કારણ પણ એ જ હોવું જોઇએ. માટે મારે જરુર આને જ પરણવું. આવુ મનમાં આણીને એણે ઋષિની ઘણી ઉત્કૃષ્ટ રીતે સેવા કરવા માંડી કે દેવોએ પણ એનું સત્ય જોવાના પ્રયત્ન કર્યા તેમાં પણ એ રંચ માત્ર ડગી નહિ. ઘણો કાળ ગયા પછી એણે પોતાની માને જણાવ્યું કે મારો વિવાહ

નારદ જોડે કરો. એની માતાએ રાજાને આ વાત કરી. રાજા કહે આવા વાંદરા જેવા મોંવાળાને હું મારી કન્યા શી રીતે આપું ? લોકો મને ચૂંટી ખાય, માટે મારાથી નહિ થાય. આ જાણી દમયંતી નિરુપાય થઇ; છતાં પોતાના મનમાં વરવાની ભાવના રાખીને નારદની સેવા ચાલુ રાખી.

આ વાતને ઘણો સમય વિતતાં ફરતા ફરતા ફરી પર્વતઋષિ ત્યાં આવી ચઢ્યા. પર્વતે નારદને અને નારદે પર્વતને શાપમુક્ત કર્યા. આ પ્રમાણે નારદનું મુખ વાનર જેવું થયું હતું તે મટીને પૂર્વવત્ થયું. આ જોઇને પછી રાજાએ પોતાની કન્યાના મનોરથ પ્રમાણે તેનું લગ્ન નારદની જોડે કર્યું. (**ભા૨૦ શાં૦ અ૦ ૩૦; દ્રો૦ ૫૫–૧૧; દેવી ભા૦ ૬ ઠો. સ્કં૦ અ૦ ૨૭**).

જેના શરીરમાંથી સોનું નીકળતું હતું એવો સુવર્ણષ્ઠિવી નામનો પુત્ર તે આ જ રાજાનો. (સુવર્ણષ્ઠિવી શબ્દ જુઓ).

સૃંજયા. સંજય રાજાની કન્યા અને સાત્વતપુત્ર ભજમાન રાજાની મોટી સ્ત્રી.

સૃતંજય. પૂરુકુલોત્પન્ન જરાસંધ વંશના કર્મજિત્ રાજાનો પુત્ર. વિપ્રરાજા આનો પુત્ર થાય.

સૃષ્ટિ. ઉગ્રસેન રાજાના નવ પુત્રો પૈકી આઠમો પુત્ર.

સૃગાળ. કરવીરપુરનો રાજા સૃગાળ વાસુદેવ તે જ. કલિંગદેશના રાજા ચિત્રાંગદે પોતાની કન્યાનો સ્વયંવર રચ્યો હતો અને જ્યાંથી કર્ણની સહાયતાથી દુર્યોધન એ કન્યાનું હરણ કરી ગયો હતો તે સ્વયંવરમાં આ રાજા પણ ગયો હતો (**ભા૨૦ શાં ૪–૭; હરિ વં૦ ૨–૪૪**)

સૃગાળ (૨). શિયાળનું રુપ ધારણ કરીને આવેલો ઇન્દ્ર. એ રુપવાળા ઇન્દ્ર જોડે કાશ્યપને સંવાદ થયો હતો (**ભા૨૦ શાં૦ ૧૭૮**).

સૃગાલ (૩). એક બીજું સૃગાલ. જેણે વાનરની સાથે સંવાદ કર્યો હતો. (**ભા૨૦ અનુ૦ ૩૦**).

સેક. ભારતવર્ષીય દેશ. એ ચર્મણ્યવતી નદીના દક્ષિણે અને અવંતિની ઉત્તરે આવેલો છે. ભારતમાં કહ્યું છે કે અપરસેક કરીને એનો એક વિભાગ હતો(**ભા૨૦ સ૦ ૩૨–૯**).

સેચક. એક સર્પ વિશેષ. (**ભા૨૦ આ૦ ૫૭–૧૫**).

સેતુ. સોમવંશીય દ્રુહ્યુપુત્ર બભ્રુરાજાનો પુત્ર. એનો પુત્ર તે આરબ્ધ રાજા.

સેતુ (૨). લંકામાં જવાને નલ વાનરની પાસે રામે કરાવેલો પાષાણમય માર્ગ તે જ. એ દસ યોજન પહોળો અને સો યોજન લાંબો હતો. એ છેક સમુદ્રને તળીએથી પાણીની સપાટી સુધી પથ્થર નાંખી પૂરીને કરવામાં નહોતો આવ્યો. પણ તરતા પથ્થરનો બનાવ્યો હતો સમર્થ સમુદ્રમાં હાલ તેની નિશાની–અવશેષ–રહી નથી.

સેદુક. વૃષદર્ભનો ભાઇ એક રાજા. (૧ વૃષદર્ભ શબ્દ જુઓ).

સેન્દ્રકેના. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

સેન. સોમવંશના હેમરાજાનું નામાંતર.

સેનજિત્. સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢપુત્ર બૃહદ્વિષુના વિશદ રાજાનો પુત્ર. એને રુચિરાક્ષ, દૃઢહનુ, કાશ્ય અને વત્સ એમ ચાર પુત્રો હતા.

સેનજિત્ (૨). ફાગણ મહિનાના આદિત્યના સમાગમમાં આવનારી અપ્સરા. (૧ તપસ્ય શબ્દ જુઓ).

સેનાનિ. કાર્તિકેયનું નામ.

સેનાની. સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. (**ભા૨૦ આ૦ ૧૩૧–૯**).

સેનાપતિ. સોમવંશી ધૃતરાષ્ટ્રનો સો પુત્રોમાંનો એક. એને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (**ભા૨૦ આ૦ ૬૮–૯૭; ભી૦ ૬૪–૭૨**).

સેનાબિન્દુ. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. એને કર્ણે માર્યો હતો. (**ભા૨૦ દ્રો૦**

અ૦ ૨૩; ક૦ અ૦ ૪૮). એ પાંચાળ હતો.

સેનાબિન્દુ (૨). અર્જુને દિગ્વિજય કાળે જિતેલો દેવપ્રસ્થ નગરીનો રાજા. (**ભા૨૦ સભા૦ અ૦ ૨૭**).

સેયન. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

સૈતવાહિની. બાહુદા નદીનું બીજું નામ.

સૈંધવ. સિંધુદેશના બધા રાજાઓનું સામાન્ય નામ. આ નામ બહુધા જયદ્રથને લગાડાય છે. (**ભા૨૦ આ૦ ૧-૨૧૬**).

સૈંધવાયન. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (**ભા૨૦ અનુ૦ ૭-૫૧**).

સૈંધવારણ્ય. સિંધુદેશરથ અરણ્ય તે.

સૈન્ય. ત્રણની સંજ્ઞાવાળા અંગિરાઋષિના કુળમાં ઉત્પન્ન થયેલો એક ઋષિ.

સૈરંધ્ર બગડાની સંજ્ઞાવાળા કશ્યપ કુલોત્પન્ન એક ઋષિ.

સૈરંધ્રી. અજ્ઞાતવાસના સમયમાં જે નામ ધારણ કરીને દ્રૌપદી વિરાટને ત્યાં રહી હતી તે. (કીચક શબ્દ જુઓ).

સૈવલક. ત્રણની સંજ્ઞાવાળા વસિષ્ઠ કુલોત્પન્ન એક ઋષિ.

સૈંહિકેય. કશ્યપ ઋષિને સિંહિકાને પેટે થએલા રાહુ, સુચંદ્ર, ચંદ્રહર્તા અને ચંદ્રમર્દન નામે ચાર પુત્રો તે.

સૈંહિકેય (૨). કશ્યપની કન્યા અને હિરણ્યકશિપુની બહેન સિંહિકાને વિપ્રચિત્તિ દાનવથી ઉત્પન્ન થએલા વ્યંસ, કલ્પ, નલ, વાતાપિ, ઇલ્વલ, નમુચિ, ખસૃપ, અજન, નરક, કાલનાભ, સરમાણુ, કાલવીર્ય અને વિખ્યાત એ તેર પુત્રો તે.

સૈસિરિક્રા. દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯-૫૭**).

સોમ. વૈશ્રવણનું મૂળ નામ.

સોમ (૨). સ્વાયંભુ મન્વંતરમાંના અત્રિનો પુત્ર. ચાલુ મન્વંતરની પહેલાંના સોમમંડળનો આ અધિપતિ હતો એમ સમજવાનું છે.

સોમ (૩). ચાલુ મન્વંતરમાંના ધર્મઋષિને તેની વસુ નામની ભાર્યાને પેટે આઠ પુત્રો, જે વસુ નામના દેવો થયા હતા તેમાંનો એક. આ ચાલુ મન્વંતરમાં સોમમંડળનો અધિપતિ છે.

વિવસ્વાનાદિતેઃ પુત્રઃ સૂર્યો વૈવસ્વતોઽતરે।
દ્યુતિમાન્ ઋષિપુત્રસ્તુ સોમોદેવો વસુઃ સ્મૃતઃ
॥ ૧૭ ॥

(લિંગ૦ અ૦ ૬૧).

સોમ (૪). ચાલુ મન્વંતરમાંના અત્રિ ઋષિનો પુત્ર. એનાથી સોમવંશી રાજાઓની ઉત્પત્તિ થઈ છે. ચન્દ્ર તે જ. એની માનું નામ મનસ્વિની. એનો પુત્ર તે વર્ચા. (**ભા૨૦ આ૦ અ૦ ૬૬-૬૭**).

અહીં વિચારવાનું એ છે કે જો આ અત્રિપુત્ર હોઇ સોમવંશનો સ્થાપનાર હોય તો બુધ એ આનો જ પુત્ર. અને જો બુધ આનો પુત્ર હોય તો એ રોહિણીની કૂખે થએલો એ પણ ખૂલ્લું છે. રોહિણી પ્રાચેતર દક્ષની સતાવીસ કન્યામાંની એક છે. ત્યારે આ સતાવીસે કન્યાનો પતિ હોવો જોઇએ, કેમકે પ્રાચેતસ દક્ષે રોહિણી સહિત બધી કન્યા એકને જ પરણાવી હતી. આ બધા ઉપરથી સોમમંડળાધિપતિ આ જ હોવો જોઇએ, એ નિઃસંશય છે. લિંગપુરાણમાંના ઉપર આપેલા વાકય પ્રમાણે તો ધર્મઋષિનો પુત્ર સોમ સોમમંડળાધિપતિ હતો એમ જણાય છે. આ શી રીતે બને ?

એમ જણાય છે કે જેમ ચાલુ મન્વંતરમાં પ્રત્યેક જુદા જુદા આદિત્યો સૂર્યમંડળાધિપતિ હોય છે, તેમ સોમમંડળના ઉત્તર અને દક્ષિણ અયનોમાં સોમમંડળના અનુક્રમે જુદા જુદા અધિપતિઓ હોય–એક ઉત્તરાયનનો અને એક દક્ષિણાયનનો–અને લિંગપુરાણમાં માત્ર એક વિવસ્વાન આદિત્યનું એકલાનું જ નામ આપ્યું છે, તેમ અષ્ટ વસુઓમાં પણ એક વસુ પ્રધાન કહ્યો હોય, એમ થવું સંભાવ્ય છે.

આ સોમને ભદ્રા અને જ્યોત્સ્ના નામે બે કન્યાઓ હતી. ભદ્રા એ ઉતથ્ય ઋષિને અને જ્યોત્સ્ના એ વરુણ પુત્ર પુષ્કરને પરણી હતી.

સોમ (૫). સમુદ્રમથન કાળે તેમાંથી નિકળેલો ચંદ્ર. આ ચન્દ્રને શંકર ભગવાન ભૂષણરૂપે પોતાના જટાજૂટ ઉપર રાખે છે.

સોમ (૬). પાર્વતી સહિત શંકર ભગવાનનું–એ યુગનું નામ.

સોમ (૭). એ નામનો એક વેલો. યજ્ઞ વખતે એના રસની જરુર પડે છે. (**ભા૨૦ શાં૦ ૧૬૩-૫**). N. O. Asclepideacœ Asclepias acida. ઝંદ અવસ્તાનો 'હોમ'. ખરસાણીના કુટુંબની વનસ્પતિ.

સોમ (૮). સાતની અંક સંજ્ઞાવાળા સોમમાંથી બનાવવામાં આવતું પેય વિશેષ. સોમરસ યજ્ઞમાં દેવોને અર્પતા અને ઋષિયો પીતા. એ એવો માદક હતો કે બ્રાહ્મણ સિવાય બીજા એને જોરવી શકતા નહિ.

સોમવલ્લિ રસ પાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે;
વગળવંશીને વમન કરાવે વેદ વાણી ઉચ્ચરે. પ્રેમરસ.
(દયારામ).

સોમ (૯). કુબેરનું નામાન્તર; એ ઉપરથી ઉત્તર દિશાનું નામ સૌમ્ય પડયું છે.

સોમક. સોમવંશી પૂરુકુલોત્પન્ન પાંચાળ વંશના સહદેવ રાજાનો પુત્ર. એને સો સ્ત્રીઓ હતી પણ પુત્ર માત્ર એક જંતુ નામનો હતો. એક વખત આ પુત્રને ક્રીડી કરડી તેથી એને ઘણી વ્યથા થઇને મરવા જેવો થઇ ગયો. આ ઉપરથી રાજાને ઘણો શોક થયો અને મનમાં આવ્યું કે આ એક પુત્ર હોવો તે વાંઝીયા જેવું જ છે. આંધળાની એક આંખ કહેવાય. એવામાં ત્યાં એક બ્રાહ્મણ હતો તેણે રાજાને કહ્યું કે જો તારે બહુ પુત્રો હોવાની ઇચ્છા હોય તો તું આ પુત્રને પશુ છે એમ કલ્પી હું તને કહું એ પ્રમાણે એને અગ્નિમાં હોમ. પછી એનો જે ધૂમાડો નિકળે તે તારી સોએ સ્ત્રીઓના નાકમાં જવા દે. એથી એ બધીઓને ગર્ભ રહી તેમને દરેકને એકેકો પુત્ર થશે. એ ઉપરથી રાજાએ બ્રાહ્મણના કહેવા પ્રમાણે કર્યું. એ જંતુ પૃષત્ નામે પ્રસિદ્ધ હતો અને એનો પુત્ર તે દ્રુપદ રાજા હતો.

કેટલાક કાળ પછી આ બ્રાહ્મણ અને રાજા થોડી થોડી મુદતને અંતરે મરણ પામ્યા. રાજા સ્વર્ગમાં ગયો અને બ્રાહ્મણ નરકમાં પડયો. સ્વર્ગમાં ગયા પછી રાજાને આ વાતથી ખબર પડી. એ તરત જ યમની પાસે ગયો અને તેને વિનવીને કહ્યું કે આ બ્રાહ્મણને આવી દશા પ્રાપ્ત થવાનું મૂળ કારણ હું પોતે છું. માટે એને સ્વર્ગમાં મોકલો. એની તરફથી નરક યાતના હું ભોગવીશ. પણ યમે કહ્યું કે જેનું તેનું પાપ તેણે પોતે જ ભોગવવું જોઇએ. પણ તું તારે મોઢે કહે છે કે એનો સાંસર્ગિક પાપી હું છું, તો એ પાપનો કેટલોક હીસ્સો તારે પણ ભોગવવો જોઇએ. આ ઉપરથી પોતે સ્વર્ગમાં ન જતાં રાજા ત્યાં જ રહ્યો. એણે બ્રાહ્મણનું અડધું પાપ એને ભોગવવા દઇ, બાકીનું અડધું પોતે ભોગવ્યું. ત્યારબાદ સોમક બ્રાહ્મણને જોડે લઇને સ્વર્ગમાં ગયો. (**ભા૨૦ વ૦ અ૦ ૧૨૭-૧૨૮**), (**ભા૦ ૯ સ્કં અ૦ ૨૨; હરિ વં૦ ૧-૩૨**).

સોમક (૨). ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજસમુદાય.

સોમક (૩). કૃષ્ણને કાલિંદીને પેટે થએલા પુત્રોમાંનો એક.

સોમક (૪). પૂરુકુલોત્પન્ન પાંડવવંશીય સુદાસ રાજાના પુત્ર શતાનીકનું બીજું નામ.

સોમકલ્પ. બ્રહ્મદેવના ચાલુ માસમાંનો થઇ ગએલો ઓગણીસમો દિવસ-કલ્પ તે. (૪ કલ્પ શબ્દ જુઓ).

સોમકીર્તિ. સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. (**ભા૨૦ આ૦ ૬૮-૯૬**).

સોમગિરિ. ભારતવર્ષનો એક સામાન્ય પર્વત.

સોમતન્વિ. ત્રણની સંજ્ઞાવાળા અંગિરા કુળમાં થએલો એક ઋષિ.

સોમદત્ત. સૂર્યવંશી દિષ્ટકુળના કૃતાશ્વ રાજાનો પુત્ર. એનો પુત્ર તે સુમતિ.

સોમદત્ત (૨). સૂર્યવંશના પુરુકુળના અજમીઢ વંશના કુરુપુત્ર જન્હુરાજાના અન્વયમાં થયેલા પ્રતીપ રાજાના પુત્ર બાલ્હીક રાજાનો પુત્ર. આને ભૂરિશ્રવા, ભૂરિ, સલ અને યૂપકેતુ એમ ચાર પુત્રો હતા.

એઓમાં ભૂરિશ્રવાની ઉત્પત્તિ સંબંધે એવી વાત છે કે પૂર્વે વસુદેવ અને દેવકી એ બન્નેનું લગ્ન થયું તે વખતે શિનિ નામના યાદવ સાથે આનું કાંઇ કારણસર યુદ્ધ થયું હતું. તેમાં શિનિયે વાળ પકડી આને ભોંય પર પાડીને લાત મારી. આથી ખિન્ન થઇને રુદ્રનું આરાધન કરી અને શિનિની એવી જ અવસ્થા કરી શકે એવા પુત્રની યાચના કરી. રુદ્રે તથાસ્તુ કહ્યું અને એને ત્યાં ભૂરિશ્રવાનો જન્મ થયો. શિનિ તો મરી ગયો હતો પણ ભારતના યુદ્ધમાં શિનિના પૌત્ર સાત્યકિને હરાવીને ભૂરિશ્રવાએ એના વાળ પકડી ભોંય પાડીને લાત મારી હતી. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૧૪૪**).

આગળ જતાં ભારતના યુદ્ધમાં સોમદત્ત મરાયો હતો. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૧૬૨**).

સોમદા. ઉર્મિલા નામની ગંધર્વીની કન્યા. એ પોતે ચૂલિના પુત્ર બ્રહ્મદત્તની માતા થતી હતી.

સોમધેય. ભારતવર્ષીય દેશ વિશેષ. પૂર્વ દિશાના દિગ્વિજયમાં ભીમસેને આ દેશ જિત્યો હતો. (**ભા૨૦ સભા૦ અ૦ ૩૦**).

સોમન્યૂષાયણ. ચાલુ મન્વંતરમાં થઇ ગએલો ત્રેવીસમો વ્યાસ. (**વ્યાસ** શબ્દ જુઓ).

સોમપ. માનસ લોકમાં રહેનાર પિતર. એની માનસ કન્યા નર્મદા બ્રાહ્મણોને પૂજ્ય છે.

સોમપથ. ચન્દ્ર લોકમાં જવાના રસ્તામાંનો પ્રદેશ.

સોમપદ. એક પૂણ્યક્ષેત્ર વિશેષ. (**ભા૨૦ વ૦ ૮૨-૧૧૯**).

સોમપાન. એક તીર્થ વિશેષ.

સોમભોજન. ગરુડનો એક પુત્ર. (**ભા૨૦ ઉ૦ ૧૦૧-૧૨**).

સોમરાજક. ગૌતમાંગિરસોનું એક કુળ. (૮ અંગિરા શબ્દ જુઓ).

સોમવંશ. ચન્દ્રવંશી રાજાઓનો વંશ. એ વંશના રાજાઓનાં નામ વર્ણાનુક્રમે કોષમાં આપ્યાં છે.

સોમવાહ. અગસ્ત્ય કુલોત્પન્ન ઋષિ વિશેષ.

સોમવિત. એક રાજા.

સોમશ્રવા. નાગિણી નામની સ્ત્રીની કૂખે શ્રુતશ્રવા ઋષિને થએલો પુત્ર. એ પાંડવોના પ્રપૌત્ર જન્મેજયનો પુરોહિત હતો. (**ભા૨૦ આ૦ ૩-૧૩**).

સોમા. એક અપ્સરા.

સોમાપિ. સોમવંશી પૂરુકુલોત્પન્ન જરાસંધ પુત્ર સહદેવના ત્રણ પુત્રોમાંનો એક.

સોમાયનિ. ત્રણની સંજ્ઞાવાળા અંગિરા કુળમાં થએલો એક ઋષિ.

સોમોદ્ભવા. સોમ પિતરની કન્યા નર્મદાનું નામાન્તર.

સોહંજિ. સોમવંશી યદુકુલોત્પન્ન હૈહયવંશના કુંતિ રાજાનો પુત્ર. એનો પુત્ર તે મહિષ્માન.

સૌગંધિક. કૈલાસ શિખરની ઇશાન દિશામાં આવેલું હિમાલયનું એક શિખર વિશેષ.

સૌગંધિક (૨). સૌગંધિક શિખર ઉપર આવેલું કુબેરનું વન વિશેષ. (**ભા૨૦ વ૦ ૮૨-૪**).

સૌગંધિક (૩). વનવાસકાળમાં પાંડવો ગંધમાદન પર્વત પર ગયા ત્યાં એકદા વાયુમાં ઉડીને આવીને પડેલું સહસ્રદળ કમળ દ્રૌપદીએ દીઠું. દિવ્ય સુગંધવાળું, સહસ્ર દળવાળું અને સુંદર આકારનું આ કમળ જોઇ દ્રૌપદીએ એ લીધું અને ભીમસેનને કહ્યું કે આ કમળ તો હું યુધિષ્ઠિરને આપીશ, પણ તમે મને આવાં બીજાં કમળ આણી આપો. મને એ બહુ જ પ્રિય લાગે છે.

આ ઉપરથી ભીમસેન જે દિશામાંથી વાયુ આવતો હતો તે દિશામાં કમળ લેવા ગયા. રસ્તામાં એમને હનુમાન મળ્યા હતા. (**હનુમાન** શબ્દ જુઓ). સૌગંધિક સરોવર જઈ પહોંચી ભીમે કમળ લેવાનું આદરતાં ત્યાંના રક્ષક રાક્ષસોએ આ તો કુબેરની તળાવડી અને કમળો છે તે મનુષ્યને મળે નહિ. માટે તું ધનપતિની આજ્ઞા મેળવીને આમાંથી પાણી પી અને કમળો લે. પરંતુ તે શિવાય તું એ કમળો તરફ દૃષ્ટિયે કરી શકીશ નહિ.

ભીમસેને કહ્યું કે હું કુબેરને આટલામાં દેખતો નથી. અને દેખું તો પણ હું એની પાસે યાચના કરવા ઇચ્છતો નથી. હું રાજપુત્ર છઉં અને રાજાઓ કોઇની યાચના કરતા નથી, એ સનાતન ધર્મ છે. હું મારો ક્ષત્રિયધર્મ છોડી દેવા ઇચ્છતો નથી. વળી આ સરોવર પર્વતનાં ઝરણાંઓનું બન્યું છે અને કુબેરના ભવનની પાસે પણ નથી. માટે આ સરોવર પર કુબેરના જેટલો જ સર્વ પ્રાણીઓનો હક્ક છે. આવા પ્રકારમાં કોણ કોની યાચના કરે ?

આમ કહીને ભીમ સરોવરમાં પેઠો. બધા રાક્ષસો એને પકડો, બાંધો, મારો, રાંધીને ખાઇ જઇએ, ઇત્યાદિ બોલતા ભીમસેન ઉપર તૂટી પડ્યા. શસ્ત્રાસ્ત્રોનો એના ઉપર વર્ષાદ વર્ષાવ્યો. ભીમસેન પોતાની ગદા લઇને રાક્ષસો ઉપર કોપ કરીને ધાયો. એણે આગેવાન સો રાક્ષસોને મારી નાંખ્યા. રાક્ષસો ભીમનું પરાક્રમ, બળ, વિદ્યાબળ તેમ જ બાહુબળ જોઇને, આને આપણાથી પહોંચી વળાશે નહિ, ધારી ત્યાંથી નાઠા. ભીમે પોતાની ઇચ્છા પ્રમાણે કમળો લીધાં.

ભીમથી પરાજય પામી રાક્ષસો ધનેશ પાસે ફરીઆદ ગયા. કુબેરે બધી વાત સાંભળીને હસીને કહ્યું કે "દ્રૌપદીની ઇચ્છા પ્રમાણે ભીમસેન ભલે કમળો લઇ જાય. હું એ વાત પ્રથમથી જાણું છઉં."

ભીમસેન કમળો લઇ સ્વજનો તરફ પાછો આવ્યો.

यक्षाधिपस्यानुमते कुबेरस्य महात्मनः ॥६॥
अन्यायेनेह यः कश्चिदवमत्य धनेश्वरम् ।
विहर्तुमिच्छेद्दुर्वृत्तः स विनश्येन्न संशयः ॥७॥
आमन्त्र्य यक्षराजं वै ततः पीत्व हरस्व च ।
नातोऽन्यथा त्वयाशक्यं किंचित्पुष्करमीक्षितुं९
राक्षसास्तं न पश्यामि धनेश्वर मिहान्तिके ॥
दृष्ट्वापि च महाराजं नाहं याचितुमुत्सहे॥१०॥
इयं च गलिनी रम्या जाता पर्वतनिर्झरे ।
नेयं भवनमासाद्य कुबेरस्य महात्मनः ॥१२॥
तुल्या हि सर्वभूताना मियं वैश्रवणस्य च ।
एवं गतेषु द्रव्येषु कः कं याचितुमर्हति॥१३॥
इत्युक्त्वा राक्षसान्सर्वान्भीमसेनोव्यगाहत ।
तां तु पुष्करिणा वीरः प्रभिन्न इव कुञ्जरः
॥ १४ ॥
तेषां वचस्तत्तु निशाम्य देवः
प्रहस्य रक्षांसि ततोऽभ्युवाच ।
गृह्णातु भीमो जलजानि कामं
कृष्णानिमित्तं विदितं ममैतत् ॥२७॥
(**ભા૨૦ વ૦ ૧૪૮-૧૫૫**).

સૌચ્યકિ. ત્રણની અંક સંજ્ઞાવાળા ભૃગુકુળનો એક ઋષિ.

સૌચિત્તિ. ભારતના યુદ્ધમાં પાંડવપક્ષના એક રાજા-સત્યધૃતિનું નામાન્તર. એ યુદ્ધમાં એ કર્ણને હાથે મરાયો હતો. સુચિત્તનો પુત્ર હોવાથી એને સૌચિતિ કહેતા. (**ભા૨૦ ઉ૦ ૨૮ ૧૭૧-૧૮; ૧૯૬-૨૮; ક૦ ૩-૩૧**).

સૌજામિ. ઋષિ વિશેષ.

સૌતિ. રોમહર્ષણનો પુત્ર ઉગ્રશ્રવા તે જ. એણે નૈમિષ્યારણ્યમાં રહેતા શૌનકાદિને મહાભારત પુરાણ સંભળાવ્યું હતું. એને શૌનકો સાથે સંવાદ થયો હતો. (**ભા૨૦ આ૦ ૧-૫, ૪ અને ભા૦ ૧૦-૭૮**).

સૌત્રામણિ. દ્રુપદની ભાર્યા કૌસલ્યા તે જ. (**ભા૨૦ આ૦ ૧૪૯-૪૯**).

સૌદામિની. કશ્યપથી વિનતાની કૂખે થએલી કન્યા,

સૌદાસ. સૂર્યવંશના ઋતુપર્ણ રાજાના પુત્ર સુદાસનો પુત્ર. (**ભા૨૦ આ૦ ૧૨૮–૪૯**). એનું બીજું નામ કલ્માષપાદ છે. (**ભા૨૦ આ૦ ૧૯૩–૨૬**). એનું બીજું નામ વળી મિત્રસહ પણ હતું. (**હરિ વં. ૧–૧૫**). વસિષ્ઠના પુત્ર શક્તિઋષિયે એને શાપ દીધો હતો કે તું રાક્ષસ થા. એ રાક્ષસ થયો. અને શક્તિઋષિને જ મારી ખાધા. (**ભા૦ આ૦ ૧૯૨–૪૦**). પછી વસિષ્ઠે આ રાજાને શાપમુક્ત કર્યો. શાપમુક્ત થતા પહેલાં એકદા કલ્માષપાદ વનમાં ભટકતો હતો, ત્યાં મૈથુન કાર્યમાં રોકાયલા એક બ્રાહ્મણના યુગ્મને જોયું. એ બન્ને રાજાથી બ્હીને મૈથુન અધુરું મુકીને નાસતાં હતાં. રાજાએ બ્રાહ્મણને પકડી પાડયો. બ્રાહ્મણીએ ઘણી ઘણી આજીજી કરી તે ન લેખવતાં બ્રાહ્મણને મારીને ખાઇ ગયો. આ પ્રમાણે પોતાના ધણીનું મૃત્યુ થતાં બ્રાહ્મણીએ સહગમન કર્યું. એણે બળતાં પૂર્વે રાજાને શાપ દીધો કે તું મૈથુન કરતાં જ મૃત્યુ પામીશ. (**ભા૨૦ આ૦ ૧૯૮–૨૧**).

પછી જ્યારે રાજા શાપમુક્ત થયો ત્યારે અયોધ્યામાં જઇને સારી રીતે પોતાનું રાજ્ય ચલાવવા લાગ્યો.

એક વખત એની સ્ત્રી ઋતુકાળમાં હતી ત્યારે વસિષ્ઠ ઋષિ એને ત્યાં આવ્યા. રાજાએ તેવામાં પોતાની સ્ત્રી સાથે સંભોગ કરવાને ઘણો યત્ન કર્યો કેમકે કામાંધતાને લઇને બ્રાહ્મણીના શાપની વાત રાજા ભૂલી ગયો હતો. પણ એની રાણી મદયન્તીને એ વાતની સ્મૃતિ હતી. એણે રાજાને એ વાતની યાદ આપીને વારી રાખ્યો. એટલે રાજાએ વસિષ્ઠ ઋષિની પ્રાર્થના કરીને મદયન્તીને પુત્ર ઉત્પન્ન કરાવ્યો. મદયન્તીને ગર્ભ રહ્યો એટલે વસિષ્ઠ પોતે ત્યાંથી ચાલી નિકળ્યા.

જ્યારે સૌદાસ શાપગ્રસ્ત હતો ત્યારે ઉત્તંક ઋષિ એની પાસે મણિમય દિવ્ય કુંડળોની યાચના કરવા આવ્યો હતો. આ કુંડળો એની પાસે ગુરુપત્ની ગૌતમની સ્ત્રી અહલ્યાએ ગુરુ દક્ષિણામાં માગ્યાં હતાં. સૌદાસે આ કુંડળો તો મારી રાણીનાં છે માટે એની પાસે માગ, એમ કહેતાં ઉત્તંકે માગવાથી સૌદાસની રાણી મદયન્તીએ એ કુંડળો એને આપ્યાં હતાં. (**ભા૨૦ અશ્વ૦ ૫૩–૩૦**). (**રા૦ ઉ૦ સર્ગ૦ ૬૫; વિષ્ણુ૦ ૪–૪; ભાગ૦ ૯–૯**).

સૌદેવ. સુદેવ રાજાના પુત્ર દિવોદાસનું નામાન્તર.

સૌદ્યુમ્નિ. યુવનાશ્વ શબ્દ જુઓ. યુવનાશ્વનું નામાન્તર. આ ઉપરથી જણાય છે કે એ કોઈ સુદ્યુમ્ન રાજાનો પુત્ર હશે. (**ભા૨૦ વ૦ ૧૨૭–૧૦**).

સૌદ્યુમ્નિ (૨). વૈવસ્વત મનુના પુત્ર ઇલ રાજાનું નામ સુદ્યુમ્ન હતું. એના પુત્રો તે સૌદ્યુમ્નિ.

સૌધિક. ત્રણની અંક સંજ્ઞાવાળા ભૃગુકુલોત્પન્ન એક ઋષિ.

સૌધૃતેય. સુવૃતીના પુત્ર નર રાજાનું બીજું નામ. આ નર રાજા તે સૂર્યવંશના દિષ્ટ કુલોત્પન્ન નર રાજા સમજવો.

સૌપુરિ. ત્રણની સંજ્ઞાવાળા અંગિરા કુળમાં થએલો એક ઋષિ.

સૌપુષ્પિ. અગડાની અંક સંજ્ઞાવાળા અત્રિ કુલોત્પન્ન એક ઋષિ.

સૌબળ. ગન્ધારના સુબળ રાજાનો જ્યેષ્ટ પુત્ર. શકુનિ તે જ. (**ભા૨૦ આ૦ ૧–૧૮૦**).

સૌબલી. ગાન્ધારના સુબળ રાજાની પુત્રી અને સોમવંશી ધૃતરાષ્ટ્રની પત્ની ગાન્ધારી તે જ.

સૌબુદ્ધિ. ત્રણની સંજ્ઞાવાળા અંગિરા કુળમાં થએલો એક ઋષિ.

સૌભ. સાલ્વ રાજાનું વિમાનના આકારનું સ્વેચ્છાપૂર્વક ગમે ત્યાં ફેરવાય–લઇ જવાય એવું નગર. (**ભા૨૦ વ૦ ૧૪–૨–૧૫; ૧૫–૩**).

સૌભદ્ર. સુભદ્રાનો પુત્ર અભિમન્યુ તે જ. (**ભા૨૦ આ૦ ૧–૨૧૪**).

સૌભદ્ર (૨). રથરાજની કૂખે વસુદેવને થએલા ત્રણ પુત્રોમાંનો જ્યેષ્ઠ.

સૌભદ્ર (૩). તીર્થ વિશેષ. (નારી તીર્થ શબ્દ જુઓ).

સૌભપતિ. સાલ્વ રાજા.

સૌભર. અગ્નિ વિશેષ. (**ભા૨૦ વ૦ ૨૩૨–૯**). એને સૈારભ પણ કહ્યો છે.

સૌભરિ. એક બ્રહ્મર્ષિ. આ ઋષિને એકદા એવી ઇચ્છા થઇ કે મારે લગ્ન કરવું. તેથી તે માંધાતા રાજા પાસે ગયો અને એની કન્યાની યાચના કરી. પરંતુ સૌભરિ વૃદ્ધ હોવાથી રાજાએ કહ્યું કે તમે મારા અન્તઃપુરમાં જાઓ, ત્યાં મારી કન્યાઓ છે.તેમાંથી તમને પરણવાની કોની ઇચ્છા છે તે જુઓ.

આ ઉપરથી સૌભરિ રાજાના અંતઃપુરમાં ગયો અને પોતાના તપોબળ વડે પોતે દિવ્ય અને તરુણ દેહ ધારણ કર્યો. કન્યાઓ પાસે જઇને એણે પુછ્યું કે તમારામાંથી કોને મને વરવાની ઇચ્છા છે ? ઋષિને દિવ્ય અને તરુણ સ્વરૂપના દેખીને બધી કન્યાઓ આનંદ પામી, હું પરણું–હું પરણું એમ બોલી ઉઠી. આ ખબર રાજાને થતાં તે આશ્ચર્ય પામ્યો. પછી એણે બધી કન્યાઓને વિવાહ વિધિવડે ઋષિને પરણાવી. પોતાની બધી સ્ત્રીઓને લઇને સૌભરિ પોતાને આશ્રમે આવ્યો. (**ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૬**).

એનો આશ્રમ નર્મદાના તીર ઉપર હતો. યુધિષ્ઠિર રાજાએ અશ્વમેધ કર્યો, તે વખત અશ્વરક્ષા સારુ ફરતો ફરતો અર્જુન એને આશ્રમે આવ્યો હતો. તે વખત એ સૌભરિને મળ્યો હતો. સૌભરિએ એને ઉદ્દાલક ઋષિ અને એની સ્ત્રી ચંડીની વાત કરી હતી. (૩ અર્જુન શબ્દ જુઓ).

સૌભાગ્ય. ઋક્‌વેદનું એક ઉપનિષત્.

સૌમદત્તિ. સોમદત્તના પુત્ર ભૂરિશ્રવાને બહુધા આ નામે કહ્યો છે. (**ભા૨૦ દ્રો૦ અ૦ ૧૦૫–૨૨**).

સૌમદેય. સોમદા ગંધર્વીના પુત્ર બ્રહ્મદત્તનું નામાન્તર.

સૌમનસ. પર્વત વિશેષ.

સૌમનસ્ય. પ્રિયવ્રતપુત્ર યજ્ઞબાહુના સાત પુત્રોમાંનો બીજો.

સૌમનસ્ય (૨). સૌમનસ્યના દેશનું નામ.

સૌમનસ્ય (૩). શાલ્મલિદ્વીપમાંના બીજા દેશનું નામ.

સૌમિત્ર. અગિયારમો સુમિત્ર શબ્દ જુઓ.

સૌમિત્રિ. સુમિત્રાના બન્ને પુત્રો. પરંતુ વિશેષે કરીને લક્ષ્મણને આ નામ લગાડાય છે.

સૌમ્ય. એક પ્રકારના પિતરો.

સૌમ્ય (૨). સોમના પુત્ર બુધનું નામાન્તર.

સૌમ્ય (૩). મયદાનવે કરેલું સભાગૃહ જોવા યુધિષ્ઠિર પાસે આવેલો એક ઋષિ.

સૌર. શુચિ નામના અગ્નિનું નામાન્તર.

સૌર (૨). ત્રણની અંકસંજ્ઞાવાળા ભૃગુકુળોત્પન્ન ઋષિ વિશેષ.

સૌર (૩). સૂર્ય સંબંધી સૂક્ત.

સૌરથ. ભારતવર્ષીય દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ અ૦ ૯**).

સૌરથ (૨). સુરથના વંશજોનું સામાન્ય નામ.

સૌરભ. અગ્નિ વિશેષ. (**ભા૨૦ વ૦ ૨૨૨–૯**). એને સૌભર પણ કહ્યો છે.

સૌરભેયી. શાપને લઇને મગરી થએલી અપ્સરા. (નારી તીર્થ શબ્દ જુઓ). અર્જુને એનો મોક્ષ કર્યો હતો.

સૌરિ. સૂર્યપુત્ર હોવાથી શનિનું પડેલું નામ.

સૌરિ (૨). ત્રણની સંજ્ઞાવાળા ભૃગુકુળોત્પન્ન એક ઋષિ.

સૌવર્ણ. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

સૌવીર. યવનોનો અધિપતિ એક રાજા. એ પોતે યવન નહતો. એણે એકદા ત્રણ સંવત્સર ચાલે એવો યજ્ઞ કર્યો હતો. અર્જુનની સાથે એને કાંઇ કારણસર યુદ્ધ થતાં એમાં એનું મૃત્યુ થયું હતું.

સૌવીર (૨). સિંધુ દેશને લગતો આવેલો દેશ. (**ભા૦ ૧ સ્કં૦ અ૦ ૧૦**). હાલની ઝેલમ અને સિંધુ એ બે નદીઓ વચ્ચે આવેલો

દેશ તે જ. ત્યાંનું આંખમાં આંજવાનું અંજન (સુરમો–સોરિયો) પ્રસિદ્ધ છે.

सौवीरांजन मिदमंब चक्षुषोस्ते विन्यस्तं
कनकशलाकया मयायत् ॥
तन्नूनं मलिनमपि त्वदक्षिसंगाद् ब्रह्मेंद्राद्य
मिलषणीयतामियाय ॥
(દેવી માનસપૂજા)

સૌશલ્ય. ભારતવર્ષીય દેશ. (ભા૨૦ ભી૦ અ૦ ૯).

સૌશ્રુતિ. અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો એક ત્રિગર્ત રાજા. (ભા૨૦ ક૦ અ૦ ૧૮–૩).

સૌસુક. વિશ્વામિત્ર કુળોત્પન્ન એક ઋષિ.

સૌહવિષ્કિત. ત્રણની અંકસંજ્ઞાવાળા ભૃગુકુળમાં થએલો એક ઋષિ.

સ્કંદ. કાર્તિકેય. સુબ્રહ્મણ્ય તે જ. પૂર્વે દેવ દાનવોનું ઘોર યુદ્ધ થતું હતું; તેમાં દાનવો દેવોનો સર્વદા પરાજય કરતા હતા. તેમણે દેવસેનામાં ભંગાણ પાડયું. તે જોઇને ઇન્દ્ર સેનાપતિ મેળવવાને ચિંતા કરવા લાગ્યો કે પોતાના પરાક્રમ વડે દેવસેનાનું રક્ષણ કરે એવો પુરુષ મારે ખોળી કાઢવો જોઇએ. એટલામાં તેણે કોઇ સ્ત્રીનો ભયંકર આર્તનાદ સાંભળ્યો કે:–'દોડો, દોડો, કોઇ પુરુષ આવીને મારું રક્ષણ કરો. મને યોગ્ય પતિ મેળવી આપો કે મારો પતિ થાઓ.' આ સાંભળીને ઇન્દ્રે તે સ્ત્રીને કહ્યું કે બ્હીશ નહિ. તારે બ્હીવાનું કારણ નથી. એટલામાં તો તેણે કેશીદૈત્યને એ કન્યાની આગળ ઉભેલો જોયો. એણે મુકુટ પહેર્યો હતો અને હાથમાં ગદા લઇને પર્વતની પેઠે અડગ ઉભો હતો. ઇન્દ્રે કહ્યું હે નીચ! તું આ કન્યાનું હરણ કરવાની ઇચ્છા કરે છે કે, જાણ કે હું વજ્રધારી ઇન્દ્ર છઉં, માટે તું એને પીડા કરવાનું છોડી દે.

કેશીએ કહ્યું કે આ કન્યા મેળવવાની મેં ઇચ્છા કરી છે, માટે તું જ એને છોડી દે. તેમ કરવાથી જ તું તારા નગરમાં જીવતો જઇ શકીશ. પછી ઇન્દ્ર ઉપર એણે પર્વતનું શિખર ફેંક્યું, જે ઇન્દ્રે પોતાના વજ્રથી વિદાર્યું, એટલે બ્હીને કેશી ત્યાંથી નાશી છૂટ્યો. પછી ઇન્દ્રે એ કન્યાને એનો ઇતિહાસ પૂછ્યો.

કન્યાએ કહ્યું કે હું દેવસેના નામની પ્રજાપતિની કન્યા છઉં, હું અને મારી બ્હેન દૈત્યસેના–જેને પૂર્વે કેશીદૈત્ય હરી ગયો હતો તે–અમે બન્ને સખીઓ સાથે માનસ પર્વત ઉપર પ્રજાપતિની આજ્ઞા લઇને નિત્ય રમવા આવીએ છીએ. રોજ આ દૈત્ય અમને અમારું હરણ કરવાની ઇચ્છા દર્શાવે છે. મારી બ્હેન એને ચહાય છે. એને આ કેશી હરી ગયો અને મને હરી જવાનું ધારે છે. પણ હું એને ઇચ્છતી નથી। હું તમારા સામર્થ્ય વડે આનાથી છૂટી તમારા દેખાડેલા દુર્જય પતિની ઇચ્છા રાખું છઉં.

ઇન્દ્રે કહ્યું કે અદિતિ મારી માતા હોવાથી તું મારી માસીની પુત્રી છે. હવે તારું પોતાનું બળ કેટલું છે તે કહે.

કન્યાએ કહ્યું કે હે મહાબાહુ! હું પોતે તો અબળા છઉં, પણ મારા પિતાના વરદાનથી મને બળવાન પતિ મળશે અને દેવો અને દૈત્યો તેને નમશે. પછી ઇન્દ્ર આ કન્યાને લઇને બ્રહ્મદેવ પાસે ગયો. એને બળવાન પતિ મળશે એવું બ્રહ્મદેવથી જાણીને પાછાં આવતાં ઇન્દ્રને મહાઘોર સંગ્રામ થતો જોવામાં આવ્યો અને દુઃચિન્હ દેખાયાં. એણે ઉદયકાળના સૂર્યને અને સૂર્યમાં પ્રવેશતા ચન્દ્રને જોયા. સૂર્ય અને ચન્દ્ર બન્ને વર્ષની છેલ્લી અમાવાસ્યામાં હોવાથી પાપસ્થાનમાં હતા. એટલામાં અગ્નિને સૂર્યમાં પ્રવેશતો જોયો. બ્રહ્મદેવની પાસેથી પછી ઇન્દ્ર એ કન્યાને લઇને જ્યાં વસિષ્ઠ વગેરે સમર્થ ઋષિઓ બેઠા હતા ત્યાં ગયો. મહાત્મા ઋષિઓએ ઇષ્ટિ કરીને હુતદ્રવ્ય લેવા અગ્નિનું આવાહન કર્યું. એટલે અગ્નિ ત્યાં વિધિપૂર્વક આવ્યો અને આગ્નેય અગ્નિમાં પ્રવેશ કરી એણે હુતદ્રવ્ય લઇને

દેવતાઓને અર્પણ કર્યું. પછી ત્યાંથી જતી વખતે એણે મહાત્મા ઋષિઓની પત્નીઓને પોતપોતાના આસન પર બેસી સુખરુપ ઉંઘતી દીઠી. તેઓ સુવર્ણની વેદી જેવી ઉજ્વળ, ચંદ્રલેખા જેવી નિર્મળ, અગ્નિની જ્વાળા જેવી તેજસ્વી અને તારાના જેવી ચમકતી હતી. આવી ઋષિપત્નીઓને જોઇને અગ્નિ તેમનામાં આસક્ત થઇ ગયો, અને એની ઇન્દ્રિયો વ્યાકુળ થઇ ગઇ. તે કામને વશ થઇ ગયો, પણ વિચારવા લાગ્યો કે હું આ પ્રમાણે ક્ષોભ પામ્યો તે યોગ્ય નથી. આ દ્વિજેન્દ્રોની પત્નીઓ સદાચરણી અને કામના વિનાની છે. હું કાંઇ નિમિત્ત વગર એઓને જોવાને અને સ્પર્શવાને પણ સમર્થ નથી. તેથી હું ગાર્હપત્ય અગ્નિમાં પ્રવેશ કરું અને એમને વારંવાર જોઉં.

પછી ગાર્હપત્ય અગ્નિમાં પ્રવેશેલો અગ્નિ પોતાની જ્વાળાઓથી ઋષિપત્નીઓને સ્પર્શ કરતો અને જોઇને આનંદ પામતો ઘણા કાળ પર્યંત ત્યાં રહ્યો. આમ આ સ્ત્રીઓમાં મન જોડીને ઘણા કાળ સુધી રહ્યા છતાં, એને આ બ્રાહ્મણની સ્ત્રીઓનો લાભ થયો નહિ. ત્યારે કામવડે સંતાપ પામેલો તે દેહત્યાગનો નિશ્ચય કરી ત્યાંથી વનમાં ચાલી ગયો.

દક્ષપુત્રી સ્વાહા પ્રથમથી જ આ અગ્નિની કામના કર્યા કરતી હતી. આ પ્રેમાળ સ્ત્રીને ઘણા સમયથી અગ્નિને મળવાનો સંધિ મળતો નહતો. સ્વાહાએ જ્યારે જાણ્યું કે કામથી સંતાપ પામી અગ્નિ શા કારણે વનમાં ચાલી નિકળ્યો છે, ત્યારે આ સુંદરીએ વિચાર કર્યો કે:–હું સપ્તર્ષિઓની પત્નીઓનાં રુપો ધારણ કરીને તે સ્ત્રીઓના રુપથી મોહિત થએલા અગ્નિની પાસે જઇને તેનો ઉપભોગ કરું. આથી હું જે કામાતુર છઉં તે મારી કામપૂર્તિ થશે અને અગ્નિની પણ પ્રીતિ મારાઉપર થશે.

પછી સ્વાહાએ અંગિરાની શીલ, રુપ અને ગુણસંપન્ન શિવા નામની ભાર્યાનું રુપ લીધું; અને અગ્નિ પાસે જઇને કહ્યું કે હે અગ્નિદેવ, હું કામથી તપી ગઈ છું માટે તમે મારો સ્વીકાર કરવા યોગ્ય છો. નહિ કરો તો હું મરણ પામીશ. મને ઋષિપત્નીઓએ વિચાર કરીને મોકલી છે.

કેટલીક વાતચિત થયા પછી અગ્નિએ એનો સ્વીકાર કર્યો. અગ્નિનું વીર્ય સ્વાહાએ હાથમાં લઇ લીધું. એમ, એક પછી એક છ ઋષિપત્નીઓનાં રુપ અને નામ ધારણ કરીને સ્વાહાએ અગ્નિને ભોગવ્યો; પણ એ સાતમી અરુન્ધતીની પતિસેવા અને તપને પ્રભાવે કરીને તેના દિવ્ય સ્વરુપને ધારણ કરી શકી નહિ. અરણ્યમાંથી નિકળતાં મને કોઇ જોશે તો બિચારી બ્રાહ્મણપત્નીઓ નાહક ફજેત થશે ધારી, સ્વાહાએ એ રુપ બદલી ગરુડીનું સ્વરૂપ ધારણ કરી ત્યાંથી નિકળી. હાથમાં લઇ લીધેલું અગ્નિનું વીર્ય સ્વાહાએ છએ વખત એક સુવર્ણ કુંડમાં નાંખ્યું.

આ પ્રમાણે સ્વાહાએ જુદી જુદી ઋષિપત્નીઓનાં રુપ ધારણ કરી અગ્નિને ભોગવી છએ વખતનું વીર્ય જે સુવર્ણ કુંડમાં નાંખ્યું હતું તેમાંથી એક પુત્ર ઉત્પન્ન થયો. આ કુમારને છ મસ્તક, બાર કાન, બાર નેત્ર, બાર હસ્ત, એક કંઠ અને એક ઉદર હતું. જન્મથી જ એ મહાબળવાન હતો. તે કાળે ઘણા ઉત્પાત થતા હતા તેથી એના બળથી બ્હીને લોકો નિંદા કરવા લાગ્યા કે અગ્નિએ આ બ્રાહ્મણીઓ જોડે સમાગમ કરીને અમારા ઉપર આ મોટો અનર્થ કર્યો છે. વળી જેણે ગરુડીને અરણ્યમાંથી જતાં જોએલી તેઓ ગરુડીને કહેવા લાગ્યા કે તેં જ અમારા ઉપર આ સંકટ આણ્યું છે.

આ લોકનિંદા સાંભળીને વિશ્વામિત્ર શિવાય છ ઋષિપત્નીઓએ પોતાની પત્નીઓનો ત્યાગ કર્યો. વિશ્વામિત્ર તો ઇષ્ટિ કર્યા પછી

જે વખત કામથી સંતાપ પામી અગ્નિ જતો હતો તે વખત એની પાછળ પાછળ ગયા હતા. તેથી સઘળો વૃત્તાંત તેમને ખબર હતો. એમણે કહ્યું કે આપણી સ્ત્રીઓનો કશો વાંક છે જ નહિ. છતાં લોકાપવાદના ભયથી છ ઋષિપત્નીઓએ આવું કર્યું હતું.

દેવોએ સ્કંદકુમારનું મહા પરાક્રમ સાંભળ્યું, ત્યારે એકઠા મળીને ઇન્દ્ર પાસે ગયા, અને અસહ્ય બળવાળા આ સ્કંદનો તમે નાશ કરો એમ કહ્યું. જો તમે નાશ નહિ કરો તો એ ત્રણ લોકને, અમને અને તમને તાબે કરશે. ઇન્દ્રે કહ્યું કે એ બાળક મહા બળવાન છે, તેથી એ યુદ્ધમાં પરાક્રમ કરીને લોકસૃષ્ટા વિધાતાનો પણ નાશ કરશે; પણ હું એ બાળકનો નાશ કરવાનો નથી. આ સાંભળી 'તારામાં સામર્થ્ય નથી માટે તું એવું બોલે છે. અસ્તુ. આજે સર્વ લોક માતૃકાઓ જાઓ અને એ યથેષ્ટ પરાક્રમવાળી દેવીઓ એ બાળકનો નાશ કરો,' એવું દેવોએ કહ્યું. ઠીક એમ કહી બધી માતૃકાઓ ગઇ. પણ સ્કંદની આગળ જતાં જ તે બળવાળા બાળકને દેખીને તેમનાં મોં ખિન્ન થઇ ગયાં. આનો વધ કરવો અશક્ય છે, એમ ધારી તેઓએ સ્કંદને કહ્યું કે હે મહાબળસંપન્ન, અમે તારી માતાઓ થવા ઇચ્છીએ છીએ. સ્કંદે તેમનું સ્તનપાન કરી તેમને અભિનંદન આપ્યું. એટલામાં અગ્નિ ત્યાં આવ્યો. બાળકે માતૃકાગણની સાથે એનું પણ પૂજન કર્યું. અગ્નિ બાળકનું રક્ષણ કરવા લાગ્યો.

વિશ્વામિત્ર ઋષિ બધી હકીકત જાણતા હોવાથી તેમણે બાળકને વિવાહ પૂર્વના જાત કર્માદિ સંસ્કારો કર્યા, તેને કુકડો, શક્તિ, દેવી તથા પાર્ષદો વગેરે સાધનો મેળવી આપ્યાં.

પછી ઉપગ્રહોની સાથે ગ્રહો, ઋષિઓ, માતૃકાઓ, અગ્નિ, મદોન્મત્ત પાર્ષદો વગેરે સ્કંદની આસપાસ વિંટાઇ ઉભાં રહ્યાં. સ્કંદને જીતવાને ઇન્દ્ર બધા દેવોની સાથે આવતાં તેની સાથે યુદ્ધમાં પરાજય પામ્યો.

પછી બધા દેવોએ સ્કંદને ઇન્દ્રપદ લેવાની પ્રાર્થના કરી પણ સ્કંદે ઇન્દ્રને કહ્યું કે તમે જ ઇન્દ્રપદ પર રહો અને ત્રિલોકનું પાલન કરો. મને ઇન્દ્રપદ ગ્રહણ કરવાની ઇચ્છા નથી. છેવટે બધાની માગણી ઉપરથી સ્કંદે દેવના સેનાપતિ થવાનું કબૂલ્યું. સેનાપતિ પદે સ્કંદનો અભિષેક થયા પછી ઇન્દ્રે પેલી છોડવેલી કન્યા દેવસેનાને બોલાવી અને તેને શણગારી સ્કંદને કહ્યું કે તમારા જન્મ પૂર્વે બ્રહ્માએ તમારી ભાર્યા તરીકે નિર્માણ કરી છે, માટે તમે વિધિ અને મંત્ર પૂર્વક એનો અંગિકાર કરો. દેવસેના સ્કંદની પટ્ટરાણી બની.

સ્કંદની અનેક માતૃઓ, માતૃગણ, એના પાર્ષદો, એના ગ્રહો વગેરે વિશેષ ઇતિહાસ માટે મહાભારતના વન પર્વમાં જોવું. **(ભા૨૦ વ૦ ૨૨૭–૧૮–૪૦, ૨૩૦–૬–૨૩૩, શ૦ ૪૬–૫૬–૧૧૫; ૪૭–૧–૪૩; ૪૭–૭૩, ૪૭–૮૪; શાં૦ ૪૫; અનુ૦ ૧૩૩, ૧૬૭).**

સ્કંદ (૨). મુખ્ય યજુર્વેદોપનિષત્.

સ્કંદસ. ત્રણની સંજ્ઞાવાળા અંગિરા કુલોત્પન્ન ઋષિ.

સ્તનકુંડ. ગૌરીશિખર ઉપર આવેલું તીર્થ વિશેષ. **(ભા૨૦ વ૦ ૮૨–૧૫૧).**

સ્તનયિત્નુ. વિદ્યોતનો પુત્ર.

સ્તનપોષિકા. દેશ વિશેષ. **(ભા૨૦ ભી૦ ૯–૬૮).**

સ્તનબાળા. દેશ વિશેષ. **(ભા૨૦ ભી૦ ૯–૬૩).**

સ્તનિત. ત્રણની સંજ્ઞાવાળા ભૃગુકુળોત્પન્ન ઋષિ.

સ્તમ્બ. શ્યામપરાશર કુળોત્પન્ન ઋષિ વિશેષ.

સ્તમ્બમિત્ર. જરિતા નામની સારઙ્ગીને પેટે મંદપાળ ઋષિને થએલા ત્રણ પુત્રોમાંનો એક. મંદપાળ ઋષિની પ્રાર્થના ઉપરથી ખાંડવ વન ભક્ષણ કરતાં અગ્નિએ એ પુત્રોને બચાવ્યા હતા. **(ભા૨૦ આ૦ ૨૫૮–૧૨).**

સ્તુતિ. ઋષભદેવ વંશના પ્રતીહ રાજાના ત્રણ પુત્રોમાંના પહેલા પ્રતિહર્તાની સ્ત્રી. અજ અને ભૂમા એ બે પુત્રોની માતા.

સ્તુત્યવ્રત. પ્રિયવ્રતપુત્ર હિરણ્યરેતાના સાત પુત્રોમાંનો પાંચમો પુત્ર.

સ્તુત્યવ્રત (૨). સ્તુત્યવ્રતનો દેશ.

સ્તુત્યવ્રત (૩). કુશદ્વીપમાંનો પાંચમો દેશ.

સ્ત્રીરાજ્ય દેશ. ભારતવર્ષીય દેશ. **(ભા૨૦ ભી૦ ૯).** પાંડવોના સમયમાં આ દેશમાં પ્રમીલા નામે રાણીનું રાજ્ય હતું. પ્રમીલાએ પાંડવોના અશ્વને બાંધ્યો હતો. (પ્રમીલા શબ્દ જુઓ).

સ્થપતિ. જનમેજયસુત લોહિતાક્ષ નામનો સ્થલમાપનાદિ શાસ્ત્ર જાણનારો. **(ભા૨૦ આ૦ ૫૬–૧૫, ૫૮–૧૨).**

સ્થણ્ડિલેયુ. સોમવંશીય પૂરુકુલોત્પન્ન રૌદ્રાશ્વ રાજાને ઘૃતાચી અપ્સરાને પેટે થએલા દસ પુત્રોમાંનો ત્રિજો. **(ભા૨૦ આ૦ ૮૮–૯).**

સ્થલ. સૂર્યવંશીય ઇક્ષ્વાકુ કુળના કુશાન્વયના બલ રાજાનો પુત્ર. એનો પુત્ર તે વજ્ર અથવા વજ્રનાભ.

સ્થલપિંડ. ત્રણની સંજ્ઞાવાળા ભ્રગુકુળનો એક ઋષિ.

સ્થાણુ. બ્રહ્મમાનસપુત્ર એક પ્રજાપતિ. એણે જરામરણ રહિત પ્રજા નિર્માણ કરી હતી, જેથી સૃષ્ટિ ઉપર વસ્તી બહુ જ વધી. બ્રહ્મદેવને લાગ્યું કે આગળ જતાં પૃથ્વિ પર રહેવાની જગા મળશે કે નહિ મળે. આ ઉપરથી બ્રહ્મદેવે આને એવી સૃષ્ટિ ઉત્પન્ન કરવી રહેવા દેવાનું કહ્યું. બ્રહ્મદેવનું આ વચન સાંભળીને આ સ્તબ્ધ થઇ ગયો, એ ઉપરથી એનું સ્થાણુ એવું નામ પડ્યું છે. **(ભા૨૦ શાં૦ ૨૬૩).**

સ્થાણુ (૨). અગિયાર રુદ્રોમાંનો એક. **(ભા૨૦ આ૦ ૬૭–૩).**

સ્થાણુ (૩). જેને ચલન જ નથી એવા પરમાત્મા શંકર ભગવાન.

સ્થાણુમતી. ભારતવર્ષીય નદી વિશેષ.

સ્થાણુવટ. તીર્થ વિશેષ. **(ભા૨૦ વ૦ ૮૧–૧૭૮).**

સ્થાનેશ્વર. તીર્થ અને ક્ષેત્ર વિશેષ.

સ્થાપત્ય. અથર્વણ વેદનો એક ઉપવેદ. એમાં શિલ્પશાસ્ત્રનો વિષય છે.

સ્થૂણ. વિશ્વામિત્ર કુળનો એક ઋષિ. **(ભા૨૦ આ૦ ૯–૫૧).**

સ્થૂણ (૨). સ્થૂણાકર્ણ શબ્દ જુઓ. એ યક્ષ કુબેરનો એક અનુચર હતો. **(ભા૨૦ ઉ૦ ૬૯૧–૨૦–૨૨).**

સ્થૂણકર્ણ. વનવાસના સમયમાં પાંડવોની સાથે કેટલોક કાળ દ્વૈતવનમાં રહેલો એક ઋષિ.

સ્થૂણાકર્ણ. શિખંડીને જેણે તેનું સ્ત્રીત્વ લઇને પોતાનું પુરુષત્વ આપ્યું હતું તે યક્ષ. કુબેરનો એક અનુચર. (શિખંડી શબ્દ જુઓ).

સ્થૂલકેશ. પ્રમદ્વરા નામની કન્યાનું પાલન કરનાર એક ઋષિ. **(ભા૨૦ આ૦ ૮–૧૦).**

સ્થૂલગિરા. એક ઋષિ.

સ્થૂલશિરા. વિશ્વાવસુ ગંધર્વને જેણે 'જા તું કબંધ નામનો રાક્ષસ થઇશ' એવો શાપ દીધો હતો તે ઋષિ. **(ભા૨૦ વ૦ અ૦ ૧૩૫; વા૦ રા૦ અર૦ સ૦ ૭૧; સ૦ ૪–૧૭).**

સ્થૂલાક્ષ. એક ઋષિ.

સ્થૂલાક્ષ (૨). દૂષણ રાક્ષસના ચાર અમાત્યો પૈકી એક. **(વા૦ રા૦ અર૦ સ૦ ૨૩).**

સ્નાતપ. બગડાની સંજ્ઞાવાળા કશ્યપ કુળનો એક ઋષિ.

સ્નુર્જ. એક રાક્ષસ. (સહસ્ય શબ્દ જુઓ).

સ્નેય. વસિષ્ઠના પ્રજાપતિ પુત્રોમાંનો એક.

સ્મર. મદન–કામદેવ તે જ. એનો નાશ કરનાર શંકર ભગવાનનાં એને મારવા ઉપરથી સ્મરહર, કામાન્તક એવાં અનેક નામ પડ્યાં છે.

સ્મર (૨). મરીચિ ઋષિને ઊર્ણાને પેટે થએલા છ પુત્રોમાં મોટો પુત્ર. (૧ ઊર્ણા શબ્દ જુઓ).

સ્મૃતિ. સ્વાયંભુ મન્વંતરમાં ધર્મઋષિને મેધાની કૂખે થએલો પુત્ર.

સ્મૃતિ (૨). ચાલુ મન્વંતરમાં અંગિરા કુળોત્પન્ન એક ઋષિ.

સ્મૃતિ (૩). ભગવતી શ્રુતિનું સ્મરણ કરીને મનુ વગેરેએ લખેલા ગ્રન્થો વિશેષ. વિસ્તૃત અર્થમાં વેદાંગ, સૂત્રો, રામાયણ, મહાભારત, પુરાણો અને ધર્મશાસ્ત્રોની ગણના સ્મૃતિમાં થાય છે. (ડાઉસન પા. ૩૦૧).

સ્મૃતિકાર. મનુ, યાજ્ઞવલ્કય, શંખ, લિખિત, પરાશર વગેરે ધર્મશાસ્ત્રના લખનારા ઋષિયો.

સ્યંદિકા ભારતવર્ષીય નદી વિશેષ.

સ્યમંતકમણિ. યદુકુળોત્પન્ન સત્રાજિત્ રાજાને સૂર્યના પ્રસાદથી મળેલો જે મણિ તે. એ મણિમાં એવો ગુણ હતો કે જ્યાં એ હોય તે સ્થળમાં કદી દુકાળ પડે નહિ, રોગ થાય નહિ. એમાંથી દરરોજ આઠભાર સોનું નિકળતું.

दिनेदिने स्वर्णभारानष्टौ स सृजति प्रभो।
दुर्भिक्षमार्यरिष्टानि सर्पाधिव्याधयोऽशुभाः॥
न सन्तिमायिनस्तत्र यत्रास्तेऽभ्यर्चितो मणिः
॥ ११ ॥

(ભા૦ દશમ સ્કં૦ અ૦ ૫૬-૧૧).

આઠ હજાર તોલાનો એક ભાર એ હિસાબે સત્રાજિત્ યાદવને દરરોજ ચોસઠ હજાર તોલા સુવર્ણ પ્રાપ્ત થતું હતું.

એકદા આ મણિ કંઠમાં ધારણ કરીને સત્રાજિત યાદવ દ્વારકામાં આવતો હતો, ત્યારે આ મણિનું તેજ જોઇને બધા યાદવો છક્ક થઇ જઇને કૃષ્ણને આ કોણ છે વગેરે પુછવા લાગ્યા. કૃષ્ણે એના ઉત્તરમાં એ સત્રાજિત્ રાજા છે એટલું કહ્યું એટલામાં તો સત્રાજિત્ ત્યાં આવી પહોંચ્યો. કૃષ્ણે તેની આગતાસ્વાગતા કરીને બેસાડીને પછી આ મણિ સંબંધી હકીકત પુછી. સત્રાજિતે સઘળી હકીકત કહી. એણે પ્રયત્ને કરીને મેળવેલા મણિને અંગે કોઇએ કશું કહેવું જોઇતું નહોતું, છતાં કૃષ્ણે સહજ કહ્યું કે આ મણિ ઉગ્રસેન પાસે હોય તે વાજબી છે. એ ઉગ્રસેનને ત્યાં જ શોભે; કારણ ઉગ્રસેન સર્વ યાદવોના પ્રમુખ છે. કૃષ્ણનું આ કહેવું સત્રાજિતને ઠીક ન લાગ્યું અને એ ખોટું લગાડી સભામાંથી ઉઠી પોતાને ઘેર ગયો.

આ વાતને ઘણા દિવસ વિત્યા બાદ એક વખત સત્રાજિતનો ભાઈ પ્રસેન યાદવ આ મણિ કંઠમાં ધારણ કરી, મૃગયા કરવા ગયો. એક સિંહની પછવાડી પડી પ્રસેન છેક એની ઓડ સુધી ગયો. એટલામાં તો સિંહ એકાએક પાછો ફર્યો અને એણે પ્રસેનને જીવથી મારી નાંખ્યો. પ્રસેનને મારીને સિંહ ઉભો હતો, એટલામાં ઋક્ષરાજ જાંબુવાન ત્યાં આવ્યો. એણે મણિનું અપૂર્વ અને અપાર તેજ જોઇ સિંહને તત્કાળ મારી નાંખ્યો અને મણિ લઇને પોતે પોતાની ગુફામાં ગયો.

અહીં પ્રસેન ઘેર આવ્યો નહિ સમજી સત્રાજિતને ઘણી ચિંતા થઇ. એણે પોતાના ભાઇ પ્રસેનની શોધ સારુ ચોમેર દૂતોને મોકલ્યા. પણ એ શિકાર કરતાં ઘણે જ આઘે જઇને મરણ પામેલો હોવાથી એનો પત્તો લાગ્યો નહિ. બધા દૂત પાછા આવ્યા એટલે સત્રાજિતના મનમાં વ્હેમ આવ્યો કે કૃષ્ણે જ મારા ભાઇને હતો નહતો કરી નાંખીને મણિ લઇ લીધો.

સત્રાજિતના આ વ્હેમની વાત ફેલાતી ફેલાતી સ્વતઃ કૃષ્ણના કાન સુધી પહોંચી. કૃષ્ણને આથી ઘણું ખોટું લાગ્યું. એમના મનમાં આવ્યું કે આપણા પર આવેલું ખોટું આળ ભૂંશી નાંખવું જોઇએ. પછી શું કરવું તેનો વિચાર કરતાં એઓશ્રીને સૂઝ્યું કે પ્રસેન અરણ્યમાં જઇને ગૂમ થયો છે માટે એની શોધ કરવા અરણ્યમાં જ જવું જોઇએ.

પછી કૃષ્ણ કેટલાક યાદવોને સંગાથમાં લઇને પ્રસેનની ખોળ કરવા અરણ્યમાં ગયા. ઘણે દૂર જતાં જતાં એક ઘોડાની અને

પ્રસેનની લાશ દીઠામાં આવી. પણ પ્રસેનના અંગ પર મણિ નહોતો. પછી પ્રસેનને કોણે માર્યો હશે એ વિચારતાં વિચારતાં આજુબાજુ જોતાં એક સિંહ મરણ પામીને પડેલો જોયો. ત્યાં પણ મણિનો પત્તો લાગ્યો નહિ, પણ ત્યાં કોઇ બીજાનાં પગલાં પડેલાં દીઠાં. એમણે તર્ક કર્યો કે પ્રસેનને સિંહે અને સિંહને કોઇ બીજાએ માર્યો હોવો જોઇએ. માટે એઓ એ પગેરે પગેરે આગળ ગયા. અગાડી જતાં એ પગલાં એક ગુફામાં પેઠાં. પછી જોડે ગએલા બધા યાદવોને ગુફાને બારણે બેસાડી પોતે એકલાએ જ એ ગુફામાં પ્રવેશ કર્યો. એ ગુફા અંદરથી ઘણી લાંબી હોઇને તેમાં ઘણે આઘે ગયા પછી એક વિસ્તીર્ણ મહેલ જોવામાં આવ્યો. કૃષ્ણ એ મંદિરમાં બેધડક પેશીને જોવા લાગ્યા તો તેમને એ મંદિર એક ઋક્ષરાજનું હોવાનું જણાયું. મંદિરમાં એક ઋક્ષના અર્ચ્ચાના પારણા ઉપર લટકાવેલો મણિ એમના જોવામાં આવ્યો. ટુંકામાં કૃષ્ણ ત્યાં ગયા એટલે કોણ આવ્યું, કોણ આવ્યું એવી ગરબડ થતાં મંદિરમાંથી જાંબુવાન આવ્યો. એને ઘણો વયોવૃદ્ધ દેખીને કૃષ્ણે એને કહ્યું કે આ અમારો મણિ તમારે ત્યાં આવ્યો છે તે અમારો અમને પાછો આપો. પરંતુ કૃષ્ણનું કહેવું જાંબુવાન લેખવે નહિ. પરિણામે જાંબુવાનની સાથે કૃષ્ણને અઠ્ઠાવીસ દિવસ સુધી બાહુયુદ્ધ થયું. છેવટે જાંબુવાન થાક્યો અને કહ્યું કે હવે યુદ્ધ બસ. આ મારી એક કન્યા જાંબુવતી છે તે તને ભાર્યા તરીકે આપું છું. તેને અને આ મણિને લઇને તું તારે ઘેર જા. કૃષ્ણે તથાસ્તુ કહીને જાંબુવતીની સાથે વિવાહ વિધિથી લગ્ન કરી. પોતે એને અને મણિને લઇને ત્યાંથી નિકળી ગુફાને દ્વારે પોતે યાદવોને બેસાડ્યા હતા ત્યાં આવ્યા. આ જાંબુવાન રામાવતારના હતા.

અહીં ગુફાના દ્વાર પર બેસાડેલા યાદવો કૃષ્ણની વાટ જોતા જોતા બાર દિવસ સુધી ત્યાં બેસી રહ્યા. છેવટે એ આવવાનું હશે ત્યારે આવશે, આપણે કેટલા દિવસ બેસી રહીશું, એમ ધારી ત્યાંથી ઉઠી દ્વારકામાં ગયા. કૃષ્ણ આવી જુએ છે તો યાદવો મળે નહિ એટલે પોતે ત્વરાથી દ્વારકામાં પધાર્યા.

દ્વારકામાં આવી કૃષ્ણે સભા બોલાવી અને સત્રાજિતને કહાવ્યું કે મનમાં કશી પણ શંકા આણ્યા વગર દ્વારકામાં આવી જજો. તેથી સત્રાજિત સભામાં આવ્યો. સભામાં કૃષ્ણે પ્રસેનની અને મણિની સઘળી હકીકત અથઇતિ વિદિત કરી. તેમને આણેલો મણિ સત્રાજિતને સ્વાધીન કર્યો. સત્રાજિતને પોતે કૃષ્ણ ઉપર આળ મૂક્યું હતું તેથી લાજ તો ઘણી આવી પણ મણિ પોતાને ઘેર લઇ ગયો.

પ્રસેનની મરણક્રિયા વગેરે સંસ્કારો પૂરા થયા પછી સત્રાજિતે વિચાર કર્યો કે પોતાની કન્યા સત્યભામા કૃષ્ણને પરણાવીને મણિ તેમને જ આપી તેમની સાથે મૈત્રી કરવી. તરત જ એણે પોતાના અભિલાષની સિદ્ધિ કરીને સત્યભામા પરણાવીને મણિ કૃષ્ણને આપ્યો.

સત્રાજિત યાદવ હતો; કૃષ્ણ પણ યાદવ હતા, છતાં ક્ષત્રિયોમાં એક ગોત્રી હોય છતાં પણ જો પુરોહિત જુદા જુદા હોય તો તેમનાં લગ્ન થાય છે; એટલે આ લગ્ન વિષયે શંકાને સ્થાન નથી.

કૃષ્ણે આ મણિ સત્યભામાની પાસે જ રહેવા દીધો હતો. એવામાં હસ્તિનાપુરથી સમાચાર આવ્યા કે કુંતી સહવર્ત્તમાન પાંડવો લાક્ષાગૃહમાં બળી મુઆ. એ સાંભળી સત્યભામાને સત્રાજિતને ત્યાં મોકલી પોતે બળરામની સાથે ઘણી ત્વરાથી હસ્તિનાપુર ગયા.

અહીં દ્વારકામાં અક્રૂર અને કૃતવર્મા બન્ને જણા કોઇ એક શતધન્વા નામના યાદવ

પાસે આવ્યા. આ શતધન્વા તે કૃતવર્માનો ભાઇ શતધન્વા નહિ પણ બીજો જ.

અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાને કહ્યું કે તું સત્રાજીત પાસેથી મણિ શા માટે લઇ લેતો નથી? જેણે રત્ન જેવી કન્યા આપણને હા કહીને પછી ન આપતાં કૃષ્ણને આપી એ સત્રાજીત પોતાના ભાઇ પ્રસેનની પાસે કાં ન જાય? આમ બુદ્ધિ ફેરવતાં જેનું મોત પાસે આવ્યું હતું તેવા પાપી શતધન્વાએ સત્રાજિતને સૂતો માર્યો. સ્ત્રીઓ અનાથની પેઠે ચીસો પાડતાં અને રોતાં કકળતાં સતાં કસાઇ પશુને મારે એમ સત્રાજિતને મારી શતધન્વા મણિ લઇ ગયો.

પોતાના પિતાને મારી નાંખેલો જોઇ શોકથી વ્યાપ્ત થએલાં સત્યભામા હે બાપ! હે બાપ! હું મરી ગઇ એમ વિલાપ કરતાં મુર્ચ્છિત થઇ ભોંય ઉપર ઢળી પડ્યાં. પછી મુએલા બાપને તેલની કોડીમાં નાંખી સત્યભામા પોતે હસ્તિનાપુર ગઇ. ત્યાં જઇને ભગવાન જે તે વાત જાણતા જ હતા તેમને પોતાના પિતાના વધની વાત કરી. આ વાત સાંભળી ઇશ્વર છતાં મનુષ્યાવતારને અનુસરી બન્ને ભાઇઓ આંખમાં આંસુ લાવીને અહો, અમને મોટી વિપત્તિ આવી. એમ વિલાપ કરવા લાગ્યા. પછી બલભદ્ર અને સત્યભામાની સાથે આવીને કૃષ્ણ શતધન્વાને મારીને મણિ પાછો લેવાની પેરવી કરવા લાગ્યા. આ ગોઠવણની ખબર પડવાથી ભયગ્રસ્ત શતધન્વાએ કૃતવર્માની સહાયતા સારુ પ્રાર્થના કરી. કૃતવર્માએ કહ્યું કે કૃષ્ણ અને બળરામ જેવા મોટા સમર્થનો અપરાધ હું નહિ કરું. એઓનો અપરાધ કરવાથી કોણ સુખી થાય? એઓનો દ્વેષ કરવાથી પોતાના અનુચરો સહિત કંસ રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થઇ મરણને શરણ થયો. અને જરાસંધ પણ સત્તર વાર સંગ્રામમાં હાર ખાઇને જતો રહ્યો. આમ કૃતવર્માએ ના પાડતાં શતધન્વાએ અક્રૂરજીની પોતાને પડખે રહેવા પ્રાર્થના કરી. એમણે પણ કહ્યું કે કૃષ્ણ અને બળભદ્ર ઇશ્વરરુપ છે. એમના બળને જાણનારો કયો પુરુષ એમની સાથે વિરોધ કરે? જે ભગવાન પોતે આ જગતને પોતાની લીલાથી સર્જે છે, પાળે છે અને નાશ કરે છે; જેની ગતિને માયાથી મોહ પામેલા બ્રહ્માદિક પણ જાણતા નથી; અને જેણે સાત વર્ષની બાલ્યાવસ્થામાં બાળક જેમ બિલાડીના ટોપને ઉખાડી લે તેમ લીલા માત્રમાં પર્વતને ઉખાડીને એક હાથથી ધારણ કરવા જેવું અદ્‌ભૂત કર્મ કરનાર, અનંત, સર્વના કારણ, અવિનાશી, અને પરમાત્મા એવા કૃષ્ણ ભગવાનને હું પ્રણામ કરું છઉં.

અક્રૂરજીએ આમ કહ્યું એટલે પોતે આણેલો મણિ અક્રૂરજીને થાપણ તરીકે સોંપી શતધન્વા સો યોજન ચાલે એવા અશ્વારુઢ થઇ ત્યાંથી જતો રહ્યો.

પછી ગરુડની ધ્વજાવાળા અને મહાવેગવાન અશ્વ જોડેલા રથમાં બેસીને બળભદ્ર અને કૃષ્ણ સત્રાજિતને મારનારા શતધન્વાની પછવાડે ગયા.

મિથિલા નગરીના ઉપવનમાં ઘોડો થાકથી પડી જવાથી શતધન્વા પગપાળો નાઠો. ભગવાન પણ ક્રોધથી એની પાછળ દોડ્યા. કૃષ્ણ ભગવાને શતધન્વાનું માથું તીક્ષ્ણ ધારવાળા ચક્ર વડે ઉડાડી દઇ, મણિને સારુ એનાં લૂગડાં વગેરે ખોળ્યાં. પણ મણિ મળ્યો નહિ. એમણે આવીને બળભદ્રને આ વાત કહેતાં એમના મનમાં આવ્યું કે મણિ પોતાની સ્ત્રીને આપવા સારુ છાનો રાખી કૃષ્ણ મને ઠગે છે. પણ આ વાત મનમાં રાખીને તેમણે કહ્યું કે શતધન્વાએ વખતે કોઇ બીજાને ત્યાં મૂક્યો હશે. માટે દ્વારકામાં જાઓ અને તેનો શોધ કરો. હું તો વિદેહ રાજા જે મને બહુ વહાલો છે તેની પાસે જાઉં છઉં. બળભદ્ર મિથિલામાં જનકને ત્યાં ગયા અને કૃષ્ણ દ્વારકા આવ્યા.

બલભદ્ર ત્યાં રહ્યો છે એ સાંભળી એ સંધીનો લાભ લેવા દુર્યોધન ત્યાં આવ્યો અને એણે બલભદ્ર પાસે ગદાયુદ્ધનો અભ્યાસ કર્યો.

એમણે સત્યભામાને શતધન્વાને મારવાની અને મણિ ન મળવાની કરી. સત્યભામાના મનમાં પણ આવ્યું કે કૃષ્ણે મણિ પોતાના મોટાભાઇને આપી મિથિલા મોકલ્યા છે અને મારે મોઢે ખોટું કહે છે.

શતધન્વાને ચડાવનાર કૃતવર્મા અને અક્રૂરને મારવાની ઉડતી વાતો સાંભળી બ્હીકના માર્યા તેઓ દ્વારકામાંથી જતા રહ્યા. અક્રૂરજીના દ્વારકા છોડીને જવાને અંગે લોકોમાં અનેક તરેહનાં ગુલ્લાનો ચાલ્યાં. કોઇ કાંઇ કહે, અને કોઇ કાંઇ કહે. અક્રૂરજી કાશી ગયા અને ત્યાં સુવર્ણવેદી કરી યજ્ઞો કરવા લાગ્યા. લોકોએ કહેવા માંડ્યું કે અક્રૂરજીને કૃષ્ણે જ કાશી મોકલ્યા છે. આમ વિવિધ બોટી ગપો શાંત પાડવા કૃષ્ણે અક્રૂરજીને કાશીથી તેડાવ્યા.

કૃષ્ણે અક્રૂરને પોતાની પાસે તેડાવી, બેસાડી મીઠી મીઠી વાતો કરી કહ્યું કે હે દાનપતિ! શતધન્વાએ સ્યમંતક મણિ પ્રથમથી જ તમારે ત્યાં મૂક્યો છે એ અમને ખબર છે. જો કે સત્રાજિતને પુત્ર ન હોવાથી એની બધી મિલ્કત લેવા એના દિકરીના દિકરાઓને અધિકાર છે; પણ એ મણિ તમારા સિવાય બીજા કોઇથી રાખી શકાય એમ ન હોવાથી, તમારી પાસે જ રહેવા દઇશું. તમે સારા નિયમ પાળનારા છો માટે એ જ ઉત્તમ છે. પરંતુ મણિ સંબંધે મોટાભાઇ (બલભદ્ર) મારો સંપૂર્ણ વિશ્વાસ કરતા નથી. માટે એ મણિ દેખાડો અને બંધુઓમાં પરસ્પર મન દુઃખાયાં છે તેની શાન્તિ કરો. મણિના વિષયમાં તમારાથી ના પડાય એમ છે જ નહિ. કેમકે હમણાં સુધી સોનાની વેદીવાળા તમારા યજ્ઞો ચાલ્યાં કરે છે.

આ બધું સાંભળી અક્રૂરજીએ મણિ હાથમાં લઇ ભગડે ઢાંકી ભગવાનને આપ્યો. એ મણિ બધાં સગાંવહાલાંઓને બતાવી પોતા ઉપરનો અભિશાપ ટાળીને ભગવાને મણિ અક્રૂરજીને પાછો આપ્યો.

જો કે સ્યમંતકમણિ અક્રૂરજીને પાછો આપ્યો, પણ તેમાંથી ઉત્પન્ન થનારું સુવર્ણ તો અનાયાસ જ કૃષ્ણને પ્રાપ્ત થવા લાગ્યું. (ભાગ૦ દશમ સ્કં૦ અ૦ ૫૬–૫૭; હરિ વં૦ સ્કં૦ અ૦ ૩૮). (ડાઉસન પા. ૩૧૫). આ મણિ દ્વારકાથી હસ્તિનાપુર ગયો. ત્યાંથી કાળક્રમે મુસલમાનોને હાથ આવ્યો. મુસલમાનોએ એનું નામ કોહીનૂર પાડ્યું. ત્યાંથી ઇરાન ગયો અને ત્યાંથી પાછો હિંદુસ્તાનમાં રણજીતસિંહની પાસે આવ્યો. સીખ સલ્તનત ખાલસા કરતાં અંગ્રેજોના હાથમાં આવ્યો અને એમણે મહારાણીશ્રી વિક્ટોરિયાને નજર કર્યો. હાલ ઇંગ્લંડના રાજ જવાહીરોમાં છે. લંડનના કિલ્લાના જવાહીરખાનામાં કોહીનૂરના જેવો જ કૃત્રિમ બિલોરનો નમુનો પ્રેક્ષકો સારુ રાખવામાં આવ્યો છે.

આમ કેટલાક કોહીનૂર તે સ્યમંતક મણિ જ છે એમ માને છે.

સ્યમંતપંચક. પરશુરામે ક્ષત્રિયોને મારીને તેમના લોહીથી ભરેલા પાંચ કુંડ ભર્યા હતા તે. એમનાં રામહ્રદ નામ પ્રસિદ્ધ છે. ઋચિકાદિ પિતરોના આશિર્વાદને લઇને તે જળરુપ બની ગયા છે. (ભાર૦ વન૦ અ૦ ૮૩–૨). અહીંથી થોડે જ છેટે કૌરવપાંડવોનું યુદ્ધ થયું હતું. (ભાર૦ વન૦ અ૦ ૮૩–૨). (સમંતપંચક શબ્દ જુઓ).

સ્યાનંદૂર. કેરલ દેશમાં આવેલું અન્તશયન ક્ષેત્ર. અર્જુન ત્યાં યાત્રા સારુ ગયો હતો (ભાર૦ આ૦ ૨૩૭–૩૭).

શ્યૂમરશ્મિ. કપિલના પ્રસાદથી બ્રહ્મતત્ત્વ સંપન્ન થયેલો એક ઋષિ. એકદા નહુષ રાજાને ત્યાં ત્વષ્ટા દેવ અતિથિ થઇ આવ્યા હતા. તેમનું આતિથ્ય કરવાને મધુપર્કમાં કાપવા સારુ એક ગાયને આણી. એ ગાયને જોઇને ઉદાર અંતઃકરણવાળા, સત્વગુણમાં સ્થિતિ કરનારા, સંયમ ઉપર પ્રીતિ રાખનારા, જ્ઞાનમાં

નિષ્ટાવાળા, નિયમપૂર્વક આહાર કરનારા, અને સર્વ તરફથી નિર્ભય, શ્રેષ્ટ, દૃઢ, સત્ય તથા ઉત્તમ નિષ્ટાવાળી બુદ્ધિને પ્રાપ્ત થએલા કપિલ મુનિ, વધ કરવા માટે ઉભી રાખેલી ગાયને જોઇને એક વાર આ પ્રમાણે બોલી ઉઠયા કે, " અરે આ વેદ ! "

આ પ્રમાણે કપિલ મુનિયે વેદનો આક્ષેપ કર્યો, એટલે આ સ્યૂમરશ્મિ-જે જ્ઞાનસંપન્ન ઋષિ હતો તે-પોતાના યોગબળે કરીને ગાયના શરીરમાં પ્રવેશ કરીને કપિલ પ્રત્યે આ પ્રમાણે બોલ્યો. " અહો ! વેદને આ પ્રમાણે જે નિંદ્ય માનવામાં આવે છે, તો પછી વેદમાં કહેલા બીજા હિંસારહિત ધર્મોને કેવી રીતે પ્રમાણ ગણવામાં આવશે ? માટે વેદોક્ત વિજ્ઞાનશાસ્ત્રરુપ દૃષ્ટિવાળા ધીર તપસ્વીઓ એમ જ માને છે કે વેદોમાં જે કંઇ કહેવામાં આવ્યું છે, તે સર્વ નિત્ય જ્ઞાનસંપન્ન પરમાત્માનાં જ વચનો છે. શ્રુતિ કહે છે કે,

'अस्य महतो भूतस्य निःश्वसितमेतद्य
दृग्वेदो यजुर्वेदः सामवेदः ।

આ પ્રમાણે આ સ્યૂમરશ્મિ અને કપિલ મુનિની વચ્ચે સંવાદ થયો હતો, જે કપિલગીતા નામે પ્રસિદ્ધ છે. (**ભા૨૦ શા૦ અ૦ ૨૬૮-૬૯**).

ત્વષ્ટા. બ્રહ્મદેવ તે જ.

ત્વક્ષ. દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ અ૦ ૯**).

ત્વધા. સ્વાયંભુ મન્વંતરમાંના દક્ષ પ્રજાપતિની સોળ કન્યામાંની એક. એ કન્યા દક્ષે પિતરને આપી હતી. પિતરને એની મારફતે અન્ન વગેરે અર્પણ કરાય છે. અર્પણ કરેલું અન્ન વગેરે-કવ્ય એ પિતરની પાસે લઈ જઇને આપે છે. સ્વધાને વયુના અને ધરિણી નામે બે કન્યાઓ હતી.

ત્વધામા. રુદ્રસાવર્ણિ મન્વંતરમાં થનારો વિષ્ણુનો અવતાર.

ત્વન. નિષ્કૃતિ નામના અગ્નિનો પુત્ર, એક અગ્નિ વિશેષ. (**ભા૨૦ વ૦ ૨૨૧-૨૩**).

ત્વયંપ્રભા. હેમા નામની અપ્સરાની સખી. હેમાને મયાસુરે એક મહેલ બનાવીને ત્યાં રાખી તેની જોડે ચેન કરતો હતો. અગાઉ જતાં મયાસુરને ઇન્દ્રે ત્યાંથી કાઢી મૂક્યો અને હેમા સ્વર્ગમાં ગઇ. જતી વખત પોતાને માટે નિર્માણ કરેલું સ્થળ સ્વયંપ્રભાને આપતી ગઇ. એ આ સ્થળમાં ઘણા કાળથી રહેતી હતી. અંગદ વગેરે વાનરો સીતાની ખોળ કરવા લંકા જતા હતા તે વખત સ્વયંપ્રભાને મળવાથી એણે એઓની ઘણી આગતાસ્વાગતા કરી હતી. પછી 'તમે આંખ મિંચો' એમ કહીને તેમણે આંખો મિંચી કે તરત તેમને સમુદ્ર તીરે પહોંચાડી દીધા. પોતે પણ રામનાં દર્શન કરીને પછી સ્વર્ગે ગઇ. (**વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૫૦-૫૨**).

સ્વયંભૂ. જો કે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણેને સ્વયંભૂ કહેવાય છે; પણ બહુધા બ્રહ્મદેવને આ નામ લગાડાય છે.

સ્વયંભૂ (૨). ચાલુ મન્વંતરની પહેલી ચોકડીમાં થએલો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ). એણે પૈલ, વૈશંપાયન, જૈમિનિ અને સુમંતુને અનુક્રમે વેદના ઋગાદિક ચાર ભેદ શિખવ્યા હતા. યાજ્ઞવલ્કય પાસેથી યજુર્વેદની શાખા પાછી લઇને તિત્તિરિ ઋષિને આપી, એ ખટપટ વ્યાસ શિષ્ય વૈશંપાયનના સમયમાં થઇ હતી.

સ્વયંભોજ. સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશના શિનિના પૌત્ર વૃષ્ણિના અન્વયમાં થએલા શિનિ રાજાનો પુત્ર. એને હૃદિક નામે પુત્ર હતો.

સ્વરસ. શાલ્મલી દ્વીપમાં આવેલો એક પર્વત વિશેષ.

સ્વરાષ્ટ્રદેશ. ભારતવર્ષીય દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ અ૦ ૯-૪૮**).

સ્વરુપ. વરુણલોકમાં રહેતો એક અસુર વિશેષ. (**ભા૨૦ સ૦ ૯-૧૮**).

સ્વર્ગ. પુણ્યશાળી માણસોને દેહત્યાગ પછી દિવ્યદેહે સુખ ભોગવવાનું સ્થાન. (**ભા૨૦ વ૦ ૨૬૨-૧૬૮**).

સ્વર્ગ (૨). પૃથ્વિની ઉપર ઉંચે જે સાત લોક આવેલા છે તેમાંનો ત્રીજો લોક.

સ્વર્ગ (૩). ચાલુ મન્વંતરમાં ધર્મ નામના ઋષિને યામી નામની ભાર્યાની કૂખે થએલો પુત્ર. એનો પુત્ર તે નંદી.

સ્વર્ગ. સુવર્ણ શબ્દ જુઓ.

સ્વર્ણપ્રસ્થ. જંબુદ્વીપની આજુબાજુ આવેલા આઠ ઉપદ્વીપોમાંનો એક.

સ્વર્ણરોમા. વિદેહવંશીય મહારોમા નામના જનકનો પુત્ર. એના પુત્રનું નામ હ્રસ્વરોમા જનક હતું.

સ્વર્ધુની. આકાશમાંથી મેરુ પર્વત પર પડેલી નદી અલકનંદા, સીતા, ભદ્રા અને ચક્ષુ એ ચાર પ્રવાહ રુપે ચારે દિશામાં વહી છે. અલકનંદા નામનો પ્રવાહ આપણી દિશામાં વહે છે. સપ્તર્ષિયોના સંતોષાર્થે સપ્ત પ્રવાહ રૂપે થઇ છે. એ સાત પ્રવાહોનાં વસ્વૌકસારા, નલિની, સરસ્વતી, સીતા, પાવની, સુચક્ષુ અથવા જંબુ નદી, ગંગા અને સિંધુ એવાં નામ છે. અગાડી જતાં ગંગાનાં જ ભાગીરથી, જાન્હવી વગેરે નામો પડયાં છે. (**ભા૨૦ ભી૦ ૬**).

પુરાણોમાં અને મહાભારતમાં આ નામોના સંબંધે જબરો ગોટાળો છે. પણ બહુ મતને આધારે આ નામ નિર્ણય કર્યાં છે.

સ્વન્હ. તુષિત દેવોમાંનો એક. (**તુષિત શબ્દ જુઓ**).

સ્વર્ભાનવી. સોમવંશી પુરુરવાના પુત્ર આયુષની ભાર્યા. તેનો પુત્ર તે નહુષ. (**ભા૨૦ આ૦ ૬૯-૨૯**).

સ્વર્ભાનુ. દનુપુત્ર દાનવોમાંનો એક. એને કોઇ કોઇ ગ્રન્થમાં રાહુ પણ કહ્યો છે. સમુદ્રમથન કાળે જ્યારે વિષ્ણુ મોહિનીસ્વરુપ ધારણ કરીને અમૃત વહેંચતા હતા તે વખત આ દેવનું રુપ ધારણ કરીને સૂર્ય અને ચન્દ્રની વચ્ચે બેશી ગયો હતો. વિષ્ણુએ આનું આ કપટ જાણ્યું અને પોતાના તેજદાર ચક્ર વડે આનું માથું ઉરાડી દીધું. પરન્તુ એના પેટમાં અમૃત ગયું હતું તેથી એ મરણ ન પામતાં શિર અને કબંધ બે રુપે રહ્યો. શિરનું નામ રાહુ અને કબંધ-ધડનું નામ કેતુ પડયું, અને એમની ગણના ગ્રહોમાં થઇ.

આ બનાવ ચાક્ષુષ મન્વંતરમાં બન્યો. છતાં ગ્રહમંડળમાં રાહુ અને કેતુ અનાદિ સિદ્ધ છે. સબબ અનાદિથી ગ્રહણ આમનાથી થાય છે એ માનવામાં બાધ નથી !

સ્વર્ભાનુ (૨). કૃષ્ણથી કાલિંદીને થએલો પુત્ર.

સ્વર્વીથી. ઉત્તાનપાદ વંશના ધ્રુવપુત્ર વત્સરની સ્ત્રી. એને પુષ્પાર્ણ વગેરે છ પુત્રો હતા.

સ્વશ્રવ. ત્રણની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

સ્વસૃય. કૌશિક ઋષિના સાત પુત્રોમાંનો એક. (**પિતૃવર્તિ શબ્દ જુઓ**).

સ્વસ્તિ. એક ઋષિ વિશેષ.

સ્વસ્તિકર. ત્રણની અંક સંજ્ઞાવાળા વસિષ્ઠકુળનો એક ઋષિ.

સ્વસ્તિપુર. સ્થાન વિશેષ. (**ભા૨૦ વ૦ ૮૧-૧૭૪**).

સ્વસ્ત્યાત્રેય. અત્રિવંશજ એક ઋષિ.

સ્વસ્થલી. ત્રણની સંજ્ઞાવાળા વસિષ્ટ કુળનો એક ઋષિ.

સ્વાતી. સોમની સત્યાવીસ સ્ત્રીઓ પૈકી એક.

સ્વાતી (૨). એ નામનું એક નક્ષત્ર વિશેષ.

સ્વાદૂદક. સપ્ત મહાસાગરોમાંનો સાતમો મહાસાગર. (**૧ શુદ્ધોદ શબ્દ જુઓ**).

સ્વાંભસેતુ. એક અગ્નિ. આ અગ્નિ ઉદક ઉત્પન્ન કરનારો છે. યજ્ઞમાં જે સોમ હોમાય છે તે આ અગ્નિ જ ગ્રહણ કરે છે.

સ્વાયંભૂમનુ. બ્રહ્મદેવ—સ્વયંભૂના જમણા અંગમાંથી નિર્માણ થએલો પુરુષ. ચૌદ મનુઓમાં આ પહેલો મનુ હોઇ, બ્રહ્મદેવના જ ડાબા અંગમાંથી ઉત્પન્ન થયેલી શતરુપા નામની કન્યાનો પતિ હતો. આ શતરુપાને કોઇ કોઇ ગ્રન્થમાં સરસ્વતી અગર અનંતી એવે નામે

પણ વર્ણવી છે. આ મનુને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ, એ બે પુત્ર અને આકૂતી, દેવહૂતી, અને પ્રસૂતી એવે નામે ત્રણ કન્યા હતી. એણે આકૂતી રુચિ ઋષિને, દેવહૂતી કર્દમ પ્રજાપતિને અને પ્રસુતી દક્ષ પ્રજાપતિને આપી હતી. તેમાં આકૂતી રુચિ ઋષિને પુત્રિકાધર્મથી આપી હતી. માટે એનાં સંતાન યજ્ઞ અને દક્ષિણા ઋષિ પાસેથી લેઇ, યજ્ઞને પોતાનો પુત્ર કર્યો હતો અને દક્ષિણાને કન્યાદાન વિધિથી લઇ યજ્ઞની સ્ત્રી કરી હતી.

આ મનુના સત્તાકાળને સ્વાયંભુ મન્વંતર કહે છે. એના મન્વંતરમાં બ્રહ્મમાનસ પુત્ર મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ઋતુ, અને ભ્રગુ એ ધર્મોપદેષ્ટા સપ્તર્ષિ હતા. પુત્રિકાધર્મ પ્રમાણે રુચિ ઋષિ પાસેથી લીધેલો યજ્ઞ સ્વર્ગમાં ઇન્દ્રસ્થાને હતો. એની સ્ત્રી દક્ષિણા તે ઇન્દ્રાણી હતી. યજ્ઞને દક્ષિણાથી થયેલા તોષ, પ્રતોષ વગેરે બાર તૂષિત સંજ્ઞાવાળા પુત્ર થયા હતા તે સ્વર્ગમાં દેવ રુપે હતા.

तुषिता नाम ते देवा आसन् स्वायंभुवेंतरे ।।

(तुषित शब्द જુઓ). (ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૧૩. અને મત્સ્ય૦ અ૦ ૯).

આ મન્વંતરમાં ઇન્દ્રને સાહ્ય કરનારો કોઇ ખાસ વિષ્ણુનો અવતાર થયો નહતો.

સ્વાયષ્ટ. શ્વેતપરાશર કુલોત્પન્ન ઋષિ વિશેષ.

સ્વારોચિષ્મનુ. સ્વાયંભુ મનુનો સત્તાકાળ એટલે સ્વાયંભુ મન્વંતર પૂરો થયા પછી બીજો મનુ તે આ ચક્ષુષ્. અગ્નિને સ્વાહાની કૂખે થએલા ચાર પુત્રોમાં આ નાનો હતો. એને નભ, નભસ્ય, પ્રસૂતિ અને ભાનુ એમ ચાર પુત્ર થયા હતા. દ્યુતિમાન, સુષેણ, રોચિષ્માન વગેરે એ પુત્રોનાં બીજાં નામ હતાં. એના એટલે ચાક્ષુષ્ મન્વંતરમાં દત્ત, નિશ્ચવન, રતંભક, પ્રાણ, કશ્યપ, ઔર્વ અને બૃહસ્પતિ એ ધર્મોપદેષ્ટા સપ્તર્ષિ હોઇને હવીર્દ્ર, સુકૃત, મૂર્તિ, આપ, જ્યોતિ, અય અને સમય એ સાત વસિષ્ટપુત્રો પ્રજાપતિ હતા. પહેલાંના મન્વંતરમાંના તુષિત નામના દેવ હતા અને રોચન નામનો ઇન્દ્ર માત્ર તેમનો સ્વામી હતો. વેદશિરા ઋષિથી તુષિતા સ્ત્રીને થએલો વિભુ નામનો વિષ્ણુનો અવતાર ઇન્દ્રને સાહ્ય કરનાર થયો હતો. **(ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૧૩. મત્સ્ય૦ અ૦ ૯).**

સ્વાહા. સ્વાયંભુ મન્વંતરમાંના દક્ષ પ્રજાપતિની સોળ કન્યાઓમાં ચૌદમી. એ કન્યા એણે પ્રધાન નામના અગ્નિને આપી હતી. દેવતાઓને હવિર્ભાગ પહોંચાડનાર હોઇને એને પાવ, પવમાન, શુચિ અને સ્વારોચિષ્ એમ ચાર પુત્ર હતા. એમાં પહેલા ત્રણની ગણના અગ્નિવંશમાં છે; અને ચોથો પુત્ર બીજો મનુ થયો હતો. પોતાના પતિને સપ્તર્ષિઓની સ્ત્રીઓની મોહિની અને જંખના લાગેલી હોવાથી આ સ્વાહાએ અરુન્ધતી શિવાય બીજી ઋષિ પત્નીઓનાં રુપ ધારણ કરીને એને સંતોષ્યો હતો. **(સ્કંદ શબ્દ જુઓ).**

(ભા૨૦ ૫૦ ૨૨૬–૩૯૩–૨૨૭–૧–૧૬; ૨૩૧–૩૧–૩૩).

સ્વાહા (૨). ચાલુ મન્વંતરમાંના બૃહસ્પતિથી તારાની કૂખે થએલી કન્યા. એ વૈશ્વદેવ સંબંધી વૈશ્વાનર નામના અગ્નિની સ્ત્રી હોય એમ જણાય છે. એને કામ, અમોઘ અને ઉકથ એમ ત્રણ અગ્નિ વિશેષ પુત્રો હતા. **(ભા૨૦ ૫૦ ૨૨૧–૩૧–૩૩).** એનો પુત્ર તે સ્કંદ **(ભા૨૦ ૫૦ ૨૩૧–૧).** એને સ્કંદે વરદાન આપ્યું હતું. **(ભા૨૦ ૫૦ ૨૩૧–૫).**

સ્વાહેય. સ્કંદ તે જ.

સ્વિષ્ટકૃત. બૃહસ્પતિને તારાની કૂખે થએલા છ પુત્રોમાંનો એક–પ્રાયશ્ચિતાગ્નિ વિશેષ. **(ભા૨૦ ૫૦ ૨૨૧–૨૯).**

હ.

હનુમાન (હનૂમાન). એક બળવાન વાનર. હનુમાન સંબંધી ઇતિહાસ મહામુનિ અગસ્ત્યે રામચંદ્રને વિસ્તારપૂર્વક કહ્યો છે.

સૂર્યના વરદાનથી સુવર્ણના બનેલા મેરુ નામના પર્વત ઉપર કેસરી નામે એક વાનરને જગવિખ્યાત અને અત્યંત પ્રિય અંજની નામે સુંદરાંગી સ્ત્રી રહેતી હતી. એક વખત વિહાર કરતી કરતી તે પર્વતના એક વિભાગ પર આવી પહોંચી. તેનું સ્વરુપ અને સૌન્દર્ય જોઇ વાયુને કામ વ્યાપ્યો અને એણે પોતાનું વીર્ય અંજનીના કર્ણદ્વારા મુકયું. એથી અંજનીને વાયુથી ગર્ભ રહી આ હનુમાનનો જન્મ થયો. શાલીના અગ્ર જેવા તેજસ્વી હનુમાનને જન્મ આપ્યા પછી, તરત અંજની ફળ લેવાને માટે ગહન વનમાં ચાલી ગઈ હતી. માતાના વિયોગથી અને ક્ષુધાથી પીડાયલા હનુમાને તે વેળાએ, સરકટના વનમાં જેમ કાર્ત્તિકેય રડતા હતા તેમ, રડવા માંડયું. **(ભા૦ વન૦ ૧૪૯–૨૭), (ભા૦ વન૦ ૧૪૮–૧૪૯–૧૫૨).**

એટલામાં જાસુદના પુષ્પના રાશિ જેવા ઉદય પામતા પ્રભાતના સૂર્યને હનુમાને જોયો. એને ફળ ધારી એ ફળને લેવાને હનુમાન કુદ્યો. ઉદય પામતા સૂર્યની સામે જ બીજો સૂર્ય હોય નહિ, એવો હનુમાન કુદીને આકાશમાં ગયો. બાળક છતાં જ્યારે તેણે આકાશમાં કુદવા માંડયું ત્યારે દેવ, દાનવ અને યક્ષો બહુ આશ્ચર્ય પામ્યા. વાયુનો પુત્ર જેવી આકાશમાં છલંગ મારતો ગતિ કરતો હતો તેવી તો વાયુ, ગરુડ કે મન પણ ગતિ કરવાને સમર્થ નથી. ત્યારે દેવોએ વિચાર કર્યો કે આ હનુમાન આજે બાળક છતાં આટલી બધી ગતિથી કુદે છે, તો જ્યારે યુવાવસ્થા પ્રાપ્ત કરશે ત્યારે તો કોણ જાણે શું એ કરશે! અને કોણ જાણે કેવો એ વેગ ધારણ કરશે! જે વેળાએ પોતાનો પુત્ર સૂર્યને પકડવાને માટે આકાશમાર્ગે, સૂર્યની સામે જતો હતો ત્યારે, તેના તાપથી તે બળી જશે એવા ભયથી વાયુ, હિમ જેવો ઠંડો થઈ એની પાછળ દોડતો હતો.

એ પ્રમાણે અનેક યોજન સુધી આકાશ માર્ગે ગતિ કરી, વાયુપુત્ર પોતાના પિતાના બળથી અને વાયુના વાત્સલ્યથી, ઠેઠ સૂર્યની પાસે જઈ પહોંચ્યો. સૂર્યનારાયણે પણ તેને બાળક જાણી તથા તેને હાથે ભવિષ્યમાં અદ્‌ભુત કાર્યો થવાનાં છે એમ જાણીને દઝાડ્યો નહિ; પણ તે સમયે એક અદ્‌ભુત બીના બની.

જે વેળાએ વાયુપુત્ર સૂર્યને ગ્રહણ કરવા જતો હતો તે દિવસે સૂર્યગ્રહણ હતું; અને રાહુ પણ સૂર્યને ગ્રહણ કરવા જતો હતો. પરન્તુ સૂર્ય અને ચન્દ્રને ત્રાસ આપનાર એ રાહુ હનુમાનની હડફટમાં આવવાથી ત્રાસ પામીને દૂર નાશી ગયો. પછી સિંહિકાપુત્ર રાહુ ક્રોધે ભરાઇને, ઇન્દ્રની પાસે ગયો; અને દેવગણથી વિંટાયલા ઇન્દ્રને ભ્રકુટિ ચઢાવીને કહેવા લાગ્યો કે હે ઇન્દ્ર! તમે મને ચન્દ્ર અને સૂર્ય–ભોજનાર્થે પરાપૂર્વથી આપેલા છે, તો હવે તે બીજાને કેમ આપો છો? આજ પર્વને દિવસે હું સૂર્યને ખાવા જતો હતો ત્યારે કોઇ બીજા રાહુએ આવીને તેને ગ્રહણ કર્યો એ શું? રાહુનાં વચન સાંભળીને સુવર્ણની માળા ધારણ કરનાર ઇન્દ્ર, પોતાના આસન ઉપરથી ઉભા થયો, અને કૈલાસપર્વત જેવા ધોળા ચાર દંતુશળવાળા, મદઝર અને સુવર્ણ ઘંટાઓથી અટ્ટહાસ કરતા પોતાના ઉત્તમ હસ્તી ઉપર આરુઢ થયો. રાહુ આગળ અને હાથી ઉપર બેઠેલો ઇન્દ્ર પાછળ પાછળ જતા હતા. બન્ને જણ જ્યાં હનુમાન સહિત સૂર્ય હતા ત્યાં ગયા. રાહુને તાલાવેલી લાગી હતી તેથી તે ઇન્દ્રને પાછળ મુકી પોતે સૂર્યની પાસે ગયો. પણ તેને હનુમાને પર્વતના શિખરની પેઠે આવતો

જોયો એટલે એ સિંહિકાપુત્ર પણ કોઇ ફળ જ છે ધારી, સૂર્યને મૂકી દઇ, હનુમાન એને પકડવાને દોડ્યો. સૂર્યને છોડીને પોતાને પકડવા આવતા હનુમાનને જોઇને રાહુ અવળે મુખે નહાસવા લાગ્યો. પોતાના રક્ષણ સારુ વારંવાર ઇન્દ્રની પ્રાર્થના કરતા રાહુએ ઘૂમો પાડી કે હે ઇન્દ્ર મારું રક્ષણ કર! રક્ષણ કર! તેને ભયભીત થએલો જોઇ, ઓ રાહુ તું ભય છોડ, હું એનો નાશ કરું છું, એમ કહીને ઇન્દ્રે ધૈર્ય આપ્યું. પણ એટલામાં તો હનુમાન ઐરાવતને જોઇને આ વળી બીજી જાતનું ફળ આપ્યું છે ધારી, તેને લેવા દોડ્યો. અને ઐરાવતને ગ્રહણ કરવાની ઇચ્છાથી સામે આવતા હનુમાનનો પ્રકાશ જોઇને ઇન્દ્રને પણ કિંચિત્ ભય ઉત્પન્ન થયો. પછી શચીપતિ ઇન્દ્રે જરા ક્રોધે ભરાઇ હાથના અગ્રવડે તેને વજ્રનો પ્રહાર કર્યો. તે વજ્રપ્રહારથી હનુમાન ફડાક કરતો એક પર્વતના ઉપર પડ્યો અને એની હડપચી-હનુ-ભાગી ગઇ.

વજ્રપ્રહારથી પોતાના બાળકને નીચે પડેલો જોઇને વાયુરાજ ઇન્દ્ર ઉપર ક્રોધે ભરાયો. અને તેણે પ્રજામાત્રનું અનહિત કરવા ધાર્યું. સર્વની પ્રવૃત્તિ અને નિવૃત્તિના કર્ત્તા તથા દેહમાત્રમાં વ્યાપી રહેલા વાયુદેવે, પોતાના પુત્રને ત્યાંથી ઉપાડી લીધો; અને પ્રાણીઓને હિતાવહ એવા પોતાના પ્રચારને-વહેવાને-લઇને એક ગુફામાં ભરાઇ ગયો. પછી ઇન્દ્ર જેમ મેઘ બંધ કરે તેમ વાયુએ પણ મળમૂત્રાદિ સ્થાન બંધ કરીને પ્રાણીમાત્રને ગભરાવી મૂક્યાં. વાયુના કોપથી પ્રાણીમાત્રના શ્વાસોશ્વાસ બંધ થઇ ગયા. સર્વના સંધિબંધ સજ્જડ થઇ ગયા. પ્રાણીઓ કાષ્ટનાં પુતળાં જેવાં થઇ રહ્યાં. વાયુના કોપે ત્રણે લોકમાંથી સ્વાધ્યાય, વષટ્કાર વગેરે ક્રિયાઓ અને ધર્મ એ સર્વનો લોપ થયો. ત્રણે લોક નરકમાં પડ્યા હોય એમ ગભરાઇ ગયા!

આવા પ્રસંગથી દેવ, અસુર અને મનુષ્ય, એમ સર્વે પ્રજા દુઃખી થઇ ગઇ. તે સર્વે સુખની ઇચ્છાથી પિતામહ પ્રજાપતિ પાસે ગયા. સૌનાં પેટ મોટાં દેડકાં જેવાં ફુલી ગયાં. બધા મહોદર રોગીઓ હોય એવા જણાતા હતા. પછી દેવોએ હાથ જોડી પ્રજાપતિને કહ્યું કેઃ—

હે નાથ! રક્ષણ કરો! રક્ષણ કરો! આપે ચાર પ્રકારની પ્રજા સરજીને વાયુને અમારું રક્ષણ કરનાર સરજ્યો છે. એને અમારાં આયુષ્યનો સ્વામી સ્થાપિત કર્યો છે. પણ હે મહાશય! એ વાયુ આજે રુસણાં લઇ બેઠો છે, અને જેમ કોઇ સ્ત્રીઓને અંતઃપુરમાં ઘાલીને પીડે એમ અમને વાયુનું રોધન કરીને પીડી રહ્યો છે. વાયુથી હણાયલા અમે તમારે શરણ આવ્યા છીએ. વાયુરોધનથી થએલું દુઃખ નાશ કરવાને તમે જ સમર્થ છો. બ્રહ્મદેવ બોલ્યા કે અરે, એમ થવાનું કાંઇ કારણ છે કે? ત્યારે દેવોએ વાયુ જે કારણથી કોપ્યો હતો તે યથાર્થભૂત કહી સંભળાવ્યું. પછી બ્રહ્મા કહે કે રાહુના વચનથી ઇન્દ્રે વાયુના પુત્રને હણ્યો છે તેમાં બીજા શું કરે? તમે હાથે જ દુઃખ વહોરીને બીજાને દોષ કેમ દો છો? એ વાયુ, શરીર રહીત છે તેથી તે સર્વના શરીરમાં રહીને દેહીઓને પાળે છે. માટે વાયુને આપણે મનાવવો જોઇએ. એમ કહીને બ્રહ્મા, દેવો, ગંધર્વ, ભુજંગ, ગુહ્યક વગેરે સર્વ પ્રજાઓ જ્યાં આગળ ઇન્દ્રે હણેલા પોતાના પુત્રને લઇને વાયુ ભરાઇ બેઠો હતો ત્યાં આવી, સૂર્ય, અગ્નિ કે સુવર્ણ જેવો પુત્ર જેના ખોળામાં પડ્યો છે તેવા વાયુને જોઇને દેવ, ગંધર્વ, ઋષિ, યક્ષ અને રાક્ષસો સહિત બ્રહ્મદેવે તેના ઉપર પ્રેમ ભરી કૃપાદૃષ્ટિ કરી તેને મનાવ્યો.

પિતામહને પોતાની પાસે આવેલા દેખીને પુત્રના વધથી ખેદ પામેલો વાયુ ઉભો થયો. એણે મૌક્તિકહાર અને શોભાયમાન કુણ્ડલો પહેર્યા હતાં, અને સુવર્ણનાં આભુષણો ધારણ કર્યા હતાં. તે પિતામહની ત્રણવાર પ્રદક્ષિણા કરીને તેમને પગે પડ્યો. વેદજ્ઞ અને આભરણથી

શોભતા બ્રહ્મદેવે વાયુને પોતાના હાથ વડે ઉઠાડ્યો અને તેના પુત્રને પ્રેમથી પંપાળ્યો. બ્રહ્મદેવનો સ્પર્શ થતાં જ જળથી સિંચેલા છોડની માફક, હનુમાન પુનઃ જીવિત પામ્યો. પોતાના પુત્રને જિવતો થએલો જોઇને પ્રસન્ન થએલો ગંધવાહ-વાયુ જેણે પ્રાણવાયુનો રોધ કર્યો હતો, તે સર્વભૂતમાં પુનરપિ પૂર્વવત્ વહન કરવા લાગ્યો. વાયુના રોધથી મુકત થએલી બધી પ્રજા આનંદ પામવા લાગી. પછી યશ અને વીર્ય, ઐશ્વર્ય અને લક્ષ્મી, જ્ઞાન અને વૈરાગ્ય, એ ત્રણ, તેમ જ સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણવાળા-વિષ્ણુ, બ્રહ્મા અને મહેશ્વર, અને એ ત્રણમાં પણ પ્રધાન, ત્રણે લોકમાં જેનું સ્થાન છે એવા દેવવંદિત બ્રહ્માએ, વાયુનું મન પ્રસન્ન કરવા સારુ ત્યાં આવેલા સર્વે દેવોને કહ્યું કેઃ-હે મહેન્દ્ર! હે વરુણ! ઓ અગ્નિ! હે મહેશ્વર! અરે હે ધનેશ! તમે સર્વે જાણો છો, તેમ છતાં પણ હું કહું તે સાંભળો. આગળ જતાં આ બાળકને હાથે તમારે મોટું કામ કરાવવાનું છે, માટે તમે સર્વે આજ આ બાળકને ઇચ્છામાં આવે એવાં વરદાન આપી, આપણા મિત્ર વાયુને પ્રસન્ન કરો.

પ્રથમ સહસ્ત્રાક્ષ ઇન્દ્ર જ પ્રસન્ન થઇને આગળ આવ્યો અને એણે પોતાની સુવર્ણમાળા હનુમાનના કંઠમાં નાંખી અને કહ્યું કે મારા હાથથી મારેલા વજ્રથી તારી હડપચી ભાગી ગઇ છે, માટે હે વાનરોમાં વ્યાઘ્રરુપ અને મહા બળવાન, તું હનુમાન એવા નામથી પૂજાઇશ. અને આજથી આ બાળક મારા વજ્રથી પણ વિંધાશે નહિ. પછી અંધકારનાશક સૂર્યનારાયણ કહેવા લાગ્યા કેઃ-હું આ હનુમાનને મારા તેજની સોમી કળા આપું છઉ. એ જ્યારે મોટો થશે ત્યારે હું એને સર્વ શાસ્ત્રોનો અભ્યાસ પણ કરાવીશ, જેથી આ બાળક પરમ કુશળ થશે. પછી વરુણે પ્રસન્ન થઇને કહ્યું કેઃ-આ બાળકનું મારા જળમાં દશ લાખ વર્ષ સુધી રહેતાં પણ મૃત્યુ થશે નહિ. યમરાજાએ વરદાન આપ્યું કે આ બાળક મારા દંડથી અવધ્ય થશે અને એને કોઇ દિવસ કોઇ રોગ પીડશે નહિ. પછી એક નેત્ર જેનું પીળું છે એવા ધનપતિ કુબેરે વરદાન આપ્યું કે એ સંગ્રામમાં કોઇ દિવસ ખેદ પામશે નહિ. અને આ મારી ગદાથી પણ એનું મૃત્યુ થશે નહિ. શંકર ભગવાને કહ્યું કેઃ-આ બાળક મારાથી અને મારાં શસ્ત્રાસ્ત્રથી મરશે નહિ. વિશ્વકર્માએ કહ્યું કે મારાં બનાવેલાં દિવ્ય શસ્ત્રાસ્ત્રથી એ અવધ્ય થશે; અને ચિરંજીવી રહેશે. છેલ્લે દીર્ઘ આયુષ્યવાળા મહાત્મા બ્રહ્માએ કહ્યું કે આ બાળક સર્વે બ્રહ્માસ્ત્રોથી પણ અવધ્ય થશે.

આમ બધા દેવોએ હનુમાનને વરદાન આપ્યા પછી પ્રસન્ન થએલા વેદજ્ઞ બ્રહ્મદેવ પ્રસન્ન મુખે વાયુને કહેતા હવા કેઃ-હે વાયુ, તારો પુત્ર મારુતી શત્રુને ત્રાસ ઉપજાવનાર અને મિત્રને આનંદ ઉપજાવનાર, મહાત્મા, બળવાન, તથા વિજયી જ થશે. વળી એ ઇચ્છાનુરુપ રુપ ધારણ કરી શકશે. એ ગમે ત્યાં ગમન કરી શકશે. ગમે ત્યાં સંચાર કરી શકશે. વળી એ કુદનારાઓમાં સર્વથી ઉત્તમ નિવડશે. કોઇથી અટકાવી ન શકાય એવી ગતિવાળો થશે. અને મહા કીર્ત્તિવાન થશે. આમ કહીને દેવલોક સાથે બ્રહ્મા સ્વસ્થાન પ્રતિ ગયા.

પછી પુત્રને લઇને પ્રસન્નચિત્ત વાયુ અંજનીને ઘેર આવ્યો. અને આ બધાં વરદાનની વાત કહી પુત્રને મુકી પોતાને સ્થાનકે ચાલ્યો ગયો.

એ પ્રમાણે વરદાન પામેલો હનુમાન બળવાળો અને પૂર્ણ વેગવાળો થએલો સમુદ્ર જેવો મોટો થયો. એ નિર્ભયતાથી ઋષિયોના આશ્રમોમાં ફરતો અને તેમને રંજાડતો. તેમણે સૂકવેલાં વલ્કલો ફાડી નાંખતો. અગ્નિહોત્ર

વિખેરી નાંખતો. છતાં બ્રહ્માએ બ્રહ્માસ્ત્રથી અવધ્ય કરેલો છે જાણતા હોવાથી ઋષિયો ખમી ખાતા. છેવટે ભૃગુ અને અંગિરા કુળના ઋષિયો બહુ કોપ્યા. તેમણે એને શાપ આપ્યો કે હે વાનર! જે બળના આશ્રયથી મત્ત થઇ તું અમને પીડા કરે છે તે જ બળને અમારા શાપને પ્રતાપે તું મોહવશ થઈ ઘણા કાળ સુધી ભૂલી જઇશ. જ્યારે કોઇ તારી કીર્ત્તિનું કથન તારી આગળ કરશે ત્યારે જ તને તારુ બળ સાંભરી, તું બળવાન થઇશ. પછી મંદ પડી ગએલા બળવાળો વાનર નરમ થઇ જઇને આશ્રમોમાં ફરતો હતો.

આ સમયમાં કિષ્કિંધામાં ઋક્ષરજસ નામનો બળવાન વાનર રાજા રાજ કરતો હતો. તે વાલી અને સુગ્રીવનો પિતા હતો. ઘણા કાળ સુધી રાજ્ય કરીને એ મરણ પામ્યો. ત્યારે મંત્રીઓએ વાલીને ગાદી પર બેસાડી, સુગ્રીવને યૂવરાજ નિમ્યો. જેમ વાયુને અને અગ્નિને મૈત્રી હોય છે, તેમ જ હનુમાનને અને સુગ્રીવને બાળપણમાંથી જ ઘાડી મૈત્રી હતી. પણ જ્યારે વાલીને અને સુગ્રીવને વૈર થયું, ત્યારે હનુમાન શાપને લીધે પોતાના બળથી અજ્ઞાન થઇ ગયો હતો, તેથી કરીને જ શાન્ત રહ્યો હતો. વાલિનો ભમાવ્યો સુગ્રીવ પણ હનુમાનના બળથી અજ્ઞાન હતો. આ પ્રમાણે ઋષિના શાપને લઇને પોતાના બળથી અજ્ઞાન હોવાથી જ એ વાલિની સાથે સંગ્રામ કર્યા વગર બેશી રહ્યો હતો; બાકી પરાક્રમ, ઉત્સાહ, બુદ્ધિ, પ્રતાપ, સુશીલતા, મધુરતા, નીતિ અને અનીતિનું જ્ઞાન, ગાંભીર્ય, ચાતુર્ય, ઉત્તમ વીર્ય અને ધૈર્ય આદિ ગુણોમાં હનુમાનથી ચઢીઆતું કોઇ નહોતું.

જ્યારે વાનરેંદ્ર હનુમાનને વ્યાકરણ શિખવાની ઇચ્છા થઇ ત્યારે એ અપ્રમેય હનુમાન ઉદયગિરિથી અસ્તાચળ સુધી સૂર્યના સામુ જોઇ પાછે પગલે ચાલીને ગયો અને સૂર્યની પાસેથી જ 'અષ્ટાધ્યાયી', 'તાત્કાલીય સૂત્રવૃત્તિ', 'વાર્ત્તિક', 'પતંજલિકૃત મહાભાષ્ય', અને વ્યાડિકૃત 'સંગ્રહ' નામે ગ્રન્થો ભણ્યો છે. હનુમાન વળી બીજાં શાસ્ત્રો પણ ભણ્યો છે. વિદ્વત્તામાં અને છંદશાસ્ત્રમાં તે એકકો છે. તપ કરવામાં તો દેવગુરુ બૃહસ્પતિની પણ સ્પર્ધા કરે એવો છે. (વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૩૬–૩૭).

જ્યારે સુગ્રીવ અને હનુમાન ઋષ્યમૂક પર્વત પર રહેતા હતા, તેવામાં સીતાની શોધને માટે નિકળેલા રામ અને લક્ષ્મણ બન્ને વીરોને પર્વત તરફ આવતા જોઇને સુગ્રીવને ઘણો ભય લાગ્યો. એને લાગ્યું કે આ અદ્ભૂત યોદ્ધાઓને પોતાનો નાશ કરવાને વાલિએ જ, મોકલ્યા છે. આથી ત્રાસ પામી તે તેમ જ ત્યાં વસનારા બીજા વાનરો નાશીને મૈતંગ ઋષિના આશ્રમમાં ભરાઇ ગયા. પછી સુગ્રીવે હનુમાનને કહ્યું કે તું ઉદાસી સરખો વેશ કરીને વનમાં થઇને ફરતો ફરતો એ બે પુરુષો પાસેથી સયુક્તિક વચનોવડે તેઓને તેમ જ તેમના ભાવને જાણી લે. તેમને વિશ્વાસ બેસાડીને તું આ વનમાં આવવાનું પ્રયોજન પૂછજે. આ ઉપરથી હનુમાન પર્વત પરથી નીચે કુદ્યો અને રામ અને લક્ષ્મણની આગળ ગયો. જઇને તે સત્ય પરામક્રમીઓને સુગ્રીવના હિતાર્થે બે કર જોડીને મનોહર વાણીથી મૃદુ વાક્ય કહેવા લાગ્યો કે:–હે સત્પુરુષો, રાજર્ષિ અથવા દેવતા જેવા તમે બે કોણ છો? તમે સ્થિર વ્રતવાન તપસ્વીઓ! અને શ્રેષ્ટ બ્રહ્મચારીઓ સરખા લાગો છો, તેમ જ વનમાં વસનાર મૃગાદિ પ્રાણીઓ તથા રાક્ષસોને ત્રાસ ઉપજાવો એવા છો! તમે આ વનમાં કેમ આવ્યા છો? આપ કોણ છો? પોતાના સ્વરુપ વડે વનમાં વસનારી પ્રજાને ત્રાસ ઉપજાવો એવા છો છતાં, કોઇ ઉંડા

પરિતાપમાં હો એમ નિસાસા નાંખતા કેમ દેખાઓ છો?

હનુમાનનું વચન સાંભળી રામ કે લક્ષ્મણ કોઇ કાંઇ બોલ્યા નહિ અને એકબીજાની સામુ જોઇ રહ્યા, એટલે હનુમાને વળી પ્રિય વાક્યો કહી કહ્યું; 'આમ નિર્દોષપણે પૂછવા છતાં તમે બોલતા કેમ નથી? મારા સરખા અભ્યાગતને પોતાના સુખદુઃખની વાત કહેવાથી શો લાભ એમ ધારતા હો, તો તે યોગ્ય નથી; કેમકે મારા સરખાઓ પણ મિત્રનું હિત અને શત્રુનું અનહિત કરવા વખતે સમર્થ થાય છે.'

પછી રામની આજ્ઞાથી લક્ષ્મણે હનુમાનને પોતાની બધી હકીકત કહી. જે સાંભળીને હનુમાને કહ્યું કે વાનરરાજ સુગ્રીવ તમારી સાથે સખ્ય કરવા ઇચ્છે છે. એના ભાઇ વાલિએ એને કાઢી મુક્યો છે વગેરે હકીકત કહી. પછી પોતાની ઓળખાણ આપી. એણે કહ્યું કે હું સ્વેચ્છાચારી અને ઇચ્છિત ગતિ કરનાર વાયુપુત્ર હનુમાન છઉં અને સુગ્રીવનો સચીવ છઉં.

આ સાંભળી રામે લક્ષ્મણ પ્રતિ કહ્યું કે લક્ષ્મણ! આણે કહ્યું તે તેં સાંભળ્યું? જો તો ખરો. એના ભાષણમાં એક પણ અશુદ્ધ શબ્દ આવ્યો નથી. આ કોઇ વ્યાકરણશાસ્ત્રસંપન્ન જણાય છે. એના બોલવામાં માધુર્ય પણ કેવું છે! જે રાજાની પાસે આવો સચીવ છે તેનાથી કાર્યસિદ્ધિ થશે જ. પછી રામના વચન ઉપરથી, આ વાનરો જોડે સખ્ય કરવાનો એમનો ઇરાદો સમજી લઇ, લક્ષ્મણે હનુમાનને પોતાનો બધો ઇતિહાસ કહ્યો. સુગ્રીવનું નામ અમે સાંભળ્યું છે અને એની જ શોધ કરતા કરતા અહીં આવ્યા છીએ એવું કહ્યું. (વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૩).

લક્ષ્મણનાં વચન સાંભળી મારુતિને આનંદ આનંદ વ્યાપી રહ્યો. એણે પોતે ધારણ કરેલું નાનુ બટુ શરીર બદલીને પોતાનું મૂળ સ્વરુપ ધારણ કરી, રામ અને લક્ષ્મણ બન્નેને પોતાને ખભે બેસાડીને પંપા સરોવર આગળથી જે કુદ્યો, તે સુગ્રીવની પાસે આવી ઉભો. પછી રામ અને સુગ્રીવ મળ્યા અને તેમનુ સખ્ય થયું. સુગ્રીવનું દુઃખ ટાળવાનું રામે અને સીતાની શોધ કરવાનું સુગ્રીવે માથે લીધું.

તરત જ હનુમાને વાલિને ત્યાં જઇ આમંત્રણ કરવાથી વાલિ બહાર આવ્યો. એનું અને સુગ્રીવનું યુદ્ધ થયું. બીજે દિવસે રામે બાણથી વાલિને માર્યો. સુગ્રીવને રાજ્યાભિષેક કરી વાલિપુત્ર અંગદને યૂવરાજ નિમ્યો અને પોતે લક્ષ્મણ સહિત પ્રસવણ પર્વત પર રહ્યા. રાજ્ય મળ્યા પછી ત્રણ ચાર મહિના સુગ્રીવે ઐશઆરામમાં કાઢી નાંખ્યા. આથી ક્રોધાન્વિત થઇ લક્ષ્મણ કિષ્કિંધા ઠપકો દેવા ગયા. પણ સુગ્રીવે બધા વાનરોને તેડાવ્યા હતા તેઓ તે વખત જ આવી પહોંચ્યા હતા. તે સઘળાઓને ચોતરફ સીતાની ભાળ સારુ રવાના કર્યા. હનુમાનની સાથે અંગદને પ્રમુખ કરીને દક્ષિણ દિશા તરફ મોકલ્યા. (વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૪૯). સીતાને વિશ્વાસ ઉપજાવવાને સારુ રામે પોતાની વિંટી હનુમાનને આપી. લંકા સુધી જવાના રસ્તાનું વર્ણન સાંભળી કપિયો સહવર્ત્તમાન હનુમાને દક્ષિણ દિશા તરફ પ્રયાણ કર્યું. મુસાફરી કરતા કરતા તેઓ એક વનમાં આવી પહોંચ્યા. એ વનમાં પૂર્વે કંડુ ઋષિનો પુત્ર મરણ પામવાથી મહર્ષિયે એ વનને શાપિત કર્યું હતું. 'આ વન, મૃગ અને પક્ષી આદિ વગરનું, મહા કષ્ટે આવી શકાય એવું અને કોઇને પણ રહેવાને અયોગ્ય થાઓ;' એવો એ શાપ હતો. વાનરો એ વનમાં પ્રવેશ કરીને ફરતા હતા તેવામાં તેમને ત્યાં એક રાક્ષસનો ભેટો થયો. હનુમાનાદિ લડવા તત્પર થઇ ગયા; એટલે રાક્ષસે કહ્યું, અલ્યાઓ, તમે તો

મારાથી હણાઇ ચૂકેલા જ છો, કહી તેમની તરફ દોડ્યો. અંગદે વખતે આ જ રાવણ હશે ધારી, ઉછળીને એક લપડાક ખેંચી કાઢી. એક જ લપડાકે રાક્ષસ ભોંયપર પડ્યો. એને વધારે મારવાની જરૂર જ રહી નહિ અને એના પ્રાણ રમી રહ્યા.

આગળ જતાં આખા વિંધ્યપર્વતને ખોળી વળ્યા. એક વખત સઘળા તૃષાર્ત થઇ ગયા અને પાણીની શોધ કરતાં કોઇ જગાએ ન મળવાથી વ્યાકુળ હતા તેવામાં એક ગુફા નજરે પડી. અહીં જળાશય હશે ધારી, સઘળા અંધારી ગુફામાં પેઠા. ઘણાં યોજનો ગયા પછી તેઓ એક સુશોભિત અને રમણીય વનમાં આવી પહોંચ્યા. ભાતભાતની વનસ્પતિ, રત્નજડિત રસ્તા, ઠેર ઠેર મુલ્યવાન વસ્તુઓ અને વસ્ત્રોના ઢગલા વગેરે જોઇને તે સઘળા છક્ક થઇ ગયા. અને અહીં કોણ રહેતું હશે એમ વિચારતા, સીતાની શોધ કરતા ફરતા હતા, તેવામાં તેમણે એક આશ્ચર્ય જોયું. જાણે બીજો સૂર્ય ઉદય થયો હોય, એવો પ્રકાશ મારતી એક તેજપુંજ મૂર્ત્તિ તેઓની સમીપ આવી ઉભી રહી. એકાએક આવો ચમત્કાર જોતાં તેઓ પ્રથમ તો વિસ્મય પામી ચોમેરથી પાછા હઠીને ઉભા રહ્યા; પણ પછી ધીરજ ધરીને જોવા લાગ્યા તો, એ તેજસ્વી મૂર્ત્તિ તે એક મહાતાપસી સ્ત્રી છે, એમ તેમને જણાયું. એનું શરીર તપ્તકાંચન સરખું નિર્મળ તેજસ્વી હતું. ઉમ્મર ઘણી વૃદ્ધ છતાં પણ તેણીએ પોતાના શરીરપર મૃગચર્મ પહેર્યું હતું. એના શરીર પર સાદા સૌભાગ્ય અલંકારો જ હતા. એની મુખમુદ્રા અત્યંત શાંત અને સુપ્રસન્ન દેખાતી હતી. આ બધું જોઇને મારુતિ આગળ આવી હાથ જોડી તાપસી આગળ જઇને ઉભો રહ્યો, અને નમન કરીને પુછવા લાગ્યો કે હે દેવી! હે તપસ્વીની! તું કોણ છે? આ ભવન, રત્ન અને આખું બિલ–ગુફા–કોનું છે?

ઋક્ષબિલમાં વસનારી ધર્મચારિણી મહાભાગ તાપસીને આમ કહીને હનુમાન ફરી પુછવા લાગ્યો કે હે વૃદ્ધે! ક્ષુધા અને તૃષાથી થાકી જવાને લીધે, અહીં જળ મળશે એવી આશાથી અમે આ અંધકારથી વ્યાપ્ત વિવરમાં સહસા જ પ્રવેશ કર્યો. પણ આ અનેક પ્રકારના અદ્‌ભૂત, ઉપમા ન અપાય એવા પદાર્થોને જોઇને તો ઉલટા અમે સંભ્રાંત બની ગયા છીએ. અમારાં ચિત્ત હણાઇ ગયાં છે. માટે હે તાપસી! અમારો સંશય નિવૃત્ત કરવાને માટે હું પુછું છઉં કે આ તરુણ સૂર્ય સરખાં પ્રકાશિત સુવર્ણવૃક્ષો તથા પવિત્ર અને ભક્ષણ કરવા યોગ્ય ફળો, મૂળો વગેરે કોનાં છે? વળી આ સુવર્ણના વિમાન અને જળીયાંવાળાં મણિસમૂહે શણગારેલાં મંદિરો કોનાં છે? હે માતાજી! આ ફળ તથા પુષ્પોવાળાં, પુણ્યરુપ, સુંદર સુગંધવાળાં વૃક્ષો, તેમજ નિર્મળ જળ વિષેનાં કમળો કોના તેજથી સુવર્ણમય થયાં છે? વળી જળમાંહીના આ મત્સ્યો પણ સુવર્ણના કેમ દેખાય છે? એ બધું નહિ જાણનારા અમને તું બધી વાત નિવેદન કરવાની કૃપા કર.

હનુમાનનો આવો વિવેક ભર્યો પ્રશ્ન સાંભળીને આ ધર્મચારિણી તાપસી તેમને કહેવા લાગી. માયાવી મયદાનવે પોતાના ઉપભોગ સારુ આ બધું નિર્માણ કર્યું હતું. હેમા નામની પુરંદરની અપ્સરા ઉપર પોતે આસક્ત થવાથી તેની સાથે તે અહીં રહેતો હતો. ઇંદ્રે કોપીને એની સાથે યુદ્ધ કરી એને હણ્યો. હેમા પુનઃ સ્વર્ગમાં ઈન્દ્રને ત્યાં ગઇ અને ઇંદ્રદેવે આ બધું હેમાને અર્પણ કર્યું; એ બધું તાપસીએ હનુમાનને કહ્યું. પોતે મહામુનિ મેરુસાવર્ણિની સ્વયંપ્રભા નામની દુહિતા છે, હેમા પોતાની સખી હતી તે અને હેમાની પ્રાર્થનાથી આ બધાંનું પોતે રક્ષણ કરતી હતી તે પણ કહ્યું. તાપસીએ કહ્યું, તમે બધા વાનરો આ વનમાં શા કામે

આવ્યા છો? અહીં તમારે શું કામ છે? આ દુર્ગમ વનમાં શી રીતે આવી શકયા? સૌથી પહેલાં તો તમે બધા ભુખ્યા છો માટે લેવા લાયક આ ફળો ખાઓ. આ નિર્મળ જળ પીઓ, પછી સ્વસ્થ થઇ તમારો સર્વ વૃત્તાંત કહો. પછી વાનરોએ યથેચ્છ ફળ ખાધાં. પાણી પીને સ્વસ્થ થયા પછી હનુમાને તાપસીને યથાભૂત સર્વ વૃત્તાંત કહ્યો. વૃત્તાંત કહીને હનુમાને કહ્યું કે અતિથિ ધર્મને અનુસરીને તેં અમને ખાવા પીવાનું ન આપ્યું હોત, તો અમે બધા મરી જાત. અમારું રક્ષણ કરવા બદલ અમે તારું શું પ્રિય કરીએ?

સ્વયંપ્રભાએ કહ્યું કે હે વાનરો! તમારા જેવા સ્વધર્મવર્તીઓનાં આવાં પ્રત્યુપકાર કરવા માટેનાં વચનો સાંભળીને જ મને સંતોષ થયો છે. હનુમાને કહ્યું શોધને માટે સુગ્રીવે અમને આપેલી અવધિ પૂરી થઇ છે અને તેથી અમારાં આયુષ્ય પણ સમાપ્ત થયા જેવાં જ છે. અમને આ બિલમાંથી બહાર કાઢ. આહીં રહ્યે રહ્યે અમારાથી અમારું કાર્ય થઇ શકે નહિ.

સ્વયંપ્રભાએ કહ્યું હે હનુમંત, આ બિલમાં પ્રવેશ કર્યા પછી જીવતાં નિકળવું ઘણું દુષ્કર છે, તોપણ મારા તપના પ્રભાવે હું તમને સર્વને અહિંથી મુક્ત કરીશ. બહાર નિકળવું હોય તો તમે સર્વ આંખ મીંચો; તે વગર અહીંથી નિકળવાનો દુર્ગમ માર્ગ ઓળંગવો અશક્ય છે. બધા વાનરોએ પોતાનાં નેત્રો મીંચ્યાં અને હાથ વડે ઢાંક્યાં. એક ક્ષણમાં જ તાપસીએ કહ્યું કે વાનરો! તમારાં નેત્ર ઉઘાડો! જુઓ છો તો બધા બિલની બહાર દ્વાર આગળ બેઠા છો! તાપસી કહે છે કે હે વાનરો જુઓ, અનેક પ્રકારનાં વૃક્ષો અને લતાઓવાળો આ શ્રીમાન વિંધ્યપર્વત, પેલો પ્રસવણગિરિ અને આ અગાધ જળનો સમુદ્ર! હવે તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ. માયાવી ગુફામાં જવાથી એમને આપેલી મુદ્દત પૂરી થઇ ગઇ હતી. (સ્વયંપ્રભા શબ્દ જુઓ). મુદ્દત પૂરી થયા છતાં કાર્ય ફળીભૂત ન થયું માટે અંગદે પ્રાયોપવેશન કરવાનો વિચાર કર્યો. બધા તે જ રથળે બેસીને મરી જવું ધારીને બેઠેલા વાનરોને સંપાતિનો સમાગમ થયો. સંપાતિએ વાનરોને ઘણી હકીકતો કહીને સીતાની ભાળ આપી. સંપાતિના પુત્ર સીતાનું હરણ થતું જોયું હતું. બધી વાત કહી રહ્યા પછી વાનરોને ઉત્સાહ રહિત જોવાથી, સંપાતિએ તેમને આળસ તજીને લંકા જવાનો બોધ કર્યો. તેઓ બધા હવે શું કરવું એ વિચારમાં પડ્યા. સમુદ્રને ઓળંગીને લંકામાં શી રીતે જવું, એ પ્રશ્ન હતો. એક પછી એક બધા વાનરોએ પોતાનું કુદવાનું સામર્થ્ય કહી સંભળાવ્યું. છેવટે જાંબુવાને હનુમાનને કહ્યું કે તું જ આ કામ કરવાને સમર્થ છે. પછી હનુમાનના પુછવાથી તેણે હનુમાન વાયુપુત્ર કેમ કહેવાતો હતો તે કથા કહી કે:–

પુંજીકસ્થળા નામની અપ્સરામાં શ્રેષ્ઠ, એવી એક અપ્સરા હતી. તે મહાત્મા કુંજર કપિને ત્યાં જન્મીને કેસરી વાનરને પરણી હતી. અને એનું નામ અંજના હતું. એ તેના સ્વરુપને માટે ત્રણે લોકમાં વિખ્યાત હતી. વળી અવસ્થામાં પણ એ પોતાની ઇચ્છામાં આવે એ રુપ ધારણ કરી શકતી હતી. એક વખત એના મનમાં આવ્યું કે આજે મનુષ્યરુપ ધારણ કરું. પછી એણે મનુષ્યરુપ ધારણ કર્યું. રુપ તથા યુવાવસ્થા વડે પૂર્ણ લાવણ્યમયી થઇને વિચિત્ર માળા, આભરણ અને ક્ષૌમવસ્ત્ર (રેશમી) ધારણ કરીને વર્ષાઋતુના મેઘ સરખા વર્ણવાળા કોઇ શ્રેષ્ઠ પર્વતના શિખરપર વિચરવા લાગી. તેનું એવું સ્વરુપ, ગૌરવર્ણ અને તે પર પહેરેલું લાલ કોર છેડાવાળું પીળું રેસમી વસ્ત્ર, એ વગેરેની શોભા મોટા મુનિવરોનું મન

પણ ચલાયમાન કરે એમ હતું. એ વેળાએ બન્યું પણ એમ જ. સર્વત્ર વ્યાપેલો વાયુ તે શિખરપર સડસડાટ વાતો હતો. તેણે અંજનાના શરીરપરનું અતિ સૂક્ષ્મ રેશમી વસ્ત્ર ખસેડી નાંખ્યું. જેથી લજ્જિત થઇ તેણીએ વસ્ત્રને ઘણું યે પકડી રાખવા માંડયું: પણ વાયુના જોરને લીધે રહ્યું નહિ. આમ અનવાથી તેના સર્વ ગુહ્ય અવયવો વાયુ પ્રત્યક્ષ જોઇ શકયો. અને તેની ગોળ તથા પરસ્પર મળેલી બે ઉરુ સાથળો, ગાઢ અને મૂળ આગળથી એક બીજાને અડકેલાં બે રતન તથા ચન્દ્ર સરખું સુંદર મુખારવિંદ જોઇ, એ વિશાલશ્રોણી, સુમધ્યમા તથા સર્વાંગે સુંદર એવી યશસ્વિની અંજનાપર વાયુ તત્કાળ મન્મથવશ થયો. તેના અંગોઅંગમાં કામ વ્યાપી ગયો. આથી અત્યંત વ્યાકુલ થઇ, વાયુએ તુરત પોતાના અદૃશ્યરુપે જ અંજનાને લાંબી ભુજાઓ પસારી બાથમાં લઈ, છાતી સરસી ખૂબ દાબી. તેથી તેનું આત્મતેજ તત્કાળ અંજનાના ગર્ભને વિષે પ્રવેશિત થયું. આવી રીતે કોઇએ પોતાને દૃઢ આલિંગન દીધું એમ લાગ્યું પણ દૃષ્ટિયે કોઇ પુરુષ જોવામાં આવતો નહોતો તેથી અતિ આશ્ચર્ય પામી ગભરાયલી વાણીએ એ સુવ્રતા અંજના બોલી. રે! મારાં એક પતિવ્રતને કોણે લાંછન લગાડયું? એ સાંભળી સમર્થ વાયુ તરત પ્રત્યક્ષ થયો, ને બોલ્યો કે હે સુશ્રોણી! તું ભય ના પામ. હું તારા એકપતિવ્રતપણાનો નાશ નહિ કરું. તારે વિષે મારું મન અતિ આસક્ત થઈ જવાથી મેં તને આલિંગન માત્ર આપ્યું છે. અંજનાના કર્ણોદ્વારા વીર્ય ગર્ભમાં પ્રવેશ્યાનું ભારતમાંનું વર્ણન અગાઉ કરી ગયા છીએ. વાયુએ કહ્યું કે મારા આલિંગન માત્રથી તને મારા અંશરુપ મહા સમર્થ પુત્ર પ્રાપ્ત થશે અને તેનાં વીર્ય, બુદ્ધિ, સત્ત્વ, તેજ, બળ, પરાક્રમ અને ઉલ્લંઘન, પ્લવન વગેરે સર્વ અદ્‌ભુત શક્તિયો તે સૌ મારા સરખાં જ થશે.

આ વાત કહીને જાંબુવાને હનુમાને જન્મતાં જ કરેલાં પરાક્રમોનું યથાસ્થિત વર્ણન કર્યું. અને હનુમાનના બળનું પણ વર્ણન કર્યું. તેથી ઋષિના શાપ પ્રમાણે હનુમાનમાં વીરત્વ વ્યાપી ગયું અને તે સમુદ્ર ઉલ્લંઘન કરીને સીતાની શોધ સારુ લંકા જવાને ઉદ્યુક્ત થયો.

લંકા જવા પૂર્વે હનુમાને પોતાનું સ્વરુપ બહુ જ વધાર્યું અને મહેન્દ્ર પર્વતના શિખર પર ઉભો રહ્યો. પોતે કેવી રીતે ઉડશે અને પોતામાં કેટલું બળ છે વગેરે વાનરોને કહીને, કયે શિખરેથી કુદવું એ જોવાને . મહેન્દ્ર પર્વતનાં શિખરે શિખરે ફરી વળ્યો. આ વેળા બધો પર્વત ખળભળી ઉઠયો; ઝાડોપરનાં પુષ્પો ખરી પડયાં; પર્વતમાંથી પાણી નિકળી આવ્યાં; ત્યાં રહેનારા વિદ્યાધરાદિયો ભયથી કંપી નાશી જવા લાગ્યા.

છેવટે પોતે કુદવાનો નિશ્ચય કરી પોતાના પરિઘ જેવા બે બાહુને પર્વતના શિખર પર ગોઠવ્યા અને કમ્મરમાંથી વાંકા વળી પોતાના બે પાછલા પગને સંકોચી લીધા. વીર્યવાન વાયુપુત્રે પોતાના આગલા બે હાથને દૃઢ રાખી ગરદન સંકોચી લીધી; અને પોતાનામાં વીર્ય, તેજ અને બળનો જુસ્સો આણ્યો. પછી પોતાના કર્ણને સંકોચી કૂદકો મારતી વેળાએ નેત્ર ઉંચાં રાખી પોતાનો દૂરનો માર્ગ તપાસી લીધો. પછી હું ઉડીને લંકામાં જાઉ છું અને જઇને આવાં આવાં પરાક્રમ કરીશ વગેરે, કપિયોને કહીને યત્કિંચિત પણ શંકા ન રાખતાં, ત્યાંથી સડસડાટ ઉડવા માંડયું. હનુમાનને મદદ કરવાના હેતુથી સમુદ્રે પોતાની અંદર છૂપાયલા મૈનાક પર્વતને ખૂલ્લો કર્યો. મૈનાક પર્વતનાં શિખરો એને થાક ખાવાને માટે આવતાં હતાં. પણ હનુમાને જાણ્યું કે કોઈ રાક્ષસ મને અંતરાય કરવા આવે છે, તેથી પોતાની છાતીના ધક્કા વડે શિખરને પાડી નાંખી પોતે આગળ ચાલ્યો. મૈનાક પર્વતે મનુષ્યનું રુપ ધારણ કરીને

પોતાનો અને સાગરનો હેતુ જણાવ્યો એટલે તેમને વિવેક કરી, થાક ખાવા ન થોભતાં હનુમાન સડસડાટ આગળ ધપ્યો.

આમ હનુમાન જતો હતો તે વખત દેવ, ગંધર્વો, સિદ્ધો અને ઋષિયોએ મળીને સૂર્યના જેવા પ્રકાશવાળી નાગની માતા સુરસાને કહ્યું કે :–હે સુરસા! આ હનુમાન ઉડે છે તેને તું અતિ ઘોર પર્વત સમાન રાક્ષસીનું રુપ ધારણ કરી, આકાશ સ્પર્શે એવું અને પીળા ડોળાવાળું ભયંકર મુખ પહોળું કરીને ક્ષણવાર વીઘ્ન કર, જેથી જણાય કે એનામાં વીર્ય અને બળ કેવાં છે. આ પ્રમાણે દેવ અને ગંધર્વની આજ્ઞા થતાં તે સત્કાર પામેલી દેવી, વિકાળ, વિરુપ અને ભય ઉપજાવે તેવી થઈ સમુદ્રની વચમાં આવી ઉભી રહી. આકાશમાં ઉડતા હનુમાનના સામો આવી તેને કહેવા લાગી કે અહ્યા હનુમાન! ઠીક થયું કે આજે તો તું જ મારુ ભક્ષ થયો. હું તને ખાવા ઇચ્છું છું, માટે તું મારા મુખમાં પ્રવેશ કર. પૂર્વે મને બ્રહ્માએ આમ કરવાનુ વરદાન આપ્યું છે.

સુરસાએ આમ કહ્યું એટલે હનુમાન હસીને બોલ્યા કે હે રાક્ષસી, દશરથપુત્ર રામ પોતાના ભાઇ લક્ષ્મણ અને પોતાની સ્ત્રી સીતાની સાથે દંડકારણ્યમાં આવી રહ્યા હતા, ત્યાંથી તેમની યશસ્વીની ભાર્યા સીતાને રાવણ હરી ગયો છે. તેમણે મને દૂત તરીકે સીતાના શોધને સારુ મોકલ્યો છે. અલિ! તું તેમના પ્રદેશમાં રહેનારી છે, તો તારે તો આ કામમાં સહાય કરવી જોઇએ. અને એ વાત તને ન ગમતી હોય તો મૈથિલીને મળી, તેની ખબર લઇ, દ્વૈાપરહિત રામને એ કહી, હું તારી પાસે આવીશ. ત્યારે તું મને ખાજે. મારું વચન છે કે હું તારા મુખમાં પ્રવેશ કરીશ.

સુરસાએ કહ્યું કે મારું ભક્ષ થયા વગર કોઇપણ પ્રાણી અહીંથી જઇ સકે નહિ, એવું પૂર્વે બ્રહ્માનું વચન છે. પણ હનુમાન તો સડસડાટ ચાલ્યો જ ગયો. હનુમાનનું બળ અજમાવવા સુરસાએ પોતાનું મોં પહોળું કર્યું. છેવટે હનુમાને કહ્યું કે તારી ઇચ્છા જ છે, તો હું તારા મોંમાં પ્રવેશ કરૂ છઉં. હું માઉં એટલું તારું મોં પહોળું કર! પછી હનુમાને પોતાનું શરીર દસ, વીસ અને ત્રીસ યોજન વિસ્તાર્યું. જેમ જેમ પોતાનું શરીર વિસ્તારે તેમ તેમ સુરસા પોતાનું મોં વધારેને વધારે મોટું કરતી જાય. છેવટે તેણે પોતાનું મોં સો યોજનના વિસ્તારવાળું કર્યું. આમ થતાં જ હનુમાને પોતાનો દેહ માત્ર અંગુષ્ટ જેવડો નાનો કરી દીધો અને સુરસાના મુખમાં પ્રવેશ કરીને એકદમ બહાર નિકળી ગયો! પછી આકાશમાં ઉભા રહીને કહ્યું કે હે દાક્ષાયણિ! હું તારા મુખમાં પેસી નિકળ્યો છું. હવે હું મૈથિલી પાસે જઇશ, કેમકે તારું વરદાન હતું તે સત્ય થયું છે. હનુમાનનું આ બોલવું સાંભળી તે બોલી કે હે વાનરોત્તમ, હે સૌમ્ય! તું તારા ધારેલા કાર્ય સારૂ સુખે જા; અને મહાત્મા રામની સાથે મૈથિલીને મેળવ. (સુરસા શબ્દ જુઓ). (વા૦ રા૦ સુંદ૦ સ–૧).

લંકા પહોંચતાં પહેલાં વળી એક સિંહીકા નામની રાક્ષસી મળી. એણે ઉડીને જતા હનુમાનની છાયાને પકડી. સુગ્રીવે કહ્યું હતું કે છાયાને પકડે એવી એક રાક્ષસી સમુદ્રમાં રહે છે, એ હનુમાનને સાંભર્યું. હનુમાને તરત જ પોતાનું સ્વરૂપ મોટું કર્યું. રાક્ષસીએ પોતાનું મુખ પણ બહુ જ વિસ્તાર્યું. હનુમાને નાનુ સ્વરૂપ કરી એના મુખમાં પ્રવેશ કર્યો અને અંદર જઇ નખ વડે એનાં મર્મસ્થાનો વિદારી નાંખ્યાં, આથી એ મરણ પામી. પછી પોતે મનના જેવા વેગથી બહાર નિકળી આવ્યો. (૨ સિંહિકા શબ્દ જુઓ).

ટુંકામાં આવાં આવાં પરાક્રમો કરતો સતો હનુમાન લંકા પહોંચ્યો. (વા૦ રા૦ સુંદર સ–૧), (ભા૦ વન૦ અ૦ ૨૮૨).

છેક સંધ્યાકાલે હનુમાન લંકામાં પહોંચ્યો. તેના ગયા પછી થોડી વારે જ ચન્દ્રોદય થયો. સૂક્ષ્મરૂપ ધારણ કરીને એ લંકામાં પ્રવેશ કરતો હતો એટલે લંકાના રક્ષણ કરનારાઓએ એને અટકાવ્યો. માયૂતિએ એમનો પરાભવ કરીને લંકામાં પ્રવેશ કર્યો.

લંકાની શોભા જોતો જોતો હનુમાન ચાલ્યો. રાજમાર્ગ, નાના પ્રકારનાં દેવાલયોનાં સિંહદ્વારો, અનેક ઉપવનો, ક્રીડાસ્થાનો, કોશાગારો, અશ્વો, રથો, ગજો, પદાતિયો, શસ્ત્રાગારો અને યાનગૃહો વગેરે બધું એણે સંપૂર્ણ નિહાળ્યું. એક યોજન લાંબો અને અરધો યોજન પહોળો રાવણનો પોતાનો મહેલ જોયો. રાવણને સ્ત્રીઓની સાથે પલંગપર સુતેલો જોઇ, ત્યાંથી ચાલી નિકળ્યો. સંપાતિયે કહ્યું હતું કે સીતાને અશોકવનમાં રાખેલાં છે, તેથી ત્યાંથી અશોકવનનો રસ્તો લીધો. (વા૦રા૦ સું૦ દ૨૦સ.૨–૧૩).

અશોકવનમાં જતાં જ હનુમાન જુએ છે તો, ત્યાં અનેક સુંદર પ્રાસાદો આવી રહ્યા છે. અનેક વાપીઓ, ફળ, ફુલો લચી રહેલાં લક્ષાવધિ ઝાડો ડોલી રહ્યાં છે. આ બધું ઐશ્વર્ય જોઇને મુળે લંકા વગેરે જોઇને ચકિત થએલો હનુમાન ઘણો જ વિસ્મય પામ્યો. આમ જોતાં જોતાં ત્યાં એણે એક સીસમના ઝાડ નીચે પીળાં વસ્ત્ર પરિધાન કરીને બેઠેલી એક સ્ત્રીને દીઠી. એણે રાક્ષસીઓની પેઠે ત્રણ શેર્યે વાળ ન બાંધતાં માત્ર એક જ વેણી રાખી હતી. અપવાસને લધને એ કૃશ થઇ ગએલી હતી. મલીન, દુઃખિત અને વિચારમાં ઘૂમ થઈ ગએલી દેખાતી હતી. એના તેજ વડે, એની મુખમુદ્રા વડે, આ દિવ્ય સ્ત્રી જ સીતા હશે એમ હનુમાનને લાગ્યું. મનમાં આવો નિશ્ચય થતાં જ હનુમાનને આનંદ વ્યાપી રહ્યો; એને લાગ્યું કે રામને આને માટે જે શોક થાય છે, તે યોગ્ય જ છે. કાં કે એ એવી જ ગુણવતી, પતિવ્રતા અને સુંદરતાની મૂર્તિરૂપ દેખાય છે. આવા આવા વિચાર હનુમાનના મનમાં ઘોળાતા હતા, એટલામાં પ્રભાત થવાનો સમય આવી પહોંચ્યો. (વા૦રા૦સું૦અ૦ ૧૪–૧૭)

પ્રભાત થતાં જ રાવણ ઠાઠ કરીને અશોકવાટિકામાં જવા નિકળ્યો. એની પાછળ સેંકડો સ્ત્રીઓ ચાલતી હતી: કેટલીકના હાથમાં સોનાની મસાલો હતી. કેટલીકના હાથમાં ચામરો હતાં, જેવડે એઓ રાવણને વ્યજન કરતી હતી. કોઇના હાથમાં સોનાની ઝારીઓ હતી. કોઇના હાથમાં ઢાલ અને તરવાર હતી. કોઇના હાથમાં રત્નજડિત સોનાનાં પાનપાત્ર હતાં. કોઇ શ્વેત હંસના જેવું અને ચન્દ્રના જેવું ઉજ્વલ છત્ર ધરીને ચાલતી હતી. રાવણની માનીતી રાણીઓ પોતાના વીરપતિની પાછળ ચાલતી હતી. તેમના હાર, કેયૂરો વગેરે ખસી ગયાં હતાં. તેમની પિયેળો ભૂંસાઇ ગઇ હતી. ચોટલાની લટો છૂટી થઇ ગઇ હતી. શેષ રહેલી મદ્યની અસરથી તેમનાં નેત્ર ઘેરાયલાં હતાં. આ બધી સ્ત્રીઓ અને રાણીઓ મંદમંદ પગલે પાછળ આવતી હતી, અને સીતામાં આસક્ત થઇ ગયેલો મંદબુદ્ધિ રાવણ પણ પોતે મંદમંદ ગતિએ જતો હતો. એઓ જ્યારે અશોકવાટિકાની છેક પાસે આવી પહોંચ્યાં, ત્યારે સ્ત્રીઓની કટીમેખલા અને નુપૂરનો રણઝણાટ હનુમાને સાંભળ્યો. તેની તરફ દૃષ્ટિ ફેંકતાં અપ્રતિમ કર્મ, અચિંત્ય બળ અને પૌરૂષવાળા રાવણને અશોકવાટિકાના દ્વાર પાસે આવતો તેણે જોયો. આવી રીતે જતા રાવણને જોઇને તેને બરાબર ઓળખવાને માટે વૃક્ષઘટામાં છૂપાયલો

હનુમાન ઉંચો નીચો થવા લાગ્યો. (વા૦રા૦ સું૦સ૦૧૯)

તેને જોયા પછી તેની પાછળ નજર કરતાં રૂપયૌવનસંપન્ન રાવણની સુંદરીઓ પણ જોવામાં આવી. તે સ્થળે પુરુષ માત્ર શંકુકર્ણ નામનો એક રાક્ષસ જ હતો. બાકી બધું સ્ત્રીયારાજ્ય જ દેખાતું હતું. શંકુકર્ણ મદિરાથી મત્ત થએલો, સ્વેત વસ્ત્રો ધારણ કરીને ઉભો હતો. તેણે રાવણને પ્રણામ કર્યા. લંકામાં જે શયનગૃહમાં સુતો હતો તે જ આ, એમ હનુમાને એને ઓળખ્યો. હનુમાન પોતે તેજવાળો છતાં, રાવણના તેજથી ખચકાઇ વૃક્ષના પાંદડાંની ઘટામાં સંતાઇને બેઠો. હનુમાન બેઠો હતો ત્યાં આગળ થઈને રાવણ સ્યામકેશવાળી, સુંદર નિતંબવાળી, પરસ્પર અડેલા સ્તનવાળી, તથા રાતાકૂણાવાળાં નેત્રવાળી સીતાને મળવા ઉતાવળે ઉતાવળે આગળ ચાલ્યો.

રુપયૌવનસંપન્ન અને ઉત્તમ ભૂષણોથી વિભૂષિત રાક્ષસાધિપ રાવણને આવતો જોઇ અનિંદિતા રાજપુત્રી સીતા, ઉન્મત્ત વાયુથી જેમ કદલી કંપે, તેમ થરથર કંપવા લાગી. પોતાના બન્ને ઉરુથી ઉદરને ઢાંકીને તથા બે હાથે સ્વસ્તિક કરી બન્ને સ્તનોને ઢાંકીને અતિ રુદન કરવા લાગી. સીતા દીન, અલ્પ-આહારવાળી, તપ એ જ ધન છે માની તપ કરતી, દુખીયણ થઇને રામથી રાવણનો પરાભવ થાએ, એમ કુળદેવીની પ્રાર્થના કરતી હતી. આવી મૈથિલીને કાળનો પ્રેર્યો રાવણ પોતાના વધને અર્થે જ ફોસલાવવા લાગ્યો.

અનેકધા પટુ વચનોમાં રાવણ કહેતો હતો, કે હે મૈથિલી, તારાં જે જે અંગ મારા જોવામાં આવે છે, તે તે અંગમાં જ મારી દૃષ્ટિ ખૂંપી રહે છે. બીજું અંગ જોવાની મતિ યે થતી નથી. તું આ મિથ્યા ગાંડાઇ મુકી દે અને મારી પટ્ટરાણી થા. મેં અનેક જગાએથી અનેક ઉત્તમ સ્ત્રીઓ આણી છે; છતાં મને પરણીને તું તેમાં સર્વેની ઉપરી, રાજમહિષી થા. હું આખી સૃષ્ટિમાંથી બળાત્કારે આણેલાં સઘળાં રત્નો અને મારું આખું રાજ તને આપી દઇશ. જે અનેક નગરોથી શોભિત પૃથ્વી હું જીત્યો છું તે હું તારા પિતા જનકને આપી દઇશ. તને અતિ સુકુમારને જોઇ છે, ત્યારથી મારી સ્ત્રીઓમાં મને જરાપણ પ્રીતિ થતી નથી. મારી સઘળી સ્ત્રીઓ તારી સેવા કરશે. જે જે રત્નો અને ધન કુબેરને ત્યાં છે તે બધું મારી સાથે રહી યથેચ્છ ભોગવ. હે દેવી ! તપ, બળ, પરાક્રમ, ધન કે કીર્ત્તિમાં કોઇ પણ રીતે રામ મારી બરોબરી કરી શકે એવો નથી. હે લલિતનયને, તું તારી ઇચ્છામાં આવે તેમ પાન કર, વિહાર કર, ભોજન કર અને ભોગ ભોગવ. તારી ઇચ્છામાં આવે તે ગમે તેને આપી દે. ચાલ સમુદ્ર તીરે આવી રહેલાં વનોમાં સોનાના હારથી શણગારાઇ મારી સાથે મનગમતો વિહાર કર.

તે ભયંકર રાક્ષસનાં વચનો સાંભળી દુખિયણ સીતાએ, ધીરે સ્વરે પ્રત્યુત્તર આપ્યો. આ વેળાએ તપસ્વિની, સુંદર આરોહવાળી, પતિવ્રતા સીતા દુઃખાર્ત થએલી, રુદન કરતી, ધ્રુજતી અને પોતાના પતિનું જ ચિન્તવન કરતી હતી. રાવણના અને પોતાની વચમાં અંતરપટ તરીકે તણખલું આડું ધરી તે મંદમંદ હસતાં કહેવા લાગી. હે રાવણ ! તું મારા ઉપરથી તારું ચિત્ત ખસેડી, તારી સ્ત્રીઓ ઉપર જ પ્રીતિ કર. હું પતિવ્રતા છઉં અને આવું નિંદિત કર્મ કરનારી નથી. કારણ કે હું પવિત્ર કુળમાં જન્મેલી છઉં અને એવા જ પવિત્ર કુળમાં પરણેલી છઉં.

આમ કહીને એણે રાવણ તરફ પોતાની પીઠ કરીને કહ્યું, હું સતી છઉં, અને પારકાની સ્ત્રી છઉં, માટે તારે ઉપભોગ કરવા યોગ્ય નથી. તું ધર્મનો વિચાર કરી સારાં આચરણો રાખ. હે નિશાચર, તું જેમ તારી

સ્ત્રીઓનું રક્ષણ કરે છે, તેમ જ તારે પારકી સ્ત્રીઓનું રક્ષણ કરવું જોઇએ. તું પરસ્ત્રીગામી નથી એવો દાખલો તારી સ્ત્રીઓને તારે આપવો જોઇએ. જે માણસ પોતાની સ્ત્રીમાં અસંતુષ્ટ રહી ઇન્દ્રિયોને ચંચળ કરે છે, તેવા ચપળ અને ધિક્કારવા યોગ્ય પુરુષોનો પરસ્ત્રીઓથી જ પરાભવ થાય છે. હું માનું છઉં કે તારા નગરમાં કોઇ સાધુજન વસતો જ નથી. જો વસે છે તો તેની શિખામણ પ્રમાણે તું વર્ત્તતો નથી. તેથી જ તારી બુદ્ધિ આ પ્રમાણે આચાર વિચાર રહિત અને વિપરીત થઇ ગઇ છે.

अकृतात्मानमासाद्य राजानमनये रतम् ॥
समृद्धानि विनश्यंन्ति राष्ट्राणि नगराणि च ॥

આવાં આવાં અનેક વચનોથી રાવણનો તિરસ્કાર કરવાથી ક્રોધેલો રાક્ષસાધિપ બોલ્યો કે જગતની રીત જ છે કે, પુરુષ જેમ જેમ સ્ત્રીને સાન્તવન કરતો જાય છે તેમ તેમ તે તેને પોતાના દબાણમાં લેતી જાય છે. અને જેમ જેમ અપ્રિય વચન કહેતો જાય છે તેમ તેમ અળખામણો થતો જાય છે. હું તારા પ્રતિ જેમ જેમ માયા બતાવું છું તેમ તેમ તું મારો તિરસ્કાર કરવામાં ઉણપ રાખતી નથી. હે ચારિત્રહીન, મિથ્યાવ્રતનું ડોળ ઘાલનારી તું નાશ તથા અપમાનને યોગ્ય જ છે. છતાં માત્ર સ્નેહ અને પ્રેમને વશ હોવાથી જ હું તારો વધ કરતો નથી. બાકી હે મૈથિલી તેં જે જે વચનો કહ્યાં છે, તેના બદલામાં તો તારો દારુણ વધ કરવો એ જ યોગ્ય છે. આમ પરસ્પર કેટલીક વાત થયા પછી રાવણ ત્યાંની રાક્ષસીઓને સામ, દામ, ભેદ અને દંડથી એને મને ભજવાનું સમજાવો, વગેરે કહીને ત્યાંથી ચાલ્યો ગયો. (વા૦ રા૦ સુ૦ અ૦ ૧૮–૨૨).

રાવણના ગયા પછી રાક્ષસીઓ સીતાને બહુ સતાવતી હતી એટલામાં ત્રિજટા નામની રાક્ષસી આવી, તેણે બધીઓને શાન્ત કરી.

હનુમાનના મનમાં આવ્યું કે હું આ સમયે સીતાનું સાન્તવન નહિ કરું તો એ જરૂર મરણ પામશે. પણ કરવું કેમ ? મને માયાવી જાણી એ મારું માનશે નહિ. પછી પોતે સૂક્ષ્મરુપ ધારણ કરીને રામના ગુણાનુવાદ ગાવા માંડ્યા. રામચંદ્રનો અથઇતિ ઇતિહાસ કહી પોતાને શોધને સારુ મોકલ્યો છે તે કહ્યું. અને મને ઋષિયોએ કહ્યું હતું તેવી જ મૈથિલીને મેં આજે આ જોઇ, એમ બોલ્યો.

વૃક્ષમાંથી નિકળતી આવી વાણી સાંભળી સીતાને ઘણો અચંબો થયો. ઝાડ તરફ ટીકી ટીકીને જોતાં કોઈ દેખાયું નહિ, એટલે સીતાએ કહ્યું કે જેણે મને અમણાં અમૃતતુલ્ય રામચરિત્ર સંભળાવ્યું તે મહાત્મા મજ અભાગણીને પ્રત્યક્ષ થાઓ.

એમ કહેતાં જ હનુમાને પ્રત્યક્ષ થઇ તેને વંદન કર્યુ; અને તેની સન્મુખ ઉભો રહ્યો. તેને જોઇને સીતાએ ગળે ફાંસો ખાવાને પકડેલી ડાળી હાથમાંથી છોડી દેઈ તેની નીચે બેઠી.

હનુમાને એને કહેવા માંડ્યું એટલામાં સીતાના મનમાં આવ્યું, કે જેમ રાવણ મારી પાસે ભિક્ષુક થઇને આવ્યો હતો તેમ આ પણ કાંઇ માયાવી વેષ તો નહિ હોય. સીતાએ કહ્યું કે મને આવી ઠગાઇ કરીને વારે વારે સંતાપવાથી તને શો લાભ થાય છે ? હનુમાન સમજ્યો કે સીતાને વિશ્વાસ આવતો નથી. એટલે એણે આણેલી રામચન્દ્રની વિંટી સીતાને આપીને કહ્યું કે હે દેવી હું ખરેખાત રામદૂત જ છઉં. સીતા જોડે ઘણી વાતો થયા પછી હનુમાને કહ્યું કે મારા ખભાપર બેસીને રામ પાસે આવવું હોય તો હું તૈયાર છું. પણ સીતા કહે એમ નહિ. મને અહીં આવીને રામ લઇ જાય એ એમની કીર્ત્તિવર્ધક છે. માટે તું જા અને એક મહિનામાં રામને લઇને અહીં આવ. પછી રામને બતાવવાને પોતાના કેશપાશમાં

પહેરવાનો ચૂડામણિ એંધાણી દાખલ આપ્યો. તે લઇને હનુમાન ત્યાંથી વિદાય થયો.

હનુમાનના મનમાં આવ્યું કે હું અહીં આવ્યો તો રાવણને મળ્યા વગર અને કોઇ ચમત્કાર બતાવ્યા વગર જવું ન જોઇએ. પછી એણે અશોકવાટિકાના કેટલાક ભાગનો સદંતર નાશ કર્યો. ત્યાંના એક હજાર સ્થંભવાળા મહેલને જમીનદોસ્ત કર્યો. રક્ષકોને માર્યા. આ વાત રાવણને જણાવતાં એણે સૈન્ય મોકલ્યું. ખાસ યોદ્ધા મોકલ્યા. તે બધાને હનુમાને ઠાર માર્યા.

રાક્ષસીઓ સીતાને પુછવા લાગી કે આ વાનર કોણ છે ? સીતાએ કહ્યું કે તમારી રાક્ષસી માયા તમે જાણો. હું શું કહું ? રાવણનો પુત્ર અક્ષ ચઢી આવ્યો. તે પણ મરાયો. પુત્ર મરણનું જાણીને ક્રોધે ભરાયલા રાવણે ઇન્દ્રજિતને મોકલ્યો. એણે બ્રહ્માસ્ત્ર મારતાં બ્રહ્મદેવના માનની ખાતર મારુતિ બંધાયો. એને રાવણની હજૂરમાં લઇ ગયા. ત્યાં હનુમાનના ભાષણથી આ કોઇ સામાન્ય વાનર નથી એમ બધાને લાગ્યું.

सभातस्थस्य च रावणस्य तं पुरो
निधायाहबलारि जित्तदा ॥
यद्युक्तमत्रार्थे विचार्य मंत्रिभिर्विधीयतामेष
न लौकिको हरिः ॥ ४ ॥
(અધ્યાત્મ રા૦ સુંદર૦ સ૦ ૪)

પછી હનુમાને બહુ છટાથી રાવણને બોધ કર્યો. એને મારવાના હેતુથી એનું પુંછડું સળગાવ્યું. સળગતે પુંછડે હનુમાને ઠેકાણે ઠેકાણે લંકામાં આગ લગાડી. પછી સીતાની આજ્ઞા લઇ અરિષ્ટ નામના પર્વત પરથી કૂદ્યો, તે મહેન્દ્ર પર્વત પર આવી ઉભો રહ્યો. (૪ અરિષ્ટ શબ્દ જુઓ.) હનુમાનની મુખમુદ્રા ઉપરથી જ વાનરોએ જાણ્યું કે એ સીતાની ખોળ કાઢીને આવ્યો છે. આથી સઘળાનાં મોં પ્રફુલ્લિત થઇ ગયાં (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૫૭)

જાંબુવાનના પૂછવાથી હનુમાને પોતે જવા નીકળ્યો હતો ત્યાંથી, તે પાછો આવ્યો ત્યાં સુધીનો બધો વૃત્તાંત કહ્યો. બધા પછી સુગ્રીવ પાસે ગયા. ત્યાંથી અંગદ સહવર્ત્તમાન સઘળા વાનરોને લઇને સુગ્રીવ રામ પાસે ગયો. (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૫૮–૬૩)

જાંબુવાને આગળ આવીને બધી હકીકત રામને જણાવી. હનુમાને સીતાએ આપેલો ચૂડામણિ રામના પાદારવિંદમાં મૂક્યો. રામને ઘણો હર્ષ થયો અને લંકા જવાની તૈયારી કરવાની સુગ્રીવને આજ્ઞા કરી. પછી સઘળા વાનરસેના લંકા ગઇ. ત્યાં ઘોર સંગ્રામને અન્તે રાક્ષસ માત્ર અને કુટુંબ સહિત રાવણ મરાયો.

યુદ્ધમાં પણ વખતો વખતે હનુમાને ઘવાયલા વાનરોને ઉપચારાર્થે ઋષભ પર્વત પરથી ઔષધિ વગેરે લાવીને, લક્ષ્મણને શક્તિ વાગી તે વખત કાળનેમીનો વધ કરીને અને દિવ્ય ઔષધિ લાવીને ઘણી ઘણી સેવા ઉઠાવી.

રાવણના મૃત્યુ પછી લંકાની ગાદીએ વિભીષણની સ્થાપના કર્યા પછી રામ અયોધ્યા ગયા, ત્યારે હનુમાન પણ એમની જોડે ગયો હતો. રામના રાજ્યાભિષેક થતાં સુધી રહી બીજા વાનરો પોતપોતાને સ્થાનકે ગયા પછી પણ હનુમાન રામની પાસે જ રહ્યો. પોતાની સેવાને યોગે એણે રામને ઘણા પ્રસન્ન કર્યા. એના ઉપર રામની મમતા એટલી બધી હતી કે એમણે એને પ્રાણથી પણ પ્રિય એવી બ્રહ્મવિદ્યા શિખવી. તેમ જ એમાં એને નિપુણ કરીને બીજાને શિખવવાનો અધિકાર બરાબરી આપ્યો.

इदंरहस्यं हृदयं ममात्मनो मयैव
साक्षात्कथितं तवानघ ॥
मद्भक्तिहीनाय शठाय न त्वया दातव्यमेतद्-
दपि राज्यतोधिकं ॥
(અધ્યાત્મ રા૦)

પછી જ્યારે રામચંદ્ર નિજધામ પધાર્યા ત્યારે હનુમાન જોડે જવા લાગ્યા તેને એમણે આજ્ઞા કરી કે તારે આ કલ્પના અન્તસુધી આ ભૂમિપર રહેવું: (વા૦ રા૦ ઉત્ત૨૦ સ૦ ૧૦૮)

હનુમાન બહુધા ગંધમાદન નામના હિમાલયના શિખર પર રહે છે; પરન્તુ સતત ત્યાં વાસ કરતો નથી. કોઇ કોઇ વખત ત્યાં અને બાકી કિંપુરુષવર્ષમાં રહે છે. ભાગવતમાં કહ્યું છે કે એ સતત બધાને રામકથા સંભળાવે છે. હનુમાને એક રામાયણ પણ લખ્યું છે જે હનુમાનનાટક નામે પ્રસિદ્ધ છે.

હયગ્રીવ. પૂર્વકલ્પની રાત્રિમાં થએલો અસુરનો અવતાર. (મત્સ્યાવતાર શબ્દ જુઓ).

હયગ્રીવ (૨). હયગ્રીવ નામના દૈત્યને હણવાને લીધેલો એ નામનો વિષ્ણુનો અવતાર,

હયગ્રીવ (૩). એક દૈત્ય–એણે ઉગ્ર તપ કરીને દેવીને પ્રસન્ન કર્યા અને માગ્યું કે મારા જ નામનો માણસ હોય તેને જ હાથે મારું મૃત્યુ થાય. પછી એણે પ્રાણીમાત્રને પીડા કરવાનો આરંભ કર્યો. એને મારવાને સારુ વિષ્ણુએ એ જ નામે અવતાર ધારણ કરીને એને માર્યો હતો. (દેવી–ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૫)

હયગ્રીવ (૪). વૃત્રાસુરનો અનુયાયી એક અસુર. (ભાગ૦ ૬ સ્કં૦ અ૦ ૧૦)

હયગ્રીવ (૫), ક્ષાત્રધર્મ પ્રમાણે યુદ્ધ કરીને સ્વર્ગે ગએલો એક રાજાર્ષિ. (ભા૨૦ શાં૦ અ૦ ૨૪–૨૩–૨૪)

હયગ્રીવ (૬). અથર્વણ વેદનું એક ઉપનિષત.

હયશિરા. એક અસુર–ત્વષ્ટાની અંકસંજ્ઞાવાળો હયગ્રીવ તે જ. (ભા૨૦ શાં૦ ૩૪૭)

હયશિરા (૨). છની અંકસંજ્ઞાવાળા ક્રતુ દાનવની સ્ત્રી.

હયશિરા (૩). વિષ્ણુનો અવતાર (ભા૨૦ શાં૦ ૧૨૨–૬૫, ૩૪૭–૬૦; ૩૫૭)

હયશિરા (૪). સૂર્યનું રૂપ વિશેષ. (ભા૨૦ ઉ૦ ૯૯–૫)

હર. શિવ. (હરિહર શબ્દ જુઓ).

હર(૨). એક રુદ્ર. ભારતમાં કહેલા રુદ્રોમાંના એકનું નામ.

હર(૩). કશ્યપને દનુને પેટે થએલા દાનવોમાંનો એક.

હર(૪). માલી રાક્ષસના પુત્રોમાંનો એક. એ વિભીષણનો અમાત્ય હતો.

હર(૫). રામની સેનામાંનો એક વાનર. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૨૭).

હરપ્રીતિ. એની અંક સંજ્ઞાવાળા અત્રિકુલોત્પન્ન એક ઋષિ.

હરિ. વિષ્ણુ. (ભા૨૦ શાં૦ ૩૫૨–૩).

હરિ (૨). ઋષભદેવને જયંતીની કૂખે થએલા નવ પુત્રોમાંનો એક.

હરિ(૩). તામસ મન્વંતરમાં થએલો વિષ્ણુનો અવતાર. એણે ગજેંદ્ર અને મગરનો ઉદ્ધાર કર્યો હતો.

તત્રાપિ જજ્ઞે ભગવાન્ હરિણ્યાં હરિમેધસઃ ॥
હરિરિત્યાહૃતો યેન ગજેન્દ્રો મોચિતો ગ્રહાત્॥૨૦
(ભાગ૦ ૮ સ્કં૦ અ–૧).

હરિ(૪). તામસ મન્વંતરમાંના દેવમાંનો દેવ વિશેષ.

હરિ(૫). ત્રણની અંક સંજ્ઞાવાળા અંગિરાકુળનો એક ઋષિ.

હરિ(૬). અકંપન રાજાનો પુત્ર. (૧. અકંપન શબ્દ જુઓ) (ભા૨૦ દ્રો૦ ૫૨–૨૮; શાં૦ ૨૬૨–૮).

હરિ(૭). રાવણ પક્ષનો એક રાક્ષસ.

હરિ (૮). પાંડવ પક્ષનો એક ચેદી રાજા. એને યુદ્ધમાં કર્ણે માર્યો હતો. (ભા૨૦ ક૦ અ૦ ૫૧–૪૯).

હરિ (૯). તારકાક્ષનો પુત્ર. (ભા૨૦ક૦૨૪–૩૧).

હરિ (૧૦). ગરુડ પુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧–૧૩).

હરિકેશ. શિવ.

હરિકેશ (૨). પૂર્ણભદ્ર નામના યક્ષનો પુત્ર. એણે શિવનું આરાધન કરીને, કાશીક્ષેત્રનું ક્ષેત્રપાલપણું, ઉદભ્રમ અને સંભ્રમ એ બન્ને રુદ્રગણોનું આધિપત્ય, અને અન્નદાતૃત્વ સામર્થ્ય એમ

ત્રણ વરદાન પ્રાપ્ત કર્યાં હતાં. (મત્સ્ય૦ અ૦૧૭૯)

હરિકેશ (૩). વસુદેવના બાપ શ્યામકના બે પુત્રોમાંનો કનિષ્ટ પુત્ર.

હરિજટા. સીતાના સંરક્ષણને સારુ યોજેલિ રાક્ષસીઓમાંની એક.

હરિણ. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭–૧૧).

હરિણાશ્વ. સૂર્યવંશનો એક ક્ષત્રિય. (ભા૨૦ શાં૦ ૧૬૪–૭૯).

હરિણી. તામસ મન્વંતરમાં થએલા વિષ્ણુના અવતારની માતા.

હરિણી (૨). હિરણ્યકશિપુની પુત્રી અને અગ્નિની ભાર્યા. (ભા૨૦ વન૦ ૨૨૩–૧૮).

હરિત. સૂર્યવંશી ધ્રુવાક્રુકુલોત્પન્ન હરિશ્ચન્દ્ર રાજાનો પૌત્ર અને રોહિતનો પુત્ર. એનું બીજું નામ વૃક અને એના પુત્રનું નામ ચંપ રાજા હતું.

હરિત (૨). રુદ્ર સાવર્ણિ મન્વંતરમાં થનારા દેવ વિશેષ.

હરિતાશ્વ. સૂર્ય.

હરિદ્રુક. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫–૧૨).

હરિધ્રુમ્ન. એક ઋષિ. (ભા૨૦ સ૦ ૪–૨૨)

હરિમિત્ર. એ નામનો એક બ્રાહ્મણ.

હરિમેધા. પરમાત્મા–શ્રી નારાયણ. (ભા૨૦ શાં–૩૫૭–૬). (ભા ગ૦ ૧૧ સ્કં૦ અ૦ ૨૬).

હરિમેધા (૨). તામસ મન્વંતરમાંના વિષ્ણુના અવતારનો પિતા. જેનાથી એ અવતાર ઉત્પન્ન થયો તે. (ભાગ ૮–૧–૩૦).

હરિમેધા (૩). એક બ્રહ્મર્ષિ. ધ્વજવતીનો પિતા. (ભા૨૦ ઉ૦ ૧૧૦–૪૩).

હરિલોમા. રામની સેનાનો એક વાનર. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭૩).

હરિવંશ. સ્વર્ગારોહણિક પર્વની પછીનું હરિવંશ નામનું મહાભારતનું પર્વ. એ ' ખિલપુરાણ ' કહેવાય છે. અન્ય શાખાનું ભણવાનું અપેક્ષાને લીધે અન્ય શાખામાં ભણવામાં આવે તેને વેદમાર્ગમાં "ખિલ" કહેવામાં આવે છે, એ પ્રસિદ્ધ છે. મહાભારતમાં પણ અપેક્ષાને લીધે બીજા પુરાણના " હરિ વંશાદિ" ભાગ 'ખિલ' કહેવાય છે. (ભા૨૦ આ૦ ૨–૮૩).

હરિવર્ષ. પ્રિયવ્રતપુત્ર આગ્નીધ્ર રાજાને પૂર્વચિત્તિ નામની અપ્સરાને પેટે થએલા નવ પુત્રોમાંનો ત્રીજો પુત્ર. મેરુની કન્યા ઉગ્રદંષ્ટ્રી એની સ્ત્રી હતી. જંબુદ્વીપમાંના હેમકૂટ અને નિષધ એ બે પર્વતની વચ્ચે આવેલા આજ નામના ભૂભાગ પર એનું રાજ્ય હતું. (ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૨; ભા૨૦ ભી૦ અ૦ ૬).

હરિવર્ષ (૨). જંબુદ્વીપના વર્ષ સંજ્ઞાવાળા નવ ભાગ પૈકી હરિવર્ષ રાજાનો દેશ તે. આ ભાગ આપણી ઉત્તરે આવેલા કિંપુરુષ વર્ષની ઉત્તરે આવેલો છે. (ભા૨૦ સ૦ ૨૯–૮; ભા૦ ૬–૮).

હરિવાહન. ઇન્દ્ર.

હરિવાહન (૨). ગરુડ.

હરિવાહન (૩). સોમવંશીય પૂરુકુલોત્પન્ન ઉપરિચર વસુના પુત્રોમાંનો એક. કોઇ ગ્રંથમાં એનું ' મવિલ્લ ' એવું બીજું નામ આપ્યું છે.

હરિશ્ચન્દ્ર. સૂર્યવંશીય નિબંધન રાજાનો પૌત્ર અને સત્યવ્રત અથવા ત્રિશંકુ રાજાનો મોટો પુત્ર. (ભા૨૦ સ૦ ૭–૧૩; વ૦ ૭૭–૨૬; વિ૦ ૫૩–૧૬). એની માતાનું નામ સત્યવ્રતા, ભાર્યાનું નામ ચન્દ્રવતી અને પુત્રનું નામ રોહિત. (ભાગ૦૯ સ્કં૦ અ૦ ૭. હરિ વં. ૧–૧૩). ત્રિશંકુ રાજાની હયાતીમાં જ એને અયોધ્યાનું રાજ્ય કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો. (ત્રિશંકુ શબ્દ જુઓ). એને સો સ્ત્રીઓ હતી, તેમાં શિબિદેશની તારા એ જ્યેષ્ઠા હતી. (દેવી૦ ભા૦ ૭ સ્કં૦ અ૦ ૧૪; ભા૨૦ સ૦ અ૦ ૧૨). તારાને રોહિત શી રીતે ઉત્પન્ન થયો હતો એ સારુ શુનઃશેપ શબ્દ જુઓ.

હરિશ્ચન્દ્ર વસિષ્ઠનો મોટો ગુરુભક્ત શિષ્ય હતો. આથી એના ઉપર વસિષ્ઠનો ઘણો પ્રેમ હતો.

એક સમય વસિષ્ટ ઇન્દ્રસભામાં ગયા હતા, ત્યાં સહજ વાત નિકળતાં એમણે હરિશ્ચન્દ્રની વર્ત્તણુકનું વર્ણન કરીને એનાં બહુ વખાણ કર્યાં. વિશ્વામિત્ર ત્યાં બેઠા હતા તેનાથી આ સંખાયું નહિ. છેવટે ન રહેવાયાથી વિશ્વામિત્રે કહ્યું કે જેણે વરુણની સાથે ઘણી વાર ઠગાઈ કરી એવા કપટી હરિશ્ચન્દ્રનાં આટલાં વખાણ કેવાં ? છતાં વસિષ્ટ એનાં વખાણ કરતાં અટકયા નહિ. વિશ્વામિત્ર આથી કોપાયમાન થયા અને એમણે પ્રતિજ્ઞા કરી કે હરિશ્ચન્દ્રના સત્યશીલપણાની પરીક્ષા કરતાં શી વાર ? જો મારી પરીક્ષામાં એ સત્યમાં ટકયો તો મારા કરેલા તપનું ફળ તમને પ્રાપ્ત થાઓ. જો ન ટકયો તો તમારા તપનું ફળ મને પ્રાપ્ત થાઓ. આમ પ્રતિજ્ઞા કરીને વિશ્વામિત્ર ચાલ્યા ગયા. ત્યાર પછી વસિષ્ઠ પણ સ્વસ્થાને આવ્યા. (દેવી૦ ભા૦ ૭ સ્કં૦ અ૦ ૧૭).

હવે હરિશ્ચન્દ્રને સત્ય ચૂકાવવાની સંધિ વિશ્વામિત્ર જોઇ રહ્યા છે, એવામાં એકદા હરિશ્ચન્દ્ર મૃગયાસારુ અરણ્યમાં ગયો. એ જાણી વિશ્વામિત્રે એક માયાવી વરાહ ઉત્પન્ન કર્યો અને એનાવડે અરણ્યના પ્રાણીઓને ઘણી પીડા ઉપજાવી. એ જોઇ હરિશ્ચન્દ્ર વરાહ-ડુક્કરની વાંસે પડયો. પણ ડુક્કર રાજાને દોડાવીને ઘણે દૂર લઇ જઇ પોતે અદૃશ્ય થઇ ગયો. હરિશ્ચન્દ્ર થાકી ગયો હતો તે થોડો કાળ વિશ્રાંતિ લેતાં લેતાં વિચાર કરતો હતો કે અહો, હું કેટલે બધે દૂર આવ્યો ? હવે નગરમાં કીએ રસ્તે જવું ? એટલામાં એણે અકસ્માત એક બ્રાહ્મણને દીઠો. બ્રાહ્મણની જોડે એક પુત્ર અને એક પુત્રી હતાં. વસ્તુતઃ વિશ્વામિત્ર પોતે જ બ્રાહ્મણનું રુપ લેઇને આવ્યા હતા. રાજાએ બ્રાહ્મણને વંદન કર્યું અને નગરમાં જવાનો માર્ગ પૂછયો. પછી બ્રાહ્મણે તું કોણ વગેરે પ્રશ્નો પૂછવા. તેના ઉત્તર આણે યથાસ્થિત આપ્યા. (દેવી ભા૦ ૭ સ્કં૦ અ૦ ૧૮)

બ્રાહ્મણે રાજાને કહ્યું કે તું અનાયાસે અહીં આવી ચઢયો છે, તો તારે આ પાસેના તીર્થમાં સ્નાન કર્યા વગર જવું તારા જેવાને અનુચિત છે, માટે તું નહાવા ચાલ. હું તને પછી તારો માર્ગ દેખાડીશ. ઠીક, કહીને હરિશ્ચન્દ્ર તીર્થમાં સ્નાન કરવા ગયો. સ્નાન કર્યા પછી દેવતર્પણ, ઋષિતર્પણ અને પિતૃતર્પણ કરી રાજાએ બ્રાહ્મણને કહ્યું કે દક્ષિણા માગો. બ્રાહ્મણે કહ્યું કે આ મારી જોડે મારો પુત્ર છે. આ કન્યા કોઇ બીજાની છે. કન્યાના પિતાની ઇચ્છા એને મારા પુત્રાર્થે આપવાની છે. પરંતુ એ બ્રાહ્મણ પાસે કન્યાદાન સારુ દ્રવ્ય બિલ્કુલ ન હોવાથી એણે આ કન્યા મને એમને એમ આપી ને કહ્યું છે કે, તું તારી મેળે એનું લગ્ન કરી લેજે. હવે હું પણ દ્રવ્યહીન છઉં. માટે તું જો આ બન્નેનું લગ્ન કરી આપીશ તો તને ઘણું પુણ્ય થશે.

આ બધી વાત ખરી જાણી રાજાએ તે બન્નેનો વિવાહ કર્યો. ફરી બ્રાહ્મણને કહ્યું કે બીજું કાંઇ માગો. બ્રાહ્મણે કહ્યું કે હું તો દક્ષિણા પછી માગીશ પણ પહેલી તેં વિવાહ કર્યો છે. એ મારા પુત્રને દક્ષિણા આપ. રાજા કહે બહુ સારુ, માગી લો. બ્રાહ્મણે કહ્યું તારું બધું રાજ્ય આને આપ એટલે થયું. આ સાંભળીને રાજાને મતિભ્રમ થઇ ને એણે તત્કાળ હાથમાં અંજલી લીધી. (કેટલાક ગ્રન્થોમાં રાજાએ સ્વપ્નમાં દાન કર્યું એવું યે છે). ગમે તેમ હો, પણ રાજાએ સંકલ્પ કરીને બ્રાહ્મણના હાથમાં પાણી મૂકયું એ વાત ખરી.

પછી બ્રાહ્મણે રાજાની ઘણી સ્તુતિ કરીને કહ્યું કે રાજા તું દાનેશ્વરી છે એમ મેં સાંભળ્યું હતું તે ખરું છે- પણ હવે મને શી દક્ષિણા આપે છે ? રાજાએ કહ્યું કે માગો, પણ મારી પાસે હાલ્લા તો કશું યે આપવાનું નથી. હું નિરાંતે સોઇ પડયે આપીશ. ભલે તને જ્યારે ફા વે ત્યારે આપજે.

પણ હાલ તુરતનો તું મારા હાથમાં અઢીભાર સુવર્ણનો સંકલ્પ કરીને આપ. એમ બ્રાહ્મણે કહેતાં રાજાએ જેવું એના હાથમાં પાણી મૂકયું, તેવો જ બ્રાહ્મણ અદૃશ્ય થયો. બ્રાહ્મણનો છોકરો અને વહુ એ પણ અદૃશ્ય થઇ ગયાં.

આ ઉપરથી વિસ્મય થએલો રાજા અશ્વારુઢ થઇ નગર તરફ ગયો. કેટલેક દિવસે એના મંત્રીઓ એને મળી ગયા ને એને નગરમાં લઇ ગયા. પરંતુ રાજાને રાજ્ય કરવું સારું લાગે નહિ; પોતે રાજ્ય અરણ્યમાં બ્રાહ્મણને આપ્યું છે, એ વાતનુ સ્મરણ થયા કરે. રાજાને આમ ઉદાસીન જોઇને તારાએ એને પૂછયું કે આપ આમ અમનસ્ક કેમ જણાઓ છો ? પણ રાજાએ એને કશું કહ્યું નહિ.

થોડા દિવસ થયા એટલે અરણ્યવાસી એક બ્રાહ્મણ એની પાસે આવ્યો. રાજાએ એને ઓળખ્યો અને કહ્યું કે બ્રાહ્મણ ! આ સઘળું રાજ તારું છે, તું તારે સંભાળ. હવે માત્ર અઢીભાર સોનું જ બાકી રહ્યું છે, તે હું તને સાવકાસે આપીશ.

પછી રાજાએ તારામતીને અને રોહિતને કહ્યું કે આપણા ત્રણેના દેહ ખેરીજ કરીને બધું રાજપાટ મેં આ બ્રાહ્મણને દાન કરી દીધું છે, માટે તમે મારી જોડે ચાલો. રાજા નગર બહાર જતો હતો તે જોઇને રાણી એની જોડે થઇ. આ જોઇને નાગરિકોને જે શોક થયો તેનું વર્ણન થઇ શકે એમ નથી. (દેવી ભાગ૦ ૭ સ્કં૦ અ૦ ૧૮).

સ્ત્રી અને પુત્ર સહિત અયોધ્યાથી નિકળેલો હરિશ્ચન્દ્ર કાશી ગયો. ત્યાં વિચાર કરવા લાગ્યો કે અઢીભાર એટલે વીસ હજાર તોલા સોનું આ બ્રાહ્મણને શી રીતે આપવું, એના મનમાં આવ્યું કે સ્ત્રી અને પુત્રને વેચીને તેમાંથી આનું સોનું આપું. પછી જો બાકી રહે તો હું જાતે વેચાઇને પૂરું કરું. (અ૦૨૦) આમ રાજા, સ્ત્રી અને પુત્ર વેચવાને ઉભો છે, ત્યાં વેષ પલટીને વિશ્વામિત્ર પોતે આવ્યા. હરિશ્ચન્દ્રે આંકેલી કિંમત આપીને એમણે બન્નેને વેચાતાં લીધાં. તારામતી અને છોકરાને ઘોલકાપો કરીને એમણે કહ્યું જલ્દી ચાલો. એ ગયાં. થોડી વાર થઇ એટલે વિશ્વામિત્ર બ્રાહ્મણરુપે પાછા આવ્યા અને મારી દક્ષિણા આપ એમ કહેવા લાગ્યા. હરિશ્ચન્દ્ર કહે આ લો. બ્રાહ્મણ કહે આ દ્રવ્ય તેં ક્યાંથી આણ્યું ? અને બાકી રહેલી દક્ષિણા ક્યારે આપીશ ? આજ સાંજ સુધીમાં મારું બાકી રહેલું દ્રવ્ય નહિ આપે તો હું તને શાપ દઇશ. (મત્સ્ય-અ૦ ૨૧-૨૨)

કાશીના બજારમાં ઉભાં રહીને હરિશ્ચન્દ્રે મોટે ધાંટે કહ્યું કે હું મારું તેટલું મૂલ્ય આપો અને મને પોતાને કોઇ વેચાતો લ્યો. પણ એટલું દ્રવ્ય આપીને વેચાતી લેનાર કોણ મળે ? કોઇ માગણી કરે નહિ. એટલામાં કોઇ એક બ્રાહ્મણ એક સધન ચાણ્ડાલને લઇને ત્યાં આવ્યો. ચાણ્ડાલે કહ્યું કે તું માગે તે આપીને હું તને લેવા તૈયાર છું. બ્રાહ્મણે કહ્યું, આ સ્મશાન રક્ષક ચાણ્ડાળ માગે તેટલા પૈસા આપીને લેવા તૈયાર છતાં, કાં રે તું લેતો નથી ? દિવસ થોડો જ રહ્યો છે. પછી મારી જોડે કામ છે હોં ! દીનવાણીથી હરિશ્ચન્દ્રે કહ્યું, મહારાજ હું સૂર્યવંશી રાજા હોઇને ચાણ્ડાલને ત્યાં કેમ વેચાઉં ? કોઇ બ્રાહ્મણ કે ક્ષત્રી લેનાર મળે તો મને સંતોષ થાય. આપ કહો છો કે તને વેચાતો લેનાર કોઇ ઉભો યે રહેતો નથી. તો એમ કરો કે આપ જ મને વેચાતો લ્યો અને પોતાનો દાસ કરો. બ્રાહ્મણ કહે ઠીક ત્યારે તું મારો દાસ. અને મારો દાસ હોવાથી હું તને ચાણ્ડાળને ત્યાં વેચું છું; તું ત્યાં જા. છેવટે નિરુપાય થઇ હરિશ્ચન્દ્રે ચાણ્ડાળ પાસેથી પૈસા લીધા, બ્રાહ્મણનું દેવું પતાવ્યું અને ચાણ્ડાળ જોડે ચાલવા માંડયું. તે વખત આકાશમાં વાણી

થઈ કે હરિશ્ચન્દ્ર રાજા, વિશ્વામિત્રના ઋણમાંથી તું મુક્ત થયો છે. (દેવી૦ ભા૦ સ્કં૦ સ૦ ૨૩)

વિશ્વામિત્રના ગયા પછી, પ્રવીર અથવા વીરબાહુ નામનો ચાણ્ડાળ હરિશ્ચન્દ્રને પોતાને ત્યાં લઇ ગયો. "તું સ્મશાનમાં જઈને રહે અને દરેક મડદું આવે તેનાં લૂગડાં અને દ્રવ્ય જે હોય તે તારે મને આપી જવાં," એવી આજ્ઞા કરી. નિશાની દાખલ એનો પોતાનો દણ્ડ એને આપ્યો. આ પ્રમાણે હરિશ્ચન્દ્રે એ દુર્ગંધ ભરેલી જગામાં રહીને મહાદુઃખે બાર મહિના સુધી આ ચાણ્ડાળની નોકરી કરી. (અ૦ ૨૪)

બારમો મહિનો પૂરો થયો એટલે એક દિવસ કાલકૌશિક નામના બ્રાહ્મણે–જે વિશ્વામિત્ર જ હતા–રોહિતને દર્ભસમિધ લેવા મોકલ્યો. એણે એક સર્પને આજ્ઞા કરી રોહિતને દંશ કરાવ્યો. આ વર્ત્તમાન એની જોડે ગયેલા બીજા બાળકોના કહેવાથી તારામતી શોકાકુળ થઇ; એણે પોતાના છોકરા પાસે જવાની આજ્ઞા માગી. આટલું કામ કરીને જા. એમ કહીને છેક મધ્ય રાત્રિયે એને જવાની રજા આપી. એ ગઇ એટલે વિશ્વામિત્ર-પેલો બ્રાહ્મણ–એની પૂંઠે પૂંઠે ગયો અને નગરજનોને આઘેથી આંગળી કરીને તારામતીને બતાવીને કહ્યું કે જોઇ, પેલી છોકરા ખાનારી રાક્ષસી ! ચાલો એને પકડીએ. એટલામાં દિવસ ઉગવાની તૈયારી થઈ. તારામતીને પકડી અને એના પોતાના છોકરાનું પ્રેત એને જ માથે મૂકાવીને વીરબાહુ ચાણ્ડાલને ત્યાં મારી નંખાવવા લાવ્યા. એણે બધી વાત સાંભળીને એને મારી નાંખવાની હરિશ્ચન્દ્રને આજ્ઞા કરી. હરિશ્ચન્દ્રે સ્ત્રીહત્યા બહુનિંદ્ય છે વગેરે કહીને ઘણે પ્રકારે વીરબાહુને સમજાવ્યો; પણ એણે કશું કાને ન ધરતાં, હરિશ્ચન્દ્રને મારી આજ્ઞા પ્રમાણે તારે આનો વધ કરવો જ જોઇએ, એમ કહ્યું. નિરુપાય થઈ ને હરિશ્ચન્દ્રે ખડ્ગ હાથમાં લીધું અને તારામતીને કહ્યું કે આ લોક કહે છે તેમ જો તું રાક્ષસી હોય તો તો મારે કશું કહેવાનું નથી. પરન્તુ જો મનુષ્ય હોય તો તારું જે રક્ષણકર્ત્તા હોય તેનું સ્મરણ કર. તારામતીએ અશ્રુપૂર્ણ આંખો નીચી કરીને કહ્યું કે મારું દૈવ જ મારા પર રુઠ્યું છે. આ મરણ પામેલો મારો પોતાનો પુત્ર હોઇ, હું એના મરણથી શોકાકુળ બની રહી છઉં, છતાં હું એનું જ ભક્ષ કરનારી રાક્ષસી ઠરી ! પુત્રનો પુત્ર ગયો અને મારા પોતાના પર આ મરણનો પ્રસંગ આવ્યો ! આપત્તિ કાળમાં સ્ત્રીનું રક્ષણ તેનો પતિ કરે, તે મારો પતિ તો મને અંતરિયાળ વેચીને પોતે ચાણ્ડાળની સેવામાં ગુંથાયો છે. તો હું એકલી કોનું સ્મરણ કરું ? મારો પુત્ર મરણ પામ્યો છે અને હવે હું પણ મરીશ જ. માટે વિધાતાની પ્રાર્થના કરું છઉં કે મને જન્મોજન્મ હરિશ્ચન્દ્ર સરખો પતિ, રોહિતના સરખો પુત્ર, વસિષ્ટ સરખા ગુરુ અને વિશ્વામિત્ર સરખા યાચક મળજો. આમ કહીને એણે તરવારનો ઘા ઝીલવા પોતાની ગરદન નમાવી. તારામતીના શબ્દો સાંભળી હરિશ્ચન્દ્ર સ્તબ્ધ થઇ ગયો. પછી એને મારવાને એણે તરવાર ઉગામી. તારામતીના શબ્દો સાંભળી અદૃશ્ય રહેલા વિશ્વામિત્રનું હૃદય તદ્દન પીગળી ગયું અને એમણે પ્રત્યક્ષ થઇ, રાજા ઉગામેલી તરવારે ઘા કરે તે પહેલાં જ, તેના હાથમાંથી લઇ લઇને ભોંયપર નાંખી દીધી.

પછી વિશ્વામિત્રે રોહિતને સજીવ કરી, તારામતી, રોહિત અને હરિશ્ચન્દ્રને એકઠાં કર્યાં. બધાંને અયોધ્યા લઇ જઇ રાજાને પુનઃ ગાદીપર બેસાડ્યો. પોતે હાર્યો એમ કબૂલીને પોતાના તપનું ફળ પ્રતિજ્ઞા પ્રમાણે વસિષ્ઠને આપી, હરિશ્ચન્દ્રની ક્ષમા માગી પોતાને આશ્રમે ગયા.

હરિશ્ચન્દ્રે ત્યારપછી ઘણા કાળ સુધી અયોધ્યાનું રાજ્ય ન્યાય પુરસ્સર ચલાવ્યું. છેવટે રોહિતને યુવરાજ કરી અયોધ્યામાંથી જેટલાં આવ્યાં તેટલાં મનુષ્યોને જોડે લઇ પોતે સ્વર્ગે ગયો.

આ પ્રમાણે હરિશ્ચન્દ્રના યશ શુક્રાચાર્યે ગાયા છે. (દેવી ભાગ૦ ૭ સ્કં૦ અ૦ ૨૪–૨૭). દેવીભાગવતમાં હરિશ્ચન્દ્રનું આખ્યાન જે કે આખું પણ અસંગત છે. અહીં માર્કંડેય પુરાણાદિ ગ્રંથોમાંથી હકીકત લઇ વ્યવસ્થિત કરીને ઉપજાવી કાઢીને લખ્યું છે. વખતે ન્યૂનાધિક હશે યે ખરું.

હરિશ્ચન્દ્ર અને એની સ્ત્રીએ રોહિતની ચિતામાં જ બળી મરવાનું ધારતાં, પોતાના માલિક ચાણ્ડાલની રજા વગર પોતાનો દેહ પાડવા હરિશ્ચન્દ્રે ના કહી. પછી એણે વિષ્ણુનું ધ્યાન ધર્યું. ધર્મને આગળ કરીને બધા દેવો ત્યાં આવ્યા. જોડે વિશ્વામિત્ર પણ હતા. તેમણે હરિશ્ચન્દ્ર, તેની પત્ની અને પુત્રનો સ્વર્ગમાં જવાનો હક્ક છે એમ ઠેરવીને કહેતાં હરિશ્ચન્દ્રે પોતાના શેઠની રજા વગર જવાની ના કહી. પછી ચાણ્ડાલે રજા આપતાં પોતાની પ્રજાને મુકીને જવાનું એને ઠીક ન લાગ્યું. પછી પોતે મિત્રો અને પ્રજાજન સાથે સ્વર્ગમાં ગયો.

નારદની પ્રેરણાથી હરિશ્ચન્દ્રે પોતાનાં સુકૃત્યોનાં વખાણ કર્યાં. આમ કરવાથી એને સ્વર્ગમાંથી કાઢી મૂક્યો. એ નીચે પડતો હતો તે વખત એને પોતાના કૃત્યનો ઘણો પસ્તાવો થવાથી, છેક નીચે ન પડતાં અંતરિક્ષમાં આવેલા એક નગરમાં અટકી ગયો. એ હજુએ ત્યાં છે: અને એ શહેર, ગાંધર્વનગર, આકાશમાં કદી કદી લોકની નજરે પડે છે.

(ડાઉસન પા. ૧૨૬)

હરિશ્રાવા. ભારતવર્ષીય નદી.

હરિહય. ઇંદ્ર.

હરિહય (૨). સૂર્ય.

હરિહય (૩). સ્કંદ.

હરિહર. વિષ્ણુ અને શિવ બન્ને. આ બન્નેમાં માત્ર નામભેદ જ છે. રૂપમાં ભેદ ન હોઇ બન્ને ઇશ્વર જ છે; કારણ કે ઇશ્વર સાત્વિક પ્રકૃતિનો અંગીકાર કરી આ જગતના નિમિત્ત કારણ, અને તામસ પ્રકૃતિનો અંગિકાર કરી આ જગતના વિવર્તોપાદાન કારણ થયા. એમ ઉપનિષદ્‌ભાગરુપ બ્રહ્મવિદ્યાશાસ્ત્રમાં કહ્યું છે. મૃગજળની ઉત્પત્તિનું વિવર્તોપાદાન કારણ રશ્મિ છે અને મધ્યાહ્ન કાળનો સૂર્ય નિમિત્તકારણ છે, છતાં બન્ને કારણો તે એક જ છે. તેમ જ હરિહર બે નામવડે એક ઈશ્વર એવો નિશ્ચયાત્મક સિદ્ધાંત સમજીને, સૂર્ય જેમ મહાકાશાશ્રિત છે. તેમ ઇશ્વર પરબ્રહ્માશ્રિત છે એમ સમજવું.

સારાંશ, હરિહર, વિષ્ણુ શિવનું મૂળ રુપ, આ પ્રકારનું હોઇને ઇશ્વરભાવમાં તો બન્ને નિત્યમુક્ત છે. બ્રહ્મમુક્ત એટલે બ્રહ્મદેવની પેઠે જીવત્વમાં આવીને પછી મુક્ત થએલા એવા નહિ. સદા કાળ મુક્ત જ છે. જીવત્વમાં આવીને મુક્ત થનાર બ્રહ્મમુક્ત કહેવાય છે; માટે બ્રહ્મદેવની ગણના બ્રહ્મમુક્તમાં હોઇ તે પૃથ્વીપરના સઘળા બ્રહ્મમુક્તોના મુકુટમણિ છે. બ્રહ્મમુક્તની બીજી સંજ્ઞા જીવનમુક્ત છે.

આ જે હરિહરનાં મૂળરુપ કહ્યાં, તે જ હરિહર સ્વકીય ઇચ્છાને લઇને જલકરન્યાયે એટલે જેમ વર્ષાદનું પાણી કરાનું રુપ પકડે તેમ, વિગ્રહ ધારણ કરીને પોતે પોતાના લોક નિર્માણ કરીને ત્યાં રહે છે. જગતની ઉત્પત્તિને અંગે વિવર્તોપાદાન હેતુરુપ જે બે મુખ્ય ઉપાધિ, તેપણ એમણે બ્રહ્મદેવને સોંપી દીધી છે; તેથી એમને સ્ત્રીપુત્રાદિક ગૌણ ઉપાધિ નથી, એ ખુલ્લું જ છે. એમના લોકમાં બ્રહ્મદેવ અને સનકાદિ ચાર ભાઇઓની જ માત્ર ગતિ છે. ઇતર ભેદબુદ્ધિવાળા અને મત્સરી ભૃગ્વાદિને ગતિ નથી.

જે જીવ આ બન્નેમાં ભેદબુદ્ધિ ન રાખતાં નિર્મત્સર બુદ્ધિથે અત્યુત્તમ વૈરાગ્યપૂર્વક એમની ઉપાસના કરે છે તે એમના લોકમાં પુણ્યતારતમ્યાનુરુપ સાલોક્ય, સામીપ્ય, સારુપ્ય અને સાયુજ્ય ક્રમે ક્રમે એવી મુક્તિ મેળવી, પરિણામે અખંડ બ્રહ્મકૈવલ્ય પામે છે, તેમનામાં અંતર કિંવા બ્રહ્મનિષ્ઠા સંબંધમાં ભેદબુદ્ધિવડે અનાદર થયો, તો તે તત્કાળ પતન પામે છે. આ સંબંધમાં જય વિજયનું ઉદાહરણ બસ છે.

આમણે જેવી રીતે જગદુત્પત્તિની શક્તિ બ્રહ્મદેવને આપી છે, તે પ્રમાણે જગતના પાલનસંહારણની શક્તિ પણ આપી છે. જો તેના પાલનઅર્થે કદી અસમર્થ થાય, તો તત્કાળ ત્યાં પોતે પ્રકટ થઇને બ્રહ્મદેવને સાહ્ય કરે છે. ઉદાહરણ હંસઋષિનું છે.

સારાંશ વિષયોન્મુખ જીવોને સ્વરુપોન્મુખ કરવા એટલી જ ઉપાધિ એમને (હરિહરને) છે; બીજી નહિ.

બીજી જે ભૃગ્વાદિએ લાત મારી હતી વગેરે વાતો કહેવાય છે, તે આમની નહિ પણ તેમની વિભૂતિરુપ અવતારની સમજવી.

હરિહર એ બ્રહ્મચૈતન્યનું અથવા પરમાત્માનું અદ્વિતિય સંયુકત સ્વરુપ છે. કેટલાક આગમ મતોમાં તેમનું અર્ધનારીશ્વર અથવા સાંબ રુપે વર્ણન આવે છે.

હરી. ક્રોધવશાને પેટે કશ્યપને થએલી નવ કન્યામાંની એક. ઘોડા, વાનરો અને ગોલાંગુલોની ઉત્પત્તિ એનાથી થઇ છે. (ભા૨૦ આ૦ ૬૭–૬૦).

હરેદ્વલેદ. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

હર્મ્યચન્દ્ર. ક્ષેત્ર વિશેષ.

હર્યશ્વાયન. એક બ્રહ્મર્ષિ.

હર્યશ્વન. સોમવંશી આયુપુત્ર વૃદ્ધના પુત્ર કુશ નામના પૌત્રના વંશમાંના કૃતરાજાનો પુત્ર. એનો પુત્ર સહદેવ.

હર્યશ્વ. પ્રાચેતસ દક્ષે બીજીવાર જે બીજા દસ સહસ્ર પુત્રો ઉત્પન્ન કર્યા હતા તેમાંનો પ્રમુખ.

હર્યશ્વ (૨). ક્ષત્રિય કાશીરાજ. એનો પુત્ર તે સુદેવ. દિવોદાસ એનો પુત્ર થાય. (ભા૨૦ અનુ૦ ૮–૧૧–૧૪).

હર્યશ્વ (૩). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન કુવલાક્ષ રાજાનો પૌત્ર, દૃઢાશ્વ રાજાનો પૌત્ર અને પ્રમોદરાજાનો પુત્ર. એના પુત્રનું નામ નિકુંભરાજા.

હર્યશ્વ(૪). સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના અયોધ્યાપતિ અનરણ્ય રાજાનો જ્યેષ્ટ પુત્ર. એને માધવી નામની યયાતિની કન્યાની કૂખે વસુમના નામે પુત્ર થયો હતો. (૩ ગાલવ શબ્દ જુઓ). એની મુખ્ય વિવાહિત સ્ત્રી તે દૃષદ્વતી. એને પેટે અરુણ રાજા જન્મ્યો હતો. મધુ નામના દૈત્યની પુત્રી મધુમતી એની બીજી ભાર્યા હતી. તેને પેટે યદુ નામે પુત્ર થયો હતો. (ભા૨૭ ઉ. ૧૧૫–૧૮; હરિવં૦ ૨–૩૭).

હર્યશ્વ (૫). વિદેહવંશી ધૃષ્ટકેતુ જનકનો પુત્ર. મરુજનક આનો પુત્ર થાય.

હર્યશ્વ (૬). સુદેવ રાજાનું બીજું નામ.

હર્યશ્વિ. નીલપરાસર કુલોત્પન્ન ઋષિ.

હર્યક્ષ. ઉત્તાનપાદ વંશના પૃથુરાજાને અર્ચિને પેટે થએલા પાંચ પુત્રોમાંનો ત્રિજો પુત્ર.

હર્યાતિમા. ઉત્તમા નામના વ્યાસનું બીજું નામ.

હર્ષ. અગડાની સંજ્ઞાવાળો સંતોષ તે જ.

હર્ષ (૨). મિત્રવિંદાની કૂખે કૃષ્ણને થએલા પુત્રોમાંનો એક.

હર્ષ (૩). ધર્મપ્રજાપતિનો પુત્ર. એની સ્ત્રીનું નામ નન્દા હતું. (ભા૨૦ આ૦ ૬૭–૩૧–૩૩).

હલધર. હથીઆર તરીકે હળ રાખતા હતા તે ઉપરથી પડેલું બળરામનું નામ.

હલમય. વિશ્વામિત્ર કુલોત્પન્ન એક ઋષિ.

હલાયુધ. બલરામ તે જ.

હલિમક. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭–૫).

હવિર્યાન. ઉત્તાનપાદ વંશના વિજિતાશ્વ રાજાને નભસ્વતીની કૂખે થએલો પુત્ર. આને હવિર્ધાની

અથવા ધીષણા નામની સ્ત્રીને પેટે બર્હિષદ્ (બીજો પ્રાચીનબર્હિ), ગય અથવા સાંગ, શુકલ, કૃષ્ણ, સત્ય અને જિતવ્રત એમ છ પુત્રો થયા હતા.

હવિર્ધાની. હવિર્ધાન રાજાની સ્ત્રી, ધીષણાનું બીજું નામ.

હવિર્ધ્ર.. એક રાજર્ષિ.

હવિર્ભુવા. કર્દમ પ્રજાપતિને દેવહૂતીની કૂખે થએલી નવ કન્યામાંની એક. આ સ્વાયંભુ મન્વંતરમાંના પુલસ્ત્ય ઋષિની સ્ત્રી હતી.

હવિષ્યંત. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

હવિષ્યંદ. મરીચિગર્ભ લોકમાં રહેનાર પિતર વિશેષ. એ અંગિરા ઋષિનો પુત્ર હોઇ ક્ષત્રિયોને પૂજ્ય છે.

હવિષ્મતી. બૃહસ્પતિને શુભાની કૂખે થએલી સાત કન્યામાંની પાંચમી.

હવિષ્મતી (૨). અંગિરસ ઋષિની પુત્રી. (ભા૨૦ વ૦ ૨૨૧–૭).

હવિષ્માન. બ્રહ્મસાવર્ણિ મન્વંતરમાંના સપ્તર્ષિયોમાંનો એક.

હવિષ્માન (૨). અંગિરસ દેવોમાંનો એક.

હવિષ્માન (૩). એક ઋષિ વિશેષ. (ભા૨૦ સ૦ ૭–૧૩).

હવીંદ્ર. વસિષ્ઠપુત્રોમાંનો એક. એ સ્વારોચિષ મન્વંતરમાંનો પ્રજાપતિ હતો.

હવ્યવાન. રૈવત મનુના પુત્રોમાંનો એક.

હવ્યવાહ. ધર નામના વસુના પુત્રોમાંનો એક.

હવ્યવાહ (૨). પવમાન અગ્નિનો પુત્ર.

હવ્યસૂદ. યજ્ઞમાં પશુમારણ કર્મમાં જે અગ્નિ પ્રધાન છે તે.

હંસ. બ્રહ્મદેવના માનસપુત્રોમાંનો એક વિરક્ત પુત્ર.

હંસ (૨). એક સમય સત્યલોકમાં બ્રહ્મદેવને સનકાદિકોએ અધ્યાત્મવિષય સંબંધી કાંઇ પ્રશ્ન કર્યો. તે વખત બ્રહ્મદેવની વૃત્તિ બીજા કાર્યમાં ગુંથાયલી હોવાથી સનકાદિકોને એમનાથી યથાસ્થિત ઉત્તર અપાયો નહિ. એવું જોઇને

વિષ્ણુ અને શિવરુપી ઇશ્વર, હંસનાં રુપ ધારણ કરીને ત્યાં પ્રાપ્ત થયા, અને તેમણે સનકાદિકોના સંશયનો નાશ કર્યો તે રુપો વિશેષ. (ભાગ૦ ૧૧ સ્કં૦ અ૦ ૧૩).

હંસ (૩). બ્રહ્મદેવનું સામાન્ય નામાન્તર.

હંસ (૪). વિષ્ણુનું સામાન્ય નામાન્તર.

હંસ (૫). શિવનું સામાન્ય નામાન્તર.

હંસ (૬). ગુરુનું બીજું નામ.

હંસ (૭). કશ્યપને અરિષ્ટાની કૂખે થએલા પુત્રોમાંનો એક, ગંધર્વ. (ભા૨૦ આ૦ ૬૮–૮૩). ભોમવંશી ધૃતરાષ્ટ્ર તે આ ગંધર્વનો અંશાવતાર હતો.

હંસ (૮). બાર સાધ્યદેવોમાંનો નવમો.

હંસ (૯). ડિમ્ભરાજાનો મોટો ભાઇ. (હંસડિંભક શબ્દ જુઓ). આને બલરામે માર્યો હતો. (ભા૨૦ સ૦ ૧૪–૪૩).

હંસ (૧૦). વસુદેવને શ્રીદેવાની કૂખે થએલા પુત્રોમાંનો એક.

હંસ (૧૧). મેરુના કર્ણિકાપર્વતોમાંનો એક.

હંસ (૧૨). યજુર્વેદોપનિષત્.

હંસકૂટ. ક્ષેત્ર વિશેષ. (ભા૨૦ આ૦ ૧૨૪–૫૧).

હંસકેતુ. હંસધ્વજ શબ્દ જુઓ.

હંસચૂડ. એક યક્ષ. (ભા૨૦ સ૦ ૧૦–૧૮).

હંસજિહ્વ. બ્રહ્મર્ષિ વિશેષ.(૩ભૃગુ શબ્દ જુઓ).

હંસજિહ્વ (૨). બ્રહ્મર્ષિ વિશેષ.(૩ અંગિરા શબ્દ જુઓ).

હંસડિમ્ભક. હંસ અને ડિમ્ભક એ બન્ને ભાઇઓ હોઇ કરુષક દેશના રાજા હતા. એઓ શસ્ત્રથી અવધ્ય – વરદાનને લીધે મરે નહિ એવા– હોઇ પરાક્રમી હતા. જરાસંધ રાજાના પ્રધાન હતા. આવા જબરા પ્રધાનોના બળની જરાસંધને મોટી ઓથ હતી. એક સમય જ્યારે કૃષ્ણને જરાસંધની સાથે યુદ્ધ થતું હતું, તે વેળા હંસને બલરામના શસ્ત્રાઘાતથી મૂર્છા થઇ અને એ ભૂમીપર પડયો. ઘણી વાર સુધી એની મૂર્છા વળી નહિ: એટલે એના ભાઇ ડિમ્ભકને લાગ્યું કે એ મરણ પામ્યો. આથી

પોતે જઈને યમુનામાં ઝંપલાવ્યું અને પ્રાણ તજ્યા. કેટલીક વારે હંસને મૂર્છા વળતાં એને પોતાના ભાઇના મૃત્યુની વાતની ખબર થઇ, એટલે એણે પણ જઇને યમુનામાં પડીને પોતાના પ્રાણ તજ્યા. આમ બન્ને ભાઇઓ શસ્ત્ર વગર મરણ પામ્યા. (ભા૨૦ અ૦ ૧૪-૪૩).

હંસતીર્થ. પ્રયાગમાં ભાગીરથીના પૂર્વભાગમાં આવેલું તીર્થ વિશેષ.

હંસતીર્થ (૨). નર્મદા ઉપરનું એક તીર્થ વિશેષ.

હંસધ્વજ. ચંપકાનગરીનો રાજા. એણે પાંડવોના અશ્વમેધનો ઘોડો બાંધ્યો હતો. એને વિદૂરથ, ચંદ્રસેન અને ચંદ્રકેતુ વગેરે ભાઇઓ હતા. સુરથ, સુધન્વા, સુદર્શન, સુબલ અને સમ એમ પાંચ પુત્રો હતા. સુમતિ, સુગતિ, તુષ્ટ અને શ્રદ્ધાલુ એ આના મંત્રી હતા. શંખ લિખિત ઉપાધ્યાય હતા. એ પોતે ઘણો પરાક્રમી હતો અને એની પાસે સેના પણ પુષ્કળ હતી.

એણે ઘોડો પકડીને સર્વેને આજ્ઞા કરી કે સબળાએ ફલાણે વખતે રણભૂમીપર હાજર થવું. મુકરર કરેલા વખતમાં અંતર પડતાં તે માણસને ઉકળતા તેલની કઢામાં નાંખવામાં આવશે, એવી આજ્ઞા કરી હતી. આ ઉપરથી સબળા આજ્ઞા કર્યા પ્રમાણે ઠેરવેલે વખતે સમરાઙ્ગણપર આવી હાજર થયા.

ઠેરવેલે વખતે હંસધ્વજ રણક્ષેત્રપર આવ્યો. એણે સુમતિ આદિ પોતાના મંત્રીઓ, તેમના વિરકેતુ, તીવ્રરથ અને શતધન્વા વગેરે પુત્રો, એના પોતાના ભાઇ, તેના પુત્રો વગેરે જોયા. પરન્તુ તેમાં સુધન્વા નહોતો. સુધન્વા ન આવ્યો જોઇને આ ઘણો જ કોપી ઉઠયો.

અહીં સુધન્વા યુદ્ધને માટે તૈયાર થઇને પોતાની માતાની આજ્ઞા લેવા ગયો. માની આશિષ લઇને, પોતાની બ્હેનને મળી, પોતાની પ્રભાવતી નામની સ્ત્રીને મળવા ગયો. ત્યાં ગયો તો પ્રભાવતી તે દિવસે ઋતુસ્નાત હતી તેણે ઋતુદાન માગ્યું. એણે ઘણુંયે કહ્યું કે અત્યારે સમય નથી; પણ પ્રભાવતીની ઘણી હઠને લઇને એ ત્યાં ધર્મશાસ્ત્રાનુસાર એનો મનોરથ પૂર્ણ કરવામાં રોકાયો. આને લીધે એને વાર થઇ.

જેવો સુધન્વા સમરાઙ્ગણપર આવ્યો કે હંસધ્વજે પોતાની પ્રતિજ્ઞાનુસાર એને તેલના કઢામાં નાંખવાનો હૂકમ કર્યો. પણ ઉકળતા તેલના કઢામાં પડયો છતાં, ઇશ્વરકૃપાથી એને ઉન્હી આંચે આવી નહિ. હંસધ્વજે એને બહાર કઢાવ્યો. તેલ ઉનું નહિ થયું હોય કહેનાર મંત્રીએ કઢામાં નાળીએર નંખાવ્યું. નાંખતાં જ નાળીએર ફાટયું અને તેની કાચલી મંત્રીના કપાળમાં વાગી, આથી એ તમ્મર ખાઇ કઢામાં પડયો અને બળી મુઓ.

પછી કૃષ્ણ અને અર્જુન સાથે દુર્ધર યુદ્ધ થયું. અર્જુન હારસે એવો પ્રસંગ જોઇને આની સાથે કૃષ્ણે અર્જુનની મૈત્રી કરાવી. (જૈમિ૦ અશ્વ૦ મે૦ અ. ૧૭-૨૧.) (નર્મ૦ ક૦ કો૦ પા. ૨૯૨).

હંસપથ. ભારતવર્ષીય દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ અ૦ ૯.)

હંસપાંડુર. પ્રયાગ પાસેનું એક તીર્થ.

હંસપ્રયત્તન. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

હંસિકા, કામધેનુની દિકરી. (ભા૨૦ ઉ૦ ૧૦૨

હંસી. ભગીરથ રાજાની પુત્રો અને કૌત્સ ઋષિની ભાર્યા. (ભા૨૦ અનુ૦ ૨૦૧).

હસ્ત. સોમની સત્યાવીસ સ્ત્રીઓમાંની એક, દક્ષકન્યા

હસ્ત (૨). એ નામનું નક્ષત્ર વિશેષ.

હસ્ત (૩). રોચનાની કૂખે વસુદેવને થએલા પુત્રોમાંનો મોટો પુત્ર.

હસ્તિ. સોમવંશીય પૂરુકુળોત્પન્ન રૌદ્રાશ્વપુત્ર ઋતેયુના વંશના બૃહત્ક્ષય રાજાનો પુત્ર. આને અજમીઢ, દ્વિમીઢ અથવા દ્વિમીઢ અને પૂરુમીઢ એવા નામના ત્રણ પુત્રો હતા. ઘણુ કરીને હસ્તિનાપુર આણે જ સ્થાપ્યું છે.

હસ્તિદાન. એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

હસ્તિનાપુર. સોમવંશીય પૂરુકુળોત્પન્ન હસ્તિ રાજાએ વસાવેલું શહેર.

बृहत्क्षत्रस्य पुत्रोऽभूद्धस्ती यद्धस्तिनापुरम् ॥२०॥ (ભાગ૦ ૯ સ્કં)

પરન્તુ ગ્રન્થોપરથી જણાય છે કે હસ્તિનાપુર નામ પૂર્વથી ચાલ્યું આવે છે. અત્રિપુત્ર સોમ એક સમય અરણ્યમાં વિહાર કરતો હતો, તેવામાં એણે એક પક્ષીને એક હાથીને એકાએક ઉપાડી જતાં જોયું. આ ઉપરથી આશ્ચર્ય પામી એણે આ સ્થળે શહેર વસાવ્યું. આ શહેરમાં પૂર્વે હસ્તિરાજાની પહેલાંના સોમવંશી રાજાઓ રાજ્ય કરતા હતા, તેનાં ઘણાં ઉદાહરણો મળે છે. આ ઉપરથી એમ સમજાય છે કે હસ્તિરાજાએ આ શહેરનો વિસ્તાર કર્યો હશે. દુર્યોધનના સમયમાં આ શહેરને બળરામે ઉખાડી નાંખ્યું હતું. નિમિચક્ર રાજાના સમયમાં ભાગીરથીના બલવાન વેહમાં આ શહેર એકવાર તણાઇ ગયું હતું. (નિમિચક્ર શબ્દ જુઓ) એનાં નાગપુર, ગજપુર ઇ૦ અર્થનાં ઘણાં નામો છે.

આ શહેર કૌરવોની રાજધાની હતું, અને મહાભારતનું યુદ્ધ આ શહેરના રાજ્યાસન સારુ થયું હતું, કેટલાક કહે છે કે ભરતપુત્ર હસ્તિયે એ શહેર વસાવ્યું હતું. મહાભારત અને વિષ્ણુપુરાણમાં એ શહેરનું નામ હસ્તી એટલે હાથી ઉપરથી પડયું છે એમ કહ્યું છે. હાલના દિલ્લીની ઇશાનમાં સત્તાવન મૈલ દૂર ગંગાના જૂના પાત્રમાં દટાયલા શહેરના અવશેષો હજુપણ નિકળે છે. રથાનિક લૌકિક વાતોમાં આ નામ હજુએ ચાલે છે. (ડાઉસન પા૦ ૧૨૦)

ઇંદ્રપ્રસ્થ દિલ્લીની આગ્નેય દિશામાં યમુનાને કાંઠે હતું. કુરુક્ષેત્ર, દિલ્લીની વાયવ્ય દિશામાં હતું. (નર્મ૦ ક૦ કો૦ ૨૮૨)

હસ્તિપૃષ્ઠક, એક નગર. (વા૦ રા૦ અયો૦ સ૦ ૭૧).

હસ્તિપદ. એક સર્પ વિશેષ (ભા૨૦આ૦ ૩૫-૯)

હસ્તિપિંડ. એક સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫-૧૪).

હસ્તિભદ્ર. એક સર્પ વિશેષ. (ભા૨૦ અ૦ ૧૦૩-૧૩).

હસ્તિમુખ. રાવણના પક્ષનો લંકાનો એક રાક્ષસ. (વા૦ રા૦ સુંદ૨૦ સ૦ ૬).

હસ્તિસોમા. ભારતવર્ષીય નદી. (ભા૨૦ ભી૦ અ૦ ૯).

હસ્તી. સોમવંશીય અવિક્ષિત વંશમાં ઉત્પન્ન થએલા જનમેજયના પુત્ર ધૃતરાષ્ટ્રનો પુત્ર. (ભા૨૦ આ૦ ૧૦૧-૪૬.)

હસ્તી (૨). સોમવંશીય સુહોત્રનો પુત્ર. એની માનુ નામ જયન્તી, અને પુત્રનું નામ વિકુણ્ઠન હતું. એની ભાર્યાનું નામ યશોધરા હતું.

જયન્તીનું સુવર્ણા, વિકુણ્ઠનનું વિકુણ્ઠન અને યશોદાનું યશોધરા એવાં એ ત્રણેનાં બીજાં નામો હતાં. એ હસ્તિનાપુરનો નિર્માણ કરનાર હતો. (ભા૨૦ આ૦ ૬૩-૬૭).

હહા. હાહા શબ્દ જુઓ.

હાટકેશ્વર. વિતલ નામના પાતાળમાં ભોગાવતી નદીના તીર પર આવેલી શિવની વિભૂતિ-અતળ પાતાળની નીચે આવેલા વિતળ પાતાળમાં પોતાના પાર્ષદરુપ ભૂતનાં ટોળાથી વિંટાયેલા સાક્ષાત્ હાટકેશ્વર મહાદેવ, બ્રહ્માની સૃષ્ટિ વધારવાને સારુ પાર્વતીની સાથે જોડું બનીને રહ્યા છે એ મહાદેવ અને પાર્વતીના વીર્યમાંથી હાટકી નામની મોટી નદી ત્યાં આવેલી છે.

ततोऽधस्ताद्वितले हरो भगवान्हाटकेश्वरः स्वपार्षदभूतगणावृतः प्रजापति सर्गोपबृंहणाय भवो भवान्या सह मिथुनीभूत आस्ते यतः प्रवृत्ता सरित्प्रवरा हाटकी नाम भवशोर्वीर्येण...॥ १७ ॥

(ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૨૪); જૈમિ૦ અશ્વ૦ અ૦ ૩૬).

હાટકેશ્વર (૨). સુવર્ણના લિંગ રૂપે પૂજાતા નાગરોના ઇષ્ટદેવ; વડનગરમાં એમનું મૂળ ધામ છે તે. દર વર્ષે ચૈત્ર સુદ ચૌદશને દિવસે એમની વડનગરમાં સ્થાપનાનો વાર્ષિક ઉત્સવ દરેક જગામાં દરેક જાતના નાગરો પાળે છે.

હારહૂણ૦ પાંડવોના સમયમાં પશ્ચિમ આનર્ત દેશની પૂર્વે આવેલો દેશ વિશેષ.

હારહૂણ (૨). હારહૂણ દેશના રહેવાશી લોક. **(ભા૨૦ સ૦ ૬૫–૧૨; વ૦ ૪૮–૨૫).**

હારકર્ણિ. ત્રણની સંજ્ઞાવાળા અંગિરાકુલોત્પન્ન એક ઋષિ.

હારિત. ભારતવર્ષીય તીર્થ.

હારિતાયન. ભગડાની સંજ્ઞાવાળા કશ્યપ કુલોત્પન્ન એક ઋષિ.

હારીત. આંગિરસ કુલોત્પન્ન એક ઋષિ.

હારીન (૨) સૂર્યવંશીય ઇક્ષ્વાકુ કુલોત્પન્ન માન્ધાતા રાજાનો પપૌત્ર, અંબરીષરાજાનો પૌત્ર અને યૌવનાશ્વ રાજાનો પુત્ર.

હાર્દિક્ય. સોમવંશીય હૃદિક રાજાના પુત્રોની સંજ્ઞા. વિશેષે કરીને કૃતવર્માને એ નામ લગાડાય છે.

હાલાહલ. સમુદ્ર મંથન કરતાં નિકળેલાં ચૌદ રત્નોમાંનું એક ઘણું કાતીલ ઝેર. એ નિકળ્યું તે વખત દેવો અને અસુરોને ભય અને મહા ફિકર થઇ કે એને કોણ લેશે. પછી બ્રહ્મા અને વિષ્ણુને આગળ કરી બધા શિવની પાસે ગયા અને સ્તુતિ કરી કે–

निर्मथ्यमानादुदधेरभूद्विषं महोल्वणं हाला-
हलह्वमग्रतः ॥
संभ्रान्तमीनोन्मकराहिकच्छपात्तिमिद्विप
ग्राहतिमिङ्गिलाकुलात् ॥१८॥
तदुग्रवेगं दिशिदिश्युपर्यधो विसर्पदुत्सर्पद-
सह्यमग्रति ॥
भीताः प्रजा दुद्रुवुरङ्गसेश्वरा अरक्ष्यमाणाः
शरणं सदाशिवम् ॥१९॥
विलोक्य तं देववरं त्रिलोक्या भवाय
देव्याभिमतं मुनीनाम् ॥
आसीनमद्रावपवर्गहेतोस्तपोजुषाणां
स्तुतिभिः प्रणेमुः ॥२७॥
देवदेव महादेव भूतात्मन्भूतभावन ।
त्राहि नः शरणापन्नांस्त्रैलोक्यदहनाद्विषात्
॥ २१ ॥
तद्वीक्ष्य व्यसनं तासां कृपयाभृश पीडितः ॥
सर्वभूत सुहृदेव इदमाह सतीं प्रियाम् ॥३६॥
अहो बत भवान्येतत्प्रजानां पश्य वैशसम् ॥
क्षीरोदमथनोद्भूतात्कालकूटादुपस्थितम् ॥३७॥
आसां प्राणपरीप्सूनां विधेयमभयं हिमे ॥
एतावान्हि प्रभोरर्थोयदीन परिपालनम् ॥
प्राणैः स्वैः प्राणिनः पान्ति साधवः क्षणभङ्गुरैः॥
बद्धवैरेषु भूतेषु मोहितेष्वात्ममायया ॥३९॥
पुंसः कृपयतो भद्रे सर्वात्मा प्रियते हरिः ॥
प्रीते हरौ भगवति प्रीयेऽहं सचराचरः ॥
तस्मादिदं गरं भुञ्जे प्रजानां स्वस्तिरस्तु
मे ॥ ४० ॥
एवमामन्त्र्यभगवान्भवानीं विश्वभावनः ॥
तद्विषं जग्धुमारेभे प्रभावज्ञाऽन्वमोदत ॥४१॥
ततः करतली कृत्य व्यापि हालाहलं विषम् ॥
अभक्षयन्महादेवः कृपयाभूतभावनः ॥ ४२ ॥
तस्यापि दर्शयामास स्ववीर्यजलकल्मषः ॥
यच्चकार गले नीलं तच्च साधो विंभूषणम्
॥ ४३ ॥
तप्यन्ते लोकतापेन साधवःप्रायशो जनाः
परमाराधनं तद्धि पुरुषस्या खिलात्मनः ॥४४॥
निशम्य कर्म तच्छम्भोर्देवदेवस्य मीढुषः ॥
प्रजा दाक्षायणी ब्रह्मा वैकुण्ठश्च शसंसिरे॥४५॥
प्रस्कन्न पिबतः प्राणैर्यत्किंचिज्जरागृहुः स्म
तत् ॥
वृश्चिका हि विषौषध्यो दन्दशूकाश्चयेऽपरे ॥४६॥
(ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૭)

મથન કરવાને લીધે જેમાં માંછલા, મગર અને કાચબા વગેરે દુઃખી થતાં હતાં તથા તિમિ, જળના હાથીઓ, ઝૂડ અને તિમિંગલોથી વ્યાકુળતા થઇ હતી એવા સમુદ્રમાંથી જેનો કોઇ ઉપાય થાય નહિ એવું હળાહળ

ઝેર ઉત્પન્ન થયું. ઉગ્ર વેગવાળા અને અસહ્ય જોરવાળા એ ઝેરને સઘળી દિશાઓમાં ઉપર અને નીચે ફેલાતું જોઇને ભય પામેલી લોકપાળ સહિત સઘળી પ્રજાઓ બીજા કોઇ તરફથી રક્ષણ નહિ મળતાં સદાશિવને શરણે ગઇ.

ત્રૈલોક્યના કલ્યાણને સારૂ પાર્વતીની સાથે કૈલાસમાં બેઠેલા અને મુનિલોકોએ સ્વીકારેલું તપ તેઓને જ મોક્ષ આપવાને માટે કર્યા કરતા શંકર ભગવાનને જોઇને સઘળા લોકોએ તેમને પ્રણામ કરીને નીચે પ્રમાણે સ્તુતિ કરી.

પ્રજાપતિયો સ્તુતિ કરીને કહે છે કે હે દેવનાદેવ ! હે મહાદેવ ? હે જગતના આત્મા ! હે જગતનું રક્ષણ કરનાર ! આ ત્રૈલોક્યને બાળી નાંખે એવા ઝેરથી અમો શરણાગતની રક્ષા કરો. આ સઘળા જગતના બંધ અને મોક્ષના સ્વામી તમે એક જ છો. એટલા માટે આપને શરણાગતની પીડા હરનાર અને ગુરૂ જાણી ડાહ્યા પુરૂષો પૂજે છે.

એ પ્રમાણે પ્રજાઓનું દુઃખ જોઇ કરૂણાથી બહુ જ ઘેરાયેલા સર્વ પ્રાણીઓના મિત્ર સદાશિવે પોતાની સ્ત્રી પ્રત્યે કહ્યું:–

હે પ્રિયા ! ક્ષીરસમુદ્રનું મથન કરતાં ઉત્પન્ન થએલા ઝેરથી પ્રજાઓને આ દુઃખ આવી પડયું છે તે જૂઓ. પ્રાણના બચાવને ઇચ્છતી આ પ્રજાઓને મારે અભયદાન દેવું જોઇએ, કેમકે દીન લોકોનું રક્ષણ થાય એ સમર્થ પુરૂષોનું પ્રયોજન છે. પ્રાણીઓ કે જેઓ ભગવાનની માયાથી મોહ પામેલાં છે, અને વૈરભાવ રાખીને એક બીજાને મારી નાંખવા ધારે છે, તેઓમાં સાધુ પુરૂષો પોતાનાં ક્ષણભંગુર પ્રાણને જતા કરીને બીજા પ્રાણીઓની રક્ષા કરે છે. હે પ્રિયા ! જે પુરૂષ બીજાઓની ઉપર દયા કરે છે તેના ઉપર સર્વના આત્મા ભગવાન પ્રસન્ન થાય છે; અને ભગવાન પ્રસન્ન થાય ત્યારે સ્થાવર જંગમ સહિત હું પ્રસન્ન થાઉં છું. એટલા માટે આ ઝેરને હું ખાઇ જાઉં છઉં. મારાથી પ્રજાઓનું કલ્યાણ થાઓ.

એ પ્રમાણે જગતનું રક્ષણ કરનાર સદાશિવે પાર્વતીની રજા લઇને, તે ઝેર ખાવાની તૈયારી કરી અને તેમના પ્રભાવને જાણનારાં પાર્વતીએ પણ તે કામમાં પોતાની સંમતિ આપી. પછી પ્રાણીઓનું રક્ષણ કરનાર સદાશિવ પ્રજાઓની ઉપર દયાને લીધે તે ચારે કોર ફેલાએલા હળાહળ ઝેરને પોતાની હથેલીમાં લઇને ખાઈ ગયા. ઝેરે મહાદેવને પણ પોતાનું જોર દેખાડયું. તેમના કંઠમાં શ્યામતા વ્યાપી રહી. પોતે નીલકંઠ થઈ ગયા! એ શ્યામતા મહાદેવને દોષરૂપ નહિ પણ સાધુપણું જણાવતા અલંકારરૂપ છે. ઘણું કરીને જગતનું દુખ જોઇને સાધુ પુરૂષો તપે છે–દુખ પામે છે. અને એમ જગતના દુખે દુઃખી થવું એ જ સર્વના આત્મારૂપ ભગવાનની પરમભક્તિ છે. દેવના દેવ અને જગતના મનોરથને પૂર્ણ કરનાર સદાશિવનું આ કાર્ય જોઇને પ્રજાઓ, સતી–પાર્વતી, બ્રહ્મા અને વિષ્ણુ એમણે એમનાં વખાણ કર્યાં. સદાશિવે ઝેરનું પાન કરતાં ઝેરના જે છાંટા પડી ગયેલા તેને વીંછી, સર્પ, ઝેરી ઔષધિ અને બીજાં ઝેરી પ્રાણીઓએ લઇ લીધું. **(ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૭)**

હાલાહલ (૨). શિવ અને વિષ્ણુ બન્નેએ મળીને મારેલો એ નામનો એક દૈત્ય વિશેષ. **(દેવી ભા૦ ૭ સ્કં૦ અ૦ ૨૬–૩૦)**

હાવિર્ધાની. બર્હિષદ અથવા બીજા પ્રાચીનબર્હિનું હવિર્ધાનીનો પુત્ર હોવાથી પડેલું નામ.

હાસિની એક અપ્સરા વિશેષ.

હાસ્તિક. ભગડાની સંજ્ઞાવાળા કશ્યપ કુળોત્પન્ન ઋષિ વિશેષ.

હસ્તિનપુર. હસ્તિનાપુર તે જ. એના નામને માટે જુવો–**ભા૨૦ અ૦ ૬૩–૬૭.** કૌરવોની રાજધાની હાલની દિલ્હીની દશાને આવેલા આ નગરીનો ગંગા નદીએ તદ્દન નાશ કર્યો હતો. મીરતની દશાને આવીસ મૈલ ઉપર

ભિજ્જતોરથી નૈઋતમાં ગંગાને દક્ષિણ કિનારે એ નગરી હતી.

હાહા. અરિષ્ટાનો પુત્ર. ચાલુ મન્વંતરની પૂર્વનો એક દેવગંધર્વ. (**ભા૨૦ અ૦ ૬૬૫૨**).

હાહા (૨) કશ્યપને પ્રાધાની કૂખે થએલા ગંધર્વ પુત્રોમાંનો એક. આ દર જેઠ મહિનાના સૂર્યના સમાગમમાં સંચાર કરે છે. (૬ શુક્ર શબ્દ જુઓ).

હિંગુલા. જ્વાળામુખી દેવીનું સ્થાન. પ્રાકૃત લોકો જેને હિંગળાજમાતા કહે છે તે દેવીની જગા. (**દેવી ભા૦ ૭ સ્કં અ૦ ૩૮**).

હિડિમ્બ. બકરાક્ષસ અને કિર્મીર રાક્ષસનો ભાઈ (**ભા૨૦ વન૦ ૧૧-૩૨**). લાક્ષાગૃહમાંથી સળંગને રસ્તે નિકળીને બચી ગયા પછી પાંડવો ફરતા ફરતા આ રાક્ષસના અરણ્યમાં આવ્યા. રસ્તે આવવાના થાકને અને ઉજાગરાને લીધે બહુ શ્રમિત થવાથી ભીમસેન શિવાય બધાં નિદ્રાવશ થઇ ગયાં. ભીમસેન જાગતો પાસે બેસી રહ્યો હતો, તેને દૂરથી જોઇને હિડિમ્બે પોતાની બહેનને કહ્યું કે પેલા આદમીને મારી પાસે પકડી લાવ, હું એને ખાઇ જઉં. આ ઉપરથી હિડિમ્બા રાક્ષસી ભીમસેનને પકડી જવા એ બેઠો હતો ત્યાં આવી. પરન્તુ ભીમસેનના રૂપ ઉપર મોહિત થઇ જઇને પોતે સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરી એની સન્મુખ આવી અને કહ્યું કે હું હીડીમ્બ રાક્ષસની બહેન છઉં. એણે મને તને બોલાવવા મોકલી છે. પણ તારૂં આવું સુંદર સ્વરૂપ જોઇને મારા મનમાં આવ્યું કે તમારા બધાનો વધ કરવો એ ઠીક નથી. મને વાર થઇ છે માટે હીડમ્બ અહીં આવશે અને તમને બધાને મારી નાંખશે. માટે જો તું મને સ્વીકારે તો હું તમને બધાંને કોઇક બીજે સ્થળ દૂર લઈ જઉં. એની વાણી સાભળીને ભીમસેને કહ્યું કે હું તારો અંગીકાર કરું. એમ નથી. તું અહીંથી સત્વર ચાલી જા. અમારૂં રક્ષણ કરવાને અમે સમર્થ છૈયે.

આ પ્રમાણે હીડિમ્બા પોતાનો અંગિકાર કરવાને ભીમસેનને વિનવે અને ભીમસેન ના કહે. એમ ચાલતું હતું એટલામાં તો હિડિમ્બ રાક્ષસ પોતે જ ત્યાં આવ્યો. એણે પોતાની બ્હેન ભીમસેનને વિનવતી હતી કે સાંભળ્યું અને તેને કહ્યું. કેમરે, તારે આને પતિ કરવો છે ? મેં તને એને મારે બાવા સારૂ લેવા મોકલી તો, તું તો પતિ કરવા તૈયાર થઇ ગઇ ! ઠીક, જોઉ છઉં તું એને શી રીતે પરણે છે. હું અમણાં જ તારા દેખતાં જ એને મારીને પછી તને પણ પૂરી કરૂં છઉં. આમ બોલીને તે ભીમસેનના ઉપર ધાયો. ભીમને અને એને જબરી બથંબથા થઈ. એથી યુધિષ્ઠિરાદિ જાગી ઉઠ્યા. એટલામાં તો ભીમસેને હિડિમ્બને ઠાર માર્યો. (**ભા૨૦ આ૦ અ. ૧૫૨-૧૫૪**) પછી ભીમે હિડિમ્બાને મારવા લીધી, પણ એ કુંતીને શરણ ગઈ અને પોતાની ભીમસેનને વરવાની ઇચ્છા વિદિત કરી. કુંતી અને યુધિષ્ઠિરની આજ્ઞાથી ભીમસેને એનો અંગિકાર કર્યો. (**ભા૨૦ આ૦ અ૦ ૧૫૫**).

હિડિમ્બા. હિડિમ્બ રાક્ષસની બ્હેન. એ કુંતીની વિનતિ કરીને ભીમસેનને પરણી હતી. એની જ આજ્ઞા લઇને હિડિમ્બા ભીમસેનને ઘર સંસાર માંડવા કોઇ સ્થળે ઘણા કાળસુધી લઈ ગઈ હતી. તે વેળા એને ભીમસેનથી ઘટોત્કચ નામે પુત્ર થયો હતો. એ પુત્ર પણ ભારતના યુદ્ધમાં પાંડવપક્ષે લઢીને મરાયો હતો. હિડિમ્બાનું નામ કમળપાલિકા હતું. કમળપાલિકા દિવ્યજ્ઞાન વાળી હતી. એને થએલો બળવાન પુત્ર જન્મ્યો ત્યારે એને માથે વાળ નહોતા, તેથી કમળપાલિકાએ કહ્યું કે આનું માથું ઓડકું છે. આ ઉપરથી એ પુત્રનું નામ ઘટોત્કચ (વાળ વગરના માથાવાળો) એવું પડ્યું હતું. (**ભા૨૦ આ૦ ૬૩-૮૦; ૧૬૭-૨૭**).

હિમપ્રસ્થ. કૌરવ પાંડવોની યુદ્ધભૂમિ-કુરુક્ષેત્રની પાસેનું સ્થળ વિશેષ. અરુણા અને સરસ્વતીનો ઓઘવતી નામનો પ્રવાહ ત્યાં આગળ વહે છે. (**ભા૨૦ શલ્ય૦ અ. ૫**).

હિમવાન. હિમાલય પર્વત. (**ભા૨૦ ભી૦ ૬**) પિતૃકન્યા મેના એની પત્ની થાય. મૈનાક પર્વત તે એનો પુત્ર. અપર્ણા, એકપર્ણા અને એકપાટલા એ ત્રણ એની પુત્રીઓ થાય. અપર્ણા મહાદેવનો, એકપર્ણા અસિતઋષિની અને એકપાટલા જૈગીષવ્ય ઋષિની પત્ની થાય. (**હરિવંશ ૧-૧૮; મત્સ્ય૦ અ, ૧૩.**) એનો ઉત્તર પ્રદેશ સ્વર્ગતુલ્ય છે. (**ભા૨૦ શા. ૬૯૦**)

હિમાલય. અજનાભ અથવા ભરતવર્ષની ઉત્તરે અને હૈમવત અથવા કિંપુરુષની દક્ષિણે એમ એ બે દેશની વચ્ચે સીમારુપ આવેલો પર્વત. એની પૂર્વ પશ્ચિમ લંબાઇ (**अशीतिश्च सहस्राणि योजनानि विशांपते**) એંશી સહસ્ત્ર યોજન છે. પૂર્વ અને પશ્ચિમ બન્ને છેડે સમુદ્રને અડકેલો છે.

अवगाढाह्युभयतः समुद्रौ पूर्वपश्चिमौ
हिमवान् हेमकूटश्च निषधश्च नगोत्तमः ॥
(**ભા૨૦ભી૦૬-૩-૪ અને મત્સ્ય ૧૧૨**).

અલકનંદાના સપ્તપ્રવાહ પૈકી ગંગા નામના પ્રવાહનું મૂળ આ પર્વતમાં હોઇને તે ઉદ્ગમસ્થળમાંથી બે કન્યાકુમારી ભૂશિર સુધી એની એક હજાર ×યોજન લંબાઇ છે.

હિમાલયના મૂર્તિમાન દેવ-હિમાલયને, બીજે મતે, મેના સ્ત્રી, અને પેટે મૈનાક ક્રૌંચ પુત્રો અને અપર્ણા, પર્ણા અને એકપર્ણા એમ ત્રણ પુત્રીઓ હતી.

હિમાલય (૨). યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞકાળે ભીમસેન પૂર્વ દિશા જિતવા ગયો હતો, તે ઇશાન દિશા તરફ વળ્યો તે વખત હિમાલય પર્વત આવ્યો હતો. હાલ જેને હિમાલય કહીએ છિયે તે આ પર્વત હશે એમ જણાય છે.

ततो गोपालकक्षं च सोत्तरानपि कोसलान् ॥
मल्लानामधिपं चैव पार्थिवं चाजयत्प्रभुः ॥३॥
ततो हिमवतः पार्श्वसमभेत्य जलोद्भवं ॥
सर्वमल्पेन कालेन देशं चक्रे वशे बली ॥४॥
(**ભા૨૦ સભા૦ અ, ૪૦**)

ત્યાંથી પછી દક્ષિણ તરફ વળીને ભીમસેન પૂર્વશ્રી પુષ્કળ દૂર ગયો હતો. ભીમસેન શબ્દમાં જે દિગ્વિજયની હકીકત જોઇ, તે

लोहान् परमकांबोजा नृषिनुत्तरानपि ॥
सहितातान्महाराज व्यजयत्पाकशासनिः
॥ २६॥
ऋषिकेष्वपि संग्रामो बभूवाति भयंकरः ॥
तारकामयसंकाशः परस्त्वृषिक पार्थयोः ॥२६॥
सविजित्य ततो राजन्नृषिकानुत्तरानपि ॥
शुकोदर समांस्तत्र हयानष्टौ समानयत् ॥२७॥
स विनिर्जित्य संग्रामे हिमवंतं सनिष्कुटं ॥
श्वेतपर्वतमासाद्य न्यविशत्पुरुषर्षभः ॥ २९ ॥
(**ભા૨૦ સ૦ અ૦ ૨૭**)

લોહદેશ અને પરમ કાંબોજદેશ એ જીતીને અર્જુન ઉત્તરે ઋષિક (રુશિયા) દેશમાં ગયો. ત્યાંના રાજાની સાથે ભયંકર સંગ્રામ થયો. છેવટે એ રાજાને જીતીને એની પાસે કર-ભાગ લઇને આગાડી જતાં જતાં હિમાલયના શ્વેત શિખરોપર ગમન કરીને ત્યાંનો પ્રદેશ જીત્યો. આ ઉપરથી પાંડવોના સમયમાં હિમાલયપર જવાને પગરસ્તો હતો એમ જણાય છે. વચ્ચે સમુદ્ર મૂળે જ આવ્યો નહોતો એ ખુલ્લું જણાય છે. હાલ પશ્ચિમ સમુદ્ર વધીને એણે વચલો પ્રદેશ નિમગ્ન કર્યો છે. (ગોડબોલે.)

× દક્ષિણોત્તર રેખા-યામ્યોત્તરવૃત્ત-હાલના ભૂગોળવેત્તાઓના મતે ઉત્તર ધ્રુવથી તે દક્ષિણ ધ્રુવ સુધી પૃથ્વીનો આંસ-અથવા વ્યાસ કહીએ તોપણ ચાલે, એ આઠ હજાર મૈલ છે. આ ઉપરથી જણાય છે કે આપણા ઇતિહાસોમા કહેલી બધી પૃથ્વીનો શોધ પૂરો થયો નથી. કારણ કે જે પ્રમાણો વડે પૃથ્વી આવડી જ છે એ નક્કી કર્યું છે, તે પાંચ પ્રકારના દોષયુક્ત છે. મદમોહાદિક માનસદોષ, પિત્તકફમલાદિ શારીરદોષ, કાણત્વાદિક અર્થદોષ અને કાચાદિક ય ત્રદોષ.

ભલે, યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે એમણે અર્જુનને ઉત્તર દિશાનો વિજય કરવા મોકલ્યો હતો. અર્જુનને આ પર્વત કિયા દેશની આવ્યો તે સંબંધે આમ છે.

ઉપરથી તે કાળે બંગાળાનો ઉપસાગર મૂળે જ નહિ હોય એમ લાગે છે. પૂર્વાપર સમુદ્રને લાગેલો ન હોવાથી આ મુખ્ય હિમાલય નહિ હોય.

આ પર્વતમાંથી નિકળેલી નદીઓ આ પ્રમાણે છેઃ–ભાગીરથી (ઉપર લખેલા પ્રથમ હિમાલય પરથી ભાગીરથી ગંગાને લાવતાં તે માર્ગમાં એના પિતરોનો ઉદ્ધાર કરીને ગુપ્ત થઈ હશે. અને આ હિમાલયપર પ્રકટ થઈને પુનઃ વહેવા માંડી હશે). સિંધુ, સરસ્વતી (ભોગાવતી), શતદ્રુ, ચંદ્રભાગા, યમુના, સરયૂ. ઇરાવતી (એરાવતી), વિતસ્તા, વિશાળા, દૃષિકા, કુહૂ, ગોમતી, ધૂતપાપા, બાહુદા, દશદ્રતી, તૃતીયા કૌસિકી, નિશ્ચવા, ગંદકી, ઇક્ષુ (ઇક્ષુદા), લોહીતા (લોહિતારણી), કૃતમાળા વગેરે. **(મત્સ્ય૦ અ૦ ૧૧૩).**

હિમોદક. અગત્સ્યના વંશમાં, કુળવૃદ્ધિ કરનાર એક ઋષિ.

હિરણ્મય. પ્રિયવ્રતપુત્ર આગ્નીધ્રના નવ પુત્રોમાંનો છઠ્ઠો. આગ્નીધ્રે જંબુદ્વીપના નવ ભાગ કરી તેને વર્ષ–દેશ–સંજ્ઞા આપી તેમાના એકપર આ હિરણ્મયને આધિપત્ય આપ્યું હતું.

હિરણ્મય (૨) હિરણ્મય રાજાને જેનું આધિપત્ય મળ્યું હતું તે દેશ.**(ભા૨૦ ભી૦ ૮ અ. ૫.)** જંબુદ્વીપના કરેલા નવ ભાગમાંનો છઠ્ઠો દેશ. એની ઉત્તર તરફ આવેલા શ્વેત નામના મહા પર્વતની અને દક્ષિણ તરફ આવેલા શૃંગવાન પર્વતની વચ્ચે અને પૂર્વ પશ્ચિમ ક્ષારસમુદ્ર સુધી આ દેશ હતો.

હિરણ્યકશિપુ. કશ્યપ ઋષિથી દિતિને જન્મેલો એક અસુર. ભાગવતમાં ત્રિજા સ્કંધમાં એને હિરણ્યાક્ષ નામે ભાઈ હતો એમ લખ્યું છે. મહાભારતના एक एव दितेः पुत्रः । એ વાક્ય ઉપરથી એ એની માને એકલો જ હતો; એટલે હિરણ્યાક્ષ નામનો એને ભાઈ મૂળે જ ન હતો. એણે ઘણા કાળ સુધી તપ કરીને બ્રહ્મદેવને પ્રસન્ન કર્યા હતા. બ્રહ્મદેવે પ્રત્યક્ષ થઈને એને વર મારવાનું કહેતાં એણે માગ્યું હતું કે હું ઘરની અંદર તેમ જ ઘરની બહાર ન મરું. દિવસે ન મરું તેમ જ રાત્રિયે પણ ન મરું. નર અગર પશુ, શસ્ત્ર અગર અસ્ત્ર, તેમ જ અજીવ અગર નિર્જીવ પદાર્થથી મારું મોત ન થાય. બ્રહ્મદેવ તથાસ્તુ કહીને સત્યલોકમાં ગયા એટલે આણે ત્રૈલોક્યને જિત્યાં. દેવો વગેરેને અનેક તરેહથી પીડવા લાગ્યો. ઋષિયો અને રાજાઓના યજ્ઞની સિદ્ધિ જ થવા દે નહિ.આમ ઘણા કાળ પર્યંત એણે રાજ્ય કર્યું. **(ભાગ. ૭ સ્કં૦ અ૦ ૩–૪; મત્સ્ય૦ અ૦ ૧૬૦–૧૬૨)**

જંભાસુરની કન્યા ક્યાધુ આની સ્ત્રી થાય. તેને પેટે આને પ્રહ્લાદ, અનુહ્લાદ, સંહ્લાદ, હ્લાદ, શિબિ, અને બાષ્કલ વગેરે પુત્રો હતા. ચાલુ મન્વંતરની ચોથી ચોકડીમાં સત્યયુગમાં એ વિષ્ણુ ભગવાનના નૃસિંહ નામના અવતારને હાથે મરણ પામ્યો હતો. બ્રહ્મદેવે આપેલા વચનમાં બિલકુલ બાધ ન આવે એ રીતે એને માર્યો હતો.

હિરણ્યકશિપુ (૨). કશ્યપને દનુને પેટે થએલા દાનવોમાંનો એક. આ પોતે ઘણો મોટો પરાક્રમી હતો. એણે દેવ, અસુર અને મનુષ્યના ઉપર એક અર્બુદ, દશ ક્રોડ વર્ષ, સત્તા ચલાવી રાજ્ય કર્યું હતું. એની સ્ત્રીનું નામ મળ્યું નથી. માત્ર મંદાર નામનો દાનવ એનો પુત્ર હતો એમ જણાય છે (**ભા૨૦ અનુ૦ અ૦ ૧૪**).

હિરણ્યગર્ભ બ્રહ્મદેવ. મનુના કહેવા પ્રમાણે બ્રહ્મદેવ જ હિરણ્યગર્ભ છે. પ્રથમ આદિકારણે બનાવેલ એમ માત્ર પુરુષ તે જ છે. એ સૂર્યપ્રભ છે. એ અંડમાં એક વર્ષ રહીને એમણે ઇચ્છા માત્ર વડે અંડના બે વિભાગ કર્યા, અને એ અંડાર્ધમાંથી એકનું સ્વર્ગ અને બીજાની પૃથ્વી બનાવી. અને આકાશને વચ્ચે રાખ્યું. એણે જ આઠ વર્ષો (દેશ) અને પાણીનું સતત સ્થાન પણ બનાવ્યું. (ડાઉસન પા. ૧૨૧).

હિરણ્યગર્ભ (૨) વિષ્ણુ.

હિરણ્યગર્ભ (૩). મહેશ્વર

હિરણ્યગર્ભ (૪) કપિલ મહામુનિનું નામાન્તર. **ભા૨૦ શાં૦ ૩૪૯–૬૫**

હિરણ્યગર્ભ (૫). ઋગ્વેદમાં કહ્યું છે કે પ્રારંભમાં હિરણ્યગર્ભ થયા. તે જ ભૂત માત્રના અધિષ્ઠાતા હતા. એ જ સ્વર્ગ અને પૃથ્વીને ધારણ કરી રહ્યા હતા.એ જ જીવ અને પ્રાણ દાતા છે. અને સર્વમાં ચૈતન્યરૂપ છે. (ડાઉસન પા–૧૨૧).

હિરણ્યધનુ. હિરણ્યધેનુ શબ્દ જુઓ.

હિરણ્યધેનુ. નિષાદાધિપતિ–માછીઓ અને કોળીઓનો રાજા. એકલવ્ય નામના નિષાદનો પિતા **(ભા૨૦ આ૦ ૧૪૨–૪૦).**

હિરણ્યનાભ. સૂર્યવંશીય ધ્રુવાકુકુળોત્પન્ન વિધૃતિ નામના રાજાનો પુત્ર. એનો પુત્ર તે પુષ્પરાજ. એ આ ક્રોપમાં લખેલા પ્રથમ જૈમિનીનો શિષ્ય હોઇ તેની પાસે તેણે સામવેદની કેટલીક શાખાઓની સંહિતાઓનું અધ્યયન કર્યું હતું. એણે પુરુકુળના સન્નતિમાન રાજાના પુત્ર કૃતિરાજાને પ્રાચ્યસામની છ સંહિતાઓ આપી હતી.

હિરણ્યપુર. પૌલોમ કાળકેયના રહેઠાણવાળું પાતાળમાં આવેલું દૈત્યનું પુર. અર્જુન એ નગરીમાં ગયો હતો.(**ભા૨૦વ૦ ૧૭૫–૧૩; ઉ૦ ૧૦૦–૧).**

હિરણ્યબાહુ. એની સંજ્ઞાવાળા કશ્યપકુળનો એક ઋષિ.

હિરણ્યબાહુ (૨) સર્પ વિશેષ. (**ભા૨૦ આ૦ ૫૭–૬**)

હિરણ્યબિંદુ. પ્રથમ લખેલા હિમાલય પર્વત પર આવેલું તીર્થ વિશેષ.

હિરણ્યબિંદુ. (૨) કાલંજર પર્વત પર આવેલા અગત્સ્ય ઋષીના આશ્રમનું નામ.

હિરણ્યરેતા. બ્રહ્મદેવનું નામાંતર.

હિરણ્યરેતા (૨). અગ્નિ.

હિરણ્યરેતા. (૩). પ્રીયવ્રત રાજાના દસ પુત્રોમાંનો પાંચમો પુત્ર. ઘૃતોદા–ઘૃત સમુદ્રથી વેષ્ટીત કુશદ્વીપનો અધીપતી હતો. એણે પોતાના દેશના સાત ભાગ કરી તેને વર્ષ (દેશ) નામ આપ્યાં હતાં. આ સાતે એણે પોતાના સાતે દીકરાઓને અનુક્રમે વહેંચી આપ્યા હતા. વસુ, વસુદાન, દૃઢરુચી, નાભી ગુપ્ત, સ્તુત્યવ્રત, વીવીક્ત અને વામદેવ, એ એના પુત્રો અને તેમના દેશનાં નામ હતાં.

હિરણ્યરોમા. રૈવત મન્વંતરમાંના સપ્તર્ષિમાંનો એક.

હિરણ્યરોમા (૨). ચાર મનુષ્યજાતીય દીગ્પાળોમાંનો ઉત્તર દિગ્પાળ.

હિરણ્યરોમા (૩). રુક્મણીનાં પીતા ભીમક અથવા ભીષ્મનું નામાન્તર (**ભા૨૦ ઉ૦ અ૦ ૧૫૮**)

હિરણ્યવર્મા. પશ્ચીમ દશાર્ણ દેશના રાજા એણે પોતાની કન્યા દ્રુપદ રાજાના પુત્ર શિખંડીને પરણાવી હતી. વધારે હકીકત સારુ શીખંડી શબ્દ જુઓ.

હિરણ્યવાહ. ત્રણની સંજ્ઞાવાળો શોણ શબ્દ જુઓ.

હિરણ્યશૃંગ. પ્રથમ કહેલા હીમાલયનું એક શિખર. કૈલાસ શિખરની ઉત્તરે આવ્યું છે.

હિરણ્યશૃંગ (૨) કુબેરનો દૂત વિશેષ. વંશોંકસાર નદીને તીરે જે સુરભવન છે, ત્યાં રહે છે. એને સુમહાન, અમિમૌજ્ય અને સુવિક્રમ એમ ત્રણ મિત્રો છે.

હિરણ્યષ્ઠીવ. પ્લક્ષદ્વીપમાં આવેલા પર્વતો પૈકી એક પર્વત વિશેષ.

હિરણ્યહસ્ત. કાલકવૃક્ષની શકુન્તીને પેટે થએલો પુત્ર. એ મહર્ષિ હતો. મદિરાશ્વરાજાની પુત્રી સુમધ્યમા એની સ્ત્રી થતી. (**ભા૨૦ શાં૦ ૨૪૦–૩૫; અનુ૦ ૨૦૦–૨૪**).

હિરણ્યાક્ષ. ચાલુ કલ્પના આરંભમાં થઈ ગએલો એક મહાબલાઢ્ય અસુર. એ દિતિનો પુત્ર હતો. **(ભાગ૦ ૩ સ્કં. ૧૪–૧૭)** અને હિરણ્યકશિપુનો ભાઈ હોઈ, અસુર હતો. (**ભા૨૦ શાં૦ ૨૦૮–૧૦**). એ સ્વાયંભુ મન્વંતરમાંના કશ્યપનો પુત્ર હોવો જોઈએ.

પૃથ્વીને એ પાતાળમાં લઇ ગયો હતો. વિષ્ણુએ વરાહ અવતાર ધરીને પૃથ્વીને પોતાની દાઢ પર ઉચકીને પાતાળમાંથી આણી પૂર્વવત સ્થાનકે મૂકી હતી. (**ભાગ ૩-૧૯**) એની સ્ત્રીનું નામ રુષાભાનુ અગર રુષદ્ભાનુ હતું. શકુનિ, શમ્બર. વગેરે એના પુત્રો હતા. (**ભા૦ ૭ સ્કં૦ અ૦ ૨**)

હિરણ્યાક્ષ (૨). વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

હિરણ્યાક્ષ (૩). મયાસુરની ઉપદાનવી નામની કન્યાનો પતિ, ચાલુ મન્વંતરમાંનો.

હિરણ્યાક્ષ (૪). સોમવંશી વસુદેવના ભાઇ શ્યામકના બે દિકરામાંનો મોટો પુત્ર તે.

હિરણ્યત. વર્ષ વિશેષ (**ભા૨૦ સ૦ ૨૯-૫૩**)

હિરણ્યવતી. કુરુક્ષેત્ર સમીપ આવેલી નદી. (**ભા૨૦ આ૦ ૧૦૮-૧૨; ઉ૦ ૧૬૦-૧; ભી૦ ૯-૨૫; અનુ૦ ૨૭૧-૨૫**).

હિંસ—કૌશિક ઋષિના પુત્રોમાંનો એક. (**પિતૃવર્તિ શબ્દ જુઓ**).

હીક. પિશાચણી વિશેષ, (**ભા૨૦ક૦ ૩૭-૫૨**).

હુત. ત્રણની સંજ્ઞાવાળા અંગિરાકુળનો એક ઋષિ.

હુતભુક્. અગ્નિનું નામ. આ અર્થનાં એનાં ઘણાં નામ છે.

હુહુ. હૂહૂ શબ્દ જુઓ.

હૂણ. જંગલી મ્લેચ્છ મનુષ્યજાતી વિશેષ.

હૂણ (૨). જંગલી મ્લેચ્છોનો દેશ વિશેષ (**ભા૨૦ ભી૦ ૯-૬૬**).

હૂહૂ. ચાલુ મન્વંતર પૂર્વનો અરિષ્ટનો પુત્ર કોઈ ગંધર્વ. દેવળ ઋષિના શાપને લઇને જલ મધ્યે મગર થયો હતો. ગજેંદ્રને એણે પકડયો હતો, હરિ નામના વિષ્ણુના અવતારે ગજેન્દ્રમોક્ષ કરી આને ઉદ્ધાર્યો હતો. (**ભા૨૦ ૮ સ્કં૦ અ૦ ૪**).

હુહૂ (૨). પ્રાધાને પેટે કશ્યપને થએલા ગંધર્વોમાંનો એક. એ પ્રતિ અશાડ મહિનાના સૂર્યના સમાગમમાં સંચાર કરે છે. (**૧૬. શુચિ શબ્દ જુઓ**).

હૃદ્ય. મુખ્ય યજુર્વેદોપનિષત્.

હૃદીક. સોમવંશીય યદુકુળોત્પન્ન સાત્વત અન્વયના સ્વયંભોજ નામના યાદવનો પુત્ર. એને દેવમાહુ, શતધનુ (**શતધન્વા**), મહામળ, હૃતવર્મા અને દેવમીઢુષ એવા પાંચ પુત્રો હતા. (**ભા૨૦ આ૦ ૬૪-૧૪૭**).

હૃષીકેશ. દેહમાત્રની ઇન્દ્રિયોના સ્વામી ઇશ્વર તે જ, વિશેષે કરીને આ નામ વિષ્ણુને લગાડાય છે. નારાયણ. (**ભા૨૦ શાં૦ ૩૫૨-૧**).

હેતિ. પ્રહેતીનો મોટો ભાઇ. કાલની કન્યા ભયા એની સ્ત્રી હતી. તેને પેટે વિદ્યુત્કેશ નામે પુત્ર થયો હતો. (**વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૪**).

હેતિ (૨). ચાલુ મન્વંતરમાં ચૈત્ર માસના સૂર્યના સમાગમમાં સંચાર કરનારો એક યક્ષ. (**૯ ઋતુ શબ્દ જુઓ**) ઉપર કહેલો હેતિ અને આ એક કે જુદા એનો નિશ્ચય કરી શકાતો નથી.

હેતિ (૩). વૃત્રાસુરનો અનુયાયી એક અસુર.

હેમ. સોમવંશીય અનુકુળોત્પન્ન રુષદ્રથ રાજાનો પુત્ર, અને સુતપા રાજાનો પિતા સેન તે જ.

હેમકૂટ. કિંપુરુષ દેશની ઉત્તરે અને હરિવર્ષની દક્ષિણે, આ બે દેશની સીમા રુપ પર્વત. એ પૂર્વ પશ્ચિમ ક્ષારસમુદ્રને સ્પર્શેલો છે. એના એક કૈલાસ નામના શિખર ઉપર કદી કદી વૈશ્રવણ આવીને રહે છે. એની પાછળના ભાગ ઉપરના સરોવરમાંથી સરસ્વતી નદી નિકળે છે. આ જ નદી મુખ્ય હિમાલય પર આવી ત્યાંથી એની સંજ્ઞાવાળા હિમાલય પર પ્રગટ થઇ હશે.

હેમકૂટ (૨). રામની સેનાનો એક વાનર. (**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૦**).

હેમગુહ, સર્પ વિશેષ. (**ભા૨૦ આ૦ ૩૫-૬**).

હેમચન્દ્ર. સૂર્યવંશીય દિષ્ટકુળોત્પન્ન તૃણબિંદુ રાજાના પુત્ર વિશાળનો પુત્ર, એનો પુત્ર સુચન્દ્ર.

હેમનેત્ર. એક ગંધર્વ.

હેમનેત્ર (૨). એક યક્ષ. (**ભા૨૦ સ૦ ૧૦-૧૮**).

હેમવર્ણ. ગરુડપુત્ર. (**ભા૨૦ ઉ૦ ૧૦૧-૧૪**)

હેમવર્ણ (૨). રોચમાનનો પુત્ર. (**ભા૨૦ દ્રો૦ ૨૩-૬૮**).

હેમા, એક અપ્સરા. સ્વયંપ્રભાની સખી. (**સ્વયંપ્રભા શબ્દ જુઓ**).

હેમા (૨) ભારતવર્ષીય નદી. (**ભા૨૦ ભી૦ ૯-૨૩**).

હેમાંગદ. વસુદેવને રોચનાને પેટે થએલા પુત્રોમાંનો એક.

હેરમ્બ. દેશ વિશેષ,

હેરમ્બકા. હેરમ્બના રહેવાશીઓ. (**ભા૨૦ સ૦ ૩૨-૧૪**).

હૈડિમ્બ. હૈડિમ્બેય શબ્દ જુઓ.

હૈડિમ્બેય. હિડિંબાના પુત્ર ઘટોત્કચનું નામાન્તર.

હૈમવતવર્ષ. કિંપુરુષ દેશનું નામાન્તર.

હૈમવતી. હિમવાન પર્વતની કન્યા-પાર્વતી તે જ.

હૈમવતી (૨). કૌશિક ઋષિની ભાર્યા. (**૪ કૌશિક શબ્દ જુઓ**).

હૈમવતી (૩). હિમાલયમાંથી નિકળનારી નદી વિશેષ. આનું જ નામ આગળ જતાં શતદ્રુ પડયું છે. (**૩ વસિષ્ઠ શબ્દ જુઓ**).

હૈરણ્યવતી. હિરણ્મય દેશમાંની નદી (**ભા૨૦ ભી૦ ૮-મૂ**).

હૈહય. સૂર્યવંશીય શર્યાતિકુળોત્પન્ન એક રાજા. એને દસ સ્ત્રીઓ અને એકસો પુત્ર હતા. તેમાં વીતહવ્ય મોટો હતો.

હૈહય (૨). સોમવંશી આયુકુલોત્પન્ન યદુરાજાનો પૌત્ર અને શતજિત રાજાના ત્રણ પુત્રોમાં મોટો. એનો પુત્ર તે ધર્મ.

હૈહય (૩). સોમવંશીય તુર્વસુકુળોત્પન્ન હરિવર્મા રાજાનો પુત્ર.

હોત્રક. સોમવંશીય વિજયકુળોત્પન્ન કાંચન રાજાનો પુત્ર. એનો પુત્ર તે જન્હુ રાજા.

હોત્રવાહન. કાશીરાજાનો સસરો. એનું નામ સુંજક પણ હતું. અંબા વગેરે ત્રણે બ્હેનોનો એ આજ્ઞે થાય.

હોત્રવાહન (૨). કાંઇ કાળ પર્યંત પાંડવોની સાથે દ્વૈતવનમાં રહેલો એક ઋષિ.

હ્રદિકા. ઋષ્યવાન પર્વતમાંથી નિકળનારી નદી વિશેષ.

હ્રદિની. કામ્યકવનની ઉત્તરે આવેલી નદી વિશેષ.

હ્રસ્વકર્ણ. રાવણપક્ષીય એક રાક્ષસ. (**વા૦રા૦ સું૦ સ૦ ૬**)

હ્રસ્વરોમા. વિદેહવંશના મહારોમા રાજાનો પૌત્ર અને સ્વર્ણરોમા જનકનો પુત્ર. એને સીરધ્વજ અને કુશધ્વજ એમ બે પુત્ર હતા.

હ્રાદ. ક્યાધુને પેટે હિરણ્યકશિપુને થએલા પુત્રોમાંનો એક.

હ્રાદિની. સુદામા પર્વત પાસેની નદી. એ ઘણુ કરીને એ પર્વતમાંથી જ નીકળે છે. (**વા૦ રા૦ અયો૦ સ૦ ૭૧**)

હ્રી. સ્વાયંભુ મન્વંતરમાં દક્ષ પ્રજાપતિયે ધર્મઋષિને આપેલી તેર કન્યામાંની એક. એના પુત્રનું નામ પ્રશ્રય.

ક્ષ.

ક્ષત્તા. વિદુરનું બીજું નામ.

ક્ષત્ર. એક યાદવ વિશેષ.

ક્ષત્રંજય. ધૃષ્ટદ્યુમ્નના પુત્રોમાંનો એક મહાભારતના યુદ્ધમાં એ દ્રોણાચાર્યને હાથે મરાયો. **(ભા૨૦ દ્રો૦ અ૦ ૧૦)**

ક્ષત્રદેવ. શિખંડિનો પુત્ર. મહાભારતના યુદ્ધમાં આ પાંડવોના પક્ષમાં હતો. એના રથના ઘોડા વર્ણન કરવા જેવા હતા. દુર્યોધનના પુત્ર લક્ષ્મણને હાથે મરાયો. **(ભા૨૦ દ્રો૦ અ૦ ૧૦)**

ક્ષત્રદેવ (૨) ધૃષ્ટદ્યુમ્નના પુત્રોમાંનો એક. જે ભીષ્મ પાસે શસ્ત્રવિદ્યા ભણ્યો હતો, અને મહાભારતના યુદ્ધમાં પાંડવપક્ષે લઢી મરણ પામ્યો હતો તે. (ભા૦ દ્રો૦ ૧૦)

एते द्वादश वर्षाणि क्रीडामुत्सृज्य बालकाः ॥
अस्त्रार्थमवन्भीष्मे विभ्रतो व्रतमुत्तमम् ॥५२॥
क्षत्रञ्जयः क्षत्रदेवः क्षत्रवर्मा च मानदः ॥
धृष्टद्युम्नात्मजा वीरा.....॥ ५३ ॥

ક્ષત્રધર્મા. સોમવંશીય આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કુશ નામના પૌત્રના વંશના જયરાજનો પુત્ર.

ક્ષત્રધર્મા (૨) ધૃષ્ટદ્યુમ્નના પુત્રોમાંનો એક એને દ્રોણાચાર્યે માર્યો હતો.

आकर्णपूर्णमाचार्यो बलवानस्यवासृजत् ॥
सहत्वा क्षत्रधर्माणं जगाम धरणीतलम् ॥६६॥
स भिन्नहृदयो वाहान्न्यपतन्मेदिनीतले ॥
ततः सैन्यान्क्रमन्त घष्टद्युम्न सुते हते ॥६७॥
(ભા૨૦ દ્રો૦ અ૦ ૧૦)

ક્ષત્રવર્મા. ક્ષત્રધર્મા તે જ (ઉપર એ શબ્દો જુઓ)

ક્ષત્રવૃદ્ધ. સોમવંશી આયુરાજાના પાંચ પુત્રોમાંનો બીજો પુત્ર. નહુષરાજાનો નાનો ભાઇ. એના પુત્રનું નામ સુહોત્ર.

ક્ષત્રોપેક્ષ. ચક્રલ્ક યાદવના તેર પુત્રોમાંનો એક પુત્ર.

ક્ષપણક. પાખંડમતનો એક પુરૂષ વિશેષ.

ક્ષમાધિચક્કર. ત્રણની સંજ્ઞાવાળા અંગિરાકુળનો એક ઋષિ.

ક્ષમાવંત. દેવલ ઋષિના બે પુત્રોમાંનો એક. પ્રત્યૂષ નામના વસુનો પુત્ર.

ક્ષારકર્દમ. જે માણસ પોતાની વિદ્યા, તપ, ધન, કુળ વગેરેને લઇને બીજાનો તિરસ્કાર કરે તે માણસને પ્રાપ્ત થતું નર્ક વિશેષ.

ક્ષારોદ. જંબુદ્વીપની આજુબાજુ વલયાકારે આવેલો બારો સમુદ્ર. મહાસાગરોમાં એ પહેલો હોઇ એની પહોળાઇ એક લાખ યોજનની છે. એની પછી આજુબાજુ પ્લક્ષદ્વીપ આવેલો છે.

ક્ષિપ્રા. વિંધ્યાચળમાંથી નીકળનાર એક નદી વિશેષ; ઉજ્જયિની પાસે વહે છે તે.

ક્ષીર. ત્રણની સંજ્ઞાવાળા અંગિરાકુળનો એક ઋષિ.

ક્ષીરા. ભારતવર્ષીય નદી વિશેષ.

ક્ષીરદ્વની. ભારતવર્ષીય નદી વિશેષ.

ક્ષીરોદ. સપ્ત મહાસાગરોમાં પાંચમો. આ ક્રૌંચદ્વીપની આજુબાજુ વિંટાયલો છે અને એની પહોળાઇ સોળ લાખ યોજનની છે.એની પછી શાકદ્વીપ એની આસપાસ વિંટાયલો છે.

ક્ષુદ્રક. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન અંતરિક્ષરાજાના પહેલાંના વંશમાં થએલા પ્રસેનજીત રાજાનો પુત્ર. એનો પુત્ર રણક અથવા કુલકરાજા.

ક્ષુદ્રભુત. સ્વાયંભુ મન્વંતર માંહ્યલા મરીચિ ઋષિના છ પુત્રો પૈકી એક. કૃષ્ણાવતાર વેળા કૃષ્ણના તેમની પૂર્વે જન્મેલા છ

ભાઇઓમાં એક તરીકે જન્મી કંશને હાથે મરણ પામ્યો હતો.

ક્ષુધિ. મિત્રવિંદાને કૃષ્ણથી થએલા પુત્રોમાંનો એક.

ક્ષુપ. બ્રહ્મદેવની છીંકમાંથી ઉત્પન્ન થએલો એક પ્રજાપતિ. (**ભા૨૦ શાં૦ અ૦ ૧૨૨**)

ક્ષુલ્ય. ત્રણની સંજ્ઞાવાળા, ભૃગુ કુલોત્પન્ન એક ઋષિ.

ક્ષુરિકા. મુખ્ય યર્જુવેદોપનિષત્.

ક્ષેમ. પ્રિયવ્રતપુત્ર ઇધ્મજીહ્વાના સાત પુત્રોમાંનો પાંચમો પુત્ર.

ક્ષેમ (૨). ક્ષેમરાજાના દેશનું નામ

ક્ષેમ (૩). પ્લક્ષદ્વીપના સાત દેશોમાંનો પાંચમો દેશ.

ક્ષેમ (૪). સ્વાયંભુ મન્વંતરમાંના ધર્મઋષિને તિતિક્ષાની કૂખે થએલો પુત્ર

ક્ષેમ (૫). ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. **(ભા૨૦ આ૦ અ૦ ૬૭)** આ ક્રોધવશ નામના અસુરના અંશવડે જન્મ્યો હતો

ક્ષેમ (૬). સોમવંશીય પૂરૂકુલોત્પન્ન જરાસંધ વંશના શુચિ નામના રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સુવ્રત રાજા

ક્ષેમક. ભારતના યુદ્ધમાં પાંડવપક્ષનો રાજા. એના સંબંધે વિશેષ હકીકત મળતી નથી.

ક્ષેમક (૨). સોમવંશી પૂરૂકુલોત્પન્ન પાંડવવંશીય નિમિ રાજાનો પુત્ર. આ પાંડવવંશનો છેલ્લો રાજા હોઇ, એનાથી એ વંશ બંધ થયો; કારણ એની સંતતિનું નામ કયાંઈ પણ મળતું નથી

ક્ષેમંકર. પશ્ચિમ તિગર્ત દેશનો રાજા. **(૩ જયદ્રથ શબ્દ જુઓ.)**

ક્ષેમદર્શી. ઉત્તરકોસલ દેશનો રાજા. એના અમાત્ય બહુ નઠારા હતા એનાથી એને ઘણો ત્રાસ થતો હતો. કાલકવૃક્ષીય નામના કોઇ બ્રાહ્મણે યુક્તીથી બધાને શાસન કરી એનું રાજ પાછું મેળવી ક્ષેમદર્શીને સુખી કર્યો હતો. વિદેહવંશી એક જનકરાજાની કન્યા આની સ્ત્રી થતી હતી (**ભા૨૦ શાં૦ અ૦ ૧૦૬**)

ક્ષેમધન્યા. સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન કુશની પહેલાં જન્મેલા પુંડરીક રાજાનો પુત્ર. આને દેવાનીક નામનો પુત્ર હતો.

ક્ષેમધી. વીદેહવંશીય ચિત્રરથ જનકનો પુત્ર. એના પુત્રનું નામ સમરથજનક.

ક્ષેમધૂત. મહાભારતના યુદ્ધમાં પાંડવપક્ષનો એક રાજા (**ભા૨૦ દ્રો૦ અ૦ ૨૫**)

ક્ષેમધૂર્તિ (૨). ભીમસેને મારેલો દુર્યોધનપક્ષનો એક રાજા **(ભા૨૦ ક૦ અ૦ ૧૩)**

ક્ષેમમૂર્તિ. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. એને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો.

ક્ષેમવૃદ્ધિ. શાલ્વરાજાનો સેનાપતિ (**શાલ્વ શબ્દ જુઓ**)

ક્ષેમશર્મા. ભારતના યુદ્ધમાં દુર્યોધનપક્ષનો એક રાજા.

ક્ષેમા. એક અપ્સરા.

ક્ષેમ્ય. સોમવંશીય નહુષકુલોત્પન્ન પૂરૂરાજાના વંશના હસ્તી રાજાના પુત્ર દેવમીઢ અથવા દ્વિમીઢના કુળમાં જન્મેલા ઉમાયુધ રાજાનો પુત્ર. એને સુવીર નામે પુત્ર હતો.

ક્ષૌમિ. શ્યામપરાશર કુળમાં થએલો એક ઋષી.

જ્ઞ.

જ્ઞ. સોમપુત્ર બુધ. આ નામ કોઈ કોઈ ગ્રન્થોમાં મળી આવે છે.

જ્ઞાતિ. સોમવંશના અનુકુલોત્પન્ન એક રાજા, વંશાવળીમાં આનું નામ નથી.

જ્ઞાનપાવન. ભારતવર્ષીય તીર્થ વીશેષ. આ તીર્થનું સ્થળ નિર્ણય કરાતું નથી.

જ્ઞાનસંજ્ઞેય. એક બ્રહ્મર્ષી (૨ કશ્યપ શબ્દ જુઓ.)



પૂરવણી અ.

અ.

અકર્કર. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫-૧૬).

અક્ષયપાત્ર. જેમાથી નિકળતો ખોરાક ખૂટે જ નહિ એવું પાત્ર. વનવાસ વખતે સૂર્યે યુધિષ્ઠિરને આપ્યું હતું, જેથી પાંડવો પોતાની જોડે વનવાસમાં ફરતા અનેક ઋષિયો વગેરેને ભોજન આપી શકતા હતા. (ભા૨૦ વ૦ ૩-૧૧).

અગસ્તિ. આકાશમાં શિશુમારચક્રની ઉપર આવેલ હનુવટીની ઉપર આવેલો એક તારો. (ભાગ૦ ૫-૨૩-૭).

અગસ્તિ (૨). અગસ્ત્ય કુળમાં જન્મેલો ઋષિ.

અગસ્ત્યતીર્થ. નારીતીર્થમાંનું એક. તીર્થયાત્રામાં અર્જુન અહીં ગયો હતો. (ભા૨૦ આ૦ ૨૩૬-૩).

અગસ્ત્ય. પુલસ્યનો પુત્ર, એક ઋષિ. (ભાગ. ૪-૧).

અગસ્ત્ય (૨). અપ્સરા ઉર્વશીને જોઇને ક્ષુભિત થએલા મિત્રાવરુણનું વીર્ય ઘડામાં પડયું, તેમાંથી જન્મેલો મિત્રાવરુણનો પુત્ર. (ભાગ૦ ૬-૧૮; મત્સ્ય૦ ૬૧-૨૦૧; પદ્મ૦ ૫-૨૨; ભા૨૦ સ૦ ૧૧-૧૨; શાં૦ ૨૦૭-૩૧).

અગસ્ત્યાશ્રમ. પંચવટીની પાસે આવેલું પુણ્યક્ષેત્ર વિશેષ. લોમશ ઋષિની સાથે યુધિષ્ઠિર ત્યાં ગયો હતો. નાસિકથી આગ્નેય દિશામાં આવેલી પુરી જે હાલ અગસ્તિપુરી કહેવાય છે તે. (ભા૨૦ વ૦ ૯૪-૧).

અગસ્ત્ય પર્વત. કાલંજર પર્વતનો ઉપપર્વત. (ભા૨૦ વ૦ ૮૫-૨૧).

અઙ્ગ. દુર્યોધન પક્ષનો એ નામનો એક મ્લેચ્છ રાજા. એ કર્ણનો માણ્ડલિક હતો અને ભીમસેનને હાથે મરણ પામ્યો હતો.

અઙ્ગ (૨). શિક્ષાદિ ષડઙ્ગને અઙ્ગ કહેવામાં આવે છે.

અઙ્ગદ. ભારતીય યુદ્ધમાં દુર્યોધન પક્ષમાંનો રાજા વિશેષ. એ યુદ્ધમાં મરાયો હતો.

અઙ્ગદીયા. લક્ષ્મણ પુત્ર અઙ્ગદની નગરી. કારુપથ દેશની રાજધાની, એનું બીજું નામ અશ્વનગર. (ભાગ૦ ૯-૧૧-૧૨).

અઙ્ગમલજ. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૬-૫૦).

અઙ્ગિરસાંવર. દ્રોણાચાર્ય તે જ. (ભા૨૦ આ૦ ૧૪૨-૮૧).

અઙ્ગિરા. શ્રાવણ મહિનામાં સૂર્યની સાથે સંચાર કરનાર એક ઋષિ. (ભાગ૦ ૧૨-૧૧-૩૭).

અગ્નિ. સરસ્વતીને કિનારે આવેલું એક પવિત્ર સ્થળ. અહીં વિદુર તીર્થયાત્રામાં આવ્યો હતો. (ભાગ૦ ૩-૧-૧૨).

અગ્નિ (૨). અગ્નિની સ્ત્રી સ્વાહાને પેટે પાવક, પવમાન અને શુચિ એમ ત્રણ પુત્ર થયા હતા. તેમના વડે ઉત્પન્ન થએલા ઓગણપચાસ અગ્નિયો. (ભાગ૦ ૪-૧-૬૦) એ સિવાય સ્વારોચિષ નામે પુત્ર અને સુચ્છાયા નામે પુત્રી થઈ હતી, જે ધ્રુવપુત્ર શિષ્ટને દીધી હતી.

અગ્નિ (૩). દક્ષકન્યા અને અગ્નિની ધર્મપત્ની વસુને પેટે થયેલા અષ્ટવસુમાંનો પાંચમો પુત્ર અગ્નિ જન્મ્યો હતો તે. એને વસોર્ધારા નામે પત્ની અને દ્રવિણક નામે પુત્ર હતો. (ભાગ૦ ૬-૬-૧૧).

અગ્નિ (૪). વરુણે કરેલા યજ્ઞમાંથી ત્રણ ઋષિયો ઉત્પન્ન થયા હતા. તેમાં અઙ્ગિરા ઋષિયે આને પુત્ર તરીકે ગ્રહણ કર્યો હતો. એ આગ્નેયી દિશાનો અધિપતિ હતો. શ્વેતકો

રાજાએ કરેલા અપરિમિત યજ્ઞોને લીધે આ અગ્નિને અજીર્ણ થયું હતું. એણે કૃષ્ણ અને અર્જુન પાસે બ્રાહ્મણ રુપે જઈને ખાણ્ડવ વન આવા માગ્યું હતું. જે ખાવાથી એનું અજીર્ણ ટળ્યું હતું.

અગ્નિ (૫). શ્રી અવધૂતનો એક ગુરુ. (ભાગ ૧૧-૭-૩૩).

અગ્નિ (૬). શ્રી ભગવાનનું એક સ્વરુપ. (ભાગ૦ ૧૧-૧૬-૨૩).

અગ્નિદગ્ધા. ઋગ્વેદ અને મનુએ ગણાવેલા પિતૃઓના બે વર્ગમાંનો એક. પોતાની હયાતીમાં જેમણે ગાર્હપત્ય અગ્નિ રાખી તેમાં હોમ કર્યો હોય તે પિતૃઓ. જેમણે ગાર્હપત્ય અગ્નિ ન રાખ્યો હોય તે " અનગ્નિદગ્ધ પિતૃ. " (ડાઉસન પા. ૮).

અગ્નિદુર્ગ. ભૌમાસુરની પ્રાગ્જ્યોતિષ નગરીની પાસે અનેક કિલ્લાઓ હતા, તે પૈકી એક કિલ્લો. શ્રી કૃષ્ણે સુદર્શન વડે એનો નાશ કર્યો હતો. (ભાગ૦ ૧૦-૫૯-૩૪),

અગ્નિમાન. પ્રાયશ્ચિતાગ્નિ વિશેષ. (ભા૨૦ ૫૦ ૨૨૩-૩૧).

અગ્નિષોમૌ. અગ્નિના વંશમાં જન્મેલા અગ્નિ અને સોમ બન્ને. (ભા૨૦ સ૦ ૧-૨૬; ૫૦ ૨૨૩-૧૫).

અગ્નિમિત્ર. શુંગ રાજાઓમાં પ્રથમ રાજા. છેલ્લા મૌર્ય રાજા બૃહદ્રથની પછી ગાદી પર આવ્યો હતો. (ભાગ૦ ૧૨-૧-૧૬).

અગ્નિવેશ્યાયન. અગ્નિવેશ્યના કુળના બ્રાહ્મણો. (ભાગ૦ ૯-૨-૨૨).

અગ્નિહોત્ર. સવિતા અને પ્રશ્નીનો પુત્ર. (ભાગ૦ ૬-૧૮-૧).

અઘમર્ષણ. એક સૂક્ત " ऋतं च सत्यं " (ઋ૦ મં૦ ૧૦ સૂક્ત ૧૯૦) અઘમર્ષણ એટલે પાપક્ષાલન. પાણીને આ મન્ત્ર વડે અભિમંત્રિત કરી, મુંઘી અને ડાબી બાજુએ ફેંકી દેવામાં આવે છે. આનો હેતુ શરીરમાંથી પાપ પુરુષનો નાશ કરવાનો છે.

અઘયુ. અગ્નિ વિશેષ. (ભા૨૦ ૫૦ ૨૨૩-૨૨).

અઘરાયી. ક્ષત્રિય. સોમવંશીય ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક. (ભા૨૦ આ૦ ૧૩૧-૧૧).

અજ. શ્રી ભગવાન તે જ, જેને જન્મ નથી.

અજગર. શ્રી કૃષ્ણનો નાશ કરવા સારુ અઘાસુરે લીધેલું કપટ રુપ. (ભાગ૦ ૧૦-૧૨ -૧૬).

અજગર (૨). અવધૂતનો એક ગુરુ. (ભાગ૦ ૧૧-૭-૩૩).

અજય. શિશુનાગ વંશના દસ રાજાઓમાંનો સાતમો રાજા. એનો પિતા દર્ભક અને પુત્ર નંદિવર્ધન. (ભાગ ૧૨-૧-૬).

અજમીઢ. પૂરુનું નામાન્તર.

અજમીઢ (૨). પૂરુવંશીય સુહોત્રને ઐક્ષ્વાકીની કૂખે ત્રણ પુત્રો થયા, તેમાંનો મોટો પુત્ર. એને ત્રણ સ્ત્રીઓ હતી. તે વચ્ચે ચાર પુત્ર હતા. ધૂમિનીલાને ઋક્ષ, નીલીને દુષ્યન્ત અને પરમેષ્ઠી અને કેશિનીને જન્હુ. આ જન્હુએ ગંગાનું પ્રાસન કર્યું હતું.

અજમીઢ (૩). હસ્તિનાપુર વસાવનાર સોમવંશી હસ્તિનો પૌત્ર અને વિકુંઠનનો પુત્ર. એને ચાર સ્ત્રીઓ હતી. કૈકેયી, ગાંધારી, વિશાલા અને ઋક્ષી. આ બધીઓથી એને ચોવીસ પુત્રો હતા.

અજમીઢ (૪). અજમીઢ, દ્વિમીઢ, પૂરુમીઢ એ હસ્તિન રાજાના મુખ્ય પુત્રો હતા. અજમીઢનો કણ્વ, તેનો મેધાથિ; અજમીઢનો બીજો પુત્ર બૃહદ્ધીષુ, ઋક્ષ નામના પુત્રનો સંવરણ, તેનો કુરુ. આ કુરુએ કુરુક્ષેત્રને ધર્મક્ષેત્ર બનાવ્યું હતું.

અજા. શ્રાવણ વદ અગિયારસ.

અજૈકપાદ. યજ્ઞ સંબંધી અગ્નિ વિશેષ.

અરમાન. આંધ્ર રાજ્યમાં થએલા ત્રીસ રાજાઓ પૈકીનો એક. એનો પિતા મેઘસ્વાતિ અને પુત્ર અનિષ્ટ કર્મ. (ભાગ૦ ૧૨-૧-૨૪).

અટવીશિખર. કલિંગ દેશની દક્ષિણે આવેલો વિદ્યમાન દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૯-૪૮).

અતલ. સપ્ત પાતાલો પૈકી એક. એ પૃથ્વીથી નીચે ચાર હજાર કોશ હોઇ, ત્યાં સ્વર્ગ જેવું સુખ છે. (ભાગ૦ ૫-૨૪-૭.)

અતિબાહુ અરિષ્ટાની પુત્રી એક અપ્સરા. (ભા૨૦ આ૦ ૬૬-૫૧).

અતિભીમ. પાંચજન્ય અગર તપ નામના અગ્નિએ ઉત્પન્ન કરેલા યજ્ઞમાં નાશ કરનારા પંદર દેવો, અસુરોમાંનો એક. સુભીમ, અતિભીમ, ભીમ, ભીમબળ અને અબળ એ પાંચ યજ્ઞ ધ્વંસ કરનારા અસુરો છે. (ભા૨૦ ૫૦ ૨૨૦-૧૧). આવાં પાંચ પાંચનાં ત્રણ ટોળાં છે. યજ્ઞવિદ્યામાં કુશળ યાજ્ઞિકોએ તેઓને વેદીની બહાર ભાગ આપવાનું ચાલુ કર્યું છે. તેથી તેઓ અગ્નિનું સ્થાપન કર્યું હોય એ અંતર્વેદીમાં પ્રવેશ કરતા નથી. (ભા૨૦ ૫૦ ૨૨૦-૧૬).

અતિરથ. સોમવંશીય મતિનારનો પુત્ર. એને તંસુ, મહાન, અને દુહ્યુ નામે ભાઇઓ હતા. (ભા૨૦ આ૦ ૮૮-૧૨-૧૩).

અત્રિ. જેઠ મહિનાના સૂર્યના સમાગમમાં સંચાર કરનાર ઋષિ વિશેષ. (ભાગ૦ ૧૨-૧૧-૩૨).

અથર્વણ. યજ્ઞમાં વરેલા બ્રાહ્મણોમાં અગ્નિને બહાર આણનાર અને આહુતિ આપનાર બ્રાહ્મણને ઋગ્વેદમાં અથર્વણ કહ્યો છે. પૌરાણિક ગ્રન્થોમાં આને જ બ્રહ્માનો પુત્ર-એક પ્રજાપતિ માન્યો છે. ચોથો વેદ આને જ રુકુરી આપ્યો હતો. બ્રહ્મદેવે આને બ્રહ્મવિદ્યાનું જ્ઞાન આપ્યું હતું.

અગાડી જતાં પાછલા વખતમાં અંગિરસ અને આ એક જ એમ મનાઇ એના વંશજો અથર્વણો કહેવાય છે. અને ઘણી વખત અંગિરા તે જ આ, એમ કહ્યું છે. (ડાઉસન પા-૩૧).

અથર્વા. અથર્વાઙ્ગિરા શબ્દ જુઓ.

અથર્વાઙ્ગિરસ. અથર્વાગિરા શબ્દ જુઓ.

અથર્વાઙ્ગિરા. એક ઋષિ, અંગિરસનો પુત્ર. એની માનું નામ સતી. (ભાગ૦ સ્કં૦ ૬). કર્દમપુત્રી શાન્તિ એની સ્ત્રી થાય. શાન્તિનું નામાન્તર ચિતિ પણ હતું. એના પુત્રનું નામ અશ્વશિરા. અશ્વશિરાના દધ્યંગ અને દધીચિ. આ નામાન્તર હોય એમ જણાય છે. (ભાગ૦ સ્કં૦ ૪ અ૦ ૧).

અદ્ભુત. સહ નામના ભુર્લોક અને ભુવર્લોકના અધિપતિની મુદિતા નામની પત્નીની કૂખે થએલો અગ્નિ વિશેષ. આ અદ્ભુત સર્વનો આત્મા અને ભુવનનો ભર્તા છે. આ જ અગ્નિ ગૃહપતિ નામથી નિત્ય યજ્ઞમાં પૂજાય છે. અને હુતદ્રવ્ય દેવતાઓને પહોંચાડે છે. (ભા૨૦ ૫૦ ૨૨૨-૧-૨૦). અદ્ભુતની સ્ત્રીનું નામ પ્રિયા હતું. અને એને વિભૂરથ નામે પુત્ર હતો.

અદ્ભુતસિંહ. નરસિંહનું નામાન્તર. (ભાગ૦ ૧૦-૪૦-૬).

અદ્ભુત બ્રાહ્મણ. સામવેદનું બ્રાહ્મણ. ચમત્કારો અને શુકન વગેરે એમાં વર્ણવ્યા છે. વેબરે આ બ્રાહ્મણ પ્રસિદ્ધ કર્યું છે. (ડાઉસન ૨).

અંધક. યાદવોની એક શાખા. (ભાગ ૩-૩-૨૫).

અંધક (૨). એક સાત્વતવંશીય રાજા. એના પુત્રનું નામ દુંદુભિ (ભાગ૦ ૯-૨૪-૬).

આંધ્ર. એક વંશ. આ વંશ કલિયુગમાં આંધ્રરાજા કણ્વને મારીને પોતે રાજા થશે. (ભાગ૦ ૧૨-૧-૨૨).

આંધ્ર (૨). ક્ષત્રિય વિશેષ. દુષ્યન્ત પુત્ર ભરતે દિગ્વિજયમાં એને જીત્યો હતો. (ભાગ૦ ૯-૨૦-૩૦).

અધ્વર્યુ. યજ્ઞમાં વરેલો યજુર્વેદ ભણનારો બ્રાહ્મણ. (ભાગ ૪-૪-૩૩).

અમૂર્તરજા. સૂર્યવંશી ગયરાજાનો પિતા. એનું નામાન્તર અમૂર્તરજા છે. (ભા૨૦ ૫૦ ૨૩-૨૦).

અધોક્ષજ. શ્રીકૃષ્ણ. આ નામ પડવાના કારણ સારૂ જુઓ. (ભા૨૦ ઉ૦ ૬૯-૧૦).

અધોલોક. પાતાલ લોક. એના વર્ણનને સારૂ જુઓ. (ભા૨૦ ઉ૦ ૬૯-૨૦).

અનઙ્ગ. કર્દમ પ્રજાપતિનો એક પુત્ર, ઋષિ. (ભા૨૦ શાં૦ ૫૮-૬૯).

અનઙ્ગ (૨). રામની સેનાનો વાનર વિશેષ.

અઙ્ગગા. ભારતીય નદી વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯-૩૫**).

અનગ્નિ. પિતૃનો ભેદ વિશેષ. દક્ષકન્યા સ્વધા એમની પત્ની થાય. (**ભાગ૦ ૪-૧-૬૩**).

અનન્તસેન. કોઇ એક દેવ-સ્કન્દ અગર રુદ્ર-જેણે ભીષ્મની ઘાત સારુ અમ્બાને માલા આપી હતી તે. (**ભા૨૦ આ૦ ૧૦૬-૬૭**).

અનરક. ભારતીય તીર્થ વિશેષ. (**ભા૨૦ વ૦ ૮૧-૧૬૮**).

અનરણ્ય. કાર્ત્તિક માસમાં માંસાહાર વર્જ્ય કરનાર રાજાઓ પૈકી એક.

અનલ. ગરુડપુત્ર.

અનલ (૨). યમની સભાનો સદસ્ય, એક રાજા.

અનશ્વાનસ. એક ક્ષત્રિય, સોમવંશીય પૂરુવંશના કુરુપુત્ર વિદુરથનો પુત્ર. સંપ્રિયા માગધી એની માતા થાય. એની સ્ત્રીનું નામ અમૃતા અને પુત્રનું નામ પરીક્ષિત હતું. (**ભા૨૦ આ૦ ૬૩-૪૪**).

અનાગતવિધા. સંકટ આવ્યા પહેલાં જ ઉપાય કરનાર એ નામનું એક માછલું. સંકટ આવ્યા પહેલાં ઉપાય કરનાર, સંકટ આવ્યે તરત ઉપાય ખોળી કાઢનાર અને દીર્ઘસૂત્રી એટલે લાંબી લાંબી ઘડભાંગ કરનાર એવાં ત્રણ માછલાં, જે પરસ્પર મિત્રો હતાં, તેમનું ભીષ્મે યુધિષ્ઠિરને દૃષ્ટાન્ત આપ્યું હતું. (**ભા૨૦ શાં૦ ૧૩૭**).

અન્નાદ. વિશ્વરુપના એક મસ્તકનું નામ. (**ભાગ૦ ૬-૯-૧**).

અન્નાદ (૨). કૃષ્ણપત્ની મિત્રવંદાનો પુત્ર. (**ભાગ૦ ૧૦-૬૧-૧૬**).

અનાધૃષ્ટિ. સોમવંશીય પૂરુવંશના રૌદ્રાશ્વનો પુત્ર. એની માતાનું નામ મિશ્રકેશી અપ્સરા. (**ભા૨૦ આ૦ ૮૮-૧૧**).

અનાધૃષ્ટિ (૨) શ્રીકૃષ્ણનો અનુયાયી એક યાદવ. (**ભા૨૦ આ૦ ૨૪૭-૨૫; સ૦ ૧૪-૬૧; વિ૦ ૬૮-૬; ઉ૦ ૧૫૧-૬૭.**)

અનિકેત. એક યક્ષ વિશેષ. (**ભા૨૦ સ૦ ૧૦-૧૯**).

અનિમિષ. ગરુડનો પુત્ર. (**ભા૨૦ ઉ૦ ૧૦૧-૯**).

અનિમિષક્ષેત્ર. વિષ્ણુના વિજય વડે પવિત્ર થએલો પ્રદેશ. (**ભાગ૦ ૧-૧-૪**).

અનિય. ગરુડનો પુત્ર. (**ભા૨૦ ઉ૦ ૧૦૧-૬**).

અનિલ (૨). વસુઓમાંનો એક. એની ભાર્યાનું નામ શિવા હતું. એને મનોજવ અને અવિજ્ઞાનગતિ એ નામે બે પુત્રો હતા. (**ભા૨૦ આ૦ ૬૭-૧૮**) એને અનીલ પણ કહ્યો છે.

અનિલ (૩). વૃષાદર્ભિનો પુત્ર એક ક્ષત્રિય. કોઈ શૈબ્ય રાજાએ પોતાના પુત્રનું દાન કર્યું હતું. રાજપુત્ર માંદો હોવાથી મરી ગયો. એ વર્ષે જબરો દુષ્કાળ હતો અને અન્ન સમુળગું મળતું નહોતું. સપ્તર્ષિ, અરુન્ધતી, પરિચારિકા ગણ્ડા અને એનો વર પશુસખ ત્યાં ફરતાં ફરતાં આવ્યાં. તેઓ ક્ષુધાતુર હોવાથી મૃત રાજપુત્રનું માંસ રસ્તામાં રાંધતાં હતાં. તેવામાં વૃષાદર્ભિ આવ્યો અને સપ્તર્ષિયોને દક્ષણા માંગવાનું કહ્યું, પણ તેમણે અનેક યુક્તિયો છતાં પરિગ્રહ ન કર્યો. (**ભા૨૦ અનુ૦ અ૦ ૬૩**).

અનિય (૪). વાયુ તે જ.

અનિય (૫). વાયુના ગણો. એઓ સંખ્યામાં ઓગણપચાસ છે.

અનિષ્ટકર્મા. કલિયુગમાં કાણ્વરાજાની પછી કૃષ્ણશતકર્ણાદિ જે ત્રીસ રાજાઓ થયા તેમાંનો છઠ્ઠો રાજા. એના પુત્રનું નામ હાલેય. (**ભાગ ૧૨-૧-૨૫**).

અનીકવિદારણ. જયદ્રથનો ભાઇ ક્ષત્રિય. (**ભા૨૦ વ૦ ૨૬૬-૧૩**).

અનીલ. સર્પ વિશેષ. (**ભા૨૦ આ૦ ૩૫-૭**).

અનુકમ્પ. અનુકંપનનું નામાન્તર.

અનુતાપન. દક્ષકન્યા અને કશ્યપની પત્ની દનુના અરાડ મુખ્ય દિકરા પૈકી ચૌદમો પુત્ર. (**ભાગ ૬-૬-૩૧**).

અનુમતિ. પૂર્ણિમાને દિવસે પૂર્ણકળા થતાં સ્હેજ ઓછી કળા હોય તેવો ચન્દ્ર. આ રુપે એ એક દેવીતરીકે પૂજાય છે. (**ડાઉસન પા. ૧૮**).

અનુરાધા. નક્ષત્ર વિશેષ.

અનુવત્સર. સંવત્સરોનો ભેદ વિશેષ. (**ભાગ૦ ૫-૨૨-૫-૭**).

અનુવ્રત. શાકદ્વીપમાં રહેનારી જાતિ વિશેષ. એ વાયુની ઉપાસક છે. (**ભાગ ૫-૨૦-૨૭**).

અનુષ્ટુપ. બત્રીશ અક્ષરનો છન્દ વિશેષ. એ બ્રહ્મદેવના સ્નાયુઓમાંથી નિકળ્યો છે. (**ભાગ ૩-૧૨-૪૫**).

અનુસર. એક રાક્ષસ વિશેષ. (**ડાઉસન ૧૮**).

અન્તરિક્ષ. પૃથ્વી અને સ્વર્ગની વચ્ચે આવેલું આકાશ. એમાં ગંધર્વો, યક્ષ અને અપ્સરાઓ રહે છે. (**ડાઉસન ૧૮**).

અન્તક. યમ તે જ. એ મુવેલાં માણસોનો ન્યાય કરે છે. (**ડાઉસન ૧૮**).

અન્તર્ગિરિ. ગંગા નદી અને જમના નદીની વચ્ચેનો દોઆબ તે જ. (**ડાઉસન ૧૮**).

અન્તર્ગિરિ.(૨) રાજસૂય યજ્ઞ વખત ઉત્તર દિશાના દિગ્વિજય કાળે અર્જુને જિતેલો દેશ વિશેષ. (**ભા૨૦ સ૦ ૨૮-૩**).

અન્તર્ગિરિ.(૩) ભારતીય દેશ વિશેષ.(**ભા૦ ભી૦ ૯-૪૬**).

અંતર્વેદિ. ગંગા અને યમુનાની વચ્ચેનો પ્રદેશ. દોઆબ.

અન્તર્દ્વીપ. દ્વારકાની પાસેનો ઉપદ્વીપ. મહાદેવની યાત્રા નિમિત્તે યાદવો ત્યાં ગયા હતા. (**ભા૨૦ આ૦ ૨૪૧-૭૧**).

અન્ધ. બ્રહ્મદેવને પ્રસન્ન કરી તેમની પાસેથી વરદાન મેળવી સર્વનો વિનાશ કરવાની ઇચ્છા રાખનારુ ફોડી ખાનાર પ્રાણી વિશેષ. એને બ્રહ્મદેવે જ આંધળું કર્યું હતું. આ અન્ધ શ્વાપદને બલાક નામના શિકારીએ મારી નાંખ્યું. તે દિવસે એને કશો શિકાર મળ્યો નહતો, અને કુટુંબ પોષણને સારુ જરુર હતી, માટે શ્વાપદ અન્ધ છતાં બલાકે એને મારીને દોષ કર્યો હતો. આંધળા પ્રાણીને મારવું એ પાપ ભરેલું છે. આમ છતાં આ શ્વાપદને મારવાથી આ શિકારી સ્વર્ગે ગયો હતો. કારણ કે આ શ્વાપદ સર્વનો વિનાશ કરવાને જ જન્મ્યું હતું. આમ હત્યામાંથી સ્વર્ગલાભ! ખરેખર ધર્મનું સ્વરુપ દુર્જ્ઞેય છે. જ્યારે યુધિષ્ઠિરે ઘણો જ ઠપકો આપી અર્જુનનો તિરસ્કાર કર્યો અને અર્જુને એમને મારવા ખડ્ગ ખેંચવાની તૈયારી કરી, ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને ધર્મ, અધર્મ, સત્ય, અસત્ય વિગેરે સમજાવ્યું હતું; તેમ જ ક્યાં સત્ય કહેવું, ક્યાં ન કહેવું, ક્યાં અસત્ય પણ કહેવું, વગેરે સમજાવવા આ આખ્યાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હતું.

सत्यस्यवचनं साधु न सत्याद्विद्यते परम् ।
सुदुर्विदं हि तत्त्वेन तत्सत्यमिति मे मतिः॥३२॥
भवेत्सत्यमवक्तव्यं वक्तव्यमनृतं भवेत् ।
यत्रानृतं भवेत्सत्यं सत्यं चाप्यनृतं भवेत् ॥३३॥
विवाहकाले रतिसंप्रयोगे
प्राणात्यये सर्वधनापहारे ॥
विप्रस्यचार्थे ह्यनृतं वदेत्
पञ्चानृतान्याहुरपातकानि ॥ ३४ ॥
सर्वस्यापहारे तु वक्तव्यमनृतं भवेत् ।
ततानृतं भवेत्सत्यं सत्यं चाप्यनृतं भवेत् ॥३५॥
किमाश्चर्यंकृतप्रज्ञः पुरुषोऽपि सुदारुणः ॥
सुमहत्प्राप्नुयात्पुण्यं बलाकोऽ
न्धवधादिव ॥३७॥
किमाश्चर्यंपुनर्मूढो धर्मकामोह्यपंडितः ।
सुमहत्प्राप्नुयात्पापमापगास्विव कौशिकः
॥ ३८ ॥
मृगव्याधोऽभवत्कश्चिद्बलाको नाम भारत ।
यात्रार्थं पुत्रदाराणां मृगान्हन्ति न
कामतः ॥ ४० ॥
वृद्धौ च मातापितरौ बिभर्त्यन्याश्च संश्रितान् ।
स्वधर्मनिरतोनित्यं संविभज्यानसूयकः ॥४१॥

स कदाचिन्मृगग्रेप्सुर्नान्वविन्दन्मृगं क्वचित् ।
अथा पश्यत्स पीवानं श्वापदं घ्राणचक्षुषम्॥४२॥
अदृष्ट पूर्वमपि तत्सत्त्वं तेन हतं तदा ।
अन्धेहते ततोव्योम्नः पुष्पवर्षं पपात च ॥४३॥
तद्धत्वा सर्वभूतानामभावकृतनिश्चयम् ।
बलाकोऽगात्स्वर्गलोकमेवंधर्मः सुदुर्विदः॥४४॥
कौशिकोऽप्यभवद्विप्रस्तपस्वीनो बहुश्रुतः ।
नदीना सङ्गमे ग्रामाद दूरे स किलावसत् ॥४७॥
सत्यंमया सदावाच्यमिति तस्या भवद्व्रतम् ।
सत्यवादीति विख्यातः स तदासीद्धनंजय ॥४८॥
अथ दस्यु भयात्केचित्तदाद्रवनमाविशन् ।
तत्रापिदस्यवः कुद्धास्तान् मार्गन्त यत्नतः॥४९॥
अथ कौशिकमभ्येत्य प्रोचुस्ते सत्यवादिनम् ।
कतरेण पथायाता भगवन्निति वै जनाः॥५०॥
सत्यसत्त्वविभागज्ञः सत्यतेभ्यः शशंसह ।
बहु वृक्षलतागुल्ममेतद्गहनमाश्रिताः ।
इतितान्व्यपयामासतेभ्यस्तत्त्वं स कौशिकः॥५१॥
ततस्तेतान्समासाद्य क्रूराजघ्नु रितिश्रुतिः
ततोऽधर्मेण महता वाग्दुरुक्तेन कौशिकः ॥५२॥
गतःसुकष्टं निरयं धर्मसूक्ष्मेष्वतत्त्ववित् ।
दृष्टपूर्वंश्रुतोमूढो धर्माणामविशारदः ॥५३॥
अकूजनेन चेन्मोक्षो नात्र कूजेत्कथं च न॥६०॥
अवश्यं कूजितव्ये ह शङ्केरन्वाप्य कूजनात् ।
येऽन्यायेन जिहिर्षन्तो धर्मं पृच्छन्ति कस्यचित।
श्रेयस्तत्रानृतं वक्तुं सत्यादिति
विनिश्चितम् ॥ ६१ ॥
प्राणात्यये विवाहे वा सर्वजात्या महाभये ।
सर्वस्वस्य च लोपे वा वक्तव्यमनृतं भवेत् ॥६२॥
अधर्मंहि न पश्यन्ति मृषोद्यं तत्र पण्डिताः ॥
सर्वथाऽभिवदेत्तुनानृतंस्याद्विचक्षणः ॥६३॥

જે સ્થળે સત્યનું પરિણામ અસત્ય રુપે આવતું હોય, ત્યાં સત્ય બોલવું નહિ; પણ તે સ્થળે સત્ય હોય છતાં અસત્ય બોલવું. આમ કોઇ સ્થળે અસત્યને પણ સત્ય તરીકે માનવું પડે છે; તેથી જ વિવાહ સમયે, રતિ પ્રસંગે, કોઇનો પ્રાણ જતો હોય તેવા સમયે, સર્વ ધન લૂંટાઇ જતું હોય તેવે વખતે તથા બ્રાહ્મણને માટે અસત્ય ભાષણ કરવું:–એ પાંચ અસત્યને પાપરુપ ગણવામાં આવ્યાં નથી. વળી જ્યાં આપણું સર્વસ્વ લૂંટાઇ જતું હોય, ત્યાં અસત્ય જ બોલવું જોઇએ; કારણ કે તેવે પ્રસંગે અસત્યનું પરિણામ સત્યરુપે આવે છે અને સત્યનું પરિણામ અસત્ય રુપે આવે છે. આ પ્રમાણે સત્યાસત્યનો નિર્ણય નહિ સમજનારો અજ્ઞાની પુરુષ સર્વ સ્થળે કેવળ સત્યને જ વળગી રહે છે, પરન્તુ તેનું પરિણામ અસત્ય – અધર્મ ભરેલું જ કોઇ વેળા પ્રાપ્ત થાય છે. માટે પરિણામ પર દૃષ્ટિ રાખીને સત્ય હોય છતાં તે અસત્ય તરીકે સ્વીકારવું જોઇએ અને અસત્ય હોય છતાં, સત્ય તરીકે માનવું જોઇએ. અને આ રીતે જ સત્યાસત્યનો નિર્ણય કરીને પુરુષ ધર્મવેત્તા થઈ શકે છે. એ તો આશ્ચર્યરહિત છે, કે અતિ ક્રૂર કર્મ કરનારો પુરુષ પણ જો મહાબુદ્ધિમાન હોય તો અતિ મહાન પુણ્યને પામી શકે છે. દૃષ્ટાંત તરીકે બલાક નામનો મહા ક્રૂર પારધિ એક આંધળા પશુનો વધ કરીને પણ મહાન પુણ્ય પામી શક્યો હતો. તેમ જ કાંઈ આશ્ચર્ય જેવું નથી કે, ધર્મની ઇચ્છાવાળો છતાં પણ જો બુદ્ધિહીન હોય તો ધર્માધર્મના નિર્ણયમાં મૂંઝાઇ જઇને અતિ મહાન પાપનો ભોક્તા થઇ પડે છે. દાખલા તરીકે કોઇએક નદીના સંગમસ્થળે ગામની બહાર રહેનારો કૌશિક નામે મુનિ બુદ્ધિહીન હોવાથી ધર્માધર્મના સંબંધમાં મોહિત થઇને પાપનો ભોક્તા થયો હતો.

પૂર્વે બલાક નામનો એક પારધિ હતો. તેને હિંસા કરવાની આંતરિક ઇચ્છા ન હતી, તોપણ પુત્ર, સ્ત્રી આદિ કુટુંબની આજીવિકા માટે નિત્ય મૃગોને મારી તે દ્વારા પોતાનાં વૃદ્ધ માતાપિતાનું તથા બીજાં આશ્રિતોનું ભરણપોષણ કરતો, છતાં પણ પોતાના ધર્મમાં આસક્ત રહેતો. નિત્ય સત્ય વચન બોલતો અને કોઇની અર્દે માઠું કરતો નહિ. એટલામાં એણે એક આંધળા શિકારી પશુને પાણી પીતું દીઠું. એણે એને કદીએ જોયું નહતું. એણે બાણ મારીને તે પશુને મારી નાંખ્યું. એ આંધળા પશુના મૃત્યુને લીધે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ અને અપ્સરાઓનાં ગીત વાદિત્રથી ગાજી રહેલું વિમાન એ પારધિને લઇ જવાને આવ્યું,

એ પારધિયે મારી નાંખેલું પશુ સર્વભૂતોને વિનાશ કરવાની ઇચ્છાથી જન્મ્યું હતું. તપશ્ચર્યા કરી તેણે બ્રહ્મદેવ પાસેથી વરદાન મેળવ્યું હતું અને બ્રહ્મદેવે જ એને આંધળું કર્યું હતું. આંધળા પશુને મારવું એ પાતક છે, છતાં સર્વ પ્રાણીઓનો વિનાશ કરવાની ઇચ્છાવાળા આ અન્ધ પશુને મારતાં વ્યાધને પાપને સાટે સ્વર્ગપ્રાપ્તિ થઇ. આમ ધર્મનું સ્વરુપ અતિ દુર્જ્ઞેય છે.

વળી તપસ્વીઓમાં ઉત્તમ અને વેદ, વેદાઙ્ગાદિ અનેક શાસ્ત્રોમાં પારંગત થએલો એક કૌશિક નામનો બ્રાહ્મણ ગામની બહાર નદીના સઙ્ગમ સ્થળે રહેતો હતો. એણે સર્વદા સત્ય જ બોલવું એવું વ્રત લીધું હતું અને મોટા સત્યવાદી તરીકે પ્રસિદ્ધ હતો.

હવે એક સમયે કેટલાક મુસાફરો લૂંટારાના ત્રાસથી નાશી આવી કૌશિકના આશ્રમમાં વૃક્ષોની ઘટામાં સંતાઇ પેઠા. ક્રોધાવિષ્ટ અનેલા લૂંટારાઓ પણ તેમને પગલે પગલે કૌશિકના આશ્રમમાં આવ્યા. તપાસ કરતાં પત્તો ન લાગ્યો, એટલે કૌશિકને પૂછવા લાગ્યા કે હે ભગવન્, અહીં ઘણાં માણસો આવ્યાં હતાં, તે કયે માર્ગે ગયાં છે? આપ સત્યવાદી છો માટે આપને પૂછીએ છીએ; માટે જો આપ જાણતા હો તો અમને કહોઃ ચોરોએ પૂછ્યું એટલે કૌશિકે સત્ય વચન કહી દીધું કે તેઓ પેલાં વૃક્ષો અને લતાઓની ઝાડીમાં ભરાઇ પેઠાં છે. તે સાંભળી લૂંટારાઓ તે વનમાં ગયા; તેમણે એ ભરાઇ પેઠેલા મુસાફરોને પકડી, લૂંટીને મારી નાંખ્યા, એમ કહેવાય છે.

આ પ્રમાણે કૌશિક બ્રાહ્મણે સત્ય વચનને વળગી રહી પાપ ભરેલી દુષ્ટ વાણી કહી મહા અધર્મ કર્યો હતો. જેથી તે કષ્ટદાયક ઘોર નરકમાં પડ્યો હતો. આનું મૂળ એ હતું કે સૂક્ષ્મધર્મોમાં તે કુશળ હતો; પરન્તુ સૂક્ષ્મધર્મોનાં રહસ્યને તે સમજતો ન હતો. (**ભા૨૦ કર્ણ૦ અ. ૭૨–૩૨–૬૩**).

અન્ધક. યદુવંશોદ્ભવ, ક્રોષ્ટાનો પૌત્ર અને અનુનો પુત્ર (**હરિવં૦૧–૩૪; ભાગ૦ ૯–૨૪.**)

અન્ધકારક. ક્રૌંચની સમીપ આવેલો પર્વત વિશેષ. (**ભા૨૦ ભી૦ ૧૨–૨૮**).

અન્વગભાનુ. સોમવંશી પૂરુનો પૌત્ર અને રૌદ્રાશ્વના મિશ્રકેશી નામની અપ્સરાની કૂખે જન્મેલા ઋચેયુ, કક્ષેયુ, કૃકણેયુ, સ્થંડયુ, વનેયુ, જલેયુ, તેજેયુ, સત્યેયુ, ધર્મેયુ. અને સન્નતેયુ એ નામના દસ પુત્રોમાંથી પહેલો પુત્ર. આ ઋતેયુનાં જ અન્વગભાનુ અને અનાધૃષ્ટિ એવાં બીજાં બે નામ હતાં. (**ભા૨૦ આ૦ ૯૪–૯–૧૨**).

અપરસેક. સેક દેશની સમીપનો દેશ વિશેષ. રાજસૂય યજ્ઞ વખતે વિજય યાત્રામાં આ દેશ સહદેવે જિત્યો હતો. (**ભા૨૦ સ૦ ૩૨– ૯**).

અપરા. વૈશાખ વદ અગિયારસ.

અપરાચીન. સોમવંશીય પૂરુવંશોદ્ભવ જયત્સેનનો પુત્ર. એની માનું નામ સુશ્રવા. મર્યાદા એની પત્ની અને અરિહ એનો પુત્ર હતો. (**ભા૨૦ આ૦ ૧૩–૧૬**).

અપરાજિત. ઉત્તરમાં આવેલો દિગ્ગજ વિશેષ. (**ભાગ૫–૨૦–૩૯**).

અપાન્તરતમ. નારાયણનો વાગવતાર–સારસ્વત નામનો બ્રહ્મર્ષિ. એનાં પ્રાચીનગર્ભ અને વેદાચાર્ય એવાં બીજાં નામ હતાં. (**ભા૨૦ શાં૦ ૩૫૯–૬૬**).

અપ્સરા. કશ્યપ અને મુનિની સંતતિ (**ભાગ૦ ૬–૬–૨૭**).

અપ્સુહોમ્ય. ઋષિ વિશેષ (ભા૨૦ સ૦ ૪-૧૮).

અબ્બલ. અગ્નિવિશેષ (ભા૨૦ વ ૨૨૨-૧૧).

અંબષ્ટ કંસના કુવલયાપીડ નામના હાથીનો મહાવત. આ હાથીને કૃષ્ણ બળરામ ઉપર તત્પાર્યો હતો. અને એમણે હાથીને મારીને એના દંતુશળ ઉપાડી લીધા હતા. બંને આ દંતુશળ મુકીને કંસવધ વખત રાજસભામાં ગયા હતા.(ભાગ ૧૦-૪૩-૨).

અંબિકા. યશોદાને પેટે આવેલી માયાનું નામ. (ભાગ ૧૦-૧૨).

અંબિકા (૨) ગોકુળ સમિપ આવેલું વન વિશેષ. આ વનમાં જઇને ગોપોએ દેવીની પ્રાર્થના કરી હતી. (ભાગ-૧૦-૩૪-૨),

અંબિકા. (૩) દેવી વિશેષ. વિવાહ પૂર્વે રૂકિમણી જેનું પૂજન કરવા ગઇ હતી અને શ્રીકૃષ્ણે ત્યાંથી એનું હરણ કર્યું હતું તે (ભાગ ૧૦-૫૩-૪૪).

અંબિકેય. ગણેશનું નામ (ડાઉસન-૧૨).

અંબિકેય (૨). સ્કંદનું નામ (ડાઉસન-૧૨).

અંબિકેય (૩). ધૃતરાષ્ટ્રનું નામ (ડાઉસન-૧૨).

અમ્બુવીચ. એક માગધ રાજા. એનો મંત્રી મહાકર્ણિ. આ રાજા નેત્રાદિ સર્વ ઇન્દ્રિયોથી રહિત હોતાં કેવળ શ્વાસ જ લેતો અને નિરાધાર હતો. મંત્રી મહાકર્ણિ બધું રાજ્ય ભોગવતો હતો, છતાં એનાથી એનું રાજ્ય દ્વેષેચ્છાથી લક્ષ લેવાયું નહોતું. (ભા૨૦ આ૦ ૨૨૩-૧૭).

અભિમાની. બ્રહ્મદેવનો મોટો પુત્ર, એક અગ્નિ. એને એની સ્ત્રી સ્વાહાને-પેટે-પાવક, પાવમાન અને શુચિ એમ ત્રણ પુત્ર હતા. એઓને પિસ્તાળીશ પુત્રો હતા. આ પોતે, એના ત્રણ પુત્રો અને પિસ્તાળીશ પૌત્રો મળીને ઓગણપચાસ અગ્નિ થાય છે તે. (ડાઉસન ૧).

અભિયુક્ત. કુશદ્વીપમાંની એક લોકજાતિ વિશેષ. એ અગ્નિ ઉપાસક છે. (ભાગ ૫-૨૦-૧૬).

અભિષ્યની. સોમવંશી કૂરુપુત્ર ક્ષત્રિય એની માનું નામ વાહિની. (ભા૨૦ આ૦ ૧૦૧-૩૮).

અભિજિત્. એક શુભ મુહુર્ત. આ મુહુર્તમાં વરાહાવતારી વિષ્ણુ ભગવાને હિરણ્યક્ષનો વધ કર્યો હતો (ભાગ ૩-૧૮-૨૭).

અભિજિત્ (૨) નક્ષેત્ર વિશેષ. સર્વ નક્ષત્રમાં શ્રેષ્ટ અને શ્રીકૃષ્ણનું સ્વરુપ મનાય છે. (ભાગ-૧૧-૧૬-૨૭).

અભીરુ. એક રાજર્ષિ. (ભા૨૦ આ૦ ૬૮-૫૩).

અભીષાહી. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૧૧૯-૮૫).

અમરકંઠક. દેવતાઓનું શિખર. વિદ્યાચળની પૂર્વના ઉચ્ચ પ્રદેશમાં આવેલું તીર્થ વિશેષ. (ડાઉસન-૧૧)

અમાવસુ. સોમવંશીય પૂરુરવાનો પુત્ર. (ભા૨૦ ભા૨૦ આ૦ ૬૯-૨૭).

અમાહઠ. સર્પ વિશેષ (ભા૨૦ આ૦ ૫૬-૧૬).

અમાવાસ્યા. આમાવસુ નામનો પિતર જબરો ઇન્દ્રિય નિગ્રહી હતો. એક સમય અર્ચિષદ નામના પિતરની માનસકન્યા અચ્છોદા એના ઉપર ઘણી આસક્ત થઈ અને પોતાને સ્વીકારવાને એને પ્રાર્થના કરી, પણ એણે એ વાત કબુલ કરી નહિ. એના આવા સદાચરણને લક્ષને પિતરો એના ઉપર પ્રસન્ન થયા અને આ બનાવ જે તિથિયે બન્યો તે તિથિનું નામ આમાવસુના નામ ઉપરથી અમાવાસ્યા પાડયું. અચ્છોદા ઉપર નાખુશ થઇને તેને શાપ આપ્યો. આમાવસુ શબ્દ જુઓઃ—

अच्छोदा तु तपश्चक्रे दिव्यं वर्ष सहस्रकम् ॥३॥
आजग्मुःपितरस्तुष्टाः किलदातुं च तां वरम् ।
दिव्यरूपधराः सव दिव्यमाल्यानुलेपनाः ॥४॥
सर्वे युवानो बलिनः कुसुमायुध संनिभाः।
तन्मध्येऽमावसुं नाम पितरं वीक्ष्य साऽङ्गना॥५॥
वव्रे वरार्थिनी सङ्गं कुसुमायुध पीडिता ।
योगाद्भ्रष्टा तु सा तेन व्यभिचारेण भामिनी॥६॥

धरांतुना स्पृशत्पूर्वं पपाताथ भुवस्तले ।
तिथावमाव सुर्यस्यामिच्छां चक्रे न तां प्रति॥७॥
धैर्येण तस्य सा लोकैरमावास्ये ति विश्रुता ।
पितृणां वल्लभा तस्मात्तस्यामक्षयकारकम् ॥८॥
अच्छोदाऽधोमुखी दीना लज्जिता तपसःक्षयात्
सा पितृन्प्रार्थयामास पुरे चाऽऽत्मप्रसिद्धये॥९॥
विलप्यमाना पितृभिरिदमुक्ता तपस्विनी ।
भविष्यमर्थं मालोक्य देवकार्यं च ते तदा ॥१०॥
इदमूचुर्महाभागाः प्रसादशुभया गिरा ।
दिवि दिव्यशरीरेण यत्किंचित् क्रियते बुधैः॥११॥
ते नैव तत्कर्मफलं भुज्यते वरवर्णिनी ।
सद्या फलन्ति कर्माणि देवत्वे प्रेत्य मानुषे॥१२॥
तस्मात्त्वं पुत्रि तपसः प्राप्स्यसे प्रेत्य तत्फलम् ।
अष्टाविंशे भवित्रीत्वं द्वापरे मत्स्ययोनिजा॥१३॥
व्यतिक्रमाद्पितॄणां त्वं कष्टं कुलमवाप्स्यसि
तस्माद्राज्ञोवसोः कन्या त्वमवश्यं भविष्यसि
कन्याभूत्वा च लोकान्स्वान्पुनराप्स्यसि दुर्लभान्
पराशरस्य वीर्येण पुत्रमेकमवाप्स्यसि ॥१६॥
द्वीपे तु बदराप्राये बादरायणमच्युतम्
सवेदमेकं बहुधा विभजिष्यति ते सुतः ॥१६॥
पौरवस्याऽऽत्मजौ द्वौ तु समुद्रां स्वस्य शंतनोः
विचित्रवीर्य स्तनय स्तथा चित्राङ्गदो नृपः॥१७
इमावुत्पाद्य तनयौ क्षेमजावस्य धीमतः
पौष्टपद्यष्टकारूपा पितृलोके भविष्यति ॥१८॥
नाम्ना सत्यवती लोके पितृलोके तथाऽष्टका
आयुरारोग्यदा नित्यं सर्व कामफलप्रदा ॥१९॥
भविष्यसि परे काले नदी त्वं च गमिष्यसि
पुण्यतोया सरिच्छ्रेष्ठा लोकेह्यच्छोदनामिका॥२०॥
इत्युक्त्वा सगणस्तेषां तत्रैवान्तर धीयत
साऽप्यवाप च तत्सर्वं फलं यदुदितं पुरा ॥२१॥
(मत्स्य अ. १४)

અમિત. પૂરુરવાપુત્ર રય અને જયાનો પુત્ર. (ભાગ૦ ૯-૧૫-૨).

અમૃત. શ્રી પરમેશ્વર. (ભાગ ૧૨-૧૩-૧૯).

અરણ્યાની. ઋગ્વેદમાં કહેલા વન અને જંગલનો અભિમાની દેવતા વિશેષ. (ડાઉસન-૨૧).

અરિષ્ટ. મિત્ર નામના આદિત્યનો પુત્ર. (ભાગ ૬-૧૮-૬).

અરિષ્ટ (૨). કંસનો સેવક વિશેષ. એ વૃષભનું રુપ ધારણ કરીને શ્રીકૃષ્ણને મારવા ગોકુળ ગયો હતો. ત્યાં કૃષ્ણે એને મારી નાંખ્યો. (ભાગ૦ ૧૦-૩૬-૧૬).

અરિષ્ટ (૩). કશ્યપ ઋષિનું નામાન્તર.

અરિષ્ટ (૪). કશ્યપ અને વિનતાનો પુત્ર. એનું બીજું નામ તાર્ક્ષ્ય હતું, એટલે વખતે આ નામ ગરુડનું જ હશે.

અરિષ્ટ (૫.) પ્રાચેતસ દક્ષની ચાર કન્યાનો પતિ.

અરિષ્ટ (૬). અજ્ઞાતવાસમાં સહદેવે તંતીપાળની પેઠે આ નામ પણ રાખ્યું હતું.

અરિષ્ટ (૭). તાર્ક્ષ્ય એવા નામાન્તરવાળો ઋષિ. એના પુત્રનો હૈહય રાજકુમારે ભૂલથી મૃગ ધારી વધ કર્યો હતો. બરી વાત માલમ પડતાં પસ્તાતો થકો પોતાના પિતા પાસે જઇને કુમારે બનેલી હકીકત કહી. રાજા, કુમાર વગેરે મરેલા મુનિ પાસે જતાં તેને પડયો હતો તે જગાએ ન દીઠો. શોકાગ્રચિત્તે એની શોધ કરતાં કરતાં આના આશ્રમે આવી ચઢયા. અર્ઘ્યપાદ્ય આપવા માંડયું એટલે મુનિને કહ્યું અમે ભૂલમાં બ્રહ્મહત્યા કરી છે. સબબ તમારા આતિથ્યને યોગ્ય નથી. મુનિયે પછી પોતાના મુવેલા પણ સજીવન કરેલા પુત્રને બતાવ્યો, અને કહ્યું કે અમને મૃત્યુનો ડર નથી. તમે ભૂલમાં થએલા કૃત્યને પશ્ચાત્તાપ વડે ધોઇ નાંખ્યું છે. (ભા૨૦ વ૦ ૧-૮૪).

અરિષ્ટનેમિ. યમની સભામાંનો એક ક્ષત્રિય વિશેષ. (ભા૨૦ સ૦ ૮-૨૨).

અરિષ્ટનેમિ (૨). એક બ્રાહ્મણ. એને સગરની સાથે મોક્ષસાધન વિષયે સંવાદ થયો હતો તે. (ભા૨૦ શાં૦ ૨૮૪-૨).

અરિષ્ટા. હાહા હુહુ આદિ ગંધર્વોની અને અલંબુષાદિ અપ્સરાઓની માતા, કશ્યપની સ્ત્રી. ભા૨૦ અ૦ ૬૬-૪૯).

અરિહ. સોમવંશીય અપરાચીનનો પુત્ર. વૈદર્ભી મર્યાદા એની મા, આડ્ઢી એની સ્ત્રી અને મહાભૌમ એનો પુત્ર થાય. (ભા૨૦ આ૦ ૭-૬૧૩).

અરુણ. કશ્યપ અને દનુને થએલો દાનવ. (ભા૦ ૬-૬-૩૦).

અરુણોદા. મન્દાર પર્વત ઉપરનાં આમ્રફળોના રસની પાસેથી નિકળી પૂર્વ દિશામાં ઇલા-ખંડમાં વહે છે તે ભારતવર્ષીય નદી વિશેષ. (ભાગ૦ ૫-૧૬-૧૭).

અરુન્તુક. તીર્થવિશેષ. (ભા૨૦ વ૦ ૮૧-૧૫; શા૦ ૫૪-૫૮).

અર્ક. બલવાન અસુર વિશેષ. (ભા૨૦ આ૦ ૬૭).

અર્ક (૨). આઠ વસુ પૈકી એક. (ભાગ૦ ૬-૬-૧૧).

અર્ચિષ્મન્ત. એ નામના પિતર. (ભા૨૦ શાં૦ ૨૭૫-૧૫).

અર્જુન. શ્રી ભગવાનનું સ્વરુપ. (ભાગ૦ ૧૧ ૧૬-૩૫).

અર્ધનારી. નર અને નારી શક્તિસૂચક, અરધું પુરુષ અને અરધું નારી જેવું શિવનું સ્વરુપ. આ સ્વરુપ સંબંધે ઘણી આખ્યાયિકાઓ છે. શિવનાં આવાં શક્તિસૂચકરુપ બીજાં નામો પણ છે. જેવાં કે અર્ધનારીશ્વર, અર્ધનારીશ, પરાઢ્ઢેદ. (ડાઉસન ૨૧).

અર્વન. ચંદ્રના એક અશ્વનું નામ. (ડાઉશન-૨૪)

અર્વન (૨). કાલ્પનિક પ્રાણી. અરધું પક્ષી જેવું અને અરધું અશ્વ જેવું પ્રાણી જેના ઉપર દૈત્યો સ્વારી કરે છે. (ડાસઉન ૨૪).

અર્વા. અર્વન તે જ. (ડાઉસન ૨૪).

અલમ્બલ-અલંબુષ (૨). તે જ. કોષમાં જુવો. (ભા૨૦ ઉ૦ ૧૭૫-૧૩-૨૪).

અલમ્બુ. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. એને એને યુદ્ધમાં ભીમે માર્યો હતો. (ભા૨૦ યુ૦ ૮૮-૧૪)

અવતાર. મનુષ્ય દેહ ધરીને પૃથ્વીપર જન્મવું તે. ખસુસ કરીને દેવ, અને તેમાંએ વિષ્ણુ ભગવાનને અર્ઢે આ શબ્દ વપરાય છે.

અવતારના સંબંધી વેદમાં તો કાંઇ કહ્યું નથી પરન્તુ જેના ઉપરથી વખતે અવતારની કલ્પના થઇ હોય એવી બાબતો તો વેદમાં છે. એ બાબતો ઉપરથી અગાડી જતાં અવતારની કલ્પના ઉદ્ભવી એમ કેટલાક વિદ્વાનો માને છે.

ઋગ્વેદમાં ત્રિપદ-ત્રણ પગલાં સંબંધે લખ્યું છે કે અજિત્ય વિષ્ણુ આ બ્રહ્માંડ ઉપર ત્રણ પગલાંમાં ફરી વળ્યા.

ૐ इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् । समूढमस्य पांसुरे ॥

પ્રથમના ટીકાકારો ત્રણ પગલાંથી પૃથ્વિ, વાતાવરણ અને આકાશ સમજવાનું કહે છે. તેઓ કહે છે કે પૃથ્વિપર વિષ્ણુ અગ્નિ, વાતાવરણમાં વિદ્યુત અને આકાશમાં તેજોમય સૂર્યમણ્ડલ રુપે રહે છે. ઔર્ણવાભ નામના એક ટિકાકારે આનો અર્થ ફિલ્સુફી ભરી રીતે ઘટાવ્યો છે. એ કહે છે કે "ત્રણ પગલાં" એટલે સૂર્યની ઉદય, મધ્યાહ્ન અને અસ્ત એમ ત્રણ વખતની સ્થિતિ સમજવાની છે. પ્રસિદ્ધ ભાષ્યકાર સાયણના વખતમાં ત્રિપુટીમાંના વિષ્ણુની મહત્તા સ્થાપિત થઇ ગએલી હતી. એ વળી વિષ્ણુએ વામનાવતારમાં ભરેલાં ત્રણ પગલાં સૂચક છે એમ કહે છે. તૈતરીય સંહિતામાં વળી એમ કહ્યું છે કે ઇન્દ્ર શિયાલણીનું રુપ લઇને ત્રણ કાળમાં પૃથ્વીની આજુબાજુ ફરી વળ્યો હતો: આ પ્રમાણે પૃથ્વી દેવોને પ્રાપ્ત થઇ હતી.

વરાહાવતાર. તૈતરીય સંહિતા અને બ્રાહ્મણમાં, તેમ જ શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે કે:-પ્રજાપતિ જે અગાડી જતાં બ્રહ્મા કહેવાયો, તેણે પૃથ્વીને અગાધ જળમાંથી લાવવા સારુ ભૂંડનું રુપ ધારણ કર્યું. સંહિતામાં પૂર્વે પૃથ્વિ કેવળ જળ-પ્રવાહીરુપ હતી એમ કહ્યું છે.

પ્રજાપતિ વાયુનું રુપ ધારણ કરીને પૃથ્વીપર વાયો. પ્રજાપતિએ પૃથ્વી જોઇ. એણે વરાહ રુપ ધરીને એને ઉપર આણી. પ્રજાપતિએ વિશ્વકર્માનું રુપ લઇને પૃથ્વીને લુંછીને કોરી કરી. પૃથ્વી પછી વધી-મોટી થઇ. મોટી થઇ તે ઉપરથી એનું નામ પૃથ્વી પડ્યું. બ્રાહ્મણમાં કહ્યું છે કે અગાધ જળવાળી પૃથ્વી જોઇ પ્રજાપતિએ, આ જગત શી રીતે વધે અને સ્થિર થાય એમ ધારીને ઘણું ઉગ્ર તપ કર્યું. પ્રજાપતિએ એક કમળપત્ર દીઠું. આ કમળપત્ર કશાને આધારે, કશા ઉપર રહ્યું હોવું જોઇએ એમ વિચારી એણે વરાહરુપ ધારણ કરીને નીચે જળમાં જોવા સારુ ડુબકી મારી. જળમાં એણે પૃથ્વી દીઠી. તેમાંથી કડકો ઉખાડી લઇને એ પાણીની સપાટીપર લાવ્યો. પેલા કમળપત્ર પર મુકીને પૃથ્વીને વિસ્તારી. એણે આમ વિસ્તારવાથી એ વિસ્તિર્ણ બની. આમ અભૂત, બન્યું-તે ઉપરથી પૃથ્વીનું નામ ભૂમિ પડ્યું. તૈતરીય આરણ્યકમાં કહ્યું છે કે " સો હાથવાળા કાળા રંગના વરાહે પૃથ્વીને પાણી ઉપર કાઢી." શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે કે ઇમૂશ નામના વરાહે એને બહાર કાઢી તે વખત પૃથ્વી એક વેંત જેવડી હતી. પ્રભુ પ્રજાપતિએ એને વધારીને બે વેંત જેવડી કરી. રામાયણમાં બ્રહ્માએ વરાહરુપ ધારણ કરીને પૃથ્વીને પાણી ઉપર આણ્યાનું કહ્યું છે.

કૂર્માવતાર. શતપથ બ્રાહ્મણમાં છે કે પ્રજાપતિએ કૂર્મ-કાચબાનું રુપ ધારણ કરીને પ્રજા ઉત્પન્ન કરી. એણે જે કર્યું-અકરોત તે કૂર્મ.

મત્સ્યાવતાર. મત્સ્યાવતારનું નામ સૌથી પ્રથમ શતપથ બ્રાહ્મણમાં મળી આવે છે. જળપ્રલય સંબંધે કહેતાં ત્યાં મત્સ્યનું વર્ણન કર્યું છે. મનુએ પોતે સંધ્યાવંદન કરવાને માટે આણેલા જળમાં મત્સ્ય-માછલું દીઠું. મત્સ્યે મનુને કહ્યું કે જળપ્રલય થવાનો છે અને પ્રાણીમાત્ર તેમાં તણાઇ જઇ નાશ પામશે; પણ હું તને બચાવીશ. આ માછલું મોટું મોટું થતું ગયું અને એક પછી એક વાસણ અને જગા બદલી બદલી આખરે સમુદ્રમાં મુકવું પડ્યું. જતાં જતાં માછલું મનુને એક વહાણ તૈયાર કરવાનું કહેતું ગયું. એણે કહ્યું કે પ્રલય થાય, ત્યારે તું વહાણમાં બેશી જજે. માછલાના કહ્યા પ્રમાણે પ્રલય થયો. આખી દુનિયા ઉપર જળ જળ થઇ ગયું. પાણી આવ્યું કે મનુ વહાણમાં બેશી ગયો. પછી પેલું માછલું તરતું તરતું મનુ પાસે આવ્યું, મનુએ પોતાના વહાણને માછલાના શિંગડા સાથે બાંધ્યું. માછલું વહાણને સલામતી ભરેલા સ્થળ ઉપર લઇ ગયું. મહાભારતમાં પણ પ્રલયની વાત સહજ ફેરફાર સાથે આવી જ વર્ણવી છે. ઇતર ધર્મ ગ્રન્થોમાં પણ પ્રલયની વાતો છે. ખ્રિસ્તી ધર્મમાં, મુસલમાની ધર્મમાં પાઠાફેર આનું જ વર્ણન આપેલું છે. (કોષમાં જોવું).

પહેલાંના ગ્રન્થોમાં વરાહ, કૂર્મ અને મત્સ્યાવતાર પ્રજાપતિ-બ્રહ્મા સંબંધે કહ્યા છે. " ત્રણ પગલાં " સંબંધી વાત વિષ્ણુના "વામનાવતાર"નું મૂળ વસ્તુ છે. એ અવતાર ખરું જોતાં કોઇ અમુક દેવનાં વખાણ કે કીર્ત્તિ કરતાં કોઇશી પદાર્થ અને કુદરતના ચમત્કારના વર્ણન સંબંધે છે. મહાભારતના સમયમાં વિષ્ણુ એ દેવોમાં અગ્રગણ્ય દેવ મનાતા હતા. એમાં વિષ્ણુના અવતારનાં ઓછાં વત્તાં વર્ણનો આવે છે. પણ પુરાણોમાં તો અવતારોનાં સવિસ્તર અને સંપૂર્ણ વર્ણનો ઉપલબ્ધ થાય છે.

સામાન્યતઃ અવતાર દસ મનાય છે, અને તે બધા વિષ્ણુના ગણાય છે. રક્ષણ કરનાર દેવ વિષ્ણુ હોવાથી જગતને ભય અગર દુઃખમાંથી બચાવવા સારુ વિષ્ણુએ અવતાર ધારણ કર્યા મનાય છે.

મત્સ્યાવતાર :- શતપથ બ્રાહ્મણમાં આવેલી, ઉપર કહી ગયા છીએ તે માછલાની વાત આ અવતારને અર્ઙે લેવાઈ છે. જુદાં જુદાં પુરાણોમાં આ વાત સહેજ પાઠફેર છે, એ પણ કહી ગયા છિયે. મનુષ્ય પ્રજા ઉત્પન્ન કરનાર સાતમા મનુ વૈવસ્વતને જળપ્રલયમાંથી બચાવી લેવાના હેતુથી આ અવતાર ધારણ કર્યો હતો. મનુ પોતે સંધ્યાવંદન કરવા બેઠો હતો તે વખત એની અંજલીમાં એક નાનું માછલું આવ્યું. એણે દયા કરીને એને જળપાત્રમાં મુક્યું. પણ થોડી વારમાં એ બહુ મોટું થઇ ગયું. એને બીજા મોટા વાસણમાં મુકતાં ત્યાં પણ સમાય નહિ એવડું મોટું થઇ ગયું. તળાવ, નદી અને આખરે એને સમુદ્રમાં મૂકવું પડયું. મનુને આ ઉપરથી આ સામાન્ય મત્સ્ય નહિ, પણ દેવાંશી લાગ્યું, આ મત્સ્ય તે એ રુપે વિષ્ણુ ભગવાન જ હતા. મનુએ તેમની પૂજા કરી. પછી મત્સ્યે પ્રલય થવાની આગાહી કરી અને એક વહાણ તૈયાર કરવાની આજ્ઞા કરી. પછી જ્યારે પ્રલય થયો ત્યારે વૈવસ્વત મનુ, ઋષિયો અને સઘળા ભૂતપદાર્થો લઇને વહાણે ચઢયો. પૃથ્વી માત્ર જળ જળા બંબાકાર થઇ ગઇ અને બધાંનો નાશ થયો પણ મનુનું વહાણ તરતું રહ્યું. આ વખતે મત્સ્યરુપે વિષ્ણુ ભગવાન ત્યાં મનુ પાસે આવ્યા, એ મત્સ્યને કપાળમાં ગેંડાના જેવું શિંગડું હતું. મનુએ સર્પ વડે પોતાનું વહાણ મત્સ્યને શિંગડે બાંધ્યું. મત્સ્ય વહાણને લઇને પ્રલય પયોધિમાં સડસડાટ ચાલ્યું, પ્રલયનું જળ ઓસરી જતાં સુધી એણે વહાણને સલામત રાખ્યું.

શ્રીમદ્‌ભાગવત આ બાબતમાં જુદું જ કહે છે. પોતાની રાત્રિમાં બ્રહ્મદેવ વિશ્રાંતિ લે છે. એવી એક રાત્રિમાં પૃથ્વી અને બીજા આકાશી ગોળકો મહાસાગરના અગાધ જળમાં લુપ્ત થઇ ગયા. તે વખત હયગ્રીવ નામનો દૈત્ય ત્યાં આવ્યો અને બ્રહ્મદેવના મુખારવિંદમાંથી નિકળેલા વેદોનું હરણ કરી ગયો. આ વેદોને પાછા આણવાને વિષ્ણુ ભગવાને મત્સ્યાવતાર ધારણ કર્યો, અને મનુને ઉગારી લીધો. ભાગવત પુરાણમાં કહ્યું છે કે વિષ્ણુએ મનુને અને ઋષિયોને બ્રહ્મવિદ્યા શાસ્ત્રના સિદ્ધાન્ત સમજાવ્યા. પછી જ્યારે બ્રહ્મદેવ નિદ્રામાંથી જાગ્યા ત્યારે વિષ્ણુએ હયગ્રીવને મારીને વેદ તેમને પાછા સોંપ્યા.

કચ્છાવતાર, શતપથ બ્રાહ્મણમાં કૂર્મની વાત કહી છે તે ઉપર આ અવતારનું મંડાણ છે. વધીને થએલે રુપે આ વાત આ પ્રમાણે છે:-જળપ્રલયમાં મૂલ્યવાન પદાર્થનો નાશ થએલો તેની શોધને લઇને વિષ્ણુએ કૂર્મનું રુપ ધારણ કર્યું. કૂર્મ રુપે એઓ ક્ષિરસાગરને તળીએ બેઠા અને સમુદ્રમથન સારુ રવૈયો બનાવેલા મન્દરાચળ પર્વતને પોતે પોતાની પીઠપર ધારણ કર્યો. દેવો અને દૈત્યો બન્નેએ મળીને વાસુકિ નાગનું નેતરું બનાવ્યું અને મોંની તરફ દૈત્યો અને પૂંછડાની તરફ દેવો એમ રહીને તેમણે ક્ષિરસાગરનું મથન કર્યું. મથન કરતાં તેમાંથી (૧) અમૃત, (૨) અમૃત ભરેલા પાત્ર સહિત દેવોનો વૈદ્ય ધન્વંતરી, (૩) ધન અને સુન્દરતાની આભમાની દેવી લક્ષ્મી, (૪) માદકપેયની અભિમાની સુરા, (૫) ચન્દ્ર, (૬) સ્વરુપવાન અને પ્રેમપાત્ર સ્ત્રીઓની અધિષ્ઠાત્રી રંભા નામની અપ્સરા, (૭) ઉચ્ચૈશ્રવા નામનો શ્રેષ્ટ અને સુંદર અશ્વ, (૮) સુપ્રસિદ્ધ રત્ન કાસ્તુભ, (૯) સ્વર્ગીય વૃક્ષ પારિજાત, (૧૦) ઇચ્છિત આપનારી કામધેનું સુરભી, (૧૧) સર્વાંગ સંપૂર્ણ હસ્તી ઐરાવત, (૧૨) ધ્વની કરનાર શંખ, (૧૩) પ્રસિદ્ધ ધનુષ્ય અને (૧૪) હલાહલ વિષ એમ ચૌદ રત્ન નિકળ્યાં.

વરાહાવતાર. બ્રાહ્મણમાંની વરાહની જૂની પૃથ્વીને સમુદ્રને તળીએથી ઉપર આણવા સંબંધી હકીકત જ માત્ર વિષ્ણુને લાગુ કરી દીધી છે. હિરણ્યાક્ષ નામનો દૈત્ય પૃથ્વીને

સમુદ્રને તળીએ બેંચી ગયો હતો. એની સાથે હજાર વર્ષ સુધી યુદ્ધ કરી વિષ્ણુએ પૃથ્વીને ઉપર આણી હતી.

નરસિંહ અથવા નૃસિંહાવતાર. હિરણ્યકશિપુ નામનો દૈત્ય બ્રહ્માનું વરદાન મેળવીને દેવ, મનુષ્ય અગર પ્રાણી માત્રને અજીંક્ય બન્યો હતો. એનો પુત્ર પ્રલ્હાદ વિષ્ણુનો ભક્ત હતો. આથી આ દૈત્યે બહુ ક્રોધે ભરાઇ પોતાના પુત્રને ઘણી ઘણી રીતે મારી નાંખવાનો પ્રયત્ન કર્યો પણ એ એને મારી નાંખી શકયો નહિ. આ દૈત્યના ત્રાસથી જગત માત્રને તેમ જ પોતાના ભક્ત પ્રલ્હાદને મુક્ત કરવાના ઉદ્દેશે વિષ્ણુએ નૃસિંહાવતાર ધારણ કર્યો. વાત એમ બની કે એક વખત હિરણ્યકશિપુએ પોતાના પુત્ર પ્રલ્હાદને પોતાની રુબરુ બોલાવીને બહુ ગુસ્સે થઈ ઠપકો આપ્યો. વાતમાં એણે પૂછયું કે તું જેની ભક્તિ કરે છે તે તારો વિષ્ણુ કયાં છે? પ્રલ્હાદે કહ્યું કે સર્વવ્યાપક છે. અને એના શિવાય કિંચિત્માત્ર જગા પણ ખાલી નથી. દૈત્યે ક્રોધ કરીને મશ્કરી કરતો હોય એમ પૂછયું કે આ સ્તંભમાં છે કે? પ્રલ્હાદ કહે બેશક, સ્તંભમાં પણ છે. જો ત્યારે, હું તારા વિષ્ણુને લાત મારું છું. કહી એણે સ્તંભને લાત મારતાં જ કડકડાટ થઇને સ્તંભ ફાટયો અને એમાંથી નૃસિંહાવતારની અજાયબ આકૃતિ નિકળી!

બ્રહ્માની પાસે વરદાનમાં દૈત્યે માગ્યું હતું કે મારું મૃત્યુ દિવસે ન થાય, તેમ રાત્રિયે પણ ન થાય: ઘરમાં ન થાય, તેમ ખૂલ્લામાં પણ ન થાય; માણસ વડે ન થાય, તેમ જનાવર વડે પણ ન થાય; આકાશમાં પણ ન થાય, તેમ પૃથ્વી પર પણ ન થાય; અને કોઇપણ અસ્ત્ર કે શસ્ત્ર વડે પણ ન થાય. બ્રહ્માનું આપેલું આ વરદાન જળવાય માટે આ નૃસિંહાવતારનું શરીર અને પગ માણસ જેવા હતા, પણ મોં સિંહ જેવું હતું. એણે સ્તંભમાંથી નિકળી ભયભીત થએલા દૈત્યને ઉચકી લીધો. લઇને રાજગૃહના ઉંબરા ઉપર બેશી દૈત્યને પોતાના બોળામાં લીધો. બ્રહ્માના વરદાનની યથાર્થતા સચવાઇ છે એ બતાવવા દૈત્યને કહ્યું આ જો, દિવસ નથી, તેમ રાત્રી પણ નથી; પણ સંધ્યાકાળ છે. આકાશ નથી, ભૂમી નથી પણ મારો બોળો છે; ઘરમાં નથી તેમ બહાર પણ નથી પણ ઉંબરા ઉપર છે અને તને અસ્ત્ર કે શસ્ત્રથી મારતો નથી, એમ કહી પોતાના તિક્ષ્ણ નખવડે એનું પેટ ચીરી નાંખી એને ગતપ્રાણ કર્યો. નૃસિંહ ભગવાને પછી પ્રલ્હાદને આશ્વાસન આપી ગાદીપર બેસાડયો અને એની એમ જ પ્રાણી માત્રની પીડા ટાળી.

આ ચારે અવતારો સત્યયુગમાં થયા હતા.

વામનાવતાર વેદમાં ત્રણ પગલાં સંબંધી જે હકીકત છે તેના ઉપર આ અવતારનું મંડાણ છે, એ અમે કહી ગયા છીએ. ત્રેતાયુગમાં બલિ નામનો એક દૈત્યરાજ પોતાના તપ અને ભક્તિને યોગે ત્રિલોકનું રાજ સંપાદન કરી શકયો હતો. એની આગળ દેવોની પદ્દી ઉતરી ગઇ હતી. અને દેવો શક્તિરહિત બની રહ્યા હતા. દેવોનું પદ પુનઃ પ્રાપ્ત થાય, તેઓ બળવાન થાય અને દૈત્યો ચઢી ન વાગે, એ હેતુથી વિષ્ણુ ભગવાને આ અવતાર ધારણ કર્યો હતો. કશ્યપ વડે અદિતિની કૂખે એક નાના ઠીંગણા સ્વરુપે એમણે જન્મ લીધો હતો. વેદ, વેદાંગના સંપૂર્ણ જ્ઞાનવાળો આ વામન, ઠિંગણો બટુ, બલિ ઇન્દ્રપદને સારુ સોમો યજ્ઞ કરતો હતો ત્યાં આવ્યો. બલિએ એનો સત્કાર કર્યો અને કાંઇ માગવાનું કહ્યું. બટુ કહે સંકલ્પ કરીને મારા હાથમાં જળ મૂક. રાજાએ પાણી આપવાને ઝારી હાથમાં લેતાં દૈત્યગુરુ શુક્રાચાર્યે એને ઘણો વાર્યો. એણે કહ્યું આમાંથી અનિષ્ટ પરિણામ નિપજશે. પણ બલિ કહે ના, બ્રાહ્મણને તો હું ના શબ્દ નહિ જ કહું, અને જે માગશે તે આપીશ. વામને માત્ર ત્રણ ડગલાં જમીન આપ કહેતાં

જ, રાજા સંકલ્પ કરીને પાણી આપવા જતો હતો, એટલે શુક્રાચાર્યે પોતાના તપોબળ વડે નાળચામાંથી પાણી પડવા ન દીધું. વામને ઝારીના નાળચામાં દર્ભની સળી ઘોચી જેથી શુક્રાચાર્યની એક આંખ ફુટી તે કાણા થયા. પરિણામે બલિએ સંકલ્પ કરીને બટુ વામનના હાથમાં જળ મૂકયું. જળ મૂકતાં જ વિષ્ણુએ વિરાટરુપ ધારણ કર્યું. એક પગલે પૃથ્વી અને બીજે પગલે આકાશ માપી લીધું પછી માગ્યું કે હવે ત્રીજું પગલું કયાં મૂકું? વચનના બંધાયલા બલિએ કહ્યું કે મારા પોતાના મસ્તક પર મૂકો. વામને ત્રીજું પગલું એને માથે મૂકી એને છેક પાતાળમાં દાબી દીધો. બલિ સદ્‌ગુણી અને ભક્તિમાન હોવાથી એને પાતાળનું રાજ્ય આપ્યું. એના વચનપ્રતિપાલકત્વ વગેરેથી ખુશી થઇ વામને વર માગવાનું કહ્યું. બલિએ કહ્યું કે આપ મારે ત્યાં હર વખ્ત પધારતા રહો. આથી વિષ્ણુ દેવપોઢી અગિયારસથી તે દેવઉઠી અગિયારસ સુધી દર વર્ષ પાતાળમાં જઈ બલિદ્વારે દ્વારપાળ તરીકે રહે છે.

આ પાંચે અવતારોનું વસ્તુ પૌરાણિક હોઇ, ત્યારપછીના ત્રણ અવતારો વીરત્વ ભરેલા પરાક્રમ કરનારા છે.

પરશુરામ. પરશુ–કહોવાડીવાળા રામ. એ ભૃગુવંશીય જમદગ્નિ ઋષિના પુત્ર તરીકે રેણુકાને પેટે જન્મ્યા હતા. એમણે બ્રાહ્મણોની પદ્વીનો ધ્વંશ કરનાર ક્ષત્રિય જાતિનો ખોડો કાઢી નાંખ્યો હતો. એકવીસ વાર પૃથ્વીને નિઃક્ષત્રિય કરી બ્રાહ્મણોની શ્રેષ્ટતા પુનઃ સ્થાપિત કરી હતી. (પરશુરામ શબ્દ કોષમાં જોવો).

રામાવતાર. રામાયણમાં જેમના ચરિત્રનું ગાન કરાયું છે, તે રામચન્દ્ર ભગવાન અયોધ્યાના સૂર્યવંશી દશરથ રાજાના પુત્ર હતા. સદ્‌ગુણ અને પતિભક્તિની મૂર્તિમાન દેવી સીતા, જનકની પુત્રી એમની સ્ત્રી હતાં. આ અવતાર પણ ત્રેતાયુગમાં થયો હતો. રાવણ નામના બળવાન અને દુષ્ટ રાક્ષસનો વધ કરવા જ વિષ્ણુએ આ અવતાર લીધો હતો.

શ્રીકૃષ્ણ. શ્યામ સલુણી મૂર્ત્તિ શ્રી કૃષ્ણ ભગવાન કંસ રાજાના કાકાની દિકરી દેવકીના ગર્ભમાં વસુદેવજીથી ઉત્પન્ન થયા હતા. પાછળના સમયમાં અસ્તિત્વમાં આવેલા સઘળા દેવોમાં કૃષ્ણ ભગવાન બહુ જ લોકપ્રિય દેવ ગણાય છે. બધા અવતારો અંશાવતાર પણ આ અવતાર સોળે કળા સંપૂર્ણ હોઈ પૂર્ણપૂરુષોત્તમ મનાય છે. શ્રીકૃષ્ણ ભગવાનને ઇશ્વરરુપ માનનારાઓ એમના ભાઇ બલરામને આઠમો અવતાર માને છે.

બુદ્ધાવતાર. દૈત્યો અને નઠારાં માણસોને વેદનિંદક બનાવવા, જાતિભેદ તોડવા અને ઈશ્વરના અસ્તિત્વનો અસ્વીકાર શિખવવા વિષ્ણુ ભગવાને આ અવતાર ધારણ કર્યો હતો. એમ કરીને એવાઓનો વિનાશ કરવો એ જ એ અવતારનો ઉદ્દેશ છે.

કલ્કી અવતારઃ–કલિયુગને અન્તે વિષ્ણુ ભગવાનનો આ અવતાર થશે. એ અવતાર શ્વેત અશ્વારૂઢ થઇ, ધૂમકેતુના જેવી પ્રકાશમાન તરવાર ધારણ કરશે. પાપીઓ અને અધર્મીઓનો સંહાર કરી સદ્ધર્મની પુનઃ સ્થાપના કરશે.

દસે અવતારના ગુણાનુવાદ ગાતી જયદેવ કવિની અષ્ટપદીનું સુન્દર ભાષાન્તર વાંચનારને મોહ ઉપજાવશે માની અહીં આપીએ છીયે.

" પ્રલય પયોનિધિ મધ્ય અસુર સંહારી
શ્રુતિ નૌકા ભવતારક તારી.
જય કેશવ મત્સ્ય સ્વરુપ! જય જગદીશ હરે! ૧
ચૌદ ભુવનમય ધર્યૂ બ્રહ્માંડ અખંડે
વણ આંટણ ઘન પીઠ પ્રચંડે
જય કેશવ કચ્છપરૂપ! જય જગદીશ હરે! ૨
શશિબિંબે ઊગમગંતા અંક શૉ દંતે
ધરૉ ઉદ્ધારૉ ધરા ભગવંતે
જય કેશવ વરાહરૂપ! જય જગદીશ હરે! ૩

કીટ હિરણ્યકશિપુ કરકમળે અર્ણીએ
નખ કંટક તણી હણિયો તીણીએ
જય કેશવ નરહરિરૂપ! જય જગદીશ હરે! ૪
બટુક બની બલિ છળી અદ્‌ભૂત ડગલે ત્રણ
પાવન કર્યૂ પદપયથી ત્રિભુવન
જય કેશવ વામનરૂપ! જય જગદીશ હરે! ૫
ક્ષત્રિય દુર્મદ દળી રુધિરે હ્રદ ભરિયા
શુચિ તીર્થે ને ભવભય હરિયા
જય કેશવ ભાર્ગવરૂપ! જય જગદીસ હરે? ૬
રણયજ્ઞે રાવણનાં શિર દશ કાપી
તર્પ્યા દિગ્પાળો બળિ આપી
જય કેશવ રાઘવરૂપ! જય જગદીશ હરે! ૭
સુહવી નિજ તનમાં પટકૂળે નીલા
શરણાગત યમુનાની લીલા
જય કેશવ હળધરરૂપ! જય જગદીશ હરે! ૮
નિંદી હિંસા વિધિ પશુવધ અટકાવી
દયા ધર્મની ધ્વજા ઝગાવી
જય કેશવ બુદ્ધસ્વરૂપ! જય જગદીશ હરે! ૯
ધૂમકેતુવત વિતત વિકટ તરવારે
નષ્ટ મ્લેચ્છકૂળ દુષ્ટ વિદારે
જય કેશવ કલ્કિસ્વરૂપ! જય જગદીશ હરે! ૧૦
સ્તુતિ આ જયદેવે રસદેવ! કવેલી
ઉર ધરિયે નમીને વીનવેલી
જય કેશવ દશવિધરૂપ! જય જગદીશ હરે! ૧૧

શાર્દૂલવિક્રિત.

ઉદ્ધારી ુતિ, ધારી પીઠ જગતી, તારી દધીથી મહી,
પ્રલ્હાદ સ્તુતિ સાંભળી, બળિ છળી, ઉન્મત્ત છત્રે દળી,
ચોળી રાવણ રૌદ્ર, રોળી યમુના, બ્હોળી દયા વિસ્તરી,
મારી મ્લેચ્છ અભંગ મંગળ કરે, તૂંહી તૂંહી શ્રીહરિ! ૧

(ગીતગોવિંદ–દીવાન બહાદૂર કેશવ હર્ષદ ધ્રુવ)

ઉપર વરણવી ગએલા દસ અવતાર મુખ્ય ગણાય છે. પરન્તુ વિષ્ણુ મહાત્મ્યનું જ ગાન કરનાર ભાગવત પુરાણમાં નીચે પ્રમાણે બાવીસ અવતાર ગણાવ્યા છે:—

૧ પુરુષ–પ્રજાપતિ, ૨ વરાહ, ૩ નારદ, ૪ નરનારાયણ, ૫ કપિલ, ૬ દત્તાત્રય, ૭ યજ્ઞ, ૮ ઋષભ, ૯ પૃથુ, ૧૦ મત્સ્ય, ૧૧ કૂર્મ, ૧૨–૧૩ ધન્વંતરી, દેવનો વૈદ્ય, ૧૪ નૃસિંહ, ૧૫ વામન, ૧૬ પરશુરામ, ૧૭ વેદવ્યાસ, ૧૮ રામ, ૧૯ બળરામ, ૨૦ શ્રીકૃષ્ણ, ૨૧ બુદ્ધ અને ૨૨ કલ્કી.

શ્રીમદ્ ભાગવતમાં એમ પણ કહ્યું છે કે મહાન અને અગાધ જળવાળા સરોવરમાંથી જેમ અનેક ઝરણાં નિકળે છે તેમ શ્રી વિષ્ણુના અવતાર અનેક છે. ઋષિયો, મનુઓ, પ્રજાપતિના પુત્રો સઘળા વિષ્ણુના અંશો જ છે. (ડાઉસન–૩૭)

બીજે મતે વળી અવતાર ચોવીસ છે. ૧ સનક,સનન્દન અને સનત્કુમાર એ બ્રહ્મદેવના નાકમાંથી ઉત્પન્ન થયા, ૨ વરાહ, એણે હિરણાક્ષને મારી પાતાળમાંથી પૃથ્વીને આણીને પાણી પર સ્થિર કરી. ૩ યજ્ઞપુરૂષ એણે સંસારી જીવોને યજ્ઞ કર્મ શિખવ્યાં. ૪ હયગ્રીવ–એણે મધુકૈટભ દૈત્ય જે વેદને પાતાળમાં ચોરી ગયો હતો તેને મારી નાંખી વેદ પાછા આણી બ્રહ્માને આપ્યા હતા. ૫ નારાયણ એણે ઋષિનો ધર્મ ધારણ કરી, પોતે ઉત્તરાખંડમાં તપ કરી સંસારી જીવોને તપ કરતાં શિખવ્યું. ૬ કપિલ મુનિ–એણે પોતાની મા દેવહૂતીને સાંખ્યશાસ્ત્રનો બોધ કરી તેને મુક્ત કરી. ૭ દત્તાત્રય–એણે ગોદાવરીના તટ ઉપર યદુરાજીને જ્ઞાન આપી મુક્ત કર્યો. એણે પોતે ચોવીશ ગુરુ કર્યા હતા. (૧) પૃથ્વી–(૨) પવન–(૩) આકાશ. (૪) પાણી–(૫) અગ્નિ– (૬) ચન્દ્રમા–(૭) સૂર્ય–(૮) કબુતર–(૯) અજગર–(૧૦) સમુદ્ર–(૧૧) પતંગ–(૧૨) મધમાખી–(૧૩) હાથી (૧૪) મધુહા–(૧૫) હરણ–(૧૬) માછલી–(૧૭) પિંગળા વેશ્યા–(૧૮) સમડી–(૧૯) અજ્ઞાન બાળક–(૨૦)કુમારી કન્યા–(૨૧) તીર ઘડો–(૨૨) સાપ–(૨૩) કરોળિયો અને (૨૪) ભિંગારી ભમરી–એ દત્તાત્રયનાં ગુરૂ એટલે એમની પાસેથી એણે એક એક ગુણ સંગ્રહ કયો હતો–૮ ઋષદેવ–એણે જૈન ધર્મ ચલાવ્યો હતો. ૯ પૃથુરાજા–એણે પોતાના

પિતા વેનરાજાને નરકમાં જતો ઉગાર્યો અને ગૌરૂપવાળી પૃથ્વીને દોહીને વનસ્પતિ આદિને દુધરૂપે બહાર કાઢ્યાં. તેમ સર્વ પહાડોને ઉત્તરાખંડમાં મુકી મોટાં નગરો અને ગામો વસાવ્યાં. ૧૦ મત્સ્યાવતાર–એણે સત્યવ્રત રાજાને અને ઋષિયો, વનસ્પતિ વગેરેને પ્રલયમાંથી ઉગાર્યા. ૧૧ કચ્છપ એણે–રવૈયા રુપ મન્દરાચળ પર્વતને પોતાની પીઠ ઉપર ધારણ કરીને સમુદ્ર મથન કરાવી તેમાંથી ચૌદ રત્નો કહાડાવ્યાં. ૧૨ ધનવંતરી–એણે સમુદ્રમાંથી ઔષધિ વગેરે કહાડી. ૧૩ મોહિનીરુપ, એણે દૈત્યોને મોહિત કરી તેમને વજે કરી દેવોને અમૃત પાયું. ૧૪ નૃસિંહ. એણે હિરણ્યકશ્યપુને માર્યો. ૧૫ વામન, એણે બલિને છળી એની પાસેથી ત્રણ પગલાં પૃથ્વી દાનમાં લઈ દેવોને આપી. ૧૬ હંસ-પક્ષી, એણે સનન્તકુમારને જ્ઞાન શિખવી એનો અહંકાર તોડયો. ૧૭ નારાયણ, એણે ધ્રુવને દર્શન આપ્યું. ૧૮ હરિ, એણે ગજેન્દ્રને ગ્રાહથી છોડાવ્યો. ૧૯ પરશુરામ, એણે એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રી કરી. ૨૦ રામ, એણે રાવણાદિ અધર્મી રાક્ષસોને સંહાર્યા. ૨૧ વેદવ્યાસ, એણે જીવોનો ઉદ્ધાર કરવા ચાર વેદો સંગ્રહ, વેદાન્ત, મહાભારત અને અઢાર પુરાણો રચ્યાં, ૨૨ કૃષ્ણ. એણે કંસ, શિશુપાલ વિગેરે અધર્મીઓને મારીને ભૂમીનો ભાર ઉતાર્યો. ૨૩ બુદ્ધાવતાર એણે યજ્ઞક્રિયાઓ બંધ કરી દેવોની અડચણ મટાડી અને ૨૪ કલ્કી, એ હાથમાં ધૂમકેતુના જેવી ભયંકર તરવાર લઇ લીલે ઘોડે બેસી અધર્મીયોને મારી સંસારમાં પુનઃ સતયુગ ધર્મ ચલાવશે. (નર્મ. ક. કોષ).

કલ્કી અવતાર સંભલ નામના ગામમાં બ્રાહ્મણના પવિત્ર ઘરમાં મહાવીર્યવાન, મહા બુદ્ધિમાન અને મહા પરાક્રમી એવા વિષ્ણુયશા નામના બ્રાહ્મણ રુપે થશે. એ મનમાં વિચાર કરશે એટલે જ સર્વ વાહનો, આયુધો, યોદ્ધાઓ, શસ્ત્રો અને બખ્તરો એની પાસે આવી પહોંચશે. અને એ ધર્મ પ્રમાણે વિજય કરીને ચક્રવર્તી રાજા થશે. લોકક્ષયનો અંત લાવનારા, ઉદાર બુદ્ધિવાળા, સર્વ અધર્મીઓનો સંહાર કરનારા અને યુદ્ધનું પરિવર્ત્તન કરનારા તે કલ્કી બ્રાહ્મણ આ એકાકાર થઇ ગએલા લોકોને યોગ્ય વ્યવસ્થામાં મૂકશે તથા બ્રાહ્મણોથી વિટાઇને પર્યટન કરતાં તે સર્વત્ર રહેલા ક્ષુદ્ર મનુષ્યોને તથા મ્લેચ્છગણોને નાશ પમાડશે. (ભા૨૦ ૧૨૦ અ૦ ૧૯૦).

શ્રીમદ્ભાગવતમાં વિષ્ણુયશા બ્રાહ્મણથી એટલે એના પુત્ર રુપે કલ્કી અવતાર થશે એમ કહ્યું છે; પણ મહાભારતમાં પૂરે કલ્કીનું નામ જ વિષ્ણુયશા આપેલું છે.

અવતારણ. રાક્ષસોને રહેવાનું એક સ્થળ વિશેષ. (ડાઉસન ૩૮).

અવન્તી. સેક, અપરસેક નર્મદાની દક્ષિણે, હાલના માળવામાં આવેલો દેશ વિશેષ. ત્યાં વિંદ અને અનુવિંદ રાજ્ય કરતા હતા. તેમને રાજસૂય યજ્ઞની વિજય યાત્રામાં સહદેવે જીત્યા હતા. એની રાજધાની અવંતિકા (હાલના ઉજ્જેણ) માં હતી. આચાર્ય સાન્દીપનીને ત્યાં કૃષ્ણ બલરામે વિદ્યાભ્યાસ અહીં જ કર્યો હતો. (ભાગ૦ દશમ૦ અ૦ ૪૬; ભા૨૦ ૧૨૦ ૮૭–૧; સ૦ ૩૨–૧૧; હરિવં૦ ૨–૨૩; વિષ્ણુ ૫–૨૧).

અવાકીર્ણ. સરસ્વતીને તીરે આવેલું તીર્થ વિશેષ. (ભા૨૦ સ૦૪૨–૧૨).

અવિમુક્ત. કાશીક્ષેત્રનું નામ.

અવિમુક્ત (૨). કુરુક્ષેત્રનું નામ.

અવિક્ષિત. સૂર્યવંશીય ક્ષત્રિય, કરન્ધમનો પુત્ર. એનો પુત્ર તે મરુત. (ભા૨૦ અશ્વે૦ ૪–૧૭).

અવિક્ષિત (૨). સોમવંશીય ક્ષત્રિય, કુરુનો પુત્ર. એનું પ્રસિદ્ધ નામ અશ્વવાન હતું. એની માતાનું નામ વાહિની હતું. એને પરીક્ષિત સમ્પલાશ્વ, આદિરાજ, વિરાજ, શાલ્મલિ. ઉચ્ચૈશ્રવા, ભઙ્કાર અને જીવારિ એમ આઠ પુત્રો હતા. (ભા૨૦ આ૦ ૧૦૧–૩૮–૪૦).

અવિજ્ઞાન. પુરંજનનો મિત્ર વિશેષ. (ભાગ૦ ૪–૨૫–૧૦).

અવિજ્ઞાનગતિ. અનિમ નામના વસુનો પુત્ર. એની માનુ નામ શિવા. (ભા૨૦ આ૦ ૬૭–૨૫).

અશના. બલિની સ્ત્રી. (ભાગ. ૬–૧૮–૧૭).

અશોકવર્ધન. મૌર્યવંશીય ચન્દ્રગુપ્તનો પૌત્ર, અને વારિસારનો પુત્ર. એનો પુત્ર સુદ્રશ. (ભાગ૦ ૧૨–૧–૧૩).

અશ્મકુટ્ટા. ઋષિયો વિશેષ. (ભા૨૦ અનુ૦ ૪૭–૪૧).

અશ્રુતાયુ. દુર્યોધન પક્ષનો ક્ષત્રિય. એને ક્રિયુતાયુ નામે પુત્ર હતો. એ અર્જુનને હાથે યુદ્ધમાં માર્યો ગયો હતો. એને અચ્યુતાયુ એવું બીજું નામ હતું. (ભા૨૦દ્રો૦ ૯૩–૭–૨૪).

અશ્વ. દિવ્ય અશ્વની જાતિ વિશેષ. તેઓ જમીન ઉપર તેમ જ આકાશમાં ગતિ કરી શકે છે. તેમની સંખ્યા સોની છે. જ્યારે તેમાંથી કોઇ મરી જાય છે કે, તરત જ તેની જગાએ બીજો એ જાતિનો ઉત્પન્ન થઇ જાય છે. (ભા૨૦ ઉ૦ ૫૬).

અશ્વકન્દ. અમૃતનું રક્ષણ કરનાર એક દેવ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૨–૧૮)

અશ્વમુખ. કિન્નરો તે જ.

અશ્વમેધદત્ત. સોમવંશીય શતાનીકનો પુત્ર, એક ક્ષત્રિય. જન્મેજયનો પૌત્ર, એની માનું નામ વૈદેહી. (ભા૨૦ આ૦ ૬૩–૮૮)

અશ્વશિરા. બદરિકાશ્રમમાં રહેનાર એક ઋષિ. એ નિરંતર–અહોરાત્ર–વેદાધ્યયન જ કરી રહ્યા છે. (ભા૨–શાં ૧૨૭–૩) એ અથર્વાંગિરસનો પુત્ર હતો. (ભાગ ૪–૧)

અશ્વિની. નક્ષત્ર વિશેષ.

અશ્વિવાન. સોમવંશીય કુરુપુત્ર એક ક્ષત્રિય. વિશેષ સારુ અવિક્ષિત શબ્દ જુઓ. (ભા૨૦ આ૦ ૧૦૧–૩૮)

અશ્વિનો. દેવના બે વૈદ્યો. ત્વષ્ટાની પુત્રી ત્વાષ્ટ્રી, સૂર્યની ભાર્યા, ઘોડીનું રુપ ધારણ કરીને સંતાપ થઇ હતી. તેની સાથે ઘોડાનું રુપ ધારણ કરેલા સૂર્યવડે ઉત્પન્ન થએલા બે પુત્રો. (ભા૨૦ આ૦ ૬૭ ૬૫; ભાગ૦ ૬–૬; વરાહ ૨૦; વાયુ૦ ૮૪ હરિવં૦ ૧–૯; બ્રહ્મ૦ ૬; પદ્મ ૫–૮; વિષ્ણુ ૩–૨ શિવ પુ૦ ઉમા સંવાદ ૬૫). દેવોમાં એઓ શુદ્ર ગણાતા હોવાથી એમને યજ્ઞભાગ નહોતો મળતો. એઓ ચ્યવનના આશ્રમમાં ગયા હતા અને ચ્યવનને યૌવન અને ચક્ષુ આપ્યાં હતાં. એ ઉપકારમાં ચ્યવને એમને યજ્ઞભાગ મળે એમ કર્યું હતું. (ભા૨૦ ૧૨૪–૬) પાંડુ રાજાની ભાર્યા માદ્રીને એમણે બે પુત્રો આપ્યા હતા. (ભા૨૦ આ૦ ૬૩–૬૬) આકડાનાં પાંદડાં ખાઇને રહેવાથી આંધળા બનેલા ઉપમન્યુ ઋષિને પણ આમણે નેત્ર આપ્યાં હતાં. (ભા૨૦ આ૦ ૩–૫૬)

અશ્વિનોતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ ૧૦ ૮૧–૧૭)

અષ્ટમૈથુન. સ્ત્રી પુરુષનો આઠ પ્રકારે થતો આનન્દ.

स्मरणं कीर्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणम् ।
संकल्पोऽध्यवसायश्च क्रियानिष्पत्तिरेव च।।१।।

અષ્ટહૃદય. વૈદ્યક સંબંધી ગ્રન્થ વિશેષ.

અષ્ટયોગિની. દુર્ગાની આઠ પરિચારિકા રાક્ષસીઓ. એમનાં નામ મઙ્ગળા પિંગુળા ધન્યા, ભ્રામરી. ભદ્રિકા, ઉલ્કા, સિદ્ધા અને સકેટા.

અષ્ટવાયન. હળકુંડ, સોપારી, દક્ષિણ, ખણ્ડ, કંકણ, ધાન્ય, સૂપડું અને કાચમણિ; સૌભાગ્ય પ્રાપ્તિ સારુ નવવધુને આપવાની આઠ વસ્તુઓ.

અષ્ટાવક્ર. સર્પ વિશેષ. (**ભા૨૦ આ૦ ૫૯–૧૭**)

અષ્ટાંગ. આયુર્વેદના કર્ત્તા ઋષિ. (**ભા૨૦ સ૦ ૧૧–૨૫**)

અષ્ટાઙ્ગ (૨) શરીરના આઠ અવયવો જેનાવડે બહુ માન પુરસ્સર નમસ્કાર કરાય છે એ.

जानुभ्यांच तथा पदभ्यां पाणिभ्या मुरसाधिया।।
शिरसा वयसा दृष्टया प्रणामोऽष्टांग ईरित।।१।।

અસુરાયણ. એક ઋષિ વિશ્વામિત્રનો પુત્ર. (**ભા૨૦ અનુ ૭–૫૬**)

અસુર્યા. ઘોર અંધકારથી વ્યાપ્ત એવા લોક વિશેષ, જેમાં પાપીઓને જવું પડે છે.

असुर्या नाम ते लोका अन्धेन तमसावृत्ताः।
तांस्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनः॥ ३॥
(**ईशावास्योपनिषत्**)

અહ. તીર્થ વિશેષ. (**ભા૨૦ વ૦ ૮૧–૧૦૦**)

અહ (૨) ધર્મ પ્રજાપતિનો પુત્ર, આઠ વસુઓમાંનો એક. એની માતાનું નામ રતા. (**ભા૨૦ આ૦ ૬૭–૨૦**) એનું બીજું નામ સવિતા હતું. (**ભા૨૦ અનુ ૨૫૫–૧૭**) એને જ્યોતિ, શમ, શાન્ત અને મુનિ એ ચાર પુત્રો હતા. (**ભા૨૦ આ૦ ૬૭–૨૩**)

અહુયાતિ. સોમવંશીય ત્રિશંકુની દિકરી વરાઙ્ગને પેટે થએલો શય્યાતિનો પુત્ર એક ક્ષત્રિય. કૃતવીર્યની દિકરી ભાનુમતી આની સ્ત્રી થાય. એના પુત્રનું નામ સાર્વભામ હતું. (**ભા૨૦ આ૦ ૬૩–૧૩**)

અહિ. સર્પ, વેદમાં કહેલા દુષ્કાળ લાવનારા દૈત્ય વૃત્રનું નામાન્તર. કેટલીક જગાએ "અહિ" અને "વૃત્ર" જુદા હોય એમ પણ જણાય છે. ઘણું કરીને જુદી જુદી જાતનાં વાદળોને માટે આ નામ વપરાતાં હશે. (**વિલ્સન–ડાઉસન ૫૧–૬**)

અહિચ્છત્ર. ઉત્તર પાંચાલ દેશ. દ્રુપદની પાસેથી દ્રોણાચાર્યે પડાવી લીધેલો દેશ તે જ. બરેલીની પશ્ચિમે વીસ મૈલ પર આવેલું રામનગર તે. એ ઉત્તર પાંચાલ (રોહિલખંડ)ની રાજધાની હતી.

અક્ષસૂત્ર. રુદ્રાક્ષની માળા.

અક્ષૌહિણી. ૨૨૮૭૦ રથ, એટલા જ હાથી, ૬૫૬૧૦ ઘોડા, ૧૦૯૩ પદાતી મળીને ૨૧૮૭૦૦ની સંખ્યાવાળું લશ્કર.

આકર્ષ. દેશ વિશેષ. (**ભા૨૦ સ૦ ૩૭–૧૪**)

આકર્ષ (૨) આકર્ષ દેશવાસી.

આકાશગંગા. હિમાલય પર બદરીમાંથી નિકળેલી નદી વિશેષ. (**ભા૨૦ આ૦ ૨–૩૭**)

આકાશગંગા. (૨) ઇન્દ્રે જે ગંગાના જળવડે શ્રી કૃષ્ણને અભિષેક કર્યો હતો તે. (**ભાગ. ૧૦–૨૯–૨૨**)

આકૃતિ. એક અસુર. ધર્મગુરુ (**ડાઉસન ૧૦**)

આકૃતિ. ભીષ્મકનો ભાઇ ભોજરાજા તે જ.

આગ્નિધ્રશાળા. યજ્ઞમંડપમાં આગ્નીધ્ર નામે ઋત્વિજ સારુ તૈયાર કરેલો એક ભાગ. દક્ષના યજ્ઞમાં શિવગણોએ ત્યાંની આગ્નીધ્રશાળાનો વિધ્વંશ કર્યો હતો. (**ભાગ. ૪–૫–૧૪**)

આગ્નેય. સ્કંદ. (**ભા૨૦ વ૦ ૨૩૩–૩**)

આગ્નેય (૨) અરાઙ મહા પુરાણમાંનું એક. આ પુરાણનું પૂર અરાઙ હજાર શ્લોકનું છે. (**ભાગ ૧૨–૧૩–૫**)

આગ્રયણ. અગ્નિ વિશેષ. (**ભા૨૦ વ૦ ૨૨૩–૧૩**)

આઙ્ગિરસો. પિતૃ વિશેષ. (**ડાઉસન ૧૭**)

આઙ્ગિરસી. એક બ્રાહ્મણી જેણે પોતાની સાથે મૈથુનમાં રોકાયલા પોતાના સ્વામીને મારી નાંખવા બદલ સૌદાસ (કલ્માષપાદ) રાજાને શાપ આપ્યો હતો કે તું પણ તારી સ્ત્રી સાથે મૈથુન સમયે મરણ પામીશ તે. (**ભા૨૦ આ૦ ૧૯૯–૨૪**)

આઙ્ગી. સોમવંશીય અપરાચીનના પુત્ર એરિહની ભાર્યા. એના પુત્રનું નામ મહાભૌમ. (**ભા૨૦ આ૦ ૬૩–૧૮**).

આચાર્ય. દ્રોણાચાર્યનું નામાન્તર. (**ભા૨૦ આ૦ ૧૪૪–૨૨**).

આચાર્ય (૨). ઉપનયન સંસ્કાર પછી વેદ

શિખવનાર. યદુઓનો આચાર્ય ગર્ગ હતો. શ્રીકૃષ્ણનું નામ ગર્ગે જ પાડયું હતું. (**ભાગ ૧૦–૮–૭**).

આચાર્ય પુત્ર. અશ્વત્થામા તે જ. (**ભા૨૦ આ૦ ૧૫૫–૧૬**).

આજગર. કાવેરી તીરે રહેનાર બ્રાહ્મણ વિશેષ, જે અજગર વૃત્તિથી જે આવી મળે તેટલા ઉપર સંતોષથી રહેતો હતો તે. એને પ્રલ્હાદ સાથે સંવાદ થયો હતો. (**ભા૨૦ શાં૦ ૧૭૭; ભાગ ૭–૧૪**).

આજગવ. પૃથુરાજાનું ધનુષ્ય. (**ભા૨૦ દ્રો૦ ૬૯–૩૦**).

આતપ. પ્રાચેતસ વંશના વિભાવસુ અને ઉષા એમનો પુત્ર. એનો પુત્ર પંચયત્ર. (**ભાગ ૬–૬–૧૬**).

આત્રેય. હંસ–પરિવ્રાજ–રુપે ફરતા એક ઋષિ. એણે સાધ્યદેવોને નીતિનો બોધ કર્યો હતો. (**ભા૨૦ ઉ–૩૬**).

આત્રેય. દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯–૬૮**).

આત્રેયિ. રામના સમયમાં હતી એ, એ નામની તાપસી વિશેષ.

આદિત્ય. સૂર્ય તે જ.

કશ્યપ અને અદિતિને થએલા બાર પુત્રો જેઓ આદિત્યો કહેવાય છે તેમનાં નામઃ– ધાતા, મિત્ર, અર્યમા, શક્ર, વરુણ, અંશ, ભગ, વિવસ્વાન, પૂષા, સવિતા, ત્વષ્ટા અને વિષ્ણુ. (**ભા૨૦ આ૦ ૬૬–૧૪; શાં૦ ૨૦૭–૧૭**).

પરંતુ બીજે મતેઃ–અંશ, ભગ, મિત્ર, વરુણ, ધાતા, અર્યમા, જયન્ત, ભાસ્કર, ત્વષ્ટા, પૂષા, પર્જન્ય અને વિષ્ણુ એવાં નામ છે. (**ભા૨૦ અનુ૦ ૨૫૫–૧૫; વિષ્ણુ૦ ૧–૧૫; ભાગ૦ ૬–૬**). આદિત્યોની સ્ત્રીઓ અને પુત્રોની હકીકત સારુ જુઓ (**ભાગ૦ ૬–૧૮**).

વેદકાળમાં આદિત્યોની સંખ્યા ૬ અથવા બહુધા સાતની ગણાતી હતી, અને તેમાં વરુણ એ મુખ્ય હતો. આમ હોવાથી વરુણ એ મુખ્ય આદિત્ય મનાતો હતો. આદિત્યો અદિતિના પુત્રો હતા; અદિતિને આઠ પુત્રો છતાં એ એમાંના એકને તજી દઇને દેવો રુદ્રરુ આવી હતી. એ તજેલો પુત્ર તે માર્તંડ–સૂર્ય. અગાડી જતાં આદિત્યોની સંખ્યા બારની ગણવામાં આવી અને વર્ષના દરેક મહિનાનો અકકેકો એમ બાર મહિનાના બાર આદિત્ય મનાયા. સૂર્યનું આદિત્ય એવું યે નામ છે. ડા૦ મ્યૂર પ્રો૦ રોહના લખાણોમાંથી ઉતારો કરી લે છે કેઃ–" ત્યાં, આકાશમાં આદિત્ય એવા સામાન્ય નામવાળા દેવો વસે છે. પાછળના કાળમાં અને મહાભારતમાં એ દેવોને માટે જે વર્ણન આવે છે તે ધ્યાનમાં ન લેતાં એ કલ્પનાનું મૂળ તપાસવા જઇએ. દરેક મહિના પરત્વે અકકેકો એમ બાર દેવ કલ્પ્યા છે, એ સમજવાને એ દેવોનાં જે નામો કહેવામાં આવે છે તેના અર્થ ઉપર આપણે ધોરણ રાખવું ઘટે છે. એમનાં નામોના અર્થ "અનાશવંત," "શાશ્વત" અને " અનાદિ " એવા છે.

એવા અર્થવાળી અદિતિ તે અનાશવંત અનાદિ તત્વ અને એ તત્વને નિભાવનાર અગર એ તત્વવડે નભનાર તે. આ અનાશવંત અનાદિ તત્વ તે સ્વર્ગીય તેજ છે. બ્રહ્માંડમાં જણાતાં તેમનાં ચિન્હો–તેજસ્વી પદાર્થો તે સ્વતઃ આ દેવો નથી. સૂર્ય, ચંદ્ર, તારાઓ, ઉષા જે આપણે દેખીએ છિયે તે આ દેવો નહિ, પણ આ સ્વર્ગીય દેખાવ જેના વડે અસ્તિત્વમાં આવ્યા છે અને જેને લીધે છે તે "કંધક", એ આ દેવો છે.

છ આદિત્યનાં મિત્ર, અર્યમા, ભગ, વરુણ, દક્ષ અને અંશ એવાં નામ છે, અગાડી જતાં દક્ષની ગણત્રી આદિત્યોમાંથી કમી થઇ, અને ઇન્દ્ર, સવિતૃ અને ધાતૃ ઉમેરાયા. બાર આદિત્યોનાં નામ જુદા જુદા ગ્રન્થોમાં પાઠાફેર મળે છે, પરન્તુ તે બધાં સૂર્યનાં નામો છે. (**ડાઉસન ૩**).

આદિત્યાશ્રમ. ક્ષેત્ર વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧–૧૧૪).

આદિત્યતિર્થ. સરસ્વતી તીરે આવેલું તીર્થ વિશેષ. તીર્થયાત્રા કરતાં બલરામ આ તીર્થમાં આવ્યા હતા. પૂર્વે દેવો, ઇન્દ્ર, વિશ્વેદેવાઓ, મરુતો, ગંધર્વો, અપ્સરાઓ, વ્યાસ, શુક, કૃષ્ણ, યક્ષો, રાક્ષસો, પિશાચો અને બીજા ઘણાએ હજારો યોગસિદ્ધ પુરુષો આ તીર્થમાં પરમ સિદ્ધિ પામ્યાં હતાં. પૂર્વે મધુકૈટભ નામના અસુરોનો વધ કરીને વિષ્ણુ ધરાધરી, તેમ જ મહા તપસ્વી અસિત દેવલ ઋષિ પણ અહીં પરમ યોગનો આશ્રય કરીને સિદ્ધિ પામ્યા હતા. (ભા૨૦ શાં૦ ૪૯).

આદિરાજ. પૃથુરાજાનું નામાન્તર. (ભાગ ૪–૨૨–૪૮).

આદિશેષ. શેષ એ જ.

અધિરથી. કર્ણનું નામાન્તર.

આધૂર્તરજા. ગય રાજાનો પિતા અમૂર્તરય તે. (ભા૨૦ વ૦ ૯૩–૧૯).

આન્ધ્રક. કૃષ્ણા અને ગોદાવરી નદીઓની વચ્ચે આવેલો વિદ્યમાન પ્રદેશ. (ભા૨૦ ભી૦ ૯).

આપ. અગ્નિ વિશેષ, એની ભાર્યા તે મુદિતા. (ભા૨૦ વ૦ ૨૨૪–૧).

આપ (૨). ક્રૌંચદ્વીપના રહેવાસીઓનો ઉપાસ્ય દેવ. (ભાગ ૫–૨૦–૨૨).

આપ (૩). શ્રી ભગવાનની એક વિભૂતિ. (ભાગ ૧૧–૭–૩૩).

આપોદ. ધૌમ્ય નામના બ્રહ્મર્ષિ તે જ. એમને ત્રણ શિષ્યો હતા. ઉપમન્યુ, આરુણિ અને વૈદ્ય. (ભા૨૦ આ૦ ૩–૨૧).

આમ્રવતી. નગરી વિશેષ.

આભીર. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૯; ભાગ ૧૦–૧૦–૩૫).

આભીર (૨). વંશ વિશેષ. કલિયુગમાં સાત શુદ્ર રાજા આ વંશના અને સંસ્કારહીન થયા હતા. (ભાગ ૧૨–૧–૨૭).

આભીર (૩). આભીરનો શબ્દાર્થ ગોવાળ થાય છે. એઓ બ્રાહ્મણ પુરુષ અને અમ્બષ્ઠ–વૈદ્ય જાતિની સ્ત્રીને પેટે ઉત્પન્ન થએલ સંતતિ છે એમ મનુએ કહ્યું છે. સિંધુને કાંઠે કાંઠે ઉત્તરમાં આ જાતિ વસતી. ગ્રન્થકારોએ પોતે જ્યાં જ્યાં રહેતા હોય તે તે સ્થાનની ઉત્તરે કે પશ્ચિમે આ જાતિ રહેતી હતી એમ લખ્યું છે. વિદેશી ભાષાન્તરકારોએ ભૂલાવો ખાઈને તેને પડોસમાં વસનારી બીજી શુદ્ર જાતિ સાથે સેળભેળ કરી દીધી છે. "શુદ્ર જાતિ" ને સુર કહેતા. બહુધા આ જાતિનું નામ "સુરાભીરા" એવું આપ્યું છે! હાલના આહીરો તે આ જાતિના વંશજો છે, માત્ર પડોસ સિવાય 'શૂદ્ર' જાતિ સાથે આહીરોને વિશેષ સંબંધ હોય એ ખરો. કેટલાક ગ્રન્થકારો એમ પણ સૂચવે છે કે ખ્રિસ્તી ધર્મશાસ્ત્રમાં "ઓફિર" નામના સ્થળની વાત આવે છે તે આ આભીરોના પ્રદેશ અગર નગરને અંગે પણ હોય. (હાઉસન ૨).

આમ. ક્રૌંચદ્વીપમાંનો ખંડ વિશેષ.

આમ(૨). ધૃતપૃષ્ટનો પુત્ર. (ભાગ ૫–૨૦–૨૧)

આમ (૩). નામ્નજિતિની કૂખે થએલો શ્રીકૃષ્ણનો પુત્ર. (ભાગ ૧૦–૬૧–૧૩).

આમલકી. ફાગણ સુદ અગિયારસ.

આમ્બિકેય. ધૃતરાષ્ટ્ર તે જ. (ભા૨૦ આ૦ ૧૬૨–૭૬).

આમ્નાય. ધર્મ સંબંધી આખ્યાયિકાઓ. સામાન્ય રીતે વેદને માટે આ શબ્દ વપરાય છે.

આયતિ. સોમવંશી નહુષનો પુત્ર અને યયાતિનો ભાઇ. (ભા૨૦ આ૦ ૬૯–૩૩).

આયુ. પ્રાણ નામના વસુનો ઊર્જસ્વતીને પેટે થએલો પુત્ર. (ભાગ ૬–૬–૪૨).

આયુ (૨). શ્રીકૃષ્ણને રોહિણીને પેટે થએલો પુત્ર. (ભાગ ૧૦–૬૧–૧૭).

આયુર્વેદ. એ નામનો એક ઋષિ વિશેષ. (ભા૨૦ સ૦ ૧૧–૨૫).

આયુર્વેદ (૨). વૈદ્યક સંબંધી ગ્રન્થ વિશેષ. એ ધન્વંતરીનો કરેલો કહેવાય છે. અને કેટલીક વખત અથર્વવેદની પૂરવણી રૂપે મનાય છે. (હાઉસન ૩૯).

આયોદ. આપોદ શબ્દ જુઓ.

આરટ્ટ. દેશ વિશેષ. (બાહ્લાંક શબ્દ જુઓ) (ભા૨૦ ભી૦ ૯).

આરણીય. અરણીની જગાએ ઉત્પન્ન થવાથી પડેલું શુક્રાચાર્યનું નામ.

આરણ્ય. અરણીની જગાએ ઉત્પન્ન થવાથી પડેલું શુક્રાચાર્યનું નામ.

આરુણિ. સર્પ વિશેષ. (ભા૨૦આ૦ ૫૭–૧૯).

આરુણિ (૨). વિનતાનો પુત્ર. (ભા૨૦ આ૦ ૬૬–૪૦).

આરુણિ (૩). દુષ્યન્ત પુત્ર ભરતના વંશના દુરિતક્ષયનો પુત્ર. એ બ્રાહ્મણ થયો હતો. (ભાગ૦૯–૨૧–૨૧).

આર્જવ. ક્ષત્રિય શકુનીનો નાનો ભાઈ અને ધૃતરાષ્ટ્રનો સાળો. એને યુદ્ધમાં ઝીરાવાને માર્યો હતો. (ભા૨૦ ભી૦ ૬૦–૩૦).

આર્જીકીઆ. પંજાબની બિયાસ નદીનું નામ.

આર્જુનિ. અભિમન્યુ તે જ. (ભા૦ ભી૦ ૫૫–૧૫).

આતોયનિ. ઋતાયન નામના મદ્રાધિપતિનો પુત્ર શલ્ય તે જ (ભા૦ ભી૦ ૬૨–૧૪).

આર્તિમાન. એક ઋષિ જેના સ્મરણ માત્રથી જ સર્વ બાધા વિનાશ થાય છે તે. (ભા૨૦ અ૦ ૫૮–૨૩).

આર્દ્રક. સૂર્યવંશીય ઇક્ષ્વાકુવંશના વિશ્વગશ્વનો પુત્ર. એનો પુત્ર તે યુવનાશ્વ. (ભા૨૦ વ૦ ૨૦૬–૩).

આર્દ્રા. નક્ષત્ર વિશેષ.

આલમ્બ્ય. યુધિષ્ઠિરની સભાનો એક ઋષિ. (ભા૨૦ સ૦૪–૨૦).

આલમ્બ્યાયન. ઇન્દ્રનો સખા. એણે રુદ્ર મહાત્મ્ય કહ્યું છે. (ભા૨૦ અનુ૦ ૪૯–૫).

આવન્ય અવંતિ દેશનો સંસ્કારહીન બ્રાહ્મણ વિશેષ. (ભાગ૦ ૧૨–૧–૩૮).

આવન્ય. (૨). સુકર્માનો શિષ્ય. એણે સામવેદનું અધ્યયન કરીને તેની શાખાઓ શિષ્યોને શિખવી હતી. ભાગ. (૧૨–૬–૭૭).

આશાવહ. (વિવસ્વતનો પુત્ર. ભા૨૦ આ૦ ૧–૧૫).

આશ્રભાકી. પ્રાચીનવતની ભાર્યા, એક યાદવી. એનો પુત્ર શચ્યાતિ (ભા૨૦ આ૦ ૬૩–૧૨).

આશ્રમ. આર્યના જીવનના ચાર વિભાગ. બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસ. બ્રહ્મદેવે આ આશ્રમો ઉત્પન્ન કર્યા છે (ભાગ૦ ૩–૧૨–૪૧). ભગવદ્ભક્તોએ એને અનુસરવું ઉચિત છે. ભાગ૦ ૧૧–૧૦–૧). તેમના ધર્મ સંબંધે જુઓ (ભા૨૦ આ૦ ૮૫–૮૬; શાં૦ ૬૩–૬૫–૧૮૯,–૨૪૧–૨૪૮–૨૫૧; અનુ૦ ૨૦૮અને અશ્વ૦ ૪૫–૪૭).

આશ્રાવ્ય. ઇન્દ્રની સભાનો એક ઋષિ. (ભા૨૦ સ૦ ૭–૧૮).

આશ્લેષા. સત્તાવીસમાંનું એક નક્ષત્ર વિશેષ.

આસંગ. ઋગ્વેદના કેટલાક મન્ત્રોનો દ્રષ્ટા. એ પ્લયોગનો પુત્ર હતો, પરન્તુ દેવોના શાપથી સ્ત્રી થઇ ગયો હતો. પશ્ચાત્તાપ કરીને અને મેધાતિથિ ઋષિને અનર્ગળ દ્રવ્ય આપીને અને તેમને મન્ત્ર ઉદ્દેશીને પ્રસન્ન કરવાથી એમની કૃપા વડે પાછો પુરુષત્વ પામ્યો હતો. (હાઉસન ૨૫).

આસુર. રાક્ષસ જાતિ વિશેષ. (હાઉસન ૨૫).

આસુરાયણીય. સામવેદની એક શાખા વિશેષ. (ભાગ૦ ૧–૪–૨૩).

આહિચ્છત્ર. અહિચ્છત્ર જુઓ.

આહુક. એક યાદવ. એ શ્રી કૃષ્ણની સાથે સ્યમંતપંચક ક્ષેત્રમાં ગયો હતો. સામ્બને ઋષિએ આપેલા શાપને લઈને ઉત્પન્ન થએલા મૂશળનું ચૂર્ણ કરીને એણે સમુદ્રમાં નાંખી દીધું હતું. (ભાગ૦ ૧૦–૮૨–૫ અને ૧૧–૧–૨૧).

ઇક્ષુલા. નદી વિશેષ. (ભા૨૦ ભી૦ ૯–૧૭)

ઇજ્યા. અધ્વર્યુ નામના ઋત્વિજને કરાવવાનાં

કર્મ–હવન. પૂજન ઇ૦ એ બ્રહ્મદેવના દક્ષિણ મુખમાંથી ઉત્પન્ન થએલ છે.

ઇડા. ઋગ્વેદમાં ઇડા શબ્દ પ્રથમ ખાદ્ય ઉપાહાર–અગર અર્પણ કરેલ દુધના અર્થમાં વપરાયેા છે. ત્યાર પછી વાણીની દેવીરુપે "સ્તવન"ને ઇડા કહેવામાં આવતું. ત્યાર પછી ઇડાને મનુની શિક્ષિકા કહી છે. મનુને યજ્ઞ વિધિ પ્રથમ શિખવનાર આ જ હતી. ઇડા એ પૃથ્વીપર જેની સત્તા છે એવી દેવી છે એમ સાયણે કહ્યું છે. મનુએ પ્રજા મેળવવા કરેલા યજ્ઞમાંથી ઇડા ઉત્પન્ન થઇ, એવી શતપથ બ્રાહ્મણમાં આખ્યાયિકા છે. ઇડા ઉપર પેાતાનેા હક્ક છે કહી મૈત્રાવરુણે માગણી કર્યા છતાં ઇડા પેાતાના જનક પાસે જ રહી. મનુએ પ્રજાને માટે પ્રાર્થના અને અપવાસ કરી તપ કરતાં સતાં ઇડાથી પેાતાના વંશની વૃદ્ધિ કરી.

ઇડા (૨) પુરાણેામાં ઇડાને વૈવસ્વત મનુની કન્યા, બુધની સ્ત્રી અને પૂરુરવાની માતા કહી છે. પેાતાને પુત્ર થયા પૂર્વે, પુત્રપ્રાપ્તિ સારુ એણે મિત્રા અને વરુણ પ્રીત્યર્થે યજ્ઞ કર્યો હતેા. એ યજ્ઞને પરિણામે ઇડા અથવા ઇલાનેા જન્મ થયેા. મિત્ર અને વરુણ બન્ને દેવેાની કૃપાવડે ઇડાની જાતિ બદલાઇ, ને તે પુત્રરુપે બની. એ પુત્ર તે સુદ્યુમ્ન. શિવના શાપને લીધે સુદ્યુમ્ન પાછેા સ્ત્રી બની ગયેા. સ્ત્રી રુપે એનુ નામ ઇલા હતું. આ ઇલા બુધને પરણી. એને પેટે પુરુરવા નામના પુત્રનેા જન્મ થયેા. ત્યારબાદ વિષ્ણુની કૃપાવડે સુદ્યુમ્નને પાછું પુરુષત્વ પ્રાપ્ત થયું. પુરુષ તરીકે એને ત્રણ પુત્રેા થયા હતા.

બીજી આખ્યાયિકાનુસાર મનુના જ્યેષ્ટ પુત્રનું નામ ઇલ હતું. પાર્વતીના મના કરેલા વનમાં પ્રવેશ કરવાથી ઇલ સ્ત્રી બનીને ઇલા થઇ ગયેા. ઇલાના મિત્ર અને સંબંધીઓની વિનતિ ઉપરથી પ્રસન્ન થઇ શિવ અને પાર્વતીએ વરદાન આપ્યું હતું કે ઇલા એક મહિનેા સ્ત્રી અને એક મહિનેા પુરુષ થશે. આ જુની આખ્યાયિકાનાં આ પ્રમાણે બીજાં યે પાઠાંફેર છે.

ઇડાવત્સર. સંવત્સરેાનેા એક ભેદ વિશેષ. **(ભાગ ૫–૨૨–૭).**

ઇન્દ્ર. શ્રી ભગવાનની એક વિભૂતિ. **(ભાગ ૧૧–૧૬–૧૩).**

ઇન્દ્ર (૨). શ્રાવણ મહિનાના સુર્યનું નામ. **(ભાગ ૧૨–૧૧–૩૭).**

ઇન્દ્રતીર્થ. તીર્થ વિશેષ. **(ભા૨૦ સ૦ ૪૯–૧૮; ૫૦–૧).**

ઇન્દ્રકુમિ. ઋષિ વિશેષ. **(ભા૨૦ શાં૦ ૨૪૦–૧૮).**

ઇન્દ્રપ્રમિતિ. એક ઋષિ. એણે વ્યાસના શિષ્ય પૈલની પાસે ઋગ્વેદનું અધ્યયન કરીને તેના ચાર ભાગ કરી પેાતાના શિષ્યેાને શિખવ્યા હતા. **(ભાગ ૧૨–૬–૫૪).**

ઇન્દ્રમાર્ગ. ક્ષેત્ર વિશેષ. **(ભા૨૦ વ૦ ૮૧–૧૮૧).**

ઇન્દ્રાભ. સોમવંશીય અવિક્ષિતવંશેાદ્ભવ જન્મેજયનેા પુત્ર. **(ભા૨૦ આ૦ ૧૦૧–૪૬–૪૭.**

ઇન્દ્રપ્રમદ. ભીષ્મ જે વખતે શરપંજર પર પડયા હતા, તે વખત ત્યાં આવેલેા ઋષિ વિશેષ. **(ભાગ ૧–૯–૭).**

ઇન્દિરા. ભાદ્રપદ વદ અગિયારસ.

ઇરા. અપ્સરા વિશેષ. **(ભા૨૦ સ૦ ૧૦–૧૨).**

ઇરાવતી. ભવ નામના રુદ્રની પત્ની. **(ભાગ૦ ૩–૧૨–૧૩).**

ઇરાવતી (૨). બ્રહ્મદેશની નદી વિશેષ. એ મઐા અને મલિખા નામે બે નદીઓના સંગમ વડે બની જાય છે. નવસેં મૈલ વહીને એ બંગાળાના ઉપસાગરને મળે છે.

ઇલિલ. સોમવંશીય ત્રસ્નુનેા પુત્ર એક ક્ષત્રિય. એની માનું નામ કાલિન્દી અને સ્ત્રીનું નામ રથન્તરી. ઇલિન, ઇતિ, ત્રસ્નેા, તંસુ એવાં એનાં નામાન્તરેા હતાં. (**ભા૨૦ આ૦ ૬૩–૨૮; આ૦ ૮૮–૧૫**). દુષ્યન્ત, શુર, ભીમ, પ્રવસુ અને વસુ એમ એને પાંચ પુત્રેા હતા. (**ભા૨૦ આ૦ ૮૮–૧૭**).

ઇશાની. માયાનું નામ (**ભાગ૦ ૧૦–૨૨**).

ઇષ્વર. શાલ્મલી દ્વીપના લેાકેાનેા ભેદ વિશેષ. **(ભાગ૦ ૫–૨૦–૧૧).**

ઇષીક. ગંગાદ્વારે રહેનારેા એક બ્રાહ્મણ. એણે શિખણ્ડીને પુરુષત્વ મળવા સારૂ ગંધર્વની પ્રાર્થના કરવાનું કહ્યું હતું.

इषीकं ब्राह्मणंभीता साम्यगच्छत्तपस्विनम् ।
गङ्गाद्वारि तपस्यन्तं तुष्टिहेतोस्तपस्विनी॥२३॥
(ભા૨૦ આ૦ ૧૧૦–૨૩).

ઇષીકાસ્ત્ર. પાંડવેાના વધને સારુ અશ્વત્થામાએ ખાસ બનાવેલું અસ્ત્ર વિશેષ. (**ભા૨૦ સૌ૦ ૧૩–૧૮–૧૯).**

ઇક્ષુહ્રદ. સુપાર્શ્વ પર્વત ઉપરનેા એક હ્રદ વિશેષ. **(ભાગ૦ ૫–૧૬–૧૩).**

ઇલિન. સોમવંશીય તંસુનેા પુત્ર, એક ક્ષત્રિય. વિશેષને સારુ ઇલિલ શબ્દ જુઓ. **(ભા૨૦ આ૦ ૮૮–૧૫).**

ઉગ્રકર્મા. સાલ્વ રાજા. એને યુદ્ધમાં ભીમસેને હણ્યેા હતેા. (**ભા૨૦ ક૦ ૨–૪૪**).

ઉગ્રસેન. દેવકીનેા એક પુત્ર. (**ભાગ૦ ૯–૨૪–૨૫**).

ઉગ્રસેન (૨). સ્વર્ભાનુના અંશથી ઉત્પન્ન થએલેા એક ક્ષત્રિય. **(ભા૦ આ૦ ૬૮–૧૩).**

ઉગ્રસેન (૩). ભાદ્રપદ મહિનામાં વિવસ્વાન નામના સૂર્યની સાથે સંચાર કરનાર ગંધર્વ વિશેષ.

विवस्वानुग्रसेनश्च व्याघ्र आसारणो भृगुः ॥
अनुम्लोचा शङ्खपालो नभस्याख्यं नयन्त्यमी
॥ ३८ ॥
(ભાગ૦ ૧૧–૩૮).

ઉચથ્ય. અંગિરસ પુત્ર એક ઋષિ. એને બૃહસ્પતિ અને સંવર્ત એમ બે ભાઈ હતા. **(ભા૨૦ આ૦ ૬૭–૫; અનુ૦ ૧૩૨–૪૨).** એની સ્ત્રીનું નામ મમતા. મમતાને ઉચથ્ય વડે ગર્ભ રહ્યો હતેા છતાં એના નાના ભાઇ બૃહસ્પતિયે, મમતાના બહુ વાર્યા છતાં, એની સાથે સંભેાગ કર્યો. મમતાને ઉચથ્યના સંભેાગથી દીર્ઘતમ અને બૃહસ્પતિના વીર્યથી ભરદ્વાજ નામે પુત્રેા થયા હતા. સેામની પુત્રી ભદ્રા એની બીજી સ્ત્રી હતી. વરુણ યમુના કિનારા ઉપરના વનમાં આવેલા ઉચથ્યના આશ્રમમાંથી એની ગેરહાજરીમાં ભદ્રાને હરી ગયેા હતેા. ઋષિને નારદથી આ વાતની ખબર પડતાં એણે નારદની સાથે કહેણ કહાવ્યું, પણ વરુણે માન્યું નહિ. આથી ક્રોધે ભરાઇ ઉચથ્યે જળ માત્રને પેાતાના તપેાબળે કરીને શેાષી લીધું અને દેશને નિર્જન અને શુષ્ક કરી દીધેા. આથી હારી વરુણ ભદ્રાને લઇને આવીને ઋષિને કરગર્યો અને ભદ્રાને પાછી આપી. (**ભા૨૦ અનુ૦ ૨૫૬–૧૦; ૨૫૬–૨;આ૦ ૧૧૩–૬; ૬૭–૫; ભાગ૦ ૯–૨૦; વિષ્ણુ૦ ૪–૧૯; મત્સ્ય ૪૬).** એનું બીજું નામ ઉતથ્ય હતું.

ઉચ્છિખ. સર્પ વિશેષ. **(ભા૨૦ આ૦ ૫૭–૬).**

ઉચ્છિષ્ટ. યજ્ઞમાંથી વધેલેા શેષભાગ. ઋગ્વેદમાં એ પદાર્થોમાં દિવ્ય શક્તિ આવે છે એમ કહ્યું છે. (ડાઉસન ૩૨૪).

ઉજ્જયન્ત. સૌરાષ્ટ્રમાં આવેલેા પ્રભાસ સમીપનેા પર્વત વિશેષ; જૂનાગઢ પાસેના ગિરનાર તે જ. **(ભા૨૦ વ૦ ૮૬–૨૧).**

ઉડ્ર. હાલનેા ઓઢિયા પ્રાન્ત તે જ.

ઉત્કચ. હિરણ્યકશિપુની સભાનેા એક સદસ્ય, દૈત્ય વિશેષ. **(ભાગ૦ ૭–૨–૧૮).**

ઉત્કલ. દક્ષિણ દિશાનેા રાજા, સુદ્યુમ્નેા પુત્ર. **(ભાગ૦ ૯–૧–૪૧).**

ઉત્કૌચક. તીર્થ વિશેષ. અહીં તપ કરનાર ધૌમ્ય ઋષિને પાંડવેાએ પુરેાહિત બનાવ્યેા હતેા. **(ભા૨૦ આ૦ ૧૯૯–૨).**

ઉત્પત્તિ. કારતક વદ અગિયારસ.

ઉત્તરપાઞ્ચાલ. હાલનેા રેાહિલખણ્ડ તે જ.

ઉત્તરા. નક્ષત્ર વિશેષ.

ઉત્તરાભાદ્રપદ. નક્ષત્ર વિશેષ.

ઉત્તરાષાઢા. નક્ષત્ર વિશેષ.

ઉત્પલારણ્ય. હાલના કાકુપુર અને બિહારની વચ્ચેનેા પાંચાળનેા પ્રદેશ તે.

ઉદ્ગાતા. યજ્ઞકાળે સામ ગાન કરનારો વરાયલો બ્રાહ્મણ. (ડાઉસન ૩૨૫).

ઉદપાન. તીર્થ વિશેષ. (ભા૨૦ શ૦ ૩૭–૫).

ઉદપારક. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭).

ઉદયગિરિ. પૂર્વ દિશામાં આવેલો પર્વત જેની પછવાડીથી સૂર્યોદય થાય છે તે. (ડાઉસન ૩૨૪).

ઉદ્રંક. હરિશ્ચન્દ્રનું ગગનસ્થ નગર. (સૈાભ શબ્દ જુઓ).

ઉપકીચક. કેકય નામના સૂતાધિપના પુત્રો. કીચકના ભાઇઓ. એમની માતાનું નામ માલવી. એમને ભીમસેને મારી નાખ્યા હતા. સૈરંધ્રી (દ્રૌપદીના અપમાન સબબે કીચકનો વધ કરીને એના બધા ભાઇઓને ભીમસેને મારી નાંખ્યા હતા. (ભા૨૦ વિ૦ ૨૧–૧૩; ૨૭–૧૬).

ઉપગિરિ. ઉત્તરદિશામાં આવેલો પર્વત વિશેષ. રાજસૂય યજ્ઞકાળે દિગ્વિજય કરતો અર્જુન ત્યાં ગયો હતો (ભા૨૦ સ૦ ૨૮–૩),

ઉપગુરુ. સત્યરથ રાજાનો પુત્ર. (ભાગ૦ ૯–૧૩–૧૪).

ઉપદાન. એક પુણ્યતીર્થ–કૂપ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૨–૨૨૬).

ઉપનન્દક. સર્પ વિશેષ. (ભા૨૦ ઉ૦ ૫૦૩–૧૨).

ઉપાનત્. પાવડી–જોડા. એના પ્રચારના ઇતિહાસ સારુ, તેમ જ એના દાનના ફળ સારુ જુવો. (ભા૨૦ અનુ૦ ૧૪૫).

ઉરુગાય. ત્રેતાયુગનો એક.

ઉર્વશી. એક અપ્સરા. જેને જોવાથી મિત્રાવરુણનું વીર્ય સ્ખલિત થયું હતું. મિત્રાવરુણના શાપને લીધે એણે પુરુરવાની સાથે સંબંધ બાંધ્યો હતો. (ભાગ૦ ૯–૧૪–૧૭).

ઉર્વશી (૨), એક અપ્સરા જે અંશુ નામના સૂર્યની સાથે માગશર મહિનામાં સંચાર કરે કરે છે તે. (ભાગ૦ ૧૨–૧૧–૪૧).

ઉર્વશીતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૨–૧૫૬).

ઉલૂક. અમૃત કલશનો રક્ષક, દેવ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૨–૧૯).

ઉશઙ્ગુ. એ નામનો એક ઋષિ. જેણે પોતાને વૃદ્ધાવસ્થા થએલી જાણી સરસ્વતી પર આવેલા પૃથૂદક તીર્થને વિષે દેહત્યાગ કરી વૈષ્ણવપદ પ્રાપ્ત કર્યું હતું તે. એનું બીજું નામ રુશંગુ એવું હતું. (ભા૨૦ શ૦ ૪૦–૨૭) એના આશ્રમમાં આર્ષ્ટિષેણ, વિશ્વામિત્ર, સિન્ધુદ્વીપ, દેવાપિ વિગેરે ઘોર તપ કરી બ્રાહ્મણત્વ પામ્યા હતા. તીર્થયાત્રા સારુ બલરામ અહીં આવ્યા હતા. અને એમણે પૃથૂદક તીર્થમાં સ્નાન કર્યું હતું. (ભા૨૦ સ૦ ૩૬–૨૪–૪૮).

ઉશીરબીજ. હિમાલયની પાસેનું તીર્થ વિશેષ. અહીં મરુતે યજ્ઞ કર્યો હતો. આ જગાએ જ જીમૂત ઋષિની આગળ હિમાલયના સુવર્ણનો ભણ્ડાર સાક્ષાત્ પ્રકટ થયો હતો; અને અહીંજ જીમૂત ઋષિનું સ્થાન, જંબુનદ નામનું સરોવર આવેલું છે. ((ભા૨૦ ઉ૦ ૧૧૧–૨૩).

ઉષ્ણતોયવહા. બદરીમાં આવેલી નદી વિશેષ. (ભા૨૦ વ૦ ૮૮–૨૫).

ઉષ્મા. અગ્નિ વિશેષ. (ભા૨૦ વ૦ ૨૨–૩૪).

ઊર્જયોનિ. વિશ્વામિત્ર પુત્ર એક ઋષિ. (ભા૨૦ અનુ૦ ૭–૫૬).

ઊર્ણાયુ. એક દેવ ગંધર્વ. તેની ભાર્યા મેનકા. (ભા૨૦ ઉ૦ ૧૧૭–૧૬).

ઔર્વભાક. અગ્નિ વિશેષ. વડવાનલ તે જ.(ભા૨૦ વ૦ ૨૨૧–૨૮).

ઔષ્મા. ઉષ્મા તે જ.

ઋક્ષ. એક ક્ષત્રિય, સોમવંશીય ઋચનો પુત્ર. એ તક્ષકની કન્યા જ્વલંતીને પરણ્યો હતો. એને અન્તયનાર નામે પુત્ર હતો. (ભા૨૦ આ૦ ૬૩–૨૫).

ઋક્ષ (૨). રીંછ. ક્રોધાને પેટે થએલી મૃગમન્દાથી ઉત્પન્ન થએલાં પ્રાણી. (ભા૨૦ આ૦ ૬૬–૬૨).

ઋક્ષા. અજમીઢની ભાર્યા. એના પુત્રનું નામ સંવરણ. (ભા૨૦ આ૦ ૬૩–૪૦).

ઋચ. એક ક્ષત્રિય. સોમવંશીય પુરુવંશના દેવાતિથીનો પુત્ર. એની માતા મર્યાદા નામની વૈદર્ભી હતી. એ સંગરાજની કન્યા વામદેવીને પરણ્યો હતો. એનો પુત્ર તે ઋક્ષ. (ભા૨૦ આ૦ ૬૩–૨૪).

ઋચીક. વિવસ્વતનો પુત્ર. (ભા૨૦ આ૦ ૧–૧૫).

ઋચીક (૨). એક ક્ષત્રિય. સોમવંશી દુષ્યન્તના પૌત્ર ભુમન્યુનો પુત્ર. એની માનું નામ પુષ્કારિણી હતું. (ભા૨૦ આ૦ ૨૦૧–૧૩).

ઋચેયુ. એક ક્ષત્રિય. સોમવંશીય રૌદ્રાશ્વનો અપ્સરાને પેટે જન્મેલો પુત્ર. કક્ષેયુ વગેરે એને નવ ભાઇઓ હતા. અનાવૃષ્ટિ એવું એનું નામાન્તર છે. એના પુત્રનું નામ મતિનાર હતું. (ભા૨૦ આ૦ ૮૮–૬).

ઋણત્રય. દરેક જણને માથે નિર્માયલાં ત્રણ ઋણ–દેવાં. (૧) ક્રિયાઋણ, (૨) બ્રહ્મચર્યઋણ અને (૩) પ્રજાઋણ. આ ઋણોને દેવઋણ, ઋષિ ઋણ અને પિતૃઋણ પણ કહે છે. (ભા૨૦ આ૦ ૨૫૫–૧૧).

ઋત. ચક્ષુર્મનુ અને નડ્વલાને થએલા બાર પુત્રો પૈકી, પાંચમો પુત્ર. (ભાગ૦ ૪–૧૩–૧૬).

ઋત (૨). ખેતર અગર દાણાપીઠમાંથી દાણા વીણી તેના ઉપર ગુજરો કરવો તે.

ઋતધામા. શ્રીમન્નારાયણ તે જ (ભા૨૦ શાં૦ ૩૫૨–૪).

ઋતુમત્. વરુણનું ઉપવન. (ભાગ૦ ૮–૨–૬).

ઋભુ. શિવગણોનો નાશ કરવાને, દક્ષયજ્ઞ કાળે ભૃગોએ યજ્ઞમાંથી ઉત્પન્ન કરેલા દેવ વિશેષ. (ભાગ૦ ૪–૪–૩૩).

ઋભુ (૨). વૈવસ્વત મન્વંતરમાંનો દેવ વિશેષ. (ભાગ૦ ૬–૧૩–૪).

ઋષભ. પાંડ્ય દેશમાં હાલના મદુરા જીલ્લામાં આવેલા અલાગિરિ ડુંગરો. લોમેશ ઋષિની સાથે યુધિષ્ઠિર ત્યાં ગયા હતા. (ભા૨૦ વ૦ ૮૩–૨૧.)

ઋષભ (૨). મગધ દેશમાં આવેલ પર્વત વિશેષ. (ભા૨૦ સ૦ ૨૧૨).

ઋષભ (૩). ઉત્તર સાગર સમીપ આવેલો પર્વત વિશેષ. એના ઉપર શાણ્ડિલી નામે બ્રાહ્મણીએ તપ કર્યું હતું. આને ઋષભકૂટ પણ કહે છે. (ભા૨૦ ઉ૦ ૧૧૩૧).

ઋષભ (૪). ઋષભકૂટ પર રહેનાર એક વિપ્રર્ષિ. (ભા૨૦ વ૦ ૧૧૦–૬).

ઋષભ (૫). કોશલદેશમાં આવેલું તીર્થ વિશેષ, (ભા૨૦ વ૦ ૮૩–૧૦).

ઋષભ (૬) સર્પ વિશેષ. (ભાગ૦ આ૦ ૫૭–૧૭).

ઋષભાદ્રિ. દક્ષિણનો પર્વત વિશેષ.

ઋષ્યશૃંગ. સાવર્ણી મન્વંતરમાંના સપ્તર્ષિયોમાંનો એક. (ભાગ૦ ૮–૧૩–૧૫).

ઋષ્યશૃંગાશ્રમ. હાલના ભાગલપુર જીલ્લામાં સિંધેશ્વર આગળ કુશી નદી (કૌશિકી નદી) તીરે આવેલું ક્ષેત્ર વિશેષ. (ભા૨૦ વ૦ ૧૧૧–૧).

ઋષિકા. ઉત્તરમાં કામ્બોજ સમીપ આવેલો દેશ. રશિયાનો મૂલક. (ભા૨૦ સભ ૨૮–૨૫; લી૦ ૯–૬૪).

એકપર્વત. ઇન્દ્રપ્રસ્થથી માગધપુર જતાં રસ્તામાં આવતો પર્વત વિશેષ. (ભા૨૦ સ૦ ૨૦–૨૭).

એકલવ્ય. શ્રીકૃષ્ણ અને કાલિંદીનો પુત્ર. (ભાગ૦ ૧૦–૬૧–૧૪).

એકશય. તક્ષકપુત્ર અશ્વસેન, એક સર્પ. (ભા૨૦ ક૦ ૬૭–૧૬).

એકહંસ. એક દાનવ. (ભા૨૦ વ૦ ૮૧–૨૦).

એકાક્ષ. એક દાનવ વિશેષ. (ભા૨૦ આ૦ ૬૬–૨૬).

એકાનંશા. યશોદાની પુત્રી. શ્રીકૃષ્ણની ભગિની. (ભા૨૦ સ૦ ૫૬–૬).

એકાનેકા. અંગિરસની પુત્રી. એનું બીજું નામ કુહૂ હતું. (ભા૨૦ વ૦ ૨૧૨–૬).

ઐરક. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭-૧૩).

ઐરકા. એક જાતનું ઘાસ. ઋષિના શાપને લઈને સામ્બના પેટે બાંધેલા તાંસળામાંથી નિકળેલા મૂશળને યાદવોએ ઘસી, ભૂકો કરી સમુદ્રમાં નાંખ્યું હતું તેમાંથી ઉદ્ભવેલું. આ ઘાસ તોડી તોડીને કાપાકાપી કરી યાદવો માંહોમાંહો વિનાશ પામ્યા હતા. (ભાગ૦ ૧૧-૩૦-૨૦).

ઐલપત્ર. સર્પ વિશેષ. (ભા૨૦ ઉ૦ ૧૦૩-૧૦).

ઐલાપત્ર. શ્રાવણ મહિનામાં ઇન્દ્ર નામના સૂર્યના સમાગમમાં સંચાર કરનાર નાગ વિશેષ. (ભાગ૦ ૧૨-૧૧-૩૭).

ઐન્દ્ર. ઇન્દ્રપુત્ર.

ઐન્દ્રિ (૨). અર્જુન (ભા૨૦ આ૦ ૧૪૫-૮).

ઐરાવત. દેવગજ-ભદ્રમનનો પુત્ર. (ભા૨૦ આ૦ ૧૮-૫૨; ૬૭-૬૩).

ઐલવિય. કુબેરનું એક નામ.

ઐાઘવન. ઐાધવાન રાજાનો પુત્ર. (ભાગ૦ ૯-૨-૧૮).

ઐાજસ. વૈશાખ મહિનામાં અર્યમા નામના સૂર્યની સાથે સંચાર કરનાર યક્ષ વિશેષ. (ભાગ ૧૨-૧૧-૪૪).

ઐાડ્ર. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૯-૯-૫૭). ઐારીસા તે જ.

ઐાષધિપ્રસ્થ. હિમાલય પર આવેલું નગર વિશેષ.

ઐાષ્ટકર્ણક. એક જાતિના જન વિશેષ, જેમના ઐાઠ કાન સુધી પહોંચે એટલા મોટા થતા તે.

ઐાદુમ્બર. દેશ વિશેષ. (ભા૨૦ સ૦ ૭૮-૮૯). હાલનો કચ્છ દેશ તે જ. એની જુની રાજધાની કોટેશ્વર અગર કચ્છેશ્વર નામે હતી.

ઐાદ્દાલક. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૨-૧૬૦).

ઐાદ્ભિક. કૌંચદ્વીપમાં આવેલો દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૧૨-૧૨).

ઐાપગવિ. ઉદ્ધવનું નામાન્તર. (ભાગ ૩-૪-૨૭).

ઐારગ. સર્પોનું કપટ અને માયા તે. (ભાગ ૧૦-૫૫-૨૩).

ઐાર્વ. પરીક્ષિતને મળવા આવનાર એક ઋષિ. એના કહેવા ઉપરથી સગરે અશ્વમેધ અને તાલજંઘ નામના ક્ષત્રિય કુળનો સંહાર કર્યો હતો. (ભાગ ૧-૧૯-૧૦; ૯-૮-૮ અને ૯-૨૩-૨૮).

ઐાર્વ (૨). ભૃગુનો પૌત્ર અને ચ્યવનપુત્ર ઉર્વ અને અરુષીનો પુત્ર, એક સુપ્રસિદ્ધ ઋષિ. મહાભારતમાં કહ્યું છે કે કાર્ત્તવીર્યના પુત્રોએ ભૃગુના વંશજોનો સંહાર કરી નાંખ્યો. ગર્ભમાંનાં બાળકોનો પણ નાશ કર્યો. પણ એક સ્ત્રીએ પોતાના ગર્ભને ઝાંઘમાં સંતાડ્યો. આ બાળકનું આ કારણથી જન્મ્યું ત્યારે ઉરુ-ઝાંઘ ઉપરથી ઔર્વ એવું નામ પડ્યું. એને જોતાં જ કાર્ત્તવીર્યના પુત્રો આંધળા થઈ ગયા. અને આના ક્રોધ વડે જે અગ્નિ થયો તે આખી દુનિયાને બાળી નાંખશે એમ જણાયું. પણ એના પિતૃઓ-ભાર્ગવોની ઇચ્છા વડે એણે પોતાના ક્રોધાગ્નિને સમુદ્રમાં નાંખ્યો. ક્રોધાગ્નિનું મુખ ઘોડા જેવું બન્યું અને એ સમુદ્રમાં સંતાઇ રહ્યો. એ વાડવાગ્નિ કહેવાયો. ઔર્વ સગરનો પુરોહિત બન્યો હતો. કોષમાં ઔર્વ (૩) જુવો. ઉર્વનો પુત્ર માટે એક અને ઉરુ ફાડીને જન્મ્યો માટે એમ બે રીતે એનું નામ સાધિત થાય છે. (ભા૨૦ આ૦ ૬૭-૪૯), ૧૯૪-૨૧, ૧૯૫-૯, ૧૯૬; આપ્ટેનો સંસ્કૃત કોષ, પા. ૩૬૪).

ઐાશનસ૦ચ્યુહ. એક રીતની સૈન્યની રચના. શુક્રાચાર્યની સૂચનાથી રાવણે રામની સાથે લઢતાં પોતાના સૈન્યની એકદા આવી રચના કરી હતી. (ભા૨૦ વ૦ ૨૮૬-૬).

ઐાશન. ઉશિકનો સુત કક્ષીવાન તે એક ઋષિ. (ભા૨૦ સ૦ ૪-૨૩; અનુ૦ ૨૭૧-૩૭).

ઐાપદશ્વિ. વસુમાન તે જ. (ભા૨૦ આ૦ ૮૭-૧).

કચ્છ. દેશ વિદેશ. અમદાવાદ અને ખંભાત વચ્ચે આવેલું એક રાજ્ય. (ભા૨૦ ભી૦ ૪-૫૬).

કં. પ્રશ્નાર્થક સર્વનામ "કેાણ". આ "ક"નું મહાત્મ્ય બહુ વધી જઇને એ પોતે દેવની પદ્વી પામ્યો છે. પ્રો૦ મેક્ષમૂલર કહે છે કે બ્રાહ્મણ લખનારાઓએ વેદની કવિત્વ ભરેલી રચના, કવિયોની "અવ્યક્ત"ને ઓળખવાની તીવ્ર ઇચ્છા અને પાછલી વાત ભૂલી જઇને આ પ્રશ્નાર્થક સર્વનામ "ક"ને દેવની પદ્વી આપી દીધી છે! તૈત્તરીય બ્રાહ્મણમાં, અને કૌશિતકી બ્રાહ્મણમાં, જ્યાં જ્યાં આ પ્રશ્નાર્થક સર્વનામ "ક" આવે છે ત્યાં ત્યાં તેને "ક" એ પ્રજાપતિ છે! "ક" એ પ્રાણીમાત્રના પ્રભુ છે, એવું કહ્યું છે! એઓ એટલાથી યે અટક્યા નથી. જ્યાં જ્યાં આ શબ્દ આવ્યો છે, તેને 'કદ્ભૂત' એવું નામ આપ્યું છે. ત્યાર પછી વળી નવું વિશેષણ ઉત્પન્ન થયું. આને માત્ર પ્રાર્થના જ નહિ પણ "કાય" દેવતા નામ આપીને હવિ પણ આપવા માંડ્યો! પાણિનીના કાળમાં આ શબ્દનું મહત્વ એટલું વધ્યું હતું, કે એને સાધિત કરવા ખાસ સૂત્ર લખાયું છે! ટીકાકારો "ક"ને બ્રહ્મન્ કહે છે. પાછલા વખતમાં પુરાણોમાં આ "ક" ખાસ સર્વોપરી દેવ મનાઇ, એની સ્ત્રી અને વંશજો ધરાધરી નિર્માણ થયા છે! મનુએ આપેલા લગ્નના પ્રકારમાં કાય નામે પ્રકાર દાખલ થઇ, એને "પ્રાજાપત્ય" લગ્ન કહેવામાં આવ્યું છે. મહાભારતમાં "ક" તે દક્ષ એમ કહ્યું છે. શ્રીમદ્ભાગવતમાં વખતે પ્રજાપતિની પેઠે ઉત્પાદક શક્તિ હોવાથી "ક" તે કશ્યપ એમ કહ્યું છે! (ડાઉસન.)

કંક. મ્લેચ્છ રાજવંશ. દુષ્યંત પુત્ર ભરતે આનો પરાભવ કર્યો હતો. (ભાગ૦ ૯-૨૦-૩૦).

કંક (૨). દેશ વિશેષ. શ્રીકૃષ્ણ આ દેશમાં ગયા હતા ત્યારે ત્યાંના લોકોએ એમનું સ્વાગત કર્યું હતું. (ભાગ૦ ૧૦-૮૬-૨૦).

કંક (૩). કલિયુગના સોળ રાજાઓ. (ભાગ૦ ૧૨-૧-૨૯).

કકુભ. દક્ષકન્યા અને ધર્મપત્ની. (ભાગ૦ ૬-૬-૪).

કટરેશ. દેશ વિશેષ. ત્યાંના રાજા સુનામને રાજસૂય યજ્ઞની વિજયયાત્રામાં અર્જુને હરાવ્યો હતો. (ભા૨૦ સ૦ ૨૭-૧૨).

કટોદક. મૃત સંબંધી ક્રિયા વિશેષ. (ભાગ૦ ૭-૨-૧૭).

કણાદ. વૈશેષિક ન્યાય શાસ્ત્રના કર્ત્તા. વૈશેષિક એ છ દર્શનમાંનું એક દર્શન છે. એ દર્શનમાં પદાર્થ માત્રના છ ભાગ પાડ્યા છે. તેમાં વિશેષ આ એક પદાર્થ છે, એમ પ્રતિપાદન કરીને " કણ "-" અણુવાદ "નો અંગિકાર કરવાથી આ દર્શનને કિંચિત્ હાસ્યાસ્પદ એવું "કણાદ" (કણ ખાનારા) નામ પ્રાપ્ત થયું છે. દ્રવ્ય માત્રને "અણુ"-"કણ" છે એવી કલ્પના પશ્ચિમની (Dalton's atomic Theory) પરમાણુની કલ્પના ઉદ્ભવ થયા પૂર્વે ઘણા યે કાળથી પ્રચલિત, એ કલ્પના જેવો આ વૈશેષિકનો પરમાણુવાદ છે.

કણ્ટકાવન. મહા રૌરવ નરકના કરતાં ચોગણી પીડા જ્યાં ભોગવવી પડે છે તેવું નરક વિશેષ. (ભા૨૦અનુ૦૨૩૦-૧૦)

કણ્વ. અક્રોધની ભાર્યા કલિહ્રગની. એના પુત્રનું નામ દેવતિથિ. (ભા૨૦ આ૦ ૬૩-૨૨).

કણ્વ. કલિયુગનો એક રાજવંશ. એઓ અલ્પગુણી હોવાથી એમણે ત્રણસેં પિસ્તાળીશ વર્ષ જ રાજ્ય કર્યું હતું. (ભાગ૦ ૧૨-૧-૧૯).

કણ્વાશ્રમ. અયોધ્યાની પશ્ચિમે લખનૌ પ્રાન્તમાં આવેલું બિજનૌર તે જ. પૂર્વે એ અરણ્ય હતું. (ભા૨૦ વ૦ ૮૦-૪૬).

કતપ્રૂ. વિદ્યાધરના જેવી એક જાતિ વિશેષ. (ડાઉસન-૧૫૩).

કદલીવન. કદલી ખણ્ડ, જ્યાં હનૂમાનનો વાસ હતો. ભા૨૦ વ૦ ૧૪૮-૬૩, ૧૫૨-૪).

કદ્રૂ. સ્કન્દ ગ્રહ. એ ભૂત જેને વળગ્યું હોય તે જો ગર્ભિણી હોય તો તેને સર્પ પ્રસવે છે. (ભા૨૦ વ૦ ૨૩૦–૩૭).

કંદર્પ મદન–કામદેવનું નામાન્તર.

કંદર્પકલ્પ. દિવસના અનુક્રમમાં બ્રહ્મદેવના ચાલુ માસનો આઠમો દિવસ. આ કલ્પના આરંભમાં મદનનો જન્મ થયો હતો માટે એ કલ્પને આ નામ આપવામાં આવે છે.

કન્યકા. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૮–૫૨).

કન્યાગર્ભ. કર્ણ તે જ. (ભા૨૦ આ૦૧૪૬–૩).

કન્યાદુર્ગા. દેવીનું નામ. એનું સ્થાન દક્ષિણ સમુદ્રને કાંઠે છે. બળરામ અહીં તીર્થયાત્રા સારુ આવ્યા હતા. (ભાગ ૧૦–૭૦–૧૧).

કન્યાભર્તા. સ્કન્દ. (ભા૨૦ વ૦ ૨૩૩–૬).

કન્યાસંવેદ્ય. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૨–૧૩૬).

કપર. દનુપુત્ર દાનવ વિશેષ.

કપર (૨). લંકામાંનો રાક્ષસ વિશેષ.

કપિંગ-જલતીર્થ તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧–૭૪).

કપિંજલાદ, ચાણ્ડાલથી ઉત્પન્ન થએલો એક બ્રહ્મર્ષિ. (ભા૨૦ અનુ૦ ૫૩–૧૬).

કપિલ. એક યતિ. એણે ગાયના શરીરમાં પ્રવેશ કરીને સ્યૂમરશ્મિ નામના ઋષિની જોડે યજ્ઞમાં ગાય અવધ્ય છે એવો સંવાદ કર્યો હતો. (ભા૨૦ શાં૦ ૨૭૪–૨૭૬).

કપિલા. એક ગાય વિશેષ. (ભા૨ અ૦ધ૦ ૧૦૬)

કપિશા. તામ્રલિપ્તી પાસેની નદી વિશેષ.

કપોત. ગરુડપુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧–૧૩).

કપોત (૨). એક આત્મજ્ઞાની રાજા. (ભાગ ૧૦–૭૨–૨૧).

કપોત (૩). અભ્રધૂતનો એક ગુરુ. (ભાગ ૧૧–૭–૩૩).

કંબલ. પાતાળમાંના નાગના અધિપતિ પૈકી એક. (ભાગ ૫–૨૪–૩૭).

કંબલ (૨). કુશદ્વીપમાં આવેલો દેશ વિશેષ. (ભા૨ ભી૦ ૧૨–૧૩).

કંબુ. શ્રી ભગવાને પોતાના જે વેદરૂપ શંખ વડે ધ્રુવને સ્પર્શ કર્યો હતો તે શંખ વિશેષ. (ભાગ૦ ૪–૬–૪).

કંબોજ. હિમાલયની ઉત્તરમાં અને કાશ્મિરની પૂર્વે આવેલો દેશ વિશેષ. ત્યાં ડાંગર ઉત્તમ થાય છે અને ત્યાંના ઘોડા વખણાય છે.

કમઠ. એક ક્ષત્રિય. (ભા૨૦ સ૦ ૪–૨૮).

કમ્પન. નદી વિશેષ. (ભા૨૦ સ૦ ૪–૨૮).

કમ્પના. નદી વિશેષ. (ભા૨૦ વ૦ ૮૨–૧૧૬; ભી૦ ૬–૨૫).

કમ્પલપાલિકા. ભીમસેનની ભાર્યા હિડિમ્બાનું બીજું નામ (ભા૨૦ આ૦ ૧૬૬–૨૧).

કયાધુ. યયાતિ વંશના ત્રિભાનુનો પુત્ર. એ ઘણો ઉદાર બુદ્ધિનો હતો. (ભાગ ૬–૨૦–૧૭).

કરકાયુ. ક્ષત્રિય. ધૃતરાષ્ટ્રના પુત્રોમાંનો એક. (ભા૨૦ આ૦ ૨૦૧–૨).

કરજનિમયા. સ્કન્દગ્રહ. (ભા૨૦ વ૦ ૨૩૦–૩૫).

કરતોયા. નદી વિશેષ. (ભા૨૦ સ૦ ૬–૨૬; વ૦ ૮૩–૩ ભી૦ ૬–૩૫) દીનાજપુર અને રંગપુરના જીલ્લામાં થઇને વહેતી એક પવિત્ર નદી વિશેષ. બંગાળા અને કામરુપની સીમારુપ

કરભંજક. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૬–૬૬.

કરવીર. સર્પ વીશેષ (ભા૨૦ આ૦૩૫–૧૨),

કર્કર. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫–૧૬).

કર્કોટક. ભગ નામના સૂર્યની સાથે પોષ મહિનામાં સંચાર કરનાર નાગ વિશેષ. (ભાગ૦ ૧૨–૧૧–૪૨).

કર્દમ. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫–૧૬).

કર્ણિકા. એકની સંજ્ઞાવાળા કંકની પત્ની. (ભાગ૦ ૬–૨૪–૨૬).

કલશ. સર્પ વિશેષ. (ભા૨૦ ઉ૦ ૧૦૩–૧૧).

કલશતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧–૮૦).

કલશપોતક. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫–૭).

કલિંગ. દ્રૌપદી સ્વયંવરમાં આવેલો એક ક્ષત્રિય. (ભા૨૦ આ૦ ૨૦૧–૧૩).

કલ્કી. શ્રીમન્નારાયણનો અવતાર. (ભા૨૦ સ૦ ૫૦–૪૭; વ૦ ૧૯૨–૬૩; ભાગ૦ ૧૨–૨).

કલ્માષ. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫–૭).

કવષ. દાસ્યૂસનો દાસીપુત્ર, એક ઋષિ. ઋગ્વેદના દસમા મણ્ડલમાંના કેટલાક મન્ત્રોનો દૃષ્ટા. ઐતરેય બ્રાહ્મણમાં છે કે સરસ્વતીને તીરે ઋષિયો યજ્ઞ કરતા હતા, ત્યાં આ કવષ ગયો હતો; પણ એ દાસીપુત્ર હોઇને સરસ્વતીના પવિત્ર જળ પીવાનો અનધિકારી હોવાથી ઋષિયોએ એને ત્યાંથી હાંકી કાઢ્યો.એ ત્યાંથી વનમાં ગયો અને એકલો પડ્યો, તે વખત એને સ્મરણા થવાથી એણે એક પ્રાર્થના રચી. સરસ્વતી આથી પ્રસન્ન થઇ. એ વનમાં એ હતો ત્યાં સરસ્વતીનાં પાણી આવી એની આજુબાજુ ફરી વળ્યાં. ઋષિયો આ જોઇને સમજ્યા કે આ દેવોનો ખાસ કૃપાનો પરિણામ છે. તેથી તેમણે આને પોતાના મણ્ડલમાં દાખલ કર્યો. (ડાઉસન ૧૫૫).

કવષઐલૂષ. ઉપર કહેલો કવષ તે જ.

કશેરુક. એક ક્ષત્રિય. એને શ્રીકૃષ્ણે માર્યો હતો. (ભા૨૦ સ૦ ૬૧–૬).

કશેરુમાન. ક્ષત્રિય. એને શ્રીકૃષ્ણે માર્યો હતો. (ભા૨૦ વ૦ ૧૨–૧૩).

કશ્યપ. ભીષ્મ શરપંજરમાં સુતા હતા ત્યારે એમની પાસે આવેલો એક ઋષિ વિશેષ. (ભાગ૦ ૧–૯–૮).

કશ્યપ (૨). વૈવસ્વત મન્વંતરમાંના સપ્તર્ષિયોમાંનો એક. (ભાગ૦ ૮–૧૩–૫).

કશ્યપ (૩). પરશુરામે નિઃક્ષત્રિય પૃથ્વી કરીને યજ્ઞમાં પૃથ્વીનો મધ્યભાગ જેને દાનમાં આપ્યો હતો તે ઋષિ. (ભાગ૦ ૯–૧૬ –૧૨).

કશ્યપ (૪). વૈદ્યશાસ્ત્ર પ્રવીણ એક બ્રાહ્મણ. પરીક્ષિત રાજાને તક્ષકે દંશ કર્યો હતો તેને નિર્વિષ કરવા ચિકિત્સા કરવા જતો હતો, ત્યારે જેને વાટમાં જ ધન આપીને તક્ષકે પાછો વાળ્યો હતો તે. (ભાગ૦ ૧૨–૬–૧૧).

કશ્યપ (૫). આકાશમાં એ નામનો તારક વિશેષ. (ભાગ૦ ૪–૬–૨૧).

કશ્યપ (૬). અથર્વણવેદનો આચાર્ય જે પૌરાણિક નામે પ્રસિદ્ધ છે તે. (ભાગ૦ ૨–૭–૪).

કશ્યપ (૭). અંશુ નામના સૂર્યના સમાગમમાં માગશર મહિનામાં સંચાર કરનાર એક ઋષિ વિશેષ. (ભાગ૦ ૧૨–૧૧–૪૧).

કાકવર્ણ. પ્રદ્યોતની પછી ગાદી પર આવેલા શિશુનાગનો પુત્ર. કલિના રાજાઓમાં આ મહાન હોઇ એણે ઘણાં વર્ષ રાજ્ય કર્યું. હતું. એના પુત્રનું નામ ક્ષેમધર્મા હતું. (ભાગ૦ ૧૨–૧–૫).

કાણ્વ. કણ્વવંશના રાજાઓ. એમને કણ્વાયન પણ કહેતા. એ વંશે ૩૪૬ વર્ષ રાજ્ય કર્યું. વિષ્ણુપુરાણમાં એકલાં ૪૫ વર્ષ કહ્યાં છે. (ભાગ૦ ૧૨–૧–૨૧).

કાપચ્ય. દસ્યૂનો અધિપતિ, નિષાદ જાતિનો. (ભા૨૦ શાં૦ ૧૩૫–૩). એને કાયવ્ય પણ કહેતા.

કાપવ્ય. જાતિ વિશેષ. (ભા૨૦ સ૦ ૭૮–૮૮).

કામ. સંકલ્પનો પુત્ર. (ભાગ ૬–૬–૧૦)

કામદા. ચૈત્ર સુદ અગિયારસ.

કામદેવ. કેતુમાલ ખણ્ડના લોકનો ઉપાસ્ય દેવ વિશેષ. (ભાગ૦ ૫–૨૮–૧૫).

કામન્દ. એક ઋષિ. એને અરિષ્ટ નામના રાજા સાથે ધર્મત્યાગના પ્રાયશ્ચિત વિષયે સંવાદ થયો હતો. (ભા૨૦ શાં૦ ૧૨૩–૧૧).

કામ્પિલ્ય. માકન્દીના પાસે આવેલું નગર વિશેષ. દક્ષિણ પાંચાળની રાજધાની હોઇ દ્રુપદ ત્યાંનો રાજા હતો. (ભા૨૦ આ૦ ૧૪૪–૭૮). વાયવ્ય પ્રાન્તમાં ફરુકાબાદ જિલ્લામાં કતેહગઢથી ઇશાનમાં અઢાવીસ મૈલ પર આવેલું છે.

કામિકા. અશાડ વદ અગિયારસ.

કાયવ્ય. કાપચ્ય તે જ.

કારૂષ. મનુનો પુત્ર, એક ક્ષત્રિય. (ભા૨૦ આ૦ ૬૬–૧૯).

કામ્બોજ. ઇન્દ્રપ્રસ્થની ઉત્તર અને પશ્ચિમે આવેલો દેશ. એને ઉત્તર કામ્બોજ અને પરમ કામ્બોજ કહેતા. ત્યાંનો રાજા સુદક્ષિણ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં આવ્યો હતો. (ભાગ૦ ૧૦–૮૨–૧૩).

કાર્કોટક. કર્કોટક શબ્દ જુઓ.

કાર્ણ. કર્ણપુત્ર. (ભાગ૦ ૯–૨૩–૧૪).

કાર્ષ્ણિ. અભિમન્યુનું એક નામ. (ભા૨૦ ભી૦ ૪૭–૧૫).

કાલ. મૃત્યુનો અભિમાની દેવ – કાળ. એને સર્પ, બ્રાહ્મણો, પારધી અને મૃત્યુની સાથે સંવાદ થયો હતો. (ભા૨૦ અનુ૦ ૧–૬૦).

કાલદન્તક. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭–૬).

કાલદા. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૯–૬૩).

કાલપથ. વિશ્વામિત્રનો પુત્ર. (ભા૨૦ અનુ૦ ૯–૫૦)

કાલમુખ. મનુષ્ય અને રાક્ષસીથી ઉત્પન્ન થએલી પ્રજા. (ડાઉશન–૧૪૧).

કાલવેગ. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭–૬).

કાલાપ. ઋષિ વિશેષ. (ભા૦ સ૦ ૪–૨૪).

કાલિંગ. કલિઙ્ગ દેશનો રાજા. આ અનિરુદ્ધના વિવાહ સમયે આવ્યો હતો. એણે રુકિમને દ્યૂત રમી બલરામને હરાવવાનું સૂચવ્યું હતું. દ્યૂત રમતા હતા ત્યારે આ રાજા બલરામનું ઉપહાસ કરીને હસ્યો હતો. આથી ગુસ્સે થઈ બળરામે એના દાંત પાડી નાંખ્યા હતા. (ભાગ૦ ૧૦–૬૧–૨૭–૩૭).

કાલિયાવર્ત. વૃંદાવન તે જ.

કાલિયાવર્ત્ત (૨). દાશરથી રામની સભાનો એક હાસ્યકાર – મસ્કરો.

કાલેય. રસાતળમાં રહેનાર દૈત્યો પૈકી એક દૈત્ય વિશેષ. (ભાગ૦ ૫–૨૪–૩૦).

કાશય. દેશ વિશેષ, (ભા૨૦ ભી૦ ૯–૪૨).

કાશિરમણ્ડલ. કાશ્મિર દેશ. (ભા૨૦ વ૦ ૧૩૨–૧૦).

કાશ્યપદ્વીપ. દ્વીપ વિશેષ. (ભા૨૦ ભી૦૬–૫૬).

કાષ્ઠા. દક્ષની કન્યા અને કશ્યપની સ્ત્રી. (ભાગ૦ ૬–૬–૨૫).

કાસાર. ઋષિ વિશેષ. એણે વાલખિલ્ય શાખાનું અધ્યયન કર્યું હતું.

કિંજપ્ય. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧–૭૮).

કિંદત્ત. પુણ્ય તીર્થમાં આવેલો એક કુવો. (ભા૨૦ વ૦ ૮૧–૭૯).

કિંદમ. મૃગ રુપ ધારણ કરી મૃગી સાથે મૈથુન કરતાં પાંડુ રાજાને હાથે મરણ પામેલો ઋષિ વિશેષ. " તારી સ્ત્રી સાથે મૈથુન કરતાં જ તારું મૃત્યુ થશે " એવો જેણે પાંડુનો શાપ આપ્યો હતો તે. (ભા૨૦ આ૦ ૧૨૩–૧૨–૩૭).

કિંદાન. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧–૭૯).

કિંધુર. દ્રૌપદી સ્વયંવરમાં મત્સ્યવેધ સારુ નિર્માણ કરેલું ધનુષ્ય. (ભા૨૦ આ૦ ૨૦૦–૧૩).

કિંપુના. નદી વિશેષ. (ભા૨૦ સ૦ ૯–૨૪).

કિરીટમાલી. અર્જુનનું એક નામ. (ભા૨૦ વિ૦ ૬૩–૨૭).

કિલકિલા. નગરી વિશેષ. અહીં ઓગણીસ રાજાઓએ એકસો અને છ વર્ષ રાજ્ય કર્યું હતું. (ભાગ૦ ૧૨–૧–૩૨).

કિલતાકુલિ. (કિલત + આકુલિ). અસુરોના બે પુરોહિતો. **કિલતાકુલિ** એ **કિરાતાકુલિનું** વિકૃત રુપ છે. બ્રાહ્મણકાળના સાહિત્યમાં વર્ણસંકર જાતિના બ્રાહ્મણોને પણ બ્રાહ્મણ તરીકે ગણવા પડ્યા હતા. **ગોપ** જાતિ સંભવ બ્રાહ્મણ **ગૌપાયન. આસનોતિ** બ્રાહ્મણ પણ છે. **કિરાત** જાતિમાં થએલા બ્રાહ્મણ તે **કિરાતકુલિ;** એટલે જેમનામાં **કિરાત**ના લોહીનો અંશ છે તે. આ બ્રાહ્મણો **માનવ** અને **અસુર**ની વચ્ચેની જાત ગણાતી. **પ્રપાઠક—શત્પથ બ્રાહ્મણ.** (ડાઉસન).

કીટક. ધર્મપુત્ર સંકટનો પુત્ર. પૃથ્વિ ઉપર

દુર્ગાભિમાની દેવોની ઉત્પત્તિ એના વડે થઇ હતી. (ભાગ૦ ૬–૬–૬).

કીર્તિ. ઉરુક્રમ નામના બારમા આદિત્યની પત્ની. એના પુત્રનું નામ બૃહત્શ્લોક. (ભાગ૦ ૬–૧૮–૮).

કીર્તિ. વૃષભાન ગોપની સ્ત્રી. રાધાની મા. ભાગવતમાં એનું નામ નથી.

કુકુણ. સર્પ વિશેષ. (ભા૨૦ ઉ૦ ૧૦૩–૧૦).

કુકુર. સર્પ વિશેષ. (ભા૨૦ ઉ૦ ૧૦૩–૧૦).

કુકુરા. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૯–૪૨).

કુક્કુર. ઋષિ વિશેષ. (ભા૨૦ સ૦ ૯–૨૪).

કુંજર. જયદ્રથનો ભાઇ. (ભા૨૦ ૫૦ ૨૬૬–૧૧).

કુઠારમુખ સર્પ વિશેષ (ભા૨૦ આ૦ ૫૭–૧૫)

કુહમલા. ભારતવર્ષીય નદી વિશેષ.

કુણ્ડલી. એક ક્ષત્રિય. ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર. (ભા૨૦ આ૦ ૧૩૧–૧૦).

કુણ્ડલી (૨) ગરુડનો પુત્ર. (ભા૨ ઉ૦ ૧૧–૯.)

કુણ્ડશાયી. એક ક્ષત્રિય, ધૃતરાષ્ટ્રનો પુત્ર. (ભા૨ આ૦ ૧૩૧–૧૦.)

કુણ્ડાશી. ક્ષત્રિય. ધૃતરાષ્ટ્રનો પુત્ર. (ભા૨૦ આ૦ ૧૩૧–૧૪).

કુણ્ડિક. સોમવંશીય ત્રગડાની સંજ્ઞાવાળા જન્મેજયના પુત્ર ધૃતરાષ્ટ્રનો પુત્ર (ભા૨૦ અ૦ ૧૦૧–૪૬.)

કુણ્ડિન. ભીષ્મના સમયની વિદર્ભ દેશની રાજધાની (ભા૨૦ ૧ ૫૭–૨૦; ૭૧–૨) મધ્ય પ્રાન્તમાં અમરાવતીની પૂર્વે ચાળીસ મૈલ ઉપર આવેલું હાલના વરાડનું કુંડિનપુર તે જ.

કુણ્ડી. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો સોમાંનો એક પુત્ર. (ભા૨૦ વ૦ ૧૩૧–૧૧).

કુણ્ડોદ. પર્વત વિશેષ. (ભા૨૦ વ૦ ૯૫–૨૫).

કુણ્ડોદર. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો સોમાંનો એક પુત્ર (ભા૨૦ આ૦ ૬૮–૯૭).

કુન્તય. દેશ વિશેષ. અશ્વ નદી નામે નાની નદીને તીરે આવેલું માળવાનું પ્રાચીન નગર, જેમાં કુન્તિનો જન્મ થયો હતો તે. (ભા૨૦ ભી૦ ૯–૪૦).

કુન્તિ. સોમવંશીય સહસ્રાજિતના કુળમાંના વેત્રરાજાનો પુત્ર. એનો પુત્ર સોહંજિ. (ભાગ૦ ૯–૨૩–૨૨).

કુન્તિ (૨). સોમવંશીય જ્યામઘ કુળના કથરાજાનો પુત્ર. એનો પુત્ર વૃષ્ટિ. (ભાગ૦ ૯–૨૪–૩).

કુન્તિ (૩). કુન્તિરાષ્ટ્રનો અધિપતિ. યદુકુળનો શુર રાજા એનો મિત્ર થતો હતો, તેથી પોતાની પૃથા નામની કન્યા આને દત્તક તરીકે આપી હતી. એનું બીજું નામ કુન્તિભોજ પણ હતું. (ભાગ૦ ૯–૨૪–૩૦).

કુન્તિ (૪). શ્રીકૃષ્ણ અને નાગ્નજિતીનો પુત્ર. (ભાગ૦ ૧૦–૬૧–૧૩).

કુકુન્દાપરાન્ત. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૯–૪૯).

કુપટ. એક દ્રુહ્યુપુત્ર. (ભા૨૦ આ૦ ૬૬૨૬).

કુબેર. વૈશ્રવણ તે જ. ઉત્તર દિગ્પાળ. એનું મુખ્ય નામ સોમ. તે ઉપરથી ઉત્તર દિશાનું નામ સૌમ્ય પડ્યું છે. એની સ્ત્રીનું નામ ઋદ્ધિ હતું, (ભા૨૦ સ૦ ૧૦–૬). એના પુત્રનું નામ. નલકૂબર અને એની સ્ત્રીનું નામ ભદ્રા. (ભા૨૦ સ૦ ૧૦–૬; ૧૦–૧૦ ૨૧૬–૬).

કુબ્જાવતી. તીર્થ વિશેષ, (ભા૨૦ વ૦ ૮૨–૪૦).

કુમાર. સ્કન્દ. (ભા૨૦ શ૦ ૪૫–૧).

કુમાર (૨). ગરુડપુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧–૧૩).

કુમાર (૩). દેશ વિશેષ, (ભા૨૦ સ૦ ૭૮–૮૨).

કુમારક. એક સર્પ. (ભા૨૦ આ૦૫૭–૧૩).

કુમારધારા. નદી વિશેષ. (ભા૨૦ વ૦ ૮૨–૧૪૮).

કુમારવિષય. એક દેશ વિશેષ, ત્યાંના રાજાનું નામ શ્રેણિમાન હતું. (ભા૨૦ સ૦ ૩૧–૧).

કુમારિકાતીર્થ. કોષમાં આપેલું કન્યાતીર્થ તે જ.

એ તીર્થ દક્ષિણ સમુદ્ર તીરે આવેલું છે. એનું કન્યાકુમારી એવું નામ છે. કન્યાકુમારી ભૃશિર તે જ. (ભા૨૦ સ૦ ૩૨-૭૫; વ૦ ૮૧-૧૧૨; ૮૩-૨૩).

કુમુદાક્ષ. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫-૧૫).

કુમ્ભકાર. કુંભાર વિશેષ, એકચક્રાનગરીનો રહીશ. એણે ભીમસેનને ઘણાં માટીનાં વાસણ આપ્યાં હતાં.

કૂમ્ભકારેણ સંબન્ધા લ્લેમે પાત્રં મહત્તરમ્ ।
કુમ્ભકારોઽદદાત્પાત્રં મહત્કૃત્વાતિમાત્રકમ્ ॥
પ્રહસન્મીમસેનાય વિસ્મિતસ્તસ્યકર્મણા ॥
તસ્યાદ્ભુતં કર્મ કુર્વચ્ચમૃન્મારં મહદાદદે ॥
મૃદ્ભારઃ શતસાહસ્ત્રૈઃ કુમ્ભમતોષયત્ ॥૨૦॥
ચક્રેચક્રેચમૃદ્ભાણ્ડાન્સતતં મૈક્ષમાચરન્ ॥
તદાદાભાગતંદૃષ્ટવા હસન્તિ પ્રહસન્તિ ચ ॥૨૧॥
(ભા૨૦ આ૦૧૬૧-૧૮-૨૧).

દ્રૌપદી સ્વયંવરમાં ગયા ત્યારે પાંડવો કુણ્ડિનપુરમાં આ કુંભારને ત્યાં જ ઉતર્યા હતા.

કુમ્ભયોનિ. અગસ્ત્ય ઋષિ તે જ. (ભા૨૦વ૦ ૯૭-૮.)

કુમ્ભરેતા. ભરદ્વાજ અગ્નિ અને વીરાનો પુત્ર. એની સ્ત્રીનું નામ શરયૂ અને પુત્રનું સિદ્ધિ. વીર, રથપ્રભુ, રથદ્યાન વગેરે એનાં બીજાં નામ પણ છે. (ભા૨૦ વ૦ ૨૨૧-૧૮.)

કુરુતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧-૧૬૬)

કુરુવૃદ્ધ. ભીષ્મ તે જ (ભા૨૦ ભી૦૫૨-૫૨).

કુલપતિ. જે ઋષિ દસ હજાર શિષ્યોનું ભરણ પોષણ કરતો થકો, તેમને અભ્યાસ કરાવે તે,

મુનીનાં દશસાહસ્રં યોઽન્નદાનાદિ પોષણાત્ ॥
અધ્યાપયતિ વિપ્રર્ષિ રસૌ કુલપતિઃ સ્મૃત ॥૧॥

તેમ જ

એકો દશસહસ્રાણિ યોઽન્નદાનાદિનાભરેત્ ॥
સ વૈ કુલપતિઃ ઇત્યુક્ત લક્ષણસ્ય ।

કુલપતિ (૨). હિમવાનની પાસે બ્રહ્મશ્રમમાં રહેનાર એક ઋષિ વિશેષ. એક શૂદ્રને ઉપદેશ આપવાના પાપને લઇને બીજા જન્મમાં એ પુરોહિત થયો હતો. જેને ઉપદેશ આપ્યો હતો એ શૂદ્ર પોતે રાજા તરીકે અવતર્યો હતો. એ રાજાએ આને જ પોતાનો પુરોહિત સ્થાપ્યો હતો. રાજાને પૂર્વ જન્મનું જ્ઞાન હોવાથી એને પુરોહિતને જોઇ રોજ હસું આવતું. તેથી દિલગીર થઇને પુરોહિતે એક દિવસ પુછતાં રાજાએ બન્નેના પૂર્વજન્મની વાત એને કહી હતી. (ભા૨૦ અનુ૦ ૩૧-૨૩).

કુલપર્વત. મહેન્દ્ર, મલય, સહ્ય, શુક્તિમાન, ઋક્ષવાન, વિંધ્ય અને પારિયાત્ર એ સાત પર્વતોને લગાડાતું નામ (ભા૨૦ ભી૦ ૬-૧૧).

કુલિક, સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૬૬-૪૧).

કુલિઙ્ગ. દુર્યોધનનો બ્રાહ્મણ મન્ત્રી. એનું બીજું નામ કણિક હતું. (કણિક શબ્દ જુઓ). આણે ધૃતરાષ્ટ્રના પૂછવાથી નીતિ કહી હતી; જેમાં પાંડવો પ્રતિ વૈરને લીધે કેવી રીતે વર્તવું, તેમનો કેવા ઉપાયોથી નાશ કરવો ઇત્યાદિ કહ્યું હતું. (ભા૨૦ આ૦ ૧૫૩-૩૫).

કુલિઙ્ગ (૨). દેશ વિશેષ. કુલિન્દ દેશ અને આ એક નહિ, પણ જુદા છે. (ભા૨૦ સ૦ ૨૭-૬).

કુશ. સોમવંશીય વિદર્ભ રાજાનો પુત્ર. (ભાગ૦ ૬-૨૪-૧.)

કુશ (૨). દશ તરેહના દર્ભ. સખ્ત આંગળી કષાય એવું એક જાતનું ઘાસ. શ્રી ભગવાનની વિભૂતિ. સઘળાં ધર્મકાર્યોમાં વપરાશમાં આવે છે. (ભાગ૦ ૧૧-૧૬-૩૦).

કુશ (૩). સુરા સમુદ્રની પેલી તરફ આઠ લાખ યોજન વિસ્તારનો ચોતરફ દરીઆથી વિંટાળેલો દ્વીપ વિશેષ. ત્યાં અગ્નિના જેવું તેજસ્વી દર્ભનું ભોથું છે. અહીં પ્રિયવ્રતનો પુત્ર હિરણ્યરેતા અધિપતિ છે. અને અહીંના લોક અગ્નિના ઉપાસક છે. (ભાગ૦ ૫-૨૦-૧૩).

કુશધ્વિન્દ્વ. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૬-૫૩).

કુશસ્તંબ. કુશદ્વીપમાં દેવોએ ઉત્પન્ન કરેલું અગ્નિના જેવું તેજસ્વી દર્ભનું ભોથું. એના ઉપરથી એ દ્વીપનું નામ કુશદ્વીપ પડ્યું છે. (ભાગ૦ ૫-૨૦-૧૩,)

કુષિક. એક ક્ષત્રિય. (ભા૨૦ સ૦ ૮-૧૦).

કુષ્માંડક. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫-૧૧).

કુક્ષિ. પૈષ્યંજિ ઋષિનો શિષ્ય. એણે સામવેદની સો સંહિતાઓનું અધ્યયન કર્યું હતું. (ભાગ૦ ૧૨-૬-૭૬).

કૂટક. ભારતવર્ષીય પર્વત વિશેષ. (ભાગ૦ ૫-૧૯-૧૬).

કૃકણેયુ. એક ક્ષત્રિય. સોમવંશી રૌદ્રાશ્વનો પુત્ર (ભા૨૦ આ૦ ૮૮-૬).

કૃતક્ષણ. વૈદેહરાજા. (ભા૨૦ સ૦ ૪-૩૩).

કૃતવેગ. ક્ષત્રિય વિશેષ. (ભા૨૦ સ૦ ૮-૬).

કૃતશ્રમ. ઋષિ વિશેષ. (ભા૨૦ સ૦ ૪-૨૦).

કૃતિ. કયાધુપુત્ર સહ્લાદની પત્ની. એનો પુત્ર પંચજન. કૃતી તે જ (ભાગ૦ ૬-૧૮-૧૪).

કૃતી. કયાધુપુત્ર સહ્લાદની પત્ની કૃતિ તે જ.

કૃતી (૨). વસુપુત્ર વિશ્વકર્મ્યની પત્ની. ચાક્ષુષ નામનો છઠ્ઠો મનુ એને ઉદરે જન્મ્યો હતો. (ભાગ૦ ૬-૬-૧૫).

કૃશ. શ્રાઙ્ગી ઋષિનો મિત્ર-સખા. (ભા૨૦ આ૦ ૪૦-૨૬).

કૃશક. સર્પ વિશેષ. (ભા૨૦ ઉ૦ ૧૦૩-૧૫).

કૃશતનુ. એક ઋષિ વિશેષ. કૃશ તે જ. કૃષ શબ્દ જોવો.

કૃશાશ્વ અસ્ત્રવિદ્યાનો એક આચાર્ય.

કૃષ્ણ. શ્રી કૃષ્ણનો મિત્ર એક ગોપ વિશેષ.(ભાગ૦ ૧૦-૧૫-૨૦)

કૃષ્ણ (૨). વ્યાસનું એક નામ. (ભા૦ ૧-૪-૩૨ અને ૬-૨૨-૨૨)

કૃષ્ણ (૩). કલિયુગમાં કણ્વવંશની પછી થએલા આન્ધ્રવંશના બળિરાજાનો ભાઇ. આ એ વંશનો બીજો રાજા હતો. (ભાગ. ૧૨-૧-૨૩).

કૃષ્ણેક્ષણા. મલયધ્વજ રાજાની બ્હેન અને અગસ્ત્ય ઋષિની પત્ની. એના પુત્રનું નામ દૃઢચ્યુત. (ભાગ.૪-૮૩૦).

કૈકયી. કૈકેયી તે જ.

કૈતવો. ઋષિયો વિશેષ, જેઓ પોતાના સ્વાધ્યાયને બળે સ્વર્ગ પામ્યા હતા.

અજાતસ્મશ્રવો ધીરાસ્તથાઽન્યે વનવાસિનઃ ।
અરુણા કેતવશ્ચૈવ સ્વાધ્યાયેન દિવંગતાઃ ॥૧૬॥
(ભા૨૦ ૧૯-૧૬).

કેતુ. વિપ્રચિતિ દાનવ અને સિંહિકાના સો પુત્રોની સંજ્ઞા. રાહુના નાના ભાઇઓ.(ભા૦ ૬-૬-૩૭)

કેતુ. (૨) નવગ્રહ પૈકીનો એક. કોઇ એને છાયા ગ્રહ સમજે છે. શિશુમાર ચક્રના સઘળા અવયવ ઉપર એ હોય છે,

ઉત્તરા હનાવગસ્તિ રધરાહનૌ યમો મુખેષુ ચાઙ્ગારકઃ શનૈશ્ચર ઉપસ્થે બ્રહસ્પતિઃ ઉકુદિ વક્ષસ્યાદિત્યો હૃદયે નારાયણો મનસિ ચન્દ્રો નાભ્યામુશના સ્તનયો રશ્વિનૌ બુધઃ પ્રાણાપાનયો રાહુર્ગલે કેતવઃ સર્વોઙ્ગેષુ રોમસુ સર્વે તારાગણાઃ॥૭॥
(ભાગ-૫-૨૩-૭).

કેસર. પર્વત વિશેષ. (ભા૨. ભી. ૧૧-૨૩)

કૈલાસક. સર્પ વિશેષ. (ભા૨૦ ઉ૦ ૧૦૩-૧૧)

કોકણક. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૬-૬૧).

કોકુ. દક્ષિણનો દેશ વિશેષ. અહીં અર્હન નામનો રાજા હતો, એણે પાખંડી ધર્મનો સ્વીકાર કર્યો હતો. (ભાગ ૫-૬-૬).

કોઙ્કણ. દેશ વિશેષ. કોકણ તે જ. (ભા૨૦ ભી. ૬-૬૦).

કોટરક. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫-૮; ઉ૦ ૧૦૩-૧૨).

કોટિશ. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭-૫)

કોટિતીર્થ. ખુદ્દેલખણ્ડના જલ્લામાં કલિંજરમાં આવેલું એક સરોવર.

કોટિતીર્થ (૨). ગોકર્ણમાં આવેલું એક પવિત્ર સરોવર.

કોટિતીર્થ. (૩) મથુરાનું એક પવિત્ર સરોવર.

કોણકુત્સ. કૌણકુત્સ તે જ.

કોપવેગ. એક ઋષિ વિશેષ. **(ભા૨૦સ૦૪–૨૨)**

કોમલક. જન્મેજયના સર્પસત્રમાં બળી ગએલો એક નાગ.

અષ્ટાવક્રઃ કોમલકઃ શ્વસનો મૌનવેપગઃ ।
ભૈરવો મુણ્ડવેદાઙ્ગઃ પિશઙ્ગ શ્રોદપારકઃ ॥
ઋષભો વેગવાન્નાગઃ પિણ્ડારક મહાહનૂ।૧૭।
(ભા૨૦ આ૦ ૫૭)

કોલ્લક. ભારતવર્ષીય પર્વત વિશેષ. (**ભા૦૧૦ ૫–૧૯–૧૬)**

કોવિદ. કુશદ્વીપના લોકનો ભેદ (**ભા૦૧૦ ૫–૨૦–૧૬).**

કોષા, કોશા તે જ.

કોશેશ્વર. તીર્થ વિશેષ. **(ભા૨૦ વ૦ ૮૧–૫૭)**

કોસલ. આ દેશના બે ભેદ પૈકી હાલની ઘોઘરા નદીની ઉત્તરે આવેલો અયોધ્યા પ્રાન્ત. આ દેશની રાજ્યધાની શ્રાવસ્તી.આ નગરી નેપાળમાં હિમાલયની તળાટીમાં હતી. દિગ્વિજય વેળાએ ભીમસેને આ દેશ જીત્યો હતો. **(ભા૨. સભા)** દક્ષિણ કોસલ દેશ મહાનદી અને ગોદાવરી એ બેની વચ્ચે પૂર્વ તરફ આવેલો હતો. હાલનું છોટાનાગપુર તે જ. રામનો પુત્ર કુશ અહીંનો રાજા હતો. એની રાજ્યધાની કુશાવતી હતી. દિગ્વિજય કાલે સહદેવે આ દેશ જીત્યો હતો. હાલના છત્તીશગઢ, અમરકંટક અને કાંકર એ પ્રાન્તો તે દક્ષિણ કોસલ. કેટલાક આના પૂર્વ કોસલ અને દક્ષિણકોસલ એમ ભેદ માનીને પૂર્વકોસલમાં ઇશાન્યકોસલ અને આગ્નેયકોસલ એવા પેટા વિભાગો પાડે છે. છત્તીશગઢ તે જ મહાકોસલ. આ દેશના રાજા યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં આવ્યા હતા. **(ભા૦૧૦ ૧૦ ૭૫–૧૨)**

કોસલા. નદી વિશેષ **(ભા૨૦–વ૮–૮૩–૧૧)**

કોહલ. જન્મેજયના સર્પસત્રનો એક સદસ્ય. **(ભા૨૦ આ૦ ૫૩–૯).**

કૌકુટ્ટમ. ભારતવર્ષીય દેશ વિશેષ.

કૌકુર. કુરુવંશના કારસ્કાર રાજાનું બીજું નામ.

કૌકુરુણ્ડિ. ઉત્તમ મન્વંતરમાંના સપ્તર્ષિયોમાંનો એક.

કૌચકી. અંગિરાકુલોત્પન્ન એક બ્રહ્મર્ષિ.

કૌચહસ્તિક. ભૃગુકુલોત્પન્ન એક બ્રહ્મર્ષિ.

કૌટિલ. ભૃગુકુલોત્પન્ન એક બ્રહ્મર્ષિ.

કૌણકુત્સ. ઋષિ વિશેષ. એને કોણકુત્સ પણ કહ્યો છે.

કૌણપ. સર્પ વિશેષ. **(ભા૨૦ આ૦ ૫–૬)**

કૌણપાસન. સર્પ વિશેષ**(ભા૨૦આ૦૩૫–૧૪).**

કૌણ્ડિન્ય. કુણ્ડિનકુળનો એક બ્રહ્મર્ષિ. યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞનો એક સદસ્ય. **(ભા૨૦ જૈ૦ અશ્વ૦ અ૦ ૬૩).**

કૌરવ. કુરુવંશના રાજા. ખાસ યુધિષ્ઠિર અને દુર્યોધનને આ સંજ્ઞા લગાડાય છે.

કૌર્મપુરાણ. અઢાર મહાપુરાણોમાંનું એક મહાપુરાણ. એમાં સત્તર હજાર શ્લોકનું પૂર છે. **(ભા૦૧૦ ૧૨–૭–૨૩)**

કૌશળ. કલિયુગમાં રાજ કરનારા સાત રાજા. **(ભા૦૧૦ ૧૨–૧–૩૫)**

કૌશિક. ભીષ્મ શરપન્જરમાં હતા ત્યારે એમની પાસે આવેલો એક બ્રાહ્મણ વિશેષ. **(ભા૦૧૦ ૧–૯–૭)**

કૌસલ્ય. કોસલ્ય દેશનો ક્ષેમદર્શી નામનો રાજપુત્ર જે લક્ષ્મી વગેરે ઐશ્વર્ય રહિત થવાથી કાલકવૃક્ષી નામના ઋષિને શરણે ગયો હતો. ઋષિની સાથે એને ઐશ્વર્ય નાશવંત અને અનિત્ય છે, એ વિષયે સંવાદ થયો હતો. **(ભા૨૦ શાં૦ ૧૦૪).**

કૌસલ્ય. (અયોધ્યા) અહીં શ્રીકૃષ્ણ અને સત્યાનાં લગ્ન થયાં હતાં. **(ભા૦ ૧૦–૫૮–૩૪).**

કૌસલ્યા. સોમવંશીય પૂરુની ભાર્યા. એના પુત્રનું નામ જન્મેજય હતું. **(ભા૨૦ અ.૦૬૩–૮).**

કૌસવી. દ્રુપદ રાજાની ભાર્યા. એનું બીજું નામ સૌત્રામણિ હતું. **(ભા૨૦ આ૦ ૧૪૯–૪૮)**

ક્રતુ. ફાગણ મહિનામાં પર્જન્ય નામના સૂર્યના સમાગમે સંચાર કરનાર યક્ષ વિશેષ. **(ભા૦૧૨ ૧૧–૪૦)**

ક્રતુમત. વિશ્વામિત્રનો એક પુત્ર. (**ભા૦૧૦ ૧૬–૩૬).**

ક્રથકૈશિક. વિદર્ભ–વરાડ–દેશાન્તર્ગત દેશ વિશેષ. **(ભા૨૦ સ૦ ૧૪–૨૧)**

ક્રમજિત. એક ક્ષત્રિય. **(ભા૨૦ સ૦ ૪–૩૪).**

ક્રાથ. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો સોમાંનો એક પુત્ર. એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો. **(ભા૨૦ ક૦ ૪૬–૧૭).**

ક્રિમિ. એક ક્રીડો. એનું નામ અલર્ક હતું. એણે કર્ણની જાંઘ ફોરી ખાધી હતી. (**ભા૨૦ શાં૦ ૩–૧૩).**

ક્રોધવશ. મહાતલાતલમાંનો સર્પ વિશેષ. **(ભા૦૧૦ ૫–૨૪–૨૯)**

ક્રોધવશા. ક્રોધાના પુત્રો. એઓ રાક્ષસ હોઇ, સૌગન્ધિક વનનું રક્ષણ કરતા હતા. **(ભા૨૦ વ૦ ૧૫૪–૧૧)**

ક્રોધન. એક વિપ્ર. પ્રમતિના પુત્ર રુરુની ભાર્યા પ્રમદ્વરાને સર્પદંશ થવાથી મરણ પામી હતી. તેથી રુરુ, જે સર્પ નજરે પડે તેને મારી નાંખતો. એક દિવસ એણે નિર્વિષ–ઝેરી નહિ એવા આંધળી ચાકળણ જેવા એક ડિંડવાને દીઠો. એને મારવાને લાકડી ઉગામે છે, એટલે ડિંડવાને વાચા થઇ. રુરુને એણે કહ્યું કે મેં તારો કશો અપરાધ કર્યો નથી, છતાં મને શું કરવા મારે છે ? રુરુની સાથે એને સંવાદ થતાં એણે પોતાના પૂર્વ જન્મની વાત કહી. એણે પોતાને ડિંડવાનો અવતાર આવવાના કારણમાં કહ્યું કે " હું પૂર્વે સહસ્રપાન નામે ઋષિ હતો. મારે ક્રોધન નામે તિક્ષ્ણ વાણીવાળો અને તપોબળવાળો બ્રાહ્મણ મિત્ર હતો. મેં બાળપણમાં રમતમાં ઘાસનો સાપ બનાવ્યો. અને ક્રોધન અગ્નિહોત્ર ક્રિયામાં રોકાયલો હતો, તેને એ સાપ વડે બીવડાવ્યો. આથી ક્રોધન મૂર્ચ્છિત થઇ ગયો. એ જ્યારે પુનઃ સ્વસ્થ થયો, ત્યારે ક્રોધ કરીને બોલ્યો કે તેં મને બીવરાવ્યો એવા સાપનો દેહ તું પામીશ. એના તપોબળને જાણવાવાળા મેં એની પ્રાર્થના કરીને કહ્યું કે મારો મિત્ર જાણીને મેં તને રમતમાં બિવરાવ્યો. આથી ઉષ્ણ નિશ્વાસ નાંખીને એણે કહ્યું કે મારું બોલવું કદી પણ વ્યર્થ નહિ થાય. પણ પ્રમતિ ઋષિથી રુરુ નામનો પુત્ર થશે, તેને જોતાં તારો એ દેહ છૂટશે, અને પુનઃ પોતાનું સ્વરુપ પામીશ. " એ રુરુ તમે છો એટલે હવે મારો આ દેહ છૂટી જઇ, હું મારું સ્વરુપ પામીશ. એમ કહેતાં જ એ ડિંડવાનું શરીર છૂટી જઇ પોતાના મૂળ સ્વરુપે થયો હતો. **ભા૨૦ આ૦ ૧૧–૧)**

ક્રોષ્ટા. સોમવંશીય ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર એને યુદ્ધમાં ભીમે માર્યો હતો. **(ભા૨૦ ક૦ ૮૮–૧૯).**

ક્રૌઞ્ચ. આ પ્રખ્યાત યજ્ઞ કરનાર હતો. એના યજ્ઞમાં વિશ્વાવસુ પ્રમુતિ સાઠ હજાર ગંધર્વો સહિત ગાયન કરતા. એના યજ્ઞનો યૂપ–બલિ, પશુને બાંધવાનો સ્તમ્ભ–સોનાનો હતો. એના રાજ્યમાં "વેદઘોષ", "ધનુષ્ટંકાર" અને "આપો આપો" એ ત્રણ સિવાય બીજો ધ્વનિ સંભળાતો જ નહિ. **(ભા૨૦ શાં૦)**

ક્ષનક. વિદુરનો મિત્ર. એણે લાક્ષાગૃહમાંથી પાંડવોને નિકળી જવાને સારુ ગુપ્ત સુરંગ તૈયાર કરી હતી. **(ભા૨૦ આ૦ ૧૫૯–૯).**

ક્ષર્વ. વાલખિલ્યો તે જ. **(ડાઉસન૦ ૧૫૭).**

ક્ષર્વટ. દેશ વિશેષ. **(ભા૨૦ સ૦ ૭૮–૫૭).**

ક્ષલુ. નદી વિશેષ. **(ભા૨૦ ભી૦ ૯–૨૮).**

ક્ષષા. દેશ વિશેષ. **(ભા૨૦ સ૦ ૭૮–૭૯).**

ક્ષાંડિક્ય. આને કર્મમાર્ગનું ઉત્તમ પ્રકારનું જ્ઞાન

હતું. એના કાકાના દિકરા કેશિધ્વજની બહીકથી એને નાશી જવું પડયું હતું. એના પુત્રનું નામ ભાનુમાન હતું. (ભાગ૦ ૯–૧૩–૨૦).

ગજ. હાથી. અશ્વધૂતનો એક ગુરુ.

ગણ્ડકી. ભારતવર્ષની આ નદીને તીરે પુલહાશ્રમમાં જડભરત રહેતા હતા. તીર્થયાત્રા વખતે બલરામ અહીં આવ્યા હતા. (ભાગ૦ ૧૦–૭૯–૧૧). આ નદી નેપાળના મધ્ય ભાગમાં આવેલા પહાડની બોમાંથી નિકળે છે. એના છૂટા છૂટા સપ્તપ્રવાહોને સપ્તગણ્ડકા કહે છે. એ ધવલગિરિ અથવા ગોસેનનાથ નામના પર્વતમાંથી નિકળે છે. એમાંના મોટા પ્રવાહને ત્રિશૂલગંગા એવું નામ છે. બધા પ્રવાહ ત્રિવેણીમાં એકત્ર થાય છે. નેપાળમાં આ નદીનું નામ શાલિગ્રામી એવું છે. સંયુક્ત પ્રાન્તમાં એને નારાયણી કહે છે. એ પટણા આગળ ગંગાને મળે છે. એના તીર પર હરિહરક્ષેત્ર આવેલું છે. એમાંથી શાલિગ્રામ મળે છે. (કોષમાં એ શબ્દ જુઓ).

ગણ્ડા. એક ચાણ્ડાળણી. સપ્તર્ષિયોના સેવક પશુસખની સ્ત્રી. પૂરવણીમાં ચણ્ડા શબ્દ જુઓ. (ભાર૦ અનુ૦ ૧૪૧–૧૬).

ગણેશ. હેરમ્બ, ઉમાપુત્ર. એણે લહીયા તરીકે મહાભારત લખ્યું હતું. (ભાર૦ આ૦ ૧–૧૧૨). એ શંકર ભગવાનના ગણોના ઉપરી છે. એ વિદ્યાના દેવ છે. વિઘ્નવિદારક અને સંકટ નિવારણ કરનાર દેવ તરીકે પૂજાય છે. કોઈ પણ સારું કામ આરંભતાં પૂર્વે એમની સ્તુતિ અને આરાધના કરવાની પ્રથા છે. એ અડું સ્થૂળ, કિંચિત્ પીળાવર્ણના, મોટા પેટવાળા, ચાર હાથવાળા, હાથીના જેવી મુદ્રવાળા અને એક દંતુશળવાળા દેવ છે. એમના ચાર હાથમાં અનુક્રમે, શંખ, ચક્ર, ગદા અને પદ્મ એમ ધારણ કરે છે. એ કદી કદી ઉંદર ઉપર સ્વારી કરે છે. એને હાથીના જેવું માથું કેમ થયું એને માટે ઘણી આખ્યાયિકાઓ છે. એક વખત ઉંદર પર સ્વારી કરીને જતા હતા, ત્યારે પડી ગયા, એ જોઇને ચન્દ્રે મશ્કરીમાં હાસ્ય કર્યું હતું. આથી ગુસ્સે થઇ એમણે ચન્દ્રને શાપવાથી ચોથને દિવસે ચન્દ્રદર્શન કરાતું નથી. એ પાર્વતી અને શંકરના પુત્ર હોઇ એને પાર્વતીપુત્ર, ગજાનન, ગજવદન, કરીમુખ, લંબોદર, દ્વિદેહ, વિઘ્નેશ, વિઘ્નહારી, વિનાયક, ગણપતિ એવાં એવાં સેંકડો નામો છે.

પુરાણોમાં યુગ પરત્વે એમને દશ હાથ, છ હાથ, ચાર હાથ અને બે હાથ હતા એવો ઉલ્લેખ છે. એમને અડું ગણેશપુરાણ અને મુદ્ગલપુરાણ એવા સ્વતંત્ર ગ્રન્થો છે. ત્રણે ગુણના સ્વામી હોવાથી એમને "ગુણેશ" પણ કહે છે. એને મોદક–લાડુ બહુ પ્રિય છે. અષ્ટ સિદ્ધિયો એમની આઠ પટરાણીઓ છે. વિશ્વરુપની દિકરીઓ સિદ્ધિ અને બુદ્ધિ એમ બે સ્ત્રીઓ પણ કહેવાય છે. શ્રીમદ્ભાગવતમાં ગણેશ અગર ગણપતિ એ નામનો ઉલ્લેખ નથી.

ગન્ધવતી. સત્યવતી તે જ. (ભાર૦ આ૦ ૬૪–૧૨૪).

ગંધર્વાધિપતિ. ગંધર્વપતિ તે જ.

ગંધર્વાધિપતિ (૨). ભારતીય યુદ્ધમાં કૌરવ પક્ષનો એક રાજા.

ગયા. બહારપ્રાન્તમાં ફલ્ગુ નદીને કાંઠે આવેલું નગર.

ગયા (૨). ગયા આગળનું પ્રસિદ્ધ ક્ષેત્ર વિશેષ, જ્યાં પિતાનું શ્રાદ્ધ કરવાની આવશ્યકતા મનાય છે. માતાના શ્રાદ્ધને સારુ સિદ્ધપુર–જે માતૃગયા કહેવાય છે, ત્યાં શ્રાદ્ધ કરવાની આવશ્યકતા ગણાય છે. તીર્થ યાત્રા વખતે બળરામ ગયામાં આવ્યા હતા. (ભાગ૦ ૧૦–૭૯–૧૧).

ગયાશિર. ગયાશિર એ જ. (ભાગ૦ ૭–૧૪–૩૦).

ગરુડ. પોતાની મા વિનતા–સુપર્ણીને દાસીપણા-માંથી મુક્ત કરવા સર્પોને અમૃત આણી આપવાની બોલી કરી હતી, તે લેવા ગયો ત્યારે ગરુડ–વિષ્ણુના વાહનને ઇન્દ્રના વજ્રની જોડે યુદ્ધ થયું હતું. એ ઘણો બળવાન અને પરાક્રમી હોઇ ચાલુ મન્વંતરમાં પક્ષી માત્રનો રાજા ગણાય છે અને શાલ્મલિદ્વીપમાં રહે છે. (ભાગ૦ ૫–૨૦–૮). વિષ્ણુની સાથે બોલી કરી હતી કે હું તમારા ઉપર હોઉં. વિષ્ણુએ માગ્યું હતું કે, હું તારા ઉપર હોઉં. આથી એ વિષ્ણુનો વાહન થયો (ભાગ૦૬–૬–૨૨). અને વિષ્ણુએ એને પોતાની ધ્વજા ઉપર રાખ્યો. એણે શ્રુતસેન, વિવસ્વાન, રોચનામુખ પ્રસ્તુત અને કાલકાક્ષ વગેરે દૈત્યોને માર્યા હતા. એના પુત્રનું નામ સુમુખ, એને તાર્ક્ષ્ય એવું નામ પણ છે. (ભાર૦ આ૦ ૨૭; ઉદ્યો૦).

ગવલ્ગણ. ધૃતરાષ્ટ્રનો એક મન્ત્રી–સુત–સંજયનો પિતા. (ભાર૦ આ૦ ૬૪–૧૩૯).

ગાન્દિની. કાશીરાજની કન્યા અને શ્વફલ્ક યાદવની સ્ત્રી. એને અક્રૂરાદિ તેર પુત્રો હતા. (ભાગ૦ ૯–૧૪૧૫).

ગાન્ધારરાજ. શકુનિ. (ભાર૦ આ૦ ૮૩–૧૩).

ગાન્ધારી. અજમીઢની ત્રીજી સ્ત્રી. (ભાર૦ આ૦ ૬૩–૩૯).

ગાવલ્ગણિ. ગવલ્ગણ તે જ. (ભાર૦ આ૦ ૧–૨૪૭).

ગાયત્રી. ઉપાસનાર્થે બોલાતો મન્ત્ર.

તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધીયો યોનઃ પ્રચોદયાત્ ॥

ગારુડ. ગરુડપુરાણ તે જ.

ગિરિકુજ. તીર્થ વિશેષ. (ભાર૦ વ૦ ૮૦–૯૭).

ગિરિગ્વહર. દેશ વિશેષ. (ભાર૦ ભી૦ ૯–૬૮)

ગિરિજા. પાર્વતીનું બીજું નામ.

ગીતા. શ્રીમદ્ભગવદ્ગીતા તે જ. (ભાર૦ ભી૦ ૨૫–૪૨).

ગુણમુખ્યા. અપ્સરા વિશેષ. (ભાર૦ આ૦ ૧૩૨–૪૩).

ગુણાવરા. અપ્સરા વિશેષ, (ભાર૦ આ૦ ૧૩૨–૪૩).

ગુમારઘાટ. ગોપ્રતારનું હાલનું નામ. એ શબ્દ કોષમાં જોવો.

ગુરુ. બૃહસ્પતિનું નામ.

ગુરુભાર. ગરુડનો પુત્ર. (ભાર૦ ઉ૦ ૧૦૧–૧૩).

ગુહ. કલિંગ સમીપના લોક. (ડાઉસન૦ ૧૧૫).

ગૃત્સમદ. ભીષ્મ શરપંજરમાં પડયા હતા તે વખત તેમની પાસે આવેલો એક ઋષિ. (ભાગ૦ ૧–૯–૭).

ગૃધ્રરાજ. જટાયુ. (ભાર૦ વ૦ ૨૮૦–૧).

ગૃધ્રવટ. ક્ષેત્ર વિશેષ. (ભાર૦ વ૦ ૮૨–૯૦).

ગૃહ. રાહુ, જેના ચન્દ્ર અને સૂર્યને પકડવાથી ગ્રહણ થાય છે.

ગૃહ (૨). બાળકોમાં મંદવાડ, દુઃખ, મોત વગેરે લાવનાર, ધાતકી, ઉતરતી પંક્તિની દેવયોનિ.

ગૃહપતિ. અગ્નિ વિશેષ. (ભાર૦ વ૦ ૨૨૪–૨૪).

ગૌ. પુલસ્ત્ય ઋષિની ભાર્યા. વિશ્રવાની માતા. (ભાર૦ વ૦ ૨૭૫–૧૨).

ગોકર્ણ. ઉત્તર કાનડા જીલ્લામાં આવેલું ક્ષેત્ર વિશેષ. અહીં મહાબળેશ્વરનું મંદિર છે. મહાબળેશ્વર એક જ્યોતિર્લિંગ છે. અહીં નહાવાથી બ્રહ્મહત્યાદિક પાતક નાશ પામે છે. તીર્થ યાત્રા વખતે બલરામ અહીં આવ્યા હતા. (ભાગ૦ ૧૦–૭૯–૧૯).

ગોકુળ. યમુના તીરે આવેલો ચરાવાળો પ્રદેશ. (ડાઉસન૦ ૧૧૩). સંયુક્ત પ્રાન્તમાં મથુરાની પાસે એક ગામ. જમના નદી એની પાસે થઇને વહે છે. કૃષ્ણાવતાર કાળે નંદ નામના ગોપ મહોદયનો ત્યાં નેસડો હતો. શ્રી કૃષ્ણના પિતા વસુદેવને નંદરાજાની સાથે મૈત્રી હોવાથી શ્રી કૃષ્ણ અને બળરામ કંસ રાજાથી છાના આ નેસડામાં નંદરાજાને ત્યાં ઉછર્યા હતા. શ્રી કૃષ્ણ ભગવાનનું બાળપણ અહીં

વ્યતિત થવાને લીધે અને એમણે અહીં ઘણા ચમત્કારો કર્યાને લીધે આ જગા ઘણી જ પવિત્ર મનાય છે. (ભાગ૦ ૧૦–૫–૧૯). રમણ અને બ્રહ્માંડતીર્થ નામનાં સ્થળો અહીં આવેલાં છે, જે ઘણાં પવિત્ર ગણાય છે. રમણની રેતી–રમણરેતીમાં આળોટવું એ એક પુણ્ય અને અહોભાગ્યનું ગણાય છે. યાત્રાળુઓ આ રેતી લઈ જાય છે. ત્યાં થતી પીળી માટી ગોપીચંદન કહેવાય છે. મનુષ્યના અંતકાળે ગોપીચંદન અને રમણરેતીનો લેપ કરી મોંમાં ગંગાજળ મૂકાય છે.

ગોખલ્ય. શાકલ્ય ઋષિનો શિષ્ય. એણે ઋગ્વેદની એક શાખાનું અધ્યયન કર્યું હતું. (ભાગ૦ ૧૨–૬–૫૭).

ગોચારી. ઋષિયો વિશેષ (ભા૨૦ સ૦ ૪૫–૪૧).

ગોતમ. ન્યાયદર્શનના આદ્ય સંસ્થાપક એનું બીજું નામ શતાનંદ તેમ જ ગૌતમ.

ગોદાવરી. નાસિક જીલ્લામાં ત્र्यંબકેશ્વર પાસેથી નિકળનારી નદી વિશેષ. આ નદી મહાત્મ્યમાં ગંગા અને સિંધુથી કિંચિત જ ન્યૂન છે. એ ૧૮૦૦ માઇલ લાંબી છે. વનવાસકાળમાં રામચન્દ્રજી ઘણો સમય એને કિનારે રહ્યા હતા. એને વૃદ્ધગોદાવરી અથવા ગૌતમી ગંગા પણ કહે છે. ગંગા અને ગોદાવરી એક જ છે અને એમનામાં તફાવત નથી એમ પણ કહેવાય છે. (ભાગ૦ ૫–૧૯–૧૮).

ગોપતિ. સૂર્યનું નામ. (ભાગ૦ ૧–૧–૧૦).

ગોપતિઋષભ. શિવ તે જ (ડાઉસન ૧૧૩).

ગોપતિઋષભ (૨). કૃષ્ણે મારેલો એક દૈત્ય વિશેષ. (ડાઉસન ૧૧૩).

ગોપી. ગોપકન્યાઓ અને ગોપવધુઓ જેઓ બાળપણમાં કૃષ્ણ સાથે રમ્યાં હતાં. (ડાઉસન ૧૧૩).

ગોપુચ્છ. વાનરની જાતિ વિશેષ. (ભાગ૦ ૩–૨૧–૪૪).

ગોમુખ. વાદ્ય વિશેષ. (ભા૨૦ ૧–૧૦–૧૫).

ગોલભ. ગંધર્વ વિશેષ. (કોષમાં એ શબ્દ જોવો).

हते प्लवगशार्दूले निष्प्रभा वानरा कृताः ।
येन दत्तं महद्युद्धं गंधर्वस्य महात्मनः ॥२७॥
गोलभस्य महाबाहो र्दश वर्षाणि पञ्च च ।
नैव रात्रौ न दिवसे तद्युद्धमुप शाम्यति ॥२८॥
ततः षोडशमे वर्षे गोलभो विनिपातितः ।
तं हत्वा दुर्विनीतं तु वाली दंष्ट्रा कराळवान॥२९॥
(વા૦ રા૦ કિષ્કિ૦ અ૦ ૨૨–૨૭–૨૯).

ગોવર્ધનધર. શ્રી કૃષ્ણ તે જ (ડાઉસન૦ ૧૧૪).

ગોવર્ધનધારી. ગોકુળ પાસે આવેલા ગોવર્ધન નામના પર્વતને, ઇંદ્રે કોપ કરીને ગોકુળને તાણી નાંખવા વૃષ્ટિ કરી હતી ત્યારે, ગોકુળને ઈન્દ્રના કોપથી બચાવવા, નવ દિવસ સુધી શ્રી કૃષ્ણે પોતાની ટચલી આંગળી ઉપર તોળી રાખ્યો હતો; તે ઉપરથી તેમનું પડેલું નામ. (ભાગ૦ ૧૦–૨૫–૧૯).

ગોવિંદ. કૃષ્ણ તે જ (ડાઉસન ૧૧૪).

ગોવિંદ (૨). પર્વત વિશેષ. (ભા૨૦ ભી૦ ૧૨–૧૯).

ગોવૃષધ્વજ. કૃપાચાર્ય તે જ. (ભા૨૦ દ્રો૦ ૧૦૫–૧૪).

ગોસવ. યક્ષ વિશેષ. એ બ્રહ્મદેવના ઉત્તર મુખમાંથી ઉત્પન્ન થયો છે. (ભાગ૦ ૩–૧૨–૪૦).

ગૌતમ. ઋષિ વિશેષ. આને બ્રાહ્મણ મહાત્મ્ય સંબંધી અત્રિની જોડે (ભા૨૦ વ૦ ૧૮૮), નદીના મહાત્મ્ય સંબંધી આંગિરસની સાથે (ભા૨૦ અનુ૦ ૧૪૨–૩૩), અને માબાપના ઋણમાંથી શી રીતે છૂટાય એ સંબંધી યમની સાથે સંવાદ થયો હતો. (ભા૨૦ શાં૦ ૧૨૯).

ગૌતમ (૨). સ્મૃતિકાર.

कृते तु मानवा धर्मा स्त्रेतायां गौतमाः स्मृताः।
द्वापरे शङ्खलिखिताः कलौ पाराशराः स्मृताः
॥ २४ ॥
(પારાશર સ્મૃતિઃ અ૦ ૧. શ્લો૦ ૨૪)

ગૌતમ (૩). કોષમાં આપેલો ગૌતમણ તે જ. ઉત્તર્ઝ–ઉદર્ઝ ઋષિનો સસરો. (ભા૨૦ અશ્વ૦ ૫૬). એક સમયે પ્રાણીયોના પ્રારબ્ધને લીધે લાગલાગટ પંદર વર્ષ સુધી અનાવૃષિ થઈ હતી. આથી મહા ક્ષયકારી દુષ્કાળ પડતાં ઘેર ઘેર મુડદાંના ઢગલા ગણ્યા ગણાતા નહોતા. ભુખે મરતા ઘણા લોકો ઘોડા અને સુવરોને ખાતા. કેટલાક માણસો મુડદાંને પણ ખાતા. મા બાળકને અને પુરુષો સ્ત્રીઓને ખાવા દોડતા, આમ ભુખના દુઃખથી પીડિત લોકો એક બીજા પર હુમલો કરતા.

આવે સમયે ઘણા બ્રાહ્મણોએ ઉત્તમ વિચાર કર્યો, કે ગૌતમમુનિ મહા તપસ્વી છે, તે આપણું દુઃખ મટાડશે. આપણે સઘળાએ એમને આશ્રમે જવું. ગાયત્રિના જપમાં લાગેલા ગૌતમમુનિના આશ્રમમાં સુકાળ છે એમ સંભળાય છે. આમ વિચાર કરીને બ્રાહ્મણો અગ્નિહોત્રને, કુટુંબને, ગાયોને અને દાસ દાસીઓને સાથે લઈને ગૌતમના આશ્રમમાં ગયા. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ ચારે દિશાઓથી બ્રાહ્મણોનો મોટો સમાજ પોતાના આશ્રમમાં આવેલો જોઈ ગૌતમે તેમને પ્રણામ કર્યા. બ્રાહ્મણોને તેમના આશ્રમમાં આવવાનું કારણ પૂછ્યું. બ્રાહ્મણોએ પોતે પોતાનું વૃત્તાંત કહી સંભળાવ્યું. બ્રાહ્મણોનું દુઃખ સાંભળીને ગૌતમે તેમને અભય આપ્યું. તેણે કહ્યું 'આ ઘર તમારું જ છે. હું સર્વથા તમારો દાસ છું. હું દાસ છતાં તમારે શી ચિંતા છે? તમે સઘળા તપસ્વી લોકો અહીં આવ્યા તેથી હું કૃતાર્થ થયો છું. તમે બધા કે જેમના દર્શન માત્રથી પાપ પુણ્યરુપ થઈ જાય છે, તેઓ આજ મારા ઘરને તમારી ચરણરજથી પવિત્ર કરો છો, માટે મારા જેવો બીજો કોણ ભાગ્યશાળી છે? તમોએ મારા પર અનુગ્રહ કર્યો. આ આશ્રમમાં સુખે રહો અને ગાયત્રીનો જપ કર્યે જાઓ. ગૌતમે પછી ગાયત્રીની પ્રાર્થના કરતાં ગાયત્રી દેવીએ ગૌતમને પ્રત્યક્ષ દર્શન દઈને એક પૂર્ણપાત્ર આપ્યું. દેવીએ આપેલા પાત્રમાંથી ખટરસ વાળા અન્નોના પર્વત જેવડા ઢગલા, અનેક પ્રકારનાં ખડ, દિવ્ય આભરણો, રેશમી આદિ વસ્ત્રો, યજ્ઞના સાધનરુપ પદાર્થો અને આભુષણો નિકળ્યાં. મુનિઓને જેને જે જોઇએ તે બધી વસ્તુઓના ઢગલા ને ઢગલા થઈ રહ્યા. ગૌતમે બધા બ્રાહ્મણોને બોલાવીને બધું જોઈ આપ્યું. આપેલા પૂર્ણપાત્રમાંથી ગાયો, ભેંસો ઇત્યાદિ પશુઓ પણ નિકળ્યાં. નવાં વસ્ત્રો પહેરેલા બ્રાહ્મણો અને બ્રાહ્મણીઓ વડે ગૌતમનો આશ્રમ શોભાયમાન બની રહ્યો. ત્યાં નિત્ય યજ્ઞ થવા લાગ્યા. નવા નવા આવનાર બ્રાહ્મણોથી વસ્તી વધીને આશ્રમ સો યોજન વિસ્તારવાળો થઇ ગયો. બ્રાહ્મણો ગૌતમનાં વખાણ કરવા લાગ્યા કે અહો, ગૌતમ આપણને કલ્પવૃક્ષ સમાન થઇ પડ્યા. એ નહોત તો આપણી શી વલેહ થાત. આ પ્રમાણે ગૌતમે બાર વર્ષ સુધી બધા બ્રાહ્મણોનું પુત્રવત્ પાલન કર્યું.

ગૌતમે એ સ્થળમાં ગાયત્રીનું ઉત્તમ સ્થાન કર્યું હતું, ત્યાં બેઠા બેઠા બ્રાહ્મણો પુરશ્ચરણો કર્યા કરતા હતા. ગાયત્રી દેવી પણ ત્યાં સવારે બાળા, બપોરે જુવાન અને સાયંકાળે વૃદ્ધારુપે દર્શન આપતાં.

એક સમયે પોતાની મહતા નામની વીણા વગાડતા વગાડતા નારદજી ત્યાં આવ્યા. એઓએ મુનિઓની સભામાં બેસીને વાતચીત કરતાં કહ્યું કે હે ગૌતમ! હું દેવતાઓની સભામાં ગયો હતો. ત્યાં ઇન્દ્રે મુનિયોના પોષણ અર્થે તમારી અનેક પ્રકારની વાતો કરતાં તમારી અનેક પ્રકારે નિર્મળ અને સર્વોત્તમ કીર્તિ ગાઇ, તે સાંભળીને તમારાં દર્શન કરવા હું આજે આવ્યો છું. હે મુનિ જગદંબાના પ્રતાપથી તમે ભાગ્યશાળી છો. પછી આશ્રમ

જોઇ, ગાયત્રીદેવીનાં દર્શન કરી નારદજી ત્યાંથી વિદાય થયા.

ગૌતમ ઋષિના પોષેલા બ્રાહ્મણોને ગૌતમની આવી કીર્તિ સાંભળીને દ્વેષ આવ્યો. તેમણે વિચાર કર્યો કે જ્યારે દુષ્કાળ મટે અને સુભિક્ષ થાય ત્યારે આપણે ગૌતમની કીર્તિ સર્વથા ન રહે એમ કરવું. આવો વિચાર કરતા થકા તેઓ ત્યાં રહેતા હતા.

કાળે કરીને વૃષ્ટિ થઇ, અને સઘળા દેશોમાં સુભિક્ષ થયું. આ જાણી સઘળા બ્રાહ્મણોએ મળી ગૌતમ ઉપર અભિશાપ મૂકવાનો ઉદ્યોગ કર્યો. બ્રાહ્મણોએ એક ઘરડી અને તરત મરી જાય એવી ગાય બનાવી. ગૌતમ મુનિ હોમ કરતા હતા તે સમયે તે ગાય અગ્નિશાળામાં જતાં ગૌતમે "હું હું" એમ ઉચ્ચાર કર્યો, અને એને પેસતી અટકાવી. પેલી ઘરડી ગાયે ત્યાં જ પડી જઇને પ્રાણ તજી દીધા. બ્રાહ્મણો કોલાહલ કરવા મચી ગયા કે ગૌતમે ગાય મારી! પરમ વિસ્મય પામેલા ગૌતમે હોમ કરી રહ્યા પછી નેત્ર મિંચીને જોતાં બ્રાહ્મણોનું સઘળું કપટ તેમના જાણવામાં આવ્યું.

ગૌતમને ભારે કોપ આવ્યો. એણે બ્રાહ્મણોને શાપ દીધો કેઃ—

दधार कोपं परमं प्रलये रुद्र कोपवत्।
शशाप च ऋषीन्सर्वान्कोप संरक्त लोचनः ॥५५॥
वेदमातरि गायत्र्यांतद्ध्याने तन्मनोर्जपे ।
भवताऽनुन्मुखायूयं सर्वथा ब्राह्मणा धमाः॥५६॥
वेद वेदोक्त यज्ञेषु तद्ध्वर्वासु तथैव च।
भवत्ताऽनुन्मुखायूयं ..... ॥ ५७ ॥
शिवे शिवस्य मंत्रे च शिवशास्त्रे तथैव च।
भवताऽनुन्मुखा.....॥५८॥
मुल प्रकृत्याः श्री देव्यांतद्ध्याने तत्कथासु च।
भवता..... ॥५९॥
देवा मंत्रे तथा देव्याः स्थानेऽनुष्टान कर्माणि ।
भवता...॥६०॥

देव्युत्सव दिदक्षायां देवीनामानुकीर्तने।
भवता...॥६१॥
देवीभक्तस्य सान्निध्ये देवी भक्तार्चने तथा ।
भवता...॥६२॥
शिवोत्सवादर्दक्षायां शिव भक्तस्य पूजने ।
भवता...॥६३॥
रुद्राक्ष बिल्वपत्रे च तथा शुद्धे च भस्मनि ।
भवता...॥६४॥
श्रौतस्मार्त सदातारे ज्ञानमार्गे तथैव च ।
भवता ॥६५॥
अद्वैत ज्ञान निष्टायां शांतिदांत्यादि साधने ।
भवता ॥६६॥
नित्य कर्माद्यनुष्टानेऽप्यग्निहोत्रादि साधने ।
भवता ॥६७॥
स्वाध्यायाध्ययनै श्चैव तया प्रवचनेऽपि च ।
भवता...॥६८॥
गोदानानिषु दानेषु पितृ श्राद्धेषु चैवहि ।
भवता ॥६९॥
कृच्छ चांद्रायणे चैव प्रायश्चित्ते तथ वच ।
भवता ॥ ७० ॥
श्री देवी भिन्नदेवेषु श्रद्धा भक्ति समन्विता ।
शंख चक्राद्यकिताश्च भवत ब्राह्मणाधमाः ॥७१॥
कापालिक मतासक्ता बौद्ध शास्त्ररताः सदा ।
पाखण्डाचार विरता भवत ब्राह्मणाधमाः ॥७२॥
पितृ मातृ सुता भ्रातृ कन्या विक्रयिण स्तथा ।
भार्या विक्रयिण स्तद्वद्भवत ब्राह्मणाधमा ॥७३॥
वेद विक्रयिणस्तद्वत्तीर्थविक्रयिणस्तथा ।
धर्मविक्रयिणस्तद्वद्भवत ब्राह्मणाधमाः ॥७४॥
पांचरात्रे कामशास्त्रे तथा कापालिके मते ।
बौद्धे श्रद्धायूता यूयं भवत ब्राह्मणाधमाः ॥७५॥
मातृ कन्या गामिन श्च भगिनीगामिनस्तथा ।
परस्त्रीलंपटाः सर्वे भवत ब्राह्मणाधमाः ॥७६॥
युष्माकं वंशजाता श्च स्त्रियाश्च पुरुषास्तथा ।
महत्तशापदग्धास्ते भविष्याति भवत्समाः ॥७७॥
किं मयाबहुनोक्तेन मुलप्रकृतिरोश्वरी ।
गायत्री परमा भूया द्युष्मासु खलु कोपिता॥७८॥

अन्धकूपादि कुण्डेषु युष्माकं स्यात्सदा स्थितिः।
व्यास उवाच ॥
वाग्दण्डमीदृशं कृत्वा प्युपस्पृश्य जलं ततः॥७९॥
जगाम दर्शनार्थं च गायत्र्याः परमोत्सुकः ।
प्रणनाम महादेवीं साऽपि देवी परात्परा ॥८०॥
ब्राह्मणानां कृतिंदृष्ट्वा स्मयंचित्ते चकारह ।
अद्यापि तस्यावदनं स्मययुक्तं च दृश्यते ॥८१॥
उवाच मुनिवर्यंतं स्मयमान मुखाम्बुजा ।
भूजंगायार्पितं दुग्धं विषायै वोपजायते ॥८२॥
शांतिं कुरु महाभागा कर्मणोगतिरीदृशी ।
इति देवीं प्रणम्याथ ततोऽगात्स्वाश्रमं प्रति ॥८३॥
ततो विप्रैः शापदग्धर्विस्मृता वेदराशयः ।
गायत्री विस्मृता सर्वैस्तद्भुत मिवाऽभवत् ॥८४॥
ते सर्वेऽथमिलित्वातु पश्चात्तापयुतास्तथा ।
प्रणेमुर्मुनिवर्यंतं दंडवत्पतिता भुवि ॥८५॥
नो चुः किंचन वाक्यं तु लज्जयाऽधोमुखाःस्थिताः।
प्रसीदेति प्रसीदेति प्रसीदेति पुनः पुनः ॥८६॥
(देवी भागवत-स्कं० १२ अ० ९)

હે બ્રાહ્મણો! તમે યજ્ઞથી, શિવથી, શિવના મન્ત્રથી, મૂળ પ્રકૃતિરૂપ જગદંબાથી, દેવોના મન્ત્રથી, શ્રુતિ અને સ્મૃતિમાં કહેલા સદાચારથી અને અદ્વૈતજ્ઞાનથી વિમુખ થાઓ! તમે ધર્મ અને તીર્થને વેચનારા થાઓ! તમે પંચરાત્રમાં, કામશાસ્ત્રમાં, કાપાળિક મતમાં અને બૌદ્ધમતમાં શ્રદ્ધા રાખનારા થાઓ! મા, દિકરો, વહુ, બ્હેન અને પરસ્ત્રીઓમાં વ્યભિચાર કરનારા થાઓ! તમારા વંશજો પણ તમારા જેવા જ નિવડો! હું ઝાઝું શું કહું? ગાયત્રીદેવી તમારા ઉપર કોપ કરો! અને અંધકૂપાદિ નરકના કુંડમાં તમારી સર્વદા સ્થિતિ હજો!!"

ગૌતમના શાપથી બ્રાહ્મણો પોતાનું બધું ભણ્યું ભૂલી ગયા, અને અધમ સ્થિતિમાં આવી પડ્યા. તેઓ બધા લાજના માર્યા નીચાં મોં કરી ગૌતમને શરણે જઇ ક્ષમા માગવા લાગ્યા. દયાળુ ગૌતમે તેમને કહ્યું, જાઓ તમે ગાયત્રીદેવીના ચરણારવિંદનું સેવન કરો. પછી એમણે શાપનો અનુગ્રહ કર્યો કે જાઓ, કલિયુગમાં તમે નરકમાંથી નિકળી પુનઃ જન્મ લેશો. શ્રી કૃષ્ણના સ્વધામ પધાર્યા પછી કલિમાં બ્રાહ્મણો જન્મ્યા તે બધા ત્રિકાળ સંધ્યાથી, સત્કર્મોથી, દેવ અને પિતૃપુજનથી ભ્રષ્ટ થયા છે. તેઓ વેદમાર્ગ મૂકીને, કેટલાક તપમુદ્રાના ચિન્હવાળા, કેટલાક સ્વેચ્છાચારી, કેટલાક કાપાલિક, કેટલાક કૌલિક, કેટલાક બૌદ્ધ અને કેટલાક જૈન થયા. પંડિતો છતાં પણ દુરાચારને પ્રવર્ત્તાવનારા, પરસ્ત્રીઓમાં લંપટ અને નીચ આચરણવાળા બન્યા છે,

આ જ બનાવ શિવપુરાણમાં જુદી રીતે વર્ણવ્યો છેઃ—

"कदाचित्गौतमेनैव जलार्थं प्रेषिता निजाः।
शिष्यास्तत्रगताभक्त्याकमंडलुकराद्विजाः ॥ १ ॥
शिष्या जलसमिपेतु गतान्दृष्ट्वान्यषेधयन् ।
जलार्थमागतास्तत्रर्षिपत्न्योऽप्यनेकशः ॥ २ ॥
ऋषिपत्न्यो वयं पूर्वं ग्रहीष्यामा विदूरतः ।
पश्चात्रैवजलं ग्राह्य मित्येवंपर्य भर्त्सयन् ॥ ३ ॥
परावृत्यतदातैश्च ऋषिपत्न्य निवेदितम् ।
साचापितान्समादाय समाश्वास्यचतैःस्वयम् ॥४॥
जलंनीत्वा ददौतस्मै गौतमाय तपस्विनी ।
नित्यं निर्वाहयामास जलेन ऋषिसत्तमः ॥ ५ ॥
ताश्चैवसृषिपत्न्यस्तु क्रुद्धास्तां पर्यभर्त्सयन् ।
परावृत्य गतास्सर्वा स्तूटजान्कुटिलाशयाः ॥ ६ ॥
स्वाम्यग्रे विपरीतं च तद्वृत्तं निखिलंततः ।
दुष्टाशयाभिस्त्रिभिश्च ताभिर्वैवानिवेदितम् ॥ ७ ॥
अथ तासां वचः श्रुत्वा भाविकर्मवशात्तदा ।
गौतमाय च संक्रुद्धाश्चासंस्ते परमर्षयः ॥ ८ ॥
(शिव पु० कोटि रु० २५-२७)

ગૌતમના આશ્રમમાં રહેલા બ્રાહ્મણોએ ગણપતિને પ્રસન્ન કરવા તપ કર્યું; અને એમનો સાક્ષાત્કાર થતાં વર માગ્યો, કે તમે ગાય બનો અને ગૌતમને માથે ગૌહત્યાનો દોષ આવે એમ કરી જાઓ. ઘણી આનાકાની કર્યા બાદ વચને બંધાયવા ગણપતિએ ગાય

થવાનું કબૂલ્યું. તેઓ ગાય બનીને ગૌતમે બ્રાહ્મણોને બચરાવવા યવ, નિવાર, વગેરે પવિત્ર ધાન વાવ્યાં હતાં ત્યાં પેઠા. ગૌતમ સંધ્યા કરતા હતા! તેમણે ઘાસનાં તરબલાં લઈ તે વડે હાંકતાં ગાય પડીને મરી ગઇ, કૃતઘ્ની બ્રાહ્મણોએ ગૌતમને અપવિત્ર ઠેરવ્યો અને આશ્રમમાંથી જતા રહેવાનું કહ્યું. છેવટે શિવે સાક્ષાત્ દર્શન દઇને ગૌતમ પવિત્ર છે એમ કહ્યું. બ્રાહ્મણીઓએ ગૌતમના જ આશ્રમનું પાણી ગૌતમને અને એની સ્ત્રીને લેવા ન દીધું. અને પોતાના પતિઓને જુઠું કહી વેર કરાવ્યું. એ વેરને લીધે ગૌતમની કીર્તિને કલંકિત કરવાને ગણપતિનું તપ કરી તેમને ગાય બનાવી તેઓ ઉપર પ્રમાણે વર્ત્યા. (**શિવ પુ૦ કોટિરુદ્ર સ૦ ૨૫-૨૭**).

ગૌતમી. દ્રોણાચાર્યની ભાર્યા કૃપી તે જ. (**ભા૨૦ આ૦ ૧૪૦-૪૯**).

ગૌતમી. બ્રહ્મની સભામાંનો એક દેવતા. (**ભા૨૦ સ૦ ૧૧-૪૦**).

ગૌરક. ગૌર નામના દેશનો વતની. (**ભા૨૦ સ૦ ૭૮-૭૯**).

ગૌરપૃષ્ઠ. યમની સભામાંનો એક ક્ષત્રિય. (**ભા૨૦ સ૦ ૮-૨૧**).

ગૌરવાહન. ક્ષત્રિય વિશેષ. (**ભા૨૦ સ૦ ૩૭-૧૫**).

ગૌરી. નદી વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯-૨૫**)

ગ્રાહ. એક મગર વિશેષ. એણે દ્રોણાચાર્યને પકડ્યા હતા, તેમાંથી અર્જુને એને મારીને ગુરુને છોડાવ્યા હતા. (**ભા૨૦ આ૦ ૧૪૩-૧૨**).

ગ્રાહ૦ (૨). મગર રૂપ અપ્સરાઓ જેમને અર્જુને નારીતીર્થમાંથી ઉદ્ધારી હતી તે. (**ભા૨૦ આ૦ ૨૩૭**).

ઘટજાનુક. એક ઋષિ. (**ભા૨૦ સ૦૪-૧૯**)

ઘૃણિકા. દેવયાનીની ધાવ. (**ભા૨૦ આ૦ ૭૨-૩૫**).

ઘૃતાચી. કશ્યપની સ્ત્રી પ્રાધાને પેટે અવતરેલી એક અપ્સરા વિશેષ. રૌદ્રાશ્વની સ્ત્રી. એને ઋતેય આદિ દસ પુત્ર હતા. (**ભાગ૦ ૯-૨૦-૨૦-૧-૧૦-૧૦**)

ઘોષ. મૌર્યવંશની અંદર શુંગવંશમાં થએલા પુલિંદ રાજાનો પુત્ર. એનો પુત્ર વજ્રમિત્ર. એ એ વંશનો છઠ્ઠો રાજા હતો.

ઘોષયાત્રા. ગાય, ભેંસ, બળદ, આખલા વગેરે રાજ્યપશુઓની તપાસણી કરવાની સ્વારી. જે કરવાને બ્હાને દુર્યોધન પાંડવો વનવાસ વખતે રહ્યા હતા તે વનમાં એમને હેરાન કરવા અને વનવાસમાં દુઃખ વેઠતા જોઈ આનંદ માનવા ગયો હતો. (**ભા૨૦ વ૦ ૨૩૭**).

ચક્રોર. આન્ધ્રવંશમાંના સુનંદન રાજાનો પુત્ર. શિવસ્વાતિ. (**ભાગ૦ ૫-૧-૨૬**).

ચક્ર. વિષ્ણુનું એક હથીઆર-સુદર્શન ચક્ર તે જ. (**ભાગ૦ ૧-૫૭-૨૧**).

ચક્ર૦ (૨). સર્પ વિશેષ. (**ભા૨૦ આ૦ ૫૭-૬**).

ચક્રદેવ. એક યાદવ. (**ભા૨૦ સ૦ ૧૪-૬૦**).

ચક્રતીર્થ. સરસ્વતીના મૂળ પાસેનું તીર્થ વિશેષ. બલરામ તીર્થયાત્રા કરતા અહીં પણ આવ્યા હતા. (**ભાગ૦ ૧૦-૭૯-૧૯**).

ચક્રનદી. આ નદીમાંથી શાલગ્રામ મળી આવે છે. એને કાંઠે પુલાહાશ્રમ હતો. પ્રસિદ્ધ હરિહર તીર્થ પણ એને જ કાંઠે છે. પુલાહાશ્રમમાં રહેનાર ભક્તને ભગવાન્ તેની ઇચ્છા મુજબનાં દર્શન દે છે. ઋષભનો પુત્ર ભરત તપસ્યાને માટે અહીં જ રહ્યો હતો. (**ભાગ૦ ૫-૭-૧૦**) હાલની ગંડકી નદી તે જ.

ચક્રપાણી. વિષ્ણુનું એક નામ. (**ભાગ ૧-૧૮-૪૩**).

ચક્રા. દેશ વિશેષ. (**ભા૨૦ ભી૦ ૯-૪૫**),

ચણ્ડ. ચણ્ડીશ તે જ.

ચણ્ડદાંટ. ચણ્ડીશ તે જ.

ચણ્ડકડતું. ગરુડ પુત્ર. (**ભા૨૦ ઉ૦ ૧૦૧-૯**).

ચણ્ડા. સપ્તર્ષિની દાસી અને એમના દાસ પશુસખની સ્ત્રી. ગણ્ડા તે જ. (**ભા૨૦ અનુ૦ ૧૪૧-૫**).

ચણ્ડી. ચણ્ડીશ તે જ.

ચણ્ડીશ. શ્રી શંકર ભગવાનના ગણ પૈકી એક. એને ચંડી, ચંડ, ચંડેશ્વર, ચંડઘંટ ઇત્યાદિ બીજાં નામ છે. દક્ષના યજ્ઞવિધ્વંશ વખતે એણે પુષા નામના ઋત્વિજને બાંધ્યો હતો. (**ભાગ૦ ૪-૫-૧૭**).

ચતુર્યુગ. કૃત (સત્ય), ત્રેતા, દ્વાપર અને કળિયુગ એ ચાર યુગ. (**ભાગ૦ ૧૨-૬-૪૬**).

ચન્દ્ર. દાશરથી રામના પ્રધાન સુત્રનો એક પુત્ર.

ચન્દ્ર (૨). શ્રી અબધૂતનો એક ગુરુ. (**ભાગ૦ ૧૧-૭-૩૩**).

ચન્દ્ર (૩). શ્રી કૃષ્ણ અને નાગ્નજિતીનો પુત્ર. (**ભાગ૦ ૧૦-૬૧-૧૩**)

ચન્દ્ર (૪). શિશુમાર ચક્રના મનની જગાએ આવેલો છે તે. (**ભાગ૦૫-૧૩-૭**).

ચન્દ્ર (૫). ચન્દ્રવંશીય કુકુત્સ કુળના વિશ્વરંધ્રીનો પુત્ર. એનો પુત્ર યુવનાશ્વ (**ભાગ૦ ૯-૬-૨૦**).

ચન્દ્ર (૬). અત્રિ અને અનસૂયા એમનો બ્રહ્માંશ વડે ઉત્પન્ન થએલો પુત્ર. સત્તાવીશ દક્ષકન્યાનો પતિ. (**ભાગ૦ ૪-૧-૩૩**).

ચન્દ્ર (૭). સૂર્યમંડળમાં પૃથ્વીનો ઉપગ્રહ. એ સૂર્યકિરણોથી એક લાખ યોજન દૂર હોઇને બધાં નક્ષત્રો ફરી વળતાં એને સુમારે એક મહિનો એટલે ૨૭ દિવસ અને ૧૯ ઘટિકા લાગે છે. અને એક રાશિમાંથી બીજીમાં જતાં સુમારે એક દિવસ લાગે છે. એના શુકલ અને કૃષ્ણ પક્ષમાં વૃદ્ધિ અને ક્ષય થતાં દેવ અને પિતૃઓની એક અહોરાત્ર એટલે દિવસ અને રાત્રિ થાય છે. એ દશ ઇન્દ્રિયો, પંચમહાભૂત, અને મન એ સોળ કળાનો પ્રાણાધાર હોવાથી એને સર્વમય કહ્યો છે. (**ભાગ૦ ૫-૨૨-૮**).

ચન્દ્રવિજ્ઞ. કલિયુગમાં બહુ નામના રાજવંશના વિજયનો પુત્ર. (**ભાગ૦ ૧૨-૧-૨૭**).

ચન્દ્રોદય. એક ક્ષત્રિય, વિરાટનો ભાઇ, (**ભા૨૦ દ્રો૦ ૧૫૮-૪૧**).

ચમ્પા. ચમ્પ રાજાએ બનાવેલી નગરીનું નામ. (**ભાગ૦ ૯-૮-૧**).

ચર્ષણી. વરુણ નામના નવમા આદિત્યની સ્ત્રી. એનો પુત્ર ભૃગુ. (**ભાગ૦ ભા૨૦ ભી૦ ૯૦**). ક્રોધમાં ચર્ષણી શબ્દ જુઓ.

ચર્ષણી (૨). અર્યમા આદિત્ય અને માતૃકાનાં છોકરાંની સંજ્ઞા. ચર્ષણીનો શબ્દાર્થ વિવેકી એવો થાય છે. (**ભાગ૦ ૬-૬-૪૨**).

ચક્ષુ. ઉત્તાનપાદ વંશના સર્વતેજસ રાજર્ષિ વડે આકૂતીને થએલો પુત્ર. એ બીજો મનુ હતો. એને નડ્વલા નામની સ્ત્રી, પુરુ, કુત્સ, ત્રિત, ઘુમ્ન ઇત્યાદિ બાર પુત્ર હતા.(**ભાગ૦ ૪-૧૨-૧૫**).

ચાક્ષુષ. વિશ્વકર્માનો પુત્ર. એના પુત્ર સાધ્યગણ અને વિશ્વદેવો.

ચાક્ષુષ (૨). ચક્ષુ નામના બીજા મનુનો પુત્ર. એ પોતે છઠ્ઠો મનુ હતો. એના પુત્ર પુરુ, પુરુષ, સુદ્યુમ્નાદિ. આ મન્વંતરમાં મંત્રદ્રુમ નામનો ઇન્દ્ર, આપ્યાદિ દેવ, હવિષ્મદાદિ ઋષિ હોઇને વૈરાજ અને સંભૂતિના પુત્ર અજિત નામનો અવતાર થયો. એ અવતારે સમુદ્ર મંથનકાળે કૂર્મ (કાચબા) રુપે પોતાની પીઠ પર પર્વત-મંદ્રાચળ-ધારણ કર્યો હતો. (**ભાગ૦ ૮-૫-૭**).

ચાક્ષુષી. ચિત્રરથે અર્જુનને શિખવેલી નેત્રપલ્લવી, આંખના ઇસારાની વિદ્યા. (**ભા૨૦ આ૦ ૧૮૬-૪૩; ૧૯૮-૫**).

ચાણક્ય. નંદવંશનો ઉચ્છેદ કરીને મૌર્યવંશની સ્થાપના કરનાર બ્રાહ્મણ વિશેષ. એણે ચન્દ્રગુપ્તને અભિષેક કર્યો હતો. વિષ્ણુગુપ્ત, કૌટિલ્ય, કૌટલેય એવાં એનાં બીજાં નામો છે. એણે લખેલો અર્થશાસ્ત્રનો ગ્રન્થ પ્રસિદ્ધ છે. (**ભાગ૦ ૧૨-૧-૨**).

ચાણૂર. યુધિષ્ઠિરની સભામાંનો એક ક્ષત્રિય. (**ભા૨૦ સ૦ ૪-૩૨**).

ચાતકિ. ભૃગુકુલોત્પન્ન ઋષિ વિશેષ.

ચાતુર્માસ્ય. સવિતા નામના પાંચમા આદિત્ય

અને પૃશ્નિ એનાં સંતાનોમાંનું એક.(ભાગ૦ ૬–૧૮–૧).

ચાતુર્માસ્ય (૨). યજ્ઞ વિશેષ. (ભાગ૦ ૫–૭–૫).

ચાતુર્માસ્ય (૩). અષાડ સુદ અગિયારસથી કાર્ત્તિક સુદ પ્રબોધિની અગિયારસ સુધીનો સમય. ચાતુર માસ તે જ. આ કાળ પવિત્ર મનાય છે.

ચારણ. દેવ વિશેષ. એ રાહુના નિચલા પ્રદેશમાં રહે છે. (ભાગ૦ ૫–૨૪–૪).

ચારુ. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.(ભાર૦ આ૦ ૬૮–૬૫).

ચારુચિત્ર. સોમવંશીય ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર. એને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (ભાર૦ દ્રો૦ ૧૩૬–૨૪).

ચર્વાક. અવંતી દેશમાં ક્ષિપ્રા અને ચામલા નદીના સઙ્ગમ ઉપર શંખોદ્ધાર ક્ષેત્રમાં જન્મેલો એક નાસ્તિક તત્વજ્ઞાની. એનો પિતા ઇન્દુકાન્ત અને માતા સુગ્વિણી. એ પુષ્કર તીર્થમાં યજ્ઞગિરિ પર્વત ઉપર મૃત્યુ પામ્યો હતો.

ચિત્ર. સર્પ વિશેષ. (ભાર૦ સ૦ ૯–૮).

ચિત્ર. (૨). દુર્યોધન પક્ષનો એક ક્ષત્રિય. એને યુદ્ધમાં પ્રતિવિન્ધ્યે માર્યો હતો. (ભાર૦ ક૦ ૧૧–૩૪).

ચિત્રકેતુ. ગરુડપુત્ર. (ભાર૦ ઉ૦ ૧૦૧–૧૨).

ચિત્રદર્શન. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. (ભાર૦ ભી૦ ૭૯–૨૨).

ચિત્રબર્હ. ગરુડપુત્ર. (ભાર૦ ઉ૦ ૧૦૧–૧૨).

ચિત્રમાય. ઋષિ વિશેષ.

ચિત્રમુખ. આ પ્રથમ વૈશ્ય હોઈ પછીથી બ્રાહ્મણ થયો હતો. એની અદૃશ્યન્તી નામની પુત્રી શક્તિ ઋષિની ભાર્યા હતી. (ભાર૦ અનુ૦ ૫૩–૧૭).

ચિત્રવેત્રિક. સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૫૭–૧૮).

ચિત્રશિખણ્ડિન. સપ્તર્ષિયો તે જ. (ભાર૦ શાં૦ ૩૪૩–૩૦).

ચિત્રાક્ષ. ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. એને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (ભાર૦ દ્રો૦ ૧૩૬–૨૦).

ચિત્રાઙ્ગ. ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. (ભાર૦ આ૦ ૧૩૧–૬).

ચિત્રાઙ્ગદ. દશાર્ણનો અધિપતિ એક ક્ષત્રિય. એને અર્જુને હરાવ્યો હતો. (ભાર૦ અશ્વ૦ ૮૪–૬).

ચિત્રોપચિત્ર. ધૃતરાષ્ટ્રનો સોમાંનો એક પુત્ર. એને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (ભાર૦ ૧૩૬–૨૦).

ચિત્રકારિક. ચિત્રકારી તે જ.

ચિરાન્તક. ગરુડપુત્ર. (ભાર૦ ઉ૦ ૧૦૧–૧૩).

ચીરવાસા. યક્ષ વિશેષ. (ભાર૦ સ૦ ૧૦–૧૯).

ચૈત્રક. બગડાની સંજ્ઞાવાળો " ચૈત્યક " શબ્દ જુઓ.

ચૈત્રરથ. બીજો ચૈત્રરથ શબ્દ કોષમાં જૂઓ. અહીં પૂરુરવા અને ઉર્વશી ક્રિડા સારુ આવ્યાં હતાં. (ભાગ૦ ૫–૨૬–૧૪; ૯–૧૪–૨૪).

ચૈત્ય. આને જ ક્ષેત્રજ્ઞ કહે છે. ચિત્ત અને તેના અધિષ્ઠાતા દેવતા બન્નેની ઉત્પત્તિ અન્તઃકરણમાંથી થઇ છે. (ભાગ૦ ૩–૨૬–૬૧).

ચૌણ્ડિક. દેશ વિશેષ. (ભાર૦ સ૦ ૭૮–૮૧).

ચૌલિ. ચોલિ તે જ.

ચ્યવન. પરિક્ષીત રાજા પાસે આવેલો એક ઋષિ.

છન્દોદેવ. મતઙ્ગનું બીજા જન્માંતરનું નામ. (ભાર૦ અનુ૦ ૫–૨૬).

છત્રાક. ચોમાસામાં ઝાડ ઉપર અગર જમીન ઉપર છત્રી જેવી ઉગતી વનસ્પતિ વિશેષ. ભોંયછત્રી. ખિલાડીનો ટોપ. (ભાગ૦ ૧૦–૨૫–૧૯).

છન્દ. વેદ. અનુષ્ટુભાદિ છન્દોનું પ્રથમનું નામાન્તર, (ભાગ૦ ૧૨–૬–૬૦).

છમ્બટ. નાશ તે. (ભાગ૦ ૩–૧૮.–૨૬).

જગતી. અડતાળિસ અક્ષરનો છંદ વિશેષ. એ

બ્રહ્મદેવના અસ્થિમાંથી ઉત્પન્ન થયો હતો. (ભાગ૦ ૩–૧૨–૪૫).

જહ્નુકન્યા. યુધિષ્ઠિરની સભાનો એક ઋષિ. (ભાર૦ સ૦ ૪–૨૨).

જટાસુર. મદ્રદેશાધિપતિ, એક ક્ષત્રિય. (ભાર૦ સ૦ ૪–૩૦).

જતુગૃહ. દુર્યોધને પાંડવોને બાળી નાંખવાને ચોજેલું લાક્ષાગૃહ તે જ. એને ભીમસેને સળગાવી દીધું હતું. (ભાર૦ ૧૫૪–૧૫૬; આ૦ ૧૬૦).

જન્મેજય. ક્ષત્રિય. દુષ્યન્તપુત્ર. એની માનું નામ લક્ષણા, લાક્ષી અને લાક્ષ્યા એવાં એનાં બીજાં નામ પણ હતાં. (ભાર૦ આ૦ ૮૮–૧૪).

જન્મેજય (૨). સોમવંશના કુરુનો પુત્ર, ક્ષત્રિય. એની માનું નામ વાહિની હતું. ધૃતરાષ્ટ્રાદિ એના પુત્રો હતા. (ભાર૦ આ૦ ૧૦૧–૩૬).

જન્મેજય (૩). એક પાઞ્ચાલ–ક્ષત્રિ. (ભાર૦ દ્રો૦ ૨૩–૫૧).

જન્તુ. સોમક રાજપુત્ર. (ભાર૦ વ૦ ૧૨૮–૪).

જમ્બૂ. સઘળી પૃથ્વી ઉપર એક સરખો પ્રકાશ પડે અને જૂની માન્યતા પ્રમાણે, મેરુના પરછાયા વડે અંધારું ન થાય એટલા સારુ પ્રિયવ્રત રાજા મેરુની આજુબાજુ ફર્યો હતો. અને એના એમ ફરવાથી એના રથનાં પૈડાં વડે થએલા ચીલાથી પૃથ્વીના સાત ભાગ થયા હતા, તેમાંનો એક ભાગ વિશેષ.

પૃથ્વીના પ્રિયવ્રત પુત્ર. આગ્નીધ્રે નવ ભાગ પાડીને પોતાના નવ પુત્રોને આપ્યા હતા. એ ભાગ તે અજનાભ, કિંપુરુષ, હરિ, ભદ્રાશ્વ, રમ્યક, હિરણ્ય, કુરુ, કર્તુમાપ અને સઘળાની વચ્ચે આવેલો ઇલાવૃત્ત. (ભાગ૦ ૫–૧૬–૧૯).

જમ્બૂદ્વીપ. સપ્તદ્વીપમાંનો એક. (ભાર૦ સ૦ ૨૬–૨૪).

જમ્બૂવન. મેરુ પર્વત ઉપરનું વન વિશેષ. એ એ પ્રદેશના સ્વર્ગ જેવું છે (ભાર૦ અનુ૦ ૨૪૦).

જમ્ભ. બલિનો મિત્ર યુદ્ધમાં ઇન્દ્રના વજ્ર વડે બલિ વિહ્વળ થયો ત્યારે આ સિંહ ઉપર બેસીને ઇન્દ્ર સાથે યુદ્ધ કરવા આવ્યો હતો. યુદ્ધમાં એને ઇન્દ્રે મારી નાંખ્યો હતો. (ભાગ૦ ૮–૧૧–૧૩).

જમ્ભક. ક્ષત્રિય વિશેષ. (ભાર૦ સ૦ ૩૨–૭).

જય. શ્રી મહાભારત મહાકાવ્ય તે જ. (ભાર૦ સ્વર્ગ૦ ૫–૫૪)

જય (૨) સોમવંશીય ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. એને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (ભાર૦ ભી૦ ૭૭–૭૦; દ્રો૦ ૧૩૫–૩૦–૩૬).

જય (૩). વિરાટ નગરમાં યુધિષ્ઠિરે રાખેલું ગુપ્ત નામ. (ભાર૦ વિ૦ ૭–૬૬; ૨૧–૧૯).

જય (૪). યમની સભાનો એક ક્ષત્રિય. (ભાર૦ સ૦ ૯–૧૫).

જયત્સેન. સોમવંશી ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. (ભાર૦ ભી૦ ૭૭–૭૬). એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો.

જયદ્બળ. વિરાટનગરમાં સહદેવે ધારેલું પ્રચ્છન્ન નામ. (ભાર૦ વિ૦ ૭–૬૬).

જયાનીક. વિરાટનો ભાઇ, ક્ષત્રિય. ભાર૦ દ્રો૦ ૧૫૮–૪૧).

જયાશ્વ. વિરાટનો ભાઈ, ક્ષત્રિય. (ભાર૦ દ્રો૦ ૧૫૬–૪૧).

જયેશ. વિરાટનગરમાં ગુપ્તવાસ સમયે રાખેલું ભીમસેનનું નામ. (ભાર૦ વિ૦ ૭–૬૬; ૨૭–૧૯).

જયન્ત. યાદવ વિશેષ. (ભાગ૦ ૧–૧૪–૨૮).

જયન્ત (૨). વિષ્ણુનો એક પાર્ષદ. (ભાગ૦ ૮–૨૧–૧૭).

જયન્ત (૩). ત્રેતાયુગમાં પરમેશ્વરનું નામ. (ભાગ૦ ૧૧–૫–૨૬).

જયન્ત (૪). અગિયારમા આદિત્ય.

જર. એક શિકારી, જેણે શ્રી કૃષ્ણ ભગવાનના પગના તળીયામાંનું પદ્મ જોયું, તેને મૃગની

આંખ ધારી, કૃષ્ણને મૃગ સમજી, બાણ મારી નિધન કર્યો હતા તે. (ભા૨૦ મૌ૦ ૫–૨૨–૨૫).

જરિતા. શાર્ઙ્ગિણી પક્ષિણી, આને મદનપાળ નામના ઋષિથી જરિતારી, સારિરક, દ્રોણ અને સ્તમ્બમિત્ર એમ ચાર પુત્રો થયા હતા. (ભા૨૦ સા૦ ૨૫૫–૧૬).

જરિતારિ. જરિતાને મન્દપાળ ઋષિથી થએલો પુત્ર. (ભા૨૦ આ૦ ૨૫૮–૧).

જલન્ધરા. કાશીરાજની સુતા, ભીમસેનની ભાર્યા. એને સર્વગાત્ર નામે પુત્ર હતો. (ભા૨૦ આ૦ ૬૨–૭૬).

જન્હુ સોમવંશી સુહોત્રપુત્ર અજમીઢનો પુત્ર. એની માનું નામ કેશિની. એના વંશના બધા કુશિકો કહેવાતા. (ભા૨૦ આ૦ ૧૦૧–૨૦). જ્યારે ભગીરથ રાજા સ્વર્ગમાંથી ગઙ્ગાને લઇને આવતો હતો, ત્યારે ગઙ્ગા એના રથની પાછળ પાછળ આવતી હતી. જન્હુના યજ્ઞને માટે તૈયાર કરેલી જગા બોળી નાંખવાથી જન્હુ ગઙ્ગાનું આચમન કરીને પી ગયો હતો. પછી ભગીરથની પ્રાર્થના ઉપરથી પોતાના કાનમાંથી ગઙ્ગાને કાઢી હતી. આથી ગઙ્ગાનું નામ જાન્હવી પડ્યું છે.

प्रायादग्रे महाराजस्तं गङ्गा पृष्ठतोऽन्वगात् ।
देवाः सर्षिगणाः सर्वे दैत्य दानव राक्षसाः॥३१॥
गंधर्व यक्ष प्रवराः स किंनर महोरगाः ।
सर्पाश्चाप्सरसो राम भगीरथ रथानुगा ॥३२॥
गङ्गामन्व गमन्प्रीता सर्वे जलचराश्चये ।
यतो भगीरथो राजा ततो गङ्गा यशस्विनी३३
जगाम सरितां श्रेष्ठा सर्व पाप प्रणाशिनी ।
ततो हि यजमानस्य जान्होरद्भुत कर्मणः॥३४॥
गंगा संप्लावयामास यज्ञवाहं महात्मजः ।
तस्यावलेपनं ज्ञात्वा क्रुद्धो जन्हु श्च राघव॥३५॥
अपिबत्तु जलं सर्वं गङ्गयाः परमाद्भुतम् ।
ततो देवाः सगन्धर्वा ऋषयश्च सु विस्मिता३६
पूजयन्ति महात्मानां जन्हुं पूरुष सत्तमम् ।
गंगा चापि नयन्तिस्म दुहितृत्वे महात्मनः३७
तत स्तुष्टो महातेजाः श्रोत्राभ्यामसृजत्प्रभुः ।
तस्माज्जन्हुसुता गन्ता प्रोच्यतेजान्हवीति च३८
जगाम च पुनर्गङ्गा भगीरथ रथानुगा ।
सागरं चापि संप्राप्ता सा सरित्प्रवरातदा ॥३९॥
(વા૦ રા૦ બા૦ ૪૩),

જન્હુ (૨). મિથિલનો પુત્ર. સિંધુદ્વીપનો પિતા. (ભા. અનુ૦ ૭–૨).

જન્હુસુતા. ગઙ્ગા. (ભા૨૦ આ૦ ૧૦૫–૧૩; ૭–૩).

જયા. મહાસુદ અગિયારસ.

જાજલિ. વેદશિર્ષ ઋષિનો શિષ્ય વિશેષ. એણે અથર્વવેદનું અધ્યયન કર્યું હતું. (ભા૦ ૧૨–૭–૨).

જાજલિ (૨). એક ઋષિ. પશ્ચિમ સમુદ્ર તીરે એને મુક્તિ મળી હતી. (ભાગ૦ ૪–૩૧–૨).

જાનકિ. ક્ષત્રિય વિશેષ. (ભા૨૦ આ૦ ૬૮–૩૯).

જામ્બૂનદ. જામ્બૂ નદીમાંથી પ્રાપ્ત થતું સોનું. (ભાગ૦ ૫–૧૬–૨૦).

જામ્બૂ નદી. નદી વિશેષ. (ભા૨૦ ભી૦ ૨–૩૦).

જાસુથિ. એક નગરી વિશેષ. (ભા૨૦ ભી૦ ૯–૩૦). એનો અધિપતિ અજુહુતિ નામનો હતો જેને શ્રી કૃષ્ણે હરાવ્યો હતો.

જૃમ્ભણાસ્ત્ર. અસ્ત્ર વિશેષ. બાણાસુર સાથેના સંગ્રામમાં શ્રી કૃષ્ણે શંકર ભગવાનના સૈન્ય ઉપર આ અસ્ત્ર મૂકયું હતું. (ભાગ૦ ૧૦–૬૩–૧૪)

જૈત્ર. સોમવંશીય ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક. એને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (ભા૨૦ શા૦ ૨૫–૫–૧૨).

જ્યેષ્ટસ્થાન. મહાદેવ ક્ષેત્ર વિશેષ. (ભા૨૦ વ૦ ૮૩–૬૨).

જ્યેષ્ટા. અલક્ષ્મી, એના પુત્રનું નામ અધર્મ, (ભા૨૦ આ૦ ૬૭–૫૩).

જ્યેષ્ટા (૨). નક્ષત્ર વિશેષ.

જ્યેષ્ઠિલા. નદી વિશેષ. (ભા૨૦ ૨–૨૫).

જ્યોતિ. બ્રહ્મનો પુત્ર (ભા૨૦ આ૦ ૬૬–૨૩).

જ્યોતિક. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫–૧૩).

જ્યોતિરથ્યા. નદી વિશેષ. (ભા૨૦ વ૦ ૮૩–૮).

જ્યોત્સ્યનાકાલી. ચન્દ્રપુત્રી, વરુણપુત્ર પુષ્કરની ભાર્યા. (ભા૨૦ ઉ૦ ૯૮–૧૩).

જ્વર. અસ્ત્ર વિશેષ. બાણાસુર સાથેના સંગ્રામમાં શ્રી કૃષ્ણઅને શંકર ભગવાન બન્ને એ એક બીજાના સૈન્ય પર મૂકયો હતો. (ભાગ૦ ૧૦–૬૩–૨૩).

જ્વલન્તી. તક્ષકપુત્રી, ઋક્ષની ભાર્યા. અન્ત્યનારની માતા. (ભા૨૦ આ૦ ૬૩–૨૫).

ડમ્બોદ્ભવ. (દમ્બોદ્ભવ) એક ક્ષત્રિય. (ભા૨૦ ઉ૦ ૯૬; વિ૦ ૫૩–૧૫).

ડાકિની. શિવગણોમાંની પિશાચની જાતિ વિશેષ. બાણાસુર સાથેના શ્રી કૃષ્ણના સંગ્રામમાં શંકર ભગવાન સાથે હતી. (ભાગ૦ ૧૦–૬૩–૧૩).

ડિમ્ભિક. હંસનો ભાઇ, જેને શ્રી કૃષ્ણે જમનામાં ડુબાડયો હતો. (ભા૦ સ૦ ૧૪–૧૩).

તર્જનીમુદ્રા. અંગુઠો અને તર્જની બન્નેના અગ્રભાગ એકઠા કરી, બાકીની આંગળીઓ લાંબી રાખવાથી બનતી મુદ્રા, (ભાગ૦ ૪–૬–૩૮).

તક્ષક. વિશ્વકર્મા તે જ.

તપન અમૃતનું રક્ષણ કરનાર દેવ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૨–૧૮).

તલ. દૂર્ગાનું સિંહાસન. (ડાઉસન ૩૧૭).

તલવકાર. કેન ઉપનિષદનું બીજું નામ. (ડાઉસન ૩૧૭).

તાણ્ડ. એક ઋષિ. (ભા૨૦ સ૦ ૭–૧૨).

તાણ્ડ્ય. એક ઋષિ. (ભા૨૦ શાં૦ ૨૫૦–૧૭).

તાપી. સૂર્યે પોતે ઉષ્ણતાથી પોતાનું રક્ષણ કરવાને ઉત્પન્ન કરેલી નદી. મુક્તતાપના સરોવરમાંથી એ નિકળે છે. (ભાગ૦ ૫–૧૯–૧૮).

તામ્રદ્વીપ. દ્વીપ વિશેષ. રાજસૂયયજ્ઞના દિગ્વિજયમાં સહદેવ અહીં ગયો હતો. (ભા૨૦ સ૦ ૩૨–૭૦)

તામ્રલિપક. દેશ વિશેષ. સલાઇ નદી અને હુગલી નદીના સંગમની ઉપરવાંસે આવેલું હાલનું તામલૂક તે જ.

તામ્રા. નદી વિશેષ. (ભા૨૦ ભી૦ ૯–૨૮).

તાર્થ્ય. કશ્યપનું નામન્તર. (ભાગ૦ ૬–૬–૨૧).

તાલજઙ્ઘ. શર્યાતિપુત્ર. (આ૨૦ અનુ૦ ૮–૮).

તાલજઙ્ઘ (૨). બલરામના ધ્વજનું નામ (૧૦–૫૦–૨૨).

તાલધ્વજ. ભીષ્મ. (ભા૨૦ વિ૦ ૫૬)

ગક્ષવન. વંદાવન પાસે અરણ્ય વિશેષ. અહીં બલરામે ધેનુક નામના અસુરનો વધ કર્યો હતો. (ભાગ૦ ૧૦–૧૫–૨૧).

તિત્તિરી. લાવરી પક્ષી વિશેષ. વિશ્વરૂપનાં ત્રણ મસ્તકોમાંથી " અન્નાદ " નામના મસ્તકમાંથી ઉત્પન્ન થએલું પક્ષી. (ભાગ ૬–૯–૫).

તિત્તિરી (૨). ભારતવર્ષીય દેશ વિશેષ.

તિતિક્ષા. સહનશીલપણું.

તિમિન. કાલ્પનિક મત્સ્ય. (ડાઉસન ૩૧૯).

તિમિનગલ. તિમિનને ગળી જનાર મોટું કાલ્પનિક મત્સ્ય. (ડાઉસન ૩૧૯).

તિમનગલગમ. તિમિનગલને ગળી જનાર એથી યે મોટું કાલ્પનિક મત્સ્ય. (ડાઉસન ૩૧૯).

તિમિરાપહ. અગ્નિવંશનો મુખ્ય અગ્નિ. (ભા૨૦ વ૦ ૨૦–૧૪).

તુંગભદ્રા. કોપમાં નામ આપ્યું છે તે નદી વિશેષ. એ મહૈસુરના કડપ્પ જીલ્લામા પશ્ચિમ ઘાટમાં ગંગામૂળા આગળથી નિકળે છે. તુંગા અને ભદ્રા નામના બે નાના પ્રવાહો મળીને આ નદી મળી છે. શિમોગા જીલ્લાની ઉત્તરે કુદાલી નામની જગાએ તુંગા અને ભદ્રાનો સંગમ થાય છે. ચારસેં મૈલ વહીને કર્નુલની પેલી મેર કૃષ્ણાને મળે છે. કુમુધતી, વરદા

અને હરિદ્રા નામની બીજી નદીઓ આને મળે છે.

આના સંબંધમાં આખ્યાયિકા છે કે એક રાક્ષસ પૃથ્વીને પકડીને પાતાળમાં લઈ જતો હતો; વિષ્ણુએ વરાહ અવતાર ધારણ કરીને સમુદ્રમાં ડૂબકી મારી, અને પૃથ્વીને ઉપર આણી. આથી વિષ્ણુને શ્રમ થયો અને પોતે વરાહ પર્વત પર બેશી થાક ખાતા હતા તે વખત એમના મુખાર્વિંદ ઉપરથી શ્રમજળની ધારાઓ ચાલતી હતી. વરાહ ભગવાનની ડાબી દાઢ પાસેથી નિકળતી શ્રમજળની ધારા તે તુંગા અને જમણી દાઢ પાસેથી નિકળતી ધારાનું નામ ભદ્રા પડયું હતું. આ બન્ને ધારાઓ એકત્ર થતાં આ તુંગભદ્રા નદી બની છે. (ભાગ ૫-૧૯-૧૮)

તુંબરુ. ચૈત્ર મહિનામાં ધાતા નામના સૂર્યની જોડે સંચાર કરનાર ગંધર્વ વિશેષ. (ભાગ૦ ૧૨-૧૧-૩૩).

તુરાયણ. યજ્ઞ વિશેષ. (ભા૨૦ ૫૦ ૧૨-૨૪).

તુરુષ્ક. કલિયુગમાં આ સંજ્ઞાના ચૌદ રાજાઓ થયા હતા તે. (ભાગ૦ ૧૨-૧-૩૦)

તુલા. બાર રાશિ પૈકી એક.

તૃણબિંદુસર. સૂર્યવંશીય મરુતના કુળમાં ઉત્પન્ન થએલા તૃણબિન્દુ નામના ક્ષત્રિયે નિર્માણ કરેલું મારવાડમાં આવેલું સરોવર વિશેષ. દરરોજ મૃગયા કરવાથી અમારો સદંતર નાશ થઇ જઇ અમારો વંશ જશે માટે આપ બીજા વનમાં પધારો, એવું દ્વૈતવનના મૃગોએ સ્વપ્નામાં યુધિષ્ઠિરને કહેવાથી તેઓ બધા પાંડવોને અને સમાગમમાં હતા તે સર્વેને લઇને દ્વૈતવનમાંથી મુકામ ઉઠાવી આ સરોવરની પાસે આવેલા કામ્યકવનમાં રહેવા ગયા હતા.

पुनर्बहुमृगंरम्यं काम्यकं काननोत्तमम् ।
मरुभूमे शिरस्थानं तृणबिन्दुसरः प्रति ।
तत्रेमां वसतिं शिष्टां विहरन्तो रमेमहि ॥१३॥
(ભા૨૦ ૫૦ ૨૫૯).

તેજ. અગ્નિ તે જ.

તોશલ. તોશલક નામનો કંસનો મલ્લ વિશેષ.

તસુ. ત્રસ્નુ તે જ.

ત્રસ્નુ. સોમવંશીય અન્ત્યનારનો પુત્ર, એની માતાનું નામ સરસ્વતી. કાલિન્દી એની ભાર્યા થાય. એના પુત્રનું નામ દલિલ. (ભા૨૦ અા૦ ૬૩-૨૮).

ત્રિકૂટ. ત્રણ શિખરવાળો પર્વત વિશેષ, જેના ઉપર લંકાપુરી આવી હતી તે. (ડાઉસના૦ ૩૨૦).

ત્રિકુટ (૨). મેરુની દક્ષિણે આવેલો એક એ નામનો પર્વત.(ડાઉસના૦ ૩૨૦).

ત્રિત. સરસ્વતીના પાત્રમાં આવેલું તીર્થ વિશેષ. અહીં વિદૂર તીર્થયાત્રા વખતે આવેલ હતા. (ભાગ૦ ૩-૧-૨૨)

ત્રિત (૨). ઉતરતી પંક્તિના દેવ વિશેષ. ઋગ્વેદમાં કોઇ કોઇ ઠેકાણે એમનાં નામ ઇન્દ્રના સંબંધમાં મળી આવે છે. " કુવાના આચ્છાદનમાંથી જેમ ત્રિત, તેમ ઇન્દ્રે બલનાં બચાવનાં સાધનો તોડી નાંખ્યાં.

આ વાક્યનો અર્થ સ્પષ્ટ કરતાં ટિકાકારો એક આખ્યાયિકા આપે છે કે, એકત, દ્વીત અને ત્રિત નામના ત્રણેને અગ્નિએ યજ્ઞના પાણીમાં નાંખી દીધેલા અંગારાને વળગી રહેલું હવિનું ઘી ઉખાડવા સારુ પાણીમાં ઉત્પન્ન કર્યા હતા. અગ્નિએ હવિ હોમેલા અંગારા પાણીમાં નાંખ્યા અને તેમાંથી આ ત્રણ ભાઇઓ ઉત્પન્ન થયા. એઓ આપ-પાણીમાંથી ઉત્પન્ન થયા સબબ એમનું નામ " આપત્ય " પડયું, ત્રિત એક દિવસ કુવે પાણી ભરવા ગયો અને એમાં પડી ગયો અસુરોએ કુવા ઉપર ઢાંકણો દઇ દીધાં કે એનાથી બહાર નિકળાય નહિ. પણ ત્રિત ઘણી સહેલાઇથી તેમાં થઇને બહાર આવ્યો. નીતીમંજરીમાં આ વાત પાઠાફેર આપી છે. એકત અને દ્વીપ, તરસ્યા થવાથી ત્રિત પાણી લેવા ગયો. એણે પાણી આણીને પોતાના

ભાઇઓને આપ્યું. ત્રિતનો ભાગ પચાવી પાડવાના હેતુથી ભાઇઓએ એને કૂવામાં ફેંકી દીધો અને ઉપર મોટું પૈડું ઢાંકયું. અને પોતે ચાલતા થયા. ત્રિતે દેવોની ઘણી પ્રાર્થના કરી તેથી એ બહાર નીકળ્યો.

મહાભારતમાં આ આખ્યાયિકા ઓર પાઠાફેર આપી છે. શલ્યપર્વમાં છત્રિશમા અધ્યાયમાં કહ્યું છે કે:—

પૂર્વયુગમાં એકત, દ્વિત અને ત્રિત નામના ત્રણ ભાઇઓ મુનિવૃત્તિવાળા હતા. તે ત્રણે ભાઇઓ સૂર્યસમાન તેજસ્વી હતા, પ્રજાપતિની પેઠે કુટુંબવત્સલ હતા, પ્રજાવાળા હતા, સર્વે બ્રહ્મચારી હતા અને તપના મહાત્મ્યથી બ્રહ્મલોકને જીતનારા હતા. તેમના ધર્માસક્ત પિતા ગૌતમ પોતાના એ ત્રણે પુત્રોના તપથી, નિયમથી અને ઇન્દ્રિયનિગ્રહથી સદા તેઓના ઉપર પ્રસન્ન રહેતા હતા. કેટલોક સમય વિત્યા પછી ભગવાન ગૌતમ ઘણા લાંબા કાળ સુધી પોતાના પુત્રોની પ્રીતિ સંપાદન કરીને કર્માનુરુપ સ્થાને સિધાવી ગયા. તેમના મરણ પછી જે રાજાઓ તે મહાત્માના યજમાન હતા, તેઓ સર્વે તેમના પુત્રોનું સન્માન કરવા લાગ્યા.

હવે પેલા ત્રણે ભાઇઓમાં એવું બન્યું કે સૌથી નાનો ત્રિતમુનિ વૈદિક કર્મકાંડ અને અધ્યયન આદિ ગુણોથી જેમ તેમના પિતા હતા તેવો જ સર્વશ્રેષ્ટ થયો. અને તેથી જ મહાપવિત્ર લક્ષણવાળા ભાગ્યશાળી બધા મુનિયો જેમ એના પિતાનો આદરસત્કાર કરતા તેમ, ત્રિતમુનિનો પણ આદરસત્કાર કરવા લાગ્યા. તે પછી એક દિવસે એકત અને દ્વિત એ બે મોટા ભાઇઓ યજ્ઞને માટે તથા યજ્ઞોપયોગી દ્રવ્યને માટે ચિંતા કરવા લાગ્યા. બૂબ વિચાર કરતાં તેઓને એક બુદ્ધિ સુઝી આવી કે " ત્રિતને સાથે રાખી આપણે સર્વ યજમાનો પાસે યજ્ઞો કરાવી, પુષ્કળ પશુઓનો પ્રતિગ્રહ કરીએ, હર્ષપૂર્વક સોમરસનું પાન કરીએ અને યજ્ઞનું મહાફળ પ્રાપ્ત કરીએ. આવો વિચાર કરી એ ત્રણે મહાત્મા મહર્ષિઓ પોતાના યજમાનો પાસે જઇને દક્ષિણાઓની ગાયો મેળવવા માટે તેઓ પાસે યજ્ઞો કરાવવા લાગ્યા. અને અનેક યજ્ઞોમાં તેઓએ વૈદિકકર્મદ્વારા વિધિપૂર્વક પ્રતિગ્રહ કરીને અનેક પશુઓ મેળવ્યાં. પછી તે મહર્ષિયો સર્વ પશુઓને આગળ કરીને પૂર્વ દિશા તરફ ચાલ્યા. તે સમયે ત્રિતમુનિ હરખાતા હરખાતા સૌની આગળ ચાલતા હતા અને એકત તથા દ્વિત પશુઓને હાંકતા હાંકતા ત્રિતની પાછળ ચાલતા હતા. ચાલતાં ચાલતાં પશુઓનું મહાન ટોળું જોઇને એકત અને દ્વિત માંહોમાંહ વિચાર કરવા લાગ્યા કે " આ સર્વ ગાયો, ત્રિત વિના કેવળ આપણને બન્નેને મળે તો કેવું સારું થાય! " આમ વાતચિત કરી પાપી એકત અને દ્વિત વળી પાછા અંદર અંદર વિચાર કરવા લાગ્યા કે આ ત્રિત યજ્ઞો કરાવવામાં કુશળ છે. અને વેદોમાં પારંગત થએલો છે, જેથી તેને બીજી પુષ્કળ ગાયો મળી રહેશે; માટે આપણે બન્ને આ ગાયોને હાંકીને નાશી જઇએ. ત્રિત પણ આપણા વિના એકલો થઇને ભલે જ્યાં જવું હોય ત્યાં જાય. " આમ વિચાર કરતા કરતા તેઓ રાત્રિને સમયે માર્ગ કાપતા જતા હતા. તેવામાં તેઓને એક વરુ મળ્યું. માર્ગમાં આગળના ભાગમાં જ ઉભેલા વરુને જોઇને સૌથી આગળ ચાલનારો ત્રિત, ભયનો માર્યો પોતાની સમીપમાં સરસ્વતીના તટ પર આવેલા એક મહાન કુવા તરફ અજાણપણામાં નાઠો, અને તે કુવામાં પડી ગયો.

તે કુવો ઘણો જ ઉંડો, મહાઘોર અને સર્વ ભૂતોને ભય ઉપજાવે એવો હતો. આવા કૂવામાં પડીને મુનિ શ્રેષ્ટ ત્રિતે ઘણી બૂમો પાડી અને તે બૂમોને બહાર ઉભેલા એના

ભાઇઓએ સાંભળી પણ ખરી, તેમ જ તેમના જાણવામાં પણ આવ્યું કે, આપણો ભાઇ ત્રિત કુવામાં પડી ગયો, છતાં વરુના ત્રાસથી અને પશુઓના લોભથી ત્રિતને ત્યાં પડતો મૂકી બન્ને ભાઇઓ નાશી ગયા. આ પ્રમાણે પશુઓમાં લુબ્ધ થએલા તે બન્ને ભાઇઓ એ મહાતપસ્વી ત્રિતમુનિને ધૂળથી ઢંકાયલા નિર્જન કુવામાં પડતો મૂકયો હતો.

તે પછી મહા બુદ્ધિમાન ત્રિતે, પાપી જેમ નરકમાં પડે, તેમ પોતાને ઘાસ અને લતાઓ વડે ઢંકાઇ ગએલા કૂવામાં પડી ગએલો જોઇ મૃત્યુથી ભયભીત થઇ જઇને પોતાની બુદ્ધિ સાથે વિચાર કર્યો કે " મેં હજુ સુધી સોમરસનું પાન કર્યું નથી તો મારે અહીં રહીને જ સોમરસનું પાન શી રીતે કરવું.

આવો વિચાર કરતાં મહાન તપસ્વી ત્રિતે કુવામાં લટકી રહેલી એક લતાને દૈવેચ્છાથી જોઇ. પછી તેણે એ ધૂળથી ભરેલા કૂવામાં મનથી જ જળનું ચિંતન કર્યું. અગ્નિની પણ માનસિક કલ્પના કરી લીધી. પોતાના આત્માને હોતા બનાવી લીધો, અને લટકતી લતાને સોમલતા તરીકે કલ્પી. મનથી યજુઃસૂક્ત અને સામમન્ત્રોને ઋચા તરીકે ચિંતવી લીધા. કાંકરાઓને સાકર તરીકે માની લીધા. પાણીને ઘી માની લીધું. પછી સોમરસ કાઢીને દેવતાના ભાગ કલ્પ્યા અને મહાન વેદધ્વનિ કર્યો. તેનો વેદધ્વનિ સ્વર્ગમાં સંભળાયો. બ્રહ્મવાદીઓએ જેવી વિધિએ યજ્ઞ કરવો જોઇએ, તેવી વિધિથી તેણે યજ્ઞનો આરંભ કર્યો. સ્વર્ગમાં દેવતાઓ ખભળી ઉઠયા. કહેવા લાગ્યા કે ત્રિત મહર્ષિ મહાયજ્ઞ કરે છે, માટે આપણે સર્વે ત્યાં જઇએ. નહિ જઇએ તો મહાતપસ્વી મુનિ, ક્રોધાયમાન થશે અને વખતે બીજા દેવો પણ કલ્પી લેશે! આમ વિચાર કરી દેવો કૂવા તરફ ગયા. જુએ છે તો ત્રિતમુનિ–મહાયજ્ઞ કરવામાં રોકાયા છે. ત્રિતમુનિયે દેવતાઓની પ્રાર્થના કરી, તેમને યજ્ઞભાગો આપ્યા. અને દેવતાઓ પણ યથાવિધિ પોતપોતાના યજ્ઞભાગ મેળવી પ્રસન્ન થયા. ત્રિતમુનિને વર માગવાનું કહેતાં તેણે માગ્યું કે " પ્રથમ તો મને આ કુવામાંથી બહાર કાઢીને મારું રક્ષણ કરવું યોગ્ય છે; અને બીજું એ જ કે કોઇ મનુષ્ય આ કુવામાં સ્નાન કરે તેને સોમરસ પાન કરનારની ગતિ પ્રાપ્ત થાય. ત્રિતમુનિના આમ કહેતાં જ એ કુવામાં મોટા મોટા તરંગવાળી સરસ્વતી નદી ઉછળી આવી. એણે પોતાના પ્રવાહદ્વારા ત્રિત મુનિને બહાર કાઢયા. મુનિયે દેવતાઓની પૂજા કરી અને તેઓની સન્મુખ તે ઉભા રહ્યા. દેવો તથાસ્તુ કહીને ઘેર ગયા. ત્રિતમુનિ પોતાને ઘેર ગયા અને બન્ને ભાઇઓ પાસે આવીને ક્રોધપૂર્વક કેટલાંક તિક્ષ્ણ વચનો કહ્યાં. પોતાના ભાઇઓને શાપ્યા કે તમે પશુલોભી થયા માટે જંગલમાં ફરનારા મોટી દાઢવાળા વરુઓ થઈ જશો. અને તમારી પ્રજા માંકડાં અને વાનરો થશે." બળદેવે યાત્રા વખતે આ કુવામાં સ્નાન કરી પછી 'વિનશન' નામના તીર્થ તરફ પ્રયાણ કર્યું હતું.**(ભા૨૦ શલ્ય૦ ૩૬)**.

ત્રિસ્રોતસી. નદી વિશેષ.**(ભા૨૦ સ૦ ૯–૨૭)**.

ત્રિનરાપત્ય. ત્રિત તે જ. **(ડાઉસન ૩૨૧)**.

ત્રિદશ. ત્રણ વાર દશ. સામાન્ય રીતે ત્રીસ કોટી (જાતિ). બાર આદિત્ય, આઠ વસુઓ, અગિયાર રુદ્રો અને બે અશ્વિનો મળીને તેત્રિશ જાતિના દેવો માન્યા છે. કોટિ શબ્દ-નો અર્થ " કરોડ" પણ થાય છે. સમજી અજ્ઞાન લોકોમાં દેવોની સંખ્યા તેત્રીસ કરો-ડની મનાવા લાગી!

ત્રિભુવન. ત્રણ લોક. સ્વર્ગ, મૃત્યુ (ભૂમિ) અને પાતાળ. એ ત્રિલોક પણ કહેવાય છે. **(ડાઉ-સન ૩૧૮)**.

ત્રિગર્ત. ત્રણ કિલ્લાવાળો પ્રદેશ. ઉત્તર તરફનું

ડુંગરી રાજ્ય કોટક તે. હાલ પણ લોકો એને ત્રાઇગર્ત કહે છે. **(વિલ્સન)**. પણ જનરલ કનિંગહેમ " જલંધર દોઆબ અને કાંગ્રા " તે જ આ પ્રદેશ એમ ખાત્રી પૂર્વક કહે છે. **(ડાઉસન ૩૧૯)**.

ત્રિમૂર્ત્તિ. વેદમાં અગ્નિ, વાયુ અને સૂર્ય એ ત્રણનાં નામનો ઉલ્લેખ છે. પાછલા કાળમાં એને બદલે બ્રહ્મા, મહેશ (શિવ) અને વિષ્ણુ એ ત્રિમૂર્ત્તિ મનાઇ છે. ઉત્પાદક, સંહારક અને પોષકશક્તિયો. બ્રહ્મા રજોગુણની મૂર્ત્તિ છે. ઇચ્છા–કામ–જે વડે દુનિયાં અસ્તિત્વમાં આવી. શિવ–મહેશ–એ તમોગુણની મૂર્ત્તિ છે. દુનિયાંનો સંહાર–નાશ કરનાર છે; અને વિષ્ણુ સત્વગુણની મૂર્ત્તિ છે. દયા અને ભલાઇ વડે જગતને બચાવે છે–નિભાવે છે. ત્રણે એકબીજામાં રહે છે અને ત્રણે મળીને એક જ છે. વેદમાં પણ ત્રણ હોઇ એક જ છે એમ કહ્યું છે. એ બધા–ત્રણે–આશ્રિત છે, ક્રમકે ત્રણે સર્વાત્મા–પરમાત્મામાં જ રહ્યા સતા એક જ છે. **(વિલ્સન)**.

ખ્રિસ્તી ધર્મ શાસ્ત્રની બાપ, દિકરો અને પવિત્ર આત્માની ત્રિપુટી, તે જુદા છતાં એક જ હોઈ, એકતા જ છે; એ માન્યતા આ મતની સાથે સરખાવાય.

પદ્મપુરાણ વૈષ્ણવ ગ્રન્થ હોઇ એમાં વિષ્ણુને પ્રધાનપદ આપ્યું છે. પોતાની ઇચ્છાથી તે ત્રણ સર્પ થયા એમ કહ્યું છે. જગત નિર્માણ કરવાને તેમણે પોતાના જમણા પડખાને બ્રહ્મા બનાવ્યો. જગતના પાલનાર્થે પોતાના ડાબા પડખાને વિષ્ણુ અને શરીરના મધ્ય ભાગને સંહારક શક્તિ તરીકે શિવ બનાવ્યો. કોઇ બ્રહ્માની, કોઇ શિવની અને કોઇ વિષ્ણુની પૂજા કરે છે; પણ બ્રહ્મવાદીઓએ એમનામાં ભેદ ગણવો નહિ. ત્રિમૂર્ત્તિ એક શરીર અને ત્રણ મસ્તક વાળી બનાવાય છે. જમણું મુખ વિષ્ણુનું, મધ્ય બ્રહ્માનું અને ડાબું શિવનું. વર્ત્તમાન સમયમાં બ્રહ્માની પૂજા ગૌણ થઇ છે, ત્રિ-મૂર્ત્તિમાંના બે, શિવ અને વિષ્ણુ–ત્રિમૂર્ત્તિની શક્તિયુક્ત ઘરાઈ સર્વત્ર પૂજાય છે. **(ડાઉસન ૩૧ ૨)**.

ત્र्યરુણ. ઇક્ષ્વાકુ વંશના ત્રિશનનો પુત્ર. એકદા એ રથમાં બેશી જતો હતો. એનો પુરોહિત રથ હાંકતો હતો. એક બ્રાહ્મણનો છોકરો રથમાં કચરાઇને મરી ગયો. આથી મોટી ભાંજગડ ઉઠી કે એ હત્યાનો જોખમદાર કોણ? આ પ્રશ્ન ઇક્ષ્વાકુઓના પંચને પૂછતાં તેમણે પુરોહિતને હત્યા કરનાર ઠેરવ્યો. પછી પુરોહિતે પોતાના તપોબળે એ છોકરાને જીવતો કર્યો. ઇક્ષ્વાકુઓએ આ ન્યાય પક્ષાપક્ષીથી કર્યો ગણીને પુરોહિત બહુ ગુસ્સે થયો. આથી ઇક્ષ્વાકુઓના ઘરમાં અગ્નિયે પોતાનું કર્તવ્ય તજી દીધું. એમનું અન્ન પણ રંધાય નહિ. ઇક્ષ્વાકુઓ પુરોહિતને શરણે ગયા. અને તેમની પ્રાર્થના વડે પુરોહિત શાન્ત થતાં અગ્નિએ પોતાનાં કામ કરવા માંડયાં. ભાષ્યકાર સાયણે સાત્યાયણ બ્રાહ્મણને આધારે આ વાત વૈદિકમન્ત્ર ઉપર ટીકા કરતાં કહી છે. **(ડાઉસન–૩૨૩)**.

ત્રિલોક. ત્રિભુવન તે જ.

ત્રિવેણી. ગંગા, યમુના અને સરસ્વતી એ ત્રણે નદીઓનો સંગમ તે. પ્રયાગ.

ત્રિવેણી (૨). બંગાળામાંનું ત્રિવેણી નામનું ગામ, જ્યાં ત્રણ નદીઓનો સંગમ થાય છે તે. પૂર્વે હિંદુસ્થાનમાં ચાર પાંચ વિદ્યાપીઠો હતી. નવદ્વીપ, શાન્તિપુર, ગુપ્તીપાર અને ત્રિવેણી, અહીં ત્રિવેણીમાં ત્રીશ શાળાઓ હતી.

ત્રિષ્ટુપ. ચુમાળીશ અક્ષરોનો છંદ વિશેષ. બ્રહ્મ-દેવના માંસમાંથી ઉત્પન્ન થયો હતો.**(ભાગ૦ ૩–૧૨–૪૫)**.

ત્र્યક્ષ. હિરણ્યકશિપુની રાજસભાનો દૈત્ય વિશેષ.

દગ્ધરથ. કોષમાં "ચિત્રરથ" શબ્દ જુઓ. (ભા૨૦ આ૦ ૧૮૦–૪૦).

દણ્ડક. એ નામનો કોંકણપટ્ટીમાં હતો તે દેશ. સહદેવે પશ્ચિમ કિનારાનો દિગ્વિજય કર્યો ત્યારે જીતેલા દેશોનાં નામોમાં શૂર્પારક (સોપારા), દણ્ડક અને કરહાટક એ નામો છે. સોપારાની દક્ષિણે આવેલો કોંકણ દેશ તે જ.

દણ્ડતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ આ૦ ૮૩–૧૪).

દણ્ડાર્ત. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૨–૧૬૨).

દધિમુખ. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫–૮; ઉ૦ ૧૦૩–૧૨)

દધીરાતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૨–૧૮૬).

દન્તોલુખલિક. ઉખલાની પેઠે દાંતથી જ ધાન છડી ખાનારા ઋષિ વિશેષ. (ભા૨૦ અનુ૦ ૪૫–૪૧).

દમઘોષસુત. શિશુપાળ તે જ. (ભા૨૦ સ૦ ૭૦–૩૮).

દરવર. શ્રેષ્ઠ શંખ. (ભાગ૦ ૧–૧૧–૧).

દર્દુર. કંસનો આશ્રિત દૈત્ય વિશેષ. (ભાગ૦ ૩–૭–૩૪).

દર્પ. કશ્યપ અને ઉન્નતિનો પુત્ર.

દર્પ (૨). એ નામના બે પર્વતો. (વા૦ ૨૦ ક્રિષ્કિ).

દર્ભક. કલિયુગમાં શિશુનાગ વંશના અજાતશત્રુનો પુત્ર. એના પુત્રનું નામ અજય. (ભાગ૦ ૧૨–૧–૬).

દર્શ. ધાતા નામના સાતમા આદિત્ય અને સિનીવાલીનો પુત્ર. (ભાગ૦ ૬–૧૮–૩).

દર્શક. દર્ભક તે જ,

દર્શન. જીવ, જગત અને ઈશ્વર સંબંધી તાત્ત્વિક નિર્ણય કરનારું શાસ્ત્ર તે દર્શન. ફિલસુફી–તત્ત્વજ્ઞાન વગેરે અર્થમાં "દર્શન" શબ્દ વપરાય છે. હિંદુસ્થાનમાં આવાં તાત્ત્વિક દર્શનો અનેક થયાં છે.

દર્શનોના મુખ્ય વિભાગ બે પડે છે. (૧) આસ્તિક એટલે વેદને પ્રમાણ માનનારાં અને (૨) નાસ્તિક એટલે વેદને પ્રમાણ નહિ માનનારાં.

આસ્તિક દર્શનો (૧) વૈશેષિક, (૨) ન્યાય, (૩) સાંખ્ય, (૪) યોગ, (૫) પૂર્વ મિમાંસા અને (૬) ઉત્તર મિમાંસા.

છ નાસ્તિક દર્શનોમાં (૧) ચાર્વાકમત, (૨) જૈનમત, (૩) બૌદ્ધના ચાર સાંપ્રદાયિક મતો, જેને અનુક્રમે (૩) વૈભાષિક, (૪) સૌત્રાન્તિક, (૫) યોગાચાર અને (૬) માધ્યમિક કહે છે.

સાંખ્ય:—જે દર્શનમાં તત્ત્વોની સંખ્યા અથવા ગણના કરવામાં આવી છે તેવા વિચારશાસ્ત્રને "સાંખ્ય" કહે છે. આ દર્શનના આદ્ય સંસ્થાપક કપિલાચાર્ય કહેવાય છે. એ શાસ્ત્ર પ્રમાણે મૂલતત્ત્વો બે વર્ગમાં પડે છે. (૧) પુરુષ એટલે ચેતન, જે માત્ર શક્તિવાળો છે, અને (૨) પ્રકૃતિ જે જડ છે, પણ ક્રિયાશક્તિવાળી અને દૃશ્ય છે. પ્રકૃતિનું બીજું નામ "પ્રધાન" છે. આ બે પદાર્થો (પુરુષ અને પ્રકૃતિ) નિત્ય છે. પ્રકૃતિનું સ્વરુપ સત્વ, રજસ અને તમસ એ ગુણોનું સામ્ય ગણાય છે. પ્રકૃતિના પહેલા વિકારને મહત્ કહે છે. તેમાંથી અહંકાર (હુંભાવ=Egoism), અહંકારમાંથી દસ ઇન્દ્રિયો મન, પાંચ તન્માત્રાઓ, અને પાંચ તન્માત્રામાંથી પૃથિવ્યાદિ પાંચ ભૂતો મળી એકંદર ચોવીસ જડતત્ત્વોની સંખ્યા થાય છે. તે પ્રકૃતિમાંથી ઉદય પામે છે, સ્થિતિ પામે છે અને લય પામે છે. પચ્ચીસમો પુરુષ તે સ્વતંત્ર દૃષ્ટા છે. આ ખરો વિવેક જેને થાય–સમજાય તે મુક્ત. જેને અવિવેક રહે તે બંધ પામેલ એટલે જીવ.

દર્શનને અંગે કહેતાં સ્વ. ડા. વિન્ટરનિત્ઝ

કહે છે કે આ બધાં દર્શનો 'Ex nihilo nihit fit," એટલે "Nothing comes out of nothing" એ સિદ્ધાન્ત ઉપર રચાયલાં છે; અને સઘળાંનો ઉદ્દેશ જન્મ મરણથી છૂટી, પરમાત્મામાં લીન થઈ જવાનો છે. Emancipation of the Soul from future birth–and existence.

શ્રીમદ્ભગવદ્ગીતાના નિમ્ન લિખિત શ્લોકમાં આ સિદ્ધાન્ત ગ્રથિત થયો છે.

नासतो विद्यतेभावो नाभावो विद्यते सतः।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः॥ १६॥

શ્રીમદ્ભગવદ્ગીતા. અ૦ ૨.

જે ખરી રીતે અસત્ છે તેમાંથી સદ્વસ્તુ પ્રકટ થાય નહિ; અને ખરી રીતે સદ્વસ્તુ છે, તેનો કદી અભાવ થાય નહિ. સદ્ અને અસદ્ એટલે ભાવ અને અભાવનો ખરો નિર્ણય તત્વદર્શીઓએ કર્યો છે, એટલે આધાર કારણ અથવા અધિષ્ટાન કારણ ચેતન વસ્તુ છે, જે ભાવ અને અભાવનો સાક્ષી છે.

આ દૃશ્ય જગતનું કારણ સદ્ (બ્રહ્મ) હોવું જોઇએ, કારણ કે અભાવ એટલે શૂન્યમાંથી ભાવવાળું જગત્ પ્રકટ થાય નહિ. "વાંઝણીનો છોકરો" એ કેવળ કલ્પના અથવા ભાવશૂન્ય ભાવના કદી ખરી થઈ શકતી નથી. ખરી રીતે ભાવ અને અભાવનો સાક્ષી "ચેતન" સ્વયં સત્ય પદાર્થ છે. તેના વિના ભાવ અથવા અભાવની સ્થાપના અથવા સાબીતી થઇ શકતી નથી.

યોગ:—આ દર્શન મૂળમાં સાંખ્ય દર્શનમાં કહેલાં તત્ત્વોનો સ્વીકાર કરે છે, તેના પ્રણેતા પતંજલિ ગણાય છે. સાંખ્યની વિચારમયી પદ્ધતિને ચિત્તના વિરોધ વડે અનુભવમાં લાવવા સારુ આ શાસ્ત્ર છે. એ દર્શનમાં નિત્યસિદ્ધ અને નિત્યમુક્ત પુરુષનો સ્વીકાર છે. તેનું બીજું નામ "ઈશ્વર" છે–તેનું સ્વરુપ અને ધ્યાન કરી કૈવલ્ય–મોક્ષ મેળવવાની પદ્ધતિ આ શાસ્ત્રમાં વર્ણવી છે.

ન્યાય:—આ શાસ્ત્રના પ્રણેતા ગૌતમ મનાય છે. તેમાં સોળ પદાર્થોમાં જગતનાં તત્ત્વોનો સમાસ કર્યો છે. અને તર્ક વડે વસ્તુ નિર્ણય કરવાનું પ્રમાણશાસ્ત્ર તેમાં અંતર્ગત કરવામાં આવ્યું છે.

વૈશેષિક:—આ શાસ્ત્રના પ્રણેતા કણાદ ગણાય છે. એમાં વિશ્વનું વર્ગીકરણ, દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એવા છ પદાર્થમાં કરવામાં આવ્યું છે. પાછળથી અભાવ પદાર્થ ઉમેરી સાત પદાર્થોનું વર્ગીકરણ થયું છે. આ શાસ્ત્ર ઘણે ભાગે પ્રમેયનું એટલે જ્ઞેય જગતનું ચિંતન કરે છે, અને પ્રમાણમાં ન્યાયને અનુસરે છે.

મીમાંસા (પૂર્વ):—વેદના કર્મકાણ્ડના મન્ત્રો અને બ્રાહ્મણોના અર્થના નિર્ણયો ન્યાયાનુસાર શી રીતે કરવા; વેદનું પ્રામાણ્ય કેવા પ્રકારનું છે, તર્કનું સ્થાન કેટલા અંશમાં છે એવી યજ્ઞ અથવા વૈદિકકર્મને લગતી વિદ્યાનું શાસ્ત્ર પૂર્વમીમાંસા છે. એનાં બીજાં નામ યજ્ઞમીમાંસા, અધ્વરમીમાંસા અને કર્મમીમાંસા કહેવાય છે, એના બાર અધ્યાય છે. અને એનો સૂત્રકાર જૈમિનિ ગણાય છે.

મીમાંસા (ઉત્તર). વેદના જ્ઞાન કાણ્ડને લગતું ચિંતન આ શાસ્ત્રમાં છે. તેના સૂત્રકાર બાદરાયણ ગણાય છે. આ શાસ્ત્રને વેદાંત શાસ્ત્રનું ન્યાયપ્રસ્થાન કહે છે. કારણ કે વેદાન્ત અથવા ઉપનિષદ્નાં વાક્યોના અર્થનો નિર્ણય ન્યાયની રીતીએ તેમાં કરવામાં આવ્યો છે. આ શાસ્ત્રના ચાર અધ્યાય છે અને પ્રત્યેકના ચાર પાદ છે. આ શાસ્ત્ર ઉપર અનેક આચાર્યોનાં ભાષ્યો છે, તેમાં શ્રી મચ્છંકરાચાર્યનું ભાષ્ય હાલ ઉપલબ્ધ છે. એ જુનામાં જુનું છે. તે પહેલાંના વૃત્તિકારો અથવા ટીકાકારોના ગ્રન્થો હાલ મળી શકતા નથી. આ શાસ્ત્ર ઉપર તત્ત્વવિદ્યાના ઘણા મતો બંધાયા છે, જેવા કે કેવલાદ્વૈત, શુદ્ધાદ્વૈત,

વિશિષ્ટાદ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત, અવિભાગાદ્વૈત વિગેરે.

દશપુર. રન્તિદેવ રાજાની નગરી, રાજધાની.

દશપૂર્ણમાસ. એક પ્રકારનો યજ્ઞ વિશેષ. (ભા૦ ૫-૭-૫).

દશાશન. રાવણ.

દહન. અગિયાર રુદ્રોમાંનો એક. (ભા૨૦ આ૦ ૬૭-૩).

દાક્ષાયણ. દક્ષના પુત્રો અને વંશજો.

દાન. ધર્મનો એક પગ. (ભાગ ૧૨-૩-૧૮).

દામગ્રન્થી. અજ્ઞાતવાસ દરમ્યાન વિરાટને ત્યાં અશ્વાધ્યક્ષ તરીકે રહેતાં નકુલે રાખેલું નામ. (ભા૨૦ વિ૦ ૪-૫).

દામોષ્ણીષ. ઋષિ વિશેષ. ભા૨૦ સ૦ ૪-૧૯).

દારુણ. ગરુડપુત્ર. (ભા૦ ઉ૦ ૧૦૧-૯).

દાશાર્હી. કુરુની ભાર્યા-શુભાંગી તે જ. (ભા૨૦ આ૦ ૬૩-૪૨).

દિગ્દેવતા. રાત્રિ દેવતા તે જ. એનું નામ ઉપશ્રુતિ હતું. સ્ત્રી સ્વભાવ વિશે એને અષ્ટાવક્રની સાથે સંવાદ થયો હતો. (ભા૨૦ અનુ૦ ૫૦-૫૨).

દિલીપ. સર્પ વિશેષ. (ભા૨૦ ઉ૦ ૧૦૩-૧૫).

દિવાકર. ગરુડપુત્ર. (ભા૨૦ ઉ૦ ૧૦૧-૧૪).

દીર્ઘરામ. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો પુત્ર. (ભા૨૦ આ૦ ૧૩૧-૧૩).

દુરાધર. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. (ભા૨૦ આ૦ ૧૩૧-૧૦).

દુરુક્તિ. ક્રોધ અને હિંસાની કન્યા. કલિની બ્હેન. (ભા ૪-૭-૩).

દુર્ગા. તમોગુણની અભિમાની, લક્ષ્મી તે જ.

દુર્મિત્ર. કલિયુગમાં બાર્હિદ્રક રાજા પછી થએલા પુષ્પમિત્ર રાજાનો પુત્ર. (ભા ૧૨-૧-૧૪).

દુષ્યરાજ્ય. સોમવંશીય ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર. ((ભા૨૦ આ૦ ૧૩૧-૯).

દુષ્પ્રધર્ષણ. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. (ભા૨૦ ભી૦ ૬૪-૨૬-; ક૦ ૪૬-૮)એને યુદ્ધમાં ભીમે માર્યો હતો. (ભા૦ સ૦ ૨૫ -૧૬).

દુષ્પ્રહર્ષ. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. (ભા૨૦ આ૦ ૬૮-૬૬).

દુષ્યન્ત. સોમવંશીય અજમીઢનો પુત્ર. એની માતાનું નામ નીલી અને બાપનું નામ પરમેષ્ટી હતું. (ભા૦ આ૦ ૧૦૧-૨૦).

દૃઢચ્યુત. અગસ્ત્ય ઋષિ અને કૃષ્ણેક્ષણાનો પુત્ર. એનો પુત્ર ઇધ્મવાહ. (ભા૦ ૪-૨૮-૩૨).

દૃઢરથાશ્રય. સોમવંશીય ધૃતરાષ્ટ્રનો પુત્ર. (ભા૦ આ૦ ૧૩૧-૧૨).

દેવક. ક્રૌંચદ્વીપમાંના લોક વિશેષ. (ભા૦ ૫-૨૦-૨૨).

દેવકી. ઋષભદેવ વંશીય ઉદ્ગીધની સ્ત્રી. એના પુત્રનું નામ પ્રસ્તાવ. (ભા૦ ૫-૧૫-૧૬).

દેવગિરિ. ચર્મણ્વતી પાસેનો પર્વત વિશેષ. (ભા૦ ૫-૧૯-૧૬).

દેવગુહ્ય. સાવર્ણિ મન્વંતરનો એક બ્રાહ્મણ. એની સરસ્વતી નામની સ્ત્રીને પેટે એના વડે સાર્વભૌમ નામે અવતાર થશે. (ભા૦ ૮-૧૩ -૧૭).

દેવજ. સૂર્યવંશી તૃણબિંદુના કુળમાંના સંયમ નામના રાજાના બેમાંનો એક પુત્ર. (ભા૦ ૯-૨-૩૪).

દેવપ્રહરણ. સ્વર્ગનો દેવ વિશેષ. (મત્સ્ય).

દેવભૂતિ. કલિયુગમાં શુંગ રાજવંશમાંના ભાગવત રાજાનો પુત્ર. એ આ વંશનો છેલ્લો રાજા હતો. (ભા૦ ૧૨-૧-૧૮).

દેવલ. પરીક્ષિત રાજા પાસે આવેલો એક ઋષિ. (ભા૦ ૧-૧૯-૧૦). એણે સ્વર્ગમાં પિતરોને મહાભારત સંભળાવ્યું હતું.

દેવહુવ્યા. દેવહવ્ય એ જ.

દેવર્ષિ. દેવોમાંના ઋષિયો. એઓ સ્વર્ગમાં રહે છે જેમકે નારદ. (ડાઉ૦ ૮૫).

દેવપોઢી. અષાડ સુદ અગિયારસ.

દેવમાતૃ. અદિતિ તે જ. (ડાઉ૦ ૮૫).

દેવહવ્યા. દેવહવ્ય તે જ.

દેવાન્તક. મારુતીએ મારેલો રાવણપુત્ર.

દેવાલા. સ્ત્રી તરીકે મૂર્ત્તિમાન સંગીત. (ડાઉ૦ ૮૫.)

દેવિકાતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧ -૫૧).

દેવી. વરુણની ભાર્યા. (ભા૨૦ આ૦ ૬૭-૫૨). એના પુત્રનું નામ બલ. મદ્યની અભિમાનિની દેવી સુરા, આની પુત્રી થાય.

દેવી તીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧ -૫૧).

દેવીભાગવત. એક શૈવ પુરાણ. કેટલાક ભાગવતને બદલે આને અષ્ટાદશ પુરાણમાં ગણે છે. આમાં શક્તિ અને શક્તિપુજનો વિષય ચરચ્યો છે. (ડાઉ૦ ૮૮).

દેવીમહાત્મ્ય. જુદા જુદા અસુરો ઉપર દેવીએ મેળવેલા વિજય વર્ણનનું સાતસેં શ્લોકના પુરનું એક કાવ્ય. એ માર્કંડેય પુરાણનો એક ભાગ હોઇ એને ચંડીપાઠ કહેવામાં આવે છે. દેવીના મંદિરોમાં એનો રોજ પાઠ કરાય છે. (ડાઉ૦ ૮૮). નવચંડી, શતચંડી, શહસ્રચંડી એવા પ્રયોગ કરાય છે.

દૈર્ઘતમ. દીર્ઘતમાના પુત્ર ધન્વંતરીનું બીજું નામ.

દૈત્યેય. કશ્યપ અને દિતિની પુત્રી. (ભા૨૦ ૬-૧૮-૧૦).

દ્યાપ. અષ્ટવસુઓ પૈકી એક. (ભા૦ ૬-૬-૧૫).

દ્યુતિમાન. શાલ્વ દેશના ચિત્રાશ્વ (સત્યવાન રાજાનો પિતા. સાવિત્રીનો સસરો). એને ધુમત્સેન પણ કહ્યો છે.

દ્યુમાન. સોમવંશીય પુરુરવાના પુત્ર આયુના વંશના કુવલયાશ્વનું નામાન્તર. (ભા૦ ૯-૨૧-૧૬).

ધ્રુવક્ષિતિ. અગ્નિ નામના વસુ અને યશોધરાનો પુત્ર. (ભાગ૦ ૬-૬-૧૩).

ધ્રુમ. અધિરથ સુતનો પુત્ર, કર્ણના પાલક પિતાનો પુત્ર. એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો. (ભા૨૦ ૧૫૬-૨૭).

ધ્રુમ (૨). એક ક્ષત્રિય.(ભા૨૦ આ૦ ૬૮-૮).

ધ્રુમ (૩). કિંપુરુષાચાર્ય.(ભા૨૦ સ૦ ૧૦-૩૦).

દ્રોણશત્રુ. ધૃષ્ટદ્યુમ્ન. (ભા૨૦ આ૦ ૧૮૫-૮).

દ્વાદશાદિત્ય. કશ્યપ અને અદિતિના બાર પુત્રો. કોષમાં મહાભારતમાં તેમનાં આપેલાં નામ આપ્યાં છે. ભાગવતમાં તેમનાં નામ નીચે પ્રમાણે ગણાવ્યાં છે.

૧ વિવસ્વાન, ૨ અર્યમા, ૩ પૂષા, ૪ ત્વષ્ટા, ૫ સવિતા, ૬ ભગ, ૭ ધાતા, ૮ વિધાતા, ૯ વરુણ, ૧૦ મિત્ર, શુક્ર અને ૧૨ ઉરુક્રમ. (ભાગ૦ ૬-૬-૩૯).

દ્વારવતી. દ્વારકાનું બીજું નામ. (ભાગ૦ ૧૦-૬૯-૩).

દ્વાર્વતી. દ્વારકાનું બીજું નામ. (ભાગ૦ ૩-૩-૧૯).

દ્વૈપાયની. દક્ષિણ તરફની એક દેવી વિશેષ. બળરામ તીર્થયાત્રા કરતા અહીં આવ્યા હતા. (ભાગ૦ ૧૦-૭૯-૨૦).

ધનુર્વેદ. સંપૂર્ણ શસ્ત્રાસ્ત્ર વિદ્યા જેમાં સમજાવી છે એવો વેદ. એ આયુર્વેદનો ઉપવેદ હોવાથી બ્રહ્મદેવના દક્ષિણ મુખમાંથી નિકળ્યો છે. (ભાગ૦ ૩-૧૨-૩૮). રથ, ગજ, અશ્વ અને પદાતિ એ યોદ્ધાના ચાર પ્રકારને લઇને ધનુર્વેદને " ચતુષ્પાદ " કહેવાય છે. ધનુર્વેદમાં શસ્ત્ર, અસ્ત્ર, યુદ્ધ કરવાના પ્રકાર, વાહનો, ઇત્યાદિ અનેક વિષયનાં વર્ણનો છે. ધનુર્વેદનાં પાંચ અંગ છેઃ-૧ યંત્રમુકત, ૨ પાણિમુકત, ૩ મુકતસંધારિત, ૪ અમુકત અને ૫ બાહુ યુદ્ધ. આ શિવાય શસ્ત્ર સંપત્તિ અને અસ્ત્ર સંપત્તિ એના ભેદને લઇને યુદ્ધના બે પ્રકાર થાય છે. ઋજુત્વ (સરળપણું), માયાવિત્ર (શત્રુનાં કારસ્થાન), એને લઇને યુદ્ધમાં અનેક પ્રકાર થાય છે. (અગ્નિ પુ૦).

શસ્ત્રાસ્ત્રવિદ્યા તે અથર્વણ વેદનો ઉપવેદ છે એમ પણ કહેવાય છે.

ધનંજય. પાતાળનો સર્પ વિશેષ. (ભાગ૦ ૫-૨૪-૩૧).

ધન્વ. દેશ વિશેષ. (મારવાડ તે જ.) (ભાગ૦ ૧૦-૮૬-૧૦).

ધર્મ. ધ્રુવમણ્ડલની આજુબાજુ ફરનાર એક તારો. એ શિશુમાર ચક્રના પૂંછડાની જગાએ આવેલો છે. (ભાગ૦ ૫-૨૩-૫).

ધર્મ ૨). વેદ પ્રતિપાદિત ધર્મ તે જ. (ભાગ૦ ૬-૧-૪૦).

ધર્મ (૩). ત્રિજા ઉત્તમ મન્વંતરમાંના સત્યસેન અવતારનો પિતા. એની સ્ત્રી સુનૃતા. (જુવો (૨) ધર્મ ઋષિ.)

ધર્મ (૩). સોમવંશીય યદુપુત્ર ક્રોષ્ટાના કુળમાંના પ્રતિશ્રવા રાજાનો પુત્ર. એનો પુત્ર ઉશના. (ભાગ૦ ૯-૨૩-૩૪).

ધર્મ (૫). ધર્મશાસ્ત્ર તે જ. (૧૦-૪૫-૩૪).

ધર્મ (૬). એક બ્રહ્મર્ષિ. એની સ્ત્રી ધૃતિ. જુવો (૪) ધર્મ ઋષિ તે જ.

ધર્મતીર્થ. તીર્થ વિશેષ, (ભા૨૦ વ૦ ૮૨).

ધાતા. કશ્યપ અને અદિતિનો પુત્ર. બાર આદિત્યમાંનો એક. એને કુહૂ, સિનીવાલી, રાકા અને અનુમતિ એમ ચાર સ્ત્રીઓ હતી. સાયંકાળ, દર્શ, પ્રાતઃકાળ અને પૂર્ણમાસ એમ એમને અનુક્રમે ચાર પુત્રો હતા. (ભાગ ૬-૬-૩૬ અને ૬-૧૮-૩).

ધાતા ૨. શિશુમાર ચક્રના કટિ પ્રદેશમાં આવેલી તારકા વિશેષ. (ભાગ ૫-૨૩-૫).

ધારણ. સર્પ વિશેષ. (ભા૨૦ ઉ૦ ૧૦૩-૧૬).

ધારણી. અગ્નિ સ્વાતાપિ પિતૃગણ અને દક્ષકન્યા સ્વધાની પુત્રી. એ બ્રહ્મનિષ્ટ હતી. (ભાગ ૪-૧-૬૪).

ધી. બુદ્ધિ.

ધી (૨). મન્યુ નામના રુદ્રની સ્ત્રી. (ભાગ ૬-૧૨-૧૩).

ધુન્ધુરી. વાદ્ય વિશેષ. (ભાગ ૧-૧૦-૧૫).

ધુન્ધુહા. ધુન્ધુમારનું બીજું નામ. (ભાગ ૧૨-૩-૬).

ધૂમકેશ. કશ્યપ દનુનો પુત્ર. (ભાગ ૬-૬-૩૧).

ધૃતક. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૧૫-૧૩).

ધૃતરાષ્ટ્ર. આસો મહિનામાં ત્વષ્ટા નામના આદિત્યની સાથે સંચાર કરનાર ગંધર્વ વિશેષ. (ભાગ૦ ૧૨-૧૧-૪૩).

ધૃતરાષ્ટ્ર (૨). ધૃતરાષ્ટ્રનું રુપ ધારણ કરેલો ઇંદ્ર, એ ગૌતમનો પાળીને મોટો કરેલો હાથી હરણ કરી જતો હતો. તે વખત એની (કૃતિમ રુપધારી ઇંદ્ર) અને આ ધૃતરાષ્ટ્રની વચ્ચે પુણ્ય પાપ સંબંધી સંવાદ થયો હતો. (ભા૨૦ અનુ૦ ૧૫૬).

ધૃતરાષ્ટ્ર (૩). ક્ષત્રિય સોમવંશી અવિક્ષિત વંશોત્પન્ન જન્મેજયનો પુત્ર. (ભા૨૦ આ૦ ૧૦૧-૪૪).

ધૃષ્ટિ. સોમવંશીય સાત્વતકુળના ભજમાન રાજાનો ત્રિજો પુત્ર. (ભાગ૦ ૯-૨૪-૨૭).

ધેનુમલિતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ આ૦ ૨૪૫-૩૦).

ધૌમ્ર. ઋષિ વિશેષ. (ભા૨૦ શાં૦ ૪૬-૧૨).

ધ્રુવ. સૌથી ઉપર આવેલો લોક વિશેષ. (ભાગ૦ ૫-૨૩-૧).

ન.

નન્દ. સર્પ વિશેષ. (ભા૨૦ ઉ૦ ૧૦૩-૧૨).

નન્દનક. સર્પ વિશેષ. (ભા૨૦ ઉ૦ ૧૦૩-૧૨).

નન્દિવર્ધન. કલિયુગમાં પ્રદ્યોતવંશના રાજકનો પુત્ર. (૧૨-૧-૪).

નન્દિવર્ધન (૨). કલિયુગમાં શિશુનાગ વંશના અજયરાજાનો પુત્ર–એનો પુત્ર મહાનન્દિ (ભાગ૦ ૧૨-૧-૭).

નર્મદા. એ નામની નર્મદા નદીની અભિમાનિની દેવી.

નર્મદા (૨). દક્ષવાકુવંશના દુર્યોધનની ભાર્યા. એની પુત્રી સુદર્શના. (ભા૨૦ અનુ૦ ૨-૧૮).

નર્મદાખંડ. એ નામનો ૧૪૦૦૦ શ્લોકના પૂરનો નર્મદામહાત્મ્યનો ગ્રન્થ વિશેષ. આ પવિત્ર નદી અમરકંટક પર્વતમાં એક કુણ્ડમાંથી નિકળી, ભરુચ પાસે દહેજના બારા આગળ સમુદ્રને મળે છે. એના મૂળ પાસે કપિલધારા નામે એંશી ફીટની ઉંચાઇથી પડતો ધોધ છે. મણ્ડલાથી રામનગર પર્યન્ત ૧૫ મૈલ સુધી એના પાણીનો રંગ આસ્માની દેખાય છે. જબલપૂર પાસે દુધધારા નામે ત્રીસ ફીટની ઉંચાઇથી પડતો ધોધ છે. ત્યાંથી આગળ જતાં એ આરસપહાણના પાત્રમાં વહે છે, એને કાંઠે મહેશ્વર, ઓંકારમાંધાતા, શૂલપાણેશ્વર ઇત્યાદિ પવિત્ર સ્થાનો આવ્યાં છે. બહુધા એના દરેક ઘાટે ઘાટે અને આરે આરે ધર્મક્ષેત્રો આવી રહ્યાં છે. શૂલપાણેશ્વર આગળ મોખડી નામનો ઘાટ છે, જ્યાં દસ બાર ફીટના ઢાળવાળો ધોધ છે. મોખડી ઘાટ આગળ નર્મદા સાંકડા પાત્રમાં થઇને વહે છે. બન્ને તરફના કિનારા લંબરુપ ભિંતો જેવા હોઇ એટલા પાસે પાસે આવેલા છે, કે એ જગાને "હરણ ફાળ" એવું નામ સંપાદન થયું છે. ત્યાં આગળ હરણો સહેલાઇથી નર્મદાને કુદી જઇ શકે એવું છે.

નર્મદાની ઉત્પત્તિ શંકર ભગવાનના શરીરમાંથી થઇ છે, એમ રામાયણ અને મહાભારતમાં ઉલ્લેખ છે. (ભાગ૦ ૫-૧૯-૧૮). ત્રેતાયુગમાં વૃત્રાસુર અને ઇન્દ્રનું યુદ્ધ પણ નર્મદા કાંઠે જ થયું હતું. (ભાગ૦ ૬-૧૦-૧૬). નર્મદા (૪) કોષમાં જુવો.

નવખણ્ડ. ઇલાવૃત્ત, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિંપુરુષ, કેતુમાલ, રમ્યક, ભારત, હિરણ્ય અને ઉત્તર કુરુ એ જમ્બુદ્વીપના નવ ખણ્ડો છે. ઇતર ગ્રન્થો પ્રમાણે:—

તારત, વર્ત્ત, રામ, દ્રામાલ, કેતુમાલ, હિરે, વિધિવસ, મહિ અને સુવર્ણ એવાં નામો પ્રાપ્ત થાય છે.

નવગ્રહ. સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ.

નવનાગ. અનંત, વાસુકી, શેષ, પદ્મનાભ, કંબલ, શંખપાદ, ધૃતરાષ્ટ્ર, તક્ષક અને કાલિય.

નવરત્ન. હિરો, માણેક (ચુપાલી), મોતી, ગોમેદ, ઇન્દ્રનીલ, પાચ, પરવાળું, પુષ્કરરાજ, વૈડૂર્ય અગર તોરમલ્લી.

નવરથ—વિદર્ભકુળના ભીમરથનો પુત્ર. એનો પુત્ર દશરથ (ભાગ ૯-૨૪-૪)

નવરસ. શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભૂત અને શાંત. (ચાણીના).

નવધાભક્તિ. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન.

નાગ. તાર્ક્ષ્ય અને કદ્રૂના પુત્ર. (ભાગ૦ ૬-૬-૧૨).

નાગપાશ. અસ્ત્ર વિશેષ. બાણાસુરે આ અસ્ત્રવડે અનિરુદ્ધને બાંધ્યો હતો. (ભાગ૦ ૧૦-૬૨-૩૫).

નાગપુર. હસ્તિનાપુર તે જ.

નાચીના. દેશ વિશેષ. (ભા૨૦ સ૦ ૩૨-૧૫).

નારદ. ભગવંતનો ત્રિજો અવતાર. એણે સાવર્ણિ મનુને "પંચરાત્રાગમ"નો ઉપદેશ કર્યો હતો. એ નરનારાયણનો ઉપાસક હતો. (ભાગ૦ ૧-૩-૮; ૫-૧૯-૧૦).

નારદ (૨). એ નામનું પુરાણ વિશેષ. એનું પૂર પચ્ચીસ હજાર શ્લોકનું છે. (ભાગ૦ ૧૨-૧૩-૫).

નારદ (૩). એક સ્મૃતિ વિશેષ.

નારદ (૪). એક સ્મૃતિકાર.

નારાયણાશ્રમ. બદરિવનનો આશ્રમ વિશેષ. બદરિકાશ્રમ તે જ. (ભાગ૦ ૯-૩-૩૬).

નારાયણાસ્ત્ર. અસ્ત્ર વિશેષ. ધ્રુવે યક્ષ ઉપર આ અસ્ત્ર છોડયું હતું. (ભાગ૦ ૪-૧૧-૧).

નિર્ઋતિ. અધર્મની ભાર્યા. ભય, મહાભય અને અને મૃત્યુની માતા. (ભા૨૦ આ૦ ૬૭-૫૪).

નિરુક્તિ (૨). અગિયાર રુદ્રોમાંનો એક. (ભા૨૦ આ૦ ૬૭–૨).

નીકૃતિ. દમ્ભ અને માયાની કન્યા. (ભાગ૦ ૪–૮–૩).

નિઘંટુ. વેદનો શબ્દકોષ, જેને આધારે યાસ્કે નિરુક્ત લખ્યું છે તે.

નિર્જળા. જેઠ સુદ અગિયારસ તે.

નિમ્ન. સોમવંશીય યદુકુળના અનમિત્ર રાજાનો પુત્ર. એને સત્રાજિત્ અને પ્રસેન એ નામે બે પુત્રો હતા.

નિયુત્સર્પી. શિવ નામના એક રુદ્રની પત્ની. એનો પુત્ર તે પ્રાણ. (ભાગ૦ ૪–૧૨–૪૪).

નિમ્લોચિ. સોમવંશના ભજમાનની પહેલી સ્ત્રીના ત્રણ પુત્રો પૈકા એક. (ભાગ૦ ૯–૨૪–૭).

નિરુક્ત. એક વેદાંગ. એ વેદપુરુષના કર્ણ સ્થાને છે. યાસ્કનો કરેલો નિરુક્ત તે વસ્તુતઃ વેદ ઉપર ટીકાનો જ ગ્રન્થ છે. નિરુક્ત નિઘંટુ અને આર્ષવૈદિક શબ્દકોષને આધારે લખાયલો છે. (ભાગ૦ ૧૨–૬–૫૮).

નિષાદી. પુરોચનની પ્રેરણાથી પાંડવોનું કામકાજ કરનારી દુર્બુદ્ધિવાળી ભીલડી. જે પોતાના પાંચ પુત્રો સહિત લાક્ષાગૃહમાં બળી મુઆ હતી તે. (ભા૨૦ આ૦ ૧૬૦–૬).

નિષ્કૃતિ. અગ્નિ વિશેષ. બૃહસ્પતિના પુત્ર નિશ્ચવનનો પુત્ર. સ્વન નામના અગ્નિનો પિતા. (ભા૨૦ વ૦ ૨૨૧–૨૨)

નિષ્ટાનક. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૩૫–૯).

નીલ. ભારતવર્ષીય પર્વત વિશેષ. (ભાગ૦ ૫–૧૯–૧૬).

નીલ (૨). ઇલાવૃત્તની ઉત્તરમાં આવેલો પર્વત વિશેષ. (ભાગ૦ ૫–૧૬–૮).

નેપાલ. વિદેહદેશની ઉત્તરે આવેલો–હિમાલયની દક્ષિણનો દેશ–હાલનું નેપાળ તે જ. (ભા૨૦ વ૦ ૨૨૫–૬).

નેમિ. બલિની સેનાનો પ્રમુખ, દૈત્ય વિશેષ. (ભાગ૦ ૮–૬–૨૨).

નૈષધ. નલરાજા તે જ (ભા૦ વ૦ ૫૧–૩૦).

ન્યગ્રોધ. વનવાસના સમયમાં એકદા જે ઝાડના મૂળ આગળ પોતાની માતા અને બીજા પાંડવોને થાક ખાવા બેસાડીને ભીમસેન પાણી અને સુગંધીવાન કમળો લેવા ગયો હતો તે-વડનું ઝાડ વિશેષ. (ભા૨૦ અ૦ ૧૬૩–૨૦).

ન્યગ્રોધ (૨). બીજું ન્યગ્રોધ (વડ અગર શમીવૃક્ષ)–વૃક્ષ વિશેષ. જેની નીચે કૃપાચાર્ય, અશ્વત્થામા અને કૃતવર્મા ભારતયુદ્ધ પછી દુર્યોધન સંતાયો હતો તે ધરા પાસે જતા પહેલાં, સંતાઇ રહ્યા હતા તે.

ન્યગ્રોધ (૩). ન્યગ્રોધનું ઝાડ જેને પરિક્ષિતને દંશ કરવા જતાં મળેલા બ્રાહ્મણ કશ્યપને પોતાની શક્તિ બતાવવાને તક્ષકે દંશ કરીને બાળી નાખ્યું હતું અને જેને કશ્યપ બ્રાહ્મણે વિદ્યાબળે સજીવન કર્યું હતું તે. (ભા૨૦ આ૦ ૪૩–૪).

૫.

પંચાપ્સરસ. દણ્ડકારણ્યમાં આવેલું તીર્થ વિશેષ. બળરામ તીર્થયાત્રા વખતે અહીં આવ્યા હતા. (ભાગ૦ ૧૦–૭૯–૨૮).

પણવ. વાદ્ય વિશેષ. (ભાગ૦ ૧–૧૦–૧૫).

પણિ. મહા કૃપણ જાતિ વિશેષ. ઋગ્વેદમાં એને બુદ્ધિહીન, જુઠ્ઠી, ભ્રષ્ટમુખી, નાસ્તિક, કોઇનું સારુ નહિ બોલનારી અને ઈશ્વર પૂજન ન કરનારી દસ્યુની એક અદેખી જાતિ તરીકે વર્ણવી છે. એ જાતિ ગાયો ચોરીને ગુફાઓમાં સંતાડતી. પણિયે ચોરી લીધેલી ગાયો સરમાએ પાછી આણી હતી.

પતંગી. તક્ષકની પત્ની (ભાગ૦ ૬–૬–૨૧).

પત્નીશાળા. યજ્ઞમંડપનો ભાગ વિશેષ. (ભાગ૦ ૪–૫–૧૪).

પદ્મનાભ. ધાર્મિક સર્પ પદ્મનું બીજું નામ. (ભા૨૦ શાં૦ ૩૬૫–૪).

પરાશર. સર્પ વિશેષ. (ભા૨૦ સા૦ ૫૭–૧૪).

પરિપ્લવતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧–૧૨).

પરિવત્સર. પંચ સંવત્સરનો ભેદ વિશેષ. (ભાગ૦ ૫–૨૨–૭).

પરિવર્તિની. ભાદરવા શુદ અગિયારસ.

પરુષ્ણી. રાવી નદી તે જ.

પર્ણજઙ્ઘ. વિશ્વામિત્રનો પુત્ર. (ભા૨૦ અનુ૦ ૧૭–૫૨).

પર્ણાગારિ. પર્ણગિરિ તે જ.

પશુ. યજ્ઞ વિશેષ. (ભાગ૦ ૫–૭–૫).

પશુ (૨). સવિતા નામના પાંચમા આદિત્ય અને પૃશ્નિના આઠ સંતાનો પૈકી એક. (ભા૨૦ ૬–૧૮–૧).

પાપમોચની. ફાગણ વદ અગિયારસ.

પાશાંકુશા. આસો સુદ અગિયારસ.

પાંચરાત્ર. નારદે ઉપદેશેલા સાત્વતતંત્રનું બીજું નામાન્તર. મૂળનો ભાગવત ધર્મ તે જ. એમાં ચારવેદ, અને સાંખ્યયોગ એ પાંચેનો સમાવેશ થાય છે, સબબ આ નામ પડયું છે. (ભા૨૦ શાં) કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે આનો કર્તા સાંખ્યયોગનો કર્તા પંચશિખ હશે.

પારિજાતક. પારિજાત તે જ. (ભાગ ૮–૮–૬).

પાદ્મ. પંચાવન હજાર શ્લોકના પૂરતું મહાપુરાણ, પદ્મપુરાણ તે જ.

પાર્વતીય. લોક વિશેષ.

પાલક. કલિયુગમાં બૃહદ્રથની પછી થએલા પ્રદ્યોત રાજાનો પુત્ર. એનો પુત્ર વિશાખયૂપ (ભાગ ૧૨–૧–૩).

પિણ્ડસેકતા. સર્પ વિશેષ. (ભા૨૦ આ૦ ૫૭–૮).

પુંડ્ર. બંગદ દેશની બાજળ મોદગિરિની પછી આવેલો દેશ વિશેષ. રાજમહાલનો પૂર્વભાગ પુંડ્રદેશ તે જ.

પુત્રદા. પોષ સુદ અગિયારસ

પુત્રદા (૨) શ્રાવણ સુદ અગિયારસ.

પુરજન. એક રાજા. નારદે પ્રાચીનબર્હિને ઉપદેશ કરતાં આનું ઉદાહરણ આપ્યું હતું. (ભાગ ૪–૨૫–૧૦).

પુરાણ. પુરાણો એ શ્રુતિ, સ્મૃતિની બરાબર હોવાથી પુરાણોને પાંચમો વેદ કહે છે. પુરાણો બ્રહ્મદેવનાં સર્વ મુખોમાંથી ઉત્પન્ન થયાં છે. પુરાણોનાં પાંચ અગર દસ લક્ષણો કહ્યાં છે. ઉપપુરાણનાં પાંચ અને મહાપુરાણનાં દસ એમ પણ કહેવાય છે. (ભાગ ૧૨–૭–૧૦). પુરાણનાં પાંચ લક્ષણ તે સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વંતર અને વંશાનુચરિત. મહા પુરાણનાં દસ તે સામાન્ય સૃષ્ટિ, વિશેષ સૃષ્ટિ, સંરક્ષણ, સૃષ્ટિ પોષણ, કર્મની વાસના, મન્વંતરોમાંના આચાર ધર્મો, પરમેશ્વરી લીલા, સૃષ્ટિસંહાર, મોક્ષ અને ઇશ્વર સ્વરુપ એ છે. (ભાગ૨–૧૦–૧)

પુરાણો અનેક છે અને તેમાં પ્રતિપાદન પણ જૂદું જૂદું કર્યું છે. પરન્તુ અઢાર મહાપુરાણ અને અઢાર ઉપપુરાણ કહેવાયછે.

બ્રહ્મ, પદ્મ, વિષ્ણુ, શિવ, ભાગવત, નારદ, માર્કંડેય, અગ્નિ, ભવિષ્ય, બ્રહ્મવૈવર્ત, લિંગ, વરાહ, સ્કન્દ, વામન, કૂર્મ, મત્સ્ય, ગરુડ અને બ્રહ્માંડ એ છે. (ભાગ ૧૨–૧૩–૪).

પુરુષસૂક્ત. પરમેશ્વરનું વર્ણન કરનારું સૂક્ત, "સહસ્રશીર્ષા". આ વૈદિક સૂક્તને પુરુષસૂક્ત કહે છે. (ભાગ ૧૦–૧–૨૦)

પુરંજય. કલિયુગમાં માગધવંશના વિશ્વસ્ફુર્જિ રાજાનું બીજું નામ, આ રાજા પાપબુદ્ધિ હોઇ પરાક્રમી હતો. એની રાજધાની પદ્મવતી હતી. પ્રયાગ સુધીનો ગંગા કાંઠાનો પ્રદેશ એના રાજ્યમાં આવેલો હતો. (ભાગ ૧૨–૧–૩૬).

પુલહાશ્રમ. ગંડકી નદીના તીરપર આવેલું ક્ષેત્ર વિશેષ. (ભાગ ૭–૧૪–૩૦)

પુલિંદ. લોકવિશેષ. (ભાગ ૨–૪–૧૮)

પુલિંદ (૨) કલિયુગમાં શુંગ રાજવંશમાંનો એક રાજા. એનો પુત્ર ઘોષ. (ભાગ૧૨–૧–૧૭).

પુલોમન. કશ્યપ અને દનુનો પુત્ર એક દાનવ. આ હિરણ્યકશિપુ અને વૃત્રાસુરનો અનુયાયી હતો. (ભાગ ૬–૬–૩૧; ૬–૧૦–૨૦; ૭–૨–૫).

પુલ્કસ. (ચાણ્ડાલ) લોક વિશેષ. (ભાગ ૨–૪–૧૮).

પુષ્કરચૂડ. દક્ષિણ દિશાનો દિગ્ગજ વિશેષ. (ભાગ ૫–૨૦–૩૯)

પુષ્કલાવતી. પુષ્કલાવત તે જ. ભરતપુત્ર પુષ્કલે વસાવેલી નગરી, હાલ એ ઠેકાણે પરાગ અને ચરસદ્દા એ ગામ વસ્યાં છે, અને સ્વાત-નદીના પૂર્વ કિનારા પર આવેલ છે.

પુષ્પભદ્રા. હિમાલયની ઉત્તરે આવેલી નદી વિશેષ. માર્કંડેય ઋષિનું જન્મ અને તપસ્થાન. ભાગ ૧૨–૮–૧૭).

પુષ્પમિત્ર. કલિયુગમાં આલ્હિક રાજાની પછી થએલો રાજા વિશેષ. એના પુત્રનું નામ દુર્મિક. (ભાગ ૧૨–૧–૩૪)

પુષ્પાયંપા. એક નગર.

પુંસવન. એક વૃત્ત વિશેષ. પોતાને સારો પુત્ર થવા દિતિએ આ વ્રત કર્યું હતું. માગશર સુદ પડવાથી તે કાર્તિક વદ અમાવાસ્યા સુધી એ કરવાનું છે.

પૂરુ. ધ્રુવ નામના વસુ અને ધરણિનો પુત્ર–એક દેવતા.

પૂર્ણા. પયોષણી શબ્દ જુઓ.(ભાગ–૬–૬–૧૨).

પૂર્ણાંદ્રિ. સર્પવિશેષ. (ભા૨૦ આ૦ ૫૭–૧૬).

પૂષા. આદક્ષના યજ્ઞમાં ઋત્વિજ હતો. એને ચણ્ડીશાએ બાંધીને એના દાંત પાડી નાંખ્યા હતા. પછી પિષ્ટભુક એટલે યજમાનના દાંતવડે તું ખાનારો થઇશ એવું શિવે વરદાન આપ્યું હતું. કોષમાં પૂષા શબ્દ જોવો. (ભાગ ૪–૫–૧૭; ૪–૭–૪).

પૃથિવી. ભૂમી તે જ. સૂર્યમાળામાં પૃથ્વી સૂર્યથી ત્રિજે ગ્રહ છે. એનો આકાર ગોળ હોઈ વચ્ચેથી ફૂલેલો છે, સ્થૂળમાને એનું ક્ષેત્રફળ ૧૯૬૫૫૦૦૦૦ ચોરસ મૈલ છે. આ પૈકી ૫૫૫૦૦૦૦૦ ચોરસ મૈલ જમીન અને બાકી બધું પાણી છે. પૃથ્વીપર વસ્તી એક અબ્જ કોટીની છે. પૃથ્વી સૂર્યની આજુબાજુ લંબવર્તુલાકાર કક્ષામાં ફરે છે. આ કક્ષાનું એક કેન્દ્ર સૂર્ય છે. પૃથ્વીની ઉમ્મર ક્રમમાં ક્રમ એ ચાર કરોડ વર્ષની હશે. પૃથુરાજાએ એનું દોહન કરીને બધી સમૃદ્ધિ કાઢી હતી. એ રાજાએ જ પૃથ્વી ઉપર ગામ, નગર ઇત્યાદિ રચના કરી હતી. (ભાગ ૪–૧૮–૨૬).

અવધૂત દત્તે કરેલા ગુરુઓમાં પૃથ્વી પણ એક ગુરુ ગણાય છે. (ભાગ ૧૧–૭–૩૩).

પૈઙ્ગ્ય. ઋષિ વિશેષ. (ભા૨૦ સ૦ ૪–૨૩)

પૈલ. પિલિ ઋષિના ગોત્રનો એક ઋષિ. (ભા૨૦ આ૦ ૬–૪; ૪–૧૭ શાં. ૪૬–૭).

પૌષણ. પુરાણનાં દશવિધી લક્ષણો પૈકી એક, સૃષ્ટિ પોષણ (ભાગ ૨–૧૦–૧)

પૌગણ્ડ. મનુષ્યની ઉમ્મરનો પ્રથમ પાંચથી દશ કિંવા સોળ વર્ષ સુધીનો સમય. (ભાગ ૩–૩૧–૨૮)

પૌદ્રન્ય દેશ વિશેષ (ભા૨૦ ૧૯૩–૪૯).

પૌરંજની. પુરંજન રાજાની એકસો અને દસ કન્યાઓ. (ભાગ ૪–૨૭–૭).

પૌલોમતીર્થ. તીર્થ વિશેષ. (ભા૨૦ આ૦ ૨૩૬–૩)

પ્રણવ. ૐકાર તે જ. એ બ્રહ્મદેવના હૃદયમાંથી ઉત્પન્ન થયો છે. કોષમાં ઓંકાર શબ્દ જુઓ.)

પ્રતિમૃતિ. યુધિષ્ઠિરને વ્યાસે શિખવેલી વિદ્યા વિશેષ. યુધિષ્ઠિરે અર્જુનને એ વિદ્યા શિખવી હતી. (ભા૨૦ વ૦ ૩૬–૩૦ ૩૮; વ૦ ૩૭–૧૭)

પ્રતીપ. સોમવંશીય ભીમસેનનો પુત્ર. એની માતાનું નામ સુકુમારી. એનું પરિશ્રવા એવું બીજું નામ પણ હતું. શૈલ્યા સુનંદી એની સ્ત્રી થતી હતી. એને દેવાપિ. શન્તનું અને

બાલ્હિક એ ત્રણ પુત્રો હતા. (ભા૨૦ આ૦ ૬૩–૪૬)

પ્રતીપક. વિદેહવંશીય મરુરાજાનો પુત્ર. એનો પુત્ર કૃતિરથ. (ભાગ ૯–૧૩–૧૬).

પ્રત્યગ્ર. પ્રત્યગ્રહ તે જ.

પ્રદ્યુમ્ન. ભગવાનની ચર્તુમૂર્ત્તિ પૈકી એક.

પ્રદ્યોત. ઉજ્જયનીનો રાજા વિશેષ. એની કન્યા વત્સ રાજાને આપી હતી.

પ્રદ્યોતન. પ્રદ્યોતવંશના પાંચ રાજા. એમણે એકસો અડતાળીસ વર્ષ પર્યન્ત રાજ્ય કર્યું હતું. (ભાગ. ૧–૨૧–૪)

પ્રધાન. પ્રકૃતિનું બીજું નામ. (ભાગ ૩–૨૬–૧૦).

પ્રબ્બળ. વિષ્ણુનો પાર્ષદ વિશેષ. (ભાગ ૮–૨૧–૧૬).

પ્રબોધિની. કારતક સુદ (દેવઉઠી) અગિયારસ.

પ્રભુ. ભગ નામના છઠ્ઠા આદિત્ય અને સિદ્ધિનો એક પુત્ર. (ભાગ ૬–૧૮–૨).

પ્રમતિ. કોષમાં આપેલો (૧) પ્રમતિ તે જ, ભા૨૦ આ૦ ૮–૧૧ માં અને ૫–૩૧ માં એને ચ્યવનનો અને સુકન્યાનો પુત્ર કહ્યો છે.

પ્રમથગણ. રુદ્રના અને સ્કંદના ગણ.

પ્રમદ. વસિષ્ઠ પુત્ર. એ ઉત્તમ મન્વંતરમાંના સપ્તર્ષિઓ પૈકી એક હતો. (ભાગ ૮–૧–૨૪).

પ્રમન્થુ. ઋષભદેવ વંશના વીરવ્રત અને ભોજનો નાનો પુત્ર. (ભાગ ૫–૧૫–૧૫).

પ્રયાગરાજ. હાલનું અલાહાબાદ તે. અહીં ગંગા, યમુના અને સરસ્વતીનો સંગમ થાય છે. ત્રિવેણિ માધવ, સોમેશ્વર, ભારદ્વાજેશ્વર, વાસુકીશ્વર, અક્ષયવટેશ્વર, શેષ, પ્રયાગ, વેણીમાધવ, ભાગીરથી, સરસ્વતી અને યમુના વગેરે મુખ્ય તીર્થો છે. અહીં સઘળા યાત્રાળુઓએ ક્ષૌર કરાવવું એવી પ્રથા છે. આ તીર્થોને તીર્થરાજ કહે છે. બળરામ યાત્રા વખતે અહીં પણ આવ્યા હતા. વેણી નામની નાની નદીનો સંગમ પણ અહીં થાય છે. ગંગા, યમુના અને વેણી ઉપરથી ત્રિવેણી એમ કેટલાક કહે છે. (કોષમાં પ્રયાગ શબ્દ જુઓ). ભાગ૦ ૭–૧૪–૩૦; ૧૦–૭૯–૧૦).

પ્રલય. પૃથ્વી પર થએલો જળપ્રલય, જેમાં બધાંનો નાશ થયો હતો. વિશેષ વર્ણન સારુ જુઓ (ભા૨૦ વ૦ ૧૯૧–૬૫; શાં૦ ૩૧૭; અનુ૦ ૩૯–૧–૧૮. ભાગ ૧૨–૪).

પ્રસુમ્ન. પૂર્વ સુહ્મદેશનું નામાન્તર.

પ્રાત. પ્રાતઃકાળ તે જ

પ્રાત (૨). ધાતા નામના સાતમા આદિત્ય અને રાકાનો પુત્ર. (ભાગ ૬–૧૮–૩).

પ્રોષ્ઠ. દેશ વિશેષ. (ભા૨૦ ભી૦ ૯–૫૦).

ફ.

ફલ્ગુ. ગયામાં ફલ્ગુનદી પર આવેલું તીર્થ વિશેષ.

બ.

બક. બકાસુર તે જ. (ભાગ ૧૦–૧૧–૪૮).

બળવાગ્નિ. બૃહસ્પતિનો પુત્ર, અગ્નિ વિશેષ, એનું બીજું નામ ઉર્ધ્વભાક હતું. (ભા૨૦ વ૦ ૨૧ –૨૮).

બલાક. સોમવંશીય પુરુરવાપુત્ર વિજયના કુળના જન્હુપુત્ર પૂરુનો પુત્ર. એનો પુત્ર અજક. (ભાગ ૯–૧૫–૩).

બલાકા. પક્ષી વિશેષ, એની તરફ કુશિકે ક્રૂર દૃષ્ટિ કરવાથી એ બળી ગયું હતું. (ભા૨૦ વ૦ ૨૦૯–૫).

બલી. કૃતવર્મા રાજાનો પુત્ર. રુકિમણીની કન્યા ચારુમતીનો પતિ. (ભાગ ૧૦–૬૧–૨૪).

બલી (૨). સુસર્મા નામના કાણ્વરાજાનો સેવક

વિશેષ. એણે સુસર્માને મારીને આંધ્રવંશની સ્થાપના કરી. (ભાગ૦ ૧૨-૧-૨૨).

બર્હણાશ્વ. સૂર્યવંશીય ઇક્ષ્વાકુ કુળના નિકુમ્ભનો પુત્ર. એનો પુત્ર કૃશાશ્વ. (ભાગ ૯-૬-૨૫).

બર્હણાશ્વ (૨). કોષમાં આપેલો બર્હણશ્વ તે જ.

બલ્હવાદ્ય. દેશ વિશેષ (ભા૨૦ ભી૦૯-૫૫).

બાલપિ. ભૃગુકુળનો બ્રહ્મર્ષિ વિશેષ

બાલ્હીક. કલિયુગમાં કિલકિલા નગરીમાં રાજ કરનાર રાજાના તેર પુત્રોની સંજ્ઞા. (ભાગ૦ ૧૨-૧-૩૪).

બાલ્હિક (૨) દેશ વિશેષ, **विपाशा शतद्रो र्नद्योर्मध्ये केकयदेशस्य पूर्वभागे विद्यमानो देशः** । કૈકય દેશની ઇશાનમાં સતલજ અને બીઆસ નદી વચ્ચે આવેલો દોઆબ-દેશ તે જ, (ભા૨૦ ભી૦ ૯-૪૭).

બાલ્હીક (૩). પ્રતીપનો પુત્ર ક્ષત્રિય. પુત્રિકાપુત્ર ધર્મ વડે એ માતામહનો પુત્ર હતો. એના પુત્રનું નામ સોમદત્ત, (ભા૨૦ ઉ૦ ૧૬૭-૨૮; દ્રો. ૧૫૮-૧૫ અને ભાગ ૯-૨૨).

બાલ્હીક (૪). કોષમાં આપેલો બાલ્હીક દેશ તે જ. હાલ જેને બલ્ખ કહીએ છીએ અને જે અંદીખુર્દની પૂર્વે સો મૈલપર ઓક્ષસ નદી પર અફ્ઘાનીસ્તાનમાં આવેલું શહેર છે તે જ. આ શહેર ઘણું પુરાતન હોવાથી એને "શહેરોની જનેતા" કહેવામાં આવે છે.

બાલાયનિ. ઋષિ વિશેષ એણે વાલ્મિલ્ય સંહિતાનું અધ્યયન કર્યું હતું. (ભાગ ૧૨-૬-૫૬).

બાહુ. પાંડવ પક્ષનો એક ક્ષત્રિય, (ભા૨૦ ઉ૦ ૪-૨૨).

બાહુ (૨) સુન્દર વંશીય ક્ષત્રિ વિશેષ (ભા૨૦ ઉ૦ ૭૩-૧૫).

બાહુ (૩). ક્ષત્રિય સૂર્યવંશી સગરનો પિતા (ભા૨૦ શાં૦ ૫૬-૮; ભાગ ૯-૮ હરિ વં. ૧૪). એને બાહુક પણ કહ્યો છે.

બાહુક. ડિંગણો (ભાગ ૪-૧૪-૪૩)

બાહુકા. બાહુદા નદી તે જ. બાહુદાને સારુ કોષમાં જુઓ.

બહદ્રથ. કલિયુગમાંના મૌર્યવંશના શતધન્વાનો પુત્ર. આ એ વંશનો છેલ્લો રાજા હતો. (ભાગ ૧૨-૧-૧૫).

બૃહ-મના. આંગિરસનો પુત્ર. ઋષિ વિશેષ. (ભા૨૦ ચિ૦ ૨૨૧).

બૃહન્મના (૨). અનુ કુળના બૃહદ્રથનો પુત્ર તે, જયદ્રથ. (ભાગ ૯-૨૩-૧૧).

બૃહન્મન્ત્ર. અંગિરસનો એક પુત્ર ઋષિ. વિશેષ (ભા૨૦ વ૦ ૨૨૧-૨).

બૃહસ્પતિ. યજ્ઞ વિશેષ, (ભાગ ૪-૩-૩).

બૈદ. ધૌમ્ય ઋષિનો શિષ્ય એક ઋષિ. (ભા૨૦ આ૦ ૩-૭૮).

બૃહસ્પતિ (૨). જન્મેજયના સર્પસત્રમાંનો એક ઋષિ. (ભાગ ૧૨-૬-૨૩).

બૃહસ્પતિ (૩). ગુરુ તે જ. સૂર્યમણ્ડળમાં સૌથી મોટો ગ્રહ. મંગળ કરતાં બે લાખ યોજન ઉંચે છે તે. આ ગ્રહ, લગભગ શુક્રના ગ્રહ જેટલો તેજસ્વી છે. પૃથ્વી જેવડા ૧૩૯૦ ગોળા એકઠા કરીએ અને થાય એવડો મોટો છે, એના દિવસનું માન નવ કલાક અને સાડી પંચાવન મિનિટનું છે, અને વર્ષ આપણા વર્ષ કરતાં બારગણું લાંબું છે. સૂર્યથી એ પૃથ્વી કરતાં પાંચ ગણે છેટે છે. એને આઠ ચન્દ્રો-ઉપગ્રહો છે, ગુરુ અને એના ઉપગ્રહો એ નાની શી સૂર્યમાળા જ છે.

બ્રહ્મચર્ય. ચાર આશ્રમો પૈકી પહેલો. એ બ્રહ્મદેવના હૃદયમાંથી ઉત્પન્ન થયો છે. (ભાગ ૧૧-૧૭-૧૪).

બ્રહ્મચારી. પ્રથમ આશ્રમી.

બ્રહ્મચારી (૨). સ્કંદ તે જ. (ભા૨૦ વ૦ ૨૩૩-૮).

બ્રહ્મપુરાણ. દસ હજાર શ્લોકના પૂરતું, મહા પુરાણ પૈકી એક. (ભાગ ૧૨-૧૩-૪).

બ્રહ્મરાત. શુક્રાચાર્યનું નામાન્તર. (ભાગ ૧-૬-૮).

બ્રહ્મલોક. સત્યલોક તે જ. મૂર્તિપૂજકોને આ લોક પ્રાપ્ત થાય છે. (ભાગ૦૧૧-૨૭-૫૨).

બ્રહ્મવૈવર્ત. અઢાર હજાર શ્લોકના પૂરતું, મહા-પુરાણ પૈકી એક. (ભાગ૦ ૧૨-૧૩-૬).

બ્રહ્મશત્રુ. રાવણપક્ષીય એક રાક્ષસ.

બ્રહ્માણ્ડ. બાર હજાર શ્લોકના પુરતું, મહા-પુરાણ પૈકી એક. (ભાગ૦ ૧૨-૧૩-૮).

ભક્તિ. મોક્ષમાર્ગ પૈકી એક. વ્યક્તોપાસના એ જ ભક્તિ. ઉપનિષદોમાંથી ઉપાસનાને અડું જ ભક્તિમાર્ગ ઉદ્ભવ્યો છે. પરબ્રહ્મના સગુણ સ્વરુપની ઉપાસના કરી તે દ્વારા તેનું જ્ઞાન સંપાદન કરવું એ અંતિમ સાધ્ય છે. એમ માન્યું છે. જ્ઞાનરુપી સાધ્યની ભક્તિ એ સાધન રૂપ છે. ભક્તિમાર્ગનો પ્રમાણગ્રન્થ તે ભાગવત પુરાણ છે. સાત્વિક, રાજસ અને તામસ એ ભક્તિના ત્રણ પ્રકાર છે. આ લોકમાં અર્થસાધનાને લઈને કરેલી ભક્તિ તે તામસભક્તિ. વિષય ભોગનો અભિલાષ રાખીને યશ સંપાદન કરવા કરેલી તે રાજસભક્તિ. અને ઈશ્વરાર્પણ બુદ્ધિ વડે કરેલી ભક્તિ તે સાત્વિકભક્તિ.

ભક્તિના નવ પ્રકાર હોવાથી તે "નવધાભક્તિ" અગર " નવવિધા ભક્તિ " કહેવાય છે, "નવવિધાભક્તિ" શબ્દ જુઓ, ભક્તિમાર્ગ સર્વને આચરણીય છે, (ભાગ ૧-૨-૬). આધુનિક પ્રાર્થનાસમાજના સિદ્ધાંતમાં **स्तुतिः प्रार्थना सदाचार श्चेति भक्तिः** એમ વ્યાખ્યા કરી છે.

ભક્તિમાર્ગ. ભક્તિ એ જ.

ભક્તિયોગ. ભક્તિ એ જ. (ભાગ ૧-૨-૭).

ભગ. કોષમાં આપેલો ભગ (૧) તે જ. એની આંખો ફોડી નાંખવાથી શિવે એને વર આપ્યો હતો કે ભગ મિત્રની આંખવડે દેખે. ભગ દક્ષના યજ્ઞમાં ઋત્વિજ હતો નન્દીએ એને આંધ્યો હતો. શિવની નિન્દામાં એણે નેત્રવડે સંમતિ આપી માટે વીરભદ્રે એની આંખો ફોડી હતી,

भगस्य नेत्रे भगवान् पातितस्य रुषा भुवि ।
उज्जहार सदःस्थोऽक्षणायः शपन्त मसूसुचत्॥२०॥
(ભાગ૦ ૪ સ્કં૦ ૫ આ૦).

ભગ (૨). બાર આદિત્યમાંનો છઠ્ઠો. એની પત્ની તે સિદ્ધિ. તેને પેટે એને મહિમા, વિભુ અને પ્રભુ એમ ત્રણ પુત્રો, અને આશી નામની કન્યા થઇ હતી. આશી સ્વરુપવાન અને તપોનિષ્ટ હતી. (ભાગ૦ ૬-૬-૩૯; ૬-૧૮-૨).

ભગવત્પદી. ગંગા નદી વામન ભગવાને પોતાના જમણા પગવડે બધું ભૂમણ્ડલ વ્યાપ્ત કરી દઇ, ડાબા પગવડે સ્વર્ગાદિ લોક વ્યાપ્ત કરી દીધા. વેળા તેમના નખવડે બ્રહ્માણ્ડની કિનારી ઉપરનું વેષ્ટન ફુટીને બ્રહ્માંડ બહારના આવરણમાથી એ કાણાને રસ્તે પાણી બ્રહ્માણ્ડમાં પેઠું. આ પ્રમાણે વિષ્ણુના પગમાં આવેલું પાણી તેમના પાદસ્પર્શથી પવિત્ર થઈ જગત માત્રને પવિત્ર કરે છે. હજારો વર્ષ પછી ગંગા સ્વર્ગમાં વિષ્ણુપદમાં ઉતરી. આમ વિષ્ણુના પગમાં ભરાઇને પવિત્ર બનવાથી ગંગા-ભાગીરથીને વિષ્ણુપાદોદકી એવું નામ સંપાદન થયું છે.

"जय विष्णुपादोदको अखिलजगपुनितकर ।
दानी मनमोदकी सिन्धुअङ्गे."

ગીરધર—રામાયણ.

पदनखनीरजनित जग पावन ॥
गीतगोविन्दम्

ભગવદ્દાત. પરીક્ષિત રાજા. (ભાગ૦ ૧૨-૧૩-૧૯).

ભદ્રક. કલિયુગમાં મૌર્યકુળ પછી થએલો રાજા વિશેષ, (ભાગ૦ ૧૨-૧-૧૭).

ભય. કલિ અને દુરુક્તિનો પુત્ર. (ભાગ૦૪-૮-૪)

ભય (૨). દ્રોણ વસુ અને અભિમતીનો પુત્ર. (ભાગ૦ ૬-૬-૧૧).

ભવિષ્ય. ચૌદ હજાર શ્લોકના પૂરતું, મહાપુરાણ પૈકી એક.

ભાગવત. ભક્તિમાર્ગ પ્રમાણગ્રન્થ. નારદના

ઉપદેશથી વ્યાસે રચ્યું છે, શેષની અને બ્રહ્મદેવની એમ એની બે પરંપરાઓ--પરિપાટી છે. આ અરાડ મહાપુરાણ પૈકીનું એક ગણાય છે. એનું શ્લોક પૂર અરાડ હજારનું છે. (ભાગ૦ ૧-૧-૩; ૧૨-૧૩-૫).

ભાગવત (૨). શુંગવંશનો રાજા વિશેષ. (ભાગ૦ ૧૨-૧-૧૮)

ભાણ્ડીરક. વૃંદાવન સમિપ અરણ્યમાં આવેલું વડનું વૃક્ષ વિશેષ.

વહન્તો ગ્રાહ્યમાનાશ્ચ ચારયન્ત શ્ચ ગોધનમ્ ॥
ભાણ્ડીરકં નામ વટં જગ્મુઃ કૃષ્ણપુરોગમાઃ॥૨૨॥
(ભાગ૦ ૧૦-૧૮-૧૨).

ભિક્ષુ. સન્યાસી. (ભાગ૦ ૧-૬-૨).

ભીમાશંકર. ભીમા નદી જ્યાંથી નિકળે છે ત્યાં આવેલું શંકર ભગવાનનું લિંગ વિશેષ. બાર જ્યોતિર્લિંગમાંનું એક.

ભુશુંડી. ગોફણ. (ભાગ૦ ૬-૧૦-૨૩).

ભૂતનંદ. કલિયુગમાં કિલકિલા નગરીમાં થએલો રાજા વિશેષ. (ભાગ ૧૨-૧-૩૨).

ભૂરિસ. અંગિરા કુળનો બ્રહ્મર્ષિ વિશેષ.

ભૂમિત્ર. કલિયુગમાંના કણ્વરાજ વંશના વસુદેવનો પુત્ર. એનો પુત્ર તે નારાયણ. (ભાગ. ૧૨-૧-૨૦).

ભૃગુ. ભાદરવા મહિનામાં વિવસ્વાન આદિત્યના સમાગમે રહેનારો ઋષિ વિશેષ. (ભાગ ૧૨-૧૧-૩૮).

ભેરી. વાદ્ય વિશેષ, નગારું (ભાગ૧-૧૦-૧૫).

ભોજ. એ નામનું એક રાજ્ય (ભાગ ૧-૧૧-૧૯; ૯-૨૪-૧૧)

ભૌમ. નરકાસુરનું નામાન્તર (ભાગ ૧૦-૫૮-૫૮).

મ.

મકરા. ભારતવર્ષીય નદી વિશેષ.

મણ્ડ. ભૃગુકુળનો બ્રહ્મર્ષિ વિશેષ.

મત્સ્યપુરાણ. ચૌદ હજારના પૂરનું અરાડ પુરાણ પૈકી એક (ભાગ ૧૨-૧૩-૧૮).

મદ્રોક્ત. સદ્ગુણ વિશેષ.

મધુ દેશવિશેષ મથુરાપ્રાન્ત તે જ.) ભાગ ૧-૧૧-૯)

મધુપુરી. મધુપુર-મથુરા તે જ. (ભાગ ૧૦-૩૮-૧)

મધ્યંદિન. ઉત્તાનપાદ વંશના પુષ્પાર્ણ અને પ્રભાનો બીજો પુત્ર. (ભાગ ૪-૩-૧૩).

મન્ત્રદ્રુમ. ચાક્ષુષ મન્વંતરમાંનો ઇન્દ્ર. (ભાગ ૮-૫-૮).

મન્ત્રમાલા. કુશદ્વીપમાંની નદી વિશેષ. (ભાગ ૫-૨૦-૧૫).

મન્ત્રિકા. યજુર્વેદનું ઉપનિષત્.

મન્ત્રેશ્વર. નર્મદા કિનારાનું તીર્થ વિશેષ.

મન્ત્રોપનિષદ્. એક ઉપાસના. નારદે ચિત્રકેતુને કહી હતી તે. (ભાગ ૬-૧૫-૧૭).

મરીચી. અપ્સરા વિશેષ.

મરુત. આવિક્ષિતનું નામાન્તર (એ શબ્દ જુઓ) આ અવિક્ષિતનો પુત્ર હતો. એ ચક્રવર્તી રાજા ઇન્દ્રના જેવો પરાક્રમી, ધાર્મિક અને જીતેંદ્રિય હતો. એણે સો અશ્વમેધ કર્યા હતા. એના જેવો યજ્ઞ કોઈએ કર્યો નથી. આ યજ્ઞમાં અંગિરસનો પુત્ર પુરોહિત હતો. યજ્ઞ સામગ્રીની સઘળી વસ્તુઓ સોનાની હતી. મરુદ્ગણ પિરસનાર અને વિશ્વદેવો સભાસદ હતા. યજ્ઞમાં સોમપાન કરવાથી ઇન્દ્રને કેફ ચઢયો હતો; બ્રાહ્મણોને ખૂબ દક્ષિણા મળવાથી તેઓ બેહોશ બની ગયા હતા ! એના પુત્રનું નામ દમ હતું.

મલંદરા. ભારતવર્ષીય નદી વિશેષ.

મલ્લિકાર્જુન. શ્રી શૈલ પર્વત ઉપર આવેલું દ્વાદશજ્યોતિર્લિંગ વિશેષ.

મહાકાલ. ઉજ્જયનીમાં આવેલું દ્વાદશજ્યોતિર્લિંગ વિશેષ.

મહાતલ. સપ્ત પાતાલ પૈકી પાંચમું. એમાં કદ્રુપુત્ર નાગ રહે છે. એ વિરાટ સ્વરુપના ઘુંટણની જગાએ આવ્યું છે. (ભાગ ૨-૧-૨૬).

મહાનન્દિ. કલિયુગમાં શિશુનાગવંશીય નન્દિવર્ધનો પુત્ર. એ આ વંશનો છેલ્લો રાજા હતો. (ભાગ ૧૨-૧-૭).

મહાબ્મલેશ્વર. સહ્યાદ્રિ પર્વતનું ક્ષેત્ર વિશેષ. અહીં બ્રહ્મદેવે યજ્ઞ કર્યો હતો. કૃષ્ણા નદી અહીંથી નીકળે છે. એ સતારા જીલ્લામાં જાવલી તાલુકામાં સમુદ્રની સપાટીથી ૪૫૦૦ ફીટ ઉંચાઇએ છે. મહાબ્મલેશ્વરનું દેવાલય ૪૩૮૫ ફીટની ઉંચાઇ પર આવેલું છે.

મહાભખ. સવિતા નામના પાંચમા આદિત્ય અને પ્રશ્નિનો પુત્ર. (ભાગ ૬-૧૮-૧).

મહામખ (૨). પંચમહાયજ્ઞ

મહામાત્ર. કંસના કુવલયાપીડ નામના હાથીનો મહાવત. (ભાગ ૧૦-૩૬-૨૫).

મહામોહ. એક અજ્ઞાનવૃત્તિ. (ભાગ ૩-૧૨-૨).

મહાશંખ. માગશર મહિનામાં અંશુ નામના આદિત્યના સમાગમે ફરનારો નાગ વિશેષ. (ભાગ ૧૨-૧૧-૪૧).

મહાશન. કંસપક્ષીય રાક્ષસ વિશેષ. (ભાગ ૧૦-૨-૧).

મહાશીલ. સોમવંશીય અનુકુળના જન્મેજયનો પુત્ર. (ભાગ. ૯-૨૩-૨).

મહિમાન. ભગ નામના છઠ્ઠા આદિત્ય અને સિદ્ધિનો પુત્ર. (ભાગ ૬-૧૮-૨).

મહિષ્માન. હૈહય કુળના સોહંજીનો પુત્ર. એનો પુત્ર ભદ્રસેન. (ભાગ ૯-૨૩-૨૨).

મહી. પૃથ્વી તે જ.

મહી નદી. ગુજરાતની નદી વિશેષ. આ નદીનાં કોતરડાં બહુ ઉંડાં, અને કાંઠે રહેનારી જાતો ગુન્હા કરનારી હોવાથી, જુના કાળમાં મુસાફરોમાં કહેવત હતી કે, " આવી મહી ને ફીકર થઇ. " લૂંટાયા વગર ક્ષેમકુશળ જાય તો કહેવાતું કે " ઉતર્યા મહી ને થયાં સહી. "

મહી મહીમણ્ડલગા વિભાતિ ગઙ્ગેવગીતા
મુનિમિઃ પુરાણૈઃ ।
બાલોઽપિ ચૌરસ્તરુણોઽપિ ચૌરઃ ।
ચૌરંવિના ન પ્રસવન્તિ નાર્યઃ ॥૧॥
(કસ્યચિત્)

મહીનસ. અગિયાર રુદ્રો પૈકી એક. (ભાગ ૩-૧૨-૧૨).

માધવ. વિષ્ણુનું નામ.

માધવો. માયાનું નામાન્તર. (ભાગ ૧૦-૨-૧૨).

માનિષ. પુરુષ શ્રેષ્ઠ. (ભાગ ૬-૫-૩૨).

માર્કણ્ડેય. દશરથ રાજાના યજ્ઞનો એક ઋત્વિજ.

માર્ગશીર્ષ. માગશર મહિનો. ભગવાનની વિભૂતિ.

માસાનાં માર્ગશીર્ષોઽહં નક્ષત્રાણાંતથાભિજિત્॥૨૭॥
(ભાગ ૧૧-૧૬-૨૭). અને

માસાનાં માર્ગશીર્ષોઽહમૃતૂનાં કુસુમાકરઃ ॥
(ભગવદ્ગીતા ૧૦-૩૫).

માહેશ્વરજ્વર. શંકર ભગવાનનું અસ્ત્ર વિશેષ. (ભાગ ૧૦-૬૩-૨૩).

મવિલ્લ. મવિલ્લક શબ્દ જુઓ.

મિત્ર. વસિષ્ટ અને ઉર્જાનો એક પુત્ર. (ભાગ ૪-૧-૪૧).

મિત્ર (૨). જેઠ મહિનામાં અત્રિ ઋષિ, પૌરુષેય રાક્ષસ, તક્ષક નાગ, મેનકા અપ્સરા, હાહા ગંધર્વ અને રથસ્વન યક્ષના સમાગમમાં ફરનારો સૂર્ય. (ભાગ ૧૨-૧૧-૩૫).

મિહિમતી. નર્મદા કાંઠે આવેલું શહેર વિશેષ. હાલનું મંડલા તે જ.

મિહિષ્મતી (૨). નર્મદા કાંઠે આવેલું નેમાડ પ્રાન્તમાંનું મહેશ્વર, તે જ.

માહેન્દ્રા. દેવધાની નગરીનું નામાન્તર.

મીન. માછલી. અવધૂતના ગુરુ પૈકી એક. (ભાગ ૧૧-૪-૩૪).

મીન (૨). બાર રાશીઓ પૈકી એક.

મુદ. દક્ષકન્યા તુષ્ટિ અને ધર્મ ઋષિનો પુત્ર. (ભાગ ૪-૧-૫૧).

મૃષા. અધર્મની પત્ની. એને દંભ અને માયા એમ બે સંતાનો હતાં (ભાગ ૪-૮-૨).

મેઘસ્વાતિ. કલિયુગમાં આન્ધ્રવંશીય ચિબિલકાનો પુત્ર. એનો પુત્ર તે અટમાન. (ભાગ ૧૨-૧-૨૪).

મેદશિરા. કલિયુગમાં બહુસંજ્ઞક રાજાની પછી થએલો રાજા વિશેષ. (ભાગ ૧૨-૧-૨૭).

મોક્ષ. ચાર પુરુષાર્થમાંનું ચોથું. (ભાગ ૩-૨૮-૩).

મોદોષ. વેદવર્ષ મુનીનો અથર્વવેદનો અભ્યાસી એક શિષ્ય. (ભાગ ૧૨-૭-૨).

ય

યક્ષી. યક્ષ સ્ત્રી. (ભાગ ૧૦-૬૦-૬).

યમી. વિવસ્વાન મનુ અને સંજ્ઞા એમને થએલા જોડવામાંની કન્યા વિશેષ. આનું બીજું નામ યમુના પણ છે.(ભાગ ૬-૬-૪૦;૮-૧૩-૬).

યશોનંદી. કલિયુગમાં કિલકિલા નગરીમાં થએલો રાજા વિશેષ. (ભાગ ૧૨-૧-૩૩).

યજ્ઞશત્રુ. લંકામાંનો રાક્ષસ વિશેષ.

યજ્ઞશ્રી. કલિયુગમાં થએલા બહુસંજ્ઞક રાજાઓ પૈકી શિવસ્કંદનો પુત્ર. એનો પુત્ર વિજય. (ભાગ ૧૨-૧-૨૭).

યોગિની. જેઠ વદ અગિયારસ.

ર

રમા. આસો વદ અગિયારસ.

રાશિ. પૃથ્વીની કક્ષાના (રાશિચક્રના) કરેલા કાલ્પનીક બાર ભાગ તે. આ બાર વિભાગનાં નામ મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન એવાં છે. આ દરેક વિભાગ રાશિ કહેવાય છે. નક્ષત્રોની સંખ્યા સત્તાવીશની છે એટલે એક રાશિમાં સવાયે નક્ષત્રો આવી જાય છે. એટલે છ રાશિયો ઉત્તર ગોળાર્દ્ધમાં અને છ દક્ષિણ ગોળાર્ધમાં આવે છે. પૃથ્વીની કક્ષા–રાશિચક્ર–વિષુવવૃત્તની સાથે સાડીત્રેવીશ અંશનો ખૂણો કરે છે અને બે બિંદુઓમાં મળીને છેદે છે. એ બે બિંદુ–મેષ અને તુળા–વિષુવબિંદુઓ કહેવાય છે. સાડીત્રેવીસ અંશનો ખૂણો કરે છે એટલે રાશિચક્ર વિષુવવૃત્તથી ઉત્તર દક્ષિણ દૂરમાં દૂર સાડીત્રેવીસ અંશ સુધી જાય છે. જ્યારે સૂર્ય વિષુવબિંદુઓ ઉપર હોય છે, ત્યારે પ્રકાશદર્શક ગોળવડે પૃથ્વી બરોબર દુભગાય છે. પછી જેમ સૂર્ય ઉત્તર યા દક્ષિણમાં અગાડી જાય તેમ તેમ તે વિષુવવૃત્તથી છેટે જતો જાય છે. સૂર્ય વિષુવવૃત્તથી વધારેમાં વધારે સાડીત્રેવીશ અંશ દુર જાય છે. સૂર્ય જ્યારે વિષુવબિંદુ ઉપર હોય છે ત્યારે પ્રકાશદર્શકગોળ વડે પૃથ્વી બરાબર દુભગાયાથી આખી પૃથ્વી ઉપર રાત્રિ દિવસનું માન એક સરખું હોય છે. જેમ જેમ સુર્ય ઉત્તર દક્ષિણ ગોળાર્ધમાં વિષુવવૃત્તથી આઘો જતો જાય છે, તેમ તેમ તે તે ગોળાર્ધમાં રાત્રિ દિવસના માનમાં તફાવત પડે છે. સૂર્ય ઉત્તર ગોળાર્ધમાં હોય તો ઉત્તર ગોળાર્ધમાં દિવસ મોટો અને રાત્રિ નાની થતી જાય છે. દક્ષિણ ગોળાર્ધમાં હોય તો ત્યાં પણ એમ જ બને છે. એક રાશિમાંથી બીજી રાશિમાં જતાં સુર્યને લગભગ એક મહિનો લાગે છે. (ભાગ ૫-૨૫-૫).

રેવા. નર્મદા નદીનું નામાન્તર. બલરામ યાત્રા કરતા અહીં આવ્યા હતા. (ભાગ ૫-૧૯-૧૮; ૧૦-૭૯-૨૧).

લઘિમા. અષ્ટ સિદ્ધિયો પૈકી એક. એ સિદ્ધિ

વાળો પોતે નાનું, ઝીણું રૂપ ધારણ કરી શકે છે. (ભાગ ૧૧-૧૫-૪.)કોષમાં સિદ્ધિ શબ્દ જુઓ

લાંગલી. ભારતવર્ષીય નદી વિશેષ.

લાહ્ય. ઋષિ વિશેષ.

લાહ્યાયનિ. લાહ્ય ઋષિના પુત્ર ભુજ્યુનું નામાન્તર.

લિઙ્ગ. અઢાર મહાપુરાણ પૈકી એક. એનું શ્લોક પ્રમાણ અગીયાર હજાર છે.(ભાગ૦ ૧૨-૧-૩૬).

લૌગાક્ષિ. પૌષ્યંજિ ઋષિનો સામવેદ ભણેલો શિષ્ય વિશેષ. (ભાગ ૧૨-૬-૭૬).

લૌગાક્ષિ (૨). એક મિમાંસક.

વ

વંગિરિ. કલિયુગમાં કિલકિલા નગરીમાં થએલા રાજા પૈકી એક. (ભાગ ૧૨-૧-૩૨).

વચ્યલુ. ઋષિ વિશેષ. ગાર્ગીના પિતા.

વજ્રમિત્ર. કલિયુગમાં શુંગ વંશનો રાજા વિશેષ. (ભાગ ૧૨-૧-૧૭).

વટેશ્વર. નર્મદા કાંઠાનું તીર્થ વિશેષ.

વટોદકા. પાણ્ડ્ય દેશમાં આવેલી નદી વિશેષ. (ભાગ ૪-૨૮-૩૫).

વત્સક. વત્સાસુર તે જ. (ભાગ ૧૦-૪૩-૩૦)

વત્સ્થિની. ચૈત્ર વદ અગિયારસ.

વસુંધર. શાલ્મલી દ્વીપમાંના લોક વિશેષ. ભાગ (૨૦-૨૧).

વસુભૃદ્યાન. વસિષ્ટ અને ઊર્જાનો પુત્ર. (ભાગ ૪-૧-૪૧).

વાજપેય. બ્રહ્મદેવના ઉત્તર મુખમાંથી ઉત્પન્ન થએલો યજ્ઞ વિશેષ. દક્ષે આ યજ્ઞ કર્યો હતો (ભાગ ૩-૧૨-૪૦; ૪-૩-૩),

વાનપ્રસ્થ. ચાર આશ્રમ પૈકી ત્રીજો આશ્રમ. (ભાગ ૭-૧૨-૧૭). એ ભગવંતના વક્ષસ્થળમાંથી ઉત્પન્ન થયો છે. (ભાગ ૧૧-૪૭-૧૪).

વાનીરમાલિની. ગયસીર પર્વત પાસેની નદી વિશેષ.

વારાહકલ્પ. શ્વાક્ષમાસમાંનો ચાલુ કલ્પ.

વારિસાર. ચન્દ્રગુપ્તનો પુત્ર. (ભાગ૧૨-૧-૧૩).

વારુણ્યાશા. એક અસ્ત્ર વિશેષ, (ભાગ ૧૦-૫૦-૩૨).

વાસ. પર્વત વિશેષ. (ભાગ ૫-૧૬-૨૬).

વાસના. અર્ક નામના વસુની સ્ત્રી. એનો પુત્ર તર્ષાદિ. (ભાગ ૬-૬-૧૩).

વિજયા. ભગવાનની માયા. (ભાગ૦ ૧૦-૧૦-૨-૨૧).

વિજયા (૨). મહાવદ અગિયારસ.

વિદગ્ધ. શાકમ્ય ઋષિનું નામાન્તર.

વિદણ્ડ. દ્રૌપદી સ્વયંવર વખત આવેલા રાજાઓ પૈકી એક. એ દણ્ડ રાજાનો પિતા થતો હતો.

વિપ્રચિત્ત. વિપ્રચિત્તિ એ જ.

વિશસન. વિશક્ષન નામનું નર્ક તે જ. (ભાગ૦ ૫-૨૬-૨૫).

વિશ્વસાહ. સૂર્યવંશના કુશકુળના મહાસ્વાનનો પુત્ર. એને વિશ્વસ એવું નામાન્તર છે. એનો પુત્ર તે પ્રસેનજિત. (ભાગ૦ ૯-૧૨-૭).

વિશ્વસ્ફુર્જિ. કલિયુગમાં થઇ ગયેલો મગધનો રાજા વિશેષ. બીજો પુરંજય તે જ. (ભાગ૦ ૧૨-૧-૩૪).

વિશ્વાધાર. પ્રિયવ્રતના પુત્ર મેધાતિથીનો પુત્ર. (ભાગ૦ ૫-૨૦-૨૫).

વિશ્વાધાર (૨). શાકદ્વીપમાંનો દેશ વિશેષ. (ભાગ૦ ૫-૨૦-૨૫).

વિશ્વે. (વિશ્વેદેવ). ચાક્ષુષ મનુનો પુત્ર. (ભાગ૦ ૬-૬-૧૫).

વિસ્મૃત. વિદેહવંશિય દેવમીઢનો પુત્ર, એનો પુત્ર મહાધૃણુ. (ભાગ૦ ૯-૧૩-૧૬).

વીર્યધર. શાલ્મલી દ્વીપમાંના લોક વિશેષ. (ભાગ૦ ૫-૨૦-૧૧).

વૃત્તિ. મનુ નામના રુદ્રની પત્ની. (૩-૧૨-૧૩).

વેંક. દેશ વિશેષ. (ભાગ૦૫-૬-૯).

વેદશ્રુત. ઉત્તમ મન્વંતરમાંનો દેવ વિશેષ. (ભાગ૦ ૮-૧-૨૪).

વૈષ્ણવજ્વર. વિષ્ણુનું અસ્ત્ર. (ભાગ૦ ૧૦-૬૩-૨૩).

વૈષ્ણવપદ. વિષ્ણુપદ. (ભાગ૦ ૪-૧૩-૧૬).

વ્રત. ચક્ષુ અને નડ્વલાનો પુત્ર. (ભાગ૦ ૪-૧૩-૧૬).

શ.

શંકુશિરા. કશ્યપ અને દનુનો પુત્ર. ઇન્દ્ર અને વૃત્રના યુદ્ધમાં આ હતો. (૬-૬-૩૦; ૬-૧૦-૧૯).

શંખચૂડ. પાતાળનો નાગ વિશેષ. (ભાગ૦ ૫-૨૪-૩૧).

શતબલા. ભારતવર્ષીય નદી વિશેષ.

શતબાહુ. હિરણ્યકશિપુનો અનુયાયી અસુર વિશેષ. (ભાગ૦ ૭-૨-૪).

શતભિષા. શતતારકા નક્ષત્ર તે જ. (ભાગ૦ ૫-૨૩-૬).

શતયાત. ભારતવર્ષીય નદી વિશેષ.

શતવલ્શ. કુમુદ પર્વત પર આવેલું વટવૃક્ષ વિશેષ. એ કલ્પવૃક્ષના જેવું ગણાય છે. (ભાગ૦ ૫-૧૬-૬૪).

શતાજિત. શતાજન તે જ. (ભાગ૦ ૯-૨૪-૮).

શનૈશ્ચર. મંગળથી બે લાખ યોજન ઊંચે અને સૂર્યમાળામાં આવેલ ગુરુની પેલીમેર આવેલો ગ્રહ. એ મંદગતિ હોઈને અશુભ મનાયો છે. (ભાગ૦ ૫-૨૨-૧૬). તારાઓના તેજની તુલના કરીને તેમના દશ વર્ગ પાડ્યા છે. છેક ઝાંખો તે પહેલી પ્રતિનો શનિ. એ પહેલી પ્રતિના તારા કરતાં સહેજ મોટો અને રંગે આશ્માની જેવો છે. પોતાની કક્ષામાં એ સૂર્યની પ્રદક્ષિણા કરે છે. એનો પ્રદક્ષિણાકાળ-વર્ષ-સુમારે સાડીઓગણત્રીશ વર્ષનો છે. એક રાશીમાંથી બીજીમાં જતાં એને અઢી વર્ષ લાગે છે. એ વક્રી થાય છે. સઘળા એક જ ઠેકાણે ઘણો વખત થોભ્યો હોય એમ જણાય છે. એ પોતાના અક્ષ ઉપર દસ કલાક અને ચૌદ મિનિટમાં ફરી રહે છે. એટલે એનો દહાડો એટલી લંબાઇનો છે. એ તદ્દન ચપટો દેખાય છે. એને આઠ ઉપગ્રહો-ચન્દ્રો છે. એને ફરતાં ત્રણ તેજસ્વી ચક્રો છે.

શનૈશ્ચર (૨). વિવસ્વપ્ન આદિત્ય અને છાયાનો પુત્ર. (ભાગ૦ ૬-૬-૪૧).

શબલાશ્વ. ઋષિ વિશેષ.

શબલાશ્વ. પ્રચેતસ દક્ષ અને અસિક્નીના એમને હર્યશ્વ નામનો પુત્ર થયા પછી થએલો પુત્ર. એને નારદે ઉપદેશ કરીને વિરક્ત કર્યો હતો. (ભાગ૦ ૬-૫-૨૪).

શમન. ધર્મ-યમનું નામાંન્તર.

શંબરારિહન. કેસરી વાનરે મારેલો અસુર વિશેષ.

શમ્ભલ. જ્યાં કલ્કિ અવતાર થવાનો છે તે ગામ વિશેષ. સંભલ તે જ. (ભાગ૦ ૧૨-૨-૧૮).

શમ્યાપ્રાસ. સરસ્વતીને તીરે આવેલો એક આશ્રમ (ભાગ૦ ૧-૭-૨).

શરભ. તાર્ક્ષ્ય અને યામિનીનો પુત્ર. (શકરો). (ભાગ૦ ૬-૬-૨૧).

શરભ (૨). પાણ્ડવ પક્ષનો રાજા વિશેષ. એને કર્ણે માર્યો હતો. (ભાર૦ કર્ણ.)

શલકર્તન. શિલા નદીના તીર પર આવેલું નગર વિશેષ, (વા૦ રા૦ બા૨૦)

શલર્તર્ષિ. શલકર્તન તે જ.

શશલોમા. એક રાજર્ષિ.

શાકલ્ય. સૌભરિ ઋષિનો પુત્ર. એણે પોતાની સંહિતા પાંચ શિષ્યોને ભણાવી હતી. (ભાગ૦ ૧૨-૭-૫૭).

શાકલ્ય (૨). પાણિનિની પૂર્વે થએલો એક વ્યાકરણકાર.

શાતકૌમ્ભી. મેરુ પર્વત પર આવેલી બ્રહ્મદેવની નગરી. એ દસ હજાર યોજન સમચતુષ્કોણ છે. એ તદ્દન સુવર્ણની છે. (ભાગ૦ ૫-૧૬-૨૮).

શાન્તરય. શાન્તરથ તે જ.

શામિત્ર. યજ્ઞ વિશેષ. (ભાગ૦ ૫-૧૬-૭).

શાર્ઙ્ગ. શ્રી કૃષ્ણનું ધનુષ્ય વિશેષ. (ભાગ૦ ૧૦-૫૦-૨૩).

शार्ङ्गधन्वा गदाधरः (વિષ્ણુસહસ્રનામ.)

શાલિવાહન. એક શકકર્ત્તા રાજા, દક્ષિણમાં એનો શક ચાલે છે.

શાલિશૂક. મૌર્યવંશી અંગતનો પુત્ર. એનો પુત્ર સોમશર્મા. (ભાગ૦ ૧૨-૧-૧૪).

શિની. મેરુના કર્ણિકાપર્વતમાંનો એક. (ભાગ૦ ૫-૧૬-૨૬).

શિપિવિષ્ટ. શ્રી વિષ્ણુનું નામાન્તર. (ભાગ૦ ૪-૧૩-૩૫).

શિપિવિષ્ટ (૨). શ્રી મહાદેવનું નામાન્તર.

શિવસ્કંદ. કલિયુગમાં થએલા બહુસંજ્ઞક રાજાઓ પૈકી એક. (ભાગ૦ ૧૨-૧-૨૭).

શિવસ્વાતિ. કલિયુગમાં થએલા બહુસંજ્ઞક રાજાઓ પૈકી એક. (ભાગ૦ ૧૨-૧-૨૬).

શિશુ. કૌશિક ઋષિનો શિષ્ય વિશેષ.

શિશુનન્દિ. કલિયુગમાં કિલકિલા નગરીમાં થએલો એક રાજા. (ભાગ૦ ૧૨-૧-૩૩).

શિશુનાગ. કલિયુગમાં થએલા શિશુનાગ વંશીય રાજાઓમાં પહેલો રાજા. (ભાગ૦ ૧૨-૧-૫).

શિશુમાર. આકાશમાં તારાઓથી ભરેલો ભગવાનનો દક્ષિણ કુંડળાકાર દેહ. (ભાગ૦ ૫-૨૩-૪).

શિશુમાર (૨). દ્રોષ નામના વસુ અને શર્વરીનો ભગવદંશથી થએલો પુત્ર. (ભાગ૦ ૬-૬-૧૪).

શુકલ. ભગવાનનું નામાન્તર. (ભાગ૦ ૩-૨૪-૪).

શૂરભિ. ઉગ્રસેનની કન્યા. વસુદેવના ભાર્યા સ્યામકની પત્ની શ્રુતશ્રુનું નામાન્તર (ભાગ૦ ૯-૨૪-૨૫).

શૂલગ્રોત. નરક વિશેષ. (ભાગ૦ ૫-૨૬-૭).

શેષશાયી. શેષનાગ ઉપર શયન કરેલા વિષ્ણુ ભગવાન. (ભાગ૦ ૩-૮-૧૦).

શૌક. દ્રોણ વસુ અને અભિમતીનો એક પુત્ર. (ભાગ૦ ૬-૬-૧૧).

શૌકલાયનિ. વેદદર્શ ઋષિનો અથર્વવેદ ભણેલો શિષ્ય વિશેષ. (ભાગ૦ ૧૨-૭-૨).

શ્રમણ. વ્રતસ્થ. (ભાગ૦ ૧૧-૬-૪૭; ૧૨-૩-૧૯).

શ્રીનિવાસ. વિષ્ણુનું એક નામ. (ભાગ૦ ૯-૪-૬૦).

શ્રુતદેવ. શ્રી કૃષ્ણનો અનુયાયી એક યાદવ. (ભાગ૦ ૧-૧૪-૩૨).

શ્રુતદેવ (૨). વિષ્ણુનો પાર્ષદ વિશેષ. (ભાગ૦ ૮-૨૧-૧૭).

શ્રુતધર. શાલ્મલી દ્વીપમાંના લોક વિશેષ. (ભાગ૦ ૫-૨૦-૧૧).

શ્રોતા. શ્રાવણ મહિનાના ઇન્દ્ર નામના સૂર્યના સમાગમમાં આવનાર યક્ષ વિશેષ. (ભાગ૦ ૧૨-૧૧-૩૭).

શ્વવૃત્તિ. સેવાવૃત્તિ. (ભાગ૦ ૭-૧૧-૮).

શ્વસૃપ. તેર સૈંહિકેયો પૈકી એક.

ષ.

ષડ્ગુણેશ. પરમાત્મા. પાંચ ઇન્દ્રિયો અને મન એનો સ્વામી. (ભાગ૦૧-૩-૩૬).

ષાડવર્ગિક. પચેંદ્રિયોનો વિષય અને વાસના.

ષોડસકલ. અગિયાર ઇન્દ્રિયો અને પંચ મહાભૂત એમણે ઉત્પન્ન કરેલું સ્વરૂપ. (ભાગ૦ ૧-૩-૧).

ષોડશી. બ્રહ્મદેવના પૂર્વ મુખમાંથી ઉત્પન્ન થએલ યજ્ઞ વિશેષ. (ભાગ૦ ૩-૧૨-૪૦).

સ.

સકોવાક્ષિ. ભૃગુકુળનો બ્રહ્મર્ષિ વિશેષ.

સખ્ય. નવવિધા ભક્તિ પૈકી એક. ઉદાહરણ અર્જુનની ભક્તિ એ પ્રકારની હતી. (ભાગ૦ ૭-૫-૨૩)

સંગત. મૌર્યવંશીય સુયશનો પુત્ર. એનો પુત્ર શાલિશૂક. (ભાગ૦ ૧૨-૧-૧૪).

સંગ્રામજિત. યાદવ વિશેષ. (ભાગ૦ ૧૧-૩૦-૧૬).

સતી. દક્ષકન્યા, શંકર ભગવાનની પત્ની. એણે પોતાના પિતા દક્ષે શ્રી શંકર ભગવાનનું અપમાન કર્યું હતું માટે તેના યજ્ઞમાં પડીને દેહ પ્રજાળ્યો હતો. એ જ બીજે જન્મે

હિમાલયને ત્યાં પાર્વતી રુપે અવતરી. (ભાગ૦ ૪-૧-૬૫; ૪-૪-૨૭).

સત્યવ્રત. શાકદ્વીપમાંના લોક વિશેષ. (ભાગ૦ ૫-૨૦-૨૭).

સત્યવ્રત (૨) સત્યસેન અવતારનો એક અનુચર (ભાગ૦ ૮-૧-૨૫).

સત્યવ્રત (૩). ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. એનું સત્યસંધ એવું નામ પણ હતું.

સત્યાંગ. પ્લક્ષદ્વીપમાંના લોક વિશેષ. (ભાગ૦ ૫-૨૦-૪).

સત્યાનૃત. વાણિજ્ય વૃત્તિ.(ભાગ૦ ૭-૧૧-૧૮).

સત્યેષુ. સંસમક ત્રિગર્ત બંધુ પૈકી એક.

સત્ર. યજ્ઞ વિશેષ.

સત્રાયણ. બૃહદ્ભાનું શબ્દ જુઓ. (ભાગ૦ ૮-૧૩-૧૫).

સત્યવત. એક ઋષિ.

સત્યવતી. ભારતવર્ષીય નદી વિશેષ.

સદસ્ય. ઋત્વિજ વિશેષ. (ભાગ૦ ૧૦-૭૫-૨૨).

સદાશિવ. શંકર ભગવાનનું નામાન્તર. (ભાગ૦ ૮-૭-૧૯).

સનન્દન બ્રહ્મદેવના ચાર માનસપુત્રો પૈકી એક. (ભાગ૦ ૩-૧૨-૪).

સનકાદિ. બ્રહ્મદેવના ચાર માનસપુત્રોઃ સનક, સનન્દ, સનાતન અને સનત્કુમાર, (ભાગ૦ ૩-૧૨-૪,-૪-૮-૧). એઓ હમેશ પાંચ છ વર્ષના બાળક જેવા જ દેખાય છે. એ ઓ એકદા વૈકુંઠ ગયા હતા. ત્યારે દ્વારપાળે એમને રોકી અંદર જવા દીધા નહિ તેથી તેમણે એને શાપ્યો હતો. (ભાગ૦ ૭-૧-૩૫).

સન્ततેયુ. સોમવંશીય રૌદ્રાશ્વના દસ પુત્રો પૈકી એક, છઠ્ઠો. (ભાગ૦ ૯-૨૦-૪).

સંતર્દન. કેકયદેશાધિપતિ ધૃષ્ટકેતુ અને શ્રુતકીર્તિનો પુત્ર (ભાગ૦ ૯-૨૪-૩૮).

સન્તાન. ભારતવર્ષીય ક્ષેત્ર. વિશેષ.

સન્તાનક. એક પર્વત વિશેષ. (ભાર. ઉ.)

સન્દંશ. સોનું વગેરે ધાતુને ચોરનારને પ્રાપ્ત થનારું નર્ક વિશેષ (ભાગ. ૫-૨૬-૧૯).

સપ્તવતી. ભારતવર્ષીય નદી વિશેષ. (ભાગ૦ ૫-૧૯-૧૮).

સંમર્દન. યદુવંશિય વસુદેવ અને દેવકોનો એક પુત્ર. (ભાગ૦ ૯-૨૪-૫૪).

સંયમન. માનસોત્તર પર્વતપર દક્ષિણ તરફ આવેલી યમની સંયમની નગરી તે જ. (ભાગ૦ ૫-૨-૨૭). સાંદિપનીના મૃતપુત્રને લેવા શ્રીકૃષ્ણ અહીં ગયા હતા. (ભાગ૦ ૧૦-૪૫-૪૨).

સરલ. વૃક્ષ વિશેષ. શરુ. (ભાગ૦ ૪-૬-૧૪)

સરલ (૨). વીરવર્માનો પુત્ર.

સરુપા. ભૂત નામના ઋષિની પત્ની. (ભાગ ૬-૬-૧૭).

સર્ગ. (ઉત્પત્તિ). મહાપુરાણનાં દસ લક્ષણો પૈકી એક (ભાગ ૨-૧૦-૧).

સવર્ણા. ચાલુ મન્વંતરમાં થઇ ગએલો વ્યાસ વિશેષ.

સંવત્સર. પંચ સંવત્સર પૈકી ભેદ વિશેષ. સંવત્સર, પરિવત્સર, ઇડાવત્સર, અનુવત્સર, અને વત્સર (ભાગ ૫-૨૨-૭).

સંવરણ. સોમવંશીય અજમીઢપુત્ર ઋક્ષનો પુત્ર. એની પત્નીનું નામ તપતી અને પુત્રનું કુરુ (ભાગ ૬-૬-૪૧; ૯-૨૨-૩).

સંશતિ. પવમાન અગ્નિની પત્ની.

સંસ્કૃતિ. સંસાર. (ભાગ ૧-૭-૨૨.).

સહસ. માગશીર્ષ. માસ વિશેષ (ભાગ ૧૨-૧૧-૪૧).

સામ્નિ. પિતરોનો ભેદ વિશેષ. (ભાગ ૪-૧-૬૩).

સાંકર્ષણ. પ્રલયકાળે ભીષણરુપ ધારણ કરનાર રુદ્ર વિશેષ (ભાગ ૫-૨૩-૩).

સાંખ્ય. કપિલકૃત પચ્ચીશ તત્ત્વના વિચારવાળું શાસ્ત્ર, દર્શન વિશેષ. (ભાગ ૧-૩-૩૦).

સાત્યકિ. સાત્વત કુળના શિનીનો પુત્ર-એનો પુત્ર યુયુધાન (ભાગ ૯-૨૪-૧૩).

સાત્વતાંપતિ. ભક્તોનો સંરક્ષક.

સાધ્ય. ચાલુ મન્વન્તરમાંના ધર્મ ઋષિ અને સાધ્યાનો પુત્ર. એ સાત પ્રકારના દેવો પૈકી

એક છે. (ભાગ ૬-૬-૭). એમનાં નામ-મન, ઉર્મનુ, પ્રાણ, નર, ઉષાન, વીર્યવાન, ચિત્તહાર્ય, અયન, હંસ, નારાયણ, વિભુ અને પ્રભુ. (મત્સ્ય).

સાધ્ય (૨). ચાક્ષુષ મનુનો પુત્ર. (ભાગ ૬-૬-૧૫).

સાધ્ય (૩). તામસ મન્વંતરમાંના દેવ વિશેષ.

સાન્દીપની. કાશ્ય કુલનો ઉજ્જયનીમાં રહેનારો ઋષિ વિશેષ. શ્રી બળરામ અને કૃષ્ણ એને ત્યાં અધ્યન કરવા રહ્યા હતા. ગુરુદક્ષણા તરીકે શ્રીકૃષ્ણે ઋષિના મુએલા પુત્રને પાછો આણી આપ્યો હતો. (ભાગ ૧૦-૫૫-૩૧; ૩-૩-૨).

સામગ. સામવેદનું ગાન કરનારા બ્રાહ્મણ.

સાયં. સાયંકાળ. (ભાગ ૧-૩-૨૮)

સાયં (૨). ઉત્તાનપાદવંશીય પુષ્પાર્ણ અને પ્રભા એમનો પુત્ર. (ભાગ ૪-૧૩-૩).

સાયં (૩). ધાતા નામના સાતમા આદિત્ય અને કુહૂનો પુત્ર. (ભાગ ૬-૧૮-૩).

સાર્વભૌમ. દેવગુહ્ય અને સરસ્વતીને પેટે થએલો સાવર્ણિ મન્વંતરમાંનો અવતાર વિશેષ. (ભાગ ૮-૧૩-૧૭).

સાર્વભૌમ. (૨) કુરુ કુળમાંના વિદુરનો પુત્ર. એનો પુત્ર તે જયસેન (ભાગ ૯-૨૨-૧૦).

સાલીઢ. અંગિરા કુળનો ઋષિ વિશેષ. સાલડી તે જ.

સિદ્ધપદ. એક ક્ષેત્ર જ્યાં દેવહૂતિને સિદ્ધિ મળી હતી તે. (ભાગ ૩-૩૩-૩૧).

સિદ્ધપુર-સિદ્ધિદા. દેવહૂતી નદીરુપ થઈ તે વખત એનું પડેલું નામ. (ભાગ ૩-૩૩-૩૨).

સુકન્દક. ભારતવર્ષીય દેશ વિશેષ. (ભાર૦ ભી૦ ૯).

સુગન્દ્ર. એક યાદવ વિશેષ. (ભાગ ૧૦-૮૨-૬).

સુચન્દ્ર (૨). પ્રાધાપુત્ર, એક ગંધર્વ.

સુચન્દ્ર (૩). બાર સૈહિકેય પૈકી એક.

સુચન્દ્ર (૪). સૂર્યવંશી હેમચન્દ્રનો પુત્ર.

સુચિત્ત. દ્રોણાચાર્યે મારેલા પાંડવપક્ષના ચિત્રવર્મા રાજાનો પિતા. કોઈ જગાએ એને સુચિત્ર પણ કહ્યો છે.

સુચિત્ત (૨). તામ્રધ્વજ રાજાનું નામાન્તર, એને સુચિત્ર પણ કહ્યો છે.

સુચ્છત્રી. પંજાબમાંની સતલજ નદી.

સુજ્યેષ્ઠ. મૈત્ર્યકુળના અગ્નિમિત્રનો પુત્ર. (ભાગ ૧૨-૧-૧૬).

સુદંષ્ટ્ર. રામની સેનામાંનો એક બળવાન વાનર.

સુદાસ. સરસ્વતીના પાત્રમાં આવેલું તીર્થ વિશેષ. (ભાગ ૩-૧-૨૨).

સુદેવિ. નાભિ રાજાની પત્ની.

સુદેવી. (૨) મરુદેવીનું નામાન્તર. (ભાગ ૨-૭-૧૦).

સુધા. કાલ નામના રુદ્રની સ્ત્રી. (ભાગ ૩-૧૨-૧૩).

સુધાર્મિક. વિદેહવંશીય મહાવીર્યનો પુત્ર. એનો પુત્ર ધૃષ્ટકેતુ. (ભાગ ૯-૧૩-૧૫).

સુનન્દન. આન્ધ્ર રાજાઓ પૈકી એક (ભાગ ૧૨-૧-૨૫).

સુન્દરિકા. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

સુન્દરી. નર્મદા ગંધર્વીની ત્રણમાંની એક કન્યા. માલ્યવાન રાક્ષસની સ્ત્રી.

સુન્વાન. જૈમિનિપુત્ર સુમન્તનો પુત્ર. એને જૈમિનિએ સામવેદની એક સંહિતા શીખવી હતી. (ભાગ ૧૨-૬-૭૫).

સુપર્ણધ્વજ. વિષ્ણુનું નામ. (ભાગ ૧૦-૫૦-૨૨).

સુપર્ણા. તાર્ક્ષ્ય નામના કશ્યપની પત્ની. (ભાગ ૬-૬-૨૨).

સુપાર્શ્વક. અક્રૂર યાદવનો એક પુત્ર.

સુપેશકૃત. (પેશસ્કૃત)-ઘાટ વિશેષ. (ભાગ ૧૧-૭-૩૪; ૧૧-૯-૨૩).

સુભગ. સુબળ રાજાનો એક પુત્ર. મહાભારતના યુદ્ધમાં રાત્રિયુદ્ધમાં એને ભીમે માર્યો હતો. (ભાર૦ દ્રો૦).

સુમધ્યમા. મદિરાશ્વ રાજાની કન્યા-હિરણ્યહસ્ત ઋષિની પત્ની.

સુમનસ. ચક્ષુર્મનુવંશીય ઉલ્મુક અને પુષ્કરિણીનો એક પુત્ર. (ભાગ ૪-૧૩-૧૭).

સુમનસ. (૨). દેવનું સામાન્ય નામ.

સુમન્ત્ર. દશરથના અષ્ટ પ્રધાનો પૈકી એક. એ રામચન્દ્રના વનવાસ વખતે તેમને ભાગીરથી પર્યંત વળાવવા ગયો હતો.

સુમાલ્ય. નંદકુળનો બીજો રાજા.

સુયજ્ઞ. રુચિઋષિ અને આકૂતીને પેટે થએલો ભગવાનનો અવતાર. (ભાગ ૨-૭-૨).

સુયશા. મૌર્યવંશીય અશોકવર્ધનનો પુત્ર. એનો પુત્ર સંગત. (ભાગ ૧૨-૧-૧૪).

સુરાપીથ. વિશ્વરુપનાં ત્રણ મસ્તક પૈકી એક. (ભાગ ૬-૯-૧).

સુવર્ણશિરા. સુવર્ણશિર્ષ તે જ. વરુણલોકમાંનો ગાયક વિશેષ.

સેનજિત. ઇક્ષ્વાકુવંશીય કૃશાશ્વનો પુત્ર. એનો પુત્ર યુવનાશ્વ. (ભાગ ૯-૬-૨૫).

સેન્દ્રકેના. ભારતવર્ષીય તીર્થ વિશેષ.

સૈરન્ધ્રો. કંશની દાશી કુબ્જા તે જ. (ભાગ ૧૦-૪૨-૨).

સોમનાથ. દ્વાદશ જ્યોતિર્લિંગમાંનું એક. જૂનાગઢ સંસ્થાનમાં સમુદ્ર તીરે આવેલું તીર્થ વિશેષ. એમના દેવળની પછવાડે ભાટકુંડ કરીને તીર્થ આવેલું છે. શ્રી કૃષ્ણ આ સ્થળ આગળથી નિજધામ પધાર્યા કહેવાય છે.

સૌભગ. વામનપુત્ર બૃહચ્છ લોકનો પુત્ર. (ભાગ ૬-૧૮-૮).

સૌભરિ. ઋષિ વિશેષ, જેણે ગરુડને શાપ દઇને યમુનાના દ્રહમાં આવવાની મના કરી હતી તે (ભાગ ૧૦-૬૭-૧૦).

સૌરાષ્ટ્ર. કાઠીઆવાડ અને ત્યાંનાં રાજ્યો. (ભાગ ૩-૧-૨૪; ૧૨-૧-૩૮).

સ્કંદ. અઢાર મહાપુરાણો પૈકી એક. એના શ્લોકનું પૂર એકયાસી હજાર અને એકસો છે. (ભાગ ૧૨-૧૩-૭).

સ્તંભ. સ્વારોચિષ મન્વંતરના સપ્તર્ષિ પૈકી એક.

સ્તુતિસ્તોમ. વેદની ઋચાને ગાયન રુપે ગાવી તે. (ભાગ ૩-૧૨-૩૭).

સ્તોમ. શ્રી કૃષ્ણનો મિત્ર એક ગોપ વિશેષ. (ભાગ ૧૦-૧૫-૨૦).

સ્થાન. મહાપુરાણનાં દશ લક્ષણ પૈકી એક (સંરક્ષણ તે). (ભાગ ૨-૧૦-૧).

સ્યંદિની. ગોમતીને મળનારી નદી વિશેષ.

સ્વધા. પ્રાચેતસ દક્ષની કન્યા અને અંગિરા ઋષિની પત્ની. એણે પિતર અને અથર્વાંગિરસ વેદને પુત્ર માન્યા હતા (ભાગ ૬-૬-૧૮).

સ્વર. અ, ઇ, ઉ, ઋ, લૃ, ઇ-ઈ. સ્વરો તે જ. એઓ બ્રહ્મદેવના દેહ સ્વરુપ છે.

સ્વર (૨). ગાયનમાં ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ એવા સાત ભેદ. સપ્ત સ્વર તે. (ભાગ ૩-૧૧-૪૬-૪૭).

સ્વસ્તિનર. અંગિરાકુળનો ઋષિ વિશેષ.

હનુમંત. હનુમાન તે જ.

હયમેધ. અશ્વમેધ યજ્ઞ તે જ. (ભાગ ૬-૧૩-૭.)

હયશીર્ષ. ભદ્રાશ્વખંડમાંહીનો ઉપાસ્ય દેવતા. (ભાગ ૫-૧૮-૧).

હરિ. યજ્ઞ અને દક્ષિણાના સુયમ નામના પુત્રનું તેણે દેવોનાં દુઃખ હરણ કરવાના કારણથી સ્વાયંભુ મનુએ પાડેલું નામ. (ભાગ ૨-૭-૨).

હરિ (૨). શ્રી કૃષ્ણનું નામ.

હરિણા. તામસ મન્વંતરમાં થએલા વિષ્ણુના અવતારની માતા.

હરિતા. રુદ્રસાવર્ણિ મન્વંતરમાંનો દેવ વિશેષ. (ભાગ ૮-૧૩-૨૮).

હરિશ્મશ્રુ. દૈત્ય વિશેષ. (ભાગ ૭-૨-૧૮).

હરિશ્ચન્દ્રા. ભારવર્ષીય નદી વિશેષ.

હરિહર. જન્માદિ વિકાર રહિત, સર્વમુક્ત, માત્ર નામભેદવાળું મૂળસ્વરુપ. એને લીધે જ બ્રહ્મદેવ સૃષ્ટિ આદિ કરે છે. એના લોકમાં બ્રહ્મદેવ, અને સનકાદિ ચાર ભાઇઓ એમની જ ગતિ છે. એની વૈરાગપૂર્વક અને નિર્મત્સર ભક્તિ કરનારને મુક્તિ સંપાદન થાય છે.

હલ. આયુધ વિશેષ. (ભાગ ૧૦-૬૫-૪).

NOT TO BE ISSUED

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

NOT TO BE ISSUED

SHML
G12115

ENTERED

G12115

7BL
1222
.D3

G.12115

NOT TO BE ISSUED